
॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

सर्वावतारी श्री स्वामिनारायण भगवानना

# દિવ્ય અલૌકિક ચરિત્રો




-: Published by :-

**Shree Swaminarayan Hindu Temple,**

Louisville, 9948, Bunsen Way, Louisville KY 40299

Tel : 630-926-8515 Web site : louisville.issousa.ora

Email : issolouisville@gmail.com

॥ શ્રી સ્વામિનારાયણો વિજ્યતેતરામ્ ॥

શ્રી નરનારાયણદેવ દેશ ગાદી

**સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના**

# દિવ્ય અલૌકિક ચરિત્રો

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮
આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

**-: પ્રેરક :-**

પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી ધર્મવલ્લભદાસજી
ગુરુ અ.નિ.સ.ગુ.શા. સ્વામી શ્રી વિજ્ઞાનદાસજી - મુળીધામ

**:: લેખન સંકલન ::**

હિંમતભાઈ માવજીભાઈ મોરશિયા, સુરેન્દ્રનગર

**-: પ્રકાશક :-**

**Shree Swaminarayan Hindu Temple,**
Louisville, 9948, Bunsen Way, Louisville KY 40299
Tel : 630-926-8515 Web site : louisville.issousa.ora
Email : issolouisville@gmail.com

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના
# દિવ્ય અલૌકિક ચરિત્રો

**પ્રથમ આવૃત્તિ :- પ્રત :** ૩૦૦૦

**પ્રકાશન તિથિ :-**
તા. ૨૮ - જુલાઈ - ૨૦૧૯, દિવ્ય પંચાબ્દિ મહોત્સવ
શ્રી સ્વામિનારાયણ મંદિર - લુઈસવીલ (કંટકી)

**સંત મંડળ :-**
પ.પૂ.સ.ગુ. સ્વામી શ્રી હરિવલ્લભદાસજી
પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી વ્રજવલ્લભદાસજી
પ.પૂ.સ.ગુ. પુરાણી સ્વામી શ્રી હરિનંદનદાસજી
પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી વિશ્વવિહારીદાસજી
પ.પૂ.સ.ગુ. પુજારી સ્વામી શ્રી ઘનશ્યામચરણદાસજી

**પ્રુફ રિડીંગ સેવા :** શ્રી પ્રાણજીવનભાઈ મોહનભાઈ માકાસણા - મોરબી

**મુદ્રક :** હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લી., અમદાવાદ
મો : ૯૮૭૯૯ ૬૧૭૮૯, મો : ૯૮૨૫૮ ૫૦૫૫૯
Email : hgppl1008@gmail.com

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# પ્રસ્તાવના

પરમકૃપાળુ, સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને ભરતખંડમાં ઉત્તરકોશલદેશમાં અયોધ્યા પાસેના નાના એવા છપૈયા ગામમાં ધર્મ-ભક્તિ-માતા-પિતા થકી સંવત ૨૦૩૭ના ચૈત્ર સુદ ૯ (નવમી)ના રોજ પ્રગટ થઈને બાળલીલા કરી. ત્યારબાદ વનવિચરણની વાટે સારાયે ભારત તીર્થની યાત્રા કરીને પશ્ચિમ ભારતના સીમાડે આવેલા લોજ ગામે સ્થિર થયા. ગુરુ રામાનંદ સ્વામી પાસે પીપલાણામાં દીક્ષા લીધી ને પછી સ્વામીએ પોતાની ધર્મધુરા જેતપુરમાં આપીને રામાનંદસ્વામી અંતર્ધાન થયા.

ત્યારબાદ સત્સંગના હિત માટે સ્વામિનારાયણ ભગવાને છેક સંવત ૧૮૮૬ ના જેઠ સુદ ૧૦ (દશમ) સુધી અવિરત સત્સંગ વિચરણ કરીને અનેક મુમુક્ષુઓને વર્તમાન ધરાવીને આશ્રિત કર્યા. ને અનેક પ્રકારના મનુષ્ય-દિવ્ય ચરિત્રો, સમાધિઓ દ્વારા તથા પરમહંસો દ્વારા સત્સંગની ખૂબ વૃદ્ધિ કરી. તેમાં ઘણા ભક્તજનોને પુત્રના દાન, દૃષ્ટિના દાન, કન્યાદાન ઉપવીતો આપવી. સદાવ્રતો, સમૈયા ઉત્સવો ઉજવીને તથા અનેક જનકલ્યાણકારી યજ્ઞો જેવા કે વાવ-તળાવો ગળાવવા, દુઃખિયા લોકોને મદદગાર બનવું, અન્નદાન - વસ્ત્રદાન, બ્રાહ્મણોની ચોરાસી, મંદિરો બનાવવા, શાસ્ત્ર રચના, અમદાવાદ - વડતાલ બે ગાદી ઉપર આચાર્ય સ્થાપન વગેરે સત્સંગ ઉપયોગી કાર્યો કરીને અનેક ચરિત્રો કર્યા છે. જે ગાઈને, વાંચીને, સાંભળીને ભક્તજનો મૂર્તિનું સુખ લઈ રહ્યા છે.

આવી શ્રીહરિના માનુષી તથા દિવ્ય ચરિત્રોરૂપી એક ગ્રંથ બનાવીને સત્સંગ સમુદાય સમક્ષ મુકવાનો શુભ સંકલ્પ રહ્યા કરતો હતો. તેથી સુરેન્દ્રનગરના હિંમતભાઈ માવજીભાઈ મોરશિયાને આ ગ્રંથ વિષે વાત કરતા તેમણે સહર્ષ આ સેવાની હા પાડી ને તેમણે સાંપ્રદાયિક ગ્રંથોને આધારે સંકલન કરીને આ એક દળદાર ગ્રંથ તૈયાર કર્યો છે. ને તેનું પ્રકાશન I.S.S.O. શ્રી સ્વામિનારાયણ મંદિર લુઈસવીલ (મૂળીધામ) U.S.A.ના પંચમ પાટોત્સવ ઉપક્રમે કરવાનું અહીંના સર્વે ટ્રસ્ટીશ્રીઓના સાથ સહકારથી નક્કી કરેલ છે.

વિશેષ સોનામાં સુગંધ ભળે એ ન્યાયે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજે અમને આશીર્વાદ સાથે આજ્ઞાપત્ર આપીને આ ગ્રંથને સાકાર સ્વરૂપ આપ્યું છે. જેથી અમો બહુ ધન્ય ભાગી થયા છીએ.

આ ગ્રંથની પ્રકાશનની સેવામાં ભાગ્યવંતા યજમાન શ્રીઓ **પ.ભ. શ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ સહ પરિવાર** વગેરે સત્સંગ સેવાભાવી ભક્તજનો ઉપર શ્રીજી મહારાજ, પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધુ.ધ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા સંતો-ભક્તો આશીર્વાદ પ્રાપ્ત થાય એવી મૂળીમાં બિરાજતા પ્રગટ શ્રી રાધાકૃષ્ણ- હરિકૃષ્ણ મહારાજના ચરણકમળમાં પ્રાર્થના.

**લિ. શાસ્ત્રી શ્રી ધર્મવલ્લભદાસજી**
**(મૂળીધામ)ના જય શ્રી સ્વામિનારાયણ**

*His Holiness Acharya Maharaj*
*Shri Koshalendraprasadji Pande*

॥ શ્રી સ્વામિનારાયણ નમઃ ॥

Per.Sec./26/18-19 Dt : 26/02/2019

# આજ્ઞા પત્ર

શ્રી સ્વામિનારાયણ મંદિર,
લૂઈસવીલ, અમેરિકા

જયશ્રી સ્વામિનારાયણ.

સર્વાવતારી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનના દરેક ચરિત્ર સર્વોપરી અને અલૌકિક જ હોય, આપણા નંદસંતોએ સર્વાવતારી શ્રીહરિના અનેક ચરિત્રોને પોતાની કલમે કંડાર્યા છે જે અદ્‌ભુત છે. આપણા લૂઈસવીલ સ્વામિનારાયણ મંદિરના પાંચમાં પાટોત્સવ પ્રસંગે પ.ભ. હિંમતભાઈ મોરશિયા દ્વારા લખાયેલ શ્રીહરિનું "દિવ્ય અલૌકિક ચરિત્રો" પુસ્તકનું સુંદર પ્રકાશન સૌને ખૂબજ ઉપયોગી બનશે. તેવી પરમકૃપાળુ શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના સહ અમારા રૂડા આશીર્વાદ છે.

રૂડા આશીર્વાદ સહ

આજ્ઞાથી,

પર્સનલ સેક્રેટરી
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ શ્રી
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર-અમદાવાદ.

Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070

# અનુક્રમણિકા


**સર્વાવતારી શ્રીહરિનું અવતાર ધરવાનું કારણ**

| | | |
|---|---|---|
| ૧. | ઋષિ મુનિયોનું બદ્રિકાશ્રમમાં આગમન | ૧ |
| ૨. | બદ્રિકાશ્રમમાં દુર્વાસા મુનિનું આગમન ને શાપ કથન | ૨ |
| ૩. | નરનારાયણ ભગવાને અવતારી અક્ષરધામના પતિ પુરુષોત્તમ નારાયણનું ધ્યાન કર્યું | ૨ |
| ૪. | સર્વાવતારી શ્રીહરિનું પ્રાગટ્ય | ૩ |
| ૫. | બાલ ઘનશ્યામ પ્રભુનું નામકરણ થયું | ૪ |
| ૬. | શ્રી બાલ પ્રભુનો કર્ણ વેધ સંસ્કાર | ૪ |
| ૭. | બાલપ્રભુના પારખા લીધાં | ૫ |
| ૮. | બાલપ્રભુએ ભક્તિ માતાને પોતાના મુખમાં બ્રહ્માંડ દેખાડ્યું | ૫ |
| ૯. | બાલ પ્રભુએ રામદયાળને મુખમાંથી તેજના અંબાર દેખાડ્યા | ૬ |
| ૧૦. | બાલ ઘનશ્યામે પારણાનો ઘૂઘરો જાતે છોડ્યો | ૬ |
| ૧૧. | ભક્તિમાતાને બાલપ્રભુએ પોતાની ઓળખાણ કરાવી | ૭ |
| ૧૨. | ઘનશ્યામ પ્રભુ બાર માતાઓને બાર સ્વરૂપે ધાવ્યા | ૭ |
| ૧૩. | બાલ પ્રભુની નાભિ કમળમાંથી તેજ નીકળ્યું | ૮ |
| ૧૪. | બાલ પ્રભુએ ભક્તિમાતાને પોતાની સર્વોપરીપણાની ઓળખાણ કરાવી | ૯ |
| ૧૫. | શ્રી લક્ષ્મીનારાયણ દેવે બાલ પ્રભુનો મહિમા કહ્યો | ૯ |
| ૧૬. | બાલપ્રભુના દર્શને વાર્ષ્ણેયદેવ આવ્યા | ૧૦ |
| ૧૭. | બાલ પ્રભુના દર્શને રામચંદ્રજી આવ્યા | ૧૧ |
| ૧૮. | ગોલોકવાસી સુરભી ગાય ગોમતીગાયરૂપે ઘનશ્યામની સેવામાં | ૧૧ |
| ૧૯. | બાલપ્રભુના ચૌલ સંસ્કાર કર્યા | ૧૨ |
| ૨૦. | પ્રભુને ભૂલીને કોઈ કાર્ય ન કરવું | ૧૩ |
| ૨૧. | જેટલા વાંદરા તેટલા સ્વરૂપો પ્રભુએ ધાર્યા | ૧૪ |
| ૨૨. | પ્રભુ તો ધારે તેમ કરી શકે | ૧૪ |
| ૨૩. | (૧) ભૂતિયા કૂવાની લીલા | ૧૫ |
| ૨૪. | (૨) ત્રિખુણિયા ખેતરની લીલા | ૧૬ |
| ૨૫. | ખાંપા તલાવડીએ આંબલીનો ખાંપો પ્રભુને વાગ્યો | ૧૬ |
| ૨૬. | પ્રભુને જમાડવાના વિચારથી કડવા ચીભડાં મીઠાં થયા | ૧૭ |

| | | |
|---|---|---|
| ૨૭. | બાલ પ્રભુને ખેતરમાં આવવાની ના પાડતા વેલા સુકાઈ ગયા | ૧૮ |
| ૨૮. | ગોમતી ગાય અને ઘનશ્યામ મહારાજના હેતની પરિક્ષા | ૧૮ |
| ૨૯. | ઘનશ્યામ પ્રભુએ ધર્મપિતાને પૂર્વની સ્મૃતિ કરાવી | ૧૯ |
| ૩૦. | મહા અચરજ માયા તમારી ... | ૨૦ |
| ૩૧. | બાલપ્રભુના ચરિત્રથી ચંદનમાસી આશ્ચર્ય પામ્યા | ૨૧ |
| ૩૨. | માતાપિતાને દિવ્ય ગતિ | ૨૨ |
| ૩૩. | ઘનશ્યામનો ગૃહત્યાગ | ૨૩ |
| ૩૪. | વિરહની વેદના ભારી ..... | ૨૩ |
| ૩૫. | વનની વાટે વહાલો ચાલીયો રે આણી અંતરમાં ઉમંગ રે.... | ૨૪ |
| ૩૬. | શ્રીનીલકંઠ વર્ણી બંસીપુરમાં એક વર્ષ રોકાયા | ૨૫ |
| ૩૭. | વર્ણીએ વાઘને સમાધિ કરાવી | ૨૬ |
| ૩૮. | વર્ણીએ ગોરખપુરમાં સંજય બારોટને વર આપ્યો | ૨૭ |
| ૩૯. | દુ:ખ નાશક પ્રભુના પદરજથી દુખ ગયું ને સુખ થયું | ૨૮ |
| ૪૦. | શ્રીનીલકંઠવર્ણીએ કહ્યું અમે તમારા અન્નનો બદલો વાળીશું | ૨૮ |
| ૪૧. | હરિદ્વારમાં હરિ હરનું મિલન | ૩૦ |
| ૪૨. | પ્રભુએ પુલહાશ્રમમાં પધારીને તીર્થનો મહિમા વધાર્યો | ૩૧ |
| ૪૩. | શ્રી નીલકંઠવર્ણીએ એક વર્ષ પર્યંત આકરી તપશ્ચર્યા કરી | ૩૧ |
| ૪૪. | શ્રી નીલકંઠવણીએ રાજાને રોગ મુક્ત કર્યો | ૩૨ |
| ૪૫. | શ્રી નીલકંઠવર્ણીએ સિધ્ધોને મુક્તિનો વર આપ્યો | ૩૩ |
| ૪૬. | શ્રી નીલકંઠવર્ણીએ સર્પનો તથા નવલાખ યોગીઓનો મોક્ષ કર્યો | ૩૪ |
| ૪૭. | દયાળુની દયાળુતા | ૩૫ |
| ૪૮. | શ્રીનીલકંઠ વર્ણીએ વિપ્રને લાડુ ને ગાડુ બને આપ્યું | ૩૬ |
| ૪૯. | પ્રભુએ વૈરાગીઓને બોધ પાઠ શીખવ્યો | ૩૬ |
| ૫૦. | અધમ ઓધારણ, પતિત પાવન | ૩૭ |
| ૫૧. | જેની ભાવના સાચી હોય તેને ભગવાન મળે છે | ૩૮ |
| ૫૨. | શ્રી નીલકંઠવર્ણીએ શિવ-પાર્વતીજીની સેવા સ્વીકારી | ૪૦ |
| ૫૩. | માની મમતા અને દીકરાની જોગીહઠ | ૪૦ |
| ૫૪. | બહુનામિ પધાર્યા બુધેજમાં | ૪૨ |
| ૫૫. | પ્રભુ તો મળ્યા પણ હાથમાંથી ગયા | ૪૩ |

| | | |
|---|---|---|
| ૫૬. | પોલારપુરમાં પ્રભુનું પધારવું અદ્‌ભૂત હતું | ૪૪ |
| ૫૭. | લાડુદાનજીને શ્રી નીલકંઠવર્ણીનો મેળાપ | ૪૫ |
| ૫૮. | પોતાના ભાગનું જે આપે છે તેનું પ્રભુ સાચવે છે | ૪૬ |
| ૫૯. | નીલકંઠવર્ણીના પદરજથી દેરીયાળી બન્યું તીર્થધામ | ૪૮ |
| ૬૦. | શ્રી નીલકંઠ વર્ણી મૂળી પધારતા ભાગ્યવંત બન્યા ઘેલા જોષી | ૪૯ |
| ૬૧. | સુખાનંદ લાવ્યા સુખનો સાગર | ૫૦ |
| ૬૨. | રામાનંદ સ્વામી સાથે શ્રીહરિનું અદ્‌ભૂત મિલન | ૫૨ |
| ૬૩. | રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને પોતાની ધર્મધુરા સોંપી | ૫૩ |
| ૬૪. | ભૂમાપુરુષના મુક્તોને ડાયરેક્ટ અક્ષરધામમાં મોકલ્યા | ૫૪ |
| ૬૫. | શ્રીહરિની કૃપાએ દુ:ખિયા જીવ સુખિયા થયા | ૫૬ |
| ૬૬. | કાલવાણીમાં એક સાથે પાંચસો પરમહંસ કર્યા | ૫૬ |
| ૬૭. | ઘુઘરીનાં ઝણકારે સમાધિ | ૫૮ |
| ૬૮. | શ્રીહરિને આવવાનો હેતું અને છ અભિપ્રાય | ૫૯ |
| ૬૯. | શ્રીહરિ કહે અમે તો સંકલ્પ માત્રે કામ કરીએ | ૬૦ |
| ૭૦. | શ્રીહરિએ જમીને તથા જમાડીને કલ્યાણ કર્યા | ૬૧ |
| ૭૧. | મહારાજની ઉપાસના કેવી સમજવી ? | ૬૨ |
| ૭૨. | ચોવીસ તીર્થંકરે તેમના આશ્રિતોને કહ્યું કલ્યાણ કરવું હોય તો સ્વામિનારાયણનો આશરો કરો | ૬૩ |
| ૭૩. | મૂળીમાં શ્રીહરિ અનેક સ્વરૂપે એક સાથે ઘેર ઘેર થાળ જમ્યા | ૬૪ |
| ૭૪. | રાજુબાના વિયોગમાં દર્શન આપવા મહારાજ મૂળી પધાર્યા અને મનુષ્ય ચરિત્ર કર્યું | ૬૫ |
| ૭૫. | શ્રીહરિ કંથારિયાના રાણા ડોસાભાઈનો શોક ભંગાવવા પધાર્યા | ૬૬ |
| ૭૬. | ભક્તોના ઘરના કામ પણ મહારાજ કરે છે | ૬૭ |
| ૭૭. | ધ્રાંગધ્રામાં શ્રીહરિએ એકમાસ દરમ્યાન ચોવીસ દિવસ અવતાર સ્વરૂપે અને છ દિવસ સર્વોપરી રૂપે દર્શન આપ્યા | ૬૯ |
| ૭૮. | મહારાજનો હાડકા વિનાનો દિવ્ય દેહ | ૭૦ |
| ૭૯. | મારે તો મહારાજનાં હાથે જ વર્તમાન ધરાવા છે.... | ૭૧ |
| ૮૦. | સેવા નાની ને રાજીપો મોટો | ૭૨ |
| ૮૧. | શ્રીહરિનું અદ્‌ભૂત જમણ | ૭૩ |
| ૮૨. | ડાંગરવાના જતનફઈના ઘેર શ્રીહરિએ હાંડલીમાં ઘેંસ હલાવી | ૭૪ |

| | | |
|---|---|---|
| ૮૩. | શ્રીહરિએ એભલ પરિવારની આકરી કસોટી કરી | ૭૬ |
| ૮૪. | શ્રી હરિ મોટીબાને કહે આ તમારી સમજણ ગોબરીને ગોબરી રહી | ૭૮ |
| ૮૫. | મહારાજનો મહિમા મીણબાએ જાણ્યો | ૭૯ |
| ૮૬. | ચારણબાઈના ભાગ્ય થયાં | ૭૯ |
| ૮૭. | શ્રીહરિની રમૂજી ભક્તો સાથે રમૂજ | ૭૯ |
| | **વિવિધ વેશમાં શ્રીહરિનાં દર્શન** | |
| ૮૮. | વિપ્ર સ્વરૂપે શ્રીહરિ ખોવાયેલી થાળી દેવા આવ્યા | ૮૪ |
| ૮૯. | લૂંટારા મિંયાણાને અલ્લા સ્વરૂપે દર્શન | ૮૪ |
| ૯૦. | મહારાજ સંન્યાસી બન્યા | ૮૪ |
| ૯૧. | દાદા ખાચરના રખવાળા માટે વીર વેશ ધારણ કર્યો | ૮૫ |
| ૯૨. | થયા વનિતા રૂપે વનમાળી | ૮૬ |
| ૯૩. | બ્રાહ્મણરૂપે જેતપુર પધાર્યા | ૮૭ |
| ૯૪. | શેઠ રૂપે ૫૦ ગાડા સિધાના ભરી આપ્યા | ૮૭ |
| ૯૫. | ગલતાન ગાદીના મહંત રૂપે થયા | ૮૮ |
| ૯૬. | મહારાજે પોલીસનો વેશ લીધો | ૮૯ |
| ૯૭. | ચોકીદાર રૂપે આખી રાત ભક્તની સેવા કરી | ૮૯ |
| ૯૮. | સ્વાર રૂપે ચોરી કરી | ૯૦ |
| ૯૯. | વિપ્ર રૂપે અનોપબાને માથે હાથ મૂક્યા | ૯૦ |
| ૧૦૦. | વૃધ્ધ બ્રાહ્મણનું રૂપ લઈને રૂા. ૧૦,૦૦૦ આપી ગયા | ૯૧ |
| ૧૦૧. | ભરવાડ રૂપે થઈને માંડવધારથી દૂધ લાવ્યા | ૯૨ |
| ૧૦૨. | ભૈયા રૂપે ભક્તની સેવા કરી | ૯૫ |
| ૧૦૩. | બ્રાહ્મણ રૂપે ખુશાલ ભટ્ટને તેડવા ગયા | ૯૬ |
| ૧૦૪. | સંત રૂપે ઘોડે બેસીને ઘોડાસર આવ્યા | ૧૦૦ |
| ૧૦૫. | શ્રીહરિએ કાનજી ભક્તનું રૂપ લીધું | ૧૦૧ |
| ૧૦૬. | ગોપી બનિયા ગિરધારી | ૧૦૨ |
| ૧૦૭. | વિપ્ર વેશે સંતને ખીચડી-ઘી-અથાણું જમાડ્યું | ૧૦૩ |
| ૧૦૮. | શેઠ રૂપે સંતોને લાડવા જમાડ્યા | ૧૦૪ |
| ૧૦૯. | વિપ્ર વેશે ઝમકુબાના સંગાથી થયા | ૧૦૫ |
| ૧૧૦. | વણિક વેશે આવીને વિષ્ણુદાસને જમાડ્યા | ૧૦૭ |

૧૧૧. મીર સાહેબને અલ્લા રૂપે દર્શન આપ્યું ૧૦૯
૧૧૨. એભલ બાપુને ચતુર્ભુજરૂપે દર્શન આપ્યું ૧૧૦
૧૧૩. બગડ ગામમાં મુસલમાનને ખુદારૂપે દર્શન આપ્યા ૧૧૧
૧૧૪. વડોદરાના સુબેદાર શેખજીને અલ્લારૂપે દર્શન આપ્યા ૧૧૪
૧૧૫. ગોંડલના રવજીભાઈ મુસલમાનને ખુદારૂપે દર્શન થયા ૧૧૬
૧૧૬. ખંભાતના રૂપરામ ઠાકરને ભૈયાના વેશમાં આવીને રક્ષા કરી ૧૧૭
૧૧૭. નંદાસણના ભૂલા ભગતને વિપ્ર રૂપે ભોમિયા થયા ૧૧૮
૧૧૮. લક્ષ્મીરામ દેરાશ્રી તથા શુકમુનિની વહારે શ્રીહરિ બે સિપાઈનું રૂપ લઈને આવ્યા ૧૧૯
૧૧૯. ખાનદેશના ભક્તોને બ્રાહ્મણ વેશે આવીને પાણી બતાવ્યું ૧૨૧
૧૨૦. વિપ્ર વેશે ત્રણ બાળકીને લાડવા-પાણી વગેરે આપ્યું ને સંગાથી થયા ૧૨૧
૧૨૧. ભરવાડ વેશે આવીને છલાભાઈને ખીલો આપ્યો ૧૨૨
૧૨૨. પુરુષોત્તમ ભટ્ટ રૂપે આવીને રાતમાં ભક્તોને કાળા તલાવના પાદરમાં મૂકી દીધાં ૧૨૨
૧૨૩. રજપૂત રૂપે ભક્તોને રસ્તો બતાવ્યો ૧૨૪
૧૨૪. વૃધ્ધ ભરવાડ રૂપે મેમકાના ચતુર્ભુજને દાણાવાડામાં રાત રહેવા બહુ આગ્રહ કર્યો ૧૨૫
૧૨૫. શેઠ રૂપે શ્રીહરિએ ડોસા શેઠને કાશીની યાત્રા કરાવી ૧૨૬
૧૨૬. શેઠરૂપે અમરેલીમાં આંબા ભક્તને લગ્ન પ્રસંગે રૂા. ૫૦૦ આપી ગયા ૧૨૭
૧૨૭. સૈયદનું રૂપ લઈને ભક્તને છોડાવ્યો ૧૨૮

**શ્રીહરિની જમવાની તથા જમાડવાની લીલા**

૧૨૮. ભૂજમાં શ્રીહરિ તેર કોરીની જલેબી જમ્યા ૧૨૯
૧૨૯. માનકૂવામાં શ્રીહરિ ચાર શેર મરચાવાળી કઢી જમ્યા ૧૩૦
૧૩૦. ધમડકામાં ત્રીસ જણની રસોઈ બે સંતને જમાડી દીધી ૧૩૧
૧૩૧. શીરો જમવામાં કપિલેશ્વરાનંદ સ્વામીએ મહારાજને હરાવ્યા ૧૩૧
૧૩૨. લોજમાં શ્રીહરિ મીંઢી આવળને મરચાનો ગોળો જમ્યા ૧૩૧
૧૩૩. શિયાણીમાં ખીચડી ને ઘી જમ્યા ને સંતોને જમાડ્યા ૧૩૨
૧૩૪. શ્રીહરિએ ઘોડી ઉપર બેઠા થકા દહીં જમ્યા ૧૩૨
૧૩૫. લાંઘણોજના અમૃતબાઈના ભાવથી દૂધમાં બાજરાનો લોટ જમ્યા ૧૩૩
૧૩૬. પુતળીબાઈ કહે મહારાજ તમને ખીચડી જમતા આવડતી નથી ૧૩૪
૧૩૭. ઝીંઝાવદરમાં શ્રીહરિ લીલા જુવારના જારીયા જમ્યા ૧૩૪
૧૩૮. પંચાળામાં મહારાજ પચાસ જણાના થાળ જમી ગયા ૧૩૫

૧૩૯. રસ રોટલી જમ્યા ને જમાડી ૧૩૫
૧૪૦. વાંકાનેરના વિપ્રે શ્રીહરિને જાંબુડા જમાડ્યા ૧૩૬
૧૪૧. શિહોરના જેઠાભાઈએ શ્રીહરિને જાંબુડા જમાડ્યા ૧૩૬
૧૪૨. વડતાલના કાશીરામ વિપ્રના ભાવથી કોદરાના રોટલા જમ્યા ૧૩૮
૧૪૩. ગાંફ ગામના વસ્તા રાવળને ઘેર દૂધમાં મીઠું જમ્યા ૧૩૮
૧૪૪. શ્રીહરિની સંતોને લાડુ જમાડવાની રીત ૧૩૯
૧૪૫. ડાંગરવામાં દહીં દૂધનો કીચડ થયો ૧૪૧
૧૪૬. દાદા ખાચરના લગ્ન વખતે શ્રીહરિની પીરસણ લીલા ૧૪૧
૧૪૭. કરમડમાં શ્રીહરિ વરસાદના કરા જમ્યા ૧૪૩
૧૪૮. ઉમરેઠના બ્રાહ્મણની લાખાલૂંણીની ભાજી ને રોટલો જમ્યા ૧૪૩
૧૪૯. શ્રીહરિ બાજરાનો રોટલો ને મઠની દાળ જમ્યા ૧૪૪
૧૫૦. મહારાજ બુધેજમાં અર્ધો શેર ઘી જમ્યા ૧૪૬
૧૫૧. ખરડ ગામમાં શ્રીહરિએ ખીચડીને ઘી ની રેલમ છેલમ ૧૪૭
૧૫૨. શાકોત્સવની લીલા ૧૪૮
૧૫૩. ઘનશ્યામ મહારાજ ૫૦ મણ મીઠાઈને પાંચ મણ ઘી જમ્યા ૧૪૯
૧૫૪. નીલકંઠ વર્ણીએ ઝેરી ફળ ખાધા ૧૫૦
૧૫૫. માંગરોળમાં આણંદજીને ઘેર ટાઢો રોટલોને ભાજી જમ્યા ૧૫૧
૧૫૬. માંગરોળમાં મીઠીઆવળ ને મરચા જમતા ૧૫૧
૧૫૭. પંચાળામાં ખોરી જાર ને ગાજરનું અથાણું જમ્યા ૧૫૨
૧૫૮. ભાડેરમાં શ્રીહરિ દૂધમાં મીઠું જમ્યા ૧૫૨
૧૫૯. ભાડેરમાં દૂધને બદલે છાછ પીધી ૧૫૨
૧૬૦. શ્રીહરિ દહીંની તરનું આખું દોણું જમી ગયા ૧૫૩
૧૬૧. ખીચડીના દાતણ કર્યા ને કરાવ્યા ૧૫૪
૧૬૨. ધમડકામાં ૪ શેર ઘી પીધું ૧૫૪
૧૬૩. દોઢ મણ કેરી ગામડી ગામમાં જમ્યા ૧૫૫
૧૬૪. સુતરફેણી જમ્યા ૧૫૬

## દીધા દષ્ટિના દાન

૧૬૫. મૂળજીભાઈને ચશ્મા વિના દેખતા કર્યા ૧૫૭
૧૬૬. મૂળજીભાઈની સ્ત્રીનો અંધાપો દૂર કર્યો ૧૫૭

૧૬૭. દેવળિયાના દેવીસંગને દેખતો કર્યો ૧૫૮
૧૬૮. મૂળો જમાડીને મૂળા ભક્તને દેખતો કર્યો ૧૫૯
૧૬૯. શ્રીહરિએ વડોદરામાં જન્માંધને દેખતો કર્યો ૧૬૦
૧૭૦. ગઢપુરમાં શ્રીહરિએ માલી ડોશીને દેખતી કરી ૧૬૧
૧૭૧. ગઢપુરમાં તેજા ઠક્કરના દીકરા ડાયાને આંખે સુવાણ થઈ ૧૬૧
૧૭૨. શ્રીહરિએ ગઢપુરમાં આંધળી ડોશીને દેખતી કરી ૧૬૨

**શ્રીહરિની મનુષ્ય લીલા**

૧૭૩. પ્રભુની ચાલ જોઈને નિશ્ચય ૧૬૩
૧૭૪. ચાલ જોઈને ઓળખી ગયો ને ઘી ના રેગાડા ચાટ્યા ૧૬૩
૧૭૫. વતું કરાવીને નાહ્યા વિના જમ્યા ૧૬૫
૧૭૬. મંદવાડમાં માનુષી લીલા કરી ૧૬૫
૧૭૭. જાળિયાથી માનુષી લીલા કરતા ગઢપુર પધાર્યા ૧૬૭
૧૭૮. ગઢપુરમાં મહારાજની માનુષી લીલાઓ ૧૬૮
૧૭૯. શ્રીજીમહારાજની મનુષ્ય-ચેષ્ટા ૧૬૮
૧૮૦. ભુજના મુસલમાનને ચાલ જોઈને નિશ્ચય થયો ૧૭૦
૧૮૧. તાવી-દેવળિયામાં મુંડન કરાવવાની લીલા ૧૭૧
૧૮૨. બાળકના જેવી મનુષ્ય લીલા કરી ૧૭૧
૧૮૩. મહારાજ કહે મારે તપ કરવા જવું છે ૧૭૨
૧૮૪. મહારાજે રડી લીધું ૧૭૨
૧૮૫. મહારાજને દીવાનની બીક લાગી ૧૭૩
૧૮૬. મહારાજે ગંગામાને તથા જીવુબાને બઝાડ્યા ૧૭૩
૧૮૭. મહારાજે મુક્તાનંદ સ્વામી સાથે મનુષ્ય લીલા કરી ૧૭૪
૧૮૮. વાણિયાને ઘેરથી છ રોટલી લઈને ભાગ્યા ૧૭૪
૧૮૯. ગાંડા માણસની જેમ લૂણી ખાવા લાગ્યા ૧૭૫
૧૯૦. મહારાજે જોધા ભરવાડ સાથે વલોણામાં લીલા કરી ૧૭૬
૧૯૧. બળોલમાં મનુષ્ય લીલા કરી ૧૭૮

**શ્રીહરિએ સમાધિ દ્વારા દિવ્ય દર્શન કરાવ્યા**

૧૯૨. ભક્તો સ્વતંત્રપણે સમાધિમાં જતા અને બીજાને લઈ જતા ૧૮૦
૧૯૩. શ્રીહરિનાં દર્શને આવેલ ઈશ્વરાદિકને સમાધિવાળા દેખતા ૧૮૦

૧૯૪. અવતારોને પોતાના વિશે લીન કરી દેખાડ્યા ૧૮૦
૧૯૫. અનેકને તેમના ઈષ્ટદેવરૂપે દર્શન દીધાં ૧૮૦
૧૯૬. નાવડાની બાઈને અક્ષરધામમાં સોનાના મહેલ દેખાડ્યા ૧૮૧
૧૯૭. શ્રીહરિએ હાર દ્વારા સમાધિઓ કરાવી ૧૮૧
૧૯૮. શ્રીહરિએ લાકડીના ઠેબા દ્વારા સમાધિ કરાવી ૧૮૨
૧૯૯. વિજાપુરમાં ચકલાને સમાધિ કરાવી ૧૮૨
૨૦૦. સરધારમાં માછલાઓને સમાધિ કરાવી ૧૮૨
૨૦૧. કારિયાણીમાં પૂજ્યને સમાધિ કરાવી ૧૮૩
૨૦૨. સમાધિમાં અક્ષરધામથી આંહીની નિશાની લાવ્યા ૧૮૩
૨૦૩. બાઈને સમાધિમાં જમપૂરી દેખાડી ૧૮૪
૨૦૪. મહારાજે વાઘને સમાધિ કરાવી ૧૮૪
૨૦૫. મહારાજે પનિહારી બાઈઓને સમાધિ કરાવી ૧૮૬
૨૦૬. ઘનશ્યામ મહરાજે ભક્તિ માતાને સમાધિ કરાવી ૧૮૬
૨૦૭. અયોધ્યામાં મોહનદાસ મહંતને સમાધિમાં જમપૂરી દેખાડી ૧૮૯
૨૦૮. ઘનશ્યામ મહારાજે પક્ષીઓને સમાધિ કરાવી ૧૯૧
૨૦૯. ઘનશ્યામ મહારાજે ધર્મપિતાને સમાધી કરાવી ૧૯૧
૨૧૦. છાણ લેતી બાઈઓને લોજમાં સમાધિ કરાવી ૧૯૨
૨૧૧. મહારાજના નેત્રે અને ઘુઘરીના ઘમકારે સમાધિ ૧૯૩
૨૧૨. મહારાજે કબુતર તથા જમાદારને સમાધિ ૧૯૪

**આજ્ઞા પાલનથી સુખ ને લોપવાથી દુઃખ**

૨૧૩. મહારાજનું ન મનાવાથી કણબીની તરવાર ચોરાણી ૧૯૭
૨૧૪. હળવદના બ્રાહ્મણોને વચન લોપવાથી અન્ન ન મળ્યું ૧૯૭
૨૧૫. શિયાણીના રાજા ભક્તે આજ્ઞા માની ૧૯૮
૨૧૬. આજ્ઞા વિના આવેલા સંતોને દર્શનનું સુખ ન આપ્યું ૧૯૯
૨૧૭. લાધીબાએ આજ્ઞા લોપી ૨૦૦
૨૧૮. બોચાસણના કાશીદાસને આજ્ઞા લોપથી દુઃખ ૨૦૧
૨૧૯. આજ્ઞામાં ખબરદાર દાદા ખાચર ૨૦૧
૨૨૦. મહારાજનું ન માન્યા તો ફજેતો થયો ૨૦૧
૨૨૧. મહારાજનું માન્યા તો સુખી થયા ૨૦૨

૨૨૨. સચ્ચિદાનંદ સ્વામીએ આજ્ઞા લોપી ૨૦૩
૨૨૩. ખોપાળાના જેઠા માણીયાએ મહારાજનું વચન પાળ્યું ૨૦૩
૨૨૪. વિરક્તાનંદ સ્વામીએ મહારાજની આજ્ઞા લોપી ૨૦૪
૨૨૫. ભાયાત્માનંદ સ્વામીએ મહારાજની આજ્ઞા લોપી ૨૦૫
૨૨૬. લાઠીદડના ભક્તોએ આજ્ઞા ન માની ૨૦૯
૨૨૭. વસ્તા ખાચરે મહારાજની આજ્ઞા ન માની ૨૧૦
૨૨૮. મછિયાવના ફૈબાએ આજ્ઞા લોપી ૨૧૧
૨૨૯. શ્રીહરિ સમાધાન કરવા આવ્યા પણ દુર્લભરામ ન માન્યા ૨૧૩
૨૩૦. લીમલીના મૂળજી શેઠે આજ્ઞા લોપી ૨૧૪
૨૩૧. સુખાનંદ સ્વામીને આજ્ઞાલોપથી અધવચે મૃત્યુ થયું ૨૧૫
૨૩૨. આજ્ઞા પાલક લોયાના ઘેલા ભક્ત ૨૧૭
૨૩૩. આજ્ઞામાં જ સુખ માનનારા પર્વતભાઈ ૨૧૮
૨૩૪. મુક્તમુનિને આજ્ઞા વગર દર્શનની સંમતિ ન આપી ૨૧૯
૨૩૫. માંચા ખાચરે આજ્ઞા માની ૨૨૦
૨૩૬. શ્રીહરિની આજ્ઞામાં નાથ ભક્ત ૨૨૧
૨૩૭. મોહનદાસે આજ્ઞા માની અને ખાખીઓએ ન માની ૨૨૩
૨૩૮. મગ્નીરામે આજ્ઞા માની ૨૨૩
૨૩૯. રઘુનાથદાસ - વાલબાઈ - હરબાઈએ આજ્ઞા ન માની ૨૨૫
૨૪૦. મૂળજી લુવાણાએ આજ્ઞા લોપી ૨૨૬
૨૪૧. જમનાવડના દાદાભાઈએ આજ્ઞા લોપી ૨૨૮
૨૪૨. આજ્ઞા માની તો સુખી થયા ૨૨૯


**પક્ષ રાખવાથી શ્રીહરિ બહુ રાજી થાય છે**


૨૪૩. બોટાદના નરસિંહ જોષીએ મહારાજનો પક્ષ રાખ્યો ૨૩૦
૨૪૪. નાજા જોગિયાએ સંતોનો પક્ષ રાખ્યો ૨૩૦
૨૪૫. મોળદાન રેફડિયે મહારાજનો પક્ષ રાખ્યો ૨૩૦
૨૪૬. મશરુગોળે જેરામ બ્રહ્મચારીનો પક્ષ રાખ્યો ૨૩૧
૨૪૭. ભીમ પંડ્યે સંતોનો પક્ષ રાખ્યો ૨૩૨
૨૪૮. મનોરદાસ વાણિયે સંતોનો પક્ષ રાખ્યો ૨૩૨
૨૪૯. ત્રીકમજી રાજગરે સંતોનો પક્ષ રાખ્યો ૨૩૩

૨૫૦. ધારીના વાણિયાએ હરિભક્તનો પક્ષ રાખ્યો ૨૩૪
૨૫૧. જૂનાગઢ નવાબે પક્ષ રાખ્યો ૨૩૪
૨૫૨. નવાબે પક્ષ રાખ્યો તે બદલ તેને તેડવા પધાર્યા ૨૩૫
૨૫૩. ગામ ધણીએ સાધુનો પક્ષ રાખ્યો ૨૩૫
૨૫૪. ગંગારામ મલ્લ આદિએ મહારાજનો પક્ષ રાખ્યો ૨૩૫
૨૫૫. વસોમાં પોલીસોએ સંતોનો પક્ષ રાખ્યો ૨૩૬
૨૫૬. કારેલા ગામમાં સંતોનો પક્ષ જતે લીધો ૨૩૭
૨૫૭. વીસનગરના ઉદયકુંવરે સત્સંગીનો પક્ષ રાખ્યો ૨૩૮
૨૫૮. જાનબાઈએ મહારાજનો પક્ષ રાખીને પુત્રને વિદાય આપી ૨૩૮
૨૫૯. ગુંદાળી ગામના કાઠી ભક્તોએ સંતોનો પક્ષ રાખ્યો ૨૩૯
૨૬૦. કુંડળના રાઈબાએ માંચા ખાચરનો પક્ષ રાખ્યો ૨૩૯
૨૬૧. મોકમ બારૈયાએ મહારાજનો પક્ષ રાખ્યો ૨૪૦
૨૬૨. વીહાભાઈએ સંતોનો પક્ષ રાખ્યો ૨૪૨
૨૬૩. રજપૂત ભક્તે સંતોનો પક્ષ રાખ્યો ૨૪૩
૨૬૪. હરિભક્તોએ સંતોનો પક્ષ રાખ્યો ને કંગાલદાસને માર્યો ૨૪૪
૨૬૫. કેશરમિયાએ મહારાજનો પક્ષ રાખ્યો ૨૪૬
૨૬૬. વઢવાણના જાલમસિંહે સંતોનો પક્ષ રાખ્યો ૨૪૭

**સંકલ્પો પૂરા કર્યા ને વર્તમાન ધરાવ્યા**

૨૬૭. પીપળાવાડીએ (ગઢપુરમાં) ઝાડને વર્તમાન ધરાવ્યાં ૨૪૮
૨૬૮. થાણાગાલોલના માવા ભક્તને મેઘપુરમાં વર્તમાન ધરાવ્યાં ૨૪૮
૨૬૯. લુણાવાડાના લક્ષ્મીરામને વર્તમાન ધરાવ્યાં ૨૪૮
૨૭૦. લંગાળાના ગોયા આયર તથા દાન ભક્તને મહારાજે વર્તમાન ધરાવ્યા ૨૪૯
૨૭૧. રેવાના ગોવિંદરામ વિપ્રને વર્તમાન ધરાવ્યા ૨૫૦
૨૭૨. વાવડીના વકાભાઈ ગરાસિયાને વર્તમાન ધરાવ્યા ને ઘર કૃષ્ણાર્પણ કર્યું ૨૫૦
૨૭૩. સાતપડાના ભગા ભગતને વર્તમાન ધરાવ્યા ૨૫૦
૨૭૪. કુકડના ગરાસિયા ભગવાનસિંહ તથા હરિસિંહનો સંકલ્પ પૂરો કર્યો ૨૫૧
૨૭૫. ઘોઘા બારાના ત્રણ બ્રાહ્મણનો સંકલ્પ પૂર્ણ કરીને વર્તમાન ધરાવ્યા ૨૫૧
૨૭૬. પહવીના હરજી તથા દેવજી કૂંભારનો સંકલ્પ પૂર્ણ કરીને વર્તમાન ધરાવ્યા ૨૫૨
૨૭૭. વિરમગામના દુર્લભરામને કામેશ્વરનો સંકલ્પ સિધ્ધ કર્યો ને વર્તમાન ધરાવ્યા ૨૫૨

| | | |
|---|---|---|
| ૨૭૮. | પીઠવાજાળના ખીમા ડોબરીયાની શેરડી માગીને સંકલ્પ પૂરો કર્યો | ૨૫૩ |
| ૨૭૯. | નાવડાના હીરા શેઠને ચિન્હ દેખાડીને સંકલ્પ પૂરો કર્યો | ૨૫૪ |
| ૨૮૦. | હળવદના ચૌદ વેદીયા બ્રાહ્મણોના સંકલ્પ પૂરા કરીને વર્તમાન ધરાવ્યા | ૨૫૪ |
| ૨૮૧. | ગીરનારા ત્રણ બ્રાહ્મણનો સંકલ્પ પૂરા કરીને વર્તમાન ધરાવ્યા | ૨૫૪ |
| ૨૮૨. | વસોના ચાર પાટીદારને ચિન્હ દેખાડીને આશ્રિત કર્યા | ૨૫૪ |
| ૨૮૩. | જૂનાગઢના પાંચીબાઈનો થાળ જમ્યા ને ડોશીનું દૂધ પીધું | ૨૫૫ |
| ૨૮૪. | વેળાવદરના દેવજી વિપ્રનો સંકલ્પ પૂરો કર્યો | ૨૫૬ |
| ૨૮૫. | ડભાણમાં બાવાનો સંકલ્પ પૂરો કરીને ટાઢ ઉડાડી | ૨૫૬ |
| ૨૮૬. | કેલોદના પ્રભાતગર બાવાને ગોદડી આપીને સંકલ્પ પૂરો કર્યો | ૨૫૬ |
| ૨૮૭. | ઝીંઝાવદરના જીવા વાણિયાનો સંકલ્પ પૂરો કર્યો | ૨૫૭ |
| ૨૮૮. | ચુડાના ચાર બ્રાહ્મણને સોળ ચિન્હ દેખાડીને આશ્રિત કર્યા | ૨૫૭ |
| ૨૮૯. | લોયામાં સુતરફેણી આપીને બે શેઠના સંકલ્પ પૂરા કર્યા | ૨૫૭ |
| ૨૯૦. | સુંદરિયાણામાં મૂળા પટેલ તથા ત્રીસ દાડિયાને વર્તમાન ધરાવ્યા | ૨૫૮ |
| ૨૯૧. | ગુજરાતના એક બાઈના સંકલ્પે રોટલો માગીને લીધો | ૨૫૮ |
| ૨૯૨. | ચાનગઢના રણછોડજી વિપ્રના સંકલ્પ પ્રમાણે મહારાજે કર્યું ને રાજી થયા | ૨૫૯ |
| ૨૯૩. | ઉમરાળાના શ્રીમાળી બ્રાહ્મણનો સંકલ્પ દર્શન દઈને પૂરો કર્યો | ૨૫૯ |
| ૨૯૪. | રામચાંદુ પાસે એંશી રૂપિયાનો વેઢ માગીને લીધો | ૨૫૯ |
| ૨૯૫. | ચાંદુના ગોરડકામાં લાડુબાઈ કાઠીયાણી હતા તેમનો સંકલ્પ પૂરો કર્યો | ૨૬૦ |
| ૨૯૬. | બોટાદમાં સંતો દ્વારા વર્તમાન ધરાવ્યા | ૨૬૦ |
| ૨૯૭. | સુખડી અખૂટ કરીને તાંસળીએ પાણી ઉડાડીને વર્તમાન ધરાવ્યા | ૨૬૦ |
| ૨૯૮. | સારંગપુરમાં મહારાજે આખા ગામને વર્તમાન ધરાવ્યા | ૨૬૧ |
| ૨૯૯. | મહારાજે પંચવર્તમાન સંબંધી પર્વતભાઈ સાથે વાત કરી | ૨૬૧ |
| ૩૦૧. | શ્રીહરિ કહે સૌ વર્તમાન નથી પાળતા એટલે પળાવું છું | ૨૬૨ |
| ૩૦૨. | બાબાપર વાંકિયાના પટેલોને વર્તમાન ધરાવ્યા | ૨૬૨ |
| ૩૦૩. | વિજ્ઞાનદાસજી સ્વામીએ ધોલેરામાં દેવને વર્તમાન ધરાવ્યા | ૨૬૨ |
| ૩૦૪. | ઝમરાળાના પ્રાગજી દવેને વર્તમાન ધરાવ્યા | ૨૬૩ |
| ૩૦૫. | વડોદરાના રામચંદ્ર વૈદ્યને વર્તમાન ધરાવ્યા | ૨૬૪ |
| ૩૦૬. | મોટીબાને હાથે ધનબાઈ ને વર્તમાન ધરાવ્યા | ૨૬૫ |
| ૩૦૭. | કલ્યાણના કરતલ | ૨૬૬ |

| | | |
|---|---|---|
| ૩૦૮. | પાટીદારને ઉર્ધ્વરેખા દેખાડીને શરણે લીધો | ૨૬૬ |
| ૩૦૯. | નાગલપરમાં પાણી ઉડાડીને વર્તમાન ધરાવ્યા | ૨૬૭ |
| | **શ્રીહરિના સ્પર્શથી - દષ્ટિથી અખૂટ થયું** | |
| ૩૧૦. | સારંગપુરમાં જીવા ખાચરના કૂવે શ્રીહરિના વચને અલંચ પાણી થયું | ૨૬૮ |
| ૩૧૧. | ગઢાળીમાં લાડવા અખૂટ થયા | ૨૬૮ |
| ૩૧૨. | ગોપાળાનંદ સ્વામીના વચને માટલીમાં લોટ ચાર માસ સુધી ખૂટ્યો નહિ | ૨૬૮ |
| ૩૧૩. | મૂળી પ્રતિષ્ઠામાં ૨૦ મણ લાડવામાં લાખો મનુષ્ય જમ્યા | ૨૬૯ |
| ૩૧૪. | જેતલપુર યજ્ઞમાં ઘીનું કુંડલું અખૂટ થયું | ૨૭૦ |
| ૩૧૫. | જેતલપુર યજ્ઞમાં થોડા સીધામાં એક જ દિવસમાં ૫૦૦ મણના સીધા દેવાણા | ૨૭૨ |
| ૩૧૬. | ડભાણ યજ્ઞમાં દાળની કોઠી અખૂટ થઈ | ૨૭૩ |
| ૩૧૭. | બામરોલીમાં શ્રીહરિએ બાજરીની કોઠી અખૂટ કરી | ૨૭૭ |
| ૩૧૮. | પ્રભુ પ્રતાપે બાજરી, મઢ, કેરીઓ ખુટી નહિ | ૨૭૯ |
| ૩૧૯. | ધર્મદેવે બાલપ્રભુના કહેવાથી બાવાઓને સીધું આપ્યું તો પણ ન ખૂટ્યું | ૨૮૦ |
| ૩૨૦. | સંતો કહે મહારાજ, સીધું થોડું છે કેમ થાશે ? | ૨૮૨ |
| ૩૨૧. | કંડોરડાની ચોરાસીમાં બ્રાહ્મણો જમ્યા તો પણ સીધું તો હતું એટલું જ રહ્યું | ૨૮૪ |
| ૩૨૨. | જીવુબા - લાડુબાની રસોઈ ને રાઈબાના લાડવા અખૂટ કર્યા | ૨૮૬ |
| ૩૨૩. | ગઢપુરમાં શ્રીહરિએ તથા સંતોએ ખૂબ પીરસીને અન્નકોટની પ્રસાદી જમાડી છતાં અન્નકોટ એટલો જ રહ્યો | ૨૮૭ |
| ૩૨૪. | વાંઠવાળી ગામે શ્રીહરિએ કેરીઓ વહેંચી તો પણ ટોપલામાં ખૂટી નહી | ૨૯૦ |
| ૩૨૫. | ઉમરેઠમાં મહારાજ કહે લાડવા પીરસો ખૂટશે નહિ | ૨૯૦ |
| ૩૨૬. | નાની બોરુ ગામના તળાવે શ્રીહરિએ બશેર સાકરમાંથી ખોબા ભરી ભરીને ખૂબ માણસોને વહેંચી પણ ખૂટી નહિ | ૨૯૧ |
| ૩૨૭. | પ્રેમી ભક્તની રસોઈના ૪૦૦ લાડવામાં પરમહંસો-પાર્ષદો-હરિભક્તોને તાણ કરીને જમાડ્યા તો પણ.... | ૨૯૨ |
| ૩૨૮. | દુષ્કાળમાં સાંખ્યયોગી બાઈની મગની કોઠી અખૂટ કરી | ૨૯૩ |
| ૩૨૯. | શ્રીહરિએ જીવા ખાચરના દરબારમાં રોટલા અખૂટ કર્યા | ૨૯૪ |
| ૩૩૦. | શ્રીહરિએ કાળા તળાવના કૂવામાં પાણી અખૂટ કર્યું | ૨૯૫ |
| ૩૩૧. | ખારવામાં દૂધ અખૂટ થયું | ૨૯૫ |
| ૩૩૨. | વિહાર ગામમાં લાડુ અખૂટ થયાં | ૨૯૬ |

**શ્રીહરિએ આપેલા જીવનદાન**


| | | |
|---|---|---|
| ૩૩૩. | મહારાજે સોનીના દીકરાને જીવતો કર્યો | ૨૯૭ |
| ૩૩૪. | ધોળકાના મહાશંકર મહેતાની રક્ષા | ૨૯૭ |
| ૩૩૫. | ઉકા ખાચરને જીવનદાન આપ્યું | ૨૯૭ |
| ૩૩૬. | ખેતા તથા ભીમાની માને શ્રીહરિએ જીવાડી | ૨૯૮ |
| ૩૩૭. | બોટાદના ભગા શેઠને જીવનદાન આપ્યા | ૨૯૮ |
| ૩૩૮. | ગોંડા શહેરના તળાવે બાલપ્રભુએ પાંચ આદમીને જીવાડ્યા | ૨૯૯ |
| ૩૩૯. | બુરાનપુરની આહિર બાઈઓને વર આપ્યો | ૩૦૦ |
| ૩૪૦. | શિકોતરના આરે લાખા કોળીએ મારેલા માછલાને નીલકંઠ વર્ણીએ જીવતા કર્યા | ૩૦૧ |
| ૩૪૧. | ગઢપુરમાં શ્રીહરિએ ખીમા સુતારને જીવાડ્યા | ૩૦૨ |
| ૩૪૨. | વડોદરાના બાપુભાઈના પુત્ર રામસેવકને સંતોની પ્રાર્થનાથી જીવતો રાખ્યો | ૩૦૨ |
| ૩૪૩. | વડોદરાના જગજીવનભાઈને શ્રીહરિએ આવીને કહ્યું હમણાં તારો દેહ નહિ પડે | ૩૦૩ |
| ૩૪૪. | શ્રીહરિએ નાનાભાઈને જીવાડ્યા | ૩૦૩ |
| ૩૪૫. | કરાળીના જેઠાભાઈને અંતકાળ આવ્યો ને મહારાજે એક બાઈને દર્શન આપ્યા ને કહ્યું કે હમણાં અમે નહિ લઈ જઈએ | ૩૦૪ |
| ૩૪૬. | સાકરબાઈને તેડવા આવ્યા પણ મહારાજ તેને રાખી ગયા | ૩૦૪ |
| ૩૪૭. | અમદાવાદ સોનીના છોકરાને જીવનદાન આપ્યું | ૩૦૫ |
| ૩૪૮. | ભૂજના રણછોડભાઈને ૫૦ વર્ષની આયુષ્ય આપીને જીવનદાન આપ્યું | ૩૦૬ |
| ૩૪૯. | સીતારામજીને પાણીપાઈને જીવતા કર્યા | ૩૦૬ |
| ૩૫૦. | મેઉ ગામમાં રુંઢ મૂંઢ બાળકીને જીવનદાન આપ્યું | ૩૦૭ |
| ૩૫૧. | યુધ્ધમાં ઘવાયેલા પાર્ષદોની મહારાજે મૃત્યુથી રક્ષા કરી | ૩૦૮ |
| ૩૫૨. | ખેડૂત પુત્રને સર્પદંશ થયો હતો તેને ભૂદેવે (શ્રીહરિએ) નવજીવન આપ્યું | ૩૦૯ |
| ૩૫૩. | બ્રહ્મમુનિને આયુષ્ય આપીને રાખ્યા | ૩૧૦ |
| ૩૫૪. | પંઢરપુરના પૂજારીને જીવનદાન આપ્યું | ૩૧૨ |


**પુત્રના વરદાન દીધા**


| | | |
|---|---|---|
| ૩૫૫. | કાળાતળાવમાં મહારાજે સિપાઈને પાંચ પુત્રનું વરદાન | ૩૧૭ |
| ૩૫૬. | હળવદના અમરશી ભક્તને ચાર પુત્રોનો વર આપ્યો | ૩૧૭ |
| ૩૫૭. | ચાકરી કરનાર પટેલને દીકરાનું વરદાન | ૩૧૭ |
| ૩૫૮. | નીલકંઠવર્ણીએ સદાબાને પુત્રનું વરદાન આપ્યું | ૩૧૮ |

| | | |
|---|---|---|
| ૩૫૯. | સીજીવાડા મહારાજે દીકરો થવાનું વરદાન આપ્યું | ૩૧૯ |
| ૩૬૦. | સેવા બદલ મહુધાના અજુભાઈને પુત્રનું વરદાન આપ્યું ને પુત્ર જીવાભાઈને શ્રીહરિએ રમાડ્યો | ૩૨૦ |
| ૩૬૧. | સંત સેવાથી મહારાજે સાત દીકરા આપ્યા | ૩૨૧ |
| ૩૬૨. | ધર્મદેવે દેવતાના હજારો વર્ષ તપ કર્યું ત્યારે શ્રીહરિ પુત્ર રૂપે થયા | ૩૨૩ |
| ૩૬૩. | મંદિરના અપરાધનું ફળ રંગીલદાસને મળ્યું | ૩૨૩ |
| ૩૬૪. | ઈસમે ક્યા ? તુમારા નવાબ સાહેબકું દો બેટા હોવેંગે | ૩૨૪ |
| ૩૬૫. | મહારાજ રાજી થઈને બોલ્યા જાઓ તમારે બે દીકરા થાશે | ૩૨૬ |
| ૩૬૬. | મહારાજ કહે આ શંકર તમને દીકરો આપશે | ૩૨૭ |
| | **શ્રીજીમહારાજે ભક્તોને આપેલા કોલ તથા તેડવાના વર** | |
| ૩૬૭. | તરબૂચ આપનાર કોળીના છોકરાને મહારાજ ધામમાં લઈ ગયા | ૩૨૮ |
| ૩૬૮. | ખારોલના મનોરથ ભક્તને તુંબડા લઈ તેડવા આવ્યા | ૩૨૮ |
| ૩૬૯. | લુણાવાડામાં સાધુ ભક્તિપ્રિયદાસજીને ધામમાં તેડી ગયા | ૩૨૮ |
| ૩૭૦. | નરોનારાયણાનંદ સ્વામીને શ્રીહરિ મેથાણમાં તેડવા આવ્યા | ૩૨૯ |
| ૩૭૧. | શ્રીધરાનંદ સ્વામીનો સ્વતંત્રપણે દેહ ત્યાગ | ૩૨૯ |
| ૩૭૨. | સુખદાતાનંદ સ્વામીને તથા લુણાવાડાના લખા જોશીને તેડી ગયા | ૩૩૦ |
| ૩૭૩. | બોટાદના શીવલાલભાઈને મહારાજ ધામમાં તેડી ગયા | ૩૩૦ |
| ૩૭૪. | પીતાંબર તરવાડીનો કોલ સત્ય કરી શંભુદાસને ધામમાં તેડી ગયા | ૩૩૧ |
| ૩૭૫. | કૃષ્ણાનંદ સ્વામીના વચને મણીપરના ભકતને અક્ષરધામનો માર્ગ દેખાડ્યો | ૩૩૨ |
| ૩૭૬. | નાથા ખાચર અને માણસિયા ખાચરનાં વચન સત્ય કરી તેમને ધામમાં તેડી ગયા | ૩૩૨ |
| ૩૭૭. | મહારાજ સંતો-ભકતોની રક્ષા-કલ્યાણ કરે છે | ૩૩૩ |
| ૩૭૮. | ભગવાન કે સાધુના અલ્પ સંબંધને પામેલાનું પણ કલ્યાણ કર્યું | ૩૩૩ |
| ૩૭૯. | ભગવાન કે સંતોની સેવામાં ઉપયોગી થનાર | ૩૩૩ |
| ૩૮૦. | મનુષ્ય-પશુ-પક્ષી વગેરે સર્વને સમાધિ | ૩૩૩ |
| ૩૮૧. | ભક્તો સમાધિમાં દેખેલ અનેક ધામની વાતો કરતા | ૩૩૪ |
| ૩૮૨. | પીલુ સાહેબના અરદેશરના ભાઈને તેડી ગયા | ૩૩૪ |
| ૩૮૩. | મોકા ખાચરને અંતસમયે પાલખીમાં તેડી ગયા | ૩૩૪ |
| ૩૮૪. | મહારાજે દાદા ખાચરને હાથગરણું આપ્યું | ૩૩૫ |
| ૩૮૫. | રાણારાજગર તેની માતા - ભત્રીજીને તેડી ગયા | ૩૩૫ |

| | | |
|---|---|---|
| ૩૮૬. | વાડાશિનોરના અભેરામની માતાને તેડી ગયા | ૩૩૫ |
| ૩૮૭. | ગઢડામાં નિર્વાસનિક બાઈને દેહાંતે તેડી ગયા | ૩૩૬ |
| ૩૮૮. | શ્રીહરિ પ્રાંતિજની એક બાઈને ધામમાં તેડી ગયા | ૩૩૭ |
| ૩૮૯. | કરજીસણ કૂવામાં ડૂબકી મારી ગઢડેથી એક ભક્તને ધામમાં તેડી ગયા | ૩૩૭ |
| ૩૯૦. | મેમકામાં રામજીભાઈના બળદને તેડી ગયા | ૩૩૭ |
| ૩૯૧. | તલસાણાની દાસીને સેવાથી તેડી ગયા | ૩૩૭ |
| ૩૯૨. | સૂર્યાનંદ સ્વામીના વચને મહારાજ તેડી ગયા | ૩૩૮ |
| ૩૯૩. | પ્રાંતિજના ખુશાલભાઈ તથા તેમના પત્નીને તેડી ગયા | ૩૩૮ |
| ૩૯૪. | બ્રહ્મમુનિના હેતવાળા વાણિયાને તેડી ગયા | ૩૩૮ |
| ૩૯૫. | સંતને જમાડવાથી ધ્રાંગધ્રાના સોનીને તેડી ગયા | ૩૩૮ |
| ૩૯૬. | મેમકાની બે બાઈઓને તેડી ગયા | ૩૩૯ |
| ૩૯૭. | લાંગણોજમાં બાઈને તેડી ગયા | ૩૩૯ |
| ૩૯૮. | ભૂજ ગંગારામ મલ્લને નિર્વાસનિક કરી ધામમાં તેડી ગયા | ૩૪૦ |
| ૩૯૯. | જીવા ખાચરના દરબારમાં બાઈને તેડવા શ્રીહરિ પધાર્યા | ૩૪૦ |
| ૪૦૦. | રાજબાઈને તેડવા શ્રીહરિ પધાર્યા | ૩૪૧ |
| ૪૦૧. | મીણબાઈને તેડવા શ્રીહરિ પધાર્યા | ૩૪૨ |
| ૪૦૨. | મહારાજ પાંચીબાને કહે તારી એકવીશ પેઢીનું કલ્યાણ કરીશ | ૩૪૨ |
| ૪૦૩. | મોજડીની સેવામાં શ્રીહરિ કરશન કુંભારને તેડવા આવ્યા | ૩૪૩ |
| ૪૦૪. | ભૂજના વાણિયાના ખોટા નાળિયેર બદલ તેડવા આવ્યા | ૩૪૩ |
| ૪૦૫. | કેરીની સેવાના પુણ્યે શ્રીહરિ તેડવા આવ્યા | ૩૪૪ |
| ૪૦૬. | ગઢડાના દરવાજાનો ગુણ લીધો તેથી તેડવા પધાર્યા | ૩૪૪ |
| ૪૦૭. | ભક્તની સેવા કરવાથી મહારાજ તેડવા આવ્યા | ૩૪૪ |
| ૪૦૮. | શેરડીના બે સાંઠાની સેવામાં તેડવા આવ્યા | ૩૪૫ |
| ૪૦૯. | સંતોની દવામાં બકરીનું દૂધ આવ્યું તેથી તેડવા આવ્યા | ૩૪૫ |
| ૪૧૦. | ઈચ્છારામભાઈની દવા માટે હરડે આપનાર વાણિયાને તેડવા આવ્યા | ૩૪૫ |
| ૪૧૧. | ગઢપુર મંદિરના પાયામાં એક મણનો પથ્થર નાખવાથી જમાદારને તેડવા આવ્યા | ૩૪૫ |
| ૪૧૨. | સોઢીની બીબડીને દાતણની સેવામાં તેડવા આવ્યા | ૩૪૬ |
| ૪૧૩. | બરવાળા મંદિરની ગારય કરવાથી તેડવા આવ્યા | ૩૪૬ |
| ૪૧૪. | ખંભાતમાં અપકાર કરનાર બાઈને તેડવા આવ્યા | ૩૪૬ |

| | | |
|---|---|---|
| ૪૧૫. | પાણી પાવાથી મહારાજે સાત પેઢીનું કલ્યાણ થાશે એવો વર આપ્યો | ૩૪૭ |
| ૪૧૬. | નાવડામાં મંદિર બંધાવનાર હીરા શેઠને તેડવા આવ્યા | ૩૪૭ |
| ૪૧૭. | સ્વામિનારાયણ નજર રખીયો | ૩૪૮ |
| ૪૧૮. | વડોદરામાં એકબાઈને કીર્તનની સ્મૃતિમાં તેડવા આવ્યા | ૩૪૮ |
| ૪૧૯. | શ્રીજીમહારાજનો કોલ ખોટો ન થયો | ૩૪૮ |
| ૪૨૦. | શ્રીહરિ જાંબુડા ગામમાં હીરા આયરને બીજીવાર તેડવા પધાર્યા | ૩૪૯ |
| ૪૨૧. | ડાંગરવામાં અગરોજીને વાસના નડી તેથી શ્રીહરિ ફરીવાર તેડવા આવ્યા | ૩૪૯ |
| ૪૨૨. | ડાંગરવામાં દૂધ દહીં ન ખૂટે તેવો વર આપ્યો | ૩૫૦ |
| ૪૨૩. | દેવરાજ પટેલને મહારાજે કહ્યું કે આજથી એક મહિને તેડવા આવશું | ૩૫૧ |
| ૪૨૪. | આંબા ગામના મેઘજીને તેડવા આવ્યા | ૩૫૨ |
| ૪૨૫. | વેશ્યાએ ઘઉં દળી આપ્યા તે બદલ તેડવા આવ્યા | ૩૫૨ |
| ૪૨૬. | ગઢપુરના જીવા ખાચરની બે અણમોલ સેવાથી શ્રીહરિ તેડવા પધાર્યા | ૩૫૪ |
| ૪૨૭. | આખા ગામના નરસિંહ દવેનો સંકલ્પ પૂરો કર્યો પછી ધામમાં તેડી ગયા | ૩૫૫ |
| ૪૨૮. | વડોદરાના પ્રભુદાસને ધામમાં ગયેલા પુત્ર સાથે શ્રીહરિએ વાત કરાવી | ૩૫૭ |
| ૪૨૯. | સંતોનો પક્ષ રાખવા બદલ ઝમરાળાના પાંચા કોળીને તેડવા આવ્યા | ૩૬૧ |
| ૪૩૦. | રતનપરના જસમત પટેલના દીકરાને તેડી ગયા | ૩૬૨ |
| ૪૩૧. | નાંદોલના ધનેશ્વરને શ્રીહરિ તેડવા આવ્યા | ૩૬૩ |
| ૪૩૨. | પાણવીના પૂંજા ડોડિયાને તથા માણકી ઘોડીને તેડી ગયા | ૩૬૪ |
| ૪૩૩. | મુંઝાવદરના લુવાણાને બે રોટલાના લોટની સેવામાં તેડી ગયા | ૩૬૫ |
| ૪૩૪. | શ્રીહરિને સોટી આપનાર ભરવાડને તેડવા આવ્યા | ૩૬૬ |
| ૪૩૫. | સુલુક પગીએ શ્રીહરિને કાકડી ભેટ કરી તેથી તેડવા આવ્યા | ૩૬૬ |
| ૪૩૬. | વિજ્ઞાનાનંદ સ્વામીને તેડવા પધાર્યા | ૩૬૭ |
| ૪૩૭. | મહારાજ કલ્યાણીના લક્ષ્મીબાઈને ફરીવાર તેડવા પધાર્યા | ૩૬૭ |
| ૪૩૮. | લાઠીદડના નાપિત ડાહ્યાભાઈની સેવા બદલ તેડવા આવ્યા | ૩૬૮ |
| ૪૩૯. | કુશળ કુંવરબાઈને તેડવા પધાર્યા | ૩૬૯ |
| ૪૪૦. | વડતાલમાં શ્રીહરિનો કોલ | ૩૭૦ |
| ૪૪૧. | ગઢડાનાં હિમરાજશાને તેડવા આવીશ એમ વર આપ્યો | ૩૭૧ |
| ૪૪૨. | હું એને અક્ષરધામરૂપ ઈનામ આપીશ ! | ૩૭૪ |
| ૪૪૩. | બ્રાહ્મણને તેડી જવાનો કોલ આપ્યો | ૩૭૫ |

૪૪૪. નીલકંઠવર્ણી ગોપનાથના મહંતને તેડવા પધાર્યા ૩૭૬
૪૪૫. માંગરોળના મંછારામભાઈ ને તેડવા પધાર્યા ૩૭૭
૪૪૬. માંગરોળના માણેકચંદભાઈને તેડવા પધાર્યા ૩૭૮
૪૪૭. ગામ માળિયા હાટીના મકન ભટ્ટ તથા તેમના પત્નીને તેડવા આવ્યા ૩૭૯
૪૪૮. મેંદરડામાં ઠક્કર પ્રેમજીભાઈની ગાયને તેડવા આવ્યા ૩૮૦
૪૪૯. પંચાળામાં રાસ રમ્યા ને પ્રસાદીની જગ્યાએ દેહ મૂકતા ચામઠાને શ્રીહરિ તેડી ગયા ૩૮૦
૪૫૦. પંચાળામાં બળદને શ્રીહરિ તેડવા પધાર્યા ૩૮૦
૪૫૧. જૂનાગઢમાં નાગર ચકુભાઈને તેડવા આવ્યા ૩૮૧
૪૫૨. જૂનાગઢમાં કડિયા આણંદભાઈના દીકરાને તેડી ગયા ૩૮૨
૪૫૩. જૂનાગઢમાં ચકુભાઈ નાગરની ભાણીને તેડવા આવ્યા ૩૮૨
૪૫૪. વાગડમાં ભાઈ આત્માનંદ સ્વામીને તેડવા આવ્યા ૩૮૩
૪૫૫. ભાભો કહે આ સ્વામિનારાયણ મને તેડવા આવ્યા છે ! ૩૮૩
૪૫૬. ગણોદના અલીભાઈ બોલ્યા જુઓ આ મહારાજ મને તેડવા આવ્યા છે ૩૮૪
૪૫૭. ગણોદના વજોભાઈ કહે મહારાજ તો અનંત મુક્તના ઈષ્ટદેવ છે એમ કહી ધામમાં ગયા ૩૮૫
૪૫૮. ગણોદના જસા ખવાસ સિધ્ધીઓમાં ન લોભાતા ધામમાં ગયા ૩૮૫
૪૫૯. ભાયાવદરના લીલાભાઈ તથા રાજબાઈને મહારાજ તેડી ગયા ૩૮૭
૪૬૦. ભાયાવદરના મોઢ મૂળજીભાઈને મહારાજ તેડવા આવ્યા ૩૮૮
૪૬૧. ભાયાવદરના જોશી પીતાંબરભાઈને મહારાજ તેડી ગયા ૩૮૯
૪૬૨. ઉપલેટાના રૂપબાઈને બદ્રિકાશ્રમમાં ને મલાઈબાને ધામમાં તેડી ગયા ૩૮૯
૪૬૩. ઉપલેટાના અરજણભાઈ વિમાનમાં બેસી ધામમાં ગયા ૩૯૦
૪૬૪. ઉપલેટાના લાલાભાઈને શ્રીહરિ રથમાં બેસારીને ધામમાં લઈ ગયા ૩૯૧
૪૬૫. ઉપલેટાના શવજીભાઈ શાસ્ત્રીને શ્રીહરિ સંત-ભક્ત સાથે તેડવા આવ્યા ૩૯૨
૪૬૬. જેતપુરમાં સુતાર ટબીબાઈ સુપેડીવાળાને શ્રીહરિ ધામમાં તેડી ગયા ૩૯૩
૪૬૭. ધોરાજીના કેશવજી દવેની ગાયને શ્રીહરિ તેડી ગયા ૩૯૪
૪૬૮. મેઘજી લુહારને સંતો તેડી લાવ્યા ત્યારે મહારાજ કહે આને કેમ લાવ્યા ? ફરી જાઓને તેના બાપને લઈ આવો ૩૯૫
૪૬૯. કંડોરડામાં ચોરાસીનું સીધુ આપનાર બાઈને મહારાજ ધામમાં લઈ ગયા ૩૯૫

૪૭૦. ભાટીયા બાઈએ ચકુભાઈને કહ્યું તમારા બાપાને મહારાજ તેડી ગયા ને મને એલચી સાકરની પ્રસાદી આપી તે જુઓ ૩૯૭
૪૭૧. સનાળાના વિપ્ર મૂળજીને મહારાજે ધામ દેખાડ્યું ને પાછા સત્સંગ કરાવા મોકલ્યા ને પછી તેડી ગયા ૩૯૭
૪૭૨. ગોંડલના કરમણ સુતારને તેડવા પધાર્યા ૩૯૯
૪૭૩. મેંગણીના અમરસંગને શ્રીહરિ તેડવા પધાર્યા ૩૯૯
૪૭૪. મેંગણીના માનભાને રથમાં બેસારીને તેડી ગયા ૪૦૦
૪૭૫. શ્રીહરિ રાજકોટના વાલાભાઈને ત્રણ મહિના રાખ્યા ને દેવકૃષ્ણ વ્યાસને તેડી ગયા ૪૦૦
૪૭૬. વણથલીમાં રાઘવજી સોનીને શ્રીહરિ તેડવા પધાર્યા ૪૦૧
૪૭૭. ખંઢેરાના ઠક્કર કલ્યાણજીભાઈને તેડવા આવ્યા ૪૦૧
૪૭૮. મોડા ગામના લાખાજીને ધામમાં તેડી ગયા ૪૦૨
૪૭૯. ગામ મોડામાં અજાભાઈને તેડવા રથ લઈને આવ્યા ૪૦૩
૪૮૦. તોરીના રાજગર ઘેલા મહારાજને સંતો સાથે તેડવા આવ્યા ૪૦૩
૪૮૧. બગસરાના સથવારા વેલાભાઈને અંતકાળે સંતો સાથે તેડવા આવ્યા ૪૦૪
૪૮૨. બગસરાના કલા ભક્તને શ્રીહરિ મુક્તો સાથે તેડવા આવ્યા ૪૦૫
૪૮૩. ચાડિયાના ભંડેરી રામાભાઈને તેડવા શ્રીહરિ હજારો વિમાન લઈને આવ્યા ૪૦૬
૪૮૪. ગીદગી ગામમાં રબારી અમરાભાઈને તેડવા શ્રીહરિ પધાર્યા ૪૦૭
૪૮૫. કડિયા ગામના વણિક ભીમજીના ભાઈને જીવહિંસા કરતા અક્ષરધામમાં પ્રવેશ ન મળ્યો ૪૦૭
૪૮૬. સંત દ્વારા મલીન વાસના તોડાવી પછી મહારાજ તેડી ગયા ૪૦૮
૪૮૭. ઉનાના ગણેશ શેઠને શ્રીહરિ તેડવા પધાર્યા ૪૦૯
૪૮૮. દીવના પ્રેમબાઈને તેડવા શ્રીહરિ પધાર્યા ૪૧૧
૪૮૯. સામતેર ગામના વાણંદ હમીરે વાસના તોડી પછી તેડવા પધાર્યા ૪૧૨
૪૯૦. બારપટોળી ગામના સુતાર આલાને તેડવા શ્રીહરિ આવ્યા ૪૧૨
૪૯૧. ભરવાડ કહે આ સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવ્યા છે ૪૧૩
૪૯૨. ગામ કોવાયાના રઘા ભક્તને તેડવા શ્રીહરિ આવ્યા ૪૧૪
૪૯૩. કોવાયાના નાજા ભક્તને તેડવા શ્રીહરિ આવ્યા ૪૧૬
૪૯૪. આપ મારી પાસે બેઠા હો ને મારો દેહ પડે તો મારા મોટા ભાગ્ય ! ૪૧૭
૪૯૫. બળદ લીંબડા નીચે ઉભો રહીને કથા સાંભળીને પછી ધામમાં ગયો ૪૨૦
૪૯૬. પાંચુબાની દીકરીને તેડવા શ્રીહરિ અનંત વિમાન લઈને આવ્યા ૪૨૧

૪૯૭. નૃસિંહાનંદ સ્વામીને બળદે બચાવ્યા તેથી સ્વામી કહે આ બળદને અમે તેડવા આવશું ૪૨૨
૪૯૮. વૈરાગીને મહારાજ અક્ષરધામમાં તેડી ગયા ૪૨૨
૪૯૯. મહારાજ રામા ખાચરને તેડવા જીવા ખાચરના દરબારમાં ગયા ૪૨૩
૫૦૦. પાણવીના પૂંજા ડોડિયાને ધામમાં તેડવા આવ્યા ૪૨૩
૫૦૧. મૂળજી બ્રહ્મચારીને તેડવા પધાર્યા ૪૨૪
૫૦૨. અમરા ખાચરને ધામમાં તેડી ગયા ૪૨૫
૫૦૩. હિન્દુસ્તાની સાધુ બે દિવસ પ્રારબ્ધ ભોગવીને ધામમાં ગયા ૪૨૬
૫૦૪. ડભાણના ગોવિંદરામને તેડવા મહારાજ માણકી લઈને આવ્યા ૪૨૭
૫૦૫. ડભાણના ડુંગરભાઈને દશ દિવસ પછી તેડી જશું એવો વર આપ્યો ૪૨૭
૫૦૬. ખંભાતના એક હરિભક્તને મહારાજ તેડવા આવ્યા ૪૨૮
૫૦૭. મૂળજી બ્રહ્મચારીના શિષ્ય નારાયણજી શ્રીજી સાથે વિમાનમાં બેસીને ધામમાં ગયા ૪૨૮
૫૦૮. મહારાજ હાથમાં પારીયાનું કાંઠલું લઈને બાઈને તેડવા આવ્યા ૪૨૯
૫૦૯. ચાંગામાં વસનદાસ વાસનાથી સર્પ થયો ને પછી ધામમાં ગયો ૪૩૦
૫૧૦. પુર ગામમાં જતનબાઈને મહારાજ તેડવા આવ્યા ૪૩૧
૫૧૧. મોરજના પ્રભુદાસ ધામમાં ગયા ૪૩૧
૫૧૨. ચમારાના દયાળજી સુતારને તેડવા મહારાજ આવ્યા ૪૩૨
૫૧૩. મહારાજ બોલ્યા પટેલ ચાલો ધામમાં ૪૩૨
૫૧૪. પછી વિમાન ચાલ્યા ને કરશનજી અક્ષરધામમાં ગયો ૪૩૩
૫૧૫. ડભોઈના કરૂણાશંકરને અંતકાળે મહારાજ અક્ષરધામમાં તેડી ગયા ૪૩૪
૫૧૬. ઠાસરા શ્રીધરાનંદ સ્વામીએ સ્વતંત્રપણે દેહ ત્યાગ કર્યો ૪૩૪
૫૧૭. આ સૂર્યાનંદ અને સ્વામિનારાયણ મને તેડવા આવ્યા છે ૪૩૫
૫૧૮. જોળના કોલીને તેડવા મહારાજ ખડબુચ લઈને આવ્યા ૪૩૫
૫૧૯. શોભારામ શાસ્ત્રીના પુત્રને તેડવા આવ્યા ને રાખ્યો ૪૩૫
૫૨૦. નારુપંતના નાના પુત્રને સંતોના કહેવાથી રાખ્યો ને પાડોશીના દીકરાને તેડી ગયા ૪૩૬
૫૨૧. બાપુભાઈના પુત્ર રામસેવકને તેડવા આવ્યા ને સંતોના કહેવાથી રાખી ગયા ૪૩૭
૫૨૨. દક્ષિણી અંબાબાઈને શ્રીહરિ લાખો વિમાન લઈને તેડવા આવ્યા ૪૩૭
૫૨૩. ઈંટોલાના બાબુભાઈના બળદને તેડી ગયા ૪૩૭
૫૨૪. રણું ગામના પ્રભાતગરને મહારાજ તેડવા પધાર્યા ૪૩૮
૫૨૫. કેસર બાઈ બોલી મહારાજ તેને તેડી જાઓ તો તેના ધન્ય ભાગ્ય કહેવાય ૪૩૮

| | | |
|---|---|---|
| ૫૨૬. | સુરતના અરદેશરજીને તેડવા શ્રીહરિ પધાર્યા | ૪૩૯ |
| ૫૨૭. | આમોદના ગણપતરામને મહારાજ તેડવા પધાર્યા | ૪૪૦ |
| ૫૨૮. | સારસાના હેતબાઈ ભજન કરતા કરતા ધામમાં ગયા | ૪૪૦ |
| ૫૨૯. | કંજરીના લક્ષ્મીદાસ કહે આ મહારાજ આવ્યા છે તેમના ભેળો ધામમાં જઉં છું | ૪૪૧ |
| ૫૩૦. | સરસોદના રામજીભાઈને તેડવા આવ્યા ત્યારે આખા ગામના માણસોને દર્શન દીધા | ૪૪૨ |
| ૫૩૧. | ધન્ય છે સ્વામિનારાયણને કે આવી અભાગણીના પણ દોષ ન જોયા ને તેડવા આવ્યા | ૪૪૨ |
| ૫૩૨. | ધૂવા ગામના લુકીયે બોલતા થકા દેહ મૂક્યો ને મહારાજ તેડવા આવ્યા | ૪૪૩ |
| ૫૩૩. | ધૂવા ગામના કેશરભાઈ ભૂતનો દેહ ત્યાગ કરીને ધામમાં ગયા | ૪૪૩ |
| ૫૩૪. | સાધુને પોંક આપ્યો તે બદલ તેડવા આવ્યા | ૪૪૪ |
| ૫૩૫. | રોજીદડના મધુસુદનદાસજીને શ્રીહરિ તેડવા પધાર્યા | ૪૪૪ |
| ૫૩૬. | ગુડેલના જીજીભાઈ દેહનો ત્યાગ કરી વિમાનમાં શ્રીહરિ સાથે ધામમાં ગયા | ૪૪૫ |
| ૫૩૭. | ઘંટીયા બળદ તથા નિષ્કુળાનંદ સ્વામીને તેડી ગયા | ૪૪૫ |
| ૫૩૮. | સંતો સાથે કેરીઓ મોકલતા પાટીદારને શ્રીહરિ કેરી લઈને વિમાનમાં તેડી ગયા | ૪૪૬ |
| ૫૩૯. | અયોધ્યાપ્રસાદજી મહારાજની ગાડી ચલાવનાર મારવાડીને શ્રીહરિ તેડવા પધાર્યા | ૪૪૭ |
| ૫૪૦. | જેતલપુરના જોઈતારામને વિમાન લઈ શ્રીહરિ તેડવા પધાર્યા તે ગામ લોકોએ દેખ્યું | ૪૪૭ |
| ૫૪૧. | વાડાશીનોરના અભેરામની માતાને વડતાલમાં તેડવા આવ્યા | ૪૪૮ |
| ૫૪૨. | કણભાના ઉત્તમચંદને વિમાનમાં બેસારીને શ્રીહરિ તેડી ગયા | ૪૪૮ |
| ૫૪૩. | ગામડીના નરસીભાઈને તેડવા શ્રીહરિ હાથી લઈને આવ્યા | ૪૪૯ |
| ૫૪૪. | લુણાવાડાના લખા જોશીને મહારાજ તેડી ગયા | ૪૪૯ |
| ૫૪૫. | પ્રાંતિજમાં એક બાઈને શ્રીહરિ રથ લઈને તેડવા આવ્યા | ૪૫૦ |
| ૫૪૬. | પ્રાંતિજમાં ખુશાલભાઈને તથા તેમની પત્નીને તેડવા આવ્યા | ૪૫૦ |
| ૫૪૭. | સોજાના નાગરદાસ તથા કડિયાને તેડવા આવ્યા | ૪૫૧ |
| ૫૪૮. | વિહાર ગામના અમુલખભાઈને માનબાઈ ઠેઠ અક્ષરધામ સુધી મૂકી આવ્યા | ૪૫૧ |
| ૫૪૯. | વિરમગામના ગીરજાશંકરને બેય આચાર્ય, દાદા ખાચર સાથે લઈને તેડી ગયા | ૪૫૧ |
| ૫૫૦. | ચોબારીના ઠક્કર ભીમજીભાઈને તેડી ગયા | ૪૫૨ |
| ૫૫૧. | ધોળકાના ગોવિંદરામ જોશી તથા જીવરાજશા ને તેડવા આવ્યા. પણ સાથે ન ગયા ને હેરાન થઈ ગયા | ૪૫૨ |
| ૫૫૨. | કાણોતરના બોઘાભાઈ ભરવાડને તેડવા આવ્યા | ૪૫૨ |
| ૫૫૩. | નાનોદરાના ઠક્કર ચતુરભાઈને શ્રીહરિ તેડવા પધાર્યા | ૪૫૩ |

| | | |
|---|---|---|
| ૫૫૪. | વીસનગરના ઝુમખરામ તથા મુગટરામને તેડવા શ્રીહરિ પધાર્યા | ૪૫૪ |
| ૫૫૫. | વીસનગરના કંસારા નારાયણને બ્રહ્મમુનિની પ્રાર્થના રાખ્યા | ૪૫૫ |
| ૫૫૬. | પેથાપુરના વરસાખેરને વાસના નડી ને પછી મહારાજ તેડી ગયા | ૪૫૫ |
| ૫૫૭. | નારદીપુરના તીતા ભક્ત શીખ માગીને શ્રીહરિ સાથે વિમાનમાં બેસીને ધામમાં ગયા | ૪૫૬ |
| ૫૫૮. | રાજપુર જેકરણ તથા તેમના પત્નીને શ્રીહરિ તેડી ગયા | ૪૫૬ |
| ૫૫૯. | ઈડર દેશના ગામડાના બ્રાહ્મણને વાસુદેવાનંદ બ્રહ્મચારીએ વર્તમાન ધરાવ્યા ને અંતે તેડવા આવ્યા | ૪૫૭ |
| ૫૬૦. | તેજપરના ઠાકોર ભાવસિંહજીને શ્રીહરિ તેડવા આવ્યા | ૪૫૭ |
| ૫૬૧. | મેથાણમાં લુવાણા દેવજી ભક્તને તેડવા આવ્યા | ૪૫૮ |
| ૫૬૨. | લીંબડીના વરવા શેઠ તથા તેમના બેનને તેડવા પધાર્યા | ૪૫૯ |
| ૫૬૩. | મેમકાના સંતોકબેનને શ્રીહરિ પરચો આપીને તેડી ગયા | ૪૬૦ |
| ૫૬૪. | મેમકાની બે ડોસીયું ને શ્રીહરિ તેડવા આવ્યા | ૪૬૧ |
| ૫૬૫. | ઝાલાવાડના ગામમાં શ્રીહરિ સાથે દેવાનંદ સ્વામીને લઈને એક છોકરાને તેડવા આવ્યા | ૪૬૨ |
| ૫૬૬. | લીંબડીના નીલા સોનીને મહારાજ તેડવા આવ્યા પણ ભૂતે રોકી રાખ્યો | ૪૬૩ |
| ૫૬૭. | સુખપુરના ભીમજીભાઈને શ્રીહરિ તેડી ગયા | ૪૬૩ |
| ૫૬૮. | રામ જોગિયાને જમથી બચાવ્યો ને પાંચ વર્ષ પછી તેડી ગયા | ૪૬૪ |
| ૫૬૯. | શ્રી કષ્ટભંજનદેવે કૃપા કરીને હરિભાઈ સોનીનું દુઃખ હળવું કર્યું ને પછી મહારાજ તેડવા આવ્યા | ૪૬૪ |
| ૫૭૦. | સુંદરિયાણાના પીતાંબરને સર્પ કરડ્યો ને મહારાજ માણકી લઈને આવ્યા ને તેડી ગયા | ૪૬૫ |
| ૫૭૧. | ડડુસરના રજપૂત ગલુજીની માતાને તેડવા શ્રીહરિ આવ્યા | ૪૬૫ |
| ૫૭૨. | ધાણલાના ડોસીને તેડવા શ્રીહરિ પધાર્યા | ૪૬૬ |
| ૫૭૩. | કુંડલા કરશનજી કંદોઈના દીકરાની વહુને તેડવા આવ્યા ને મહારાજ પાછા ગયા ને ફરી બીજે દિવસે તેડી ગયા | ૪૬૭ |
| ૫૭૪. | છાપરી ગામમાં જાનબાઈ તથા તેમની માસીની દીકરી તથા વાણિયણ બાઈને તેડી ગયા | ૪૬૮ |
| ૫૭૫. | સુરતના ભગુભાઈને શ્રીહરિ હાથીનો રથ લઈને તેડવા આવ્યા | ૪૭૦ |
| ૫૭૬. | અડાલજની વાવે કલ્યાણનો કોલ આપ્યો | ૪૭૦ |
| ૫૭૭. | તાવીના નાનજી હાડાને શ્રીહરિ કહે તું દેહ મૂકીશ ત્યારે તેડવા આવીશ | ૪૭૧ |
| ૫૭૮. | સારંગપુરના સીમાડામાં જમ ન આવે એવો કોલ આપ્યો | ૪૭૨ |
| ૫૭૯. | દાદા ખાચરને વર આપ્યો જે હું કાયમ ગઢડામાં રહીશ | ૪૭૩ |

૫૮૦. ગઢપુરમાં લુવારના છોકરાને સવારીએ સહિત તેડવા ગયા ૪૭૪
૫૮૧. મહુધાના બ્રહ્મરાક્ષસને બદરિકાશ્રમમાં મોકલ્યો. ૪૭૬
૫૮૨. માંદા વૈરાગીને પ્રસાદી જમાડી કલ્યાણ કર્યું ૪૭૭
૫૮૩. ગોપનાથના બ્રહ્મચારીનો મહારાજે મોક્ષ કર્યો ૪૭૮
૫૮૪. રણુંના પ્રભાતગરને શ્રીહરિ તેડવા પધાર્યા ૪૭૯
૫૮૫. ફકીરાણીને તેડવા શ્રીહરિ આવ્યા તે જોઈને ચોકીવાળો સત્સંગી થયો ૪૮૨
૫૮૬. બે કેરીમાં પટેલની પાંચ ને આંબાની ત્રણ પેઢીનું કલ્યાણ ૪૮૩
૫૮૭. મહારાજ કહે તારુ ને તારા બાપનું કલ્યાણ કરીશ ૪૮૩


**અપરાધનું ફળ**


૫૮૮. જવારજમાં શ્રીહરિનો દ્રોહી હવાલદાર તીરથી મરાયો ૪૮૫
૫૮૯. સુરતમાં શ્રીહરિને મારવા જનાર વૈરાગીનું મોત ૪૮૫
૫૯૦. ઉમરેઠનો શાસ્ત્રી બ્રહ્મરાક્ષસ થયો ૪૮૫
૫૯૧. લક્ષ્મણજી પર આરોપ મૂકવાથી સીતાજીને દુઃખ ૪૮૬
૫૯૨. શ્રીહરિને યજ્ઞની ના પાડનાર બાવાનો કરુણ અંજામ ૪૮૬
૫૯૩. સૂથ ગામના વિપ્ર સુખરામની શ્રીહરિમાં દૃઢ નિષ્ઠા ૪૮૭
૫૯૪. કરજીસણના ત્રિકમજીની ખોટા કલંકથી રક્ષા કરી ૪૮૭
૫૯૫. ભગવદીયનો અપરાધ કર્યાથી તત્કાળ પાપ લાગે છે ૪૮૮
૫૯૬. ગોપાળાનંદ સાથે મશ્કરીનું પરિણામ ૪૮૮
૫૯૭. ગોપાળાનંદ સ્વામીનો અપરાધ લાગ્યો ૪૮૯
૫૯૮. નાથ ભક્તનો અપરાધ નારુંપંત નાનાએ કર્યો ૪૮૯
૫૯૯. મોટાના અપમાનથી જીવને નર્કમાં જવું પડે છે ૪૯૦
૬૦૦. વડતાલ મંદિરનો પથ્થર લેવા માટે હુકમ કરનાર કસિયાજીના શરીરમાં દાહ થયો ૪૯૧
૬૦૧. મુક્તાનંદ સ્વામીનું અપમાન કરનારને ચોરે અઢાર ઝાટકા માર્યા ૪૯૧
૬૦૨. તરકતલાવ ગામમાં મંદિરનું મોતીયું કાપનારના એક સાથે સાત જણનું મૃત્યુ ૪૯૨
૬૦૩. શ્રીજીમહારાજ, સંતો-પાર્ષદોના અપમાન કરનારાના વંશનો ઉચ્છેદ થયો ૪૯૨
૬૦૪. ભગવાન તથા ભક્તનો અપરાધ ક્યારેય ન કરવો ૪૯૪
૬૦૫. જેણે જેણે અપરાધ કરેલ છે તેઓને પરિણામે માઠું ફળ આવેલ છે ૪૯૫
૬૦૬. શ્રીજીમહારાજના અપરાધથી અધિકાર ગયો ૪૯૭
૬૦૭. અપરાધે કરીને બુઢા ધાધલની બુદ્ધિ બગડી ને ચોરી કરી ૪૯૭

૬૦૮. શ્રીજીમહારાજના અપરાધે કરીને રોળાનંદ મહાદુઃખ પામ્યા ૪૯૯
૬૦૯. સંતના અપરાધે સાઈઠ માણસ નાશ પામ્યા ૫૦૦
૬૧૦. સંતનો તથા સત્સંગીનો અપરાધ ક્યારેય ન કરવો ૫૦૧
૬૧૧. સેવા કરવી પણ દ્રોહ કરવો નહિ ૫૦૧
૬૧૨. ઝેરનાખીને ચંદન ચરચનાર બાવાની આંગળીઓની ખાલ ઉખડી ગઈ ૫૦૨
૬૧૩. ઘનશ્યામ મહારાજનું અપમાન કરવાથી મોહનદાસ યમપુરીના દુઃખને પામ્યો ૫૦૨
૬૧૪. નીલકંઠવર્ણીનું અપમાન કરતા દૂધપાકમાં ઈયળો દેખાણી ૫૦૪
૬૧૫. શ્રીજીમહારાજ તથા સાધુની નિંદાનું પરિણામ તરત મળ્યું ૫૦૫
૬૧૬. શ્રીજીમહારાજને મારવા આવનારને દિવ્યદર્શન અપરાધ માફ કરીને શરણે લીધો ૫૦૬
૬૧૭. આ સ્વામિનારાયણની સાથે બાવો આડું બોલ્યો તેનું તેને ફળ મળ્યું ૫૦૭
૬૧૮. મોટા ઋષિઓની વાતો જાણતા છતાં સાધુની ઠેકડી કરી તેનું પરિણામ ૫૦૮
૬૧૯. ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો તે પાપે કરીને કૂતરાનો અવતાર આવ્યો ૫૧૦
૬૨૦. ઋષિનો અપરાધ થઈ જવાથી વૃક્ષના દેહને પામ્યો ૫૧૦
૬૨૧. મહારાજે સ્વપ્નમાં દર્શન દઈને ચેતવ્યા કે અપરાધથી બળદ થવું પડશે ૫૧૧
૬૨૨. મહારાજ ઉપર બે બ્રાહ્મણોએ ખોટા સંકલ્પ કર્યા હતા પણ........ ૫૧૧
૬૨૩. મહારાજને ગાંડા ગણનાર શાસ્ત્રી બ્રહ્મરાક્ષસ થયો ૫૧૨
૬૨૪. ભગવાનના ભક્તના અપરાધે કરીને પૂર્વનું કાંઈક પુન્ય હોય તો તે ખૂટી જાય છે ૫૧૨
૬૨૫. મોટા પુરુષને જરા પણ કોચવવાથી ભૂંડા હાલ થાય છે ૫૧૩
૬૨૬. મોટા સંત ઉપર દોષ આરોપણ કરનારને તે દોષ પોતાને નડ્યા ૫૧૩


**શ્રીહરિની રમૂજી ભક્તો સાથે રમૂજ**


૬૨૭. જેવો તમારો પ્રશ્ન તેવો અમારો ઉત્તર ૫૧૫
૬૨૮. રોઝકાના કરણા ગઢવીની વાણીથી મહારાજ હસ્યા ૫૧૫
૬૨૯. સોમાફઈ કહે મારો પીટ્યો મીંદડો બધા રોટલા થોડા થોડા ખાઈ ગયો ૫૧૫
૬૩૦. મહારાજની રમૂજ ૫૧૬
૬૩૧. સુરા ખાચરે બાવાનું મૌન તોડાવ્યું ૫૧૬
૬૩૨. મહારાજે પંક્તિમાં રમૂજ કરી ૫૧૭
૬૩૩. પંચાળામાં જેરામ બ્રહ્મચારીએ સર્વને હસાવ્યા ૫૧૭
૬૩૪. મહારાજ કહે વાણિયા આ નાળિયેર ખોટું છે ૫૧૮
૬૩૫. મહારાજને હસાવ્યા ૫૧૯

| | | |
|---|---|---|
| ૬૩૬. | મહારાજની ઉદારતા | ૫૧૯ |
| ૬૩૭. | મહારાજની રમૂજ | ૫૧૯ |
| ૬૩૮. | મહારાજનું રમુજી ચરિત્ર | ૫૨૦ |
| ૬૩૯. | મહારાજે પાણીમાં રમૂજ કરી | ૫૨૦ |
| ૬૪૦. | મહારાજની હસાવાની રીત | ૫૨૧ |
| ૬૪૧. | ઉકા ખાચરે રમૂજ કરીને હસાવ્યા | ૫૨૨ |
| ૬૪૨. | સુરા ખાચરે રમૂજમાં મહારાજને કહ્યું | ૫૨૨ |
| ૬૪૩. | ક્યું શીતલદાસ ચલને કા મનસૂબા કરતે હો | ૫૨૩ |
| ૬૪૪. | જન્માષ્ટમી પ્રસંગે | ૫૨૪ |
| ૬૪૫. | સુરા ખાચરની વાણીથી સર્વે હસ્યા | ૫૨૫ |
| ૬૪૬. | સુરા ખાચરની વાણીથી હસ્યા | ૫૨૫ |
| ૬૪૭. | કાઠી ભક્તોની રમૂજ | ૫૨૬ |
| ૬૪૮. | સુરા ખાચર બોલે તે રમૂજ | ૫૨૭ |
| ૬૪૯. | મહારાજની રમૂજમાં બીજો અર્થ હોય | ૫૨૭ |
| ૬૫૦. | સુરા ખાચર હોય ત્યાં સહેજે રમૂજ થાય | ૫૨૮ |
| ૬૫૧. | પ્રેમ સખીએ નાભીમાં બચી ભરીને હસાવ્યા | ૫૩૦ |
| ૬૫૨. | મહારાજ અને સુરા ખાચર વચ્ચે વાત વાતમાં રમૂજ હોય | ૫૩૦ |
| ૬૫૩. | બ્રહ્મમુનિ કીર્તન ગાય તેમાંય રમૂજ હોય | ૫૩૩ |
| ૬૫૪. | રિસાયેલા મહારાજને બ્રહ્મમુનિએ અને સુરા ખાચરે હસાવ્યા | ૫૩૩ |
| ૬૫૫. | બ્રહ્મમુનિ અને મહારાજની સામસામી રમૂજ | ૫૩૪ |
| ૬૫૬. | મોટીબાએ મહારાજને સેવાથી રાજી કર્યા | ૫૩૪ |
| ૬૫૭. | મહારાજે અને વણિક ભક્તોએ રમૂજ કરી | ૫૩૫ |
| ૬૫૮. | મહારાજની વાણીમાં પ્રસંગે પ્રસંગે રમૂજ હોય છે ? | ૫૩૭ |
| ૬૫૯. | માણકીની લગામ પકડીને જગરૂપ બારોટના ઘરના મહારાજને ઘેર લાવ્યા | ૫૩૯ |
| ૬૬૦. | માતરા ધાધલ તથા ખોડાભાઈએ રીંગણમાં રમૂજ કરી | ૫૩૯ |
| ૬૬૧. | મહારાજે ટીખળ કર્યું | ૫૪૧ |
| ૬૬૨. | મહારાજે અપૂર્વ રમૂજ ભક્તગાનર્થે કરી | ૫૪૨ |
| ૬૬૩. | સુરા ખાચરને મહારાજ વચ્ચે બારોબાર રમૂજ થઈ | ૫૪૩ |
| ૬૬૪. | મહારાજે મૂંડન કરાવવાની રમૂજ કરી | ૫૪૫ |

૬૬૫. મહારાજે અસહ્ય રમૂજ કરી ૫૪૭
૬૬૬. ખાટી છાછની રમૂજ ૫૪૮
૬૬૭. મહારાજે રમૂજમાં ભક્તોને પૂછ્યુ ૫૫૦
૬૬૮. મહારાજે હસવા પૂરતી રમૂજ કરી ૫૫૧
૬૬૯. મહારાજ કહે આ વાણિયે સેવામાં વટાવ કાઢ્યો એમ રમૂજ કરી ૫૫૩
૬૭૦. માતરા ધાધલની કળાથી મહારાજ હસ્યા ૫૫૩
૬૭૧. બ્રહ્મમુનિએ દૃષ્ટાંત દઈને મહારાજને હસાવ્યા ૫૫૪
૬૭૨. સુરા ખાચર કહે શું આકાશમાંથી ખાવાનું પડવાનું છે ૫૫૪
૬૭૩. સુરા ખાચરે છોકરાને ઉદ્દેશીને કાકાભાઈની મશ્કરી કરી ૫૫૬
૬૭૪. માતરા ધાધલે કળે કરીને મહારાજને હસાવ્યા ૫૫૭
૬૭૫. બ્રહ્મમુનિએ મરમ કરીને હસાવ્યા ૫૫૮
૬૭૬. મહારાજે ખેતા તથા ભીમાના નામ પૂછાવ્યા ને રમૂજ કરી ૫૫૯
૬૭૭. મહારાજ આ ઉંઘ તો પોથીમાંથી નીકળે છે ૫૫૯
૬૭૮. મૂળજી બ્રહ્મચારીની વાણી સાંભળીને મહારાજ હસ્યા ૫૬૦
૬૭૯. મહારાજ હાસ્યમાં જીવુબાને વાત કરી ૫૬૦
૬૮૦. બ્રહ્મમુનિએ મહારાજની નાભિમાં ભડાકો કર્યો ને મહારાજ હસ્યા ૫૬૧
૬૮૧. બંને બેના વાક્યુધ્ધમાં મહારાજ હસ્યા ૫૬૧
૬૮૨. મહારાજ વધુ જમે તે માટે બ્રહ્મમુનિએ યુક્તિ કરી ૫૬૨
૬૮૩. આડી અવળી વાતે પણ સુરા ખાચરે મહારાજને હસાવ્યા ૫૬૪
૬૮૪. સુરા ખાચરે તેમની ભાષામાં મહારાજને હસાવ્યા ૫૬૫
૬૮૫. મહારાજે નાથા સાથે રમૂજ કરી ૫૬૮
૬૮૬. રતા બસીયાએ મહારાજને હસાવ્યા ૫૬૯
૬૮૭. બ્રહ્માનંદ સ્વામી કહે મહારાજ ! આ દાસને કાંઈ મળશે ? ૫૭૦
૬૮૮. વસ્તા ભગતનો સત્સંગ ને બ્રહ્મમુનિની રમૂજ ૫૭૨
૬૮૯. સુરા ખાચરના કાવ્યથી મહારાજ બહુ હસ્યા ૫૭૫
૬૯૦. કારિયાણીમાં ભગા દોશીની રસોઈ તથા રમૂજ સાથે ચાર ફાંદનું વર્ણન ૫૭૭


**શ્રીહરિએ સંતો-ભક્તોને રોગ મુક્ત કર્યા**


૬૯૧. પરમાનંદ સ્વામીને કાનમાં થતો અવાજ મટાડ્યો ૫૮૧
૬૯૨. ગુરુ સ્વામીએ તાવ મટાડ્યો ૫૮૨

૬૯૩. શ્રીહરિએ પરમાનંદ સ્વામીની લુખસ મટાડી ૫૮૨
૬૯૪. ગોપાળાનંદ સ્વામીએ પિતા મોતીરામને ધાધર મટાડી ૫૮૩
૬૯૫. ગોપાળાનંદ સ્વામીએ કોગળિયાના રોગથી રક્ષા કરી ૫૮૩
૬૯૬. પૂ. સ્વામીના વચને વડોદરાના મહેરાલભાઈને ઉંઘ આવી ૫૮૪
૬૯૭. પૂ. સ્વામીના વચને બાર વર્ષ પછી ઉંઘ આવી ૫૮૪
૬૯૮. વીસા શેઠને ગોળો ચડ્યો તે મૂળજી બ્રહ્મચારીના વચને મટ્યો ૫૮૫
૬૯૯. પાટણના જુઠા શેઠનો રોગ બ્ર. આનંદાનંદજીએ મટાડ્યો ૫૮૬
૭૦૦. સાળંગપુરના વાણિયાની સારણગાઠ બ્ર. આનંદાનંદજીએ મટાડી ૫૮૬
૭૦૧. શ્રીહરિએ પટેલને દશના દશ હજાર આપ્યા ને કોઢ મટાડ્યો ૫૮૬
૭૦૨. ભગવાનની ભક્તિથી ભવરોગ મટે છે ૫૮૭
૭૦૩. અદ્‌ભૂતાનંદ સ્વામીને પગે વાળાનું દુઃખ હતું તે છ માસ જેતલપુરમાં કાવડ માગી તેથી મટ્યો ૫૮૮
૭૦૪. મહારાજે લાલા બાબુનો રોગ મટાડ્યો ૫૮૯
૭૦૫. શ્રીહરિએ સંતોને હિંમત આપી કે તમો માંદા થશો તો હું ગમે તેમાં પ્રવેશ કરીને ચાકરી કરાવીશ ૫૮૯
૭૦૬. શ્રીહરિએ રાજાનો રોગ મટાડ્યો ૫૯૦
૭૦૭. શ્રીહરિએ રતવાનો રોગ મટાડ્યો ૫૯૧
૭૦૮. શ્રીહરિએ ફરેણીમાં તાવ મટાડ્યો ૫૯૨
૭૦૯. સોજા-અવાળુ સાધુના શ્રીહરિએ મટાડ્યા ૫૯૩
૭૧૦. ટૂંટિયાના રોગથી ૫૯૩
૭૧૧. મહારાજે અરૂપાનંદ સ્વામીનો રોગ મટાડ્યો ૫૯૪
૭૧૨. પાળા તેજાને ચમત્કાર બતાવ્યો ૫૯૫
૭૧૩. બ્ર. ઈશાનંદજીએ ભાવનગરના મહારાણીનો રોગ મટાડ્યો ૫૯૫
૭૧૪. બ્રહ્મમુનિને આયુષ્ય આપીને મંદવાડ મટાડ્યો ૫૯૬


**ભક્તની વહારે ભગવાન**


૭૧૫. અગણોતેરા કાળની ચેતવણી ૫૯૯
૭૧૬. ભગવાનના થાય તેની ભગવાન રક્ષા કરે ૬૦૦
૭૧૭. ભક્તના માલની રક્ષા કરતા શ્રીહરિ ૬૦૨
૭૧૮. ચોરો પાસેથી શ્રીહરિએ ભક્તનો બાજરો બચાવ્યો ૬૦૨

| | | |
|---|---|---|
| ૭૧૯. | સાવદાના શેઠની દુકાનની ચોકી કરી | ૬૦૩ |
| ૭૨૦. | ભક્ત ભગવાનની સેવા કરે ને ક્યારેક ભગવાન સેવા કરે | ૬૦૩ |
| ૭૨૧. | બેચર ભક્તના ખેતરની ચોકી કરતા શ્રીહરિ | ૬૦૪ |
| ૭૨૨. | ભક્તોના પ્રારબ્ધ શ્રીહરિએ બદલ્યા | ૬૦૫ |
| ૭૨૩. | કાશીદાસની રક્ષા શ્રીહરિએ જળમાં કરી | ૬૦૮ |
| ૭૨૪. | ઘનશ્યામ મહારાજે પાંચ આદમીની રક્ષા કરી | ૬૦૯ |
| ૭૨૫. | વરસાદમાં ગોરધનભાઈની રક્ષા કરી | ૬૧૦ |
| ૭૨૬. | શ્રીહરિએ જીણાભાઈની રક્ષા કરી | ૬૧૧ |
| ૭૨૭. | ઝીણાભાઈના ઘરેણાની રક્ષા શ્રીહરિએ કરાવી | ૬૧૩ |
| ૭૨૮. | રઘુવીરજી મહારાજની નદીમાં તણાતા રક્ષા શ્રીહરિએ કરી | ૬૧૪ |
| ૭૨૯. | વડોદરાના રામચંદ્ર વૈદ્યની આગ થકી રક્ષા શ્રીહરિએ કરી | ૬૧૫ |
| ૭૩૦. | નારુપંતના જીવનની રક્ષાની ભલામણ શ્રીહરિએ કરી | ૬૧૫ |
| ૭૩૧. | સિપાઈવેશે આવીને સંતોની રક્ષા કરતા શ્રીહરિ | ૬૧૬ |
| ૭૩૨. | બુરાનપુરના સંઘની રક્ષા કરતા શ્રીહરિ | ૬૧૭ |
| ૭૩૩. | બુરાનપુરના સંઘની ચોરો થકી રક્ષા કરી | ૬૧૯ |
| ૭૩૪. | મહારાજે ખારું પાણી મીઠું કરીને રક્ષા કરી | ૬૨૦ |
| ૭૩૫. | કલા ભક્તની આગના ગોળાથી કરેલી રક્ષા | ૬૨૦ |
| ૭૩૬. | જીવરામ વિપ્રની રક્ષા કરતા શ્રીહરિ | ૬૨૧ |
| ૭૩૭. | શ્રીહરિએ ભેંસજાળમાં કાયાભાઈના બેનનો છેડાવ્રતની લાજ રાખીને શ્રીહરિએ હાથ સમો કર્યો | ૬૨૩ |
| ૭૩૮. | જીવુબાના શિયળ વ્રતની રક્ષા કરતા શ્રીહરિ | ૬૨૪ |
| ૭૩૯. | લાડુબાના શિયળ વ્રતની રક્ષા કરતા શ્રીહરિ | ૬૨૪ |
| ૭૪૦. | મોટા રામબાઈની રક્ષા શ્રીહરિએ કરી | ૬૨૫ |
| ૭૪૧. | રૂપાભાઈની શ્રીહરિએ રક્ષા કરી | ૬૨૬ |
| ૭૪૨. | આંબાભાઈના દીકરાના લગ્ન પ્રસંગે શ્રીહરિએ લાજ રાખી | ૬૨૯ |
| ૭૪૩. | વડનગરના ઉજમ વિપ્રના રૂપિયાની રક્ષા શ્રીહરિએ કરી | ૬૩૦ |
| ૭૪૪. | રૂકમાઈબાઈના વહારે શ્રીહરિ આવ્યા | ૬૩૦ |


**શ્રીજીમહારાજે ભક્તજનોના સંકલ્પો સિધ્ધ કર્યા**


| | | |
|---|---|---|
| ૭૪૫. | લંગાળાના ગોયો આયરના મનમાં સંકલ્પ રહ્યા કરતો | ૬૩૬ |

| | | |
|---|---|---|
| ૭૪૬. | સંતોએ સંકલ્પ કરીને ભરવાડના રાફડીયા બંધ કરાવ્યા | ૬૩૬ |
| ૭૪૭. | ગુણાતીતાનંદ સ્વામી કહે લવીયા સારા સંકલ્પ કરજે | ૬૩૭ |
| ૭૪૮. | મહારાજે કરશન માળીનો સંકલ્પ પૂર્ણ કર્યો | ૬૩૭ |
| ૭૪૯. | મહારાજે કળે કરીને દૂધ લાવ્યા | ૬૩૯ |
| ૭૫૦. | શ્રીજીમહારાજે પાણી પીને સંકલ્પ કર્યો જે.......... | ૬૪૨ |
| ૭૫૧. | અમરેલીના આમદ તથા મકન ખોજાનો સંકલ્પ પૂરો કર્યો | ૬૪૩ |
| ૭૫૨. | ભગા ભક્તનો સંકલ્પ પૂરો કર્યો | ૬૪૩ |
| ૭૫૩. | નાવડાના ઝીણાભાઈ સંઘવી પાસે સોપારી માગી લીધી | ૬૪૪ |
| ૭૫૪. | પહવીના કુંભાર દેવજી તથા હરજીનો સંકલ્પ પૂરો કર્યો | ૬૪૪ |
| ૭૫૫. | જૂનાગઢના બાઈઓના સંકલ્પ પૂરા કર્યા | ૬૪૫ |
| | **શ્રીહરિનું સર્વોપરીપણું** | |
| ૭૫૬. | લાલીયાદમાં મહારાજે પોતાને ઓળખવાની વાત કરી | ૬૪૬ |
| ૭૫૭. | જેવા સમજે તેવું સુખ | ૬૪૬ |
| ૭૫૮. | એભલ ખાચરને નિશ્ચય થયો જે મહારાજથી કોઈ મોટું નથી | ૬૪૭ |
| ૭૫૯. | શ્રીજીમહારાજ સર્વોપરી છે એવી લાડુબાને દૃઢતા થઈ | ૬૪૮ |
| ૭૬૦. | લાડુબા કહે મહારાજ તમે મારી ખોટ ઓળખાવી | ૬૪૮ |
| ૭૬૧. | નારદજીને મહારાજે પોતાની સામર્થી કહી | ૬૪૮ |
| ૭૬૨. | મહારાજ કહે મારું અક્ષરધામ તો અષ્ટાવરણ પાર છે ! | ૬૪૮ |
| ૭૬૩. | મહારાજને સર્વોપરી જાણવાથી બહુ રાજી થાય છે | ૬૪૯ |
| ૭૬૪. | તત્વાનંદ સ્વામી મહારાજને કહે બેટી કા બાપ ધ્યાન તો તેરા હોગા | ૬૫૦ |
| ૭૬૫. | વસ્તા ખાચરને મહારાજ કહે હું સૌનો પ્રેરક, પ્રવર્તક અને નિયંતા છું | ૬૫૦ |
| ૭૬૬. | નિષ્કુળાનંદ સ્વામી કહે આજ વાત સમજાણી ! | ૬૫૧ |
| ૭૬૭. | ઉપાસનામાં કસર હશે તો લોકાંતરમાં રહેવું પડશે | ૬૫૨ |
| ૭૬૮. | મોટાના સમાગમ વિના સમજણમાં કચાસ રહી જાય છે | ૬૫૩ |
| ૭૬૯. | મોટા સંતના સમાગમથી કસર મટે છે | ૬૫૪ |
| ૭૭૦. | મુક્તમુનિને ચૈતન્યાનંદ સ્વામીએ ચેતવ્યા | ૬૫૫ |
| ૭૭૧. | મુક્તમુનિને શાન્તાનંદ સ્વામીએ સમજાવ્યા | ૬૫૫ |
| ૭૭૨. | દાદા ખાચરને ધામનીને અહીંની એકતા દેખાડી | ૬૫૫ |
| ૭૭૩. | ભાઈરામદાસજીએ અંત સમે જેમ છે તેમ વાત કરી | ૬૫૮ |

૭૭૪. મારા કહ્યા પ્રમાણે વર્તશે તે મારા અક્ષરધામને પામશે ૬૬૦
૭૭૫. રામાનંદ સ્વામીએ નરસિંહ મહેતાની માતાને મહારાજ ઓળખાવ્યા ૬૬૨
૭૭૬. ઉપાસક તો આવા જ જોઈએ ૬૬૩

**ચરણારવિંદનો મહિમા**

૭૭૭. લાલીયાદમાં મહારાજે પોતાને
૭૭૮. શ્રીહરિના ચરણારવિંદની પ્રાર્થના ૬૭૧
૭૭૯. સર્વ પ્રથમ છપૈયામાં ૬૭૧
૭૮૦. ભક્તિમાતાએ સુંદરી મામીને ચિન્હ સમજાવ્યા ૬૭૨
૭૮૧. ગોંડા નરેશને સોળે ચિન્હના દર્શન થતા કુબેર સહિત આશ્રિત થયો ૬૭૨
૭૮૨. સુવાસિનીભાભી નિત્ય સ્નાન કરાવતા ને ચરણારવિંદ નિરખતાં. ૬૭૩
ને કહેતા જે અમારી ખબર રાખજો
૭૮૩. વનવિચરણમાં પોતાના પદરજથી તીર્થો પાવન કર્યા ૬૭૩
૭૮૪. ધૂલેગામમાં ભગવાનદાસને ચિન્હનાં દર્શન થયાં ૬૭૪
૭૮૫. છપૈયાની પવિત્ર પદરજભૂમિમાં શિવજી આળોટ્યા ૬૭૪
૭૮૬. બોચાસણના કાશીદાસને ચરણરજનો મહિમા ૬૭૫
૭૮૭. નેપાળના રાજાને ચિન્હ દર્શનથી ભગવાનપણાનો નિશ્ચય થયો ૬૭૬
૭૮૮. શ્રી નીલકંઠવર્ણીએ એક સાથે બધાને દીક્ષા આપી ૬૭૭
૭૮૯. શ્રી નીલકંઠવર્ણીએ બુધેજના સદાવ્રતમાં ચરણારવિંદ પાડ્યા ૬૭૮
૭૯૦. મહારાજના ચરણમાં સોળ ચિન્હ જોઈને લોભી વાણિયાએ ધનની માગણી કરી ૬૭૮
૭૯૧. બ્રાહ્મણને ચરણારવિંદમાં સોળ ચિન્હ જોઈને ભગવાનપણાનો નિશ્ચય થયો ૬૭૯
૭૯૨. કારીયાણીમાં ધનાભક્તને ચરણારવિંદ બોળી પાણી પાઈને મોક્ષ કર્યો ૬૭૯
૭૯૩. ગોપાળાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ પ્રસાદીના ચરણારવિંદ ૬૮૦
પોતાની છાતીમાં લીધા
૭૯૪. સ્વમુખે સંતના ચરણનો મહિમા બતાવ્યો ૬૮૦
૭૯૫. ઝુમખરામે શ્રીહરિનાં ચરણારવિંદ ઝાલ્યા ને મૂર્તિ આપી ૬૮૦
૭૯૬. કડવા ભક્ત મહારાજનાં બે ચરણારવિંદ પકડીને બેસી રહ્યા ૬૮૧
૭૯૭. પ્રેમી ભક્તે ગારાળા હાથે શ્રીહરિના ચરણારવિંદ ઝાલ્યા ૬૮૧
૭૯૮. પીઠવડીના ભગા મૂળા આદિ ઉપર અતિ રાજી થઈને છાતીમાં ચરણારવિંદ આપ્યા ૬૮૧
૭૯૯. ગોદડાની સેવામાં શ્રીહરિએ ચરણારવિંદ આપ્યા ૬૮૨

૮૦૦. શ્રીહરિએ રાંકની છાતીમાં ચરણારવિંદ મૂક્યું ને દેહ મૂક્યો ૬૮૩
૮૦૧. બાવો ખાચર મહારાજના ચરણારવિંદનો અંગૂઠો ધાવતાં ૬૮૩
૮૦૨. શ્રીહરિએ જમણા ચરણારવિંદના અંગૂઠામાંથી દીવા જેટલો પ્રકાશ કર્યો ૬૮૪
૮૦૩. શ્રીહરિએ દાદા ખાચરને છાતીમાં ચરણારવિંદ આપ્યા ૬૮૪
૮૦૪. શ્રીહરિએ કુંડલીના ભોજા લુહારને છાતીમાં ચરણારવિંદ આપ્યા ૬૮૪
૮૦૫. ચરણરજનો મહિમા સુંદરિયાણાના પૂંજા શેઠે જાણ્યો ૬૮૫
૮૦૬. ગામ પહવીના હરજી તથા દેવજી કુંભારે સંકલ્પ કર્યો કે છાતીમાં કંકુના પગલા આપે તો ભગવાન ખરા ૬૮૫
૮૦૭. વસો ગામના ચાર પાટીદારનો સંકલ્પ, શ્રીજીમહારાજ આપણને ચરણમાં સોળચિન્હ દેખાડે તો અંતર્યામી ખરા ૬૮૬
૮૦૮. કઠલાલના લક્ષ્મીબાને શ્રીહરિના ચરણારવિંદનો મહિમા ૬૮૬
૮૦૯. મહારાજ પાસે ચરણારવિંદ કળશિયામાં બોળવા પ્રાર્થના કરી અને ૬૮૭
૮૧૦. શ્રીહરિના ચરણારવિંદનો મહિમા અશ્વસ્થામાંએ જાણ્યો ૬૮૭
૮૧૧. શ્રીજીમહારાજની પરિક્ષામાંથી વજીબા સફળ રહ્યાં ૬૮૭
૮૧૨. શ્રીહરિએ વજીબાને ચરણારવિંદની સ્મૃતિ કરાવી ૬૯૧
૮૧૩. બ્રહ્મચારી આનંદાનંદ સ્વામીને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા ૬૯૨
૮૧૪. સદ્‌ગુરુ પ્રજ્ઞાનંદ સ્વામીએ કહ્યું કે ચરણારવિંદમાં જીવ ચોટે તો જન્મ મરણ ટળી જાય ૬૯૨
૮૧૫. શ્રીહરિએ પોતાનું જમણું ચરણારવિંદ જીવા ખાચરની છાતીમાં ચાંપ્યું કે થોડીવારમાં દેહત્યાગ કર્યો ૬૯૩
૮૧૬. ભાઈ રામદાસજીએ શ્રીહરિને કહ્યું જે, આપનાં ચરણારવિંદ મારી છાતીમાં ધારણ કરો ૬૯૪
૮૧૭. ચુડાના ભીમ પંડ્યાના સંકલ્પે શ્રીહરિએ ચરણારવિંદમાં સોહ ચિન્હનાં દર્શન કરાવ્યાં ૬૯૬
૮૧૮. શ્રીહરિએ મુકુંદ બ્રહ્મચારીને છાતીમાં ચરણારવિંદ આપ્યા ૬૯૬
૮૧૯. શ્રીહરિએ પોતાના ચરણ કમળમાં ચિન્હ બતાવીને ભરૂચના ચાર વાણિયાનો સંકલ્પ સિધ્ધ કર્યો ૬૯૭
૮૨૦. વાંકાનેરના બ્રાહ્મણ ઉપર શ્રીહરિ પ્રસન્ન થઈને ચરણારવિંદ વસ્ત્રમાં પાડી આપતા હવા ૬૯૮
૮૨૧. શ્રીહરિએ બ્રાહ્મણને ચરણારવિંદમાં ચિન્હ બતાવ્યા ને તેમાં ટાઢો હિમ જેવો તેજનો સમુહ દેખાડ્યો ને પોતાના સર્વોપરીપણે નિશ્ચય કરાવ્યો ૬૯૮

૮૨૨. શ્રીહરિની અનુવ્રતીમાં રહેવાથી ગોપાળાનંદ સ્વામી તથા તેમના મંડળના સંતોને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા ૬૯૯
૮૨૩. અદ્‌ભૂતાનંદ સ્વામી ૮ લાડુ માંદા હતા તોય જમ્યા ને ૪ લાડુ ચરણારવિંદ માટે કુલ ૧૨ લાડુ જમ્યા ૭૦૧
૮૨૪. મહાનુભાવાનંદ સ્વામીએ અગિયાર વખત જલેબીમાં છાતીમાં ચરણારવિંદ લીધા ૭૦૩
૮૨૫. જલેબી - મોતૈયા લાડુમાં ચરણારવિંદ ૭૦૩
૮૨૬. શ્રીહરિએ મહાનુભાવાનંદ સ્વામીને ચરણારવિંદનો મહિમા કહ્યો ૭૦૪
૮૨૭. વડનગરના જયચંદ વણિકને ચરણારવિંદમાં ચિન્હ જોઈને નિશ્ચય થયો ૭૦૫
૮૨૮. ગઢપુર મંદિરની સેવામાં ભક્તોને શ્રીહરિ પ્રસન્ન થઈ ચરણારવિંદ છાતીમાં આપતા ૭૦૫
૮૨૯. જંત્રાલ ગામના બ્રાહ્મણોને ચરણકમળમાં ચિન્હ જોઈ નિશ્ચય થયો ૭૦૬
૮૩૦. ધૂવા ગામના પ્રાણનાથ વિપ્રને શ્રીહરિએ વસ્ત્રમાં ચરણારવિંદ પાડી આપ્યા
૮૩૧. મોટેરા ગામમાં જળલીલામાં ચરણોદક તથા છાતીમાં ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા ૭૦૬
૮૩૨. ઉમરેઠમાં ભક્તોને પૂજવા માટે કાગળ અને વસ્ત્રમાં શ્રીહરિએ હીંગળોકથી ચરણારવિંદ પાડી આપ્યા ૭૦૬
૮૩૩. મહારાજે સાધુની છાતીમાં ચરણારવિંદ આપ્યા ૭૦૭
૮૩૪. ગઢાળીમાં શ્રીહરિએ હરિભક્તોની છાતીમાં ચરણારવિંદ આપ્યા ૭૦૭
૮૩૫. ધોલેરા મંદિર માટે બરવાળાથી કાંકરીના ગાડા લાવે તેને ચરણારવિંદ આપવા છે ૭૦૭
૮૩૬. ભુવાલડીના રાઈજીભાઈને ચરણારવિંદમાં ચિન્હ જોઈને નિશ્ચય થયો ૭૦૮
૮૩૭. જેતલપુરમાં મુક્તાનંદ સ્વામી આદિ સંતોને છાતીમાં ચરણારવિંદ દીધાં ૭૦૮
૮૩૮. સુવાસિનીબાઈ તથા વસુમતીબાઈએ આંસુથી શ્રીહરિના ચરણારવિંદને પલાળી દીધાં ૭૦૯
૮૩૯. આમોદ ગામના હરજીવન શેઠને છાતીમાં શ્રીહરિએ ચરણારવિંદ આપ્યા ૭૦૯
૮૪૦. સાકર, ગોળ તથા ચીભડાંમાં ચરણારવિંદ ૭૦૯
૮૪૧. પ્રભુના પગ તો દૂધે ધોવાય ૭૧૦
૮૪૨. વડતાલમાં માંદા સંતોને છાતીમાં ચરણારવિંદ આપ્યા ૭૧૦
૮૪૩. વડોદરાના સયાજીરાવે શ્રીહરિના ચરણ ધોઈ જળ માથે ચડાવ્યું ૭૧૧
૮૪૪. શ્રીહરિએ સંતના ચરણામૃતનું પાણી ઈચ્છારામભાઈને પાયુ ને દેહ ત્યાગ કર્યો ૭૧૨
૮૪૫. સંતો કેરીઓ લાવ્યા તેથી પ્રસન્ન થઈ સંતોને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા ૭૧૩
૮૪૬. જૂનાગઢ મંદિર માટે સેવામાં જતા ૫૦ સંતોને છાતીમાં ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા ૭૧૩
૮૪૭. આજ્ઞા પાળે તે સંત ઉપર રાજી થયા ને છાતીમાં ચરણારવિંદ આપ્યા ૭૧૩

૮૪૮. ગઢપુર મંદિર માટે પથ્થરા કાઢે તેના ઉર પ્રસન્ન થઈને છાતીમાં ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા ૭૧૪
૮૪૯. તાવી ગામમાં સંતોને છાતીમાં ચરણારવિંદ આપ્યા ૭૧૪
૮૫૦. કુશળકુંવરબાઈને પૂજ્વા માટે શ્રીહરિએ ચરણારવિંદ આપ્યા ૭૧૫
૮૫૧. વાંસદાના રાજાને શ્રીહરિએ ચરણારવિંદ પાડી આપ્યા ૭૧૫
૮૫૨. ઉમરેઠના ગરીબ બ્રાહ્મણે શ્રીહરિના ચરણારવિંદને આંસુથી અભિષેક કર્યો ૭૧૬
૮૫૩. કોઠાવી ગામના પાટીદાર બાઈને શ્રીહરિએ વર આપ્યો અને ચરણારવિંદ પાડી આપ્યા ૭૧૬
૮૫૪. નાગડકામાં મહારાજે શાંતિબાને ચાલીશ જોડ ચરણારવિંદ પાડી આપ્યા ૭૧૭
૮૫૫. સાકરમાં ચરણારવિંદ...... ૭૧૮
૮૫૬. વડોદરા મુક્તમુનિ સભા જીત્યા તેના ઉમંગમાં શ્રીહરિએ ૨૦૦ જોડ ચરણારવિંદ પાડીને નાથભક્ત સાથે વડોદરા મોકલાવ્યા ૭૧૮
૮૫૭. સીંજીવાડામાં જગરૂપ બારોટના ઘરનાં ને મહારાજે વર તથા ચરણારવિંદ આપ્યા ૭૧૯
૮૫૮. સાંઢવાળા ગામના પતિ-પત્નીએ શ્રીહરિના ચરણારવિંદમાં ચિન્હ જોઈને કહ્યું કે, અમને ખાત્રી છે કે, તમે ભગવાન છો ૭૨૦
૮૫૯. 'वन्दे महापुरुष ! ते चरणारविन्दम्' ૭૨૦
૮૬૦. કારિયાણા ગામના મીણબાઈએ પ્રેમરૂપ દોરી વડે શ્રીહરિનાં ચરણારવિંદ બાંધી રાખ્યા ૭૨૧
૮૬૧. અમદાવાદમાં મેડમ અને સાહેબે શ્રીહરિના ચરણારવિંદે પગે લાગ્યા તે ચરણારવિંદ મહારાજે પરાણે મુકાવ્યા ૭૨૨
૮૬૨. પંચાળામાં ધુંવાબરીના લુહાર ભક્તે શ્રીહરિના ચરણારવિંદે ઝાંઝર બાંધ્યા ૭૨૩
૮૬૩. જોઘા ભરવાડે મહારાજના ચરણારવિંદમાં દૂધની શેડ મારી ૭૨૩
૮૬૪. શ્રીહરિ કહે ધોલેરા મંદિર માટે ચૂનાના ગાડા લખાવે તેને ચરણારવિંદ આપવા ૭૨૪
૮૬૫. માંદા સાધુની સેવા ત્રણ દિવસ ભૂખ તરસ વેઠીને કરી તેથી ચૈતન્યાનંદ સ્વામીને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા ૭૨૪
૮૬૬. શ્રીહરિ ચરણ સેવામાં ઉકા ખાચર ઉપર અઢળક ઢળ્યા ૭૨૫
૮૬૭. સમુદ્ર મોટા તરંગ રૂપે શ્રીહરિના ચરણ સ્પર્શ કરવા આવ્યો ૭૨૬
૮૬૮. શ્રીહરિએ સ્વરૂપાનંદ સ્વામીને હૃદયમાં ચરણારવિંદ આપ્યા ૭૨૬

| | | |
|---|---|---|
| ૮૬૯. | કેશરાજી દવેએ શ્રીહરિ પાસે અંગૂઠાની માગણી કરતા શ્રીહરિએ પોતાના ચરણનો અંગૂઠો મોઢામાં આપ્યો | ૭૨૭ |
| ૮૭૦. | જોધા ભરવાડને તથા જીવો ચામર રબારી બંનેને છાતીમાં ચરણારવિંદ આપ્યા | ૭૨૮ |
| ૮૭૧. | ચાર ખૂંટ (ખૂંટીયા)ની લડાઈ જોઈ શ્રીહરિ પ્રસન્ન થઈને છાતીમાં ચરણારવિંદ આપ્યા | ૭૨૯ |
| ૮૭૨. | સાધુઓને શ્રીહરિએ ચરણારવિંદ આપ્યા | ૭૩૦ |
| ૮૭૩. | નિત્યાનંદ સ્વામી બે માસ કથા કરી, સંતોએ ગાવણું કર્યું તેથી પ્રસન્ન થઈને પોશાક, વસ્ત્ર અને ચરણારવિંદ આપ્યા | ૭૩૧ |
| ૮૭૪. | શ્રીહરિએ પાળાઓને મોજમાં ચરણારવિંદ આપ્યા અને ચાર ચોફાળમાં ચરણારવિંદ પાડી આપ્યા | ૭૩૧ |
| ૮૭૫. | શ્રીહરિએ પરમહંસોને પણ ચરણારવિંદ આપ્યા | ૭૩૨ |
| ૮૭૬. | સદાનંદ સ્વામીને શ્રીહરિએ ચરણારવિંદ આપ્યા | ૭૩૨ |
| ૮૭૭. | શ્રીહરિના ચરણરજનો મહિમા જોબનપગીએ જાણ્યો | ૭૩૪ |
| ૮૭૮. | ભગુજી (મચ્છંદરનાથ) ને અલૈયો ભક્ત (ગોરખનાથ) એ બંનેને શ્રીહરિએ પૂર્વની સ્મૃતિ કરાવીને ચરણારવિંદ આપ્યા | ૭૩૫ |
| ૮૭૯. | આઠ જણાએ શ્રીહરિને ગરમી લાગવાથી ફૂલના શણગાર પહેરાવ્યા ને સેવાથી પ્રસન્ન થઈને શ્રીહરિએ આઠેયને ચરણારવિંદ આપ્યા | ૭૩૭ |
| ૮૮૦. | સચ્ચિદાનંદ સ્વામીને છાતીમાં ચરણારવિંદ આપ્યા | ૭૩૭ |
| ૮૮૧. | સુખાનંદ સ્વામીને છાતીમાં ચરણારવિંદ આપ્યા | ૭૩૮ |
| ૮૮૨. | પાંસઠ એકડમલોએ કૂવો ગાળી આપ્યો તેથી પ્રસન્ન થઈને હૃદયમાં ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા | ૭૩૮ |
| ૮૮૩. | અભયરાજાને શ્રીહરિએ હૃદયમાં ચરણારવિંદ આપ્યા | ૭૩૯ |
| ૮૮૪. | શ્રીહરિએ બ્રહ્મમુનિને છાતીમાં ચરણારવિંદ આપ્યા | ૭૪૦ |
| ૮૮૫. | મહારાજે પોતાના ચરણારવિંદથી રાધાવાવનો આકાર બનાવ્યો ને ગોપાળાનંદ સ્વામી તથા બસો પાળાને ચરણારવિંદ આપ્યા | ૭૪૦ |
| ૮૮૬. | ચિત્રરથ નામના ગાંધર્વ આવીને શ્રીહરિ પાસે ગાવણું કર્યું ને રાજી થઈને મહારાજે તેને છાતીમાં ચરણારવિંદ આપ્યા | ૭૪૧ |
| ૮૮૭. | શ્રીહરિએ પ્રસન્ન થઈ સર્વને હૃદયમાં ચરણારવિંદ આપ્યા | ૭૪૧ |

| | | |
|---|---|---|
| ૮૮૮. | મહારાજે સંભાર્યા કે તરત શંકર મૂર્તિમાન આવ્યા ને પગે લાગી ચરણારવિંદ હૃદયમાં લીધાં | ૭૪૨ |
| ૮૮૯. | રાધાવાવે ચૈતન્યાનંદ સ્વામીને શ્રીહરિએ હૃદયને વિષે ચરણારવિંદ આપ્યા | ૭૪૨ |
| ૮૯૦. | મહારાજે ભાયાત્માનંદ સ્વામી ઉપર પ્રસન્ન થઈને ચરણારવિંદ છાતીમાં આપ્યાં | ૭૪૩ |
| ૮૯૧. | શ્રીહરિએ ઈર્ષાના માથા ઉપર ચરણારવિંદ મૂક્યું તથા શુકમુનિને બે ચોફાળ ચરણારવિંદ પાડેલા પૂજવા આપ્યા | ૭૪૩ |
| ૮૯૨. | શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામી તથા અહંકાર બન્ને માથે ચરણ મૂક્યાં | ૭૪૪ |
| ૮૯૩. | શ્રીહરિએ વિપ્રના છોકરાને પાઘ, સાકર, બે રૂપિયા ચરણારવિંદની જોડ તથા છાતીમાં ચરણારવિંદ આપ્યા | ૭૪૫ |
| ૮૯૪. | તેજા ઠક્કરને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા | ૭૪૬ |
| ૮૯૫. | દીનાનાથ ભટ્ટે મહારાજની સ્તુતિ કરી કહ્યું કે હે મહારાજ ! હું સંસાર સાગર તરવા માટે તમારા ચરણકમળ વિના બીજુ નાવ દેખતો નથી | ૭૪૭ |
| ૮૯૬. | સેવા કરે તેના ઉપર શ્રીહરિ અતિ રાજી થતા ને છાતીમાં ચરણારવિંદ આપતા | ૭૪૭ |
| ૮૯૭. | ગઢપુર મંદિરની સેવામાં સર્વને છાતીમાં ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા | ૭૪૮ |
| ૮૯૮. | ખોખરાના સમસ્ત હરિભક્તોને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા | ૭૪૮ |
| ૮૯૯. | બગડ ગામના જસા ખાચરને મુક્તાનંદ સ્વામીએ મહારાજને નિશ્ચય કરાવ્યો ને ગઢડે આવ્યા ને ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા | ૭૪૯ |
| ૯૦૦. | પીઠવડીના હરિભક્તો પાંચ ગાડા બાજરાના ધર્માદો લાવ્યા પ્રથમ શરૂઆત તેમણે કરી તેથી શ્રીહરિએ સર્વને ચરણારવિંદ આપ્યા | ૭૪૯ |
| ૯૦૧. | સેવાથી શ્રીહરિ પ્રસન્ન થઈને ભગા-મૂળા આદિને ચરણારવિંદ આપ્યા | ૭૫૦ |
| ૯૦૨. | સેવાથી શ્રીહરિ રાજી.... રાજી.... રાજી..... | ૭૫૧ |
| ૯૦૩. | મહારાજે બાવાનો સંકલ્પ સિધ્ધ કર્યો | ૭૫૨ |
| ૯૦૪. | શ્રીજીમહારાજે ડોશીની છાતીમાં ચરણારવિંદ મેલ્યું ને ડોશી બેઠા થયા | ૭૫૨ |
| ૯૦૫. | પૂંજાશેઠે મહિમાથી ચરણરજની ફાંટ ભરી લીધી, અને દાદા ખાચરને હૃદયને વિષે ચરણારવિંદ આપ્યા | ૭૫૩ |
| ૯૦૬. | દાદા ખાચરનું માથું શ્રીહરિના ચરણમાં અડ્યું ને પ્રકાશ દેખાયો તેમાં મહારાજે સમજણ શીખવી | ૭૫૩ |
| ૯૦૭. | પૂંજા ભક્તને શ્રીહરિના ચરણારિવંદમાં તેજનો સમુહ નીકળતો દેખાણો | ૫૭૪ |

૯૦૮. પ્રેમાનંદ સ્વામીને છાતીમાં ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા ૭૫૫
૯૦૯. અમદાવાદના ભક્તોએ ગઢપુર રસોઈ તથા મહારાજની પૂજા કરી પછી શ્રીહરિએ તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યા ૭૫૫
૯૧૦. વાંકિયાના નાનાબાળ જસા ખાચરને છાતીમાં ચરણારવિંદ મહારાજે આપ્યા ૭૫૬
૯૧૧. બાવા ખાચર હંમેશા મહારાજનો અંગૂઠો ધાવતા ૭૫૬
૯૧૨. કારિયાણીનાં જોઈતો ખાચર પણ મહારાજનો અંગૂઠો ધાવતા ૭૫૭
૯૧૩. ગવૈયા સંતને વચનરૂપી શિક્ષા તથા ચરણારવિંદરૂપી પ્રસાદ મળ્યો ૭૫૭
૯૧૪. રાધાવાવે શ્રીહરિએ સંતોને ચરણારવિંદ આપ્યા ૭૫૮
૯૧૫. નાળીયેરી ધારે પાળાઓને તથા સુમાબાઈની વાડીએ પરમહંસો તથા પાળાઓને ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા ૭૫૮
૯૧૬. શ્રીહરિનાં ચરણારવિંદ જોતાં જ પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો ૭૫૯
૯૧૭. શ્રીહરિ કહે એ ચિન્હ સહિત ચરણારવિંદનું ધ્યાન કરે તો સમાધિ થાય ૭૫૯
૯૧૮. શ્રીહરિએ માંદા સાધુની છાતી ઉપર પગ મૂક્યો ને ત્રીજે દિવસે ધામમાં ગયા ૭૫૯
૯૧૯. મહારાજનાં ચરણારવિંદના સ્પર્શથી મૃગ ભાગ્યવાન થયો ૭૬૦
૯૨૦. જમાદારે વારંવાર મહારાજના ચરણારવિંદમાં મસ્તક નમાવ્યું ૭૬૧
૯૨૧. આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના ચરણારવિંદમાં દૈવત ૭૬૧
૯૨૨. સદ્. ચૈતન્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને સાઠ જોડ ચરણારવિંદ આપ્યા ૭૬૨
૯૨૩. શ્રીહરિના ચરણ પાણીને અડ્યા કે ઉંજાના તળાવની લીલ વેત ભર હતી તે અરધી ઘડીમાં અદૃશ્ય થઈ ગઈ ૭૬૨
૯૨૪. કંથકોટના રાજાએ મહારાજનાં ચરણારવિંદ પોતાને માથે લીધા ૭૬૩
૯૨૫. શ્રીહરિના ચરણારવિંદમાંથી હરભમે અઢાર કાંટા કાઢ્યા ૭૬૪
૯૨૬. કરિયાણામાં દેહા ખાચરને શ્રીહરિના ચરણારવિંદમાં તેજ દેખાણું ને તેમાં અક્ષરધામ જોયું ને નિશ્ચય થયો ૭૬૪
૯૨૭. શ્રીહરિએ ૪૦૦ લાડવા હતા તેને અખૂટ કર્યા ને લાડવામાં ચરણારવિંદ આપ્યા ૭૬૫
૯૨૮. સુંદરિયાણાના શેઠ વનાશાને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા ૭૬૬
૯૨૯. સ્વરૂપાનંદ સ્વામીને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા ૭૬૭
૯૩૦. કારિયાણામાં કાળા મકવાણાના ઘેર પિતૃના ફળા હતા તેને શ્રીહરિના ચરણ સ્પર્શ કરાવ્યો ને પ્રેતનો દેહ છૂટ્યો ને ચતુર્ભુજ થયા ૭૬૭

| | | |
|---|---|---|
| ૯૩૧. | દાદા ખાચરે શ્રીહરિનું ચરણોદક પીધું. | ૭૬૮ |
| ૯૩૨. | કાકાભાઈ તથા પૂંજાભાઈએ શ્રીહરિને કહ્યું, મહારાજ આપના ચરણકણળથી અમને સુખ થશે | ૭૬૮ |
| ૯૩૩. | હાલારમાં ધૂળકોટ ગામના મંદિરમાં પધરાવેલા શ્રીહરિના ચરણારવિંદમાં તેજ નીકળતું તેના દર્શન ઘણાને થયેલા | ૭૬૯ |
| ૯૩૪. | નંદસંતોએ શ્રીહરિના ચરણારવિંદનો મહિમા કીર્તનોમાં પણ કંડાર્યો છે | ૭૭૦ |
| ૯૩૫. | શ્રીહરિના ચરણકમળમાં સામુદ્રિક શાસ્ત્રમાં વર્ણવેલા ભગવત્સસ્વરૂપના સોળ વિલક્ષણ ચિન્હો | ૭૭૧ |
| ૯૩૬. | શ્રીહરિની મૂર્તિમાં છ કમળ રહેલા છે તેના દર્શન | ૭૭૨ |
| ૯૩૭. | શ્રીહરિના સ્વમુખે વચનામૃતમાં ચરણારવિંદનો મહિમા | ૭૭૩ |
| ૯૩૮. | સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીની કલમે શ્રીહરિના ચરણારવિંદનો મહિમા | ૭૮૦ |
| ૯૩૯. | શ્રીહરિ લીલામૃતમાં શ્રીવિહારીલાલજી મહારાજની કલમે | ૭૮૧ |
| ૯૪૦. | ધોળકામાં શ્રીહરિએ રેણકી કૂવામાં પગ લાંબા કર્યા | ૭૮૨ |
| ૯૪૧. | પક્ષીરૂપે વરૂણદેવ આવ્યા ને શ્રીહરિના ચરણારવિંદનો સ્પર્શ કર્યો | ૭૮૨ |
| ૯૪૨. | શ્રીહરિ કહે મોટા અવતારાદિક આ દરબારની ફળીમાં લોટીને ચરણરજ માથે ચડાવે છે | ૭૮૨ |
| ૯૪૩. | દાદા ખાચરને તથા ઝીણાભાઈને શ્રીહરિએ હૃદયને વિષે ચરણારવિંદ દીધાં | ૭૮૩ |
| ૯૪૪. | શ્રીહરિએ અતિ કૃપા કરીને ચણારવિંદની ભેટ આપણને અપાર આપી છે. જેના દર્શન આપણે કરીએ છીએ | ૭૮૩ |
| ૯૪૫. | શ્રીહરિએ લાડુદાનજીનો સંકલ્પ ચરણારવિંદ દેખાડી પૂરો કર્યો | ૭૮૫ |
| ૯૪૬. | શ્રીહરિના ચરણારવિંદમાંથી કરણીબાએ ૧૮ કાંટા કાઢ્યા સ્પર્શ કર્યો | ૭૮૬ |

## સર્વાવતારી શ્રીહરિનું અવતાર ધરવાનું કારણ

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भूतले ।
अभ्य त्थानम धर्मस्य तदापि भवति हरिः ॥१॥

જ્યારે જ્યારે પૃથ્વી ઉપર ધર્મની હાનિ થાય છે. અને અધર્મ વધે છે. ત્યારે ભગવાન પ્રગટ થાય છે. ?

કળીયુગના સુડતાલીસસો વરસ ગયાં ત્યાં તો અતિ ઘોર કળી પૃથ્વી ઉપર વ્યાપી ગયો. તેથી અસુરોએ ગુરુનાં રૂપ લઈ રાજાઓને તથા પ્રજાઓને શિષ્ય કરી અવળે રસ્તે ચલાવ્યા. તેના પાપથી પૃથ્વી કંપાયમાન થઈ ગઈ ને વારંવાર દુકાળ પડવા લાગ્યા. પછી અત્યંત આકુલ વ્યાકુલ થઈ પૃથ્વી ગાયનું રૂપ લઈ બ્રહ્મા આદિકદેવો પાસે ગઈને ત્યાંથી વાસુદેવ ભગવાન પાસે ગઈ ત્યારે તે બોલ્યા જે "હે બાઈ ! તું બદ્રિકાશ્રમમાં જા ને ત્યાં તારી બધી વાત નરનારાયણ આગળ જાહેર કરજે ને અમે પણ ત્યાં આવશું"

પછી પૃથ્વી બદ્રિકાશ્રમમાં ગઈ ત્યાં તો નરનારાયણ ધ્યાનમાં બેઠા હતા તે એક ઘડી પછી જાગ્રત થયા, ત્યારે પોતે ભગવાનના ચરણમાં પડીને કહ્યું જે, "હે મહારાજ ! મારું દુઃખ સાંભળો ને કાંઈ દયા કરો. પાપાત્મા અસુરો ગુરુના રૂપ લઈ મારા ઉપર ભાર કરી રહ્યા છે. વેદ ધર્મનું ખંડન કરી વામ માર્ગ ફેલાવ્યો છે. ને અધર્મ અનિતિથી કાળો કેર પ્રવત્તિ રહ્યો છે. તેનો ભાર શેષ નાગથી પણ સહેવાતો નથી. મારું દુઃખ અપાર અને અસહ્ય છે તે હું કેટલુંક ગાઉં. પણ તે કાપવા તમે જ સમર્થ છો. આ નરનારાયણે પૃથ્વીને કહ્યું "તું દુઃખી થા નહીં, હું અવતાર ધરીશ ને જરૂર તારું દુઃખ કાપી નાખીશ"

### ઋષિ મુનિયોનું બદ્રિકાશ્રમમાં આગમન

તે વખતે ત્યાં કેટલાક ઋષિઓ પૃથ્વીને વિશે ફરીને આવ્યા ને નરનારાયણ ભગવાનને પગે લાગીને બેઠા. તે જ વખતે ધર્મ-ભક્તિ પણ તીર્થોમાં ફરીને પોતાના આશ્રમથી ત્યાં આવ્યાં ને નરનારાયણ ભગવાનને પગે લાગીને સભામાં બેઠા. તે સમે નરનારાયણ ભગવાને મુનિઓને પૂછ્યું કે તમે ક્યાંથી આવ્યા ?" ત્યારે મુનિઓ કહે "અમે ભરતખંડમાં તમામ તીર્થોમાં ફરતા આવીએ છીએ. ત્યાં સઘળે હાલ કળીયુગ વ્યાપી ગયો છે. તેથી જમપુરીનો માર્ગ વહેતો થયો છે તે ચાર વર્ણ તથા ચાર આશ્રમમાં કોઈ ધર્મ પાળતું નથી." તે સાંભળી ધર્મદેવે કહ્યું "એ ખરું કહે છે કારણકે તેથી જ મારો દેહ દુર્બળ થતો જાય છે." ત્યારે નરનારાયણ ભગવાન બોલ્યા જે "આ પૃથ્વીએ પણ આવીને એજ પોકાર કર્યો છે." *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧)*

## બદ્રિકાશ્રમમાં દુર્વાસા મુનિનું આગમન ને શાપ કથન

એમ કહી ભગવાન સભામાં ધર્મ જ્ઞાનની વાતો કરવા લાગ્યા અને સર્વે ઋષિઓ તથા ધર્મ-ભક્તિ એકાગ્ર ચિત્ત થઈને તે વાત સાંભળતા હતા તેવા સમયમાં કૈલાસ પર્વતથી દુર્વાસા ઋષિ આવ્યા. પણ કોઈ એ બોલાવ્યા નહીં. તેમજ જરા પણ સન્માન ન પામ્યા. ત્યારે દુર્વાસા ઋષિ ક્રોધ કરીને બોલ્યા જે "તમે સર્વે અભિમાની થયા છો તેથી મારું અપમાન કર્યું. ને વળી તમે જ્યાં ત્યાં સત્કાર પામો છો તેથી મને ગણ્યો નહિ ને પ્રમાદી થયા છો. તેથી શાસ્ત્રની મર્યાદા લોપી માટે તમે પૃથ્વીને વિશે જન્મ ધરોને ત્યાં અસુર થકી કષ્ટને પામો."એવી રીતે શાપ દીધો. તે સાંભળીને ધર્મ-ભક્તિ તથા સર્વે મુનિઓ ઊભા થઈ ગયા ને દુર્વાસા ઋષિને પગે લાગ્યા ને સ્તુતિ કરીને કહ્યું કે "અમે તમારું અપમાન નથી કર્યું. અમે તો સૌ પ્રભુની વાત સાંભળતા હતાં તેથી ભાન ન રહ્યું ને તમારું સન્માન ન થયું. માટે તે અમારો અપરાધ માફ કરો, ને તમે અમને વગર વાંકે શાપ દીધો છે." ત્યારે દુર્વાસા ઋષિ બોલ્યા જે "મારો શાપ વૃથા થવાનો નથી, કારણ કે, હું કાંઈ અંગિરા કે ગૌતમ જેવો નથી. હું તો પ્રલય કરનાર રુદ્રનો અંશ છું ને મારા વિના તમારા જેવાનો ગર્વ હરનાર બીજો કોઈ નથી ને ફરીને તમે આવું કામ કોઈ દિવસ કરો નહિ, માટે હું અનુગ્રહ કરનાર નથી. અનુગ્રહ તો બદરીપતિ નરનારાયણ કરશે" એમ કહીને તે પાછા કૈલાસ પર્વત ઉપર ગયા. "મોટાનો શાપ પણ સારું કામ કરતો હોય છે" *(શ્રીહરિ ચરિત્રચિંતામણી ભાગ-૧ વાર્તા-૧)*

## નરનારાયણ ભગવાને અવતારી અક્ષરધામના પતિ પુરુષોત્તમ નારાયણનું ધ્યાન કર્યું

તે સમે મુનિઓ તથા ધર્મ-ભક્તિ ઉદાસ થઈ ગયાં, તે વખતે અંતર્યામી એવા નરનારાયણ ભગવાન તેણે પોતાના અવતારી સ્વરૂપ જે અક્ષરધામના પતિ પુરુષોત્તમ નારાયણ તેનું ધ્યાન કર્યું. પોતે અક્ષરધામમાં ગયા તે સમયમાં બ્રહ્મધામાધિપતિ શ્રી વાસુદેવ ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થવાને માટે ઈચ્છતા થકા પોતાના અવતાર રૂપ શ્રી નારાયણ ભગવાને પોતાનું દર્શન આપ્યું. શ્રી નારાયણ ઋષિ પોતાનું મૂળ સ્વરૂપ સમાધિમાં જોઈને પોતાને કાંઈક કહેવા માટે ઈચ્છે છે એમ ધારીને તેમણે કહેવા ધારેલી વાત પોતે પૂછવા લાગ્યા. ત્યારે તે વાસુદેવ ભગવાન કહેવા લાગ્યા કે હે દેવ ! હાલ કળિકાળમાં પૃથ્વી અતિ અસુરભારથી પીડા પામે છે. અને પૃથ્વી ઉપર ઘણો જ અધર્મ વધી ગયો છે. તે અધર્મનો નાશ કરવા માટે અને એકાંતિક ભાગવત ધર્મનું સ્થાપન કરવા માટે હું પોતે જ ધર્મદેવ થકી ભક્તિદેવીમાં પ્રગટ થવાનો છું. પરંતુ મારા બ્રહ્મધામમાં મારે અવતાર ધારવાનું કોઈપણ કારણ સંભવતું નથી. માટે તે કારણ અહીંયા

દુર્વાસાના શાપ નિમિત્તે કરીને મેં કરવા ધારેલું કાર્ય, તમારા ઉદ્દેશથી થોડા જ સમયમાં હું કરનારો છું, માટે આ મેં કરવા ધારેલું કાર્ય તમારે મુખ્યપણે વર્તીને ગુપ્તપણે રાખવું. તમારા દ્વારા આ કાર્ય કરવાનું છે. તેથી હું પૃથ્વી ઉપર ઉત્તર કોશલ દેશમાં છપૈયા ગામને વિશે ધર્મ-ભક્તિને ઘેર જન્મ લઈશ ને તેમની તથા ઋષિઓની રક્ષા કરીશ ને અનાદિ કાળના જે જીવ તેમના મૂળ અજ્ઞાનનો નાશ કરીને અમારા અક્ષરધામને પમાડીશ. માટે તમે જાઓ ને ધર્મ ભક્તિને તથા ઋષિઓને ધીરજ આપો ને આ વાત તેને કહેજો.

તે સાંભળીને નરનારાયણ ભગવાન અક્ષરધામમાંથી પાછા બદ્રિકાશ્રમમાં આવ્યા ને સહુને કહ્યું જે "અક્ષરધામના પતિ પુરુષોત્તમ નારાયણનો અવતાર થાશે ને તે તમારી રક્ષા કરશે" તે સાંભળીને સહુ શાંત થયા પણ મનમાં થોડી ઘણી ભ્રાંતિ રહી. તે ટાણે બ્રહ્મા, સુરેશ, રવિ અને ચંદ્ર પોત પોતાની પત્નીઓ સહિત વાહન લઈને આવ્યા ને ક્ષીર સાગર જે પાંચસો સમુદ્ર તેના શ્વેતદ્વીપમાંથી મુક્ત સહિત વાસુદેવ ભગવાન પણ આવ્યા ને કૈલાસ પર્વતથી પોઠીયા ઉપર બેસીને પાર્વતી તથા ગણપતિએ સહિત શંકર આવ્યા. ને તે સર્વે નરનારાયણ ભગવાનને નમસ્કાર કરીને બેઠા. ત્યારે તે બધાયની આગળ નરનારાયણ ભગવાને વાત કરી જે "અહીં દુર્વાસાનો શાપ થયો પછી હું ધ્યાન કરીને અક્ષરધામમાં ગયો. ત્યાં પુરુષોત્તમ નારાયણ થકી વર પામ્યો. જેથી અહીં પુરુષોત્તમનારાયણ અવતાર લેશે." તે વાત સાંભળીને સહુ રાજી થયાં ને પાછાં પોતપોતાને સ્થાનકે ગયાં. પછી નરનારાયણ ભગવાને ધર્મ-ભક્તિને કહ્યું કે "તમારે ઘેર પુરુષોત્તમ નારાયણ અવતાર લેશે તેને તમે લાડ લડાવશો ને તમારી તથા મુનિઓની અસુરના કષ્ટથી રક્ષા કરશે તે માટે તમારે કોઈ પ્રકારે મુંઝાવું નહિ."

"પ્રભુ પોતે આ પૃથ્વીને પાવન કરવા પધારશે માટે ધીરજ રાખજો" *(શ્રીહરિચરિત્રચિંતામણી ભાગ- ૧વાર્તા-૧)*

## સર્વાવતારી શ્રીહરિનું પ્રાગટ્ય

ભક્તિમાતા થકી અક્ષરધામના પતિ શ્રી પુરુષોત્તમનારાયણ સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ નવમીની દશ ઘડી રાત્રિ થઈ ત્યારે પ્રગટ થયા. તે સમે હરિપ્રસાદજીના ઘરને વિશે મોટો ઉત્સવ થવા લાગ્યો. ને ઈન્દ્રાદિક દેવો આવી જય જય શબ્દ કરતા ને દુંદુભિ વગાડતા થકા પુષ્પનો વરસાદ કરવા લાગ્યા ને અપ્સરાઓ એ સમે નૃત્ય કરવા લાગીને ગંધર્વ લોકો ગાન કરવા મંડ્યા ને મુનિઓ આશીર્વાદ દેવા લાગ્યા. ને તે સમે દેવતા અને સાધુઓનાં મન અતિશય પ્રસન્ન થઈ ગયાં ને અસુરોનાં મન અતિશય ત્રાસ પામવા લાગ્યાં, અને ગામમાં રહેનારી જે સ્ત્રીઓ તે મંગળ ગાવા લાગી. તથા બાળરૂપ એવા જે હરિ તેને આશીર્વાદ દેવા લાગી.

તે સમે મંદ શીતલ અને સુગંધી એવા વાયુ વાતા હતા ને તારાના ગણે સહિત આકાશ અતિશય નિર્મળ થઈ ગયો હતો. તે પછી હરિપ્રસાદજીએ બ્રાહ્મણ પાસે પોતાના પુત્રનું જાત કર્મયથાવિધિ કરાવ્યું, ને બ્રાહ્મણોને ઘણાંક પ્રકારનાં દાન આપ્યાં, ''પાવન થઈ એ પૃથ્વી હરિચરણને પ્રતાપ'' *(શ્રીહરિ ચરિત્રચિંતામણી ભાગ-૧ વાર્તા-૩)*

## બાલ ઘનશ્યામ પ્રભુનું નામકરણ થયું

બાલ પ્રભુ ત્રણ માસને અગિયાર દિવસના થયા ત્યારે માર્કંડેય ઋષિ બ્રાહ્મણને વેશે હરિપ્રસાદને ઘેર આવ્યા. ત્યારે હરિપ્રસાદજીએ તે ઋષિનું અતિશે સન્માન કર્યું. પછી તેને જ્યોતિષી જાણીને કહ્યું કે ''તમે આ અમારા પુત્રનું નામ કરણ કરો.'' તે સાંભળી ઋષિ રાજી થકા બોલ્યા જે ''હે હરિપ્રસાદજી ! આ તમારા પુત્ર તે તમારી સર્વ આપદાને હરશે અને જે જન તેમનાં આશ્રિત થાશે તેમની પણ સર્વ આપદાને હરશે ને કર્ક રાશીને વિષે એમનો જન્મ છે માટે એમનું હરિ એવું નામ થાશે. વળી આ જે તમારા પુત્ર તેના દેહનો કૃષ્ણ વર્ણ છે અને પોતાનાં આશ્રિતજનનાં મનને પોતાની મૂર્તિને વિષે તાણી લેશે તથા ચૈત્ર માસમાં જન્મ છે, માટે કૃષ્ણ એવે નામે વિખ્યાત થાશે. અને એ બે નામ નોખા નોખાં છે તો પણ તે બેય નામ મળીને હરિકૃષ્ણ એવું ત્રીજું નામ પણ થાશે તે તમારા પુત્ર ત્યાગ, જ્ઞાન, તપ, ધર્મ અને યોગ એ પાંચ ગુણે કરીને શિવજી જેવા થાશે માટે નીલકંઠ એવે નામે લોકને વિષે પ્રસિધ્ધ થાશે, અને આજે તમારા પુત્ર તેના હાથને વિષે પદ્મનું ચિન્હ છે તથા પગને વિષે વજ્ર, ઊર્ધ્વરેખા તથા કમળ વગેરે ચિન્હો છે તેથી તે લક્ષાવધિ મનુષ્યોના નિયંતા થાશે. અને આજે તમારા પુત્ર કલ્યાણકારી અનંત ગુણે યુક્ત થાશે ને તમારી સમગ્ર કષ્ટ થકી રક્ષા કરશે.'' લોકોને સમાધિ કરાવશે, તેમનો ઉધ્ધાર કરશે. ભગવાનનું ભજન કરાવી સૌને સુખી કરશે. આ સાંભળી ધર્મદેવ ખૂબ રાજી થઈ ગયા. તેમણે માર્કંડેય ઋષિને સારાં સારાં વસ્ત્રો-આભૂષણો, ગાયો અને સોના મહોરો દક્ષિણામાં આપી વિદાય કર્યા.

## શ્રી બાલ પ્રભુનો કર્ણ વેધ સંસ્કાર

શ્રી ઘનશ્યામ મહારાજ હવે સાત માસના થયા. ભક્તિ માતાને થયું કે હવે ઘનશ્યામના કાન વીંધાવી લઈએ.

બીજે દિવસે સવારે ભક્તિમાતા ઘનશ્યામને લઈને ઘરની બહાર આવ્યાં. ઘરની સામે જ આંબલીનું ઝાડ હતું. ભક્તિમાતા તેની સામે ઓસરી પર જઈને બેઠા. કાન વીંધનારો સોય લઈને ઘનશ્યામની પાસે આવ્યો. હળવેથી ઘનશ્યામનો કાન પકડવા હાથ લાંબો કર્યો. ત્યાં તો ઘનશ્યામના આખા શરીરમાંથી તેજ નીકળવા માંડ્યું. કાન વીંધનારાની આંખો તેજથી અંજાઈ

ગઈ. જ્યાં જુઓ ત્યાં તેજ દેખાય. તેણે એકદમ ડરીને ચીસ પાડી. તરત જ ઘનશ્યામે બધું તેજ પોતાના શરીરમાં પાછું સમાવી દીધું અને માતાના ખોળામાંથી અદશ્ય થઈ ગયા. માતાએ જોયું તો ઘનશ્યામ આંબલીની ડાળી પર બેઠા હતા.

તે જોઈ ભક્તિ માતાએ રામપ્રતાપભાઈને બૂમ પાડી બોલાવ્યા અને કહ્યું: “આ જુઓ ઘનશ્યામ આંબલીના ઝાડ પર બેઠા છે, તો તમે ઝાડ પર ચડીને તેમને ઉતારો.”

રામપ્રતાપભાઈ આંબલીના ઝાડ પર ચડ્યા અને જોયું તો ઘનશ્યામ નીચે ભક્તિમાતા પાસે બેઠા હતા. તેથી રામપ્રતાપભાઈ નીચે ઉતર્યા. માતા પાસે બેઠેલા દેખાયા અને ઉપર જોયું તો આંબલીના ઝાડ પર પણ બેઠેલા દેખાયા.

આ પ્રમાણે ઘણા વખત સુધી રામપ્રતાપભાઈ અને સૌને ઘનશ્યામના બે સ્વરૂપે દર્શન થયાં. કાન વીંધનારો તો આ જોઈ ગભરાઈ ગયો ! ત્યાં તો ઘનશ્યામે પોતાનું બીજું સ્વરૂપ આંબલીની ડાળ પરથી અદશ્ય કરી દીધું અને બોલ્યા: મને ગોળ ખાવા આપો તો કાન વીંધાવીશ ! એ સાંભળી ભક્તિ માતાએ કહ્યું: “જો ડાહ્યા થઈને કાન વીંધાવવા બેસશો તો ગોળ ખાવા મળશે.” એમ કહીને ઘરમાંથી ગોળ મંગાવીને ઘનશ્યામને આપ્યો. એટલે ઘનશ્યામ ભક્તિમાતાના ખોળામાં બેસી ગયા અને ગોળ ખાતાં ખાતાં કાન વીંધાવ્યા.

“આપણે પણ ડાહ્યા થઈ ને રહેશું તો આપણા ઉપર ઘનશ્યામ રાજી રહેશે.” *(ઘનશ્યામ ચરિત્ર-૬)*

## બાલપ્રભુના પારખા લીધાં

એક વખત ધર્મદેવને પુત્રની પરીક્ષા લેવાનું મન થયું તેમણે ભક્તિમાતા પાસે બાજોઠ મંગાવ્યો. બાજોઠ પર રેશમી વસ્ત્ર પાથર્યું. પછી તે બાજોઠ પર એક સોનામહોર, એક પુસ્તક અને એક નાની તલવાર મૂકી. આ ત્રણ વસ્તુઓ મૂકીને જોવા લાગ્યા કે પ્રભુ કઈ વસ્તુ ઉપાડે છે ?

તરત જ પારણામાંથી ઊતરીને ભાંખોડિયા ચાલતાં ચાલતાં પ્રભુ બાજોઠ પાસે આવ્યા અને પુસ્તકને હાથમાં ઉપાડી લીધું.

આ જોઈને ધર્મપિતા અને ભક્તિમાતા ખૂબ રાજી થયા ને ખાતરી થઈ કે ચોક્કસ આ પુત્ર ઘનશ્યામ ભણી ગણીને મહાવિદ્રાન શાસ્ત્ર વેત્તા થશે.

## બાલપ્રભુએ ભક્તિ માતાને પોતાના મુખમાં બ્રહ્માંડ દેખાડ્યું

એકદિવસ ભક્તિ માતા પોતાના પુત્રને સ્તનપાન કરાવતાં હતાં પછી ધાવીને તૃપ્ત થયેલા ઘનશ્યામ મહારાજને રમાડવા લાગ્યાં. તે સમે ઘનશ્યામ મહારાજે માતાના ખોળામાં રહીને

બગાસું ખાધું ત્યારે ઘનશ્યામ મહારાજના મુખારવિંદમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને ચંદ્રાદિક દેવો તથા તારા મંડળ સહિત શિશુમાર ચક્ર તથા સાતદ્વીપ, સાત સમુદ્ર ને નવખંડ પૃથ્વી તથા લોકાલોક પર્વત અને અવ્યાકૃત ધામ સહિત ભૂમાપુરુષ તથા સમગ્ર ઐશ્વર્યસહિત અનંતકોટી બ્રહ્માંડ એક કાળાવચ્છિન્ન માતાએ જોયું. ત્યારે આશ્ચર્યપામીને તે વાત પોતાના બેન વસંતાબાઈ, ચંદનાબાઈ તથા સુંદરીબાઈ આદિકને કહી તે સાંભળીને છપૈયા પુરનાં વાસી સર્વે મહા આશ્ચર્ય પામી ગયાં. આવું અદભૂત ચરિત્ર બાલપ્રભુએ ભક્તિમાતાને દેખાડ્યું.

“માસી તથા મામી વગેરે ભાગ્યવંત થયા કે આવા બાલપ્રભુના ઐશ્વર્ય જોવા મળ્યા” *(શ્રીઘનશ્યામ ચરિત્ર-૫)*

## બાલ પ્રભુએ રામદયાળને મુખમાંથી તેજના અંબાર દેખાડ્યા

એક સમે ઘનશ્યામ મહારાજને ભક્તિમાતા પારણામાં સુવરાવીને રસોડામાં માખણ તાવતાં હતાં. તે વખતે ઘનશ્યામ મહારાજે પારણામાં બેઠા થઈને ચોતરફ નજર ફેરવી જોયું તો ચૂસણી છેટે પડેલી દીઠી. ત્યારે તે લેવા સારું પોતે પારણામાંથી હેઠા ઊતરીને ભાંખોડીયે ભાંખોડીયે ભોંય ઉપર ચાલીને તે ચૂસણીને પોતાના હાથમાં લઈને પાછા પોતે પારણામાં આવીને સૂઈ ગયા. ને ચૂસણીને પોતાના મુખમાં રાખીને ચૂસવા લાગ્યા. તે સમે ગામ સુખાળનો કાયસ્થ રામદયાળ ધર્મદેવને આંગણે આવીને આંબલી તળે ચોતરા ઉપર બેઠો હતો. તે ઘનશ્યામ મહારાજને પારણેથી ઊતરતાં ને ચડતાં દેખીને પોતાના મનમાં આશ્વર્ય પામી ગયોને બોલ્યો કે “હે હરિપ્રસાદ પાંડે આ તમારા પુત્રને કેટલા માસ થયા છે ?” ત્યારે ધર્મદેવ કહે “સાત માસ થયા છે તે સાંભળીને તે કાયસ્થ બોલ્યો જે” અહો દેખો તો હજુ સાત માસ થયા છે ને આ પારણામાંથી ઉતરીને છેટે ચૂસણી પડી હતી તે લઈને પાછા પારણામાં ચડી ગયા. માટે હે હરિપ્રસાદ પાંડે આ તમારા પુત્ર કોઈક દેવ છે ને કાં તો ઈશ્વર છે તે વિના આવો ચમત્કાર હોય નહિ” એમ કહીને તે ચોતરા ઉપરથી ઉતરીને પારણામાં જોવા લાગ્યો ત્યારે ઘનશ્યામ મહારાજ તેના સામું જોઈને મંદ મંદ હસવા માંડ્યાં. ત્યારે મુખમાંથી તેજના અંબાર નીસરવા માંડ્યા. તે તેજે કરીને કાયસ્થ અંજાઈ ગયો ને એ ઐશ્વર્ય જોઈને બહુ આનંદ પામ્યો. તેટલામાં તો તે સઘળું તેજ મહારાજમાં સમાઈ ગયું.

“પ્રભુ વિના આવા ઐશ્વર્ય ક્યાં જોવા મળે, આ તો પ્રભુ જ છે.” *(શ્રીહરિચરિત્રચિંતામણી ભાગ-૧-વાર્તા-૫)*

## બાલ ઘનશ્યામે પારણાનો ઘૂઘરો જાતે છોડ્યો

એક સમયે ભક્તિમાતા ઘનશ્યામ મહારાજને પારણામાં પોઢાડીને તે પારણે રમવા સારુ ઘૂઘરો બાંધીને સૂઈ ગયાં ત્યારે તે બાળ સ્વરૂપ ભગવાન પોતાનો હાથ લાંબો કરી ઘુઘરાને

છોડી લઈને મુખમાં રાખીને ચૂસવા લાગ્યા. તેથી તેના બચકારા થતા હતા, તે સાંભળીને ભક્તિમાતા નિદ્રામાંથી જાગૃત થયાં ને ઊઠીને પારણે જઈને જોયું તો ઘૂઘરો પોતે ઊંચો બાંધેલો હતો તે ઘનશ્યામના હાથમાં દીઠો. તે જોઈને બોલ્યા જે "આ ઘુઘરાને મેં ઊંચો બાંધ્યો હતો તે કોણે છોડી આપ્યો ?" તે સાંભળીને ધર્મદેવ ચોતરા ઉપર બેઠા હતા તે બોલ્યા જે "કોઈએ છોડી આપ્યો નથી. એ તો ઘનશ્યામે લાંબા હાથ કરીને છોડી લીધો છે. તે મેં નજરે દીઠું" તે સાંભળીને ભક્તિ માતા વગેરે સર્વ આશ્ચર્ય પામ્યાં. "પ્રભુને ઘૂઘરો તો શું પણ દુનિયાની કોઈ ચીજ દૂર નથી" *(શ્રીહરિચરિત્રચિંતામણી ભાગ-૧ વાર્તા-૧૦)*

## ભક્તિમાતાને બાલપ્રભુએ પોતાની ઓળખાણ કરાવી

એક સમયે ભક્તિમાતા ઓશરીમાં બેસીને ઘનશ્યામ મહારાજને સ્તનપાન કરાવતાં હતાં તે સમે અકસ્માત એક ચકલી ઉડી તેણે કરીને બાળ સ્વરૂપ ભગવાન ભડકી ગયા. તે જોઈને ભક્તિમાતા બોલ્યા જે "અરે ચકલી, તેં મારા ઘનશ્યામને બિવરાવ્યા ? ખમાં કરે બાપ" એમ કહીને મસ્તક ઉપર હાથ ફેરવ્યો. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે "હે મા ! અમે એનાથી બીએ એવા નથી" ત્યારે માતા કહે "તમે કોણ છો તે ન બીઓ ?" ત્યારે ઘનશ્યામ પોતાની માતાને વિસ્મય પમાડતા થકા બોલ્યા જે "હે, મા ! અમે તો અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ છઈએ ને તમે માતા તે ધર્મ અને ભક્તિ છોને આ અમારા મોટાભાઈ તે સાક્ષાત્ બળદેવજી છે. એમ તમે નિશ્ચય જાણો" તે સાંભળીને ભક્તિમાતા બહુ આનંદ પામ્યાં. પ્રભુ કહે માતા અમે કોઈથી બીતા નથી અમે તો સર્વના નિયંતા છીએ" *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા ૧૧)*

## ઘનશ્યામ પ્રભુ બાર માતાઓને બાર સ્વરૂપે ધાવ્યા

એક સમે ભક્તિમાતાને શરીરે તાવની કસર હતી. તેથી સૂઈ ગયાં હતાં ને ઘનશ્યામ મહારાજ પારણામાં રોવા લાગ્યાં. ત્યારે ભક્તિમાતા બોલ્યા જે "હે, બાપ ! તમે શું કામ રુવો છો મને તો આજ તાવ આવ્યો છે માટે હમણાં સૂઈ રહો" ત્યારે ઘનશ્યામ કહે "હે, મા ! અમને તો બહુ ભૂખ લાગી છે તે સારું રોઈએ છીએ તે સાંભળીને મહા આશ્ચર્ય પામતાં થકાં પોતે ઊઠીને પારણામાંથી ઘનશ્યામ મહારાજને લઈને ધવરાવવાં બેઠાં. પણ તાવની પીડાએ કરીને દૂધ આવ્યું નહિ. તેથી ઘનશ્યામને પાછા પારણામાં સૂવરાવીને પોતે પણ સૂઈ ગયાં. એટલે ઘનશ્યામ ફરીથી રોવા માંડ્યા. ત્યારે ભક્તિ માતા ફરીથી બેઠાં થયા ને પારણાંની દોરી ઝાલીને હીંચકા નાખીને હાલો ગાવા માંડ્યાં. તે પોતાને ગાતાં ગાતાંનિદ્રા આવી ગઈ તો પણ ઘનશ્યામ રોતા બંધ રહ્યા નહીં.

ત્યારે રામપ્રતાપભાઈએ પારણાની દોરી પોતાના હાથમાં લીધી ને હીંચકા નાખીને બોલ્યા જે "હે, ઘનશ્યામ ! તમે સૂઈ રહો. આપણી માતા ઘેર નહિ હૈ" એમ કહીને છાના રાખીને પોતે નારાયણ સરોવરમાં સ્નાન કરવા ગયાં.

ત્યારે ઘનશ્યામ મહારાજે એવો સંકલ્પ કર્યો જે "મારી માતાને તાવ આવ્યો છે ને મારા ભાઈ જુઠ્ઠું બોલીને અમને સમજાવીને નાવા ગયા માટે મારી બીજી બાર માતાઓ છે તે આવો" તેટલાકમાં તો શ્રદ્ધા મૈત્રી, આદિક જે ધર્મદેવની બાર પત્નીઓ તે રૂડાં વસ્ત્ર તથા અલંકાર જેમણે ધારણ કર્યા છે એવી થકી તત્કાળ આવીને બાળ સ્વરૂપ એવા જે ભગવાન તેમને લઈને સ્તનપાન કરાવવા બેઠી. તે સમે ઘનશ્યામ મહારાજ બાર સ્વરૂપે થઈને બાર માતાઓને એક હારે ધાવ્યા. પછી ધાવીને તૃપ્ત થયા જાણી સર્વમાતાઓ રમાડવા લાગી ને બોલતી હતી જે "હે, પુત્ર ! તમને અમે નિત્ય ધવરાવવા આવશું તમને ખંમા કરે"

"પ્રભુએ બાર માતાને સ્તનપાન કરી બારે માતાને સુખ આપ્યું." *(શ્રીહરિચરિત્રચિંતામણી ભાગ-૧ વાર્તા ૧૨)*

## બાલ પ્રભુની નાભિ કમળમાંથી તેજ નીકળ્યું

એક સમે ભક્તિમાતા ઘનશ્યામ મહારાજને સ્તનપાન કરાવીને પછી ઘરના બારણા પાસે બેસીને ઘનશ્યામ મહારાજને ખોળામાં સુવરાવીને પેટ ઉપર હાથ ફેરવી રમાડતાં થકાં હસાવતાં હતાં. તે સમે ધર્મદેવ તથા રામપ્રતાપભાઈ ઓશરીમાં થોડેક છેટે બેઠા હતા. તે ઘનશ્યામને હસાવતા જોઈને રામપ્રતાપભાઈ બોલ્યા જે "હે, દીદી ! ભાઈ ને બહુ હસાવો છો તે પેટમાં દુઃખવા આવશે" તેટલામાં તો ઘનશ્યામની નાભિકમળમાંથી તેજનો સમુહ નીકળવા માંડ્યો. તે આકાશ તથા પાતાળ સુધી દશે દિશાઓમાં તેજ ભરાઈ ગયું. તે તેજમાં આવ્યાકૃત ધામ દેખાણું. તેમાં ચતુર્ભુજ પાર્ષદ સહિત ભૂમા પુરુષને દેખ્યા. ને તે સર્વેએ ધર્મભક્તિ તથા રામપ્રતાપભાઈનું અતિ આદર તથા સન્માન કર્યુંને સુંદર આસન ઉપર બેસારીને ચંદન પુષ્પાદિક વડે પૂજા કરીને પછી હાથ જોડીને બોલ્યા જે "હે, ધર્મદેવ તથા ભક્તિમાતા ! અક્ષરાધિપતિ પુરુષોત્તમ ભગવાને મને અહી મોકલ્યો ત્યારે કહ્યું હતું જે આ બ્રહ્માંડની અરધી આવરદા પૂરી થાશે ત્યારે મારા મુક્ત સહિત તમારા બ્રહ્માંડમાં આવીશ ને કોશલ દેશને વિષે છુપૈયાપુરમાં ધર્મ ભક્તિને ઘેર જન્મ ધારણ કરીશ. તે પોતાનું વચન સત્ય કરવા સારું પુરુષોત્તમ ભગવાન પોતે આ ઘનશ્યામ રૂપે તમારે ઘેર પ્રગટ થયા છે. તેને તમે ખોળામાં સૂવરાવીને હસાવો છો તે તમારાં મોટા ભાગ્ય છે." એમ કહીને નમસ્કાર કર્યા. તેટલામાં તે સર્વે તેજ પાછું ઘનશ્યામ મહારાજમાં સમાઈ ગયું.

"પ્રભુ જ્યાં બિરાજતા હોય ત્યાં આવા ચમત્કારો તો સહેજ થતા હોય છે. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧ વાર્તા ૧૩)*

## બાલ પ્રભુએ ભક્તિમાતાને પોતાની સર્વોપરીપણાની ઓળખાણ કરાવી

એક સમયે ભક્તિમાતાને રસોઈ કરતાં બહુ વાર થઈ તેથી જાણ્યું કે "આજ મારા પુત્ર ભૂખ્યા થયા હશે એમ જાણીને હાથ ધોવા લાગ્યાં. એટલામાં તો ઘનશ્યામ મહારાજ પારણામાં સૂતા હતા તે રોવા લાગ્યા. તે શબ્દ સાંભળીને ભક્તિમાતા તત્કાળ ઉતાવળાં થકાં ઓશરીમાં આવ્યાં ને પારણામાંથી પોતાના પુત્રને લઈને બોલ્યાં જે "ખમ્મા કરે છે, બાપ ! તમને બહુ ભૂખ લાગી છે." એમ કહીને ઓશરીમાં બેસીને સ્તનપાન કરાવ્યું. પછી ધાવીને તૃપ્ત થયા જાણી મસ્તક ઉપર હાથ ફેરવીને બોલ્યાં જે "હે, ભાઈ ! તમને ભૂખ બહુ લાગી હતી કે !" ત્યારે ઘનશ્યામ મહારાજ ભક્તિમાતા સામે જોઈને કહે "હા ભૂખ તો ઘણી લાગી હતી તે સાંભળીને ભક્તિમાતા બહુ આનંદ પામ્યાં.

તેટલાકમાં તો વળી ઘનશ્યામ મહારાજના જમણા પગના અંગૂઠામાંથી તેજ નીકળવા માંડયું તે જોઈને ભક્તિમાતા બીતા થકાં બોલ્યા જે "અહો આટલું બધું આ તેજ ક્યાંથી ?" ત્યારે ઘનશ્યામ મહારાજે જાણ્યું કે આ મારી માતા તેજથી અંજાઈને બીએ છે" તેથી પોતે બોલ્યા જે "હે, માતા ! તમે બીશોમાં આ તેજે કરીને તો અનંતકોટી બ્રહ્માંડમાં જે જીવ અને ઈશ્વર તે સર્વે તથા સર્વે મુક્ત તે તેજસ્વી અને સુખીયા છે. અને અમે તો પુરુષોત્તમ ભગવાન, સર્વ અવતારના અવતારી છીએ અને તમે પૂર્વ અવતારને વિષે અમારી ભક્તિ ઉપાસના બહુ કરી છે પણ તમને મારે વિષે પુત્રપણાનો ભાવ રહેલો હતો. તે આ તમારો મનોરથ પૂરો કરવા અમે તમારા પુત્ર થયા છીએ." ને પ્રાકૃત બાળકની પેઠે આચરણ કરીએ છીએ. તે અમે આ તેજ દેખાડ્યું તેમાં શું બીઓ છો ?" એમ કહીને તે સમગ્ર તેજ પાછું પોતાને વિષે સમાવી લીધું.

"ભક્તિમાતાને પ્રભુએ પોતાની જેમ છે તેમ ઓળખાણ આપી" *(શ્રીહરિચરિત્રચિંતામણી ભાગ-૧ વાર્તા-૧૪)*

## શ્રી લક્ષ્મીનારાયણ દેવે બાલ પ્રભુનો મહિમા કહ્યો

એક સમે ધર્મદેવ ભાગવત વાંચતા હતા ત્યારે તે કથામાં વૈકુંઠ ધામનું વર્ણન આવ્યું. તેટલાકમાં તો ઘનશ્યામ મહારાજ ઓશરીમાંથી ભાંખોડીએ ચાલીને તે પુસ્તકના બાજોઠની સમીપે આવીને બેઠા. ને એક ચિત્તે કથા સાંભળવા લાગ્યા. તે સમે વળી વશરામ તિવારીનાં પત્ની સુંદરીબાઈ આવ્યા તે પોતાની નણંદ પાસે બેઠાં. પછી ઘનશ્યામ મહારાજને કથા સાંભળવા

બેઠેલા જોઈને કહે "ઘનશ્યામભાઈ મારી પાસે આવો." તેવું સાંભળીને તુરત દોડી આવીને બે ચરણનાં તળામાં રેખાઓના ચિન્હ દેખીને બોલ્યાં જે "હે છોટી બા ! આ ઘનશ્યામના ચરણમાં શું છે ?" ત્યારે ભક્તિમાતાએ ઉર્ધ્વરેખાએ સહિત ચિન્હના નામ કહ્યા. ને ચિન્હ બતાવે છે. તેટલાકમાં તો ઘનશ્યામ મહારાજના ચરણમાંથી તેજનો સમુહ નીકળવા માંડ્યો. તે આ પૃથ્વીથી લઈને સત્યલોકપર્યંત સર્વ દિશાઓમાં વ્યાપી ગયું ને તે તેજમાં ભગવાનનું વૈકુંઠધામ તેને સુંદરીબાઈ આદિકે દેખ્યું. તે ધામને દરવાજે ધ્રુવજી બેઠા હતા. પછી વિશ્વકસેન તથા ગરુડ આદિક જે અનંત ચતુર્ભુજ પાર્ષદ તેમણે સેવ્યાં છે. ચરણકમળ જેમનાં અને દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન એવા શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનાં દર્શન તે ધામને વિષે થયાં. ત્યારે અતિ આદર વડે લક્ષ્મીનારાયણ દેવ બોલ્યાં જે "હે ધર્મ-ભક્તિ ! તથા હે વશરામ તિવારી અને સુંદરીબાઈ તમે આવો ને આંહી બેસો" પછી ઘનશ્યામ મહારાજને મામીના ખોળામાંથી લઈને પોતાના સિંહાસન ઉપર પધરાવ્યા ને પૂજા કરી હાથ જોડી ને બોલ્યા જે "હે, મહારાજ! બહુ કૃપા કરીને દર્શન આપ્યાં." પછી ધર્માદિકચારેયની પૂજા કરીને બોલ્યા જે "હે, ધર્મભક્તિ! આ તમારા પુત્ર સ્વયં અક્ષરાધિપતિ પુરુષોત્તમ ભગવાન છે તે તમારે ઘેર પ્રગટ થયા છે. તે પોતે ભરતખંડમાં વૃતપુરીને વિષે અમારું સ્થાપન કરશે." એમ કહેતાં પ્રેમે કરીને ગદ્ગદ્ કંઠ થઈ ગયા. ને એક નજરે ઘનશ્યામ મહારાજ સામું જોઈ રહ્યા. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે "તમારો અભિપ્રાય અમારા જાણ્યામાં છે તમને સત્સંગમાં અધિપતિ કરશું ને તમારો મનોરથ પૂરો કરશું." "લક્ષ્મીનારાયણ દેવ કહે હે માતા-પિતા તમારા પુત્ર ઘનશ્યામ તો સર્વેશ્વર છે." *(શ્રીહરિચરિત્રચિંતામણીભાગ-૧ વાર્તા-૧૫)*

## બાલપ્રભુના દર્શને વાર્ષ્ણેયદેવ આવ્યા

એક સમયને વિષે ઘનશ્યામ મહારાજને ભક્તિમાતાએ દૂધ સાકર પાયું ને ઓશરીમાં ચાકળા ઉપર બેસારીને ઘરનું કામકાજ કરતાં હતા. તે સમે વાર્ષ્ણેય પોતાના રથમાં બેસીને ઘનશ્યામ મહારાજના દર્શને આવ્યા. તેમણે આવીને ઘનશ્યામ મહારાજને અતિ પ્રેમથી નમસ્કાર કર્યા. પછી બોલ્યા જે "હે, મહારાજ ! તમે અમને ઘણીવાર આજ્ઞા કરી જે આ પૃથ્વી ઉપર અવતાર લઈ મુમુક્ષુ જીવને મુક્ત કરી અક્ષરધામમાં મોકલો પણ અમારાથી એકેય જીવ અક્ષરધામમાં મોકલાયો નથી. કેમ જે કોઈએ અમને ભજ્યા છે તેને અમે અમારા ધામની પ્રાપ્તિ કરાવી છે પણ મુક્ત જેવો અમે કોઈને કરી શક્યા નથી. એ માફી માગવા માટે તમારી પાસે આવ્યો છું અને હે ઘનશ્યામ મહારાજ ! આપ અક્ષરાધિપતિ સ્વયં પુરુષોત્તમનારાયણ અહીં પધાર્યા છો. તે હવે આપને સંબંધે કરીને તથા આપના આશ્રિતના સંબંધે કરીને હજારો

જીવ મુક્ત થઈને અક્ષરધામને પામશે. ને "હે, મહારાજ ! અમને પણ આપની સેવામાં રાખજો. તે સાંભળી ઘનશ્યામ મહારાજ અતિ રાજી થકા બોલ્યા" જે "બહુ સારું" પછી નમસ્કાર કરીને તે દેવ આકાશ મારગે અદૃશ્ય થઈ ગયા.

"આ ચરિત્ર ભગવાન તથા સંતો પાસે નિર્માની રહેવું એમ શીખવે છે." *(શ્રીહરિચરિત્ર ચિંતામણીભાગ-૧ વાર્તા૧૬)*

## બાલ પ્રભુના દર્શને રામચંદ્રજી આવ્યા

એક સમે ઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા સારુ સત્વગુણના અભિમાની દેવ આવ્યા. તેમણે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં તે અંગો અંગને વિષે મોતીનાં આભૂષણ પહેર્યા હતાં ને માથે મોર મુગટ ધારણ કર્યો હતો ને કિશોર અવસ્થાવાળા હતા. તેમણે આવીને ઘનશ્યામ મહારાજને નમસ્કાર કર્યા ને કહ્યું "મહારાજ ! શી આજ્ઞા છે ?" ત્યારે ઘનશ્યામ મહારાજ કહે "તમારા અવતાર આ પૃથ્વી ઉપર અનંતવાર થયા તો પણ તમે એકેય મુમુક્ષુને મુક્ત કરીને અમારા અક્ષર ધામને વિષે મોકલ્યો નહિ" તે સાંભળીને તે દેવ કહે "હે, મહારાજ ! અમારે વિષે જેટલું સામર્થ્ય અને ઐશ્વર્ય તમે આપો તેટલું કામ અમારાથી થાય" એમ કહી મહારાજને ઉત્તમ વસ્ત્ર તથા અલંકાર ધરાવ્યા ને પછી કહે "હે, ભગવન ! તમે તો સમર્થ મૂર્તિ છો તે હવે આપને સંબંધે કરીને તથા આપના એકાંતિક જનના સંબંધે કરીને અનંત જીવ આપના અક્ષરધામને પામશે" એમ કહીને નમસ્કાર કર્યા ને પછી બોલ્યા જે "હે, ઘનશ્યામ મહારાજ ! આપનાં માતા પિતા ધર્મ-ભક્તિને કોઈ અસુર નડતા હોય તો અમે તેનો ધનુષ્યબાણથી નાશ કરીએ"ત્યારે હસીને ઘનશ્યામ મહારાજ કહે"તમે તો પોતે ભાળો ત્યારે અસુરોનો નાશ થાય ને અમે તો ઈચ્છા કરીએ એટલામાં નાશ થઈ જાય એવું સાંભળીને તે દેવ કહે "તમે તો સ્વયં પુરુષોત્તમ છો તે ધારો તે કરી શકો" એટલું કહીને પછી પોતાની સાથે હનુમાનજી હતા તેને આજ્ઞા કરી કે "તમે આ ઘનશ્યામ મહારાજની સેવામાં હાજર રહેજો" ત્યારે હનુમાનજીએ તે પોતાના સ્વામીનું વચન માથે ચડાવ્યું ને સેવામાં રહેવાની હા કહી. પછી તે દેવ નમસ્કાર કરીને અયોધ્યાપુરી સામા આકાશ મારગે અદૃશ્ય થઈ ગયા. "પ્રભુ કહે અમે તો સંકલ્પ માત્ર કરીએ છીએ" *(શ્રીહરિચરિત્રચિંતામણી ભાગ-૧ વાર્તા ૧૭)*

## ગોલોકવાસી સુરભી ગાય ગોમતીગાયરૂપે ઘનશ્યામની સેવામાં

થોડેક કાળે કરીને ઘનશ્યામ મહારાજના ઢીંચણ ન ઘસાય તે માટે પોતાના માસી ચંદનબાઈએ કાષ્ટની નાની ત્રણ પૈડાની ચાલણ ગાડી ઘડાવી. ને ઘનશ્યામ મહારાજને બે હાથ વડે જલાવીને ઊભા કરી ચાલવા શિખવતાં હતાં તે સમે ગોમતી ગાયની વાછડી ગૌશાળામાંથી દોડી તે બાળરૂપ ભગવાનની પાસે આવીને તેને ચાટવા માંડી.

એટલાકમાં ગોમતી ગાય પણ હીંસોરા કરતી આવીને તેને ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી વાચા ઉત્પન્ન થઈ, તેથી તે ગાયો બોલી જે "હે મહારાજ તમે તો અક્ષરાધિપતિ પુરુષોત્તમ ભગવાન છો ને અહીં ધર્મભક્તિને ઘેર અવતાર ધારણ કર્યો છે. ને હું ગોલોક વાસી સુરભિ છું. તે ગોલક પતિની આજ્ઞાથી તમને દૂધ પાવા સારું આવી છું. તે તમે આજ દૂધ કેમ પીધું નહિ ?" ત્યારે ઘનશ્યામ મહારાજ કહે "આજ તો અમે તૃપ્ત થયેલા હતા પણ હવેથી નિત્યે દૂધ પીશું. તે સાંભળીને ગાય તુરત જ પાછી ગૌશાળામાં જતી રહી.

પછી ચંદનબાઈએ તત્કાળ ઘરમાં આવીને તે વાત ભક્તિમાતાને કહી. "પ્રભુની સેવા હેત અને મહિમાથી કરવી જેથી પ્રભુ રાજી થાય" *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૮)*

## બાલપ્રભુના ચૌલ સંસ્કાર કર્યા

ઘનશ્યામને ત્રીજું વર્ષ બેઠું. ધર્મપિતાએ વિચાર કર્યો કે હવે ઘનશ્યામના વાળ ઉતરાવીએ. બીજે દિવસે સવારે હનુમાનગઢીએ સારુ મુહૂર્ત જોઈને તેમણે અમઈ નામના વાળંદને બોલાવ્યો, અમઈ તેનો થેલો લઈને આવ્યો.

ભક્તિ માતા ઘનશ્યામને ખોળામાં લઈને પૂર્વ દિશા તરફ બેઠાં. અમઈ અસ્ત્રો કાઢીને ઘનશ્યામના વાળ ઉતારવા લાગ્યો. અડધી હજામત થઈ ત્યાં તો ઘનશ્યામ અદૃશ્ય થઈ ગયા. ઘનશ્યામ સૌને ભક્તિ માતાના ખોળામાં બેઠેલા દેખાય પણ અમઈ વાળંદને ન દેખાય આથી, વાળંદ ગભરાઈ ગયો. અસ્ત્રો હાથમાં સ્થિર રહી ગયો.

આ જોઈને ભક્તિમાતા બોલ્યાઃ "આમ શું બેસી રહ્યો છે ? હજામત પૂરી કર."

અમઈએ ધ્રુજતે હાથે જવાબ આપ્યોઃ "શું કરું માતાજી ? મને ઘનશ્યામ દેખાતા જ નથી, તો હજામત કેવી રીતે પૂરી કરું" ?

આ સાંભળી ભક્તિમાતાએ ઘનશ્યામને કાનમાં કહ્યું : અડધી હજામત કરેલું મોઢું સારું ન લાગે. માટે હજામત પૂરી કરાવી લો. અમઈને દર્શન આપો." ત્યારે ઘનશ્યામે ફરીથી અમઈ સામે દૃષ્ટિ કરી, એટલે અમઈને ઘનશ્યામ દેખાયા.

અમઈએ હજામત પૂરી કરી. તેને થયું કે નક્કી આ બાળક ભગવાન જ છે. તેથી તે ઘનશ્યામને પગે લાગીને આશીર્વાદ લઈને ચાલ્યો ગયો.

પછી ઘનશ્યામે નારાયણ સરોવરમાં સ્નાન કર્યું. ધર્મપિતાએ બ્રાહ્મણોને દાન આપ્યું. સૌને પતાસાં વહેંચ્યા અને બ્રાહ્મણોને જમાડવાની તૈયારીમાં પડી ગયા.

"ઘનશ્યામ પ્રભુની હજામતની સેવા મળતા વાળંદ ભાગ્યવંત થયો" *(શ્રી ઘનશ્યામ ચરિત્ર-૧૦)*

## પ્રભુને ભૂલીને કોઈ કાર્ય ન કરવું

ધર્મપિતા અને ભક્તિ માતા કામમાં હતાં તેથી તેઓ ઘનશ્યામને ભૂલી ગયાં. બાળમિત્રો દોડતાં દોડતાં ઘનશ્યામ પાસે આવ્યાં.

નાચતા-કુદતા બધા બાળમિત્રો ઘનશ્યામ સાથે નારાયણ સરોવરથી પૂર્વ દિશામાં આવેલા આંબાવાડિયામાં ગયા. ત્યાં જઈ બધા બાળકો આંબળી પીપળી રમવા લાગ્યા. એટલામાં લાગ જોઈને કાલિદત્ત રાક્ષસ ત્યાં આવ્યો. તેને થયું આજે બધા બાળકોને ઉપાડી જઈશ અને ઘનશ્યામને મારી નાખીશ. કાલિદત્તે ઘનશ્યામને પકડવા હાથ લાંબો કર્યો. ઘનશ્યામ સમજી ગયા. ઘનશ્યામે તેની સામે દૃષ્ટિ કરી એટલે તે બળવા લાગ્યો. આથી કાલિદત્ત બહુ ગુસ્સે થયો. તેણે પોતાની માયાવી વિદ્યાથી ભયંકર વાવાઝોડું અને વરસાદ શરૂ કર્યો. ચારેકોર અંધારું થઈ ગયું.

ખૂબ ઠંડીથી અને વરસાદથી બધા બાળકો ધ્રુજવા લાગ્યા. કાલિદત્તે મોટીમોટી ચીસો પાડવા માંડી. બધા બાળકો એક મોટા વડના ઝાડની બખોલમાં સંતાઈ ગયા.

ઘનશ્યામ થોડે દૂર એક આંબાના ઝાડ નીચે જઈને બેઠા. બૂમો પાડતો પાડતો કાલિદત્ત ઘનશ્યામને શોધવા લાગ્યો. તેણે જોયું કે ઘનશ્યામ આંબાના ઝાડ નીચે બેઠા છે અને ઘડીકમાં ઘનશ્યામ ઝાડ પર બેઠેલા દેખાયા. એટલે તેણે પોતાનું શરીર આકાશ સુધી ઊંચુ કર્યું. અને જોરથી આંબાના ઝાડ પર પડતું મૂક્યું કડડડ.. ભૂસ કરતી કેટલીક ડાળીઓ ભાંગી પડી.

ઘનશ્યામ ઝાડ નીચે કચડાઈ ગયા હશે તેમ માનીને તે જોરથી હસવા લાગ્યો. તેણે હાથ લાંબો કરીને બધી તૂટેલી ડાળીઓ ઊંચી કરવા માંડી. પરંતુ ઘનશ્યામ તો એમને એમ જ બેઠા હતા. તૂટેલી ડાળિઓ તો જાણે તેમનું છત્ર બની ગઈ હતી.

આ જોઈ કાલિદત્ત વધુ ક્રોધે ભરાયો. ઘનશ્યામને પકડવા તેણે બે હાથ લંબાવ્યા. આ જોઈ ઘનશ્યામે કાલિદત્ત સામે કરડી નજર કરી. જોત જોતામાં કાલિદત્ત વૃક્ષો સાથે અથડાઈ અથડાઈને મરી ગયો.

વાવાઝોડું અને વરસાદ પણ ઘનશ્યામે શાંત કરી દીધાં. થોડીવારમાં ચારેકોર અજવાળું થઈ ગયું. બાલમિત્રો બખોલમાંથી બહાર આવીને ઘનશ્યામને શોધવા લાગ્યા.

ભક્તિમાતાને ઘનશ્યામ યાદ આવ્યા. ધર્મપિતાને સાથે લઈને ભક્તિમાતા આદિ શોધતા શોધતા આંબાના ઝાડ પાસે આવ્યાં. ત્યાં સુંદરી મામીને ઘનશ્યામ મળી ગયા ને ભક્તિ માતાને સોંપ્યા તે ભક્તિ માતાએ ઘનશ્યામને તેડી લીધા અને છાતી સરસા ચાંપી દીધા. ઘનશ્યામ મળ્યા એટલે સૌ બાળકો આનંદમાં આવી ગયા. બધા રાજી થઈને ઘેર પાછા ગયા.

"માટે ભગવાને ભૂલીને કોઈ કાર્ય કરીએ તો આવી આફત આવે." *(ઘનશ્યામ ચરિત્ર-૧૧)*

## જેટલા વાંદરા તેટલા સ્વરૂપો પ્રભુએ ધાર્યા

એકવાર બાલપ્રભુ થાળીમાં પૂરી અને દહીં લઈને ઓશરીમાં જમવા બેઠા. તેવામાં એક તોફાની વાંદરો છલાંગ મારતો આવ્યો. ઘનશ્યામના હાથમાંથી પૂરી ખૂંચવીને કૂદતો કૂદતો આંબલીની ડાળે જઈને બેઠો. ઘનશ્યામે આંબલીની ડાળ સુધી હાથ લાંબો કર્યો અને વાંદરાને ગરદન પકડીને નીચે પછાડ્યો. એટલે વાંદરાએ ચિચિયારી પાડી.

તેની ચિચિયારી સાંભળીને વીસેક વાંદરાઓ દોડી આવ્યા. બધા વાંદરાઓએ કિકિયારી અને કૂદાકૂદ કરી મૂકી ને ઘનશ્યામને મારવાનો વિચાર કર્યો. ધીમે ધીમે ચારે બાજુથી વાંદરાઓએ ઘનશ્યામને ઘેરી લીધા. ધર્મપિતાએ આ જોયું. તેમને થયું કે, આ વાંદરાઓ ઘનશ્યામને મારી નાખશે તેથી તેઓ ઘરમાં લાકડી લેવા ગયા.

એટલીવારમાં તો ઘનશ્યામે જેટલા વાંદરા હતા એટલાં પોતાના સ્વરૂપ કર્યા. દરેક વાંદરાની પાછળ ઘનશ્યામનું એક એક સ્વરૂપ તેમને પકડવા દોડ્યું. ઘનશ્યામનાં આટલા બધાં સ્વરૂપને જોઈને વાંદરાઓ ગભરાયા. પણ ઘનશ્યામે તો કો'કને કાન પકડીને ફગાવ્યો, તો કો'કને ઝાલીને ફગાવ્યો, કો'કને પૂંછડેથી પકડીને ફેંક્યો, તો કો'કને બોચીથી ઝાલીને ફેંક્યો. બીજા કેટલાક દૂર રહેલા વાંદરાઓ તો બીકના માર્યા ચિચિયારીઓ પાડતાં દૂર નાસી ગયા.

પછી ઘનશ્યામે પોતાનાં બીજા સ્વરૂપો અદશ્ય કરી દીધાં. થોડીવારમાં ધર્મપિતા લાકડી લઈને બહાર આવ્યા. તેમણે જોયું તો બધા વાંદરાઓ નાસી ગયા હતા. ધર્મપિતા તો ઘનશ્યામનો આવો ચમત્કાર જોઈને આનંદમાં આવી ગયા. તેમને થયું કે નક્કી આ બાળક ભગવાન જ છે.

"વાંદરાઓ પણ પ્રભુના સ્પર્શથી ભાગ્યવંત બન્યા" *(ઘનશ્યામ ચરિત્ર-૧૬)*

## પ્રભુ તો ધારે તેમ કરી શકે

ગ્રીષ્મઋતુમાં તાપ બહુ પડે. ગરમી બહુ થાય. આવી સખત ગરમીમાં ઘનશ્યામને તાવ આવ્યો. તેથી ઘનશ્યામ જમ્યા નહિ.

આ વાતની ખબર પડી એટલે ચંદામાસી ખબર કાઢવા આવ્યાં તેમણે ઘનશ્યામના શરીરે હાથ ફેરવ્યો. જોયું તો બળિયા નીકળ્યા હતા અને તાવ આવ્યો હતો. તેથી ચંદા માસી બોલ્યા : "ઘનશ્યામને બળિયા નીકળ્યા છે, માટે અંદર ઓરડામાં સુવાડી દો."

ભક્તિમાતાએ ઘનશ્યામને પથારીમાં સૂવાડ્યા અને ભગવાનનું ભજન કરવા લાગ્યાં.

એટલામાં ઘનશ્યામનાં માસી લક્ષ્મીબાઈ ત્યાં આવ્યાં. તેમણે ઘનશ્યામના શરીરે તાવ અને બળિયા જોઈને કહ્યું : "વીસ દિવસ સુધી ઘરની બહાર જવા દેતાં નહિ. નાહવા-ધોવા દેતાં નહિ. શરીરે પાણી પણ અડાડશો નહિ."

આ સાંભળી ઘનશ્યામે કહ્યું: ‘‘નાહા-ધોયા વગર કેમ ચાલે ? આપણે તો બ્રાહ્મણ છીએ. માટે રોજ નાહવું જ જોઈએ. તમે ઠંડુ પાણી લઈ આવો. હું ઠંડા પાણીથી નાહીશ એટલે બળિયા મટી જશે અને તાવ પણ ઊતરી જશે.’’

ભક્તિમાતાને ઘનશ્યામના વચનમાં વિશ્વાસ આવ્યો. તેઓ ઘનશ્યામને કૂવાને કાંઠે લઈ ગયાં. ઠંડુ પાણી સિંચીને ઘનશ્યામને નવરાવવા લાગ્યાં. થોડાક ઘડા પાણીથી નવરાવ્યા પછી જોયું તો બળિયા મટી ગયા હતા અને તાવ ઊતરી ગયો હતો. ફક્ત શીળીના ઝાંખા ડાઘા (ચાઠાં) રહ્યા હતા.

ઘનશ્યામની આ લીલા જોઈને ચંદામાસી તથા લક્ષ્મીબાઈને થયું કે નક્કી આ બાળક ભગવાન જ છે. તેઓ ઘનશ્યામને પ્રણામ કરીને હસતાં હસતાં પોતાને ઘરે પાછાં ગયાં.

‘‘ઘનશ્યામ પ્રભુ કહે આપણે નિયમ ધર્મમાં અડગ રહેવું જોઈએ.’’ *(ઘનશ્યામ ચરિત્ર-૧૨)*

## (૧) ભૂતિયા કૂવાની લીલા

એકવાર છપૈયામાં નારદજી આવ્યા ને ઘનશ્યામ મહારાજને પગે લાગીને પૂછ્યું કે ‘‘હે ઘનશ્યામ મહારાજ ! તમે આ લોકમાં પ્રગટ થઈને શાં શાં ચરિત્રો કર્યા તે કહો’’ ત્યારે ઘનશ્યામ મહારાજ કહે ‘‘અમે નાના હતા ત્યારે એક દિવસ છોકરાઓ સાથે રમતા હતા ત્યાંથી આવીને અમે અમારાં ભાભી જે સુવાસની બાઈ તેમને પૂછ્યું કે ‘‘અમારાં માતા કીયાં ગયાં છે ?’’ એમ વારંવાર અમે પૂછ્યું તેથી રીસમાંથી તે બોલ્યાં જે ‘‘ઓલ્યો ભૂતિયો કૂવો રહ્યો તેમાં છે તે સાંભળી અમે તે ભૂતિયા કૂવામાં જઈને પડ્યા. ત્યારે સુવાસની બાઈએ હડી કાઢીને રોતા રોતાં ભૂતિયા કૂવા પાસે આવ્યાં તે જોઈને ગામનાં બીજા માણસો પણ ભેગાં થઈ ગયાં પણ કોઈ કૂવા પાસે જવાની હિંમત કરે નહિ. કેમ કે તે કૂવામાં એક માથા વગરનો ખવીશ રહેતો હતો તે કોઈ કૂવા પાસે આવીને માંહી ડોકું કાઢે તેને વળગતો તેથી છેટે ઊભા ઊભા સૌ રુવે.

તેનો કકળાટ થવા માંડ્યો. તેટલામાં તો ધર્મદેવ અને ભક્તિ માતા પણ ત્યાં આવ્યાં ને તેમણે પણ રોવા માંડ્યું. ત્યારે તે વળી. સર્વનો અતિ શોક જોઈને ને રુદન સાંભળીને અમને દયા આવી. એટલે અમે કૂવામાંથી બહાર આવ્યા. ત્યારે અમારાં કોરાં વસ્ત્ર જોઈને સર્વ માણસો બોલવા માંડ્યાં જે ‘‘આ ઘનશ્યામ મહારાજ તો કોઈ દેવ છે’’ એમ કહી અમારાં વખાણ કરવા માંડ્યાને અમે તો તુરત નાના છોકરાઓ સાથે રમવા માંડ્યાં’’ તે સાંભળીને નારદજી અતિ રાજી થયા.

"પ્રભુની આ લીલા આપણને સમજાવે છે કે કોઈ પ્રકારે રીસ ન રાખો" *(શ્રીહરિ ચરિત્રચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૯)*

## (૨) ત્રિખુણિયા ખેતરની લીલા

વળી ઘનશ્યામ મહારાજ બોલ્યા જે "હે નારદજી ! બીજું વળી એક ચરિત્ર કહું તે સાંભળો, એક સમયને વિષે અમે રામપ્રતાપભાઈને સાથે લઈને ઈશાન કોણમાં અમારા ખેતરમાં મકાઈ અને ચીભડી ભેગાં વાવેલા હતાં તે નિંદવા સારું ગયા. ત્યારે ત્યાં જઈ અમે નિંદવા લાગ્યા તે મકાઈ તથા ચીભડીને અમે મૂળમાંથી કાઢી નાખવા માંડી ને ખડ રહેવા દેતા હતા. (કારણ કે ખડ ઝાઝું હતું તેથી) તે જોઈને ભાઈ બોલ્યા જે હે ઘનશ્યામ ! આ તમે શું કરો છો ? બધું ખડતો એમને એમ રહેવા દિયો છો ને ચીભડી તથા મકાઈ કાઢી નાંખો છો ? ત્યારે અમે કહ્યું હે મોટાભાઈ ચીભડી તથા મકાઈ થોડી છે. ને ખડ ઘણું છે. વાસ્તે થોડું હોય તે કાઢીએ એટલે થોડા જીવની હિંસા થાય તે સારું હું તો ખડ કાઢતો નથી. તે સાંભળીને ભાઈને અતિશે રીસ ચડી તે તુરત ઊઠીને અમને મારવા સારુ આવ્યા. તે વખતે અમે ભાઈને કહ્યું, ખબરદાર તમે મને મારશો તો હું તમને આંહીથી ઉડાડી મૂકીશ તે ક્યાંઈના ક્યાંય જઈને પડશો તે ફરીથી તમારો પત્તો પણ નહિ લાગે. તે સાંભળીને ભાઈ તત્કાળ પાછા હઠ્યા તે પોતાનું કામ કરવા લાગ્યા. પછી અમે ઘેર આવતા રહ્યા. એવાં ઘણાંક ચરિત્ર કર્યા છે." તે સાંભળીને નારદજી પાછા બદ્રિકાશ્રમમાં ગયા.

"ભગવાન જીવના પાપ ભોગવાવે તો પાર આવે તેમ નથી. તેથી પાપ બાળી દે છે." *(શ્રી હરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૯)*

## ખાંપા તલાવડીએ આંબલીનો ખાંપો પ્રભુને વાગ્યો

એકવાર ખાંપા તલાવડીએ આંબલી ઉપર ઘનશ્યામ પ્રભુ મિત્રો સાથે રમતા હતા. તે વખતે પ્રભુ હેઠા ઉતરવાનું કરે છે. તેવામાં પોતાના જમણા સાથળમાં આંબલીનો ખાંપો લાગ્યો તેથી ઘણું રુધિર નીસર્યું તે દેખીને સરવે સખાઓ ઉદાસ થઈ ગયા. તે ચરિત્ર જોવા સારુ પ્રથમથી જ ઈંદ્રાદિક દેવતાઓ આવેલા હતા. તેમણે ઘનશ્યામ મહારાજને વાગેલું જોઈને તત્કાળ પોતાના વૈદ્ય જે અશ્વિનીકુમાર તેને બોલાવી લાવ્યા. એટલે તેમણે આવી નમ્રતાપૂર્વક પગે લાગીને ઘનશ્યામ મહારાજને લુગડેથી પાટો બાંધી આપ્યો. તે પછી પ્રાર્થના કરીને કહ્યું "હે મહારાજ મારા જેવું કામ પડે તો સુખેથી બોલાવજો" એમ કહી વંદના કરીને અદૃશ્ય થઈ ગયા.

પછી સુખનંદન ઉતાવળો થકો ઘેર આવ્યો ને તે વાત ધર્મદેવને કહી. તે સાંભળીને ધર્મદેવ ઉતાવળા થકા તે તલાવડી ઉપર આવ્યા ને જોયું તો ઘનશ્યામ મહારાજની સાથળે પાટો બાંધેલો.

તે દેખીને કહે "વેણીરામ ! આ પાટો કોણ બાંધી ગયું ?ત્યારે વેણીરામ કહે "અમો સહુ દેખતાં દેવના વૈદ્ય આવીને બાંધી ગયા." સાંભળીને ધર્મદેવ બહુ રાજી થયા. પછી પોતાના પુત્રને ઘેર લાવવા સારુ પોતાની કેડ ઉપર બેસારવાનું કરે છે. એટલાકમાં તો ઘનશ્યામ મહારાજ આગળ ચાલતા થયા ને સહુથી પ્રથમ ઘેર આવ્યા. પછી સાથળમાં લાગેલું જોઈને ભક્તિ માતા આદિક સહુને બહુ શોક થવા લાગ્યો ને કહ્યું "અરે ઘનશ્યામભાઈ ! આ શું થયું ?" ત્યારે પોતાના હાથે પાટો છોડી નાખીને બોલ્યા જે "હે માતા ! જુઓને મને તો કાંઈ વાગેલું માલૂમ પડતું નથી" પણ જે ખાંપો લાગેલો તેની નિશાનીનું ચિન્હ દેખાતું હતું. જે તલાવડી ઉપર ઘનશ્યામ મહારાજને આંબલીના વૃક્ષનો ખાંપો લાગ્યો તેનું નામ તેથી કરીને ખાંપા તલાવડી એવું નામ પડ્યું.

"પ્રભુ કહે હે સંતો આ ખાંપાનું નિશાન જોઈએ ત્યારે તલાવડી - છપૈયા યાદ આવે છે તો તમારે પણ જન્મભૂમિની દેશ વાસના વિસારી દેવી." *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૦)*

## પ્રભુને જમાડવાના વિચારથી કડવા ચીભડાં મીઠાં થયા

એક સમે વશરામ તિવારીએ મીનસાગરના કાંઠા ઉપર ત્રણ ખુણિયા ખેતરમાં ચીભડી અને મકાઈ ભેગાં વાવેલાં હતાં. તેમાં ચીભડીએ ચીભડાં જ્યારે બેઠાં ત્યારે ચાખી જોયાં તો બધાં કડવા ઝેર જેવાં થયેલાં. તે જોઈને પોતે ઉદાસ થઈ ગયા. ને ઘેર આવી ચોતરા ઉપર બેઠાને પોતાનાં બેન ભક્તિમાતાને કહ્યું "બેન ખેતરમાં તો ચીભડાં કડવા થયાં તે હવે કેમ કરવું ? જો મીઠાં થયાં હોત તો ઘનશ્યામ આદિક સહુ નાનાં મોટાં આપણે જમત" એમ કહે છે ત્યાં તો ઘનશ્યામ મહારાજ કહે "મામા ! આ હું ખેતરમાંથી ચીભડાં લાવેલો છું તે મને કાંઈ એ કડવાં લાગતાં નથી.' એમ કહી પોતે પોતા પાસેનું એક ચીભડું સુધારી સર્વને વહેંચી આપ્યું તે સહુએ ખાધું ને કોઈને જરાપણ કડવું લાગ્યું નહિ તે જોઈને વશરામ તિવારી બહું આશ્ચર્ય પામી ગયા ને પોતે ઘનશ્યામ મહારાજને વિષે ભગવાનપણાનો વિશ્વાસ લાવી તેમની પોતાની સાથે ખેતર લઈ ગયા. ને પછી ત્યાં ચીભડાં ચાખી જોયાં તો બધાંએ મીઠાં લાગ્યાં. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા જે "હે મામા ! તમે પ્રથમથી આ ચીભડાં અમને જમાડવાનો વિચાર કર્યો હતો તેથી આ તમામ ચીભડાં મીઠા થઈ ગયા, નહીં તો કડવાં રહેત.

"તે માટે હરકોઈ કામ હોય તેને વિષે પ્રથમ દેવનો ભાગ કાઢીને દેવને આપે છે તો તેને દેવ સહાય કરે છે."

## બાલ પ્રભુને ખેતરમાં આવવાની ના પાડતા વેલા સુકાઈ ગયા

મનછારામની મા બોલ્યાં જે "મનછારામ ! આપણા ખેતરમાં ઘનશ્યામ આવીને ચીભડાં બહુ બગાડે છે. માટે તેને કહેજે કે તમે અમારા ખેતરમાં કોઈ દિવસ આવશો નહિ" એ વાત અંતર્યામીપણે ઘનશ્યામ મહારાજે જાણી તેથી પોતાની ઈચ્છા વડે તેના ખેતરમાં બધાં વેલા એક સામટા સૂકાઈ ગયા. તે જોઈને સહુ કહેવા લાગ્યાં જે "અહો એ ચીભડાના વેલા કેમ એકદમ સૂકાઈ ગયા ?"

ત્યારે મનછારામ કહે "એ તો ભગવાન જાણે" તે સમે ઘનશ્યામ મહારાજે ત્યાં બેઠા હતા તે સાંભળીને બોલ્યા કે "હા એ વાત સાચી, ભગવાન જ જાણે પણ બીજાને કાંઈ માલુમ ન પડે." એવું મર્મનું વચન બોલ્યા તે મર્મને વશરામ તિવારી સમજી ગયા તે કહ્યું "હે ભાઈ ઘનશ્યામ ! એ ચીભડીના વેલા સૂકાઈ ગયા છે તે બધું તમારું કારણ છે માટે હું તો તમને કહું છું કે અમારા ખેતરમાંથી તમારે ખુશી પડે તેટલા મકાઈ ડોડા અને ચીભડાં જમવાં ને સર્વને જમાડવાં પણ અમે તમને કાંઈ કહેશું નહિ" તેથી ઘનશ્યામ મહારાજ તે ખેતરમાંથી મકાઈ ડોડા અને ચીભડાં લાવીને પોતે જમે ને પોતાનાં માતા, પિતા, ભાઈ તથા સખા સર્વને જમાડે તો પણ કોઈ કાંઈ બોલે નહિ ને વશરામ તિવારી તો બહુ રાજી થાય ને પોતે પણ જમે ને બીજાઓને જમાડે પણ છેલ્લે વખતે તે મકાઈ તૈયાર થઈ ત્યારે બીજા કરતાં થોડી જમીનમાં પણ ઘણી મકાઈ થઈ.

"ભગવાનનું કરો એટલે ભગવાન વૃદ્ધિ કરે" *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૧)*

## ગોમતી ગાય અને ઘનશ્યામ મહારાજના હેતની પરીક્ષા

ધર્મદેવને ઘેર બહુ ગુણવાળી એક ગોમતી નામે ગાય હતી તેને જ્યારે દૂવે ત્યારે ટકે ચાર શેર દૂધ નીકળતું હતું તે દિવસમાં બે વખત દૂવે કે ચાર વખત દૂવે પણ જ્યારે દૂવે ત્યારે દૂધ એટલું ને એટલું જ નીકળે. તે જોઈને સહુ માણસ વિસ્મય પામતાં.

તે ગાય ઉપર ઘનશ્યામ મહારાજને ઘણું હેત હતું ને તે ગાય પણ ઘનશ્યામ મહારાજ ઉપર બહુ હેત રાખતી. તે પરસ્પરનો સ્નેહ જાણીને સુવાસનીબાઈને વિચાર રહેતો જે આ ગાયને ઘનશ્યામ ઉપર વધારે હેત છે કે ઘનશ્યામને ગાય ઉપર વધારે હેત છે ? તે તપાસ કરવા સારુ પોતાને અહોનિશ એ ઘાટ રહ્યા કરતો. તેથી એક દિવસ તે વાતનો નિર્ણય કરવા સારું ધર્મદેવ પોતાના ત્રણેય પુત્રો સાથે જમવા બેઠેલા હતા ત્યારે ધર્મદેવને તથા રામપ્રતાપભાઈને તો એક એક શેર દૂધ પીરસ્યુને ઘનશ્યામ મહારાજને તથા નંદરામને નાના જાણીને ઓછું પીરસ્યું.

એમ સર્વને જમાડીને પોતે પણ ભક્તિમાતા સહિત જમ્યાં. તે પછી ગાયને દોહવા સારું સુવાસની બાઈ બેઠાં ત્યારે તે ગાયે ઘનશ્યામ મહારાજ ઉપર સ્નેહને લીધે ઘનશ્યામ મહારાજને ઓછું દૂધ આપેલું જાણીને પોતે બે શેર દૂધ દોહવા દીધું પણ વધારે દીધું નહિ. તે જોઈને સુવાસનીબાઈએ ભક્તિમાતાને કહ્યું "જે હે માજી ! આજ તો ગોમતી ગાયે દૂધ અરધું કાઢયું" તે સાંભળીને માતા બોલ્યાં જે "તમે સવારમાં જમતી વખતે સહુને કેવી રીતે દૂધ પીરસ્યું હતું." ત્યારે સુવાસનીબાઈએ પોતે જેમ પીરસ્યું હતું તેમ કહી દેખાડ્યું.

તે સાંભળીને ભક્તિમાતા કહે "તમારા મનમાં જેવો ભાવ રાખશો તેવું થશે." એ પ્રમાણે કહ્યું તો પણ રાત્રિએ વાળું કરવા બેઠા તે વખતે પણ સવારની પેઠે જ દૂધ પીરસ્યું. પછી સવારમાં ગાયને દોહવા સારુ ગયાં ત્યારે એક શેર દૂધ નીસર્યું. તે જોઈને પોતે મનમાં વિસ્મય પામી ગયાંને ભક્તિમાતાને કહેવા લાગ્યાં જે "હે માજી ! આ તો એક શેર જ દૂધ દીધું હવે કેમ કરવું ?" ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે "તમારા મનમાં સંકલ્પ હોય તે મૂકી દીયોને સરખી રીતે દૂધ આપો." પછી તે વચન માનીને જ્યારે સર્વ જમવા બેઠા ત્યારે સહુને સરખું દૂધ આપ્યું. પછી જ્યારે ગાય દોવા ગયા ત્યારે ગાયે પૂરું ચાર શેર દૂધ કાઢ્યું. તે મહા અદ્ભૂત ચરિત્ર જોઈને સુવાસનીબાઈ પોતાના મનમાં ઘનશ્યામ મહારાજનો મહિમા બહુ સમજવા લાગ્યાં ને ગાયને પણ ઘનશ્યામ મહારાજને વિષે બહુ હેત છે એમ જાણ્યું.

## ઘનશ્યામ પ્રભુએ ધર્મપિતાને પૂર્વની સ્મૃતિ કરાવી

એકદિવસ ધર્મદેવ ધ્યાન કરવા સારુ બેઠા ત્યારે અંતઃકરણમાં ભગવાનની મૂર્તિ ન દેખાણી ને બાળસ્વરૂપ ભગવાન જે પોતાના પુત્ર ઘનશ્યામ મહારાજ તેમની મૂર્તિ દેખાવા લાગી. ત્યારે તે મૂર્તિને વિસારી દેવા માટે ભગવાનની કેટલીક પ્રાર્થના કરી પણ ન વિસરી તેથી પોતાના મનમાં મૂંઝવણ થવા લાગી કે "આજ કેમ મને ભગવાનની મૂર્તિ દેખાતી નથી. મારામાં કાંઈ ભૂલ પડી કે શું ?"

એમ જાણીને ઉદાસ થયા થકા ધ્યાન કરવું પડ્યું મૂકીને શ્રીમદ્ ભાગવતનો પાઠ કરવા લાગ્યા. તેને કેટલીક વાર થઈ એટલે ઘનશ્યામ મહારાજ હસીને બોલ્યા કે "હે દાદા ! તમે માતા પિતાએ મારા જેવા પુત્રને અર્થે દેવતાનાં કેટલાંક હજાર વરસ તપ કર્યું હતું ત્યારે, આ મૂર્તિ તમારા પુત્ર ભાવને પામી છે. માટે તમે શું કરવા મુંઝાઓ છો ? આ મૂર્તિનું જ ધ્યાન કરો એમ કહીને પોતાનું મહા અલૌકિક ચતુર્ભુજ રૂપે દર્શન આપ્યું, ને પૂર્વના અવતારની સ્મૃતિ કરાવી કે તુરત પાઠ કરવો રહેવા દઈ ને ધર્મદેવ બે હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા જે "હે પુત્ર લાડીલા ! હે દેવના દેવ ! તમો તો સર્વ અવતારના અવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ

ભગવાન છો તે તમારી માયા વડે કરીને તમારામાંથી મને ભગવાનપણાની વિસ્મૃતિ થઈ જાય છે. માટે હવે હે મહારાજ ! કોઈ દિવસ તમારે વિષે ભગવાનપણાની વિસ્મૃતિ ન થાય એ વર મને કૃપા કરી આપો."

"આ ચરિત્ર થી આપણે જાણવું જે મહારાજને વિષે ક્યારેય મનુષ્ય ભાવ ન પરઠવો." *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૪)*

## મહા અચરજ માયા તમારી ...

એકવાર ઘનશ્યામ મહારાજના માસી વસંતબેન તથા ચંદનબેન ભક્તિમાતાને તથા ઘનશ્યામ મહારાજને મળવા છપૈયા આવ્યા હતા. તે એક દિવસ સવારમાં વહેલા ઊઠીને ચંદનબાઈ તથા વસંતબાઈ ઘઉં દળતાં દળતાં તુલસીદાસજીનાં કરેલ પ્રભાતિયાં ગાતા હતાં. તેમાં ભગવાનને જગાડવાનો શબ્દ આવ્યો જે "ઊઠો ઊઠો લાલજી પ્રભાત ભયા હૈ" તેવું સાંભળીને ઘનશ્યામ મહારાજ ઓશરીમાં ઢોલિયા ઉપર સૂતેલા હતા તે બોલ્યા જે "માસી હું તો જાગું છું તમારે શું કામ છે ?" ત્યારે તે કહે "અમે તો ભગવાનને જગાડીએ છીએ. તમને કોણ જગાડે છે. ?" એમ કહીને ઘંટી રાખી હતી તે દળવા લાગ્યા કે તુરત ઘનશ્યામ મહારાજે પોતાનો હાથ લાંબો વધારીને તે ઘંટી ઉપર મૂક્યો. ત્યારે તે હાથના ભારથી ઘંટી ન ફરી ને બંધ થઈ ગઈ. તે જોઈને વસંતાબાઈ બોલ્યાં જે "આ કોનો ( હાથ છે ?" ત્યારે ઘનશ્યામ મહારાજ કહે "તમે જેને જગાડો છો તેનો" પછી તે હાથને કોરે ખસેડવા માટે બેય બેનો એ ઘણીક મહેનત કરી પણ ત્યાંથી જરાએ ખસ્યો નહિ ત્યારે મહા આશ્ચર્ય પામતાં થકાં હસવા લાગ્યાં. તે સાંભળીને ભક્તિ માતા બોલ્યાં જે "હમણાં સવાર થઈ જાશે માટે રમત મૂકીને ઝટ દળી લીયો" ત્યારે તે બેય કહે "આ ઘનશ્યામભાઈએ ઘંટી ઉપર હાથ મૂક્યો છે તેથી ફરતી નથી ને અમે એ હાથને ખસેડીએ છીએ પણ ખસ્તો નથી તે સાંભળીને ભક્તિ માતા આવ્યાં ને કહેવા લાગ્યાં જે "હે લાડીલા પુત્ર ! તમે હાથને લઈ લો" ત્યારે તે બોલ્યા જે "હે દીદી ! એ કોને જગાડે છે ?" ત્યારે વસંતાબાઈએ કહ્યું "તમને જગાડીએ છીએ ત્યારે પોતાનો હાથ લઈને બોલ્યા જે "જો પ્રથમથી જ આમ કહ્યું હોત તો આવડી મહેનત ન કરવી પડત" ત્યારે માસી કહે "પ્રથમ અમને ક્યાં માલૂમ હતું ?" ત્યારે ઘનશ્યામ મહારાજ કહે "કેમ માલુમ નથી ? અમે તમને ઘણીવાર ચમત્કાર દેખાડ્યા છે, શું તે ભૂલી ગયાં ?" ત્યારે માસી કહે "હે ઘનશ્યામભાઈ. અમે તો તમારી માયા વડે ભૂલી જાઈએ છીએ" એમ કહીને ગદ્ગદ્ કંઠ થતાં પોતાનો અપરાધ ક્ષમા કરાવીને પગે લાગ્યાં.

"મહારાજના મનુષ્ય ચરિત્ર અને દિવ્ય ચરિત્રમાં ફેર ન સમજવો." *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૫)*

## બાલપ્રભુના ચરિત્રથી ચંદનમાસી આશ્ચર્ય પામ્યા

એક સમે ત્રીજા પહોરને સમે ઘનશ્યામ મહારાજ ચંદનબાઈ પાસે બોલ્યા જે "હે માસી ! મને બહુ ભૂખ લાગી છે માટે ખાવાનું આપો" ત્યારે તે કહે "હમણાં તમને કમોદના પૌંઆને દહીં આપું તે જમો ને થોડીકવાર પછી રસોઈ થાશે તે જમજો " ત્યારે ઘનશ્યામ મહારાજ કહે "અમને તો હાલ ઘડી શાકને રોટલી કરી આપો" ત્યારે ચંદનબાઈ રસોડામાં ગયાં ને ચૂલામાં દેવતા સળગાવીને પરવળનું શાક વઘાર્યું. પછી લોટ બાંધીને રોટલી વણવા સારૂ પથ્થરની આડણી તથા વેલણ ઊંચે ટાંકામાં મૂકેલાં હતાં. તે લઈને નીચે મૂકવા ગયાં કે તુરત હરિ ઈચ્છાથી આડણી હાથમાંથી પડી ગઈ ને તેના ચાર કટકા થઈ ગયા તે જોઈને પોતે ઉદાસ થઈ ગયાં. તે જાણીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે "હે માસી ! તમે ચિંતા શા માટે કરો છો ? જુઓને આ આડણી તો સાજી છે" એમ કહી પોતાના હાથમાં લઈને તે માસીને આપી તે જોઈને ચંદનબાઈ મહા આશ્ચર્ય પામીને તુરત રોટલી શાક કરી ઘનશ્યામ મહારાજને અતિ હેતે કરીને જમવા બેસાર્યા.

તે વખતે માણેકધર, બસ્તી તથા નંદરામજી, એ ત્રણેય આંગણા આગળ રમતા હતા તે ઘનશ્યામ મહારાજને જમતા જોઈને ત્યાં આવ્યા ને બોલ્યા જે "અમને પણ ભૂખ લાગી છે તે રોટલીને શાક આપો" ત્યારે ચંદનબાઈ કહે "શાકને રોટલી તો આ ઘનશ્યામભાઈને આપ્યાં, ને હવે તો આ કમોદના પૌંઆને દહીં છે તે તમે જમો" ત્યારે તેઓ કહે "એ તો અમારે નથી જમવું ?" એમ કહીને તે ત્રણેય જણા રીસાઈને પાછા ગયા. ત્યારે ઘનશ્યામ મહારાજ જમતા થકા બોલ્યા જે "હે ભાઈ માણેકધર તમે ત્રણે પાછા આવો ને આપણે ચારેય જણ ભેગા જમીએ" ત્યારે તેઓ કહે "હવે જમી રહ્યા પછી કે ?" ત્યારે - ઘશ્યામ મહારાજ કહે "અરે ભાઈ ! હું તો હજી હમણાં જ જમવા બેઠો છું ને હજી તો આ શાક ટાઢું એ થયું નથી ને તમે ન માનતા હો તો આ માસીને પૂછી જુઓ તે સાંભળીને તત્કાળ તે ત્રણેય જણા પાછા આવ્યા ને ભેગા બેસીને જમવા લાગ્યા. ત્યારે ચંદનબાઈ કહે "અરે ઘનશ્યામ ! આખી બે રોટલી છે તેમાં તમે શું જમશો ને એ શું જમશે ?" ત્યારે બસ્તી કહે "મા અહીં તો ઘણીએ રોટલી છે." ત્યારે તે કહે "ભલે, હોય તો જમો" પછી તે ચારેય જણ ખૂબ જમીને તૃપ્ત થયા એટલે ચળુ કરીને ઊઠ્યા તો પણ થાળીમાં બે રોટલી પડેલી હતી. તે દેખીને ચંદનબાઈ મહા આશ્ચર્ય પામતાં થકાં તે વાત પોતાની બેન જે ભક્તિમાતા તથા વસંતાબાઈ તેને તથા સુવાસનીબાઈને કહી તે સાંભળી સહુ આશ્ચર્ય પામી ગયા.

"આ ચરિત્રથી આપણે સમજવાનું કે, સંપીને તથા વહેંચીને જમવું" *(શ્રીહરિ ચરિત્રચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૬)*

## માતાપિતાને દિવ્ય ગતિ

હવે ઘનશ્યામ અગિયાર વર્ષના થયા. ભક્તિમાતા અને ધર્મપિતા ઘણાં વૃધ્ધ થયાં છે. થોડા દિવસ પછી ભક્તિમાતાને તાવ આવવો શરૂ થયો, દિવસે દિવસે શરીર નબળું થતું ગયું. ભક્તિમાતા તાવ અને નબળાઈને લીધે પથારીમાં સૂએ છે. તેમણે એક દિવસ સાંજે ત્રણે પુત્રોને પાસે બોલાવ્યા અને કહ્યું: ''મને રોગ વધતો જાય છે. આખા શરીરમાં પીડા થાય છે. હવે હું વધારે વખત જીવીશ નહિ. રામપ્રતાપ તથા સુવાસની, તમે પણ ઘનશ્યામ અને ઈચ્છારામને સાચવજો. ઘનશ્યામ અને ઈચ્છારામ, તમે મોટાભાઈ અને સુવાસની ભાભીની આજ્ઞામાં રહેજો, સંપથી રહેજો.''

ધર્મપિતા તથા રામપ્રતાપભાઈએ પત્ર લખી બધાં સગાંવહાલાંને બોલાવ્યા. ભક્તિમાતાનો અંતકાળ નજીક આવ્યો હતો. તે વખતે ઘનશ્યામે ભક્તિમાતાને સુંદર ઉપદેશ કર્યો અને ચતુર્ભુજ નારાયણ રૂપે દર્શન આપ્યાં. માતા ઘનશ્યામની મૂર્તિના ધ્યાનમાં લીન થઈ ગયાં. થોડી વાર પછી ભક્તિમાતા અક્ષરધામમાં પધાર્યા.

ત્રણે ભાઈઓ તથા ધર્મપિતા, સૌ સગાં વહાલાં અને ગ્રામજનાએ ભક્તિમાતાની અંતિમ ક્રિયા કરી. સૌએ તેમનાં જેવાં ભક્તિવાન થવાનો નિશ્ચય કર્યો.

ત્યારબાદ છ માસ પછી ધર્મપિતા માંદા પડ્યા. વૃધ્ધાવસ્થા એટલે થાક બહુ લાગે. નબળાઈને લીધે પથારીમાંથી ઉઠાય પણ નહિ. તેમણે ગરીબો અને બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપવાનું શરૂ કર્યું. પુત્રને પોતાની પાસે બેસાડીને ભાગવતની કથા વંચાવે.

એક દિવસ કથા પૂરી થઈ એટલે તેમણે ત્રણેય દીકરાઓને પાસે બોલાવ્યા. ધર્મપિતાએ રામપ્રતાપભાઈને કહ્યું: ''જુઓ રામપ્રતાપ ! ઘનશ્યામ તો ભગવાન છે. વળી, ઉદાસી મનવાળા છે. માટે તેમને હંમેશા લાડથી રાખજો. ક્યારેય કડવું વેણ કહેતા નહિ. મારી માફક જ ઘનશ્યામ અને ઈચ્છારામની સંભાળ લેજો અને તમે બંને નાના ભાઈઓ મોટા રામપ્રતાપની આજ્ઞામાં રહેજો. આટલું મારું વચન હંમેશા પાળજો.''

ધર્મપિતા શિખામણ આપી રહ્યા પછી ઘનશ્યામે પોતાના શરીરમાંથી તેજ કાઢ્યું. તે તેજમાં ધર્મપિતાને બ્રહ્મા, વિષ્ણુ, શંકર, રામ તથા કૃષ્ણ વગેરે ભગવાનના ચોવીસ અવતારનાં દર્શન થયાં. ધર્મપિતાનું મન ઘનશ્યામમાં ચોટી ગયું. ધર્મ પિતાએ પથારીમાં પડ્યાં પડ્યાં ઘનશ્યામને હાથ જોડીને પ્રાર્થના કરી. થોડીવારમાં ધર્મપિતા પણ ધામમાં પધાર્યા.

સૌના શોકનો પાર ન રહ્યો. સૌએ ધર્મપિતાને ગંગાજળથી સ્નાન કરાવી વિધિ પૂર્વક અંતિમ ક્રિયા કરી. ગરીબોને તથા બ્રાહ્મણોને દાન દીધાં. બધાએ ધર્મ પિતા જેવા ધર્મવાન અને સદ્ગુણી થવાય તેવી પ્રભુને પ્રાર્થના કરી.

"આ ચરિત્રથી જાણવાનું કે માત-પિતાની સેવા મહિમાથી કરવી." *(ઘનશ્યામ ચરિત્ર-૪૪)*

## ઘનશ્યામનો ગૃહત્યાગ

ભક્તિમાતા અને ધર્મપિતાના ધામમાં ગયા પછી ઘનશ્યામે ઘરનો ત્યાગ કરી તપ કરવા વનમાં જવાનો વિચાર કર્યો. તેઓ ઘરેથી નીકળવાનો લાગ જોતાં હતા.

એક દિવસ ઘનશ્યામ છાના માના વર્ણીનો વેશ લઈને, ઘરનો ત્યાગ કરીને, સરયુ નદી તરફ નીકળી પડ્યા. વારંવાર પાછું વળીને જુએઃ રખે મોટાભાઈ પાછળથી આવીને ઘરે લઈ જશે તો ? હવે તો ઘરે પાછા જવું જ નથી. ખૂબ તપ કરવું છે, અનેક લોકોનો ઉધ્ધાર કરવો છે. એવું વિચારતાં ઉતાવળે પગલે સરયુંને કાંઠે આવી ઊભા રહ્યા.

તે દિવસ હતો, સંવત ૧૮૪૯ના અષાઢ સુદ દશમનો, વહેલી સવારનો સમય હતો. ઝરમર ઝરમર વરસાદ પડતો હતો. સરયુ નદીમાં પૂર આવ્યું હતું. નદી બેય કાંઠે વહેતી હતી. ઘનશ્યામ સરયુના પૂર પાર ઊતરવા વિચાર કરે છે તેવામાં કૌશિક નામનો રાક્ષસ બિલ્લીપગલે પાછળથી આવ્યો અને ઘનશ્યામને ઊંચકીને સરયુ નદીના પ્રવાહમાં ધકેલી દીધા. નદીના પૂરમાં ઘનશ્યામ તણાઈ ગયા તે બાર ગાઉ ઉપર નીકળ્યા.

"પ્રભુની જેમ આપણે પણ સંસારમાં રહ્યા છતાં અલિપ્ત રહેવું." *(ઘનશ્યામ ચરિત્ર-૪૬)*

## વિરહની વેદના ભારી .....

અહીં ઘરે, રામપ્રતાપભાઈ અને સુવાસની ભાભી ઉઠ્યાં ત્યારે જોયું તો ઘનશ્યામ પથારીમાં મળે નહિ. તેમને થયું કે રોજના નિયમ કરતાં કદાચ આજે ઘનશ્યામ વહેલા નાહવા ગયા લાગે છે. હમણાં નદીએથી નાહીને આવશે. મોટા ભાઈ નાહીને ખેતરે ગયા. ભાભીએ ઘનશ્યામ માટે નાસ્તો બનાવી રસોઈનું કામ કાજ શરૂ કર્યુ. સવારના કામમાં કોઈને ઘનશ્યામ યાદ આવ્યા નહિ.

બપોર થઈ પણ હજી ઘનશ્યામ પાછા કેમ નહિ આવ્યા હોય ?" ભાભી ક્યારનાં રાહ જુએ છે કે ઘનશ્યામ આવે એટલે સાથે જમીએ. પણ ઘનશ્યામ ઘરે પાછા નથી આવ્યા.

ભાભીને ચિંતા થવા લાગી. તેમણે ઘનશ્યામનાં બાળમિત્રોને બોલાવીને પૂછવા માંડ્યુ: "ઘનશ્યામ ક્યાં છે. ? તમે એમને જોયા છે ? કેમ હજી ઘેર નથી આવ્યા ? તમને ખબર છે, ક્યાં ગયા છે ?"

પણ બધા બાળમિત્રો કહેઃ "અમને ખબર નથી. અમે આજે સવારે નાહવા, ગયા ત્યારે નદી કિનારે નહોતા. અમારી સાથે નાહવા નથી આવ્યા."

આથી ભાભીને વધારે ચિંતા પેઠી. ભાભી પોતે બધાં સગાંવહાલાંને ઘરે તપાસ કરવા ગયાં. લકમલાઈ, ચંદનબાઈ બધાંના ઘરે તપાસ કરી, પણ ઘનશ્યામનો પત્તો જ નહિ.

એવામાં સાંજ થવા આવી. તેમણે ખેતરે માણસ મોકલી રામપ્રતાપભાઈને ઘેર બોલાવી બધી વાત કરી. રામપ્રતાપભાઈ પણ દિલગીર થઈ ગયાં. તેમને પણ ચિંતા થવા લાગી. અયોધ્યામાં જે જે મંદિરમાં ઘનશ્યામ દર્શને જતા હતા. તે બધાં જ મંદિરમાં તપાસ કરી આવ્યા. પણ ઘનશ્યામ મળે જ નહિ. સરયુને કાંઠે તપાસ કરી. જાંબુના વનમાં તપાસ કરી. છપૈયાને પાદર તપાસ કરી. વેણી, માધવ અને પ્રાગના ખેતરોમાં તપાસ કરી. ઘનશ્યામ જ્યાં જ્યાં રમતા એ બધે સ્થળે તપાસ કરી પણ ઘનશ્યામ ક્યાંય મળ્યા નહિ. પ્રભુ ગયા તે ગયા. બધાં કુટુંબીજનો તથા ગ્રામજનો, બાળસખાઓ, તથા સારીએ આધ્યાપુરીને આમ ધૂસકે ધ્રુસકે રડાવીને વિલાપ કરતા કરી મૂક્યાં. આજનો દિવસ અયોધ્યાપુરીના તમામને માટે ગોઝારો સાબિત થયો. માણસ મરી જાય તો તેને બાર દિવસ, વરસ કે બે વરસ યાદ આવે ને ભૂલાઈ જાય, પરંતુ આતો ખોવાઈ ગયા છે તેની ખોટ ક્યાં પુરાય ?

"રામ પ્રતાપ રૂવે ઘણું રે ભાભી રૂવે ઘર માંહી રે ।
ઈચ્છારામ રૂવે ઘણું રે કહી કહી ભાઈ રે ॥" *(ઘનશ્યામ ચરિત્ર-૪૭)*

**વનની વાટે વહાલો ચાલીયો રે આણી અંતરમાં ઉમંગ રે....**

પરમકૃપાળુ, સર્વાવતારી શ્રીહરિ પોતાના ભાઈ-ભોજાઈ વગેરે કુટુંબીઓનો ત્યાગ કરીને કેવળ એકાકી ચાલી નીકળ્યા. આ શ્રીહરિના ત્યાગ પાછળ અનેક હેતુ સમાયેલા છે.

શ્રીહરિ, નિલકંઠ સ્વરૂપે વનની વાટે પધાર્યા છે, આ વનવિચરણ દ્વારા અનેક મુમુક્ષુઓને, અનેક ઋષિમુનિઓના તપની પૂર્ણાહૂતિ કરાવા તથા તીર્થો, જંગલો, પર્વતો, નદીઓ, ગામો, શહેરો તથા ભક્તોના ઘરને પાવન કરવા, તીર્થભૂમિનો દરજ્જો આપવા માટે જ વિચરશે. કોઈ જગ્યાએ એક દિવસ કે એક રાત્રિ, બે દિવસ, દશ દિવસ, એક માસ, ચાતુર્માસ, એક વરસ વગેરે રોકાઈને અનેકના સંકલ્પો, પૂર્ણ કરીને મોક્ષના આશીર્વાદ તથા સત્સંગમાં અવતાર લેવાનાવર, તો કોઈને પુત્રના આશીર્વાદ , તો કોઈને રોગ મુક્ત કરીને દુઃખ મુક્ત કરવા માટે કેવળ કૃપા કરીને પ્રભુ ગામે ગામ કોઈ ન જઈ શકે તેવા સ્થાનો કે અરણ્ય વનમાં જઈને મુમુક્ષુઓના કલ્યાણ કરવા માટે જ જેમનું વિચરણ છે એવા પ્રભુ શ્રી નીલકંઠવર્ણી આજે ઘોર જંગલમાં બાર દિવસે એક ઝાડ નીચે વિસામો લેવા બેઠા છે, તે સમયની સેવાનો અવકાશ જોઈને અક્ષરધામના પાર્ષદો ત્યાં આવી પહોંચ્યા છે અને શ્રીહરિને એકલા માની ઉપયોગી સેવા કરવી શરૂ કરી.

તે સમય દરમ્યાન નજીકનાં ગામોમાં લોકોને જાણ થઈ કોઈ મહાતપસ્વી બટુક વર્ણીનાં દર્શન કરવા ત્યાં આવ્યા. તેઓ સારાં સારાં ફળો ભેટ ધરી નમસ્કાર કરી. શ્રી નીલકંઠવર્ણીની આગળ હાથ જોડીને બેઠા. શ્રી વર્ણીએ તેમને યોગ્ય સદુપદેશ આપ્યો. પછી તે માણસોએ આપેલાં ફળો સુધારી શાલીગ્રામને નૈવેદ્ય ધરી થોડાં પોતે જગ્યા અને બાકીનો પ્રસાદ પાર્ષદોને તથા તે માણસોને આપ્યો. તે માણસોના ગયા બાદ, શ્રી નીલકંઠ વર્ણી ત્યાં સૂતા અને પાર્ષદો સેવા કરવા લાગ્યા. અને બીજે દિવસે ત્યાંથી ચાલી નીકળ્યા. *(શ્રીહરિવન વિચરણ વિશ્રામ-૨)*

## શ્રીનીલકંઠ વર્ણી બંસીપુરમાં એક વર્ષ રોકાયા

પ્રભુ ત્યાંથી ચાલ્યા તે આગળ જતા બંસીપુરના રાજા મળ્યા તેના ઉપર કૃપા દૃષ્ટિ કરી તેથી તેને શરીરનું ભાન ન રહ્યું ને તેને શ્રીહરિ રામચંદ્રજી રૂપે દેખાયા. તે જ્યારે ભાનમાં આવ્યો ત્યારે તેણે શ્રીહરિને પૂરમાં પધારવા વિનંતી કરી. શ્રીહરિએ તેની વિનંતીને ધ્યાનમાં લઈ શહેરમાં પધારવા હા કહી તેથી રાજાએ તેમના સારા ઘોડા ઉપર બેસારીને ખૂબ ધામધૂમ પૂર્વક સામૈયું કરીને પોતાના મહેલમાં પધરાવ્યા. રાજાએ વર્ણીની ખૂબ ભાવપૂર્વક પૂજા કરી. રાજાની માયા નામની રાણી શ્રીજીનું રૂપ જોઈ મનમાં આનંદ પામી. પછી રાણીએ ભક્ષ્ય, ભોજન, લેહ્ય, ચોષ્ય એમ ચાર પ્રકારનાં ઉત્તમ ભોજન બનાવી કનકના થાળમાં પીરસી શ્રીહરિને જમવા બેસાર્યા. વર્ણીએ પ્રથમ શાલગ્રામને થાળ જમાડ્યા પછી પોતે જમવા લાગ્યા.

રાજા રાણીના કેવા ભાગ્ય કે જેના ઘેરે અક્ષરાધિપતિ જમે છે. હાથમુખ ધોઈ એલાઈચીનો મુખવાસ લીધો. પછી સુંદર આસન ઉપર બિરાજ્યા. એમ બંસીપુરમાં અનેક ચરિત્રો કરી દરેકને આનંદ પમાડતા હતા.

રાજાને ઈલા અને સુશીલા નામની બે પુત્રીઓ હતી. રાજા, રાણી અને બંને પુત્રીઓ વર્ણીને નિર્લેપ જાણી દૂર રહી સ્નેહ ભાવથી સેવા કરતાં શ્રીહરિ ત્યાં રહે છે. તે દરમ્યાન શ્રીહરિના વયની રાજાની બે પુત્રીઓ સાથે રમત રમે છે. શ્રીહરિ પણ છપૈયા અયોધ્યામાં રહેતા તેમજ પોતાનું ઘર માનીને રહેતા. શ્રીહરિને રોકવાની ઈચ્છા રાજા-રાણીની ખૂબ હતી. પરંતુ શ્રીહરિને તો લોક કલ્યાણનો પોતાનો હેતુ પાર પાડવાનો હતો તેથી રોકવાની ના પાડી.

ત્યારે તે માયા રાણીએ વિચાર કર્યો કે આમને મોહના બંધનમાં નાખીએ તો તેઓ કાયમ અહીં રોકાશે, એમ પોતાનો ગુઢ સંકલ્પ શ્રીહરિને કહ્યું કે, હે પ્રભુ ! આ મારા આ બે કન્યાઓનાં પાણી ગ્રહણ કરો અને પછી અમારી આ રાજગાદી ગ્રહણ કરો. શ્રીહરિ તે ના પાડી. ત્યારે માયા રાણીએ કહ્યું કે હે બ્રહ્મચારીજી ! આ કળીકાળમાં કોઈ બ્રહ્મચર્ય પાળી શક્યું નથી.

ત્યારે શ્રીહરિ કહે અમે અમારા જેવા નિષ્કામી અનંત ને કરશું. એમ કહી ને તે જ રાત્રિએ શ્રીહરિ રાજમહેલમાંથી સૌને સુતા મૂકીને ચાલી નીકળ્યા આ બંસીપુરમાં શ્રીહરિ એક વર્ષ રોકાયા હતા.

"આ ચરિત્રથી શ્રીહરિ આપણને સંસારમાં નિર્લેપ રહેતા શીખવે છે." *(શ્રીહરિ વન વિચરણ વિશ્રામ-૩)*

## વર્ણીએ વાઘને સમાધિ કરાવી

શ્રીહરિ વનમાં ફરતાં ફરતાં ચાલ્યા જાય છે. ત્યાં રસ્તામાં શ્રીપુર શહેર આવ્યું. ને તે વખતે દિવસ પણ અસ્ત થયો. પછી ગામની નજીકમાં ને નદીને લગતો એક મઠ હતો. તેની આગળ સારો ઓટો જોઈને તે ઉપર મૃગચર્મ પાથરીને પોતે બેઠા.

તેવામાં મઠનો મહંત ત્યાં આવ્યો ને કહ્યું "હે બ્રહ્મચારી ! તમે મઠમાં આવો અથવા ગામમાં જાતા રહો" ત્યારે મહારાજ કહે "અમારે જમવું નથી ને મઠમાં કે ગામમાં જાવું નથી" ત્યારે મહંત કહે "અહીં રાતે પાણી પીવા વાઘ આવે છે તેણે ઘણાંક માણસોને માર્યા છે માટે અમે તમને કહીએ છીએ તે માની જાઓ" ત્યારે મહારાજ કહે "અમે તો અહીંયા જ - રાત્રિ પડ્યા રહેશું. ને જેમ ભવિષ્યમાં નિર્માણ કરેલ હશે તેમ થાશે. સંતાવાથી કાંઈ મૃત્યુ મૂકી દે તેમ નથી.

મહંતે જાણ્યું જે "જોગીહઠ તેથી માનશે નહિ" એમ કહીને તેઓ મઠમાં જઈને સૂતા. તે પછી અડધી રાત્રિ ગઈ ત્યાં મોટો વાઘ આવ્યો ને ત્રાડ દીધી. તેથી મઠમાં સૂતેલા સહુ જાગી ગયા. ત્યારે મહંતે જાણ્યું જે "પેલો બાળ બ્રહ્મચારી મરાઈ જાશે. એમ જાણીને મેડીની બારી ઉઘાડીને જોયું. તે વખતે મહારાજે વાઘને સમાધિ કરાવી દીધી હતી. તેથી તે શાંત થઈને મહારાજની સમીપે બેઠો હતો. તે જોઈને મહંત વગેરે સહુ આશ્ચર્ય પામીને બારી વાસીને સૂઈ ગયા."

પછી પ્રભાત થયું ત્યાં તો ગામના લોક આવ્યા. ને બોલવા લાગ્યાં જે "આ નાના બ્રહ્મચારીએ વાઘને વશ કર્યો છે કે શું ? આવા પુરુષોને જુલમી માણસો વશ કરતાં શું વાર લાગે ? ત્યારે કોઈ કહે "અરે જો આવા જોગી પશ્ચિમ દેશમાં જાય તો ત્યાં કાઠીઓ બહુ ક્રૂર સ્વભાવવાળા છે. ને હત્યા કરવામાં જરા પણ દયા રાખતા નથી ને બ્રાહ્મણોની ગાયોને દોડાવી દોડાવીને લઈ જાય છે. ત્યાં જઈને એવાને વશ કરે તો સારું તે સાંભળીને મહારાજે મનમાં સંકલ્પ કર્યો કે "પ્રથમ આપણે કાઠીઓને વશ કરવા" પછી ત્યાંથી મહારાજ ઉઠીને ચાલતા થયા. ત્યારે તે વાઘ પણ વાંસે ચાલ્યો. જેમ ગોવાળની પાછળ ગાય ચાલી જાય તેમ

ચાલતો થયો. તે જોઈને માણસો આશ્ચર્ય પામી ગયાં ને બોલ્યાં જે "આ તો કોઈક ઈશ્વરનો અવતાર છે. તે વિના આવું સામર્થ્ય હોય નહિ, પછી તે માણસો સહુ જોતાં હતાં. તેવામાં મહારાજે ચપટી વગાડીને તે વાઘને રજા આપી કે તુરત જ કૂદકા મારતો વનમાં ચાલ્યો ગયો.

"મહારાજે જેમ વાઘને સમાધિ કરી તેમ કાઠી, કોળી વગેરેને પણ ગાય જેવા બનાવ્યા હતા." *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૫૧)*

## વર્ણીએ ગોરખપુરમાં સંજય બારોટને વર આપ્યો

પરમકૃપાળુ, શ્રીનીલકંઠ વર્ણી એમ ચાલતાં કેટલાક દિવસે ગોરખપુર પહોંચ્યાને ત્યાં સંજય નામના બારોટના ખેતરમાં ઉતારો કર્યો. ને કૂવે સ્નાન કર્યું ને ત્યાં મૃગચર્મનું આસન કરીને બિરાજ્યા.

સંજય બારોટે પ્રભુને સ્નાન કરતા જોયા ને મનમાં તર્કવિતર્ક થાવા માંડ્યું કે નિશ્ચે આ ભગવાન હોઈ શકે ! પછી પાસે આવીને હાથ જોડીને પ્રભુને પૂછે છે. આમ ક્યાંથી આવ્યા શું તમારું નામ છે ? ત્યારે શ્રીહરિ કહે અમે સરવરિયા વિપ્ર છીએ નીલકંઠ અમારું નામ છે. ને રમતા રામ છીએ. ત્યાં આંબલીના ઝાડ નીચે પ્રભુ બેઠા છે.

સંજય ઘેર જઈ પોતાની સ્ત્રીને ઉપરોક્ત વાત કરી કે, એક વિપ્ર વર્ણવેષે આપણા ખેતરમાં આવ્યા છે. તે જાણીને બંને પ્રભુ પાસે આવ્યા. ને પ્રભુને પ્રાર્થના કરી છે, ભગવાન, તમે અમારું ખેતર પાવન કર્યું. આજ નો દિવસ ધન્ય છે. પ્રભુ ! અમારે ઘેર પધારીને ભોજન ગ્રહણ કરો. શ્રી વર્ણી કહે અમે કોઈને ઘેર જાતા નથી. તે સાંભળીને તેમણે લોટ લાવી દીધો તેથી પ્રભુએ બાટી બનાવીને બાલમુકુંદને નૈવેદ્ય ધરીને જમ્યા.

પછી સંજય અને તેની પત્ની વિચાર કરે છે કે આપણે આપણી પુત્રીને પ્રભુ સાથે પરણાવીને પ્રભુને અહીંરાખશું. પ્રભુએ તેમનો મનોરથ જાણીને બોલ્યા કે સંજય તમારો અમે વિચાર જાણી લીધો. પણ વિષ્ણુ આ બાલમુકુંદ જેમ કહે તેમ કરીએ. ત્યારે સંજય કહે એ વિષ્ણુ તે શું બોલશે? પ્રભુ કહે તે બોલશે. જો અમારી સેવા સાચી હશે તો ! અને ન બોલે તો તરત જ ત્યાગ કરી દઉં.

પછી સંજયે વિષ્ણુ જે બાલમુકુંદને પૂછયું જે મનમાં હતો તે વિચાર કહ્યો ત્યારે વિષ્ણુ બોલ્યા જે સંજય તારે જમાડવાનો વિચાર હતો તે પૂર્ણ થયો ને બીજો વિચાર તેતો તમે કહેશો જ નહિ, કારણ કે આ પોતે પુરુષોત્તમ નારાયણ છે. પ્રભુએ તેની સેવા સ્વીકારીને મનમાં તેના વરા પ્રમાણે વિચારીને કહ્યું કે તમે ચિંતા ન કરશો, ભગવાન તમારું ધ્યાન રાખશે.

તે વખતે વરસાદ ઓછો પડેલો હતો ને બહુ ખેચ્યું હતું. તેથી ઘણા લોકો હેરાન થયા હતા. પણ સંજયને ભગવાનના વચનમાં વિશ્વાસ હતો તેથી મનમાં ચિંતા હતી નહિ.

મહારાજે તેના ખેતરમાં અવાર-નવાર વરસાદ કર્યો તેથી તેને ખૂબ જાર પાકી, ને તેને નિર્વાહમાં કોઈ તકલીફ ન પડી.

"પ્રભુ જેનું ગ્રહણ કરે છે તેને સહસ્ત્ર ઘણું આપે છે." *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર પૂર્વાર્ધ, તરંગ-૫)*

## દુઃખ નાશક પ્રભુના પદરજથી દુખ ગયું ને સુખ થયું

શ્રી નલકંઠવર્ણી બંસીપુરથી વનમાં આગળ ચાલ્યા. રસ્તામાં સૂર્યાસ્ત થાય ત્યાં રાત્રિ રહે. એમ વનમાં ચાલતાં ચાલતાં પાંચ દિવસ વિતી ગયા ત્યારે ચંદનપુર નામનું એક ગામ આવ્યું. ત્યાંના સરોવરમાં સ્નાન કરી, પોતાનું નિત્યકર્મ કરવા શ્રી નીલકંઠવર્ણી બેઠા. ત્યાં એક બ્રાહ્મણની સ્ત્રી જળ ભરવા આવી, તેણે શ્રીહરિનું રૂપ જોયું તેટલામાં તેની વૃત્તિ ચોંટી ગઈ. પછી તેણે શ્રીહરિને પ્રાર્થના કરી કહ્યું જે, આપ મારે ઘેર જમવા પધારો. તેટલામાં ત્યાં બીજી સ્ત્રીઓ પણ પાણી ભરવા આવી. તે દરેક શ્રીહરિનું અલૌકિક રૂપ જોઈ આશ્ચર્ય પામી અને શ્રી નીલકંઠવર્ણીને પોતપોતાને ઘેર જમવા પધારવા વિનંતી કરવા લાગી. પરંતુ શ્રીહરિએતો જે બ્રાહ્મણની સ્ત્રીએ પ્રથમ આમંત્રણ આપ્યું હતું તેનો સ્વીકાર કરી તેની સાથે તેને ઘરે જમવા પધાર્યા. તે સ્ત્રીએ શ્રીહરિને પલંગ પાથરી તેના ઉપર બેસાર્યા. અને સાથે પોતાના પુત્રને બેસારી તે રસોઈ બનાવવા લાગી. પરંતુ તે બાઈના મનમાં એકદુઃખ હતું. તેનો પતિ ઘણા સમયથી પરદેશ ગયો હતો પણ તેના કાંઈ સમાચાર નહતા તેથી તે ઉદાસીન હતી. છતાં જ્યારે સર્વ દુઃખ નાશક પ્રભુ પોતે સ્વયં તેના ઘરે પધાર્યા ત્યારે તેને દુઃખ રહે જ નહીં. તેને તુરત જ શુભ સમાચાર મળ્યા કે તેનો પતિ ઘેર આવે છે. તે સમાચાર જાણી તે બાઈને ખૂબ આનંદ થયો. થોડાક સમયમાં તે ઘેર આવ્યો. એટલે સ્ત્રી ખૂબ આનંદ પામી શ્રીહરિ પાસે આવી પ્રાર્થના પૂર્વક કહેવા લાગી કે હે પ્રભુ ! આપ મારે ઘેર જમવા પધાર્યા અને તુરત જ મારા પતિ અચાનક ઘરે પાછા આવ્યા; આ આપનો જ પ્રતાપ છે. જમાડ્યા અને પછી પોતાના પતિને તથા પુત્રને જમાડી પોતે જમીને ત્રણેય જણા શ્રીહરિ પાસે આવીને નમસ્કાર કરી બેઠા.

## શ્રીનીલકંઠવર્ણીએ કહ્યું અમે તમારા અન્નનો બદલો વાળીશું

શ્રીહરિએ તેમને ઉપદેશની વાતો કરવા માંડી, તે વખતે ઘરમાં બધાને ખૂબ આનંદ આનંદ થઈ રહ્યો હતો તે જ વખતે રાજના દૂતોએ આવીને કઠોર સમાચાર કહ્યા કે આજે રાક્ષસને ત્યાં જવાનો તમારો વારો છે, માટે એક જણ તૈયાર થજો. આ કઠોર સમાચાર સાંભળી, પ્રથમ જે આનંદ હતો તે ઉદ્‌વેગના રૂપમાં ફેરવાઈ ગયો. અને તે બાઈ રૂદન કરવા લાગી. પછી ત્રણે જણા પરસ્પર વાતો કરવા લાગ્યા.

પેલો બ્રાહ્મણ કહે, તમો, મા-દીકરો સુખીથી રહો અને ત્યાં હું જઈશ, ત્યારે સ્ત્રી કહે તમે ત્યાં જાઓ તો પછી મારે જીવવું નકામું છે. માટે તમો રહો અને હું જાઉં.

એમ વિવાદ ચાલતો સાંભળી તથા ત્રણેય જણાને ખૂબ દુઃખી જોઈ, શ્રીહરિએ કહ્યું કે હમણાં બધાં આનંદમાં હતાં, અને હવે એકદમ બધાં શોકાતુર કેમ થઈ ગયાં છો ? ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે, આ શહેરની બહાર નજીકમાં એક ભયંકર રાક્ષસ રહે છે. તે હંમેશા શહેરનાં માણસોને તેની ઈચ્છા પ્રમાણે મારી ખાતો તેથી માણસોનું ખૂબ નુકસાન થતું અને પ્રજામાં હાહાકાર થઈ ગયો હતો. તેથી રાજાએ તેની સાથે મળી. સમાધાન કરી એમ નક્કી કર્યું કે, તે રાક્ષસના ખોરાક માટે શહેરમાંથી રોજ એક માણસ ઘરના વારા પ્રમાણે મોકલવો, આમ વારા પ્રમાણે આજે મારા ઘરે વારો આવ્યો છે, તેથી અમારા ત્રણમાંથી એક જણાને રાક્ષસના ખોરાક માટે મરવા જવાનું આવ્યું છે, આ કારણથી અમારે શોક અને રૂદન કરવાનો સમય આવ્યો છે.

તે વાત સાંભળી દયાળુ શ્રીહરિએ રાક્ષસને મારી, પ્રજાને સુખી કરવાનો અને પૃથ્વીનો ભાર ઉતારવાનો વિચાર કરી, તે બ્રાહ્મણને કહ્યું કે, તમો શોક કરશો નહીં. આજે અમો તમારું અન્ન જમ્યા છીએ, માટે અમો તેનો બદલો જરૂર વાળીશું, પરંતુ કૃતઘ્ની નહીં થઈએ. માટે તમારા બદલે રાક્ષસ પાસે અમો જઈશું, તમો જરા પણ શોક કરશો નહિ,

ત્યારે બ્રાહ્મણ કહે, તમો પરદેશથી આવો છો અને અમારા અતિથિ છો, એટલે તમને મરાવે અમોને મહાન પાપ લાગે અને લોકમાં પણ અપકીર્તિ થાયઃ માટે ત્યાં મોકલાય નહીં.

ત્યારે નીલકંઠવર્ણી બોલ્યા કે, અમોને મારનાર કોઈ છે જ નહીં, અમો તો કાળના કાળ છીએ, જગતની ઉત્પત્તિ સ્થિતિ અને નાશના કરનારા અમો જ છીએ.

માટે તમો જરા પણ અમારી ચિંતા કરશો નહીં, અમોને મશાલ સળગાવી આપો અને તે રાક્ષસનું સ્થાનક બતાવવા ચાલો.

શ્રીહરિનું વચન સાંભળી બ્રાહ્મણે મશાલ સળગાવી આપી. એટલે તે લઈ શ્રીહરિને તે રાક્ષસનું સ્થાનક બતાવવા બ્રાહ્મણ આગળ ચાલ્યો, તેની પાછળ શ્રીહરિ ચાલ્યા. બ્રાહ્મણ પત્ની પણ સાથે ચાલી. બધા દરવાજે આવ્યા. રાજાના દુતોએ દરવાજો ઉઘાડ્યો અને છેટેથી રાક્ષસનું સ્થાનક બતાવ્યું, એટલે પ્રભુ દરવાજા બહાર નીકળ્યા. પછી દરવાજો બંધ કર્યો.

શ્રીહરિ આગળ જઈ રાક્ષસના સ્થાનકમાં અગ્નિ સળગતો રાખી શાંતિથી રાક્ષસની રાહ જોતા બેઠા. રાજાનાં માણસો દરવાજાનાં છિદ્રોમાંથી જોતા હતા. રાત્રિનાં ચાર પ્રહર વિત્યા ત્યાં ભયંકર રાક્ષસ આવ્યો અને શબ્દ કરવા લાગ્યો. તે સાંભળી બ્રાહ્મણ તથા તેની સ્ત્રી બીક

લાગવાથી ઘરે ચાલ્યાં ગયા. રાક્ષસે આવી એકદમ શ્રીહરિને પકડવા હાથ લંબાવ્યો કે તરત જ શ્રીહરિએ ધોલ મારી. આથી ક્રોધાયમાન થયેલો રાક્ષસ શ્રીહરિને ધોલ મારવા આવ્યો કે તરત જ શ્રીહરિએ ઝડપથી તેનો હાથ પકડી લીધો અને ખૂબ જોરથી આકાશમાં તેને ફેરવ્યો. પછી પૃથ્વી ઉપર પછાડ્યો એટલે જેમ મોટો પહાડ પડે તેમ પૃથ્વી ઉપર પડ્યો અને મરણ પામ્યો. આમ પૃથ્વીના ભાર રૂપ હતો. તેને પ્રભુએ બદ્રિકાશ્રમમાં મોકલ્યો.

"પ્રભુ જેનું અન્ન જમ્યા તેનું રખવાળુ કર્યું" *(હરિવન વિચરણ વિશ્રામ-૪)*

## હરિદ્વારમાં હરિ હરનું મિલન

શ્રીહરિ વિચરણ કરતાં કરતાં હરિદ્વાર નામના તીર્થક્ષેત્રમાં આવ્યા. ત્યાં હરિદ્વારથી ઉત્તર તરફ ગંગાજી વહે છે તેની આગળ એક મોટો પર્વત દેખાય છે. ગંગાજીનો ઘાટ બાંધેલો છે. ત્યાં શિવજીનું મોટું મંદિર છે. શ્રીહરિએ ત્યાં જઈ ગંગાજીમાં સ્નાન કર્યું, પછી કિનારા ઉપર એક વૃક્ષની નીચે બેઠા. તે વખતે ત્યાં કૂંભમેળો ભરાયો હતો. તે બધું શ્રીહરિ જોતા હતા. તે સમે ત્યાં શિવજી બ્રાહ્મણનું રૂપ ધારી શ્રીહરિ પાસે આવી નમસ્કાર કરી. પ્રભુનો હાથ પકડી પોતાની જગ્યામાં લઈ ગયા ત્યાં સુંદર ઉતારો આપ્યો. પછી તેમણે શ્રીહરિનું નામ પૂછ્યું, ત્યારે શ્રીહરિએ કહ્યું જે, મારું નામ નીલકંઠ છે. તીર્થ કરવા નીકળ્યો છું અને હાલમાં તો અહીંથી શ્રીનરનારાયણ દેવનાં દર્શન કરવા જાઉં છું.

ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે, તમો તો સાક્ષાત ભગવાન છો, અને મને દર્શન દેવા માટે જ અહીં પધાર્યા છો, હું બ્રહ્મપુત્ર છું અને મારા હાથે રસોઈ બનાવીને આપને જમાડવાની મારી ઈચ્છા છે.

તે વિપ્રનો અત્યાગ્રહ જોઈ શ્રીહરિએ જમવાની હા પાડી એટલે તેમણે રસોઈ બનાવવા માંડી. એટલામાં સતી પાર્વતીજી ત્યાં આવ્યાં. અને પૂછવા લાગ્યાં કે, તમોએ કોઈ દિવસ રસોઈ કરી નથી ને આજે શાથી કરવા લાગ્યા છો. ? ત્યારે વિપ્ર બોલ્યા કે, આ વર્ણી મહાનૈષ્ઠિક છે. તેમને જમાડવા સારું રસોઈ બનાવું છું.

ત્યારે પાર્વતી કહે અનેક યુગ ગયા. તેમાં ઘણા નૈષ્ઠિકો આવ્યા. તે બધાય તમારી સેવા કરતા અને કરે છે. ત્રિભુવનમાં તમારાથી કોઈ પર નથી એમ હું માનું છું છતાં તમો આ વર્ણીની સેવા કરો છો, તેનો ભેદ મને સમજાવો. ત્યારે વિપ્ર બોલ્યા કે ધ્યાનથી જુવો તો જણાશે. સતીએ ધ્યાનમાં જોયું તો, પરાત્પર પરમાત્મા રૂપે વર્ણીને જોઈને શિવજીથી અધિક જાણીને શ્રીહરિના પગમાં પડ્યા. ને રસોઈ બનાવવાની યાચના કરી તેથી શ્રીહરિએ હા પાડી. પછી રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ બન્નેની રસોઈ જમ્યા. ને પ્રસાદી તેમને પાછી આપી.

"આમ હરિદ્વાર તીર્થમાં હરિહરનું અદ્ભૂત મિલન થયું." *(શ્રીહરિ વનવિચરણ વિશ્રામ-૪)*

## પ્રભુએ પુલહાશ્રમમાં પધારીને તીર્થનો મહિમા વધાર્યો

શ્રીનીલકંઠ વર્ણી ત્યાંથી આગળ મહાવિકટ વનમાં ચાલતાં ચાલતાં થોડા દિવસે પુલહાશ્રમ નામના તીર્થક્ષેત્રમાં આવ્યા. અહીં સપ્તર્ષિઓમાંના એક પુલહનામના ઋષિનો આશ્રમ હતો તેથી આ સ્થાનનું નામ પુલહાશ્રમ કહેવાય છે. તે આશ્રમ બહુ ચમત્કારી છે. ત્યાં કરેલા તપનું ફળ જલ્દી મળે છે. ઋષદેવના પુત્ર ભરતજીએ ત્યાં તપ કરેલું છે. અને વિષ્ણુભગવાને પણ અહીં તપ કરેલું છે. તેથી મુમુક્ષુઓને સેવવા યોગ્ય છે. ગંડકી નદી ત્યાં રહે છે, તેમાં શ્રીહરિએ સ્નાન કર્યું, પૂજાપાઠ કરી મુક્તનાથનાં દર્શન કર્યા.

ભરતજીએ જ્યાં તપ કરેલું તે જગ્યાએ જઈને શ્રીહરિએ તેવું જ તપ પુરંજનની તથા ભરતજીની કથાના અનુસંધાનથી બુદ્ધિના સંગનો પણ ત્યાગ કરીને કરવા માંડ્યું. પોતાના આત્માને શુદ્ધ સ્વરૂપ માનીને બે હાથ ઊંચા રાખીને ગાયત્રીનો જપ કરતાં, સૂર્યનારાયણને વિષે ભગવાનનું ધ્યાન કરવા લાગ્યાં. અને દરરોજ ગંડકી નદીમાં સ્નાન મુક્તનાથ નામના વિષ્ણુ ભગવાનનાં દર્શન કરીને તપશ્ચર્યા કરતાં.

શ્રીહરિ પોતે સાક્ષાત્ સર્વાવતારી છે, પૂર્ણકામ છે, છતાં પોતે મનુષ્ય નાટ્યધરી રહ્યા હોવાથી પોતાના ભક્તોને ગાવાસાંભળવા તથા દરેક મનુષ્યોને તપ, સદાચાર, ભક્તિ વગેરે શીખવવા માટે આવી રીતનાં મનુષ્ય ચરિત્ર કરે છે. શ્રીહરિ પુલહાશ્રમમાં એક પગે ઉભા રહીને હાથ ઉંચા રાખી વાયુ ભક્ષણ કરી ઉગ્ર તપશ્ચર્યા કરે છે. જ્યારે જ્યારે ફળ ફૂલ મળે ત્યારે તે જમે છે. તેમનું તપ જોઈને ત્યાંના બીજા તપસ્વીઓ પરસ્પર આશ્ચર્ય પામતા થકાં વિચાર કરે છે કે આ તે શું પ્રહલાદ કે ધ્રુવજી આવ્યા હશે ? કે શુક સૂનકાદિક કે નારદ હશે ? કે સાક્ષાત્ નારાયણ ઋષિ આ વેષે અત્રે તપ કરવા માટે આવ્યા હશે ? તેમના વિના બ્રહ્માની સૃષ્ટિમાં આવું તપ કોઈ મનુષ્ય કરી ન શકે. આમ શ્રીહરિએ પુલહાશ્રમમાં ચાર માસ તપ કરીને પુલહાશ્રમને મહિમાવંતુ કર્યું છે.

"પ્રભુના પદ રજથી તિર્થો પણ મહાન તીર્થ બને છે." *(શ્રીહરિ વનવિચરણ વિશ્રામ-૬)*

## શ્રી નીલકંઠવર્ણીએ એક વર્ષ પર્યંત આકરી તપશ્ચર્યા કરી

પછી ત્યાંથી શ્રીનીલકંઠ વર્ણી ચાલ્યા તે વનમાં ફરતાં ફરતાં રસ્તામાં એક મોટો વડ આવ્યો. તે વડ હેઠ ગોપાળજોગી બેઠા હતા. તે ઊઠીને તુરત મહારાજની સામા આવ્યા. તે

જેમ કોઈ વહાલું સગું આવે ને મળવા ઊઠે તેમ ગોપાળ જોગી મહારાજની સામાં જઈને મળ્યા ને પછી પાસે બેસીને સારાં ફળ સુધારી મહારાજને જમાડ્યાં. પછી પ્રસાદી વધીને પોતે જમી ગયા. તે પછી જોગી બોલ્યા જે "હે, બાલ બ્રહ્મચારી ! તમે આંહી રહો." તેવાં વચન સાંભળીને મહારાજ ત્યાં રોકાણા ને ગોપાળ જોગીને કહે "તમે મને ગુરુમંત્ર દીયો ને બ્રહ્મચારીની દીક્ષા આપી નામ ધરાવો." ત્યારે ગોપાળ જોગીએ મહારાજને બ્રહ્મચારીની દીક્ષા આપીને નીલકંઠ બ્રહ્મચારી નામ પાડ્યું ને પોતાની પાસે ગીતા પંચરત્નનો ગુટકો હતો તે મહારાજને આપ્યો. પછી ગોપાળ જોગી હાથ જોડીને બોલ્યા જે "હે, મહારાજ ! તમે તો પુરુષોત્તમ નારાયણ છો. મેં ઘણા કાળ લગી તપ કર્યું ને ગીતા આદિક ગ્રંથો વાંચ્યા. તેના ફળરૂપે આજે તમે મને મળ્યા."

એમ વાત કરે છે. તેવામાં ગોવાળીયાઓ એ આવીને પ્રાર્થના કરી જે "હે, જોગીરાજ ! અમારી ગાયોને હંમેશા વાઘ મારી નાખે છે. માટે તમે રક્ષા કરો." ત્યારે મહારાજે શંખ વગાડ્યો તેથી હિંસક જનાવર બધા દૂર જાતાં રહ્યાં. પછી તે ગોવાળ લોકો સુખેથી ત્યાં રહ્યાં ને સહુ રાજી થયા.

પછી મહારાજે ત્યાં ગોપાળ જોગી આગળ અષ્ટાંગ યોગની બધી ક્રિયાઓ કરી બતાવી. તે જોઈને ગોપાળ જોગી બહુ રાજી થયા ને એક વરસ સુધી ત્યાં રહી મહારાજે શિયાળાનાં ચાર માસ જળમાં બેસીને અને ઉનાળાના ચાર માસ પંચ ધુણી તાપીને અને ચોમાસાના ચાર માસ વરસાદની ધારા સહન કરીને તપ કર્યું. પછી વરસ પુરું થયું ત્યારે ગોપાળ જોગીએ મહારાજને સ્તુતિ કરીને કહ્યું કે "હવે મને તમારા અક્ષરધામમાં મોકલી દીયો." પછી નીલકંઠ બ્રહ્મચારીએ પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપીને તે જોગીને ધામમાં મોકલી દીધાં. પછી તેમની દેહ ક્રિયા કરીને ત્યાંથી મહારાજ ચાલી નીકળ્યા.

"શ્રીહરિએ તપને પોતાના આચરણ દ્વારા આપસૌને બતાવ્યું છે." *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૫૯)*

## શ્રી નીલકંઠવણીએ રાજાને રોગ મુક્ત કર્યો

પછી ત્યાંથી ચાલ્યા એવા જે નીલકંઠ બ્રહ્મચારી તે વનમાં ફરતાં ફરતાં આવતા હતા. તેવા સમયમાં ખાખીની જમાત મળી. ત્યારે સહુ ભેળા ચાલ્યા આવતા હતા. ત્યાં વાત સાંભળી જે "આ શહેર આવે છે તેના રાજાને રોગ છે , તે રોગ મટાડવા ઘણા ઉપાય કર્યા પણ હજુ રોગ મટ્યો નથી. તેને કોઈ ભેખધારી આવે તેની સેવા સારી રીતે કરે છે. શાથી જે ભેખમાં ભગવાન છે એમ માને છે ને તેથી રોગ મટે. પણ રોગ મટતો નથી. તેથી ઘણાંક બાવાને

તેણે કેદ કર્યા છે.'' તે સાંભળીને ખાખીઓ તેના ગુરુને કહેવા માંડ્યા જે ''આપણે ત્યાં જાવું નથી. કારણ કે જાણી જોઈને મોત શા માટે માગી લેવું જોઈએ.'' તે સાંભળીને તે ગુરુએ મહારાજ સામું જોયું. ત્યારે મહારાજ કહે ''ચાલો ફીકર કરશો નહિ, ત્યાગીએ મોતથી બીવું જ નહિ.'' એ પ્રમાણે કેટલાંક ઉપદેશનાં વચનો કહ્યાં. પછી તે ખાખીઓના ગુરુએ તેના શિષ્યોને કહ્યું ''આ નાના બ્રહ્મચારી બહુ સમજે છે માટે તે ઠીક કહે છે'' એમ કહીને સર્વે ચાલ્યા ને શહેરમાં ગયા. ત્યારે રાજાએ જાણ્યું કે ''જમાત આવી છે'' તેથી તેને માટે સાકરનાં સીધાં મોકલ્યાં. પછી તેઓ રસોઈ કરી જમી રહ્યા. ત્યાં રાજાનો છડીદાર તેડવા આવ્યો. ને કહ્યું ''ચાલો રાજા બોલાવે છે.'' ત્યારે મહંત અને મહારાજ ત્યાં ગયા. ત્યારે તે રાજા આદર પૂર્વક પગે લાગ્યો ને બોલ્યો કે ''તમે મોટા છો તેથી મારા પેટમાં રોગ છે તે મટાડો ને ન મટાડો તો તમે ને તમારા ચેલા સહુને કેદ કરીશ. ને મેં ઘણા ભેખધારીને કેદ કર્યા છે. તે સાંભળી મહારાજે તેને કહ્યું ''હે રાજા ! રોગ તો પ્રારબ્ધ પ્રમાણે ઈશ્વરે મોકલેલ હોય, તે તો ભોગવવા જ પડે પણ બીજો કોઈ ભોગવી ન દે કે કોઈ મટાડે પણ નહિ. ને મોટા રાજી થાય તો શૂળીનું દુઃખ કાંટેથી મટાડે. માટે જે પ્રારબ્ધનું ફળ તે તો ભોગવવું જ જોઈએ'' એ પ્રમાણે દૃષ્ટાંતો આપીને ઘણીક વાતો કરી. પછી જળ મંગાવીને તેમાં મહારાજે પોતાની આંગળી બોળીને કહ્યું ''હે, રાજન્ ! આ જળ પીઓ તમારો રોગ મટી જશે. ત્યારે રાજાએ તે જળ પીધું કે તુરત રોગ મટી ગયો ને શાંતિ થઈ ગઈ. ત્યારે તે રાજાએ જાણ્યું કે ''આ નાના બ્રહ્મચારી મહા સમર્થ છે. કારણ કે ઘણા ભેખધારી અને વૈદ્યો પાસે દવા કરાવી તો પણ રોગ મટ્યો નહિ. ને આ બ્રહ્મચારીએ મને નવો અવતાર આપી દીધો.'' એમ જાણી મહારાજ પાસેથી ગુરુમંત્ર લઈને શિષ્ય થયો ને કહ્યું ''હે બ્રહ્મચારી ! તમે જે માગો તે આપું'' ત્યારે મહારાજ કહે ''તમે જે બાવા અને વૈદ્યોને કેદ કર્યા છે તે સર્વેને છોડી મેલો.'' ત્યારે તે બધાયને જમાડીને છોડી મેલ્યા. પછી રાજાએ મહારાજને કહ્યું ''તમે આંહી રોકાઓ'' ત્યારે મહારાજ કહે ''અમારે રોકાવું નથી ને દ્રવ્ય જોતું નથી. અમારે તો તીર્થયાત્રા કરવા જાવું છે.'' એ પ્રમાણે કહીને ત્યાંથી ઊઠ્યા ને ઉતારે આવ્યા.

''શ્રીહરિએ આ ચરિત્રમાં બેકામ પરોપકારના કર્યા એક તો રાજાનો રોગ મટાડ્યોને કેદમાંથી બાવા તથા વૈદ્યોને છોડાવ્યા.'' *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૬૦)*

## શ્રી નીલકંઠવર્ણીએ સિધ્ધોને મુક્તિનો વર આપ્યો

હવે ત્યાંથી નવલખે પર્વત જાવા માટે ચાલતા થયા એવા જે નીલકંઠ બ્રહ્મચારી તેમણે રસ્તામાં એક મોટો વડ આવ્યો. ત્યાં સાધન દશાવાળા સિધ્ધને ભાળ્યા. પછી પર્વત સામું જોયું

ત્યાં તો આખા પર્વતને આંટો દઈને મોઢામાં પૂંછડું લઈ વીંટાઈ રહેલો એક મોટો સર્પ દીઠો. ત્યારે તેને મહારાજે પોતાના ચરણના અંગૂઠા વડે સ્પર્શ કર્યો કે તત્કાળ જેમ કમાન થઈ જાય તેમ સર્પે માર્ગ કરી આપ્યો. તે હેઠે થઈને મહારાજ ચાલ્યા. ને પર્વત ઉપર ચડ્યા ત્યાં એક શિખર બંધ મંદિર આવ્યું. તેની આગળ ઓટો હતો ત્યાં મહારાજ બેઠા. તેવામાં ત્યાં કેટલાક યોગીઓ આવ્યા ને મહારાજને સાષ્ટાંગ પ્રણામ કરી આગળ બેઠા. તે વખતે એક કામ દુધા ગાય ત્યાં આવી. એટલે તે યોગીઓમાંથી એક જણે ઊઠીને ગાયને દોહી. દૂધ ગાળીને મહારાજને પાન કરાવ્યું.

ત્યારે મહારાજે તે યોગીઓને પૂછયું "તમને આટલા બધાને આ પર્વતમાંથી ફળફૂલ વગેરે આહાર માટે પૂરતું મળે છે ને ? ત્યારે તેઓ બોલ્યા જે "હે મહારાજ ! અમારી પાસે એક અક્ષય પાત્ર છે તે બપોરે સંકલ્પ કરીએ તે જોઈએ તેટલું ખાવાનું તેમાંથી મળે છે." તે વખતે મહારાજે તે યોગીઓની ઈચ્છા જાણીને તેમને ચતુર્ભુજ રૂપે દર્શન દીધાં. ત્યારે તેઓ સર્વે રાજી થઈ ગયા ને બોલ્યા જે "હે, મહારાજ ! તમે તો સાક્ષાત્કાર પુરુષોત્તમ નારાયણ છો. માટે અમારું કલ્યાણ કરો." ત્યારે મહારાજે કહ્યું "તમે હમણાં અમારું ધ્યાન કરો ને અમે નવલખે જાશું. ત્યાં નવલાખ જોગી તપ કરે છે તેમનો મોક્ષ કરશું ત્યારે તમારો પણ મોક્ષ થાશે." એમ કહીને ત્યાંથી ચાલતા થયા.

"પ્રભુએ યુગોથી તપશ્ચર્યા કરતાં સિધ્ધોને તેમનાં તપની પૂર્ણાહુતિ કરાવીને મોક્ષના વરદાન દઈ રાજી કર્યા." *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૬૧)*

## શ્રી નીલકંઠવર્ણીએ સર્પનો તથા નવલાખ યોગીઓનો મોક્ષ કર્યો

ત્યાંથી ચાલ્યા ત્યારે રસ્તામાં એક નદી આવી. તેને કાંઠે મલિયાગર ચંદનનાં ઝાડ ઝૂકી રહ્યાં હતાં ને તે વૃક્ષોને ફરતા કેટલાક સર્પ વીંટાયેલા હતા. તેઓ મહારાજને દેખીને તત્કાળ સામા આવ્યાને જીભાયે કરીને મહારાજના ચરણ ચાટવા લાગ્યા. ને પોતાની ફણાઓ ઉભી કરીને વારંવાર નમસ્કાર કરવા માંડ્યા. ત્યારે મહારાજે તે સર્પો ઉપર દયા કરી. તેથી તેમને વાચા થઈ ત્યારે તેઓ બોલ્યા જે "હે, મહારાજ તમે તો પુરુષોત્તમનારાયણ છો. માટે તમે અમારા સહુનો મોક્ષ કરો." ત્યારે મહારાજે કહ્યું "તમે બધા બદ્રિકાશ્રમમાં જઈને તપ કરો" એમ કહીને તેજ વખતે તે બધાં સર્પોને દેહ તજવી બદરિકાશ્રમમાં મોકલી દીધાં.

પછી ત્યાંથી ચાલ્યા તે નવલખે પર્વત પહોંચ્યા. ને ત્યાં નવલાખ રૂપ ધરીને એક સાથે નવલાખ યોગીને મળ્યા. તેથી સર્વે આનંદ પામ્યા. ને સ્તુતિ કરીને મહારાજને કહ્યું "હે ભગવાન ! અમે બધા તમારા સારુ ઘણા વરસથી તપ કરીએ છીએ, તેનું ફળ આજ અમને

મળ્યું. તે તમારાં દર્શન થયાં. તેથી અમે કૃતાર્થ થયા છીએ તે હવે અમારો મોક્ષ કરો.'' ત્યારે મહારાજ ત્યાં ત્રણ દિવસ સુધી રહ્યા. ને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી તે યોગીઓને અક્ષરધામમાં મોકલ્યા. પછી મહારાજ ને નવલાખ સિધ્ધનાં સ્થાનક તથા નવલાખ કુંડ જોઈને ત્યાંથી હેઠા ઊતર્યા.

''યોગીઓ કેટલા ભાગ્યશાળી બન્યા કે, તેમને મહારાજ સામેથી દર્શન દઈને ભેટ્યા અને મોક્ષ કર્યો.'' *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા ૬૨)*

## દયાળુની દયાળુતા

ત્યાંથી ચાલ્યા એવા જે શ્રી નીલકંઠ બ્રહ્મચારી તે મહા ઘોર એક વન આવ્યું ને તેમાં એક મોટો વડ હતો તેની હેઠે કેટલાક યોગી હતા. તેમની પાસે ગયા. ને પૂછ્યું ''તમે બધાં ક્યાં જાઓ છો ?'' ત્યારે તે બોલ્યા જે ''અમે મોક્ષને અર્થે હિમાલયમાં ગળવા સારુ ઉત્તર દિશામાં જાઈએ છીએ.'' પછી તે જોગીઓએ મહારાજને પૂછ્યું ''તમે આ બાળ અવસ્થામાં ને જેમાં હિંસક જાનવરોની બીક લાગે છે. એવા આ વિકટ વનમાં ક્યાં જાઓ છો !'' ત્યારે મહારાજ કહે ''અમે તો સદાય નિર્ભય છીએ ને આત્મરૂપે વર્તીએ છીએ. તો તે જનાવર અમને શું કરનાર છે ? પણ તમે બધા આત્મઘાત ન કરશો. ને જો કરશો તો તમારું કલ્યાણ નહિ થાય. માટે પ્રગટ ભગવાનને ભજો ને તેમની ઓળખાણ કરો.'' ત્યારે તેઓ બોલ્યા ''પ્રગટ ભગવાન અમારે ક્યાં ગોતવા ?'' ત્યારે મહારાજ કહે ''તમને હમણાં પ્રગટ ભગવાન મળશે.'' એમ કહી તેઓને મહારાજે દિવ્ય રૂપે દર્શન દીધાં તેથી સર્વને મહારાજનો નિશ્ચય થયો તે સર્વે મહારાજના આશ્રિત થયા. ને મહારાજનું ભજન કરવા લાગ્યા. પછી મહારાજે તેમને ઘણો ઉપદેશ દીધો. ને પોતાના સ્વરૂપનો પાકો નિશ્ચય કરાવ્યો.

પછી રાત્રિ થઈ ત્યારે મહારાજે તે વડથી છેટું આસન કર્યું ને તે જોગીઓ ખારી બલા (ઝેરી પ્રાણી) આવશે તેની બીકે કરીને વડની ડાળે લુગડાંની જોળીઓ કરીને તેમાં સૂતા. પછી અરધી રાત્રિ ગઈ ત્યારે ખારીબલા તે વડ તળે આવીને બેઠું તે આખી રાત્રિ બેસી રહ્યું. ને સવારે ઊઠતી વખતે લઘુ (પેશાબ) કરીને તેમાં પોતાનું પૂંછડું બોળીને ઊંચે છાંડ્યું તેના છાંટા તે યોગીઓને અડવાથી તે સર્વે મરી ગયાં. ત્યારે મહારાજે તે સર્વેને દિવ્ય ગતિ આપી.

''આ અવસરે પ્રભુએ મુક્તિના દ્વાર ખુલ્લા મૂક્યા છે. જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ આજ ધર્મવંશીને દ્વાર નરનારી.'' *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૬૮)*

## શ્રીનીલકંઠ વર્ણીએ વિપ્રને લાડુ ને ગાડુ બને આપ્યું

પછી ત્યાંથી ચાલ્યા એવા શ્રી નીલકંઠ બ્રહ્મચારી તે ફરતાં ફરતાં માર્ગમાં એક મોટી નદી આવી તેને કાંઠે હાટકેશ્વર નામે શિવ મંદિર હતું. તેમાં ઉતારો કરીને નદીમાં સ્નાન કરવા ગયા. ત્યારે તે મંદિરમાં એક બ્રાહ્મણ કેટલાક વરસથી દ્રવ્યની ઈચ્છાએ તપ કરતો હતો. તેને શંકરે પ્રસન્ન થઈ દર્શન દીધાં. ને કહ્યું કે "આ નાના બ્રહ્મચારી આવ્યા છે તે અક્ષરધામનાં પતિ છે. તે સર્વ અવતારના અવતારી ને સર્વકારણના કારણ છે ને અમારા ઈષ્ટદેવ છે. તેને પ્રણામ કરી સ્તુતિ કરીને આશ્રય કર. તો તારો સંકલ્પ પૂરો કરે ને મોક્ષ પણ કરે એવા છે. "તે પછી મહારાજ નાહીને આવ્યા ત્યારે તે બ્રાહ્મણ વિનંતિ કરીને પગે લાગ્યો ને કહ્યું તમે સાક્ષાત્કાર પરમેશ્વર છો, ને જગતના આધાર છો, ને હું શિવજીના કહેવાથી તમારી પાસે આવ્યો છું માટે તમે મારો સંકલ્પ સત્ય કરો."

ત્યારે મહારાજ કહેઃ "તારે શું માંગવું છે તે કહે." ત્યારે તે વિપ્રે દ્રવ્ય માંગ્યુ ને કહ્યું મહારાજ ! મારે તેની વાસના છે. ત્યારે મહારાજ કહે "તે તો નાશવંત છે. માટે તારા જીવનું સારું થાય તેવું માગ" ત્યારે તે બોલ્યો કે "મોક્ષ કરવો તે પણ તમારા જ હાથમાં છે પણ હાલ તો દ્રવ્ય મળે તેવો વર મને આપો."

પછી મહારાજે રાજી થઈને કહ્યું: "આ શંકરના દેરાથી જમણી કોર પાંચ હાથને છેટે ખોદીશ ત્યારે તારે જોઈએ તેટલું દ્રવ્ય તને મળશે ને તું ઘણાં વરસથી તપ કરે છે. તેથી તારો મોક્ષ પણ થાશે, કારણ કે તપ અમને બહુ વહાલું છે."

"દયાળુ પ્રભુએ લોભી બ્રાહ્મણને ભૂક્તિ અને મૂક્તિ બંને આપી." *(શ્રીહરિ ચરિત્રચિંતામણી ભાગ-૧, વાર્તા-૬૯)*

## પ્રભુએ વૈરાગીઓને બોધ પાઠ શીખવ્યો

ત્યાંથી ચાલ્યા જે નીલકંઠ બ્રહ્મચારી તે ફરતા થકા એક શહેર આવ્યું. તેમાં તીર્થવાસી માટે એક જગ્યામાં રાજાએ પાકા સીધાંનું સદાવ્રત બાંધેલું હતું. પણ તે જગ્યાના વૈરાગીઓ તીર્થવાસીઓને પાકું સીધું આપે નહિ. ને કાચું સીધું દઈ જગ્યામાંથી કાઢી મેલે, તેથી લોકમાં અપકીર્તિ બહુ જ થઈ. પણ રાજા જગ્યાવાળા બાવાની સિધ્ધાઈ જોઈને કાંઈ પણ કહી શકે નહિ.

ત્યાં મહારાજે જઈને ઉતારો કર્યો. જે જમવાનું માગ્યું ત્યારે તે કોરો લોટ દેવા માંડ્યા, ત્યારે મહારાજ કહે "અમે તો તૈયાર રસોઈ જમીએ છીએ." ત્યારે તે બાવે કહ્યું "લોટ લેવો હોય તો લે" ત્યારે મહારાજ કહે "હવે તમે પણ માલપુઆને દૂધપાક કરીને જમજો." એમ

આ મરમનું વચન કહીને ચાલી નીસર્યા ને તે જ ધર્મશાળાની ડેલીમાં ઓટે બેઠા. પછી રસોઈ તૈયાર થઈ ત્યારે જગ્યામાં જે બાવાઓ હતા. તે સર્વેને જમવા બોલાવ્યા. પણ મહારાજને ન બોલાવ્યા. પછી સહુ આવ્યા ને જમવાની પંક્તિ થઈને માલપુઆ ને દૂધપાક ફેરવવા લાગ્યા. ત્યારે તે દૂધપાકમાં સહુને મોટી મોટી ઈયરો દેખાવા લાગી. ને માલપુઆ ઉપર રુધિર દેખાયું. તે જોઈને બાવાઓ ધોકાને ચીપિયા લઈને રસોઈ કરનારા બ્રાહ્મણોને મારવા ગયા. ને કહ્યું "અરે આ અધર્મ શો કર્યો ?" ત્યારે તે બ્રાહ્મણો કહે "અધર્મી તો તમે છો જે રાજાએ પાકાં સીધાં આપવાનું કહ્યું છે તો પણ તમે તીર્થવાસીને કાચાં સીધાં આપો છો. ને આ નાના બાળ બ્રહ્મચારીને પણ તમે જમવાની તાણ કરી નહિ ને નકરો લોટ આપતા હતા ને તૈયાર જમવાનું માગ્યું ત્યારે ડારો દેવા લાગ્યા. તેનું પાપ તમને લાગ્યું છે.'

પછી બાવાએ તે દૂધપાક અને માલપુઆઓને ઉકરડામાં દટાવી દીધો. પછી સહુ બાવાએ ભેગા થઈને વિચાર કર્યો છે "આપણે ઓલ્યા બ્રહ્મચારીનો અપરાધ કર્યો છે. માટે ચાલો તેની પાસે જઈને વિનંતિ કરીએ. પછી સર્વે મહારાજ પાસે આવ્યા ને કેટલીક સ્તુતિ કરીને પગે લાગ્યા ને કહ્યું "હે, બ્રહ્મચારી ! અમે તમારો અપરાધ કર્યો ને અમે પંક્તિ ભેદ કરીને ઘણા દિવસ જમ્યા, તેનું ફળ અમને આજ મળ્યું. પછી મહારાજે તેમને ઘણો ઉપદેશદીધો ને કહ્યું: "પંક્તિ ભેદનો શાસ્ત્રમાં ઘણો દોષ કહ્યો છે." એમ કેટલુંક કહીને સર્વેને રામચંદ્રજી રૂપે પોતે દર્શન આપ્યું. ત્યારે તે બાવાઓએ મહારાજની માફી માગીને આવા પાપ નહિ કરીએ. ને પછી મહારાજને ત્યાં જમાડ્યા. ને પછી ત્યાંથી ચાલી નીકળ્યા.

"તીર્થક્ષેત્રમાં આવા પંક્તિભેદના પાપ કરે છે તે વજ્ર લેપ થાય છે." *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૭૦)*

## અધમ ઓધારણ, પતિત પાવન

ત્યાં થકી ચાલ્યા એવા જે નીલકંઠ બ્રહ્મચારી તેમને રસ્તામાં કેટલેક દિવસે એક ગામ આવ્યું. તે ગામના રાજાએ આથમણી કોર ચોકી રાખેલી ત્યાં જઈને મહારાજ આગળ ચાલ્યા, ત્યારે ચોકી વાળે સિપાઈએ તે રસ્તે જાવાની ના પાડીને કહ્યું "તે રસ્તે આગળ એક વડના વૃક્ષ ઉપર માથા વિનાનો ખવીસ રહે છે. તે સહુને મારી નાખે છે. માટે તમે એ રસ્તે જાશો નહિ ને આ બીજે રસ્તે લોક જાય છે તે રસ્તે જાઓ." ત્યારે મહારાજ કહે "અરે ભાઈ ! અમે એ રસ્તે નહિ જાઈએ તો બીજું કોણ જાશે ?" એમ કહીને મહારાજ તો એ જ રસ્તે ચાલ્યા.

ત્યારે સિપાઈઓતો કાંઈ બોલી ન શક્યા. ને છાનામાના ઊભા થઈ રહ્યા, ને જોયું તો આગળ વડના વૃક્ષ ઉપર રહ્યો છે ખવીશ તે એકદમ કડેડાટ કરતો જેમ મોટો પર્વત તૂટી પડે તેમ હેઠો પડ્યો. ને મહારાજની સન્મુખ આવ્યો. તે જોઈને સિપાઈઓ તો છેટે રહ્યા થકા ત્રાસ પામી ગયા. ને પરસ્પર બોલવા લાગ્યા જે "એ છોકરે આપણું કહ્યું માન્યું નહિ. હમણાં એ ખવીસ એનો ભક્ષ કરી જશે."

એમ વિચાર કરે છે તેવામાં મહારાજે તે સામો આવ્યો જે ખવીસ તેના સામું જરા કરડી દૃષ્ટીએ જોયું કે તરત તે હાથ પગ પછાડતો થકો બૂમો પાડવા લાગ્યો. જે "ઓય રે બાપ હું બળી ગયો, બળી ગયો." તે સાંભળીને ગામનાં કેટલાંક માણસો રાજાએ સહિત ત્યાં દોડી આવ્યાં. તે પછી બૂમો પાડતો થકો તે ખવીસ હાથ જોડીને મહારાજને વિનંતિ કરવા લાગ્યો જે "હે, બાળા જોગી ! તમે સાક્ષાત્ ભગવાન છો, ને હું ઘણા કાળથી જ્યાં ત્યાં આથડી આથડીને મહા દુઃખ પામું છું. માટે હે, મહારાજ ! તમે મારો ઉધ્ધાર કરો."ત્યારે દયાના સાગર એવા શ્રીનીલકંઠ બ્રહ્મચારીએ પોતાના પ્રતાપે કરીને તે ખવીસને બદ્રિકાશ્રમને વિષે મોકલી દીધો.

તે જોઈને રાજા તથા ચોકીવાળા સિપાઈઓ તથા જોવા આવેલા સર્વે માણસો મહા આશ્ચર્ય પામતાં થકા તે બાળા જોગીની સમીપે આવીને વિનંતિ પૂર્વક પગે લાગ્યાં. પછી રાજા પોતે બોલ્યો કે "હે, બાળાજોગી ! તમે તો સાક્ષાત્પુરુષોત્તમનારાયણ છો. ને અમારા સુખને અર્થે જ અહીં પધાર્યા છો, ને તમે આ અસુરનો ઉધ્ધાર કર્યો. પણ હે કૃપાનાથ ! હવે મારા ઉપર દયા કરીને મારે મહેલ પધારો, ને મારી સેવા અંગીકાર કરો તો મારા જીવનું કાંઈક રૂડું થાય."

ત્યારે દયાળુ એવા શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે રાજાને પૂર્વનો મુમુક્ષુ જાણીને તે પ્રત્યે બોલ્યા જે "હે, રાજન અમે ગામમાં તો નહિ આવીએ પણ તમને રાજી થઈને વર આપું છું કે તમે અમારું ધ્યાન કરજો. એટલે થોડા દિવસ પછી તમારો આ દેહ પડી જાશે ને ગિરનારની છાયામાં પંચાળા ગામને વિષે ક્ષત્રિયકુળમાં જન્મ લઈને તમે ઝીણાભાઈ નામે પ્રસિદ્ધ થાશો ને ત્યાં તમને અમારો જોગ થાશે ને સદ્ગતિ પામશો." એ પ્રમાણે વર આપીને મહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા. "શ્રીહરિના યોગમાં જે જે આવ્યા તેનું સારું જ થયું છે." *(શ્રી હરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૭૧)*

## જેની ભાવના સાચી હોય તેને ભગવાન મળે છે

પછી ત્યાંથી ચાલ્યા એવા જે શ્રી નીલકંઠ બ્રહ્મચારી તે માર્ગમાં એક ગામ આવ્યું ત્યાં નદીને કાંઠે પીપળાના વૃક્ષ હેઠે આસન કરીને બેઠા. તે વખતે તે ગામમાં ભાવસાર ભગવાનદાસની

માતાએ કહ્યું કે "દીકરા ! તું ભગવાનને ખોળીને આપણે ઘેર તેડી લાવ" ત્યારે તેણે કહ્યું "ભગવાનને મારે કેમ ઓળખવા ?" ત્યારે તેની મા કહે "ભગવાન હોય તેને ઓછાયો ન હોય" તે સાંભળી ભગવાનદાસની તે વખતે સ્ત્રી બોલી જે "ભગવાનની આગળ દીવો મેલીએ તો વાંસામાં સોંસરો દેખાય" ત્યારે ભગવાન દાસ કહે "મને એક બ્રાહ્મણે કહ્યું હતું કે ભગવાન હોય તેના પગમાં સોળ ચિહ્ન હોય, તે ચિહ્ન તેણે મને ઓળખાવ્યાં છે" પછી તેની માએ ટીમણ કરી આપ્યું ને ખરચીના રૂપિયા બંધાવ્યા ને કહ્યું "જરૂર ગોતીને વહેલો આવજે ને જો ગોત્યા વિના આવીશ તો હું દેહનો ત્યાગ કરી દઈશ."

ત્યારે ભગવાનદાસ કહે, "તમારો ખરેખરો ભાવ હશે તો હું હમણાં તેડીને આવીશ'એમ કહીને ચાલ્યો. ત્યારે તેની સ્ત્રી ખડકી સુધી વળાવવા આવી, ને દિલગીર થઈને બોલી કે "હે સ્વામીનાથ ! તમે ક્યારે પાછા આવશો ? એમ કહીને તે રોઈ પડી. ત્યારે તે બોલ્યો કે "તારું ખરેખરું પતિવ્રતાપણું હશે ને મારી માનો ખરેખરો ભાવ હશે. ને મારો પ્રેમ પણ ખરેખરો હશે, તો ભગવાનને તેડીને હમણાં પાછો આવું છું."

એમ કહીને ચાલ્યો ને નદી પાસે આવ્યો. ત્યારે કૃપાળુ એવા શ્રી નીલકંઠ બ્રહ્મચારી એ તે ત્રણે જણાનો સાચો પ્રેમ જાણીને તે ભાવસારને નામ લઈને બોલવ્યો ને કહ્યું "તારે ભગવાન ખોળવાની ઉતાવળ હશે પણ મારા પગમાં કાંટો લાગ્યો છે તે કાઢતો જા." ત્યારે તે ત્યાં આવ્યો ને પોતાનું લુગડું પાણીમાં બોળીને મહારાજનો જમણો ચરણ પોતાના ગોઠણ ઉપર મેલીને લૂછ્યો. ને જોયું તો નવ ચિન્હ દેખાયાં તે ગણી લીધાં ને કહ્યું "મહારાજ ! આમાં તો કાંટો નથી" ત્યારે મહારાજે ડાબો ચરણ ધર્યો ને કહ્યું "આમાં હશે ? ત્યારે તેને પણ લૂછીને તેમાં સાત ચિન્હ ભગવાનદાસે ગણી લીધાં. પછી પોતે મનમાં જાણ્યું જે "આ જ ભગવાન છે." એમ જાણીને મહારાજને કહે "હે દયાળુ તમારા ચરણમાં કાંટો નથી ને તમે તો સાક્ષાત ભગવાન છો. માટે મને તો આ પીપળા હેઠેથી પરમેશ્વર લાધ્યા" એમ કહી મહારાજને પોતાને ઘેર તેડી લાવ્યો. ત્યારે તેની માતાએ કહ્યું "કેમ પાછો આવ્યો ? ત્યારે કહે હું ભગવાનને સાથે લાવ્યો છું" ત્યારે તેની માએ ફળિયામાં આવીને જોયું. ત્યાં તો મહારાજને ચારે, કોર ઓછાયો ન ભાળ્યો. એટલે પગે લાગીને ઓસરીમાં ઢોલિયે પધરાવ્યા. ત્યારે ભગવાનદાસની સ્ત્રી બોલી, જે "હું તો દીવો કરીને મોઢા આગળ મેલું ને સામો દેખાય ત્યારે સાચું માનું" પછી સાંજ પડી ત્યારે દીવો કરીને મહારાજની સામો મેલ્યો તે તુરત સોંસરો દેખાયો. ત્યારે તે બાઈ પગે લાગીને મહારાજની સ્તુતિ કરી.

તે વખતે મહારાજે તે સર્વને ચતુર્ભુજ રૂપે દર્શન દીધું ને પોતાનો નિશ્ચય કરાવ્યો. તે પછી ગામના સઘળાં માણસ દર્શન કરી ગયાં. એવી રીતે મહારાજ ત્યાં ત્રણ દિવસ રહ્યા

ને ચાલવાની રજા માગી. ત્યારે સહુએ ના પાડી. ત્યારે મહારાજે કહ્યું "અમારે તીર્થ કરવા જાવું છે. માટે રોકાશું નહીં ને તમારો મોક્ષ થાશે એ વર તમને આપીએ છીએ. ને તમે દેહ રહે ત્યાં સુધી અમારી મૂર્તિનું ધ્યાન કરજો" એમ કહીને મહારાજ ચાલી નીકળ્યા.

"પૂર્વના પુણ્ય ઉદય થયા હોય તેને જ પ્રભુ મળે છે." *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૭૨)*

## શ્રી નીલકંઠવર્ણીએ શિવ-પાર્વતીજીની સેવા સ્વીકારી

પછી ત્યાંથી ચાલ્યા તે વનમાં રાત્રિ રહ્યા. ને છઠે દિવસે મધ્યાહ્ને વનમાં એક કૂપ આવ્યો. તેમાં નાહીને ત્યાં વડ હેઠ ઉતારો કર્યો ને દશ શેર જળની કઠારી ભરી લાવીને શાલીગ્રામને પાત્રમાં મેલીને નવરાવવા લાગ્યા. ત્યારે બધું પાણી શાલીગ્રામ પી ગયા. ત્યારે બીજી કઠારી ભરી લાવીને પાણી રેડ્યું. તો તે પણ પી ગયા. એમ ઘણી કઠારી ભરીને પાણી રેડ્યું. ત્યારે તૃપ્ત થયા. પછી પોતે મનમાં સંકલ્પ કર્યો જે "શાલીગ્રામ આટલું બધું જળ પી ગયા. તો ભૂખ્યા પણ હશે ખરા પણ આપણી પાસે કાંઈ નૈવેદ્ય ધરવાનું નથી તેવે સમે ત્યાં શંકર અને પાર્વતી કાપડીને વેષે પોઠીયે બેસીને આવ્યાં. ને મહારાજને સાષ્ટાંગ પ્રણામ કર્યા પછી સતીને કહ્યું ખડીઆમાંથી સાથવો ને મીઠું આમને આપો તે બહુ ભૂખ્યા છે. "પછી પાર્વતીજીએ મહારાજને સાથવો ને મીઠું આપ્યાં. તે પાણીમાં ચોળીને શાલિગ્રામને નૈવેદ્ય ધરીને મહારાજ જમ્યા."

પછી મહારાજે તેમને પૂછ્યું આવા વનમાં તમે કોણ દયાળુ છો ? ત્યારે શંકર કહે "મહારાજ ! હું શંકર છું ને આ સતી છે. તે અમે તમારાં દર્શન કરવા માટે આવ્યાં છીએ. ને તમે તો અક્ષરધામના પતિ પુરુષોત્તમનારાયણ છો. તે અનંત જીવના ઉધ્ધાર માટે આ લોકમાં પધાર્યા છો. ને કોઈ ન જાણે તેમ મનુષ્ય જેવા થઈને વિચરો છો" પછી મહારાજ બહુ રાજી થયા. ત્યારે શંકર પગે લાગી રજા લઈને ચાલી નીસર્યા.

"મહારાજને શંકરભગવાને સાથવો ને મીઠું જમાડ્યા તો મહારાજે તેમને જૂનાગઢમાં સિદ્ધેશ્વર મહાદેવની મૂર્તિ પધરાવીને રોજ લાડુનો થાળ જમાડે છે." *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૭૪)*

## માની મમતા અને દીકરાની જોગીહઠ

જેતલપુરમાં કોઠાના ઉગમણા દરવાજા પાસે વાવ છે ત્યાં એક વડ છે, તે વડ તળે શ્રી નીલકંઠવર્ણી વનમાંથી આવીને બેઠા હતા. ત્યાં ગંગામા આવીને કહેવા લાગ્યાં જે બાવા જમવા ચાલો. ત્યારે મહારાજે ચરિત્ર કર્યું કે અમે તો ચાલીને ક્યાંય જતા નથી. ત્યારે ગંગામાએ

કહ્યું કે અહીં શી રીતે આવ્યા ? ત્યારે મહારાજ બોલ્યા જે અમારા સેવક લાવ્યા. ત્યારે તેમણે કહ્યું જે સેવક ક્યાં છે ? તમે એકલા છોને ? ત્યારે મહારાજ બોલ્યા જે અમારા સેવકો અદેશ્ય છે, તે તમે દેખી શકો નહિ. ત્યારે ગંગામાંએ જાણ્યું કે આ નાનું બાળક છે તે હઠ કરે છે, પણ ભૂખે મરશે એમ જાણીને મહારાજને તેડીને લઈ ગયાં, પછી ઓસરીમાં ઉતારી ને શોળે થઈને જમવાનું કાઢી લાવ્યાં ને કહ્યું કે બાવા જમો, ત્યારે મહારાજ બોલ્યા જે હું તો દિશાએ ગયો નથી તે દાતણે કર્યું નથી ને નાહ્યો પણ નથી. ત્યારે ગંગામાએ કહ્યું જે જાઓ દિશાએ જઈને તળાવમાં નાહી આવો. ત્યારે મહારાજે કહ્યું છે, જેને જમાડવા હોય તે લઈ જાય તો જઈએ, પણ તે વિના જવું પડતું નથી. ત્યારે ગંગામાં કહે છે, રોજ કોણ લઈ જાય છે ? પછી મહારાજ બોલ્યા જે જેને જમાડવાની ગરજ હોય તે લઈ જાય. પછી ગંગામાએ જાણ્યું કે આ તો ગાંડા છે, તે એનાં મા બાપે કાઢી મેલ્યા છે પણ હવે ક્યાં જશે ? એમ જાણીને તેડીને એક કોરે દિશાએ બેસાર્યા અને હાથે પાણી લેવાનું કહ્યું, ત્યારે કહ્યું કે તમારે ગરજ હોય તો ધુઓ. પછી ગંગામાએ ધોયા ને દાતણ પણ પોતાને હાથે કરાવ્યું ને પછી નવરાવીને વસ્ત્ર પણ પોતે પહેરાવ્યાં અને ઉપાડીને ઓસરીમાં લઈ જઈને બેસાર્યા ને કહ્યું જે જમો, ત્યારે મહારાજે કહ્યું કે અમારી સેવા કરવાની ગરજ હોય તો જમાડો. પછી પોતાના હાથે કોળિયા લઈને જમાડયા, એવી સેવા કરી તો બહુ લાભ મળ્યો; કેમ કે સાક્ષાત્ ભગવાનની સેવા થઈ અને જો એવાં ચરિત્ર જોઈને સેવા ન કરી હોત તો બહુ ખોટ જાત.

અને મહારાજે પણ એવી સેવાથી પ્રસન્ન થઈને પોતાની મૂર્તિમાં તેમની વૃત્તિ ખેંચી લીધી, તેથી તેમને મહારાજ સાથે હેત થઈ ગયું. તે મહારાજ ક્યાંઈક આઘાપાછા જાય ત્યારે શોધી કાઢીને પોતાને ઘેર લાવે, એમ પંદર દિવસ થયા.

એવામાં રામાનંદ સ્વામી અમદાવાદમાં હીરાચંદ ચોક્સીને ઘેર આવ્યા હતા, તેમણે ખબર મોકલી જે અમે અહીં આવ્યા છીએ ને બે દિવસ રહેવું છે માટે દર્શને આવવું હોય તો આવી જજો. પછી ગંગામાંએ જાણ્યું કે હું દર્શને જઈશ ત્યારે આ બ્રહ્મચારી ક્યાંઈક જતા રહેશે, એમ જાણી ઘરમાં તાળું દઈને અમદાવાદ ગયાં. ત્યાં શ્રી રામાનંદસ્વામીનાં દર્શન કરીને કહ્યું કે મારે ઘેર એક બ્રહ્મચારી આવ્યા છે, તેમને ઘરમાં પૂરીને આવી છું. તે જો હું રાત રહું તો મુંઝાય, માટે મેં આપનાં દર્શન કર્યા ને હવે રજા માગું છું. ત્યારે શ્રી રામાનંદસ્વામીએ કહ્યું જે જાઓ એ બ્રહ્મચારીની સેવા કરજો, બહુ મોટા છે. પછી તે જેતલપુર આવ્યાં ને તાળું ઉઘાડીને ઘરમાં જુએ તો મહારાજ ન મળે, પછી ગામમાં ફરીને સર્વેને પૂછી જોયું જે બ્રહ્મચારી દેખ્યા ? ત્યારે લોકોએ કહ્યું જે કોઈએ દેખ્યા નથી.

પછી જ્યારે રામાનંદસ્વામી ધામમાં ગયા ત્યારે ગઢડે ગયાં, ત્યારે મહારાજ ઊઠીને ગંગામાને કોટે વળગી પડ્યાને કહ્યું જે અમારી મા આવ્યાં, જેમ મા સેવા કરે તેમ અમારી સેવા જેતલપુરમાં એમણે કરી હતી, માટે આ અમારાં મા છે, એમને સર્વે મા કહીને બોલાવજો, એટલો બધો લાભ ગંગામાને મળ્યો.

''આ ચરિત્રમાં સેવાથી મોટી પદવી, રાજીપો મળે છે તે મહારાજે ગંગામાને આપ્યું'' *(શ્રીહરિવનવિચરણ વિશ્રામ-૧૯)*

## બહુનામિ પધાર્યા બુધેજમાં

શ્રી નીલકંઠવર્ણી ફરતાં ફરતાં બુધેજ નામના ગામમાં પધાર્યા. ત્યાં ખોડાભાઈ નામના દરબાર જારનું સદાવ્રત આપતા હતા. તેનું કલ્યાણ કરવા પોતે તેને ઘેર સદાવ્રત લેવા ગયા. ખોડાભાઈ બહારગામ ગયા હતા. તેમની માતા ઘેર હતી. તેણે શ્રીહરિને જાર આપવા માંડી ત્યારે વર્ણીએ કહ્યું કે અમો જારને શું કરીએ ? લોટ હોય તો આપો. તેની માતાએ કહ્યું કે, અમે લોટ કોઈને આપતા નથી. મોટા મોટા ખાખીઓ વગેરે ઘણા આવે છે તે બધા જાર લઈ જાય છે તો તેમોને જાર લેતાં શું વાંધો આવે છે ? તે બાઈનું એવું વચન સાંભળી કૃપાળુ શ્રીહરિ બોલ્યા કે, મોટા મોટા યોગીઓ આપને ત્યાં આવતા હશે, પણ અમારા જેવા તો અમો એકજ છીએ. ત્યારે તે બાઈ બોલી કે, જ્ઞાની, ધ્યાની, તપસ્વી, રામનું નામ લેતા, ઘણા આવે છે. ત્યારે શ્રીહરિ તેને સમજણ પડે તેટલા માટે ફરી બોલ્યા કે, સદાવ્રતમાં તો ઘણા સંતો આવ્યા હશે, પણ અમારા જેવા કોઈ આવ્યા નથી ને આવશે પણ નહિ. એમ મર્મનાં ઘણાં વચનો કહ્યાં, પણ હજી બાઈનાં તથા તેના કુટુંબનાં પૂર્વનાં પૂણ્ય ઉદય થવાને થોડીવાર હતી તેથી તેઓ સમજી શક્યાં નહીં અને ફરી બોલ્યાં કે, તમારા કરતાં મોટા પાંચ પાંચ હાથ ઉંચા, મોટી જટાવાળા ઘણા આવે છે તો તમારા જેવાનો શો ભાર છે ? માટે તકરાર મેલો. ત્યારે ફરી તેને સમજાવવા વર્ણી બોલ્યા કે, હજી જરા વિચારી જુઓ, મોટા આકાશમાં અડે એવા આવ્યા હશે પણ અમારી મૂર્તિ તો જુઓ ! અમારા જેવા તો તેજસ્વી કોઈ નહીં આવ્યા હોય.

વધારેમાં શ્રીહરિ મર્મમાં ભવિષ્યની વાત પણ સમજાવતા કહે છે કે, અત્યારે તો તમો એક અડધો શેર જારનો લોટ આપવામાં આનાકાની કરો છો, પણ પછીથી તમો પસ્તાશો અને અત્યારે લોટ નથી આપતાં, પણ આગળ ઉપર અમોને રસોઈઓ આપવાનો આગ્રહ કરશો. જ્યારે સત્સંગ થશે ત્યારે અમો તમોને આ વાત યાદ કરી દેશું. માટે બાળાયોગીની વાત તમો યાદ રાખજો. તો પણ પૂર્વના કમ ભાગ્યથી બાઈ સમજ્યાં નહીં. એટલે શ્રીહરિ કૃપા કરી

તેનું કલ્યાણ કરવા માટે જાર લઈ તેમાંથી બે દાણા મોઢામાં નાખી જમ્યા. બાકીની જાર પક્ષીઓને નાખીને ચાલતા થયા.

ત્યાં ખોડાભાઈ બહાર ગામથી આવ્યા, તેમણે પણ તે વાત જાણી પોતાની માતાને પૂછ્યું કે, સદાવ્રત લેવા કોઈ બાળાયોગી આવ્યા હતા ? ત્યારે તેની માતાએ બનેલી બધી વાત કહી, તે સાંભળી ખોડાભાઈ ઉદાસ થઈ ગયા કે સદાવ્રતમાં ભગવાન આવ્યા પણ લાભ લઈ શક્યો નહીં.

"પ્રભુ સામેથી પધારીને પોતાની ઓળખ આપે છે છતાં દેહદૃષ્ટિથી પ્રભુ ઓળખાતા નથી." *(શ્રીહરિ વનવિચરણ વિશ્રામ-૧૬)*

## પ્રભુ તો મળ્યા પણ હાથમાંથી ગયા

શ્રી નીલકંઠ વર્ણી વડગામથી ધોલેરા જતાં એક કોળી ઠાકોર લાખો પગી આશરે એક મણ માછલાં ઝોળીમાં બાંધીને આવતો સામો મળ્યો. તેને શ્રીજી કહે, "લાખા ઠાકોર , ઝોળીમાં શું છે ?" ત્યારે લાખો પગીતો સજ્જડ થઈ ગયો. લાખે વિચાર કર્યો કે બાવો છે ચમત્કારી. મારું નામ લીધું. માટે આની આગળ ખોટું ચાલે તેમ નથી. તેમ સાચું કીધા જેવું પણ નથી. તેથી પથ્થરના પાળીયા તુલ્ય લાખો પગી બની ગયો. તેથી પ્રભુ કહે, "શું માછલા છે ?" ત્યારે લાખો પગી કહે "હા, મહારાજ" ત્યારે પ્રભુ કહે "તમો એક પેટ સારુ રોજે કેટલા પેટ ફોડો છો ? મજુરી કરો, ખેતી કરો. નોકરી કરો પણ પાપ કરીને પેટ ન ભરો. પાપ કરીને પેટ ભરશો તો જમપુરીમાં જવું પડશે. અને મોટા મોટા મુદગર મારશે, આ સર્વે જીવ તમારુંવૈર લેશે માટે પાપ મૂકીને પ્રભુ ભજો." ત્યારે લાખો પગી કહે, "હે બાવાજી ! આ માછલાં માર્યા તેનું હવે શું થાય ? ત્યારે શ્રીજી કહે, "ચાલો સાભ્રમતીને કાંઠે," પછી નદીને કાંઠે આવીને ઝોળી ખોલી. ત્યારે કુલ બધાં માછલાં મરેલાં દીઠાં. ત્યારે પ્રભુએ નદીમાંથી કમંડળ જળ ભરીને માછલાંને છાંટ્યું તેથી સર્વે માછલાં સજીવન થઈને કૂદીને જળમાં ગયા. ત્યારે લાખાને એમ થયું જે બાવો બહુ મોટો છે. લાખો કહે, "મારા ઘેર ચાલો જમીને કાલે જજો." ત્યારે પ્રભુ કહે, "અમારે ઉતાવળ છે." ત્યારે લાખો કહે, "ચોમાસુ છે. વરસાદ ઘણો થયો છે. સાભ્રમતી, ખેડી, ખારી, વાત્રક, મેશ્વો વગેરે સાત નદીઓ આવી છે અને સમુદ્રની વેળ પણ ચડી છે. તેથી ત્રણ ગાઉ સરખું થયું છે. માટે ગમે તેવો તરીઓ હોય તો પણ તણાઈ જાય. માટે હે, મહારાજ !મારું માનો અને પાછા વળો." ત્યારે પ્રભુ કહે, "અમારે તો રહેવું નથી." ત્યારે લાખો કહે, "તમો સામે કાંઠે પહોંચ્યાની મને ખબર કેમ પડે ?" ત્યારે પ્રભુ કહે "અમો સામે કાંઠે જઈને આ રૂમાલ ઊંચો કરીને વીંજશું તેથી જાણજે."

પછી પ્રભુ પાણી ઉપર ચાલ્યા તે જોઈને લાખે પોકાર પાડવા માંડી, "પ્રભુ પાછા વળો, પ્રભુ પાછા વળો, પ્રભુ પાછા વળો." પણ પ્રભુ તો પથ્થર ઉપર ચાલે તેમ પાણી ઉપર ચાલ્યા ગયા અને સામે કાંઠે પહોંચીને રૂમાલ ઊંચો કર્યો. અને વીંઝયો ત્યારે લાખો કહે, "પ્રભુ હાથમાં આવેલાં ગયાં."

પછી ૧૮૬૬માં ડભાણના યજ્ઞમાં તે આવ્યો. ત્યારે શ્રીજી કહે, "લાખા ઠાકોર ઓળખાણ પડે છે ? માછલાં પાછા નદીમાં નંખાવ્યા અને પાણી ઉપર ચાલતા થયા તે અમો" ત્યારે લાખો પગી પ્રભુનાં પગમાં પડ્યો. ઘણો ખુશી થયો. બશેર બરફી લાવીને પ્રભુને જમાડ્યા. પ્રભુનું વચન માન્યું. હિંસા બંધ કરી તો મોક્ષને પામ્યો. પ્રભુના વચને પાછો વળ્યો તો લાખો પગી સુખી થયો." *(શ્રી સ્વામિનારાયણ સંહિતા અધ્યાય-૨૧)*

## પોલારપુરમાં પ્રભુનું પધારવું અદ્‌ભૂત હતું

શ્રી નીલકંઠવર્ણી પોલારપુર ગામે પધાર્યા. તે ગામમાં પોતે ઈચ્છાએ કરીને ગયા ને ગામમાં ચોરા પાસે એક કણબીનું ખડકીબંધ ઘર હતું. તે ખડકીને બારણે ઓટો હતો તે ઉપર મૃગચર્મ પાથરીને તે ઉપર બિરાજમાન થયા. ત્યારે ઘરમાંથી કોઈ બાઈએ આવીને કહ્યું: "મહારાજ ! ચોરે જાઓ ત્યારે મહારાજ કહે "અમને ચોરે ફાવે નહીં. કેમ કે સાંજે બાઈભાઈ ભેગાં થાય. માટે અમે તો આંહી બેસી રહેશું" ત્યારે બાઈ કહે "ઠીક બેસી રહો." પછી સાંજે ઢોર આવવા માંડ્યા. ત્યારે બારણું ઉઘાડીને અંદર ઓટે મૃગચર્મ પાથરીને તે ઉપર બેઠાં પછી તે બાઈએ ઓસરીમાં આવીને જોયું તો મહારાજને દીઠા. તેથી કહ્યું "અરે મહારાજ માલીકોર કેમ આવ્યા ?" ત્યારે કહે "અમને બહાર ઢોર મારતાં હતાં. તેથી આંહી બેઠા છીએ." ત્યારે બાઈ કહે "ઠીક બેસી રહો." પછી સાંજે દીવા વખત થયો ત્યારે મહારાજ ત્યાંથી ઉઠીને તેના ઘરની ઓસરીના ખુણામાં મૃગચર્મ પાથરીને ધ્યાન કરવા બેઠા. ત્યારે બાઈએ ઘરમાંથી આવીને જોયું તો ઓસરીમાં ધ્યાન કરતા મહારાજને દીઠા. ત્યારે તે મહારાજ પાસે આવીને બોલી જે "અરે આ બાવાજીને તે મારે શું કહેવું ? બહાર બેસવાની હા પાડી તો માંહી આવ્યો, ને માંહી હા પાડી તો ઓસરીમાં આવ્યો." ત્યારે મહારાજ કહે "ત્યાં વારે વારે કૂતરાં આવે તે અમને અડી જાય. વાસ્તે અમે 'આંહી બેઠા છીએ ત્યારે બાઈ કહે હવે આઘો પાછો જાઈશમાં. ત્યારે મહારાજ કહે "હવે ક્યાંઈ નહીં જાઉં." પછી તે બાઈ ઘરમાં જઈ પોતાનું કામકાજ કરવા માંડીને પછી પોતાના ધણીને તથા છોકરાંને અને મહેમાન સહુને જમાડીને સૂવરાવ્યા. પછી એ બાઈ મહેમાન સાથે વાતો કરતી હતી. ત્યારે મહારાજ ઉઠીને તે બાઈ પાસે ગયા ને કહ્યું "અમને વાળું નું કેમ પૂછ્યું નહીં ? અમને ભૂખ બહુ લાગી છે. માટે વાળું કરાવો"

ત્યારે તે બાઈ કહે "અરે મહારાજ ! આ ટાણે વાળું શેનું કરાવું ? વહેલા બોલ્યા હોત તો કરાવત, હવે તો કાંઈ નથી, ખીચડીનું હાંડલુ ધોઈ ચૂલે મૂકીને આંહી બેઠી છું. માટે હવે કાંઈ ન મળે." ત્યારે મહારાજ કહે "ખોટું શું કરવા બોલો છો ? ધાનનું હાંડલું અરધું ભર્યું છે. તેમાંથી વાળુ કરાવો" ત્યારે બાઈ કહે "હવે કાંઈ પણ નથી. ત્યારે મહારાજ કહે તમે ત્યાં જઈને જુઓ તો ખરાં ? પછી તે બાઈએ રાંધણિયામાં જઈને ચૂલા ઉપર જોયું તો ખીચડીનું હાંડલું અરધું ભરેલું દેખ્યું."

પછી તે ખીચડી એક થાળીમાં કાઢીને મહારાજને જમવા બોલાવ્યા, ત્યારે મહારાજ આવીને બેઠા. એટલે ખીચડીની થાળી મહારાજ આગળ મૂકી ને તેમાં ઘી દીધું. ત્યારે મહારાજ કહે "અમને દૂધ આપો." ત્યારે બાઈ કહે "હવે દૂધ હોય તો ભેંસને ફરી દોહી લાવો. ને લાવો તાંબડીને હું આંગળી અડાડી દઉં એટલે ભેંસ દોવાદેશે." ત્યારે તે બાઈને ખીચડીનો પરચો દીઠો હતો તેથી વિશ્વાસ રાખીને દોવાથી તાંબડી લાવીને મહારાજ પાસે મૂકી. ત્યારે મહારાજે તેને આંગળી અડાડી કહ્યું " હવે દુઓ એટલે તુરત દોવા દેશે." પછી તે તાંબડી લઈને બાઈ ભેંસ દોવા ગઈ. ને જોયું તો ભેંસના આંચળમાંથી દૂધનાં ટીપા. પડતાં ભાળ્યાં. ને પારસો મૂકીને ઊભી હતી. પછી તે બાઈએ દોવા માંડ્યું. ત્યારે હર વખતની જેમ તાંબડી દૂધની ભરી દીધી. તેથી હરખાયમાન થઈને તે બાઈ મહારાજને દૂધ દેવા આવી. ત્યારે મહારાજ કહે "તે ગાળીને આપો." ત્યારે તે બાઈ કહે "ભેસનું દૂધ ગળાય નહીં" ત્યારે મહારાજ કહે "લુગડું ઉપર માંડી ને ગાળી આપો તો જમશું નીકર નહી જમીએ." પછી તે બાઈએ દૂધ ગાળીને તાંસળી ભરી આપી. ત્યારે મહારાજ દૂધ ને ખીચડી જમ્યા. પછી ચળુ કરીને ઓસરીના ખૂણામાં સૂઈ ગયા. ને ન સવારે વહેલા ઊઠીને ચાલી નીકળ્યા. પછી તે બાઈએ સવારે ઊઠીને જોયું તો મહારાજને ન દીઠા.

"પ્રભુને ઓળખવા એ છે ઘાંટી, રહી જાય મનુષ્ય ભાવની આંટી." *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૭૬)*

# વન વિચરણ ચાલું

## લાડુદાનજીને શ્રી નીલકંઠવર્ણીનો મેળાપ

દિવ્ય સ્વરૂપે શ્રીહરિ વનવિચરણ દરમ્યાન નીલકંઠ વર્ણીરૂપે કચ્છ દેશમાં ગામ ધમડકામાં પધાર્યા હતા. જ્યારે લાડુદાનજી (સદ્‍ બ્રહ્માનંદસ્વામી) ભૂજમાંથી પીંગળ શાસ્ત્રનો સંપૂર્ણ અભ્યાસ કરી ત્યાંના રાજાનું સન્માન તથા પ્રમાણ પત્ર મેળવી સૌરાષ્ટ્રનાં રાજ્યોમાં ફરવા માટે રવાના થયા ત્યારે તે પ્રથમ ગામ ધમકડામાં આવ્યા. ત્યાંના રાજા રાયધણજીના દરબારમાં ગયા. રાજાએ

સારો સત્કાર કર્યો. ત્યાં બે ત્રણ દિવસ રોકાયા. તે દરમ્યાન તેમને જાણવામાં આવ્યું કે આ ગામમાં ભટ્ટાચાર્ય નામના એક સંસ્કૃતના પ્રખર પંડિત છે તેથી તેમને મળીને તેમની પાસે સંસ્કૃત વિદ્યા ભણવા માટે રોકાયા, રાયધણજીના દરબારમાં પોતે રહેતા, તેથી રાયધણજી અને તેમને હેત ઘણું થયું એટલે તેઓ બેય જણા હંમેશા ગામની પાસે રહેલી સારણ ગંગા નામની નદીમાં સવારે સ્નાન કરવા જતા.

એક દિવસે તેઓ સ્નાન કરવા ગયા ત્યારે દૂરથી એક યોગીનો નદીના કિનારે બેસી યોગક્રિયાથી પોતાનાં આંતરડાં ધોતા જોયા. તે જોઈ લાગ્યું કે આ શું કરે છે. તેમને જોઈ યોગી પોતાની યોગક્રિયાથી આંતરોને અંદર મૂકી દઈ સ્નાન કરીને બેય જણાને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું કે તમે બિશો નહિ. હું આ સામેના રતાલા નામના પર્વતમાં ત્રણસો વર્ષથી રહું છું અને યોગસાધના કરું છું અને આ નદીમાં રોજ સ્નાન કરવા આવું છું. મેં યોગના પ્રભાવથી જાણ્યું છે કે અહીં સર્વાવતારી પૂર્ણ પૂરુષોત્તમ નારાયણ ભગવાન પધારશે તેથી તેમના દર્શનની રાહ જોવું છું. આજે તેઓ પધારવાના હતા, પરંતુ હવે આજે નહી પધારતાં આજથી પાંચમે દિવસે આ સામે દેખાય છે તે ત્રિપંખડા કંડા (ખીજડા) નીચે પ્રભુ બ્રહ્મચારીના વેષે બપોરના સમયે આવશે. તો તમો બેય જણા તે સમયે અહીં આવશો તો તમોને પણ દર્શન થશે. એમ કહી તે યોગી પર્વતમાં ચાલ્યા ગયા.

પછી બરાબર પાંચમે દિવસે નિર્ધારિત સમયે શ્રીહરિ નીલકંઠ બ્રહ્મચારી વેષે તે ખીજડા નીચે આવીને બિરાજ્યા. ત્યાં લાડુદાનજી તથા રાજા રાયધણજી તથા પેલા યોગી બધા ત્યાં આવ્યા. પ્રભુના દર્શન કરી દરેકે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. પ્રભુએ તેમને શુભાશીર્વાદ આપ્યા. અને થોડો ઉપદેશ આપ્યો. પછી યોગી પ્રાર્થના કરી શ્રીહરિની આજ્ઞાથી પર્વતમાં ચાલ્યા ગયા.

પછી લાડુદાનજીએ તથા દરબારે વર્ણીને ગામમાં જમવા પધારવા આગ્રહપૂર્વક વિનંતી કરી. પરંતુ શ્રીહરિ રોકાયા નહિ અને ત્યાંથી ચાલી નિસર્યા તે રામપુર નામના ગામમાં ગયા.

“યોગીની યોગ સાધના તથા તપ ભગવાનને મેળવવા માટે જ હતા તેથી તેમને ભગવાન મળ્યા અને તેમની દૃષ્ટિ પણ નિરાવરણ થઈ.” *(શ્રીહરિવનવિચરણ વિશ્રામ-૨૦)*

## પોતાના ભાગનું જે આપે છે તેનું પ્રભુ સાચવે છે

ત્યાં ગંગાજીમાં સ્નાન કરી તે ગામની પાસે રહેલ મેરાઈવાડી નામની વાડીએ પધાર્યા. ત્યાં કુંડી ઉપર શ્રીહરિ ઉભા રહ્યા. ત્યાં ભીમજી, ખીમજી તથા લખમણ એ ત્રણ કણબી ભાઈઓ કોશ હાંકતા હતા તેમની પાસે જળ માગ્યું. ત્યારે તેમણે કહ્યું જે પાણી તો આ કુંડીમાંથી ભરીને

પીઓ. ત્યારે શ્રીહરિ બોલ્યા કે એ તો ચર્મવારી છે તે અમો નહિ પી શકીએ. ત્યારે તેઓએ કહ્યું કે આવા ચોકખા છો તો દોરી સાથે રાખવી જોઈએ.

તે સાંભળી શ્રીહરિએ હાથમાં કમંડળું લઈ કૂવામાં હાથ લંબાવ્યો એટલે તુરત પાણી ઉંચુ આવ્યું તે જોઈ તેઓ આશ્ચર્ય પામ્યા. પછી શ્રીહરિએ તેમની પાસે જમવાનું માગ્યું. ત્યારે તેમણે કહ્યું જે, હે બાવાજી ! અમોએ હાલ જ જમીને કોશ જોડ્યા છે. એટલે જમવાનું અત્યારે અહીં નથી, તો ક્યાંથી આપીએ ? ત્યારે શ્રીહરિએ કહ્યું કે, આ સામે ડેલામાં શીકા ઉપર માટલીમાં સાંજે જમવા માટે રોટલા રાખ્યા છે તેમાંથી મને જમવા માટે ફક્ત અડધો રોટલો આપો.

ત્યારે બે ભાઈઓએ ના પાડી પણ ત્રીજાભાઈ લખમણે વિચાર કર્યો કે આ બાવાજી ચમત્કારી જણાય છે અને આપણે ત્યાંથી ભૂખ્યા જાય તે ઠીક નહિ એમ માનીને તેણે પોતાના ભાગનો રોટલો તથા અથાણું શ્રીજીને જમવા આપ્યું. પછી કોશ હાંકવા લાગ્યા.

કોશ ઠાલવીને પાછા વળતાં શ્રીહરિ સામે જોયું ત્યારે ત્રણેય ભાઈઓને શ્રીહરિની મૂર્તિ તેજોમય દેખાણી. તે જોઈ ખીમજી એ તથા ભીમજીએ પોતાના ભાઈ લખમણને કહ્યું કે તેં આ બ્રહ્મચારીને રોટલો આપ્યો. પણ આ તો કામણ ટુંમણવાળો છે. અને આપણને જાદુ બતાવ્યો.

એમ વાત કરે છે ત્યાં શ્રીહરિએ મહાતેજને પણ ઝાંખું પાડે તેવું પોતાની મૂર્તિનું અલૌકિક તેજ બતાવ્યું તે જોઈ બે ભાઈએ લખુને કહ્યું કે, જો ભાઈ ! આ આપણને વધારે જાદુ બતાવ્યું. એમ કહી કોશ હાંકવા માંડ્યા. ત્યાં પાસે જ એક મોટું આંબલીનું વૃક્ષ હતું તેના સામે જોયું ત્યાં તો તેમને આંબલીના થડ થી ટોચ સુધી સોંસરી બ્રહ્મચારીની તેજોમય મૂર્તિ તથા ચારે તરફ તેજના અંબાર દેખાયા. અને આકાશમાં દેવતાઓ વિમાનમાં બેસીને દર્શન કરતા જણાયા. તેજના સમુહમાં અનંત મુક્તો પણ તે જોઈને પેલા બેય ભાઈઓએ લખમણને કહ્યું કે તે આ બ્રહ્મચારીને રોટલો જમવા આપ્યો તો આપણને આ ત્રીજી વખત જાદુ બતાવ્યું. કારણ હમણાં કૂવા ઉપર બેઠા હતા અને જરાવારમાં આંબલી ઉપર દેખાયા. એમ ત્રણેય ભાઈઓ વાત કરે છે ત્યાં તો શ્રીહરિએ પોતાનું દિવ્ય સ્વરૂપ અદશ્ય કર્યું અને કુંડી ઉપર જ પોતે મનુષ્ય રૂપે બેઠેલા દેખાયા.

પછી ત્રણેય ભાઈઓ ત્યાં ગયા ત્યારે શ્રીહરિએ લખમણને કહ્યું કે, પટેલ ! તમારે જે માગવું હોય તે માગો. અત્યારે તમો જે માગશો તે તમને આપીશ. એમ વર માગવાનું કહીને પૂછ્યું કે તમો કયા દેવની ઉપાસના કરો છો ? ત્યારે લખમણે કહ્યું જે અમારા ગામમાં મહાદેવજી છે તેમને માનીએ છીએ અને વિશેષપણે તો આ ગામથી ત્રણ ગાઉ દૂર બિલેશ્વર મહાદેવ છે તેમને માનીએ છીએ. તેમનો રૂદ્રાભિષેક પણ કરાવીએ છીએ તેથી અમોને અન્ન, વસ્ત્ર,

ધન, પુત્રાદિક જે જોઈએ તે મહાદેવજી આપે છે. તેથી આપની પાસે મારે શું માગવું ? લખમણની આવી નિઃસ્પૃહતા જોઈ શ્રીહરિએ તેને કહ્યું હું તારું આત્યંતિક કલ્યાણ કરીશ. અને તારી સાત પેઢી સુધી તારા કુળમાં મારા મુક્તજીવ જન્મ લેશે અને તે સર્વે મારી ભક્તિ ઉપાસના કરશે અને તમારો પરિવાર પવિત્ર થશે. એવી રીતે લખમણને વગર માગે વરદાન આપી શ્રી હરિ આથમણી દિશાએ ગંગાજી સન્મુખ ચાલ્યા ગયા.

પછી વીસ દિવસે પાછા તેજ વાડીએ આવી લખમણ ભક્તને કહ્યું જે થોડા દિવસમાં વરસાદ ઘણો થશે. માટે તમારો છાસટીઓ (લીલાજાર) પાકેલો ઉભો છે તે તરત જ ઉતાવળથી કાપી લેજો. અને અમારું નહિ માનો તો વરસાદમાં સડી જશે. એમ લખમણને કહીને શ્રીહરિ ત્યાંથી રામપુર ગયા. પછી લખમણે દરબારમાં તે વાત કરીને છાસટીઓ વાઢીને ઘરભેગો કર્યો. પાછળથી બહુ વરસાદ થતાં બીજાઓનો છાસટીયો સડી ગયો.

“લખમણ ભક્ત ઉપર શ્રીહરિ તેની નિસ્પૃહતા જોઈ વગર માગ્યે કલ્યાણનો વર આપ્યો ઉપરાંત તેની જારને વરસાદથી બચાવી. પ્રભુને થોડું આપો તો પણ તેમની નજરમાં છે તે વિશેષ પરત આપે છે.” *(શ્રી હરિ વનવિચરણ વિશ્રામ-૨૦)*

## નીલકંઠવર્ણીના પદરજથી દેરીયાળી બન્યું તીર્થધામ

શ્રીહરિ રામપુર કચ્છથી ચાલ્યા તે વાગડ, ટીકર, ચરાડવા થઈ દેરીયાળી ગામ આવ્યા. (આ દેરીયાળીનું સ્થાન હળવદ ગામની પશ્ચિમે આશરે સાત કિલો મીટર ઉપર રણજીત ગઢ ગામ પાસે આવેલું છે. ત્યાં એક તલાવડી છે. અને તેની પાળ ઉપર એક શિવાલય અને એક હનુમાનજી ની દેરી છે. તેના ઉપરથી તેનું નામ દેરીયાળી પડ્યું હશે તેમ જણાય છે. તે દેરીઓની પાસે શ્રીહરિનાં ત્યાંના ચરિત્રના સ્મારકરૂપે આશરે સંવત ૧૯૮૨ની સાલમાં એક છત્રી કરાવી શ્રીહરિનાં ચરણારવિંદ પધરાવ્યાં છે. ત્યાં ભાદરવા વદી અમાસના દિવસે દર સાલ મોટો સમૈયો ભરાય છે. નીલકંઠ વર્ણીએ જેનાં પાન ખાધાં હતાં તે શીંગડીયો વછનાગ વેલો હાલમાં નથી પણ તે વેલો જે વરખડા (જાળ) ઉપર હતો. તે વરખડાનું પ્રાચીન ઝાડ હજી ત્યાં હયાત છે.

ત્યાં તલાવડીમાં સ્નાન કરી હનુમાનજીનાં તથા મહાદેવજીના દર્શન કર્યા. પછી ત્યાં એક વરખડાના વૃક્ષ ઉપર શીંગડીયા વછનાગનો વેલો જોયો. તેના સુંદર પાંદડા જોઈ તેને તોડવા લાગ્યા. તે વખતે ત્યાં ગાયો ચારવા આવેલા ભરવાડો એ કહ્યું કે બ્રહ્મચારીજી ! આપ આ પાંદડા શા માટે તોડો છો ? ત્યારે શ્રીજીએ કહ્યું કે જમવા માટે.

ત્યારે ભરવાડો કહે બ્રહ્મચારીજી ! આ તો શીંગડીયા વછનાગનો ઝેરી વેલો છે. તેનાં પાંદડા ખાવાથી માણસ, પશુ, પક્ષી દરેક મરી જાય. માટે આપ તે પાંદડાં ન જમશો. છતાં

પણ શ્રીહરિ તે પાન જમ્યા. મહાદેવજી સમુદ્રમાંથી નીકળેલ હળાહળ ઝેરનું પાન કરી ગયા હતા તો પણ તેમને ફક્ત કંઠમાં ગરમી જણાયા સિવાય કાંઈ થયું ન હતું. તો પછી સાક્ષાત્ સર્વાવતારી ભગવાનને આ ઝેર શું કરી શકે ? તો પણ મનુષ્ય રૂપધારી શ્રીહરિએ જરા મનુષ્યભાવ જણાવ્યો તેથી જરા કંઠ બેસી ગયો અને બોલવાનું બંધ થયું

પછી ત્યાં થી નજીકમાં રહેલ સુસવાવ ગામમાં એક બ્રાહ્મણને ત્યાં જઈ હાથનાં ઈશારાથી વાત સમજાવી એટલે તે બાઈએ શ્રીજીને ખાટી છાશ ખૂબ પાઈ એટલે ઝેરની ગરમી ઓછી થઈ તેથી કંઠ ખૂલી ગયો. પછી બધી વાત કરી એટલે તે બ્રાહ્મણે શ્રીહરિને સમર્થ યોગી માની ભાવથી જમાડ્યા. પછી શ્રીહરિ ત્યાંથી નજીકમાં નદીના કિનારે રહેલા અત્યંત પ્રાચીન કેદાર મહાદેવજીના મંદિરે ગયા.

"શ્રીહરિના ઉપયોગમાં આવેલા જીવોને યેન કેન પ્રકારે, જમીને જમાડીને,વાયરે કરીને દૃષ્ટિએ કરીને પણ કલ્યાણ કર્યા છે. તેથી આ શીંગડીયા વછનાગના વેલાનું પણ કાંઈક પૂર્વનું પુણ્ય હશે તેથી તેના પાંદડા શ્રીહરિ જમ્યાને તે પણ ભાગ્યશાળી બન્યું." *(શ્રીહરિવનવિચરણ વિશ્રામ-૨૦)*

## વર્ણી વેશે મૂળી પધારતા ભાગ્યવંત બન્યા ઘેલા જોષી

પ્રભુ ત્યાંથી ચાલ્યા રસ્તામાં આવતાં ગામોને પાવન કરતાં કરતાં મૂળી નામના ગામમાં પધાર્યા. ગામથી પશ્ચિમે ભોગવતી (ભોગાવો) એ નામની નદી વહે છે તેના કિનારે શ્રીહરિ ઉભા રહ્યા. નદીમાં તે વખતે હરખજી નામનો ખત્રી કપડાં ધોઈને રંગતો હતો તેને વર્ણીએ પૂછ્યું કે આ ગામમાં સંતોને ઉતરવા યોગ્ય સ્થળ અમોને બતાવો. ત્યારે તે ખત્રીએ કહ્યું કે આ ગામમાં ઘેલા જોષી નામના બ્રાહ્મણને ઘરે બધા વેરાગીઓ ઉતરે છે અને તે ભાવથી દરેકની સેવા ચાકરી કરે છે. પછી શ્રીહરિ પૂછાતા પૂછતા ઘેલા જોષીના ઘરે ગયા.

જોષી વર્ણીનું રૂપ જોઈને આશ્ચર્ય પામ્યા અને માન્યું કે આ કોઈ મોટા યોગી છે. પછી ઘરના ચોકમાં લીંબડા નીચે ઓટા ઉપર આસન નાખી શ્રીહરિને બેસાર્યા. પગે લાગી જળ પાયું અને જમવાનું પૂછ્યું. ત્યારે શ્રીહરિ કહે આજે તો એકાદશી છે. ત્યારે જોષી ફલાહારમાં પેંડા લાવ્યાં. તેમના પત્ની દહીં લાવ્યાં. તેમાંથી શ્રીહરિ થોડું જમ્યા અને બાકીનું પાછું આપ્યું.

ત્યાં બીજા પણ બ્રાહ્મણો આવ્યા હતા તેમની સાથે શ્રીહરિએ કેટલીક યોગની વાત કરી. તે વખતે ત્યાં એક યોગી આવ્યો તેને પણ જોષીએ આસન આપ્યું ને જમાડ્યો. પછી તે યોગીએ યોગની પોતાની સરસાઈ કહેવા માંડી. ત્યારે શ્રીજીએ કહ્યું કે, આ કળીમાં યોગ સિધ્ધ કરવો કઠણ છે. ત્યારે તે બાવાએ સોનું, રૂપું કરી બતાવ્યું ત્યારે શ્રીહરિ કહેઃ યોગીઓના વચનમાં

સોનું, રૂપું હોય છે. એમ કહી પોતાનું મોઢું પહોળુ કર્યું તો તેમાં સમગ્ર પૃથ્વી પર્વતો વગેરે સોનાનાં બતાવ્યા. તે જોઈ બધાં આશ્ચર્ય પામ્યા અને દરેકને સમાધિ થઈ ગઈ. સમાધિમાં દરેકે અક્ષરધામમાં આ વર્ણીને સાક્ષાત્ ભગવાન દિવ્યરૂપે જોયા. પછી વર્ણીએ તેમને સમાધિમાંથી જગાડ્યા. દરેકે એમ માન્યું કે આ વર્ણી ભગવાન છે. પછી રાતે બધા ગયા. શ્રીહરિ પણ પોઢી ગયા.

પછી ઘેલા જોષીએ પોતાની પત્નીએ કહ્યું કે સવારે વહેલી સુંદર રસોઈ બનાવજે, આ બ્રહ્મચારીને સારી રીતે જમાડીશું. સવારે શ્રીહરિ જાગ્યા, નદીમાં જઈ સ્નાન કર્યું. નિત્ય વિધિ કર્યો. પછી જોષીને ઘરે આવ્યા. શ્રીહરિને જમવા બેસાર્યા. સુંદર થાળ પીરસીને મૂક્યો. પ્રભુ જમતા જાય છે. અને રાજી થઈને વાતો કરતાં જાય છે. પછી શ્રીજીએ કહ્યું કે જોષી ! કાંઈ માંગો. - ત્યારે ઘેલા જોષી બોલ્યા કે, પ્રભુ ! મારે સાત દીકરીઓ છે. પણ દીકરો નથી, તો દીકરો આપો તો સારું. ત્યારે શ્રીહરિએ કહ્યું કે તમારે ત્રણ દીકરા થશે. તેમાં મોટા દીકરાનો વંશ રહેશે. બીજા બેનો વંશ નહિ રહે. અને તમારી સાત દીકરીઓ છે તેમાંથી આ કસળીબેનનો વંશ રહેશે. એમ કહી જમી રહ્યા. હાથ-મુખ ધોઈ મુખવાસ લઈ, આસન ઉપર બિરાજ્યા. તે વખતે ગામના દરબારો પણ સમાધિની વાત જાણીને આવ્યા. તેમને પણ શ્રીહરિએ સમાધિ કરાવી અલૌકિક દર્શન કરાવ્યાં.

એમ મૂળીમાં વર્ણી વેષે પંદર દિવસ રોકાઈ અનેક ચરિત્રો કરી કેટલાકને પોતાના આશ્રિત કરી ત્યાંથી વર્ણી ચાલ્યા તે અનેક ગામોમાં ફરતા ફરતા આ બીજા સ્વરૂપે પણ સંવત ૧૮૫૬ના શ્રાવણ વદ છઠના રોજ લોજ ગામમાં આવ્યા. અને વાવ ઉપર પોતાનાં બેય સ્વરૂપો એક કરીને બિરાજ્યા અને પોતાનો નિત્યવિધિ કરી સ્વ સ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા.

શ્રીહરિની મહિમાથી ઘેલા જોષીએ સેવા કરી તેના ફળરૂપે મુળી શ્રી રાધાકૃષ્ણ હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠાના પૂજારી તરીકેની સેવા તેમને મળી હતી. ઉપરાંત તેમના વંશ માટે દીકરા પણ મહારાજે આપ્યા.'' *(શ્રીહરિ વનવિચર વિશ્રામ-૨૦)*

## સુખાનંદ લાવ્યા સુખનો સાગર

વિ.સં. ૧૮૫૬ની સાલમાં શ્રાવણ વદ-૬ ના રોજ શ્રી નીલકંઠ બ્રહ્મચારી લોજની વાવ ઉપર બિરાજ્યા છે. તે વખતે સુખાનંદ નામના સાધુ ન્હાવા માટે વાવ ઉપર આવ્યા. ત્યાં તેઓ ખૂબ તેજસ્વી અને આકર્ષક અને ધ્યાનસ્થ બાળાયોગી શ્રીનીલકંઠ વર્ણીને વડ નીચે બેઠેલા જોઈ આશ્ચર્ય પામ્યા. સુખાનંદ સ્વામીની મનોવૃત્તિ વર્ણીમાં ખેંચાણી એટલે તેમણે વિચાર કર્યો કે રામાનંદ સ્વામી વિના બીજે ક્યાંય મારું મન ખેંચાય નહિ અને આ વર્ણીમાં મારું મન

ખેંચાણું માટે આ કોઈ મોટા સમર્થ યોગી છે. આવા વર્ણી ક્યાંય જોયા નથી. ભાગ્ય યોગે તેઓ અહીં રહે તો પરિચય થાય અને તેમનો લાભ મળે. એમ વિચારી સુખાનંદજી શ્રીહરિની પાસે ગયા. ધ્યાનમાંથી તેઓ જાગ્યા ત્યારે સુખાનંદ સ્વામીએ વર્ણીને નમસ્કાર કર્યા, પછી વિવેકપૂર્વક પૂછ્યું કે, આપનાં માતાપિતા કોણ છે ? જન્મ સ્થાન ક્યા દેશમાં છે ? આપની જાતિ કઈ છે ? ઉપાસ્ય દેવ કોણ છે ? આપનું નામ શું છે ? ગુરુકોણ છે ? આપ ક્યાંથી આવ્યા છો ? ક્યાં જવાની ઈચ્છા રાખો છો ? આવી નાની ઉંમરમાં ઘરનો ત્યાગ કરી આવું આકરું તપ કરવાનું શું પ્રયોજન છે ? આપનો ગુરુ દ્વારા ક્યાં છે. ?

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, અમારે કોઈ સ્વજન નથી, કોઈ માતા પિતા નથી. કોઈ ગુરુ કે ગુરુદ્વારો નથી. જેમનાથી જન્મ મરણ તથા સર્વે સંતાપ નાશ પામે તેવા પ્રભુ એજ ગુરુ, માતા-પિતા, સ્વજન છે. અમો તો અજન્મા છીએ. સદા સ્વતંત્ર અને સર્વમાં વ્યાપીને રહ્યા છીએ. અનિર્દેશમાં અમારો વાસ છે. ત્યારે સુખાનંદજીએ કહ્યું કે એ તો સિધ્ધાંત છે. પરંતુ આ તો મનુષ્ય રીતે પૂછવાની રીત છે તેથી પૂછીએ છીએ. ત્યારે વર્ણીએ કહ્યું કે, ઉત્તર કોશલ દેશમાં અયોધ્યાથી ઉત્તરમાં છપૈયા ગામ અમારું જન્મ સ્થાન છે. ધર્મદેવ અને ભક્તિદેવી અમારાં માતા-પિતા છે. સર્વે તીર્થો તથા ચારધામ ફરતા જોતા અહીં મુક્તાનંદ સ્વામીની વાત સાંભળી શ્રીહરિ વિચાર કરીને લોજ ગામમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં સંતો સાથે જ રહેવાનો નિર્ણય કર્યો અને ત્યાં જ નિવાસ કરી સ્થિર થયા. પછી મુક્તાનંદ સ્વામીએ આશ્રમના નિયમ પ્રમાણે શ્રીહરિનું નામ સરજુદાસ નામથી જ સંબોધીશું.

સરજુદાસ લોજમાં રહી સંતોને અષ્ટાંગયોગ શીખવવા લાગ્યા. પોતે પરબ્રહ્મ પરમાત્મા છે તો પણ દરેક ને સેવા-ધર્મનું મહત્વ બતાવવા માટે ત્યાં ચાલતા સદાવ્રતમાં આવતા અભ્યાગતોને માટે રસોઈ બનાવવી તથા તેમને પીરસીને જમાડવા વગેરે કામો કરતાં. આ ઉપરાંત બીજાં અનેક ચરિત્રો પણ કરતાં.

લોજમાં રામાનંદ સ્વામીના આશ્રમ પાસે જીવરાજ શેઠનો ડેલો હતો ત્યાં મુક્તાનંદસ્વામી હંમેશા કથા કરવા જતા. ગામનાં બાઈ-ભાઈ દરેક તે કથા સાંભળવા આવતાં. વર્ણી આવ્યા તે દિવસે સાંજના મુક્તાનંદ સ્વામી નિત્ય નિયમ પ્રમાણે ત્યાં કથા કરવા ગયા. શ્રીહરિ પણ સંતો સાથે કથા સાંભળવા ગયા. ત્યાં આસન ઉપર બેઠા, ત્યાં બાઈઓને કથામાં દીઠી એટલે સરજુદાસે કહ્યું છે, સંતો ! ચાલો મંદિરમાં જઈએ ત્યાં અમે તમને કથા સંભળાવીશું કારણ કે બાઈઓ જ્યાં કથામાં બેઠી હોય ત્યાં સંતોને કથા ન સાંભળવી જોઈએ. એમ કહીને સરજુદાસ ઉઠીને ચાલી નીકળ્યા. સર્વે સંતો તથા મુક્તાનંદ સ્વામી વગેરે છેલ્લીવારના રામ રામ કહીને

ચાલી નીકળ્યા. સંતોએ મંદિરમાં આવી સરભુદાસને પગે લાગીને કહ્યુ આપે અમારી ભૂલ ઓળખાવી તે સારું કર્યું.

લોજમાં મંદિરની દિવાલ પાછળ એક હજામ (વાળંદ)નું ઘર હતું ત્યાંથી દીવો, દેવતા લેવાદેવા માટે તે દિવાલમાં એક નાનો ગોખલો હતો. તે જોઈ સરજુદાસજીએ કહ્યું કે આ ગોખલામાંથી હાથોહાથ દેવતા લેવામાં ધર્મ ન રહે. અને તેમાંથી મોટો બગાડ થાય ને દૂષણ લાગે. માટે તે ગોખલો પુરાવી દેવો જોઈએ. એટલે મુક્તાનંદ સ્વામીએ તે ગોખલો પુરાવી દીધો.

તથા તે આશ્રમમાંથી સ્ત્રીઓને આવવા જવાનો કાયમી રસ્તો હતો તે પણ સરજુદાસે બંધ કરાવ્યો હતો. “આપણે જેમ ઘરને સ્વચ્છ રાખીએ છીએ તેમ શ્રીહરિએ લોજમાં આવતા જ આશ્રમમાં જે કચરો હતો તેને દૂર કર્યો ને સંતોને વિઘ્નથી દૂર કર્યા.” *(શ્રીહરિવન વિચરણ વિશ્રામ-૨૧)*

## રામાનંદ સ્વામી સાથે શ્રીહરિનું અદ્‌ભૂત મિલન

સરજુદાસની ગુરુ દર્શન માટેની ધીરજ હવે ખૂટવા આવી તેથી મુક્તાનંદ સ્વામી એ રામાનંદસ્વામીને ભૂજમાં પત્રો લખીને મોકલ્યા તેમાં બધું જ વર્ણન કર્યું હતું. તે પત્ર મળતાં જ રામાનંદ સ્વામી ખૂબ રાજી થયા. પત્રો વાંચી ખુશાલીમાં સાકર વહેંચાવી. ને વળતો ઉત્તર લખ્યો છે, જે વર્ણી આવ્યા છે તે સાધારણ પુરુષ નથી. સંતો ! તેમની પાસેથી યોગકળા શીખી લેજો. તેમની સેવા કરી રાજી કરજો. સ્નેહથી આગ્રહ કરીને રાખજો, જવા દેશો નહિ. હું વૈશાખ માસ ઉતરેથી પીપલાણા આવીશ.

સંવત ૧૮૫૬ના જેઠ વદી ૧૧ ને ગુરુવારે રામાનંદ સ્વામી પીપલાણા આવ્યા. ને કુંવરજી નામના વિપ્ર સાથે લોજ સંદેશો મોકલ્યો. તે સાંભળી વર્ણી ત્યાં જવા અધીરા બન્યા અને ચાલવા તૈયાર થયા. તેમની સાથે મુક્તાનંદ સ્વામી આદિક સંતો, હરિભક્તો ચાલ્યા. ગામની દક્ષિણે વહેતી ઓઝત નદી પાર કરીને પીપલાણા આવ્યા. અને ત્યાં સંવત ૧૮૫૬ના જેઠ વદ ૧૨ ના રોજ સ્વામીનાં દર્શન કર્યા. બંનેનું ઐતિહાસિક મિલન પ્રથમવાર થયું.

પોતે ભગવાન હોવા છતાં શિષ્ય ભાવથી ગુરુની સેવા કરવા લાગ્યા. લોકોમાં વાત પ્રસરી કે રામાનંદ સ્વામી પાસે એક અદ્‌ભૂત યોગી આવ્યા છે. એટલે લોકો વર્ણીનાં દર્શન કરવા ઉમટ્યા. એમ સ્વામીની સેવા કરતાં ચાર માસ અને ચૌદ દિવસ વીતી ગયા. ત્યારે સંવત ૧૮૫૭ના કારતક સુદ પ્રબોધિની એકાદશીને દિવસે વર્ણીને સ્વામીએ વૈષ્ણવી મહાદીક્ષા આપીને અર્થે સહિત નામ પાડ્યું કે “સહેજે આનંદ આપે તે (સહેજે સુખના ભંડાર) એટલે

સહજાનંદ અને સ્વભાવે ને આકારે નારાયણ સમ છે માટે "નારાયણ મુનિ" એમ બે નામ પાડ્યાં. પછી શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર આપ્યો. પછી વર્ણીએ સ્વામીની પૂજા કરી.

પ્રદક્ષિણા કરી, પછી બે હાથ જોડીને ઊભા રહ્યા. સ્વામીએ રાજી થઈ વર માગવા કહ્યું. વર્ણીએ માગ્યું કે જેમ તમારી પૂજા શ્રીકૃષ્ણ સ્વીકારે છે ને પ્રગટ દર્શન આપે છે, તેમ મારે પણ થાય, સ્વામીએ તથાસ્તુ કહીને વર આપ્યો. ત્યાર પછી બ્રહ્મભોજન પછી વિધિ પૂરી થઈ.

શ્રીહરિ સ્વયં પુરુષોત્તમ નારાયણ છે છતાં ગુરુશિષ્ય વચ્ચે કેવી ભાવના મર્યાદા તથા ધર્મ આપણને તેમના વર્તન દ્વારા શીખવે છે." *(શ્રીહરિ વનવિચરણ વિશ્રામ-૨૨)*

## રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને પોતાની ધર્મધુરા સોંપી

સદ્‌ગુરુ રામાનંદ સ્વામી તથા સહજાનંદ સ્વામી બને ગુરુ શિષ્ય સાથે રથમાં બેસીને એક વર્ષ પર્યત સોરઠમાં ગામે ગામ વિચરીને ભક્તજનોને ખૂબ જ કથા-વાર્તા, દર્શનનું સુખ આપ્યું ને સાથે સહજાનંદ સ્વામીનો જેમ છે તેમ મહિમા કહીને સમજાવતા.

એમ સત્સંગમાં વિચરણ કરતાં કરતાં જેતપુર આવ્યા. સ્વામી દરેકને ગર્ભિત રીતે વાત કહેતા કે આ છેલ્લો ઉત્સવ છે, પણ આ વાત એક પર્વતભાઈ વિના કોઈ સમજી શક્તા નહિ. સ્વામીનું સહજાનંદમાં એવું ચિત્તચોંટી ગયું હતું કે તેમને એક ઘડી દૂર ન રાખતા. એમ એક વર્ષ નીકળી ગયું.

સ્વામી જેતપુરમાં વાળા ઉન્નડને ત્યાં રહ્યા હતા. ત્યાં પોતાના અગ્રગણ્ય સંતોને તથા પર્વતભાઈ વગેરે હરિભક્તોને બોલાવીને કહ્યું કે, મારા દેહનો નિર્ધાર નથી માટે તમે કહો તેમ કરીએ. ત્યારે સૌએ કહ્યું કે "તમો કહો તેમ કરીએ." સ્વામીએ સહજાનંદ સ્વામીને સર્વશ્રેષ્ઠ ધારી પોતાની ગાદીએ બેસાડવા વિચાર્યું, તેને સૌએ અનુમતિ આપીને સંવત ૧૮૫૮ના કારતક સુદી ૧૧ ના રોજ સહજાનંદ સ્વામીનો વિધિ પૂર્વક પટ્ટાભિષેક કરીને પોતાની ગાદીએ સ્થાપન કર્યા. પોતાના શિષ્ય વર્ગને સ્વામીએ સંબોધન કરતાં કહ્યું કે, હવે સૌ આ નારાયણ મુનિ કહે તેમ કરજો, ને તેમની સેવા કરજો. તેઓ આજથી મારે ઠેકાણે છે.

પછી સ્વામીએ રાજી થઈ તેમને વર માગવા કહ્યું. સત્સંગમાં પ્રસિધ્ધ એવા બે વર મુનિએ માગ્યા. (૧) તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટી કોટી વીંછીનું દુઃખ થાઓ, પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ, (૨) અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય, તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન વસ્ત્રે કરીને દુઃખી ન થાય.

પછી સ્વામી રામાનંદે ફરેણી મુકામે તાવ અંગીકાર કર્યો ભોજન તજી દીધું ને પછી સંતોને છેવટની શીખ દીધી કે, આ સહજાનંદ સ્વામી જેમ કહે તેમ કરજો. એ તમારા જીવન પ્રાણ છે. અમે પણ તેમની મરજી પ્રમાણે વર્તીએ છીએ. કાળ, માયા પણ તેમનાથી ડરે છે. એમને માટે યોગીઓ અનંત જન્મ ખૂવે છે. મારાં ધન્ય ભાગ્ય છે કે તે મારી પાસે આવ્યા છે. પછી રામાનંદસ્વામીએ સંવત ૧૮૫૮ના માગશર સુદી તેરશને ગુરુવારે સ્વતંત્રપણે દેહ મૂક્યો.

નારાયણમુનિએ ગુરુનો અગ્નિ સંસ્કાર વગેરે તમામ ઉત્તર ક્રિયા વિધિપૂર્વક કરી. તે તેમના ત્રયોદશા નિમિત્તે હજારોની સંખ્યામાં તેમના અનુયાયીઓ આવ્યા હતા ને તેમને સાટા વગેરે બનાવીને તૃપ્ત કરીને ગુરુનો વિરહ શાંત થાય તેવી વાતો કરી ને તેમના ચૌદમાંના દિવસે વિશાળ ૨૫૦૦૦ જન મેદની વચ્ચે મોટા સિંહાસન પર બિરાજીને શ્રીહરિએ કહ્યું કે, આજથી અમારુ જે નામ છે તે જાહેર કરીએ છીએ. અમારું નામ "સ્વામિનારાયણ" છે. આજથી તમારે સર્વેને હવે આ નામથી ભજન કરવું. સામે આવે તેને જય સ્વામિનારાયણ કહેવું. આવી રીતે શ્રીહરિએ ફરેણીમાં પોતાના સ્વમુખે "સ્વામિનારાયણ મહામંત્રનું પ્રાગટ્ય કરીને. આ નામથી અનંત જીવો ભવસાગર પાર કરવા માટે અને મોક્ષ માટે એક જહાજની ભેટ કરી છે. જે આ નામથી અનંત તરી ગયા ને અનંત તરશે."

"શ્રીહરિ એ સ્વામિનારાયણ નામથી આત્યંતિક કલ્યાણનો ધોરી માર્ગ શરૂ કર્યો." *(શ્રીહરિવન વિચરણ વિશ્રામ-૨૨)*

## શ્રીહરિનું સત્સંગ વિચરણ

### ભૂમાપુરુષના મુક્તોને ડાયરેક્ટ અક્ષરધામમાં મોકલ્યા

શ્રીહરિ જેતપુરમાં રાજાધિરાજ થયા પછી સત્સંગના ઉત્કર્ષ માટે અને પોતાના આશ્રિતોને દર્શન દાન દેવા માટે ગામે ગામ સંતો-ભક્તો સાથે વિચરી રહ્યા છે. શ્રીહરિ કાલવાણી પધાર્યા ને ત્યાં સંતો-હરિભક્તો સહિત મહારાજ સભા ભરીને બેઠા હતા. તે વખતે મહારાજે વ્યાપકાનંદ સ્વામીને આજ્ઞા કરી કે ઈન્દ્રલોકમાં જઈ આવો.

શ્રીહરિની આજ્ઞા થતાં તુરંત સમાધિ કરીને વ્યાપકાનંદ સ્વામી ઈન્દ્રલોકમાં જઈ આવ્યા. પછી મહારાજને કહ્યું, મહારાજ ! જઈ આવ્યો. તે સાંભળી મહારાજ રાજી થયા. અને ફરી કહ્યું, હવે બ્રહ્મલોકમાં જઈ આવો. તુરંત સ્વામી સમાધિ કરીને બ્રહ્મલોકમાં જઈ આવ્યા. પછી મહારાજ કહે, હવે ગોલોકધામમાં જઈ આવો. તુરંત સમાધિ, કરીને સ્વામી ગોલોક ધામમાં જઈ આવ્યા. પછી મહારાજ કહે, હવે ભૂમાપુરુષના લોકમાં જઈ આવો. સ્વામી તુરંત સમાધિ કરીને ભૂમાપુરુષના લોકમાં ઉપડ્યા. પરંતુ થોડી વારમાં સમાધિમાંથી બહાર આવીને કહે,

મહારાજ ! ભૂમાપુરુષના લોકમાં જતાં રસ્તામાં હજાર માથાવાળો એક મોટો દૈત્ય છે. તે રસ્તો રોકીને ઉભો છે. આગળ જવા દેતો નથી. તે સાંભળીને મહારાજ કહે, તમે પણ તેનાથી મોટું શરીર ધારો અને તેનો સામનો કરો. સ્વામી ફરી સમાધિમાં ગયા. અને મહારાજના સ્વરૂપનું ધ્યાન કર્યું. એટલામાં તો તેમનું શરીર પેલા દૈત્યના શરીર કરતાં દોઢું થયું. પછી તો તે દૈત્ય સાથે યુદ્ધ કરીને તેને પૃથ્વી ઉપર પછાડ્યો અને ત્યાંથી આગળ ચાલ્યા. આગળ જતા ફરી તેના કરતા પણ દશ હજાર માથા વાળો એક મોટો દૈત્ય દેખાયો. તેણે સ્વામીને પડકારો કરીને પાછા વળી જવા કહ્યું. સ્વામી ફરીવાર સમાધિમાંથી પાછા આવ્યા. અને આવીને મહારાજને આ વાત કરી. ત્યારે મહારાજ કહે, તમારામાં શક્તિ છે છતાં બિકણ કેમ થાવ છો ? તેના કરતા પણ મોટું રુપ ધરીને તેને હરાવીને આગળ જાવ. શ્રીહરિના અત્યાધિક મહિમાનું અનુસંધાન કરીને સ્વામી ફરી સમાધિમાં ગયાં. અને પેલા દૈત્ય આગળ જઈને મહારાજનું સ્વરૂપ સંભાર્યું ત્યાં તો સ્વામીનું શરીર પેલા દૈત્ય કરતા દોઢું થયું. પછી તો તે દૈત્યને પણ જીતીને સ્વામી આગળ ગયા. ને ભૂમાપુરુષના લોકમાં પહોંચ્યા. સભામાં જઈને સ્વામીનું ભાવપૂર્વક સન્માન કર્યું. પોતાના સિંહાસને પધરાવ્યા. મસ્તકે ચંદન ચરચ્યું. ફૂલના હાર પહેરાવ્યા અને ભાવતા ભોજન કરાવ્યા. સ્વામીના આગમનથી ભૂમાપુરુષને ખ્યાલ આવી ગયો કે પૃથ્વી ઉપર પૂર્ણ પુરુષોત્તમ નારાયણનો અવતાર થઈ ચૂક્યો છે. કારણ કે મહારાજે ભૂમાપુરુષને વચન આપ્યું હતું કે જ્યારે અમે પૃથ્વી ઉપર પ્રગટ થઈશું. ત્યારે અમારા એક મુક્તને તમને સમાચાર આપવા તમારા ધામમાં મોકલીશું.

ભૂમાપુરુષના લોકમાં ચતુર્ભુજ રૂપમાં રહેલા અસંખ્ય મુક્તાત્માઓ સ્વામીને પગે લાગ્યા. ત્યારે સ્વામીએ રાજી થઈને તે સૌને શ્રીહરિપુરુષોત્તમનો મહિમા કહ્યો અને શ્રીહરિનો આશ્રય કરાવ્યો. શ્રીહરિનો નિશ્ચય થવાથી તે સર્વે મુક્તાત્માઓ તુરંત ‘‘સ્વામિનારાયણ સ્વામિનારાયણ’’ એવું નામ સ્મરણ કરતાં કરતાં દિવ્ય વિમાનોમાં બેસીને અક્ષરધામમાં ગયા.

આમ ભૂમાપુરુષના સર્વે મુક્તોને અક્ષરધામમાં મોકલીને સ્વામી ભૂમાપુરષની રજા લઈને સમાધિમાંથી પાછા આવ્યા. સભામાં આવીને મહારાજ આગળ બધી વાત કરી. તે સાંભળીને શ્રીહરિ ખૂબ રાજી થયા. આ બધો પ્રતાપ, મહિમા શ્રીહરિનો છે એમ સમજીને સૌ સભાજનો અત્યંત આશ્ચર્ય પામ્યા. આમ કાલવાણીમાં શ્રીહરિએ આવું અદ્‌ભૂત ઐશ્વર્ય બતાવ્યું.

‘‘આ ચરિત્રમાં શ્રીહરિની કેવળ કૃપા છે. ભૂમાપુરુષના મુક્તોએ શ્રીહરિનો કેવળ આશરો કરવાથી ડાયરેક્ટ અક્ષરધામ મળ્યું. એમને કોઈ પણ પ્રકારના સાધન ન કરવા પડ્યા.’’ *(સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો)*

## શ્રીહરિની કૃપાએ દુઃખિયા જીવ સુખિયા થયા

એકવાર મહારાજ કાલવાણીમાં બાગમાં (પર્વતભાઈની આંબાવાડી) સભા ભરીને બિરાજમાન હતા. ત્યારે સભામાં અગતરાયના શ્રી ભીમભાઈએ શ્રીહરિને બે હાથ જોડીને વિનંતી કરીને કહ્યું કે, હે, મહારાજ ! રાજનીતી એવી છે કે કોઈ રાજા ગાદીએ બેસે કે તેમને ત્યાં પુત્ર જન્મ થાય ત્યારે સર્વે બંદીવાનોને મુકત કરે છે. તો આપને રામાનંદ સ્વામીએ સત્સંગની ગાદી ઉપર બેસાડવા છે. આપ રાજાધિરાજ તરીકે બિરાજ્યા છો છતાં હજી નારકી જીવો તો તેમના તેમ પીડાય છે. તો તેમના ઉપર કૃપા કરો ને !

ભીમભાઈની વિનંતી સાંભળીને તુરંત મહારાજે સભામાં સ્વરૂપાનંદ સ્વામીને આજ્ઞા કરી કે યમપુરીના જીવોને ત્યાંથી છોડાવીને ભૂમાપુરુષના લોકમાં મૂકી આવો. કારણ કે હમણાં તે લોકખાલી પડ્યો છે. શ્રીહરિની આજ્ઞા થતા તુરંત સ્વરૂપાનંદ સ્વામી સમાધિ કરીને યમલોકમાં ગયા. ત્યાં વિવિધ યાતનાઓથી પીડાતા નારકી જીવોને જોઈને સ્વામીનું દિલ દ્રવી ઊઠ્યું. તુરંત ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણ એવું ભજન કરવા માંડ્યું. સ્વામીનું આ કાર્ય જોઈને યમરાજા રાજી થયા. અને કહ્યું, સ્વામી ! આ લોક તમારો જ છે. માટે આપને જે યોગ્ય લાગે તેમ કરો. તે સાંભળીને સર્વે યમદૂતો ભયના માર્યા ભાગી ગયા. સ્વામીના દર્શનથી સર્વે પાપી જીવોની પીડા શાંત થઈ ગઈ. તેઓ સ્વામીને વારંવાર વંદન કરીને નરકની અસહ્ય પીડાથી છોડાવવા કરગરવા લાગ્યા. તુરંત તે સૌને દિવ્ય ચતુર્ભુજ સ્વરૂપની પ્રાપ્તિ થઈ. ત્યાં તો આકાશમાં હજારો વિમાનો તેઓને તેડવા આવ્યા. તેથી સ્વામીની આજ્ઞાથી તે સર્વે વિમાનોમાં બેસીને ભૂમાપુરૂષના લોકમાં ગયા.

સ્વામી સમાધિમાંથી જાગૃત થઈને પોતે કેવી રીતે યમપુરી ખાલી કરી આવ્યા એ સઘળી વાત સભામાં મહારાજ આગળ કહી. તે સાંભળીને સૌ ભક્તો અતિ પ્રસન્ન થયા અને આશ્ચર્ય પામ્યા. શ્રીહરિએ આ અદ્‌ભૂત કાર્ય કરી આવ્યા તે બદલ અત્યંત રાજી થઈને સ્વામીને છાતીમાં પોતના ચરણારવિંદ આપ્યા.

"લેરી આવ્યા બહુ લેરમાં, અને મેર કરી મેરવાન ।
દુઃખિયા જીવ સુખિયા કર્યા, ને પાપી કર્યા પુન્ય વાન ॥ પુરુષોત્તમ પ્રકાશ"

*(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો પ્રકરણ)*

## કાલવાણીમાં એક સાથે પાંચસો પરમહંસ કર્યા

શ્રીહરિએ સમાધિ પ્રકરણ શરૂ કર્યું. તેમાં સર્વને પોત પોતાના ઈષ્ટ દેવના દર્શન કરાવ્યા. ને તે સર્વેને પોતામાં લીન કર્યા. ઉપરાંત ધામોધામનાં દર્શન કરાવ્યાં આવું અદ્‌ભૂત સમાધિ

પ્રકરણ જોઈને હિન્દુસ્તાનથી આવેલા બાવાઓના ઝૂંડ કે જેવો દાઢીવાળા , ભાલાવાળા, તલવાર, ઢાલવાળા, ગાંજો, વગેરે પીનારાઓએ આ શ્રીહરિનો ઐશ્વર્ય પ્રતાપ જોઈને શ્રીહરિને શરણે થયા અને કાલવાણીમાં પર્વતભાઈના આંબાવાડિયામાં જ આંબલી નીચે એક સાથે પાંચસો પરમહંસને દીક્ષા આપી અને નામો પાડ્યા.

પરમહંસ દશા એટલે તીલક, કંઠી, ચોટલી વગેરે કાંઈ નહિ. કેવળ જગતના બાવાના વેશ જેવો વેશ ધરાવ્યો.

તે વખતે સહજાનંદી સાધુઓના સાંતત્વના તેજ, સૌમ્યવેશ, સાદાઈ, સરળતા, ત્યાગ, ભક્તિનિષ્ઠા અને લોક કલ્યાણની ઉમદા ભાવના જોઈને અનેક લોકો સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યે આકર્ષવા લાગ્યા. જેમ જેમ સંપ્રદાયનો પ્રસાર પ્રચાર વધતો ગયો. તેમ તેમ ધર્મના નામે ડીંગમ ડીંગ ચલાવીને ધર્મ ભર ભોળી પ્રજાને શ્રધ્ધાનું શોષણ કરતા તકવાદી પાખંડી બાવાઓ અંતરમાં વધુને વધુ બળવા લાગ્યા. અને પછી તો વિરોધમાં આમને સામને આવી ગયા. જ્યાં પણ સ્વામિનારાયણ સાધુને ભાળે એટલે ભુરાયા થઈને દોડે. ક્ષમાને વરેલા એવા સહજાનંદી સરળ ચિત્ત સાધુઓ ઉપર મનફાવે તેમ ગાળોનો વરસાદ વરસાવે, એટલું જ નહીં. ઢોરમાર મારે, તુંબડા પત્તર તોડી નાખે, ઠાકોરજીને ફેંકી દે, તિલક ચાંદલો ભૂંસી નાખે. છતાં ક્ષમાશીલ સાધુઓ આ બધો ત્રાસ મૂંગા મોએ સહન કર્યે જાય, સામો એક હરફ પણ ન ઉચ્ચારે. જનતા આ બધો તાહરો ચૂપચાપ જોયા કરે. દિવસે દિવસે સ્વામિનારાયણના સાધુઓને જીવવું દોહ્યલું થઈ પડ્યું.જ્યાં પણ તેઓને ભાળે કે પેલા અડબંગ સાધુના સ્વાંગમાં રહેલા શેતાનો ‘‘એ જીવન મુક્તાના મૂંડીયા આવ્યા’’ કહીને તેમના પર તુટી પડે. આ વાત છેક સહજાનંદ સ્વામી પાસે પહોંચી. પોતાના સાધુઓ પ્રત્યેનું આવું વલણ અને વર્તન જોઈને મહારાજ દુ:ખી થયા.

ભીમ એકાદશીનો ઉત્સવ કરવા સંતો ભક્તોના સંઘ સાથે શ્રીહરિ કાલવાણી પધાર્યા. આ ઉત્સવ ઉપર દેશ દેશાંતરમાં વિચરણ કરતા સંતોના સંઘો પણ આવ્યા. ત્યારે સંતો પાસેથી વૈરાગીઓના ત્રાસની વિતક કથા સાંભળીને સંતોની પરીક્ષા કરવા શ્રીહરિ કહેવા લાગ્યા કે વૈરાગીઓ ઉપદ્રવ કરતા હોય તો તમે સામનો કેમ નથી કરતા. ત્યારે સંતો એ બહુ સરસ જવાબ આપ્યો કે હે પ્રભુ ! દુર્જન જો પોતાની દુર્જનતા ન છોડે તો સજ્જન પોતાની સજ્જનતા કેમ છોડે ? અગ્નિ પોતાની ઉષ્ણતા અને બરફ પોતાની શીતળતાના ગુણનો ક્યારેય ત્યાગ કરતા નથી. તેમ અમે અમારો ક્ષમારુપી સ્વધર્મ કેમ ચૂકીએ ?

સંતોની આવી વિનમ્રવાણી સાંભળીને શ્રીહરિ સંતો ઉપર ખૂબ પ્રસન્ન થયા. સંતોની ધીરજ, સહનશીલતા અને સમજણને વખાણી. પછી સ્વામિનારાયણ સંપ્રદાયના વિરોધી લોકો

સંતોને ઓળખી ન શકે એ માટે શ્રીહરિ કહે, સંતો ! લાવો, હવે અમે તમને વૈરાગીઓ હેરાન ન કરે તેવા કરી દઈએ.

આમ કહીને શ્રીહરિએ સંતોને કાનમાં ગુરુમંત્ર કહીને માથે મુંડન કરાવીને શીખાસુત્ર (ચોટલી અને જનોઈ) નો ત્યાગ કરાવ્યો. અલફીઓ પહેરાવી અને પાછળ નંદ નામ લગાડી પરમહંસની દીક્ષા આપી. કોઈ ઓળખી શકે નહીં તેવા પરમહંસ બનાવ્યા.

"શ્રીહરિ તથા સંતો હરિભક્તોની સહનશીલતાથી જ આજે સ્વામિનારાયણ સંપ્રદાય ફૂલી ફાલી રહ્યો છે." *(શ્રી ગુણાતીતાનંદ સ્વામીના પત્રો-પ્રકરણ)*

## ઘુઘરીનાં ઝણકારે સમાધિ

માંગરોળમાં મૂળચંદ શેઠને ઘેર તથા ગોવરધનભાઈને ઘેર જમવા શ્રીહરિ પધારતા ત્યારે ચાખડીમાં રુપાની ઘુઘરીઓ ટાંકેલી તે ઘુઘરીનો રણકાર સાંભળીને ગામના લોકોને ભય થતો જે "જાદુગરા સ્વામિનારાયણ આવ્યા" કોઈ મનુષ્યથી શ્રીજીમહારાજના નેત્ર સામું જોવાઈ જતું તો તેને સમાધિ થઈ જાતી. તેથી સહુ લોકોને એમ થતું કે આ સ્વામિનારાયણ તો જાદુગરા છે. પણ સમાધિમાં કોઈ સમજે જ નહિ અને શ્રીજીમહારાજ બજારમાં જ્યારે નીકળે ત્યારે ત્યાંના વેપારી લોકો પોત પોતાની દુકાનોનાં પાટીયાં દેવા માંડે. કારણ કે, જો સ્વામિનારાયણ ને જોશું તો કાંઈક જાદુ કરી મુકશે તે કારણસર સહુ સંતાવા માંડે.

તેવામાં એક વેપારીએ મહારાજનાં દર્શન કર્યા તેથી તે જ વખતે સમાધિ થઈને એમને એમ હાથમાં પાટીયું રહ્યું ને ઉભો થઈ રહ્યો અને મહારાજ તો તેને પડખે થઈને ગોવરધનભાઈને ઘેર પધાર્યાને ગોવરધનભાઈની મેડીના ગોખમાં બિરાજમાન થયા. તે વખતે તે ગોખની સામેની મેડી ઉપર એક જણ નળિયાં ચાળતો હતો તેણે મહારાજ સામું જોયું તે જોતાં જ તેને સમાધિ થઈ તે કોકાટ ઉપરથી નીચે ગબડી પડ્યો. એવી રીતે મહારાજે સમાધિનું આકરું પ્રકરણ ચલાવ્યું હતું.

વળી એક દિવસ શ્રીજીમહારાજ ગોવરધનભાઈને ઘેર થાળ જમવા પધારતા હતાં ત્યારે ચાખડીઓ પહેરેલી હતી તેથી ઘુઘરીનો ઝણકાર સાંભળી તે એક ડોશી ઘરનું કામકાજ કરતી હતી તે ઘરનું કમાડ વાસીને બેસી ગઈ તે જ્યારે મહારાજ નીકળ્યા તે વારે તે ડોશીએ ઘરમાંથી કમાડની ફાટમાંથી (તિરાડ) નજર કરી શ્રીજીમહારાજ સામું જોયું ત્યારે મહારાજે તે ડોશી સામું નજર કરીને જોયું ત્યાં તે ડોશીને સમાધિ થઈ અને હૈયામાં મૂર્તિ ચોંટી ગઈ. તે જ્યારે સમાધિમાંથી ઉઠી ત્યારે બૂમો પાડવા માંડી અને કહ્યું "મને સ્વામિનારાયણ વળગ્યા છે ને હું જે ક્રિયા કરું છું ત્યાં સ્વામિનારાયણ મને દેખાય છે ને મને કાંઈ કામકાજ કરવા દેતા નથી તે માટે રોતી

હતી'' તે જોવા માટે ગામનાં મનુષ્ય ઘણાં ભેળાં થયાં હતાં તે વખતે મહારાજ તો ગોવરધનભાઈને ઘેર થાળ જમીને બિરાજમાન થયા હતાં. તે વખતે મૂળચંદભાઈ આવીને કહે ''હે મહારાજ! એકડોશી એમ કહે છે કે મને સ્વામિનારાયણ વળગ્યા છે તેથી રુવે છેને કકળાટ કરે છે તે જોવા સારુ ગામનાં ઘણાં લોકો ભેગાં થયાં છે માટે તે ડોશીને દુઃખ મટાડો.''

ત્યારે મહારાજ કહે ''ભલે આપણે એને ઘેર જઈએ'' એમ કહીને મહારાજ પોતે પધાર્યા ને તે ડોશીને પૂછ્યું ''હે ડોશી ! તારે શું દુઃખ છે તે તું કહે.'' ત્યારે તે ડોશી બોલી કે ''તમે મને વળગ્યા છો, માટે હું જે જે ક્રિયા કરું છું ત્યાં મને તમે દેખાવો છો તે દુઃખ મટાડો.'' ત્યારે મહારાજ કહે ''તું વર્તમાન ધાર તો તને અમે નહિ દેખાઈએ'' ત્યારે ડોશી બોલી જે ''મને ન દેખાય તો હું વર્તમાન ધારુ'' ત્યારે મહારાજે તે ડોશીને વર્તમાન ધરાવ્યાં તે પછી મૂર્તિ દેખાતી બંધ થઈ ગઈ. ''મહારાજની દયાનો પાર નહિ ને જીવની અવળાઈનો પાર નહિ.'' *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૯૮)*

## શ્રીહરિને આવવાનો હેતું અને છ અભિપ્રાય

માંગરોળમાં શ્રીહરિ બિરાજમાન હતા તે વખતે બદરુદીન રાજાએ પ્રશ્નપૂછ્યો કે ''હે, મહારાજ ! અમારાં કુરાનમાં કહેલ છે તે ખુદાકા દશ અવતાર કા નામ ક્યા, અને તેમનાં ધામ ક્યાં હૈ ત્યારે મહારાજ બોલ્યા કે ''બ્રહ્મા, વિષ્ણુ અને શીવ અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ એ છ સગુણ મૂર્તિ છે અને નરનારાયણ, વાસુદેવનારાયણ, લક્ષ્મીનારાયણ અને શ્રીકૃષ્ણનારાયણ એ ચાર નિર્ગુણમૂર્તિ છે. તેમાં બ્રહ્મા સત્યલોકમાં, વિષ્ણુ વૈકુંઠમાં, શિવ કૈલાસમાં, અને અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન એ મેરુપર્વત ઉપર રહે છે. અને સંકર્ષણ ઈલાવર્ત ખંડમાં રહે છે એ છ સગુણમૂર્તિનાં ધામ છે. જે નરનારાયણનું બદરિકાશ્રમ ધામ છે. વાસુદેવનું શ્વેતદ્વીપધામ છે. લક્ષ્મીનારાયણનું શ્વેતવૈકુંઠધામ છે અને શ્રીકૃષ્ણનારાયણનું ગોલોક ધામ છે. એવી રીતે ચાર નિર્ગુણ મૂર્તિનાં ધામ છે.''

તે સાંભળી દરબાર રાજી થયાં. પછી તે બોલ્યાં જે ''અમારા કુરાનમાં એ કહ્યું છે કે એક લાખને એંશી હજાર ઓલિયા ખુદાકા ધામમાં રહ્યા છે અને તે ખુદાકા ધામ કેસા હે તે મને આપશ્રી કૃપા કરીને બતાવો.''

ત્યારે મહારાજે તે દરબારને સમાધિ કરાવીને ધામ બતાવ્યું ને ત્યાં દિવ્ય સિંહાસન બતાવ્યું. તેમાં મહારાજને બિરાજમાન જોયા. અને પાસે ફરતા અનંતકોટી મુક્ત તેજોમય જોયા. એ ટાણે રાજાએ જાણ્યું. જે આ તો સ્વામિનારાયણ આપો આપ ખુદા છે એમ જાણીને મહારાજની મૂર્તિમાં જોડાઈ ગયા અને મૂર્તિનું સુખ લેવા માંડ્યા તે બે કલાક થઈ ત્યાં તો દરબારના માણસોએ

મહારાજને કહ્યું "અમારા દરબારને તમે શું કરી નાખ્યું ? માટે તેને તમે જગાડો નહિતર લડાઈ હો જાયેગી."

ત્યારે મહારાજે દરબારને કહ્યું "હવે જાગો" ત્યારે દરબાર કહે "તમારી મૂર્તિનું સુખ મને લેવા દીયો" ત્યારે મહારાજ બોલ્યા જે "તમારાં અનુચરો ઉતાવળ કરે છે "એમ કહીને તુરત જગાડ્યા. ત્યારે દરબારે જાગીને શ્રીજીમહારાજને દંડવત્ કરી પ્રશ્ન પૂછ્યો, "હે મહારાજ ! આપશ્રી આપના ધામનું સુખ મેલીને આંહિ પધાર્યા તેનો શો અભિપ્રાય છે ?"

ત્યારે મહારાજે કહ્યું જે "અમે છ અભિપ્રાય લઈને આ બ્રહ્માંડમાં આવ્યા છીએ. તેમાં એક તો એકાંતિક ધર્મ પ્રવર્તાવવો. બીજો અમારાં માતા શ્રી ભક્તિ અને પિતા શ્રી ધર્મદેવ તેને ઘેર જન્મ લઈ એમને સુખ દેવું, ત્રીજો એ અભિપ્રાય કે સર્વે ધામોના મુક્તોને પોતાની મૂર્તિમાંથી તે તે ધામના અવતારો રૂપે દર્શન આપી પોતે જ તે તે રૂપે થયા છે. એવો અમારો નિશ્ચય કરાવી ઉપાસનાની દઢતા કરાવવી. ચોથો એ અભિપ્રાય કે મુમુક્ષુ જીવોને વનમાં, તીર્થોમાં પર્વતોમાં જ્યાં હોય તેને ખોળીને અમારાં સ્વરૂપ સમજાવીને અમારા ધામમાં લઈ જવા. અને છઠો અભિપ્રાય એ કે બ્રહ્મચર્ય વ્રત પળાવીને પોતાની મૂર્તિમાં જોડવા.એ પ્રમાણે એ છ અભિપ્રાય પ્રવર્તાવવા સારું આ પુરુષોત્તમ નારાયણ આ પૃથ્વી ઉપર આવે છે એમ તમે સમજો" પછી તે સમે રાજા અને બીજા સંતને એમ સમજાયું કે "આ મહારાજ તો સર્વ અવતારના અવતારી છે." એ વખતે દરબારે મહારાજને પગે લાગીને કહ્યું "હે, મહારાજ ! મને વર્તમાન ધરાવો." ત્યારે મહારાજે પાણી મગાવીને વર્તમાન ધરાવ્યાં.

"શ્રીજીમહારાજે પોતાને અવતાર ધરવાનું કારણ તથા પોતાનું સર્વોપરીપણું દેખાડ્યું." *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૯૯)*

## શ્રીહરિ કહે અમે તો સંકલ્પ માત્રે કામ કરીએ ...

માંગરોળમાં એક દિવસ શ્રીજીમહારાજ સાધુ તથા હરિભક્તોને સાથે લઈને દૂધતલાવડીએ નાવા પધાર્યા. ત્યાં સહુ લુગડાં ઉતારીને દિશાએ ગયા ત્યારે મહારાજ પણ ગયા. પછી આવતા હતા ત્યાં રામચંદ્રશા શેઠદિશાયે જતા હતા તે મહારાજને સામાં મળ્યા તે વખતે શેઠે સંકલ્પ કર્યો કે શ્રીકૃષ્ણ ભગવાને પોતાના હાથની આંગળી ઉપર ગોવર્ધન પર્વત ધાર્યો હતો. તેમ જો મહારાજ ભગવાન હોય તો આ મોટો પથરો પડ્યો છે તેને તળાવની અંદર નાખે તો સહુને લુગડાં ધોવા કામ આવે."તે સંકલ્પ મહારાજે અંતર્યામી પણે જાણી ગયા તેથી તે શેઠ પાસે આવ્યા ત્યારે મહારાજ બોલ્યા કે "હે રામચંદ્રશા શેઠ ! શું ઘાટ કરતા આવો છો તે પથરો તો અમે સંકલ્પ કરીએ તેટલામાં જ ઉઠીને તળાવ વચ્ચે પડે પણ, તમે ત્યાં જઈને તમારા હાથની

આંગળી તે પથરાને અડાડો તો ખરા.'' ત્યારે શેઠે તે પથરા પાસે જઈને હાથની ટચલી આંગળી અડાડી. કે તે જ ઘડીએ તે આઠસો મણનો પથરો તળાવથી પચાસ હાથ છેટે હતો તે ઉડીને તળાવમાં જઈને પડ્યો.

ત્યારે મહારાજ કહે ''અરે રામચંદ્રશા શેઠ ! તમે પણ શ્રીકૃષ્ણ ભગવાન જેવા દેખાવો છો તો હવે અમને તમે કેવા સમજશો ?'' ત્યારે તે શેઠ કહે ''મહારાજ, તમે તો શ્રીકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી અને સર્વ અક્ષરાદિક મુક્તોના આત્મા છો ને હે મહારાજ ! તમે મુક્તાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામી તથા વ્યાપકાનંદ સ્વામી તથા આણંદજીભાઈ આદિક સંત હરિજનને સમાધિ કરાવીને તમારા સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો ને મને આ પથરો ઉપાડીને નિશ્ચય કરાવ્યો તે મારા ઉપર બહુ કૃપા કરી. કારણ કે અમો બાર જણને રામાનંદ સ્વામીને વિષે ભગવાનપણાનો પાકો નિશ્ચય હતો તે તમે પુરુષોત્તમ નારાયણ તેથી બહુ પ્રતાપ વાપર્યો ને અમારો નિશ્ચય ફેરવ્યો નીકર અમારો નિશ્ચય ફરે તેવો નહોતો.'' એ પ્રમાણે કહીને મહારાજ કહે ''હવે તમે જેમ સમજ્યા તેમ સહુને સમજાવજો'' એ પ્રમાણે કહીને મહારાજ નાવા પધાર્યા.

આવા ચમત્કારો દ્વારા રામાનંદ સ્વામીને વિષે ભગવાનપણાની માનીનતા હતી તે શ્રીહરિએ તોડાવીને પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો.'' *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૧૩)*

## શ્રીહરિએ જમીને તથા જમાડીને કલ્યાણ કર્યા

શ્રીહરિ પંચાળા પધાર્યા હતા ને ત્યાં મહારાજે અદ્દભૂત રંગલીલા કરીને બહુ સુખ આપ્યા. ઉત્સવ પૂર્ણ થયો ત્યારે મહારાજે સંતો - પાર્ષદો રાજાઓ તથા ગામના, બહાર ગામના ભક્તો આવ્યા હતા તેને મોતીયા લાડુ ખૂબ જમાડ્યા.

પછી પડખે રબારી ખેડુ હતા. તેમની અઢીસો માણસની પક્તિ બેઠી હતી ત્યાં મહારાજ મોતિયા લાડવાના તાસ ભરાવીને પીરસવા ગયા ત્યારે તેમાંથી જે મોટેરા રબારી હતા તે મહારાજ પાસે આવીને બોલ્યા જે, ''હે સ્વામિનારાયણ ! આ મોતીયા ફોતીયામાં અમે શું જમીએ ?'' ત્યારે મહારાજ કહે જલેબી જમાડીએ'' ત્યારે તે બોલ્યા જે ''અરે એમાં તે શું થાય ? ત્યારે મહારાજ કહે ''દૂધપાક જમાડીયે'' ત્યારે તે બોલ્યા જે ''એ તો રાબ જેવો તેમાં શું જમવું ?'' પછી મહારાજે બીજા , કેટલાંક પાક ગણાવ્યા તે સાંભળીને રબારીઓ કહે ''મહારાજ ! એ પાક બધું સુકું ખાણું કહેવાય ને જો તમારે અમને જમાડવા હોય તો શેલણ પાઓ.'' ત્યારે મહારાજે ઝીણાભાઈને પૂછ્યું ''એ શેલણ તે શું ?''ત્યારે દરબાર કહે ''હે મહારાજ ! આ દેશમાં ચોખા, ગોળ અને તેમાં ખૂબઘી નાખીને જમાડે તેને રબારીઓ શેલણ કહે છે ને તે પાવાનો ધારો રબારીની નાતમાં છે.'' તે સાંભળીને મહારાજ કહે ''ભલે આપણે રંગાડામાં ચોખા રંધાવો

ને ગોળનાં માટલાં લાવોને ઘીની મોટી કડાઈ ઉભી કરો" ત્યારે તે પ્રમાણે બધું તૈયાર કરાવીને પછી રબારીને બોલાવ્યા તે આવીને જમવા બેઠા. ત્યારે મહારાજે તેમને ચોખા અને ગોળ પીરસાવ્યો ને પછી પોતે ઘીની તાંબડી લઈને પીરસવા નીકળ્યા. તે રબારીની થાળીઓ છલકાવી દીધી. પછી તે રબારીઓ ખૂબ જમીને મહારાજને પગે લાગવા આવ્યા ને બોલ્યા કે "હે સ્વામિનારાયણ ! અમારી નાતમાં આવું શેલણ કોઈએ પાયું નથી. આજ તો તમે અમને હરાવી દીધાં."

પછી મહારાજ ઝીણાભાઈને કહે હવે કોઈ જમવામાં બાકી હોય તો જમાડીએ. ત્યારે ઝીણાભાઈ કહે હવે કોઈ નથી. ત્યારે મહારાજે ગામથી પૂર્વમાં સાબળી નદીને કાંઠે દૂર માણસો ને ફરતા જોયાં ને તે ઝીણાભાઈને દેખાડ્યાં. ત્યારે ઝીણાભાઈ કહે તે તો પાપી લોકો ત્યાં ઝુંપડી કરીને રહે છે. તેને શું જમાડે !

ત્યારે મહારાજ કહે ઝીણાભાઈ સૂર્ય ઉદય થાય પછી તેનો પ્રકાશ પાપી હોય કે, પુણ્યશાળી તે સૌને સરખો જ હોય છે. માટે આજ અમે અક્ષરધામથી આવ્યા છીએ તેથી અમારે મન તો પાપી હોય કે પૂણ્યશાળી તે બેય ને જમાડીએ. માટે તેઓને બોલાવો ને આ શેલણ જમાડીએ.

ઝીણાભાઈએ તે લોકોને બોલાવ્યા ને દરબાર ગઢના ફળિયામાં તેઓને બેસારીને શ્રીહરિએ જાતે ઘી લઈને ખૂબ પીરસીને જમાડ્યા. આ લોકોએ તેમની જીંદગીમાં પણ આવું સ્વાદિષ્ટ ભોજન કોઈ દિવસ જમેલા નહિ. તેથી ખૂબ જમ્યા.

સમય અનુસાર આમાંથી કોઈ એક ભાઈનો અંતકાળ આવ્યો ને તેને તેની પત્નીએ પૂછ્યું કે તમારે કાંઈ જમવું છે. ત્યારે તે કહે શેલણ જમવું છે. ત્યારે તેની પત્નીએ શેલણ બનાવીને લાવી. થોડું જમ્યો ત્યાં બોલ્યો કે, આવું નહિ ! પંચાળામાં આપણને સ્વામિનારાયણે જમાડયું હતું તેવું લાવ. તેના ઘરમાં શું હોય છે તેવું બનાવીને લાવે. આમ જયાં વાત કરે છે ત્યાં શ્રીહરિ હાથમાં શેલણની તાંસળી ભરીને લાવ્યા ને તેને જમાડ્યું. ત્યાં તો તેનો દેહ પડી ગયો. ને મહારાજ તેને અક્ષરધામમાં તેડી ગયા.

"આ જગતમાં ભાગ્યશાળી આત્માઓને જ મહારાજે પીરસેલો પ્રસાદખાવા મળ્યો મહારાજ તો જમીને તથા જમાડીને કલ્યાણ કરે." *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૮૩)*

## મહારાજની ઉપાસના કેવી સમજવી ?

એક સમયને વિષે શ્રીજીમહારાજ ગામ ભાડેર પધાર્યા ને ધર્મશાળામાં ઉતારો કર્યો. ત્યાંના દરબાર પ્રતાપસિંહજી તથા વાઘજીભાઈ, ભોજુભાઈ, વિપ્ર મકન મહારાજ તથા ગોકળદાસ વેરાગી તથા માંચા ખાચર આદિ ભક્તજનોની સભા ભરાઈને બેઠી હતી.

તે વખતે પ્રશ્ન ઉત્તર કરવા માંડ્યા. ત્યારે દરબાર પ્રતાપસિંહજીને માંચા ખાચરે પ્રશ્ન કર્યો જે "શ્રીજીમહારાજની મોટપ કેવી સમજવી ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે આ બ્રહ્માંડમાં પૂર્વે જે જે અવતાર થઈ ગયા તથા ભવિષ્યમાં થશે તે સર્વેના ધરતલ આ પ્રગટ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાન છે. અને પૂર્વે જે જે અનંત પ્રકારના આશ્ચર્ય થઈ ગયા તથા હમણાં થાય છે તથા આગળ થશે તે સર્વે આ પ્રગટ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનના છે. અને પૂર્વે જે જે અનંત પ્રકારના આશ્ચર્ય થઈ ગયા તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે આ પ્રગટ મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વાતે જ થાય છે એમ સમજવું તથા આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે તથા આ તારામંડળ જેનું રાખ્યું અધ્ધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વરસે છે તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય-ચંદ્ર ઉદય-અસ્તપ્રણાને પામે છે તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દશ ઈન્દ્રિયો થઈ આવે છે. તથા આકાશને વિષે અધ્ધર જળ રાખી મૂક્યું છે અને તેમાં ગાજવીજ થાય છે એવા અનંત આશ્ચર્ય છે. તે મને મળ્યા એવા ભગવાન તેના કર્યા જ થાય છે. આવો મહિમા સમજે તે જ અક્ષરધામને પામે છે. પૂર્વે થઈ ગયા એવા જે રામકૃષ્ણાદિ તથા નરનારાયણાદિક બીજા અન્ય અવતારો આ પ્રગટ પુરુષોત્તમ ભગવાને ધારણ કર્યા છે. માટે સર્વ અવતારના અવતારી પ્રગટ પુરુષોત્તમ નારાયણ ભગવાન સ્વામિનારાણય છે. માટે પુરુષોત્તમ નારાયણ ભગવાનના અવતાર રામકૃષ્ણાદિક તેમના પણ કારણ શ્રી સ્વામિનારાયણને સમજીને ભક્તિ કરવી. "શ્રીજીમહારાજને સર્વોપરી જાણ્યા વિના આત્યંતિક કલ્યાણ થતું નથી" *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૧૭)*

## ચોવીસ તીર્થંકરે તેમના આશ્રિતોને કહ્યું કલ્યાણ કરવું હોય તો સ્વામિનારાયણનો આશરો કરો

શ્રીજીમહારાજ રામાનંદ સ્વામી અંતર્ધાન થયા પછી ઘણો ચમત્કાર જણાવતા હતા. ઘણા માણસોને સમાધિ કરાવતા હતા. સોરઠથી પ્રભુ ફરતાં ફરતાં ઝાલાવાડમાં મૂળીપુરમાં આવ્યા. સાથે પાંચ સંતો છે. અને રઘાભાઈના દરબારમાં ઉતર્યા. થાળ તૈયાર થયો એટલે દરબાર શ્રીહરિને જમવા સારું બોલાવ્યા. થાળ લઈ મોટીબાએ મહારાજની આગળ મૂક્યો. પોતે શ્રીહરિને જમાડતા જાય અને મહારાજને પૂછતાં જાય."હે મહારાજ ! સમાધિ થાય છે તે કેમ થતી હશે ? મહારાજ કહે : "અમે જમીને બેસીશું પછી તમે જો જો."

મહારાજ અને સાધુ જમીને એમની ઓસરીએ બિરાજમાન થયા. તે સમયે જે મહારાજના દર્શન કરે તેને સમાધિ થઈ જાય તે વાત સાંભળીને મોટા મોટા ગરાસિયા આવ્યા. દરબાર

રામાભાઈ, રઘાભાઈ, અમાભાઈ, કશલાભાઈ, જીવાભાઈ, ભારાભાઈ, જસાભાઈ આદિ સર્વે આવ્યા. તે સર્વેને સમાધિ થઈ. કેટલાંક તો ગોલોક દેખતા, કેટલાક વૈકુંઠ દેખતા, કેટલાંક કૈલાસને વિષે શંકર પાર્વતીને ગણપતિ સહિત દેખતા, કેટલાક શ્વેતદ્વીપ વિષે વાસુદેવને, કેટલાક બદ્રિકાશ્રમને વિષે નરનારાયણ ને દેખતા, કેટલાક ખગોળ અને ભૂગોળને દેખતા, કેટલાક આત્માને દેખતા, કેટલાક અક્ષરને વિષે રહ્યા જે પુરુષોત્તમ ભગવાન તેને દેખતા હતા. એમ અનેક આશ્ચર્ય જોઈ વિસ્મય પામતા હવા. એવી વાત સાંભળી ગામમાંથી ઘણાં માણસો, મહાજન, સોની આદિ સર્વે આવતા હવા.

તે સમયે માનસંગ શેઠ અને સુંદરજી શેઠ એ બે ભાઈ કહે "અમને અમારા તીર્થંકરનાં દર્શન કરાવો." એટલે ચોવીસ તીર્થંકરને દેખાડ્યાં. ચોવીસ તીર્થંકરે શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરી તેઓને કહ્યું: "તમારું કલ્યાણ કરવું હોય તો જગત કર્તા આ સ્વામિનારાયણ છે તેનો આશ્રય કરો ને સમાધિમાંથી ઊઠી વર્તમાન ધારો."એમ કહ્યું ત્યારે તેમણે વર્તમાન ધાર્યા.

પછી રિયા સોની તથા વશરામ એ બે કહે "અમને અમારી વાઘેશ્વરી માતા દેખાડો." એટલે તેઓને વાઘેશ્વરી માતા દેખાડી. એવી હજારો વાઘેશ્વરી માતા શ્રીહરિની સેવામાં જોઈ. વાઘેશ્વરીએ કહ્યું: "મારા માં શું વળગ્યા છો ? મોક્ષ જોઈતો હોય તો આ પ્રગટ ભગવાનને વળગો." એટલે ભગવાનમાં હેત કર્યું. આમ વાણિયા અને સોની બંને હરિભક્ત થયા.

તથા બીજા ગામના વિપ્ર વગેરે આવ્યા તેમને પણ ગાયત્રી, સૂર્યનારાયણ, રામચંદ્રજી વગેરેના દર્શન કરાવ્યા.

"મહારાજે પોતાનું સર્વોપરીપણું દેવ દેવીઓ દ્વારા જણાવ્યું" *(સ.શ્રી તદ્રુપાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૩)*

## મૂળીમાં શ્રીહરિ અનેક સ્વરૂપે એક સાથે ઘેર ઘેર થાળ જમ્યા

એક વખત આસો માસમાં મહારાજ મૂળીપુરમાં પધાર્યા. સર્વેએ દર્શન કર્યા. તે દિવસે શરદ પૂર્ણિમાં હતી. તે દિવસે દરબારમાંથી બાઈઓ દૂધ-પૌઆ અને સાકર લઈ મહારાજને જમાડવા સારું રાત્રે અલર્કવાવના બગીચામાં આવ્યાં. રાજુબા, મોટીબા, નાનીબા, કસીબા, હકુબા, બાઈબા, બે રાજબા, ચંદીબા, મગજીબા, રૂપાળીબા, જીજીબા, પ્રતાપબા, જામબા, માજીબા, માણેકબા, પાર્વતીબા, જેઠીબા તથા બાપુના આદિ ઘણી બાઈઓ પોત પોતાને ઘેરથી જમવાનું લઈ આવ્યાં અને મહારાજને જમાડયા. દૂધ-પૌંઆ અને સાકર જમી રહ્યા એટલે મુખવાસ, પાનબીડી શ્રીજીમહારાજને આપી. પછી શ્રીહરિએ સર્વેને પાનની અને પૌંઆની પ્રસાદી આપી.

સર્વે બાઈઓને મહારાજે ઘણીવાર વાતો કરી. ધોળી અને અજવાળી રાત્રિ જોઈ બાઈઓ બોલ્યાઃ "હે મહારાજ ! જે રાત્રિ એ શ્રીકૃષ્ણ રાસ રમ્યા હતા એવી આ રાત્રિ છે. માટે આવી રાતમાં કેમ રાસ રમ્યા હશે તે અમને બતાવો." મહારાજ કહેઃ "મારા સામું જુઓ." પછી તેમણે મહારાજ સામું જોયું એટલે અલર્ક વાવની વાડીમાં તેજનો સમુહ પ્રગટ થયો. તેમાં અનંત ગોપીઓ, અનંત શ્રીકૃષ્ણ તે બે બે ગોપીઓ વચ્ચે એક શ્રીકૃષ્ણ એમ બગીચામાં દીઠાં. તે જેમ જમુનાજીનો કાંઠો, તે ઉપર બગીચો તે જાણે વૃંદાવન જ હોય તેમ ઝાડ તથા મોગરા, ચમેલી એવાં જાત જાતનાં ફૂલ એવી ઘણી વાડીની શોભા, તે મધ્યે તેજોમય સિંહાસન ઉપર શ્રીજીમહારાજને બિરાજમાન જોઈ રાસમાં જાણે અમે રાસ રમીએ છીએ તેવું રાસમાં ઘણું સુખ પામી થાકી ગયાં. મહારાજ પાસે આવી બાઈઓ બેઠાં અને રાસ રમતા હતા જે શ્રીકૃષ્ણ ભગવાનને સર્વ ગોપીઓ તે શ્રીહરિને વિષે લીન થતાં હવાં. તે જોઈ સૌ વિસ્મય પામ્યાં.

શ્રીજીમહારાજે પોતે અવતારનાં અવતારી, સર્વોપરી, સર્વનિયંતા ભગવાન છે એ પ્રકારનો નિશ્ચય કરાવી સર્વેને રજા આપી, એટલે સૌ પોત પોતાના ઘેર ગયાં.

બીજે દિવસે દર્શન કરી શ્રીજીને સર્વે બાઈઓએ પ્રાર્થના કરીઃ "હે મહારાજ ! અમારાં સર્વનાં ઘેર જમવાની હા પાડો તો અમે જઈએ."એમ ઘણી પ્રાર્થના કરી. પછી મહારાજે હા પાડી અને સર્વને કહ્યું જે, "સૌ સાથે રસોઈ કરો, સૌના ઘેર જમવા આવીશું." એટલે સર્વે બાઈઓ ઘેર ગયાં. રસોઈ પોતપોતાના હાથે કરી. બધાંને ત્યાં રસોઈ તૈયાર થઈ, ત્યારે તે બાઈઓ શ્રીજીમહારાજને પોતપોતાને ઘેર બોલાવતી હતી. તે સમયે શ્રીજીમહારાજ સર્વને ઘેર અનેક રૂપ ધારણ કરી એક સાથે પધાર્યા અને સૌના થાળ સાથે જમ્યા અને સર્વને એક સાથે પોતપોતાના ઘેર દર્શન આપ્યાં.

ભગવાનને અવતાર ધર્યાનું એ જ પ્રયોજન છે જે, ભગવાનને વિષે અતિશે પ્રીતિવાળા જે ભક્ત હોય તેની ભક્તિને આધિન થઈને તે ભક્તને સુખ દેવાને અર્થે પોતાના ભક્તના મનોરથ હોય તે પૂરા કરે છે." *(સદ્શ્રી તદ્રુપાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૮)*

## રાજુબાના વિયોગમાં દર્શન આપવા મહારાજ મૂળી પધાર્યા અને મનુષ્ય ચરિત્ર કર્યું

એકવખત શ્રીજીમહારાજ ગઢપુરમાં બિરાજમાન હતા, ત્યારે (ભાડેરના) પાતલભાઈનાં બેન રાજુબા (મૂળીના રામાભાઈના ધ.પ.) ને છ મહિના સુધી મહારાજનાં દર્શન ન થયાં તેથી તેઓ અકળાયાં અને અન્ન ખાવું મૂકી દઈ ધ્યાનમાં બેઠાં અને સ્નેહનાં આંસુ આવ્યાં. મહારાજ દર્શન ન આપે તો દેહનો ત્યાગ કરવો એમ ધારી ધારણા કરી.

શ્રીહરિ ગઢપુરમાં હતા, તે તત્કાળ રોઝે ઘોડે ચડીને કહેઃ “અમારે લોયા જવું છે.” એમ કહી ચાલ્યા લોયામાં સુરા ખાચરને ઘેર શાંતિબાઈએ થાળ કર્યો. તે જમી તરત ચાલ્યા. મહારાજને સુરાખાચરે રોકવા માંડ્યા ત્યારે કહ્યું “ઉતાવળનું કામ છે માટે રોકાવાશે નહિ.”

પછી શ્રીહરિ તત્કાળ મૂળીપુર પધાર્યા, દરબારમાં ઘોડો બંધાવ્યો અને પોતે દરબારમાં પધાર્યા. રાજુબાએ થાળ કર્યો અને મહારાજને ઊનું પાણી કરી તેલ ચોળીને નવરાવ્યા અને થાળ જમાડ્યો. લવિંગ, એલચી અને સોપારીનો મુખવાસ આપ્યો. જમ્યા બાદ મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

મહારાજ રાજુબાને કહેઃ “તમે ત્રણ દિવસ થયાં અન્ન લીધું નથી તો હવે જમો.” ત્યારે તેઓ જમવા બેઠાં.

તેમનાં બેન બાઈબા ધમડકા હતાં. તેઓ મહારાજનાં દર્શન કરી દરબાર પાસે ગયા. રાજુબાને મહારાજ કહે “ટાઢ વાય છે, તો તાપ કરો.” બાઈએ તાપ કર્યો અને ઘરમાં જેટલું બળતણ હતું તેટલું બાળી દીધું તો પણ મહારાજ કહેઃ “હજુ પણ ટાઢ વાય છે. ઘરમાં સાંગા માંચી હતી તે સળગાવી દીધી. ઘરમાં પૈ હતું તે પણ સળગાવ્યું.

જ્યારે ઢોલિયો સળગાવવા માંડ્યો ત્યારે મહારાજે ના પાડી કહ્યું જે, “હવે ટાઢ ઊડી ગઈ. અમારે સવારે વહેલા જવું છે. વડતાલમાં બ્રહ્માનંદ સ્વામી મંદિર કરે છે. તો કડિયાના પગારના પૈસા આપવા સ્વામીએ મંગાવ્યા છે તે મોકલવા છે. તમારા ઘરમાં હોય તો બસો રૂપિયા આપો.”

પછી બસો રૂપિયા રોકડા અને એક પાંચસો રૂપિયાનો સોનાનો ચંદન હાર આપ્યો તે લઈ મહારાજ બોટાદમાં ભગા દોશીને આપીને પાંચસો રૂપિયા લઈ ગઢપુર પધાર્યા. કુલ સાતસો લઈ પાર્ષદને વડતાલ મોકલ્યા.

જ્યારે વડતાલ મંદિરે લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી એટલે રૂપિયા આવ્યા. ત્યારે ભગા દોશી પાસેથી ચંદન હાર પાછો લઈ મૂળીએ દરબારમાં મોકલ્યો.

“આમ રાજબાનું યોગદાન મૂળી મંદિરમાં ઘણું હતું ઉપરાંત વડતાલમાં જરૂર પડતાં ત્યાં પણ સેવા કરી.” *(સદ્‌શ્રી તદ્રુપાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૧૩)*

## શ્રીહરિ કંથારિયાના રાણા ડોસાભાઈનો શોક ભંગાવવા પધાર્યા

સંવત ૧૮૬૪ ના માગસર માસમાં શ્રીજીમહારાજ કંથારિયા પધાર્યા હતા. તે વખતે મહારાજ સાથે દાદા ખાચર આદિ કાઠીઓના અઢાર સવારો હતા. મહારાજ પોતે પણ રોઝે ઘોડે સવાર થયા હતા. સર્વે જરિયાની વસ્ત્રો ધારણ કર્યા હતાં. ઘોડાને પણ ભારે સાજથી શણગારેલ હતો.

કંથારિયાના દરબાર બાપુ ગોપીજીને વરસાજી, વખતાજી, રવાજી અને રૂપાજી એ ચાર પુત્રો હતા. તેમાં વરસાજીના મોટા દીકરા ડોસાભાઈ ભાણખાચરની સાથે થયેલા યુધ્ધમાં પરાક્રમ કરી ભાણ ખાચર સામે વિજય મેળવી રણમાં પડ્યા (દેહ છોડ્યો). કંથારિયાના દરબારને ગઢડાના કાઠી દરબારની સાથે સારો સંબંધ હોવાથી રાણા ડોસાભાઈનો શોક ભંગાવવા સારું ઉપર વર્ણવ્યા પ્રમાણે કાઠીના સવારો સહિત શ્રીજીમહારાજ પધાર્યા હતા.

મહારાજ આથમણી તરફના ઝાંપાથી પધારી તળાવના કિનારા પર શોભી રહેલા રાજગઢ મધ્યેની ડેલીમાં હાજર રહ્યા હતા. મહારાજની આદર થકી ઘણા પ્રકારની આગતા સ્વાગતા કરી આનંદ પામતા હવા. મહારાજે સર્વને દર્શન દીધાં. મહારાજને સુંદર અને મનોહર ફૂલવાડીમાં ઉતારો આપ્યો. દરબારોનો અત્યંત સ્નેહ અને આગતા-સ્વાગતાથી શ્રીજીમહારાજ તથા કાઠી દરબારો આનંદ પામ્યા. તેમની ભક્તિ ભાવ તથા આગ્રહ જોઈ શ્રીજીમહારાજ પંદરદિવસ સુધી ત્યાં રહી સર્વેને આનંદિત કર્યો.

એક દિવસ શ્રીજીમહારાજ ડેલામાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા, ત્યાં ડોસાભાઈના પુત્ર મેઘાભાઈ પંદર માસના હતા, એમને લાવી મહારાજની પાસે પગે લગાડતા હતા. મહારાજ પ્રસન્ન થઈ બે હાથે તેડી પોતાના ખોળામાં બેસારી, માથે હાથ મૂકી બોલ્યા જે, “આ કુંવરનું શું નામ પાડ્યું ?”

વરસાજી કહેઃ “મહારાજ ! એમનું નામ મેઘાભાઈ પાડ્યું છે.”

મહારાજ કૃપા કરી પ્રસન્નતાથી બોલ્યા જે, “આ તો અમારા ભક્ત છે. માટે એમનું નામ ભગતસિંહજી પાડો.”

“ડોસાભાઈના પંદર માસના પુત્ર મેઘાભાઈ કેટલા ભાગ્ય શાળી છે કે તેમને શ્રીહરિએ તેડીને માથે હાથ ફેરવ્યો ને એમ બોલ્યા આ તો અમારો છે એમ કહી નામ પાડ્યું” *(સદ્ શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૪૮)*

## ભક્તોના ઘરના કામ પણ મહારાજ કરે છે

શ્રીજીમહારાજ ત્રીજી વખત મેથાણ પધાર્યા ત્યારે એક માસ સુધી કાકાભાઈ તથા જીજીબાના ઘેર છાના રહ્યા હતા. તે સમે કાકાભાઈની ખવાસણ બાઈ સામને પાણીનું બેડું લઈ આવતી જોઈ. કાકાભાઈના ઘેર આવી સામે જીજીબાને મા કહી બોલાવ્યાં. ત્યારે મહારાજે બાઈ સામને કહ્યુંઃ “તમારે માનું શું કામ છે ?”

ત્યારે બાઈ સામ કહેઃ “મારે પાણીનું બેડું ઉતરાવવું છે.”

મહારાજ કહે : “લાવો ઉતરાવું.” એમ કહી મહારાજ ઘરમાંથી બહાર આવ્યા અને સામને માથેથી ઘડો લઈ બેડું ઉતરાવ્યું.

સામે મહારાજને પૂછ્યું કે : "મારાં બાઈ ક્યા ગયાં છે ?"

મહારાજ કહેઃ બાઈનું તમારે શું કામ છે ? તમારી બાઈ બહાર ગયાં છે.

તેણીએ કહ્યું કે "મારે ખાવું છે."

મહારાજ કહેઃ "લ્યો, હું આપું." એમ કહી કોઠો ઉઘાડી રોટલો અને દહીં લઈ સામને ખાવા આપ્યાં.

સામ બેઠી બેઠી રસોડામાં ખાય છે ત્યાં તેની બાઈ અમઝીબા આવ્યા અને પૂછ્યુંઃ "સામ! રોટલો હાથે લઈ ખાવા બેઠી ?"

ત્યારે તેણીએ કહ્યુંઃ "મને મહારાજે કોઠામાંથી લઈને આપ્યો."

અમઝીબાએ મહારાજને પૂછયું : "મહારાજ ! તમે સામ ને ખાવા આપ્યું" તેઓ કહેઃ "હા."

અમઝીબા કહેઃ "તમને કોઠામાંથી ભલું હાથ આવ્યું !"

ત્યારે મહારાજ કહેઃ "અમને હાથ આવે, એમાં શું આશ્ચર્ય !"

મહારાજ પાસે એક વખત શ્રીફળ તથા સાકર આવેલી. કાકાભાઈની દીકરી બાઈબાની નાની ઉંમર હતી. પૂંજાભાઈના દિકરા દલાજી પણ નાની વયના હતા. બન્નેને નાનાં છોકરાં જાણી મહારાજે પોતાની પાસે બોલાવી કહ્યુંઃ "તમે બન્ને - "સ્વામિનારાયણ સ્વામિનારાયણ" એમ ધૂન તાળી વગાડી કરો. ધૂન જે વધારે વખત કરશે અને થાકી નહિ જાય તેને અમે આ નાળિયેર અને સાકર આપશું."

આ પ્રમાણે કહી બાઈબા તથા દલાજી પાસે ઘણો સમય ધૂન કરાવી. ધૂન બંધ કરી દલાજી તો રમવા જતા રહ્યા અને બાઈબા તો ધૂન કરતાં હતા. તે જોઈ મહારાજ કહેઃ "બાઈ, રાખો. તમે અમને બહુ રાજી કર્યા." એમ કહી શ્રીફળ અને સાકર બાઈબાને આપ્યાં.

ત્યાં દલાજી આવ્યા ને મહારાજને કહેઃ મને પણ શ્રીફળ અને સાકર આપો."

મહારાજ કહેઃ "તમે અમારા કહેવા પ્રમાણે ધૂન કરી નથી તો તમને નહિ આપીએ. બાઈબાએ તો અમને ધૂન કરી બહુ રાજી કર્યા છે. એટલે એમને આપ્યાં."

પૂંજાભાઈના ફળિયા વચ્ચે લીમડો હતો, તે લીમડા પર દલાજી ચડ્યા અને રાડો નાંખી કહ્યું જે, "મને પ્રસાદી આપો, નહિતર અહીંથી બૂમો પાડીશ કે, મહારાજ મારા ઘેર છાના રહ્યા છે."

આ સાંભળી મહારાજે કાકાભાઈ તથા પૂંજાભાઈને કહ્યુંઃ "આ દીકરાને નીચે ઉતારો ! નહિતર અમને છાના રહેવા દેશે નહિ."દલાજીને નીચે ઉતારી સાકર તથા શ્રીફળ લાવીને આપ્યાં. એવી રીતે એક માસ સુધી રહ્યા અને જીજીબા નિત્ય નવા નવા થાળ કરી જમાડતા

હતા. "મહારાજ પોતાના ભક્તજનના મનોરથ સિધ્ધ કરવા અને વિશેષ સુખ આપવા તેમને ઘેર છાના રહેતા" *(સદ્. શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૫૮)*

## ધ્રાંગધ્રામાં શ્રીહરિએ એકમાસ દરમ્યાન ચોવીસ દિવસ અવતાર સ્વરૂપે અને છ દિવસ સર્વોપરી રૂપે દર્શન આપ્યા

શ્રીહરિએ ભાદરાથી પત્ર લખ્યો જે માંચા ખાચર, વીરા પટેલ, અલેયા ખાચર, માતરા ધાધલ, સોમલા ખાચર, નાજા જોગીઆ, હાથિયા પટગર, મામૈયા પટગર, લાધો શેઠ શિયાણીના, કલો, અજા પટેલ (મેથાણના) તથા રામગ્રીના જીવરાજ પટેલ, કમળશી, મૂળજી, વેરાભાઈ, ડોસાભાઈ, અમરા પટગર, સુરા ખાચર આદિ અઢાર આ કાગળ વાંચી જ્યાં હો ત્યાંથી ચાલી નીકળજો. સીમમાં તથા પરગામ જ્યાં આ સમાચાર સાંભળો ત્યાંથી ચાલી નીકળજો. જેતલપુરમાં સ્વામી રામદાસભાઈ પાસે જઈ સાધુ થઈ ને અમારી પાસે આવજો. તેઓને કલ્યાણનો ખપ હતો તો તે સૌ કાગળ વાંચી તરત ચાલ્યા ને જેતલપુર જઈને દીક્ષા લીધી. ને સાધુ થઈ ભૂજ આવ્યા.

ભૂજથી શ્રીહરિ નવા અઢાર પરમહંસ સાથે ચાલ્યા તે ખાખરેચી, વાંટાવદર, હળવદથી ધ્રાંગધ્રા પથ્થરની ખાણોને માર્ગે એક જોગસર તળાવ છે ત્યાં ઉતર્યા.

ધ્રાંગધ્રાના રાજકુમાર રણમલસિંહજી તથા લધુભા ઘોડા ફેરવીને તળાવ ઉપર આવ્યા ત્યાં શ્રીજીમહારાજને તથા બીજા સંતોને જોઈને મહારાજને પગે લાગી, તેમની પાસે બેસતા હતા. તે સમે તે મૂર્તિને જોતાં એવું સુખ આવ્યું જે, બ્રહ્માંડમાં બીજે ક્યાંય સુખ નથી. એવું સુખ તો મૂર્તિ જોતાં જ થયું. સર્વ સાધુને યોગાભ્યાસ કરાવતા જોયા. તેમાં કેટલાક તો નોળી, કુંજરી કરતા અને કેટલાક તો ખેચરી ને અમરોલી કરતા, કેટલાક વજ્રોલી કરતા હતા. તે જોઈ રાજકુમારે મૂળજી ઓઝાને બોલાવીને કહ્યું જે, "તમારા ગુરુને જવા દેશો નહિ. સંત હરિભક્તોને જમાડવાનું જે ખર્ચ થાય તે અમો તમને આપશું."

બીજે દિવસે પોતાના બાપુ અમરસિંહજીની રજા લઈને બંને રાજકુમારો અસવારી લઈને દર્શને આવ્યા. તે સમે શ્રીજીમહારાજે પોતાનું ઐશ્વર્ય એવું દેખાડ્યું કે મોટા મોટા ધોળા હાથી, ઘોડા, વિમાન અને રથ, બિછાના-બેઠક, પુષ્પના હાર, ગજરા, મેવા આદિ દેખાડ્યું. આ લોકથી પર અલૌકિક સમૃધ્ધિ જોઈ વિસ્મય પામ્યા.

કુમાર રણમલસિંહજીને શ્રીજીએ ગોલોકધામને મધ્યે રહ્યાં એવાં રાધાજી સહિત મોરલી બજાવતા જે શ્રીકૃષ્ણ તે રૂપે પોતાનું દર્શન કરાવ્યું. તે જોઈ તેઓ આનંદમાં સમુહમાં નિમગ્ન થઈ ગયા. તે સમાધિ એક ઘડી રહી.

શ્રીજીની રજા લઈ બંને રાજકુમારો દરબારમાં આવીને પોતાના બાપુને સર્વે વાત કહી જે, "બાપુ ! સ્વામિનારાયણ તો બહુ ચમત્કારી છે એમની પાસે એવી સમૃદ્ધિ છે જે તેમના આગળ તો આપણે કંઈ હિસાબમાં નથી. તેમની એક જાજમમાં આપણું રાજ ઊડી જાય એવી તો એક જાજમ હતી. રત્ન જડિત થાંભલા, હીરામોતીથી જડેલ મોટી ચંદની અને બીજા સામાનની વાત શી કહેવી !" એવી ઘણીક વાત કરી.

રણમલસિંહજી નિત્ય શ્રીહરિનાં દર્શને એક માસ સુધી આવતા, તેમને શ્રીહરિનું નિત્ય નવીન દર્શન થાય તેથી શાસ્ત્રમાં ચોવીસ અવતાર કહ્યા છે તે કેવા હશે ? એમ શ્રીજીમહારાજને પૂછયું ત્યારે શ્રીહરિએ પ્રથમ કૃષ્ણરૂપે દર્શન આપ્યાં, પછી રામચંદ્રજી રૂપે દર્શન આપ્યાં મચ્છરૂપે, કચ્છ રૂપે, વારાહ રૂપે, હયગ્રીવ રૂપે, વામન રૂપે, કપિલ રૂપે, દત્તાત્રેય રૂપે, હંસરૂપે, યજ્ઞ રૂપે, ધનવંતરિ રૂપે, મોહિની રૂપે, નરનારાયણ રૂપે, ઋષભદેવ રૂપે, નારદજી રૂપે, વ્યાસ રૂપે, બુધ્ધ રૂપે, નૃસિંહ રૂપે, પૃથુ રૂપે, સનતકુમાર રૂપે, પરશુરામરૂપે, બળદેવ રૂપે, એવી રીતે ચોવીસ અવતાર રૂપે ચોવીસ દિવસ સુધી નિત્ય નવાં દર્શન આપ્યાં. અને એક માસમાં બાકીના છ દિવસ સુધી અક્ષરધામને વિષે શ્રી પુરુષોત્તમનારાયણ રૂપે દર્શન કરી સર્વોપરી શ્રીહરિને જાણ્યા. ને મહારાજને પ્રાર્થના કરી. ત્યારે મહારાજ પ્રસન્ન થઈ કહે: "અમે હવે મેથાણ જઈશું

તમે સુખેથી ભગવાન ભજજો. સર્વે હરિભક્તોનું કલ્યાણ કરશું, તેમ તમારું પણ કલ્યાણ કરશું. અને ભગવાનના ધામમાં લઈ જઈશું" એમ વર આપ્યો.

"મહારાજે રાજકુમારને સર્વોપરી નિશ્ચય કરાવીને કલ્યાણનો વર આપ્યો એવી રીતે એકમાસ સુધી ધ્રાંગધ્રા વાસીઓને દર્શનનું સુખ આપ્યું." *(સદ્. શ્રી તદ્રૂપાનંદ સ્વામીની વાતો વિશ્રામ-૫૫)*

## મહારાજનો હાડકા વિનાનો દિવ્ય દેહ

એકવાર ગામ ખોલડિયાદવાળા ખેંગાર સિંધવ ગઢડે મહારાજનાં દર્શન કરવા ગયા હતા. તે વખતે એકદિવસ મહારાજ અક્ષર ઓરડીમાં ઢોલિયા ઉપર સૂતેલા હતા. તે સમે ખેંગાર પટેલ ત્યાં આવ્યા ને મહારાજના પગ દાબવા માંડ્યા, તે પગ દાબતા જાય ને પોતાના હાથથી આંગળી દબાવીને જોતા જાય.

ત્યારે મહારાજે કહ્યું: "શું જુઓ છો ?"

ત્યારે તે પટેલ બોલ્યા જે "મને એકવાર ભાવનગરવાળા રૂપાભાઈએ વાત કરી હતી. જે એકવાર દીવાન આવતો હતો ત્યારે મહારાજ મનુષ્ય ચરિત્ર બતાવવા સારુ જારના ખેતરમાં સંતાણા હતા. તે વખતે હું મહારાજ સાથે હતો. ત્યારે એક સમે મને મહારાજે કહ્યું કે "મારે

હાથે કળતર થાય છે. તે હાથ ને વળ દીયો''ત્યારે મેં કહ્યું કે ''હાથ ને વળ દઈએ તો હાથ ભાંગી જાય''ત્યારે મહારાજ બોલ્યા જે ''તમે ફીકર રાખશોમાં મારો હાથ નહિ ભાંગે'' પછી મેં વળ દેવા માંડ્યો તે ઘણો વળ દીધો પણ હાથ ને કાંઈ થયું નહિ. ત્યારે મને થયું કે મહારાજના શરીરમાં હાડકું જ નથી તે સારુ હું દબાવીને જોઉં છું કે તમારા શરીરમાં ક્યાંય હાડકું છે ? પણ મને ક્યાંય હાડકું લાગતું નથી.''

ત્યારે મહારાજ કહે ''એમ તે હોતું હશે ? જુઓ આ અમારા ઢીંચણ રહ્યા ને તેને ઢાંકણી પણ હોય'' પછી ખેંગાર પટેલે ઢીંચણ જોયા તે રેશમ જેવા દેખાયા એટલે મહારાજને કહ્યું: ''આમાં તો હાકડું નથી'' પછી મહારાજ કહે આ અમારી કોણીઓ જુઓ એ તો કઠણ હોય માટે તેમાં હાડકું હશે'' પછી કોણીઓ જોઈ તો તેમાં પણ હાડકું નહિ. પછી મહારાજે કહ્યું ''અમારું માથું જુઓ એમાં તો હાડકાની તુંબડી હોય'' ત્યારે તે પટેલ માથું જોઈને બોલ્યા જે ''આમાં પણ હાડકું નથી'' પછી મહારાજ કહે ''ત્યારે હાડકા વિના આ દેહ કેમ હોય ?'' ત્યારે ખેંગાર પટેલ બોલ્યા જે ''હે મહારાજ ! તમે તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છો તે તમારી અલૌકિક રીત હોય'' એમ કહી મહારાજના પગમાં માથું નમાવીને નમસ્કાર કર્યા.

''શ્રીહરિનો દેહ તો દિવ્ય જ હતો પણ ભક્તજનોને સુખ થાય એટલા માટે મનુષ્ય જેવા દેખાણા.'' *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૬૩)*

## મારે તો મહારાજનાં હાથે જ વર્તમાન ધરાવા છે....

ઝાલાવાડમાં તાવી ગામમાં નાનજી હાંડો એવે નામે એક કોળી રહેતો તેને ગામના હરિજનો કહેતા કે ''તું વર્તમાન લઈને સત્સંગી થા'' ત્યારે તે બોલતો કે ''મારે સત્સંગી કે સાધુના હાથનાં વર્તમાન લેવાં નથી, પણ જ્યારે મહારાજ પોતે આંહી પધારશે ત્યારે તેના હાથનાં વર્તમાન લેવાં છે.''

પછી કેટલેક દહાડે શ્રીજીમહારાજ કાઠીઓના સવારે સહિત તે ગામની સીમમાં નિકળ્યા. તે વખતે નાનજી વગડામાં સાંતી હાંકતો હતો તેને બીજા કોઈકે કહ્યું કે ''તું કહે છે કે મારે સ્વામિનારાયણના પોતાના હાથથી વર્તમાન લેવાં છે તે એ છેટે જાય તે સ્વામિનારાયણ છે. માટે વર્તમાન લેવા હોય તો દોડીને ભેગો થા'' ત્યારે તે સાંતી પડતું મૂકીને એકદમ મહારાજની વાંસે દોડતો જાય ને ઘણા છેટે હતા તેથી દોડતાં શ્વાસ ચડી ગયો. તેવામાં મહારાજની નજર પડી તેથી બોલ્યા કે ''સુરા ખાચર ! આ આપણી વાંસે કોઈ દોડ્યું આવે છે ? માટે આપણે ઉભા રહો'' એમ કહીને ઉભા રહ્યા.

ત્યાં તો તે નાનજી મહારાજની પાસે આવ્યો ને પગે લાગીને બોલ્યો કે ''હે મહારાજ ! ઘણાં દિવસથી હું તમારી વાટ જોઈ રહ્યો હતો. મારે તમારા હાથનાં વર્તમાન લેવા છે'' એમ

તે શ્વાસ ચડવાથી માંડ માંડ એટલું બોલી શક્યો તે ટાણે ત્યાં મૂળજી બ્રહ્મચારી પાસે હતાં તેણે કહ્યું ભાઈ ! કોઈની પાસે પાણીનો લોટો હોય તો લાવો. આને મહારાજ વર્તમાન ધરાવે'' ત્યારે મહારાજ બોલ્યા કે ''બ્રહ્મચારી, પાણીનું કામ છે કે અમારું કામ છે ?'' એમ કહી નાનજીનો હાથ પોતાના હાથમાં લઈને બોલ્યા જે, ''જ્યાં અમે રહીએ છીએ ત્યાં તને તેડી જાશું એ તારે વર્તમાન''

તે સાંભળી નાનજી બોલ્યો કે ''હે મહારાજ ! મારે પૂજા કરવી ને અબોટીયાં રાખવાં તેનું કેમ કરવું ?'' ત્યારે મહારાજ કહે ''તારે પૂજા અબોટીયાંનું કાંઈ કામ નથી. બહાર દીશાયે જા ત્યારે પાણીનો લોટો લઈને જાજે ને જ્યારે તું દેહ મૂકીશ ત્યારે હું તને તેડવા આવીશ'' એવું મહારાજનું વચન સાંભળીને સહુ એમ બોલ્યા જે ''અહો આ કોળીના તો બહુ મોટાં ભાગ્ય થયાં'' એમ મહારાજને પ્રતાપે અધમનો ઉધ્ધાર થાય છે.

''ભાગ્ય જાગ્યા આજ જાણવા, થયા કોટીના કલ્યાણ.'' *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૭૭)*

## સેવા નાની ને રાજીપો મોટો

ગામ વાંકાનેરના બ્રાહ્મણ જાંબુડાની ટોપલી ભરીને ગઢપુર શ્રીજીમહારાજ માટે લઈને આવ્યા તે જ વખતે શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજમાન થયા હતા. તે બ્રાહ્મણે શ્રીજીને પગે લાગીને ટોપલી મૂકી. તે જોઈને શ્રીજીમહારાજે પૂછ્યું કે આ ટોપલીમાં શું લાવ્યા છો. ત્યારે બ્રાહ્મણ કહે જે આપશ્રીને માટે પાકેલાં સર્વોત્તમ જાંબુડા લાવ્યો છું. માટે આપશ્રી તે જાંબુડાં જમો, જેથી કરીને મારા જીવનો મોક્ષ થાય. તેથી શ્રીજીમહારાજે પોતાના હાથથી ટોપલી છોડીને જાંબુડાં હાથમાં લઈને પહેલાં ઘણાં જ વખાણ કર્યા. પછી મુકુંદાનંદજી બ્રહ્મચારીને બોલાવીને પાણી મંગાવ્યું. ને તે જાંબુડાંને ધોઈને શ્રીગોપીનાજીને જમાડીને પોતે જમતા જાય ને વખાણ કરતા જાય આવાં સારાં જાંબુડાં તમે લાવ્યા તે જમીને હું તમારા ઉપર ઘણો જ પ્રસન્ન થયો છું. માટે તમારે મારી પાસે જે માગવું હોય તે સુખેથી માગો. હું તમને આપું.

ત્યારે તે બ્રાહ્મણે શ્રીજીમહારાજને ખરેખર પ્રસન્ન થયેલા જાણીને કહ્યું કે મને પૂજવા સારુ ચરણારવિંદ આપો. એ ચરણારવિંદની મારે ઘણી જરૂર છે. પછી તે બ્રાહ્મણનું બોલવું સાંભળીને તુરત જ રંગ તથા વસ્ત્ર મંગાવીને ચરણારવિંદ એક જોડ પાડી આપ્યાં.

તથા જાંબુડા ની પ્રસાદી આપી તે લઈને બ્રાહ્મણ પોતાને ગામ જતા હતા. તે ચરણારવિંદ અત્યાર સુધી તેના વંશપરંપરાના માણસોએ સાચવી રાખેલાં છે ને તે ચરણારવિંદનું પૂજન માહાત્મ્ય પૂર્વક કરે છે.

પરમકૃપાળુ, શ્રીહરિના ચરણારવિંદનો બ્રાહ્મણ ભક્તને કેટલો મહિમા છે. તે બીજું ન માગતા ચરણારવિંદ માગ્યા અને આ ચરણારવિંદનું પૂજન નો પેઢી દર પેઢી ને લાભ મળ્યો છે'' *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર વાર્તા-૧૭૭)*

## શ્રીહરિનું અદ્‌ભૂત જમણ

એકવાર શ્રીહરિ ભુજમાં સુંદરજીભાઈના ઘેર પધાર્યાને સાથે મુક્તાનંદ આદિક સંત હતા. તે વખતે એક દિવસ શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું ''સ્વામી ! અમારે શરીરે લગારેક તાવની કસર થઈ આવી છે માટે એકાંતમાં આસન કરાવી આપો તો ઠીક'' ત્યારે સ્વામીએ ડેલામાં ઉગમણી ઓશરી હતી ત્યાં આસન કરાવ્યું.

પછી મહારાજે સ્વામીને કહ્યું કે ''અમારે વાસ્તે ચાર શેર રાતાં મરચાં તથા બે દિવસનું ખાટું પાંચ શેર દહીં મંગાવી આપો'' ત્યારે સ્વામીએ સુંદરજીભાઈના ઘેરથી તે બેય વાનાં મંગાવી આપ્યા. એટલે મહારાજ સૂતા હતા તે બેઠા થયા. ને તે મરચાંને ખૂબ જીણા વટાવ્યા ને બાજરીના રોટલા કરાવ્યા પછી મરચાં ચાર શેર તથા પાંચ શેર ખાટું દહીં અને બાજરીના બે રોટલા એ બધું મહારાજ જમી ગયા પછી બોલ્યા જે ''સ્વામી હવે અમારો તાવ જાશે.''તે સાંભળીને સુંદરજીભાઈ એ કહ્યું ''હે મહારાજ ! તમે તો અક્ષરાધિપતિ પુરુષોત્તમ ભગવાન છો તે તમને કાંઈ ન થાય ને બીજું કોઈ આવું ખાય તો તત્કાળ તેનાં પ્રાણ જાય.'' *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૪૨)*

(૨) એક વખત શ્રીજીમહારાજે લીલા કરી. મહારાજે મંદવાડ દેખાડ્યો. મંદવાડ લાંબો ચલાવ્યો. ઘણા ઉપાય કર્યા પણ મહારાજે રજા ન આપી. એક દિવસ મહારાજ કહે, જો અમે કહીએ એમ કરો તો અમારો મંદવાડ જાય. અમારો મંદવાડ મટાડવાનો એક ઉપાય છે. સંતોએ પૂછ્યું મહારાજ બોલો શું ઉપાય છે ? મહારાજે કહ્યું જે શેર લવીગિંયા મરચાં અને ખાટી છાશ અને રોટલા લાવો. સૌ સંતોને નવાઈ લાગી, મહારાજ આ શું બોલો છો.

ચાર શેર લવીંગિયા મરચાં... ! ખાટી છાશ અને ટાઢા રોટલા ! આ તો સાજાને માંદો કરી નાખે તેવી વાત તમે કરી.

મહારાજ કહે, આમ થવું કે ના થવું અમારા હાથની વાત છે ને ! આટલું જો લાવી આપો તો તરત સાજા થઈશું. અને ધણીનો કોઈ ધણી નથી. મહારાજે કહ્યું તેટલી વસ્તુ હાજર થઈ અને મહારાજે ટાઢા રોટલાની સાથે લવીંગિયા મરચાં અને ખાટી છાશ જમવા માંડી.

એટલામાં ડાંગરવાના અગરોજી અને અમરોજી ત્યાં આવ્યાં બંને ભાઈ કહે, મહારાજ, અમને પ્રસાદી આપોને. મહારાજ કહે લીધા જેવી નથી. પરંતુ બંને ભાઈઓએ આગ્રહ કર્યો

એટલે થોડી પ્રસાદીના રૂપમાં હાથમાં આપ્યું. અને જ્યાં મોઢામાં મૂક્યું ત્યાં બંને ભાઈ ચકરી ખાઈને ભોંય પડ્યાં.

અને મહારાજ તો ચાર શેર લવીંગિયા મરચા જમી ગયા અને સાજા પણ થઈ ગયા. "જોયું ! ભગવાન તો જે ધારે તે કરે. તેમના માટે કોઈ વસ્તુ અશક્ય નથી. ભગવાન જે કરે તે કોઈ ન કરી શકે." *(શ્રી સહજાનંદ દિવ્ય પ્રસંગ ગાથા વાર્તા-૧૩૭)*

(૩) એકવખત શ્રીજીમહારાજ ગામ કરજીસણમાં નાનાભાઈના કૂવે ઓરડામાં બિરાજમાન હતા ત્યાં ગામ લાંઘણોજના ભાવસાર સોનબાઈ ચાર શેર રાઈતી કેરીનું અથાણું લાવ્યાં તે બધું તે જ વખતે મહારાજ જમી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ -૩ ,વાર્તા-૨૯૬)*

(૪) એક વખત શ્રીજીમહારાજ ગામ હળવદ પધાર્યા હતા અને ત્યાં મંદિરમાં હાલ પાટ્ય છે તે દવેને ઘેર હતી તે ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન હતાં. પછી સૌ હરિજનોએ વિચાર કર્યો જે આપણે એક દુકાનેથી સાકર લઈને મહારાજને ભેટ ધરીએ પછી સૌ સાકાર લાવીને મહારાજને ભેટ મૂકવા મંડ્યા અને મહારાજ તે પાટ ઉપર બેસીને જમવા મંડ્યા તે ત્રણ મણ સાકર ત્યાં પાટે બેઠાબેઠા જમી ગયા. તે જોઈને સૌ આશ્ચર્ય પામ્યા. તે પાટ હાલ ત્યાંના મંદિરમાં છે. *(સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૨૩)*

## ડાંગરવાના જતનફઈના ઘેર શ્રીહરિએ હાંડલીમાં ઘેંસ હલાવી

એક સમયે જતનબા સવારના પહોરમાં માટીની હાંડલીમાં ઘેંસ રાંધવા બેઠા. એ જમાનામાં ગેસ ન હોતો આવી. ઈલેક્ટ્રીક સગડી નહોતી. ચૂલામાં બળતણ નાખવું પડે. ધુમાડાનો પાર નહી. બળતણ જો વધુ પડી જાય તો ઘેંસ દાઝી જાય. બળતણ ઓછું પડે તો ઘેંસ કાચી રહે. આ ઘેસને સતત હલાવતા રહેવું પડે નહિતર ઘેંસ ઉભરાઈ જાય સાથે સાથે બળતણનું પણ ધ્યાન રાખવું પડે. મહારાજ જતનબાના ઘરની સાંકળ ખખડાવી. "જતનબા, શું કરો છો?"

"મહારાજ, આપ સવારના પહોરમાં ક્યાંથી ? અને એકલા કેમ ?" જતનબાએ પૂછયું.

"કરજીસણ આવ્યા. થયું લાવને જતનફોઈને મળતો જાવું. અને તમને મળવા આવ્યો" મહારાજે જવાબ આપ્યો.

સવારમાં ઢોર છોડવાનો વખત થઈ ગયેલો. જતનબા ભેંસો ધણમાં છોડવા જવાનો વિચાર કરતા હતા. અંતર્યામીએ જાણી લીધું.

"તમે ભેંસો છોડી મૂકી આવો. હું ઘેંસ હલાવું છું."

"પણ, મહારાજ તમને આ કામ ન સોંપાય. તમો તો ભગવાન છો"

"તેમાં શું થઈ ગયું" તમો અમારી પરીક્ષા તો કરી જૂઓ જતન ફોઈ"

અને જતન ફોઈએ મહારાજના હાથમાં કડછો આપ્યો. જતનબા ભેંસો લઈને ધણમાં મૂકવા ગયા. અનંતકોટી બ્રહ્માંડના સરજન હારને ઘેંસ હલાવતા ફાવે નહીં. બળતણ વધારે પડી ગયું. ધૂમાડાનો પાર નહિ. આંખો લાલ લાલ થઈ ગઈ. પરસેવો થાવા લાગ્યો. પણ મહારાજે ઘેંસ ઉભરાવા દીધી નહિ. કડછો હલાવ્યે રાખ્યો.

જતનબા ભેંસો મૂકી આવી ગયા. ને મહારાજની સામે જોઈને બોલ્યા. ''વાહ ! શું તમારી કળા, જે કામ લો તે સારી રીતે પુરું પાડી દો છો ભગવાન.''

જતનબા, ''સૃષ્ટીનું સર્જન કરવું સારું પણ તમારી આ ઘેંસ રાંધવી આકરી'' ભગવાન બોલ્યા.

જતનબાને સ્મરણ થઈ આવ્યું કે મેં ભગવાન પાસે મારા સ્વાર્થનું કામ કરાવ્યું, તેઓ દિલગીર થઈ ગયા. મહારાજે કહ્યું ''જતનબા, તમો એ તો અમને આ કામ માટે ના પાડેલી. પણ અમોએ આગ્રહ કર્યો અને તેમાં તમારો દોષ નથી.''

''મહારાજ, બીજું તો કાંઈ નહીં પણ આ હાંડલીનું રાંધેલું જે કોઈ ખાસે તે અક્ષરધામમાં જાશે તે નક્કી થઈ ગયું.'' જનતબા બોલ્યા.

થાળીમાં ઘેંસ પીરસીને મહારાજને જમાડવા દુધ, દહીંની તાસળી ભરીને મહારાજને ઘેંસ તથા દૂધનું શિરામણ કરાવ્યું. મહારાજે ચળુ કરીને વિદાય લીધી. જતનબાએ મહારાજને પ્રેમ ભરી વિદાય આપી. જતનબાએ ઘેંસ ખાધી તો તેનો સ્વાદ અલૌકિક હતો. એટલી મીઠાશ હતી કે ન પૂછો વાત મહારાજના ધામમાં ગયા પછી જતનબા બે હાંડલીના રોજ દર્શન કરે અને ગળગળા થઈ જાય.

આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ એક વખત વિચરણ કરતા કરતા ડાંગરવા આવ્યા. ડાંગરવાના સત્સંગીઓએ મહારાજનું સ્વાગત કર્યું. જતનબાના ઘેર આવ્યા. પ્રસાદીનો પોષાક તથા હાંડલીના દર્શન કર્યા. જતનબાએ આચાર્ય મહારાજની પૂજા કરી આરતી ઉતારી. મહારાજને યથાશક્તિ ભેટ ધરી. મહારાજે સામે ચાલીને હાંડલી માંગી. જતનબા બોલ્યાં ''મહારાજ, આ હાંડલી તો મારો પ્રાણ છે. મારા પ્રાણ જોઈતા હોય તો આપું. પણ આ હાંડલીને જોઈને તો હું જીવું છું.''

''આચાર્ય મહારાજને જતનબાએ હાંડલી ન આપી. હાંડલીની કિંમત કંઈ ન હોતી. પણ તેનો સંબંધ શ્રીજીમહારાજ સાથે થયેલો તેની કિંમત હતી.'' (હાલ હાંડલીના દર્શન મ્યુઝિયમમાં થાય છે). *(દંઢાવ્ય દેશની લીલા પુસ્તિકામાંથી)*

## શ્રીહરિએ એભલ પરિવારની આકરી કસોટી કરી

એભલ ખાચર શ્રીજી સાથે આઠ વર્ષ રહ્યા. અને એભલ ખાચર જે દિવસ ધામમાં પધાર્યા. તે જ દિવસે રાત્રિના દશ વાગે એભલ ખાચરના પત્ની સુરબાઈ અને દાદા ખાચર, જીવુબા, લાડુબા, પાંચુબા, નાનબા, નાગમાલો, જોધો ભરવાડ, મૂળજી શેઠ, હરજી ઠક્કર, લાધો ઠક્કર આદિ સર્વેને ભેગા કર્યા. પછી શ્રીજી કહે હવે અમારે આંહી રહેવું નથી, કારણ કે એભલ ખાચર અમને ભગવાન જાણતા હતા અને સર્વસ્વ અમને સોંપી દીધું હતું. તેથી અમારું ધાર્યું થતું હતું. હવે અમારે રહેવું નથી. ત્યારે સર્વે કહે, જેમ તમો કહો તેમ સર્વે કરીએ. તમારું જ ધાર્યું થાય.

ત્યારે શ્રીજી કહે જેટલી એભલ ખાચરની મિલકત છે, ગામ, ગરાસ, નોકર, ચાકર, ઢોર, ઢાંખર, ઘોડા, ટારડા, રૂપિયા, ઘરેણાં તે સર્વ સ્વામિનારાયણનું છે અને અમોને રાખો તો રહીએ. પછી તે પ્રમાણે રાત્રિએ લેખ કરીને સહીઓ કરી આપી. પછી શ્રીજી કહે, કાલે સવારે સૂર્ય ઉગતા પહેલાં જીવુબા, લાડુબા, પાંચુબા, નાનબા, દાદા ખાચર તે સર્વને ચાલી નીકળવું. જે ઠેકાણે સ્વામિનારાયણ નામ ન સંભળાય તે ઠેકાણે જઈને રહેજો. પછી સવારે દિવસ ઉગતાં પહેલાં તે પાંચે જણા ચાલવા તૈયાર થયા.

ત્યારે જીવુબા કહે હે મહારાજ ! આ દાદો નાનો છે તે ભૂખ્યો થયો છે. તે જો તમો કહો તો બાજરાનો એક રોટલો કરીને ખવરાવીને પછી જઈએ. ત્યારે શ્રીજી કહે તમારે રોટલા કરવા રહેવું હોય તો અમો આ ચાલ્યા. ત્યારે જીવુબા કહે ચાર પૈસા આપો તો લખુ કંદોઈની દુકાનેથી ગાંઠીયા લઈને રાધાવાવે ખવરાવીને બારોબાર ચાલ્યા જઈશું. પછી શ્રીજી કહે એકપાઈ પણ નહીં મળે, કેમકે તમોએ અમને સર્વ લખી આપ્યું છે. ત્યારે જીવુબા કહે, સારું મહારાજ ! આ ચાલ્યા.

પછી સર્વ રાધાવાવે ગયા. ત્યારે જીવુબા કહે આ વાવ પ્રસાદીની છે. માટે સ્નાન કરીને પાણી પીઓ. કેમ કે ફરીથી આપણે આંહી આવવાનું નથી. પછી વાવમાં સ્નાન કરવા રોકાણા.

સવારે સુરો ખાચર ગઢપુરમાં કાણે આવ્યા. તેણે સાંભળ્યું જે મહારાજે સર્વ લખાવી લીધું અને કાઢી મૂક્યા છે. પછી સુરો ખાચર કાંણ ભંગાવવા માટે અક્ષર ઓરડીએ ગયા. તે રોતા જ રહે નહિ. ત્યારે શ્રીજી કહે સુરા ખાચર કેમ બહુ રૂઓ છો ? ઘરડું મરણ તો વિવાહ જેવું કહેવાય. ત્યારે સુરો ખાચર કહે, તમે સર્વને કાઢી મૂક્યા, અને બધું લઈ લીધું તે સારું કર્યું નથી. ! તમને કોઈ પ્રભુ નહિ જાણે. કેમ કે પ્રભુ હોય તો આવું કરે નહીં. તે બીચારા કોઈ દિવસ ચાલેલા નહીં. અને બહાર નીકળેલા નહીં. અને દુઃખ દેખેલું નહીં. તેમને તમે ભૂખ્યા

તરસ્યા કાઢયાં. પણ પ્રભુ કરે તે સારું જ કરે. પણ હવે મને રજા આપો તો હું છેવટના માટે મળી આવું અને દર્શન કરી આવું.

ત્યારે શ્રીજી કહે, ભલે સગાં ને મળવા જાઓ, ત્યારે સુરો ખાચર ઘોડશાળમાં ઘોડી લેવાં ગયા. ત્યારે શ્રીજી કહે સુરો ખાચર સગાને મળવા જાય છે. ચાલો વળોટાવા જઈએ. પછી પ્રભુ ઉઠીને ચોકમાં આવ્યા અને સુરો ખાચર ! તમને બહુ ખોટું લાગતું હોય તો જાઓ પાછા બોલાવી લાવો. પણ તમે આંહી છો તે ત્યાં નહિ બોલી શકો. માટે નાજા જોગીઆને મોકલીએ.પછી નાજો જોગીઓ ઘોડી દોડાવીને રાધાવાવ ગયા. તે સમયે સર્વ સ્નાન કરીને રાધાવાવનું પાણી પીને ચાલવાની તૈયારી કરતાં હતા. તે સમયે નાજો જોગીઓ પહોંચ્યા. ત્યારે તે સર્વે રોવા લાગ્યા અને નાજો જોગીઓ પણ રોવા લાગ્યાં. તે સર્વે મળીને પરસ્પર બહુ જ રોયા. પછી નાજો જોગીઓ કહે, તમને પાછાં બોલાવવા માટે મહારાજે મને મોકલ્યો છે. માટે પાછાં ચાલો. ત્યારે જીવુબા કહે, સુરો ખાચર ટીખળી છે. તો તેમણે કાંઈ ટીખળ કર્યું હોય તો અમારું કર્યું કરાવ્યું સર્વ ધૂળ થાય. અથવા લખુ કંદોઈ ટીખળી છે અથવા ખીમો સુતાર ટીખળી છે. તેણે કાંઈ ટીખળ કર્યું જે ભલે મહારાજ કુરાજી થાય, તો અમારો આખી જીંદગીનો દાખડો પાણીમાં જાય માટે સમ ખાવો જે પ્રભુએ જ પાછા બોલાવવા મોકલેલ છે. તો અમો આવીએ. પછી નાજો જોગીએ સમ ખાધા જે પ્રભુએ મને મોકલ્યો છે અને હું ખોટું બોલતો હોઉં તો પૃથ્વીમાં જેટલું પાપ થાય છે. તે મારે માથે.

પછી પાછાં વળ્યા અને દરબારમાં આવીને પ્રભુને પગે લાગીને ઊભા રહ્યા. ત્યારે મહારાજ જીવુબાને કહે તમને પાછા કેમ બોલાવ્યા છે તે ખબર છે ? ત્યારે જીવુબા કહે, ના મહારાજ ! ખબર નથી. ત્યારે શ્રીજી કહે આ લેખ કાચા કાગળ ઉપર છે. તો તે ત્રાંબાના પતરા ઉપર કરી આપો. તે માટે પાછાં બોલાવેલ છે. પછી જાઓ. પછી તે સમે ત્રાંબાનું પતરું મંગાવીને કંસારા પાસે લેખ કરાવ્યો. તે લેખ પાંચુબાના પટારામાં મૂકાવ્યો. કેમ કે વહેવાર પાંચુબાના હાથમાં હતો. પછી પ્રભુ કહે હવે રહો.

પછી એભલ ખાચરના તેરમાના દિવસે દાદા ખાચર પાસે ભારે કારજ કરાવ્યું. ગળ્યા અને મોળા સાટા કરીને જ્ઞાતિ, સંતો, આખું ગામ, રાંક ઢીક, હજારો બ્રાહ્મણોને જમાડ્યા. આવી રીતે શ્રીહરિએ મોટીબા આદિકની અતિ આકરી કસોટી કરી તો પણ મોટીબા ડગ્યા નહીંને કસોટીમાં સારધાર પસાર થઈ ગયા. આ તેમની સમર્પણ ભાવના અતિ ઉચ્ચ કક્ષાની ગણાય. જેમને કદી ઉઘાડે પગે બહાર નીકળ્યા નથી, રાજપુત્રી હોવા છતાં શ્રીહરિની મરજી સાચવીને શ્રીહરિ જેમ રાજી થાય એમજ સર્વે કર્યું છે. આજે તેમના જીવનની આપણે સર્વ પ્રેરણા લઈએ છીએ. ધન્ય છે ધન્ય છે આવા મહામુક્તને.

પૂર્વના ઈતિહાસો વાંચીએ છીએ ત્યારે આપણને એમ નવાઈ લાગે કે કેવા સમર્પિત ભક્તો થઈ ગયા. પણ આ તો ૨૦૦વર્ષ પૂર્વનો કળિકાળનો જબર સમર્પણ નો તાજો ઈતિહાસ બન્યો છે જે પ્રેરણા રૂપ છે." *(શ્રી સ્વામિનારાયણ સંહિતા અધ્યાય-૫૫)*

## શ્રી હરિ મોટીબાને કહે આ તમારી સમજણ ગોબરીને ગોબરી રહી

એક સમયે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં વિરાજમાન હતા. ત્યાંથી ગંગાજળીયે કૂવે નાવા પધાર્યા, ને કૂવા કાંઠે બાજોઠ ઉપર મહારાજ નાતા હતા. તે સમયે મોટીબા તથા લાડુબા આદિકે મહારાજનાં દર્શન કર્યા. ત્યારે મોટીબાએ લાડુબા આદિક ડોશીયુંને વાત કહી છે, આ સમયે આપણાં મોટા ભાગ્ય જે, ગોપીયુંના જેવી પ્રાપ્તિ થઈ છે, ને ગોપીયોના જેવો આનંદ છે, ને ગોપીયુંના જેવું સુખ છે, ને ગોપીયુંનાં જેવું કલ્યાણ થાશે. એ વાત મહારાજે નાતા નાતા સાંભળી. પછી મહારાજ નાહી ચાખડીએ ચડીને અક્ષર ઓરડીમાં પધાર્યા ને ઢોલિયા ઉપર વિરાજ્યા. તે સમયે બ્રહ્મચારી થાળ લઈને આવ્યા. એટલે મહારાજ ઢોલિયેથી હેઠા ચાકળા ઉપર બેઠા, ને ખૂબ સારી પેઠે જમ્યા.

પછી ચાખડીએ ચડી આથમણા બારને ઓરડે ઢોલિયા ઉપર વિરાજ્યા. ત્યારે મોટીબા તથા લાડુબાને મહારાજે કહ્યું કે તમે આટલા દિવસ થયા અમારી વાતો સાંભળી સમાગમ કર્યો, પણ કાંઈ સમજ્યા નહિ, ને સમજણ ગોબરી ને ગોબરી છે. ત્યારે મહારાજને લાડુબાએ કહ્યું જે શી વાત સમજાણી નથી ? તે કહો.

ત્યારે મહારાજ બોલ્યા જે અમે ગંગાજળિયે કૂવે નહાતા હતા, જ્યારે તમે બોલ્યાં જે ગોપીયુંના જેવો આનંદને ગોપીયુંનાં જેવું સુખ ને ગોપીયુંના જેવું કલ્યાણ થાશે. એમ તમે કહ્યું. તે તમારી ગોબરી સમજણ છે. ને ગોપીયુંના જેવું કલ્યાણ તો કોઈક અધર્મી માણસ તમારા ગોળાનું પાણી પીશે તેનું થાશે, ને તમારા ઘેર જે પશુ, બળદ, ઘોડા આદિ તથા વૃક્ષ તે અક્ષરધામને પામશે. ત્યારે તમારા કલ્યાણની તો શી વાત કરવી ? અને તમે તો હજું ગોપીયુંના જેવા કલ્યાણને બાઝી પડ્યા છો. એ જ તમારી સમજણ ગોબરી છે. અને મોટા અવતારાદિક આ દરબારની ફળીમાં લોટીને માથે ચરણરજ ચડાવી જાય છે. એવો તો આ ભૂમિકાનો પ્રતાપ છે. અને અનંતકોટી બ્રહ્માંડના કર્તા જે મૂળ પ્રકૃતિને પુરુષ તથા વૈરાટ પુરુષ તથા ગોલોકાદિક ધામના મુક્ત તમારા દરબારમાં આવી આળોટે છે. ને બહુ મહિમા જાણી માથે ચરણરજ ચડાવે છે. તમે તો ડાંગરના ફોતરા જેવું જે ગોપીયુંનું કલ્યાણ તેને ઈચ્છો છો ? એ જ તમારી ગોબરી સમજણ છે. એમ મહારાજે વાત કરી. ત્યારે સર્વે બાઈયું આશ્ચર્ય પામી શ્રીહરિનો સર્વોપરીપણે દૃઢ નિશ્ચય કરતી હતી.

"શ્રીહરિને સર્વોપરીપણે જેમ છે તેમ ઓળખ્યા વિના આત્યંતિક કલ્યાણ નહિ થાય" *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૨૯૦)*

## મહારાજનો મહિમા મીણબાએ જાણ્યો

એક વખત મહારાજ કરિયાણે પધાર્યા હતા અને ચોમાસાનો વખત હતો અને વરસાદનું એલું થયું હતું. પછી મહારાજે મીણબાઈને કહ્યું કે, અમને ભૂખ લાગી છે. પછી મીણબાઈએ ગોળો ફોડીને અંદર રાખ નાખીને માંડી છાણાં લગાડીને ઉપર તાવડી મેલી અને પોતાને હાથે રોટલો ઘડીને તાવડીમાં નાખ્યો. પછી તે સગડી માથે લઈને ઘરમાં માંચી ઉપર બેઠાં. તે સમે મહારાજ ઘરમાં પધાર્યા અને પૂછ્યું જે મીણબાઈ આ શું કરો છો ? મીણબાઈ કહે મહારાજ ચૂલામાં પાણી ભરાણું છે અને તમે ભૂખ્યા થયા છો તે તમારા સારું રોટલો કરું છું.

"મીણ બા મહારાજનો મહિમા કેટલો સમજ્યા હશે. જે વરસાદ બહુ હતો તેથી નીચે પાણી હતું તેથી માંચી ઉપર બેસીને માથે ચૂલો રાખીને રોટલો કર્યો." *(સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૩૪)*

## ચારણબાઈના ભાગ્ય થયાં

એક વખત કરિયાણામાં મહારાજ કાળા મકવાણાને ઘરે વિરાજમાન હતા તે સમે કોઈક ચારણબાઈ આવીને મહારાજને જોઈને બોલી જે સ્વામિનારાયણ તારાં ઘાઘલાં લઉં, તારાં ભામણાં લઉં, તને દોરો બાંધું તને કોઈ પ્રકારનો રોગ થાય નહિ. તેથી મહારાજે પોતાનો જમણો હાથ લાંબો કર્યો એટલે તે બાઈએ મહારાજને દોરો બાંધ્યો.

તે વખતે પર્વતભાઈ બોલ્યા જે વાહ તારાં ભાગ્ય વાહ આ તો સાક્ષાત્ લક્ષ્મીજી તુલ્ય છે. પછી સુરો ખાચર બોલ્યા જે આ તો સોળસંઢી છે ત્યારે મહારાજ કહે પર્વતભાઈ આ સુરો ખાચર શું કહે છે ? પર્વતભાઈ કહે મહારાજ અત્યારે તમે સાક્ષાત્ પુરુષોત્તમ છો તે તમે લાંબો હાથ કર્યો ને તમને રાખડી બાંધી એટલે લક્ષ્મીજી જેવી થઈ રહી. મહારાજ કહે પર્વતભાઈને મહિમાનું અંગ છે ને સુરા ખાચરને ચારણીના જેવો સ્વભાવ છે.

"મહારાજના યોગમાં આવે તેનું પુરું થઈ જાય. જેમ પારસમણીના યોગે પારસમણી બને તેમ." *(સદ્. શ્રી અક્ષરનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૩૫)*

## શ્રીહરિની રમૂજી ભક્તો સાથે રમૂજ

(૧) શ્રીહરિ બોટાદના હમીર ખાચરના દરબારમાં ઉતર્યા. ત્યાં ખાચર દાદા, સુરા, સોમલા આદિક એકાંતિક સખા પોતા પાસે બેઠા છે તે સમયે લીમલી ગામના વણિક મૂળજી શેઠ મહારાજનાં દર્શન કરવા આવ્યા. તે પ્રથમ સાંખ્યયોગી હતા. તેમને કર્મયોગી કરવા ગઢડાથી

સૂરા, સોમલા ખાચરને મોકલ્યા. તેમણે તેને કહ્યું કેઃ "તમે સાંખ્યયોગ મૂકીને કર્મયોગી થાવ એવી મહારાજની આજ્ઞા છે. આ વચન એમણે નહિ માનવાથી આજ્ઞાનો ભંગ થયો. પછી બે સ્ત્રીઓ પરણીને ગૃહસ્થાશ્રમી બન્યા.

પરંતુ મહારાજનો નિશ્ચય પરિપકવ હોવાથી મહારાજને દર્શને બોટાદ આવ્યા. તેને જોતાં જ સુરા ખાચરે શ્રીજીને સુચવ્યું કે, "પેલા મૂળજી આવ્યા છે" ત્યારે શ્રીજીએ કહ્યું કે, "એમને અહીં બોલાવી લાવો."બોલાવવાથી તે આવ્યા અને મહારાજનાં દર્શન કરીને બેઠાં. ત્યારે મહારાજે જાણવા છતાં પૂછયું કે, "કેટલી સ્ત્રીઓ કરી ત્યારે તેમણે કહ્યું કે "બે કરી છે ત્યારે મહારાજે કહ્યું કે "ત્રીજી પણ જોઈએ" ત્યારે મૂળજીએ "ના" કહી. ત્યારે વળી મહારાજે કહ્યું કે, "ત્રીજી જોઈએ જ" એમ કહીને પછી પોતા પાસે બેઠેલા ગોંડળના શેખમીયાને કહ્યું કે "તમારે બે સ્ત્રીઓ છે તેમાંથી મુમદીયાની મા છે તે મૂળજીને આપો" ત્યારે મૂળજી બોલ્યા કે "હું તો હીંદુ છું અને એ તો મુસલમાન છે. તે કેમ બને ?"

(મીયાં મહાદેવને બને નહિ) ત્યારે વળી મહારાજે ઉત્તરમાં અસંબદ્ધ અવળું કહ્યું કે, "જેમ સાંખ્ય યોગી હતા પછી." મીપળે કર્મયોગી બન્યા તેમ એ પણ બને" પછી શેખમીયાને આગ્રહથી કહ્યું કે, "તમને કહી એ એક આપો જ" ત્યારે વળી શેખમીયાએ યુક્તિથી કહ્યું કે, "મુમુદીયાની માં તો ગોંડળ છે તે કેમ લવાય" ત્યારે વળી મહારાજે કહ્યું કે, "પરણે ત્યારે કેવો વિધિ કરે છે ત્યારે સુરા ખાચર બોલી ઊઠ્યા કે "ચોરી બાંધે, અંદર અગ્નિ સળગાવે, છેડા બાંધે, ફેરા ફેરવે અને ગીતો ગાય" ત્યારે મહારાજે સુરા ખાચરને કહ્યું કે, "શેખમીયાં અને મૂળજીના છેડા બાંધો અને ફેરા ફેરવો અને તમો બધા ગીતો ગાવ" ત્યારેખાચરે હા કહીને બન્નેના છેડા બાંધ્યાં. અગ્નિ સળગાવ્યો. ફેરા ફેરાવ્યા અને "ગણુંણું ગણુંણું ધૂપ જાવ, ગણુંણું ગણું ધુપ જાવ" એવું ઉટાંગ ગીત પણ ગાયું અને સોળ ફેરા ફેરવ્યા. એમ વિવાહ વિધિ પતી ગયા પછી મહારાજે શેખમીયાને કહ્યું કે, "હવે તમે ગોંડળ જાવ ત્યારે મોકલી દેજ્યો" આ રીતે બોટાદમાં મૂળજીના નિશ્ચયની પરીક્ષા માટે અસહ્ય રમૂજ કરી તો પણ "આ પુરુષોત્તમ નારાયણ પ્રત્યક્ષ છે" એવી જે નિશ્ચયની દઢ ગાંઠ બાંધી હતી તેમાં લેશ પણ સંશય થયો નહિ. અને આ રીતની લીલાને જોઈને મહા આનંદને પામ્યા.

"મૂળજી શેઠને શ્રીહરિનો નિશ્ચય દઢ હતો તો તેમને સંશય પણ ન થયો ને ખોટું પણ ન લાગ્યું." *(સદ્. અભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૫૫)*

(૨) એક વખત મહારાજ ગઢપુરમાં ઉગમણા બારમા ઓરડે લોઢાની સાંકળ ઝાલીને ઊભા હતા અને પ્રાગજી દવે મહારાજ પાસે ઊભા હતા. તે સમે શેખજી મહારાજના દર્શને

આવ્યો. તેને મહારાજે કહ્યું કે, તમારે કેટલી બીબી છે. ત્યારે શેખજી કહે છે મારે બે બીબી છે. ત્યારે મહારાજ કહે એક પ્રાગજી દવેને આપો. ત્યારે શેખજી કહે બહુ સારુ મહારાજ. ત્યારે મહારાજે પ્રાગજી દવેને કહ્યું કે કેમ દવે તમારે ખપશે ? દવે કહે મહારાજ ! રોટલા હું કરીશ પણ જેવું હોય તેવું ચાલશે. પછી મહારાજ બોલ્યા જે માળો ભણ્યો તોય ગધાડો ને ગધાડો રહ્યો. જે પોતે બ્રાહ્મણ છે અને તે મુસલમાન છે એની એ ખબર છે. એવી કામ વાસના છે તે ભૂંડી છે તે નાતજાત જાણે નહીં.

"કામ વાસનાને લીધે માણસ ઉતરતો ઉતરતો કેટલી હદે નીચે આવી જાય છે. તે જેમ ઈન્દ્ર પદવી હતી છતા ઈન્દ્ર અહલ્યામાં લોભાણો" *(સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૦૩)*

(૩) અગણોતેરા કાળમાં મહારાજ અક્ષર ઓરડીમાં ભંડક હતું તેમાં છાના રહેતા અને માથે જટા વધારી હતી. અને પોતે પાણી પીવા માટે કચરાનો લોટકો રાખ્યો હતો. એટલે સૌને સૂચના આપતા જે આગળ દુકાળ પડવાનો છે માટે સૌ ઢોર વેચી તથા ઘરેણાં વેચી અનાજનો સંગ્રહ કરજો. અને મહારાજના દર્શને ખીમા સુતાર અક્ષર ઓરડીએ આવ્યા ત્યારે મહારાજે ખીમા સુતારને કહ્યું જે, તારે કેટલાં ઘરબારાં છે ? ત્યારે ખીમો સુતાર કહે મહારાજ બે છે, મહારાજ કહે તેને વેચી દે. ત્યારે ખીમો સુતાર કહે મહારાજ,એક ઘરડું છે તે કોઈ લે તેવું નથી અને એક સારું છે. મહારાજ કહે તેને વેચ ને અનાજ લે. એમ તેને મહારાજે રમૂજમાં વાત કરી હતી.

"ખીમાં સુતારને રમૂજ ગમતી તેથી મહારાજ રમૂજ કરતાં અને જો મહિમા ન હોય તો રમૂજ મશ્કરીમાં પરિણમે ને અવળું પડે." *(સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૯૩)*

(૪) એકવાર ગઢડામાં ખીમો સુતાર અતિ માંદો થયો ને તેને જોવા સારુ મહારાજ તેને ઘેર પધાર્યા. ને તેને જોઈને પાછા દાદાખાચરના દરબારમાં આવ્યા. ને જીવુબા પ્રત્યે મહારાજ બોલ્યા જે, "જીવુબા ! ખીમા સુતાર તો નહીં રહે ને એને બે બાઈડીઓ છે તે એ મરે ત્યારે એ બેય રાંડે કે એક રાંડે ?" ત્યારે જીવુબા કહે "એ બેય રાંડે" ત્યારે મહારાજ કહે "એ તો બહુ જ ખોટું " પછી જીવુબા કહે "એને શીદ મરવા દીઓ છો ? જીવાડોને, એ જીવાડવું મારવું તે તમારા હાથમાં છે ને ?" પછી મહારાજે તેને જીવાડ્યો ને મરવા ન દીધો.

"ધણીનો કોઈ ધણી છે ? એ તો આવરદા હોય તોય તેડી જાય અને આવરદા ન હોય તોય રાખે." *(શ્રી હરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૧૮૭)*

(૫) એક વખત શ્રીજીમહારાજે શરીરે મંદવાડ ધારણ કર્યો હતો. અને અક્ષર ઓરડીમાં નિષ્કુળાનંદ સ્વામી દર્શને ગયા. ત્યારે મહારાજ બોલ્યા, જે સ્વામી ગાડી કરો તો આપણે સાલેમાળ પર્વતમાં તપ કરવા જાઈએ. સ્વામી કહે બહુ સારુ મહારાજ. પછી સ્વામીએ લાકડાં ભેગાં કરીને દરબારમાં ગાડી કરવા બેઠા તે વાતની નિત્યાનંદ સ્વામીને ખબર પડી એટલે નિત્યાનંદ સ્વામી દરબારમાં આવ્યા. અને સ્વામીને કહ્યું જે, શું કરો છો ? સ્વામી કહે મહારાજને તપ કરવા જાવું છે તે ગાડી કરું છું. પછી નિત્યાનંદ સ્વામી કહે આસને જઈને બેસો પછી સ્વામી આસને ગયા.

અને નિત્યાનંદ સ્વામીએ સાધુ ને મોકલી અક્ષરઓરડીમાં ખબર કઢાવી જે મહારાજ શું કરે છે ? સાધુએ આવીને કહ્યું જે, મહારાજ પોઢી ગયા છે પછી નિત્યાનંદ સ્વામી ચાર સંતને લઈ અક્ષરઓરડીમાં ગયા ને બંને પાંગતે બેસાર્યા. અને પોતે મહારાજ પાસે બેઠા. પછી આગળના બે સંત મહારાજનો ઢોલિયો તાણ્યો. અને બીજા બે સંતે પાછો હડસેલ્યો. એમ બે ચાર વખત કર્યું. એટલે મહારાજ મોઢા ઉપરથી વસ્ત્ર ઉઘાડીને જોયું અને કહ્યું કે આ શું થાય છે ? ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા જે સાલેમાળ પર્વતમાં ગાડી જાય છે તે રોદા આવે છે એટલે ગાડી ઊંચી નીચી થાય છે. મહારાજ ઊંચું જોઈને બોલ્યા જે, ગપ્પાં શું મારો છો ? ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા જે તમે શું ગપ્પા મારો છો ? જે આવા માંદાછો ને તપ કરવા જાઓ છો ?પછી મહારાજ કાંઈ બોલ્યા નહીં અને નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, તમે પધારો તો આ બધાને આધાર શો ? પછી મહારાજ કહે જેમ તેમ રાજી થાશો તેમ કરશું. પછી નિત્યાનંદ સ્વામી આસને ગયાં.

"આવી રીતે મહારાજ મનુષ્ય લીલા રમૂજને ખાતર કરતાં પણ જેને નિશ્ચય દઢ હોય તેને તો આ લીલામાં પણ આનંદ આવે." *(સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૯૮)*

(૬) ભાદરવા સુદ ૪ જેને લોકો ઝઘડા ચોથ કહે છે. તે દિવસ શ્રીજી સાંજ સમયે ચોકમાં બિરાજમાન હતા. તે સમયે ચોકમાં બિરાજમાન હતા. તે સમયે શ્રીજી ચંદ્રમાં સામું જોઈને ભટ્ટજીને કહે, "આજ ચંદ્ર જુએ તો કલંક લાગે ખરું ?" ત્યારે ભટ્ટજી કહે, "હા મહારાજ" દેવના ગુરુની સ્ત્રી તારાને ચંદ્ર આજે ઉપાડી ગયો હતો, ચંદ્રનું દર્શન ભાદરવા સુદી ૪ ને દિવસે પાપ રૂપ છે.

અને આ લોકમાં તરત કલંક ટાળવા માટે કોકના ઘર ઉપર પથરા નાંખે, તેથી ગાળો દે. એટલે કલંક મટી જાય. શ્રીજી કહે, "અમને કોણ ગાળ દે ?" ભટ્ટજી કહે "સોમા ફૈબા

ઘરમાં વાળુ કરે છે. તેમના ઘર ઉપર પથ્થરો નાંખો તેથી અજાણમાં ગાળો દેશે.'' પછી શ્રીજીએ પથ્થરો મંગાવીને ફૈબાના ઘર ઉપર નાંખ્યો. ફૈબા બોલ્યાં, ''કોના હાથે વાળા નીકળ્યા છે? મારો રોયો, મારો પીટ્યો, તારાં છાજીયાં લઉં, તારું નખ્ખોદ જાય'' શ્રીજી આ સાંભળીને બહુ રાજી થયા.

અમારું કલંક ટળ્યું. તમો સર્વે ચંદ્ર જોયો માટે સૌ એક એક પથ્થર ફેબાના ઘર ઉપર નાંખો એમ શ્રીજી બોલ્યા. ત્યારે પાંચસો પરમહંસ સંન્યાસીઓ, પાર્ષદો, બ્રહ્મચારીઓ, સત્સંગીઓ, ત્રણંસો બાઈઓ, તે સર્વેએ પથ્થર નાખવા માંડ્યા. તેથી, ફેબાનું ઘર તૂટી પડ્યું. ફૈબા ઘરથી બહાર નીકળી ગયા. ઘર તોડી નાખવું એવું ક્યાં કીધું હતું એમ શ્રીજીએ કહ્યું માટે બસ આંહી રહેવું જ નથી, એમ રીસાઈને હરજી ઠક્કરને ઘેર રાત રહ્યા. દાદા ખાચર શ્રીજીને મનાવવા ગયા અને પધારવાને વિનંતી કરી.

ફૈબાએ ગાળો દીધી છે માટે ફેબા તેડવા આવે તો આવીએ એમ શ્રીજીએ કહ્યું. ફૈબા તેડવા આવ્યાં. ત્યારે પ્રભુ કહે, ''દાદા, તું તો નાનો છે, પણ બાપાને કહીને આજ જ સોમબાઈનું ઘર ચણાવી દે, તો આવીએ.'' દાદા ખાચર કહે, ''ચાલો પ્રભુ, બાપુના નહીં પાડે હું કહીશ તેમ કરશે.''પ્રભુ કહે, ''પાયો ખોદાવો પછી થાળ જમવો છે.'' દાદા ખાચર કહે, ''ભલે મહારાજ ત્યારે પ્રભુ પધાર્યા. પછી સાધુ, પાળા, સત્સંગીઓ પાયા ખોદવા મંડ્યા. તે પાયામાંથી પચાસ હજાર રૂપિયાનો ચરૂ નીકળ્યો.આ રૂપિયા સોમા ફેબાને આપો. એમ શ્રીજીએ કહ્યું. ફઈબા કહે, ''મારે રૂપિયાને શું કરવા છે ? દાદા ને આપો.'' ફેબાનો પૈસો મારે ન જોઈએ એમ દાદા ખાચરે કહ્યું તેથી સાધુને જમાડો. એમ શ્રીજી બોલ્યા બે મહિના સાધુને લાગલગાટ જમાડ્યા, ચાતુર્માસ એમ વીત્યો.

''મહારાજે એમ કલંકનું નિમિત્ત કરીને ફૈબાનું મકાન નવું થયું ને રૂપિયા પચાસ હજાર નીકળ્યા તે સંતોને જમાડ્યા. માટે પ્રભુના સંકેતમાં મર્મ હોય છે.'' *(શ્રી સ્વામિનારાયણ સંહિતા અધ્યાય-૪૮)*

# વિવિધ વેશમાં શ્રીહરિનાં દર્શન

## વિપ્ર સ્વરૂપે શ્રીહરિ ખોવાયેલી થાળી દેવા આવ્યા

અને કોઈક સમયમાં ગામ મધવાસના વિપ્ર ખુશાલભાઈ એ બે જણ વડતાલ મહારાજનાં દર્શને આવતાં બોરિયાવીની ભાગોળે રસોઈ કરીને જમ્યા. ત્યાંના તળાવમાં વાસણ ધોતા કૃપારામની થાળી પાણીમાં ખોવાઈ ગઈ. પછી એ તો વડતાલ ગયા અને મહારાજનાં દર્શન કર્યા. અને મહારાજ વિપ્રરૂપ ધરીને એની થાળી એની માને દેવા ગયા અને બોલ્યા જે, “તમારા દીકરાએ થાળી મોકલી છે, તે લો.” એમ કહીને દીધી.

પછી મહારાજનાં દર્શન કરીને તે કૃપારામ પોતાને ગામ ગયા, ત્યારે તેની માએ તેને કહ્યું જે, “બ્રાહ્મણ સાથે થાળી પાછી શા સારુ દઈ મોકલી ? મારા મનમાં એમ થયું જે, એ શામાં ખાશે ?” પછી કૃપારામે આ વાત કહી કે, “થાળી તો પાણીમાં ખોવાઈ ગઈ હતી, પણ એ તો મહારાજ વિપ્રરૂપે દેવા પધાર્યા હતા.” *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૩૩૧)*

## લૂંટારા મિંયાણાને અલ્લા સ્વરૂપે દર્શન

અને કોઈક સમય મહારાજ અને મહારાજ ભેળા પાંચ-સાત ભક્ત, તે આધોઈથી કંથકોટ જતા હતા. ત્યાં રાત્રિમાં મિયાણા લૂંટવા આવ્યા. તે મહારાજને જોઈને “ઓય અલ્લા, ઓય અલ્લા, એમ કહીને પગે લાગ્યા અને માર્ગ બતાવ્યો; પણ લૂંટી ન શક્યા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૩૬૫)*

## મહારાજ સંન્યાસી બન્યા

એક વખત ગઢપુરમાં શ્રીજીમહારાજ સંતની ધરમશાળામાં પધાર્યા હતા અને ત્યાં સભા કરીને વિરાજમાન થયા પછી મહારાજ બોલ્યા જે અહીંયાં રસોઈ બહુ જ અશુદ્ધ થાય છે માટે અમારે સંન્યાસી થવું છે પછે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને મહારાજે કહ્યું કે અમારે અહીં રહેવું નથી મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી તથા સુરો ખાચર બોલ્યા જે, મહારાજ ! જેવી તમારી મરજી, મહારાજે પછી પોતાના વસ્ત્ર ઉતારી એક તરફ મૂક્યાં પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે મહારાજ ! હવે તમારે ધાતુપાત્રને નહી અડાય માટે તુંબડું તથા પતર રાખવું જોશે મહારાજ કહે લાવો તુંબડું તથા પત્તર. પછી સૌ સંતે તુંબડાં તથા પત્તર લાવી મહારાજ પાસે મૂક્યાં અને નિષ્કુલાનંદ સ્વામીએ વાંકી તુંબડી લઈ મહારાજ પાસે મૂકી. પછી મહારાજે વાંકી તુંબડી હાથમાં લીધી અને લુગડાની ઝોળી વાળી તેમાં તુંબડી રાખી ખંભે ઝોળી ભેરવી

અને એક દંડ હાથમાં લીધો. પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે મહારાજ ! તુંબડી તો પાંસરી લ્યો મહારાજ કહે વાંકી તુંબડીયે ક્યાં વાંકી ધાર થાય છે ? પછી મહારાજના લુગડાં સુરા ખાચરે ગાંઠે બાંધી લીધાં ને દરબારમાં ગયા અને મોટીબા તથા લાડુબાને વાત કરી જે મહારાજ સંન્યાસી થઈ ગયા અને હવે ગામડામાં જશે. તે સાંભળી લાડુબાએ સુરા ખાચરને કહ્યું જે, અમોએ મહારાજનાં દર્શન બહુ જ કર્યા છે પણ સંન્યાસી થયા તે દર્શન કર્યા નથી માટે મહારાજને કહો જે છેલ્લી વખત દર્શન આપતા જાય. પછી સુરા ખાચરે મહારાજને કહ્યું કે મહારાજ ! દરબારમાં તો કલોહલ થઈ રહ્યું છે જે મહારાજ સંન્યાસી થયા તે બહુ જ સારું થયું પણ એક વખત અમને દર્શન આપતા જાય પછી મહારાજ કહે ચાલો દર્શન દેવા જઈએ પછી સંત તથા પાર્ષદસહિત મહારાજ દરબારમાં પધાર્યા પછી મહારાજ વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીએ ચાકળો નાખી તે ઉપર વિરાજમાન થયા પછી લાડુબાઈ બોલ્યાં જે મહારાજ ! તમે સંન્યાસી થયા તે બહુ જ સારું થયું તે હવે તમારે અગ્નીને અડાશે નહી અને અહીંયાં તો મોટીબા ને બે ચાર છોકરાં ને મારે બે ચાર છોકરાં તે અહીં ચોખ્ખું ક્યાંથી થાય ? અને બ્રાહ્મણીયું નાહી ધોહી ચોકી કરી તમારા સારુ તૈયાર રસોઈ કરીને બેઠી હશે એમ લાડુબા બોલ્યાં જે રાતે છોકરાં ઝાડે ફરેલાં હશે તે એક કોરે ઢાંકેલું હશે અને એક છોકરું ખોળામાં ઝાડે ફરેલું હશે તે લઈ રોટલા કરતી હશે ને નાકમાંથી શેડા કાઢતી જતી હશે અને રોટલાં કરતી હશે વગેરે ઘણી ઘણી અનાચારની વાતો કરી તે સાંભળી મહારાજ બોલ્યા જે અરરર આવા ગોબરા ? સુરો ખાચર કહે હા મહારાજ ! ત્યાં તો એવું હોય તે વાત સાંભળી મહારાજને શંકા થઈ એટલે દંડ હાથમાં હતો તે લીંબડા નીચે ઘા કરી નાખ્યો અને ભગવાં લૂગડાં જે પહેર્યા હતાં તે ફળીમાં ઉડાડી નાખ્યાં અને મહારાજ બોલ્યા જે લાવો અમારાં લુગડાં પહેરવાં છે પછી સુરો ખાચર બોલ્યો જે લ્યો મહારાજ તૈયાર છે પછી મહારાજ પોતાનાં વસ્ત્ર પહેરી ઉતારે પધાર્યા. *(સ. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૩)*

## દાદા ખાચરના રખવાળા માટે વીર વેશ ધારણ કર્યો

એક સમે મહારાજ અક્ષરઓરડીમાં વિરાજમાન હતા અને દાદા ખાચર ક્યાંક ગામ ગયા હતા તે સમે દાદા ખાચર ઉપર ભાવનગરથી હલ્લા આવી તે જોઈ સુરબાઈ મહારાજ પાસે અક્ષરઓરડીમાં ગયાં અને મહારાજને કહ્યું જે, મહારાજ ! દાદો ઘરે નહી અને દરબાર ઉપર હલ્લા આવી છે. મહારાજ કહે, સુરબાઈ ! કાંઈ ફીકર કરશો નહી હું એકલો હજારો જણાનો નાશ કરીશ. તે સાંભળી સુરબાઈ દરબારમાં આવ્યાં અને મહારાજ અક્ષરઓરડીમાંથી બખતર પહેરીને દરબારમાં આવ્યા અને હાથમાં ઢાલ તથા તરવાર ધારણ કરી અને આવીને મહારાજે

સુરબાઈને બોલાવ્યાં. મહારાજશ્રી કહે, સુરબાઈ ! તે સાંભળી સુરબાઈએ મહારાજ સામું જોયું અને બોલ્યા જે, મહારાજ ! આ શું કર્યું ? મહારાજ કહે તમે કહેતાં હતાં ને દાદો ઘરે નથી તે સાંભળી દાદા ખાચરના ફઈ સોમાબાઈ હતાં તે પોતાના ઓઢવાનું વસ્ત્ર કેડે બાંધ્યું હતું અને હાથમાં સાંબેલું લીધું અને માથાના કેશ છૂટા મૂક્યા અને કપાળમાં કંકુનો લેપ કર્યો અને મહારાજના પડખે આવીને ઉભાં રહ્યાં, તે જોઈ મહારાજ બોલ્યા જે આ શું ? સોમાબાઈ કહે હું, મહાકાળીનો અવતાર છું તે સર્વનો નાશ કરું. પછી હલ્લા દાદા ખાચરની ડેલીએ આવી અને બંદુકના અવાજ કરવા મંડ્યા તેમાં જે મોટેરો જમાદાર હતો તેના દારુમાં દેવતા ઉડીને પડ્યો, એટલે તે જમાદાર ઉછળી ઉછળીને ઉંચો પડવા લાગ્યો તે જોઈ બધી હલ્લા ભાગી ગઈ અને મહારાજ સુરબાઈ પાસે આવીને બોલ્યા જે, સુરબાઈ ! હલ્લાં બધી ભાગી ગઈ, સુરબાઈ કહે, મહારાજ ! તમારી આગળ કોનું ચાલે તેવું છે ? એમ કહી પગે લાગ્યાં ને મહારાજ અક્ષરઓરડીમાં પધાર્યા અને બખતર ઉતારી પોતાનાં શ્વેત વસ્ત્ર પહેર્યા અને સોમાબાઈ પોતાને ઘરે ગયાં એવી રીતે મહારાજે અસુરનો પરાજય કર્યો. *(સ. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૫)*

## થયા વનિતા રૂપે વનમાળી

એક વખત મહારાજે ગઢપુરમાં વસંતપંચમીનો સમૈયો કર્યો હતો અને દેશાંતરોના હરિભક્ત દરશને આવ્યા હતા અને ગામ સારંગપુરના વાઘો ખાચર તથા અમરો ખાચર બને ભાઈએ ગઢપુર આવવા વિચાર કર્યો પણ પોતાને વ્યવહારે દુર્બળ સ્થિતિ બહુ તેથી બન્ને જણે વિચાર કર્યો છે, આપણે મહારાજને શું ભેટ લઈ જશું પછી વાઘો ખાચર બોલ્યા જે, આપણે ગરીબ છીએ તે ફૂલ નહીં તો ફૂલની પાંખડી. પછી બે જગન્નાથના તાકા લઈ મહારાજને પહેરવાનાં વસ્ત્ર બધાં કરાવ્યાં. અને એક તાકો મહારાજને માથે પાઘડી બંધાવવા લીધો. પછી બન્ને ભાઈ ગઢપુર આવ્યા અને દરબારમાં મહારાજ સભા કરીને વિરાજમાન હતાં પછી મહારાજે આજ્ઞા કરી જેને પૂજા કરવી હોય તે કરો. પછી દેશાંતરના હરિભક્તો ભારે ભારે પોશાક તથા દાગીના લાવ્યા હતા તે મહારાજને પહેરાવ્યા. આ બે ભાઈયો વિચાર કરે છે જે, આપણે આની આગળ શું હિસાબમાં ? માટે કાંઈ ઉભું થવું નહી. પછી મહારાજ બોલ્યા જે વાઘા ખાચર અમરા ખાચર લાવો તમારો પોશાક પછી બન્નેએ કહ્યું કે આ તો મહારાજે માગી લીધું પછી મહારાજની પાસે જઈ વસ્ત્રની પોટલી છોડી એટલે મહારાજ બોલ્યા જે, વાઘા ખાચર અમરા ખાચર ! તમે શે જાણ્યું કે અત્યારે અમારે રંગ ઉડાડવો છે. તે શ્વેતવસ્ત્ર જોઈએ પણ બીજો પોશાક પહેરીને રંગે રમાય નહીં પછી મહારાજ તેમનો પોશાક પહેરી રંગે રમ્યા. અને ઘેલે નહાવા પધાર્યા

ને તેમનાં વસ્ત્ર પાછાં વાઘા ખાચર તથા અમરા ખાચરને આપ્યાં. પછી રાતે બે ભાઈ સૂતા હતા ત્યાં કપાસની વરખડીઓના જીવ આવી બોલાવા માંડ્યા જે, ધન્ય છે વાઘા ખાચર ધન્ય છે અમરા ખાચર તમે અમારા જીવનો મોક્ષ કર્યો. વાઘો ખાચર કહે તમે કોણ છો ? ત્યારે તે બોલ્યા જે, અમે તમોએ મહારાજને વસ્ત્ર પહેરાવ્યાં તે કપાસની વરખડીયુંના જીવ છીએ તે અમે મહારાજના ધામમાં જાઈએ છીએ પછી સવારે ઉઠીને મહારાજના દરશને આવ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, કેમ વાઘા ખાચર ! આજ રાતમાં શું દેખાણું ? વાઘા ખાચરે બધી વાત સભામાં કહી દેખાડી. *(સ. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૩)*

## બ્રાહ્મણરૂપે જેતપુર પધાર્યા

ગામ જેતપુરમાં રામબાઈ કરીને બ્રાહ્મણી હતાં તે પોતે મહાભક્તરાજ હતાં અને પૂર્વના સંસ્કારી બહુ હતાં અને પોતે સાસરે ગયાં એટલે સાસરનાં પક્ષમાં બધાં કુસંગી હતાં, તેથી બાઈને સત્સંગ મેલાવવાને માટે ઘણો દુરાગ્રહ કર્યો પણ બાઈએ સત્સંગ મૂક્યો નહીં અને રાત્રીએ સુવે ત્યારે તેનો પતિ તેની છાતી ઉપર ખાટલાનો પાયો મૂકીને ઉપર સુતો પછી તે બાઈ દુઃખથી બહુ કંટાળી ગયાં અને ઉપવાસ કરવા મંડ્યા તે વારે શ્રીજીમહારાજે તેને દર્શન દઈને કહ્યું જે, તું કાંઈ ચિંતા રાખીશ નહીં. પછી ચોમાસાનો વખત હતો અને ભાદર નદીનું પુર બે કાંઠામાં હતું પછી બાઈ લુગડાં ધોવાનો મીસ લઈને માથે લુગડાંની પોટલી મેલીને નદીએ આવ્યા અને શ્રીજીમહારાજ બ્રાહ્મણને વેશ કરીને તે બાઈને તેડવા આવ્યા હતા. પછી તે બાઈ લુગડાંની પોટલી સોતા ભાદર નદીમાં પડીને સામે કાંઠે ગયા પણ એકે વસ્ત્ર પલળ્યું નહીં અને ગઢપુર આવીને સાંખ્યયોગી થઈને રહ્યાં એવાં ખપવાળાં હતાં. *(સ. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૩૦૪)*

## શેઠ રૂપે ૫૦ ગાડા સિધાના ભરી આપ્યા

શ્રીજીમહારાજે ડભાણ યજ્ઞ કર્યો ત્યારે ઘણાંક હરિજનોને ઘણેક ઠેકાણે મહારાજે દર્શન આપેલું અને પોતાનાં ઐશ્વર્ય વડે તે યજ્ઞ પુરો કર્યો. યંજ્ઞનો જયારે પ્રારંભ કર્યો ત્યારે ખંભાતથી એક ગાઉ છેટું મોટા બંગલા જેવું એક છાપરૂ કર્યું અને ત્યાં તમામ સમાન ઘી, ગોળ, ખાંડ, ચોખા, દાળ, ઘઉં વગેરેના મોટા મોટત્રિંજ કરેલા અને ફરતા ગામના લોકને ભાડે બોલાવીને તમામ સામાન ડભાણ મોકલતા અને પોતે શેઠનું સ્વરૂપ ધારણ કરીને કેટલાક નોકરોની સાથે ત્યાં રહેતા. પછી એક વખત મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું જે, મહારાજ ! આ ગાડાવાળાને ભાડું તથા ખાવાનું કાંઈ આપતા નથી તેનું કેમ થાય છે ? ત્યારે મહારાજ કહે, સ્વામી ! આપણે તો જે સામાન આવે તે ઉતારી લેવો અને તેની પહોંચ તેને લખી આપવી અને બીજો

ખરચ તો ત્યાં શેઠ છે તેણે માથે રાખેલ છે માટે તેની ચિંતા આપણે રાખવી નહીં. *(સ. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૦૪)*

## ગલતાન ગાદીના મહંત રૂપે થયા

એક વખત શ્રીજીમહારાજ વરતાલ પધારતા હતા અને રાત્રિયે અંધારું થઈ ગયું, અને ધોલેરા પાસે કાદીપુર કરીને ગામ છે ત્યાં ગલતાનની ગાદીના બાવા રહેતા હતા. પછી મહારાજે કાઠીયોને કહ્યું કે તમે કોઈ બોલો નહીં તો શીરોપુરી જમાડું. કાઠી કહે, જાઓ મહારાજ ! નહીં બોલીએ વળી મહારાજ કહે કે, કોઈ સ્વામિનારાયણનું નામ લેશો નહીં, પછી મહારાજ તે બાવાની જગ્યાને દરવાજે જઈને બોલ્યા, જે મહંતજી કમાંડ ખોલો, તે વખતે એક બાવે આવીને કમાડ ખોલ્યું અને પૂછ્યું કે કોણ છે ? ત્યારે મહારાજ કહે, ગલતાનકી ગાદીકા મહંત હે, તે સાંભળીને તે સૌ બાવા દોડ્યા આવ્યા અને દરવાજો ઉઘાડીને મહારાજને જગામાં તેડી ગયા, અને ઘોડાં બંધાવ્યાં અને સંતે મહારાજને ઢોલિયો ઢાળી દીધો અને સર્વે સખાને પણ ઢોલિયા ઢાળી દીધા, પછી ચાર પાંચ બાવા શીરો પુરી વગેરે રસોઈ કરવા મંડ્યા અને એક મહંત હતો તે હાથ જોડીને મહારાજ પાસે બેઠો. પછી મહારાજ અંતર્યામીપણે કહેવા લાગ્યા જે અમોએ સાધુ કર્યાનું લખ્યું હતું તે તમોએ સાધુ કર્યા કે નહીં ? મહંત કહે, હા મહારાજ ! આ કરનશનદાસજી અને વસનદાસજી એ બે સાધુ કર્યા તે સાંભળી એ બે સાધુ મહારાજના પગમાં આવીને પડ્યાં. વળી મહારાજ કહે તમે એક હજાર રૂપિયાની હુંડી બીડી હતી ને વડોદરામાં અમને પહોંચી હતી મહંત કહે, ઠીક મહારાજ. પછી રસોઈ તૈયાર થઈ એટલે સૌને સારી રીતે જમાડ્યા અને પછી સૌ સૂઈ ગયા તૈ સૌ બાપાએ ચાકરી પણ સારી રીતે કરી. પછી તે સૌને મર્મમાં સમજાવતા જાય જે ખબરદાર.... પછી સવારે ચાલવાને માટે તૈયાર થયા ત્યારે મહંત બહુ આગ્રહ કરવા લાગ્યો એટલે મહારાજ બોલ્યા જે રહેવાય એમ નથી અમારે દ્વારકા પરસવા જવું છે પછી પ્રથમ મહારાજ માણકી ઘોડી ઉપર સવાર થયા અને પછી કાઠી સૌ સ્વાર થવા મંડ્યા તે વખતે સુરો ખાચર બોલ્યા જે, જય સ્વામિનારાયણ ત્યારે બાવા બોલ્યા જે વોય માળા આ તો સ્વામિનારાયણીયા છે ! પણ આપણા મહંત નહીં, પછી હાથમાં ધોકા લઈને બાવા સૌ કાઠી વાંસે થયા. પછી મહારાજે કહ્યું કે સુરા ખાચર ! હવે પાછા વળો અને ચોમાસું હતું એટલે ઘોડાં સૌનાં ગારામાં ખૂતવા મંડ્યા, પછી સુરા ખાચરે ઘોડી પાછી વાળીને સરક ઝાલીને ફરી વળ્યા એટલે બાવા સૌ પાછા વળ્યા એમ બાવાને રાજી કર્યા ને ચાલ્યા ગયા. *(સ. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૩૩)*

## મહારાજે પોલીસનો વેશ લીધો

ગામ સાવદામાં શામદાસ કરીને નગરશેઠ હતા અને તે રાત્રિયે દુકાનને સાંકળ વાસ્યા વિના ઉપર તાળું વાસીને ઘેર ચાલ્યા ગયા. દુકાનમાં તિજોરી વગેરે માલ સંપૂર્ણ ભર્યો હતો અને પોતે ઘરે જઈને સૂઈ રહ્યા પછી મહારાજે પોલીસનો વેશ ધરી રાતમાં હાથમાં રફલ લઈને પહેરો ભર્યો અને સામી કંદોઈની દુકાન હતી તે કોઈકને ત્યાં વિવાહ હશે તેને સારુ મીઠાઈ કરતાં હતા પછી તેઓ મહારાજને જોઈ એમ વિચાર કરે જે શેઠની દુકાને કોઈની તીજોરી ઉતરી હશે તેથી પહેરેદાર પહેરો ભર્યા કરે છે પછી સવારના ચાર વાગ્યે મહારાજે જઈને શામદાસને જગાડ્યો અને સાદ કર્યો જે શામદાસ ! એ શામદાસ ! દુકાને સાંકળ વાસ્યા વગર તાળું દીધું છે તે અમારે આખી રાત પહેરો ભરવો પડ્યો છે. તે શામદાસની માએ સાંભળ્યું પછી તેમણે શામદાસને જગાડ્યા અને કહ્યું કે શામદાસ એ શામદાસ ઉઠ્યને મહારાજ જેવું કોઈક આવ્યું છે અને કહે છે કે દુકાને તે સાંકળ દીધા વિના તાળું દીધું છે તે અમારે આખી રાત પહેરો ભરવો પડ્યો છે પછી શામદાસ ઉઠીને દુકાને ગયા ત્યારે કંદોઈ બોલ્યા જે શેઠ આજ કાંઈ તીજોરી ઉતરી છે કે શું ? રાત બધી રફલ બાંધીને પોલીસ પહેરો ભરતો હતો ત્યારે શેઠ કહે તીજોરી તો કાંઈ ઉતરી નથી પણ હું સાંકળ વાસ્યા વગર તાળું દઈને ચાલ્યો ગયો હતો એટલે સ્વામિનારાયણ ભગવાન રાત બધી જાગ્યા અને અત્યારે મને ઘરે આવીને જગાડી ગયા તે સાંભળીને કંદોઈ સત્સંગિ થયા જે સ્વામિનારાયણ તો ભગવાન ખરા. *(સ. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૪૧)*

## ચોકીદાર રૂપે આખી રાત ભક્તની સેવા કરી

ગામ ઉમરેઠના નંદુ ઠાકર ગોધરે ગયા હતા ત્યાંથી તેઓ સાંજ વખતે ચાલ્યા તે ચાલતાં ચાલતાં રાત્રિ પડી ગઈ તે રાત અંધારી હતી તેથી રસ્તો પણ ભૂલી ગયા પછી પોતાની ઘોડીને એક વૃક્ષને થડે બાંધી ને પોતે ત્યાં બેઠા અને પછી મહારાજની સ્મૃતિ કરી પછી પોતાને સાંભરી આવ્યું જે મહારાજે સભામાં વાત કરી હતી, જે આપત્કાળ પડે ત્યારે મહારાજને સંભારવા તો ભગવાન રક્ષા કરે એમ વિચાર કરતા હતા એટલામાં એક શ્વાન ભસ્યું તેનો શબ્દ સાંભળીને અને છેટેથી એક દીવો દીઠો જેથી પોતાને વિચાર થયો છે દીવો બળે છે ત્યાં મનુષ્ય હોવું જોઈએ. પછી તેને આધારે આધારે ત્યાં ગયા અને પૂછ્યું કે ભાઈ તમે કોણ છો ? ત્યારે તેમણે કહ્યું કે અમે સરકારી માણસ છીએ ત્યાં નંદુભાઈ કહે અમને અહીંયાં રાત રહેવા દેશો ? ત્યારે તેમણે કહ્યું જે સુખેથી રહોને અમે માણસની રક્ષા કરવા સારુ જ અહીંયાં રહ્યા છીએ તેથી ઘોડી બંધાવીને ખડ નિર્યું અને કહ્યું કે તમારે કાંઈ જમવું છે ? ત્યારે કહે ના મારે જમવું

નથી. પછી તેમને ખાટલો ઢાળી દઈને સુવાર્યા અને મહારાજે તેમની પગ ચંપી પણ કરી પછી સવારનો વખત થયો ત્યારે તેમને જગાડ્યા અને રસ્તો બતાવ્યો ત્યાં જતાં રસ્તામાં માણસ સામાં મળ્યા તેમને પૂછ્યું કે, અહીંયાં ચોકીદાર કોઈ રહે છે ? ત્યારે માણસો કહે કે અહીંયાં તેવી ચોકી કરવાનું થાણું નથી તે સાંભળી નંદુભાઈ પાછા વળી તે ઠેકાણે ગયા અને જઈને જોયું ત્યારે ઘોડીની લાદ પડેલી દીઠી અને ખડ નીરેલું દીઠું પણ બીજું કાંઈ દીઠું નહીં. તેથી નંદુભાઈએ જાણ્યું જે નક્કી આ તો શ્રીજીમહારાજ આવેલા પછી પોતે ત્યાંથી બારોબાર વડતાલ આવ્યા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. પછી નંદુભાઈ કહે, મહારાજ ! મારી દેશકાળમાં રક્ષા કરી તે તો ઠીક પણ તમે જે મારા પગ દાબ્યા એ અપરાધ, હું ક્યાં છુટીશ ? ત્યારે મહારાજ કહે નંદુભાઈ ! ક્યારેક સેવક પગ દાબે અને ક્યારેક ગુરુએ પગ દાબે તે અપરાધ ન કહેવાય. *(સ. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૪૨)*

## સ્વાર રૂપે ચોરી કરી

ગામ રામપરા લાઠી પાસે ગામમાં બહેચર પટેલ કણબી હરિભક્ત હતા અને તે ખેતીનું કામ કરતા અને દશાંદ વિશાંશ ચોખો ધરમાદો આપતા તેમને એકસો વિઘાનું ખેતર હતું તેમાં જુવાર વાવી હતી તે બહુ સારી પાકી હતી. પછી શ્રીજીમહારાજ સ્વાર સહિત તે ખેતર ફરતા આંટા મારી રક્ષા કરતા હતા તેને શેઢે એક મુસલમાનનું ખેતર હતું તે મહારાજને હંમેશાં મુસલમાન જોયા કરતો જે ખેતર ફરતાં આ કોણ સ્વાર આંટા માર્યા કરે છે ? પછી બહેચર પટેલ સવારે ખેતર ગયા તેની આગળ મુસલમાન બોલ્યો જે, બહેચર પટેલ ! બે સ્વાર શ્વેત વસ્ત્ર પહેરીને નિત્ય અહીંયાં તમારા ખેતર ફરતા શા માટે આંટા માર્યા કરે છે ? એ મહારાજે બહેચર પટેલને રાતે જઈને કહ્યું હતું જે, બહેચર ! તું શા માટે ખેતર જાય છે ? તે મારો ભાગ કર્યો છે તે સારું અમે રખવાળું કરીએ છીએ. પછી બહેચર પટેલે મુસલમાનને કહ્યું કે એ તો અમારા સ્વામિનારાયણ ભગવાન તથા ગોપીનાથજી મહારાજ એ બે જણ નિત્ય આવે છે ને મને હમણાં કહી ગયા જે અમો ખેતર ફરતી ચોકી કરીએ છીએ. *(સ. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૩૩)*

## વિપ્ર રૂપે અનોપબાને માથે હાથ મૂક્યા

શ્રીજીમહારાજ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને ખુશાલભાઈને તેડવા માટે ટોરડા ગામે ગયા હતા તે મહારાજ સાથે પોતે ચાલ્યા ત્યારે તેમની દીકરી અનોપબા કરીને હતાં તેમને માથે હાથ મેલ્યો અને આશીર્વાદ આપ્યો અને કહ્યું કે તમારે વચને કરીને લોકોની સમાધિ થાશે એમ તેમને આશીર્વાદ આપ્યો હતો. પછી અનોપબાને વચને કરીને ઘણાક લોકોને સમાધિ થાતી હતી. *(સ. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૮૪)*

## વૃધ્ધ બ્રાહ્મણનું રૂપ લઈને રૂા. ૧૦,૦૦૦ આપી ગયા

ગઢડાથી શ્રીજીમહારાજે વડતાલ સમૈયો કરવા જવા માટે સંકલ્પ કર્યો. તેવામાં દાદા ખાચર સવારમાં શ્રીજીનાં દર્શન કરવા આવ્યા. ત્યારે મહારાજ કહે, વડતાલ સમૈયો કરવા આવતીકાલે અહીંથી જઈશું. ત્યારે દાદા ખાચર કહે, મહારાજ, અહીં સમૈયો કરો ને દેશાંતરના હરિભક્તો ઉપર કાગળ લખો જે આ વર્ષમાં ગઢડે સમૈયો કરવાનો છે માટે સર્વે હરિભક્તો ગઢડે આવજો. આવા કાગળો મળવાથી દેશાંતરના હરિભક્તો બાઈઓ તથા ભાઈઓ કીર્તન ગાતાં ગાતાં ગઢડે આવતાં હતાં. રસ્તામાં ખારાપાટમાં એક ગામ આવ્યું, તે ગામના પટેલે કીર્તન ગાતા આવતા હરિભક્તોને પૂછ્યું, તમે ક્યાં જાઓ છો ? ત્યારે હરિભક્તો કહે, અમે ગઢડે શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા જઈએ છીએ. ત્યારે પટેલ કહે, શ્રી સ્વામિનારાયણ ભગવાન છે ? ત્યારે હરિભક્તો કહે, હા ભગવાન છે. ત્યારે પટેલ કહે, તમે ઊભા રહો. હું ગામમાં જઈને ભગવાનને આપવા સારું ભેટ લઈ આવું. પછી દશ રૂપિયા લાવીને આપ્યાં. કહે, શ્રી સ્વામિનારાયણ ભગવાનને મારા તરફથી ભેટ મૂકજો. પછી તે હરિભક્તો ગઢડે આવ્યા, મહારાજનાં દર્શન કર્યા ને જે પોતાને ભેટ મૂકવી હતી તે ભેટ મૂકી, પણ પટેલે આપેલા દશ રૂપિયા મહારાજને ભેટ મૂકવા ભૂલી ગયા. પછી મહારાજે તે પટેલના દશ રૂપિયા માગી લીધા. તે રૂપિયા લઈને માથું ધુણાવ્યું. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, કેમ માથું ધુણાવ્યું ? ત્યારે શ્રીજીમહારાજ કહે, ખરા સમયમાં આ રૂપિયા મારે આપવા જવા પડશે. પછીથી તે પટેલને છ માસે કોઢ નિસર્યો, ને મરવા માટે ગાડું જોડાવી સમુદ્રકાંઠે ગયા, ને ગાડું હાંકનાર ચાકરને પાંચ રૂપિયા આપવાનું કહ્યું, ને કહે છે, તું કોઈને વાત ન કરીશ. હું અત્રે સમુદ્રમાં મરવા માટે આવ્યો છું. પછી લાકડીને ટેકે ધીમે ધીમે સમુદ્ર તરફ ચાલ્યા. તેવામાં શ્રીજીમહારાજ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને આવ્યા, ને કહ્યું જે, પટેલ ક્યાં જાઓ છો ? ત્યારે પટેલ કહે, અમારાં સગાંસંબંધીને ત્યાં જઈએ છીએ. ત્યારે શ્રીજી બોલ્યા જે, તપસ્વી બ્રાહ્મણ સપુરુષ આગળ ખોટું ન બોલવું. તો પણ ઉપર પ્રમાણે કહ્યું. ત્યારે મહારાજે કહ્યું કે, તમો સમુદ્રમાં પડવા જાઓ છો ? ત્યારે પટેલે મહારાજ પાસે એમ કહ્યું, જે હા હું સમુદ્રમાં પડવા જાઉં છું. ત્યારે શ્રીજીમહારાજ કહે, મારું વચન માનીને તમો તમારે ઘેર પાછા જાઓ. તમને થોડા દિવસમાં સારું થશે. ને સમુદ્રમાં પડવા જવું હોય તો આ તમારા રૂપિયા દશ હજારની દશ કોથળીઓ લ્યો. ત્યારે પટેલ બોલ્યા કે, રૂપિયા તમોને મેં આપ્યા નથી. ત્યારે મહારાજ કહે, અમારા સત્સંગીનો સંઘ ગઢડે આવતો હતો ત્યારે તમોએ દશ રૂપિયા મોકલ્યા હતા. તે દશ રૂપિયા મને મળ્યા હતા તે લ્યો. હું કોઈનું લેણું રાખતો નથી. ત્યારે પટેલે કહ્યું કે, તમો શ્રી સ્વામિનારાયણ

ભગવાન છો ? ત્યારે શ્રીજીએ કહ્યું જે, હું ભગવાન છું. પછીથી શ્રીજીમહારાજનો નિશ્ચય થવાથી મહારાજના વચનથી ઘેર ગયા. ત્યાં થોડા દિવસમાં આરામ થયો. પછી થોડા રૂપિયા લઈને પ્રત્યક્ષ ભગવાનને મળવા ગઢડે ગયા. ત્યાં શ્રીજીમહારાજનાં દર્શન કરી નિયમ ધારી મહારાજશ્રીનો આશ્રય કરી પોતાને ઘેર ગયા. અંતકાળે તે પટેલને પોતાના અક્ષરધામમાં લઈ ગયા. એવા શ્રીજીમહારાજ દયાળુ છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૪)*

## ભરવાડ રૂપે થઈને માંડવધારથી દૂધ લાવ્યા

ગઢડામાં શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં બેઠા હતા તેવામાં ત્યાં સુરા ખાચર આવ્યા. તેમને શ્રીજીએ વાત કરી કે દાદા ખાચરનાં ફોઈ સોમાબા કોઈ વખત રસોઈ આપતાં નથી. માટે કોઈ પ્રકારથી સમજાવીને મારું નામ ન લેતાં રસોઈનું કરે તો ઠીક. પછી સુરા ખાચર બીજે દિવસ ફોઈબા પાસે ગયા અને વાતમાં ને વાતમાં કહ્યું જે સહુ મહારાજ તથા સંતને જમાડે છે ને તમો પણ શ્રીજીને તથા સંતને જમાડો. ત્યારે સોમાબા બોલ્યા જે, શ્રીજી કહેવડાવે છે કે તમે કહો છો ? ત્યારે સુરા ખાચર કહે હું કહું છું. ત્યારે સોમાબા કહે, સાચું કહો. શ્રીજીમહારાજ કહે તો હું જરૂર રસોઈ આપું. ત્યારે સુરા ખાચર કહે છે, મહારાજ મને કહેતા હતા. ત્યારે સોમાદેવી કહે, કાલે આપણી જલેબી, મોતીયાની રસોઈ કરો ને શ્રીજીમહારાજને તથા સંતોને જમાડો. ત્યારે સુરા ખાચર રાજી થયા. ત્યારે સોમાદેવી બોલ્યાં જે એમ રાજી થવાનું નથી. કાલે મારી રસોઈ ને બીજે દિવસ મહારાજ દૂધપાક પુરીની રસોઈ કરી સંતોને જમાડે તો હું રસોઈ આપું. ત્યારે સુરા ખાચર કહે, મહારાજ રસોઈ આપશે. ને કદાચ નહિ આપે તો હું આપીશ. ત્યારે સોમાદેવી બોલ્યાં કે, જાઓ શ્રીજી પાસે જઈ નક્કી કરી આવો. પછી સુરા ખાચર શ્રીજીમહારાજ પાસે આવ્યા. ત્યારે શ્રીજી કહે, કેમ સોમાદેવીએ હા પાડી ? ત્યારે સુરા ખાચર કહે, હા તો પાડી પણ થોડો વાંધો છે. ત્યારે મહારાજ કહે, શો વાંધો છે ? ત્યારે સુરા ખાચર કહે, સોમાદેવી કહે છે કે હું જલેબી મોતીયાની રસોઈ આપું પણ બીજે દિવસ શ્રીજી દૂધપાક પૂરીની રસોઈ આપે તો હું રસોઈ આપું એમ કહે છે. પછી મહારાજે હા પાડી. એટલે સુરા ખાચર સોમાબા પાસે ગયા ને રસોઈનું નક્કી કરાવ્યું. પછી દાદા ખાચરને બોલાવીને સોમાદેવીએ બીજે દિવસે જલેબી મોતીયાની રસોઈ કરાવીને શ્રીજીને તથા સંતોને જમાડ્યા. પછી મહારાજની ઈચ્છાથી સુરા ખાચર લોયા જવા માટે તૈયાર થયા તે વાત સોમાબાએ જાણી તેથી સુરા ખાચરને કહે રસોઈ મહારાજની પાસે અપાવીને જાઓ, કારણ કે મારી પાસે રસોઈ અપાવીને મને ખર્ચ કરાવ્યો અને હવે જાઓ તો હું નહિ જવા દઉં. આવું સાંભળીને સુરા ખાચર મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, સોમાદેવી કહે છે કે

મહારાજ પાસે કાલે રસોઈ અપાવીને જાઓ નહિ તો નહિ જવા દઉં. પછી મહારાજે સુરા ખાચર જોડે કહેવડાવ્યું કે, આ ગામમાં દૂધ જોઈએ તેટલું ન મળે. માટે કાલે અગર પરમ દિવસે શ્રીજી પાસે રસોઈ અપાવીને ઘેર જઈશ. એમ કહેવાથી ફોઈબા રાજી થયાં. પછી મહારાજે દાદા ખાચરને દૂધનું પૂછ્યું ત્યારે દાદા ખાચર કહે, આ ગામમાં તો પાંચ મણને આશરે દૂધ મળે પણ વધુ મળે નહિ. પછી શ્રીજી બે પાર્ષદ લઈને માંડવધાર ભરવાડોના ઘેર ગયા ત્યારે ભરવાડોએ પૂછ્યું જે, સ્વામિનારાયણ તમે કેમ આવ્યા છો ? ત્યારે શ્રીજીમહારાજ કહે, અમારે કાલે વીશ મણ દૂધ જોઈએ છે માટે આવ્યા છીએ. ત્યારે ભરવાડો કહે, તમને દૂધ નહિ આપીએ. મહારાજે બે ત્રણ વખત કહ્યું પણ ના જ કહી, કારણ કે મહારાજ તમોને દૂધ આપીએ તો અમારાં ઢોર વહુકી જાય કેમકે તમો કામણ ટુમણીયા છો. આવું ભરવાડોનું વચન સાંભળીને મહારાજ પાછા ગઢડે આવ્યા ને દૂધ નહિ મળવાની વાત કહી. પછી મહારાજે દાદા ખાચરને કહ્યું જે, પૂરી કરવા માટે લોટ તૈયાર રાખજો. કાલે દૂધપાક પૂરીની રસોઈ કરાવવી છે. ત્યારે દાદા ખાચર કહે, દૂધ મળવાનું નથી ને ઘઉંનો લોટ તૈયાર રાખવાનું શું કરવા કહો છો ? ત્યારે મહારાજ કહે, કાલે સવારમાં ભરવાડોની સ્ત્રીઓ દૂધ લઈને આવશે. ને સંતોને કહ્યું જે, ચૂલા ખોદીને તૈયાર રાખો તથા રંઘેડાં પણ ઉટકી રાખો. દૂધપાક કરવા જોઈશે. પછી પેલા ભરવાડને બીજે ગામ જવું હતું તેથી રાત્રિએ પોતાની સ્ત્રીને કહ્યું જે, બે રોટલા અધિક કરી રાખજો, મારે સવારે ગામ જવું છે માટે. કાલે ગઢડાના શ્રી સ્વામિનારાયણને ત્યાંથી કોઈ દૂધ લેવા આવે તો આપણે ત્યાંથી આપશો નહિ. ને મારા ભાઈને પણ ના પાડી આવશો કે દૂધ આપે નહિ. પછી સ્ત્રી કહી આવી ને બીજે દિવસ સવારમાં ભરવાડ રોટલા લઈને પરગામ ગયો. પછી શ્રીજી તે ભરવાડનું રૂપ ધારણ કરી ભરવાડની સ્ત્રી ગાયો દોતી હતી ત્યાં આવ્યા. ત્યારે ભરવાડણે પૂછ્યું, કેમ આવ્યા ? ત્યારે ભરવાડરૂપ ધારણ કરનાર મહારાજ બોલ્યા જે, હું ગામ જતો હતો તે રસ્તામાં મારી પછવાડે સાપ દોડ્યો. પછી હું ઝાડ ઉપર ચઢી ગયો ને તે સાપ ઝાડની ચારે તરફ ફરવા લાગ્યો. પછી મને વિચાર થયો કે, કાલે સ્વામિનારાયણને દૂધ આપવાની ના કહી હતી તેથી તેમણે સાપ મોકલ્યો હશે. પછી મેં માનતા રાખી જે મારી ગાયોનું દૂધ તથા મારા ભાઈની ગાયોનું દૂધ બધું આપીશ. આવો સંકલ્પ કર્યો ત્યારે તે સાપ અદશ્ય થયો. તેથી તને કહેવા આવ્યો છું કે આપણી ગાયોનું દૂધ દશ મણ તથા મારા ભાઈની ગાયોનું દૂધ દશ મણ તમો બધાં બૈરાં લઈને ગઢડે જઈ સ્વામિનારાયણને આપજો ને પૈસા આપે તો લેશો નહિ. આવું કહી ભરવાડરૂપ ધારણ કરનાર શ્રીજીમહારાજ ત્યાંથી ચાલતા થયા. પછી ભરવાડોની સ્ત્રીઓએ

ગોપીઓની પેઠે માથે દૂધના દેગડા મૂકી ગઢડે આવીને શ્રીજીને દૂધ આપ્યું. પૈસા આપવા માંડ્યા પણ લીધા નહિ. પછી મહારાજ દૂધપાક પૂરીની રસોઈ કરાવીને પોતે જમ્યા. પછી સર્વ સંતોને તથા સર્વ હરિભક્તોને તથા બાઈઓ આદિકને જમાડીને પ્રસાદી દાદા ખાચરને ત્યાં મોકલી તથા જીવા ખાચરને ત્યાં મોકલી. ને થોડી પ્રસાદી લઈને બે ત્રણ પાળાઓને માંડવધાર ભરવાડને ઘેર મોકલ્યા ને કહેવડાવ્યું કે સ્વામિનારાયણે તમારે માટે પ્રસાદી મોકલી છે. ત્યારે તે કહે, અમે પ્રસાદી નહિ લઈએ, કારણ કે તે જાદુગારા છે માટે તેમની પ્રસાદી ખાઈએ તો ગાંડા થઈ જઈએ. માટે અમારે નથી જોઈતી. પછી તેમાં કોઈ ડાહ્યા માણસે કહ્યું કે, સ્વામિનારાયણના પ્રસાદનું અપમાન કરવું નહિ. પ્રસાદી રાખો ને આપણે બધા ખાશું. ગાંડા થઈશું તો બધા થઈશું, ને ડાહ્યા રહીશું તો બધા રહીશું તેમ ધારીને પ્રસાદ રાખ્યો. પછી પ્રસાદી બધાએ ખાધી ને પોતાના ધણી માટે રાખી મૂકી. પછી રાત્રિએ પોતાનો ધણી ભરવાડ આવ્યો. તેને ભરવાડણ કહે કે, તમારા કહેવા પ્રમાણે આપણા ઘરનું તથા તમારા ભાઈના ઘરનું બધું દૂધ ગઢડે જઈને સ્વામિનારાયણને આપી આવ્યાં છીએ. ત્યારે ભરવાડ કહે, તમને ના પાડી હતી ને કેમ આપી આવ્યાં ? ત્યારે ભરવાડણ કહે, તમારી કેડે સાપ થયો હતો ને તમોએ સ્વામિનારાયણને દૂધ આપવાનો સંકલ્પ કર્યો ત્યારે તે સાપ જતો રહ્યો. પછી તમો ગામ ન જતાં પાછા આવી મને કહી ગયા તેથી અમો આપી આવ્યાં. ત્યારે ભરવાડ કહે, પૈસા આપ્યા કે નહિ ? ત્યારે ભરવાડણ કહે કે, તમે ના પાડી હતી કે પૈસા આપે તો ન લેશો તેથી નથી લીધા. પણ તેમને ત્યાંથી પ્રસાદ આવ્યો છે તે દૂધપાક પૂરીનો પ્રસાદ અમોએ ખાધો ને તમારે માટે રાખી મૂક્યો છે. પછી ભરવાડે પ્રસાદ ખાધો. પણ મફત દૂધ સ્વામિનારાયણને ત્યાં ગયું તેથી રીસ ચઢેલ માટે બીજે દિવસે મહારાજને ઠપકો દેવા પાંચ ભરવાડ પોતાની સાથે લઈને ગઢડે ગયો. ત્યાં સ્વામિનારાયણ લીંબડા નીચે સભા કરી બેઠા હતા ત્યાં આવ્યા ત્યારે મહારાજને શ્રીકૃષ્ણ સ્વરૂપે દીઠા ને વાંસળી વગાડતા તથા પાસે ઘણી ગાયો તથા પોતાના રૂપવાળા પાંચ ભરવાડને જોયા ને હસવા લાગ્યા. ને વિચાર કરે કે, ઓલ્યા ઊભા તે કોણ અને આપણે કોણ એમ બોલી ઘણું આશ્ચર્ય પામ્યા. પછી શ્રીજીમહારાજે પ્રથમની પેઠે સભામાં બેઠેલરૂપે દર્શન દીધાં પછી શ્રીજીને તે ભરવાડો કહે કે તમો સાક્ષાત્ શ્રીકૃષ્ણ છો. એમ કહી શ્રીજીને નમસ્કાર કરી, પોતાના ગામ તરફ ચાલતી વખતે કહ્યું કે, સ્વામિનારાયણ અમારા સરખું કામકાજ હોય તો અમને જરૂર કહેજો. અમે તમારા જ છીએ એમ માનજો. આટલું કહી ભરવાડો પોતાના ગામ માંડવધાર ગયા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૬)*

## ભૈયા રૂપે ભક્તની સેવા કરી

દંઢાવ્ય દેશના વિસનગર ગામમાં રૂપરામ ઠાકર રહેતા હતા. તેઓ શ્રીજીમહારાજના એકાન્તિક ભક્તરાજ હતા ને ત્રણે અવસ્થામાં શ્રીજીની મૂર્તિને દેખતા ને તેઓ વૈદ્યનું કામ કરતા હતા. તેઓ એક સમે ગોધરા ગયા હતા ત્યાં એક ભયંકર રોગવાળો મનુષ્ય મળ્યો. તેને પોતે ઔષધ આપીને સાજો કર્યો. પછી તેઓ પોતાને ઘેર આવવા માટે તૈયાર થયા ત્યારે રોગવાળા મનુષ્ય બહુ દ્રવ્ય આપ્યું ને તેઓ ગોધરાથી ઘોડા ઉપર બેસીને નીકળ્યા ને શ્રીજીમહારાજને સંભારતાં ગોધરાની ઝાડીમાં ચાલવા માંડ્યું. તે સમામાં ઝાડીમાં ઘણો અંધકાર હોવાને લીધે રસ્તો ભૂલી ગયા ને ઉવાટે ઘોડું ચાલવા લાગ્યું. પછી ઘોડું અટક્યું ત્યારે રૂપરામ ઠાકરે વિચાર કર્યો કે, ઘોડું કેમ અટક્યું ? તેની તપાસ કરવા નીચે ઊતર્યા ત્યારે કોઈપણ રસ્તો જોયો નહિ તેથી ગભરાયા ને શ્રીજીમહારાજની પ્રાર્થના કરવા લાગ્યા કે, હે પ્રભુ ! અત્યારે રક્ષા કરનારા તમો છો. હું રસ્તો ભૂલો પડ્યો છું ને આ વનમાં વાઘ, સિંહ, રીંછ વગેરે પ્રાણીઓ આવશે તો અમને ખાઈ જશે માટે સર્વ ભક્તોની તમોએ રક્ષા કરેલી છે તો તમારો અનન્ય ભક્ત એવો જે હું તે મારી પણ રક્ષા કરો ને આ ઘાટી અંધકારવાળી ઝાડીમાં હું કેને રસ્તો પૂછું ને કેને પોકારું ? માટે હે દયાળુ, હે દીનબંધો, હે ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, હે અશરણશરણ, હે શ્રીજીમહારાજ મારી રક્ષા કરો. એવી શ્રીજીની પ્રાર્થના કરી તેથી મહાદયાળુ એવા શ્રીજીમહારાજ તે અંધકારવાળા વનમાં એક ભૈયાનો વેશ ધારણ કરી, લાકડી હાથમાં રાખીને પોકાર કરે જે, રસ્તે ખબડદાર રહેજો ને કોઈ લૂંટે તો અમને કહેજો . આવી રીતે સરકારી સિપાઈની પેઠે બોલતા હતા. પછી અમો તે તરફ ચાલ્યા ત્યારે તેમણે પછ્યું કે, કોણ અંધારી રાતમાં આવે છે ? ત્યારે રૂપરામ ઠાકરે કહ્યું જે, રૈયત આવે છે. ત્યારે તેમણે જવાબ આપ્યો જે, સુખેથી આવો પછી તેઓ ત્યાં ગયા. તેમને શ્રીજીમહારાજે ઉતારો આપ્યો ને ઘોડાને બંધાવ્યો, ઘાસ આપ્યું. રૂપરામ ઠાકરને જમવા માટે મગજ, મગદળ, સુખડી આપી ને સારું ઠંડું પાણી પાયું ને સૂવા માટે પલંગ આપ્યો. પછી થાક ઉતારવા સારું રૂપરામ ઠાકરે ના પાડી છતાં તેમના પગ દાબ્યા. પછી ઠાકરની રજાથી ભૈયા રૂપને ધરનાર શ્રીજી પોઢી ગયા ને ઠાકર પણ સૂઈ ગયા. પછી સવારે જગાડી તેમને રસ્તો દેખાડીને શ્રીજીમહારાજ અદશ્ય થઈ ગયા. પછી રૂપરામ ઠાકર પાછું વળીને જુએ છે તો કોઈ મનુષ્ય ભાળ્યું નહિ તેમજ જગ્યા પણ જોવામાં આવી નહિ. તેથી જાણ્યું કે આ ભયંકર ઝાડીમાં મારી રક્ષા શ્રીજીએ કરી છે પણ હું તેમના ગુનામાં આવ્યો છું, કારણ કે શ્રીજીએ મારા પગ દાબ્યા તે માટે તેમની માફી માગવા જાઉં. તેમ વિચાર કરી તેઓ ત્યાંથી ઘેર ન જતાં પ્રથમ શ્રીજીની શોધ કરતાં ખંભાત આવ્યા. ત્યાં

હરિભક્તોને પૂછતાં એમ ભાળ મળી જે શ્રીજી હાલ ગઢપુર બિરાજે છે. પછી ત્યાંથી ચાલ્યા તે રસ્તામાં ધોલેરા આવ્યું. તેમાં રહેલા મદનમોહનજી મહારાજનાં દર્શન કર્યા ને પુંજાભાઈને પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું જે, મહારાજ શ્રી ગઢપુરમાં છે. આજે બે સંત ગઢપુરથી આવેલા છે શ્રીજીનાં દર્શન કરીને તેથી તમો ત્યાં જાઓ ને શ્રીજીનાં દર્શન કરો ને અમારા જય શ્રી સ્વામિનારાયણ પણ કહેજો. એમ કહેવાથી રૂપરામ ઠાકર ગઢડે ગયા ને શ્રીજી અક્ષરઓરડીમાં બિરાજમાન હતા ત્યાં જઈને દંડવત્ કરવા લાગ્યા તે બંધ રહ્યા જ નહિ. ને પ્રેમનાં આંસુથી શરીર આખું ભીજાઈ ગયું. પછી શ્રીજી ઊભા થઈ રૂપરામને મળ્યા ને તેમની બનેલી બધી વાત કરીને શ્રીજીને કહ્યું કે, હું તમારા ગુનામાં આવ્યો છું, કારણ ઝાડીમાં તમોએ ભૈયારૂપ ધારણ કરીને મારા પગ દાબ્યા તેથી તમારી પાસે ક્ષમા માગવા આવ્યો છું માટે મારી ઉપર ક્ષમા કરો. પછી શ્રીજીએ કહ્યું કે આપણે સ્વામીસેવકનો તથા ગુરુશિષ્યનો નાતો છે પરસ્પર સેવા કરવાનો ધર્મ છે માટે તમો મારી સેવા કરો છો તેથી મેં તમારી સેવા કરી છે. માટે ચિંતા કરશો નહિ ને આનંદમાં રહેજો. એમ કહીને રૂપરામ ઠાકરને પોતાની સાથે થાળ જમવા માટે બ્રહ્મચારીને કહ્યું તેથી શ્રીજીને જમાડ્યા તે ભેગા રૂપરામ ઠાકરને પણ જમાડ્યા. ને તેમને સંતોષ આપીને તેમના ગામ પ્રત્યે જવાની આજ્ઞા આપી જેથી રૂપરામ ઠાકર પોતાને ગામ વિસનગર ગયા. આ વખતે શ્રીજીમહારાજ હરિભક્તોને સુખ આપવા પોતાના અક્ષરધામમાંથી પધાર્યા છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૩)*

## બ્રાહ્મણ રૂપે ખુશાલ ભટ્ટને તેડવા ગયા

ગઢડાથી શ્રીજીમહારાજ જેતલપુર પધાર્યા હતા ત્યાંથી બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને ગામ ટોરડામાં રહેલા ખુશાલ ભટ્ટને પોતાની પાસે લાવવા માટે ગયા હતા ત્યાં રહેલી દેવ નદીને કાંઠે રહેલું શંકરનું મંદિર છે તેમાં બ્રાહ્મણરૂપવાળા શ્રીજીએ શંકરની પૂજા કરવા આવેલા બ્રાહ્મણને કહ્યું કે, આ ગામમાં યોગીરાજ ખુશાલ ભટ્ટ રહે છે તેમને અમારે મળવું છે તેમને તમો ગામમાં જાઓ ત્યારે અમારો સંદેશો કહેજો કે કોઈ બ્રાહ્મણ તમને મળવા માટે અચલેશ્વર શંકરના મંદિરમાં આવેલા છે તેમને મળવા જજો આટલું ખુશાલ ભટ્ટને કહેશો. આવી રીતે કહેવડાવીને શ્રીજી શંકરના મંદિરમાં બિરાજમાન થયા. તે બ્રાહ્મણના સમાચાર મળતાં પહેલાં ખુશાલ ભટ્ટ પોતાના ઘર આગળ રહેલ પથ્થર ઉપર બેસીને સ્નાન કરતા હતા તે વખતે ખુશાલ ભટ્ટનાં દીકરી અનોપબા આવ્યાં ને પોતાના પિતાને કહે મને પણ નવડાવો ત્યારે ખુશાલ ભટ્ટ બોલાવેલાં પોતાનાં દીકરીને ખોળામાં બેસાડીને નવડાવતા હતા. તે સમયમાં ગામનો મુખી ત્યાંથી નીકળ્યો. તે અનોપબાને ખુશાલ ભટ્ટના ખોળામાં બેઠેલા જોઈને બોલ્યો કે, યોગીરાજ તમને પણ માયા વળગી છે,

જેથી ખોળામાં બેસાડી નવડાવો છો. આવું પટેલનું વચન સાંભળીને પોતાના ખોળામાં બેઠેલાં પોતાનાં દીકરીને છેટાં કરીને પોતે નાહીને પૂજા કરતા હતા તે સમયે શ્રીજીએ કહેલા સમાચાર કહેનારા બ્રાહ્મણે આવીને ખુશાલ ભટ્ટને કહ્યું કે, કોઈ બ્રાહ્મણ તમને મળવા માટે ગુજરાતમાંથી આવીને શંકરના મંદિરમાં તમારી વાટ જુએ છે તેમને મળવા માટે જજો. આવું વચન સાંભળીને પૂજામાંથી પરવારીને તૈયાર થઈને બ્રાહ્મણરૂપ શ્રીજીને મળવા જતા હતા. તે વખતે પોતાનાં દીકરી પણ ખુશાલ ભટ્ટ સંગાથે જવા તૈયાર થયાં, તેને કહ્યું કે, હું શંકરના મંદિરમાં રહેલા અચલેશ્વર મહાદેવનાં દર્શન કરીને આવું છું, તમો ઘરમાં બેસો તેમ સમજાવ્યાં પણ બાળહઠને લીધે પોતાની સંગાથે આવતાં અટક્યા નહિ. ત્યારે ખુશાલ ભટ્ટે પોતાની દીકરી અનોપબાના માથા ઉપર પોતાના બે હાથ મૂકીને કહ્યું જે, ષટશાસ્ત્ર સહિત વેદ તથા અઢાર પુરાણ ને ભારતાદિ ઈતિહાસ તમારે કંઠાગ્રહ થશે. આવો આશીર્વાદ આપીને પોતાની દીકરીને સમજાવીને ઘેર રાખીને ખુશાલ ભટ્ટ બ્રાહ્મણરૂપ શ્રીજીને મળવા શિવાલયમાં આવ્યા. ત્યાં રહેલા બ્રાહ્મણે કહ્યું કે, તમોને શ્રી સ્વામિનારાયણ ભગવાન જેતલપુરમાં પધારેલા છે તેમણે બોલાવેલા છે માટે મારી સાથે ચાલો. આવું વચન સાંભળીને તુરત ઘેર ન જતાં બ્રાહ્મણ સ્વરૂપ શ્રીજીની સંગાથે ચાલી નીકળ્યા. તે ચાલતાં પોતાના મિત્ર ભગવાનદાસ પટેલનું ગામ ટાકા ટુકા આવ્યું તે ગામની ભાગોળે બ્રાહ્મણસ્વરૂપ શ્રીજી તથા ખુશાલ ભટ્ટ તળાવને કાંઠે બેઠા, તે સમયમાં ગામમાં જનાર મનુષ્યને ખુશાલ ભટ્ટે કહેવડાવ્યું જે, આ ગામમાં રહેતા ભગવાનદાસ પટેલને સંદેશો કહેજો કે, તમારા મિત્ર, ખુશાલ ભટ્ટ તળાવની પાળે બેઠા છે તેને મળવા જાઓ. આવી રીતે કહેજો જેથી તે અમને મળવા આવશે. પછી પેલો મનુષ્ય સંદેશો લઈને ભગવાનદાસ પટેલ પાસે ગયો. તેમના મુખથી સમાચાર સાંભળતાં પહેલાં ભગવાનદાસ પટેલ પોતાને ઘેર પોતાના ચાકર પાસે પોતાને પીવા માટે અફીણ તૈયાર કરાવતા હતા. તે વખતે ખુશાલ ભટ્ટ આવેલા છે ને તમોને તળાવની પાળે મળવા બોલાવે છે તેવા સમાચાર સાંભળીને અફીણ પીધા સિવાય ખુશાલ ભટ્ટને મળવા ગયા. ને ત્યાં પોતાના મિત્ર ખુશાલ ભટ્ટને કહ્યું કે, આપણા બેના ઠરાવ મુજબ મને ભગવાન મળે તો તમને ખબર કરવા ને તમને ભગવાન મળે તો મને ખબર કરવા આવો આપણે બન્નેએ ઠરાવ કર્યો હતો જેથી શ્રી સ્વામિનારાયણ ભગવાન જેતલપુર આવ્યા છે ને તેમણે મને બોલાવવા આ બ્રાહ્મણને મારે ગામ ટોરડા મોકલ્યા હતા. તે બ્રાહ્મણની સાથે ભગવાન ભેટવા હું જેતલપુર જાઉં છું તો તમારે ભગવાનનો મેળાપ કરવા આવવું હોય તો ચાલો. આવું ખુશાલ ભટ્ટનું વચન સાંભળીને ભગવાનદાસ પટેલ ઘેર ન જતાં બ્રાહ્મણસ્વરૂપ શ્રીજી તથા ખુશાલ ભટ્ટ સંગાથે ચાલ્યા. પણ ભગવાનદાસ પટેલને અફીણનું

બંધાણ હતું તે ઘેરથી અફીણ પીધા વગર ખુશાલ ભટ્ટને મળવા આવ્યા જેથી રસ્તામાં ખુશાલ ભટ્ટની સંગાથે ચાલી ન શકવાથી પાછળ રહી ગયા ને બ્રાહ્મણસ્વરૂપ શ્રીજી તથા ખુશાલ ભટ્ટ અડધા ગાઉ આગળ જતા રહ્યા ત્યારે પાછું વાળીને જોયું ત્યારે ભગવાનદાસ પટેલ દેખાયા નહિ. જેથી તેની આવવાની વાટ જોઈને એક ઝાડના છાંયે બેઠા. થોડીવારે પટેલ આવ્યા ત્યારે ખુશાલ ભટ્ટ પટેલને પૂછયું કે, કેમ ઉતાવળા ચાલી શકતા નથી ? ત્યારે ભગવાનદાસે કહ્યું કે, ભટ્ટજી ! તમો મારા સ્વભાવને જાણો છો છતાં પૂછો છો તો કહું છું કે, હું દરરોજ અફીણ ખાઉં છું તે આજે અફીણ લેવાની તૈયારી કરતો હતો તેટલામાં આપનો સંદેશો આવ્યો એટલે અફીણ પીધા વગર આપને મળવા આવ્યો. જેથી મારાથી ચાલી શકાતું નથી. માટે હવે મારાથી બિલકુલ અફીણ લીધા સિવાય ચલાશે નહિ. જેથી ખુશાલ ભટ્ટજીએ થોરીયાની વાડમાંથી કોઈ વેલનાં પાંદડાં તોડીને કહ્યું કે, તમારી હથેળી ધરો તમને આ પાંદડાનો રસ પાઉં જેથી તમારું અફીણનું બંધાણ જતું રહે એમ કહીને રસ પાયો, જેથી અફીણનું બંધાણ જતું રહ્યું. એટલે પટેલને ચાલતાં ફાવ્યું. તે શ્રીજીસ્વરૂપ બ્રાહ્મણ તથા ભટ્ટજીની સંગાથે ઉતાવળથી ચાલવા માંડ્યું તે સવારમાં પોતાને ગામથી ચાલતાં સાંજે માણસા ગામ આવ્યા ત્યાં બ્રાહ્મણ પાનબાઈને ત્યાં રાત્રિ રહ્યા. ત્યાં પાનબાઈએ રસોઈ કરીને આવેલા મહેમાન બ્રાહ્મણસ્વરૂપ શ્રીજીને તથા ખુશાલ ભટ્ટ તથા ભગવાનદાસ પટેલને જમાડ્યા. રાત્રિએ ખુશાલ ભટ્ટજીએ પાનબાઈને પ્રગટ ભગવાન સંબંધી વાતો કરીને તેમનાં દર્શન કરવા આ મારી સંગાથે રહેલા બ્રાહ્મણ સંગાથે ગામ જેતલપુર તેમનાં દર્શન કરવા જાઉં છું તેમ કહીને તે રાત્રિ તેમને ઘેર રહીને સવારમાં ચાલવાની તૈયારી કરતા હતા ત્યારે પાનબાઈએ કહ્યું કે, જમ્યા પછીથી જવા દઈશ. પછી તેમનો આગ્રહ જોઈને જમ્યા, પછી ત્યાંથી ચાલતા થયા તે સાંજે અમદાવાદ આવ્યા. ત્યાં નથુ ભટ્ટને ત્યાં રાત્રિ રહ્યા ને બ્રાહ્મણસ્વરૂપ શ્રીજી વગેરેને રસોઈ કરીને જમાડ્યા ને રાત્રિ રહીને સવારમાં ચાલ્યા તે દશ વાગતાં પહેલાં જેતલપુર ગયા. ત્યારે શ્રીજીસ્વરૂપ બ્રાહ્મણે ખુશાલ ભટ્ટને કહ્યું કે, આ તળાવના કાંઠા ઉપર રહેલ મહેલમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન રહે છે ત્યાં તમે બન્નેય જાઓ. આ તળાવમાં સ્નાનસંધ્યા કરીને શ્રીજીમહારાજ પાસે આવીશ. એમ કહીને ખુશાલ ભટ્ટને વિદાય કરીને બ્રાહ્મણસ્વરૂપ શ્રીજી અદશ્ય થયા ને ખુશાલ ભટ્ટ તથા ભગવાનદાસ તળાવ ઉપરની જગ્યામાં આવ્યા. ત્યારે શ્રીજીમહારાજ સંતહરિભક્તો સહિત સભા કરીને વિરાજમાન હતા. ત્યાં બન્નેય જણ આવીને શ્રીજીને દંડવત્ પ્રણામ કરીને સભામાં ઊભા રહ્યા. તેમને ઊભા થઈને શ્રીજીમહારાજ મળ્યા ને પછી સભામાં બેસાર્યા તેમના દેશના સમાચાર ખુશાલ ભટ્ટને પૂછવા લાગ્યા. તે સમયમાં શ્રીજીમહારાજને જમવા માટે ગામમાં ગંગામાને ત્યાંથી માણસ

તેડવા આવ્યો ત્યારે શ્રીજીએ કહ્યું કે, અમારે ત્યાં બેચાર મહેમાન આવ્યા છે તે બધાને રસોઈ પૂરી થાય તેમ હોય તો અમે જમવા આવીએ એમ માણસની સાથે કહેવડાવ્યું. ત્યારે ગંગામાએ કહ્યું કે, તમારે માટે જ્યારે હું થાળ કરું છું ત્યારે બે ચાર માણસની અધિક રસોઈ કરું છું માટે મહેમાનને સાથે લઈને જમવા પધારો એમ માણસ સાથે કહી મોકલ્યું. પછી શ્રીજીમહારાજ પોતાને ત્યાં આવેલા ખુશાલ ભટ્ટ આદિક મહેમાનોને લઈને જમવા માટે પોતાના સખા બ્રહ્માનંદ સ્વામી તથા સુરા ખાચર વગેરેને સાથે લઈને પોતાના મુકામ બહાર નીકળીને તળાવને કાંઠે આવ્યા. ત્યારે શ્રીજીએ હાથમાં રાખેલ રૂમાલ ખુશાલ ભટ્ટને આપ્યો ને કહ્યું કે, તળાવની પાળ ઉપર કૂવો છે ત્યાં જાઓ ને ત્યાં રહેલા જીવોનો મોક્ષ કરી આવો. પછી આપણે જમવા જઈએ. એમ શ્રીજીના કહેવાથી કૂવા ઉપર ગયા ને તે કૂવામાં હજાર ભૂત રહેતાં હતાં. ત્યાં જઈને શ્રીજીએ આપેલો રૂમાલ ફેરવ્યો કે તુરત તે ભૂતોને લેવા માટે અનેક વિમાનો આવ્યાં તેમાં ભૂતો પોતાના શરીરનો ત્યાગ કરીને ચતુર્ભુજવાળા દેવો થઈને વિમાનમાં બેસીને સનાતન ભગવાનના ધામમાં જતાં પહેલાં ખુશાલ ભટ્ટની સ્તુતિ કરવા લાગ્યાં કે, તમો તમારે ઘેરથી ન આવ્યા હોત તો અમારો મોક્ષ થાત નહિ. પણ શ્રીજીમહારાજના બોલાવવાથી તમો આજ આવ્યા ને આજે જ અમારો મોક્ષ કર્યો. જેથી હવે તમોને દંડવત્ નમસ્કાર કરીને અમો શ્રીજીના ધામમાં જઈએ છીએ. એમ ખુશાલ ભટ્ટની પ્રાર્થના કરીને ભૂતો ધામમાં ગયાં. પછી રૂમાલ લઈને ખુશાલ ભટ્ટે શ્રીજી પાસે આવીને રૂમાલ આપ્યો. ઉપરનો પ્રતાપ ખુશાલ ભટ્ટનો જોઈને સર્વ સંતો તથા હરિભક્તો આશ્ચર્ય પામ્યા. પછી ખુશાલ ભટ્ટ સહિત શ્રીજી ગંગામાને ઘેર જમવા પધાર્યા. ત્યાં ગંગામાને ઘેર શ્રીજીએ ખુશાલ ભટ્ટને પોતાની સાથે પલંગ ઉપર બેસાડ્યા. ત્યારે ગંગામાએ પૂછ્યું કે, તમારી સાથે પલંગ ઉપર બેઠેલા કોણ છે ? ત્યારે શ્રીજીએ કહ્યું જે, એ તો અમારા અનાદિના સખા છે. આવું શ્રીજીનું વચન સાંભળવાથી ગંગામાં પ્રસન્ન થયાં ને શ્રીજીને કહ્યું કે, હવે જમવા પધારો. ત્યારે ગંગામાને કહે કે, અમારા અનાદિના સખા માટે અમારા જેવું અબોટિયું તથા અમારા જેવો ઓઢવાનો ખેસ તથા અમારા જેવો જમવા, બેસવાનો પાટલો તથા અમારા જેવો પાણી પીવાનો લોટો તથા આબખોરો તથા અમારા જેવો જમવાનો થાળ મૂકજો. એમ કહીને ગંગામાએ આપેલા જળથી પોતાના સખાસહિત સ્નાન કરી પીતાંબર પે'રી ચાખડીએ ચઢી શ્રીજીમહારાજ ગંગામાના રસોડાની બહાર સંતો તથા હરિભક્તો દર્શન કરે તેવી રીતે પોતાના સખા ખુશાલ ભટ્ટ સહિત શ્રીજી પાટલા ઉપર જમવા બેઠા. તે સમયમાં શ્રીજીના કહેવા પ્રમાણે ગંગામાએ બેઉ જણને માટે જમવાના થાળમાં જમવાની વસ્તુઓ મૂકીને બીજા પાટલા ઉપર બંનેય થાળ મૂક્યા. પછી શ્રીજીમહારાજે તથા ખુશાલ ભટ્ટ જમવાનો

પ્રારંભ કર્યો તે પ્રથમ અપોશણ વિધિ કરીને પ્રાણાહુતિ કરી જમવા લાગ્યા. ને ગંગામાં સહિત સર્વ સંતો તથા હરિભક્તો દર્શન કરતા હવા. પછી શ્રીજી તથા ખુશાલ ભટ્ટ જમી રહ્યા. પછીથી ચળુ કરી મુખવાસ લઈ પલંગ ઉપર વિરાજમાન થયા. પછી શ્રીજીની સંગાથે આવેલા મહેમાનોને તથા ખુશાલ ભટ્ટ સંગાથે આવેલા ભગવાનદાસ પટેલ આદિકને ગંગામાએ જમાડ્યા. પછી જમેલ સંતો તથા હરિભક્તો સહિત શ્રીજી તથા ખુશાલ ભટ્ટ તળાવકાંઠે રહેલા મહેલમાં આવ્યા. તે દિવસે શ્રીજીએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભક્તિનો ઉપદેશ કરી આવેલા સંત હરિભક્તોને સુખ આપ્યું. ને સાંજે સંધ્યા, આરતી નારાયણ ધૂન કથાવાર્તા કર્યા પછી સર્વેને શયન કરવાની આજ્ઞા થવાથી સર્વે હરિભક્તો પોતાને ઘેર જઈને સૂતા ને શ્રીજી સંતોએ સહિત તથા આવેલા ખુશાલ ભટ્ટ તથા ભગવાનદાસ સહિત બંગલામાં પોઢી ગયા. બીજે દિવસે સવારમાં સ્નાન આદિકથી પરવારી શ્રીજીએ સભા કરીને ખુશાલ ભટ્ટને તથા ભગવાનદાસને બોલાવીને પૂછ્યું કે, તમારે પાછા ઘેર જવું છે કે અમારી પાસે સાધુ થઈને રહેવું છે ? ત્યારે બન્નેય જણે કહ્યું કે, અમારે હવે સંસારમાં નથી જવું પણ આપની પાસે સાધુ થઈને રહેવું છે. આવું કહેવાથી ખુશાલ ભટ્ટને સાધુ ન કરતાં ધોળે લૂગડે રાખ્યા ત્યારે ખુશાલ ભટ્ટ કહે, મહારાજ મને સાધુ કરો. ત્યારે શ્રીજીએ કહ્યું કે, તમારી પાસે કેટલાંક કામ કરાવવાનાં છે તે કામ પૂરાં થશે પછીથી તમને સાધુ કરીને તમારું 'ગોપાળાનંદ' એવું નામ પાડીશું. હાલમાં અમારી ઈચ્છાથી ધોળે લૂગડે રહો જેથી શ્રીજીની આજ્ઞાથી ધોળે લૂગડે રહ્યા ને ભગવાનદાસ પટેલને સાધુ કર્યા ને "કાનડાનંદ" એવું નામ પાડીને પોતાની પાસે રાખ્યા જેથી ટોરડાથી આવેલા ખુશાલ ભટ્ટ તથા ટાકા ટુકા ગામથી આવેલા ભગવાનદાસ સાધુ થઈને શ્રીજીની સમીપની સેવામાં રહેવાથી આનંદ પામતા હતા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૪)*

## સંત રૂપે ઘોડે બેસીને ઘોડાસર આવ્યા

ગામ ઘોડાસરના રાજા જાલમસિંહના માતુશ્રી શ્રી રામચંદ્રજીનાં ભક્ત હતાં ને નિરંતર રામની ભક્તિ કરવામાં ઉત્સાહવાળાં હતાં. એક સમયે ડભાણ ગામથી શ્રીજીમહારાજ સંતનો વેશ ધારણ કરીને ઘોડે બેસીને ઘોડાસર ગામ ગયા. પછી ત્યાંના રાજા જાલમસિંહે પૂછ્યું કે, શ્રી સ્વામિનારાયણ ભગવાન ક્યાં છે ? ત્યારે શ્રીજીમહારાજ કહે, તે તો ડભાણ છે. તે કહે જે, શ્રી સ્વામિનારાયણ કેવા છે ? ત્યારે શ્રીજીમહારાજ કહે કે, મારા જેટલા ઊંચા ને મારા જેવા જ છે. તેમ કહીને શ્રીજીમહારાજ ત્યાંથી ગામ સળકિયે ગયા. પાછળથી મુકુંદાનંદજી બ્રહ્મચારી આવ્યા તેમને પૂછ્યું કે, શ્રીજીમહારાજ ક્યાં છે ? ત્યારે બ્રહ્મચારી કહે છે, આગળ આવ્યા હતા તે જ શ્રીજીમહારાજ હતા. પછી શ્રીજીમહારાજની શોધ કરવા બે બે ગાઉ સુધી

ઘોડેસવારો મોકલ્યા પણ શ્રીજીમહારાજ મળ્યા નહિ, પછી ઘણા પસ્તાવા લાગ્યા જે, શ્રીજીમહારાજ આવ્યા હતા ને આપણે ઓળખ્યા નહિ. તે જ રાત્રિએ જાલમસિંહ રાજાના માતુશ્રી પોતાના ઘરમાં પૂજા કરવા રાખેલ શ્રી રામ, લક્ષ્મણ, સીતાજી ને હનુમાનજીની મૂર્તિ હતી તેમાંથી શ્રી રામચંદ્રજીએ રાત્રિએ દર્શન દઈને રાજા જાલમસિંહના માતુશ્રીને કહે છે, શ્રી સ્વામિનારાયણ નામે પુરુષોત્તમનારાયણ આ ભરતખંડની પૃથ્વીમાં પ્રગટ થયા છે. માટે પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરો. તેમ શ્રી રામચંદ્રજીના કહેવાથી બીજે દિવસે સવારમાં પાલખીમાં બેસીને ગામ સળકિયે જતાં રસ્તામાં સંકલ્પ કર્યો જે, શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં સોળ ચિહ્ન હોય તો તેમને પુરુષોત્તમનારાયણ ભગવાન છે એમ હું માનું તેમ ધારીને ગયાં. ત્યાં શ્રીજીમહારાજનાં ચરણમાં સોળ ચિહ્ન દેખ્યાં. ત્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાનની પાસે વર્તમાન લઈ, કંઠી પે'રી, સત્સંગી થઈ ગામ સળકિયેથી શ્રીજીમહારાજને પોતાને ગામ ઘોડાસર લાવીને પધરાવ્યા. ને પોતાના દીકરાએ સહિત બાઈએ શ્રીજીમહારાજની ષોડશોપચારથી પૂજા કરી ભેટ ધરી આરતી કરીને પ્રણામપૂર્વક પ્રાર્થના કરી પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજન નિરંતર કરતાં હતાં. પછીથી શ્રીજીમહારાજ ઘોડાસરથી ડભાણ જતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૯૨)*

## શ્રીહરિએ કાનજી ભક્તનું રૂપ લીધું

ગામ આખામાં શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ કાનજીભાઈ હતા. તે કાનજીભાઈને એક દિવસે તેમની માતુશ્રીએ રાત્રિએ વાત કરી જે, તું ખેતરમાં રખોપે (રાત્રિએ સાચવવા) જાય છે. તે સવારમાં વહેલો આવજે, કારણ કે વલોણું વે'લું કરવું છે. એમ તેની માએ કહ્યું ત્યારે કાનજીએ હા કહી જે, સવારે હું વહેલો બનતા સુધી આવીશ. તમે ગોળીમાં દહીં નાખીને તથા ઊનું પાણી તૈયાર કરી રાખજો. એમ કહીને પોતાના ખેતરમાં ગયો ત્યાં શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને માળા ફેરવીને શ્રીજીમહારાજનું ધ્યાન કરી શ્રીજીમહારાજ તથા સંત વગેરેનું સ્મરણ કરીને સૂઈ ગયો તે ઊંઘ આવવાથી તેમની માતાના કહ્યા પ્રમાણે તે જાગી શક્યો નહિ. ને ભર ઊંઘમાં સૂઈ રહ્યો ને ઘેર તેની ડોશી વાટ જુવે. ને વારંવાર ઓ કાનજી, ઓ કાનજી એમ પોકાર્યા કરે ને મુખેથી એમ બોલે છે, કાનજી હજી આવ્યો નહિ ને દહીં પૂરીને ગોળી તૈયાર કરી તે આવ્યો હોત તો મને દહીં વલોવરાવત. મારા એકલાથી દહીં વલોવાય તેમ નથી. હે શ્રીજીમહારાજ, કાનજીને દયા કરીને ખેતરથી જગાડીને અહીં આવે તેમ કરો એમ બોલે છે. તેટલાકમાં શ્રીજીમહારાજે કાનજીના જેવું જ સ્વરૂપ ધારણ કરી ડોશીની પાસે ખડકી ઉઘડાવીને ડોશીની સામે રહીને દહીં વલોવરાવ્યું. પછી ડોશીને કહે છે, મને ભૂખ લાગી છે

તો કાંઈ ખાવાનું આપો. હું જમીને પાછો ખેતર જાઉં. કારણ ત્યાં મારે કેટલુંક કામ બાકી છે. એમ કહ્યું ત્યારે ડોશીએ જુવારનું ભૈડકું (ઢુંમરો) ઠાંઠવું તથા મોળી છાશ ખાવા આપી. તે જમીને શ્રીજીમહારાજ જૈમ કાનજી જાય તેવી રીતે પોતાની માની પાસે રજા માગીને ગયા. પછી થોડીવારે કાનજી ખેતરથી ઘેર આવ્યો ને પોતાની માને કહે છે, લ્યો હું છાશ વલોવરાવું. મને આવતાં વાર લાગી તેનું કારણ આજે મને ઊંઘ બહુ જ આવી હતી, ઘણો જાગવા જાઉં તોપણ જગાય નહિ. પણ આપે મને રાત્રિએ કહેલ હતું જે વે'લો આવજે. પણ આ કારણથી મારું રોકાવાનું થયું હતું. આવી પોતાના પુત્રની વાણી સાંભળીને ડોશીએ જવાબ આપ્યો જે, કાનજી આવું તું શું બોલે છે, તે વેલો આવીને મારી સામે ઊભો રહીને છાશ વલોવરાવી પછી તે મારી પાસે ખાવાનું માગ્યું ત્યારે મેં તને ઠાંઠવું ને મોળી છાશ આપી ને તું તે જમીને મારી પાસેથી રજા લઈને ખેતરમાં ગયો. ને વળી પાછો તુરત આવ્યો ને છાશ વલોવવાનું પૂછે છે તેનું કારણ મને સમજાતું નથી. ત્યારે કાનજીએ પોતાની ડોશીને કહ્યું જે, મા તમે માનો કે ન માનો પણ હું આવ્યો જ નથી. પણ તમે શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્તરાજ છો તેથી શ્રીજીમહારાજે મારા જેવું સ્વરૂપ ધારણ કરીને તમારી સાથે છાશનું વલોણું કરીને તમારી પાસેથી ખાવાનું ખાઈને પોતે અદૃશ્ય થઈ ગયા હશે એમ મને જણાય છે. શ્રીજીમહારાજ વિના બીજું કોઈ હોય નહિ. આવી વાત સાંભળીને ડોશીના અંતઃકરણમાં નિશ્ચય હતો તેથી વિશેષ નિશ્ચય થયો. આવી રીતે શ્રીજીમહારાજ પોતાના એકાંતિક ભક્તનું જરૂરી કામ પોતે કરે છે એવા ભક્તવત્સલ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે માટે તે શ્રીજીમહારાજનું નિરંતર ભજન કરવું તે જ દેહનો લાભ છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૮૨)*

## ગોપી બનિયા ગિરધારી

ગામ ધમડકાના રાયધણજી શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા. તેમને તથા કરણીબાને દર્શન દેવા શ્રીજીમહારાજ ભૂજથી પધાર્યા હતા. તે શ્રીજીમહારાજની સાથે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોની ગાડીઓ પાછળ હતી ને ઘોડે બેઠેલા પાળાઓ સહિત શ્રીજીમહારાજ આગળ આવ્યા હતા. તે શ્રીજીમહારાજને જોઈને કરણીબાએ પૂછ્યું કે, આપશ્રી ક્યાંથી પધાર્યા. ત્યારે શ્રીહરિ કહે, અમે આજે કચ્છભૂજથી આવીએ છીએ. પછી કરણીબાએ પાળાઓ સહિત શ્રીજીમહારાજને જમાડ્યા ને પછીથી પોતાના ઓરડામાં છપર પલંગ બિછાવી આપ્યો. તે ઉપર શ્રી સહજાનંદ સ્વામી બિરાજમાન થયા ને પોતાને સન્મુખ કરણીબા વગેરે બાઈયો બેઠાં. પરસ્પર વાતચીત કરતાં. પીત્તળનો કટોદાનને સામું જોઈને શ્રીજીમહારાજે કરણીબાને પૂછ્યું કે આ શું ? તે સાંભળીને કરણીબા કહે છે, આ ત્રણ પગવાળા પીત્તળના

ડબામાં એટલે કટોદાનમાં અમારાં તહેવારને દિવસે પહેરવાનાં વસ્ત્રો તથા દાગીનાઓ છે. ત્યારે શ્રીજીમહારાજ કહે કે, અમને તે બતાવો, પછી કરણીબાએ નવીન નવીન સાડીઓ તથા દાગીના વગેરે બતાવ્યું તે જોઈને શ્રીહરિ બહુ જ ખુશી થયા. ને કરણીબાને કહે છે, આ વસ્ત્રો તથા દાગીના વગેરે પે'રીએ તો અમે કેવા શોભીએ. ત્યારે બાઈયો કહે જે, બહુ સારા શોભો. તેથી શ્રીજીમહારાજે વસ્ત્ર તથા દાગીનાઓ જેમ ઘટે તેમ ધારણ કરી બોલ્યા, હવે તમારી સાથે હું રાસ ખેલ કરું તો કેવો શોભુ. તે સાંભળીને સર્વે બાઈયો બોલી જે, તો તમે ઘણા શોભો ને અમારાં એવાં ક્યાંથી ભાગ્ય હોય જે તમે અમારી સાથે રાસ રમતાં ગીત ગાઓ. પછી શ્રીજીમહારાજ પોતાના પ્રેમી ભક્તોને પોતાની મૂર્તિ નિરંતર સાંભરે તે માટે વિશાળ ચોકમાં ઓઝલમાં રહેનારી બાઈઓ સાથે રાસરમણ કરવા લાગ્યા. તે વખતે આકાશમાંથી દેવતાઓ પુષ્પનો વરસાદ કરવા લાગ્યા ને જય જય એવા શબ્દો કરવા લાગ્યા. તે સાંભળીને બહાર બેઠેલ રાયધણજી આદિક હરિભક્તો ઘણું જ આશ્ચર્ય પામતા હવા. તે જ સમયમાં મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી રાયધણજીને ઘેર આવ્યા ને રાયધણજીને પૂછ્યું જે, શ્રીજીમહારાજ આવ્યા છે ? ત્યારે રાયધણજી કહે કે, હા આવ્યા છે. બોલશો નહિ. શ્રીજીમહારાજ બાઈઓની સંગાથે રાસ રમે છે. ત્યારે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી કહે જે, અમારે તે મૂર્તિનાં દર્શન કરવાં છે. પછી દીવો મૂકવાનો ગોખલો હતો તે કોચ્યો ને ત્યાંથી સ્વામીએ તથા હરિભક્તોએ શ્રીજીમહારાજનાં દર્શન કર્યા. પછી રાસ રમી રહ્યા ત્યારે શ્રીજીમહારાજ વસ્ત્ર બદલીને બહાર આવ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી કહે છે, તમો અમને પાછળ મૂકીને આગળ આવતા રહ્યા. તેથી અમે આપશ્રીને ચાર પાંચ ગામોમાં ગોતીને અહીં આવ્યા. ત્યારે આપશ્રીના સમાચાર મળ્યા. ને અહીં આવીને આપશ્રીનાં રાસનાં દર્શન કર્યાં ને આ કીર્તનો કર્યા છે. ઘાઘરડો ઘેરાળોરે, ગોપી બનિયા ગિરધારી... તે બ્રહ્માનંદ સ્વામીનાં કરેલાં કીર્તન સાંભળીને બીજે દિવસે રાયધણજીને ત્યાંથી શ્રીજીમહારાજ સંતોએ સહિત ગઢપુર પધારતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૯૩)*

## વિપ્ર વેશે સંતને ખીચડી-ઘી-અથાણું જમાડ્યું

ગામ ધોરાજીમાં એક વખત શ્રીજીમહારાજની આજ્ઞાથી ભાયાત્માનંદ સ્વામી સોરઠ દેશમાં સત્સંગ કરાવતા કરાવતા આવ્યા હતા. તે ભાયાત્માનંદ સ્વામી બે દિવસના ઉપવાસી હતા ને ગામમાં ઝોળી ફરવાનો વિચાર હતો. પણ વરસાદ આવવાથી ગામમાં જઈ શક્યા નહિ ને વરસાદમાં પડી ગયેલા ઘરની ભીંતે ઊભા હતા ને વિચાર કરતા હતા કે બે ઉપવાસ તો થયા છે ને આવતી કાલે એકાદશી છે. તો હવે તો આ વરસાદની હેલીમાં શી રીતે જમવાનું

મળે માટે જેમ શ્રીજીમહારાજની ઈચ્છા હશે તેમ થશે. હવે તો શ્રીહરિને આધારે બેઠા છીએ તે શ્રીજી જમાડશે તો જમીશું. આવો જ્યાં સંકલ્પ કર્યો કે થોડીવારમાં બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને શ્રીજીમહારાજ હાથમાં રહેલી થાળીમાં ખીચડી, ઘી, અથાણું, પાપડ વગેરે લઈને બીજા હાથમાં છત્રી ધારણ કરી ભાયાત્માનંદ સ્વામી સાંભળે તેવી રીતે બોલવા લાગ્યા કે, કોઈ અનાર્થી કોઈ અન્નાર્થી. આવું વાક્ય સાંભળીને બ્રાહ્મણ સ્વરૂપ શ્રીજીમહારાજને કહ્યું કે, હું સ્વામિનારાયણ ભગવાનનો સાધુ છું. આવું કહેવાથી શ્રીજીમહારાજે ભાયાત્માનંદ સ્વામીને ખીચડી વગેરે જમાડવા સારું શંકરના મંદિરમાં લઈ જઈને જમાડીને થોડે છેટે જઈને બ્રાહ્મણ સ્વરૂપ શ્રી સહજાનંદ સ્વામી અંતર્ધાન થઈ જતા હવા અને ભાયાત્માનંદ સ્વામી ત્યાંથી ફરતા ફરતા ગઢપુરમાં આવીને શ્રીજીમહારાજના દર્શન કરીને સુખને પામતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૧૯)*

## શેઠ રૂપે સંતોને લાડવા જમાડ્યા

ગઢડાથી શ્રીજીમહારાજની આજ્ઞાથી મંડળ સહિત મુક્તાનંદ સ્વામીને તથા મંડળ સહિત બ્રહ્માનંદ સ્વામીને દેશાંતરમાં ફરવા મોકલ્યા તે બન્ને દેશમાં ફરતા ફરતા એક ગામમાં ભેગા થઈ ગયા. પછી તે ગામમાં રહેલી ધર્મશાળામાં ઉતારો કર્યો અને પોતાની પાસે આવેલા મુમુક્ષુઓને કથાવાર્તાથી બોધ આપતા હવા. પછીથી મુક્તાનંદ સ્વામીએ સાધુઓને કહ્યું કે, ઝોળી માગી લાવો. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, શ્રી સ્વામિનારાયણ ભગવાનનું વચન છે જે મારું ધ્યાન કરે અથવા તો કથાવાર્તા કરે તેઓને હું લાડવા જમાડું. માટે આજે આપણે ઝોળી માગવા કોઈને મોકલવા નથી. ચાલો આપણે કથાવાર્તા કરીએ અને જોઈએ જે આપણને શ્રીજીમહારાજ કેવા લાડવા જમાડે છે. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, જો આપણી દૃઢ ટેક હશે તો શ્રીહરિ લાડુ જમાડશે જ. પછી સર્વ સંતો ધ્યાન તથા કથાવાર્તા કરવા લાગ્યા. બાર વાગતાં ચાર પાંચ બ્રાહ્મણો ધર્મશાળાનું બારણું ઉઘાડીને ધર્મશાળામાં આવીને બોલ્યા કે, આ ગામમાં એક શેઠ બ્રાહ્મણોને જમાડે છે. તે શેઠે તમારા માટે લાડુ, શાક, ભજિયાં, ભાત, દાળ, અથાણું, રાયતું, પાપડ વગેરે મોકલાવ્યું છે માટે તમો જમવા ઊઠો. આવું બ્રાહ્મણોનું વચન સાંભળીને સર્વે સંતોની પંક્તિ થઈ. પછી બ્રાહ્મણોએ તાણ કરવા પૂર્વક ખૂબ પીરસીને જમાડ્યા. સંતો જમી રહ્યા પછી બ્રાહ્મણો વાસણો વગેરે લઈને પાછા ગયા. અને મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી આદિક સંતો ફરીથી કથા કરવા લાગ્યા. પછી સાંજના સમયે તે ગામથી બીજે ગામ જવા નીકળેલા સંતો ગામ વચ્ચે ચાલતાં બજારમાં પોતાની દુકાને બેઠેલા શેઠને બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું કે, આ ગામમાં ક્યા શેઠે બ્રાહ્મણોને જમાડ્યા. ત્યારે શેઠે કહ્યું કે, આ ગામમાં તો બધા શઠ છે. કોઈ બ્રાહ્મણોને જમાડે તેવા નથી. તેમાં આજ તો કોઈએ બ્રાહ્મણોને જમાડ્યા

નથી. તે સાંભળીને આગળ ચાલતાં મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, એ તો સર્વના અંતરના સંકલ્પ જાણનાર પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી તમારો સંકલ્પ જાણીને લાડવા જમાડી ગયા છે. શ્રીજીમહારાજનો દૃઢ વિશ્વાસ હોય તો શ્રી હરિકૃષ્ણ મહારાજ હાજરાહજુર છે. પછી સર્વે સંતોએ જાણ્યું કે, શ્રીહરિએ આપણને પ્રત્યક્ષ પરચો આપ્યો છે. માટે તેમના જેવા કોઈ દયાળુ નથી તો તેમના વચનમાં વિશ્વાસ હોય તો જરૂર આપણો સંકલ્પ પૂરો કરે છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૪૫)*

## વિપ્ર વેશે ઝમકુબાના સંગાથી થયા

સોળમે દિવસે ચાલવાની તૈયારી કરતાં, નારાયણગિરિ બાવાએ હાથ જોડીને મહારાજની પ્રાર્થના કરી કે, ''મારી મોતીયા જલેબીની રસોઈ જમીને પછીથી પધારો.'' આવી બાવાની વિનંતી સાંભળીને મહારાજ રહ્યા. એ જ દિવસે હાલમાં હનુમાનજીની પાછળ લીંબડો છે ત્યાં સભા કરીને વિરાજમાન થયા. એ જ મંગળ સમયે ઉદેપુર (જોધપુર)ના રાણાનાં બાઈ ઝમકુ નામે ત્યાં આવ્યાં. એમની વાત એમ છે કે, મહેમદાવાદના વડાદરા બ્રાહ્મણ ભિક્ષા મંગાવવા માટે ઉદેપુર ગયેલા. તે કૂવા ઉપર સ્નાન કરતાં ''સ્વામિનારાયણ સ્વામિનારાયણ' એમ ઊંચે સ્વરે બોલ્યા, તેને સાંભળીને ઝમકુબાઈનો રસોયો કે જે એ જ કૂવે સ્નાન કરવા ગયો તેણે પૂછ્યું કે, ''સ્વામિનારાયણ એ કોણ છે ? ત્યારે તે બ્રાહ્મણે સર્વ ઐશ્વર્ય પ્રતાપની તથા સમાધિ વગેરે બધી વાત તેને કહી, તેને સાંભળીને તે રસોયો પરવારીને શહેરમાં થઈને દરબારમાં ગયો, તેણે તે બાઈ પાસે જઈને મહારાજની એશ્વર્યપ્રતાપની તથા સમાધિની વાતો કરી. તેને સાંભળીને તે રાણીના મનમાં બહુ શાંતિ થઈ ગઈ. અને બહુ તેજ પ્રતાપ જણાયો. તેથી મનમાં એમ થઈ ગયું કે, જ્યારે સ્વામિનારાયણને સાક્ષાત્ મળું.'' પછી રસોયાને કહ્યું કે, જે બ્રાહ્મણે તમને સ્વામિનારાયણની વાત કરી તેને મારી પાસે બોલાવી લાવો' એટલે તે રસોયો શહેરમાં ફરીને તે ભિક્ષુક બ્રાહ્મણને બોલાવી લાવ્યો. આવેલા તે બ્રાહ્મણને રાણીએ પૂછ્યું કે, સ્વામિનારાયણ એ કોણ છે ?' ત્યારે તેણે મહારાજના પ્રતાપની ઘણી વાતો કરી. અને સાધુઓ તથા ત્યાગી બાઈઓની પણ વાત કરી. આ બધી આશ્ચર્યકારી વાતને સાંભળી રાણીના મનમાં રાજ્યનું સુખ તો ઉલટીના અન્ન જેવું તુચ્છ થઈ ગયું અને દૃઢ વિચાર ઉપર આવ્યા કે, હવે એ ભગવાનને ક્યારે મળીએ.'' એવી તીવ્ર ત્વરા થવાથી રાણીએ બ્રાહ્મણને કહ્યું કે, હું તને વીશ હજાર રૂપિયા આપું, પણ ગમે તેમ કરીને મને સ્વામિનારાયણ પાસે લઈ જા.'' પછી તે બ્રાહ્મણને તો રાજાની રાણી હોવાથી બહુ બીક લાગવાથી કહ્યું કે, ''મને તો રાજા થેડ મારી નાંખે માટે મારૂ એ કામ નહિ.'' એમ કહીને ઊઠ્યો, ત્યારે બાઈએ બસો ઉપરાંત રૂપિયાની

મતા આપીને કહ્યું કે, તમે મને ભગવાન ઓળખાવ્યા, એ બહુ મોટો ઉપકાર કર્યો છે.'' એમ કહીને તે બ્રાહ્મણને રજા આપવાથી શહેરમાં ગયો. રાણીને તો મહારાજની કૃપાથી તીવ્ર વૈરાગ્ય ઉદય થતાં મનમાં એમ થયું કે આ રાજ્યને મેલીને નીકળું અને મહારાજને મળું,'' એમ ત્રણેય અવસ્થામાં નિશ્ચય થઈ જવાથી એક દિવસ સંધ્યા સમયે પુરુષનો વેશ લઈને ગુપ્ત રીતે દરબારમાંથી નીકળીને જ્યાં મરેલાં ઊટિયાં નાંખતા હતા તે ખાઈમાં સંતાઈને બે દિવસ રહ્યાં. ત્રીજે દિને પુરુષ વેષે ભૂખ્યા તરસ્યાં ચાલ્યાં તે ચાર પાંચ ગાઉ આવ્યાં. ત્યાં તો થાક અને ભૂખ બહુ લાગવાથી આગળ ચાલી શકાયું નહિ. એટલે એક વૃક્ષની છાયા તળે બેસીને પેલા બ્રાહ્મણે સ્વામિનારાયણ ભજન શીખવાડેલું તે કરવા મંડ્યાં. એજ સમયે મહારાજશ્રી વિપ્રનો વેશ લઈને દળના લાડુ વગેરેને ઝોળીમાં લઈને ત્યાં આવ્યા. અને બાઈએ કહ્યું કે, તમે કોણ છો ? અને ક્યાં જવું છે ? તમે પુરુષનો વેષ લીધો છે પણ અમને સ્ત્રીજ જણાઓ છો અને તમે ભૂખ્યાં પણ છો' એમ કહીને પોતા પાસે જમવાનું હતું તે આપ્યું અને પાણી પાયું. પછી પૂછ્યું કે, તમારે ક્યાં જવું છે ? ત્યારે બાઈએ સત્ય કહ્યું કે, મારે ગુજરાત દેશમાં સ્વામિનારાયણ છે તેમને દર્શને જવું છે. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે, મારે પણ ગુજરાતમાં જવું છે તો આપણે બન્ને સાથે ચાલીએ. એમ સંગાથ કરીને પોતે ભેળા ચાલ્યા. ટાંણે ટાંણે ખાધા પીધાની ખબર રાખતા થકા થોડા દિવસમાં વરતાલના સિમાડામાં સોનારકુઈ આગળ તલાવડી આવી ત્યાં બેઠા. પછી બાઈને કહ્યું કે, ''આ માર્ગે જતાં આગળ થોડે છેટે વરતાલ ગામ આવે છે, ત્યાં સ્વામિનારાયણ વિરાજે છે. ત્યાં તમે જાવ અને હું પણ નહાઈ ધોઈને ત્યાં આવું છું. એમ કહીને પોતે પાછળ રહી ગયા. બાઈ તો કહ્યા પ્રમાણે ત્યાંથી ચાલીને, મહારાજ જ્યાં સભા કરીને લીંબડા નીચે બેઠા છે ત્યાં છેટે રહીને દર્શન કર્યા. દર્શન માત્રથી નાડી પ્રાણ ખેંચાઈ ગયાં અને સમાધિ થઈ ગઈ અને તેમાં અક્ષરધામ દેખાડ્યું. તેમાં અનંત દિવ્ય પાર્ષદો હાથ જોડીને વિનંતિ આ મૂર્તિની કરે છે અને આ સભા પણ ત્યાંજ બેઠી છે અને પોતે (બાઈ) પણ ત્યાંજ છે એવું અદ્ભુત અલૌકિક ઐશ્વર્ય સમાધિમાં દેખાડ્યું અને સમાધિમાં એક કલાક રાખ્યાં. પછી સમાધિમાંથી બહાર આવીને માર્ગમાં મળેલા વિપ્રની વાટ જુએ અને ખોળે. પણ તે નહિ આવવાથી પોતે બહુ જ વિચારમાં પડી ગયાં. તે સમયે મહારાજે સભાને ઊઠવાનું કહેતાં સર્વે ઊઠી ગયા. પછી તે બાઈને બોલાવીને એમનું નામ દેશ ગામ વગેરે પૂછ્યું, ત્યારે બાઈએ બધી હકીકત કહીને, પોતાનું નામ ઝમકુબાઈ પણ કહ્યું. ત્યારે મહારાજે કહ્યું કે, તમે બહુ દૂર દેશથી અહીં કેવી રીતે આવી શક્યાં ? ત્યારે બાઈએ કહ્યું કે, મારી સાથે એક બ્રાહ્મણ હતો તે રસ્તામાં ખાધે પીધે બરદાસ કરતો અને મને જેમ મેનામાં બેસારીને લાવે તેમ સુખેથી

થોડા દિવસમાં આ ગામના સીમાડામાં લાવીને, તલાવડીના કાંઠેથી પાછળ રહી ગયો અને મને એકલીને મોકલી. તેણે મને કહેલું કે, હું પાછળ આવું છું, તેને હું ખોળું છું. આ વાતને સાંભળીને મહારાજ બોલ્યા કે, એ બ્રાહ્મણને તમે ઓળખો છો ત્યારે બાઈએ હા કહી. ત્યારે મહારાજે સ્પષ્ટ કહ્યું કે, એ તો અમે વિપ્રને વેષે હતા. એમ કહીને વાટઘાટનાં સઘળાં એંધાણ આપ્યાં. તે સાંભળીને જ બાઈને ત્રણેય અવસ્થામાં આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ સર્વાવતારધર્તા સર્વકર્તા છે. અને મારી ઉપર પરમકૃપા કરીને પોતાની દાસી જાણીને સંસારબંધનમાંથી છોડાવી દીધી.'' આવો દઢ નિશ્ચય થતાં મહારાજ પાસે રહ્યાં. ઉપાધિ થવાને કારણે ઝમકુબાઈ નામ ફેરવીને ''માતાજી' એવું નામ પાડીને, ભુજવાળાં લાધીબાઈની જોડ કરી આપી. આ રીતે પોતાનો પ્રતાપ ઐશ્વર્ય દેખાડીને એમને રાખ્યાં અને અનન્ય ભક્તને કર્મબંધનથી છોડાવીને મુક્તતુલ્ય કર્યા. *(સદ્. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૧૧૩)*

## વણિક વેશે આવીને વિષ્ણુદાસને જમાડ્યા

એક દિવસ મહારાજ લીંબડા હેઠે સભા કરીને બેઠા હતા. અને પોતે બદરિકાશ્રમના મુક્તની વાર્તા કરતાં કહ્યું કે, ''ત્યાં બોર બહુ મોટાં થાય છે, તેને જમીને મુકતો ભજન કર્યા કરે છે. આ આશ્ચર્યની વાત સાંભળીને, સુરા ખાચર બોલ્યા કે, એ બોર કેવાં સ્વાદુ હશે ? અને કેટલાં મોટાં હશે ? એને અમે લઈ આવીએ ? ત્યારે મહારાજ બોલ્યા કે, તમારી ચાર પેઢી જાય તો પણ ત્યાં પહોંચાય નહિ.' ત્યારે વળી સુરા ખાચર બોલ્યા કે, ''એ સ્વાદુ મોટાં બોર કેમ કરતાં મળે ?'' ત્યારે મહારાજે કહ્યું કે, આ જે વિષ્ણુદાસ સાધુ છે તે તો સાડા ત્રણ દિવસમાં લઈને આવે એવા સમર્થ છે. ત્યારે વળી સુરા ખાચરે કહ્યું કે ''મારી ઉપર દયા કરીને એ બોરને મંગાવો. જોઈએ તો ખરા ! કેવાં સ્વાદુ અને મોટાં છે.' ત્યારે મહારાજે વિષ્ણુદાસને કહ્યું કે, ''તમે બદરિકાશ્રમમાં જાવ અને બોરાં લઈ આવો.'' ત્યારે તેમણે કહ્યું કે માર્ગમાં ખાવાનું ભાતું જોઈએ, ત્યારે મહારાજે પાંચ શેર સુખડી લાવીને પ્રસાદીની કરીને બંધાવીને પછી કહ્યું કે હવે જાવ.'' ત્યારે વળી તે બોલ્યા કે, ''મેં માર્ગ દીઠો નહિ હોવાથી મારે એક જોડ જોઈશે.'' ત્યારે મહારાજે કહ્યું કે, ''આગળ જોડ રાખી મૂકી છે.'' તમો અહીંથી એકલા ચાલો અને જ્યાં સાંજ પડે ત્યાં રાત રહેજ્યો. અને ત્યાં એક વડ અને તળાવ આવશે ત્યાં સૂઈ રહેજ્યો અને સવાર થતાં ઊઠીને ચાલજ્યો.'' એમ કહીને હાથની સાને કરીને ઉત્તર દિશા તરફ રસ્તો બતાવ્યો. પછી વિષ્ણુદાસ ચાલ્યા તે જતાં જતાં સાંજ પડવા આવી ત્યાં વડ અને તળાવ દેખાયું. ત્યાં સૂઈ રહ્યા. બીજે દિવસ ઊઠીને ચાલ્યા તે થોડો દિવસ રહ્યો ત્યારે પથરા નદી આવી. તેને કાંઠે ઉભા રહ્યા. પોતા પાસે લાકડી હતી તેને પાણીમાં બોળતાં તેના સ્પર્શથી

તે ગળી ગઈ. તેને જોઈને પોતે પાણીમાં પગ બોળ્યો નહિ. અને ઊંડા વિચારમાં પડી ગયા. તે સમયે મહારાજની મૂર્તિનું ચિંતવન કરીને એમના બળથી નદી સોંસરા ચાલ્યા ગયા પણ હિમની કશી અસર થઈ નહિ. કાંઠેથી આગળ ચાલ્યા ત્યારે મનમાં એવો વિચાર થયો કે "આ ઝાડ ઉપર ચઢીને રાત રહું એટલાકમાં ઘડીયાળ તુરાઈ આદિકનો મધુર શબ્દ સાંભળવામાં આવ્યો. ત્યાંથી આગળ ચાલતાં બોરડી દેખાઈ અને હજારો મુક્તોનાં સ્થાન દીઠાં. તેને જોતાં જોતાં આગળ ચાલતાં, મુકતોની મોટી સભા બેઠેલી અને તેના મધ્યમાં વિરાજમાન નરનારાયણને દીઠા. તે સમયે શ્રી નરનારાયણ તથા બીજા બધા ઋષિઓ વિષ્ણુદાસને જોઈને બહુ હેતથી ઉભા થઈને તેમને મળ્યા અને પાસે બેસાર્યા અને અહીંના સમાચાર પૂછ્યા. ત્યારે તેમણે મહારાજનું અલૌકિક ઐશ્વર્ય પ્રતાપ વગેરે તથા સંતોની સારી રીત વગેરે અથેતિ કહ્યું. ત્યારે નરનારાયણે પૂછ્યું કે, મહાપ્રભુનો કંઈક પ્રસાદ અમારા માટે લાવ્યા છો." ત્યારે તેમણે કહ્યું કે, "કાંઈ લાવ્યો નથી." ત્યારે સર્વેએ કહ્યું કે "આ કાંઈક લાવ્યા છો ખરા." એમ કહીને વિષ્ણુદાસ પાસેથી સુખડી નરનારાયણદેવે લઈ લીધી. (બોરાં કરતાં સુખડી સ્વાદુ કહેવાય) પછી પોતે પ્રસાદ લઈને બીજી સર્વેને વહેંચી આપી. પછી પોતે બોલ્યા કે, "તમે આવ્યા તે બહુ સારું થયું, અમને પ્રસાદ મળ્યો એ મહા લાભ થયો અને મહાપ્રભુજીના શુભ સમાચાર મળ્યા તેથી અમને એમને પ્રત્યક્ષ મળ્યા જેટલો લાભ થયો," હવે તમારે અહીં આવવાનું કારણ કહો ? ત્યારે તેમણે કહ્યું કે "મહાપ્રભુની આજ્ઞાથી બોર લેવા આવ્યો છું." પછી બદરી સામું જોયું ત્યાં તો કોઈ ભાગમાં મણમણનું બોર દેખાય અને કોઈ ભાગમાં ફૂલમાં પણ દેખાય. એ રીતે અનેક મોટાં નાનાં દેખીને રાજી રાજી થઈ ગયા. પછી નરનારાયણદેવને કહ્યું કે "મને મહાપ્રભુએ સારાં મોટાં બોર લેવા મોકલ્યો છે. ત્યારે તેમણે મણમણનાં બે બોર આપ્યાં. ત્યારે તેને લઈને કહ્યું કે, હવે હું કેમ કરીને અહીંથી જાઉં. ત્યારે પ્રસન્ન દેવે કહ્યું કે, "તમને ચાર સિદ્ધ મેલવા આવે છે તે મેલીને પાછા આવશે અને તમો માર્ગમાં ચાલજો. એટલે એક ગામ આવશે. ત્યાં તમને સદાવ્રત મળશે તેને તમે જમીને, એક બાવાની જગ્યા આવશે ત્યાં સૂઈ રહેજો અને મહાપ્રભુને અમારા તથા મુક્તોના પણ દંડવતપૂર્વક નારાયણ કહેજો, અમારા વતી સવિનય પગે લાગજો. એમ સઘળી ભલામણ કરીને સાધુ સાથે મુક્તોને મોકલ્યા. તે સાધુથી બે બોર નહિ ઉપાડી શકવાથી અર્ધુ પડતું મૂકીને દોઢ બોર લઈને મુક્તો સાથે ચાલતાં આવેલી પથરા નદીને ઉતરીને આ કાંઠે આવ્યા. ત્યારે વળાવા આવેલા મુક્તો પગે લાગીને પાછા ગયા. અને વિષ્ણુદાસજી આગળ ચાલ્યા જાય છે ત્યાં બે વાઘ એમની આગળ ચાલતા જણાયા. એ રીતે આગળ ચાલતાં એક શહેર આવ્યું. ત્યાં એક સદાવ્રત આપનારો મળ્યો. તેણે "મારે ઘેર ચાલો'

એમ કહીને તેડી જઈને સારી પેઠે જમાડીને, ગામથી થોડે છેટે એક બાવાની જગ્યા હતી તેમાં સુવાડીને કહ્યું કે, "તમે પૂછીને સવારે ચાલજો પણ પૂછ્યા વિના ચાલશો નહિ." પછી તે વાણિયો ઘેર ગયો અને વિષ્ણુદાસ સૂઈ ગયા. સવારે ઊઠ્યા ત્યારે ત્યાં ગામ પણ નહિ અને વસ્તી પણ નહિ અને જગ્યા પણ નહિ. કેવળ ઉજડ જણાયું. એક બાવાજી ત્યાં બેસી રહેલા તેને પૂછ્યું કે, આ જગ્યા ક્યાં ગઈ અને ગામ ક્યાં ગયું. અને વાણિયો ક્યાં ગયો ? ત્યારે બાવાજી ધીમેથી બોલ્યા કે "અહીં તો જગ્યા કુછ નહિ હે અને વાણિયા બી નહિ હૈ, તુમ ચલો હમ તુમારી સાથ આતે હે" એમ કહીને સાધુ સાથે તે બાવોજી ચાલ્યા. વિષ્ણુદાસ ત્યાંથી ચાલ્યા તે પ્રથમ જે વડ અને તળાવ આવ્યું હતું ત્યાં બન્ને જણ આવ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગઢપુરમાં ચોથે દિવસે આવીને મહારાજને સભામાં દોઢ બોર આપ્યું અને સઘળા સમાચાર કહ્યા. તેને સાંભળીને સર્વે સાધુઓ, સુરા ખાચર અને હરિજનો વગેરે બહુ આશ્ચર્યને પામ્યા. અને બોરને સુધારીને સર્વેને પ્રસાદ આપ્યો તે સર્વે જમી ગયા. જે બાવાજીને સાથે તેડી લાવ્યા તે કોણ હતા ? તો પૂર્વે મહારાજને વનમાં સાથવો અને મીઠું આપ્યું હતું તે શિવજી અપર રૂપમાં હતા તેમને અહીં તેડી લાવ્યા હતા. તેમને મહારાજે સાધુ કર્યા અને "શંકરસ્વામી" એવું નામ પાડ્યું અને વિષ્ણુદાસની જોડ કરી આપી. આ રીતે ઐશ્વર્ય-પ્રતાપ તો પોતાના સંતો દ્વારા બતાવ્યો અને અવતાર જેવાં કાર્ય તો સંતો દ્વારા કરાવ્યાં. તો તેમને સર્વ અવતારના અવતારી કોણ ન કહે ? કહે જ. આ રીતે મહારાજે બદરિકાશ્રમમાંથી વિષ્ણુદાસ સાધુ પાસે બોર મંગાવીને, સર્વેને પ્રસાદ જમાડ્યો. હું (અદ્ભૂતાનંદ) પણ એ પ્રસાદ લઈને જમી ગયેલો તે યાદમાં છે. *(સદ્. શ્રી અદ્ભુતાનંદ સ્વામીની વાતો-૧૩૯)*

## મીર સાહેબને અલ્લા રૂપે દર્શન આપ્યું

શ્રીજીમહારાજ ગઢડામાં અક્ષરઓરડીમાં બિરાજમાન હતા ને ત્યારે ઓગણોતેરોકાળ હતો તેથી સચ્ચિદાનંદ સ્વામીએ આવી કહ્યું જે 'પીપળાવાડીમાં પાણી થઈ રહ્યું છે' ત્યારે મહારાજ કહે 'કૂવાના તળાથી આઠ હાથ ઉપર પૈયા નીચે દક્ષિણાદકોર એક ગડબો ખોદાવી નાખો' એમ આજ્ઞા કરીને પોતે પણ પીપળાવાડીયે પધાર્યા. ને પાળાને તથા સચ્ચિદાનંદસ્વામીને કહ્યું "કૂવાના તળિયાથી આઠ હાથ ઉપર ભરીને ખોદવા માંડો. પછી તે પ્રમાણે ખોદતાં એક જબરો પાણાનો ગડબો કાઢી નાખ્યો તે ઘડીયે પૈયા નીચેથી પાણી એકદમ આવ્યું તેથી આખો કૂવો ભરાઈ ગયો. તે વખતે સચ્ચિદાનંદસ્વામી તથા પાર્ષદો મહારાજને પગે લાગ્યા ને કહ્યું "હે મહારાજ ! પાણી બહુ થયું ત્યારે મહારાજા કહે "સચ્ચિદાનંદ ક્રિયાસાધ્ય અને કૃપાસાધ્ય એ બે પ્રકારના છે તેમાં આ પાણી કૃપાસાધ્યથી થયું' ત્યારે સચ્ચિદાનંદસ્વામી બોલ્યા જે "આ

સ્વામિનારાયણની કૃપાથી બન્યું ભાઈ, નારાયણકૃપા એક સર્વે સાધનનું મોટું ફળ છે અને એ કાળમાં પરમહંસ મહારાજને દર્શને આવેલા તેનાં આસન મહારાજે તે પીપળાવાડીને ફરતાં ચારેય શેઢે કરાવ્યાં તે ચારસો પાંચસો પરમહંસને સાત માસ સુધી રાખ્યા અને અભયરાજા તથા ઉત્તમરાજાએ પરમહંસને જમાડતા. ને મહારાજ પરમહંસને આસને આસને બેસતા ને વાતો કરતા ને દિવસે અષ્ટાંગયોગ કરાવતા ને વાડીમાં બધે ફરતા તે તલ જેટલી જગ્યા પણ એ પીપળાવાડીમાં પ્રસાદી વિનાની નથી. એ વાડીમાં મહારાજે ઘણાં ચરિત્ર કરેલાં છે એ વાડીના પૈયાથી ઉગમણી કોરે દસરા થઈ ત્યારે મહારાજે પોતાને રહેવા માટે પાણાનું એક છાપરું કરાવ્યું તે માથે આડી નાખી માંડવા જેવું કરી ઉપર લુગડાં વીંટી લીધાં હતાં તેમાં મહારાજ રહેતા તે દિવસે દરબારમાં રહેતા ને રાત્રે ત્યાં રહેતા. અને એ વખતે સાધુ થાવા આવતા તેને કહેતા જે "જેને સિદ્ધ થાવું હોય ને સમાધિ જોઈતી હોય તે આ પીપળાવાડીમાં સાંતી હાંકો" પછી જેને જેને સમાધિ જોઈતી હતી ને સિદ્ધ થાવાની ઈચ્છા હતી તેણે એક વરસ સાંતી હાંક્યું તેથી તેઓ સમાધિની સિદ્ધ દશાને પામ્યા. ને અઢારસો સિત્તેરની સાલમાં એ પીપળાવાડીની પછવાડે મંચ નાખ્યો હતો ને ત્યાં શિવરાત્રિનો મોટો સમૈયો કર્યો હતો ને ત્યાં અનેક પરચા બતાવ્યા હતા. અને જેવી અક્ષરઓરડી છે તેવીજ એ વાડી પ્રસાદીની છે. એ વાડીના પિયાથી ઉંગમણી તરફ દશ કરમ ઉપર એક એંધાણ છે તે જગ્યાએ સિદ્ધાનંદસ્વામીને સમાધિનો લક્ષ કરાવ્યો હતો. એ વાડીથી દક્ષિણા શેઢે ડાભીયુંવાળી વાડી કહેવાય છે ત્યાં વડોદરાના મીરસાહેબ આવ્યા હતા તેને મહારાજે અલ્લા રૂપે દર્શન દીધાં હતાં. એ વાડીના કૂવા હેઠે ખીજડો છે ત્યાં પણ મહારાજ બેઠેલા છે. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૯૮)*

## એભલ બાપુને ચતુર્ભુજરૂપે દર્શન આપ્યું

શ્રીજીમહારાજ પ્રથમ ગઢપુર પધાર્યા ત્યારે જીવા ખાચરના દરબારમાં રહ્યા હતા. ને જીવો ખાચર મહારાજ ઉપર ભાવ બહુ રાખતા ને સેવા કરતા. ને શ્રીજીમહારાજ હંમેશાં બપોર સુધી જીવા ખાચરને વાતું કરતા ને પછી એભલ ખાચરના દરબારમાં જીવુબા તથા લાડુબાને વાતું કરવા જતા તે બે કલાક સુધી વાતું કરીને પાછા જીવા ખાચરના દરબારમાં આવતા. તે વખતે એભલ ખાચર પોતાના દરબારમાં થોડું રહેતાં અને પોતાની વાડી તથા બીડમાં ઘણું રહેતા. તેવામાં કોઈકે એભલ ખાચરને ભરાવ્યું જે "સ્વામિનારાયણ તમારા દરબારમાં આવે છે ને સ્વામિનારાયણ જુવાન છે ને તમારી દીકરીયું પણ જુવાન છે તો તમારું કામ બગડી જાશે ને તમે એ વાતની કાંઈ તપાસ રાખતા નથી પણ પછી વિચાર્યું કાંઈ કામ નહિ આવે" એથી એભલ ખાચરને કાંટો ચડ્યો ને મહારાજને મારવાનો વિચાર કર્યો. ને એક દિવસ મહારાજ

દરબારમાં ગયા પછી ઢાલ તરવાર બાંધીને પોતાની ડેલીયે આવીને બેઠા. જે "સ્વામિનારાયણ દરબારમાં છે તે આંહી નીકળે ત્યારે ઝાટકે મારવા છે." આ વાત મહારાજને કોઈકે કહી દીધી ને બાયુને પણ ખબર પડી તેથી બાયુંયે કહ્યું જે "મહારાજ ! તમારે આજે ડેલીયેથી નીકળવું નહિ ને આની કોરેથી જાજ્યો" ત્યારે મહારાજ કહે "અમને તમારા બાપુ મારે નહિ ને તમારે તે બાબતની જરા પણ ફિકર-ચિંતા કરવી નહિ" એમ કહીને મહારાજ ડેલીયે ગયા તે વખતે એભલ ખાચરને મહારાજનાં ચતુર્ભુજ રૂપે દર્શન થયાં તે ચારહાથમાં શંખ, ચક્ર, ગદા ને પદ્મ, એ ચાર આયુધ ધારેલા છે, ને મસ્તક ઉપર મણીમય મુગટ તથા કાનમાં મકરાકાર કુંડલ તથા કંઠમાં કૌસ્તુભમણિ અને પીતાંબર ધારેલાં એવી તેજસ્વી મહારાજની મૂર્તિ જોઈને એભલ ખાચરે ઢાલ તરવાર નાખી દીધાં ને બે હાથે મહારાજનાં ચરણારવિંદ ઝાલીને માથું ચરણમાં મૂકીને પગે લાગ્યા ને બોલ્યા જે "હે મહારાજ ! તમે તો સાક્ષાત ભગવાન છો ને મને તો કોઈકે અવળું સવળું ભરાવેલું તે મારો ગુનો માફ કરો" ત્યારે મહારાજે તેમના માથા ઉપર બે હાથ મૂકીને કહ્યું કે "જાઓ તમારા ગુના માફ" પછી એભલ ખાચરે કહ્યું જે "મહારાજ ! તમે નિરંતર અમારા દરબારમાં રહો ને મારો દીકરો દાદો ને દીકરીયું તે તમારાં છે" ત્યારે મહારાજ કહે "તમારો દીકરો તે અમારો દીકરો ને તમારી દીકરીયું તે અમારી દીકરીયું ને અમે તમારે ત્યાં અખંડ રહેશું એ વર તમને આપ્યો" પછી એભલ ખાચર કહે "મહારાજ ! ગામ કારિયાણી વાળા માંચા ખાચરે મને તમારો મહિમા કહ્યો હતો તે વાત આજ મળી. માટે તમે ભગવાન છો ને આ દરબાર તમારો છે તે જ્યાં ફાવે તે જગ્યામાં તમે રહો" પછી મહારાજે મુખ્ય દરબારમાં જેને અક્ષર ઓરડી કહે છે તે ઠેકાણે રહેવાનું પસંદ કર્યું. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૧)*

## બગડ ગામમાં મુસલમાનને ખુદારૂપે દર્શન આપ્યા

એક વાર બગડથી જસા ખાચરના ઘરનાં જાનબાઈ મહારાજનાં દર્શન કરવા સારુ પોતાના બે દીકરાને લઈ ગાડું જોડાવીને દુર્ગપુર આવ્યાં ને ગાડું દરબારમાં લીંબડા હેઠે છોડાવ્યું ને પછી મહારાજને ખબર કરી. ત્યારે મહારાજે જીવુબાઈને બોલાવીને કહ્યું કે "આ જાનબાઈનો ઉતારો પાંચુબાઈને ત્યાં રાખો. તે ભગવાનનાં બહુ પ્રેમી ભક્ત છે ને અમારે વાસ્તે બગડથી આંહી આવ્યાં છે માટે તેની સંભાવના રાખજો' પછી પાંચ દિવસ વિત્યા ત્યારે મહારાજ અક્ષરઓરડીમાં બિરાજમાન હતા ત્યાં જાનબાઈ તથા દેહા ખાચર અને રામ ખાચરને બોલાવ્યા. ને તેમની રૂબરૂ મોટીબા તથા લાડુબાને કહ્યું કે "આ બે દીકરા તથા ગાડું અને માણસને પાછાં મોકલીને જાનબાઈને. તમારી પાસે રાખવાં છે પછી કૃપા કરીને ફરી બોલ્યા જે, "દીકરા નાના

છે માટે ત્યાં એકલા મોકલવા એ કાંઈ ઠીક નહી માટે બેય દીકરા અને ચાકરી કરનાર માણસ સહિત જાનબાઈ, નાજા જોગીયાને ઘેર રહે પછી તે નાજા જોગિયાને ઘેર રહ્યાં ને બીજા માણસ તથા ગાડું તે પાછા મોકલ્યાં. પછી શ્રીજીમહારાજ એક વખત સાંજને સમે ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીયે બિરાજમાન હતા ને ત્યાં સભામાં દાદા ખાચર બેઠા હતા તેને મહારાજે પૂછ્યું કે "તમારામાં કઈ ઓળખના સારા કહેવાય ?" ત્યારે દાદા ખાચર કહે "આ રામ ખાચર તથા દેહો ખાચર છે તેની ઓળખ રામાણી છે તે સારી કહેવાય છે" પછી શ્રીજીમહારાજ કહે "રામાણીઓમાં સત્સંગ કેટલાંકમાં છે ?" ત્યારે દાદા ખાચર કહે "આ રામ ખાચર અને દેહો ખાચર તે હાલમાં સત્સંગી છે પછી શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા જે "તે સત્સંગી સારા થાશે" એમ કહી પ્રસાદી તથા ફૂલના હાર તેમને આપ્યા. ને તેજ દિવસે મહારાજે જાનબાઈ તથા મીણબાઈને બોલાવ્યા ને મોટીબાને તેડાવી તેમને આજ્ઞા કરીને રામા ખાચર તથા દેહા ખાચર વગેરે સર્વેને બગડ મોકલો" ત્યારે જાનબાઈએ પ્રાર્થના કરી જે "મીણબાઈને તથા રામા ખાચર અને દેહા ખાચરને બગડ મોકલો ને મને આંહી રહેવાની આજ્ઞા કરો ત્યારે શ્રીજી કહે 'તમે પણ ઘેર જાઓ ને આંહીથી મુક્તાનંદસ્વામીને અમે બગડ મોકલશું ને તમારે વાસ્તે આ ગાડી તૈયાર કરી છે ને "પાળા કરી ત્યાં સુધી આવશે" એમ કહી મહારાજે દેહા ખાચર તથા રામા ખાચરને માથે હાથ મુક્યા ને કહ્યું "આ બહુ હુશિયાર થાશે' પછી તેઓએ પગે લાગી ઘેર જવાની તૈયારી કરી ત્યારપછી થોડા દિવસે મુક્તાનંદસ્વામીને બોલાવીને મહારાજે કહ્યું કે "તમારા મંડળ સહિત તમે બગડ જાઓ ને જસા ખાચરને રામકથા સાંભળવાની મરજી છે માટે તેમને ત્યાં રામકથા વાંચજો" પછી સ્વામી મહારાજની આજ્ઞા માથે ચડાવી બગડ ગયા અને ત્યાં સાધુની ધર્મશાળામાં ઉતર્યા ને જસા ખાચરને બોલાવી શ્રીજીમહારાજે કહેલા સર્વ સમાચાર કહ્યા ને કહ્યું કે મહારાજે તમને રામકથા સંભળાવવા અમને મોકલ્યા છે પછી થોડા દિવસ કથા કરી ત્યાં સ્વામીની વાતોથી શ્રીજીમહારાજ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન છે એવો તેને નિશ્ચય થયો. ત્યારે સ્વામીને કહ્યું જે "તમારા પ્રતાપથી મને શ્રીજીમહારાજનો નિશ્ચય થયો માટે ગઢડે જઈ શ્રીજીમહારાજ પાસે વર્તમાન ધારશું" પછી સ્વામી મંડળ લઈ જસા ખાચર સાથે ગાડામાં બેસીને ચાલ્યા તે સાંજે ગઢપુર પહોંચ્યા. ત્યાં મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું જે, "આ જસા ખાચર અમારી સાથે આવ્યા છે તેમને ઉતારાની આજ્ઞા કરો ત્યારે મહારાજે દાદા ખાચરને બોલાવીને કહ્યું કે "આમને નાજાજોગિયાને ત્યાં ઉતારો આપો" પછી સાંજ વખતે શ્રીજીમહારાજ ઉત્તરાદાબારના ઓરડાની ઓશરીયે બિરાજમાન થયા હતા ને સાધુની સભા થઈ ત્યારે મુક્તાનંદસ્વામીએ જસા ખાચરને બોલાવી શ્રીજીમહારાજની આગળ તેમની સર્વે હકીકત

કહી. ત્યારે મહારાજ ઘણા પ્રસન્ન થયા ને સ્વામીને ચરણારવિંદ આપ્યાં. ત્યારે જસા ખાચરે મહારાજની બહુ સ્તુતિ કરીને પોતાની અણસમજણ માટે વિનંતી કરી. ત્યારે મહારાજે પ્રસન્ન થઈ કહ્યું કે "તમે કોઈ ચિંતા રાખશો નહીં, હું તમારા ઉપર પ્રસન્ન છું ને વળી મુક્તાનંદસ્વામીને તમે પ્રસન્ન કર્યા છે ત્યારે જસા ખાચરે કહ્યું જે "તમે મારા ઉપર પ્રસન્ન થયા માટે તમારે હાથે મને વર્તમાન ધરાવોને પ્રસન્ન થઈ મને કોલ આપો" ત્યારે શ્રીજીમહારાજે કોલ આપ્યો અને વર્તમાન ધરાવ્યાં ને કહ્યું કે "તમારે મુક્તાનંદસ્વામી સાથે હેત છે માટે તમને તેમની પાસે રાખશું ને મુક્તાનંદસ્વામીને તથા તમને અમારી પાસે રાખશું એવી રીતે શ્રીજીમહારાજ બહુ પ્રસન્ન થયા ત્યારે જસા ખાચરે ઘણીક સ્તુતિ કરીને કહ્યું જે "હે મહારાજ ! તમે અમારા ઉપર બહુ પ્રસન્ન થયા છો ને અમારી અણસમજણ કૃપા કરીને દૂર કરી તમારા સ્વરૂપનું સાક્ષાત્કાર જ્ઞાન આપ્યું તો હવે કૃપા કરી બગડ પધારો' ત્યારે મહારાજ પ્રસન્ન થઈને બોલ્યા જે "અમે વડતાલ જાશું ને તમે ઘેર જાઓ" એમ કહી હૃદય તથા મસ્તક ઉપર ચરણારવિંદ દીધાં ને કહ્યું જે "અમે જરુર તમારે ઘેર આવશું" એમ કહી હજારીગલના બે હાર આપ્યા ને બોલ્યા જે "તમારા ભેળો આ માણસ લાખો છે. તેને અમે હાર તથા પ્રસાદી આપીએ છઈએ તે રામા ખાચર તથા દેહા ખાચરને આપજો' એ પ્રમાણેની મહારાજની આજ્ઞા માથે ચડાવી જસા ખાચર બગડ ગયા ને થોડા દિવસ પછી મહારાજ બોટાદ પધાર્યા ને ત્યાંથી સવારના પહોરમાં બગડ પધાર્યા ત્યારે જસા ખાચર તથા બીજા હરિભક્તો અને ગામના બીજાં બાઈ ભાઈ વગેરે માણસો મહારાજ સામાં આવ્યાં ને વાજતે ગાજતે ગામમાં પધરાવ્યા ને જસા ખાચરના દરબારમાં ઉગમણાબારને ઓરડે મહારાજ બિરાજમાન થયા તે પછી દાદા ખાચર, વસ્તા ખાચર, જીવા ખાચર, સોમલો ખાચર તથા સુરો ખાચર ને સર્વેને પતા પાસે બેસારીને પોતે જમતા જાય ને તેમને પ્રસાદી આપતા જાય એવી રીતે જમીને તથા ભક્તજનોને જમાડીને પ્રસન્ન થયા પછી ચળુ કરીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને મૂળજીબ્રહ્મચારીને બોલાવ્યા ને જસા ખાચરને કહ્યું "આ બ્રહ્મચારીને જમાડો ત્યારે બ્રહ્મચારી કહે "મહારાજ ! અમને રસોઈ કરતાં ઘણી વાર લાગશે... ત્યારે મહારાજ કૃપા કરીને બોલ્યા જે બ્રહ્મચારીને લ્યો તુરત જમાડીએ" એમ કહીને થાળ મગાવ્યો તેમાં લોટ, ઘી અને સાકર મગાવી પોતાને હાથે ભેળું કરી લાડવા ચાર કુલેરના કર્યા તેમાંથી બે લાડુ મૂળજી બ્રહ્મચારીને અને બે લાડુ લખીરામ બ્રાહ્મણને આપ્યા પછી દરબારે મહારાજની પૂજા આરતી કરીને સ્તુતિ કરી જે "આજ અહી રાત રહો" ત્યારે મહારાજ કહે "સમૈયો નજીક આવ્યો તેથી જવા તાકીદ છે' ત્યારે જાનબાઈએ શ્રીજીની બહુ પ્રાર્થના કરીને સન્મુખ ઉભા રહી કહ્યું જે કૃપા કરી આજ રહો" ત્યારે મહારાજ કહે "તમારે માગવું

હોય તે માગો' ત્યારે જાનબાએ માગ્યું જે "અમારા ફળીની માલીકોર જેનો દેહ પડે તેનું તમારે કલ્યાણ કરવું. ત્યારે મહારાજ કહે "બહુ સારું તેનું કલ્યાણ કરશે પછી જાનબા કહે "અમારા ગામમાં વાણિયા છે તેને ઘેર પધારવાનું છે તો કૃપા કરો ત્યારે મહારાજે કહ્યું બહુ સારું" પછી શ્રીજીમહારાજ સર્વે સ્વાર સહિત વાજતે ગાજતે પધાર્યા ને તે વાણિયાના ઘરની આગળ એક મોટી જુવારની ખાણ હતી તે ખાલી ઢાંકેલી હતી તે ઉપર મહારાજે પોતે ઉપર બેઠા છતાં ઘોડી ઉભી રાખી એટલે તે ખાણમાં ઉતરી ગઈ ત્યાંતો તેજનો એક મોટો સમૂહ દેખાણો ને તેમાં જસા ખાચરને શ્રીજીમહારાજની મૂર્તિ જેવી અક્ષરધામમાં છે તેવી દેખાણી ને એક મુસલમાન પઠાણ સામો ચોરામાં બેઠો હતો. તેણે તેજ દીઠું ને તેને ખુદા રુપે દર્શન થયું તેથી તે ઉતાવળો થઈ ચીસ પાડીને બોલ્યો કે "હે મહારાજ તમે તો ખુદા છો ત્યારે મહારાજે કહે "હવે રાખો, વધારે બોલશો નહી" ને તે વખતે પાસે સાધુ, બ્રહ્મચારી, પાળા, તથા હરિભક્ત બાઈ ભાઈ વગેરે જે માણસો હતાં તે સર્વે આનંદથી જય જય બોલવા મંડ્યાં ને પછી શેઠના ઘરમાં નાની બાઈ હતાં તેણે આવીને દૂર ઉભા રહી મહારાજ આગળ ભેટ ધરી ને સ્તુતિ કરી ને કહ્યું કે "અમારા પર કૃપા રાખજો" પછી મહારાજ ગાજતે વાજતે ગામ બહાર પધાર્યા ને સર્વે હરિભક્ત તથા જસા ખાચરે વિનંતી કરી જે "હે મહારાજ ! કૃપા કરીને ફરી પધારજો ને દયા રાખજો એવી રીતે મહારાજે લીલા કરી. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૨૦૪)*

## વડોદરાના સુબેદાર શેખજીને અલ્લારૂપે દર્શન આપ્યા

એક સમે શ્રીજીમહારાજ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં ઉગમણાબારના ઓરડાની ઓસરીયે ઢોલિયા ઉપર બિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ સંત તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમે મહારાજે બ્રહ્માનંદસ્વામી ને વાત કરી જે "આપણે બધે ઠેકાણે સત્સંગ થયો છે પણ સિંધ દેશમાં નથી તો ત્યાં સત્સંગ કરવા કોને મોકલશું ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે "આ શેખજી ને મોકલો તો તે ત્યાં સત્સંગ કરાવશે. પણ તમે તેને એશ્વર્ય તમારા જેવું આપો તો જીવહિંસા બંધ કરાવીને સત્સંગ કરાવે ત્યારે મહારાજે શેખજીને બોલાવ્યા ને કહ્યું "તમે સિંધ દેશમાં સત્સંગ કરાવવા જાઓ ત્યારે શેખજી કહે "હું જાઉં તો ખરો પણ મને તમારા જેવું કાંઈ ઐશ્વર્ય આપો તો ત્યાં સત્સંગ કરાવી શકું ત્યારે મહારાજ કહે "તમે જેને જમપુરી દેખાડશો તેને જમપુરી દેખાશે ને વળી જેને સત્સંગ થાય તેને તમારી દાઢી દેખાડશો એટલે તુરત તેને ધામ દેખાશે ને ચૌદ લોકને વિષે જે જે સ્થાનક છે તે તથા બીજા અવતારનાં જે ધામ તે પણ તેને આંહી રહ્યા થકા દેખાશે" ત્યારે શેખજી રાજી થઈને મહારાજને પગે લાગી રજા લઈને ચાલ્યા તે ચાલતા ચાલતા અમદાવાદની આસપાસનાં ગામડાંમાં ગયા ને

ત્યાં હરિજનને ઘેર ઉતરી ને વાતો કરવા લાગ્યા ને વળી કહે જે "જેને ધામ જવું હોય તે મારી દાઢીનું ધ્યાન કરો" એમ કેટલાકને ધામ દેખાડ્યાં તે જોઈને સત્સંગી રાજી થયા ને હમેશાં પાકો થાળ કરીને જમાડે ને મહારાજની પેઠે શેખજીની પધરામણી કરવા લાગ્યા. એવી રીતે ગુજરાતમાં ઘણો સત્કાર થવા લાગ્યો તેથી શેખજીને મનમાં અહંકાર આવી ગયો ને હવે સિંધદેશમાં સત્સંગ કરવા કોણ જાય ? આપણે તો અહી હરિજનોને ઘેર જમશું ને આનંદ કરશું એમ ધારીને સિંધમાં ન ગયા ને ગામોગામ ફરતા પાછા ગઢડે આવ્યા પણ મહારાજ પાસે દર્શને પણ ન આવ્યા ને પરબારા આહીરને ચોરે ઉતર્યા ને ત્યાં ગામબધાનાં માણસો ભેગાં કરીને વાતો કરવા મંડ્યા જે "જેને ધામ જોવું હોય તે મારી દાઢીનું ધ્યાન કરો" ને બડાઈની વાતો કરે જે "મહારાજ જેમ પરચા દેછે તેમ હું પણ દઉં છું' તે સાંભળીને મહારાજ પાસે એક હરિજને વાત કરી જે "શેખજી તો સિંધ દેશમાં નથી ગયો ને આ ગામમાં ચોરે પોતાની બડાઈની વાતો કરે છે ત્યારે મહારાજે બ્રહ્માનંદસ્વામી વગેરે પાંચ સાધુઓને તથા દાદા ખાચર અને હરજી ઠકરને તેડાવીને શેખજીને સમઝાવવા મોકલ્યા પછી તે સૌ ગયા ને બ્રહ્માનંદસ્વામીએ કહ્યું શેખજી ! તમે સિંધમાં સત્સંગ કરાવવા ગયા નહીં ?" ત્યારે શેખજી કહે "ત્યાં શું કરવા જવું પડે શું મહારાજ સમાધિ કરાવે છે ને મને નથી આવડતી ? અને મહારાજ ધ્યાન કરાવે છે ને મને શું નથી આવડતું ?" એવાં ગર્વનાં વચન સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે "અરે શેખજી ! તમારું માથું ફર્યું કે શું ?" ત્યારે તે કહે તમને સાધુને અમારી વાતમાં શું ખબર પડે ?" પછી શેખજીને કહ્યું "તમે મહારાજ પાસે તો ચાલો" ત્યારે તે કહે 'તમે જાઓ હું ઘડી પછી આવું છું" પછી બ્રહ્માનંદસ્વામી વગેરે સૌ મહારાજ પાસે આવ્યા ને કહ્યું "એ શેખજીનું તો માથું ફર્યું છે ત્યારે મહારાજ કહે "જીવ ખરોને, અભિમાન આવી જાય" એમ વાત કરે છે ત્યાં શેખજી આવીને સામા ઉભા રહ્યા ત્યારે મહારાજે કહ્યું "તુંને શું આજ્ઞા કરી હતી ?' તે સાંભળીને શેખજી કાંઈ જવાબ આપી શક્યો નહીં ને ઢીલો થઈ ગયો. પછી મહારાજે કહ્યું "શેખજી ! તારી નજર કેટલાકમાં પડે છે ?" એમ તેની સામે કરડી દ્રષ્ટી કરીને જોયું ત્યાં તો શેખજીનું ઐશ્વર્ય હરાઈ ગયું પછી સભામાં સૌને મહારાજે કહ્યું "આજથી આ શેખજી સત્સંગ બહાર છે માટે તેને કોઈ બોલાવશો નહીં" એમ કહીને તેને રજા આપી. ત્યારથી શેખજીમાં કાંઈ એશ્વર્ય રહ્યું નહીં ને પ્રથમ હતો તેવો થઈ રહ્યો પછી તે ઘણો પસ્તાણો ને પોતાને ઉતારે જઈ વિચાર કર્યો જે "મારે બ્રહ્માનંદસ્વામીને મળવું" એમ ધારીને બ્રહ્માનંદસ્વામી આસને હતા ત્યાં ગયો ને દાંતે તરણાં લઈ ઉભો રહ્યો ને સ્વામીને કહ્યું "આપ મને રસ્તે ચડાવો ત્યારે સ્વામી કહે "મારું વચન માન્યું નહીં તેનું તને ફળ મળ્યું ત્યારે શેખજી કહે "હવે જેમ તમે કહો તેમ

કરું ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, ‘‘આ તારી દાઢી અને માથેથી મોવાળા પડાવી નાખ્ય અને નાહીને મહારાજ સામો ઉભો રહેજે ને હું જઈને મહારાજને સમઝાવીશ’’ પછી શેખજી ઉતારે ગયો ને બ્રહ્માનંદસ્વામી મહારાજ પાસે આવી શેખજીની વાત કરી. ત્યારે મહારાજ કહે ‘‘એમને ખપ હોય તો અમે કહીએ તે પ્રમાણે કરે’ એમ વાત કરે છે ત્યાં શેખજી આવીને ઉભો રહ્યો તે વખતે મહારાજે શેખજી સામું જોઈને બ્રહ્માનંદસ્વામીને પૂછયું જે ‘‘આ શેખજીની દાઢી ક્યાં ગઈ ?’’ ત્યારે સ્વામી કહે ‘‘મહારાજ ! આ શેખજીની દાઢી ઉપર અક્ષરધામનો રસ્તો હતો તે મુક્તના પગને ઠેબે કરીને દાઢીના મોવાળા ઉડી ગયા તે સાંભળીને મહારાજ તથા સંત, હરિજન હસવા મંડ્યા. તે વખતે શેખજી ક્રોધ કરીને બોલ્યો કે હે બ્રહ્માનંદજી ! મેરે કલ્યાણકા ખપ હે નહીં તો તુમ એસા ક્યા બોલો, પણ જો વડોદરા કા દીવાન એંસા બોલ્યા હોવ તો મેં ઉસકા ગલા કાટ ડાલુ. પણ ક્યા કરું મેરે કલ્યાણકા ખરા ખપ હુવા હે ને દુસરા કોઈ ફકીર ફકરામેં કલ્યાણ નહીં દેખાતા હે ઈસ વાતે લાચાર હું તે સાંભળીને મહારાજ કહે ‘‘દાદા ખાચરના ઘોડાની લાદ ઉપાડવી પડશે’’ ત્યારે તે કહે ‘‘અરે મહારાજ ! આપ જેમ કહેશો તેમ કરીશ પણ મારો ગુન્હો માફ કરો’’ પછી મહારાજ તેની ઉપર પ્રસન્ન થયા ને કહ્યું ‘તમારા બધાય ગુહા માફ છે‘ એમ કહી હાર આપ્યો ને અક્ષરધામમાં તેડી જાવાનો વર આપ્યો ને સભામાં બેસાર્યા. તે શેખજી જાતે પઠાણ હતા ને વડોદરાના સુબેદાર હતા ને પાંચસો માણસના ઉપરી હતા. પણ જ્યારે વડતાલમાં મહારાજનાં દર્શન કર્યા તે વખતે મહારાજ તેને અલ્લા રુપે દેખાણા તેથી નિયમ ધરાવી, નોકરી છોડીને પાળા થઈ રહ્યા હતા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૨૧૮)*

## ગોંડલના રવજીભાઈ મુસલમાનને ખુદારૂપે દર્શન થયા

ગામ ગોંડલમાં રવજી કરીને એક મુસલમાન હતો. તેને શ્રીજીમહારાજનું દર્શન થવાથી ચોવીસ પયગંબર દેખાયા, ઓલિયા દેખાયા અને ખુદા રૂપે શ્રીજીમહારાજનું દર્શન થવાથી તેના જીવમાં દઢ નિષ્ઠા થઈ. તેથી તેના સંબંધીજનોએ હિંદુ થયેલો જાણી તેને ન્યાત બહાર કર્યો, અને સગાંવહાલાંએ પણ તેનો ત્યાગ કર્યો. પછી તેણે શ્રી સ્વામિનારાયણનું ભજન કરી પોતે કમાણી કરી જીવતા સુધી નિર્વાહ કર્યો અને જ્યારે તે માંદો પડ્યો ત્યારે સત્સંગીઓએ તેના સંબંધીઓને કહ્યું કે રવજીની તમે ચાકરી કરો; ત્યારે તેના સંબંધી કહે, એ તો હિંદુના ભગવાન શ્રી સ્વામિનારાયણને માને છે માટે અમે એની ચાકરી નહિ કરીએ. પછી સત્સંગીઓએ તેની ચાકરી કરી અને તે મરી ગયો. ત્યારે શ્રીજીમહારાજ તેને દર્શન દઈ ધામમાં તેડી ગયા. પછી સત્સંગીઓએ તેના સંબંધીને કહ્યું કે રવજી મૃત્યુ પામ્યો છે; તેથી તમે તેના શબને લઈ

જાઓ. ત્યારે તેના સંબંધી કહે કે એ હિંદુના ભગવાનનું ભજન કરે છે તેથી અમે એની દફનક્રિયા કરીશું નહિ. પછી) સત્સંગીઓએ તેને સ્મશાનમાં લઈ જઈ અગ્નિસંસ્કાર કર્યો. પછી સર્વે જનો સ્મશાનમાં પીપળાના છાયા નીચે છે બેઠા હતા. તે પીપળામાં હજારો ભૂત, પ્રેત, યક્ષ, રાક્ષસો વગેરે રહેતાં હતાં. તે રવજીના શબના ધુમાડાથી સર્વે મુક્ત થઈ દેવલોકમાં ગયા. પરંતુ બે ભૂતો કોઈને વળગવાથી ત્યાં ન હતાં. પછી તેઓ ત્યાં આવ્યાં ત્યારે જોયું તો બીજાં ભૂતપ્રેતનો મોક્ષ થયેલો જણાયો. તેથી પોતાની અસંદ્ગતિનો ધિક્કાર કરવા લાગ્યાં. પછી સવારમાં સત્સંગીઓ નદીએ સ્નાન કરવા આવ્યા. તેમને જોઈને તે ભૂત બોલ્યાં કે અમને તમારા પ્રભુનું નામ લઈ પાણી છાંટો. ત્યારે સત્સંગીઓએ પૂછ્યું કે તમે કોણ છો ? ત્યારે ભૂત બોલ્યાં કે અમે અસદ્ગતિવાળાં ભૂત છીએ. તમારા પ્રભુના ભક્તના શબના ધુમાડાથી લાખો પ્રેત હતા તેનો મોક્ષ થયો, પણ અમે બંને જણ તે સમયમાં ન હોવાથી રહી ગયાં છીએ; માટે તમે તમારા પ્રભુનું નામ લઈ પાણી છાંટો, તો અમારો મોક્ષ થાય. પછી હરિભક્તોએ શ્રીસ્વામિનારાયણનું નામ લઈ પાણી છાંટ્યું; તેથી તેઓ દેવલોકને પામ્યાં. આવો શ્રીસ્વામિનારાયણ મહામંત્રનો પ્રતાપ છે. એ રવજીને જે જગ્યાએ અગ્નિસંસ્કાર કર્યો હતો, તે સ્થાનકે પંચનાથ મહાદેવનું સ્થાપન કર્યું છે.

## ખંભાતના રૂપરામ ઠાકરને ભૈયાના વેશમાં આવીને રક્ષા કરી

આનંદાનંદ ઉવાચ - ખંભાતમાં રૂપરામ ઠાકર મારવાડી બ્રાહ્મણ રહેતા હતા. તેઓની ખ્યાતિ રાજવૈદ્ય તરીકે દેશોદેશ પ્રસરી હતી. વૈદ્યના ધંધામાં તે અતિ નિપુણ અને યશસ્વી હતા. એક વખત લાઠી દરબારના પાટવી રાજકુમાર એકાએક માંદગીના બિછાને પડવાથી પોતાના વૈદ્યથી દવા શરૂ કરી; પરંતુ તેથી ફાયદો ન જણાતાં તેમણે રૂપરામ ઠાકરને બોલાવ્યા, તેઓએ રાજકુમારને તપાસી બરાબર દવા આપી, તેથી રોગ મટી ગયો. ત્યાંથી તેઓ કારિયાણી આવ્યા. કારિયાણી ગામમાં તેમણે શ્રીસહજાનંદ સ્વામીનો મહિમા ઘણા જનોના મુખથી શ્રવણ કર્યો; આથી શ્રીજીમહારાજનાં દર્શન કરવાની તેમની ઈચ્છા થઈ; તેથી તેઓ મંદિરમાં ગયા. તે સમયે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં સંત હરિભક્તો પ્રત્યે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપનિરૂપણની વાતો કરતા હતા, ત્યાં રૂપરામ ઠાકર દર્શન કરી જ્ઞાનવાર્તા સાંભળવા બેઠા. શ્રીજીમહારાજે સંત હરિભક્તો પ્રત્યે કહ્યું કે કોઈ જાણ્યે અજાણ્યે અમારું "સ્વામિનારાયણ" નામ લેશે તે સર્વ પાપથી રહિત અક્ષરધામને પામશે; એવો "સ્વામિનારાયણ" મહામંત્રનો મહિમા છે. એવું સાંભળી રૂપરામ ઠાકર એ મંત્રનું નામ લઈ નિશદિન ભજન કરવા લાગ્યા. ત્યાંથી રૂપરામ ખંભાત આવ્યા. તેઓ નાંદોદના રાજાને ત્યાં દવા માટે ગયા હતા, ત્યાંથી પાછા

ફરતાં અષાઢ સુદિ ૨ને દિવસે તેઓ ચાંદોદ કરનાળી આવવા નીકળ્યા. વર્ષાઋતુ હોવાથી દૈવયોગે રસ્તામાં જ એકાએક વરસાદ ધોધમાર પડવા માંડ્યો અને ગાજવીજ સાથે મોટા કડાકા થવા લાગ્યા. ચારે તરફ જુએ તો પાણી પાણી, તે સિવાય બીજું કાંઈ નજરમાં આવે નહિ. અંધારામાં કાંઈ દેખાઈ જ નહિ. આવા વિકટ પ્રસંગે રૂપરામ ઠાકર ઘોડી ઉપર બેઠા બેઠા ઘોડી અને પોતે વરસાદથી ભીંજાઈ ગયાં, જેથી ટાઢે ધ્રૂજતા હતા. જંગલી જાનવરોના અવાજ પાસે ડુંગરાઓમાંથી સંભળાતા હતા તેથી રૂપરામ ઠાકરે મનમાં જાણ્યું કે હવે નિશ્ચય કાળ આવ્યો. એમ વિચારતાં કારિયાણીનો પ્રસંગ યાદ આવ્યો અને શ્રીજીમહારાજનાં જે રીતે દર્શન કરેલાં તેવી મૂર્તિને હૃદયમાં ધારી "હે સ્વામિનારાયણ, હે સ્વામિનારાયણ" એમ મોટેથી ભજન કરવા લાગ્યા કે તરત ભક્તરક્ષક દયાળુ શ્રીજીમહારાજે રૂપરામની રક્ષા કરવા ભૈયાનો વેશ લઈ સાથે બંદૂક, તલવાર, બરછી, ઢાલ વગેરે ધારી ત્યાં આવી પૂછ્યું : તમે કોણ છો ? અહીં કેમ ઊભા છો ? રૂપરામ ઠાકરે કહ્યું: ભાઈ, હું ચાંદોદ કરનાળી જવા નીકળ્યો છું. વરસાદ અને અંધારાથી હું આગળ જઈ શકતો નથી. ભૈયાએ કહ્યું : ચાલો મારા મકાન ઉપર. એમ કહી ભૈયાના વેશમાં આવેલા શ્રીજીમહારાજે પોતાની અલૌકિક શક્તિથી સુંદર મકાન ઉત્પન્ન કરી રૂપરામ ઠાકરને તે મકાનમાં લઈ ગયા. ઠાકરને કોરા વસ્ત્ર પહેરવા આપ્યાં અને દાળ, ભાત, શાક, લાડુની રસોઈ કરી જમાડ્યા. ઘોડીને ટાઢ ન થાય અને વાઘની બીક ન લાગે, માટે ચારે તરફ લાકડાંની મોટી તાપણીઓ કરી. સવારમાં ઊઠી રૂપરામને માર્ગ બતાવ્યો અને તરત જ શ્રીજીમહારાજ પાછળ રહી અદૃશ્ય થઈ ગયા. રૂપરામે તત્કાળ પાછળ જોયું તો ભૈયાને દીઠો નહિ, જેથી તેમને આશ્ચર્ય થયું અને મનમાં વિચારવા લાગ્યા કે આ કોણ હશે ? શ્રીસ્વામિનારાયણ પ્રભુ તો નહિ હોય ? લાવ, હું પાછો વળી મુકામે તપાસ કરું, ઘોડીને પગલે પગલે પાછા આવ્યા પણ મકાન જણાયું નહિ. ફક્ત તાપણી અને ઘોડીની લાદ બે જ જણાયું; આથી રૂપરામ ઠાકરને નિશ્ચય થયો કે મારી રક્ષા જરૂર શ્રી સ્વામિનારાયણે કરી. શ્રીજીમહારાજનું આવું અલૌકિકપણુ જોઈ તેમનામાં અત્યંત પૂજ્યભાવ તથા સ્નેહભાવ ઉત્પન્ન થયો. એમ વિચાર કરતા કરતા ચાંદોદ પહોંચ્યા. ત્યાં સ્નાનાદિક ક્રિયા કરી બ્રહ્મભોજન કરાવી ખંભાત ગયા. થોડા સમય પછી રૂપરામ ઠાકર શ્રીજીમહારાજના દર્શનાર્થે ગઢડે ગયા. ત્યાં શ્રીજીમહારાજનાં અતિ પ્રેમયુક્ત દર્શન કર્યા, શ્રીજીમહારાજે તેમને ભૈયાના વેશમાં રક્ષા કરી, તે વાત કરી આથી તેમને શ્રીજીમહારાજનો સર્વોપરિ નિશ્ચય થયો અને વર્તમાન ધરાવી તેઓ સત્સંગી થયા.

## નંદાસણના ભૂલા ભગતને વિપ્ર રૂપે ભોમિયા થયા

ઉત્તર ગુજરાતમાં નંદાસણ નામનું ગામ. ત્યાં ભૂલાભાઈ હરિભક્ત હતા. તે ભૂલાભાઈ અભણ હતા. ભોળા હતા, નિખાલસ પ્રમાણિક ભક્ત હતા.

તેમણે વિચાર કર્યો કે મારે સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરવા ભુજ જવું છે. ભૂલાભાઈએ ભગવાનની માહિતી મેળવી. ભૂજમાં ગંગારામ મલ્લને ત્યાં રહે છે. કંઈ તૈયારી વગર ભૂજ જવા નીકળ્યા. ભૂજ ક્યાં આવ્યું. ક્યાં થઈને જવાનું કાંઈ વિચાર કર્યો નહિ. તેમની સાથે કોઈ હતું નહિ. પાણી-ભાથું કંઈ પણ સાથે લીધું નહિ. શ્રી સ્વામિનારાયણ ભગવાનનું નામ લેતા શ્રી સ્વામિનારાયણ ભગવાનના સહારે ચાલવા માંડ્યું. કોઈ રસ્તામાં મળે અને પૂછે ક્યાં જવું છે ? ભૂજ જવું છે. કોઈ સાથે નથી. વિકટ રસ્તો છે. ભાતુ-પાણી કાંઈ લીધું નથી તો મુશ્કેલી બહુ પડશે. તેમ જે મળે તેમ કહે. ભૂલાભાઈ કહે શ્રીજીમહારાજ મારી સાથે છે. તેમ કહી નામ સ્મરણ કરતા ચાલ્યા જ કરે. ભૂલા ભગત ભોળા હતા. શ્રીજીમહારાજને અંતઃદષ્ટિથી ખબર પડી. ભગત મારા દર્શન કરવા ભૂજ આવે છે. ટાઢ, તડકો, ભૂખ-તરસ ખૂબ સહન કરવું પડશે. શ્રીજીમહારાજ ભૂદેવનું રૂપ લઈ ભૂલા ભગતની સાથે થઈ ગયા. ભૂદેવે ભૂલાભાઈને પૂછ્યું ક્યાં જવું છે ? ભૂલાભાઈ કહે ભૂજ મહારાજના દર્શન કરવા જવું છે. મહારાજ કહે : રણપ્રદેશ છે, કોઈ સાથે નથી ? કેવી રીતે જશો ? ભૂલાભાઈ કહે શ્રીજીમહારાજ મારી સાથે છે. મહારાજ મારી રક્ષા કરશે.

એમ વાતો કરતા કરતા ભૂદેવ તો ભૂલાભાઈની સાથે જ ચાલે. ભૂદેવ પોતાની સાથે ભાતું લાવેલા તે ખવડાવે, પાણી લાવેલા તે પીવા આપે, એ રીતે વાતો કરતા કરતા ચાલ્યા જાય. હવે ભૂજ નજીક આવ્યું. ભૂજમાં પ્રવેશ કર્યો. મહારાજે ગંગારામ મલ્લનું ઘર બતાવ્યું અને મહારાજ અદશ્ય થઈ ગયા. ભૂલાભાઈ ગંગારામભાઈના ઘરે ગયા. આખો રસ્તો ભૂદેવ સાથે રહેલા અને વાતો કરેલી એટલે ભૂલાભાઈએ ભૂદેવ રૂપે થયેલા મહારાજને તુરંત ઓળખ્યા. મહારાજને પગે પડ્યા ને દંડવત્ કર્યા. એમ મહારાજે ભૂલાભાઈની રક્ષા કરી. *(શ્રી સહજાનંદ દિવ્ય પ્રસંગ ગાથા-૬)*

## લક્ષ્મીરામ દેરાશ્રી તથા શુકમુનિની વહારે શ્રીહરિ બે સિપાઈનું રૂપ લઈને આવ્યા

ગામ કારિયાણીથી ભણનારા સંત તથા ગવૈયા સંત ગઢડે ગયા ને લાધાઠકરને કહ્યું “જીવુબા તથા લાડુબાને પુછી જુઓ કે મહારાજના સમાચાર ક્યાંઇ છે ?” ત્યારે તે પુછીને આવ્યા ને કહ્યું “એતો ના પાડે છે જે અમને મહારાજની ખબર નથી” પછી લાધાઠકરે કહ્યું “સચ્ચિદાનંદસ્વામી સમાધિવાળા છે તેને પુછો એટલે ખબર આપશે” ત્યારે સચ્ચિદાનંદસ્વામીને પૂછયું એટલે તે કહે “મહારાજ ધર્મપુરમાં છે ત્યાં હું હમણાંજ સમાધિ કરીને ગયો હતો તે

મને મહારાજે બીરંજ જમાડ્યો છે ત્યારે લાધા ઠકર બોલ્યા કે “સમાધિવાળા તો ખોટુંએ બોલે” તે સાંભળીને સચ્ચિદાનંદસ્વામી કહે “તુંતો મુસલમાનનો મુસલમાન રહ્યો” એમ કહી ઉલટી કરીને બીરંજ કાઢી બતાવ્યો તે જોઈને સહુ આશ્ચર્ય પામ્યા પછી ભણનારા સંત જે નિત્યાનંદસ્વામી તથા ભગવદાનંદસ્વામી અને ગવૈયા સંત જે બ્રહ્માનંદસ્વામી,દેવાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી તથા યોગાનંદસ્વામી તે સર્વે ચાલ્યા ને તેમની સાથે દેરાસરી લક્ષ્મીરામ તથા ધોળે લુગડે નાની અવસ્થાવાળા શુકમુનિ હતા તે પણ સાથે ચાલ્યા તે ચાલતાં ચાલતાં રસ્તામાં એક ઝાડી આવી ને તેમાં એક ગામ આવ્યું તે ગામની પાદર એક મઠ હતો તેમાંથી એક બાવો આવ્યો તે બધાય સાધુને મઠમાં લઈ ગયો ને એકકોરે બેસારી દીધાને સાધુઓ પાસે પુસ્તકો તથા વાજાં હતાં તે લઈને એક ઓરડામાં મેલી દીધાં ને છરો લઈને ઘસવા લાગ્યો ત્યારે બ્રહ્માનંદસ્વામીએ પુછયું “બાવાજી ! એ શું કરો છો ?” ત્યારે કહે “આ છરો ઘસુ છું. તમે અમારા શિષ્ય વાળી લીધા છે માટે તમારાં નાક કાન કાપવાં છે‘‘ ત્યારે સાધુઓએ કહ્યું “અમારે પાણી પીવું છે તે ?” ત્યારે બાવેના પાડી એટલે લક્ષ્મીરામે કહ્યું “અમે બે જણા ભરી લાવીએ” ત્યારે કહે “હા, તમે પીતા આવો ને કળશીયા ભરી લાવો” પછી તે બેય જણા નદીયે ગયા ને પાણી પીને કળશીયા ભરતા હતા તે વખતે શ્રીજીમહારાજ બે સિપાઈના રૂપ ધરીને આવ્યા ને પૂછ્યું તમે કોણ છો ?” ત્યારે લક્ષ્મીરામે કહ્યું “અમે બેય બ્રાહ્મણ છઈએ પણ અમારી ભેળા સ્વામિનારાયણના સાધુ છે તેને મઠમાં એક બાવે પૂરી દીધા છે ને તેનાં નાકકાન કાપવા તૈયાર થયો છે” ત્યારે તે સીપાઈઓ કહે “અમને રાણીસાહેબ કુશલ કુંવરબાએ સાધુઓની ચોકી કરવા માટે મોકલ્યા છે” એમ કહીને તે મઠમાં ગયા ને બાવાને કોરડા માર્યા ત્યારે બાવો બેઠો થઈ ગયો ને બરાડા નાખવા લાગ્યો ત્યારે સીપાઈએ કહ્યું “આવા ધર્મવાળા સાધુઓનાં નાકકાન કાપવા તૈયાર થયા છો ?” એમ કહીને વળી માર્યો પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું “અમારાં વાજાં અને આ ભણનારાનાં પુસ્તકો તે બાવે ઓરડીમાં મેલી દીધાં છે તે કઢાવી આપો” ત્યારે તે બાવે કાઢી આપ્યાં તે લઈને સાધુઓ ચાલતા થયા ને ધર્મપુર આવ્યા ત્યારે સીપાઈઓએ કહ્યું “તમારા સ્વામિનારાયણ બાઈસાહેબના બંગલામાં બિરાજે છે ત્યાં તમે જાઓ” એમ કહીને તેઓ ત્યાં રોકાઈ ગયા ને સાધુઓ મહારાજ પાસે ગયા ને દંડવત કરીને પગે લાગ્યા ત્યારે મહારાજે પૂછ્યું “રસ્તામાં કાંઈ વિઘ્ન આવ્યું હતું કે ?” ત્યારે બ્રહ્માનંદસ્વામીએ તથા નિત્યાનંદસ્વામીએ તે બાવાની બધી વાત કરી ત્યારે મહારાજ બોલ્યા જે “એ તમારી રક્ષા કરવા અમે આવ્યા હતા” તે સાંભળીને સહુ આનંદ પામ્યા ને બોલ્યા જે “હા મહારાજ ! એવા જંગલમાં તમારા વિના કોણ રક્ષા કરે.” *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૮૫)*

## ખાનદેશના ભક્તોને બ્રાહ્મણ વેશે આવીને પાણી બતાવ્યું

એકવાર ખાનદેશનાં હરિજનો સંઘ કાઢીને વડતાલ શ્રીલક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરવા સારૂ સમૈયા ઉપર આવતા હતા તે ચાલતા ચાલતા એકવાર રસ્તામાં ટીમણ કરવા બેઠા તે ટીમણ કરીને નદીમાં પાણી ભરવા ગયા પણ પાણી મળ્યું નહિ તે વખતે વડતાલમાં શ્રીજીમહારાજે રઘુવીરજી મહારાજને દર્શન દઈને કહ્યું ખાનદેશના હરિજનો આંહી આવે છે તેણે રસ્તામાં ટીમણ કર્યા પણ પીવા સારૂ પાણી મળ્યું નથી તેથી અકળાય છે તેને અમે પાણી બતાવા જાઈએ છીએ'' એમ કહીને બ્રાહ્મણને વેષે હરિજનો પાસે ગયા ને કહ્યું ''તમે નદીમાં શું ગોતતા હતા ?'' ત્યારે તે હરિજને જવાબ આપ્યો કે ''આ બધા સંઘવાળા માણસોએ ટીમણ કર્યા પણ ક્યાંય પાણી મળતું નથી'' ત્યારે તે બ્રાહ્મણ કહે ''ચાલો હું તમને બતાવું'' એમ કહી પાણી બતાવ્યું ને તુરત અંતર્ધાન થઈ ગયા. પછી તે હરિજને સંઘનાં માણસોને કહ્યું ''ચાલો પાણી ભરવા હમણાં એક બ્રાહ્મણ પાણી બતાવી ગયો ત્યારે સર્વે માણસોએ પાણીના લોટા ભરી લીધા ને પાણી પીને રાજી થયા પછી રાત્રિએ સૂઈ ગયા ને સવારે ઉઠીને નદીમાં જ્યાંથી પાણી ભર્યું હતું ત્યાં નાવા માટે ગયા ને જોયું તો પાણી ન મળે પછી સહુ ચાલ્યા ને રસ્તામાં પાણી મળ્યું ત્યાં નાહ્યા ને પૂજા કરી ટીમણ કરીને પછી ચાલ્યા તે ચાલતા થકા કેટલેક દિવસે વડતાલ આવ્યા ને લક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરી સભામાં રઘુવીરજી મહારાજને દંડવત કરીને પગે લાગ્યા ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું ''તમે રસ્તામાં ટીમણ કર્યા ને પછી પાણી નહોતું મળતું તે કોઈ બ્રાહ્મણે આવીને બતાવ્યું હતું ને ?'' ત્યારે હરિજનો બોલ્યા ''હા મહારાજ ! પણ તમને એ ખબર કેમ પડી ?'' ત્યારે રઘુવીરજી મહારાજ બોલ્યા જે ''રાત્રિએ મને શ્રીજીમહારાજે દર્શન દઈને વાત કરી હતી જે અમે ખાનદેશના હરિજનોને પાણી બતાવવા જાઈએ છીએ'' તે સાંભળીને હરિજનો સર્વે આશ્ચર્ય પામ્યા ને બોલ્યા જે ''તે વખતે અમને ખરેખરું કષ્ટ આવ્યું હતું પણ શ્રીજીમહારાજે અમારી રક્ષા કરી. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૨૮)*

## વિપ્ર વેશે ત્રણ બાળકીને લાડવા-પાણી વગેરે આપ્યું ને સંગાથી થયા

એક વખત શ્રીજીમહારાજ કારિયાણીમાં બિરાજતા હતા ત્યારે મહારાજનાં દર્શન કરવા સારુ ગઢડેથી પાંચુબા નાનબા તથા રામબા એ ત્રણેય બાળકીઓ ચાલ્યાં ને સાથે કોઈ ભોમિયો પણ નહિ પછી સીમાડે ગયા ત્યાં તરસ્યાં થયા ને પાસે પાણી પણ નહિ ને ઉઘાડે પગે ભૂખ્યાં તરસ્યા ચાલ્યા જાય. તે સમે શ્રીજીમહારાજ દયા લાવીને બ્રાહ્મણનો વેષ લઈને આવ્યા ને સાથે પાણી ભરીને ઘડો લાવ્યા તે બાઈઓને પાણી પાયું તથા લાડું જમાડ્યાં ને પગમાંથી કાંટા કાઢ્યા ને પછી પોતે ભોમિયા થઈને ભેગા ચાલ્યા ને કારિયાણીના પાદરમાં આવ્યા પછી

તે બ્રાહ્મણે કહ્યું કે "આ ગામમાં સહજાનંદસ્વામી છે ત્યાં જાઓ" એમ કહીને તે અંતર્ધાન થઈ ગયા પછી એ બાળકીયું ગામમાં આવીયું ને મહારાજને પગે લાગીયું ત્યારે મહારાજે પુછ્યું આંહી તમે શી રીતે આવ્યાં કોઈ સાથ હતો કે શું ?" ત્યારે તે બોલ્યા કે "અમારી સંગાથે એક બ્રાહ્મણ હતો તેણે અમને રસ્તામાં પાણી પાયું તથા લાડુ જમાડ્યા ને પગમાંથી કાંટા પણ કાઢ્યા ને ગામના પાદર સુધી અમને પહોચાડીને ગયો" ત્યારે મહારાજે કહ્યું "એતો અમે હતા" એમ કહીને રસ્તાનાં કેટલાંક એંધાણ આપ્યાં તે સાંભળી ને બાઈઓ રાજી થયાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૬૬)*

## ભરવાડ વેશે આવીને છલાભાઈને ખીલો આપ્યો

ગામ ઉનાવાના હરિભક્ત છલાભાઈ એક વખત ગાડી જોડીને શ્રીજીમહારાજને દર્શને આવતા હતા ત્યારે રસ્તામાં સાબરમતી નદી ઉતરતાં ગાડાનાં પૈડાનો ખીલો નિકળી ગયો તેથી પૈડું નિકળી ગયું ત્યારે ખીલો રસ્તામાં ઘણો ગોત્યો પણ જડ્યો નહિ ને સાંજ પડી ગઈ પછી તે શ્રીજીમહારાજની પ્રાર્થના કરવા લાગ્યો તેવામાં ત્યાં એક ભરવાડ આવ્યો તેણે કહ્યું "સાંજ પડી ગઈ છે ને નદીમાં કેમ બેસી રહ્યા છો ? ગાડી જોડીને ગામ ભેગા થઈ જાઓ નહિતો ચોર આવશે તે તમને લૂંટી લેશે" ત્યારે છલોભાઈ કહે "ગાડીના પૈડાનો ખીલો નિકળી ગયો છે તેથી બેઠા છીએ" ત્યારે તે ભરવાડે ખીલો દીધો ને કહ્યું "આ મને રસ્તામાંથી જડ્યો છે" એટલું કહીને તે તુરત ચાલી નિકળ્યો તેને આગળ જતાં ભાળ્યો નહિ ત્યારે છલાભાઈએ જાણ્યું કે આ તો મહારાજે રક્ષા કરી" પછી ગાડીમાં ખીલો નાખીને ચાલ્યા તે અમદાવાદ ગયા ને ત્યાં રાત્રિ રહીને ગઢડે ગયા ને મહારાજને દંડવત્ કરીને પગે લાગ્યા ત્યારે મહારાજે કહ્યું "સાબરમતીમાં ખીલો ખોવાઈ ગયો હતો કે ?" ત્યારે છલાભાઈએ કહ્યું "હા મહારાજ ! તે એક ભરવાડ આપી ગયો હતો ત્યારે મહારાજ કહે એ તો તમારી રક્ષા કરવા સારું અમે આવ્યા હતા" તે સાંભળીને સહુ રાજી થયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૨૫)*

## પુરુષોત્તમ ભટ્ટ રૂપે આવીને રાતમાં ભક્તોને કાળા તલાવના પાદરમાં મૂકી દીધાં

એક સમયને વિષે ગામ ગાંડાપુરના બે હરિજનો મહારાજનાં દર્શન કરવા સારુ ડમણીયું જોડીને ચાલ્યા તે ચાલતાં પચાસ ગાઉ ગયા ત્યાં તો મોટી ઝાડી આવી ને સાંજ પડી ગઈ ત્યારે તેઓ જનાવરની બીકથી તથા લૂંટારાની બીકથી સંકલ્પ કરવા લાગ્યા તે વખતે ત્યાં એક બ્રાહ્મણ આવ્યો તેને હરિભક્તોએ પૂછ્યું "તમારે ક્યાં જાવું છે ?" ત્યારે તે બોલ્યો જે "મારે

ગુજરાતમાં જાવું છે'' પછી તે બ્રાહ્મણે હરિજનોને પુછ્યું ''તમારે ક્યાં જાવું છે ?'' ત્યારે તેમણે કહ્યું ''સ્વામિનારાયણનાં દર્શન કરવા કચ્છમાં કાળાતળાવ ગામે જવું છે ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો ''એ સ્વામિનારાયણ તો જાદુગારા છે ને તેણે બાબરો ભૂત વશ કર્યો છે તેને ભજવાથી શું થાય ? માટે તમે પાછા ઘેર જાઓ'' ત્યારે હરિજનો બોલ્યા જે ''તમને ગમે તેમ દેખાતા હોય પણ અમારા તો એ ભગવાન છે ને ત્યાં ગયા વિના તો છૂટકો નથી'' ત્યારે તે બ્રાહ્મણ પુરુષોત્તમ ભટ બોલ્યા જે ''ભલે જાઓ હું પણ થોડે સુધી તમારી ભેગો આવું છું ને રાત્રિને વખતે આપણે વારાફરતી જાગશું માટે હમણાં હું જાગું છું ને પછી તમે જાગજો હમણાં સૂઈ જાઓ'' ત્યારે તે બેય જણા ડમણીયામાં સૂઈ ગયા તે સવાર સુધી સુઈ રહ્યા ને સવારે ઉઠીને જોયું તો ગામના પાદરમાં હતા પછી કોઈને પૂછયું કે આ કયું ગામ ત્યારે માણસોએ કહ્યું કે ''આ ગામ કાળાતળાવ છે'' પછી પૂછયું ''આંહી સ્વામિનારાયણ છે ?'' ત્યારે તે બોલ્યા ''હા, હરભમ સુતારને ઘેર છે'' પછી તે બેય હરિજનો ત્યાં ગયા ને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા ત્યારે મહારાજે તે હરિજનોના ખભા ઠપકારતાં પૂછયું જે ''તમે આંહી કેમ કરીને આવ્યા ?'' ત્યારે તે હરિજનોએ કહ્યું હે મહારાજ ! અમે અમારા ગામથી પચાસેક ગાઉ આવ્યા ત્યાં સાંજ પડી ગઈ ને એક ઝાડી આવી ત્યાં એક બ્રાહ્મણ પુરુષોત્તમ ભટ્ટ ભેગા થયા પછી તો અમે બેય ડમણીયામાં સૂઈ ગયા ને સવારે ઉઠ્યા ત્યાં તો આ ગામના પાદરમાં હતા'' ત્યારે મહારાજ કહે ''તે તો અમે હતા'' તે સાંભળીને હરિજનો બહુ રાજી થયા ને બોલ્યા જે ''હા મહારાજ ! એવી વસમી વેળામાં તમારા વિના બીજા કોણ સહાય કરે ? એક રાત્રિમાં તમે અમને ત્રણસો ગાઉ પહોંચાડ્યા'' પછી તે હરિજનોએ મહારાજ સારુ બ્રહ્મચારી પાસે થાળ કરાવ્યો તે મહારાજ જમ્યા ને થાળની પ્રસાદી તે હરિજનોને આપી, એમ પાંચ દિવસ સુધી રહીને મહારાજને જમાડ્યા ને પ્રસાદી પોતે જમ્યા તથા મહારાજની વાતો સાંભળીને સુખ લીધું પછી છઠે દિવસે મહારાજને પોશાક ધરાવ્યો તથા ભેટ ધરીને કપૂરની આરતી ઉતારી ને દંડવત કરી પગે લાગીને ચાલવાની રજા માગી ત્યારે મહારાજે કહ્યું ''આ ટાણે ચાલવું રહેવા દીયો ને સવારે વહેલા ચાલજો'' ત્યારે તે રોકાણા ને મહારાજની વાતો સાંભળીને ડમણીયામાં સૂઈ રહ્યા ને સવારે ઉઠ્યા ત્યાં તો પોતાના ગામ ગાંડાપુરનું પાદર દીઠું ત્યારે તેઓ આશ્ચર્ય પામ્યા ને બોલ્યા જે ''આપણને તો શ્રીજીમહારાજે જાતાં ને વળતાં બેય વખત પહોંચાડી દીધા ને ભારે પરચો આપ્યો'' એમ વિચારીને અતિ રાજી થયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૫૧)*

## રજપૂત રૂપે ભક્તોને રસ્તો બતાવ્યો

એકવાર મેમકાવાળા રામજી શેઠ ગઢડે શ્રી ગોપીનાથજીનાં દર્શન કરવા જાતા હતા ને ભેગાં બીજાં ચાળીશ માણસ હરિભક્ત હતાં તે ગામ અલૌમાં રાત્રિ રહ્યા ને અરધી રાત્રે ઉઠ્યા તે માર્ગ ભુલી ગયા ને આગળ મોટા ડુંગર ને મોટી ખાયું ને ઝાડ આવ્યાં ને એકેય દિશે જાવાનો માર્ગ નહિં ત્યારે સહુ મૂંઝાણા તેવામાં એક પુરુષ ત્યાં હતો તેણે ઉઝળાં લુગડાં પહેરેલાં ને હાથમાં લાકડી ને આઠ દશ ગાયું ચારતો હતો તેણે માણસોને બોલાવ્યા જે "તમે કોણ છો ને ક્યાં જાઓ છો !" ત્યારે રામજી શેઠે કહ્યું કે "અમે સંઘનાં માણસ છીએ ને ગઢડે દર્શન કરવા જાઈએ છીએ ને અમને માર્ગ જડતો નથી ને તમે કોણ છો ?" ત્યારે તે કહે અમે રજપૂત છીએ ને ચાલો તમને માર્ગ દેખાડું તે માર્ગ અહીંથી છેટે છે" ત્યારે શેઠે પૂછ્યું તમારી ગાયું રેઢી કેમ રહેશે કોઈકના મોલમાં પડશે તો ? ત્યારે તે કહે "અમારી ગાયું મોલ ખાય નહિ" એમ કહીને તે આગળ ચાલ્યો ને સર્વે માણસ વાંસે ચાલ્યું તે એક ગાઉને આશરે ગયા ત્યારે માર્ગ આવ્યો ત્યાં તે ઉભો રહ્યો પછી સંઘવાળાએ પૂછયું "ભાઈ તમારું કયું ગામ ને શું નામ ?" ત્યારે તે કહે તમારે નામ ને ગામનું શું કામ છે આ તમારો રસ્તો આવ્યો તે ચાલ્યા જાઓ" એમ કહીને પાછો વળ્યો ને માણસો મારગે ચાલતાં થયાં પછી પાછું વાળીને જોયું તો તે પુરુષ દેખાણો નહિ ત્યારે સર્વેને સંભ્રમ થયો કે એ કોણ હશે ને ક્યાં ગયો ?" પછી સહુ ચાલ્યા ને ગઢડે ગયા ને ત્રણ દિવસ ત્યાં રહીને વળતાં સારંગપુર આવ્યા ને વંડામાં ઉતારો કર્યો ત્યાં એક વાગડ ગામનાં ગુરાસિયાં બાઈ હતાં તેને આગલે દહાડે સમાધિ થયેલી ને તેને મહારાજનાં દર્શન થયેલાં ત્યારે મહારાજના પગ ઉજરડાયેલા દેખીને એ બાઈએ પુછેલું જે "હે મહારાજ ! તમારા પગ કેમ ઉજરડાણા છે ?" ત્યારે મહારાજે તે બાઈને કીધેલ જે "મેમકાનાં હરિભક્ત માર્ગ ભુલી ગયા હતા ને આગળ ચોર હતા તે સારુ અમે એને માર્ગ દેખાડવા ખેતર સોંસરા પડ્યા તેણે કરીને અમારા પગ ઉજરડાણા છે" એવી વાત આગલે દહાડે થયેલી પછી આ સંઘ વંડામાં ઉતરેલ તેને દેખીને તે બાઈએ પુછ્યું કે તમારું કયું ગામ ?" ત્યારે તે સંઘ વાળાએ કહ્યું "અમારું ગામ તો મેમકું" ત્યારે તે બાઈ બોલ્યાં જે "તમે માર્ગ ભૂલ્યા હતા તે છો કે ?" ત્યારે એમણે હા પાડી. પછી તે બાઈએ કહ્યું કે એતો શ્રીજીમહારાજ તમને માર્ગ દેખાડવા આવ્યા હતા તમે પગ ઝાલી રાખ્યા નહિ, કેમ જાવા દીધા ?" ત્યારે રામજી શેઠે એ બાઈને પૂછયું જે "તમે કેમ જાણ્યું કે એ મહારાજ હતા ?" ત્યારે બાઈએ કહ્યું કે "મહારાજને પગે ઉજરડા ભાળીને મેં પૂછયું હતું ત્યારે મહારાજે મને કહ્યું હતું કે મેમકાના હરિભક્ત માર્ગ ભૂલ્યા હતા તેને માર્ગ દેખાડવા અમે ખેતર સોંસરા પડ્યા હતા તેથી અમારે

પગે ઉજરડા થયા છે એમ મહારાજના કહેવાથી મેં જાણ્યું'' એ વાત સાંભળીને સર્વે સંઘનાં માણસો બહુ આશ્ચર્ય પામ્યાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૬૬)*

## વૃધ્ધ ભરવાડ રૂપે મેમકાના ચતુર્ભુજને દાણાવાડામાં રાત રહેવા બહુ આગ્રહ કર્યો

ગામ મેમકાના રામજી શેઠની બેન શામબાઈની દીકરી બાઇ દીવાળી તથા શેઠના દીકરાની દીકરી બાઈ સાંકળી એ બેય બાઇઓ એક વખત મૂળીયે ઠાકોરજીનાં દર્શન કરવા ગયાં ને દર્શન કરતાં કરતાં પરસ્પર બોલવા માંડ્યા જે ''આ મૂર્તિઓ તો ધાતુની ને પાષાણની છે આમાં કાંઈ જીવ નથી તે કેમ કરીને આપણું કલ્યાણ કરશે ?'' એમ વાત કરતાં હતાં ત્યાં તો હરિકૃષ્ણ મહારાજની મૂર્તિએ અને શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિએ પોતાના પગ ફેરવ્યા ને શરીર ફેરવ્યું ને એક હાથે પોતાની પાઘો ઉતારીને હાથમાં રાખી ને બીજા હાથ પોતાના માથા ઉપર ફેરવ્યા ને આંખના મટકાં ભરવા માંડ્યા એવું જોઇને એ બેય બાઈઓને એમ થયું કે ''આ તો મહારાજ પ્રગટ બિરાજતા દીશે છે ને મૂર્તિઓ પણ સજીવન છે તે આપણું કલ્યાણ કેમ નહિ કરે એ તો કરશેજ'' એમ વિચારીને સત્સંગ માથા સાટે રાખ્યો ને ઢુંઢીયામાં પોતાને આપેલા હતાં તો પણ શ્રીજીમહારાજનું ભજન અડગપણે કરતાં ને વળી એક દહાડો એ શામબાઇનો દીકરો ચતુર્ભુજ પોતાની બેન દીવાળી સારું ઘરેણું લઇ ધ્રાંગધરે જતો હતો તેને દીગસર ગામમાં રાત્રિ રહેવું હતું તેથી દાણાવાડા ગામથી દીગસરને મારગે ચાલ્યો ત્યાં એક ઘરડો ભરવાડ સામો મળ્યો તેણે ચતુરભુજને કહ્યું કે ''શેઠ ! ક્યાં આજ રાત રહેશો ?'' ત્યારે ચતુરભુજે કહ્યું ''દીગસર રહેશું'' ત્યારે તે ભરવાડ બોલ્યો કે ''દીગસર રહીશ માં, આ ગામમાં રાત રહીને જાજે'' ત્યારે ચતુરભુજ કહે ''હજી દિવસ ઘણો છે આ ટાણે કાંઈ બીક નથી તે જઇશ'' ત્યારે ભરવાડ કહે ''અરે શેઠ ! હું ઘરડો ભરવાડ છું તે મારું કીધું માનીને રહી જાઓ ને આ ગામમાં તારે રહેવાનું ઠેકાણું ન હોય તો ભાતું ખાઈને ચોરે રહે જે પણ દિગસર રાત રહેવા જાઈશ નહિ'' ત્યારે ચત્રભુજ કહે ''ગોકળી ! કાંઈ ફીકર નથી હમણાં જાતો રહીશ'' ત્યારે ગોકળી બોલ્યો કે ''જાનારો થયો તે જઇશ તો ખરો પણ આ ઘરાણું તારું જાશે પછે તું જાણ'' એમ કહીને તે ભરવાડ અદ્રશ્ય થઈ ગયો ત્યારે ચતુરભુજે વિચાર્યું કે ''એ ભરવાડ કેમ દેખાણો નહિ ને ક્યાં જતો રહ્યો ને મને તેણે જાવાની બહુ ના પાડી છે માટે હવે મારે જાવું નહિ'' એમ વિચારીને પાછો વળીને એ ગામમાં રાત્રિ રહ્યો ને સવારમાં ચાલ્યો તે દિગસરમાં જેને ત્યાં રાત્રિ રહેવું હતું તેને ઘેર ગયો ત્યારે તેને ત્યાં રાત્રે ચોરે ખાતર પાડેલ તે કાંઈ રહેવા દીધેલ નહિ તે જોઈને ચતુરભુજે વિચાર્યું જે ''હું અહી આવીને આને ત્યાં રાત્રિ રહ્યો હોત

તો મારું ઘરેણું બધું જાત. તે ભરવાડે મને બહુ ના પાડી ને પાછો દેખાણો નહિ માટે એ જરુર શ્રીજીમહારાજ હતા તે વિના બીજો કોણ એવો આગ્રહ કરીને મારી રક્ષા કરે ?'' એમ મહારાજનો પ્રતાપ વિચારીને રાજી થયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૭૩)*

## શેઠ રૂપે શ્રીહરિએ ડોસા શેઠને કાશીની યાત્રા કરાવી

એકવાર શ્રીજીમહારાજ ગામ શ્રી બંધિયે પધાર્યા. ને દરબાર મુળુભાઈના માઢ ઉપર સભા કરીને બિરાજમાન હતા તે સમે ડોસો શેઠ આવ્યા ને પગે લાગીને બેઠા ત્યારે મહારાજે કહ્યું કે ''તમને રામાનંદસ્વામીએ કાશીની જાત્રા કરવાની આજ્ઞા કરી હતી તે કેમ ન ગયા ?'' ત્યારે તે કહે ''મહારાજ એતો મારી ભુલ થઈ હવે તમે કહો તો જાઉં'' ત્યારે મહારાજ કહે ''તમે આ ટાણે ને આ ટાણે જાઓ'' ત્યારે કહે ''હું મારી ડોશીને પુછી આવું'' પછી પુછવા ગયા ત્યારે ડોશીએ કહ્યું કે ''મહારાજ કહેતા હોય તો આ ટાણેજ જા'' પછી ડોસાશેઠે મહારાજ પાસે આવીને કહ્યું ''હે મહારાજ ! મારે ભાતાનું કેમ થાશે ?'' ત્યારે મહારાજ કહે ''એતો મળી રહેશે'' પછી પગે લાગીને ચાલી નિકળ્યા તે રસ્તામાં એક ગાઉ ગયા ત્યાં એક સંઘ મળ્યો ને તેમાં મુખી એક શેઠ હતો તેણે ડોસાશેઠને કહ્યું ''તમે કેવા છો ?' ત્યારે તે કહે ''અમે વાણિયા છીએ ને કાશીની જાત્રા કરવા જાઈએ છીએ'' ત્યારે તે શેઠ કહે ''આવો અમારી ગાડીમાં બેસો અમે પણ કાશીની જાત્રા કરવા જાઈએ છીએ'' એમ કહીને ગાડીમાં બેસાર્યા ને રસ્તામાં ભાતુ ખાવા આપે ખબર રાખે ને કોઈ પ્રકારે હરકત આવવા દીધી નહિ એમ કાશીયે ગયા ને ડોસાશેઠ ગંગાજીમાં નાયા ને બ્રાહ્મણોને દક્ષિણા દીધી ને તે શેઠે પણ દક્ષિણા દીધીને કાશીવિશ્વનાથનાં દર્શન કરીને પાંચ દહાડા રોકાયા ને પાછા તે શેઠ ભેગા ચાલ્યા તે ખાવા પિવાની બધી ખબર રાખે એમ કરતાં બંધિયા ગામ એક ગાઉ રહ્યું ત્યારે તે શેઠે કહ્યું જે ''ડોસાશેઠ ! હવે તમે બંધિયે જાઓ અમારો રસ્તો બીજો છે. એમ કહી તેણે બીજે રસ્તે ગાડી હંકાવી ને ડોસો શેઠ બંધિયા તરફ ચાલ્યા ને થોડે છેટે જઈ પાછું વાળી ગાડી તરફ નજર કરી તો ગાડી કે માણસ કાંઇ ન દીઠું તે જોઈ આશ્ચર્ય પામ્યા ને જાણ્યું જે ''આ જાત્રા તો મને શ્રીજીમહારાજે કરાવી'' પછી તે ઘેર આવ્યા ત્યારે તેની માએ વાત કરી કે ''તું જાત્રા કરવા ગયો તે દીજ સાંજે આ ગામ ઉપર ધાડું આવ્યું હતું ને તે આપણે ઘેર ઉઘાડી તલવાર લઈને આવ્યા હતા ને બોલ્યા કે ''ડોસા શેઠ ક્યાં ગયા ?'' ત્યારે મે કહ્યું કે એ તો કાશીની જાત્રાએ ગયો છે ?'' તેથી તે પાછા ભાગી ગયા'' તે સાંભળીને ડોસો શેઠ બોલ્યા કે ''હે મા ! મને તો મહારાજે જાત્રાએ મોકલીને જીવતો રાખ્યો ને કાશીની જાત્રા પણ કરાવી.''

એવી રીતે જે ભગવાનનું વચન પાળે છે તેને સુખ થાય છે ને તેની ભગવાન રક્ષા કરે છે. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૫૦૭)*

## શેઠરૂપે અમરેલીમાં આંબા ભક્તને લગ્ન પ્રસંગે રૂા. ૫૦૦ આપી ગયા

ગામ આંબાના દેવશી લુવારને શ્રીજીમહારાજનાં હંમેશાં દર્શન થાતાં સવંત ૧૯૧૬ની સાલમાં ત્યાંના સહુ હરિભક્તોએ મળીને મંદિર કરવાનો મનસુબો કર્યો ને ચણવાનો આરંભ કરી મંદિર થોડા દિવસમાં પુરું કર્યુ પછી મંદિર માળવાનું હતું તેથી દેવશીભક્ત ગામના હરિજનોને કહ્યું "હવે આ મંદિર માટે માલણ જોશે તેનું કેમ કરશું ?" ત્યારે તેઓ કહે "અમારે તો હાલમાં ત્રેવડ નથી" પછી દેવશીભક્ત પોતાના ઘરમાં જેટલું ઘરેણું હતું તે વેચીને સાતસો રૂપિયા કર્યા ને તેનું માલણ ભાવનગરથી લાવીને મંદિરમાં માળીને પૂરું કર્યું ને સાધુને તેડાવી મૂર્તિ પધરાવી ને જમાડ્યા તથા ધોતિયાં ઓઢાડ્યાં તે વખતે દેવશીભક્તના ઘરમાં ઘરેણાં નામે વાળી પણ નહોતી કે રૂપિયા નામે એક દોકડો પણ ન રહ્યો એવા નિર્ધન થઈ ગયા હતા ને ગામમાં લેવા જાય તો પળી તેલ પણ કોઈ આપે નહિ એવા ટાણામાં તેને દીકરાનાં લગ્ન આવ્યાં તે વધાવ્યાં પણ રૂપિયા પાંચસો હોય ત્યારે દીકરો પરણીને ઘેર આવે તે વખતે ગામનાં માણસો તથા નાતીલા ઠેકડી કરવા માંડ્યા જે "હમણાં તેના દીકરાની વહુને લખી દેશે રૂપિયા ક્યાંથી કાઢશે ?" તેવા સમામાં રાત્રિએ શ્રીજીમહારાજે દર્શન દીધાં ને કહ્યું કે "તમે કાંઈ ફીકર રાખશો નહિ રૂપિયા લઈને તે વખતે અમે આવશું તમે સહુને સાથે ગોળપાપડીને ગાંઠીયા જમતા આવો તમે અમારે અર્થે બહુ કર્યું છે." એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા પછી જાનને તૈયાર કરીને ચાલ્યા તે ગામ અમરેલી જાન ગઈ ને સામૈયું થયું ને જાનને ઉતારો દીધો પછી સાંજે સહુને જમાડ્યા ત્યાર પછી વર તોરણ માંડવે આવ્યો ત્યારે વેવાઈ કહે "માંડવો પહેલાં ચૂકવો" એમ વાત કરે છે ત્યાં શ્રીજીમહારાજ વાણિયાનું રૂપ ધરીને જગન્નાથીનાં લુગડાં ખડખડતાં પહેરેલાં છે એવા થકા રૂપિયાની ફાંટ ભરીને આવ્યા ને રૂપિયા પારખવા સારૂ ગામનો સોની આવ્યો તે કહે "આવા રૂપિયા તો મેં ક્યાંય ભાળ્યા નથી" ત્યારે દેવશીભક્ત કહે "એ રૂપિયા તો અમારે જૂનાગઢના પુરુષોત્તમશેઠની પેઢીના છે" તે વખતે મહારાજે ભક્તને કહ્યું "તમારે રૂપિયા જોઈએ તેટલા લઈ લેજો પછી નહિ મળે ત્યારે ભક્ત રૂપિયા પાંચસો લીધાં તે પછી મહારાજે અંતર્ધાન થઈ ગયા ત્યારે ત્યાંના લોક શેઠને ગોતવા માંડ્યા પણ ક્યાંય હાથ આવ્યા નહિ ત્યારે સહુ આશ્ચર્ય પામ્યા એમ મહારાજે કૃપા કરીને દેવશીભક્તને પરચો પૂર્યો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૫૨૪)*

## સૈયદનું રૂપ લઈને ભક્તને છોડાવ્યો

એકવાર ગામ સલડીના પટેલ કરમશીને ગોખરવાળાને સીમાડેથી બહારવટીયા ઝાલીને ગીરમાં લઈ ગયા ને ત્યાં કરમશીને ઢુવામાં સંતાડ્યો ને બહારવટીયાની સ્ત્રી હજામ હતી તેને સોગન દઈને સોંપ્યો. પછી તે બાઈએ કરમશીને પૂછ્યું કે "તારે કાંઈ ખાવું છે ?" ત્યારે તે કહે "મારે હજી નાહીને પૂજા કરવી છે તે વિના મારાથી ખવાય નહિ" પછી નાહીને પૂજા કરી બાટીયું કરીને ખાધી તે પછી ઘણાક દિવસે વાર ચડીને બહારવટીયા તે સામે લડવા ગયા તેમાં સૈયદ મકરાણીના બે ભાઈ મરી ગયા ને પોતે પણ ઘવાણો પછી પાછો ગીરમાં આવતો રહ્યો ને તેની સ્ત્રીને કહ્યું "હવે આ કરમશીને મારી નાખું" ત્યારે તે બાઈએ વાર્યો જે "હમણાં રહેવા દીઓ કાલ મારજો' પછી તે બાઈએ કરમશીને કહ્યું "હજી તને કોઈ મુકાવવા આવ્યું નહિ માટે હવે તો તારા સ્વામિનારાયણને સંભારજે તારી રક્ષા કરે તો" પછી કરમશીએ મહારાજની પ્રાર્થના કરી તેજ વખતે મહારાજ સૈયદને વેષે પાંચ સ્વાર સાથે આવ્યા તેને દેખીને ચોરની સ્ત્રીને ત્રાસ પડ્યો પછી સૈયદે મહારાજને પૂછ્યું "તમે કોણ છો ?" ત્યારે મહારાજ કહે "અમે સૈયદ છીએ ને તમારા બે માણસ મૂવા છે તેનો ખરખરો કરવા અમે જૂનાગઢથી આવ્યા છીએ" એમ કહીને બેઠા ત્યારે ચોરની સ્ત્રીએ પૂછયું જે "તમારે હોકાપાણી પીવાં છે ?" ત્યારે ના પાડી પછી મહારાજે કરમશી સામું જોઈને તે બાઈને પૂછયું આ કોણ છે ?" ત્યારે બાઈ કહે "એ બાન છે તેને છોડાવવા હજી કોઈ આવ્યું નથી" ત્યારે મહારાજ કહે "અમે દંડ ભરીને તેને છોડાવીએ તમે તેનો શું દંડ લેશો ? ત્યારે બાઈ કહે પાંચસો રૂપિયા લેશું" ત્યારે મહારાજ કહે "સો રૂપિયાની તેની ઘોડી છે ને સો રૂપિયાના તેના ઘરેણાં છે ને બાકીના ત્રણસો રૂપિયા દેશું" ત્યારે સૈયદ મકરાણી કહે "હું તો એટલા નહિ લઉં" ત્યારે તેની સ્ત્રી કહે "એતો એના ગુરુ સ્વામિનારાયણ છે તે જેટલા દીએ તેટલા લીઓ" ત્યારે કહે "લાવો ત્રણસો રૂપિયા" ત્યારે મહારાજે એક સ્વારને કહ્યું ઘોડીયેથી ઉતરી ખડીયામાંથી રૂપિયા ગણી આપો" પછી ગણી દીધા પછી કરમશી બોલ્યો "હું તમને આ રૂપિયા ક્યાં દેવા આવું ?" ત્યારે સૈયદ કહે "અમે તો એ સ્વામી અલ્લા વાસ્તે આપ્યા છે" પછી કરમશી કહે "મને ગીર ઉતારીને મારે ઘેર પહોંચાડો" પછી તેને ઘેર પહોંચાડ્યો એમ મહારાજે રક્ષા કરી. /*(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૫૨૫)*

# શ્રીહરિની જમવાની તથા જમાડવાની લીલા

## ભૂજમાં શ્રીહરિ તેર કોરીની જલેબી જમ્યા

અને ક્યારેક મહારાજ ભૂજમાં સુંદરજીભાઈ ને હીરજીભાઈને ઘેર વિરાજમાન હતા. પછી તે બંને ભાઈઓએ મહારાજને કહ્યું જે, ''તમે સદાય અમારે ઘેર વિરાજમાન રહો.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''જ્યાં સુધી તમે રાખશો ત્યાં સુધી રહીશું, ને રજા આપશો ત્યારે જઈશું.'' પછી મહારાજની તેમણે બહુ સેવા કરી. તે હીરજી ને સુંદરજી તો દિવસે દરબારમાં જાય ને મહારાજ તેમને ઘેર રાત-દિવસ રહેતા હતા. ને તે હીરજીભાઈના ઘરનાં જે અમરબાઈ તે સમયને વિશે મહારાજને જમાડવા, જળપાન કરાવવું ઇત્યાદિક ભારે સેવા કરતાં હતાં, તે જેમ પોતાના પુત્રની બરદાસ રાખે તેમ. અને મહારાજ પણ પોતાના માતા પિતાની પેઠે તેમને વશ થઈ જતા હતા.

પછી એક દિવસ તે બાઈ નિત્યની પેઠે બોલ્યા જે, ''ચાલો મહારાજ, વાળુ કરવા.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''આજ તો ભૂખ નથી.'' પછી હીરજીભાઈએ નિત્યની પેઠે ઘરવાળાંને પૂછ્યું જે, ''મહારાજે વાળુ કર્યું ?'' ત્યારે તે બાઈ બોલ્યા જે, ''આજ તો મહારાજે વાળુ કરવાની ના પાડી છે.'' પછી હીરજીભાઈ મહારાજ પાસે આવીને બોલ્યા જે, ''ચાલો મહારાજ, વાળુ કરવા પધારો.'' પછી મહારાજ બોલ્યા જે, ''આજ તો અમારે ભૂખ નથી.'' ત્યારે હીરજીભાઈ બોલ્યા જે, ''મહારાજ, હું દરબારમાંથી આવતો હતો, તે મૂળજી કંદોઈને ત્યાં જલેબી બહુ સારી હતી, તે મંગાવું ?'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''તમારી ઇચ્છા.''.

પછી હીરજીભાઈએ એક કોરી આપી, તે ચાકર જઈને જલેબી લઈ આવ્યો. પછી હીરજીભાઈએ મહારાજને આપી, તે મહારાજે જમીને હીરજીભાઈને લોટકું ખાલી કરીને આપ્યું. પછી સુંદરજીભાઈએ લીજી મગાવી, તેને પણ જમી ગયા. પછી જે જે હરિજન જલેબી લાવતા હતા તેને તેને મહારાજ જમી જતા હતા. એમ તેર કોરીની જલેબી જમ્યા. પછી બીજે દિવસે વહેલા ઊઠીને ચાલ્યા તે અંજાર-ભચાઉ એ આદિક ગામોમાં ફરી આવીને આઠમે દિવસે હીરજીભાઈને ઘેર જમ્યા, પણ આઠ દિવસ સુધી બીજે ક્યાંય જમ્યા નહીં.

ને કોઈક દિવસ મહારાજને ગૂમડું થયું હતું. તે મહારાજ સુંદરજીભાઈની મેડી ઉપર વિરાજમાન હતા. મહારાજે તે સુંદરજીભાઈ ને હીરજીભાઈને કે'વરાવ્યું હતું જે, ''જગજીવન મહેતો પૂછે, તો ના પાડજો જે, મહારાજ અહીં નથી.''

પછી કોઈ સમે સુંદરજીભાઈ માંદા હતા, તેમને જોવા સારુ તે જગજીવન આવ્યો. તેણે પૂછ્યું જે, ''તમારા સ્વામિનારાયણ આંહીં છે ?'' ત્યારે તેમણે ના પાડી, ''જે નથી.'' એમ

કહે છે, ત્યાં મહારાજ મેડા ઉપરથી ઊતરીને મહેતાની સન્મુખ આવીને બેઠા. ત્યારે તે મહેતો બોલ્યો જે, "તમે કહેતા હતા જે, "સ્વામિનારાયણ આંહીં નથી,' તે આ ક્યાંથી આવ્યા ?" પછી સુંદરજીભાઈ કાંઈ બોલી શક્યા નહીં.

પછી મહેતો બોલ્યો જે, "તમારા સેવક તમને કહે છે કે, "સ્વામિનારાયણ તો રાધિકાના પતિ છે, લક્ષ્મીના પતિ છે," તે વાત સાચી છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "હા, અમે રાધિકાજીના પતિ છીએ, લક્ષ્મીજીના પતિ છીએ, તમારે કેમ છે ?" તે સાંભળીને મહેતો બળીને ઊઠી નીસર્યો.

પછી સુંદરજીભાઈ બોલ્યા જે, "મહારાજ, તમે ના પાડતા હતા જે, "કે'શો નહિ," ને તમે ઉપરથી ઊતરીને કહેવા મંડ્યા કે, "અમે લક્ષ્મીજીના પતિ, રાધિકાજીના પતિ છીએ. તે મહેતો ઉપાધિ કરશે તે કેમ કરશું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "જો ઉપાધિ કરે ને તમને કઠણ પડે તો અમે બે દિવસ ગંગારામભાઈને ઘરે જઈ આવીએ." ત્યારે તે બોલ્યા જે, "બે દિવસ જઈ આવો તો બહુ સારું."

પછી મહારાજે ગંગારામભાઈને બોલાવીને કહ્યું જે, "જગજીવન મહેતો અમારા ઉપર કોપ્યો છે, તે હલ્લા લઈને આવશે. તે સુંદરજીભાઈ ને હીરજીભાઈ અમને કહે છે કે, "બે દિવસ ગંગારામભાઈને ઘેર જઈ આવો તો સારું." તે અમે તમારે ઘેર આવીએ ? " ત્યારે તે બોલ્યા જે, "ભલે પધારો ! મહેતાનો શો ભાર છે !"

પછી મહારાજે તે મહેતાની સ્ત્રી સત્સંગી હતી, તેને ખબર મોકલી જે, "ગાડી મોકલજો, અમારે ગંગારામભાઈને ઘેર જવું છે." પછી તેણે ગાડી મોકલી. તેમાં બેસીને મહારાજ ગંગારામભાઈને ઘેર પધાર્યા. પછી મહેતાએ હલ્લા મેલી એટલે ગંગારામભાઈ અને માનકૂવાના અદોભાઈ એ બે જણા ઉઘાડી તલવારો લઈને ખડકીની બહાર ઊભા રહ્યા ને બોલ્યા જે, "આવો, જેની માએ શેર સૂંઠ ખાધી હોય તે, અમે ઊભા છીએ." એમ બોલ્યા એટલે તે પાછા વળ્યા જે, "આ તો મારી નાખશે." *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૨૪)*

## માનકૂવામાં શ્રીહરિ ચાર શેર મરચાવાળી કઢી જમ્યા

અને કોઈક દિવસ ગામ માનકૂવામાં મહારાજ સુતારને ઘેર ચાર શેર લીલાં મરચાં પોતે ખાંડીને કઢીમાં નંખાવીને પોતે જમવા બેઠા. તે જેટલી કઢી તે બાઈએ પીરસી તેટલી જમી ગયા. પછી મહારાજ જમીને તૈયાર થયા ને ભાગોળે આવ્યા, અને એમ બોલ્યા જે, "તમે અમને બધી કઢી જમાડી નહીં." ત્યારે તે સુતાર બાઈ બોલ્યા જે, "મેં જાણ્યું જે કઢીમાં મરચાં

ઘણાં છે, તે મહારાજને બહુ જ કઠણ પડશે. એમ જાણીને મેં ભદૂડામાં અર્ધી કઢી ભરીને કોઠલામાં મેલી દીધી.'' પછી મહારાજ બોલ્યા જે, ''એ કઢી અમને આપો તો અમે પાછા આવીએ.'' પછી બાઈ કહે, ''બધી કઢી તમને જમાડીશ. પાછા આવો.'' પછી મહારાજ તે સુતારને ઘેર પધાર્યા, ને કઢી જમીને પછી ચાલ્યા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૨૭૫)*

## ધમડકામાં ત્રીસ જણની રસોઈ બે સંતને જમાડી દીધી

અને ધમડકામાં રાયધણજીને ઘેર પરોણા આવ્યા હતા. તે સારુ રસોઈ કરાવીને પ્રથમ મહારાજને ને પરમહંસાનંદસ્વામી તથા સુખાનંદસ્વામીને જમવા બેસાડ્યા. તે જેટલું પીરસે તેટલું બે પડખે બે જણને મહારાજ આપી દે. તે ત્રીસ મનુષ્ય સારુ રસોઈ કરી હતી, તે સર્વે ખુટાડી દીધી. પછી ઘીનું તપેલું ભરીને લાવ્યા, તે પણ બે જણને પાઈ દીધું. પછી જે પરોણા આવ્યા હતા તે રાયધણજીને કહે, ''તમે ભગવાન કહો છો, ત્યારે તેને તમે કેમ પૂગશો ? માટે રહેવા દો.'' પછી રે'વા દીધું ને પરોણા સારુ બીજી રસોઈ કરીને જમાડ્યા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૩૦૬)*

## શીરો જમવામાં કપિલેશ્વરાનંદ સ્વામીએ મહારાજને હરાવ્યા

અને મહારાજ ગઢડામાં સાધુની પંક્તિમાં ખાંડનો શીરો પીરસતા હતા. વારંવાર પંક્તિમાં ફર્યા. પછી બ્રહ્માનંદ સ્વામી કહે, ''તમે જેટલો શીરો જમો તેટલો અમે જમીએ.'' એમ કહીને એક તાંસળી શીરો મહારાજને દીધો, ને એક તાંસળી શીરો કપિલેશ્વરાનંદને દીધો. તે વીરભદ્ર તો જમી ગયા ને બોલ્યા જે, ''લાવો, મને બીજી તાંસળી શીરો આપો. ને મહારાજને પણ તાંસળી ભરીને શીરો આપો.'' પછી મહારાજ બોલ્યા જે, ''અમારાથી તો શીરો ન જમાય.'' ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, ''શાબાશ છે વીરભદ્ર તને ! તેં તો ભગવાનને જીત્યા.'' *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૩૨૯)*

## લોજમાં શ્રીહરિ મીંઢી આવળને મરચાનો ગોળો જમ્યા

અને શ્રીજીમહારાજ લોજમાં મીંઢી આવળ ને મરચાનો ગોળો કરાવીને જમતા. ગામથી આથમણે જૂની પડેલી વાવ છે. તેમાં જંગલ જાતા હતા. તેની સમીપે વડ-લીંબડા હતા. તેની છાયાએ બેસતા હતા. ત્યાં જે જાય તેને સમાધિઓ કરાવતા. ને તેને ના પાડતા જે, ''રામાનંદ સ્વામીને કહેશો નહિ.'' એમ ચમત્કાર જણાવતા હતા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૪૦૫)*

## શિયાણીમાં ખીચડી ને ઘી જમ્યા ને સંતોને જમાડ્યા

મહારાજ દુર્ગપુરથી કારિયાણી પધાર્યા. ત્યાંથી સારંગપુર આવ્યા ને ત્યાંથી સુંદરિયાણે આવ્યા. ત્યાંથી કંથારિયે પધાર્યા ને ત્યાં મેઘા શાહને ઘેર રસોઈ જમીને ત્યાંથી શિયાણીએ પધાર્યા. ત્યાં મેઘા પટેલના ફળિયા વચ્ચે નિંબવૃક્ષને હેઠે ગાડા ઉપર ખીચડી ને ઘી જમ્યા. ત્યાં જ ચોકમાં સંતની પંક્તિ કરાવીને મહારાજે ખીચડી પીરસી, ને ઉપર છાસની પેઠે ઘી ફેરવ્યું. તે જોઈને રામપ્રતાપભાઈ અતિશે રાજી થયા ને એમ બોલ્યા જે, ''એસે દેશ હે !''
*(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૭૪)*

## શ્રીહરિએ ઘોડી ઉપર બેઠા થકા દહીં જમ્યા

ગઢપુરમાં શ્રીજીમહારાજને દૂધ પાવાને માટે લાડુબા આવ્યા પછી મહારાજે દૂધનો વાટકો હાથમાં લીધો દૂધમાં લસણનો દુર્ગંધ આવ્યો તે જોઈ મહારાજ કહે કે મારે દૂધ પીવું નથી, કારણ કે આજે ભેંસે લસણ ખાધેલું છે. એમ કહીને દૂધ પીધા વગર તે વાટકો પાછો મૂકી દીધો, પછી મહારાજ બોલ્યા જે અમને દૂધ જમાડવાં હોય તો ભેંસને ઘેર રાખો અને તેને પાણી પણ અહીંથી સીંચીને પાવું અને ક્યાંઈ બહાર ભેંસને નીસરવા દેવી નહીં એમ કરો તો હું તેનું દૂધ જમું, પછી સૌએ પ્રાર્થના કરી જે તમારા કહેવા મુજબ ભેંસને ઘેર ને ઘેર રાખશું અને સીમમાં ચરવા પણ મોકલશું નહીં. પછી એક દિવસ મોટીબા તથા લાડુબા વિગેરે સૌ નાગડકે જતાં હતાં અને મહારાજ પણ નાગડકે પધારતા હતા અને મહારાજને દૂધ પીવાની ભેંસ હતી તે તરતની વિયાણેલી હતી તેની પાડીને રથમાં બેસાડી હતી અને ભેંસ પછવાડે છુટી ચાલી આવતી હતી અને તેઓ સૌએ બોટાદ સોંસરો રથને હાંક્યો અને ગાડીના રથનાં પડદા પણ પાડી નાખ્યા હતા, પછી પાડીના દેખવાથી ભેંસ રથની પાછળ રણકતી રણકતી દોડી જાય તે જોઈ બોટાદના સૌ લોક કહેવા લાગ્યા છે જુઓ આ ભેંસે સ્વામિનારાયણની પ્રસાદી ખાધી છે તેથી તે ભેંસ પણ ગાંડી થઈ ગઈ છે. માટે મનુષ્ય પ્રસાદી ખાય અને ગાંડા થાય તેમાં શી નવાઈ, પછી મહારાજ લોયા અને બરવાળા વચ્ચે ગયા ત્યારે મહારાજે કહ્યું કે, મોટીબા ! ભૂખ લાગી છે. પછી મોટીબાએ આખુ દહીંનું ગોરસડું હતું તે આખું દોણું મહારાજને આપ્યું પછી મહારાજ ઘોડીના કાઠા ઉપર દોણું રાખીને તેમાંથી દહીં જમવા મંડ્યા તે જોઈ સુરા ખાચર વિગેરે સ્વારોને ખબર પડી કે મહારાજ ગોરસ જમે છે માટે ચાલો આપણે પ્રસાદી લઈએ એમ જાણીને સૌ સ્વારો મહારાજની આસપાસ ફરી વળ્યા અને મહારાજને કહ્યું જે, એકલા એકલા જમો છો તે અમને પ્રસાદી આપો. પણ મહારાજે કહ્યું કે મારે કોઈને પ્રસાદી આપવી નથી. એમ જાણીને મહારાજે માણકી ઘોડીને વહેતી મૂકી એટલે મહારાજની પાછળ

સૌ સ્વારોએ પણ પોતાનાં ઘોડાં વહેતાં મૂક્યાં. પછી જ્યાં સ્વારો ભેળા થયા ત્યાં મહારાજે દોણું પૃથ્વી ઉપર પછાડ્યું તેથી મહારાજનાં વસ્ત્રો તથા પલાણ વિગેરે ઘોડી દોડાવવાથી દહીં દહીં થઈ ગયા હતાં તે ભાદર નદીએ જઈને સ્નાન કરીને ... વસ્ત્ર તથા પલાણ વિગેરે ધોવરાવ્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૯૦)*

## લાંઘણોજના અમૃતબાઈના ભાવથી દૂધમાં બાજરાનો લોટ જમ્યા

ગામ લાંઘણોજમાં શ્રીજીમહારાજ પધાર્યા હતા અને અમૃતબાઈ કણબી સત્સંગિ હતાં તેને ઘેર મહારાજ પધાર્યા હતા. પછી અમૃતબાઈ એ મહારાજને જમવાને માટે બહુ જ આગ્રહ, કર્યો પણ મહારાજ કહે અમારે જમવા રોકાવું નથી. પછી શ્રીજીમહારાજ રાતે અમૃતબાઈની વાડીયે આંબા નીચે જઈને રાત રહ્યા. તેની અમૃતબાઈને ખબર પડી ત્યારે વહેલો થાળ કરીને - બાર વાગે મહારાજ પાસે ગયાં અને છેટેથી બૂમ પાડી જે એ મારા આંબા નીચે કોણ ઉતર્યું છે ? પછી મહારાજ કહે એ તો અમે છીએ. અમૃતબાઈ કહે ! અમે કોણ વળી ? ત્યારે ડુંગરજી કહે, એ તો મહારાજ છે. પછી. અમૃતબાઈ ત્યાં ગયાં તેને મહારાજે પૂછ્યું જે અમૃત ! અત્યારે ક્યાં જાય છે ‘ અમૃત કહે મહારાજ મારા સાથીને ભાત દેવા જાઉં છું. મહારાજ કહે અમૃત ! તારું ભાત કેવું છે ? પછી ટોપલો હેઠો મેલીને માંહીથી સેવ કાઢી અને દૂધ કાઢ્યું અને સાકરની તાંસળી ભરીને લાવ્યાં હતાં અને ઘીનો લોટો વગેરે કાઢ્યાં. ત્યારે મહારાજ કહે કે, અમૃત ! તારો સાથી આવું ખાય છે ? અમૃતબાઈ કહે મારો સાથી બહુ સ્વાદીયો છે તેને સારું સારું ખાવાનું જોઈએ. મહારાજ કહે તારા સાથી તો અમે છીએ માટે લાવ્ય અમને પીરસ. પછી મહારાજ જમવા બેઠા અને અમૃતબાઈએ મહારાજને શેવ પીરસી અને પછી ઘી પીરસ્યું અને સાકરને બદલે લોટની તાંસળી ભરી ગયાં હતાં તેમાંથી બે દોથા લોટના નાંખ્યા તેને ચોળીને મહારાજ બે ગ્રાસ જમ્યા, પછી મહારાજ કહે અમૃત ! દૂધ પણ ભેળું નાંખ્ય પછી મહારાજ કહે હવે રાખ્ય. ત્યારે ડુંગરજી બોલ્યા જે, મહારાજ ! નાંખવા દ્યોને પછવાડે હું છું ને ? પછી વળી એક દોથો લોટ નાંખ્યાં પછી મહારાજે થોડું જમીને થાળી ડુંગરજી ભણી હડસેલી મેલીને કહ્યું જે, ડુંગરજી ! લે પ્રસાદી. ડુંગરજી કહે બહુ સારું મહારાજ લાવો. પછી ડુંગરજી જમવા બેઠા તે બકારીયું ખાવા મંડ્યા અને બોલ્યા જે મહારાજ ! આ તો ભાવતું નથી અને કહો તો ભોંમાં ભંડારું. મહારાજ કહે નો ખાતો તારે માથે થપેડું અમૃતબાઈ કહે આ શું ? શેવ સાકર ને દૂધ છે તેમાં ડુંગરજીભાઈ બકારીયું ખાય છે ? પછી જ્યાં જુએ ત્યાં તો તાંસળીમાં બાજરાનો લોટ ભરેલો દીઠો તે જોઈ અમૃતબાઈ બોલી જે અરર, મહારાજ ! હું તો સાકરને

બદલે લોટ લાવી છું પછી મહારાજે ડુંગરજીને કહ્યું જે ખા ડુંગરજી ના થાળ જમતાં તારે બહુ સારું લાગ્યું હતું કેમ ? મહારાજ કહે નો ખા તો તારે માથે થપેડું પછી ડુંગરજી જમવું પડ્યું મૂકીને પાણી પીઈને મહારાજ સાથે બીજે ગામ ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૩૨૯)*

## પુતળીબાઈ કહે મહારાજ તમને ખીચડી જમતા આવડતી નથી

પછી મહારાજ ગામ વારણે પધાર્યા અને ત્યાં પ્રશ્નોરા બ્રાહ્મણ પુતળીબાઈ હતાં અને તેને ઘરે રાત્રે મહારાજ ખીચડી જમવા પધાર્યા. ને પાટલા ઉપર બેસારીને ખીચડીને દૂધ પીરસ્યું પછી મહારાજ જમતાં જમતાં મનુષ્ય ચરિત્ર કરવા લાગ્યા જે, થોડીક ખીચડી જમણી કોર કાઢે ને થોડીક ખીચડી ડાબી કોર કાઢી નાંખે તે જોઈ ડોશી બોલ્યાં કે, મહારાજ ! તમને ખીચડી જમતાં આવડતી નથી તો કલ્યાણ શી રીતે કરશો ? મહારાજ કહે પુતળીબાઈ ! કલ્યાણ તો હું આમ કરું એમ કહીને મહારાજે હાથની ચપટી વજાડી. તે ભેળી પુતળી ડોસીને સમાધિ થઈ અને અક્ષરધામમાં ગયાં અને ત્યાં દિવ્ય સિંહાસન ઉપર મહારાજને બેઠેલા દીઠા પછી મહારાજ કહે પુતળી.. હું કલ્યાણ કરું એવો ખરો કે નહીં ? પુતળીબાઈ કહે મહારાજ ! મારું તો શું પણ અનેક જીવનાં કલ્યાણ કરો એવા તમે છો ! પછી ડોશી સમાધિમાંથી બહાર આવીને જુએ છે તો ત્યાં મહારાજને ખીચડી જમતા જોયા પછી પુતળી ડોસી મહારાજના પગમાં પડીને પગે લાગી. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૩૮૧)*

## ઝીંઝાવદરમાં શ્રીહરિ લીલા જુવારના જારીયા જમ્યા

એક વખત શ્રીજીમહારાજ ઝીંઝાવદરમાં હતા તે (૧૮૬૮)ની સાલમાં ચાસટીયા બહુ પાક્યા હતા. પછી મહારાજ વહેલા ઉઠીને લોકની વાડીયુમાં છાના માના પેશી જતા અને જુવારનાં કાચાં જારીયા મહારાજ જમતા વળી તેમને ખોળવાને માટે લોક ઘણી ઘણી ગોત્ય કરે પણ ક્યાંય પતો જડે નહીં. પછી સૌ લોકે અલૈયા ખાચર પાસે આવીને અરજ કરી જે દરબાર એક રાંક સીમમાં આવ્યું છે તે વાડીયુંમાં જારીયા બધાં ખાઈ જાય છે ત્યારે અલૈયો ખાચર બોલ્યો કે હું તેની તપાસ કરાવી તેને પકડશું પછી સૌ લોક ગયા. પછી અલૈયો ખાચર મહારાજની પ્રાર્થના કરે છે , મહારાજ ! તમે કહો તો હું અહીંયા જારીયાં લાવીને તમોને પોંક પાડી આપું પણ આ લોક બોલે છે તે સંભળાતું નથી. મહારાજ કહે અલૈયા ખાચર ત્યાં જેવા મીઠાં લાગે છે તેવા અહીં નથી લાગતાં ! એમ કહી મહારાજે વાત કરી જે અલૈયા ખાચર આગળ ઓગણોતેરો કાળ પડશે ને મનુષ્યને જાર્ય નહીં મળે એમ કહીને પોતે એક મહિના સુધી ત્યાં દરબારમાં શીરાબંધ કોઠો છે ત્યાં છાના રહ્યા હતા અને માથે જટા વધારી હતી એમ બધાં

ભવિષ્યના ચિહ્ન અલૈયા ખાચરને જણાવતા હતા જે આવતા વરસમાં સૌ લોકની આવી સ્થિતિ થાશે અને પોતે મૃતીકાને વાસણે જળ પીતા નથી ઓગણોતેરા કાળમાં મહારાજના કહેવા પ્રમાણે સૌની એવી સ્થિતિ થઈ હતી. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૫૩)*

## પંચાળામાં મહારાજ પચાસ જણાના થાળ જમી ગયા

અને મહારાજ પંચાળે હતા અને નરવરકોટમાં છ છ મહિનાના બાળકો ઘોડિયામાં સુતા સુતાં બોલ્યાં જે તમારા જીવનું કલ્યાણ કરવું હોય તો પશ્ચિમ દેશમાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે ત્યાં સૌ જાઓ. બાળકોના એવા શબ્દો સાંભળી પચાસ જણા પોતાના દેશનો પોશાગ તથા મળિયાગર ચંદન વિગેરે લઈને ગઢડે આવ્યા અને પછી પંચાળે ગયા ત્યાં મહારાજનાં દર્શન કર્યા ત્યારે સૌને સમાધિ થઈ ગઈ. પછી સમાધિમાંથી સૌ જાગીને ગામનાં ચોરામાં જઈને મહારાજ માટે થાળ કર્યા તે પચાસે જણાના થાળ મહારાજ જમ્યા. પછી શ્રીજીમહારાજને તેમનાં દેશનો આણેલો પોશાગ સર્વે પહેરાવ્યો અને કેશર ચંદને અરચા કરી અને રોઝા ઘોડા ઉપર વિરાજમાન થયા પછી પચાસે જણા આગળ પાછે પગે ઝાંઝ મૃદંગ લઈને કીર્તન ગાતા જતા તે એમને એમ સુત્રેજ સુધી પધાર્યા તે વખતે પિતાંબર ભગત નિંભાડો પકવીને બેઠા હતા અને મહારાજે ત્યાં કહ્યું જે, પીતાંબર કરય દર્શન ! તું કહેતો હતો જે મને ધ્યાન થાય એવાં દર્શન આપો તે લે આજ તને એવાં દર્શન આપ્યાં અને પછી મહારાજ પંચાળે પધાર્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૧૬)*

## રસ રોટલી જમ્યા ને જમાડી

ગુજરાતના હરિભક્તો પાકી કેરીઓનાં ગાડાં ભરીને ગઢડે ગયા ત્યાં દાદા ખાચરના દરબારમાં ગાડાં છોડ્યાં. પછી શ્રીજીમહારાજે ગામના સર્વ હરિભક્તોને બોલાવીને કેરીઓ આપવા માંડી ને ગાડાં ખાલી કરવા માંડ્યાં. તેટલામાં મુકુંદ બ્રહ્મચારી આવ્યા તેમણે સર્વ બ્રહ્મચારીને બોલાવીને એક તરફથી કેરીઓ એક ઓરડામાં ભરીને ગાડાં ખાલી કરવા માંડ્યાં ને ગાડું ખાલી થાય તેને દરબાર બહાર કાઢે, આવી રીતે કરવાથી ગાડાં ખાલી થયાં. પછી શ્રીજીમહારાજ સભામાં જઈને બેઠા ત્યારે હરિભક્તોએ વાત કરી છે, અમે તમોને તથા સંતને જમાડવા કેરી લાવ્યા હતા. ત્યારે મહારાજ કહે, અમને પ્રથમ કહેવું હતું તો અમે કેરીનો રસ કઢાવત ને રોટલી કરીને અમે જમત તથા સંતોને જમાડત. તેવામાં મુકુંદ બ્રહ્મચારી બોલ્યા જે, તમારે સંતોને જમાડીને હરિભક્તોને પ્રસન્ન કરવા હોય તો હા પાડો, કેરીઓ તો હું આપીશ. એમ કહી શ્રીજીમહારાજનું કાંડું ઝાલી કેરીઓના ઓરડા પાસે લઈ ગયા. ત્યારે મહારાજે પૂછ્યું

કે, આ ક્યાંથી ? ત્યારે મુકુંદ બ્રહ્મચારીએ કહ્યું કે, એક તરફ તમો ગાડાં ખાલી કરતા હતા ને એક તરફ મેં ગાડાં ખાલી કર્યા હતાં. ત્યારે શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને મુકુંદ બ્રહ્મચારીના માથા ઉપર હાથ મૂક્યો તથા બાથમાં ઘાલીને મળ્યા. છાતીમાં ચરણાવિંદ આપ્યાં. પછી રસ, રોટલીની રસોઈ કરીને શ્રીજીમહારાજ પોતે જમ્યા તથા સંતોને જમાડ્યા ને ગુજરાતના હરિભક્તોને તથા દાદા ખાચર વગેરેને રસ રોટલી જમાડીને ગુજરાતના હરિભક્તોને પ્રસન્ન કર્યા. આવી રીતે મુકુંદ બ્રહ્મચારીએ શ્રીજીમહારાજને પ્રસન્ન કરીને પ્રસન્નતા મેળવી હતી. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૯૮)*

## વાંકાનેરના વિપ્રે શ્રીહરિને જાંબુડા જમાડ્યા

ગામ વાંકાનેરના બ્રાહ્મણ જાંબુડાંની ટોપલી ભરીને ગઢપુર શ્રીજીમહારાજ માટે લઈને આવ્યા તે જ વખતે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં વિરાજમાન થયા હતા. તે બ્રાહ્મણે શ્રીજીમહારાજને પગે લાગીને ટોપલી મૂકી. તે જોઈને શ્રીજીમહારાજે પૂછ્યું કે, આ ટોપલીમાં શું લાવ્યા છો ? ત્યારે બ્રાહ્મણ કહે જે આપશ્રીને માટે પાકેલાં સર્વોત્તમ જાંબુડાં લાવેલો છું. માટે આપશ્રી તે જાંબુડાને જમો, જેથી કરીને મારા જીવનો મોક્ષ થાય. તેથી શ્રીજીમહારાજે પોતાના હાથથી ટોપલી છોડીને જાંબુડાં હાથમાં લઈને પહેલાં ઘણાં જ વખાણ કર્યા. પછી મુકુંદાનંદજી બ્રહ્મચારીને બોલાવીને પાણી મંગાવ્યું. ને તે જાંબુડાંને ધોઈને પોતે જમતા જાય ને વખાણ કરતા જાય. આવાં સારાં જાંબુડાં તમે લાવ્યા તે જમીને હું તમારા ઉપર ઘણો જ પ્રસન્ન થયો છું. માટે તમારે મારી પાસે જે માગવું હોય તે સુખેથી માગો. હું તમને આપું. ત્યારે તે બ્રાહ્મણે શ્રીજીમહારાજને ખરેખરા પ્રસન્ન થયેલા જાણીને કહ્યું કે, મને પૂજવા સારું ચરણાવિંદ આપો. એ ચરણાવિંદની મારે ઘણી જરૂર છે. પછી તે બ્રાહ્મણનું બોલવું સાંભળીને તુરત જ રંગ તથા વસ્ત્ર મંગાવીને એક જોડ ચરણાવિંદ પાડી આપ્યાં. તથા જાંબુડાંની પ્રસાદી આપી તે લઈને બ્રાહ્મણ પોતાને ગામ જતા હતા. તે ચરણાવિંદ અત્યાર સુધી તેના વંશપરંપરાના માણસોએ સાચવી રાખેલાં છે ને તે ચરણાવિંદનું પૂજન મહાત્મ્યપૂર્વક કરે છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૭૭)*

## શિહોરના જેઠાભાઈએ શ્રીહરિને જાંબુડા જમાડ્યા

ગામ શિહોરના જેઠાભાઈ બ્રાહ્મણ એક વખત જેઠ મહિનામાં નદીના કાંઠા ઉપર રહેલો પોતાનો જાંબુડો હતો તેનાં જાંબુડાં જ્યારે પાક્યાં. ત્યારે જેઠાભાઈએ સંકલ્પ કર્યો છે, આ જાંબુડાં પહેલાં શ્રીજીમહારાજને જમાડીએ પછી આપણા ઉપયોગમાં લેવાં. એવો ઠરાવ કરીને સાંજના

વખતે સારાં સારાં પાકેલાં મોટાં જાંબુડાં ઉતરાવીને એક ટોપલીમાં ભરીને ગઢપુર આવ્યા. તે સમયે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં પોતાના પાળાઓ સહિત બેઠા હતા. ત્યાં શ્રીજીમહારાજ પાસે જેઠાભાઈએ ટોપલી મેલી દંડવત્ પ્રણામ કર્યા ને શ્રીજીમહારાજને કહે છે, આપશ્રીને માટે જાંબુડાં લાવ્યો છું. તે આપશ્રી અંગીકાર કરો. તેથી તુરત જાંબુડાંને જળથી શુદ્ધ કરીને પોતે જમવા લાગ્યા. તે જાંબુડાનાં વખાણ કરતા જાય. ને શ્રીજીમહારાજ કહે છે, આ જાંબુડાંના ઝાડનાં મૂળ નદી કાંઠે નદીના જળમાં હોવાં જોઈએ, કારણ કે બીજાં જાંબુડાં કરતાં આ જાંબુડાંમાં ઘણો જ સ્વાદ છે. ત્યારે જેઠાભાઈ બ્રાહ્મણ કહે છે, હા શ્રીજીમહારાજ ! આપશ્રી કહો છો તેમજ છે. તે જાંબુડો નદીને કાંઠે મારા પિતાશ્રીએ વાવેલો છે ને તે જાંબુડાંનો સ્વાદ આપશ્રી કહો છો તેવો છે. ત્યારે શ્રીજીમહારાજ તે જેઠાભાઈ ભક્તને કહે છે, આ જાંબુડાનાં બીજ અમારાં પ્રસાદીનાં લઈ જાઓ. ને તેને તમો વાવજો ને હું પણ આ મારી અક્ષર ઓરડીની પછવાડે એક ખૂણે મારા હાથથી જ રોપું છું. ને તે જાંબુડો મોટો થશે ત્યારે તેનાં ફળ હું તથા સંત, પાળા, હરિભક્ત વગેરે જમીશું. તેનું ફળ તમને પણ મળશે. એમ કહીને શ્રીજીમહારાજે તે જેઠાભાઈ ભક્તને જાંબુડાંની પ્રસાદી આપી. તે બ્રાહ્મણને પોતાની પાસે એક દિવસ રાખીને બીજે દિવસે રજા આપી. તેથી જેઠાભાઈ બ્રાહ્મણ પોતાને ગામ ગયા. પછી શ્રીજીમહારાજે તે જાંબુડાનું બીજ પોતાના હાથથી જમીન ખોદીને ખેતરની કાળી માટી તથા ખાતર નંખાવીને તેમાં જાંબુડાંનું બીજ રોપ્યું. ને પોતાનું નાખેલું તથા પગ ધોયેલું જે પ્રસાદીનું પાણી તે કાયમ જાંબુડામાં જાય તેવી રીતે એક ખાળ કરાવી. તે પાણીના આધારથી જાંબુડાનું ઝાડ થોડા સમયમાં સર્વોત્તમ થયું. ને તે જાંબુડાને ફળ થયાં ત્યારે તેના સામું જોઈને શ્રીજીમહારાજ કહે છે, આ જાંબુડો અમે વાવ્યો તેનાં ફળ થયાં માટે તે ફળ ઉતારો. ને શ્રી ગોપીનાથજી જાગે ત્યારે મેવામાં ધરજો. એમ કહીને તે જાંબુડાં ઉતરાવ્યાં. પછી શ્રી ગોપીનાથજી જાગ્યા ત્યારે શ્રી ગોપીનાથજીને જમાડીને શ્રીજીમહારાજ પોતે જમતા હતા. પછી પોતાની પ્રસાદીનાં જાંબુડા સર્વે સંત, બ્રહ્મચારી, પાળા, હરિભક્ત વગેરેને આપ્યાં. ને શ્રીજીમહારાજ કહે છે, આ જાંબુડાં જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી કાયમ શ્રી ગોપીનાથજીના મેવામાં આપજો. એમ શ્રીજીમહારાજે આજ્ઞા કરી. તે જ પ્રમાણે દર વર્ષે જ્યારે જાંબુડાં પાકે ત્યારે ગોપીનાથજીના મેવામાં ઉપયોગમાં લેતા હતા. તે જાંબુડો શ્રીજીમહારાજના ધામમાં પધાર્યા પછી સુકાઈ ગયો. તે જાંબુડાનાં સુકાઈ ગયેલાં લાકડાં ગઢપુર મંદિરમાં અત્યાર સુધી સાચવી રાખેલાં છે. જાંબુડાનાં લાકડાંનાં, જાત્રાએ જવું ત્યારે દર્શન કરવાં. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૭૮)*

## વડતાલના કાશીરામ વિપ્રના ભાવથી કોદરાના રોટલા જમ્યા

ગામ વડતાલના બ્રાહ્મણ કાશીરામભાઈ શ્રીજીમહારાજના અનન્ય ભક્ત હતા. તે કાશીરામભાઈ શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને નિરંતર માળા ફેરવતા હતા. તેમની ઘણી ગરીબ સ્થિતિને લઈને શ્રીજીમહારાજને જમાડવા માટે બહુ સંકલ્પ કરતા હતા. જેની પાસે ધન હોય તે ઉત્તમ પ્રકારના થાળ કરીને જમાડે પણ આપણી પાસે ધન ન હોવાથી શી રીતે થાળ કરીને જમાડીએ. આવી પોતાના પતિની વાણી સાંભળીને તેમની સ્ત્રી કહે છે, યથા દેહ તથા દેવ. માટે આપણે જે ખાઈએ તે શ્રીજીમહારાજને જમાડવા માટે થાળ કરીએ. પછી કાશીરામભાઈએ પોતાની સ્ત્રી પાસે કોદરાના રોટલા તથા મઠની દાળ કરાવી. પછીથી તે બ્રાહ્મણનો જમાડવાનો ભાવ જોઈને શ્રીજીમહારાજ મુકુંદાનંદ બ્રહ્મચારી સહિત કાશીરામભાઈને ઘેર પધાર્યા ને પછી સ્નાન કરી એક પીતાંબર પે'રી તથા એક ઓઢીને ભંડારામાં જમવા બેઠા. ત્યારે શ્રીજીમહારાજ આગળ થાળમાં કોદરાના રોટલા તથા મઠની દાળ મૂકી તે જોઈને શ્રીજીમહારાજે કહ્યું જે, હે કાશીરામભાઈ ! તમે અંતર્યામીપણે અમારો સંકલ્પ જાણીને આ થાળ કર્યો છે કારણ કે બહારગામના હરિભક્તોના ગળપણવાળા થાળ જમીને તે ગળપણવાળા થાળ જમવાની અમને અરુચિ થઈ હતી માટે અમારી ઈચ્છા પ્રમાણે થાળ થયો છે. એમ કહીને શ્રીજીમહારાજ કોદરાનો રોટલો તથા મઠની દાળ જમીને તે કાશીરામભાઈ ઉપર પ્રસન્ન થયા. માટે જેનો ભાવ હોય તેનું શ્રીજીમહારાજ ઘણા પ્રેમથી જમે છે. માટે સભાવથી જમાડીએ તો શ્રીજીમહારાજ જરૂર જમે છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૮૯)*

## ગાંફ ગામના વસ્તા રાવળને ઘેર દૂધમાં મીઠું જમ્યા

ગામ ગાંફના વસ્તા રાવળ શ્રીજીમહારાજના પરમ ભક્તરાજ હતા. તે જ વસ્તા રાવળને ત્યાં શ્રીજીમહારાજ વડતાલથી ફૂલડોળનો ઉત્સવ કરીને ગઢપુર જતા હતા ત્યારે તેમને ઘેર પધારતા હવા. તે સમયમાં વસ્તા રાવળની સ્ત્રીએ શ્રીજીમહારાજને માટે થાળ તૈયાર કર્યો ને શ્રીહરિને આગ્રહપૂર્વક જમાડતાં સતાં દૂધમાં સાકરને બદલે મીઠું નાખીને દૂધ ભાત પીરસ્યો. પછી શ્રીજીમહારાજ જમી રહીને પાળાઓને જમવા બેસાડ્યા ને બાઈ પાસે દહીંનું ગોરસું માગ્યું. ત્યારે બાઈએ તર ઉતારી લઈને દહીંનું ગોરસું આપ્યું તેવી જ રીતે ત્રણ વખત દહીં માગ્યું તોપણ ત્રણ વખત તેવી જ રીતે તર ઉતારીને આપ્યું. પછી શ્રીજીમહારાજે ચોથી વખત દહીં માંગ્યું ત્યારે ઘરમાં દહીં ન હોવાથી જે ગોરસડામાં તર રાખી હતી તે ગોરસડું આપ્યું. પછી તે આપેલી તરને શ્રીજીમહારાજ જમ્યા ને પાળાઓને પણ જમાડ્યા. પછીથી શ્રી સહજાનંદ સ્વામીએ લોભ વિશે સભામાં ઘણીક વાત કરીને ત્યાંથી શ્રીજીમહારાજ ગઢપુર ગયા. પછી

વસ્તા રાવળની સ્ત્રીએ પોતાના પતિ આગળ કહ્યું જે, મેં કપટ કર્યું હતું. તે વાત જાણીને શ્રી સ્વામિનારાયણ ભગવાને મારી પાસે ચોથી વાર દહીં માગ્યું તે ઘરમાં દહીં ન હોવાથી દહીંની તર ભરેલું ગોરસું આપ્યું તેને પોતે જમીને પાળાઓને જમાડ્યા. તેથી મેં શ્રીહરિનો મહિમા પૂરેપૂરો જાણેલો નહિ પણ હવે શ્રીજીમહારાજનો મહિમા મને પૂરેપૂરો જણાયો છે. માટે ચાલો ગઢપુર જઈને રસોઈ આપી આવીએ. એવો વિચાર કરીને બેઉ જણ ગઢપુર આવ્યાં ને ચારસો રૂપિયાની રસોઈ દીધી. ત્યારે શ્રીજીમહારાજ પહેલાં પોતે જમ્યા પછી બ્રહ્મચારી, સંત, પાળા વગેરેને જમાડ્યા. ને સાંજે સભા કરી તે વખતે સભામાં વસ્તા રાવળની સ્ત્રી હતાં તેમને સંભળાવવા માટે શ્રીજીમહારાજે તર વિશેની વાત કરીને સંભળાવી ને કહે છે, જેને અમારો મહિમા સમજાય છે ત્યારે તેને ભગવાન આગળ કપટ રહેતું નથી. જેથી વસ્તા રાવળની સ્ત્રીને પહેલો અમારો સાધારણ મહિમા હતો પણ હવે અમારા સ્વરૂપનો પરિપૂર્ણ નિશ્ચય થયો. તેથી ચારસે રૂપિયાની રસોઈ આપી. એમ કહીને શ્રીજીમહારાજ ભગવાનના મહિમા વિશે કેટલીક વાતો કરતા હતા. તે સાંભળીને વસ્તા રાવળ તથા તેમનાં સ્ત્રીને ઘણો આનંદ થયો હતો ને ગઢપુર થોડા દિવસ રહીને પોતાના ગામ બેઉ જણા જતાં હવાં. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૯૫)*

## શ્રીહરિની સંતોને લાડુ જમાડવાની રીત

ગઢડામાં અદ્‌ભૂતાનંદ સ્વામીને તાવ આવે તે લક્ષ્મીવાડીએ રહે તે તાવ ઊતરે ત્યારે મહારાજને દર્શને આવે ને મહારાજ વાતુ કરતા તે સાંભળીને મનસૂબો થાય છે, આ તાવ ક્યાંથી આવ્યો ? ને મહારાજની વાતો બહુ સારી થાય તે સાંભળવા સારું અવાય નહીં. ને મહારાજ પંક્તિમાં લાડુ પીરસે તે જોઈને મનસૂબો થાય છે, મહારાજની પ્રસાદીના લાડુ જમ્યા વિના રહ્યા. જો જમવા બેસીએ તો મહારાજ ઠપકો આપે તે બીકે કરીને પાંચ દિવસ સુધી આવ્યા ને મહારાજને પંગતમાં લાડુ ફેરવતા દેખ્યા ને જમવા બેસાય નહીં. ને અંતરમાં તાણ બહુ રહે. પછી તો વિચાર કર્યો જે, જમવા બેસવું ને મહારાજ ઠપકો દે તે ખમી રહેવું એમ મનસૂબો કરીને વાડીએથી દરબારમાં આવ્યા. ત્યાં દરબારમાં સાધુને જમવાની પંક્તિ થઈ હતી ને મહારાજ કેડ બાંધીને લાડવા ફેરવવા તૈયાર થયા હતા. ત્યારે અભુતાનંદ સ્વામી પંક્તિમાં જમવા બેઠા ને મહારાજ લાડુ પંગતમાં પીરસવા મંડ્યા ને રઘુવીરજી મહારાજ હાથમાં પંખો લઈને મહારાજને પવન નાખતા આવે ને સાધુ તાંસ લઈને આગળ પાછે પગે ચાલ્યા જાય ને મહારાજ સાધુને લાડવા દેતા જાય એ રીતે ફરતા ફરતા અદ્‌ભૂતાનંદ સ્વામી બેઠા હતા ત્યાં આવ્યા. ને તેમને ચાર લાડુ આપ્યા. ને મહારાજ ફરી ફરતા ફરતા આવ્યા ત્યારે બે

લાડવા આપ્યા. ને મહારાજ ચાલ્યા ગયા. તે બે લાડુ પણ જમી ગયા. ને વળી મહારાજ ફરતા ફરતા આવ્યા ને કહ્યું જે, લ્યો લાડવા. ત્યારે અદ્‌ભૂતાનંદ સ્વામીએ ના પાડી છે, મહારાજ, હવે નહીં જોઈએ. ત્યારે મહારાજે અદ્‌ભૂતાનંદ સ્વામીને જોઈને કહ્યું જે, આંખો બે લાડવા માગે છે. એમ કહીને બે લાડવા આપ્યા ને મહારાજ ચાલ્યા ગયા. પાછા ફરતા ફરતા આવ્યા ને કહ્યું જે, બે લાડવા લ્યો તો ચરણાવિંદ આપીએ ત્યારે બે લાડુ લીધા. પછી મહારાજ ફરતા ફરતા પંક્તિમાં ચાલ્યા ગયા. ને મહારાજ કહેતા જાય કે, એક લાડુ લે તેને એક ચરણાવિંદ આપું ને બે લાડુ લે તેને બે ચરણાવિંદ આપવાં એમ કહીને ચરણાવિંદ દેતા આવે ત્યાં અદ્‌ભૂતાનંદ સ્વામી પાસે આવ્યા. ને અદ્‌ભૂતાનંદ સ્વામીને કહ્યું જે, આ માંદો તો એક લાડુ લે તો બે ચરણાવિંદ આપવા. ત્યારે અદ્‌ભૂતાનંદ સ્વામીએ લાડવો લીધો. ત્યારે મહારાજે બે ચરણાવિંદ મસ્તકમાં આપ્યાં ને ફરીને પક્તિમાં ફરતાં ફરતાં અદ્દભુતાનંદ સ્વામી પાસે આવ્યા ને એમ કહેતા આવે જે, એક લાડવો લે તેને બે ચરણાવિંદ આપવાં ને કહ્યું કે, આ માંદો તો એક લાડવો લે તો માથે હાથ મેલવાને બે ચરણાવિંદ આપવાં ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ લાડવો લીધો. લઈને મહારાજ ઊભા છે ને જમી ગયા. ત્યારે મહારાજે એક ચરણાવિંદ માથા ઉપર મૂક્યું તે ચરણાવિંદ હેઠું મેલીને બીજું મસ્તક ઉપર મૂક્યું. ત્યારે મહારાજ કહે, હાથ એંઠા છે તે ધોઈને માથા ઉપર મૂકશું. ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું, એંઠા ને એઠા હાથ માથા ઉપર મૂકો ને ધર્મના કામમાં ઢીલ નહીં. ત્યારે મહારાજ હસ્યા ને રઘુવીરજી મહારાજ પડખે હતા તે પણ હસ્યા. પછી મહારાજે બે હાથ ઘીના ભરેલા માથા ઉપર મૂક્યા. ત્યારે રઘુવીરજી મહારાજ બહુ હસવા મંડ્યા. ને મહારાજે હસતાં હસતાં બ્રહ્મચારીને કહ્યું કે, પાણી લાવો હાથ ધોઈ નાખીએ ને હવે લાડવા કોઈ નહિ લે એમ કહીને ઓસરીની કોર ઉપર બેઠા. ત્યારે બ્રહ્મચારીને મનસૂબો થયો છે, મહારાજના હાથ ઘીવાળા છે તે પાણી નાખશું તો વધારે ચીકણો થઈ જશે ને કોરા કર્યા હોય તો ઠીક, પછી લાડુબા પાસેથી બાજરાનો લોટ મંગાવ્યો ને મહારાજે લોટથી હાથ કોરા કર્યા પછી બ્રહ્મચારીએ હાથ ધોવરાવ્યા. ને આગળ બાજોઠ મેલ્યો ને બાજોઠ ઉપર ઊભા રહ્યા ને ચરણાવિંદ બ્રહ્મચારીએ ધોયાં. ને હાથમાં રૂમાલ આપ્યો ને મહારાજે હાથપગ કોરા કર્યા. ને ચાખડી ચૈતન્યાનંદ સ્વામીએ મૂકી તે પે'રીને મહારાજ રઘુવીરજી મહારાજના ખભા ઉપર હાથ મેલીને ચાલ્યા. તે પૂર્વના વાસુદેવનારાયણના ઓરડા આગળ મેડી છે તે ઉપર પધાર્યા ને ઢોલિયા ઉપર મહારાજ બિરાજ્યા તે ઉગમણાં ચરણાવિંદ ને આથમણું મસ્તક ને દક્ષિણાદુ મુખારવિંદ રાખીને પોઢ્યા ને રઘુવીરજી મહારાજ પવન નાખવા મંડ્યા. ને ચૈતન્યાનંદ સ્વામી મહારાજના ચરણ દાબવા માંડ્યા. ને અદ્‌ભૂતાનંદ સ્વામી માંદા તે આગળ

આવીને બેઠા તે સામું જોઈને મહારાજ લગારેક હસ્યા. ત્યારે રઘુવીરજી મહારાજ ને ચૈતન્યાનંદ સ્વામી એ બે પણ હસ્યા. ને મહારાજે કહ્યું કે, માંદાને લાડવા ખાવા તે સારા નહીં. ત્યારે અદ્‌ભૂતાનંદ સ્વામી બોલ્યા જે, મહારાજ મન હાથ રહ્યું નહીં. ને મહારાજને પગે લાગીને ઊઠીને ચાલ્યા ગયા ને શ્રીજીમહારાજ પોઢી જતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૯૦)*

## ડાંગરવામાં દહીં દૂધનો કીચડ થયો

સર્વજ્ઞાનંદ સ્વામી કહે છે હે પૃથ્વીસિંહ રાજન ! ડાંગરવા ગામમાં મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાન જતનબાના ઘેર નિવાસ કરતા હતા. અમરાજી તથા અગરાજી આદિ ક્ષત્રિય ભક્તો શ્રીહરિની સેવામાં તત્પર રહેતા હતા. પ્રાણ પ્રિય ભગવાન શ્રીહરિના પધારવાથી પરમ ભક્ત જતનબાને અતિશય આનંદ થતો હતો. જતનબાએ શ્રીજીમહારાજને કહ્યું, હે મહારાજ ! આપની કૃપાથી મારે ઘેર દૂધ, દહીં તથા ઘીના પાત્રો છલોછલ ભરેલા પડ્યાં છે. કૃષ્ણાવતારમાં તમે ગોવાળિયા મિત્રોની સાથે જેવી લીલા કરી હતી તેવી લીલાઓ મારા ઘરના આંગણે સંતો પાર્ષદોની સાથે કરો એવો મારો સંકલ્પ છે. મુકુંદવર્ણીએ થાળ તૈયાર કર્યો ત્યારે કરૂણાસાગર શ્રીહરિ જતનબાના ઘરના આંગણામાં બેસીને જમતા હતા. થાળ જમીને છેલ્લે ભાત દૂધ દહીં સાકર જમ્યા. પછી ચળુ કર્યું. જતનબાના સંકલ્પને સિધ્ધ કરવા ઈચ્છતા ભક્ત કલ્પતરુ મહાપ્રભુ સંતોને પીરસવા તૈયાર થયા. ખભા ઉપર ખેસ નાખી તેનો છેડો કમર સાથે બાંધ્યો. સંતો પાર્ષદોની પંકિત કરાવી. દરેકને કંસાર, ખીચડી, શાક આદિ ભોજનો જમાડયા. ત્યાર પછી છેલ્લે જતનબાને કહ્યું હવે લાવો તમારા દૂધ, દહીં, ઘી, માખણ જેટલું હોય તેટલું લાવો. જતનબાએ ખૂબ જ ભાવથી દૂધ, દહીં, ઘી, માખણ વગેરેના જેટલાં પાત્રો હતા તે બધા લાવીને મૂક્યા. મહાપ્રભુએ બધા સંતો પાર્ષદોને દૂધ, દહીં, વગેરે ખૂબ પીરસી જતનબાને આંગણે રેલમ છેલ કરી મૂકી. બધાં વાસણો ખાલી કરી મૂક્યા. નીચે ઢળેલ દૂધ દહીંનો આંગણામાં કાદવ થઈ ગયો.

## દાદા ખાચરના લગ્ન વખતે શ્રીહરિની પીરસણ લીલા

ત્યાં દાદા ખાચરના વિવાહનો પ્રસંગ શ્રીહરિએ ધામધૂમથી ઉજવ્યો. દેશ દેશમાંથી સંતો, હરિભક્તો, ગૃહસ્થોને આમંત્રણ પત્રિકાઓ મોકલી તેડાવ્યા. કંદોઈને બોલાવી પાંચ પકવાનોની સુંદર રસોઈ તૈયાર કરાવી. સંતો હરિભક્તોની પંકિતમાં સ્વયં મિષ્ટાન્ન પીરસી આગ્રહપૂર્વક જમાડતા હતા. જમી રહ્યા પછી દહીં અને સાકર ખૂબ પીરસ્યાં. દહીં ઘણું વધી પડ્યું. ત્યારે પીરસનારાએ કહ્યું હે પ્રભુ ! આ વધેલા દહીંનું શું કરવું છે ? શ્રીહરિ કહે મંગલ પ્રસંગમાં

દહીંનો ઉપયોગ થાયછે. શુભ કામમાં દહીં શુકનવંતુ છે. આ માતરા ધાધલ છે તે વેવાઈ પક્ષના છે. અને મહાનુભાવાનંદ સ્વામીના એ ભાઈબંધ છે. માટે એ બંને વેવાઈ પક્ષવાળા કહેવાય. તેથી લાવો એમના માથે દહીંનું લેપન કરીએ. પછી દહીં અને સાકર બંને ભેગા કર્યાં. માતરાધાધલ તથા મહાનુભાવાનંદ સ્વામીના માથા ઉપર નાખી ચોળતા હતા. આ અભુતપૂર્વ લીલા નજરે જોવા માટે હરિભક્તો તથા અન્ય લોકો ઘણી ઉત્સુકતાથી દોડી દોડીને ત્યાં આવતા હતા. તે પછી વધેલું દહીં શ્રીહરિએ મહાનુભાવાનંદ મુનિના આખા શરીર ઉપર ચોપડી દીધું. જાણે દહીંના જ વાઘા પહેર્યા હોય તેવી શ્વેત મૂર્તિ મહાનુભાવાનંદ સ્વામીને જોઈ સર્વ લોક ખૂબ હસતા હતા. આ મંગલ હાસ્ય પ્રંસગની મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને ખબર ન હોવાથી તેઓ હાજર ન હતા. તેથી તેમણે ભગવાન શ્રીહરિને કહ્યું, ભક્તોના કલ્પતરુ એવા હે મહાપ્રભુ ! અમે સાંભળ્યું છે કે આજના મંગલ પ્રસંગે આપે કોઈ ભાગ્યશાળી ભક્તો ઉપર દહીં લેપન વિધિ કરી હતી. અમે એ દુર્લભ મંગલ પ્રસંગ જોવાથી વંચિત રહી ગયા છીએ તો અમને આવી લીલાનું દર્શન કરાવો. શ્રીહરિએ કહ્યું હે સંતો ક્યારેક એવી લીલા તમને દેખાડશું. એમ કહીને પોતાના નિવાસ સ્થાને જઈ પોઢી ગયા. બીજે દિવસે જલેબી આદિક પકવાનોની રસોઈ હતી. દાદા ખાચરના વિવાહનો પ્રસંગ છે. તેથી સંતો હરિભક્તો તથા સંબંધીજનોને જાત દેખરેખ હેઠળ જમાડીને ખૂબ તૃપ્ત કર્યા. સંતો ખૂબ તૃપ્ત તઈને ઓડકાર ખાવા લાગ્યા ત્યારે મહાપ્રભુએ લોભામણી જાહેરાત કરી. હે સંતો ! અમે તો ખૂબ જ જમ્યા છીએ. છતાં તમારે અમને જમાડવા હોય તો એક તક આપીએ છીએ. જેટલાં જલેબીનાં ગૂંચળા તમે જમો તેટલા જ અમે જમીએ. કેટલાક સંતોએ મહારાજને જમાડવાની ઈચ્છાથી કહ્યું હે મહારાજ ! લાવો એક એક ગૂંચળું અમને આપો. ભગવાને તે પ્રમાણે જલેબી સંતોને આપી અને પોતે પણ તેટલા ગૂંચળા જમ્યા. સંતોને જમાડવામાં અધિક પ્રેમ છે એવા સંતપ્રિય શ્રીહરિ ભગવાને ફરી કહ્યું. હે સંતો હવે જલેબીનું એક ગૂંચળું જો તમે જમો તો તમારી છાતીમાં ચરણારવિંદ આપું. દુર્લભ ચરણારવિંદની પ્રસાદીના લોભથી સંતો મહાપરાણે ફરી એક એક ગૂંચળું જમ્યા અને ઈષ્ટદેવ મહાપ્રભુના ચરણારવિંદ છાતીમાં લીધાં. એ વખતે મહાનુભાવાનંદ સ્વામીએ જલેબીનાં લગભગ અગિયાર જેટલાં ગૂંચળા લીધા. અને ધીરે ધીરે એક પછી એક બધા પોતે પહેરેલી અલફી (ઝબ્બા જેવું પહેરવાનું વસ્ત્ર) માં સંતાડી દીધાં. અને અગિયાર વખત છાતીમાં ચરણારવિંદ લીધાં. પછી ચળુ કરી હાથ લૂછીને તે બધી જલેબી એક તાંબાના વાસણમાં મૂકી દીધી. ચૈતન્યાનંદ સ્વામી આ જોઈ ગયા. તેથી મહારાજને કહ્યું, આ

મહાનુભાવાનંદ સ્વામીએ કપટ કર્યું છે. એક પણ જલેબી જમ્યા નથી અને અગિયાર વખત તમારી પાસેથી ચરણારવિંદ લીધા છે. શ્રીહરિ કહે છે એ મુનિ તો માતરાધાધલના મિત્ર છે. અને દાદા ખાચરના સસરાપક્ષના છે. એમણે ચોરી કરીને અમને છેતર્યા છે. એમ કહી પોતે દહીં ભરેલું પાત્ર ઉપાડીને મહાનુભાવાનંદ સ્વામીના માથે રેડીને આખા શરીરે દહીંનું લેપન કરતા હતા. દહીંથી ખરડાયેલા આ મુનિને જોઈ બ્રહ્માનંદ સ્વામી આદિક સંતો હસવા લાગ્યા. એવામાં મહારાજની નજર બ્રહ્માનંદ સ્વામી ઉપર પડી. તેથી પોતે દૂધ ભરેલો ઘડો લઈને બ્રહ્માનંદ સ્વામીના માથા ઉપર દૂધની ધાર કરતા હતા. આવી રીતે ભક્ત જનોને પ્રિય એવી સુંદર લીલાઓ કરતા ભગવાન શ્રીહરિએ દાદા ખાચરના વિવાહનો પ્રસંગ ધામધૂમથી સારી રીતે પૂર્ણ કર્યો.

## કરમડમાં શ્રીહરિ વરસાદના કરા જમ્યા

કરમડ પધાર્યા. સ્વામિનારાયણ ભગવાનના પધારવાથી ફૂલીબાના હૈયાનો હરખ માતો ન હતો. તેમણે શ્રીહરિ માટે સુંદર થાળ તૈયાર કરાવ્યો. મહાપ્રભુ તે થાળ જમ્યા. ત્યારબાદ પંક્તિમાં બેઠેલા સંતોને ભાવથી પીરસી જમાડતા હતા. જમી રહ્યા પછી સર્વ સંતો તથા સંતના સ્વામી શ્રીહરિ ગામની બહાર ભાગોળે ગયા. ત્યાં પીપળાના વૃક્ષ હેઠળ ગાડા ઉપર પલંગ બિછાવ્યો. તે ઉપર શ્વેત વસ્ત્રધારી શ્રીહરિ વિરાજમાન થયા. એ વખતે અન્નકૂટના ઉત્સવમાં પોતાના પ્રાણપ્યારા પ્રભુનાં દર્શન કરવા માટે દેશોદેશથી હજારો ભક્તજનો આવવા લાગ્યા. ઈષ્ટદેવના દર્શન કરી ખૂબ આનંદ પામતા હતા. તથા મહાપ્રભુના મનોહર કંઠમાં સુગંધીમાન પુષ્પોના હાર પહેરાવતા હતા. એ વખતે ત્રિલોકીનો રાજા ઈન્દ્ર પણ અખિલ બ્રહ્માંડના અધિપતિ ઈશ્વરોના પણ ઈશ્વર એવા પરમેશ્વરના દર્શન કરી પોતાને ભાગ્યશાળી માનતો હતો. અને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરવા આકાશમાંથી પાણીના કરા (બરફના નાના ટુકડા) વરસાવતો હતો. કેટલાક પ્રેમી ભક્તજનો પૃથ્વી ઉપર પડેલા કરા હાથમાં લઈ શ્રીજીમહારાજને જમવા માટે આપતા હતા.

## ઉમરેઠના બ્રાહ્મણની લાખાલૂંણીની ભાજી ને રોટલો જમ્યા

એક દિવસે ઉમરેઠનો એક બ્રાહ્મણ, સુદામા જેવો દરિદ્ર હતો. બીજા હરિજનો મહારાજની મહાપૂજા કરે અને થાળ જમાડે તેને જોઈને અંતરમાં અતિ પશ્ચાત્તાપ કરે કે, ‘‘મારા જેવો કોઈ અભાગીઓ નહિ, કેમકે આ સર્વે ભગવાન પુરુષોત્તમનો થાળ કરે છે અને પૂજા કરે છે, જેથી એમનાં મોટાં ભાગ્ય છે.’’ એમ સંકલ્પ કર્યા કરે. એક દિવસે આંબલાથી ઉત્તર દિશા તરફ

આવેલા કૂવા પાસે ગામમાંથી લોટ માગી લાવીને કલાડામાં રોટલો કરીને લાખાલુણીની ભાજી લોટામાં કરીને મહારાજનું સ્મરણ કરતો હતો. એના સંકલ્પને જાણીને મહારાજ મધ્યાન્હ સુતારની ઓરડીએ પોઢ્યા હતા તે એકદમ ઉઠીને બ્રહ્મચારીને કહ્યું કે, આપણો લોટો લાવો મારે ન્હાવા જવું છે,'' ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે ''અહીંજ ન્હાવ'' અત્યારે કવખતે બહાર જવાની શી જરૂર ?'' ત્યારે મહારાજે આગ્રહથી કહ્યું કે, બહાર જ જવું છે.' એમ કહીને સત્વર ઉઠીને મોજડીઓ પહેરીને ચાલ્યા. એટલે બ્રહ્મચારી પણ લોટો લઈને પાછળ ચાલ્યા. તે જ્યાં એ બ્રાહ્મણ રોટલો કરીને ભાજી ઉતારીને ખાવા બેસે છે તેજ વખતે જઈને ઉભા રહીને કહ્યું કે, ''ભૂદેવ ! અમને ભૂખ લાગી છે તો જમવાનું જે તૈયાર હોય તે આપો, એ વાતને સાંભળીને બ્રાહ્મણે બહુ હર્ષથી કહ્યું કે, ''આ તો પંચકણીનો રોટલો અને લુણીની ભાજી છે તે તમોને મારાથી કેમ અપાય ? અને તમારાથી કેમ જમાય ? ત્યારે વળી મહારાજે કહ્યું કે, એ તો બહુ સારી છે.'' એમ કહીને પોતે જમવા બેસતાં બ્રાહ્મણે બહુ હેતથી રોટલો અને ભાજી આપી અને કહ્યું કે, ''હે મહારાજ ! આતો વિદુરજીની ભાજી તથા સુદામાના તાંદુલ તથા શબરીના બોર એના જેવું સાવ લુખ્ખું નિરસ જમણ છે, પછી રોટલો અને ભાજીને જમીને ચળુ કરીને જળપાન કર્યું. તે સમયે બ્રાહ્મણે કહ્યું કે, ''મારો ઘણા દહાડાનો દૃઢ સંકલ્પ હતો તે સર્વજ્ઞ ભક્તમનોરથપૂરક આપે આજ પૂરો કર્યો.' એમ સવિનય કહીને મહારાજના ચરણારવિંદમાં પડીને રોમાંચિતશરીર, ગદગદકંઠ થઈને આંખમાં પ્રેમનાં આંસુ લાવીને ચરણારવિંદને અભિષેક કરતો થકો ઉભો રહ્યો અને. વિનયસર સ્તુતિ કરતાં બોલ્યો કે, ''આપનું ''જે ભક્તમનોરથપૂરક' નામ છે તે આજ સત્ય કર્યું. એમ કહીને મહારાજને પગે લાગીને ત્યાં જ બેઠો. અને મહારાજ તો ત્યાંથી ચાલીને ઓરડીએ આવીને પોઢી ગયા. ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે, ''ન્હાવું હતું ને ? આ શું કર્યું ?'' ત્યારે મહારાજે કહ્યું કે ''એ જ ન્હાયા.'' એમ રમુજ કરીને પોઢી ગયા. *(સદ્. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૬૪)*

## શ્રીહરિ બાજરાનો રોટલો ને મઠની દાળ જમ્યા

મહારાજશ્રી વડતાલથી સંતોને પરદેશ મોકલીને તેમજ હરિભક્તોને પોતપોતાને ગામે મોકલીને, પોતે બારશને દિવસે પ્રાતઃકાળે ઉઠી સ્નાનાદિ વિધિ કરીને, પારણાં કરીને થોડાક સંતો પાર્ષદો સહ વરતાલથી ચાલ્યા. મહારાજને વળાવવા વાસ્તે હરિભક્તો બહુ દૂર સુધી આવ્યા. તેમને મધુર વચનથી પાછા વાળીને, ત્યાંથી ચાલ્યા તે રસ્તામાં ગામ કોઠાવીના સીમાડામાં આવ્યા. તે ગામનાં એક પાટીદારના ઘરનાં બાઈ મઠ બાજરાના રોટલા ઘડતાં હતાં એક રોટલો

બહુ સારો ફૂલીને થયો તેને જોઈને તે બાઈએ સંકલ્પ કર્યો કે, "આ રોટલો તો ભગવાન જમે એવો સારો છે પછીથી બાઈ તો મજૂર માટે રોટલા ટોપલામાં ભરીને હાથમાં મઠની દાળની ત્રાંબડી ભરેલી લઈને રસ્તામાં ચાલતાં હતાં. તે બાઈનો સંકલ્પ સિદ્ધ કરવા મહારાજશ્રી કાઠી લોકોને પાછળ મૂકીને પોતાની ઘોડીને બહુ ઉતાવળી ચલાવીને તે બાઈની નજીક આવી ગયા અને બાઈને કહ્યું કે, "આ ટોપલામાં શું છે ?" ત્યારે બાઈએ કહ્યું કે, "મજુરો માટે રોટલા છે તે લઈને ખેતરમાં આપવા જાઉં છું." આ વાતને સાંભળીને મહારાજે કહ્યું કે, અમને એક રોટલો આપો." ત્યારે બાઈએ હા કહીને રાણનો વૃક્ષ હતો તેની નીચે ટોપલો ઉતારીને એક જે બાજરીનો રોટલો હતો તે મોટા માણસ જાણીને આપ્યો અને સાથે ભાજી આપી. ત્યારે મહારાજે કહ્યું કે, "આ રોટલો તો સારો નથી." ત્યારે બાઈએ બીજો કાઢીને આપ્યો. એમ ત્રણચાર રોટલા બદલીને આપ્યા. ત્યારે મહારાજે કહ્યું કે, "અમારો જે રોટલો છે તે આપો. ત્યારે વળી બાઈએ કહ્યું કે, "તમારો રોટલો શાથી ? ત્યારે મહારાજે સ્પષ્ટ કહ્યું કે, "તમે રોટલા ઘડતાં એવો સંકલ્પ કરેલો કે, "આ તો ભગવાન જમે એવો સારો છે" આ તમારા સંકલ્પને સિદ્ધ કરવા અમો સ્વયં ભગવાન્ આવ્યા છીએ તો તે જ રોટલો અમોને આપો." ત્યારે બાઈએ બહુ પ્રેમથી એ જ રોટલો ટોપલામાંથી કાઢીને આપ્યો અને સાથે ભાજી તથા મઠની દાળ પણ આપી. પછી મહારાજ બાઈના પ્રેમને વશ થઈને હાથમાં રોટલાને લઈને મઠની દાળ તથા ભાજી સાથે જમવા મંડ્યા. એટલાકમાં કાઠીઓ જે પાછળ હતા તે આવી પહોંચ્યા. અને જમતા જોઈને બોલ્યા કે— તમે ભગવાન્ થઈને અમને પાર્ષદોને મેલીને એકલા કાંણું જમતા છો ?' એમ કહીને કાઠીઓ મહારાજના હાથમાંથી રોટલો લઈ લેવા આમતેમ ફરે ત્યારે મહારાજ પણ આમતેમ ફરે. આ રીતની અપૂર્વ લીલા કરતા થકા અડધો રોટલો તો જમી ગયા પછી સુરા ખાચરે કાણું બાવટાનો ચીકણો રોટલો જમતા છો ? પેટમાં બહુ દુઃખશે" એમ કહીને, પ્રસાદના મહિમાવશાત્ હાથમાંથી ખૂંચવી લઈને ખાઈ ગયા. (રોટલો પુરો થયો) પછીથી મહારાજે હસ્ત પ્રક્ષાલન કરી જળપાન કરીને બાઈને કહ્યું કે "તમે અમારી પાસે કંઈ પણ માગો.' ત્યારે મોક્ષાર્થી બાઈએ તમારા ચરણારવિંદની અખંડ સેવામાં રાખો અને અંત સમયે મને વહેલા તેડવા આવો અને હું જ્યારે સ્મરણ કરૂં ત્યારે આવી તમારી મૂર્તિનાં દર્શન થાય અને હાલ પૂજવા માટે આપનાં ચરણારવિંદ પાડેલાં આપો." એટલા વર માગ્યા. પછી તે બાઈને વર આપીને તેમજ ચરણારવિંદ પૂજવા આપીને ત્યાંથી ચાલ્યા. *(સદ્. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૮૪)*

## મહારાજ બુધેજમાં અર્ધો શેર ઘી જમ્યા

ત્યાંથી ચાલેલા મહારાજ ગામ નાર થઈને ઊંટવાળે ગયા, ત્યાંના જોઈતા પગી મહારાજને આવતા જાણીને સન્મુખ ગયા. અને મહારાજનાં દર્શન કરીને ઘણી વિનંતી કરીને પોતાને ઘેર તેડી જઈને, રસોઈ કરાવીને મહારાજને સારી રીતે જમાડ્યા અને પછી સાથેના સંત પાર્ષદોને જમાડ્યા. પછી મહારાજને ઢોલિયા ઉપર બેસારીને આરતી ઉતારી અને પગે લાગીને પ્રાર્થના કરી કે'તમારી કંઈક પ્રસાદી દેવા મહેરબાની કરો. એટલે મહારાજે પોતાની પહેરવાની મોજડીઓ હતી તે જોયતા પગીને આપી. ત્યાં રાત્રિ રહીને બીજે દિવસે સવારમાં ઊઠીને સ્નાનાદિ નિત્ય વિધિ કરીને, ઘોડેસ્વાર થઈને બુધેજ પધાર્યા. તે ગામના દરબાર હઠીભાઈ તથા તેમના પુત્ર ખોડાભાઈ તથા તેજાભાઈ તથા ગામના બીજા મનુષ્યો મળીને વાજિંત્રો સાથે મહારાજની સન્મુખ આવ્યા અને મહારાજને પગે લાગીને સવિનય વાજતે ગાજતે પોતાના દરબારમાં પધરાવ્યા અને મોતિયા જલેબીની રસોઈ કરાવીને મહારાજ તથા સંતો પાર્ષદોને જમાડ્યા. પછી એજ દિવસે એમના દરબારમાં લીમડા નીચે સભા કરીને વિરાજમાન થયા. અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિના વિષયવાળી ઘણી વાતો રાતના નવ વાગ્યા સુધી કરી. પછી પોતે દરબારમાં જઈને પોઢી ગયા અને સંત પાર્ષદો પણ સૂઈ ગયા. બીજે દિને સવારે ઊઠીને સ્નાનપૂજા આદિ નિત્ય વિધિને કરીને વળી સભામાં વિરાજમાન થયા. વરતાલ આવેલા દરબાર હઠીભાઈ સ્વામિનારાયણ સ્વયં ભગવાન છે' એવો નિશ્ચય કરીને વ્રતમાનધારી સત્સંગી પાકા થઈને ઘેર આવીને ઘરનાં મનુષ્યને કહ્યું કે, "સ્વામિનારાયણનાં તમે સત્સંગી થાવ, સ્વામિનારાયણ ભગવાને મને પરચો આપવાથી હું સત્સંગી થયો' આ વાતને સાંભળીને ઘરનાં મનુષ્ય કહ્યું કે, "મને પરચો આપે તો હું પણ સત્સંગી થાઉં ત્યારે હઠીભાઈએ કહ્યું કે, "તમે સંકલ્પ કરશો તે સ્વામિનારાયણ પૂરા કરશે. આ વાતને સાંભળીને બાઈએ સંકલ્પ કર્યો કે, "મારી ભેંસને અઢીશેર ઘી થાય છે, તે જો સ્વામિનારાયણ ભગવાન્ હોય તો ત્રણ શેર ઘી થાય." એવો સંકલ્પ કરીને બાઈએ બીજે દિને વલોણું કરતાં ત્રણ શેર ઘી બરોબર થયું. તેમાંથી અર્ધો શેર જુદુ રાખી મેલ્યું. "આ વાતને પ્રસિદ્ધ કરવા મહારાજે સભામાં બેઠેલા ખોડાભાઈને કહ્યું કે "અમે નાના હતા ત્યારે અર્ધો શેર ઘી પીતા, તો અર્ધા શેર સારું ચોખ્ખું ઘી હોય તો લાવો." આ વાતને સાંભળીને ખોડાભાઈ પોતાના ઘેરથી ઘી લાવ્યા. તેને જોઈને જ મહારાજે કહ્યું કે, "આ ઘી તો સારૂ નથી.' ત્યારે બીજાના ઘેરથી લાવ્યા. તેને જોઈને કહ્યું કે, "આ પણ સારું નથી.' આ રીતે ત્રણચાર ઘરથી ઘી લાવ્યા તો પણ એમનું એમ જ કહ્યું. પછીથી પણ ના જ કહી. આ વાત

પ્રસિદ્ધ થતાં હઠીભાઈના ઘરનાં બાઈ બોલ્યાં કે, "હે મહારાજ ! તમારી થાપણ મેં ઓળવી નથી, શા માટે છોકરાને આંટા ખવરાવો છો. તમારૂ અર્ધો શેર ઘી જુદુ રાખી મૂક્યું છે તે માગી લ્યો ?' આવું બાઈનું વચન સાંભળીને, "એ બાઈ શું કહે છે," એમ પૂછતાં હઠીભાઈએ બાઈના સંકલ્પની બધી બાબત સભામાં કહી. પછી મહારાજ સંતો પ્રત્યે બોલ્યા કે, "અમો તો અર્ધા શેર ઘીના છીએ." જો વધારે ન થયું હોત તો અમો ભગવાન નહિ" એવી રમૂજ કરીને સભાને હસાવી, પોતાના ભગવાનપણાના મહિમા પ્રતાપની ઘણી વાતો કરી. તેને સાંભળીને એ બાઈ અને બીજી સહુ બાઈઓ સત્સંગી થયા. *(સદ્. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૮૫)*

## ખરડ ગામમાં શ્રીહરિએ ખીચડીને ઘી ની રેલમ છેલમ

આ ગામમાં સંતો પાસે ખીચડી કરાવી. તેને જોઈને જ મહારાજે કહ્યું કે, ખીચડી થોડી પડશે. જો એમાં ઘી ખૂબ હોય તો ખીચડી પહોંચી રહે." એમ કહીને પોતે ઘોડેસ્વાર થઈને ગામમાં પધારીને લોકોને કહ્યું કે, "જેને ઘી વેચવાનું હોય તે અમને આપો." એવું સાંભળીને લોકો બોલ્યા કે, "કાનુડો ઘી લેવા આવ્યા છે તો આપણે સર્વેએ આપવું." એટલે લોકો ઘીના માણીયા લઈને આવે અને ઉધડ કહે કે, "આ તો પંદર શેરનો છે, આ તો અર્ધો મણનો છે, આ તો એક મણનો છે, જે જેટલું કહે તે પ્રમાણે વગર જોખે પૈસા આપીને ઘી લઈને ઉતારા ઉપર આવ્યા. સંતોની પંક્તિ તો તળાવ ઉપર થઈ જમવાનાં પાત્ર નહિ હોવાથી કુંભારને ઘેરથી સાવ સોંઘાં રામપત્તર મંગાવીને સંતોને આપ્યાં અને સંતોએ ખીચડી પીરસી. પછીથી મહારાજે ઘી પીરસવા માંડ્યું તે ખીચડી ઉપર છલકાઈ જાય અને બહાર રેલો આવે. આ વખતે અદ્‌ભુતાનંદ સ્વામીના ભાઈ ચૈતન્યાનંદ સ્વામી મહારાજ સામું જોઈ રહ્યા. તેથી મહારાજે કહ્યું કે, "આ એકલા ખીચડીમાં ખાડો કરતા નથી અને મારી સામું શું જોયા કરો છો. એમ કહીને પોતે ખીચડીમાં ખાડો કરીને ધારાથી એટલું બધું ઘી રેડ્યું કે ખીચડી તણાવા લાગી. આ રીતે પરાણે સર્વ સંતોને ઘી રેડવાથી નીચેની પૃથ્વી પણ પલળી ગઈ. આ રીતે ખીચડી થોડી હતી પણ ઘી પુષ્કળ પીરસવાથી વધી પડી. આ અપૂર્વ લીલા તળાવના કાંઠા ઉપર કરીને પોતે પણ ઘી, ખીચડી અને દહીં જમ્યા. પછી સભા કરીને વિરાજ્યા અને રાત રહ્યા. એ જગ્યાએ હાલમાં છત્રી કરી છે, બીજે દિવસે સંતો સાથે ચાલ્યા તે સાળંગપુર પધાર્યા. ત્યાંના જીવા ખાચરના દરબારમાં ઉતારો કર્યો. તે દરબારે સંતો માટે રસોઈ કરાવી અને મહારાજ માટે થાળ કરાવ્યો તે મહારાજ સંતો પાર્ષદો જમ્યા. ત્યાં રાત રહીને સવારે ચાલ્યા તે ગઢપુર પધાર્યા. *(સદ્. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૧૧૯)*

## શાકોત્સવની લીલા

વળી એક દિવસ હમીર ખાચરના દરબારમાં મહારાજ વિરાજમાન હતા. ત્યારે લોયાથી સુરા ખાચર મહારાજનાં દર્શન કરવા તૈયાર થયા. તે સમયે એમનાં ઘરના શાંતિબાએ બહુ પ્રેમથી કહ્યું કે, ''મહારાજને આપણે ઘેર જરૂર તેડી લાવજ્યો'' ત્યારે સુરા ખાચરે કહ્યું કે, તમારા વતી આગ્રહ કરીશ, પણ ન આવે તો કેમ કરવું ?'ત્યારે બાઈએ શાંતિથી કહ્યું કે, ''જો વિનંતિ કરવા છતાં મહારાજ કારણવશાત્ ન આવે તો તમે સાધુ થઈ જજ્યો.'' આવું સાંભળીને સુરા ખાચર બોટાદ આવ્યા. મહારાજનાં દર્શન કરીને પાસે બેઠા. આ સમયે મોટી બા બોલ્યાં કે, ''અહીંથી હવે ગઢડા પધારો, લક્ષ્મી વાડીમાં રીંગણ બહુ થયાં છે તે તમે જમો અને સંતોને જમાડો'' ત્યારે મહારાજે ગઢડા આવવાની હા કહી. આ સમયે સુરા ખાચરે પ્રાર્થના કરી કે, ''અમારા લોયા ગામે પધારો ત્યારે મહારાજે કહ્યું કે, ''અમે મોટીબાને ગઢડા જવાની હા પાડી હોવાથી ત્યાં નહિ અવાય ત્યારે ખાચરે કહ્યું કે, ''જો ન આવો તો મને સાધુ કરો'' ત્યારે મહારાજ બોલ્યા કે, ''એમ અવળું કેમ બોલો છો ?' ત્યારે ખાચરે ખરી વાત કહી કે, ''અમારાં ઘરનાં માણસે અહીં આવતી વખતે મને મહારાજને અહીં જરૂરથી તેડી લાવજ્યો. અને જો ન આવે તો સાધુ થઈ જજ્યો.'' એમ કહ્યું હોવાથી જ્યારે તમે આવવાની ના પાડો છો તો હવે મને સાધુ કરો. આ વાતને સાંભળીને મહારાજ બોલ્યા કે, ''તમે ઘરનાંને વશ્ય છો કે ઘરનાં તમારે વશ્ય છે' આવું વિષમ વચન સાંભળીને સુરા ખાચર પછી વિષમ બોલ્યા કે, ''આપ અનંત બ્રહ્માંડના અધિપતિ લક્ષ્મીપતિ છો, તો પછી મોટીબાને વશ થઈને ગઢડા પધારવાની હા કહી તો અમે તો જીવજાતિ હોઈને સ્ત્રીને વશ હોઈએ એમાં શું કહેવું આવું સામુ વચન સખાભાવથી કહેલું સાંભળીને, મહારાજે મોટીબાને કહ્યું કે, હવે અમારાથી ગઢડા નહિ અવાય, લોયા જવું પડશે.'' આ વાત નક્કી થતાં મહારાજ સંતમંડળને સાથે લઈને લોયા પધાર્યા. ત્યાં ગામોમાંથી સંતો તથા હરિભક્તો ગાડે ગાડાં ભરીને રીંગણાં મોકલાવે અને મહારાજ પોતે શાક બનાવે. સાઠ મણ રીંગણામાં બાર મણ ઘીનો વઘાર મૂકે તેમાં મીઠું, હળદર, મરી વિગેરે મસાલો પણ પોતે નાંખે. શાક એવું સુસ્વાદુ થાય કે એવું શાક સદાનાં ઘરનાં રસોયાં રાધાલક્ષ્મીને પણ આવડે નહિ. આવા શાકની સાથે ઘઉંની રોટલીઓ પણ થાય. આવા શાકને ડંકામાં લઈને મહારાજ પોતે સંતો તથા હરિભક્તોને પીરસે અને પરાણે જમાડે. આ પ્રસંગે જાતે જોનાર જમનાર અદ્ભૂતાનંદ સ્વામી કહે છે કે, ''ઘીમાં બોળેલી પાતળી રોટલી ને શાકોત્સવ બે માસ પર્યંત લાંબો ચાલ્યો હતો. કેટલાક હરિભક્તો આ શાકને જમીને બીજાં અધિક લઈને પનવાડામાં સૂકવીને પ્રસાદ તરીકે ઘેર પણ લઈ ગયા જોયા છે. એક દિવસે મહારાજ શાક

પીરસીને જરા છેટા ગયા ત્યારે મુક્તાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, સર્વ કોઈ જમનારા શાકનાં બહુ વખાણ કરે છે, પણ તમે એકલા કેમ કરતા નથી ?'' ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા કે, ''જેમને વખાણ સંભળાવવાનાં છે તે તો છેટા ગયા છે' આવું સ્વામીનું વચન સાંભળીને મહારાજ બોલ્યા કે, ''તમારે જે કહેવું હોય તે છૂટથી કહો, હું સાંભળું છું,' ત્યારે કવિરાજ પ્રકૃતિ મુજબ શાકનાં ખૂબ વખાણ કરવા મંડ્યા કે, ''આવું સ્વાદિષ્ટ શાક તો નિત્યનાં રસોયાં રાધાલક્ષ્મીને ન આવડે, કોઈ દેવને કે મુક્તને પણ ન આવડે, જુઓને સ્વામી ! આ શાકના સ્વાદ લોભી બ્રહ્માદિ દેવો તથા બધા ધામના મુક્તો પણ સ્વાદથી ખેંચાયા થકા પોતાના સર્વોચ્ચ સ્થાનને છોડીને આપણી સાથે પંક્તિમાં બેસીને જમે છે. એટલું જ નહિ પણ ''આવું મિષ્ટ શાક તો કોઈ દિવસ જન્મ ધરીને પૂર્વે જમ્યા નથી અને ભવિષ્યમાં જમીશું પણ નહિ' એમ કહીને હર્ષસૂચક માથું ડોલાવે છે.'' આવાં રીંગણ શાકનાં નિરતિશય વખાણ કર્યા તેને સાંભળીને મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, રાધાલક્ષ્મી કાંઈ અંતર્યામી નથી કે જેથી આટલું જ મીઠું, હળદર, મસાલો, ઘી વિગેરે જોઈએ તેને બરોબર જાણે. અને આ તો સર્વાન્તર્યામી હોવાથી આટલું જ મીઠું વિગેરે મસાલો જોઈએ એમ જાણીને બરોબર જ નાખે. ન્યૂનાધિક પડે નહિ. આ કારણથી જ આવું અત્યંત સ્વાદુ થાય છે. આ રીતે જમતાં જમતાં નિરવધિક વખાણ કર્યા. (શાકના સ્વાદ કરતાં વખાણનો સ્વાદ વધ્યો) તેને સાંભળીને મહારાજ રાજી રાજી થયા. સંતોને પરાણે પીરસીને પછી પોતે પણ જમવા બેઠા. તે શાક રોટલી જમીને તૃપ્ત થઈને, ચળુ મુખવાસ લઈને વળી સભામાં વિરાજ્યા. અને સંતો હરિજનોને ઘણી વાતો મોક્ષોપયોગી કરીને બહુ સંતોષ પમાડ્યા. આ રીતે લોયા ગામમાં સ્મરણીય રમણીય શાકોત્સવ લીલા કરી. *(સદ્. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૧૫૬)*

## ઘનશ્યામ મહારાજ ૫૦ મણ મીઠાઈને પાંચ મણ ઘી જમ્યા

એકવાર બદરિકાશ્રમમાંથી નારદજી અયોધ્યામાં ઘનશામ : મહારાજનાં દર્શન કરવા સારુ આવ્યા, ને સાષ્ટાંગ દંડવત કરીને પગે લાગ્યા ને સ્તુતિ કરીને બોલ્યા જે ''હે ઘનશ્યામ મહારાજ ! આપે છપૈયામાં જે ચરિત્ર કર્યા તે તો મને ત્યાં કહ્યાં હતાં પણ : આંહી તમે શાં શાં ચરિત્ર કર્યા તે સાંભળવાની મને બહુજ ઇચ્છા છે'' ત્યારે ઘનશ્યામ મહારાજ કહે ''હે નારદજી અમે આ અયોધ્યામાં ઘણાંક ચરિત્ર કર્યા છે, તેમાંથી તમને એકાદ ચરિત્ર સંક્ષેપ કરીને કહું તે સાંભળો. એક સમયને વિષે અમે અમારી ભાભી જે સુવાસનીબાઈ તેને કહ્યું કે પેંડા લાવો ત્યારે તેણે બીજી મીઠાઈ આપવા માંડી પણ તે અમે ન લીધી. પછી તે બીજું કામ કરવા લાગ્યાં ને પોતાની અંગૂઠી ઉતારીને એક બાજુ મૂકી હતી તે ઉપાડીને અમે કંદોઈની દુકાને ગયા. ને કહ્યું ''આની

અમને મીઠાઈ આપ ત્યારે કંદોઈ કહે ''એની મીઠાઈ તમે ધરાઓ તેટલી આપું પછી અમે સીપાઈને શાઈદી રાખીને જમવા માંડ્યું, તે પચાસ મણ મીઠાઈ જમી ગયા. પછી તે કંદોઈએ બીજી દુકાનેથી લાવીને આપી તો પણ અમે ન ધરાણા. પછી તેણે પાંચ મણનું એક ઘીનું કુડલું હતું તેમાંથી ઘી આપવા માંડ્યું. ત્યારે તે પણ બધું જમી ગયા. એમ અમે કંદોઈને થકવીને ઘેર આવ્યા ત્યારે સુવાસનીબાઈએ અમને પૂછ્યું કે ''મારી અંગૂઠી તમે લીધી છે ?'' ત્યારે અમે ના પાડી. પછી અમારા દાદાએ સહુને પૂછ્યું પણ કોઈએ હા પાડી નહિ. - ત્યારે ઈચ્છારામે કહ્યું ''ઘનશ્યામભાઈ બજારમાં ગયા હતા તે લઈ : ગયા હશે' પછી અમારા દાદાએ અમને પૂછ્યું ત્યારે અમે હા કહી ને કહ્યું જે ''એ અંગૂઠી વેચીને મેં મીઠાઈ ખાધી છે ત્યારે તે કહે : ''ચાલો તે કંદોઈની દુકાન મને બતાવો'' પછી અમે તે દુકાન બતાવી. : એટલે અમારા દાદાએ તે કંદોઈને કહ્યું ''અમારી અંગૂઠી આપો'' ત્યારે તે કંદોઈ કહે ''મારી પચાસ મણ મીઠાઈ ને પાંચ મણ ઘી, - તમારા ઘનશ્યામ જમી ગયા છે'' ત્યારે અમે કહ્યું ક્યાં અમે તમારી મીઠાઈ જમ્યા છઈએ ? તમારી દુકાન તમે સંભાળો તો ખરા''. પછી તેણે તેની દુકાનમાં જોયું તો મીઠાઈ જેટલી પ્રથમ હતી તેટલીને - તેટલીજ ભરી હતી. ને ઘીનું કુંડલું પણ ભરેલું હતું. તે જોઈને કંદોઈએ : બહુ આશ્ચર્ય પામીને તે અંગૂઠી અમારા દાદાને પાછી આપી. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૮)*

## નીલકંઠ વર્ણીએ ઝેરી ફળ ખાધા

હવે ત્યાંથી ચાલ્યા એવા જે ઘનશામ મહારાજ તેમને માર્ગમાં ચાલતા આડો એક પર્વત આવ્યો. તે ઉપર પોતે ચડ્યા. ત્યારે ત્યાં કેરીના જેવડાં ને જાંબુના જેવા રંગનાં એવાં ઝેરી ફળ દીઠાં. તે તોડીને મહારાજ જમવા મંડ્યા. ત્યાં મોહનદાસજીએ પણ તે ફળ તોડ્યાં ત્યારે ઘનશામ મહારાજે તેને ના પાડી જે તે ફળ તમે જમશો નહિ કારણ કે તે ઝેરી છે. તે જમશો તો મરી જાશો ત્યારે તે વચન માનીને તેણે ફળ નાખી દીધાં. તેવામાં ત્યાં બીજા ચાર ખાખી પર્વત ઉપર ચડીને આવ્યા. તેમણે મહારાજને તે ફળ જમતા જોઈને પોતાને ખાવા માટે તે ફળ તોડ્યાં. ત્યારે મહારાજે મોહનદાસજીને કહ્યું કે ''એ ખાખીઓને કહો કે એ ઝેરી ફળ છે માટે તમે જમશો મા ને જો ખાશો તો મરી જાશો' એ પ્રમાણે મોહનદાસજીએ કહ્યું ત્યારે ખાખીઓ એમ બોલ્યા જે ''તમારા ગુરુ એ ફળ કેમ ખાય છે ?'' ત્યારે મોહનદાસજી કહે ''એ તો મહાપુરુષ છે ત્યારે તે ખાખીઓ બોલ્યા અમે પણ મહાપુરુષ છીએ, માટે ખાશું.'' પછી તે ચારેય ખાખીએ તે ફળ ખાધાં એટલે તે મરી ગયા. એમ વચન ન માન્યું તો દુઃખ થયું ને મોહનદાસજીએ માન્યું તો ઊગર્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૫૭)*

## માંગરોળમાં આણંદજીને ઘેર ટાઢો રોટલોને ભાજી જમ્યા

એક સમયને વિષે શ્રીજીમહારાજ એકલા ગામ લોજથી સાંજે વરસતા વરસાદમાં ચાલ્યા તે માંગરોળ બંદર આણંદજીભાઈને ઘેર અડધી રાત્રે પધાર્યા ને ઘરના કમાડની સાંકળ ખખડાવી આણંદજીભાઈને જગાડ્યાં ત્યારે તેમણે જાગીને કમાડ ઉઘાડી ને જોયું તો મહારાજનાં વસ્ત્ર સઘળાં પલળેલાં હતાં તેથી આણંદજીભાઈએ બીજાં કોરાં વસ્ત્ર પહેરવા આપ્યાં ને સગડી કરીને તપાડ્યા. પછી મહારાજે કહ્યું, 'આણંદજીભાઈ અમારે જમવું છે.'' ત્યારે આણંદજીભાઈ કહે ''લ્યો મહારાજ થાળ કરાવું. ત્યારે મહારાજ કહે ''નવું કરવું નથી તૈયાર હોય તે લાવો.' તો પણ આણંદજીભાઈએ બહુ તાણ કરી પણ મહારાજે ના પાડી તેથી આણંદજીભાઈએ ટાઢો બાજરાનો અર્ધો રોટલો ને તાંદળજાની ભાજી હતી તે આપી. તે જમીને મહારાજ પોઢી ગયા પછી સવારે ઉઠયા ત્યારે આણંદજીભાઈએ પૂછયું કે મહારાજ તમને અંધારી રાત્રે મારગ કેમ સુજયો ?'' ત્યારે મહારાજ કહે ''વીજળી ઘણી થાતી હતી તેના જબકારામાં રસ્તો જોતા જોતા અમે આંહી આવ્યા. તે સાંભળીને આણંદજીભાઈ બહુ આશ્ચર્ય પામ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૦૭)*

## માંગરોળમાં મીઠીઆવળ ને મરચા જમતા

શ્રીજીમહારાજ માંગરોળમાં આણંદજીભાઈને ઘેર રહેતા ત્યારે મીઢી આવળ તથા લવીંગીયા મરચાં બહુજ જમતા તે માટે આણંદજીભાઈના ઘરનાં મનુષ્ય જે રાજબાઈ તે મીઢી આવળ દળીને રાખી મેલતા ને લવીંગીયાં મરચાંને પણ ખાંડી રાખતાં ને તે દરરોજ મહારાજને જમવા આપતાં તે મરચાં કોઇથી જમી શકાય નહિ એવાં તીખાં હોય પણ મહારાજ તે નિત્યે જમતા ને નાના પ્રકારની લીલા કરતા તથા પોતાની પૂર્વાશ્રમની વાતો આણંદજીભાઈ આગળ કરતા કે ''અમે ઘેરથી ચાલી નીકળ્યા તે વનમાં ફરતા ફરતા પુલહાશ્રમમાં ચાર માસ તપ કરીને ચાલ્યા તે બુટોલનગર તથા સીરપુર ગયા ને ત્યાંથી જગન્નાથપુરી ગયા ને ત્યાંથી માનસા શહેર જઇને રહ્યા. ત્યાંના રાજાએ એકાંતમાં એક ઓટો હતો ત્યાં અમારું આસન કરાવ્યું હતું તે ઓટે અમે હમેશાં ધ્યાન કરતા ને તે સત્રધર્મા નામે રાજા હમેશાં અમારી વાતો સાંભળવા આવતા ને તે રાજાએ અમને ધ્યાન કરવા માટે એક સીસમની પાવડી સુતાર પાસે કરાવી આપી હતી તે પાવડી ઉપર અમે છાતી રાખીને બેસતા ને ધ્યાન કરતા ને ક્યારેક પડખાભેર બેસતા ત્યારે પડખે પાવડી રાખીને ધ્યાન કરતા.'' એ પ્રમાણે મહારાજ વાતો કરતા ને ચાર માસ સુધી આણંદજીભાઈને ઘેર રહ્યા હતા ને તે પાવડી મહારાજે આણંદજીભાઇને આપી હતી તે પાવડી આણંદજીભાઈ ધામમાં ગયા પછી તેમની દીકરીએ જૂનાગઢ મંદિરે સજયામાં પધરાવી છે તે હાલ પણ ત્યાં છે. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૧૧)*

## પંચાળામાં ખોરી જાર ને ગાજરનું અથાણું જમ્યા

એકવાર શ્રીજીમહારાજ ગામ પંચાળે પધાર્યા ને ઝીણાભાઈને ઘેર ઉતર્યા પછી સવારના પહોરમાં મહારાજે કહ્યું 'અમારે જમવું છે' ત્યારે ગંગામાં કહે 'મહારાજ ! ઘડીક ખમો હમણાં થાળ કરીને લાવું છું.' ત્યારે મહારાજ કહે 'હાજર હોય તે લાવો હમારા વાસ્તે નવા થાળ કરો તો હમારા સમ છે.' ત્યારે ગંગામાં ખોરી જારનો ટાઢો રોટલો ને ગાજરનું અથાણું થાળીમાં લાવ્યા ને દૂધની તાંસળી ભરી દીધી તે મહારાજ જમ્યા પછી ચળું કરી જલપાન કરીને પ્રસાદી ઝીણાભાઈને આપી ને પોતે બહાર આવીને બેઠા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૮૧)*

## ભાડેરમાં શ્રીહરિ દૂધમાં મીઠું જમ્યા

એક સમયને વિષે શ્રીજીમહારાજ ગામ ભાડેર પધાર્યા ને ધર્મશાળામાં ઉતારો કર્યો ને સેવકે મહારાજને ઉને પાણીએ નવરાવ્યા ને વસ્ત્ર પહેરાવીને જમવા બોલાવ્યા એટલે મહારાજ બાજોઠ ઉપર આવીને બેઠા ને બીજા બાજોઠ ઉપર થાળ મેલ્યો તે મહારાજ જમતા જાય ને પાણી પીતા જાય ને પેટ ઉપર હાથ ફેરવતા જાય ને રસોઈનાં વખાણ કરતા જાય તે ટાણે ભોજુભાનાં માએ મહારાજને દૂધ પીરસ્યું તેમાં પ્રેમથી સાકરને બદલે ભૂલથી ખાંડેલ મીઠું નખાઈ ગયું તે શ્રીજીમહારાજ જમી રહ્યા ત્યાર પછી તપાસી જોયું તો સાકરને બદલે મીઠું દેવાયેલ માલુમ પડ્યું. પણ મહારાજ તો કાંઈ બોલ્યા નહિ ને મુખારવિંદ ધોઈ જળપાન મુખવાસ લીધો પછી સાધુ હરિજનને પીરસીને જમાડ્યા પછી હાથ પગ ધોઈને બે કલાક પોઢીને જાગ્યા ને મુખારવિંદ ધોઈ જળપાન કરીને વસ્ત્ર પહેરીને માથે શ્વેત પાઘ બાંધીને સભામાં પધાર્યા ને ફળિયામાં લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર ગાદીતકિયે બિરાજમાન થયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૧૭)*

## ભાડેરમાં દૂધને બદલે છાછ પીધી

એકવાર શ્રીજીમહારાજ ગામ ભાડેર પાતળભાઈને ઘેર પધાર્યા ને સંત હરિભક્તને સાથે લઈને નદીયે નાવા ગયા ને મહારાજ બહિર્ભૂમિએ જઈ આવી હાથ ધોઈને દાતણ કરી મુખ ધોઈને નદીમાં - ન્હાવા ગયા તે ઉપરવાસ મહારાજ નાયા ને સંત હરિજન સર્વે હેઠવાસ નાયા ને મહારાજે જળના ખોબા ભરીને સહુ ઉપર નાખ્યા. - એમ લીલા કરીને મહારાજ નદીમાંથી બહાર નીસર્યા ને વસ્ત્ર પહેરીને સહુ સાથે ગામમાં આવ્યા ને પાતળભાઈના ફળિયામાં લીંબડા

તળે ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને સર્વે સંત હરિજનની સભા થઈ ને મહારાજ વાતો કરતા હતા. પછી પાતળભાઈનાં - ઘરનાંએ થાળ તૈયાર કર્યો ને માણસ બોલાવા આવ્યું તે સાથે મહારાજ તેમને ઘેર જમવા ગયા ને પીતાંબર પહેરી બાજોઠ ઉપર - બેઠા ને બીજા બાજોઠ ઉપર થાળ પીરસીને મેલ્યો તે મહારાજ જમવા માંડ્યા ત્યારે પાતળભાઈના ઘરનાંએ મહારાજને દૂધ લાવવાનું પુછ્યું એટલે મહારાજે હા કહી ત્યારે તે પ્રેમમાં ઉતાવળથી દૂધની દોણીને બદલે છાશની દોણી લાવ્યાં ને તાંસળી ભરીને મહારાજને આપી તે મહારાજે પીધી ને બોલ્યા "અહો આ દૂધ તો બહુ ગળ્યું છે. માંહી સાકર નાખી છે કે શું ?" એમ વખાણ કરતાં ત્રણવાર લીધી ને બધી છાશ પી ગયા. પછી તે બાઈ બીજા સારુ છાસ લેવા ગયા ત્યારે ખબર પડી એટલે બહુ પસ્તાવો કરવા લાગ્યા ને મહારાજને કહ્યું "હે મહારાજ ! મેં તો તમને છાશ પાઈ ને દૂધ તો રહી ગયું ત્યારે મહારાજ કહે "ના એ તો દૂધ હતું પછી મહારાજને બતાવ્યું ત્યારે મહારાજ કહે "તમે અતિ હેતે કરીને છાશ પાઈ તે દૂધ કરતાં પણ ગળી લાગી હતી. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૧૯)*

## શ્રીહરિ દહીંની તરનું આખું દોણું જમી ગયા

એકવાર શ્રીજીમહારાજ ગુજરાતમાંથી ચાલ્યા તે રસ્તામાં એક ગામ આવ્યું તેમાં સત્સંગીનું ઘર હતું ત્યાં જઈને ઉતર્યા ને રાત્રે ઉપદેશની વાતો કરી પછી મહારાજે તે હરિજનોને કહ્યું "અમારે સવારે વહેલા ચાલવું છે" ત્યારે તે હરિભક્ત કહે "મહારાજ ! કાલ બપોરે જમીને ચાલજો" ત્યારે મહારાજ કહે "અમારે ઉતાવળ છે તે વહેલા ચાલશું" ત્યારે હરિભક્તે કહ્યું "ભલે મહારાજ સવારે વહેલા રોટલા કરાવશું તે જમીને ચાલજો" ત્યારે મહારાજે કહ્યું "ભલે જમીને ચાલશું" પછી સર્વે સૂઈ ગયા ને સવારે વહેલા ઉઠીને મહારાજ તથા સંત પાર્ષદ તથા કાઠીઓ સર્વે નાહી પૂજા કરીને તૈયાર થયા ત્યારે સર્વેની પંક્તિ બેસાડીને બાઇએ રોટલા દીધા તે મહારાજ પીરસવા માંડ્યા ને દહીંના આઠ દોણાં હતાં તેમાંથી બાઇએ ઉપરથી તર લઇને એક દોણું ભરી લીધું ને બાકીનું દહીં મહારાજને પીરસવા આપ્યું તે મહારાજે બધું દહીં પીરસી દીધું એમ સર્વે ને ખૂબ જમાડી હાથ પગ ધોઇને બાજોઠ ઉપર બેઠા ત્યારે બાઈએ બીજો બાજોઠ આગળ મેલીને ઉપર થાળીમાં રોટલો મેલ્યો ને દહીંના દોણાં જોયાં તો તેમાં દહીં ન મળે એટલે તે બાઇએ મહારાજને કહ્યું "મહારાજ ! તમારે માટે દહીં કેમ ન રાખ્યું ? આ દોણામાંતો દહી નથી તે તમે શું જમશો ?" ત્યારે મહારાજ બોલ્યા જે "ઓલ્યા કોઠલામાં તરવાળું દહી તમે મેલ્યું છે તે લાવો" ત્યારે તે બાઈએ તે દોણામાંથી દહીં આપ્યું તે મહારાજ સારી પેઠે

જમ્યા ને બોલ્યા જે "આ દહીં તો બહુજ મીઠું છે તે અમને બહુ ભાવે છે" એમ બોલતાં થકા બધું દહીં જમી ગયા. તે જોઇને બાઈ આશ્ચર્ય પામીને મનમાં જાણ્યું જે "મહારાજ તો અંતર્યામી છે ને બધુએ દેખે છે" એમ મહારાજે ચમત્કાર જણાવી તે બાઈને નિશ્ચય કરાવ્યો.
*(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૩૮)*

## ખીચડીના દાતણ કર્યા ને કરાવ્યા

એક વખત શ્રીજીમહારાજ ગામ મેસાણામાં પધાર્યા ત્યારે ત્યાં બ્રાહ્મણ હરિભક્ત કસળીબાઈ હતાં તેણે મહારાજને કહ્યું "હે મહારાજ રસોઈ કરાવું તે આપ કૃપા કરીને જમો" ત્યારે મહારાજ બોલ્યા જે "અમે જમીને આવ્યા છીએ તે નહિ જમીએ" પછી બાઇએ બહુ પ્રાર્થના કરી ત્યારે મહારાજ કહે "બીજું કાંઈ કરાવશોમાં ફક્ત ખીચડી ને શાક કરાવો" ત્યારે બાઇએ તે કરાવ્યાં ને ઘીનું ભરેલું કુડલું લાવીને મેલ્યું ત્યારે મહારાજે તેમાંથી અરધું ઘી ખીચડીમાં નાખ્યું ને પછી ખીચડી તથા શાક જમ્યા ને સર્વે સંત તથા કાઠી સ્વારોને પણ જમાડ્યા તોએ તે બેય વધી પડ્યા એટલે તે ઢાંકી મેલ્યાં ને પછી સૂઈ રહ્યા ને સવારે ઉઠીને ચાલ્યા ત્યારે તે ડોશી બોલ્યા જે "હે મહારાજ ! મેં રેંટીયો કાંતીને પૈસા કર્યા ને તેનાં ઘી ખીચડી લીધાં તે મારું રાંડી રાંડનું બગાડશો ?" ત્યારે મહારાજે સર્વે સંત તથા કાઠી સ્વારોને જમવાની આજ્ઞા કરી ત્યારે તે સર્વે બોલ્યા જે "હજુ દાતણ કર્યા નથી ને નાયા નથી ને પૂજા કરી નથી તો કેમ જમાય ?" ત્યારે મહારાજ કહે "અમારે વચને કરીને જમો તેમાં તમને બાધ નથી ત્યારે સહુ સંત પાર્ષદો જમવા બેશી ગયા ને મહારાજે પીરસીને ખીચડી તથા શાક સર્વેને જમાડી દીધાં ત્યારે તે ડોશી બોલ્યાં જે "હવે આ રહ્યો મારગ સુખેથી પધારો" પછી મહારાજ તથા સંત સર્વે ચાલતા થયા.
*(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૩૩)*

## ધમડકામાં ૪ શેર ઘી પીધું

એકવાર શ્રીજીમહારાજ ગામ ધમડકે પધાર્યા ને દરબાર રાયધણજીને ઘેર ઉતર્યા પછી દરબારે ઢોલિયો ઢાળી દીધો તે ઉપર મહારાજ વિરાજમાન થયા પછી રાયધણજીના પિતા લાધાજી તથા તેના ભાઇઓ અને ગામનાં બીજાં માણસો તે સહુ આવીને મહારાજને પગે લાગીને આગળ બેઠાં પછી રાયધણજીએ મહારાજને કહ્યું કે "શ્રીકૃષ્ણ તો નાના હતા ને તેણે કંસાદિક દૈત્યોને શી રીતે માર્યા હશે ?" ત્યારે મહારાજે પુછયું જે તમારે તેનું પારખું જોવું છે ?" ત્યારે તે કહે "હા મહારાજ" પછી તેને કહ્યું "તમે અમારું આ કાંડું પકડો" એટલે દરબાર રાયધણજીએ પોચે પોચે હાથે મહારાજનું કાંડું પકડ્યું ત્યારે મહારાજે કહ્યું "બરાબર પકડો" ત્યારે તે દરબારના

બીજા ભાઈએ કહ્યું "હે મહારાજ એ આપનું કાંડુ બરોબર પકડશે તો તે ખડી જાશે એતો બહુ બળિયો છે ત્યારે મહારાજ કહે કાંઈ ચિંતા નહિ બરાબર પકડો" એમ કહીને મહારાજે પોતાનું હાથનું કાંડુ રાયધણજી પાસે બરોબર પકડાવ્યું પછી મહારાજે પોતાનો હાથ અધર કરીને તે દરબારને પોતાની બગલમાં લઈ લીધા ને એવી ભી દીધી કે રાયધણજીને મુર્છા આવી ગઈ પછી તેને ભોંયે સુવરાવી દીધા ત્યારે તેના ભાઈ રામસિંહજી તથા કલ્યાણસિંહજી આદિક બોલ્યા જે "હે મહારાજ આ તો બહુજ ખોટું થયું" એમ કહીને બહુ પ્રાર્થના કરી ત્યારે મહારાજે તેના શરીર ઉપર હાથ ફેરવીને તેને બેઠા કર્યા પછી તે બોલ્યા જે "હે મહારાજ મારા હાડકાં તો ચૂરેચૂરા થઈ ગયાં હતાં ને હું તો મરણ પામ્યો હતો પણ તમે મને દયા કરીને બેઠો કર્યો માટે હે મહારાજ તમે તો જરુર ભગવાન છો ને તમારી સાથે હસવા રમવા જેવું નથી. હું તો તમારી દયાથીજ જીવતો થયો છું" પછી બીજે દિવસે રાયધણજીને અંતરમાં સંકલ્પ થયો જે "શ્રી કૃષ્ણ ભગવાને પુતનાને ધાવીને તેનાં પ્રાણ હરિ લીધાં હતાં તે કેવી રીતે હર્યા હશે ?" ત્યારે મહારાજે તેને કહ્યું "એક ઘીની તાંસળી ભરીને લાવો" ત્યારે તે ચાર શેર ઘીની તાંસળી ભરી લાવ્યા ને તે મહારાજને આપી તે મહારાજ પી ગયા ને તાંસળીને તદન કોરી ઉટકેલી જેવી કરી દીધી તે જોઈને દરબાર બોલ્યા જે "હે મહારાજ ! આ તમે શું ચરિત્ર કર્યુ ?" તમે અમને ઘીની તાંસળી પીવા આપી એમ જાણીને અમે તે પી ગયા ત્યારે દરબાર કહે "પણ મહારાજ ! જરાક પ્રસાદી તો રાખવી હતી તાંસળીમાં જરાય ચિકાશ પણ રહેવા દીધી નથી !" ત્યારે મહારાજે કહ્યું "જેમ એ તાંસળીમાંથી ઘી પીતાં તેમાં ચીકાશ પણ રહી નહિ તેમ શ્રીકૃષ્ણ ભગવાને પુતનાને ધાવતાં તેના પ્રાણ પણ ચૂશી લીધાં હતા" તે સાંભળીને રાયધણજીને એમ થયું કે "આતો મહારાજે મારા મનનો સંકલ્પ જાણી લઈને તેનું સમાધાન કરવા આ ચરિત્ર કર્યું" એમ જાણીને તે તથા બીજાં સહુ માણસો બહુ આશ્ચર્ય પામ્યાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૩૯)*

## દોઢ મણ કેરી ગામડી ગામમાં જમ્યા

શ્રીહરિ ગામડી પધારેલાને વૈશાખ માસમાં કેરીઓ બહું થયેલી તેથી ગામડીનાં લાલદાસભાઈ પટેલનો પ્રેમ જોઈને શ્રીહરિ દોઢમણ કેરી અનુમાને જમી ગયા અને લાલદાસભાઈને શ્રીહરિએ પ્રસાદી આપી. આવી દિવ્ય લીલા શ્રીહરિએ ગામડી ગામમાં કરી છે. હાલ ત્યાં સ્મૃતિ માટે છત્રી બનાવીને ચરણારવિંદ પધરાવ્યા છે.

## સુતરફેણી જમ્યા

વળી એક વખત વડતાલમાં એક હરિભક્ત ખંભાતથી સુતરફેણીનો ડબો લાવ્યા, અને શ્રીજીમહારાજની આગળ મૂક્યો. પછી તેણે તે ડબામાંથી સુતરફેણી કાઢીને એક થાળમાં શ્રીજીમહારાજને જમવા આપી. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે આ સુતરફેણી તો અમને ગોવર્ધન શેઠ જમાડશે તો જમીશું. એટલે ગોવર્ધનભાઈ હાથ પગ ધોઈને મહારાજ સાથે એકતા કરીને એ સુતરફેણી જમવા બેઠા. વચમાં મહારાજશ્રીને પૂછે જે હવે વધારે સુતરફેણી જોઈશે ? ત્યારે મહારાજ કહે : તમારી ઈચ્છા હોય તો લાવો. એવી રીતે ગોવર્ધનભાઈએ ચૌદ શેર સુતરફેણી શ્રીજીમહારાજને જમાડી. પછી શ્રીજીમહારાજ કહે : ગોવર્ધન, હવે તું સુતરફેણી જમ. ત્યારે શેઠ કહે : મહારાજ, મેં તો હજુ દાતણ કર્યું નથી. દાતણ કરી નાહી પૂજા કરીને હું તો જમીશ. એમ કહી દાતણ કરવા બેઠા અને મહારાજ થાળ જમવા પધાર્યા ત્યારે બોલ્યા જે આજે અમે તો ગોવર્ધનભાઈને હાથે બહુ સુતરફેણી જમ્યા; હવે અમને ભૂખ નથી. ગોવર્ધનભાઈ તો પોતાની આહ્નિક ક્રિયા કરીને બ્રહ્મચારીને રસોડે સારી રીતે જમ્યા. આવી ગોવર્ધનભાઈ અને શ્રીજીમહારાજને એકતા હતી.



# દીધા દૃષ્ટિના દાન

## મૂળજીભાઈને ચશ્મા વિના દેખતા કર્યા

એક દિવસ મૂળજી શેઠ ગઢડા ગયા હતા ને મહારાજને કાગળ લખવો હતો. તે ચશ્માં ચડાવીને કાગળ લખવા બેઠા ત્યારે મહારાજ બોલ્યા જે, "મૂળજી, તું ચશ્મા કેમ નાખે છે ?" ત્યારે મૂળજી શેઠ કહે, મારે ચશ્મા આવ્યા છે, તે નાંખ્યા વગર સારું દેખાતું નથી." ત્યારે મહારાજે પોતાને હાથે કરીને ચશ્માં કાઢી લીધાં. ને કહ્યું જે, "હવે કેવું દેખે છે ?"ત્યારે મૂળજી શેઠ કહે, "હવે ઝાંખુ દેખું છું. ચશ્માં જેવું નથી દેખતો." પછી વળી પોતાને હાથે ચશ્માં નાંખીને પૂછ્યું જે, "હવે કેવું દેખે છે. ત્યારે મૂળજી શેઠ કહે, " હે મહારાજ ! હવે બહુ ઝાંખુ દેખું છું." ત્યારે વળી મહારાજે પોતાને હાથે ચશ્મા તાણી લઈને પૂછ્યું જે, "હવે કેવું દેખે છે. ?"ત્યારે મૂળજી શેઠ કહે, કે મહારાજ ! હવે તો બહુ સારુ દેખું છું." ત્યારે મહારાજે કહ્યું જે, "હવે કોઈ દિવસ ચશ્માં નાંખીશ નહીં. આવું સારું ને સારું દેખાશે." એમ કહીને ચશ્માં પોતાના ગાદલા હેઠે મેલ્યાં. તે મૂળજી શેઠની નેવું વરસની અવસ્થા થઈ પણ છેટેથી અક્ષર વાંચે એવીને એવી આંખો તેજાળી રહી. એવી રીતે મહારાજે પ્રતાપ દેખાડ્યો. *(લીલાચરિત્રની વાતો, વાર્તા-૨૨)*

## મૂળજીભાઈની સ્ત્રીનો અંધાપો દૂર કર્યો

સંવત ૧૮૮૬ની સાલમાં શ્રીજીમહારાજ ગામ શ્રીલીમલીમાં મૂળજીભાઈને ઘેર પધાર્યા હતા. તે ફળિયામાં ઢોલિયા ઉપર મહારાજ બિરાજતા હતા. અને મૂળજીભાઈની દિકરીઓ મહારાજ સારું રસોઈ કરતી હતી. ને મૂળજીભાઈની વહુ (લાધીબાઈ) આંખ્યે આંધળા હતા. તે પાણીનો કળશિયો લેવા ઘરમાંથી બારા નીકળ્યા તેને દેખીને મહારાજ બોલ્યા જે "મૂળજી આ સ્ત્રી કોણ છે ?" ત્યારે તે બોલ્યા જે, "મારા ઘરનું મનુષ્ય છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "દેખતી નથી કે શું ?" ત્યારે મૂળજી બોલ્યા જે, "નથી દેખતી." ત્યારે મહારાજ કહે, "આ તો બહુ ખોટુ. કેમ કે સ્ત્રીનો અવતાર તેને દેહની ક્રિયા કરવી પડે તે બહુ કઠણ." ત્યારે મૂળજી બોલ્યા જે, "હે મહારાજ ! એ કાંઈ અમારા હાથમાં છે ?" જેમ ભગવાનની મરજી હશે તેમ કર્યું હશે. જગતમાં ઘણાં આંધળા હોય છે. તે પણ પોતાની દેહ ક્રિયા કરે છે; ક્યાં જાય?" ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, કંઈક દેખાય તો સારુ." ત્યારે મૂળજી બોલ્યા જે, "હા મહારાજ, દેખાય તો ઘણું સારું." ત્યારે તે સ્ત્રી ઘરમાંથી મૂળજીભાઈ પ્રત્યે બોલીજે, "આંહી આવો." ત્યારે તે ઘરમાં ગયા. ત્યારે તે પ્રત્યે તે સ્ત્રી એમ બોલી જે, "મને તો બધુંયે દેખાય છે. ત્યારે તે મૂળજીભાઈએ મહારાજ પાસે બહાર આવીને એમ કહ્યું જે,

"એને દેખાવા માંડ્યું." ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "જીવત્પર્યંત દેખશે." તે તેને જીવત્પર્યંત દેખાણું. *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા-૭, લીલાચરિત્રનીવાતો, વાતો વાર્તા-૨૪)*

## દેવળિયાના દેવીસંગને દેખતો કર્યો

સાંઢવાળાથી ચાલેલા મહારાજ, જે ગરાસિયો મહારાજને બંધીખાને નાંખવાની બડાસ મારતો હતો તેના ગામ દેવળિયાને રસ્તે ચાલ્યા ત્યારે લોકો કહેવા મંડ્યા કે "જો તમે દેવળિયાના દેવીસંગને ત્યાં જશો તો તે તમને બંદીખાને નાખશે માટે જશો નહિ, ત્યારે બીકણ બ્રહ્મચારી બોલ્યા કે, "આપણે અહીંથી પાછા વળી જઈએ." ત્યારે મહારાજ બોલ્યા કે, "તમને બહુ બીક લાગતી હોય તો આવશો નહિ, અમે તો એકલા જઈશું." એમ કહીને પોતે ઉતાવળા ચાલીને તે ગામ ગયા અને દરબારમાં જઈને "દરબાર ક્યાં છે ?' એમ પૂછ્યું. ત્યારે કોઈએ કહ્યું કે, "એ તો કચેરીમાં છે ? એટલે મહારાજ કચેરીમાં જઈને ઊભા રહ્યા." ત્યારે દેવીસિંહે પૂછ્યું કે "તમે કોણ છો ?" ત્યારે મહારાજે કહ્યું કે "અમે તો સ્વામિનારાયણ ભગવાન છીએ પરંતુ તમારૂ શું નામ છે ? ત્યારે તે બળથી બોલ્યો કે હું તો સચ્ચિદાનંદ બ્રહ્મ છું ત્યારે મહારાજે કહ્યું કે, "ચિત્ શબ્દ તો પ્રકાશ વાચક છે. તે તમે તમારા અંગમાંથી દેખાડો, નહિ તો અમે દેખાડીએ" એમ કહીને તત્કાળ અતિ પ્રકાશ દેખાડ્યો, તેથી બધો દરબાર તેજ તેજ થઈ ગયો અને તે આંધળો હતો પણ દેખતો થઈ ગયો. એમ થોડી વાર પ્રકાશ દેખાડીને મહારાજે કહ્યું કે, "આ પ્રકાશને હવે સંકેલી લ્યો," ત્યારે તેણે કહ્યું કે, મારાથી સંકેલાશે નહિ, તમે સંકેલી લ્યો.' ત્યારે મહારાજે તે તેજ ક્ષણમાં સંકેલી લીધું. પછી દેવીસિંહ બોલ્યા કે, "આ સ્વામિનારાયણને બંગલામાં ઉતારો આપો અને સાકરનાં સીધાં આપો." સાધુને તૈયાર કરાવે છે. એટલાકમાં બ્રહ્મચારી આવી ગયા. એટલે બન્ને ગુરુ શિષ્ય બંગલામાં ઉતર્યા. બ્રહ્મચારીએ રસોઈ તૈયાર કરતાં બન્ને જમવા બેઠા. તે વખતે મહારાજે બ્રહ્મચારીને કહ્યું કે, તમે તો બંદીખાને નાખવાનું કહેતા હતા, પણ આ તો સાકરનાં સીધાં મળ્યાં, તે આપણે જમ્યા. ત્યારે તે બોલ્યા કે, તમે તેને, "કાંઈક ચમત્કાર દેખાડ્યો હશે ત્યારે તેણે સીધાં આપ્યા હશે." એમ વાતો કરતા થકા ત્યાં રાત્રિ રહ્યા. આ રીતે એ ગરાસિયાને તેજ દેખાડ્યું તો પણ ભગવાનપણાનો બરાબર નિશ્ચય થયો નહિ. તેથી તેણે સો જણને જુદા જુદા પ્રશ્નો શીખવાડીને તૈયાર કરીને મહારાજને બોલાવવા માટે માણસને મોકલ્યો. ત્યારે મહારાજે કહેવરાવ્યું કે "તમારે જેટલા પ્રશ્નો પૂછવા હોય તેટલા તૈયાર કરી રાખજો અમે આવતી કાલે સભામાં આવીશું." પછી બીજે દિવસે મહારાજ સભામાં પધાર્યા ત્યારે સો પ્રશ્નો સો જણાએ એક સાથે પૂછ્યા. તે સમયે મહારાજે પોતાની

શક્તિથી સો સ્વરુપે થઈને સર્વેના પ્રશ્નોના ઉત્તરો એકસાથે આપ્યા. આ આશ્ચર્યને જોઈને, તે સર્વેને દૃઢ નિશ્ચય થયો કે, ''આ સ્વયં ભગવાન્ પુરુષોત્તમ છે'' પછી એમનો દૃઢ આશ્રય કરીને પ્રગટ મહારાજનું ભજન કરતા થયા. આ રીતે આ ગામમાં પોતાનું અલૌકિક અદ્ભુત ઐશ્વર્ય દેખાડીને ત્યાં ત્રણ દિવસ રહીને ચાલ્યા તે ગામ ભાદરા થઈ ખોલડીયાદ થઈને માણાવદર પધાર્યા. *(સદ્. શ્રી અદ્ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૨૨)*

## મૂળો જમાડીને મૂળા ભક્તને દેખતો કર્યો

એક દિવસ શ્રીજીમહારાજ ઉનાળાની ઋતુમાં અક્ષરઓરડીમાં પોઢ્યા હતા તે સવારમાં જાગી, બહિરભૂમિયે જઈને આવીને ગંગાજળીયા કૂવા પાસે ઓટા ઉપર ઉગમણે મુખારવિંદે બેઠા. પછી હાથ ધોઈ સુંદર કોમળ દાતણ કરીને નાયા ને શ્વેતવસ્ત્ર પહેરી, ચાખડી ઉપર ચડીને અક્ષરઓરડીમાં પધાર્યા ને જરાવાર બેઠા પછી મસ્તક ઉપર ધોળીપાઘ મેલીને સુંદર ઝીણો ને હલકો ખેસ ઓઢ્યો ને ચાખડીઓ ઉપર ચડી જીવુબાના ઉગમણા બારના ઓરડાની ઓશરીયે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. તેવામાં જીવુબાઈએ દૂધની તાંસળી ભરીને માંહી સાકર નાખી બ્રહ્મચારી સાથે મોકલી તે મહારાજે દૂધ પાન કર્યુ તે દૂધનો મહારાજને ઉપલે હોઠે દોરો પડી રહ્યો તે વખતે મહારાજનાં જેણે દર્શન કર્યા તેનાં મન મહારાજની મૂર્તિમાં તણાઈ ગયાં ને અંતરમાં બહુ આનંદ થયો. પછી બ્રહ્મચારીએ કોગળા કરાવીને મુખવાસ આપ્યો જમીને મહારાજ લક્ષ્મીવાડીયે પધાર્યા ને ત્યાં ડભાણિયા આંબા પાસે ઓટા ઉપર બિરાજમાન થયા તેવામાં વાડીમાંથી હરજીભાઈ, ઉકોભાઈ તથા મૂળો ભક્ત એ ત્રણેય આવી મહારાજને પગે લાગ્યા ને હારતોરા ધરાવ્યા પછી મૂળા ભક્તે એક સુંદર ભારે કૂણો મૂળો મહારાજના હાથમાં આપ્યો તે મૂળો જોઈને મહારાજ રાજી થયા ને મૂળાનાં વખાણ કર્યા ત્યારે મૂળા ભક્તે કહ્યું જે 'મહારાજ ! વાડીમાં એવા મૂળા બહુ થયા છે પણ સાધુ જમતા નથી' ત્યારે મહારાજ કહે 'સાધુ શા સારુ ન જમે ? આ મૂળા તો એવા છે જે જે માણસ રાંતે ન દેખતો હોય તે આ મૂળા જમે તો દેખતો થાય એવા છે' ત્યારે મુળો ભક્તો કહે 'મહારાજ ! મને રાતે થોડું દેખાય છે' ત્યારે મહારાજે તે ભક્તને મૂળો આપ્યો ને કહ્યું જે 'આ મૂળો જમજે એટલે રાત્રે બરોબર દેખાશે' પછી મહારાજે બીજા મૂળા મંગાવ્યા ને ધોવરાવી કડબ ઉપર નખાવ્યા ને સુધારવા માંડ્યા ને રંગેડો મગાવ્યો ને લાધા ઠક્કરને ઘી લાવવાનું કહ્યું ત્યારે લાધો ઠક્કર કહે 'ઘી નું શું કામ છે ?' ત્યારે મહારાજ કહે 'શાક તો તેલમાં વઘારાય ત્યારે સારું થાય' ત્યારે મહારાજ કહે 'તું તો લોભિયો છે તે લાવતો નથી' પછી લાધો ઠક્કર કહે 'મહારાજ આ સાધુને પૂછી જુઓ જો ઘી માં શાક સારું થાય તો ઘી લાવું ને તેલમાં સારું થાય તો તેલ લાવું' ત્યારે મહારાજ

કહે 'તેલ લાવો' પછી લાધો ઠક્કર તેલ લાવ્યા. એટલે રંગેડો ચુલા ઉપર મુકી, તેલે કરીને મહારાજે પોતે મૂળાનું શાક વઘાર્યું. પછી હેઠે તાપ કરાવ્યો ને મહારાજ ઓટા ઉપર બિરાજ્યા ને દરબારમાં માણસ મોકલીને કહેવરાવ્યું જે 'મહારાજ બાજરાના રોટલા મંગાવે છે તે ઝટ મોકલાવજો' પછી મહારાજે ઉભા થઈ શાક તપાશ્યું ને કહે 'હજુ કાચા છે તાપ કરો' એ રીતે ત્રણ વાર તાપ કરાવ્યો ને ત્રણવાર શાક તપાશ્યું. પછી ચડ્યું ત્યારે હેઠું ઉતરાવ્યું. તેટલામાં દરબારમાંથી રોટલા આવ્યા ને મહારાજ આગળ મૂક્યા. તેમાંથી મહારાજે એક રોટલો લઈ તે ઉપર મૂળાનું શાક મૂક્યું. તેમાંથી અરધો રોટલોને શાક જમ્યા ને બાકીની પ્રસાદી વાડીવાળાને આપી. પછી ચળુ કરી મુખવાસ જમ્યા ને સાધુ પાળાની પંક્તિ થઈ તેને મહારાજે રોટલા ને શાક આપ્યું ને જમવાની આજ્ઞા કરી એટલે સૌ જમવા મંડ્યા ને જમતાં જમતાં સાધુએ શાક બહુ વખાણ્યું જે 'મહારાજ ! આવું-સ્વાદુ શાક કોઈથી થાય નહિ એતો તમારા હાથથી જ થાય' પછી મહારાજે સારી પેઠે તે ભાજી પંક્તિમાં ફેરવીને સાધુ પાળા પણ સારી પેઠે જમ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૮૮)*

## શ્રીહરિએ વડોદરામાં જન્માંધને દેખતો કર્યો

"શ્રીસ્વામિનારાયણ પાછા પધારવાની તૈયાર કરે છે, તેમનાં દર્શને સર્વે લોકોએ આવવું એવો ઢંઢેરો શહેરમાં તથા ફરતાં ગામોમાં પિટાવી જાહેર કર્યું તેથી શહેરનાં અને આજુબાજુનાં સર્વ માણસો દર્શન સારુ સાવધાન થઈ ગયાં. મુકામ ઉપર પણ ચારે તરફથી અપાર માણસો નદીના પૂરની પેઠે આવી ભરાઈ ગયાં. ત્યાં અનેક પરચા અને ચમત્કાર થવા લાગ્યાં. શ્રીજીમહારાજનાં દર્શન કરનારા ઘણા લોકોને સમાધિ થઈ જાય છે, તેથી અનેક ધામ અને અનેક મૂર્તિઓનાં દર્શન થાય છે. ઘણાના સંકલ્પ સત્ય થાય છે. ઘણાંને ધારેલાં કાર્ય સિદ્ધ થાય છે. એવામાં ત્યાં આવેલો એક ગરીબ મયારામ નામે શ્રીગોડ બ્રાહ્મણ શ્રીજીમહારાજને નમસ્કાર કરીને બોલ્યો : હે મહારાજ, મારો મોટો ભાઈ જન્મથી બે પગે લુલો છે અને વળી પંદર વર્ષથી બે આંખે આંધળો થયો છે, તેથી ઘરમાં પડી રહે છે. તેનું હું જ્યાં ત્યાં ભિક્ષાવૃત્તિ કરી પોષણ કરું છું. તેણે ખબર જાણી છે કે સાક્ષાત્ પરમેશ્વર શ્રીસ્વામિનારાયણ અહીં પધાર્યા છે, તેમનાં દર્શન બધું જગત કરે છે. પણ હું પાપી અભાગિયો રહી ગયો છું માટે મને તેણે કહ્યું કે ભાઈ, તું જઈને એ શ્રીસ્વામિનારાયણ ભગવાનની પ્રાર્થના કરજે. જો એ શ્રીસ્વામિનારાયણ ભગવાન હશે તો મને દર્શન આપી પાવન કરશે. તે વાત સાંભળી મહાકૃપાળુ શ્રીજીમહારાજે પ્રસન્નપણે પોતાના હાથમાં એક ચંપાનું પુષ્પ હતું તે સભામાં ઊંચું ફેંક્યું કે તે ત્યાં જ અદૃશ્ય થઈ ગયું અને પછી તરત બોલ્યા કે જુઓ, પેલા છે. માણસોની ભીડમાં ઊભા રહી દર્શન

કરે છે તે તમારા ભાઈ હોય તો ઓળખો. ત્યારે તેણે પાછા વળી સામું જોયું તો ત્યાં તો તેને ઓળખીને અતિ આનંદમાં બોલ્યો કે એ જ મારો ભાઈ, ઓ ભગવાન, ઓ પરમેશ્વર, ઓ શ્રીસ્વામિનારાયણ, આપે એક ક્ષણમાં શો અતિ અદ્ભુત ચમત્કાર કર્યો ! ઓ ભાઈ, આ શી રીતે થયું તે કહો.

પછી તે બોલ્યા : મને કાંઈ ખબર નથી. તમે મારી પાસેથી ગયા કે થોડીવાર પછી મારા ઉપર આ ચંપાનું પુષ્પ પડ્યું કે આ મારા હાથમાં મેં લીધું છે, અને આ પુષ્પ જ જાણે શ્રીસ્વામિનારાયણ હોય એમ એના સ્પર્શથી જ હવે મારી બેય આંખોએ ચોખ્ખું દેખાય છે, પગે પણ દરદ મટી જઈ સારી પેઠે ચલાય તેવું થઈ ગયું છે. એ રીતે મને આ પુષ્પથી સર્વ વાતે સુખ થઈ ગયું છે. આ પુષ્પના પ્રતાપથી જ હું અહીં આવીને ઊભો છું, પણ શી રીતે આવ્યો તેની મને ખબર નથી. આ સભા મધ્યે ઊંચા સિંહાસન ઉપર સાક્ષાત્ શ્રીસ્વામિનારાયણ ભગવાન બિરાજમાન છે તેમનાં દર્શન કરું છું. આ ચમત્કારી પુષ્પમાં એ શ્રીસ્વામિનારાયણનું જ દૈવત મને જણાય છે. અને આ સર્વ સભામાં બેઠા છે તે સર્વે મુક્તમાં અપાર ઐશ્વર્ય જણાય છે. એમ કહી અતિશે આનંદ પામી તે સોમેશ્વર તથા મયારામ એ બે ભાઈઓ હાથ જોડી શ્રીજીમહારાજની ઘણી સ્તુતિ કરી અને વર્તમાન લઈ સારા ઉત્તમ સત્સંગી થયા. તેમને બેય ભાઈને શ્રીજીમહારાજે બે પોશો ભરીને રૂપિયાની દક્ષિણા આપી. પછી તે ચંપાના પુષ્પનાં અને દક્ષિણામાં મળેલા રૂપિયાનાં બંને ભાઈઓ પૂજા-દર્શન કરતા; તેથી વહેવારે સુખી થયા.

## ગઢપુરમાં શ્રીહરિએ માલી ડોશીને દેખતી કરી

અને તે દિવસ બપોરે મહારાજને સારુ માલી ડોશીએ બ્રહ્મચારી પાસે ચૂરમાની રસોઈ કરાવી. ને મહારાજ તેને ત્યાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ધાબળી ઉપર બેસી જમ્યા. તે વખત ઉત્તમરાજાએ કહ્યું જે, “આના ધણી એ જલૂ જાતના કાઠી હતા. તેણે અમારા ગરાસ સારુ માથાં આપ્યાં છે.” પછી મહારાજ બોલ્યા જે, “એનાં માથાં આપેલાં તે આજ લેખે આવ્યાં.” પછી એ ડોશી આંખે ભાળતી નહીં. તેણે પોતાનો ધણી, જેઠ અને દેર એ ત્રણેને નજરે ભાળ્યાં ને તે ત્રણેને ચતુર્ભુજ થઈ વૈકુંઠલોકની પ્રાપ્તિને પામ્યા એવું નજરે જોયું. ને એ માલી ડોશી આંધળી હતી, તે મટી ગઈ ને દેખતી થઈ. *(શ્રીજીમહારાજનાં ચરિત્રો)*


## ગઢપુરમાં તેજા ઠક્કરના દીકરા ડાયાને આંખે સુવાણ થઈ

એક સમે તેજા ઠક્કરનો મોટો દીકરો ડાયો તેને શીળી નીકળી, તેમાંથી આંખો ગઈ. પછી શ્રીજીમહારાજ જોવા પધાર્યા, તે ઢોલિયો પાથર્યો તે ઉપર શ્રીજી બેઠા ને ડાયાને જોઈને

બોલ્યા જે, ‘‘કાંઈ ફીકર રાખશો નહીં. દેખતા કરતાં પણ ખબડદાર થાશે ને હવે આંખે પાટા બાંધશો નહીં.’’ એમ કહી ડાયાને માથે હાથ મૂક્યા ને મહારાજ દરબારમાં પધાર્યા. પછી ડાયાને આંખે સુવાણ થઈ. આંખે દેખે નહીં, પણ એકલો ગામમાં જાય ને રૂપિયામાંથી ખોટા રૂપિયા કાઢી નાંખે ને વેપારમાં ઘણો હોશિયાર, કોઈથી છેતરાય નહિ એવો થયો હતો. *(શ્રીજીમહારાજનાં ચરિત્રો)*

## શ્રીહરિએ ગઢપુરમાં આંધળી ડોશીને દેખતી કરી

તે વખતે તેની ડોસી મેલા મનવાળી, ખરાબ સ્વભાવની અને દેવીની ભગત હતી અને આંધળી હતી. તેને એમ થયું કે ‘‘આપણે માતાના ભક્ત છીએ અને સ્વામિનારાયણને આંહીંયાં પધરાવ્યા, એ ઠીક ન ક્યું.‘ મહારાજે તેમનું કલ્યાણ કરવા તેમની દેવીનાં દર્શન કરાવ્યાં. અને ત્યાં તો તેની દેવી મહારાજ પાસે નાચ કરતાં ભાળી. પછી તે ડોસી કહે છે, ‘‘મહારાજને આંહીં બોલાવો.’’ પછી મહારાજનાં તેને દર્શન થયાં અને ડોસી વર્તમાન ધારી શરણાગત થઈ. એવું તે જગ્યાએ ચરિત્ર કર્યું. *(શ્રીજીમહારાજનાં ચરિત્રો)*



# શ્રીહરિની મનુષ્ય લીલા

## પ્રભુની ચાલ જોઈને નિશ્ચય

ભગવાનપણાનો નિશ્ચય થયો. સંવત ૧૮૬૦માં મૂળજીભાઈ કારિયાણીથી મહારાજને મેમકે તેડી લાવ્યા ને ભેળા મુક્તાનંદસ્વામી આદિક થોડાક સાધુ હતા. ને તે મૂળજીભાઈને મેથાણના પટેલ અજોભાઈ જે પૂર્ણાનંદસ્વામી તથા ગામ રામગરીના નરોનારાયણાનંદસ્વામી તેમણે આગળથી એમ કહ્યું હતું કે, જ્યારે તમારે ગામ સ્વામિનારાયણ આવે ત્યારે અમને ખબર કરજો , એટલે અમે પણ ત્યાં દર્શન કરવા આવીએ.'', પછી જ્યારે મહારાજને મેમકે તેડી લાવ્યા ત્યારે મહારાજનાં દર્શન કરવા સારુ મેથાણથી તથા ગામ રામગરીથી તે બે જણને તેડાવ્યા. ને તે આવ્યા તે સમે મહારાજ મેમકાની નદીમાં કૂવો છે, ત્યાં નાવા ગયા હતા. ને તે સમયમાં મહારાજ મીંઢીઆવળ ને મરચાં ભેળાં વટાવીને ગોળો કરીને જમીને તેનો રેચ લેતા ને કેટલાક જનને સમાધિ કરાવતા; એવું પ્રકરણ હતું. તે બે-ત્રણ જણ સમાધિ કરીને ત્યાં સૂતા હતા. ને શ્રીજીમહારાજ બહિર્ભૂમિએ જઈને પલાશિના જાળામાંથી આવતા હતા. ને મુક્તાનંદસ્વામી બેઠા હતા ત્યાં એ બે જણ આવ્યા. તેમાં પૂર્ણાનંદસ્વામીને મહારાજની ચાલ જોઈને નિશ્ચય થઈ ગયો. અને તે એમ બોલ્યા જે, ''આ જરૂર ભગવાન છે. કેમ કે, આવી ચાલ ભગવાન વિના મનુષ્યની હોય નહીં.'' ને પછી નરોનારાયણાનંદસ્વામી સમાધિવાળાને જોઈને એમ બોલ્યા જે, ''અખેલ એમ કહ્યું છે જે, બીજાનાં નાડી-પ્રાણ જીવથી ન ખેંચાય' માટે આ ભગવાન છે.'' ત્યારે પૂર્ણાનંદસ્વામી બોલ્યા જે, ''બીજાનાં નાડી પ્રાણ ખેંચે વા ન ખેંચે પણ જરૂર આ ભગવાન છે.'' એમ નિશ્ચય કરીને તે બેય જણે વર્તમાન ધાર્યા, ને થોડાક દિવસ ત્યાં રહીને પોતાને ગામ ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૯)*

## ચાલ જોઈને ઓળખી ગયો ને ઘી ના રેગાડા ચાટ્યા

અને તે બ્રાહ્મણે ગોવિંદરામને જગાડીને મહારાજ આવે છે, એ વાત કહી. ગોવિંદરામ મહારાજ સન્મુખ જઈને મહારાજને તેડી લાવ્યા ને પોતાના ઘરમાં મહારાજને છાના રાખ્યા. ને પછી તે બારણું પાડીને વાડામાં નાવા-ધોવાનું ને બેસવા-ઉઠવાનું કર્યુ. ને કોઈને એ વાત કહી નહીં, પણ ગુનેહને (દૈવયોગે) પૂંજાજીને ખબર પડી કે, મહારાજ ગોવિંદરામના ઘરમાં છાના રહ્યા છે. પછી પુંજોજી ગોવિંદરામને ઘરે આવ્યા ને કમાડ વાંસ્યું હતું, તે ગોવિંદરામને કહ્યું જે, ''ગોવિંદરામ કમાડ ઉઘાડો.'' ત્યારે ગોવિંદરામ બોલ્યા જે, ''હું તો રોટલા જમવા બેઠો છું.'' ત્યારે પૂંજોજી ઓસરીમાં બેઠા. ને બેઠા બેઠા એમ બોલતા હતા જે, ''અરેરે ! વર્ષાંતે

દગો દીધો, ને વરસ્યો નહિ; ને ભગવાન પણ અમારા ઉપર કુરાજી થયા, તે અમારે ઘેર ન આવ્યા. હવે અમારી શી વલે થાશે !'' એમ કહીને પોક મેલીને રોવા લાગ્યા.

પછી મહારાજ કહે, ''ઉઘાડો ઉઘાડો.'' પછી ગોવિંદરામભાઈએ કમાડ ઉઘાડ્યું. ત્યારે પૂંજાજી ઘરમાં આવ્યા, ને મહારાજને દંડવત કરીને પગમાં પડીને અતિશે રોવા લાગ્યા. ત્યારે મહારાજ કહે, ''હવે શું કરવા રોવો છો ? પ્રથમ અમે કાગળ લખ્યો હતો, તે કાગળમાં એમ લખ્યું હતું જે, ઘોડા વેચીને, ઢોરાં વેચીને, ઘરેણાં વેચીને, ઘર વેચીને પણ દાણા લેજો . તે તમે અમારો કાગળ માન્યો નહીં.'' ત્યારે પૂંજાજી એમ બોલ્યા જે, ''તમારો કાગળ અમે વાંચીને મૂળજીભાઈને પૂછ્યું જે, ઘોડા વિના ને ઢોર વિના કેમ ચાલે ?'' ત્યારે મૂળજીભાઈએ કહ્યું જે, ''મહારાજ તો ભગવાન છે તે લખે, પણ આપણે તો વ્યવહારમાં જેમ ઘટે તેમ કરવું.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''મૂળજીના માન્યા ને હમારા ન માન્યા. ને બીજા તો રામપાત્ર લઈને માંગશે ત્યારે પેટ ભરાશે, ને તું તો કુંડુ ગળે બાંધીને માગીશ તોય પણ તારું પેટ નહિ ભરાય.''

પછી પૂંજોજી બોલ્યા જે, ''મહારાજ ! હવે જે પ્રકારે અમે કાળ ઊતરીએ એ ઉપાય બતાવો.'' ત્યારે મહારાજ કહે, ''તમારે ગાડુંબળદ છે ?'' ત્યારે પૂંજાજીએ કહ્યું જે, ''હા, અમારે ગાડું-બળદ છે.'' ત્યારે મહારાજ કહે, ''તમે ગાડું-બળદ લઈને જેતલપુર જાજો. ત્યાં રામદાસભાઈ છે, તેને મળજો. ને ત્યાંથી જાર વેચાતી લઈને ગાડું ભરીને આંહીં આવીને વેચજો. એમ ચાર-પાંચ ફેરા કરશો એટલે તમારું ગુજરાન થાય એટલો લાભ રહેશે, ને સુખે તમે કાળ ઊતરશો.''

પછી પૂંજાજી બોલ્યા જે, ''મહારાજ ! અમારે ઘરે પધારો.'' ત્યારે મહારાજ કહે, ''આજ અરધી રાત્રિએ આવીશું.'' પછી પૂંજોજી પોતાને ઘેર ગયા. પછી અરધી રાત્રિ થઈ ત્યારે મહારાજ તથા ગોવિંદરામ એ બે સાબદા થઈને ચાલ્યા. તેમાં મહારાજ દેવરામની પાઘડી તથા દેવરામનું અંગરખું તથા તેમનું ધોતિયું પહેરીને તથા દેવરામનું ઉત્તરીય વસ્ત્ર ખભે નાખીને ગોવિંદરામને જોડાજોડ ચાલ્યા.

તે બજારમાં બે-ત્રણ વાણિયા દીવો કરીને નામું લખતા હતા. તેમાં એક વાણિયો એમ બોલ્યો જે, ''આ ગોવિંદરામ ને દેવરામ જાય. તેમાં લૂગડાં તો દેવરામનાં પહેર્યા છે, પણ ચાલ તો દેવરામની નથી, ચાલ તો સ્વામિનારાયણના જેવી છે.'' પછી મહારાજ હસ્યા ને ગોવિંદરામને એમ કહ્યું જે, ''વાણિયો બહુ ડાહ્યો દીસે છે, જે આપણને ઓળખ્યા.'' પછી પૂંજાજીને ઘેર જઈને મહારાજ પોઢી રહ્યા ને સવારમાં પ્રસિદ્ધ થઈને સૌને દર્શન દીધાં.

પછી પૂંજાજીને ઘરે મહારાજ થાળ જમતા હતા. તે સમે ગામનો પટેલ કાનો જાકાસણિયો તે મહારાજને દર્શને આવ્યો. તે મહારાજ ઘીમાં બોળીને રોટલો જમતા જાય, અને ઘીના રેગાડા હાથે ઊતરતા જાય, તેને ચાટતા જાય. તેને જોઈને પટેલ એમ બોલ્યા જે, ''ઘી તો કોઈ દાડે દીઠું નથી ! તે જુઓને ઘી ચાટે છે, ને એને ભગવાન કહે છે !'' એમ અવળું લીધું. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૪)*

## વતું કરાવીને નાહ્યા વિના જમ્યા

ગામ બુરાનપુરનો એક હરિજન પોતાના મનમાં એમ ઠેરાવ કરીને મહારાજને દર્શને ગઢડે આવ્યો જે, મારે બે મહિના મહારાજ પાસે રહેવું છે. પછી તેણે મહારાજનાં દર્શન કર્યાં. તે સમયે મહારાજ દાદા ખાચરના દરબારમાં વતું કરાવતા હતા, ને વતુ કરાવીને નાહ્યા વિના ત્યાં જમવા બેઠા. તે જોઈને તે હરિજનના મનમાં એમ થયું કે, આંહીં હું ક્યાં આવ્યો ? એમ વિચારીને બીજે દિવસ સવારમાં ચાલવા તૈયાર થયો. ત્યારે મહારાજ બોલ્યા જે, ''ભક્ત, તમે બે મહિના રહેવાનો ઠેરાવ કરીને આવ્યા છો ને કેમ આજ ચાલવા તૈયાર થયા ?'' ત્યારે તે બોલ્યો કે, ''મહારાજ, અમે તો સંસારી, તે અમારે અનેક કામ હોય, તે માટે હું તો જાઈશ.''

પછી મહારાજ બોલ્યા જે, ''બે ઘડી બેસો.'' એમ કહીને તેને સમાધિ કરાવી ને સમાધિમાં પોતે આગળ ચાલ્યા ને વાંસે તે ભક્ત ચાલ્યો. તે માર્ગમાં ગોલોકાદિક ધામ દેખાડ્યાં. તે પછી એમ બોલ્યા જે, ''ચાલો અમારું ધામ તમને દેખાડીએ.'' એમ કહીને અક્ષરધામમાં લઈ ગયા. ને પોતે દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન થયા અને તે ભક્ત પણ ત્યાં બેઠો. પછી તે પ્રત્યે અક્ષરમુક્ત બોલ્યા જે, ''જુઓ ભક્ત, ભગવાન મનુષ્ય જેવા જણાતા હોય પણ એ તો સદા દિવ્ય છે, ને એમની સર્વે ક્રિયાઓ પણ દિવ્ય છે. એમ આપણે ભગવાનને સમજવા.'' પછી તેનો સંશય નાશ પામી ગયો. એટલે તે બે મહિના રહ્યો. તે સત્સંગીજીવનમાં પણ કહ્યું છે કે, 'दिव्यं कृण्यस्य रूपं भवति च सततं तस्य लोकोऽपि दिव्यो.' *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૧૨૧)*

## મંદવાડમાં માનુષી લીલા કરી

પછી ભગુજીને મહારાજે એમ કહ્યું જે, ''હે ભગુજી, તું મને જગાડતો રહેજે, નહિ તો હું ઊંડો ઊતરી જાઈશ તો પાછો દેહમાં નહિ આવું. ને કદાપિ મારો દેહ પડી જાય તો મને ઉત્સવના પર્વતમાં મેલી આવજે. પછી ભગુજી મહારાજના મસ્તકને પોતાના સાથળ ઉપર મેલીને મહારાજનું ચિબુક પકડીને મુખારવિંદને ધીરે રહીને હલાવે ને એમ ધીરા રહીને બોલે જે, ''હે મહારાજ..., હે મહારાજ... !'' ત્યારે મહારાજ નેત્ર ઉઘાડી જોઈને વળી ઊંડા ઊતરી જાય. એમ ભગુજી મહારાજને જાગ્રત કરતા હતા.

અને ભગુજી થાકે ત્યારે હીરાભાઈ તેવી રીતે મહારાજની સેવા કરતા હતા. ને તે થાકે ત્યારે રતનબાઈ સેવા કરતાં હતાં. એવી રીતે સેવા કરતાં કરતાં તેર દિવસ થયા, ત્યારે તેરમે દિવસે ભગુજી એમ બોલ્યા જે, "મહારાજ, કાંઈ જમશો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "જલેબી લાવ તો જમીએ." ત્યારે ભગુજી બોલ્યા જે, "મહારાજ, આ ગામડા ગામમાં જલેબી ક્યાંથી લાવું ?" ત્યારે મહારાજ કહે, "મારે તો પાશેર જલેબી જોઈએ છીએ, તે સારુ અરે દુષ્ટ, ના પાડે છે ? ને આ ભૂજની બજારમાં હજારો મણ જલેબી પડી છે, ને હું તો પાશેર જમીશ. તે સારું ના પાડે છે ?" એમ કહીને ઊંડા ઊતરી જાતા હતા. ને વળી ભગુજી બોલ્યા જે, "મહારાજ કાંઈ જમશો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "જવનો પોંક લાવ તો જમીએ." ત્યારે ભગુજી બોલ્યા જે, "મહારાજ, આસો માસમાં જવનો પોંક ક્યાંથી હોય ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "આ લાખો મણ જવ ઊભા છે, ને હું તો પાશેર-અર્ધશેર જમીશ, તે સારું મને દુષ્ટ, ના પાડે છે ?" એમ વળી ભગુજી પૂછે ત્યારે એવી ગાળ બોલે, તે જઈને ત્રીજી પેઢીને વાગે.

એક સાધુ મહારાજની સેવામાં હતો, તેને ગાળ દઈને ચૂંટી ખણી. એટલે તે મહારાજને મેલીને નાસી ગયો, તે હજી સુધી પણ આવ્યો નથી. ને વળી ભગુજી બોલ્યા જે, "મહારાજ સ્નાન કરશો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "ગંગાજી લાવ તો સ્નાન કરીએ." ત્યારે ભગુજી . બોલ્યા જે, "હા મહારાજ, ગંગાજી લાઉં." એમ કહીને હરિભક્ત પાસે ભગુજીએ ચાલીસ-પચાસ માટલાં ભરાવી મંગાવ્યાં. પછી મહારાજ પ્રત્યે બોલ્યા જે, "મહારાજ ગંગાજી લાવ્યો છું, તે સ્નાન કરવા પધારો." એમ કહીને ખાટલા સહિત મહારાજને સ્નાન કરવા સારુ વાડામાં પધરાવ્યા. પછી ભગુજી મહારાજને ખાટલા ઉપર બેસારીને ઉપર માટલાની ધાર કરતા હતા. તે જે માટલું ખાલી થાય, તે હરિભક્તના હાથમાં આપે ને હરિભક્તના હાથમાંથી ભરેલું માટલું લઈને મહારાજ ઉપર અખંડ ધાર કરે. પછી મહારાજ ઊંચું જોઈને બોલ્યા જે, "ભગુજી, ભલી ગંગા લાવ્યો !" એમ ભગુજીએ મહારાજને પચાસ માટલે નવરાવ્યા. તેનો પ્રવાહ નદીમાં પૂગ્યો.

પછી ભગુજીએ મહારાજનું શરીર વસ્ત્ર વડે લૂછીને એક વસ્ત્ર પહેરાવીને ઉત્તરીય વસ્ત્ર ઓઢાડીને પોતે કોઈક હરિજન પાસે બાજરીનો પોંક મંગાવ્યો હતો, તે મહારાજને જમાડ્યો. પછી રતનબાઈ રાબ કરીને લાવ્યાં તે જમ્યા. પછી બોલ્યા જે, "હવે અમે સાજા થયા, તે હવે અમે ચાલશું માટે ગાડું લાવો."

## જાળિયાથી માનુષી લીલા કરતા ગઢપુર પધાર્યા

પછી તે હરિજન ગાડું લાવ્યા. તે ઉપર બેસીને ચાલ્યા તે ગાડાના કડાં ખખડતાં હતાં, તે સાંભળીને મહારાજ બોલ્યા જે, "આ તો દગો છે." એમ કહીને ભાગોળમાં જ ગાડેથી ઊતરી પડ્યા. ને બેસણિયે ગૂમડું પણ થયું હતું. પછી હરિજન ડોળી લાવ્યા તેમાં બેઠા. ને ડોળીમાં એવો ભાર મેલ્યો તે અર્ધ ગાઉ ગામ મૂરખડે જાતાં જાતાં હરિજન માર્ગમાં થાકી ગયા ને ડોલી ભોંયે મેલી દીધી.

પછી મહારાજ બોલ્યા જે, "અમારામાં શો ભાર છે ? તેર દિવસથી તો અન્ન ખાધું નથી, તે ઉપાડો." પછી ત્યાંથી મહારાજને ઉપાડીને મૂરખડે આવ્યા. ને ત્યાં લુવાણા હરિજન પાસે ગોળ મંગાવ્યો. ને એમ બોલ્યા જે, "અમને ઉપાડીને થાક્યા છો, તે ગોળ ખાઓ એટલે થાક ઊતરે." એમ ડોળી ઉપાડનારને ગોળ જમાડીને ત્યાંથી ઉપલેટે પધાર્યા. ત્યાં નદીને તટે આંબલીઓમાં ઊતર્યા. ને મહારાજ બોલ્યા જે, "ભગુજી ગઢડેથી ગાડી લાવો." પછી ભગુજી બોલ્યા જે, મહારાજ, ગઢપુર આંહીંથી સાઠ ગાઉ થાય છે, ને તમો માંદા છો. ને આ વખત મૂળજી બ્રહ્મચારી પણ નથી, માટે તમને એકલા મેલીને જવાય નહીં." પછી મહારાજ બોલ્યા જે, "તું તારે જાને ! મારી શી ચિંતા છે ?" એમ કહ્યું એટલે ભગુજી ચાલી નીસર્યા.

પછી તે થોડેક છેટે ગયા ત્યાં મૂળજી બ્રહ્મચારી સામા મળ્યા. તેમણે મહારાજના સમાચાર પૂછ્યા, ત્યારે ભગુજીએ સમાચાર કહ્યા ને એમ બોલ્યા જે, "ઓલી આંબલીઓમાં મહારાજ બેઠા છે. તમે જાઓ મહારાજ એકલા છે. તમે આવ્યા તે ઠીક થયું." એમ કહીને ત્યાંથી થોડે છેટે ચાલ્યા એટલે વેરાભાઈ સામા મળ્યા. તેને ભગુજીએ મહારાજના સર્વે સમાચાર કહ્યા ને એમ કહ્યું જે, "તમે આવ્યા તે ઠીક થયું. ને મહારાજ એકલા છે, તે તમે જાઓ." એમ કહીને ત્યાંથી ચાલ્યા, તે બીજે દિવસે ગઢપુર આવ્યા. એમ ચાલીસ ગાઉ એક દિવસમાં ચાલ્યા.

પછી ભગુજીએ ગઢપુરમાં મહારાજના સર્વે સમાચાર કહ્યા. તે સાંભળીને સોમાદિક સર્વે હરિજન પાર્ષદ મહારાજ પાસે આવ્યા. ને મહારાજ માટે ભગુજી જે વેલ લાવ્યા. તે ઉપર બેસીને ત્યાંથી અસ્વાર સહિત ચાલ્યા. તે ચાલતાં ચાલતાં માર્ગમાં કોઈક ગામ આવ્યું. ત્યાં મહારાજને જમવા સારુ હરિજનોએ બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી. તે મહારાજે દૂધમાં સાકર નાખવાની ના પાડી હતી, તોપણ હરિજનોએ બળાત્કારે નખાવી. પછી મહારાજ જમવા પધાર્યા. તે જમીને મહારાજ દૂધનો કટોરો પીવા મંડ્યા એટલે ગળ્યું લાગ્યું. એટલે મહારાજે દૂધનો કટોરો ફેંક્યો, તે બ્રાહ્મણના ચોકામાં જઈ પડ્યો. એટલે બ્રાહ્મણ રિસાઈને ચાલી નીસર્યો.

પછી મહારાજ કાઠીના અસ્વારો સહિત જમીને ચાલ્યા તે ગામ કારિયાણે પધાર્યા. ને ત્યાં દરબારમાં મહારાજ થાળ જમ્યા. અને સર્વેને જમવાની આજ્ઞા આપી, તે સર્વે જમી આવ્યા. પછી મહારાજ બોલ્યા જે, "સર્વે જમ્યા ?" ત્યારે સર્વે બોલ્યા જે, "બીજા તો જમ્યા, પણ ભગુજી અને જેઠોજી બાકી છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ બે બાકી છે, ત્યારે તો જમ્યું છે કોણ ? ને એ બે જણા તો પ્રેત છે. માટે ઘંટીઓ મંડાવો ને બીજા રોટલા ઘડાવો, ને દાળનાં કૂંડાં ભરાવો, ત્યારે એ બે જણનું પૂરું થાશે." એમ કહીને બોલ્યા જે, "હે પ્રેતો, થોડું જમજો.એમ લીલા કરતા હતા.

પછી ત્યાંથી મહારાજ ચાલ્યા તે સાલેમાળમાં જાતાં જેઠો ગોવાળિયો અને મેરામણ ગોવાળિયો મળ્યા. મહારાજની વેલ જોઈને તે બોલ્યા જે, "ભણે મહારાજ, છોરડાં ભૂખે મરતા છે, તે ખરચી આપતા જાઓ." પછી વેલમાં મહારાજ બેઠા થઈને હાથમાં ઉઘાડી તલવાર લઈને હિન્દુસ્તાની બોલી બોલતા થકા બોલ્યા જે, "આવ ઓરો, ખરચી આપું." ત્યારે તે જેઠો ગોવાળિયો અને મેરામણ ગોવાળિયો એમ બોલ્યા જે, "બરછી નથી, નહિ તો જીવતા મેલત નહીં." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારી પંખાળી ઘોડી ન મળે, નહિ તો તમને પણ જીવતા મેલત નહીં."

એમ મહારાજ બોલે છે, એટલામાં ભગુજી માર્ગ જોવા સારુ આગળ ચાલતા હતા તે ઊભા રહ્યા. ને અસ્વાર પણ વાંસે રહ્યા હતા, તે આવી પૂગ્યા. તેને મહારાજે કહ્યું જે, "આ ભગુજી શૂરવીર થઈને ફરે છે, પણ ફોસી છે. કેમ કે આ જેઠો ગોવાળિયો ને મેરામણ ગોવાળિયો અમને મારવા સારુ આવ્યા હતા. તેની આગળ એમ બોલ્યો જે, "બાપજી, મારશો મા.' એમ કહીને પગે લાગ્યો. ને આ મૂળજી બ્રહ્મચારી તે બોકડાના સરખી દાઢી ને મોટી ડાંગ ખભે લઈને અમારા ભેળો ચાલ્યો આવે છે, તે પણ તેને કરગર્યો ને એમ બોલ્યો જે, "બાપજી મારશો નહીં." ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "જૂઠું શા સારુ બોલો છો ? ક્યારે હું પગે લાગ્યો છું ? ને કરગર્યો છું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "હા હા પગે લાગ્યો ને કરગર્યો." પછી અસ્વાર બોલ્યા જે, "મહારાજ, અમે કેડે જાઈએ ?" એમ કહીને વાંસે ગયા પણ ભેળા ન થયા.

## ગઢપુરમાં મહારાજની માનુષી લીલાઓ

પછી મહારાજ ગઢપુર પધાર્યા ને જીવા ખાચર આદિક હરિજન દર્શને આવ્યા. તેને મહારાજ કહે, "જીવા ખાચર, આ તલવાર અમે કોઠામાં મારી, તે એ કોઠો ને તેમાં એક લાખ આરબ ને એક તોપ તે સર્વે કપાઈ ગયાં." એમ વારંવાર ખાટલા ઉપર બેઠા થકા બોલતા હતા.

તે જોઈને જીવા ખાચર બોલ્યા જે, "ભણે ભગુજી, આમ કાણું કરે છે ?" ત્યારે ભગુજી બોલ્યા જે, "ભણે બા, ઉઠ્યો જોઈએ છીએ."

પછી મહારાજ બોલ્યા જે, "લાધા ઠક્કર, આ અમારી તલવાર સજાવવા સારુ પાંચ રૂપિયા લાવો." પછી લાધા ઠક્કર જાણે છે, અર્ધા રૂપિયાની તલવાર છે, તેના પાંચ રૂપિયા સજાણ શું કરશે ? એમ જાણીને બોલ્યા જે, "લાવો મહારાજ, બરવાળામાં તલવાર સજનારા સારા છે, તે ત્યાં મોકલીએ." એમ કહીને તલવારને પથ્થરે ઘસાવીને પાંચ દિવસ વીત્યા પછી લાવ્યા. તે જોઈને મહારાજ બોલ્યા જે, "શી તલવાર થઈ છે ! ને ફૂલ ધાર આવી છે."

પછી મહારાજ બોલ્યા જે, "ભગુજી, રાજગરાં (મતીરા-નાની સાઈઝના ચીભડાં) લાવ તો જમીએ." પછી ભગુજીએ આખા ગામમાં રાજગરાની ખબર કઢાવી પણ ન મળ્યાં. પછી ભગુજી ગામ બારા રસ્તે ચાલ્યા ત્યાં એક રાવળ ઘોડે ચડીને હાથમાં બે રાજગરાં લઈને માર્ગે ચાલ્યો આવે. તેને જોઈને ભગુજી બોલ્યા જે, "આ રાજગરાં અમને આપશો ? તેના જે પૈસા થાય તે તમને અમે આપીએ." ત્યારે તે બોલ્યો જે, "તમારે કોને માટે જોઈએ છીએ ?" ત્યારે ભગુજી બોલ્યા જે, "અમારા ગુરુ જે સ્વામિનારાયણ છે, તેને માટે જોઈએ છીએ." પછી તે રાવળ બોલ્યો જે, "મારે પૈસા તો જોઈતા નથી, પણ હું મારે હાથે તમારા ગુરુને આપું." ત્યારે ભગુજીએ કહ્યું, "ચાલ. તું તારે હાથે આપ." પછી તેણે આવીને મહારાજને રાજગરાં આપ્યાં. તેને મહારાજ પોતે સુધારીને જમવા મંડ્યા ને બોલ્યા જે, "આ લોકની આ ચીજ નથી, આ તો શ્વેતદ્વીપમાંથી લાવ્યો છે. તે વિના આવું હોય નહીં. માટે લાધા ઠક્કર અમારો બસો રૂપિયાનો રેંટો લાવો ને ત્રણસો રૂપિયા રોકડા લાવો. પછી લાધા ઠક્કરે મહારાજને લાવીને આપ્યા. ને મહારાજે રાવળને આપ્યા. ને લાધા ઠક્કરે ડોઢીએ પાળાને સંભળાવ્યું જે, "રાવળ પાસેથી સર્વે લઈ લેજો ને એક રૂપિયો આપજો ને મહારાજ તો મંદવાડમાંથી ઊઠ્યા છે, તે ગાંડા થયા છે." પછી પાળાએ રાવળ પાસેથી સર્વે લઈ લીધું, ને એક રૂપિયો આપીને કાઢી મેલ્યો. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૧૪૫)*

## શ્રીજીમહારાજની મનુષ્ય-ચેષ્ટા

અને અકસ્માત ચકલી ઊડી તેણે કરીને બેઠા હતા જે મહારાજ તે ભડક્યા. ત્યારે સોમલા ખાચર બોલ્યા જે, "અરે ચકલી, મારા પ્રભુને બિવરાવ્યા." *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૨૦૦)*

અને મહારાજે કાંઈક મનુષ્યચેષ્ટા કરી. ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, "મનુષ્ય ન હોય તે મનુષ્ય થવા જાય તે ઉઘાડું પડી જાય." *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૨૦૧)*

ક્યારેક શ્રીજીમહારાજ નીચી ટટ્ટુ ઘોડીએ બેઠા હતા. ને તે ભડકી તેથી મહારાજ પડી ગયા. ને કાંઈ વાગ્યું નહિ, પણ પડ્યા પડ્યા, "વોય રે, બાપ રે, મરી ગયો રે.. !" એમ રાડો પાડવા માંડી. ત્યારે સોમલા ખાચર બોલ્યા જે, "કાંઈ વાગ્યું નથી, અમથા શા સારુ રાડો પાડો છો ?" એમ મનુષ્યચેષ્ટા કરી. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૨૦૨)*

અને શ્રીજીમહારાજ દીવાનજીને આવવો જાણીને ગઢડેથી પોતાના અસ્વારો લઈને સારંગપુર, બોટાદ, નાગડકું, લોયા ઈત્યાદિક ગામોમાં ફરવા ઊપડી ગયા. પછી જાણ્યું કે દીવાનજી હવે ગઢડેથી અમરેલી ગયા હશે, એમ જાણીને પાછા ગઢપુર આવતા હતા. તે ગઢપુરની સમીપે આવ્યા ત્યારે કલકલાટ સાંભળીને બોલ્યા જે, "આ શેનો શબ્દ થાય છે ? " એમ કહીને નાજા જોગિયાને કહે, "આઘેરા જઈને જોઈ આવો."

પછી નાજા જોગિયા આઘેરા જઈને કોઈક મનુષ્ય આવતો હતો તેને પૂછવું જે, "આ શેનો શબ્દ થાય છે ?" ત્યારે તે બોલ્યા જે, દીવાનજી ઊતર્યો છે, તેની સેનાનો શબ્દ થાય છે." તેને સાંભળીને નાજા જોગિયા પાછા વળ્યા. તેને જોઈને મહારાજ છેટેથી બોલ્યા જે, "નાજા જોગિયા, શું છે ?" પછી નાજા જોગિયા બોલ્યા જે, 'મહારાજ ! એ તો દીવાનજી આવ્યો છે, તેની સેનાનો કોલાહલ થાય છે." પછી મહારાજ બોલ્યા જે, "ગજબ થયો હોત નહીં ! ને એના મોઢામાં આવ્યો હોત નહીં !" એમ કહીને ઘોડી પાછી વાળીને ઘોડીના કાઠડામાં નીચા નમીને નાઠા. તે નાસતાં નાસતાં સોમલા ખાચરની ઘોડીનો તંગ તૂટી ગયો. એટલે તે બોલ્યા જે, "મારી ઘોડીનો તંગ તૂટી ગયો, તે ઊભા રહો." પછી મહારાજ બોલ્યા જે, અમને મરાવવા છે કે શું ?" ત્યારે સોમલા ખાચર બોલ્યા જે, "તમને કોઈ મારતું નથી, શા સારુ દોડો છો ?".

પછી અર્ધી રાત્રિએ નિંગાળે આવ્યા. ત્યાં તો દીવાનજી નિંગાળે હતો. અને અર્ધી સેના આગળથી ગઢપુર ગઈ હતી. ને મહારાજ તેની સેના સોંસરા ચાલ્યા, તે જ્યાં દીવાનજી ઊતર્યો હતો, ત્યાં તંબુ આગળ ઊતર્યા ને બોલ્યા જે, "અમારે શૌચ જવું છે.પછી કાઠીએ પોટલિયામાંથી પાણી આપ્યું એટલે શૌચ જઈ આવ્યા. પછી બોલ્યા જે, "આપણને કોઈએ જાણ્યા નહીં, માટે જાણ કરો." પછી ગોકીરો કરીને ચાલી નીસર્યા. એમ મનુષ્યભાવ જણાવે, પણ એ તો કાળના કાળ છે. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૨૦૩)*

## ભુજના મુસલમાનને ચાલ જોઈને નિશ્ચય થયો

મહારાજ અને નારાયણજી સુતાર ગામ માનકૂવેથી ભૂજ આવતા હતા. ભૂજથી બકાલાની ગાંસડી ઉપાડીને આવતો મુસલમાન બકાલી માર્ગમાં સામો મળ્યો. તે મુસલમાનની ભાષામાં

એમ બોલ્યો જે, "આ જાય છે, તે માણુ નથી. કેમ જે ,આવી ચાલ માણુની હોય નહી. આવી ચાલ તો ખુદાની હોય. માટે આ તો ખુદા છે." પછી મહારાજે નારાયણજીને કહ્યું જે, "આ મુસલમાન બહુ જ ડાહ્યો છે. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૩૦૧)*

## તાવી-દેવળિયામાં મુંડન કરાવવાની લીલા

પછી ત્યાંથી મહારાજ તાવીએ પધાર્યા. ત્યાંના હરિજનોએ સાધુ દીઠ બે બે સુખડીના મોદક આપ્યા. મહારાજને વતું કરાવવું હતું, તે સારુ અદેભાઈએ વાળંદને કહ્યું જે, "મહારાજને વતું કરાવવું છે, તે સારુ કોઈનું વતું ન કર્યું હોય એવો કોરો અસ્ત્રો લાવજે." પછી તે વતું કરવા મંડ્યો. તે એક પટો લીધો એટલે મહારાજ બોલ્યા જે, "રેવાં દે, રેવા દે. અમારે સંઘ ભેળા થાવું છે, તે ઉતાવળ છે." એમ કહીને ફેંટો બાંધીને ચાલ્યા.

પછી ગામ દેવળિયાના જાલમસિંહજી બોલ્યા જે, "મહારાજ, અમારા ગામનો વાળંદ બહુ સારો છે." એમ કહીને તેને બોલાવા ગયા. ને તેની કોથળી પોતે ખંભે લીધી ને તેને ઘોડાને પેગડે બઝાડ્યો ને ઘોડું દોડાવીને આવ્યા. તાવી ને દેવળિયા વચ્ચે તલાવડી ઉપર પીપરનું વૃક્ષ છે, તે હેઠે વતું કરાવવા બેઠા.

પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, "મહારાજ, હું વતું કરાવું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "ત્યાં તો જીવનું જોખમ હતું. આંહી જીવનું જોખમ નથી. પણ તમો માંદા છો, તે શ્રીનગર કરાવજો. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૭૪)*

## બાળકના જેવી મનુષ્ય લીલા કરી

ગઢપુરમાં મહારાજ નિત્ય સવારમાં ઉઠી એક મોરને ચણ્ય નીરતા. તે જુવારની ટોપલી ભરી પોતે ઢગલી કરે એટલે તે મોર આવીને મહારાજની સન્મુખ જુવાર ચણવા મંડે અને કોઈક વખત મોર બોલે તારે કોઈ કેશે મહારાજ ! તમારો મોર બોલ્યો ત્યારે મહારાજ કહે જે, અમારો મોર બોલે તે અમે ઓળખીયે છીયે તે અમારો મોર સત્સંગિ છે અને આતો કુસંગી મોર બોલે છે એમ મહારાજ કહેતા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૬)*

ઉગમણાબારના ઓરડે મહારાજ સભા કરીને વિરાજમાન હતા અને માથેથી ચકલી ઉડીને ગઈ એટલે મહારાજ જબકી ગયા ત્યારે મૂળજી બ્રહ્મચારી બોલ્યા જે ઓય રાંડ ચકલી મારા ભગવાનને બીવરાવ્યા ? એમ કહી મહારાજને રાજી કર્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૭)*

એક દિવસ મહારાજ રાતે ઢોલિયા ઉપર સુતા હતા અને મોટો કાન ખજુરો નિકળ્યો એટલે મહારાજ બોલ્યા જે આ કરડે તો શું થાય ? ત્યારે સુરો ખાચર બોલ્યા જે, મહારાજ !

તે કરડે તો સોજો ચડે. પછી મહારાજ કહે આપણો ઢોલિયો અહીંથી ઉપાડો એમ મૂળજી બ્રહ્મચારી પાસે ત્રણ વખત ઢોલિયો ફેરવાવ્યો પછી બ્રહ્મચારીએ કહ્યું જે, મહારાજ ! તમે પોઢી જાઓ હું જાગું ને કાનખજુરાને નહીં આવવા દઉં પછી મહારાજ પોઢી ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૮)*

## મહારાજ કહે મારે તપ કરવા જવું છે

એક વખત શ્રીજીમહારાજે શરીરે મંદવાડ ધારણ કર્યો હતો અને અક્ષરઓરડીમાં નિષ્કુળાનંદ સ્વામી દર્શને ગયા ત્યારે, મહારાજ બોલ્યા જે, સ્વામી ! ગાડી કરો તો આપણે સાલેમાળ પર્વતમાં તપ કરવા જાઈએ. સ્વામી કહે બહુ સારુ મહારાજ ! પછી સ્વામી લાકડાં ભેગાં કરીને દરબારમાં ગાડી કરવા બેઠા તે વાતની નિત્યાનંદ સ્વામીને ખબર પડી એટલે નિત્યાનંદ સ્વામી દરબારમાં આવ્યા અને સ્વામીને કહ્યું જે, શું કરો છો ? સ્વામી કહે, મહારાજને તપ કરવા જાવું છે તે ગાડી કરું છું. નિત્યાનંદ સ્વામી કહે, આસને જઈને બેસો. પછી સ્વામી આસને ગયા અને નિત્યાનંદ સ્વામીએ એક સાધુને મોકલી અક્ષરઓરડીમાં ખબર કઢાવી છે, મહારાજ શું કરે છે ? સાધુએ આવીને કહ્યું કે મહારાજ પોઢી ગયા છે પછી નિત્યાનંદ સ્વામી ચાર સંત લઈ અક્ષરઓરડીમાં ગયા ને બેને ઓશીકે બેસાર્યા અને બેને પાંગત્યે બેસાર્યા અને પોતે મહારાજની પાસે બેઠા પછી બે સંતે મહારાજનો ઢોલિયો તાણ્યો અને બીજા બે સંતે પાછો હડસેલ્યો એમ બે ચાર વખત કર્યું એટલે મહારાજે મોઢા ઉપરથી વસ્ત્ર ઉઘાડીને જોયું અને કહ્યું કે આ શું થાય છે ? નિત્યાનંદ સ્વામી બોલ્યા જે સાલેમાળમાં ગાડી જાય છે તે રોદા આવે છે એટલે ગાડી ઉંચી નીચી થાય છે. મહારાજ ઊંચું જોઈને બોલ્યા જે ગપાં શું મારો છો ? હું તો અક્ષરઓરડીમાં છું ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે તમે શું ગપાં મારો છો ? જે આવા માંદા છો ને તપ કરવા જાઓ છો ? પછી મહારાજ કાંઈ બોલ્યા નહી અને નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે તમે પધારો, તો આ બધાને આધાર શો ? પછી મહારાજ કહે જેમ તમે રાજી થાશો તેમ કરશું પછી નિત્યાનંદ સ્વામી આસને ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૮૯)*

## મહારાજે રડી લીધું

એક વખત મહારાજ લક્ષ્મીબાગમાં પધાર્યા હતા અને ઓટા ઉપર બેઠકે બેસીને બહુ જ દિલગીર થયા અને નેત્રમાંથી જળ ચાલવા માંડ્યા તે જોઈ સુરો ખાચર બોલ્યા જે મહારાજ ! રડ્યા કેમ ? મહારાજ કહે સુરા ખાચર તમારી પાછળ રોનારા તે રોવે, મારી પાછળ કોણ રોવે ? મહારાજ કહે, તેથી મેં મારું રડી લીધું. પછી સુરો ખાચર કહે, મહારાજ ! અમારી

પાછળ દાડા કરે મહારાજ કહે અમે મોટા મોટા વિષ્ણુયાગ કર્યા તે અમારો દાડો કર્યો. સુરો ખાચર કહે, મહારાજ ! અમારી ઉપર દેરીઉં કરે, ત્યારે મહારાજ કહે મેં ગોપીનાથજીનું મંદિર કર્યું તે દેરું કર્યું. સુરો ખાચર કહે અમારે તો પાળીયો બેસાડે ત્યારે મહારાજ કહે ગોપીનાથજીને પધરાવ્યા છે તે અમારો પાળીયો પધરાવ્યો છે એમ મહારાજે લક્ષ્મીવાડીમાં વાત કરી. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૩૦)*

## મહારાજને દીવાનની બીક લાગી

એક વખત કારિયાણી હતા અને વડોદરાના દીવાનજીની બીક લાગતી હતી તેથી મહારાજ ભાગીને સારંગપુર આવ્યા અને જીવા ખાચરને કહ્યું જે અમારે સંતાવું છે કેમજે દીવાનજી અમને ઝાલી જાય પછી જીવા ખાચરે ઓરડો ઉઘાડી દીધો તેમાંમહારાજ પેઠા અને કમાડ સામું જોયું ત્યાં તો સાંકળ ભાળી નહીં ત્યારે મહારાજ બોલ્યા જે અમને મરાવી નાંખવા છે કે શું ? માટે અત્યારે લુવારને બોલાવીને સાંકળ કરાવી દ્યો. પછી લુવારને બોલાવીને સાંકળ કરાવી લીધી અને મહારાજે ઢીંચણે ભીંસ દઈને સાંકળ વાંસી. પછી મહારાજ બોલ્યા જે હવે દીવાનજીનો ભય નહીં અને રાત્રે ઢોલિયા ઉપર સૂઈ રહ્યા એવી રીતે મનુષ્ય લીલા કરતા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૯૯)*

## મહારાજે ગંગામાને તથા જીવુબાને બઝાડ્યા

એક વખત મહારાજ જેતલપર પધાર્યા હતા અને ગંગામાને ઘરે થાળ જમવા બેઠા ત્યારે જમતાં જમતાં બોલ્યા જે, ગંગામાં ! હું જ્યારે અહીં આવું ત્યારે ધરાઈને જમું છું અને ગઢપુરમાં કોઈને રસોઈ આવડતી નથી માટે ત્યાં આવીને લાડુબાને રસોઈ કરતાં શીખવો કેમ કે તે કાચું બહુ રાખે છે. પછી મહારાજ જમીને ઉતારે પધાર્યા અને ત્યાં થોડાક દિવસ રહીને ગઢપુર પધાર્યા અને ગંગામાને ગાડામાં બેસારીને સાથે તેડતા આવ્યા. પછી લાડુબા જ્યારે રસોઈ કરવા બેઠા ત્યારે ગંગામાં સામે ચાકળો નાંખીને બેઠા અને લાડુબાને વારંવાર ટોકવા અને ઠબકો દેવા મંડ્યા જે આંધણ બરોબર મૂકવું મીઠું મરચું ઘટે એટલું નાંખવું તમારી રસોઈ કાચી રહે છે તેથી મહારાજને પેટમાં દુઃખે છે તેથી ધીરે રહીને રસોઈ કરાવી એમ ઘણિક વાર ઠબકો દઈને લાડુબાને કહ્યા કર્યું પછી લાડુબાને રીસ ચડી અને ગંગામાને કહેવા લાગ્યા જે મહારાજ ત્યાં પધારે છે ત્યારે તું બધું બાળી દે છે અને મહારાજ ભૂખ્યા રહે છે એમ અમને ઘણી વખત કહેલું છે તો રાંડ તને જ રાંધતાં ક્યાં આવડે છે ? અને મને શીખામણ દેવા આવી છું એમ હુંકારે ટુંકારે આવતાં બોલાચાલી થઈ અને વઢી પડ્યાં તેની મહારાજને ખબર પડી એટલે મહારાજ અક્ષરઓરડીમાંથી તુરત દોડી આવ્યા અને બોલ્યા જે રાખો રાખો તમને બેયને સારી રસોઈ

કરતા આવડે છે. પછી બન્ને જણાં છાનામાના બેસી ગયાં અને મહારાજને થાળ જમાડ્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૧૯)*

## મહારાજે મુક્તાનંદ સ્વામી સાથે મનુષ્ય લીલા કરી

શ્રીજીમહારાજ એક વખત ગઢપુરમાં હતા અને મુક્તાનંદ સ્વામી ઘણા દિવસથી ગામડામાં ફરવા ગયા હતા પછી પોતાના મનમાં એમ વિચાર થયો જે મહારાજના દર્શન કર્યા ને બહુ દિવસ થયા છે. માટે એક સંતને સાથે લઈને ગઢપુર જઈ મહારાજના દર્શન કરી આવું એમ વિચાર કરીને એક જોડીયો લઈને પોતે ગઢપુર આવ્યા અને ઘેલા નદીને ઉગમણે કાંઠે દેરી છે ત્યાં રાત રહ્યા અને સવારે નહાઈ ધોઈ પૂજા કરીને દરબારમાં આવ્યા તે વખતે નારાયણ હરે કહીને સ્વામીએ ઝોળી માંગી અને દરબારમાં ઉભા રહ્યા અને મહારાજનાં છેટેથી દર્શન થયા. પછી મહારાજ પાસે સોમલો ખાચર તેડી ગયા. તે વખતે મહારાજે તેમની આગળ બહુ દિલગીરી બતાવી અને મનુષ્ય ચેષ્ટા કરીને બોલ્યા, જે સ્વામી ! તમારું તો કલ્યાણ થાશે ને મારું કલ્યાણ નહીં થાય અને હું તો આ દરબારમાં રહીને બંધાઈ ગયો છું. અને તમો તો રામાનંદ સ્વામી છતાં જેવા ત્યાગ વૈરાગવાન હતા તેવા ને તેવા હજુ પણ છો. એમ કહીને મહારાજ પોતે બહુ દિલગીર થઈ ગયા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, જે મહારાજ ! તમે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો. અમને શા માટે મોહ પમાડો છો ? ત્યારે મહારાજ બોલ્યા, જે સ્વામી ! હું પુરુષોત્તમ નારાયણ શાનો ? એમ કહ્યું એટલે મુક્તાનંદ સ્વામી બહુ દિલગીર થયા અને સ્વામીએ જાણ્યું. જે આપણે મહારાજની આજ્ઞા વિના દર્શને આવ્યા તેથી મહારાજે દર્શનનું સુખ આપ્યું નહીં. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૮૦૦)*

## વાણિયાને ઘેરથી છ રોટલી લઈને ભાગ્યા

એક વખત શ્રીજીમહારાજ પોતાની સાથે સંત લઈને રણને કાંઠે સરકારપર કરીને ગામ છે ત્યાં પધાર્યા હતા. પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું કે તમે સૌ નહાઓ ધૂઓ અને હું ગામમાં ઝોળી માગી આવું પછી એક વાણિયાને ઘરે ઝોળી માગવા ગયા તે સમે વાણિયણ ઘઉંની રોટલી કરતી હતી. તેની નજર ચુકાવીને મહારાજ તેની કરેલી છ રોટલી લઈને ભાગ્યા છે જ્યાં સાધુ ઉતર્યા હતા ત્યાં આવ્યા અને વાણિયા સૌ ભેળા થયા અને કહેવા લાગ્યા જે બાવો અમારું રસોડું અભડાવી ગયો. પછી તેનો તપાસ કરવાને માટે સૌ લોક જ્યાં સંત ઉતર્યા હતા ત્યાં આવ્યા અને મહારાજ તો માથે વસ્ત્ર ઓઢીને ધ્યાન કરવા બેસી ગયા પછી વાણિયા આવીને કહેવા લાગ્યા જે, તમારો બાવો અમારું રસોડું અભડાવી ગયો અને છ રોટલી લઈને નાશી આવ્યો છે ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે તે તો ગાંડો છે અને તમારી કેટલી રોટલી

લાવ્યો છે ? ત્યારે વાણિયા કહે અમારી છ રોટલી લાવ્યો છે. ત્યારે સ્વામી કહે, હું તમને છ મોતીયા લાડુ આપું તો વાણિયા કહે છ હોય ? સ્વામી કહે આઠ આપું. પછી વાણિયા તે લાડવા લઈને ઘરે ગયા અને મહારાજ ધ્યાનમાંથી બેઠા થઈને સૌ સંત સદાવ્રતના દાળિયા કાઢીને જમવા બેઠા પછી મહારાજ કહે લ્યો સ્વામી હું છ રોટલી લાવ્યો છું તે ચોળીને દાળિયામાં નાખીયે અને સૌ સંત જમ્યા અને અહીંયા સૌ વાણિયાને ઠબકો દેવા લાગ્યા જે બાવો બિચારો ભૂખ્યો થયો હશે ત્યારે તારી રોટલી લીધી હશે અને તું તેના લાડવા લાવ્યો ? અને અહીં સંત જમ્યા અને વાણિયાને શરીરે બળતરા ચાલી પછી વાણિયો બોલ્યો કે ચાલો આપણે સૌ તે બાવાને જમાડીયે તે વખતે ત્યાં એક ભરવાડ આવ્યો તેણે કહ્યું કે તમો રસોઈ આપો અને હું બળતણ આપું તે પ્રમાણે ભરવાડ છાણાની ગાંસડી બાંધીને તે સંત બેઠા હતા તે ઠેકાણે આવતો હતો ત્યારે સંતે કહ્યું જે આંહીં સ્મશાન છે કે શું ? છાણાંની ગાસંડીઓ આ તરફ આવે છે એમ જ્યાં વાત કરે છે ત્યાં કેટલાક માણસોને માથે રસોઈનો સામાન લઈને સૌ સંત પાસે આવ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે મહારાજે કોઈકમાં પ્રવેશ કર્યો કે શું ? ત્યારે મહારાજ કહે, સ્વામી ! અહીંયાંથી ભૂખ્યા ક્યાં જઈએ ? પછી મહારાજ આગળ થઈને સૌને કહેવા લાગ્યા કે આ સામાન આંહીં મેલો આ સામાન આંહીં મેલો. પછી વાણિયા મહારાજને જોઈને બોલ્યા, જે મહારાજ ! તું બાવા જેવો જણાય છે પણ બાવો નથી. પણ ભગવાન છો ! પછી સૌ સંતને જમાડ્યા અને વાણિયા બે ભાઈ સાધુ થઈને મહારાજ ભેગા ચાલી નીકળ્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૮૧૩)*

## ગાંડા માણસની જેમ લૂણી ખાવા લાગ્યા

એક વખત ગામ દેવળિયાવાળા જાલમસિંહજીનાં મા, કેશાબાને સત્સંગ થયો ને પ્રથમ મહારાજનાં દર્શન કરવા ગઢડે આવ્યાં તે ટાણે શ્રીજીમહારાજ ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બેઠેલા ને આગળ સભા પણ ભરાઈને બેઠી હતી ને મહારાજના હાથમાં લુણીનો કંડલો ભરેલો તેને મોઢે તોડીતોડીને જમતા જાય એવી રીતે મહારાજ બિરાજે તે વખતે કેશાબા આવી પગે લાગીને ડોશીઓની સભામાં જઈને બેઠાં ને મનમાં વિચાર કરવા માંડ્યોજે "આ તો ભગવાન નહિ, આ તો મનુષ્ય છે. જુઓને લુણી ખાય છે તે પણ ખાતાં આવડતી નથી બીજો કોઈ ડાહ્યો પુરુષ હોય તે પણ થોડી થોડી સુધારીને ખાય ને આ તો મોટોકડલો હાથમાં લઈને પોતાને દાંતે તોડીતોડીને ખાય છે માટે આ ક્યાં ભગવાન છે ને આપણે તો ઠાલો આંટો ખાધો' એમ વિચાર કરીને ઊઠ્યા ને પોતાને ઉતારે જઈ વેલ જોડાવીને ચાલી નિસર્યા. પછી મહારાજ બોલ્યા જે, "એ બાઈ કેમ ઉઠી નિસર્યા ? ખબર તો કાઢો ત્યારે ઉતારે ખબર

કાઢી તો તે બાઈ ચાલી નિસરેલાં. પછી મહારાજે માણસ મોકલીને પાછાં વાળ્યાં ત્યારે ઉતારો કરીને ફરી મહારાજનાં દર્શન કરવા આવ્યાં તે ટાણે મહારાજ ઉત્તરાદા ઓરડાના બારણા પાસે ઉભેલા ને ત્યાં તકિયો પડ્યો હતો તેને પોતાના હાથમાં લઈ ઊછાળ્યો તે લિંબડા હેઠે ઓટા ઉપર ઢોલિયો હતો તે ઉપર ઓશિકાની કોર જેમ નાખવો ઘટે તેમ બરોબર પડ્યો તે દેખીને કેશાબાએ વિચાર કર્યો જે ''આટલે છેટેથી આવો ભારે તકિયો ઉડાડીને ઢોલિયાઉપર જે ઠેકાણે જોઈએ તે ઠેકાણે નાખ્યો માટે આ તો ભગવાન છે' પછી કેશાબા મહારાજને પગે લાગીને પાછાં ડોશીઓ ભેળાં જઈને બેઠાં અને મહારાજનાં દર્શન કરતાં હતાં. ત્યાંતો મહારાજની મૂર્તિ સોળ વરસની ને અતિપ્રકાશવાન ને જરીયાની વસ્ત્ર ને આભૂષણે કરીને અતિ શોભતી અને મહાદિવ્ય એવી દેખી. તે થોડીક વાર એમ દેખીને પછી જેમ આગળ હતા એમ મહારાજને દેખ્યા. ત્યારે એ કેશાબાને અડગપણાનો નિશ્ચય થયો ને સંશય સર્વે નાશ પામી ગયા પછી મહારાજ પાસે વર્તમાન ધરાવ્યાં ને પાંચદિવસ વાતો સાંભળીને પછી ઘેર ગયાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૮૪)*

## મહારાજે જોધા ભરવાડ સાથે વલોણામાં લીલા કરી

મહારાજ દરબારમાં વાસુદેવનારાયણના ઓરડામાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા. ત્યાંથી મહારાજ ઓસરીમાં આવ્યા. ત્યાં જોધો ભરવાડ ને બીજલ ભરવાડ બે જણ સામસામા છાસ તાણતા હતા. ત્યાં મહારાજ આવ્યા ને કહ્યું જે, ''લાવો, અમે છાસ તાણીએ.'' એમ કહીને બીજલના હાથમાંથી નેતરું લીધું ને જોધો ને મહારાજ સામસામા તાણવા મંડ્યા. ત્યારે મહારાજે જમણા ચરણને અગૂઠે કરીને ગોળી ઉપર ડેર તેને ખેસવી મૂક્યું. ત્યારે જોધે તાણતા મૂકીને ડેર પાછું સમું કર્યું. વળી તાણવા મંડ્યા. ત્યારે જોધાની નજર જરા આઘી થઈ એટલે મહારાજે જમણા ચરણને અંગૂઠે કરીને ડેર ફેરવી નાંખ્યું. ત્યારે વળી છાસ તાણતા રહેવા દઈને ડેર સમું કર્યું. એવી રીતે પાંચ-છ વાર ફેરવી નાંખ્યું. ત્યારે પગને અંગૂઠે કરીને ફેરવી નાંખતા જોધે દેખ્યું. ત્યારે મહારાજને કહ્યું જે, ''આ તો તમારા કામ દેખાય છે.''

ત્યારે મહારાજ હસ્યા ત્યારે જોધે કહ્યું જે, ''જો હવે ડેર ફેરવ્યું તો હું પગે ઝાલીને પછાડીશ.'' ત્યારે મહારાજ એમની સામે જોઈને હસ્યા ને પાછી છાસ તાણવા મંડ્યા. ત્યારે મહારાજને મુખારવિંદે પરસેવાનાં બિંદુ આવ્યાં. ત્યારે જોધો કહે, ''રાખો મહારાજ ! ક્યાં ગયો બીજલ.. ! ચાલ, મહારાજ થાકી જશે.'' એમ કહીને (તેને) બોલાવ્યો. ને મહારાજને કહે, ''હવે તમે રહેવા દો ને બીજલને આપો'

ત્યારે મહારાજ કહે, ''અમે તાણશું, બીજલને નહિ આપીએ.'' એમ કહીને પાછા છાસ તાણવા મંડ્યા. ત્યારે જોધે કહ્યું જે, ''હવે મહારાજ રાખો, છાસ થઈને ઉપર માખણ આવ્યું.'' ત્યારે મહારાજે છાસ વલોવવી બંધ રાખી. ત્યારે જોધે ડેર છોડીને રવાયો બાર કાઢી લીધો. ત્યારે મહારાજે ગોળીમાં હાથ ઘાલીને હલાવ્યો ને મહારાજે કહ્યું જે, ''આમાં તો કાંઈ માખણ નથી.'' ત્યારે જોધે કહ્યું, ''મહારાજ, માંય પાણી નાંખશું ત્યારે માખણ ઉપર આવશે.''

તેવામાં સાધુ ઝોળી માગવા સારુ આવ્યા. તે દરબાર વચ્ચે ઊભા રહીને ''નારાયણ હરે.. ! સચ્ચિદાનંદ પ્રભો !' એવો શબ્દ નાંખ્યો. ત્યારે મહારાજને કોણી સુધી માખણ વળગ્યું હતું. એ રીતે ને એ રીતે ચાલ્યા તે આંબલી હેઠે ગયા. ત્યાં બ્રહ્મચારી હાથ ધોવા સારુ પાણી લાવ્યા ને મહારાજને કહ્યું જે, ''જોધો ક્યાં મૂવો તો તે તમે છાસમાં હાથ ઘાલ્યો ને છાસવાળો હાથ કર્યો ?'' ત્યારે મહારાજ હસ્યા. તે સમયે મહારાજનો હાથ ધોવા મંડ્યા. ત્યારે સાધુએ આવીને હેઠે ખોબો ધર્યો. ત્યારે મહારાજે કહ્યું જે, ''પાણી પીશો મા, અણગળ છે.''

ત્યારે સાધુએ ખોબો ભરીને પોતાના માથા ઉપર નાખ્યું. તે જોઈને મહારાજ હસ્યા. ત્યારે બ્રહ્મચારીએ રૂમાલ આપ્યો, તેણે કરીને હાથ લૂયો ને પછી મહારાજ બોલ્યા જે, ''સાધુ ઝોળીએ આવ્યા છે, તે રોટલા હોય તો લાવો.'' ત્યારે ઉમરેઠનો સંઘ આવ્યો હતો ને તેમના ઉતારા ત્યાં હતા ને તે રસોઈ કરતા. તે બાયુંએ આવીને મહારાજના હાથમાં રોટલા આપવા માંડ્યા. ત્યારે મહારાજે લઈને ઝોળીમાં સાધુને દેવા માંડયા.

પછી ત્યાંથી ધર્મકુળને ઘરે ગયા. ત્યારે રઘુવીરજી મહારાજના ઘરનાં વિરજ્યાદેવીએ બદરિનાથજીને થાળ ભરીને વડાં (આપી) મહારાજ પાસે મોકલ્યા. ત્યારે મહારાજે સાધુની ઝોળીમાં નાંખ્યા. તે જ પ્રમાણે સુવાસની બાઈ તથા ગોપાલજી મહારાજ તથા અયોધ્યાપ્રસાદજી મહારાજે પણ કર્યું. પછી ત્યાંથી દરબારમાં આવ્યા ત્યારે પાંચુબાઈએ ચાર-પાંચ રોટલા ને સુવાની ભાજી મહારાજના હાથમાં આપી. ત્યારે મહારાજે સાધુની ઝોળીમાં નાંખી. ને મહારાજ આથમણા બારને ઓરડે આવ્યા. ત્યારે લાડુબાઈએ પાંચ-છો રોટલા, સાકરકોળાનું શાક મહારાજના હાથમાં આપ્યાં; તે મહારાજે સાધુની ઝોળીમાં નાંખ્યા તથા રાજબાઈ પાંચ-છો રોટલા લઈને આવ્યાં ને મહારાજના હાથમાં આપ્યાં; તે સાધુની ઝોળીમાં નાંખ્યા.

ત્યાં તપેલામાં દાળ ને રોટલા લઈને મોટીબા આવ્યાં. તે મહારાજના હાથમાં આપ્યાં. ત્યારે મહારાજે મોટીબાને કહ્યું જે, ''તપેલા સહિત સાધુને આપીએ છીએ, તે તપેલું દઈ મોકલશે.'' ત્યારે મોટીબાએ કહ્યું જે, ''બહુ સારું મહારાજ, સાધુને સોંપજ્યો.'' ત્યારે મહારાજે સાધુને આપ્યું, તે સાધુ લઈને ગયા. ને બ્રહ્મચારી પાણી લઈને આવ્યા, તે મહારાજનાં હસ્ત ધોવરાવ્યા

ને રૂમાલ હાથમાં આપ્યો. તે મહારાજે હસ્ત લૂયા ને બ્રહ્મચારીએ મહારાજનાં ચરણારવિંદ ધોયાં ને પોતાના રૂમાલે કરીને મહારાજનાં ચરણારવિંદ લુયાં ને ચાખડી આગળ મૂકી. તે મહારાજ ચાખડી ઉપર ચઢીને અક્ષરઓરડીએ પધાર્યા. *(મહારાજની લીલા-૭૨)*

## બળોલમાં મનુષ્ય લીલા કરી

શ્રીહરિ જેતલપુરથી એકલા ચાલીને બળોલ ગામે પટેલ રયા ખટાણાને ઘેર ગયા. ત્યાં જમવામાં થૂલી પીરસી. ત્યારે ડોસી કહે, "થૂલીમાં દૂધ લેશો કે દહીં લેશો ?" શ્રીજી કહે, "બન્ને" તેથી દૂધ દહીંની થાળી છલકાવી દીધી. સાથે કેરડાનું અથાણું પણ થાળીમાં નંખાવીને સર્વ ભેગું કરીને અડવાળ્યું. એવું છલ્લો છલ્લ કે ઉંચુ કરે તો ઢોળાય. તે થૂલી, દૂધ, દહીં અથાણું સર્વે ખોબે ખોલે પીવા લાગ્યા. જેના રેલા કોણીએ ઊતર્યા. તે જીભે ચાટતા જાય. તે સમયે દેવીદાન ગઢવી અને બીજા માણસો દર્શને આવેલાં તે ઓસરીની જાળીને આડા ઉભા તેથી અંધારુ થતાં દર્શન થાય નહિ. પ્રભુ પાગલ બની કહે કે, અમારે તો ફળીમાં ગાડા ઉપર બેસીને અજવાળે જમવું છે. તેથી ચોકમાં ગાડા ઉપર જમવા બેઠા. સર્વને ભરમાવા માટે જીભેથી કોણીના રેલા ચાટે તેથી આ તો ગાંડો બાવો ખાતા પણ આવડતું નથી, ભગવાન તે કહેવાય ? એમ સૌ કહેતાં ભાગી ગયા. દેવીદાન ગઢવી ગમ ખાઈ ગયા.

આ દેવીદાન તે આપણા દેવાનંદસ્વામી. તેમના પિતાશ્રીનું નામ જીજીભાઈ માતુશ્રીનું નામ બોનજીબા, બે બહેનો તેમાં ના એક મધુબાને રંગપુરમાં પરણાવેલા. તેમણે મૂળી મંદિરમાં રંગપરની જમીન દશ વિઘા ધર્માદિ આપી છે. બીજા બહેન બાઈજીબાને ગામ ઝાંબડીમાં પરણાવેલા. તેમણે પણ દશ વિઘા જમીન મૂળી મંદિરમાં ધર્માદિ આપી છે.

દેવીદાનનું મોસાળ મૂળીમાં તે રત્ન શાખાના મારુ ચારણ બળોલ રહેતા. તેમનો જન્મ સં. ૧૮૫૯ના કાર્તિક સુદી ૧૫ ના દિવસ બળોલમાં થયેલ. સંવત ૧૯૧૦ના શ્રાવણ વદ ૧૦ના દિવસે મૂળી મંદિરમાંથી અક્ષરધામ પધાર્યા.

તેઓ જ્યારે પાંચ વર્ષના થયા ત્યારે ધીંગડાની સીમમાં અંકલેશ્વર મહાદેવની ઉપર કમળપૂજા ખાવા ગયા હતા. ત્યારે શંકર મૂર્તિમાન પ્રગટ થઈને માથે હાથ મૂકીને કહે, "કવિરાજ ! તમો ઘેર જાઓ. તમારે ત્યાં પરમ દિવસે પ્રગટ પુરુષોત્તમ સ્વામિનારાયણ પધારવાના છે. તમો તો મોટા કવિ થશો. તમારા કાવ્યથી હજારો જીવોનો મોક્ષ કરશો." દેવીદાન શંકરને કહે, "હું પ્રભુને ઓળખું શી રીતે ? " શંકર કહે, "જેની જીભ કોણીએ અડે તે પ્રભુની એંધાણી." પછી દેવીદાન ઘેર આવ્યા. જેમ ધ્રુવજીને છઠે વર્ષે પ્રભુ મળ્યા, તેમ દેવીદાનને પણ બાળપણમાં છઠે વર્ષે શ્રીજીમહારાજ મળ્યા. જે કોણીએથી જીભે ચાટતા હતા તે ઓળખાણા. આ ચરિત્ર

ફક્ત દેવીદાનને માટે જ શ્રીજીએ કરેલું તેથી બીજા ભાગ્યા, પરંતુ દેવીદાન શ્રીજી સાથે ચાલી નીકળ્યા ગઢડે પધારીને દેવીદાનને દીક્ષા આપી, અભેદાનંદ નામ રાખી સાધુ કર્યા. અને બ્રહ્માનંદ સ્વામીને સોંપ્યા.

અભેદાનંદ સ્વામી તે બ્રહ્માનંદ સ્વામી પાસે ભણીને મહાન કવિ થયા. બ્રહ્માનંદ સ્વામી સંવત ૧૮૮૮ના જેઠ સુદી ૧૦ ને દિવસે અક્ષરધામ પધાર્યા. ત્યારે અયોધ્યા પ્રસાદજી મહારાજે આ અભેદાનંદ સ્વામીને મૂળી મંદિરના મહંત કર્યા. સ્વામીએ શિખરો, ઘુંમટ, પ્રદક્ષિણા ફરતી જગાઓ તે સર્વે તેમણે કર્યું. બાવીસ વર્ષ મૂળી મંદિરમાં પ્રભુની સેવા કરી. કાવ્યમાં અભેદાનંદ બરાબર બંધ બેસતું આવે નહીં તેથી શ્રીજીએ જ તેમનું નામ અભેદાનંદને બદલે દેવાનંદ રાખ્યું. દેવાનંદ સ્વામી અષ્ટ કવિઓમાં ગણાયેલા છે. આ આઠ કવિનાં નામ, કવિમાં સૂર્ય સરખા બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, પૂર્ણાનંદ સ્વામી, તે ત્રણ દેવી પુત્રો અને ત્રણ હાલારી પ્રભુ જેવા મુક્તાનંદસ્વામી, ભૂમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દયાનંદ સ્વામી. *(શ્રી સ્વામિનારાયણ સંહિતા અધ્યાય-૪૮)*



## શ્રીહરિએ સમાધિ દ્વારા દિવ્ય દર્શન કરાવ્યા

### ભક્તો સ્વતંત્રપણે સમાધિમાં જતા અને બીજાને લઈ જતા

અનેક સાધુ તથા ગૃહસ્થ સ્ત્રી-પુરુષો સમાધિવાન થયાં હતાં. તેમાં કેટલાંક તો સ્વતંત્ર સમાધિવાળા થયાં હતાં. ને કેટલાંક તો બીજાને પણ સમાધિ કરાવીને અનેક ધામમાં લઈ જાય ને પાછા લાવે, એવાં ઐશ્વર્યવાન થયાં હતાં. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૮૧)*

### શ્રીહરિનાં દર્શને આવેલ ઈશ્વરાદિકને સમાધિવાળા દેખતા

અને કેટલાક સમાધિનિષ્ઠ સાધુ તો સમાધિ કરીને શિવ-બ્રહ્માદિકની સભામાં જઈને શ્રીજીમહારાજના પ્રગટ સ્વરૂપની વાર્તા કરતા. તે સાંભળીને તે દેવ શ્રીજીને દર્શને આવતા હતા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૮૨)*

અનેક ધામના ઈશ્વર તથા અનેક ધામના મુક્ત તથા અનેક અવતાર, તે સર્વે શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવતા હતા. તેને અલૌકિક દષ્ટિવાળા સાધુ દેખતા હતા. એવો અલૌકિક શ્રી પ્રગટ પુરુષોત્તમનો મહિમા છે. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૮૩)*

### અવતારોને પોતાના વિશે લીન કરી દેખાડ્યા

અને શ્રીજીમહારાજે પોતાને વિશે તથા પોતાના ભક્તોને વિશે પોતાના અવતાર લીન કરી દેખાડ્યા. તથા સર્વે અવતારનો ભાવ પોતાને વિશે દેખાડ્યો. તથા બીજા અવતાર રૂપે પોતાનું દર્શન દીધું. તથા પોતાનું નામ ભક્ત ઉચ્ચારણ કર્યું, તેણે કરીને અનેક રૂપે થવાનું પણ બીજા અવતારને નામ લીધે ન થવાણું. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૮૪)*

### અનેકને તેમના ઈષ્ટદેવરૂપે દર્શન દીધાં

શાસ્ત્રને વિશે એમ કહ્યું છે જે, અષ્ટાંયોગ સિદ્ધ કરે ત્યારે સમાધિ થાય, ને શ્રીજીમહારાજ તો માંગરોળ તથા કાલવાણી તથા અગતરાઈ તથા શ્રીનગર ઇત્યાદિકમાં વિચર્યા, તે શ્રીજીને જોઈને અનેક જનને સમાધિ થઈ હતી. તે ભક્ત ને અભક્ત તથા દૈવી ને આસુરી જનને, સર્વને સમાધિ થાતી હતી. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૮૫)*

યવન, જૈન આદિ અનેક મતવાદીઓએ આવીને શ્રીજીને કહ્યું જે, “તમે અમને અમારા ઈષ્ટદેવ દેખાડો, તો તમે ભગવાન ખરા.” ત્યારે તેમને સમાધિ કરાવીને, શ્રીજી પોતે તેમના

તેમના ઈષ્ટદેવરૂપે થઈને દર્શન દેતા હતા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૮૬)*

પરોક્ષ ઉપાસક એવા સંપ્રદાય ને મતવાળા જન આવ્યા, તેમને તેમના ઈષ્ટદેવરૂપે તેમના ધામને વિશે શ્રીજીમહારાજ પોતાનું દર્શન દેતા હતા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૮૭)*

## નાવડાની બાઈને અક્ષરધામમાં સોનાના મહેલ દેખાડ્યા

ગામ નાવડામાં એક બાઈ જ્યારે ત્યાં સાધુ ફરવા આવે ત્યારે તેમનું પાણી ભરી આપતી અને તે ગામમાં હીરો શેઠ મંદિર કરાવતા હતા પછી તે બાઈને સમાધિ થઈ અને અક્ષરધામમાં ગઈ ત્યાં અક્ષરધામમાં શ્રીહરિ મહોલ ચણાવતા હતા તેને જોઈને તે બાઈએ મહારાજને પૂછ્યું કે મહારાજ ! આ કોના મહોલ ચણાય છે ? ત્યારે મહારાજ કહે કે હીરો શેઠ અમારું મંદિર ત્યાં ચણાવે છે તેમના સારું અહીંઆ સોનાના મહોલ કરાવીએ છીએ, પછી બાઈએ મહારાજને પૂછયું કે ક્યારે પૂરા થશે ? મહારાજ કહે આજથી છ મહીને પૂરા થશે. પછી તે બાઈ સમાધિમાંથી બહાર આવી અને હીરા શેઠને તે વાત કરી જે તમે તો અહીં પથરનું મંદિર કરાવો છો અને તમારા સારું ત્યાં સોનાનું મંદિર મહારાજ કરાવે છે, અને હીરા માણેક અને મોતીનાં તોરણ તેમાં બંધાવ્યા છે. શેઠ કહે મહારાજે કાંઈ કહ્યું છે, બાઈ કહે હા છ મહીને આ મહોલ પુરા થશે તે સાંભળીને શેઠે તે વાર તિથિ ચોપડીમાં લખી રાખી અને પોતે ચોમાસાના વખતમાં ધંધુકે કામ પ્રસંગે ગયા હતા ત્યાં પોતાને તાવ આવ્યો પછી તેમણે પોતાના દીકરા ઝીણાભાઈને પૂછ્યું કે, ઝીણા ! ઓલી ડોશીએ કહ્યું છે તેમાં કેટલા દિવસ બાકી છે ? ઝીણા શેઠે ચોપડો જોઈને કહ્યું બાપા ત્રણ દિવસ બાકી છે પછી પોતે ચોમાસાની ઋતુ હતી તેથી ગાડાં ચાલે નહીં તેથી પાડા ભાડે કરીને પોતાને ઘેર આવ્યા અને છ મહિના પુરા થયા તે દિવસે શ્રીજીમહારાજ તેડવા પધાર્યા અને ધામમાં લઈ ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૩૫)*

## શ્રીહરિએ હાર દ્વારા સમાધિઓ કરાવી

બીજા સાધુનું મંડળ ફરવા ચાલ્યું ત્યારે મહારાજને દંડવત કરી પગે લાગીને બોલ્યા ને કહ્યું કે, હે મહારાજ ! અમે શી વાતો કરીએ ? ત્યારે મહારાજ કહે મહાપુરુષો લ્યો આ હાર તે હાર વાતુ કરશે. પછી સાધુએ તે હાર લઈને એક ડાબલીમાં નાંખ્યો ને ફરવા ગયા ત્યાં જે ગામમાં જાય ત્યાં પ્રથમ કીર્તન ભક્તિ કરે એટલે ગામનાં સૌ લોક ભેળાં થાય. પછી સંત ડાબલીમાંથી હાર કાઢીને તેનાં સૌને દર્શન કરાવે છે જુઓ, અમને સ્વામિનારાયણ ભગવાને હાર આપ્યો છે તેનાં સૌ દર્શન કરો. પછી દર્શન માત્રમાં સૌને સમાધિ થઈ જાય અને અક્ષરધામમાં

જાય અને જાગીને સંતને પગે લાગે જે મહારાજ તમે ભગવાનના સાધુ છો માટે અમને વર્તમાન ધરાવો એમ હારદ્વારે મહારાજે સમાધિયું કરાવી. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૪૨)*

## શ્રીહરિએ લાકડીના ઠેબા દ્વારા સમાધિ કરાવી

વળી એક વખત બીજા સંતનું મંડળ ફરવા ચાલ્યુ તે મહારાજને દંડવત કરીને પગે લાગ્યા ને મહારાજને કહે કે અમે શી વાતો કરીએ ! ત્યારે મહારજ કહે લ્યો આ લાકડીનો કટકો તે કટકો વાતુ કરશે, તે લાકડીનું એક ઠેબું લાલ હતું અને બીજું ઠેબું ધોળું હતું તે લઈને સંત ફરવા ગયા અને તે જે ગામમાં જાય ત્યાં બધાં લોક ભેળાં થાય તેની આગળ ભગવાનના મહિમાની વાતો કરે અને પછી તેમને લાકડીનું એક ઠેબું અડાડે, એટલે સમાધિ થઈ જાય અને બીજું ઠેબું અડાડે ત્યારે જાગે, પછી તે ઉઠી ઉઠીને સંતને પગે લાગે ને કહે જે હે મહારાજ તમે ભગવાનના સંત છો માટે અમને વર્તમાન ધરાવો ને તમારા આશ્રિત કરો એમ લાકડામાં ચમત્કાર મેલ્યો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૪૩)*

## વિજાપુરમાં ચકલાને સમાધિ કરાવી

એક વખત મહારાજ વિજાપુર પધાર્યા હતા અને ત્યાં વડની નીચે સભા કરીને બેઠા હતા અને ગામમાંથી કેટલાક માણસ મહારાજને દર્શને આવ્યાં હતાં, તે વખતે મહારાજે વડ ઉપર જેટલાં ચકલાં બેઠાં હતાં તેને સમાધિ કરાવી એઠલે તે બધાંય વૃક્ષ ઉપરથી નીચે પડ્યાં અને સૌ જોઈને આશ્ચર્ય પામ્યાં જે આ શું ? બધાંય ચકલાં ઊંધા પડ્યાં છે અને મહારાજ સભામાં વાતો કરતા હતા. પછી મહારાજે બધાયનો કળાહોળ સાંભળીને હાથમાં રૂમાલ હતો તે ઊંચો કર્યો એટલે સૌની સમાધિ ઉતરી ગઈ અને બધાં ચકલાં ઉડી ઉડી વૃક્ષ ઉપર જઈને બેઠાં તે જોઈને સૌ આશ્ચર્ય પામ્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૧૯)*

## સરધારમાં માછલાઓને સમાધિ કરાવી

થોડાક દિવસ થયા કેડે માંચા ભગતે વિચાર કર્યો જે આપણે મહારાજને દર્શને જવું અને સાબદા થઈને જ્યારે ચાલ્યા ત્યારે વસ્તો ખાચર આડા ફર્યા જે બાપુ ક્યાં જાઓ છો ? આ બસેહે વિઘાના ખેતરમાં કપાસ પાક્યો છે તે ઠેકાણે પાડતા જાઓ. તેને સાંભળીને માંચો ભગત પાછા વળ્યા અને બીજે દિવસ ફરતા ગામોની ગાયો બોલાવીને તે ખેતરનો કપાસ ભેળાવી દીધો ત્યારે વસ્તો ખાચર બોલ્યા, જે કાકા આ શું કર્યું ? ત્યારે માંચો ખાચર કહે ભા, એ ઠેકાણે પાડ્યો અને કપાસ વીણાવીને ઘરમાં ભરીને હું મહારાજને દર્શને જાઉં તો પછવાડે સંકલ્પ વિકલ્પ થાય જે શું ભાવ આવશે ? તે કારણથી કપાસને ઠેકાણે પાડ્યો એમ કહીને ત્યાંથી

ચાલી નીકળ્યા. તે સરધારમાં મહારાજને મળ્યા. અને પછી દર્શન કરીને અમુક દિવસે ઘરે આવ્યા અને જે વખતે માંચો ભગત સરધારમાં દર્શને ગયા ત્યારે મહારાજ તળાવની પાળે સભા કરીને વિરાજમાન હતા અને સુરા ખાચરે પૂછ્યું કે, મહારાજ ! બધાને સમાધિ કરાવો “છો પણ માછલાંને સમાધિ થાય ? તે વખતે મહારાજના હાથમાં રૂમાલ હતો તે ઉંચો કરીને વયો એટલે તમામ માછલાને સમાધિ થઈ ગઈ અને તળાવના પાણી ઉપર જાણે રૂપું પાથર્યું હોય તેવો દેખાવ થયો. પછી સુરા ખાચરે મહારાજની પ્રાર્થના કરી છે, મહારાજ ! આ માછલાંને જનાવર ઉપાડી જાશે તે સાંભળીને મહારાજે હાથની ચપટી વજાડી એટલે માછલાં સજીવન થઈને તળાવમાં ચાલ્યા ગયાં તે ચમત્કાર જોઈને માંચે ખાચરે ગઢપુર આવીને બધી વાત એભલ ખાચર આદિને કરી. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૮૩)*

## કારિયાણીમાં પૂજ્યને સમાધિ કરાવી

કારિયાણીમાં શ્રીજીમહારાજે તળાવ ગળાવ્યું અને તેમાં રામકુંડ અને ભીમકુંડ એમ બે કુંડ કરાવ્યા. અને તેમાં પોતે ઘણિક વખત નાહેલા છે અને તળાવને કાંઠે ચાળીશ ચોકા બ્રાહ્મણોના કરાવ્યા હતા અને મહારુદ્ર કરાવ્યો હતો તે વખતે હાલ દેરી પાસે તળાવને કાંઠે ઓટો છે તે ઠેકાણે સભા કરીને બેઠા હતા તે વખતે ત્યાં બરવાળેથી બે જૈનના પૂજ્ય નીકળ્યા હતા તેણે એવો વિચાર કર્યો જે આપણે સ્વામિનારાયણ સામું જોવું નહીં. કેમ કે લાકડા જેવા થઈ જવાય. તેમાં બે જણા ઉતાવળા ચાલ્યા તેમાં એક પૂજ્ય મહારાજ સામું જોયું એટલે તેને સમાધિ થઈ ગઈ અને તેણે સમાધિમાં તેના કેટલાક તીર્થંકરો દીઠા તે જોઈને તેને આશ્ચર્ય થયું અને બીજો પૂજ્ય હતો તે તળાવને ઓલે કાંઠે જઈને ઉભો રહ્યો છે પૂજ્યને સમાધિ થઈ હતી તેની સામું શ્રીજીમહારાજે જોયું એટલે તે સમાધિમાંથી ઉઠીને એકદમ નાઠો તે જોઈને આખી સભા ખડખડ હસવા મંડી અને તેના લૂંગડાં તથા રજોણો વગેરે ધૂળ ધૂળ ભર્યા હતાં અને એમને એમ નાઠો તે પેલા પૂજ્ય ભેગો થઈ ગયો. પછી તેના મનમાં એમ થયું જે સ્વામિનારાયણ જાદુગરા છે. આ વાત તેણે બીજા પૂજ્યને કરી જે મેં આવી રીતે જોયું. તે સાંભળીને આશ્ચર્ય પામ્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૮૭)*

## સમાધિમાં અક્ષરધામથી આંહીની નિશાની લાવ્યા

એક વખત મહારાજ અલૈયા ખાચરના ભાઈ જેઠસુર ખાચરે મહારાજને કહ્યું કે, મહારાજ ! જેના કુળમાં એક ભક્ત થાય તો તેના ઈકોતેર પરીયાનો ઉદ્ધાર થાય એમ કહ્યું છે તે અમારા કુળમાં અમારા બાપ દાદા મહાપાપી હતા તેનો ઉદ્ધાર થયો હશે કે કેમ ? પછી મહારાજ કહે તમારે જોવું છે ? જોવું હોય તો દેખાડીએ પછી જેઠસુર ખાચરને મહારાજે સમાધિ કરાવી

ને અક્ષરધામમાં મોકલ્યા ત્યાં તેમના વડવાઓને તેમણે દીઠા ત્યારે તેમને કહ્યું જે તમે આંહી કેવા ? ત્યારે તે સૌ બોલ્યા. જે અમારા કુળમાં અલૈયો ખાચર સ્વામિનારાયણનો ભક્ત થયો છે તે પ્રતાપે કરીને અમે અહીંયાં આવ્યા છીએ. જેઠસુર ખાચર બોલ્યા જે કાંઈક નિશાની આપો તો સારું મનાય. ત્યારે તેમના વડવાઓએ કહ્યું જે તળાવને કાંઠે પીપર છે તેથી નવ હાથ છેટે ઉગમણી કોરય નવસહે રૂપિયાનો ભરેલો એક દેગડો દાટ્યો છે તે લઈ લેજો. પછી તેણે સમાધિમાંથી બહાર આવીને મહારાજને કહ્યું કે વડવા ધામમાં તો પહોંચ્યા છે પણ એક નિશાની મળે તો ખરું પછી તળાવની પાળે મહારાજ પધાર્યા ત્યાં ઢોલિયા ઉપર મહારાજ વિરાજમાન થયા અને કહેવા પ્રમાણે તે જગ્યાએ ખોદવું એટલે નવસે રૂપિયાનો દેગડો નીકળ્યો. તે રૂપિયા કટાઈ ગયેલા હતા તે મહારાજ પાસે લાવીને મેલ્યા. મહારાજ કહે તમારે તો બે લાભ થયા એક તો પિત્રી ધામમાં ગયાં તેની ખાત્રી થઈ અને વળી રૂપિયા પણ મળ્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૫૪)*

## બાઈને સમાધિમાં જમપૂરી દેખાડી

એક દિવસ શ્રીજીમહારાજ આણંદજીભાઈને ઘરે પધાર્યા અને આણંદજીભાઈની ઘરવાળી કુસંગી હતી. તેને મહારાજે સમાધિ કરાવીને જમપુરીમાં મોકલી ત્યાં જમદૂતોએ મારી મારીને અધમૂઈ કરી દીધી. પછી જમદૂતે કહ્યું જે સ્વામિનારાયણનો આશ્રય કરજે નહીં તો મારી મારીને જીવ કાઢી નાંખશું. પછી તે બાઈ સમાધિમાંથી બહાર આવીને મહારાજના પગમાં પડી અને પછી વર્તમાન ધાર્યા અને સત્સંગિ થઈ અને મહારાજને કહ્યું જે, મહારાજ ! મને તો જમદૂતે મારી મારીને અધમૂઈ કરી દીધી હતી. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૦૪)*

## મહારાજે વાઘને સમાધિ કરાવી

એવી રીતે ઘણાં દિવ્ય બાળચરિત્રોને કરતા થકા અગિયાર વર્ષના થયા ત્યારે ઘર મૂકીને વનમાં ચાલી નીકળ્યા. ફરતા ફરતા હિમાલય પર્વતમાં ગયા અને ત્યાંથી ફરતા ફરતા નવલખા પર્વત ઉપર ચઢ્યા. ચઢતા એવા ઘનશ્યામને જોઈને ત્યાં રહેતા નવલાખ યોગીઓ મહારાજને મળવા સારૂ એક સાથે ઉભા થયા. ત્યારે મહારાજ નવલાખ રુપ ધારીને તે સર્વે યોગીઓને એક સાથે મળ્યા. એમ પોતાનું સમીપ સુખ અને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને બહુ સુખિયા કર્યા. ત્યાંથી ચાલ્યા ને ફરતા ફરતા ગોપાળયોગી પાસે બાર માસ રહ્યા. ત્યાંથી ચાલ્યા તે વનમાં છાપરું બાંધીને રહેલાં મા દીકરાને ત્યાં રહ્યા. છોકરાનું નામ જેરામ હતું અને માનું નામ સયામજસી હતું. તે સેવાભાવી બન્નેને વશ થઈને દોઢ માસ રહ્યા. જેરામની માતા દરરોજ પોયણાંના દાણા જીતોલાંથી કાઢીને તેની ખીર બનાવીને ઘનશ્યામને તથા જેરામને જમાડતાં.

ઘનશ્યામ મહારાજ અને જેરામ બને ત્યાં એક તલાવ હતું તેમાં ન્હાવા સારૂ જતા. તલાવમાં જેરામને ગળે ઝાલીને ઘનશ્યામ મહારાજ નાંખે અને કહે કે "જા પેલા પોયણાંનાં જીતોલાં લઈ આવ્ય" ત્યારે જેરામ ત્યાં જાય અને જીતોલાં લેવા ડુબકી મારે, ત્યારે તેને ઘનશ્યામ મહારાજ તેજોમય ચતુર્ભુજ રુપે દર્શન દે. ત્યારે જેરામ પોતાની માની પાસે આવીને કહે કે, "આ કોઈ મોટા સમર્થ પુરુષ છે." કોઈ દિવસ તો અનંત કોટિ મુક્તોએ સેવાતા અને દિવ્ય સિંહાસનમાં વિરાજેલા પ્રત્યક્ષ દેખતો હતો. આ અલૌકિક વાતને સાંભળીને જેરામનાં માતા ફરીથી કહેવા લાગ્યાં કે, "ત્યાં તો તેજોમય મૂર્તિ બેઠા છે અને અહીં તો તપસ્વી વેષે દેખાય છે. ત્યારે જેરામની માને નિશ્ચય થયો કે, "આતો કોઈ મોટા દિવ્ય દેવ છે, માટે એમની સેવા થાય તો ઘણું સારું." એમ જાણીને દોઢ માસ સુધી બહુ હેતે કરીને ઘનશ્યામ મહારાજની સેવા કરતાં થકાં પૂછવા લાગ્યાં કે, "હે ઘનશ્યામ ! અહીંથી તમારે ક્યાં જવું છે ?" ત્યારે મહારાજે કહ્યું કે, "અમારે દ્વારકાં જવું છે. આ રીતે પોતાનો પ્રગટ ભગવાનપણાનો નિશ્ચય કરાવીને, એમને બન્નેને ભુલાવીને ત્યાંથી ચાલી નીકળ્યા, ત્યારે જેરામને માએ કહ્યું કે, "તું કેડે જા. જ્યાં ઘનશ્યામ મહારાજ ગયા હોય ત્યાંથી શોધીને પાછા તેડી લાવ્ય." માતાના કહેવાથી જેરામ ચાલી નીકળ્યા તે ખોળતાં ખોળતાં પચાસ ગાઉ ઉપર એક વડના વૃક્ષ નીચે બેઠેલા ઘનશ્યામ મહારાજને મળ્યા. પછી જેરામ ઘનશ્યામ મહારાજના પગ પકડીને કહેવા લાગ્યા કે, "તુમ અમકું છોડ કર ચલે, પણ મેરી મા અન્ન ખાતી નહિ હૈ, અને તેમને સદા સંભારતી છે, માટે તુમ પીછે ચલો." પછી તેને મહારાજે છાનો રાખ્યો. એ સમયે એક વાઘ સમીપમાં દોડી આવીને પલાંઠી વાળીને બેઠો, તેને જોઈને જેરામ કહે કે, "મને વાઘ ખાઈ જશે, માટે આ વડ ઉપર ચઢી જાઉ.' ત્યારે મહારાજે કહ્યું કે, "અહીંજ બેસ' એમ કહીને વડ ઉપર ચડવા દીધો નહિ અને વળી કહ્યું કે, "જો વાઘની આંખમાં આંગળી ઘાલી આવ્ય' ત્યારે જેરામ કહે કે, "વાઘ મને ખાઈ જાય, ત્યારે ઘનશ્યામ મહારાજ વારે વારે ખીજી ખીજીને મોકલે. એમ બે ચાર ડગલાં જાય અને વળી પાછો વળે. વળી મહારાજ ફરીથી મોકલે. એમ બીતાં બીતાં વાઘની આંખમાં આંગળી ઘાલી આવીને મહારાજ પાસે આવ્યો. ત્યારે વળી મહારાજે કહ્યું કે, "હવે એના મોઢામાં હાથ ઘાલીને આવ." ત્યારે જેરામે કહ્યું કે, "મને આખો ખાઈ જાય ત્યારે ઘનશ્યામે કહ્યું કે, "નહિ ખાઈ જાય ત્યારે બીતો બીતો પાસે ગયો અને વાઘના મુખમાં હાથ ઘાલીને આવ્યો. ફરીથી મહારાજે કહ્યું કે, "હવે એના બધા શરીર ઉપર હાથ ફેરવીને આવ.' ત્યારે જેરામ તે પ્રમાણે કરી આવ્યો. આ રીતે ત્રણવાર જેરામને વાઘ પાસે મોકલ્યો અને ત્રણવાર વાઘ પાસે આવ્યો. પછી વાઘ તો ઘનશ્યામ મહારાજને પગે લાગીને

વનમાં ચાલ્યો ગયો. આ આશ્ચર્યને જોઈને જેરામે ઘનશ્યામ મહારાજને કહ્યું કે, "એ વાઘને શું થયું હતું ?" ત્યારે મહારાજે કહ્યું કે, "એને અમે સમાધિ કરાવી હતી." વધુમાં કહ્યું કે, સમસ્ત જગતનાં નાડી પ્રાણ અમારા હાથમાં છે." ત્યારે વળી જેરામે પૂછ્યું કે, "તમો કોણ છો ?' એવો ચમત્કાર અને મહિમા જણાવીને, ત્રણ દિવસ તેને ભેળો રાખીને, પછી તેને ભુલાવીને પોતે ત્યાંથી ચાલી નીકળ્યા. પછી જેરામે પાછા પોતાની મા પાસે જઈને સર્વ વૃત્તાંત કહ્યું, તેને સાંભળીને જેરામની માતાએ નિશ્ચય કર્યો કે, "આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે." નિશ્ચય થયા પછી માતાએ જેરામને કહ્યું કે, હવે જ્યાં એ ઘનશ્યામ ગયા હોય ત્યાં તું જા અને હું તો હવે ઘનશ્યામ મહારાજના ધામમાં જઈશ." ત્યારે જેરામ ત્યાંથી ચાલી નીકળ્યો. *(સદ્. શ્રી અદ્ભુતાનંદ સ્વામીની વાતો-૮)*

## મહારાજે પનિહારી બાઈઓને સમાધિ કરાવી

ત્યાંથી બીજે દિવસે ચાલ્યા તે રસ્તામાં આવેલા એક ગામની ભાગોળે કૂવો હતો તેની પાસે એક વૃક્ષ હતું તેની નીચે બ્રહ્મચારીના ખોળામાં માથું મૂકીને થોડી વાર પોઢી ગયા. તે વખતે તે કૂવા ઉપર પાણી ભરવા બાઈઓ આવેલી તે જોઈને બોલી કે, "આ બાવો બાવીને વિષે કેવો બંધાઈ ગયો છે કે જેથી ખોળામાં સુવારી છે" આ જૂઠી વાતને સાંભળતાં જ મહારાજ બોલ્યા કે "એ બાઈઓ શું કહે છે ? ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે કંઈ કહેતી નથી. એટલે મહારાજ ઉઠ્યા ત્યારે બાઈઓ ભોંઠી પડી ગઈ. પછી મહારાજે બાઈઓ સામે જોઈને સમાધિ કરાવવાથી હાથમાં ઘડા કાઢવાનાં દોરડાં હતાં તે સજ્જડ થઈ ગયાં અને જાણે ચિત્રમાં ચિતરી હોય ને શું ? એમ સ્તબ્ધ થઈ ગઈ. એમ ઘણીવાર સમાધિમાં રાખીને બહાર કાઢતાં તે બોલી કે "આ તો ભગવાન છે' એમ બોલીને ચોતરફ વીંટાઈ વળી અને મહારાજને ગામમાં લઈ જઈને સારી રસોઈ કરીને જમાડીને રાત્રિ રાખીને, મહારાજનો સત્સંગ સ્વીકારીને, પ્રગટ સ્વામિનારાયણનું ભજન કરતી થઈ. આ રીતે બાઈઓને પોતાના સ્વરૂપનો અડગ નિશ્ચય કરાવીને પોતે ચાલી નીકળ્યા. *(સદ્. શ્રી અદ્ભુતાનંદ સ્વામીની વાતો-૧૨૦)*

## ઘનશ્યામ મહરાજે ભક્તિ માતાને સમાધિ કરાવી

એક દિવસ અયોધ્યામાં ભક્તિમાતા ઘનશ્યામ મહારાજને ખોળામાં બેસારીને રમાડતાં હતાં ને મુખારવિંદ નીરખતાં હતાં ને અતિશય પ્રેમાતુર થઈ ગયાં હતાં. તે વખતે પોતાને સ્મૃતિ થઈ આવી. જે ઘનશ્યામ મહારાજ જન્મ્યા ત્યારે બ્રહ્માદિક દેવોએ આવીને કહ્યું તો હતું કે તમારે ત્યાં અક્ષરધામના પતિ શ્રી પુરુષોત્તમ નારાયણ અવતાર લેશે તો તે અક્ષરધામ તથા બીજા અવતારોનાં ધામ, ઘનશ્યામ મહારાજ મને કયારે દેખાડશે ?" ત્યારે તેજ વખતે

અંતર્યામી શ્રી ઘનશ્યામ મહારાજે માતા સામે દૃષ્ટિ કરી તે તુરતજ તેમને સમાધિ થઈ ગઈ. ને તેમાં ઘનશ્યામ મહારાજ આગળ ચાલ્યા જતા દેખાણા. તેની પાછળ પોતે ભક્તિમાતા ચાલ્યાં તે ઈંદ્રાદિક દેવતાઓનાં પાંચ લોક જોઈને બ્રહ્માના સત્યલોકમાં ગયાં. ત્યાં હું બ્રહ્માએ સામા ઊઠીને ઘનશ્યામ મહારાજનો કેટલોક સત્કાર કર્યો ને આરતી ઉતારી સ્તુતિ કરીને પગે લાગ્યા. પછી વૈરાટના લોકમાં ગયાં ત્યાં પણ વૈરાટે ઘનશામ મહારાજની આરતી તથા સ્તુતિ કરી ને પગે લાગીને કહ્યું કે "હે મહારાજ ! મારી અરધી આવરદા થઈ ત્યારે આજ ભલાં દર્શન દીધાં" એમ કહીને કેટલીક ભેટ સામગ્રી ધરીને પગે લાગ્યા. પછી ત્યાંથી મહત્તત્ત્વના લોકમાં ગયાં ત્યાં ચોવીશે તત્ત્વોએ આવીને ઘનશ્યામ મહારાજની સ્તુતિ કરી ને આરતી ઉતારીને પગે લાગ્યાં. પછી પ્રધાન પુરુષના લોકમાં ગયા ત્યારે ત્યાંના મુક્ત હરિનાં કીર્તનનું ગાન કરતા હતા. તે સાંભળીને ભક્તિમાતા અતિશય રાજી થયાં ને જાણ્યું કે મારા પુત્ર જે ઘનશ્યામ તેના ગુણ ગાય છે. પછી પ્રધાનપુરુષ સામા આવ્યા ને ઘનશ્યામ મહારાજને પગે લાગીને વિનંતિ કરવા લાગ્યા. ત્યારે ભક્તિમાતાએ તે પુરુષની સ્ત્રીને કહ્યું કે "આવાં પવિત્ર તમે કોણ છો ?" ત્યારે તે બોલી જે "મારું નામ પ્રધાન છે ને આ મારા પતિ તે પુરુષ છે ને અમે આ તમારા પુત્ર જે ઘનશ્યામ મહારાજ તેનાં દાસ દાસી છઈએ. ને અમારા સરખાં અનંત કોટી જોડલાં છે તે સર્વના પતિ મૂળમાયા ને મૂળ પુરુષ છે તે તમારા પુત્ર ઘનશ્યામ મહારાજની આજ્ઞાથી ઉત્પત્તિ, 'સ્થિતિ, ને પ્રલય કરે છે તે સાંભળીને પછી ભક્તિ માતા પુરુષપ્રકૃતિના લોકમાં ગયાં ત્યાં તો પુરુષ પ્રકૃતિ સામા આવ્યાં ને. ઘનશ્યામ મહારાજની સ્તૃતિ કરીને પગે લાગ્યાં. તે વખતે ત્યાં અનેક પ્રધાન પુરુષને સામગ્રીના થાળ ભરીને ઊભેલાં જોયાં ત્યારે ભક્તિ માતાએ કહ્યું "આ કોણ છે ?" ત્યારે માયા બોલી જે "આ સર્વ પ્રધાન કે પુરુષ છે. તે તમારા ઘનશ્યામ મહારાજનાં દાસ ને દાસીઓ છે ને એ ઘનશ્યામ મહારાજ તો અક્ષરધામના પતિ છે ત્યાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને ઈંદ્રાદિક દેવથકી અવાય તેમ નથી. એવું એ અક્ષરધામ 'છે તે ધામમાંથી રામકૃષ્ણાદિક અનંત અવતાર તે આ તમારા ઘનશ્યામ મહારાજની મૂર્તિમાંથી થાય છે. ને તે તો પોતે સર્વના નિયંતા છે. ને સ્વતંત્ર છે ને તેની આગળ અક્ષર અને અક્ષરના મુક્તો તે પરતંત્ર છે. ને તેથી કોઈ પર નથી કે તે પોતે કર્તા અકર્તા છે અન્યથા કર્તા છે, રાજાધિરાજ છે ને સદાય પોતાના તખત ઉપર બિરાજમાન રહે છે. ને કોઈ બ્રહ્માંડમાં જાય છે તે બીજે સ્વરૂપે જાય રે છે. પણ મૂળ સ્વરૂપ તો ત્યાં ને ત્યાંજ અખંડ રહે છે. તે મહાત્મ્ય સાંભળીને ભક્તિમાતાને ઘનશ્યામ મહારાજની અતિશય મોટપ સમજાણી. પછી પુરુષ પ્રકૃતિએ ઘનશ્યામ મહારાજની પૂજા આરતી કરીને ભેટ ધરીને પગે

લાગ્યો. તે પછી ભક્તિમાતા ઘનશ્યામ મહારાજ સાથે અક્ષરધામમાં ગયાં ને ત્યાંની શોભા જોઈને ભક્તિમાતા અતિશય રાજી થયાં ને પોતે બીજાં ઘણાં ધામ જોયાં પણ આ જેવું બીજું કોઈ ધામ દેખાણું નહિ. કારણ કે કોટી કોટી સૂર્ય ચંદ્રનો જે પ્રકાશ તે અક્ષરધામના પ્રકાશ આગળ ખદ્યોત જેવો ભાસે છે. ને જેને શ્રુતિઓ બ્રહ્મપુર કહીને વર્ણવે છે તે ધામમાં અનંત મુક્તો તથા મૂર્તિમાન અક્ષર રહે છે. ને તે અક્ષરધામમાં કામ, ક્રોધ કે લોભાદિક નથી. ને તે ધામને વિષે સ્ત્રી પુરુષને પરસ્પર ભેદભાવ નથી ને ત્યાંના મુક્તોને ફક્ત પુરુષોત્તમની ઉપાસના છે. ને સહુ પુરુષોત્તમ સામું જોઈ રહ્યા છે. અને તે અક્ષરધામને વિષે જે મુક્તો છે તે જેવું ધારે તેવું પોતાનું સ્વરૂપ કરે છે. ને તે તે રૂપે પુરુષોત્તમની સેવામાં ઉપયોગી થાય છે તે ફક્ત દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન એવા જે શ્રી પુરુષોત્તમ નારાયણ તે પ્રસન્ન થાય તેટલા માટે જ. કોઈ મુક્ત પાત્ર રૂપ બને છે ને કોઈ મણિમાણેક રૂપે થાય છે. કોઈ દિવતા સ્વરૂપે ને કોઈ પલંગ રૂપે થાય છે. કોઈ મુક્ત ધજા કળશ રૂપે ને કોઈ હાથી ઘોડા રૂપે થાય છે, કોઈ સોનાની છડી રૂપે બને છે , તો કોઈ છત્ર થઈ મહારાજના શિર ઉપર રહે છે. કોઈ મુક્ત વાજિંત્ર રૂપે બને છે ને કોઈ પાદુકા રૂપ ધારણ કરે છે. એવા અનંત મુક્તો અક્ષરધામને વિષે વર્તે છે. આ પ્રમાણે તે અક્ષરધામ જોઈને ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજને પૂછયું જે “આ સઘળા મુક્તો આ ધામમાં કેવી રીતે રહ્યા છે ? સહુ સ્વતંત્ર છે કે પરાધીન છે ?” ત્યારે ઘનશ્યામ મહારાજ કહે “સર્વ મુક્તો સ્વતંત્ર છે પણ મારું મૂળ સ્વરૂપ છે જે દિવ્ય સિંહાસન ઉપર બિરાજે છે તેમની આગળ તેઓ પરતંત્ર છે. જેમ પૃથ્વી ને વિષે જીવ પોતાનું ધાર્યું કરે છે ને વાસના હોય તેથી અક્ષરધામને તો પામેજ નહિ. ને વળી જીવને વશ જેમ કાયા હોય છે. ને મહાપુરુષને વશ પ્રકૃતિ છે તેમ આ અનંત મુક્તો તે પુરુષોત્તમ નારાયણ એવો જે હું તે મારે વશ છે. પણ તે મુક્તોને જ્યાં ગતિ કરવી હોય ત્યાં કરી શકે છે. તેમને કોઈ આવરણ નડતું નથી ને તેઓ અહીં રહ્યા થકા અનંત બ્રહ્માંડને જોઈ શકે છે. ને અમારી આજ્ઞાએ કરીને પૃથ્વીને વિષે અવતાર ધરે છે. ને ત્યાં અમારી પેઠે પૂજાય છે. તે મુક્તો તો અતિ અપાર સામર્થ્યવાળા છે ને તેવા મુક્તો અનંત છે. તેમાં પણ ચાર પ્રકારના છે ને તેમને સુખની તારતમ્યતા છે. તેમાં એક મુક્ત તો એવા છે જે ભગવાનનાં દર્શન કરે. તે ભેળાં બીજા મુક્તનાં પણ દર્શન કરે ને બીજા મુક્ત તો ભગવાનને મેષોન્મેષ જોઈ રહે છે ને સન્મુખ બેઠા છે તેને પણ દેખે છે. તેમાં પ્રથમ કહ્યા તેથી બીજાને અનંતગણું સુખ અમારા થકી મળે છે અને ત્રીજા જે મુક્ત છે તે તો કેવલ ભગવાનને દેખે છે પણ બીજા કોઈ મુક્તને નથી દેખતા પણ તેને પોતાની સ્મૃતિ રહે છે. આ મુક્તને પણ બીજા કરતાં

કોટી ગણું અમારી મૂર્તિનું સુખ મળે છે. ને ચોથા જે મહામુક્ત તે અતિઉત્કૃષ્ટ સ્થિતિવાળા છે ને તે તો કેવળ ભગવાનની મૂર્તિનેજ દેખે છે. ને તેમને પોતાની કે બીજા મુક્તોની પણ ખબર રહેતી નથી. તે મુક્તને અમારી મૂર્તિનું સુખ જેવું અમને આવે તેવું આવે છે. ને તે સુખનું વર્ણન શેષજી પર્યંત કોઈ કરી શકે તેમ નથી એવું સુખ તે મુક્તોને મળે છે એ પ્રમાણે ઘનશ્યામ મહારાજના વચન સાંભળીને ભક્તિમાતાને અતિ આનંદ થયો. તે સમે ચોવીસેય અવતારની મૂર્તિઓ તે ઘનશ્યામ મહારાજના મૂળ સ્વરૂપની સ્તુતિ કરતી દેખાણી. ત્યારે ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજને પૂછ્યું કે "આ સ્તુતિ કરે છે તે કોણ છે ?" ત્યારે ઘનશ્યામ મહારાજ કહે "તે ચોવીસ અવતાર અમારા મૂળ સ્વરૂપમાંથી જ થયા છે. દર્શન કરવા આવ્યા છે. તે સાંભળીને ભક્તિમાતા અતિ રાજી થયાં ને જાણ્યું જે ભગવાનના ચોવીસ અવતાર પણ મારા ઘનશ્યામની મૂર્તિમાંથી જ થાય છે. માટે મારા ઘનશ્યામ તે ચોવીશ અવતારના પણ કારણ છે. પછી ઘનશ્યામ મહારાજે સમાધિમાંથી જગાડ્યાં એટલે ભક્તિમાતા સમાધિમાંથી પાછાં દેહમાં આવ્યાં. ત્યારે ધર્મદેવની આગળ અક્ષરધામની શોભાનું વર્ણન કરી બતાવ્યું ને કહ્યું જે "અક્ષરધામ જેવું કોઈ ધામ નથી, મેં અનંતધામ અને સ્થાન જોયાં પણ તે જેવું એકેય દેખાયું નહિ. ને આપણા ઘનશ્યામ તે અક્ષરધામના માલિક છે ને સર્વ અવતારના પણ અવતારી છે તે સાંભળીને ધર્મદેવને તથા ભક્તિમાતાને પણ શ્રી ઘનશ્યામ મહારાજને વિષે પુરુષોત્તમપણું સમજાણું, પછી ઘનશ્યામ મહારાજે પોતાની માયાનો પડદો નાખ્યો તેથી ફરી પાછાં મહારાજને પોતાના પુત્ર જાણીને મનુષ્ય ભાવ વડે લાડ લડાવવા લાગ્યા અને જે દિવ્ય ભાવ ભક્તિમાતાએ જોયો હતો તે ભૂલી ગયાં. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૦)*

## અયોધ્યામાં મોહનદાસ મહંતને સમાધિમાં જમપૂરી દેખાડી

વળી એક સમયે એકાદશીને દિવસે જન્મસ્થાનક તથા હનુમાનગઢી આદિક સ્થળે દર્શન કરવા ઘનશ્યામ મહારાજ એકલા ગયાં. ત્યારે હનુમાનજીની આગળ સભામંડપમાં બેસીને મોહનદાસ નામે વેરાગી રામાયણની કથા કરતો હતો. ને તે સાંભળવા ચારેકોર કેટલાક વેરાગી સહિત બાઈ ભાઈ બેઠાં હતાં. તે સમયે ઘનશ્યામ મહારાજ પોતે પણ તે કથા સાંભળવા સારુ બેઠા. ત્યારે તે કથામાં એકાદશીનું મહાત્મ્ય આવ્યું જે "હજાર અશ્વમેઘ યજ્ઞ કરે ને સો રાજસૂય યજ્ઞ કરે તો પણ તેના સોળમા ભાગને બરોબર ન થાય તે સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે "હે પુરાણી ! આવો એકાદશીનો મહિમા ભગવાને કહેલો છે તો પણ કેટલાક માણસો એમ જાણતાં છતાં તે એકાદશીનું વ્રત કેમ કરતાં નથી ?" તે સાંભળી લગારેક રીસ કરીને તે વેરાગી બોલ્યો "હે ભાઈ ! આ મનુષ્ય દેહ 'ભગવાને આપ્યો છે તે કાંઈ દુઃખ ભોગવવા

સારું ન આપ્યો, ને એકાદશી તો જગન્નાથજીમાં ઊંચી બાંધી રાખી છે તે એટલા માટેજ કે આત્મારૂપી ભગવાનને ભૂખ્યા રાખીને દુઃખ વેઠવું એ બહુ ખોટું છે. માટે આ દેહે કરીને તો ખાવું પીવું. ને મોજ કરવી. એ માટેજ આ મનુષ્ય દેહ ભગવાને આપ્યો છે, ને ફરી ફરીને કાંઈ મનુષ્યનો દેહ મળે તેમ નથી. માટે વિષયમાત્રથી તૃપ્ત થઈને દેહ પડે તો ઘણું સારું, નહિ તો વાસના રહી જાય તો ભૂત થાવું પડે, ને એકાદશી તો જે દહાડે અન્ન ન મળે તે દહાડે છેજ ને આવી રીતનું વચન સાંભળીને ઘનશ્યામ મહારાજના મનમાં એમ થયું કે "આવા ત્યાગીને સર્વ ઉપદેષ્ટા અને ગુરુ કરીને પૂજે છે. તે પોતે અવળે માર્ગે ચાલે છે તો બીજા અનેકનું ભૂંડું કરશે એમ વિચાર કરીને ત્યાંથી ઊઠી નીકળ્યા ને હનુમાનજીને પ્રદક્ષિણા ફરવા લાગ્યા. તે જોઈ મોહનદાસ મશ્કરી કરીને સર્વ સભાજનોની આગળ બોલ્યો કે "જુઓ ભાઈઓ ! આ એકાદશીનો મહિમા વધારીને મને શિખામણ દેવા આવ્યો હતો" એમ કહેતાં તત્કાળ તે વેરાગીને સમાધિ થઈ ને તેમાં તેને યમપુરી દેખાણી ને ત્યાં તેને હજારો યમદૂત મારતા થકા બોલ્યા જે "હે દુષ્ટ ! તું ત્યાગી થઈને એકાદશીનું વ્રત કરવાની કેમ ના પાડે છે ? તારે બીજા માણસોને પણ તારા જેવાં પાપી કરવાં છે ? ને ભગવાનથી વિમુખ રાખવાં છે ?" વળી યમરાજાએ પણ તેને કહ્યું "હે બાબા ! એ ઘનશ્યામ તો સાક્ષાત ઈશ્વર છે. તેની તેં અવજ્ઞા કરી તેનું તને આ ફળ મળ્યું છે એ પ્રમાણે કહીને તેને મારવા માંડ્યા. તે માર તો તેને યમપુરીમાં મળે પણ તેનો દેહ આંહી ઊંચો ઊછળી ઊછળીને હેઠો પડે ને મોઢેથી બોલે જે "હે ધર્મરાજા ! હવે હું કોઈ દિવસ નહિ ના પાડું, ને સદાય એકાદશી કરીશ, ને બીજા માણસોને પણ એકાદશીનું વ્રત કરાવીશ' એ પ્રમાણે બોલે ને મારથી દેહ ઊછળે તે સર્વ સભાનાં માણસો જોતાં હતાં. એટલામાં તેની સમાધિ ઉતરી ગઈ ત્યારે મારથી હાડ જેનાં ભાંગી ગયાં છે તેથી મડદાં જેવો તે પડ્યો પડ્યો બોલ્યો કે "હે ભાઈઓ ! એ ઘનશ્યામનું મેં અપમાન કર્યું તેથી હું યમપુરીમાં મહાદુઃખ પામ્યો ને એ ઘનશ્યામ તો સાક્ષાત ભગવાન છે" એમ કહીને તે ધીરે રહીને ઊભો થયો ને ઘનશ્યામ મહારાજ પ્રદક્ષિણા ફરતા હતા ત્યાં જઈને તેમના ચરણારવિંદમાં મસ્તક મૂકીને પગે લાગ્યો ને બોલ્યો જે "હે ભગવાન તમે તો સાક્ષાત મારા ઈષ્ટદેવ શ્રી રામચંદ્રજી છો, તે મારો અપરાધ ક્ષમા કરો" એમ કહી એકાદશીનું વ્રત કરવાનું નિયમ લીધું, ને પછી નિર્માની થકો પુસ્તક બાંધીને પોતાને સ્થાનકે ગયો ને તે વાત બીજા કેટલાક વેરાગીઓને કહી. ત્યારે કેટલાક વેરાગી ઘનશ્યામ મહારાજ પાસે આવ્યા. ત્યારે રામચંદ્રજી રૂપે તે સર્વને પોતે દર્શન દીધાં. ને પછી અદૃશ્ય થઈ ગયા. ત્યારે સહુ વેરાગીઓ ખોળવા લાગ્યા પણ ક્યાંય મળ્યા નહિ તે જોઈ સર્વે આશ્ચર્ય પામી ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૬)*

## ઘનશ્યામ મહારાજે પક્ષીઓને સમાધિ કરાવી

વળી એક સમયે છપૈયાપુરમાં મોતી તિવારીને ઘેર ભાઈ માધવચરણનો વિવાહ હતો તેની કંકોતરી અયોધ્યાપુરીમાં ધર્મદેવને ઘેર આવી. તે વાંચીને પોતાના બે પુત્રને સાથે લઈને ચાલ્યા. તે રસ્તામાં આવતાં ધર્મદેવને શરીરે થોડીક તાવની કસર જાણી. તેથી ચાલી શકાયું નહિ, એટલે એક વડના વૃક્ષ તળે સહુ બેઠા. ને ધર્મદેવ સૂઈ ગયા. પછી રામપ્રતાપભાઈને કહ્યું "તમે પાણી લાવો, મને તરસ બહુ લાગી છે ત્યારે રામપ્રતાપભાઈ ચારે તરફ એક એક ગાઉ ગયા પણ પાણી ક્યાંય મળ્યું નહિ. તેથી ખાલી લોટો દોરી લઈને નિરાશ થકા આવતા દેખીને ઘનશ્યામ મહારાજ વિચાર કરવા લાગ્યા જે મોટા ભાઈને પાણી મળ્યું નથી ને દાદા બહુ તરશા થયા છે એમ વિચાર કરે છે ત્યાં મોટાભાઈને રસ્તાના કિનારા ઉપર ખેતરમાં એક કૂવો દેખાયો. એટલે તેમાંથી પાણીનો લોટો ભરી લાવીને ધર્મદેવને જળપાન કરાવ્યું. પછી જળ પીને શાંત થયા. તેવામાં તે વૃક્ષ ઉપર સૂડા, પોપટ વગેરે હજારો પક્ષી કિલકિલાટ કરવા લાગ્યાં. તેના શોરથી પાછી કસર જણાવા લાગી. ત્યારે ધર્મદેવ કહે "આ પક્ષીને - વૃક્ષ ઉપરથી ઉડાડી મૂકો તો ક્ષણવાર નિદ્રા આવે તો સારું થાય ત્યારે તે પક્ષીઓને મોટાભાઈ ઉડાડવા લાગ્યા પણ ઊડી ઊડીને પાછાં આવી ત્યાંને ત્યાંજ બેસે પણ ઊડીને આઘાં ન જાય ત્યારે ઘનશ્યામ મહારાજે તે સર્વે પક્ષીઓને સમાધિ કરાવી તેથી જેમ બેઠાં હોય તેમને તેમ શાંત થકી બોલ્યા વિના બેસી રહ્યાં એટલે ધર્મદેવને બે ઘડી સુધી નિદ્રા આવી ગઈ. તે પછી ઊઠીને પાણીથી પોતાનું મુખ ધોઈ જળપાન કરીને ચાલતા થયા ત્યારે શ્રી હરિની ઈચ્છાથી તે સર્વે પક્ષી સમાધિમાંથી તત્કાળ જાગ્યાં ને ઊડી ગયાં. તે તથા કૂવો નહોતો ત્યાં થઈ ગયો તે ચરિત્ર જોઈને તે નાગપુર ગામના ક્ષત્રિઓ દુનિયાસિંહ તથા સાહેબદીન અને છોટુ પાંડે આદિક કેટલાક જન ત્યાં હતા તે જોઈને મહા આશ્ચર્ય પામી ગયાં. પછી ધર્મદેવ છપૈયા પહોંચ્યા ને ત્યાં મોતી તિવારીને ઘેર વિવાહનું કામ ઉકેલીને સહુને મળીને ચાલ્યા તે પાછા અયોધ્યાપુરીમાં આવ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૪૨)*

## ઘનશ્યામ મહારાજે ધર્મપિતાને સમાધી કરાવી

એકવાર અયોધ્યામાં ભક્તિમાતાને શરીરે તાવ આવ્યો ત્યારે ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજને તેડાવીને કહ્યું જે 'હે ઘનશ્યામ ! મારે હવે ધામમાં જાવું છે. માટે મને આ લોકમાં પ્રીતિ ન રહે તેવી દયા કરો' ત્યારે ઘનશ્યામ મહારાજે હરિ ગીતાના પાંચ અધ્યાય કહીને સમજાવ્યા. તેમાં સંતનું મહાત્મ્ય કહીને સાથે હેત કરાવી સંવત ૧૮૪૮ના કાર્તિક સુદ દશમને શનિવારે માતાને દેહ મેલાવીને ઋષિના શાપથી મૂકાવી દિવ્ય દેહ આપીને નિરંતર પોતાની

સાથે રાખ્યાં. તે પછી દેહને અગ્નિસંસ્કાર કરવા સારુ સગાં સર્વે મળીને સરજૂગંગાને કિનારે લઈ ગયાં. ને ત્યાં અગ્નિસંસ્કાર કરીને સ્નાન કરી સહુ ઘેર આવ્યા. પછી શાસ્ત્ર પ્રમાણે રામપ્રતાપભાઈએ શ્રાદ્ધ કર્યું. ને તેરમાને દિવસે બ્રાહ્મણો જમાડ્યાં. પછી ઘનશ્યામ મહારાજ સુવાસિનીબાઈને જમાડ્યા. ને સગાં વહાલાં સર્વેને માતાની જગ્યાએ માનતા. તે સુવાસનીબાઈ પણ મહારાજને જમાડીને જમે. ને પાણી પાઈને પીએ એ પ્રમાણે બહુ હેત રાખતાં. તેવામાં ધર્મદેવે ઘનશ્યામ મહારાજને તેડાવીને કહ્યું કે “મારે શરીરે તાવ આવે છે ને દેહ પણ વૃદ્ધ થયો છે ને હવે મને આ લોકમાં વાસના રહી નથી માટે મને તમારું ધામ પમાડો” ત્યારે ઘનશ્યામ મહારાજ કહે “તમે મારા સામું જુઓ ત્યારે ધર્મદેવે સામું જોયું ત્યાં સમાધિ થઈ ગઈ ને અક્ષરધામમાં ગયા. ત્યાં દિવ્ય સિંહાસન ઉપર શ્રીહરિનાં દર્શન થયાં. ને અનંત કોટી મુક્તને દીઠા. ને મહારાજની તેજોમય મૂર્તિ જોઈને વૃત્તિ સ્થિર થઇ ગઈને અંતરમાં આનંદ આનંદ થઈ ગયો. તે પછી ઘનશ્યામ મહારાજ ધર્મદિવને સમાધિમાંથી જગાડ્યા. ત્યારે ધર્મદેવે જાગૃત થઈને કહ્યું “હે ઘનશ્યામ ! તમે તો અક્ષરધામના પતિ છો ને બદરિકાશ્રમમાં નરનારાયણ ભગવાને વાત કરી હતી. જે તમારે ઘેર પુરુષોત્તમ નારાયણ અવતાર લેશે તે જ તમે છો. એમ કહીને વિનંતિપૂર્વક પગે લાગ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૪૯)*

## છાણ લેતી બાઈઓને લોજમાં સમાધિ કરાવી

એક દિવસ સાધુ છાણ લેવા જાતા હતા તેને જોઈને મહારાજ બોલ્યા કે “હે મુક્તાનંદ સ્વામી ! આ સાધુ ભેળા અમે પણ છાણ લેવા જાઈએ ?” ત્યારે સ્વામી કહે “તમે શરીરે તપ બહુ કર્યું છે. માટે ન જાઓ તો ઠીક‘ ત્યારે મહારાજ બોલ્યા જે “અમે પણ સર્વે સાથે જમીએ છીએ માટે અમારે પણ છાણ લાવવું જોઈએ એમ ‘ કહીને સાધુ ભેળા છાણ લેવા ગયા તે ગામને ગોંદરે ઘણી પોઠ્ય ઊતરી હતી ને છાણ પણ ઘણું હતું તે લેવા સારુ ગામમાંથી બાઈઓ પણ આવી હતી ત્યારે મહારાજે તે બાઈઓને કહ્યું “તમે અત્યારમાં સુંડલા લઈને ક્યાં જાઓ છો ?” ત્યારે તે બાઈઓ બોલી કે અમે તો છાણ લેવા આવ્યાં છીએ ત્યારે મહારાજે તેઓ સામી દૃષ્ટિ કરી તેથી તે સર્વેને સમાધિ થઈ ગઈ ને તેમાં તેને ગોલોક તથા વૈકુંઠ વગેરે ધામનાં દર્શન થયાં. પછી મહારાજે સાધુને કહ્યું “તમે આ બધું છાણ લઈને મંદિરમાં નાખી આવો, પછી આ બાઈઓ - તમને નડશે પછી સાધુએ છાણ લઈને મંદિરના ફળિયામાં ઢગલો કર્યો. પછી મહારાજ પાસે આવ્યા ત્યારે મહારાજે પૂછ્યું જે “બધું છાણ લઈ લીધું ?” ત્યારે સાધુએ હા કહી પછી મહારાજે દૃષ્ટિ કરી ત્યારે તે બધી બાઈઓની સમાધિ ઊતરી એટલે છાણ લેવા ગઈ ત્યાં તો તેને એકેય પોદળો હાથ આવ્યો નહીં પછી સમાધિમાં જોયેલ ધામની વાતો

કરતી કરતી ઘેર ગઈ ને સાધુ તથા મહારાજ ગામમાં પધાર્યા પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું "આટલું બધું છાણ તમને કયાંથી મળ્યું ? શું કોઈ બાઈ માણસો લેવા નહોતાં આવ્યાં ત્યારે એ સાધુઓ કહે "એ બધો આ બ્રહ્મચારીનો પ્રતાપ છે." એમ કહી સઘળી હકીકત કહી દીધી. તે સાંભળીને મુક્તાનંદ સ્વામી તથા બીજા સંત આશ્ચર્ય પામી ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૮૫)*

## મહારાજના નેત્રે અને ઘુઘરીના ઘમકારે સમાધિ

તે પછી વળતે દિવસે સાધુને રહેવા માટે એને તીર્થ વાસીને જમાડવાની રસોઈ કરવા સારું ત્રણ ઓરડા ચણાવ્યા તે ઓરડાના બારણાં દક્ષણાદાં મુકેલાં હતાં એને થડમાં ઉગમણી તરફ એક આંબલીનું ઝાડ છે તેના થડમાં ઉગમણા બારની ખડકી મુકાવી હતી પછી મહારાજ સાધુને તથા હરિભક્તોને તે ઓરડા મધ્યે નિત્ય પ્રત્યે સવારમાં નાહી પૂજા કરીને એક હારે પંક્તિ બેસાડીને પોતાના હ્દય સામી વૃત્તિ રખાવીને સ્વામિનારાયણ સ્વામિનારાયણ "એમ ભજન કરાવતા પછી જેમની ઉપર પોતે દૃષ્ટિ કરે તેમને સમાધિ થાય અને જેમને જે ઘટે તેમને તે તે ધામમાં મોકલતા પછી તેમને સમાધિમાંથી જગાડી ને સભામાં દરેક જુદાં જુદાં ધામની વાતો કરાવતા. તેમાં કોઈ કહે હું બ્રહ્મ મહોલમાં જઈ આવ્યો ને કોઈ કહે હું શેષશાયી ભગવાનના લોકમાં જઈ આવ્યો ને કોઈ કહે હું ગોલોકમાં જઈ આવ્યો, ને કોઈ કહે હું વૈકુંઠ ધામમાં જઈ આવ્યો, ને કોઈ કહે હું શ્વેતદ્વીપમાં જઈ આવ્યો, ને કોઈ કહે બદરિકાશ્રમમાં જઈ આવ્યો તે જેમ જેને દર્શન થયેલાં તેમ તે તે સરવે ધામની વાતો કરતા તે સાંભળીને શ્રીજીમહારાજનો સરવે લોકોને અલોકિક મહિમા જણાયો, અને રામાનંદ સ્વામીના નિશ્ચયવાળા સંતને મહારાજ શ્રી પ્રત્યે ભગવાનનો નિશ્ચય થયો. વળી જ્યારે શ્રીજીમહારાજ ગામમાં મૂળચંદ શેઠને ઘેર તથા ગોવરધનભાઈને ઘેર જમવા પધારતા ત્યારે ચાખડીમાં રૂપાની ઘુઘરીઓ ટાંકેલી તે ઘુઘરીનો રણકાર સાંભળીને ગામના લોકોને ભય થતો જે "જાદુગરા સ્વામિનારાયણ આવ્યા. કોઈ મનુષ્યથી શ્રીજીમહારાજના નેત્ર સામું જોવાઈ જતું તો તેને સમાધિ થઈ જાતી. તેથી સહુ લોકોને એમ થતું કે આ સ્વામિનારાયણ તો જાદુગરા છે પણ સમાધિમાં કોઈ સમજે જ નહિ અને શ્રીજીમહારાજ બજારમાં જ્યારે નીકળે ત્યારે ત્યાંના વેપારી લોકો પોત પોતાની દુકાનોના પાટીયા દેવા માંડે. કારણ કે, જો સ્વામિનારાયણને જોશું તો કાંઈક જાદુ કરી મુકશે તે કારણસર સહુ સંતાવા માંડે તેવામાં એક વેપારીએ મહારાજનાં દર્શન કર્યા તેથી તે જ વખતે તેને સમાધિ થઈ ને એમને એમ હાથમાં પાટીયું રહ્યું ને ઊભો થઈ રહ્યો અને મહારાજ તો તેને એ પડખે થઈને ગોવધનભાઈને ઘેર પધાર્યા ને ગોવરધનભાઈની મેડીના ગોખમાં બિરાજમાન થયા. તે વખતે તે ગોખની સામેની

મેડી ઉપર એક જણ નળિયાં ચારતો હતો તેણે મહારાજ સામું જોયું તે જોતાં જ તેને સમાધિ થઈ તે કડેડાટ ઉપરથી નીચે ગબડી પડ્યો. એવી આ રીતે મહારાજે સમાધિનું આકરું પ્રકરણ ચલાવ્યું હતું. વળી એક દિવસ શ્રીજીમહારાજ ગોવરધનભાઈને ઘેર થાળ જમવા પધારતા હતાં ત્યારે ચાખડીયો પહેરેલી હતી તેની ઘુઘરીનો ઝણકાર સાંભળી છે તે એક ડોશી ઘરનું કામકાજ કરતી હતી તે ઘરનું કમાડ વાસીને બેસી ગઈ તે જ્યારે મહારાજશ્રી નીકળ્યા તે વારે તે ડોશીએ ઘરમાંથી કમાડની ફાટમાંથી નજર કરી શ્રીજીમહારાજ સામું જોયું ત્યારે આ મહારાજે તે ડોશી સામું નજર કરીને જોયું ત્યાં તે ડોશીને સમાધિ થઈ અને હૈયામાં મૂર્તિ ચોંટી ગઈ તે જ્યારે સમાધિમાંથી ઊઠી ત્યારે બૂમો પાડવા માંડી અને કહ્યું "મને સ્વામિનારાયણ વળગ્યા એ છે કે હું જે ક્રિયા કરું છું ત્યાં સ્વામિનારાયણ મને દેખાય છે ને મને કાંઈ કામ કાજ કરવા દેતા નથી તે માટે રોતી હતી તે જોવા માટે ગામનાં મનુષ્ય ઘણાં ભેળાં થયાં હતાં તે વખતે મહારાજશ્રી તો ગોવરધનભાઈને ઘેર થાળ જમીને બિરાજમાન થયા હતાં તે વખતે મૂળચંદભાઈ આવીને કહે "હે મહારાજ ! એક ડોશી એમ કહે છે કે મને સ્વામિનારાયણ વળગ્યા છે તેથી રુવે છે ને જાજી કકળાટ કરે છે તે જોવા સારુ ગામનાં ઘણાં લોકો ભેગાં થયાં છે માટે તે ડોશીને દુઃખ મટાડો." ત્યારે મહારાજ કહે "ભલે આપણે । એને ઘેર જઈએ" એમ કહીને મહારાજ પોતે પધાર્યા ને તે ડોશીને પૂછ્યું કે ડોશી ! તારે શું દુઃખ છે તે તું કહે." ત્યારે તે ડોશી બોલી કે "તમે મને વળગ્યા છો, માટે હું જે જે ક્રિયા કરું છું ત્યાં મને તમે દેખાઓ છો તે દુઃખ મટાડો ત્યારે મહારાજ કહે "તું વર્તમાન ધાર તો તને અમે નહિ દેખાઈએ ત્યારે ડોશી બોલી કે - મને ન દેખાય તો હું વર્તમાન ધારું ત્યારે મહારાજશ્રીએ તે ડોશીને વર્તમાન ધરાવ્યાં તે પછી મૂરતિ દેખાતી મટી ગઈ ને શ્રીજીમહારાજ. મુળચંદભાઈને ઘેર પધાર્યા. ને ત્યાં બે ઘડી બેશીને શ્રીજીમહારાજ ઉતારે પધાર્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૯૮)*

## મહારાજે કબુતર તથા જમાદારને સમાધિ

એમ જ્યારે બહુ સમાધિ કરાવા માંડી ત્યારે ગામના રાજા જે બદરુદીન તે પાસે ગામના લોકોએ વાત કરી કે આપણા ગામમાં સ્વામિનારાયણે જાદુ પ્રગટ કર્યું છે તે જેને મળે તેને સમાધિ કરાવે છે." ત્યારે બીજે દિવસે દરબાર પણ પોતાની કચેરીનાં માણસો હતાં તેમને સાથે લઈ ગામ બહાર આપણી જગ્યામાં સમાધિ જોવા અને પ્રશ્ન પૂછવા આવ્યાં ત્યારે તેને મહારાજે આસન આપી સનમાન કરીને કહ્યું કે "આવો બેસો ત્યારે તે દરબાર મહારાજની સનમુખ બેઠા અને થડમાં જમાદાર પણ બેઠા ને બીજા અમલદારો તે પણ સરવે દરબારની પાછળ બેઠા ત્યારે મહારાજશ્રીએ વાતો કરવા માંડી વાતો કરતાં હાથનું લટકું કર્યું તે સમે ઓરડા

સામે વાવની પાસે કબુતર ચણતાં હતાં તેને સમાધિ થઈ. તે ચત્તાં પાટ પડી. ગયાં તે દરબારે તથા જમાદારે તથા બીજા અમલદાર વગેરે લોકો હતાં તેમણે જોયાં, ત્યારે વળી મહારાજશ્રીએ વાતો કરતાં કરતાં હાથનું લટકું કર્યું ત્યારે કબુતર સરવે ઉડીને ઝાડ ઉપર બેઠાં આવું ચરિત્ર જોઈને જમાદાર હતો તેણે પોતાના મનમાં ઘાટ કર્યો કે “જો દરબાર હુકમ કરે તો આ સ્વામિનારાયણ જાદુગારા છે તેમને હું બીજે ગામ મૂકી આવું એવો તેના મનમાં ઘાટ થયો તે મહારાજશ્રીએ અંતર્યામીપણે જાણીને જમાદારને સમાધિ કરાવી તે ઢળી પડ્યો અને યમપુરીમાં ગયો ત્યાં તેને યમ મારવા લાગ્યા તેથી આંહી તેનો દેહ પછડાવા લાગ્યો ત્યારે સાધુએ પુછયું ‘હે મહારાજ ! આને શું થાય છે ?” ત્યારે મહારાજે કહ્યું “તેણે જે અવળા સંકલ્પ કર્યા તેનો દંડ દેવાય છે‘ એમ કહીને તેને જગાડ્યો તે ટાણે જમાદાર ઊઠીને મહારાજશ્રીને પગે લાગ્યો ને કહ્યું “હે મહારાજ ! અમારા ગુના માફ કરનાં આપ તો બોત બડા હો.” એમ કહીને બે હાથ જોડીને ગોઠણીયા ભર થઈને જેમ નિમાજ પઢે તેની પેઠે મસ્તક નમાવી નમાવીને પગે લાગવા માંડ્યો. ત્યારે મહારાજે કહ્યું હે જમાદાર, તમારા ગુનાહ તમામ માફ છે.” ત્યારે તે જમાદાર રાજી થઈ સભામાં બેઠો એ વખતે બદરુદીન રાજાએ પ્રશ્ન પૂછયો કે “હે મહારાજ ! અમારાં કુરાનમાં કહેલ છે તે ખુદાકા દશ અવતારકા નામ ક્યા, અને તેમનાં ધામ ક્યાં છે ત્યારે મહારાજ બોલ્યા કે “બ્રહ્મા વિષ્ણુ અને શીવ અનિરુદ્ધ પ્રધ્યુમ્ન, સંકૃર્ષણ એ છ સગુણ મૂરતિ છે અને નરનારાયણ, વાસુદેવનારાયણ, લક્ષ્મીનારાયણ અને શ્રી કૃષ્ણનારાયણ એ ચાર નિર્ગુણ મૂરતિ છે તેમાં બ્રહ્મા સત્યલોકમાં, વિષ્ણુ વૈકુંઠમાં, શીવ કૈલાસમાં અને અનિરુદ્ધ, પ્રધ્યુમ્ન એ મેરુ પર્વત ઉપર રહે છે અને સંકર્ષણ એલાવત ખંડમાં રહે છે. એ છ સગુણ મૂરતિનાં ધામ છે ને નરનારાયણનું બદરિકાશ્રમ ધામ છે, વાસુદેવનું શ્વેતદ્વીપ ધામ છે, લક્ષ્મીનારાયણનું શ્વેત વૈકુંઠધામ છે અને શ્રી કૃષ્ણ નારાયણનું ગોલોક ધામ છે. એવી રીતે ચાર નિર્ગુણ મૂરતિનાં ધામ છે તે સાંભળી દરબાર રાજી થયાં પછી તે બોલ્યા જે “અમારા કુરાનમાં એમ કહ્યું છે કે એક લાખને એંશી હજાર ઓલીયા ખુદાકા ધામમાં રહ્યાછે તે પૃથ્વીને વિષે છે કે આકાશને વિષે છે કે અષ્ટ આવરણ થકી પર છે અને તે ખુદાકા ધામ કેસા હે તે મને આપશ્રી કૃપા કરીને બતાવો ત્યારે મહારાજે તે દરબારને સમાધિ કરાવી ને ધામ બતાવ્યું ને ત્યાં દિવ્ય સિંહાસન બતાવ્યું તેમાં મહારાજને બિરાજમાન જોયા અને પાસે ફરતા અનંતકોટી મુક્ત તેજોમય જોયા, એ ટાણે રાજાએ જાણ્યું. જે આ તો સ્વામિનારાયણ આપોઆપ ખુદા છે એમ જાણીને મહારાજની મૂર્તિમાં જોડાઈ ગયા અને મૂર્તિનું સુખ લેવા માંડ્યા તે બે કલાક થઈ ત્યાંતો દરબારના માણસોએ મહારાજને કહ્યું “અમારા દરબારને તમે શું કરી નાખ્યું ? માટે તમે તેને જગાડો નહિતર લડાઈ

હો જાયગી.'' ત્યારે મહારાજે દરબારને કહ્યું હવે જાગો'' ત્યારે દરબાર કહે ''તમારી મૂરતિનું સુખ મને લેવા દીઓ ત્યારે મહારાજ બોલ્યા જે ''તમારાં અનુચરો ઉતાવળ કરે છે ''એમ કહીને તુરત જગાડ્યા ત્યારે દરબારે જાગીને શ્રીજીમહારાજને દંડવત કરી પ્રશ્ન પૂછયો ''હે મહારાજ આપ શ્રી આપના ધામનું સુખ મેલીને આંહિ પધાર્યા તેનો શો અભિપ્રાય છે ?'' ત્યારે મહારાજશ્રીએ કહ્યું કે ''અમે છ અભિપ્રાય લઈને આ બ્રહ્માંડમાં આવ્યા છીએ તેમાં એક તો એકાંતિક ધર્મ પ્રવરતાવવો, બીજો અમારાં માતા શ્રી ભક્તિ અને પિતા શ્રી ધર્મદેવ તેને ઘેર જન્મ લઈ એમને સુખ દેવું. ત્રીજો એ અભિપ્રાય કે સરવે ધામોના મુક્તો ને પોતાની મૂર્તિમાંથી તે તે ધામોના અવતારો રૂપે દર્શન આપી પોતે જ તે તે રૂપે થયા છે એવો અમારો નિશ્ચય કરાવી ઉપાસનાની દ્રઢતા કરાવવી, ચોથો એ અભિપ્રાય કે મુમુક્ષુ જીવોને વનમાં, તીર્થમાં, પર્વતોમાં જ્યાં હોય તેને ખોળીને અમારાં સ્વરુપનો નિશ્ચય કરાવવો અને પાંચમો અભિપ્રાયએ કે અમારું અક્ષરાતિત પુરુષોત્તમ સ્વરૂપ સમજાવીને અમારા ધામમાં લઈ જવા. અને છઠો અભિપ્રાય છે કે બ્રહ્મચર્ય વ્રત પળાવીને પોતાની મૂરતિમાં જોડવા. એ પ્રમાણે એ છ અભિપ્રાય પ્રવરતાવવા સારું હે દરબાર આ પુરુષોત્તમ નારાયણ આ પૃથ્વી ઉપર આવે છે એમ તમે સમજો પછી તે સમે રાજા અને બીજા સંતને એમ સમજાયું કે ''આ મહારાજ તો સર્વ અવતારના અવતારી છે એ વખતે દરબારે મહારાજને પગે લાગીને કહ્યું ''હે મહારાજ મને વર્તમાન ધરાવો.'' ત્યારે મહારાજશ્રીએ પાણી મગાવીને વર્તમાન ધરાવ્યાં. પછી સત્સંગિ થઈને દરબાર પોતાના મકાનમાં ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૯૯)*



# આજ્ઞા પાલનથી સુખ ને લોપવાથી દુઃખ

## મહારાજનું ન મનાવાથી કણબીની તરવાર ચોરાણી

અગનોતેરાની સાલમાં શ્રીજીમહારાજ ગામ ગઢડેથી ગામ લોયે પધાર્યા અને ત્યાંથી ગામ લીંબડી પધાર્યા. તે ભેળા ભગુજી આદિક પાંચ-સાત પાર્ષદો હતા, ને એક લોયા ગામનો કણબી હતો. ને ગામથી ઉગમણી કોરે કુંભારનું પરું છે ત્યાં રાત્રિ રહ્યા. ને તે સર્વેને મહારાજે કહ્યું કે, "તમે બધા જાગજો. આ કાળવરસ છે, તે ચોર લઈ જશે." ત્યારે તે કણબી બોલ્યો જે, "ચોર શું લેશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "પ્રથમ તો તારી તરવાર લેશે." ત્યારે તે કણબીએ મનમાં એમ જાણ્યું જે, "મહારાજે કહ્યું માટે જરૂર મારી તરવાર ચોર લઈ જાશે." એમ જાણીને તરવારને પગ સાથે ફેંટે કરીને બાંધીને સૂતો. પછી ભગુજી જાગતા હતા, ને તે વાર કેડે મહારાજ ભગુજીને કહે, "તમે સૂઈ જાઓ, ને હું જાગીશ." પછી ભગુજી સૂઈ રહ્યા.

પછી મહારાજ સૂતાં સૂતાં જાગતા હતા. ત્યારે ચોર ઝાંપલી ખસેડતો ખસેડતો આવ્યો. તેને જોઈને મહારાજ બોલ્યા જે, "ભગુજી, ચોર આવ્યો." ત્યારે તે ઝાંપલી મૂકીને નાસી ગયો. પછી ચોર ઘડી બે ઘડી થાય એટલે વંડીએ ડોકાતો હતો. ત્યારે મહારાજે ભગુજીને એમ કહ્યું જે, "જો આપણે ઊંઘશું તો ચોર જરૂર આપણાં લૂગડાં લઈ જાશે. ને ચોરે આપણો છાલ ન મેલ્યો, માટે સાબદા થઈને ચાલો ચાલીએ." એમ કહીને સાબદા થયા, ને ઘોડીએ પલાણ નાખ્યું. અને લોયાનો કણબી હતો, તેણે ઊઠીને પગ સાથે ફેંટે કરીને બાંધેલી જે તરવાર તેને છોડી, ને ફેંટાને તરવાર સાથે વીંટીને તરવારને ભીંતે ઊભી મેલી. પછી તે લઘુશંકા કરવા બેઠો. તે સમે ચોર દોડી આવીને તરવાર લઈને નાસી ગયો. ત્યારે તે કણબી બોલ્યો જે, "એ ભગુજી ભગુજી ! મારી તરવાર ચોર લઈ ગયો." ત્યારે ભગુજી હાકોટો મારીને તેને વાંસે દોડ્યા, એટલે ચોર ગામમાં પેસી ગયો. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૪)*

## હળવદના બ્રાહ્મણોને વચન લોપવાથી અન્ન ન મળ્યું

મહારાજ ભલગામડાની ભોગોળે થઈ ઘાઘરેટિયે ગામ ગયા. કૂવા ઉપર જઈને મહારાજ કહે, અમારે બર્હિભૂમિ જવું છે. એમ કહીને ઘોડીએથી ઉતરીને બર્હિભૂમિએ જઈ આવીને હાથ ધોતા હતા અને ઘોડીને કોઈના ખેતરમાં પાળાએ ચરવા મૂકી હતી. ઘોડીનો ચરવાનો અવાજ સાંભળીને મહારાજ પાળા ઉપર ખીજવાતા હતા અને કહેતા હતા કે તમે હળ હાંકીને થાક્યા છો એટલે બીજાના ખેતરમાં ખવાડો છો. એમ વાત ચાલે છે.

ત્યાં એ વખતે હળવદના મકનજી શુકલ વગેરે દશ-વીશ બ્રાહ્મણો અંધારામાં બોલતા ચાલતા ચાલ્યા આવતા હતા કે , આપણે પ્રથમ ગઢડે જઈને બાપાને પૂછીને પછી ગયા હોત તો સારું થાત. આ શબ્દ સાંભળીને મહારાજે ભગુજીને કહ્યું કે, કોઈક સત્સંગી બોલતા બોલતા જાય છે, તેમને અહીં બોલાવો. ભગુજીએ થોડે દૂર જઈને તેમને બોલાવી પૂછ્યું કે તમે કોણ છો ને ક્યાં જાઓ છો ? તેઓ બોલ્યા કે, અમે હળવદના શુકલ છીએ રેવા કાંઠે વર્તવા જઈએ છીએ.

એ શુકલે ભગુજીને પૂછ્યું કે, તમે કોણ છો ? ભગુજીએ કહ્યું : હું ભગુજી છું. શુકલ કહે તમે અહીં ક્યાંથી ? ભગુજી કહે મહારાજ પણ અહીં છે. આ સાંભળી તેઓ ઘણા રાજી થયા અને દોડીને મહારાજ પાસે આવીને મહારાજના ચરણારવિંદમાં પડીને રોઈ પડ્યા.

મહારાજે તેમને કહ્યું કે, તમે આમ ક્યાં જાઓ છો ? શુકલ બોલ્યા કે, અમે રેવા કાંઠે વર્તવા જઈએ છીએ. મહારાજ કહે ત્યાં તો રેલ આવશે અને લાખો માણસો મરી જશે. અમે તો કાગળ લખીને બધાને ચેતવ્યા હતા કે, ઘરેણાં અને બળદ વેચીને પણા દાણા ભરજો, પણ અમારા વચન તમે માન્યા નહિ ને દાણા ન ભર્યા. શુકલ બોલ્યા કે,મહારાજ ! એ વાત તો અમે ભૂલી જ ગયા.

મહારાજ કહે હવે તમે આમ ઘોલવાડમાં જાઓ અને દાણા ન ભર્યા, એ અમારી આજ્ઞા તમે લોપી છે. માટે અઢાર દિવસ સુધી તમને અન્ન નહિ મળે, પછી મળશે. એમ કહી શુકલને ઘોલવાડમાં મોકલ્યા, શુકલ પણ ઘોલવાડમાં જઈને લોટ માગવા માંડ્યા. ત્યારે ત્રણ જણને લીંબુ જેટલું અન્ન તેમને મળતું હતું.

અઢાર દિવસ પછી ઘોલવાડના બ્રાહ્મણોએ વિચાર કર્યો કે કાળ પડ્યો એટલે હળવદના બ્રાહ્મણ આપણે ત્યાં વર્તવા આવ્યા. માટે આપણે એમને સારી પેઠે લોટ આપવો જોઈએ. એટલે એમનું ગુજરાન ચાલશે.

ઓગણીસમાં દિવસે એમને સારી પેઠે લોટ મળ્યો. એટલે મકનજી શુકલે જાણ્યું કે, શ્રીજીમહારાજ આવ્યા. એટલે અદ્યાપિ પર્યંત એ દેશમાં એમનું ગુજરાન થાય છે. *(સદ્. શ્રી નિર્ગુણદાસ સ્વામીની વાતો વાર્તા ૫૪)*

## શિયાણીના રાજા ભક્તે આજ્ઞા માની

શિયાણી ગામમાં રાજા ભક્ત રહેતા હતા. શ્રીહરિ સંતો સાથે એક વખત ત્યાં પધાર્યા. શ્રીજીનાં દર્શનથી આ ભક્તને સમાધિ થઈ ગઈ. જાગૃત થઈને જોયું ત્યાં શ્રીજીનાં દર્શન થયાં નહીં. તેને સમાચાર મળ્યા કે પ્રભુ તો ગઢડા છે. તે સાંભળી તેણે “મહારાજનાં દર્શન વિના

અન્નજળ હરામ છે.'' એવી પ્રતિજ્ઞા કરી. એમ કહી પગે ત્રણ નાળિયેર બાંધીને ચાલ્યા તે અઢાર દિવસે ગઢડે પહોંચ્યા ને શ્રીહરિના દર્શન કરીને પછી અન્ન જળ લીધું આવા ટેકીલા હતા.

એકવાર ગામ મછિયાવમાં ફૈબાના દીકરા બાપુ દરબારે દેહ મૂક્યો હતો. તે ફૈબાએ ગઢડે જઈ શ્રીજી પાસે પોતાનો વ્યવહાર ચલાવે તેવા માણસને મોકલવાની પ્રાર્થના કરી. તે સાંભળી શ્રીજીએ રાજા ભક્તને ત્યાં જવાની આજ્ઞા કરી. ભક્ત બોલ્યા ''મારે ખાવા પીવાનું શું ?'' શ્રીજી બોલ્યા 'શેર લોટના રોટલા' તેઓ મીઠા રહિત અન્નમાં ઘી, ગોળ, જમતા નહીં. ફૈબા રોજ રોટલા સાથે ઘી-ગોળ-શાક,છાશ - અથાણું વગેરે જમવાનો આગ્રહ કરે પરંતુ મહારાજની આજ્ઞાથી કેવળ મીઠા વિનાના મોળા રોટલા જમતા બરોબર એક વર્ષે શ્રીહરિ મછિયાવ પધાર્યા ને ફૈબાએ મહારાજને કહ્યું રાજા ભક્ત કામ બહુ કરે છે. પણ કેવળ રોટલા જ જમે છે. બીજું કાંઈ જમતા નથી. પછી મહારાજે રાજા ભક્તને બોલાવીને પૂછયું કે કેમ એકલા રોટલા જ જમો છો ? ત્યારે રાજા ભક્ત બોલ્યાઃ મહારાજ, તમે જ આજ્ઞા કરી હતી ને કે શેર લોટના રોટલા જમજો !

પછી મહારાજે રાજા ભક્તને કહ્યું : હવે બધું જ જમજો. પછી મહારાજની આજ્ઞાથી જમવા લાગ્યા. આવા રાજાભક્ત પોતે મુસ્લિમ ભક્ત હતાં છતાં મહારાજની આજ્ઞા અનુસારે જ વર્ત્યા પણ પોતાનું ધાર્યું ન કર્યું ને ફૈબા જે કામ બતાવે તે રાજી થઈને કરતા હતા.

## આજ્ઞા વિના આવેલા સંતોને દર્શનનું સુખ ન આપ્યું

(૧) એક સમયે મુક્તાનંદસ્વામીએ તથા જ્ઞાનાનંદસ્વામીએ એમ વિચાર કર્યો જે, ઘણા દિવસથી મહારાજનાં દર્શન થયાં નથી તે ચાલો મહારાજનાં દર્શન કરી આવીએ. એમ જાણીને એ બે મહારાજની આજ્ઞા વિના જેતલપુરથી દુર્ગપુર મહારાજને દર્શને આવ્યા. અને ઘેલા નદીને સામે કિનારે દેરીઓમાં રાત રહ્યા. તે પ્રાતઃકાળે વહેલા પૂજા કરીને ઝોળી માગવાને મિશે કરીને મહારાજનાં દર્શન થાય તે સારુ દરબારમાં નારાયણ હરે.. ! સચ્ચિદાનંદ પ્રભો.. !'' એમ શબ્દ ઉચ્ચારણ કરીને ચાલ્યા આવ્યા. તે સમયે મહારાજ છાના રહેતા તોપણ છેટેથી દર્શન થયાં. ને તેમને દરબારમાંથી રોટલા આપ્યા, તે લઈને ચાલી નીસર્યા.

પછી તેમણે સોમલા ખાચર પાસે મહારાજને એમ કહેવડાવ્યું જે, ''મુક્તાનંદસ્વામી ને જ્ઞાનાનંદસ્વામી એ બે જણા આંહીં તમારે દર્શને આવ્યા છે. તેને તમો દર્શન આપશો ?'' ત્યારે મહારાજ કહે જે, ''હા, આપશું.'' પછી તે બંનેને બોલાવ્યા. તે આવીને મહારાજનાં દર્શન કરીને પાસે બેઠા.

પછી મહારાજે મનુષ્યચેષ્ટા કરવા માંડી અને એમ બોલ્યા જે, મુક્તાનંદસ્વામી, તમારું તો કલ્યાણ થશે પણ મારું તો નહિ થાય. ને તમે તો સ્વામી છતાં જેવા ત્યાગ-વૈરાગે યુક્ત હતા તેવા ને એવા જ છો. ને હું તો આ દરબારમાં લુબ્ધ થઈ ગયો છું. તે મારું તો કલ્યાણ નહિ થાય.'' ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, ''હે મહારાજ ! તમે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો અને સદા નિર્લેપ છો, સદા દિવ્ય મૂર્તિ છો ને અમને શા સારુ મોહ પમાડો છો ?'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''અરેરે સ્વામી ! હું પુરુષોત્તમનારાયણ શાનો ? કેમ કે મારું તો ઠેકાણું રહ્યું નહીં.'' એમ કહીને રોવા લાગ્યા. પછી તે બે પણ રોવા લાગ્યા. પછી મહારાજ કહે છે, ''હવે તમે જાઓ.'' પછી તેઓ બંને ગયા. ને મુક્તાનંદસ્વામી એમ બોલ્યા જે, ''આપણે મહારાજની આજ્ઞા વિના દર્શને આવ્યા એટલે મહારાજે દર્શનનું સુખ ન આપ્યું. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૧૩૩)*

(૨) અને કોઈક સમયને વિષે મહારાજ ગામ શ્રી તેરે સુતાર માવજીભાઈને ઘેર વિરાજમાન હતા. ને પ્રેમાનંદસ્વામી ને નાના સુખાનંદસ્વામી એ બે જણા ગુજરાતથી મહારાજનાં દર્શન કરવા આવ્યા. ત્યારે મહારાજ કહે, ''કોની આજ્ઞાથી આવ્યા છો ? અમે કાગળ લખ્યો'તો, જે અમારે દર્શને આવ્યા ?'' ત્યારે કહે, ''ના મહારાજ.'' ત્યારે મહારાજ કહે, ''રામદાસભાઈએ કાગળ લખી આપ્યો છે કે, અહીં આવ્યા છો ?'' ત્યારે તે કહે, ''ના મહારાજ.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''કોની આજ્ઞાથી આવ્યા છો ?''

ત્યારે તે સ્વામી બોલ્યા જે, ''કોઈની આજ્ઞા લઈને આવ્યા નથી. અમારા જ મનમાં થયું કે બહુ દિવસથી મહારાજનાં દર્શન નથી કર્યા, તે જાણે દર્શન કરી આવીએ.'' પછી મહારાજ કહે છે, ''ડુંગરજી ઊઠ, આ બંનેને ઓરડામાં લઈ જઈને માથાં કાપી નાખ.'' પછી ડુંગરજી એ બંનેને ઓરડામાં લઈ ગયા. ને 'હબે તબે' કરવા મંડ્યા. પછી મહારાજ બોલ્યા જે, ''ડુંગરજી, હજુ કેમ વાર લગાડે છે ? કેમ માથાં કાપતો નથી ?'' પછી ડુંગરજી કહે, ''શું કરું મહારાજ, એ માથાં સમાં ધરતા નથી.'' પછી મહારાજ બોલ્યા જે, ''માથાં સમાં ન રાખતા હોય તો કાઢી મેલ, કાઢી મેલ.''

પછી ડુંગરજીએ એ બંનેને ઓરડામાંથી કાઢી મેલ્યા ગુજરાતમાં આવીને પાછું વાળીને જોયું. એમ પ્રેમાનંદસ્વામી તથા સુખાનંદસ્વામી મહારાજની આજ્ઞા વિના મહારાજને દર્શને આવ્યા તેમને દર્શનનું સુખ ન આપ્યું. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૧૩૪)*

## લાધીબાએ આજ્ઞા લોપી

અને કોઈક સમયને વિશે મહારાજ ભૂજમાં સુંદરજીભાઈને ઘેર વિરાજમાન હતા. ત્યાં લાધીબાઈ આવીને મહારાજને પગે લાગીને એમ બોલ્યા જે, ''હરજીવન પરણે છે, તે મારે

તેની જાનમાં જાવું પડશે.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''તમારે સાંખ્યયોગી બાઈને શા સારુ જાવું પડે ?'' પછી તે બોલ્યા જે, ''મારી મા મરી ગયાં છે, ને બીજું કોઈ માણસ અમારા ઘરમાંથી જાય તેમ નથી.'' એમ બોલ્યાં ત્યારે મહારાજે ના પાડી તોય પણ ગયાં. તે આવતાં ગાડા ઉપરથી માર્ગમાં પડી ગયાં ને બહુ જ વાગ્યું ને ઘેર લાવ્યા ને મહારાજ જોવા સારુ આવ્યા ને દાંત બંધ થઈ ગયા. તે જોઈને મહારાજ એમ બોલ્યા જે, ''બકરીનું દૂધ મંગાવો.'' પછી તે દૂધ લાવ્યા. ત્યારે મહારાજે રાબ કરીને તાવી. તે દાંત પોળા કરીને પાઈને એમ બોલ્યા જે, ''સાંજે પણ અમો બકરીના દૂધની રાબ કરીને પાશું.'' એમ કહીને સુંદરજીભાઈને ઘેર પધાર્યા ને સાંજે પણ એવી રીતે રાબ કરીને પાઈ ત્યારે આંખ ઉઘાડીને મહારાજને જોયા. ને મહારાજે ત્રણ દિવસ બકરીના દૂધની રાબ કરીને પાઈ એટલે તે સાજાં થયાં. એમ મહારાજની આજ્ઞા લોપી તો દુઃખ થયું. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૧૩૬)*

## બોચાસણના કાશીદાસને આજ્ઞા લોપથી દુઃખ

અને ગામ બોચાસણના કાશીદાસે મહારાજને પૂછ્યું કે, ''મહારાજ, મારે હમણાં દીકરો કે દીકરી પરણાવવાં છે.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''હમણાં રહેવા દો, પછી વિવાહ કરજો.'' ત્યારે તે બોલ્યા જે, ''પુત્રી વિવાહને યોગ્ય થઈ છે, તે જો ન પરણાવીએ તો લોકમાં લાજ જાય, અને દીકરાનો સસરો ઉતાવળ કરે છે.'' એમ કહીને મહારાજે ના પાડી તોય બેયના વિવાહ કર્યા. પછી તે બેય થોડાક દિવસમાં રાંડ્યાં. એમ આજ્ઞા ઉલ્લંઘન કરી તો વ્યવહારમાં પણ દુઃખ થયું. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૧૩૭)*

## આજ્ઞામાં ખબરદાર દાદા ખાચર

એક વખત મહારાજ અક્ષર ઓરડીમાં વિરાજમાન હતા અને કાંઈક કામ પ્રસંગ હશે એટલે મહારાજે દાદા ખાચરને સાદ કર્યો જે દાદો ક્યાં ? એટલે દાદા ખાચર પોતાની ડેલીયે હજામત કરાવતા હતા તે મહારાજનો સાદ સાંભળીને દાદા ખાચરે હજામને કહ્યું જે રાખ્ય હજામત કરવી, મહારાજ બોલાવે છે પછી માથે લુગડું વીંટીને અક્ષર ઓરડીયે આવ્યા ત્યારે મહારાજ બોલ્યા જે દાદા ક્યાં હતો ? દાદા ખાચર કહે મહારાજ ! હું હજામત કરાવતો હતો. મહારાજ કહે હજામત કરાવી રહ્યો ? ત્યારે કે ના મહારાજ અડધી હજામત બાકી છે અને તમે સાદ કર્યો એટલે હું આવ્યો. મહારાજ કહે જો ને અમારો કેટલો વિશ્વાસ છે હજામત પડતી મૂકીને આવ્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૪)*

## મહારાજનું ન માન્યા તો ફજેતો થયો

મહારાજ ગામ ઈહરવાડે (ઈસરવાડા) પધાર્યા હતા ત્યાં એક હરિભક્તને ઘેર ઉતર્યા હતા. તેણે કોઈ બાઈને ઘરે રાખેલી હતી, પછી મહારાજે કહ્યું જે આને રજા દે તો અમે રાત રહીયે ?

ત્યારે તે કહે ના મહારાજ તે તો મારી બહેન છે. મારી ભેળી રહે છે મહારાજ કહે તારી બહેન નથી. અને તેને રજા આપ્ય અને તું મને શું જાણે છે ? ત્યારે તે કહે મહારાજ ! તમે તો ભગવાન છો. મહારાજ કહે જો અમને ભગવાન જાણતો હોય તો તેને રજા આપ્ય, નીકર અમે ચાલી નીકળશું. એમ મહારાજે કહ્યું પણ તેણે રજા ન આપી તેથી મહારાજ ચાલી નીકળ્યા. અને બીજે દિવસે એ બન્ને જણાનો ફજેતો થયો તે ગામમાંથી ભાગી ગયો પણ મહારાજનું કહ્યું માન્યું નહી. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૧૮)*

## મહારાજનું માન્યા તો સુખી થયા

જૂનાગઢના નવાબ પાસે જગ્યા આણંદજી સંઘાડિયાએ માગી લીધી પછી તેમણે મહારાજ પાસે જઈને વાત કરી છે, મહારાજ ! તમારા કહેવા પ્રમાણે તે ઠેકાણે મેં જગ્યા માગી લીધી છે. પછી મહારાજ કહે ત્યાં રાતે રાતે પાયો ખોદો પછી મહારાજના કહેવા પ્રમાણે રાતે રાતે પાયો ખોદવા માંડ્યો. તેમાંથી એક મોટું દ્રવ્યનું ચરૂડું નીકળ્યું તે જોઈને મહારાજને તે વાત કરી ત્યારે મહારાજ કહે તમારા ઘરમાં જૂનો લોટો કે તાંબડી છે ? જો હોય તો તે ભરીને તે દ્રવ્યની ભેટ કરી આવો પછી જૂની એક તાંબડી હતી તેમાં પાંચસેહે રૂપિયા ભરીને નવાબને ભેટ આપવા ગયા ત્યારે નવાબ કહે આણંદજી આ શું લાવ્યો ? આણંદજીભાઈ કહે સાહેબ ! તમોએ મને જમીન આપી તેમાંથી આટલું દ્રવ્ય નીકળ્યું છે તે તમારું કહેવાય માટે તમને આપવા સારુ લાવ્યો છું. નવાબ કહે નહીં લઉં તે પાછું લઈ જા તારી જગ્યામાંથી નીકળ્યું તે તારું ગણાય. તેથી તે પાછુ લાવી મહારાજ પાસે આવ્યા ત્યારે મહારાજ કહે તેની એક સોનાની ઉતરી ઘડાવીને નવાબના દીકરાની ડોકમાં નાંખી આવ્ય. પછી તેવી ઉતરી ઘડાવીને નવાબના દીકરાની ડોકમાં પહેરાવી આવ્યા પછી નવાબની ઘરવાળી કહે તમે કોણ છો ? ત્યારે આણંદજી સુતાર કહે હું સુતાર છું અને ગરીબ છું. બાઈ કહે તારે શું કાંઈ કામ છે ? આણંદજીભાઈ કહે બહેન મને નવાબ સરકારે જમીન આપી છે તેનો લેખ હજી કરી આપ્યો નથી. તો લેખ કરાવી આપો તો ઠીક. પછી બાઈ કહે આજ બાર વાગ્યે તું અહીંયા આવજે પછી નવાબ આવ્યા ત્યારે છોકરાની ડોકમાં ઉતરી ભાળીને બોલ્યા જે આ ક્યાંથી ? કોણ પહેરાવી ગયું ? બાઈ કહે આણંદજી સુતાર છે તે મારો ભાઈ છે તે પહેરાવી ગયો અને તમોએ તેને જમીન આપી છે તેનો લેખ હજુ સુધી કરી આપ્યો નથી તો તરત લેખ કરી આપો પછી તે મુજબ આણંદજીભાઈને માણસ મોકલી તેડાવ્યા અને નવાબે તેને તે જગ્યાનો લેખ કરી આપ્યો અને તેમાં લખ્યું જે આકાશથી પાતાળ સુધી તેમાં જે હીરા માણેક કે દ્રવ્ય નીકળે તે તારું એવો લેખ લખી આપીને તે ઉપર મહોર છાપ મારી આપી. તે લેખ લઈને મહારાજ પાસે ગયા

અને તે લેખ મહારાજને વંચાવ્યો પછી મહારાજ કહે હવે ખોદવા માંડો પછી ખોદતાં ખોદતાં તેમાંથી ઘણુંક દ્રવ્ય નીકળ્યું. પછી મોટી ત્રણ માળની હવેલી ચણાવી અને ગામમાં મોટા શ્રીમંત ગણાવા લાગ્યા અને જ્યાં પંચ ભેળું થાય ત્યાં આણંદજીભાઈને પ્રથમ બોલાવી જાય. એમ શ્રીજીમહારાજની આજ્ઞા માની તો સર્વ પ્રકારે સુખિયા થયા. પ્રથમ તે જગ્યા અસલ રજવાડાની હતી એમ ભક્તની રક્ષા કરી. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૦૭)*

## સચ્ચિદાનંદ સ્વામીએ આજ્ઞા લોપી

જે વખતે શ્રીજીમહારાજ સ્વધામ પધારવાને માટે તૈયાર થયા તે વખતે પોતે (સચ્ચિદાનંદ સ્વામીએ) પોતાનાં દેહનાં નાડી પ્રાણ તોડીને અક્ષરધામમાં ગયા અને ત્યાં મુક્તને કહ્યું, જે અહિંયા મને રાખશો ? ત્યારે મુક્તોએ કહ્યું, જે સુખેથી આવો. પછી સ્વામી પોતાનાં નાડી પ્રાણ ત્યાગ કરીને અક્ષરધામમાં ગયા. અને સિંહાસન નીચે સંતાણા પછી મહારાજ જ્યારે આંહીંથી પધાર્યા ત્યારે મહારાજે કહ્યું, જે આંહીં એક ચોર આવેલો છે ? પછી સ્વામીનું શરીર એક જોજન ઊંચું ઉછળવા લાગ્યું. પછી આવીને શ્રીજીમહારાજ પાસે હાથ જોડીને ઉભા રહ્યા મહારાજે કહ્યું, જે દેહમાં જા. સ્વામી કહે, મહારાજ ! મારાથી હવે દેહમાં રહેવાય તેમ નથી ! કેમ કે હું નાડી પ્રાણ તોડીને આવ્યો છું. મહારાજ કહે કે નહીં જા તો હજાર વરસ સુધી સુકા કાષ્ટ્રમાં દેહ (જીવ) ખોસી મેલીશ ! અને આમને આમ રુધિરનો ભર્યો દરબારમાં જાજે અને સૌને વાત કરજે અને કાલે એકાદશી છે માટે આજ રાત્રે સૌ જમજો પણ કોઈ ભૂખ્યા રહેશો નહીં ! એમ કહીને મહારાજે કહ્યું જે પાણી પીવું છે ? પછી શ્રીજીમહારાજે પોતાની પ્રસાદીનું પાણી પાયું અને કહ્યું, જે છ મહિના તો દેહમાં રહેજે, એમ કહીને મોકલ્યા ને આવ્યા પછી સૌને બધી વાત કરી દેખાડી અને અહીંનું અન્ન જળ પોતાને ભાવતું નહીં પછી છ મહિને ધામમાં પધાર્યા એવા હેતવાળા હતા તે ભગવાન વિના ઘડી પણ રહી શકતા નહીં. શ્રીજીમહારાજ કહે સચ્ચિદાનંદ સ્વામીના હેતની બલિહારી છે. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૯૮૯)*

## ખોપાળાના જેઠા માણીયાએ મહારાજનું વચન પાળ્યું

ગામ ખોપાળાના જેઠા માણીયા ગઢડે શ્રીજીમહારાજનાં દર્શન કરવા સૂર્ય ઊગ્યા પહેલાં આવ્યા હતા. તેવા સમયમાં ઓરડા લીંપવા માટે ચોકમાં મોટું ગારીયું નંખાવેલ હતું. તે ગારીયું ગોલવાનું બાકી હતું. જેઠા માણીયાને જોઈને એક સંતે કહ્યું, ભગત આ ગારીયું ગોલવાનું છે, તે તમે ગોલી આપો. ત્યારે આ ભક્ત મહારાજના મહિમાવાળા હતા, તે તુરત હા પાડીને ગારીયું ગોલવા લાગ્યા. તે ગોલતાં ગોલતાં દિવસના દશ વાગ્યા તોપણ કોઈએ રાખો એમ

કહ્યું નહિ. તેવા સમયમાં નાનબાઈને ઓરડે મહારાજ માટે થાળ મુકુંદ બ્રહ્મચારીએ તૈયાર કરેલો તે જમવા અક્ષર ઓરડીથી સ્નાન કરીને એક પીતાંબર પહેરી, એક ઓઢીને ચાખડીએ ચઢીને પાળાઓ સહિત જતા હતા તેવામાં જેઠા માણીયાએ ઊંચા સ્વરથી જય શ્રી સ્વામિનારાયણ કહ્યા. તે સાંભળીને મહારાજ જેઠા માણીયા પાસે પધાર્યા ને કહ્યું કે, આ કામ તમે ક્યારના કરો છો ? ત્યારે ભક્તે કહ્યું જે, સૂર્ય નહોતા ઊગ્યા ત્યારથી. આવું ભક્તનું વચન સાંભળીને તેમના ઉપર મહારાજ બહુ જ પ્રસન્ન થયા, ને મૂળજી બ્રહ્મચારીને તુરત બોલાવીને કહ્યું, જે આ ભક્તને વાસ્તે અમારા થાળમાંથી ચુરમાના લાડુ છે હમણાં લાવો. આ ભક્તને જમાડીને પછી હું જમવા આવીશ. શ્રીજીમહારાજની આજ્ઞા થઈ કે તુરત બ્રહ્મચારી છ લાડુ લાવ્યા. પછી મહારાજે જેઠા માણીયાને કહ્યું જે, ત્યાં ને ત્યાં ઊભા રહીને આ છ લાડુ જમી જાઓ. ત્યારે તે ભક્ત શ્રીજીમહારાજને કહ્યું કે, હું નાહ્યો નથી માટે હું નાહીને પૂજા કરીશ પછી આપની પ્રસાદી જમીશ. ત્યારે મહારાજે કહ્યું જે, અમે નાના હતા ત્યારે કોઈવાર નહાતા પણ નહિ, ને અમારી માતુશ્રીની આજ્ઞા મુજબ અમે જમી લેતા. માટે અમારી આજ્ઞાથી જમો, તમોને બાધ નહિ લાગે. ત્યારે શ્રીજીમહારાજને રાજી કરવા સારું તે સ્થાને ઊભા રહીને મહારાજની આજ્ઞાથી છ લાડુ જમી ગયા. પછી મહારાજે કહ્યું, જે આવો ભક્ત ! તમારી સાથે અમો થાળ જમીને તમોને મળીશું, કારણ કે તમોએ સંતના વચનથી તથા મહિમાથી સેવા કરી તે જોઈ હું તમારા ઉપર બહુ જ પ્રસન્ન થયો છું. એમ કહીને પોતાની સાથે લઈ ગયા. ને જમીને મુખ શુદ્ધ કરીને જેઠા માણીયાને પ્રેમપૂર્વક મળ્યા ને કહ્યું જે, આવી દેવસેવા હરકોઈ કરે તેના ઉપર મારો બહુ જ રાજીપો થાય છે, ને તેને અમે શું આપી દઈએ એમ શ્રીજીમહારાજે વાત કરીને જેઠા માણીયાને આજ્ઞા કરી જે, હવે તમે સુખેથી ખોપાળે જાઓ. પછી શ્રીજીમહારાજની પ્રસન્નતા લઈને જેઠા માણીયા ખોપાળે ગયા. એવી ઘણી તે ભક્તે શ્રીજીમહારાજની પ્રસન્નતા મેળવી હતી. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૭)*

## વિરક્તાનંદ સ્વામીએ મહારાજની આજ્ઞા લોપી

ગામ ગઢપુરમાં શ્રીજીમહારાજે સંવત ૧૮૮૬ના વર્ષમાં મંદવાડ ગ્રહણ કર્યો હતો. તે છ માસ અગાઉથી પોતે ઘણી ઉદાસીનતા જણાવી હતી. કોઈ વખત ખાય, કોઈ વખત ન ખાય. કોઈને બોલાવે, કોઈને ન બોલાવે ને વનમાં જેવી રીતે તપ કર્યું હતું ને જેવું શરીર સૂકવી નાખ્યું હતું તેની માફક છેલ્લી વખત શરીર સૂકવી નાખ્યું. તે જોઈને મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી વગેરે સદ્ગુરુઓએ વિચાર કર્યો જે, શ્રીજીમહારાજ આલોકનો ત્યાગ કરી જરૂર અક્ષરધામમાં પધારશે તેમાં કાંઈ સંદેહ નથી. આવો નિશ્ચય કરીને સાઠ સાધુને

શ્રીજીમહારાજની સેવામાં રાખ્યા. તેમાંથી ત્રીસ સાધુ દિવસે શ્રીહરિની સેવામાં રહે ને રાત્રિએ પણ ત્રીસ સાધુ શ્રીજીમહારાજની સેવામાં રહે. તે સિવાય અવારનવાર બ્રહ્મચારી સંત પાળા તથા હરિભક્તો શ્રીજીમહારાજની મન, કર્મ, વચને સેવા કરતા. એક દિવસ શ્રીજીમહારાજને એવો વિચાર થયો છે, સર્વે જનો મારી સેવા બહુ સારી કરે છે અને દિવસ ને રાત ઊભે ને ઊભે પગે રહે છે. ને જેમ ચંદ્રને ચકોર પક્ષી સામું જોઈ રહે તેમ મારી સામું જોઈને સર્વ સેવામાં હાજર રહે છે. માટે આ સંતોને સાકરના લાડુ શેર શેર ઘી નખાવીને જમાડું એવો સંકલ્પ કરીને કોઠારી વિરક્તાનંદ સ્વામીને અક્ષર ઓરડીમાં બોલાવ્યા ને કહે છે, આ સર્વ મારી સેવા બહુ સારી કરે છે. માટે મારા કહેવા પ્રમાણે સાકરના લાડુમાં શેર શેર ઘી નાખીને રસોઈ કરાવીને મારા વતી આગ્રહ કરીને સર્વેને જમાડો. એમ શ્રીજીમહારાજે કહ્યું ને મારા કહ્યા પ્રમાણે સર્વેને જમાડવાથી હું તમારી ઉપર પ્રસન્ન થઈશ. આવી રીતે કહ્યા છતાં પણ લોભને વશ થઈને શ્રીજીમહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને ગોળના લાડુ દોઢ પાશેર ઘી નાખીને રસોઈ કરાવીને સર્વ બ્રહ્મચારી, સંત, પાળા, હરિભક્તો વગેરેને જમાડ્યા. તે સહુ જમીને ધર્મશાળામાં ગયા ને મુક્તાનંદ સ્વામી ધર્મશાળામાં ન જતાં બારોબાર અક્ષરઓરડીમાં શ્રીજીમહારાજની સમીપમાં આવ્યા. તે સમે મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજે પૂછ્યું કે, આજ રસોઈ શાની હતી ? ત્યારે મુક્તાનંદ સ્વામી કહે છે, ગોળના લાડુની. પછી શ્રીજીમહારાજ કહે જે, તેમાં ઘી કેટલું નાખ્યું હશે. ત્યારે સ્વામી કહે છે, દોઢપાશેર તો હશે જ પણ ઓછું નહિ હોય. ને ઓછું હોય તો કોઠારી જાણે. આવું મુક્તાનંદ સ્વામીના મુખથી સાંભળીને શ્રીજીમહારાજ બહુ જ કચવાઈ ગયા ને કોઠારીને તુરત જ પોતાની પાસે બોલાવ્યા ને કહે છે, મેં તમને શું કહ્યું હતું ને તમે શું કર્યું, તમે મારી આજ્ઞાનો લોપ કર્યો તે સારું કર્યું નહિ. એમ વિરક્તાનંદ સ્વામીને ઠપકો આપીને શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામીના સામું જોઈને વાતો કરવા લાગ્યા. કહેવાનું કે શ્રીજીમહારાજ પ્રત્યક્ષ હતા. ને ખરા સમયમાં સંત આદિકને જમાડવાનું કહ્યું પણ આજ્ઞાનો લોપ કર્યો. તેથી પરિણામે સ્થિતિમાં ફેરફાર થઈ ગયો હતો. માટે શ્રીજીમહારાજની આજ્ઞા પાળવી પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહિ. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૪૬)*

## ભાયાત્માનંદ સ્વામીએ મહારાજની આજ્ઞા લોપી

ગામ ગઢપુરમાં એક વખત બ્રહ્માનંદ સ્વામી પોતાના ઓરડામાં ગ્રંથ લખતા હતા. તે વખતમાં તેમને એવો સંકલ્પ થયો કે, મને તો પ્રત્યક્ષ પુરુષોત્તમ સહજાનંદ સ્વામીનો કાયમ સંબંધ છે. માટે હું કૃતાર્થ થયો છું. પણ મેં આ લોકમાં જન્મ ધારણ કર્યો. એ મારા માતાપિતાને

આ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સંબંધ કરાવું તો ઠીક. એવો વિચાર કરીને અક્ષર ઓરડીમાં શ્રીજીમહારાજ પાસે ગયા. ને પોતાનો સંકલ્પ શ્રીજીમહારાજને કહ્યો. તે સાંભળીને શ્રીજીમહારાજ કહે છે, મીઠાની કોથળીએ સંકલ્પ કર્યો કે હું સમુદ્રનો તાગ લઈ આવું. તે મીઠું પાણીમાં ઓગળી જાય કે તેમનું તેમ રહે. તે સાંભળીને બ્રહ્મમુનિ કહે છે, આ મીઠું તે મીઠા જેવું નથી. આ તો મહાકઠણ છે. તે કેમેય ઓગળે તેવું નથી તથાપિ જેમ આપશ્રીની ઈચ્છા. ત્યારે શ્રીજીમહારાજ બ્રહ્માનંદ સ્વામીને કહે છે, તમારે ખાણ ગામ જવાની જરૂર નથી. પણ તમારા બદલામાં બીજા સંતને જવાની આજ્ઞા કરું તેથી તમારા સંકલ્પ પ્રમાણે તમારાં માતાપિતાને તથા તમારા સંબંધીઓને મારા સ્વરૂપનો નિશ્ચય કરાવશે. એમ બ્રહ્માનંદ સ્વામીની આગળ ચોક્કસ કરીને પોતાની મરજી મુજબ સંતોને આજ્ઞા કરી. તેથી છ સંત ને એક પાર્ષદ તૈયાર થયા. ને ચાલતી વખતે અક્ષર ઓરડીમાં શ્રીજીમહારાજની આજ્ઞા લેવા દંડવત્ કરીને સમીપમાં બેઠા. ત્યારે મહારાજ કહે છે, દૂર દેશ છે ને વિકટ રસ્તો છે માટે હું તમને કાગળ લખાવી આપું, જેથી ખાણ ગામનું નામ ભૂલી જવાય નહિ. ત્યારે સંતો કહે જે જુવારની ખાણ, કોલસાની ખાણ, પથ્થરની ખાણ, ધૂળની ખાણ, તેની માફક આ ખાણ ગામ તે ભૂલાય તેમ નથી. માટે કાગળની જરૂર પડે તેમ નથી. તો પણ શ્રીજીમહારાજે ત્રણ વાર લખવાનું કહ્યું કે, કાગળ લખાવી આપું ને તમો જરૂર ગામનું નામ ભૂલી જશો. આમ કહ્યા છતાં શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કર્યો પણ શ્રીજીમહારાજનો શો અભિપ્રાય છે તેને જાણી શક્યા નહિ. તેથી કાગળ લીધા સિવાય શ્રીજીમહારાજની આજ્ઞા લઈને ગઢપુરથી ચાલ્યા, તે ચાલતાં સિદ્ધપુર ગયા. ત્યાં સુધી ભોજનની ચિંતા નહોતી, કારણ કે સત્સંગીનાં ગામ આવતાં હતાં. આગળ સત્સંગીનાં ગામ ન હોવાથી પાંચ સંતને ત્યાંથી પાછા ગઢપુર મોકલ્યા, ને બે સંત શ્રીજીમહારાજનું સ્મરણ કરતા સિદ્ધપુરથી ચાલ્યા. તે ચાલતાં ચાલતાં આબુની તળેટીને ઉલ્લંઘન કરીને આગળ વીસ ગાઉં નીકળી ગયા. તે સંતોને ત્યાં સત્સંગ ન હોવાથી ત્રણ દિવસના ઉપવાસ થયા તેથી વિચાર કર્યો જે આગળ આવે તે ગામમાં સદાવ્રત મળતું હોય તો સદાવ્રત લઈને બાટીયો કરીને જમીએ. તેથી રસ્તામાંથી છાણાં વીણી લીધાં ને દિવસ આથમવાને કલાક વાર હતી તે વખતે આવેલ ગામને સમીપે એક સરોવરની પાળે વડ હતો. તેની નીચે બેઉ સંતો ઊતર્યા. બે સંતમાંથી એક સંત ગામમાં જઈને સદાવ્રત લઈ આવ્યા. તે લોટ બાંધીને આઢ સળગાવીને બાટયો તેના ઉપર ચઢવા મૂકી ને બહુ ધુમાડો થવાથી વડ ઉપર મોટું ભમરીયું મધ તે ઊડ્યું ને બે સંતોને માંખો ચોંટી પડવાથી પાણીમાં પડ્યા. તે પાણીની અંદર રહે તેટલી વાર સુખ ને બહાર નીકળે કે તુરત માંખો ચોંટી પડે તેથી વારંવાર જળમાં ડુબકાં મારે, એમ કરતાં દિવસ આથમ્યો ને અંધારું થયું ત્યારે માખીઓ

મધને પૂડે ચોંટી ગઈ એટલે સંતો પાણીથી બહાર નીકળ્યા ને જ્યાં જુવે તો બાટીયોને કૂતરા, કાગડા ખાઈ ગયેલાં. આવો બનાવ જોઈને બેઉ સંતો પરસ્પર વાત કરવા લાગ્યા. એટલાકમાં એક સંત બીજા સંતને કહે છે, ત્રણ દિવસના ભૂખ્યા ને અન્ન મળ્યું તે પણ કૂતરાં ખાઈ ગયાં, હવે શું કરશું ? ત્યારે બીજા સંત કહે જે શ્રીજીની મરજી હશે તેમ થયું. આપણે તો શ્રીજીમહારાજને આધારે છીએ તે અન્નદાતા શ્રીજીમહારાજ અન્ન આપ્યા વિના રહેશે નહિ. ગમે તે પાસે આપણને અન્ન અપાવશે એવું ધીરજનું વચન કહીને એક સંતે પૂછ્યું કે, આપણે બ્રહ્માનંદ સ્વામીને ગામ સત્સંગ કરાવવા જઈએ છીએ તે ગામનું નામ શું ? તે સાંભળીને જવાબ આપ્યો કે, હું તો ગઢપુરથી જ તે ગામનું નામ ભૂલી ગયો છું. તમને યાદ આવે તો સંભારી કાઢો. પછી સંત કહે છે, મને પણ યાદ આવતું નથી. તેનું શું કારણ હશે ? ત્યારે બીજા સંત કહે છે, આપણને શ્રીજીમહારાજે કાગળ લખાવી આપવાનું ત્રણ વખત કહ્યું હતું. પણ શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કર્યો તેથી તમે તથા હું બેઉ જણ ગામનું નામ ભૂલી ગયા. ને જો પાછા વળીએ ને તે ગામ ન જઈએ તો શ્રીજીમહારાજ આપણા ઉપર કુરાજી થાય ને બ્રહ્માનંદ સ્વામીનો ઠપકો સાંભળવો પડે એમ પરસ્પર વાત કરતા બેઉ સંતોને આંખમાં પાણી આવી ગયાં ને રડવા લાગ્યા. તે વખતે દીનદયાળ પોતાના ભક્તોનું દુઃખ ન સહન કરી શકે તેવા સ્વભાવવાળા શ્રીજીમહારાજે બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કર્યું ને હાથમાંના એક વાસણમાં ખીચડી, ઘી, કઢી, બાજરાના રોટલા, અથાણું તથા પાણીનો લોટો બીજા હાથમાં લઈને કોઈ અન્નાર્થી કોઈ અન્નાર્થી એમ બોલતાં ગામની ભાગોળે વડ નજીક પધાર્યા. તે શબ્દ સાંભળીને સંતો કહે જે, અમે અનાર્થી છીએ. તેવી વાણી સાંભળીને બ્રાહ્મણ સ્વરૂપ શ્રીજીમહારાજે સંતની પાસે આવીને પૂછ્યું કે, તમે કોણ છો ? ત્યારે સંતો કહે જે, અમે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાધુ છીએ. ને ત્રણ દિવસથી ભૂખ્યા છીએ. આપની શી જ્ઞાતિ છે ? ત્યારે શ્રીજી કહે અમે બ્રાહ્મણ છીએ. એમ કહીને પ્રેમપૂર્વક વડ નીચે જમાડ્યા. પછી પૂછ્યું કે, તમે ક્યાંથી આવો છો ને ક્યાં જાઓ છો ? ત્યારે સંતો કહે જે કાઠિયાવાડ દેશમાં ગઢડા ગામ છે ને ત્યાં અમારા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે તેમની આજ્ઞાથી આ દેશમાં સત્સંગ કરાવવા માટે અમારામાં સાધુ બ્રહ્માનંદ સ્વામી છે તેમના ગામ અમારે જવું છે, પણ તે ગામનું નામ અમે બેઉ ભૂલી ગયા છીએ તેથી ચિંતાનો પાર રહ્યો નથી. તે સાંભળીને શ્રીજીમહારાજે દશ, પંદર, વીશ ગામનાં નામ કહ્યાં. તે સાંભળીને સંત કહે છે, તે નહિ પણ બીજાં ગામનું નામ લ્યો. ત્યારે છેવટે ખાણ ગામનું નામ લીધું તે સાંભળી બેઉ સંતો બહુ રાજી થયા ને કહે જે તે ગામ અહીંથી નજીક છે કે દૂર છે ત્યારે બ્રાહ્મણ સ્વરૂપ શ્રીજીમહારાજ કહે જે, અહીંથી તમે પાછા વળો તે ગામ મૂકીને તમે વીશ ગાઉ

આગળ આવ્યા છો ને તમને તે ગામનું કહો તો નામ લખી આપું. ત્યારે સંતો કહે છે, ભાઈ તમે લખી આપો તો તમારો મોટો આભાર માનીશું. તે વખતે કાગળમાં ખાણ ગામ લખી આપ્યું ને સંતથી જરા દૂર જઈને શ્રીજીમહારાજ અંતર્ધાન થઈ ગયા ને સંતો ત્યાં રાતવાસો રહીને પાછા વળ્યા તે ચાલતાં ચાલતાં ખાણ્ય ગામ આવ્યા ને બ્રહ્માનંદ સ્વામીના પિતાનું નામ પૂછીને તેમને ત્યાં બેઉ સંતો ગયા ને બ્રહ્માનંદ સ્વામીનું મૂળ નામ લાડુ બારોટના નામથી સર્વે સમાચાર કહ્યા. તે સાંભળીને તેમનાં માતાપિતા તથા તેમનાં સગાંઓ ઘણાં રાજી થયા. ને બેઉ સંતોને આગ્રહપૂર્વક રાખ્યા ને સંતોના મુખથી કથાવાર્તા સાંભળી તથા શ્રી સ્વામિનારાયણ ભગવાનના ઐશ્વર્ય, પ્રતાપ, અલૌકિક મહિમા સાંભળીને બ્રહ્માનંદ સ્વામીના માતાપિતા તથા તેમનો એક સંબંધી. એમ ત્રણે જણ વર્તમાન ધારણ કરી કંઠીઓ પેરી સત્સંગી થયા તેથી સંતો ત્યાં દોઢ માસ રહીને ખાણ ગામથી ચાલ્યા તે ગઢપુર આવ્યા. તે વખતે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં બિરાજતા હતા. ત્યાં બેઉ સંતો શ્રીજીને દંડવત્ કરવા લાગ્યા. તે જોઈને આસનેથી ઊઠીને સંતોને બાથમાં ઘાલીને મળ્યા. પછી પોતાની પાસે બેસાડીને સર્વે હકીકત પૂછી જોઈને સાધુએ અનુક્રમે કહી જે, રસ્તે ચાલતાં દોઢ માસ થયો ને દોઢ માસ ત્યાં રહ્યા ત્યારે ત્રણ સત્સંગી થયા. બ્રહ્માનંદ સ્વામીનાં માતાપિતા તથા તેમનો એક સંબંધી ત્યાંથી નીકળ્યા તે અહીં આવતાં દોઢ માસ થયો ને આપશ્રીના પ્રતાપથી જતાં આવતાં રસ્તામાં કોઈ ઠેકાણે જરા પણ દુઃખ પડ્યું નથી, સુખેથી જઈને આવ્યા છીએ. ત્યારે શ્રીજીમહારાજ કહે છે, તમને ક્યાંય દુઃખ નથી પડ્યું ? ખરેખર દુઃખ પડ્યું તેને તમે સંભારતા નથી તે અમે તમને કહી બતાવીએ. તમારે ત્રણ દિવસના ઉપવાસ થયા હતા તે વખતે ખરા સંકટમાં મારે તમને ખીચડી ખવડાવવા આવવું પડ્યું હતું. તેમજ કાગળ લખી દેવો પડ્યો હતો તેને તમે કેમ સંભારતા નથી. ત્યારે તે સંતોએ તે વાત વિસ્તાર સહિત શ્રીજીમહારાજને કહી બતાવી. તે સાંભળીને શ્રીજીમહારાજ કહે છે, તે દુઃખ પડ્યું તેનું કારણ મારી આજ્ઞાનો લોપ કર્યો હતો. તે શું તો મેં તમને ખાણ ગામનું નામ લખી દેવાનું કહ્યું હતું તોપણ તમોએ મારું વચન માન્યું નહિ તેનું ફળ તમારે ભોગવવું પડ્યું. માટે મારી નાનીમોટી આજ્ઞાનો લોપ કરે છે તેને બહુ જ દુઃખ થાય છે ને જે મારી આજ્ઞા માને છે તે પરમ સુખ ને શાંતિને પામે છે. કહેવાનું કે શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કર્યો તો દેહથી દુઃખ ભોગવવું પડ્યું. તેની માફક આપણે જો આજ્ઞાનો લોપ કરીશું તો પૂર્વની પેઠે ઘણું દુઃખ ભોગવવું પડશે. માટે ક્યારેય શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કરવો નહિ એ જ કહેવાનો સિદ્ધાંત છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૪૭)*

## લાઠીદડના ભક્તોએ આજ્ઞા ન માની

ગામ ગઢપુરમાં શ્રીજીમહારાજ શ્રીગોપીનાથજીનું મંદિર કરાવતા હતા. તે વખતે કેટલાક હરિભક્તો શ્રીજીમહારાજને પ્રસન્ન કરવા માટે અનુક્રમે રસોઈ આપતા હતા તેથી ગામ લાઠીદડના હરિભક્તોએ વિચાર કર્યો કે, કારિયાણી, સારીંગપુર, ઝમરાળા વગેરે ગામોના હરિભક્તો ગઢડે રસોઈ આપી આવ્યા. માટે આપણે પણ મોતીયા, જલેબીની રસોઈ ગઢડે જઈને આપી આવીએ. એમ વિચારતા સર્વે હરિભક્તોએ રૂપિયા એકઠા કર્યા. તે વખતે તે ગામના રહીશ બ્રાહ્મણે અડધો રૂપિયો હરિભક્તને આપ્યો, ત્યાંના હરિભક્તોની સાથે તે બ્રાહ્મણ ગઢડે આવ્યો. તે સમે શ્રીજીમહારાજ લીંબડાની નીચે ઉત્તર મુખે ખુરશી ઉપર બેઠા હતા. તેથી ગોપીનાથજીના મંદિરનું કામ ધમધોકાર ચાલતું હતું. તેવામાં તે સર્વે હરિભક્તો શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કરી પગે લાગીને એમ બોલ્યા જે, અમો લાઠીદડથી મોતીયા, જલેબીની રસોઈ આપવા આવ્યા છીએ. ત્યારે શ્રીજીમહારાજ કહે છે, તમારી મરજી મુજબ કરવું છે કે હું કહું તેમ કરવું છે. ત્યારે હરિભક્તો કહે કે અમારે તો આપશ્રીને પ્રસન્ન કરવા છે ને આપશ્રી કહો તેમજ કરવું છે. ત્યારે શ્રીજી કહે છે, તમે રૂપિયા આપ્યા તેમાંથી અડધા રૂપિયાના અડદ લઈએ ને અડધા રૂપિયાના ઘઉં અને બાજરી લઈએ. અને તે પહોંચે ત્યાં સુધી તમારી રસોઈ કહેવાય. તે સાંભળીને હરિભક્તો કહે છે, મહારાજ ! આપશ્રીની ખુશી. તે વખતે સાથે આવેલો બ્રાહ્મણ બોલ્યો કે, ના મહારાજ, એમ નહિ થાય. અમારે તો મોતીયા, જલેબીની રસોઈ કરાવવી છે. હરિભક્ત ભલે હા પાડે પણ હું ના પાડું છું, તે વાત નહિ બને. રસોઈ કરાવવી હોય તો કરાવો નહિ તો અમારા રૂપિયા પાછા લઈ જઈશું. આવું બ્રાહ્મણનું કડક વચન સાંભળીને સર્વે હરિભક્તોને શ્રીજીમહારાજ કહે છે, તમારા રૂપિયા મારી પાસે મૂકો. તે વખતે એકઠા કરીને લાવેલા રૂપિયા શ્રીજીમહારાજ આગળ મૂક્યા. તે જોઈને શ્રીજીમહારાજે આજ્ઞા કરી કે, સૌ સૌના રૂપિયા ઉપાડી લ્યો. તે વખતે પોતપોતાના રૂપિયા ઉપાડી લીધા ને અડધો પડ્યો રહ્યો. તે જોઈને મહારાજ કહે જે આ અડધો કેનો છે, જેનો હોય તે ઉપાડી લ્યો. ત્યારે બ્રાહ્મણ કહે છે, તે અડધો મારો છે. ત્યારે મહારાજ કહે જે તમારા અડધા રૂપિયાની મોતીયા, જલેબી કરાવો. તે સાંભળીને ઘણો જ શરમાઈ ગયો ને શ્રીજીમહારાજ પણ તે ઉપર ઘણા જ કુરાજી થયા ને તેનો અડધો શ્રીજીમહારાજે રાખ્યો નહિ. ને હરિભક્તોના રૂપિયા રાખીને પ્રથમ કહ્યું હતું તે પ્રમાણે લઈને સંતના ઉપયોગમાં વાપર્યા ને હરિભક્તો ઉપર શ્રીજીમહારાજ બહુ જ પ્રસન્ન થયા ને બ્રાહ્મણ ઉપર કચવાઈ ગયા. તેણે કરીને તેના કુળમાં સાધારણ સ્થિતિવાળા છે. તેનું કારણ શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કર્યો હતો તેથી. કહેવાનું કે શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે

વર્તવું. તે જ પરમ મોક્ષનું સાધન છે. ને જે શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કરે છે તેને બ્રાહ્મણની પેઠે પરિણામે જરૂર પસ્તાવું પડે છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૪૮)*

## વસ્તા ખાચરે મહારાજની આજ્ઞા ન માની

ગામ ગઢપુરથી શ્રીજીમહારાજ એક વખત કેટલાક પાળાઓ તથા કાઠી મંડળે સહિત કારિયાણી પધાર્યા. તે શ્રીહરિ વસ્તા ખાચરના દરબારની અક્ષર ઓરડીમાં ઊતર્યા ને વસ્તા ખાચર આદિક હરિભક્તો શ્રીજીમહારાજનાં દર્શન કરીને પાસે બેઠા. તે વખતે વસ્તા ખાચર શ્રીજીમહારાજને કહે છે, આપશ્રી મારા ઉપર દયા કરીને અત્રે પધાર્યા તેથી મને ઘણો જ આનંદ થયો છે. માટે આ ફાગણ માસ પૂરો થાય ત્યાં સુધી અહીં રહો. ત્યારે શ્રીજીમહારાજ કહે કે, અમારાથી રોકાવાય તેમ નથી ને તમે પણ મારી સાથે વડતાલ ચાલો. ને ચૈત્રનો સમૈયો કરીને તુરત પાછા આવીશું. તે સાંભળીને વસ્તા ખાચર કહે , હાલ મારાથી આવી શકાય તેમ નથી, કારણ કે હું નવા ઓરડા કરાવું છું. ને તે થોડા દિવસમાં પૂરા થઈ રહે તેમ છે. તેને મળાવીને તથા નળીયાં તેના ઉપર ચળાવીને આપણે સહુ સાથે જઈશું. ત્યારે શ્રીજીમહારાજ કહે છે, મારે ઉતાવળ છે. માટે તમે મારી સાથે તૈયાર થાઓ. તોપણ શ્રીજીમહારાજની મરજી જાણી શક્યા નહિ. તેથી શ્રીજીમહારાજને ના કહી. ને કહે જે આપશ્રી સુખેથી વડતાલ પધારો. હું કામ પૂરું થશે કે તુરત જ વડતાલ સમૈયા ઉપર આવીશ. તેથી શ્રીજીમહારાજ ત્યાંથી વડતાલ પધાર્યા ને દેવ ઇચ્છાથી અકસ્માતું માવઠું થવાથી માટીના ચણેલ ઓરડા પડી ગયા. ને બીજા કરવાનો આરંભ કર્યો ત્યાં સમૈયો નજીક આવી ગયો પણ કામ અધૂરું મૂકીને વડતાલ જઈ શક્યા નહિ. ને શ્રીહરિ વડતાલમાં સમૈયો કરીને પાછા ગઢપુર પધારતાં રસ્તામાં કારિયાણી પધાર્યા તે સાંભળીને વસ્તા ખાચર તથા સર્વે હરિભક્તો શ્રીહરિના સામા જઈને પોતાના દરબારમાં તેડી લાવ્યા ને છપરપલંગ ઉપર શ્રીજીમહારાજને પધરાવ્યા. પછી વસ્તા ખાચર શ્રીહરિની પાસે હાથ જોડીને બેઠા તે સમે શ્રીજીમહારાજ કહે જે દરબાર તમે સમૈયા ઉપર કેમ ન આવ્યા. ત્યારે વસ્તા ખાચર કહે કે, આપશ્રી ગયા પછી અકસ્માત વરસાદ થવાથી નવા ચણાવેલ ઓરડા પડી ગયા ને આ બીજા કરવાનું કામ ચાલે છે. ત્યારે શ્રીજીમહારાજ કહે કે, અમારી આજ્ઞા માની હોત તો ને અમારી સાથે આવ્યા હોત તો ઈંદ્ર કોપાયમાન થાત નહિ ને આટલા ખરચમાં તમારે ઊતરવું પડત નહિ. તેમજ સમૈયામાં દેશ દેશાંતરથી આવેલા હરિભક્તોનાં તથા બે દેશમાંથી આવેલા ત્યાગીઓનાં દર્શનનો લાભ તમે ચૂક્યા. ને બે પ્રકારની તમારે ખરેખરી ખોટ આવી. ત્યારે વસ્તા ખાચર કહે છે, હું પણ જાણું છું જે આપશ્રીની આજ્ઞાનો લોપ કર્યો તેથી જ મારા મકાન પડી ગયા. ને સમૈયામાં દર્શનનો

લાભ ગયો તે માટે મોટી ખોટ આવી. ત્યારે શ્રીજીમહારાજ કહે છે, તમે પણ જાણો છો ખરા જે શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કરવાથી દુઃખ થાય છે. કહેવાનું કે વસ્તા ખાચર શ્રીહરિના એકાંતિક ભક્ત હતા પણ સમય પ્રમાણે શ્રીહરિની આજ્ઞા લોપવાથી ખોટમાં ઊતરવું પડ્યું. માટે શ્રીજીમહારાજની નાનીમોટી આજ્ઞાનું યથાર્થ પાલન કરવું, જેથી શ્રીજીમહારાજ અખંડ પ્રસન્ન રહે ને પસ્તાવો કરવો પડે નહિ. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૫૦)*

## મછિયાવના ફૈબાએ આજ્ઞા લોપી

ગામ મછિયાવમાં ગરાસિયા ફઈબા શ્રી સહજાનંદ સ્વામીના નિશ્ચયવાળાં હતાં ને તેમનાં માતાપિતા રામાનંદ સ્વામીનાં એકાંતિક ભક્ત હતાં. ને રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી શ્રીજીમહારાજના સ્વરૂપનો ખરેખરો દઢાવ થયો હતો ને શ્રીજીમહારાજની સેવા તન, મન, ધનથી બહુ જ કરતાં હતાં. ને જેવાં જેતલપુરમાં ગંગામાં તથા ધર્મપુરમાં કુશળકુંવરબા તેમના જેવાં જ શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્તરાજ થયાં હતાં. ને શ્રીજીમહારાજને પોતાને ગામ તેડાવીને ઘણું ધન ખરચીને સમૈયા કરાવતાં હતાં. તે ફઈબાને પુત્ર પણ તેમના જેવા હતા ને પુત્રને ગામ મેલાસણ પરણાવ્યા હતા. તે બાઈને ફોઈબાના યોગથી સત્સંગ સર્વોપરી થયો હતો. ને હળીમળીને કથાવાર્તા શ્રીજીમહારાજનું ભજન કરતાં હતાં. તે બેઉ બાઈઓને વ્યવહારના પ્રસંગથી પરસ્પર ખેંચતાણ થઈને જય શ્રી સ્વામિનારાયણ કહેવાનો સાંધો પણ રહ્યો નહિ. તેથી દીકરાનાં સ્ત્રી પોતાના મનમાં મૂંઝાઈને પોતાના પીયરમાં ગયાં. તેથી તેમને ફઈબાએ પાછા બોલાવ્યા નહિ. તે વાતની શ્રીજીમહારાજને ખબર પડવાથી થોડા સ્વારો સાથે લઈને તથા કેટલાક સંતો સહિત શ્રીહરિ મછિયાવ પધારતાં. રસ્તામાં મેલાસણ ગામ આવ્યું. તેની ભાગોળે શ્રીજીમહારાજે માણકી ઘોડી ઊભી રાખીને સર્વે સાથે આવેલાને એમ કહ્યું કે તમે સર્વે મછિયાવ આગળથી જાઓ ને રસોઈનો આરંભ કરો. પણ હું આવું ત્યાર પછી દાળ, ચોખા ઓરવા. એમ કહીને ત્યાંથી બે સ્વાર સાથે રાખીને સંત, પાળા, હરિભક્તને મછિયાવ જવા આજ્ઞા કરી. પછી શ્રીજીમહારાજે તે ગામમાં પોતાના સમાચાર કહેવડાવ્યા. તેથી ત્યાંના ગરાસિયાઓ શ્રીજીમહારાજને ધામધૂમથી પોતાના દરબારગઢમાં તેડી ગયા, તે વખતે ફઈબાના દીકરાના ઘરવાળાંને શ્રીજીમહારાજની ખબર પડવાથી પોતાને મુકામે બોલાવ્યા. ને આડો ચક નાખીને શ્રીજીમહારાજને સારું ખુરશી નંખાવીને પોતે ચકની અંદર દર્શન કરવા બેઠાં. તેવામાં શ્રીજીમહારાજ ત્યાં પધાર્યા ને ખુરશીએ બિરાજમાન થયા. તે વખતે તે બાઈએ પોતાના ભાઈને એમ કહ્યું કે, મારે શ્રીજીમહારાજને ખાનગી વાત કરવી છે તો શ્રીજીમહારાજ પાસે કોઈ હાલ ન આવે તેવો બંદોબસ્ત કરો. પછી શ્રીજીમહારાજને ફઈબા સંબંધી કેટલીક વાતચીત કરી. તે

સાંભળીને શ્રીજીમહારાજ તે બાઈને કહે છે, હું કહું તેમ કરશો, કારણ કે તમારે સાસુવહુને પરસ્પર ટંટો થયો છે. તે ટંટો મટાડવા, ને પરસ્પર સ્નેહ કરાવવાને માટે હું આવ્યો છું. માટે તમારી મરજી પ્રમાણે જવાબ આપો કે જેથી તમારી ઉપર પ્રસન્ન થાઉં. આવું શ્રીજીમહારાજનું વાક્ય સાંભળીને બાઈ કહે કે, મારે આપશ્રીને રાજી કરવા છે. તમારી આજ્ઞા ઉપર મારે પગ મૂકવો નથી, કારણ કે પૂર્વે સીતાજીએ રામચંદ્રજીના વચનરૂપી રેખાની ઉપર પગ મૂક્યો હતો, તો તેમને ઘણું દુઃખ થયું હતું. તેમની માફક તમારી આજ્ઞાનો લોપ કરું તો મારે પણ તેમની માફક દુઃખની ખામી રહે નહિ. માટે આપશ્રીનો રાજીપો હોય તો મારા સાસુ મારે માથે ખડનો ભારો મૂકીને મને જ્યાં વેચશે ત્યાં હું વેચાઈશ. ને જે મને આજ્ઞા કરશે તે હું કરીશ. ને આજથી મારે લોઢામાં લીટો હતો તે પાણીમાં લીટો છે. હવે આજ્ઞા કરો તો આપશ્રીની સાથે મછિયાવ આવું. માટે તમારી આજ્ઞા પ્રમાણે વર્તવું છે. ત્યારે શ્રીજીમહારાજ કહે છે, હાલ મારી સાથે તમારે આવવાની જરૂર નથી. હું મછિયાવ થઈને ફઈબાનો મત લઈને તમને બોલાવું ત્યારે તમારે જરૂર આવવું. આવી આજ્ઞા કરીને ત્યાંથી શ્રીજીમહારાજ મછિયાવ પધાર્યા. તે વખતે ફઈબા પોતાના મુકામને બીજે માળે શ્રી બાલમુકુંદદાસજીની પૂજા કરતાં હતાં, તેથી શ્રીહરિએ બીજે માળે જઈને ફઈબાને દર્શન દીધાં. તે શ્રીહરિને જોઈને ફઈબા ઘણો આનંદ પામ્યાં ને કહે છે, આપશ્રીની પધારવાની અમને બિલકુલ ખબર હતી નહિ. ને અકસ્માતે આપશ્રી પધાર્યા. તેથી હું આપશ્રીએ મારી ઉપર અનુગ્રહ કર્યો હોય એમ માનું છું. ત્યારે શ્રીહરિ કહે છે, મારે આવવાનું કારણ તો એટલું જ છે કે તમારે સાસુવહુને પરસ્પર અબોલા છે. તેવી વાત અમારી પાસે આવવાથી મારે અહીં આવવાનું થયું છે. માટે હું કહું તેમ તમે કરશો. તે સાંભળીને ફઈબાએ જવાબ આપ્યો કે, એ વાત મૂકીને બીજી વાત કરો તે પ્રમાણે હું કરીશ. અને તમને મેલાસણમાં તે બાઈએ ભરમાવ્યા છે. માટે તે વાત બને તેમ નથી. મારા દીકરાને હું ગમે ત્યાં પરણાવીશ. પણ તે બાઈની મારે બિલકુલ જરૂર નથી. આવું ફઈબાનું વચન સાંભળવાથી જય સચ્ચિદાનંદ કહીને મેડેથી હેઠા ઊતરી ગયા. ને માણકીએ બેસીને સંત, પાળા, હરિભક્તોને આજ્ઞા કરી કે, સર્વે ચાલો અહીં રોકાવું નથી. એમ કહીને જમ્યા વિના ત્યાંથી ચાલી નીકળ્યા. તે જોઈને ફઈબાના મનમાં વિચાર થયો જે સંત સહિત શ્રીજીમહારાજ જમ્યા વિના જાય તો મારું સારું દેખાય નહિ. તેથી શ્રીજીમહારાજને પાછા વાળવા માટે જવાનો વિચાર કરે છે તેવામાં તેમના દીવાન કહે છે, શ્રી સ્વામિનારાયણ તો નવા નવા વેશ કરે છે. તે જમ્યા વિના ક્યાં જવાના છે. ને બીજે ક્યાં જમવાનું છે ને તમે તો ઓઝલવાળાં કહેવાઓ તેથી તમારે શ્રી સ્વામિનારાયણની પછવાડે જવું યોગ્ય નથી. શ્રી સ્વામિનારાયણ તો ગામની

ભાગોળે જઈને પાછા આવશે. આવું દીવાનનું વચન સાંભળીને ફઈબા શ્રીહરિની પછવાડે ગયાં નહિ. ને શ્રીજીમહારાજ સંતોએ સહિત ચાલ્યા ગયા. કહેવાનું કે ફઈબા જ્ઞાની, ધ્યાન, સત્સંગમાં શિરોમણિ હતાં પણ સમય પ્રમાણે શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કર્યો તો પાછો શ્રીજીમહારાજનો મેળાપ થયો નહિ. તેથી અંતઃકરણમાં ખેદનો પાર રહ્યો નહિ. તેની માફક આપણે પણ શ્રીહરિની આજ્ઞાનો લોપ કર્યો તો શ્રીજીમહારાજના મેળાપને પામશું નહિ. માટે શ્રીજીમહારાજની આજ્ઞામાં રહીને ભજન કરવું એ જ વાતનો સાર છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૫૧)*

## શ્રીહરિ સમાધાન કરવા આવ્યા પણ દુર્લભરામ ન માન્યા

ગામ મહેમદાવાદમાં બેચરભાઈ તથા દુર્લભરામ એ બેઉ બ્રાહ્મણો શ્રીજીમહારાજના પરમ એકાંતિક ભક્તરાજ હતા. ને અખંડ મંદિરમાં ધ્યાન, ભજન, કથાવાર્તા કરતા હતા. ને પરસ્પર બેઉ જણાને સ્નેહ ઘણો જ હતો. ક્ષણ માત્ર જુદા પડાય તો જ્યારે ભેગા થાય ત્યારે શાંતિ થાય. આવા સ્નેહવાળાને કોઈક વ્યવહારના પ્રસંગથી પરસ્પર ખેંચતાણ થવાથી અબોલા થયા. ને લાગ આવે તો એકબીજાનું ઘસાતું પણ બોલે. તેમજ બેચરભાઈ જ્યારે મંદિરમાં માળા ફેરવતા હોય ત્યારે દુર્લભરામ મંદિરની ખડકીએ રહીને ખોખારો કરે તે સાંભળીને તુરત જ બેચરભાઈ માથે પાઘડી મૂકીને ઘેર ચાલ્યા જાય. તેવી જ રીતે બેચરભાઈ મંદિરમાં આવે ત્યારે દુર્લભરામ ઘેર ચાલ્યા જાય. એવી રીતે અણબનાવને લીધે વિરોધ વધતો જાય. તેથી એકબીજાને પરસ્પર શાંતિ નહિ. આ પ્રકારના સમાચાર શ્રીજીમહારાજને વડતાલમાં કોઈક હરિભક્તે કહ્યા. તે સાંભળીને બે સ્વારો લઈને મહેમદાવાદ સવારના પહોરમાં શ્રીજીમહારાજ પધાર્યા ને ગામની ભાગોળે ઊભા રહીને શ્રીજીમહારાજે બેચરભાઈને બોલાવ્યા. તે બેચરભાઈ શ્રીહરિના સમાચાર સાંભળીને તુરત જ શ્રીજીમહારાજની પાસે આવ્યા. ને દંડવત્ પ્રણામ કરીને શ્રીહરિને પગે લાગ્યા ને પૂછ્યું જે, આપશ્રી ક્યાંથી આવો છો ને ક્યાં પધારો છો ? તે સાંભળીને શ્રીજીમહારાજ કહે કે હું વડતાલથી આવું છું કારણ કે તમારે બેને પરસ્પર વિરોધ ચાલે છે. માટે મારે તમને બેઉને પરસ્પર બોલતા કરવા છે ને જે વાંધો હોય તે મારી આજ્ઞાથી તમો મૂકી દ્યો. તેથી હું તમારી ઉપર બહુ પ્રસન્ન થઈશ કારણ કે હરિભક્તને પરસ્પર વિરોધ જોઈએ નહિ. ને જે રાખે તે હરિભક્ત કહેવાય નહિ. તે સાંભળીને બેચરભાઈ કહે છે, મારે તો આપશ્રીને પ્રસન્ન કરવા છે. માટે જેમ આજ્ઞા કરો તે પ્રમાણે કરવા ખુશી છું. તેમજ આપશ્રી કહેતા હો તો દુર્લભરામના જોડા મારે માથે મૂકું ને મોઢામાં ઘાસ લઈને તેમને દંડવત્ પ્રણામ કરીને માફી માગું. હવે જેમ આપશ્રીની આજ્ઞા. બીજું મારી પાઘડી દુર્લભરામ હાથમાં લઈને મને

જય શ્રી સ્વામિનારાયણ કહે તેમ હું તેમને કહું ને પાણીમાં લીટો કરીએ. આવું સાંભળીને બેચરભાઈ ઉપર શ્રીહરિ બહુ પ્રસન્ન થયા ને કહે કે, બેચરભાઈ તમને ધન્ય છે. તમે મારી મરજી બરાબર સાચવી તેથી હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. એમ કહીને દુર્લભરામને બોલાવ્યા ને દુર્લભરામ દંડવત્ કરીને પગે લાગ્યા ને શ્રીજીમહારાજને કહે જે શી આજ્ઞા છે. ત્યારે શ્રીહરિ કહે છે, તમારે ને બેચરભાઈને અબોલા છે તે મૂકી ઘો. ને હું કહું તેમ કરી ને મેં બેચરભાઈને પૂછી જોયું. ત્યારે તે કહે છે, હું દુર્લભરામના જોડા માથે મૂકીને મોઢામાં ઘાસ લઈ દંડવત્ કરી પગે લાગીને માફી માગું તેમ તેમણે કબૂલ કરેલું છે. તો તમારે મને રાજી કરવો હોય ને મારી આજ્ઞા પાળવી હોય ને વિરોધ મટાડવો હોય તો બેચરભાઈની પાઘડી તમારા હાથમાં લઈને તેમને તમે જય શ્રી સ્વામિનારાયણ કહો. તે વખતે બેચરભાઈ સાંભળે તેવી રીતે દુર્લભરામ શ્રીજીમહારાજને કહે છે, હું બેચરભાઈની પાઘડી હાથમાં લઈને ક્યારેય પણ જય શ્રી સ્વામિનારાયણ કહીશ નહિ. હવે આ સિવાય બીજી આજ્ઞા હોય તો કહો. તે સાંભળીને શ્રીહરિ ઘણા કુરાજી થઈ ગયા ને ત્યાં ન રોકાતાં તુરત જ વડતાલ ગયા. ત્યાર પછી દુર્લભરામને પોતાના દીકરા ભગવાનજીને પરણાવવા જવું હતું. તે વખતે તેમના સંબંધી કહે જે બેચરભાઈ જાનમાં આગેવાન થાય તો અમારે આવવાની હા છે. નહિતર બેચરભાઈને મૂકીને અમે જાનમાં આવીશું નહિ. તે સાંભળીને ગરજે ગાંગો શેઠ ને ન ગરજે ગાંગલો... એ પ્રમાણે ગરજ પડવાથી ખરા સમયમાં દુર્લભરામ બેચરભાઈની પાસે જઈ દંડવત્ કરી પગે લાગી માફી માગીને જાનમાં અગ્રેસર કરીને ધામધૂમથી પોતાના દીકરાને પરણાવ્યો. ને અબોલાનો ત્યાગ કર્યો. તે સમાચાર શ્રીજીમહારાજને મળવાથી શ્રીહરિ કહે છે, જીવનો કેવો સ્વભાવ છે. હું પોતે ખાસ મહેમદાવાદ ગયો તે વખતે મારી આજ્ઞાનો લોપ કર્યો ને પછીથી ગરજ પડવાથી એકતા કરી તે બહુ સારું કર્યું. કહેવાનું કે બેચરભાઈને ખરા સમયમાં શ્રીજીમહારાજનો રાજીપો લેતાં આવડ્યો, ને દુર્લભરામને પ્રસન્નતા મેળવતાં આવડી નહિ. તેથી દુર્લભરામ ઉપર શ્રીજીમહારાજ કુરાજી થયા ને બેચરભાઈ ઉપર પ્રસન્ન થયા. માટે કુરાજી ન કરતાં જેમ બને તેમ શ્રીહરિને પ્રસન્ન કરવામાં આપણો મોક્ષ છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૫૨)*

## લીમલીના મૂળજી શેઠે આજ્ઞા લોપી

ગામડભાણમાં શ્રીજીમહારાજે યજ્ઞ કર્યો. ત્યારે પ્રથમ અગ્રેસર હરિભક્તોને બોલાવ્યા હતા. તેથી લીંમલીથી મૂળજીભાઈ શેઠને બોલાવવાથી આવ્યા હતા. તેમને શ્રીજીમહારાજે યથાયોગ્ય ક્રિયા સોંપી હતી. તેથી યજ્ઞની સમાપ્તિ સુધી તનમનથી સેવા કરી હતી. તેથી તેમના ઉપર શ્રીજીમહારાજ બહુ રાજી થયા ને મૂળજીભાઈને કહે છે, તમે યજ્ઞમાં સેવા બહુ સારી કરી માટે

મારો તમારા ઉપર બહુ રાજીપો થયો છે. તેથી તમારે મારી પાસે જે કાંઈ માગવું હોય તે માગો. તે સાંભળીને મૂળજીભાઈ કહે છે, આપશ્રીની આજ્ઞા હોય તો મારે આજથી સાંખ્ય વર્તમાન પાળવું છે. તે સાંભળીને શ્રીહરિ કહે છે, તમારે વ્યવહારમાં રહેવું તે પળાય નહિ. તમે ગૃહસ્થના ધર્મ બરાબર પાળો ને એકપત્ની વ્રત રાખો. તે સાંખ્યથી પણ સર્વોત્તમ છે. ત્યારે મૂળજીભાઈ કહે જે, આપશ્રી આજ્ઞા કરો અથવા આજ્ઞા ન કરો તોપણ મારે તે વ્રત પાળવું છે. તે સાંભળીને શ્રીજીમહારાજ કહે છે, તે વ્રત તમારાથી પળાશે નહિ. પછી જેવી તમારી મરજી. આમ કહ્યાં છતાં શ્રીહરિની શી મરજી છે તે ઉપર અનુસંધાન ન રાખતાં પોતાના મનમાં જે ધાર્યું હતું તેનો ત્યાગ કર્યો નહિ. ને ડભાણથી શ્રીજીમહારાજની આજ્ઞા લઈને પોતાને ઘેર ગયા. ને પોતાની સ્ત્રીને કહે છે, મેં આવું વ્રત ધારણ કર્યું છે. તે સાંભળી તેમની સ્ત્રીને સારું લાગ્યું નહિ. તો પણ કહે છે, ભલે જેમ આપની મરજી. હું પણ શ્રીજીમહારાજને પ્રસન્ન કરવા સારું આજથી સાંખ્યયોગનું વ્રત ધારણ કરું છું. એમ તે બાઈએ પણ નિયમ ધારણ કર્યો. તેને કેટલાક માસ વિત્યા પછી મૂળજીભાઈ શેઠને કામવાસના ઉત્પન્ન થઈ તેથી પોતાની વૃત્તિમાં ફેર પડ્યો. તે જોઈને તેમની સ્ત્રીએ ખાનગી રીતે ઠપકો આપ્યો. તેથી પોતાના મનમાં પશ્ચાત્તાપ કરીને ડભાણ આવ્યા. તે વખતે શ્રીહરિ સભામાં બેઠા હતા, ને કેટલાક દેશાંતરોના હરિભક્તો શ્રીજીમહારાજની પાસે બેઠા હતા. તે મૂળજીભાઈ શેઠને આવતા જોઈ હરિભક્તોને શ્રીજીમહારાજ કહે છે, મૂળજીભાઈ શેઠ, અણીશુદ્ધ વર્તમાન પાળીને આવે છે માટે માગ ઘો. આવું શ્રીહરિનું છાનું વચન સાંભળીને ઝંખવાઈ ગયા ને શ્રીજીમહારાજને પગે લાગીને કહે જે આપશ્રીની મરજી નહોતી તે વિશે મારે વિચારવા જેવું થયું. તે વખતે શ્રીજીમહારાજ કહે છે, મારી આજ્ઞાનો લોપ કરીને પોતાના મનની ખુશી પ્રમાણે જે કરવા ધારે તેમાં તેને પસ્તાવું પડે છે. ને જે મારો અભિપ્રાય જાણીને તે પ્રમાણે વર્તે છે તેને પસ્તાવું પડતું નથી. કહેવાનું કે મૂળજીભાઈને શ્રીજીમહારાજે ના કહી હતી તોપણ શ્રીજીમહારાજની આજ્ઞાનો લોપ કર્યો તો કેટલીક વાતે પસ્તાવું પડ્યું હતું. માટે આપણે પણ પસ્તાવું ન પડે તેવી રીતે શ્રીહરિની આજ્ઞા પ્રમાણે વર્તવું. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૫૩)*

## સુખાનંદ સ્વામીને આજ્ઞાલોપથી અધવચે મૃત્યુ થયું

ગામ લોજમાં સંવત ૧૮૫૬ની સાલમાં શ્રી નીલકંઠ બ્રહ્મચારી પધાર્યા હતા. તે વખતે સુખાનંદ સ્વામીને શ્રી નીલકંઠ બ્રહ્મચારીનો મેળાપ થયો હતો. ને ઘણા આગ્રહથી બ્રહ્મચારીને રામાનંદ સ્વામીની જગ્યામાં લઈ ગયા. ને મુક્તાનંદ સ્વામીનો મેળાપ કરાવ્યો. ને રામાનંદ સ્વામી ધામમાં ગયા પછીથી શ્રીજીમહારાજની આજ્ઞામાં સુખાનંદ સ્વામી રહ્યા હતા. ને મહાસમર્થ

હતા. તે સુખાનંદ સ્વામીને એક વખતે એવો વિચાર થયો જે, મને આ લોકમાં જન્મ આપનાર મારાં માતાપિતાની પાસે જઈને તેમને શ્રીજીમહારાજનો પરિપક્વ નિશ્ચય કરાવું તો ઠીક. એમ ધારીને ખાનગી રીતે શ્રીજીમહારાજને કહે છે, મને આવો સંકલ્પ થયો છે. જો આપશ્રી આજ્ઞા કરો તો સત્સંગ કરાવીને પાછો આવું. ત્યારે શ્રીજીમહારાજ કહે છે, દૂર દેશમાં તમારે જવાની જરૂર નથી. ને મારા સંકલ્પથી તમારાં માતાપિતાને સત્સંગ થશે ને તમે સત્સંગમાં રહો. વળી આ શરીરનો નિરધાર નહિ. અચાનક નાશ થઈ જાય તેવું છે. આ વખતે તમારે મારો કાયમ સંબંધ છે. ને મારે તમારે વિશે ઘણી પ્રીતિ છે. તમે કરેલા ઉપકારને હું વારંવાર સંભારું છું. ને તમે રામાનંદ સ્વામીના શિષ્ય છો ને હાલ અમારા પણ છો તેથી હું તમને જન્મભૂમિમાં જવાની ના પાડું છું. વળી ત્યાગીએ પોતાની જન્મભૂમિમાં ક્યારેય જવું નહિ. જે જાય છે તે બંધન તથા માનને ગુમાવે છે તેથી ગ્રંથોમાં ત્યાગીને જન્મભૂમિમાં જવાની ના પાડી છે. આ પ્રકારે કહ્યું છતાં સમૂહમાં ન રોકાતાં પૂછ્યા સિવાય ચાલી નિસર્યા. તે ચાલતાં ચાલતાં ઘણે દિવસે સુખાનંદ સ્વામી મથુરામાં આવ્યા. ત્યાં કાયસ્થ-લક્ષ્મીદાસની જગ્યામાં ઉતારો કર્યો. ત્યાં થોડા દિવસ રહીને લક્ષ્મીદાસ વગેરે ઘણા મુમુક્ષુને શ્રીજીમહારાજના પ્રાગટ્યની તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિની વાર્તાઓ કરવાથી લક્ષ્મીદાસને શ્રીહરિનો નિશ્ચય થયો. તેથી સુખાનંદ સ્વામીના હાથથી વર્તમાન ધારી કંઠી પે'રી સત્સંગી થઈ પ્રગટ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા હતા. ને બીજા બે મુમુક્ષુઓ પોતાના ઘરબારનો ત્યાગ કરી સુખાનંદ સ્વામીના શિષ્ય થઈને રહ્યા. તે મુમુક્ષુને સુખાનંદ સ્વામીએ દીક્ષા આપીને સાધુ કરીને એક જણનું નામ નાના ગોપાળાનંદ તથા બીજાનું નામ રામાનુજાનંદ પાડ્યું ને પોતાની સેવામાં રાખ્યા. આવી રીતે બે શિષ્યોએ સહિત સુખાનંદ સ્વામી મથુરામાંથી ચાલવાના થયા ત્યારે, લક્ષ્મીદાસે આપવા માંડેલું સોનું લીધું નહિ પણ શ્રીજીમહારાજને આપવાની બે અત્તરની શીશીઓ આપી. તે પોતાની પાસે રાખી ને વળી શિષ્યોએ સહિત સુખાનંદ સ્વામીને લક્ષ્મીદાસ કહે છે, મારા વતી શ્રી સ્વામિનારાયણ ભગવાનને કહેજો કે, મને શ્રીજીમહારાજ સ્વારીએ સહિત દર્શન દેવા પધારે ને ગઢપુરથી મથુરા આવતાં જતાં જે ખર્ચ થશે તેને હું આપીશ. આવી રીતે કહ્યા પછી લક્ષ્મીદાસભાઈએ વળાવ્યા એવા સુખાનંદ સ્વામી મથુરાથી ઉજૈન ગયા ત્યાં શિષ્ય સહિત એક ધર્મશાળામાં ઉતારો કર્યો. પછી થોડા દિવસ ત્યાં રહ્યા તેટલાકમાં સુખાનંદ સ્વામી ઉજ્જૈનમાં દેહ ત્યાગ કરી અક્ષરધામમાં ગયા ને માતાપિતાનો મેળાપ થયો નહિ. પછી બેઉ શિષ્યો ઉજ્જૈનથી ફરતા ફરતા ગઢપુર આવી દાદા ખાચરના દરબારમાં રહેલી અક્ષર ઓરડીમાં રહેલા શ્રીહરિને દંડવત્ પ્રણામ કરી પગે લાગી શ્રીજીમહારાજ પાસે બેઠા. ત્યારે

મહારાજે પૂછ્યું કે, તમે કોના સાધુ છો ? પછી નાના ગોપાળાનંદ તથા રામાનુજાનંદ કહે, અમે સુખાનંદ સ્વામીના શિષ્ય છીએ ને સ્વામીએ ઉજ્જૈનમાં દેહત્યાગ કર્યો જેથી અમે બન્ને આપની પાસે તેમના કહેવાથી આવ્યા છીએ. આવું કહીને મથુરાના કાયસ્થ લક્ષ્મીદાસે આપેલી બે અત્તરની શીશીઓ આપી તથા મને દર્શન દેવા પધારે. એવા સમાચાર સાંભળીને શ્રીજીમહારાજ કહે કે, આ જન્મમાં લક્ષ્મીદાસને અમારો પ્રત્યક્ષનો મેળાપ થશે નહિ, પણ બીજે જન્મ થશે ને આગ્રહ કરીને આવશે તો રસ્તામાં મરણ પામશે ને બીજે જન્મ કારિયાણીમાં નથુ પટેલ થશે ત્યારે અમારો મેળાપ થશે. આવી રીતે સુખાનંદ સ્વામીના શિષ્યોને શ્રીજીમહારાજે વાત કરીને તે બન્ને શિષ્યોને પોતાની પાસે રાખ્યા. કહેવાનું કે સુખાનંદ સ્વામી મહાસમર્થ હતા ને શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ તલ્લીન રહેતા. પણ સમયાનુસાર શ્રીજીમહારાજનો શું અભિપ્રાય છે તેનું અનુસંધાન નહિ રહેવાથી આવો સર્વોત્તમ સત્સંગનો ત્યાગ કરવાથી પરિણામે અંતર્યાળ મૃત્યુ થયું. માટે આપણે પણ સમયસૂચક થવું ને શ્રીજીમહારાજનો શું અભિપ્રાય છે તેનો વિચાર કરીને વર્તવું. પણ મનના કહ્યા પ્રમાણે સાહસિક કામ કરવું નહિ ને જો કરાય છે તો પસ્તાવાનો પાર રહેતો નથી. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૫૪)*

## આજ્ઞા પાલક લોયાના ઘેલા ભક્ત

ગામ લોયામાં ઘેલાભાઈ કોળી તથા તેમનાં સ્ત્રી શ્રીજીમહારાજનાં ભક્ત હતાં. શ્રીજીમહારાજની નાનીમોટી આજ્ઞાનું પાલન કરતાં સતાં શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન નિરંતર કરતાં હતાં. આવા ઉત્તમ ભક્ત ઘેલાભાઈ કોળી પોતાની સ્ત્રી સહિત કાળ પડવાથી સુરત જતા હતા તે રસ્તામાં કોઈનો દાગીનો પડેલ તે સ્ત્રીનું મન બગડે નહિ તેથી તે દાગીના ઉપર ધૂળ નાખી. ત્યારે સ્ત્રીએ પોતાના પતિને પૂછ્યું કે, તમોએ શું ઢાંક્યું ત્યારે ઘેલા ભક્ત કહે છે, તમારું મન ન બગડે તેથી દાગીના ઉપર ધૂળ નાખી છે. પછી સ્ત્રી કહે છે, તમારી પાસે પાણી હોય તો પગ ધોઈ નાખો. તમારા પગ વિષ્ઠાવાળા થયા છે માટે પગ ધોઈને પગરખાં પહેરજો. આવી રીતે વાત કરીને તે સ્થાનથી ચાલતાં ચાલતાં સુરત આવ્યાં ને અશ્વિનીકુમારને આરે ઊતર્યા. બીજે દિવસ પૂનમ હોવાથી કોઈ શેઠનાં સ્ત્રીછોકરાં સ્નાન કરવાં આવેલાં તે સ્નાન કરીને ઘેર ગયાં. પછી તાપી નદીને કાંઠે દાગીનો રહી જવાથી પાછી ઘોડાગાડી લઈને દાગીનો ગોતવા આવેલા શેઠે લોયાના ઘેલાભાઈને પૂછ્યું ત્યારે તેમણે દાગીનો બતાવ્યો. તે લીધા પછી ઘેલાભાઈની જ્ઞાતિ પૂછીને પોતાને ઘેર ઘેલાભાઈને તેમની સ્ત્રી સહિત લઈ ગયા. કાળ ઊતરતાં સુધી પોતાને ઘેર બેઉ જણને રાખ્યાં. ને પછી સ્ત્રી સહિત ઘેલા ભક્તને સો સો રૂપિયા તથા લૂગડાં આપીને સુરતથી વળાવ્યાં તે પોતાને ગામ આવ્યાં. પણ રસ્તામાં પડેલો

દાગીનો ચોરી કરીને લીધો નહિ. એવી શ્રીજીમહારાજની આજ્ઞા પાળનાર ઘેલા ભક્ત હતા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૮૫)*

## આજ્ઞામાં જ સુખ માનનારા પર્વતભાઈ

ગામ અગત્રાઈમાં પર્વતભાઈ શ્રીજીમહારાજના એકાંતિક ભક્તરાજ હતા. તે પર્વતભાઈ શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને માળા, માનસીપૂજા, ભજન, સ્મરણ કરતા હતા. એક વખત શ્રીજીમહારાજને સંકલ્પ થયો કે પર્વતભાઈને મારે વિશે કેટલું હેત છે તે જોવા માટે મયારામ ભટ્ટ ગઢપુરથી માણાવદર જતા હતા તેમની સંગાથે પત્ર આપ્યો. તે સમે પર્વતભાઈનો દીકરો માંદો હતો ને કાગળ મળ્યો કે તુરત ઘેરથી ચાલી નીકળીને ગઢપુર આવ્યા. ત્યારે શ્રીજીમહારાજ કહે છે, તમારો દીકરો માંદો હતો ને તમે અહીં કેમ આવ્યા ? ત્યારે પર્વતભાઈ કહે છે, તમારી આજ્ઞાનો લોપ કેમ થાય. છાણમાં જીવ ઘણા થાય છે. વળી એક સમે રામાનંદ સ્વામીએ સદાવ્રત ખોલ્યું ત્યારે પર્વતભાઈ ઉપર પત્ર લખ્યો જે સદાવ્રતમાં તમારી શક્તિ પ્રમાણે દાણા મોકલજો. પછી પર્વતભાઈએ ઘઉં, બાજરી મોકલી ત્યારે રામાનંદ સ્વામીને કોઈકે કહ્યું કે, સારો દાણો સદાવ્રતમાં મોકલે છે ને પોતાને માટે જાર, બંટી રાખે છે. પછી પર્વતભાઈને રામાનંદ સ્વામી કહે છે, ઘઉં, બાજરી તમારે રાખવી ને બંટી વગેરે સદાવ્રતમાં મોકલવું. ત્યારે પર્વતભાઈ કહે કણબીનાં છોકરા કુકડાની પેઠે ઉકરડામાંથી દાણા વીણી ખાય. તેની તમારે ચિંતા ન કરવી. વળી એક વખત પર્વતભાઈ ગઢપુર શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા. તે શ્રીહરિની પાસે બેસીને માળા ફેરવે ને પર્વતભાઈના ઘરનાં રાધાબા(કેસરબાઈ) આવ્યાં હતાં ત્યાં પણ જમવા ન જાય, તેમ મંદિરમાં શ્રીજીમહારાજ સંગાથે પણ ન જમે. એમ કરતાં સાત દિવસે શ્રીજીમહારાજે બ્રહ્મચારીને પૂછ્યું કે, પર્વતભાઈ આપણે ત્યાં જમે છે. ત્યારે બ્રહ્મચારી કહે કે, તેમના ઘરના આવ્યાં છે. તે ત્યાં જમતા હશે. પછી રાધાબા(કેસરબાઈ)ને પૂછાવ્યું ત્યારે તે કહે અહીં જમવા આવતા નથી. તે તમારે ત્યાં જમતા હશે. પછી શ્રીજીમહારાજે પર્વતભાઈને પૂછ્યું કે, તમે તમારે ત્યાં જમતા નથી ને અમારે ત્યાં પણ જમતા કેમ નથી. ત્યારે પર્વતભાઈ કહે છે, તમારી મૂર્તિનાં દર્શન મૂકીને જમવાની રુચિ થતી નથી. વળી શ્રીજીમહારાજ પંચાળા ગયા હતા ત્યાં પર્વતભાઈએ પ્રાર્થના કરી કે, હે શ્રીજીમહારાજ ! મારું અગત્રાઈ રસ્તામાં આવે છે. ત્યાં પધારી પછી તમો ગઢપુર પધારો તો સારું. પછી શ્રીહરિ પર્વતભાઈને ત્યાં ગયા. ત્યારે પર્વતભાઈએ છપરપલંગ પાથરી આપ્યો ને શ્રીજીમહારાજ વિરાજમાન થયા. ને શ્રીજીમહારાજની સન્મુખ દર્શન કરવા બેઠા. પછી શ્રી સહજાનંદ સ્વામી પર્વતભાઈને કહે છે, અમારી સંગાથે કાઠીસ્વારો છે. તેમનાં ઘોડાં માટે ચંદી તથા ઘાસ આપો. ત્યારે પર્વતભાઈ કહે છે, ઘરના ધણી આવ્યા

ત્યારે ચાકરને શી ચિંતા. માટે આપશ્રીને આપવું હોય તો આ સામી દેખાતી કોઠીઓ ચણાની, મઠની, બાજરી આદિકની છે. તથા આ વાડામાં ઘાસની ગંજી છે. તે તમો આજ્ઞા કરો એટલે લેશે. પછી શ્રીજીમહારાજે આજ્ઞા કરી તે લીધું. ત્યારબાદ શ્રી સ્વામિનારાયણ ભગવાને પર્વતભાઈને પૂછ્યું કે, રસોઈ શી કરવી છે. ત્યારે પર્વતભાઈ કહે, છૂટું ચુરમું ને ધાર ઘીની કરો. પછી ભાત, દાળ, શાક, ભજિયાં, ચુરમું વગેરે કરાવીને પ્રથમ શ્રી સહજાનંદ સ્વામી જમ્યા. પછી સાથે આવેલા સંત, પાળા, કાઠી વગેરેની પંક્તિ થઈને શ્રીજીમહારાજે અખંડ ધારથી ઘી પીરસ્યું તે લીલા જોઈને પર્વતભાઈ રાજી થયા. વળી પર્વતભાઈને તથા શ્રીજીમહારાજને એકતા હતી તો સાંતી હાંકતાં માનસીપૂજા કરતાં દહીં તથા રોટલો હાથમાંથી પડ્યો તે જોઈને પર્વતભાઈ આશ્ચર્ય પામતા હવા. વળી પર્વતભાઈએ મનમાં વિચાર કર્યો જે, શ્રીજીમહારાજે ધરેલા નૃસિંહાદિક અવતાર કેવા હશે તેવો સંકલ્પ થવાથી શ્રીહરિએ ચોવીશ અવતારનાં દર્શન કરાવ્યાં. પછી પર્વતભાઈ તે સ્વરૂપો જોઈને મૂંઝાયા ને શ્રીજીમહારાજના સ્વરૂપનું ચિંતવન કરવા લાગ્યા. તેથી શ્રી સ્વામિનારાયણ અકસ્માત દિવ્ય દેહે આવ્યા તેમનાં દર્શન કર્યાં. તેમજ ચોવીશ અવતાર શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થયા તેથી શ્રી સહજાનંદ સ્વામીને સર્વ અવતારના અવતારી જાણતા હવા. વળી એક વખત પર્વતભાઈને કામ કરતાં કુહાડીનો હાથો ભાગવાથી કુહાડી છટકી તે પર્વતભાઈના પગ ઉપર પડી પણ શ્રીજીમહારાજે રક્ષા કરી તે વાગી નહિ. ત્યારે પર્વતભાઈએ વિચાર કર્યો કે, કુહાડી વાગી હોત તો છ માસ ખાટલે સૂવું પડત ને કાંઈ કામ ન થાત. માટે છ માસ સુધી શ્રીજીમહારાજનો તથા સંતનો સમાગમ કરવા જવું. આવો મનમાં ઠરાવ કરીને સમાગમ કરવા માટે ગઢપુર જતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૯૭)*

## મુક્તમુનિને આજ્ઞા વગર દર્શનની સંમતિ ન આપી

ગઢપુરથી શ્રીજીમહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી દેશાંતરમાં સત્સંગ કરાવવા ગયા હતા. પણ ગામોમાં સત્સંગ કરાવવા માટે શંકરના મંદિરમાં અથવા ધર્મશાળામાં અથવા ચોરામાં ઉતારો કરતા. અને જે મુમુક્ષુ પોતાની પાસે આવે તેને શ્રીજીમહારાજની લીલાની વાતો તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધી વાતો કરતા, જેથી ઘણા માણસો સ્વામી પાસેથી વર્તમાન ધારી કંઠી પે'રી સત્સંગી થઈ પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરી, આ લોકનું સુખ ભોગવી અંતકાળે તે માણસોને શ્રીજીમહારાજ પોતાના અક્ષરધામમાં લઈ જતા. આવી રીતે ઘણાં ગામમાં સત્સંગ કરાવીને મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજનાં દર્શન કરવા સારંગપુરમાં જતા હતા. ત્યાં જીવા ખાચરના દરબારમાં વિરાજમાન એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન

પાસે કોઈ માણસને મોકલીને પોતાના આવવાના સમાચાર મોકલાવ્યા જે, આપશ્રીની આજ્ઞા હોય તો મુક્તાનંદ સ્વામી આપશ્રીનાં દર્શન કરવા આવે. ત્યારે શ્રીજીમહારાજે ભગુજીભાઈ પાર્ષદ સંગાથે કહેવડાવ્યું છે, જે પગલે આવ્યા છો તેવા ને તેવા અહીં અમારા દર્શન કરવા ન આવતાં દેશાંતરમાં ફરવા જાઓ. આવા સમાચાર સાંભળીને મુક્તાનંદ સ્વામીએ નીચેનાં કીર્તનનાં પદ કર્યા :

રાગ – ગરબી

મારે ઘેર આવ્યા રે, સુંદરવર શામળીયો,
હરખભરી હું હરિને નીરખું રે, પિયુ પ્રિતમ પાતળિયો મારે...૧
સુખડું દેવાને મન હરિ લેવા, અમ પર અઢળક ઢળિયો મારે..૨
જાળવિયું જોબન જે સારું, તે અવસર આજે મળિયો મારે...૩
લક્ષ્મીનો વર લાડકવાયો, અકળ ન જાય કળિયો મારે...૪
આશ્ચર્ય વાત સેજડિએ આવ્યા, બોલ પોતાને પળિયો મારે..૫
મુક્તાનંદ મોહનની મહેરે, ખોયાદિન અંગ વળિયો મારે....૬

મારે ઘેર આવ્યા રે સુંદરવર શામળીયો.... એ આદિક કીર્તનો દશ લખીને ભગુજી સંગાથે મોકલતા હવા. તે વાંચીને તુરત જ મુક્તાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવતા હવા. જેથી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરીને આનંદ પામતા થકા શ્રીજીમહારાજના કહેવાથી તેમના સમીપે રહીને સુખિયા થતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૩૫)*

## માંચા ખાચરે આજ્ઞા માની

કારિયાણીના માંચો ખાચર શ્રીજીમહારાજનાં ઐશ્વર્ય જોઈને અનન્ય ભક્ત થયા હતા અને તેમની ભક્તિ નિરંતર કરતા હતા. અને શ્રીજીમહારાજના સ્વરૂપનો પાકો નિશ્ચય હતો. તેમજ એભલ ખાચર તથા તેમના પુત્ર દાદા ખાચર અને પુત્રીઓ જીવુબા, લાડુબા, પાંચાળી, નાની આદિકને પણ પોતાની પેઠે જ શ્રીજીમહારાજના સ્વરૂપનો પાકો નિશ્ચય કરાવ્યો હતો. અને માંચા ખાચરે પોતાની સીમમાં બસો વીઘાનાં ખેતરમાં કપાસ વાવ્યો હતો. કપાસ વિણવાની તૈયારી થઈ તેવામાં પોતાના પ્રથમના ગુરુ શ્રી રામાનંદ સ્વામીનો કાગળ લોકથી આવ્યો છે, આ પત્ર વાંચી તુરંત અહીં આવો. તેથી પત્ર વાંચીને પોતાના ભત્રીજાને કહ્યું કે, મારા ગુરુનો પત્ર આવ્યો છે માટે મારે જવું પડશે. ત્યારે ભત્રીજાએ કહ્યું કે, બાપુ, જાઓ તેની ના નથી. પણ આ બસો વીઘાનો કપાસ તૈયાર થયો છે તેને ઠેકાણે કરી જાઓ તો ઠીક. પછી માંચા ખાચરે તો બાર ગામના ભરવાડોને બોલાવીને રજા આપી કે આ કપાસમાં ગાયો મૂકો. તેમ

કહેવાથી ભરવાડોએ ગાયો મૂકીને બસો વીઘાનો કપાસ ભેળાવી દીધો. પછી લોજ ગામમાં રામાનંદ સ્વામી પાસે ગયા. આ પ્રમાણે પોતાના ગુરુની તથા પોતાના ઈષ્ટદેવની આજ્ઞા પાળવામાં તૈયાર રહેતા હતા. વળી, શ્રીજીમહારાજ ભૂજનગરમાં સુંદરજીભાઈ દીવાનને ઘેર વિરાજમાન હતા. ત્યારે સુંદરજીભાઈ બોલ્યા કે, હે મહારાજ ! તમે ગરીબને ત્યાગી કરો છો પણ કોઈ તાલેવાનને ત્યાગી કરતા નથી તે સાંભળીને શ્રીજીમહારાજે તે સુંદરજીભાઈનું અભિમાન ઉતારવા અને પોતાનું સર્વોપરી ઐશ્વર્ય દેખાડવા માટે જ્યાં જ્યાં પોતાની સારી લક્ષ્મીવાળા આબરૂદાર સત્સંગીઓ અને ગામધણી ગરાસીઆઓ તથા પટેલો હતા તેમનાં નામ લખી શ્રીજીમહારાજે પત્ર લખાવ્યા. તેમાં આજ્ઞા કરી કે આ પત્ર વાંચી સંસાર ત્યાગ કરી ભગવાં વસ્ત્ર પેરી કાશીની યાત્રા કરી અહીં ભૂજનગર આવવું, માંચા ખાચર ઉપર પણ પત્ર લખેલો તે પત્ર પોતે જ્યાં બાર કોશીયો કૂવો ગળાવતા હતા ત્યાં માણસે આપ્યો. પત્ર વાંચી કુંભારને ત્યાંથી ગેરૂ લાવી ભગવાં વસ્ત્ર પહેરી શ્રીજીમહારાજે લખેલું અચ્યુતાનંદ નામ ધારણ કરી કાશીને માર્ગે ચાલતા થયા. તે ગુજરાતમાં જેતલપુર ગામ આવ્યા. ત્યાં ભાઈરામદાસજી હતા તેમને નવા પરમહંસ મળ્યા. તેમને જોઈ ભાઈરામદાસજીએ પૂછ્યું કે, આ તમે શું કર્યું ? ત્યારે તેમણે શ્રીજીમહારાજનો પત્ર બતાવ્યો અને બોલ્યા કે શ્રીજીમહારાજની આજ્ઞા આવી છે. ત્યારે ભાઈરામદાસજી કહે, કાશીની યાત્રા તમારાથી થશે નહિ. માટે મારી સાથે ભૂજનગર ચાલો એટલે તમોને કાશી યાત્રાનું ફળ મળશે. એમ કહીને સર્વેને લઈને ભૂજ ગયા અને ત્યાં શ્રીજીમહારાજને મળ્યા. પછી સુંદરજીભાઈને શ્રીજીમહારાજે કહ્યું કે, આ સર્વે નવા પરમહંસની મંડળી આવી છે. તેમને પૂછો કે, તમે ગરીબ છો કે તાલેવાન છો, તેથી સુંદરજીભાઈએ સર્વેને પૂછ્યું, ત્યારે શ્રીજીમહારાજની આજ્ઞાથી તે સર્વે સંતોએ પોતાની વાત કહી સંભળાવી. તે સાંભળીને સુંદરજીભાઈ બોલ્યા કે, હે મહારાજ, તમે તો સમર્થ છો તે તમો ધારો તે કરો પણ મારી જે અણસમજણ હતી તે તમે ટાળી નાખી. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, એકવાર તમને પણ આવી દીક્ષા આપવી છે. ત્યારે સુંદરજીભાઈ બોલ્યા કે, હે મહારાજ, હું તો આપશ્રીનો દાસ છું. તે તમો કહેશો તેમ વર્તીશ. તે સાંભળીને શ્રીજીમહારાજ પ્રસન્ન થયા. આવી રીતે માંચા ખાચર શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૫૨)*

## શ્રીહરિની આજ્ઞામાં નાથ ભક્ત

વડોદરામાં નાથભક્ત પાટીદાર હતા અને તે શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા ને તેમનો વ્યવહાર સાધારણ સ્થિતિનો હતો. અને નાથ ભક્ત કસબી લૂગડાં વણવાનું કામ કરતા

ને જે લૂગડું સારું કિંમતવાળું જણાય તે શ્રીજીમહારાજના ઉપયોગમાં આવે તો ઠીક એમ માની શ્રીમંત ગાયકવાડ સરકાર શ્રી સયાજીરાવ મહારાજને તથા બીજા કોઈ ધનવાન ગૃહસ્થ સત્સંગીને બતાવીને કહે કે, આ લૂગડું તમે શ્રીજીમહારાજને આપો તો મારી મહેનતના પૈસા લઈશ નહિ. એમ કહીને શ્રીજીમહારાજને સારા પોષાક આપતા હતા. પછી નાથ ભક્ત વડોદરેથી ગઢડે શ્રીજીમહારાજનાં દર્શન કરવા ગયા ત્યાં પાંચ દિવસ રહી સંતસમાગમ કરી શ્રીજીમહારાજની આજ્ઞા લઈને ઘેર જવાને માટે નીકળ્યા તે રસ્તે ચાલ્યા. ત્યારે એક હરિભક્તને શ્રીજીમહારાજ કહે કે, તમે નાથ ભક્તને પાછા બોલાવો. તેથી તે હરિભક્ત નાથ ભક્તની કેડે ચાલ્યા તે ચાલતાં ચાલતાં વડોદરાના વિશ્વામિત્રી નદીના પુલ ઉપર નાથ ભક્ત ભેળા થયા. ત્યાંથી નાથ ભક્તનું ઘર નજીક હતું તોપણ જ્યારે હરિભક્ત કહ્યું કે, તમને શ્રીજીમહારાજે બોલાવ્યા છે, ત્યારે નાથભક્ત પોતાને ઘેર ન ગયા ને ઘેર સંદેશો પણ કહેવડાવ્યો નહિ અને ત્યાંથી પાછા વળીને નાથ ભક્ત ગઢડે આવ્યા. ને શ્રીજીમહારાજને પગે લાગીને કહે કે હે શ્રીજીમહારાજ, શી આજ્ઞા છે ? ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું કે, તમે ક્યાંથી પાછા વળ્યા ? ત્યારે નાથ ભક્ત કહે કે, વિશ્વામિત્રીના પુલ ઉપરથી. ત્યારે શ્રીજીમહારાજ કહે, તમે ઘેર ગયા હતા. તો કહે ના. મારા મનમાં એમ થયું જે, શ્રીજીમહારાજ બોલાવે છે તેમાં બીજા ગોટા વાળવા શા માટે ખોટી થવું તેથી એમ ને એમ પાછો વળી આપશ્રીની પાસે આવ્યો છું. ત્યારે શ્રીજીમહારાજ કહે કે નાથ ભક્તની નિષ્ઠાને ધન્ય છે. પછી બોલાવનાર હરિભક્તને પૂછ્યું કે, તમે ઠેઠ ત્યાં સુધી ગયા ત્યારે પાછા કેમ ન આવ્યા ? ત્યારે તે હરિભક્ત બોલ્યા કે, પોતાના દેહના કામ સારું આખો દિવસ દોડ્યાદોડ કરીએ છીએ. પણ આ કામ તો લેખે લાગે તેવું છે તેમ જાણી ત્યાં સુધી ગયો. પણ તમે એમ આજ્ઞા કરી હોય કે ન મળે તો પાછા આવજો તો પાછો આવત. પણ તમે તો નાથ ભક્તને બોલાવીને આવજો તેમ કહેલ તેથી ત્યાં સુધી ગયો. તે સૂણીને શ્રીજીમહારાજ બોલ્યા કે, તમારી દૃઢતાને ધન્ય છે. આવી રીતે શ્રીજીમહારાજની આજ્ઞાથી નાથ ભક્ત ગઢડે પાછા આવી થોડા દિવસ રહીને પાછા ઘેર જતા હવા. પછી થોડા દિવસમાં નાથ ભક્તનો વ્યવહાર ચલાવે તેવા સોળ વરસના છોકરાને શ્રીજીમહારાજ અક્ષરધામમાં લઈ ગયા, પણ શોક થયો નહિ. ને સાકર વહેંચી ત્યારે બધા લોકો કહેવા લાગ્યા, આ શું કરો છો ! ત્યારે નાથ ભક્ત બોલ્યા કે, મારું પસ્તાનું પ્રથમ શ્રીજીમહારાજ પોતાના ધામમાં લઈ ગયા અને થોડા દિવસમાં શ્રીજીમહારાજનું ભજન કરીને મારે પણ અક્ષરધામમાં જવું છે. એવા નિશ્ચયવાળા નાથભક્ત ઉપર શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા મુક્તાનંદ સ્વામી વગેરે સંતો ઘણા જ પ્રસન્ન હતા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૬૭)*

## મોહનદાસે આજ્ઞા માની અને ખાખીઓએ ન માની

હવે ત્યાંથી ચાલ્યા એવા જે ઘનશામ મહારાજ તેમને માર્ગમાં ચાલતા આડો એક પર્વત આવ્યો. તે ઉપર પોતે ચડ્યા. ત્યારે ત્યાં કેરીના જેવડાં ને જાંબુના જેવા રંગનાં એવાં ઝેરી ફળ દીઠાં. તે તોડીને મહારાજ જમવા મંડ્યા. ત્યાં મોહનદાસજીએ પણ તે ફળ તોડ્યાં ત્યારે ઘનશ્યામ મહારાજે તેને ના પાડી જે તે ફળ તમે જમશો નહિ કારણ કે તે ઝેરી છે. તે જમશો તો મરી જાશો'' ત્યારે તે વચન માનીને તેણે ફળ નાખી દીધાં. તેવામાં ત્યાં બીજા ચાર ખાખી પર્વત ઉપર ચડીને આવ્યા. તેમણે મહારાજને તે ફળ જમતા જોઈને પોતાને ખાવા માટે તે ફળ તોડ્યાં. ત્યારે મહારાજે મોહનદાસજીને કહ્યું કે ''એ ખાખીઓને કહો કે એ ઝેરી ફળ છે માટે તમે જમશો મા ને જો ખાશો તો મરી જાશો' એ પ્રમાણે મોહનદાસજીએ કહ્યું ત્યારે ખાખીઓ એમ બોલ્યા જે ''તમારા ગુરુ એ ફળ કેમ ખાય છે ?'' ત્યારે મોહનદાસજી કહે ''એ તો મહાપુરુષ છે ત્યારે તે ખાખીઓ બોલ્યા અમે પણ મહાપુરુષ છીએ, માટે ખાશું.'' પછી તે ચારેય ખાખીએ તે ફળ ખાધાં એટલે તે મરી ગયા. એમ વચન ન માન્યું તો દુઃખ થયું ને મોહનદાસજીએ માન્યું તો ઊગર્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૫૭)*

## મગનીરામે આજ્ઞા માની

એકવાર દેવીવાળો મગનીરામ ફરતો ફરતો પોરબંદર જઈ બાવાની જગ્યામાં ઉતર્યો ને ત્યાંથી સાકરનાં સીધાં લીધાં તે જમીને મહંત પાસે રૂપિયા માગ્યા ત્યારે બાવે ના પાડી એટલે તેને ચીપિયા મારવા માંડ્યા તે વખતે તે બાવા બોલ્યા કે ''આંહી દેડકાં ડાંભો છો તેથી શું થાશે પણ જીવન્મુક્તા સ્વામિનારાયણ છે તેની પાસેથી તમે રૂપિયા લીયો તો ખરા'' ત્યારે તે મગનીરામ બોલ્યો કે ''અરે એનો શું ભાર છે.'' એમ કહીને ત્યાંથી માંગરોળ આવ્યો ને ત્યાંના રાજા બદરુદીન પાસે જઈને કહ્યું પાંચસો રૂપિયા લાવો નહીં તો તમારું શહેર બાળી દઈશ'' એમ કહી મોઢામાંથી અંગારા કાઢવા લાગ્યો તે વખતે રાજાએ કહ્યું, ''હે મગનીરામ ! તમારે બહુ બળ હોય તો આ ગામને આથમણે દરવાજે તેની જગ્યામાં સ્વામિનારાયણ રહે છે તેની પાસે તમે જઇને એક ફેરો રૂપિયા લીયો પછી અમે આપશું.'' તે સાંભળી મગનીરામ કહે ''એનો શો ભાર છે હું હમણાં એની પાસે જઈને રૂપિયા લઇ આવું છું.' એમ કહી ત્યાથી ચાલ્યા ને જતાં રસ્તામાં પૂછ્યું, ''સ્વામિનારાયણ ક્યાં છે ?'' ત્યારે ગામના માણસોએ કહ્યું, ''આ દરવાજા સામી જગ્યા રહી ત્યાં જાઓ ત્યારે તે જગ્યામાં ગયો ત્યાં મહારાજ બેઠા હતા. ત્યાં જઇ મગનીરામ કહે, 'તમે સ્વામિનારાયણ છો ?'' ત્યારે મહારાજ કહે ''હા, અમે સ્વામિનારાયણ છીએ જે કામ હોય તે કહો ત્યારે મગનીરામ બોલ્યો, મને પાંચસો રૂપિયા

આપો ત્યારે મહારાજ કહે, “અમે રૂપિયા તો નથી આપતા પણ સદાવ્રત દઈએ છીએ તે લોટ દાળ જોઈએ તો લઈ જાઓ. ત્યારે તે કહે “એ લોટ દાળ લેનારો હું નહિ હું તો સાકરનાં પાકાં સીધા લઉં છું, ને રૂપિયા લઉં છું ને ન આપે તેની જગ્યા બાળી દઉં એવું મારામાં બળ છે.” ત્યારે મહારાજ કહે, ‘તમારે જે કરવું હોય તે સુખેથી કરો અમે કાંઈ બીતા નથી. તે સાંભળી મગનીરામ બબડતો ત્યાંથી ઉઠ્યો ને દક્ષિણાદી કોર ડોસાની વાવ છે ત્યાં ગયો ને ત્યાં મોટું વડનું વૃક્ષ છે તેની નીચે આસન. વાળીને પોતે સાધેલી શારદા દેવીનું સ્મરણ કરવા બેઠો ને તેને બોલાવીને કહ્યું, “હે માતા ! તમે સ્વામિનારાયણને જીતાવીને મારો જય કરાવી આપો. ત્યારે તે દેવી બોલી કે “તેં નાનપણથી બ્રહ્મચર્યવ્રત પાળીને ભગવાન મેળવવા પ્રયત્ન કર્યો હતો તે આ સ્વામિનારાયણ પ્રગટ ભગવાન છે માટે જો તારે કલ્યાણ જોતું હોય તો એ સ્વામિનારાયણનો આશરો કર.” પણ તેણે શારદાદેવીનું તે વચન ન માન્યું ને હનુમાનજી તથા બાવન વીર, અને ભૂત તથા. ચોસઠ જોગણીઓ તથા કાળભેરવ વગેરેને બલિદાન દઈને તેડાવ્યાં છે તેથી તે સરવે આવ્યાં ને કહ્યું “અમને આંહી શા માટે તેડાવ્યાં ‘ છે ? આંહી નજીકમાં સ્વામિનારાયણ ભગવાન વસે છે તેથી અમે સરવે તેનાથી બળીએ છીએ કે અમે તો બધાં ક્ષુદ્ર દેવ છઈએ તે અમારાંમાં તારું કાંઈ નહિ વળે ને અમે તેની આગળ કશી . ગણતીમાં નથી માટે જો તારે કલ્યાણ જોતું હોય તો સ્વામિનારાયણનો - આશરો લે ને તેને શરણે જા તો તારાં બધાં પાપ બળી જાશે ને જમપુરીનાં દુઃખ મટી જાશે, માટે અમને રજા દે નહીં તો તારો - જીવ લેશું.” ત્યારે મગનીરામે તે સરવેને રજા દીધી તેથી તે સરવે જતાં રહ્યાં પછી મગનીરામને વિચાર થયો કે, “કલ્યાણ તો સ્વામિનારાયણને પ્રતાપે જ થાય એમ છે, જુઓને આ બધાં ભૂત પ્રેતો તેનાથી બળીને ભાગી ગયાં એ શું મારું સારું કરે ? અને આજ દિવસ સુધી મેં પાપ બહુ કર્યા છે તેમાંથી સ્વામિનારાયણ વિના બીજા બચાવનાર નથી એમ વિચારીને ખડ તથા જોડો મોઢામાં લઈને મહારાજ પાસે આવ્યો ને મહારાજને દંડવત પ્રણામ કરી ચરણમાં મસ્તક મુકીને અતિ દીન થઈ ગદગદ કંઠથી સ્તુતિ કરતો થકો બોલ્યો કે “હે મહારાજ ! હવે મને આપને શરણે લ્યો.‘ત્યારે મહારાજ કહે “તું પાપી છે માટે તને અમે ન રાખીએ. આંહીથી ભાગી જા.” ત્યારે તે વારંવાર પ્રણામ કરીને તથા પોતાનાં પાપનો ધિક્કાર કરીને મહારાજ આગળ અતિશય કરગરવા લાગ્યો તેથી મહારાજને દયા આવી તેથી કહ્યું, “એક વરસ સુધી તમે આ જગ્યાનું વાસીદું કરો તેથી બધાં પાપ બળી જાશે પછી તમને સાધુ કરશું.” એમ કહી તેને વર્તમાન ધરાવ્યાં પછી મગનીરામે એક વરસ સુધી જગ્યામાં સેવા કરી ત્યારે તેનું અંતઃકરણ શુદ્ધ થયું પછી મહારાજે તેને સાધુ કર્યો ને અદ્વૈતાનંદ સ્વામી નામ

પાડ્યું ને કહ્યું, 'તમે હવે સાધુ સાથે દેશમાં ફરો અને સત્સંગ કરાવો." ત્યારે તેમણે તે આજ્ઞા માથે ચડાવી પછી તેમણે સંતદાસજીને પૂછ્યું કે, "શ્રીજીમહારાજના સ્વરૂપનો મહિમા મારે કેવી રીતે જાણવો ? માટે તમે. જેમ હોય તેમ કૃપા કરીને મને સમજાવો.' ત્યારે સંતદાસજી બોલ્યા જે "આ બ્રહ્માંડના અધિપતિઓ બ્રહ્મા, વિષ્ણુ, શિવ પ્રકૃતિ પુરૂષ તથા અક્ષર અને તેમના અનંત કોટી મુક્ત તે સરવે સ્વામિનારાયણને ભજીને અને તેની આજ્ઞા પાળીને સુખિયા થયા છે તથા મોટપને પામ્યા છે." એ પ્રમાણે સંતદાસજીએ મહારાજનો મહિમા કહ્યો. તે સાંભળીને અદ્વૈતાનંદ સ્વામીને મહારાજનો પાકો નિશ્ચય થયો. પછી સંત ભેગા ફરવા ગયા ને પોતાને જેમ સમજાયું હતું, તેની વાત બીજા આગળ કરી ને ઘણાને સત્સંગ કરાવ્યો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૧૯)*

## રઘુનાથદાસ - વાલબાઈ - હરબાઈએ આજ્ઞા ન માની

વળતે દિવસે શ્રીજીમહારાજ કાલવાણીમાં લીંબડાના વૃક્ષ તળે ગાદી તકિયા બિછાવીને બિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ સંત હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી તે વખતે શ્રીજીમહારાજ તે સહુ આગળ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સંબંધી કેટલીક વાત કરતા હતા તે વખતે હુતાશનીનો સમૈયો કરવા ગામોગામથી હરિજન આવેલા તે પગે લાગીને બેઠા હતા તે વખતે વિપ્ર અંબારામે તથા વિપ્ર રુગનાથે રંગ ઉકાળી તૈયાર કરીને મહારાજને કહ્યું "હે મહારાજ ! રંગ અને ગુલાલ તૈયાર છે માટે રંગે રમવા ચાલો ત્યારે શ્રીજીમહારાજ શ્વેત વસ્ત્ર ધારણ કરીને સોનાની પિચકારી હાથમાં લઈને તૈયાર થયા ને સંત તથા હરિજનો પણ પીતળની તથા વાંસની પીચકારીઓ લઈ સામસામા રમવા લાગ્યા ને તે વખતે મહારાજે સરવે ઉપર રંગ તથા ગુલાલ નાખ્યો. એવી રીતે બપોર સુધી રંગે રમ્યા પછી ગાતાવાતા નદીએ જઈ સ્નાન કર્યું ને વળતાં પણ કીર્તન ગાતા ગાતા ઉતારે આવ્યા ને શ્રીજીમહારાજ માટે બ્રહ્મચારી મૂળજીએ થાળ કર્યો તે મહારાજશ્રી જમવા પધાર્યા તે જમીને પછી સંત હરિજનને જમાડ્યા પછી મહારાજ બે કલાક પોઢીને લીંબતરુ તળે સભા કરીને બેઠા ને પોતાના મુખારવિંદ આગળ સરવે સાધુ તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી તે વખતે વાલબાઈ તથા હરબાઈ આવ્યાં તેમને શ્રીજીમહારાજે વાત કરી કે "તમારે બાઈઓ ને ઉપદેશ કરવો પણ પુરુષને કરવો નહિ ત્યારે તેઓ કહે "અમને પુરુષ શું કરનાર છે કારણકે અમે તો ઘરડા થયાં છીએ ને પળીયાં આવી ગયાં છે અને ડાચાં મળી ગયાં છે અને આત્માનંદ સ્વામી હતા તથા રામાનંદ સ્વામી હતા તેમણે અમને વાર્યા નહોતાં ને આજ કાલના તમે નવા છો ને ગાદીયે ચડી બેઠા છો તે અમે તમારું માનનારાં નથી. તમે તો નવી રીત ચલાવી છે ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીને એક ઓરડામાં બોલાવીને પૂછ્યું "આનું આપણે કેમ કરશું ?" ત્યારે સ્વામીએ કહ્યું "રઘુનાથદાસ,

વાલબાઈ અને હરબાઈ એ ત્રણેયને વિમુખ કરો તે સાંભળીને મહારાજે તે વાત સાચી માની ને સભામાં આવ્યા ને વાલબાઈ તથા હરબાઈને કહ્યું જો તમારે અમારી આજ્ઞામાં રહેવું હોય તો સત્સંગમાં રહો, નહી તો આજથી વિમુખ છો માટે તમે બેય જાઓ કારણ કે આગળ મોટા મોટા સ્ત્રીના પ્રસંગથી પડી ગયા છે તે વ્યાસજી ગ્રંથ કરતા હતા તેમાં આવ્યું જ છે માત્રા સ્વસ્ત્રા દુહિત્રા વા ન વિવિક્તાસનો ભવેત બલવાનિંદ્રિયગ્રામો વિદ્વાંસમપિ કષતિ છે તે શ્લોક લખવાની જયમુનિએ ના પાડી તો તે ધર્મથી પડી ગયા ને પરાશર ઋષિ તથા સૌભરી ઋષિ તથા એકલશૃંગી તે પણ ધર્મ ચુક્યા અને નારદ તથા પર્વત તેણે અંબરીષરાજાની કુંવરીનો હાથ જોયો. તેમાંથી પરણવાનું મન થયું ને બ્રહ્માએ પોતાની દીકરીનું રૂપ જોયું તો તે પણ પડ્યા અને બીજા પણ મોટા મોટા કેટલાંક પડી ગયા છે માટે બાઈ ભાઈ તેણે ત્યાગી ધર્મ પાળવો હોય તો પરસ્પર પ્રસંગ રાખવો નહિ' તે પછી તે બેય બાઈઓ મહારાજની આજ્ઞામાં ન રહી ને સત્સંગ બહાર ગયાં ને તે સાથે તેમના જે શિષ્યો હતા તે પણ ગયા. પછી તેઓ ત્રંબા ગામે જઈને રહ્યાં ને ત્યાંજ તેમણે દેહ મેલ્યો. તે ઠેકાણે હાલ ઓટા કરેલા છે ને તે ગામમાં હજુ પણ તેમના શિષ્યો છે તથા બીજાં કોઈ કોઈ ગામોમાં પણ છે. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૪૦)*

## મૂળજી લુવાણાએ આજ્ઞા લોપી

ગામ શેરગઢના મૂળજી લુવાણા પૂર્વજન્મમાં જીવ સારો હતો પણ આ જન્મમાં ચોરની સોબત થવાથી ચોરીનું કામ કરવા શીખેલ તેથી તે કામમાં મોવડી થયો હતો. જે વસ્તુ નજરે ચડે તે લીધે જ રહે. તેમ કરતાં એક વાર તેને એ ગામમાં શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને વાતો સાંભળી મહારાજ પાસે તેને નિયમ લીધા. પછી મહારાજે તેને એક હરિભક્તને ઘેર રોટલા જમવા મોકલ્યા તે જમતાં જમતાં તેણે ઘરમાં પડેલો ઘરેણાનો ડાબલો જોઈ રાખ્યો તે જમીને પછી મહારાજની રજા લઈને ચાલ્યો ને જે ઘરેણાંનો ડાબલો જોયો હતો તે રાત્રિએ લઈને ત્યાંથી ચાલતો થઈ ગયો તે વખતે આઠ ગાઉ ગયો ત્યાં શ્રીજીમહારાજ તેને સામા મળ્યા ને કહ્યું "આ ઘરેણાંનો ડાબલો લેવા સારું તું સત્સંગી થયો હતો કે ?" ત્યારે તે ઘણો જ શરમાઈ ગયો ને મહારાજને પગે લાગીને કહે "હે મહારાજ ! હું ભૂલ્યો ને તમારા વાંકમાં આવ્યો" પછી મહારાજે કહ્યું "હવે પાછો જઈને તે ડાબલો તેના ધણીને પાછો આપી આવ.' ત્યારે તે તુરંત પાછો વળ્યો ને તે ડાબલો પાછો આપી આવ્યો ને મહારાજ પાસે જઈ પગે લાગ્યો ને કહ્યું "હે મહારાજ ! મારે હવેથી ચોરીનું કામ કરવું નથી ને આપની સેવામાં રહેવું છે ત્યારે મહારાજે તેને સમાધિ કરાવીને અક્ષરધામમાં પોતાના દિવ્યરૂપનાં દર્શન કરાવ્યાં પછી તેને જાગૃત કર્યો ત્યારથી તે મૂળજી પાળાનાં વસ્ત્ર પહેરીને મહારાજની સેવામાં રહ્યો ને મન

કર્મ વચને કરીને મહારાજની સેવા કરવા લાગ્યો. તેથી તેના ઉપર મહારાજ પ્રસન્ન થયા તેથી તેને હંમેશાં સમાધિ થાતી એમ સેવાની પ્રસન્નતા કરીને મૂળજી સામર્થ્યને પામ્યો તેથી પોતે જ્યાં ઈચ્છા આવે ત્યાં જાય ને પાછો આવે ને બીજા લોકાંતરમાં જાય દેવલોક, બ્રહ્મલોક, વૈકુંઠ, ગોલોક તથા અક્ષરધામમાં જાય ને બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપ તથા કૈલાસમાં પણ જાય ત્યાં શિવજી તેને હંમેશા બે ઘડી સુધી રોકી રાખે તે એક વખત મૂળજી સમાધિમાંથી ઉઠ્યો ત્યારે શ્રીજીમહારાજે કહ્યું "તને કેમ બહુ વાર લાગે છે ? ત્યારે તે કહે "મને કૈલાસમાં શિવજી બે ઘડી રોકી રાખે છે ત્યારે મહારાજ કહે "હવે તું જા ત્યારે રોકાઈશ નહીં પછી મૂળજી સમાધિ કરીને ગયો ત્યારે શિવજીએ કહ્યું "આંહી રોકા" ત્યારે મૂળજી કહે "હે મહારાજ ! આજ મને રોકશો નહિ મારે વેળાસર જાવું છે માટે આજ તમારો ખાળ્યો નહિ રહું. ત્યારે શિવજી કહે "તું વિચારીને બોલ, જો તું અતિ જોર કરીને જાઈશ તો હું તને મારી નાખીશ." ત્યારે મુળજી કહે "આજ રોકશો તો તમારી જટા ચુંથી નાખીશ એમ પરસ્પર બોલતાં વાદ થયો ને બેય બથોબથ આવ્યા ને બેમાંથી એકેય હાર્યો નહિ પછી મુળજીએ મહારાજની મૂર્તિ સંભારીને એવું બળ કર્યું કે શિવજીને પછાડી નાખ્યાં તેથી તેનો કડાકો મોટો થયો ને બે જોજન સુધી તે સંભળાયો. એમ શિવજીને જીતીને મૂળજી અક્ષર ધામમાં જઈ આવ્યો ને શ્રીજીમહારાજ આગળ તે વાત કરી તે સાંભળી મહારાજ તથા સરવે સભાનાં માણસો રાજી થયાં એમ મૂળજીને હંમેશાં પરચા થાય તે વાત નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણીના પ્રકરણ એકસોને અઠ્ઠાવીસમાં કહી છે. વળી એકવાર શ્રીજીમહારાજ કાઠીના સ્વાર સહિત તથા પાળા સહિત ગામ પીપળાણે પધારેલા ને ત્યાં નરસિંહ મહેતાના દીકરા કલ્યાણજીને ઘેર ઉતર્યા ને કલ્યાણજીના ઘરનાએ થાળ કર્યો તે મહારાજ જમ્યાં ને કાઠી તથા પાર્ષદોને પણ જમાડ્યા ને બે દિવસ રોકાઈને ચાલવાની તૈયારી કરી તે સમે સૂર્ય ઉગ્યાનો વખત હતો તે વખતે શ્રીજીમહારાજે મૂળજી પાળાને કહ્યું "તું આજ હથિયાર ધારણ કરીશમાં કારણ કે આજ સૂર્ય ઊગ્યો છે તે લોહીનો ભરેલો દેખાય છે માટે તારે માથે વિઘ્ન છે." ત્યારે મૂળજીએ બધાં હથિયાર છોડી નાખ્યાં પણ એક તલવાર પાસે રાખેલ પછી મહારાજે કહ્યું "આજ આપણે ભાડેર જાવું છે માટે સહુ ચાલવા માંડો ત્યારે મૂળજી આગળ ચાલ્યો ને મેઘપુર આવી ચોરા પાસે ઉભો રહ્યો ત્યારે બાવાએ મહારાજની નિંદા કરવા માંડી ત્યારે મૂળજીએ કહ્યું "તું બોલમાં.' તો પણ તે બાવો બોલતો બંધ ન થયો ત્યારે મૂળજીને રીસ ચડી તેથી તરવાર ખેંચીને બાવાના કાંડા ઉપર મારીને ભાગ્યો તે અરધો ગાઉ ગયો ત્યાં વાંસેથી બે બાવા અને ભાટ દોડ્યો તેણે છેટેથી હાકલ મારીને કહ્યું "તું ભાગ્યમાં અમે તને મારશું નહિ ને જો તું ત્યાંથી ચાલ્ય તો તને તારા સ્વામિનારાયણના સમ છે તે સાંભળી મૂળજી ઉભો રહ્યો અને સહુ ભેળા થયા ત્યારે ભાટે કહ્યું "તું પાછો વળ પછી સરવે

પાછા આવવા ચાલ્યા તે ગામ ઢૂંકડા આવ્યા ત્યારે વાંસેથી બાવે મૂળજીને બરછી મારી તેથી સ્વામિનારાયણ કહીને તે હેઠો પડી ગયો ને આંખમાં જીવ રાખી રહ્યો તે વખતે પીપળાણેથી મહારાજ આવ્યા ત્યારે ગામના ભાટ તથા બાવા ભેગા થઈને મહારાજને કહેવા લાગ્યા જે તમારા પાળા મૂળજીએ અમારા માણસને તલવાર મારી તેથી અરધો હાથ કપાઈ ગયો છે ત્યારે મહારાજે કહ્યું ''અમે તે પાળાને સવારમાં કહ્યું હતું કે તું હથિયાર રાખીશમાં તો પણ અમારા વચન ન માન્યા પણ તમે અમારું રાખોને ફરિયાદ કરશો નહિ ને પાટા પીડીનું જે ખર્ચ થાશે તે અમે દેશું.'' પણ મહારાજ વાત કરે છે ત્યાં મહારાજ પાસે હરિજને આવીને કહ્યું કે મહારાજ ! તમે શું વષ્ટી કરો છો ? મૂળજીને તો બરછી મારીને મારી નાખ્યો છે. ત્યારે મહારાજ કહે ''આ ગામમાં અમે છ મહીના બ્રાહ્મણોને જમાડ્યાને ગામને ઘણી વાર જમાડ્યું તો પણ મૂળજીનો મારી નાખ્યો ? એમ કહી સર્વે હરિજનને કહ્યું તમે સરવે આજની રાત્રિ રહીને કાલથી મેઘપુરને ત્યાગ કરજો ને અમારે આજથી આ ગામનું પાણી હરામ છે એમ કહીને ચાલી નીકળ્યા ત્યારે ગામના હરિજન મહારાજ ભેળા ગામ બહાર આવ્યા ત્યાં મૂળજી આંખમાં જીવ રાખીને રહ્યો હતો તેને મહારાજે કહ્યું કેમ હવે તારે જીવવું છે ? ત્યારે તે કહે ના ''મહારાજ'' પછી મહારાજે તેને તુરંત ધામમાં મોકલી દીધો ને હરિજનોને કહ્યું, ''આ મૂળજીનો અગ્નિસંસ્કાર કરજો'' એમ કહીને ચાલ્યા ત્યારે ભેગા કાઠીઓ હતા તે બોલ્યા જે ''હે મહારાજ ! અમારી લાજ જાય છે માટે તમે આજ્ઞા કરો તો કાંઈક કરીએ.'' ત્યારે મહારાજે ના પાડીને ચાલ્યા તે ગામ ભાડેર પાતળભાઈને ઘેર પધાર્યા ને રાત્રિ રહીને ફરતા ફરતા ગઢપુર ગામ ને મેઘપુરના હરિજનોએ મળીને મૂળજીના દેહને અગ્નિસંસ્કાર કર્યો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૬૮)*

## જમનાવડના દાદાભાઈએ આજ્ઞા લોપી

એકવાર શ્રીજીમહારાજ સંવત ૧૮૬૮ની સાલમાં ગામ જમનાવડ દરબાર દાદાભાઈને ત્યાં પધાર્યા ને તેમના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર ગાદીતકિયે બિરાજમાન થયા ને દાદાભાઇ આવીને પગે લાગ્યા ને બીજા હરિજનો પણ આવીને પગે લગીને બેઠા. તેમને મહારાજે ધર્મ, જ્ઞાન વૈરાગ્યની વાતો કરીને પછી દાદાભાઈને કહ્યું ''સામે વરસે જબરો કાળ પડશે માટે તમારાં ઘોડાં તથા ઢોર વેચી નાખજો ને દાણાનો સંગ્રહ રાખજો.' ત્યારે દાદાભાઈ બોલ્યા જે ''હે મહારાજ ! દાણા ઘણા છે ને ખડની ગંજીયું છે'' ત્યારે મહારાજ કહે ''બે ઘોડાં રાખીને બાકીનાં વેચી નાખજો ને વધારે રાખશો તો એકેય નહિ જીવે એ પ્રમાણે મહારાજે કહી દીધું પણ દાદાભાઈ માન્યા નહિ ત્યારે મહારાજે બીજી વાતો કરી તેવામાં દાદાભાઈના ઘરનાએ થાળ તૈયાર કરીને બોલાવવા માણસ મોકલ્યું તે ભેગા મહારાજ જમવા પધાર્યા ને બાજોઠ ઉપર બેસીને સારી પેઠે જમ્યા પછી ચળુ કરી જળ પીને મુખવાસ લીધો ને પ્રસાદીનો થાળ દાદાભાઈને

દીધો તે જમ્યા ને વળતે દિવસે મહારાજ ચાલ્યા તે ગામ ફરેણી ગયા. ને બીજે વરસે ઓગણોતેરો કાળ પડ્યો તેમાં દાદાભાઈનાં બધાં ઘોડાં તથા ઢોર મરી ગયા ને બે ઘોડાં રહ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૪૭)*

## આજ્ઞા માની તો સુખી થયા

એકવાર ગામ બગસરાના સથવારા વેલો, રૂડો તથા ડોસો અને ગામ હામાપરના કરસન એ ચારેય જણા મળીને ગઢડે ગયા ને મહારાજને પગે લાગીને ભેટ મેલી તેમાં વેલે તથા ડોસે ભક્તે કાકડીનાં, ચીભડાનાં, કારેલાનાં, તુરીયાના, દુધીનાં તથા ગલકાનાં બી મેલ્યાં ત્યારે તે જોઈને મહારાજ રાજી થયા ને તે બી સચ્ચિદાનંદ સ્વામીને આપ્યાં ને કહ્યું 'આ બી પીપળાવાળી વાડીમાં વાવજો પછી રૂડો ચોફાળ મેલ્યો ત્યારે તે મહારાજે મૂળજી બ્રહ્મચારીને આપ્યો ને કહ્યું કે "આ ચોફાળ અમારે શીયાળામાં ઓઢવા થાશે" પછી હામાપરવાળા કરસન બામણીયે મણ એક બાજરાની પોટલી હતી તે મહારાજ આગળ મેલી તે બાજરો મોટા દાણા ને લીલો જોઈ મહારાજ રાજી થયા ને તે જીવુબાને આપ્યોને કહ્યું કે "આ દળીને તેનો રોટલો કરી અમારા થાળમાં હંમેશાં મેલજો" પછી મહારાજે વાતો માંડી જે "આ સમે સ્વામિનારાયણ એ નામનો મંત્ર બહુ જ બળીયો છે તે મંત્રથી તો કાળા નાગનું ઝેર પણ ઊતરી જાય. એવો એ મહા બળવાન મંત્ર છે. તે વાત સાંભળીને વેલે ભક્તે મનમાં ધારી રાખી. પછી ચાર પાંચ દિવસ રહીને ચાલવા વખતે મહારાજ પાસે રજા લેવા ગયા ત્યારે મહારાજે વેલા તથા ડોસાભક્તને પૂછયું કે તમે શું ધંધો કરો છો ?" ત્યારે તે કહે "અમે બકાલાની વાડી કરીએ છીએ પછી મહારાજ કહે "તમારે બળદ કેવા છે ?" ત્યારે તે બેય બોલ્યા જે "અમારે એક એકની પાસે વઢયારા ચાર ચાર બળદ છે ને સો સો રૂપિયે તો માગે છે' કહે તે બળદ વેચી નાખજો ને નાના નાના ખૂંટીયા લેજો ને વધારાના રૂપિયા રહે તેના દાણા લઈ લેજો." પછી મહારાજે રૂડાભક્તને પૂછ્યું કે "તમે શું ધંધો કરો છો ?" ત્યારે તે કહે "ખડના ભારા લાવી તે વેચીને ગુજરાણ કરું છું ત્યારે મહારાજે મસ્તક ડોલાવીને મુક્તાનંદસ્વામીને કહ્યું કે "આ ભક્ત કેવા દાખડા કરે છે ?" એમ કહીને તેને કહ્યું કે "તમે ખડ સંઘરજો ને જેઠ મહીનો આવે ત્યારે વેચજો ને ઘેર જઈને ઘરમાં ઘરેણું હોય તે વેચીને દાણા લઈ લેજો." પછી કરસન બામણીયાને પૂછ્યું કે "તમારે ઢોર કેટલાં છે ?" ત્યારે કહે પચાસેક ઢોર છે પછી મહારાજ કહે "તેમાંથી ચાર ઢોર રાખજો ને બીજાં બધાં વેચી નાંખજો' એ પ્રમાણે મહારાજે આજ્ઞા કરી તે પછી તે ચારેય જણા ઘેર આવ્યા ને મહારાજે કહ્યું હતું તેમ કર્યું તે પછી વળતે વરસે ઓગણોતેરો કાળ પડ્યો ત્યારે તે ચારેય જણાને મહારાજનો પરચો જણાયો ને તેથી પાકો નિશ્ચય થયો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૩૬)*

## પક્ષ રાખવાથી શ્રીહરિ બહુ રાજી થાય છે

### બોટાદના નરસિંહ જોષીએ મહારાજનો પક્ષ રાખ્યો

ગામ બોટાદના નરસિંહ જોશી કરીને બ્રાહ્મણ હતા તે ભાવનગર ગયા હતા અને વજેસિંહજી દરબાર પાસે કચેરી ભરાઈને બેઠી હતી તે વખતે ગામ તતાણાનો મૂળુ કરીને ચારણ હતો; તે કચેરીમાં મહારાજનું વાંકુ બોલવા મંડ્યો, જે સ્વામિનારાયણ આવા, ને સ્વામિનારાયણ આવા તે વખતે નરસિંહ જોશી ઉભા થઈને કચેરીમાં બોલ્યા જે, બોલમાં બોલમાં લડો, સ્વામિનારાયણ તો સાક્ષાત ભગવાન છે એમ એક ને બે વખત જ્યાં લડો કહ્યો ત્યાં તો તે ચારણ હેઠો બેસી ગયો. પછી દરબાર બોલ્યા જે મૂળુ ! સ્વામિનારાયણ તો જોશી કહે છે તેવા ભગવાન છે અને સૂર્ય સામે ધૂળ નાંખીએ તો પોતાની આંખમાં પડે છે, માટે સ્વામિનારાયણનું વાંકું બોલવું તે ધૂડ ઉડાડીને પોતાને માથે નાંખવાની છે. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૯૫)*

### નાજા જોગિયાએ સંતોનો પક્ષ રાખ્યો

ગામ લાખણકામાં નાજા જોગિયા કરીને કાઠી હતા, અને ત્યાં સાધુ ગયા હતા પછી તે ગામને કાઠીએ સાધુને મારીને તિરસ્કાર કરીને ગામ બહાર કાઢી મૂક્યા અને નાજા જોગિયા તથા રામ જોગિયા એ બે ભાઈ ખેતીનું કામ કરવા સીમમાં ગયા હતા તે દિવસના બાર વાગે ઘેર આવ્યા, પછી તેની માતુશ્રી ત્યાં રૂદન કરતાં હતાં ત્યારે તેમણે પૂછ્યું જે માજી શા સારુ રૂવો છો ? ડોશી કહે તમે મારે પેટ પથરા પડ્યા હોત તો સારું ? કેમ કે મારા સાધુને લાખે ગોવાળીએ મારીને ગામ બહાર કાઢ્યા અને મારા પેટના હો તો મારા સાધુનું વેર લઈને પછી રોટલા જમો. પછી બન્ને ભાઈ હથિયાર બાંધીને ચોરે ગયા, સાધુને મારનાર કાઠીને બરછીયે દીધો, તે બને ભાઈ ત્યાંથી ભાગ્યા અને પછવાડે વાર ચડી તે આવતાં આવતાં અડતાળા અને લાખણકા વચ્ચે જાળામાં સંતાઈ ગયાં ત્યાં વાર આવી ત્યારે બને ભાઈ મોંઢામાં ઉઘાડી તરવાર લઈને વાર સામા લડવા તૈયાર થયા એટલે વારના માણસોએ જાણ્યું કે આ બન્ને મરણીયા થયા છે, તે આપણને જરૂર મારશે એવું જાણીને વારના માણસો પાછા વળી ગયા. અને એ બે ભાઈ અને તેમના માતુશ્રી એ ત્રણે જણાં પછી ગઢપુર આવીને મહારાજની હજુરમાં સેવામાં રહ્યાં. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૯૬)*

### મોળદાન રેફડિયે મહારાજનો પક્ષ રાખ્યો

ગામ રેફડાનો મોળદાન રેફડીયે કરીને કાઠી હતો, ને તે ભાવનગર વજેસિંહ દરબાર પાસે ગયો હતો; પછી દરબારે તેને કહ્યું જો મોળદાન તું તો હવે ઘરડો થયો મોળદાન કહે

ના બાપુ; હું હજી ઘરડો નથી થયો તમે કહો તો હું જૂનાગઢના કમાડ ઉતારી આવું અને તમે કહો તો હું નગરના કમાડ ઉતારી આવું. ત્યારે વજેસિંહ દરબારે તેને કહ્યું જે આ સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે અને તે આ કાઠિયાણીઓ ભેગા રહે છે માટે તેને કાંઈક કરય તો ખરો. મોળદાન કહે બાપુ ! એવું બોલસો નહીં કેમ કે, તેઓ તો સાક્ષાત ભગવાન છે બીજું કહો તો કરું પણ એ તો અગ્નિમાં હાથ ઘાલ્યા જેવું છે. તેણે મહારાજનો એટલો પક્ષ રાખ્યો હતો પછી એક વખત ગામ ચોટીલા પાસે સરવા કરીને ગામ છે ત્યાં લડાઈમાં ગયો અને તે લડાઈમાં પોતે મૃત્યુ પામ્યો તે વખતે શ્રીજીમહારાજ હાથમાં ઠંડા જળનો ઘડો લઈને અને માથે છત્રી રાખીને મોળદાન પાસે ગયા ને મહારાજે મોળદાનને કહ્યું જે મોળદાન ! લ્યો પાણી, મોળદાન કહે કે સ્વામિનારાયણ તમે કેવા ? મહારાજ કહે કે તે, વજેસિંહ દરબાર પાસે મારો પક્ષ રાખ્યો હતો તે સારું તેડવા આવ્યો છું. તે માટે તૈયાર થઈ જા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૯૭)*

## મશરુગોળે જેરામ બ્રહ્મચારીનો પક્ષ રાખ્યો

ગામ રોજકામાં મસરૂ ગોળ કરીને રજપૂત હતો અને જેરામ બ્રહ્મચારી સુરતથી શ્રીજીમહારાજનો પોશાક લઈને આવતા હતા અને પોતે ચાલ્યા આવતા હતા ત્યાં બે કોળી બ્રહ્મચારીની પાછળ દોડ્યા, પછી જેરામ બ્રહ્મચારી આગળ અને બે કોળી પાછળ એમ દોડતા બ્રહ્મચારી તો રજપૂત સાંતી હાંકતો હતો તેની પાસે ગયા ત્યારે રજપૂતે પૂછ્યું કે મહારાજ ! કેમ દોડ્યા આવો છો ? ત્યારે બ્રહ્મચારી કહે ઓલ્યા બે માણસ મને લૂંટવા આવે છે અને મારી પાસે સ્વામિનારાયણ ભગવાનના પોષાક છે ત્યારે રજપૂત કહે મહારાજ અહીંયાં બીહીશો નહીં પછી પોતા પાસે તરવાર હતી તે ઉઘાડી કરીને તે કોળી સામો દોડ્યો અને કહ્યું કે આવી જાઓ, દીકરાઓ ! હું જાતનો રજપૂત છું પછી તે કોળી ભાગી ગયા અને બ્રહ્મચારીને સાંતી ઉપર બેસાડીને પોતાને ઘેર લાવ્યો અને રસોઈ કરાવીને બ્રહ્મચારીને જમાડ્યા. બીજે દિવસે ગાડું કરીને બ્રહ્મચારીને ભીમનાથ સુધી મૂકી ગયો પછી ગઢપુર આવીને બ્રહ્મચારીએ મહારાજને તે વાત કરી જે ગામ રોજકાના મશરુ ગોળે આવી રીતે મારી રક્ષા કરી જે મહારાજ કહે તે અહીંયા દર્શને આવે ત્યારે મને સંભળાવજો પછી તે જ્યારે ગઢપુર આવ્યા ત્યારે બ્રહ્મચારીએ ઓળખાણ પાડી પછી મહારાજે કહ્યું જે તે બ્રહ્મચારીનો પક્ષ રાખ્યો માટે જા તારું મુક્તાનંદ સ્વામીની સાથે કલ્યાણ એમ કહીને મહારાજ બહુ જ રાજી થયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૯૮)*

## ભીમ પંડ્યે સંતોનો પક્ષ રાખ્યો

ગામ વેજળકામાં ભીમ પંડ્યો કરીને બ્રાહ્મણ હતા અને તે ગામમાં ચુડાનો અધિકારી વહિવટદાર આવ્યો હતો, તે વખતે સિદ્ધાનંદ સ્વામી ગામ નાગનેશમાં હતા એટલે વહિવટદારના મનમાં એમ થયું જે સ્વામિનારાયણના સાધુને પંડ્યો આંહીંયાંતેડી લાવશે તો મારે ઉતારામાંથી નીકળવું પડશે એમ જાણી ગામના પટેલને બોલાવીને પોતે કહ્યું જે, તું પંડ્યાને કહી આવ્ય જે, . સ્વામિનારાયણના સાધુ અહીંયાં આવશે તો હું ગામને ઝાંપેથી પાછા વાળીશ. પંડ્યાને ખબર નહોતી કે સ્વામી નાગનેશમાં છે. પછી તેમણે પોતાના પુત્રને કહ્યું જે, નરભેરામ ! ઉઠ્ય ગાડા જોડ્ય અને સ્વામીને આંહીં તેડી લાવ્ય આપણને તો ખબર નહોતી પણ આ વહિવટદારે ખબર કરી માટે તું તથા સાથી બંને જણા જઈને સ્વામીને સવારમાં આંહીં તેડી લાવજો અને પટેલને કહ્યું કે જા મેતાને જઈને તું કહેજે હજાર વિઘા મારી જમીન છે ને હજાર વિઘા દરબારી જમીન છે માટે અરધો ઉતારો વાળીને સાફ કરાવજો અને અમને તો ખબર નહોતી પણ તે કહ્યું ત્યારે જાણ્યું અને કહેવું છે સ્વામિનારાયણના સાધુને ગામના ઝાંપામાંથી પાછા ન વાળ્યા તો તારા માવતરમાં ફેર અને જો હું તને લાકડીયે ન દઉં તો મારો બાપ ભાણજી પંડ્યો નહીં, ને ન કહેતો તારા ચારે દીકરા મરે. પછી પટેલે જઈને વાત કરી ત્યારે વહિવટદારના મનમાં બીક લાગી જે આ બ્રાહ્મણ તો નક્કી લાકડીયે મારશે, માટે ઝટ ગાડું લાવ્યા અને ચુડા ભેળા થઈ જઈએ. પછી વહીવટદાર વહેલો ઉઠીને ચુડે ગયો અને સવારમાં સિદ્ધાનંદ સ્વામી આવ્યા. પછી પંચે પટેલને કહેવરાવ્યું કે, ઉતારો વળાવીને સાફ કરાવ્ય એટલે પટેલે પંડ્યાને કહ્યું જે ઉતારો નવરો જ છે, કારણ કે વહીવટદાર તો વહેલો ઉઠીને ચુડે ચાલ્યો ગયો છે. પછી સ્વામીને આઠ દિવસ સુધી રાખ્યા ને ગામ કરમડ મેલી આવ્યા અને પોતે ગામ ચુડે ગયા અને ત્યાં બાઈરાજને મળવા ગયા અને બાઈને વાત કરી છે, વહીવટદાર આવ્યો હતો તેણે સાધુનું આવી રીતે અપમાન કર્યું. પછી મેં તેને આવી રીતે કહ્યું હતું, પછી બાઈ બોલ્યાં જે મારા પીટ્યાને લાકડીયે દેવો હતો ને ? પછી પંચે બાઈને કહ્યું કે આપણા સાધુને ઉતરવા માટે મંદિર કરવું છે તો કોઈ સારે ઠેકાણે જગ્યા અપાવો પછી તે બાઈએ તે વહિવટદારને બોલાવીને કહ્યું કે પંડ્યા કહે તેટલી જગ્યા આપજે અને મંદિર ચણવાનો ખરચ થાય તે રાજ તરફથી આપજે પછી તે ગામમાં મંદિર કરાવ્યું. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૬૯)*

## મનોરદાસ વાણિયે સંતોનો પક્ષ રાખ્યો

ગામ નાગનેશમાં સાધુ ગયા હતા અને ગામના અમલદારો બધા કુસંગી હતા. પછી સાધુ જ્યારે નહાવા જાય ત્યારે તેમણે કોઈ નિર્લજ બાઈને શીખવાડેલ જે તારે સ્વામિનારાયણના

સાધુની પાછળ દોડવું. એટલે સાધુ જ્યારે નહાવા નીસરે ત્યારે તે બાઈ તેમની પાછળ દોડે એટલે સાધુ આડા અવળા વીંખાઈ જાય. તે તમાસો જોઈને મેતાઓ એકબીજા સામું જોઈ હસે અને સાધુની મશ્કરી કરે. પછી સાધુએ એક દિવસ તે ગામના મનોરદાસ કરીને વાણિયા હરિભક્ત હતા તેમને વાત કરી જે એક બાઈ અમને હંમેશાં હેરાન કરે છે, પછી તે વાણિયો આગળથી જાળામાં સંતાઈને બેઠો અને સાધુ જ્યારે નાહવા નીસર્યા ત્યારે તે બાઈ સંતની પાછળ દોડી ત્યારે વાણિયે પોતાના પગમાંથી જોડો કાઢીને તે બાઈને ખૂબ મારી અને અમલદારોને કહ્યું જે હું વઢવાણ ફરિયાદ કરવા જાઉં છું. ને આવી રીતે તમે અધર્મ કરો છો ? પછી અમલદારોએ હાથે પગે લાગીને વાણિયાને પાછો વાળ્યો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૭૦)*

## ત્રીકમજી રાજગરે સંતોનો પક્ષ રાખ્યો

ગામ પાલીતાણામાં સાધુ ફરવા ગયા હતા અને ત્યાં ધોબીનો આરો છે ત્યાં નાહવા જતા પછી ધોબીની સ્ત્રીઓ સાધુની પાછળ દોડે જે લાવો સ્વામિનારાયણ તમારા લુગડાં ધોઈ દઈએ. એટલે સાધુ છેટા ભાગે અને સૌ ધોબી દાંત કાઢે એમ ઘણાંક દિવસ સાધુને હેરાન કર્યા. પછી એક દિવસ સાધુયે ત્યાંના ત્રીકમજી રાજગર બ્રાહ્મણ હતા તેને વાત કરી. જે અમને આવી રીતે ધોબી લોકો તથા ધોબીની સ્ત્રીઓ પાછળ દોડીને ઉપવાસ પડાવે છે. ને નિત્યે હેરાન કરે છે. પછી ત્રીકમજી આગળથી ત્યાં જઈને ગુપ્તપણે બેઠા ત્યારે જે વખતે સાધુ નાહવા નીસર્યા અને ધોબીની સ્ત્રીયો પાછળ દોડીયું પછી ત્રીકમજી રાજગર ઊભા થઈને ધોબીને તથા તેમની સ્ત્રીયોને જોડે જોડે ખૂબ મારી અને પછી સાધુ સાથે મંદિરમાં આવ્યા. અને ધોબી સૌ પ્રતાપસિંહ રાજા પાસે ગયા અને કહ્યું કે અમને ત્રીકમજીએ બહુ જ માર્યા માટે અમે લુગડાં ધોવા કાલે નહીં જઈયે. પછી દરબાર કહે ત્રીકમજીને આંહીં બોલાવો તેમના મોટાભાઈ લખુભા રાજાના કારભારી હતા. પછી ત્રીકમજી રાજગરને હજુર પાસે બોલાવી ગયા, ત્યારે દરબારે ત્રીકમજીને પૂછ્યું કે ધોબીને કેમ માર્યા ? ત્યારે ત્રીકમજી કહે માર્યા, કેમ માર્યા શું મારા સાધુને ઉપવાસ પડાવે છે તે સારુ માર્યા. દરબાર કહે તે તો ગાંડા છે લુગડું કાઢી નાંખશે. ત્યારે ત્રીકમજી કહે હું પણ ગાંડો છું એમ કહી પોતાનું પહેરવાનું લુગડું કચેરી વચ્ચે કાઢીને એક કોરે મૂકીને ધોબીને જોડે જોડે મારવા મંડ્યો અને કહ્યું કે આમ માર્યા. પછી સૌ કહેવા લાગ્યા જે હવે ભલો થઈને તારું લુગડું પહેર, પછી તેને રજા આપી એટલે ઘેર ગયો ને ધોબી સાધુને હેરાન કરતા મટ્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૭૧)*

## ધારીના વાણિયાએ હરિભક્તનો પક્ષ રાખ્યો

ગામ ધારીમાં વાણિયા બે ભાઈ હરિભક્ત હતા અને બીજા ગામના હરિભક્ત વાણિયે તે ગામનું માપું રાખ્યું હતું. પછી તેના માપાના પૈસા પુરા ન થયા તેથી તેમને જેલમાં બેસાર્યા, પછી ગામના મહાજન તેમને છોડાવવા માટે ગયાં. તેમાં એક સત્સંગિ વાણિયો સાથે ગયો હતો, પછી પાંચસેહે રૂપિયાના જામીન થઈને વાણિયાને છોડાવ્યા. તે વખતે સત્સંગિ વાણિયો હતો તે બોલ્યો કે હે સ્વામિનારાયણ ! તમે પહોંચ્યા ખરા ત્યારે મહાજન સૌ બોલ્યા જે આ સત્સંગિના અમો જામીન નથી. પછી એકને છોડાવીને સૌ ગામમાં આવ્યા અને પેલો સત્સંગિ વાણિયો પણ ઘેર ગયો ત્યારે તેના ભાઈએ પૂછ્યું જે કાં બેયને છોડાવ્યાને ત્યારે વાણિયો કહે કે સત્સંગિ ઉઠતી વખતે આમ બોલ્યા જે - "હે સ્વામિનારાયણ તમે પહોંચ્યા ખરા" એવું સાંભળીને મહાજન તેના જામીન થયા નહીં. પછી સત્સંગિ વાણિયે તેને કહ્યું જે આપણે સત્સંગિ બે ભાઈ છીયે તેમ તે આપણો ત્રીજો ભાઈ છે માટે તેના ભાગના અઢીસેહે રૂપિયા રોકડા લઈ જઈને છોડાવી આવ્યું. પછી તે પ્રમાણે રૂપિયા આપીને છોડાવીને તેને ઘેર લાવ્યા ને તેને જમાડીને તેને ઘેર જવા દીધો તે વાતની મહારાજને ખબર પડી તે સાંભળીને મહારાજ બહુ જ રાજી થયાં. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૭૨)*

## જૂનાગઢ નવાબે પક્ષ રાખ્યો

એક વખત મહારાજ જૂનાગઢ પધાર્યા હતાં અને સાથે કાઠીના સ્વારો પણ ઘણાં હતાં અને મહારાજને તે શહેરમાં પધારવું હતું. પછી જૂનાગઢના નવાબ સાહેબને અમલદાર નાગરોએ કહ્યું કે સ્વામિનારાયણ સાથે ઘણાં જ શરબંધી કાઠી છે તે શહેરમાં આવશે તો તોફાન કરશે ને તમારું રાજ્ય લઈ લેશે. ત્યારે નવાબે કહ્યું કે મારું રાજ્ય લે તો સુખેથી લે પણ તેને શહેરમાં આવવો ઘો પછી નવાબે કહેવરાવ્યું કે હું ખાણું ખાઉં છું તે ખાઈ રહું ત્યારે મહારાજ પધારે. પછી મહારાજ સોનેરી વસ્ત્ર પહેરીને માણકી ઘોડી ઉપર વિરાજમાન થયા અને સાથે કાઠીના સ્વરો પણ ઘણાંક હતા પછી જ્યાં રાજમહેલ પાસે આવ્યા ત્યારે કોઈક પ્રેમી ભક્તે ચીભડાની બે કાકડીયો મહારાજને આપી એટલે મહારાજ બન્ને હાથે ચીભડાં જમવા મંડ્યા અને તેનાં બી તો સોનેરી વસ્ત્રો ઉપર પડતાં હતાં અને નવાબ ખુરશી નાંખીને પોતાના મહેલની અગાશી ઉપર મહારાજનાં દર્શન કરવા બેઠો હતો. પછી અમલદારે નવાબને કહ્યું જે જુઓ સાહેબ ભગવાન હોય તો આટલો વિવેક હોય કે નહીં ? જે આટલા માણસ વચ્ચે ચીભડાં ખાય છે. તે સાંભળીને નવાબે કાજીને પૂછયું જે કાજી ખુદા કેવા ? ત્યારે કાજી કહે ખુદા બેપરવાઈ છે તેને કોની પરવા છે ? પછી નવાબે કહ્યું કે ખુદા વિના આટલા માણસમાં કોનું મોઢું ફાટે એમ છે ?

માટે સ્વામિનારાયણ તો સાક્ષાત્ ખુદા છે એમ મહારાજનો પક્ષ રાખ્યો હતો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૭૩)*

## નવાબે પક્ષ રાખ્યો તે બદલ તેને તેડવા પધાર્યા

એક વખત મહારાજ કરીયાણામાં નદીને કાંઠે કોઠો છે ત્યાં રાત્રિને વખતે મહારાજ પોઢ્યા હતા અને રાત્રિના બાર વાગ્યે ઉભા થઈને મહારાજ બથમાં ઘાલીને મળ્યા અને પોતાનું મુખારવિંદ અવળું કરી ગયા તે વખતે સુરો ખાચર જાગતા હતા. પછી સવારે સુરા ખાચરે મહારાજને કહ્યું કે, મહારાજ ! તમે આજ અરધી રાતે ઉભા થઈને મળ્યા અને તમારું મુખારવિંદ અવળું કરી દીધું એ શું ? ત્યારે મહારાજ કહે સુરા ખાચર તે વખતે જૂનાગઢના નવાબે દેહ મેલ્યો હતો તેને અમે તેડવા ગયા હતા, પણ તેને દારૂ પાયો હતો એટલે તેનું મોઢું ગંધાણું તે સારું અમે અવળું જોઈ ગયા કેમકે તેણે અમારો પક્ષ રાખ્યો હતો તેથી અમે તેને તેડવા ગયા હતા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૭૪)*

## ગામ ધણીએ સાધુનો પક્ષ રાખ્યો

ગામ હાથસણીમાં સંત ગયા હતા અને તે ગામના બાવાએ સાધુને મારીને ગામ બહાર કાઢ્યા. પછી તે ગામનો ધણી સત્સંગિ હતો તેને ખબર પડી કે સ્વામિનારાયણના સાધુને બાવાએ માર્યા અને મારીને ગામ બહાર કાઢી મૂક્યા તે સાંભળીને તે ગામને ચોરે આવ્યો અને સૌને કહ્યું કે જેણે સ્વામિનારાયણના સાધુને કાઢ્યા હોય તેને મારે ઈનામ આપવું છે. ત્યારે બાવો બોલ્યો કે, બાપુ ! મેં મારીને કાઢી મૂક્યા છે. દરબાર કહે તું શું કાઢી શકે ? ત્યારે બાવો કહે હા બાપુ નક્કી કહું છું. તે સાંભળી દરબારના હાથમાં ઘોડાનું ચોકડું હતું તે બાવાના બરડામાં માર્યું અને ધોલ મારીને કહ્યું કે ગદ્ધિના તારા બાપનું ગામ છે કે મારું ગામ છે ? પછી ધોલ મારીને કહ્યું મારા ગામમાં જો તું રહીશ તો તારો નાશ કરી નાંખીશ. પછી તે બાવો ગામ છોડીને જતો રહ્યો અને દરબાર સંતને ગામ બહાર નદીએથી ઘરે તેડી લાવ્યા અને રસોઈ કરાવીને બે દિવસ રાખીને સમાગમ કર્યો ને પછી સંતને રજા આપી હતી એમ સાધુનો પક્ષ રાખ્યો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૭૫)*

## ગંગારામ મલ્લ આદિએ મહારાજનો પક્ષ રાખ્યો

જે ગામ ભૂજમાં શ્રીજીમહારાજ પધાર્યા હતા અને હીરજીભાઈ તથા સુંદરજીભાઈને ઘેર મહારાજ પણ હતા અને મહારાજને બેસવાને ઠેકાણે ગુમડું થયું હતું તે મહારાજ મેડી ઉપર રહેતા અને હીરજીભાઈ માંદા હતા તે વખતે તેમને જોવાને માટે ભૂજનો દીવાન જગજીવન મેતો આવેલો હતો. પછી જગજીવન ખુરશી ઉપર બેઠો. અને સુંદરજીભાઈને પૂછ્યું જે

સ્વામિનારાયણ અહીં છે ? ત્યારે સુંદરજીભાઈ કહે આંહીં તો નથી એમ કહ્યું એટલે મહારાજ મેડેથી દાદરે નીચે ઉતર્યા અને દાદરાના પગથિયા ઉપર બેઠા તે જોઈ જગજીવન ક્રોધાયમાન થયો અને સુંદરજીભાઈને કહ્યું જે આંહીં છે ને તમે કેમ ના પાડો છો ? પછી જગજીવને મહારાજને કહ્યું કે તમે લક્ષ્મીજીના પતિ ત્યારે મહારાજ કહે હા, ત્યારે કહે તમે રાધિકાજીના પતિ ? મહારાજ કહે હા, તે સાંભળી જગજીવને સુંદરજીભાઈને કહ્યું કે હું ખરો હોઉં તો તારાં ઘર ખોરડાં લુંટાવી લઉં. પછી મહારાજે સુંદરજીભાઈને કહ્યું કે કેમ સુંદરજીભાઈ ? ત્યારે સુંદરજીભાઈ કહે મહારાજ ! હમણાં ક્યાંઈક આઘા પાછા થાઓ તો સારું, પછી મહારાજે ગંગારામ મલ્લને ખબર કરી. એટલે ગંગારામ મલ્લ મહારાજ પાસે આવ્યા ને તેમને મહારાજે કહ્યું જે, જગજીવન મેતે આવી રીતે ઉપાધી કરી છે માટે તમો અમને રાખશો ? તે સાંભળીને ગંગારામ મલ્લ કહે કે, અમો અકેક જણ સો સો જણને મારી નાંખીએ એવા છીએ; માટે સુખેથી અમારે ઘરે પધારો. પછી મહારાજે જગજીવનને ઘેર કહેવરાવ્યું કે અમારે ગંગારામ મલ્લને ઘરે જાવું છે માટે સીગરામ મોકલજો પછી તે બાઈએ જગજીવનને બેસવાનો સીગરામ હતો તે મહારાજને બેસવા માટે મોકલાવ્યો અને જગજીવનની હવેલી પાસે થઈને મહારાજે સીગરામ હંકાવ્યો તે વખતે જગજીવન પોતાની અગાશી ઉપર બેઠો હતો અને સીગરામની આગળ એકસો મલ હતા, તે કીર્તન બોલતા બોલતા ચાલતા હતા. તે સાંભળીને જગજીવને પૂછ્યું કે આ કોણ જાય છે ? ત્યારે કોઈકે કહ્યું કે સ્વામિનારાયણ ગંગારામ મલ્લને ઘરે જાય છે ત્યારે જગજીવન બોલ્યો કે આ સીગરામ તો મારો છે તે કોણે મોકલ્યો ? પછી તેના માણસે કહ્યું કે તમારે ઘેરથી મોકલ્યો છે. પછી જગજીવનના મનમાં એમ થયું કે આને આપણે જીતી શકશું નહીં અને સૌ મલ્લના હાથમાં ઉઘાડી તરવારી હતી તે જોઈને જગજીવન પોતાના મનમાં સમજીને બેસી રહ્યો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૭૬)*

## વસોમાં પોલીસોએ સંતોનો પક્ષ રાખ્યો

એક વખત ગામ વસોમાં વીશ સાધુ ગયા હતા અને તે ગામમાં ભિક્ષાવૃત્તિ કરવા જતા હતા. પછી કસીયાજીને ખબર પડી જે સ્વામિનારાયણના સાધુ ગામમાં આવ્યા છે તે ગામ બગાડશે એમ જાણીને પોતે પોતાના નોકરોને બોલાવ્યા અને કહ્યું જે, સ્વામિનારાયણના સાધુને ગામ બહાર કાઢી મૂકજો. પછી પોલીસે સંતને કહ્યું કે મહારાજ ભિક્ષા માંગીને ઝટ ગામમાંથી બહાર નીસરી જજો. પછી સંતે કહ્યું કે બીજા બાવા માંગે છે અને અમારામાં શો દોષ છે ? તે અમને ના પાડો છો ? તે સાંભળીને પોલીસને દયા આવી જે આપણે આવા સંતને શા વાસ્તે દુઃખવવા પડે ? માટે પગાર ટુટી જાય તો ભલે પણ આવા સાધુને આપણે દુઃખવવા

નહીં, એમ વિચાર કરીને બધા પોલીસ કસીયાજી પાસે ગયા અને કહ્યું કે ''તેરા પગાર જલ જાય'' અતીત માગે, ફકીર માગે, બાવા માગે અને સ્વામિનારાયણના સાધુએ શું બગાડ્યું છે ? તે બીચારાને કાઢી મૂકવા ! કસિયાજી કહે જાઓ જાઓ ભલે માંગે તમે તમારી નોકરી ઉપર જાઓ. પછી બીજે દિવસે સંત ભિક્ષાવૃત્ત કરવા નીસર્યા અને તુળશીભાઈને ઘેર જઈને ''નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ'' એમ શબ્દ બોલ્યા તે વખતે તુળશીભાઈ નાહીને પૂજામાં બેઠા હતા તે પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો એટલે તુળશીભાઈ બોલ્યા જે આ નારાયણ હરે કોણે કહ્યું ? તે સાંભળી તેના ચાકરે કહ્યું કે બાપુ કોઈક સાધુ છે. પછી તુળશીભાઈ કહે તે સાધુને આંહીં બોલાવો. પછી સંતને મેડી ઉપર બોલાવી ગયા અને તુળશીભાઈએ તેમને પુછ્યું, જે મહારાજ ! તમે કોણ છો અને કેના સંત છો ? સંત કહે અમે સ્વામિનારાયણના સંત છીએ તે સાંભળી તુળશીભાઈના મનમાં ઘાટ સંકલ્પ થાતા હતા તે સમી ગયા. પછી સંતને પૂછ્યું જે તમે કેટલી મૂર્તિયો છો ? ત્યારે સંતે કહ્યું કે અમે વીશ સંત છીએ. પછી માણસ મોકલીને વીશે સંતને પોતાને ઘેર બોલાવ્યા અને બ્રાહ્મણ પાસે રસોઈ કરાવવા માંડી અને સંત સૌ કીર્તન બોલાવા મંડ્યા કીર્તન સાંભળીને તુળશીભાઈના અંતઃકરણમાં અતિશય શાંતિ થઈ ગઈ. રસોઈનો ઠાકોરજીને થાળ ધરીને પછી જમીને સંત પાછા કીર્તન ભક્તિ કરવા મંડ્યા ને તુળશીભાઈ માળા લઈને બેઠા તે વખતે કસિયાજીએ ખબર કઢાવી જે સ્વામિનારાયણના મુંડીયા ક્યાં છે ? પછી તપાસ કરનાર માણસે આવીને કહ્યું જે તુળશીભાઈની ' મેડી ઉપર કીર્તન બોલે છે. પછી કસિયાજીએ પોતાના હજુરી માણસને મોકલીને કહેવરાવ્યું, જે તુળશીભાઈને કહેવું છે એ મુંડીયાને રજા આપે પછી માણસે આવીને કહ્યું કે બાપા, બાપા; કસિયાજી બાપુએ કહ્યું છે, જે મુંડીયાને રજા આપે તે સાંભળી તુળશીભાઈ બોલ્યા જે આ મૂંડીયા તો માથા સાટે છે અને બાપાને જો પેટમાં દુઃખતું હોય તો તે આંહીંયાં આવે પછી તે માણસે જઈને સમાચાર કહ્યા જે તુળશી બાપે આવી રીતે સમાચાર કહ્યાં છે તે સાંભળીને કસિયાજી બોલ્યા જે કોઈ કાંઈ પણ બોલશો નહીં કેમ કે એમાંથી કલેશ થાય ને ઉપાધી વધે. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૭૭)*

## કારેલા ગામમાં સંતોનો પક્ષ જતે લીધો

કોઈ એક ગામમાં મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી ગયા હતા અને ત્યાં એક બાવો તેની જગ્યામાં રહેતો તે જગ્યામાં એ બન્ને સાધુને લઈ ગયો અને એક ઓરડામાં પુર્યા અને બહારથી સાંકળ વાશી દીધી. પછી તે બાવો પોતાનો છરો લઈને ઘસવા લાગ્યો તે સમે

કોઈક ક્ષત્રિય વર્ણ ત્યાં નીકળ્યો તેણે પૂછ્યું જે બાવાજી શું કરો છો ? બાવે કહ્યું જે, સ્વામિનારાયણના સાધુના નાક કાન કાપવાં છે તે સાંભળીને તે ક્ષત્રિયે તરત તે બાવાને માર મારીને ઓરડાનું કમાડ ઉઘાડીને સાધુને બહાર કહાડ્યા અને બ્રહ્માનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીને કહેતા હતા જે સ્વામી આપણાં નાક કાન કાપશે ત્યારે આપણે લોકમાં શું મોઢું દેખાડશું ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, આ લોકમાં સંબંધીને માટે કેટલિક વાર નાક કાન કપાવ્યાં હશે પણ આ તો સ્વામિનારાયણને અરથે છે એમ વાત કરતા હતા એટલામાં તે ક્ષત્રિયે સંતને ઓરડામાંથી બહાર કઢાડીને બન્ને સંતને બે ગાઉ સુધી મૂકી આવ્યો ને પગે લાગ્યો કે મારું કલ્યાણ કરજો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૭૯)*

## વીસનગરના ઉદયકુંવરે સત્સંગીનો પક્ષ રાખ્યો

ગામ વિસનગરમાં શોભારામ કરીને નાગર હતો તે જેટલા સત્સંગિ હોય તેને તડકે બેસારતો અને પોતાની બેન ઉદયકુંવર કરીને હતી તે સત્સંગિ હતી તે પણ સત્સંગિ સાથે તડકે બેસતી અને તેનો દીકરો બે વરસનો બળદેવ કરીને હતો તેને પણ સાથે તડકે બેસારતી અને શોભારામ ન્યાયધીશની જગ્યા ઉપર હતો તેથી સૌ સત્સંગિને હેરાન કરતો. પછી પોતાની બેનને દેખીને કહેતો જે બેન તું શા વાસ્તે બેઠી છું ? ત્યારે ઉદયકુંવર બોલ્યાં જે જા જા પીટ્યા તું ક્યાં મારો ભાઈ છો ? મારા ભાઈ તો બધા આ મારા તડકે બેઠા તે છે પછી તે સૌને ઉઠાડી મેલતો. એમ જ્યારે જ્યારે ઉપાધી કરે ત્યારે ત્યારે ઉદયકુંવર પોતાના દીકરાને સાથે લઈને સત્સંગિની સાથે રહેતાં એમ તેણે સત્સંગિનો પક્ષ રાખ્યો હતો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૮૦)*

## જાનબાઈએ મહારાજનો પક્ષ રાખીને પુત્રને વિદાય આપી

ગઢપુરમાં હરજી ઠક્કરની માતુશ્રી જાનબાઈ કરીને હતાં તે પોતે મહારાજ સારુ પીથલપર ગામનો ત્યાગ કરીને આવ્યાં હતાં. પછી એક દિવસ મહારાજને નહાવા માટે ઉનામણું જોતું હતું. ત્યારે તેમણે મોટી ત્રાંબાની દેગડી પાણી ઉનું કરવા માટે આપી તે જોઈ તેમનો દીકરો ધનજી હતો તે બોલ્યો કે મા નાનું ઉનામણું આપીએ નહીં ? આવડું મોટું આપ્યું તે સાંભળી જાનબાઈ બોલ્યા જે, તું મહારાજની સેવામાં આડો ફરે છે માટે આજથી મારે તારું મોઢું જોવું નથી. પછી ધનજી ઠક્કર ગઢપુરનો ત્યાગ કરીને તળાજે રહેવા ગયો અને તેમણે ત્યાં જ દેહ મેલ્યો પણ પોતાના સગા દીકરાને બોલાવ્યો નહીં. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૮૧)*

## ગુંદાળી ગામના કાઠી ભક્તોએ સંતોનો પક્ષ રાખ્યો

કાઠિયાવાડમાં ગુંદાળી ગામ છે તેમાં મામૈયો ને મેરામણ નામના બે બાઈઓ રહેતા હતા. તેમની માતુશ્રીનું નામ રાણદેબાઈ હતું. બન્નેય બાઈઓ એક વખત બીજે ગામ ગયા હતા તે વખતે શ્રી સ્વામિનારાયણના સાધુ ત્યાં આવ્યા. તેઓને રાણદેબાઈએ પોતાના સંબંધી પાસે પોતાને ઘેર બોલાવ્યા ને જમવા માટે રસોઈ કરાવી. રસોઈ તૈયાર થઈ તેવા સમયમાં ગામના ધણીએ વાત જાણી કે શ્રી સ્વામિનારાયણના સાધુ આપણા ગામમાં આવેલ છે. તે ગામ બગાડશે, તેથી તે સાધુને રાણદેબાઈને ત્યાંથી કાઢી મૂકો. પછી સંતને જમ્યા વિના પોતાનો માણસ મોકલીને કાઢી મૂકાવ્યા તેથી રાણદેબાઈને બહુ જ ખોટું લાગ્યું ને રડવા મંડ્યાં. તે સમયમાં પોતાના બન્નેય પુત્રો આવ્યા ને કહ્યું કે, માતુશ્રી કેમ રડો છો ? ત્યારે તેણે કહ્યું કે, તમારા મામાના સાધુ આવ્યા હતા તેમના માટે રસોઈ કરી પણ ગામના ધણીએ તેમને જમવા દીધા નહિ. ને રસોઈ અભડાવીને કાઢી મૂક્યા તેથી સાધુ જમ્યા વિના ગયા જેથી રડું છું. આવું પોતાની માતુશ્રીનું વચન સાંભળીને કહે કે, અમને રજા આપો. અમે ગામ ધણીને મારીને તમારી પાસે ગઢડે આવીશું. ને તમો આજે ગઢડે જાઓ ને કદાચ યુદ્ધમાં મરી જઈશું તો ધામમાં ભેગા થઈશું એમ કહ્યું. એટલે માતાએ રજા આપીને પોતે ગઢડે ગયાં ને બન્નેય ભાઈઓ ઢાલ, તરવાર, બંદૂક, બરછી વગેરે હથિયાર ધારણ કરીને ગામ ધણીને કહ્યું કે, મારા મામાના સાધુને કોણે કાઢી મૂક્યા ? ત્યારે ગામ ધણીએ કહ્યું કે, મેં કાઢી મૂક્યા. એમ કહ્યું કે તુરત તરવારે કરીને માથું ઉડાવી દીધું ને બધું ગામ લડવા તૈયાર થઈને આવ્યું તે બન્નેય ભાઈને મારી નાખ્યા. તે વખતે શ્રીજીમહારાજ રણસંગ્રામમાં પધારી સાધુના પક્ષે કરીને બન્નેય છોકરાઓને પોતાના અક્ષરધામમાં લઈ જઈને પોતાની સમીપની સેવામાં દાખલ કરતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૫૧)*

## કુંડળના રાઈબાએ માંચા ખાચરનો પક્ષ રાખ્યો

એક દિવસે મહારાજ સભામાં સંત હરિજનો સાથે બેઠા હતા. મહારાજ સત્સંગનો દૃઢ પક્ષ રાખવાની વાત કરવા લાગ્યા. તે ઉપર ગામ કુંડળનાં રહેવાસી રાઈબા નામનાં બાઈની વાત કહી. તે બાઈને એક હાથી અને બીજો રામ અને ત્રીજો મામેયો; આ નામના ત્રણ પુત્રો હતા. કારિયાણીના માંચા ખાચર ભાવનગરના રાજા સંગાથે બારવટે નીકળ્યા. આ વાત જાણીને રાઈબા સત્સંગના પક્ષને લીધે પોતાના ત્રણેય દીકરાને અને પોતે ગાડામાં ઘરસામગ્રી ભરીને ભક્તોત્તમ માંચા ખાચર સાથે બારવટે નિકળ્યાં. તેને જોઈને માંચા ખાચરે કહ્યું કે, 'બ્હેન !

તમે કેમ આવ્યાં ?' ત્યારે રાઈબાએ કહ્યું કે, તમે સ્વામિનારાયણના આશ્રિત છો અને અમે પણ સ્વામિનારાયણના આશ્રિત છીએ. આ જોતાં આપણે એક બાપનો સંબંધ થયો કહેવાય. તમે મરો અને અમે આ જીવીને શું કરવાના છે. આ રીતે પક્ષ લઈને માંચા ખાચર સાથે તે બાઈ પણ નીકળ્યાં. તે ફરતાં ફરતાં એક ભાવનગર રાજ્યનું ગામ હતું. તેમાં લૂંટવાનો રાત્રિએ મનસુબો કર્યો. એજ રાત્રિએ શ્રીજીએ દર્શન દઈને રાઈબાને કહ્યું કે, "તમારો હાથીયો નામનો દીકરો સવારે લૂંટવા જશે ત્યારે લલાટમાં ગોળી વાગવાથી મરી જશે. એને અમે ધામમાં લઈ જઈશું.' એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા. પછી બાઈએ સવારે ઉઠીને હર્ષાતિશયથી દાળભાત કંસાર કરીને ત્રણેય ભાઈઓને સાથે જમવા બેસાર્યા. તે વખતે હાથીયાને કહ્યું કે, "આજ મારે હાથે છેવટનું ખૂબ જમો. આજ તમારે ધામમાં જવાનું છે, તો સામે મુખે મરજ્યો પણ મારા સ્તને ધાવેલ હોવાથી પાછો પગ ધરશો નહિ. સૌ કોઈ બાયડી, છોકરાં, ગામગરાસ સારૂં મરે છે. આ તો સત્સંગના પક્ષ માટે મરવાનું છે. એથી ભગવાન ઘણા રાજી થશે" ઈત્યાદિ મા નાં શૂર વચનો સાંભળીને, હાથીઓ બોલ્યો કે, "માજી ! કાંઈ ચિંતા કરશો નહિ, મરવાનું તો સર્વ કોઈને છે, પણ સત્સંગીના પક્ષ માટે મરાશે એ તો બહુ મોટી વાત છે." એમ નિધડક કહીને વળી કહ્યું કે, "માજી ! તમે મારા ઉપર રાજી રહેજ્યો' પછી જમી ચળું કરીને ઢાલ તરવાર બાંધીને ઘોડીએ સ્વાર થઈને ગયા અને ત્યાં લડતાં લડતાં ગોળી કપાળમાં વાગવાથી દેહનો ત્યાગ થતાં, મહારાજ પોતાના ધામમાં તેડી ગયા. જે ઘોડી હતી તે ત્યાંથી જ્યાં મુકામ હતો ત્યાં એકલી આવી. તેને જોતાં જ રાઈબા મળ્યાં, અને કહ્યું કે, "તું ખરી બહાદુર' એમ શાબાશી આપીને, તેને પાણી પાયુ, અને ખરેરો કર્યો, પછી ખીલે બાંધીને, સવા મણ સાકર મંગાવીને વહેંચી." એમ બહુ ઉત્સાહ જણાવ્યો. આ સમયે માંચા ખાચર આવ્યા અને બાઈને કહ્યું કે, "તમારો દીકરો મરી ગયો તે બહુ ખોટું થયું.' એમ કહીને બહુ જ દિલગીરી જણાવવા લાગ્યા. તેને જોઈ શૂરવીર બાઈએ કહ્યું કે "એ તો ભગવાનના સુખમય ધામમાં ગયા છે એનો શો શોક કરો છો ! અહીંના કરતાં કોટિઘણું સુખ, મહારાજે રાજી થઈને આપ્યું તેમાં શોક કરવાનો હોય જ નહિ. આ જે બે દીકરા કેડે રહ્યા એનો શોક હવે કરો.આ રીતે અનન્ય ભક્ત રાઈબાએ સત્સંગનો દઢ પક્ષ રાખ્યો હતો. આ રીતની વાત મહારાજે નિજાશ્રિતોના શિક્ષણ માટે સભામાં કરી હતી. *(સદ્. શ્રી અદ્ભુતાનંદ સ્વામીની વાતો-૧૪૩)*

## મોકમ બારૈયાએ મહારાજનો પક્ષ રાખ્યો

વળી પ્રબોધિની એકાદશીના સમૈયા ઉપર કાનમ દેશના આવેલા હરિભક્તોએ મહારાજને સ્વદેશમાં લઈ જવા માટે પ્રાર્થના કરવાથી હા પાડેલી. તેમનો મનોરથ પૂર્ણ કરવા મહારાજ

સંતમંડળ સહિત વરતાલથી ચાલ્યા તે ગામ ગાના જઈને રાત્રિ રહ્યા. ત્યાંથી દાવોલ જઈને રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા તે બામણગામ રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા તે સરસવણી આવ્યા. ત્યારે કાનુબા ગાયકવાડ કે જેમને સયાજીરાવ ગાયકવાડે કોઈ કારણથી નજર બંધીખાને રાખેલા તેને ખબર થઈ કે, "સ્વામિનારાયણ આ દેશમાં ફરવા આવ્યા છે તેમને પકડીને આપણે અહીં બીધખાને નાંખીએ અને પછી કહીએ કે "અમને લાખ રૂપિયા આપો તો છોડીએ" એમના શિષ્યો ઘણા ધનાઢ્ય છે તેમની પાસેથી રૂપિયા ઉઘરાવીને આપણને જ્યારે આપશે ત્યારે જ છોડીશું. એ રૂપિયાથી સયાજીરાવ સાથે લડાઈ કરીને રાજ્ય લઈશું." એવો મનસુબો કરીને મહારાજને તેડવા માટે માણસ મોકલ્યો. તેણે સરસવણી આવીને મહારાજને કહ્યું કે– તમને કાનુબા ગાયકવાડ બોલાવે છે "આ એક રાજકીય તોફાન છે" એમ જાણીને મહારાજે સંતોને પાછા વળી જવાની આજ્ઞા કરી, ને પોતે ફક્ત મુકુંદ બ્રહ્મચારીને સાથે લઈને પાદરા આવ્યા. કચેરીમાં ગયા ત્યાં તો દરવાજા બંધ કરી દીધા. ખાધા પીધાનું પણ પૂછ્યું નહિ અને ઓઢવા પાથરવાનું પણ આપ્યું નહિ. વાચા વાણીથી, પણ સત્કાર નહિ કરતાં, બોલ્યા કે, "અમારે લાખ રૂપિયા જોઈએ, તમારા શિષ્યો બહુ છે, તેમની પાસેથી ઉઘરાણું કરીને ભેગા કરી આપો તો અમે અહીંથી નિકળવા દઈશું, નહિ આપો તો નહિ' આવું ઉદ્ધત વચન સાંભળીને 'મૂર્ખં છન્દાનુરોધેન' એ નીતિએ કહ્યું કે, "એક લાખ જ જોઈએ કે વધારે બે ત્રણ લાખ ? તમે કહો તેટલા લાખ આપીએ, અમારે રૂપિયાની ગણતરી જ નથી" એમ કહેવાથી બીજા કાંઈ સામુ નહિ બોલતાં નિરાંતે સૂઈ રહ્યા, પછી મહારાજ તો બ્રહ્મચારીને ત્યાં જ રહેવા દઈને, પોતે તો દરવાજા વાસેલા રહ્યા અને સ્વૈશ્વર્યથી બહાર ચાલી નીકળ્યા. આ અતર્ભિત રાજ્યોપાધિને કારણે કાનમમાં ફરવાનો વિચાર માંડી વાળીને, પાછા વળીને ગામ બામણગામ થઈને ગામ શેરડી આવીને મોંકમ બારેયાને ત્યાં એકલા રહ્યા. અને એમને કહ્યું કે, "અમે તો કાનુબા ગાયકવાડ સાથે વેર બાંધીને છાનામાના ચાલી નીકળીને અહીં આવ્યા છીએ. માટે તમે જોરાવરે રાખશો તો પણ નહિ રહીએ' આવું મહારાજનું દુઃખદ વચન સાંભળીને શૂરવીર મોકમ બારેયા બળથી બોલ્યા કે, "મારે એનો તૃણ જેટલો પણ ભાર નથી. એ શું કરવાનો છે ? જો પકડવા લશ્કર મોકલશે તો મહીસાગરનાં કોતરોની બન્ને બાજુથી બે ઝાડવાં કાપીને નાંખીશું અને એને વચ્ચે ઘાલીને મારી નાંખીશું. ગમે તેમ અમારી રીતે કરીશું, પણ તમને જરા જેટલી ઈજા નહિ આવવા દઈએ. એમ પ્રયત્ન કરવા છતાં કદાચ અમે હારીએ એમ જણાશે તો તમને તો આ કોતર કે જે ખંભાત સુધીનું લાંબુ છે ત્યાં થઈને ઠેઠ ખંભાત પહોંચાડી દઈશું. ગમે

તેમ અમે કરીશું પણ તમને કિંચિત્ હાનિ નહિ આવવા દઈએ' આવાં શૌર્ય ધૈર્યભર્યા બારેયાનાં વચન સાંભળીને, મહારાજે કહ્યું કે, "તમને ધન્ય છે, રાજ્યોપાધિને પણ નહિ ગણીને, મહા આપત્તિમાં અમારા રક્ષણની બાંહેધરી આપી, તમે અમારું બહુ રાખ્યું છે, તો તમારું પણ અમારે રાખવું પડશે" એમ વખાણીને આશ્વાસન આપીને ત્યાં રહ્યા. પછી ત્યાંથી ચાલવાની તૈયારી કરે છે ત્યાં તો સંતમંડળ પાછું વળીને બામણગામે આવી ગયું. પછી સર્વે નિરુપાધિ વડતાલ આવી રહ્યા. સત્સંગ કરાવતાં કેવા વિઘ્નો આવે છે તે જાણવા જેવી આ બાબત છે. *(સદ્. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૧૯૩)*

## વીહાભાઈએ સંતોનો પક્ષ રાખ્યો

ધોળકા તાલુકે મોટીબોરુ નામે ગામમાં વાઘેલા બાપાભાઈ ગાદીયે હતા તે વખતે તે ગામમાં આથમણી બાજુ હાલ સુરધનની દેરી છે ત્યાં એક ગગનગર નામે અતીત બાવો રહેતો હતો તેને દરબાર બાપાભાઈનો ઓથ હોવાથી તે સ્વામિનારાયણના સાધુને બહુ મારતો, રસ્તામાં દેખાય કે વાંસે દોડે ને આથમણી કોર બોરુ સુધી મારતો જાય ને ઉગમણી કોર જતા હોય તો બુટમાતા સુધી મારતો જાય પછી એકવાર શ્રીજીમહારાજ વડતાલથી ગઢડે આવતા હતા ત્યારે ગામ નાનીબોરુથી ઉગમણી કોર માતાની નાની દેરી છે ત્યાં દેરીથી ત્રીશ કદમ છે. મહારાજે પોતાનું વેલડું ઉભું રખાવ્યું. તે વખતે નાની બોરુના હરિજનો મહારાજને દર્શને આવ્યા તેમાં શેઠ દેવચંદ તથા હીરો સોની તથા ચીકો પંડ્યો એ ત્રણેયે મળીને મહારાજ આગળ સંતના દુઃખની વાત કહી તે સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે "આ નાનીબોરુમાં કોઈ મોટેરા હોય તો તેને અમારી પાસે બોલાવો ત્યારે હરિજનો બોલાવવા ગયા ને વીહોભાઈ નામે મુખી હતા તેને બોલાવી લાવ્યા તે વિહોભાઈ બહુ આબરૂદાર ને બહુ બંધાણી હતા ને હોકો તો એક ઘડીવાર પણ છેટો મુકતા નહિ તો પણ પોતે જાણ્યું જે "સ્વામિનારાયણ પાસે હોકો લઈને ન જવાય" તેથી દેરી પાસે પીપર હતી ત્યાં હોકો મુકીને પોતે મહારાજ પાસે આવીને પગે લાગ્યા. તે વખતે મહારાજ શેલડીનાં માદળીયાં જમતા હતા તે માદળીયાં પોતાની આગળ રૂમાલમાં હતાં તેમાંથી જમણે હાથે મુઠી ભરીને ડાબા હાથમાં રાખી તેમાંથી જમણે હાથે લઈને મુખમાં મુકે એવી રીતે જમતા હતા અને સામા વીહોભાઈ ઉભા હતા તેને માદળીયાં આપતા જાય ને વાત કહેતા જાય એમ ચાર પાંચ વાર મહારાજે જમતાં જમતાં માદળીયાં વીહાભાઈને આપ્યાં ને વાત કરી જે "વિહાભાઈ ! તમે ક્ષત્રી છો માટે ગાય; બ્રાહ્મણ અને સાધુની રક્ષા કરવી એ તમારો ધર્મ છે" ત્યારે તે બોલ્યા "હા મહારાજ ! કાંઇ સેવા હોય તો કહેજો હું

કરીશ'' પછી મહારાજે કહ્યું ''મોટી બોરૂવાળો ગગનગર અતીત છે તે બાપાભાઈની ઓથે રહીને અમારા સાધુ રસ્તામાં નિકળે તેને બહુ મારે છે તે તમને ખબર તો હશે ?'' ત્યારે વીહોભાઈ બોલ્યા જે ''ના મહારાજ ! આ વાત તો મેં આજેજ જાણી તે હવેથી જો મારશે તો જીવતો નહિ રહેવા દઉં'' એમ કહીને મહારાજને પગે લાગ્યા ત્યારે મહારાજે તેને આશીર્વાદ આપ્યો'' સાધુની રક્ષા કરશો તો તમે તમારા કુટુંબ સહિત સુખી રહેશો'' પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે ગઢપુર પધાર્યા અને વળતેજ દહાડે વીહોભાઈ મોટીબોરૂના દરબાર બાપાભાઈ પાસે ગયા ત્યાં દરબારે કસુંબો પીવાનો આગ્રહ કર્યો ત્યારે વીહોભાઈ બોલ્યા કે ''એ કસુંબો પછી પણ ઓલ્યો ગગનગર સ્વામિનારાયણના સાધુને મારે છે તે એનો કાંઈ ગુનો છે ખરો ?'' ત્યારે બાપાભાઈ કહે એતો ગાયો ગાયો વઢે તેમાં આપણે શીદ વચમાં પડવું ?'' તે સાંભળીને વીહોભાઈ ઉઠ્યા ને ચાલતા થયા ને કસુંબો પીધો નહિ ને બોલ્યા જે ''દરબાર ! ભલે એ બાવાને સોડમાં રાખજો પણ તમારે સોનાની ચુડલીવાળીયું ખૂણો ગોતશે ને અમારે તો નાતરે જાય વળી નાનીબોરૂમાં અમારાં રજપૂતનાં ત્રીશ ઘર છે તે કામ આવી જાશે ત્યાર પછી સ્વામિનારાયણના સાધુ ઉપર હવે ઘા થશે. એટલું કહીને તે નાનીબોરૂ આવ્યા પછી પાછળથી બાપાભાઈએ ગગનગરને બોલાવીને ઠપકો આપ્યો જે ''અલ્યા ફાટેલ, હવે જો તે સ્વામિનારાયણના સાધુને માર્યા તો તારો ભા વિહોભાઈ તને વાઢી નાખશે ને અમારાથી રખવાળું નહિ થાય, તારા સારૂ પાડોશના ક્ષત્રીનાં વેર નહિ વેઠાય માટે તું હવે આંહીથી જાતો રે'' ત્યારે તે ગગનગર સુરત તે ગામમાંથી જાતો રહ્યો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૨૪)*

## રજપૂત ભક્તે સંતોનો પક્ષ રાખ્યો

એકવાર સચ્ચિદાનંદ સ્વામી તથા તેના શિષ્ય સિદ્ધાનંદ સ્વામી તે ગુજરાતમાંથી કેરીના ટોપલા માથે લઈને મહારાજને કેરી જમાડવા સારૂ ગઢપુર આવતા હતા ત્યાં રસ્તામાં નાનીબોરૂ અને ભોળાદ વચ્ચે ઓજાકુઈ નામે તળાવડી છે ત્યાં એક ખીજડો હતો ને ત્યાં બોરૂથી નૈઋત્ય ખુણામાં નાના ભીમનાથ મહાદેવ છે ત્યાં એક અગડબંબ અતીત રહેતો હતો તેણે તળાવડી પાસેથી સાધુને જતા જોયા એટલે પાસે આવીને કહ્યું ''અબે મુંડીયા ! કેરી કા ટોપલા કીધર લે જાતે હો ?'' ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું ''સ્વામિનારાયણ સારૂ ગઢડે લઈ જઈએ છીએ'' ત્યારે તે બાવો કહે ''અબે હમારે વાસ્તે લાઓ, હમારે વાસ્તે લાઓ'' એમ બોલતો સાધુને મારવા માંડ્યો તે બોલતો આવે ને વાંસામાં સોટા મારતો આવે ને સાધુઓ માથે ટોપલા ઉપાડીને ચાલ્યા જાય ને કરગરતા જાય ને તે બાવાને થોડી થોડી કેરીઓ આપતા જાય પણ બાવાને

તો અઢી ત્રણ મણ કેરીઓ લેવાનો લોભ લાગેલો તે કેમ સાધુનો કેડ છોડે ? એટલે એ તો મારતો મારતો ઓજાકુઈ સુધી વાંસે આવ્યા પછી ત્યાં સાધુએ ટોપલા હેઠા મેલ્યા ને બાવા ઉપર ખીજ તો બહુ ચડી હતી પણ ગમ ખાઈને મહારાજને સંભારીને ક્રોધ શમાવ્યો. તે વખતે બાવો બોલ્યો કે "યે ટોપલા લેકર હમેરી જગ્યામેં ચલો નહિતો ફેર મારુંગા" ત્યારે સાધુઓ તો ઉભા ઉભા મહારાજની પ્રાર્થના કરતા હતા તેવામાં તે રસ્તે એક રજપૂત નિકળ્યો તેણે તે બાવાને કહ્યું "તું વગર વાંકે આ સાધુને કેમ મારે છે ?" ત્યાં તો તે અગડબંબ અતીત ક્રોધ કરીને તે રજપૂતની સામો થઈને ગાળો દેવા માંડ્યો ત્યારે તે રજપૂતે તે બાવાને પકડ્યો ને તેણે જે લૂગડાં પહેર્યા હતા તે બધાં કાઢી લીધાં ને તેને ખીજડા સાથે બાંધ્યો ને પાસે એક કેરીયાવાવ હતી તેમાંથી પાણી ભરીયાવીને ખીજડાના મૂળમાં રેડ્યું તેથી ખીજડાના થડમાંથી મકોડા ઉભરાઈને અસંખ્યાત નિકળ્યા ને બાવાને કરડવા લાગ્યા ત્યારે બાવો રાડ્યું નાખવા લાગ્યો જે "અરે મેરેકું છોડ દો, મેં મરજાતા હું મેરા પ્રાણ નિકલ જાતા હે" ને તે વખતે તે રજપૂતે સચ્ચિદાનંદસ્વામીને કહ્યું "મહારાજ ! તમે તમારા ટોપલા લઈને ચાલતા થાઓ નકર આ પાપી પાછો તમને સંતાપશે" ત્યારે સાધુઓ કેરીના ટોપલા માથે લઈને ચાલી નીકળ્યા તે બે ગાઉ જેટલા છેટે ગયા પછી રજપૂતે બાવાને છોડ્યો ત્યારે તે બોકાસા નાખતો પોતાની જગ્યામાં ભાગી ગયોને સચ્ચિદાનંદસ્વામી તથા સિદ્ધાનંદસ્વામી ગઢડે પુગી ગયા ને દાદા ખાચરના દરબારમાં મહારાજનાં દર્શન કરીને કેરીના ટોપલા આગળ મેલીને પગે લાગ્યા ત્યારે મહારાજ ઉભા થઈને બંનેને મળ્યા પછી સચ્ચિદાનંદસ્વામી મહારાજને કેરી જમાડી અને રસ્તામાં મળેલ અગડબંબબાવાની વાત વિસ્તારી ને કહ્યું "મહારાજ ! તે વખત એક રજપૂતે આવીને અમારી રક્ષા કરી તે સાંભળીને મહારાજ બોલ્યા જે "તમારા જેવા સાધુની જેણે રક્ષા કરી તેનું સારુ થાશે" એમ મહારાજે રાજી થઈને આશીર્વાદ આપ્યો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૨૫)*

## હરિભક્તોએ સંતોનો પક્ષ રાખ્યો ને કંગાલદાસને માર્યો

એકવાર કાઠિયાવાડમાં આઠ સાધુ એક ગામને પાદર નિકળ્યા ત્યાં કંગાલદાસ બાવો ખરડો લઈને ધ્રો ખોદતો હતો તે સાધુને દેખીને બોલ્યો જે "અરે જીવન્મુક્તા કહાં જાતા હૈ ?' એમ કહી બેઠો થઈ આડો ફરી વળ્યો ને સાધુના વાંસામાં ખરપાના હાથા મારવા માંડ્યો તે સાધુ સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહેતા જાય ને બાવો મારતો જાય તે બધા સાધુના વાંસામાં દશ દશ બાર બાર ખરપાના હાથા માર્યા પણ સાધુને મહારાજે નિર્માની વર્તમાન આપેલ જે

"તમે સો જણા હોને કોઈ એક જણો આવીને તમને મારવા માંડે તો તેનો માર ખાવો પણ તેને સામું મારવો નહિ" તેથી કોઇ સાધુ તે બાવાને બોલ્યા નહિ ને ત્યાંથી ચાલી નિસર્યા ને બે ગાઉ ઉપર હરિભક્ત રહેતા હતા તે ગામમાં ગયા ને હરિભક્તને ઘેર જઇ કોઢમાં ઉતારો કર્યો પછી ગામમાંથી હરિભક્ત બેસવા આવ્યા તેને મોટા સાધુએ મહારાજના મહિમાની તથા ઉપદેશની વાતો કરી પછી હરિભક્ત કહે "હવે અમે વાળુ કરી આવીએ ત્યારે મોટા સાધુએ કહ્યું "આ સાધુ પડી ગયા છે તેને વાંસામાં હળદી મીઠું ભૂંસવું છે. તે તથા છાણાં લઈ આવો" ત્યારે તે એક તાંસળીમાં મીઠું અને હળદી લાવ્યા ને છાણાં પણ લાવ્યા ત્યારે સાધુએ તેનો આડ ખડકીને સળગાવ્યો ને હળદી મીઠું ઉના કરીને સહુ વાંસામાં ભૂંસવા લાગ્યા તે જોઈને હરિભક્ત બોલ્યા જે, "હે સ્વામી તમને કોઈકે માર્યા છે કારણકે વાંસામાં ભરોડો ઉઠી છે" ત્યારે તેમાંથી એક નવા સાધુ બોલી ઉઠ્યા જે "ઓલ્યા ગામના કંગાલદાસ બાવે અમને માર્યા છે તે સાંભળીને હરિજનને અંતરમાં દાઝ થઈ પછી તે વાળુ કરીને ચાર જણા રાશું લઇને બોકાનાં વાળીને કંગાલદાસને ઘેર ગયા ત્યાં તે બાવો ફળિયામાં પીંપર હેઠે ખાટલામાં સૂતો હતો તેને રાશથી ખાટલા સાથે વીંટી લીધો ને પછી ખાટલા સહિત ઉપાડીને ચારે જણા ચાલતા થયા ને અરધા ગાઉ ઉપર એક વોકળામાં ખાટલો ઉતારીને મારવા લાગ્યા ત્યારે કંગાલદાસ બોલ્યો કે "અરે તમે કોણ છો ને મને શા સારૂ મારો છો ?" ત્યારે તે ચારેય જણા બોલ્યા જે "અમે ધર્મરાજાના પાર્ષદ છીએ તે ઓલ્યા સ્વામિનારાયણના સાધુને ખરપાના હાથા માર્યા તે માટે તને દંડ દેવા આવ્યા છીએ' એમ કહી તેને સારી પેઠે માર મારીને ખાટલો ઉંધો નાખીને ઘેર આવતા રહ્યા પછી સવારે તેનાં ઘરમાં માણસો ઉઠીને જુએ તો બાવાને ફળિયામાં ખાટલા સહિત દેખ્યો નહિ ત્યારે તેનાં છોકરાં ઘેર ઘેર સમાચાર પૂછવા લાગ્યા પણ કોઈએ તેના સમાચાર આપ્યા નહિ પછી બીજે દિવસે તે બાવાના પાસેથી કોઈક માણસ નિકળ્યો તેણે પૂછ્યું જે "અલ્યા ખાટલા હેઠે તું કોણ છો ?" ત્યારે તેણે કહ્યું "હું કંગાલદાસ બાવો છું" પછી માણસે પૂછ્યું "તું અહીં કેવો ?" ત્યારે તે બોલ્યો કે "મને તો ધર્મરાજાના પાર્ષદ બાંધીને મારીને અહીં નાખી ગયા છે" ત્યારે તે સમાચાર તે માણસે ગામમાં જઈ તેનાં છોકરાંને કહ્યા ત્યારે ચાર જણા જઈને તે બાવાને ખાટલા સહિત ઉપાડીને ઘેર લાવ્યા તે માંડ છ મહિને સાજો થયો એમ જે નિર્માની સાધુનો અપરાધ કરે છે તેને ભગવાન હરકોઈ દ્વારા આ લોકમાંજ દંડ આપી દે છે. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૫૩૨)*

## કેશરમિયાએ મહારાજનો પક્ષ રાખ્યો

એક સમયને વિષે શ્રીજીમહારાજનો ભક્ત કેશરમીયાં વઢવાણનાં કારભારી મેતા ભાણજી ભેળો ધ્રાંગધરે ગયો હતો ત્યાં એકવાર પોતાને ઉતારે ભાણજી મેતો બેઠો હતો ત્યાં કંઠી તીલક વિગેરે સત્સંગીનો ખોટો ડોળ કરીને એક બ્રાહ્મણ આવ્યો ને બોલ્યો કે ‘‘મારે ગઢડે સ્વામિનારાયણનાં દર્શન કરવા જવું છે માટે ખર્ચ સારુ મને બે રૂપિયા આપો’’ ત્યારે ભાણજી મેતાને મહારાજને વિષે દ્રોહબુદ્ધિ હતી તેથી તે બ્રાહ્મણના શબ્દ સાંભળીને અતીશે રીસ કરીને બોલ્યો કે ‘‘જો તું સ્વામિનારાયણને ગાળ દે તો તને મૂઠી રૂપિયા આપું’’ ત્યારે તે બ્રાહ્મણ રૂપિયા સારુ લોભાઈને મહારાજને ગાળ દેવા તૈયાર થયો ત્યારે ત્યાં કેશરમીયા હતા તે બોલ્યા કે ‘‘હે વિપ્ર ! જો તું સ્વામિનારાયણને ગાળ દઈશ તો હું તારા માથામાં તલવાર મારીશ ત્યારે ભાણજી મેતાએ પ્રેર્યો તેથી તેણે મહારાજને ગાળ દીધી’’ ત્યારે કેશરમીયાએ તેના માથામાં મીયાન સહિત તલવાર મારી એટલે તે પડી ગયો પછી ભાણજી મેતે રીસ કરીને કેશરમીયાંને નોકરીમાંથી બરતરફ કરીને કાઢી મેલ્યો ત્યારે તે વઢવાણ જઈ ઉચાળા ભરીને બાઈ પાસે રજા માગવા ગયો ને કહ્યું કે ‘‘મને ભાણજી મેતે કાઢી મેલ્યો એટલે હું બીજે રહેવા જાઉં છું’’ ત્યારે તે બાઈ બોલ્યા કે ‘‘તું ત્રણ પેઢીનો અમારો ચાકર છો તે તને હું નહિ જવા દઉં ને ભાણજી મહેતાને હું કહીશ એટલે તને કાંઈ નહિ કહે’’ એમ કહીને તેને પાછો નોકરીમાં રાખ્યો તે પછી કાઠીનાં ઘોડાં ફર્યા ને વઢવાણનું મહાજન ક્યાંક જતાં હશે તેને લૂંટયું તેની વાંસે વઢવાણના દરબારની વાર ચડીને ગઢડું ઉલંઘીને આઘેરા ગયા તો પણ તે લૂંટારા ભેગા ન થયા એટલે તેઓ પાછા વળ્યા ત્યારે બીજા સ્વારો બોલ્યા કે ‘‘કેમ કેસરમીયાં, અહી સ્વામિનારાયણ છે તેના દર્શન કરવા તું જઈશ ?’’ ત્યારે તેણે કહ્યું ‘‘તમે પણ મહારાજનાં દર્શન કરવા આવો તો સારું’’ ત્યારે બીજા સ્વાર બોલ્યા કે ‘‘તું તો તેનો ભક્ત છો તે દર્શન કરવા જઈશ એટલે સ્વામિનારાયણ પોતાની કોટમાંથી સોનાની ઉતરી ઉતારીને તને આપશે કેમ કે તું કહે છે કે એ ભગવાન છે ને જો તને ઉતરી આપે તો એ ભગવાન ખરા’’ ત્યારે કેસરીયાં કહે ‘‘એતો ભગવાન છેજ ને મને ઉતરી આપશેજ’’ એમ વાત કરતા સરવે દાદા ખાચરના દરબારમાં આવ્યા તે વખતે શ્રીજીમહારાજ સાધુ હરિજનની સભા મધ્યે ઢોલિયા ઉપર સુંદર વસ્ત્ર થતા ઘરેણા તથા સુંદર પુષ્પના હારતોરા ગજરા પહેરીને વિરાજમાન હતા તેનાં દર્શન છેટેથી સહુએ કર્યા ત્યારે મહારાજે સભાને કહ્યું ‘‘મારગ કરોને એને દર્શન કરવા સારુ આવવા દીયો’’ ત્યારે સભામાં માગ થયો એટલે એ સહુ પાસે જઈને મહારાજના દર્શન કર્યાં ત્યારે મહારાજે પોતાની

કોટમાંથી સોનાની ઉતરી કાઢીને કેસરમીયાંને આપી તથા પુષ્પનોહાર આપ્યો ને બીજાઓને પણ પુષ્પના હાર આપ્યા પછી કેસરમીયાં પ્રત્યે મહારાજ એમ બોલ્યા કે "તમને ભાણજી મેતાએ શા સારુ બરતરફ કરીને કાઢી મેલ્યા હતા તે વાત કહો" ત્યારે તેણે તે વાત કહી તે સાભળીને મહારાજે કહ્યું "તારો પગાર તુટી જાત તો શું ખાત ?" ત્યારે કેસરમીયાં કહે "ભીખ માગી ખાત પણ તમને ગાળ દે તે કેમ ખમાય" તે સાંભળીને મહારાજ અતિ પ્રસન્ન થઈને કેસરમીયાં પ્રત્યે બોલ્યા કે "તું વર માગ્ય ત્યારે તેણે તે બે વર માગ્યા કે "મારે ઘેર જે કોઈ મરે તેનું કલ્યાણ થાય ને તેને જમ લેવા ન આવે" ત્યારે તેને તે વર મહારાજે આપ્યો તે અદ્યાપિ લગી તેને ઘેર જે મરે છે તેને મહારાજ તેડી જાય છે ને તેનું કલ્યાણ થાય છે. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૯૮)*

## વઢવાણના જાલમસિંહે સંતોનો પક્ષ રાખ્યો

મૂળજીશેઠના મકાન વઢવાણમાં મોટા મોટા સંતો રહેતા હતા. તે દરરોજ ધરમ તળાવે સ્નાન કરવા જતા હતા. એમાં એક દિવસ જાલમસિંહે સંતોને પૂછ્યું કે નદી તમારે નજીક થાય છે તો ત્યાં નાવા જતા હોય તો ! આટલે બધે દૂર શા માટે આવો છો. ત્યારે સંતોએ કહ્યું કે, રામમહોલના બાવાજી અમોને મારે છે તેથી અમો તે રસ્તે થઈને નીકળતા પણ નથી. માટે આ ધરમ તળાવમાં નાહવા આવીએ છીએ.

પછી તે જાલમસિંહે રામમહોલમાં જઈને ત્યાંના બાવાજીને કહ્યું કે, સ્વામિનારાયણના સાધુને તમે મારો છો પણ હવે જરા પણ આંગળી પણ અડાડશો તો મારા જેવો કોઈ ભૂંડો નથી ! હવે કોઈ દિવસ તેમનું નામ પણ લેતા નહિ. આવી ધમકી મારીને તે સંતો પાસે આવ્યા ને કહ્યું કે, તે બાવાજી હવે તમને કાંઈ પણ હરકત નહિ કરે. માટે તમે નચિંત રહીને ગામમાં ગમે તે જગ્યાએ જજો. પછી સંતોને તે બાવાજી કનડગત કરતો બંધ થઈ ગયો ને નિર્ભય થઈ ફરતા હતા. આમ, આવા મોટા સંતનો પક્ષ લઈને જાલમસિંહ ભાગ્યવાન થયા હતા.

# સંકલ્પો પૂરા કર્યા ને વર્તમાન ધરાવ્યા

## પીપળાવાડીએ (ગઢપુરમાં) ઝાડને વર્તમાન ધરાવ્યાં

અને શ્રીગઢપુરથી ઉત્તર દિશામાં પીપળાવાળી વાડી છે. ત્યાં પહેલાં બીડ હતું. ત્યાં કોઈક સમયને વિષે શ્રીજીમહારાજ પધાર્યા હતા. તે બીડ જોઈને મહારાજ એમ બોલ્યા જે, "આ તો ભારે વાડી થાય એવું છે." ત્યારે હરિભક્ત બોલ્યા જે, "આ વૃક્ષ સર્વે ખોદી નાખવા પડે. " ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તો ખોદી નંખાય." તે વાત સચ્ચિદાનંદસ્વામીએ સાંભળી. પછી બીજે દિવસે સવારમાં વહેલા ઊઠીને તે બીડમાં જઈને "સ્વામિનારાયણ... સ્વામિનારાયણ..." ધૂન કરતા જાય ને ઝાડવાને વર્તમાન ધરાવતા જાય. તે સર્વે વૃક્ષ સુકાઈ ગયાં. પછી મહારાજ એમ બોલ્યા જે, "આજ સચ્ચિદાનંદસ્વામી ક્યાં ગયા છે ?" ત્યારે બીજાએ કહ્યું જે, "હે મહારાજ, આપણે જે બીડમાં સંકલ્પ કર્યા હતા, તે જાણીને ત્યાં ગયા છે." પછી સચ્ચિદાનંદસ્વામી આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "તમો ક્યાં ગયા હતા ?" ત્યારે સચ્ચિદાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ, કાલને દિવસ આપે દૃષ્ટિએ જોયાં જે વૃક્ષ તે સર્વેને વર્તમાન ધરાવીને ધામમાં મોકલ્યા." *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૧૪)*

## થાણાગાલોલના માવા ભક્તને મેઘપુરમાં વર્તમાન ધરાવ્યાં

અને થાણાગાલોલ ગામના પટેલના પુત્ર માવો ભક્ત હતા. તેણે એમ ધાર્યું કે, પ્રગટ ભગવાન મળે તો દેહ રાખવો, નહીં તો દેહને પાડી નાખવો. તે સારુ ગિરનારની ગુફામાં અન્ન-જળ મેલીને તપ કરવા મંડ્યા. પછી તેને આકાશવાણીએ કહ્યું જે, "તું અન્ન-જળ મેલીને દેહ શા સારુ પાડી નાંખે છે ? સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે, તેનો આશરો કર તો કલ્યાણ થાશે." એમ ત્રણ વાર શબ્દ થયો. પછી માવા ભક્તે જાણ્યું જે, ભગવાન પ્રગટ થયા છે ખરા. પછી ઘેર આવ્યા ને મહારાજના સમાચાર પૂછીને મેઘપુરમાં મહારાજનાં દર્શન કર્યાં. ને જે વખત મહારાજ મૂળજીને દર્શન દઈને આવતા હતા, તે સમે માવો ભક્ત બોલ્યા જે, "મહારાજ, મને વર્તમાન ધરાવો." પછી મહારાજે માથે હાથ મેલ્યો ને કહે, "આ વર્તમાન." એમ માવો ભક્ત તે સમે મહારાજનો નિશ્ચય કરીને ઘેર ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૧૭૧)*

## લુણાવાડાના લક્ષ્મીરામને વર્તમાન ધરાવ્યાં

અને ગામ લુણાવાડાના લક્ષ્મીરામ જાની ગિરનાર તીર્થ કરવા ગયા હતા. ને ત્યાં ગુરુ દત્તાત્રેયનાં પગલાંનાં દર્શન કરીને પાછા વળ્યા. ત્યારે તે પર્વતમાં તપસ્વી જોઈને મનમાં એમ

થયું જે, "આમના ભેળું તપ કર્યું હોય તો સારું; પણ ઘરે પરવારીને આવું." એમ વિચાર કરીને ઘેર આવ્યા. પછી કોઈક સમે સુથરામપરે ચીબુટા નદીએ ના'વા ગયા ને ત્યાં દાતણ કરતા હતા. તેને મહારાજે આકાશવાણી કરીને પોતાનો નિશ્ચય કરાવ્યો જે, "સ્વામિનારાયણ ભગવાન છે." એમ ત્રણ વાર શબ્દ થયો. એટલે તેણે ચારેકોર જોયું, પણ કોઈ મનુષ્ય ન દીઠું. પછી વળી શબ્દ થયો જે, સ્વામિનારાયણ ભગવાન છે." એમ ફેર ત્રણ વાર આકાશવાણી થઈ.

પછી તો તે નાહી, ઘેર જઈને મંદિરમાં આવ્યા ને કૃષ્ણાનંદસ્વામી રામપરાના મંદિરમાં હતા, તેમની પાસે વર્તમાન ધારીને મહારાજનો નિશ્ચય કરીને ઘેર ગયા. એટલે એમની મા કહે, "તું સત્સંગ મેલે તો હું ખાઉં, નહિ તો નહિ ખાઉં." પછી તે કહે, "તું મરી જાય તોય સત્સંગ નહિ મેલું." ત્યારે તે ડોસી બોલી જે, "તું મને કોલ દે જે તારે સાધુ ન થાવું." પછી તે બોલ્યા જે, "જા, હું સાધુ નહિ થાઉં." એમ ઘણાંક વિઘ્ન આવ્યાં તોય સત્સંગ ન મેલ્યો. તે તેમની માએ લક્ષ્મીરામને એમ કહ્યું જે, "લક્ષ્મીરામ, તું સ્વામિનારાયણને ભગવાન કહે છે, તે જો મને દર્શન આપે તો હું ભગવાન માનું." પછી લક્ષ્મીરામ કહે, "ધ્યાન કરો તો દર્શન આપે."

પછી તે ડોસી એકાદશીને દિવસે રાત્રિએ ચોકો કરીને ઘીનો દીવો કરીને સોળે મહારાજના ધ્યાનમાં બેઠી તે ઊંઘી ગઈ. પછી મહારાજે દર્શન દીધાં ને એમ બોલ્યા જે, "તું લક્ષ્મીરામનો કેમ દ્રોહ કરે છે ? ને આ તારી છોડી છે તે તારી બીકે કરીને છાનું અમારું ભજન કરે છે. માટે એ પણ અમારી ભક્ત છે. તેનો દ્રોહ કરીશ મા." એમ મહારાજે કહ્યું. એટલે દ્રોહ મેલીને પાંચ માળા ફેરવવા લાગી. પણ ગોસાઈજીમાં મોટેરી હતી એટલે પ્રસિદ્ધ સત્સંગ કરી શકી નહીં. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૧૭૨)*

## લંગાળાના ગોયા આયર તથા દાન ભક્તને મહારાજે વર્તમાન ધરાવ્યા

શ્રીગામ લંગાળાના આયર ગોયો ભગત તથા દાનભગત બે જણ પોતાના ઘેરથી ગોળનાં બે ભેલાં લઈને ગઢપુર મહારાજને દેવા માટે ચાલ્યા તે રસ્તામાં આવતાં ગામ રાજપીપળામાં રાત રહ્યા, પણ પોતા પાસે ભાતું કાંઈ નહીં તેથી તે ગામમાં તેમનાં સંબંધી રહેતાં હતાં તેમને કહ્યું જે, એ બે ગોળના ભેલાં તમે રાખો અને અમને ભાતું કરી આપો પછી તેમનાં સંબંધીએ તેમને ભાતું કરી આપ્યું અને કહ્યું કે આ ભેલાં તમે સ્વામિનારાયણને આપજો. પછી બન્ને ભાઈ ગઢપુરમાં આવ્યા અને ઉતારે ગોળનાં ભેલાં મૂકી મહારાજને દર્શને આવ્યા પછી મહારાજે કહ્યું જે ગોયા ભગત તથા દાનભગત, તમારા સંબંધીએ તમને ભાતું કરી આપ્યું છે ને અમારી

સારું ગોળનાં બે ભેલાં લાવ્યા છો તે ક્યારે લાવશો ? લાવોને પછી બન્ને ભાઈઓએ ગોળનાં ભેલાં લાવી મહારાજ પાસે મેલ્યાં અને મહારાજને કહ્યું કે મહારાજ ! અમને વર્તમાન ધરાવો અમો આવો સંકલ્પ કરીને આવ્યા હતા પછી મહારાજે વર્તમાન ધરાવ્યાં અને સત્સંગિ થયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૯૩)*

## રેવાના ગોવિંદરામ વિપ્રને વર્તમાન ધરાવ્યા

ગામ રેવાના ગોવિંદરામ ઉપાધ્યાય બ્રાહ્મણ હતા તેણે એવો સંકલ્પ કર્યો જે હું ગઢપુર જાઉં અને મહારાજ મારી પાસેથી સોપારી માંગી લીયે તો ભગવાન ખરા, પછી તે ગઢપુર આવ્યા અને દરબારમાં મહારાજને પગે લાગીને ઊભા રહ્યા, પછી મહારાજે કહ્યું જે, ગોવિંદરામ ! સોપારી ક્યાં સુધી ઝાલી રાખશો ? લાવો મેલોને અમારી પાસે. પછી ગોવિંદરામે સોપારી મહારાજ પાસે મૂકીને મહારાજને કહ્યું કે, મહારાજ ! મને વર્તમાન ધરાવો તમે ભગવાન ખરા હું એવો સંકલ્પ કરીને આવ્યો છું. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૯૪)*

## વાવડીના વકાભાઈ ગરાસિયાને વર્તમાન ધરાવ્યા ને ઘર કૃષ્ણાર્પણ કર્યું

ગામ વાવડીના વકોભાઈ કરીને ગરાસિયા હતા તે ગઢપુર આવવા માટે તૈયાર થયા અને ત્યાંનો બાવો ભગવાનગર કરીને હતો તેને વકાભાઈએ કહ્યું જે ભગવાનગર ગઢપુર આવીશ ? ભગવાનગર કહે આવું તો ખરો પણ હું ચાર ભેંસોની છાશ કરું છું તે સ્વામિનારાયણ ભગવાન છે તે કરી દેખાડે તો આવું. વકોભાઈ કહે ચાલને, સ્વામિનારાયણ ભગવાન છે તે કરી દેખાડશે. તેને લઈને પછી ગઢપુર આવ્યા અને મહારાજને પગે લાગવા ગયા ત્યાં મહારાજ બોલ્યા જે ભગવાનગરને લાવ્યા ? ત્યારે વકોભાઈ કહે, હા મહારાજ ! ત્યારે મહારાજ કહે તે તો વેરાગી. વકોભાઈ કહે ના મહારાજ ! તે તો વૈરાગી છે. મહારાજ કહે એક તો ચાર વાગે ઉઠીને ચાર ભેંસોની છાશ કરે તે રાગ એમ કહીને મહારાજે છાશ કરી દેખાડી અને બીજો રાગ મહારાજ કહે ભેખ લીધો તે, એમ મહારાજે કહ્યું તે સાંભળી ભગવાનગર બોલ્યો કે મહારાજ ! તમે ભગવાન ખરાં મેં સંકલ્પ કર્યો હતો જે ભગવાન હોય તો મને છાશ કરી દેખાડે તો ભગવાન ખરા માટે વર્તમાન ધરાવો પછી વર્તમાનધારી પોતાને રહેવાનું જે ઘર હતું તે મંદિરમાં કૃષ્ણાર્પણ કર્યું. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૯૫)*

## સાતપડાના ભગા ભગતને વર્તમાન ધરાવ્યા

ગામ સાતપડાના ભગાભગત હતા તેણે એવો સંકલ્પ કર્યો કે સ્વામિનારાયણના દર્શને જાઉં અને તેમની ડુંટી ઉપર રૂપિયો મેલવા દે તો ભગવાન ખરાં, પછી તે ગઢપુર આવ્યો અને સભાથી છેટે લીમડા નીચે ઉભો રહ્યો. પછી શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન

હતા તેઆડે - પડખે થયા ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે મહારાજ ! કેમ આડે પડખે થયા ? મહારાજે કહ્યું ઓલ્યો ભગલો ક્યારનો ઉભો થઈ રહ્યો છે આવ ભગા, મેલ મારી ડુંટી ઉપર રૂપિયો. પછી ભગાભગતે આવી મહારાજની ડુંટી ઉપર રૂપિયો મેલ્યો પછી મહારાજને કહ્યું કે મહારાજ ! તમે ભગવાન ખરાં માટે મને વર્તમાન ધરાવો પછી વર્તમાન ધારી સત્સંગિ થયો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૯૬)*

## કુકડના ગરાસિયા ભગવાનસિંહ તથા હરિસિંહનો સંકલ્પ પૂરો કર્યો

ગામ કુકડના ગરાસિયા ભગવાનસિંહ તથા હરિસિંહ બન્ને જણે મનમાં સંકલ્પ કર્યો જે આપણે ગઢપુર સ્વામિનારાયણના દર્શને જઈયે અને ડાબે પડખે બેસીએ અને ત્યાંથી ઉઠાડીને આપણને જમણે પડખે બેસાડે તો ભગવાન ખરાં અને ચાલીએ ત્યારે ત્રીજે ડગલે ગુલાબનો હાર આપે તો ભગવાન ખરા. પછી બન્ને ભાઈ અને સાથે એક ચારણ હતો તેઓ ગઢપુર આવ્યા અને ગઢપુરમાં હરજી ઠક્કરને ઘેર ઉતર્યા પછી દરબારમાં મહારાજને દર્શને ગયા, મહારાજને પગે લાગી ડાબે પડખે બેઠા. મહારાજ કહે ભગવાનસિંહ હરિસિંહ તમારો માર્ગ તો જમણે પડખે રાખ્યો છે. ને ડાબે પડખે કેમ બેઠા ? તે જોઈ ચારણના મનમાં એમ થયું કે આ તો એક સંકલ્પ સિદ્ધ થયો અને જો બીજો સંકલ્પ સિદ્ધ થશે તો સત્સંગિ થશે મહારાજ પાસે અત્યારે હાર નથી ત્યારે ક્યાંથી લાવશે ? પછી ચારણ બોલ્યો કે બાપુ ચાલો ઉતારે પછી બને ભાઈ મહારાજને પગે લાગી ઉભા થયા અને જ્યાં ત્રીજું ડગલું ભર્યું ત્યાં તો મહારાજ બોલ્યા જે લ્યો, ભગવાનસિંહ ! હરિસિંહ ! આ હાર, તે વખતે મહારાજના હાથમાં રૂમાલ હતો તે રૂમાલનો ઘા કર્યો એટલે બે હાર થયા તે બે ભાઈને પહેરાવ્યા તે જોઈને મહારાજને કહ્યું જે, મહારાજ ! અમને વર્તમાન ધરાવો અમે આવો સંકલ્પ કરીને આવ્યા હતા. ત્રીજો સંકલ્પ એવો હતો જે ચાલીએ ત્યારે આપણને તાણ કરીને બે દિવસ રાખે તો ભગવાન ખરાં. પછી ચાલતી વખતે મહારાજની રજા લેવા ગયા ત્યારે મહારાજે કહ્યું જે, હમણાં બે દિવસ રોકાઓ ને મુક્તાનંદ સ્વામીની વાતુ સાંભળો પછી જજો. તે જોઈ ચારણના મનમાં એમ થયું કે આના બધા સંકલ્પ સિદ્ધ થયા માટે હું પણ સત્સંગિ થાઉં. પછી ચારણે મહારાજને કહ્યું જે મહારાજ ! મને વર્તમાન ધરાવો. મહારાજ કહે તારો જીવ આસુરી છે તે તારે વર્તમાન નહીં રહે પછી ચારણ શરમાણો તે બેસી ગયો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૯૭)*

## ઘોઘા બારાના ત્રણ બ્રાહ્મણનો સંકલ્પ પૂર્ણ કરીને વર્તમાન ધરાવ્યા

ઘોઘા બારાના ત્રણ બ્રાહ્મણ ગઢપુર આવ્યા અને ઘેલામાં નાહીને એવો વિચાર કર્યો છે, આપણે સ્વામિનારાયણને ન ભાળીએ અને તે આપણને ન ભાળે અને આપણી ત્રણેની ડોકમાં

ગુલાબના સરખા હાર હોય તો ભગવાન ખરા; પછી તે ત્રણે જણ આવી દરબારમાં આથમણાબારના ઓરડાની ઓસરીની કોર આગળ ઉભા રહ્યા. એકબીજાની ડોક સામું જોવા માંડ્યા એટલે ત્રણેની ડોકમાં સરખા ગુલાબના હાર જોયા, પછી ત્રણે જણા આવીને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા અને મહારાજને કહ્યું કે હે મહારાજ ! અમને વર્તમાન ધરાવો અમે આવો સંકલ્પ કરીને આવ્યા હતા, જે સ્વામિનારાયણ ભગવાન હોય તો ત્રણેની ડોકમાં ગુલાબના સરખા હાર હોય પછી તે વર્તમાન ધારી સત્સંગિ થયા ને પછી ઘરે ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૯૮)*

## પહવીના હરજી તથા દેવજી કૂંભારનો સંકલ્પ પૂર્ણ કરીને વર્તમાન ધરાવ્યા

ગામ પહવીના હરજી તથા દેવજી કરીને કુંભાર ભગત હતાં તે ગઢપુર મહારાજને દર્શને આવ્યા અને નદીમાં નાહીને બેઉ જણે સંકલ્પ કર્યો જે સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે આપણે દર્શને જઈએ અને દેવજી કહે મને સોટી મારે તો ભગવાન ખરા. ત્યારે હરજી કહે મારે શું સંકલ્પ કરવો ત્યારે દેવજી કહે તને છાતીમાં કંકુના પગલાં આપે તો ભગવાન ખરાં. પછી તે બન્ને જણ દરબારમાં આવ્યા તે વખતે મહારાજ સભા કરી વિરાજમાન હતા. પછી મહારાજને જઈ પગે લાગ્યા ત્યારે મહારાજે સોટી લઈને દેવજીને મારી તે જોઈને દેવજી બોલ્યા હાશ, ભગવાન ખરાં. અને હરજીને છાતીમાં કંકુનાં ચરણારવિંદ કરીને આપ્યાં તે જોઈ હરજી બોલ્યો કે હાશ ભગવાન ખરાં. મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું કે મહારાજ આમ કેમ કર્યું ? ત્યારે મહારાજે કહ્યું બન્ને જણે આવો સંકલ્પ કર્યો હતો. પછી બને જણા વર્તમાન ધારી સત્સંગિ થયા ને ખરા ભક્ત થયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૯૯)*

## વિરમગામના દુર્લભરામને કામેશ્વરનો સંકલ્પ સિધ્ધ કર્યો ને વર્તમાન ધરાવ્યા

ગામ વિરમગામના દુર્લભરામ ને કામેશ્વર એ બે બ્રાહ્મણ હતા ને કાશીએ વિદ્યાભ્યાસ કરવા ગયા હતા ત્યાં બાર વરસ સુધી વિદ્યાભ્યાસ કર્યો પછી તેઓ દેશમાં આવ્યા ત્યારે પોતાના ગામમાં સાંભળ્યું જે સ્વામિનારાયમ ભગવાન કહેવાય છે અને તેમને કોઈ જીતી શકતું નથી. બન્ને જણે વિચાર કર્યો જે આપણે બાર વરસ સુધી કાશીએ ભણ્યા છીએ અને સ્વામિનારાયણને હરાવીએ નહીં તો આપણી વિદ્યા શા કામની એમ ધારી બન્ને જણ કાઠિયાવાડ તરફ આવ્યા. અમરેલીમાં તુલસી દવે કરીને તેમના સંબંધી હતા તેમને પ્રથમ મળી આવ્યા; પછી વળતી વખતે ગઢપુર આવ્યા અને ઘેલા નદીમાં સ્નાન કરવા માટે રોકાણા એટલામાં ઘણાંક સંતનાં દર્શન નદીમાં થયાં અને ઘણાંક હરિજનો તેમના જોવામાં આવ્યા પછી બન્ને જણાએ વિચાર કર્યો જે આટલા બધા માણસમાં આપણે સ્વામિનારાયણને હરાવી શકીશું નહીં અને સામું આપણું

અપમાન થાશે પણ તે ભગવાન કહેવાય છે તો, આપણે જે જે સંકલ્પ કરીને જઈએ છીએ તે સત્ય કરે તો ભગવાને ખરા; પછી દુર્લભરામ કહે મારે એવો સંકલ્પ છે જે હું સર્વ વિદ્યા ભણ્યો છું તે પૂછી જુએ અને આપણે જઈએ ત્યારે આપણને ગલેચો નાંખીને બેસાડે અને પાકાં સીધાં આપે તો ભગવાન ખરા. ત્યારે કામેશ્વર કહે મારે એવો સંકલ્પ છે જે ભૃગુઋષિએ છાતીમાં પાટુ મારી છે તે ભૃગુલાંછન દેખાડે તો ભગવાન ખરાં. પછી બેઉ જણ નદીમાં એવો સંકલ્પ કરીને દરબારમાં આવ્યા અને લીમડા નીચે ઊભા રહ્યા, પછી મહારાજ બોલ્યા જે, દુર્લભરામ કામેશ્વર ચાલ્યા આવો. પછી તે બેઉ મહારાજ પાસે આવ્યા ત્યારે મહારાજ કહે આ તો ભણેલા વિદ્વાન બ્રાહ્મણો છે માટે પાથરવા ગલેચો લાવી તેમને પાથરી આપો, પછી તે સભામાં બેઠા મહારાજ બોલ્યા જે, દુર્લભરામ કામેશ્વર તમે તો બાર વર્ષ સુધી કાશીએ અભ્યાસ કરી આવ્યા પછી બેઉ જણે કહ્યું કે હા મહારાજ ! મહારાજ કહે, તમે અમરેલી જઈ તુલસી દવેને મળી આવ્યા ? ત્યારે બેઉ જણા કહે હા મહારાજ; મહારાજ કહે દુર્લભરામ ! તમે કૌમુદી ભણ્યા છો અને તેની ત્રણ ટીકાઓ ભણ્યા છો ? ત્યારે દુર્લભરામે કહ્યું હા મહારાજ; પછી મહારાજે દાદા ખાચરને કહ્યું કે આ બંને જણાને પાકાં સીધાં આપજો. મહારાજ કહે કામેશ્વર જુઓને મને નાનપણમાં કાંઈક વાગ્યું છે એમ કહી લીલા કીનખાબની ડગલી પોતે પહેરી હતી તેની કસ છોડીને પોતાની છાતી દેખાડી અને કહ્યું કે જોને મને નાનપણમાં કાંઈક વાગ્યું છે તે જોઈ બને જણા ઉઠી મહારાજને પગે લાગ્યા અને મહારાજને કહ્યું કે, મહારાજ ! અમે ઉપરનો સંકલ્પ કરીને આવ્યા હતા તે આપે સત્ય કર્યો માટે અમને વર્તમાન ધરાવો પછી રસોઈ જમશું પછી મહારાજે વર્તમાન ધરાવ્યાં ને સત્સંગિ થયાં. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૦૦)*

## પીઠવાજાળના ખીમા ડોબરીયાની શેરડી માગીને સંકલ્પ પૂરો કર્યો

ગામ પીઠવાજાળનો ખીમો ડોબરીઓ કરીને કણબી હતો. તે ગઢપુર મહારાજના દર્શને આવ્યો અને તેની સાથે શેરડીના ત્રણ સાંઠા પડછા સહિત હતા તે લઈને ઘેલામાં આવી એકવીસ કટકા કરી ગાંઠે બાંધ્યા અને પોતાના મનમાં સંકલ્પ કર્યો જે શેરડીના આ કટકા માંગી લે તો, ભગવાન ખરાં. પછી તે દરબારમાં આવી મહારાજને પગે લાગી ઉભો રહ્યો. પછી મહારાજે કહ્યું જે ખીમા ! શેરડીના ત્રણ સાંઠા પડછા સહિત ઘેલા સુધી લાવ્યો છે અને ઘેલામાં ભાંગીને એકવીસ કટકા કર્યા છે તે ક્યાં સુધી ગાંઠે બાંધી રાખીશ ? લાવને મેલ્યને હેઠા, પછી તેણે એકવીસ કટકા મહારાજના ઢોલિયા ઉપર મૂક્યા અને મહારાજને કહ્યું કે મહારાજ ! મને વર્તમાન ધરાવો પછી તે વર્તમાનધારી સત્સંગિ થયો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૦૧)*

## નાવડાના હીરા શેઠને ચિન્હ દેખાડીને સંકલ્પ પૂરો કર્યો

ગામ નાવડાના હીરો શેઠ પોતાના મનમાં એવો સંકલ્પ કરીને ગઢડા આવ્યાં જે ભગવાન હોય તો સોળે ચિહ્ન દેખાડે તો ભગવાન ખરાં પછી તે ગઢપુર મહારાજના દર્શને આવ્યા અને મહારાજને પગે લાગી સભામાં બેઠા પછી મહારાજ બોલ્યા જે શેઠ ચિહ્ન જોઈને સત્સંગ કરવો છે કે એમ. ને એમ શેઠ કહે મહારાજ ! સોળ ચિહ્ન દેખાડો તો સારું. પછી મહારાજે ચરણારવિંદ લાંબું કરીને સોળે ચિહ્ન દેખાડ્યાં. પછી હીરા શેઠને વર્તમાન ધરાવ્યાં અને તે સત્સંગિ થઈને પોતાને ઘરે ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૦૨)*

## હળવદના ચૌદ વેદીયા બ્રાહ્મણોના સંકલ્પ પૂરા કરીને વર્તમાન ધરાવ્યા

આ ગામ હળવદના ચૌદ વેદીયા બ્રાહ્મણો પોતાના મનમાં એવો સંકલ્પ કરીને આવ્યા જે આપણે સ્વામિનારાયણના દર્શને જઈએ અને સ્વામિનારાયણ આપણ ચૌદને વેદના મંત્રો નોખા નોખા બોલાવે તો ભગવાન ખરાં. તે વખતે મહારાજ ગામ મેથાણ હતા અને તળાવની પાળે સભા કરીને વિરાજમાન હતા. ત્યાં ચૌદ જણા આવીને મહારાજને પગે લાગ્યા. મહારાજ બોલ્યા કે આ તો વેદીયા બ્રાહ્મણો છે. મહારાજે સભામાં તેમને સત્કાર કરીને બેસાડ્યા પછી મહારાજ બોલ્યા જે, વેદ પુરુષો અમારા ધાર્યા બોલશો કે તમારા ધાર્યા ? પછી વેદીયા બ્રાહ્મણો બોલ્યા જે મહારાજ ! તમે કહો તે પ્રમાણે બોલીએ. પછી મહારાજે ચૌદે જણાને જુદાં જુદાં નામ લઈને ચારે વેદના મંત્ર બોલાવ્યા પછી ચૌદે વેદીયા ઉઠીઉઠીને મહારાજને પગે લાગ્યા અને વર્તમાન ધારી સત્સંગિ થયા ને મહારાજને કહ્યું કે અમો આવો સંકલ્પ કરીને આવ્યા હતા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૦૩)*

## ગીરનારા ત્રણ બ્રાહ્મણનો સંકલ્પ પૂરા કરીને વર્તમાન ધરાવ્યા

ગઢપુરમાં ગીરનારા ત્રણ બ્રાહ્મણ આવ્યા હતા તેમણે વિચાર કર્યો જે સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે જો, આપણે જઈએ અને જો શ્લોક બોલીને વાતો કરે તો ભગવાન ખરાં. પછી તે બ્રાહ્મણ સભામાં આવીને બેઠા ત્યારે મહારાજ બોલ્યા જે આ બ્રાહ્મણોને સત્સંગ થાતો હોય તો શ્લોક બોલીને વાતો કરીએ. પછી મહારાજે શ્લોક બોલીને વાતો કરી તે સાંભળી તે બ્રાહ્મણો ઉઠીને મહારાજને પગે લાગ્યા અને વર્તમાન ધારી સત્સંગિ થયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૦૪)*

## વસોના ચાર પાટીદારને ચિન્હ દેખાડીને આશ્રિત કર્યા

વડતાલમાં ઉગમણી બેઠક છે ત્યાં શ્રીજીમહારાજ સભા કરીને વિરાજમાન હતા અને ગામ વસોના ચાર પાટીદાર આવ્યા ને મહારાજના ચરણારવિંદ જોવા મંડ્યા ત્યારે મહારાજે કહ્યું

કે, પાટીદારો શું જોવો છો ? પાટીદાર કહે મહારાજ ભગવાન હોય તો તેના પગમાં સોળ ચિહ્ન હોય; મહારાજ કહે સોળ ચિહ્ન હોય કે ન હોય પણ આ ચરણારવિંદની વિરાટબ્રહ્મ પચાસ વર્ષથી પ્રાર્થના કરતા હતા ત્યારે આ ચરણારવિંદ આ પૃથ્વી ઉપર આવ્યા છે. એમ કહી મહારાજે ચરણારવિંદમાં સોળ ચિહ્ન દેખાડ્યાં અને પછી તેઓ વર્તમાન ધારી સત્સંગિ થયાં ને મહારાજનો સર્વોપરી નિશ્ચય કરીને ઘરે ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૦૬)*

## જૂનાગઢના પાંચીબાઈનો થાળ જમ્યા ને ડોશીનું દૂધ પીધું

એક વખત મહારાજ જૂનાગઢ પધાર્યા હતા અને ત્યાં રૂપશંકર નાગરની મા પાંચીબાઈ કરીને હતાં તેણે રાતે મનમાં એવો સંકલ્પ કર્યો જે, સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે દશ વાગે નોતરું દીધા વિના જમવા આવે તો ભગવાન ખરાં; અને નવું ઉનામણું, નવી ત્રાંબાકુંડી, નવું પીતાંબર માંગી લે તો ભગવાન ખરાં અને હું કહું તેટલું જમે અને સો રૂપિઆનો વેઢ માંગી લે તો ભગવાન ખરાં. પછી તેમને તેમની એક હેતવાળી બાઈ હતી તેણે કહ્યું પછી તે બાઈ કહે ત્યારે મારે શું સંકલ્પ કરવો ? તેણે કહ્યું કે હું ખડકીનું કમાડ વાંસીને દૂધનો લોટો ભરીને ઉભી રહું અને માંગીને પીએ તો ભગવાન ખરાં. પછી સવાર પડી એટલે મૂળજી બ્રહ્મચારી તપેલીને કંટવાળો કરવા મંડ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, આજ કંટવાળો કરશો નહીં, આજ તો ગામમાં જમવા જવાનું છે. બ્રહ્મચારી કહે મને કોઈ નોતરું દેવા આવ્યું નથી. મહારાજ કહે અમારે રાતનાં નોતરાં આવ્યાં છે. હંમેશાં બ્રહ્મચારી આગળ ચાલતા હતા પણ તે દિવસે મહારાજ કહે હું આગળ ચાલું મેં ઘર ભાળ્યું છે. પછી પેલી ડોશી દૂધનો કળશીઓ ભરી અંદર સાકર નાંખી હાથમાં લઈને ખડકી વાંસીને ઉભી હતી તેની ખડકીએ જઈને મહારાજ કહે, ડોશી ! કમાડ ઉઘાડ લાવ તારું દૂધ પીતો જાઉં, પછી તેની ખડકી ઉઘડાવીને દૂધ પીને મહારાજ ચાલ્યા પછી પાંચી ડોશીને ઘેર જઈ મહારાજે કહ્યું કે સાંકડ ઉઘાડો ડોશીએ આવીને ઘરની સાંકડ ઉઘાડી પછી મહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. મહારાજ બોલ્યા જે દશ વાગ્યા કે નહીં ? નવા ઉનામણામાં પાણી મેલ્યું છે કે નહીં ? નવી ત્રાંબાકુંડી લાવો અને પટારામાંથી નવું પીતાંબર લાવો; પછી મહારાજ બાજોઠ ઉપર નહાવા બેઠા અને નાહીને બીજા બાજોઠ ઉપર જમવા પધાર્યા પછી થોડું જમીને મહારાજ આળસી ગયા ત્યારે પાંચી ડોશી બોલ્યા જે, જમોને મહારાજ; મહારાજ કહે બધું જમીએ તો શું આપો ? પાંચી ડોશી કહે મહારાજ અમે શું આપીએ ? મહારાજ કહે પટારામાં સો રૂપિયાનો વેઢ છે તે આપો તો જમીએ, પછી પટારો ઉઘાડી વેઢ લાવી મહારાજને પહેરાવ્યો, એટલે મહારાજ બાઈએ જેટલો થાળ કર્યો હતો તે બધો જમી ગયા પછી જમીને મહારાજને ઢોલિયા ઉપર પધરાવ્યા ત્યારે મહારાજે કહ્યું જે

પાંચી ડોશી વર માંગો, ત્યારે બાઈ કહે મારા ચાર દીકરા મરી ગયા છે તે તમારા ધામમાં જાય. મહારાજ કહે તારા ચાર શું તારી એકવીશ પેઢીનું કલ્યાણ કરીશ. એમ શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને પાંચી ડોશીને વર આપ્યો. *(સદ્‌. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૦૭)*

## વેળાવદરના દેવજી વિપ્રનો સંકલ્પ પૂરો કર્યો

ગામ વેળાવદરમાં દેવજી કરીને બ્રાહ્મણ હતો તે ગઢપુર મહારાજનાં દર્શને આવ્યો તેની પાસે માત્ર ચાર પૈસા મૂડી હતી ને મનમાં એમ સંકલ્પ કરતો જે હું મહારાજને શું ભેટ મૂકીશ ? અને ચાર પૈસા મૂકીશ તો ખાઈશ શું ? પછી સભામાં તે આવીને મહારાજને પગે લાગ્યો અને મનમાં સંકલ્પ 'કર્યો જે "દીઠા દેવ ને પહોંચી જાત્રા" પછી તે ગામમાં જઈને બે પૈસાના રાતડીયાં લઈ આવ્યો અને પાછો સભામાં આવી ઉભો રહ્યો ત્યારે મહારાજ કહે દેવજી ગાંઠે શું બાંધ્યું છે ? દેવજી કહે મહારાજ આજે એકાદશી છે તે ફરાળ માટે રાતડીયાં લાવ્યો છું. મહારાજ કહે મેલ્ય મારા પાસે. પછી મહારાજ રાતડીયાં લઈ બ્રહ્મચારીને બોલાવ્યા અને કહ્યું કે આ રાતડીયાનું શાક કરજો; આવા રાતડીયાં અમે કોઈ દિવસ જમ્યા નથી. અને દેવજીને ફરાળ કરાવજો તથા દેવજી રહે ત્યાં સુધી આપણે ચોકે જમાડજો. પછી પોતાના મનમાં દેવજીએ વિચાર કર્યો છે, જખ મારે બે પૈસાના રાતડીયામાં મહારાજ રાજી થયા અને ફરાળનું નક્કી થયું અને પાંચ દિવસ રહીશ ત્યાં સુધી જમવાનું નક્કી થયું અને બે પૈસા પાસે છે તેના દાળીયા લઈ ઘર ભેગા થઈ જાશું. *(સદ્‌. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૦૮)*

## ડભાણમાં બાવાનો સંકલ્પ પૂરો કરીને ટાઢ ઉડાડી

શ્રીજીમહારાજ ડભાણ પધાર્યા હતા ને શિયાળો હતો અને એક બાવો બેઠો બેઠો ટાઢે ઠરતો હતો તેણે મહારાજને જોઈને એવો સંકલ્પ કર્યો જે સ્વામિનારાયણ ભગવાન હોય તો કાળો ધાબળો ઓઢીને મને આપે તો ભગવાન ખરા. પછી મહારાજે ભગુજીને કહ્યું કે ભગુજી લાવોને આજ તો કાળો ધાબળો ઓઢીએ, પછી ધાબળો ઘડિક ઓઢીને મહારાજ બોલ્યા જે, જુવોને પેલો બાવો ક્યારનો ટાઢે ઠરે છે માટે તેને આ ધાબળો આપો પછી તે ધાબળો તે બાવાને આપ્યો એટલે તે બાવો આવીને મહારાજને પગે લાગ્યો જે, મહારાજ ! મેં મનમાં આવો સંકલ્પ કર્યો તે આપે સિદ્ધ કર્યો પછી તે બાવો મહારાજની ઘણી પ્રાર્થના કરીને મહારાજનો આશ્રિત થયો. *(સદ્‌. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૦૯)*

## કેલોદના પ્રભાતગર બાવાને ગોદડી આપીને સંકલ્પ પૂરો કર્યો

કેલોદ ગામમાં પ્રભાતગર કરીને અતિત બાવો હતો તેણે એવો સંકલ્પ કર્યો જે સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે, ગોદડી ઓઢીને મને આપે તો ભગવાન ખરાં પછી

મહારાજે ગોદડી ઓઢીને ભગુજીને કહ્યું કે આ ગોદડી પેલા બાવાને આપો. પછી તે પ્રભાતગર આવીને મહારાજના પગમાં પડ્યો અને મહારાજને કહ્યું કે હે, મહારાજ ! મારા મનમાં આવો સંકલ્પ હતો તે તમે સિદ્ધ કર્યો તમો તો સાક્ષાત્ ભગવાન છો માટે મને તમારો આશ્રિત કરો પછી તે વર્તમાન ધારી સત્સંગિ થયો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૧૦)*

## ઝીંઝાવદરના જીવા વાણિયાનો સંકલ્પ પૂરો કર્યો

ગામ ઝીંઝાવદરમાં જીવો કરીને વાણિયો હતો તે પોતાની દુકાને બેઠો હતો ત્યાં શ્રીજીમહારાજ ગામને પાદર થઈ ને નીકળ્યા ત્યારે લોક શ્રીજીમહારાજને દર્શને દોડ્યાં ત્યારે જીવો શેઠ બોલ્યો કે શા માટે દોડ્યા જાઓ છો ? ભગવાન હોય તો મનની કળે, જો ભગવાન હશે તો હમણાં મારે પગથીયે આવીને ઉભા રહેશે. પછી શ્રીજીમહારાજે નદીમાં ઘોડાં ઉભાં રાખીને સુરા ખાચરને કહ્યું કે, તમો સૌ અહીં ઉભા રહો હું ગામમાં જઈ આવું પછી શ્રીજીમહારાજ માણકી ઘોડી ઉપર બેસીને શેઠની હાટના પગથીયે આવી ઉભા રહ્યા. મહારાજે કહ્યું કે જીવા શેઠ ! ઓ જીવા શેઠ ! હવે તો બહાર નીકળ હું અહીંઆ સુધી તો આવ્યો પછી શેઠ દુકાનમાંથી બહાર આવીને મહારાજને પગે લાગ્યો અને બોલ્યો કે ભગવાન હોય તો સૌના મનની કળે એ તમોએ સત્ય કર્યું. એમ દર્શન દઈને સ્વાર ભેગા થઈ ગયા. એમ કેટલાકના મનના સંકલ્પ સિદ્ધ કરીને શ્રીજીમહારાજે પોતાનાં આશ્રિત કર્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૧૧)*

## ચુડાના ચાર બ્રાહ્મણને સોળ ચિન્હ દેખાડીને આશ્રિત કર્યા

ગામ ચુડાના ચાર બ્રાહ્મણ ગઢડે દર્શને આવ્યા. તેઓના મનમાં એવો સંકલ્પ હતો જે આપણે ગઢડે દર્શને જઈએ અને સ્વામિનારાયણ સોળ ચિન્હ દેખાડે તો ભગવાન ખરાં. પછીથી ચારે બ્રાહ્મણો ગઢડે આવ્યા અને શ્રીજીમહારાજ ઉગમણા બારના ઓરડે સભા કરીને બેઠા હતા. મહારાજ કહે પંડ્યા ચિન્હ જોઈને સત્સંગ કરવો છે કે એમ ને એમ ? પંડ્યો કહે ચિન્હ દેખાડો તો સારું પછી મહારાજે ચરણારવિંદ લાંબા કરીને સોળે ચિન્હ દેખાડ્યાં - પછી વર્તમાન ધારી ચારે બ્રાહ્મણો સત્સંગિ થયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૧૨)*

## લોયામાં સુતરફેણી આપીને બે શેઠના સંકલ્પ પૂરા કર્યા

ગામ સાયલાના પારેખ માણેકચંદ તથા લીબડીના શેઠ તલકશી ગામ લોયે દરશને આવ્યા તેઓના મનમાં એવો સંકલ્પ હતો કે, આપણે સ્વામિનારાયણના દર્શને જઈએ અને સુતરફેણીની પ્રસાદી આપે તો ભગવાન ખરાં, અને પછીથી બે જણા લોયે આવ્યા અને મહારાજને પગે લાગીને બેઠા. મહારાજ કહે આ બે વાણિયાને સત્સંગ થાતો હોય તો લાવો સુતરફેણીની પ્રસાદી

આપીએ. પછી મહારાજ બે જણાને સુતરફેણીની પ્રસાદી આપી પછી બે જણા ઉઠીને મહારાજને પગે લાગ્યા અને કહ્યું કે હે મહારાજ ! અમો આવો સંકલ્પ કરીને આવ્યા હતા તે આપે સિદ્ધ કર્યો પછીથી બે જણા વર્તમાન ધારી સત્સંગિ થયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૧૩)*

## સુંદરિયાણામાં મૂળા પટેલ તથા ત્રીસ દાડિયાને વર્તમાન ધરાવ્યા

શ્રીજીમહારાજ વડતાલ પધારતા હતા અને ગામ સુંદરીયાણાની સીમમાં નીસર્યા ત્યાં મૂળો કરીને પટેલ હતો તેણે ત્રીસ દાડીયાં કપાસ વીણવાને કર્યા હતાં ત્યાં રસ્તે મહારાજને ભાળી દાડીયાં સૌએ મૂળા પટેલને કહ્યું કે ભાભા ! અમને સ્વામિનારાયણનાં દર્શન કરવા સારુ જવા દોને. પટેલ કહે કાલાં વિણવા આવ્યા છો કે ખોટી થાવા આવ્યા છો ? જો તમારી તાણ હશે તો એમની મેળે અહીં આવશે. પછી શ્રીજીમહારાજ વાગડને રસ્તે સ્વારને ઉભાં રાખીને માણકીને એકદમ વેતી મૂકી અને મૂળા પટેલની પાસે આવીને કહ્યું જે મૂળા પટેલ ! એ મૂળા પટેલ ! વાગડનો માર્ગ કયો ? મૂળો પટેલ કહે મહારાજ વાગડનો માર્ગ તો ઘોડાં ઉભાં છે તે, છે પણ આ દાડીયાને મેં ખાળીને રાખ્યા હતાં જે ભગવાન હોય તો તમારી તાણ નહિ જાણે ? માટે મને વર્તમાન ધરાવો પછી ત્રીસ દાડીયાં અને એકત્રીસમો મૂળો પટેલ તે સૌને વર્તમાન ધરાવ્યા અને પછી મહારાજ સ્વાર ભેગા થઈ ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૧૪)*

## ગુજરાતના એક બાઈના સંકલ્પે રોટલો માગીને લીધો

ગુજરાતમાં એક બાઈ મઠના રોટલા કરતી હતી અને એક રોટલો બહુ જ ફૂલ્યો તેને જોઈને તે બાઈ બોલી કે - ‘‘ઓહો ! પૃથ્વી ઉપર ભગવાન ન મળે નહિતર આ રોટલો તેને જમાડું તેવો થયો છે.’’ પછી તે બાઈ ભાત લઈને ખેતર જતી હતી તેને શ્રીજીમહારાજ દિવ્ય સ્વરૂપે સ્વાર સહિત મળ્યા અને કહ્યું કે ‘‘બાઈ અમારો રોટલો લાવ’’ બાઈ કહે મહારાજ તમારો રોટલો આમાં કેવો ? મહારાજ કહે તું કહેતી હતી કે ભગવાન જમે એવો છે પછી તે બાઈએ ભાત હેઠું ઉતારીને મહારાજને રોટલો આપવા માંડ્યો ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે એ રોટલાને અમે ઓળખીએ છીએ તે રોટલો જરા દાઝેલો છે. પછી મહારાજે પોતાને હાથે તેની પાસેથી તે રોટલો લીધો. બાઈ કહે મહારાજ વર્તમાન ધરાવો પછી તેની પાસે છાશની દોણી હતી તેની પરાશે કરીને મહારાજે તેને વર્તમાન ધરાવ્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૧૫)*

## ચાનગઢના રણછોડજી વિપ્રના સંકલ્પ પ્રમાણે મહારાજે કર્યું ને રાજી થયા

ગામ ચાનગઢના રણછોડજી કરીને બ્રાહ્મણ હતા તે ગઢપુર મહારાજના દર્શને આવ્યા. અને તેમની પાસે નવ દોકડા અને એક કોરી હતી તે અહીંઆ શ્રીગોપીનાથજી મહારાજના મંદિરનું કામ ચાલતું હતું પછી તે મહારાજ પાસે પગે લાગીને ઉભા રહ્યા ને મનમાં એમ સંકલ્પ કર્યો જે નવ દોકડા મહારાજ પાસે મેલીશ તો મહારાજ કહેશે જે, નવ દોકડા જ મેલ્યા ? અને કોરી મેલીશ તો ખાઈશ શું ? એમ વિચાર કરતાં કરતાં તે નવ દોકડા અને કોરી એ બધુંય મહારાજ પાસે મેલ્યું. પછી મહારાજે તે કોરી લઈને તે રણછોડજી મહારાજને પાછી આપીને કહ્યું કે લ્યો, આ કોરી તમારા માતાની અને નવ દોકડા લઈને મહારાજે હાથમાં ઉછાળ્યા અને મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી આ બ્રાહ્મણના નિર્ગુણ દ્રવ્ય આવ્યા તેથી ગોપીનાથજીનું મંદિર પૂરું થઈ રહ્યું એમ કહી મહારાજ રાજી થયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૧૮)*

## ઉમરાળાના શ્રીમાળી બ્રાહ્મણનો સંકલ્પ દર્શન દઈને પૂરો કર્યો

ગામ ઉમરાળાના શ્રીમાળી બ્રાહ્મણ કરીને મોટા ભટ હતા તે ગઢપુર મહારાજને દર્શને આવ્યા હતા અને અહીંયાં વાસુદેવનારાયણના ઓરડા ઉપર તે વખતે નળીયાં ચડાવતા હતા. ત્યાં મહારાજ નીબતરુ નીચે ખુરશી નાખીને વિરાજમાન હતા તે વખતે તે બ્રાહ્મણ મહારાજને રાજી કરવા માટે દોડી દોડીને નળીયાંનાં ખડકલા આપતો હતો, પછી કોઈ સંતે આવીને કહ્યું જે, છોકરા પાછલે પડાળે ચાલ્ય ત્યાં માણસની તંગાસ છે પછી તે પાછલે પડાળે જઈ નળીયાંના ખડકલાં આપતાં વિચાર કરવા લાગ્યો છે, પણે તો મહારાજ દેખતા હતા અને અહી કોણ દેખશે ? એમ વિચાર કરે છે એટલામાં મહારાજ પાછલે પડાળ પધાર્યા અને મોટા ભટ્ટને મહારાજે કહ્યું જે, મોટા ! શું સંકલ્પ કરે છે ? હું તો આગલે પડાળે દેખતો હતો તેવો જ અહીં પાછલે પડાળે દેખું છું તે સાંભળીને તે બ્રાહ્મણ ઘણું જ રાજી થયો અને દોડી દોડીને ઉમંગ ભેર નળીયાંના ખડકલાં દેવા મંડ્યો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૧૯)*

## રામચાંદુ પાસે એંશી રૂપિયાનો વેઢ માગીને લીધો

મહારાજશ્રી દાદા ખાચરને પરણાવવા સારું પધાર્યા અને વળતી વખતે ચાંદુને ગોરડકે પધાર્યા ત્યાં રામચાંદુ કરીને કાઠી હતા તેણે મનમાં એમ સંકલ્પ કર્યો હતો જે, સ્વામિનારાયણ મારે ઘેર પધારે તથા એંશી રૂપિયાનો વેઢ માંગી લે તો ભગવાન ખરાં. પછી મહારાજ ગામને પાદરે વિરાજમાન હતા ત્યાં સૌ ગામનાં લોક મહારાજને દર્શને આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે રામચાંદુ ! એંશી રૂપિયાનો વેઢ અહીં લાવશો કે મારે તમારે ઘેર આવવું જોશે ? પછી

રામચાંદુ કહે મહારાજ ! ઘેર પધારો પછી મહારાજ તેને ઘેર પધાર્યા ત્યારે તેમણે એંશી રૂપિયાનો વેઢ આગળ ધર્યો એમ મહારાજે તેનો સંકલ્પ સિદ્ધ કર્યો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૨૦)*

## ચાંદુના ગોરડકામાં લાડુબાઈ કાઠીયાણી હતા તેમનો સંકલ્પ પૂરો કર્યો

અને તેજ ગામમાં લાડુબાઈ કરીને એક કાઠીયાણી બાઈ હતી તેના છોકરાને બળીયા નીકળ્યા હતા, તે વખતે તેણે સંકલ્પ કર્યો જે મારા છોકરાને સારુ થાય તો પાંચ રૂપિયા મહારાજની આગળ ભેટ મેલવા. એવી માનતા કરી હતી પછી તેણે મહારાજને માટે અઢી રૂપિયાનો થાળ કર્યો અને મહારાજને જમાડ્યા અને અઢી રૂપિયા મહારાજ આગળ ભેટ મૂકી. પછી મહારાજ બોલ્યા જે ડોશી તે માનતા કરી છે તે અઢી રૂપિયા બીજા લાવ્યને, અને તું જાણજે થાળમાં વળે પછી તેણે બીજા અઢી રૂપિયા લાવીને પાંચ રૂપિયા પુરા મહારાજ આગળ મૂક્યા તે મહારાજે હાથોહાથ લીધા ને અંતે તેડવા પધાર્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૨૨)*

## બોટાદમાં સંતો દ્વારા વર્તમાન ધરાવ્યા

મહારાજે જડ વસ્તુમાં ચૈતન્ય મેલ્યું. ગઢપુરમાં શ્રીજીમહારાજ વિરાજમાન હતા અને ધ્યાનાનંદ સ્વામી તથા સાંખ્યાનંદ સ્વામી એ બે જણને મહારાજે કહ્યું કે, તમે બોટાદ જાઓ પછી તે બંને જણે હાથ જોડીને મહારાજની પ્રાર્થના કરીને કહ્યું, જે હે મહારાજ ! અમે શી વાતો કરીએ ? પછી મહારાજ કહે કે મહાપુરુષો જાઓ તમારાં વરતન વાત કરશે પછી બંને જણ બોટાદ ગયા અને હાલ જ્યાં મંદિર છે તે ઠેકાણે ઓરડી હતી ત્યાં ધ્યાન કરીને બેઠા અને એક વખત ભિક્ષાવૃત્તિ કરીને પોતે ભોજન કરતા એમ કરતાં કરતાં થોડાક દિવસ થયા એટલે ગામમાં ખબર થઈ જે આપણા ગામમાં કેવળીક આવ્યા છે અને ચોવીશે કલાક ધ્યાનમાં બેસી રહે છે. પછી ગામના કેટલાક ઢુંઢીયા વાણિયા હતા તે આવી આવીને સંતના ચરણમાં વંદના કરતા હતા જે તમે તો સાક્ષાત્ કેવળીક છો અને કેટલાક વર્તમાન ધરાવીને સત્સંગિ થયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૪૦)*

## સુખડી અખૂટ કરીને તાંસળીએ પાણી ઉડાડીને વર્તમાન ધરાવ્યા

ગામ લાઠીદડમાં શામબાઈ કરીને કડવા કણબી બાઈ હતાં અને તેમના પિતાશ્રી ગુજરી ગયા હતા. પછી તેમના ભાઈએ આખી નાત જમવા માટે તેડાવી હતી અને તે વિસામણના ભગત હતા તેથી પાળિયાદથી તેણે વીસામણ ભગતને પણ તેડાવ્યા હતો. ત્યારે શામબાઈ કહે કે તે, તારા ગુરુને તેડાવ્યા તો હું મારા ગુરુને તેડાવીશ. પછી શામબાઈએ ગઢપુરથી સ્વામિનારાયણને લાઠીદડ તેડાવ્યા ને મહારાજ માણકી ઘોડીયે ચડીને પધાર્યા ને પરબારા તેને

ઘેર પધાર્યા. પછી મહારાજ ઘોડીયેથી હેઠા ઊતરીને સુખડીની વખાર ભરી હતી ત્યાં પધાર્યા ત્યાં મહારાજે સુખડીનું દડબું હાથમાં લઈને બોલ્યા જે, ખાણાં એ જાડાંને પહેરણાં એ જાડાં પછી એક ચણા જેટલી સુખડી લઈને પોતાના મોઢામાં મેલી અને બીજી ઢગલામાં પાછી નાંખી. પછી બીજે દિવસે સવારમાં ઉગમણે ઝાંપે ખીજડા નીચે ગાડા ઉપર મોટું તપેલું પાણીનું ભરાવીને મહારાજ વિરાજમાન થયા તે વખતે આખી ઝાલાવાડના કણબી ખરચે આવેલા હતા તે સૌ મહારાજ પાસે આવીને કહેવા લાગ્યા જે મહારાજ ! અમને વર્તમાન ધરાવો. પછી મહારાજ ગાડા ઉપર ઉભા થઈને હાથમાં તાંસળી ભરીને પાણી ઉડાડવા મંડ્યા અને મહારાજે કહ્યું કે આ જળનો છાંટો જેને ઉડે તે સૌને વર્તમાન જાણજો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૩૧૪)*

## સારંગપુરમાં મહારાજે આખા ગામને વર્તમાન ધરાવ્યા

એક વખત સારંગપુરમાં મહારાજે આખા ગામને વર્તમાન ધરાવ્યાં ત્યારે એક કણબીનો છોકરો બોલ્યો જે, મહારાજ ! મારી મા રહી ગઈ ત્યારે મહારાજ કહે તારી માને બોલાવી લાવ્ય. પછી તે ડોસીને બે જણાએ હાથના આંકડા કરીને તે ઉપર બેસારીને મહારાજ પાસે લાવ્યા તેને મહારાજે હાથમાં પાણી આપ્યું અને તે ડોશી કાને બહેરી હતી તે બોલી જે હે મહારાજ કેહે હેં કરકે હાંકર જા તારું કલ્યાણ થઈ રહ્યું. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૯૭)*

## મહારાજે પંચવર્તમાન સંબંધી પર્વતભાઈ સાથે વાત કરી

એક વખત મહારાજ વરતાલ પધારતા હતા અને ભાલમાં બોરુ ગામ છે ત્યાં સવારમાં સ્નાન કરીને તળાવને કાંઠે દેરી છે તેમાં ઉગમણે મુખે બેસીને શ્રીજીમહારાજ નિત્યવિધિ કરતા હતા અને અહીંયાંથી પર્વતભાઈ તથા મયારામ ભટ વગેરે દોઢસો માણસો સંઘ લઈને મહારાજ ભેળા બોરુને તળાવે ગયા. પછી મહારાજને દંડવત કરીને પગે લાગ્યા અને હાથ જોડીને પર્વતભાઈ બોલ્યા જે, હે મહારાજ ! તમે કહો તે હું તમને આપું. મહારાજ કહે પર્વતભાઈ અનેક કોટી બ્રહ્માંડ છે તે મારે આધારે છે અને તે સર્વ બ્રહ્માંડમાં મારું કર્યું જ થાય છે તે બહાર કાંઈ તમારું હોય તે અમોને આપો ત્યારે પર્વતભાઈ વિચારમાં પડ્યા. પછી મહારાજને બે હાથ જોડીને કહ્યું જે, મહારાજ ! આપ જેમ કહો તેમ કરું. મહારાજ કહે કે, પર્વતભાઈ ! અમારાં આ પાંચ વર્તમાન રાખે તેનાં અમારે કલ્યાણ કરવાં છે. પર્વતભાઈ કહે એ પાંચ વર્તમાન અમે સૌ પાળતા હોત તો તમે શું પળાવત ? મહારાજ કહે તો હું તેની છુટી મેલત જે એ વર્તમાન ન પાળે તેનું કલ્યાણ. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૯૬)*

## શ્રીહરિ કહે સૌ વર્તમાન નથી પાળતા એટલે પળાવું છું

પછી તે ઉપર મહારાજે વાત કરી જે આગળ પરશુરામ થઈ ગયા તેમણે એકવીશવાર નક્ષત્રી પૃથ્વી કરી અને ક્ષત્રીના લોહીના કંડ કર્યા અને પછી પરશુરામે કહ્યું કે આ કુંડમાં નહાય તેનું કલ્યાણ પછી જેને વિશ્વાસ આવ્યો તે નહાયા અને તેનું કલ્યાણ કર્યું. પછી મહારાજ કહે આ તો સૌ વર્તમાન નથી પાળતા માટે મારે પળાવવું છે પછી પર્વતભાઈ મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૯૭)*

## બાબાપર વાંકિયાના પટેલોને વર્તમાન ધરાવ્યા

જે વખતે મહારાજે પંચાળામાં સમૈયો કર્યો તે વખતે ગામ બાબાપર વાંકીયાના પટેલીયાઓ ભાયાવદર રહેવા આવ્યા હતા તે પંચાળે મહારાજને દર્શને આવ્યા અને મહારાજને કહ્યું જે, મહારાજ ! અમને સમાધિ કરાવો. મહારાજ કહે જ્યારે સમાધિનું પ્રકરણ હતું ત્યારે તમે બે ઢીંચણ વચ્ચે માથું રાખીને ઉપર પછેડીઓ ઓઢી હતી પછી મહારાજ પાસે વર્તમાન ધારીને સૌ સત્સંગિ થયા અને પછી સૌ પોતપોતાને ઘેર ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૧૭)*

## વિજ્ઞાનદાસજી સ્વામીએ ધોલેરામાં દેવને વર્તમાન ધરાવ્યા

અને વિજ્ઞાનદાસજી નામે સાધુ હતા તેમના મામા કોઈક ગામમાં રહેતા હતા અને તે ખળામાં દાણાના પગરમાં ગાડું હાંકતા હતા તે દિવસના બાર વાગ્યાનો વખત થયો હતો. તે સમે સ્વામિનારાયણના બે સાધુ ત્યાં આવ્યા ત્યારે તે કણબીએ જાણ્યું કે અમારા ભાણેજના સાધુ છે એમ જાણી તે કણબી સાધુને પગે લાગવા ગયો અને સાધુને પૂછ્યું કે મહારાજ બપોરનો વખત થયો છે માટે કાંઈક જમશો ? ત્યારે સંત કહે તૈયાર કાંઈ હોય તો લાવો ઠાકોરને જમાડીએ. પછી તે કણબીએ ઘરે જઈને રોટલા તથા શાક અથાણું લઈ આવ્યો અને સંતને આપ્યા અને સાધુ ઠાકોરજીને જમાડીને પોતે જમ્યા અને પછી બીજે ગામ ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૪૮)*

પછી જ્યારે તે કણબીનું મૃત્યુ થયું ત્યારે તેને યમપુરીમાં યમદૂતો લઈ ગયા અને ધર્મરાજાએ તેને પૂછ્યું કે તે કાંઈ ધર્મ પુણ્ય કર્યું છે ? ત્યારે કણબી કહે કે, મેં સ્વામિનારાયણના બે સાધુને રોટલા જમાડ્યા છે એમ જ્યાં કહ્યું ત્યાં તો તેને તે બે સાધુ દેખાણાં ત્યારે યમરાજા બોલ્યા. જે આમને દેવલોકમાં મેલી આવો. પછી તેને લઈને દેવલોકમાં મેલી આવ્યા. પછી ત્યાં મોટો દેવ થયો અને પછી કોઈકને વિમાનમાં બેસીને અક્ષરધામમાં જતા દીઠો. પછી તેણે દેવને પૂછ્યું કે આ વિમાન ક્યાં જાય છે ? ત્યારે દેવે કહ્યું જે એ ભગવાનનો ભક્ત છે માટે તેને

તોભગવાનના અક્ષરધામમાં લઈ જાય છે ત્યારે તેણે કહ્યું કે ત્યાં આથી કાંઈ વધારે સુખ છે? ત્યારે દેવ કહે ભગવાનના ધામ આગળ આ તો પાયખાના જેવું ગણાય. ત્યારે તેણે કહ્યું જે મારે ત્યાં જવું હોય તો ? ત્યારે દેવે કહ્યું તારો ભાણેજ વિજ્ઞાનદાસ કરીને સાધુ છે તે ધોલેરાના મંદિરમાં રહે છે માટે તેની ભેળો તું થા તો તને અક્ષરધામમાં મોકલે. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૪૯)*

પછી રાત્રિ પડી ત્યારે વિમાનમાં બેસીને તે ધોલેરાના મંદિરમાં ગયો અને વિજ્ઞાનદાસનું પૂર્વનું નામ લઈને બોલાવવા માંડ્યો. જે રતના. એ રતના... એમ વારંવાર નામ લઈને બોલાવે પણ વિજ્ઞાનદાસજી કાંઈ જવાબ આપે નહીં તેમના મનમાં એવી શંકા હતી જે રખેને કોઈ સ્ત્રી બોલાવતી હોય. એમ છ મહિના વીતી ગયા પછી ધોલેરામાં ગોપાળાનંદ સ્વામી પધાર્યા ત્યારે વિજ્ઞાનદાસજીએ ગોપાળાનંદ સ્વામીને વાત કરી જે સ્વામી ! મને કોઈક પૂર્વનું નામ લઈને બોલાવે છે પણ હું જવાબ દેતો નથી ત્યારે સ્વામી કહે આજ આવે ત્યારે પૂછી જોજ્યો કોણ છે ? પછી રાત્રિ પડી ત્યારે તે દેવ આવીને બોલાવવા મંડ્યો ત્યારે વિજ્ઞાનદાસજી બોલ્યા કે તું કોણ છો ? જે છ મહિના થયા મારી કેડે પડ્યો છું ? ત્યારે તે દેવ બોલ્યા જે ભા હું તારો મામો છું. સ્વામી કહે મારો મામો કેવો ? ત્યારે તેણે કહ્યું કે મેં તારા સાધુ જાણીને બે રોટલા આપ્યા હતા તે પુણ્ય કરીને હું દેવલોકમાં ગયો છું માટે મને ભગવાન મેળવ્ય અને અક્ષરધામમાં મોકલ્ય. ત્યારે વિજ્ઞાનદાસજી કહે જા કાલે આવજો. પછી વિજ્ઞાનદાસજીએ સવારે તે વાત સ્વામીને કરી ત્યારે સ્વામી કહે આજ નીચે બોલાવીને વર્તમાન ધરાવીને અક્ષરધામમાં મોકલજો. અને પછી જ્યારે રાત પડી ત્યારે તે દેવ વિજ્ઞાનદાસજીને બોલાવવા મંડ્યો ત્યારે વિજ્ઞાનદાસજી કહે આવ્ય હેઠો. પછી તે વિમાન હેઠું લઈને આવ્યો અને વિજ્ઞાનદાસજીએ તેને વર્તમાન ધરાવીને અક્ષરધામમાં મોકલ્યો. એમ પ્રત્યક્ષના સંતને જમાડ્યાનું પુણ્ય છે. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૫૦)*

## ઝમરાળાના પ્રાગજી દવેને વર્તમાન ધરાવ્યા

એક સમે સ્વામી ગામ ઝમરાળે પધાર્યા હતા અને ત્યાં પ્રાગજી દવે કરીને બ્રાહ્મણ રહેતો હતો તે શંકરનો ઉપાસક હતો તે કપાળમાં ત્રિપુંડ કરીને સ્વામીને દર્શને આવ્યો ત્યારે સ્વામીએ તેનું માથું ઝાલીને કપાળે હાત ફેરવ્યો ને બોલ્યા જે આ ભમરો ક્યાં સુધી રાખીશ ? ભુંસી નાખ્યને ! એમ કહીને તેના કપાળમાંથી ત્રિપુંડ ભુંશી નાંખ્યું ! પછી તે સ્વામીની કૃપાદષ્ટિથી દશ હજાર રૂપિયાનો આસામી થયો અને સ્વામી પાસે વર્તમાન ધારીને સત્સંગિ થયો અને સ્વામીના પગમાં પડીને ઘરે ગયો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૪૧)*

## વડોદરાના રામચંદ્ર વૈદ્યને વર્તમાન ધરાવ્યા

એક સમે વડોદરાના રામચંદ્ર વૈદ્ય ડાકોરનાથજી ગયા હતા અને તેઓ ડાકોરનાથના મુખ્ય ભક્ત હતા અને પોતાને એવો સંકલ્પ થયો મારું કલ્યાણ થાશે કે નહીં થાય ? તેની પરીક્ષા મારે ડાકોરનાથજી પાસે કરવી ! પછી તેઓ ડાકોરનાથજીના ડેરા ઉપર જઈને રાત્રે બેઠા અને એવો સંકલ્પ કર્યો જે જો મને ડાકોરનાથ મૂર્તિમાન આવીને કહે જે તારું કલ્યાણ થાશે કે નહીં થાય ત્યાર પછી અન્ન જળ લેવું ! પછી રાત્રે ડાકોરનાથ આવીને વિપ્રનું સ્વરૂપ ધારણ કરીને રામચંદ્ર વૈદ પાસે આવ્યા અને બોલ્યા, જે તારા જીવનો મોક્ષ કરવો હોય તો અમદાવાદમાં સ્વામિનારાયણના સાધુ મુક્તાનંદ કરીને છે તેમને જઈને મળો તો તે તારું કલ્યાણ કરશે. પછી વૈદે કહ્યું કે તમે કોણ છો ? ત્યારે ડાકોરનાથ કહે કે, હું ડાકોરનાથ પંડે છું ! ત્યારે વૈદે કહ્યું કે તેની મને શી રીતે પરીક્ષા થાય ? ત્યારે ડાકોરનાથ બોલ્યા જે આ મૂર્તિમાં હું પ્રવેશ કરું તો તારે જાણવું જે ડાકોરનાથ છે ! અને બીજી નિશાની એ જે આવતી કાલે દિવસના બાર વાગ્યે મારી પછવાડે પૂજારી જે કામ કરે છે તે તમારા દેખવામાં આવશે ! તો જાણજો જે ડાકોરનાથ કહી ગયા છે. પછી પોતે બીજે દિવસે બાર વાગ્યે મંદિરમાં છાનામાના રહ્યા અને પછી પુજારીઓને વ્યભિચાર કરતાં જોયાં. પછી પૂજારીની બદલી કરીને બીજા સારા પૂજારી રાખ્યા અને પોતાની સાથે પોતાનાં ઘરવાળાં હતાં તેને કહ્યું કે મારે અમદાવાદ કામ પ્રસંગને લીધે જવાનું છે માટે તમે સૌ ઘરે જાઓ એમ કહીને તેમને વડોદરે મોકલ્યા અને પોતે એકલા અમદાવાદ આવ્યા. ત્યાં હેમાભાઈ હઠીભાઈને ઘરે ઉતારો કર્યો પછી તેમણે ઘણો જ આદર સત્કાર કરીને રાખ્યા પછી તેમને વૈદરાજે પૂછ્યું. જે અહીંયાં. સ્વામિનારાયણના સાધુ મુક્તાનંદ સ્વામી કરીને છે ? ત્યારે કહે હા, અહીંયાં ભીક્ષા કરવા માટે આવે છે ! અને આ નવા વાસમાં ઉતરેલા છે પછી વૈદે કહ્યું. જે મારે તેમના દર્શન કરવાની જરૂર છે પછી પોતાની સાથે બે ચાર માણસોને લઈને પોતે ગાડીમાં બેસીને સ્વામીને દર્શને ગયા. સ્વામીએ વૈદને આવતાં ભાળીને સૌ સંતને કહ્યું. જે વૈદરાજને અને દિવાનને સ્નેહ છે. માટે તે જો મહારાજના સમાચાર પૂછે તો તમે સૌ ઉત્તર આપજો. કેમ કે દિવાનજી મહારાજનો દ્રોહી છે ! માટે વૈદરાજને કદાચ તેણે મોકલ્યા હોય. પછી વૈદ આવીને સ્વામીને પગે લાગ્યા અને આસન નખાવી દીધું. તે ઉપર બેસાર્યા અને. સ્વામીએ તેની આગળ નીતિની કેટલીક વાતો પણ કરી. પછી રામચંદ્ર વૈદે સ્વામીને કહ્યું, જે સ્વામી મહારાજ ! ક્યાં વિરાજે છે ? પછી કેટલાક સાધુ બોલ્યા, જે અમને બરાબર ખબર નથી. પછી વળી વૈદ બીજે દિવસે સ્વામીને દર્શને આવ્યા અને પછી

સ્વામીએ ઘણીક વાતો કરીને વૈદને સંતોષ પમાડ્યા. એટલે વૈદ હાથ જોડીને બોલ્યા, જે સ્વામી ! હું કાંઈ કપટભાવથી આવ્યો નથી ! મને તો ડાકોરનાથે પ્રત્યક્ષ દર્શન દઈને કહ્યું છે જે તારા જીવનો મોક્ષ કરવો હોય તો સ્વામિનારાયણના સાધુ મુક્તાનંદ સ્વામીને મળ એટલે હું તમારે દર્શને આવ્યો છું. અને આજથી હું તમારો આશ્રિત છું ! માટે દયા કરીને મહારાજ જે ગામમાં હોય તે મને બતાવો એટલે હું મહારાજને દર્શને જાઉં. પછી સ્વામીએ કહ્યું. જે મહારાજ તો હાલ ગઢપુરમાં વિરાજે છે. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૮૬)*

પછી રામચંદ્ર વૈદ ગઢપુર આવતાં નિંગાળા અને ઉગામેડી વચ્ચે એક ખીજડો છે ત્યાં ગાડું છોડીને બેઠા હતા તે વખતે શ્રીજીમહારાજ દિવ્ય સ્વરૂપે દશવીશ પાર્ષદ લઈ સ્વાર સાથે સામા મળ્યા અને મહારાજની પાછળ એક પાર્ષદ રહી ગયા હતા. તેમને રામચંદ્ર વૈદે પૂછ્યું કે, આ કોણ જાય છે ? ત્યારે પાર્ષદ કહે એ તો સ્વામિનારાયણ છે તે કારિયાણીએ જાય છે. ત્યારે રામચંદ્ર વૈદે ગાડાવાળાને કહ્યું. જે આપણે ગાડું જોડો અને કારિયાણીએ જઈએ, ત્યારે પાર્ષદે કહ્યું. જે તમે એમને નહીં પહોંચો અને તે તો હમણાં પાછા આવશે. ત્યારે રામચંદ્ર વૈદે પાર્ષદને કહ્યું કે તમે મહારાજને કહેજ્યો જે વડોદરાવાળા રામચંદ્ર વૈદ તમારે દર્શને આવે છે પછી તેઓ ગાડું જોડાવીને ગઢપુર આવ્યા ત્યાં તો શ્રીજીમહારાજ દરબારમાં સભા કરીને વિરાજમાન હતા. ત્યાં વૈદરાજે આવીને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા અને વિનંતી કરીને કહ્યું, જે મહારાજ ! તમોએ મારે માટે બહુ દાખડો કર્યો કેમ કે કારિયાણીથી તત્કાળ આંહીં પધાર્યા. મહારાજ કહે કે અમે તો કારિયાણી ગયા નથી, ત્યારે વૈદરાજે કહ્યું, જે તમે નીંગાળા વચ્ચે પાર્ષદો સહિત મને મળ્યા હતા, એમ રામચંદ્ર વૈદને નિશ્ચય કરાવવાને માટે અલૌકિક દર્શન દીધું અને મહારાજને હાથે નિયમ ધરાવીને એકાંતિક ભક્ત થયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૮૭)*

## મોટીબાને હાથે ધનબાઈ ને વર્તમાન ધરાવ્યા

મુક્તાનંદ સ્વામી ગઢપુરમાં હતા ત્યારે તેમનાં બેન ધનબાઈ ગઢપુર આવ્યાં હતાં. તેઓ દરબારમાં રામકથા વાંચતાં હતા તે સાંભળીને મુક્તાનંદ સ્વામીએ શાંતાનંદ સ્વામીને કહ્યું કે, માર્ગીમાં સારાં હોય નહીં માટે તેમને રજા આપો. એમ કહીને સ્વામીએ કીર્તન લખીને મોકલ્યું જે ''મોહનને ગમવાને ઈચ્છો માનની ત્યાગો સર્વે જુઠી મનને ટીક જો.'' એ ચાર કીર્તન નવાં બનાવીને સ્વામીએ મોકલ્યાં અને મોટીબાને હાથે વર્તમાન ધારીને સત્સંગિ થયાં. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૮૧૬)*

## કલ્યાણના કરતલ

પછી બીજે દિવસ મહારાજની પાસે એક વાણિયો આવ્યો, તે નાળિયેર મેલીને મહારાજને પગે લાગીને બેઠો પછી મહારાજે કહ્યું જેનાળિયેર ભાંગો. નાળિયેર ભાંગ્યું તે ખોરુંનીકળ્યું. પછી વાણીયે પોતાના માણસને કહ્યું જે, બીજું નાળિયેર લાવ. ત્યારે મહારાજે કહ્યું કે, આ તો બહુ સારું છે, એનો અમે ધૂપ કરાવીશું, તે ઠાકોરજીને ઝાઝા દિવસ ચાલશે અને સારું હોત તો કટકો કટકો વહેંચી ખાત. પછી વાણીયે કહ્યું કે, તમે તો સાધુછો તે તમારેતો એમ જ જોઈએ. કેમ કે એક ગામમાં મોટા સાધુ રહેતા તે ગામમાં એક વાણીયો રહેતો. તે સાધુને ચપટી કાંઈ આપે નહિ ત્યારે સંતે કહ્યું જેએનું કલ્યાણ નહિ થાય. માટે એના ઘરની જણસ સંતના ઉપયોગમાં આવેતો કલ્યાણ થાય. એક દિવસ હાટે કેરાં વીણતો હતો, તે સાધુએ જોયું જે, ડીંટા એને કામ નહિ આવે. એમ જાણીને વાણીયો માંહેલી કોરે ગયો ત્યારે વાંસેથી સાધુએડીટાં લીધા. પછી એણે હાકલ કરીને, કોણ એ ? તોયસાધુએ પાછું વાળીને જોયું, પછી ગુરુ આગળ આવીને કહ્યું જે, વાણીયે આપ્યાં નથી, હુંતો હાટમાંથી ઉપાડીને લાવ્યો છું. પછી ગુરુએ કહ્યું જેઠીક. મીઠું, મરચાં, આદું નાખીને ચટણી કરીને સંતને ફેરવો. પછી બીજે દિવસે તે વાણીયે કહ્યું કે, તે સાધુ, એ ડીંટા તમારે કામ આવ્યા ? ત્યારે કહ્યું કે, એ તો ચટણીમાં નાખ્યાં, તે સંત રાજી થયા, પછી વાણીયે કહ્યું જે, તાંદલજાનાં ડાખળાં કામમાં આવશે ? ત્યારે હા પાડી. પછી ડાખળાં સુધારીને દાળમાં નાખીને જમ્યા. પછી ત્રીજે દિવસે વાણીયે કહ્યું જે, ડાખળાં તમારે કામમાં આવ્યા ? પછી સાધુએ હા પાડી. ત્યારે કહ્યું તાંદલજો લઈ જાઓને. પછી કહ્યું કે આજ તો સીધું લ્યો અને પછી કહ્યું કે અહીંથી સીધું નિત્ય લેતા જાઓ. એમ વાણિયાનું કલ્યાણ કર્યું ત્યારે મહારાજે ડાબે હાથે કરીને વાણીયાનો હાથ ઝાલ્યો અને જમણા હાથમાં કળશિયો લીધો અને કહ્યું કે, તે સાધુએ કેરાંનાંડીટાંખાઈને કલ્યાણ કર્યું અને તમે તો નાળિયેર લાવ્યા છો, માટેલ્યો તમારું કલ્યાણ કરીએ. પછી મહારાજે કળસિયો ઉંચો કરીને કહ્યું જે, લ્યો નિયમ, અમે તમારું કલ્યાણ કરીએ, વાણિયો હાથ પાછો તાણે અને મહારાજ હાથ ઓરો તાણે. એવી રીતે બહુહસ્યા અને બહુરમુજ કરી. *(ભાયાત્માનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૧૩)*

## પાટીદારને ઉર્ધ્વરેખા દેખાડીને શરણે લીધો

ત્યાં વાણિયાનેગેર ઉતારા કર્યા અને પછી તે વાણિયાનાઘરમાં બેસીને મહારાજે વતું કરાવીને સ્નાન કર્યું ને વસ્ત્ર બદલીને તે વાણિયાને ઘેર થાળ થયો તે જમવા પધાર્યા, મહારાજ જમીને આવ્યા ત્યાં સાધુની રસોઈ તૈયાર થઈ, પછી તે સાધુને જમાડ્યા તે સાધુ જમી રહ્યા પછી

મહારાજે કહ્યું જે, અહીં સાંકડ બહુ છે, તે માટે માણસને દર્શન નથી થાતાં, તે સારુ ચાલો બહાર બેસીએ. પછી મહારાજ બહાર પધાર્યા, તે ગામની ભાગોળે એક આંબલી હતી, તેનું મૂળ ઉંચું હતું, તે ઉપર ગાદલું નાખ્યું તે ઉપર શ્રીજીમહારાજ ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા અને શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા અને મુક્તાનંદ સ્વામી આદિક સાધુ તથા કોરે મોરે ગામના માણસ બહુ આવ્યા ને સભા થઈ. એક ગામના પાટીદાર માર્ગમાં મનસુબો કરીને આવ્યા જે, સ્વામિનારાયણના પગમાં ઉર્ધ્વરેખા છે, તે આપણને દેખાડે તો તે ભગવાન ખરા. તે એવી રીતે વિચારીને સભાથી દક્ષિણાદે કોરે આવીને ઉભા રહ્યા. તે અજાણ્યા તેથી પાસે તો આવી શકયા નહિ પછી મહારાજે કહ્યું જે, ઓરા આવો. તે પાસે આવ્યા અને મહારાજે ચરણારવિંદ લાંબા કરીને કહ્યું કે, તમે અમારા પગ સામું જુઓ. પછી તે પાટીદારે મહારાજના પગમાં ઉર્ધ્વરેખા જોઈ ને ચરણસ્પર્શ કરીને બહુ રાજી થયા ને તે પાટીદાર બોલ્યો કે, હે મહારાજ ! તમે અમારા મનના ઘાટ હતા તે પૂરા કર્યા, માટે તમે તો અંતર્જામી છો. એમ કહીને ઘણાંક માણસ વર્તમાન ધારતા હવા. *(ભાયાત્માનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૫૬)*

## નાગલપરમાં પાણી ઉડાડીને વર્તમાન ધરાવ્યા

એમ કહીને મહારાજ ઘોડે ચઢીને નિસર્યા તે ગામ નાગલપુર આવ્યા, ત્યારે તે ગામનાં માણસ આડાં ફર્યા, તે મહારાજને કહે, છાશ પીને જાઓ, પછી ગામમાં પધાર્યા તે ગામના કાઠીના દરબારમાં વિરાજમાન થયા અને કહ્યું જે, લ્યો અમે તમને છાશ પાઈએ, એમ કહીને ખડિયામાં લાડવા હતા તે વહેંચ્યા. પછી માણસ બહુ ભેળા થયાં, તે કહે છે, અમને વર્તમાન ધરાવો. પછી મહારાજે હાથમાં પાણી લઈને છાંટયું અને કહ્યું જે, આ પાણી જેને અઢ્યું તેને વર્તમાન છે. *(ભાયાત્માનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૮૫)*

# શ્રીહરિના સ્પર્શથી - દૃષ્ટિથી અખૂટ થયું

## સારંગપુરમાં જીવા ખાચરના કૂવે શ્રીહરિના વચને અલંચ પાણી થયું

જીવા ખાચરે મોટી વાડીયે કૂવો કરાવ્યો હતો અને ત્યાં પાણી થાતું નહોતું પછી થોડુંક પાણી થયું ત્યારે મહારાજે પાણીની કુંડી ભરાવી અને તે કુંડીમાં પોતે બેઠા અને માંહે ઝાઝી વાર સુધી ડૂબકી મારીને શ્વાસ બંધ કર્યો પછી મહારાજ કહે હવે ખોદવા માંડો પાણી ઘણું થાશે પછી થોડુંક ખોદ્યું ત્યાં તો ઘણું પાણી નીકળ્યું. પછી તેમાં વાઢ કર્યો તે વાઢ બહુ જ સારો થયો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૦૨)*

## ગઢાળીમાં લાડવા અખૂટ થયા

અને પોતે ગઢપુર મહારાજને તેડવા માટે આવ્યા અને મહારાજને કહ્યું જે, ગઢાળી પધારો ત્યારે મહારાજે કહ્યું કે બહુ સારું અમે બસેંહે મનુષ્ય લઈને આવશું માટે તેટલા માણસની રસોઈ તૈયાર કરાવજો. પછી શેઠે ઘરે જઈને ત્રણસેંહે માણસની રસોઈ મોતીયા લાડુની કરાવી અને મહારાજ ગઢાળી પધાર્યા અને ત્યાં વાજતે ગાજતે સામૈયું કરીને મહારાજને ગામમાં પધરાવ્યા. પછી મહારાજે કહ્યું જે, શેઠ ! કેટલાં માણસની રસોઈ કરાવી છે ? શેઠ કહે ત્રણસેંહે માણસની રસોઈ કરાવી છે મહારાજ કહે અમારી સાથે પાંચસેહે છે. પછી શેઠ કહે મારા ઘરમાં દશ મનુષ્ય છે તેને માટે વીશ લાડવા આપો પછી તમારે ગમે તેમ કરો. પછી મહારાજે તેને ગણીને વીશ લાડવા આપ્યા અને બધા સંતને તથા હરિજનને આખા ગામને મહારાજે જમાડ્યું. તો પણ બસેંહે લાડવા વધ્યા. પછી મહારાજે આંબા શેઠને કહ્યું કે આખું ગામ જમ્યું તો પણ બસેહે લાડવા વધ્યા છે. આંબો શેઠ કહે મહારાજ ! તમે તો ભગવાન છો તે ગમે તેમ કરો પછી તે વધેલા લાડવા મહારાજે શેઠને પ્રસાદીના કરીને આપ્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૭૫)*

## ગોપાળાનંદ સ્વામીના વચને માટલીમાં લોટ ચાર માસ સુધી ખૂટ્યો નહિ

એક સમે સ્વામી વરતાલમાં હતા અને ઝોળ ગામનાં શાસ્ત્રી રાજારામ તથા શાસ્ત્રી ભોળાનાથ તેમના વિદ્યાર્થી હતા તે ભિક્ષા વૃત્તિ કરીને અભ્યાસ કરતા હતા. પછી શાસ્ત્રીએ સ્વામીને કહ્યું જેસ્વામી ! ભિક્ષા પુરી મળતી નથી ત્યારે સ્વામી કહે કે આટો શેમાં રાખો છો ? ત્યારે વિદ્યાર્થીઓએ કહ્યું કે માટલીમાં રાખીએ છીએ, ત્યારે સ્વામી કહે કે માટલી ભોમાં ડાટો અને . તેનું મોઢું ઉઘાડું રાખવું અને તેમાંથી કાચલીથી લોટ કાઢવો. પછી સૌ વિદ્યાર્થીઓએ

માટલી પૃથ્વીમાં દાટી અને સ્વામીના કહેવા પ્રમાણે તેમાંથી કાચલીથી લોટ કાઢીને નિર્વાહ ચલાવવા લાગ્યા. એમ કરતાં કરતાં ઘણાક માસ થયા તો પણ માટલીમાં તેમનો તેમ આટો ભર્યો રહેતો એવા સમયમાં એક માતર ગામનો વિદ્યાર્થી કુસંગી હતો તે આવીને સૌ વિદ્યાર્થીના સાંભળતાં બોલ્યો જે ગોપાળાનંદ શું કરે એમ છે ? એમ કહીને માટલી ભોંયમાંથી બહાર કાઢી નાખી પછી બીજે દિવસે તે માટલીમાંથી આટો થઈ રહ્યો. પછી સૌ વિદ્યાર્થીઓએ પેલા માતરવાળા વિદ્યાર્થીનો તિરસ્કાર કરીને શાળામાંથી કાઢી મૂક્યો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૨૭)*

## મૂળી પ્રતિષ્ઠામાં ૨૦ મણ લાડવામાં લાખો મનુષ્ય જમ્યા

અને બ્રહ્માનંદ સ્વામીએ મૂળીનું મંદિર કરાવ્યું હતું તેમાં મૂર્તિઓ પધરાવવાનું મુહૂર્ત જોવરાવ્યું એટલે મહા સુદ પાંચમનું આવ્યું. પછી સૌએ વિચાર કર્યો જે ગોપાળાનંદ સ્વામીના હાથથી મૂર્તિઓ પધરાવીયે પછી ગોપાળાનંદ સ્વામીને તેડવા માટે મહાનુભાવાનંદ સ્વામી વગેરે સંતને ગઢપુર મોકલ્યા અને અયોધ્યાપ્રસાદજી મહારાજનો પત્ર તથા બ્રહ્માનંદ સ્વામીનો પત્ર ગોપાળાનંદ સ્વામીને આપ્યો તે વાંચીને સ્વામીએ સૌને કહ્યું. મારે ધોલેરે મૂર્તિઓ પધરાવવાનું મુહૂર્ત પણ તે દિવસે છે માટે મારાથી મૂળીયે અવાશે નહીં અને બ્રહ્માનંદ સ્વામી સુખેથી તેમના હાથથી દેવને પધરાવે એમ ગોપાળાનંદ સ્વામીએ આવેલા સંતને પત્ર લખી આપ્યો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૩૩)*

પછી સાધુએ મૂળીએ જઈને બ્રહ્માનંદ સ્વામીને તે પત્ર આપ્યો તે વાંચીને તુરત પોતે ગાડી જોડાવીને ગઢપુર પધાર્યા અને ગોપાળાનંદ સ્વામીને પ્રાર્થના કરીને કહ્યું જે, સ્વામી ! ગમે તેમ થાય તો પણ મૂળીયે આવ્યા વગર ચાલે તેમ નથી અને હું તમારા વગર દેવની પ્રતિષ્ઠા કરીશ નહિ માટે કૃપા કરીને એક રાત ત્યાં પધારો અને હું ડાંગ ચોકી કરીને એક રાતમાં તમોને ધોલેરા પહોંચતા કરીશ માટે આપ કૃપા કરીને મૂળી પધારો પછી ગોપાળાનંદ સ્વામી પોતાના કેટલાક સંત સાથે મૂળીએ પધાર્યા પછી સ્વામીએ ત્યાં જઈને બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, પકવાનનું કેમ છે ? ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે કે મોતીયા લાડુ કરેલ છે ત્યારે સ્વામી કહે માનભોગ જો કર્યો હોત તો ઠીક ! કેમકે તરત તાવડા ચાલતા કરાય ! પછી સૌ સંત બોલ્યા જે સ્વામી લાડુનો ઓરડો ભર્યો છે. પછી જે વખતે દેવની પ્રતિષ્ઠા કરી રહ્યા અને સૌને જમવા માટે હરે થયા તે વખતે આખી ઝાલાવડના બ્રાહ્મણો તથા હરિજનો સૌ દર્શન કરવા માટે આવેલા હતા. એક તો દેવની પ્રતિષ્ઠાનો ઉત્સવ અને વસંતપંચમીનો સમૈયો અને વળી ગોપાળાનંદ સ્વામી જેવા સદગુરુ પધારેલા અને અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ પધારેલા

તે સર્વેના દર્શન વગેરેનો લાભ લેવા દેશ વિદેશના હરિજનો આવેલા હતા અને જે વખતે હરે થયા અને બ્રાહ્મણો તથા હરિજનોની પંક્તિ જમવા બેઠી તે વખતે પહેલી પંક્તિ થતાં જ પકવાનની તાણ જણાણી તેવા જ મહાનુભાવાનંદ સ્વામી આદિક સંત બ્રહ્માનંદ સ્વામી પાસે આવી પહોંચ્યા અને સ્વામીને એક કોર બોલાવીને કહ્યું જે પકવાન ખુટવા આવ્યું છે. પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે એતો યોગીનું કામ છે ! પછી બ્રહ્માનંદ સ્વામી ગોપાળાનંદ સ્વામીને સાથે લઈને જે ઓરડામાં પકવાન ભર્યું હતું તે ઓરડામાં પધાર્યા અને સૌ જુવે તો લાડવા આશરે વીસેક મણ હતા. પછી ગોપાળાનંદ સ્વામી કહે પકવાન ઉઘાડા ન રખાય ! ઢાંકી રાખો અને આપણાં લાલજી લાવો પછી સ્વામીના લાલજી લાવીને ખુરશી ઉપર પધરાવ્યા અને પોતે પણ ઢોલણી નાંખીને ત્યાં જ બેઠા. પછી સ્વામીએ આજ્ઞા કરી જે હવે તમો સૌ પીરસવા માંડો અને કોઈને ભૂખ્યા જવા દેશો નહીં. પછી દેતાં દેતાં રાતના બાર વાગ્યા સુધી સૌને જમાડ્યા અને સ્વામિનારાયણનાં નામની જય બોલાવી અને પછી મોદીયું ઉઘાડીને જોયું ત્યારે પ્રથમ લાડવાનો જેવડો ઢગલો હતો તેવડો ઢગલો જોવામાં આવ્યો પછી તે જોઈને સૌ સ્વામીના પગમાં પડ્યા અને સ્વામીને કહ્યું જે તમે જો ન પધાર્યા હોત તો લાજ રહેત નહીં. પછી ગોપાળાનંદ સ્વામી બીજે દિવસે ચાલવાને તૈયાર થયા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું જે સ્વામી તમે દેવ તો પધરાવ્યા પણ આ ખાર ભૂમિમાં કાંઈ ફળ ફૂલ થાય નહીં. પછી સ્વામીએ કહ્યું કે આ વાડીમાં દાડમ વાવો બહુ જ સારા થશે. પછી સ્વામીના કહેવાથી ત્યાં દાડમ વવરાવ્યાં. તે એકેક શેરનું દાડમ થવા માંડ્યું અને સ્વામી કહે દેવને જમાડજો પણ બીજાને આપશો નહીં. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૩૪)*

## જેતલપુર યજ્ઞમાં ઘીનું કુંડલું અખૂટ થયું

મહારાજશ્રી ભૂજથી ચાલ્યા તે યજ્ઞ ઉપર જેતલપુર પધાર્યા. ત્યાં વિષ્ણુયાગનો આરંભ થયો. તેમાં હજારો બ્રાહ્મણો દેશદેશના ભેગા થયા. અને વિષ્ણુ, બ્રહ્માદિ દેવોને વેદોક્ત આહુતિઓ અપાતી હતી. જમવાને સમયે હજારો બ્રાહ્મણોની મોટી પંક્તિઓ બેસતી હતી. એ યજ્ઞમાં અનેક પ્રકારના વેદના મંત્રોનો ઉચ્ચાર ઉદ્‌ઘોષથી થતો હતો અને નિત્ય મહાસભા થતી અને તેમાં ધર્મ જ્ઞાન સંબંધી અનેક પ્રશ્નોત્તરો થતા હતા. કશી ખામી ન હતી. આ સભામાં ગામ મહેમદાવાદનો રહેવાસી, શક્તિઉપાસક "વંશીધર' નામનો એક બ્રાહ્મણ આવીને બેઠો. તેણે મહારાજને અનેક પ્રશ્નો પૂછ્યા અને તેમાં શક્તિને સર્વોપરી ઠરાવી અને પોતાના પંથને બહુ વખાણ્યો. તેને સાંભળીને મહારાજે સર્વ વિદ્વાન બ્રાહ્મણોમાંથી સારા વિદ્વાન અને પ્રામાણિક એવા આઠ બ્રાહ્મણોને ચૂંટી કાઢ્યા. તેમનાં નામો અમદાવાદના નરભેરામ અને નથુરામ તથા

નડીયાદના આશારામ તથા વિસનગરના દુર્ગાશંકર તથા સુરતના નારાયણરામ અને દામોદર અને બે કાશીના કૃષ્ણરામ અને હરિપ્રસાદ આ આઠ. આ વિદ્વાન વિપ્રો પ્રત્યે સભામાં મહારાજે પ્રશ્ન પૂછ્યો કે, "જે બ્રાહ્મણ હોય તેણે શક્તિની પૂજા શેણે કરીને કરવી ? આનો પ્રત્યુત્તર સર્વેને સાંભળતાં સભામાં જ કર્યો કે, "જે બ્રાહ્મણ થઈને શક્તિની પૂજાને દારૂ માંસથી કરે છે તેને મ્લેચ્છ જાણવો" આ ઉત્તર સાંભળીને મહારાજ પાટ ઉપર ઉભા થઈને તાલી પાડીને સભાસદોને સંબોધીને બોલ્યા કે, કોઈ અમને કહેશે કે, "સ્વામિનારાયણે અમને મ્લેચ્છ કહ્યા. પણ અમે કહેતા નથી. પણ આ આઠ આગેવાન બ્રાહ્મણો કહે છે. આ વિરુદ્ધ વાતને સાંભળીને વંશીધરનું મોઢું કાળુમશ થઈ ગયું અને સભામાંથી તત્કાળ ચાલી નીકળ્યો. એમ દરરોજ પ્રશ્નોત્તરો કરીને વેદધર્મનું સ્થાપન કરતા હતા.

એક દિવસે પટેલ વાંસજીભાઈએ પાસે આવીને મહારાજને કહ્યું કે, રસોઈમાં ઘી ખૂટી ગયું છે જેથી આપણી લાજ જશે." આ વાત સાંભળીને મહારાજ બોલ્યા કે "લાજ તો લક્ષ્મીજીની જાય, આપણી ન જાય' એમ કહીને હાથમાં સોટી લઈને ઉઠ્યા છે જ્યાં પાકશાળા હતી ત્યાં આવીને જેટલાં કુલ્લાં ખાલી હતાં તેને સોટી અડાડીને કહ્યું કે, "આ કુલ્લામાં ઘી ભરેલું છે, આ પણ ઘીથી ભરેલું છે. એમ કહીને તમામ કુલ્લાંને સોટી મારી વળ્યા. એટલામાં તો સર્વે ખાલી કુલ્લાં ઘીથી ભરાઈ ગયાં. આવો અપૂર્વ પરચો જોઈને બધા બ્રાહ્મણો બોલ્યા કે, "સ્વામિનારાયણ તો ધૂળની ખાંડ કરે છે અને લોટ પણ ધૂળનો કરે છે અને પાણીનું ઘી કરે છે. માટે કોઈએ ખુંટવાની આશા રાખવી નહિ. આ પરચો તથા બીજો પ્રતાપ ઐશ્વર્ય જોઈને ઘોડાસર ગામના કેટલાક બ્રાહ્મણો વગેરે ભાઈ બાઈઓ કહેવા લાગ્યા કે, આ સ્વામિનારાયણ તો પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન છે" "એવો નિશ્ચય કરીને સત્સંગી થઈને પ્રગટ સ્વામિનારાયણનું ભજન કરવા લાગ્યા. એ રીતે જેતલપુરમાં અઢાર દિવસનો યજ્ઞરૂપી મોટો ઉત્સવ કરીને હરિજનોને બહુ આનંદ પમાડીને ત્યાંથી ચાલ્યા તે ગામ અડાલજ આવ્યા. ત્યાં એક જબરી જુની જોવા લાયક વાવ જોઈને તેમાં મહારાજે પાંચસો પરમહંસો સાથે સ્નાન કર્યું. તે વાવ્ય કરાવનારે તેની ઉપર શિલાલેખ કોતરાવ્યો છે. તેમાં એમ લખ્યું છે કે, "આ વાવ્ય કાંઈ માન મોટ્યપ માટે મેં કરાવી નથી, પણ આમાં કોઈક મોટા પુરુષ ન્હાશે તથા પાણી પીશે, તો મારો મોક્ષ થાય, એટલા સારૂ કરાવી છે' આવો લેખ વાંચીને સર્વે સંતો પાર્ષદો નાહ્યા. ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા કે, "આ વાવ્યના કરાવનારાં ધરમપુરવાસી બાઈ કુશળકુંવર રાણી છે. એમ કહીને ત્યાંથી ચાલ્યા તે વડનગર–વિસનગર થઈને કારિયાણી પધાર્યા. *(સદ્. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૩૯)*

## જેતલપુર યજ્ઞમાં થોડા સીધામાં એક જ દિવસમાં ૫૦૦ મણના સીધા દેવાણા

'એક વખત શ્રીજીમહારાજ અમદાવાદથી અશલાલી જતા હતા ત્યારે રસ્તામાં ગોવિંદસ્વામીએ કહ્યું "મહારાજ ! આજે તો સંક્રાંતી છે તે જેતલપુર જાઈએ" ત્યારે મહારાજ અશલાલી થઈને જેતલપુર જવા ચાલ્યા ત્યાં રસ્તામાં વળી ગોવિંદસ્વામીએ કહ્યું "મહારાજ ! તમે કચ્છમાંથી આવ્યા નહિ ને અમને તો જગન કરવાનો બહુ દાખડો થઈ પડ્યો ત્યારે મહારાજ કહે "અરે એમાં તે શું ? યજ્ઞ તો ચાલતા કરીએ" "ત્યારે ગોવિંદસ્વામી કહે ભગવાન તો ખરા પણ નાના બાળક તે વ્યવહારમાં ન સમઝે' પછી મહારાજે કહ્યું "સ્વામી ! આજે સંક્રાંતિને દિવસે શું પુણ્ય કરવું જોઈએ ?" ત્યારે સ્વામી કહે આજ તો બ્રાહ્મણ જમે તે પુણ્ય સારું" પછી મહારાજ કહે "ત્યારે આપણે બ્રાહ્મણને નોતરાં દઈએ" એમ કહીને માર્ગમાં જે ગામ આવ્યાં ત્યાંના બ્રાહ્મણોને નોતરાં દીધાં કે "જેતલપુર સીધા લેવા આવજો, સ્વામિનારાયણના નોતરાં સૌને સાગમટે છે" પછી જેતલપુર જઈને તળાવને કાંઠે મહોલ છે ત્યાં બુંગણ બાંધીને સીધાનો સામાન ભેગો કરવા માંડ્યા તે પંદર મણ ઘીના કુડલા મૂક્યા ને એક હારાનો ઘઉનો લોટ અને તે પ્રમાણે ભાત દાળ અને ગોળ હતો. તે વખતે ત્યાંના હરિજન મૂળજીભાઈએ કહ્યું "મહારાજ ! આ પંદર મણ ઘી છે કે કેમ પુરું થશે ?" ત્યારે મહારાજ કહે "નદીમાં પાણી ચાલ્યું જાય છે ને કૂવા માથે કોસ ચાલ્યા કરે છે પણ તેમાંથી પાણી ખુટતું નથી તે કોણ પુરું કરતું હશે ? માટે તમે તે કુડલાં ત્રાંસાં કરી રાખજો ને નીચે તપેલાં રાખજો તે ભરાઈ રહે ત્યારે બહાર લાવીને તેમાંથી સીધાંમાં આપજો" પછી તે પ્રમાણે કુડલાં રાખી મૂક્યાં ને તેમાંથી અખંડ ઘી આવ્યા કર્યું ને પાંચસો મણના સીધાં એક દિવસમાં દેવાણા એ યજ્ઞ કરવો શરુ કર્યો, ને અઢાર દિવસ સુધી બ્રાહ્મણો જમ્યા પણ સીધાનો સામાન એટલોને એટલો રહ્યો પણ લગારેય ખુટયો નહિ તે બધું જોઈને ગોવિંદસ્વામીને એમ થયું કે "મહારાજ તો અક્ષરાતીત પુરુષોતમ છે. ને અનંતકોટી બ્રહ્માંડના અવતારી તથા ઈશ્વર અને જીવનું કણેય પુરું કરે છે એવા એ સહજાનંદ સ્વામીનો વાદ કોણ કરી શકે તેમ છે" તે પછી અઢાર દિવસે યજ્ઞ પુરો થઈ ગયો ને તેની પૂર્ણાહુતી થઈ ત્યારે હજારો વિમાન લઈને દેવતાઓ આવ્યા ને મહારાજની પૂજા કરીને ચંદનની વૃષ્ટિ કરી તે જોઈને ઘણા બ્રાહ્મણોને સત્સંગ થયો, પછી સાંજે સભા થઈ ત્યારે મહારાજે બ્રાહ્મણોને હજારો રુપિયાની દક્ષિણા આપી તે વખતે આકાશમાંથી એક તેજનો ગોળો મહારાજ પાસે આવ્યો ને તેમાંથી ત્રણ ગોળા થયા ને તે પાછા આકાશમાં ચડી ગયા એવો ચમત્કાર જોઈને ઘણા માણસો હરિભક્ત થયાં હતાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૭૦)*

## ડભાણ યજ્ઞમાં દાળની કોઠી અખૂટ થઈ

મહારાજશ્રી કારિયાણીથી સંતોને સાથે લઈને ચાલ્યા તે ગામ પોલારપુરા અને ખરડ ગામ આવ્યા. ત્યાંથી ગાંફ થઈ કમિયાળે ગયા. ત્યાંથી નાની બોરૂ થઈને ગામ સીંજીવાડે આવીને જગુ બારોટને ઘેર રાત રહીને, ત્યાંથી ચાલ્યા તે ગામ મેળાવ થઈને ડભાણ પધાર્યા. ત્યાં સભા ભરીને સર્વ સંત પાર્ષદો કાઠીઓને બેસારીને યજ્ઞનો સામાન લાવવાનો આરંભ કર્યો. તે લેવા માટે ખંભાતે ૬૦, ગાડાં મોકલ્યાં. તે ગાડાવાળાઓ જે શેઠના નામની ચીઠ્ઠી હતી તે ભૂલી ગયા, તેથી ગાડાં શહેર બહાર મેદાનમાં છોડીને પરસ્પર પૂછી વળ્યા. પણ ચીઠ્ઠી ભુલી ગયા હોવાથી વિચારમાં પડી ગયા. તે સમયે મહારાજ પોતે શેઠનો વેષ લઈને બે, ચાર વાણોતરને સાથે લઈને ત્યાં આવ્યા. તેમણે તે ગાડાંવાળાને પૂછ્યું કે, “આ કેનાં ગાડાં છે ? ત્યારે તેમણે જવાબ આપ્યો કે, “સ્વામિનારાયણનાં છે.” પછી શેઠે કહ્યું કે, “અહીં કેમ બહાર છોડ્યાં છે ?” ત્યારે તેમણે સાચુ કહ્યું કે, ‘ચિઠ્ઠી લાવવાની ભુલી ગયા છીએ.‘ એટલે શેઠે કહ્યું કે, “અમારે અને સ્વામિનારાયણનાને ઘણો મેળાપ છે; તેથી ગાડાં અમારી દુકાને રોકો અને જે સામાન જોઈએ તે લઈ જાઓ.‘ એમ કહીને ગાડાં મંગાવીને પોતાની મોટી દુકાનેથી સામાન ભરાવીને વિદાય કર્યા. એટલે તેમણે કહ્યું કે, તેના હિસાબનો આંકડો આપો.” ત્યારે શેઠે કહ્યું કે, “અમો અને સ્વામિનારાયણ સમજશું. તમારે તેનું કોઈ પ્રયોજન નથી.‘ એમ કહીને પોતે ગાડાં હંકાવીને પોતે તો કેડે રહી ગયા. આ રીતે ડભાણના યજ્ઞકર્તા હરિજનોને અપૂર્વ પરચો પૂર્યો. તેવામાં સુરતના ભાવિક હરિજનો બરફીની માટલી લાવ્યા હતા તેને લઈને મહારાજ તથા મુકુંદ બ્રહ્મચારી બને, સર્વ સંતમંડળ તથા કાઠી મંડળને મેલીને છાનામાના ત્યાંથી ચાલ્યા તે ગામ ઘોડાસર આવ્યા. ત્યાંના ઠાકોર જાલમખાંટ હતા. તેમનાં માજી રામચંદ્રજીની મૂર્તિ પૂજતાં હતાં. જેતલપુરના યજ્ઞમાં મહારાજનો પ્રતાપ જોઈને સત્સંગી થયેલાં અંબા બાઈએ તેમને વાતો કરીને મહારાજની મૂર્તિનું વર્ણન કરી બતાવ્યું હતું. તેવીજ મૂર્તિએ રાતે ઠાકોરની માને સ્વપ્નમાં દર્શન દીધાં અને પૂજ્ય રામચંદ્રની મૂર્તિએ પણ કહ્યું કે, “કલ્યાણ” જોઈએ તો સ્વામિનારાયણના આશ્રિત થાઓ.” એ બે વાતને જોઈને ઠાકોરની માએ અંબા બાઈને કહ્યું કે, તમે આ સ્વામિનારાયણની મૂર્તિનું જેવું વર્ણન કર્યું હતું તેવા જ મને સ્વામિનારાયણ ભગવાને દર્શન દીધાં છે. માટે અમને સ્વામિનારાયણના આશ્રિત કરો.” એટલે બાઈએ તેમને સત્સંગ કરાવ્યો. તે ઠાકોરની માએ પોતાના પુત્ર જાલમખાંટને સત્સંગ કરાવીને કહેલું કે, “આપણે સ્વામિનારાયણને અહીં તેડાવો.” ત્યારે તેમણે કહેલું કે, બહુ સારૂ માજી ! જ્યારે તેઓ આ દેશમાં આવશે ત્યારે તેમને તેડાવીશું. આવો એમનો દઢ સંકલ્પ જાણીને મહારાજ ત્યાં પધાર્યા.

એ ઠાકોર મહારાજને "બાપો કહેતા અને સાધુ આવે ત્યારે બાપાના સાધુ" એમ કહેતા. ઠાકોરને તેડવાનો સંકલ્પ જાણીને મહારાજશ્રી વર્ણીને કેડે રાખીને બરફીની માટલી પોતે લઈને જાલમખાંટને ઘેર એકલા પધાર્યા. અને તેમના આગળ બરફીની માટલી મૂકીને કહ્યું કે, "બાપાએ આ પ્રસાદ મોકલ્યો છે. ત્યારે તેમણે કહ્યું કે, "બાપા" કેવા છે ?" ત્યારે મહારાજે કહ્યું કે, હું જેવા અને મારા જેટલા ઉંચા છે અને મારા જેવો જ આકાર છે ત્યારે વળી ઠાકોરે પૂછ્યું કે, "બાપો મને દર્શન દેશે ? ત્યારે મહારાજે કહ્યું કે, "બાપો દર્શન દે છે અને કેડે આવે છે. એમ કહેતાં, ઠાકોર ઉઠ્યા તે ગામની આથમણી તરફ બે ખેતર દૂર ગયા. પછી બ્રહ્મચારીને દરબારમાં લાવ્યા. તેને જોઈને કહે કે,બાપો આવ્યા. તેને સુણીને બ્રહ્મચારી બોલ્યા કે બાપો તો તમને પ્રસાદી આપીને ગયા એજ છે. અને હું તો બ્રહ્મચારી છું. તે સાંભળીને ઠાકોર બોલ્યા કે, હું તો આ મર્મ ભાષામાં કાંઈ જ સમજયો નહિ.' એમ કહીને ઉતાવળા ઘોડી ઉપર સ્વાર થઈને પાછળ જઈને મહારાજને પકડી પાડ્યા. પછી તેમને કહ્યું કે, હું તો કંઈ સમજ્યો નહિ અને તમો તો તત્કાળ ચાલી નીકળ્યા. પછી મહારાજને કહ્યું કે "તમો આ ઘોડી ઉપર બેસો." ત્યારે મહારાજે કહ્યું કે, અમને તો ઘોડી ઉપર બેસતા આવડતું નથી' ત્યારે વળી દરબારે કહ્યું કે, હું ઘોડીને દોરીશ અને તે ઘોડી પાડે એવી નથી." તો પણ મહારાજ બેઠા નહિ. પછીથી ગામમાંથી સુખપાલ, વાજિંત્ર, નિશાન, એ આદિક સામૈયાનો સામાન મંગાવ્યો. મહારાજને પાલખીમાં બેસારીને દરબારે પોતે પાલખી ઉપાડી, ત્યારે મહારાજે કહ્યું કે "તમે રહેવા દ્યો ત્યારે દરબારે કહ્યું કે, "ભોઈનો અવતાર આવ્યો હોત તો જેની તેની પાલખી ઉપાડવી પડત. અને આતો બાપાની પાલખી ઉપાડવી એતો મહાભાગ્ય મળે પણ અલ્પ પુણ્ય મળે નહિ," એમ કહીને મહારાજને રાજી કર્યા. પછી ગામની ભાગોળ સુધી દરબારે પાલખી ઉપાડી. પછી મહારાજે કહ્યું કે, હવે તમે રહેવા દો અને ઘોડેસ્વાર થાવ." ત્યારે તેમણે તેમ કર્યું અને વાજતે ગાજતે ગામમાં ફરતા ફરતા દરબારમાં પધરાવ્યા. બ્રહ્મચારીએ મહારાજ માટે દૂધપાક, પૂરી, લાડુ, ભજિયાં, વડાં, શાક, રાઈતાં વગેરે સર્વ વસ્તુનો થાળ બનાવ્યો હતો તે પીરસીને મહારાજને બાજઠ ઉપર જમવા બેસાર્યા.

મહારાજ જમતી વખતે જમણા પગને ઉભો રાખીને ડાબા પગની પલાંઠી વાળીને ઉગમણે મુખારવિંદે બેઠા. દરબારનો અને તેમની માનો બહુ પ્રેમ જોઈને ધીરે ધીરે બહુજ વાર જમ્યા. પછી ચળુ કરીને હાથને રુમાલથી લૂછીને, પાનબીડીનો મુખવાસ લઈને સભામાં વિરાજમાન થયા. તે સમયે મહારાજનાં દર્શન કરીને હજારો મનુષ્યને સમાધિ થઈ ગઈ. તેને જોઈ જાણીને દરબાર તો બહુજ આશ્ચર્ય પામ્યા અને એમ જાણ્યું કે, "આતો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે

અને સર્વકર્તા છે' એવો પાકો નિશ્ચય કરીને મહારાજને કહ્યું કે, "તમો ભગવાન છો, માટે હવે અહીંજ રહો." એવું સાંભળીને મહારાજે કહ્યું કે, અમે તો ડભાણમાં યજ્ઞ કરવા આવ્યા છીએ, એ યજ્ઞમાં કેટલાક લોકો વિઘ્ન કરવા ઈચ્છે છે, તેમાં સહાય કરો" એવું વચન સુણીને જાલમખાંટ બોલ્યા કે, તમો કહો તો લાખ કાઠી સાથે લઈને આવું. થોડા કહો તો થોડા લઉં, જરાપણ મારા અંતરમાં કોઈનો પણ ભાર તમારા પ્રતાપથી નથી ત્યારે મહારાજે કહ્યું કે, "અમારી સાથે થોડાક શૂરવીર કાઠીઓ તો છે, માટે થોડાક મનુષ્યો લ્યો.' આ વાતને સાંભળીને દરબારે સંકેત કરવાથી બહુ મનુષ્યો ભેગા થઈ ગયા. સીત્તેર મણનો શીરો અને તે પ્રમાણે અફીણ ઉડી ગયું. એટલાં માણસોને જોઈને મહારાજે કહ્યું કે, "આટલાં બધાં મનુષ્યોની જરૂર નથી, હજાર પંદરસો માણસો લ્યો. તેને સાંભળીને તેટલાં માણસોને લઈને તૈયાર થયા. પછી મહારાજ પણ તૈયાર થઈને ચાલ્યા. તે વખતે દરબારનાં માતુશ્રીએ કહ્યું કે, "દયા કરીને પધારજ્યો. ત્યારે મહારાજે કહ્યું કે, 'તમારો સંકલ્પ જાણીને જ આવ્યા અને તે પૂરો કર્યો. અને ફરી તેડાવશો ત્યારે આવીશું. એમ કહીને પાલખીમાં બેસીને જાલમખાંટને સાથે લઈને વાજતે ગાજતે રસ્તામાં આગળ ચાલતાં આવેલા ગામ હાથરોલીની ભાગોળે આવ્યા.ત્યારે ત્યાંના દરબારે મહારાજને વાજતે ગાજતે પોતાને ઘેર પધરાવીને પૂજા કરીને પાછા વળાવ્યા. તે સમયે ડભાણથી કાઠીયો તથા સુરતના હરિભક્તો સામા આવ્યા. તેમાં સુરતના ભક્તોએ ભારે ભારે વસ્ત્રો આપ્યાં અને એક ૧૮૦૦ રૂપીયાનું મંડીલ મહારાજને મસ્તકે બંધાવ્યું અને વેઢ વીંટીઓ કડાં સાંકળ બાજુબંધ પહોંચી ઈત્યાદિ દાગીના તથા વસ્ત્રો આપ્યાં, એ સર્વે મળીને દશ હજારનો પોષાક થાય. તે મહારાજના સર્વ અંગો ઉપર ધારણ કરાવ્યો. અને પીળુ છત્ર તથા અબદાગીરી તથા બે ચામર તથા ઘોડીનું ચોકડુ તથા કોટીયુ તથા ડુમરી, ઈત્યાદિ સર્વ કીમતી વસ્તુઓ તથા ફળ ફૂલ બરફી પેંડા આદિકની ભેટ મહારાજના મુખ આગળ મૂકીને, પછીથી મહારાજની મોટી આરતી ઉતારીને મહારાજને પગે પડીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. એમ ગામ ઘોડાસરનો મોટો ઉત્સવ પૂરો થયો.

પછીથી મહારાજશ્રી પાલખીમાંથી ઉતરીને ઘોડેસ્વાર થઈને સર્વેને દર્શન દેતા દેતા ચાલ્યા તે સમયે અમદાવાદના હરિભક્તો અઢાર જોડ ત્રાંસાં લઈને સામા આવ્યા ને તેમણે મહારાજનાં દર્શન કરીને જોરથી વાજાં વગાડવા માંડ્યાં. તે સમયની અદ્‌ભુત અપૂર્વ શોભાને જોવા માટે બ્રહ્માદિ દેવો પોત પોતાના વિમાનમાં બેસીને આકાશ માર્ગે ત્યાં આવીને ઊભા રહ્યા. અને અતિ હર્ષથી મહારાજની ઉપર પુષ્પ ચંદનનો વરસાદ કરવા લાગ્યા. તે સમયે સમીપે રહેલા અદ્‌ભૂતાનંદસ્વામી કહે છે કે, તે સમયે મહારાજનું મુખારવિંદ, છત્રની છાયાથી પીળા વર્ણવાળું

અને ભાલની ક્રાંતિથી શ્વેત વર્ણવાળું અને મહારાજ પોતે ગૌરવર્ણવાળા છે. એ રીતે ત્રણ વર્ણવાળા મહારાજનાં દર્શન થતાં હતાં. તે સમયની શોભા વર્ણન કરી શકાય નહિ એવી અદ્‌ભુત હતી. આવી શોભાને ધારણ કરતા થકા, સવારના પહોરમાં ધીરે ધીરે ચાલતાં ડભાણના સીમાડામાં આવ્યા. આ તે સમયે ગામ ખેડાથી ચાર સાહેબો પોતાના ઘોડા ઉપર સ્વાર થઈને ત્યાં આવ્યા. અને ઘોડાને છેટે રાખીને પગપાળા ચાલીને બેજણ મહારાજના જમણા ચરણારવિંદને અને બેજણ ડાબા ચરણારવિંદને પગે લાગ્યા, અને અતિ હેતે કરીને આંખમાં હર્ષનાં આંસુ બહુ લાવવાથી મહારાજની મોજડીઓ પલળી ગઈ. તેને જોઈને મહારાજ બોલ્યા કે, “જેવું મુક્તાનંદસ્વામીને અમારા ઉપર હેત છે તેવું આ ચાર સાહેબોને છે” એમ બોલીને પછી સાહેબે કહ્યું કે, “અમે તમારી વિલાયતમાં આવ્યા હતા ત્યારે એરણ તથા લોંગ સાહેબ બોલ્યા કે, અમારાં ઘરો કયા દ્વારનાં છે ?” “તમારાં ઘરો ઉગમણા દ્વારના છે અને ફલાણા ફલાણા સગા છે.” એમ તેમનાં નામ દીધાં. તેને સાંભળીને બને સાહેબો વગેરે બહુ આશ્ચર્ય પામ્યા અને મહારાજને કહેવા લાગ્યા કે, “તમો તો સર્વ જગતના કર્તા છો અને જેમ હથેળીમાં આંમળું દેખે તેમ સર્વ જગતને પ્રત્યક્ષ દેખો છો. તેથી તમો અમારા સ્વામી છો. અને અમો સેવકો છીએ, માટે અમને જે કાંઈ આજ્ઞા કરશો તે અમો કરીશું ત્યારે મહારાજે કહ્યું કે, “અમે ડભાણમાં યજ્ઞ કરીએ છીએ, તેમાં કોઈ ઈર્ષાવાળા લોકો વિઘ્ન કરવા ઈચ્છે છે, તેમાં તમારે રક્ષા કરવી.‘ ત્યારે સાહેબે કહ્યું કે, “હજાર સોલર લઈને આવીએ, ત્યારે મહારાજે કહ્યું કે, “એટલા બધાનું કામ નથી. થોડાકને લઈને આવજો.” એમ કહીને એમને પ્રસાદ આપીને જવાની રજા આપી, ત્યારે તેઓ પગે લાગી વિનંતિ કરીને ચાલ્યા ગયા. મહારાજ ત્યાંથી ચાલ્યા તે ધીમે ધીમે હરિભક્તોને દર્શન દેતા દેતા ઉતારામાં આવીને સભા કરીને બેઠા. તે સમયે દેવતાઓએ મહારાજ તથા સંતોની ચંદન પુષ્પાદિકવડે પૂજા કરી અને પોતાને સ્થાને ચાલ્યા ગયા. અને મહારાજશ્રી થાળ જમવા પધાર્યા. તે સારી રીતે જમીને ચળુ કરીને મુખવાસ લઈને ઉતારે આવીને બે ઘડી પોઢી ગયા. પછી સંતોની પંક્તિ થઈ, તેઓ જમીને સભા કરીને બેઠા. તે સમયે મહારાજ સભામાં આવીને વિરાજ્યા.

ગામથી આથમણી બાજુએ યજ્ઞશાળામાં બાંધેલાં પરનાળાંમાંથી ચારે તરફથી પુષ્કળ ઘી હોમાતું હતું. અને હજારો વેદીયા બ્રાહ્મણો આહુતિઓ આપતા હતા, તેનો મોટો સાદ દશેય દિશામાં વ્યાપતો હતો અને બ્રાહ્મણોની પાકશાળા તો ઉગમણી તરફ તળાવ ઉપર હતી. અને સભા બેસવા માટે અઢાર વીઘામાં મોટો માંડવો બાંધ્યો હતો. તેના મધ્યમાં મહારાજને બેસવા મંચ બાંધ્યો હતો, તેની ઉપર વિરાજમાન થતા અને દરરોજ પ્રશ્નોત્તરો થતા. બ્રાહ્મણો રસોઈ

કરવા ઉઠે નહિ અને સંતાઈ જાય. ત્યારે મહારાજે કાઠીઓને કહ્યું કે, “જેને ડાબે ખભે જનોઈ હોય તેને તલાવમાં નવરાવીને પાકશાળામાં ઘાલી દ્યો.” પછી તેમણે તેમ કર્યું. એમ રસોઈ પરાણે નિત્ય કરાવતા. એમ નિત્ય પાકી રસોઈ જમાડતા. એક દિવસે બ્રાહ્મણોને કુબુદ્ધિ આવવાથી ઉપાધિ કરવા માંડી. કેવી તો ? ઘીનાં કુલ્લાના દાટા કાઢી નાંખીને ઘીને તમાણમાં રેડે અને લાકડાં સળગાવે, વાસણો થોડાં જોઈએ એ માટે વીશ મણ લાડુ માય એવી ચાર ચાર પૈડાંની ગાડીઓ પંગતમાં ફરે એવી મોટી બનાવી હતી. તેમાં લાડુ ભરીને પંગતમાં પીરસતા. છતાં લાડુ ખૂટી ગયા‘ એવી બૂમો પાડે, વળી ખુટાડવાના ઈરાદે લાડવાને તલાવમાં નાંખે, ઈત્યાદિ ઘણી ઉપાધિ કરવા મંડ્યા. આ ઉદ્ધતાઈ જોઈને, મુકુન્દ બ્રહ્મચારી તો મહારાજને કહી આવ્યા. તેને જાણી તે બ્રાહ્મણોએ બ્રહ્મચારીને કહ્યું કે, “અમો તમને મારીશું.” ત્યારે તેમણે કહ્યું કે, મારી પાછળ કોઈ રાંડનારી નથી, છેડો વાળનારી નથી પણ તમો સો બસો જણા ચુડા ભગાવીને ચોટલા ઉતરાવી મને મારવા આવજ્યો.” એટલાને તો હું એકલો પૂરો પડીશ.” એટલાકમાં મહારાજે આ વાત જાણતાં કાઠીને કહ્યું કે, ‘તમે સર્વે ઘોડેસ્વાર થઈને બંધૂકોને ગોળી વિનાની ભરીને પાકશાળા આગળ આવો” એટલે તેઓ તે પ્રમાણે તૈયાર થઈને આવ્યા અને મહારાજ પણ આવ્યા. અને બંધૂકો છોડી. તેના ભડાકાથી સોળ કોઠીઓ દાળ ભરેલી ફાટી ગઈ, તેને જોઈને બ્રાહ્મણો બહુ બીઈ ગયા. અને મહારાજ પાસે આવીને કહ્યું કે, તમે જેમ કહેશો તેમ કરીશું.” ત્યારે મહારાજે કહ્યું કે, “સુખેથી જમો અને જમાડો.‘ ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે, કોઠીયો ફૂટવાથી દાળ બધી ખૂટી ગઈ છે. ફક્ત એક જ કોઠી ભરેલી છે. ત્યારે મહારાજે કહ્યું કે, “એટલી દાળ તો પૂગશે, ખૂટશે નહિ.” એમ કહીને સભામાં બેઠા અને એક કોઠી દાળ લાખ મનુષ્યોને પૂગી. એવા અનેક ચમત્કાર દેખાડતા અને યજ્ઞને કરતા હતા. *(સદ્. શ્રી અદ્ભુતાનંદ સ્વામીની વાતો-૪૭, ૪૮)*

## બામરોલીમાં શ્રીહરિએ બાજરીની કોઠી અખૂટ કરી

આ સમયે ગામ બામરોલીના તખોપગી તથા તેમની બે દીકરીઓ કે જે પરણેલા ધણીનો ત્યાગ કરીને સાંખ્યયોગને પાળતી થકી મહારાજનું ભજન કરતી હતી તેને સાથે લઈને ત્યાં આવ્યા. મહારાજને વિનયસર પગે લાગીને પ્રાર્થના કરી કે “મારે ગામ સંતો સાથે પધારો. મારાથી બનતી સેવા કરીશ.” આ વાતને સાંભળીને મહારાજે કહ્યું કે “સવારે અમો તમારે ત્યાં સંતો સાથે આવીશું. તમો હાલ જાઓ.” એવું સાંભળીને તખોપગી અને એમની બે દીકરીઓ પોતાને ગામે આવીને સમગ્ર સામગ્રી તૈયાર કરી રાખી. બીજે દિવસે મહારાજ તથા સંતો સવારમાં ઉઠી નિત્યવિધિ કરીને તૈયાર થઈ ગયા. મહારાજ તો ઘોડીએ બેસીને ચાલ્યા તે ગામ

બામરોલી પહોંચી ગયા. મહારાજ પધાર્યાના સમાચાર સાંભળતાં, બધા ઠાકોરભાઈ વાજિંત્રો સાથે સામા આવીને પગે લાગીને વાજતેગાજતે જ્યાં એક મોટો રાણનો વૃક્ષ હતો તેની નીચે ઢાળેલા ઢોલિયા ઉપર વિરાજમાન કર્યા. એજ ટાંણે મહારાજને ઝુલવા માટે પ્રથમથીજ બાંધેલા હીંડોળા ઉપર વિરાજમાન કર્યા, અને તખાપગીની દીકરીઓએ બહુ પ્રેમથી સોના રૂપાના ફૂલે કરીને વધાવ્યા અને પછી પગે લાગીને પોતાને ઘેર ગયાં. એ સમયે સંતો ઝાંઝ મૃદંગ લઈને મહારાજની મૂર્તિના વર્ણનવાળાં પદો બોલીને ઉત્સવ કરવા લાગ્યા અને રંગ ગુલાલ ઉડાડવા માંડ્યા. આ રીતે મહારાજ બપોર સુધી ઝુલ્યા. પછી ઉતરીને વર્ણીએ થાળ કર્યો હતો ત્યાં જઈને જમીને તૃપ્ત થઈને વળી રાણની હેઠે ઢોલિયા ઉપર બેઠા. સંતો, માટે પણ ખાંડના લાડુની રસોઈ બનાવી હતી તેને પીરસવા ઉઠતાં ડાબે ખભે ખેસ નાંખી તેને કેડ સંગાથે તાણી બાંધીને પંગતમાં ''લાડુ લ્યો લાડુ લ્યો' એવા શબ્દો ઉચ્ચારતા થકા પંક્તિમાં પાંચ વાર ફરી સંતોને ખૂબ પિરસી જમાડીને, હાથ પગ ધોઈને ચાખડીએ ચઢીને વળી રાણહેઠે ઢાળેલા ઢોલીયા ઉપર વિરાજ્યા અને સંતો પણ જમીને સભામાં આવી બેઠા. પછી તખાપગી વગેરે સર્વે ઠાકોરભાઈઓ પણ પ્રસાદી જમીને સભામાં આવીને બેઠા.

તે સમયે તખાપગીએ મહારાજની પધરામણી માટે ઘરમાં પાથરણાં પાથરીને વગેરે તૈયાર કરાવીને મહારાજની પ્રાર્થના કરી કે ''સંતો સાથે ઘેર પધારો એવું એમનું વચન સાંભળીને નાન ખાચરને ઘોડી લાવવાનું કહેતાં તે તૈયાર કરીને લાવ્યા. એટલે તેની ઉપર સ્વાર થયા. તે સમયે છત્ર ચામર અબદાગીરી છડી લઈને પાર્ષદો તૈયાર થઈને આગળ ચાલ્યા. આ સમયે મુક્તાનંદમુનિ ઘોડીની આગળ ઉભા રહીને પોતાને પગે ઘૂઘરા બાંધીને, હાથમાં કડતાળ લઈને, મહારાજની મૂર્તિ સામી વૃત્તિ રાખીને, પાછે પગે ચાલે અને પ્રેમવશાત્ ગદ્‌ગદ્ કંઠે ગાયન કરવા લાગ્યા. એને લીધે ઘોડી પણ સ્થિર થઈ ગઈ અને સ્વામી જેટલો પગ ઉપાડે તેટલો જ પગ ઘોડી પણ ઉપાડે અને મહારાજ પણ ઘોડી ઉપર સ્વામીના પ્રેમવશાત્ સ્થિર થઈને ઘોડીની લગામ મૂકી દઈને સ્થિર બેસી રહ્યા. તે સમયે સ્વામીએ એવું ગાયન કર્યું કે એક તો પગે ઘૂઘરાનો શબ્દ, બીજો હાથમાં કડતાળાનાં શબ્દ અને પોતાના કંઠનો મધુર શબ્દ, આ સર્વે શબ્દો એકતાળ થઈ જાય.'' આ અભૂતપૂર્વ ગાયન સાંભળીને સર્વે સંતો હરિભકત બાઈભાઈનાં ચિત્ત તણાઈ ગયાં અને જાણે ચિત્રમાં ચિત્ર્યા હોય એમ સ્તબ્ધ થઈ ગયા. મહારાજની મૂર્તિમાં પોતાની સમગ્ર ઈન્દ્રિયવૃત્તિને જોડી દઈને પાછે પગલે ગાયન કરતા થકા ધીરે ધીરે ત્રીજે પહોરે સંધ્યા આરતી વખતે તખાપગીને ઘેર પહોંચ્યા. એમનું ઘર તો રાણ થકી એક ખેતર જેટલું છેટું હતું. આટલામાં આટલી બધી વાર થઈ. (ગાયનમાં એવો મધુર રસ છે) મહારાજ ઘોડીએથી

ઉતરીને ઘરમાં પધારીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા એટલે પગીએ ચંદન, પુષ્પહારો, શેલ, શિરપાવ, વગેરે ઉપચારો વડે પૂજા કરીને આરતી ઉતારી. અને સંતોને પુષ્પહાર પહેરાવીને વસ્ત્રો ઓઢાડ્યાં. પછી મહારાજને પ્રેમથી પગે લાગ્યા. આ રીતે પધરામણી કરીને ત્યાંથી ચાલ્યા તે રાણે આવીને સભા કરીને વિરાજ્યા. તે સમયે ઉગમણી તરફના ખેતરમાં ઠાકોર લોકોની સર્વે બાઈઓ ભેળી થઈને ગરબો ગાવા લાગી અને હાથમાં માટલીઓ લઈને મહારાજનાં કીર્તન ઘણા પ્રેમથી ગાવા લાગી. આ રીતે ગાતાં ગાતાં રાતના બાર વાગી ગયા. એ વખતે મહારાજશ્રી બાઈઓના અપાર પ્રેમથી આકર્ષિત થતાં પોતે એકદમ ઉઠીને બાઈઓ ગાતી હતી તેના મધ્યમાં ખુરશી નંખાવીને સાંભળતા થકા બેઠા. ગીતો અપૂર્વ ગાયન જોઈ સાંભળીને બહુ પ્રસન્ન થયેલા મહારાજે પ્રસાદભૂત પતાસાં પુષ્પહારો વગેરે આપીને બહુ રાજી કરીને ગાયનને બંધ રખાવીને, પોતે ત્યાંથી ઉઠ્યા તે રાણહેઠે પાથરેલા પલંગ ઉપર પોઢી ગયા. બીજે દિવસે પ્રાતઃકાળે ઉઠીને, પાસેના કૂવા ઉપર નાઈ ધોઈને, તેના પગીની દીકરીનું ઘર હતું ત્યાં જઈને તેની માટીની કોઠીમાં ભરેલી બાજરી જોઈને બાઈને કહ્યું કે, ‘‘આ કોઠીને મોઢે માટલું મુકીને સીવી લ્યો. અને હવે એના સાંણે (બખુ) થઈને જ્યારે જોઈએ ત્યારે બાજરી કાઢજ્યો, ક્યારેય ખૂટશે નહિ. અને જો મોઢેથી ઉઘાડશો તો ખૂટી જાશે.’’ એમ બાઈને વર આપીને, રાણતળે આવીને, ઘોડે સ્વાર થઈને સંતો સાથે ચાલ્યા તે વરતાલ આવી પહોંચ્યા. *(સદ્. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૭૪, ૭૫)*

## પ્રભુ પ્રતાપે બાજરી, મઠ, કેરીઓ ખુટી નહિ

જે સામરખા ગામે મહારાજ પધાર્યા છે. ત્યાં એક પગી હતા. તેમણે ચાર પાંચ ગાડાં કેરીઓ સારી પકવી રાખી હતી. ત્યાં થઈને મહારાજ પધારતા હતા ત્યારે તે પગીએ પાર્ષદોને પૂછ્યું કે, આ કોણ જાય છે ? ત્યારે પાર્ષદે કહ્યું કે—આ તો ભગવાન સ્વામિનારાયણ છે.’’આ વાક્યને સાંભળીને પગીએ જઈને મહારાજની ઘોડીનું ચોકડું પકડ્યું અને વિનયથી કહ્યું કે, ‘‘તમે આજ અહીં રાત રહો, જેવી બનશે એવી આપની સેવા કરીશ’’ ત્યારે મહારાજે કહ્યું કે, ‘‘અમારી સાથે તો ઘણા માણસો છે તથા ઘણાં ઘોડાં છે તેને માટે ચંદી જોઈશે‘ આવું મહારાજનું વચન સાંભળીને તે પગીએ કહ્યું કે, હે મહારાજ ! ધરબલીમાં ધાન છે અને માટલીમાં મઠ છે. બાપાના પ્રતાપથી ઢગ છે, ઢગ છે.’’ એમ કહીને મહારાજને રાજી રાજી કર્યા. પછી પોતાના ખેતરમાં ઉતારો કરાવીને રાખ્યા. પછી મહારાજે સર્વ સ્વારોને ભલામણ કરી કે, આ બાજરી ભરેલી નાની કોઠી છે તેને ઉંધી પાડશો નહિ. તેના સાંણેથી કાઢી કાઢીને સર્વેને ચંદી આપો અને માટલીમાં મઠ છે તે પણ કાઢીને આપો’’ ત્યારે મહારાજના કહેવા પ્રમાણે વિવેક કર્યો.

એમ બધાં ઘોડાં તથા બળદોને ખાણ આપ્યું. તો પણ એ ધરબલીમાં બાજરી એટલીને એટલી જ રહી અને મઠ પણ એટલાને એટલા જ રહ્યા. બિલકુલ ખૂટ્યા નહિ. આવો અદ્દભૂત પ્રતાપ જણાવતા થકા સર્વેને ચારચાર કેરીયો આપી તે પુગી રહી. ખૂટી નહિ. અને પોતે પણ પગીના ભલા માટે પાંચ જમ્યા. આ રીતની લીલા કરતા થકા ત્યાં રાત રહીને ત્યાંથી પ્રભાતે ચાલ્યા. *(સદ્. શ્રી અદ્ભુતાનંદ સ્વામીની વાતો-૧૧૦)*

## ધર્મદેવે બાલપ્રભુના કહેવાથી બાવાઓને સીધું આપ્યું તો પણ ન ખૂટ્યું

એક સમે નેપાળ દેશના પહાડી વેરાગીની જમાત તેના દેશમાંથી જાત્રા કરવા સારુ નીકળીને દેશાંતરમાં ફરતાં ગંડકી નદીમાંથી કેટલાક શાલીગ્રામ લઈ અયોધ્યાપુરી જતાં રસ્તામાં છપૈયાપુરને વિષે આવી. ત્યાં તેમણે ખાંપા તળાવડી ઉપર ઉતારો કર્યો. તે જમાતમાં હાથી, ઘોડા, રથ, મીયાના, ડંકો, નિશાન, ઊંટ, અબદાગરી, છત્ર વગેરે તથા તોપો, જંજાળ્યો, તીર, ભાલાં, તરવારો, છરા, કટાર, ગુપ્તીઓ, સાંગ્યો, લુવાંગ્યો, લાકડીઓ, ધોકા અને ચીપિયા આદિક હજારો હથિયાર તથા ઠાકોરજીને દૂધ પાવા સારુ ગાયો તથા દસવીશ ઠાકોરજીનાં સિંહાસન તથા દેરા, તંબુ અને રાવટીઓ, આદિક ઘણા સામાન સહિત સો સોને ટુકડે દશ જમાત્યો હતી અને તે જુદી જુદી ઊતરી હતી. તે જમાતો જોવા સારુ ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓ તથા ભાઈઓએ વીંટાણા થકા તે તલાવડી ઉપર ગયા તે સમે કેટલાક વેરાગીઓ ગામમાં આવ્યા ને ધર્મદેવનું નામ પૂછતા થકા આંગણામાં આવીને બોલ્યા જે ‘‘ધર્મદેવ કેનું નામ છે ?’’ ત્યારે ધર્મદેવ કહે ‘‘મારું નામ’’ ત્યારે તે વેરાગી બોલ્યા જે ‘‘અમે એક હજાર વેરાંગી છઈએ, તે સહુને સીધાં અપાવો’’ એમ કહી આંગણા વચ્ચે ધોકા ને ચીપીયા પછાડવા લાગ્યા. તેમને જોઈ ગામના ધણી મોતી તિવારી તો ત્રાસ પામીને પોતાના અધવારાનું ગામ જે ગાયઘાટ ત્યાં નાસી ગયા. પછી ધર્મદેવ કહે ‘‘હે સંતો ! આતો નાનું ગામ છે ને મારા ઘરમાં તો તમે બધાય જમો તેટલું સીધું ક્યાંથી હોય ? પણ તમે બેસો જેટલી મારાથી તમારી ટેલ્ય થાશે તેટલી કરીશ’’ તે સાંભળીને ખાખીઓ બોલ્યા જે ‘‘અમે તો તમારું નામ જાણીને આવ્યા છઈએ. માટે તમે બધાંય સીધાં આપો. અમેતો તમને ઓળખીએ છઈએ’’ તે સાંભળીને ધર્મદેવ અંતરમાં ચિંતા કરવા લાગ્યા કે ‘‘હવે કેમ કરીશું ? મોતી તિવારી તો નાસી ગયા, નહિ તો ગામમાંથી સીધું ઉઘરાવી આપત. ને ઘનશ્યામ પણ ભાઈ સહિત જમાત જોવા ગયા છે’’ એવી રીતે ચિંતા કરતા થકા ઓશરીની જેર ઉપર બેઠા. ત્યારે ઘનશ્યામ મહારાજ અંતર્યામીપણે પોતાના પિતાને ઉદાસ થયા જાણીને તત્કાળ મોટાભાઈ સહિત ઘેર આવ્યા ને બોલ્યા કે ‘‘હે દાદા ! તમે શા માટે આવડી ચિંતા કરો છો ? ને તમારે બીજાનું શું કામ છે ? આપણા ઘરમાંથી

બધાંય સીધાં આપો, જુઓ ઘરમાં જે જોઈએ તે નીકળશે'' તેવું સાંભળીને ધર્મદેવને મનમાં હિંમત આવી ને સુવાસનીબાઈએ સાકર, ઘી, આટો, ચોખા, દાળ વગેરે જે જે સામાન સીધામાં જોઈએ તે સર્વ લાવીને ધર્મદેવની સમીપે મૂક્યો ત્યારે તેમાંથી તે વેરાગીઓને જેટલું જોઈએ તેટલું સીધું તેમના માનવા પ્રમાણે આપ્યું, તો પણ સીધું ખૂટ્યું નહિ ને જેટલું સુવાસનીબાઈએ લાવીને મૂક્યું હતું તેટલું એમને એમ પાછું ઘરમાં લઈ ગયા. પછી તે વેરાગી સીધું લઈને, રાજી થયા થકા પોતાને ઉતારે જઈ રસોઈ કરી ઠાકોરજીને ધરાવીને સર્વ જમ્યા. પછી સાંજને વખતે ધર્મદેવ પોતાના બેય પુત્રને સાથે લઈને બીજાં કેટલાંક માણસે વીંટાણા થકા તે જમાતની ખબર કાઢવા સારુ ત્યાં ગયા. એટલે તે સર્વ વેરાગી રાજી થયા થકા બોલ્યા જે ''હે ધર્મદેવ તમારા ઘરના જેવું સીધું અમને કોઈ ઠેકાણથી મળ્યું નથી, માટે આ તમારા પુત્ર કોઈક ઈશ્વર છે. તે આટલા અમે વેરાગી છઈએ તે અમો સર્વને સીધાં આપવાની હિંમત તમને આપી. ને ઘરમાંથી પણ થોડાં સીધાનો સામાન લાવીને તમારી સમીપે મૂક્યો હતો. તેમાંથી તમે અમને મનગમતાં સીધાં આપ્યાં, તોપણ તે વાસણમાં સીધું હતું તેટલું ને તેટલું રહ્યું હતું, તે જોઈને અમે તો આશ્ચર્ય પામી ગયા. માટે આ તમારા પુત્ર જરૂર કોઈક ઈશ્વરનો અવતાર છે એમ કહી સન્માન–પૂર્વક આસન આપીને બેસાર્યા. પછી ત્યાંથી ઊઠીને જમાતમાં જોતા જોતા આગળ બીજા વેરાગીના ટુકડામાં ગયા. ત્યારે તે ટુકડામાંથી એક વેરાગી ધર્મદેવને ઉંચે સ્વરે કરીને સામું બોલ્યો હતો તે વેરાગી એક વાઘના ચર્મ ઉપર બેસીને પોતાની તરવારને મરીયાં પડેલાં તે ઘસીને કાઢતો હતો. તે ચર્મને દેખીને ઘનશ્યામ મહારાજ બોલ્યા કે ''હે દાદા ! આ વાઘચર્મને આપણે ઘેર લઈ ચાલો'' તે સાંભળીને તે વેરાગી કહે ''એ લડકા ક્યા બોલતા હૈ ?'' ત્યારે ધર્મદેવે કહ્યું ''એ તો આ તમારું પાથરેલું જે વાઘચર્મ તે માગે છે'' ત્યારે તે વેરાગી કહે ''એ ચર્મકા તો ત્રણસો રૂપિયા બેસતા હે' તે સાંભળીને ઘનશ્યામ મહારાજે જાણ્યું કે ''આ તો મહા અભિમાની છે માટે ત્યાગી થઈને આટલું અભિમાન રાખે તે ઠીક નહિ'' એટલાકમાં તત્કાળ પોતાની ઈચ્છાથી તે ચર્મનો મહા મોટો વાઘ થયો. તે દેખીને તે વેરાગી તો એકદમ ત્રાસ પામીને ઊભો થઈ ગયો ને બોલી ઊઠ્યો કે ''ઓ બાપરે ! આ વાઘ મને ખાધો. પછી તે જોઈને બીજા સર્વ વેરાગી પોતપોતાનાં આસન પડ્યાં મૂકીને તત્કાળ ચારે તરફ નાસીને છિન્ન ભિન્ન થઈ ગયા. ત્યાર પછી ઘનશ્યામ મહારાજે સહુને પાછા બોલાવીને ધીરજ આપી કહ્યું કે ''આંહી આવો તમને કોઈને આ વાઘ નહિ મારે, એતો અભિમાનીને અરથે છે'' તેવું સાંભળીને તે અભિમાન કરનારો વેરાગી છેટે ઊભો રહી નમસ્કાર કરીને બોલ્યો કે ''હે મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરીને એ વાઘને તમે દૂર કરો ત્યારે દયાળુ એવા શ્રીહરિએ તે વાઘને

રજા આપી કે તત્કાળ મોટી ફાળો ભરતો થકો બગીહાવનમાં નાસી ગયો. તે જોઈને સહુ વેરાગીઓ તથા તે અભિમાની પણ પોતાના માનનો ત્યાગ કરીને ઘનશ્યામ મહારાજના ચરણારવિંદમાં માથું મૂકીને અતિ નિર્માની થઈને સ્તુતિ કરવા લાગ્યો જે "અહો હે ધર્મદેવ ! આ તમારા પુત્ર તો સાક્ષાત અમારા ઈષ્ટદેવ શ્રી રામચંદ્રજી છે" તે પછી ધર્મદેવે સત્કાર કર્યા એવા તે વેરાગીઓ પોતપોતાની જમાત લઈને ત્યાંથી ચાલ્યા તે અયોધ્યાપુરી ગયા ને ધર્મદેવ પણ પોતાના બેય પુત્રોને સાથે લઈને પોતાને ઘેર આવ્યા ને તે વાત સર્વ પુરવાસી જનને કહી તે સાંભળી સર્વ આશ્ચર્ય પામ્યાં. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૩)*

## સંતો કહે મહારાજ, સીધું થોડું છે કેમ થાશે ?

માંગરોળમાં વળતે દિવસે શ્રીજીમહારાજ સભા કરીને બિરાજમાન હતા તે વખતે ગામમાંથી ગોવરધનભાઈ તથા મૂળચંદભાઈ તથા સંઘેડીયા આણંદજીભાઈ તથા રામચંદ શાહ શેઠ વગેરે ઘણાક હરિભક્તો શ્રીજીમહારાજને પગે લાગીને સભામાં બેઠા ત્યારે મહારાજે તે હરિભક્તો પાસે વાત કરી કે "આ કાળાંતરની બુરાયેલી વાવ છે તે ગળાવવી છે." ત્યારે હરિભક્તોએ કહ્યું બહુ સારું, મહારાજ સાધુ સંતને તથા હરિભક્તોને નાવા ધોવા તથા પાણી પીવાનું બહુ જ અનુકૂળ પડશે પછી વળતે દિવસે ગામમાંથી દાડિયા બોલાવીને તે વાવનો ગાળ કાઢવા લાગ્યા તે થોડાક દિવસે તેમાં સુંદર મીઠું અમૃત જેવું જળ નીકળ્યું. ત્યારે મહારાજશ્રીએ સરવે હરિભક્તોને કહ્યું, "આપણે આ વાવનું ભરું કરીએ તો કેમ ?" ત્યારે સહુએ કહ્યું "ભલે" ત્યારે મહારાજ કહે "સીધું સામાન ગામમાંથી લાવો અને ગામમાંથી વિદ્વાન બ્રાહ્મણોને બોલાવો." ત્યારે સરવે હરિભક્તો સીધું સામાન ગાડાં ભરીને લાવ્યા અને ગામમાં ચોરાશીનું નોતરું પણ દઈ આવ્યા. ત્યારે તે વખતે વિદ્વાન બ્રાહ્મણો પણ આવ્યા અને વાવને કાંઠે વેદી કરાવીને હોમ હવન કરાવવા લાગ્યા તે વખતે સીધું સામાન જોઈને બીજા સાધુ તથા હરિજનના મનમાં બીક લાગી કે "સીધું સામાનનું પૂરું કેમ થાશે ?" તે વાત શ્રીજીમહારાજની આગળ કરી કે "હે મહારાજ સીધું સામાન તો થોડું છે તે પૂરું કેમ થાશે ?" ત્યારે મહારાજે કહ્યું "ભગવાન પુરુ કરશે તમે બેઠા ભજન કરો. તે વખતે ગામમાંથી બ્રાહ્મણો આવ્યા ત્યારે શ્રીજીમહારાજે કહ્યું "તમારે જોઈએ તેટલું સીધું સામાન લઈ જાઓ ત્યારે બ્રાહ્મણોએ સીધુ સામાન લઈને આત્મારામ વેરાગીની જગ્યામાં ગયા અને ત્યાં રસોઈ કરવા માંડી અને આપણી જગ્યામાં સાધુએ રસોઈ કરવા માંડી તે શીરો, પૂરી, દાળ, ભાત, શાક, કરીને મહારાજને જમાડ્યા અને પછી સંત હરિજનોને જમાડ્યા અને પછી તીર્થવાસી તથા ગરીબ ગરબાં સહુની પંક્તિ કરીને પીરસીને જમાડ્યાં અને બ્રાહ્મણો આત્મારામ વેરાગીની

જગ્યામાં રસોઈ તૈયાર કરી રહ્યા તે વખતે પરદેશી એક બ્રાહ્મણ પૂછતો પૂછતો આવ્યો કે "આંહી જીવનમુક્તા ચોરાશી જમાડે છે તે ક્યાં છે ?" ત્યારે ગામના લોકોએ કહ્યું "ગામ બહાર આથમણે દરવાજે આત્મારામ વેરાગીની જગ્યામાં બ્રાહ્મણો રસોઈ કરે છે" તે સાંભળી તે જગ્યામાં તે પરદેશી બ્રાહ્મણ આવ્યો અને બ્રાહ્મણોને કહ્યું તમે જીવનમુક્તાની ચોરાશી જમો છો ?" ત્યારે બ્રાહ્મણો બોલ્યા કે "અમે સીધા સામાન ચોરાશીના લાવ્યા છીએ અને તેની રસોઈ લાડુ, દાળ, ભાત, શાક તૈયાર કરેલ છે તે તમારે જમવું હોય તો આવો." ત્યારે તે પરદેશી બ્રાહ્મણ બોલ્યો કે "તમે જીવનમુક્તાની ચોરાશી જમશો પણ તેમનું દૂધ કોણ છે તે તમે જાણો છો ?" ત્યારે તે બ્રાહ્મણો બોલ્યા જે "અમે કાંઈ જાણતા નથી ત્યારે તે બ્રાહ્મણ કહે "મારી સાથે ચાલો આપણે ત્યાં જઈ તેમને પૂછીએ." ત્યારે તે સરવે બ્રાહ્મણો ભેગા થઈને રસોઈ ઢાંકીને મહારાજ પાસે આવ્યા ત્યારે તે બ્રાહ્મણોને આવતા જોઈને શ્રીજીમહારાજ બોલ્યા કે "તમે કેમ આવ્યા ? કાંઈ વધારે સીધું સામાન જોઈએ છીએ ?" ત્યારે બ્રાહ્મણો કહે "સીધું સામાન તો પુષ્કળ છે પણ અમે તો તમને પૂછવા આવ્યા છીએ." ત્યારે મહારાજે કહ્યું "તમે જે પૂછવા આવ્યા હો તે ખુશીથી પૂછો." ત્યારે તેઓ કહે "હે મહારાજ આપનું દૂધ હોય તે કહો તો જ અમે જમીએ." ત્યારે મહારાજ કહે "તમારે દૂધનું શું કામ છે, તમારે લાડુ જમવાનું કામ છે તે તમે જમો." ત્યારે તે બ્રાહ્મણો બોલ્યા કે "તમારું દૂધ જે હોય તે કહો તો જ અમે જમશું નહિતર જમશું નહિ ત્યારે શ્રીજીમહારાજે તે વખતે પોતાનું અલૌકિક દર્શન દીધું તે માથે મોરમુગટ, પીતામ્બર અને વસ્ત્ર સરવે જરીયાની ધારણ કરેલાં ને ચાર ભુજા ને ચાર ભુજામાં આયુધ શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારેલાં ને તેને ડાબે પડખે શ્વેત મૂર્તિ દીઠી તેમને ચાર હાથ, ચાર મુખ, ચાર પાદ, અને અષ્ટ નેત્ર એવા ધર્મદેવને બે હાથ જોડીને ઉભેલા દીઠા. અને જમણે પડખે ભક્તિમાતા તે પૂજા વિધિની સોનાની થાળી લઈને ઉભેલાં દીઠાં. આવું અલૌકિક દર્શન કરીને સરવે બ્રાહ્મણો મનમાં પસ્તાયા ને બહુ આશ્ચર્ય પામ્યા. ને બોલ્યા જે "આ જીવનમુક્તા તો સાક્ષાતકાર વિષ્ણુ ભગવાનનો અવતાર છે તેમને આપણે પૂછવા આવ્યા તે આપણી મોટી ભૂલ થઈ છે." એમ બોલી એ સહુ બ્રાહ્મણો છાના માના આત્મારામ વેરાગીની જગ્યામાં જઈને જે તૈયાર રસોઈ હતી તે જમ્યા. તે જ દિવસે ગામમાંથી વાજાં સાંભળીને તથા હોમ હવન થાતો હતો તે જોવા સારું સરવે મતપંથી ભેળા થયા હતા. તેઓએ મહારાજને કહ્યુ કે "અમને અમારા ઈષ્ટદેવનાં દર્શન કરાવો.' ત્યારે શ્રીજીમહારાજે સહુને સમાધિ કરાવીને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં ને તેમને ઈષ્ટદેવને પોતાની મૂર્તિને વિષે લીન કરી દેખાડ્યાં એવો

પ્રૌઢ પ્રતાપ જોઈને ઘણાંક માણસોએ શ્રીજીમહારાજનો આશરો કર્યો, એવી રીતે તે જગ્યાએ પ્રતાપ દેખાડ્યો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૯૭)*

## કંડોરડાની ચોરાસીમાં બ્રાહ્મણો જમ્યા તો પણ સીધું તો હતું એટલું જ રહ્યું

એક સમે ગામ કંડોરડામાં હરિભક્ત બારોટ ગોપાળ તથા ડોસાને ઘેર શ્રીજીમહારાજ તથા મૂળજી બ્રહ્મચારી કચ્છમાંથી આવીને તેની ડેલીમાં ઉતર્યા ત્યારે ડોસા બારોટે ઢોલિયો ઢાળીને માથે ગાદી તકીયો બીછાવી દીધો તે ઉપર મહારાજ બિરાજમાન થયા પછી મહારાજે બે ઘડી વાતો કરીને પછી પોઢ્યા ને સવારે ઉઠી ગામને પાદર નદીયે નાવા પધાર્યા ને બહીરભૂમિએ જઈ આવીને માટીએ હાથ ધોયા ને પછી દાતણ કરીને નદીમાં ધૂનો હતો ત્યાં નાયા ને મૂળજી બ્રહ્મચારી પણ નાયા તે વખતે ત્યાં ગામના ઘણા બ્રાહ્મણ નાવા આવેલા હતા ને ત્યાં કાંઠા ઉપર આંબલીનાં વૃક્ષ ઘણાં ઘાટાં હતાં તે જોઈને મહારાજ બોલ્યા જે ‘‘આંબલી છાયા બહુ ઘાટી છે’ તે સાંભળી બ્રાહ્મણ કહે ‘‘હે સ્વામિનારાયણ છાયા હેઠે બ્રાહ્મણ જમે તો છાયા સારી નહિ તો શા કામની.’’ ત્યારે મહારાજ કહે ‘‘ભલે જમો અમે સીધા આપશું જાઓ ગામમાં નોતરાં ફેરવો.’’ ત્યારે બ્રાહ્મણ રાજી થકો નોતરાં દેવા ચાલ્યો ત્યારે બીજો બ્રાહ્મણ બોલ્યો કે ‘‘હે મહારાજ ! આંહી બ્રાહ્મણનાં સો ઘર છે ત્યારે મહારાજ કહે ‘‘ભલે હોય તમે નોતરા દઈ આવો ને કહેજો જે આંબલીયા હેઠે સ્વામિનારાયણ ચોરાશી કરે છે તે બપોરે રસોઈ કરવા વાસણ લઈ આવજો. ત્યારે બ્રાહ્મણે એ પ્રમાણે નોતરાં ફેરવ્યાં ને મહારાજ નાહીને ડોસા બારોટને ઘેર ગયા ને કહ્યું ‘‘હે ડોસા બારોટ ! અમે બ્રાહ્મણોને જમાડવાનું કહી આવ્યા છીએ તે સારુ સીધાનો સામાન ક્યાં મળશે ? ત્યારે બારોટ કહે ‘‘મહારાજ આંહી જામસાહેબ આવવાના હતા તે સારુ સામાન કરાવ્યો હતો પણ તે ન આવ્યા તેથી તે બધો સામાન ભાદા પટેલના ઘરમાં તૈયાર છે પણ તે પટેલ તો ગામ ગયા છે ત્યારે મહારાજ કહે ‘‘તમે જઈને પટલાણીને કહો કે સ્વામિનારાયણ ચોરાશી કરે છે માટે તમારી પાસે જે લોટ દાળ વગેરે રસોઈનો સામાન છે તે બધો તથા બળતણનાં ગાડા ભરીને તમારા સાથીઓને કહી નદીને કાંઠે આંબલીયો હેઠે મોકલો ને ત્યાં ગાડાં છોડે ત્યારે ડોસા બારોટે તે પ્રમાણે ત્યાં જઈને પટલાણીને કહ્યું ત્યારે તે પટલાણી સત્સંગી નહોતાં તો પણ તે વાત સાંભળીને બહુ રાજી થયાં ને બોલ્યા જે ‘‘સ્વામિનારાયણ તો ભગવાન છે તેમણે મને ભક્તિ બતાવી તે મારાં મોટા ભાગ્ય થયાં એમ કહી બધો સામાન ગાડામાં ભરાવીને પોતાના સાથીઓ સાથે નદી કાંઠે મોકલ્યો તે પછી મહારાજ પણ ત્યાં પધાર્યા ને આંબલીયોની છાયામાં ઢોરો હતો ત્યાં ઢોલિયો ઢળાવીને તે ઉપર બિરાજમાન

થયા ને ડોસા બારોટને કહ્યું "ઢોલી તથા શરણાઈવાળાને બોલાવો ત્યારે તે બોલાવી લાવ્યા ને તેઓ વગાડવા માંડ્યાં ને બ્રાહ્મણો ગામમાંથી વાસણ લઈને રસોઈ કરવા આવ્યા ને સીધાં હાથે ભરી લીધાં પછી રસોઈ તૈયાર થઈ ત્યારે પંક્તિ કરીને જમવા લાગ્યા ને સહુ સારી પેઠે જમ્યા તો પણ લાડુ વધી પડ્યા ત્યારે પટેલના સાથીને મહારાજે કહ્યું "આ લાડુ વધ્યા છે તેમાંથી બે તાસ ભરીને પટેલને ઘેર પહોંચાડો ને એક તાસ ગોપાળ બારોટને ઘેર પહોંચાડો એમ કરતાં પણ કેટલાક લાડુ વધ્યા તે ગરીબ ગરબાને વહેંચી દીધા ને ઢોલી તથા શરણાઈવાળાને પણ ઘણા દીધા પછી મહારાજે બ્રહ્મચારીને કહ્યું "તમે આ સીધામાંથી આપણે માટે જોઈતો સામાન લઈ લીયો ને રસોઈ ડોસા બારોટને ઘેર કરીને આપણે પણ જમશું ત્યારે બ્રહ્મચારીએ તેમાંથી જોઈતું સીધું લઈ લીધું પછી મહારાજે પટેલના સાથીઓને કહ્યું "હવે આ સીધાનો સામાન વધ્યો છે તે પાછો ગાડાંમાં ભરી લીયો ને પટલાણીને પાછો સોંપી દીયો." પછી લોટ, ઘી, ગોળ વગેરે જે વધ્યું હતું તે ગાડામાં ભરીને ગામમાં લઈ ગયા ને તે પટલાણીને સોંપ્યું ત્યારે તે જોઈને બાઈ બોલી જે "આમાંથી મારું કાંઈ વર્યું નથી એમ મહારાજ તે બાઈને ચમત્કાર જણાવ્યો ને મહારાજ ગામમાં ડોસા બારોટને ઘેર આવ્યા ને મૂળજી બ્રહ્મચારીએ થાળ કર્યો તે મહારાજ જમ્યા ને પછી મૂળજી બ્રહ્મચારી પણ જમ્યા ને પ્રસાદી બધી તે ગોપાળ બારોટને તથા ડોસા બારોટને આપી. પછી મહારાજે ગોપાળ બારોટને વાત કરી જે "તમારા ઘરમાં કેટલી કોરી છે ? ત્યારે તે કહે "મહારાજ ! મારી પાસે ત્રણસો કોરી છે ત્યારે મહારાજ કહે "તે લાવો" એટલે ગોપાળ બારોટે તે લાવીને મહારાજના ખેસના છેડામાં ઠલવી તે મહારાજે હાથમાં લઈને જોઈને પાછી તેમાં નાખીને બોલ્યા જે 'તમે આ કોરી લઈને પટલાણી પાસે જાવો ત્યારે ગોપાળ બારોટ તે કોરી લઈને પટલાણી પાસે ગયા ને કહ્યું કે મને કોરી લઈને મહારાજે આંહી મોકલ્યો છે તે તમે સીધાના સામાનનું જે બેઠું હોય તે પ્રમાણે લીયો' ત્યારે તે બાઈ કહે "મારી બધી ઘરવખરી સ્વામિનારાયણની છે ને હું તો એકેય કોરી નહિ લઉં ને મહારાજને બીજી ચોરાશી કરવી હોય તો ભલે કરે ત્યારે બારોટે બહુ તાણ કરીને કહ્યું "મહારાજે મને મોકલ્યો છે માટે કાંઈક તો લીયો' ત્યારે તે બાઈને પ્રસાદીની જાણીને તેમાંથી પાંચ કોરી લીધી ને બારોટને કહ્યું કે "મહારાજને કહેજો જે મને અંતકાળે તેડવા આવે પછી ગોપાળ બારોટ મહારાજ પાસે આવ્યા ને તે વાત મહારાજને કહી તે સાંભળી મહારાજ બહુ રાજી થયા ને બોલ્યા જે "ઠીક એ તો અમારું બીરુદ છે તેથી તેને અંતકાળે અમે તેડવા જાશું." પછી મહારાજ ત્યાંથી પધાર્યા ને થોડાં વર્ષ પછી તે બાઈનો મૃત્યુ સમય થયો તે ટાણે અનેક વિમાન લઈને શ્રીજીમહારાજ પોતે તે બાઈને તેડવા આવ્યા ને તે વખતે પટેલના ઘર તથા ઓશરી તથા ફળિયામાં

તેજ તેજ થઈ ગયું ને પટેલને તથા તેમના દીકરાઓને મહારાજનાં સાક્ષાત દર્શન થયાં ને તે વખતે તે બાઈ બોલ્યાં જે "આ સ્વામિનારાયણ ભગવાન મને તેડવા પધાર્યા છે. ત્યારે પટેલ કહે "આપણે તો વૈષ્ણવ છીએ ને સ્વામિનારાયણ કેમ તેડવા પધાર્યા ?" ત્યારે પટલાણી બોલ્યાં જે "મેં સ્વામિનારાયણને ચોરાશી કરવા સીધાનો સામાન દીધો હતો તે વખતે તેમણે વર દીધો હતો તેથી તે તેડવા પધાર્યા છે માટે હું હવે તેમના ધામમાં જાઉં છું." એમ બોલતાં તે બાઈ દેહ મેલીને મહારાજ સાથે અક્ષરધામમાં ગયાં. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૬૬)*

## જીવુબા - લાડુબાની રસોઈ ને રાઈબાના લાડવા અખૂટ કર્યા

એક વાર શ્રી ગઢડા મધ્યે શ્રીજીમહારાજ બિરાજમાન હતા ને મહોદયપર્વ ઉપર સર્વે પરમહંસ તથા દેશદેશના હરિજન આવ્યા ને મહારાજને પગે લાગી ઉતારા કર્યા ને વળતે દિવસ મહારાજ સર્વે સાધુ તથા સત્સંગીયે સહિત ઘેલે નાવા પધાર્યા ને મહારાજશ્રી ખળખળિયામાં નાવા બેઠા ને સર્વે સંત હરિજન હેઠવાસ નાવા લાગ્યા ને મહારાજ જાજી વાર સુધી તે હેઠળા ધુનામાં પણ નાયા ને જળક્રીડા કરી સૌને આનંદ પમાડ્યા. પછી બહાર નિસરીને મહારાજ શ્વેત વસ્ત્ર ધારણ કરીને માણકી ઘોડીએ સ્વાર થયા ને ગાતા વાતા સૌ દાદા ખાચરના દરબારમાં આવ્યા ને મહારાજ લીંબતરુ હેઠે ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિજનની સભા ભરાઈને બેઠી હતી ને એકકોર નોખાં જીવુબા તથા લાડુબા આદિક બાઈઓ બેઠાં હતાં તે વખતે શ્રીજીમહારાજે ઘણીક વાતો કરીને બોલ્યા જે "આજ મોટું મહોદય પર્વ છે તે કોણ સંતને જમાડે છે ?" ત્યારે જીવુબા બોલ્યાં જે "હે મહારાજ ! આજ મારી રસોઈ છે ત્યારે લાડુબા કહે "આજ તો મારે રસોઈ દેવી છે પછી મહારાજ કહે "આજ અમારે કોને ના પાડવા માટે બેય બેનો રસોઈનો સામાન લક્ષ્મીવાડીએ મોકલજો ને સાધુ સાધુમાં પીરસે તો બે રસોઈનો સામાન મોકલજો ને જો અમારી પાસે પીરસાવવું હોય તો દોઢી રસોઈ જોશે માટે ત્રણ રસોઈ જેટલો સામાન મોકલજો" પછી સચ્ચિદાનંદસ્વામીને કહે "તમે રીંગણાની ગાડી ભરીને મોકલજો ત્યારે સ્વામી કહે "બહુ સારું મહારાજ ! રીંગણાં પણ થયાં છે' એમ કહી વાડીયે જઈને રીંગણાં ઉતારી લક્ષ્મીવાડીએ મોકલ્યાં ને દરબારમાંથી રસોઈનો સામાન ગાડાં ભરી ભરીને મોકલાવ્યાં ને વાસણ પણ ગાડામાં ભરીને મોકલાવ્યાં ને શાક કરવા સારું ભાવસારને ત્યાંથી રીંગણાં મોકલાવ્યા. પછી મહારાજે સાધુને કહ્યું કે "તમે રસોઈ કરવા માંડો ને અમે શાક કરશું" એટલે મહાનુભાવાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા જગન્નાથાનંદસ્વામી વગેરે સંત મળીને લાડુ કરવા લાગ્યા તે લાડુ તૈયાર કર્યા ત્યાં મહારાજે

શાક પણ તૈયાર કર્યું. પછી મહારાજ જમવા કામળીના આસન ઉપર બેઠા ને આગળ બાજોઠ માથે થાળ મૂક્યો તેમાં લાડુ ને શાક પીરસ્યું ત્યાં દરબારમાંથી બ્રહ્મચારી થાળ લાવ્યા તે પણ જમતા જાય ને રીંગણાનું શાક ને લાડુ પણ જમે તે જમીને થાળ દાદા ખાચરને આપ્યો તે જમ્યા. ને મહારાજે નિત્યાનંદસ્વામીને કહ્યું કે "તમે લાડુ પીરસો ને અમે શાક પીરસશું તેમ કહીને સંતની પંક્તિમાં મહારાજ શાક પીરસવા મંડ્યા. ને નિત્યાનંદસ્વામી આદિક સંત લાડુ પીરસવા મંડ્યા. તે સાધુઓ શાક વધારે લીયે ને લાડુ તો બહુ ન લીયે તે જોઈ નિત્યાનંદસ્વામી અને મહાનુભાવાનંદસ્વામી બોલ્યા જે "લાડુતો કોઈ લેતા નથી ને શાક તો સર્વે લીયે છે ત્યારે મહારાજ લાડુ પીરસવા મંડ્યા તે સર્વે સંતના પત્તરમાં દેવા બેશી ગયા ને અધરથી લઈલે તેથી સાધુ ભૂખ્યા રહ્યા. ને આકાશમાં વિમાન છાઈ ગયાં તે તડકો હતો પણ છાંયો થઈ ગયો એટલે મોઘું છોડી નાખી. પછી મહારાજે જીવુબાને કહ્યું જે "સાધુ હજુ ભૂખ્યા છે માટે સાંજે ખીચડી કરજો" ત્યારે જીવુબા કહે "ત્રણ રસોઈનો સામાન જમાડ્યો તો પણ સાધુ ભૂખ્યા રહ્યા માટે અત્યારે ખીચડી શી રીતે કરવી ત્યારે કોઈકે કહ્યું જે કુંડળથી રાઈબાઈ આવ્યાં છે તે સાધુને રસોઈ દેવા મોતીયાલાડુના પટારા ભરાવી ગાડાં ઉપર ચડાવીને લાવ્યા છે ત્યારે મહારાજે રાઈબાઈને બોલાવ્યાં ને કહ્યું જે "શું લાવ્યાં છો ?" ત્યારે તે કહે "સાધુને જમાડવા સારું મોતીયાલાડુ લાવી છું તે પાંચસો સાધુ જમાડવા છે ને દરબારમાં દેવાસારુ પાંચસે લાડુ અધિક લાવી છું' પછી મહારાજ કહે "લાવો એ લાડુ સંતને જમાડીએ" એમ કહી સાધુને સારી પેઠે લાડુ પીરશીને જમાડ્યા ને બીજા વધ્યા ત્યારે મહારાજે રાઈબાઈને કહ્યું જે "કાલ પણ તમારી રસોઈ કરશું એમ કહીને વળતે દિવસે મહારાજે રાઈબાઈને કહ્યું જે "લાડવા જુઓ જે કેટલા વધ્યા છે ?" ત્યારે રાઈબાઈએ કહ્યું જે "મહારાજ ! બે ભાગના કર્યા હતા પણ આજ તો પટારા ભરાઈ ગયા છે પછી વળી મહારાજે સંતને લાડવા જમાડ્યા તો પણ વધ્યા ત્યારે મહારાજે રાઈબાઈને કહ્યું જે "હવે લાડવા દરબારમાં સૌને જમાડો" પછી તેમણે દરબારમાં સૌને જમાડ્યાં.
*(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૭૦)*

## ગઢપુરમાં શ્રીહરિએ તથા સંતોએ ખૂબ પીરસીને અન્નકોટની પ્રસાદી જમાડી છતાં અન્નકોટ એટલો જ રહ્યો

સાક્ષાત્ પ્રગટપુરુષોત્તમ કહીને સ્તુતિ કરી. તે પછી શ્રીજીમહારાજની મૂર્તિનું વર્ણન ને મહિમા આવે એવા શ્લોક કરીને સર્વે સાધુએ સ્તુતિ કરી પછી મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, શિવાનંદ

સ્વામી, ભૂધરાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, કપિલેશ્વરાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ચેતન્યાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, ને પ્રેમાનંદસ્વામી આદિક સર્વે ભેળા મળી મોટા ચરટથી શ્રીજીમહારાજની સ્તુતિ કરી પછી સર્વે ગૃહસ્થ હરિભક્તોએ ત્રણ શ્લોકે કરીને સ્તુતિ કરી. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૧૨૬)*

પછી લલિતાયે મહારાજને કહેવરાવ્યું જે "હે મહારાજ ! સર્વે પકવાન અને દાળભાત આદિક તૈયાર થઈ ગયાં છે ત્યારે મહારાજે દૂત મોકલીને બ્રહ્મચારીને કહેવરાવ્યું જે "પ્રથમ ગોવર્ધન ઉત્સવ કરો ને પછી અન્નકૂટ પૂરો" પછી લીંબતરુ હેઠે સભા થઈ ને શ્રીજીમહારાજ તે સભામાં આવી ને બિરાજમાન થયા. પછી વાસુદેવાદિક વર્ણીઓ તેણે ગોવર્ધનનો ઉત્સવ કરીને અન્નકૂટ પૂરવાનો આરંભ કર્યો. તેમાં અનુક્રમે વિધિ સહિત અનેક પ્રકારનાં શાક, ભજિયાં અનેક પ્રકારનાં પકવાન તે સર્વે પૂર્યા પછી સંકલ્પ કરી ઘંટાનાદ કર્યો ત્યારે ઘંટાનાદ સાંભળી શ્રીજીમહારાજ વાસુદેવનારાયણના મંદિરમાં આવ્યા ને દેવને સાષ્ટાંગ દંડવત્ કર્યા ને પછી ત્યાં બેઠા ને દેવની આરતી ઉતારીને પછી મૂર્તિ સન્મુખ બેઠા ને દેવ આગળ પુરેલો જે અન્નકૂટ તેમાં રહેલી એકસો ને એક ચીજોને અનુક્રમે જોઈ પછી તેના વખાણ કર્યા ને રાજી થયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૧૨૭)*

પછી રતીયે લલિતાને કહ્યું "તમારે પૂજવાની જે હરિકૃષ્ણની મૂર્તિ તેને થાળ ધરો" પછી તેણે ભારે ભારે પકવાન તે પ્રતિમા આગળ ધર્યા ત્યારે તે પ્રતિમાને વિષે શ્રીજીમહારાજ પ્રત્યક્ષ આવીને જમ્યા, પછી જમીને ઉઠ્યા ત્યારે લલિતાયે કહ્યું "એટલું જ જમીને કેમ ઉઠ્યા ? બાળપણાના સ્વભાવનો ત્યાગ કરો પછી મહારાજ ફરીને જમ્યા ને લલિતા તથા જયા તેણે આણ્યાં જે પકવાન તેને પૃથક પૃથક નામ લઈને વખાણ્યાં "જે આ તો બહુ સારી જણસ છે ને આવાં પકવાન તો કંદોઈને પણ ન આવડે એવા પાક થયા છે' પછી ત્યાંથી જમીને ઉઠ્યા તે સભામાં આવી સંત મંડળને આજ્ઞા કરી જે "તમારી જમવાની પંક્તિ કરો'. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૧૨૮)*

પછી સાધુની પંક્તિ થઈ ત્યારે મુક્તાનંદસ્વામીએ આવી જેમ જેને ઘટે તેમ તેને યથાયોગ્ય પંક્તિમાં બેસાર્યા ને મોટા મોટા સાધુ પીરસવા મંડ્યા તેમાં પ્રથમ મુક્તાનંદસ્વામી તેણે કોઈ દિવસ પીરસવાની ક્રિયા કરેલ નહિ તો પણ ડાહ્યા તેથી પીરસવામાં કુશળ હોય એવી રીતે પીરસતા હતા પછી તે જોઈ બ્રહ્માનંદસ્વામી પીરસવા ઉઠ્યા ત્યારે તેણે પણ કોઈ દિવસ પીરસવાની ક્રિયા કરેલ નહીં, ને શરીર પણ ભારે તેથી એક ઠેકાણે પીરસાય ને એક ઠેકાણે રહી જાય

તે જોઈ શ્રીજીમહારાજ તથા સર્વે મુનિઓ હસતા હતા. પછી મહાનુભાવાનંદસ્વામી પીરસવા ઉઠ્યા તે તો કાંઈક જણસ હોય ને કાંઈક નામ લીયે એટલે તે જોઈને સર્વે હસ્યા, પછી આનંદસ્વામી ઉઠ્યા તેતો પીરસવામાં ચતુર હતા તેથી તેને જોઈ સર્વે રાજી થયા પછી નિત્યાનંદસ્વામી અને શુકમુનિ એ બે ઉઠ્યા તેને જોઈને સર્વે બોલ્યા જે ''આવા પીરસનારા કોઈ નહીં'' એમ કહીને વખાણ કર્યા પછી સ્વયંપ્રકાશાનંદસ્વામી ઉઠ્યા તે તો ધ્યાનનિષ્ઠ હતા માટે પીરસવામાં અસ્તવ્યસ્ત થવા માંડ્યું તે જોઈ સર્વે હસ્યા, પછી આત્માનંદસ્વામી ઉઠ્યા તે તો શરીરે દૂબળા તો પણ મહા ચતુર એટલે શિઘ્રપણે વડાં ફેરવવા મંડ્યા એવી રીતે મુનિઓ પંક્તિમાં ફર્યા તો પણ મહારાજને નજરમાં ન આવ્યું ત્યારે પોતે સાબદા થઈને પંક્તિમાં પીરસવા ઉઠ્યા તે પાત્ર ભરાઈ જાય એમ જલેબી પીરસવા માંડી ને પછી મોતીયાલાડુ પીરસ્યા ને પછી મુકુંદાનંદ બ્રહ્મચારી પીરસવા આવ્યા ને ઘીની વાઢી લઈને દૂધપાકમાં ઘી પીરસે તે પાત્ર ભરાઈ જાય એવી રીતે પીરસે તે જોઈ મહારાજ હસ્યાને કહેવાનો વિચાર કરતા હતા ત્યાં તો મુકુંદબ્રહ્મચારી પંક્તિમાં ફરીને બોલ્યા જે હે સંતો ! તમે સર્વે આ પીરસ્યું છે તેમાંથી જોજો કોઈ વધારતા, કેમ કે જે મહારાજનો પ્રસાદ છે માટે સૌ પાર પાડી જાઓ એમ મહારાજની આજ્ઞા છે' પછી મહારાજે ભાત પીરસ્યો ને મુકુંદવણીયે ભાતમાં ઘી પીરસ્યું. પછી સર્વે જમી રહ્યા ને મહારાજ લીબવૃક્ષ હેઠે બેઠા ને સર્વ સાધુને ધર્મશાળામાં જાવાની આજ્ઞા કરી તો પણ ત્યાં મહારાજને બેઠેલા જોઈ સર્વે ત્યાં બેઠા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૧૨૯)*

પછી ઉત્તમરાજા આદિક દરબાર તથા પાળાઓની પંક્તિ થઈ ત્યારે મુનિ પીરસતા હતા. તે વખતે જમતાં જમતાં સોમ સુરાદિકને મહારાજ મર્મનાં વચન કહે એ સાંભળી તે હસતા જાય ને જમતા જાય. એમ મુનિયે અતિશે જમાડ્યા તો પણ મનમાં ઈચ્છા જે ''મહારાજ પીરસવા ઉઠે તો ઠીક' પછી મહારાજ તેની ઈચ્છા જાણીને પીરસવા ઉઠ્યા ત્યારે સુરાભક્તને સંપૂર્ણ થઈ રહ્યું હતું તોપણ મહારાજે બે હાથે લઈને જલેબી નાખી ત્યારે સુરા ખાચરે ''મસંગો મસંગો'' એમ કહીને 'હાં હાં હાં' એમ સિંહનાદ કર્યો. પછી નાજાભક્તને પીરસવા ગયા ત્યારે તે તો હેઠું જોઈને બેઠા હતા તે જેવા પોશ ભરીને જલેબી નાખવા જાય છે તેવામાં નાજાભક્ત પોતાના પાત્ર આડા હાથ દીધા ત્યારે મહારાજે પોતાને હાથે કરી તેના હાથ કોરે કર્યા ને માંહી જલેબી નાખી તો પણ તે કાંઈ ન બોલ્યા ત્યારે ફરી મહારાજે જલેબી નાંખી ત્યારે નાજાભક્તે સિંહનાદ કર્યો. પછી સોમલા ખાચરને પીરસવા ગયા ત્યારે તે તો છેટેથી જ ના પાડતા હતા તો પણ મહારાજે પરાણે તેને સાટા પીરસ્યા તે કહ્યું ''તમે ના પાડો છો પણ તમારે પડખે ઉત્તમરાજા બેઠા છે ને જુવાન છે તે લજાય નહીં ને જમે માટે તમારે ના પાડવી નહીં.' પછી

જીવવર્મા વૃદ્ધ હતા છતાં પરાણે તેને બરફી પીરસી. ને માંત્રીકને પરાણે દૂધપાક પીરસ્યો. એવી રીતે મહારાજ પીરસતા હતા ને સર્વેને સિંહનાદ કરાવતા હતા ને પાછળ વીંઝણો લઈને બ્રહ્માનંદસ્વામી આવતા હતા તેણે પાર્ષદોને કહ્યું ''હે પાર્ષદો ! કાંઈ ચિંતા કરશો નહીં આ દેહ પંચભૂતનો છે ને આત્મા કાંઈ મરે તેવો નથી માટે પેટ ફાટ્યાની ચિંતા કરવી નહીં.'' પછી ભગુજી તથા રત્નજી તેને પણ પરાણે જમાડ્યા એમ સિંહનાદ થાય ત્યાં સુધી જમાડ્યા પછી મહારાજ સર્વ બાઈઓને જમાડવાની લલિતાને આજ્ઞા કરીને પોતે લીંબતરુ હેઠે દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન થયા. ને પછી લલિતાને કહેવરાવ્યું કે ''સર્વ હરિભક્ત મેમાનને તથા ગામનાને પણ જમાડજો ને જેને ન ખપતું હોય તેને કોઠારેથી સીધાં અપાવજો'' ને પછી પૂછ્યું જે ''હવે અન્નકૂટનો સામાન કેટલોક છે ?'' ત્યારે લલિતા કહે ''મહારાજ ! સામાનના તો હજી ઢગલા પડ્યા છે ને લગારેય ઓછા થયા નથી પછી દાદા ખાચરના દરબારમાં લ્યો લ્યો ને ઘો ઘો એવા શબ્દ થાતા હતા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૧૩૦)*

## વાંઠવાળી ગામે શ્રીહરિએ કેરીઓ વહેંચી તો પણ ટોપલામાં ખૂટી નહી

એકવાર શ્રીજીમહારાજ ગુજરાતમાં ગામ વાંઠવાળી ગયા ને ગામ બહાર આંબા હેઠે ઉતર્યા ને સાથે સંત તથા હરિજન ઘણા હતા તે સહુ વાંસે રહ્યા હતા તેવામાં એક હરિભક્ત આવીને કેરીઓ ભરેલ ટોપલો મહારાજ પાસે મૂક્યો ત્યારે મહારાજ તે ટોપલામાંથી બે બે કેરીઓ સંઘના માણસ આવે તેને આપવા માંડ્યા તે સમે ત્યાં તે જ ગામનો ગુલાબગર નામે એક અતીત મહારાજ પાસે બેઠો હતો તેને વિચાર થયો ''આ સંઘના માણસો તો ઘણાં છે ને આ ટોપલામાં કેરીઓ થોડી છે તે કેમ પુગશે'' પણ મહારાજે તો સંઘના સર્વે માણસોને બે બે કેરીઓ આપી તોપણ એ ટોપલામાંથી કેરીઓ ખુટી નહિ તે જોઈને એ અતિતને મહારાજનો ભગવાનપણાનો નિશ્ચય થયો એટલે તે વર્તમાન ધરાવી સત્સંગી થયો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૯૭)*

## ઉમરેઠમાં મહારાજ કહે લાડવા પીરસો ખૂટશે નહિ

એકવાર શ્રીજીમહારાજ ગામ ઉમરેઠ પધાર્યા અને ખેડાવાળ બ્રાહ્મણ નરભેરામભાઈને ઘેર ઉતર્યા ને નરભેરામભાઈએ શ્રીજીમહારાજને તથા સંતને જમાડવા સારુ લાડુ કરી રાખ્યા હતા ને રસોડામાં પતરાવળીઓ પાથરીને તેમાં મૂક્યા હતા પછી શ્રીજીમહારાજને પ્રથમ જમાડીને સાંજ સમે સંતની પંક્તિ કરીને તેમને નરભેરામભાઈ લાડુ પીરસવા માંડ્યા ને મહારાજ તે વખતે બીજા બ્રાહ્મણની મેડીના કઠોડામાં બેઠા હતા. પછી પીરસતાં પીરસતાં નરભેરામભાઈને વિચાર થયો કે ''આ લાડુ સંતોને પુરા નહિ થાય માટે મહારાજને બોલાવીને વાત કહું તો

ઠીક'' એમ વિચારીને મહારાજને કહ્યું ''હે મહારાજ ! આપ હેઠા પધારો'' ત્યારે મહારાજ કહે ''અમે આંહી બેઠા છીએ ત્યાં હેઠળ વળી શું કામ છે ?'' એમ કહીને હેઠે આવ્યા ત્યારે નરભેરામભાઇએ કહ્યું ''આ લાડુ ખુટી જાશે ને સંત ભૂખ્યા રહેશે. માટે તમે કહો તેમ કરું'' ત્યારે મહારાજ કહે દીવો કરો લાડુ હજુ ઘણા દેખાય છે'' એમ કહી દીવો કરાવ્યો ને લાડુ જોયા પછી મહારાજ બોલ્યા કે ''હજી તો ફક્ત ખુણામાંથી લાડુ વર્યા છે ને બીજા બધા તો પડ્યા છે માટે નહિ ખુટે સંતોને ખુબ પીરસીને જમાડો' પછી નરભેરામભાઈએ લાડુ પીરસીને સંતોને ખુબ જમાડ્યા ને પોતાનાં સગાં વહાલાં તથા ઘરનાં માણસો જમ્યાં તોપણ લાડુ વધી પડ્યા પછી બીજે ગામથી પોતાના કુળ જે ખુડુઓ તે આવ્યા હતા તેમને પણ જમાડ્યા તોપણ લાડુ વધી પડ્યા એમ મહારાજે કૃપા કરીને નરભેરામભાઈને પરચો આપ્યો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૧૨)*

## નાની બોરુ ગામના તળાવે શ્રીહરિએ બશેર સાકરમાંથી ખોબા ભરી ભરીને ખૂબ માણસોને વહેંચી પણ ખૂટી નહિ

એક સમયને વિષે શ્રીજીમહારાજ સંત પાર્ષદ તથા હરિજન સહિત સંઘ લઈને વડતાલ જાતા હતા તે વખતે રસ્તામાં નાનીબોરુના તળાવને કાંઠે ઉતારા કરીને મહારાજ તળાવમાં નાવા પધાર્યા ને સંત હરિજન સર્વે પણ મહારાજ સાથે નાતા હતા તે સમે અમદાવાદના દામોદર બોલ્યા જે ''મહારાજ આ હરિજનોનાં લુગડાં ચોર ઉપાડી જાશે નહિ ?'' ત્યારે મહારાજ કહે ''એ હરિજન નથી એતો સર્વે અવતાર છે ને હરિજન તો આગળ થાશે'' પછી મહારાજ સ્નાન કરીને બહાર પધાર્યા ને તળાવને કાંઠે હાલ ડેરી કરી છે તે ઠેકાણે સભા કરીને બિરાજમાન થયા તે સમે કોઈ હરિજન આવ્યા ને બે શેર સાકર મહારાજ આગળ મેલીને પગે લાગ્યા પછી મહારાજે તે સાકરમાંથી ખોબો ભરીને સુરા ખાચરને આપી ત્યારે સુરો ખાચર બોલ્યા જે ''હે મહારાજ ! જેટલી મને સાકર આપી તેટલીજ સહુ હરિજનને આપજો પણ પંક્તિભેદ કરશોમાં'' ત્યારે શ્રીજીએ સહુને ખોબો ખોબો સાકર આપી પણ તે સાકર ખુટી નહિ ! ત્યારે સહુ આશ્ચર્ય પામ્યા ને તે પરચો જોઈને ગોપાળજી મહારાજને શ્રીજીમહારાજને વિષે ભગવાનપણાનો પાકો નિશ્ચય થયો પછી બીજે દિવસે શ્રીજીમહારાજ તે તળાવને કાંઠે સભા કરીને બેઠા હતા તે વખતે દોઢસો માણસોનો સંઘ લઈને પર્વતભાઈ આવ્યા ને તે મહારાજને પગે લાગીને બોલ્યા જે ''હે મહારાજ ! આજ તમે જે માગો તે આપી દઉં'' ત્યારે મહારાજ હસીને બોલ્યા જે ''પ્રકૃતિ પુરુષના લોક થકી બહારની વસ્તુ હોય તે અમને આપો'' તે સાંભળીને પર્વતભાઈ કાંઈ પણ બોલ્યા નહિ કારણ તેમણે એમ ધારેલું કે ''મહારાજ જો મને કહે કે પરમહંસ

થા તો તેમ થઈશ અથવા પરિવાર સહિત સેવામાં રહેવાનું કહેશે તો તેમ કરીશ'' પણ મહારાજે તો બ્રહ્માંડથી બહારની વસ્તુ માગી તે ક્યાંથી આપવી. ને મહારાજતો પોતે પુરુષોત્તમનારાયણ છે ને પૂર્ણકામ છે ને પોતાને સુખે સુખિયા છે અને શી વસ્તુની અપેક્ષા હોય ? એમ જાણીને પર્વતભાઈ મહારાજના ચરણમાં મસ્તક નમાવી પ્રણામ કરીને સભામાં બેઠા ને પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે ગામ સીજીવાડે થઈને વડતાલ પધાર્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૧૪)*

## પ્રેમી ભક્તની રસોઈના ૪૦૦ લાડવામાં પરમહંસો-પાર્ષદો-હરિભક્તોને તાણ કરીને જમાડ્યા તો પણ....

એક સમે મહારાજ વાસુદેવનારાયણના ઓરડામાં વિરાજમાન થયા હતા. ત્યારે કોઈક પ્રેમી હરિભક્ત આવીને મહારાજને કહ્યું જે, ''મહારાજ, મારે સાધુ જમાડવા છે.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''કેટલા સાધુ જમાડવા છે ?'' ત્યારે તે હરિભક્તે કહ્યું જે, ''સો સાધુ જમાડવા છે.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''મુક્તાનંદસ્વામીને કહો જે, સાધુ જમવા આવે.'' ત્યારે મુક્તાનંદસ્વામીએ સાધુને બોલાવવા મોકલ્યા. ત્યારે સાધુ આવ્યા ને દરબારમાં પંક્તિ થઈ. ને લાડવા લખુ કંદોઈને હાટેથી લાવીને વાસુદેવના ઓરડા આગળ લોઢાની કડાઈમાં નાંખ્યા; તે લાડવા ચારસે હતા.

ત્યારે મહારાજ ઓરડામાંથી આવીને આથમણે પડખે બે ખુરશી નાંખીને તે ઉપર બેઠા. ત્યારે તે હરિભગતે મહારાજને ખુરશી ઉપરથી તેડી જઈને લોઢાની કડામાં લાડવા હતા તે દેખાડ્યા, ને કહ્યું જે, ''મહારાજ, ચારસે લાડવા છે ને બીજા લાડુનું કંદોઈને કહ્યું'તું; પણ તૈયાર ન કર્યા.'' એમ કહીને તે હરિભગતની આંખમાંથી પાણી નીકળવા મંડ્યાં ને બહુ દિલગીર થયા.

ત્યારે મહારાજે સામું જોઈને કહ્યું જે, ''ભગત, શા સારુ દિલગીર થાવ છો ?'' ત્યારે તેણે મહારાજને વિનંતીએ સહિત કહ્યું જે, ''મહારાજ, મારો મનોરથ ખોટો થઈ ગયો. ને મહારાજ લાડવા સાધુને સારી પેઠે પંક્તિમાં ફરીને જમાડો ને લાડવા થોડા છે; તેથી મારો મનોરથ ખોટો થઈ ગયો.'' ત્યારે મહારાજ રાજી બહુ થયા ને તે હરિભગતના બરડા ઉપર બે-ત્રણ વાર હાથ ઠબકાર્યો ને કહ્યું જે, ''કાંઈ ચિંતા રાખશો મા ! તમારો મનોરથ છે તે સારી પેઠે પૂરો થશે, ને અમે લાડવા સારી પેઠે જમાડશું ને પંક્તિમાં સારી પેઠે ફરશું, ને લાડવા નહિ ખૂટે !'' એમ કહીને મહારાજ લાડવા ફેરવવા મંડ્યા.

ને પે'લા પંક્તિમાં ફર્યા ત્યારે ચારચાર લાડુ સાધુને દીધા ને બીજી વાર ફર્યા ત્યારે બબ્બે ને ત્રીજી વાર ફર્યા ત્યારે દોઢ-દોઢ લાડુ ફેરવ્યો. ને ચોથી વાર ફર્યા ત્યારે અકેકો લાડવો ફેરવ્યો. ને પાંચમી વાર ફર્યા ત્યારે અડધો અડધો લાડવો ફેરવ્યો. ને છઠી વાર ફર્યા ત્યારે કોઈએ

લીધો નહિ. ને સાતમી વાર ફર્યા ત્યારે મહારાજ ચરણારવિંદ દેતા આવે ને લાડુ દેતા આવે; ને એક લાડુ લે તેને એક ચરણારવિંદ આપે ને બે લાડુ લે તેને બે ચરણારવિંદ આપે. ને આઠમી વાર ફર્યા ત્યારે એક લાડવો લે તેને બે ચરણારવિંદ આપે. ને નવમી વાર ફર્યા ત્યારે એક લાડવો લે તેને બે ચરણારવિંદ આપે ને બે હસ્ત મસ્તક ઉપર મૂકે; એવી રીતે ફરીને તે હરિભગતને કહ્યું જે, "તમારો મનોરથ પૂરો થયો ?" ત્યારે હરિભક્ત હાથ જોડીને કહ્યું જે, "મહારાજ, મારો મનોરથ તમે દયા કરીને પૂરો કર્યો." તે જોઈને તે હરિભક્ત અતિ આશ્ચર્ય પામ્યો.

પછી મહારાજે હાથ ધોયા ને બ્રહ્મચારીએ રૂમાલ આપ્યો તે લઈને હાથ કોરા કર્યા. ને મહારાજ તે હરિભક્તને હાથે ઝાલીને જ્યાં લાડવાનું કડાયું હતું ત્યાં ગયા. ને કહ્યું જે, "જો, આ લાડવા સાધુ જમ્યા તોય વધ્યા ને તું કહેતો જે, "લાડવા થોડા થશે ને દિલગીર થઈ ગયો હતો, તોપણ લાડવા વધ્યા." એમ કહીને મહારાજ ખુરશી ઉપર વિરાજમાન થયા. ને એ હરિભક્તને કહ્યું જે, "લાડવા ગણી જો, કેટલા રહ્યા ?" ત્યારે તેણે આવીને કહ્યું જે, "મહારાજ, ચારસે ઉપર એક લાડવો છે."

ત્યારે મહારાજ રૂમાલ મુખારવિંદ આડો દઈને હસ્યા, ને કહ્યું જે, "કેમ ભગત, તમારો મનોરથ પૂરો થયો ?" ત્યારે તે હરિભક્ત મહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ! તમે હું ઉપર પૂરણ દયા કરી !" ત્યારે મહારાજે કહ્યું જે, "તું કહેતો'તોને જે, ખૂટી જશે?" એમ કહી મહારાજ હસ્યા. પછી તે હરિભગતને કહ્યું જે, "દરબારમાં બાઈયું ને બીજાં મનુષ્ય હોય તેને જમાડો." એમ કહીને મહારાજ અક્ષરભુવનમાં પધાર્યા. *(મહારાજની લીલા-૭૯)*

## દુષ્કાળમાં સાંખ્યયોગી બાઈની મગની કોઠી અખૂટ કરી

એકવાર ઓગણોતેરા કાળમાં મયારામ ભટ્ટ ગુજરાતમાં ગયા હતા. તે એક બ્રાહ્મણી સત્સંગી સાંખ્યયોગી હતાં, ને તેને એક દીકરો હતો, તેને ઘેર ઊતર્યા. ત્યારે તે બાઈના ઘરમાં કાંઈ દાણા ન મળે. ત્યારે એ બાઈએ મયારામ ભટ્ટને કહ્યું જે, "તમે મહારાજને કહેજો કે, અમને વહેલા તેડવા આવે." કેમ જે, અમે દાણા વિના જીવશું નહીં, ને ઘરમાં કાંઈ પૈસા પણ નથી જે દાણા લાવીએ. માટે જિવાય તેમ નથી. તે સારુ અમારો સંદેશો મહારાજને કહેજો."

પછી મયારામ ભટ્ટે ગઢડે આવીને એ વાત મહારાજને કરી. ત્યારે મહારાજ બોલ્યા જે, "મયારામ ભટ્ટ, તમે પાછા ડોસીને ઘેર જાઓ. એ ડોસીના ઘરમાં એક મગની કોઠી ભરી છે, તે એ બાઈ વીસરી ગયાં છે. તે તમે જઈને દેખાડી આવો. ને તેને એમ કહેજો જે, "એ કોઠીનું ઢાંકણું ઉઘાડશો નહીં, સાણેથી કાઢી કાઢીને ખાજો. ને ઘઉં, ચોખા પણ એ મગ આપીને લેજો."

પછી મયારામ ભટ્ટે ડોસીને ઘેર જઈને વાત કરી, ત્યારે ડોસી બોલ્યા જે, ''મારા ઘરમાં મગ હોય તે મારાથી અજાણ્યા હોય નહીં, પાશેર પણ નથી.'' ત્યારે મયારામ ભટ્ટ કહે, ''ચાલો, આપણે કોઠી તો જોઈએ !'' પછી એક ખૂણાની કોઠી મહારાજે બતાવેલી, તે કોઠીનું ઢાંકણું ને સારું જીવજંતુ (ન લાગે તે) સારુ (છાણથી) છાંદેલ હતું, તે કોસે કરીને સારું કાઢી જોયું, તો એ કોઠીમાંથી મગનો ઢગલો થયો.

પછી મગ કાઢી કાઢીને તેનો ઘઉં, બાજરી, ચોખા લેતા જાય, લૂગડાં પણ લેતા જાય. ને સર્વે દાણા કરતાં મગ મોંઘા ઘણા હતા, તે વેચતા જાય ને ખાતા જાય. પછી મયારામ ભટ્ટે મહારાજને આવીને વાત કરી. એવી રીતે બ્રાહ્મણીનો નિભાવ કર્યો. ને એ કોઠી વીસ મણ દાણા માય એવડી હતી, તે બ્રાહ્મણને વીસ હજાર રૂપિયાની મૂડી થઈ. *(લીલચરિત્રની વાતો, વાર્તા-૪૨)*

## શ્રીહરિએ જીવા ખાચરના દરબારમાં રોટલા અખૂટ કર્યા

ઓગણોતેરા કાળમાં મહારાજની આજ્ઞાથી જીવે ખાચરે તમામ માણસોને તથા રાંકને રોટલો આપવા માંડ્યો. કેટલાક દિવસે તંગાસ (ઘટ) આવી એટલે મૂંઝાઈને દેહત્યાગ કરવાનો વિચાર કર્યો. અને પછી મહારાજનું સ્મરણ કર્યું એટલે હૃદયને વિશે શબ્દ થયો કે ''આજથી પાંચ દિવસ પછી મહારાજ આંહીં આવશે. પછી પાંચ દિવસ પછી મહારાજ પધાર્યા. પછી જીવે ખાચરે ઘણી સ્તુતિ કરી.

પછી મહારાજે કહ્યું કે, ''તમે કોઈ તરેની ફિકર રાખો મા. અમે કહીએ તે પ્રમાણે કરો.'' એમ કહી મહારાજ ઊગમણા બારના ગાડાશેરના રસોડે પધાર્યા ને કહ્યું જે, ''બહેનો જેટલા રોટલા ઘડે તે સર્વેને આ કુંવરબાઈ અડે અને પછી રોટલા પટારામાં નાખવા અને તે રોટલા આ લાખો ભગત કાઢી આપે, તો ખૂટશે નહીં.'' તે વખતે કુંવરબાઈને સાક્ષાત અન્નપૂર્ણાનું દર્શન થયું.

પછી મહારાજ કારિયાણીના વસ્તા ખાચર તથા એભલ ખાચર તથા દાદા ખાચર તથા અલૈયા ખાચરને બોલાવ્યા. અને તે વખત જીવુબાઈ, રાજબાઈ, લાડુબાઈ, અમરબાઈ તેમને પણ બોલાવ્યા. ને પ્રથમ અલૈયા ખાચરને કહ્યું જે, ''અમારી આજ્ઞાથી બે હજાર રૂપિયા જીવા ખાચરને આપો. અમે તમને પાછા અપાવશું.'' પછી તેણે ચોખી ના પાડી. તે કેડે મહારાજ કહે, ''હે વસ્તા ખાચર ! તમે એક હજાર રૂપિયા આપો. અમે તમને પાછા આપશું.'' પછી મહારાજની આજ્ઞા તેણે માથે ચડાવી.

પછી એભલ ખાચર તથા દાદા ખાચરને કહે છે, "તમારે બાજરો ઘણો છે, માટે સાઠ કળશી આપો અને એક લાખ પૂળા ખડના આપો." પછી એભલ ખાચર તથા દાદા ખાચર કહે છે, "ઠીક મહારાજ, આપશું." પછી મહારાજ કહે છે, "પોર તમને પાછા આપીશું." પછી એભલ દરબાર કહે છે, "અમે પાછા તો લેશું નહીં, તે શરતે આપશું." પછી મહારાજ કહે, "બોવ સારું." એમ કહીને બંને જણ પાસેથી અપાવ્યું. અને મહારાજના હુકમથી સવારથી તે સાંજ સુધી રોટલા લે, તોપણ ખૂટે નહીં, એવો પરચો બતાવ્યો. ને એવું મોટું અદભુત ચરિત્ર કરેલું છે. *(શ્રીજીમહારાજનાં ચરિત્રો)*

## શ્રીહરિએ કાળા તળાવના કૂવામાં પાણી અખૂટ કર્યું

પછી કોઈક દિવસ ગામના સર્વે લોક શ્રીજીમહારાજ આગળ આવ્યા ને હાથ જોડીને પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! આ ગામમાં પાણીનો કૂવો એક જ છે. અને તેમાં પણ પાણીની બહુ અછત છે. તેથી ગામના સર્વે મનુષ્યોને તથા સૌ સંતને પાણીનું દુઃખ ઘણું થાય છે. તે વાત સાંભળીને શ્રીજીમહારાજ સભામાંથી ઊઠીને ચાલ્યા તે તળાવમાં કૂવો છે તે કૂવાના થાળામાં શ્રીજીમહારાજ બેસીને પોતાના ચરણારવિંદને લાંબા કરીને લટકાવ્યાં. ત્યારે તે કૂવામાંથી જળનો પ્રવાહ અધર ચડ્યો અને શ્રીજીમહારાજના ચરણારવિંદનો સ્પર્શ કર્યો. તે સમયે તે ગામના કેટલાક મનુષ્ય સમીપે હતા તે જોઈને આશ્ચર્ય પામ્યા. અને પરસ્પર કહેવા લાગ્યા જે, "આ સ્વામિનારાયણ સર્વે અવતારના અવતારી ભગવાન છે, તે વિના આવો પ્રતાપ બીજામાં હોય નહીં." અને તે ગામમાં બીજા ભાવર રહેતા હતા, તેણે પણ તે વાત સાંભળી. પછી સૌ સૌમાં બંધી કરી જે, "સાધુને અર્થે પાણી ભરી લે ત્યારપછી આપણે પાણી ભરવું." પછી સાધુ સારુ સવારમાં પાણી ભરી રાખતા અને શ્રીજીમહારાજ નિત્યે કથા કરાવતા.

## ખારવામાં દૂધ અખૂટ થયું

જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં શ્રીહરિ પહોચ્યા. આગળ એક મસાલ રાખી હતી. પાણીથી બંને ચરણ ધોયા રૂમાલથી તેને કોરા કર્યા.

એક સોનેરી બાજોઠ ઉપર શ્રીહરિ બેઠા. ત્યારે ભોજન તૈયાર કર્યા હતાં તે લાવ્યા. સોનાના થાળ ભોજનોથી પૂરા ભર્યા હતા. તે બધા શ્રીહરિ આગળ લાવ્યા. શ્રીહરિ પોતાની રુચિને અનુસારે પ્રેમથી બધું સરસ રીતે જમ્યા. પછી ખીચડી અને દૂધ ઘણા ભાવથી જમ્યા. શ્રીહરિએ જમી ચળું કર્યું. જળપાન કર્યું. હાથ લૂછીને મુખવાસ લીધો. જમ્યા તેમાંથી એક થાળ રૂપા ભક્તને આપ્યો.

શ્રીહરિની સાથે જેટલા સંતો અને દરબારો હતા તે બધાને પંગત કરાવી. તે સમયે સહુ પોતપોતાની રીતે પંગત કરીને બેસી ગયા. શ્રીહરિ વિપ્રોને કહ્યું કે હવે પછી જે વિપ્ર, વાણિયા અને કણબી પટેલ, જેટલા જમવાના હોય તેટલી ખીચડી રાખી મૂકો. સંતો સંતોમાં પીરસે અને દરબારોમાં પણ પીરસે, આનંદાનંદ સ્વામી ખીચડીમાં એક સરખી ધારથી ઘી પીરસે. સહુને પહોંચે તે રીતે બધું વિચાર કરીને પીરસવું. ગામના ભક્તો પ્રેમથી દૂધ લાવ્યા છે તે દૂધને હું પીરસીશ. શ્રીહરિના કહ્યા પ્રમાણે સંતોએ પીરસ્યું. પછી શ્રીહરિએ પંગતમાં દૂધ પીરસ્યું. એકવાર બધું પહોંચાડીને પછી ફરીવાર પ્રેમથી પંગતમાં દૂધ ફેરવ્યું. ગામના ભક્તોનો અત્યંત ભાવ હતો એટલે જેને જે જોઈએ તે આગ્રહ કરીને પીરસ્યુ. જમનારા સહુ ને ઘણા જ તૃપ્ત કર્યા. દૂધ તો થોડું લાવ્યા હતા. તે બધાને પહોંચાડી દીધું. છતાં કાંઈક વધ્યું. જોનારા લોકોને ઘણું આશ્ચર્ય થયું કે આવું સામર્થ્ય મનુષ્યમાં હોય નહિ.

## વિહાર ગામમાં લાડુ અખૂટ થયાં

કુબેરદાસ પટેલને ત્યાં પાંચસો માણસની રસોઈ કરાવી હતી અને શ્રીહરિ સાથે દોઢ હજારનો સંઘ હતો. ત્યારે ગામના સર્વે ભક્તજનોએ ચેતવ્યા કે રસોઈ પૂરી નહીં પડે ટૂટો આવશે. એક જ વખતમાં રસોઈ થઈ રહેશે. માટે બીજી તૈયારી કરાવો. પછી કુબેરદાસ કહે બાજરાના રોટલા કરાવીએ. ને પહેલા મિષ્ટાન પીરસીએ પછી રોટલા પીરસવા. તે વખતે શ્રીહરિએ કહ્યું : જમવાની કેટલી વાર છે. ત્યારે ખુશાલદાસ પટેલે શ્રીહરિને રસોઈની વાત કરી. મહારાજ ! રસોઈ પાંચસો માણસની બનાવી છે. તે આપની સાથે દોઢ હજાર સંતો-ભક્તો છે તેથી રોટલા કરાવીએ છીએ. ત્યારે શ્રીહરિ કહે, ''રોટલા ન કરાવશો. રસોઈ તમારી ખૂટશે નહિ.'' રસોઈને વસ્ત્ર ઢાંકીને પીરસવા માંડો.'' આ તો અખૂટ ભોજન છે તે ખૂટશે નહીં.''

પછી શ્રીહરિ કુબેરદાસના મકાનમાં જઈને ચક્કી (ઘંટી) ઉપર જઈને બેઠા. તે તુલસીદાસ પટેલના માઢમાં પંક્તિ કરાવીને શ્રીહરિએ પોતે નવ વાર મિષ્ટાન પીરસ્યું. તે તાણ કરીને ખૂબ પીરસ્યું તો પણ રસોઈ તેટલીને તેટલી રહી આ પ્રગટનો પ્રતાપ છે. એમ ગામ લોકોએ જાણ્યું કે આ તો પરચો થયો. *(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૬૭)*

# શ્રીહરિએ આપેલા જીવનદાન

## મહારાજે સોનીના દીકરાને જીવતો કર્યો

અને જ્યારે શ્રી અમદાવાદમાં નરનારાયણ પધરાવ્યા ત્યારે ગઠિયાઓએ સોનીના દીકરાનાં ઘરેણાં કાઢી લઈને ગળે ટૂંપો દઈને જૂનો ટાંકો હતો તેમાં સમી સાંજે નાખી દીધો. પછી તે સોનીએ ઘણો ખોળ્યો, પણ હાથ ન આવ્યો. પછી મહારાજ પાસે આવીને એમ કહ્યું જે, "મારો દીકરો ક્યાંય જડતો નથી. ને ઘરેણાં પહેર્યા હતાં એટલે કોઈએ મારી નાખ્યો હશે."

પછી મહારાજે ભગુજીને બોલાવીને ચાર પાળા સાથે મોકલ્યા અને મશાલ કરાવીને એમ કહ્યું જે, "ઘરેણાં સારુ આ સોનીના દીકરાને ગઠિયા લઈ ગયા છે, તેને ખોળી લાવો." પછી તે સોનીને મહારાજે એમ કહ્યું જે, "તારો છોકરો તો હાથ આવશે. ને ઘરેણાં તો નહિ હાથ આવે." પછી ટાંકામાંથી છોકરો જડ્યો, ને તેને લઈને મહારાજ પાસે એ પાળા લાવ્યા. તે છોકરો મરેલો હતો. તે મહારાજે દૃષ્ટિ કરી એટલે સાજો થયો. પછી તે સોનીને તે છોકરો સોંપ્યો. એમ મહારાજે પરચો દઈ સોનીના છોકરાને જીવતો કર્યો. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૨૨)*

## ધોળકાના મહાશંકર મહેતાની રક્ષા

અને જ્યારે શ્રીનગરમાં શ્રીજીમહારાજે નરનારાયણની પ્રતિષ્ઠા કરીને પછી મંદિરના દરવાજાનાં કમાડ બંધ કરાવ્યાં, ને દરવાજાની આથમણી દિશે અગાશી ઉપર મહારાજ બિરાજમાન હતા, ને દરવાજાથી આથમણી કોરે ચોકમાં લક્ષાવધિ મનુષ્ય ભરાઈને ઊભાં હતાં, અને જે સમયે નરનારાયણ દેવની આરતી થઈ ને દરવાજાનાં કમાડ ઊઘાડ્યાં, તે સમે દર્શન કરવા સારુ હજારો મનુષ્ય દોડ્યાં. તે સમે ધોળકાના મહાશંકર મેતો દરવાજામાં પડી ગયો અને તેના ઉપર થઈને હજારો મનુષ્ય ચાલ્યાં ગયાં, પણ શ્રીજીમહારાજે તેની રક્ષા કરી. ને કાંઈ થાવા દીધું નહીં. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૩૬)*

## ઉકા ખાચરને જીવનદાન આપ્યું

અને મહારાજ કોઈક સમયે દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા ને ચોકમાં દાદા ખાચરની ગાયો આદિક પશુ મહારાજ સામું જોઈને ઊભાં હતાં. ને ઉકા ખાચર કાખમાં ટોપલો લઈને છાણનાં પોચકાં તથા કાંકરા વીણતાં વીણતાં "કાનુડો રે કાનુડો રે" એ કીર્તન બોલતા હતા.

પછી મહારાજે પૂછ્યું જે, ''ઉકા ખાચર, તમે ક્યારેય મેલીકારે જતા હતા ?'' ત્યારે ઉકાએ કહ્યું જે, ''હા, ઘણી વાર જતા.'' પછી મહારાજ બોલ્યા જે, ''ક્યારેય વાર આંબેલ ?'' ત્યારે તે કહે, ''ઘણીયે વાર આંબેલ.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''વાંસે વાર આવી પહોંચે ત્યારે કેમ કરતા ?'' ત્યારે તે બોલ્યા જે, ''ભણે, ઘોડી પાછી ફેરીને હાથમાં બરછી લાને તારી માસે...'' એમ અર્ધી ગાળ બોલ્યા એટલામાં ગાયોના ટોળામાંથી આખલે આવીને શિંગડું માર્યું એટલે ઉકા ખાચર પડી ગયા. તે ભેળે પ્રાણ પણ નીસરી ગયા.

પછી મહારાજે તે ઉપર ઘણું પાણી રેડાવ્યું. પછી થોડી વાર રહીને સચેત થયા. પછી મહારાજ બોલ્યા જે, ''કેમ છે ઉકા ખાચર ?'' પછી કહે, ''સારું છે.'' મહારાજ કહે, ''કેમ થયું ?'' પછી તે બોલ્યા જે, આજ્ઞા વિરુદ્ધ બોલ્યો તે એમ થયું.'' *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૧૩૫)*

## ખેતા તથા ભીમાની માને શ્રીહરિએ જીવાડી

એક સમે ખેતાની તથા ભીમાની મા દેહ મલી ગયાં તેને ગામની એક ઘાંચણ બાઈ હતી તેણે ભોંય સુવાડીને ઘેર આવી અને ખેતો દોડાદોડ શ્રીજીમહારાજ પાસે અક્ષરઓરડીમાં આવ્યો ને મહારાજને કહ્યું કે મહારાજ ! મારી મા મરી જાય છે તે સાંભળી મહારાજ એક ખેસભર વંડામાં પધાર્યા ત્યાં પેલી ઘાંચણ પોતાની ઘરની ખડકી બહાર ઉભી હતી તે મહારાજને જોઈને બોલી જે આ ચમચમ કરતો જાય છે તે શું શ્વાસ ઘાલશે ? તે સાંભળી મહારાજ બોલ્યા જે ડોશી ! હું શ્વાસ નહીં ઘાલું ત્યારે તું ઘાલીશ. પછી મહારાજ વંડામાં પધાર્યા અને જાનબાઈ પાસે જઈને બોલ્યા જે, જાનબાઈ ! એ જાનબાઈ ! નાનાં છોકરાં છે ને ક્યાં જાઓ છો ? તે સાંભળી બાઈને તુરત આરામ આવ્યો ને સાજી થઈ પછી તે ઘાંચણ પછવાડે જોવા માટે ગઈ હતી તે પણ આશ્ચર્ય પામી મહારાજ કહેતા હતા જે આ ખેતો તથા ભીમો બેઉ જણ પૂર્વે ઝાડવાં હતાં તેને અમારો યોગ થયો એટલે સત્સંગમાં આવ્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૨૮)*

## બોટાદના ભગા શેઠને જીવનદાન આપ્યા

બોટાદમાં ભગા શેઠ માંદા હતા તેમને જોવા સારુ મહારાજને ગઢપુરથી બોટાદ જવું હતું. પછી મહારાજને જીવા ખાચરે કહ્યું જે, બે ઘડી ખમો તો હું પણ આવું પછી મહારાજને સ્વાર થઈને જીવા ખાચરની ડેલીએ પધાર્યા તે વખતે જીવો ખાચર ડેલીએ બેઠા હતા પણ સાબદા થયા નહોતા પછી મહારાજે કહ્યું જે, જીવા ખાચર ! તમારા મનમાં એમ છે જે ભગો શેઠ દેહ મેલી ગયા પણ મારા ભગા કાંઈ સાધારણ માણસ નથી તે દેહ મેલી જાય ? એમ કહીને

મહારાજ નાજા જોગીને સાથે લઈને ચાલી નીકળ્યા, તે ગામ જોટીંગડાને પાદર ગયા એટલે વરસાદ બહુ થયો તેથી મહારાજનાં વસ્ત્ર તથા જરીયાની પલાણ વગેરે સૌ પલળી ગયાં પછી નાજાજોગિયા બોલ્યા જે થઈને પણ ? પછી મહારાજ બોલ્યા જે શું થઈ ? આવાં સો સો પલાણ ભગા ઉપર ઘોળ્યા. પછી એમને એમ ભીને વસ્ત્રે બોટાદમાં ગોદડ ખાચરના દરબારમાં પધાર્યા ત્યાં કોરા વસ્ત્ર પહેરીને પછી ભગા શેઠને જોવા સારુ ગયા, પછી ભગા શેઠના ખાટલા પાસે ખુરસી નાંખી આપી તે ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન થયા. પછી મહારાજે ભગાશેઠને સાદ કરીને બોલાવ્યા. જે, ભગા એ ભગા, એમ ત્રણ વાર સાદ કરીને બોલાવ્યા એટલે ભગા શેઠે આંખ ઉઘાડીને મહારાજનાં દર્શન કર્યા પછી મહારાજ કહે ભગાશેઠને સાકરની રાબ કરીને પાવ. પછી મહારાજે રાબ કરાવીને ભગા શેઠને પીવરાવી, પછી થોડા દિવસ થયા એટલે ભગાશેઠ સાજા થયા, ભગાશેઠના પિતા ભાઈચંદ શેઠ હતા. તે બહુ માંદા થયા તેમને જોવા સારું પણ શ્રીજીમહારાજ પધાર્યા અને મહારાજને ખુરશી નાખી આપી તે ઉપર મહારાજ વિરાજમાન થયા તે વખતે ભાઈચંદ શેઠ એક સાખી બોલ્યા જે "નીચું નલીયેલ ખોરડું, થાંભલીયે ઠા નહીં રહે આલીંગડા." એ સાખી બોલ્યા પછી મહારાજ બોલ્યા જે, ભાઈચંદ શેઠ ! તમારા કરતાં ભગા સો ગણા સારા થશે ત્યારે ભાઈચંદ શેઠ બોલ્યા જે મહારાજ તમારું વચન ફળો. ભાઈચંદ શેઠ સાખી બોલ્યા તેનો ભાવ પોતે જણાવ્યો જે હું ખોરડાના આડસરને ઠેકાણે છું તે તો હવે ચાલ્યો અને ભગો શેઠ છે તે તો થાંભલીને ઠેકાણે છે માટે થાંભલી આડસર વગર રહી શકે નહિ. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૯૧)*

## ગોંડા શહેરના તળાવે બાલપ્રભુએ પાંચ આદમીને જીવાડ્યા

એક વખત ધર્મદેવ પોતાના બે પુત્ર રામપ્રતાપજી તથા ઘનશ્યામભાઈ સહિત અયોધ્યાથી ગાડું લઈને ગોંડા શહેર સરસામાન લેવા ગયેલા. તે ત્યાં જઈને બજારમાંથી સર્વ સામાન લીધો. તેથી સાંજ પડી ગઈ. પછી કુંજ ગલીમાં બાબા રામદાસની જગ્યામાં જઈ ઉતારો કર્યો ને પછી સર્વ તળાવે નાવા ગયા. ત્યારે ઘનશ્યામ મહારાજ સહુથી પહેલાં નાહીને બહાર નીકળ્યા ને લૂગડાં પહેરી હાથમાં નેતરની સોટી લઈને ઊભા રહ્યા. તે સમયે તે તળાવની પાળ ઉપર રાજાના ચાકર એક મોટો આંબો ખોદીને સવારથી પાડતા હતા તે આંબો હેઠે પડતાં જ તળે પાંચ આદમી દબાઈ ગયા. તે દેખીને ઘનશ્યામ મહારાજે તત્કાળ પોતાનો હાથ લાંબો કરી સોટી વડે તે આંબાને ઊંચો કરીને તે પાંચ આદમીને બહાર કાઢ્યા ને બચાવ્યા. ત્યારે તે પાંચેય જણ રાજી થયા થકા ઘનશ્યામ મહારાજને પગે લાગ્યા ને ભગવાનપણાનો નિશ્ચય કર્યો. તે વાત પોતાના રાજા આદિક સર્વેને કહી. એવું ચરિત્ર કરીને પોતાના દાદાની સાથે કુંજ ગલીમાં આવ્યા. એટલે ત્યાં

ઠાકોરજીની સંધ્યા આરતી થઈ. ત્યારે ઘનશ્યામ મહારાજ સહિત ધર્મદેવ ત્યાં આવ્યા ને આરતી કરવા લાગ્યા. તે સમે હજારો માણસ દેખતે છતે સિંહાસન ઉપરથી શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ તત્કાળ હેઠે ઊતરી આવીને ઘનશ્યામ મહારાજને પુષ્પનો હાર પહેરાવીને પાછી પોતાને સિંહાસને જઈ ઊભી રહી. એ મહા અદ્‌ભુત ચરિત્ર જોઇને પૂજારી રામદાસ આદિક સર્વ જન બોલ્યાં જે "અરે જુઓ તો ખરા અમને આટલાં વરસ પૂજા કરતાં થયાં પણ કોઈ દિવસ આવું ચરિત્ર તો દીઠું નથી. માટે આ તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટ થયા કે શું ?" એમ જાણીને તે સર્વે માણસો ઘનશ્યામ મહારાજને પગે લાગ્યાં. ને પ્રથમ જે આંબાની વાત થઇ તે ગામના રાજા ગુમાનસિંહ તથા ચંદુસિંહ તથા રાણી ભગવતકુંવર બાઇએ જાણી તેથી તેમણે ધર્મદેવને પોતાના દરબારમાં બોલાવ્યા ને પૂછ્યું કે "હે હરિપ્રસાદજી ! અમારા આદમી આંબો પાડતાં દબાઈ ગયા હતા. તેમની રક્ષા કરીને બહાર કાઢ્યા તે તમારા કયા પુત્ર ? તે સાંભળીને ધર્મદેવ ઘનશ્યામભાઈને મસ્તક ઉપર હાથ મૂકીને બોલ્યા જે "આ પુત્ર" તે જોઇને રાજા કહે, આ તો બહુ નાના છે માટે રખેને રામચંદ્રજી હોય ? જો રામચંદ્રજી હોય તો તેમના ચરણમાં સોળ ચિન્હ હોય, ને એમને છાયા ન હોય, ને વળી અજાનબાહુ હોય એમ કહી પોતે ચોકમાં ગયા, ને ત્યાં બહુ હેતથી ઘનશ્યામ મહારાજને બોલાવ્યા ત્યારે ઘનશ્યામ મહારાજ ઓસરીમાં બેઠા હતા ત્યાંથી ઊઠીને ચોકમાં આવી તે રાજાની સમીપે ઊભા રહ્યા ત્યારે તે રાજાએ છાયા ન દીઠી. પછી ચરણારવિંદમાં સોળેય ચિન્હ જોયાં. ને અજાનબાહુ જોયા. તેથી પોતાને બરોબર નિશ્ચય થયો કે આ તો સાક્ષાત રામચંદ્રજી જ છે. તેથી બે હાથ જોડીને બહુ સ્તુતિ કરી ને ભગવાન તરીકે નિશ્ચય કરી પોતાને કુળે સહિત આશ્રિત થયો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૯)*

## બુરાનપુરની આહિર બાઈઓને વર આપ્યો

ચંદ્રભાગા નદીમાં નાહીને ચાલ્યા તે પંઢરપુર આવ્યા. ને ત્યાં વિઠોબાનાં દર્શન કરીને બે માસ સુધી રોકાણા. ને પછી વીઠોબાની મૂર્તિને મળીને ચાલ્યા તે બુરાનપુર આવ્યા. ત્યાં રામઘાટ પાસે નાહીને નદીમાં પાણાની શિલા ઉપર બેસીને પોતાનેં નિત્યવિધિ કરીને ઠાકોરજીને નવરાવતા હતા. તે ટાણે ગામ જનાબાદના આહીરોની સ્ત્રીઓ મહારાજને જોઈને બોલી કે "આ બાવો કોઈ મહા તપસ્વી છે ને ચમત્કારી છે એમ કહી દહીનાં દોણાં હેઠાં મૂકીને પગે લાગી. ને પૂછ્યું "કાંઈ જમશો ?" ત્યારે મહારાજ કહે "તમે શું જમાડશો ? ત્યારે તેઓ કહે "અમારી પાસે દહીં છે ત્યારે મહારાજ કહે "લાવો જમીએ" પછી બધી બાઈઓએ પોતપોતાના દોણામાંથી દહીં આપ્યું. તે ઠાકોરજીને ધરાવીને મહારાજ જમ્યા, ને જળપાન કર્યું. પછી તે

બાઈઓને મહારાજે શ્રીકૃષ્ણ રૂપે દર્શન આપ્યું, ને કહ્યું 'તમે સર્વે કચ્છ દેશને વિષે જન્મ લેશો ને ત્યાં અમારો જોગ થાશે ને અમારી ભક્તિ કરીને અક્ષરધામને પામશો.' એ સાંભળીને તે બાઈઓ રાજી થઈને શહેરમાં દહીં વેચવા ગઈ પછી મહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૭૫)*

## શિકોતરના આરે લાખા કોળીએ મારેલા માછલાને નીલકંઠ વર્ણીએ જીવતા કર્યા

પછી બુધેજથી ચાલ્યા એવા શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે સાબરમતી નદી ઊતરવા જતા હતા ત્યાં સામો લાખો કોળી મળ્યો. તેને મહારાજે - પૂછ્યું "તારી ઝોળીમાં શું છે ?" ત્યારે તેણે કહ્યું "હું જાતનો કોળી : છું ને મારી ઝોળીમાં માછલાં છે" પછી મહારાજ કહે "તમારી જ્ઞાતિમાં તો ઘણા મોટા મોટા ભક્ત થયા છે ને તે બહુ દયાળુ કહેવાયા છે. ને તેં તો આટલાં બધાં માછલાં માર્યા તે પાપ ક્યાં છુટીશ ને આજ દિવસ સુધીમાં બીજા પણ તે ઘણા જીવ માર્યા હશે તે બધા તું મરીશ ત્યારે તારી પાસેથી બદલો લેશે. ને તું પરમેશ્વરને - શું જવાબ દઈશ ? આ લોકમાં એક દિવસ મરવું તો પડશે. ને કરેલાં કર્મ પણ ભોગવવાં પડશે જ એવાં ઉપદેશનાં વચન સાંભળીને તે કોળીની આંખોમાંથી આંસુની ધાર પડવા લાગી. ને થરથર કંપતાં કહ્યું "હે જોગીરાય ! આ વરસે અમારા દેશમાં દુકાળ છે તેથી દાણા મોંઘા મળે છે. માટે આવાં કર્મ કરીને પેટ ભરું છું ત્યારે મહારાજે કહ્યું "ભાઈ ! આ જંગતમાં પરમેશ્વર સહુને અન્ન આપે છે. બ્રાહ્મણ, વાણિયા વગેરે જાતિમાં ગરીબ હોય તો તે પણ ક્યાં ભૂખે મરે છે ? એમ કહી ઘણોક ધર્મનો ઉપદેશ કર્યો ત્યારે તે કોળી બોલ્યો જે "હે મહારાજ ! મને તમારે શરણે લીયો" ત્યારે મહારાજે તેને નિયમ ધરાવ્યાં. પછી તે કોળી કહે "મહારાજ ! આ માછલાં મરેલાં છે. તેનું મારે શું કરવું ?" ત્યારે મહારાજે તો ઝોળીને પહોળી કરાવીને પોતે અંજળી ભરી તેમાં પાણી છાંટ્યું. એટલે તે બધાં માછલાં તુરત - જીવતાં થયાં. તેને મહારાજે સાબરમતીના જળને વિષે નખાવી દીધાં. પછી મહારાજે તે કોળીને કહ્યું "તું સારો ધર્મ પાળજે, તેથી કોઈ દિવસ નાગો ભૂખ્યો નહીં રહે એ પ્રમાણે મહારાજે તેને વર દીધો. પછી લાખે વિનંતી કરીને કહ્યું "હે મહારાજ ! તમે મારે ગામ આવો. કારણ કે આ ટાણે સાબરમતીમાં પાણીની ભરતી છે. તેથી ઊતરાશે નહીં ને આંહી રાતે વાઘની પણ બીક લાગે છે. માટે મારે ઘેર રાત રહો ને સવારે હું ધોલેરા સુધી મુકવા આવીશ' ત્યારે મહારાજ કહે "અમને એ નદીનું પાણી કે વાઘ વગેરે કોઈ નડવાનાં નથી પછી લાખો કહે "તમે સામે કાંઠે પુગ્યાના મને કેમ ખબર પડશે ?" ત્યારે મહારાજ કહે "હું લુગડું વીંઝીશ" એમ કહીને પછી ચાલ્યા તે ધરતી ઉપર ચાલે તેમ

નદીનાં પાણી ઉપર ચાલ્યા ગયા. ને સામે કાંઠે જઈને લુગડું વીંઝયું. તે જોઈને લાખે મહારાજને સાક્ષાત ભગવાન માન્યા. પછી ઘેર ગયો ને બરોબર નિયમ પાળવા લાગ્યો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૭૬)*

## ગઢપુરમાં શ્રીહરિએ ખીમા સુતારને જીવાડ્યા

એકવાર ગઢડામાં ખીમો સુતાર અતિ માંદો થયો ને તેને જોવા સારુ મહારાજ તેને ઘેર પધાર્યા. ને તેને જોઈને પાછા દાદા ખાચરના દરબારમાં આવ્યા ને જીવુબા પ્રત્યે મહારાજ બોલ્યા જે "જીવુબા ! ખીમાસુતારનો દેહ નહીં રહે ને એને બે બાઈડીઓ છે તે એ મરે ત્યારે એ બેય રાંડે કે એક રાંડે ?" ત્યારે જીવુબા કહે "એ બેય રાંડે ત્યારે મહારાજ કહે "એતો બહુજ ખોટ કહેવાય." પછી જીવુબા કહે "એને શીદ મરવા દીયો છો ? જીવાડોને, એ જીવાડવું મારવું તે તમારા હાથમાં છેને ?" પછી મહારાજે એને જીવાડ્યો ને મરવા ન દીધો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૧૮૭)*

## વડોદરાના બાપુભાઈના પુત્ર રામસેવકને સંતોની પ્રાર્થનાથી જીવતો રાખ્યો

વળી એજ ગામ વડોદરામાં એક સરવરીયા બ્રાહ્મણ બાપુભાઈ હતા તેમણે સંતની સાચી રીત જોઈ સમજીને સત્સંગ કર્યો ને સંતના વચન સાંભળીને પોતાના મનની ભ્રાંતી મટી ગઈ ને મહારાજનો પાકો નિશ્ચય થયો તે સહુ સાંભળતાં નિર્ભયપણે સ્વામિનારાયણનું ભજન કરતા ને બહુ બળની વાતો કરતા અને તે પોલીસની નોકરી કરતા તેનો એકજ પુત્ર રામસેવક નામે હતો તે માંદો પડ્યો ને અંતકાળનો સમય થયો ત્યારે શ્રીજીમહારાજ પોતે ગરુડ ઉપર બેસીને સંત સાથે પધાર્યા તે જાણે મુક્તાનંદસ્વામી અને ગોપાળાનંદસ્વામી જળની ઝારી લઈને આગળ ઉભા છે ને નિત્યાનંદસ્વામી ચામર કરે છે એવાં સત્સંગી કુસંગી સહુને દર્શન દીધાં ને બાપુભાઈને ઘેર આવ્યા ત્યારે બાપુભાઈ આદિક સહુ ઘરનાં માણસોએ મહારાજને બે હાથ જોડી નમસ્કાર કર્યા ને કહ્યું, "હે મહારાજ ! એ છોકરાનાં ધન્ય ભાગ્ય જે આપ એને તેડવા પધાર્યા" ત્યારે સંતોએ મહારાજને કહ્યું "હે મહારાજ એ છોકરાને તો જીવિતદાન આપો" ત્યારે મહારાજ તેને મુકી ગયા ને બાપુભાઈનો શોક ટાળ્યો વળી એક વખત બાપુભાઈએ સંતને જમવા બોલાવ્યા ને ઘણા આગ્રહથી સંતોને જમાડ્યા છતાં લાડુ ઘણા વધી પડ્યા ત્યારે બાપુભાઈ કહે "લાડુ ઘણા વધી પડયા માટે સંત સારી પેઠે જમ્યા નથી" ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું "અમે જમવામાં ખામી રાખી નથી પણ તે લાડુ બીજા હરિજનો આવશે તેને જમાડજો" એમ કહીને સ્વામી વગેરે સહુ મંદિરે ગયા ને બાપુભાઈ તો સ્વામીના વચન ઉપર વિશ્વાસ રાખીને વાટ જોતા હતા તેવામાં શ્રીજીમહારાજ વીશ સાંખ્યયોગી પાળા સાથે લઈને આવ્યા ને કહ્યું "આજ તો કાંઈ તૈયાર ભોજન

હોય તો આપો કારણ કે આમને સહુને જમવાની મરજી છે" ત્યારે બાપુભાઈએ રાજી થઈને તેમને જમાડ્યા. એવી રીતે શ્રીજીમહારાજે ગોપાળાનંદસ્વામીને વચને તેને પરચો આપ્યો. વળી એક વખતે મહારાજે તેમને પૂજન કરવા મૂર્તિ આપેલ તે મૂર્તિનું પૂજન કરીને અન્ન જળ લેવું એવું તે બાપુભાઈએ નિયમ રાખેલ હતું. એક વખતે પોતે તે મૂર્તિને હાર ચડાવતા હતા તે હાર હલકો જોઈને મૂર્તિએ હાર નાખી દીધો ને કહ્યું "બીજે મન છુટું રાખીને સારી રીતે ધન વાપરે છે ને આહીં હાર હલકો ચડાવે છે" ત્યારે બાપુભાઈએ હાથ જોડ્યા ને કહ્યું "હે પ્રભુ ! આપે મારી ભુલ ઓળખાવી તે મારી ઉપર બહુ દયા કરી" એમ મહારાજે બાપુભાઈને મૂર્તિ દ્વારા પરચો આપ્યો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૩૭)*

## વડોદરાના જગજીવનભાઈને શ્રીહરિએ આવીને કહ્યું હમણાં તારો દેહ નહિ પડે

વડોદરામાં એક પાટીદાર જગજીવન નામે હતો તે સાધુની વાતો સાંભળીને સત્સંગી થયો તે એક શ્રીજીમહારાજને જ સર્વોપરી ભગવાન માને પણ બીજા કોઈ દેવ દેવીને ન માને અને ગૃહસ્થાશ્રમનો ધર્મ બરોબર પાળે ને શિક્ષાપત્રી પ્રમાણે એ વરતે ને સંસારમાં તો જેમ જળમાં કમળ રહે તેમ નિર્લેપ રહે પણ માયામાં બંધાય નહિ એવી સમઝણ રાખી હતી ને સાધુની ટેલ ચાકરી કરવામાં હેત બહુ ને મહિમા ખરેખરો હતો તેને શ્રીજીમહારાજની એકની જ આશા પણ બીજાનો ભાર નહિ. એકવાર તેમને મૃત્યુ સમય આવ્યો ને જરાક ભય થયો ને નાડીયું તૂટવા માંડી ત્યારે તે શ્રીજીમહારાજનું સ્મરણ કરવા લાગ્યો કે "હે મહારાજ ! આવે સમયે તમે મારી રક્ષા કરો." ત્યારે તે સ્તુતિ સાંભળીને શ્રીજીમહારાજે દિવ્યરૂપે તેને દર્શન દીધાં ને બોલ્યા કે "તારો દેહ હમણાં નહિ પડે તું ગભરાઈશ નહિ એમ કહીને તેને માથે હાથ ફેરવ્યો ને કહ્યું "હવે તારું મૃત્યુ ગયું પણ જગજીવન ! મેં તારી રક્ષા કરી છે માટે તું મારું એક વચન માનજે કે દર મહિને વ્યતિપાતમાં સાધુ બ્રાહ્મણને જમાડવા" તે સાંભળીને જગજીવન બોલ્યો કે "હે મહારાજ ! હું તમારું વચન જીવીશ ત્યાં સુધી જરૂર પાળીશ." પછી મહારાજ અંતર્ધાન થઈ ગયા પછી જગજીવન રહ્યો ત્યાં સુધી તે મહારાજની આજ્ઞા પ્રમાણે દરમહીને સાધુ બ્રાહ્મણ જમાડતો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૬૩)*

## શ્રીહરિએ નાનાભાઈને જીવાડ્યા

ગામ કરાળીમાં પાટીદાર નાનોભાઈ નામે બહુ સારા સત્સંગી હતા. તેને શરીરે મંદવાડ આવ્યો તેથી તેણે અન્ન પાણી મેલી દીધું ને એ પ્રમાણે ઘણાક દિવસ વીતી ગયા ને તેનું શરીર જોઈને માણસો બધાં બોલે કે "આ નાનાભાઈનો દેહ નહિં રહે" તેમાં એક દિવસ તો એવું બન્યું કે નાડી પ્રાણ પણ ન રહ્યાં ને હેઠા લીધા ને અગ્નિ દાહ કરવા લઈ જવા તૈયાર થયા

તે વખતે નાનાભાઈને શ્રીજીમહારાજનાં તથા સંતના દર્શન થયાં ને ગામનાં પણ બધા માણસોને તે પ્રમાણે દર્શન થયાં ત્યારે હરિજનો કહેવા લાગ્યા કે ''હે મહારાજ આ સમયે તમે ભલે પધાર્યા.'' ત્યારે મહારાજે તેમને કહ્યું ''અમે તો નાનાભાઈને તેડી જવા આવ્યા હતા પણ હવે તો મેલી જાશું'' એમ કહી પછી નાનાભાઈને કહ્યું ''તમે હવેથી અન્ન જળ લેજો ને સુખેથી અમારું ભજન કરજો.'' એટલું કહીને ચાલી નિસર્યા. એ પ્રમાણે મહારાજે નાનાભાઈને જીવાડયા. તે પરચો જોઈને સહુ આશ્ચર્ય પામ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૬૯)*

## કરાળીના જેઠાભાઈને અંતકાળ આવ્યો ને મહારાજે એક બાઈને દર્શન આપ્યા ને કહ્યું કે હમણાં અમે નહિ લઈ જઈએ

વળી એજ ગામ કરાળીમાં એક જેઠો નામે પાટીદાર હરિજન હતો તેને મંદવાડ આવ્યો ને દેહ પડવાનો સમય થયો ને મુખે બોલવાનું બંધ થયું ત્યારે કુસંગી બોલવા માંડ્યા કે ''આને તો ભૂત વળગ્યું છે માટે ભુવાને તેડાવીને ડાકલા વગડાવો ને ભૂત કાઢવાનો ઉપાય કરો.'' ત્યારે જેઠાનો બાપ બોલ્યો કે ''અમારે સત્સંગીએ ભુવાને બોલાવાય નહિ અમારે તો સ્વામિનારાયણ કરે તે ખરું'' તે પછી થોડાક દિવસે મહારાજ આવ્યા ને એક હરિજનબાઈને દર્શન દઈને કહ્યું કે ''આજ અમે જેઠાને તેડવા સારું આવ્યા હતા પણ હવે તેને નહિ તેડી જાઈએ માટે તું તેને ઘેર ખબર આપજે ને આ અમે તેનું એંધાણ આપીએ છીએ જે આ કંકુ છે તેનો ચાંદલો તું જેઠાને કરજે એટલે તરત તે બેઠો થાશે ને બોલશે'' એમ કહીને ભારે સરસ કંકુ આપ્યું ને અંતર્ધાન થઈ ગયા પછી તે બાઈએ ઘેર જઈને તેના બાપને તે બધી વાત કહી ને કહ્યું ''જુઓ આ કંકુ જેઠાને ચાંદલો કરવા સારુ મહારાજે મને આપ્યું છે.'' એમ કહીને જેઠાના કપાળમાં ચાંદલો કર્યો કે તુરત જેઠો બેઠો થયો ને બોલવા લાગ્યો તે જોઈને માણસો બધા આશ્ચર્ય પામી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૭૦)*

## સાકરબાઈને તેડવા આવ્યા પણ મહારાજ તેને રાખી ગયા

કાનમ દેશમાં ઉતરાજ નામે ગામને વિશે સાકરબાઈ નામે હરિજન સારાં હતાં તેને મહારાજે દર્શન દીધાં ને કહ્યું કે ''આજથી ચોથે દિવસે તારો દેહ પડી જાશે.'' એટલું કહીને અંતર્ધાન થઈ ગયા પછી તે શ્વાસે ઉચ્છવાસે ભજન કરે ને જગતની વાસના બધી ટાળી નાખી એમ કરતાં ચોથો દિવસ થયો ત્યારે મહારાજ તેડવા પધાર્યા ને તે બાઈની ભત્રીજી કેસર બાઈ હતી તેને ઘેર ગયા ને પ્રગટ પ્રમાણ દર્શન દીધાં ત્યારે ઘરનાં માણસો સહુ આશ્ચર્ય પામી ગયાં પછી તે બાઈએ ''મહારાજ ઘણા દિવસે આજ તમે ભલે પધાર્યા'' એમ કહીને બેસવા સારુ આસન પાથરી દીધું ને જમવા સારુ ભાતભાતના ભોજન કર્યા તે મહારાજ જમ્યા ને પછી ચળુ કરી

મુખવાસ લઈને બેઠા ત્યારે બાઈએ હાથ જોડીને પૂછયું કે ''હે મહારાજ ! આજ તમે શું કામે પધાર્યા છો ?'' ત્યારે મહારાજ કહે ''અમે આજથી ચાર દિવસ પહેલા તારી કાકી સાકરબાઈને તેડવા આવવાનું કહી ગયા હતા તે માટે તેડવા આવ્યા છીએ તો તેને તેડી જાઈએ તેમાં તું રાજી કે કુરાજી ?'' ત્યારે તે બાઈ બોલી કે ''હે મહારાજ ! તમે તેને ધામમાં તેડી જાઓ એ તો તેનાં ધન્યભાગ્ય કહેવાય તેમાં હું શીદ કુરાજી થાઉં'' ત્યારે મહારાજ કહે ''તેને આજ નહિ તેડી જાઈએ માટે તું જઈને તેને કહેજે કે હવે તારો દેહ નહિ પડે.'' એમ કહીને મહારાજ પધારી ગયા પછી કેસરબાઈએ સાકરબાઈ પાસે જઈને એ પ્રમાણે વાત કરી તે સાંભળી સાકરબાઈ આશ્ચર્ય પામ્યાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૭૨)*

## અમદાવાદ સોનીના છોકરાને જીવનદાન આપ્યું

પછી સંત તથા દાદા ખાચર તથા સુરો ખાચર આદિક પાર્ષદોને લઈ મહારાજ ચાલ્યા તે ફરતા ફરતા સારંગપુર થઈને ધોળકે ગયા ને ત્યાં રાત્રિ રહીને જેતલપુર પધાર્યા ને મંદિર તથા મૂર્તિઓ જોઈને રાજી થયા પછી સંતને તથા પોતાને ઉતરવા સારું કાંકરીયે તળાવે તંબુ ડેરા ઉભા કરાવ્યા ને ત્યાં તંબુમાં પોતે રાત્રિ રહ્યા પછી સવારે વહેલા ઉઠી નાહી નિત્યવિધિ કરીને મહારાજ મોટા મંચ ઉપર વિરાજમાન થયા તે સમયે શહેરમાંથી દુલાપ તથા એરણ સાહેબ આવ્યા ને તે ટોપીઓ ઉતારીને મહારાજને પગે લાગ્યા ને બોલ્યા કે ''હે નારાયણસ્વામી ! તમે બાદશાહની વાડીમાં કેમ ન ઉતર્યા ?'' ત્યારે મહારાજે કહ્યું ''અમારા સત્સંગી ઘણા આવે તે સાથે બીજા પણ માણસો આવે તેમાંથી કોઈ વખતે ફળ ફૂલ તોડે ને બગાડ કરે તે સારુ અમે અહીં ઉતર્યા'' પછી તે સાહેબ પગે લાગી રજા લઈને ગામમાં ગયા પછી તે દિવસે શિવરાત્રિ હોવાથી સર્વે સંતને કેળાં સાકરનાં ફળાહાર કરાવ્યાં ને પછી મહારાજ મંદિરે ગયા ને ત્યાં ચારે વેદના બ્રાહ્મણોને વરુણીમાં વરાવીને મંદિર આગળ વેદી કરાવીને હોમ કરાવવા માંડ્યા પછી ત્રીજને દિવસે પ્રાતઃકાળે પોતે દરવાજાના મેડા ઉપર વિરાજમાન થયા પછી સંવત ૧૮૭૮ના ફાગણ સુદ ત્રીજને રવિવારને દિવસે દોઢ પહોર દિવસ ચડતે શ્રી નરનારાયણ દેવની મૂર્તિઓ મહારાજે પોતે પધરાવી ને આરતી ઉતારી પછી મૂર્તિઓ સામું જોઈને બોલ્યા કે ''આમાં અમે સદાય રહેશું ને હરિજનોના મનોરથ પુરા કરશું પછી ઠાકોરજીનો થાળ થયો તે ઠાકોરજીને ધરાવીને મહારાજ જમ્યા પછી સંત હરિજનોને જમાડયા તે પછી મહારાજ સંતની સભા કરીને બેઠા તે સમયે કોઈ સોની ભક્ત મહારાજને દર્શને આવતો હતો તેણે પોતાના દિકરાને પોતાનાં હાથની આંગળીયે વળગાડેલો પણ દરવાજામાં ગરતાં ઘણાં માણસોની ભીડ થવાથી તે છોકરો આંગળીયેથી વછુટી ગયો ને છુટો થતાંજ તેને ગઠીયા ઉપાડી ગયા ને તે જગ્યાથી આથમણી તરફ ઉજડ

જગ્યા હતી ને ત્યાં પડતર ખાલી ટાંકી હતી તેમાં છોકરાને ગળે ટુંપો દઈને મારી નાખ્યો ને તેની પાસે બસો રૂપિયાનું ઘરેણું હતું તે લઈને ભાગી ગયા ને સોનીએ તેના છોકરાને બહુ ગોત્યો પણ ક્યાંઈ જડ્યો નહિ પછી તે રોતો રોતો શ્રીજીમહારાજ પાસે આવ્યો ત્યારે મહારાજે તેને છાનો રાખીને કહ્યું "તારો દિકરો આવશે પણ ઘરેણું નહિ આવે" એમ કહીને મહારાજે ભગુજીને કહ્યું "ઓલી પડતર જગ્યામાં ખાલી ટાંકાં છે તેમાં મશાલ લઈને તપાસ કરો" ત્યારે તપાસ કર્યો તો છોકરો જડ્યો પણ તેને મારી નાખેલો જોઈને ભગુજીએ મહારાજ પાસે જઈને કહ્યું "હે મહારાજ ! એ છોકરો તો મરી ગયો છે" ત્યારે મહારાજ બોલ્યા કે "એતો એને મુર્છા આવી હશે માટે એને અહીં લાવો" પછી તે છોકરાને મહારાજ પાસે ઉપાડી લાવ્યા ત્યારે મહારાજે તેના બાપને સોંપીને કહ્યું "આને લુગડાં ઓઢાડીને ઢાંકી મુકો એ સવારે બોલશે" પછી તે સોનીયે તેમ કર્યું એટલે તે છોકરો સવારે બેઠો થયો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૪૬)*

## ભૂજના રણછોડભાઈને ૫૦ વર્ષની આયુષ્ય આપીને જીવનદાન આપ્યું

એક વખત ભુજમાં શ્રીજીમહારાજ સુતાર હીરજીભાઈને ઘેર વિરાજમાન હતા. ને હીરજીભાઈને ત્રણ પુત્ર હતા તેમાં રણછોડભાઈને ક્ષયરોગ લાગુ પડી ગયો હતો ને તે બહુ માંદા હતા તેથી હીરજીભાઈએ મહારાજને કહ્યું "હે મહારાજ ! રણછોડને જોવા પધારો" ત્યારે મહારાજ તેના ઘરમાં જઈને રણછોડના ખાટલા પાસે ખુરશી ઉપર બેઠા ને તેના સામી દૃષ્ટિ માંડી પછી મહારાજે હીરજી ભાઈને કહ્યું રણછોડની આવરદા આજ થઈ રહી છે પણ અમે તમારે ઘેર રહ્યા ને તમારા પહેલાં તે ધામમાં જાય તેથી અમારું સારું ન દેખાય માટે તેની આવરદા વધારી દઈએ છીએ" એમ કહીને તેને પચાસ વરસની આવરદા આપીને તેને સાજા કર્યા ત્યારે હીરજીભાઈ તથા તેની સ્ત્રી અતિ રાજી થયાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૧૭)*

## સીતારામજીને પાણીપાઈને જીવતા કર્યા

એકવાર ચાર સાધુને મહારાજે હિંદુસ્થાનમાં મોકલ્યા ને તેમને કહ્યું જે, "વળતા આવો ત્યારે સીતારામજીને તેડતા આવજો." પછી તે સાધુ જયારે પાછા આવવા તૈયાર થયા, ત્યારે સીતારામજીના માતાને કહ્યું જે, "મહારાજે સીતારામજીને તેડી જાવાની અમને ભલામણ કરી છે. તે તમે સીતારામજી અમને આપો અમે જાળવીને તેડી જાશું."

ત્યારે એ બાઈએ ના પાડી જે, "હું સીતારામને નહિ આપું." ત્યારે એ સાધુએ ઘણી ખચિત કરીને જાળવીને લઈ જવાની ખાત્રી આપીને એ બાઈને કહ્યું. ત્યારે એ બાઈએ કહ્યું

જે, ‘‘સીતારામજી તો બાળક છે ને છેટાની વાટ છે. તે તમથી જળવાય નહીં.’’ ત્યારે તે સાધુએ કહ્યું જે, ‘‘અમારા પ્રાણથી એમને વધારે જાળવીને તેડી જાશું. તમે કાંઈ ફિકર રાખશો નહીં.’’

એવી રીતે બહુ બહુ કહીને સીતારામને તેડીને સાધુ ચાલ્યા. તે આવતાં આવતાં ઝાડીમાં આવ્યા, ત્યારે સીતારામજી બહુ તરસ્યા થયા ને પાણી માગ્યું. ત્યારે તે ટાણે કોઈ પાસે પાણી નહીં ને તરશે પાણી... પાણી...‘ કરે. પછી સાધુ તો આડા-અવળા પાણી સારુ દોડ્યા, તે પાણી લાવતાં વાર લાગી, ત્યાં તો સીતારામજીએ દેહ મૂકી દીધો. પછી સાધુ તો પાણી લાવ્યા, તે શું કામમાં આવે ?

પછી ચારે સાધુએ રોવા માંડ્યું ને વિલાપ કરવા માંડ્યો ને કહેવા માંડ્યું જે, ‘‘હે મહારાજ ! આ સીતારામજીને તો એમની માતા નોતાં આપતાં, પણ તમારા કહેવા ઉપર અમે ઘણી રીતે તેમને સમજાવીને લાવ્યા ને અમારે વાંકે આ (તેમનો) દેહ છૂટી ગયો. જો અમારી પાસે પાણી હોત તો કાંઈ મરત નહીં. માટે આ સર્વે અમારો અપરાધ છે, તે હે મહારાજ ! હે દયાળુ ! હે કૃપાનિધિ ! હવે અમે તમને શો જવાબ દેશું ? ને સીતારામજીની માતાને શો જવાબ દેશું ? માટે આથી તો અમારું મરણ થયું હોત તો ઠીક થાત.’’ એમ અતિ વિલાપ કરીને રોતા જાય ને આંખમાંથી આંસુની ધારા થાતી જાય.

ત્યારે તે ટાણે સીતારામજી આંખ ફેરવીને બોલ્યા જે, ‘‘પાણી પાઓ.’’ પછી એ સાધુએ પાણી પાયું ને સર્વે રાજી થયા ને સીતારામજી જીવતા થયા. એવી રીતે મહારાજે એ સંતને પ્રતાપ દેખાડ્યો. એ વાત પૂરી થઈ. *(લીલચરિત્રની વાતો, વાર્તા-૧૯)*

## મેઉ ગામમાં રુંઢ મૂંઢ બાળકીને જીવનદાન આપ્યું

એકવાર શ્રીજીમહારાજ ગામ મેઉમાં ભૂખણ ભાવસારને ઘરે પધાર્યા. તે ભેગા સર્વે સંત, પાળા ને કાઠીના સ્વાર પણ હતા. ને માલપૂઆની રસોઈ કરાવીને ભૂખણભાઈએ એ સર્વેને જમાડ્યા. પછી મહારાજ સભા કરીને બેઠા હતા, ત્યારે એક બાઈ ઝીણો સાદ કાઢીને રોતી હતી. તેને સાંભળીને મહારાજ બોલ્યા જે, ‘‘આ કોણ રોવે છે ?’’

ત્યારે તે ગામના હરિભક્ત બેઠા હતા તેમણે કહ્યું જે, ‘‘હે મહારાજ ! એ ભૂખણ ભાવસારના દીકરાની વહુ રોવે છે. ત્યારે મહારાજ કહે, ‘‘શા સારુ રોવે છે ?’’ ત્યારે હરિભક્તે કહ્યું જે, ‘‘એ બાઈને એક બાળક અવતર્યું છે, તે બાળકને હાથ નથી, પગ નથી, માથું નથી, રૂંઢમુંઢ સરખું છે ને માંઈ જીવ પણ છે. તે દુઃખે કરીને એ રોવે છે.’’

ત્યારે મહારાજ કહે, ‘‘એને મારી પાસે લાવો જોઈએ.’’ ત્યારે તે રૂંઢમુંઢને માંચીમાં (નાની ખાટલીમાં) નાંખી મૂક્યું હતું, તેને મહારાજ પાસે લાવીને દેખાડ્યું. ત્યારે મહારાજે પોતાને હાથે

કરીને હાથપગને ઠેકાણે ચપટી ભરી, તાણીને કીધું જે, ''હાથપગ તો આ રહ્યા. ચોંટી ગયા હતા, તે તમે ભાળતા નથી.'' એમ કીધું ત્યાં તો હાથ, પગ, માથું, મોઢું આવ્યું. એ સર્વે અંગ થઈ ગયાં ને દીકરી થઈ. પછી મહારાજ કહે, ''એ બાઈને કહો જે, રોશો મા. આ દીકરીને ધવરાવો.'' પછી તે દીકરી મોટી થઈને ભક્ત થઈ. એ વાત પૂરી થઈ. *(લીલાચરિત્રની વાતો, વાર્તા-૪૭)*

## યુધ્ધમાં ઘવાયેલા પાર્ષદોની મહારાજે મૃત્યુથી રક્ષા કરી

એકવાર શ્રીજીમહારાજ ગઢડામાં બિરાજતા ને પોતાના તેર પાળા માંડવધારની સીમમાં પાણી કાઢવા સારુ ગયા હતા. ત્યારે ભડલીવાળો ભાણ ખાચર પોતાના સીમાડાની તકરાર સારુ વેર લેવા, હથિયારબંધ બસે માણસ ભેગું લઈને એ પાળાને મારવા સારુ આવ્યો. ને લડાઈ થઈ તેમાં ભાણ ખાચરના મોટા મોટા ભાવર લોક હતા, તે મરાણા ને કેટલુંક માણસ ઘવાયું ને પાછું ભાગ્યું. અને આ તેર પાળા હતા, તે પણ ઘવરાણા. તેમાં એક ભગુજીને અઢાર ઘા થયેલા, ને રતનજીનું હાથનું કાંડું પડી ગયેલ એવા ઘવરાણા, પણ કોઈનું મૃત્યુ થયેલ નહીં.

પછી એની મહારાજને ખબર થઈ, તેથી માણસ મોકલી ખાટલે નાખી એ તેરેય લોથ્યું (મૃતપ્રાયઃ પાળાઓને) ગઢડે લાવ્યા. પછી તેના ઘા ભંગાવ્યા, ટેભા લેવરાવ્યા, પાટા બંધાવીને એકાંત જગ્યામાં સુવાડ્યા. પછી મહારાજ જોવા આવ્યા. તે જોઈને બેચર ચાવડાને પૂછ્યું જે, ''તારે કાંઈ ઘાટ થાય છે ? ત્યારે બેચર ચાવડો બોલ્યો કે, ''હે મહારાજ ! બીજો મરવા-જીવવાનો તો કાંઈ ઘાટ થાતો નથી, પણ એટલો ઘાટ થાય છે જે, જગતમાં એમ કહેવાશે જે, ''સ્વામિનારાયણના પાળાને ભાવરે માર્યા.'' એટલી ખોટ બેસશે.''

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''આ તેરેયનું મૃત્યુ આવ્યું છે, પણ મારે કોઈને મરવા દેવા નથી.'' એમ કહીને સચ્ચિદાનંદસ્વામીને બોલાવીને કીધું જે, ''તમે આંહીં બેસો ને કાળને માંઈ ગરવા દેશો નહીં. એ આગળ તમારાં કરેલ કામો છે. (આગળ તમે આવું કામ કરેલ છે.)'' ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે, ''ઠીક મહારાજ.'' એમ કહીને એ પાળાની રક્ષા કરવા બેઠા.''

ત્યારે જીવા ખાચરને એમ થયું જે, ''આ તેરમાં કોઈ મરાણો નહીં. માટે આમને કાંઈક ચમક (ઉશ્કેરાટ-બહેકાટ; લડવાની ચાનક) થાય તો મરે ખરા.'' પછી ઢોલ વગડાવે, બંધૂકોના ભડાકા કરાવે, પણ એ કોઈ પાળાને ચમક કે સનેપાત(બકવાટ) તે કાંઈ ન થયું. ને ઘવાયાની પીડા પણ ન થઈ ને તરત ઘા રુઝાઈ ગયા. એવી રીતે શ્રીજીમહારાજે એ પાળાઓની રક્ષા કરી. એ વાત પૂરી થઈ. *(લીલચરિત્રની વાતો, વાર્તા-૧૫૦)*

## ખેડૂત પુત્રને સર્પદંશ થયો હતો તેને ભૂદેવે (શ્રીહરિએ) નવજીવન આપ્યું

લાડુદાન તથા ભૂદેવ (શ્રીહરિ) ખાણ ગામથી બંને ચાલ્યા તે પાલનપુરના સીમાડે આવેલ વાડીમાં મુકામ કર્યો. રાબેતા મુજબની દીનચર્યા કરી, વાળુ કરી આરામ કરવાની તૈયારી કરતા હતા. ત્યાં જ પોતાના ખેડૂત યજમાનના યુવાન પુત્રને સર્પદંશ થતાં બેભાન થઈ ઢળી પડ્યો.

રાત્રિનો પ્રથમ પ્રહર પૂર્ણ થવામાં હતો. ગામ દૂર હતું. અને ખેડૂત કુટુંબનો મોભી છેલ્લા શ્વાસ ગણી રહ્યો હતો ત્યારે સ્ત્રી, યુવા-બાળના આક્રંદ સંભળાતા લાડુદાનજી તથા ભૂદેવ બંને વટેમાર્ગુઓ ત્યાં પહોંચતા પરિસ્થિતિ પામી ગયા.

લાડુદાનજી કહે : "હે બ્રહ્મર્ષિ ! આપ જેવા પવિત્ર પુરુષના પદરજથી પાવન થયેલ આ ભૂમિમાં દુઃખી થયેલા ખેડૂત પરિવારની આપ વહાર કરો. આપણે તેમના અતિથિ બન્યા હોઈને તેમના ઉપર આપત્તિના ઓળા ઉત્તરે તો આર્ય સંસ્કૃતિ ઝાંખી પડે."

લાડુદાનજીની વાત સાંભળી ખેડૂત પરિવાર પણ બ્રાહ્મણને પગે પડી આક્રંદ પૂર્વક પ્રાર્થના કરવા લાગ્યો. આ સમે વેશધારી એવા ભૂદેવ રૂપે શ્રીહરિને દયા ઉપજી અને ખેડૂત પરિવારને કહે : "બધા સર્પ કંઈ ઝેરી હોતા નથી. માત્ર સર્પના ડરથી જ કેટલાક બેભાન બની જાય છે. આમાં ગભરાવાની જરૂર નથી. મોર પીંછ હોય તો લાવો. ભૂદેવની વાત સાંભળી ખેડૂત પરિવારે પાંચ-છ મોર પીંછ લાવી આપ્યા. તેના ઠેબાનો ભાગ એક વેંત રાખી તેના બારીક કટકા કરી ચલમ ભરી છોકરાને પીવરાવવા કહ્યું : તથા મોરપીંછના બે કટકા લાડુદાનજીને આપી. તે છોકરાના બંને કાનમાં ભરાવી છોકરાને સાદ કરવાનું કહેતા જણાવ્યું "ભોળીયો નાથ ભેળે હશે તો છોકરો હમણાં ઊઠશે." લાડુદાન કહે "પણ મા'રાજ ! " ભૂદેવ કહે : "હવે પણ ને બણ, તમે તો દેવી પુત્તર, નાગકુળ તમારુ મોસાળ, વળી તમારી શક્તિનો તમને ખ્યાલ નથી, માટે ઢીલ ન કરો અને મોરપીંછના બે ટુકડા છોકરાના કાનમાં તમારા હાથે ભરાવી છોકરાનું નામ લઈ સાદ કરો."

લાડુદાનજી એ છોકરાના બંને કાનમાં મોરપીંછ ભરાવી "ભીખા એ ભીખા" એમ સાદ કરતાં જ ભીખાનો દેહ સળવળ્યો. બે ચાર ક્ષણોમાં આંખ ઉઘાડી બધા સામે જોવા લાગ્યો. ભૂદેવ કહે : "હવે એને બેઠો કરી મોરપીંછની ચલમ પીવરાવો."

ઘરનાં બધાં આનંદિત થતાં ભીખાને બેઠો કરી, ચલમમાં મોરપીંછના ટુકડા ભરી, ઝગાવી, ભીખાને મોઢે મૂકી સટ લેવાનું કહેતાં ભીખો ચલમ પીવા માંડ્યો. થોડીવારમાં ભીખો સંપૂર્ણ સભાન થતાં તેના બાપના કહેવાથી ભૂદેવ તથા લાડુદાન ને પગે લાગ્યો આખું ઘર આગંતુક બંને અતિથિઓના ચરણોમાં ઝૂકી પડ્યું. ખેડૂતે બંનેને રસોઈ કરાવીને જમાડ્યા.

ત્યાંથી રાધનપુર દસાડા વચ્ચે આવેલ એક મહાદેવની જગ્યામાં રાત્રિ મુકામ કરીને ત્યાંથી માળિયા, ચિરઈ થઈ અંજાર પહોંચ્યા. ત્યાં રા બાવાના કહેવાથી અંજાર તેડવા આવેલા નગરશેઠ રૂપે શ્રીહરિનો ભેટો થયો. ને ત્યાંથી કચ્છી ભૂદેવ રૂપે શ્રીહરિએ ત્યાંથી વિદાય લીધી.

લાડુદાનજી પછી શ્રીહરિ (નગરશેઠ) ને ભેટ્યા અને તે સાથે ભૂજ જવા રવાના થયા. ને ૧૬ માં દિવસે ભૂજ પહોંચ્યા. ભૂજમાં વિદ્યાભ્યાસ માટે ત્યાં રહ્યા અને તેમના ઉતારા, જમવાનો સારો બંદોબસ્ત કરી ત્યાંથી દર્શને જવા રવાપુર, નારાયણ સરોવર, માતાનો મઢ, કોટેશ્વર વગેરે તીર્થમાં દર્શન કરી ભૂજ પાછા આવ્યા.

## બ્રહ્મમુનિને આયુષ્ય આપીને રાખ્યા

એક સમયે શ્રી બ્રહ્માનંદ સ્વામીના શરીરે કસર થઈ અને બહુજ મંદવાડ વધી ગયો અને દેહ રહે નહિં તેવા ચિહ્ન જણાયાં. શ્રીજીમહારાજને એ વાતની ખબર થતાં મહારાજ તુરત જ સ્વામી પાસે પધાર્યા, અને મહારાજે પોતે પોતાનાં હાથે ચંદન ઉતાર્યું. ત્યાં તો બીજાં ઘણાક મનુષ્યો ત્યાં આવ્યાં પછી મહારાજે પોતે પોતાના હાથથી ઉતારેલા ચંદનથી સ્વામીની નખ શીખા પર્યંત અર્ચા કરી ને પૂજા કરી અને પોતે જે ગુઢો રેંટો ઓઢ્યો હતો, તે સ્વામીને માથે ઓઢાડ્યો, પણ સ્વામીને (બે શુદ્ધિ હોવાથી) એ વાતની કંઈ ખબર ન પડી. પછી શ્રીજીમહારાજ કહે કે, "સ્વામીની તો આવરદા પુરી થઈ છે, તો તમે સર્વે હરિભક્તો, થોડી થોડી આવરદા આપો તો તે રહે." ત્યારે સર્વે હરિભક્તો બોલ્યા કે, હે મહારાજ, અમારી આવરદા લ્યો, અને બાઈઓ પણ દૂર બેઠેલ હતાં તેઓ પણ બોલ્યા "જે અમારી પણ આવરદા લ્યો." પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને શરીરે નખ શીખા પર્યંત હાથ ફેરવ્યો. ને એમ બોલ્યા જે, હવે તો આ રહ્યા છે એમ કહી મહારાજ દરબારમાં પધાર્યા. તે પછી ત્રીજે દિવસે, બ્રહ્માનંદ સ્વામીએ કીર્તન કરીને ખરડો લખીને દરબારમાં મોકલાવ્યો. ત્યારે મહારાજે તે કીર્તનો ગવરાવ્યાં તેમાં સ્વામી કહે કે,

મને રોકોમાં મહારાજ, માણીગર માવજી રે,
મારે ઘેર છે ઝાઝું કાજ, નટવર નાવજી રે.

સદગુરૂ શ્રી બ્રહ્માનંદ સ્વામીનો મંદવાડ મહારાજે મટાડી આયુષ્ય આપી એ વિષે "હરિલીલામૃત" ગ્રંથના કળશ-૭, વિશ્રામ-૪૭ માંથીસાર આ નીચે આપવામાં આવ્યો છે.

-: ચોપાઈ :-

બ્રહ્માનંદને એવે પ્રસંગે, મંદવાડ થયોં કાંઈ અંગે,
બહુ માંદા દેખી મુનિરાય, દીલમાં બહુ દીલગીર થયા,
મુનિ સત્સંગના થંભ જેવા, કવિ તો કોઈ ન દિસે એવા,

કોઈ દિવસ જો શ્રીજી રીસાય, ઉદાસી હોય તોય હસાવે,
રીસ તો ઝટ ઉતરી જાય, વાદળાં જેમ પવને વિખાય,
કહે સૌ મુનિબ્રહ્મ જો જાશે, સત્સંગીની શી ગત થાશે.

એવું જાણીને સર્વે સાધુએ શ્રીજીમહારાજ પાસે સ્વામીશ્રીનો મંદવાડ મટાડવા અરજ કરી. ત્યારે મહારાજ કહે કે, “આ દેહ પ્રારબ્ધને વશ છે. તેમની આવરદા થઈ રહી છે. તો કોટી ઉપાયે કોઈથી જીવતાં ન રખાય. તે સાંભળી બહુ સંતો હરિભક્તો કહે કે, “હે મહારાજ ! કાળ કર્મ તો તમારે વશ છે. તમે જેમ કરો તેમ થાય તેમ છે. બીજાથી તે ન થાય. માટે સ્વામીને ઉગારો. એમ કહી સૌ સભાની આંખમાં પાણી આવ્યાં. તે જોઈ મહારાજને દયા આવીને કહે કે, “આ સભામાં જે બાઈ ભાઈ હાજર છે, તે પોતે આપો તો બ્રહ્મમુનિ જીવતા રહે.” એ વખતે છસો જેટલાં સભામાં બેઠેલાં તમામ સ્ત્રી-પુરુષોએ સાત સાત દિવસની આયુષ્ય આપી. એથી શ્રીજીમહારાજ કહે કે, “બ્રહ્મમુનિ હવે ૧૨ વરસ આ પૃથ્વી ઉપર જીવતા રહેશે.” એ સાંભળી સહુ રાજી થયાં ને સ્વામીને પણ આરામ થઈ ગયો. (વિ.સં. ૧૮૭૬). તે પછી બ્રહ્માનંદ સ્વામી પાસે સ્વામીના ઉપદેશી સાધુ થયેલ એક વિચિત્ર સ્વભાવનો શિષ્ય હતો. તેને મંડળમાં કોઈ સાધુથી મેળ ન રહેવાથી સ્વામીના મંડળનો ત્યાગ કરીને તે શ્રી મુક્તાનંદ સ્વામીના મંડળમાં જઈ રહ્યો. શ્રી મુક્તાનંદ સ્વામીને એમ જે આ સત્સંગમાંથી અવગુણ લઈને પડી જાશે, માટે જેમ તેમ કરી સમજાવીને રાખવો. તેથી રાખેલો. એ વાતની જાણ શ્રી બ્રહ્માનંદ સ્વામીને થતાં તેને બોલાવીને ઘણી રીતે સમજાવ્યો, પણ તે સ્વામી પાસે ન રહેતાં શ્રી મુક્તાનંદ સ્વામીના મંડળમાં જ રહ્યો. તેથી સ્વામીને શંકા આવી કે શ્રી મુક્તાનંદ સ્વામી ફોસલાવીને મારા ચેલાને પોતા પાસે રાખ્યો છે. તેવી રીસ ચડવાથી પોતે શ્રી મુક્તાનંદ સ્વામીના દર્શન કરવા સાત દિવસ ન ગયા.

મુક્તાનંદનાં દર્શન કાજ, સાત દિન ન ગયા મુનિરાજ,
શ્રીજી આગળ જઈ ને તે સહી, વાત સર્વ રતનજીએ કહી.
કૈંક રાજાએ રાખવા માંડ્યા, પણ છેક તમે તેને છાંડ્યા,
પછી આવ્યા આ પાંચાળ દેશ, અમારો સાંભળ્યો ઉપદેશ.
ઉપજ્યો ઉરમાં વૈરાગ્યાં, ત્યારે કીધો કુટુંબનો ત્યાગ,
તમે ત્યાગી થયા બડ ભાગી, તમ તુલ્ય છે કોણ વિરાગી
દીઠું અચરજ આજ વિશેશ, કર્યો માયાએ તમમાં પ્રવેશ,
મુક્તાનંદ સાથે મુનિરાયા, એક ચેલાને માટે રીસાયા,

મુક્તાનંદ ગુરૂ છે અમારા, તે તો જાણવા ગુરૂ તમારા.
આજ સાત દિવસ ગયા વહી, તમે દર્શન પણ કર્યા નહીં.
ઓરડામાં હતાં મોટી બાય, બોલ્યાં ત્યાંથી અહો મુનિરાય.
સાધુમાં પણ ચેલાને માટ, થાય છે આવી તો ફુટફાટ.
પછી બ્રહ્મમુનિ બોલ્યા વાણી, કહું સાંભળો સારંગપાણી.
નથી મારો એમાં કાંઈ વાંક, હું તો છું સત્સંગમાં રાંક.
પણ માંદો થયો હતો જ્યારે, સૌએ આવરદા આપી ત્યારે,
કોઈ બાઈ હશે વઢકારી, ખરી હોય જેવી બલ્લાખારી.
એની આયુષના દિન સાત, આ મેં ભોગવિયા નરભ્રાત,
એમ ઉચ્ચરીને ઉભા થઈ, મુનિ મુક્તની આગળ જઈ,
કર્યો પ્રેમથી દંડ પ્રમાણ, વળી વિનતી કરી એહ ઠામ.

હે મુક્તાનંદ સ્વામી હું ઘરબારનો ત્યાગ કરી સાધુ થઈ ગયો, કંઈ ઘેરથી પુત્ર કે શિષ્ય લાવ્યો ન્હોતો પણ આ શિષ્ય ભરતજીના મૃગલાની જેમ આસક્તિ થતાં મારી બુદ્ધિમાં ફેર પડતાં આમ થયું છે. માટે ક્ષમા કરજો. એમ કહી દંડવત કરતાં શ્રી મુક્તાનંદ સ્વામીનો હાથ ઝાલી બાથમાં લઈ મળીને બોલ્યા કે, "હે બ્રહ્મમુનિ ! તમે કંઈ ઈર્ષ્યા નથી કરી. તેમ મને તેનું કંઈ દુઃખ નથી લાગ્યું. મારૂં જે મનનું હેત તમારા ઉપર છે તેવું જ છે. માટે તમો ચિંતા ન કરો. એમ કહી અરસપરસ મળી શ્રીજીમહારાજને દંડવત કર્યો આથી શ્રીજીમહારાજ બહુજ રાજી થયા હતા.

એ સાંભળીને મહારાજ બોલ્યા જે "હવે તો સુજે તેવા મ્હેણાં દ્યો, પણ રહ્યા તે રહ્યા જ." એમ ભગવાન છે તે તો કર્તા અકર્તા, અને અન્યથા કર્તા છે ! છે, તે જે જડ હોય તેને ચેતન કરે, અને ચૈતન્ય હોય તેને જડ કરે, એવી ભગવાનની અલૌકિક કળા છે, તેને કોઈ જાણી શકે નહીં. *(વિશ્રામ-૨૨)*

## પંઢરપુરના પૂજારીને જીવનદાન આપ્યું

હવે શ્રીહરિ રામપુરથી ચાલ્યા તે વનમાં ફરતા ફરતા કેટલાક દિવસે પંઢરપુર નામના તીર્થમાં આવ્યા. ત્યાં ચંદ્રભાગા નામની નદીમાં સ્નાન કરીને કાંઠા ઉપર રહેલા એક સુંદર વૃક્ષ નીચે બેસી પોતાનો નિત્યવિધિ કરી સ્વસ્વરૂપનું ધ્યાન કરતા શ્રીહરિ ત્યાં બેઠા. તેજ દિવસે અને તેજ સમયે પંઢરપુરમાં એક વિચિત્ર અને દુઃખદ ઘટના બની. પંઢરપુરમાં એક બ્રાહ્મણ ઘણે ધનાઢય હતો. પરંતુ તે નિઃસંતાન હતા તેથી તે ઉદાસ થઈ પિતાના દ્રવ્યનું શું થશે તે વિચાર્યા કરતા

હતા. એમ કરતાં તેણે એક સુંદર શિવજીનું મંદિર બંધાવવાનો નિર્ણય કર્યો અને મંદિર બંધાવવાનું શરૂ કર્યું. થોડા સમયમાં તે મંદિર ને પૂરું થઈ ગયું અને તેમાં વિધિપૂર્વક શિવજીની સ્થાપના કરી અને તેની આજીવિકાનો પૂરો પ્રબંધ કર્યો. આ બધું કરતાં પણ ઘણું જ ધન વધ્યું તેને એક મોટા ચરૂમાં ભરીને કોઈ ન જાણે તે રીતે મંદિરના દક્ષિણ તરફના ચોકના ભાગમાં તે ચરૂ દાટ્યો પણ કોઈને તે ધન બતાવ્યું નહિ. આ સમય પૈસાનો જ વિચાર કરતો, અને તે કોઈ લઈ ન જાય તેની ચિંતા કર્યા કરતા. અવસ્થા થવાથી મરવાનું નજીક આવ્યું છે તેમ માનતા તેને શરીરે મંદવાડ આવ્યો ત્યારે પૈસાની ચિંતાએ તેને ખૂબ અકળાવ્યો. થોડા સમયમાં બીમારી એકદમ વધી ગઈ. વાણી બંધ થઈ ગઈ. મનમાં ઘણો પસ્તાવો કરવા લાગ્યા. સંબંધીઓએ ઘણું પૂછ્યું પણ પેલા કોઈને કહ્યું નહીં અને પછી બોલવાનું બંધ થયું એટલે કહી શક્યો નહીં. એમ કરતાં દેહ પડી ગયો. તેને પૈસામાં વાસના વધારે હતી તેથી કાળો નાગ થયો. અને દ્રવ્ય મંદિરમાં દાટેલ હોવાથી મંદિરમાં જ તે રહેવા લાગ્યા અને આવતા જતા લોકોને ત્રાસ દેવા મંડયા. રાત દિવસ શિવજીના બાણને વિંટાઈને પડયો રહે. પૂજારી જ્યારે પૂજા કરવા આવે ત્યારે સાથે દૂધનો કટોરો ભરીને લાવે અને તે છેટે મૂકે એટલે તે દૂધ પીવા જાય ત્યારે પૂજારી શિવજીની પૂજા કરી શકે. પૂજારી પૂજા કરીને જાય કે તુરત પાછા બાણને વિંટાઈ જાય. કયારેક દ્રવ્ય જોવા દર મારફતે ચરૂમાં પણ જતો, અને દિવસ-રાત ચરૂ સામે દૃષ્ટિ રાખીને જ બેસી રહેતો. લોકો પણ આવા કાળા ઝેરી સર્પને જોઈ આશ્ચર્ય પામી નમસ્કાર કરતા.

એક દિવસે પૂજારી પૂજા કરવા ગયો. ત્યારે સર્પ બાણની નીચેના ભાગમાં હતો તેથી અંધારામાં પૂજારીએ જોયો નહી તેથી ભૂલમાં તે સર્પ ઉપર પગ મૂક્યો. સર્પ દબાયો એટલે તુરત જ ક્રોધ કરી ફૂંફાડા મારીને પૂજારીના પગે કરડ્યો. તેનું ઝેર ચડયું. (સર્પ ચડે). ગામમાં ખબર પડી એટલે તેના સગાઓ એકદમ દોડી આવ્યા. બીજા માણસો પણ આવ્યા. સર્પને ઉતારવા માટે ઘણા ઉપાય કર્યા પણ ઉતરે નહી, અને નામ પણ આપે નહી. ત્યારે લોકોએ કહ્યું કે, હે નાગદેવ ! ભૂલથી પગ મુકાય છે. માટે અપરાધ ક્ષમા કરો. જ્યારે લોકોએ ક્ષમા માગી ત્યારે સર્પને વાચા થઈ ને બોલ્યો કે, તમે બીજા ગમે તેટલા ઉપાય કરશો તો પણ મારું ઝેર ઉતરવાનું નથી. પ્રભુ વિના બીજો કોઈ તે ઉતારનાર નથી. માટે તેને પ્રભુ પાસે લઈ જાઓ. બાકી તે ત્રણ પ્રકારના વાદીઓ આવે તો પણ તેનાથી તે ઝેર ઉતરવાનું નથી. પરંતુ મંત્ર, તંત્ર, જંત્રના પ્રયોગને સફળ નિષ્ફળ કરનારા સર્વના નિયંતા પોતે પ્રગટ ભગવાન આજે જ આ શહેરમાં આવ્યા છે. તમે તેમની પાસે જઈને પ્રાર્થના કરો, અને તેમને ગમે તેમ કરી અહીં તેડી લાવો તો તમારું કામ થશે. માટે હું બતાવું ત્યાં તમે જાઓ. ચંદ્રભાગા નદીના કિનારે

વૃક્ષ નીચે તે સમર્થ પ્રભુ બાળ બ્રહ્મચારી સ્વરૂપે ધ્યાન કરતા બિરાજે છે, સર્પના વચનમાં વિશ્વાસ લાવી એક બ્રાહ્મણ જલદી બતાવેલ જગ્યાએ ગયો. શ્રીહરિ ધ્યાનમાં બેઠા હતા ત્યાં જઈ વિપ્રે હાથ જોડયા, પ્રાર્થના કરી, થોડી વાર સ્તુતિ કરી ત્યાં બેઠો. જ્યારે ધ્યાનમાંથી વર્ણી જાગ્યા અને સામે બેઠેલા વિપ્રને જોયો ત્યારે તેને પૂછયું કે, તમારે મને ધ્યાનમાંથી જગાડવાનું શું પ્રયોજન છે ? ત્યારે તે વિષે પૂજારીને સર્પ કરડયાની તમામ વાત કરીને કહ્યું કે આપ ત્યાં પધારી સર્પ ઉતારી પૂજારીને જીવતદાન આપો. ત્યારે શ્રીહરિએ કહ્યું કે હું શ્રી વિઠ્ઠલનાથજીનાં દર્શન કરી અહીંયાં પાછો આવું છું. તેટલામાં તમે તે પૂજારીને અહીં લાવો તો જરૂર તેને જીવાડીશ. એમ કહી વિપ્રને રવાના કર્યો. પછી પોતે નદીમાં ફરી સ્નાન કરી, શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન કરી પાછા ઉતારે આવ્યા. ત્યાં પેલા પૂજારીને લાવીને વર્ણી આગળ સુવાર્યો. તે બેભાન સ્થિતિમાં હતા. શ્રીહરિએ તેના સામું જોઈને લોકોને કહ્યું કે હવે સર્પને પકડીને અહીં લો. ત્યારે માણસો બોલ્યા કે સર્પ તો ક્યાંઈ ચાલ્યો ગયો છે. ઘણે ગોતવા છતાં હાથમાં આવતો નથી માટે ક્યાંથી પકડી લાવીએ. ? માટે હે પ્રભુ ! આપ કૃપા કરીને આ સર્પને ઉતારી દુઃખ મટાડો. જો વાર થશે તો પૂજારી મરી જશે અને નાની બાળ તેની સ્ત્રી વિધવા બનશે. આ પ્રકારે બ્રાહ્મણોએ ખૂબ પ્રાર્થના કરી. દયાળુ પ્રભુએ દયા લાવીને સર્પને ઉતારવાનો મનમાં નિર્ણય કરી હાથમાં પાણી લઈને પૂજારી ઉપર છાંટયું અને સર્પને મૂર્તિમાન હાજર થવા સંકલ્પથી આજ્ઞા કરી. વર્ણીથી ભય પામીને તુરત જ મોટો કાળો તે સર્પ એકદમ ત્યાં આવ્યો અને ફણાં ઉંચી કરી વર્ણીને નમસ્કાર કર્યા. સર્વાંતર્યામી, સર્વકર્મ ફળપ્રદાતા, સર્વજ્ઞ, શ્રીહરિ તે સર્પના પૂર્વજન્મનું બધું વૃત્તાંત જાણે છે છતાં લોકોને જણાવવા માટે સર્પને કહ્યું કે તું કોણ છું ? કેમ સર્પ થયો છે ? આ પૂજારીને શા માટે કરડે છું ? અને કેમ ઉતરતો નથી ? વગેરે તારી તમામ વાત વિગતવાર કહે. શ્રીહરિની આજ્ઞા થતાં જ તે સર્પને વાચા થઈ ને બોલ્યો કે, આપ સાક્ષાત ઈશ્વર છો તેથી મારા પૂર્વજન્મની બધી બીના આપ જાણો છો છતાં આપ પૂછો છો. પરંતુ મારા પૂર્વજન્મની વાત કહેતાં મને શરમ આવે છે, પણ આપની આજ્ઞાનું પાલન કરવું જોઈએ, કારણ મોટા દેવતાઓ પણ આપની આજ્ઞામાં જ રહે છે. માટે મારી વાત સાંભળો. ત્યાં ભેગા થયેલા માણસો આ દશ્ય જોઈ આશ્ચર્ય પામી ગયા, અને સર્પની વાતને સાંભળવા આતુર બન્યા. સર્પ કહે છે કે, હું પૂર્વ જન્મમાં આ પંઢરપુરનો રહીશ એક ધનાઢય બ્રાહ્મણ હતો. અમે પતિપત્ની બે જ માણસ હતાં. મારે પુત્ર, પુત્રી, વગેરે કાંઈ સંતાન ન હતું. મારી વૃદ્ધા વસ્થામાં મારી સ્ત્રી મરણ પામી. મારી પાસે ધન ઘણું હતું. હું શિવજીનો ભક્ત હતો તેથી તે ધનનો સદ્‌ઉપયોગ કરી, અમારા બેયનો મોક્ષ થાય તેમ વિચારી, મેં શિવજીનું મંદિર બંધાવ્યું. તેમાં શિવજીની પ્રતિષ્ઠા વેદવિધિ

પ્રમાણે ઘણું ખર્ચ કરીને કરાવી. શિવજીની કાયમ પૂજા થાય તેવી વ્યવસ્થા પણ મેં બરાબર કરી, છતાં પણ મારી પાસે ઘણું ધન વધ્યું એટલે તે ધનનો મોટા ભાગ એક મોટો ચરૂમાં ભરી તે શિવજીના મંદિરના દક્ષિણ તરફના ચોકમાં એક તરફ ખાનગી રીતે તે ચરૂને જમીનમાં ઉંડો દાટ્યો. પછી કાયમ શંકરની આરાધના કરવા લાગ્યો. પરંતુ મને ધનમાં વાસના ઘણી હતી તેથી કાયમ દ્રવ્યનું ચિંતવન કરતો; એટલે લોભ વશ થઈ મેં તે - ધનની કોઈને વાત ન કરી. હું કાયમ તેની રક્ષામાં રહેતો. એમ કરતાં આયુષ્ય પૂર્ણ થવાથી મારો તે વિપ્રનો દેહ પડી ગયો. તે ધનમાં વાસના રહેવાથી મને આ આપ સામે જુવો છો તે સર્પનો અધમ દેહ આવ્યો. મને શિવજી ઉપર ભક્તિભાવ હતો અને છે, તેથી આ સર્પના દેહે હું હંમેશાં રાત્રિ–દિવસ શિવજીના બાણને વિંટાઈને બેસી રહું છું. મેં દાટેલા દ્રવ્ય સામે દૃષ્ટિ રાખી તેની ચોકી કરું છું. રોજ સવારે આ પૂજારી શિવજીની પૂજા કરવા આવે ત્યારે મારા માટે એક કટોરામાં દૂધ લાવે. તે દૂધનો કટોરો તે દૂર મૂકે એટલે હું તે દૂધ પીવા જાઉં ત્યારે પૂજારી શિવજીની પૂજા કરે. પૂજા થઈ રહે એટલે હું પાછો આવીને વિંટાઈ જાઉં. આ અમારે દરરાજનો કાર્યક્રમ હતો. પણ આજે ભૂલથી કે ઉતાવળથી, કે ગમે તે કારણથી પૂજારી દૂધ લાવવું ભૂલી ગયા, અને એકદમ પૂજા કરવા આવ્યા અને અચાનક જ સીધો મારા ઉપર તેમનો પગ આવ્યો. પગના વજનના દબાણથી મને ઘણું જ દુઃખ થયું એટલે સર્પોની તામસી પ્રકૃતિ મુજબ મને ક્રોધ થયો અને હું પૂજારીને કરડ્યો પછી તે આ બધા માણસોએ મારું ઝેર ઉતારવા (મને ઉતારવા) ઘણો જ પ્રયત્ન કર્યો. પણ મને ઘણું દુઃખ થયું હતું તેથી વેર લેવા હું ઉતર્યો નહિ. આ લોકો હજી પણ ગમે તેમ કરે તો પણ હું ઉતરવાનો ન હતો પરંતુ આપ સર્વાવતારી પ્રભુ મને શિવજીનો ભક્ત માની મારા ઉપર કૃપા કરી મને દર્શન આપી મારો મોક્ષ કરવા અહીં પધાર્યા છો એમ મને શિવજીની કૃપાથી જાણવામાં આવ્યું એટલે મેં આ લોકોને આપની પાસે મોકલ્યા અને આપે પૂજારીને આપની પાસે લાવવા કહ્યું એટલે તે લોકો પૂજારીને આપની પાસે લાવ્યા. આપે મને બોલાવ્યો તેથી સર્પરૂપે હું પણ આપની પાસે આવ્યો, અને આપનાં દર્શન કરી કૃતાર્થ થયો. તો હવે આપની આજ્ઞા થાય તે પ્રમાણે હું કરું પણ મારો ઉદ્ધાર કરો. આ લોકોને મારી વાતમાં પ્રતીતિ આવે તે માટે આપ મારી સાથે તે શિવજીના મંદિરમાં ચાલો. મેં જે જગ્યાએ ધનનો ચરૂ દાટ્યો છે તે જગ્યા બતાવું. તે જગ્યાએ આપ ખોદાવો, અને તેમાંથી જે ધન નીકળે તેને આપ સદ્‌વ્યય કરો. એમ કહી શ્રીહરિને બધા લોકો સાથે શિવજીના મંદિરમાં લઈ જઈ તે જગ્યા બતાવી. પછી શ્રીહરિની ઈચ્છાથી સર્પનું ઝેર પૂજારીના શરીરમાંથી ઉતરી ગયું, સર્પ ઉતરી ગયો એટલે પૂજારી સાજો થયો. લોકો બધા આનંદ પામ્યા. પછી શ્રીહરિએ તે સર્પના દેખતાં જ તે

જગ્યાએ ખોદાવી ધનનો ચરૂ કાઢી. તેમાંથી જે દ્રવ્ય નીકળ્યું તેને શ્રીહરિએ ત્રણ ભાગ કરાવ્યા, (૧) બ્રાહ્મણોને જમાડવાને માટે (૨) બ્રાહ્મણોને દક્ષિણા આપવા માટે. (૩) સદાવ્રતમાં વાપરવા માટે. એમ ત્રણ ભાગ કરાવી, તેને યોગ્ય જગ્યાએ રાખી બધાને જવાની રજા આપી. સર્પ તો શ્રીહરિની પાસે જ બેસી રહ્યો. બીજા દિવસે બ્રાહ્મણોની ચોરાશી કરી ભાવથી વિપ્રોને જમાડયા અને સર્પના દેખતાંજ દરેક વિપ્રોને યોગ્ય દક્ષિણાઓ શ્રીહરિએ આપી; ત્રીજો ભાગ તુરત જ સદાવ્રતમાં અપાવી દીધો. આ જોઈ સર્પ રાજી થયો અને દ્રવ્યની વાસના છોડી દીધી. પછી શ્રીહરિ પંઢરપુરમાં રહ્યા ત્યાં સુધી શ્રીહરિ લોકોને જે વાતો કરતા તે ઉપદેશ તે સર્પ સાંભળતો તેથી તેને જ્ઞાન થયું. પછી વર્ણીની સ્તુતિ કરી કહ્યું કે, હે પ્રભો ! હવે આપ આ નઠારો સર્પનો દેહ છોડાવી મારો મોક્ષ કરો. પછી શ્રીહરિએ કૃપા કરી તેને સર્પનો દેહ છોડાવી તેને બદરિકાશ્રમમાં મોકલ્યો.

શ્રીહરિ આવા અનેક ચમત્કારો બતાવતા; મુમુક્ષુઓને ઉપદેશ આપી તેમને પોતાના આશ્રિત કરતા, હમેંશાં વિઠ્ઠલનાથજીનાં દર્શન કરતા, અને વિઠ્ઠલનાથજીના મંદિરમાં ભક્તજનો રોજ ભજન, કીર્તન, ધૂન કરતા, તેને સાંભળી ખૂબ રાજી થતા. સત્સંગમાં આવ્યા પછી પણ કેટલાક દિવસ સુધી એવી ધૂન કરતા કરાવતા. વિઠોબાને વારંવાર ભેટીને વંદન કરતા, અનેક જનોનાં દુઃખ મટાડતા પાતે પંઢરપુરમાં બે માસ રોકાઈ ચાલી નિસર્યા. *(શ્રીહરિવનવિચરણ, વિશ્રામ-૧૫)*

# પુત્રના વરદાન દીધા

## કાળાતળાવમાં મહારાજે સિપાઈને પાંચ પુત્રનું વરદાન

એક સમયમાં મહારાજ ગામ કાળાતલાવમાં સુથાર હરભમને ઘેર બિરાજમાન હતા. ત્યાં મુક્તાનંદસ્વામી આદિ દોઢસો સાધુ આવ્યા. તેને મહારાજ રાત્રિએ તથા દિવસે તલાવ ઉપર તથા તેને ઘેર સંતની સભા કરીને મહા અલૌકિક વાર્તા કરતા હતા. એક દિવસ મહારાજે સુથાર હરભમને એમ કહ્યું જે, ‘‘મઉ ગામથી કેરીઓનું ગાડું ભરી લાવો તો આ સર્વે સાધુને જમાડીએ.’’ પછી હરભમ ગાડું ભરીને કેરીઓ લાવ્યા. તેને મહારાજ સર્વે સંતોને જમાડતા હતા.

પછી મહારાજ કહે, ‘‘ગામમાં સાદ પાડો, ને સર્વે મનુષ્યોને આપીએ.’’ પછી ગામમાં સાદ પડાવ્યો એટલે ગામના સર્વે લોક આવ્યા. તેમને મહારાજ પોતે ગાડા ઉપર ચઢીને કેરીઓ આપતા હતા. પછી એક સિપાઈ ગાડા ભેળો કેરીઓ લેવા ગયો હતો. તેને મહારાજ કહે, ‘‘તને કેરીઓ આપી ?’’ ત્યારે તે કહે, ‘‘નથી આપી.’’ ત્યારે તેને મહારાજે પાંચ કેરીઓ આપી. પછી એમ કહેતા હતા જે, ‘‘તુને કેટલી કેરીઓ આપી ?’’ ત્યારે તે કહે છે, ‘‘પાંચ આપી છે.’’ ત્યારે મહારાજે તેને એમ કહ્યું જે, ‘‘તુને અમે પાંચ ફળ આપ્યાં છે, તે તારે પાંચ પુત્ર થાશે.’’ પછી તેને પાંચ પુત્ર થયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૩૧)*

## હળવદના અમરશી ભક્તને ચાર પુત્રોનો વર આપ્યો

અને કોઈક દિવસ મહારાજની આગળ ત્રણસો રૂપિયા મેલીને હળવદના ખત્રી અમરસી ભક્ત એમ બોલ્યા જે, ‘‘મહારાજ, ભગવાનને જીવોની કાંઈ ખોટ હશે ? જે ભક્ત જયારે ગરઢો થાશે ને નહિ દેખાય ત્યારે કોણ દોરશે ? માટે બે જીવડા આણિકોર નાખી દ્યો તો ભક્તની સેવા તો કરે.’’ ત્યારે મહારાજે ચાર પુત્રો તેમને દીધા.

તે ભક્ત ગઢડેથી મહારાજનાં દર્શન કરીને આવતાં વાટમાં ગામ મૂળી વચ્ચેથી નીસર્યા. ત્યાં ચોરે ગરાસિયા વાતો કરતાં એમ બોલ્યા જે, ‘‘ભગવાન પાસે કોણ જઈ આવ્યો છે ?’’ ત્યારે તે ભક્ત કહે, ‘‘આ હું ભગવાન પાસેથી આવું છું, કેમ છે ?’’. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૨૩૩)*

## ચાકરી કરનાર પટેલને દીકરાનું વરદાન

અને કોઈક સમયને વિશે શ્રીજીમહારાજ ગુજરાતમાં જતા હતા ને ભેળા કાઠીના અસવાર હતા. સાંજ પડી ને ગામ આવ્યું, તેમાં કોઈ સત્સંગી નહીં. ત્યારે ગામના મનુષ્યને મહારાજે

પૂછયું કે, "આંહીં અમારે રાત રહેવું છે, તે ઉતારો કરીએ એવું કોઈ ઘર છે ?" ત્યારે તે મનુષ્યે કહ્યું કે, "એક પટેલિયો સારો છે, તે તમારી ચાકરી કરશે, ત્યાં જાઓ." ત્યારે મહારાજ ત્યાં ગયા.

ત્યારે પટેલે સન્માન કરીને ઉતારો આપ્યો ને ખડ જોગાણ આપી કંસાર કરીને જમાડ્યા, ને ચાકરી સારી કરી. ત્યાં બીજો મોટો પટેલ હતો. તે પોતાને ઘેર બાવો રહેતો હતો, તેને તેડીને મહારાજ પાસે આવીને એમ બોલ્યો જે, "આ સ્વામિનારાયણ તો ભગવાન કહેવાય છે, તે કાંઈ પરચો દેતા હશે ખરા ?" ત્યારે મહારાજ બોલ્યા કે, "અમે તો કાંઈ પરચો દેતા નથી. તમારે પરચો જોઈતો હશે તો આ બાવાજી તમને પરચો દેશે." ત્યારે એ પટેલ બોલ્યો જે, "એ તો રઘુનાથજી જાણે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તો રઘુનાથજી જ કહે છે."

પછી પટેલ તો ત્યાંથી ઊઠી ચાલ્યો ગયો અને મહારાજ રાત્રિ રહીને સવારમાં તૈયાર થઈને ઘોડેસ્વાર થઈને બહાર નીસર્યા. ને એ ગામના માણસો આગળ એમ બોલ્યા જે, "આ પટેલે અમારી બહુ ચાકરી કરી." ત્યારે તે માણસો બોલ્યા જે, "એ પટેલ બહુ સારા છે, પણ એમને દીકરો નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "એમને દીકરો થાશે." એમ કહીને મહારાજ પધાર્યા. ને જે પટેલે પરચો માગ્યો હતો, તે પટેલની દીકરીને લઈને તે બાવો ભાગી ગયો. એવો પરચો એને મળ્યો. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૨૭૪)*

## નીલકંઠવર્ણીએ સદાબાને પુત્રનું વરદાન આપ્યું

ગામ વડોદરામાં શ્રીજીમહારાજ વનમાંથી ફરતા ફરતા પ્રથમ પહેલા આવેલા ત્યારે માંડવી નીચે બેઠેલા હતા. તે અવસરમાં ત્રણ બાઈઓ પાણીનાં બેડાં માથે હતાં ને વાતો કરતાં કરતાં જતાં હતાં. તેમાંથી સદાબા નામનાં બ્રાહ્મણનાં સ્ત્રી વિધવા થયેલાં હતાં. તે પોતાની સખીઓને કહેતાં હતાં કે, મારા પેટમાં ગર્ભ છે ને મને ભગવાન પુત્ર આપે તો મારા મનમાં ઘણો આનંદ થાય. આવી વાત સાંભળીને માંડવી નીચે બેઠેલા શ્રી નીલકંઠ બ્રહ્મચારી ત્રણેય બાઈઓ પાસે જઈને કહે કે, તમે શી વાતો કરો છો. ત્યારે બાઈઓ કહે કે, કાંઈ નહિ બાવાજી. ત્યારે શ્રીજીમહારાજ કહે કે, તમોને ભગવાન મારા આશીર્વાદથી છોકરો આપે તો તે છોકરો મને આપો તો હું આશીર્વાદ આપું. જેથી તમારે છોકરો થાય. ત્યારે ત્રણેય બાઈઓએ વિચાર કર્યો કે, આ રમતા રામ બાવાજીને આપણે હા પાડો. જો તેમના આશીર્વાદથી તમારે છોકરો થતો હોય તો પછી તે બાવાજી ક્યાં લેવા આવવાના છે ? આવો સંકલ્પ કરીને શ્રીનીલકંઠ બ્રહ્મચારીને કહે કે, જો તમારા આશીર્વાદ સદાબાને છોકરો થશે તો તમોને આપીશું. આવું બાઈઓનું વચન સાંભળીને શ્રી નીલકંઠ બ્રહ્મચારીએ આશીર્વાદ આપ્યો જે, અમારા આશીર્વાદથી તમને જરૂર

છોકરો થશે. પણ તે છોકરાનું નામ તમે જગન્નાથ પાડજો. આવો શ્રી નીલકંઠ બ્રહ્મચારીએ આશીર્વાદ આપ્યો તેથી સદાબાને નવ માસ પૂરા થતાં પુત્રનો જન્મ થયો. તે બ્રહ્મચારીના કહેવા પ્રમાણે પોતાના પુત્રનું જગન્નાથ એવું નામ પાડ્યું અને તે શ્રીજીમહારાજના આશીર્વાદથી ઉત્પન્ન થયેલો છોકરો ભણીને વિદ્વાન થયો. ને જ્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાન ડભાણમાં યજ્ઞ કરવા પધાર્યા હતા ત્યારે સદાબા પોતાના છોકરાઓ સહિત શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યાં. ત્યારે છેટેથી શ્રીજીમહારાજનાં દર્શન કરતાં તે બાઈને શ્રીજીમહારાજ કહે કે, હે સદાબા ! સુખી છો ને ? આવું વચન સાંભળીને શ્રીજીમહારાજને કહે કે, મહારાજ ! મને તમે ક્યાંથી ઓળખો ? મેં તો આજે જ આપનાં દર્શન કર્યા છે. ત્યારે શ્રીજીમહારાજે ઉપરની બધી વાત વડોદરાની કહીને કહ્યું કે, અમારા આશીર્વાદથી થયેલો તમારો પુત્ર જગન્નાથ ખુશી છે ને. જેથી પોતાની સંગાથે લાવેલ પોતાના પુત્રને પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પગે લગાડ્યો. પછી શ્રીજીમહારાજ કહે કે, સદાબા તમારો પુત્ર અમને આપો, તમોએ વડોદરામાં અમારી આગળ પ્રતિજ્ઞા કરી છે. આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને ઉત્સાહ સહિત સદાબાએ જગન્નાથ નામવાળો પોતાનો પુત્ર શ્રી સહજાનંદ સ્વામી ભગવાનને કંકુનો ચાંદલો કરીને અર્પણ કર્યો. પછી શ્રીજીમહારાજ ડભાણનો યજ્ઞ પૂરો કરીને ગઢપુર પધાર્યા. અને થોડા દિવસમાં જગન્નાથભાઈને સાધુ કર્યા ને મુક્તાનંદ સ્વામી પાસે નામ પડાવવા મોકલ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ તેમનું શુકાનંદ સ્વામી એવું નામ પાડ્યું. તે જગન્નાથભાઈનું શુકાનંદ સ્વામી નામ સાંભળીને શ્રી સ્વામિનારાયણ ભગવાન કહેતા હવા કે, મુક્તાનંદ સ્વામી પણ જાણતા લાગે છે કે આ પૂર્વ જન્મમાં શુકદેવજી હતા તેથી તેમનું નામ શુકાનંદ સ્વામી પાડતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૩૭)*

## સીજીવાડા મહારાજે દીકરો થવાનું વરદાન આપ્યું

બુધેજમાં પધારેલા મહારાજે મોટો વસંતપંચમીનો ઉત્સવ કર્યો. ત્યાં રંગ રમીને હરિજનોને બહુ આનંદ આપતા થકા, થોડા દિવસ રહીને ત્યાંથી ગામ ઉંટવાડે ગયા. ત્યાંના જોઈતા પગીને ઘેર રાત રહીને ત્યાંથી ચાલ્યા તે સંઘ સાથે સીજીવાડે ગયા. ગામ મધ્યે થઈને જતાં હરિભક્તોને ખબર પડી કે, ''મહારાજ અહીં થઈને જાય છે. પછી સમગ્ર હરિભક્તો મહારાજનાં દર્શન કરવા દોડી આવ્યા. અને વિનંતિ કરી કે ''છાસો પીઈને જાવ.'' પરંતુ મહારાજે માન્યું નહિ. ત્યારે હરિભક્તોએ જગરૂપ બારોટનાં ઘરનાં બાઈને કહ્યું કે, ''મહારાજ આપણા ગામમાંથી ભૂખ્યા જાય છે. છાસો પીઈને જવાનું કહ્યું પણ માન્યું નહિ.'' એટલે તે બાઈ તત્ક્ષણ ઊઠીને ભાગોળે જઈને આગળ ફરી વળીને, મહારાજની ઘોડીનું ચોકડું પકડીને પાછા વાળ્યા. ત્યારે

મહારાજ બોલ્યા કે, "કોણ છો ? અમને ઉપવાસ પાડશે" ત્યારે તે બાઈ બોલ્યાં કે, ચાલો ઉપવાસવાળા. ઘર મૂકીને ચાલ્યા, એમ નહિ જવાય, એમ કહીને ઘોડીનું ચોકડું પકડીને જાતે પોતાને ઘેર લઈ ગયાં. અને ખાંડના લાડુ બનાવરાવીને સર્વ સંત પાર્ષદોને મહારાજ પાસે પીરસાવીને જમાડીને, મહારાજ માટે પૃથક દૂધપાક, માલપુવા, ભજિયાં, શાક, દાળભાત વગેરેનો થાળ બનાવરાવીને, બહુ પ્રેમથી જમાડ્યા. જમી રહ્યા પછી પ્રસન્ન મહારાજે બાઈને કહ્યું કે, "જે કાંઈ ઈચ્છા હોય તે માંગો" ત્યારે બાઈએ એક બાળની ઈચ્છા જણાવી. ત્યારે મહારાજે દીકરો થવાનું વરદાન આપ્યું. તે બાળકનું પ્રભુદાસ' નામ પ્રખ્યાત છે. વધુમાં બાઈને પૂજવા માટે ચરણારવિંદ પાડીને આપ્યાં. પછી રાત્રિએ પોઢી ગયા. *(સદ્. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૧૧૫)*

## સેવા બદલ મહુધાના અજુભાઈને પુત્રનું વરદાન આપ્યું ને પુત્ર જીવાભાઈને શ્રીહરિએ રમાડ્યો

દેવની પ્રતિષ્ઠા પૂર્ણ થતાં, સર્વ હરિભક્તોએ મહારાજની પૂજા કરવા માંડી. આ સમયે મહુધા ગામના અમીન અજુભાઈ પૂજા કરવા ઊઠ્યા. તેને જોઈને મહારાજે કહ્યું કે, "તમોએ મંદિરની તેમજ અમારી સેવા ઘણી કરી છે તેથી હું ઘણો રાજી થયો છું, તમારે તો વંશપરંપરા સેવકપણું રાખો છો તેમ રાખવું ત્યારે અમીન મહારાજનું વચન સવિનય માથે ચઢાવીને પગે લાગ્યા. તેથી મહારાજ બહુજ રાજી થયા. આ સમયે મહારાજનો પરિપૂર્ણ રાજીપો જાણીને જ્ઞાતા અભૂતાનંદ સ્વામીએ સૂચના કરી કે, બાપાને દીકરો નહિ હોવાથી દત્તક લેવાનો વિચાર કરે છે ત્યારે પ્રસન્ન મહારાજ બોલ્યા કે, "તમે દત્તક લેશો નહિ, તમારે પુત્ર થશે" આ આશીર્વાદથી અજુભાઈને જીવાભાઈ તથા હિમાભાઈ નામના બે પુત્રો થયા. તેમાં જીવાભાઈ ત્રણ વર્ષના થયા ત્યારે અજુભાઈ તથા એમનાં ઘરનાં બાઈ પુત્રને લઈને વરતાલે મહારાજનાં દર્શન કરાવવા આવ્યાં. તે સમયે મહારાજ ઊગમણી બેઠકે આંબલા હેઠે સભામાં વિરાજમાન હતા. તે વખતે મહારાજ પાસે જીવાભાઈને લાવીને બેસાર્યા. તેમને મહારાજે પોતાના બે હાથ ઉપર લઈને રમાડ્યા. અને માથે બે હાથ મૂક્યા. અને બ્રહ્મચારી પાસે તત્કાળ સાંકળાં, કડાં, કલ્લીઓ, ઉતરી વગેરે સોનાનાં ઘરેણાં તથા ટોપી રુમાલ વગેરે વસ્તુઓ મંગાવીને જીવાભાઈને પહેરાવ્યાં અને રૂમાલ ઓઢાડ્યો, ત્યારે બાપાએ મહારાજને કહ્યું કે, "આપ ભગવાનની તો પ્રસન્નતા જોઈએ. આ ઘરેણાં વગેરે તો ન જોઈએ" એમ કહીને પાછાં આપ્યાં. અને ફક્ત પ્રસાદ તરીકે એક રુમાલ રાખ્યો, આ રુમાલ હાલમાં તેમને ઘેર છે. *(સદ્. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૧૭૪)*

## સંત સેવાથી મહારાજે સાત દીકરા આપ્યા

વળી અદ્‌ભૂતાનંદ સ્વામીએ મહારાજને કહ્યું કે, 'આપે મને એકાકી ફરવા મોકલ્યો. તે ફરતો ફરતો નર્મદા નદી ઉતરીને રાજના દેશમાં ભદામ ગામે ગયો. ત્યાં એક પાટીદારના બે દીકરા હતા. તેમાં એકનું નામ દલાભાઈ હતું. તેમને મેં ઉપદેશ કરીને સત્સંગી કર્યા. બીજે દિવસે એકાદશી હોવાથી ઉપવાસ કર્યો. બીજે દિવસે બારશે એ પટેલે મને શેર ખીચડી લાવી દીધી. અને કુંભારના ઘેરથી હાંડલી પણ લાવી આપી. નદીને કાંઠે ખીચડી રાંધવાનો આરંભ કર્યો, પણ પૂરી ચઢી ન હતી. તેટલાકમાં નાંદોદ રાજ્યના દીવાન કે જે ભદામના ગામના ગણેશ નામના પાટીદાર હતા. તેઓ પોતાની હવેલીના ગોખમાં બેઠા હતા તે સમયે ગામમાં એક નરસી નામનો બાવો દ્વેષી હતો તેણે દીવાન સાહેબને અવળું ભરાવ્યું કે, "તમે હયાત છતાં આપણા ગામમાં સ્વામિનારાયણનું તૂત ટીખળ પેસે છે તે સારું નહિ ત્યારે દીવાનજી બોલ્યા કે "એ ક્યાં છે ?' ત્યારે બાવે બતાવ્યું કે, "પેલો મૂંડીઓ નદીમાં ખીચડી રાંધે છે એજ બાવાનું વચન સાંભળતાં જ ગણેશજી બોલ્યા કે, "અરે કોઈ અહીં હાજર છે ? ત્યારે સિપાઈ બોલ્યો કે, "સાહેબ હું હાજર છું ત્યારે ગણેશજીએ દીવાની વાપરી કે, 'તું જા પેલા સ્વામિનારાયણના મૂંડીયાને ગામમાંથી કાઢી મેલ્ય" ત્યારે તે પરવશ સિપાઈ મારી પાસે આવીને બોલ્યો કે, "તમોને ગામમાંથી જતા રહેવાનો દીવાનજીએ હુકમ કર્યો છે ત્યારે મેં સિપાઈને કહ્યું કે, "આ ખીચડી ચઢે એટલે ખાઈને હું જઈશ. તમારા ગામમાં પેસીશ નહિ" એટલે સિપાઈ પાછો ગયો અને દીવાનજીને કહ્યું કે, "ખીચડી જમીને જતા રહેશે હવે વાર નથી." એવું વચન સાંભળતાં જ દીવાનજી ક્રોધાતુર થઈને આવેશમાં બોલ્યા કે, "હમણાં ને હમણાં જ જઈને કાઢી મેલ, નહિ તો તને નોકરીમાંથી ઉચાપત કરીશ." આવો બળાત્કાર કરવાથી તે સિપાઈ પાછો મારી પાસે આવીને બોલ્યો કે, "મારો તો રોટલો ઊઠે છે. અને હાંડલી ફોડી નાખવાની કહે છે" આવું ગરીબ સિપાઈનું વચન સાંભળીને મેં તેને કહ્યું કે, હાંડલી ફોડીશ નહિ. ખીચડી ચઢે ત્યારે તું લઈ જજે, અને મારે માટે નોકરી જતી હોય તો આ હું ચાલ્યો.' એમ કહીને ખાધા વિના એક ગાઉ ઉપર આવેલા ચિત્રાવડી ગામે ગયો. ત્યાં એક ભીખાભાઈ નામના પાટીદારને ઘેર જઈને માગ્યું ત્યારે તે ભાવિક ભીખાભાઈએ એક શેર બાજરીનો લોટ આપ્યો. તેની બાટીઓ બનાવીને કોરે કોરી ખાધી. ભૂખ્યા ભિક્ષુક સાધુને અલ્પ અન્ન આપવાના પુણ્યથી અપુત્ર તેમને તમે (મહારાજે) સાત દીકરા આપ્યા. અને ભદામના ગણેશજીએ દીવાનીના જોરથી મને ભિક્ષુક સાધુને ભૂખ્યો કાઢ્યો એ મહાઅપરાધથી એ જ રાત્રિએ તમે (ભગવાને) બુદ્ધિ ફેરવવાથી ગણેશજીએ સિપાઈને બોલાવીને કહ્યું કે, "પેલા હરિભાઈને

બાંધીને ખૂબ મારો ત્યારે એ જ ગામના સામાવાડીયા બીજા પાટીદારોના દીકરા હરિભાઈ નામના હતા તેમને સિપાઈઓએ વધુ માર્યા. એથી પાટીદારોએ સિપાઈઓને પકડી લીધા અને છોકરાને મારેલો હોવાથી તે છોકરો લોહીલુહાણ થઈ ગયેલો. તેથી છોકરાને ખાટલામાં સુવાડીને તેરસને દિવસે સવારે નાંદોદના રાજા પાસે મૂક્યો. તે લોહીલુહાણ છોકરાને જોતાં જ રાજા બહુ ત્રાસ પામી ગયા અને બોલ્યા કે, "આવું દુષ્ટ કામ કોણે કર્યું ?" ત્યારે પાટીદારે કહ્યું કે, "રાજા સાહેબ, તમારા દીવાન ગણેશજીએ આ સિપાઈઓને મોકલીને આ જ રાત્રિએ આ કામ કરાવ્યું છે. આવા ને આવાં દુષ્ટ કામો તો એક નહિ પણ અનેક કરે છે અને બધા રાજ્યનો પૈસો લઈને પોતાની હવેલીમાં ખજાનો ભરેલો છે" આવો પ્રજા ઉપર જુલ્મ અને જોહુકમી જાણી, જોઈને ખાત્રી કરવા રાજાએ સિપાઈઓને પૂછ્યું કે, "તમે કેના કહેવાથી આ છોકરાને હદ પાર માર્યો છે... ત્યારે તેમણે સત્ય કહ્યું કે, "દીવાનજીના કહેવાથી આ કામ અમે કર્યું છે' આવી વાત થાય છે એટલાકમાં તો દીવાનજી આવ્યા અને રાજાને સલામ કરીને બેઠા. ત્યારે રાજાએ દીવાનને પૂછ્યું કે, "આવાં ને આવાં અધમ કામ કેટલાં કરો છો ?' ત્યારે ખેપાની દીવાન બિલકુલ ફરી ગયા કે "આ કામ મારું કરેલું નથી ત્યારે રાજાએ સિપાઈઓને બોલાવીને પૂછ્યું ત્યારે તેમણે રાજા સાહેબને સત્ય કહ્યું કે "આ કામ દીવાનજીના હુકમથી અમે કર્યું છે ત્યારે વળી દીવાનજી બોલ્યા કે, "મેં તો તમને સ્વામિનારાયણ ના સત્સંગી થયેલા પેલા હરિભાઈ નામના છોકરાને મારવા મોકલ્યા હતા, પણ તમે આને કેમ માર્યો. આવું દિવાનજીનું જુઠાણું સાંભળીને સિપાઈઓ બોલ્યા કે, દિવાનજી ! હવે કહીને કેમ ફરી જાવ છો ? આ રીતે પૂરી તપાસણી થતાં રાજાએ દીવાનજીનો ગુન્હો સાબીત માન્યો. આથી રાજાને બહુ ક્રોધ ચઢ્યો. એને પરિણામે રાજાએ એ ખાતાના અમલદારને હુકમ કર્યો કે, "જાવ દીવાનજીને બંધીખાનામાં નાખો અને એમની હવેલીને ખોદીને તમામ પૈસા આપણે અહીં લાવો" એવો હજુરી હુકમ થવાથી દીવાનજીને કેદમાં નાખ્યા અને ત્યાં જ મરી ગયા. ઘરનાં પચીશેક માણસ હતાં તે પણ મરી ગયાં. અને હવેલી ખોદાવીને બધો પૈસો રાજાએ લઈ લીધો, એમ બધું જ અસ્ત-વ્યસ્ત થઈ ગયું. અદભૂતાનંદ સ્વામી કહે છે કે, હે મહારાજ ! મારા અંતરમાં અનિષ્ટનો સંકલ્પ લેશ પણ હતો નહિ. પરંતુ તમે સંતોનો અપરાધ ક્ષમા કરી શક્યા નહિ અને 'हन्ति सर्वाणि श्रेयांसि पुंसां महदतिक्रमः' એમાં કહ્યા પ્રમાણે અપરાધનું અનિષ્ટ ફળ તમે પ્રત્યક્ષ બતાવ્યું. અને ચિત્રાવડીના પાટીદારને તમે સાધુની સેવાનું ઈષ્ટ ફળપ્રત્યક્ષ પ્રદર્શાવ્યું. આ રીતે અદભૂતાનંદ સ્વામીએ મહારાજને સુખ દુઃખની વાત કહી દેખાડી. અને બીજા સંતોએ ખાસ વીતેલી સુખ–દુઃખની વાત કહી દેખાડી. તે સાંભળીને મહારાજ બહુ પ્રસન્ન થયા. *(સદ્. શ્રી અદ્ભુતાનંદ સ્વામીની વાતો-૧૮૫)*

## ધર્મદેવે દેવતાના હજારો વર્ષ તપ કર્યું ત્યારે શ્રીહરિ પુત્ર રૂપે થયા

એક દિવસ ધર્મદેવ ધ્યાન કરવા સારુ બેઠા ત્યારે અંતઃકરણમાં ' ભગવાનની મૂર્તિ ન દેખાણી ને બાળસ્વરૂપ ભગવાન જે પોતાના પુત્ર ઘનશ્યામ મહારાજ તેમની મૂર્તિ દેખાવા લાગી. ત્યારે તે મૂર્તિને. વીસારી દેવા માટે ભગવાનની કેટલીક પ્રાર્થના કરી પણ ન વીસરી તેથી પોતાના મનમાં મૂંઝવણ થવા લાગી જે આજ કેમ મને. ભગવાનની મૂર્તિ દેખાતી નથી. મારામાં કાંઈ ભૂલ પડી કે શું'' છે એમ જાણીને ઉદાસ થયા થકા ધ્યાન કરવું પડ્યું મૂકીને શ્રીમદ્. ભાગવતનો પાઠ કરવા લાગ્યા. તેને કેટલીક વાર થઈ એટલે ઘનશ્યામ. મહારાજ હસીને બોલ્યા કે ''હે દાદા ! તમે માતા પિતાએ મારા : જેવા પુત્રને અર્થે દેવતાનાં કેટલાંક હજાર વરસ તપ કર્યું હતું ત્યારે ? - આ મૂર્તિ તમારા પુત્ર ભાવને પામી છે, માટે તમે શું કરવા મુંઝાઓ છો ? આ મૂર્તિનું ધ્યાન કરો'' એમ કહીને પોતાનું મહા અલૌકિક - ચતુર્ભુજ રૂપે દર્શન આપ્યું, ને પૂર્વના અવતારની સ્મૃતિ કરાવી કે - તુરત પાઠ કરવો રહેવા દઈને ધર્મદેવ બે હાથ જોડીને સ્તુતિ કરવા : લાગ્યા જે ''હે પુત્ર લાડીલા ! હે દેવના દેવ ! તમો તો સર્વ અવતારના અવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છો તે તમારી માયા : વડે કરીને તમારામાંથી મને ભગવાનપણાની વિસ્મૃતિ થઈ જાય છે. માટે હવે હે મહારાજ ! કોઈ દિવસ તમારે વિષે ભગવાનપણાની વિસ્મૃતિ ન થાય એ વર મને કૃપા કરી આપો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૪)*

## મંદિરના અપરાધનું ફળ રંગીલદાસને મળ્યું

એકવાર શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં લીબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર બિરાજમાન હતા ને પોતાના મુખારવિંદ આગળ સંત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી તે વખતે મહારાજે ગોપાળાનંદસ્વામી આદિક સંત પાસે વાત કરી જે ''અમે ઝીણાભાઈને મંદિર કરવાનો કોલ દીધો છે તે કરવા કોને મોકલશું ?'' ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, ''હે મહારાજ ! ત્યાં તો બ્રહ્માનંદસ્વામીને મોકલો કારણ કે તે ઉપાધિવાળું ગામ છે ત્યાં બ્રહ્માનંદસ્વામી વિના બીજાનું કામ નથી ત્યારે બ્રહ્મમુનિ બોલ્યા જે ''મારી ભેળા ગોપાળાનંદસ્વામીને તથા ગુણાતીતાનંદસ્વામીને પણ મોક્લો' ત્યારે મહારાજે તે બેયને આજ્ઞા કરી એટલે બ્રહ્માનંદસ્વામી રાજી થયા પછી મહારાજ કહે ''દાદાભાઈની વાવ છે તેની પાસે ઉત્તરાદાબારનું ત્રણ શીખરનું મંદિર કરજો પછી મહારાજને મળીને સહુ સંત ચાલ્યા તે બીજે દિવસે જનાગઢ આવીને દાદાભાઈની વાડીમાં ઉતર્યા ને ખાત મુહૂર્ત કરીને મંદિરનો પાયો નાંખ્યો ને ઉતાવળથી કામ ચલાવવા માંડ્યું. ત્યારે ગામના નાગરોને તે વાતની ખબર પડી

તેથી સર્વે ભેળા થયા ને રંગીલદાસ દીવાન ઉપર કાગળ લખીને વડોદરે માણસ મોકલ્યું ત્યારે તે માણસે ત્યાં જઈ કાગળ આપ્યો તે વાંચીને રંગીલદાસે માણસ સાથે જવાબમાં લખ્યું જે "એ સ્વામિનારાયણના સાધુઓને ત્યાં મંદિર કરવા દેવું નથી ને મારે ત્યાં આવીને તેનું ચણેલું મંદિર કાંકરે કાંકરો કરીને ઉડાડી દેવું છે." તે કાગળ લઈને માણસ જુનાગઢ આવ્યો ને તે બધા ભેગા થઈને નાગરો વાંચતા હતા તે કાગળ રૂપશંકરે સાંભળ્યો ને મંદિરમાં આવીને બ્રહ્માનંદસ્વામીને વાત કરી જે "હે સ્વામી ! વડોદરેથી દીવાનનો આવી રીતનો કાગળ આવ્યો છે માટે તમારો દાખડો અલેખે જાશે તે સાંભળીને બ્રહ્માનંદસ્વામી જરા ઉદાસ થઈ ગયા ને - ગોપાળાનંદસ્વામી પુજા કરતા હતા ત્યાં આવીને વાત કરી જે તે સ્વામી ! તમે ફૂલની તથા તુલસીની શિખર શાળીગ્રામ ઉપર કરો છો પણ વડોદરેથી દીવાનનો કાગળ આવ્યો છે તે સાંભળી ગોપાળાનંદસ્વામીએ કાખમાંથી મોવાળો તોડીને નાખી દીધો ને બોલ્યા "આ બિચારો રંગીલદાસ, તે શું કરનાર છે ? તમે મંદિરનું કામ કરાવો તે આ ગામમાં નહિ આવે, તમે જરા પણ ફીકર રાખશો નહિ." તે સાંભળી બ્રહ્માનંદસ્વામી રાજી થઈને કારખાને ગયા વડોદરેથી દીવાન રંગીલદાસ સ્વારી લઈને ચાલ્યો તે ફરતો ફરતો રાજકોટ થઈને જૂનાગઢ આવતાં ગામ વડાલ તથા જૂનાગઢ વચ્ચે માર્ગમાં ઘોડેથી પડ્યો ને હાથમાં બરછી હતી તે પોતાના પેટમાં વાગી ને સોંસરી નીકળી ગઈ તેથી તે મરણ પામ્યો તે વાત બે સ્વારોએ આવીને નવાબ સાહેબને કહી જે "આંહી આવતાં દીવાન સાહેબ રસ્તામાં ઘોડેથી પડીને મરી ગયા છે તેને ગામમાં લાવીએ ? ત્યારે નવાબ સાહેબ કહે "મડાં ગામમાં ન આવે પછી તેને પરબારા દામોદરજી લઈ ગયા. તે વાત રુપશંકરે મંદિરમાં આવીને બ્રહ્માનંદ સ્વામીને કહી ત્યારે સ્વામીએ આવીને ગોપાળાનંદસ્વામીને કહી ત્યારે સ્વામી કહે "અમે તો એને મરેલોજ દેખતા હતા."

## ઈસમે ક્યા ? તુમારા નવાબ સાહેબકું દો બેટા હોવેંગે

પછી મંદિરનું કામ ઝડપથી લેવા માંડ્યું ને થોડા દિવસમાં તૈયાર થયું ત્યારે ગોપાળાનંદસ્વામીએ તથા બ્રહ્માનંદસ્વામીએ મહારાજને તેડવા સારું ગઢડે ગગાભાઈને મોકલ્યા ત્યારે તેણે ગઢડે જઈ મહારાજને કહ્યું મંદિર તૈયાર થયું છે માટે તમે મુરતિઓ પધરાવવા જુનાગઢ ચાલો ત્યારે મહારાજે મુહૂર્ત જોવરાવીને ગગાભાઈને કહ્યું કે "તમે જાઓ ને અમે ત્યાં આવીએ છીએ ને ગોપાળાનંદસ્વામીને કહેજો કે સઘળો સામાન તૈયાર રાખે' પછી ગગાભાઈએ જૂનાગઢ આવીને તે સમાચાર સ્વામીને આપ્યા એટલે સ્વામીએ બધો સામાન તૈયાર કરાવ્યો પછી ગઢડેથી મહારાજ સંત તથા પાર્ષદ અને કાઠીના સ્વારે સહિત ચાલ્યા તે જૂનાગઢ આવ્યા ત્યારે દરબાર ગગાભાઈ, રૂપશંકરભાઈ નાગર, રામજી મહેતા, ભીમજી મહેતા, નારણજી ઘડિયાળી, શેઠ

મંગળજી તથા લુવાર ભગાભાઈ આદિક હરિજનો મળીને નવાબ સાહેબ પાસે ગયા ને કહ્યું "અમારા સ્વામિનારાયણ અહિં નવાં મંદિરોમાં મૂર્તિઓ પધરાવવા આવે છે માટે સ્વારી કાઢવા સારુ રાજ્યનો સામાન આપો' તે સાંભળી નવાબ સાહેબ પોતે હરિજનો સાથે સામૈયું કાઢીને મહારાજના સામા આવ્યા અને ગાજતે વાજતે સ્વારી આખા શહેરમાં ફેરવી પછી મહારાજ નવાબ સાથે મંદિરમાં આવ્યા ને મહારાજે નવાબ સાહેબનાં વખાણ કર્યા જે "આ મંદિર તમારી સહાયથી થયું છે ત્યારે નવાબ સાહેબ કહે "તમે તો ખુદા છો તે તમારું દીધેલ રાજ્ય હું કરું છું એમ કહી મહારાજને પગે લાગી રજા લઈને દરબારગઢમાં પધાર્યા. પછી મહારાજ બ્રહ્માનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામીનાં કાંડાં ઝાલીને મંદિર જોવા ગયા ને તે જોઈ અતિશે રાજી થયા ને મૂર્તિઓ પણ જોઈને રાજી થયા પછી વેદીયા બ્રાહ્મણો વિધિ કરતા હતા ત્યાં મહારાજ ગયા અને બીજે દિવસે વિધિ પૂર્વક મૂર્તિઓ પધરાવી તેમાં ઉગમણા દેરામાં રાધારમણ દેવ તથા પોતાની મૂર્તિ પધરાવી અને વચલા દેરામાં રણછોડજી તથા ત્રિકમજીની મૂર્તિઓ પધરાવી અને આથમણા દેરામાં સિદ્ધેશ્વર અને પાર્વતી તથા ગણપતી અને નંદીશ્વરની મૂર્તિઓ પધરાવી અને પૂર્વમુખે બારણાની પાસે હનુમાનજી પધરાવ્યા તે સંવત ૧૮૮૪ના વૈશાખ વદી બીજ ને ગુરુવારે સવારના નવ વાગે પધરાવીને આરતી ઉતારી પછી મહારાજે બ્રાહ્મણોને હજારો રૂપિયાની દક્ષિણા આપી અને મંદિર ચણનારા મીસ્ત્રીઓને પોશાક આપ્યો ને ગામ બધાની ચોરાશી કરી બ્રાહ્મણોને જમાડ્યા ને મૂળજી બ્રહ્મચારીએ થાળ કર્યો તે પોતે જમીને સંત સર્વેને પીરસીને જમાડ્યા અને હજારો હરિભક્તોને પણ જમાડવા એમ જયનો ડંકો વગાડ્યો અને દેવની સેવા કરવા માટે બ્રહ્મચારી વાસુદેવાનંદજીને તથા આનંદાનંદજીને રાખ્યા ને મંદિરના મહંત ગુણાતીતાનંદસ્વામીને કર્યા તે વખતે નવાબ સાહેબે મહારાજને કચેરીમા બોલાવવા સારું પોતાના બે : હજુરીયાને મોકલ્યા તેથી મહારાજ મોટા મોટા સંતને સાથે લઈને - કચેરીમાં ગયા ત્યારે કચેરી સહિત નવાબ સાહેબે ઉભા થઈ : મહારાજનું સનમાન કર્યું અને કોરી નવી ગાદી નંખાવી આપી તે - ઉપર મહારાજ બિરાજમાન થયા ને પડખે સંત હરિજન બેઠા પછી નવાબ સાહેબે ઉભા થઈને મહારાજને પોશાક પહેરાવ્યો અને અત્તરદાની લઈને અત્તર છાંટ્યું ને ફૂલના હાર પહેરાવીને મોટો ગુચ્છ હાથમાં આપ્યો. પછી ખાનગી કારભારી પાસે સંતની પૂજા કરાવીને ધોતિયાં ઓઢાડ્યાં પછી મહારાજે પોતાના હાર કાઢીને નવાબ સાહેબને પહેરાવ્યો પછી નવાબ સાહેબે મહારાજની સ્તુતિ કરી અને બેઠા ત્યારે તેમના હજૂરીયાએ મહારાજને કહ્યું "મહારાજ નવાબ સાહેબને બેટા નહિ હે ત્યારે મહારાજ બોલ્યા જે "ઇસમે ક્યા ? તમારા નવાબ સાહેબ કો દો બેટા હોગા.' એ પ્રમાણે મહારાજે વચન આપ્યું ત્યાં નરસી પંડ્યો આવ્યો

ને 'શ્લોક બોલ્યો જે વંદે મહાપુરુષ તે ચરણારવિંદે તે સાંભળી નિત્યાનંદસ્વામીએ તેમને પૂછયું જે ભગવાનના ચરણારવિંદને નમસ્કાર કરવાનું કહ્યું પણ બીજા કોઈ અંગને નમસ્કાર કરવાનું કેમ ન કહ્યું તેનો ઉત્તર કરો'' ત્યારે નરસી પંડ્યો કહે ''ભગવાનના ચરણારવિંદમાં માયા નથી ને બીજે માયા છે ત્યારે નવાબ સાહેબે નિત્યાનંદસ્વામીને પૂછ્યું જે ''એ પંડ્યાએ શું ઉત્તર કર્યો ?'' ત્યારે નિત્યાનંદસ્વામી કહે ''નરસી પંડ્યો કહે છે જે ''અલ્લાનાં કદમ પાક છે ને બીજો બધો ભાગ નાપાક છે'' તે સાંભળી નવાબ સાહેબ કહે ''એ તો ખોટા, અલ્લાકા સબ અંગ પાક છે એમાં કોઈ ભાગ નાપાક નથી એ તો સદાય પાકજ છે તે સાંભળીને નરસી ભોંઠો પડીને ઉઠી નીકળ્યો. પછી મહારાજ નવાબ સાહેબની રજા લઈને સહુ સાથે ઉતારે આવ્યા ને સવારે ચાલ્યા તે ગઢડે પધાર્યા. ને મહારાજના વચનથી નવાબ સાહેબને બે વરસે બે પુત્ર થયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૯૩)*

## મહારાજ રાજી થઈને બોલ્યા જાઓ તમારે બે દીકરા થાશે

એકવાર શ્રીજીમહારાજ ગામ જાળીયે પધાર્યા ને બાબરીયા રતનબાઈને ઘેર જઈ પોતાને હાથે પીપળા હેઠે ખાટલો ઢાળીને બેઠાં તે વખતે સોની પ્રેમબાઈ તથા ઠકર હીરાભાઈ વગેરે હરિજન આવીને મહારાજને પગે લાગ્યા ને રતનબાઈ આવ્યાં તેણે પગે લાગીને મહારાજને કહ્યું ''હે મહારાજ ! ઓશરીમાં સાંગામાંચી ઢાળી છે તે ઉપર આવીને બેસો એટલે મહારાજ ત્યાં બેઠા ને રતનબાઈ તો ઉતાવળથી ઘરનું કામ કરવા લાગ્યાં ને પાણીનો કળશ્યો લોટો લઈ ચાલતાં હાથમાંથી પડી ગયો ત્યારે મહારાજ કહે ''ધીરે ધીરે કામ કરો.' ત્યારે તે બાઈ કહે ''શું ધીરે ધીરે કામ કરું ? તમે હમણાં ઉઠીને ચાલ્યા જાશો ત્યારે મહારાજ કહે ''અમે નહિ ચાલી નીકળીએ તે વખતે મહારાજ સાંગામાંચી ઉપર ઉઘાડે શરીરે બેઠા હતા ને વાંસામાં મકોડો ચડ્યો તે પ્રેમબાઈએ હાથે કરીને પાડી નાખ્યો ત્યારે પાર્ષદ કહે ''છોડી અડીશમાં' ત્યારે મહારાજ કહે કાંઈ નહિ. તે તો બાળક છે તે અડે તેનો બાધ નહિ' તે વખતે રતનબાઈ ઘરનું કામ પરવારીને મહારાજને પગે લાગીને સામાં બેઠાં ત્યારે મહારાજે ઘણીક જ્ઞાન વાતો કરી જે ''આ સંસારનાં સુખ તો નાશવંત છે ને એક દિવસ આ બ્રહ્માંડનો પણ નાશ થવાનો છે માટે વ્યવહારમાં રહીને અમારી મૂર્તિની સ્મૃતિ રાખજો કારણ કે અમારી મૂર્તિ રાખશો તો બધી પ્રાપ્તિ થઈ રહી એમ વાત કરીને મહારાજે ચાલવાની રજા લીધી ત્યારે રતનબાઈએ વાતો કરવાનું કહ્યું તેથી ફરી બે કલાક વાતો કરી પછી ચાલવા તૈયાર થયા તે વખતે સાંગો બાબરીયો આવ્યા ને મહારાજ માણકી ઉપર સ્વાર થયા હતા તેની સરક જાલીને બોલ્યો કે ''આજ મારો દિવસ ઉગ્યો જે તમે મારે ઘેર પધાર્યા માટે હવે બે દિવસ રહો ને અમને વાતો તથા દર્શનનું

સુખ આપો'' ત્યારે મહારાજે રાજી થઈને કહ્યું તમારે શું જોઈએ છે તે માગો'' ત્યારે સાંગો બાબરીયો બોલ્યા જે ''મારે બીજું તો તમારે પ્રતાપે સારું છે પણ છોરુની ખોટ છે.' ત્યારે મહારાજ રાજી થઈને બોલ્યા જે ''જાઓ તમારે બે દીકરા થાશે ને અમને આ ટાણે ચાલવા દીયો ત્યારે તેણે માણકીની સરક મેલીને ચાલવા દીધા પછી તેને એક વરસે એક દીકરો ને બીજે વરસે બીજો દીકરો થયો ત્યારે તે સાંગોભક્ત બોલ્યા જે 'મહારાજે મને વચન આપ્યું હતું તે સત્ય થયું. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૨૭)*

## મહારાજ કહે આ શંકર તમને દીકરો આપશે

એકવાર શ્રીજીમહારાજ ગામ અલૈયે પધાર્યા અને હાલ મંદિર છે ત્યાં સુતાર નારણને ઘેર ઊતર્યા પછી સભા કરીને બેઠાં હતા તે સમે ગામ શેખપાટથી નિષ્કુળાનંદસ્વામીનો સાળો સાથે દશ માણસ લઈને આવ્યો ને મહારાજ સામો ઉભો રહી બોલવા લાગ્યો જે 'તમે મારા બનેવીને સાધુ કરી નાખ્યો ને હવે મારી બેન રઝળે છે' એમ કહી જેમ તેમ ગાળો દેવા લાગ્યો, તેવામાં તેની જીભ ટુંકી પડી ગઈ એટલે તે ભય પામીને ભાગ્યો તે શેખપાટ ગયો. તે પછી અજો સોની મહારાજ પાસે આવ્યા ને દંડવત કરી પગે લાગીને બેઠા ત્યારે સુતાર નારણભાઈ બોલ્યા જે ''હે મહારાજ ! આ અજાસોનીને પુત્ર નથી તે આપ દયા કરીને એક પુત્ર દીયો ત્યારે મહારાજ કહે ''અમે તો કોઈને દીકરા દીકરી દેતા નથી પણ કોઈકના દીકરાને લઈને સાધુ કરી નાખીએ છીએ ત્યારે હરિજન કહે ''મહારાજ ! તમે કૃપાળુ છો એક પુત્ર થાય એવું વચન આપો ત્યારે મહારાજ કહે ગામ બાડાને પાદર શંકરની દેરી કરાવજો એટલે શંકર તમને દીકરો આપશે ને તે છોકરાને કાને શિવનું લિંગ થાશે તેથી તે શંકરે દીધો કહેવાશે ને અમે તો કલ્યાણ કરીએ છીએ એ પ્રમાણે મહારાજ વચન દઈને ચાલી નિસર્યા. પછી અજાસોનીએ બાડાને પાદર દેરી કરાવી અને તેને દશ મહિને દીકરો થયો ને તેને કાને શિવની લિંગ જેવો આંચળ હતો તે જોઈને સહુએ જાણ્યું જે મહારાજે વચન દીધું હતું તે સત્ય થયું. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૨૫)*

# શ્રીજીમહારાજે ભક્તોને આપેલા કોલ તથા તેડવાના વર

## તરબૂચ આપનાર કોળીના છોકરાને મહારાજ ધામમાં લઈ ગયા

અને કોઈક દિવસ મહારાજ ગામ શ્રીવડતાલથી ગામ જોળ પધારતા હતા. રસ્તામાં એક કોળીના છોકરાએ બે ખડબૂચાં પાકવા માટે જમીનમાં દાટેલાં. તે એમ ધારીને જે, “આમાંથી એક ખડબૂચું સ્વામિનારાયણને આપીશ અને બીજું મારા મામાને આપીશ.”

પછી એ છોકરો તથા બીજા કોળીના છોકરા મહારાજ પાસે આવ્યા, ત્યારે મહારાજ બોલ્યા કે, “અમારે માટે ખડબૂચ રાખ્યું છે, તે લઈ આવો અને તમારા મામા માટે જે ખડબૂચ દાટ્યું છે, તેને તો શિયાળવું ખાઈ ગયું છે.” પછી તે છોકરાઓએ ખડબૂચ લાવીને મહારાજને આપ્યું. તે ખડબૂચ મહારાજ જમ્યા.

ત્યારપછી કેટલાક વખતે તે કોળીના છોકરાનો મૃત્યુકાળ નજીક આવ્યો. ત્યારે મહારાજ હાથમાં ખડબૂચ લઈને તેડવા આવ્યા. ત્યારે એ છોકરો એમ કહેતો કે, “મહારાજ, હાથમાં ખડબૂચ લઈને મને તેડવા આવ્યા છે. માટે હું ધામમાં જાઉં છું.” એમ કહીને દેહ ત્યાગ કરીને મહારાજ સાથે ધામમાં ગયો. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૧)*

## ખારોલના મનોરથ ભક્તને તુંબડા લઈ તેડવા આવ્યા

અને ગામ ખારોલના પટેલ મનોરભક્ત હતા. તે શેલડીના વાઢમાં તુંબડાનાં બી આપીને તુંબડાં કરાવતા. પછી તે તુંબડાં સાધુને આપતા. તે મનોરભક્ત કોઈક સમે માંદા થયા, તે મહારાજ દિવસ ડોઢ પોર ચડતે તેડવા આવ્યા. તે જાણે નવાં તુંબડાં ભેળાં લીધાં છે, એવા પચાસ-સાઠ સાધુ ભેળા લઈને પ્રત્યક્ષ પ્રમાણ ગામમાં ચાલીને આવ્યા. તે ગામને લોકે એમ કહ્યું કે, “નવાં તુંબડાં ભેળાં લઈને સ્વામિનારાયણના આ સાધુ ક્યાં જાય છે ?” એમ કહીને કેટલાંક લોક તો વાંસે ચાલ્યા. તે મહારાજ ને સાધુ સર્વે મનોરભક્તની ઓરડીમાં પેસી ગયા. એમ સર્વે લોકે દીઠું. ને મનોરભક્તે દેહ ત્યાગ કર્યો. ને મહારાજ તેને પોતાના ધામમાં તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૨)*

## લુણાવાડામાં સાધુ ભક્તિપ્રિયદાસજીને ધામમાં તેડી ગયા

કોઈક સમયે મહારાજ ગામ લુણાવાડામાં સાધુ ભક્તિપ્રિયદાસજીને તેડવા સારુ અરધી રાતે પચાસ સાધુ તથા બે ઘોડા લઈને આવતા હતા. તે એક નાગર બ્રાહ્મણને ઉઠાડીને પૂછ્યું કે, “સ્વામિનારાયણનું મંદિર ક્યાં છે ?” ત્યારે તે ઊઠીને મંદિર બતાવીને પાછો જઈને સૂઈ

ગયો. પછી તેને મનમાં એમ વિચાર થયો જે, "દરવાજા વાસેલા છે ને કોટવાળું ગામ છે, તે અર્ધી રાત્રિએ સ્વામિનારાયણ બે ઘોડા ને પચાસ-સાઠ સાધુ સહિત ક્યાં થઈને આવ્યા ?" પછી સવારના પાંચ વાગ્યા ત્યારે મંદિરમાં આવીને લક્ષ્મીરામ જાનીને પૂછ્યું જે, "અર્ધ રાત્રિએ મને ઉઠાડીને મંદિરનું પૂછ્યું, તે મેં એમને મંદિર બતાવ્યું; તે સ્વામિનારાયણ ક્યાં ઊતર્યા છે?"

ત્યારે લક્ષ્મીરામ જાનીએ એમ જાણ્યું કે : "આ ભક્તિપ્રિયદાસજી અતિ માંદા છે, તેને તેડવા સારુ મહારાજ આવ્યા હશે; તે એમને દર્શન થયાં." એમ જાણીને એ નાગરને એમ કે'તા હતા જે, "સ્વામિનારાયણ આવ્યા તો હતા, પણ તે તો આંહીંથી ગયા." ને તે'દી દિવસના અગિયાર વાગતે ભક્તિપ્રિયદાસજીએ દેહ ત્યાગ કર્યો. ને મહારાજ તેમને પોતાના ધામમાં તેડી ગયા. ને જે રાત્રિએ નાગરને જગાડીને મંદિરનું ઠેકાણું પૂછ્યું, તે રાત્રિએ ગામ ખારોલમાં સત્સંગી અંબારામ બ્રાહ્મણની સ્ત્રીને મહારાજે દર્શન દઈને એમ કહ્યું જે, "અમે સાધુ ભક્તિપ્રિયદાસજી માંદા છે, તેને તેડવા સારુ લુણાવાડે જાઈએ છીએ." આ વાત અંબારામને એની સ્ત્રીએ કહી, ત્યારે અંબારામે તે દિવસે લુણાવાડે આવીને આ વાત કહી. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૩)*

## નરોનારાયણાનંદ સ્વામીને શ્રીહરિ મેથાણમાં તેડવા આવ્યા

કોઈ એક દિવસ ગામ મેથાણમાં નરોનારાયણાનંદ સ્વામીએ પીપળાનાં તથા તુલસીનાં સૂકાં લાકડાં મંગાવ્યાં. અને સુતારને બોલાવીને પોતે ઉપર બેસીને ડોળી કરાવી ને સર્વે હરિજનને કહ્યું જે, "તમે સર્વે રોટલા ખાઈ આવો, પછી મારે દેહ મેલવો છે." એમ સર્વેને કહીને પછી એમ બોલ્યા જે, "સર્વે રોટલા જમીને આવ્યા ?" ત્યારે સર્વે હરિજન બોલ્યા જે, "સર્વે રોટલા જમીને આવ્યા." પછી નરોનારાયણ સ્વામી બોલ્યા કે, "આ મહારાજ મને તેડવા આવ્યા છે, તે ભેળો હું અક્ષરધામમાં જાઉં છું." એમ કહીને દેહત્યાગ કર્યો. તે સમે કેટલાક હરિજનને તથા સાધુને મહારાજનાં દર્શન થયાં. ને આકાશમાં અલૌકિક વાજાં વાગ્યાં. તેનો શબ્દ સાંભળીને ચોરે સિપાઈ બેઠો હતો, તે સિપાઈ એમ બોલ્યો જે, "આકાશમાં એસા વાજિંત્રકા શબ્દ ક્યાંથી હોતા હે ?" એ રીતે અલૌકિક પ્રતાપ દેખાડીને મહારાજ નરોનારાયણાનંદ સ્વામીને તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૫)*

## શ્રીધરાનંદ સ્વામીનો સ્વતંત્રપણે દેહ ત્યાગ

કોઈક દિવસ ગામ ઠાસરામાં શ્રીધરાનંદસ્વામીએ સર્વે હરિજનોને બોલાવીને કહ્યું જે, "કાલ મારે દેહ મેલવો છે." એમ કહીને સુકા પીપળાનાં તથા તુલસીનાં કાષ્ઠ મંગાવ્યાં. પછી સુતારને બોલાવીને પોતે ઉપર બેસીને ડોળી કરાવી. ને પોતાને હાથે રૂમાલ બાંધીને ખૂંટીએ મેલ્યો,

ને એમ કહ્યું જે, "જ્યારે મને ડોળીમાં બેસાડો ત્યારે આ રૂમાલ મારે માથે મેલજો." એમ કહીને સ્વતંત્રપણે દેહત્યાગ કરીને અક્ષરધામમાં ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૬)*

## સુખદાતાનંદ સ્વામીને તથા લુણાવાડાના લખા જોશીને તેડી ગયા

કોઈક સમયને વિષે સુખદાતાનંદસ્વામી લુણાવાડામાં માંદા થયા. ત્યારે લખા જોશીએ પોતાને ઘેરથી પૂડલા-ખીચડી આદિક લાવીને બહુ સેવા કરી હતી. તેણે કરીને સુખદાતાનંદસ્વામી બહુ રાજી થયા ને એમ બોલ્યા જે, "લખા જોશી, હું તમારા ઉપર બહુ રાજી થયો છું, તે વર માગો." લખા જોશી બોલ્યા જે, "સ્વામી, તમો ધામમાં જ્યારે જાઓ, ત્યારે મને ધામમાં તેડી જાજો." પછી સ્વામી કહે, "બીજું માગો." ત્યારે તેણે કહ્યું જે, "ના સ્વામી, મારે બીજું જોઈતું નથી." ત્યારે સ્વામી બોલ્યા જે, "ઠીક."

પછી સુખદાતાનંદસ્વામી સાજા થયા ને કોઈ સમે વડથલ ગામમાં ફરવા પધાર્યા અને ત્યાં જ દેહ મેલ્યો. તેના સમાચાર લુણાવાડાનો કોઈક બ્રાહ્મણ આવ્યો હતો, તેણે લખા જોશીને કહ્યા. ત્યારે લખા જોશી મંદિરમાં હરિભક્ત આગળ એમ બોલ્યા જે, "સુખદાતાનંદસ્વામીએ મને કોલ દીધો છે, તે કાલે મને તેડી જાશે." ત્યારે પુરુષોત્તમ આદિક હરિજન એમ બોલ્યા જે, "હજુ દેહ મૂકશો ત્યારે કે નહિ ! "

પછી તો અર્ધી રાત્રિએ માથું દુઃખવા આવ્યું, ને બીજે દિવસ તાવ આવ્યો ને રાત્રિએ દેહ મેલ્યો. તે સમે એમ બોલ્યા જે, "આ સુખદાતાનંદસ્વામી ને મહારાજ મને તેડવા આવ્યા છે. તે ભેળો હું ધામમાં જાઉં છું." એમ સુખદાતાનંદસ્વામીનો વર સત્ય કરીને લખા જોશીને શ્રીજીમહારાજ તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૬૫)*

## બોટાદના શીવલાલભાઈને મહારાજ ધામમાં તેડી ગયા

અને આત્માનંદસ્વામી બહુધા વાગડ ગામમાં રહેતા. તે જ્યારે ત્યાં માંદા થયા, ત્યારે ગામ બોટાદના ભગા દોશીના પુત્ર શીવલાલભાઈ સ્વામીને દર્શને આવ્યા. ને બીજા સાધુ-હરિજન જે જે સ્વામીને દર્શને આવતા, તે સર્વેને શીવલાલભાઈ પોતાની ગાંઠનું ખરચ આપીને બ્રાહ્મણ પાસે પાકી રસોઈ કરાવીને જમાડતા હતા. એવી શીવલાલભાઈની ભારે સેવા જોઈને, અતિશય રાજી થઈને સ્વામી એમ બોલ્યા જે, "હે શીવલાલ, હું તારા ઉપર બહુ રાજી થયો છું, ને તે મારે અર્થે બહુ કર્યું છે, માટે તું વર માગ."

પછી શીવલાલભાઈ એમ બોલ્યા જે, "સ્વામી, તમો મહારાજના ધામમાં જાઓ, ત્યારે મને તેડવા આવજો." ત્યારે સ્વામી કહે, "ભૂંડા, તું હજી નાનો છો, તે બીજું કાંઈક માગ."

ત્યારે કહે, "ના સ્વામી, મારે તો એ જ જોઈએ છીએ." પછી સ્વામીએ દેહ મેલ્યો ને સ્વામીને દર્શન દઈને ઘેર ગયા.

તે માર્ગમાં જ નાકમાં ફોડલી થઈ ને તાવ આવ્યો. તે પરબારો મંદિરમાં જ ઉતારો કર્યો. બે-ચાર દિવસ તાવ આવ્યો ને દેહ મેલ્યો ત્યારે એમ બોલ્યા જે, "મહારાજ ને આત્માનંદસ્વામી મને તેડવા આવ્યા છે, તે ધામમાં જાઉં છું." એમ મહારાજ આત્માનંદસ્વામીનો વર સત્ય કરીને શીવલાલભાઈને તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૬૬)*

## પીતાંબર તરવાડીનો કોલ સત્ય કરી શંભુદાસને ધામમાં તેડી ગયા

કોઈક સમયને વિષે ગામ વિહારના પીતાંબર તરવાડી અને શંભુદાસ, નામે પટેલ, તે બે જણા તે ગામના મંદિરમાં બેઠા હતા. પછી શંભુદાસ એમ બોલ્યા જે, "પીતાંબર તરવાડી, તમે મહારાજના ધામમાં જાઓ ત્યારે મને તેડવા આવજો." પછી તે બોલ્યા જે, "સારું."

પછી કોઈક દિવસ એ પીતાંબર તરવાડી ગામ પેથાપરમાં બ્રહ્મચારી વાસુદેવાનંદસ્વામીને દર્શને આવ્યા. ત્યારે વાસુદેવાનંદસ્વામી બોલ્યા જે, "ક્યાં સુધી સંસારમાં પડી રહેશો ?" ત્યારે તે પીતાંબર તરવાડી બોલ્યા જે, "કહો તો આંહીં જ રહું ને કહો તો ઘેર જઈ આવું." પછી સ્વામી બોલ્યા જે, "આંહીં જ રહો." પછી પોતાનું ઘોડું ઘેર મોકલ્યું ને પોતે ત્યાં જ રહ્યા.

તે પછી કોઈક સમે સ્વામીએ પીતાંબર તરવાડીને અક્ષરાનંદ નામે બ્રહ્મચારી કરાવીને પોતાની ભેળા રાખ્યા. પછી તે બ્રહ્મચારી બહુ માંદા થયા એટલે ધોળકે રહેતા. તે અક્ષરાનંદસ્વામીને ફેરો થયો હતો. ત્યારે ગોપાળાનંદસ્વામીએ દિવ્ય દેહે આવીને દિવસે દર્શન દઈને એમ કહ્યું જે, "કેમ છે અક્ષરાનંદસ્વામી ?" ત્યારે તે બોલ્યા જે, "સારું, મહારાજ." એમ કહીને સ્વામીને પગે લાગ્યા. પછી ગોપાળાનંદસ્વામી કહે, "ચિંતા રાખશો નહિ, મહારાજ ત્રીજે દિવસે તમને તેડવા આવશે."

પછી ત્રીજે દિવસે ગોપાળાનંદસ્વામી અને મહારાજ તે બ્રહ્મચારીને તેડી ગયા. પછી તે વાર્તાની વિહારમાં ખબર પડી. પછી તે શંભુદાસ એમ બોલ્યા જે, "આજ અર્ધી રાત્રિએ મને પીતાંબર તરવાડી તેડવા આવશે." ત્યારે બીજા હરિજન એમ બોલ્યા જે, "તમે સાજા-નરવા ફરો છો, તે જ્યારે વખત થાશે ત્યારે વાત."

પછી તે બોલ્યા જે, "નક્કી તેડી જાશે." પછી તે શંભુદાસ ઘેર ગયા ને તાવ આવ્યો ને અર્ધી રાત્રિએ ગોપાળસ્વામી, મહારાજ અને પીતાંબર તરવાડીએ શંભુદાસને તેડી ગયા. તે શંભુદાસ એમ બોલ્યા જે, "આ ગોપાળસ્વામી, મહારાજ ને પીતાંબર તરવાડી મને તેડવા આવ્યા છે, તે હું ધામમાં જાઉં છું." એમ મહારાજ પીતાંબર તરવાડીનો વર સત્ય કરીને શંભુદાસને તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૬૭)*

## કૃષ્ણાનંદ સ્વામીના વચને મણીપરના ભક્તને અક્ષરધામનો માર્ગ દેખાડ્યો

કોઈક સમયને વિશે કૃષ્ણાનંદસ્વામી મૂળીથી અમદાવાદ આવતાં ગામ મણીપરમાં રહ્યા. ત્યાં એક હરિજન બહુ માંદો હતો. ત્યારે બીજા હરિજનોએ સ્વામીને એમ કહ્યું જે, ‘‘એક હરિજન માંદો છે, તેને તમે દર્શન દેવા આવશો ?’’ ત્યારે સ્વામી બોલ્યા જે, ‘‘હા, આવશું.’’ પછી પોતે બીજા હરિભક્તોને ભેળા લઈને તેને ઘેર દર્શન દેવા સારુ પધાર્યા. ને તે હરિભક્તને મહારાજની વાતો કરીને શાંતિ પમાડી.

પછી તે હરિભક્ત બોલ્યો કે, ‘‘સ્વામી, મેં અક્ષરધામનો માર્ગ દેખ્યો નથી; તે તમે અંત સમયે દેખાડવા આવશો ?’’ ત્યારે સ્વામી કહે, ‘‘હા, આવશું.’’ એમ કહીને સ્વામી મંદિરમાં પધાર્યા. પછી તે જ રાત્રિએ દશ વાગે તે હરિભક્તે દેહ મેલ્યો. તે સમયે તેણે એમ કહ્યું જે, ‘‘ઓ..હો..હો.. ! અક્ષરધામનો માર્ગ સોંસરો દેખાય છે. માટે આ વખત સ્વામીને બોલાવશો નહિ.’’ એમ કહીને દેહ મેલીને ધામમાં ગયો. એવી રીતે મહારાજે કૃષ્ણાનંદસ્વામીને વચને કરીને તે મણીપરના હરિભક્તને અક્ષરધામનો માર્ગ દેખાડ્યો. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૬૯)*

## નાથા ખાચર અને માણસિયા ખાચરનાં વચન સત્ય કરી તેમને ધામમાં તેડી ગયા

અને ગામ શ્રીનાગડકાના નાથો ખાચર ને માણસિયો ખાચર, એ બે જણાએ ત્યાંના મંદિરમાં બેઠા થકા એમ પ્રતિજ્ઞા કરી જે, ‘‘નાથા ખાચર, તમે પ્રથમ દેહ મેલો તો તમે મને તેડવા મહારાજને લઈને આવજો.’’ ત્યારે નાથો ખાચર કહે, ‘‘માણસિયા, તું જો પ્રથમ દેહ મેલે તો તું મહારાજને લઈને મને તેડવા આવજે.’’

પછી જ્યારે નાથા ખાચર માંદા થયા ત્યારે માણસિયો નાથા ખાચરને જોવા સારુ આવ્યા ને કહે, ‘‘તમે ધામમાં જાવા તૈયારી કરી છે ને આપણા કોલ છે, તે ખોટા પડશે કે શું ?’’ પછી નાથો ખાચર કહે, ‘‘મહારાજ સત્ય કરશે.’’ પછી માણસિયો ઘેર ગયો ને તાવ આવ્યો. ત્યારે માણસિયાની દીકરીએ કહ્યું જે, ‘‘નાથો ખાચર તો ધામમાં ગયા.’’ ત્યારે તે માણસિયો બોલ્યો જે, ‘‘ભણે, નાથો ગ્યો ? ’’ ત્યારે કહે, ‘હા !‘ ત્યારે માણસિયો કહે, ‘‘મને ભોંય લ્યો.’’ એમ કહીને માણસિયાએ દેહ મેલ્યો. પછી તે બેને એક ચેહમાં બાળ્યા. એમ મહારાજે બેના વર સત્ય કરીને તે બેને તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૭૦)*

## મહારાજ સંતો-ભક્તોની રક્ષા-કલ્યાણ કરે છે

શ્રીજીમહારાજે અનેક પુરુષ તથા અનેક સ્ત્રીઓના કામ, લોભ, સ્વાદ, સ્નેહ, માન ઈત્યાદિક અનેક વિષય-વિકાર ટાળીને, ત્રણ ગુણ રહિત કરીને તેમને બ્રહ્મભાવને પમાડ્યા. ને ભક્તજનને અંતકાળે રથ, વિમાન, હાથી-ઘોડા લઈને શ્રીજીમહારાજ જન જન પ્રત્યે તેડવા આવે છે. શ્રીજીમહારાજ ભક્તજનને જળ-અગ્નિ આદિકના અનેક પ્રકારના આપત્કાળમાં અનેક પ્રકારે રક્ષા કરે છે. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૭૨-૭૩)*

## ભગવાન કે સાધુના અલ્પ સંબંધને પામેલાનું પણ કલ્યાણ કર્યું

જે જને પોતાનો ગુણ લીધો તથા પોતાના સાધુનો ગુણ લીધો તથા પોતાની તથા પોતાના સાધુની અન્નજળ, ફળફૂલ, તૃણકાષ્ઠ, છાણાં, પત્ર-પાત્ર ઈત્યાદિ પદાર્થો કરીને સેવા કરી તથા પોતાનો તથા પોતાના સાધુનો સત્કાર કર્યો તથા સહાય કરી તથા રક્ષા કરી તથા કાંઈક ઉપયોગમાં આવ્યા તથા ભાવે કરીને પોતાનું તથા પોતાના સાધુનું દર્શન કર્યું કે ભાવે કરીને વંદન કર્યું કે અલ્પ સંબંધને પામ્યા તે સર્વે જનનું શ્રીજીમહારાજે કલ્યાણ કર્યું. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૭૪)*

## ભગવાન કે સંતોની સેવામાં ઉપયોગી થનાર

સ્થાવર-જંગમ જીવનું કલ્યાણ કર્યું. શ્રીજીએ પોતાની તથા પોતાના સાધુની સેવામાં ઉપયોગી થયાં જે ગાય, બળદ, ભેંસ, ઘોડા, હાથી, ઊંટ ઈત્યાદિક પશુ તથા મૃગ-સસાદિક વનપશુપક્ષી તથા પોતાની તથા પોતાના સાધુની સેવામાં ઉપયોગી થયાં જે આંબા તથા રાયણ તથા મહુડા તથા જાંબુડા તથા લીંબુ તથા દાડમ તથા જામફળી તથા કેળ તથા અંજીર તથા સીતાફળી તથા મૂળા, મોગરી તથા વંતાકડી તથા ગુલાબ તથા મોગરા તથા ચંપા તથા જૂઈ, હજારી, ગુલાબ ઈત્યાદિક સર્વે જંગમ-સ્થાવર જીવનું પણ કલ્યાણ કર્યું. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૭૫)*

## મનુષ્ય-પશુ-પક્ષી વગેરે સર્વને સમાધિ

શ્રીજીમહારાજને પ્રતાપે કરીને સાધુ તથા ગૃહસ્થ-સ્ત્રીપુરુષો પણ બીજાને સમાધિ કરાવતાં ને તેમાંથી પાછાં ઉઠાડતાં હતાં. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૭૬)*

શ્રીજીને પ્રતાપે કરીને સોટી તથા પુષ્પ તથા વસ્ત્રને સ્પર્શ કરીને પણ સમાધિ થાતી હતી. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૭૭)*

શ્રીજીને જોઈને અનેક મનુષ્ય તથા ચકલા તથા કબૂતર તથા કપિને પણ સમાધિ થાતી હતી. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૭૮)*

## ભક્તો સમાધિમાં દેખેલ અનેક ધામની વાતો કરતા.

શ્રીજીમહારાજને જોઈને અનેક જન સમાધિ કરીને સૂતા ને અનેક ધામમાં જતા. તેને શ્રીજીની આજ્ઞાએ કરીને એક ભક્તજન અનેક રૂપ ધરીને અનેક ધામમાંથી એકધારે ઉઠાડી લાવતો. ને તેઓ આંહીં આવીને તે તે ધામની વાર્તા કરતા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૭૯)*

અને મોટો સમૈયો હોય ત્યારે શ્રીજીમહારાજ સભા મધ્યે ઊંચા સિંહાસન ઉપર ગાદી-તકિયા ઉપર વિરાજમાન થતા. ત્યારે અનેક સાધુ તથા અનેક ગૃહસ્થ પુરુષ તથા સ્ત્રીઓને શ્રીજીને જોઈને સમાધિ થતી. તે સમાધિમાં શ્રીજીમહારાજનું અનેક ધામમાં અનેક રૂપે આશ્ચર્યકારી અલૌકિક દર્શન થતું હતું. તેને તેઓ પાછા દેહમાં આવીને બીજા જનને કહેતા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૮૦)*

## પીલુ સાહેબના અરદેશરના ભાઈને તેડી ગયા

અને જ્યારે મહારાજ સુરતમાં પધાર્યા ત્યારે પ્રથમ નવાબને ત્યાં પધાર્યા. ત્યાંથી સાહેબને ત્યાં પધરામણીએ પધાર્યા. ને ત્યાંથી અરદેસરને ત્યાં પધાર્યા ને અરદેસરે મહારાજની પૂજા કરી. પછી મહારાજ બોલ્યા જે, ‘‘હવે શું કરીએ ?’’ પછી અરદેસર બોલ્યા જે, ‘‘મહારાજ, જેમ દાદા ખાચરના દરબારમાં કરતા હો તેમ કરો.’’

પછી મહારાજે બે ચાર કીર્તન બોલાવ્યાં. પછી મહારાજ ઘોડીએ અસ્વાર થઈને ઘોડીને કુંડાળે નાખીને અરદેસરના ભાઈ જે પીલુ સાહેબ તે પ્રત્યે મહારાજ બોલ્યા જે, ‘‘પીલુ સાહેબ, તમે આટલી સ્મૃતિ રાખજો , ભૂલશો મા.’’ એમ ઘોડી કુંડાળે નાંખીને પીલુ સાહેબને તેની સ્મૃતિ રખાવીને ત્યાંથી મહારાજ ઉતારે પધાર્યા.

પછી કોઈક સમે પીલુ સાહેબે દેહ મેલ્યો ત્યારે તે બોલ્યા જે, અરદેસર, આ સ્વામિનારાયણ આવ્યા છે. તેમણે ઘોડી શી કુંડાળે નાંખી છે !’’ એમ કહીને દેહ મેલ્યો. એમ મહારાજ તે વાતની સ્મૃતિ રખાવીને તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૧૪૮)*

## મોકા ખાચરને અંતસમયે પાલખીમાં તેડી ગયા

અને મોકા ખાચરે મહારાજને એમ કહ્યું જે, ‘‘મને પાલખી લઈને તેડવા આવજો.’’ તે તેમને મહારાજ અંતકાળે તેવી રીતે તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૧૮૮)*

## મહારાજે દાદા ખાચરને હાથગરણું આપ્યું

અને શ્રીજીમહારાજ દાદા ખાચરને પરણાવવા ગયા ને ત્યાં મહારાજે એમને હાથગરણું પૂછ્યું જે, "દાદા ખાચર, સર્વેએ તમને હાથગરણું કર્યું, તે અમે તમને શું હાથગરણું કરીએ?" ત્યારે તેમણે કહ્યું જે "તમારા ભક્તને અંતઃકાળે તમારે એના સર્વે ગુના માફ કરવા, પણ એ જોવા નહીં ને તેને ધામમાં તેડી જવો, એ હાથગરણું આપો." ત્યારે મહારાજ કહે, "એ તમને આપ્યું. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૨૪૬)*

## રાણારાજગર તેની માતા - ભત્રીજીને તેડી ગયા

અને રાણા રાજગરનો બાપ જગન્નાથથી દંડવત કરતો કરતો દ્વારકામાં આવ્યો. રામાનંદસ્વામીએ એમને ગામ જઈને એમ કહ્યું જે, "પ્રગટ ભગવાન મળ્યા વિના કલ્યાણ નહિ થાય." ત્યારે તે કહે, આજ કળિયુગમાં પ્રગટ ભગવાન ક્યાંથી હોય ?" પછી સ્વામીએ એમ કહ્યું જે, "તમે અમને નથી માનતા, પણ તમારા પુત્ર અમારા ભક્ત છે, તે તમારું કલ્યાણ કરશે." પછી તેના ચારે પુત્ર ભક્ત થયા. પછી જ્યારે રાઘવને એની મા સાધુ થાવા રજા નહોતી આપતી, ત્યારે રાણે કહ્યું જે, "રાઘવને તું સાધુ થવા દે, હું તારી સેવા કરીશ." પછી તે રાઘવાનંદસ્વામી નામે સાધુ થયા.

પછી રાણો દેહ મેલવા તૈયાર થયો ત્યારે ડોસી બોલી જે, "રાણા, તું કહેતો હતો કે, હું તારી ખબર રાખીશ, ને તું તો દેહ ત્યાગ કરવા તૈયાર થયો છે." ત્યારે રાણો બોલ્યો જે, "મારા બારમાને દિવસે હું તને લઈ જઈશ. મારા બારમાને દિવસે નાત જમે ત્યારે ઊભી થઈને કહેજે કે, "આજ અર્ધી રાત્રિએ હું દેહ મેલીશ, મને રાણો તેડી જશે. માટે રાણાના બારમા ભેળું મારું પણ બારમું જાણજો." એમ કહેજે ને હું આજ અર્ધી રાત્રિએ દેહ મેલીશ."

પછી અર્ધી રાત્રિએ રાણો બોલ્યો જે, "જેને ધામમાં આવવું હોય તેને લઈ જાઉં ને હું મહારાજ ભેળો જાઉં છું." પછી કોઈ ન ગયું ને ભત્રીજીને રાણો તેડી ગયો. પછી ડોસી રાણાના બારમાને દિવસે નાત જમવા બેઠી હતી ત્યારે બોલી. ત્યારે ખળ પુરુષ બોલ્યા જે, "અલ્યા, ડોસી તો ભિષ્મપિતા જેવી થઈ ! તે કહે છે કે, હું અર્ધી રાત્રિએ દેહ મેલીશ." પછી તે વાત સત્ય થઈ. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૨૭૯)*

## વાડાશિનોરના અભેરામની માતાને તેડી ગયા

અને ગામ વાડાશિનોરના અભેરામ મહારાજનાં દર્શન કરીને પોતાને ઘેર જઈને પોતાની માને મહારાજના ભગવાનપણાના નિશ્ચયની વાત કરે, ત્યારે તે ડોસી બોલે જે, "અભેરામ, કાં તો સ્વામિનારાયણ ભગવાન નથી, ને કાં તો તે સ્વામિનારાયણને ભગવાન જાણ્યા નથી.

જાણ્યા હોય તો ભગવાનને મેલીને અહીં શા સારુ દોડ્યો આવે ?'' એમ નિત્યે મા-દીકરાને સંવાદ થાય.

પછી કોઈક દિવસ તે અભેરામ વડતાલ મહારાજને દર્શને આવ્યા. ત્યારે પોતાના મનમાં એમ થયું જે, ''ડોસી પીજ ગામમાં મારે મોસાળ આવ્યાં છે, ને તેમને તેડી આવીને મહારાજનાં દર્શન કરાવ્યાં હોય તો સારું.'' પછી ડોસીને તેડી આવીને મહારાજનાં દર્શન કરાવ્યાં. મહારાજનાં દર્શન કરીને તે ડોસીને ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો. પછી ઉતારે ગયાં ને તેમને તાવ આવ્યો.

પછી તે ડોસી બોલ્યા જે, ''અભેરામ ! મને મહારાજનાં દર્શન કરાવ.'' તે પછી અભેરામ મહારાજને કહે કે, ''મારી ડોસીને તાવ આવ્યો છે. તે તમે તેને દર્શન દેવા પધારશો ?'' પછી મહારાજ કહે, ''ચાલો.'' પછી મહારાજ ડોસીને દર્શન દેવા પધાર્યા. તે તેમને દર્શન દઈને ઉતારે પધાર્યા ને ડોસીએ દેહ મેલ્યો. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૨૯૭)*

## ગઢડામાં નિર્વાસનિક બાઈને દેહાંતે તેડી ગયા

ગઢડે પ્રાતઃકાળમાં મહારાજ દાતણ કરતા હતા. તે સમયમાં દશ વિપ્ર આવ્યા. તેમને મહારાજે સીધાનું કહ્યું જે, ''લાધા ઠક્કર, આમને સીધું અપાવો.'' ત્યારે તે કહે, ''અમે સીધું લેવા નથી આવ્યા. અમે અમારું માણસ લેવા સારુ આવ્યા છીએ.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''તમારું માણસ કોણ છે ?'' ત્યારે તે બોલ્યા જે, ''અમારા ભાઈની સ્ત્રી છે.'' ત્યારે મહારાજે દરબારમાં તે બાઈની ખબર કઢાવી. ને તે બાઈને બોલાવીને કહ્યું જે, ''તારાં સાસરિયાં તેડવા આવ્યાં છે. તે માટે તું જા.'' પછી તે બાઈ તેના ભેગી ગઈ. ને મહારાજે લાધા ઠક્કરને કહીને તે વિપ્રને સીધાં અપાવ્યાં.

તે લઈને હરજી ઠક્કરને ઘેર ગયા. ને તે રસોઈ કરવા મંડ્યા. ને તે બાઈએ મહારાજ પાસે આવીને કહ્યું જે, ''મને શા સારુ મેલો છો ? મને લેશમાત્ર સંસારની વાસના નથી. હું વર્ષ દહાડાથી તો સાંખ્યયોગી થઈને રહી છું.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''તારે મુદ્દલ વાસના નથી ?'' ત્યારે કહે, ''ના મહારાજ.'' ત્યારે મહારાજ કહે, ''તારે વાસના નહીં હોય, તો ભગવાન તારી રક્ષા કરશે.''

પછી તે ઉતારે ગઈ. ને તેને તાવ આવ્યો. પછી હરજી ઠક્કરે આવીને મહારાજને કહ્યું જે, ''તે બાઈને તો તાવ આવ્યો છે. તે દેહ નહીં રહે. માટે દર્શન દેવા સારુ તમે પધારો.'' પછી મહારાજ તે બાઈને દર્શન દેવા સારુ પધાર્યા. મહારાજનાં દર્શન કરીને તે બાઈએ દેહ

મેલ્યો. પછી મહારાજ તે વિપ્ર પ્રત્યે બોલ્યા જે, "હવે તમે તમારું માણસ લઈ જાઓ. અમે અમારું માણસ લઈ લીધું." પછી તે બ્રાહ્મણ તેનો અગ્નિસંસ્કાર કરીને ઘેર ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૨૯૯)*

## શ્રીહરિ પ્રાંતિજની એક બાઈને ધામમાં તેડી ગયા

અને ગામ પ્રાંતિજમાં એક બાઈને મહારાજ રાત્રિમાં રથ લઈને તેડવા આવ્યા. તે માઢ ઉઘડાવીને તેને ઘેર જઈને બાઈને તેડીને વળ્યા ને ફરીથી માઢ ઉઘડાવીને રથ હાંકી ગયા. તે માઢ ઉઘાડનારે જાતાં વળતાં રથ સહિત મહારાજને દેખ્યા. ને રથનાં પૈડાંના ચીલા પણ એણે ભાગોળ સુધી પરોઢિયે જોયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૩૩૦)*

## કરજીસણ કૂવામાં ડૂબકી મારી ગઢડેથી એક ભક્તને ધામમાં તેડી ગયા

અને કોઈક સમયને વિષે મહારાજ કરજીસણમાં વરખડા પાસે નાનાભાઈના કૂવામાં ધૂબકા મારીને નાતા હતા. તે પાણીમાં ડૂબકી મારીને પહોર વાર સુધી જળથી બારા ન નીસર્યા. તેને જોઈને ગોવિંદજીભાઈ આદિક હરિજન ત્યાં હતાં, તે ચિંતા કરવા મંડ્યા. ત્યારે મહારાજ જળથી બહાર નીસર્યા. ત્યારે તે ભક્તે પૂછ્યું કે, "આટલી વાર કેમ થઈ ?" ત્યારે મહારાજ બોલ્યા કે, "ગઢડે એક હરિભક્તે દેહ મૂક્યો, તેને તેડવા ગયા હતા. તે તેને અક્ષરધામમાં મેલીને આવ્યા માટે વાર થઈ. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૩૮૧)*

## મેમકામાં રામજીભાઈના બળદને તેડી ગયા

અને ગામ મેમકામાં દલવાડી રામજીને એવો નિયમ હતો કે, પોતાના ગામમાંથી જયારે સાધુ બીજે ગામ જાય ત્યારે ગાડું જોડીને સાધુને બેસાડીને મેલવા જાય. તે જયારે એ માંદો થયો ત્યારે એને મહારાજે દર્શન દઈને એમ કહ્યું કે, "હમણાં તને નહિ તેડી જાઈએ. તારા બળદને તેડી જઈશું." એમ કહીને બળદને તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૩૮૮)*

## તલસાણાની દાસીને સેવાથી તેડી ગયા

અને ગામ તલસાણામાં ચારણની દાસીને એવો નિયમ હતો કે, જે સાધુ ત્યાં આવે તેને રસોઈ કરવા છાણાં આપે. તેને અંતકાળે મહારાજે દર્શન દઈને એમ કહ્યું કે, "તું સત્સંગી તો નહોતી, પણ અમારા સાધુને છાણાં આપતી હતી, માટે તને તેડી જઈશું." એમ કહીને તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૩૮૯)*

## સૂર્યાનંદ સ્વામીના વચને મહારાજ તેડી ગયા

સૂર્યાનંદસ્વામીએ બુધેજમાં લુહાર પાસે દાતરડાં કરાવ્યાં હતાં. પછી જ્યારે સમૈયો આવ્યો અને સૂર્યાનંદસ્વામી વડતાલ જવા તૈયાર થયા, ત્યારે લુહારને બોલાવીને કહ્યું કે, ''તારા પૈસા ચુકાવી લે.'' ત્યારે તે લુહારે એમ કહ્યું કે, ''સ્વામી, એ પૈસા હું નહિ લઉં. તમે મારા ઉપર રાજી થાઓ.'' ત્યારે સ્વામી કહે, ''જા તારું કલ્યાણ થાશે.''

પછી સૂર્યાનંદસ્વામી વડતાલ પધાર્યા. અને એ લુહારનો જ્યારે અંતકાળ આવ્યો ત્યારે તે એમ બોલ્યો કે, ''આ સૂર્યાનંદસ્વામી અને સ્વામિનારાયણ, તે મને તેડવા આવ્યા છે. હું તેમની સાથે જાઉં છું. તમે સર્વે સ્વામિનારાયણનો આશ્રય રાખજો. તમારું કલ્યાણ થાશે.'' એમ કહીને પછી દેહ મેલીને મહારાજના ધામમાં ગયો. એવી રીતે સૂર્યાનંદસ્વામીના વચનથી મહારાજ લુહારને તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૪૧૧)*

## પ્રાંતિજના ખુશાલભાઈ તથા તેમના પત્નીને તેડી ગયા

અને પ્રાંતિજના પટેલ ખુશાલભાઈએ એમ કહ્યું જે, ''આ મહારાજ મને તેડવા આવ્યા છે. તે આજ હું દેહ મૂકીશ અને મહારાજના ભેળો અક્ષરધામમાં જઈશ.'' ત્યારે એમની સ્ત્રીએ એમ કહ્યું કે, ''તમે જાશો ત્યારે મારો કોણ આધાર ?'' ત્યારે ખુશાલભાઈએ એમ કહ્યું જે, ''કાલ હું મહારાજને લઈને તને તેડી જઈશ. તું કાંઈ ચિંતા કરીશ મા.'' એમ કહીને પોતે દેહ મૂક્યો અને બીજે દિવસે એને તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૪૪૧)*

## બ્રહ્મમુનિના હેતવાળા વાણિયાને તેડી ગયા

અને ગઢડામાં ખાચરનો કારભારી શ્રાવક વાણિયો હતો. તેને બ્રહ્માનંદ સ્વામી સાથે હેત હતું. તેને અંતકાળે ચાર યમ તેડવા આવ્યા. તેને જોઈને તે વાણિયો રાડ પાડતો હતો. તેને યમે મારવા માંડ્યો. એ વખતે બ્રહ્માનંદ સ્વામી આવ્યા. તેમને જોઈને યમ નાઠા. તેણે કરીને ડેલીનું માળખું ઊડીને બજારમાં પડ્યું અને તે શેઠ સત્સંગી થયો. પછી મહારાજને અને બ્રહ્માનંદ સ્વામીને ઘેર તેડીને જમાડ્યા. જ્યારે એણે દેહ મૂક્યો. ત્યારે મહારાજ અને બ્રહ્માનંદ સ્વામી એને તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૪૬૩)*

## સંતને જમાડવાથી ધ્રાંગધ્રાના સોનીને તેડી ગયા

અને કોઈ એક સમયને વિષે ધ્રાંગધ્રામાં એક સોનીએ પોતાને ઘેર રસોઈ કરાવીને મહાનુભાવાનંદસ્વામીને જમાડ્યા. પછી સ્વામી ત્યાંથી હળવદ પધાર્યા. પછી કેટલેક દિવસે

મહારાજે પોતાની સાથે બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી એટલા સંતને પોતા ભેળા લઈને સોનીને દર્શન દીધાં. ત્યારે સોનીએ પૂછયું કે, "આ કોણ છે ? આ બ્રહ્માનંદસ્વામી તો અહીં પથ્થર લેવા આવે છે તે ઓળખ્યા, અને સ્વામી તમે તો અમારે ઘેર જમવા પધાર્યા હતા એટલે તમને ઓળખ્યા, પણ આ બે ઓળખાતા નથી."

એટલે મહાનુભાવાનંદસ્વામી બોલ્યા કે, "આ તો જેને અમે સ્વામિનારાયણ ભગવાન કહીએ છીએ તે છે અને આ નિત્યાનંદસ્વામી છે." ત્યારે તે બોલ્યા કે, "બહુ સારું થયું." ત્યારે મહારાજે કહ્યું, "તું અમારો સત્સંગી તો નથી, પણ અમારા સાધુને જમાડ્યા છે, તે માટે આજથી દશમે દિવસે તને ધામમાં તેડી જઈશું." એમ કહીને મહારાજ અદશ્ય થઈ ગયા.

પછી એ વાત એણે જેઠા દોશીને કહી. એટલે તેણે કહ્યું કે, "આ વાત તમારા મનમાં રાખજો. ભગવાન તો સ્વતંત્ર છે. તે જો ન આવે તો ગામમાં ઉપહાસ થાય." પછી તે સોનીએ પોતાના બે પુત્રોને કહ્યું કે, "જેનું તમે લગન લીધું છે, તેને પાંચ દિવસમાં પરણાવી લો અને બીજાનું લગન લેશો નહીં. અને મારે દેહ મૂકવો છે." પછી દશમે દિવસે ગામનાં સર્વે માણસો જોવા આવ્યાં અને મહારાજ સર્વેને દર્શન દઈને સોનીને ધામમાં તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૪૬૪)*

## મેમકાની બે બાઈઓને તેડી ગયા

અને ગામ મેમકાની બે બાઈઓ લોયે મહારાજનાં દર્શન કરવા આવી. તે મહારાજનાં દર્શન કરીને એ બેયે એમ માગ્યું કે, "મહારાજ, અંતકાળે તેડવા આવજો." ત્યારે મહારાજ કહે, "સારું આવીશું." પછી એ બેય પાછી મેમકે આવી. તે કણબી બાઈએ દેહ મેલ્યો ત્યારે તેને સોનાનો રથ લઈને મહારાજ તેડવા આવ્યા. તે સમે સર્વે સત્સંગીને તથા તેના સંબંધીને તેડાવીને એમ કહ્યું જે, "મને તેડવા મહારાજ સોનાનો રથ લઈને આવ્યા છે, તે સાથે હું જાઉં છું." એમ કહીને દેહ મેલ્યો. ને રજપૂત બાઈને પણ એવી જ રીતે તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૦૫)*

## લાંગણોજમાં બાઈને તેડી ગયા

અને ક્યારેક ગામ લાંઘણોજમાં રાત્રિના દશ વાગતે, ઘણાક સાધુ ભેળા છે ને આગળ બે મસાલો બળે છે, એવા શ્રીજીમહારાજને ગામના ઘણાક માણસોએ ચૌટામાં તથા શેરીમાં દીઠા. ને તે ભાવસાર ઉમેદ નારાયણને ઘેર જઈને તેની માને તેડી ગયા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૫૬)*

## ભૂજ ગંગારામ મલ્લને નિર્વાસનિક કરી ધામમાં તેડી ગયા

અને ભૂજના ગંગારામભાઈ મહારાજને અર્થે માથું દેતા. ને કચ્છ દેશનો સત્સંગ તથા ભૂજનું મંદિર એમના વરાણિયું હતું. ને તે "મુખડાની માયા લાગી, મુખડાની માયા લાગી" એ કીર્તનનું એક ચરણ ગાય એટલે આંખોમાંથી આંસુની ધારા ચાલે અને પોક મૂકે પણ કીર્તન પૂરું ન ગવાય. એવી ભગવાનને અતિશેવિષે પ્રીતિ હતી, પણ આત્મજ્ઞાન ને વૈરાગ્યનું સામાન્યપણું તેથી દેહ, દેહના સંબંધીને વિષે તથા ખાવા-પીવાને વિષે આસક્તિ, તેણે કરીને બ્રહ્મચારી સાથે પણ બખેડો થાય.

પોતાના દીકરાનો દીકરો રાંડ્યો. પછી બાઈઓ મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને શિવજીનાં દર્શન કરીને ગંગારામભાઈનાં સામી ઓરડીમાં દર્શન કરીને પછી બોલે જે, "ગંગારામભાઈ, માધવજીનો મોતિયો રાંડ્યો તે બહુ જ ખોટું થયું. ને મોટે ઘેર સગપણ હતું." એમ ચાર જણીઓ આવીને કહે એટલે તેમનું હૈયું ભરાઈ જાય તે પોક મૂકે. પછી હરિજન સમજાવે ત્યારે છાના રહે. વળી બીજી બાઈઓ આવીને એમ કહે એટલે પાછા રડે. ને આખો દિવસ પોતાના દીકરાના દીકરાને છાતી ઉપર બેસાડીને રમાડ્યા કરે.

તે એક દિવસ મેં કહ્યું જે, "ગંગારામભાઈ, છોકરાને વિષે બહુ પ્રીતિ હોય તો તેને પેટ જન્મ લેવો પડે." ત્યારે ખીજીને બોલ્યા જે, "છોકરાં તો મારી છાતી સાથે જડ્યાં છે. તે તમે આજકાલના કહેનારા તેને કહેવે કરીને હું છોકરાં મેલી દઈશ ને જન્મ લઈશ ?" ત્યારે શિવરામ મહેતા બોલ્યા જે, "ગંગારામભાઈ, સ્વામી ઠીક કહે છે. જો બહુ આસક્તિ હોય તો જન્મ લેવો પડે." પછી ન બોલ્યા અને બીજે દિવસ વિનય કરી ગયા.

પછી તે માંદા થયા અને મંદિરમાંથી ઘેર લઈ ગયા. અને ચારપાંચ દિવસ થયા એટલે અમને વાતો કરવા બોલાવે એટલે અમે વાતો કરવા જઈએ. તે એમ બોલે જે, "કોઈ સંબંધીને મારી નજરે આવવા દેશો મા." ને ખાવાનું પૂછે ત્યારે કહે, "મને અન્ન ઝેર જેવું લાગે છે." એમ મહારાજે ગંગારામભાઈને જ્ઞાન-વૈરાગ્ય આપીને નિર્વાસનિક કરીને તેડી ગયા. તે મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, "જેને ભગવાનને વિષે અતિશય પ્રીતિ હોય ને જ્ઞાન-વૈરાગ્યનું સામાન્યપણું હોય તેને ભગવાન અંત સમયે જ્ઞાન-વૈરાગ્યને પ્રેરે છે." *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૮૭)*

## જીવા ખાચરના દરબારમાં બાઈને તેડવા શ્રીહરિ પધાર્યા

મહારાજ દાદા ખાચરના દરબારમાં સભા કરીને વિરાજમાન હતા અને જીવા ખાચરના દરબારમાં એક બાઈએ દેહ મૂક્યો તેને મહારાજ તેડવા પધાર્યા અને સૌને દિવ્યસ્વરૂપ દર્શન

થયાં અને પછી સચ્ચિદાનંદ સ્વામીએ સભામાં સૌને કહ્યું જે મહારાજ સભામાં અહીંયા દેખાય છે પણ અહીંયા નથી પેલા દરબારમાં બાઈએ દેહ મૂક્યો તેને તેડવા પધાર્યા છે પણ હમણાં સૌ જોજો અજાણ્યા થઈ જાશે એટલામાં કોઈએ ખબર આપ્યા, જે પેલા દરબારમાં એક સાંખ્યયોગી બાઈએ દેહ મેલ્યો તે સાંભળી મહારાજ બોલ્યા જે, રામ રામ રામ રામ બહુ ખોટું થયું એમ મહારાજે કહ્યું પછી સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા જે હું કહું છું તે ખોટું. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૧૮)*

## રાજબાઈને તેડવા શ્રીહરિ પધાર્યા

ગઢપુરમાં રાજબાઈ હતાં તેમને પરણવું નહોતું, પણ શ્રીજીમહારાજની આજ્ઞાથી તેમનાં લગ્ન કરવાં પડેલાં અને પરણીને પોતાના સાસરે ગયા. પછી જ્યાં ઘરમાં જાય ત્યાં તો તેના પતિએ રાજબાઈનું સિંહના જેવું સ્વરૂપ ભાળ્યું તે જોઈને તેમનો પતિ ચીસ નાંખીને પાછો ભાગ્યો. પછી રાજબાઈને રથમાં બેસાડીને પાછાં ગઢપુર મોકલ્યાં તે રસ્તે આવતાં એક નદીમાં મોટા અખંડાનંદ સ્વામીને લોહીખંડ પેટબેસણું થયું હતું તેમને છેટેથી જોઈને પૂછાવ્યું જે, ઓલ્યું કોણ છે ? પછી તે માણસ જોઈને આવીને કહ્યું કે એ તો મોટા અખંડાનંદ સ્વામી છે ને તેમને લોહીખંડ પેટબેસણું થયું છે પછી રાજબાઈ બોલ્યા જે, સંતને આ ગાડીમાં સુવાડો હું ચાલીને આવીશ. પછી પોતાની રેશમી ગોદડીયું હતી તે પોતાના બેસવાના રથમાં પાથરી દઈને તેમાં સંતને સુવાડ્યા અને પોતે ગઢપુર સુધી ચાલીને આવ્યાં અને અહીંયા આવ્યા પછી સંસારના સુખનો ત્યાગ કરીને શ્રીજીમહારાજનું અખંડ ધ્યાન હરિભક્તિ કરી. પોતાને એવો નિયમ હતો જે વીશ હાથ પુરુષથી છેટે રહેતાં. પછી એક દિવસ મૂળજી બ્રહ્મચારી તેમના ઓરડાની ઓશરીની કોર ઉપર જઈ ઉભા રહ્યા ત્યાં તો ઓરડામાંથી એક બાઈ દોડી આવીને બોલી જે, બ્રહ્મચારી ! છેટે રહો છેટે રહો રાજબાઈને ઉપવાસ પડશે. બ્રહ્મચારી કહે કે રાજબાઈને ઉપવાસ પડે ત્યારે મારે ઉપવાસ ન પડે ? રાજબાઈ એક દિવસ ઉપવાસ કરે તો હું બે કરું. રાજબાઈ બે ઉપવાસ કરે તો હું ચાર ઉપવાસ કરું. પછી રાજબાઈએ બ્રહ્મચારીને કહેવરાવ્યું કે તમે જમજો ને હું પણ જમીશ. તે વાતની મહારાજને ખબર પડી એટલે મહારાજ બોલ્યા જે રાજબાઈને કોઈ જીતી શકે નહીં પણ બ્રહ્મચારીએ તેમને જીત્યાં. રાજબાઈએ જ્યારે દેહત્યાગ કર્યો ત્યારે શ્રીજીમહારાજ તેડવા પધાર્યા તે વખતે દાદા ખાચર ઘેર નહોતા એટલે રાજબાઈએ કહ્યું કે, મહારાજ ! દાદા ખાચર ઘરે નથી તે આવે ત્યાર પછી હું ધામમાં આવીશ કેમ કે મને દાદા વિના બીજો કોઈ અગ્નિ મૂકે નહિં પછી તે વખતે શ્રીજીમહારાજ પાછા પધાર્યા ને દાદા ખાચર જ્યારે ઘેર આવ્યા ત્યારે રાજબાઈને શ્રીજીમહારાજ ધામમાં તેડી ગયા ને દાદા

ખાચરે અગ્નિસંસ્કાર કર્યો. રાજબાઈએ જ્યારે દેહ મેલ્યો ત્યારે સૌને કહેલું કે મને સ્ત્રીઓ ઉપાડે. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૮૭)*

## મીણબાઈને તેડવા શ્રીહરિ પધાર્યા

ગામ કારિયાણીમાં મીણબાઈ હતાં તેમણે ગઢપુરમાં દેહત્યાગ કર્યો અને તેમને દાદા ખાચરને ખળખળીયે અગ્નિસંસ્કાર કરવા લઈ ગયા પછી જ્યારે અગ્નિસંસ્કાર થઈ રહ્યો અને ટાઢી ઠાર્યા પછી જે ઠેકાણે અગ્નિસંસ્કાર કર્યો હતો ત્યાં એક ગાયે આવીને પોતાનું બધું દૂધ સૂવ્યું ને પછી ગાય ઘેલામાં અદેશ્ય થઈ ગઈ. પછી શ્રીજીમહારાજે કહ્યું કે આ મીણબાઈ હતાં તે ગંગાજીનો અવતાર હતાં એમ શ્રીજીમહારાજે સભામાં વાત કરી. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૮૮)*

ગઢપુરમાં મોટીબા, કારિયાણીનાં મીણબાઈ, કુંડળનાં રાઈબાઈ એ ત્રણે જણ જ્યારે શ્રીજીમહારાજ ઘેરથી વનમાં પધાર્યા ત્યારથી દેખતાં અને સૌને કહેતાં જે ભગવાન બાળસ્વરૂપે આવે છે. બ્રહ્મચારીના જેવો વેશ છે. એક ગુટકો સાથે છે તથા એક કમંડલું સાથે છે તથા માથે પીળી બાબરી છે એવા વેશે ભગવાન તીર્થો કરતા કરતા ચાલ્યા આવે છે એમ સૌને ભવિષ્યનું કહેતાં હતાં. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૮૯)*

## મહારાજ પાંચીબાને કહે તારી એકવીશ પેઢીનું કલ્યાણ કરીશ

એક વખત મહારાજ જૂનાગઢ પધાર્યા હતા અને ત્યાં રૂપશંકર નાગરની મા પાંચીબાઈ કરીને હતાં તેણે રાતે મનમાં એવો સંકલ્પ કર્યો જે, સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે દશ વાગે નોતરું દીધા વિના જમવા આવે તો ભગવાન ખરાં; અને નવું ઉનામણું, નવી ત્રાંબાકુંડી, નવું પીતાંબર માંગી લે તો ભગવાન ખરાં અને હું કહું તેટલું જમે અને સો રૂપિઆનો વેઢ માંગી લે તો ભગવાન ખરાં. પછી તેમને તેમની એક હેતવાળી બાઈ હતી તેણે કહ્યું પછી તે બાઈ કહે ત્યારે મારે શું સંકલ્પ કરવો ? તેણે કહ્યું કે હું ખડકીનું કમાડ વાંસીને દૂધનો લોટો ભરીને ઉભી રહું અને માંગીને પીએ તો ભગવાન ખરાં. પછી સવાર પડી એટલે મૂળજી બ્રહ્મચારી તપેલીને કંટેવાળો કરવા મંડ્યા ત્યારે મહારાજ બોલ્યા જે, આજ કંટેવાળો કરશો નહીં, આજ તો ગામમાં જમવા જવાનું છે. બ્રહ્મચારી કહે મને કોઈ નોતરું દેવા આવ્યું નથી. મહારાજ કહે અમારે રાતનાં નોતરાં આવ્યાં છે. હંમેશાં બ્રહ્મચારી આગળ ચાલતા હતા પણ તે દિવસે મહારાજ કહે હું આગળ ચાલું મેં ઘર ભાળ્યું છે. પછી પેલી ડોશી દૂધનો કળશીઓ ભરી અંદર સાકર નાંખી હાથમાં લઈને ખડકી વાંસીને ઉભી હતી તેની ખડકીએ જઈને મહારાજ કહે, ડોશી ! કમાડ ઉઘાડ લાવ તારું દૂધ પીતો જાઉં, પછી તેની ખડકી ઉઘડાવીને દૂધ પીને

મહારાજ ચાલ્યા પછી પાંચી ડોશીને ઘેર જઈ મહારાજે કહ્યું જે સાંકડ ઉઘાડો ડોશીએ આવીને ઘરની સાંકડ ઉઘાડી પછી મહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. મહારાજ બોલ્યા જે દશ વાગ્યા કે નહીં ? નવા ઉનામણામાં પાણી મેલ્યું છે કે નહીં ? નવી ત્રાંબાકુંડી લાવો અને પટારામાંથી નવું પીતાંબર લાવો; પછી મહારાજ બાજોઠ ઉપર નહાવા બેઠા અને નાહીને બીજા બાજોઠ ઉપર જમવા પધાર્યા પછી થોડું જમીને મહારાજ આળસી ગયા ત્યારે પાંચી ડોશી બોલ્યા જે, જમોને મહારાજ; મહારાજ કહે બધું જમીએ તો શું આપો ? પાંચી ડોશી કહે મહારાજ અમે શું આપીએ ? મહારાજ કહે પટારામાં સો રૂપિયાનો વેઢ છે તે આપો તો જમીએ, પછી પટારો ઉઘાડી વેઢ લાવી મહારાજને પહેરાવ્યો, એટલે મહારાજ બાઈએ જેટલો થાળ કર્યો હતો તે બધો જમી ગયા પછી જમીને મહારાજને ઢોલિયા ઉપર પધરાવ્યા ત્યારે મહારાજે કહ્યું જે પાંચી ડોશી વર માંગો, ત્યારે બાઈ કહે મારા ચાર દીકરા મરી ગયા છે તે તમારા ધામમાં જાય. મહારાજ કહે તારા ચાર શું તારી એકવીશ પેઢીનું કલ્યાણ કરીશ. એમ શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને પાંચી ડોશીને વર આપ્યો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૦૭)*

## મોજડીની સેવામાં શ્રીહરિ કરશન કુંભારને તેડવા આવ્યા

અને તેજ ગામમાં લાડુબાઈ કરીને એક કાઠીયાણી બાઈ હતી તેના છોકરાને બળીયા નીકળ્યા હતા, તે વખતે તેણે સંકલ્પ કર્યો જે મારા છોકરાને સારુ થાય તો પાંચ રૂપિયા મહારાજની આગળ ભેટ મેલવા. એવી માનતા કરી હતી પછી તેણે મહારાજને માટે અઢી રૂપિયાનો થાળ કર્યો અને મહારાજને જમાડ્યા અને અઢી રૂપિયા મહારાજ આગળ ભેટ મૂકી. પછી મહારાજ બોલ્યા જે ડોશી તે માનતા કરી છે તે અઢી રૂપિયા બીજા લાવ્યને, અને તું જાણજે થાળમાં વળે પછી તેણે બીજા અઢી રૂપિયા લાવીને પાંચ રૂપિયા પુરા મહારાજ આગળ મૂક્યા તે મહારાજે હાથોહાથ લીધા ને અંતે તેડવા પધાર્યા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૨૨)*

## ભૂજના વાણિયાના ખોટા નાળિયેર બદલ તેડવા આવ્યા

ગામ ભુજમાં મહારાજ પધાર્યા હતા અને એક વાણિયે ખોટું નાળિયેર લાવીને મહારાજ આગળ મેલ્યું, પછી તેને મહારાજે હાથમાં લઈને ખખડાવ્યું અને વાણિયાને કહ્યું જે, શેઠીયા ! આ તો ખોટું છે. વાણિયો કહે મહારાજ ! મારું તો ખોટું છે પણ તમારું સાચું હોય તો મને અંતકાળે તેડવા આવજો પછી તેણે જ્યારે દેહ મેલ્યો ત્યારે તેને મહારાજ હાથમાં નાળિયેર લઈને ખખડાવતા ખખડાવતા તેડવા પધાર્યા હતાં ને કહ્યું જે શેઠીયા તૈયાર થા શેઠ કહે સ્વામિનારાયણ તમે કેવા ? મહારાજ કહે તું કહેતો હતો જે તમારું સાચું હોય તો આવજો તે સારું અમે આવ્યા છીએ એમ કહીને તેને મહારાજ ધામમાં તેડી ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૨૩)*

## કેરીની સેવાના પુણ્યે શ્રીહરિ તેડવા આવ્યા

કચ્છના હરિજન ગઢપુર મહારાજને દર્શને આવતા હતા અને નગરના રાજ્યમાં ગોપ કરીને ગામ છે તેના બગીચામાં ઉતર્યા હતા અને ત્યાં આંબાના ફળ સારાં ભાળી તે હરિભક્તોએ આંબાના રખેવાળને કહ્યું જે, બે કેરીઓ આપીશ ? ત્યારે રખેવાળ બોલ્યો જે કેરીઓ તમારા મોઢાં ખાય તેવી નથી આ તો મોતીયું વાળો જામ ખાય તેવી છે ત્યારે હરિભક્ત બોલ્યા જે અમારે સ્વામિનારાયણ ભગવાન સારું લઈ જવી છે. ત્યારે રખેવાળ બોલ્યો કે, જો ભગવાન સારું લઈ જવી હોય તો હું બે કરીયું મારી વતી વધારે આપું, પછી તેણે બે સારી જોઈને કેરીઓ આપી. પછી તે હરિભક્તોએ ગઢપુર આવીને મહારાજને તે કેરીઓ આપી અને મહારાજ કેરીઓ જમીને બહુ જ રાજી થયા પછી તે રખેવાળે દેહ મેલ્યો ત્યારે, તેને મહારાજ હાથમાં કેરીઓ લઈને તેડવા આવ્યા હતા. ત્યારે તેણે કહ્યું જે સ્વામિનારાયણ તમે કેવા ? ત્યારે મહારાજ કહે કે દેખ તારી કેરીઓ, પછી તેને વિમાનમાં બેસાડીને ધામમાં તેડી ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૨૪)*

## ગઢડાના દરવાજાનો ગુણ લીધો તેથી તેડવા પધાર્યા

આ ગામ આટકોટનો ભરવાડ હતો તે ગઢપુર આવ્યો હતો અને ગોપીનાથજી મહારાજનાં દર્શન કરીને બહુ રાજી થયો, અને મંદિરનો દરવાજો જોઈને સૌને કહેવા લાગ્યો જે આવો દરવાજો મેં ક્યાંઈ જોયો નથી પછી તેણે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેને તેડવા પધાર્યા. ત્યારે તે ભગત બોલ્યો કે મહારાજ તમે કેવા ? મહારાજ કહે તું કહેતો હતો જે સ્વામિનારાયણના મંદિરનો દરવાજો બહુ સારો છે, તે સારું અમે તને તેડવા આવ્યા છીએ પછી તેને વિમાનમાં બેસાડીને ધામમાં તેડી ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૨૫)*

## ભક્તની સેવા કરવાથી મહારાજ તેડવા આવ્યા

ગામ કારિયાણીમાં વીરદાસ કરીને કણબી ભગત હતા અને તે ગામમાં પટેલ હતા, પછી તે નદીએ નહાવા ગયા હતા ત્યાં ગામના કોઈ માણસે આવીને ખારાથી તેને વાંસો ચોળીને નવરાવ્યા, પછી વીરદાસ ભગત બોલ્યા જે તું મને ભગત જાણીને નવરાવે છે કે પટેલ જાણીને ? ત્યારે તે માણસે કહ્યું જે, તમને ભગત જાણીને નવરાવું છું. પછી તેણે દેહ મેલ્યો ત્યારે તેને મહારાજ તેડવા પધાર્યા તે બોલ્યો જે સ્વામિનારાયણ તમે કેવા ? મહારાજ કહે તે વીરદાસ ભગતને શરીર ચોળીને નવરાવ્યા હતા તે સારુ તને તેડવા આવ્યા છીએ માટે તૈયાર થા પછી તેને વિમાનમાં બેસાડીને ધામમાં તેડી ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૨૬)*

## શેરડીના બે સાંઠાની સેવામાં તેડવા આવ્યા

ખોખરી ગામમાં કરશન બાંભણીયો કરીને હરિભક્ત હતો તેણે શેરડીના બે સાંઠા પડછા સોતાં લાવીને મહારાજને આપ્યા પછી તેણે દેહ મેલ્યો ત્યારે મહારાજ માણકી ઘોડીએ ચડીને હાથમાં શેરડીના બે પડછા સોતા સાંઠા લઈને તેડવા પધાર્યા. મહારાજ કહે કરશન તૈયાર થા અને જો આ તારા સાંઠા પછી તેને વિમાનમાં બેસાડીને ધામમાં તેડી ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૨૭)*

## સંતોની દવામાં બકરીનું દૂધ આવ્યું તેથી તેડવા આવ્યા

પણ ગામ આંબામાં નિત્યાનંદ સ્વામી પધાર્યા હતા અને તેમને રાતના બાર વાગે દૂધ જોઈતું હતું, પણ બીજે ક્યાંઈ દૂધ મળ્યું નહીં પછી એક ભરવાડની બકરીને દોઈને દૂધ લાવ્યા. પછી તે બકરીએ જયારે દેહ મેલ્યો ત્યારે મહારાજ તે બકરીને તેડવા પધાર્યા, ત્યારે દેવસી ભગત લુવાર હતો તે બોલ્યો કે આ બકરીનું શું પુણ્ય ? મહારાજ કહે નિત્યાનંદ સ્વામીને એનું દૂધ કામ આવ્યું હતું તે પુણ્ય કરીને અમે તેને તેડવા આવ્યા છીએ એમ પશુનું પણ કલ્યાણ કર્યું. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૨૮)*

## ઈચ્છારામભાઈની દવા માટે હરડે આપનાર વાણિયાને તેડવા આવ્યા

ગઢપુરમાં ઈચ્છારામજી મહારાજ માંદા હતા તેમને માટે હરડે જોઈતી હતી તે એક વાણિયે આઠ આના લઈને હરડે આપી પછી તે વાણિયે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેને તેડવા આવ્યા, ત્યારે વાણિયો બોલ્યો જે સ્વામિનારાયણ તમે કેવા ? ત્યારે મહારાજ કહે તે ઈચ્છારામજી સારુ હરડે આપી હતી ત્યારે વાણિયો કહે મેં આઠ આના લઈને આપી હતી ત્યારે, મહારાજ કહે બાર આના કેમ લીધા નહીં ? મારા ભાઈને આપી તેને માટે તૈયાર થઈ જાય પછી વિમાનમાં બેસાડી ધામમાં તેડી ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૨૯)*

## ગઢપુર મંદિરના પાયામાં એક મણનો પથ્થર નાખવાથી જમાદારને તેડવા આવ્યા

ગઢપુરમાં મહારાજ શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર કરાવતા હતા પછી મહારાજ સભામાં બોલ્યા જે કોઈ શેરનો પાણો નાંખે તેને અમારે તેડવા આવવું, તે સમે સભામાં અલીયાસ કરીને એક જમાદાર બેઠો હતો તે ઘેલામાંથી એક મણનો પાણો ઉપાડીને લાવ્યો અને મહારાજને કહ્યું કે, સ્વામિનારાયણ દેખો આ હું એક પાણો મંદિરના પાયામાં નાંખું છું મહારાજ કહે બહુ સારુ. પછી તેણે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેને તેડવા પધાર્યા ત્યારે અલીયાસ બોલ્યો

જે સ્વામિનારાયણ તમે કેવા ? ત્યારે મહારાજ કહે તે મંદિરના પાયામાં એક પાણો નાખેલો છે તે પુણ્ય કરીને તેડવા આવ્યા છીએ માટે તૈયાર થઈ જાઓ પછી તેને શ્રીજીમહારાજ ધામમાં તેડી ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૩૦)*

## સોઢીની બીબડીને દાતણની સેવામાં તેડવા આવ્યા

શ્રીજીમહારાજ સવારના પહોરમાં ગામ સોઢીને પાદર પધાર્યા ને તળાવને કાંઠે નહાવા સારૂ ઉતારો કર્યો ત્યારે મહારાજે સુરા ખાચરને કહ્યું જે, સુરા ખાચર ! બાવળીયાનાં દાંતણ હોય તો અહીંયા કરીયે તે સાંભળી સુરા ખાચર ગામમાં ગયા અને એક તરકડી બેઠી હતી તેને પૂછ્યું કે અહીંયા બાવળના દાતણ મળશે ? તે સાંભળીને તે બાઈ બોલી જે એવો કોણ રસીયો છે ? જે આ ભાલમાં બાવળનું દાતણ માંગે છે ? સુરો ખાચર કહે ખુદા છે, ત્યારે બાઈ કહે જો ખુદા હોય તો હું આપુ પછી તેણે એક બાવળીયો પાણી પાઈને દાંતણ થાય તેવડો ઉછેરીને કર્યો હતો તેને કાપીને તે બાઈ સુરા ખાચરની સાથે મહારાજને દાતણ દેવા આવી અને મહારાજને દાતણ દઈને બોલી જે હે સ્વામિનારાયણ ! મને તેડવા આવજો. મહારાજ કહે બહુ સારુ પછી તેણે દેહ મેલ્યો ત્યારે દાતણ લઈને મહારાજ તેને તેડવા પધાર્યા. બાઈ કહે સ્વામિનારાયણ તમે કેવા ? ત્યારે મહારાજ કહે દેખ તારું દાતણ એમ કહીને વિમાનમાં બેસાડીને ધામમાં તેડી ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૩૧)*

## બરવાળા મંદિરની ગારચ કરવાથી તેડવા આવ્યા

ગામ બરવાળામાં એક બાઈએ ત્રણ ત્રણ આના દાડી લઈને મંદિરમાં ગાર કરી હતી પછી તેણે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેને તેડવા પધાર્યા ત્યારે બાઈ કહે સ્વામિનારાયણ તમે કેવા ? ત્યારે મહારાજ કહે તે મારું મંદિર લીંપ્યું છે ત્યારે બાઈ કહે મેં ત્રણ ત્રણ આના દાડી લઈને ગાર કરી છે ત્યારે મહારાજ કહે છ છ આના કેમ લીધા નહીં પણ અમારા મંદિરમાં ગાર કરી છે માટે ચાલો એમ કહીને વિમાનમાં બેસાડીને ધામમાં તેડી ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૩૨)*

## ખંભાતમાં અપકાર કરનાર બાઈને તેડવા આવ્યા

ગામ ખંભાતના સાધુ ઝોળીયે ગયા હતા અને એક પટેલને ઘેર નારાયણ હરે કહીને ઉભા રહ્યા તે વખતે તે બાઈ ધોળ કરતી હતી તેણે ક્રોધ કરીને સાધુ સામું ગારવાળું પોતું ઉડાડ્યું અને બોલી કે મારા પીટ્યા મુંડીયા લાગ્યા છે પછી તે પોતું સાધુ ઉતારે લઈ ગયા અને તળાવમાં ધોઈને તેના દોરા કાઢીને વાટ્યું કરીને ઠાકોરજી પાસે દીવા કર્યા પછી તેણે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેને તેડવા પધાર્યા ત્યારે તે બાઈ બોલી જે સ્વામિનારાયણ તમે

કેવા ? મહારાજ કહે તારા પોતાના દોરાના તો મારી આગળ ઘીના દીવા કર્યા છે તે પુણ્યે કરીને તેડવા આવ્યા છીએ માટે તૈયાર થા એમ કહી તેને વિમાનમાં બેસારીને ધામમાં તેડી ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૩૩)*

## પાણી પાવાથી મહારાજે સાત પેઢીનું કલ્યાણ થાશે એવો વર આપ્યો

મહારાજ વડતાલ પધારતા હતા અને ભાલમાં જતાં તરસ્યા બહું થયા. પછી મહારાજે સુરા ખાચરને કહ્યું જે મને તરસ બહુ લાગી છે, તે સાંભળી સુરો ખાચર બોલ્યા જે મહારાજ લ્યો હું પાણી લાવું, પછી એક કણબીનો છોકરો છેટે સાંતી હાંકતો હતો તેને સુરા ખાચરે દીઠો અને ઘોડું દોડાવી ત્યાં ગયા ત્યાં સુરા ખાચરને દેખીને છોકરો બળદીયાની ઓથે બેસી ગયો. સુરા ખાચરે તેને કહ્યું કે છોકરા ! ત્યારે છોકરે કહ્યું કે ભાઈસાહેબ મને મારશો નહીં ત્યારે સુરો ખાચર બોલ્યા જે મારે તને મારવો નથી પણ મારે પાણી જોઈએ છીએ તે આપીશ છોકરો કહે કે, આજ નવી બતક ભરીને લાવ્યો છું, પછી તે છોકરાને સાથે લઈને સુરો ખાચર પાણીની બતક લેવરાવીને મહારાજની પાસે આવ્યા અને રસ્તામાં છોકરાને કહ્યું કે, તારું પાણી પીને મહારાજ બહુ રાજી થાશે માટે તું કાંઈક માંગ્યેજે ત્યારે છોકરો કહે શું આપે ? સુરો ખાચર કહે જે માંગીશ તે આપશે. છોકરો કહે કે મારે એક સો વિઘા જમીન છે અને બીજી સો વિઘા જમીન આપે તો સુખેથી ખેડી ખાઉં. તેને સુરા ખાચરે કહ્યું કે તે તો આંહીને આંહી પડ્યું રહેશે, માટે તારા જીવનો મોક્ષ માંગને પછી પાણી પીને મહારાજ બહુ રાજી થયાં પછી મહારાજ કહે આ કોનું પાણી છે ? સુરો ખાચર કહે આ છોકરો ઉભો તેનું છે. પછી તે છોકરાને મહારાજે પાસે બોલાવીને કહ્યું જે છોકરા તું વર માંગ્યું ત્યારે છોકરે કહ્યું કે મારા જીવનું કલ્યાણ થાય ત્યારે મહારાજ કહે તારી સાત પેઢીનું કલ્યાણ થાશે જા, એમ પાણીમાં રાજી થયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૩૪)*

## નાવડામાં મંદિર બંધાવનાર હીરા શેઠને તેડવા આવ્યા

ગામ નાવડામાં એક બાઈ જયારે ત્યાં સાધુ ફરવા આવે ત્યારે તેમનું પાણી ભરી આપતી અને તે ગામમાં હીરો શેઠ મંદિર કરાવતા હતા પછી તે બાઈને સમાધિ થઈ અને અક્ષરધામમાં ગઈ ત્યાં અક્ષરધામમાં હીરાશેઠના મહોલ ચણાતા હતા તેને જોઈને તે બાઈએ મહારાજને પૂછયું કે મહારાજ ! આ કોના મહોલ ચણાય છે ? ત્યારે મહારાજ કહે કે હીરો શેઠ અમારું મંદિર ત્યાં ચણાવે છે તેમના સારું અહીંઆ સોનાના મહોલ કરાવીએ છીએ, પછી બાઈએ મહારાજને પૂછયું કે ક્યારે પૂરા થશે ? મહારાજ કહે આજથી છ મહીને પૂરા થશે. પછી તે બાઈ સમાધિમાંથી બહાર આવી અને હીરા શેઠને તે વાત કરી જે તમે તો અહીં પથરનું મંદિર કરાવો છો અને

તમારા સારું ત્યાં સોનાનું મંદિર મહારાજ કરાવે છે, અને હીરા માણેક અને મોતીનાં તોરણ તેમાં બંધાવ્યા છે. શેઠ કહે મહારાજે કાંઈ કહ્યું છે, બાઈ કહે હા છ મહીને આ મહોલ પુરા થશે તે સાંભળીને શેઠે તે વાર તિથિ ચોપડીમાં લખી રાખી અને પોતે ચોમાસાના વખતમાં ધંધુકે કામ પ્રસંગે ગયા હતા ત્યાં પોતાને તાવ આવ્યો પછી તેમણે પોતાના દીકરા ઝીણાભાઈને પૂછ્યું કે, ઝીણા ! ઓલી ડોશીએ કહ્યું છે તેમાં કેટલા દિવસ બાકી છે ? ઝીણા શેઠે ચોપડો જોઈને કહ્યું બાપા ત્રણ દિવસ બાકી છે પછી પોતે ચોમાસાની ઋતુ હતી તેથી ગાડાં ચાલે નહીં તેથી પાડા ભાડે કરીને પોતાને ઘેર આવ્યા અને છ મહિના પુરા થયા તે દિવસે શ્રીજીમહારાજ તેડવા પધાર્યા અને ધામમાં લઈ ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૩૫)*

## સ્વામિનારાયણ નજર રખીયો

નાવલી ગામને પાદર શ્રીજીમહારાજ સ્વારો સહિત નીકળ્યા અને ઘોડાને પાણી પાવા માંડ્યા ત્યારે એક તરકડી બોલી જે “સ્વામિનારાયણ નજર રખીઓ‘ ત્યારે મહારાજ કહે બહુ સારુ સુરો ખાચર બોલ્યા જે શું ખબર રાખશો ? ત્યારે મહારાજ બોલ્યા જે તમારી સાથે એનું કલ્યાણ કરશું. સુરો ખાચર બોલ્યા જે અમે ઘરબાર મૂકીને તમારી સાથે ફરીએ છીએ, મહારાજ કહે કે, તેણે મને ભગવાન જાણ્યો તેથી કેમ તમને કોઈને ન કહ્યું જે ખબર રાખજો માટે તમારી સાથે એનું કલ્યાણ કરવું છે. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૩૭)*

## વડોદરામાં એકબાઈને કીર્તનની સ્મૃતિમાં તેડવા આવ્યા

વડોદરામાં મંદિર પાસે એક બાઈ રહેતી હતી અને સાધુ કીર્તન બોલતા ‘જે સગપણ હરિવરનું સાચું” એ કીર્તનનું પદ તે બાઈ નિરંતર બોલ્યા કરતી હતી પછી તેને દેહ મેલવા વખત થયો ત્યારે શ્રીજીમહારાજ વિમાન લઈને તેડવા પધાર્યા ત્યારે બાઈ બોલી જે સ્વામિનારાયણ તમે કેવા ? મહારાજ કહે કે તું કહેતી હતી જે “સગપણ હરિવરનું સાચું” તે હરિવર તો હું છું તે સગપણે કરીને આવ્યો છું તે તૈયાર થઈ જા પછી વિમાનમાં બેસારીને તેને ધામમાં લઈ ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૩૮)*

## શ્રીજીમહારાજનો કોલ ખોટો ન થયો

એક દરજી હતો તેને શ્રીજીમહારાજે કહ્યું કે તું વર્તમાન ધારય ત્યારે તે બોલ્યો કે મને કોલ દ્યો જે મને તેડવા આવવું, તો હું વર્તમાન ધારું. પછી મહારાજ કહે કે જા મારો કોલ છે, પછી તે વર્તમાન ધારી સત્સંગિ થયો અને તે વાસનિક બહુ હતો તેથી તેનાં આવરદાનાં દશબાર વરસ બાકી હતાં ત્યારથી મહારાજે અગાઉથી ચેતવણી આપી અને પછી જ્યારે મહારાજ વિમાન લઈને તેડવા આવ્યા અને કહ્યું જે, ભગત તૈયાર થા તને તેડવા આવ્યો છું. ત્યારે

ભક્ત કહે કે, મહારાજ ! હમણાં હું ઘરધ્યો છું તે સાંભળી મહારાજ પાછા ચાલ્યા ગયા. પછી થોડા દિવસ થયા પછી ફરીવાર મહારાજ તેડવા આવ્યા અને કહ્યું જે ભક્ત તૈયાર થા ત્યારે તે ભક્તે કહ્યું કે, મહારાજ ! દીકરો આવ્યો છે એમ કહીને તે ન ગયો. પછી જ્યારે મહારાજ ત્રીજી વખત તેડવા પધાર્યા ત્યારે ભક્તે કહ્યું કે, મહારાજ ! ગગો પેઢી સાચવે તેવો થશે ત્યારે આવીશ. પછી મહારાજે જાણ્યું કે આ વાસનિક છે માટે નીકળશે નહીં અને મારો કોલ છે તે ખોટો પણ થાય નહીં. પછી ત્રણેને મહારાજે ટૂંટીયાનો રોગ પ્રેર્યો અને દરજીને દેહ મેલાવીને વિમાનમાં બેસાર્યો ત્યારે દરજી કહે મહારાજ મારો ગગો ક્યાં ? ત્યારે મહારાજ કહે કે દેખ આ તારો ગગો. વળી દરજી કહે કે ગગાની મા ક્યાં ? ત્યારે મહારાજ કહે કે આ ગગાની મા ત્યારે ગગાનો બાપ બારો નીકળ્યો એવો જીવ વાસનિક છે એમ ત્રણેને દેહ મેલાવી મહારાજ તેડી ગયા અને પોતાનો વર સત્ય કર્યો. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૫૭)*

## શ્રીહરિ જાંબુડા ગામમાં હીરા આયરને બીજીવાર તેડવા પધાર્યા

ગામ જાંબુડામાં હીરો કરીને આયર હરિભક્ત હતો તેને શ્રીજીમહારાજે વર્તમાન ધરાવ્યાં હતાં, પછી તેણે દેહ મેલ્યો ત્યારે મહારાજ તેડવા પધાર્યા અને સૌને કહ્યું કે મહારાજ મને તેડવા આવ્યા છે ને તેમના ભેગો હું ધામમાં જાઉં છું. પણ પોતાના છોકરામાં બહુ વાસના હતી અને વિમાનમાં બેઠો પછી મહારાજે તેને પૂછવું જે હીરા તારે કાંઈ વાસના છે ? ત્યારે હીરો કહે મહારાજ ! ઝીણીયાને પરણાવવો છે તે સાંભળી મહારાજે તરત તેને વિમાનમાંથી હેઠે નાંખ્યો અને દેહ બાંધ્યું હતું તે સળવળ્યું એટલે તેને છોડી નાંખ્યું અને જાગૃત થયો પછી સૌએ પૂછયું કે મહારાજ; તને તેડવા આવ્યા હતા ત્યારે હીરા ભગતે કહ્યું કે મારે ઝીણીયાને પરણાવવાની વાસના હતી તેથી મને મૂકીને ગયા. પછી તે છોકરો વાઢમાં ખડ નીંદવા ગયો હતો ત્યાં તેને વીંછી કરડ્યો તેથી તે મરણ પામ્યો, અને હીરો ભગત પછવાડે ઘણાં વરસ જીવ્યો અને બહુ હેરાન થયો પછી વિહારીલાલજી મહારાજ ત્યાં પધાર્યા હતા તેમની પ્રાર્થના કરીને કહ્યું કે તમે મહારાજને કહો એટલે મને તેડી જાય, પછી વિહારીલાલજી મહારાજે કહ્યું જે જાઓ તમને હવે શ્રીજીમહારાજ ધામમાં તેડી જશે પછી તેના અંત સમે શ્રીજીમહારાજ તેને તેડી ગયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૫૮)*

## ડાંગરવામાં અગરોજીને વાસના નડી તેથી શ્રીહરિ ફરીવાર તેડવા આવ્યા

ગામ ડાંગરવામાં અગરોજી તથા અમરોજી બે કાકો ભત્રીજો ગરાસિયા હતા. પછી અગરોજીને શ્રીજીમહારાજ અંત સમયે તેડવા પધાર્યા અને વિમાનમાં બેસારીને ચાલ્યા. પણ

પોતાને કૂવામાં તથા વાડીમાં વાસના હતી તેથી પોતે વિમાનમાંથી ઊતરી ગયા અને પોતાની વાડીએ આવીને રહ્યા. પછી તેમના ભત્રીજા આંબા નીચે ખાટલો ઢાળીને સુતા હતા તે વખતે અગરોજી સાદ કરવા લાગ્યા, જે અમરા ! એ અમરા ! તે સાંભળી અમરે વિચાર કર્યો કે મને કોઈ અમરો કહેતું નથી પણ મારા કાકાના જેવો સાદ છે તે રખેને આંહીયાં પાછા આવ્યા હોય ? પછી તેણે પૂછ્યું કે તમે કોણ છો ? ત્યારે તેણે કહ્યું કે હું તારો કાકો છું ત્યારે અમરો ભક્ત બોલ્યો જે તમે કહેતા હતા જે મહારાજ તેડવા આવ્યા છે ને તેમની સંગાથે વિમાનમાં બેસીને હું ધામમાં જાઉં છું એમ કહેતા હતા ને પાછા કેમ આવ્યા ? ત્યારે તેણે કહ્યું કે મારે વાડીમાં તથા કૂવામાં વાસના હતી તેથી આંહી રહ્યો . પછી તેણે કહ્યું કે હવે શું કરવું ? પછી બન્ને જણે છ મહિના સુધી મહારાજની પ્રાર્થના કરી એટલે તેને ધામમાં તેડી ગયા માટે પદાર્થમાં વાસના રાખવી નહિ. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૯૧)*

## ડાંગરવામાં દૂધ દહીં ન ખૂટે તેવો વર આપ્યો

ગામ ડાંગરવામાં શ્રીજીમહારાજ પધાર્યા હતા અને ત્યાં જતન ફઈ કરીને એક કણબી બાઈ ભક્ત હતાં અને ગામ વડેહવાના પટેલ ગોવિંદ હતાં તે પણ મહારાજને તેડવા માટે આવ્યા હતા, અને સાથે પરમહંસ હતા. પછી મહારાજ કહે અમને જે દહીં દૂધમાં તાણી કાઢે તેને ઘેર જઈયે ત્યારે જતન બાઈ કહે મહારાજ ! તમારા સાધુને હું દહીં દૂધમાં તાણી કાઢું. મહારાજ કહે જો, ખુટે તો તારા હોકારા કરાવું. ત્યારે જતનબાઈ કહે કે જો વધે તો હું તમારા હોકારા કરાવું. પછી જતનફઈએ ફરતે ગામડેથી દૂધ ભેગું કરાવ્યું અને તેની મોટી કચરાની ગોળીયો ભરીને મેળવ્યું અને સવારમાં ફરતા ગામનું તથા ગામનું દૂધ ભેગું કરાવ્યું અને પછી રસોઈ કરાવીને સંતની પંક્તિ કરાવી. પછી મહારાજ પંક્તિમાં દહીં દૂધ ફેરવવા મંડ્યા તે ક્યાંઈ ધાર ખેંચે નહીં તે જોઈ જતન ફઈ બોલ્યાં જે મહારાજ ! ઢોળવા સારું ભેગું કર્યું નથી, પણ સાધુને જમાડવા ભેગું કર્યું છે તમે જાણો કે ઢોળીને બાહું ને ખુટાડું પછી મહારાજ દહીંનું દોણું લેવા પધાર્યા ત્યારે જતન ફઈએ દોણાનો કાંઠો ઝાલી રાખ્યો અને મહારાજને કહ્યું જે ઢોળવા નહીં દઉં એમ બન્ને જણા ખેંચતાણ કરતાં દોણું ફુટી ગયું તે જતન ફઈના હાથમાં એક કાંઠો રહ્યો અને મહારાજ બીજું દોણું લઈને પીરસવા મંડ્યા અને જતન ફઈએ બીજી વાર ગોળીયું દહીં તથા દૂધની મહારાજથી છાની રાખી હતી. પછી મહારાજ કહે જતન હવે જો તારા હોકાંરા કરાવું કે જતન ફઈ કહે જુઓ આ ચાર ગોળીઓ ભરેલી છે. પછી મહારાજ કહે જતન કાંઈ વર માગ્ય ! પછી જતન ફઈ કહે મહારાજ ! મારે ઘરે મરે તેવું કલ્યાણ થાય. મહારાજ કહે, તારા ઘરે પશુ મરશે તેનું પણ કલ્યાણ થાશે ને આજથી તારે ઘરેથી દહીં

દૂધ નહીં ખૂટે એમ કહી મહારાજ રાજી થયા. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૩૨૧)*

**દેવરાજ પટેલને મહારાજે કહ્યું કે આજથી એક મહિને તેડવા આવશું**

ગામ બાબાપર વાંકીયાનો કણબી દેવરાજ કરીને હરિભક્ત હતો તેને શ્રીજીમહારાજે આવીને કહ્યું કે આજથી એક મહિને તને તેડવા આવશું ! તે સાંભળીને તે ઘણો જ રાજી થયો ! પણ પછી બે દિવસ થયા પછી પોતાને વિચાર થયો જે અરેરે આ બધું મેલીને મારે જવું પડશે ! એમ જાણીને પોતે અન જળનો ત્યાગ કરી દીધો અને પછી ગાડું જોડાવીને પોતાનાં માતા-પિતા તથા સ્ત્રીને સાથે લઈને ગામ આંબે દેવસીભક્ત પાસે આવ્યો અને ભાભાને પગે લાગીને કહ્યું કે ભાભા ! મેં આઠ દિવસથી અને ખાધું નથી ! માટે તમો કહો તો હું ગઢપુર રસોઈ આપું ! અને કહો તો જૂનાગઢ રસોઈ આપું ! પણ મહારાજ હમણાં મને મેલી જાય ! ભાભો કહે બહુ સારુ તારે માટે જો તારો બાપ જાય તો તને મેલી જાય ! દેવરાજ કહે હા એ ઠીક ! મારો બાપ તો વૃદ્ધ થયા છે ! પછી તેણે તેના બાપને પૂછયું કે જો તમે મારે સાટે જાઓ તો મહારાજ મને તેડી ન જાય ! ત્યારે તેનો બાપ બોલ્યો કે મારે ને તારે શું લેવા દેવા છે ? તું તો પરણીને તરત નોખો થયો છું ! અને વળી કોઈ કોઈને માટે જાય ? એ તો માથે પડી તે ભોગવે ! પછી ભાભા પાસે જઈને કહ્યું, જે મારો બાપ તો આવો ઉત્તર આપે છે ! તે પછી ભાભે કહ્યું કે તારી મા જો જાય તો તને મેલી જાય ! પછી તેણે તેની માને કહ્યું જે, મા ! તમે મારે સાટે જાઓ તો મહારાજ મને મેલી જાય ! ત્યારે તેની મા બોલી જે ગાંડો થયો કે શું ? હું એક સાડલો ફાડીશ તે સારુ મારું મોત બગાડીશ ? તારી ઘરવાળીએ મને કોઈ દિવસ પાણીનું બેડું ભરી દીધું છે ? અને બે ભેંસો દુઝે છે ! પણ કોઈ દિવસ લોટી દૂધ આપ્યું છે ? તે હું અત્યારે તારે સાટે જાઉં ? પછી તેણે ભાભાને વાત કરી જે મારી મા તો આમ કહે છે ! ત્યારે ભાભો કહે તારી ઘરવાળી જો જાય તો તને મેલી જાય ! તે તારી અર્ધાગના કહેવાય ! પછી દેવરાજે તેની ઘરવાળીને કહ્યું જે, તું મારે સાટે ધામમાં જા તો મને મહારાજ મેલી જાય ! અને હું સાટે બીજું ઘરવાળું કરીશ ! અને છોકરાં સાચવીશ ! ત્યારે તે બાઈ બોલી જે "મુવા તમારાં છોકરાં, હું તો તમારા તેરમા સુધી જ રહેવાની છું !" પછી હું તો તારે ઘરે જ રહેવાની નથી ! પછી તે ઉદાસ થઈને ભાભા પાસે આવ્યો અને બધી વાત તેમને કરી. ભાભો કહે જે તપાસ્ય ! આમાં તારું કોઈ છે ? પછી તેને ભાભે કહ્યું જે ગઢપુર જઈને રસોઈ દેજે એટલે મહારાજ તને તેડવા નહીં આવે. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૦૫૫)*

## આંબા ગામના મેઘજીને તેડવા આવ્યા

આંબા ગામમાં મેઘજી કરીને કણબી હતો તેને દેહ મેલવા આડા આઠ દિવસ હતા ત્યારે મહારાજે દેવસીભગતને દર્શન દઈને કહ્યું, જે આજથી આઠમે દિવસે મેઘજીને તેડવા આવશે તે વાત ભગતે મેઘજીને કરી જે આજથી આઠમે દિવસે મહારાજ તને તેડવા આવશે ! પછી આઠ દિવસ થયા એટલે મહારાજે તેના માતા-પિતાને દર્શન દઈને કહ્યું કે અમે મેઘજીને તેડવા આવ્યા છીએ ! તેના માતા-પિતા બહુ સારાં સત્સંગિ હતાં તેથી તેમણે મહારાજને કહ્યું જે સુખેથી તેડી જાઓ તમો ધામમાં તેડી જાઓ તેમાં તો અમે રાજી થયાં છીએ ! *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૦૫૬)*

## વેશ્યાએ ઘઉં દળી આપ્યા તે બદલ તેડવા આવ્યા

જેતલપુરમાં યજ્ઞ થવાનો હતો. દરેક સ્થળેથી સંતો હરિભક્તો આવવાનાં હતા. તેમની સઘળી વ્યવસ્થા કરવાની હતી. આખું ગામ સહકાર આપે તો જ આવડું આભ જેવડું કામ સરળતાથી પાર પડે. શ્રીહરિ સ્વયમ્ આ કામમાં ધ્યાન આપતા હતા.

શ્રીહરિ ઘઉં લઈને ઘરે ઘરે દળવા માટે આપે. શ્રીહરિનું કામ સહુ ઉમંગથી કરે. ઘઉં દળવા લાગ્યા. નાથી નામની એક પતિતા સ્ત્રીનાં હૃદયમાં આ સેવાનો લ્હાવો લેવાનો મનોરથ જાગ્યો. તેને થયું “જો ગંગા આંગણે આવે છે તો મનખા દહેતમાં ઝબોળીને શા માટે પવિત્ર ન કરવો ? આવું પરોપકારી પરંતુ પાવનકારી કામ પછી જિંદગીભર ન પણ મળે ! તો આવેલો અવસર શા માટે જવા દેવો ! ” મન સાથે મક્કમ નિર્ધાર કરીને નાથીબાઈ ઘઉં લેવા માટે શ્રીહરિ પાસે આવ્યાં.

નાથીબાઈને આવેલાં જોઈને સહુ તેમને તિરસ્કારવા લાગ્યા. તેની છાયામાં પણ ન આવી જવાય માટે આઘાપાછા થવા લાગ્યા. કેટલાક તુંડમિજાજીઓ ગાળો દેવા લાગ્યા. નાથીબાઈ તો ઓઝપાતી ઓઝપાતી એકબાજુ ઊભી રહી, નિરાધાર નિઃસહાય માનવીની જેમ !

બહાર કોલાહલ સાંભળી શ્રીહરિ જાતે જ બહાર આવ્યા. શ્રીહરિને જોતાં જ સહુ શાંત થયા. એક પાખંડી માણસ આગળ આવ્યો. તેણે કહ્યું, પ્રભુ ! આપણા આ પવિત્ર યજ્ઞને અભડાવવા આ બાઈ આવી છે. એનાં કર્મો હીન છે. તેનાં નીચ કર્મો જોતા લાગે છે કે તે આપણા યજ્ઞ માટે ઘઉં નહીં દળી શકે !

શ્રીહરિ સ્મિત કરતા બોલ્યા, “ભક્તો તમે એક વાત સમજી લો. જન્મથી કોઈ શુદ્ર નથી કે કોઈ બ્રાહ્મણ નથી ! સહુ પોતાનાં કર્મોથી જ ફળ ભોગવે છે. વળી કોઈ સંજોગોમાં નીચ કર્મ થયું હોય ત્યાર બાદ સાચા દિલથી પસ્તાવો થયો હોય તો અંતે તે વ્યક્તિ નિર્મળ જ

થાય છે. આ બાઈ અહીં માત્ર સેવાભાવથી જ આવી છે. વળી તે પાપકર્મનો પસ્તાવો કરે છે તો પાપ ક્યાં રહ્યું ? તેનામાં અત્યારે તો સેવાભાવ જ દેખાય છે માટે તેને ઘઉં દળવા આપો.'' શ્રીહરિની આજ્ઞાને સહુએ મસ્તકે ચડાવી.

નાથી વેશ્યા શ્રીમંત હતા પરંતુ સંગદોષને લીધે અધોગમન થઈ ગયું હતું. પ્રભુની સેવા કરવાનો તેને અભરખો જન્મ્યો. તેથી ઘઉં દળી આપવા આવી હતી. શ્રીહરિ તો અધમોદ્ધારક હતા. તેથી યજ્ઞનું કામ નાથીબાઈને પણ સોંપ્યું.

નાથીબાઈ ઘરે આવ્યા. ઘઉં દળવાનું કામ કોઈ નોકરને ન આપ્યું. જાતે દળવા બેઠાં. કોઈ દિવસ હાથે પાણી પણ પીધું ન હતું તે આજે ઘઉં હાથે દળવા બેઠા ! તેમનાં કુમળાં હાથોની સુકોમળ હથેળીઓમાં ઘારાં પડ્યાં ફોલ્લામાંથી ! લોહી વહેવા લાગ્યું પણ દળવાનું કામ ન છોડ્યું. પ્રભુએ આપેલું કામ સવાર સુધીમાં પુરું કરી આપવું હતું. ને એ રીતે પોતાનાં પાપકામોને આ સેવાયજ્ઞની પાવક જ્વાળાઓમાં ભસ્મીભૂત કરવાં હતાં. તેમને હાથમાં ઉઠતાં ફોલ્લાઓની દરકાર નથી. તેમને હાથમાંથી ઝરતા લોહીની દરકાર નથી. દરકાર છે પોતાનાં પાપકર્મોને ધોઈ નાંખવામાં.

સવારે નાથીબાઈ લોટનો ટોપલો લઈને શ્રીહરિ પાસે આવ્યાં. ઘઉં પોતે જ દળ્યાં છે તેની સાબિતી રૂપે સૂઝી ગયેલાં હાથ બતાવ્યા. શ્રીહરિ કરુણાભર નેત્રોથી આ ભક્તને જોઈ રહ્યા. ત્યાં હાજર રહેલા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને ઉદ્દેશીને કહ્યું, 'આ નાથીબાઈનું તમારી સાથે જ કલ્યાણ થઈ ગયું.

હાજર રહેલો ભક્તસમુદાય આશ્ચર્યસ્તબ્ધ બન્યો. મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને પણ સુખદ આશ્ચર્ય થયું. તેઓએ કહ્યું, અમોએ આખું જીવન આપને અર્પણ કર્યું છે. તમારી પાછળ પાછળ ફરીએ છીએ. ત્યારે એક ટોપલો ઘઉં દળી આપનારનું અમારી સાથે કલ્યાણ કરવાની આપની ઈચ્છા તો આપને વધારે સ્પષ્ટ અર્થમાં પતિતપાવન અને અધમોધ્ધારક સિધ્ધ કરે છે. આપને તો કરોડો પ્રણામ હો.' જ્યારે નાથીબાઈ સભામાં આવતાં હતાં ત્યારે ઊભી થઈ ગયેલી બાઈઓને ઉદ્દેશીને શ્રીહરિએ કહ્યું, 'તમે શા માટે ઊઠો છો ?આ બાઈ તો અક્ષરધામમાં તમારી મોખરે બેસવાની છે.'

નાથીબાઈનો તિરસ્કાર કરનાર સહુ કોઈ શરમિન્દા બન્યા !

શ્રીહરિ કહે આ નાથી રામાવતારમાં સુરપણખા થઈ. કૃષ્ણાવતારમાં કુબ્જાણીની હતી હવે તેની મુક્તિ વિના કામના ન હોવાથી અમે મુક્તાનંદસ્વામી જેવી મુક્તિ આપશું.

## ગઢપુરના જીવા ખાચરની બે અણમોલ સેવાથી શ્રીહરિ તેડવા પધાર્યા

ગઢડામાં શ્રીજીમહારાજને જીવા ખાચરે પોતાના દરબારમાં ઘણા પ્રેમથી બોલાવ્યા હતા. તે વખતે મહારાજને બહુ જ વારંવાર નહાવાનું થયું હતું. તેથી કરીને જીવા ખાચરે પોતાના રહેવાના ઓરડામાં ઢોલિયો ઢાળી આપ્યો હતો, ને શ્રીજીની સેવા જીવો ખાચર પોતાના ચાકરને ન કરવા દેતાં પોતે કરતા હતા. ને શ્રીજીમહારાજ જીવા ખાચરના ઓરડાની પછવાડે વાડો હતો તેમાં વારંવાર દિશાએ જઈ હાથ પગ ધોઈ છપરપલંગ ઉપર બેસતા હતા. તે જોઈ જીવા ખાચરે દિશાએ જવાનું બંધ કરવા ઘણા ઉપાય કર્યા હતા, તોપણ ન મટવાથી મહારાજની ઘણી પ્રાર્થના કરી. ત્યારે શ્રીજીએ કહ્યું કે, હવે ઉપાય કરવાની જરૂર નથી, કારણ કે મારી ઈચ્છાથી નહાવાનું થયું છે. માટે હાલ બંધ થશે નહિ. એવું વચન સાંભળીને પોતાના ઘરમાં એક ખૂણામાં શ્રીજી માટે કમરભર ખાડો ખોદી આપ્યો. ને મહારાજને કહ્યું કે, આ ખાડે તમો સુખેથી જાઓ. પણ બહાર વાડામાં જાશો નહિ, કારણ કે તમારે શરીરે ખમાય તેમ નથી. પછી શ્રીજીમહારાજને જ્યારે સંકલ્પ થાય ત્યારે તે ખાડે જાય ને હાથપગ ધોઈને પોતાને આસને બેસે. એમ કરતાં શ્રીજીની ઈચ્છાથી આરામ થયો. ત્યારે જીવા ખાચરે શ્રીજીમહારાજને પૂછ્યું જે, આપની ઈચ્છા હોય તે થાળ કરાવું ને તમે જમો. હવે જમવામાં વાંધો નથી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે બીજી ઈચ્છા તો કાંઈ નથી પણ શેરડી જમવાની ઈચ્છા થઈ છે. ત્યારે જીવા ખાચરે શેરડી મંગાવી આપી. શ્રીજી ઘણાં પ્રસન્ન થયા ને કહ્યું જે, છરી લાવો, હું મારા હાથથી સુધારીને જમીશ. તે વખતે જીવા ખાચરનાં ઘરનાએ છરી આપી, તે લઈને પોતે સુધારીને જમતા હતા તેવામાં એકદમ છરી આંગળીએ વાગી ગઈ ને લોહી બહુ જ નીકળ્યું. તે જોઈને જીવા ખાચરે પોતાને માથે પાંચસેનો સોનેરી મેકર બાંધ્યો હતો તેમાંથી તુરત પાટો બાંધવા સારુ ફાડીને આંગળીએ પાટો બાંધ્યો. તે વખતે શ્રીજીમહારાજે જીવા ખાચર ઉપર બહુ જ પ્રસન્ન થઈને કહ્યું કે, જીવા ખાચર ! તમે જે આ વખતે મારી સેવા કરી છે, તેમજ બીજી મારી જે સેવા કરી છે તે ગુણ મારાથી ભૂલાય તેમ નથી. એટલી વાત કરે છે એટલામાં દાદા ખાચર તથા મોટીબા વગેરે ત્યાં આવ્યાં. ને જીવા ખાચરને કહીને શ્રીજીને પોતાના દરબારમાં લઈ ગયા. એમ જીવા ખાચરે સમયને અનુસારે શ્રીજીની પ્રસન્નતા મેળવી હતી. તેથી જીવા ખાચરના અંત સમય વખતે મૂળુ ખાચરના બોલાવાથી જીવા ખાચરના દરબારમાં પધાર્યા હતા ને જીવા ખાચરના સમીપે ઊભા રહીને કહ્યું જે, જીવા ખાચર કેમ છે ? તે વખતે મહારાજના કરેલા અપરાધો યાદ આવવાથી આંખોમાં ચોધારાં પાણી નીકળવા લાગ્યાં. ને ઘણું બોલવાનું કરે પણ બોલાય નહિ, ને છાતી ભરાઈ આવી. તે જોઈને શ્રીજીએ કહ્યું જે, દરબાર ! હું તમારી

ઉપર રાજી છું. આ વખતે કાંઈ સંભારવાનું કારણ નથી. આ વખતે તો તમારા સમીપમાં ઊભેલો એવો જે હું તે મારા સ્વરૂપમાં તમારી વૃત્તિ જોડી દ્યો. કોઈ પ્રકારની ચિંતા કરવી નહિ. હું જીવના ગુના સામું જોતો નથી. હું જીવે કરેલ ગુણને જોઉં છું. અમે પ્રથમ તમારા દરબારમાં મારા સહિત પાંચસે પરમહંસો રહ્યા છીએ તે ગુણ તથા મારી આંગળીએ છરી વાગી હતી, ને મેકર ફાડીને પાટો બાંધ્યો હતો એવા ઘણા ગુણો કર્યા છે. માટે લોકદૃષ્ટિએ જોવાની જરૂર નથી. માટે સુખેથી આ સ્વરૂપનું ચિંતવન કરતા દેહનો ત્યાગ કરો. એમ કહીને શ્રીજીએ પોતાનું જમણું ચરણાવિંદ છાતીમાં ચાંપ્યું. ને જય સ્વામિનારાયણ કહીને દાદા ખાચરના દરબારમાં પધાર્યા કે તુરત જીવા ખાચર દેહનો ત્યાગ કરીને મૂર્તિને સુખે સુખિયા થયા. તેવા સમાચાર સાંભળી શ્રીજી દાદા ખાચર સહિત અગ્નિસંસ્કાર કરવા સારુ સાથે ગયા હતા. તે વિધિ થઈ રહ્યા પછી સ્નાન કરીને દરબારમાં સભા કરીને જીવા ખાચરના સંબંધમાં કેટલીક પ્રશંસા કરી, કારણ કે તેમણે પ્રથમ ઘણો જ ગુણ કરેલ તેથી મહારાજ તેમની ઉપર પ્રસન્ન હતા. કહેવાનો સાર એટલો જ છે કે સમય પ્રમાણે શ્રીજીની સેવા કરી જીવા ખાચરે શ્રીજીની પ્રસન્નતા મેળવી હતી. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૮)*

## આખા ગામના નરસિંહ દવેનો સંકલ્પ પૂરો કર્યો પછી ધામમાં તેડી ગયા

આખાના નરસિંહ દવે દેવને હાર અર્પી ધામમાં ગયા આખા ગામમાં નરસિંહ દવે શ્રીજીમહારાજના પરમ એકાંતિક ભક્ત હતા. તેઓ શ્રીજીમહારાજની મૂર્તિને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ ત્રણેય અવસ્થામાં કાયમ દેખતા ને મૂર્તિ ધારીને પાંચસે માળા ફેરવતા. આવા ઉત્તમ ભક્તને અક્ષરધામમાં લઈ જવા શ્રીજીમહારાજ વિમાન લઈને આવે પણ તેમને જૂનાગઢમાં શ્રીજીમહારાજે પધરાવેલા રાધારમણ દેવનો હાર અંતકાળના સમયમાં મને પહેરવા મળે તો ઠીક. આવી વાસનાને લીધે શ્રીજીમહારાજ ધામમાં લઈ જાય નહિ. આવી રીતે હારરૂપી વાસનાએ કરીને આ લોકમાં છ માસ સુધી રહેવું પડ્યું. પછી તે ગામના સુખારામ ત્રવાડી કામકાજે જૂનાગઢ આવેલા તે પોતાનું કામ પરવારીને મંદિરમાં રાધારમણદેવનાં દર્શન કરી સભામાં આવતાં પહેલાં ગઢડાથી ગુણાતીતાનંદ સ્વામીને બ્રહ્માનંદ સ્વામીની સહાયમાં મોકલતા શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને કહેલું કે, વરસ દહાડે તમારે જૂનાગઢ જઈને ગુણાતીતાનંદ સ્વામી આદિક સંતોને એક માસ કથાવાર્તાથી સંતોષ આપવો. તે શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ દર વરસે જેમ જૂનાગઢ જતા હતા તે જ પ્રમાણે આ વખતે જૂનાગઢ ગયેલા. ગોપાળાનંદ સ્વામીને તથા ગુણાતીતાનંદ સ્વામીને તથા બ્રહ્માનંદ સ્વામીને આખા ગામના સુખારામ ત્રવાડીએ સભામાં બેઠેલા જોઈને આનંદ પામીને ગોપાળાનંદ સ્વામી આદિકનાં દર્શન કરી તે સભામાં બેઠા. ત્યારે

સ્વામીએ સુખારામને તે ગામના હરિભક્તોના સુખી સમાચાર પૂછ્યા તે ભેગા શ્રીજીમહારાજને મળેલા નરસિંહ દવેના સમાચાર પૂછ્યા કે, તે ભક્ત જીવે છે કે શ્રીજીના ધામમાં ગયા છે ત્યારે સુખારામે ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે, સ્વામી તે નરસિંહ દવેનું તો ખત ખોવાઈ ગયું છે. જેથી શ્રીજીમહારાજ તેડવા આવે છે ત્યારે અમે ભોયે ઉતારીએ છીએ પણ કોઈ વાસનામાં બંધાયેલા નરસિંહ દવેને શ્રીજીમહારાજ ધામમાં લઈ જતા નથી ને ઝોબો પાછો વળે છે એટલે અમે તેમને પાછો ખાટલામાં સૂવાડીએ છીએ. આવું છ માસથી ચાલે છે તે માટે નરસિંહ દવેએ કઈ વસ્તુમાં વાસના રાખી છે તે અમને ખબર પડતી નથી, જેથી છ માસથી આ લોકમાં રીબાય છે. આવું સુખારામનું વચન સાંભળીને ગોપાળાનંદ સ્વામીએ અંતર્દષ્ટિ કરીને જોઈ લીધું. પછીથી ગોપાળાનંદ સ્વામીએ સભામાંથી એક પાળાને મંદિરમાં બ્રહ્મચારી પાસે મોકલતાં કહ્યું કે, તમો બ્રહ્મચારીને કહેજો કે, રાધારમણદેવનો પેરેલો ફૂલનો હાર ગોપાળાનંદ સ્વામી મંગાવે છે માટે આપો એમ કહેજો. આવી રીતે પાળાના કહેવાથી બ્રહ્મચારીએ રાધારમણદેવનો હાર આપ્યો તે લઈને સભામાં આપ્યો. પછી તે આવેલો હાર ગોપાળાનંદ સ્વામીએ સુખારામ ત્રવાડીને આપ્યો ને કહ્યું કે, આ રાધારમણદેવના હારમાં જ તેમને વાસના છે કે અંતકાળે હું દેવનો હાર પે'રીને ધામમાં શ્રીજીમહારાજ સાથે જાઉં માટે ઘેર જઈને આ હાર તેમને પે'રાવશો કે તુરત શ્રીજીમહારાજની સાથે ધામમાં જશે માટે તેમને તમો મારો આપેલો હાર પે'રાવજો ને ત્યાં જે બીના થાય તે તમો અહીં આવીને મને કહેજો. આવી રીતે ગોપાળાનંદ સ્વામીના કહેવાથી સ્વામીની આજ્ઞા લઈને સુખારામ ત્રવાડી પોતાને ગામ ગયા ને પોતાનાં પહેરેલાં લૂગડાં ઘેર ઉતારીને બે લૂગડાંભેર હાથમાં હાર લઈને સુખારામે નરસિંહ દવેની ખડકીમાં પગ મેલ્યો કે તુરત નરસિંહ દવે બોલ્યા કે, સુખારામ ! તમને ગોપાળાનંદ સ્વામીએ આપેલો રાધારમણદેવનો હાર મને પે'રાવો જેથી શ્રીજીમહારાજની સંગાથે હું ધામમાં જાઉં. એમ અંતર્યામીપણે નરસિંહ દવે બોલ્યા કે, તુરત તેમને હાર પહેરાવ્યો એટલે બોલ્યા કે ઝટ ગાયના છાણથી ચોકો કરીને તલ, દર્ભ જમીનમાં નાંખી કાંબળી ઉપર મને બેસાડો ને ઘીનો દીવો કરો ને મારા ઘરમાં રહેલા સર્વજનો શ્રી સ્વામિનારાયણ ભગવાનની ધૂન કરો, એટલે હું શ્રીજીમહારાજ વિમાન લઈને તેડવા આવ્યા છે માટે તેમની સાથે ધામમાં જાઉં. આવી રીતે બોલતાં ચાલતાં પોતાનો મનોરથ હારનો પૂરો થયો કે તુરત શ્રીજીમહારાજની સંગાથે વિમાનમાં બેસી અક્ષરધામમાં ગયા. ને આખા ગામમાં થયેલા સમાચાર કહેવા સુખારામ ત્રવાડી બીજે દિવસ જૂનાગઢ જઈ ગોપાળાનંદ સ્વામીને કહેતાં પહેલાં સ્વામીએ અંતર્યામીપણાથી આખા ગામે બનેલી વાત કહી તે સાંભળીને ગોપાળાનંદ સ્વામીને આસને બેઠેલા સંતો તથા હરિભક્તો ઘણું

આશ્ચર્ય પામ્યા. આ વાતનો સિદ્ધાંત એ છે કે, વાસનાવાળાને શ્રીજીમહારાજ પોતાના ધામમાં લઈ જતા નથી માટે વાસનાએ રહિત થઈને શ્રીજીમહારાજની ભક્તિ કરીશું તો જ શ્રીજીમહારાજ આપણને પોતાના અક્ષરધામમાં લઈ જશે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૯)*

## વડોદરાના પ્રભુદાસને ધામમાં ગયેલા પુત્ર સાથે શ્રીહરિએ વાત કરાવી

વડોદરામાં નાથભક્ત શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત હતા. ને શ્રીજીમહારાજની મૂર્તિ ત્રણેય અવસ્થામાં અખંડ દેખતા. તેમના જેવા જ પ્રભુદાસ નામના શ્રીજીમહારાજના ભક્ત હતા. અખંડ ભગવાનનું ભજન બન્નેય જણ ભેગા બેસીને કરતા ને તે પ્રભુદાસને પોતાનો વ્યવહાર ઉપાડી લે તેવો એક છોકરો હતો. તે છોકરાને અક્ષરધામમાં લઈ જવા શ્રીજીમહારાજ ધોળા હાથી બે રથો જોડીને તેને તેડવા આવ્યા તે છોકરાને શ્રીજીમહારાજ કહે, તારો બાપ હા પાડે તો તને અક્ષરધામમાં લઈ જવો છે. કારણ કે, તારો બાપ મારો એકાંતિક ભક્ત છે તેમના મનમાં એમ ન થવું જોઈએ કે, મને પૂછ્યા સિવાય શ્રીજીમહારાજ મારા એકના એક છોકરાને ધામમાં લઈ ગયા જેથી તારા બાપને પૂછ કે, શ્રીજીમહારાજ મને ધામમાં લઈ જવા આવ્યા છે. તમે કહેતા હો તો એમ મને પૂછવાનું કહે છે. તેથી તમોને હું શ્રીજીમહારાજના કહેવાથી પૂછું છું. ત્યારે પ્રભુદાસ ભક્તે વિચાર કર્યો કે, મારા છોકરાનાં ધન્ય ભાગ્ય જે હું બેઠાં તેને શ્રીજીમહારાજ તેડવા આવ્યા છે એમ ધારીને છોકરાને કહ્યું કે, મહારાજને કહે કે મારો બાપ મને ધામમાં લઈ જાઓ તેમાં રાજી છે. આવું છોકરાનું કહેવું સાંભળીને શ્રીજીમહારાજ પ્રભુદાસના છોકરાને ધોળા હાથી જોડેલા રથમાં બેસાડી પોતાના અક્ષરધામમાં લઈ ગયા. પછી તે છોકરાનો અગ્નિસંસ્કાર કરવા સ્મશાનમાં લઈ ગયા ને છોકરાને લાકડાંની ચિતામાં સૂવાડીને અગ્નિ મૂક્યો ત્યારે કુસંગી લોકો પ્રભુદાસને કહે કે, તમને સત્સંગ સદ્યો નહિ. તમારા એકના એક છોકરાને ભગવાને મારી નાખ્યો જેથી તમારે વ્યવહારમાં દુઃખ આવ્યું ને અમે જો સત્સંગ ધારણ કર્યો નથી તો અમે તથા અમારા છોકરાઓ કેવા સાજાસમા ફરીએ છીએ. માટે તમારે જો જીવવું હોય તો તમારી કંઠી તોડીને ચિતામાં મૂકી દ્યો, નહિ તો થોડા દિવસમાં તમને પણ મારી નાખશે. ને ગામમાં ક્યાં છોકરાઓની ખોટ હતી જેથી તમારા ભગવાને તમારે ઘેર ઘા માર્યો માટે હજી સમજો તો તમે બચશો. આવા કુસંગીઓના શબ્દ સાંભળીને કંઠી તોડી ચિતામાં મૂકી દીધી ને સત્સંગી મટીને ઘેર ગયા. પછી પ્રભુદાસનો છોકરો મરી ગયો છે તેવા સમાચાર સાંભળીને પરમ ભક્તરાજ નાથભક્ત ખરખરો કરવા તથા પ્રભુદાસને શાંતિ આપવા તેમને ઘેર આવ્યા. લોકવ્યવહાર પ્રમાણે કરીને પછી પ્રભુદાસને શાંતિ માટે બોધ આપવા લાગ્યા કે આ લોકમાં કોઈ રહ્યું નથી, રહેવાનું નથી. જેનો જન્મ તેનું એક દિવસ મરણ છે

જ માટે આ મનુષ્યદેહે કરીને ભગવાનની ભક્તિ કરી લેવી તે જ જીવ્યાનો લાભ છે જેથી ધીરજ રાખીને પ્રભુ ભજવા. આવી રીતે બોધ કરીને ઘેર જતી વખતે પ્રભુદાસને નાથભક્ત જય શ્રી સ્વામિનારાયણ કહ્યા પણ પ્રભુદાસે જય શ્રી સ્વામિનારાયણ કહ્યા નહિ ને નાથભક્તને પ્રભુદાસ કહે કે, મેં તો કંઠી તોડીને ચિતામાં મૂકી દીધી છે ને હું સત્સંગી મટી ગયો છું. માટે હવેથી તમારે મારે ઘેર આવવું નહિ, કારણ કે મેં કંઠી બાંધીને સત્સંગી થયો ત્યારે શ્રીજીમહારાજે મારો એકનો એક છોકરો વ્યવહાર ચલાવે એવો થયો તેને મારી નાખ્યો માટે મને સત્સંગ સદ્યો નથી જેથી મેં સત્સંગનો ત્યાગ કર્યો છે. ત્યારે નાથભક્ત પ્રભુદાસને ગઢડા પ્રથમ પ્રકરણના સીત્તેરમા વચનામૃતની વાત કરી કે, હું સત્સંગ કરું તો મારો આ દેહ માંદો છે તે સાજો થાય અથવા વાંઝીયો છું તે દીકરો આવે કે દીકરા મરી જાય છે તે જીવતા રહે કે નિર્ધન છું તે ધનવાન થાઉં કે ગામ ગરાસ ગયો છે તે સત્સંગ કરીએ તો પાછો આવે એવી જાતની જે પદાર્થની ઈચ્છા તે રાખીને સત્સંગ ન કરવો. માટે સત્સંગ કરવો તે તો પોતે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો પણ કોઈ પદાર્થની ઈચ્છા તો રાખવી જ નહિ. આવી રીતે બોધ આપીને નાથ ભક્ત પોતાને ઘેર ગયા. પછીથી શ્રીજીમહારાજ ગઢડે ફૂલદોળનો ઉત્સવ કરવાના હતા તેથી વડોદરે નાથ ભક્ત ને પ્રભુદાસના નામથી કાગળ લખ્યો જે આ વરસમાં ફૂલદોળનો ઉત્સવ વડતાલમાં કરવાના નથી પણ ગઢડે કરવાના છીએ માટે દર્શન કરવા અહીં આવજો. આવો કાગળ શ્રીજીમહારાજનો મળવાથી નાથભક્ત પ્રભુદાસને વંચાવવા તેમને ઘેર ગયા ત્યાં પ્રભુદાસને કાગળ વંચાવ્યો ને કહ્યું કે, અમુક દિવસે તમે આવો તો આપણે ગઢડે શ્રીજીમહારાજનાં દર્શન કરવા જઈએ. ત્યારે પ્રભુદાસ કહે, હું તો સત્સંગી મટી ગયો છું માટે મારે ગઢડે આવવું નથી. તમારે જવું હોય તો જજો. છતાં નાથભક્ત પ્રભુદાસને ગઢડે લઈ જવા આગ્રહ કર્યો, ત્યારે પ્રભુદાસે નાથભક્તને કહ્યું કે, તમે મારા વતી શ્રીજીમહારાજને પ્રાર્થના કરીને શ્રીજીમહારાજને કહેજો કે, આ પ્રભુદાસનો છોકરો મરી ગયો છે તેને ભેગા થવાની પ્રભુદાસને ઈચ્છા છે. તો તે તમો એ ઈચ્છા પૂરી કરો. એમ શ્રીજીમહારાજને કહો ને મને મારો છોકરો બતાવે તો હું તમારી સાથે ગઢડે આવું. ત્યારે નાથ ભક્તે કહ્યું કે, જરૂર શ્રીજીને કહીને તારા છોકરાનો હું મેળાપ કરાવીશ. માટે તમે સ્ત્રીપુરુષ મારી સંઘાથે ગઢડે સમૈયો કરવા ચાલો. આવો ઠરાવ કરીને નાથભક્ત બીજે દિવસે સ્ત્રી સહિત પ્રભુદાસને લઈને ગઢડે જવા નીકળ્યા. તે ચાલતાં ચાલતાં થોડા સમયમાં ગઢડે ગયા ને ઉતારો કરીને શ્રીજીમહારાજનાં દર્શન કરવા પ્રભુદાસ સહિત નાથભક્ત અક્ષરઓરડીમાં ગયા ત્યાં શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કરી પગે લાગીને શ્રીજીમહારાજ સમીપમાં બેઠા તે વખતે શ્રીજીમહારાજે મનુષ્યચરિત્ર કર્યું કે,

હે નાથભક્ત ! અમે એવું સાંભળ્યું છે કે, પ્રભુદાસનો એકનો એક વ્યવહાર ચલાવે તેવો છોકરો દેહ મૂકી ગયો છે તે વાત સાચી કે ખોટી ? આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને પ્રભુદાસ શ્રીજીમહારાજ પ્રત્યે બોલ્યા કે, તમો મારા છોકરાને ધામમાં લઈ જવા માટે ધોળા બે હાથી જોડેલો રથ લઈને આવ્યા ને મારી રજા મારા છોકરા પાસે લેવડાવી ને તમો તમારા અક્ષરધામમાં મારા છોકરાને લઈ ગયા છો. ને વળી અત્યારે અજાણ્યા થઈ નાથભક્તને પૂછો છો કે અમે આવું સાંભળ્યું છે એ કેવી વાત. મારા છોકરાને મારનાર જ તમો છો માટે મેં તો સત્સંગનો ત્યાગ કર્યો છે ને હું તો ગઢડે આવવાનો નહોતો પણ નાથભક્તના આગ્રહથી આવ્યો છું. એમ કહીને પ્રભુદાસ મૌન રહ્યા ત્યારે નાથભક્ત શ્રીજીમહારાજની પ્રાર્થના કરીને કહ્યું કે, મારી સંગાથે પ્રભુદાસ ગઢડે આપનાં દર્શન કરવા નહોતા આવતા પણ તેમના કહેવા પ્રમાણે મેં કબુલ કર્યું જેથી મારી સાથે આવ્યા છે. તે શું તો પ્રભુદાસને તેમની સ્ત્રી સહિત પોતાના છોકરાને મળવું છે. તો તમો મારી પ્રાર્થના સાંભળીને તેના છોકરાનો મેળાપ થાય તેવી તેમના ઉપર કૃપા કરો. એટલું વચન મારું સફળ કરો તો મારું આપેલું વચન સત્ય થશે ને પ્રભુદાસ રાજી થશે. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, આવતી કાલે ઉન્મત્તગંગામાં તે છોકરાનું શ્રાદ્ધ કરાવો એટલે તે છોકરો પ્રભુદાસને ભેગો થશે ને પ્રત્યક્ષ આવીને તે શ્રાદ્ધના પીંડ લેશે. આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને બીજે દિવસે શ્રાદ્ધ સરાવવા માટે લક્ષ્મીરામ દેરાસરી નામના બ્રાહ્મણને સાથે લઈને પ્રભુદાસ ઉન્મત્તગંગા નદીને કાંઠે ગયા. પછી બ્રાહ્મણ પીંડ આપવાનો ભાત રાંધવા માટે છાણાંનો આઢ ખડકીને જોયેલા તથા ધોયેલા ચોખાની તપેલી રાંધવા મૂકી ને પછી પ્રભુદાસને કહ્યું કે, તમે ઉન્મત્તગંગામાં સ્નાન કરીને આવો એટલે શ્રાદ્ધના વિધિનો આરંભ કરીએ. તેવું બ્રાહ્મણનું વચન સાંભળીને પ્રભુદાસે ઉન્મત્તગંગામાં સ્નાન કરવા જળમાં ડૂબકી મારી કે તુરત ત્યાં જળમાં પોતાનો છોકરો જોયો. જેથી તેને ઝાલવા માટે ઉન્મત્તગંગામાં દોડાદોડ કરી મૂકી પણ છોકરો પકડાયો નહિ. ને બ્રાહ્મણ પ્રભુદાસને બોલાવે પણ તેમનું કહેવું સાંભળે નહિ. જેથી બ્રાહ્મણે જાણ્યું કે પટેલ નદીનું જળ દેખીને ગાંડો થઈ ગયો છે જેથી દોડાદોડ કરે છે. છેવટે છોકરો નદીમાંથી નીકળીને નાઠો ત્યારે તેની વાંસે ભીને લુગડે પ્રભુદાસ પણ દોડ્યા. એમ દોડતાં દોડતાં દાદા ખાચરના દરબારમાં છોકરો તથા પ્રભુદાસ આવ્યા ને છોકરો મંદિરમાં આવીને અદશ્ય થઈ ગયો. પછી પ્રભુદાસે પોતાના છોકરાને ન જોયો તેથી ઉતારે આવીને કોરાં લૂગડાં પેરીને નાથભક્તને મળ્યા ને ઉપરની વાત કરે છે તેટલાંકમાં શ્રાદ્ધ કરાવવા ગયેલ બ્રાહ્મણ રાંધેલા ચોખા નદીના જળમાં નાખી દઈને તપેલી સાફ કરી પટેલનાં વસ્ત્ર લઈને દરબારમાં આવી શ્રીજીમહારાજને ઉપરની વાત કહીને તે પટેલનાં લૂગડાં તેમને આપવા તેમના

ઉતારામાં બ્રાહ્મણ ગયા ને નાથભક્તને તે લૂગડાં આપીને બ્રાહ્મણ પોતાને ઘેર ગયા. પછી પ્રભુદાસને લઈને નાથભક્ત શ્રીજીમહારાજ પાસે ગયા. ને ઉપરની વાત કરીને કહ્યું કે, છોકરાને જોયો પણ તેની સાથે કાંઈ વાતચીત થઈ નથી તો તે છોકરા સાથે વાતચીત થાય તેવી કૃપા કરો, જેથી પ્રભુદાસને સંતોષ થાય. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, આજે સંધ્યા આરતીનાં દર્શન કરીને સ્ત્રી સહિત પ્રભુદાસ વાસુદેવનારાયણના ઓરડામાં બારણાં માંહીથી વાસીને બેસે, ત્યાં છોકરો આવીને તેમને દર્શન આપશે. આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને સંધ્યા આરતી પછી સ્ત્રીપુરુષ વાસુદેવનારાયણના ઓરડામાં બારણાં બંધ કરીને બેઠાં તે સમયે મોરમુગટ તથા પીતાંબર, કુંડળ, કડાં, ઝાંઝર, કંદોરો, વીંટીઓ, કંઠમાં ઘણા રત્નજડિત હાર પે'રીને તે છોકરે પોતાનાં માતાપિતાને દર્શન દીધાં. તે પોતાના છોકરાને જોઈને પ્રભુદાસ પોતાના છોકરાને મળવા જાય છે તે સમયમાં છોકરો બોલ્યો કે, તું છોકરો કેને કહે છે ? તમે મારા હજાર વખત છોકરા થયા હતા ત્યારે તમારો હું એક વખત છોકરો થયો છું માટે કોઈ કોઈનો છોકરો નથી ને કોઈ કોઈનો બાપ નથી. સહુ એક ઘરમાં પોતાના કર્મે કરીને ભેગા થાય છે ને સમય આવે છે ત્યારે એકબીજાને મૂકીને ચાલ્યા જાય છે. જો પોતાનો જ છોકરો હોય તો માતાપિતાને આ લોકમાં મૂકીને કેમ ચાલ્યો જાય ? માટે અસાર સંસારમાં કોઈ કોઈનું નથી. જેમ પરબે પાણી પીવા માટે વટેમાર્ગુ ભેગા થાય છે ને બે ઘડી વિશ્રાંતિ કરીને પોતપોતાને રસ્તે ચાલ્યા જાય તેવી રીતે આ જગતમાં રહેલા જીવોની પણ ગતિ છે. તો જે ભગવાનના ધામમાં હું ગયો છું તે ધામમાં તમારે આવવું હોય તો પાછો સત્સંગ ધારણ કરીને શ્રીજીમહારાજને હાથે કંઠી, વર્તમાન ધારણ કરીને સત્સંગી થઈને ઘેર જઈને શ્રીજીમહારાજનું ભજન કરશો તો અક્ષરધામને પામશો, ને જો શ્રીજીમહારાજનું ભજન નહિ કરો તો ઢોલ વગાડતા નરકમાં જાશો. માટે મારું વચન માનીને સત્સંગ ધારણ કરશો તો જ તમારે ને મારે મેળાપ રહેશે. આટલો ઉપદેશ આપીને છોકરો અદૃશ્ય થયો. પછી પોતાને ઉતારે જઈને સવિસ્તર પ્રભુદાસે નાથભક્તને છોકરાનો મેળાપ થયો તે સંબંધી વાત કરી. પછી બીજે દિવસ નાથભક્ત સહિત પ્રભુદાસ અક્ષર ઓરડીમાં શ્રીજીમહારાજનાં દર્શન કરવા ગયા ને ત્યાં શ્રીજીમહારાજને કહ્યું કે, મને વર્તમાન ધરાવો. મારે ફરીથી કંઠી ધારણ કરીને સત્સંગી થઈને ઘેર જવું છે. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, તમારી રજા લઈને તમારા છોકરાને હું ધામમાં લઈ ગયો હતો છતાં કુસંગી લોકોના કહેવાથી કંઠી તોડીને ચિતામાં નાખી દીધી તેવું ફેર કરો માટે તમને વર્તમાન ધરાવવાં નથી, કારણ કે સંસાર તો ઊંટના બેસણા જેવો છે તે ઝોકા આવે. કંઠી પેરીને જાઓ ને વળી સ્ત્રી મરી જાય અગર ધન નાશ પામે તો પાછી કંઠી તોડી નાખો તે કરતાં કંઠી ન પે'રવી તે યોગ્ય

છે. માટે તમારા મનજીભાઈ એટલે મનને પૂછી જુઓ. તે ચોક્કસ હા પાડતું હોય તો ફરીને વર્તમાન ધરાવીને પેરાવેલી કંઠી તોડી નાખો નહિ તો જ હું તમને કંઠી પેરાવું. આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને પ્રભુદાસ કહે કે, ગમે તેવું દુઃખ આવશે તેને હું સહન કરીશ પણ હવેથી હું કંઠી તોડી નાખીશ નહિ માટે વર્તમાન ધરાવીને કંઠી પેરાવો. આવું કહેવાથી પ્રભુદાસને વર્તમાન ધરાવીને શ્રીજીમહારાજે કંઠી પેરાવીને સત્સંગી કર્યા. પછી ફૂલડોળના ઉત્સવનાં દર્શન કરી શ્રીજીમહારાજની આજ્ઞા લઈને નાથભક્ત પ્રભુદાસ સહિત વડોદરા ગયા ને પ્રથમની પેઠે નાથભક્ત તથા પ્રભુદાસ ભેગા બેસીને શ્રીજીમહારાજનું ભજન કરવાથી સુખશાંતિને પામતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૩૦)*

## સંતોનો પક્ષ રાખવા બદલ ઝમરાળાના પાંચા કોળીને તેડવા આવ્યા

એક વખત ગુણાતીતાનંદ સ્વામી તથા કૃપાનંદ સ્વામી વડતાલ જતા હતા. રસ્તામાં લાખીયાણી ગામ આવ્યું. તે ગામની ભાગોળે કંગાલદાસ બાવો મઢી બાંધીને રહ્યો હતો. તે સત્સંગનો દ્વેષી હતો. તેણે સાધુ પુરુષને જતા દેખીને કડીયાળી લાકડી લઈને વાંસે દોડ્યો ને કહ્યું કે, ઊભા રહો. તેથી શ્રીજીમહારાજના નિર્માની સંત ઊભા રહ્યા. ને કંગાલદાસ બાવે કહ્યું કે, તમે ગામ બગાડો છો. એમ કહીને લાકડી મારીને કાંડું ખેડવી નાખ્યું ને બાવો ભાગી ગયો. પછી બન્નેય સ્વામીઓ ત્યાંથી ચાલ્યા તે રસ્તામાં ગામ ઝમરાળે આવ્યા. ત્યાં પાંચો ચારોળો સત્સંગીઓ સાથે સ્વામીનાં દર્શને આવ્યો. ત્યારે કૃપાનંદ સ્વામીએ કહ્યું કે, ગામ લાખીયાણીના કંગાલદાસ બાવાએ ગુણાતીતાનંદ સ્વામીને કડીયાળી લાકડી મારીને કાંડું ખેડવી નાખ્યું છે માટે કોઈ ચઢાવનાર વૈદ્યને બોલાવો. તે સાંભળીને પાંચાને ઘણી જ રીસ ચઢી. પછી વૈદ્યને બોલાવીને કાંડું ચઢાવ્યું. આઠદશ દિવસ સંતને રાખ્યા ને સાજા થયા પછીથી સંતો ગયા. પછી પાંચો ચાર કોળીને લઈને મધ્યરાત્રિએ લાખીયાણીમાંથી બાવાને બાંધીને લઈ આવ્યા. ખાટલામાં ઉનાળાના દિવસે વાયરે ઊંઘી ગયો હતો. ત્યાંથી સીમાડે લાવીને એક વાવ છે ત્યાં પછડતો નાખ્યો તેથી જાગ્યો. પણ બાંધેલો તેથી ઉઠાયું નહિ. અંધારામાં કાંઈ દેખાયું નહિ. તેથી કહે કે, મને અહીં કોણ લાવ્યું ? ત્યારે પાંચો કહે છે, તમોએ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સંતને માર્યા તેથી ધર્મરાજાએ અમને જમોને મોકલ્યા છે. તે તને મારી નાખીને જમપુરીમાં લઈ જવાના છીએ. એમ કહીને માર માર્યો તે હાડકાં ભાંગી નાખ્યાં ને અધમૂવો કરીને કહ્યું કે, હવેથી ફકીર સાધુને માર્યા તો ઠાર મારી નાખીશું. આ વખતે તો તું કરગરે છે તે રહેવા દઈએ છીએ. એમ કહીને પાંચો પોતાને ગામ આવ્યો. પછીથી સવારમાં ગાયો લઈને છોકરાં ચારવા આવ્યાં તે વાવમાં પાણી પીવા જાય છે કે તુરત બાવે બૂમ પાડી કે મને કોઈક કાઢો.

આવો શબ્દ સાંભળીને છોકરાં ભૂત છે એમ જાણીને પાણી પીધા વગર ગામમાં ભાગી જઈને સર્વેને કહ્યું જે, વાવ ઉપર સીમાડે ભૂત છે. કોઈને જોવા આવવું હોય તો ચાલો. પછી સર્વે લોકો આવ્યા ને શબ્દ સાંભળીને ઓળખ્યો જે આ તો કંગાલદાસ બાવો છે. પછી બધી વાત પૂછી એટલે વાત જમોએ કરી હતી તે કહીને કહ્યું જે, શ્રી સ્વામિનારાયણના સાધુનું નામ તો હવે જીવું ત્યાં સુધી ન લઉં. આવી રીતે કહીને ગામમાં ગયો. આવી રીતે પાંચા ચારોળાએ સંતનો પક્ષ લીધો તેથી તેને અક્ષરધામમાં શ્રીજીમહારાજ અંતકાળે લઈ ગયા. આવી રીતે પક્ષ રાખવામાં અક્ષરધામ મળે છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૪૫)*

## રતનપરના જસમત પટેલના દીકરાને તેડી ગયા

ગામ રતનપુરના જશમતભાઈ પટેલને કપિલજીવનદાસજીના સમાગમથી સત્સંગ થયો હતો. ને સાધુના સમાગમથી સમજણ પરિપક્વ હતી. વ્યવહાર સંબંધી સુખદુઃખ આવતું તો પણ તેમાં લેવાતા નહિ. ને એમ વિચાર કરતા જે સુખદુઃખના આપનારા કાળકર્માદિક કોઈ નથી. સહુ શ્રી સ્વામિનારાયણ ભગવાનને આધીન છે. ને આ શરીર તો કર્માધીન છે. માટે સંસ્કાર પ્રમાણે સુખદુઃખ આવે ને જાય છે. એવો દઢ વિચાર કરીને શ્રીજીમહારાજનું અખંડ નામ સ્મરણ કરતા ને ખેતીનો ધંધો કરી પોતાનું ગુજરાન ચલાવતા, તેમની ધીરજતા જોવાને માટે શ્રીજીમહારાજ પોષ મહિનાની રાત્રિના બાર વાગ્યે માણકી ઘોડીએ ચઢીને દિવ્ય દેહે, જશમતભાઈ પટેલને ઘેર પધાર્યા. જશમત પટેલના ઘરની ઓસરી ઊંચી તેથી કરીને માણકીના આગલા બે પગ ઓસરીની જેર ઉપર મૂકાવ્યા. ને શ્રીજીએ પોતાના હાથે ઓસરીની જેર ઉપર સૂતેલા જશમત ભક્તનું ઓઢેલ વસ્ત્ર ખેંચીને જગાડ્યા. તે જાગી શ્રીજીમહારાજને દંડવત કરીને પગે લાગ્યા ને કહ્યું જે, અત્યારે મધ્ય રાત્રે આપશ્રી ક્યાંથી પધાર્યા ? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, હું અક્ષરધામમાંથી અહીં આવ્યો છું. મારે તમને એક વાત કરવી છે ત્યારે પટેલે કહ્યું જે, સુખેથી કહો જેમ તમારી આજ્ઞા થશે તેમ હું કરીશ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, તમે કહેતા હો તો હું તમારા મોટા છોકરાને મારા ધામમાં તેડી જાઉં. પછી પટેલ કહે છે, તમારો છે માટે સુખેથી તેડી જાઓ. હું તેમાં રાજી છું. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, હું તેડી જઈશ તો તમોને ધીરજતા રહેશે ? પછી તેમણે કહ્યું કે, તમારા પ્રતાપથી હું ધીરજતાનો ત્યાગ કરીશ નહિ. સુખેથી તેડી જાઓ. તે વાતને ચોક્કસ કરીને ત્યાંથી શ્રીજીમહારાજ અંતર્ધાન થઈ ગયા. પછી બીજે દિવસે મોટા છોકરાને તાવ આવ્યો તે વખતે જશમત પટેલ છોકરાની પાસે બેસીને કહેવા લાગ્યા જે, હું તારો બાપ નથી ને તું મારો દીકરો નથી. આ તો જેમ પરબે માણસો ભેગાં થાય છે તેમ આપણે સહુ ઘરરૂપી પરબમાં પૂર્વના સંસ્કારથી ભેગાં થયાં છીએ. એમ ધારીને

શ્રીજીમહારાજમાં તારા મનની વૃત્તિ એક કરી દે. બહાર મનની વૃત્તિ રાખીશ નહિ, ને શ્રીજીમહારાજ આવે કે તુરત જ શ્રીજીમહારાજના અક્ષરધામમાં ચાલ્યો જજે. ક્યાંય વૃત્તિ રાખીશ નહિ. એમ વાત કરે છે તેટલાકમાં તે છોકરાને શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને જસમત પટેલને કહ્યું કે શ્રીજીમહારાજ મને તેડવા આવ્યા છે. ત્યારે જસમત ભક્તે કહ્યું કે, હું સાકર લાવું ને સર્વને આપું પછી સુખેથી શ્રીજીમહારાજના ધામમાં ચાલ્યો જા. એમ કહીને પાંચ શેર સાકર લાવ્યા ને શ્રીજીમહારાજની મૂર્તિને ધરીને પોતાને ઘેર આવેલાં બાઈ ભાઈ સહુ માણસોને ધીરજતા રાખીને પોતાને હાથે સાકર વહેંચી. પછી પોતાના પુત્રને કહ્યું કે, હવે તમો શ્રીજીમહારાજના ધામમાં જાઓ. એમ કહીને મહારાજના ધામમાં મોકલ્યો. તેવી જ રીતે બીજા બે પુત્રને સાકર વહેંચીને ધીરજતા રાખી શ્રીજીમહારાજના અક્ષરધામમાં પહોંચાડ્યા. પણ આ વ્યાવહારિક દુઃખ વૃદ્ધ અવસ્થામાં આવ્યું તો પણ જો જ્ઞાન સિદ્ધ કર્યું હતું તો જરાય શોક થયો નહિ ને શ્રીજીમહારાજની મરજી પ્રમાણે પ્રસન્ન રહ્યા. જરા પણ ધીરજતામાં ડગમગાટ થયો નહિ. એવી ધીરજતાવાળાને ધન્યવાદ છે કે દીકરાને પ્રથમથી સાકર વહેંચીને શ્રીજીમહારાજને સુપરત કર્યો. તેથી શ્રીજીમહારાજ તે ભક્તને પોતાનું અખંડ દર્શન આપતા તેવા તે ભક્તરાજ હતા. વળી એમના સંબંધીઓએ તથા કેટલાક કુસંગીઓએ તેમની કંઠી તોડવાનો આગ્રહ કરવામાં બાકી રાખેલ નહિ. તો પણ ધીરજતામાં પર્વત સમાન હતા. તે જશમત ભક્તે જયારે દેહ મૂક્યો ત્યારે આખા ગામમાં સહુને શ્રીજીમહારાજનાં તથા સંતોનાં દર્શન થયાં હતાં. તેથી કરીને તે ગામમાં સત્સંગ સારો છે. કહેવાનું કે જશમતભક્તે ધીરજતા રાખી તો તેમના ઉપર શ્રીજીમહારાજ રાજી થયા ને સહુ દેખે તેમ પોતાના અક્ષરધામમાં વિમાનમાં બેસાડીને લઈ ગયા. ને પોતાના મુક્તો ભેગા રાખ્યા. તે જશમત ભક્તની પેઠે આપણે પણ અડગ રહેવું ને ધીરજતાને ગમે તેમ થાય તો પણ ત્યાગ કરવી નહિ કારણ કે ધાર્યું તો શ્રી સ્વામિનારાયણ ભગવાનનું જ થાય છે એવો દઢાવ રાખીને ધીરજતા સહિત દેહનો ત્યાગ કરીશું તો તે ભક્તની પેઠે આપણને પણ શ્રીહરિ પોતાના અક્ષરધામમાં ઠેઠ પહોંચાડશે એમાં કાંઈ સંદેહ નથી. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૦૫)*

## નાંદોલના ધનેશ્વરને શ્રીહરિ તેડવા આવ્યા

ગામ નાંદોલના ત્રવાડી ધનેશ્વરભાઈને પુત્ર ન હોવાથી સ્ત્રીએ સહિત કાશીએ ગયા ને ત્યાં બાર વર્ષ રહીને ગાયત્રી પુરશ્ચરણ કર્યું. ત્યારે ગાયત્રીએ ચતુર્ભુજ પ્રત્યક્ષ દર્શન આપીને કહ્યું જે, હે ધનેશ્વરભાઈ ! તમારી ઈચ્છા પ્રમાણે વર માગો. ત્યારે ધનેશ્વરભાઈ કહેજે, મને પ્રત્યક્ષ ભગવાન મળે એવો વર આપો. ત્યારે ગાયત્રી દેવી કહે છે, હાલમાં પ્રત્યક્ષ શ્રી

સ્વામિનારાયણ ભગવાન ગામ ગઢડામાં છે. તેમની પાસે જાઓ તો તમને ભગવાનનો મેળાપ થશે ને મોક્ષ પણ થશે. આવી રીતે ગાયત્રી દેવીના કહેવાથી ગામ ગઢડે સ્ત્રી સહિત ધનેશ્વરભાઈ આવ્યા ને દાદા ખાચરના દરબારમાં રહેલા લીંબડા નીચે સભા કરીને વિરાજમાન થયેલા શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કર્યા. ત્યારે અંતર્યામીપણે શ્રી સ્વામિનારાયણ ભગવાન બોલ્યા કે, હે ધનેશ્વરભાઈ, તમને કાશીએથી શ્રી ગાયત્રીદેવીએ મોકલ્યા કે ? ત્યારે ધનેશ્વરભાઈ કહે જે, હા, મને શ્રી ગાયત્રીએ મોકલ્યો છે. પછી પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાન પાસેથી વર્તમાન ધારી કંઠી પે'રી સત્સંગી થઈને પોતાને ઘેર ગયા. ને તે ધનેશ્વરભાઈએ સ્ત્રીએ સહિત શ્રી સ્વામિનારાયણ ભગવાનનું દેહ પર્યંત ભજન કર્યું. જ્યારે તેમનો અંતકાળ આવ્યો ત્યારે શ્રીજીમહારાજ વિમાન લઈને તેડવા ગયા ને નાંદોલ ગામમાં રહેલા માણસોને દર્શન થયાં ને ભક્તરાજ ધનેશ્વરભાઈને પોતાના અક્ષરધામમાં તેડી જતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૬૩)*

## પાણવીના પૂંજા ડોડિયાને તથા માણકી ઘોડીને તેડી ગયા

ગામ પાણવીના પૂંજાભાઈ ડોડીયા પરોક્ષદેવના ભક્ત હતા. પછી પૂંજાભાઈને એવો સંકલ્પ થયો કે આ જીવે અનેક દેહો ધારણ કર્યા ને વિષય ભોગવ્યા તેથી જીવનો મોક્ષ થયો નહિ. માટે આ દેહે કરીને પ્રત્યક્ષ ભગવાન મળે તો દેહ રાખવો છે, નહિ તો દેહનો ત્યાગ કરવો છે. આવી રીતે પોતાના મન સાથે ઠરાવ કરીને પૂંજા ડોડીયા ભરત ખંડમાં રહેલા તીર્થો ફર્યા. પણ જ્યારે પ્રત્યક્ષ ભગવાનનો મેળાપ ન થયો ત્યારે દેહનો નાશ કરવા માટે સમુદ્રમાં પડીને મરી જવું આવો નિશ્ચય કરીને સમુદ્રમાં પડવા માટે ગયા. ત્યાં સમુદ્રના કાંઠા ઉપર રહેતા નકલંક મહાદેવના ઓટલા ઉપરથી સમુદ્રમાં પડ્યા પણ સમુદ્રે બહાર કાઢી નાખ્યા. ત્યારે પોતાનો દેહ પાડવા માટે મહાદેવને બાથ ભીડીને બેઠા તો પણ સમુદ્રે જળના મોજાથી બહાર કાઢ્યા. તે મહાદેવ આગળ સમુદ્રનાં મોજાં આવે ત્યારે એક વાંસ પૂર પાણી થઈ જાય તોપણ મરણ ન થયું. ત્યારે ત્રીજી વખત મરવા માટે શંકરને બાથ લીધી ત્યારે આકાશવાણી થઈ જે અનેક જન્મના પુણ્ય કરીને પામેલો મનુષ્યદેહનો નાશ કરીશ નહિ. મનુષ્યદેહે કરીને જ ભગવાનની ભક્તિ થાય છે ને ભક્તિએ કરીને જ સંસાર સમુદ્ર થકી આ જીવનો મોક્ષ થાય છે, ને પ્રત્યક્ષ ભગવાનનો મેળાપ આ દેહથી થાય છે. માટે તમારે પ્રત્યક્ષ ભગવાનનો મેળાપ કરવો હોય તો હાલમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન ગામ ગઢડામાં છે ત્યાં જાઓ એટલે પ્રત્યક્ષ ભગવાન મળશે ને તમારો મોક્ષ પણ થશે. આવું આકાશવાણીનું વચન સાંભળીને પૂંજા ડોડીયા સમુદ્રથી

ઘેર ન જતાં ગામ ગઢડા ગયા. ત્યાં દાદા ખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના ઓરડે બેઠેલા શ્રી સ્વામિનારાયણ ભગવાનના દર્શન કર્યા. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, હે પૂંજા ડોડીયા તમે આકાશવાણીના વચનથી અહીં આવ્યા છો ? ત્યારે પૂંજાભાઈ કહે, હા. આવી રીતે શ્રીજીમહારાજે અંતર્યામીપણે કહ્યું તેથી શ્રીજીમહારાજનો પાકો નિશ્ચય થયો જે આ શ્રીહરિ પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. એમ જાણીને શ્રી સ્વામિનારાયણ ભગવાનના હાથથી વર્તમાન ધારણ કરી, કંઠી પે'રી, સત્સંગી થઈને પોતાને ગામ ગયા, ત્યાં શ્રી સહજાનંદ સ્વામી ભગવાનનું ભજન કરતા હતા. ને શ્રીજીમહારાજના આપેલા નિયમોનું પાલન કરતા થકા પોતાને ગામ આવેલા સત્પુરુષનો સમાગમ કરવાથી એકાંતિક ભક્ત થયા હતા. ને ત્રણેય અવસ્થામાં શ્રીજીમહારાજની મૂર્તિને જોતાં સતા અખંડ ધ્યાનમાં રહેતા, એવા પાણવી ગામના પૂંજાભાઈ ડોડીયાએ શ્રીજીમહારાજ અક્ષરધામમાં પધાર્યા એવું સાંભળ્યું કે તુરત પોતાના ઘરનું કામકાજ પડતું મૂકીને ગઢપુર આવ્યા ને શ્રી સ્વામિનારાયણ ભગવાનના તેરમા સુધી અન્નજળ લીધા સિવાય મંદિરનું કામકાજ કર્યું. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું કે, તમે અન્નજળ કેમ લેતા નથી ? ત્યારે કહે, કંઠમાં અન્નપાણી ઊતરતું નથી જેથી લેતો નથી. પછી શ્રીજીમહારાજ ભક્તરાજ પૂંજાભાઈ ડોડીયાને તથા માણકી ઘોડીને તેરમાના દિવસે મધ્યાહ્ને પોતાના અક્ષરધામમાં લઈ જતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૬૪)*

## મુંઝાવદરના લુવાણાને બે રોટલાના લોટની સેવામાં તેડી ગયા

ગામ મુંઝાવદરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી દેશાંતરમાં ફરવા ગયેલા સંત ફરતા ફરતા ઉપરના ગામમાં આવીને શંકરના મંદિરમાં ઊતરેલા હતા. તે શંકરનાં નિરંતર દર્શન કરનાર ભાવિક લુવાણાએ સંતોને પૂછ્યું કે, તમે કેના સાધુ છો. ત્યારે સંત કહે, અમે શ્રી સહજાનંદ સ્વામી ભગવાનના સાધુ છીએ ને તેમની આજ્ઞાથી આ લોકમાં રહેલા મુમુક્ષુજનોને ઉપદેશ કરવા ફરીએ છીએ તે આજે આ ગામમાં આવ્યા છીએ. આવું સંતનું વચન સાંભળીને તે ગામમાં રહેલા લુવાણાએ સંતો જ્યારે ગામમાં ઝોળી ફરવા ગયા ત્યારે બે રોટલાનો લોટ આપ્યો. તે પુણ્યે કરીને તે લુવાણાનો અંતકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ તેને વિમાનમાં બેસાડીને અક્ષરધામમાં લઈ જતા હવા. આવી રીતે આ વખતે શ્રીહરિજી અઢળક ઢળ્યા છે માટે જે કોઈ માણસ પોતાની અગર પોતાના સંતની થોડી સેવા કરે છે તે સેવાને બહુ માનીને તેને પોતાના અક્ષરધામમાં લઈ જાય છે. માટે શ્રી સહજાનંદ સ્વામી ભગવાનની તથા તેમના સંતની સેવા કરવામાં ચૂકવું નહિ, તે જ સિદ્ધાંત છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૨૩)*

## શ્રીહરિને સોટી આપનાર ભરવાડને તેડવા આવ્યા

ગામ ગઢપુરથી એક વખત શ્રી સહજાનંદ સ્વામી ભગવાનની આજ્ઞાથી સંતો ગામડામાં ફરવા ગયા તે જે જે ગામમાં જાય ત્યાં ચોરામાં અગર ધર્મશાળામાં ઉતારો કરીને શ્રીજીમહારાજનું ભજન કરતા ને જે કોઈ માણસ પોતાની પાસે આવે તેને શ્રીજીમહારાજના મહિમાની વાતો કરે અને બનતા સુધી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરાવીને વર્તમાન ધરાવીને કંઠી પેરાવીને સત્સંગી કરીને શ્રીજીમહારાજનું ભજન કરાવે. આવી રીતે ઘણાં ગામ ફરીને સંતો ગઢપુર આવતા હતા. તે સંતોને એક ભરવાડ મળ્યો. તે ભરવાડે રસ્તામાં ભેગા થયેલા સંતને પગે લાગીને પોતાના હાથમાં રહેલી સોટી સંતને આપી ને કહે છે, તમારા ભગવાનને આ મારી સોટી આપજો . આવું ભરવાડનું વચન સાંભળીને ત્યાંથી ચાલ્યા એવા સંત ગઢપુર આવ્યા ને શ્રીજીમહારાજનાં અક્ષરઓરડીમાં દર્શન કરીને ભરવાડે આપેલી સોટી - શ્રીહરિને આપી તે પુણ્યે કરીને શ્રીજીમહારાજ તે ભરવાડને સોટી દેખાડીને પોતાના અક્ષરધામમાં લઈ જતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૨૪)*

## સુલુક પગીએ શ્રીહરિને કાકડી ભેટ કરી તેથી તેડવા આવ્યા

ગામ મહુડીયાપરામાં ધારાળા-સુલુક ભક્ત શ્રીજીમહારાજના સત્સંગી હતા. તે સુલુક ભક્ત શ્રી સ્વામિનારાયણ ભગવાનનું નિરંતર ભજન સ્મરણ કરતા હતા. એક સમયે શ્રી સહજાનંદ સ્વામી ભગવાન ગઢપુરથી વડતાલ ચૈત્ર માસનો સમૈયો કરવા પધાર્યા હતા. તે એક દિવસ શ્રી ગોમતીજીના કાંઠા ઉપર રહેલ આંબાવાડીયામાં રહેલ મોટો ઓટો છે તે જગ્યાએ શ્રીજીમહારાજ, બ્રહ્મચારી, સંત, પાળા, હરિભક્તો વગેરે સહિત સભા કરીને વિરાજમાન થયા હતા ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધી શ્રીહરિ સભામાં વાતો કરતા હતા. તે વખતે મહુડીયાપરાના સુલુક ભક્ત પોતાના ખેતરમાં થયેલી ચીભડાની કાકડી લઈને શ્રીજીમહારાજને આપવા આવતા હતા. તે સમયે મનને તથા જીવને લડાઈ રસ્તામાં થતી હતી કે, મન કહે છે, ચીભડાને ખાઈ જાઉં ને સુલુક ભક્તનો જીવ કહે છે, મારે તો આ કાકડી શ્રી સ્વામિનારાયણ ભગવાનને આપવી છે. આવી રસ્તામાં લડાઈ કરતાં કરતાં સુલુક ભક્તે કાકડી શ્રીજીમહારાજને આપી. ત્યારે શ્રી સહજાનંદ સ્વામી ભગવાન અંતર્યામીપણે સુલુક ભક્તને રસ્તામાં થયેલી મનની તથા જીવની લડાઈની વાત સભામાં કરતા હતા. જે સુલુક ભક્તનો જીવ બળીઓ હતો તો મનનું કહેલું ન માનીને આ કાકડી લઈને અહીં આવી મને આપી. તે કાકડીને ધોઈને સુધારીને પોતે જમીને સર્વને પ્રસાદ આપતા હતા. ને વળી કહેતા હતા કે, જે મનુષ્ય મનનું કહેલું ન માનીને તમારા સહુનો ઈષ્ટદેવ એવો જે હું તે મારી ભક્તિ જીવની પાસે કરાવે છે તે

જીવ ઉપર પ્રસન્ન થયેલો એવો હું તે તે જીવને મારા અક્ષરધામમાં લઈ જાઉં છું. માટે મારી આજ્ઞામાં રહીને મારું ભજન કરજો. આવી રીતે સર્વને વાત કરતા હતા. પછી જ્યારે સુલુક ભક્તનો અંતકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ તેમને પોતાના અક્ષરધામમાં લઈ જતા હતા ને પોતાની હજુરીની સેવામાં રાખતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૨૫)*

## વિજ્ઞાનાનંદ સ્વામીને તેડવા પધાર્યા

ગઢડાથી વિજ્ઞાનાનંદ સ્વામી શ્રીજીમહારાજની આજ્ઞાથી પોતાના મંડળે સહિત ગામડે ફરવા ગયા હતા. અને તે સંત શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અખંડ ભજન કરતા હતા. તેમજ શ્રીજીમહારાજની નાની મોટી આજ્ઞાઓનું પાલન કરતા હતા. અને વ્રત ઉપવાસ કરવામાં શ્રદ્ધાવાળા હતા. આવા શ્રી સહજાનંદ સ્વામી ભગવાનના તે સંત કોઈ ગામમાં માંદા થવાથી શ્રીજીમહારાજ તે સંતને પોતાના અક્ષરધામમાં લઈ જવા માટે સોનાની અંબાડીવાળા હાથી ઉપર બેસીને પધારતા હતા. ને શ્રીજીમહારાજ સંગાથે પાલખીમાં તથા રથમાં બેઠેલા બ્રહ્મચારી સાધુ પાળાઓ વગેરેને ચોરામાં બેઠેલા માણસોએ જોયા. તેથી ગામના મુખ્ય હરિભક્તને કહેવા માટે ચોરામાં બેઠેલા એક માણસે શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્તને કહ્યું કે, તમારા ભગવાન તમારા મંદિરમાં હાથી ઉપર બેસીને પધારેલા છે તેમને ઉતારો કરાવવા માટે તમારા મંદિરમાં જાઓ. આવા સમાચાર પોતાને ઘેર મળવાથી તે મુખ્ય હરિભક્ત મંદિરમાં આવ્યા. ત્યારે પોતાના ગામમાં કથાવાર્તા કરવા આવેલા સંત શ્રીજીમહારાજના અક્ષરધામમાં જવા તૈયાર થયેલા જોયા. તેથી તે સંતને શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના અક્ષરધામમાં લઈ ગયા. આવો પ્રગટ પરચો જોઈને તે ગામના ઘણા માણસો શ્રીજીમહારાજના આવેલા સંત પાસેથી વર્તમાન ધારી કંઠી પે'રી સત્સંગી થઈ પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૩૬)*

## મહારાજ કલ્યાણીના લક્ષ્મીબાઈને ફરીવાર તેડવા પધાર્યા

ગામ કલ્યાણીમાં લક્ષ્મીબાઈ શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્ત હતાં ને તે બાઈ શ્રી સ્વામિનારાયણ ભગવાનના નિયમો યથાર્થ પાળતાં હતાં. અને તે બાઈને શ્રી સહજાનંદ સ્વામી ભગવાને એક વખત દર્શન દઈને કહ્યું કે, તમને આવતી એકાદશીના બાર વાગ્યે તેડવા આવીશ ને તમને મારા અક્ષરધામમાં લઈ જવા છે. માટે તમારે કોઈને મળવું હોય તો મળીને તૈયાર થઈને રહેજો, હું જરૂર તેડવા આવીશ. આવું કહીને શ્રીજીમહારાજ અંતર્ધાન થઈ ગયા. પછીથી તે બાઈએ પોતાની દીકરી ઉપર કાગળ લખીને મોકલાવ્યો જે, આ પત્ર દેખીને તુરત તમે મળવા આવજો. પણ તે એકાદશી સુધીમાં આવી શક્યાં નહિ અને શ્રીજીમહારાજ તે હરિભક્ત

બાઈને એકાદશીના બાર વાગ્યે તેડવા આવ્યા. પછી તે બાઈ શ્રી સ્વામિનારાયણ ભગવાનને કહે છે, હું આજે તમારા અક્ષરધામમાં નહિ આવું પણ પૂનમને દિવસે તમો મને તેડવા આવજો. એટલે તે દિવસે હું તમારી સંગાથે અક્ષરધામમાં આવીશ. આવું તે બાઈનું વચન સાંભળીને શ્રીજીમહારાજ પાછા પોતાના અક્ષરધામમાં પધાર્યા. પછી તે બાઈએ બીજો પત્ર લખીને પોતાની દીકરીને બોલાવી તે પૂનમને સવારે આવી. અને તે પોતાની દીકરીને ઉપરની વાત કરી છે, શ્રી સ્વામિનારાયણ ભગવાન મને પોતાના અક્ષરધામમાં લઈ જવા આવ્યા હતા. પણ તમે એકાદશી સુધીમાં આવ્યાં નહિ તેથી શ્રીજીમહારાજને પાછું જવું પડ્યું છે. તો આજે બાર વાગ્યે શ્રીજીમહારાજ મને તેડવા આવવાના છે. તો તમને કહેવાનું કે તમે શ્રી સ્વામિનારાયણ ભગવાનના વર્તમાન ધારીને કંઠી પે'રીને સત્સંગી થઈને શ્રી સહજાનંદ સ્વામી ભગવાનનું ભજન કરજો અને શ્રીજીમહારાજના નિયમો સારી રીતે પાળશો તો હું શ્રીજીમહારાજને લઈને તેડવા આવીશ અને શ્રીજીમહારાજના અક્ષરધામમાં આપણે બે ભેગાં રહીશું. આવું પોતાની માતુશ્રીનું વચન સાંભળીને પોતાની માતુશ્રી પાસેથી વર્તમાન ધારી કંઠી પે'રી સત્સંગી થયાં અને શ્રીજીમહારાજનું ભજન કરવામાં ઉત્સાહવાળાં પોતાની દીકરી ઉપર પ્રસન્ન થયેલાં માતુશ્રી પાંચસે રૂપિયાનાં ઘરેણાં પોતાની દીકરીને આપતાં હતાં. તે જ અવસરમાં શ્રીજીમહારાજ વિમાન લઈને પધાર્યા. અને તે બાઈને વિમાનમાં બેસાડીને શ્રી સહજાનંદ સ્વામી પોતાના અક્ષરધામમાં લઈ ગયા. તેવી જ રીતે આપણે પણ શ્રીજીમહારાજની શિરસાટાની ભક્તિ કરીશું તો આપણી ભક્તિથી પ્રસન્ન થયેલા શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણને પણ પોતાના અક્ષરધામમાં લઈ જશે એ સિદ્ધાંત છે. માટે નિયમ પાળીને ભક્તિ કરવામાં પાછો પગ કરવો નહિ તેથી શ્રીજીમહારાજ પ્રસન્ન થશે અને અક્ષરધામરૂપી મોજ મળશે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૩૮)*

## લાઠીદડના નાપિત ડાહ્યાભાઈની સેવા બદલ તેડવા આવ્યા

ગામ લાઠીદડમાં નાપિત ડાહ્યાભાઈ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સત્સંગી હતા. પોતાનું કામકાજ પરવારીને આખો દિવસ મંદિરમાં રહેતા. મંદિર વાળવું અથવા લીંપવું, શ્રીજીમહારાજ આગળ ઘીના દીવા કરવા અને મંદિરમાં વાવેલાં ફૂલઝાડને કૂવામાંથી પાણી કાઢીને પાવું તેમજ સાધુ મંદિરમાં હોય તો તેમની સેવા કરવી. આવી રીતની ભક્તિથી પ્રસન્ન થયેલા શ્રીજીમહારાજે ભક્તિવાળા ભક્તને દર્શન દઈને કહ્યું, અમુક દિવસે હું તમને તેડવા આવીશ. માટે તમારે જેને મળવું હોય તેને મળી લેજો. અને ગામના માણસોને કહેજો કે, આવતી એકાદશીના બાર વાગ્યે શ્રી સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવવાના છે. અને મારી સાથે જેને અક્ષરધામમાં આવવું હોય તે તૈયાર થઈ રહેજો. એમ કહીને એકાદશીને દિવસે નાહી ધોઈ નવાં લૂગડાં

ઘરેણાં વગેરે પે'રીને તૈયાર તમો થજો અને હું તમને જરૂર તેડવા આવીશ. આવી રીતે કહીને શ્રી સહજાનંદ સ્વામી પોતાના ધામમાં ગયા. અને કહેલા વાયદા મુજબ ઉપરના ભક્તને તેડવા માટે શ્રીજીમહારાજ રથ લઈને પધાર્યા. અને ગામના માણસોને દર્શન આપીને ડાહ્યાભાઈ ભક્તને શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના અક્ષરધામમાં લઈ જતા હતા. આવો પ્રગટ પરચો જોઈને તે ગામના ઘણા માણસો સત્સંગી થઈ પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું શિરસાટે ભજન કરતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૩૯)*

## કુશળ કુંવરબાઈને તેડવા પધાર્યા

ગઢડાથી શ્રીજીમહારાજની આજ્ઞાથી પરમ ચૈતન્યાનંદ સ્વામી દેશાંતરમાં ફરવા ગયા હતા. તે ફરતા ફરતા ધરમપુર ગયા ત્યાં કુશળ કુંવરબાઈએ પોતાને ગામ આવેલા સંતને પોતાના બગીચામાં ઉતારો આપ્યો. અને રાણી પુરુષનાં લૂગડાં પેરીને ઉપદેશ સાંભળવા ગયાં, અને સ્વામીને પ્રણામ કરીને પાસે બેસવા આવે છે ત્યાં સ્વામીને ખબર પડવાથી કહ્યું કે, અમારા સ્થાનમાં કોઈ સ્ત્રીએ આવવું નહિ અને આવશે તો અમારે ઉપવાસ કરવો પડશે, કારણ કે આઠ પ્રકારે સ્ત્રીનો ત્યાગ કરવો એવી અમારા ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા છે તથા ધનનો ત્યાગ કરવો એવી પણ આજ્ઞા છે. તે સાંભળી રાણી વિસ્મય પામ્યાં અને વિચાર કર્યો કે, આવા સ્ત્રી ધનના ત્યાગી આ કળીકાળમાં પણ છે. પછી બીજા ઓરડામાં બેસીને બારણામાં ચક નખાવીને બીજા પુરુષ દ્વારા સ્વામીશ્રીને પૂછાવ્યું કે, તમારા ગુરુ કોણ છે ? ત્યારે સ્વામી બોલ્યા કે, અમારા ગુરુ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે અને તે હાલ કાઠિયાવાડમાં ગઢડા ગામમાં દાદા ખાચરના દરબારમાં રહે છે. તેમના કરેલા પાંચસો પરમહંસ મારા જેવા છે. તે સાંભળીને રાણીને નિશ્ચય થયો જે શ્રી સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે. નહિ તો આવા સાધુ કળીકાળમાં હોય જ નહિ. પછી દરરોજ છેટેથી સ્વામીશ્રીની વાતો સાંભળીને શ્રીજીમહારાજના સ્વરૂપનો નિશ્ચય કર્યો અને પોતાની સેવા નિરંતર શ્રીજીમહારાજના ઉપયોગમાં આવે તે માટે ઉત્તમ કમોદનાં ફોતરાં પોતાના હાથના નખથી ફોલીને તે અણિશુદ્ધ અને સુગંધવાળા ચોખાની કોથળીઓ ભરીને શ્રી ગઢડે મોકલતાં. આવી તેમની ભક્તિ જોઈને શ્રીજીમહારાજ તેમને પોતાનાં પ્રત્યક્ષ દર્શન આપતા. અને તેમની ભક્તિને આધીન થઈને તેમણે અર્પણ કરેલાં તુલસી, ચંદન, પુષ્પના હાર, થાળ વગેરે પ્રત્યક્ષ અંગીકાર કરતા. રાણીએ એક દિવસે પરમચૈતન્યાનંદ સ્વામીને હાથ જોડીને કહેવરાવ્યું કે, હવે શ્રીજીમહારાજ બ્રહ્મચારી, સંતમંડળ, પાર્ષદ, હરિભક્ત, મોટીબા, લાડુબા, રાજબાઈ, દાદા ખાચર સહિત અહીં પધારે તો ઠીક. ત્યારે સ્વામી બોલ્યા જે, ભગવાન તો સ્વતંત્ર છે પણ પોતે ભક્તવત્સલ છે. તે આપની ભક્તિને

આધીન થઈને થોડા દિવસમાં પધારશે. પછી શ્રીજીમહારાજ તેમનો સંકલ્પ જાણીને ગઢડાથી ધરમપુર જવા નીકળ્યા. અને વડતાલ આવીને ફરતા ફરતા સુરત થઈને આપને ત્યાં અમુક દિવસે આવીશું એવો પત્ર મળ્યા બાદ થોડા દિવસમાં શ્રીજીમહારાજ ધરમપુર પધાર્યા. પછી રાણીએ ઘણી ધામધૂમથી સામૈયું કર્યું અને પોતાના પૌત્ર કુંવર વિજયદેવને સાથે લઈને ગામની ભાગોળ સુધી સામાં ગયાં અને કુંવરને શ્રીજીમહારાજ પાસે લઈ જઈને પગે લગાડ્યા. અને કહ્યું કે, સર્વ પ્રજાને દર્શન થાય માટે સોનેરી વસ્ત્ર ધારણ કરીને અંબાડીવાળા હાથી ઉપર બેસો. આવી પ્રાર્થના સાંભળીને શ્રી સ્વામિનારાયણ ભગવાન હાથી ઉપર વિરાજમાન થયા અને સંત બ્રહ્મચારીને રથમાં, પાલખીમાં બેસાડીને અને લાડુબા, જીવુબા વગેરેને ગાડીઓમાં બેસાડીને પોતાના ઘેર સર્વેને લાવીને યથાયોગ્ય ઉતારા કરાવ્યા. અને તે દિવસથી તે જ્યાં સુધી શ્રીજીમહારાજ રહ્યા ત્યાં સુધી દરરોજ નોખી નોખી રસોઈઓ કરાવીને જમાડતાં અને શ્રીજીમહારાજે તે ગામમાં બહુ જ ઐશ્વર્ય બતાવીને જીવોનો મોક્ષ કર્યો. પછી રાણીએ પોતાનું રાજ શ્રીજીમહારાજને અર્પણ કર્યું. ત્યારે શ્રીજીમહારાજ કહે, હું રાજ્યને નથી ઈચ્છતો. મારે અસંખ્ય કોટિ બ્રહ્માંડનું રાજ્ય છે છતાં અનેક જીવનો મોક્ષ કરવા સર્વ મુક્તોએ સહિત આ ભરતખંડમાં પ્રગટ થયો છું. એમ કહીને શ્રીજીમહારાજે તે રાણીના પૌત્રને પોતે રાજગાદીએ બેસાડ્યા. પછી શ્રીજીમહારાજે કુશળ કુંવરબાઈને કહ્યું કે, મારી મૂર્તિને નખથી શિખાપર્યંત ધાર્યા કરજો. એક અંગ ત્રણેય અવસ્થામાં દેખાય ત્યારે બીજું અંગ ધારજો. આવું કરવાથી આ મનુષ્ય શરીરનો ત્યાગ કરાવીને મારા અક્ષરધામમાં મારી સેવામાં કાયમ રાખીશ. આવું શ્રીજીમહારાજનું વચન સાંભળીને રાણીએ તેવો અભ્યાસ મૂર્તિ ધારવાનો રાખ્યો. પછીથી શ્રીજીમહારાજને તથા સંતને તથા દાદા ખાચર વગેરે હરિભક્તોને પ્રસન્ન કરી ધામધૂમથી શ્રીજીમહારાજને વળાવ્યા. અને શ્રીજીમહારાજ સંઘાથે સદ્‌ગુરુ પરમ ચૈતન્યાનંદ સ્વામી ધરમપુરથી ગઢપુર આવ્યા ને કુશળકુંવરબાઈ શ્રીજીમહારાજનું ભજન કરતાં હવાં. જેથી શ્રીજીમહારાજ તેમને પ્રસન્ન થઈને પોતાના અક્ષરધામમાં લઈ જતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૪૮)*

## વડતાલમાં શ્રીહરિનો કોલ

વળી એક દિવસ શ્રીજીમહારાજ સાંજના સભા ભરીને બેઠા હતા. તે વખતે ગોમતીજી કરવાનો વિચાર નિસર્યો. હાલમાં ગોમતીજી છે તે જગ્યાએ પહેલાં ધારુ નામનું તલાવ નાનું હતું. તેમાં મહારાજે અને સંતોએ ઘણીવાર સ્નાન કર્યું છે. એમ પ્રસાદીનું જાણીને ગોમતીજી કરવાનો સર્વે મળીને ઠરાવ કર્યો. બીજે જ દિવસે ગાળવા માંડ્યું. બધા સંતો અને હજારો હરિભક્તો ખોદતા અને પોતે મહારાજ પણ માથે ધૂળની ટોપલીઓ લે. આ રીતે દિવસે સંતો હરિજનો

ખોદકામ કરે અને રાત્રિએ મોક્ષાર્થી દેવો પણ એ કામ કરે. આ શાથી જાણી શકાય કે, સાંજે ખોદેલી ધૂળ ઘણી પડી હોય, પણ સવારે આવીને જોવે તો કાંઠે પડી હોય. તેને ભાળીને સંત હરિજનો બોલે કે, "આ ધૂળ કોણે કાઢી નાંખી." ત્યારે સમાધિવાળા સંતો અને મહારાજ બોલે કે, "એ તો કલ્યાણાર્થી દેવો ભક્તિ કરી ગયા છે' એક દિવસે મહારાજ ગોમતી ખોદાવે અને ધૂળ ઉપાડીને બહાર લઈ જાય. આ સમયે વડોદરાના સયાજીરાવ ગાયકવાડના દીવાન નારુપત મહારાજનાં દર્શન કરવા આવ્યા. તેમણે મહારાજને ગોમતીમાંથી ધૂળ કાઢતા દેખીને પોતાની હજાર રૂપિયાની સાલમાં એક ટોપલી ધૂળ બાંધીને માથે મેલીને ધૂળને બહાર કાઢવા મંડ્યા. તેને જોઈને મહારાજ બોલ્યા કે– "આ ભારે સાલમાં ધૂળ ક્યાં ભરી ?" ત્યારે તે બોલ્યા કે, "આવાં ચીથરાં તો ઘણાં મળશે એની કાંઈ ખોટ નથી પણ આવો લાભ ભવિષ્યમાં કયાં મળવાનો છે ?' આ રીતે ગોમતીજીને પોતાને હાથે માથે ધૂળ લઈને ગળાવ્યાં. વળી આ ગોમતીજીને કાંઠે હજારો હરિજનોને છાપો અપાવરાવીને એમાં નવરાવ્યા છે, માટે આનો મહિમા અપરંપાર છે. આમાં જે કોઈ સ્નાન કરશે અને લક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરશે તેને હું મારા ધામમાં લઈ જઈશ.' આ રીતની વાર્તા મહારાજે ગોમતીજીને કાંઠે બેઠક છે તે સ્થળે સભામાં બેસીને કરી છે અને ઉપરોક્ત વર આપ્યો છે. *(સદ્. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૧૭૭)*

## ગઢડાનાં હિમરાજશાને તેડવા આવીશ એમ વર આપ્યો

એક સમયે મહારાજ ગઢપુરમાં રહ્યા હતા. જીવા ખાચરે પોતાના દરબારમાં ઈષ્ટપણે માનેલા શ્રીમદ્ભાગવતની કથા વંચાવાનો આરંભ કર્યો. એ પ્રિય વાત જાણીને મહારાજ કથા સાંભળવા વહેલા ઊઠીને નિત્યવિધિ કરીને જતા. એક દિવસે કથા સાંભળીને જીવા ખાચર સાથે પાછા આવતાં બજાર આગળ હિમરાજ શાહની દુકાન આવતાં તેમને દેખતાં જીવા ખાચરને કહ્યું કે, આ "શેઠ અમારાં દર્શન કરવા કોઈ દિવસ આવતા નથી" એવું મહારાજનું વચન સાંભળીને જીવા ખાચર બોલ્યા કે, જો તમે કહો તો એમને પગે પકડીને ફગાવી દઉં કે "જેના વેગથી ઘેલામાં જઈ પડે અથવા કહો તો તમારા ચરણારવિંદમાં નાંખી દઉં ત્યારે મહારાજે કહ્યું કે, "એમ સાહસ કરવાની જરૂર નથી. એતો એમની મેળે કોઈ દિવસે દર્શન કરશે, એમ સારૂ લાગે એવું વચન કહીને દરબારમાં આવ્યા. એક દિવસે કથા સાંભળીને સાંજના એકાકી દાદાના દરબારમાં પાછા આવતાં એજ શાહની દુકાન પાસે આવ્યા ત્યારે સાંઢીયા વઢતા વઢતા મહારાજ નજીક આવ્યા. મારવાની બીકે શેઠની દુકાન ઉપર ચઢી ગયા. તે સમયે શાહે બેસવા સારૂ આસન આપ્યું અને "આવો પધારો મહારાજ એવાં સત્કાર વચનો બોલ્યા. તેને સાંભળીને મહારાજે રાજી થઈને કહ્યું કે, "તમે અમારો આદર સત્કાર કર્યો, તેના ફળરૂપે અમે વિષમ

અંતકાળે ધામમાં તેડી જઈશું એમ વરદાન આપીને દુકાનેથી ઉતરીને દરબારમાં આવ્યા અને હિમરાજ શાહ અપાશરામાં ગયા અને ગોરજીને વાત કરી કે, "મારે સ્વામિનારાયણનાં દર્શન ન કરવાં એવો નિયમ હતો પણ આજ તો એમના અણધાર્યા દર્શન થયાં ? તો હવે તમે કહો તે પ્રાયશ્ચિત કરૂં ત્યારે દ્વેષી ગોરજી બોલ્યા કે, "પંદર દિવસની રેણકી (ઉપવાસ) રાખો, એટલે એ પાપનું પ્રાયશ્ચિત થઈ ગયું,' ત્યારે શાહે તે પ્રમાણે કર્યું. તે પછી વળી દશેક દિવસ જતાં, શાહને એવો સખત તાવ આવ્યો કે જેથી ઉઠાય બેસાય એવું રહ્યું નહિ. તેથી એમના ભત્રીજાઓ ઉપાડીને ઘેર લઈ ગયા અને ગોરજીને તત્કાળ બોલાવ્યા. અને વિનંતિ કરી કે "અમારા કાકાને સુખ થાય એવું કોઈ પુસ્તક વાંચો... ત્યારે ગોરજીએ એમના સંપ્રદાયનું પુસ્તક વાંચવા માંડ્યું. તે જેમ જેમ વાંચતા જાય તેમ તેમ દુઃખ વધતું જાય. પણ જરા જેટલી શાંતિ થાય નહિ. આતો એક દુઃખ હતું અને વળી તે સમયે જ ચાર દંડપાણી જમ આવ્યા તે શાહને મારવા મંડ્યા. આ દુઃખ નહિ સહન થવાથી હિમરાજે મનમાં મહારાજને સંભાર્યા. અને સ્મૃતિ થઈ આવી કે, સ્વામિનારાયણ ભગવાને મને દુકાન ઉપર કહ્યું હતું કે, "તમને અંતકાળે તેડવા આવીશ" તો તે હજુ સુધી કશી ખબર કેમ લેતા નથી. તે વરદાન ખોટું હશે કે સાચું ? જો સાચું હોય તો આ અસહ્ય અસાધ્ય વિપત્તિ વેળાએ અવશ્ય આવવું જોઈએ" આવું સ્મરણ કરે છે ત્યાં તો બે સાધુઓ આવીને શાહને દર્શન દીધાં. અને પ્રથમ તો જમને વઢ્યા કે, "તમે આ જીવને કેમ લેવા આવ્યા છો ? અને એને કેમ મારો છો ! ત્યારે જમ જોરથી બોલ્યા કે, "એ કંઈ તમારો ખાસ ભક્ત નથી. તો તેને લઈ જવામાં તમે કેમ રોકો છો ? એને મારી ટીપીને શ્વાસ કાઢીને જમપુરીમાં લઈ જઈશું, કેમકે એણે ક્યારેય સ્વામિનારાયણનાં દર્શન પણ કર્યા નથી એવો દ્વેષી છે' એવાં જમનાં જોરદાર વચનો સાંભળીને સંતો બળથી બોલ્યા કે, તમે એને મૂકીને જતા રહો' ત્યારે જમ જોર કરીને બોલ્યા કે, "અમે એને લીધા વિના નહિજ જઈએ" આવું દુરાગ્રહી યમદૂતોનું વચન સાંભળીને, સંતોએ ગળે ઝાલીને મારી ધમકાવીને ઘર બહાર કાઢ્યા. નીકળવાનું ખડકીનું બારણું બહુ સાંકડું હોવાથી જમનો ધક્કો લાગવાથી વંડો પડી ગયો અને પહોળું થયું અને જમ તો જીવ લઈને જતા રહ્યા. આ બધી વીતેલી વાત હિમરાજ શાહે જાતે જોઈ હોવાથી "સ્વામિનારાયણ સ્વયં ભગવાન્ ભક્તરક્ષક છે' એવો નિશ્ચય થઈ ગયો. અને સંતોનાં દર્શન થયાં. એ બન્નેના બળથી તીવ્ર તાવ અને યમદૂતોના દુરંત દુઃખની તત્ક્ષણ નિવૃત્તિ થઈ અને શાંતિ શાંતિ થઈ ગઈ. ત્યારે શેઠ હિંમતથી બોલ્યા કે, "મારે સ્વામિનારાયણનાં દર્શન હમણાં જ કરવાં છે, તો આ મારા ખાટલાને ચાર જણા ઉપાડીને દાદાના દરબારમાં લઈ જાવ, આ વિષમ વાતને સાંભળીને બધા ઢુંઢીયા ભેળા થઈને બોલ્યા

કે, "તમે તો શ્રાવકના ધર્મમાં મુખ્ય મનાતા હોવાથી તમારે ત્યાં જવાય જ નહિ." ત્યારે શાહ બહુ હિંમતથી બોલ્યા કે, "તમે ના પાડશો તો પણ મારે જવું જ છે.' એવું શેઠનું આગ્રહભર્યું વચન સાંભળીને, બીજા શ્રાવકો ન છૂટકે બોલ્યા કે, "સ્વામિનારાયણની સામુ ન જ જુવે એવા પાકા નિશ્ચયવાળા ચાર જણા ઊઠો અને આ ખાટલો ઉપાડીને દરબારમાં લઈ જાવ ત્યારે તેઓ ઉપાડીને દરબારમાં લાવ્યા. તે સમયે મહારાજ શ્રી વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીએ આથમણા મુખારવિંદે વિરાજમાન હતા. તેમના મુખ આગળ ખાટલો મૂક્યો. એટલે હિમરાજે પગે લાગીને કહ્યું કે, "તમોએ મારી આખર વખતે રક્ષા કરવા બે સાધુઓને મોકલ્યા ત્યારે તેમણે જમના દૂતોના હાથથી મને મૂકાવ્યો. અને સાધુઓએ જમને ગળે ઝાલીને ધમકાવીને મારા ઘરમાંથી બહાર કાઢતાં જમનો એવો ધક્કો વાગ્યો કે જેથી મજબૂત વંડો પડી ગયો અને મારી દુકાને ચઢીને અંતકાળે તેડવા આવવાનું વરદાન આપ્યું હતું તે પણ સત્ય કર્યું." તેને સાંભળીને નિશ્ચિત કરવા માટે મહારાજ બોલ્યા કે, તમે સાવ ખોટું બોલો છો " ત્યારે શાહે કહ્યું કે, હું બિલકુલ ખોટું બોલતો નથી, સાચે સાચું કહું છું." છતાં સાચું ન મનાતું હોય તો વંડાને જોવા માટે તમારા સાધુ પાળા હરિજનોને મોકલો ત્યારે તે લોકોને મોકલ્યા. તેઓ જોઈ આવીને બોલ્યા કે, "સાવ સાચી વાત છે" ત્યારે વળી મહારાજે કહ્યું કે, અમને એ વાત મનાતી નથી." ત્યારે વળી બીજા કુસંગીઓને મોકલ્યા. તેઓ પણ જોઈ આવીને બોલ્યા કે, "વંડી પડી ગઈ છે એ વાત સાવ સાચી છે. એમાં સંશયલેશ નથી.' એમ આ વાતની સત્યતા સર્વાનુમતે નક્કી થતાં, હિમરાજ શેઠે મહારાજને સવિનય કહ્યું કે, સવારે મારે ઘેર જમવા માટે સંતો સહ પધારો, સવારે હું રસોઈ કરાવીશ' એવું વચન સાંભળીને કહ્યું કે, તમારે સગાંવહાલાં અને નાત તરફથી ઉપાધિ થશે. માટે રસોઈની વાત રહેવા દ્યો ત્યારે શેઠ હિંમતથી બોલ્યા કે, "કશી જ ઉપાધિ નહિ થાય ત્યારે મહારાજે હા કહી આ શુભ સમયે ત્યાં બેઠેલા જીવા ખાચરને કહ્યું કે, "તમે તો પગે ઝાલીને ફગાવો તે ઘેલામાં જઈ પડે, નહિ તો ચરણારવિંદમાં નાખું, પણ આ તો ફગાવ્યા જ વિના ચરણારવિંદમાં આવીને પોતે જ પડ્યા." ત્યારે તે બોલ્યા કે, "તમે તો જગતના કર્તા હર્તા પાલયિતા પરમેશ્વર છો તે ચાહે તેમ કરવા સમર્થ છો. જેમ ખેડૂત બળદને નાથે બાંધીને દોરે તેમ જ દોરાય છે. તેમ આ સમસ્ત જગતના નાડી પ્રાણ તમારા હાથમાં છે તે જે તરફ લઈ જાવ તે તરફ પરતંત્ર થકા જાય.' એવો પરિપક્વ નિશ્ચય મારા મનમાં છે. એમ કહી રહ્યા પછી સાવ સાજા સુખી શેઠ મહારાજને પગે લાગીને પોતાને બહુ ધન્યભાગી માની, સવારની રસોઈનું પણ ચોક્કસ કરીને, ખાટલો ઉપડાવીને ઘેર આવીને પોતાનાં સગાંવહાલાંને બધી વીતેલી વાત યથાસ્થિત કહી. તેને સાંભળીને સર્વે બહુ રાજી થયા

અને શાહના કહેવાથી રસોઈની સમગ્ર સામગ્રી તૈયાર કરવા માંડી. તેને જાણીને સર્વે શ્રાવકો ભેગા થઈને શાહ પાસે આવ્યા અને કહ્યું કે, 'તમે તો આપણી નાત્યમાં મોટેરા હોવાથી એ રસોઈની વાત થાય જ નહિ.'' ત્યારે શાહે સ્પષ્ટ કહ્યું કે, ''મારે એ તો અવશ્ય કરવું જ પડશે.'' એમ શ્રાવકોની વાત નહિ માનવાથી એમનું મહાજન મંડળ ભેગું કરીને એમની પાસે ના કહેવરાવી. તો પણ મક્કમ શેઠે ન માન્યું. એમ શ્રાવકોની સઘળી મહેનત નિષ્ફળ થઈ, સવારે રસોઈ તૈયાર થતાં, મહારાજશ્રી સંતો સાથે શેઠને ઘેર પધાર્યા. અને સંતોની પંક્તિ થતા મહારાજે સંતોને લાડું પીરસ્યા. પીરસતાં જ્યાં ભીમો અને ખેતો બે ભક્ત બેઠા હતા ત્યાં આવીને ખેતાના પનવાડામાં બે લાડું મહારાજે મૂક્યા, પણ તે બન્ને લાડું ગોળ હોવાથી ગબડીને બહાર નીકળી ગયા. તેને તે ભક્તે લઈને પાછા પનવાડામાં ગોઠવ્યા. તેને જોઈને મહારાજ બોલ્યા કે, ગબડીને બહાર પડેલા લાડુને પાછા કેમ લીધા ?' ત્યારે ખરો ભક્ત ખેતો બોલ્યા કે, ''આ ભગવાનના હાથનો મહાપ્રસાદ તો ભવબ્રહ્માદિ દેવોને પણ મહાદુર્લભ છે, એમ માનીને મેં લઈને પનવાડામાં મૂક્યો. આવું ખેતાનું વચન, ત્યાં જોવા આવેલા સર્વ મહાજનો સાંભળીને, મનમાં બહુવાર વિચાર કરીને બોલ્યા કે, ''આ તો સાક્ષાત્ ઋષભદેવ કે જે આપણા ઈષ્ટદેવ છે તે પોતે છે,'' એવો સ્થિર નિશ્ચય કરીને પોતપોતાને ગામે ચાલ્યા ગયા. આ રીતે પોતાનું ઐશ્વર્ય પ્રતાપ કે જે પરમેશ્વર સાથે સંબંધ ધરાવે છે તે મહાજનોને પણ બતાવીને આશ્ચર્યચકિત કર્યા અને કેટલાક મુમુક્ષુઓને પોતાના આશ્રિત કરીને સ્વામિનારાયણ નામથી ભજન કરતા કર્યા. *(સદ્. શ્રી અદ્ભુતાનંદ સ્વામીની વાતો-૨૨૧)*

## હું એને અક્ષરધામરૂપ ઈનામ આપીશ !

તેવામાં એક સમે ઘનશ્યામ મહારાજ માટે દેવલોકમાંથી વિશ્વકર્મા પારણું લઈને ધર્મદેવને ઘેર આવ્યા. તે પારણું સાવ સોનાનું હતું ને તેમાં દેવતાઓનાં, મનુષ્યોનાં તથા નાગનાં સ્વરૂપ કોતર્યા હતાં તથા ચિત્રવિચિત્ર પુષ્પ વાળાં વૃક્ષો તથા વેલીઓ અને મેરુ વગેરે પર્વતો ચીતર્યા હતા, તથા સાગર અને સરિતાઓ ચીતર્યા હતા, અને હંસ, પોપટ પણ સજીવન જેવા બનાવ્યા હતા. તે જોઈને તે માણસોને એમ થતું જે આ પારણું બનાવનાર નક્કી વિશ્વકર્મા છે. વળી તે પારણાના મોરવાયા પણ જાણે ઉત્તર દક્ષિણના બે ધ્રુવ હોય તેવા શોભે ને વચલી દાંડી પણ જાણે શિંશુમાર ચક્રની ધરી હોય તેવી શોભે છે ને તેમાં મોટા હીરા જડેલા છે તે જાણે સૂર્ય, ચંદ્ર વગેરે ગ્રહો હોય તેવા દેખાય છે ને અગણિત નાના હીરા જડેલા તે સર્વે તારાનાં વૃંદ હોય તેમ શોભે છે. તે પારણાને હીરની દોરી બાંધેલી હતી અને પારણાને ઊંચે નીચે ચારે પાસ મણિઓ તથા માણેક જડેલાં હતાં. તે પારણું વિશ્વકર્માએ ઘનશ્યામ મહારાજને ભેટ

કર્યું. તેમાં ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજને પોઢાડ્યા. એક વખત સુવાસની બાઈ પારણામાંથી ઘનશ્યામ મહારાજને તેડવા ગયાં. ત્યાંતો પારણામાં આશ્ચર્ય દેખાણું જે ઘણા હીરામાં ઘનશ્યામ મહારાજનાં પ્રતિબિંબ પડ્યાં, તેથી સુવાસની બાઈએ અનંત સ્વરૂપ જે દીઠાં એટલે સંભ્રમ થયો કે આમાંથી કિયા બાળકને તેડવું ?'' પછી પોતાની બુદ્ધિની ચતુરાઈથી જમણે ગાલે ટીબકડી છે એમ ધારીને ડાબે ગાલે ટીબકડી હતી તેમને પ્રતિબિંબ જાણીને સત્ય સ્વરૂપને જાણીને તેડી લીધા ને અતિશય પ્રેમથી રમાડવા લાગ્યાં. તે સુવાસની બાઈની ચતુરાઈ જોઈને આશ્ચર્ય પામી બીજી બાઈઓ બોલવા લાગી જે ધન્ય છે બાઈ તારી ચતુરાઈને, અમે તો સર્વે ભ્રમાઈ ગઈ હતી જે આમાંથી કિયા બાળકને તેડશે ? પણ તમે તો ઘનશ્યામ મહારાજને બરોબર ઓળખી લીધા'' એમ કહીને સરવે સુવાસની બાઈનાં વખાણ કરવા લાગીયું. એ પારણામાં મહારાજને હમેશાં ભક્તિમાતા તથા સુવાસની બાઈ ઝૂલાવતાં. તે પારણું ધર્મદેવે જ્યારે જોયું ત્યારે તો બહુ આશ્ચર્ય પામી ગયા ને વિશ્વકર્મા કહે ''આ પારણું આવું સુંદર કરી લાવ્યા તેને મારે તમને શું ઈનામ આપવું ?'' ત્યારે તે સાંભળીને પારણામાંથી ઘનશ્યામ મહારાજ બોલ્યા જે ''હે પિતા ! હું એને અક્ષરધામરૂપ ઈનામ આપીશ'' એમ કહીને પછી વિશ્વકર્માને મહારાજે કહ્યું જે ''તમે કચ્છ દેશને વિષે સુતારના કુળમાં જન્મ ધરશો ને નારાયણજી એવું તમારું નામ રહેશેને એ અમારો મેળાપ તમને ગઢપુરમાં થાશે'' પછી વિશ્વકર્મા પ્રણામ કરીને અદૃશ્ય થઈ ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૪)*

## બ્રાહ્મણને તેડી જવાનો કોલ આપ્યો

પછી ત્યાંથી મહારાજ ચાલ્યા તે ગિરનાર ઉપર ચઢ્યા ને ત્યાં ઉપર કોટમાં ભીમકુંડમાં નાહ્યા ને ત્યાંથી ગૌમુખી ગંગામાં નાહ્યા ને ત્યાંના રહેનાર બાવા વગેરેને વાનમજી રૂપે દર્શન દીધાં. પછી ત્યાંથી અંબાજી તથા ગોરખનાથ થઈને દત્તાત્રેય ગયા. ને ત્યાં રહેનાર બાવાને દત્તાત્રેય રૂપે દર્શન દીધાં ને ત્યાં રાત્રિ રહીને પાછા હેઠા ઊતર્યા. તે ચઢીને વાવે આવીને તે વાવમાં નાહ્યા. ને શાલીગ્રામ તથા બાળમુકુંદજીને નવરાવ્યા. પછી જળપાન કરીને ભવેશ્વર આવ્યા ને ત્યાં કુંડમાં નાહ્યા. ને ત્યાંથી દામોદરજીને ભંડારે પધાર્યા. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરીને રેવતીકુંડમાં તથા દામોદરકુંડમાં નાહ્યા. ને ત્યાંથી રાધાદેરીએ જઈને નિવાસ કર્યો ને ત્યાં પૂજારી શિવજીની પૂજા કરવા આવ્યો. ત્યારે મહારાજે પૂછ્યું ''આ શિવની પૂજા તમે કરો છો ? ત્યારે તેણે હા કહી. પછી મહારાજ ત્યાં ધ્યાન કરવા બેઠા. તે સાંજ પડવા આવી, ત્યારે પૂજારીએ મહારાજને કહ્યું. ''ચાલો ગામમાં ત્યારે મહારાજ કહે ''અમે તો આંહી રહેશું ત્યારે બ્રાહ્મણ કહે ''આંહી તો રાત્રિએ સાવજ દીપડા આવે છે તે તમને ખાઈ જાશે. ત્યારે

મહારાજ કહે તે સાવજ દીપડા અમને ખાય નહી.'' પછી તે બ્રાહ્મણ ગામમાં ગયો ને મહારાજ ત્યાં જ રહ્યા, પછી અરધી રાતે સાવજ આવ્યો તે પાણી પીને મહારાજની સન્મુખ બેસી ગયો. ત્યારે મહારાજ તે સાવજનું ઓઠીગણ કરીને સૂતા. પછી સવારે પૂજારી બ્રાહ્મણ તથા ગામના માણસો આવ્યાં તે સર્વે જોઈને મહા આશ્ચર્ય પામ્યાં. પછી મહારાજ જાગ્રત થયા ને સાવજ સામી દૃષ્ટિ કરી એટલે તે ઊભો થઈને મહારાજ સામું જોઈ રહ્યો. પછી મહારાજે હાથથી સાન કરી ત્યારે તે સાવજ મહારાજને ચાર પ્રદક્ષિણા કરીને ચાલ્યો ગયો. પછી મહારાજ ત્રણ દિવસ તે દેરીમાં રહીને ગામમાં આવ્યા. તે વખતે ગોધાવાવ વાળી જગ્યામાં બ્રાહ્મણ ભોજન થાતું હતું, ત્યાં મહારાજ જમવા પધાર્યા. ને સહુ સાથે જમવા બેઠા પણ અસુર વૈરાગીએ જમવા દીધા નહીં. જ્યાં બેસે ત્યાંથી ઉઠાડી મૂકે. એમ સાત વખત બેઠા ને સાત વખત ઉઠાડ્યા. તે જોઈ એક બ્રાહ્મણને દયા આવી. તેથી તે મહારાજને પોતાની સાથે હાટકેશ્વર મહાદેવની જગ્યામાં તેડી ગયો. ને તેણે સીધું લઈ આવી રસોઈ કરીને મહારાજને જમાડ્યા. પછી મહારાજે તે બ્રાહ્મણને અક્ષરધામમાં તેડી જાવાનો કોલ દઈને ત્યાંથી ચાલી નીસર્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૮૧)*

## નીલકંઠવર્ણી ગોપનાથના મહંતને તેડવા પધાર્યા

પછી ત્યાંથી ચાલ્યા એવા શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે ફરતા ફરતા શ્રીગોપનાથ પધાર્યા. ને ત્યાં ગોપનાથ મહાદેવનાં દર્શન કરીને રાત્રિ રહ્યા. તે વખતે ત્યાં મંદિરના મહંત નૃસિંહાનંદ બ્રહ્મચારી હતા. તેણે મહારાજને દીઠા એટલે મહા તપસ્વી જાણીને થાળ કરાવી જમાડ્યા. ને સારે ઠેકાણે આસન કરાવ્યું. પછી દિવસના ચાર બજે સહુ દરિયે નાવા ગયા. ને ત્યાં નાહીને બેઠા, ત્યારે મહારાજ તો પોતાને ફરતી રેતીની એક વેંત ઊંચી પાળ કરીને બેઠા, ત્યારે મહંત બ્રહ્મચારીએ કહ્યું ''અરે નીલકંઠ બ્રહ્મચારી ! ચાલો ગામમાં જઈએ ત્યારે મહારાજે ના પાડી ને કહ્યું ''રાતે તો આંહી રહેવું છે. માટે પંદર વીશ છાણાં ને દેવતા મોકલજો. તે આંહી સળગાવીને પડ્યા રહેશું'' ત્યારે તે બ્રહ્મચારીએ અને બીજાં માણસો હતાં તે સહુએ કહ્યું ''આંહી તો સાંજે વાંસજાળ પાણી આવે છે તેથી તણાઈ જાશો ને બૂડી મરશો.'' તો પણ મહારાજ ગયા નહીં. પછી બ્રહ્મચારીએ છાણાં અને દેવતા મોકલાવ્યો. તેનો મહારાજે આઢ ખડક્યો. ને સાંજ વખતે સળગાવ્યો તે વખતે દરિયામાં પાણી આવ્યું ને વાંસજાળ ઊંચે ચડી ગયું. ત્યારે શંકરના દેરા ઉપર ચડીને મહંત બ્રહ્મચારી તથા કેટલાક માણસો જોવા લાગ્યાં ત્યારે પાણીની અંદર ધુમાડો તથા પ્રકાશ દેખાયો ને મહારાજ તો દેખાયા નહીં. પછી સહુએ વિચાર કર્યો જે ''આટલા પાણીમાં અગ્નિ પણ ક્યાંથી રહે અને બ્રહ્મચારી પણ તણાઈ ગયા હશે'' એમ

ધારીને સર્વે સૂઈ ગયા. પછી સવારે ઊઠીને મહંત બ્રહ્મચારી તથા બીજાં માણસો સહુ ત્યાં જોવા ગયા તો મહારાજ જેમ પાળની અંદર બેઠા હતા તેમને તેમ બેઠા હતા. ને પાળની રેતી સાવ કોરી હતી ને છાણાંની રાખનો ઢગલો પણ કોરો પડેલો હતો તે જોઈને સહુ વિસ્મય પામ્યા ને બોલ્યા જે "આ નિશ્ચય ભગવાન છે એમ સંકલ્પ કરે છે તે ટાણે મહારાજની મૂર્તિમાંથી તેજ નીકળવા માંડ્યું ને તેમાં અક્ષરધામ જોયું. ને તે ધામને વિષે અનંત કોટી મુક્ત વીંટાણા થકા દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન મહારાજનાં દર્શન થયાં. પછી સર્વેને જાગૃત કર્યા ને તેજ મહારાજે પોતાને વિષે સમાવી દીધું. પછી સહુ વિનંતી કરીને મહારાજને જગ્યામાં તેડી લાવ્યા. ને ત્યાં પાંચ દિવસ થાળ કરીને મહારાજને જમાડ્યા. ને અતિ હેત થઈ ગયું તેથી તે મહંત બ્રહ્મચારીએ વિનતિ કરીને કહ્યું કે "તમે અમારી જગ્યાના મહંત થાઓ" ત્યારે મહારાજ કહે "અમારે તો દ્વારકા આદિક તીર્થની યાત્રા કરવા જાવું છે.' એમ કહીને ત્યાંથી ચાલી નીસર્યા. તે પછી ઘણે વરસે મહારાજ ગઢપુરમાં ભગવાન થઈને પૂજાય છે. એવા સમાચાર તે ગોપનાથના બ્રહ્મચારીને મળ્યા. ત્યારે તે બ્રહ્મચારીએ કાગળ લખીને માણસ મોકલી મહારાજને ગોપનાથ બોલાવ્યા. ત્યારે તે કાગળ મહારાજે ગોપાળાનંદસ્વામી આદિકને વંચાવ્યો. ને જાવા સારુ તૈયાર થયા. ત્યારે ભેગાં જનારાં ઘણાં માણસ તૈયાર થયાં તે જોઈને ખર્ચ વધારે થાશે. એમ વિચાર કરીને મહારાજ જતા આળસ્યા. પણ જ્યારે એ નૃસિંહાનંદ બ્રહ્મચારીએ દેહ મેલ્યો ત્યારે શ્રીજીમહારાજ અનંત મુક્તો સાથે વિમાન લઈને તેને તેડવા પધાર્યા. તે વખતે તે બ્રહ્મચારીએ હાથ જોડ્યા ને બોલ્યા જે હે મહારાજ ! તમને મેં કાગળ લખ્યો હતો ત્યારે કેમ નહોતા પધાર્યા ?" ત્યારે મહારાજે કહ્યું "તે વખતે સાથે આવનાર માણસ ઝાઝાં તૈયાર થયાં હતાં તેથી ખર્ચ વધી જાય એમ જાણીને નહોતા આવ્યા ત્યારે બ્રહ્મચારી કહે "આવ્યા હોત તો આ ખજાનામાં રૂપિયા પડ્યા રહ્યા તે વપરાત' ત્યારે મહારાજ કહે તેનું કાંઈ નહીં એમ કહીને ધામમાં તેડી ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૭૭)*

## માંગરોળના મંછારામભાઈ ને તેડવા પધાર્યા

એક વાર માંગરોળમાં પુરબીયા મંછારામભાઈ માંદા થયા ને દેહ મેલવા ટાણે ગામમાંથી સત્સંગીને બોલાવ્યા ત્યારે સર્વે હરિભક્ત ભેગા થઈને આવ્યા. ત્યારે તેમની આગળ મંછારામભાઈ બોલ્યા કે "હવે મારે ધામમાં જાવું છે માટે તમે સહુ ભલે આવ્યા. હવે કીર્તન બોલો." પછી હરિભક્તો કીર્તન બોલ્યા ને પછી ધૂન કરી. પછી મંછારામભાઈ બોલ્યા કે "હવે રાખો જુઓ આ શ્રીજીમહારાજ હજારોં સંત સાથે વિમાન, પાલખી તથા હાથી ઘોડા લઈને મને તેડવા આવ્યા છે. એમ કહીને પોતાના દીકરાને ભલામણ કરી કે "સત્સંગ ખરેખરો રાખજો ને મારી વાંસે

જૂનાગઢમાં સાધુઓને રસોઈ દેજો ને હવે ગાયનું છાણ લાવીને લીંપો ત્યારે તેમ કર્યું એટલે મંછારામભાઈ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ધૂન કરતા થકા દેહ મેલીને ધામમાં ગયા તે વખતે તેમના ઘરની આસપાસ રહેનારાં ઘણાં માણસોને વિમાન, પાલખી વગેરે સહિત સંત તથા શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને બધે તેજ તેજ થઈ ગયું. તેવું આશ્ચર્ય જોઈને ઘણાં માણસો બોલ્યાં "જે આવો પ્રતાપ દેખાડીને દેહ મેલવી તે તો ખરેખરા સત્સંગી હોય તેમને જ બને છે. આવો પ્રતાપ દેખાડીને દેહ મેલતાં આજ સુધી આપણે કોઈને દીઠા નથી. આ તો સ્વામિનારાયણનો પ્રતાપ બહુ મોટો છે' એમ બહુ આશ્ચર્ય પામ્યાં. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૨૫)*

## માંગરોળના માણેકચંદભાઈને તેડવા પધાર્યા

ગામ શ્રી માંગરોળમાં માણેકચંદભાઈ સત્સંગી સારાં હતા. ને નિયમ ધર્મ ખરેખરો પાળતા ને હંમેશાં મંદિરમાં જઈ વાળવું, ઠાકોરજી જગાડવા, ઠાકોરજીને નૈવેદ્ય ધરવું, વરસોવરસ વાર્ષિક ઉત્સવ સમૈયા કરવા તથા કથાવાર્તા કરવી ને સાંભળવી અને સાધુનું મંડળ આવે ત્યારે તેમનો સમાગમ કરવો તથા દર વરસે એક મહિના સુધી તે સાધુઓ પાસે કથા કરાવવી ને પોતાને સાંભળવી અને સાધુઓને રસોઈઓ દેતા અને બીજા હરિભક્તને પણ ઉપદેશ દઈ અન્ન વસ્ત્રથી સાધુની સેવા કરાવતા અને કથાની સમાપ્તિ થાય ત્યારે કથા વાંચનારની તથા બીજા સંતની પૂજા કરાવે ને પોતે પૂજા કરીને ધોતિયાં ઓઢાડતા અને મંદિરે સાધુ હોય અગર ન હોય તો પણ મંદિરે આવીને ગોડી આરતી કરતા ને કથા કરાવીને સાંભળતા. પછી સ્વાભાવિક ચેષ્ટાનાં પદ બોલીને ધ્યાન કરીને પોઢણીયું બોલીને વંદુનાં કીર્તન બોલીને ઘેર જાતા. એવા નિયમ જીવ્યા ત્યાં સુધી પોતે કર્યા ને આયુષ્યને અંતે સાવ સાજા હતા ને બપોરે જમવા બેઠા પછી જમીને ચળુ કરી જળપાન કરીને બેઠા તે વખતે પોતાને પેટમાં જરાક ચૂંક આવવા લાગી ત્યારે પોતાના દીકરા રણછોડભાઈને કહ્યું "આજ મને પેટમાં ચૂંક આવે છે માટે ભજન કરો" એમ કહી પોતે ભજન કરવા લાગ્યા ને ઘરનાં પણ સહુ "ભજન કરવા લાગ્યા તે ઘડીએ માણકચંદભાઈ બોલ્યા કે "આ જુઓ શ્રીજીમહારાજ તથા ઘણાંક સંતો મને તેડવા આવ્યા છે માટે હું તેમના ભેગો ધામમાં જાઉં છું." એમ કહી પોતાના દીકરા રણછોડને મંદિરની ભલામણ કરી પછી તુરત દેહ તજીને શ્રીજીમહારાજ ભેગા અક્ષરધામમાં ગયા. તે વખતે માણકચંદભાઈના જમાઈ મંદિરની વાડીએ નાવા ગયા હતા ત્યાં તેમને સાધુનાં દર્શન થયાં ને તે બોલ્યા કે, "અમે માણકચંદભાઈને તેડવા જાઈએ છીએ તે સાંભળીને તુરત તે શેઠને ઘેર આવ્યા ત્યાં તો

માણકચંદભાઈને હેઠા લીધેલા જોયા પછી તેમણે વાત કરી કે "મને હમણાં જ વાડીમાં પચાસ સાધુનાં દર્શન થયાં હતાં ને તેઓ બોલ્યા કે અમે માણકચંદભાઈને તેડવા જાઈએ છીએ." એવો ચમત્કાર જોઈને પોતે સત્સંગી થયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૨૬)*

## ગામ માળિયા હાટીના મકન ભટ્ટ તથા તેમના પત્નીને તેડવા આવ્યા

ગામ માળીયામાં મકન ભટ્ટ હતા તે જ્યારે સાધુ બ્રહ્મચારી આવે ત્યારે વાતો સાંભળવા આવે તે કથા થાતી હોય ત્યારે કથા સાંભળવા આવે ને સાધુ બ્રહ્મચારીને હમેશાં છાશ અથાણું પહોંચાડે ને પોતે વૈષ્ણવ હતા તો પણ સાધુ બ્રહ્મચારીનો ગુણ બહુ રાખતા કારણ કે તે એમ જાણતા કે, આવા કળિયુગમાં આવા ધર્મવાળા કોઈ પંથમાં નથી." એમ જાણી નિષ્કપટ ભાવથી તેમણે સાધુ બ્રહ્મચારી માટે ઘણાં વરસ સુધી છાશ અથાણું આપ્યું તેથી શ્રીજીમહારાજે રાજી થઈને એક વખત રાત્રિએ મકન ભટ્ટને દર્શન દીધું ને કહ્યું, "હે ભટ્ટ ! તમે માગો, જે માગો તે આપું." ત્યારે ભટ્ટ બોલ્યા કે, "હે સ્વામિનારાયણ ! તમે રાજી થયા હો તો મને એકાદશીને દિવસે તમારાં ધામમાં તેડી જાઓ." ત્યારે મહારાજે હા પાડી. તે વખતે ભટ્ટનાં ઘરનાં મનુષ્ય બોલ્યાં કે, "તમે કોની સાથે વાતો કરો છો ?" ત્યારે ભટ્ટ કહે, "સ્વામિનારાયણ સાથે વાતો કરું. છું. તે સ્વામિનારાયણ એકાદશીને દિવસે મને ધામમાં તેડી જાશે." ત્યારે તે કહે, "શા પુણ્ય કરીને તમને ધામમાં તેડી જાશે ?" ત્યારે ભટ્ટ બોલ્યા કે, "સાધુ બ્રહ્મચારીને હું છાશ અથાણું પુગાડતો તે પુણ્ય.' ત્યારે તે બાઈ કહે, "તે છાશ અને અથાણું કરનાર હું તે મારો શું વાંક ? માટે તમે મહારાજને કહો કે મને પણ સાથે તેડી જાય એટલે આપણે સાથે જઈએ." પછી મકન ભટ્ટ બોલ્યા કે, "હે મહારાજ ! મારી સ્ત્રી પણ તૈયાર થઈ છે. ત્યારે મહારાજ કહે, તમે બેય સાથે નહીં કારણ કે તમારી નાતના બ્રાહ્મણ થોડા છે માટે તમને એકને એકાદશીને દિવસે તેડી જાશું ને તમારી સ્ત્રીને બીજને દિવસે તેડી જાશું." એમ કહીને મહારાજ અંતરધ્યાન થઈ ગયા. પછી એકાદશીને દિવસ રાત્રિએ મકન ભટ્ટે ગામના સરવે હરિજનને તેડાવીને કહ્યું, "આજ મહારાજ મને તેડવા આવશે માટે આંહી બેસીને કીર્તન બોલો." ત્યારે હરિજનો ત્યાં બેસીને ચાર કીર્તનો બોલ્યા. પછી રાત્રિના દશ વાગે શ્રીજીમહારાજ રથ લઈને આવ્યા. ત્યારે મકન ભટ્ટને તથા ગામના સરવે હરિજનોને દર્શન થયાં. પછી મકન ભટ્ટે કહ્યું, "આ સ્વામિનારાયણ મહારાજ મને તેડવા આવ્યાં છે તે ભેગો હું ધામમાં જાઉં છું' એમ કહીને દેહ મેલી ધામમાં ગયા ને બીજને દિવસે તે ભટ્ટનાં ઘરનાં મનુષ્યને દર્શન દઈને મહારાજ પોતાના ધામમાં તેડી ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૪૭)*

## મેંદરડામાં ઠક્કર પ્રેમજીભાઈની ગાયને તેડવા આવ્યા

એકવાર ગામ મેંદરડામાં ઠકર પ્રેમજી પોતાની દુકાનમાં રાત્રિએ સુતા હતા તે જાગ્યા ત્યાં મહારાજનાં ને સંતનાં પોતાને દર્શન થયાં - ત્યારે તે ઉઠીને પગે લાગ્યા ને પૂછયું "હે મહારાજ ! આ ટાણે ક્યાં - પધારો છો ?" ત્યારે મહારાજ બોલ્યા કે, "તમારે ઘેર તમારી ગાયને તેડવા જાઈએ છઈએ." ત્યારે પ્રેમજી ઠકર કહે "હે મહારાજ ! એ ગાયનું એવું શું પુણ્ય કે તમે અક્ષરાતીત પુરુષોત્તમનારાયણ તેને તેડવા પધારો છો ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે "તે ગાયનું દૂધ સાધુ બ્રહ્મચારીઓ જમ્યા છે ને અમને ધરાવ્યું હતું તેથી અમે પણ જમ્યા છઈએ તે પુણ્ય." એમ કહીને તેને ઘેર પધાર્યા ને ગાયના જીવને ધામમાં તેડી ગયા. પછી સવારે પ્રેમજી ઠકર પોતાને ઘેર ગયા ને ઘરનાં મનુષ્ય આગળ તે વાત કરી ત્યારે તેણે કોડમાં જઈને જોયું તો ગાયને માથું નમાવીને પડેલી જોઈ તેથી તેણે તે વાત સાચી જાણી ને પોતાની ગાયનું એવું કલ્યાણ થયું જાણી તે રાજી થયાં. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૭૦)*

## પંચાળામાં રાસ રમ્યા ને પ્રસાદીની જગ્યાએ દેહ મૂકતા ચામઠાને શ્રીહરિ તેડી ગયા

એકવાર ગામ પંચાળામાં શ્રીજીમહારાજે ગગાભાઈનાં ઘરમાં મનુષ્ય જે મોટીબા તેમને અરધી રાત્રિએ દિવ્યરૂપે દર્શન દીધાં ત્યારે તે બોલ્યાં જે "હે મહારાજ ! આ ટાણે તમે ક્યાં પધારો છો ? ત્યારે મહારાજ કહે "અમે આંહી હુતાશનીનો સમૈયો કર્યો હતો તે વખતે જે ઠેકાણે મંચ ખોડાવ્યો હતો ને ત્યાં અમે બેસીને સાધુ હરિજનો ઉપર ગુલાલ નાખ્યો હતો તે ઠેકાણે ચામઠાં ઉતરેલાં છે ને તેમાંના એક માણસની આવરદા થઈ રહી છે ને માંદો છે તેને અમે તેડવા જાઈએ છીએ." એટલું કહીને મહારાજ પધાર્યા ને ચામઠાના જીવને ધામમાં તેડી ગયા તે વાત મોટીબાએ બીજા સત્સંગીઓને તેડાવીને કહી જે "અરે મહારાજની દયા તો જુઓ, એક પાપી જીવે પોતાની પ્રસાદીની જગ્યાએ દેહ મૂક્યો તેને પોતાના ધામમાં તેડી ગયા ?" તે સાંભળી સહુ આશ્ચર્ય પામ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૮૮)*

## પંચાળામાં બળદને શ્રીહરિ તેડવા પધાર્યા

એક વાર ગામ પંચાળામાં એક ખેડૂના બળદને ગામ ખમીદાણાનો ખેડું હાંકવા લઈ ગયેલ તેણે ઉનાળુ વાવી લીધું પણ પાછો મૂકવા આવેલ નહિ ત્યારે તે બળદે તે ખેડૂના સ્વપ્નામાં આવીને કહ્યું "તું મને આવતી કાલે પંચાળે મેલી આવજે કારણ કે કાલે મારે દેહ મેલવો છે

તે જો હુ આંહી મરી જાઈશ તો મને જમ લઈ જાશે માટે પંચાળાના સીમાડામાં મૂકી આવો તો ઠીક કારણ કે ત્યાં સ્વામિનારાયણે દરબાર ઝીણાભાઈને કોલ દીધો છે કે તમારાં ગામના સીમાડામાં જે મરે તેને જમ લેવા ન આવે તેથી મને તુરત સવારે મૂકી આવજો.'' પછી સવારે તે ખેડૂ બળદને લઈને પંચાળે જઈ તેના ધણીને સોંપી દીધો ને પોતાને જે સ્વપ્ન થયું તેની વાત કરી તેવામાં તો તે આવેલો બળદ બીજા બળદો ભેગો ચરતો હતો ? ત્યાં અચાનક તુરત પડી ગયો ને મરણ પામ્યો ત્યારે તે બેય ખેડૂને તે વાત સાચી મનાણી. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૮૯)*

## જૂનાગઢમાં નાગર ચકુભાઈને તેડવા આવ્યા

એકવાર સદ્ગુરુશ્રી ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ આવ્યા ને સર્વે સંતને મળીને સભામાં વાતો કરતા હતા તે વખતે ચકુભાઈ તથા તેમના ભાઈઓ વગેરે નાગર સ્વામીને દર્શને આવ્યા ને પગે લાગીને સભામાં બેઠા પછી સ્વામીને કહ્યું તમે સમાધિ કરાવો છો તે અમને બતાવો.'' ત્યારે સ્વામીએ કેશવદાસજીને બોલાવીને તેમને ? સમાધિ કરાવી ત્યારે ચકુભાઈએ તથા બીજા નાગરોએ તેમની નાડી જોઈ તથા શ્વાસ જોયો તો નાડી કે શ્વાસ કાંઈ ન મળે પછી તેમણે સ્વામીને કહ્યું ''આ સમાધિમાં કાંઈ પરલોકની ચીજ લાવે ખરા ? ત્યારે સ્વામી કહે ''એ ગોલોકમાંથી લીલાં લવીંગ તથા સાકર લાવશે.'' પછી બે કલાક થઈ ત્યારે નાગરોએ સ્વામીને કહ્યું ''હવે આ સાધુને સમાધિમાંથી જગાડો.'' ''ત્યારે સ્વામીએ તે સાધુ સામી જરા દ્રષ્ટિ કરી તેજ ઘડીએ તે સમાધિમાંથી જાગ્યા ને એક હાથમાં લીલાં લવીંગ ને બીજા હાથમાં સાકર ભરેલી તે જોઈને સહુ આશ્ચર્ય પામ્યા ને : તે સર્વે નાગરો વર્તમાન ધરાવીને સત્સંગી થયા પછી સ્વામીએ લવીંગ - તથા સાકરની પ્રસાદી સર્વેને વહેંચી આપી. તે નાગર ચકુભાઈ : પ્રેમાનંદસ્વામી પાસેથી ગાવણું શિખ્યા હતા ને ત્રિકમરાય ભાઈ પણ શિખ્યા હતા. એકવાર રઘુવીરજી મહારાજ જૂનાગઢ આવ્યા ત્યારે તેમની પાસે સભામાં ગાઈને રાજી કર્યા હતા ને તેવી રીતે ભગવત્પ્રસાદજી મહારાજને પણ ગાવણું સંભળાવી રાજી કર્યા હતા ને વિહારીલાલજી મહારાજ પધાર્યા ત્યારે તેમની આગળ પણ ગાન કર્યું હતું ને તે ધર્મ નિયમમાં કુશળ હતા તે ચકુભાઈ એકવાર માંદા થયા ને અંત સમો થયો ત્યારે શ્રીજીમહારાજ વિમાન, હાથી તથા પાલખી લઈને તેડવા આવ્યા તે વખતે રથ વિમાને સહિત મહારાજનાં દર્શન ગોવિંદરાય આદિકને થયાં હતાં ને તેમને મહારાજે કહ્યું કે ''અમે ચકુભાઈને તેડવા જઈએ છીએ.'' એમ કહી તેમને ઘેર જઈને ચકુભાઈને ધામમાં તેડી ગયા પછી તેમના દેહને અગ્નિ સંસ્કાર કરીને આવ્યા ત્યારે ગોવિંદરાયે સાધુ પાસે આવીને વાત કરી જે ''આજ મને રથ વિમાન સાથે ચકુભાઈને મહારાજ તેડવા ગયા તેવાં દર્શન થયાં,

આટલા દિવસ તમે સભામાં વાતો કરતા પણ મને નહોતી મનાતી પણ હવે તે ખરી સમજાણી જે અંતકાળે મહારાજ તેડવા આવે છે તે વાત સત્ય છે ને સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે ને આવું કોઈ અવતારમાં થયું નથી એમ વાત કરી બહુ રાજી થયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૯૬)*

## જૂનાગઢમાં કડિયા આણંદભાઈના દીકરાને તેડી ગયા

જૂનાગઢમાં કડિયા આણંદનો દીકરો માંદો થયો તે કસર વધી ગઈ ને શરીરની શક્તિ રહી નહિ ત્યારે ઘરમાં સહુ ચિંતા કરવા લાગ્યાં તે વખતે છોકરાને મહારાજનાં તથા સંતનાં દર્શન થયાં ત્યારે તે ખાટલામાં બેઠો થયો ને હાથ જોડવા લાગ્યો તે જોઈ તેની મા બોલી જે "દીકરા તું કેને હાથ જોડે છે ?" ત્યારે તે છોકરો કહે "મને મહારાજનાં તથા સંતના દર્શન થાય છે ને તે મને તેડવા સારું આવ્યા છે તે સાથે મારે ધામમાં જાવું છે ને સાધુ તો ઘણા આવ્યા છે તે મંદિરની પ્રદક્ષિણામાં તથા હનુમાનજીની દેરી આગળ છે ઘણા ઉભા છે તે હું આંહીથી દેખું છું ને મને હવે કાંઈ આવરણ રહ્યું નથી." તે સાંભળી છોકરાની મા બોલી જે તું સાધુને તથા મહારાજને કહે જે તને આંહી મેલી જાય ત્યારે છોકરો કહે અરે મા આ લોકમાં તે શું સુખ છે ? સુખ તો ભગવાનના ધામમાં છે માટે હું તો ત્યાં જઈશ ને તમે રાજી થઈને રજા આપો ને મારી પાછળ રોશો નહિ કારણ કે આ લોક કરતાં તે ધામમાં કોટીગણુ સુખ છે." એમ કહી દેહનો ત્યાગ કરીને તે છોકરો અક્ષરધામમાં ગયો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૯૮)*

## જૂનાગઢમાં ચકુભાઈ નાગરની ભાણીને તેડવા આવ્યા

જૂનાગઢમાં ચકુભાઈ નાગરનાં બેનની દીકરી મંદિરે હમેશાં દર્શને આવે તે ઠાકોરજીનાં દર્શન કરી પ્રદક્ષિણા કરીને ઘેર જાય અને દિવાળી આવે ત્યારે દરેક પ્રદક્ષિણાએ એક એક સીતાફળ ઠાકોરજી આગળ મુકે એવું નિયમ હતું ને પોતાનું મંદિર ઉપર આસ્તા બહુજ હતી એમ કરતાં તેને મંદવાડ થયો ને દેહ મેલ્યો ત્યારે શ્રીજીમહારાજ રથ લઈને તેને તેડવા આવ્યા તે વખતે બાઈ બોલી જે "આ સ્વામિનારાયણ ભગવાન મને રથ લઈને તેડવા આવ્યા છે." ત્યારે તેનાં સગાં કહે "આપણે તો વૈષ્ણવ છીએ ને તને ? સ્વામિનારાયણ શા માટે તેડવા આવ્યા છે ?" ત્યારે તે બાઈ કહે ? હું હમેશાં સ્વામિનારાયણને મંદિરે દર્શન કરવા જાતી ને પ્રદક્ષિણા કરતી ને મને રણછોડજી ઉપર બહુ હેત હતું તેથી મને સ્વામિનારાયણ : તેડવા આવ્યા છે. એમ કહીને તે બાઈ દેહ મૂકી ભગવાનના ધામમાં : ગઈ. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૯૯)*

## વાગડમાં ભાઈ આત્માનંદ સ્વામીને તેડવા આવ્યા

ભાઈ આત્માનંદસ્વામી મહા મોટા સંત હતા ને મહારાજની આજ્ઞા અખંડ પાળનારા હતા ને પોતે એકસોને સત્તર વરસની આવરદા ભોગવી હતી ને તેમને વાગડ ગામનું પાણી માફક આવતું તેથી ઘણું કરીને તે ત્યાંજ રહેતા તે એકવાર જૂનાગઢ મંદિરનાં દર્શન કરવા આવ્યા ત્યારે સદ્‌ગુરૂ ગુણાતીતાનંદસ્વામી હતા તે પણ મહાસમર્થ સંત હતા ને મહારાજની મુર્તિને અખંડ દેખતા ને મહારાજના સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય સહુને કરાવતા તે બેય સદ્‌ગુરૂ પરસ્પર મળીને દર્શન કરીને કુશળતા પુછીને એકાંતમાં બેસીને વાત કરતા હતા તે વખતે ગુણાતીતાનંદસ્વામી બોલ્યા જે ‘સ્વામી ! આ તમારો દેહ આ લોકમાં ઘણાં વરસ સુધી રહ્યો તેનું કારણ કાંઈ તમે જાણો છો ?” ત્યારે આત્માનંદસ્વામી કહે ‘ના હું કાંઈ જાણતો નથી તે તમે મને વાત કરો. ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા જે “શ્રીજીમહારાજને તમે બહુ વહાલા છો ને મહારાજની આજ્ઞા અખંડ પાળનારા છો ને મહારાજ પણ તમને બહુ વહાલા છે ને તમે મહા સમર્થ છો પણ મહારાજનું સ્વરૂપ જેવું છે તેમ યથાર્થ જાણવામાં તમારે કાંઈ ફેર છે માટે મહારાજ એમ જાણે છે જે આ આત્માનંદસ્વામી મને બહુ વહાલા છે ને મારી મૂર્તિ વિના રહી શકે તેવા નથી તો વધુ દિવસ જીવીને પણ મારા સ્વરુપને જેમ છે તેમ જાણીને પછી દેહ મેલે તો મારા સમીપમાં રહેવાનું એમને સુખ આવે એમ વિચારીને તમારો દેહ મહારાજ રાખે છે માટે શ્રીજીમહારાજના સ્વરૂપની હું તમને વાત કરું તે પ્રમાણે તમે તમારા અંતરમાં ઉતારી તેની ઘડ બેસારી દીયો તો ઠીક પછી તમારો દેહ તુરત મહારાજ મુકાવી દેશે.” એ સાંભળીને આત્માનંદસ્વામીની આંટી હતી તે છુટી ગઈ ને મહારાજના સ્વરૂપનું જ્ઞાન તેમણે યથાર્થ જાણ્યું ને પછી ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું “ગુરૂ ! આવી વાત તમે મને ક્યારેય કરી નહોતી ત્યારે સ્વામી કહે “મેં તો આજ મહારાજની આજ્ઞાની તમને વાત કરી.” તે સાંભળીને પોતે રાજી થયા પછી બે દિવસ રોકાઈને ચાલ્યા તે વાગડ આવ્યા ને ત્યાં થોડા દિવસ રહી દેહ મેલ્યો ત્યારે શ્રીજીમહારાજ વિમાન લઈને તેડવા આવ્યા ને ભેગા વિમાનમાં બેસારીને અક્ષરધામમાં લઈ ગયા માટે સ્વરૂપનિષ્ઠા સંપૂર્ણ કરી રાખવી તેનો વાંધો બીજાથી ભાંગે તેમ નથી. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૦૧)*

## ભાભો કહે આ સ્વામિનારાયણ મને તેડવા આવ્યા છે !

એકવાર શ્રીજીમહારાજ ગામ ભાડેરના ચોરામાં સભા કરીને બેઠા હતા ત્યારે એક કણબી સાંતી હાંકીને નીકળ્યો તેને શ્રીજીમહારાજે સમાધિ કરાવી દીધી તેથી તે અક્ષરધામમાં ગયો ને ત્યાં દિવ્ય સિંહાસન ઉપર મહારાજને દીઠા તથાં ફરતા બેઠેલા અનંતકોટી મુક્તને દીઠા

તેથી તે ખેડૂને શાંતિ થઈ ગઈ તે વખતે સભામાં પ્રતાપસિંહરાજાએ મહારાજને કહ્યું "હે મહારાજ ! આ ખેડૂને જગાડો' ત્યારે મહારાજે તેના સામી દ્રષ્ટિ કરી ત્યારે તે તુરત બેઠો થયો ને જોયું તો પોતાના સાંતીના બળદ દરવાજે પુગેલા એટલે તે ત્યાંથી ચાલી નીસર્યો ને બળદને લઈ ખેતર ગયો ને ત્યાં બપોર સુધી સાંતી હાંકી બળદ છોડીને રોટલો ખાઈને બેઠો ને પોતાની આંખો મીંચી ત્યાંતો શ્રીજીમહારાજની મૂર્તિ દેખાણી ત્યારે તેમણે જાણ્યું કે "આ સર્જુદાસજી બહુ ચમત્કારી છે ખરા." પછી તે ઘેર આવ્યો ને થોડાં વરસ પછી ઓગણોતેરો કાળ પડ્યો ત્યારે તે કણબી ગરમાં રહેવા ગયો ને કાળ ઉતર્યા પછી કાઠિયાવાડમાં રહેવા ગયો ને ત્યાં ખેતી કરતાં અવસ્થાએ વૃદ્ધ થયો તે વખતે એક દિવસ ગોંડલના વિપ્ર જેઠો મહારાજ ત્યાં આવેલા ને તે કણબીનાં છોકરાં તથા બાઈઓ રાત્રે વાળું પાણી કરીને સગડીયે તાપતાં હતાં ને જેઠો મહારાજ તેમની આગળ વાતો કરતા હતા જે "આ સમે સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન પ્રગટ થયા છે ને તેના સાધુઓ આજ કળિયુગમાં ખરેખરો ધર્મ પાળે છે તેનો આશરો કરે તેને કલ્યાણ થાય છે. તે સાંભળીને ભાભો ખાટલામાં સૂતો હતો તે બેઠો થયો ને બોલ્યો કે "એ કોણ બોલે છે ? આ ટાણે સૂઈ જાઓ. રાત જાજી ગઈ છે. ત્યારે તુરત બધાય ઉઠીને સૂઈ ગયાં ને તે ભાભો લઘુ કરીને સગડીએ આવ્યો ને પૂછ્યું "એ કોણ બોલતું હતું ? ત્યારે જેઠો મહારાજ કહે "એ તો હું તમારો ગોર છું ને સ્વામિનારાયણ પ્રગટ ભગવાનનો સત્સંગી છું ત્યારે ભાભે વાત કરી જે "મોરે અમે ભાડેર રહેતા ત્યારે સરજુદાસ સમાધિ કરાવતા તે એકવાર હું સાંતી હાંકીને વાતો જાતો ત્યારે મને સમાધિ કરાવીને ધામ દેખાડ્યું ને ત્યાં તો હું થોડું રહીને આવતો રહ્યો પણ હજારો વરસ ત્યાં રહીને મેં સુખ લીધું હોય એમ મને જણાયું ને તે ધામની શોભા તો મારાથી વર્ણવાય તેમ નથી. ને હું ઢોર ચારવા જાતો ત્યારે રાફડે ચડીને બેસું ત્યાં સરજુદાસની મૂર્તિ મને નજરે દેખાતી ને તે મૂર્તિ હજુ સંભારું ત્યારે દેખાય છે. તે સરજુદાસ બહુ ચમત્કારી હતા ને ઘણા માણસને સમાધિ કરાવતા" ત્યારે જેઠો મહારાજ કહે એજ સ્વામિનારાયણ ભગવાનનો અવતાર છે માટે તમે તેને સંભારી રાખજો. પછી તે ભાભો બહુ માંદો થયો ત્યારે અંતકાળે તેને મહારાજ સાંભરી આવ્યા. ત્યારે મહારાજે તેને દર્શન દીધાં તે વખતે ભાભો બોલ્યો કે "આ સ્વામિનારાયણ મને તેડવા આંવ્યા છે એમ કહી દેહ મેલી ધામમાં ગયો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૧૮)*

## ગણોદના અલીભાઈ બોલ્યા જુઓ આ મહારાજ મને તેડવા આવ્યા છે

એકવાર શ્રીજીમહારાજ ગામ ગણોદમાં ભદ્રાવતી ગંગાને કાંઠે આંબાવાડીમાં સભા કરીને ઢોલિયા ઉપર બિરાજમાન હતા તે સમે : અલીભાઈ દર્શન કરવા આવ્યા તે પરણવા જાતા

હતા તેથી લુગડાં સોનેરી પહેરેલાં હતાં તે જોઈ મહારાજ કહે "અલીભાઈ તમે ક્યાં : ચાલ્યા ?" ત્યારે તે કહે "હું પરણવા જાઉં છું." ત્યારે મહારાજ કહે : "જા ભાઈ પરણો" એમ કહીને બોલ્યા કે "અરે માણસ તે શું પ્રભુ ભજે આ પરણેતર નડ્યું." એમ કહીને વળી બોલ્યા કે "જાઓ ભાઈ પરણો એમ ત્રણવાર મહારાજ બોલ્યા તે વાતની અલીભાઈને બરોબર ચોટ લાગી. તે પરણ્યા પછી ઘરનું કામ વીસ વર્ષ સુધી કર્યું ને પછી ગણોદના મંદિરમાં રહીને રાત્રિદિવસ સાધુની વાતો સાંભળી ને નિષ્કામભાવથી સેવા પણ કરી. તે એકવાર ગામ જાળીએ સ્વામી રઘુવીરચરણદાસજી ભાગવતની કથા કરતા હતા તે સાંભળવા ગયેલા તે કથા એક મહીનો સાંભળી ત્યાં પોતાના કાનમાં ધાક પડી એટલે તે બોલ્યા કે "સ્વામી ! આવતી કાલે મારે દેહ મેલવો છે માટે હવે હું કથા સાંભળવા નહી આવું' એમ કહીને ગણોદ ગયા ને ત્યાં દરબાર અભેસિંહજી તથા જીણાભાઈને પણ કહ્યું કે કાલે બપોરે મારે દેહ મેલવો છે' પછી બીજે દિવસે મંદિરમાં સહુ હરિજનો ભેગા થયા ત્યારે અલીભાઈ કહે "હવે સહુ ભજન કરો'. પછી સહુ ભજન કરવા લાગ્યા ત્યારે અલીભાઈ બોલ્યા કે જુઓ આ મહારાજ મને તેડવા આવ્યા તે ભેળો હું ધામમાં જાઉં છું" એમ કહી દેહ મેલી દીધો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૨૧)*

## ગણોદના વજોભાઈ કહે મહારાજ તો અનંત મુક્તના ઈષ્ટદેવ છે એમ કહી ધામમાં ગયા

એક્વાર ગામ ગણોદના દરબાર વજાભાઈ વારે ચડ્યા હતા ને ધિંગાણું થયું તેમાં પોતે ઘવાયાં પછી ઘેર આવીને પડદામાં રહ્યા અને સાજા થયા પણ થોડા દિવસ પછી ઘા ઉબળ્યો ને ચમક ચાલી તે વખતે શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને મહારાજે તેમને કહ્યું "કાલ બપોરે તમને તેડવા આવશું.' ત્યારે તેમણે અભેસિંહજીને બોલાવીને કહ્યું "મને કાલ બપોરે શ્રીજીમહારાજ વિમાન લઈને તેડવા આવશે તે ભેગો હું ધામમાં જઈશ ને તમે સહુ મહારાજની આજ્ઞા બરોબર પાળજો ને મહારાજ તો અનંત મુક્તના ઈષ્ટદેવ છે એમ જાણીને ઉપાસના દ્રઢ રાખજો' એમ કહી ધામમાં ગયા. એમ જે ખરા ભક્ત હોય તેને ભગવાન આગળથી ખબર આપીને ધામમાં તેડી જાય છે. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૨૩)*

## ગણોદના જસા ખવાસ સિધ્ધીઓમાં ન લોભાતા ધામમાં ગયા

એક સમે ગામ ગણોદના જસો ખવાસ, હઠીભાઈ ભેગા મહારાજનાં દર્શન કરવા ગયા હતા તે દર્શન કરીને પાછા ઘેર આવ્યા તો પણ તેણે મારગી બાવાનો સંગ મૂક્યો નહિ ને સત્સંગ ન થયો ને પોતે રામકથા કરવા જાય ને વાતો પણ કરે ને પોતે મારગીમાં મોટેરા

થયા ને તેણે દેવમુક્ત તથા વિદેહમુક્ત એ બે બાવાને ગુરુ કર્યા હતા. તેને એકવાર શરદઋતુમાં તાવ આવવા માંડ્યો તે દેહની ખબર પણ રહી નહિ ત્યારે જમના દૂત તેને તેડવા આવ્યા તે જોઈને પોતાના ગુરુઓને સંભારવા માંડ્યો તો પણ જમ મારતા બંધ ન રહ્યા ત્યારે રામરામ કરવા લાગ્યો ત્યારે જમ કહે "તેં રામના નિયમ તો એકેય પાળ્યા નહિ તો આ ટાણે તે શું કામ આવે ત્યારે ખવાસે સ્વામિનારાયણને સંભાર્યા ને મનમાં ઘાટ કર્યો જે "હે સ્વામિનારાયણ ! તમે ભગવાન હો તો મને જમના મારથી મૂકાવો એમ સ્તુતિ કરવા લાગ્યો તે વખતે મહારાજે બે સાધુને મોકલ્યા તેનાં જસાભક્તને દર્શન થયાં કે તુરત જમ ભાગી ગયા ત્યારે તેણે મનમાં જાણ્યું કે "આટલા દાડા મેં ધૂળ ઘાલીને ખુવાર મળ્યો ને સાચા તો સ્વામિનારાયણ છે. પછી તેણે સાધુને કહ્યું "હવે મને મહારાજ પાસે તેડી જાઓ ત્યારે સાધુ કહે "અમે મહારાજને પૂછીને આવીએ એમ કહી મહારાજને પૂછવા ગયા ત્યારે મહારાજે કહ્યું હમણાં દશ વરસ ભલે રહે ને પાકો સત્સંગી થાશે પછી તેડી લાવશું માટે તેમને કહો જે તને મહારાજ દશ વરસની આવરદા આપે છે માટે સારો સત્સંગી થાજે પછી સાધુએ આવીને એ પ્રમાણે કહ્યું પછી તે એક માસે સાજો થયો તે વખતે ગામમાં સાધુ આવ્યાના સમાચાર તેને થયા એટલે તેણે મંદિરે આવી વર્તમાન ધરાવ્યાં ને કંઠી બાંધી સાધુ પાસેથી પૂજા લીધી પછી કોઈવાર ત્યાં ગોપાળાનંદસ્વામી આવ્યા ને જમપુરીની વાતો કરતા હતા ત્યારે જસોભક્ત ત્યાં સભામાં બેઠા હતા તેને જોઈ સ્વામીએ કહ્યું "કાં જસાભક્ત જમ કેવા ?" ત્યારે જસો કહે "અરે સ્વામી ! જમ તો બહુજ ભૂંડા તેનાથી મને સાધુએ મૂકાવ્યો હતો' પછી સ્વામી કહે : 'હવે ખબરદાર થઈને વર્તમાન પાળજો ને મહારાજની સર્વોપરી ઉપાસના રાખજો. પછી જસે બરોબર નિયમ પાળવા માંડ્યાં ને તિલક કરે તે જોઈને તેના આગળના ગુરુ હતા તે બળી મુવા ને જસાભક્તને ઘેર લાંઘવા સારુ આવ્યા તેને જોઈને જસો કહે "અરે કે જમ મારે ઘેર આવ્યા ?" એમ કહી તરવાર લઈને ઉઠ્યો એટલે કે તેઓ બીને ભાગી ગયા પછી તેનાં દશ વર્ષ પૂરાં થયાં ત્યારે : શ્રીજીમહારાજે દર્શન દઈને તેને કહ્યું "તારો દેહ આજથી ત્રીજે દિવસે પડશે માટે તારે કાંઈ દાન પુન્ય કરવું હોય તે કરી લેજે ત્યારે તેણે પોતાના દીકરાને કહ્યું "આજથી ત્રીજે દિવસ મારે ધામમાં જાવું છે માટે મારી પાછળ જૂનાગઢ એક રસોઈ આપજો." પછી ત્રણ દિવસ પુરા થયા ત્યારે વિમાન લઈને શ્રીજીમહારાજ તેને તેડવા આવ્યા ને વિમાનમાં બેસારીને લઈ ચાલ્યા ત્યારે માર્ગમાં સિદ્ધિઓનો લોક આવ્યો તે વખતે જસાભક્ત તે સિદ્ધિઓ સામું જોયું ત્યારે સિદ્ધિઓ તેને ઉપાડીને પોતાના લોકમાં લઈ ગઈ ને મહારાજ તો વિમાન લઈને અક્ષરધામમાં ગયા તે વખતે જસાભક્તને પશ્ચાત્તાપ થયો જે "અરે ભગવાનને મુકીને આંહી હું ક્યાં આવ્યો ?" એમ વિચારીને તે ધ્યાનમાં

બેસી ગયો ને તે વખતે સિદ્ધિઓએ ઘણી તાણ કરી પણ તે સામું જોયું નહિ ને પાંચ દિવસ થયા ત્યારે ગોપાળાનંદસ્વામીને સંભાર્યા એટલે સ્વામીએ તેને દર્શન દીધાં ને કહ્યું કે 'તમે વર્તમાન નથી ચૂક્યા માટે તમને તેડવા વિમાન આવશે તેમાં તમે બેસી જજો. તમને ધામમાં મહારાજ રાખશે. તમે મૂંજાશો નહિ' એમ કહીને સ્વામી પાછા અક્ષરધામમાં ગયા. તે સમે કોઈ હરિભક્તને તેડવા સારું વિમાન લઈને મહારાજ ગયા હતા તે તેને - તેડીને પાછા વળ્યા ને સિદ્ધિનો લોક આવ્યો ત્યાં વિમાન ઉભું રાખ્યું. - તેમાં જસોભક્ત ચડી બેઠાં ને અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૨૪)*

## ભાયાવદરના લીલાભાઈ તથા રાજબાઈને મહારાજ તેડી ગયા

એક સમયને વિષે ગામ ભાયાવદરમાં બ્રાહ્મણ નાનાભાઈ હતા તેને સત્સંગનો જોગ થયો તેથી સત્સંગી થયા ને પૂર્વના સંસ્કારી જીવ તેથી બળીયા બહુ તેને ગામના શક્તિપંથના બ્રાહ્મણોએ ઉપાધિ કરવા માંડી ને સત્સંગ મેલાવવા ઘણા ઉપાય કર્યા ને દુઃખ પણ ઘણાં દીધાં પણ તેણે સત્સંગ મેલ્યો નહિ ને દુઃખ સહન કર્યાં એવા સમર્થ હતા ને શ્રીજીમહારાજને સર્વ અવતારના કારણ સમજે ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની વાતો કરે તે સાંભળીને શક્તિપંથીઓને દ્વેષ ઘણો થયો પણ તેનાથી ડરે નહિ. એકવાર તે નાનાભાઈ ઘેર શ્રીજીમહારાજ પધાર્યા ત્યારે તેમણે પોતાના ઘરની ઓશરીમાં ઢોલિયો ઢાળીને બિરાજમાન કર્યા ને તેનાં ઘરનાએ થાળ કર્યો તે મહારાજ બાજોઠ ઉપર બેસીને જમ્યા ને પછી દૂધ પીધું પછી ચળુ કરી જળપાન કરીને મુખવાસ જમ્યા ને થાળની પ્રસાદી જુણાભાઈને આપી પછી નાનાભાઈએ કહ્યું "હે મહારાજ ! આ ગામમાં બીજા કોઈ સત્સંગી થાતા નથી ત્યારે મહારાજ કહે આગળ જાતાં આ ગામમાં બ્રાહ્મણ, નાગર તથા કણબીમાં સારો સત્સંગ થાશે ને ગામમાં મંદિર પણ થાશે.' એમ વચન દઈને મહારાજ ગયા પછી તે નાનાભાઈ તથા કાલાવડના જાદવજી ખત્રી તે બેય વડતાલ મહારાજનાં દર્શન કરવા ગયા ને ત્યાં પાંચ દિવસ રહીને ચાલવાનો મનસુબો કર્યો ને મહારાજ પાસે જઈ રજા માગી ત્યારે મહારાજ કહે કયે રસ્તે ચાલશો ?" ત્યારે તેઓ બોલ્યા જે, "હે મહારાજ ગુજરાતમાં અમદાવાદને રસ્તે ચાલશું." ત્યારે મહારાજ કહે "એમની કોર તો બીક લાગે છે ને માણસને મારી નાંખે છે માટે તમારે એમની કોર ન જાવું." એમ મહારાજે આગળથી કહી દીધું તો પણ વચન લોપીને બેય ભેગા ચાલ્યા ને ગુજરાતમાંથી કસુંબો લીધો ને ચાલ્યા ત્યારે રસ્તામાં તેની વાંસે ચોર થયા ને લડાઈ થઈ તેમાં બેય મરાણા પછી તેને ઘેર તેની મા જે લીલાબાઈ તથા તેની સ્ત્રી જે રાજબાઈ તેને ખબર પડી ત્યારે તેઓ નાયાં ને દાડો કર્યો ત્યારે કુસંગી

બોલ્યા જે ''એને તો સ્વામિનારાયણે પરમહંસ કરી દીધા હશે. તે સાંભળીને નાનાભાઈની મા ગઢડે મહારાજ આગળ ગયાં ને કહ્યું 'તમે મારા દીકરાને સાધુ કરી નાખ્યો છે તેનાં મને દર્શન કરાવો ત્યારે મહારાજ કહે ''અમે તેને સાધુ કર્યા નથી પણ ગુજરાતમાં ચોરે તેમને તથા જાદવજીને મારી નાખ્યા છે તેને અમે ક્યાંથી દેખાડીએ ને જગતમાં માણસ તો તમને કહેશે જે સાધુ કરી નાખ્યા છે પણ એ વાત ખોટી છે. ત્યારે તે ડોશી બોલ્યાં જે તે મરીને ધામમાં ગયો હોય તો અમને સમાધિ કરાવીને તેનાં દર્શન કરાવો ત્યારે મહારાજે સમાધિ કરાવીને તે બાઈને ધામમાં મોકલ્યાં ત્યાં તેને દિવ્ય સિંહાસન ઉપર શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને તેની પાસે નાનાભાઈ તથા જાદવજી ખત્રીને પણ દીઠાં ત્યારે નાનોભાઈ બોલ્યા જે ''તમે મૂંઝાશોમાં ને કામકાજ હોય તો સમાધિ કરીને પૂછજો. હું તમને જવાબ દઈશ ને તમે બેય સાંખ્ય યોગનાં વર્તમાન પાળજો' પછી તે બાઈ સમાધિમાંથી બહાર આવ્યાં ને મહારાજને કહ્યું ''નાનોભાઈ તો ધામમાં છે પણ હવે અમે એકલાં થઈ રહ્યાં તેમાંથી એક મરી જાય તો બીજીના એકલાં દિવસ કેમ જાય ને અમે બેય બાઈઓ તે શું કરીયે ?'' ત્યારે મહારાજ કહે ''તમારો બેયનો દેહ છ છ મહિનાને છેટે પડશે માટે તમે કાંઈ ફીકર કરશોમાં તે સાંભળીને બેય બાઈઓ રાજી થયાં ને પાછાં ભાયાવદર પોતાને ઘેર આવ્યા પછી પ્રથમ લીલાબાઈ માંદાં થયા ને અંત સમો થયો ત્યારે શ્રીજીમહારાજ વિમાન લઈ તેને તેડવા આવ્યા છે એમ કહી દેહ મેલીને અક્ષરધામમાં ગયાં ને પછી છ માસ પુરા થયા ત્યારે રાજબાઈએ પોતાની બધી ઘરવખરી હતી તે જૂનાગઢ મંદિરમાં શ્રીકૃષ્ણાર્પણ કરીને મહારાજની વાટ જોઈને બેઠાં. તેને પછી એક દિવસ જરા તાવ આવ્યો ને શ્રીજીમહારાજ વિમાન લઈને તેડવા આવ્યા તે વખતે ગામના સત્સંગી તથા કુસંગીને પણ દર્શન થયાં ને મહારાજ તે બાઈને પોતાના ધામમાં તેડી ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૨૮)*

## ભાયાવદરના મોઢ મૂળજીભાઈને મહારાજ તેડવા આવ્યા

ગામ ભાયાવદરમાં મોઢ મૂળજી હરિભક્ત શિરોમણિ જગતથી ઉદાસીને નિષ્કામી તથા નિર્લોભી હતા ને મહારાજની સર્વોપરી ઉપાસના હતી ને મહારાજને સર્વ અવતારના અવતારી જાણતા ને તેમણે સમૈયા ઘણા કર્યા હતા ને શ્રીજીમહારાજનાં દર્શન પણ ઘણીવાર કરેલાં ને જૂનાગઢ મૂર્તિ પધરાવવા મહારાજ આવ્યા ત્યારે પણ દર્શન કરેલાં ને સાધુઓને ઘણીવાર પોતાને ઘેર જમાડેલા ને ભક્તિભાવ પણ ઘણો તે મૂળજીભાઈને એકવાર રાત્રિએ મહારાજનાં દર્શન થયાં ને મહારાજે તેને કહ્યું ''અમે તમને તેડવા આવ્યા છીએ - માટે તમે તૈયાર થાઓ' ત્યારે

મૂળજીએ તેના દીકરાને ઘરમાંથી ઉઠાડ્યો ને કહ્યું "આ મહારાજ મને તેડવા આવ્યા છે તે ભેગો હું ધામમાં જાઉં છું" એમ કહીને સંવત ૧૯૫૦ના ભાદરવા વદ પાંચમને દિવસે મધ્યાહ્ન સમયે દેહનો ત્યાગ કરીને ધામમાં ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૩૧)*

## ભાયાવદરના જોશી પીતાંબરભાઈને મહારાજ તેડી ગયા

ગામ ભાયાવદરમાં જોશી પીતાંબરભાઈ સત્સંગી સારા હતા ને નિયમ ધર્મ ખરેખરાં પાળતા ને મહારાજનાં દર્શન ઘણીવાર કરેલાં ને ગઢડે મહારાજ સમૈયો કરે ત્યારે પણ પહોંચી જાતા. તે એકવાર સંવત ૧૮૮૪ના વૈશાખ વદ બીજને દિવસ જૂનાગઢમાં રાધારમણદેવ પધરાવ્યા ત્યારે પણ દર્શને ગયેલા ને પોતાને મહારાજની સર્વોપરી ઉપાસના હતી ને મહારાજને સર્વ અવતારના અવતારી જાણતા તે એક દિવસ માંદા થયા ને તેને મહારાજનાં દર્શન થયાં ત્યારે તેણે પોતાના દીકરા આદિકને કહ્યું કે "મને મહારાજ તેડવા આવ્યા છે તે ભેગો હું ધામમાં જાઉં છું." એમ કહી ભજન કરતાં કરતાં દેહ મેલીને વિમાનમાં બેસી અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૩૨)*

## ઉપલેટાના રૂપબાઈને બદ્રિકાશ્રમમાં ને મલાઈબાને ધામમાં તેડી ગયા

ગામ ઉપલેટાવાળા નથુ બાબરીયાની બેન મલાઈને ગામ ફરેણીમાં પરણાવ્યાં હતા તે ત્યાં રહેતાં થકા સત્સંગ પાળતાં. પછી તેમનો ધણી દેહ મેલી ગયો ને પોતે એકલાં થઈ રહ્યા ત્યારે ફરેણીનો ત્યાગ કરીને ઉપલેટે રહેવા આવ્યાં ને પોતાના ભાઈના વધારાના ઘરમાં રહ્યાં ને તેમણે ગામમાં બાઈઓને વાતો કરીને સત્સંગ કરાવ્યો એવાં બળીયાં હતાં ને તેમણે તેની જેઠાણી રૂપબાઈ ને પણ સત્સંગ કરાવ્યો હતો તે રૂપબાઈને ઢોર ઘણાં હતાં પણ ઓગણોતેરા કાળમાં સર્વે મરી ગયાં ત્યારે કાંઈ ખાવા ન મળે તેથી તેણે લસણ, ડુંગળી ખાધાં હતાં પણ પાછો સુકાળ થયો ત્યારે તે બધાંનો ત્યાગ કર્યો હતો. એકવાર મલાઈ આદિક સહુ બાઈઓ ગઢડે મહારાજને દર્શને ગયાં ને છેટેથી પગે લાગીને બાઈઓની સભામાં જઈને બેઠાં તે વખતે મહારાજે મલાઈબાઈને પૂછ્યું 'તમારી જેઠાણી રૂપબાઈ કેમ આવ્યાં નહિ ?" ત્યારે તે કહે "તેણે તો નવું ઘર કર્યું છે ત્યારે મહારાજ કહે હવે બીજી વાર તમે સમૈયે આવો ત્યારે તેને તેડતાં આવજો પછી તે બાઈઓ પાંચ દિવસ રોકાઈને ઉપલેટે ગયાં ને બીજે સમૈયે રૂપબાઈને સાથે તેડીને ગઢડે ગયાં ને મહારાજને પગે લાગ્યાં ત્યારે મહારાજ કહે "આ રૂપબાઈ પણ આવ્યાં છે કે ? પછી તે બાઈઓની સભામાં જઈ જીવુબા આદિકને પગે લાગીને બેઠાં પછી જીવુબાઈ વાત કરી જેણે સત્સંગ કર્યો હોય તેણે લસણ, ડુંગળી ખાવાં નહિ ને બજર સુંઘવી નહિ કારણ કે મહારાજે શિક્ષાપત્રીમાં તેની ના પાડી છે માટે તે મહાપ્રભુની જે આજ્ઞા લોપશે

તેને બદરિકાશ્રમમાં તપ કરાવીને શુદ્ધ કર્યા પછી મહારાજ ધામમાં લઈ જાશે માટે મહારાજની આજ્ઞામાં ફેર પાડવો નહિ કેમ કે થોડા કાળ જીવવું માટે ખબરદાર રહેવું. એ પ્રમાણે પાંચ દિવસ રહીને તે બાઈઓએ વાતો સાંભળી પછી મહારાજને પગે લાગીને ચાલ્યાં તે ઘેર આવ્યાં ને હંમેશાં બાઈઓને મંદિરે ભેગાં થઈને કથા વાર્તા કરતાં ને મલાઈબાઈને સમાધિ થાતી ને મહારાજની મૂર્તિ દેખતાં એમ કરતાં થોડા વરસે રૂપબાઈ માંદાં થયાં ને દેહ મેલ્યો ત્યારે મહારાજ તેડવા આવ્યા તે વિમાનમાં બેસારીને બદરિકાશ્રમમાં ધાર ઉપર મેલી ગયા પછી મલાઈ સમાધિ કરીને અક્ષર ધામમાં ગયા ને મહારાજને પૂછયું "રુપબાઈ આંહી નથી દેખાતાં તે ક્યાં છે ?" ત્યારે મહારાજ કહે. 'તેણે લસણ, ડુંગળી ખાધાં હતાં તેથી તેને બદરિકાશ્રમમાં મેલી આવ્યા છીએ તે ત્રણ વરસ પછી આંહી આવશે ત્યારે તે સમાધિમાંથી પાછાં આવ્યાં ને ત્રીજે વરસે સમાધિ કરીને અક્ષરધામમાં ગયાં ત્યારે ત્યાં રૂપબાઈ દીઠાં ત્યારે મલાઈ એ તેને પૂછયું તમે ક્યાં ગયાં હતાં ?" ત્યારે રૂપબાઈ કહે "મને તો મહારાજે બદરિકાશ્રમમાં તપ કરવા મેલી હતી. પછી મલાઈ જાગૃત થયાં ને રૂપબાઈની વાત બાઈઓની સભામાં કરી ને તેણે ઘણી બાઈઓને સત્સંગ કરાવ્યા પછી માંદાં થયાં ત્યારે હરિભક્તોને તેડાવીને કહ્યું જે "મને મહારાજનાં દર્શન થાય છે માટે હું ધામમાં જાઉં છું એમ કહી દેહ મેલ્યો ને શ્રીજીમહારાજ સાથે વિમાનમાં બેસી અક્ષરધામમાં ગયાં. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૩૮)*

## ઉપલેટાના અરજણભાઈ વિમાનમાં બેસી ધામમાં ગયા

ગામ ઉપલેટામાં કણબી અરજણભાઈ મહારાજને મળેલા સત્સંગી સારા હતા તેમનાં ધર્મ નિયમ ખરેખરાં હતાં તેમણે ગઢપણમાં ચાર વર્ષ મંદવાડ ભોગવ્યા ને તેમના દીકરા જેરામ તેની ચાકરી કરતા. તેવામાં જેરામભાઈને એમ સંકલ્પ થયો જે "મારો બાપ તો મહામુક્ત છે પણ મહારાજ તેમને ભુલી ગયા હશે ? એવો સંકલ્પ કરીને સુતા તેજ રાત્રિએ મહારાજ માણકીએ ચડીને આવ્યા ને જેરામને ઘેર આવી તેને જગાડ્યા ત્યારે તે ખાટલામાં સૂતા હતા તે બેઠા થયા ને મહારાજને દંડવત કર્યા ને પગે લાગી સામા ઉભા રહ્યા ત્યારે મહારાજે કહ્યું "જેરામ અમે તારા પિતાને ભૂલીએ તેવા નથી પણ તેને આ લોકની જરા વાસના હોય તેથી, શરીરમાં વધારે મંદવાડ ભોગવાવીને નિર્વાસનિક કરીને લઈ જાઈએ છીએ." ત્યારે જેરામભાઈ સ્તુતિ કરીને બોલ્યા જે, "હે મહારાજ આજ મને એવો સંકલ્પ થયો હતો ખરો પછી મહારાજ કહે "એમણે ચાર વરસ મંદવાડ થોડો થોડો ભોગવ્યો છે પણ હવે અમે આઠ દિવસ પછી તેને ધામમાં તેડી જાશું' એમ કહીને બોલ્યા જે "અમારે જમવું છે માટે ચોખા રાંધો' તે સાંભળી જેરામભાઈ બહુ રાજી થયા ને મનમાં જાણ્યું કે જેના ભ્રકુટીના વિલાસમાં કોટી બ્રહ્માંડ ભાંગીને

થાય ને મહારાજ તો અનેક જીવને જેમ હથેળીમાં જળનું ટીપું દેખે તેમ દેખે છે તે ભગવાને મારી પાસે જમવાનું માગ્યું મારાં ધન્ય ભાગ્ય એમ માની અતિ હેતથી તેણે ચોખા રાંધ્યા ને મહારાજને બાજોઠ ઉપર બેસારી ચોખા, સાકર અને ઘી જમાડયું ને દહીં જમાડ્યું તે જમીને મહારાજ તૃપ્ત થયા ત્યારે ચળુ કરી જળપાન કરીને મુખવાસ જમ્યા પછી બોલ્યા કે "તમારે કોઈ સગાંના બોલ્યા સામું જોવું નહિ લાંબો મંદવાડ થાય તે લોક તો ફાવે તેમ બોલે ત્યારે જેરામભાઈ કહે "હે મહારાજ ! મારે કોઈનો જરા પણ ભાર નથી ત્યારે મહારાજ રાજી થયા પછી જેરામભાઈએ પૂછ્યું મહારાજ ! હવે ક્યાં પધારશો ?" ત્યારે મહારાજ કહે "અમે ગઢડે જાશું" અમે કહીને અંતર્ધાન થયા ત્યાર પછી આઠમે દિવસે અરજણભાઈએ જેરામને કહ્યું "મારે આજ બાર બજે દેહ મેલીને ધામમાં જાવું છે માટે સહુ સગા સંબંધીને કહી રાખવું જે તે ટાણે પરવારીને આંહી આવે." ત્યારે જેરામભાઈએ સહુ સગાને તે પ્રમાણે કહી દીધું એટલે સહુ તે સમયે હાજર થયાં ત્યારે અરજણભાઈએ કહ્યું "હવે સહુ ભજન કરો ત્યારે ભજન કરવા લાગ્યા ત્યારે અરજણભાઈ બોલ્યા જે "આ શ્રીજીમહારાજ મને વિમાન લઈને તેડવા આવ્યા છે તે ભેગો હું ધામમાં જાઉં છું" એમ કહી દેહ મુકીને અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૪૦)*

## ઉપલેટાના લાલાભાઈને શ્રીહરિ રથમાં બેસારીને ધામમાં લઈ ગયા

એકવાર ગામ ઉપલેટામાં પટેલ લાલાભાઈ માંદા થયા ત્યારે પોતાનાં સંબંધીને બોલાવીને કહ્યું કે હવે મારે ધામમાં જાવું છે ને આ લોકની મને કાંઈ વાસના રહી નથી ને મહારાજની મૂર્તિ વિના બીજે કયાંઈ પ્રીતી રાખવા જેવું નથી ને હવે તમે સહુ ભજન કરો કારણ કે મહારાજ તથા ગોપાળાનંદસ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી વગેરે મને તેડવા આવ્યા છે. ત્યારે સહુ ભજન કરવા લાગ્યાં ને લાલાભાઈએ તુરત દેહ મેલી દીધો ને અક્ષરધામમાં ગયા. તે વખતે ભગવાનભાઈના દીકરા હરિભાઈને તેડવા સારુ માણસ ખેતર ગયું તેને રસ્તામાં એક આહીર મળ્યો તેણે પૂછ્યું કે "તું ક્યાં જાય છે ? ત્યારે તે કહે "લાલાભાઈ દેહ મેલી ગયા તેથી હરિભાઈને બોલાવવા જાઉં છું ત્યારે તે આહીર બોલ્યો જે લાલાભાઈ તો આ ઘડી રથમાં સાધુની સાથે જાળીયાને મારગે ગયા. ત્યારે તે માણસ કહે "તેને તો હેઠે લીધેલા હું જોઈને આવું છું." પછી હરિભાઈને બોલાવીને ગામમાં આવ્યા ત્યારે તે આહીરે લાલાભાઈને હેઠા લીધેલ ભાળ્યા તે પરચો જોઈને તે આહીર તુરત સત્સંગિ થયો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૪૩)*

## ઉપલેટાના શવજીભાઈ શાસ્ત્રીને શ્રીહરિ સંત-ભક્ત સાથે તેડવા આવ્યા

ગામ ઉપલેટામાં શાસ્ત્રી શવજી મહારાજે ગોપાળાનંદસ્વામીનાં તથા ગુણાતીતાનંદસ્વામીનાં દર્શન કર્યા હતાં પણ સત્સંગ ન થયો પછી તેણે બ્રહ્મચારી અચિત્યાનંદજી પાસે વર્તમાન ધરાવેલાં ને મહારાજનો નિશ્ચય પણ થયો હતો તેને મંદવાડ આવ્યો ત્યારે તેના દીકરા શાસ્ત્રી સુંદરજીને કહ્યું કે વર્તમાન ધરાવ્યા ત્યારથી કામ તો નીકળી ગયો હતો ને હવે ચાર દોષ પણ ગયા છે. ત્યારે તેણે પૂછ્યું “હે બાપા ! એ કયા ચાર દોષ ગયા !” ત્યારે કહે “એક ક્રોધ બીજો માન, ત્રીજો લોભ ને ચોથી તૃષ્ણા.” ત્યારે સુંદરજીએ પગ દાબતાં કહ્યું. “બાપા આ પટારાની કુંચી હાથે બાંધી રાખી છે તે લાવો તો તૃષ્ણા ગઈ કહેવાય. ત્યારે શવજીભાઈ કહે “હું શ્રીજીમહારાજને પૂછીને પછી આપીશ. બીજે દિવસે પોતાને શ્રીજીમહારાજનાં દર્શન થયાં ત્યારે મહારાજને પૂછ્યું એટલે મહારાજે કહ્યું “તે કુંચી આપી દેજો ને આ જેઠ મહિનાની પૂનમે બાર ઉપર બે બજે તમને ધામમાં તેડી જાઈશું.” પછી સવારે શવજીશાસ્ત્રીએ પટારાની કુંચી તેમના દીકરા સુંદરજીભાઈને દઈ દીધી ને શ્રીજીમહારાજનું અખંડ ભજન કરવા લાગ્યા એમ કરતાં જેઠ મહિનાની પૂનમ આવી ત્યારે સુંદરજીભાઈને કહે “આજ મારે ધામમાં જાવું છે બે બજે મને મહારાજ તેડવા આવશે. ત્યારે સુંદરજીભાઈ કહે “બાપા હું નિશાળે જાઉં છું.” ત્યારે શવજી શાસ્ત્રી કહે તારે જાવું હોય તો આંહી લીંપીને જા. તે સાંભળી સુંદરજીભાઈના ઘરનાં કહે છે તો ઘણા દિવસથી કહ્યા કરે છે જે હું ધામમાં જાઈશ તે એમ કાંઈ જાવાતું હશે ?” ત્યારે વળી શવજીશાસ્ત્રીએ કહ્યું ‘વાણંદને મોકલજે મારે વતું કરાવવું છે.” ત્યારે સુંદરજીભાઈ કહે “ભલે બાપા હમણાં વાણંદને મોકલું છું.‘ એમ કહી ગામમાં જઈ કેશવ વાણંદને કહ્યું કે “તું જા મારા બાપાને બે બજે ધામમાં જાવું છે તે વતું કરી આવ.‘ તે વખતે ત્યાં ઘણાં માણસો હતાં તે સાંભળીને સહુ આશ્ચર્ય પામી ગયા પછી વાણંદે આવીને વતું કર્યું પછી શિવજીભાઈ નાહ્યા ને ધોયેલાં લૂગડાં પહેર્યા તથા કંઠી અને જનોઈ પણ નવી પહેરી ને ઓસરીમાં આંટા દીયે ને માળા ફેરવે ને સુંદરજીભાઈએ શાળાએ જઈ વિદ્યાર્થીઓ પાસે વાત કરી જે “મારા અદા આજે બે બજે ધામમાં જવાના છે ત્યારે વિદ્યાર્થીઓ કહે “એક બજ્યો છે તો તમે હવે ઘેર જાઓ અમે ગોપીચંદન અને ગંગાજળ લઈને આવીએ છીએ.” ત્યારે સુંદરજીભાઈ ઘેર ગયા ત્યાં તો ડોસા ઓશરીમાં આંટા, દીયે ત્યારે સુંદરજીભાઈ બોલ્યા જે “બાપા હવે ખોટું પડશે તો લોકમાં આપણી ઠેકડી થાશે ને કહેશે જે સ્વામિનારાયણવાળા ખોટું બોલે છે. તે સાંભળી ડોસા કહે શું ખોટું પડશે ? તું ગાયનું છાણ લાવીને લીંપી લે ને તલ લાવ્ય.” પછી તેણે ખાટલો ઉપાડીને લીંપી લીધું ને કણબીને ઘેરથી તલ લાવીને તે લીંપેલા માથે વેરી

દીધા તે વખતે વિદ્યાર્થીઓ ગંગાજળ લાવ્યા તે ગાળીને ડોસા પી ગયા. તે વખતે ગામમાંથી બસો અઢીસો માણસ જોવા આવેલાં તે બે બજ્યા તારે ડોસા તે લીંપેલી જગ્યામાં બેઠા ને બોલ્યા જે "આ મહારાજ મને વિમાન લઈને તેડવા આવ્યા છે ને સાથે ગોપાળાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી અને અચિંત્યાનંદ બ્રહ્મચારી તથા બીજા પણ કેટલાક સંત અને લાલાભાઈ તથા અરજણભાઈ તથા રતનભાઈ પણ સાથે છે.' એમ કહી ભજન કરતાં દેહ મેલીને અક્ષરધામમાં ગયા તે પરચો જોઈને ઘણાં માણસ આશ્ચર્ય પામી ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૪૫)*

## જેતપુરમાં સુતાર ટબીબાઈ સુપેડીવાળાને શ્રીહરિ ધામમાં તેડી ગયા

એકવાર શ્રીજીમહારાજ ગામ ફરેણીએ પધારેલા ને વેલા સોનીને ઘેર સભા કરીને બેઠા પછી રાત્રિએ વાળુ કરીને ઓસરીમાં ઢોલિયા ઉપર પોઢ્યા તે રાત્રિએ શ્રીજીમહારાજે ગામ સુપેડીમાં સુતારબાઈ ટબીને સ્વપ્નામાં દર્શન દઈને કહ્યું કે "અમારે વાસ્તે ભાતલું કરીને દહીં તથા ભાતલું લઈ સવારે ગામ ફરેણીએ આવજે તે વખતે તે બાઈની નિંદ્રા ઉડી ગઈ ને આનંદથી ઉઠી નાહીને ઘઉં તથા બાજરાનો લોટ ભેગો કરી બાંધી રોટલો કરી તેમાં ખાડા પાડીને ચોડવી તેમાં ઘી ભર્યું એ પ્રમાણે ભાતલું કરીને તે થાળીમાં ઢાંકી મેલ્યું ને દહીંના દોણામાંથી તરવાળું દહીં મોટી તાંસળીમાં ભરીને ઢાંકી રાખ્યું ને તે વખતે તેનો ધણી તથા દેર વગેરે ત્રણ ચાર જણાં વહેલાં ખેતરે બાજરો લણવા ગયાં ને તે કહેતાં ગયાં જે "અમે વહેલાં જાઈએ છીએ તો ભાત ખેતર પહોંચાડજે" એમ કહીને એ તો ગયાં ને વાંસેથી ટબીબાઈ તો ભાતનું તથા દહીંની તાંસળી એક લુગડાંમાં બાંધીને ચાલ્યાં ને પાડોશી એક બાઈએ કહ્યું જે હું મારા સ્વામિનારાયણ ભગવાનને દર્શને ગામ ફરેણી જાઉં છું." એમ કહીને ચાલ્યાં તે તુરત ફરેણીએ પહોંચ્યાં ને શ્રીજીમહારાજ તો નાહી નિત્યવિધિ કરીને તૈયાર થઈ વેલા સોનીને ઘેરથી ઉઠીને રામાનંદ સ્વામી રહેતા હતા તે ધર્મશાળામાં પધાર્યા ને ત્યાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને પોતાના મુખારવિંદના આગળ સાધુ તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી તે વખતે ટબીબાઈ આવ્યાં ને મહારાજને પગે લાગીને કહ્યું "હે મહારાજ ! ભાતલું તથા દહીં જમવા પધારો' એમ કહીને બાઈઓ ભેળાં જઈ બેઠાં ત્યારે મહારાજ ઢોલિયેથી ઉતરીને ધાબળી ઉપર જઈને બેઠા ત્યારે ટબીબાઇએ ભાતલાંની થાળી તથા દહીંની તાંસળી મહારાજ આગળ મેલ્યાં તે મહારાજ સારી પેઠે જમ્યા ને પછી જળપાન કરી ઢોલિયે બિરાજમાન થયા ને વાતો કરવા માંડ્યા. ને સુપેડીમાં ટબીબાઈ મહારાજ પાસે ગયાના ખબર તેના ધણીને થયા ત્યારે તેણે જાણ્યું કે "સ્વામિનારાયણ તો જાદુગરા છે તેથી બે ચાર જણા તૈયાર થઈને ચાલ્યા ને હોકા ભરીને

રસ્તામાં પીતા આવે ને વાતો કરતા આવે જે "આપણે ઝટ પુગી જાઈએ નીકર તેને સાધુ કરી મેલશે. એમ કરતાં તેઓ ફરેણી આવ્યા ત્યારે મહારાજે તેમના મનની વાત જાણીને ટબીબાઈને સમાધિ કરાવી દીધી ત્યારે તેના ધણીએ આવીને તે બાઈ સામું જોયું ત્યાં તો તેને પડેલી દેખીને બોલ્યો કે "અરે મહારાજ ! આને તમે શું કરી નાખ્યું ?" ત્યારે મહારાજ કહે 'તેને તો સમાધિ થઈ છે તેની નાડી જુઓ ત્યારે તેણે નાડી જોઈ તો ન મળે પછી મહારાજ કહે "તેના હાથના કાંડાં ઉપર દેવતાનો અંગારો મુકો" ત્યારે તેના ધણીએ હોકામાંથી અંગારો લઈને મેલ્યો પણ તે બાઈએ હાથ હલાવ્યો નહિ ને દેવતાથી હાથનું લોહી ખદખદવા માંડ્યું ત્યારે તેના સગાએ અંગારો હેઠો પાડી નાખ્યો પછી તે આવેલા સર્વે મહારાજની પ્રાર્થના કરવા લાગ્યા જે "હે મહારાજ ! આ બાઈને જગાડો ત્યારે શ્રીજીમહારાજે તે બાઈને જગાડી અને પૂછ્યું કે તું ક્યાં ગઈ હતી. ત્યારે તે કહે "હું તો તમારા ધામમાં ગઈ હતી. તે સાંભળીને સહુ આશ્ચર્ય પામ્યાં. પછી તેનાં સગાં સાથે તે સુપેડી ગયાં ને ત્યાં ઘણાં વર્ષ રહીને પછી જેતપુર રહેવા ગયાં. ને ત્યાં માંદાં થયાં ત્યારે દેહ મેલવા ટાણે શ્રીજીમહારાજ હજારો સંત સાથે વિમાન લઇને તે બાઈને તેડવા આવ્યા ને તે બાઈને તથા તેનાં સગાંને પણ દર્શન દીધાં ત્યારે તે બાઈ બોલ્યાં જે "આ સ્વામિનારાયણ મને તેડવા આવ્યા છે તે સાથે હું તેના ધામમાં જાઉં છું એમ કહીને તુરત દેહ મેલી ધામમાં ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૫૧)*

## ધોરાજીના કેશવજી દવેની ગાયને શ્રીહરિ તેડી ગયા

ગામ ધોરાજીમાં લાલવડ હેઠે જે ઠેકાણે શ્રીજીમહારાજ વેલ ઉપર બિરાજમાન થયા હતા તે ઠેકાણે સ્વામી માધવચરણદાસજીએ દેરી કરાવી ને તેમાં હનુમાનજી પધરાવવા માટે જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામીને તેડાવેલા તે વખતે હરિભક્તોએ લાલવડે રસોઈ કરાવવા વિચાર કર્યો ને સવારે સાધુ તથા હરિજનો ત્યાં ગયા ને રસોઈ કરવા લાગ્યા ને હનુમાનજીની પ્રતિષ્ઠા રાઘવજી દવે પાસે કરાવીને ગુણાતીતાનંદ સ્વામીએ હનુમાનજીની આરતી ઉતારી ને ટોપરું તથા ખાંડ ધરાવીને સહુને પ્રસાદી વહેંચી તે વખતે કેશવજી દવે પોતાની ગાયનું બે ટાણાંનું દહીં ભેગું કરીને તાંબડીમાં લઈ આવ્યા તે જોઈ ગુણાતીતાનંદસ્વામી કહે "એ શું લાવ્યા ?" ત્યારે કહે "એ તો અમારી ગાયનું ગોરસ છે તે આપને જમાડવા માટે લાવ્યો છું પછી સ્વામીએ પોતાના શિષ્ય રામચરણદાસજીને બોલાવીને તે દહીં સોંપ્યું ને કહ્યું "આ ઠાકોરજીને ધરાવજો." પછી રસોઈ તૈયાર થઈ ત્યારે ઠાકોરજીને નૈવેદ્ય ધરાવ્યું તે સાથે દહીં પણ ધરાવ્યું પછી સહુ સંત જમવા બેઠા ત્યારે તે દહીં સ્વામી પોતે જમ્યા ને સહુ સંતને પીરસાવ્યું પછી જમીને સહુ ગામમાં મંદિરે આવ્યા પછી સ્વામી બે દિવસ ત્યાં રોકાણા ને હરિજનો એ ઘેર પધરાવીને

સ્વામીને ધોતિયા ઓઢાડ્યાં પછી મંદિરે આવી આરતી ધૂન કરીને સ્વામી એ પુરુષોત્તમપણાની બહુ વાતો કરી પછી કથા તથા નિયમ કરીને સહુ સુતા ને સવારે સ્વામી સર્વ સંત સાથે જૂનાગઢ પધાર્યા તે પછી પોષ માસમાં કેશવજી દવેને શ્રીજીનાં તથા સ્વામીનાં દર્શન થયાં જે તે સર્વે કોડમાં ગાય બાંધી હતી ત્યાં ગયા ને ગાયને ધામમાં લઈ ગયા તે સમે કેશવજી દવેએ પોતાના દીકરા પીતાંબરને જગાડીને કહ્યું "ઉઠ ઉઠ દીવો કર આપણી ગાયને મહારાજ તથા સ્વામી ધામમાં તેડી ગયા. પછી દીવો કરીને બાપ દીકરો બેય કોડમાં ગયા ને જોયું તો ગાયને માથું નમાવીને પડેલી દીઠી ત્યારે કેશવજી દવે કહે "જરૂર આપણી ગાયને મહારાજ તેડી ગયા ત્યારે તેના દીકરા કહે "આપણી ગાયનાં મોટા ભાગ્ય કે મહારાજ તેને તેડી ગયા" એમ સત્પુરુષના ઉપયોગમાં દહીં દૂધ આવે તો પશુનું પણ કલ્યાણ થાય છે. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૯૨)*

## મેઘજી લુહારને સંતો તેડી લાવ્યા ત્યારે મહારાજ કહે આને કેમ લાવ્યા ? ફરી જાઓને તેના બાપને લઈ આવો

એકવાર ગામ જેતપુરમાં લુવાર મેઘજી માંદો પડ્યો ને અંતકાળે વિમાન લઈ સાધુ તેડવા આવ્યા ને તે ભેગો અક્ષર ધામમાં ગયો છે ત્યારે મહારાજ કહે "આને શા માટે તેડી લાવ્યા ? એના બાપનો વારો છે માટે એને પાછો મૂકીને એના બાપને તેડી લાવો. ત્યારે ? સાધુએ તે મેઘજીને પાછો લાવ્યા ને એના બાપને તુરત તાવ આવ્યો ને તેણે દેહ મેલી દીધો એટલે સાધુ તેને ધામમાં તેડી ગયા તે વખતે ગામના હરિજનોને આશ્ચર્ય જણાયું ને મહારાજનો ખરો નિશ્ચય થયો જે મહારાજને ભજે છે તેને ભગવાન તથા સંત અંતકાળે તેડવા આવે છે. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૯૫)*

## કંડોરડામાં ચોરાસીનું સીધુ આપનાર બાઈને મહારાજ ધામમાં લઈ ગયા

એક સમે ગામ કંડોરડામાં હરિભક્ત બારોટ ગોપાળ તથા ડોસાને ઘેર શ્રીજીમહારાજ તથા મૂળજી બ્રહ્મચારી કચ્છમાંથી આવીને તેની ડેલીમાં ઉતર્યા ત્યારે ડોસા બારોટે ઢોલિયો ઢાળીને માથે ગાદી તકિયો બિછાવી દીધો તે ઉપર મહારાજ બિરાજમાન થયા પછી - મહારાજે બે ઘડી વાતો કરીને પછી પોઢ્યા ને સવારે ઉઠી ગામને પાદર નદીયે નાવા પધાર્યા ને બહીરભૂમિએ જઈ આવીને માટીએ હાથ ધોયા ને પછી દાતણ કરીને નદીમાં ધૂનો હતો ત્યાં નાયા ને મૂળજી બ્રહ્મચારી પણ નાયા તે વખતે ત્યાં ગામના ઘણા બ્રાહ્મણ નાવા આવેલા હતા ને ત્યાં કાંઠા ઉપર આંબલીનાં વૃક્ષ ઘણાં ઘાટાં હતાં તે જોઈને મહારાજ બોલ્યા જે 'આંબલી છાયા બહુ ઘાટી છે" - તે સાંભળી બ્રાહ્મણ કહે "હે સ્વામિનારાયણ છાયા હેઠે બ્રાહ્મણ જમે તો છાયા

સારી નહિ તો શા કામની.'' ત્યારે મહારાજ કહે 'ભલે જમો અમે સીધા આપશું જાઓ ગામમાં નોતરા ફેરવો. ત્યારે બ્રાહ્મણ રાજી થકો નોતરાં દેવા ચાલ્યો ત્યારે બીજો બ્રાહ્મણ બોલ્યો કે હે મહારાજ ! આંહી બ્રાહ્મણનાં સો ઘર છે ત્યારે મહારાજ કહે 'ભલે હોય તમે નોતરા દઈ આવો ને કહેજો જે આંબલીયો હેઠે સ્વામિનારાયણ ચોરાશી કરે છે તે બપોરે રસોઈ કરવા વાસણ લઈ આવજો. ત્યારે બ્રાહ્મણે એ પ્રમાણે નોતરા ફેરવ્યાં ને લોટ, ઘી, ગોળ વગેરે જે વધ્યું હતું તે ગાડામાં ભરીને ગામમાં લઈ ગયા ને તે પટલાણીને સોંપ્યું ત્યારે તે જોઈને બાઈ બોલી જે ''આમાંથી મારું કાંઈ વર્યું નથી એમ મહારાજ તે બાઈને ચમત્કાર જણાવ્યો ને મહારાજ ગામમાં ડોસા બારોટને ઘેર આવ્યા ને મૂળજી બ્રહ્મચારીએ થાળ કર્યો તે મહારાજ જમ્યા ને પછી મૂળજી બ્રહ્મચારી પણ જમ્યા ને પ્રસાદી બધી તે ગોપાળ બારોટને તથા ડોસા બારોટને આપી. પછી મહારાજે ગોપાળ બારોટને વાત કરી જે 'તમારા ઘરમાં કેટલી કોરી છે ? ત્યારે તે કહે ''મહારાજ ! મારી પાસે ત્રણસો કોરી છે ત્યારે મહારાજ કહે ''તે લાવો' એટલે ગોપાળ બારોટે તે લાવીને મહારાજના ખેસના છેડામાં ઠલવી તે મહારાજે હાથમાં લઈને જોઈને પાછી તેમાં નાખીને બોલ્યા જે 'તમે આ કોરી લઈને પટલાણી પાસે જાવો ત્યારે ગોપાળ બારોટ તે કોરી લઈને પટલાણી પાસે ગયા ને કહ્યું કે ''મને કોરી લઈને મહારાજે આંહી મોકલ્યો છે તે તમે સીધાના સામાનનું જે બેઠું હોય તે પ્રમાણે લીયો' ત્યારે તે બાઈ કહે ''મારી બધી ઘરવખરી સ્વામિનારાયણની છે ને હું તો એકેય કોરી નહિ લઉં ને મહારાજને બીજી ચોરાશી કરવી હોય તો ભલે કરે ત્યારે બારોટે બહુ તાણ કરીને કહ્યું ''મહારાજે મને મોકલ્યો છે માટે કાંઈક તો લીયો'' ત્યારે તે બાઈને પ્રસાદીની જાણીને તેમાંથી પાંચ કોરી લીધી ને બારોટને કહ્યું કે ''મહારાજને કહેજો જે મને અંતકાળે તેડવા આવે પછી ગોપાળ બારોટ મહારાજ પાસે આવ્યા ને તે વાત મહારાજને કહી તે સાંભળી મહારાજ બહુ રાજી થયા ને બોલ્યા જે ''ઠીક એ તો અમારું બીરુદ છે તેથી તેને અંતકાળે અમે તેડવા જાશું. પછી મહારાજ ત્યાંથી પધાર્યા ને થોડાં વર્ષ પછી તે બાઈનો મૃત્યુ સમય થયો તે ટાણે અનેક વિમાન લઈને શ્રીજીમહારાજ પોતે તે બાઈને તેડવા આવ્યા ને તે વખતે પટેલના ઘર તથા ઓશરી તથા ફળીયામાં તેજ તેજ થઈ ગયું ને પટેલને તથા તેમના દીકરાઓને મહારાજનાં સાક્ષાત દર્શન થયાં ને તે વખતે તે બાઈ બોલ્યાં જે ''આ સ્વામિનારાયણ ભગવાન મને તેડવા પધાર્યા છે. ત્યારે પટેલ કહે ''આપણે તો વૈષ્ણવ છીએ ને સ્વામિનારાયણ કેમ તેડવા પધાર્યા ?'' ત્યારે પટલાણી બોલ્યાં જે ''મેં સ્વામિનારાયણને ચોરાશી કરવા સીધાનો સામાન દીધો હતો તે વખતે તેમણે વર દીધો હતો તેથી તે તેડવા પધાર્યા છે માટે હું હવે તેમના ધામમાં જાઉં છું.'' એમ બોલતાં તે બાઈ

દેહ મેલીને મહારાજ સાથે અક્ષરધામમાં ગયાં. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૬૬)*

## ભાટીયા બાઈએ ચકુભાઈને કહ્યું તમારા બાપાને મહારાજ તેડી ગયા ને મને એલચી સાકરની પ્રસાદી આપી તે જુઓ

એક વખત ગામ કંડોરડે દવે કેશવજી માંદા હતા તેમને તેડવા સારુ શ્રીજીમહારાજ પધાર્યા ને પાલખી તથા વિમાન સહિત ગામમાં ભાટીયા બાઈ વીરુને પહોર રાત્રિ બાકી હતી ત્યારે દર્શન દીધાં , ને મહારાજે બે પાર્ષદને સાકર તથા એલચી લઈને તે બાઈને આપવા સારુ મોકલ્યા એટલે પાર્ષદ આવીને તે બાઈને આપવા માંડ્યા ત્યારે તે બાઈ કહે "તમે કોણ છો ? અને આ પાલખીમાં બેઠા છે તે કોણ છે ?" ત્યારે તે પાર્ષદ બોલ્યા જે"તે તો સ્વામિનારાયણ ભગવાન છે અને અમે તેમના પાર્ષદ છઈએ અને તમારે સ્વામિનારાયણ ઉપર હેત છે તેથી તેમણે પ્રસાદીની સાકર તથા એલચી મોકલી છે તે લીયો." ત્યારે તે બાઈએ લીધી ને બોલી જે 'તમે સહુ ક્યાં જાઓ છો ? ત્યારે તે પાર્ષદ કહે "આ ગામમાં દવે કેશવજી માંદા છે તેને તેડવા જાઈએ છીએ ને તમારે તે વાત જાણવી હોય તો તમે તેને ઘેર ખબર કાઢજો અમે તેમને ઘેર જાઈએ છીએ ત્યારે તે બાઈએ તેના ભાઈને ઘેર જઈને વાત કરી જે "હે ભાઈ ! કેશવજી દવેને ઘેર સ્વામિનારાયણ પધાર્યા ને મને દર્શન દીધાં ને સાકર તથા એલચી દઈ ગયા છે તે જુઓ' એમ કહી તે બતાવી પછી બેય બેનભાઈ કેશવજી દવેને ઘેર ગયાં તે જ સમે કેશવજી દવેએ દેહ મેલી દીધો તે જોઈને તે પાછાં પોતાને ઘેર આવ્યાં ને તે વાત સાચી માની પછી સવારે અગ્નિસંસ્કાર કરી આવ્યા પછી તે ભાટીયા બાઈએ કેશવજી દવેના દીકરા ચકુભાઈને કહ્યું 'તમારા બાપને સ્વામિનારાયણ તેડવા આવ્યા ત્યારે મને દર્શન દઈને સાકર એલચી દઈ ગયા છે તે જુઓ "એમ કહી તે સહુને બતાવી તે જોઈ સહુ બોલ્યા જે "આવી એલચી અને સાકર આ લોકમાં હોય નહિ આતો અજબ ચીજ છે એમ સહુ આશ્ચર્ય પામ્યા ને તે બાઈએ કહ્યું "એ સાકર તથા એલચી અમને આપો તો અમે તેની તમને સો કોરી આપીએ ત્યારે બાઈ કહે "તે તો રાખીશ એવી પ્રસાદીની ચીજ ફરી ક્યાંથી મળે ?' એમ કહીને પોતે રાખી. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૬૭)*

## સનાળાના વિપ્ર મૂળજીને મહારાજે ધામ દેખાડ્યું ને પાછા સત્સંગ કરાવા મોકલ્યા ને પછી તેડી ગયા

એકવાર ગામ સનાળામાં હરિભક્ત વિપ્ર મૂળજી મહારાજના કાકા હીરજી મહારાજે દેહ મેલ્યો તે પછી ત્રીજે દિવસે મૂળજી પોતાની ઓશરીની કોર ઉપર બેસીને દાતણ કરતા હતા

તે વખતે તેમને શ્રીજીમહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં ત્યારે મૂર્તિમાં પોતે જોડાઈ ગયા ને લક્ષ થયો ને અક્ષરધામમાં ગયા ત્યાં દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન મહારાજને દીઠાં ને ફરતા બેઠેલા અનંતકોટી મુક્તોને દીઠાં ને પોતાની વૃત્તિ મહારાજની મૂર્તિમાં પરોવાઈ ગઈ ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે "હે મૂળજી ! તું પાછો દેહમાં જા ને ત્યાં સર્વેને સત્સંગ કરાવજે ને તને ત્યાં બેઠાં અનંત ધામોના ભગવાનની મૂર્તિઓ દેખાશે તેની પણ તું ત્યાં વાતો કરજે ને અમે તને આજથી આઠમે દિવસે બાર બજે તેડવા આવશુ તે વાત પણ સહુને કહેજે એમ કહી તેને પાછો દેહમાં મોકલ્યો ને જાગૃત થયા ત્યારે તેમના ભાઈ ભાઈજી મહારાજે પૂછ્યું "તમને શું થઈ ગયું હતું ?" ત્યારે તે કહે "મને તો મહારાજ પોતાના ધામમાં તેડી ગયા હતા' એમ ' કહીને પછી બપોરે જમીને ચોરે ગયા ને ગામનાં માણસોને ભેગા કરીને અક્ષરધામના સુખની વર્ણવીને વાત કરી ને બીજા પણ ધામોની વાત કરી તથા લોકલોકાંતરની વાતો કરી અને ચાર વેદ તથા છ શાસ્ત્ર અને અઢાર પુરાણની પણ વાતો કરી પછી કહ્યું, જે "મારે આજથી આઠમે દિવસે દેહ મેલીને સ્વામિનારાયણના ધામમાં જાવું છે તે વાત સાંભળી સહુ આશ્ચર્ય પામી ગયાં તે વખતે ગામના કાઠી દરબાર તથા લીંબો પટેલ તથા ગીલો ઠક્કર તથા દેવચંદ ઠક્કર વગેરે સહુએ કહ્યું કે "તું આઠમે દિવસે ધામમાં જા તો અમારે સર્વેએ સત્સંગી થાવું ને સ્વામિનારાયણની કંઠી બાંધવી." ત્યારે મૂળજી મહારાજ કહે "જરૂર આઠમે દિવસે મને મહારાજ તેડી જાશે" પછી આઠમે દિવસે તેના કાકાનું અગિયારમું હતું તેથી કારજ ઉપર આવેલા સર્વે વિપ્રોને સવારમાં બોલાવીને વાત કરી જે "આજે બાર બજે મારે દેહ મેલવો છે માટે તમે કણબીની ડેલીમાં મોટું ફળિયું બંદોબસ્તવાળું છે ત્યાં રાંધવાનું રાખો ને બાર બજ્યા પહેલા જમીને પરવારી જાજો એમ કહી ત્યાં સીધાનો સામાન મોકલાવ્યો ત્યારે સહુ બ્રાહ્મણો પરિયાણ્યા જે "આપણે વહેલાં રાંધીને જમી લેવું ત્યારે બેક જણા બોલ્યાં જે તે શું ભીષ્મ પિતા થયો છે કે બાર બજે દેહ મેલશે" એમ વાતો કરતાં સહુ અગીયાર બજે જમીને પરવારી ગયાં ને બાઈ ભાઈ સર્વે મૂળજીભાઈ પાસે આવ્યાં ને ગામના દરબાર પણ પોતાના ચાકર લોકોને સાથે લઈને આવ્યા તથા પટેલ અને ઠક્કર વગેરે પણ આવ્યા તે વખતે મૂળજી મહારાજે ઘડીએક સહુ પાસે સ્વામિનારાયણ નામની ધૂન કરાવી પછી કહ્યું હવે રાખો પછી સહુ સગાંવહાલાને ભલામણ કરી જે "મારી પાછળ કોઈ રોશો નહિ ને સાકર વહેંચજો કારણ કે આ સનાળા ગામનો ગરાસ મને મળે તો તમે રાજી કે નહિ ?" ત્યારે સહુ સગાંવહાલાં કહે "અમે, રાજી થાઈએ પછી વળી મૂળજી મહારાજ બોલ્યા "મને વડોદરાનું રાજ્ય મળે તો ?" ત્યારે તેના સગાં કહે "ત્યારે અતિ રાજી થાઈએ" પછી મૂળજી મહારાજ બોલ્યા "આ ટાણે મને

અક્ષરધામની પ્રાપ્તિ થાશે તો કરોડ વડોદરાં મળ્યાં તેમ જાણજો એમ વાત કરતાં બાર બજવાનો વખત થયો ત્યારે મૂળજી મહારાજ સહુ માણસોને "જય. સ્વામિનારાયણ' કહીને બોલ્યા જે "આ સ્વામિનારાયણ ભગવાન તથા ગોપાળાનંદ સ્વામી આદિક અનેક મુક્તો મને તેડવા આવ્યા છે તે ભેગો હું ધામમાં જાઉં છું' એમ કહી દેહ મેલ્યો તે વખતે બીજા પણ ઘણાં માણસોને મહારાજનાં તથા સાધુનાં દર્શન થયાં તેથી સહુ આશ્ચર્ય પામ્યા પછી ગામના દરબાર તથા લીંબો પટેલ તથા ગીલો ઠક્કર અને દેવચંદ ઠક્કર વગેરે ઘણાક માણસો સત્સંગી થયાં. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૭૫)*

## ગોંડલના કરમણ સુતારને તેડવા પધાર્યા

ગોંડલમાં કરમણ નામે સુતાર હરિભક્ત બહુ સારા હતા. તેમણે સેવાયે કરીને સદ્ગુરુગોપાળાનંદસ્વામીને રાજી કર્યા હતા ને પોતે વર્તમાનમાં કુશળ હતા ને મહારાજને સર્વ અવતારના અવતારી જાણતા. તેને એકવાર દેહમાં મંદવાડ આવ્યો ને સાધ્ય ન રહી તે વખતે શ્રીજીમહારાજ વીસ સ્વાર સાથે આવ્યા ને એક ઘાંચીને દર્શન દઈ કહ્યું "અમને કરમણ સુતારનું ઘર દેખાડો" ત્યારે ઘાંચીએ ભેગા ચાલીને તે ઘર બતાવ્યું ત્યારે તે સુતારને મહારાજે દર્શન દીધાં. પછી તેણે પોતાના કુટુંબને જગાડીને કહ્યું "આ મહારાજ મને તેડવા આવ્યા છે તે ભેગો હું ધામમાં જાઉં છું ને મારી પાછળ રૂપિયા પચાસની રસોઈ જૂનાગઢ મંદિરમાં આપજો ને પચાસ રૂપિયા મારા દાડામાં વાપરજો' એમ બોલી ભજન કરતાં તે દેહ મૂકી અક્ષરધામમાં ગયો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૮૫)*

## મેંગણીના અમરસંગને શ્રીહરિ તેડવા પધાર્યા

ગામ મેંગણીના દરબાર માનભાના કુંવર અમરસંગ માંદા પડ્યા ને દેહ મૂકવા ટાણે મહારાજનાં તથા વિમાનનાં દર્શન થયાં ત્યારે અમરસંગજીએ હાથ જોડીને કહ્યું જે "ઘરમાં પધારો" ત્યારે મહારાજ કહે "તારા ઘરમાં દારુ છે તેથી અમે નહિ આવીએ." પછી અમરસંગજીએ દરબારને કહ્યું "બાપુ ! આ મહારાજ પધાર્યા છે ને તે કહે છે કે તારા ઘરમાં દારુના સીસા છે તે આપણા ઘરમાં કોઈએ રાખ્યા છે ?" ત્યારે દરબાર કહે "હું નથી જાણતો.' એમ કહીને પછી ઘરમાં સહુને પૂછયું ત્યારે એક બાનડી માની અને બોલી જે "હા બાપુ મેં બે સીસા આરિયામાં રાખીને માથે ગોદડું ઢાંકી દીધું છે' પછી દરબાર કહે "અરે અભાગણી તેને કાઢીને ફોડી ઉકરડામાં નાખી દે." ત્યારે તે સીસા તુરંત નાંખી દીધા તે જ ઘડીએ શ્રીજીમહારાજ તે ઓરડામાં પધાર્યા એટલે તે ઓરડો તેજથી ભરાઈ ગયો તે ઘડીક વાર તેજ રહ્યું પછી અમરસંગજી બોલ્યા જે "હે બાપુ ! મને મહારાજ તેડવા આવ્યા છે ને હું ધામમાં જાઉં છું માટે મને રજા

આપો.'' ત્યારે દરબાર બોલ્યા જે ''સુખેથી જાઓ'' તે વખતે દરબારશ્રીને તથા બીજાં ઘરમાં માણસોને શ્રીજીમહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં. ને અમરસંગજી દેહ મેલીને વિમાનમાં બેસી શ્રીજીમહારાજ ભેગા ધામમાં ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૮૯)*

## મેંગણીના માનભાને રથમાં બેસારીને તેડી ગયા

એકવાર ગામ મેંગણીમાં દરબાર માનભા માંદા થયા ને અંતસમો થયો ને તેમને મહારાજનાં તથા સંતના દર્શન થયાં ત્યારે દરબારે પોતાનાં સગાંઓને કહ્યું કે ''ભગવાનના ધામમાં જાઉં છું ને મને શ્રીજીમહારાજ તથા ગોપાળાનંદસ્વામી વગેરે ઘણાંક સંત હરિભક્ત તેડવા આવ્યા છે'' એમ કહી તે દેહનો ત્યાગ કરીને અક્ષરધામમાં ગયા પછી દેહને સ્મશાને અગ્નિ સંસ્કાર કરવા લઈ ગયા તે સંસ્કાર કરતા હતા તે વખતે ગામને પાદર એક ખાખી બાવાની જમાત આવી ને તેમણે ગામનાં માણસોને પૂછયું કે ''આ કોણે દેહ મૂક્યો ?'' ત્યારે તેઓએ કહ્યું ''આંહીના દરબારશ્રી માનભાએ.'' ત્યારે ખાખી કહે ''માનભા દરબાર તો હમણાં જ સાધુ ભેળા રથમાં બેઠેલા અમને સામા મળ્યા'' ત્યારે માણસો કહે 'એ ખરું પણ જુઓ હજી સ્મશાને માણસો આભડવા ગયાં છે.'' તે સાંભળી ખાખીને પરચો સમજાણો. એમ તે દરબાર ચમત્કાર જણાવીને ધામમાં ગયા. તે દરબારનો તથા શુકાનંદસ્વામીનો સંવાદ શ્રીહરિલીલા કલ્પતરુ ગ્રંથમાં લખેલો છે. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૯૧)*

## શ્રીહરિ રાજકોટના વાલાભાઈને ત્રણ મહિના રાખ્યા ને દેવકૃષ્ણ વ્યાસને તેડી ગયા

એકવાર ગામશ્રી રાજકોટમાં કડિયા વાલાભાઈ માંદા થયા હતા તેમને તેડવા અંતસમે શ્રીજીમહારાજ વિમાન લઈને આવ્યા ને વાલાભાઈને દર્શન દઈ કહ્યું કે ''અમે તમને તેડવા આવ્યા છીએ ત્યારે વાલાભાઈ કહે ''મહારાજ ! મારે મારા ભત્રીજા રાઘવને પરણાવવો છે માટે ત્રણ મહિના પછી હું ધામમાં આવીશ એટલી મારી વિનંતી છે ત્યારે મહારાજ કહે ભલે અમે તમને ત્રણ મહિના પછી તેડવા આવશું ને આજ તમારે સાટે વ્યાસ દેવકૃષ્ણ મહારાજને તેડી જાશું' એમ કહી મહારાજ વિમાન લઈને દેવકૃષ્ણ મહારાજને ઘેર પધાર્યા ને તેમને દર્શન દઈ કહ્યું જે ''હે દેવકૃષ્ણ વ્યાસ ! અમે તમને તેડવા આવ્યા છીએ માટે ચાલો અમારા ધામમાં'' ત્યારે તે બોલ્યા જે ભલે મહારાજ ! હું તૈયાર છું એમ કહી પોતાના દીકરા પ્રાણશંકરને જગાડીને કહ્યું કે ''મને શ્રીજીમહારાજ તેડવા આવ્યા છે ને મારે ધામમાં જાવું છે માટે ગાયનું છાણ લાવીને ચોકો કર'' ત્યારે પ્રાણશંકર કહે ''બાપા ! તમારા શરીરમાં મંદવાડ તો નથી ! ત્યારે તે કહે ''તારે મંદવાડનું શું કામ છે ? તું ઝટ ચોકો કર' પછી પ્રાણશંકરે છાણ લાવીને ચોકો

કર્યો તે જ ઘડીએ દેવકૃષ્ણ વ્યાસ ચોકામાં બેસી ગયા ને ભજન કરવા લાગ્યા ને પ્રાણશંકરને પણ ભજન કરવાનું કહ્યું એટલે તે પણ ભજન કરવા લાગ્યા તેજ વખતે દેવકૃષ્ણ વ્યાસ દેહનો ત્યાગ કરીને વિમાનમાં બેસી અક્ષરધામમાં ગયા. એમ જે નિર્વાસનિક હોય તેને શ્રીજીમહારાજ ધામમાં તેડી જાય છે માટે સંસારમાં રહેવું તેણે પણ સંસારની વાસના રહેવા દેવી નહિ ને શ્રીજીમહારાજની મૂર્તિમાં પ્રીતિ કરવી. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૯૪)*

## વણથલીમાં રાઘવજી સોનીને શ્રીહરિ તેડવા પધાર્યા

ગામ વણથલીમાં હરિભક્ત રાઘવજી સોની રહેતા હતા તેની સ્ત્રીને મહારાજ તેડવા આવતા હતા ત્યાં ગામ ઉંટોળામાં રતનો ભક્ત હતા તેને વિમાન દેખાણાં એટલે તેમાં જોયું તો શ્રીજીમહારાજનાં દર્શન થયાં ત્યારે મહારાજ બોલ્યા જે "રતના ભક્ત ! અમારી ભેળાં ચાલો. અમે ગામ વણથલીએ રાઘવજી સોનીની સ્ત્રીને તેડવા જાઈએ છીએ ત્યારે તે વિમાનમાં બેસી ગયા ને સાત ગાઉ છેટે ' ગામ વણથલી આવ્યા ને રાઘવજી સોનીની દુકાન આવી ત્યારે મહારાજે રતના ભક્તને કહ્યું "તમે આ દુકાનમાં બેસો ને વળતાં તમને તેડી જાશું' એમ કહી તેને વિમાનમાંથી હેઠાં ઉતારીને દુકાનમાં થડા પાસે બેસાર્યા ને મહારાજ તો રાઘવજી સોનીની સ્ત્રીને તેડીને પરબારા ધામમાં ગયા ને રતનો ભક્ત તો પેઢીમાં બેસી રહ્યા ને ભજન કરતા હતા. તે વખતે ખાપણનું લુગડું હાટમાં હતું તે લેવા માટે શ્રીમાળી બ્રાહ્મણ બેચરભાઈએ હાટનું તાળું ઉઘાડ્યું ને જોયું તો રતનો ભક્ત બેઠા બેઠા ભજન કરે છે તેથી તે બોલ્યા જે "અરે : આ કોણ હાટમાં છે ?" ત્યારે રતનોભક્ત કહે "એ તો હું રતનો છું ને મહારાજ મને વિમાનમાં બેસારીને આંહી તેડી લાવ્યા ને આહી મને બેસવાનું કહીને તે રાઘવજી સોનીની સ્ત્રીને તેડવા ગયા છે' તે સાંભળી બેચરભાઈ બહુ આશ્ચર્ય પામ્યા. પછી પટારામાંથી - કપડું કાઢીને રાઘવજી સોનીને આપ્યું ને રતનભાઈ પણ બહાર નિકળ્યા ને તે બાઈને દેન દેવા સ્મશાને ભેગા ગયા. તે જોઈ ઘણાં સત્સંગી તથા બીજાઓને એમ થયું જે "ભગવાનના અવતાર તો ઘણાં થયા પણ આવો પરચો ક્યારેય થયો નથી. માટે આ તો સાક્ષાત પુરુષોત્તમનારાયણ પધાર્યા છે. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૧૩)*

## ખંઢેરાના ઠક્કર કલ્યાણજીભાઈને તેડવા આવ્યા

ગામ ખોખરીના હરિભક્ત દરબાર સબળાજીને એકવાર બહુ મંદવાડ થયો ને ગળે પાણી પણ ઊતરી શકે નહિ ને બોલવાની ખબર પણ ન રહી ત્યારે અરધી રાત્રિએ શ્રીજીમહારાજ હાથી ઉપર બેસીને સાધુ હરિજન સહિત આવ્યા ને દરબારને કહ્યું "ચાલો અમે તમને તેડવા આવ્યા છીએ' એમ કહી તેમને તેડીને ખંઢેરાને મારગે ચાલ્યા ત્યાં મારગમાં ધાર આવી ત્યાં

સબળાજીને મહારાજે કહ્યું 'તમે આ વાવમાંથી પાણી પીને પાછા ઘરે જાજો'' એમ કહી મહારાજ તેમને ત્યાં રાખીને પોતે ખંઢેરા પધાર્યા ને ત્યાં ઠક્કર કલ્યાણભાઈને દર્શન દઈ કહ્યું ''ચાલો ધામમાં'' એમ કહી તેને ધામમાં તેડી ગયા ને બીજી રાત્રિએ રથ લઈને સબળાજીને તેડવા આવ્યા ને કહ્યું ચાલો અમારા ધામમાં' ત્યારે સબળાજી કહે ''મહારાજ ! સ્વામી મહાપુરુષદાસજી ક્યાં છે ? તે હોય તો હું તમારી ભેગો આવું નહિતર નહિ આવું કારણ કે તેમણે મને કોલ દીધેલ છે માટે એમ કહ્યું એટલે મહારાજ પાછા પધારી ગયા ને ત્રીજે દિવસે વિમાનમાં બેસીને સ્વામી મહાપુરુષદાસજીને સાથે લઈને આવ્યા ને ઓશીકાની કોર ડાબે પડખે મહારાજ બેઠા ને પાંગતની કોર સ્વામી મહાપુરુષદાસજી બેઠા ને પછી મહારાજે સબળાજીને જગાડીને કહ્યું ''ચાલો અમે તમને તેડવા આવ્યા છીએ ને સ્વામી મહાપુરુષદાસજી પણ આવ્યા છે તે સાંભળી દરબાર કહે ''તો હું આવવા તૈયાર છું.'' ત્યારે સ્વામી મહાપુરુષદાસજી બોલ્યા જે ''હે મહારાજ ! હમણાં આપણે સબળાજીને મેલી જાઈએ તો ઠીક' ત્યારે મહારાજ કહે ''પણ હવે તેની જાજી આવરદા નથી ત્યારે સ્વામી કહે તેમનાં ઘરનાં મનુષ્ય છે તે તેની આવરદા આપે છે માટે તેની આવરદા આપો ને તેને છ મહિનાની રહેવા દેવી ને છ મહિના પછી તેડી જાવી ને સબળોજી તો ભલે રહ્યા'' ત્યારે મહારાજે હા પાડી ને પાછા ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૧૪)*

## મોડા ગામના લાખાજીને ધામમાં તેડી ગયા

એક્વાર ગામ મોડાના સર્વે હરિજન મહારાજનાં દર્શન કરવા ગઢડે જાતા હતા, ત્યાં રસ્તામાં લાખાજીએ તેમને કહ્યું કે 'તમે સ્વામિનારાયણને ભગવાન કહો છો તે શું જાણીને કહો છો ?' ત્યારે હરિજનો કહે ''એ તો સાક્ષાત ભગવાન છે તે અમે દૃઢ નિશ્ચય કરેલો છે તે કોઈ રીતે ફરે તેમ નથી ત્યારે લાખાજી કહે ''ભગવાન હોય તેના પગમાં તો સોળ ચિહ્ન હોય ત્યારે હરિજનો કહે ''તમે ત્યાં જોજો જે સોળ ચિહ્ન છે કે નહિ ?'' પછી સર્વે ગઢડે ગયા ત્યાં મહારાજ લીમડા હેઠે સભા કરીને બેઠા હતા તે વખતે મહારાજે લાખાજીને નામ લઈને બોલાવ્યા ને કહ્યું કે ''આવો લાખાજી દરબાર તે સાંભળી દરબારે વિચાર કર્યો જે ''આ મહારાજને હું કોઈ વખત મળ્યો નથી ને મને નામ લઈને બોલાવ્યો માટે આ એક પરચો થયો' એમ મનમાં સંકલ્પ કરીને મહારાજના ચરણાવિંદ પાસે જઈને બેઠાં ત્યારે મહારાજે પોતાની વાંસે તકિયો હતો તેને ઓઠીંગણ દઈને પગ લાંબા કર્યા ને બોલ્યા ''જુઓ લાખાજી દરબાર અમારા પગમાં સોળ ચિહ્ન છે કે નહિ તે ગણી કાઢો.'' ત્યારે તેણે બેય ચરણાવિંદમાં સોળ ચિહ્ન ગણી કાઢ્યાં પછી ઉઠીને દંડવત્ કર્યા ને સ્તુતિ કરી જે ''હે મહારાજ ! તમે તો સાક્ષાત ભગવાન છો

ને મારો સંકલ્પ હવે નિવૃત્તિ પામી ગયો' એમ કહી વર્તમાન ધરાવી સત્સંગી થયા ને પછી ઘેર જઈ દૃઢ સત્સંગ પાળ્યો ને અંતે શ્રીજીમહારાજ તેડવા આવ્યા તે ભેળા અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૧૬)*

## ગામ મોડામાં અજાભાઈને તેડવા રથ લઈને આવ્યા

સંવત ૧૯૧૬ની સાલમાં એક વખત ગામ મોડાસામાં સોની અજાભાઈને મંદવાડ થયો ને દેહ મેલવાનો વખત થયો ત્યારે મહારાજ રથ લઈને તેડવા આવ્યા તે વખતે ગોહેલવાડના મેમાન આવેલા હોવાથી જાડેજા વીરાજી તથા કુંભાજીની ડેલીયે આઠ દશ માણસ રાત્રિને સમે બેઠાં હતાં તેમણે તે રથનો ઘરેરાટ સાભળ્યો ત્યારે સહુ વિચાર કરવા માંડ્યા જે "આ ટાણે આવો રથનો ઘરેરાટ ક્યાં થયો હશે ?" ત્યારે જાડેજા વીરોજી બોલ્યા જે અજો સોની માંદા છે તે રખેને મહારાજ તેને તેડવા આવ્યા હોય એમ વાત હું કરે છે તેવામાં અજા સોનીયે દેહ મેલ્યો ને પોકરાણ પડ્યું તે સહુએ સાંભળ્યું. ત્યારે મેમાનોને એમ થયું કે "સ્વામિનારાયણનો ધર્મ સાચો છે નહિ તો આમ કોઈને જણાવ્યું નથી." તે જ વખતે જામનગરમાં અજા સોનીનાં બેન રતનબાઈ હતાં તેમણે પણ મહારાજનાં દર્શન થયાં ને જણાયું જે "શ્રીજીમહારાજ મારા ભાઈને ધામમાં તેડી ગયાં ત્યારે તેણે સવારે સહુને વાત કરી જે "ગઈ રાત્રિએ મારા ભાઈએ દેહ મેલ્યો છે. પછી તેના સમાચાર વળતે દિવસે આવ્યા. એવી રીતે શ્રીજીમહારાજ પરચા આપીને પોતાનાભક્તોને ધામમાં તેડી જાય છે. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૧૭)*

## તોરીના રાજગર ઘેલા મહારાજને સંતો સાથે તેડવા આવ્યા

ગામ તોરીમાં રાજગરા ઘેલા મહારાજને સત્સંગ થયો ને સદ્ગુરુ ગુણતીતાનંદસ્વામી પાસેથી વર્તમાન લઈ નિયમ ધર્મ બરોબર પાળતા ને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના હતી તેમને અંતકાળ સમે મંદવાડ આવ્યો એટલે પોતાનાં સગાં વહાલાંને તેડાવીને અગાઉથી કહી દીધું કે હવે મારે દેહ મેલીને ધામમાં જાવું છે માટે ખીજડીએથી ગીગામહારાજને તેડાવો" પછી માણસ મોકલીને તેને તેડાવ્યા તે આવ્યા ત્યારે તેમને ઘેલે મહારાજે કહ્યું જે "આ ટાણે મેં દૂધ પીધું છે હવે કંઈ ખાવું પીવું નથી એમ તમે નક્કી જાણજો ત્યારે ગીગો મહારાજ કહે "તમારે ક્યારે દેહ મેલવો છે ?" ત્યારે કહે સવારના પાંચ વાગ્યે' એમ કહીને સર્વે સગાંઓને કહ્યું હવે સહુ સૂઈ જાઓ ને ચાર જણા વારા ફરતી મારી પાસે જાગો" પછી તે પ્રમાણે કર્યું ને સવારે ચાર બજવાનો સમય થયો ત્યારે ઘેલા મહારાજે પોતાની પાસે જાગતા હતા તેને પૂછયું કે કેટલા વાગ્યા છે ? ત્યારે કહે ચાર વાગવાનો સમય થયો છે' પછી કહે 'હવે સહુને

જગાડો' ત્યારે સહુને જગાડ્યાં તે આવીને પાસે બેઠાં. પછી ઘેલા મહારાજે ગાયનું છાણ મંગાવીને લીંપાવી લીધું તથા તેના ઉપર દર્ભ પથરાવી રાખ્યો ને પછી તેમને તેના દીકરાએ તથા ઘરનાં માણસોએ ચાર ચાર એકાદશીઓ આપી પછી ઘેલા મહારાજે કહ્યું હવે સહુ ભજન કરો ત્યારે ખીજડીયાવાળા ગીગો મહારાજ કહે "તમે ભજન કરાવો છો તે દેહ મુકશો તે અમને કેમ ખબર પડશે ?" ત્યારે કહે "મારે બરોબર દેહ મૂકવાનો વખત થાશે ત્યારે હું ત્રણ ચપટી વગાડીશ ત્યારે મને હેઠો લેજો' પછી પાંચ બજ્યા સુધી સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભજન કરાવ્યું ત્યાં તેમને શ્રીજીમહારાજનાં તથા ગોપાળાનંદસ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન થયાં એટલે ઘેલે મહારાજે ત્રણ ચપટી વગાડી ત્યારે તુરત તેને ખાટલેથી હેઠા લીધા ત્યારે તેણે જયસ્વામિનારાયણ કહી તુરત દેહ મેલી દીધો. ત્યારે માણસો બોલ્યાં જે "આમ દેહ મેલતાં કોઈને દીઠા નથી. આ તો સ્વામિનારાયણ ભગવાનનો જ ચમત્કાર છે." *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૨૮)*

## બગસરાના સથવારા વેલાભાઈને અંતકાળે સંતો સાથે તેડવા આવ્યા

ગામ બગસરાના સથવારા વેલોભાઈ નાવા સારુ વાડીયે ગયા ને ત્યાં માંહી ઉતરીને નાયા ને પછી પાણીથી પગ બારો દીધો તે જ વખતે એક સરપ પગની પીંડીએ કરડ્યો તે વખત તેને ગઢડામાં શ્રીજીમહારાજે વાત કરી હતી તે સાંભરી આવી તેથી પોતે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવા લાગ્યા ને મંદિરમાં જઈ મહારાજની મૂર્તિ આગળ બેસીને એકતાર ભજન કરવા લાગ્યા તેથી તેને સરપ ચડ્યો નહિ પછી સાંઝે ઘેર ગયા ત્યારે સહુ ઘરનાં માણસોએ પૂછ્યું જે "તમે આખો દિવસ ક્યાં ગયા હતા ?" ત્યારે તે કહે "મને દેરી વાડીએથી સરપ કરડ્યો હતો તેથી મંદિરે ગયો હતો ને ત્યાં સ્વામિનારાયણ નામના મંત્રનો જપ કર્યો તેથી સરપ ચડ્યો નહિ ત્યારે સહુ સાંભળીને આશ્ચર્ય પામી ગયાં. કારણ કે તે દેરી વાડીએ જે સરપ રહે તે જેને કરડે છે તે તુરત મરી જાય છે. પછી વેલોભક્ત વાળુ કરીને વાડીએ ગયા. તે પછી ઘણાં વરસે તે માંદા થયા ત્યારે મહારાજની સ્મૃતિ કરે ને ભજન કર્યા કરે એમ કરતાં અંતકાળને સમે શ્રીજીમહારાજ કેટલાંક સાધુ તથા હરિજન સાથે તેને તેડવા આવ્યા ને ખળાવાડમાં સથવારા જુઠા પટેલને રાત્રે દર્શન દઈને કહ્યું કે "અમને વેલાભક્તનું ઘર બતાવવા ચાલો ત્યારે તે કહે "મારું ખળું રેઢું છે ત્યારે મહારાજ કહે "તમે ઘર બતાવી જાઓ. તમને અમે રોકશું નહિ" ત્યારે જુઠો પટેલ ઘર બતાવવા મોર થયા ને વાંસે મહારાજ રથમાં બેઠાં હતા તે રથ ચલાવ્યો ને સાધુ સર્વે વાંસે ચાલ્યા આવે ત્યારે ઝાઝા સાધુ જોઈને તે જુઠો પટેલ બોલ્યો કે "તમે આટલા બધા વેલાભાઈને ઘેર સમાસો ક્યાં ? ત્યારે મહારાજ કહે "તમે ઘર બતાવીને

જાઓ અમે તેના ઘરમાં સમાઈ રહેશું' પછી તે જરા આઘેરો ચાલીને બોલ્યો કે "આ ફળિયામાં તેનું ઘર છે" એમ બતાવીને તે તુરત ખળાવાડે ગયો ને મહારાજે વેલાભાઈને દર્શન દીધાં તે વખતે તેનાં સગાં સર્વે જાગતાં હતાં તેને વેલાભાઈએ કહ્યું કે "આ મહારાજ તથા સંત તથા હરિજન ઘણાંક મને તેડવા આવ્યા છે, ત્યારે સહુ ભજન કરવા માંડ્યા એટલે વેલોભાઈ દેહ મૂકીને મહારાજ ભેગા અક્ષરધામમાં ગયા. ને સવારે જુઠો પટેલ વેલાભાઈને ઘેર આવ્યા ને પૂછ્યું કે "આ સ્વામિનારાયણ ક્યાં ઉતર્યા છે ?" ત્યારે વેલાભક્તનો દીકરો ધનો બોલ્યો કે "આંહી તો સ્વામિનારાયણ નથી ને મારા બાપે અરધી રાત્રિએ મને કહ્યું હતું જે સ્વામિનારાયણ મહારાજ મને તેડવા આવ્યા છે એમ કહીને તુરત તેમણે દેહ મેલી દીધો. ત્યારે જુઠો પટેલ બોલ્યા જે "મને ખળાવાડમાંથી જગાડીને કહ્યું જે વેલાભક્તનું ઘર બતાવો ત્યારે હું મોર ચાલીને તમારું ઘર બતાવી ગયો હતો તે સાંભળીને સહુ માણસોએ તે પરચો લેખ્યો ને જુઠા પટેલે જાણ્યું કે "સ્વામિનારાયણ અંતકાળે તેડવા આવે છે તે વાત સાચી છે.' *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૩૭)*

## બગસરાના કલા ભક્તને શ્રીહરિ મુક્તો સાથે તેડવા આવ્યા

એકવાર ગામ બગસરાના સથવારા કલાભક્ત બીજા કેટલાક ખેડૂઓ સાથે ગાડાં લઈને ખડ લેવા સારુ સરસઈની ગીરમાં જવા રાત્રિયે ચાલ્યા તે ચાલતાં સવારે સરસઈ ઢુંકડા પુગ્યા ત્યાં રસ્તામાં એક નદી આવી ત્યાં કલોભક્ત નાહીને પૂજા કરવા બેઠા ત્યારે માળા ફેરવી અને પ્રદક્ષિણા તથા દંડવત્ કર્યા પણ ડાબલીમાં સાકર ન હોવાથી ઠાકોરજીને નૈવેદ્ય ધરાવ્યા વિના પાછા પધરાવી દીધાં. પછી સહુ ટીમણ કરવા બેઠા હતા. તેમણે કલાભક્તને ટીમણ કરવાનું કહે ત્યારે તે કહે "મારી પાસે સાકર ન હોવાથી ઠાકોરજીને નૈવેદ્ય નથી માટે હું ટીમણ નહિ કરું ત્યારે તેઓ કહે "ત્રણ દિવસે ઘેર પુગાશે માટે ટીમણ કરી લીધાં ને ગાડા જોડીને ચાલ્યા ત્યારે કલોભક્ત ગાડીની પાછળ ચાલ્યા આવે ને મનમાં સંકલ્પ કરતા આવે જે "અરે આજ મહારાજને નૈવેદ્ય ધરાણું નહિ એમ કરતાં રસ્તામાં પડેલા સાકરના ગાંગડા દીઠા ત્યારે પોતે તેમાંથી એક ગાંગડો લઈને ચાખી જોયો તો મીઠો લાગ્યો પછી પોતે વિચાર કર્યો છે "આંહી વગડામાં સાકર ક્યાંથી હશે ? કોઈ પોઠીયાવાળાની ફાંટમાંથી ઢોળાઈ ગઈ હશે કે શું ? એમ વિચાર કરીને સાકર લેવા માંડ્યા ત્યાં તો આખી ધાર સાકરની દેખાણી ત્યારે કલાભક્તે ઠાકોરજી માટે ડાબલી ભરી લીધી ને એક નાની પોટલી બાંધી લીધી ને દોડીને બે ખેતરવા ગાડા ગયા હતા ત્યાં ભેગા થઈ ગયા ને ત્યાં નદી આવી એટલે સહુ બળદને પાણી પાવા લાગ્યા ત્યારે કલાભક્તે ઠાકોરજીને નૈવેદ્ય ધરીને સહુને પ્રસાદી વહેંચી ને ટીમણ કરવા બેઠા. પછી બીજાઓએ

કહ્યું "તમારી પાસે સાકર નહોતી કે ક્યાંથી કાઢી ?" ત્યારે કલોભક્ત કહે "આંહીથી બે ખેતરવા વાંસે સાકરની આખી ધાર હતી તેમાંથી મેં આ પોટલી બાંધી લીધી" તે સાંભળીને તેઓ જ પણ સાકર લેવા દોડ્યા ને ત્યાં ગયા તો પથરાની ધાર દેખી તેથી પાછા આવ્યા અને કલાભક્તને કહે "ત્યાં તો ધારમાં પાણા છે. તે ત્યારે કલોભક્ત કહે "એ તો શ્રીજીમહારાજે મને પરચો આપ્યો." પછી ખડ કાપીને વળતે દિવસે ઘેર આવ્યા ત્યારે કલાભક્ત મંદિરે જઈને સાકર ઠાકોરજીને ધરાવીને સહુને વહેંચી ત્યારે હરિભક્તોએ પૂછ્યું એટલે તેમણે બધી વાત વિસ્તારથી કહી બતાવી. તે સાંભળી સહુ આશ્ચર્ય પામ્યા અને જે પૂજા કરતાં ઠાકોરજીને નૈવેદ્ય નહોતા ધરાવતા તેમણે ધરાવવાનાં નિયમ લીધાં. તે પછી એકવાર શ્રીજીમહારાજે કલાભક્તને દર્શન દઈને કહે કે "તમે અમારું બહુ ભજન કર્યું છે તેથી તમારી બધી વાસના બળી ગઈ છે માટે દેહ મેલવા ટાણે જેમ માખણમાંથી વાળ ખેંચી લે તેમ તમને અમે દેહ મેલાવીને અક્ષરધામમાં લઈ જાશું. તે પછી કલાભક્તને મંદવાડ થયો એટલે પોતે ભજન કરવા માંડ્યા તે વખતે શ્રીજીમહારાજ વિમાનમાં અનંત મુક્તોને સાથે લઈને તેમને તેડવા પધાર્યા ત્યારે કલાભક્ત સહુ પોતાનાં સગાંને તેડાવીને કહે કે "આ શ્રીજીમહારાજ કે મને તેડવા પધાર્યા છે તે ભેગો હું ધામમાં જાઉં છું ને તમે સહુ ધૂન કરો." ત્યારે સહુ ધૂન કરવા લાગ્યા તે જ વખતે કલાભક્ત દેહ મેલીને મહારાજ ભેળા વિમાનમાં બેસીને અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૩૮)*

## ચાડિયાના ભંડેરી રામાભાઈને તેડવા શ્રીહરિ હજારો વિમાન લઈને આવ્યા

ગામ ચાડીયામાં ભંડેરી રામાભાઈ હરિજન હતા તેમને શ્રીજીમહારાજની ઉપાસના સર્વોપરી હતી ને મહારાજની આજ્ઞા ખરેખરી પાળતા, તેમણે એક બળદ વેચાતો લીધો તેને ગામનાં માણસો કહેવા લાગ્યાં છે તે તો સાત દાંતે છે." ત્યારે રામભક્ત માનતા કરી જે "મારા આ બળદને આઠમો દાંત આવશે તો હું ગઢડે જઈને મહારાજને પગે બે નાળિયેર મેલીશ.' પછી હુતાશનીને સમૈયે ઘરનાં બધાં માણસો ગઢડે ગયા ને ઘેલામાં નાહીને પછી બળદને પાણી પાયું પછી તેના મોઢામાં જોયું તો આઠમો દાંત દીઠો ત્યારે રામભક્ત ગામમાં જઈને દુકાનેથી બે નાળિયેર લીધાં ને શ્રીજીમહારાજ પાસે જઈ તે નાળિયેર ઢોલિયા ઉપર મેલીને પગે લાગ્યા. તે જોઈ મહારાજ કહે "કેમ રામભક્ત ! બળદને આઠમો દાંત આવ્યો ને ?" ત્યારે તેમણે કહ્યું "હા મહારાજ.' પછી મહારાજ કહે "તમે આ બે નાળિયેર મેલ્યાં પણ પગે લાગવાનું ત્રીજું લાવો' ત્યારે ભક્ત ત્રીજું નાળિયેર લાવીને મેલ્યું તે પછી પાંચ દિવસ રહી સમૈયો કરીને ઘેર ગયા ને ગામનાં માણસોને બળદનો દાંત બતાવ્યો તે જોઈને સહુ આશ્ચર્ય પામ્યા પછી

તે ભક્ત માંદા થયા ને દેહ મેલવાનો વખત થયો ત્યારે શ્રીજીમહારાજ હજારો વિમાન લઈને તેને તેડવા આવ્યા ત્યારે તેમણે તેના છોકરાને કહ્યું કે આ શ્રીજીમહારાજ તથા સંત મને તેડવા આવ્યા છે તે ભેળો હું ધામમાં જાઉં છું.'' એમ કહી દેહ મેલીને ધામમાં ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૪૨)*

## ગીદગી ગામમાં રબારી અમરાભાઈને તેડવા શ્રીહરિ પધાર્યા

ગીર દેશમાં આવેલા ગામ ગીદગીમાં રબારી જીવણો અને તેમનો ભાઈ અમરો તે હરિભક્ત થયા હતા ને શ્રીજીમહારાજને સર્વ અવતારના કારણ જાણતા અને સાધુની સેવામાં ઘણો ભાવ રાખતા. એકવાર અમરાને મંદવાડ થયો તે વખતે તેને મહારાજનાં દર્શન થયાં ને મહારાજે કહ્યું કે ''અમે તમને કાલ બપોરે તેડવા આવશું'' એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા. તે દિવસે તેની સ્ત્રીને આણું વાળીને તેડી આવ્યા પણ અમરે તો તેની માને કહી મેલેલું જે ''મારી પાસે કોઈ બાઈ માણસે આવવું નહિ કારણ કે મારે તો ભગવાનના ધામમાં જાવું છે માટે હવે મારે ભગવાન અને સંત સિવાય બીજા કોઈનું કામ નથી ને મને તો મહારાજ તેડવા આવવાના છે માટે હું ભગવાનને મૂકીને બીજે હેત નહિ કરું અને સગામાં હેત રાખવાથી તો જમપુરીમાં જાવું પડે માટે સંસારમાં રહેવું હોય તેમણે પણ ભગવાનમાંજ હેત રાખવું, તો હું હવે સંસારથી ઉદાસ થયો છું માટે મારે હવે ક્યાંઈ હેત કરવું નથી હું તો મહારાજ ભેગો અક્ષરધામમાં જઈશ ને મહારાજની સેવામાં રહીશ.'' એમ વાત કરી પછી મહારાજે કહેલ હતું, તે સમય થયો ત્યારે પોતે તૈયાર થઈને બેઠો ત્યાં તેને વિમાનમાં શ્રીજીમહારાજનાં તથા સાધુનાં દર્શન થયાં ને મહારાજે કહ્યું ''અમરા ચાલ્ય, તને અમે ધામમાં તેડી જઈએ ને તું અમારો ખરો ભક્ત છે કેમકે સ્ત્રીમાં લેવાણો નહિ.'' પછી અમરે સહુ હરિજનોને કહ્યું ''આવો હું તમને મળું એમ કહી સહુ હરિભક્તને મળ્યો ને પછી જયસ્વામિનારાયણ કહીને દેહ મુકી મહારાજ ભેગો અક્ષરધામમાં ગયો. એવો પ્રતાપ જાણીને ઘણાને સમાસ થયો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૪૮)*

## કડિયા ગામના વણિક ભીમજીના ભાઈને જીવહિંસા કરતા અક્ષરધામમાં પ્રવેશ ન મળ્યો

એકવાર ગામ કડિયામાં વણિક હરિભક્ત ભીમજીનાં ભાઈએ શેરડીનો વાડ વાવ્યો હતો. તેમાં આઠ ભાગ હતા તે વાડમાં ગરીને શેઢાઈ ખાઈ જતી ને બહુ નુકશાન કરતી તેથી સહુએ મળીને શેઢાઈના ભોણમાં કાંટા ભરી ને તેને બાળી દીધી. તે ભેગો ભીમજીનો ભાઈ પણ હતો તેથી તેને આઠમે ભાગે પાપ લાગ્યું. તે પછી થોડા દિવસ થયા ત્યાં માંદો પડ્યો ને

દેહ મેલી દીધો ત્યારે સાધુ તેને તેડીને અક્ષરધામના દરવાજા સુધી લઈ ગયા ને મહારાજને પૂછ્યું જે "આને કયા ધામમાં મેલવો છે ?" ત્યારે મહારાજ કહે "તેણે તો જીવ હિંસા કરેલી છે માટે તેને આંહી રાખી શકાય નહિ વાસ્તે હમણાં તેને પાછો દેહમાં મેલી આવો ને પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થાય પછી તેડી લાવજો" પછી સાધુ તેને પાછો દેહમાં મેલી ગયા ત્યારે તે બેઠો થયો ને તેના ભાઈને વાત કરી જે "વાડમાં શેઢાઈઓ બાળી તે પાપથી મને મહારાજે અક્ષરધામમાં ગરવા દીધો નહિ ને સાધુ પાછા મેલી ગયા માટે તું જૂનાગઢ જા અને તે પાપનું પ્રાયશ્ચિત કરી આવ્યા. ત્યારે ભીમજી જૂનાગઢ ગયો ને સદ્ગુરુ ગુણાતીતાનંદસ્વામી આગળ વાત કરી ત્યારે સ્વામીએ તેને કહ્યું જે 'ઠાકોરજીનો થાળ કરવો ને સાધુને કંસારની રસોઈ દીયો" ત્યારે તેણે તે પ્રમાણે કર્યું ને તેના પૈસા થયા તે આપી દીધા ને સ્વામીને - પૂછ્યું કે હવે કેમ ?" ત્યારે સ્વામી કહે 'હવે તું ઘેર જા ને બે દિવસ પછી મહારાજ તને તેડી જાશે ત્યારે ભીમજી ઘેર આવ્યો ને વળતે દિવસે તેને ભાઈએ દેહ મેલ્યો ને તે સાધુ વિમાનમાં બેસારીને ધામમાં તેડી ગયા. એમ કાંઈ પણ પાપ કર્યું હોય તો ભગવાનનું ધામ મળે નહિ. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૪૯)*

## સંત દ્વારા મલીન વાસના તોડાવી પછી મહારાજ તેડી ગયા

એકવાર ગામ ખોડીમાં પટેલ અરજણભાઈને સ્વપ્નામાં શ્રીજીમહારાજનાં તથા રઘુવીરજી મહારાજ અને ગુણાતીતાનંદસ્વામીનાં દર્શન થયાં ત્યારે અરજણભક્ત તો વિમાને વળગી પડ્યા ને વિમાન તો ઉડ્યાં ને આકાશમાં ગયા ત્યારે મહારાજ કહે કે "કાંઈક ગંધ આવે છે ત્યારે સ્વામી બોલ્યા જે "આ લોકજ ગંધ રૂપ છે. ત્યારે મહારાજ કહે "આ વિમાનને કોઈક વાસનાવાલો ભક્ત વળગી ગયો જણાય છે તેથી ગંધ આવે છે માટે તેને છુટો કરી દીયો, એમ વાત કરીને તેને વિમાનેથી છુટો કરી દીધો ત્યાં તો અરજણભક્તની આંખ ઉઘડી ગઈ ને તેણે જાણ્યું જે "હવે આપણે આ લોકની ગંધ ટાળવી ને શુદ્ધ થાવું એમ ધારીને સેવ વણાવીને તેનો ટોપલો તથા ઘીનું પારીયું અને ગોળનું ભીલું લઈને ચાલ્યા તે ગામ માળીલે સ્વામી બાલમુકુંદદાસજી હતા ત્યાં આવ્યા ને તે ત્રણેય વાનાં સ્વામી આગળ મુકી દંડવત કરીને પગે લાગ્યા ત્યારે સ્વામીએ પૂછ્યું જે ભક્ત ! તમે કેમ આવ્યા ?" ત્યારે તે બે હાથ જોડીને બોલ્યા જે "હે સ્વામી ! હું તમારો સમાગમ કરવા આવ્યો છું' એમ કહીને તેણે પોતાને જે સ્વપ્ન થયું હતું તે બધી વાત કરી તે સાંભળીને સ્વામી બોલ્યા જે "અમારા ભેગા રહો અમે ગંધ ટાળી નાખશું' પછી તે ત્યાં રહ્યા ને તે સેવ લાવ્યા હતા તેની ત્રણ દિવસ સુધી રસોઈ કરાવીને સંતને જમાડ્યા ને હંમેશાં સ્વામી વચનામૃત વાંચીને અરજણભક્તને વાતો કરતા એમ બે માસ સુધી

અરજણભક્તને ભેગા રાખીને તેના અંતરમાં મલીન વાસનાની ગંધ હતી તે ટાળી નાખી ને શુદ્ધ કરી તેને પાછા ઘેર મોકલ્યા તે પછી તે થોડા દિવસ કેડે માંદા થયા ને અંતસમો થયો ત્યારે પોતાનાં સગાંવહાલાંને બોલાવીને તેણે કહ્યું કે ‘‘આ શ્રીજીમહારાજ તથા ગોપાળાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી તથા મોટા મોટા સંત વિમાન લઈને મને તેડવા આવ્યા છે તે ભેગો હું અક્ષરધામમાં જાઉં છું એમ કહી ધામમાં ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૫૧)*

## ઉનાના ગણેશ શેઠને શ્રીહરિ તેડવા પધાર્યા

ગામ ઉનામાં મોટી ધારીથી ગાંધી હંસરાજ રહેવા આવેલા તે સત્સંગી સારાં હતા ને સ્વામિનારાયણનું અખંડ ભજન કરતા ને નિયમ ધર્મ પણ ખરેખરાં પાળતા ને ગંધીયાણાનો વેપાર કરતા. તેને ગણેશ શેઠ સાથે સારું હેત હતું ને વેપારમાં લેવડ દેવડનો સંબંધ પણ હતો એવામાં એકવાર ત્યાં રામાનંદસ્વામી મંડળ સાથે આવ્યા ને હંસરાજ ગાંધીને ઘેર ઉતર્યા ને તેમને રસોઈ કરીને જમાડ્યા પછી બીજે દિવસે હંસરાજગાંધીએ વિચાર કર્યો જે ‘‘ગણેશ શેઠનું અનાજ જો સ્વામી જમે તો શેઠનું કાંઈક સારું થાય ને તેને સત્સંગ થાય તો તેનું કુટુંબ જાજું છે‘ એમ વિચારીને તેમણે શેઠને વાત કરી જે ‘તમારાં સાધુ તમારે ઘેર વોરવા આવે તો કેમ ? ત્યારે શેઠ કહે ‘‘ભલે આવે પછી હંસરાજ ગાંધીએ સ્વામીને કહ્યું હે સ્વામી ! આજ તમે શેઠીયાને ઘેર વોરવા ચાલો કારણ કે તે શેઠ શ્રાવક છે ને મોટા છે ને જે વોરવા આવે તેને રાંધેલું અનાજ આપે છે ત્યારે સ્વામી કહે ‘‘ઠીક ભલે ચાલો’ પછી સ્વામી તથા બીજા સંત ગયા ને ‘‘નારાયણ હરે સચિદાનંદ પ્રભો એ પ્રમાણે બોલ્યા તે સાંભળીને શેઠે તૈયાર કરી રાખ્યું હતું. તે સાધુની ઝોળીમાં નાખ્યું પછી હંસરાજ ગાંધીએ શેઠને કહ્યું કે ‘‘રસ્તામાં સાધુને કોઈ અડી જાય માટે તમારી ઢોર બાંધવાની કોડમાં બેસીને જમી લીયે તો કેમ ? ત્યારે શેઠે હા પાડી એટલે સાધુએ કોડમાં બેસીને જમી લીધું પછી હંસરાજ ગાંધીએ શેઠીયાઓને વાત કરી જે ‘‘અમારાં સ્વામી વાતો સારી કરે છે તે સાંભળવા આવશો ? ત્યારે તેમણે હા કહી પછી ગણેશ શેઠ તથા વર્ધમાન શેઠ તથા દેવજી શેઠ તથા પ્રેમજીશેઠ તથા જેઠો શેઠ તથા વલ્લભજી શેઠ સવચંદ ગાંધી વગેરે ઘણાક શેઠીયા બેસવા આવ્યા ત્યારે રાઘવાનંદસ્વામીએ ઉપદેશની તથા જમપુરીનાં, ગર્ભવાસનાં અને ચોરાસીનાં દુઃખની વાતો કરી તે તેમને સારી લાગી ને પાંચ દિવસ સુધી સાંભળીને સાધુને રસોઈ આપી ને પ્રથમ ગણેશ શેઠે વર્તમાન ધરાવ્યાં ને કંઠી બાંધી પછી સ્વામીએ પૂછયું જે ‘તમારે માથે ચોટલી કેમ નથી ?’’ ત્યારે શેઠ કહે ‘‘અમારે ચોટલી રાખવાનો ધારો નથી પછી સ્વામીએ કહ્યું : ‘હવેથી સહુ ચોટલી રાખજો‘ ત્યાર પછી તેમના કુટુંબમાં

સહુ ચોટલી રાખવા માંડ્યા તે ગણેશ શેઠ પૂર્વના સંસ્કારી હતા. ને ભગવાનના ખપવાળા હતા. તેને સ્વામીની વાતો સાંભળવાથી શ્રીજીના સ્વરૂપનો પાકો નિશ્ચય થયો. તે એકવાર સંઘ લઈને ગઢડે દર્શન કરવા ગયા ને દંડવત કરી પગે લાગીને સભામાં બેઠા. પછી મહારાજે કહ્યું 'તમારા ગામમાં સાધુને ઉતરવાની જગ્યા હોય તો સત્સંગ વધે ત્યારે શેઠ કહે "હા મહારાજ ! અમારે જગ્યા કરવી છે પછી મહારાજ કહે "તમારા ઘરના થડમાં જગ્યા કરજો ને તેમાં લાલજીની મૂર્તિ પધરાવજો ને તેની આજીવિકા બાંધજો" ત્યારે શેઠ કહે "મહારાજ ! અમને પધરાવવા સારુ મૂર્તિ આપો" ત્યારે મહારાજે લાલજીની મૂર્તિ આપી ને એક શાલીગ્રામ આપ્યાને કહ્યું કે આ શાલીગ્રામ અમે વનમાં ફરતા ત્યારે અમારી પૂજામાં હતા ને એકવાર બહુ પાણી પી ગયા હતા તે છે" એમ કહીને તે બેય મૂર્તિઓ આપી તે લઈને શેઠે ઘેર જઈ મંદિર ચણાવ્યું ને તેમાં લાલજી તથા શાલીગ્રામ પધરાવ્યા ને આજીવિકા માટે પોતાની જે કાંઈ મિલકત હતી તે શ્રી કૃષ્ણાર્પણ કરીને તે મંદિર વડતાલના આચાર્યજી મહારાજને સોંપ્યું ને પોતાના કુટુંબીઓને કહ્યું કે "આ દેવને અર્પણ કરેલ છે તેમાં કોઈ લાલચ કરશોમાં કેમ જે અર્પણ કરેલ દ્રવ્યની જે આશા કરે તેને કોઈ દિવસ અન્ન ખાવા ન મળે ને તેનું કોઈ દિવસ સારૂ ન થાય તે પછી શેઠે સાધુને ઉતરવાની ધર્મશાળા પણ કરાવી તે પછી એક દિવસ રાત્રે શેઠ સુતા હતા તે વખતે મહારાજે દર્શન દઈને કહ્યું કે "તમે અમારું વચન માન્યું ખરું' એમ કહી બહુ રાજી થયા. પછી શ્રીજીમહારાજ જૂનાગઢ મૂર્તિ પધરાવવા આવ્યા ત્યારે ઉનેથી શેઠ આવ્યા હતા ને તેમણે મહારાજની પૂજા કરીને જરી વસ્ત્રો તથા કેટલાંક રાળ ભેટ મૂક્યાં અને આરતી ઉતારીને પગે લાગ્યા ને તે પછી ઘેર ગયા. ત્યારથી શેઠને શ્રીજીમહારાજની લીલા સાંભળવી ગમતી ને પોતાને સર્વોપરી ઉપાસના થઈ હતી તે પોતાને ગ્રામ્યકથા સાંભળવા ગમતી નહિ ને કુસંગી તો દીઠા પણ ગમે નહિ ને સાધુ તથા સત્સંગી જ સારા લાગે તેમને એક દિવસ મહારાજે દર્શન દીધાં ને કહ્યું "આજથી આઠમે દિવસે તમારો દેહ પડશે માટે તમે ગઢડે આવજો ત્યાં દેહ પડે તો સારૂં" પછી સવારે જાગીને પોતે ગાડાં જોડાવીને સંઘ ભેગા ગઢડે ગયા ને ત્યાં રહી હંમેશાં ગોપાળાનંદસ્વામીની વાતો સાંભળતા એમ કરતાં આઠ દિવસ પુરા થયા ત્યારે શ્રીજીમહારાજ અનેક મુક્તો સાથે વિમાન લઈને તેડવા આવ્યા ત્યારે શેઠને તથા તેમની ભેગાં માણસો હતાં તેમને પણ પ્રત્યક્ષ દર્શન થયાં પછી શેઠે સહુને ભલામણ કરી જે "સહુ સત્સંગ સારો રાખજો તો સુખી રહેશો ને મહારાજની ઉપાસનામાં તથા આશરામાં ફેર પાડશો નહિ એમ કહીને જય સ્વામિનારાયણ અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૫૨)*

## દીવના પ્રેમબાઈને તેડવા શ્રીહરિ પધાર્યા

ગામ દીવમાં શેઠ પ્રેમચંદ બખાઈની દીકરી પ્રેમબાઈને સત્સંગ સારો થયો ને મહારાજ વિષે બહુ હેત થયું તેથી રાત્રિ દિવસ ભજન કર્યા કરે અને પોતાને દૃઢ નિષ્કામવ્રત પાળવાનો આગ્રહ હતો મહારાજની મૂર્તિ અખંડ નેત્ર આગળ દેખાય તેવો અભ્યાસ કરતાં અને સંસારી સુખ તો તેમને કડવાં ઝેર જેવાં થઈ ગયાં હતાં ને પોતે સાંખ્યયોગ પાળતાં ને પુરૂષને તો સડલ કૂતરા બરોબર દેખતાં ને દિવસ રાત્રિ કથા વાર્તા જ કર્યા કરતાં એમ રાધા લક્ષ્મી જેવાં ગુણવાળાં હતાં. તેને એકવાર કોઈક બાવો હું સહજાનંદ છું એમ કહીને છેતરવા અને ધર્મમાંથી ભ્રષ્ટ કરવા આવ્યો પણ તે છેતરાયાં નહિ ને પોતાનો ધર્મ બરોબર સાચવી રહ્યાં પણ તે બાવો તેને ઘેર રહ્યો ને છેતરવાનો પ્રયત્ન કર્યા કરે તે વાત ગઢડે શ્રીજીમહારાજે અંતર્યામીપણે જાણીને ભીમડાભી તથા સોમલા ખાચરને દીવ મોકલ્યાને કહ્યું “અમારું નામ લઈને એક બાવો ત્યાં હરિભક્તને છેતરવા રહેલો છે તેને કાઢી મેલજો’ પછી તે બેય જણા દિવબંદર ગયા ને પ્રેમાબાઈને કહ્યું કે “અમને મહારાજે ગઢડેથી મોકલ્યા છે જે આ બાવો તમારે ત્યાં રહેલો છે તે તમને છેતરવા આવેલો માટે તેને કાઢી મેલો ત્યારે બાઈ કહે “એ અમારો કાઢયો જાય તેમ નથી કારણકે તે બાઈની સાસુએ જ તે બાવાને રાખેલો હતો પછી તે બાવાને સુરા ખાચરે એકકોર લઈ જઈને બે થોંટ મારી અને ડારો દઈ કાઢી મેલ્યો પછી તે બાઈને કહ્યું કે “મહારાજે આજ્ઞા કરી છે કે કોઈ બાવા આવે તેનો વિશ્વાસ કરશો નહિ ને તમે ઉનામાં ગણેશ શેઠને ત્યાં રહેવાનું રાખજો‘ એમ કહી તે પાળા બે દિવસ રહીને પાછા ગઢડે આવ્યા ત્યારે મહારાજ તેમને મળ્યા અને દીવના સમાચાર પૂછયા તે સાંભળીને રાજી થયા. તે પછી પ્રેમબાઈ ગઢડે મહારાજને દર્શને ગયાં, ત્યારે મહારાજે સામા જઈને તે બાઈની પૂજા લીધી ને પછી સભામાં વાત કરી જે “આ બાઈ ખરાં ધર્મવાળાં છે અને અમારી ઉપર પ્રેમ ઘણો રાખે છે તથા સાધુની સેવા બહુ કરે છે તેથી અમે સામા જઈને તેની પૂજા લીધી’ એમ મહારાજે તે બાઈનાં બહુ વખાણ કર્યા પછી તે બાઈ બે દિવસ રહીને પાછાં ઉને ગયાં ને ત્યાં રાત્રિ દિવસ કથા કર્યા કરે ને બાઈઓને ઉપદેશ કરીને સાધુની સેવા કરાવે ને જીવતાં સુધી પોતે પણ બહુ સેવા કરી ને મહારાજે વાતો કરીને બાઈઓમાં ઘણો સત્સંગ કરાવ્યો ને પોતાની જે ઘરવખરી હતી તે મંદિરમાં અર્પણ કરી દીધી, પછી પોતે માંદા થયાં ત્યારે શ્રીજીમહારાજ તથા મુક્તો વિમાન લઈને તેડવા આવ્યા છે તે સાથે હું ધામમાં જાઉં છું એમ કહી દેહ મેલી દીધો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૫૩)*

## સામતેર ગામના વાણંદ હમીરે વાસના તોડી પછી તેડવા પધાર્યા

આ ગામ સામતેરમાં વાણંદ હરિભક્ત ડોસાભક્તનું એકજ ઘર હતું, તેનો દીકરો હમીર બહુ સારો સત્સંગી હતો તે એકવાર ગુંદાં લેવા ઝાડ ઉપર ચઢ્યો તે વખતે તેને તેડવા શ્રીજીમહારાજ વિમાન લઈને આવ્યા ને તેને વિમાનમાં બેસારીને લઈ ચાલ્યા તે ટાણે રાવળ નદીમાં બાઈઓ વસ્ત્ર વિનાની નાતી હતી તે સામું તે ભક્ત વિમાનમાં બેઠાં બેઠાં જોયું ત્યારે મહારાજે તેને વિમાનમાંથી બહાર નાંખી દીધો તેથી તે પાછો દેહમાં આવ્યો મહારાજની પ્રાર્થના કરવા લાગ્યો જે "હે મહારાજ " ભૂલ્યો ને વાંકમાં આવ્યો તમે મારી ઉપર કૃપા કરો ત્યારે મહારાજે તેને દર્શન દીધાં ને કહ્યું હવે આઠ દિવસ કેડે તને તેડી જાશું ને કોઈ બાઈ માણસને તું તારી પાસે આવવા દઈશ માં તો તને તેડવા આવશું." પછી તે પોતાને ઘેર ગયો ને પોતાની બધી વાત તેના બાપને કહી ને પછી કહ્યું જે "મારી પાસે કોઈ બાઈ માણસને આવવા દેશો માં કારણકે મને મહારાજે એ પ્રમાણે કહેલ છે' પછી આઠમો દિવસ થયો શ્રીજીમહારાજ વિમાન લઈને તેડવા આવ્યા ત્યારે તે છોકરે પોતાનાં સહુ સગાંને કહ્યું કે "આ શ્રીજીમહારાજ મને વિમાન લઈને તેડવા આવ્યા છે તે ભેગો હું ધામમાં જાઉં છું એમ કહી શ્રીજીમહારાજ ભેગો બેસીને અક્ષરધામમાં ગયો. એમ ભગવાનને મુકીને માયામાં લોભાણો તો તેને આ લોકમાં આઠ દિવસ દુઃખ ભોગવવા રહેવું પડ્યું માટે દેહ છતાંજ ભગવાનમાં હેત કરી દેવું ને સ્ત્રી ધનની વાસના ટાળી નાંખવી. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૫૪)*

## બારપટોળી ગામના સુતાર આલાને તેડવા શ્રીહરિ આવ્યા

ગામ બારપટોળીના સુતાર આલાને વૈરાગ્ય થયો તેથી તે જગતથી ઉદાસ થયો ને સત્પુરુષને ખોળવા લાગ્યો પણ તેને ક્યાંઈ સત્પુરુષ મળે નહિ ને જે મળે તે સ્વામિનારાયણનો તો અવગુણ ઘાલે જે "એમણે તો બાબરોભૂત વશ કર્યો છે પણ જેની પાસે તુલસી કે સુખડ હોય તેને તે અડે નહિ" એમ કોઈ બાવે કહેલું કે તેણે ધ્યાનમાં રાખેલું હતું. પછી એકવાર જાગો કાપડી તે આલા પાસે આવ્યા ને કહ્યું "સ્વામિનારાયણ ભગવાન છે તેને દર્શને ચાલો આપણે જાઈએ પછી કાળુભક્ત આદિક દર્શને જાતા હતા તે ભેગા તે ચાલ્યા છે ને આલા સુતારે તો સુખડ તથા તુલસી પોતાની પાઘડીને છેડે બાંધી લીધાં ને બીજે દિવસે સહુ ગઢડે પહોંચ્યા ને મહારાજનાં દર્શન કરવા ગયા તે વખતે મહારાજ બહિરભૂમીએ ગયેલા હતા તેથી હરિભક્તો પગે લાગવા ઉતાવળા થયા પણ મહારાજે કહ્યું 'તમે હમણાં અમને અડશોમાં અમે નાહીને તમને પગે લાગવા બોલાવશું." ત્યારે આલા સુતારને એમ થયું કે મારી પાસે તુલસી તથા સુખડ છે તેથી સ્વામિનારાયણ બીના." પછી મહારાજ સ્નાન કરી શ્વેત વસ્ત્ર પહેરીને

ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને મૂળજી બ્રહ્મચારીને કહ્યું "બારપટોળીના હરિભક્તને દર્શન કરવા બોલાવો." ત્યારે તે બોલાવી લાવ્યા એટલે હરિભક્તો આવીને મહારાજને પગે લાગ્યા ને સુતાર આલો તો છેટે ઉભો રહ્યો ત્યારે મહારાજે તેને કહ્યું "લાવ તારી તુલસી અને સુખડ મારે પગે મેલ્ય." ત્યારે તે આલાને જણાયું "આ તો અંતરજામી દેખાય છે માટે ભગવાન ખરા." એમ જાણીને તેણે વર્તમાન ધરાવ્યાં ને કંઠી બાંધી ને પાકો નિશ્ચય કરીને ઘેર ગયો ને તેના બાપને કહે કે "તમે હરિભક્ત થાઓ." પણ તે ના પાડે તેવા સમયમાં ત્યાં રાઘવાનંદસ્વામીનું મંડળ આવ્યું ને તે કાળુવાવડીયાની કોડમાં ઉતર્યું ત્યારે આજે તેના બાપને હરિભક્ત થાવાનું કહ્યું પણ તેણે ના પાડી ને ખડનું કુંધવું ખડકવા ગયો પછી આલો વઢીને પરાણે સ્વામી પાસે લઈ ગયો ત્યારે તે ડોસો બોલ્યો કે "હે સ્વામી તમારે મને હરિભક્ત કરવો હોય ને કંઠી બાંધવી હોય તો મને એક વચન દીયો." ત્યારે સ્વામી કહે 'ભલે માગો." ત્યારે તે ડોસો કહે "હું આ કંઠી બાંધું તે તુટે ત્યારે મને સ્વામિનારાયણ તેડવા આવે તો વર્તમાન ધરાવું." ત્યારે સ્વામીએ તે પ્રમાણે વર દીધો ને વર્તમાન ધરાવી કંઠી બાંધી પછી એક વરસ થયું ત્યાં કંઠી તુટી ત્યારે તેણે તેના દીકરા આલાને કહ્યું કે હવે મને સ્વામિનારાયણ તેડવા આવશે" તેવામાં તેને મહારાજનાં તથા સંતના દર્શન થયાં ને તે ભેગા ધામમાં ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૫૭)*

## ભરવાડ કહે આ સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવ્યા છે

ગામ બારપટોળીના હરિભક્ત કાળુવાવડીયો ગઢડે શ્રીજીમહારાજને દર્શને જાતા હતા ત્યાં મારગમાં એક નદી આવી તેને કાંઠે એક ભરવાડ ઢોર ચારતો હતો તેની પાસે એક સોટી બહુ સારી હતી તે તેણે કાળુભક્તને આપી અને કહ્યું "આ સોટી મારી પાસે એક કાઠીએ સવા રૂપિયાની માગી હતી પણ મેં તેને આપી નથી તે તમને સ્વામિનારાયણ ભગવાનને આપવા સારું આપું છું તે તમે મહારાજને આપજો ને કહેજો કે એ સોટી લઈને મને અંતકાળે તેડવા આવે ને અગાઉથી મને ખબર આપે." પછી કાળુભક્ત ગઢડે ગયા ને મહારાજને પગે લાગીને તે સોટી આપી ને વાત કરી જે આ એક ભરવાડે ભેટ આપી છે ને કહ્યું છે જે મને અંતકાળે મહારાજ એ સોટી લઈને તેડવા આવે ને અગાઉથી ખબર આપે." ત્યારે મહારાજ કહે "ઠીક." પછી થોડા દિવસમાં તે ભરવાડનો મૃત્યકાળ આવ્યો ત્યારે મહારાજ વિમાન લઈને તેને તેડવા આવ્યા ને હાથમાં તેણે આપેલી સોટી હતી. પછી ભરવાડે તેના કુટુંબીને કહ્યું કે "આ સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવ્યા છે તે ભેગો હું ધામમાં જાઉં છું ને તમે પણ

સ્વામિનારાયણનું ભજન કરો તો તમે પણ ધામમાં જાશો.' એમ કહીને દેહ મુકી દીધો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૫૯)*

## ગામ કોવાયાના રઘા ભક્તને તેડવા શ્રીહરિ આવ્યા

ગામ કોવાયાના રાઘોભક્ત ગામ જોલાપરમાં રહેવા ગયા હતા ને ત્યાં એક ઉમેદગર બાવો રહેતો તે બહુ કામણ ટુમણ જાણતો ને ગારાના ઘોડા તથા તે માથે સ્વાર બનાવીને તેને સામસામાં લડાવતો તે બાવાના રાઘોભક્ત હજુરી શિષ્ય હતા તે રાઘોભક્ત ગામ બારપટોળીમાં કાળુ વાવડીયાની ભાણેજને પરણ્યા હતા તે પરણીને ઘેર આવ્યા ત્યારે તેના ગુરુએ કહેવરાવ્યું જે "તે બાઈને મારે પગે લગાડવા મોકલો ત્યારે તે બાઈ તો સત્સંગી હતાં તે બોલ્યાં જે "અમે તો સ્વામિનારાયણનાં સત્સંગી છઈએ માટે તેને પગે લાગવા નહિ જાઉં ને એવા ધુતારાને અમે પગે ન લાગીએ. તે વાતની બાવાને ખબર પડી ત્યારે તે ધખીને બોલ્યો જે તે બાઈને તો હું ચકલી કરીને ઉડાડી મેલીશ" તે વાતની રાઘાભક્તને ખબર પડી ત્યારે તેને તે બાવાનો અવગુણ આવ્યો ને જાણ્યું કે "આવા ગુરુથી આપણું કાંઈ કલ્યાણ નહિ થાય માટે હવે કોઈ સારા સંતનું કે ભગવાન મળે તો ઠીક પણ હવે આ બાવાનો સંગ નથી કરવો એમ ધારીને પછી એક દિવસ કોઈ બ્રાહ્મણને પૂછ્યું જે "જીવનું કલ્યાણ થાય તેવું બતાવો" ત્યારે તેણે કહ્યું કે "ગીરનારમાં સિદ્ધ મળશે ત્યારે તે ગીરનાર ગયા ને બધેય ફર્યા પણ ક્યાંઈ સિદ્ધ મળ્યા નહિ ત્યારે કોઈ બ્રાહ્મણને પૂછ્યું જે "કલ્યાણ થાય તેવું બતાવો" ત્યારે તેણે કહ્યું કે "બદરિનારાયણ જાઓ તો કલ્યાણ થાય ત્યારે તે બદરિનારાયણ જાવાનો વિચાર કરીને ઘેર ગયા ને પોતાનાં સગાં ગામ વાવેરે હતાં ત્યાં ગયા ત્યારે તેમણે કહ્યું કે તમારે ક્યાં જાવાનો સંકલ્પ છે ? ત્યારે રાઘોભક્ત બોલ્યા જે "મારે તો કલ્યાણ થાય ત્યાં જાવું છે ત્યારે તેઓ કહે આ ગામમાં સ્વામિનારાયણના સાધુ રાઘવાનંદસ્વામી આવ્યા છે. તેનાં દર્શન કરો તો પાપ બળે એવા છે" ત્યારે રાઘાભક્તે સ્વામીનાં દર્શન કર્યા ને વાતો સાંભળી તેથી અંતરમાં ટાઢું થઈ ગયું ત્યારે જાણ્યું કે "આ સાધુ ખરા" પછી તેણે સ્વામી પાસે વર્તમાન ધરાવીને કંઠી બાંધી ને ચાર દિવસ સુધી રસોઈ આપી ને વાતો સાંભળી પાકો નિશ્ચય કરીને ઘેર આવ્યા. પછી રાઘોભક્ત સત્સંગી થયાની વાત બાવે સાંભળીને તેને તેડાવીને ' કહ્યું કે "તું મારો ચેલો મટીને સ્વામિનારાયણનો કેમ થયો ? માટે હવે નજર રાખજે હું તને થોડા દિવસમાં ઉડાડી મેલીશ. ત્યારે રાઘોભક્ત કહે "તારા જેવાં શિયાળીયાં મને શું કરનારાં છે ? તારાથી થાય તે કરી લેજે, મારા ધણી મોટા છે. ત્યારે બાવો ક્રોધ કરીને બોલ્યો કે "જા તને એકેય દીકરો નહિ થાય ને તું નિરવંશીયો જાઈશ. તે સાંભળી રાઘાભક્તે કાંઈ ગણકાર્યું નહિ પછી થોડા

દિવસ થયા ત્યાં રાઘવાનંદસ્વામી ફરવા આવ્યા ત્યારે રાઘાભક્તે તે વાત 'સ્વામી આગળ કરી ત્યારે સ્વામી કહે "તમે ગામ કોવાયે રહેવા જાજો ને તમને ચાર દીકરા થાશે ને પછી તમારા ગામનાં માણસો સત્સંગી થાશે.' તે સાંભળીને ભક્ત બહુ રાજી થયા પછી તેને ચાર દીકરા થયા તેમાં મોટો નાજો, બીજો જોધો, ત્રિજો પંજો અને ચોથો વિસામણ. એકવાર રાઘાભક્તના ઘરનાં જે બાઈ તે પોતાના દીકરાને લઈને ગઢડે મહારાજનાં દર્શન કરવા ગયાં ને ઢોલિયા પાસે જઈ છોકરાને પગે લગાડ્યો ત્યાં તો છોકરો હાથમાંથી ઢોલિયા ઉપર ચડી ગયો ને મહારાજનો અંગૂઠો ધાવવા લાગ્યો ત્યારે મહારાજે તે છોકરાના વાંસા ઉપર હાથ મૂક્યો ને બોલ્યા જે "આ ભક્ત બહુ સારા થાશે" એમ કહીને ગામ પીઠવડીનાં પુતલીબાઈને કહ્યું જે "આને તેડી લીયો ને એની માને આપો" ત્યારે તે બાઈએ તેડીને તેની માને આપ્યો. તે સમે મૂળજી બ્રહ્મચારી ડોડા શેકીને માથે હવેજ ચડાવીને તે થાળીમાં મેલીને લાવ્યા તેમાથી એક ડોડો મહારાજે તે બાળકને આપ્યો ને બોલ્યા જે "આ અક્ષરનો ભક્ત છે ને બીજા ત્રણ મુક્ત હજી તમારે ઘેર અવતરશે' તે સાંભળીને બાઈ ઘણો હરખ પામ્યાં પછી સમૈયો કરીને ઘેર આવ્યાં તે પછી પાંચ સાત વરસે મહારાજ માંદા થયાના સમાચાર સાંભળીને રાઘોભક્ત ગઢડે ગયા ને મહારાજને દંડવત કરી પગે લાગ્યા ને બે દિવસ થયા ત્યારે સાકરનો શીરો કરાવીને મહારાજ જમ્યા ને ગોપાળાનંદ સ્વામીને બોલાવીને કહ્યું કે "અમને રજા આપો તો ધામમાં જાઈએ ત્યારે સ્વામી કહે "મહારાજ ! તમે સમર્થ છો તે જેમ ધાર્યું હોય તેમ કરો. પછી મહારાજ સંવત ૧૮૮૬ના જેઠ સુદ દશમને દિવસ દેહ તજીને ધામમાં પધાર્યા ને તે વખતે ગામ કોવાયે નાજાભક્તને મહારાજનાં દર્શન થયાં ને કહ્યું "ચાલ નાજા અમારા ભેગો ધામમાં ત્યારે નાજે ના પાડી ને મહારાજ તો ગયા પણ નાજાની દૃષ્ટિ નિરાવરણ થઈ ગઈ તેથી ઘેર બેઠાં તેને ગઢડાની વાડી દેખાણી ને સાધુ હરિજનો વાડીથી ગામમાં દોડતા દેખાણા ને તેના બાપને પણ તેને દોડતા દેખ્યા તેવામાં નાજાને સ્મૃતિ આવી અને જાગૃત થયા પછી પોતે રોતો રોતો ચોરે ગયો ને ત્યાં ગરઢેરા બેઠાં હતા તેને વાત કરી જે "આજ મહારાજ ધામમાં ગયા એવાં મને દર્શન થયાં." તે સાંભળી ગરઢેરાઓ ઠેકડી કરવા લાગ્યા ને બોલ્યા જે "આ નાનો છોકરો આજથી કેવાં ગપ્પાં મારવા માંડ્યો છે ત્યારે તે છોકરો કહે "મારી વાત ખોટી જણાતી હોય તો આજનો દિવસ યાદ રાખજો ને મારો બાપ આવે ત્યારે પૂછી જોજો' પછી તે રોતો રોતો તેની મા બીજાને ઘેર બેસવા ગઈ હતી ત્યાં ગયો ત્યારે તેણે પૂછ્યું જે "શા માટે રુવે છે ?" ત્યારે કહે "શ્રીજીમહારાજ ધામમાં ગયા" તે સાંભળીને તેની મા વઢવા લાગી કે "એવું બોલમાં ચોરે સાંભળશે તો કહેશે જે સ્વામિનારાયણવાળા ગપ્પાં મારે છે. ત્યારે નાજો કહે "ચોરે હું

વાત કરી આવ્યો તે સાંભળી તેની મા ઘણાં ખિજાયાં. પછી ચોથો દિવસ થયો ત્યાં રાઘોભક્ત ઘેર આવ્યા ને તેણે સહુ ગરઢેરાને બોલાવીને વાત કરી જે "મહારાજ દશમને દિવસ બપોરે બાર બજે દેહ મુકીને અક્ષરધામમાં ગયા તે નાજે કહી હતી તે પ્રમાણે બરોબર વાત મળી તે સાંભળીને સહુ ગરઢેરાને પરચો મનાણો ને બોલ્યા જે "સ્વામિનારાયણ ભગવાન ખરા" પછી સહુ સત્સંગી થયા. તે પછી ઘણેક વરસે રાઘોભક્ત માંદા થયા ત્યારે મહારાજે તેને દર્શન દઈ કહ્યું કે "તમને પરમ દહાડે અમે તેડવા આવશું તે વાત તેણે પોતાના સર્વે કુટુંબીને કહી ને ત્રીજે દિવસે સવારમાં સર્વેને કહ્યું કે "આજ બાર બજે મારે ધામમાં જવું છે માટે વહેલા જમીને આવજો" પછી સહુ સગાં જમીને આવ્યાં ને બાર બજ્યા ત્યારે કહે "આ મહારાજ આવ્યા તે ભેગો હું ધામમાં જાઉં છું' એમ કહી દેહ મુકીને ધામમાં ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૬૩)*

## કોવાયાના નાજા ભક્તને તેડવા શ્રીહરિ આવ્યા

ત્યાર પછી રાઘાભક્તના દીકરા નાજાને મંદવાડ થયો ત્યારે તેનો દીકરો દેસુર ગામ નોરમાં સ્વામી મહાપુરુષદાસજી હતા ત્યાં જઈ પગે લાગીને રોઈ પડ્યો ત્યારે સ્વામી કહે તારે શું દુઃખ છે તે વાત કરી ત્યારે કહે "મારો બાપ માંદા થયા છે તે આવા કાળમાં મરી જાશે તો શું થાશે ? માટે દયા કરીને તેને હમણા રાખો તો ઠીક' તે સાંભળીને સ્વામી કહે જા હું તારે ગામ આવીશ ત્યારે તારો બાપ ધામમાં જાશે. અમે આવ્યા વિના તારો બાપ કહે 'તું ક્યાં ગયો હતો ? ત્યારે કહે "હું સ્વામી મહાપુરુષદાસજી પાસે ગયો હતો ને તેમણે કહ્યું છે જે હમણાં તારા બાપનો દેહ નહિ પડે" તે પછી ત્રણ વરસ થયાં ત્યારે નાજાભક્તને તાવ આવ્યો ત્યારે તેના દીકરા દેસુરને કહે કે "તું જૂનાગઢ જઈને સ્વામીને તેડી લાવ્ય, સ્વામી આવ્યા વિના મારો દેહ નહિ પડે માટે તું જાપછી ભીમ એકાદશીના સમૈયા ઉપર હરિજનો ભેળો દેસુર જૂનાગઢ ગયો ને સ્વામીને કહે "મને મારે બાપે તમને તેડવા મોકલ્યો છે માટે ચાલો' ત્યારે સ્વામી કહે "તારો બાપ આજથી અગિયારમે દીવસે દેહ મેલશે." પછી દેસુર સમૈયો કરીને સહુ હરિભક્ત સાથે ઘેર ગયો ત્યારે તેનો બાપ કહે "સ્વામીને કેમ ન તેડી લાવ્યો ?" ત્યારે તે કહે "સ્વામીએ કહ્યું છે જે તારો બાપ આજથી અગિયારમે દિવસ ધામમાં જાશે : તે આજ ત્રણ દિવસ થયા ને આજથી આઠમે દિવસ મહારાજ તમને : તેડવા આવશે." પછી આઠમે દિવસે સવારમાં સહુ સગાં ભેળાં થયાં તેને કહે કે "તમે સહુ સ્વામિનારાયણનું ભજન કરો." ત્યારે સહુ ભજન કરવા લાગ્યાં તેજ ઘડીએ તેને શ્રીજીમહારાજ તથા ગોપાળાનંદસ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન થયાં તથા સ્વામી મહાપુરુષદાસજીનાં અને તેમના મંડળના

સહુ સાધુનાં પણ દર્શન થયાં. ને સહુને જયસ્વામિનારાયણ કહી તે દેહ મુકીને અક્ષરધામમાં ગયા. તે પરચો જોઈને મહુવાના શેઠ ફૂલચંદભાઈ વગેરે હરિજન આશ્ચર્ય પામ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૬૪)*

**આપ મારી પાસે બેઠા હો ને મારો દેહ પડે તો મારા મોટા ભાગ્ય !**

એક વખત શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં બિરાજતા હતા ને કોઈએ ઈચ્છારામભાઈ વધારે માંદા થયાના સમાચાર કહ્યા તેથી મહારાજ અક્ષરઓરડીથી દક્ષણાદો વાસુદેવ નારાયણનો ઓરડો હતો તેમાં ઇચ્છારામભાઈનો ઉતારો હતો ત્યાં ગયા ને ઈચ્છારામ ભાઈને કહ્યું જે "ભાઈ! તમારું આયુષ્ય તો પુરું થઈ રહ્યું છે પણ તમારે જીવવાની ઈચ્છા હોય તો આયુષ્ય વધારી આપું." તે સાંભળી ઈચ્છારામભાઈ જરા હસ્યા અને કહે "અરે મહારાજ ! આપ મારી પરીક્ષા લો છો ? હું આપને સાક્ષાત પુરુષોત્તમ નારાયણ જાણું છું તે આપ મારી પાસે બેઠા હો ને મારો દેહ પડે એતો મારાં મોટાં ભાગ્ય, માટે મહારાજ ! મારો આ દેહ જીર્ણ થઈ ગયો છે ને મને ક્યાંય વાસના નથી માટે મારો આ ભૌતિક દેહ છોડાવીને દિવ્ય દેહ આપો એ સિવાય મારી ઈચ્છા નથી તે સાંભળી મહારાજ જરા દિલગીર થયા ને ઇચ્છારામભાઈ સામું એક નજરે થોડીવાર જોઈ રહ્યા એટલામાં તો ભાઈએ દેહ ત્યાગ કર્યો. પછી મહારાજે કીનખાબ અને જરી વીટેલ સુંદર વિમાન કરાવ્યું ને તેમાં ઇચ્છારામભાઇનો દેહ પધરાવ્યો ને રઘુવીરજી મહારાજે સારા વસ્ત્ર ઓઢાડીને ચંદન પુષ્પથી પૂજા કરી પછી રઘુવીરજી મહારાજ, અયોધ્યાપ્રસાદજી મહારાજ, ગોપાલજી મહારાજ અને વ્રન્દાવનજી મહારાજ એ ચાર જણાયે તે વિમાન ઉપાડ્યું ને આગળ સંત હરિજનો ઝાંઝ પખાજ અને શંખ વગેરે વાજિંત્ર વગાડતા કીર્તન બોલતા જાય ને સાધુઓ નારાયણ ધૂન બોલતા જાય એવી રીતે હજારો માણસ ભેળાં ચાલ્યાં ને શ્રીજીમહારાજ તથા દાદા ખાચર પણ ભેળા ચાલ્યાં આવે ને આગળ પૈસા તથા જુવારના દાણા ઉડાડતા આવે એવી રીતે ચાલતા થકા ઘેલાને કાંઠે ત્રીજા ઓરીયાથી ઉગમણી કોર રમણીક જગ્યા આવી ત્યાં વિમાન ઉતાર્યું અને સુખડ, કપુર અને નાળિયેરની ચિતા કરી ઘણું ઘી નાખી રઘુવીરજી મહારાજનો અગ્નિસંસ્કાર કર્યો. તે વખતે શ્રીજીમહારાજ તે જગ્યા સામે હાલ ખીજડાનું ઝાડ છે ત્યાં પાળાને ચોકી કરવાનો ઓટો હતો ત્યાં ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન હતા, ને વેદાંત તથા સાંખ્ય સંબંધી વાતો ચાલતી હતી. તે સમયે ગોપાલાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીના કાનમાં વાત કરી જે "પરમ દિવસે મોટીબા જીવુબાએ પ્રશ્ન પૂછવાથી મહારાજે તેમને જે વાત કરી હતી તે મેં કોઈ દિવસ સાંભળી નથી માટે તમે તે સંબંધી પ્રશ્ન

પૂછો તો મહારાજ તે વાત કરે ને તે વાત સર્વેને સાંભળવા જેવી છે.'' એ પ્રમાણે વાત કરતા જોઇ મહારાજે મુક્તાનંદ સ્વામી ને પૂછ્યું 'એ યોગીરાજ શું વાત કરે છે ?'' ત્યારે મુક્તાનંદ સ્વામી કહે ''મહારાજ ! તમે આજથી ત્રીજે દિવસે જીવુબા આગળ જે વાત કહી તે સાંભળવાની સૌની ઈચ્છા છે માટે કૃપા કરીને કહો'' પછી મહારાજ કહે ''સ્વામી ! એ વાત તો કરામત જેવી છે તે ખરો સુપાત્ર જીવ હોય તેને જ કહેવાય ને આ જીવુબા તથા લાડુબા જેવા તો કોઈ સુપાત્ર નથી માટે અમે તેમને એ વાત કહી ને તમે પૂછી ને ગોપાળાનંદ સ્વામીએ પૂછાવી તે તમારા બેય જેવા સુપાત્ર કોણ છે માટે તે વાત કહીએ છીએ ને એ વાત તો ઉદાસીપણાને ટાળે એવી ને સમજવા જેવી છે. ને આ વાતને સમજે તેજ પૂરો જ્ઞાની કહેવાય. ને આ વાત સુપાત્ર હોય તેને જ સમજાય તેવી છે ને કુપાત્રને તો સમજાતી નથી તેને તો ઝેર જેવી લાગશે ને આ વાતમાં એવી શી કરામત છે તો ધર્મનિષ્ઠા, ભક્તિનિષ્ઠા, જ્ઞાનનિષ્ઠા અને વૈરાગ્યનિષ્ઠા વગેરે સર્વે નિષ્ઠાઓ તે એક નિષ્ઠામાં આવી જાય છે. અને મુક્ત વિના આ વાતનો પ્રશ્ન થઈ શકે નહિ ને ભગવાન વિના બીજાથી તેનો ઉત્તર થઈ શકે નહિ. તે સૌ સાંભળો અમે કહીએ છીએ. એક દિવસ જીવુબાએ પ્રશ્ન પૂછયો જે હે મહારાજ ! બદ્ધ હોય તે મુક્ત થાય છે ને મુક્ત હોય તે પાછા બદ્ધ થાય છે તે શી રીતે થાય છે તે કહો ? પછી મેં તેનો ઉત્તર કહ્યો છે, સમગ્ર જગતનો કર્તા એવો જે હું તે અનંત બ્રહ્માંડનું આધાર જે અક્ષરધામ તેમાં સદા બિરાજમાન છું. તે અક્ષર એક સાકાર મૂર્તિમાન થકા મારી સેવામાં રહે છે ને બીજે નિરાકાર બ્રહ્મધામ રૂપે મુક્તોને ધરી રહેલ છે. તે કરોડો સૂર્ય, ચંદ્ર સરખા પ્રકાશે યુક્ત, શાંત અને અમૃત રૂપ છે, જેનો કોઈ દિવસ ક્ષય થતો નથી, જેમાં મંદ, શિતળ અને સુગંધ વાયુ વાય છે એવા એ અક્ષરધામને જ્યારે જીવ અહીં અનંત સાધનો કરે છે ત્યારે પામે છે. તે જ્યારે ધામમાં જાય છે ત્યારે પોતાને વળગી જે કારણ રૂપ અવિદ્યા તે દૂર થાય છે એટલે તે બદ્ધ જીવ હતો તે મુક્ત થાય છે કે જ્યારે ભગવાનના સ્વરૂપની નિષ્ઠા સંપૂર્ણ થાય ત્યારે તે જીવાત્મા અક્ષર ધામમાં બ્રહ્મમય દેહ ધારણ કરીને ભગવાનની સેવામાં રહે છે. એ પ્રમાણે બદ્ધમાંથી મુક્ત થવાય છે. હવે મુક્ત હોય તે બદ્ધ કેવી રીતે થાય છે તો, એ ભગવાનના ધામને ચાર દિશાએ ચાર દરવાજા છે ને એ દરવાજાની કમાનોની શિખરે એક એક બ્રહ્મરૂપ કડાં છે તેને ઝાલીને ભગવાનની શક્તિરૂપ એવી જે માયા તે અહંકાર રૂપે, દયા રૂપે, અસત્યપણા રૂપે અને ભગવાનની સ્વરૂપ નિષ્ઠાની ખામી રૂપે એમ ચાર પ્રકારે જુદે જુદે રૂપે મનના જેટલા વેગથી ઝૂલી રહેલ છે. હવે ભગવાનના ધામમાં પહોંચેલા અનંત પ્રકારના મુક્તો છે તેમાં

ચાર પ્રકારના પ્રધાન છે ને તેમને કાંઈક સંકલ્પ રહેલા હોય છે તેમાં કોઈને તો એમ રહે છે જે ભગવાન મને આજ્ઞા કરે તો હું બ્રહ્માંડમાંથી અધર્મનો નાશ કરી અનંત જીવોને મુક્ત કરી દઉં. અને કોઈને એમ રહે છે કે, જો ભગવાન આજ્ઞા કરે તો અનંત ઈશ્વરોને ઐશ્વર્યના અભિમાનનો ત્યાગ કરાવી ભગવાનના સ્વરૂપને વિષે નિષ્ઠા કરાવી મુક્તદશાને પમાડી દઉં. ને કેટલાકને એમ રહે છે કે જો ભગવાન આજ્ઞા કરે તો અનંત જીવ, ઈશ્વર અને બ્રહ્મરૂપ થવા ઈચ્છતા સાધનવાળા મુમુક્ષુઓનું માયાનું ઝાળું ત્રોડીને મુક્તભાવને પમાડી દઉં. ને કેટલાકને એમ રહે છે જે. ભગવાન હુકમ કરે તો સમગ્ર જગતને અસત્ય મનાવીને એક ભગવાનને વિષે જ સર્વને જોડી દઉં ને મુક્ત દશાને પમાડું. એવી રીતે ચાર પ્રકારના સંકલ્પ કરતા એવા મુક્તોના તે સંકલ્પ સિદ્ધ કરવા અને બ્રહ્માંડોના અનંત જીવોનું શ્રેય કરવા ભગવાન તેમને પ્રેરે છે. ને જેમ કોઈને વાયુનું વમળ ચડ્યું હોય તે વમન કરે ત્યારેજ શાંતિ થાય તેમ તે મુક્તોને પણ સંકલ્પનું વમળ ચડે છે ને જેમ માણસ વમન કરવા છેટે બીજી જગ્યાએ જાય છે તેમ આ મુક્તો પણ અક્ષરધામને દરવાજે ઝુલતી માયા પાસે જાય છે ત્યાં તેને ભગવાનની શક્તિ રૂપ જે માયા તેનો યોગ થાય છે તેથી તે મુક્તોનાં બ્રહ્મમય શરીર પડી જઈ ને કારણ શરીર વળગે છે પછી તે મુક્ત મટીને બદ્ધ થાય છે તેમાંથી કેટલાક તો આ લોકમાં ભગવાનના અવતાર તરીકે પ્રકટ થાય છે ને કેટલાક મહાત્મા તરીકે વિચરતા હોય છે. ને તેઓ ઘણા જીવ, ઈશ્વરોને દર્શન, સ્પર્શ અને ઉપદેશથી બદ્ધપણું નાશ કરી મુક્તભાવને પમાડે છે એ પ્રમાણે છે મુક્તાનંદસ્વામી ! એ મુક્તોને પણ ભગવાનના સ્વરૂપ વિના બીજા સંકલ્પ રહે છે તેથી તેને ભગવાનનું અક્ષરધામ છોડી બ્રહ્માંડોમાં જાવું પડે છે ને ધામ છોડીને બ્રહ્માંડમાં જાવું પડ્યું એજ એનું બદ્ધપણું છે. એવી રીતે મુક્ત હોય તે બદ્ધ થાય છે. ને ભગવાનના ધામ આગળ બીજાં બ્રહ્માંડ તે કશી ગણતીમાં નથી, અતિ તુચ્છ છે. પણ જેમ ભરતજીને મૃગલું નડયું તેમ તેઓને જીવોનું ભલું કરવા દયા નડે છે ને તેથી તેઓ મુક્ત મટીને બદ્ધ થાય છે તો પણ તેનામાં એટલું જોર છે જેથી બીજાઓને મુક્ત કરી મેલે છે. પછી જ્યારે એ પોતાનું કાર્ય કરી રહે છે ત્યારે તેને પોતાને થયેલા બદ્ધપણાનું ભાન થાય છે પછી પોતાની મુક્તદશાને સંભારતો થકો ભગવાનના ધામના દરવાજામાં કારણ શરીરને તજી બ્રહ્મમય શરીર ધરીને ભગવાનના ધામમાં આનંદથી જાય છે ને ભગવાનના ચરણારવિંદને સેવે છે. માટે હે મુક્તાનંદ સ્વામી જે બદ્ધમાંથી મુક્ત થાય છે તે એક સ્વરૂપ નિષ્ઠાના બળ વડે જ થાય છે ને મુક્તમાંથી બદ્ધ થાય છે તે તેની ખામીને લીધે જ થાય છે માટે સર્વે નિષ્ઠાઓ જેમાં આવી જતી હોય એવી

જો એક નિષ્ઠા હોય તો તે સ્વરુપ નિષ્ઠા છે. ને બીજી નિષ્ઠામાં ખામી હોય તો તે ભાંગે છે પણ સ્વરૂપનિષ્ઠામાં ખામી હોય તો તે જરુર જન્મ ધરાવે છે. માટે હે સ્વામી ! આ વાત સમજી સર્વ પ્રકારની વાસના ત્રોડી એક ભગવાનના સ્વરૂપમાં નિષ્ઠા રાખશે તેને કોઈ પ્રકારની માયા નહિ વળગે ને બદ્ધપણું નહિ આવે. ને એ અક્ષરધામના દરવાજા તે જાણપણા રૂપ છે ને તેની આગળ માયા રહેલી છે તે જો ગાફલ રહે ને ભગવાનના સ્વરૂપ વિના બીજો સંકલ્પ રાખે તેને તે માયા પરાભવ કરે છે ને જન્મ ધરાવે છે. માટે આ વાત બહુ ચમત્કારી ને સૌને સમજવા જેવી છે.'' એટલી વાત કરી તેટલામાં ઈચ્છારામ ભાઈનો અગ્નિસંસ્કાર થઈ રહ્યો એટલે ઉન્મત્ત ગંગામાં ભસ્મ નાખીને તિલોદકાદિ ક્રિયા કરીને મહારાજ વગેરે સૌ ગંગામાં સ્નાન કરવા ચાલ્યા તે વખતે અંધકાર થઈ રહ્યો ને કેટલાંક અપશુકનો થવા લાગ્યાં ને આકાશમાં કેટલાક ઘોર શબ્દો થવા લાગ્યા તે જોઈ હરિજનો ને સંત સર્વે ઉદાસ થઈ ગયા. પછી મહારાજ કહે ઈશ્વરરૂપ ઈચ્છારામ ભાઈએ દેહ મૂક્યો તેથી આવાં અપશુકનો થાય છે. માટે હે પરમહંસો ! આ સંસાર નાશવંત છે ને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ છે માટે ભગવાનના સ્વરૂપને વિષે જે નિષ્ઠા રાખશે તેનો ક્ષય નહિ થાય ને તે મુક્તદશાને પામશે'' એવી રીતે વાત કરતા ઉન્મત્ત ગંગામાં આવ્યા ને સર્વે મુક્તો સહિત સ્નાન કરી મહારાજ દરબારમાં પધાર્યા. પછી રઘુવીરજી મહારાજ સર્વે ઉત્તરક્રિયા કરીને બ્રાહ્મણોને ગાયોનાં દાન દીધાં તથા તેરમાને દિવસે બ્રાહ્મણોને જમાડીને એક એક રૂપિયો દક્ષિણા આપી ને પછી પરમહંસ, હરિજનો વગેરેને મહારાજે જમાડ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૧૧)*

## બળદ લીંબડા નીચે ઉભો રહીને કથા સાંભળીને પછી ધામમાં ગયો

એક વાર શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબામરાં ઉગમણા બારના ઓરડાની ઓશરીયે ઢોલિયા ઉપર બિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા હરિજનની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે મહારાજ કહે ''લક્ષ્મીવાડીએ જાવું છે'' ત્યારે નાનભક્ત ઘોડી લાવ્યા તે ઉપર સ્વાર થઈ ઓટે પધાર્યા ને ત્યાં સભા કરીને બેઠા હતા તે વખતે દાદા ખાચરના બળદ આવ્યા તેમાં એક જબરો વઢિયારો બળદ હતો તેને જોઈને મહારાજ બોલ્યા જે ''આ દૈવી જીવ છે તે ગયા અવતારમાં ભગવાનનો ભક્ત હતો અને ખેતીનું કામ કરતો હતો ને તેના ખેતર પાસે બ્રાહ્મણનું ખેતર હતું તેમાં બને તકરાર થઈ તેમાં તે ભક્તને રીસ ચડી તેથી તેણે બ્રાહ્મણના પગમાં માર્યું તેથી જમણો પગ ભાંગી ગયો તે પાપે કરીને બળદનો અવતાર આવ્યો છે પણ અમારા ઉપયોગમાં તથા દાદા ખાચરની ખેતીના ઉપયોગમાં ઘણાં વરસથી આવ્યો છે તેથી તેનું કલ્યાણ થાશે ને તેને હવે ફરી જન્મ લેવો નહિ પડે પણ તેને આ દેહ

પડતાં પહેલાં જમણે પગે લાગશે, કારણ કે તેણે ઓલ્યા અવતારમાં બ્રાહ્મણનો જમણો પગ ભાંગ્યો હતો ત્યારે પાળાએ કહ્યું જે "મહારાજ ! તે તો સાજો છે' ત્યારે મહારાજ કહે "તમે યાદ રાખજો' પછી બે ચાર દિવસ થયા ત્યારે ખેતરમાં બેલી હાંકવા ગયા તે હાંકતાં હાંકતાં શેઢે બળદને વિસામો દીધો તેજ વખતે ઝાડમાંથી પક્ષી ઉડ્યાં તેથી તે ભડક્યો ત્યારે તે બળદને જમણે પગે રાંપડી લાગી ને જમણા પગની બુચ કપાઈ ગઈ તેથી લોહી નિકળ્યું. તે સાંતી છોડીને ઘેર આવ્યા ને પગે પાટો બાંધ્યો પછી કોઈ વાર મહારાજ ઉગમણા બારને ઓરડે ઢોલિયા ઉપર બિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદસ્વામી આદિક સંત તથા હરિજનની સભા ભરાઈને બેઠી હતી તે વખતે નિત્યાનંદસ્વામી કથા કરતા હતા ત્યારે તે બળદ લુલો ચાલીને લિંબડા નીચે મહારાજ સન્મુખ મોઢું રાખીને કાન દઈને કથા સાંભળવા બેઠો એમ હમેશાં કથા સાંભળે ને કથા થઈ રહે ત્યારે ઉઠી કોડયમાં જઈને બેસે એમ કરતાં એક દિવસ કથા થઈ રહી ત્યારે મહારાજે સૌ સંતને કહ્યું જે "હે સંતો ! તમો આ બળદ ઉપર દયા કરો જે એનું કલ્યાણ થાય ત્યારે ગોપાળાનંદસ્વામી આદિક સંત બોલ્યા જે "એનું કલ્યાણ થાશે' પછી સચ્ચિદાનંદસ્વામી કહે "મહારાજ ! તે બળદ કીયે દિવસે ધામમાં જાશે ?" ત્યારે મહારાજ કહે "આ નિયમ એકાદશીએ ધામમાં જાશે ?" પછી તે બળદ નિયમની એકાદશીને દિવસે ધામમાં ગયો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૨૩)*

## પાંચુબાની દીકરીને તેડવા શ્રીહરિ અનંત વિમાન લઈને આવ્યા

એકવાર ગઢડામાં પાંચુબાને એક દીકરી જન્મી તેને બે ત્રણ વરસ થયાં, તેને મહારાજ વારે વારે બોલાવે, પ્રસાદી આપે ને હેત દેખાડે એમ કરતાં થોડાં વર્ષ થયાં કેડે તેણે દેહ મેલ્યો તે સમે શ્રીજીમહારાજ અનંત વિમાન લઈને તેડવા આવ્યા ને તેને અક્ષરધામમાં તેડી ગયા. પણ એની ઉપર પાંચુબાને હેત બહુ તે રોયાજ કરે. તેથી મહારાજ રીસાઈને રાધાવાડીયે ગયા તે કેડે હીરબાઈએ મૂર્તિમાન આવીને પાંચુબાને કહ્યું "હું ક્યારે તમારી દીકરી છું ? હુંતો ઓલ્યા અવતારમાં બ્રાહ્મણી હતી ને મહારાજનો મારે યોગ થયો હતો પણ નિશ્ચય નહોતો તેથી તમારે ત્યાં જન્મ ધર્યો ને હવે નિશ્ચય થયો ને ધામમાં ગઈ છું. માટે હવેથી રોશો નહીં' એમ કહીને ન દેખાણાં ને દેન દઈને સૌ ઘેર આવ્યા ત્યાં તો જાણ્યું જે "મહારાજ રીસાઈ ગયા છે' પછી સર્વે મહારાજ પાસે મનાવા ગયા ને પ્રાર્થના કરી. ત્યારે મહારાજે કહ્યું 'વાજાં વગડાવીને તેડી જાઓ ને શોક મૂકી દીયો તો અમે આવીએ પછી ગામમાં જઈ વાજાં વગાડતા ને ગાતા સૌ સામે આવ્યા ને સામૈયું કરીને મહારાજને તેડી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૧૮૩)*

## નૃસિંહાનંદ સ્વામીને બળદે બચાવ્યા તેથી સ્વામી કહે આ બળદને અમે તેડવા આવશું

એકવાર નૃસિંહાનંદસ્વામી ફળિયામાં થઈને લઘુશંકા કરવા ગયા તે લઘુશંકા કરીને પાછા આવતાં લડથડી પડ્યા તે બળદીયો પાસે માથું નમાવીને બેઠો હતો તેના શિંગડામાં વચાળે આવી ગયા તે વખતે નૃસિંહાનંદસ્વામીએ મનમાં જાણ્યું જે "જો બળદ ઉભો થાશે કે આઘું પાછું માથું કરશે તો જીવાશે નહીં તેથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભજન કરવા લાગ્યા પણ બળદે તો જરા પણ માથું ઉંચું કર્યું નહીં ને પાળાઓ સ્વામીનું ભજન સાંભળીને દોડી આવ્યા ને સ્વામીને ધીરે રહીને બેઠા કર્યા ને બળદના શિંગડા વચ્ચેથી કાઢી લીધા પછી સ્વામી કહે "આ બળદે અમને બહુજ જાળવ્યા માટે ઘી ગોળ લાવીને ખવરાવો ને આ બળદને તો અમે ધામમાં તેડી જાશું પણ તેને ફરી જન્મ લેવો નહીં પડે આ દેહે જ છૂટકો કરશું' એવા બળદ ઉપર સ્વામી રાજી થયા ને પછી ઘી ગોળ લાવીને પાળાએ પાયું. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૨૨૮)*

## વૈરાગીને મહારાજ અક્ષરધામમાં તેડી ગયા

એકવાર શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં અક્ષરઓરડીયે સંધ્યા આરતી કરીને બિરાજમાન હતા ને પોતાની આગળ ગોપાળાનંદસ્વામી નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને ચૈતન્યાનંદસ્વામી વગેરે પરમહંસોની સભા ભરાઈને બેઠી હતી ને રાત્રિના અગિયાર વાગ્યા સુધી સભા પ્રસંગ ચાલ્યો પછી શ્રીજીમહારાજે સૌને ઉઠવાની આજ્ઞા કરી. એ વખતે દામોદર દર્શને આવતો હતો તેને ડેલી પાસે એક વેરાગી મળ્યો તેણે દામોદરને દીન વચન કહ્યું જે "હું માંદો છું ને ભૂખ બહુ લાગી છે તે સાંભળીને દામોદરે મોટીબા તથા લાડુબા પાસે જઈને કહ્યું જે "મહારાજ ને જમવું છે માટે તૈયાર કરો ત્યારે તુરતજ બાજરાનો રોટલો ને તાંદળજાની ભાજી તૈયાર કરીને દામોદરના હાથમાં આપી તે લઈને વેરાગીને આપવા જતાં મહારાજે ભાળ્યો એટલે પૂછયું "કોણ એ ?" ત્યારે જવાબ આપ્યો જે "હું દામોદર છું પછી પૂછયું જે "હાથમાં શું છે ?" ત્યારે દામોદર કહે "હું રોટલો લઈને જાઉં છું ત્યારે મહારાજ કહે "લાવો અમારે જમવો છે એટલે તે લઈને મહારાજ જમવા બેઠા ને બોલ્યા જે "અત્યારે આ રોટલો ને ભાજી ક્યાંથી વારુ ?" ત્યારે તે કહે "એક માંદો વેરાગી ડેલીએ આવીને બેઠો છે તે ભૂખ્યો હોવાથી તમારું નામ દઈને મેં લાડુબા પાસે કરાવ્યો તે ત્યારે મહારાજ તેમાંથી કટકો રોટલો જમ્યા ને તુરત તે રોટલોને ભાજી દામોદરને પાછાં આપ્યાં ને કહ્યું "જાઓ તે વૈરાગીને ઝટ જમાડી દીયો" પછી દામોદર ત્યાં જઈને તેને ખવરાવી આવ્યા ત્યારે મહારાજ કહે "ચાલો તેને દર્શન

દેવાં જઈએ પછી દામોદરને સાથે લઈને મહારાજ તે વૈરાગીને દર્શન દેવા પધાર્યા ને પછી અક્ષરઓરડીયે આવ્યા ને ચાર ઘડી રાત્રિ ગયા પછી મહારાજે ખબર કઢાવી તો તે વૈરાગીએ દેહ છોડી દીધેલો પછી મહારાજે દામોદરને કહ્યું "સવારે તેની દેહક્રિયા કરાવજો" એમ કહીને મહારાજ પોઢ્યા ને તે વૈરાગીને મહારાજ અક્ષરધામમાં તેડી ગયા એવા અલૌકિક દર્શન તે રાત્રે દામોદરને થયાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૨૩૬)*

## મહારાજ રામા ખાચરને તેડવા જીવા ખાચરના દરબારમાં ગયા

એક સમયને વિષે શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડા તળે ઓટા ઉપર બિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી તે સમે મહારાજ દિવ્યભાવે કરીને રામો ખાચર દેહ મૂકવાના હતા તેને તેડવા ગયા તે સચ્ચિદાનંદસ્વામીએ દીઠું પછી એ વાત કેવલાત્માનંદસ્વામીને કહી જે "મહારાજ ગયા તે તમને ખબર પડી ? ત્યારે કેવલાત્માનંદસ્વામી કહે "મહારાજ તો આંહી બેઠા છે ને તમે કહો છો જે ગયા તે એવું ખોટું કેમ બોલો છો ?" ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે હું ખોટું નથી બોલતો મહારાજ તો ગયા છે તેથી હું કહું છું ત્યારે કેવલાત્માનંદસ્વામી કહે "તમે તો સાવ ખોટું બોલો છો ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે "સ્વામી ! તમને યથાર્થ નિશ્ચય નથી. કોઈ ભક્ત દેહ મૂકવાનો હોય ને તેને મહારાજ તેડવા ગયા હોય તેની ખબર હમણાં આપે તો તમારા માન્યામાં આવે કે નહી ?" ત્યારે સ્વામી કહે "એમ થાય તો વાત ખરી" તેટલામાં રામા ખાચરે દેહ મૂક્યો એવા ખબર મહારાજ પાસે આવ્યા ત્યારે મહારાજ તો દિવ્યભાવે તેને તેડવા ગયા હતા તો પણ અજાણ્યા થઈને બોલ્યા જે "અરે રામ રામ રામ, રામો ખાચર બહુ સારા હતા તેણે દેહ મુકી દીધો ?" એવી રીતે મહારાજ ખરખરો કર્યો ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કેવલાત્માનંદસ્વામીને કહ્યું "હવે તે વાત સાચી કે ખોટી ?" ત્યારે કેવલાત્માનંદસ્વામી કહે "હવે તે વાત ખરી પણ દિવ્યભાવ તો તમે દેખો પણ અમે કાંઈ તે દેખતા નથી ને તમે તો નિશ્ચયની ના પાડો છો ? ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે "દિવ્યભાવ નથી દેખાતો એવા નિશ્ચયની ના પાડી છે પણ બીજો નિશ્ચય તો તમારે છે ને દિવ્યભાવ તમને દેખાતો નથી પણ જાણ્યો જોઈએ. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૨૮૫)*

## પાણવીના પૂંજા ડોડિયાને ધામમાં તેડવા આવ્યા

શ્રીજીમહારાજના કાર્ય સારુ ભગુજી તથા રતનજી ઊંટે બેસીને - ધોલેરે સામાન લેવા જતા હતા ત્યાં ગામ પાણવીના ભક્તરાજ પૂંજો ડોડિયો રસ્તામાં ભેગા થયા તેને ભગુજીએ મહારાજ સ્વધામ પધાર્યાના ખબર કહ્યા કે તુરત મૂર્છાગત થઈ ગયા ને પહોરવાર મૂર્છા ઉતરી

પછી સ્નાન કરાવ્યું પણ કંઠ પ્રાણ થઈને અન્ન પાણીનો ત્યાગ કરી દીધો પછી ચાલીને ગઢડે આવ્યા ને ગોપીનાથજી મહારાજનાં દર્શન કરી પગે લાગીને સદ્‌ગુરુશ્રી ગોપાળાનંદસ્વામીને આસને આવ્યા ને દંડવત્ કરી પગે લાગ્યા ને બોલ્યા જે "હે સ્વામી ! મહારાજ સ્વધામ પધારી ગયા એમ કહીને બહુ દિલગીર થઈ ગયા, ત્યારે સ્વામીએ કહ્યું "ભગત ! જમી આવો" ત્યારે તે કહે "સ્વામી હવે અન્ન કે જળ ગળે નહીં ઊતરે" ત્યારે સ્વામી કહે "અન્નજળનો ત્યાગ ન કરવો' એટલે હાથ જોડીને ભક્ત કહે "હે સ્વામી ! હું ખોટું કહેતો હોઉં ને જાણીને અન્નજળ ન લેતો હોઉં તો મને પાંચસો પરમહંસના સમ છે ને મહારાજ તો અંતર્યામી છે તે જાણે છે કે મને તેડવા નહીં આવે ને જો તેમની ઈચ્છાથી આમ થયું હશે તો તેરમાને દિવસે મને તેડી જાશે એમ કહીને બારમાં સુધી અન્નજળ લીધા વગર જુવાનની પેઠે કામ કર્યું ને તેરમાને દિવસે સંત હરિજન સૌ જમી રહ્યા પછી પૂંજે ડોડિયે દેહત્યાગ કર્યો તે વખતે મહારાજ તેને તેડવા પધાર્યા ને ઘણાં માણસોને દર્શન આપીને તે ભક્તને અક્ષરધામમાં તેડી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૩૨૪)*

## મૂળજી બ્રહ્મચારીને તેડવા પધાર્યા

એકવાર સંવત ૧૯૦૨ની સાલમાં મૂળજી બ્રહ્મચારી ગઢડામાં માંદા થયા ત્યારે શ્રીજીમહારાજની પ્રાર્થના કરવા મંડ્યા એટલે મહારાજે દર્શન દીધા ત્યારે બ્રહ્મચારીએ પગે લાગી સ્તુતિ કરીને કહ્યું "હે મહારાજ ! હવે મને તેડી જાઓ" ત્યારે મહારાજ કહે "અમે આ મંદિર કરાવ્યું છે તેને તમે છોવરાવો એટલે પૂરું થાય ત્યારે અમે તમને તેડવા આવશું એમ કહીને અંતર્ધાન થઈ ગયા તે પછી બ્રહ્મચારી સાજા થયા ને મંદિર છોવા માટે ફાળો કરીને કડિયાને તેડાવ્યા ને છોવાનું કામ ચાલતું કરી દીધું તે બે વરસે છોવાઈ રહ્યું ને સંવત ૧૯૦૪ની સાલમાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ સદગુરુ ગોપાળાનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી આદિક સંત તથા પાર્ષદોને લઈને જળજીલણી એકાદશીના સમય ઉપર ગઢપુર પધાર્યા ને જૂનાગઢથી સદ્ગુરુ ગુણાતીતાનંદસ્વામી તથા વ્રજાનંદસ્વામી વગેરે ઘણાક સંત તથા હરિજન ગઢપુર સમૈયા ઉપર આવેલા પછી તે જળજીલણીને દિવસે શ્રી ઠાકોરજીને જળ જિલાવવા ગયા ત્યારે લાખો માણસ ભેગાં થયેલાં ને તે સમૈયો નિર્વિઘ્ન વીત્યા પછી ભાદરવા સુદ પૂનમને દિને શણગાર આરતી થયા પહેલાં સભામાં રઘુવીરજીમહારાજ, ગોપાળાનંદસ્વામી, . નિત્યાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, મૂળજીબ્રહ્મચારી, વાસુદેવાનંદ બ્રહ્મચારી તથા આનંદબ્રહ્મચારી વગેરે સંત હરિજન બેઠા હતા ને તે વખતે નિત્યાનંદસ્વામી વાતો કરતા હતા તે બોલ્યા જે "આ મૂળજીબ્રહ્મચારીએ શ્રી ગોપીનાથજી મહારાજનું મંદિર ઘણે દાખડે કરીને છોવરાવ્યું છે ને તે

મંદિર ઉપર પથ્થરના કળશ ચડાવ્યા છે તે આગળ જાતાં સોનાના ચડશે ને નિજ મંદિરમાં ઠાકોરજીનાં સિંહાસન લાકડાનાં છે તે કાઢીને સોના રૂપાનાં થાશે ને કમાડ પણ સોના રૂપાનાં થાશે ને મંદિરમાં તથા પરિક્રમામાં આરસ પથરાશે. વળી કોઈક રાજા હરિજન થાશે તો મંદિરોનાં શિખરો, ધૂમટીઓ અને કાંગરાને તથા મંદિરને ચો તરફ ફરતું સોને રૂપે કરીને મઢી લેશે પણ આ રઘુવીરજી મહારાજ જેવા આચાર્ય, ગોપાળાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી જેવા સાધુ, મૂળજીબ્રહ્મચારી તથા આનંદબ્રહ્મચારી જેવા બ્રહ્મચારી અને દાદા ખાચર જેવા હરિભક્ત નહીં મળે એવી રીતે મંદિર સંબંધી તથા મહિમાની ઘણીક વાત કરી ત્યાં શણગાર આરતી થઈ તે સૌ દર્શન કરવા ગયા પછી મૂળજી બ્રહ્મચારીએ કડિયાને તેડાવીને પૂછ્યું કે "હવે છોવાનું કામ કેટલા દિવસનું છે ?" ત્યારે તેઓ કહે "હવે ત્રીજે દિવસે છોવાઈ રહેશે" પછી ત્રીજે દિવસે મૂળજી બ્રહ્મચારીને જરા કસર થઈ આવી એટલે તેમણે સભામાં આવીને કહ્યું "આજ મારે ધામમાં જાવું છે માટે ચાલો અક્ષર ઓરડીયે છેલ્લીવારે દર્શન કરી આવીએ પછી સાધુ હરિજનને ભેગા લઈને બ્રહ્મચારી અક્ષર ઓરડીયે ગયા ને ત્યાં હેઠા બેસી પગે લાગીને ગળગળા થઈ ગયા ને આંખોમાંથી દડદડ પાણી પડવા મંડ્યાં ત્યારે જે સાધુ હરિજન હતા તે પણ રોઈ પડ્યા પછી બ્રહ્મચારી છાના રહ્યા ને સૌને ધીરજ દીધી ને પછી અક્ષર ઓરડીને પરિક્રમા દઈને પછી મંદિરમાં શ્રી ગોપીનાથજીનાં દર્શન કરવા ગયા ને દંડવત્ કરી પગે લાગીને ધ્યાન કરીને પછી આસને આવ્યા ત્યાં રાજભોગની આરતી થઈ પછી ઠાકોરજીનો થાળ મગાવીને મૂળજી બ્રહ્મચારી જમ્યા ને દરબારમાં પ્રસાદી મોકલાવી ને પછી બધા કડિયાને થાળની પ્રસાદી જમાડી પછી કોઠારી પાસેથી પોશાક મગાવ્યો ને કડિયાને અપાવ્યો ને મંદિરના સૌ સંતને ભલામણ કરી ને અંતરદ્રષ્ટિ કરી ગયા ને પછી જાગૃત થઈને કહ્યું "હવે સૌ ભજન કરો ત્યારે સાધુ, બ્રહ્મચારી, હરિભક્ત સૌ ભજન કરવા લાગ્યા તે વખતે શ્રીજીમહારાજ વિમાનમાં અસંખ્ય મુક્તોને લઈને બ્રહ્મચારીને તેડવા પધાર્યા ને તે સમે આખા ગામમાં તથા દરબારગઢમાં તેજ તેજ થઈ ગયુ ને સાધુ હરિભક્તને પણ મહારાજના દર્શન થયાં ને મૂળજી બ્રહ્મચારી ભૌતિક દેહ તજીને દિવ્ય દેહ પામીને વિમાનમાં બેસીને શ્રીજીમહારાજ ભેગા અક્ષરધામમાં પધારી ગયા.

*(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૩૩૩)*

## અમરા ખાચરને ધામમાં તેડી ગયા

શ્રીગઢપુરમાં દાદા ખાચરના દીકરા અમરો ખાચર સત્સંગી સારા હતા ને નાનપણથી જ હમેશાં મંદિરે આવે ને સાધુની વાતો સાંભળે ને કથા સાંભળે ને વર્તમાન ધર્મ ખરેખરાં હતાં. ને એક વાર સદ્ગુરુશ્રી ગોપાળાનંદ સ્વામી વડતાલથી આવ્યા હતા ત્યારે દાદા ખાચર

સ્વામી પાસે તેડીને લાવ્યા ને કહ્યું "આમને વર્તમાન ધરાવો. ત્યારે સ્વામીએ વર્તમાન ધરાવીને કંઠી પહેરાવી હતી ને તેમની દયાદષ્ટિથી સમજણ સારી હતી. ને જ્યારે સ્વામી વડતાલથી ગઢપુર આવે ત્યારે હમેશાં આવીને વાતો સાંભળતા. તેમાં એક વાર સ્વામીને પગે લાગીને કહ્યું જે "હે સ્વામી ? મને અંતકાળે તેડવા આવવાનો વર દીયો. ત્યારે સ્વામીએ વર દીધો. પછી પોતે એમ નિયમ રાખ્યું જે "ગોપીનાથજીના મંદિરમાં કેડીયું ઉતારીને આળોટવું ને લાડુબા પાસેથી શ્રીજીમહારાજની વાતો સાંભળેલી તે ધર્મશાળામાં સાધુઓ આગળ કરતા. તે એક વાર સં. ૧૯૧૯ની સાલમાં પોતાને સંકલ્પ થયો તેથી દરબારગઢ તથા ઓરડા શ્રી ગોપીનાથજી મહારાજને શ્રીકૃષ્ણાર્પણ કરી તેનો લેખ કરી દીધો ને પોતે ગામમાં પોતાની જમીનમાં નવો દરબારગઢ કરીને રહ્યા. તે પછી સંવત ૧૯૪૧ની સાલમાં પોતે માંદા થયા ને મંદિરમાંથી સાધુને બોલાવ્યા ને એક ઓરડામાં પોતાનો ઢોલિયો રાખ્યો ને સાધુ પાસે કથા કીર્તન કરાવા લાગ્યા. એમ કરતાં દેહ મેલવા સમે અન્ન, ધન તથા ગાયોનાં દાન બ્રાહ્મણોને આપ્યાં ને મંદિરમાં સાધુને રસોઈ દેવાનો સંકલ્પ કરીને સાધુને કહ્યું હવે તમે બધા મંદિરે જાઓ." એટલે સાધુ મંદિરે આવ્યા. તેજ વખતે શ્રીજીમહારાજ તથા સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી વગેરે અનંત મુક્તો સહિત તેડવા આવ્યા. ત્યારે સગાં વહાલાંને તેમણે કહ્યું "તમે સૌ ભજન કરો', એમ કહી બોલતા થકા સંવત ૧૯૪૧ના માગશર સુદ ૪ ગુરુવારે સવારમાં શણગાર આરતી થયા પછી દેહ મેલી શ્રીજીની સાથે વિમાનમાં બેસીને અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૩૫૦)*

## હિન્દુસ્તાની સાધુ બે દિવસ પ્રારબ્ધ ભોગવીને ધામમાં ગયા

એકવાર શ્રીજીમહારાજ વડતાલમાં પોતાને ઉતારે થાળ જમતા હતા અને મૂળજી બ્રહ્મચારી પીરસતા હતા અને મહારાજ જમતાં જમતાં વારંવાર જળપાન કરતા જાય અને ધીરે ધીરે જમતા જાય અને બ્રહ્મચારી આગ્રહ કરીને પીરસતા જાય એમ જમી ચળુ કરીને મહારાજે મુખવાસ લીધો. પછી બ્રહ્મચારીએ વાત કરી કે "આજ સવારે હું નિત્યાનંદસ્વામીને બંગલે દર્શન કરવા ગયો હતો ત્યારે એક હિંદુસ્તાની સાધુ બહુ માંદા હતા તેને જોઈને નિત્યાનંદસ્વામીએ કહ્યું કે "આ સાધુને બહુજ આકરો તાવ આવ્યો છે એ માટે મહારાજને કહેજો કે દર્શન દેવા પધારે ત્યારે મહારાજ કહે "અમને વહેલા કેમ કહ્યું નહિ" ત્યારે બ્રહ્મચારીએ કહ્યું "મહારાજ ! એતો હું ભૂલી ગયો" પછી મહારાજે કહ્યું "ચાલો જઈએ' એમ કહીને ચાંખડીએ ચડી બ્રહ્મચારીનું કાંડું પકડીને ગયા અને ચાંખડીઓ ઉતારીને મહારાજે પોતાનો જમણો પગ પેલા માંદા સાધુની છાતી ઉપર મુક્યો ત્યારે તેને તાવ બહુ આકરો આવેલો હોવાથી મહારાજના પગનું તળીયું

તપવા માંડ્યું તેથી મહારાજે નિત્યાનંદસ્વામીને કહ્યું "આમનેતો બહુ આકરો તાવ આવ્યો છે તે સાંભળીને માંદો સાધુ પોતે બોલ્યો કે "અરે ગુરુ સાહેબ ! જેટલું દુઃખ દેવું હોય તેટલું આ અવતારમાં દેજો પણ બીજા જન્મ વખતે આવું નહિ કરવું કેમ કે મારા શરીરે ક્યાંય દુઃખ નથી" આવા બળનાં વચન સાંભળીને મહારાજ બહુ રાજી થયા અને બોલ્યા કે "એમને પ્રારબ્ધ પ્રમાણે સાત દિવસની પીડા ભોગવવાની હતી પણ હવે બે દિવસ ભોગવીને પરમ દિવસે ધામમાં જશે' એમ કહી મહારાજે તેમના માથા ઉપર બન્ને હાથ મુક્યા અને રાજી થઈ બોલ્યા કે સાધુ ખરા ધીરજવાળા છે' પછી મહારાજ બંગલે પોઢવા પધાર્યા અને મહારાજના કહેવા પ્રમાણે તે સાધુ ત્રીજે દિવસે દેહ મેલી ધામમાં ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૫)*

## ડભાણના ગોવિંદરામને તેડવા મહારાજ માણકી લઈને આવ્યા

એકવાર ગામ ડભાણના વિપ્ર ગોવિંદરામભાઈને મહારાજે એકાદશીની રાત્રિયે દર્શન દઈને કહ્યું જે 'આવતી એકાદશીયે તમને તેડવા આવશું અને આ વાત તમે હરિભક્તોને તથા બીજાઓને પણ સુખેથી કહેજો' એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા પછી એ વાત ગામમાં ગોવિંદરામભાઈએ હરિજનો તથા કુસંગીઓ આગળ પણ કરી ત્યારે કુસંગી તો ઠેકડી કરવા માંડ્યા જે "તું તો ભિષ્મપિતા થયો છે કે શું ? ને એ વાતને માને નહિ. એમ કરતાં એકાદશી આવી ત્યારે સવારમાં કુસંગી બ્રાહ્મણે કહ્યું કે "ગોવિંદરામભાઈ તમને મહારાજ તેડવા આવશે તેતો ખોટું પડે એમ લાગે છે ત્યારે ગોવિંદરામભાઈ કહે " આજ બપોરે જરૂર મને સ્વામિનારાયણ ભગવાન તેડવા આવશે' પછી બપોર પહેલાં ફળાહાર ઠાકોરજીને ધરીને જમી લીધું કે તુરત ગોવિંદરામભાઈને મહારાજનાં દર્શન થયા ત્યારે તેમણે પોતાના ઘરનાં મનુષ્યોને કહ્યું કે આ શ્રીજીમહારાજ માણકી ઉપર બેસીને મને તેડવા આવ્યા છે માટે દર્શન કરી ને ગામમાંથી હરિજન તથા કુસંગી બ્રાહ્મણોને પણ બોલાવો' પછી બોલાવ્યા ત્યારે તેઓ આવ્યા ને બોલ્યા જે "અમને શું કામ બોલાવ્યા છે ? ત્યારે ગોવિંદરામભાઈએ કહ્યું "આ મહારાજ માણકીએ ચડીને મને તેડવા આવ્યા છે માટે હું હવે મહારાજભેળો ધામમાં જાઉં છું" એમ કહી લીપાવીને પોતે તે ઉપર બેઠા ને ભજન કરતા થકા દેહ મેલીને અક્ષરધામમાં ગયા તે પરચો જોઈને ઘણાં માણસો આશ્ચર્ય પામ્યાં ને સત્સંગી થયાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૨)*

## ડભાણના ડુંગરભાઈને દશ દિવસ પછી તેડી જશું એવો વર આપ્યો

એકવાર શ્રીજીમહારાજે ડભાણમાં પાટીદાર ડુંગરભાઈને દર્શન દઈને કહ્યું કે "તમને દશ દિવસ પછી ધામમાં તેડી જશું એમ કહીને અંતર્ધાન થઈ ગયા પછી ડુંગરભાઈએ પોતાના

ઘરના મનુષ્ય આગળ તે વાત કરી પછી પોતે સંસારમાં ચિત્ત દિધું નહિ ને શ્રીજીમહારાજની સ્મૃતિ કરવા માંડયા પછી દશ દિવસ પુરા થયા ત્યારે ગામના સત્સંગીઓને તેડાવીને કહ્યું કે ''મને શ્રીજીમહારાજનાં દર્શન થાય છે માટે તમે ચાર કીર્તન બોલો' એમ કહી કીર્તન બોલાવ્યા પછી ભોંય લીપાવીને પોતે તેમાં બેઠા ને બોલ્યા જે ''હવે સ્વામિનારાયણ નામની ધૂન કરો'' એમ કહી પોતે પણ ભેળી ધૂન કરવા માંડયા ને એમ ધૂન કરતા કરતા દેહ મેલીને અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૩)*

## ખંભાતના એક હરિભક્તને મહારાજ તેડવા આવ્યા

એક વખત ખંભાતથી એક હરિભક્ત ત્યાગી થાવા સારુ વડતાલ આવ્યા હતા. તેમણે થોડા દિવસ રહીને પછી શુકસ્વામી પાસે વાત કરી જે ''હે સ્વામી ! હું ત્યાગી થાવા આંહી આવ્યો છું પણ મને આંહી મારા ઘરનું માણસ સાંભરે છે ને ઘેર જાઉં છું ત્યારે તમે સાંભરો છો માટે મારે કેમ કરવું ?'' ત્યારે સ્વામી કહે ''તું ઘેર જા અને ત્યાં રહીને સાધુ સાંભરે તે ઠીક છે પણ અહીં રહીને ઘરનું માણસ સાંભરે તે ઠીક નહિ ને એમ રહેવાથી મોક્ષ પણ ન થાય માટે ઘરમાં રહેવું તે સારું છે'' તે સાંભળીને તે સત્સંગી પોતાને ઘેર ગયો ને ત્યાં રહી તેણે સાધુની સેવા કરી ને દેહ મેલ્યો ત્યારે મહારાજ તેડવા આવ્યા ને તે ભેગો ધામમાં ગયો. એમ જે સંસારમાં રહીને સંતની સેવા કરે ને નિયમ ધર્મ ખરેખરાં પાળે તો મોક્ષમાં ખામી રહે નહિ એટલા માટે નિર્વાસનિક થાવું ને ક્યાંય પણ વાસના રહેવા દેવી નહિ. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૫૫)*

## મૂળજી બ્રહ્મચારીના શિષ્ય નારાયણજી શ્રીજી સાથે વિમાનમાં બેસીને ધામમાં ગયા

વડતાલમાં મુળજી બ્રહ્મચારીના શિષ્ય નારાયણ બ્રહ્મચારીએ શ્રીલક્ષ્મીનારાયણ દેવની સેવા નિષ્કામ ભાવે ઘણાં વરસ કરી ને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને રાજી કરેલા તેવામાં પોતે એકવાર માંદા થયા ને મંદવાડમાં પોતે એકલા ઉઠીને લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરવા ગયા ને ત્રણેય મંદિરમાં દર્શન કરીને ઉતારે આવતાં રસ્તામાં પડી ગયા એ વખતે આસપાસ કોઈ નહિ તે વખતે સાક્ષાત્ લક્ષ્મીજી દિવ્ય રૂપે આવ્યાં ને બ્રહ્મચારીને બેઠા કર્યા ને લુગડે ધૂળ વળગી ગઈ હતી તે ખંખેરીને કહ્યું ''બ્રહ્મચારી તમે અમારી બહુ સેવા કરી છે તેથી તમને પડી ગયેલા જોઈને બેઠા કરવા આવી છું ને હવે તમને આવતી કાલે મહારાજ ધામમાં તેડી જાશે'' એમ કહીને અંતર્ધાન થઈ ગયાં ને બ્રહ્મચારી પોતાને ઉતારે આવ્યા. પછી વળતે દિવસે લક્ષ્મીજીના કહેવા પ્રમાણે બ્રહ્મચારીને મહારાજ તેડવા આવ્યા ને સાથે તેમના ગુરુ મૂળજી

બ્રહ્મચારીને તથા અનંત મુક્તોને વિમાનમાં લાવ્યા હતા. તે વખતે નારાયણ બ્રહ્મચારીએ પોતાના શિષ્ય નિષ્કામાનંદ બ્રહ્મચારી વગેરેને કહ્યું કે "મને આ શ્રીજીમહારાજ લેવા આવ્યા છે ને સાથે મારા ગુરુ મૂળજી બ્રહ્મચારી તથા અનંત મુક્તો છે' એમ વાત કરે છે ત્યાં તો તે સ્થળે તેજ તેજ થઈ ગયું ને ઘણા સંત, બ્રહ્મચારી તથા પાર્ષદોને શ્રીજીમહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં પછી નારાયણ બ્રહ્મચારીએ કહ્યું કે હવે સહુ ધૂન કરો ત્યારે સહુ ધૂન કરવા લાગ્યા તે વખતે નારાયણ બ્રહ્મચારી આ ભૌતિક દેહનો ત્યાગ કરીને શ્રીજીની સાથે વિમાનમાં બેસી અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૭૪)*

## મહારાજ હાથમાં પારીયાનું કાંઠલું લઈને બાઈને તેડવા આવ્યા

એકવાર શ્રીજીમહારાજ ગઢડેથી વડતાલ જાતા હતા ને સાથે કેટલાક કાઠીઓના સ્વાર હતા તે સાત આઠ ગાઉ ચાલ્યા ત્યાં શીરામણીનો વખત થયો. તેવામાં એક હરિભક્તનું ગામ પણ આવ્યું. ત્યારે મહારાજે કાઠીઓને કહ્યું "તમારે છાશ પીવી છે ?" ત્યારે કાઠી બોલ્યા કે "હા મહારાજ તો તો બહુ સારું થાય, અમને ભૂખ બહુ લાગી છે ને છાશ પીવાનો વખત પણ થઈ ગયો છે' પછી મહારાજ કહે "આ ગામમાં એક મોટા હરિજન રહે છે તેનો વ્યવહાર બહુ મોટો છે માટે હું ત્યાં ખબર કાઢું ને તમે સર્વે અહીં બેસો." પછી કાઠી સર્વે ગામને પાદર બેઠા ને મહારાજ હરિજનને ઘેર ગયા ત્યાં તો ઘરમાં રોટલા ઘડીને તૈયાર કરેલા હતા ત્યાં મહારાજ પહોંચ્યા એટલે હરિજન ઉઠ્યા ને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા ને કહ્યું "મહારાજ આ ટાણે અહીં તમે એકલા ક્યાંથી પધાર્યા ?" ત્યારે મહારાજ કહે 'અમારી ભેળા કાઠીઓ તથા પાળાઓ છે તેમને છાશ પીવી છે તે માટે અમે ખબર કાઢવા આવ્યા છીએ. માટે રોટલા તૈયાર હોય તો તેમને અહીં બોલાવીએ ત્યારે હરિજન કહે "મહારાજ રોટલા તૈયાર છે માટે લાવો આપની ઘોડી હું બાંધુ ને તમે આ ઓશરીમાં બિરાજમાન થાઓ ને હું કાઠીઓને તેડી લાવું છું' એમ કહી ઓશરીમાં ગોદડું પાથરી આપ્યું તે ઉપર મહારાજ બેઠા ને હરિજન કાઠીઓને બોલાવી લાવ્યા ને ઘોડીઓને કોડમાં બાંધી ને નિરણ નખાવી. પછી ઓશરીમાં કાઠી તથા પાર્ષદોની પંક્તિ કરાવી એટલે તેઓ પોતાના ખડીયામાંથી તાંસળીઓ લઈને બેસી ગયા ને શ્રીજીમહારાજને બારણાના થડમાં બાજોઠ ઉપર વિરાજમાન કર્યા પછી પ્રથમ એક થાળીમાં શ્રીજીમહારાજને શાક અને રોટલો પીરશ્યો પછી કાઠીઓને અરધો અરધો રોટલો પીરશ્યો ને ધોળી શેરડીના ગોળનો સુંડલો ભરીને લાવ્યા ને તે સર્વેને પાશેર પાશેર પીરશ્યો ને પછી કોઠલામાંથી ઘીનું પારીયું લેવા ગયા ને તે લઈ ચાલ્યા ત્યાં તો તેના ઘરનું માણસ આડું ફર્યું ને કહ્યું કે "ઘી નહિ દેવાય, એવા વહાલા સગા એ ક્યાં છે ? એ તો કાઠીઓ છે ત્યારે

તે હરિજન બોલ્યા કે ''મારે તો સગા વહાલા કરતાં પણ એ અધિક છે માટે ઘી ધરાર લઈ જઈશ'' ત્યારે બાઈએ પારીયાંનો કાંઠો પકડ્યો ને તે હરિજને પારીયું ખેંચ્યું તેથી કાંઠો નોખો પડી ગયો ને તે બાઈના હાથમાં રહ્યો ને પારીયું લઈને હરિજન આવ્યા ને સહુને ડોયો ડોયો પીરસ્યું ને પછી ઘરમાં ગયા ત્યાં તો તે બાઈ રીસાઈને એકબાજુ બેસી ગયેલ તે જોઈ હરિજને મનમાં જાણ્યું કે ''હવે દહીં દૂધ પણ સારી પેઠે ફેરવશું' એમ મનમાં વિચાર કરીને મહારાજને તથા કાઠીઓને દહીં દૂધ પણ ખૂબ પીરસ્યાં ને શ્રીજીમહારાજ તથા કાઠીઓ ખૂબ જમ્યા અને કાઠી બોલ્યા કે ભણે મહારાજ, આવું તો અમે કોઈદિ જમ્યા નથી ને આવી છાશ તો આજે જ પીધી માટે આ હરિભક્ત બહુજ સારા ને તેમનાં ઘરનાં માણસ પણ બહુજ સારાં' ત્યારે મહારાજ બોલ્યા કે 'ભક્ત તો બહુ સારા છે પણ તેના ઘરનાં મનુષ્યની વાત તો તમને રસ્તામાં આગળ કરીશું' એમ કહી મહારાજે તે હરિભક્તને કહ્યું ''અમે હવે ચાલીશું ત્યારે તે ભક્ત કહે ''મહારાજ હમણાં રોકાઓ' ત્યારે મહારાજ કહે અમારે ઉતાવળ છે તે નહિ રોકાઈએ ત્યારે હરિજને કહ્યું ''ભલે પધારો'' પછી શ્રીજીમહારાજ તથા પાર્ષદ અને કાઠીઓ ચાલ્યા પછી રસ્તામાં કાઠીઓએ મહારાજને પૂછ્યું ''હે મહારાજ ! તેના ઘરનાં મનુષ્યની શું વાત છે તે હવે કહો' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે 'તમને પીરસવા ભક્ત ઘી લઈને આવતા હતા ત્યારે તે બાઈએ પારીયાનો કાંઠો ઝાલી રાખ્યો ને કહ્યું, નહિ લઈ જાવા દઉં. પછી ભક્ત ઝોંટ મારી તેથી કાંઠલું ઉપરથી તુટી ગયું પછી તે રીસાઈને ઘરમાં બેઠું હતું ને તમે તો વખાણ કરતા હતા એવી રીતે શ્રીજીમહારાજે વાત કરી તે સાંભળીને કાઠીઓ બહુ હસવા લાગ્યા. એમ ગામો ગામ ફરતા થકા મહારાજ વડતાલ પધાર્યા, તે વાર પછી કોઈ સમે તે બાઈએ દેહ મૂક્યો ત્યારે મહારાજ હાથમાં પારીયાનું કાંઠલું લીધેલું છે એવા થકા તેને તેડવા પધાર્યા તે વખતે તે બાઈએ તેના ધણીને કહ્યું કે ''આ શ્રીજીમહારાજ મને તેડવા પધાર્યા છે ને તેમના હાથમાં પારીયાંનું કાંઠલું છે'' એમ વાત કરતાં દેહ મેલીને ધામમાં ગઈ. માટે ભગવાન તો બહુ દયાળુ છે તે પોતાને કોઈ ભાવે કભાવે પણ સંભારે તેનું કલ્યાણ કરે છે. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૭૫)*

## ચાંગામાં વસનદાસ વાસનાથી સર્પ થયો ને પછી ધામમાં ગયો

વળી તે ગામ ચાંગામાં એક પાટીદાર વસનદાસ નામે હતો તેને ખેતી કરવી બહુ ગમતી ને આઠો પહોર કામની વ્યાધિજ કરતો ને ઘડીવાર પણ ભગવાનનું નામ ન લેતો અને અતિશે ક્રોધી ને રીસાળ હતો તેથી ગામનાં માણસો તેનાથી ડરીને ચાલતાં એમ કરતાં તેના દેહનો અંત આવ્યો ને દેહ પડી ગયો ત્યારે વાસનાએ કરીને તે કાળો નાગ થયો ને વાડીમાં કોઈ

ચોર કે ઢોરને પેસવા દે નહિ ને કોઇ પરાણે પેસે તો તેને કરડીને તેનો જીવ લીયે તે વખતે શ્રીજીમહારાજ તે ગામ આવ્યાં ને તે પટેલની વાડીયે નાવા પધાર્યા ને એક ઠેકાણે બેશીને દાતણ કરતા હતા તે ટાણે તે સર્પે મહારાજનાં દર્શન કર્યા ને તેને ભગવાન ઓળખાણા તેથી તેની બુદ્ધિ સારી થઈ એથી તેણે કોઈને ન મારવાનું અને ક્રોધ ન કરવાનું નિયમ રાખ્યું ને નિર્માની થઈને સર્વે પ્રકારે સાધુતા રાખી પછી તો જે તેને દેખે તે દુઃખ આપે ને એક દિવસે તો બધા છોકરાઓએ મળીને તેને માર્યો તેથી તે સર્પ એક છોકરાને કરડ્યો ને તેના દેહમાં પ્રવેશ કરીને બોલ્યો કે "મને વણ વાંકે કેમ મારો છો, મારાથી તમને શું દુઃખ થાય છે ? મને જે દિનાં સ્વામિનારાયણનાં દર્શન થયાં છે તે દિવસથી હું ભક્ત થયો છું ને નિર્વિષ થઈને ફરું છું ને સ્વામિનારાયણ તથા સંતનાં દર્શન કરું છું ને એમ વર્તતાં મારો દેહ પડશે તો જરૂર મારું કલ્યાણ થાશે ને સ્વામિનારાયણ ભગવાન મને પોતાના ધામમાં તેડી જાશે ને તમે સહુ સાચું માનજો" એ સાંભળીને સહુ આશ્ચર્ય પામ્યાને બોલ્યા જે "ભાઈઓ સ્વામિનારાયણનો પ્રતાપ તો જુઓ જેનાં દર્શનથી સર્પની પણ મુક્તિ થઈ. માટે એ પરચો માનજો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૮૪)*

## પુર ગામમાં જતનબાઈને મહારાજ તેડવા આવ્યા

વળી પુર નામે ગામમાં એક કણબી બાઈ જતન નામે સારાં હરિજન હતાં તે પોતાના ઘરનું કામકાજ કરે ને સ્વામિનારાયણનું ભજન કરે ને સાંખ્યયોગનાં વર્તમાન પાળે ને પ્રગટ પ્રભુ સ્વામિનારાયણનું ધ્યાન કર્યા કરે એમ કરતાં તેના દેહનો અંત આવ્યો ત્યારે શ્રીજીમહારાજ તે બાઈને તેડવા આવ્યા ત્યારે મહારાજનાં દર્શન કરીને તે બાઈ હાથ જોડીને બોલી જે "હે મારા ભગવાન ! તમે ભલે પધાર્યા" ત્યારે મહારાજે કહ્યું "આ તારા સારું હજારો ને લાખો વિમાન લાવ્યા છીએ માટે ઝટ તૈયાર થા વાર લગાડમાં" તે સમે મહારાજ ભેગા સંત હતા તે બોલ્યા જે "હે મહારાજ ! હમણાં આ ગામમાં કોગળીયાંનો રોગ ચાલે છે તેથી હમણાં જો આ બાઈને તેડી જાશું તો લોક કહેશે જે એ બાઈ પણ કોગળીયાંના રોગથી મરી ગઈ માટે હમણાં એને મેલી જાઈએ તો ઠીક" ત્યારે મહારાજે બધાં વિમાનોને પાછા વાળ્યાં તે ગામનાં સહુ માણસોએ ભાળ્યાં ને આશ્ચર્ય પામીને બોલ્યાં જે આતો સ્વામિનારાયણનો બહુ મોટો પરચો કહેવાય. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૮૭)*

## મોરજના પ્રભુદાસ ધામમાં ગયા

વળી મોરજ નામે ગામમાં એક પાટીદાર પ્રભુદાસ નામે સારા હરિજન હતા તેના દેહનો અંત સમો આવ્યો ત્યારે તે તરત દેહનો ત્યાગ કરીને બ્રહ્મમોહોલમાં ગયા ત્યાં અનંત મુક્તને

દીઠા તથા અપાર તેજ દીઠું તે જાણે હજારો સૂર્ય એક સાથે ઉગ્યા હોય તેવું ને અતિશે શીતળ ને વળી શાંત એવું ને જાણે તેમાં રહેતાં સુખ આવે ને તે સુખ વર્ણવી પણ શકાય નહિ એવા એ તેજમાં શ્રીજીમહારાજની મૂર્તિ દીઠી તેને જોઈને ભક્ત અતિશે પ્રેમથી પગે લાગ્યો ને મૂર્તિ નિરખીને અંતરમાં આનંદ થઈ ગયો. પછી મહારાજે તે ભક્તને કહ્યું કે "હવે તમે પાછા ઘેર જાઓ અને પછી તમને તેડવા આવશે ત્યારે તમે આંહી આવીને આ ધામમાં રહેજો માટે હમણાં વહેલા વહેલા જાઓ ને ત્યાં બેઠા થકા અમારા ગુણ ગાઓ" ત્યારે તે ભક્ત પાછા દેહમાં આવ્યા ને સહુ માણસોને અક્ષરધામની તથા ત્યાં રહેલ મહારાજની મૂર્તિની વાત કરી તે સાંભળીને સહુ આશ્ચર્ય પામ્યાં ને ધન્ય ધન્ય કહી બોલ્યાં જે આતો પ્રભુદાસ મોટો પરચો પામ્યો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૮૮)*

## ચમારાના દયાળજી સુતારને તેડવા મહારાજ આવ્યા

મહી નદીને કાંઠે ચમારા નામે ગામમાં સુતાર દયાળજી સારા હરિજન હતા,નિર્મળ અંતઃકરણવાળાને પ્રભુમાં ખરેખરી પ્રીતિવાળા હતા. તેમનો અંતકાળ આવ્યો ત્યારે મહારાજ તેડવા પધાર્યા ને સાથે સાધુનું મંડળ લાવેલા તે જોઈને આખું ગામ દર્શન કરવા આવ્યું જે "દયાળજીને ઘેર મહારાજ તથા સંત પધાર્યા છે." ને મહારાજે દયાળજીને દર્શન દીધાં ત્યારે તે નિરખીને અતિશે આનંદ પામ્યો ને સહુને કહેવા લાગ્યો જે "આ મહારાજ પધાર્યા તે ચાકરી કરો ને ઘોડાંને ચાર્ય નીરો ને રસોઈ કરો તે મહારાજ જમે ને સંત પણ મારે ઘેર આજ ઘણે દિવસે પધાર્યા છે માટે તેમને જમાડો" એમ કહી પોતે ઉભો થયો ને બોલ્યો કે "મહારાજ ! તમે આજ ઘણે દિવસે પધાર્યા છો" એમ કહી મહારાજને તથા સંતને પગે લાગવા માંડ્યો ને સહુને કહે કે "આ ઉભા મારો બાપ, જુઓને મારી ઉપર એમનું હેત બહુ છે" એમ બોલતાં બોલતાં દેહનો ત્યાગ કરીને શ્રીજીમહારાજ સંગાથે ધામમાં ગયો ને તેનો દેહ ઢળી પડ્યો. તે વખતે હજારો મનુષ્યો જોવા આવ્યાં હતાં તે આશ્ચર્ય પામ્યાં ને બોલ્યાં જે "આવી રીતે દેહ પડવો એતો મોટા મુનિવરોને પણ દુર્લભ છે માટે આતો મોટો પરચો કહેવાય ને આવો પરચો સ્વામિનારાયણ ભગવાન દીયે તેને જે પાપી જીવ હશે તે નહિ માને પણ સારા હશે તે તો માનશે. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૯૧)*

## મહારાજ બોલ્યા પટેલ ચાલો ધામમાં

ગામ પીજમાં પટેલ જેસાભાઈ રહેતા હતા તેને સત્સંગ ઉપર ઘણો દ્વેષ હતો તેથી તે ગામમાં સ્વામિનારાયણનું મંદિર થાવા દિયે નહિ ને જો મંદિર ચણે તો પોતે આવીને ઇંટો ઉખેડી નાખે ત્યારે ત્યાં મહારાજના મળેલા બારોટ જીજીભાઈ હતા તે પટેલને કહે છે "આ

મંદિર કરવા દીયો'' ત્યારે પટેલ કહે ''મંદિર તો આભલીમાં થાશે ત્યારે તે બારોટ હરિજન બોલ્યા જે ''આ મંદિર તો આંહી બે માળનું થાશે ને તેની ઉપલી બારીએ બેશીને તમને હું રામ રામ કરીશ'' એમ કહીને તેતો પોતાને ઘેર ગયા પછી ગોપાળાનંદ સ્વામી ઉપર કાગળ લખીને વડોદરે મોકલ્યો ત્યારે કાગળ વાંચીને સ્વામીએ હરિજન ગોપાળરાવભાઈને કહ્યું ''પીજમાં પટેલ મંદિર થાવા દેતા નથી ને ત્યાં તમારું ઉપરીપણું છે તે માટે તમે લખી મોકલો ત્યારે તેમણે પટેલ ઉપર લખ્યું ''હરિજનોને શા સારું મંદિર કરવા દેતા નથી ને રોકો છો ? માટે સ્વામિનારાયણ મંદિર થાવા દેજો ને અટકાવશો માં'' તે કાગળ આવ્યા પછી પટેલ અટકાવતો બંધ રહ્યો ને પીજના હરિજનોએ થોડા દિવસમાં બે માળનું મંદિર પુરું કરીને મહારાજની મૂર્તિ પધરાવી તે વખતે પટેલ મંદિર પાસેથી નિકળ્યા પણ મંદિર સામું જોયું નહિ ને માથે લુગડું ઓઢીને ચાલ્યા ગયા એમ ઘણાક દિવસ ગયા પછી એક દિવસ જીજી બારોટ મંદિરના ઉપલા માળની બારીએ બેઠા હતા તે વખતે પટેલ મંદિર પાસે થઈને નિકળ્યા ને પોતે આઘું પાછું જોયું તો કોઈ ન મળે ત્યારે તેણે મંદિર સામું ઉંચુ જોયું ત્યારે જીજી બારોટ બોલ્યા ''બાપા રામ રામ'' તે સાંભળી તે બોલ્યો કે ''સ્વામિનારાયણીયા તો ખરા ભાઈ'' એમ કહીને ઘેર ગયો ને પટેલનાં ઘરનાં મનુષ્ય તે બાઈ ગામ કરાળીનાં સત્સંગી હતાં ને મંદિરમાં જ્યારે સાધુ આવે ત્યારે સીધું મોકલાવતાં તે પટેલ દેખે પણ બોલી શકે નહિ. એમ ઘણીવાર સીધાં મોકલાવેલ પછી તે પટેલ માંદા થયા ને અંતકાળ સમય થયો ત્યારે જમના દૂત આવ્યા ને તેને મારવા લાગ્યા તેથી પટેલ થરથર ધ્રુજે ને રાડો પાડે એમ પચાસ જમ દોઢ દિવસ સુધી તેની પાસે રહ્યા ને તેને દુઃખ દીધું પછી તેના ઘરનાં મનુષ્ય કહ્યું ''તમે વૈષ્ણવ છો તે શ્રી વલ્લભનું ભજન કરો'' ત્યારે પટેલ કહે ''તેને હું ઘણોય સંભારું છું પણ જમ ખસતા નથી ત્યારે તે કોડબાઈ કહે તમે સ્વામિનારાયણનાં વર્તમાન ધરો તો જમ ખશી જાય પછી તે પટેલે પોતાનાં ઘરનાં મનુષ્ય જે કોડબાઈ તેના હાથથી વર્તમાન લીધાં ને કંઠી બાંધી ત્યારે તુરત જમ ખશી ગયા પછી તેણે બે દિવસ સુધી સ્વામિનારાયણનું ભજન કર્યું ત્યારે તેને શ્રીજીમહારાજનાં દર્શન થયાં ને મહારાજ બોલ્યા ''પટેલ, ચાલો ધામમાં' એમ કહી તેને ધામમાં તેડી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૯૩)*

## પછી વિમાન ચાલ્યા ને કરશનજી અક્ષરધામમાં ગયો

ગામ ડભોઈના બ્રાહ્મણ કરસનજી સત્સંગી થયા ત્યારે તે ગામના એક વાણિયે તેને ઠેકડીમાં કહ્યું કે ''તું વિમાનમાં બેસીને ભગવાનના ધામમાં જા ત્યારે અમને કહેજે એટલે અમે પણ વિમાનને ડાંડીયે વળગી રહેશું ને તારી ભેગા ધામમાં આવશું'' તે પછી કેટલાક દિવસ કેડે

તે હરિભક્ત માંદો થયો તે વખતે શ્રીજીમહારાજ વિમાન લઈ તેને તેડવા આવ્યા ને તે વિમાન ગામનાં મનુષ્યોએ દીઠા. પછી તે હરિજન કરસનજીએ મહારાજને કહ્યું "હે મહારાજ મને એક વાણિયે કહ્યું છે જે તને વિમાન તેડવા આવે ત્યારે મને કહેજે તો હું પણ તે વિમાનને દાંડીયે વળગીને તારી ભેગો આવીશ" ત્યારે મહારાજ કહે "તું તેને બોલાવ્ય" ત્યારે કરસનજીએ તે વિમાનમાં બેઠાં બેઠાં તે વાણિયાને સાદ કર્યો એટલે વાણિયો સૂતો હતો તે જાગીને ઘરમાંથી બહાર નિસર્યો અને કરસનજીને વિમાનમાં બેઠેલો જોઈને તથા વિમાનનાં અને મહારાજનાં દર્શન કરી હાથ જોડીને બોલ્યો કે "હે કરસનજી ! સ્વામિનારાયણ ભગવાન સાચા છે પણ હું તો હમણાં નહિ આવું" પછી વિમાન ચાલ્યાં ને કરસનજી અક્ષરધામમાં ગયો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૦૬)*

## ડભોઈના કરૂણાશંકરને અંતકાળે મહારાજ અક્ષરધામમાં તેડી ગયા

કાનમદેશમાં આવેલ ગામ ડભોઈને વિષે વિપ્ર કરુણાશંકર સારા સગુણવાળાને શાસ્ત્રમાં પ્રવીણ હતા ને નિત્ય સંધ્યા, તર્પણ વગેરે પોતાની નિત્યકર્મ કરતા ને ભગવાનને વિષે બહુ હેતવાળા હતા, તેમણે સાધુની વાત સાંભળી તેથી સત્સંગ થયો ને બહુ સારા સત્સંગી થયા તે વડતાલ શ્રીજીમહારાજ પધાર્યા સાંભળીને પોતે મહારાજનાં દર્શન કરવા વડતાલ આવ્યા ને મહારાજને દંડવત કરી પગે લાગીને સભામાં બેઠા ત્યારે મહારાજ તેમની સામે જોઈને બોલ્યા કે "આતો પૂર્વે કૃષ્ણાવતાર વખતનો ભક્ત છે" તે વખતે કરુણાશંકરને પણ મનમાં એમ વિચાર થયો કે "આ શ્રીજીમહારાજને મેં ક્યાંઈક દીઠા છે ખરા" પછી શ્રીજીમહારાજની ઈચ્છાથી તેમને પોતાના પૂર્વ જન્મની સ્મૃતિ થઈ કે "એકવાર શ્રીકૃષ્ણ ભગવાન તથા ઉદ્ધવજી વિચાર કરતા હતા ને તે વખતે ભગવાને પાણી પીવા માગ્યું તે મેં લાવી આપ્યું હતું ને પછી ભગવાને મને પોતાના ચાકર તરીકે સાથે રાખ્યો હતો પણ તે સમે મને ભગવાન ઓળખાણા નહોતા પણ આ સમે મારા ઉપર દયા કરીને આ પુરુષોત્તમ નારાયણે મને પોતાનો યોગ આપ્યો" એમ જાણીને તે અતિ હેતથી મહારાજનું ભજન કર્યા કરતા તે પછી થોડા દિવસ કેડે દેહમાં મંદવાડ આવ્યો ને અંતકાળે તેને શ્રીજીમહારાજ અક્ષરધામમાં તેડી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૦૭)*

## ઠાસરા શ્રીધરાનંદ સ્વામીએ સ્વતંત્રપણે દેહ ત્યાગ કર્યો

એક સમયને વિષે ગામ ઠાસરામાં શ્રીધરાનંદસ્વામીએ સર્વે હરિજનોને બોલાવીને કહ્યું કે "મારે આવતી કાલે દેહ મેલવો છે" એમ કહીને સુકાં પીપળાનાં તથા તુલસીનાં કાષ્ટ મગાવ્યાં તથા સુતારને બોલાવીને પોતે માથે ઉભા રહીને પાલખી કરાવી ને પોતાને હાથે રૂમાલ બાંધીને

ખીતીયે મેલ્યો ને કહ્યું કે ''જ્યારે મને પાલખીમાં બેસારો ત્યારે આ રૂમાલ મારે માથે મેલજો'' એમ વાત કરી સ્વતંત્રપણે દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૧૫)*

## આ સૂર્યાનંદ અને સ્વામિનારાયણ મને તેડવા આવ્યા છે

એક સમયને વિષે ગામ બુધેજમાં સૂર્યાનંદસ્વામીએ કોઈક લુવાર પાસે દાતરડાં કરાવેલાં તે પોતે વડતાલ જવા તૈયાર થયા ત્યારે તે લુવારને બોલાવીને કહ્યું કે ''તારા પૈસા લઈ લે'' ત્યારે તે લુવાર બોલ્યો કે ''સ્વામી ! તે પૈસા મારે નથી લેવા ને તમે મારા ઉપર રાજી થાઓ'' ત્યારે સ્વામી કહે ''જા તારું કલ્યાણ થાશે'' એમ કહી સૂર્યાનંદસ્વામી તો વડતાલ પધાર્યા તે પછી જયારે તે લુવારનો અંતસમો થયો ત્યારે તે બોલ્યો કે ''આ સૂર્યાનંદસ્વામી અને સ્વામિનારાયણ મને તેડવા આવ્યા છે તે ભેળો હું જાઉં છું ને તમે સર્વે સ્વામિનારાયણનો આશ્રય રાખજો તો તમારું કલ્યાણ થાશે'' એમ કહીને દેહ મેલીને મહારાજના ધામમાં ગયો એવી રીતે સૂર્યાનંદસ્વામીને વચને કરીને મહારાજ તે લુવારને ધામમાં તેડી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૧૬)*

## જોળના કોલીને તેડવા મહારાજ ખડબુચ લઈને આવ્યા

એક સમયને વિષ શ્રીજીમહારાજ વડતાલથી ગામ ઝોળ પધારતા હતા ત્યારે માર્ગમાં એક કોળીનું ખેતર આવ્યું તેમાં કોળીને છોકરે બે ખડબુચાં પાકવા સારુ દાટ્યાં હતાં ને એમ વિચાર કરેલો જે ''આ એક ખડબુચું સ્વામિનારાયણને આપીશ અને આ બીજું મારા મામાને આપીશ'' તે છોકરો મહારાજને દેખીને બીજા છોકરાઓને સાથે લઈને મહારાજ પાસે આવ્યો ત્યારે મહારાજે તેને કહ્યું ''તે અમારા સારુ ખડબુચુ દાટ્યું છે તે લઈ આવ્ય અને તારા મામા સારુ જે દાટ્યું હતું તે તો શિયાળ ખાઈ ગયું છે'' ત્યારે તે છોકરે ખડબુચું લાવીને મહારાજને આપ્યું પછી મહારાજ તે જમ્યા તે પછી જયારે તે છોકરાનો મૃત્યુકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ તેને તેડવા આવ્યા તે સમે તે છોકરો બોલ્યો જે ''આ સ્વામિનારાયણ હાથમાં ખડબુચું લઈને મને તેડવા આવ્યા છે તે ભેળો હું ધામમાં જાઉં છું' એમ કહી દેહ મેલીને મહારાજ સાથે ધામમાં ગયો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૧૭)*

## શોભારામ શાસ્ત્રીના પુત્રને તેડવા આવ્યા ને રાખ્યો

ગામ વડોદરામાં શોભારામ શાસ્ત્રી તે મહારાજના આશ્રિત થયા હતા ને મન, કર્મ, વચનથી દાસ થઈને રહેતા ને મહારાજનો નિશ્ચય પણ પરિપૂર્ણ હતો એક સમયને વિષે તેમના પુત્રનો અંતકાળ થયો ને મહારાજ પોતે તેડવા આવ્યા ને તે પુત્રની નાડીઓ તુટી ગઈ ને

પ્રાણ નીકળી ગયો તે શોભારામે જાણ્યું પણ કાંઈ બોલી શક્યા નહિ ને મહારાજની સ્તુતિ કરવા મંડ્યા ત્યારે મહારાજે પ્રસન્ન થઈને તેમને દર્શન આપ્યાં ત્યારે દર્શન કરીને શોભારામ આદિક હરિજન બહુ રાજી થયા ને કહ્યું ‘‘હે મહારાજ ! આજ તમે અમારા ઉપર મહેર કરીને દર્શન આપ્યાં તેથી અમે કૃતાર્થ થયા છીએ’’ ત્યારે મહારાજે શાસ્ત્રીને કહ્યું ‘‘અમે આજ તારા પુત્રને તેડવા આવ્યા હતા પણ હવે મુકી જાઈએ છીએ માટે તે બાબતનો શોક છોડી દેજો’’ એટલું કહીને મહારાજ અંતરર્ધાન થઈ ગયા ને શોભારામનો પુત્ર પથારીમાંથી બેઠો થયો તે બોલ્યો કે ‘‘મહારાજ મને તેડવા આવ્યા હતા ને હું જાવા પણ તૈયાર હતો પણ મને મુકી ગયા’’ તે સાંભળીને સર્વે આનંદ પામ્યાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૩૫)*

## નારુપંતના નાના પુત્રને સંતોના કહેવાથી રાખ્યો ને પાડોશીના દીકરાને તેડી ગયા

વળી એજ ગામ વડોદરામાં રાજકાજ કરનાર દક્ષિણી બ્રાહ્મણ નારુપંતનાના હતા તેને મહારાજનો નિશ્ચય બરોબર થયો હતો ને તે મહારાજમાં બરોબર પ્રીતિ રાખીને ભક્તિ કરતા ને તેથી તે આઠો પહોર આનંદમાં રહેતા ને અંતરમાં સહજાનંદસ્વામીના નિશ્ચયની દ્રઢ ગાંઠ વળી ગઈ હતી તેથી મહારાજ વિના સર્વેને અસત્ય જાણતા ને પૂર્ણ પ્રીતિ રાખી ભજન કરતા તેને એક સમયને વિષે સંસાર સંબંધી વિઘ્ન આવ્યું છે તેનો પુત્ર માંદો પડ્યો ત્યારે તેનું રક્ષણ કરવા સારુ તે છોકરાની મા દેવીનું પૂજન કરવા માંડી પણ તેથી દેવી આવી નહિ ને શ્રીજીમહારાજ પધાર્યા ત્યારે પ્રથમ અનંતકોટી સૂર્યના સરખો પ્રકાશ થયો તેમાં મહારાજનાં તથા હજારો સંતનાં દર્શન થયાં ને તે કહેવા લાગ્યા જે ‘‘અમે તારા પુત્રને તેડવા આવ્યા છીએ ને તે કોટી ઉપાયે પણ રહેશે નહિ ને જો કોઈ ભૂત, ભૈરવ કે દેવી ઉગારે તો તેનું સ્મરણ કરીલે’’ ત્યારે તે બાઈ બોલી જે ‘‘હે મહારાજ ! માનો જીવ હેતવાળો હોય તેમાં મારો કાંઈ દોષ નથી ને મારે દેવ દેવીનું કાંઈ સ્મરણ કરવું નથી આપ સુખેથી તેડી જાઓ’’ ત્યારે સંતોએ કહ્યું ‘‘હે મહારાજ ! આમને એકજ પુત્ર છે ને સંસારીને પુત્રમાં ને ધનમાં તો હેત હોયજ માટે તે પુત્રને જીવતો રાખી તેની માને સુખી રાખો‘ ત્યારે મહારાજ કહે ભલે તેને રાખી જાશું ને તેની પાડોશણના દીકરાને તેડી જાશું’’ એમ કહી પાડોશણના દીકરાને તેડી ચાલ્યા ને સર્વેને દર્શન આપ્યાં જેથી સત્સંગી કુસંગી સર્વેને ખબર પડી એવી રીતે પુરુષોત્તમ ભગવાન પરચો આપીને બીજા બાળકને તેડી ગયા ત્યારે નારુપંત મહારાજની કેટલીક સ્તુતિ પ્રાર્થના કરીને રાજી થયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૩૬)*

## બાપુભાઈના પુત્ર રામસેવકને તેડવા આવ્યા ને સંતોના કહેવાથી રાખી ગયા

વળી એજ ગામ વડોદરામાં એક સરવરિયા બ્રાહ્મણ બાપુભાઈ હતા તેમણે સંતની સાચી રીત જોઈ સમજીને સત્સંગ કર્યોને સંતના વચન સાંભળીને પોતાના મનની ભ્રાંતી મટી ગઈ ને મહારાજનો પાકો નિશ્ચય થયો તે સહુ સાંભળતાં નિર્ભયપણે સ્વામિનારાયણનું ભજન કરતા ને બહુ બળની વાતો કરતા અને તે પોલીસની નોકરી કરતા તેનો એકજ પુત્ર રામસેવક નામે હતો તે માંદો પડ્યો ને અંતકાળનો સમય થયો ત્યારે શ્રીજીમહારાજ પોતે ગરુડ ઉપર બેસીને સંત સાથે પધાર્યા તે જાણે મુક્તાનંદસ્વામી અને ગોપાળાનંદસ્વામી જળની ઝારી લઈને આગળ ઉભા છે ને નિત્યાનંદસ્વામી ચામર કરે છે એવાં સત્સંગી કુસંગી સહુને દર્શન દીધાં ને બાપુભાઈને ઘેર આવ્યા ત્યારે બાપુભાઈ આદિક સહુ ઘરનાં માણસોએ મહારાજને બે હાથ જોડી નમસ્કાર કર્યા ને કહ્યું, "હે મહારાજ ! એ છોકરાનાં ધન્ય ભાગ્ય જે આપ એને તેડવા પધાર્યા ત્યારે સંતોએ મહારાજને કહ્યું "હે મહારાજ એ છોકરાને તો જીવિતદાન આપો" ત્યારે મહારાજ તેને મુકી ગયા ને બાપુભાઈનો શોક ટાળ્યો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૩૭)*

## દક્ષિણી અંબાબાઈને શ્રીહરિ લાખો વિમાન લઈને તેડવા આવ્યા

વડોદરામાં એક દક્ષીણી બાઈ અંબા નામે સત્સંગી બહુ સારા હતાં તેનો અંતકાળનો સમય થયો ત્યારે શ્રીજીમહારાજ લાખો વિમાન લઈને તેડવા આવ્યા હતા ને ગામમાં સત્સંગી તથા કુસંગી સર્વેને દર્શન થયાં હતાં એ પ્રમાણે મહારાજ પરચો આપીને ધામમાં તેડી ગયા. પછી તે વડોદરામાંથી એક બાઈ સમાધિ કરીને ધામમાં ગઈ ત્યાં તેને અંબાબાઈ મળ્યાં ને બોલ્યા જે એક સાડી પટારામાં છે તે એક બાઈને આપેલી છે માટે પટારામાંથી કાઢીને તેને આપી દેજો" એમ કેટલીક એંધાણી દીધી ને બધી વાત સમાધિમાંથી જાગીને બાઈએ કહી તે સાચી પડી તે જોઈને સહુ આશ્ચર્ય પામ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૫૨)*

## ઈંટોલાના બાબુભાઈના બળદને તેડી ગયા

કાનમ દેશમાં ઈંટોલા નામે ગામને વિષે જીજી ભાઈ નામે પાટીદાર હરિજન બહુ સારા હતા ને સત્સંગમાં શિરોમણી રુપ ગણાતા તેણે ઉપદેશ કરીને ગામમાં સત્સંગ વધાર્યો હતો તેને એકવાર શરીરમાં મંદવાડ આવ્યો ને શ્રીજીમહારાજ રથ લઈને તેડવા પધાર્યા ને ગામમાં બાપુભાઈ બ્રાહ્મણના ફળિયામાં રથ છોડ્યો ત્યારે બાપુ ભાઈ ઘરમાંથી આવીને પગે લાગ્યા ને કહ્યું "હે મહારાજ તમે આંહી ભલે પધાર્યા હવે સુખેથી રહો" ત્યારે મહારાજ કહે અમે તો જીજીભાઈને તેડવા સારુ આવ્યા છીએ તે આજે તેને તેડીને જાશું" ત્યારે બાપુભાઈ બોલ્યા

જે "હે મહારાજ ! તે તો માણસોને વાતો કરીને ગામમાં સત્સંગ વધારે છે માટે તેને તો હમણાં મેલી જાઓ તો ઠીક" ત્યારે મહારાજ કહે "ભલે એમ હોય તો તેને હમણાં નહિ તેડી જાઈએ ને તેને માટે તેના બળદને ધામમાં તેડી જાશું ત્યારે બાપુભાઈ બોલ્યા "હે મહારાજ ! એવું એ બળદનું શું પુણ્ય છે કે એને ધામમાં તેડી જાશો ?" ત્યારે મહારાજ કહે "તે સાધુ માટે સીધું લઈ જાતા હતા તે ગાડે જૂત્યો હતો" એમ કહી મહારાજ તે બળદના જીવને લઈને ધામમાં પધાર્યા. પછી બાપુભાઈએ જીજીભાઈના બાપને તે વાત કહી ત્યારે તેણે સાચી માની નહિ પછી દીવો કરીને બળદ પાસે ગયા ત્યાં બળદને મરી ગયેલો દીઠો ત્યારે બીજા માણસોએ અને જીજીભાઈના બાપે સાચું માન્યું ને બોલવા માંડ્યા કે "ધન્ય ધન્ય સ્વામિનારાયણ ભગવાન તમે તો આ અવતારે અઢળક ઢળ્યા છો તે પશુનું પણ કલ્યાણ કરો છો તો જે મનુષ્ય જાણે અજાણે તમને સંભારે તેનું કલ્યાણ કરો તેમાં શી નવાઈ." *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૬૭)*

## રણું ગામના પ્રભાતગરને મહારાજ તેડવા પધાર્યા

કાનમ દેશમાં રણુ નામે ગામને વિશે અતીત બાવો પ્રભાતગીરી નામે રહેતા ને તેણે ડભાણમાં મહારાજનાં દર્શન થયાં હતાં તથા મહારાજે પરચો આપ્યો હતો તેથી તે સત્સંગી થયા હતા ને તેને મહારાજે વચન આપેલ જે અંતકાળે હું તમને તેડવા આવીશ." ને તે પ્રભાતગીરી લોકમાં પ્રસિદ્ધ ને વડોદરા સરકારના માનિતા હતા તે બાવાને અંતકાળે શ્રીજીમહારાજ વિમાન લઈને તેડવા આવ્યા ત્યારે મઠમાં પ્રકાશ થઈ ગયો ને તે વખતે મહારાજે પોતે વચન આપ્યું હતું તે પ્રમાણે તે બાવાની ડોકમાં હાર નાખ્યો ને તેને વિમાનમાં બેસાડીને તેડી ગયા ત્યારે બાવાની ડોકમાં ફૂલનો હાર જોઈને માણસો આશ્ચર્ય પામ્યા ને તે પછી તેના ચેલા ચાળીશ હતા તે સર્વે સત્સંગી થયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૭૧)*

## કેસર બાઈ બોલી મહારાજ તેને તેડી જાઓ તો તેના ધન્ય ભાગ્ય કહેવાય

કાનમ દેશમાં ઉતરાજ નામે ગામને વિશે સાકરબાઈ નામે હરિજન સારાં હતાં તેને મહારાજે દર્શન દીધાં ને કહ્યું કે "આજથી ચોથે દિવસે તારો દેહ પડી જાશે." એટલું કહીને અંતર્ધાન થઈ ગયા પછી તે શ્વાસે ઉચ્છવાસે ભજન કરે ને જગતની વાસના બધી ટાળી નાખી એમ કરતાં ચોથો દિવસ થયો ત્યારે મહારાજ તેડવા પધાર્યા ને તે બાઈની ભત્રીજી કેસર બાઈ હતી તેને ઘેર ગયા ને પ્રગટ પ્રમાણ દર્શન દીધાં ત્યારે ઘરનાં માણસો સહુ આશ્ચર્ય પામી ગયાં પછી તે બાઈએ "મહારાજ ઘણા દિવસે આજ તમે ભલે પધાર્યા" એમ કહીને બેસવા સારુ

આસન પાથરી દીધું ને જમવા સારુ ભાતભાતના ભોજન કર્યા તે મહારાજ જમ્યા ને પછી ચળુ કરી મુખવાસ લઈને બેઠા ત્યારે બાઈએ હાથ જોડીને પૂછ્યું કે "હે મહારાજ ! આજ તમે શું કામ પધાર્યા છો ?" ત્યારે મહારાજ કહે "અમે આજથી ચાર દિવસ પહેલા તારી કાકી સાકરબાઈને તેડવા આવવાનું કહી ગયા હતા તે માટે તેડવા આવ્યા છીએ તો તેને તેડી જાઈએ તેમાં તું રાજી કે કુરાજી ?" ત્યારે તે બાઈ બોલી કે "હે મહારાજ ! તમે તેને ધામમાં તેડી જાઓ એ તો તેનાં ધન્યભાગ્ય કહેવાય તેમાં હું શીદ કુરાજી થાઉં" ત્યારે મહારાજ કહે "તેને આજ નહિ તેડી જાઈએ માટે તું જઈને તેને કહેજે કે હવે તારો દેહ નહિ પડે." એમ કહીને મહારાજ પધારી ગયા પછી કેસરબાઈએ સાકરબાઈ પાસે જઈને એ પ્રમાણે વાત કરી તે સાંભળી સાકરબાઈ આશ્ચર્ય પામ્યાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૭૨)*

## સુરતના અરદેશરજીને તેડવા શ્રીહરિ પધાર્યા

સુરત શહેરમાં રહેતા હરિજન પારસી અરદેશરને એકવાર સ્વપ્ન થયું તેમાં તેને મહારાજનાં દર્શન થયાં ત્યારે પ્રથમ અતિશે શીતળ એવું તેજ દેખાણું ને તે તેજની માંહી સુંદર દિવ્ય મહારાજની મૂર્તિ દેખાણી ત્યારે અરદેશર દંડવત કરીને પગે લાગ્યા એ વખતે મહારાજે અરદેશરના ભાલમાં કંકુનો ચાંદલો કર્યો ને કહ્યું કે "સવારમાં તને આ શહેરની સુબાગીરી મળશે" એમ કહીને અંતર્ધાન થઈ ગયા પછી સવારે અરદેશર જાગ્યા ને દર્પણમાં પોતાનું મુખ જોયું તો ચાંદલો કપાળમાં ભાળ્યો ને પોતે મનમાં આશ્ચર્ય પામ્યા ને તે પછી રાજાએ બોલાવીને સુરત શહેરની સુબાગીરી તેને આપી ત્યારે અરદેશરે પરચો લેખ્યો ને મહારાજનો પાકો નિશ્ચય થયો ને મહારાજે પોતાને જે પાઘ આપેલી હતી તે તેણે કાચના ઘરામાં રાખીને દરરોજ પોતે તે પાઘની પૂજા કરતા ને સ્વામિનારાયણના નામની માળા ફેરવતા તે અરદેશરજીના જીવનચરિત્રની ચોપડી કોઈ પારસી વિદ્વાને લખેલી છે તેમાં અરદેશરજીની હુશીયારીનું બહુ વર્ણન કરેલું છે અને લખ્યું છે કે "તે અરદેશરજી પોતે પારસી હતા છતાં હિંદુનાદેવ સ્વામિનારાયણની પાઘ પોતે હમેશાં પૂજતા ને તેમનાં નામની માળા ફેરવતા" એ અરદેશરજી વરસો વરસ કાર્તિક સુદ બીજને દિવસે સુરતના તમામ હરિજનોને તથા પોતાના મિત્ર પારસી વગેરે સર્વે બાઈ ભાઈને તેમજ મંદિરમાં જે સાધુઓ હોય તેમને પોતાને ઘેર બોલાવતા પછી પાઘની પૂજા કરીને આરતી ઉતારતા ને દંડવત્ પ્રણામ કરતા ને પછી સાધુઓની પણ પૂજા કરતા ને મોટી કથરોટમાં પતાસાં ભરીને પાઘને નૈવેદ્ય ધરી સહુને પ્રસાદી વહેંચતા ને સાધુ હરિજનો કીર્તન ગાતા.એકવાર સંવત ૧૯૦૭ની સાલમાં અમદાવાદવાળા કવિ દલપતરામ ડાહ્યાભાઈ સુરતમાં આવેલા તે કાર્તિક સુદ બીજને દિવસે સહુ સાથે તે પાઘનાં દર્શન કરવા ગયા હતા તે વખતે તેમણે એક કવિત કરેલું જે સવૈયો

"પાઘડીઓ દીની પૂજનકું પ્રભુ ભરતકી ભક્તિ ભલી લગીયાં તેલ કટોરી દીની હનુમંતકું સીતાકી શુદ્ધ લીની બગીયા" મેતા નરસિકું હાર દીયો જબ જીભમેં ભક્તિ ભલી લગીયા સું અરદેશરકું પરમેશ્વર રીઝી દીની આપકી પગીયાં" તે અરદેશર જીવ્યા ત્યાં સુધી તે પાઘની પૂજા કરીને અંતે અક્ષરધામમાં ગયા ! *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૮૦)*

## આમોદના ગણપતરામને મહારાજ તેડવા પધાર્યા

ગામ આમોદમાં ગણપતરામ નામે બ્રાહ્મણ હરિભક્ત બહુ સારા હતા ને તે મહારાજનો મહિમા સર્વોપરી જાણતા હતા ને શ્રીજીને સર્વ અવતારના કારણ શ્રી પુરુષોત્તમ નારાયણ જાણતા અને દિવસ રાત્રિ હરિજનોને ભેગા કરી ને વચનામૃત વાંચતા અને ક્યારેય ગ્રામ્ય કથા તો તેમને સાંભળવી પણ ગમતી નહિ તેમને ગોપાળાનંદસ્વામી તથા શુકસ્વામી સાથે હેત ઘણું હતું અને શ્રીજીમહારાજે પણ કહેલું કે "આ ગણપતરામનો જીવ તે મુક્તાનંદસ્વામીના જેવો છે" તે ગણપતરામ માંદા થયા ત્યારે તેને સંતનાં તથા મહારાજનાં દર્શન થયાં ત્યારે મહારાજે કહ્યું કે "તમારી પાસે દ્રવ્ય છે તેમાંથી મંદિરમાં દેવું હોય તેટલું દઈ દીયો ને તમારા ઘરનાં માણસને આપવું હોય તેટલું આપો" તે વખતે ત્યાં ગઢડા તથા જૂનાગઢના મળીને સાઠ સાધુઓ મંદિરમાં હતા તે સર્વેને ગણપતરામભાઈએ પોતાને ઘેર તેડાવ્યા ને ગામના હરિભક્તને પણ તેડાવ્યા ને કહ્યું કે "મારી ગાંઠે રૂપિયા પાંચ હજાર છે તેમાંથી એક હજાર આંહીના મંદિરના ને એક હજાર શ્રી લક્ષ્મીનારાયણ દેવના ને એક હજાર મારા દાડાના ને એક હજાર મારી દીકરીયુંના ને એક હજાર મારી સ્ત્રીના જાણવા ને આવતીકાલે બપોરે મારે દેહ મેલવો છે માટે સાધુઓએ વહેલી રસોઈ કરી લેવી" પછી બીજે દિવસે સાધુઓએ વહેલી રસોઈ કરી ઠાકોરજીને નૈવેદ્ય ધરીને જમી લીધું ને પછી ગણપતરામભાઈને ઘેર ગયા ત્યારે સર્વેનાં દર્શન કરીને ગણપતરામભાઈ બોલ્યા કે "મને મહારાજનાં દર્શન થાય છે" ત્યારે જૂનાગઢવાળાસ્વામી મહાપુરુષદાસજીએ કહ્યું કે "તમે ગોપાળાનંદસ્વામીને અમારા જય સ્વામિનારાયણ કહેજો" એ પછી સહુ સંત મંદિરમાં આવ્યા ને તેજ વખતે ગણપતરામભાઈ દેહ મૂકી ને અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૮૨)*

## સારસાના હેતબાઈ ભજન કરતા કરતા ધામમાં ગયા

ગામ સારસાના પટેલ હરજીભાઈની મા હેતબાઈને કાર્તિક વદ આઠમની અગાઉ ત્રણ દિવસથી શ્રીજીમહારાજે દર્શન દઈને કહ્યું કે "તમને આઠમની રાત્રિએ બે વાગે તેડવા આવશું માટે તમે તૈયાર થઈ રહેજો ને જે કાંઈ દાન પુન્ય કરવું હોય તે કરી લેજો" પછી તે વાત બાઈએ પોતાના પુત્રને કરી જે "મહારાજ મને દર્શન દઈને આ પ્રમાણે કહી ગયા માટે મારો

દેહ નહિ રહે માટે સાધુ ને જ્યાં હોય ત્યાંથી તેડાવીએ ત્યારે બીજેજ દિવસે સુરતથી સાધુનું મંડળ તેડાવ્યું તેથી સદ્ગુરુ સ્વામી માધવચરણદાસજીનું મંડળ તથા બીજા સંત પણ આવ્યા ત્યારે હરજીભાઈએ પોતાને ઘેર બ્રાહ્મણ પાસે રસોઈ કરાવીને જમાડ્યા ને પૂજા કરીને ચાદર ઓઢાડી તથા વ્યવહાર સંબંધી જે દાન પુણ્ય કરવું ઘટે તે સઘળું કર્યુ પછી ત્રીજે દિવસે તે બાઈએ પોતે પ્રસાદીના જાંબુડાનાં તથા ખીજડાનાં જે લાકડાં લાવી રાખેલાં હતાં તે તથા તુલસી સુખડ અને પીપળાના લાકડાં તથા બીજો કેટલોક સામાન મગાવીને પોતાની પાસે રખાવ્યો ને કહ્યું "આનાથી મારી દેહ ક્રિયા કરજો' પછી રાત્રિને સમે બધાં સગાં સંબંધીને ઉઠાડીને વાત ચિત કરી ને ધીરજ દીધી તથા સત્સંગ દઢ રાખવા કહ્યું પછી બે ઘડી મૂર્તિમાં જોડાઈ ગયાં પછી બોલ્યાં જે "આ શ્રીજીમહારાજ મને તેડવા આવ્યા છે માટે સહુ રાજી થઈને મને રજા આપો ને મહારાજના નામની ધૂન કરો ત્યારે સહુ રાજી થઈને ધૂન કરવા લાગ્યાં તે વખતે હેતબાઈ ભજન કરતાં કરતાં દેહ મૂકીને અક્ષરધામમાં ગયાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૮૬)*

## કંજરીના લક્ષ્મીદાસ કહે આ મહારાજ આવ્યા છે તેમના ભેળો ધામમાં જઉં છું

ગામ હાલોલ કંજરીમાં શેઠ લક્ષ્મીદાસને મંદવાડમાં શ્રી નરનારાયણ ભગવાને દર્શન દીધાં ત્યારે શેઠે પૂછ્યું "મહારાજ તમે કેવા ?" ત્યારે કહે "અમે ભગવાન છીએ ને તમને તેડવા આવ્યા છીએ" ત્યારે શેઠ કહે "મને ક્યા ધામમાં લઈ જાશો ?" ત્યારે કહે અમારા બદરિકાશ્રમ ધામમાં ત્યારે શેઠ કહે "મેં સ્વામિનારાયણની યથાર્થ આજ્ઞા પાળી છે ને ભજન કર્યું છે ને મને સ્વામિનારાયણના નિશ્ચયમાં ફેર નથી માટે મને તો સ્વામિનારાયણ ભગવાન તેડવા આવશે તો આવીશ" ત્યારે તે સાંભળીને નરનારાયણ અંતર્ધાન થઈ ગયા પછી બીજે દિવસે શ્રીકૃષ્ણ ભગવાને દર્શન દીધાં ત્યારે શેઠે પૂછ્યું "મહારાજ તમે કેવા વારુ ?" ત્યારે તે બોલ્યા જે "અમે તમને તેડવા આવ્યા છીએ ને તમને અમારા ધામમાં લઈ જાવા છે" ત્યારે શેઠ કહે "મારે મહારાજના નિશ્ચયમાં કસર નથી ને મહારાજની આજ્ઞા મેં બરોબર પાળી છે માટે મને મહારાજ તેડવા આવશે તો આવીશ' ત્યારે તે અંતર્ધાન થઈ ગયા. પછી ત્રિજે દિવસે શ્રીજીમહારાજ પોતે માણકી ઉપર ચડીને પધાર્યા ને શેઠને દર્શન દઈને કહ્યું "હવે ચાલો" ત્યારે કહે "તૈયાર છું" પછી શેઠે પોતાના સંબંધીઓને બોલાવ્યા ને કહ્યું "આ મહારાજ મને તેડવા આવ્યા છે તે ભેગો હું અક્ષરધામમાં જાઉં છું એમ કહી ખાટલા ઉપરથી ઉતરીને દેહ તજી શ્રીજીની સાથે અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૮૯)*

## સરસોદના રામજીભાઈને તેડવા આવ્યા ત્યારે આખા ગામના માણસોને દર્શન દીધા

નિમાડ દેશમાં સરસોદ નામે ગામને વિષે એક રામજી નામે પાટીદાર હતો તેને મંદવાડ થયો તે મટાડવા સારૂ તેણે ઘણા ઘણા ઉપાય કર્યા દેવ, પિતૃ, દેવી વગેરે ઘણાની માનતાઓ કરી તથા કેટલાક સાધુ સંન્યાસીઓને જમાડ્યા પણ તેણે કરીને રોગ મટ્યો નહિ ને દિવસે દિવસે વધવા લાગ્યો તેવામાં તેના કોઈ પુણ્યને લીધે સ્વામિનારાયણના સાધુઓ તેને ઘેર આવ્યા. તેને પગે લાગીને રામજીએ કહ્યું ''હે મહારાજ ! હું તમારે શરણે છું ને મારું દુઃખ મટાડો'' ત્યારે સાધુએ કહ્યું ''અમે કહીએ તે નિયમ ધારો એટલે તમારું બધું દુઃખ જરૂર મટી જશે'' એમ કહી તેના હાથમાં પાણી દઈ વર્તમાન ધરાવ્યાં ને કહ્યું ''તારો દેહતો રહેશે કે નહિ રહે પણ તારું કલ્યાણ તો જરૂર થઈ ચૂક્યું માનજે ને તને અંતકાળે સ્વામિનારાયણ તેડવા આવશે'' પછી રામજીએ સ્વામિનારાયણનું રટણ કરવા માંડ્યું તેવામાં થોડેક દિવસે તેના દેહનો અંત આવ્યો ને તેને શ્રીજીમહારાજ તેડવા પધાર્યા ને સાથે સાધુઓને લાવ્યા ને ગામના થડમાં એક વાડીએ આવીને ઉતર્યા ત્યારે ગામના માણસો પૂછવા લાગ્યાં જે ''તમે કોણ છો ને ક્યાં જાઓ છો ને આટલાં બધાં માણસો ગામમાં ક્યાં ઉતરશો ?'' ત્યારે મહારાજે કહ્યું ''અમે સ્વામિનારાયણ છીએ તે હમણાં અહી વાડીએ જ રહીશું'' એમ કહી ત્યાં રહ્યા ને અનંત જીવને દર્શન દઈ કૃતાર્થ કર્યા પછી રામજીને ઘેર પધાર્યા ત્યારે રામજી ઉઠીને મહારાજને પગે લાગ્યો ને બહુ આનંદ પામ્યો પછી તેને જેણે નિયમ ધરાવ્યાં હતાં તે સાધુઓને પણ દીઠા પછી મહારાજે કહ્યું ''રામજી ! તું અમારી સાથે ચાલ'' ત્યારે તુરત રામજી દેહ તજીને મહારાજની સાથે અક્ષરધામમાં ગયો ત્યારે ગામનાં માણસો બોલવા લાગ્યાં જે ''ધન્ય છે સ્વામિનારાયણ ભગવાનને કે જે આખા ગામનાં માણસોને દર્શન દઈને રામજીને ધામમાં તેડી ગયા'' ને ગામનાં કેટલાંક માણસોએ તો એમ ધારેલું જે ''સ્વામિનારાયણ અહી ઘણા દિવસ રોકાશે'' પણ દિવ્યરૂપે આવેલા છે એમ જાણ્યું હોત તો સહુ ચરણે બાઝી પડત પણ એ પળ તો ગઈ ને મહારાજનાં દર્શન થયાં એ પણ એમનાં મોટાં ભાગ્ય. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૯૬)*

## ધન્ય છે સ્વામિનારાયણને કે આવી અભાગણીના પણ દોષ ન જોયા ને તેડવા આવ્યા

હિન્દુસ્તાનમાં ઘુવા નામે ગામને વિષે એક લુવાર બીંદો નામે હરિજન બહુ સારો હતો પણ તેના કાકી કુસંગી અને દુષ્ટ સ્વભાવ વાળી તે સત્સંગીની ઠેકડી કર્યા કરે ને સત્સંગીને દેખીને બળી મરે ને બોલે ત્યાંતો ઝેર વરસે ને સત્સંગીને માથે ખોટી આળ ચડાવે ને ગાળ્યું

પણ દીધા કરે ને કહે કે "બીંદો તો સ્વામીનો થયો તે બગડી ગયો છે" એમ જીવી ત્યાં સુધી કર્યું એમ કરતાં તેની આયુષ્ય પુરી થઈ ને મરવા વખતે જમ તેડવા આવ્યા તેને દેખીને તેણે દેવ દેવીને તથા પોતે જે ભેખધારીને સેવ્યા હતા તેને સંભાર્યા પણ કોઈએ તે ટાણે સહાય કરી નહિ ને જમ તો મારો મારો કહેવા લાગ્યા તેથી અતિદુઃખી થવા લાગી પછી તેણે શ્રીજીમહારાજને સંભાર્યા જે "હે સ્વામિનારાયણ તમે ભગવાન હો તો આ ટાણે મારી જમ થકી રક્ષા કરો" ત્યારે જમ છેટે ખસી ગયા એટલે તેણે વારંવાર સ્વામિનારાયણ નામ લેવા માંડ્યું ત્યારે શ્રીજીમહારાજ સુંદર રથમાં બેસીને પાર્ષદે સહિત આવ્યા ને ગામનાં બધાં માણસોને દર્શન થયાં પછી મહારાજ તે ડોશી પાસે પધાર્યા ત્યારે જમ ભાગી ગયા પછી ડોશીયે મહારાજનાં દર્શન કર્યા ને સ્તુતિ કરવા લાગી જે "ધન્ય ધન્ય મહારાજ ! તમે મારો આ સમયે અવગુણ ન જોયો ને મારી સહાય કરી તે તો તમારું બીરૂદ સંભાળીને આવ્યા છો" એમ કહી દેહનો ત્યાગ કરીને મહારાજ સાથે ધામમાં ગઈ ત્યારે ગામનાં લોકો કહેવા લાગ્યા કે "ધન્ય છે સ્વામિનારાયણને કે આવી અભાગણીના પણ દોષ ન જોયા ને તેડવા આવ્યા" એમ મહારાજ પરચો આપીને તે ડોશીને તેડી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૯૭)*

## ધૂવા ગામના લુકીયે બોલતા થકા દેહ મૂક્યો ને મહારાજ તેડવા આવ્યા

વળી તેજ ગામ ધુવામાં એક લુકી નામે લુવાર હરિજન સારો હતો તેને અંતકાળે શ્રીજીમહારાજે સંત સાથે તેડવા પધાર્યા ત્યારે સર્વે સત્સંગીએ પ્રગટ પ્રમાણ દર્શન કર્યા ને લુકીએ મહારાજને નમસ્કાર કર્યા ત્યારે મહારાજે કહ્યું "અમે તને તેડવા આવ્યા છઈએ માટે તૈયાર થા" ત્યારે તે તુરત દેહ તજીને મહારાજ સાથે અક્ષરધામમાં ગયો. એ પ્રમાણે લુકીયે બોલતાં થકાં દેહ મેલ્યો ને શ્રીજીમહારાજ પ્રગટ પ્રમાણ તેડવા પધાર્યા તે જોઈને ગામનાં માણસો બહુ આશ્ચર્ય પામ્યાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૦૧)*

## ધૂવા ગામના કેશરભાઈ ભૂતનો દેહ ત્યાગ કરીને ધામમાં ગયા

વળી એ ગામ ધુવામાં એક પ્રાણનાથ નામે લુવાર હરિજન બહુ સારો હતો ને તે હંમેશાં મહારાજની પટ મૂર્તિની પૂજા કરતો ને તેને તે મૂર્તિમાં પ્રેમ ઘણો રહેતો. એક વખત તેને ઘેર મહારાજ પધાર્યા ને પૂજવા માટે ચરણારવિંદ પાડી આપ્યાં ને હજારો માણસોને દર્શન દીધાં તેથી માણસો આનંદ પામ્યાં ને બોલ્યાં જે "ધન્ય છે ભાઈ સ્વામિનારાયણ ભગવાનને કે જે પોતે પ્રગટ પ્રમાણ આવ્યા ને પૂજવા માટે ચરણારવિંદ પાડી આપ્યાં આતો પરચો થયો પણ જે પાપી હશે તે નહિ માને" અને તે પ્રાણનાથનો બાપ કેશર, નામે હતો તે કબીરના પંથમાં

હતો તેને અંતકાળે જમ તેડવા આવ્યા પણ તે કેશર બહુ વિષયાભિલાષી હતો તેથી જમના હાથમાંથી ભાગી ગયો ને ભૂત થયો ને પોતાના ઘરમાં રહ્યો તે આખી રાત્રિ હડીયો કાઢે ને હો હો બોલ્યા કરે ને કબીરીયાનો વેષ કાઢે પછી તેની સ્ત્રીના દેહમાં આવ્યો ને બોલ્યો કે "એક સ્વામિનારાયણનોજ મત સાચો છે ને બીજા બધા ખોટા છે ને સ્વામિનારાયણ તો પ્રગટ પ્રમાણ ભગવાન છે માટે તેજ ખરા કલ્યાણ કરનારા છે ને કબીરીયા તો મોટા મોટા મહંત હતા પણ તે સર્વે મરીને મારા જેવા ભૂત થયા છે માટે કોઈ કબીરીયા થાશોમાં ને પ્રાણનાથની વાતો સાંભળજો ને તે જેમ કહે તેમ કરજો ને તે સત્સંગી સારો છે. તેણે કરીને હુંતો કૃતાર્થ થયો છું કારણ કે તેના મુખનું ભજન સાંભળીને હું ભૂતનું દેહ તજીને હવે સ્વામિનારાયણના ધામમાં જાઉં છું" એમ કહીને તેની સ્ત્રીના શરીરમાંથી નિસરીને ધામમાં ગયો. તે વાત ઘણાં માણસોએ ધ્યાન દઈને સાંભળીને બોલ્યા જે "ધન્ય છે ભાઈ સ્વામિનારાયણને ને બીજાતો ખોટા છે તે જુઓને કેસર કબીરીયો હતો પણ મરીને ભૂત થયો ને સહજાનંદ સ્વામી સાચા છે એમ કહી તેના ધામમાં ગયો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૦૨)*

## સાધુને પોંક આપ્યો તે બદલ તેડવા આવ્યા

એક વખત બ્રહ્માનંદસ્વામી પોતાના મંડળ સાથે ભાલ દેશમાં ચાલ્યા જતા હતા તે વખતે એક ખેતર આવ્યું તેમાં કણબીના છોકરા ઘઉંનો પોંક પાંડતા હતા તેને સ્વામીએ કહ્યું "અમને પોંક દેશો ?" ત્યારે એક છોકરે પૂછ્યું "અમે પોંક દઈએ તો તમે શું દીયો ?" ત્યારે સ્વામી કહે "અમે તમારું કલ્યાણ કરશું" ત્યારે છોકરો કહે "શી રીતે કલ્યાણ થાય ?" ત્યારે સ્વામી કહે "આ મારી ફાંદ સંભારજ્યો એટલે હું તમને તેડવા આવીશ" પછી છોકરે પોંક આપ્યો તે સહુ સાધુ જમ્યા ને પછી કેટલેક વરસે તે છોકરે દેહ મેલ્યો ત્યારે તે બોલ્યા જે "સ્વામિનારાયણના ફાંદવાળા સાધુ મને તેડવા આવ્યા છે તે ભેળો હું ધામમાં જાઉં છું ત્યારે તેનાં સગાં કહે "તે શું પુન્ય કર્યું હતું જેથી સ્વામીના સાધુ તને તેડવા આવ્યા ?" ત્યારે તે છોકરે કહ્યું "મેં એક વખત તે સાધુને પોંક આપ્યો હતો તે પુન્યે કરીને મને તેડવા આવ્યા છે" એમ કહીને તે દેહ મેલીને ધામમાં ગયો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૧૧)*

## રોજીદડના મધુસુદનદાસજીને શ્રીહરિ તેડવા પધાર્યા

એકવાર શ્રીજીમહારાજ ગામ રોજીદડ પધાર્યા ત્યારે ગામનાં માણસ બધાં દર્શન કરવા આવ્યાં પણ એક કણબીનો છોકરો ન આવ્યો ને મહારાજ ગામમાં પધાર્યા ત્યારે તે છોકરો અવળું જોઈ ગયો પણ મહારાજની તેના ઉપર દૃષ્ટિ પડેલી તેથી તે મહારાજ ધામમાં ગયા પછી સત્સંગી થયો ને વૈરાગ્ય થવાથી રઘુવીરજી મહારાજ પાસે દીક્ષા લઈને સાધુ થયો ને

મધુસુદનદાસજી નામ પાડ્યું, તે સાધુ ગઢડે રહેતા ને તેણે ધર્મામૃતમાં કહેલાં બધાં વ્રત કર્યાં હતાં ને ચાતુર્માસમાં એકજ જાતનું એક ફળ ખાઈને રહેતા ને વચનામૃત પણ ઘણાં કંઠે કર્યાં હતાં એવા મણિ જેવા સાધુ થયા હતા તે અંતે દેહ મુકીને શ્રીજી સાથે અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૧૨)*

## ગુડેલના જીજીભાઈ દેહનો ત્યાગ કરી વિમાનમાં શ્રીહરિ સાથે ધામમાં ગયા

ગામ ગુડેલમાં ક્ષત્રિય જીજીભાઈ બહુ સારા હરિભક્ત હતા. એક વખત તે ગામમાં ધાડ આવી ને પાપીઓએ ગામમાં રાડ બોલાવી દીધી ત્યારે જીજીભાઈ પોતે શૂરવીર હોવાથી તરવાર લઈને પોતે બારવટીયાને મારવા માંડયા ને ચકચૂર કરીને ગામમાંથી કાઢી મેલ્યા ને પોતે ઘેર આવ્યા પણ કોઈ એક ચોરે સંતાઈને જીજીભાઈ ઉપર ઘા કરેલો તેથી પોતે ઘવાયા હતા પણ પોતે શૂરવીર હોવાથી મહારાજની સ્મૃતિ રાખીને ઘાની પીડાને ગણકારી નહિ એમ કરતાં પાંચ દશ દિવસ થયા ત્યારે શ્રીજીમહારાજે દર્શન દીધાં ત્યારે જીજીભાઈ આનંદ પામીને બોલ્યા જે "હે મહારાજ ! આ સમે ભલે મારી સાર લીધી" ત્યારે મહારાજ કહે "તમારો દેહ આજથી ત્રણ દિવસ પછી પડવાનો છે ત્યારે અમે તેડવા આવીશું" એવો વર આપીને મહારાજ અંતર્ધાન થઈ ગયા ને ત્રીજે દિવસે સંત પાર્ષદોને સાથે લઈને મહારાજ તેડવા પધાર્યા ત્યારે જીજીભાઈ પ્રસન્ન થકા દેહનો ત્યાગ કરીને મહારાજની સાથે વિમાનમાં બેસીને ધામમાં ગયા તે સમે ગામનાં માણસો સહુ ધન્ય ધન્ય કહેવા લાગ્યાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૧૯)*

## ઘંટીયા બળદ તથા નિષ્કુળાનંદ સ્વામીને તેડી ગયા

ધોલેરામાં એક સમયને વિષે નિષ્કુળાનંદસ્વામી મંદિરમાં આરસનું કામ કરાવતા હતા ને બારસાખનું કામ બાકી હતું ત્યારે ગોંડલના કડિયા દામાને સ્વામીએ પૂછ્યું જે "કેટલુંક કામ અધુરું છે ?" ત્યારે દામા મીસ્ત્રીએ કહ્યું "સ્વામી આવતી કાલે કામ પૂરું થઈ રહેશે પછી તેજ રાત્રિએ નિષ્કુળાનંદસ્વામીને રામાનંદ સ્વામીએ દર્શન દીધાં ને કહ્યું "ચાલો અમારી ભેગા" ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ ના પાડી જે "મને તો શ્રીજીમહારાજ તેડવા આવશે ત્યારે તેમની ભેગો આવીશ" પછી રામાનંદસ્વામી એક ઘંટીયો બળદ હતો તેના જીવને લઈ ગયા. પછી વળતે દિવસે નિષ્કુળાનંદસ્વામીએ સવારમાંજ ભંડારી સાધુને બોલાવીને કહ્યું કે "આજે વહેલી રસોઈ કરી લેજો ને વહેલા સહુ જમી લેજો બપોરે મારે દેહ મેલવો છે" પછી દશ વાગવાને સમયે સ્વામી મંદિરમાં ગયા ને આરસની સામું જોઈ હાથ ફેરવીને રાજી થયા પછી

મદનમોહનજીનાં તથા મહારાજનાં દર્શન કરીને આસને આવીને બેઠા પછી રાજભોગની આરતી થઈ ને હરે થયા એટલે સહુ સંત જમવા ગયા ને જમીને સ્વામી પાસે આવીને સહુ બેઠા પછી બાર વાગ્યા તે ટાણે શ્રીજીમહારાજ વિમાન લઈને સ્વામીને તેડવા આવ્યા તે વખતે મંદિરમાં બધે તેજ તેજ થઈ ગયું તે સાધુ, બ્રહ્મચારી તથા પાળા, હરિજનો સહુએ દેખ્યું તે વખતે શ્રીજીમહારાજે સ્વામીને દર્શન દઈને કહ્યું જે “શ્વેતદ્વીપની ગાદી ખાલી થઈ છે તો ત્યાં તમે જાશો ?” ત્યારે સ્વામી કહે “મહારાજ ! હું તો પ્રથમ ત્યાં હતો માટે હવે ત્યાં જાવું નથી, હવે તો તમારી ભેગો અક્ષરધામમાં આવીશ” એમ કહીને સંવત ૧૯૦૩ ના અષાઢ વદી નોમને દિને દેહનો ત્યાગ કરી વિમાનમાં બેસીને મહારાજ ભેળા અક્ષરધામમાં ગયા. એમ જે ખરી ઉપાસનાવાળા હોય તે પુરુષોત્તમનારાયણ વિના પોતાના ગુરુ કે બીજા અવતારાદિક તેડવા આવે તો પણ તેમની ભેગા જાય નહિ. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૨૧)*

## સંતો સાથે કેરીઓ મોકલતા પાટીદારને શ્રીહરિ કેરી લઈને વિમાનમાં તેડી ગયા

એકવાર ગુજરાત દેશમાં ફરતા હતા તે બે સાધુઓ વડતાલ શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવતા હતા ત્યાં રસ્તામાં એક આંબાવાડી આવી ત્યાં પાણી પીવા ગયા ને કૂવામાંથી પાણી સીંચીને પીધુ પછી તે વાડીવાળે સાકરીયા આંબાની કેરીયું તે સાધુને આપીને કહ્યું “આ કેરીયું તમારા ભગવાન સ્વામિનારાયણ છે તેને જમાડજો.” ત્યારે સંત તે કેરીઓ લઈને વડતાલ આવ્યા ને મહારાજ બંગલામાં ઢોલિયા ઉપર બિરાજમાન હતા ત્યાં આવીને તે કેરીઓ મહારાજના ઢોલિયા ઉપર મેલીને દંડવત કરીને પગે લાગ્યા ને કહું “હે મહારાજ ! અમે રસ્તામાં આવતા હતા ત્યાં એક આંબાવાડી આવી ત્યાં અમે પાણી પીવા ગયા ત્યારે તે વાડીના ધણીએ આ કેરીઓ આપીને કહ્યું આ “તમારા સ્વામિનારાયણને જમાડશો” ત્યારે મહારાજ તે કેરીઓ ધોવરાવીને જમવા લાગ્યા ને બોલ્યા જે “આ કેરીઓ તો બહુજ મીઠી છે” ત્યારે સાધુએ કહ્યું હા મહારાજ’ એ પાટીદારનો ભાવ બહુ સારો હતો” પછી મહારાજે તે કેરીની પ્રસાદી તે લાવનારા સાધુને પણ આપી તે પછી થોડાક વરસે તે પાટીદાર માંદો થયો ને દેહ મેલ્યો ત્યારે શ્રીજીમહારાજ વિમાન લઈને તેને તેડવા પધાર્યા ત્યારે તે પાટીદારે મહારાજના હાથમાં પાકેલ કેરીઓ દીઠી તેથી તેને સ્મૃતિ આવીને તે બોલ્યો જે “એકદી સાધુને મેં કેરીઓ આપી હતી તે કેરીઓ સોતા આ સ્વામિનારાયણ મને વિમાન લઈને તેડવા પધાર્યા છે ને ભેગો હું તેમના ધામમાં જાઉં છું” એમ બોલતો થકો તે દેહ મેલીને ધામમાં ગયો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૩૫)*

## અયોધ્યાપ્રસાદજી મહારાજની ગાડી ચલાવનાર મારવાડીને શ્રીહરિ તેડવા પધાર્યા

એક સમયે શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા હતા તે વખતે એક મારવાડી આવ્યો ને મહારાજને પગે લાગીને બોલ્યો કે "હે મહારાજ ! હું ભૂખે મરું છું" ત્યારે શ્રીજીમહારાજે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને બોલાવી કહ્યું "આને રોટલા ખવરાવો તે હંમેશાં તમારી ગાડી હાંકશે" પછી તેને રોટલા ખવડાવ્યા ને મંદિરમાં રાખ્યો ને તેણે પચીસ વર્ષ સુધી અયોધ્યાપ્રસાદજી મહારાજની ગાડી હાંકી પછી તેને મંદવાડ થયો ત્યારે શ્રીજીમહારાજે તેને દર્શન દીધાં ને કહ્યું "ચાલ અમારા ધામમાં" ત્યારે તે મારવાડે આનંદસ્વામી પાસે જઈને કહ્યું "મને મોટા મહારાજ કહે છે ચાલ અમારા ધામમાં" ત્યારે આનંદસ્વામી કહે "જા ધામમાં તારાં મોટાં ભાગ્ય" ત્યારે તે પોતાને આસને પાછો આવ્યો ને તુરત દેહ મુકીને ધામમાં ગયો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૬૩)*

## જેતલપુરના જોઈતારામને વિમાન લઈ શ્રીહરિ તેડવા પધાર્યા તે ગામ લોકોએ દેખ્યું

એકવાર શ્રીજીમહારાજ જેતલપુરમાં વિપ્ર જોઇતા ને ઘેર પધાર્યાને તે વખતે મહારાજ અલૌકિક રૂપે આવેલા તે જોઈને પોતાની ધન્ય ઘડીને ધન્ય ભાગ્ય માનીને તે મહારાજને કહેવા લાગ્યો "હે મહારાજ ! આજ મારે ઘેર દયા કરીને તમે પધાર્યા છો તો હું રસોઈ કરું તે તમે દયા કરીને જમો" ત્યારે મહારાજ કહે "તું તારે હાથે રસોઈ કર તે અમે જમશું" પછી જોઇતારામે રસોઈ કરી તે મહારાજ જમ્યા ને ચળુ કરી મુખવાસ લઈને બિરાજમાન થયા ત્યારે તે હાથ જોડીને મહારાજ સામો બેઠો પછી મહારાજ બોલ્યા કે "અમે જે માટે આવ્યા છીએ તે વાત તને કહેવી છે તે તું હૃદયમાં ધારી રાખજે. તે એ કે તારા દેહને પડવા આડો એક મહિનો રહ્યો છે ને તું નહાવા જઇશ ત્યાં કૂવો પડશે તેથી તારો દેહ પડશે ને તે સમે અમે તને તેડવા આવશું ને તેવી વસમી વેળામાં તુને સહાય કરશું માટે તું આનંદમાં રહેજે ને આ વાત જે ખરો ભગવાનનો ભક્ત હોય તેવા એકને કહેજે" ત્યારે તે બોલ્યો "ભલે મહારાજ, પણ મહારાજ ! મારી એક બેન છે તે તમારાં દર્શન કરવા ઈચ્છે છે તો તેને દયા કરીને દર્શન આપો તેને હું તેડી લાવું" એમ કહીને તે તેડવા ગયો ને વાંસેથી મહારાજ તો અંતર્ધાન થઈ ગયા પછી જોઈતારામ તેની બેનને તેડીને આવ્યો ત્યાંતો મહારાજ અંતર્ધાન થઈ ગયેલા ને જમેલ પત્રાવળી પડી હતી પછી તેના બેન પસ્તાવો કરવા લાગ્યાં ત્યારે જોઈતારામ કહે "એ તો મારે માટે આવ્યા હતા તે કહી ગયા છે. કે એક મહિના પછી

તને ધામમાં તેડી જાશું ને હે બેન ! તું આ વાત કોઈ આગળ કહીશમાં'' તે પછી એક મહિના કેડે મહારાજ પધાર્યા ને જોઈતારામ દેહ મુકીને ધામમાં ગયો તે વખતે ગામના બ્રાહ્મણોને પણ મહારાજના વિમાનના દર્શન થયાં તે જોઈને સૌ આશ્ચર્ય પામ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૭૬)*

## વાડાશીનોરના અભેરામની માતાને વડતાલમાં તેડવા આવ્યા

ગામ વાડાસીનોરમાં અભેરામ નામે હરિજન હતા તે મહારાજનાં દર્શન કરવા મહારાજ હોય ત્યાં આવે ને પછી ઘેર જઈને પોતાના માને મહારાજના નિશ્ચયની વાત કરે ત્યારે તે ડોશી બોલે જે ''હે અભેરામ ? કાંતો તે સ્વામિનારાયણ ભગવાન જાણ્યા નથી ને જાણ્યા હોય તો ભગવાનને મેલીને આંહી શીદ દોડ્યો આવે છે ?'' એમ નિત્યે મા દિકરાને સંવાદ થાય પછી કોઈક દિવસ તે અભેરામ વડતાલ મહારાજને દર્શને આવ્યા ત્યારે તેને મનમાં એમ થયું જે ''ડોશી પીજમાં મારે મોશાળે આવ્યાં છે તેને આંહી તેડી લાવીને મહારાજનાં દર્શન કરાવું તો સારું'' એમ વિચારીને પીજ ગયો ને ત્યાંથી ડોશી તેડી લાવી મહારાજનાં દર્શન કરાવ્યાં ત્યારે દર્શન કરીને ડોશીને મહારાજના ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો પછી ઉતારે ગયાં ત્યાં તેને તાવ આવ્યો પછી તે ડોશી બોલ્યાં જે ''અભેરામ મને મહારાજનાં દર્શન કરાવ'' પછી અભેરામ મહારાજ પાસે જઈને કહ્યું ''મારી ડોશીને તાવ આવ્યો છે તેને તમે દર્શન દેવા પધારશો ત્યારે મહારાજ કહે ''હા ચાલો'' પછી મહારાજ તે ડોશીને દર્શન દેવા પધાર્યા ને દર્શન દઈને પાછા ઉતારે આવ્યા ત્યાં ડોશીએ દેહ મેલી દીધો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૮૬)*

## કણભાના ઉત્તમચંદને વિમાનમાં બેસારીને શ્રીહરિ તેડી ગયા

ગામ કણભામાં શેઠ ઉત્તમચંદ સારા ભક્ત હતા તેને મહારાજની આજ્ઞા ઉપાસના સર્વોપરી હતાં ને તે સાધુની સેવા પણ સારી કરતા તેને મંદવાડ થયો દેહ મૂકવાનો સમય થયો ત્યારે શ્રીજીમહારાજ વિમાન લઈને તેડવા આવ્યા ત્યારે પ્રથમ તે ગામમાં એક વેરાગીનું મંદિર હતું ત્યાં ગયા ને થોડીવાર બેઠા ત્યારે વેરાગીએ પૂછ્યું ''આ કેનું વિમાન છે ?'' ત્યારે પાર્ષદોએ કહ્યું ''સ્વામિનારાયણ ભગવાનનું વિમાન છે ને ઉત્તમચંદ શેઠને ધામમાં તેડી જવા આવ્યા છે.'' પછી મહારાજ વિમાન લઈને શેઠને ઘેર ગયા તે વખતે ઘણાં માણસોને મહારાજનાં તથા વિમાનનાં દર્શન થયા પછી મહારાજ ઉત્તમચંદ શેઠનો દેહ તજાવીને વિમાનમાં બેસાડી ધામમાં તેડી ગયા તે જોઈને ગામનાં માણસો સર્વે આશ્ચર્ય પામ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૮૮)*

## ગામડીના નરસીભાઈને તેડવા શ્રીહરિ હાથી લઈને આવ્યા

ગામડી ગામમાં પાટીદાર નરસીભાઈ બહુ સારા સત્સંગી હતા ને તેને શ્રીજીમહારાજનો નિશ્ચય ખરેખરો હતો ને મહારાજને સર્વ અવતારના અવતારી સમજતા ને તેના નિયમ ધર્મ પણ બરોબર હતા તેને મંદવાડ આવ્યો ને દેહ પડવાનો સમય થયો ત્યારે તેને તેડવા સારૂ શ્રીજીમહારાજ અંબાડીવાળા હાથી ઉપર બેસીને આવ્યા ને કેટલાક સંત તથા પાર્ષદો સાથે હતા ને પાર્ષદોએ હાથમાં દીવા રાખેલા હતા તેથી આખા ગામમાં પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો હતો ને એવા થકા ગામમાં દરજી બેચરના ઘર પાસે આવ્યા ત્યાં તો બધો કોલાહલ સાંભળીને બેચર દરજી પોતાના ઘરમાંથી બહાર આવ્યા ને જોયું તો મહારાજ હાથી ઉપર વિરાજેલા ને સંત તથા પાર્ષદો કેટલાક ચાલ્યા આવે, ત્યારે એ બધું જોઈને તેણે પૂછ્યું ''આ બધા તમે ક્યાં જાઓ છો ?'' ત્યારે એક પાર્ષદે કહ્યું ''અમે પાટીદાર નરસીભાઈને તેડવા જાઈએ છીએ'' એમ કહીને ચાલ્યા ને સામી ભીત આવી તેમાં સોંસરા સહુ ચાલ્યા ગયા ને નરસીભાઈને દર્શન દીધાં ત્યારે નરસીભાઈએ તેનાં સગાં સંબંધીને કહ્યું ''આ શ્રીજીમહારાજ હાથી ઉપર બેસીને સંત પાર્ષદે સહિત મને તેડવા આવ્યા છે તે ભેગો હું ધામમાં જાઉં છું'' એમ કહી દેહ મેલીને મહારાજ સાથે અક્ષરધામમાં ગયા, તે પરચો જોઈને બેચર દરજીએ ગામમાં સાધુ આવ્યા ત્યારે તેની પાસે જઈને વાત કરીને પોતે વર્તમાન લઇ સત્સંગી થયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૮૯)*

## લુણાવાડાના લખા જોશીને મહારાજ તેડી ગયા

એક સમયને વિષે સુખદાતાનંદસ્વામી ગામ લુણાવાડામાં માંદા થયા ત્યારે લખો જોશી પોતાને ઘેરથી પુડલા ખીચડી આદિ લાવીને બહુ સેવા કરતા હતા તેથી કરીને તેમના ઉપર સુખદાતાનંદસ્વામી બહુ રાજી થયા ને બોલ્યા જે લખા જોશી હું તમારી ઉપર બહુ રાજી થયો છું માટે તમે કાંઈ વર માગો'' ત્યારે લખો જોશી બોલ્યા જે ''સ્વામી ! તમે જ્યારે ધામમાં જાઓ ત્યારે મને ધામમાં તેડી જાજો'' પછી સ્વામી કહે ''બીજું માગો'' ત્યારે કહે ''મારે બીજું જોઈતું નથી'' ત્યારે સ્વામીએ કહ્યું ''ઠીક'' તે પછી તો સ્વામી સાજા થયા ને કોઈ સમે ગામ વડથલમાં ફરવા પધારેલા ને ત્યાં માંદા થયાને દેહ મેલ્યો તે સમાચાર કોઈ લુણાવાડાનો બ્રાહ્મણ ત્યાં ગયેલ હતો તેણે લુણાવાડે આવીને લખા જોશીને કહ્યા ત્યારે લખોજોશી મંદિરમાં હરિજનો આગળ બોલ્યા જે ''સુખદાતાનંદસ્વામીએ મને કોલ દીધો છે માટે મને તેડી જાશે'' ત્યારે પુરુષોત્તમ આદિ હરિજનો બોલ્યા કે ''હજી દેહ મેલશો ત્યારે ને ?'' પછી અરધી રાત્રિએ લખા જોશીનું માથું દુઃખવા માંડ્યું ને બીજે દિવસે તાવ આવ્યો ને રાત્રિએ તો દેહ મેલી દીધો ત્યારે તે

બોલ્યા જે "આ સુખદાતાનંદસ્વામી તથા મહારાજ મને તેડવા આવ્યા છે તે ભેળો હું ધામમાં જાઉં છું" એમ શ્રીજીમહારાજ સુખદાતાનંદસ્વામીનો વર સત્ય કરીને લખા જોશીને ધામમાં તેડી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૯૧)*

## પ્રાંતિજમાં એક બાઈને શ્રીહરિ રથ લઈને તેડવા આવ્યા

ગામ પ્રાંતિજમાં એક હરિજન બાઈએ દેહ મેલ્યો તેને રાત્રિએ શ્રીજીમહારાજ રથ લઈને તેડવા આવ્યા ત્યારે માઢ ઉઘડાવીને તેને ઘેર જઈને બાઈને તેડીને વળ્યા ત્યારે ફરી માઢ ઉઘડાવીને રથ હાંકીને ગયા. તે માઢ ઉઘાડનારે જતાં ને વળતાં બેય વખત મહારાજને રથ સહિત દેખ્યા ને રથમાં બેય પૈડાના ચીલા પણ પરોડીયે એણે ભાગોળ લગી થયેલા જોયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૦૧)*

## પ્રાંતિજમાં ખુશાલભાઈને તથા તેમની પત્નીને તેડવા આવ્યા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરના ખુશાલભાઈ પટેલ ઘણા સારા સત્સંગી હતા. શ્રીજીમહારાજના સીધા યોગમાં તેઓ અનેકવાર આવ્યા હતા. આ ખુશાલભાઈને એવો નિયમ હતો કે, "પ્રતિ વર્ષ સમૈયે સમૈયે શ્રીજીમહારાજના દર્શને જવું." તે જ્યારે શ્રીજીમહારાજ અંતર્ધાન થયા ત્યારે તે નિયમ પડતો મૂક્યો. શ્રીજીમહારાજ સત્સંગમાં પ્રત્યક્ષ વિરાજમાન છે એવી સમજણ હરિભક્તને આપવા અને તેની આ અંગેની કચાશ દૂર કરવા શ્રીજીમહારાજે અતિ દયા કરીને એમને દર્શન દઈને કહ્યું કે, "અમે તો સત્સંગમાં સદા પ્રત્યક્ષ વિરાજીએ છીએ અને તમે તમારો નિયમ મૂકીને કેમ મોળા પડ્યા ? અને હું તો આ જે મારી મૂર્તિઓ પધરાવી છે તેમાં તથા ગોપાળાનંદ સ્વામી આદિ મારા સ્વરૂપ છે તેમાં રહીને સર્વની સદા કાળ પૂજા ગ્રહણ કરીશ." પછી તો વર્ષો વર્ષ ખુશાલભાઈ સમૈયા પર ગોપાળાનંદ સ્વામીની અતિ ભાવથી પૂજા કરી સમાગમનો લાભ લેતા.

આવા સત્સંગિ ખુશાલભાઈને શ્રીજીમહારાજે અગાઉથી દર્શન દઈ કહ્યું હતું કે, "આજે તને હું તેડવા આવીશ." આથી ખુશાલભાઈએ પોતાની પત્નીને કહ્યું કે, "તમારા ગયા પછી મારું અહીં કોણ ?" ખુશાલભાઈએ કહ્યું કે, "કાલે હું શ્રીજીમહારાજને લઈને તને તેડી જઈશ. તું કાંઈ ચિંતા કરીશ નહિ." એમ કહી પોતે દેહ મૂક્યો અને બીજે દિવસે મહારાજ સાથે આવી પોતાની પત્નીને પણ ધામમાં તેડી ગયા. પત્નીને બીજે દિવસે તેડવા આવવાનો કોલ આપતી વખતે ખુશાલભાઈએ આ બાબતે કંઈ મહારાજની મંજુરી લીધી નહોતી પણ કેટલો પોતાના ઈષ્ટદેવમાં વિશ્વાસ. જેટલામાં રાજાનું રાજ્ય એટલું રાણીનું રાજ્ય એ ન્યાયે જેમ મહારાજ જીવોનાં કલ્યાણ કરે તેમજ એમના મુક્તો પણ કરે છે.

## સોજાના નાગરદાસ તથા કડિયાને તેડવા આવ્યા

ગામ સોજાના પટેલ નાગરદાસ માંદા હતા ને તેના ભાઈ નથુ પટેલ પાસે બેઠા હતા તે સમે નાગરદાસ ઉંચું જોવા મંડ્યા ત્યારે નથુભાઈએ કહ્યું "ભાઈ ! વળાને શું જોઈ રહ્યા છો ? મહારાજને સંભારોને" ત્યારે નાગરદાસ બોલ્યા જે "હું વળાને જોઉં તેવો નથી હું તો મહારાજશ્રીની મૂર્તિ જોઈ રહ્યો છું ને આ હરિચરણદાસજી આદિક પાંચ સાધુ આવ્યા છે તે તમને આવતી કાલે મહારાજ તેડવા આવશે ને અમે આજ ઓલ્યા કડિયાને તેડવા જાઈએ છીએ" ત્યારે નથુભાઈ બોલ્યા જે "તેઓ સત્સંગી નથી" ત્યારે નાગરદાસ કહે એ તો સત્સંગી નથી પણ એની મા સંત્સંગી હતાં ને તેણે સાધુને લોટ આપ્યો ને તે દિવસે તે બાઈથી દળાય તેમ નહોતું તેથી તે કડિયે દશ શેર બાજરો દળી દીધો હતો તે પુણ્ય કરીને તેને તેડવા જાઈએ છીએ, એમ તેઓ વાત કરે છે એટલામાં તો નાગરદાસનો દીકરો આવ્યો તે બોલ્યો કે "એ કડિયો તો ચાર્યનો ભારો લઈને હમણાંજ મને મળ્યો હતો ને સાજો છે" પછી તે કડિયો પોતાને ઘેર ચાર્યનો ભારો નાખીને તળાવમાં નાવા ગયો ત્યાં વાય આવી તેથી પાણીમાં પડ્યો ને દેહ મેલી દીધો ને તેને સાધુ તેડી ગયા ને નાગરદાસને બીજે દિવસે મહારાજ તેડી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૦૯)*

## વિહાર ગામના અમુલખભાઈને માનબાઈ ઠેઠ અક્ષરધામ સુધી મૂકી આવ્યા

એક સમયને વિષે ગામ વ્યાર (વિહાર)નાં ત્રવાડી અમુલખને અંત સમે મહારાજ તેડવા આવ્યા ને તે દેહ મેલીને મહારાજ ભેળો ચાલ્યો ત્યારે તેની બેન માનબાઈએ જાણ્યું જે "આ વાસનિક છે તે મહારાજને મુકીને કોઈક લોકમાં રહી જાશે" એમ જાણીને પોતે સમાધિ કરીને ઠેઠ અક્ષરધામ સુધી તેને મેલવા ગયાં ને અક્ષરધામમાં મેલીને પાછાં આવ્યાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૧૦)*

## વિરમગામના ગીરજાશંકરને બેય આચાર્ય, દાદા ખાચર સાથે લઈને તેડી ગયા

ગામ વિરમગામમાં ગીરજાશંકર નામે હરિજન બહુ સારા હતા તમને જ્યારે અંતકાળનો સમય થયો ત્યારે મોટા સાધુ ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુઓ તથા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા દાદા ખાચર આદિક મોટા હરિજનો સહિત શ્રીજીમહારાજ તેમને

તેડવા આવ્યા ને દર્શન થઈને તથા અતિ ચમત્કાર દેખાડીને તેડી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૧૨)*

## ચોબારીના ઠક્કર ભીમજીભાઈને તેડી ગયા

ગામ ચોબારીમાં ઠક્કર ભીમજીભાઈ બહુ સારા હરિજન હતા તેને જ્યારે અંતકાળનો સમય થયો ત્યારે શ્રીજીમહારાજ તેને તેડવા પધાર્યા ને દિવસે અલૌકિક દર્શન દઈને તથા પ્રતાપ દેખાડીને પોતાના અક્ષરધામમાં તેને તેડી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૧૪)*

## ધોળકાના ગોવિંદરામ જોશી તથા જીવરાજશા ને તેડવા આવ્યા. પણ સાથે ન ગયા ને હેરાન થઈ ગયા

ગામ ધોળકામાં ગોવિંદરામ જોશી બહુ સારા હરિજન હતા તેને અંતકાળનો સમય થયો ત્યારે દિવસે શ્રીજીમહારાજ તેમને તેડવા આવ્યા ને દર્શન દઈ કહ્યું "ચાલો તમને તેડવા આવ્યા છઈએ" ત્યારે તે બોલ્યા જે "મહારાજ ! મારાં છોકરાં નાનાં છે સ્ત્રી પણ સમઝું નથી માટે મને બે દિવસ મુકી જાઓ તો ઠીક" ત્યારે મહારાજ કહે "જાઓ પાંચ વરસ કાચલા કુટો" એમ કહીને અંતર્ધાન થઈ ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૧૬)*

ગામ ધોળકામાં જીવરાજશાને મહારાજ તેડવા આવ્યા ને કહ્યું કે "તમને અમે તેડવા આવ્યા છઈએ તે ચાલો" ત્યારે તે બોલ્યો કે "હે મહારાજ ! મારી દીકરીની દીકરીને પરણાવવી છે ને કપાશીઆની વખાર ભરેલી છે તે, વેચવી છે માટે હમણાં મને મેલી જાઓ તો ઠીક પછી મહારાજ અંતર્ધાન થઈ ગયા ને જીવરાજશા તે પછી બાવીસ વરસ સુધી જીવ્યા ને કોઈ સ્ત્રી કે છોકરો ચાકરી કરનાર નહિ તેથી બહુ હેરાન થઈને દેહ મેલ્યો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૧૭)*

## કાણોતરના બોઘાભાઈ ભરવાડને તેડવા આવ્યા

ગામ કાણોતરમાં ભરવાડ બોઘોભાઈ હતા તે સત્સંગી બહુ સારા હતા ને તેને ગામની પટલાઈ હતી ને પોતે ધર્મનિયમવાળા સારા હતા ને ઘેર બ્રાહ્મણ રસોઈ કરવા રાખેલ તે સહુને છેટેથી પીરસીને જમાડે એવો ધર્મ રાખતા. તેના દીકરા શાર્દુલને શરીરમાં તાવ આવવા માંડ્યો ને તેને શ્રીજીમહારાજનાં દર્શન થયા ને મહારાજે કહ્યું "શાર્દુલ, અમે તને તેડવા આવ્યા છીએ." ત્યારે તે શાર્દુલે તેના બાપને કહ્યું "મને મહારાજ તેડવા આવ્યા છે માટે મને રજા આપો.". તો હું મહારાજ ભેગો અક્ષરધામમાં જાઉં ને મારા વાંસે ધોળકાના મંદિરમાં સાધુને રસોઈ આપજો" એમ રજા માગીને તુરત દેહ તજી મહારાજ ભેગો અક્ષરધામમાં ગયો.

તે પછી એક વરસ વિત્યા કેડે બોઘાભાઈને શરીરમાં તાવ આવ્યો ને શરીરમાં કસર વધારે થઈ તે વખતે તેને શ્રીજીમહારાજ રથ લઈને તેડવા આવ્યા ત્યારે માર્ગમાં ભરવાડ ઢોર ચારતા હતા તેને મહારાજે પૂછ્યું "કાણોતરનો મારગ કેમનો છે તે અમને બતાવો." ત્યારે તે ગોવાળિયા બોલ્યા "તમારે કાણોતરનું શું કામ છે ?" ત્યારે મહારાજે કહ્યું બોઘા ભરવાડને અમારે અક્ષરધામમાં લઈ જાવા છે" ત્યારે તે ગોવાળિયામાંથી એક જણો એક ગાઉ સુધી મારગ બતાવવા આવ્યો ને કહ્યું 'આ સામું દેખાય તે કાણોતર છે" (મહારાજે કાણોતરમાં પધારીને ઘણી લીલા કરી છે. પરંતુ ભરવાડોને ભાગ્યશાળી બનાવવા માટે તેમની પાસે કાણોતરનો મારગ પૂછ્યો ને એક ગાઉ સુધી સાથે ચાલ્યો તે સર્વે ગોવાળિયાને દર્શન આપ્યા તે મહદ્ભાગ્ય ગણાય.) પછી મહારાજ કાણોતરમાં બોઘાભાઈને ઘેર ગયા ને તેને દર્શન દઈ કહ્યું "ચાલો ધામમાં અમે તમને તેડવા આવ્યા છીએ" પછી બોઘાભાઈએ પોતાના સંબંધીને બોલાવીને કહ્યું 'આ શ્રીજીમહારાજ મને તેડવા આવ્યા છે માટે તમે સહુ સ્વામિનારાયણના નામની ધૂન કરો ને ગાયનું છાણ લાવીને લીંપો" પછી તેમને લીપ્યું તેમાં પોતે બેઠા ને સહુ ધૂન કરવા માંડ્યા. તે ભેગા ધૂન કરતા થકા દેહ તજીને મહારાજ સાથે રથમાં બેસીને અક્ષરધામમાં ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૧૮)*

## નાનોદરાના ઠક્કર ચતુરભાઈને શ્રીહરિ તેડવા પધાર્યા

ગામ દેવ ધોલેરાના થડમાં એક ગાઉ છેટે ગામ નાનોદરા છે ત્યાંના હરિભક્ત ઠક્કર ચતુરભાઈ માંદા થયા તે પછી બીજે દિવસે તેણે પોતાના બાપને કહ્યું "શ્રીજીમહારાજ મને દર્શન દઈને કહી ગયા છે કે "પરમ દહાડે તને તેડી જાશું માટે દેવ ધોલેરામાં સાધુનું મંડળ છે તેને આંહી તેડાવો" પછી તે છોકારના બાપે માણસ મોકલીને સાધુને તેડાવ્યા તે આવ્યા ત્યારે તેમને માલપુવાની રસોઈ આપીને જમાડ્યા. પછી સાધુ આગળ ચતુરભાઈ બોલ્યા જે "મને આવતી કાલે મહારાજ તેડવા આવશે માટે હું પાંચસો રૂપિયા ધોળકાના મંદિરમાં દઉં છું ને એક હજાર રૂપિયા છે તે મારી સ્ત્રીનાં" એમ કહીને સાધુને ધોતિયાં ઓઢાડ્યાં ને પગે લાગ્યા ને કહ્યું "મારે માથે દયા રાખજો." પછી સાધુ મંદિરમાં ગયા ને ચતુરભાઈએ પોતાનો ખાટલો ઓરડામાં ઢળાવ્યો. ને તેના બાપને તથા ભાઈને કહ્યું 'આ ઓરડામાં કોઈ બાઈ માણસને આવવા દેશો નહિ ને મારા વાંસે ધોળકામાં મંદિરમાં રસોઈ દેજો. ને હે બાપા ! "આ મેં પુણ્ય કર્યું છે તેથી તમે સહુ રાજી છો કે નહિ ?" ત્યારે સહુ બોલ્યા "અમે સહુ રાજી છીએ" પછી ચતુરભાઈએ શીરો કરાવ્યો ને સહુ ભેગા બેસીને જમ્યા. પછી બીજે દિવસે મહારાજ તેડવા આવ્યા ત્યારે સહુ કીર્તન બોલવા માંડ્યા તે વખતે મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખીને

ચતુરભાઈ દેહ મૂકીને મહારાજ સાથે ધામમાં ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૧૯)*

## વીસનગરના ઝુમખરામ તથા મુગટરામને તેડવા શ્રીહરિ પધાર્યા

શ્રી વડતાલમાં સમૈયો થયો ત્યારે ગામથી ઉગમણી તરફ આંબલા હેઠ રાત્રિને સમે હજારો માણસની સભામાં મહારાજ ઉભા થઈને વાતો કરતા હતા તે વખતે વીશનગરના શેઠ ઝુમખરામ નિદ્રાયે કરીને ડોલાં મારતાં હતા તેને મહારાજે લાંબો હાથ કરી સોટી મારીને જાગ્રત કર્યા પછી સભા ઉઠી ગઈ ત્યારે ઝુમખરામ મહારાજનાં ચરણારવિંદ ઝાલીને પૂછ્યું "હે મહારાજ ! તમે મને સોટી કેમ મારી ?" ત્યારે મહારાજે કહ્યું "હિરણ્યકશિપુ પ્રહલાદને મારવાની તને આજ્ઞા કરતો ત્યારે તું પ્રહલાદને ભક્ત જાણીને તેની રક્ષા કરતો તે પુન્યે કરીને તે દિવસથી તું ભક્ત થયો છો પણ તે વખતનાં તારામાં કાંઈક પાપ રહેલાં હતાં તે આજ મારી કાઢ્યાં" ને મહારાજે તે દિવસે ઝુમખરામને સોટી મારી ત્યારથી તેને મહારાજની મૂર્તિ અખંડ દેખાવા માંડી તેથી તે મુંઝાણા ને મહારાજ પાસે આવીને રોવા માંડ્યો ત્યારે મહારાજે પૂછ્યું "શા સારું રુવે છે ?" ત્યારે તેણે કહ્યું "તમારી મૂર્તિ મને સર્વે ક્રિયામાં દેખાય છે તેથી હું વ્યાવહારિક ક્રિયા કેમ કરું ? ને મારાં માતા પિતા વૃદ્ધ છે ને મારો ભાઈ પણ નાનો છે તે સર્વેનું પોષણ શી રીતે કરવું ?" પછી મહારાજ કહે "તુંને ઠીક ન પડ્યું ? આ હવે નહિ દેખાય" ત્યારે તે કહે "ના મહારાજ એમ તો નહિ પણ જ્યારે હું કલાક બે કલાક ધ્યાન કરું ત્યારે દેખાય" પછી મહારાજ કહે "જાઓ ત્યારે દેખાશે" પછી તે ઝુમખરામ પોતાના દેહ નિર્વાહને અર્થે પોતાના ઘરબાર સહિત દક્ષિણ દેશને વિષે ગયા ને ત્યાં પોતાનો નાનોભાઈ મુગટરામ માંદો થયો ત્યારે તેને શ્રીજીમહારાજે દર્શન દઈને કહ્યું કે "આજથી દશમે દિવસે અર્ધ રાત્રિને સમે તને અમે તેડવા આવશું ને સાથે પચીસ પાર્ષદ લાવશું તે પાર્ષદ બંદુકોના અવાજ કરશે ને તે સમે તારા પાસે જે હશે તેને અમારાં દર્શન થાશે" તે વાત મુગટરામે ઝુમખરામને કહી ને કહ્યું કે "આ ડોસા ડોશીને મારી પાસે આવવા દેશોમાં ને આવશે તો હું બચકું ભરીશ શા માટે તો રામાવતારને વખતે તે બેય ક્ષત્રિય હતાં ને હું ઋષિ હતો ને વનમાં રહેતો ત્યાં ભરતજી રામચંદ્રજીને મળવા આવ્યા ત્યારે તે બેય તેની સાથે હતાં ને તેણે મારી પર્ણકુટી તાણી હતી તે વખતથી મારે એની ઉપર વૈર છે તેથી વખતો વખત તેને ત્યાં હું જન્મ લઉં છું પણ વૈર વાળવાનો વખત મળતો નથી પણ આ વખતે તો મહારાજ તેડી જાશે તેથી ફરી જન્મવું નહિ પડે" પછી ઝુમખરામે ડોસા ડોસીને મુગટરામ પાસે જવાની ના પાડી તો પણ માબાપને હેત તે રહેવાયું નહિ ને મુગટરામને બહુ દુઃખ થાવા માંડ્યું ને ઉકાંટા કરવા માંડ્યો ત્યારે

તે બેય તેની પાસે ગયા ને પૂછ્યું "કેમ મુગટરામ બહુ દુઃખ થાય છે કે ?" એમ કહ્યું ત્યાં તો ઉછળીને તેણે બચકું ભર્યું ત્યારે તેમણે રાડ્ય પાડી એટલે ઝુમખરામ દુકાનેથી દોડી આવ્યા ને કહ્યું "આ શું કર્યું મુગટરામ ?" ત્યારે તે કહે હવે વૈર મટી ગયું" તે પછી દશમે દિવસે અરધી રાત્રિએ મુગટરામને મહારાજ તેડી ગયા તે સમે જે ત્યાં હતાં તે સર્વેને મહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં ને પાર્ષદોએ બંદુકોના અવાજ કર્યા તે સર્વેએ પ્રત્યક્ષ સાંભળ્યાં પછી મુગટરામ તે જ દિવસે દિવ્ય દેહે કરીને પોતાની બેન દશ ગાઉ ઉપર રહેતી હતી ત્યાં ગયા ને કહ્યું "હું વડતાલ મહારાજને દર્શને જાઉં છું તે તમારે આવવું હોય તો ચાલો" ત્યારે તેણે કહ્યું અમારે તો નિવૃત્તિ નથી પણ તમારી ભાણેજને લઈ જાઓ" પછી તે છોડી બજારમાં રમતી હતી ત્યાંથી તેને લઈને વડતાલ તેડી ગયા પછી મહારાજનાં દર્શન કર્યા ત્યાં મહારાજે હજારી ફૂલનો હાર આપ્યો ને મંદિર ઉપર લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરવા ગયાં ત્યાં બ્રહ્મચારીએ પતાસાં આપ્યાં તે બધું મુગટરામે તે છોડીને આપ્યું ને તેને પોતાની બેનના ઘરના મેડા ઉપર મુકીને પોતે અદૃશ્ય થઈ ગયા પછી તે છોડીને તેની માટે મેડા ઉપર બેઠેલી દીઠી ત્યારે તેની માટે પૂછ્યું જે "તું તો મામા ભેળી વડતાલ ગઈ હતી તે આંહી ક્યાંથી ?" ત્યારે તો છોડી બોલી જે "હા હું મામા ભેગી વડતાલ જઈ આવી જુઓ આ રહ્યો હાર ને આ પ્રસાદીનાં પતાસાં" ત્યારે તે જોઈને સર્વે આશ્ચર્ય પામી ગયાં તે પછી ત્રીજે દિવસે તેને મુગટરામે દેહ મૂક્યાના સમાચાર મળ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૨૧)*

## વીસનગરના કંસારા નારાયણને બ્રહ્મમુનિની પ્રાર્થનાથી રાખ્યા

ગામ વીશનગરમાં કંસારા નારાયણને શ્રીજીમહારાજ તેડવા આવ્યા ત્યારે તેણે મહારાજને કહ્યું "હે મહારાજ ! હું હમણાં પરણ્યો છું માટે હમણાં મેલી જાઓ તો સારું" ત્યારે મહારાજ કહે "પણ તારી આવરદા નથી" ત્યારે મહારાજ સાથે બ્રહ્માનંદસ્વામી આવેલા હતા તે બોલ્યા જે "હે મહારાજ ! એની સ્ત્રીની અરધી આવરદા એને આપીને મેલી જાઈએ પછી એવી રીતે કરીને તેને મેલી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૨૨)*

## પેથાપુરના વરસાખેરને વાસના નડી ને પછી મહારાજ તેડી ગયા

ગામ પેથાપુરના વરસોખેર મહારાજને મળેલા હતા ને પોતે ઘણોજ સત્સંગ કરાવ્યો હતો તે વૃદ્ધ થયા ત્યારે પોતાની દીકરી ભેગા રહ્યા ત્યારે તે બાઈએ વરસાખેરની સારી રીતે ચાકરી કરી તેથી કરીને વરસાખેરના મનમાં એમ થયું કે "અરે મારે તો પુત્ર નહિ પણ આ બાપડી મારી સેવા બહુ કરે છે તેને પણ પુત્ર નહિ" એમ ચિતવન કરતાં તેનો દેહ પડી ગયો એટલે તે પોતાની દીકરીના દીકરા થયા પછી કોઈક દિવસ શ્રીજીમહારાજ બીજા હરિજનને દર્શન

દઈને એમ બોલ્યા જે "વરસોખેર પોતાની દીકરીનો દીકરો થયા છે તેને તેડીને વળતાં તને તેડી જાશું" તે વાત તે હરિભક્ત બીજા આગળ કરી તેથી તે સર્વેના જાણવામાં આવ્યું. એમ કરતી વખતે જો પોતાની દીકરી સાંભરી આવી તો એવા ભક્તને પણ જન્મ લેવો પડ્યો તે ગીતામાં કહ્યું છે કે યંય વાપિ સ્મરનું ભાવ ત્યજયન્ત કલેવરમાં તે તમેદ્રતિ કોંતેય સદા તદ્ભાવભાવિત. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૩૧)*

## નારદીપુરના તીતા ભક્ત શિખ માગીને શ્રીહરિ સાથે વિમાનમાં બેસીને ધામમાં ગયા

દંઢાવ્ય દેશમાં નારદીપુર નામે ગામને વિષે એક તીતો નામે વિપ્ર રહેતો ને તે હરિજન સારો હતો ને બીજું આખું ગામ કુસંગી હતું તેથી બધા તીતાની ઠેકડી કર્યા કરે જે "ભાઈ ! આ તીતાની ભક્તિ તો બીજા ભેદની છે માટે એના ભગવાન વિમાન લઈને તેડવા આવશે તેમાં જરા પણ ફેર નહિ પડે તે તમે વેદની વાણી સમજો. કારણ કે તેણે પરધનનો અને પરસ્ત્રીનો ત્યાગ રાખ્યો છે ને વળી એક સ્વામિનારાયણનું ભજન કરે છે ને બીજા અવતારનું તો નામ પણ લેતો નથી માટે જરુર એને સ્વામિનારાયણ વિમાન લઈને તેડવા આવશે માટે જેને મળે તે બીજાને કેજો રખે દર્શન વિના રહી જાઈએ" એમ ખળતાઈમાં બોલે ત્યારે એક જણ બોલ્યો કે " અરે હું તો વિમાનનો ડાંડીયો ઝાલીને તેની ભેળો જઈશ" એમ બધાં નાનાં મોટાં બોલ્યા કરે એમ કરતાં થોડા કાળે તીતો માંદો પડ્યો ને દેહ મેલ્યો ત્યારે શ્રીજીમહારાજ વિમાન લઈને તેને તેડવા આવ્યા ત્યારે કરોડો સૂર્યના સરખું પ્રકાશમાન તે વિમાન જોઈને માણસો આશ્ચર્ય પામ્યા ને ગામ આખામાં તેજ ફેલાઈ ગયુંને માણસોને મહારાજનાં તથા સંતનાં અને વિમાનનાં દર્શન કર્યા ને તીતો શિખ માગીને જેમ કોઈ ગામ જાય તેમ વિમાનમાં બેસીને ભગવાનનાં ધામમાં ગયો. તે જોઈને માણસો બોલ્યા કે "ભાઈઓ ! આપણે તો ઠેકડી કરતાં હતાં પણ આ તીતો તો વિમાનમાં બેસીને ભગવાનના ધામમાં ગયો માટે એની ભક્તિ સાચી ને સ્વામિનારાયણ ભગવાન પણ સાચા તે જુઓને આપણ ને પરચો દીધો " એમ વિચારીને ઘણા માણસો સત્સંગી થયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૩૫)*

## રાજપુર જેકરણ તથા તેમના પત્નીને શ્રીહરિ તેડી ગયા

ગામ પ્રાંતીજમાં હરિજન સારા હતા તેને ઘેર સાધુ આવે ને કથા વાર્તા તથા ઉપદેશની વાતો કરે ને તે સાંભળવા ગામનાં માણસો આવે તે સાંભળીને સહુ રાજી થાય તેમાં એક દિવસ કંસારા કાનજીએ વર્તમાન ધરાવ્યા ને સત્સંગી થયો પણ તે કબીર પંથી હતો તેથી બધા કબીરીયા મળીને તેને ઘેર ગયા ને કહેવા માંડ્યાં કે "ભાઈ ! તેં કબીરમાં શી ખામી ભાળી

કે તું સ્વામિનારાયણનો થયો ને તેને સાચા માન્યા તેનું પારખું અમને આપ'' એમ કહીને લોઢાનો ગોળો તપાવીને લાલચોળ કરીને તે લાવીને કહ્યું કે ''જે સ્વામિનારાયણ સાચા ભગવાન હશે તો તને બળવા નહિ દે માટે આ ગોળો ઉપાડે તો અમે સાચું માનીયે'' ત્યારે તે જોઈને તેણે મહારાજની પ્રાર્થના કરી કે '' હે મહારાજ ! આ સમયે તમે સહાય કરજો ને લાજ રાખજો'' એમ કહી તે ગોળો ઉપાડીને સહુને દેખાડ્યો ને બોલ્યો કે ''અરે પાપીઓ ! આ પરચો જુઓ ને સહુ સત્સંગી થાઓને જન્મ વૃથા ખોઓમાં જુઓ આ મારા હાથ એક રતી પણ બળયા નથી માટે સ્વામિનારાયણ સાક્ષાત ભગવાન છે તે તમે સહુ સાચું જાણજો' એમ મહારાજે કાનજીને સહાય કરીને પરચો પુર્યો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૩૬)*

## ઈડર દેશના ગામડાના બ્રાહ્મણને વાસુદેવાનંદ બ્રહ્મચારીએ વર્તમાન ધરાવ્યા ને અંતે તેડવા આવ્યા

એક સમયે બ્રહ્મચારી વાસુદેવાનંદસ્વામી ઈડર દેશને વિષે ગામડામાં ફરવા ગયા હતા ત્યાં એક ગામને વિષે બ્રાહ્મણ નિત્યે સ્વામી પાસે વાતો સાંભળવા આવતો હતો તેને સ્વામીએ કહ્યું ''તમે વર્તમાન ધારીને સત્સંગી થાઓ ત્યારે તે વિપ્ર બોલ્યો કે ''તમે મને અંત સમે તેડવા આવવાનું વચન આપો તો હું સત્સંગી થાઉ'' પછી સ્વામી કહે ''ભલે તેડવા આવશું તમે સત્સંગી થાઓ'' પછી તે નિયમ ધારીને સત્સંગી થયો, ને થોડા દિવસ વિત્યા કેડે તેણે દેહ મેલ્યો તે વખતે તે બોલ્યો કે ''આ વાસુદેવાનંદસ્વામી મને તેડવા આવ્યા છે તે ભેળો હું મહારાજના ધામમાં જાઉં છું'' એમ કહીને તેણે દેહ મેલ્યો'' એમ મહારાજ વાસુદેવાનંદ સ્વામીનો વર સત્ય કરીને તે વિપ્રને ધામમાં તેડી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૪૧)*

## તેજપરના ઠાકોર ભાવસિંહજીને શ્રીહરિ તેડવા આવ્યા

ગામ તેજપરમાં ઠાકોર ભાવસિંહજી હેમંતજીને સત્સંગ થયો ને ગામમાં પોતાનું એકજ ખોરડું સત્સંગી થયું હતું તે નિયમ ધર્મ ખરેખરાં પાળતાને સંતનો સમાગમ બહુ કરતાને તેમને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના હતી તેને એકવાર શરીરે થોડો થોડો મંદવાડ હતો તેવામાં એક દિવસે સાંજને સમે શ્રીજીમહારાજે દિવ્યરૂપે તેને દર્શન દીધાં ને કહ્યું ''તમે શીરો જમીને તૈયાર થઈ રહેજો અમે આજ રાત્રિના નવ વાગ્યે સંત સહિત તમને તેડવા આવશું'' એમ કહીને અંતર્ધાન થઈ ગયા. પછી ભાવસિંહજીને સંસારમાંથી મન ઉતરી ગયું ને વિચાર થયો જે ''મારું ધન ધામ શ્રીઅમદાવાદના મંદિરમાં શ્રીકૃષ્ણાર્પણ કરું'' પછી પટેલ હીરાદાસભાઈને તથા ગામના સત્સંગી શેઠીયાને બોલાવીને પોતાને મહારાજનાં દર્શન થયાં હતાં તે વાત કહી દેખાડી પછી બોલ્યા જે ''મારે આ ટાણે દાન કરવું છે'' એમ કહી પોતાનું ધન ધામ ઘરેણું કે રોકડનાણું

જે હતું તે સર્વે નોંધાવીને શ્રીઅમદાવાદના મંદિરમાં શ્રીકૃષ્ણાર્પણ કર્યું પછી પટેલ હીરાદાસભાઈને કહ્યું કે ''તમે મારે માટે શીરો કરો તે જમીને મારે ધામમાં જાવું છે કારણ કે મહારાજે મને કહેલ છે શીરો જમીને તૈયાર થઈ રહેજો'' ત્યારે હીરાદાસ પટેલે કહ્યું ''નવ વાગ્યાનો વખત તો થઈ ગયો છે માટે શીરો કરવાનો જોગ નહિ આવે ને ભેંસનું દૂધ તૈયાર છે તેમાં સાકર નાખીને કઢીએ'' ત્યારે કહે ''ભલે તે દૂધ કઢીને લાવો'' ત્યારે તે ત્રણ શેર દૂધ કઢીને તેમાં સાકર નાખીને ઠાકોરજીને ધરાવીને લાવ્યા તે બે તાંસળી દૂધ ભાવસિંહજી પી ગયા તેજ ઘડીએ તેને મહારાજનાં દર્શન થયાં ત્યારે તેણે હીરાદાસ પટેલને કહ્યું ''આ શ્રીજીમહારાજ મને તેડવા પધાર્યા એમ કહી ઢોલિયેથી હેઠા ઊતરીને દંડવત કરવા લાગ્યા ને હરાદાસ પટેલને કહ્યું ''સર્વે હરિભક્તને તેડાવો'' ત્યારે તેણે હરિજનોને તેડાવ્યા તે સર્વે આવ્યાને દરબાર ભાવસિંહજીને જય સ્વામિનારાયણ કહ્યા ત્યારે દરબાર બોલ્યા જે ''આ મહારાજ અને સંત મને તેડવા પધાર્યા છે માટે સર્વે ધૂન કરો'' ત્યારે સર્વે હરિજનો ધૂન કરવા લાગ્યા તેજ ઘડીએ ભાવસિંહજી દેહનો ત્યાગ કરીને શ્રીજીમહારાજ ભેગા અક્ષરધામમાં ગયા. તેજ રાત્રિએ કોઠ ગામમાં સ્વામી ભક્તિનંદનદાસજીને શ્રીજીનાં દર્શન થયાં જાણે તેજપરમાં શ્રીજીમહારાજ તથા સંત બ્રહ્મચારી ભાવસિંહજીની ઓશરીમાં દૂધપાક પૂરી જમતા દીઠા ને પછી ભાવસિંહજીને મહારાજ ધામમાં તેડી ગયા એમ સ્વામી ભક્તિનંદનદાસજીને દેખાણું તેથી તેમણે સવારમાં પોતાના મંડળના સાધુ આગળ વાત કરી એમ મહારાજ પરચો આપીને ઠાકોર ભાવસિંહજીને ધામમાં તેડી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૫૨)*

## મેથાણમાં લુવાણા દેવજી ભક્તને તેડવા આવ્યા

ગામ મેથાણમાં લુવાણા દેવજી ભક્ત બહુ સારા હરિભક્ત હતા તે વર્તમાન ધર્મમાં કુશળ હતા. તેને શ્રીજીમહારાજની સર્વોપરિ ઉપાસના હતી. તે મહારાજને સર્વ અવતારના અવતારી જાણતા ને સાધુની સેવા નિષ્કામભાવે કરતા તેને એક વાર શરીરમાં મંદવાડ થયો ને અંત સમે શ્રીજીમહારાજ માણકી ઘોડી ઉપર ચડીને તેને તેડવા સારું આવ્યા ને સાથે ઘણા સવાર તથા સંતના મંડળ હતાં એવા થકા મહારાજ ગામ વચાળે આવ્યા ત્યાં એક શ્રાવક વાણિયો દુકાને બેઠો હતો તેને દર્શન દીધાં ને પૂછ્યું જે ''જીવા પટેલનું ઘર કેમનું છે ?'' એમ કહીને તે ઠક્કર દેવજી ભક્તને ઘેર ગયા ને તેને દર્શન દઈને કહ્યું જે, ''અમે સહુ તમને તેડવા આવ્યા છઈએ'' ત્યારે દેવજી ભક્ત હાથ જોડીને બોલ્યા જે, ''ભલે મહારાજ હું તૈયાર છું'' એમ કહીને પોતાના સગાંવહાલાંને કહ્યું, ''આ મહારાજ મને તેડવા આવ્યા છે માટે સહુ દર્શન કરો ને સ્વામિનારાયણ નામની ધૂન કરો !'' ત્યારે સહુ ધૂન કરવા લાગ્યા. પછી દેવજી ભક્તે

કહ્યું, ''હવે ગાયનું છાણ લાવીને લીંપો ને મને હેઠો લીયો'' એટલે છાણ લીંપીને હેઠે લીધા ત્યારે તે જગ્યામાં બેસીને દેવજી ભક્ત દેહનો ત્યાગ કરીને મહારાજ સાથે અક્ષરધામમાં ગયા તે પરચો જોઈને શ્રાવક વાણિયો બોલ્યો જે, ''હમણાં મને સ્વામિનારાયણનાં દર્શન થયાં હતાં. માટે જરૂર દેવજી ભક્તને તે ધામમાં તેડી ગયાં. એ પરચો જોઈને ગામનાં ઘણાં માણસો સત્સંગિ થયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૬૧)*

## લીંબડીના વરવા શેઠ તથા તેમના બેનને તેડવા પધાર્યા

લીંબડીમાં વરવો શેઠ એવે નામે એક ઢુંઢીયો વાણિયો હતોને તેની બેનને ધોળકે પરણાવી હતી. તે બાઈનો પતિ મરી ગયો પછી તે સત્સંગી થઈને સાંખ્યયોગનાં વર્તમાન પાળતાં હતાં ને તે બાઈને બે દેર હતા તેણે એ બાઈના પતીની જે મૂડી હતી તે સઘળી લઈ લીધી તેથી તે બેય દેરની સાથે બાઈને અબોલપણું હતું તેને પાંચ વરસ થઈ ગયા. પછી એક દહાડો એ વરવો શેઠ ધોળકે પોતાની બેનને ઘેર ગયો ત્યારે એ બાઈને રાત્રિએ મહારાજે દર્શન દઈને કહ્યું જે ''તમારા દેર સાથે તમારે તકરાર છે તે આજે અમે પાર પાડવા ગયા હતા માટે તમે સવારે તે બેયને બોલાવજો એટલે તે તમારું નાણું જે તેણે લીધેલ છે તે પાછું દેશે'' એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા.

પછી સવાર થયું ત્યારે એ બાઈએ પોતાનો ભાઈ જે વરવો શેઠ તેને તે વાત કહી ને કહ્યું ''મારા મોટા દેરને બોલાવો એટલે તે વાત ખરી હશે તો જણાશે'' પછી વરવો શેઠ એ બાઈના મોટા દેરને ઘેર ગયા ને કહ્યું ''તમને મારી બેન બોલાવે છે.'' ત્યારે તે બોલ્યો જે ''વગર કીધે હું તમારી બેન પાસે આવતો હતો'' એમ કહીને તે સાથે આવ્યો ને પોતાની ભોજાઈને પગે લાગીને બોલ્યો કે ''આજ રાત્રે તમારા સ્વામિનારાયણ આવ્યા હતા ને તે ભેગા કાળા વીશ જમ હતા તેણે આવીને મને કહ્યું જે તારી ભોજાઈના રૂપિયા તેં રોકયા છે તે સવારમાં આપી આવજે નીકર આ જમ તને મારી નાખશે એમ કહીને એક જમે મને પડખામાં ઠોંસો માર્યો છે તે હજુ પણ જીવ જાય તેવી મને પીડી થાય છે. ને તેણે કહ્યું જે કાલ રૂપિયા નહિ આપી આવ તો તને આવી રીતે મારીને જીવ કાઢી નાખશું માટે તમારા રૂપિયા હિસાબે જે થાતા હોય તે લઈ લીયો'' એમ કહીને જે રૂપિયા તેના હતા તે સર્વે આપી દીધા પછી એ બાઈએ એના બીજા દેરને બોલાવ્યા ત્યારે એણે પણ એજ પ્રમાણે વાત કરી અને તે બધો ચમત્કાર જોઈને વરવા શેઠને મહારાજનો નિશ્ચય થયો પછી કેટલેક દિવસે તે બાઈએ લીંબડીએથી વરવા શેઠને તેડાવીને કહ્યું જે ''મારે આજથી આઠમે દહાડે દેહ મેલવો છે તે સારું તમને તેડાવ્યા છે.''

પછી આઠમો દિવસ થયો ત્યારે તે બાઈએ પોતાના ભાઈને મહારાજના પ્રતાપની વાત કરી પછી કહ્યું કે, ‘‘શ્રીજીમહારાજ મને તેડવા આવ્યા છે માટે હું તેના ભેગી ધામમાં જાઉં છું ’’ એમ કહી બોલતાં ચાલતાં દેહ મૂકીને ધામમાં ગયાં ને તે વખતે વરવા શેઠને પણ મહારાજનાં દર્શન થયાં ત્યારે તે શેઠને મહારાજનો પાકો નિશ્ચય થયોને સંત પાસે જઈ વર્તમાન ધરાવી સત્સંગી થયા. ને મહારાજનું ભજન કરવા લાગ્યા. જ્યારે તે શેઠે દેહ મૂક્યો ત્યારે તેને મહારાજ તેડવા આવ્યાને ઘણા માણસોને મહારાજનાં દર્શન થયાં ને તે વખતે પોતા પાસે જે ઢુંઢીયા વાણિયા બેઠા હતા તેને વરવા શેઠે કહ્યું જે ‘‘આ સ્વામિનારાયણ મને તેડવા આવ્યા છે તેના ભેગો હું મહારાજના ધામમાં જાઉં છું’’ એમ કહીને દેહ મૂકી દીધો એવો પ્રતાપ મહારાજે દેખાડ્યો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૬૨)*

## મેમકાના સંતોકબેનને શ્રીહરિ પરચો આપીને તેડી ગયા

મેમકાવાળા રામજીશેઠનીબેન શામબાઈ સમાધિનિષ્ઠ હતાં ને સાયલા ગામમાં રહેતાં ને તેમની દીકરી સંતોકનામે કરીને મહાભક્તરાજ હતાં તે બાઈને ગામ વિઠ્ઠલપરા ઢુંઢીયા વાણિયાને ઘરે પરણાવ્યાં હતાં. પછી કોઈક દહાડે એ વિઠ્ઠલપરાના વાણિયા, અમદાવાદ ગયા ને એ સંતોકબાઈ પણ ભેગાં હતાં, ત્યારે એ સંતોકબાઈએ પોતાના સાસુ-સસરાને કીધું જે આ ગામમાં સ્વામિનારાયણનું મંદિર છે, તે મને દર્શન કરવા જાવાદ્યો. ત્યારે તે બોલ્યાં જે આપણે ઢુંઢીયા છીએ તે આપણાથી સ્વામિનારાયણના મંદિરમાં જવાય નહિ. માટે એ વાત કોઈ દિવસ કરવી નહીં. પછી તે બાઈ તો ઘણું દિલગીર થયાં ને રાત્રિએ સૂઈ રહ્યાં ત્યારે મહારાજ દિવ્ય સ્વરૂપે પધાર્યા ને તે સંતોકને કીધું જે, તમને દર્શન કરવા આવવા દીધાં નહીં તે ચાલો, મારા ભેગા હું તમને એ મંદિર દેખાડું ને મૂર્તિઓનાં દર્શન કરાવું.

પછી એ બાઈ મહારાજ ભેગા મંદિરમાં જઈને ઠાકોરજીનાં દર્શન કર્યા, તે મહારાજ કહેતા જાય કે જુઓ આ મંદિરમાં મારી રાધાકૃષ્ણની મૂર્તિઓ છે, આ મંદિરમાં મારી નરનારાયણની મૂર્તિઓ છે, આ મંદિરમાં મારી સજ્યા છે, આ મંદિરમાં મારી હરિકૃષ્ણ ને ધર્મભક્તિની મૂર્તિઓ છે એમ સર્વે દર્શન કરાવીને પછી શ્રીજીમહારાજે એ સંતોકબાઈને કીધું જે તમને એ ઢુંઢીયા વાણિયાને ત્યાં રેવા દેશું નહિં આજથી બે મહીને અમારા ધામમાં તેડી જાશું. માટે તમારા પિયરનો જે માલ હોય તે સર્વે ત્યાં લઈ જાઓ. અહીં કાંઈ રેવા દેશો નહિ. શા સારૂ જે તમારો દેહ પડ્યા પછી એ કાંઈ પાછું નહીં આપે. માટે લઈ જાજો. એવી રીતે મહારાજ કહી ગયા ને પછી એ બાઈ સુતાતાં તે જાગ્યાં ત્યારે વિચાર્યું કે મારે મહારાજનાં દર્શન થયાં ને મંદિર ને ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં ને બે મહીને તેડી જવાની વાત કરી તે સરવે વાત સાચી છે.

પછી એ અમદાવાદથી પાછાં વિઠ્ઠલપરા આવ્યાં. થોડે થોડે પોતાના પિયરનો જે માલ તેને જે કોઈ સાથ મળે તે ભેગો મોકલવા માંડ્યો. ને દોઢ માસ થયો ત્યારે એ બાઈને પોતાનો ભાઈ તેડવા આવ્યો ત્યારે તે ભેગાં પિયર જાવા તૈયાર થયાં. ત્યારે પોતાનો સર્વે માલ ભેગો લીધો ને ગાદલાં ને ગોદડાં લીધાં ત્યારે તેમના સસરે કીધું જે આ ગાદલાં ગોદડાં શું કરવા લઈ જાઓ છો ? ત્યારે બાઈએ કેવરાવ્યું જે, એમાં રૂ સારું નથી ને તે વળી થોડું છે. તે સારાં ભરીને લેતી આવીશ એમ કહીને સર્વે માલ પોતાના પિયરનો જે હતો તે ભેગો લઈને પિયર આવી. ત્યારે તેમના મા-બાપે કીધું જે અરે દીકરી તું ગાંડી થઈ છું કે શું ? આ ગાદલાં, ગોદડાં, ચાકળા, ચંદરવા એ આંહી કેમ લાવી ? ત્યારે એ સંતોકે સર્વે વાત પોતાના મા-બાપને કહી અને આઠ દિવસ થયા ત્યારે મહારાજનાં દર્શન થયાં તે મહારાજે સંતોકને કહ્યું જે, આજથી આઠમે દહાડે સંધ્યા વખતે દીવા થાય તે ટાણે તમને તેડવા આવશું.

પછી એ વાત સંતોકે પોતાના મા-બાપને કરી ને ગામમાં પણ એ વાત પ્રસિદ્ધ થઈ ગઈ. ત્યારે ગામમાં એમનાં સગાં ઢુંઢીયા વાણિયા હતા તેમણે માંહોમાંહી એમ વાત ધારી જે, આઠમે દહાડે ત્યાં જઈ ખબર રાખવી ને એ વાત જુઠી પડે તો એ સત્સંગી છે તે એમને ફજેત કરવા એવું ધારીને ઠરાવ કરી રાખ્યો પણ તેને પાંચ દિવસ ગયા ત્યારે એ સંતોકબાઈને થોડોક તાવ આવ્યો ને પછી આઠમો દિવસ આવ્યો ત્યારે એ સંતોકે પોતાના મા-બાપને કહ્યું જે, આજ સાંજે મહારાજ પધારશે તે આપણી બજાર સારી નથી તે વાસીદું વળાવો ને સારી કરાવો. પછી તે બજાર વળાવી સારી કરાવી. સાંજ પડી ત્યારે સંતોકે કહ્યું જે, આપણી ખડકીએ બે દીવા કરાવો, તે દીવા પણ કરાવ્યા ત્યાં મહારાજ પધાર્યા. ત્યારે સંતોક બોલી જે આ મહારાજ પધાર્યા ને સાધુ પણ ઘણા ભેગાં છે. તે મને એમ કહે છે કે જે, તમને બદ્રિકાશ્રમમાં નહીં મોકલું , તમને અક્ષરધામમાં તેડી જઈશ. પૂર્વજન્મમાં તમારું સત્યવતી નામ હતું. એમ કહીને એ સંતોકબાઈએ દેહ મૂક્યો એ ટાણે તેમનાં સંબંધી જોવા આવ્યાં હતાં તે સર્વે વિસ્મય પામી ગયા. અને બોલ્યાં, જે જુઓને આ વાત કેવી સાચી થઈ. *(પ્રગટની વાતો વાર્તા ૫૯)*

## મેમકાની બે ડોસીયું ને શ્રીહરિ તેડવા આવ્યા

ગામ મેમકાની બે ડોશીયું એક કણબી ને એક રજપુત તે લોયે શ્રીજીમહારાજના દર્શન કરવા ગયાં ત્યારે કણબીબાઈ બોલ્યાં જે ''હે મહારાજ હું મરું ત્યારે તમે મને તેડવા આવજો'' ત્યારે મહારાજ કહે ''સારું આવશું'' ત્યારે તે રજપુત બાઈ પણ બોલ્યાં જે ''હે મહારાજ હું મરું ત્યારે મને પણ તેડવા આવજો'' ત્યારે મહારાજ કહે ''સારું તમનેય તેડવા આવશું'' એમ એ બેય ડોશીયુંને મહારાજે વચન દીધું પછી તે ડોશીયું પોત પોતાને ઘેર ગયાં ને તે બેય

બાઈ સત્સંગી નહોતા પછી પ્રથમ કણબી બાઈને દેહ મુકવા ટાણું થયું ત્યારે મહારાજ તેને તેડવા પધાર્યા ત્યારે એ બાઈએ પોતાના દીકરા વગડે ગયા હતા તેને તેડાવી લીધા ને ગામમાંથી સર્વે સત્સંગીને બોલાવ્યા ને કહ્યું "આ મહારાજ મને તેડવા આવ્યા છે ને કહે છે કે અમે તમને વચન આપેલ છે તે સારું તેડવા આવ્યા છીએ ને મને બેસવા સારું સોનાનો રથ લાવ્યા છે માટે તે રથમાં બેસીને હું જાઉં છું" એમ કહીને દેહ મુકી દીધો પછી કેટલેક દહાડે એ રજપુત બાઈને દેહ મુકવા ટાણું થયું ત્યારે તે બાઈ તો રામાનંદી સાધુના સત્સંગી હતાં તેથી એના ધર્મના બાઈ ભાઈ આવીને ભરાઈ બેઠાં હતાં ત્યાં પ્રથમ તેને સાધુનાં દર્શન થયાં ત્યારે તે બાઈ બોલી જે "આ સાધુ મને તેડવા આવ્યા છે ત્યારે તેની પાસે બેઠાં હતાં તેમણે જાણ્યું કે "આપણા રામમહોલના સાધુ આવ્યા છે માટે સ્વામિનારાયણના સત્સંગી બોલે છે જે અમને સ્વામિનારાયણ તેડવા આવે છે તે એને. આંહી બોલાવીને દેખાડીએ જે જુઓ આ અમારા સાધુ પણ તેડવા આવે છે એમ વિચારીને તેમણે સત્સંગી બાઈ ભાઈને બોલાવીને વાત કરી જે "જુઓ અમારા સાધુ પણ તેડવા આવે છે" ત્યારે સત્સંગીએ તે બાઈને પૂછ્યું કે "તમને કોણ તેડવા આવ્યું છે ?" ત્યારે તે બાઈ બોલ્યાં જે "આ સ્વામિનારાયણના સાધુ આવ્યા હતા ને હવે તો મહારાજ પોતે પણ આવ્યા છે ને મહારાજ મને કહે છે જે તમને અમે વચન આપ્યું હતું તે સારું તેડવા આવ્યા છીએ" એવું એ બાઈનું વચન સાંભળીને રામાનંદી સર્વે ભોંઠા પડ્યા ને મહારાજ એ બાઈને તેડી ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૭૧)*

## ઝાલાવાડના ગામમાં શ્રીહરિ સાથે દેવાનંદ સ્વામીને લઈને એક છોકરાને તેડવા આવ્યા

એકવાર દેવાનંદ સ્વામી ઝાલાવાડ દેશમાં ફરવા ગયેલા ને ફરતા ફરતા એક ગામમાં ગયા ને ત્યાં ચોરામાં ઉતારો કર્યો. પછી માણસ બેસવા આવ્યા તેને મહારાજની વાતો કરી તેથી ગામમાં ઘણાં માણસોને સત્સંગ થયો તે પછી કેટલેક દિવસે તે ગામમાં એક હરિજનનો દીકરો માંદો થયો ને તાવ આવતાં મંદવાડ વધી ગયો ને અન્ન પાણી કાંઈ ખવાય નહીં એમ કરતા દેહ પડવાનો સમય થયો ત્યારે તે છોકરે તેની માને કહ્યું "મને મહારાજના દર્શન થાય છે ને મને વર્તમાન ધરાવ્યાં હતા તે આપણા ગુરુ દેવાનંદસ્વામી પણ સાથે છે ને તે કહે છે જે તને ધામમાં તેડી જાવો છે" ત્યારે તેની માએ કહ્યું જે, "આપણા ગુરુ છે તેને તું ધામમાં તેડી જવાની ના પાડ્ય એટલે તે તને આહીં મૂકી જાય. ત્યારે તે છોકરો બોલ્યો જે "ના મા! હું તો મહારાજ ભેગો ધામમાં જઈશ. આ લોકમાં તે શું સુખ છે ? ખરુ સુખ તો મહારાજના

ધામમાં છે'' પછી તેની માએ કહ્યું ''ભલે તને મહારાજ ધામમાં તેડી જાવા સારુ આવ્યા પણ હવે આપણા ગુરુ આંહી આવે ત્યારે તેની વાત છે કેમકે મારે એકનો એક જ દીકરો છે તેને મૂકી જવાનું મહારાજને કહેતા નથી'' એમ તેની માએ કહ્યું પણ છોકરો તો રાજી થકો મહારાજ ભેગો ધામમાં ગયો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૮૯)*

## લીંબડીના નીલા સોનીને મહારાજ તેડવા આવ્યા પણ ભૂતે રોકી રાખ્યો

ગામ લીંબડીનો નીલો સોની અંતકાળે સંબંધીમાં હેતે કરીને મહારાજને તજીને ભૂત થયો. તે કેવી રીતે તો તે સોનીને પ્રથમ બ્રહ્માનંદ સ્વામીએ વર્તમાન ધરાવેલા તે વખતે તેણે સ્વામીને કહ્યું હતું કે ''હે સ્વામી ! તમે મને તેડવા આવો તો હું વર્તમાન ધારું '' ત્યારે સ્વામીએ વચન આપ્યું કે ''જા હું મહારાજને લઈને તને તેડવા આવીશ'' પછી તેણે વર્તમાન ધાર્યા તે પછી તેના અંત સમયને વિષે મહારાજને લઈને બ્રહ્માનંદ સ્વામી તેને તેડવા આવ્યા ત્યારે તે દેહ ત્યાગ કરીને મહારાજ ભેળો ચાલ્યો પણ એના સંબંધી કેટલાક મરીને ભૂત થયાં હતાં તે આગળ આવીને ઉભા રહીને બોલ્યાં કે ''નીલા ! અમે સર્વે આંહી છીએ અમને મલીને તું એકલો ક્યાં ચાલ્યો ? '' ત્યારે તે આડો અવળો તેને જોવા રહ્યો એટલામાં મહારાજ તેને મૂકીને ચાલ્યા ગયા પછી નીલો ત્યાં તેના સગા જે ભૂત હતાં તે ભેળો રહ્યો ને સાંજે પોતાની સ્ત્રીમાં આવીને બોલ્યો ત્યારે તેનાં સરવે સંબંધીએ પૂછ્યું કે ''તું કહેતો હતો કે મહારાજ તથા બ્રહ્માનંદ સ્વામી તેડવા આવ્યા છે ને તે ભેળો હું જાઉં છું તે કેમ થયું ?'' પછી તેણે સર્વે વાત કહી દેખાડી. લીંબડીથી મહારાજ ચાલ્યા તે ચુડા પધાર્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૯૭)*

## સુખપુરના ભીમજીભાઈને શ્રીહરિ તેડી ગયા

સુખપુરમાં હરિભક્ત દેવજીભાઈ તથા તેના મોટાભાઈ કાનજી રહેતા તેનો પુત્ર ભીમજી માંદો થયો ત્યારે શ્રીજીમહારાજ સંવત ૧૯૫૨ ના માઘ સુદ દશમ પહેલાં ચાર દિવસ અગાઉથી તેને તેડવા આવ્યા ને સાધુ બ્રહ્મચારી તથા પાર્ષદો હતા ને ત્યાં વાડીમાં ઉતારો રાખ્યો હતો ને જાંબુડાના વૃક્ષનીચે સભા કરતા ને મહારાજે સાથે ધોળો હાથી આણેલો હતો તેને દેખીને ભેંશો આગલે પગે પડીને પગે લાગતી હતી. ને સત્સંગ વગરનાં બીજાં માણસોને પણ મહારાજના એ દિવ્ય દર્શન થયાં હતાં એવી રીતે મહારાજ પોતાનું પ્રગટ ઐશ્વર્ય જણાવીને દશમ ને દિવસે ભીમજીને ધામમાં તેડી ગયા હતા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૩૩)*

## રામ જોગિયાને જમથી બચાવ્યો ને પાંચ વર્ષ પછી તેડી ગયા

ગામ ઝીઝાવદરમાં નાજા જોગીયાનો ભાઈ રામ રહેતો પણ તેને સત્સંગ થયો નહોતો ને મહારાજના દર્શન તેને થયાં હતા. તેને એકવાર મંદવાડ થયો ત્યારે પોતાને જમ તેડવા આવ્યા એવું તેણે સ્વપ્નામાં જોયું ને પોતાને જમે પકડીને દેહમાંથી બહાર કાઢ્યો ત્યારે પોતાને વિચાર આવ્યો કે "અરે મારો ભાઈ સત્સંગિ છે ને મને પણ સ્વામિનારાયણનાં દર્શન છે તો જમ મને કેમ લઈ જાય છે ?" એમ વિચાર કરીને મનમાં શ્રીજીની મૂર્તિ સંભારી ને પોતે જમને મારવા લાગ્યો તેથી જમ ભાગ્યા ત્યારે પોતે તેની વાસે ગયો ને જમને જમપુરીમાં મુકી આવ્યો ત્યાં પોતાની ઊંઘ ઉડી ગઈ ને આંખ ઉઘાડીને જુએ તો શ્રીજીમહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં એટલે પોતે ઉઠીને દંડવત્ કરીને પગે લાગ્યો ને કહ્યું કે "હે મહારાજ ! તમારે પ્રતાપે કરીને જમને તગડીને જમપુરીમાં મુકી આવ્યો પછી મહારાજે કહ્યું "તારી આવરદા હવે એક દિવસ બાકી રહી છે પણ તને અમે પાંચ વરસની આવરદા આપીએ છીએ માટે તું સાધુ પાસે વર્તમાન ધરાવી સત્સંગિ થાજે" એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા પછી રામે તે વાત પોતાના ભાઈ નાજાને કહી ને સાધુ આવ્યા ત્યારે તેની પાસે વર્તમાન ધરાવીને પોતે સત્સંગી થયો એ પાંચ વરસ રહી દેહનો ત્યાગ કર્યો ત્યારે તેને શ્રીજીમહારાજ તેડવા આવ્યા તે ભેગો વિમાનમાં બેસીને અક્ષરધામમાં ગયો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૭૬)*

## શ્રી કષ્ટભંજનદેવે કૃપા કરીને હરિભાઈ સોનીનું દુઃખ હળવું કર્યું ને પછી મહારાજ તેડવા આવ્યા

ગામ સારંગપુર થડમાં ગામ સમઢીયાળાના સોની હરિભાઈ સારા હરિજન હતા તેને તાણનો રોગ હતો તેથી પંદર દિવસે તથા વિશ દિવસે તેને તાણ આવતી ને જે દિવસે તેને તાણ આવનારી હોય તે દિવસે તેને કષ્ટભંજન હનુમાનજીનાં દર્શન થાય ને તેને કહી દીયે જે "આ વખતે તને તાણ આવશે" ને વળી કોઈ કુસંગી મરે ને તેને જમ લઈ જાય તે હરિભાઈ કહી દીયે કે "ફલાણાને જમ લઈ ગયા" એમ કરતાં પોતાને દેહ મેલવા આડા વીશ દિવસ રહ્યા ત્યારે હનુમાનજીએ આવીને તેને કહ્યું કે હવે તને વીશમે દિવસે વીશવાર એક સાથે તાણ આવશે ને તારો દેહ પડશે" ત્યારે બીજા હરિજનોએ હનુમાનજીની સ્તુતિ કરી ને કહ્યું "કાંઈક તાણ ઓછી થાય તો ઠીક" ત્યારે હનુમાનજીએ કહ્યું "જાઓ ચૌદ વખત તાણ આવશે" પછી હરિજનોએ હનુમાનજીને પૂછ્યું કે "આ હરિભાઈને તાણ આવે છે તે એણે ઓલ્યા અવતારમાં શું પાપ કર્યું હશે ને તેને સત્સંગ મળ્યો છે તે શા પુન્યે મળ્યો હશે ?" ત્યારે કષ્ટભંજન બોલ્યા

જે "એણે ઓલ્યા અવતારમાં વાણીઓ હતો તેથી વેપારમાં બહુ દગા કર્યા હતા તે પાપે કરીને તેને તાણ આવે છે પણ એણે એકવાર રામાનંદસ્વામીની નિષ્કપટ ભાવે કરીને સેવા કરી હતી તે પુન્યે કરીને તેને સત્સંગ મળ્યો છે" તે સાંભળીને સહુ આશ્ચર્ય પામ્યા પછી વીશમે દિવસે હરિભાઈને ચૌદવાર તાણ આવી ને દેહ મૂકતી વખતે તેણે સહુ હરિજનોને તેડાવીને કહ્યું જે, "આ શ્રીજીમહારાજ મને તેડવા આવ્યા છે તે ભેગો હું ધામમાં જાઉં છું" એમ કહી દેહનો ત્યાગ કરીને ધામમાં ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૮૪)*

## સુંદરિયાણાના પીતાંબરને સર્પ કરડ્યો ને મહારાજ માણકી લઈને આવ્યા ને તેડી ગયા

એકવાર ગામ સુંદરિયાણામાં હેમરાજ શાના કુળમાં ભગવાનભાઈના દિકરા પીતાંબર બહુ સારા હરિજન હતા તેના વડવાને વૈષ્ણવ વાણિયાઓએ નાત બહાર મૂક્યા હતા તોપણ તેણે સત્સંગ મેલ્યો નહોતો ને સત્સંગનો રંગ ચડતો ને ચડતો હતો તેવામાં તે પીતાંબરને એકવાર કાળરુપ સાપ કરડ્યો તેથી તેણે તુરત દેહ મેલ્યો તે વખતે શ્રીજીમહારાજ માણકીયે ચડીને તેને તેડવા પધાર્યા ને ડોસા ખાચરના ઘરનાંને મહારાજે દર્શન દીધાં ત્યારે તે વાત બાઈએ પોતાના ધણીને કહી ને ગામમાં પણ બીજાં ઘણાં માણસોને દર્શન થયાં ને પીતાંબર દેહ મેલતી વખતે બોલ્યા જે "આ મહારાજ મને તેડવા પધાર્યા છે તે ભેગો હું ધામમાં જાઉં છું" એમ કહીને દેહ મેલ્યો તે વખતે મંદિરે સાધુ હતા તેની આગળ ડોસા ખાચર આવીને વાત કરવા માંડ્યા જે "ભગવાનશાના દિકરાને શ્રીજીમહારાજ માણકીએ ચડીને તેડવા પધાર્યા હતા તેવાં દર્શન અમારાં ઘરનાં મનુષ્યને થયાં' એમ વાત કરે છે ત્યાં તો પીતાંબરે દિવ્ય દેહે આવીને સાધુને કહ્યું જે "હુ અક્ષરધામમાં જાઉં છું ને આ અક્ષરધામની પ્રાપ્તિતો કોટી જન્મ તપ કર્યે પણ મળતી નથી તે મહારાજે મને કૃપા કરીને આપી છે" એમ કહી મહારાજ સાથે વિમાનમાં બેસીને ધામમાં ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૮૬)*

## ડડુસરના રજપૂત ગલુજીની માતાને તેડવા શ્રીહરિ આવ્યા

એકવાર શ્રીજીમહારાજ ગામ ડડુસર પધારવાના સમાચાર આવ્યા ને તે ટાણે દરબાર ગલુજીની મા માંદાં અંતકાળ હતો તે દેહ મલી ગયાં ત્યારે સર્વે ભાઈઓએ વિચાર કર્યો જે "હવે આપણે શું કરવું ?" ત્યારે ગલુજી બોલ્યા જે "મહારાજ પધારે છે તો એ આપણે માની દેહક્રિયા કરવા રહેશું તો મહારાજ ચાલ્યા જાશે માટે આપણે માને મેડી ઉપર હીંડોળાં ખાટમાં સુવારીને માથે બુંગણ ઢાંકી દઈએ ને નાહી ધોઈને મહારાજને તેડવા સામૈયું કરીએ." પછી તે પ્રમાણે કરી સામૈયું લઈને વાજતે ગાજતે સામા ગયા ને મહારાજશ્રીને દંડવત કરીને વાજતે

ગાજતે ગામમાં તેડી લાવ્યા ને કણબીની ડેલીયે ઉતારો કરાવ્યો. પછી બ્રાહ્મણ પાસે થાળ કરાવીને મહારાજશ્રીને જમાડ્યા એમ ત્રણ દિવસ સુધી મહારાજને રાખી ગામમાં ઘેર ઘેર પધરામણી કરી. પછી મહારાજ ચાલ્યા ત્યારે સહુ વળાવવા ગયા તે ગાઉ એક ગયા ત્યારે મહારાજે સહુ હરિજનને પાછા વાળ્યા ને ગલુજીને કહ્યું જે "તમે ઘેર જાઓ તમારી ડોશીને અમે ત્રણ દિવસથી ધામમાં તેડી ગયા છીએ માટે તમે આને આ લુગડે વાજતે ગાજતે સર્વે હરિજન જઈને તેને અગ્નિસંસ્કાર કરો" તે સાંભળીને સહુ આશ્ચર્ય પામ્યા ને પાછા ગામમાં જઈને ડોશીના દેહને અગ્નિસંસ્કાર કર્યો. ને મહારાજ પછીથી સાથેના સંત હરિજનો આગળ બોલ્યા જે "એ દરબાર ખરેખરા મહાત્મ્યવાળા છે બીજાથી આમ થાય નહિ કેમ જે ધર્મ આડો આવે પણ ભગવાનના સંબંધથી શુદ્ધ થવાય છે ને એવી સમઝણ વાળાની ભક્તિને ભગવાન બહુ માને છે." *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૯૦)*

## ઘાણલાના ડોસીને તેડવા શ્રીહરિ પધાર્યા

ગામ ઘાણલામાં પટેલ જાદવની સ્ત્રી સત્સંગી સારાં હતાં ને અખંડ મહારાજનું ભજન કરતાં તેને એક દિવસ રાત્રિએ મહારાજે દર્શન દઈને કહ્યું કે "કાલ બપોરે અમે તમને તેડવા આવશું" એમ કહી અંતર્ધાન થઈ ગયા પછી તેણે સવારે પોતાના ધણીને તથા દેર કરણાને વાત કરી જે "મારે આજ બપોરે ધામમાં જાવું છે માટે તમે બેય જણા સાંતી જોડશો નહિ" ત્યારે તે બેય જણા બોલ્યા જે "તને કાંઈપણ મંદવાડ નથી ને સાવ સાજી સારી છો ને દેહ મેલવાનું કહે છે ખોટું પડશે" એમ કહી તેતો સાંતી જોડીને ખેતર ગયા પછી દશ વાગ્યે મહારાજ હજારો વિમાન લઈ તે બાઈને તેડવા પધાર્યા ને ગામના પાદરમાં ત્રણ નદીઓ ભેગી થાય છે ત્યાં સપાટ વેકરાવાળી જમીનમાં વિમાન છોડ્યાં તે દર્શન તે બાઈને થયાં ને ગામનાં બીજાં કેટલાંક માણસોને પણ થયાં તે વખતે તે બાઈના શરીરમાં જરા તાવ જણાણો એટલે તેણે પોતાના ધણીને બોલાવવા માણસ મોકલ્યું ત્યારે તે બેય જણાને ઘેર આવતાં નદીમાં મહારાજના પ્રત્યક્ષ દર્શન થયાં ને ઘેર આવ્યા ત્યાંતો તે બાઈના શરીરમાં તાવ હતો તે જોઈને તેનો ધણી બોલ્યો કે "તું તો નિર્વિઘ્ન થઈને ભગવાનના ધામમાં ચાલી પણ મેંતો હજી મહારાજનો અલૌકિક પ્રતાપ કે મહિમા કાંઈ પણ જાણ્યો નહિ ને મહારાજનું વચન પણ બરોબર પળાણું નથી તો મારી શી વલે થાશે ?" તે સાંભળીને બાઇ બોલી જે "જેણે મારા ગોળાનું પાણી પીધું હશે ને મારા હાથનો ઘડેલો રોટલો ખાધો હશે કે કોઈ મારા હાથનો ચપટી લોટ લઇ ગયું હશે તેનું પણ મારે કલ્યાણ કરવું છે તો હું તો તમારા ઘરમાં રહી છું તો તમારા કલ્યાણનો શો સંશય છે તે તમને હોકો પણ શું બાદ કરનારો છે" એમ કહી મહારાજના મહિમાની વાતો

કરીને તેના હોકાં આદિ બધાં ફેલનો ત્યાગ કરાવીને કહ્યું કે "લ્યો નિયમ" એમ કહી પોતાના ધણીને તથા દેરને નિયમ આપ્યાં પછી જમીન લીપાવીને તે ઉપર બેસીને બોલી કે હવે હું મહારાજના ભેગી ધામમાં જાઉં છું ને તમે સહુ ભજન કરો" એમ કહી વિમાનમાં બેસીને અક્ષરધામમાં ગઈ. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૫૨૬)*

## કુંડલા કરશનજી કંદોઈના દીકરાની વહુને તેડવા આવ્યા ને મહારાજ પાછા ગયા ને ફરી બીજે દિવસે તેડી ગયા

ગામ કુંડલામાં કરસનજી કંદોઈના દીકરાની વહુને એકવાર શ્રીજીમહારાજે દર્શન દીધાં ને કહ્યું જે "અમે તમને આજથી આઠમે દિવસે એકાદશીની રાત્રિએ તેડ્યા આવશું" એમ કહીને અંતર્ધાન થઈ ગયા તે વાત તે બાઈએ બીજી બાઈઓ આગળ કરી ને પછી તો તે વાત ગામમાં દુકાને દુકાને થવા લાગી તે સાંભળીને કરસનજી કંદોઈએ ઘેર આવીને તે બાઈને કહ્યું "તમે આમ શું કરવા બોલો છો કારણકે કહ્યા પ્રમાણે કદાચિત મહારાજ ન આવ્યા તો લોકમાં ખોટું દેખાય" ત્યારે તે બાઈ બોલી જે "મને મહારાજે દર્શન દઈને કહ્યું છે તેથી હું કહું છું." તે સાંભળીને કરસનજી પોતાની દુકાને આવતા રહ્યા. ત્યાર પછી એકાદશીની રાત્રિએ શ્રીજીમહારાજ હાથી, ઘોડા રથ તથા પાલખીએ સહિત અનંત મુક્તો સાથે તે બાઈને ઘેર પધાર્યા ને તેને દર્શન દઈને કહ્યું "ચાલો ધામમાં" ત્યારે બાઈ કહે "મહારાજ મને આવી કાળી રાત્રિમાં તેડી જાશો માટે કાલ દિવસના આઠ વાગ્યે તેડવા આવજો" ત્યારે મહારાજ પાછા પધારી ગયા ને બાઈને એવો રોગ પ્રેર્યો જે શરીરમાં બળતરા થવા લાગી ને કાળી ચીસો પાડતી બોલે જે "હે મહારાજ હું ભૂલી ગઈ મારો ગુનો માફ કરો" એમ બહુ સ્તુતિ કરી ત્યારે એક કલાકે એ બાઈને સુવાણ થઈ પછી તે બોલી જે "હવે મને સારુ છે સર્વે સુઈ જાઓ" પછી સવારે સહુ ઉઠ્યાં ત્યારે તે બાઈએ કહ્યું કે "હવે સર્વે ઝટ પારણાં કરી લીયો મને આઠ વાગ્યે મહારાજ તેડવા પધારશે" ત્યારે રસોઈ કરી ઠાકોરજીને ધરીને સહુએ જમી લીધું ને પછી આવીને સહુ તે બાઈ પાસે બેઠાં પછી આઠ વાગ્યાનો વખત થયો ત્યારે તે બાઈ બોલી જે "હવે ઘીના દીવા કરો ને ફળી વાળીને સાફ કરો" ત્યારે બે દીવા કરીને ગોખમાં મૂક્યા ને ફળી વાળીને સાફ કર્યું પછી આઠ વાગ્યા ત્યાંતો ગામમાંથી ઘણાં માણસો આવીને બેઠાં તેવામાં તે બાઈ બોલી જે "આ શ્રીજીમહારાજ તથા સાધુઓ મને તેડવા આવ્યા છે ને હજારો વિમાન સાથે છે" એમ કહી સહુને જય સ્વામિનારાયણ કહી દેહ મૂકીને અક્ષરધામમાં ગયાં. ને તે વખતે બીજાં પણ ઘણાં માણસોને મહારાજનાં તથા વિમાનનાં દર્શન થયાં હતાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૫૩૧)*

## છાપરી ગામમાં જાનબાઈ તથા તેમની માસીની દીકરી તથા વાણિયણ બાઈને તેડી ગયા

શુક્રાચાર્યની પુત્રી દેવયાની નામે હતી તેણે કેટલાંક વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળ્યું હતું તે પુણ્ય કરીને તે પ્રગટપુરુષોત્તમનો જોગ મેળવવા ને પોતાનો મોક્ષ કરવા સારુ વાળાકદેશમાં છાપરીગામને વિષે કાઠી કુળમાં જન્મી હતી તેના પિતાનું નામ રાવત ચૈતરો અને માતાનું નામ કામળ બાઈ હતું અને તે બાઈનું નામ જાનબાઈ રાખેલું હતું. એક વખતે ગઢડે મહારાજના દર્શન કરવા તે મા દીકરી બન્ને આવેલાં હતાં ત્યારે મહારાજે કામળબાઈને કહ્યું હતું કે ''આ તમારી દીકરી જાનબાઈ તે દેવયાનીનો અવતાર છે'' તે સાંભળીને કામળબાઈ રાજી થયા ને જાનબાઈને તત્કાળ પોતાના પૂર્વજન્મની સ્મૃતિ થઈ પછી પાંચ દિવસ ગઢડે રહીને પોતાને ઘેર ગયાં ત્યારે જાનબાઈએ પોતાના મનમાં નિશ્ચય કર્યો કે ''મારે હવે પરણવું નથી ને અખંડ બ્રહ્મચર્યવ્રત પાળવું છે'' એમ ધારી મહારાજનું ભજન કરવાનો અતિ આગ્રહ રાખ્યો ને સાંખ્યયોગનાં વર્તમાન પાળવા પોતે એક નોખાં ઓરડીમાં રહેવા લાગ્યાં ને આખી રાત્રિ પોતે આસન વાળીને બેસે ને પલાંઠી ઉપર ઘંટીનું પડ મુકે ને ઉંચે વળા સાથે દોરડું બાંધીને પોતાનો ચોટલો બાંધે એમ ધ્યાન દિવસ રાત્રિ કરતાં કેટલાક માસ વીત્યા ત્યારે તેની મા ફરીવાર ગઢડે મહારાજના દર્શન કરવા સારુ જવા તૈયાર થયાં ને જાનબાઈને પણ દર્શને આવવા કહ્યું'' ત્યારે તે બાઈ બોલ્યા કે 'મહારાજને ગરજ હશે તો અહી મને દર્શન દેવા આવશે હું તો નહિ આવું'' ત્યારે કામળબાઈ એકલા ગઢડે ગયાં ને મહારાજનાં દર્શન કર્યા ત્યારે મહારાજે પૂછયું કે ''જાનબાઈ દર્શન કરવા કેમ ન આવ્યાં ?'' ત્યારે કામળબાઈ કહે ''એમણે તો એમ કહ્યું કે મહારાજને ગરજ હશે તો આંહી મને દર્શન દેવા આવશે'' ત્યારે મહારાજ કહે સારું કોઈ વખત ત્યાં દર્શન દેવા આવશું'' પછી કામળભાઈ પાંચ દહાડા રહીને ઘેર ગયાં તેવા સમામાં બ્રહ્માનંદસ્વામી પોતાનું મંડળ લઈને ફરતા ફરતા છાપરી ગામે ગયા ને જાનબાઈ રહેતાં તે ઓરડીની સાથે બીજી ઓરડી હતી તેમાં ઉતારો કર્યો ને રાત્રિના બાર વાગ્યા સુધી રાવતચૈતરાને તથા તેના દીકરા જુઠાચૈતરાને ઉપદેશની વાતો કરી પછી તે ઉઠી ગયા ને સ્વામી માળા ફેરવવા બેઠા તે પહેલાં સ્વામી એક સાધુને લઈને પોતાની ઓરડીથી બહાર નિસર્યા તે વખતે એક બાઈને જાનબાઈની ઓરડીમાં જતી ભાળી તેથી પોતાને સંકલ્પ થયો કે ''આ બાઈ સાંખ્યયોગ પાળે છે એની પાસે આ ટાણે કોઈ ડોશી ગઈ તે જો પુરુષ હશે તો સત્સંગીની લાજ જાશે'' એમ ધારીને સ્વામીએ સવારે જુઠાચૈતરાને કહ્યું કે ''આજ રાત્રે તમારે રાત્રિના બાર વાગતાં સુધી બેસવું'' ત્યારે તેણે કહ્યું ''સ્વામી શું કામ છે ?'' ત્યારે સ્વામીએ કહ્યું ''કાલ રાત્રિયે જાનબાઈની

ઓરડીમાં કોઈક બાઈને પેસતી ભાળી છે'' ત્યારે સાંજેથી જ તે આવીને સ્વામી પાસે બેઠા ને બાર વાગ્યા પછી થોડીક વાર થઈ ત્યાં જાનબાઈની ઓરડીમાં બાઈને પેસતાં ભાળી ત્યારે તરત તેણે ઉઠીને પોતાની માને વાત કહી ને દીવો લઈ મા દીકરો જાનબાઈ પાસે ગયાં ને કહ્યું ''કમાડ ઉઘાડો ત્યારે તેણે ઉઘાડયું પછી જુઠાચૈતરે કહ્યું ''હમણાં આંહી કોણ આવ્યું હતું ?' ત્યારે જાનબાઈ કહે ''આંહી તો કોઈ નથી આવ્યું ?'' ત્યારે જાનબાઈ કહે ''આહીં તો કોઈ નથી ને હોય તો જોઈ લ્યો'' ત્યારે તે વખતે કોઈને ન દીઠું પછી જુઠોચૈતરો કહે ''એ બેન તમે માનો નીકર આ તલવાર મારે પેટ નાખીને હમણાં તમારી આગળ મરીશ'' ત્યારે જાનબાઈ કહે ''એ ભાઈ આ ગામમાં લક્ષ્મીચંદશેઠના ઘરનું મરીને ચુડેલ થયેલ છે તે મારી પાસે હમેશાં મહારાજની વાતું સાંભળવા આવે છે'' ત્યારે કહે ''તે અમે કેમ જાણીએ ?'' ત્યારે તેજ વખતે તે ચુડેલ થયેલી બાઈ દેખાણી ને બોલી કે ''ઓલ્યા અવતારમાં મે રજસ્વલાનો ધર્મ નોતો પાળ્યો તેથી મને આ ભૂતનો દેહ આવ્યો છે ને હવે મને આ જાનબાઈનો સમાગમ થયો છે તેણે મને મહારાજનો નિશ્ચય કરાવ્યો છે ને તે મને અક્ષરધામમાં લઈ જાશે એવો વદાડ કરેલ છે માટે તેની વાતો સાંભળવા હું આંહી હમેશાં આવું છું તે સાંભળીને જુઠોચૈતરો જાનબાઈને પગે લાગીને બ્રહ્માનંદસ્વામી પાસે ગયા ને તે વાત કહી ત્યારે સ્વામીને સંશય મટયો પછી સ્વામી બે દહાડા રહીને ત્યાંથી ગઢડે ગયા ને મહારાજની પાસે જાનબાઈની વાત કહી તે પછી થોડા દિવસ કેડે મહારાજ દાદા ખાચરને પરણાવવા સારું ભટવદર ગયા ત્યારે બીજે સ્વરૂપે પાર્ષદોને સાથે લઈને છાપરી ગામે ગયા ને કામળબાઈએ ઢોલિયો ઢાળી આપ્યો તે ઉપર બિરાજમાન થયા ને કામળબાઈ પગે લાગીને આગળ બેઠાં ત્યારે મહારાજે કહ્યું 'જાનબાઈ આંહી આવશે કે અમે ઓરડીયે જઈએ ?'' ત્યારે કામળબાઈ મહારાજને પગે લાગીને ઉઠ્યા ને બોલ્યા કે ''લ્યો હું જાનબાઈને અહી તેડી લાવું'' એમ કહી જાનબાઈને ઓરડીયે જઈ તેને કહ્યું ''આંહી મહારાજ પધાર્યા છે ને દર્શન કરવા બોલાવે છે તે સાંભળીને અતિ આનંદથી દર્શન કરવા આવ્યાં ને મહારાજને પગે લાગીને હાથ જોડી વિનય સહિત બોલ્યા કે ''હે મહારાજ એક એક યુગ અઠાવીશ વાર આવી ગયો હવે મારો છુટકો ક્યારે કરશો ?'' ત્યારે મહારાજ કહે ''આજથી એક મહિનો પુરો થયે તમને તેડવા આવશું'' ત્યારે તે બાઈ કહે ''પણ મહારાજ અમે ત્રણ છીએ'' ત્યારે મહારાજ કહે ''તમે ત્રણ વળી કોણ ?'' ત્યારે કહે ''એક હું બીજી મારી માસીની દીકરી ને ત્રીજી એક વાણિયાણી છે ને અમારે ત્રણેયને એક સાથે ધામમાં જાવાનો વદાડ છે માટે મારી સાથે એમનું પણ કલ્યાણ કરવું જોઈશે'' ત્યારે મહારાજ કહે ''એ ભૂતને પણ સાથે લેવું છે ?'' ત્યારે બાઈ કહે ''હા મહારાજ હું તેને હમેશાં તમારા મહિમાની વાત

કરું છું'' પછી મહારાજ કહે ''સારું જાઓ તમારું ત્રણેયનું કલ્યાણ કરશું'' એમ કહીને મહારાજ અદશ્ય થઈ ગયા પછી એક મહિનો પુરો થયો ત્યારે મહારાજ વિમાન લઈને જાનબાઈને તેડવા આવ્યા ત્યારે તે બાઈએ પોતાના માતાપિતા તથા સગાસંબંધીને કહ્યું ''આ શ્રીજીમહારાજ મને તેડવા આવ્યા છે ને અમે ત્રણે જણાં વિમાનમાં બેસીને ધામમાં જઈએ છીએ'' એમ કહી તે અક્ષરધામમાં ગયાં. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૫૩૫)*

## સુરતના ભગુભાઈને શ્રીહરિ હાથીનો રથ લઈને તેડવા આવ્યા

સુરતમાં એક ભગુ નામે પાટીદાર હરિજન હતો પણ તેને જેની તેની સાથે કજિયા કરવાની ટેવ હતી તેથી માણસો તેને કહે કે ''તું મરીશ ત્યારે જમપુરીમાં જઈશ'' ત્યારે ભગુ સામો જવાબ આપે કે ''તમે બધાં ગમે તેમ કહો પણ મને તો એક સ્વામિનારાયણ ભગવાનનો આશરો છે માટે હુંતો મરીને તેના ધામમાં જવાનો છું'' પછી જ્યારે તેનું આયુષ્ય પૂરું થયું ને દેહનો અંત આવ્યો ત્યારે શ્રીજીમહારાજ હાથીનો રથ લઈને તેને તેડવા પધાર્યા ને તે ગામના ઘણા માણસે પ્રગટ પ્રમાણ દીઠા. એમ મહારાજ પરચો આપીને ભગુને ધામમાં તેડી ગયા તે જોઈને માણસો કહેવા લાગ્યા કે ''સ્વામિનારાયણ ભગવાનનોજ આશરો રાખવો જોઈએ જુઓને અંતકાળે પોતાના ભક્તોને પોતે ધામમાં તેડી જાય છે.'' *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૭૬)*

## અડાલજની વાવે કલ્યાણનો કોલ આપ્યો

એકવાર શ્રીજીમહારાજ પોતાના સંતે સહિત અડાલજની વાવ પાસે થઈને ચાલ્યા ત્યારે નિષ્કુળાનંદસ્વામી તે વાવમાં પાણી લેવા ગયા ત્યારે તે વાવના કાંઠા ઉપર આરસ પહાણમાં લેખ કરેલ તે સ્વામીએ વાંચીને મહારાજને કહ્યું કે ''આ વાવ કરાવનારે લેખ લખેલ છે તે વાંચવા જેવો છે'' ત્યારે મહારાજ કહે ''તમે વાંચો હું સાંભળું'' પછી નિષ્કુળાનંદસ્વામી વાંચવા માંડ્યા તેમાં લખેલ જે ''હું જાતે સ્ત્રી છું ને ક્ષત્રિય રાજાની દીકરી છું ને આ મારું નામ છે ને મારા પિતાએ મને મુસલમાન બાદશાહને આપી છે ને આ વાવ આટલા રૂપિયાનું ખરચ કરીને કરાવી છે તે હું નામ નથી પાડતી ફક્ત ઉંગાંમણના લાખ રૂપિયા ખર્ચ થયો છે તે મારી મોટપ સારુ કે મારી કીર્તિ સારૂ કે મારું નામ રહે તે સારૂ કરાવી નથી પણ મારા કલ્યાણ સારૂ કરાવી છે ને મારો દેહ છતાં તો મને કોઈ કલ્યાણ કરે તેવા મોટા પુરુષ મળ્યા નથી પણ વાંસેથી કોઈ કાળે મોટા પુરુષ પ્રગટ થાય તો આ વાવનું પાણી પીને મારું કલ્યાણ કરે એ મારી અરજી છે'' તે સાંભળીને શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થયા ને સાધુ આગળ જતા હતા તેમને બોલાવ્યા ને કહ્યું સર્વે સંત આ વાવમાં નાઓ ને પીઓ' એમ કહીને પોતે પણ

વાવમાં નાવા બેઠા ને તરીને ઘણીવાર સુધી નાયા ને પછી બહાર નીકળ્યા ને સંત પણ સર્વે નાયાને પછી એ વાવનું પાણી મહારાજે પીધું ને સંતે પણ પીધું પછી એ વાવના ઓટા ઉપર મહારાજ સભા કરીને બેઠા ને બોલ્યા જે ''આ વાવ કરાવનાર બાઇનું કલ્યાણ થયું પણ આ વાવ કરવાના કામમાં જે મજૂર આવ્યાં હશે ને જે પશુ કામમાં આવ્યાં હશે કે કીડી મકોડા મર્યા હશે તે સર્વેનું કલ્યાણ છે'' એમ મહારાજ અતિ કૃપા કરીને બોલ્યા ને સર્વેનું કલ્યાણ કર્યુ. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૪૯)*

## તાવીના નાનજી હાડાને શ્રીહરિ કહે તું દેહ મૂકીશ ત્યારે તેડવા આવીશ

તાવી ગામમાં નાનજી હાંડો એવે નામે એક કોળી રહેતો તેને ગામના હરિજનો કહેતા કે ''તું વર્તમાન લઇને સત્સંગી થા'' ત્યારે તે બોલતો કે ''મારે સત્સંગી કે સાધુના હાથનાં વર્તમાન લેવાં નથી પણ જ્યારે મહારાજ પોતે આંહી પધારશે ત્યારે તેના હાથના વર્તમાન લેવાં છે'' પછી કેટલેક દહાડે શ્રીજીમહારાજ કાઠીઓના સ્વારે સહિત તે ગામની સીમમાં નિકળ્યા તે વખતે નાનજી વગડામાં સાંતી હાંકતો હતો તેને બીજા કોઈકે કહ્યું કે ''તું કહે છે કે મારે સ્વામિનારાયણના પોતાના હાથથી વર્તમાન લેવાં છે તે એ છેટે જાય તે સ્વામિનારાયણ છે માટે વર્તમાન લેવાં હોય તો દોડીને ભેગો થા'' ત્યારે તે સાંતી પડતું મુકીને એકદમ મહારાજની વાંસે દોડ્યો તે મહારાજ આગળ ચાલ્યા જાય ને તે નાનજી ઉતાવળો ઉતાવળો વાંસે દોડ્યો જાય ને ઘણા છેટે હતા તેથી દોડતાં શ્વાસ ચડી ગયો તેવામાં મહારાજની નજર પડી તેથી બોલ્યા કે ''સુરા ખાચર ! આ આપણી વાંસે કોણ દોડ્યું આવે છે ? માટે આપણે ઉભા રહો'' એમ કહીને ઉભા રહ્યા ત્યાંતો તે નાનજી મહારાજની પાસે આવ્યો ને પગે લાગીને બોલ્યો કે ''હે મહારાજ ! ઘણા દિવસથી હું તમારી વાટ જોઇ રહ્યો હતો મારે તમારા હાથનાં વર્તમાન લેવાં છે'' એમ તે શ્વાસ ચડવાથી માંડ માંડ એટલું બોલી શક્યો તે ટાણે ત્યાં મૂળજી બ્રહ્મચારી પાસે હતાં તેણે કહ્યું ભાઇ ! કોઈની પાસે પાણીનો લોટો હોય તો લાવો આને મહારાજ વર્તમાન ધરાવે' ત્યારે મહારાજ બોલ્યા કે ''બ્રહ્મચારી, પાણીનું કામ છે કે અમારું કામ છે ?'' એમ કહી નાનજીનો હાથ પોતાના હાથમાં લઈને બોલ્યા જે ''જ્યાં અમે રહીએ છીએ ત્યાં તેને તેડી જાશું એ તારે વર્તમાન'' તે સાંભળીને નાનજી બોલ્યો કે ''હે મહારાજ ! મારે પૂજા કરવી ને અબોટીયાં રાખવા તેનું કેમ કરવું ?'' ત્યારે મહારાજ કહે ''તારે પૂજા અબોટીયાનું કાંઈ કામ નથી બહાર દીશાયે જા ત્યારે પાણીનો લોટો લઈને જાજે ને જ્યારે તું દેહ મુકીશ ત્યારે હું તને તેડવા આવીશ'' એવું મહારાજનું વચન સાંભળીને સહુ એમ બોલ્યા જે ''અહો આ

કોળીનાં તો બહુ મોટાં ભાગ્ય થયા'' એમ મહારાજને પ્રતાપે અધમનો ઉદ્ધાર થાય છે. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૭૭)*

## સારંગપુરના સીમાડામાં જમ ન આવે એવો કોલ આપ્યો

એક દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રી સારંગપુરમાં વિરાજમાન હતા ત્યારે જીવા ખાચરે મહારાજને કહ્યું કે ''વરસાદ વિના મોલ સુકાય છે માટે દયા કરીને વરસાદ કરો'' ત્યારે મહારાજ બોલ્યા કે ''વરસાદ કરવો તે ક્યાં અમારા હાથમાં છે તે તો પરમેશ્વર કરે ત્યારે થાય'' ત્યારે વસ્તો ખાચર કહે ''કરો તો તો તમારા હાથમાં છે ને ન કરવો હોય તો તમે જાણો'' પછી મહારાજ ઓશરીથી હેઠા ઉતર્યા ને ઉઘાડે માથે ચોકમાં ફરવા માંડ્યા ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ બોલતા જાય ને આકાશમાં જોતા જાય ત્યાંતો આકાશમાં ખાટલા જેવડું વાદળું દેખાયું ને તે વૃદ્ધિ પામીને વરસવા માંડ્યું ને બહુ મેઘ વરશ્યો. પછી જીવા ખાચરના ઓરડાની પછીત પડી ત્યારે મહારાજ બોલ્યા જે ''ઘોડીયું પણ લીયો''તે લઈ લીધું ત્યાં તો કરો પડ્યો ને વરસાદ ત્રણ દિવસ સુધી રહ્યો ને જીવા ખાચરનું ઘર પણ પડ્યું એટલે મહારાજ રાજગર બ્રાહ્મણના ઘરમાં રહ્યા ને સાધુ ચોરામાં જઈને ઉતર્યા તેવામાં ત્યાં કોઈક બ્રાહ્મણનું ઘર પડ્યું ને તેની હેઠે ઢોર દબાણાં એટલે તે બ્રાહ્મણ મહારાજ પાસે દોડતો આવ્યો ને બોલ્યો કે ''મારાં ઢોર મોભ હેઠે દબાણાં છે તે કોઈ કાઢો'' ત્યારે મહારાજે સભામાં સહુને કહ્યું કે ''ઉઠો ઉઠો'' પણ મહારાજને મેલીને કોણ ઉઠે પછી મહારાજ પોતે દોડીને ગયા ને પોતાનો ખંભો દઈને મોભ ઉંચો કરીને તેનાં ઢોર કાઢ્યાં. પછી મહારાજ સભામાં આવીને બેઠા ત્યાં જીવો ખાચર આવીને મહારાજને પગે લાગ્યા ત્યારે મહારાજે કહ્યું ''અમને ભૂખ લાગી છે'' ત્યારે તેણે કહ્યું ''લીયો મહારાજ જમવાનું લાવું'' એમ કહીને પોતે બીજા ઘરમાં રહેવા ગયેલા ત્યાં જઈને પોતાનાં ઘરનાં જે સીતબા તેને ક્યું જે ''મહારાજ ભૂખ્યા થયા છે માટે રોટલા કરો'' ત્યારે તે કહે ''ચુલા કર્યા નથી ને બળતણ નથી ને છાણાં પલળી ગયાં છે ત્યારે જીવા ખાચરે કોઠી ભાંગી ને તેના ચુલા કર્યા ને કુવાડો લઈને રંગત ઢોલિયો હતો તેના ઈસ ઉપળાં તથા પાયા ફાડીને બળતણ કરી આપ્યા પછી તે બાઈએ બે રોટલા સારા બનાવીને ઘીથી ચોપડી ને થાળીમાં મેલ્યા ને એક તપેલીમાં ભેંશનું દહીં આપ્યું ને કહ્યું ''લીયો મહારાજને જમાડી આવો'' ત્યારે જીવા ખાચર તે લઈને બ્રાહ્મણને ઘેર મહારાજ હતા ત્યાં ગયા ને કહ્યું ''ઉઠો મહારાજ જમવા પધારો'' ત્યારે મહારાજ એક બાજોઠ ઉપર બેઠા ને બીજા બાજોઠ ઉપર જીવા ખાચરે થાળ તથા તાંસળી દહીંની મેલી તે મહારાજ સારી પેઠે જમ્યા ને પછી ચળુ કરીને મુખવાસ જમ્યા ને જીવા ખાચરને પ્રસાદી આપી પછી મહારાજે પૂછયું જે ''જીવા ખાચર,

આ વરસાદમાં તમારાં ઘર તો પડી ગયાં છે ને તમે શી રીતે રોટલા કરાવ્યા ?'' ત્યારે જીવા ખાચરે બધી વાત કરી તે સાંભળીને મહારાજ અતિ રાજી થયા પછી પોઢીને સવારે જાગ્યા ત્યારે વરસાદ રહી ગયો હતો પછી પોતે નાહી નિત્યવિધિ કરીને સાધુ સારુ જોળી માગવા ગયા તે ઘેર ઘેર ફર્યા તેવામાં એક વાણિયાને ત્યાં ગયા ત્યાં જોળીમાં તેણે મેથીના લાડુ નાખ્યા પછી જીવા ખાચરે મહારાજને જોળી માગવા જાવા ન દીધા ને કહ્યું ''અમે રોટલા લાવશું'' એમ કહીને રોટલા તથા દહીં લાવ્યા તે મહારાજે સાધુને જમાડી પછી મહારાજે જીવા ખાચરને કહ્યું ''તમે વર માગો'' ત્યારે જીવા ખાચરે કહ્યું ''અમારા ગામમાં મરે તેને જમ લેવા ન આવે ને તેનું કલ્યાણ થાય'' ત્યારે મહારાજે કહ્યું ''જાઓ એ વર તમને આપ્યો'' તેવામાં જીવા ખાચરનો કાકો વસ્તો ખાચર બોલ્યા જે હે મહારાજ ! એમને માગતાં ન આવડવું કેમકે અમારે ગામમાં મરવાનું ક્યાંથી હોય કેમ કે ગરાસના ટંટાથી સીમમાં પણ મરવાનું થાય'' તે સાંભળી જીવા ખાચર કહે ''હા મહારાજ હું ભૂલ્યો ફરી માગું'' એમ કહીને માગ્યું જે ''અમારી સીમમાં જે મરે તેનું પણ કલ્યાણ થાય ને તેને જમ લેવા ન આવે'' ત્યારે મહારાજ કહે ''જાઓ એ વર પણ તમને આપ્યો'' પછી વળતે દિવસે શ્રીજીમહારાજ અને સંત જીવા ખાચરની વાડીએ નાવા પધાર્યા ને વાડ જોઈને મહારાજ બોલ્યા કે ''વાડ બહુ સારો થયો છે'' ત્યારે જીવા ખાચર કહે ''હા મહારાજ વાડ તો બહુ સારાં છે પણ ઉંદર શેલડી કાપી નાખે છે'' ત્યારે મહારાજ કહે ''ઉંદર શેલડી ન કાપે તેવો લાવો ઉપાય કરું'' એમ કહીને કોસ ઢળવાના થાળાની કુંડીમાં પોતે પલાઠી વાળીને ઘણીવાર સુધી બેઠા પછી બહાર નિસરીને બોલ્યા જે ''હવે ઉંદર શેલડી નહિ કાપે'' એમ કહીને પછી મહારાજ ગામમાં ગયા ને મહારાજની પ્રસાદીનું જળ વાડમાં ગયું ત્યારથી ઉંદર શેલડી કાપતા બંધ થઈ ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૮૦)*

## દાદા ખાચરને વર આપ્યો જે હું કાયમ ગઢડામાં રહીશ

દાદા ખાચરને પ્રથમ શ્રીજીમહારાજના દર્શન કારિયાણીમાં થયાં ત્યારથી તે પુરુષોત્તમનારાયણ છે એવો તેને પાકો નિશ્ચય થયો હતો. પછી તે શ્રીજીને ગઢપુરમાં તેડી લાવ્યા ને પોતે સદા અનુવૃત્તિમાં રહ્યા. એકવાર મહારાજ ગઢપુરથી ઉદાસ થઈને ચાલી નિસર્યા ત્યારે દાદા ખાચર મહારાજની પાછળ દોડીને તેને બથ ભરી ગયા. ત્યારે મહારાજ મૂકાવીને ચાલી નીકળ્યાં ત્યારે વળી તે દોડીને બથ ભરી ગયા ત્યારે વળી મહારાજ બથ છોડાવીને ચાલી નિકળ્યા એમ પાંચ વખત દાદા ખાચર વળગ્યા ને મહારાજ છોડાવીને ચાલી નિકળ્યા પછી છઠ્ઠીવાર મહારાજે દાદા ખાચરને પછાડી નાખ્યા ને પછી આઘેરા જઈને પાછું વાળી જોતાં હતા ત્યારે દાદા ખાચરને

હીબકાં ભરીને રોતા દેખી પોતાને દયા આવી તેથી પાછા વળી દાદા ખાચરને બથમાં લઈ મળ્યા ને વર આપ્યો જે "હે દાદા ! આજથી અમે તમારે ત્યાં અખંડ રહીશું" એમ મહારાજ દાદા ખાચરના બંધનમાં આવ્યાં. ને એકવાર ત્રણસો રૂપિયા લઈને એક ડોશી વઈ ગઈ તે ગઢડાને સીમાડે ગઈ ત્યાં તેનું માથું ફરી ગયુ તેથી પાછી ગામ તરફ આવી પછી વિચાર થયો કે "હવે પાછા રૂપિયા આપી દઉં" એમ ધારીને દાદા ખાચરના દરબારમાં આવી ને તે સ્વામિનારાયણ ! એમ બોલતાં બેસી ગઈ. પછી મહારાજે દાદા ખાચરને કહ્યું "ઓલી રૂપિયા લઈ જનાર ડોશી પાછી આવી છે. તેની પાસેથી રૂપિયા લઈ લીઓ ને તેનું માથું કાપી નાખો" ત્યારે દાદા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! તેણે તો મારા રૂપિયા જ લીધા છે પણ કદાચ મારા દીકરા બાવાને મારી નાખે તો પણ મારાથી એનું માથું કેમ કપાય ? કારણકે તેની જીભ ઉપર સ્વામિનારાયણ એવું નામ છે તો તેના ઉપર મારો હાથ કેમ ઉપડે ?" તે સાંભળીને દાદા ખાચર ઉપર મહારાજ બહુ રાજી થયા. વળી એકવાર શ્રીજીમહારાજે દાદા ખાચરને કહ્યું કે "તમારો બધો ગરાસ તમારી બેય બેનોને દઈ દીયો" ત્યારે તેણે મહારાજની આજ્ઞા માનીને પોતાનો બધો ગરાસ પોતાની બેય બેનોને લખી આપ્યો. પછી મહારાજે દાદા ખાચરને પૂછયું જે "હવે તમે શું કરશો ?" ત્યારે દાદા ખાચર બોલ્યા જે "હું ભાવનગરમાં નોકરી કરી મારું ગુજરાન કરીશ" તે સાંભળી મહારાજ બહુ રાજી થયા. તે પછી એકવાર શ્રીજીમહારાજ દાદા ખાચરને વાસુદેવનારાયણના ઓરડા ચણવાનું કહીને પોતે વડતાલ પધાર્યા ને જ્યારે તે ઓરડા ચણાઈને તૈયાર થયા ત્યારે પાછા ગઢડે પધાર્યા. ને ઓરડા જોઈને બોલ્યા જે "આવા સાંકડા શું કર્યા ! માટે એ પાડી નાખીને બીજા કરો." ત્યારે દાદા ખાચરે શ્રીજીની આજ્ઞા માનીને તે બધું પાડી નાખી ફરી દોઢ બે ગજ પોળા પાયા નાખીને બીજા ઓરડા બનાવ્યા ને મહારાજની આજ્ઞામાં જરા પણ સંશય કર્યો નહિ તેથી મહારાજ બહુ રાજી થયા ને બોલ્યા જે "આ દાદા ખાચરના આવા ગુણ જોઈને અમે બંધાઈને આંહી રહ્યા છીએ બીજાથી આવા થવાય નહિ" એમ એ દાદા ખાચરમાં અનેક ગુણ હતા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૯૭)*

## ગઢપુરમાં લુવારના છોકરાને સવારીએ સહિત તેડવા ગયા

મહારાજ અક્ષરઓરડીએ રહેતા. તે એક દિવસ જીવા ખાચર આવીને મહારાજને કહે છે, "હે મહારાજ ! મારે નિત્ય(સાધુનાં) દર્શન કરવાનું નીમ છે. તે તમે આંહીં રહો છો તે મારાથી હંમેશાં અહીં અવાતું નથી; માટે બે સાધુને અમારા દરબારમાં રહેવાની આજ્ઞા કરો, તો તે ત્યાં રહે તો અમારે હંમેશાં દર્શન થાય તો ઘણું સારું." પછી મહારાજે સ્વરૂપાનંદસ્વામી

તથા મુક્તાનંદસ્વામી એ બે સાધુને આજ્ઞા કરી કે, 'તમે જીવા ખાચરના દરબારમાં રહો.' તે આજ્ઞાને માથે ચડાવીને એ બંને સાધુ જીવા ખાચરના દરબારમાં ગયા.

પછી જીવો ખાચર સવારમાં નાહી પૂજા કરી સાધુનાં દર્શન કરીને પછી કાંઈ કામકાજ હોય તે કરે, એવું તેને હંમેશાં નીમ હતું. તે વખતમાં મહારાજ દાદા ખાચરના દરબારમાં છાના રહેતા હતા. ત્યારે જીવા ખાચરના દરબારમાંથી મુક્તાનંદસ્વામી તથા સ્વરૂપાનંદસ્વામીને મહારાજને દર્શને આવવું હોય ત્યારે તે સાધુ ભિક્ષા કરવા ઝોળીએ નીકળે, ત્યારે દાદા ખાચરના દરબારમાં આવે ત્યારે દર્શન થાય ને કોઈ વખત મહારાજની મરજી ન હોય તો ન થાય. પછી એક દિવસ ઝોળીએ આવ્યા ત્યારે હંમેશાંની પેઠે "નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો !' એમ બોલ્યા. ત્યારે મહારાજ કહે છે, "એ સાધુને બોલાવો." પછી સાધુ જઈને પગે લાગ્યા.

પછી મહારાજ કહે છે, "તમે કાલે કીર્તન બોલ્યા હતા તે આજ પણ બોલો.' ત્યારે મુક્તાનંદસ્વામી કહે, "મહારાજ, એ કીર્તન કાલ બોલ્યા તે તો અમને કંઠે નથી. કાલ તો ખરડો વાંચીને બોલ્યા હતા, પણ આજ ખરડો અમારી પાસે નથી. ઓલ્યા દરબારમાં અમારે ઉતારે છે તે કાલે લેતા આવશું તે પછી બોલશું.' એમ કહીને સાધુ તો ગયા. તે જ રાતે સાધુ સૂતા હતા ત્યાં મહારાજ વિમાન ને સાથે બીજી કેટલીક સવારી લઈને લુવારના છોકરાને તેડવા ગયા; એવું સ્વરૂપાનંદસ્વામીને દેખાણું.

સવારે જીવો ખાચર દર્શને આવ્યા ત્યારે સાધુએ જીવા ખાચરને પૂછ્યું કે, "આજ રાત્રિએ કોણે દેહ મૂક્યો ?' ત્યારે જીવા ખાચર કહે જે, "મહારાજ, લુવારનો છોકરો એક જ હતો. તેના પછવાડે આઠ માણસ ગુજરતા તે ગુજરી ગયો." ત્યારે સ્વરૂપાનંદસ્વામી કહે છે, "અહો હો ! એનાં બડાં ભાગ્ય !' પછી જીવા ખાચર કહે, "શું મહારાજ બડાં ભાગ્ય ?' ત્યારે સાધુ કહે, "આજ રાત્રે મહારાજ વિમાન તથા રથ તથા હાથી-ઘોડા-પાલખીઓ લઈને તે લુવારના છોકરાને તેડવા ગયા હતા. તે વાત જીવા ખાચરને મનાણી નહિ, ને મુક્તાનંદસ્વામીને પણ માનવામાં ન આવ્યું. ત્યારે બીજે દિવસ મુક્તાનંદસ્વામીને પણ એ જ રીતે મહારાજનું દર્શન થયું. તેમાં પણ જે પ્રમાણે સ્વરૂપાનંદ સ્વામીએ દેખ્યું હતું તે જ પ્રમાણે મુક્તાનંદસ્વામીને જણાવ્યું.

પછી સવારે મુક્તાનંદસ્વામી ઊઠ્યા ને સ્વરૂપાનંદસ્વામીને દંડવત કરી પગે લાગતા હતા. ત્યાં જીવા ખાચર કહે છે, "મહારાજ, શું છે ? ત્યારે મુક્તાનંદસ્વામી કહે કે, "કાલે સ્વરૂપાનંદસ્વામી જે વાત કહેતા હતા તે લુવારના છોકરાને (મહારાજ) મોટી સવારી સહિત તેડવા ગયા હતા, તે વાત મને મનાઈ નો'તી; પણ આજ મને પણ એ જ પ્રમાણે દર્શન થયું, તેથી મેં સ્વામીને દંડવત કર્યા." એ સાંભળીને જીવા ખાચર કહે, "મને પણ નો'તું મનાણું,

પણ એ વાત ખરી છે.'' એમ ધારીને એને પણ એમ થયું જે, ''એ વાત તો ખરી છે, મને નો'તું મનાતું તે મારામાં ભૂલ છે.' પછી જીવા ખાચરે દંડવત કર્યા ને પગે લાગ્યા ને કહ્યું જે, ''મહારાજ મને કહેતા તે સાચું હશે.'

પછી જીવા ખાચરને ત્રીજી રાત્રે એ જ પ્રમાણે દર્શન થયાં, એટલે જીવા ખાચરને પણ બરાબર સમજાણું કે, જે સાધુ કે'તા હતા તે વાત ખરી છે. તે વાતનો પાક્કો નિશ્ચય થયો. તે પછી સવારે જીવા ખાચર પણ ઊઠીને પગે લાગ્યા ને ત્રણેને એ જ પ્રમાણે દર્શન થયાં એટલે ત્રણે જણ ઘણા રાજી થયા. *(મહારાજની લીલા)*

## મહુધાના બ્રહ્મરાક્ષસને બદરિકાશ્રમમાં મોકલ્યો

એવામાં ગઢડાનો નાથો ભાવસાર ઘણો રમૂજી હતો. તેની પાસે મહારાજ કેટલાક મતપંથની દેશીઓ કઢાવતા ને રમૂજ કરાવતા હતા. તે વખત રાતના બાર વાગવાનો સમય હતો ને મહારાજ પોઢવા ઊઠ્યા કે તુરત કોઈએ ઓચિંતાની રાડ નાંખી. ત્યારે મહારાજ કહે, ''નાથા, અત્યારે રાડ્યો ને રમૂજ કરવી રહેવા દે; હવે સૂવાનો વખત થયો છે.'' ત્યારે નાથો ભાવસાર કહે, ''મહારાજ, હું નથી બોલ્યો. તે તો કોઈકે રાડ નાંખી છે.''

ત્યારે બીજા તે ગામના હરિભક્તોમાંથી એક જણ કહે છે, ''મહારાજ, અહીંયાં એક બ્રાહ્મણ રહે છે. તેને એક બ્રહ્મરાક્ષસ વળગ્યો છે. તેણે જ રાડ નાંખી.'' પછી મહારાજ કહે, ''એને અહીંયાં લાવો.'' પછી તે બ્રાહ્મણને લાવ્યા, ને મહારાજ હાકલ કરીને બોલ્યા કે, ''અલ્યા દુષ્ટ ! કોણ છો ? ને આને શા સારું વળગ્યો છે ? તે જવાબ દે ? અને ભૂત કેમ થયો ? અને જાતો રહે નહિ તો મરી જાઈશ !'

પછી બ્રાહ્મણ કહે, ''હું બ્રહ્મરાક્ષસ છું ને મહુધામાં રહું છું. તે મહુધાના પાદરમાં ઝાડ હેઠે અમે ત્રણ જણ રમતા હતા, તેમાં ઝાડની ડાળ પડી એટલે અમે ત્રણે જણ મરણ પામ્યા. તેમાં બે જણ તો ક્યાંક વયા ગયા ને મારે તો એ જ ગામને વિશે હેત હતું. તે હું તો તે ગામના પાદરમાં વડનું ઝાડ છે, ત્યાં રહેતો હતો. તેવામાં આ બ્રાહ્મણ આવીને કુવાડી વતે ડાળખું કાપવા આવ્યો. તે હું બેઠો હતો, તે જગ્યાએ આવીને કુવાડીનો ઘા કર્યો. તે મારા માથામાં વાગ્યો, તેથી હું તેને વળગ્યો છું. માટે હું તો જીવ લઈને જઈશ.' તે સાંભળી મહારાજે સોટી મારી તે સોટીનું ફૂમકું તૂટી ગયું, તે સાધુએ લઈ લીધું. ને બોલ્યા જે, અલ્યા, જીવ લેનાર તું કોણ છો ? અહીંથી ભાગી જા.' ત્યારે બ્રહ્મરાક્ષસ કહે, ''હું ક્યાં જાઉં ?' ત્યારે મહારાજ કહે, ''તને ગમે ત્યાં જા, પણ આ બ્રાહ્મણના દેહમાંથી નીકળ.''

પછી તે બ્રહ્મરાક્ષસ બોલ્યો જે, ‘‘મને ક્યાંક રહેવાની જગ્યા બતાવો.’’ ત્યારે મહારાજ કહે, ‘‘અમારામાં રે’.’’ ત્યારે બ્રહ્મરાક્ષસ કહે, મહારાજ ! હું તો બળી મરું.‘ ત્યારે મહારાજ કહે, ‘‘આ સાધુમાં રે.‘ ત્યારે તે કહે, ‘‘મહારાજ, આ સાધુમાં પણ ન રહેવાય.’’ ત્યારે મહારાજ કહે, ‘‘તું ક્યાં રહીશ ?‘ ત્યારે તે કહે, ‘‘આ દરવાજામાં રહું ને કહો તો આ ગઢમાં રહું.‘

ત્યારે મહારાજ કહે, ‘‘પાટીદારો, આ બ્રહ્મરાક્ષસ કહે છે કે, ‘‘હું આ દરવાજામાં તથા ગઢમાં રહું.’’ ત્યારે પાટીદારો બોલ્યા જે, ‘‘મહારાજ, અમારી સ્ત્રીઓને તથા છોકરાંને ને અમારે આખો દિવસ જવું-આવવું પડે, માટે એને તો આંહીં રાખશો જ મા.’’ ત્યારે મહારાજ બ્રહ્મરાક્ષસને કહે, ‘‘ભાઈ, એ તો પાટીદાર ના પાડે છે, માટે તું હવે ક્યાં રહીશ ?‘ ત્યારે બ્રહ્મરાક્ષસ કહે, ‘‘આ ડોસીઓ જે વર્તમાન ન પાળતાં હોય તેનામાં રહું.‘ પછી મહારાજ કહે, ‘‘ડોસીઓ સહુ સાંભળો છો ? આ બ્રહ્મરાક્ષસ કહે છે કે, ડોસીઓમાં જે વર્તમાન ન પાળતાં હોય, તેનામાં રહું, માટે ત્યાં આવે છે.’’ ત્યારે ડોસીઓ કહે, ‘‘ના મહારાજ, આંહીં મોકલશો નહીં, હવેથી સૌ વર્તમાન બરાબર પાળશું.’’

પછી મહારાજ બ્રહ્મરાક્ષસને કહે, ‘ડોસીઓ તો ના કહે છે, માટે તું બદરિકાશ્રમમાં જા.’’ પછી તેને બદરિકાશ્રમમાં મોકલ્યો. એ રીતે ત્યાં ભારે ચમત્કાર બતાવ્યો, તથા ઘણી વાતો કરીને હરિજનને સુખ આપ્યું. ને પછી ત્યાંથી વડતાલ તરફ ચાલવાનો વિચાર કર્યો અને તૈયાર થઈને સર્વે હરિજન સાથે નીકળ્યા ને ગામના તથા સમૈયામાં આવેલા માણસો વાજતે-ગાજતે તમામ નીકળ્યાં. તે વળાવીને સર્વે પાછા વળ્યાં.

ને મહારાજ ત્યાંથી ચાલ્યા તે વડતાલમાં આવ્યા. ત્યાં ગામના માણસો હરિજન વગેરે તમામને ખબર પડી, તે સૌ સામા આવ્યા ને વાજતે-ગાજતે સૌ ગામમાં તેડી ગયા ને જોબન પગીને ત્યાં ઊતર્યા. તે વાતની ખબર સાંભળી ત્યારે આસપાસના હરિભક્ત સૌ દર્શને આવ્યા. તેને મહારાજ વાતો કરીને સર્વેને આનંદ પમાડતા હતા. *(મહારાજની લીલા)*

## માંદા વૈરાગીને પ્રસાદી જમાડી કલ્યાણ કર્યું

ઠાકોરજીની સંધ્યા આરતી થયા પછી શ્રીજીમહારાજ અક્ષર ઓરડીને વિશે વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા ચેતન્યાનંદસ્વામી આદિ પરમહંસોની સભા ભરાઈને બેઠી હતી. તે રાત્રિના અગ્યાર વાગતાં સુધી સભા પ્રસંગ ચાલ્યો. ત્યારે શ્રીજીમહારાજે સહુને ઊઠવાની આજ્ઞા કરી. ત્યારે સહુ ઊઠ્યા. તેટલામાં દર્શને આવતા દામોદરને ડેલી પાસે એક વૈરાગી મળ્યો. તેણે દામોદરને દીન વચનથી કહ્યું જે, ‘‘હું માંદો છું, ને ક્ષુધા બહુ વ્યાપી છે.’’

ત્યારે દામોદર તે સાંભળીને મોટીબા તથા લાડુબા પાસે જઈને બોલ્યા જે, "મહારાજને જમવું છે, માટે જમવાનું કરો." ત્યારે તુરત બાજરાનો રોટલો ને તાંદળજાની ભાજી તૈયાર કરીને દામોદરના હાથમાં આપી. તે લઈને વૈરાગીને આપવા જતા મહારાજે ભાળ્યો. ત્યારે પૂછ્યું જે, કોણ એ ?' ત્યારે જવાબ દીધો જે, "હું દામોદર.' ત્યારે મહારાજે કહ્યું જે, 'હાથમાં શું છે ?" ત્યારે દામોદરે જવાબ દીધો જે, "રોટલો લઈ જાઉં છું."

પછી મહારાજે કહ્યું જે, "લાવો, અમારે જમવું છે." પછી ત્યાં જમવા બેઠા ને બોલ્યા જે, "અત્યારે રોટલો ને ભાજી ક્યાંથી વારુ ?' ત્યારે તેણે કહ્યું જે, "એક માંદો વૈરાગી ડેલીએ આવીને બેઠો છે. તે ભૂખ્યો હોવાથી તમારું નામ દઈને રોટલો લાડુબા પાસે મેં કરાવ્યો." ત્યારે મહારાજ ચોથિયું રોટલો જમીને બાકીનો રોટલો તથા ભાજી દામોદરને આપ્યાં ને બોલ્યા જે, "જાઓ, તે વૈરાગીને ઝટ જમાડી દ્યો.' ત્યારે તે ત્યાં જઈને ખવરાવી આવ્યા.

ને વળી ફેર દામોદરને તેડીને (મહારાજ) વૈરાગીને દર્શન દેવા ગયા. ને પછી અક્ષરઓરડીએ પધાર્યા. ને ચાર ઘડી રાત્રિ ગયા પછી ખબર કઢાવી તો વૈરાગીએ દેહ છોડી દીધેલો. પછી દામોદરને કહ્યું જે, "સવારે તેની દેહક્રિયા કરાવજો." એમ કહીને પછી મહારાજ પોઢ્યા અને તે વૈરાગીને અક્ષરધામમાં લઈ ગયા. ને અલૌકિક આશ્ચર્ય તે જ રાતે દામોદરને શ્રીજીમહારાજે દેખાડ્યું ! *(મહારાજની લીલા-૧૧)*

## ગોપનાથના બ્રહ્મચારીનો મહારાજે મોક્ષ કર્યો

શ્રીજીમહારાજ વનમાંથી પંચતીર્થીમાં આવ્યા ત્યારે ગોપનાથ ગયા. ત્યાં નૃસિંહાનંદ કરીને એક બ્રહ્મચારી હતા. તેમણે મહારાજનું બહુ સન્માન કર્યું ને રાખ્યા. ને મહારાજ ત્યાં રહ્યા તેથી કરીને તે બ્રહ્મચારીને મહારાજને વિષે બહુ હેત થયું. પણ ત્યાં થોડા દિવસ રહી મહારાજ ચાલી નીસર્યા તે ઘણાં વર્ષ વીતી ગયાં. પછી મહારાજની દેશાંતરમાં બહુ પ્રસિદ્ધિ થઈ. તે વખત મહારાજ ગઢપુરમાં બિરાજતા હતા. એટલે ગોપનાથના બ્રહ્મચારીને એમ થયું જે, "મહારાજ આંહીં એકવાર પધાર્યા હતા ને હવે મહારાજની ઘણી પ્રસિદ્ધિ થઈ; માટે એક ફેરો મહારાજને તેડાવીએ."

પછી તે બ્રહ્મચારીએ મહારાજને તેડાવવાનો પત્ર લખ્યો. તે મહારાજ અક્ષરઓરડીમાં બિરાજમાન હતા ત્યાં તે પત્ર આવ્યો. એટલે મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, ચૈતન્યનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામીને બોલાવીને કાગળ વાંચી સંભળાવ્યો. તે કાગળમાં ઉપમા તથા વિનંતી સારી લખેલ તેથી મહારાજ રાજી થયા; એટલે સાધુએ પૂછ્યું જે, "આ શેનો કાગળ ?" ત્યારે મહારાજ વનમાંથી પંચતીર્થીમાં થઈને ગોપનાથ ગયા હતા તે વાત સાધુને કહી દેખાડી ને કહ્યું જે,

"અમારે વિષે તે બ્રહ્મચારીને બહુ હેત છે, માટે તેડાવ્યા છે; માટે આપણે જવું છે.' પણ મહારાજ ગયા નહિ, એટલે બે-ત્રણ કાગળ આવ્યા. ત્યારે ફેર જવાનો મનસૂબો કર્યો. ને સાધુને કહ્યું જે, "સૌ સાબદા થાઓ, આપણે ગોપનાથ જવું છે.' એમ કહીને કરસનજી કોઠારી પાસેથી સાધુને બશેરબશેર લોટ ભાતાં સારુ અપાવ્યો ને કહ્યું જે, "સૌને સવારે ચાલવું છે." એટલી વાત કરીને મહારાજ અક્ષરઓરડીમાં જઈને ઢોલિયા ઉપર પોઢ્યા.

સવારમાં ઊઠી નિત્યવિધિ કરીને સર્વે શ્વેત વસ્ત્રનું ધારણ કરીને તૈયાર થઈ ઉત્તરાદા બારના ઓરડાની ઓસરિયે પધાર્યા ને બોલ્યા જે, "ચાલો ચાલો, સૌ તૈયાર થાઓ." ત્યારે સાધુ, પાળા તથા ઘોડેસવાર વગેરે પાયદળ માણસ ઘણું થયું. તે જોઈને મહારાજ બોલ્યા જે, "આ સર્વેનું ખરચ કોને માથે ?' ત્યારે મહાનુભાવાનંદસ્વામી આકળા થઈને બોલ્યા જે, "ખરચ તો તમારે જ માથે તો !' એટલે મહારાજે કહ્યું જે, "આપણે ગોપનાથ ગયાનું શું કામ છે ?' એમ કહીને જવાનું અળસાવી નાખ્યું.

પછી કરસનજી કોઠારી આવ્યા. તેણે મહારાજને કહ્યું જે, "સાધુને લોટ આપ્યો હતો તે પાછો મંગાવો. કેમ જે, મહારાજ ! ગામતરાનું આળસ્યા." પછી મહારાજે સાધુને કહ્યું જે, "લોટ પાછો આપો.' તે જેણે લોટ લીધો હતો તે પાછો આપી ગયા. ત્યારે તેણે લોટ તોળી જોયો તો ઝાઝો ઓછો થયો; એટલે મહારાજને કહ્યું જે, "લોટ પૂરો આવ્યો નહીં.' ત્યારે મહારાજે કહ્યું જે, "સાધુ જમ્યા હશે ! માટે કાંઈ નહિ.' એટલે કરસનજી લોટ લઈને ગયા ને ગામ જવાનું આળસ્યું.

પછી જ્યારે ગોપનાથના બ્રહ્મચારીએ દેહ મૂક્યો ત્યારે મહારાજ ભારે સવારી સહિત તેડવા આવ્યા. ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે, 'મહારાજ ! તમને મેં તેડાવ્યા હતા, પણ આવ્યા નહીં; તે શાથી નહોતા આવ્યા ?' એટલે મહારાજે કહ્યું જે, "ઝાઝું મનુષ્ય થઈ ગયું હતું. તેના ખરચના લીધાથી અમે નહોતા આવ્યા." એટલે બ્રહ્મચારીએ કહ્યું જે, આંહીં જે પૈસા હતા તે કોના હતા ? પણ ન આવ્યા તે બહુ ખોટું થયું. કેમ જે, આ જે રૂપિયા છે તે તમે પધાર્યા હોત તો વપરાત. હવે શું કામ આવશે ?' પછી મહારાજ તે બ્રહ્મચારીને તેડી ગયા. *(મહારાજની લીલા-૨૪)*

## રણુંના પ્રભાતગરને શ્રીહરિ તેડવા પધાર્યા

શિષ્ય કહે - હે ગુરુ, પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદ સ્વામીનાં સર્વોપરિ ચરિત્રો સાંભળવામાં મને બહુ જ આનંદ આવે છે, માટે કૃપા કરી મને શ્રી સહજાનંદ સ્વામીનાં ચરિત્રો કહો.

આનંદાનંદ ઉવાચ – હે શિષ્ય, વડોદરા પ્રાંતમાં પાદરા પાસે રણું ગામ છે. ત્યાંના પ્રભાતગર ગોસાઈ દ્વારિકાની યાત્રાએ જવા નીકળ્યા. તે ફરતા ફરતા કાઠિયાવાડ દેશમાં ઉગામેડીએ આવી પહોંચ્યા.

ત્યાં શેરડીના દરેક ખેતરે ખેતરે ફરી પોતાનો જે કર હતો તે ઉઘરાવી લીધો. પ્રભાતગરને સત્સંગીએ પૂછ્યું : બાવાજી, ક્યાં જાઓ છો ? પ્રભાતગર કહે : દ્વારિકાની યાત્રાએ જાઉં છું. સત્સંગીએ કહ્યું કે હું તમને દ્વારિકા કરતાં મોટી યાત્રા બતાવું તો તમે ત્યાં જશો ? પ્રભાતગરે હા પાડી, જેથી તે સત્સંગીએ કહ્યું કે અહીંથી અઢી ગાઉ દૂર ગઢપુર ગામ છે. ત્યાં અમારા શ્રી સ્વામિનારાયણ ભગવાન બિરાજે છે; તેમના દર્શન કરો તો કરોડ વખત દ્વારિકાની યાત્રા કર્યા બરાબર ફળ થશે. આ સાંભળી પ્રભાતગર વહેલા ઊઠીને ગઢપુર તરફ જવા નીકળ્યા. સીમાડામાં પહોંચતાં ત્રણ સંકલ્પ પ્રભાતગરે કર્યા કે મારું નામ લઈ બોલાવે, મને નવી રજાઈ આપે અને દૂધપાક પૂરી જમાડે; આ ત્રણ સંકલ્પ સત્ય કરે તો જ શ્રીસ્વામિનારાયણ ભગવાન સાચા. આવા સંકલ્પો કરી પ્રભાતગર બાવો, શ્રીજીમહારાજ પ્રભાતમાં ઊઠીને લક્ષ્મીવાડીએ રજાઈ ઓઢીને દાતણ કરતા હતા ત્યાં ગયો. શ્રીજીમહારાજે તરત જ કહ્યું : પ્રભાતગર, લો દાતણ. આવો, અહીં બેસો. એમ કહી શ્રીજીમહારાજે નવી રજાઈ પ્રભાતગર બાવાને આપીને કહ્યું કે લો, જીવો ત્યાં સુધી પાસે રાખજો. પછી સ્નાનાદિક ક્રિયા પરવારી માણકી ઉપર સવાર થઈ શ્રીજીમહારાજ પ્રભાતગરને લઈ દરબારમાં પધાર્યા. પછી શ્રીજીમહારાજ માટે થાળ આવ્યો. થાળમાં દૂધપાક, પૂરી તથા જુદાં જુદાં પ્રકારનાં શાક હતાં. શ્રીજીમહારાજે કહ્યું : આ પ્રભાતગર માટે બીજો થાળ પીરસી લાવો. એમણે દૂધપાક પૂરી જમવાનો સંકલ્પ કર્યો છે. એમ કહી અંતર્યામી શક્તિએ પ્રભાતગરના ત્રણે સંકલ્પ સત્ય કર્યા. પ્રભાતગર આશ્ચર્યમુગ્ધ થયા. તેને શ્રીજીમહારાજ સાક્ષાત્ ભગવાન જ છે એમ નિશ્ચય કર્યો.

ત્યાં પ્રભાતગરને બીજો સંકલ્પ થયો જે મને રણછોડરાયનાં દર્શન અહીં બેઠાં જ થાય તો ઘણું જ સારું. સંકલ્પ કરતાંની સાથે જ શ્રીજીમહારાજના અંગમાંથી પ્રકાશ નીકળ્યો તેમાં શ્રી રણછોડરાય શ્રીજીમહારાજને પગે લાગતા અને પૂજા કરતા પ્રભાતગરે દીઠા. આ સંકલ્પ સત્ય થતાં બાવાજીને બીજો સંકલ્પ ઉદ્ભવ્યો જે ચોવીસ અવતાર કેવા હશે ? તરત જ શ્રીજીમહારાજની પ્રદક્ષિણા તથા સ્તુતિ આરતી દંડવત્ પ્રણામ વગેરે કરતાં ચોવીસે અવતારો પ્રત્યક્ષ પ્રમાણ દીઠા.

આ સઘળું જોઈ પ્રભાતગર શ્રીજીમહારાજના ચરણમાં અતિ પ્રેમયુક્ત ગદ્ગદ્ કંઠે મસ્તક મૂકી બોલ્યા : હે સર્વ અવતારના અવતારી પ્રભુ, મારે તો ''અઠે દ્વારકા'' થયાં. હે પ્રભુ,

આપનાં ચરણોમાં અનંત કોટિ તીર્થો રહેલાં જ છે, માટે મારે સર્વ તીર્થ થઈ રહ્યાં. હે દયાનિધિ, મને તમારો આશ્રિત કરી આપના શરણમાં લો. - શ્રીજીમહારાજે તેને વર્તમાન ધરાવી પોતાનો આશ્રિત કર્યો. પ્રભાતગરે ગઢપુરમાં થોડા માસ રહી શ્રીજીમહારાજની સેવા કરી તથા કથાવાર્તા સાંભળી શ્રીજીમહારાજનો દૃઢ નિશ્ચય કર્યો. તેઓ શ્રીજીમહારાજનું અખંડ ધ્યાન હૃદયમાં ધરતા આથી તેમને શ્રીજીમહારાજની મૂર્તિ ત્રણે અવસ્થામાં દેખાવા લાગી અને તે એકાંતિક ભક્ત થયા. તેઓ ગઢપુરથી પોતાના વતન રણું ગામે ગયા. ત્યાં જતાંની સાથે તેમના કપાળમાં તિલક ચાંલ્લો તથા કોટમાં કંઠી જોઈ સર્વેએ જાણ્યું કે પ્રભાતગર બાવા તો સ્વામિનારાયણના સત્સંગી થયા. આથી સર્વેએ તેમનો બહિષ્કાર કર્યો. પ્રભાતગરે લોકોના બહિષ્કારની ઉપેક્ષા સહન કરીને શ્રીજીમહારાજનું ભજન શાંત ચિત્તે કર્યા કર્યું. થોડાં વર્ષો બાદ શ્રીજીમહારાજે તેમને દર્શન દીધાં અને કહ્યું કે હું તમને આવતીકાલે તેડવા આવીશ. આથી પ્રભાતગરે પોતાનાં સગાં-વહાલાંને બોલાવી કહ્યું કે હું શ્રીજીમહારાજના ધામમાં જઈશ. મને શ્રીજીમહારાજનાં દર્શન થાય છે. આવતીકાલે મારો દેહ જરૂર છૂટી જશે. આપણી જ્ઞાતિમાં ભૂમિદાહ કરવાનો રિવાજ છે, પરંતુ તેમ ન કરતાં મારા દેહનો અગ્નિસંસ્કાર કરજો. બીજે દિવસે સગાં-વહાલાંએ કહ્યું કે, જો શ્રીસ્વામિનારાણ ભગવાન સાચા હોય તો તમને ગુલાબનાં ફૂલનો હાર આપે. આપણા ગામમાં ગુલાબનું નામ નથી. આમ બોલે છે ત્યાં તરત જ પ્રભાતગરના કંઠમાં સારાં તાજાં મોટાં સુગંધિત ગુલાબનો ગૂંથેલો હાર શ્રીજીમહારાજે નાખ્યો. પ્રભાતગરે કહ્યું : જુઓ, આ શ્રીજીમહારાજે ગુલાબનો હાર આપ્યો અને મને તેડવા આવ્યા છે. એમ કહી શ્રીજીમહારાજનાં સર્વને દર્શન કરાવ્યાં.

પ્રભાતગરે કહ્યું : આ શ્રીસ્વામિનારાયણ સર્વોપરિ, સદા દિવ્ય સાકાર સર્વ અવતારના અવતારી સર્વોપરિ, ભગવાન છે. તેમનો તમે સર્વ આશરો કરજો. અને સર્વ શ્રીસ્વામિનારાયણનું ભજન કરશો તો તમારું પરમ કલ્યાણ થશે. વળી આ રજાઈ અને આ હાર રહેવા દેજો. એનાં દર્શને અનંત જીવો આવશે એમ કહી તત્કાળ, ''જય શ્રી સ્વામિનારાયણ'' કહી દેહ મૂક્યો. આજે રણુ ગામમાં આ રજાઈનાં દર્શન કરવા ઘણાં સત્સંગી બાઈ-ભાઈ જાય છે.

આ પ્રભાતગર બાવાનું આખ્યાન જે કોઈ ભાવે કરીને વાંચશે, વંચાવશે, પાઠ કરશે અથવા સાંભળશે, સંભળાવશે, તેનું પરમ કલ્યાણ થશે અને શ્રીજીમહારાજ પ્રત્યે અનન્ય નિષ્ઠા થશે.

*ઈતિ શ્રી સહજાનંદસ્વામી શિષ્ય નારાયણ શર્મા વિરચિતે શ્રી સ્વામિનારાયણ ભાગવતે દ્વિતીય સ્કંધે એકોવિંશોધ્યાયઃ ॥૧૯॥*

## ફકીરાણીને તેડવા શ્રીહરિ આવ્યા તે જોઈને ચોકીવાળો સત્સંગી થયો

એક વખત શ્રીજીમહારાજ સંતમંડળ તથા કાઠી સવારો સાથે લઈ ફરતા ફરતા સૂર્ય ઊગ્યા પહેલાં પોલારપુર પધાર્યા એટલે સૌ શ્રીસહજાનંદ સ્વામી સારુ બાવળનાં દાતણની શોધ કરવા લાગ્યા પણ તે ગામમાં કે તેની આજુબાજુમાં કોઈ ઠેકાણે બાવળનું ઝાડ ન હતું, એટલે એક દાતણના દશ રૂપિયા કાઠીઓએ આપવા કહ્યું, પણ કોઈ ઠેકાણેથી દાતણ મળ્યું નહિ. આ ગામમાં કોઈ એક ફકીર માંદો પડ્યો હતો, ત્યારે તેને શેક કરવા સારુ બકરીની લીંડીઓ કોઈ ઠેકાણેથી આણી હતી. તે લીંડીઓમાંથી તે ફકીરના વાડામાં નાના બે છોડ બાવળના ઊગવાથી, તે છોડને એ ફકીરાણીએ પાણી પાઈને ઉછેર્યા હતા, તેનાં સુંદર બે દાતણ થાય એવા ફણગા ફૂટેલા હતા, પણ તે ફકીરાણી દરરોજ બાવળને પાણી પાઈ પાઈને એમ વિચાર કરે કે આ દાતણ તો અલ્લા સિવાય કોઈને આપવાં નહિ. શ્રીસ્વામિનારાયણ ભગવાને અંતર્યામીપણે આ વાત જાણી ત્યાં જઈ તે બાઈ પાસે દાતણની માગણી કરી; એટલે તે બાઈએ જવાબ આપ્યો કે મેં ઘણી મહેનતે આ દાતણ અલ્લા માટે સાચવી રાખેલા છે; તો અલ્લા સિવાય કોઈને આપીશ નહિ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, અમે અલ્લા જાતે આવ્યા છીએ, માટે અમને દાતણ આપો. ત્યારે તે બાઈ બોલી કે અલ્લા હોય તે તો અદ્ધર તખ્ત ઉપર બેસે, તેમની કપટ વિનાની કાયા હોય એટલે શ્રીસહજાનંદસ્વામી આકાશમાં ત્રણ ચાર તાડ જેટલા ઊંચે અદ્ધર દેખાયા અને પોતાના અંગમાંથી તેજ:પુંજનો પ્રકાશ બતાવ્યો. ત્યારે તે બાઈ બોલી કે તમે અલ્લા હો તો એક લાખ અને એંસી હજાર ઓલિયા, ચોવીસ પેગંબરો અને મુરસદો ક્યાં છે, તે મને બતાવો. એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાને તે બાઈને એક લાખ ને એંશી હજાર ઓલિયા, ચોવીસ પેગંબરો અને મુસદો બતાવ્યા, અને પોતે અલ્લા છે એવો નિશ્ચય કરાવ્યો. ત્યારે તે બાઈએ રાજી થઈને બંને દાતણ લાવી શ્રીસહજાનંદસ્વામીને આપ્યાં; એટલે શ્રીજીમહારાજ તે બંને દાતણ લઈને જ્યાં સાધુઓ તથા કાઠી સવારો બેઠા હતા ત્યાં ગયા, અને કહેવા લાગ્યા કે જુઓ, અમે આ બે દાતણ લાવ્યા છીએ. ત્યારે કાઠીઓએ કહ્યું કે તમને તો લોક ભગવાન જાણે છે, એટલે તમને સૌ કોઈ આપે જ પણ અમને કોણ આપે ? પછી ત્યાં દાતણ-પાણી કરી સૌ વડતાલ પધાર્યા. ઘણો વખત વીત્યા પછી તે ફકીરાણી માંદી પડી. ત્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાને તેને અલૌકિક રૂપે દર્શન દીધાં. તે વખતે રાત્રિ હતી અને વરસાદ પડતો હતો, ગાજવીજ થતી હતી. ગામમાં ચોકીવાળાએ, આકાશમાં તેજના સમૂહમાં અદ્ધર શ્રીસહજાનંદસ્વામીને મુક્તમંડળ સાથે હાથી, ઘોડા, રથ, વિમાન લઈને આવતા દીઠા. તે જોઈ ચોકીવાળો કહેવા લાગ્યો કે તમે કોણ છો ? જો હાથી, ઘોડા પૃથ્વી ઉપર પડશે તો મરી જશે

અને અમો પણ દબાઈ જઈશું. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે અમે પરબ્રહ્મ એવા શ્રીસ્વામિનારાયણ ભગવાન છીએ, અને અમારા હાથી, ઘોડા વગેરે સૌ દિવ્ય છે; તેથી તે પૃથ્વી ઉપર પડશે નહિ, અમે તો આ ગામમાં ફકીરાણીને તેડવા સારું આવ્યા છીએ, એટલે ચોકીવાળાએ જઈને ફકીરાણીને પૂછયું કે તમને કાંઈ દેખાય છે ? ત્યારે તે કહેવા લાગી કે પૂર્ણપુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ અલ્લા, એક લાખને એંસી હજાર ઓલિયાને સાથે લઈને મને તેડવા પધાર્યા છે. અને મેં એક વખત એમને બે દાતણ આપ્યા હતાં તે પણ હજુ એમના હાથમાં છે. એમ કહી તે ફકીરાણીએ દેહ મૂક્યો. તે ચોકીવાળાને શ્રીજીમહારાજનાં દિવ્ય સ્વરૂપે દર્શન થવાથી તેનાં બધાં પાપ બળી ગયાં અને તે સાધુ પાસે જઈ વર્તમાન ધરાવી સત્સંગી થયો. તેના વંશના માણસો આજે પણ સત્સંગી છે.

## બે કેરીમાં પટેલની પાંચ ને આંબાની ત્રણ પેઢીનું કલ્યાણ

કોઈક દિવસ મહારાજના બે પાળા ગુજરાતમાંથી ગઢડે આવતાં એક આંબાવાડિયામાં તડકાથી છાયા સારુ આંબાના ઝાડ હેઠે બેઠા. ત્યાં તો એ આંબામાંથી સાખની બે કેરીઓ હેઠી પડી. ત્યારે તે કેરીઓ જોઈને મહારાજના પાળાએ વાડીવાળા પટેલને કીધું જે, ‘‘આ બે કેરીઓ અમને વેચાતી આપશો ? અમારે સ્વામિનારાયણ સારુ લઈ જાવી છે.’’ ત્યારે તે પટેલ બોલ્યા જે, ‘‘મારે પૈસા તો લેવા નથી, પણ સ્વામિનારાયણને એટલું કહેજો જે, એ કેરીઓ જમીને મારું કલ્યાણ કરે.’ એમ કહીને એ બે કેરીઓ પાળાને આપી.

પછી તે કેરીઓ ગઢડે લાવીને મહારાજને આપી. પછી તે સુધારીને મહારાજ જમ્યા, ને કેરીઓનાં વખાણ કર્યા જે, ‘‘આવી સરસ કેરીઓ તો આપણી લક્ષ્મીવાડીમાં પણ થાતી નથી ! તે તમે ક્યાંથી લાવ્યા ?’’ ત્યારે તે પાળા બોલ્યા જે, ‘‘ગુજરાતમાંથી એક પટેલિયે આપી છે.’’ અમે તેને પૈસા આપવા માંડ્યા તોપણ લીધા નહિ, ને અમને એમ કીધું છે જે, ‘મહારાજને કહેજો જે, આ બે કેરીઓ ભેટ મૂકું છું. તે જમજો ને મારું કલ્યાણ કરજો.’’

એવું એ પાળાનું બોલવું સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘‘એ કેરીવાળા પટેલનું પાંચ પેઢીનું કલ્યાણ થાશે, ને એ આંબાની ત્રણ પેઢીનું કલ્યાણ થાશે !’’ એમ રાજી થઈને વચન આપ્યું. *(લીલચરિત્રની વાતો, વાર્તા-૧૩૦)*

## મહારાજ કહે તારુ ને તારા બાપનું કલ્યાણ કરીશ

એકવાર ગઢડે સભામાં મહારાજ બિરાજતાં હતા. ત્યાં એક એરુ એ સભામાં આવ્યો. ત્યારે એક ટેલિયા સત્સંગી બ્રાહ્મણનો છોકરો એ એરુ પાસે વારેવારે આવે. તેને જોઈને મહારાજે પોતાને હાથે કરીને એ છોકરાને થપાટ મારી પાછો વાળ્યો. પછી એરુને તો ઝાલીને મૂકી

આવ્યા. પછી પાછી સભા થઈ ને મહારાજ પણ સભામાં બેઠા, પણ બહુ ઉદાસ થઈ ગયા. તે એમ બોલ્યા જે, "આ અમારો હાથ ચમચમે છે, ત્યારે જેને મારો હાથ વાગ્યો હશે તેને તો બહુ દુઃખતું હશે ! માટે મારો હાથ કેને વાગ્યો છે ? તેને ગોતી લાવો."

પછી તો છોકરાને ગોતવા માંડ્યો, તે મંદિરની બારલીકોરથી એ છોકરો હાથ આવ્યો. ત્યારે એ છોકરાને સાધુએ શિખવાડ્યું જે, "છોકરા, તને મહારાજ કહે જે, 'માગ' ત્યારે તું કહેજે, 'તમે કોઈનો થાળ જમતા નથી, તે હવેથી થાળ જે કરે તેનો જમજો.' એમ બોલજે." પછી એ છોકરાના બાપે વળી શીખવ્યું જે, "ફરીને તને કહેશે જે, 'માગ' તો તું મહારાજના ચરણારવિંદ માગજે." એમ કહીને એ છોકરાને મહારાજ પાસે લાવી ઊભો રાખ્યો.

ત્યારે મહારાજે એ છોકરાને પૂછ્યું જે, "તને મારો હાથ વાગ્યો ?" ત્યારે છોકરો કહે, "હા મહારાજ ! મને વાગ્યું." ત્યારે તે ટાણે કોઈ હરિભક્તે મહારાજની પૂજા કરી. તે એક પાઘડી ને થાળમાં સાકર ભરેલી ને બે રૂપિયા રોકડા મહારાજ આગળ ભેટ મૂક્યા. તે સર્વે મહારાજે એ છોકરાને આપ્યું ને બોલ્યા જે, "છોકરા, તું માગ. જે માગ તે આપું." ત્યારે છોકરો બોલ્યો જે, "તમે કોઈના થાળ જમતા નથી તે હવે થાળ જમો." ત્યારે મહારાજ સાધુ સામું જોઈને બોલ્યા જે, "આ છોકરાને સાધુએ શિખવાડ્યું છે તે બોલે છે, પણ છોકરાએ માંગ્યું તે થાળ જમ્યા જોઈશે."

વળી છોકરાને મહારાજ કહે, "બીજું માગ." ત્યારે છોકરો કહે, "મને તમારા ચરણારવિંદની એક જોડ આપો." પછી તે મંગાવીને આપી. વળી મહારાજ બોલ્યા જે, "ત્રીજી વાર કંઈક માગ." ત્યારે એ છોકરાનો બાપ બોલ્યો જે, "હે મહારાજ ! તમે આ છોકરા ઉપર બહુ રાજી થયા, તે હવે આ છોકરાને શું બાકી રહ્યું છે !" પછી મહારાજે પોતાનાં બે ચરણારવિંદ એ છોકરાની છાતીમાં આપ્યાં. ને એમ બોલ્યા જે, "તારું ને તારા બાપનું કલ્યાણ કરીશ." એમ એ છોકરા ઉપર રાજી થયા ત્યારે પોતાની ઉદાસી મટી. *(લીલચરિત્રની વાતો, વાર્તા-૧૪૨)*

# અપરાધનું ફળ

## જવારજમાં શ્રીહરિનો દ્રોહી હવાલદાર તીરથી મરાયો

કોઈ એક સમયે મહારાજ ગઢડેથી જેતલપુર જાતા હતા, ને ભેળા દશ-પંદર ભક્ત હતા. તે ગામ જવારજ આવ્યા. જવારજના હરિજનોએ મહારાજને દરબારના ઉતારામાં ઉતાર્યા. તે સમે તે ગામના હવાલદારને પૂછ્યા વિના ઊતર્યા. ને પછી હવાલદાર આવ્યો ને એમ બોલ્યો જે, ‘‘આંહીં કેમ ઊતર્યા છો ?’’ એમ તિરસ્કારનાં વચન કહીને ત્યાંથી કાઢી મેલ્યા, ને એમ બોલ્યો , ‘‘તીરંબાજી કર્યા જેવા છે.’’ પછી મહારાજ તો આધાર ભક્તને બંગલે ઊતર્યા અને પછી મહારાજ જેતલપુર પધાર્યા. અને તે વાર કેડે બે-ચાર દા‘ડે હવાલદારને કોળીએ તીરંબાજી કરીને મારી નાખ્યો. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૪૯)*

## સુરતમાં શ્રીહરિને મારવા જનાર વૈરાગીનું મોત

એક વખત શ્રીજીમહારાજ સુરત પધાર્યા હતા. ત્યાં નવેક દિવસ રહીને સર્વે કાઠીના અસ્વાર તથા હજારું સાધુ-હરિજન સહિત સુરતથી ચાલ્યા. તે ગામ બહાર ઊભે રસ્તે પછીત પડે છે, એવી જે વેરાગીની ધર્મશાળા છે, તેની પછીતે ઊભે રસ્તે બંદૂકના મારા મેલ્યા છે. ને તે ધર્મશાળામાં વૈરાગી ઘણા રહે છે. તેમાં મહંતનો ચેલો બંદૂક ભરીને મહારાજને ગોળીએ મારવા સારુ બંદૂકના મારામાં બંદૂકને રાખીને જ્યારે મહારાજ ત્યાં સમીપે આવે ત્યારે તે બંદૂકનો વાંદરો દાબે એટલે બંદૂક બરિયાન ખાઈ જાય ને ભડાકો ન થાય. ત્યારે તે વૈરાગી ત્યાંથી દોડીને બીજે બંદૂકને મારે જઈને ત્યાં બંદૂકનો ભડાકો કરવા સારુ વાંદરો દાબે ત્યારે બંદૂક બરિયાન ખાઈ જાય, પણ ભડાકો ન થાય. એમ ઘણીક વાર કર્યું પણ ભડાકો થયો નહીં, ને મહારાજને મારી શક્યો નહીં. અને તે વાર કેડે બીજે ત્રીજે દિવસ તેને બીજા વૈરાગી સાથે ટંટો થયો ને તે વૈરાગીએ એને બંદૂકની ગોળીએ દીધો. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૦)*

## ઉમરેઠનો શાસ્ત્રી બ્રહ્મરાક્ષસ થયો

અને કોઈક સમયમાં શ્રીજીમહારાજ ગામ ઉમરેઠમાંથી હરિજન પાસે હજાર રૂપિયા લેવરાવીને ગાડીએ બેસી, ત્યાંના હરિજનને ભેળા લઈને ડાકોરજી પધાર્યા. ઠાકોરજીનાં દર્શન કરીને પછી ચોકમાં વિરાજમાન થયા. ત્યારે ભણેલા બ્રાહ્મણ આવીને પાસે બેઠા. તેને મહારાજે પ્રશ્ન પૂછ્યો, તેનો ઉત્તર શાસ્ત્રી કરવા મંડ્યો તોપણ થયો નહીં.

પછી એ એમ બોલ્યા જે, “મૌડી, મૌડી.” પછી મહારાજ નંદુભાઈને કહે, “આ શું કહે છે ?” ત્યારે તેમણે કહ્યું જે, “ગાંડો થાય તેને લોકો એમ કહે.” ત્યારે મહારાજ કહે, “આપણને ગાંડા કહ્યા ત્યારે આપણે ચાલો.” એમ કહીને દક્ષિણા ન દીધી ને પાછા આવ્યા. પછી મૌડી કહેનારો શાસ્ત્રી બ્રહ્મરાક્ષસ થયો, તે પોતાની હવેલીમાં કોઈને પેસવા દેતો નહીં. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૩૩૫)*

## લક્ષ્મણજી પર આરોપ મૂકવાથી સીતાજીને દુઃખ

કોઈક સમયે મહારાજે ગઢડામાં એમ વાત કરી જે, “જ્યારે રામચંદ્રજી ભગવાન મૃગ વાંસે ગયા અને લક્ષ્મણજીને સીતાજીની રક્ષા કરવા સારુ મેલી ગયા, ત્યારે સીતાજીએ લક્ષ્મણજીને એમ કહ્યું જે, તમારા ભાઈને કષ્ટ આવ્યું છે, તે વાંસે જાઓ.” ત્યારે લક્ષ્મણજીએ એમ કહ્યું જે, “મને તો તમારી રક્ષા સારુ અહીં રહેવાની આજ્ઞા કરી છે. તે હું નહિ જાઉં.” ત્યારે સીતાજી બોલ્યાં કે, “અરે દુષ્ટ ! તારા મનમાં એમ છે જે, “રામચંદ્રજી મરશે ત્યારે સીતાને સ્ત્રી કરીને મારે ઘરમાં રાખવી છે.‘ તે હું મારા પ્રાણ કાઢી નાખીશ, પણ તારી સ્ત્રી થઈને રહેનારી નથી.”

એવું સીતાજીનું વચન સાંભળીને લક્ષ્મણજીને મૂર્છા થઈ ગઈ ને પૃથ્વી ઉપર પડી ગયા. નેત્રોમાંથી આંસુની ધારા ચાલી. પછી સચેત થઈને રામચંદ્રજી વાંસે ગયા, પણ સીતાજીને એવો દોષ લાગ્યો જે, રાવણને ઘેર જવું પડ્યું ને ત્યાં મહાકષ્ટ થયું. એ કારણના અંશે કરીને રામચંદ્રજીએ રજકવચન (ધોબીનું મેણુ) નિમિત્ત કરીને સીતાજીને વનવાસ મોકલ્યાં. ત્યાં અતિ દુઃખ પામ્યાં અને રામચંદ્રજીનો વિયોગ થયો.

પછી કૃષ્ણાવતારને વિષે એ રુક્મિણી થયાં, ત્યારે પણ તે કારણના અંશે કરીને અન્ય પુરુષ પતિ થાય એવો સંભવ થયો. જે શિશુપાળ સંગાથે વિવાહ સંબંધ થયો. પછી એમની પ્રાર્થના સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણે રક્ષા કરી. એ ત્રીજે જન્મે જીવુબાઈ થયાં. ને તે જ કારણના અંશે કરીને અન્ય પુરુષે પાણિ ગ્રહણ કર્યું અને પછી તેનો ત્યાગ કરીને ભગવાનની સેવા કરી, ને સંપૂર્ણ નિર્દોષ થયાં. માટે એવાં મોટાંને પણ ભગવદ્ભક્તના દ્રોહનું પાપ લાગ્યું, તો સાધારણને લાગે તેમાં શું કહેવું ? માટે કોઈએ ભગવાનના ભક્તનો દ્રોહ ન કરવો.” *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૪૯૭)*

## શ્રીહરિને યજ્ઞની ના પાડનાર બાવાનો કરુણ અંજામ

અને વઢવાણમાં મહારાજને યજ્ઞ કરવો હતો, તે સારુ ત્યાં પધાર્યા. ત્યાં રાજ્યમાં પ્રતાપગર બાવાનું કર્યું થાતું. તે મહારાજે પૂછાવ્યું જે, “અમારે યજ્ઞ કરવો છે, તે જો તમારો હુકમ હોય

તો અહીં કરીએ.'' ત્યારે તેણે કહ્યું જે, ''આંહી સ્વામિનારાયણનો યજ્ઞ નહીં.'' તે સાંભળીને મહારાજ એમ બોલ્યા જે, ''આંહી તો રુધિરનો યજ્ઞ થાશે.'' એમ કહીને ત્યાંથી ચાલી નીસર્યા. પછી થોડાક દિવસ કેડે એ બાવાના કટકા કરી નાખ્યા, ને રુધિરની છોળ્યું ઉડી, એ યજ્ઞ થયો. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૦૦)*

## સૂથ ગામના વિપ્ર સુખરામની શ્રીહરિમાં દૃઢ નિષ્ઠા

સૂથ ગામના રાજાની આગળ સભામાં ભાટ બેઠો હતો. તે શ્રીજીમહારાજનું વાંકું બોલ્યો. ત્યારે ત્યાં વિપ્ર સુખરામ બેઠા હતા. તેણે શાપ દીધો કે, ''અલ્યા લૂંડા, મારા ઈષ્ટદેવને તું ગાળો દે છે, માટે મહિનામાં તું મરી જઈશ.'' પછી એક જ મહિનામાં તે ભાટ મરી ગયો. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૫૦)*

## કરજીસણના ત્રિકમજીની ખોટા કલંકથી રક્ષા કરી

એક સમયે ગામ કરજીસણના ત્રિકમભાઈ (ગોવિંદભાઈના પુત્ર) પોતાના ઘરમાં સૂતા હતા. તે સમયે એમના બીજા ખડભરવાના ઘરમાં કોઈક ઢોર આવીને ખડ ખાવા માંડ્યું. એટલે એક બાઈએ તેમને કહ્યું કે કોઈનું ઢોર તમારું ખડ ખાઈ જાય છે. એટલે ત્રિકમભાઈ ત્યાં ગયા અને ઢોરને હાંકી મૂક્યું.

પછી જે ઘરમાં એ સૂતા હતા તે ઘરમાં આવતાં તેમના સામાવાળાઓએ તેમના ઉપર જૂઠું કલંક મૂક્યું. એટલે ત્રિકમભાઈ આ બધા અસુર છે માટે મને મારશે એમ સમજીને ગામ ખોરજ ગયા. અને ત્યાંના ગરાસિયા ચેનજીભાઈને વાત કરી. ત્યારે તે બોલ્યા કે કશી ફિકર કરશો નહીં. ચાલો હું મૂકવા આવું છું. પછી તેમની સાથે કરજીસણ આવ્યા. ત્યારે ત્રિકમભાઈની માએ તથા તેમની બહેને કહ્યું કે, તમે કડીએ જઈને ગોળો ઝીલીને સાચા થઈને અહીં આવજો. નહિ તો તમારે ફાવે ત્યાં જજો પણ અમને મોઢું બતાવશો નહિ. પછી ત્રિકમભાઈ કડી ગયા અને ત્યાંના દેસાઈ ઈશ્વરભાઈને ફરિયાદ કરી. તે કામમાં ત્રિકમભાઈની જીત થઈ અને તેમના સામા વાળાઓને કેદ કર્યા. પછી ત્રિકમભાઈને રજા આપી, ત્યારે ત્રિકમભાઈએ કહ્યું કે, સાહેબ, હું કચેરીમાં જીત્યો પણ જ્યારે લોઢાનો ગોળો તપાવીને હાથમાં લઉં ત્યારે લોકોને પ્રતીતિ થાય. માટે મારે ગોળો ઝાલવો છે.

પછી ગામ બહાર ભાગોળે બધા ગયા. ત્યાં ગોળો તપાવ્યો તે જોઈને ત્રિકમજી દિગ્મૂઢ બની ગયા. એટલે મહારાજે સાધુરૂપે આવીને તેમને સોટી અડાડીને કહ્યું. કેમ ઉભો થઈ રહ્યો છે ? પકડ ગોળો. એટલે ત્રિકમજીભાઈ ગોળો ઉપાડીને જે હદ બાંધી હતી ત્યાં મૂકીને આગળ ચાલ્યા. ત્યારે સિપાઈઓ આગળ ફરી વળ્યા અને ગોળો મૂકાવી દીધો. પછી તેમને કચેરીમાં

લઇ જઇ શિરપાવ આપ્યો અને વસંત પંચમી ઉપર મુળી ગયા ત્યાં અયોધ્યાપ્રસાદજી મહારાજે સભામાં પંદર રૂપિયાની પાઘડી બંધાવીને બહુ વખાણ કર્યા.

પછી કોઇ એક દિવસે તે વડતાલ ગયા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછયું કે ત્રિકમભાઈ, તારા ઉપર જૂઠું આળ કોણે મૂક્યું હતું ? તેમણે કહ્યું કે, અમારા સામા પક્ષના લોકોએ મારા ઉપર જૂઠું આળ મૂકેલું અને તેમાં સાંકળો મુખ્ય હતો. ત્યારે સ્વામી બોલ્યા કે એવા પાપીના તો હાથ કપાવા જોઈએ.

પછી કોઈ વખતે સાંકળો તથા તેનો બાપ એ બે જણા એક ગરાસિયા પાસે રૂપિયા માગતા હતા તે લેવા ગયા અને તેને ઘરે જઈ ગાળો દીધી તથા તેને ધક્કા માર્યા. એટલે તે ગરાસિયાના દીકરાએ તલવાર લઈને બંને બાપ-દીકરાના હાથ કાપી નાખ્યા.

આ પ્રમાણે શ્રીહરિએ અનેક પરચા આપી અનેક જનોને ધર્મના પંથે વાળી કરજીસણ ગામની પ્રગતી કરી છે. તથા પોતાના ભક્તોની રક્ષા કરી પોતાના કીધા છે. આ પ્રમાણે શ્રીહરિએ કરજીસણ ગામમાં વારંવાર પધારી અનેક ભક્તોના મનોરથો પૂર્ણ કર્યા છે. આવી પવિત્ર ભૂમિનાં દર્શન કરી અનેકજનો આનંદ પામે છે. *(શ્રી હરિકૃષ્ણ લીલામૃત અધ્યાય-૧૦૫)*

## ભગવદીયનો અપરાધ કર્યાથી તત્કાળ પાપ લાગે છે

ચાંદગઢના રણછોડજી મહારાજ એક વખત પોતે પરગામ પોતાના વેવાઈને ઘરે ગયા હતા પછી સવારે નાહીને પોતાની આગળ મૂર્તિનું ઘરું સંતાડી દીધું અને તેના ઠેકાણે એક જૂનું ખાસડું લઈને મૂક્યું પછી રણછોડજી મહારાજે માનસી પૂજા કરીને આંખો ઉઘાડી અને પોતાની આગળ જૂનું ખાસડું જોઈને બોલ્યા જે કોની આંખ્યું ફૂટી જે મારા ઈષ્ટદેવ ઉપાડી ગયો અને જૂનું ખાસડું મેલ્યું ? પછી જે ધણી ઘરું લઈ ગયો હતો તેની બન્ને આંખ્યો બહાર નીકળી પડી. પછી તે બૂમ પાડતો પાડતો રણછોડજી મહારાજ પાસે આવીને પગે લાગ્યો પણ આંખ્યો બહાર નીસરી પડ્યા પછી શો ઉપાય ? એમ ભગવદીનો અપરાધ કર્યાથી તત્કાળ પાપ લાગે છે. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૦૧)*

## ગોપાળાનંદ સાથે મશ્કરીનું પરિણામ

ગોપાળાનંદ સ્વામી મોટે દેવળીયે પધાર્યા હતા ત્યાં બ્રાહ્મણ બેસવા આવ્યા તેમને સ્વામીએ કહ્યું જે તમારી ઓડક શી ? ત્યારે તેમણે કહ્યું જે અમારી ઓડક ગોટાળી એમ સ્વામીની મશ્કરી કરી તેથી તેની પ્રજા સૌ બોબડી થવા લાગી તે હજી સુધી એમનું એમ ચાલ્યું આવે છે. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૨૨)*

## ગોપાળાનંદ સ્વામીનો અપરાધ લાગ્યો

એક સમયને વિષે ગોપાળાનંદ સ્વામી ઉમરેઠમાં હતા અને ત્યાંના અમલદારે મંદિરના પગથીયાં ખોદી નાંખવાનો હુકમ કર્યો ત્યારે સ્વામીએ ના પાડી એટલે માણસો પાછાં ગયાં. વળી અમલદારે હુકમ કર્યો કે ના પાડનારને આંહીં બોલાવો. એમ કહીને એક સિપાઈ મોકલ્યો તો પણ સ્વામી ન ગયા. પછી બે સિપાઈ મોકલ્યા તોએ પણ ન ગયા. પછી એમ હુકમ કર્યો જે ના પાડનારને બાંધીને આંહીયાં લાવો. એમ કહીને પાંચ સિપાઈ મોકલ્યા ત્યારે સ્વામી તેની સાથે ત્યાં ગયાં. તે સ્વામીને જોઈને અમલદાર ગાદીયેથી ઉઠીને સંતાઈ ગયો. પછી સારા સારા લોકોએ સ્વામીને વિનય કરીને પાછા મંદિરમાં તેડી લાવ્યા. પછી બીજે દિવસે ખેડેથી સાહેબનો હુકમ આવ્યો. જે એ અમલદારને કેદ કરીને અહીં લાવો. પછી તેવી રીતે કેદ કરીને તે અમલદારને ખેડે લઈ ગયા અને તેની કલમ કાપી નાખી અને તેનાં ઘરનાં માણસો બધાં નાશ પામી ગયા એમ મોટાના અપરાધથી જીવને કેવું દુઃખ થાય છે ને બેય લોક બગડે છે. માટે ડાહ્યા માણસોએ વિચારીને કામ કરવું. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૭૩)*

## નાથ ભક્તનો અપરાધ નારુંપંત નાનાએ કર્યો

વડોદરામાં નાથ ભગત હતા તેમણે નારુપંતને દૂઝણી ભેંશ વેચાતી આપી હતી, શા માટે જે નારુપંત નાના સત્સંગિ છે અને આપણે પણ સત્સંગિ છીએ એટલે તે આપણી જીવંત પર્યંત ખબર રાખશે અને આપણે સુખેથી ભજન કરશું એમ જાણીને દૂઝણી ભેંશ આપી હતી પણ નારુપંત નાના તો ક્યાંથી જાણે જે ભેંશ ક્યાંથી લાવ્યા ? ને કોણે આપી છે તે તો જાણતા નહોતા પણ ભેંશ વેચાતી લઈ જનાર માણસે પૈસા પણ આપ્યા નહીં અને નાથ ભગતને ભજનમાં વિઘ્ન આવવા માંડ્યું. પછી તેમણે ગોપાળાનંદ સ્વામીને તે વાત કરી જે અમે દીવાનસાહેબને ભેંશ આપી છે પણ નારુપંત તરફથી રૂપિયા મળ્યા નહીં અને તેને લઈને ઘરમાં તાવડી પોરા ખાય તેવી સ્થિતિ થઈ છે. પછી સ્વામીએ કહ્યું જે નારુપંત નાના મારે દરશને આવે ત્યારે તમે મંદિરને દરવાજે ઉભા રહેજો. પછી દીવાન એક વખત સ્વામીને દર્શને આવ્યા ત્યારે નાથ ભગત દીવાનને ચાલતી વખતે દરવાજા બહાર જઈને ઉભા રહ્યા અને જે વખતે દીવાન દરવાજે નીકળ્યા ત્યારે નાથભગતે હાથ જોડીને કહ્યું જે, સાહેબ ! મારી ભેંશના રૂપિયા મને મળ્યા નથી. તે સાંભળી નારુપંત નાનાને ક્રોધ ચડ્યો. જે હું વડોદરાનો દીવાન છું અને ભેંશના રૂપિયાની આહીં ઉઘરાણી એમ જાણી પોતાના પગમાં પગરખું પહેર્યું હતું તેના સામી જ્યાં દૃષ્ટિ કરી અને પગમાંથી પગરખું કાઢવા જાય છે તેટલામાં સભામાંથી સ્વામીએ હોંકારો કર્યો.

પછી તે વેળા દીવાનસાહેબ ચાલી નીકળ્યા તે ભગવદીના અપરાધે કરીને સીયાજીરાવને કેદ કરવાની પાંચ જણે સહીઓ કરી હતી તે ભેળી તેમણે પણ સહી કરી અને તે ચીઠ્ઠી સીયાજીરાવના હાથમાં આવી અને નારુપંત નાનાને બોલાવીને કહ્યું કે તું આ કપટમાં છે ? ત્યારે તેમણે કહ્યું કે હું કાંઈ પણ જાણતો નથી પછી તેના હાથ અક્ષર બતાવ્યા. પછી સીયાજીરાવે હુકમ કર્યો જે જાવ નારુપંત નાનાને હાથીના પગે બાંધીને બજાર વચ્ચે ઢસડજો. તે સાંભળી નારુપંતના છોકરાં સ્વામી પાસે આવ્યાં અને સૌ કલ્પાંત કરવા લાગ્યા ત્યારે સ્વામીએ કહ્યું જે હાથીને પગે તો નહીં બાંધે પણ દેશપાર કરશે. પછી સીયાજીરાવે નારુપંતને કહ્યું જે તેં, મને સ્વામિનારાયણ ભગવાન મેળવ્યા છે માટે તને દેશપાર કરું છું અને બીજાને દેહાંત દંડ આપ્યો. તેમાં પોતાની રાણીને જીવતી ભીંતમાં ચણી દીધી અને બીજાને લીલા કાંટામાં બાળ્યા એવી રીતે શિક્ષા કરી હતી. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૨૪)*

## મોટાના અપમાનથી જીવને નર્કમાં જવું પડે છે

અને ગામ ભોળાદમાં સ્વામી પધાર્યા હતા અને ત્યાં ગામને પટેલે એક હરિજન બ્રાહ્મણ કથા કરતા હતા તેને કહ્યું કે, જો તારે કથા કરવી હોય તો કંઠી તોડી નાંખ્ય ત્યારે બ્રાહ્મણ કહે કંઠી તો મારા માથા સાટે છે ત્યારે પટેલ કહે તો અમારે તારી પાસે કથા કરાવવી નથી એમ કહીને રજા દીધી. પછી તે વાત કોઈક હરિજને ગોપાળાનંદ સ્વામીને કહી તે વખતે તે ગામનો પટેલ પણ સ્વામી પાસે બેઠો હતો. પછી સ્વામીએ કહ્યું જે, પટેલ ! તમે વ્યાસજીનું અપમાન કેમ કર્યું ? કથા કરનાર વ્યાસજી કહેવાય ! માટે તમે બ્રાહ્મણનું અપમાન નથી કર્યું પણ વ્યાસજીનું અપમાન કર્યું છે ! માટે તમને એક જમ તેડવા આવશે. ત્યારે પટેલ કહે એક જમને તો હું મારી નાંખીશ ત્યારે સ્વામી કહે બે જમ આવશે ! પટેલ કહે એકને હું મારીશ અને એકને મારો ભાઈ મારશે ત્યારે સ્વામી કહે ચાર આવશે ચાર ! ત્યારે પટેલ કહે બેને હું મારીશ અને એને મારો ભાઈ મારશે. પછી ગામના લોકે પટેલને કહ્યું જે મૂરખ થામાં મૂરખ આ તો જેટલા કહેશે તેટલા જમ આવીને તારા કાકા ઉભા રહેશે ! પછી સ્વામી કહે આઠ જેમ તેડવા આવશે. પછી થોડા દિવસ થયા કેડે તેનું ભવિષ્ય આવીને ઉભું રહ્યું તે વખતે ગામના બૈરાં તલાવે પાણી ભરતાં હતાં તેણે છેટેથી જમને ભાળ્યા એટલે તેમને માથેથી પાણીનાં બેડાં પડી ગયાં અને સૌ ચીસો પાડવા લાગ્યાં અને સૌને મૂર્છા આવી ગઈ. પછી તે યમદૂતે પટેલને ઘરે જઈને કહ્યું કે અમે આવ્યા છીએ તારે મારવા હોય તો માર્ય ? યમના દૂત તેને એક ગાઉ સુધી તેના સ્થૂળ દેહ સોતો ઢસડી ગયા તે આખા ગામના માણસે ભાળ્યો અને પછી સીમાડે તેના દેહને પડતું મેલીને પછી જમપુરીમાં લઈ ગયા. એમ મોટાના અપમાનથી જીવને નર્કમાં જવું પડે છે. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૫૧)*

## વડતાલ મંદિરનો પથ્થર લેવા માટે હુકમ કરનાર કસિયાજીના શરીરમાં દાહ થયો

એક વખત કસીયાજીભાઈએ વડતાલ મંદિરમાંથી એક મોટો આરસનો પત્થર મોકલવાનો હુકમ લખી મોકલ્યો તે લેવા માટે ગાડું મોકલ્યું. દેવની સંસ્થા ઉપર એવો અવિચારી રાજવી હુકમ વાંચી આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ વગેરે સૌ નાખુશ થયા છતાં મોટા માણસનું અપમાન ન કરવા ખાતર દેવના મંદિરમાંથી એક પથ્થર કાઢી આપ્યો. આ વાત ગોપાળાનંદ સ્વામીએ જાણી એટલે સ્વામીનું અંતર બહુ જ કચવાણું અને તે સમયથી પેટલાદમાં કસીયાજીભાઈના શરીરે અકસ્માત એટલો દાહ થવા માંડ્યો કે તેથી તે બહુ જ ગભરાયા. એણે ઘણા ઘણા શીત ઉપચાર કર્યા પણ દાહ શમ્યો નહીં પછી કોઈ કે શંકા કરી જે તમે વરતાલથી દેવનો પત્થર હુકમ કરીને લાવ્યા છો તેથી કોઈ મોટા પુરુષ નારાજ થયા હોય ને શું ? તે સાંભળીને કસીયાજીભાઈને આ શંકા સાચી જણાણી કેમ કે તેઓ જાણતા હતા જે, સ્વામિનારાયણના શિષ્યો સત્પુરુષો છે અને તેઓ કચવાય તો બંને લોક બગાડે એમ જાણી તેમણે મંગાવેલ આરસનો પત્થર ગાડે ચડાવીને પાછો વરતાલ મોકલ્યો. વરતાલમાં કસીયાજીભાઈના માણસોએ આવીને બનેલી બધી વાત જણાવી પછી તેને સૌએ ગોપાળાનંદ સ્વામી પાસે જવાનું કહ્યું એટલે તે માણસે સ્વામી પાસે આવીને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી અને સ્વામીને કહ્યું જે, અમે તમારો લઈ ગયેલો પત્થર પાછો લાવ્યા છીએ એટલે સ્વામીએ આજ્ઞા કરી કે તમે જે ઠેકાણેથી પત્થર લીધેલ હતો તે ઠેકાણે પાછો મૂકી આવો પછી તે માણસે તે પ્રમાણે આરસનો પત્થર મૂક્યો અને સ્વામીને પ્રાર્થના કરીને પછી ચાલતો થયો અને તે જ દિવસથી કસીયાજીના શરીરના દાહની પીડા મટી ગઈ. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૮૧)*

## મુક્તાનંદ સ્વામીનું અપમાન કરનારને ચોરે અઢાર ઝાટકા માર્યા

ગામ સાંગાવદરને પાદર કૂવો હતો. ત્યાં સ્વામી પોતાના હાથ પગ ધોવા બેઠા અને તે કૂવાનો ધણી કુસંગિ હતો તેણે આવીને સ્વામીનું માથું ઝાલીને ધક્કો માર્યો એટલે સ્વામી પડી ગયા અને સ્વામીને કહ્યું જે આંહી શું બેઠો છું ? મારા બળદીયા ભડક્યા પછી સ્વામી ત્યાંથી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કહીને ચાલી નીકળ્યા અને તે અપરાધે કરીને તે કણબી ઘઉંની વાડીમાં પાણી વારતો હતો ત્યાં ચોરે આવીને અઢાર ઝાટક્યા માર્યા તેથી તે ત્યાં ને ત્યાં મરી ગયો એમ મોટાના અપરાધનું ફળ મળ્યું. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૮૦૮)*

## તરકતલાવ ગામમાં મંદિરનું મોતીયું કાપનારના એક સાથે સાત જણનું મૃત્યુ

ગામ તરકતલાવનો લુવાર સત્સંગિ હતો તેણે પોતાના ગામમાં મંદિર કરાવ્યું અને તે મંદિરના પાયાનો કરો વાણિયાના ફળીયામાં પડતો હતો પછી મંદિર બંધાઈ રહ્યા પછી વાણિયે કહ્યું જે આ તારા મંદિરનું મોતીયું બે હાથ કાપી નાંખ્ય પછી લુવારે કહ્યું કે મારું માથું કપાય પણ મોતીયું કપાય નહીં ! પછી વાણિયે જોરાવરીયે કરીને મંદિરનું મોતીયું પોતાને હાથે કરીને કાપી નાંખ્યું પછી તે કટકો લઈને લુવારે પોતાના પટારામાં મેલ્યો અને ગામ આંબે જઈ તે લુવારે દેવસીભગતને કહ્યું કે ભાભા ! વાણિયે મંદિરનું મોતીયું કાપી નાંખ્યું ! દેવસીભગત કહે તારું ક્યાં કાપ્યું છે ? એ તો ભગવાનનું કાપ્યું છે ! તે ભગવાન તેનો તપાસ કરશે ! પછી થોડાક દિવસ થયા પછી વૈશાખ માસની ગણેશચોથ આવી તે દિવસે વાણિયે વિચાર કર્યો જે આજ મારે ગણપતીની પરીક્ષા લેવી ! પછી ગણપતીને નવરાવીને પાટલા ઉપર પધરાવ્યા અને આગળ લાડુ વગેરેનું નૈવેદ ધર્યું અને પોતાના બારણાની સાંકળ દઈને સ્ત્રી પુરુષે વિચાર કર્યો જે ગણપતિ સાચા હોય તો આપણો હાથ ઝાલે ! ત્યારે ખરા ! એમ કહીને પોતાના ત્રણ નાના દીકરા હતા તેના મસ્તક તરવારે કરીને કાપી નાખ્યા ! અને પછી પોતાની સ્ત્રીનું મસ્તક કાપ્યું ! પછી પોતાની બે દીકરીઓનાં પણ મસ્તક તેવી રીતે કાપી નાખ્યા. પછી રુધિરે કરીને કાગળમાં ચીઠ્ઠી લખી જે ‘‘આ કામ મેં મારે હાથે કર્યું છે શા માટે ? જે ગણપતીની પરીક્ષા લેવા સારુ’’ અને છેલ્લી બાકી પોતે પણ પેટ તરવાર નાંખીને મરી ગયો એમ ભગવાનનો તથા ભગવદીનો અપરાધ કર્યો હતો તેથી એક સાથે સાત મનુષ્યનું મૃત્યુ થયું. *(સદ્. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૦૫૩)*

## શ્રીજીમહારાજ, સંતો-પાર્ષદોના અપમાન કરનારાના વંશનો ઉચ્છેદ થયો

એક વખત શ્રીજીમહારાજ ઉમરેઠ પધાર્યા હતા ત્યાં આણંદના બે બ્રાહ્મણો આવ્યા. તેઓ શ્રીજીમહારાજનો ચમત્કાર જોઈને સત્સંગી થયા. પછી તે બ્રાહ્મણોએ ચાલતી વખતે શ્રીજીમહારાજની પ્રાર્થના કરી કે, આપ જ્યારે વડતાલ પધારો ત્યારે અમારે ત્યાં થાળ જમીને વડતાલ પધારજો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, અમારે વડતાલ જવાની ઉતાવળ છે. માટે તમારે ત્યાં થાળ જમવા રોકાશું નહિ. એમ કહીને પોતે ધારણ કરેલા ગુલાબના હાર તે બે બ્રાહ્મણને આપ્યા. પછી બે બ્રાહ્મણ શ્રીજીમહારાજની રજા લઈને આણંદ ગયા. પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા તેનો ઘણો ઉત્સાહ તેથી આખા ગામ સોંસરા એમ બોલવા લાગ્યા જે, અમને પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાપ્તિ થઈ ને આવતી કાલે સવારમાં ઉમરેઠથી વડતાલ

પધારવાના છે. તેમને અમારે ત્યાં થાળ જમાડીને વડતાલ જવા દેવાનો વિચાર છે કે જો કૃપા કરીને રોકાશે તો એક રાત્રિ રોકીશું. એમ બોલતા બોલતા પોતાને ઘેર ગયા. તે બ્રાહ્મણોના શબ્દ સાંભળીને ગામના લોકોએ વિચાર કર્યો કે શ્રી સ્વામિનારાયણ ભગવાનને આપણા ગામમાં પેસવા દેવા નહિ. કારણ કે જાદુગારા છે માટે કોઈક ઉપર ભૂરકી નાખીને તેને સત્સંગી કરશે ને તે તેમને જ ભાળશે. એમ કરતાં ગામમાં સત્સંગ થશે તો ગામ બગાડશે. આવો વિચાર કરીને માણસો એકઠાં થયાં જે કાલે સવારે શ્રી સ્વામિનારાયણ અહીંથી નીકળશે ત્યારે આપણે સહુએ ધૂળ, ઈંટાળા, પથરા, કાદવ વગેરે લઈને તૈયાર રહેવું ને તે આવે કે તુરત જ શ્રી સ્વામિનારાયણ ભગવાન ઉપર ફેંકવું. એવો ઠરાવ કરીને બીજે દિવસે સવારના પહોરમાં શ્રીજીમહારાજ પોતાના સવારો સહિત ઉમરેઠથી આણંદ પધાર્યા. તે જોઈને પ્રભુથી વિમુખ તુચ્છ બુદ્ધિવાળાઓએ ઠરાવ પ્રમાણે ધૂળ, કાદવ, પથરા વગેરે શ્રી સ્વામિનારાયણ ભગવાન ઉપર નાખ્યું. તેને સહન કરીને એકદમ દક્ષિણ તરફથી ઉત્તર તરફ ગામ સોંસરા નીકળી ગયા ને તે ગામનો સીમાડો મૂકીને શ્રીજીમહારાજે સહુ અસવારોને ત્યાં ઊભા રાખ્યા ને પોતાનાં વસ્ત્રોને ખંખેર્યા તેમજ સહુ કાઠીઓએ પણ પોતપોતાનાં વસ્ત્રો ઉપર ધૂળ પડેલી તે ખંખેરી નાખી. ને શ્રીજીમહારાજને એમ કહ્યું કે, અમને દયા કરીને બે કલાક રજા આપો. અમે આણંદના લોકોને જોઈ લઈએ, કારણ કે તેઓએ આપશ્રીનું અપમાન અમારા દેખતાં કર્યું તે અમારાથી સહન થતું નથી. જો અમે તે લોકોને કાંઈ પણ શિક્ષા નહિ કરીએ તો તે એમ જાણશે જે કાઠિયાવાડના કાઠી તો કેવળ ખીચડી ખાઉં શ્રી સ્વામિનારાયણ ભેગા થયા છે તો અમારી લાજ જાય. માટે અમને આજ્ઞા કરો જેથી ફેર કોઈ દિવસ આવું કામ કરે નહિ. તે સાંભળીને શ્રીજીમહારાજે કહ્યું કે, આ વખતે ધીરજ રાખો. ધીરજ મોટી વાત છે. આપણી ઉપર જે અગ્રેસર લોકોએ ધૂળ નંખાવી છે તે જ આપણા એકાંતિક ભક્ત થશે, માટે કાંઈ ન બોલતાં ચાલો વડતાલ જઈએ. એમ કહીને શ્રીજીમહારાજ અસવારો સહિત વડતાલ પધાર્યા. પછી આણંદના લોકોએ જેણે જેણે અપરાધ કર્યો હતો તેના વંશનો ઉચ્છેદ થયો હતો ને જેણે અપરાધ નહોતો કર્યો તેમને સત્સંગ થયો હતો ને તે શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત થયા હતા. કહેવાનો સાર એટલો જ છે કે અપરાધ જેવું એકેય પાપ નથી. એમ વિચાર કરીને મને, વચન, દેહે કરીને શ્રીજીમહારાજનો તથા તેઓશ્રીના ભક્તોનો અપરાધ ક્યારેય કરવો નહિ. અપરાધે રહિત જે હોય છે તેની ઉપર શ્રીજીમહારાજની બહુ જ પ્રસન્નતા થાય છે માટે અપરાધે રહિત જ વર્તવા શીખવું એ જ સિદ્ધાંત છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૦૭)*

## ભગવાન તથા ભક્તનો અપરાધ ક્યારેય ન કરવો

એક વખત શ્રીજીમહારાજ વડતાલથી ચૈત્ર માસમાં સમૈયો કરીને ગઢડે પધારતા હતા. તે ચાલતાં ચાલતાં શ્રીજીમહારાજને બહુ જ તાપ લાગવાથી સુરા ખાચર વગેરે સ્વારોને કહ્યું કે, આજનો તાપ ઘણો વિષમ છે અમારો જીવ ઘણો જ ગભરાઈ ગયો છે ને પરસેવાથી વસ્ત્રો પણ ભીંજાઈ ગયાં. માટે તમે કહેતા હો તો આ સામું દેખાય જે ગામ તેમાં બાવાની જગ્યા છે તેમાં વિશ્રાંતિ લઈને દિવસ નમતે ત્યાંથી આપણે ચાલીએ તો ઠીક. તે સાંભળીને સહુએ શ્રીજીમહારાજને કહ્યું જે, જેમ આપશ્રીની મરજી તેમ અમે ખુશી છીએ, કારણ કે અમે પણ તાપથી બહુ ગભરાઈ ગયાં છીએ. આવું કાઠીઓનું વચન સાંભળીને શ્રીજીમહારાજે રસ્તામાં આવેલું ગામ તેમાં બાવાની જગ્યા હતી ત્યાં પધાર્યા ને તે સમે બાવો કાંઈ કારણસર ગામમાં ગયેલો. તેથી તેની જગ્યાનું બારણું ઉઘાડીને અંદર પેઠા ને ઘોડાઓને બાંધીને કાઠીઓ સહિત તે બાવાની જગ્યામાં સારી જગ્યા જોઈને શ્રીજીમહારાજ બિરાજમાન થયા ને જળપાન કર્યું. એટલાકમાં તે જગ્યાનો માલિક બાવો આવ્યો ને તુરત જ એમ બોલવા લાગ્યો છે, આ ધણીયાતી જગ્યામાં પૂછ્યા સિવાય કોણ આવીને બેઠું છે ? જે હોય તે અમારી જગ્યામાંથી બહાર નીકળી જાઓ. નહિતર કાંઈ મારે કહેવું પડશે તેમાં શોભા નહિ. ત્યારે કાઠી લોકોએ કહ્યું જે, આ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. તે તમારાં મોટાં ભાગ્ય. આવો બાવાજી શ્રીજીમહારાજનાં દર્શન કરો. એમ કહ્યું છતાં મહાઅભાગી, પૂર્વનો પાપી, પ્રભુથી વિમુખ, મહાઅસુર, સત્સંગનો દ્વેષી શ્રીજીમહારાજનું નામ સાંભળીને ન બોલવાનું બોલવા લાગ્યો. ને વારંવાર એમ બોલે છે, ધણીયાતી જગ્યામાં ઉતારો કેમ કર્યો ? તે સાંભળીને શ્રીજીમહારાજે સ્વારોને કહ્યું કે, આપણે શિક્ષાપત્રી કરી તેનું વચન આપણને જ લાગું થયું માટે ચાલો. એમ કહીને તુરત જ સવારોએ સહિત ત્યાંથી ચાલી નીકળ્યા. તો પણ બાવાને શાંતિ ન વળવાથી પોતાના સેવકોને બોલાવીને ધૂળની ફાંટો ભરાવીને શ્રીજીમહારાજની પછવાડે દોડીને ધૂળ નંખાવી ને બાવો પાછો ગામમાં ચાલ્યો ગયો. પછી શ્રીજીમહારાજ ઉપર તથા સ્વારો ઉપર પડેલી ધૂળ જોઈને મહારાજે સુરા ખાચરને કહ્યું કે, હે સુરા ખાચર ! આજ હુતાશનિનો દિવસ છે કે શું ? બધું આ ગામ આપણે અહીં ક્યાંથી આવ્યા. આવું વચન શ્રીજીમહારાજના મુખારવિંદમાંથી નીકળ્યું કે તુરત જ તે ગામમાં અકસ્માત્ અગ્નિ ઉત્પન્ન થયો. ને આખા ગામમાં અગ્નિ ચોફેર ફરી વળ્યો. તે જોઈને શ્રીજીમહારાજને અંતઃકરણમાં બહુ જ દયા આવી ગઈ. તે વખતે સુરા ખાચરને કહ્યું જે, અગ્નિ વગેરે દેવો હું બોલું તે પ્રમાણે કામ કરે છે, માટે આજથી મારો શ્રાપ તથા મારા સંતનો શ્રાપ લાગે નહિ એવું હું વચન આપું છું, કારણ કે આ જગત બધું અજ્ઞાની છે એમ કહીને શ્રીજીમહારાજે

અગ્નિદેવ સામી દષ્ટિ કરી કે તુરત જ અગ્નિ શાંત થઈ ગયો. તે જોઈને શ્રીજીમહારાજ સ્વારોએ સહિત ચાલી નિસર્યા. કહેવાનું પ્રયોજન એટલું છે કે વચનથી બાવાની પેઠે ભગવાન તથા ભગવાનના ભક્તનો અપરાધ ક્યારેય કરવો નહિ, અપરાધે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે તેવું બીજાથી થતું નથી માટે અપરાધે રહિત વર્તવું તે જ ભગવાનના ભક્તનો મુખ્ય ધર્મ છે. જેણે જેણે ભગવાનનો તથા ભગવાનના ભક્તનો અપરાધ કર્યો છે તે મોટી પદવીથી પડી ગયા છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૦૮)*

## જેણે જેણે અપરાધ કરેલ છે તેઓને પરિણામે માઠું ફળ આવેલ છે

ગઢડાના ભાગીદાર પૂંજા ખાચરના દીકરા જીવા ખાચર તથા મૂળુ ખાચર તેમણે પાંચસો પરમહંસ સહિત શ્રીજીમહારાજને પોતાના દરબારગઢમાં રાખીને અન્ન વસ્ત્રથી બહુ જ સંભાવના કરેલી. પણ જ્યારે એભલ ખાચર દેહનો ત્યાગ કરવાના થયા ત્યારે શ્રીજીમહારાજને પોતાની પાસે બોલાવીને કહ્યું કે, મારા દેહનો નિરધાર નથી ને આ દાદા ખાચર નાના છે માટે મારો ગરાસ તથા મારી મિલકત વગેરે હું આપશ્રીને સોંપું છું, તેમજ દાદા ખાચરનું કાંડું તમને સોંપું છું. તમે તેની સંભાળ રાખજો. મારે તમારો પરિપૂર્ણ વિશ્વાસ છે ને જો આપશ્રી ધ્યાન રાખશો નહિ તો મારા પિત્રીઓ આ દાદા ખાચરને દુઃખ દેશે. તે સાંભળીને શ્રીજીમહારાજે કહ્યું જે, સુખેથી તમારા દેહનો ત્યાગ કરી મારા અક્ષરધામમાં જાઓ. તમો દાદા ખાચરની કોઈ પ્રકારની ચિંતા રાખશો નહિ. ને હું તમારા દરબારમાં કાયમ રહીશ. એમ કહીને એભલ ખાચરના દેહનો ત્યાગ કરાવ્યો. પછી શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં રહી દાદા ખાચરનો વ્યવહાર પોતે ચલાવવા લાગ્યા. એમ કરતાં દાદા ખાચરની ઉંમર થઈ ત્યારે વ્યવહાર સંબંધી કામકાજ દાદા ખાચરને શ્રીજીમહારાજ સોંપવા લાગ્યા. ત્યારે દાદા ખાચરે શ્રીજીમહારાજને કહ્યું કે, હું તો આપનો ચાકર છું ને તમો અમારા માલિક છો. માટે વ્યવહાર જેમ ચલાવો છો તેમ જ આપશ્રી ચલાવો. મને તેમાં જરા પણ સંદેહ નથી. આવા વિશ્વાસુ દાદા ખાચરને જોઈને અને પોતાના એકાંતિક ભક્ત જાણીને દાદા ખાચરનો સર્વસ્વ વ્યવહાર શ્રીજીમહારાજે હાથ રાખ્યો. સરકાર દરબારમાં ક્યાંય જવું આવવું હોય તો પોતે અગર તો પોતાના કારભારીને મોકલીને દાદા ખાચરનું કામ કરાવવા લાગ્યા. તે જોઈને જીવા ખાચરના અંતઃકરણમાં એવો વિચાર થયો કે શ્રી સ્વામિનારાયણ દાદા ખાચરનો વ્યવહાર સ્વતંત્ર રીતે ચલાવે છે ને આપણને પૂછતા નથી. અને દાદા ખાચર શ્રી સ્વામિનારાયણને જ એક ભાળે છે. મને કોઈ દિવસ શું કરવું અને શું ન કરવું તે પૂછતો નથી. એવો સંકલ્પ કરીને દાદા ખાચર ઉપર ઈર્ષા રાખવા લાગ્યા. તેવી જ રીતે શ્રીજીમહારાજ ઉપર વેરની ગાંઠ બંધાણી. તેથી એક દિવસે જીવા ખાચરને

એવો સંકલ્પ થયો જે શ્રી સ્વામિનારાયણ ન હોય તો આ દાદા ખાચરનો સર્વસ્વ ગરાસ તથા મિલકતને હું હાથ કરી લઉં. શ્રી સ્વામિનારાયણ હશે ત્યાં સુધી મારી કારીગરી ફાવશે નહિ, માટે શ્રી સ્વામિનારાયણને મરાવી નાખું, એવો ચોક્કસ વિચાર કરીને રામા ખાચરને ખાનગી રીતે કહ્યું કે, હું ને તમે બે જ વાત જાણીએ પણ ત્રીજો વાત ન જાણે તેવી રીતે જો તમે શ્રી સ્વામિનારાયણને મારી નાખો તો તમને એક સાંતિની જમીન ને પાંચસો રૂપિયા રોકડા આપું, ને ન આપે તો તેના સાક્ષી કુળદેવ શ્રી સૂર્યનારાયણ છે, એમ ચોક્કસ કરીને ઠરાવ કર્યો. તે પ્રમાણે તે જ રાત્રિએ રાત્રિના બાર વાગ્યે રામો ખાચર તરવાર લઈને કોઈ ન જાણે તેવી રીતે દાદા ખાચરના દરબારગઢમાં થઈને શ્રીજીમહારાજના દિશાએ જવાના ખાડામાં પેસી ગયો. તે વખતે રામા ખાચરનો અસત્ આશય જોઈને શ્રીજીમહારાજે ભગુજીને કહ્યું જે, મારે દિશાએ જવા જવું છે, તે પાણીનો લોટો લાવો ને તમે ફાનસ કરીને ખાડો ઉઘાડીને અંદર તપાસ કરો. ત્યારે ભગુજીએ કહ્યું જે, ખાડામાં શું તપાસ કરવો છે, આપશ્રી સુખેથી દિશાએ પધારો. ત્યારે મહારાજે કહ્યું કે, તમે શંકા ન કરતાં તપાસ કરો તો ઠીક. પછી ભગુજીએ શ્રીજીમહારાજની આજ્ઞાથી તપાસ કર્યો. ત્યાં તો ઉઘાડી તરવારે સહિત રામા ખાચરને દેખ્યો કે તુરત જ ભગુજીએ તેને પકડી લીધો ને મારતા મારતા ખાડા બહાર લાવ્યા. જોશથી એવો મારેલ કે મોઢામાંથી દાંત પડી ગયો ને મોઢું લોહીવાળું જોઈ શ્રીજીમહારાજને દયા આવવાથી ભગુજીને મારતા બંધ કર્યા, ને શ્રીજીમહારાજે કહ્યું કે, રામો ખાચર તો અમારા સ્નેહી છે તે જેવું હશે તેવું કહેશે. પછી . રામા ખાચરે સોગનથી શ્રીજીમહારાજને કહ્યું કે, આમાં મારો જરા પણ વાંક નથી. મને તો જીવા ખાચરે જમીન તથા રૂપિયા આપવાનું કબૂલ કરીને મોકલ્યો છે, ને તમો તો કાળના કાળ ને ઈશ્વરના ઈશ્વર છો ને સર્વેના નાડી પ્રાણ તમારા હાથમાં છે માટે તમારો પરાભવ કરવાને આ દુનિયામાં કોણ સમર્થ છે ? જે આપનો પરાભવ કરવાને ઈચ્છતો હશે તેનો પરાભવ થઈ જશે, આવાં વચનો સાંભળીને તુરત જ રામા ખાચરને રજા અપાવી દીધી, પછી મહારાજ દિશાએ જઈને સ્નાન કરીને અક્ષરઓરડીમાં પોઢી ગયા. પછી સવારમાં જીવો ખાચર શ્રીજીમહારાજનાં દર્શને આવ્યા તે વખતે મહારાજે સવિસ્તર વાત કહી બતાવી. તે સાંભળીને તુરત પોતાના દરબારમાં ચાલ્યા ગયા. કહેવાનું કે કોઈ પ્રકારે શ્રીજીમહારાજનો તથા તેઓશ્રીના એકાંતિક ભક્તનો અપરાધ ન કરવો. જેણે જેણે અપરાધ કરેલા છે તેઓને પરિણામે માઠું ફળ આવેલ છે. માટે અપરાધ ક્યારેય પણ કરવો નહિ, ભગવાનના ભક્તે અપરાધ રહિત જ વર્તવું. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૦૯)*

## શ્રીજીમહારાજના અપરાધથી અધિકાર ગયો

એક વખત શ્રીજીમહારાજ ઝાલાવાડ દેશમાં હરિભક્તોને દર્શન દેવા પધારતા હતા. તે ચાલતાં રસ્તામાં ગામ લીંબડી આવ્યું. તે ગામમાં ભગવાનના એકાંતિક હરિભક્તો હતા. તેમણે શ્રીજીમહારાજ આવ્યાના સમાચાર સાંભળીને વાજતેગાજતે સામૈયું લઈને ગામની ભાગોળે મહારાજની સન્મુખ આવીને ઊભા રહ્યા. તેવા સમામાં એક અધિકારી શેઠ હતો. તે સત્સંગનો તથા શ્રીજીમહારાજનો મહાદ્વેષી હતો. તેણે સમાચાર સાંભળ્યા જે શ્રી સ્વામિનારાયણના ભક્તો શ્રી સ્વામિનારાયણને ગામમાં લાવવા સારું ગામની ભાગોળે ધામધૂમથી ગયા છે ને શ્રી સ્વામિનારાયણ ચોક્કસ ગામમાં પધારવાના છે, એમ જાણીને ભગવાનથી વિમુખ તે અધિકારીએ ગામના કેટલાક અબુધ માણસોને પોતાની પાસે બોલાવ્યા. ને કહ્યું જે, શ્રી સ્વામિનારાયણ ગામમાં આવે ત્યારે તેમના ઉપર તથા તેમના સાધુ વગેરે ઉપર ધૂળ નાખવી ને ગામમાં કોઈ ઠેકાણે ઊતરવા દેવા નહિ. આવી આજ્ઞા આપી. તેથી તે લોકો ધૂળની ફાંટો ભરીને રસ્તામાં ઊભા રહ્યા. તેવા સમયમાં શ્રીજીમહારાજ ધામધૂમ સહિત શહેરમાં પધાર્યા. તે વખતે તે અધિકારીએ મહારાજને દેખતે શ્રીજીમહારાજ ઉપર તથા સંત હરિભક્ત ઉપર ધૂળ નંખાવી. તેથી શ્રીજીમહારાજ ત્યાં ન રોકાતાં હરિભક્તોને સમજાવીને તુરત ચાલી નીકળ્યા. તે આગળ જઈ વસ્ત્રો ધૂળવાળાં હતાં તે ખંખેરી નાખ્યાં ને શ્રીજીમહારાજ બોલ્યા જે પરમેશ્વર તથા આવા અપરાધે રહિત સંતનો આ અધિકારી વાણિયે અપરાધ કર્યો માટે તેનું ફળ છ માસની અંદર પામશે. એમ કહીને શ્રીજીમહારાજ ત્યાંથી ચાલી નિસર્યા. તે શ્રીજીમહારાજના અપરાધે કરીને અધિકારી વાણિયાનું કુટુંબ મહામારીના રોગથી મરણ પામ્યું. ને તે અધિકારી વાણિયાને અધિકારમાંથી કાઢી નાખ્યો. પછી પોતાના ગુજરાન માટે મીઠું, જીરું, હળદર, મરચાં વગેરે લઈને ફરતા ગામોમાં વેચવા જતો. એવી દુર્દશાને જોઈને કોઈ તે વાણિયાને કહે છે, શેઠ તમે તો અધિકારી હતા. તે આવો પણ વખત આવ્યો તેનું શું કારણ તે તમો જાણો છો ? ત્યારે તે જવાબ આપે જે આ લોકમાં દશકા ભોગવવાના છે. તે સાંભળી હરિભક્તો કહે, દશકા નહિ પણ તમે અધિકારના મદથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની ઉપર ધૂળ નંખાવી હતી. તે અપરાધે કરીને આ દુઃખ ભોગવો છો. તે સાંભળી નીચું મુખ કરીને કાંઈ જવાબ ન આપતાં ત્યાંથી ચાલ્યો જાય. કહેવાનું એ છે કે અધિકાર મળે અથવા લક્ષ્મી મળે તેના ગર્વથી છકી જઈને ભગવાનનો તથા ભગવાનના ભક્તનો ક્યારેય અપરાધ કરવો નહિ. વાણિયે જો અપરાધ કર્યો હતો તો પરિણામે ઘણું દુઃખ પામ્યો હતો. માટે અપરાધથી બ્હીને ચાલવું. પણ અપરાધ ક્યારેય થવા દેવો નહિ એ સમજવાનું છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૧૦)*

## અપરાધે કરીને બુઢા ધાધલની બુદ્ધિ બગડી ને ચોરી કરી

ગઢપુરમાં દાદા ખાચર પાસે બુઢો ધાધલ ચાકર હતો. તે માયાવી ને મહાપ્રપંચી હતો. તેને જીવા ખાચર ખાનગી રીતે દાદા ખાચરની વાત પૂછી લેતા. તે વાત શ્રીજીમહારાજના જાણવામાં આવી. તેથી શ્રીજીમહારાજે દાદા ખાચરને કહ્યું જે, બુઢો રાખવા લાયક નથી. માણસ મહા ફૂટેલ છે. તેના બદલે તમારે ચાકરની જરૂર હશે તો હું બીજો રખાવી આપીશ. એમ કહીને દાદા ખાચર પાસે બુઢાને રજા અપાવી ને તેનો પગાર વાજબી રીતે અપાવી દીધો. તેથી શ્રીજીમહારાજનો તથા દાદા ખાચરનો પ્રયોજન વિના અપરાધ કરવા લાગ્યો. તેથી તેની બુદ્ધિ પાપવાળી થઈ ગઈ. તે બુઢો હાલતાં ચાલતાં અપરાધ કરે. તે એક દિવસ જીવા ખાચરની ડેલીએ ગયો. ત્યારે જીવા ખાચરે પૂછ્યું કે, તમને દાદા ખાચરે રજા આપી તેનું શું કારણ? ત્યારે તેણે કહ્યું કે, હું આપને દાદા ખાચરની તથા શ્રી સ્વામિનારાયણની કાંઈ પણ વાત ખાનગી હોય તે કહેતો. તેથી મને રજા આપી. ત્યારે જીવા ખાચરે કહ્યું જે, મારી પાસે સુખેથી રહે, તું કોઈ પ્રકારે ચિંતા કરીશ નહિ. એમ કહીને પોતાની પાસે રાખ્યો. તે બુઢો કાયમ જીવા ખાચરની ડેલીએ ખાટલો નાખીને તેના માથા જેવડો, હોકો લઈને ત્યાં બેસી રહેતો. ને કોઈ નવો મુમુક્ષુ શ્રીજીમહારાજનાં દર્શન કરવા તથા કંઠી બંધાવવા આવે તેને જોઈને બુઢો પોતાની પાસે બોલાવે. ને કહે જે શ્રી સ્વામિનારાયણ જાદુગારા છે. તેની પાસે જઈશ તો તને જાદુ કરી નાખશે. તેથી તું શ્રી સ્વામિનારાયણને જ ભાળીશ. એ કાંઈ ભગવાન નથી. તેણે તો બાબરીયો ભૂત સાધ્યો છે ને ઈંદ્રજાળનો ગુટકો જે આવે તેને બતાવે છે, તેથી સહુ લોકો મોહ પામી જાય છે, માટે તું અહીંથી ભાગી જા. શ્રી સ્વામિનારાયણ પાસે જઈશ નહિ. શ્રી સ્વામિનારાયણ પાખંડી છે. તેને દાદા ખાચરે ભગવાન કરીને પોતાને ઘેર રાખ્યા છે, તેમજ દાદા ખાચરની બેનો પણ ત્રણેય અવસ્થામાં શ્રી સ્વામિનારાયણને જ દેખે છે. આખો દરબારગઢ શ્રી સ્વામિનારાયણને જોઈને મોહ પામી ગયેલ છે. એમ કહીને કોઈ માણસને બુઢો, પોતાનું બને ત્યાં સુધી અવગુણ ઘાલીને પણ ત્યાંથી જ રસ્તે પાડે. પણ શ્રીજીમહારાજ સુધી જવા દે નહિ. તે અપરાધ કરીને બુઢાની બુદ્ધિ બગડવાથી જીવા ખાચરને ત્યાં ચોરી કરી. તેથી જીવા ખાચરે બુઢાનું સર્વસ્વ લઈ લીધું ને નોકરીમાંથી કાઢી નાખ્યો. ને એવી ભૂંડી દશા આવી કે, તે ગામમાં ટુકડા માગીને ખાતો ને દેહ મૂકવાને સમે મહાદુઃખ ભોગવીને ભૂંડે હાલે મરી ગયો. કહેવાનું એ છે કે બુઢે જો શ્રીજીમહારાજનો તથા દાદા ખાચરનો પ્રયોજન વિના અપરાધ કર્યો હતો તો તેની બુદ્ધિ ફરી ગઈ. અને બૂરી દશાને પામ્યો ને દુઃખ ભોગવીને મરી ગયો. જમપુરીનો અધિકારી થયો. માટે ભગવાનનો તથા ભગવાનના ભક્તનો ક્યારેય અપરાધ થવા દેવો નહિ એ જ સાર છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૧૧)*

## શ્રીજીમહારાજના અપરાધે કરીને રોળાનંદ મહાદુઃખ પામ્યા

એક સમયે ગઢપુરમાં શ્રીજીમહારાજ કાઠીઓએ સહિત ઉન્મત્ત ગંગાએ સ્નાન કરવા જતા હતા. તે ઉન્મત્ત ગંગાને કાંઠે ગામના છોકરાઓ લૂગડાંને વળ દઈ ગાંઠ્યો વાળીને પરસ્પર એકબીજા રમતા રમતા જેને લાગ આવે તેને મારતા હતા. તે જોઈને કાઠીઓને શ્રીજીમહારાજે પૂછ્યું કે, આ છોકરાઓ શું કરે છે ? ત્યારે કહ્યું જે, હે મહારાજ ! આ છોકરાઓ ગોટીલા રમત રમે છે, ને આ દેશમાં તેનો બહુ પ્રચાર છે. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, આવી રમત અમે કોઈ દિવસ રમ્યા નથી માટે તમારો જો વિચાર હોય તો દરબારગઢમાં આપણે રમીએ. તે સાંભળીને કાઠીઓ બહુ રાજી થયા ને કહ્યું જે, એવાં અમારાં ક્યાંથી ભાગ્ય હોય જે આવી રમત અમારે તમારી સંગાથે રમવાનો વખત આવે. કારણ કે તે રમત બાળકની છે. અમે રમવા ખુશી છીએ. એમ કહી ઉન્મત્ત ગંગામાં સ્નાન કરી દાદા ખાચરના દરબારમાં આવ્યા. પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીની તપાસ કરાવી જે મુક્તાનંદ સ્વામી ક્યાં છે ? તે સાંભળીને એક સાધુએ કહ્યું જે, સ્વામી ધર્મશાળામાં ધ્યાનમાં બેઠા છે. ત્યારે શ્રીજીમહારાજે વિચાર કર્યો જે, સ્વામીને સહેજે ધ્યાનમાં વાર લાગે છે. તેટલામાં રમત રમી લેવાશે. પછી શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા ને કહ્યું જે, ગોટીલા રમત રમવી છે, માટે બે પક્ષ કરો. એક પક્ષ તમારો તથા બીજો પક્ષ સુરા ખાચરનો. તમારા પક્ષમાં સંતો રહે. સુરા ખાચરના પક્ષમાં તેમની મરજી મુજબ રહે. ને હું મધ્યસ્થ રહીને તે રમત રમીશ. આ વખતે આ ભગવાન છે તે તેમને મરાય નહિ તેવો વિચાર કોઈએ રાખવો નહિ. હું ભાગમાં આવું તો મને સુખેથી તમારે મારવો. એમ કહીને લૂગડાંને વળ દેવડાવીને તેની ગાંઠો વળાવી ને તે રમત ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ શરૂ કરી. તે જોઈને એક રોળાનંદ નામે સાધુ હતો. તેને અંતઃકરણમાં ઊંડે ઊંડે શ્રીજીમહારાજને વિષે દ્વેષ હતો. તેનું કારણ તે જગન્નાથપુરીમાં નાગડા વૈરાગીઓને મહારાજ નિમિત્તે પરસ્પર લડાઈ થઈ હતી. ને દશહજાર મરી ગયા હતા. તે માંહેલો આ રોળાનંદ કપટથી સાધુ થઈને સાધુ ભેગો રહ્યો હતો. તેને આ વખતે લાગ આવવાથી બાવળની શૂળો તથા નાના પથરાઓ તથા રેતી તે ત્રણ ગોટીલાની ગાંઠ બાંધીને બ્રહ્માનંદ સ્વામીના તરફ ભળીને સાથે રમવા લાગ્યો. તેના કપટને શ્રીજીમહારાજ જાણી ગયા. તેથી રોળાનંદને સન્મુખ ગોટીલો ફેરવતા ફેરવતા આવ્યા. ત્યારે રોળાનંદે જાણ્યું કે, હવે મારે આ ગોટીલો શ્રી સ્વામિનારાયણના બરડામાં મારવો. એમ ધારીને શ્રીજીમહારાજની સન્મુખ, રોળાનંદ આવીને ગોટીલો ચોમેર ઘુમાવીને જયાં શ્રીજીમહારાજના બરડા ઉપર મારવા જાય છે, ત્યાં મહારાજ બોલ્યા જે, સુરા ખાચર આ રોળાનંદને પકડો, મને મારવા વાસ્તે, બાવળની શૂળો તથા પથ્થર

બાંધીને મને મારીને વેર લેવું છે. તે સાંભળીને સુરા ખાચરે રોળાનંદને પકડી લીધો. ગાંઠ છોડીને જોયું ત્યાં તો મોટી શૂળો તથા પથરાઓ દેખ્યા. પછી શ્રીજીમહારાજે સહુને કહ્યું કે, આ મોટો અસુર છે, મને મારવા માટે કપટથી સાધુ થયો છે. પણ હું કોઈનો માર્યો મરું તેમ નથી. માટે આ સાધુને ધક્કો મારીને કાઢી મૂકો. એમ શ્રીજીમહારાજે આજ્ઞા કરી કે તુરત રજા આપી દીધી. તેથી રોળાનંદ ત્યાંથી એકડમલ થઈને ચાલ્યો ગયો. ને શ્રીજીમહારાજના અપરાધ કરીને મહાદુઃખ ભોગવીને દેહ મૂક્યો. કહેવાનું કે, ભગવાન તથા ભગવાનના ભક્તનો અપરાધ કરવો નહિ. ને જો અપરાધ કરે તો રોળાનંદની પેઠે અપરાધનું ફળ જરૂર ભોગવવું પડશે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૧૨)*

## સંતના અપરાધે સાઈઠ માણસ નાશ પામ્યા

ગામ ભદામમાં પટેલ ગોવિંદભાઈને ત્યાં ફરતા ફરતા, અદ્‌ભૂતાનંદ સ્વામી ગયા. ને એકાદશીને દિવસે ઉપવાસ કર્યો. ને બારસને દિવસે રસોઈ કરવા પટેલ ગોવિંદભાઈએ સીધું આપ્યું ને સંત રસોઈ કરતા હતા. તેવામાં તે ગામના દેસાઈ ગણેશજીને કોઈકે કહ્યું જે, શ્રી સ્વામિનારાયણના મૂંડિયા ગોવિંદભાઈને ત્યાં છે. આવું કહેવાથી ગણેશજીએ તે શ્રીજીમહારાજના સંતને કાઢી મૂકવા માટે એક સિપાઈને ગોવિંદભાઈને ત્યાં મોકલ્યો ને કહેવડાવ્યું જે, સાધુને કાઢી મૂકજો. ત્યારે ગોવિંદભાઈએ કહેવડાવ્યું કે, ગઈકાલની એકાદશીના ઉપવાસી છે તે થાળ કરી શ્રીજીમહારાજની મૂર્તિને જમાડીને તે સંતો જમીને જશે. આવા સમાચાર સાંભળીને બીજો સિપાઈ મોકલ્યો પણ ગોવિંદભાઈએ સંતને જમ્યા સિવાય કાઢ્યા નહિ. ત્યારે ગણેશજી પોતે ગોવિંદભાઈને ઘેર જઈને સિપાઈ પાસે રસોઈ અભડાવીને જમવા ન દીધા અને કાઢી મૂક્યા. તેથી સંત જમ્યા સિવાય ગયા ને કહ્યું કે, આ ગામમાં મારો હુકમ હોય ત્યાં સુધી ન આવવું. તેથી ગોવિંદભાઈને બહુ જ ખોટું લાગ્યું ને દિલગીર થયા ને શ્રીજીમહારાજની પ્રાર્થના કરી જેથી આઠ દિવસમાં જ ગણેશજીનો હુકમ સરકારે લઈ લીધો ને સરકારે ઘરબાર લૂંટાવી લીધાં ને ઘરમાં સાઈઠ માણસ હતાં તે પણ સંતના અપરાધે કરીને નાશ પામી ગયાં. ને પોતાને પણ અન્ન ને દાંતને વેર થયું ને પૂર્વનું પુણ્ય હતું તે સંતના અપરાધે કરીને ખૂટી ગયું. માટે ભગવાનનો તથા ભગવાનના સંત હરિભક્તનો અપરાધ ન કરવો. કારણ કે અપરાધે કરીને જીવનું ભૂંડું થઈ જાય છે. માટે અપરાધ થવા દેવો નહિ. એ વાત ધ્યાનમાં રાખવી એ સિદ્ધાંત છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૧૩)*

## સંતનો તથા સત્સંગીનો અપરાધ ક્યારેય ન કરવો

ગામ સારંગપુરના હરિભક્ત ગામ ખાંભડાના પટેલ સાથે વાડીમાં ભાગ રાખેલ હતો. તેથી સારંગપુરના હરિભક્ત ખાંભડાના પટેલને શ્રીજીમહારાજની લીલાની વાર્તાઓ કરતા હતા. ને પટેલને સત્સંગી કરવા માટે એક વખતે સંતને બોલાવીને સારંગપુરના હરિભક્ત કહે છે, આ કોશ હાંકતા પટેલને શ્રીજીમહારાજની વાતો કરો. ત્યારે તે સાધુ કોશ હાંકતા પટેલની પાછળ ચાલીને ભગવાનની વાત કરતા હતા. પછી સંતની વાતથી અકળાયેલ પટેલે તે સાધુને પરોણો માર્યો તેથી સંતને વસમુ લાગવાથી બેસી ગયા. ને પછી કળ વળી ત્યારે પાછા વાતો કરવા લાગ્યા. તેથી પટેલ કહે છે, સ્વામી તમારે મને શું કહેવું છે ? ત્યારે સાધુ કહે છે, તમને વર્તમાન ધરાવીને કંઠી ધારણ કરાવવી છે. પછી પાણીને ઢાળીએ બેસીને વર્તમાન ધરાવીને કંઠી પહેરાવી. પછી તે પટેલને ભૂત વળગેલાં તે આવ્યાં ને તાંતણાને તોડી નાખ એમ કહ્યું પણ ભૂતથી કંઠી એવું નામ ન દેવાયું તેથી તે પટેલે લાકડી લઈને ભૂતને મસાણ સુધી તગેડી મૂક્યાં. પછી શિર સાટે સત્સંગ રાખ્યો ને સંતને જમાડીને માફી માગી ને પોતાનો અપરાધ માફ કરાવ્યો. તે પણ સંતના અપરાધ કરીને દુઃખ ભોગવવું પડ્યું હતું. માટે સંતનો તથા સત્સંગીનો અપરાધ ક્યારેય કરવો નહિ. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૯૬)*

## સેવા કરવી પણ દ્રોહ કરવો નહિ

ગામ ગઢપુરમાં શ્રીજીમહારાજ એક વખત રાધાવાડીએ પધાર્યા હતા. તે રાધાવાડીના બંગલામાં ઉતારો કર્યો. પછી પાણી પીવાનું હતું તે ઢોળી નાખીને ભગુજી તથા રતનજીને ઉન્મત્ત ગંગાનું પાણી લેવા મોકલ્યા. અને કરીમભાઈ તથા મીયાંજીને મંદિરમાંથી સંતને બોલાવી લાવવા મોકલ્યા. તેવા સમયમાં જેઠો ગોવાળીયો તથા મેરામણ ગોવાળીયો આદિક મળીને એકવીશ જણ આવ્યા. તેટલાં સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની આજ્ઞાથી ધારણ કરીને સર્વેના ગળાં ઝાલીને મારવા માંડ્યા. તેથી તે લોકોએ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાર્થના કરી કે, હવે અમે તમારી પાસે કોઈ દિવસ આવીશું નહિ. પણ આ વખતે અમને જીવતા જવા દ્યો. આવી રીતે કહ્યું જેથી શ્રીહરિ સચ્ચિદાનંદ સ્વામીને કહે જે સર્વને છોડી મૂકો તેથી છોડી મૂક્યા. આવા શ્રીજીમહારાજ દયાળુ છે. પણ આ જીવને સમજાતું નથી તેથી જ વારે વારે શ્રીજીમહારાજનો તથા તેમના સત્પુરુષનો દ્રોહ કરવા માટે આવે છે. માટે સેવા કરવી પણ દ્રોહ કરવો નહિ. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૦૨)*

## ઝેરનાખીને ચંદન ચરચનાર બાવાની આંગળીઓની ખાલ ઉખડી ગઈ

ગામ ગઢપુરથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી ગુજરાતમાં ફરવા ગયેલા મુક્તાનંદ સ્વામી આદિક સંતો પહેલાં અમદાવાદ ગયા હતા. ત્યાં રહેલી કાંકરીયા તળાવ ઉપરની આંબલીઓમાં પોતાનો નિવાસ કરીને રહેતા હવા ને કોઈ મુમુક્ષુ પોતાની પાસે આવે તેમને શ્રી સહજાનંદ સ્વામી ભગવાનના પ્રતાપની તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધી વાર્તાઓ કરીને અજ્ઞાનનો નાશ કરવા પૂર્વક શ્રીજીમહારાજનો નિશ્ચય કરાવીને વર્તમાન ધરાવીને કંઠી પેરાવી સત્સંગી કરતા હવા. અને અમદાવાદ શહેરમાં ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરતા એવા મુક્તાનંદ સ્વામી આદિક સંતો આંબલીઓ નીચે બેઠા હતા. ને શ્રીજીમહારાજનું ભજન કરતા હતા. તે સમે આંબલીઓમાંથી એક મોટો સાપ પડતો હવો તે સાપ મુક્તાનંદ સ્વામી આદિક સંતોના શરીર ઉપર ફરીને બ્રહ્મચર્યના પ્રતાપથી સાપ ફૂલની માળારૂપ થઈને ચાલ્યો જતો હવો. તેથી જૈન લોકોએ જાણ્યું કે, આ બધા શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાધુઓ કેવળીક છે જેથી સાપ કાંઈ કરી શકતો ન હવો. આવું આશ્ચર્ય જોઈને જૈન લોકો શ્રી સહજાનંદ સ્વામી ભગવાનનો આશ્રય કરતા હવા. વળી એક વખત અમદાવાદ શહેરમાં રહેલો એક બાવો મુક્તાનંદ સ્વામીને ચંદનમાં ઝેર નાખીને ચરચતો હવો ત્યારે તે ઝેર મુક્તાનંદ સ્વામીના બ્રહ્મચર્યના પ્રતાપથી અમૃતરૂપ થઈ જતું હવું. ને ઝેર નાખીને ચંદન ચરચનાર બાવાની આંગળીઓની ખાલ ઊખડી જતી હવી. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૩૩)*

## ઘનશ્યામ મહારાજનું અપમાન કરવાથી મોહનદાસ યમપુરીના દુઃખને પામ્યો

વળી એક સમયે એકાદશીને દિવસે જન્મસ્થાનક તથા હનુમાનગઢી આદિક સ્થળે દર્શન કરવા ઘનશ્યામ મહારાજ એકલા ગયાં. ત્યારે હનુમાનજીની આગળ સભામંડપમાં બેસીને મોહનદાસ નામે વેરાગી રામાયણની કથા કરતો હતો. ને તે સાંભળવા ચારેકોર કેટલાક વેરાગી સહિત બાઈ ભાઈ બેઠાં હતાં. તે સમયે ઘનશ્યામ મહારાજ પોતે પણ તે કથા સાંભળવા સારુ બેઠા. ત્યારે તે કથામાં એકાદશીનું મહાત્મ્ય આવ્યું જે "હજાર અશ્વમેઘ યજ્ઞ કરે ને સો રાજસૂય યજ્ઞ કરે તો પણ તેના સોળમા ભાગને બરોબર ન થાય તે સાંભળીને ઘનશ્યામ મહારાજ બોલ્યા જે "હે પુરાણી ! આવો એકાદશીનો મહિમા ભગવાને કહેલો છે તો પણ કેટલાક માણસો એમ જાણતાં છતાં તે એકાદશીનું વ્રત કેમ કરતાં નથી ?" તે સાંભળી લગારેક રીસ કરીને તે વેરાગી બોલ્યો "હે ભાઈ ! આ મનુષ્ય દેહ ભગવાને આપ્યો છે તે કાંઈ દુઃખ ભોગવવા સારું નથી આપ્યો, ને એકાદશી તો જગન્નાથજીમાં ઊંચી બાંધી રાખી છે તેટલા માટેજ કે

આત્મારૂપી ભગવાનને ભૂખ્યા રાખીને દુઃખ વેઠવું એ બહુ ખોટું છે. માટે આ દેહે કરીને તો ખાવું પીવું ને મોજ કરવી. એ માટેજ આ મનુષ્ય દેહ ભગવાને આપ્યો છે, ને ફરી ફરીને કાંઈ મનુષ્યનો દેહ મળે તેમ નથી. માટે વિષયમાત્રથી તૃપ્ત થઈને દેહ પડે તો ઘણું સારું, નહિ તો વાસના રહી જાય તો ભૂત થાવું પડે, ને એકાદશી તો જે દહાડે અન્ન ન મળે તે દહાડે છેજ ને આવી રીતનું વચન સાંભળીને ઘનશ્યામ મહારાજના મનમાં એમ થયું કે "આવા ત્યાગીને સર્વ ઉપદેષ્ટા અને ગુરુ કરીને પૂજે છે. તે પોતે અવળે માર્ગે ચાલે છે તો બીજા અનેકનું ભૂંડું કરશે" એમ વિચાર કરીને ત્યાંથી ઊઠી નીકળ્યા ને હનુમાનજીને પ્રદક્ષિણા ફરવા લાગ્યા. તે જોઈ મોહનદાસ મશ્કરી કરીને સર્વ સભાજની આગળ બોલ્યો કે "જુઓ ભાઈઓ ! આ એકાદશીનો મહિમા વધારીને મને શિખામણ દેવા આવ્યો હતો એમ કહેતાં તત્કાળ તે વેરાગીને સમાધિ થઈ ને તેમાં તેને યમપુરી દેખાણી ને ત્યાં તેને હજારો યમદૂત મારતા થકા બોલ્યા જે "હે દુષ્ટ !" તું ત્યાગી થઈને એકાદશીનું વ્રત કરવાની કેમ ના પાડે છે ? તારે બીજા માણસોને પણ તારા જેવા પાપી કરવાં છે ? ને ભગવાનથી વિમુખ રાખવાં છે ?" વળી યમરાજાએ પણ તેને કહ્યું "હે બાબા ! એ ઘનશ્યામ તો સાક્ષાત ઈશ્વર છે. તેની તેં અવજ્ઞા કરી તેનું તને આ ફળ મળ્યું છે એ પ્રમાણે કહીને તેને મારવા માંડ્યા. તે માર તો તેને યમપુરીમાં મળે પણ તેનો દેહ આંહી ઊંચો ઊછળી ઊછળીને હેઠો પડે ને મોઢેથી બોલે જે "હે ધર્મરાજા ! હવે હું કોઈ દિવસ નહિ ના પાડું, ને સદાય એકાદશી કરીશ, ને બીજા માણસોને પણ એકાદશીનું વ્રત કરાવીશ" એ પ્રમાણે બોલે ને મારથી દેહ ઊછળે - તે સર્વ સભાનાં માણસો જોતાં હતાં. એટલામાં તેની સમાધિ ઉતરી ગઈ ત્યારે મારથી હાડ જેનાં ભાંગી ગયાં છે તેથી મડદાં જેવો તે પડ્યો પડ્યો બોલ્યો કે "હે ભાઈઓ ! એ ઘનશ્યામનું મેં અપમાન કર્યું તેથી હું યમપુરીમાં મહાદુઃખ પામ્યો ને એ ઘનશ્યામ તો સાક્ષાત ભગવાન છે' એમ કહીને તે ધીરે રહીને ઊભો થયો ને ઘનશ્યામ મહારાજ પ્રદક્ષિણા ફરતા હતા ત્યાં જઈને તેમના ચરણારવિંદમાં મસ્તક મૂકીને પગે લાગ્યો ને બોલ્યો કે "હે ભગવાન તમે તો સાક્ષાત મારા ઈષ્ટદેવ શ્રી રામચંદ્રજી છો, તે મારો અપરાધ ક્ષમા કરો" એમ કહી એકાદશીનું વ્રત કરવાનું નિયમ લીધું, ને પછી નિર્માની થકો પુસ્તક બાંધીને પોતાને સ્થાનકે ગયો ને તે વાત બીજા કેટલાક વેરાગીઓને કહી. ત્યારે કેટલાક વેરાગી ઘનશ્યામ મહારાજ પાસે આવ્યા. ત્યારે રામચંદ્રજી રૂપે તે સર્વને પોતે દર્શન દીધાં. ને પછી અદૃશ્ય થઈ ગયા. ત્યારે સહુ વેરાગીઓ ખોળવા લાગ્યા પણ ક્યાંય મળ્યા નહિ તે જોઈ સર્વે આશ્ચર્ય પામી ગયા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૬)*

## નીલકંઠવર્ણીનું અપમાન કરતા દૂધપાકમાં ઈયળો દેખાણી

ત્યાંથી ચાલ્યા જે નીલકંઠ બ્રહ્મચારી તે ફરતા થકા એક શહેર આવ્યું. તેમાં તીર્થવાસી માટે એક જગ્યામાં રાજાએ પાકા સીધાનું સદાવ્રત બાંધેલું હતું પણ તે જગ્યાના વેરાગીઓ તીર્થવાસીને પાકું સીધું આપે નહિ. ને કાચું સીધું દઈ જગ્યામાંથી કાઢી મેલે, તેથી લોકમાં અપકીર્તિ બહુ જ થઈ પણ રાજા જગ્યાવાળા બાવાની સિદ્ધાઈ જોઈને કાંઈ પણ કહી શકે નહિ. ત્યાં મહારાજે જઈને ઉતારો કર્યો. ને જમવાનું માગ્યું, ત્યારે તે કોરો લોટ દેવા માંડ્યા. ત્યારે મહારાજ કહે "અમે તો તૈયાર રસોઈ જમીએ છીએ ત્યારે તે બાવે કહ્યું લોટ લેવો હોય તો લે ત્યારે મહારાજ કહે "હવે તમે પણ માલપૂઆ ને દૂધપાક કરીને જમજો." એમ આ મરમનું વચન કહીને ચાલી નીસર્યા ને તે જ ધર્મશાળાની ડેરીમાં ઓટે બેઠા. પછી રસોઈ તૈયાર થઈ ત્યારે જગ્યામાં જે બાવાઓ હતા તે સર્વેને જમવા બોલાવ્યા. પણ મહારાજને ન બોલાવ્યા. પછી સહુ આવ્યા ને જમવાની પંક્તિ થઈ ને માલપૂઆ ને દૂધપાક ફેરવવા લાગ્યા. ત્યારે તે દૂધપાકમાં સહુને મોટી મોટી ઇયળો દેખાવા લાગી, ને માલપુઆ ઉપર રુધિર દેખાયું. તે જોઈ ને બાવાઓ ધોકા ને ચીપિયા લઈને રસોઈ કરનારા બ્રાહ્મણોને મારવા ગયા. ને કહ્યું "અરે આ અધર્મ શો કર્યો છે ? ત્યારે તે બ્રાહ્મણો કહે "અધર્મી તો તમે છો જે રાજાએ પાકાં સીધાં આપવાનું કહ્યું છે તો પણ તમે તીર્થવાસીને કાચાં સીધાં આપો છો. ને આ નાના બાળ બ્રહ્મચારીને પણ તમે જમવાની તાણ કરી નહિ, ને નકરો લોટ આપતા હતા ને તૈયાર જમવાનું માગ્યું ત્યારે ડારો દેવા લાગ્યા. તેનું પાપ તમને લાગ્યું છે. પછી બાવાએ તે દૂધપાક અને માલપુઆને ઉકરડામાં દટાવી દીધાં. પછી સહુ બાવાએ ભેગા થઈને વિચાર કર્યો જે "આપણે ઓલ્યા બ્રહ્મચારીનો અપરાધ કર્યો છે, માટે ચાલો તેની પાસે જઈને વિનતિ કરીએ. પછી સર્વે મહારાજ પાસે આવ્યા ને કેટલીક સ્તુતિ કરીને પગે લાગ્યા, ને કહ્યું "હે બ્રહ્મચારી ! અમે તમારો અપરાધ કર્યો ને અમે પંક્તિભેદ કરીને ઘણા દિવસ જમ્યા, તેનું ફળ અમને આજ મળ્યું. પછી મહારાજે તેમને ઘણો ઉપદેશ દીધો ને કહ્યું પંક્તિ ભેદનો શાસ્ત્રમાં ઘણો દોષ કહ્યો છે' એમ કેટલુંક કહીને સર્વેને રામચંદ્રજી રૂપે પોતે દર્શન આપ્યું. ત્યારે તે બાવાઓ સાષ્ટાંગ પ્રણામ કરવા માંડ્યા, ને સર્વે બોલ્યા જે"આ આપણા ઈષ્ટદેવ છે' એમ કહીને કહે છે ભગવાન ! અમે આજ સુધી ઘણાં અણઘટતાં કામ કરેલ છે તે હવે નહિ કરીએ. ને આજથી અમે ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તશું. માટે અમારો અપરાધ માફ કરીને અમે બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી છે. તે હજુ પડી છે. માટે અમારા ઉપર દયા કરીને અમારું જમો' આવા નિર્માનીપણાનાં વચન સાંભળીને મહારાજ જમ્યા ને ત્યાં બે દિવસ રહીને બાવાઓને બહુ ઉપદેશ કર્યો, ને પછી ત્યાંથી ચાલી નીકળ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૭૦)*

## શ્રીજીમહારાજ તથા સાધુની નિંદાનું પરિણામ તરત મળ્યું

એકવાર પર્વતભાઈ ગઢડે મહારાજનાં દર્શન કરવા ગયા હતા - તે દશ દિવસ રોકાઈને વાતો સાંભળી પછી ચાલવા વખતે રજા - લેવા ગયા ને મહારાજને કહ્યું "હે મહારાજ ! અમારે ગામ કોઈ - મોટા સંતનું મંડળ મોકલો." ત્યારે મહારાજે ગોપાળાનંદ સ્વામીને તેમના મંડળ સાથે ત્યાં મોકલ્યા. તે હાલમાં જ્યાં મંદિર છે ત્યાં એક ઓરડો હતો તેમાં ઉતારો આપ્યો ને સાથે વ્યાપકાનંદ સ્વામી : તથા સ્વરૂપાનંદ સ્વામી વગેરે મોટા સંત હતા ને હંમેશા મહારાજના મહિમાની વાતો કરતા ને પર્વતભાઈ તથા ભીમભાઈ તથા આંબાભાઈ આદિક હરિજન તે સાંભળતા ને વારાફરતી સાધુઓને ભિક્ષાવૃત્તિ કરાવતા એ પ્રમાણે છ મહિના વિત્યા ત્યાં સુધી અગત્રાઈના - સીમાડામાં કાળ પેસવા દીધો નહિ તેથી તે કાળે મહારાજ પાસે - જઈને પ્રાર્થના કરી કે "હે મહારાજ ! મારાથી અગત્રાઈના સીમાડામાં - જવાતું નથી ને જ્યારે જાઉં છું ત્યારે મને ગોપાળાનંદ સ્વામી તથા પર્વતભાઈ બાળે છે માટે મારે હવે શું કરવું ?" ત્યારે મહારાજે કહ્યું "તારે જે કામ હશે તે માટે તે તને વખત આપશે માટે હવે જા" - પછી ગોપાળાનંદ સ્વામી આદિક સંત થોડા દિવસ રોકાઈને - પર્વતભાઈની રજા માગીને ચાલ્યા. તે રસ્તામાં એક કૂવો આવ્યો ત્યાં નાવા રોકાણા તે વખતે ત્યાં ઝાડ તળે આઠ બ્રાહ્મણો બેઠા હતા. તેમણે સાધુને દેખી પોતાની આસુરતા દેખાડવા માંડી તે શ્રીજીમહારાજ તથા સાધુની નિંદા કરવા માંડી. તે પછી ઘડીકવાર થઈ ત્યાં તે બ્રાહ્મણોને કોગળીયાંનો રોગ થયો તેથી તેઓને ઉલટી અને - ઝાડો એકદમ થઈ ગયો. તે વખતે તે બ્રાહ્મણોને વિચાર થયો કે : 'આપણે સ્વામિનારાયણના સાધુઓને ન કહેવાનાં કેટલાંક વચનો કહ્યા તેથી આપણને આ રોગ થયો છે એમ જાણીને ગોપાળાનંદ સ્વામી આદિક સંતોની સ્તુતિ કરવા લાગ્યા ને બોલ્યા કે "હે મહારાજ ! અમે ભુલ્યા છઈએ તમે તો સાક્ષાત સ્વામિનારાયણ ભગવાનના સંત છો ને મોટા છો માટે અમારી ઉપર દયા કરો ને અમારું સારું થાય તેમ કૃપા કરી ને તમેતો અમારા જેવા પતીત તથા પામર જીવોનો મોક્ષ કરવા માટે પ્રગટ થયા છો તે તમારા બિરદ સામું જોઈને અમારી રક્ષા કરો ત્યારે સ્વામી કહે "અમે દેહની રક્ષા કરતા નથી પણ તમે અમારા દેખતાં દેહ મુકશો તો તમારા જીવની રક્ષા અમે કરશું" એમ કહી તે આઠેય બ્રાહ્મણોને સર્વ સંતોના દેખતાં દેહનો ત્યાગ કરાવી વિમાનમાં બેસારીને ધામમાં મોકલી દીધા. પછી ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં ગઢપુર ગયા ને ત્યાં દાદા ખાચરના દરબારમાં મહારાજશ્રીને દંડવત કરી મળીને સભામાં બેઠા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૫૨)*

## શ્રીજીમહારાજને મારવા આવનારને દિવ્યદર્શન અપરાધ માફ કરીને શરણે લીધો

એકવાર મહારાજ સાધુ, પાળા તથા કાઠીઓના સ્વાર સહિત ગઢડેથી ચાલ્યા તે ફરતા ફરતા પંચાળે ઝીણાભાઈના દરબારમાં પધાર્યા ને સહુને ઉતારા કરાવીને રાત્રે કથા વાર્તા કરતા હતા તે વખતે ઝીણાભાઈએ કહ્યું "મહારાજ ! વાળુ કરવા પધારો. ત્યારે મહારાજ નાહી પીતાંબર પહેરીને બાજોઠ ઉપર બેઠા ને બીજા બાજોઠ ઉપર થાળ મેલ્યો તેમાં ખીચડી અને કઢી તથા દહીં તથા બાજરાનો રોટલો હતો તે તથા દૂધ અને ખીચડી મહારાજ જમ્યા પછી ચળુ કરી જળપાન કરીને મુખવાસ જમ્યા પછી કાઠીઓ તથા પાર્ષદોને વાળુ કરાવ્યું પછી મહારાજ પોઢી ગયા પછી સવારે ઉઠીને સાબળી નદીમાં જ્યાં પાજ બાંધેલી છે ત્યાં મહારાજ નાવા પધાર્યા ત્યાં દાતણ કરી બહિર્ભુમિ જઈ આવ્યા ત્યારે રતનજીએ હાથ ધોવરાવ્યા પછી મહારાજ ધૂનામાં નાયા ને સહુ સંત હરિજનો પણ નાહ્યા. પછી ઝીણાભાઈના દરબારમાં પધાર્યા ને ઓટે સભા કરીને બિરાજમાન થયા ને આગળ સભા ભરાઈને બેઠી તે સમે મહારાજે ઝીણાભાઈને પૂછ્યું ઓલ્યા ઘરમાં ખાટલે સૂતા છે તે કોણ છે ? ત્યારે ઝીણોભાઈ કહે "મહારાજ ! એતો માંગરોળના વાંઝા હરિભક્ત છે તે માંદા થયા ને તેની ચાકરી કરનાર કોઈ નહોતું ને તેનાં સગાં કહે તું કંઠી તોડી નાખ તો અમે તારી ચાકરી કરીએ તે વાતની મને ખબર થઈ એટલે હું તેને આંહી તેડી લાવેલ છું. તે સાંભળી મહારાજ બહુ રાજી થયા ને બોલ્યા કે "તમે અમારાં સત્સંગીની સાર લીધી તેથી અમે તમારી ઉપર બહુ રાજી થયા છઈએ એમ મહારાજ સભામાં વાતો કરતા હતા તે ટાણે જમવા માટે ગગોભાઈ બોલાવવા આવ્યા તેથી મહારાજ સભામાંથી ઉઠીને લીમડા નીચે બાજોઠ હતો તે ઉપર સ્નાન કરવા બેઠા તે વખતે એક આડો કાઠી મહારાજને મારવા આવ્યો હતો તેનું કારણ કે તે કાઠીની સ્ત્રી હરિભક્ત થઈ હતી તેથી તે કાઠીને એમ થયેલું કે "સ્વામિનારાયણે ભૂરકી નાખી છે માટે લાગ આવે તો તેમને મારી નાંખવા એમ ધારીને તે તલવાર સંતાડીને આવેલો હતો પણ મહારાજ સભામાં બેઠા હતા ત્યાંતો તેનો લાગ ફાવ્યો નહિ પણ મહારાજ નાવા બેઠા ત્યારે તેણે મારવાનો મનસુબો કર્યો તે વખતે મહારાજે તે કાઠીને પોતાના દિવ્યરુપનાં દર્શન કરાવ્યાં ત્યારે તે કાઠીયે મહારાજને ભગવાન જાણ્યા એટલે તલવાર કાખમાંથી હેઠી નાંખી દઈને મહારાજના ચરણાવિંદમાં પડ્યો ને રોવા લાગ્યો ને બોલ્યો કે "હે મહારાજ ! હું તમને મારવા સારુ આવેલ હતો તે મારો અપરાધ માફ કરો ને મને તમારે શરણે લીયો ને દયા કરીને મને વર્તમાન ધરાવો એવી રીતે દીન થઈ કરગરવા લાગ્યો ત્યારે દયાળુ એવા શ્રીજીમહારાજે તેમને કહ્યું "જાઓ તમારા ગુના માફ છે" એમ કહી તેમને વર્તમાન

ધરાવ્યાં ત્યારે તે કાઠી કંઠી બાંધી સત્સંગી થઈને શ્રીજીના ગુણ ગાતો થકો પોતાને ઘેર ગયો પછી મહારાજ ઝીણાભાઈને ઘેર થાળ જમીને પ્રસાદી ઝીણાભાઈને આપી અને પોતે ચળુ કરી જળપાન કર્યું પછી સહુ સંત, પાર્ષદ તથા દાદા ખાચર આદિક કાઠીઓને જમાડીને ચાલ્યા તે ફરતા ફરતા ગઢપુર પધાર્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૮૬)*

## આ સ્વામિનારાયણની સાથે બાવો આડું બોલ્યો તેનું તેને ફળ મળ્યું

એકવાર શ્રીજીમહારાજ ગોંડલ પધાર્યા ને ગામથી આથમણી કોર ફૂલવાડીમાં ઉતર્યા ને ત્યાં સભા કરીને બેઠાં હતા તે સમે એક દેવમુક્ત નામે વેરાગી ત્યાં રહેતો હતો તે પોતાના શિષ્યો તથા ગામના કેટલાંક શેઠીયાઓને સાથે લઈ ત્યાં આવ્યો. તે વેરાગી થોડું ભણેલો હતો પણ બહુ ગર્વિષ્ઠ હતો ને અભિમાની હતો તેથી મહારાજે તેને આવકાર દીધો એટલે તે આવીને મહારાજની સન્મુખ બેઠો. પછી મહારાજ વાતો કરવા લાગ્યા ત્યારે તે દેવમુક્ત પણ મહારાજથી અવળી વાતો કરવા લાગ્યો ત્યારે મહારાજે વાત કરવી બંધ કરીને મુક્તાનંદસ્વામીને કહ્યું ‘‘આમની સાથે તમે વાતો કરો ત્યારે મુક્તાનંદસ્વામી વાત કરવા માંડ્યા એટલે દેવમુક્ત પોતાનાં માણસો સાથે વાત કરવા લાગ્યો કે ‘‘જુઓ આ સ્વામિનારાયણ વાત કરતા હતા તે તો સમજાતી નહોતી કે આ મુક્તાનંદજી વાત કરે છે તે તો બહુજ સમજવામાં આવે છે તે સાંભળીને મુક્તાનંદસ્વામી બોલ્યા જે ‘‘બાવાજી ! એ સ્વામિનારાયણ ભગવાની વાત તે તમે આંહી આવીને ઘડીક બેઠા એટલામાં ક્યાંથી સમજાય ? અને અમે તો કુટુંબ મુકીને એની ભેગાં ફરીયે છીયે અને રાત્રિ દિવસ વાતો સાંભળીએ છીએ તો પણ તેમની વાતો હજી અમે બરાબર સમજી શક્યા નથી એવી તેમની વાતો છે ને ચાર વેદ પણ એમનો પાર પામી શકતા નથી તેથી તેઓ નેતિ નેતિ‘ કહ્યા કરે છે. તો આપણે એમની વાતો કયાંથી સમજી શકીએ ?’’ એમ કહીને પછી સ્વામીએ તે બાવાજીને પ્રશ્ન પૂછ્યું તેમનો ઉત્તર તે કરી શક્યો નહિ ને બાવાજીએ સ્વામીને પ્રશ્ન પૂછ્યા તેના ઉત્તર સ્વામીએ કરી દીધાં ત્યારે બાવો બળી ઉઠયો ને બોલવા લાગ્યો જે ‘‘તમારું બધું ઢોંગ અને પાખંડ છે ને તમે તેથી આખા જગતને છેતરો છો તે સાંભળીને મહારાજ કહે ‘‘અમારું કે તમારું જેનું ઢોંગ અને પાખંડ હશે તે છ મહિનામાં કળાઈ જાશે.’’ એમ મહારાજ બોલ્યા તે સાંભળીને બાવો ઉઠી નિકળ્યો. પછી છ માસ થયા તે પહેલાં તે બાવાના ઘરમાંથી ચોરીનો માલ પકડાયો તેથી દીવાનજીએ તેને કેદખાનામાં નાંખ્યો ત્યારે સહુએ જાણ્યું કે આ સ્વામિનારાયણની સાથે બાવો આડું બોલ્યો તેનું તેને ફળ મળ્યું. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૮૪)*

## મોટા ઋષિઓની વાતો જાણતા છતાં સાધુની ઠેકડી કરી તેનું પરિણામ

એ વોકળીને કાંઠે ખીજડાથી આથમણો દાદા ખાચરનો એક કૂવો હાલ છે તેથી ઉત્તરમાં એક ખેતરમાં વેળ હતી તેને બંધ બાંધીને પૂરવા માટે સાધુઓ તથા પાળાઓને આજ્ઞા કરી હતી ને ખીજડાવાળા શાળાની પર્ણકુટિ પાસે તંબુ ઉભો કર્યો હતો તેમાં મહારાજ રહેતા ને તે વેળા પૂરતા હતા ત્યાં જતા ને ત્યાં એક મોટો પથરો હતો તે ઉપર બેસતા ને પુરવા માટે સૌના ભાગ કરી આપ્યા હતા તે પ્રમાણે સૌ પુરતા એમ પંદર દિવસ સુધી સાંજે સાંજે મહારાજ ત્યાં આવીને બેસતા. કોઈ દિવસ ત્યાં વઘારિયા ડોડા જમતા ને કોઈ વખત બાજરાનો પોંક જમતા, કોઈ વખત કુણાં ચીભડાં, મીઠું ને મરી સાથે જમતા, ક્યારેક તલસાંકળી જમતા, ક્યારેક તલ ને સાકર જમતા ને ક્યારેક પાકાં ચીભડાં સૌને જમાડતા ને પોતે જમતા એવી રીતે પંદર દિવસ સુધી તે વોકળીનો બંધ બંધાવતા ને પછી દરબારમાં પધારતી વખતે કહેતા ગયા કે "ખરેખરો બંધ બાંધજો" મહારાજ પધાર્યા પછી સૌ સૌના ભાગનું સૌ સમું કરી રહ્યા પછી પાળાએ રમુજ કરવા સારુ થોડાકમાં સદાનંદ સ્વામીનો ભાગ પડ્યો મૂક્યો. ત્યાં સદાનંદ સ્વામી ગામમાંથી આવ્યા ત્યારે પાળાએ તેમને કહ્યું જે "તમારો ભાગ તમે બાંધો" ત્યારે સ્વામી કહે "તમે સેવક બાંધો હું શેનો બાંધુ ?" ત્યારે પાળા કહે તમે મહારાજની પ્રસાદી ખાઈ બગાડીને એક બેડિયું લાડવા બગાડ્યા ત્યારે સદાનંદ સ્વામી કહે "તે તમે બગાડ્યા, ને તમારે સમો કરવો પડશે' એમ પરસ્પર હસતા હતા તે વખતે એક ભારે વરસાદનું વાદળું ચડ્યું ને વરસાદ વરસવા મંડ્યો પછી પાળાઓ તો સૌ ભાગી સૌ સૌની જગ્યાએ ગયા ને થોડીક જગ્યા સદાનંદ સ્વામી માટે જે રાખી હતી ત્યાં સ્વામી આત્મારૂપ થઈ, આડા બંધ રૂપ માથું ઉચું રાખી, પ્રાણાયામ કરી, સ્વરૂપ નિષ્ઠાના જોરથી વાયુ રુધી સમાધિ ચડાવી ગયા ને પ્રાણીનો પણ રુંધ કરી લીધો, એ વખતે બીડમાં રહેતાં જે પશુઓ, મનુષ્યો, પક્ષીઓ, ને જાનવરો એ સર્વેનાં ઝાડો પેશાબ બંધ થઈ ગયાં ને અલૈયો ભક્ત તથા ભગુજી વગેરે પાળાઓ પરસ્પર કહેવા લાગ્યા જે "આ આપણને શું થઈ ગયું" એટલામાં બળદ વગેરે પશુઓ ઢમઢોલ થવા માંડ્યા ને હરણ, રોઝ વગેરે જાનવરો કેટલાંક તરફડવા માંડ્યાં ને કેટલાંક તો રાડું નાખવા મંડ્યાં. પછી સવાર થયું ત્યારે પીપળાવાડીયેથી સચ્ચિદાનંદ સ્વામી આંટો દેવા આવ્યા તેની પાસે અવૈયે તથા ભગુજીએ વાત કરી તે સાંભળી હસ્યા ને અંતર દ્રષ્ટિ કરી બોલ્યા જે "એલા પાળાઓ ! તમે મારા ભાઈબંધ અને પિતરાઈ ઓલ્યા યોગી સદાનંદની ઠેકડી કરી તેનું પાપ લાગ્યું છે ને તે નાડી પ્રાણ સંકેલી તમારું મનમાં ચિંતવન કરતો મહારાજ પાસે બેઠો છે. વેલા સારવાર કરો નિકર મરશો" પછી ભગુજી, હરજી, ઉકો અને અલૈયો એ સરવે હાથ જોડીને કહે "સ્વામી ! તમે

મટાડો'' ત્યારે સ્વામી કહે ''મારું મટાડયું મટે તેમ નથી. તમારો ડોહો આંહી આવશે ત્યારે મટશે, માટે મહારાજ પાસે જાઓ ને નારાયણ સ્વામીને બોલાવો'' ત્યારે ભગુજી વગેરે ''તમે જાઓ, અમથી પુગી શકાય તેમ નથી, નહી જાઓ તો અમે ઘડી પા ઘડીમાં મરી જાશું'' પછી સચ્ચિદાનંદ સ્વામીએ દરબારમાં જઈ મહારાજ પાસે પોકાર કર્યો ને સરવે વાત વિસ્તારીને કહી, તે સાંભળી મહારાજ માણકી ઘોડી ઉપર ચડી સરવે પરમહંસ તથા ઉત્તમરાજા તથા બ્રહ્મચારી અને પાળાઓએ વિંટાણા થકા અલૈયા ભક્ત તથા ભગુજી પાસે ગયા ને તે સર્વેને તેડીને બાંધેલ બંધ પાસે ગયા ત્યાં ફક્ત ડોક દેખાય ને પાણી ઉપરથી ચાલ્યું જાય એવા સદાનંદ સ્વામીને દેખ્યા પછી મહારાજ કહે ''આ તમામ પાળાઓ અમારી પાસે ભાગવતની કથા વંચાય છે તેને રોજ સાંભળે છે ને ચ્યવન ઋષિના આખ્યાનને જાણે છે તે છતાં આ સાધુની ઠેકડી કરીને આ ફળ પામ્યા. આતો તુરત ખબર પડી નહિ તો સદાનંદસ્વામી ગામ બધાનો ઝાડો, પેશાબ બંધ કરત' એમ કહી તાણીને ચાર હાકલો મારી તેને સાંભળીને સદાનંદ સ્વામી સમાધિમાંથી જાગ્રત થયા ને મહારાજને પગે લાગી કહ્યું કે ''હે મહારાજ ! મારો વાંક નથી પણ મારી ઠેકડી તેણે કરી તેથી મેં તમે દેખતાં પ્રાણાયામ કર્યો છે, હવે શી આજ્ઞા છે ?'' ત્યારે મહારાજ કહે ''આ તો ધુંધળીમલના જેવી ક્રિયા થાય છે'' ત્યારે સ્વામી બોલ્યા જે ''હે મહારાજ ! એતો પાપી હતો ને મેં તો તમારી આજ્ઞા પાળવા સારુ મારા દેહને ગારાના બંધ રૂપ કર્યો છે કે હવે તેના ઝાડા ને પેશાબનો ખુલાસો તમારી આજ્ઞાથી કરું છું માટે સૌ સૌના લોટા લઈને ઠેકાણે જાય, નહિ તો અહીં ઝાડો ને પેશાબ છૂટી જાશે તે વખતે ગોરધનદાસ પરવતીયો, લાધોજી માતંગ અને ધનો ધોતલી એ ચારેયને ઉભા રાખ્યા ને મહારાજ જુએ છે તેટલામાં સદાનંદ સ્વામીએ ચપટી બજાડી ડીલ મરડયું એટલે સરવે મનુષ્ય અને પશુ પક્ષીઓના ઝાડો, પેશાબ છૂટી ગયા ને ઓલ્યા ચાર ભાગ્યા તેને ત્યાંજ ઝાડો, પેશાબ થઈ ગયો તે જોઈ સરવે ઘણા હસ્યા ને જાનવરોને દોડતાં ભાળ્યાં. પછી મહારાજ ઘોડી ઉપર ચડ્યા ને સદાનંદ સ્વામીને આગળ લઈ જઈને ખળખળીએ પોતે નાહ્યા ને સ્વામીને નવરાવ્યા પછી વીશ વખત મળ્યાં હૃદયમાં ચરણારવિંદ આપ્યાં ને દરબારમાં તેડી ગયા ત્યાં મહારાજ ઢોલિયે બેઠા ને તેમને બાજોઠ ઉપર બેસાર્યા ને ઉત્તમરાજા પાસે પૂજા કરાવી પછી મહારાજ સારુ થાળ આવ્યો તે મહારાજ ઉત્તરાદે મુખે જમવા બેઠા તે સારી રીતે જમી, જળપાન કરી મુખવાસ જમ્યા ને થાળની પ્રસાદી સદાનંદ સ્વામીને જમાડી ને તેને ડેલીએ રહેવાની આજ્ઞા કરી. પછી મહારાજ સભામાં હાથની તાળી પાડીને બોલ્યા જે ''આપણા સત્સંગમાં આટલો કુસંગ છે જે મોટા પુરુષની કોઈ ઠેકડી કરે, માટે આજ પછી જે ઠેકડી કરે તે વચનદ્રોહી, ગુરુદ્રોહી છે માટે આ સદાનંદસ્વામીએ

બહુ સારું કર્યું, તે વિના લાજ વળત નહિ ને ચાર જણા જે ઠેકડી કરવાવાળા હતા તેને ફળ મળ્યું ને એ ચારેય વિમુખ થાશે. ને તેના સંગથી બધાય ને દુઃખ થયું માટે કુસંગીનો સંગ ન કરવો, કુસંગીથી તો સુકું બળતાં લીલું પણ બળી જાય અને આ સદાનંદસ્વામી ઘેલાને કાંઠે પડી રહેતા ને એક પાટીયે બધી ક્રિયા કરતા ને શીકે પણ મુકતા ને એ પાટીયો પાણીનો ભરી અમારી પાસે આવતા ત્યારે એમ બોલ્યા જે "હે નારાયણસ્વામી ! ઈસમે અંગુઠો ડાલો, તમારા કુછ બી ઈસમે નહિ જાતા હે ને હમારા પૂર્ણકામ હોતા હે" તે જોઈ એક દિવસ બ્રહ્માનંદસ્વામી હસ્યા હતા પછી અમે સ્વામીને કહ્યું હતું કે, આ બ્રહ્માંડ ઓળઘોળ કરીને આ સાધુ ઉપર વારી ફેરી નાખીએ એવા આ સાધુ મોટા છે અને જે અવધૂતના જેવો આચાર રાખે છે તે કેવળ અમારા સમીપમાં રહેવા સારુ રાખે છે કારણ કે પરમહંસની સાથે જ્યારે ક્રિયા મળે નહિ ત્યારે પરમહંસ તેનાથી દૂર રહે એટલે ઈ એકલા પડ્યા રહી સુખે અમારાં દર્શન કરે" પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા કે "આપ ગુરુના પ્રતાપથી સર્વે મોટા છે ને આ સાધુ મહા સિદ્ધદશાને પામ્યા છે એવાનો અપરાધ કરવાથી જીવનો પણ નાશ થઈ જાય" પછી મહારાજે સર્વેને જમવાની આજ્ઞા કરી. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૧૫)*

## ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો તે પાપે કરીને કૂતરાનો અવતાર આવ્યો

એકવાર શ્રીજીમહારાજે દાદા ખાચરના કામપ્રસંગે બે પાળાને ભાવનગર મોકલ્યા હતા. તે દરબારી કચેરીમાં ગયા ત્યારે વજેસિંહઠાકોરે કહ્યું "આપણો કૂતરો છે તે ગઢડે દાદા ખાચરને ત્યાં મોકલો કારણ કે તે જીવડા મારતો નથી ને માંસ પણ ખાતો નથી ને કોઈનો એંઠો રોટલો પણ નથી ખાતો ને ત્યાં ચોખવટ છે માટે આ પાળાને દીયો તે ગઢડે લઈ જાય પછી તે કૂતરો ગઢડે લઈ આવી દાદા ખાચરને સોંપ્યો ને કહ્યું "આ વજેસિંહજીએ મોકલ્યો છે" પછી બીજે દિવસે મહારાજ સભા કરીને બેઠા હતા તે સમે તે કૂતરો આવ્યો ત્યારે દાદા ખાચરે વાત કરી જે "મહારાજ ! આને વજેસિંહજીએ મોકલ્યો. છે ત્યારે મહારાજ તે સામું જોઈને બોલ્યા જે "આ કૂતરો ઓલ્યા અવતારે ઋષિ હતો. તેણે ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો તે પાપ કરીને કૂતરાનો અવતાર આવ્યો છે પણ કોઈનું એઠું ખાતો નથી તેટલું બ્રાહ્મણપણું રહી ગયું છે. હવે અમારાં દર્શન થયાં તેથી તેનું સારું થાશે". *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૧૦૬)*

## ઋષિનો અપરાધ થઈ જવાથી વૃક્ષના દેહને પામ્યો

એક સમયે હુતાશનીનો સમૈયો કરવા મહારાજ વડતાલ પધાર્યા ને જેરામ બ્રહ્મચારી જાલમસંગ દરબાર પાસે ગામ ઘોડાસર ગયેલા તે વગડામાં ચાલ્યા આવતા હતા તેવામાં એક

ખાખરો તે બ્રહ્મચારીને જોઈને વાયુ વગર ડોલવા લાગ્યો તે જોઈ બ્રહ્મચારી તેની પાસે ગયા ને વિચાર કર્યો કે ''આનો મોક્ષ કરીએ તે શું તો એનાં કેસુડાં લઈ રંગ બનાવીને મહારાજને છાંટીએ' એમ વિચાર કરીને કળશામાં થોડુંક પાણી હતું તે લઈને તેને વર્તમાન ધરાવ્યાં એટલે ખાખરો થરથર્યો તેથી કેસુડાં બધા જ નીચે ખરી પડ્યાં. તે લઈને બ્રહ્મચારી વડતાલ મહારાજ પાસે આવ્યા અને એ વાત કરી ત્યારે મહારાજ કહે ''એ પૂર્વે એક તપસ્વી હતો પણ ઋષિનો અપરાધ થઈ જવાથી તેણે શાપ દીધો હતો તેથી તે વૃક્ષના દેહને પામ્યો હતો તે હવે સુકાઈ જશે અને મનુષ્યનો જન્મ લઈ સારો સત્સંગી થશે પછી તે કેસુડાંનો રંગ કઢાવીને મહારાજ સંત સાથે હુતાશનીને બીજે દિવસે રંગે રમ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૩)*

## મહારાજે સ્વપ્નમાં દર્શન દઈને ચેતવ્યા કે અપરાધથી બળદ થવું પડશે

એકવાર ગામ વસોમાં શંકરાનંદસ્વામીએ નારાયણદાસજીને કહ્યું બેલની પેઠે કેમ સૂતો છે ?'' પછી રાત્રે સ્વપ્નમાં શંકરાનંદસ્વામીને મહારાજે દર્શન દીધાં ને કહ્યું ''તમે તે નારાયણદાસને બેલ કહ્યા તે તમારે બેલ થાવું પડશે કારણ કે એ નારાયણદાસ તો મોટા ઋષિ છે તેથી તમને અપરાધ થયો'' ત્યારે સવારે ઉઠીને શંકરાનંદસ્વામીએ નારાયણદાસને દંડવત કર્યા ને અપરાધ ક્ષમા કરવાનું કહ્યું ''ત્યારે તે બોલ્યા કે ''તમારો અપરાધ માફ છે ને તમારે બેલ નહિ થાવું પડે, મહારાજ ક્ષમા કરશે'' એમ એ નારાયણદાસ વ્યવહારે ભોળા જેવા હતા પણ સમર્થ હતા. માટે કોઈ ભગવાનના ભક્ત ભોળા જેવા દેખાતા હોય પણ સમર્થ હોયને તેનો અપરાધ થઈ જાય તો જીવનું બગડી જાય માટે કોઈનો અપરાધ ન કરવો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૭૯)*

## મહારાજ ઉપર બે બ્રાહ્મણોએ ખોટા સંકલ્પ કર્યા હતા પણ........

એકવાર શ્રીજીમહારાજ ગામ શેલડીયે પધાર્યા ને કોળી ભક્ત મુકુમસિંહને ઘેર ઉતર્યા ને ત્યાં મૂળજી બ્રહ્મચારીએ થાળ કરીને જમાડ્યા ને પછી પ્રસાદીનો થાળ ભક્તને ઘેર મોકલાવ્યો પછી મહારાજ બે ઘડી પોઢ્યાને રોંઢા સમે સભા કરીને બિરાજમાન થયા તે વખતે સભામાં ગામના બ્રાહ્મણો બેસવા આવ્યા ને તેમણે મહારાજને પ્રશ્ન પુછ્યો તેના મહારાજે ઉત્તર કરી દીધા તે સમે એક બે બ્રાહ્મણને એવા સંકલ્પ થાતા હતા કે '''સ્વામિનારાયણ તો કોળીના ઘરનું જમતા હશે ?'' તેમના તે સંકલ્પ જાણીને મહારાજે કહ્યું ''આવતી કાલે અમારે ચોરાશી કરવી છે માટે સહુ બ્રાહ્મણો જમવા આવજો'' ત્યારે બ્રાહ્મણોએ હા પાડીને વળતે દિવસે સિધાં લઈને બ્રાહ્મણો રસોઈ કરવા માંડ્યા ને રસોઈ તૈયાર થઈ ત્યારે બ્રાહ્મણોની જમવા માટે પંક્તિ

થઈ ને બીજા બ્રાહ્મણો પીરસવા લાગ્યા તે વખતે જમનારાને પિરસનારા બ્રાહ્મણો તે મુકુમસિંહ કોળી જેવા દેખાય તોપણ બ્રાહ્મણો નીચું મોં કરીને જમી તો ગયા પછી માંહો માંહી વિચાર કરવા લાગ્યા કે "આ આપણને સ્વામિનારાયણે શું દેખાડ્યું ?" ત્યારે જેને સંકલ્પ થયા હતા તે બોલ્યા કે "અમને સ્વામિનારાયણ ઉપર ખોટો ઘાટ થયો હતો તેથી તેમણે આપણને એવું દેખાડ્યું હશે" ત્યારે બીજાઓએ હા પાડી ને માન્યું કે "આ આપણને સ્વામિનારાયણે પરચો દેખાડ્યો" પછી સહુ મળીને મહારાજ પાસે ગયા ને કહ્યું કે "હે મહારાજ ! અમને તમારી ઉપર જે ખોટો ઘાટ થયો હતો તે માટે તમો અમારો અપરાધ ક્ષમા કરજો" એમ કહીને પોતાને ઘેર ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૦૪)*

## મહારાજને ગાંડા ગણનાર શાસ્ત્રી બ્રહ્મરાક્ષસ થયો

એક સમયને વિષે શ્રીજીમહારાજ ગામ ઉમરેઠથી હરિજન પાસે હજાર રૂપિયા લેવરાવીને બેલગાડીએ બેશીને તથા ત્યાંના હરિજનોને ભેળા લઈને ડાકોરજી પધાર્યા ને ઠાકોરજીનાં દર્શન કરીને ચોકમાં. બિરાજમાન થયા ત્યારે ઘણાક ભણેલા વિદ્વાન બ્રાહ્મણો આવીને મહારાજ પાસે બેઠા તેમને મહારાજે પ્રશ્ન પૂછ્યું તેમનો ઉત્તર શાસ્ત્રીઓ કરવા માંડ્યા પણ થયો નહિ એટલે તેઓ બોલ્યા કે "મૌડી મૌડી" તે સાંભળી મહારાજે નંદુભાઈને કહ્યું "આ શું કહે છે ?" ત્યારે તે કહે "મહારાજ ! અમારા દેશમાં જે ગાંડો થાય તેને લોકો એમ કહે" ત્યારે મહારાજ કહે "શું આપણને ગાંડા કહ્યા ? ત્યારે આપણે ચાલો..." એમ કહીને દક્ષિણા ન દીધી ને પાછા ઉમરેઠ ગયા ને તે વખતે જે શાસ્ત્રી "મૌડી મૌડી" એમ બોલ્યો હતો તે મરીને બ્રહ્મરાક્ષસ થયો છે ને પોતાની હવેલીમાં કોઈને પેસવા દેતો નથી. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૦૯)*

## ભગવાનના ભક્તના અપરાધે કરીને પૂર્વનું કાંઈક પુન્ય હોય તો તે ખૂટી જાય છે

એક સમયને વિષે ગામ ભદામમાં ગોવિંદભાઈને ઘેર અદ્‌ભૂતાનંદ સ્વામી આવેલા તેમણે એકાદશીનો ઉપવાસ કર્યોને બારશને દિવસે ગોવિંદભાઈ સિધું લાવ્યા તે સાધુઓ રસોઈ કરવા માંડ્યા ત્યારે ગામમાં દેશાઈ ગણેશજીને કોઈએ ખબર કરી જે "સ્વામિનારાયણના મુંડીયા ગોવિંદભાઈને ઘેર આવ્યા છે તેથી તેણે સીપાઈઓને હુકમ કર્યો કે "જાઓ એ સ્વામિનારાયણ મુંડીયાને ગામ બહાર કાઢી મૂકો" ત્યારે તે સીપાઈઓ ગોવિંદભાઈને ઘેર આવી હુકમ સંભળાવ્યો ત્યારે ગોવિંદભાઈ કહે "સાધુઓ કાલના ઉપવાસી છે ને આ ટાણે રસોઈ કરવા માંડ્યા છે તે જમીને જાશે" એમ વાત કરે છે ત્યાં બીજો હુકમ આવ્યો કે "તુરત કાઢી મુકો" તેવા માં

ગણેશજી પોતે આવીને સીપાઈ પાસે ચોકો અભડાવ્યો ને સાધુને કાઢી મેલ્યા ને કહ્યું કે "મારો હુકમ હોય ત્યાં સુધી તમારે આ ગામમાં આવવું નહિ" ત્યારે સાધુઓ તો તુરત ચાલી નિકળ્યા પણ સાધુઓ ભૂખ્યા ગયા તેથી ગોવિંદભાઈ મનમાં બહુ દુઃખી થયા ને શ્રીજીમહારાજની પ્રાર્થના કરવા માંડ્યા ત્યારે આઠમેજ દિવસે સરકારે ગણેશદેસાઈનો હુકમ રદ કર્યો ને ઘરબાર સઘળું લુંટી લીધું ને ઘરમાં કાંઈ ખાવા ન રહ્યું ને ઘરમાં સાઠ માણસ હતાં તે બધાં મરી ચૂક્યા ને સાવ રાંક જેવો થઈ ગયો એમ ભગવાનના ભક્તના અપરાધે કરીને પૂર્વનું કાંઈક પુન્ય હોય તો તે ખૂટી જાય છે ને દુઃખ થાય છે માટે કોઈ પણ ભગવાનના ભક્તનો અપરાધ કરવો નહિ. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૮૭)*

## મોટા પુરુષને જરા પણ કોચવવાથી ભૂંડા હાલ થાય છે

ગામશ્રી ધોલેરામાં અદ્‌ભૂતાનંદસ્વામીને મહારાજે મહંત કરીને રાખ્યા હતા ત્યારે સ્વામીએ ઠાકોરજીને વાસ્તે ફૂલ વાવેલાં હતાં તે તૈયાર થયાં તેવામાં એકવાર ત્યાં ગામમાંથી કુમાસદાર બાપાલાલ નામે હતો તે ઠાકોરજીનાં દર્શન કરવા આવ્યો તેણે ફૂલ જોઈને સ્વામીને કહ્યું "આ ફૂલ અમને આપો" ત્યારે સ્વામી કહે "એ ફૂલ તો ઠાકોરજીને વાસ્તે કરેલાં છે તે અપાય નહિ" ત્યારે તે બોલ્યો "અમે રાત્રે લઈ જાશું" તે ટાણે ત્યાં ડોસાજી નામે સત્સંગી ગરાસિયા બેઠા હતા તે બોલ્યા જે "રાત્રે તમે કે તમારા માણસો જે આવશો તેને ગોળીયે દેશું" પછી તે કુમાસદાર તો ઘેર ગયો પણ સ્વામીને જરા અંતરમાં લાગ્યું તે પાપે કરીને તે કુમાસદારના ઘરનું માણસ માંદું થયું ને બીજે દીવસે મરી ગયું ને ત્રિજે દિવસે પોતે ગાંડો થઈ ગયો પછી તેને નોકરીમાંથી રજા મળી ત્યારે તે પોતાનો સરસામાન ગાડામાં ભરીને ચાલી નિસર્યો તે ભોગાવામાં જતાં તેનું ગાડું ખૂતી ગયું ને સરસામાન રજળી પડ્યો. એમ મોટા પુરુષને જરા પણ કોચવવાથી ભૂંડા હાલ થાય છે અને જો મોટા પુરુષને સેવા કરીને રાજી કર્યા હોય તો વગર સાધને મોક્ષ આપી દિયે છે માટે સેવા ન બને તો પણ મોટા પુરુષનો જરાએ અપરાધ તો નજ થવા દેવો એ સિદ્ધાંત વાર્તા છે. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૦૯)*

## મોટા સંત ઉપર દોષ આરોપણ કરનારને તે દોષ પોતાને નડ્યા

એકવાર મુક્તાનંદસ્વામી આદિક પંદર સાધુ એક ગામને પાદર ધર્મશાળામાં ઉતર્યા હતા ને ગામમાંથી ઝોળી માગી લાવીને નદીને કાંઠે ગોળા વાળતા હતા ત્યારે તે ઝોળીમાં કોઈકે ટુકડા ભેળી સેવ નાખેલી તે ગોળા ઉપર દેખાતી હતી ને તે સમે ત્યાં કોઈક માણસ આવીને બેઠેલો તેણે તે ગોળા જોઈને મનમાં ખોટો ઘાટ કર્યો જે "આ સાધુ તો જીવડા ખાય છે" પછી તે ઘેર ગયો ને, ખાવા બેઠો ત્યારે તેને ખાવાના વાસણમાં જીવડા દેખાયા તેથી તે જમી

શક્યો નહિ ને એમ હંમેશાં દેખાવાથી તેને પાંચ ઉપવાસ થયા પછી તેને યાદ આવ્યું કે "સ્વામિનારાયણના સાધુ જમતા હતા તેના ઉપર મેં ખોટો ઘાટ કર્યો હતો તેથી મને આમ દેખાય છે" એમ જાણીને તે મુક્તાનંદસ્વામી પાસે ગયો ને પોતાની બધી વાત કરી દીધી ત્યારે સ્વામી કહે "ભાઈ ! અમારે તો એ બાબત કાંઈ નથી પણ તને એવો સંકલ્પ થવાથી એમ દેખાતું હોય તો હવે સાધુ જમવા બેસે ત્યારે એવો સંકલ્પ કરજે જે આ સાધુઓ અમૃત જમે છે તેથી તને તે દેખાતું આળશી જાશે" પછી તે માણસ ત્યાં બેઠો ને બે ઘડી પછી સાધુ ઝોળી માગીને આવ્યા ને ગોળા વાળીને જમવા બેઠા ત્યારે તેણે સાચે ભાવે સંકલ્પ કર્યો જે "આ સાધુઓ તો અમૃત જમે છે એ મેં જે સંકલ્પ કર્યો હતો તે ખોટો હતો" એમ ઘાટ કરીને એ બધાય સાધુને દંડવત પ્રણામ કરીને ઘેર ગયો ને પછી જમવા બેઠો ત્યારે અનાજ દેખાવા લાગ્યું ને જીવડા દેખાતા આળશી ગયા ત્યારે તેણે જાણ્યું જે એ મોટા સત્પુરુષ ખરા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૦૬)*



# શ્રીહરિની રમૂજી ભક્તો સાથે રમૂજ

## જેવો તમારો પ્રશ્ન તેવો અમારો ઉત્તર

એક દિવસ શ્રીજીમહારાજ દરબારમાં ઘોડી ફેરવતા હતા. તે બ્રહ્માનંદ સ્વામીએ માણસ મોકલ્યું, જે મહારાજ શું કરે છે ? માણસે આવી જોયું. ત્યાં તો મહારાજ ઘોડી ફેરવતા હતા તેણે જઈ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે મહારાજ તો ઘોડી ફેરવે છે પછી બ્રહ્માનંદ સ્વામી પાંચ સાત સાધુ સાથે લઈ અને કાઠિયાણીની પેઠે માથે ઓઢણું ઓઢી અને મોટો ઘૂમટો કાઢીને આગળ ચાલ્યા અને બીજા સાધુ પાછળ ચાલ્યા દરબારમાં જાતાં પાળે અટકાવ્યા, જે મહારાજ ઘોડી ફેરવે છે માટે નહી જવાય. સ્વામી કહે ઘોડી ફેરવતા હોય તો જાવા દે પછી સ્વામી દરબારમાં ગયા અને મહારાજે ઘોડી ઉભી રાખી સ્વામીને કહ્યું જે ઠક્કરાણાં પગ પાળાં કેમ ? સ્વામીએ કહ્યું, જે ઘરનો ધણી ઘોડીએ ચડી ગયો છે નહીંતર ઘોડીયે ચડીને આવત. તે સાંભળી મહારાજ કહે, વેલ બેલ નહોતી ? સ્વામી કહે વાવણીયા જુતી ગયા છે. મહારાજ કહે કાંઈ પાંસરું બોલો પાંસરું. સ્વામી કહે, આપ બહુ પાંસરું પુછતા હશો, જેવો તમારો પ્રશ્ન તેવો અમારો ઉત્તર એટલે મહારાજ ઘોડીયેથી હેઠા ઊતર્યા ને સ્વામીનો ઘુમટો ખેંચી લીધો તે પછી અક્ષરઓરડી પધાર્યા. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨)*

## રોઝકાના કરણા ગઢવીની વાણીથી મહારાજ હસ્યા

શ્રીજીમહારાજ દરબારમાં વિરાજમાન હતા અને ગામ રોઝકાનો કરણો ગઢવી મહારાજના દર્શને આવ્યો હતો. તેની સાથે તેની માતુશ્રી પણ દર્શને આવેલ તેને પોતે મારગમાં સમજાવેલ જે મા ! સ્વામિનારાયણ ભગવાન છે તે તને બોલાવે કે ન બોલાવે પણ કાંઈ બોલીશ નહી. ડોશી કહે, બાપ દીકરા હું કાંઈ નહી બોલું. પછી દરબારમાં આવી મહારાજને પગે લાગી તોપણ મહારાજે સામું જોયું નહીં. ત્યારે ડોશી બોલી કે તમે મારી વૃદ્ધ સામું શેનાં જોવો ? એમ ડોશી બોલી એટલે, કરણો સભામાં બોલ્યો કે, ભૂંકી ગધાડી ભૂંકી ગધાડી હું ગધાડીને સમજાવતો કે તું કાંઈ બોલીશ નહી. પછી મહારાજ કહે ખરો કરણો તેની માને ગધાડી કહી એમ હસીને બોલ્યા. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૯)*

## સોમાફઈ કહે મારો પીટ્યો મીંદડો બધા રોટલા થોડા થોડા ખાઈ ગયો

દાદા ખાચરના ફૂઈ સોમાબાઈ કરીને હતાં તે બહુ પ્રેમી ને બહુ જ ભોળા જેવાં હતાં પછી તેને રાજી કરવા માટે શ્રીજીમહારાજ મનુષ્ય ચરિત્ર કરતા એક દિવસ સોમાભાઈ પોતાના

ઘરમાં રોટલા મૂકવાનો માટીનો કોઠો હતો તેમાં રોટલા મૂકી અને ઘરના બારણાની સાંકળ દઈ પોતે ગામમાં કાંઈ કામપ્રસંગે ગયાં હતાં પછી મહારાજ પછવાડેથી જઈ તેના ઓરડાના ઘરની સાંકળ ઉઘાડી કોઠામાં જે રોટલા પડ્યા હતા તેમાંથી થોડા થોડા જમી ગયા અને પછી કોઠો ઉઘાડો મૂકી એક ખુણે મહારાજ સંતાઈને ઉભા રહ્યા. તે સમે સોમાબાઈ ગામમાંથી આવ્યાં અને આવીને જુએ ત્યાં તો બધા રોટલા થોડા ખંડિત ભાળ્યા તે જોઈ સોમાભાઈ બોલ્યાં, જે મારો પીટ્યો મીંદડો બધા રોટલા થોડા થોડા ખાઈ ગયો, કાલ આવે તો લાકડીયે મારું, તે સાંભળી મહારાજ બોલ્યા જે સોમાબાઈ કોને ગાળ્યું દ્યો છો ? સોમાબાઈ કહે પીટ્યો મીંદડો, રોટલા ખાઈ ગયો. મહારાજ કહે સોમાબાઈ ! મીંદડો ક્યાં હતો ? તે તો અમો હતા. સોમાભાઈ કહે અરે માડી મને કહેવું હતું ને ગાળું તો ન દત મેં તો મીંદડો જાણી ગાળો દીધી હતી, એમ ઘણીકવાર મહારાજ તેમને રાજી કરતા હતા. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૩)*

## મહારાજની રમૂજ

એક વખત મહારાજ ઉગમણાંબારના ઓરડે લોઢાની સાંકળ ઝાલીને ઊભા હતા અને પ્રાગજી દવે મહારાજ પાસે ઊભા હતા. તે સમે શેખજી મહારાજના દર્શને આવ્યો તેને મહારાજે કહ્યું કે, તમારે કેટલી બીબી છે ? ત્યારે શેખજી કહે છે, મારે બે બીબી છે. ત્યારે મહારાજ કહે, એક પ્રાગજી દવેને આપો ત્યારે શેખજી કહે બહુ સારુ મહારાજ; ત્યારે મહારાજે પ્રાગજી દવેને કહ્યું જે કેમ દવે તમારે ખપશે ? દવે કહે મહારાજ રોટલા હું કરીશ પણ જેવુ હોય તેવું ચાલશે. પછી મહારાજ બોલ્યા જે, માળો ભણ્યો તોય ગધાડો ને ગધાડો રહ્યો, જે પોતે બ્રાહ્મણ છે અને તે મુસલમાન છે એની એને ખબર છે ? એવી કામવાસના છે તે ભૂંડી છે તે નાતજાત જાણે નહીં. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૦૩)*

## સુરા ખાચરે બાવાનું મૌન તોડાવ્યું

એક વખત મહારાજ રસ્તે ચાલ્યા જતા હતા અને વગડામાં એક બાવો કોપીનભર મુનિવ્રત ધારણ કરીને બેઠો હતો, તે વખતે કાઠીએ મહારાજને કહ્યું કે, મહારાજ ! તમે કહો તો આ મુનિને બોલાવીએ, ત્યારે મહારાજ કહે બેસી રહેવા દ્યોને શા માટે હેરાન કરો છો ? સુરા ખાચર કહે ના મહારાજ ઘડિક તમે આઘા ઉભા રહો પછી સુરો ખાચર ને માતરો ધાધલ બાવા પાસે ગયા અને સુરા ખાચરે કહ્યું કે, માતરા ! મારે ભીમનાથની પાંચ રૂપિયાની માનતા છે કે આ સાક્ષાત્ ભીમનાથ આદો છે પણ બાવા પાસે લુગડો નથી. નહીં તો લુગડે બાંધીને ચાલ્યા જઈએ પણ જો બાવો મોઢુ ફાડે તો મોઢામાં મેલીયે, એમ કહીને બાવાની પ્રદક્ષિણા

ફરવા મંડ્યા અને હાથમાં રૂપિયા ખખડાવતા જાય પછી બાવે વિચાર કર્યો જે લાવ્યને મોઢું ફાડું, પછી બાવે મોઢું ફાડ્યું અને પાછળથી સુરા ખાચરે ધૂળની મૂઠ્ઠી ભરી લીધી હતી તે બાવે મોઢું ફાડ્યું હતું એટલે તેના મોઢામાં નાંખી. પછી બાવો ક્રોધ કરીને એસીતેસી કરીને ગાળ્યો દેવા માંડ્યો. પછી કાઠી સૌ બોલ્યા જે, મુનિ બોલ્યો, મુનિ બોલ્યો એમ તેની મશ્કરી કરીને ચાલ્યા ગયા એમ કેટલાકના કપટ ઉઘાડા કરતાં. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૩૪)*

## મહારાજે પંક્તિમાં રમૂજ કરી

એક વખત મહારાજ અલેયા ખાચરના દરબારમાં વિરાજમાન હતા તે સાથે સખા પણ હતા પછી દૂધપાકની રસોઈ કરાવીને મહારાજ કહે આજ એવું પ્રકરણ ચલાવવું છે જે પહેલી વસ્તુ ઉપર હાથ પડે તે જમવું પછી સુરો ખાચર કહે ઠીક મહારાજ પછી સુરો ખાચરને એક મોટા થાળમાં પૂરીયો શાક તથા દૂધપાકનો એક મોટો વાટકો ભરીને વચ્ચે મેલ્યો અને આખો થાળ ભર્યો હતો. પછી મહારાજે નાજા જોગીયાને કહ્યું કે સુરા ખાચરની આંખ્યો દાબો તે પ્રમાણે તેમણે આંખો દાબી અને દૂધપાકનો વાટકો મહારાજે લઈ લીધો અને ગાજરના અથાણાનો વાટકો મેલી દીધો પછી સુરા ખાચર જય સ્વામિનારાયણ કહીને જેવો હાથ મેલવા જાય ત્યાં તો પ્રથમ ગાજર હાથમાં આવ્યાં અને અથાણામાં મીઠું ઘણું હતું પછી સુરો ખાચર કીર્તન બોલ્યા જે "ગાજરડાં રે મારાં પુરવનાં વેરી" પછી બે ચાર ગાજર સુરા ખાચરે ખાધાં પછી સૌ કહે મહારાજ આનું પેટ છુટી પડશે પછી મહારાજે દૂધપાકનો વાટકો મેલ્યો તે જમ્યા. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૫૬)*

## પંચાળામાં જેરામ બ્રહ્મચારીએ સર્વને હસાવ્યા

પંચાળમાં શ્રીજીમહારાજ સભા કરીને વિરાજમાન હતા અને બધી સભા નિંદ્રાવશ થઈ હતી પછી મહારાજ બોલ્યા જે આજે કોને વાતો કર્યાનો વારો છે ? સૌએ કહ્યું કે, મહારાજ ! જેરામ બ્રહ્મચારીનો વારો છે મહારાજ કહે કે, બ્રહ્મચારી ! સૌની ઉંઘ ઉડે તેવી વાત કરો. પછી બ્રહ્મચારીએ તાળી પાડીને સૌને જાગ્રત કર્યા અને બોલ્યા. જે એક ગામમાં ગોવિંદ કરીને એક પટેલ હતો અને તે એક પાકેલ બોરડી હતી તેને થડે જઈને કળશીયે જવા બેઠો હતો તે કળશીયે જતો ગયો અને પાકેલ બોર ખાતો ગયો પછી તે ગામમાં એક બ્રાહ્મણ ભાગવતની પારાયણ કરતો હતો અને પટેલ પણ કથા સાંભળવા માટે ગયા હતા પછી સાંજે કથાની સમાપ્તી થઈ ત્યારે બ્રાહ્મણ બોલ્યો કે, આજે ગોવિંદના ગુણ ગાયા અને બાકીના ગુણ કાલે ગાશું હાં તે સાંભળી ગોવિંદ પટેલને વિચાર થયો જે મેં બોર ખાધું તે બ્રાહ્મણ જાણે છે માટે તેને દબાવ્યો

હોય તો સારું. પછી બીજે દિવસે તે પટેલ કથામાં આવ્યા ત્યારે પોથી ઉપર દશ રૂપિયા મૂક્યા તે જોઈ બ્રાહ્મણે જાણ્યું જે પટેલ બહુ ભાવિક જણાય છે પછી બીજે દિવસે પણ કથાની સમાપ્તિ થઈ ત્યારે બોલ્યો જે આજે ગોવિંદના ગુણ ગાયા અને બાકીના ગુણ કાલે ગાશું. હાં તે સાંભળી પટેલના મનમાં એમ થયું જે બ્રાહ્મણ દશ રૂપિયાથી રીઝ્યો નહીં તેથી ત્રિજે દિવસે કથા સાંભળવા જતી વખતે પોથી ઉપર પચાસ રૂપિયા મેલ્યા તો પણ કથાની સમાપ્તિ વખતે તે જ શબ્દ બોલ્યા કરે પછી ચોથે દિવસે પટેલ બ્રાહ્મણને તથા તેની સ્ત્રીને વસ્ત્ર વગેરે સો રૂપિયાનો માલ આપ્યો તે લઈ બ્રાહ્મણ બહુ રાજી થયો પણ પટેલના મનમાં તો પોતાની વાત છુપાવી રાખવી તે જ સંકલ્પ હતો પછી કથા થઈ રહી ત્યારે વળી બ્રાહ્મણ બોલ્યો જે આજ ગોવિંદના ગુણ ગાયા ને વળી કાલે ગાશું હતું ત્યારે પટેલીયો બોલ્યો જે, માળા ભામટા દશે ન રીઝ્યો, પચાશ ન રીઝયો. તને લુગડાં આપ્યાં તારી ઘરવાળીને લુગડાં આપ્યાં તો પણ ન રીઝયો ? માટે કહે જા હંગતા બોર ખાધું ખાધું ખાધું આજ કહીશ, કાલ્ય કહીશ તે સાંભળી સભા ખડખડ હસવા લાગી અને મહારાજ પણ ઢોલિયા ઉપર આડે પડખે લેટી પડ્યા અને મહારાજ કહે કે બ્રહ્મચારીએ તો સૌની નિંદ્રા ઉડાડી. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૧૮)*

## મહારાજ કહે વાણિયા આ નાળિયેર ખોટું છે

પછી બીજે દિવસ મહારાજની પાસે એક વાણિયો આવ્યો, તે નાળિયેર મેલીને મહારાજને પગે લાગીને બેઠો પછી મહારાજે કહ્યું જે નાળિયેર ભાંગો. નાળિયેર ભાંગ્યું તે ખોરું નીકળ્યું. પછી વાણિયે પોતાના માણસને કહ્યું જે, બીજું નાળિયેર લાવ. ત્યારે મહારાજે કહ્યું કે, આ તો બહુ સારું છે, એનો અમે ધૂપ કરાવીશું, તે ઠાકોરજીને ઝાઝા દિવસ ચાલશે અને સારું હોત તો કટકો કટકો વહેંચી ખાત. પછી વાણિયે કહ્યું કે, તમે તો સાધુ છો તે તમારે તો એમ જ જોઈએ. કેમ કે એક ગામમાં મોટા સાધુ રહેતા તે ગામમાં એક વાણિયો રહેતો. તે સાધુને ચપટી કાંઈ આપે નહિ ત્યારે સંતે કહ્યું જે એનું કલ્યાણ નહિ થાય. માટે - એના ઘરની જણસ સંતના ઉપયોગમાં આવે તો કલ્યાણ થાય. એક દિવસ હાટે કેરાં વીણતો હતો, તે સાધુએ જોયું જે, ડીટા એને કામ નહિ આવે. એમ જાણીને વાણીઓ માંહેલી કોરે ગયો ત્યારે વાંસેથી સાધુએ ડીટાં લીધા. પછી એણે હાકલ કરી , કોણ એ ? તોય સાધુએ પાછું વાળીને જોયું, પછી ગુરુ આગળ આવીને કહ્યું જે, વાણિયે આપ્યાં નથી, હું તો હાટમાંથી ઉપાડીને લાવ્યો છું. પછી ગુરુએ કહ્યું જે ઠીક. મીઠું, મરચાં, આદું નાખીને ચટણી કરીને સંતને ફેરવો. પછી બીજે દિવસે તે વાણિયે કહ્યું કે, હે સાધુ, એ ડીટા તમારે કામ આવ્યા ? ત્યારે કહ્યું કે, .

એતો ચટણીમાં નાખ્યાં, તે સંત રાજી થયા, પછી વાણિયે કહ્યું જે, તાંદલજાનાં ડાખળાં કામમાં આવશે ? ત્યારે હા પાડી. પછી ડાખળાં સુધારીને દાળમાં નાખીને જમ્યા. પછી ત્રીજે દિવસ વાણીયે કહ્યું જે, ડાખળાં તમારે કામમાં આવ્યા ? પછી સાધુએ હા પાડી. ત્યારે કહ્યું તાંદલજો લઈ જાઓને. પછી કહ્યું કે આજ તો સીધું લ્યો અને પછી કહ્યું કે અહીંથી સીધું નિત્ય લેતા જાઓ. એમ વાણિયાનું કલ્યાણ કર્યું ત્યારે મહારાજે ડાબે હાથે કરીને વાણિયાનો હાથ ઝાલ્યો અને જમણા હાથમાં કળશિયો લીધો અને કહ્યું કે, તે સાધુએ કેરાંનાં ડીટાં ખાઈને કલ્યાણ કર્યું અને તમેતો નાળિયેર લાવ્યા છો, માટે લ્યો તમારું કલ્યાણ કરીએ. પછી મહારાજે કળસિયો ઉંચો કરીને કહ્યું જે, લ્યો નિયમ, અમે તમારું કલ્યાણ કરીએ, વાણિયો હાથ પાછો તાણે અને મહારાજ હાથ ઓરો તાણે. એવી રીતે બહુહસ્યા અને બહુ રમૂજ કરી. *(સદ્. ભાયાત્માનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૧૩)*

## મહારાજને હસાવ્યા

તે સમે મુક્તાનંદ સ્વામીએ વિસામણનો વેષ કાઢયો હતો ને તેમણે કેડિયું ડગલાં જેવું ખલતું પેર્યું હતું અને માથે મોટો ચોફાળ બાંધ્યો અને બે હાથમાં કડતાલો લીધી અને તે એમ બોલવા માંડયા જે, એક કબીર ભક્ત ને ધનો ભક્ત આદા. ધનો ભક્ત અને જાદરો ભક્ત આદા ને નરસિંહ મહેતો આદા અને મીરાંબાઈ આદા ને શબરી આદા, એમ ઘણા ભક્ત ભેળા થયા ને એમ ભક્તની સભા થઈ. કેના ત્યાં ઘોડા ઉપાડ્યા. ત્યાં બરછી નાખી કેના ત્યાં સોંસરી ફરડ નીસરી એમ કહીને બે હાથમાં કડતાલો વગાડવા માંડ્યા. તેણે કરીને મહારાજ અત્યંત હસ્યા અને સર્વે સભા હતી, એમ હસતા હવા. *(સદ્. ભાયાત્માનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૭૦)*

## મહારાજની ઉદારતા

પછી સાધુ સર્વે ફરતા ફરતા વઉઠે સાંજના આવ્યા અને શ્રીજીમહારાજ સવારમાં આવ્યા, પછી રસોઈ કરાવીને જમ્યા અને સાધુને જમાડયા, પછી સાંજના શિવને મંદિર પધાર્યા અને બ્રાહ્મણને વસ્ત્ર આપ્યાં અને જામો ઉતારીને આપવા માંડ્યો ત્યારે કાઠીએ કહ્યું કે, એ તો માગીને લાવ્યા છીએ, તેને શું કહીએ ? *(સદ્. ભાયાત્માનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૩૬)*

## મહારાજની રમૂજ

પછી બીજે દિવસ યજ્ઞશાળામાં વેદિકા ઉપર વિરાજમાન હતા અને ફરતી થોરની વાડ અને એક ખોડીબારું હતું ત્યાં પાળા ઉભા રાખ્યા તે ત્યાગી વિના કોઈ ગૃહસ્થને ન આવવા દે. પછી મહારાજને અર્થે થાળ આવ્યો તે મહારાજ વેદિકા ઉપર જમવા બેઠા પછી મહારાજને

મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, ભટ કહે છે કે તમે મહારાજને કહો તો દીકરી પરણાવવી છે તે જાઉં. પછી પાછો આવીશ. ત્યારે મહારાજે કહ્યું કે મર જાય, અમે ક્યાં ના પાડીએ છીએ ? પણ અમારે તો દીકરી હોય, બાઈડી હોય તો વગડામાં ઉભી મેલું તે બાઈડીનો કોણ ધણી ન થાય ? અને કાં તો લાકડાં ભેળાં કરીને તે ઉપર બેસારીને દેવતા મેલું અને કાંતો નગરમાં અંગ્રેજનું લશ્કર પડયું છે. ત્યાં લઈ જઈને ઉભી રાખીએ. તે બાઈડીને કોણ ન લે ? પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે હે મહારાજ, એવી જેની દાનત હોય તેને બાઈડી કે દીકરી ક્યાંથી હોય ? પછી મહારાજને સાધુ હસ્યા પછી સાધુ જમ્યા. *(સદ્. ભાયાત્માનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૪૨)*

## મહારાજનું રમુજી ચરિત્ર

ગઢડામાં મહારાજ નિરંતર રહેતા. તેમાં એક દિવસ મહારાજ સજ્જાની ઓરડીએ આથમણી ઓસરીએ ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન હતા અને હરિભક્તની આગળ શૂરાતનની વાત કરતા હતા, તેવા સમામાં આત્માનંદ સ્વામીની મંડળી આવી ત્યારે મહારાજે કહ્યું કે, એ અમારા શૂરા આવ્યા એમ કહીને મહારાજ સામા આવ્યા ત્યારે આત્માનંદ સ્વામીએ દંડવત્ કર્યા. ત્યારે સોમલે ખાચરે કહ્યું જે, શું લાંબાટૂંકા થાઓ છો ? મહારાજ ઉભા થઈ રહ્યા છે. પછી મહારાજ બહુ હેતે કરીને મળ્યા. પછી મહારાજને આત્માનંદ સ્વામી પગે લાગવા ગયા. ત્યાં મહારાજે વાંસલી કોરે એક હાથે કરીને બીજો હાથ છાતી ઉપર ફેરવ્યો અને મહારાજ એમ બોલ્યા જે, જુઓને એકલાં હાડકા છે, એ તો ત્વચાએ કરીને ઢકાયાં છે, માટે જણાતાં નથી. પછી આત્માનંદ સ્વામીને કાખમાં લઈને બાઈઓ સામા ઉભા રાખીને બે આંખો મહારાજે પોતાને હાથે કરીને ઉઘાડવા માંડી અને હું તો આંખો મીંચી ગયો અને મહારાજ બહુ હસ્યા અને બાઈઓ હરિભક્ત પણ હસ્યા એ રીતે હાસ વિનોદ બહુ થયો. *(સદ્. ભાયાત્માનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૭૯)*

## મહારાજે પાણીમાં રમૂજ કરી

એક દિવસ મહારાજ જળમાં ઊભા ઉગમણે મુખે ધ્યાન કરે અને આત્માનંદ સ્વામીએ મહારાજને એક પ્રદક્ષિણા દીધી અને એક દિવસ મહારાજ ખળખળીએ સર્વે સાધુ હરિભક્ત સહિત નહાવા પધાર્યા. પછી મહારાજ જળમાં પ્રવેશ કરીને ખળખળિયાની વચ્ચે ઉત્તર મુખે ઉભા અને સર્વેને કહ્યું જે, અમારે પગે સ્પર્શ કરવો હોય તેને આજ મોકળ છે અને ઉપરવાસથી ન આવે, પડખેથી ન આવે. પછી હરિભક્ત, સાધુ જે આવે તેને પાણી તાણી જાય, માટે મહારાજની પાસે કોઈ જઈ શકે નહિ. પછી તેને જોઈ જોઈને મહારાજ હસતા હવા અને એક

સુરા ભક્ત મહારાજની પાસે આવ્યા, ત્યારે મહારાજે ધક્કો દીધો તે ગડથોલાં ખાતા જાય ને મહારાજ હસતા જાય અને સર્વે સાધુ હરિભક્ત પણ હસ્યા, તે આધા જઈને નીકળ્યા અને ફરીને આવ્યા. ત્યારે મહારાજે કહ્યું કે, સુરાભક્ત કેમ થયું ? ત્યારે કહે મહારાજ, ભણે પ્રભુ હાથસું મૂકુંદે ત્યારે એવું જ થાય; પછી બ્રહ્માનંદ સ્વામી આવ્યા, તેને મહારાજે ધક્કો દીધો. તે પણ ગડથોલાં ખાતા જાય અને તણાયા. પછી એ રીતે સૌ મહારાજ પાસે આવે પણ પાણી તાણી જાય. એવી રીતે સૌઆવી રહ્યા અને આત્માનંદ સ્વામી તો નાહીને બેઠા હતા. ત્યારે મહારાજે કહ્યું કે, તમે આવોને. ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું કે, મને તો તરતાં ન આવડે, માટે આ પાણીમાં અથડાઈને માથું ફુટી જાય. તે સારું હું તો બીઉ છું. પછી મહારાજ બહુ હસ્યા અને સાધુને મહારાજે કહ્યું જે, એને તેડી લાવો, પછી સાધુ આવ્યા, તે મારી બે કોરે હાથ ઝાલીને મહારાજ પાસે તેડી ગયા અને પાસે જઈને ડુબકી મારીને ચરણનો સ્પર્શ કર્યો, એ રીતે મહારાજે જળક્રીડા બહુ કરી અને સાધુ હરિભક્તને આનંદ પમાડતા હવા. *(સદ્. ભાયાત્માનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૯૪)*

## મહારાજની હસાવાની રીત

એક સમે દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદે બારના ઓરડાની ઓસરીએ મોટી પાટ ઉપર ઉતરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજે આજ્ઞા કરી કે, સાધુ સર્વે ફૂલવાડીએ જાઓ અને એક એક કૂબો કરી લ્યો અને છાણાં વીણી લ્યો અને લોટ માગી લાવો અને મીઠું મરચું માગી લાવો અને તાવડી આદિક ઠામ માગી લાવો અને વૈરાગી જેમ માગી લાવે છે તેમ માગી લાવો, શા માટે જે એક દાદા ખાચરને ઘેર કયાં સુધી પૂગે ? એમ કરતાં ઓછું રહેશે તો દાદા ખાચર પૂરું કરશે એવી વાત કરતા હતા. ત્યાં આત્માનંદ સ્વામીનું મંડળ આવ્યું તે મહારાજને પગે લાગીને બેઠા અને મહારાજે સૌને કહ્યું જે, ઉઠો, કેમ નથી ઉઠતા ? એમ કહીને એની એ વાત ફરીને કરી. ત્યારે આત્માનંદ સ્વામી જય સચ્ચિદાનંદ કહીને ઉઠયા ત્યારે બાઈએ કહાવ્યું કે, ભાઈ સ્વામી તો આજ આવ્યા છે. માટે જે પ્રથમ આવે તે એક દિવસ તો અમારે ઘેર પરોણા. પછી મહારાજ હસીને બોલ્યા જે જવા દો. પછી વાંસેથી સૌ સંત ઉઠયા. પછી મહારાજ હસીને બોલ્યા જે બેસો મહારાજો. એમ કહેતા જાય અને મુખારવિંદ આડો રૂમાલ દઈને હસતા જાય અને પછી સાધુ સૌ ફૂલવાડીએ ગયા અને એ પ્રકરણ કેટલાક દિવસ રહ્યું. *(સદ્. ભાયાત્માનંદ સ્વામીની વાતો, વાર્તા-૩૧૯)*

## ઉકા ખાચરે રમૂજ કરીને હસાવ્યા

ત્યાં કારિયાણીથી વસ્તો ખાચરે તેડાવ્યા તે કહ્યું જે, ‘‘હે મહારાજ ! માચા ખાચરના કારજ ઉપર ત્યાં પધારો. પછી પોતે કારિયાણી પધાર્યા ને ત્યાં સાટા કરાવીને રૂડે પ્રકારે કારજ કર્યું. પછી સાટા વધ્યા તે ફેર સંતને બોલાવીને આઠ ગળ્યા ને આઠ મોળા તે સર્વે સંતને બંધાવ્યા. પછી સંતો ગુજરાતમાં ફરવા ગયા ને પોતે ગઢડે પધાર્યા. કેરીઓ ટાણે પાછા વડતાલને માર્ગે ચાલ્યા તે સર્વે સત્સંગીઓને દર્શન દેતા થકા ગામ વડતાલ પધાર્યા. ત્યાં જોબનપગીની મેડીએ ઉતર્યાને ત્યાં સર્વે સત્સંગીઓ કેરીની રસોઈઓ આપતા હવા ને ચંદન પુષ્પાદિકે કરીને મહારાજની બહુ સેવા કરતા હવા. ત્યાં દશ દિવસ રહીને પાછા ગઢડાને માર્ગે ચાલ્યા તે ગાના ગામે પધાર્યા ને ગામની કોરે તળાવને કાંઠે ઉતર્યા તે કાઠીઓ સારુ રોટલા મંગાવીને આપ્યા. ત્યારે ઉજળો રોટલો જોઈને અલેયા ખાચરે તે માંગી લીધો. પછી જમતી વખતે ખહરક ખહરક થાવા માંડ્યો ત્યારે અલેયા ખાચરે કહ્યું જે, ‘‘આ તે શાનો રોટલો છે ? ભણે ઉજળો જાણી લીધો. માળો આ તો ખહુર ખહુર થાતો સે.’’ તે વાત સાંભળીને મહારાજ મુખ આડો રૂમાલ દઈને ઘણુ હસતા થકા પટેલ રૂગનાથદાસને પૂછ્યું જે, ‘‘આ ધોળા રોટલા શાના છે ?’’ ત્યારે તેમણે કહ્યું કે એ તો ચીણાનો રોટલો છે. ત્યારે પોતે કહ્યું જે, ‘‘બાજરી નથી થાતી ?’’ ત્યારે તેમણે કહ્યું જે, ‘‘બાજરી અમારી સીમમાં થોડી પાકે છે ?’’ પછી પોતે બોલ્યા જે, ‘‘આ તો જમીન બહુ સારી છે વાસ્તે વાવજો. ઘણી પાકશે.’’ એમ વર દઈને ચાલ્યા ને મારગમાં વરસાદ ઘણો થયો ને પોતે બુધેજ પધાર્યા ને વાંસે ઉકો ખાચર આવતા હતા તે મારગમાં પડી જાય ત્યારે કેરીઓને ગાળ્યું દે જે, ધતું ! તારી માની કેરી ઉકો કાણો ને કેરી કેમી ને ડોશી કિમી ને દિતવાર કિમો’’ એમ કહેતા ચાલ્યા આવે. પછી એ વાત નિત્યાનંદસ્વામીએ મહારાજને કહી પછી મુખ આડો રૂમાલ દઈને હસતા હવા. એવી રીતે મોજ કરતા થકા ત્યાં રાત રહીને ચાલ્યા તે ગુડેલ થઈને કમિયાળે ગયા ને ત્યાંથી કુંડળ થઈને કારિયાણી થઈને ગઢડે પધાર્યા. ત્યાં નિત્યે ઘેલે સંતને પાળાને સત્સંગી સહિત ન્હાવા પધારે ને જળમાં તાલી પાડીને કીર્તન ગાતા હવા. એ પ્રકારે લીલાને કરતા થકા ત્યાં રહેતા હવા.

## સુરા ખાચરે રમૂજમાં મહારાજને કહ્યું

એમ કહીને ઘોડા દોડાવ્યા તે ગાંફ પધાર્યા ને વસ્તા રાવલને ઘેર ઉતર્યા. પછી પોતે કહ્યું જે, ‘‘અસવાર સર્વે ભૂખ્યા છે’’ ત્યારે વસ્તા રાવલે કહ્યું જે, ‘તમે રહો તો હું રસોઈ કરાવું. ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘અમારે ઉતાવળ છે વાસ્તે ‘જે તૈયાર હોય તે લાવો.’’ ત્યારે રોટલા ને દહીં લાવ્યા તે તર ઉતારી લીધેલ. તે જોઈને પોતે હસીને સુરા ખાચરને આપ્યું

ને કહ્યું જે, "બીજું દહી લાવો ત્યારે તર ઉતારી ને બીજા ગોરસામાં નાંખીને લાવે તે એમ જે જે ગોરસા લાવ્યા તે પોતે પાર્ષદને પિરસીને અને પૂછ્યું કે હવે દહીં છે ?" ત્યારે તર લાવીને મહારાજ આગળ મેલી તેને પોતે જમતાં હસ્યા. ત્યારે સુરા ખાચરે કહ્યું જે, "તમારા ને અમારા દહીંમા ફેર છે બા !" ત્યારે પોતે તરની પ્રસાદી આપીને પોતાના ભક્તોને આનંદ આપીને ત્યાંથી ચાલ્યા તે ગામ કમિયાળે ગયા.

## ક્યું શીતલદાસ ચલને કા મનસૂબા કરતે હો

ફરેણીમાં પછી ગાદીપતિ મહારાજે ગુરુ સ્વામીની દેહક્રિયા બહુ રૂડી રીતે કરતાં, સમસ્ત સાધુ-સત્સંગીઓને તેડાવીને મોટું ખર્ચ રાજા કરે એવું કર્યું. ચૌદમાને દિવસે ભરેલી મહાસભામાં સમયાનુસારી વાતો કરીને સ્વામીના શોકનું નિરાવરણ કર્યું. અને પછી કહ્યું કે, "હવે પ્રગટ ભગવાનનું સ્વામિનારાયણ નામથી ભજન કરજ્યો' એમ સંબોધીને, સંતોને દેશપરદેશમાં ઉપદેશાર્થે ફરવા મોકલ્યા. અને હરિભક્તો પોતપોતાને ઘેર ગયા. એજ શુભદિને ઝરણાંપરણાં દેશના નિવાસી શીતળદાસ નામના સાધુ તીર્થોમાં ફરતા ફરતા, રામાનંદ સ્વામીને ભગવાન જાણીને ત્યાં દર્શને આવ્યા. તે સમયે "સ્વામી તો દેહ મુકી ગયા છે" એમ સાંભળીને બહુ દીલગીર થઈ ગયા. અને મનમાં બહુ પશ્ચાતાપ કરવા લાગ્યા કે, "ચાર ધામમાં ફરીને મહાકષ્ટ ભગવાનને ખોળી કાઢ્યા, પણ મારાં સુભાગ્ય નહિ હોવાથી એમનો મને મેળાપ થયો નહિ." પછી એવા વિચાર પર આવ્યા કે, "એ સ્વામીના સાધુઓને રાજી કરીએ તો ભગવાન મેળવી આપે" એના એજ વિચારમાં ત્યાં સૂઈ ગયા. ત્યારે એમનો દૃઢ સંકલ્પ મહારાજે અંતર્યામીપણે જાણીને સવારે એ સાધુ પાસે આવીને ઉભા રહ્યા અને એમ બોલ્યા કે, "ક્યું શીતલદાસ ચલનેકા મનસુબા કરતે હો" ત્યારે તે બોલ્યા કે "મેં બહોત અભાગા હું, ક્યોં કી રામાનંદ સ્વામીની ભેટ ન હુંઈ એને સાંભળીને મહારાજ બોલ્યા કે "સ્વામિનારાયણ સ્વામિનારાયણ' એવા નામથી ભજન કરો. ત્યારે તેમણે તે પ્રકારે કરવાથી તત્ક્ષણ સમાધિ થઈ અને અક્ષરધામમાં ગયા. મહારાજની મૂર્તિ અહીં છે એવી જ દિવ્ય સિંહાસનમાં બેઠી દીઠી. એ મૂર્તિમાં ચોવીશ અવતારોને પણ દીઠા અને ત્યાં રામાનંદ સ્વામીને પણ હાથમાં ચામર લઈને ઉભેલા દીઠા એ રીતે અતિ અદ્‌ભુત દર્શન થયાં. પછી મહારાજે કહ્યું કે,

આ બધા અવતારોને તમે મળો ત્યારે તે સાધુ એક એક અવતારને ભેટ્યા. પછી મહારાજે કહ્યું કે, "હવે રામાનંદ સ્વામીને ભેટો" ત્યારે તેમ કરતાં અટક્યા, કારણ કે તેમને રામાનંદ સ્વામીનો ભગવાનપણાનો નિશ્ચય હતો. આ બધુ દિવ્ય દૃશ્ય દેખીને સ્વામી બોલ્યા કે, આ બધુ ઐશ્વર્ય તો આ મહારાજના વચને કરીને થયું છે. આ તો મારા ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ

પરબ્રહ્મ ભગવાન પુરુષોત્તમ સર્વાવિર્ભાવકારણ છે અને હું તો એમનો ઉપાસક ઉદ્ધવજીનો અવતાર છું. (આ બાબત સંપ્રદાયનાં શાસ્ત્રોમાં અનુસ્મૃત છે) આવો આપણે મળીએ. ત્યારે તે સાધુ મળ્યા એટલે તે સાધુ શ્રીજીના અંગમાં લીન થઈ ગયા. પછીથી મહારાજે કહ્યું કે, ''હવે નોખા પડો' એટલે સમાધિથી બહાર આવતાં પોતાનો જે સંકલ્પ હતો તે પૂર્ણ થવાથી પરમાનંદને પામ્યા. પંદરમાને દિવસે સવારમાં સંતો તથા સત્સંગીઓની મોટી સભા ભરાઈ. તેમાં મહારાજ બિરાજમાન થયા. આ સમયે એ સાધુ સભામાં આવીને સમસ્ત સભાને દંડવત્ પ્રણામ કરીને ગદ્‌ગદ્ કંઠે બોલ્યા કે, ''હે સ્વામિનારાયણ ! તુમ તો સર્વાવતારકારણ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ હો, ઔર સબ જગતકા કારણ હો'' એમ સ્તુતિ કરી. ત્યારે સુપ્રસન્ન મહારાજે કેમ હવે તમારે ક્યાંઈ જાવું છે ?'' ત્યારે તે બહુ હર્ષથી બોલ્યા કે, ''તુમકું છોડકે નહિ જાયગા, તું તો સ્વયં ભગવાન હો, તુમારી પાસ અખંડ રહેગા'' આવી વાત સાંભળીને શ્રીજીએ તેમને સાધુદીક્ષા આપીને વ્યાપકાનંદ' એવું સાર્થક નામ પાડ્યું, એમ સર્વથા શીતળ બની ગયા. આ સ્વામી ક્યા કેવા ? તો જેમણે બુંદેલ ખંડના બ્રાહ્મણના છોકરાને દયાવશાત્ જીવતો કર્યો હતો અને બોટાદના દુઃખી હમીર ખાચરની મૃત ઘોડીને જીવતી કરી હતી અને વાણિયા નિમિત્તનો દંડ પોતે ભરીને તેને જેલથી છોડાવ્યો હતો. આવા મહાસમર્થને પણ સાધુ શિષ્ય કર્યા. તે પછી સર્વ સંતોને ઉપદેશાર્થે દેશપરદેશમાં વિચરવાની આજ્ઞા કરી અને હરિભક્તોને પોતપોતાને ઘેર જવાની અનુજ્ઞા કરી. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૧)*

## જન્માષ્ટમી પ્રસંગે

એ ભાવિક ગામમાં રહેલા મહારાજે જન્માષ્ટમીનો ઉત્સવ ઉપર મયારામ ભટ્ટ, પર્વતભાઈ, માંચા ખાચર આદિક એકાંતિક ભકતોને ત્યાં તેડાવ્યા. (અદભુતાનંદસ્વામી કહે છે કે હું પણ ત્યાં આવ્યો હતો) બાઈ ભાઈ સર્વે હરિભક્તો કૃષ્ણાષ્ટમીનો ઉપવાસ કરીને રાત્રિએ જાગરણ કરતાં, પ્રસન્ન મહારાજે અષ્ટપટરાણી સહિત શ્રીકૃષ્ણ રુપે પોતાનાં દિવ્ય દર્શન, જન્મ સમયને સમારંભીને ચાર વાગ્યા સુધી દીધાં. એમ પૂર્વ રુપની અને આ રુપની એકતા જણાવીને, પછી વર્ણિરુપ થઈ ગયા. તે પછી સ્નાનમાં મુખ્ય મનાતા સમુદ્રમાં સ્નાન કરીને પૂજાદિ નિત્યવિધિ કરીને, વ્રતનાં પારણાં કરીને, સુખેથી બેઠા. એમ ઉત્સવ પૂર્ણ થતાં સર્વ હરિભક્તોને પોતપોતાને દેશ જવાની આજ્ઞા આપી. એટલે તેઓ મહારાજનો પૂર્વોક્ત પ્રતાપ જોઈને શ્રીહરિનો ભગવાનપણે નિશ્ચય કરીને પોતાને ઘેર ગયા. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૩)*

## સુરા ખાચરની વાણીથી સર્વે હસ્યા

મહારાજશ્રી વનમાં ફરતા હતા તે વખતે ઝાડીમાં એક ગામ આવ્યું. તેમાં એક જેરામ અને તેની મા સમાજસી બને રહેતાં. જેરામ ઘર મુકીને મહારાજ પાછળ ચાલી નીકળ્યા તે દ્વારકા થઈને મહારાજને ખોળતો થકો કારિયાણી આવ્યો. તેણે મહારાજને સભામાં બેઠેલા જોયા પણ યથાર્થ રીતે ઓળખ્યા નહિ હોવાથી છેટે ઉભો રહ્યો. રાંકની પેઠે બીચારો તેને જોઈને મહારાજ બોલ્યા કે અલ્યા જેરામ ! એટલો શબ્દ સાંભળતાં તેણે દોટ મુકી તે કોઈના પગ ઉપર તો કોઈના હાથ ઉપર પગમુકત થકો મહારાજ પાસે ગયો અને બાળમિત્ર મહારાજના ચરણમાં પડીને અતિશય રડવા મંડ્યો. તેને જોઈને સુરા ખાચર આદિક કાઠીઓ પ્રકૃતિ પ્રમાણે બોલ્યા કે, “ગધીના વધારા ભાગું જા ભાગું જા, અભડાઈ માર્યા, આ બિભત્સ શબ્દ સાંભળીને મહારાજે કાઠીઓને કહ્યું કે, કોઈ બોલશો નહિ. એટલે કાઠીએ જાણ્યું કે, કોઈ મુક્ત આવ્યા હશે ? પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું કે, આ કોણ છે ! ત્યારે મહારાજે કહ્યું કે, “આ તો અમારા ભાઈબંધ છે.” તેને સાંભળીને સ્વામી બોલ્યા કે, “તમને તો આવાને આવાજ ભાઈબંધ ઠીક મળે છે ? કૃષ્ણાવતારમાં સુદામા દરિદ્ર મળ્યા. અને આ અવતારમાં આ મળ્યા.” એમ રમૂજ કરીને મહારાજને રાજી કર્યા. પછી મહારાજે જેરામને પૂછ્યું કે, “તમારી આંખ્ય શાથી ગઈ ?” એટલે તેણે કહ્યું કે, “ભવાની નીકળવાથી આંખ્ય ગઈ છે. પછી જેરામે કહ્યું કે, “હે ઘનશ્યામ ! તુમકું ઢુંઢ ઢુંઢ મેરા પાવ દુઃખ ગયા ત્યારે તમારી ભેટ હું ઈ.” એમ પરસ્પર વાત કરીને મહારાજે સાધુ કરીને જિજ્ઞાસાનંદ નામ પાડ્યું. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૫)*

## સુરા ખાચરની વાણીથી હસ્યા

વાંસદાથી ચાલ્યા તે દેવકી તીર્થે આવ્યા. ત્યાંના ઊના ટાઢા કુંડમાં સ્નાન કરીને, થોડુ ટીમણ કરીને સંત પાર્ષદો સહિત ચાલ્યા તે રસ્તામાં આવતાં હરિભક્તોનાં ગામોમાં રાત રહીને તેમને સુખ આપતા થકા તાપી નદીને ઉતરીને ગામ કીમ ચોકીએ આવ્યા. ત્યાં સ્નાનાદિ નિત્યવિધિ કરીને વિરાજમાન થયા. એ સમયે બ્રહ્મચારીએ કહ્યું કે, “ટીમણ કરો.‘ ત્યારે મહારાજે કહ્યું કે, “વાતો કરવી છે.” ત્યારે મુક્તાનંદાદિ સર્વે સંતો પાસે આવીને બેઠા. પછી મહારાજ બોલ્યા કે, ગોલોક અક્ષર વૈકુંઠ આદિક ધામોમાં જે મૂર્તિઓ છે તે મારી જ છે. એ મૂર્તિઓ અને આ અત્યારે પ્રત્યક્ષ થતી મૂર્તિમાં કશો ભેદ નથી. એક જ છે. આવી રીતે કહીને પોતાના સ્વરૂપનો માહાત્મ્યજ્ઞાને સહિત દ્રઢ નિશ્ચય કરાવ્યો. તે સમયે મહારાજ પાસે ગામ વાંકીયાના મોકો ખાચર માથે લુગડુ ઓઢીને ધ્યાન કરવા બેઠા. તેને જોઈને સુરા ખાચરે કહ્યું કે, “આપે

ભુલ્યો ને ઓરકું ભુલાવે, જાન્હવી તીરે કૂપ ખોદાવે'' એમ કહીને મોકા ખાચરનું લુગડુ માથેથી તાણી નાખીને કહ્યું કે, ''તારા બાપ તો અહીં સમીપે પ્રત્યક્ષ બેઠા છે, તેને પડી મૂકીને ઘૂંઘટો વાળીને કેનું ધ્યાન કરે છે ?' તે સાંભળીને મહારાજ તથા સર્વે સંતો ખડખડાટ હસવા લાગ્યા. પછી મહારાજ સંત પાર્ષદો ટીમણ કરવા બેઠા. તેને કરીને જળપાન કરીને તૈયાર થઈ ત્યાંથી ચાલી નીકળ્યા. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૯)*

## કાઠી ભક્તોની રમૂજ

ત્યાંથી ચાલતાં આગળ માર્ગમાં મોટી નર્મદા નદી આવી. તેને વહાણમાં બેસીને ઉતર્યા. ત્યાંથી ચાલીને ગામ હળદર આવ્યા. ત્યાંના હરિભક્તોએ મહારાજને તાણ કરીને રાખ્યા અને રસોઈ કરાવીને મહારાજ તથા સંત પાર્ષદોને જમાડ્યા. ત્યાં ભક્તોને દર્શન પૂજનાદિકનો અલભ્ય લાભ આપતા થકા રાત્રિ રહ્યા. બીજે દિને ત્યાંથી મહારાજ ચાલ્યા. અને સંતોને કહ્યું કે, હવે તમે ધીરે ધીરે ફરતા ફરતા હરિભક્તોને દર્શનાદિ સુખ આપતા થકા વરતાલે ફૂલડોળના ઉત્સવ ઉપર આવી રહેજ્યો. એમ કહીને ચાલ્યા તે રસ્તામાં ગામ બુવાનો માર્ગ ભુલ્યા તેથી સુરા ખાચરે કહ્યું જે, ''ભણે મમરાનો માર્ગ કિસે જાશે'' ત્યારે મોંકા ખાચરે કહ્યું કે, ''ભણે મમરાનો માર્ગ તો તારા મોઢામાં જાસ'' આ વાતને સાંભળીને મહારાજ તથા પાર્ષદો ઘણું હસ્યા. એવી રસ્તામાં રમૂજ કરતા થકા ચાલ્યા તે ગામ બુવામાં પટેલ કાનદાસભાઈને ઘેર આવ્યા. મહારાજને આવતા જાણીને સામૈયું લઈને સામા ગયા અને વાજતે ગાજતે પોતાને જ ઘેર પધરાવ્યા. અને ભારે થાળ કરાવીને મહારાજને બહુ ભાવથી જમાડ્યા અને સંત પાર્ષદોને પણ જમાડ્યા. પછી મહારાજ સભા કરીને બેઠા. તે સમયે એક દરબાર ત્યાં આવ્યા. તેમની સાથે આવેલા શાસ્ત્રી મહારાજના નામનો એક શ્લોક બોલ્યા. તેને સાંભળીને મહારાજ બોલ્યા કે, ''તમે જેવા કહ્યા એવા જ અમો ભગવાન છીએ અને અનેક મુમુક્ષુ જીવોનો મોક્ષ કરવા આ પૃથ્વી ઉપર પધાર્યા છીએ.'' વગેરે ઘણી વાત કરી.

આ વાતને સાંભળીને તે દરબાર તથા શાસ્ત્રી તથા ગામના બીજા બહુ મુમુક્ષુ માણસો મહારાજના આશ્રિત થયા અને પ્રગટ સ્વામિનારાયણ નામનું ભજન કરવા લાગ્યા. વળી એ ગામના હરિજનોને સમાધિ કરાવીને અક્ષર ધામ દેખાડીને, પોતાના સ્વરૂપનો ભગવાનપણે નિશ્ચય કરાવીને સભામાંથી પોઢવા માટે ઉઠ્યા. તે પોતાને ઉતારે જઈને પલંગ ઉપર પોઢી ગયા. બીજે દિને સવારે ઉઠીને નિત્યવિધિ કરીને ત્યાંથી ચાલ્યા તે ગામ આમોદ આવ્યા. ત્યાંના શેઠ હરજીવનભાઈ તથા ગણપતભાઈ તથા દીનાનાથ ભટ્ટ આદિક ઘણા જનો સામૈયું લઈને સામા આવતાં વાજતેગાજતે બજારે બજારે સ્વારીને ફેરવીને પોતાને ઘેર પધરાયા. પછી

મહારાજશ્રીને થાળ કરીને જમાડ્યા. પછી સંત પાર્ષદોને જમાડ્યા. પછી મહારાજ આવીને સભામાં વિરાજમાન થયા. તે સમયે ઉપરોક્ત નામાંકિત વગેરે હરિભક્તો મહારાજની પૂજા કરવા આવ્યા. તેમણે શેલુ, શિરપાવ, વેઢ, વીંટી, કડાં, સાંકળા વગેરે ઘરેણાં તથા ચંદન પુષ્પાદિ વડે મહારાજની બહુ પ્રેમથી પૂજા કરીને આરતી ઉતારી. પછી દંડવત્ પ્રણામ સહિત પગે લાગીને "જય જય મહારાજાધિરાજ અખિલ બ્રહ્માંડનાથ" ઈત્યાદિ રીતે મહારાજની સ્તુતિ કરીને પછી બેઠા. તે સમયે મહારાજે ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ સંબંધી ઘણી વાતો શાસ્ત્રાધારવાળી કરી અને સર્વેને બહુ રાજી કર્યા પછી પોતે ઉતારે આવીને જળપાન કરીને પોઢી ગયા. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૯૦)*

## સુરા ખાચર બોલે તે રમૂજ

બીજે દિવસે ત્યાંથી ચાલ્યા તે રસ્તામાં એક કુગ્રામ આવ્યું. ત્યાં એક મોટો વડ વૃક્ષ જોઈને ત્યાં ઉતારો કર્યો. પછી સ્નાનાદિ નિત્ય વિધિ કર્યો. તે ગામમાં કોઈ ભાવિક ભક્ત નહિ મળવાથી ગામમાંથી વેચાતી ખીચડી લાવ્યા અને કુંભારને ત્યાંથી હાંડલાં લાવ્યા. તેમાં મહારાજે જાતે ખીચડી બનાવીને જમ્યા અને સંત પાર્ષદોને પોતે પીરસીને જમાડ્યા. ત્યાંથી થોડે છેટે બીજો એક વડ વૃક્ષ હતો ત્યાં કોઈક ફોજદાર સૂતેલો. તેની જોડે બીજા ઘણા સિપાઈઓ હતા. તેમાંથી બે ચાર સિપાઈઓએ મહારાજ ઉતર્યા હતા ત્યાં આવીને સુરા ખાચરને પૂછ્યું કે, "આ કોણ છે ? ત્યારે સુરાએ કહ્યું કે, "આતો અમારા ફોજદાર છે ?" ત્યારે વળી તેઓએ કહ્યું કે, "તમારા ફોજદાર તો બહુ સારા છે, કેમકે તમને જાતે ખીચડી બનાવીને પીરસીને જમાડ્યા અને અમારા ફોજદાર તો અમને વાતે વાતે તિરસ્કાર કરે છે. તમો કહો તો અમે તમારી પાસે આવતા રહીએ. અમને નોકરીમાં રાખશે ?" ત્યારે સુરાએ કહ્યું કે, "એક મહીને પાઈ અને ખાવાપીવાનું મહીં આ વાત સાંભળીને તેઓ ભાગી ગયા. પછી મહારાજ તો ખડખડાટ હસ્યા. ઈત્યાદિ રમૂજ કરીને ત્યાંથી ચાલ્યા તે મહીસાગર નદી ઉતરીને બામણગામ થઈને વરતાલ પધાર્યા. આ રીતે અનેક જીવોને અભયદાન આપ્યું. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૯૧)*

## મહારાજની રમૂજમાં બીજો અર્થ હોય

એક દિવસે ઉમરેઠનો એક બ્રાહ્મણ, સુદામા જેવો દરિદ્ર હતો. બીજા હરિજનો મહારાજની મહાપૂજા કરે અને થાળ જમાડે તેને જોઈને અંતરમાં અતિ પશ્ચાત્તાપ કરે કે, "મારા જેવો કોઈ અભાગીઓ નહિ, કેમકે આ સર્વે ભગવાન પુરુષોત્તમનો થાળ કરે છે અને પૂજા કરે છે, જેથી એમનાં મોટાં ભાગ્ય છે." એમ સંકલ્પ કર્યા કરે. એક દિવસે આંબલાથી ઉત્તર દિશા તરફ

આવેલા કૂવા પાસે ગામમાંથી લોટ માગી લાવીને કલાડામાં રોટલો કરીને લાખાલુણીની ભાજી લોટામાં કરીને મહારાજનું સ્મરણ કરતો હતો. એના સંકલ્પને જાણીને મહારાજ મધ્યાને સુતારની ઓરડીએ પોઢ્યા હતા તે એકદમ ઉઠીને બ્રહ્મચારીને કહ્યું કે, "આપણો લોટો લાવો મારે ન્હાવા જવું છે, ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે "અહીંજ ન્હાવ' અત્યારે કવખતે બહાર જવાની શી જરૂર ?" ત્યારે મહારાજે આગ્રહથી કહ્યું કે, "બહાર જ જવું છે.' એમ કહીને સત્વર ઉઠીને મોજડીઓ પહેરીને ચાલ્યા. એટલે બ્રહ્મચારી પણ લોટો લઈને પાછળ ચાલ્યા. તે જ્યાં એ બ્રાહ્મણ રોટલો કરીને ભાજી ઉતારીને ખાવા બેસે છે તે જ વખતે જઈને ઉભા રહીને કહ્યું કે, "ભૂમિદેવ ! અમને ભૂખ લાગી છે તો જમવાનું જે તૈયાર હોય તે આપો, એ વાતને સાંભળીને બ્રાહ્મણે બહુ હર્ષથી કહ્યું કે, "આ તો પંચકણીનો રોટલો અને લુણીની ભાજી છે તે તમોને મારાથી કેમ અપાય ? અને તમારાથી કેમ જમાય ? ત્યારે વળી મહારાજે કહ્યું કે, એ તો બહુ સારી છે.' એમ કહીને પોતે જમવા બેસતાં બ્રાહ્મણે બહુ હેતથી રોટલો અને ભાજી આપી અને કહ્યું કે, "હે મહારાજ ! આતો વિદુરજીની ભાજી તથા સુદામાના તાંદૂલ તથા શબરીનાં બોર એના જેવું સાવ લુખ્ખું નિરસ જમણ છે, પછી રોટલો અને ભાજીને જમીને ચળુ કરીને જળપાન કર્યું. તે સમયે બ્રાહ્મણે કહ્યું કે, મારો ઘણા દહાડાનો દૃઢ સંકલ્પ હતો તે સર્વજ્ઞ ભક્તમનોરથપૂરક આપે આજ પૂરો કર્યો.' એમ સવિનય કહીને મહારાજના ચરણારવિંદમાં પડીને રોમાંચિતશરીર, ગદગદકંઠ થઈને આંખ્યમાં પ્રેમનાં આંસુ લાવીને ચરણારવિંદને અભિષેક કરતો થકો ઉભો રહ્યો અને વિનયસર સ્તુતિ કરતાં બોલ્યો કે, "આપનું "જે ભક્તમનોરથપૂરક નામ છે તે આજ સત્ય કર્યું. એમ કહીને મહારાજને પગે લાગીને ત્યાં જ બેઠો. અને મહારાજ તો ત્યાંથી ચાલીને ઓરડીએ આવીને પોઢી ગયા. ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે, "નાવું હતું ને ? આ શું કર્યું ?" ત્યારે મહારાજે કહ્યું કે "એ જ ન્હાયા." એમ રમૂજ કરીને પોઢી ગયા. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૪)*

## સુરા ખાચર હોય ત્યાં સહેજે રમૂજ થાય

રંગ ક્રીડા પતી ગયા પછી મહારાજ સંતો પાર્ષદો હરિજનો સાથે આગળ અઢાર જોડ ત્રાંસાં વાગતે થકે પોતે ધનાતલાવે સ્નાન કરવા પધાર્યા. ત્યાં રંગભીનાં વસ્ત્રો ઉતારીને જોબનપગીને આપ્યાં અને શ્વેત વસ્ત્ર પહેરીને તલાવમાં ન્હાવા સારૂં પ્રવેશ કર્યો. સ્નાન કરતાં સુરા ખાચરને કહ્યું કે "તમો ક્ષત્રિયોને આ સાધુઓએ હરાવ્યા, માટે હવે ઢાંકણીમાં પાણી ભરીને બૂડી મરો." આવાં વિષમ વચનો સાંભળીને સુરા ખાચર બોલ્યા કે "હે મહારાજ અમને એ બાવાઓ કાણું હરાવે ? જો હું અને આ બ્રહ્માનંદ તલાવમાં એક સાથે ડુબકી

મારીએ અને જે પહેલો નીકળે તે હાર્યો કહેવાય." એવો સંકેત કરીને, સુરા ખાચરે ડુબકી મારી અને પછી બ્રહ્માનંદે ડુબકી મારી. સુરા ખાચર તો થોડીવાર પાણીમાં રહીને બહાર નીકળ્યા. અને બ્રહ્માનંદ સ્વામી નીકળવાના થયા તેટલાકમાં સુરા ખાચર ફરીથી ડુબકી મારી ગયા. બ્રહ્માનંદજી બહાર નીકળીને જોવા ગયા ત્યારે સુરા ખાચર બહાર નીકળેલા નહિ. ત્યાર પછી નીકળ્યા અને મહારાજને કહ્યું કે "બ્રહ્માનંદ સ્વામી હાર્યા. એમ બે ત્રણવાર બોલ્યા. એ વાતને સાંભળીને બ્રહ્માનંદજીએ કહ્યું કે "ભગવાન થઈને તમો પણ કપટ કરો છો ?" ત્યારે મહારાજે કહ્યું કે, અમારું કપટ નથી પણ સુરા ખાચરનું છે... આ રીતે બહુ રમૂજ કરતા થકા ધના તળાવમાં બહુવાર સ્નાન કર્યું. પછી બહાર નીકળીને શ્વેત વસ્ત્રો ધાર્યા. એ સમયે તળાવડીનું પાણી મહારાજ સંતો પાર્ષદો હરિભક્તો સહસ્નાન કરવાથી રંગરંગ થઈ ગયું. ત્યાંથી ચાલ્યા તે કોઠીના વૃક્ષ નીચે ક્ષણ ઉભા રહ્યા. તે સમયે જ કોઠી ઉપરથી મોટું કોઠું પડ્યું. તેને જોઈને મહારાજ બોલ્યા કે "આ વૃક્ષ નીચે કોઈ હોય તો તેનું માથું ફૂટી જાય એવા છે." એમ બોલતા થકા ત્યાંથી ચાલવાના વિચાર પર આવ્યા. સંતો પાર્ષદો હરિજનો સ્નાન કરીને વસ્ત્રો પહેરીને તૈયાર થયેલા જોઈને મહારાજ જેવા ઘોડી ઉપર બેસવા જાય છે તે સમયે એક ઠાકોરપગીએ આવીને મહારાજને કહ્યું કે "તમે ભગવાન કહેવાતા હોવાથી સર્વેના અંતરની વાત જાણી શકો, તો તમે કહો કે "મારા ખેતરમાં શું છે ?" ત્યારે સર્વજ્ઞ મહારાજે કહ્યું કે "તમે ત્રણ ખડબુચા જમીનમાં દાટ્યાં છે. તેમાં એક તમારા મામાને આપવા દાઢ્યું હતું તે સડી ગયું છે અને અમારા માટે દાઢ્યું હતું તે સારું છે તેને લઈ આવો.' ત્યારે તે ઠાકોર મહારાજનું વચન સાંભળીને ખેતરમાં જઈને જોતાં મહારાજના કહેવા પ્રમાણે જ દીઠું. પછી મહારાજ માટેનું ખડબુચ લઈને પાસે આવીને ભેટ મૂક્યું. અને કહ્યું કે, હવે તમે ભગવાન સાચા." આ રીતે તેને ભગવાનપણાનો નિશ્ચય કરાવતાં, તે પગે લાગીને ચાલ્યા ગયા. અને મહારાજ ઘોડી ઉપર સ્વાર થઈને વાજતેગાજતે પાછા આંબલે આવીને સભા ભરીને બેઠા. તે સમયે બ્રહ્મચારીએ થાળ તૈયાર કર્યો છે એવા સમાચાર સાંભળીને જમવા માટે ઓરડીએ પધાર્યા અને ઉગમણે મુખે બાજોઠ ઉપર જમવા બેઠા. એટલે બ્રહ્મચારીએ થાળ લાવીને મુખ આગળ મુક્યો. થાળમાંથી પરસુલીની સુંદર સેવો, રોટલી, કંસાર, શાક, પાપડ, પાપડી, અથાણાં, રાઈતાં, ભજિયાં, ચટણીઓ, અને કમોદનો ભાત દાળ વગેરેમાંથી યથેચ્છ જમીને તૃપ્ત થઈને ચળુ કરીને મુખવાસ લઈને ફરીથી આંબલે આવીને સભા ભરીને સર્વ સંતો હરિભક્તોને દર્શન દેતા થકા વિરાજમાન થયા.

*(સદ્. અદ્ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૭)*

## પ્રેમ સખીએ નાભીમાં બચી ભરીને હસાવ્યા

આવાં મુક્તમુનિનાં વચન સુણીને તેમને મહારાજે ફરી કહ્યું કે ‘‘સંતોની એ ઉંઘ કેમ કરીએ તો ટળે.’’ તેને સાંભળીને, બ્રહ્માનંદમુનિના મનમાં એવો સંકલ્પ થયેલો કે ‘‘મહારાજે સંતોને રંગ રમાડીને તથા બહુ જમાડીને ઘણું સુખ આપ્યું પણ મળ્યા નથી. આ સંકલ્પ પ્રમાણે બ્રહ્માનંદમુનિએ મહારાજને કહ્યું કે જેટલા સંતો જાગે છે તેટલાને તમો મળો તો સવારે આ બીજા સંતો પણ ઉઠે. અને ‘‘જાગતા સંતોને મહારાજ મળ્યા’’ એમ જાણતાં પશ્ચાત્તાપ પામતાં ફરી ઉંઘે નહિ. એ ઉંઘ ટાળવાનો સારો ઉપાય છે ત્યારે મહારાજે હા કહીને, ઉભા થઈને મુકતાનંદ, બ્રહ્માનંદ, નિત્યાનંદ, ગોપાળાનંદ, અદ્‌ભુતાનંદ, ગુણાતીતાનંદ, જગનિવાસાનંદ આ સ્વામીઓને મળ્યા. પ્રેમાનંદસ્વામી મળવા આવ્યા પણ પોતે નીચે ખાંભે હતા અને મહારાજ પાટ ઉપર ઉભા હોવાથી મહારાજની નાભિ અને સ્વામીનું મુખ બરોબર આવી રહ્યું. એવો સંયોગ આવવાથી સ્વામીએ બહુ પ્રેમથી મહારાજની નાભિમાં બકી કરી. તેને જોઈ જાણીને મહારાજ ખડખડાટ હસ્યા અને બોલ્યા કે ‘‘ઓઈ પ્રેમ સખી બરોબર ભાવ ભજવી ગઈ.‘ એમ કહીને બ્રહ્માનંદસ્વામીને કહ્યું કે ‘‘આ પ્રેમ સખી તો આજ ભારે ભાવ એવી ભજવી ગઈ કે અમારી નાભિમાં બચી કરી ગઈ.‘ આ વાતને સાંભળીને સ્વામી બોલ્યા કે ગાંડી છે કે લાગ આવે ત્યારે મેલે ? ભાવ ભજવે જ.’’ એવાં વચનો સાંભળીને મહારાજ તથા સંતો ઘણું હસ્યા. તે સમયે જીજ્ઞાસાનંદ મહારાજને મળીને એકદમ ત્યાંથી ઉઠીને જ્યાં સંતો સુઈ ગયા હતા તેમને કહ્યું કે ‘‘તમારો બાપ મળતા છે એમ બેત્રાણ વાર કહીને સર્વ સંતોને જગાડ્યા. તે સંતો આંખો ચોળતા થકા મહારાજને મળવા માટે ઉતાવળા આવ્યા. તેને જોઈને મહારાજે બ્રહ્મમુનિને કહ્યું કે ‘‘આપણે તો થોડાક હતા અને આ સંતો ક્યાંથી આવ્યા ?‘ એમ કહીને પોતે જ બોલ્યા કે ‘‘જરૂર પેલા જીજ્ઞાસાનંદનું આ કામ હશે ?’’ એમ કહીને તેમને બોલાવા માંડ્યા પણ તેમણે સાંભળ્યું જ નહિ. એ રીતે બીજા સંતોને મળતાં મળતાં સવાર થઈ ગયું. પછી બ્રહ્મમુનિ બોલ્યા કે આતો સવાર થઈ ગયા. આ વાતને સાંભળીને અદ્‌ભૂતાનંદ સ્વામીએ કહ્યું કે, ‘‘આપણે તો ઉંઘ ઉડાડવી હતી તે ઉડી ગઈ આ રીતે સંતો સાથે રમૂજ કરતા થકા તેમને સારી રીતે બહુવિધ સુખ આપીને, મહારાજ સ્નાન કરવા સુતારની ઓરડીએ ગયા અને સંતો પણ સ્નાન કરવા ગયા. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૨)*

## મહારાજ અને સુરા ખાચર વચ્ચે વાત વાતમાં રમૂજ હોય

ત્યાંથી ચાલેલા મહારાજ ગામ નાર થઈને ઊંટવાળે ગયા, ત્યાંના જોઈતા પગી મહારાજને આવતા જાણીને સન્મુખ ગયા. અને મહારાજનાં દર્શન કરીને ઘણી વિનંતી કરીને પોતાને ઘેર

તેડી જઈને, રસોઈ કરાવીને મહારાજને સારી રીતે જમાડ્યા અને પછી સાથેના સંત પાર્ષદોને જમાડ્યા. પછી મહારાજને ઢોલિયા ઉપર બેસારીને આરતી ઉતારી અને પગે લાગીને પ્રાર્થના કરી કે તમારી કંઈક પ્રસાદી દેવા મહેરબાની કરો. એટલે મહારાજે પોતાની પહેરવાની મોજડીઓ હતી તે જોયતા પગીને આપી. ત્યાં રાત્રિ રહીને બીજે દિવસે સવારમાં ઊઠીને સ્નાનાદિ નિત્ય વિધિ કરીને, ઘોડેસ્વાર થઈને બુધેજ પધાર્યા. તે ગામના દરબાર હઠીભાઈ તથા તેમના પુત્ર ખોડાભાઈ તથા તેજાભાઈ તથા ગામના બીજા મનુષ્યો મળીને વાજિંત્રો સાથે મહારાજની સન્મુખ આવ્યા અને મહારાજને પગે લાગીને સવિનય વાજતે ગાજતે પોતાના દરબારમાં પધરાવ્યા અને મોતિયા જલેબીની રસોઈ કરાવીને મહારાજ તથા સંતો પાર્ષદોને જમાડ્યા. પછી એજ દિવસે એમના દરબારમાં લીમડા નીચે સભા કરીને વિરાજમાન થયા. અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિના વિષયવાળી ઘણી વાતો રાતના નવ વાગ્યા સુધી કરી. પછી પોતે દરબારમાં જઈને પોઢી ગયા અને સંત પાર્ષદો પણ સૂઈ ગયા. બીજે દિને સવારે ઊઠીને સ્નાનપૂજા આદિ નિત્ય વિધિને કરીને વળી સભામાં વિરાજમાન થયા. વરતાલ આવેલા દરબાર હઠીભાઈ સ્વામિનારાયણ સ્વયં ભગવાન છે'' એવો નિશ્ચય કરીને વ્રતમાનધારી સત્સંગી પાકા થઈને ઘેર આવીને ઘરનાં મનુષ્યને કહ્યું કે, ''સ્વામિનારાયણ નાં તમે સત્સંગી થાવ, સ્વામિનારાયણ ભગવાને મને પરચો આપવાથી હું સત્સંગી થયો' આ વાતને સાંભળીને ઘરનાં મનુષ્યે કહ્યું કે, ''મને પરચો આપે તો હું પણ સત્સંગી થાઉં ત્યારે હઠીભાઈએ કહ્યું કે, ''તમે સંકલ્પ કરશો તે સ્વામિનારાયણ પૂરણ કરશે.'' આ વાતને સાંભળીને બાઈએ સંકલ્પ કર્યો કે, ''મારી ભેંસને અઢીશેર ઘી થાય છે, તે જો સ્વામિનારાયણ ભગવાન હોય તો ત્રણ શેર ઘી થાય.'' એવો સંકલ્પ કરીને બાઈએ બીજે દિને વલોણું કરતાં ત્રણ શેર ઘી બરોબર થયું. તેમાંથી અર્ધો શેર જુદુ રાખી મેલ્યું. ''આ વાતને પ્રસિદ્ધ કરવા મહારાજે સભામાં બેઠેલા ખોડાભાઈને કહ્યું કે ''અમે નાના હતા ત્યારે અર્ધો શેર ઘી પીતા, તો અર્ધ શેર સારું ચોખ્ખું ઘી હોય તો લાવો.' આ વાતને સાંભળીને ખોડાભાઈ પોતાના ઘેરથી ઘી લાવ્યા. તેને જોઈને જ મહારાજે કહ્યું કે, ''આ ઘી તો સારૂ નથી.'' ત્યારે બીજાના ઘેરથી લાવ્યા. તેને જોઈને કહ્યું કે, ''આ પણ સારૂં નથી.' આ રીતે ત્રણચાર ઘરથી ઘી લાવ્યા તો પણ એમનું એમ જ કહ્યું. પછીથી પણ ના જ કહી. આ વાત પ્રસિદ્ધ થતાં હઠીભાઈના ઘરનાં બાઈ બોલ્યાં કે, ''હે મહારાજ ! તમારી થાપણ મેં ઓળવી નથી, શા માટે છોકરાને આંટા ખવરાવો છો. તમારૂ અર્ધો શેર ઘી જુદુ રાખી મૂક્યું છે તે માગી લ્યો ?' આવું બાઈનું વચન સાંભળીને, ''એ બાઈ શું કહે છે,'' એમ પૂછતાં હઠીભાઈએ બાઈના સંકલ્પની બધી બાબત સભામાં કહી. પછી મહારાજ સંતો પ્રત્યે બોલ્યા કે, ''અમો

તો અર્ધા શેર ઘીના છીએ.'' જો વધારે ન થયું હોત તો અમો ભગવાન નહિ'' એવી રમૂજ કરીને સભાને હસાવી, પોતાના ભગવાનપણાના મહિમા પ્રતાપની ઘણી વાતો કરી. તેને સાંભળીને એ બાઈ અને બીજી બહુ બાઈઓ સત્સંગી થયાં, આ વાતને સાંભળીને ઉત્સાહમાં આવેલા હઠીભાઈએ ઢોલકાવાળાને બોલાવીને ઢોલ વગાડીને સર્વેને ભેગા કરીને કહ્યું કે ''સ્વામિનારાયણના સત્સંગી થાવ તો ગામમાં રહો, નહી તો બીજે ગામ જતા રહો.'' આવું દરબારનું વચન સાંભળીને સર્વેએ ઉત્સાહથી હા કહી. ત્યારે દરબારે મહારાજને કહ્યું કે ''તમો આ અમારી પ્રજાને વ્રતમાન ધરાવીને સત્સંગી કરો.'' આવું વચન સાંભળીને મહારાજે સર્વેને વ્રતમાન ધરાવ્યાં. આ અવશ્ય કામ પત્યા પછી દરબારે પૂરી દૂધપાક ખાંડના લાડુ, ભજિયાં, વડાં, શાક, રાઈતું, ચટણી, પાપડ, પાપડી, દાળભાત, વગેરેનો થાળ બનાવરાવ્યો હતો તેને જમવા પધાર્યા. ઉત્તર દ્વારની ઓસરીએ ઉગમણે મુખે બાજોઠ ઉપર બેસીને જમ્યા. પછીથી દરબારમાં જ બિરાજ્યા. આ રીતે મહારાજે પોતાનો અદ્‌ભૂત પ્રતાપ ઐશ્વર્ય ચમત્કાર બતાવીને ગામ લોકોને સત્સંગી કર્યા અને હઠીભાઈના ઘરના માણસોને પરચો આપીને દઢ સત્સંગી કર્યા. પછી દરબારમાં વિરાજમાન મહારાજે હઠીભાઈને, વનવિચરણ વખતે પોતે એકાકી બુધેજ આવેલા અને જે અપમાનજનક વિષમ વાત બનેલી તે બધી કહી સંભળાવી. (આ વાત ૧૨મી વાતમાં સવિસ્તર છે.) તેને સાંભળીને સર્વ હરિભક્તો ઘણો અફસોસ કરવા લાગ્યા. તેને સાંભળીને મહારાજે કહ્યું ''એ પુણ્યથી જ અમે તમારે ઘેર આવ્યા અને બધાં સારાં વાનાં થયાં. માટે હવે કોઈ શોક કરશો નહિ.'' એમ રાજી કરીને પોતે ત્યાંથી ઉઠીને સંત પાર્ષદોની પંક્તિ જમવા બેઠી હતી ત્યાં પધારીને ઢોલિયા ઉપર બેઠા. પછી સુરા ખાચર સોમલા ખાચર વગેરેને કહ્યું કે ''સારી પેઠે જમજ્યો. આજ આપણે ચાલવું નથી' એમ કહીને પોતે ખૂબ જમાડ્યા. જમી રહેતાં જ મહારાજે કહ્યું કે ''સર્વે તૈયાર થાવ, આપણે હવે ચાલવું છે.'' આ વાત સાંભળીને સર્વે સંત પાર્ષદો તૈયાર થયા. ત્યારે સુરા ખાચર મહારાજ પ્રત્યે બોલ્યા કે ''વગર વાંકે શા માટે મારી નાંખો છો, ''આજ ચાલવું નથી'' એમ કહીને ખૂબ જમાડ્યા અને તત્કાળ ચાલવાની તૈયારી કરી. પછી સર્વ સંતો પાર્ષદો સાથે પોતે સ્વાર થઈને ગામમાંથી નીકળ્યા તે વખતે ગામના બધાજ હરિભક્તો વળાવવા પાછળ આવ્યા. તેમને પરાણે પાછા વાળીને આગળ આવતાં માર્ગમાં સુરા ખાચર બોલ્યા કે ''પેટ ફાટી જાય છે અને ડચુક ડચુક થાય છે. આ વાતને સાંભળીને મહારાજ બોલ્યા, ''અન્ન પારકું હતું પણ પેટ કાંઈ પારકું નહતું, શા માટે વધારે ખાવું ?'' ત્યારે વળી સુરા ખાચર બોલ્યા કે ચાલવું નથી એમ કહીને પછી તમો જૂઠું બોલ્યા. આ રીતની રસ્તામાં રમૂજ કરતા થકા બેચાર ગાઉ ગયા ત્યારે સુરા ખાચરે મહારાજને કહ્યું

કે, ‘‘ભણે ભૂખ બહુ લાગી છે, એને લીધે પેટમાં ઉબાળા વળે છે‘ ત્યારે મહારાજે કહ્યું કે, ‘‘જુઓ કાઠી કેવા છે ? હમણાં પેટ ફાટી જાય છે એમ કહેતા હતા અને થોડી જ વારમાં ભૂખ લાગ્યાનું કહે છે’’ એમ રમૂજ કરીને બોલ્યા કે, હવે ધોલેરા સિવાય કોઈ ગામમાં રાત રહેવું નથી માટે તમારે સર્વેને જે જમવું હોય તેનો સંકલ્પ અત્યારથી કરી રાખો. *(સદ્. અદ્ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૮૫)*

## બ્રહ્મમુનિ કીર્તન ગાય તેમાંય રમૂજ હોય

જમીને ઉતારે ગયેલા બ્રહ્માનંદ સ્વામીએ એ અપૂર્વ લીલા ઉપર દાણ લીલાનાં ચોવીસ પદો કર્યા. તેમાં એ લડાઈની વાત બ્રહ્માનંદ જાણે રે‘ એમ એ વાતનો મર્મ લાવ્યા છે. ત્રીજે પહોરે દરબારમાં ભરાયેલી સભામાં બ્રહ્માનંદ મુનિએ એ પદો ગાયાં. તેને સાંભળીને મહારાજે એ સ્વામીને વઢીને કહ્યું કે, અમે એ ક્યારે કર્યું છે ?‘ ત્યારે તેમણે કહ્યું કે, ‘‘મેં તો જેવું દેખ્યું એવું ગાયું છે‘ એમ સાંભળીને મહારાજે મોટીબાને કહ્યું કે ‘‘આ સ્વામીને થાળ આપો. આપણને ફજેત કરતા મટે તેને સાંભળીને વળી સ્વામી બોલ્યા કે, ‘‘મા બાપની ફજેતીમાં થાળ મળતો દેખાય છે.’’ એવી રમૂજ એ દિવસે કરી. *(સદ્. અદ્ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૯૦)*

## રિસાયેલા મહારાજને બ્રહ્મમુનિએ અને સુરા ખાચરે હસાવ્યા

વળી એક દિવસે મહારાજ બહુ જ ઉદાસ થઈને સભામાં બેઠા. તે કોઈને બોલાવે નહિ અને કોઈની સામે પણ જુવે નહિ. તેથી સંતો તથા કાઠીઓ ઉદાસ થઈને બહુ વાર બેસી રહ્યા. આ સમયે બ્રહ્માનંદસ્વામી તથા સુરો ખાચર મહારાજને હસાવવા માટે ઘણાં ટીખળ અને રમૂજ કર્યા કરે. પણ મહારાજ જરા પણ હસે નહી. આ રીતે બહુ વાર ઉદાસીનપણે બેસી રહ્યા જોઈને સ્વામી ત્યાંથી ઉઠીને ઉતારે જઈને વેરાગણનો વેષ લઈને સભા ભણી લાજ કાઢીને મહારાજ સામાં નેત્રો રાખીને, માથે વસ્ત્ર ઓઢીને, બેઠેલી બાઈઓ તરફ ગયા. તેને જોઈને જ મોટીબા, રાજબાઈ આદિક બધી બાઈઓ એકદમ ઊભી થઈ ગઈ અને કોણ છે ? કોણ છે ? એમ બૂમો પાડવા મંડ્યાં. તેથી સ્વામી પાછા વળીને સાધુઓની સભા ભણી આવ્યા. તેને જોઈને તેઓ પણ ઊભા થઈને ‘‘આ કોણ છે ? આ કોણ છે ? ઉપવાસ પાડશે, એને કાઢી મેલો કાઢી મેલો‘ એવો શોર બકોર બહુ સાંભળીને, પાછા વળીને બાઈઓ તરફ અને વળી સાધુ તરફ જાય. એમ બે– ત્રણ વાર આવ જાવ કરતાં બહુ બુમરાટ થયો. તેને સાંભળીને મહારાજ જરાક હસ્યા અને સ્વામી સામું જોઈને બોલ્યા કે, ઠકરાણી એકલાં કેમ છો ? એવું માર્મિક વાક્ય સાંભળીને સ્વામી બોલ્યા કે, ‘‘ઠાકરડો રીસાઈને બેઠો હોવાથી એકલાં છીએ‘

આ મર્મ ભરેલ વચનો સાંભળીને, મહારાજ, સંતો, પાર્ષદો, બાઈઓ વગેરે ખડખડાટ હસી ઉઠ્યા. આ રીતે સંત મહારાજની ઉદાસીનતા મટાડી દીધી. વળી એ જ દિવસે સ્વામીએ મહારાજને કહ્યું કે, ''આ સુરા ખાચર એક કીર્તન નવીન શીખી લાવ્યા છે તે તમારી આજ્ઞા હોય તો બોલે ત્યારે મહારાજે હા કહેતાં સુરા ખાચર ''પીર તે વિહામણ રે, પીર તે વિહામણ રે, એની બુનને રાખું પોતે પરબ્રહ્મ છે રે' એમ બોલીને મોટો લાંબો રાગડો ચલાવ્યો. તેને સાંભળીને મહારાજ બોલ્યા કે, ''બીજું તો ઠીક પણ એની બુનને રાખું'' એ શું ? ત્યારે તેમણે કહ્યું કે, ''મુક્તાનંદસ્વામી બ્રહ્માનંદસ્વામી કાવ્યમાં અર્થ વિનાની દોઢ મેલે છે તેમ મેં દોઢ મેલી છે' એવી રમુજી વાત સાંભળીને મહારાજ બહુ જ રાજી થઈને ખડખડાટ હસી પડ્યા. *(સદ્. અદ્ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૯૧)*

## બ્રહ્મમુનિ અને મહારાજની સામસામી રમૂજ

વળી એક દિવસ મહારાજ અક્ષર ઓરડીમાં પોઢ્યા હતા. તે સમયે સર્વે સદગુરુઓ તથા હું (અદ્ભૂતાનંદ) પણ પાસે બેઠો હતો. તે સમયે મહારાજે કહ્યું કે, ''આ અમારો ઢોલીઓ ગાડુ મંગાવીને એની ઉપર મેલો અને આપણે સર્વે વગડે જઈને સૂઈએ તો નિરાંતે ઊંઘ સારી આવે.'' એવું વચન સાંભળીને બ્રહ્માનંદે કરીમ ભક્તને ગાડુ લાવવાનું કહેતાં તે ઊડ્યા. પછી સ્વામીએ મહારાજને કહ્યું કે, ''તમે મુખ ઉપર ચાદર ઓઢી જાવ. ગાડુ આવ્યું અને હવે અમે ઢોલિયો ઉપાડીને ગાડા ઉપર મૂકીએ'' એમ ખાલી કહીને એક તરફથી નિત્યાનંદે ને બીજા તરફથી બ્રહ્માનંદે ઢોલીઓ ઉપાડ્યો અને ગાડુ ચાલે તેમ થોડો ઉંચોનીચો થોડીવાર કરીને હેઠે મૂકીને કહ્યું કે, ''આ વગડો આવી ગયો હવે પોઢી જાવ અને ઊંઘી જાવ' એમ કહીને બન્ને સંતો હેઠે બેઠા. પછી મહારાજ તો બે કલાક પોઢીને પછી જાગીને જુએ તો અક્ષર ઓરડીમાં દેખતાં બોલ્યા કે, ''તમે અમને છેક છેતર્યા.'' આવું શ્રીજીનું વચન સાંભળીને બ્રહ્માનંદસ્વામી બોલ્યા કે, હે બાપા ! તમે પણ અમને બહુ વાર છેતર્યા છે. આ રીતે રમૂજ કરીને સંતોને પોતાનું એકાંતનું સુખ આપીને, પછીથી કહ્યું કે, હવે સર્વે ઉતારા ઉપર જાવ. એમ કહીને પોતે પોઢી ગયા અને સદ્ગુરુઓ ઉતારે ગયા. *(સદ્. અદ્ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૯૩)*

## મોટીબાએ મહારાજને સેવાથી રાજી કર્યા

વળી એક દિવસે જીવુબા તથા લાડુબા બંને બેનો ગાડી જોડાવીને કારિયાણી ગામે મીણબાઈને મળવા માટે ગયાં. તેમને મળીને વાતચીત કરીને પાછાં આવતાં, ઘેલા નદીને કાંઠે મોટા અખંડાનંદસ્વામીને પેટબેસણાનો રોગ થયો હોવાથી કાંઠે પડ્યા પડ્યા ''સ્વામિનારાયણ'' એમ ઉચ્ચ સ્વરે ભજન કરતા હતા. આ ઈષ્ટદેવના નામને સાંભળીને બન્ને બેનોએ ગાડીને ઉભી

રખાવીને, હાંકનારાને કહ્યું કે, "એ કોણ ભજન કરે છે તેની તું તપાસ કરી લાવ." એટલે તેણે પાસે જઈને તપાસ કરી આવીને કહ્યું કે, "એ તો કોઈ માંદા સાધુ છે." ત્યારે તેને બંને બેનોએ કહ્યું કે, "આ અમારી ગાડીમાં એ સાધુને સુવારીને દરબારમાં લાવો. પછી પોતે અડવાણે પગે ચાલ્યાં અને સ્વામીને ગાડીમાં સુવારીને દરબારમાં લાવીને ઢોલિયા ઉપર મશરૂના ગાદલા ઉપર સુવાર્યા અને ઉચિત સેવા કરવા લાગ્યાં. બગડેલાં લુગડાં પણ પોતે ધોઈ લાવે. આ રીતે દોઢ માસ સુધી અશક્ય અસંભવિત સેવા કરી. સેવાથી બહુ પ્રસન્ન થયેલા સ્વામીના મનમાં એમ થયા કરે કે, "આમને આપણે શું આપીએ ? (આપવાનું કશું જ મળે નહિ) એક દિવસે રાતના બાર વાગે સ્વામીએ મોટીબાને કોઈ દ્વારા કહેવડાવ્યું કે,બાજરીનો રોટલો અને તાંદળજાની ભાજી હોય તો જમીએ (માંદાને ખાવાના સંકલ્પો બહુ થાય) ભૂખ બહુ જ લાગી છે. આ માંદા સાધુની વાત સાંભળીને મોટીબાએ પોતાના ચાકરને બોલાવીને કહ્યું કે, "તું લક્ષ્મીવાડીએ જઈને વાડીવાળાને કહે જે કે, "મહારાજ માટે ભાજી જોઈએ છે." મોકલેલો ચાકર તાજી ભાજી લઈને આવ્યો. તેને સુધારીને વઘારીને તૈયાર કરીને બાજરાનો રોટલો ઊનો ઊનો કરીને તેને ઘીથી ચોપડીને, તે બન્ને સ્વામીને આપ્યાં. તેને જમીને સ્વામી બહુ જ રાજી થઈને સૂઈ ગયા. સવાર થતાં મહારાજ અક્ષર ઓરડીમાંથી ઊઠીને ગંગાજળીયા કૂવા ઉપર દાતણ કરવા બેઠા. તે સમે મોટીબાએ કહ્યું કે, "આજ તો તમારા વાંકમાં આવી છું' તે સાંભળીને મહારાજે કહ્યું કે, "કયા વાંકમાં આવ્યાં છો ?' ત્યારે બાએ કહ્યું કે, તમારું ખોટું નામ દઈને રાતના બાર વાગે વાડીમાંથી તાંદળજાની તાજી ભાજી મંગાવીને બાજરાનો રોટલો બનાવીને બહુ ભૂખ્યા સ્વામીને મેં જમાડ્યા છે. આ બહુ વહાલી વાતને સાંભળીને મહારાજ પરમ પ્રસન્ન થઈને બોલ્યા કે, "એ જ વાંક કે બીજો કોઈ ?" એ તો અમારે કરવાનું હતું ને તમોએ કર્યું. તમે દોઢ માસથી માંદા સ્વામીના બગડેલાં કપડાં પણ ધોવા સુધીની ચાકરી કરી. તેને હું જાણું છું. (મોટાની સેવાનો મહિમા જણાવ્યો) તેથી તમારી ઉપર ઘણો રાજી થયો છું. તો "જે માગો તે વર આપું" એવું વચન સાંભળીને નિષ્કામી મોટીબાએ આ ગઢડા ગામ તમારું ઘરબાર અને બીજો પરદેશ" એ મને વર આપો. ત્યારે મહારાજે બહુ વિચારીને કહ્યું કે- તમે વર તો બહુ કઠણ માગ્યો." એમ કહીને તથાસ્તુ' એવું વરદાન મોટીબાને આપ્યું. તેથી તેઓ બહુ રાજી થઈ ગયાં. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૯૬)*

## મહારાજે અને વણિક ભક્તોએ રમૂજ કરી

વળી એક સમયે મુક્તાનંદસ્વામીને સાધુની જગ્યામાં રાતે સ્વપ્નામાં કાળનાં દર્શન થયાં. સ્વામીએ જાગીને જોતાં, એ કાળ મહાવિકરાળ ભયંકર રુપ ધારીને ઉભેલો અને પેટ ઠોક્યા

કરે, અને હું બહુ ભૂખ્યો છું તો મને આહાર આપો' એવાં મૂર્તિમાન કાળનાં ભયાનક વચન સાંભળીને, સ્વામીએ મનમાં વિચાર કર્યો કે, "જો આ કાળને હું આજ્ઞા આપીશ તો હજારો મનુષ્યો દુઃખી થશે અને આ ભૂખ્યો છે તેને પણ ખાવાનું તો આપવું જ પડે !" એમ વિચારીને કાળને સંતોષ થાય એવો શુભ સંકલ્પ કર્યો કે "આપણે મહારાજશ્રીને થાળ કરીને જમાડીએ અને સંતોને ગળવાણાની રસોઈ આપીએ. અને બ્રહ્મચારીને જમાડીએ અને વધુમાં બ્રાહ્મણને સવા રૂપિયાની ગાય આપીએ, એમ કરવાથી કાળને કાંઈક શાંતિ થશે." એમ વિચારીને સ્વામી સૂઈ ગયા. સવારે ઉઠી સ્નાનવિધિ કરીને પૂજા કરતા હતા તે સમયે મુકુંદ બ્રહ્મચારી આવીને સ્વામીને પગે લાગીને પાસે બેઠા. તે સમયે સ્વામીએ ચંદન પુષ્પહારથી બ્રહ્મચારીની પૂજા કરીને ધોતિયું ઓઢાડીને, પછીથી સાકરનો પડીયો હાથમાં આપીને કહ્યું કે, "મહારાજને સારો થાળ કરીને જમાડીને પછી તમે જમજો." એમ કહીને મોકલ્યા. તે સમયે મહારાજ લીબડા હેઠે સભા ભરીને બેઠા હતા. પૂજાએલા બ્રહ્મચારીને આવતા જોઈને મહારાજ બોલ્યા કે, અત્યારમાં કયાં પૂજાઈ આવ્યા ? ત્યારે તેમણે હસતે મુખે કહ્યું કે, મુક્તાનંદ સ્વામીએ મારી પૂજા કરીને કહ્યું છે કે, "મહારાજ માટે થાળ કરીને ભેળા જમજો." આ વાતને સાંભળીને મહારાજ બોલ્યા કે, "અમારી ભેગુ જમવાનું કહ્યું છે ?" આવું મહારાજનું રમુજી વચન સાંભળીને બ્રહ્મચારીએ કહ્યું કે, "તમે ગમે તેમ આડું અવળું બોલશો, પણ મને તો જે સ્વામીએ કહ્યું છે તે તમને કહી સંભળાવ્યું. આ વાતને બેત્રણ વાર ઉલટાવી. એમ રમૂજ કરે છે તેટલાકમાં મુક્તાનંદ સ્વામી સભામાં આવીને મહારાજનાં દર્શન કરીને પાસે બેઠા. ત્યારે મહારાજે સ્વામીને પૂછ્યું કે, "આજે બ્રહ્મચારીની કેમ અપૂર્વ પૂજા કરી." આ વાતને સાંભળીને સ્વામીએ રાત્રિએ બનેલી બધી હકીકત કહી સંભળાવી. આ હિત વાતને સાંભળીને મહારાજે મોટીબાને કહ્યું કે, "સ્વામી તો અમારા ગુરુ હોવાથી તમારા પણ ગુરુ કહેવાય, માટે એમની રસોઈ હલકી ગળવાણાની ન હોય. એમની તો મોતીયા જલેબીની ભારે રસોઈ ઘટે. માટે જો ચણાની દાળ તૈયાર હોય તો દળાવો અને લખુ કંદોઈને બોલાવો' આ વાત સાંભળીને મોટીબા બોલ્યાં કે, "દાળ તો તૈયાર છે અને બીજી સામગ્રી પણ તૈયાર છે." એમ કહીને તત્કાળ દાળ દળાવા માંડી અને લખુ કંદોઈને બોલાવાથી એ પણ આવ્યા અને કહ્યું કે, "શી આજ્ઞા છે ?" ત્યારે મહારાજે સ્પષ્ટ કહ્યું કે, "કાલે સવારે જ મોતીયા જલેબીની રસોઈ તૈયાર જોઈએ." ત્યારે તેણે કહ્યું કે,દશ વીશ માણસો મારી સહાયમાં આપો તો સવારે રસોઈ તૈયાર કરી આપું." એવું કંદોઈનું વચન સાંભળીને મહારાજે સર્વ ભણનારા સંતને આજ્ઞા કરી કે, "લખુ કંદોઈ કહે તેમ કરજ્યો." પછી સ્વામીને કહ્યું કે, તમારા સંકલ્પ પ્રમાણે આવતી કાલે વિચાર્યા મુજબ રસોઈ તૈયાર થઈ

જશે. તે અવસરે સભામાં બેઠેલા ગૃહસ્થ હરિભક્તો સારો અવસર જાણીને ઊઠ્યા ને બજારેથી યથાશ્રદ્ધા કોઈ દશ શેર તો કોઈ અર્ધ મણ તો કોઈ મણ સાકર લાવીને મહારાજના મુખ આગળ લાવીને મેલી અને મહારાજનાં ચરણારવિંદ છાતીમાં લઈને પગે લાગીને સભામાં બેઠા. તે વખતે બોરુ ગામના બે ભાઈ વણિક હતા, તે ગોળની ભીલી લઈ આવ્યા અને મહારાજના મુખ આગળ મેલી અને ચરણારવિંદ લેવા સારૂ આવ્યા. ત્યારે મહારાજે કહ્યું કે, "જે ગોળ લાવે તે બ્રહ્માનંદ સ્વામીને પગે લાગે." ત્યારે તે વાણિયા બોલ્યા કે, "હે મહારાજ ! ગોળ કડવો છે ? એમ એકલી સાકર જ ગળી છે ? એમ કહીને ફરીથી એક મણ સાકર લઈ આવ્યા અને મહારાજના મુખ આગળ મૂકી અને પછીથી ચરણારવિંદ લેવા આવ્યા. ત્યારે વળી મહારાજે ચરણારવિંદ તાણી લીધાં. તેને જોઈને તે વાણિયા બોલ્યા કે, "હે બાપાજી ! ગોળ સાકર બને લીધાં તો પણ હવે ચરણારવિંદ કેમ તાણી લ્યો છો ? બહુ દાખડો કરીએ ત્યારે પૈસો મળે છે અને અહીં તો લક્ષ્મીજી પગમાં ઠોકરો ખાય છે." આવાં વણિકનાં વિનય વચનો સાંભળીને મહારાજે રમૂજ કરતા થકા ચરણારવિંદ આપ્યાં. પછી ત્યાંથી ઊઠીને દરબારમાં જઈને થાળ જમીને પોઢી ગયા અને સંતો પણ જમીને ઉતારે ગયા. *(સદ્. અદ્ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૯૭)*

## મહારાજની વાણીમાં પ્રસંગે પ્રસંગે રમૂજ હોય છે ?

ઉપર પ્રમાણે મહારાજે મોટો સમૈયો વરતાલે કર્યો. તેના ઉપર ગામ બોચાસણના પટેલ કાશીદાસ આવ્યા હતા. તેમણે ઉત્સવને અંતે વિનય સહ પ્રાર્થના કરી કે, "મારે ગામ પધારો" એથી વરતાલમાં સમૈયો કરીને ચાલ્યા તે બોચાસણમાં કાશીદાસને ઘેર ગયા. તે વખતે તે ઘેર નહિ હોવાથી એમનાં માને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે, "સીમમાં ગયા છે તે હમણાં આવશે." તમો ધર્મશાળામાં ઉતારો કરો." ઢોલીઓ લાવ્યા તે ઉપર બેઠા. એટલે ત્યાં જ બધી સભા ભરાઈ. તેમાં મહારાજે સુરા ખાચરને ઉદ્દેશીને કહ્યું કે, પાટીદાર કુળમાં કાશીદાસ મોટા હરિભક્ત છે." એટલાકમાં તે સીમમાંથી આવ્યા. ગળી વલોવાથી કપડા અને શરીર કાળું હતું. તેને જોતાં સુરા ખાચર બોલ્યા કે, આવા જ તમારા મોટા ભક્ત ? ત્યારે મહારાજે હા કહી. પછી સુરા ખાચર બોલ્યા કે, એમનાં કપડા અને શરીર કાળાં કેમ છે ? ત્યારે મહારાજે કહ્યું કે, એ તો ગળી વલોવે છે. ત્યારે સુરાએ કહ્યું કે - તમારા બે મોટા ભક્ત છે. તેમાં એક ધર્મરાજાને ત્યાં જમપુરીના કુંડ છે અને બીજા કાશીદાસ મોટાને ત્યાં ગળીના કુંડ છે. એવું વિષમ સાંભળતાં જ મહારાજ જરા આકરા થઈને બોલ્યા કે, એમ ખોટું કેમ બોલો છો. ત્યારે વળી ખાચરે કહ્યું કે, હું ખોટું કહેતો નથી. સાચે સાચું કહું છું." એવું સાંભળીને મહારાજે કાશીદાસને કહ્યું કે,

"હમણાં જ ગળીના કુંડને ખોદી નાખો" એટલે મોટાએ તત્કાળ સીમમાં જઈને કુંડને ખોદી નાંખ્યા પણ લેશ સંશય કર્યો નહિ. (અનન્ય ભક્તની દઢતાની વાત–વચ–મધ્ય–૫૯ માં શ્રીમુખે કરી છે) કુંડ ખોદી નંખાવ્યા પછી મહારાજે મોટાને કહ્યું કે, "તમે હવે ખેતરમાં શેલડી વાવો ત્યારે મોટાએ કહ્યું કે, "આ જમીનમાં તો મઠ પણ પૂરા પાકતા નથી તો શેરડી કેમ થાશે." ત્યારે વળી મહારાજે કહ્યું કે, "ઘણું ખાતર નાંખો, ઘણી ખેડ કરો એટલે શેરડી સારી થશે" આવું મહારાજનું વચન માનીને તેમના કહ્યા પ્રમાણે કરીને શેરડી વવરાવી. મહારાજને ચારેક દિવસ રાખીને રસોઈ કરાવીને મહારાજ સંતો પાર્ષદોને ખૂબ જમાડીને પૂજા કરી. પછી માફામાં બેસારીને પોતાના જેટલા સગા હતા તેમને ઘેરઘેર ફેરવ્યા. મહારાજના વચન વિશ્વાસથી શેરડી કરી તે એક એક સાંઠો (રાડુ) તોલતાં સોળ શેરનો થયો એવી મોટી થઈ. તેને જ્યારે કોલુંમાં ગોળ માટે પીસવા માંડી તે સમયે આગ્રહભર્યા આમંત્રણથી મહારાજ, સુરા ખાચર વગેરે કાઠીઓ તથા સંતો સાથે બોચાસણ પધાર્યા અને કાશીદાસનાં માને પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું કે, એતો "શેરડીને કોલે ગયા છે. એમને હું હાલ બોલાવું છું. એટલાકમાં મોટા આવ્યા અને કહ્યું કે, "કોલે પધારો." એમ કહીને કોલ લઈ ગયા. ત્યાં કૂવાની પાસે ઝાડની છાયાએ ઢોલિયા ઉપર બેસાર્યા. અને સારી પાકી મોટી શેલડી લાવીને મૂકી. અને મહારાજ સંતો સુરા ખાચર વગેરે પાર્ષદો જમવા મંડ્યા. તે વખતે મહારાજે સુરાને કહ્યું કે, શેરડી બહુ સારી થઈ છે. ત્યારે તે બોલ્યા કે, "મફત થઈ છે ?' એ વાતને સાંભળીને મહારાજ બોલ્યા કે, હવે કાઠી ફર્યો. એ રીતે રમૂજ કરતા જાય અને શેરડી જમતા જાય. તે સમયે આનંદાનંદસ્વામી આદિક સાઠ સાધુઓ માટે કાશીદાસે રસોઈ કરાવી અને મહારાજ તથા સંતો પાર્ષદો જમવા બેઠા. તે સમયે આકાશમાંથી હજારો વિમાનો ઉતર્યા. કોઈમાંથી દશ તો કોઈમાંથી પંદર તો કોઈમાંથી વીશ સંતો અચાનક નીકળ્યા. અને તેઓ પણ જમવા બેસી ગયા. તે વિમાનોથી અઢાર વીઘાનું ખેતર હતું તે ભરાઈ ગયું. હજારો સંતોને કાશીદાસના પિતા કાનદાસ તથા ગામના બધા લોકો પણ વિમાન અને સંતોને દેખે. પણ એકલા કાશીદાસ ન દેખે. તેને જોઈને કાનદાસે કાશીદાસને કહ્યું કે, તમે કેટલા માણસની રસોઈ કરાવી છે ? ત્યારે તેમણે કહ્યું કે હતા એટલા સાઠ માણસની રસોઈ કરાવી છે. ત્યાર પછી કાનદાસે કહ્યું કે આતો અનેક સાધુઓ છે તે શું જમશે ? આપણી લાજ જશે. માટે લોટ, ઘી વગેરે વધારે સામાન લાવો. ત્યારે કાશીદાસે કહ્યું કે, કાંઈ ફીકર રાખશો નહિ. બધાય સંતોને આટલી રસોઈ પહોંચી શકશે. ત્યારે કાનદાસે કહ્યું કે, ત્યારે તો ઠીક. પછી સર્વે સંતો જમ્યા અને પ્રસાદ તો વધ્યો. તેને તપેલામાં ભરીને ગામમાં લઈ જઈ આખા ગામમાં પ્રસાદ વહેચ્યો. તો પણ એટલોને એટલો જ રહ્યો. આવો અલૌકિક પરચો

જોઈને કાનદાસ તથા ગામના લોકો મહારાજને ભગવાન તરીકે માનતા ન હતા તે પણ બોલ્યા કે, "આતો પૂર્ણ પુરુષોત્તમ સર્વાવતારધર્તા ભગવાન છે" એમ એવો નિશ્ચય કરીને સ્વામિનારાયણનું ભજન કરતા થયા. આવો અલૌકિક પ્રતાપ મહારાજે બોચાસણ ગામમાં દેખાડ્યો અને લીલા કરી છે. જે જગ્યાએ હાલ બેઠક છે તે ખેતરનું તથા કૂવાનું નામ અદ્યાપિ "વિમાનીયો" એમ કહેવાય છે. આ રીતે બોચાસણમાં વધુ લીલા કરી છે, પછી કાશીદાસ પટેલે પોતાનાં બધાં સગાંવહાલાંને ઘેર પધરામણી કરાવીને તે સર્વેને દર્શન કરાવીને, મહારાજને બુધેજ ગામ વળાવ્યા. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૧૪)*

## માણકીની લગામ પકડીને જગરૂપ બારોટના ઘરના મહારાજને ઘેર લાવ્યા

બુધેજમાં પધારેલા મહારાજે મોટો વસંતપંચમીનો ઉત્સવ કર્યો. ત્યાં રંગ રમીને હરિજનોને બહુ આનંદ આપતા થકા, થોડા દિવસ રહીને ત્યાંથી ગામ ઉંટવાડે ગયા. ત્યાંના જોઈતા પગીને ઘેર રાત રહીને ત્યાંથી ચાલ્યા તે સંઘ સાથે સીજીવાડે ગયા. ગામ મધ્યે થઈને જતાં હરિભક્તોને ખબર પડી કે, "મહારાજ અહીં રહીને જાય છે. પછી સમગ્ર હરિભક્તો મહારાજનાં દર્શન કરવા દોડી આવ્યા. અને વિનંતિ કરી કે "છાસો પીઈને જાવ." પરંતુ મહારાજે માન્યું નહિ. ત્યારે હરિભક્તોએ જગરૂપ બારોટનાં ઘરનાં બાઈને કહ્યું કે, "મહારાજ આપણા ગામમાંથી ભૂખ્યા જાય છે. છાસો પીઈને જવાનું કહ્યું પણ માન્યું નહિ." એટલે તે બાઈ તત્ક્ષણ ઊઠીને ભાગોળે જઈને આગળ ફરી વળીને, મહારાજની ઘોડીનું ચોકડું પકડીને પાછા વાળ્યા. ત્યારે મહારાજ બોલ્યા કે, "કોણ છો ? અમને ઉપવાસ પાડશે" ત્યારે તે બાઈ બોલ્યાં કે, ચાલો ઉપવાસવાળા. ઘર મૂકીને ચાલ્યા, એમ નહિ જવાય, એમ કહીને ઘોડીનું ચોકડું પકડીને જાતે પોતાને ઘેર લઈ ગયાં. અને ખાંડના લાડુ બનાવરાવીને સર્વ સંત પાર્ષદોને મહારાજ પાસે પીરસાવીને જમાડીને, મહારાજ માટે પ્રથમ દૂધપાક, માલપુવા, ભજિયાં, શાક, દાળભાત વગેરેનો થાળ બનાવરાવીને, બહુ પ્રેમથી જમાડ્યા. જમી રહ્યા પછી પ્રસન્ન મહારાજે બાઈને કહ્યું કે, "જે કાંઈ ઈચ્છા હોય તે માંગો" ત્યારે બાઈએ એક બાળની ઈચ્છા જણાવી. ત્યારે મહારાજે દીકરો થવાનું વરદાન આપ્યું. તે બાળકનું પ્રભુદાસ' નામ પ્રખ્યાત છે. વધુમાં બાઈને પૂજવા માટે ચરણારવિંદ પાડીને આપ્યાં. પછી રાત્રિએ પોઢી ગયા. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૧૫)*

## માતરા ધાધલ તથા ખોડાભાઈએ રીંગણમાં રમૂજ કરી

બીજે દિવસે બાઈને ત્યાં જ જમીને ચાલ્યા તે ગામ ગળીઆણે સાબરમતી નદીને ઉતરીને સામે કાંઠે ગયા, ત્યારે ચાર ઘડી દિવસ રહ્યો. ત્યા મહારાજ એમ બોલ્યા કે, "જો રીંગણાં

મળે તો શાક કરીએ.'' આ વચનને સાંભળીને ગામ ઝીઝરના ગરાસીઆ ખોડાભાઈ તથા કાઠી માતરો ધાંધલ બન્ને પાછા નદી ઉતરીને આ કાંઠે આવીને એક વૃતાંકની વાડી હતી ત્યાં આવ્યા. આ બન્નેને જોતાં જ એકદમ વાડીનો ધણી ''મને પકડી જશે'' એમ માનીને વાડીથી બહાર નીકળીને નાઠો. ત્યારે ખોડાભાઈએ બૂમ મારી કે, અલ્યા ઉભો રહે, ઉભો રહે, તો પણ તે મારવાની બીકે ઉભો રહ્યો નહિ. ત્યારે આ બન્નેએ ઘોડાં બહુ વેગથી હાંક્યાં અને તેને પકડીને કહ્યું કે, ''તને અમારે પકડીને મારવો નથી. તું વાડીમાં પાછો ચાલ્ય અને અમને એક રીંગણ આપ ત્યારે તે બોલ્યો કે, ''તારો બાપ આવે તો પણ રીંગણ ન આપું.'' ત્યારે વળી ખોડાભાઈએ પોતાના ગજવામાંથી અર્ધા રૂપિયો હાથમાં લઈને કહ્યું કે, ''ભાઈ તું અર્ધો લે અને એક રીંગણ આપ્યું.'' આ વખતે એક રૂપિયામાં સાત મણ વૃતાંક વેચાતાં હોવાથી અર્ધા રૂપિયાના લોભથી વાડીમાં આવીને બે રીંગણ તોડી લાવ્યો. તેમાંથી એક રીંગણ માગણી મુજબ ખોડાભાઈના હાથમાં આપ્યું. ત્યારે તેમણે તેને અર્ધા રૂપિયો આપ્યો, જે એક સંતાડી રાખ્યું હતું તે માતરા ધાંધલે દીઠેલું હોવાથી તેને કહ્યું કે, ''ગધીના ! માગણના ! પેલું રીંગણ લાવ્ય. કાંઈ ભગવાનનો જરા ડરતો રાખ્ય.'' એવું જરા આકરૂં સાંભળ્યું, ત્યારે તેણે બીજું રીંગણ આપ્યું. તેને લઈને તે બન્ને ચાલ્યા છે તે ગામ વારણાની ભાગોળે, સંઘ સહિત ઉતરેલા મહારાજ પોતે ઘઉંના લોટની બાટીઓ બનાવીને છાણાના ધીમા તાપમાં શેકી ઘીમાં બોળતા હતા તે વખતે ખોડાભાઈએ બે રીંગણ મહારાજના મુખ આગળ મૂક્યાં. તેને લઈને મહારાજે મોટીબાને કહ્યું કે, ''શાક કરવું છે માટે તપેલી લાવો.'' એટલે તેમણે તપેલી લાવીને આપી. પછી મહારાજે હાથે રીંગણ સુધારીને વઘારીને શાક તૈયાર કરીને જમવા બેઠા. તેમાં શાકનાં વારે વારે વધુ વખાણ કર્યા કરે. તેને સાંભળીને મુક્તાનંદ, બ્રહ્માનંદ, અદ્‌ભૂતાનંદ તથા દાદા સુરા ખાચર એ સર્વે બહુ વિચારમાં પડી ગયા કે, ''મહારાજ બહુ વર્ષોથી શાક તો જમે છે પણ આજ તો બહુ વખાણે છે તેનું કંઈ પણ કારણ હોવું જોઈએ ?'' એમ પરસ્પર વાત કરે છે એટલામાં માતરો ધાધલ આવ્યા, તેમણે કહ્યું કે, ''શાક કંઈ અમથું સ્વાદુ થયું છે ? ખોડાભાઈએ એક રીંગણાનો અર્થો રૂપિયો આપ્યો છે ત્યારે સ્વાદુ થયું છે અને બીજું તો હું ડરકાવીને લાવ્યો છું તેથી સ્વાદુ થયું છે ? આ વાતને સાંભળીને દાદા ખાચર તથા બોટાદના ભગા શેઠ વગેરે શાહુકાર બહુ આશ્ચર્ય પામ્યા અને બોલ્યા કે, ''આ ખોડાભાઈએ સેવાનો સમય સારો સાચવી લીધો. આ રીતે રમૂજ કરતા થકા જમીને ત્યાં ભક્ત સંઘ સાથે પોઢી ગયા. *(સદ્‌. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૧૬)*

## મહારાજે ટીખળ કર્યું

ગઢપુરમાં વિરાજમાન મહારાજે એક દિવસ એવી વાત સાંભળી કે, મચ્છુ નદીને કાંઠે એક આંધળો ગરાસીયો છે તે સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે પણ મારા જો સો પ્રશ્નોના ઉત્તરો એક સાથે આપે તો તે ભગવાન સાચા. નહિ તો કોઈ વખતે ભેગા થઈ જાય તો પકડીને બંદીખાને નાંખવાં.'' આ વાવડ વાત સાંભળતાં મહારાજ એકલા બ્રહ્મચારીને સાથે લઈને ચાલી નીકળ્યા. રસ્તામાં બ્રહ્મચારીએ કહ્યું કે, ''મને ભૂખ બહુ લાગી છે.'' ત્યારે મહારાજે કહ્યું કે, ''અમે તમને ખાવાનું સારૂં આપીશું. તમે ધીમે ધીમે મારી પાછળ આવો'' એમ કહીને મહારાજ તો આગળ ઉતાવળા ચાલ્યા. ત્યાં એક ભરવાડનું ગામ આવ્યું ત્યારે પોતે વેરાગણનો વેશ લઈને બાઈઓ કૂવે પાણી કાઢતી હતી તેને કહ્યું કે, ''મારે જવું નથી પણ પેલો બ્રહ્મચારી મને પરાણે લઈ જાય છે, તે જો મુકાવો તો સારું.'' એટલે બાઈઓએ ઘેર જઈને ભરવાડોને કહ્યું કે, ''પેલી બાઈને જવું નથી પણ પેલો બ્રહ્મચારી પરાણે લઈ જાય છે તેને મુકાવો.'' ત્યારે તે લોકો લાકડીઓ લઈને ગામ બહાર બ્રહ્મચારીને મારવા આવ્યા. ત્યારે મહારાજે જોયું કે ખૂબ ટીખળ કર્યું પણ બ્રહ્મચારીને જરૂર મારશે'' એટલે જેવા પ્રથમ હતા તેવા પુરુષ વેશમાં થઈને ઉભા રહ્યા. એટલે ભરવાડો આ તરકટ જોઈને ભોંઠા પડ્યા અને પાછા ગયા. તે વખતે બ્રહ્મચારીએ મહારાજને કહ્યું કે, ''આવું હાડકાં ભાગી નાંખવાનું ખાવાનું માગ્યું હશે ? આ લોકો હમણાં જ મારાં હાડકાં ભાગી નાખત.'' ત્યારે મહારાજે કહ્યું કે, ''ચાલો હવે સાચેસાચું સારૂ ખાવાનું આપીએ.' એમ રમૂજ કરીને ત્યાંથી બ્રહ્મચારીને પાછળ મૂકીને આગળ ઉતાવળા ચાલ્યા. ત્યાં ગાયો ચારીને દશવીશ ભરવાડો ગામમાં આવતા હતા, તેમને કહ્યું કે હું તમારો સગો છું. ત્યારે તેમણે કહ્યું કે, 'તમારે અને અમારે શી સગાઈ છે ?'' ત્યારે મહારાજે કહ્યું કે, ''આ તમારી ગાયોને તમે રોકો તો રોકાય કે નહિ ? ત્યારે તેમણે કહ્યું કે અમને મૂકીને ગાયો ક્યાંય પણ જાય નહિ. ત્યારે મહારાજે કહ્યું કે, ''તમે સારી રીતે રોકજયો.'' પછી મહારાજે બે ખેતર જેટલું છે જઈને ઘોર હેર મોકડે એવા સંકેત શબ્દથી ગાયોને બોલાવી. એટલે ગાયો ગોવાળોને નહિ ગણીને, ઊંચા પૂંછડાં કરીને દોડીને એકદમ મહારાજની ચારે પાસ હિલોળા કરતી વીંટાઈ વળી. તેને જોઈને બધા ભરવાડો કહે કે ''આ જરૂર કૃષ્ણ ભગવાન છે. તે આપણા સગા ખરેખર છે.' એમ કહીને પછી મહારાજને પોતાને ઘેર તેડી ગયા અને દૂધપાક પુરીની રસોઈ કરાવી. તેટલાકમાં બ્રહ્મચારી આવ્યા. એટલે બન્ને સાથે જમવા બેઠા. જમતાં મહારાજે બ્રહ્મચારીને કહ્યું કે ''જમવાનું પેલું સારું કે આ ?'' ત્યારે તે બોલ્યા કે આ સારું કહેવાય. આવું ને આવું સારું જમવાનું દરરોજ આપ જમો. આ રીતે રમૂજ કરતા થકા જમીને એ ગામમાં

રાત રહ્યા. એ ગામમાં હાલ પણ એ લોકોનો સત્સંગ છે ત્યાંથી બીજે દિવસે ચાલ્યા તે રસ્તામાં આવેલા એક ગામની ભાગોળે કૂવો હતો તેની પાસે એક વૃક્ષ હતું તેની નીચે બ્રહ્મચારીના ખોળામાં માથું મૂકીને થોડી વાર પોઢી ગયા. તે વખતે તે કૂવા ઉપર પાણી ભરવા બાઈઓ આવેલી તે જોઈને બોલી કે, "આ બાવો બાવીને વિષે કેવો બંધાઈ ગયો છે કે જેથી ખોળામાં સુવારી છે. આ જૂઠી વાતને સાંભળતાં જ મહારાજ બોલ્યા કે "એ બાઈઓ શું કહે છે ? ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે કંઈ કહેતી નથી. એટલે મહારાજ ઉઠ્યા ત્યારે બાઈઓ ભોંઠી પડી ગઈ. પછી મહારાજે બાઈઓ સામું જોઈને સમાધિ કરાવવાથી હાથમાં ઘડા કાઢવાનાં દોરડાં હતાં તે સજ્જડ થઈ ગયાં અને જાણે ચિત્રમાં ચિતરી હોય ને શું ? એમ સ્તબ્ધ થઈ ગઈ. એમ ઘણીવાર સમાધિમાં રાખીને બહાર કાઢતાં તે બોલી કે "આ તો ભગવાન છે' એમ બોલીને ચોતરફ વિટાઈ વળી અને મહારાજને ગામમાં લઈ જઈને સારી રસોઈ કરીને જમાડીને રાત્રિ રાખીને, મહારાજનો સત્સંગ સ્વીકારીને, પ્રગટ સ્વામિનારાયણનું ભજન કરતી થઈ. આ રીતે બાઈઓને પોતાના સ્વરૂપનો અડગ નિશ્ચય કરાવીને પોતે ચાલી નીકળ્યા. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૨૦)*

## મહારાજે અપૂર્વ રમૂજ ભક્તગાનર્થે કરી

ગઢડામાં લક્ષ્મીબાગ વિષે એક કાળીયો નામનો બહુ મીઠો આંબો હતો. તેને કેરીઓ બહુ આવતી. તેની સાખ પડવાથી તેને સાચવવા માટે કરીમ ભક્તને મૂક્યા. તે ભક્ત એક દિવસ ચાર કેરીઓ લાવીને મુક્તાનંદસ્વામીને આપી. તેમણે તે કેરીઓ પકવીને રસ રોટલી કરીને મહારાજને જમાડી. એ જ રીતે એ ભક્ત બીજી ચાર ચાર કેરીઓ નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને ચૈતન્યાનંદ સ્વામીને લાવીને આપી. તેમણે પણ પકવીને મહારાજને જમાડી. આ જોઈને ભણનારા સાધુઓ નિત્ય વાડીએ ન્હાવા જાય ત્યારે ભક્તને કહે કે "અમારે મહારાજને કેરીઓ જમાડવી છે તો આપો." એટલે ભક્ત તેમને કેરીઓ વારાફરતી આપે તે પકવીને મહારાજને જમાડે. એક દિવસે કરીમ ભક્ત જાતે પાંચ કેરીઓ લાવીને મહારાજ પાસે મૂકી. (કેરીઓની કેટલી દુર્લભતા છે ?) તેને જોઈને મહારાજે પૂછ્યું કે હવે કાળીયા આંબા ઉપર કેટલી કેરીઓ રહી છે ?" ત્યારે તે ભક્ત કહ્યું કે હવે તો થોડીક છે ત્યારે મહારાજે કહ્યું કે કેરીઓ ઘણી હતી, તો થોડી કેમ કહો છો ? ત્યારે ભોળા ભક્ત કહ્યું કે ભણનારા સાધુઓ વારાફરતી ન્હાવા માટે વાડીમાં આવે છે અને "મહારાજને કેરીઓ જમાડવી છે માટે અમને આપો એમ માગે છે. હવે જો હું તમારે નિમિત્તે માગે અને ન આપું તો તમારો ભક્ત ન ઠરૂ અને જો આપું છું તો કેરીઓ ઓછી ઓછી થાય છે." એમ સાચે સાચું કહીને ભગતજી

તો વાડીએ આંબો સાચવવા ગયા. પછી મહારાજે ભણનારા સાધુઓને કહ્યું કે, તમે અમને કેરીઓ જમાડો છો તે આગળ પામવા માટે જમાડો છો. તમને આને આ દેહે કેરીઓ ખૂબ ખવરાવીએ'' ગુજરાતમાં કેરીઓની સુલભતા જણાવે છે, એમ કહીને, લાધા ઠક્કરને બોલાવીને કહ્યું કે, ''વડતાલ આદિક ગામડાંના હરિજનો ઉપર એક કાગળ લખો કે, ''અમારા ભણનારા સાધુઓને ત્યાં મોકલ્યા છે તો તેમને ખૂબ કેરીઓ ખવરાવજો.'' આવો ભલામણ કાગળ ઠક્કર પાસે લખાવ્યો. પછીથી ભણનારા સાધુઓને કહ્યું કે, ''તમે સત્વરે તૈયાર થાવ.'' ત્યારે તેઓ ઉતારા ઉપર જઈને તૈયાર થવા મંડ્યા. આ બધુ દૃશ્ય દેખીને બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું કે, ''અલ્યા તમે ભણનારા બધા ક્યાં જાવ છો ?'' ત્યારે તેમણે બધી હકીકત સ્વામીને કહી. પછી બ્રહ્માનંદ, મુક્તાનંદ, નિત્યાનંદ, ચૈતન્યાનંદ. આ ચાર સદ્‌ગુરુઓ અક્ષર ઓરડીમાં મહારાજ પાસે આવીને બેઠા. પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે હે મહારાજ તમે ભણનારાઓને દંડતો બહુ સરસ આપ્યો ? ત્યારે મહારાજે કહ્યું કે ''એમ કેમ અવળું બોલો છો ?'' ત્યારે સ્વામીએ એક દૃષ્ટાંત આપ્યું કે, એક રાજા હતો તે દૂધ, ભાત અને સાકરને જમતો. તેને જમતાં એક દિવસ સાકરની કાંકરી દાંત તળે આવી ગઈ. તેથી ખીજાઈને કહ્યું કે આવી કાંકરી રહે એવી સાકર કોણે દળી છે ? ત્યારે જાણકારે કહ્યું કે, ''આતો દાસીએ દળી છે' ત્યારે રાજાએ દંડ કર્યો કે, ''એને ખૂબ સાકર ચવરાવો આ દૃષ્ટાંત જેવું તમોએ બહુ સારૂ કર્યું છે. ત્યારે મહારાજ બોલ્યા કે એમ કેમ અવળું બોલો છો ? ત્યારે વળી સ્વામી બોલ્યા કે, ''આ ભણનારામાં કોઈ સારસ્વતની એક વૃત્તિ તો કોઈ બે વૃત્તિ, મહામહેનતે ભણ્યા છે. તે ભણેલું ભૂલી જશે. કેમ કે કેરીઓ ખાધાની મનમાં ઈચ્છા હતી અને તમો ભલામણ પત્ર લખી આપો. એટલે ગુજરાતના ભાવિક ભક્તો એમને ખૂબ કેરીઓ ખવરાવશે. તેને ખાઈને ખૂબ ઊંઘી જશે. તેથી થોડું ભણેલું પણ ભૂલી જશે.'' આવાં હિતેચ્છુ સ્વામીનાં હિત વચનોને સાંભળીને જ્ઞાતા મહારાજે ઠક્કરને કહ્યું કે, ''લખેલો કાગળ ફાડી નાખો અને ભણનારાઓને જવાની ના પાડો.' પછી તેમણે તે પ્રમાણે વ્યવસ્થા કરી. આ રીતે (કેરીઓની મીઠાશ તો મનમાં રહી ગઈ) મહારાજે અપૂર્વ રમૂજ ભક્તગાનર્થે કરી. *(સદ્‌. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૪૦)*

## સુરા ખાચરને મહારાજ વચ્ચે બારોબાર રમૂજ થઈ

ત્યાંથી ચાલેલા મહારાજ કંથારીયા આવ્યા અને ત્યાંથી ચાલ્યા તે માર્ગમાં પાંચતલાવ નામના નાના ગામે આવીને મુંડન માટે ગામમાંથી વાણંદને બોલાવીને તે કરાવવા બેઠા. આ અવસરે ''મહારાજના પ્રસાદીના પાણીથી મુંડન કરાવીએ'' એવા વિચારથી મુક્તાનંદ સ્વામી આવ્યા. એટલે પોતાના ગુરુ માન્યા હોવાથી તેમને બેસવા માટે કામળીનું આસન આપ્યું. આ

વખતે પૂર્ણાનંદ કે જે ગજોગઢવી હતા તે અને બીજા એમના જોડીયા ગવૈયા હતા તે ખંભે સરોદા ભેરવીને આવ્યા અને મુક્તાનંદ સ્વામીનું આસન દબાવીને બેઠા. આ અઘટિત બાબતને જોઈને મહારાજે સ્વામીને કહ્યું કે, "માન પણ મૂર્તિમાં ન હોય છે ?" ત્યારે સ્વામીએ કહ્યું કે, "મૂર્તિમાન માન તો દેવું પણ નથી અને સાંભળ્યું પણ નથી ત્યારે મહારાજે રૂપક કર્યું કે, "માથે રૂમાલ બાંધ્યા હોય અને ગાતડીઓ વાળી હોય અને ખંભે સરોદા ભરવીને આવ્યા હોય" એમ કહીને પછી સ્વામી તરફ બે આંગળીઓની સાનથી બન્નેને સ્પષ્ટ બતાવ્યા. એટલે તે બન્ને સ્વામીનું આસન છોડીને થોડા છેટા જઈને બેઠા અને પછીથી વિમુખ થઈને ઘેર ચાલ્યા ગયા. આ અધવચ આવેલું કામ પત્યા પછી વાળંદે મહારાજનું મસ્તક પલાળીને ફક્ત બે જ આંગળ મુંડન કર્યું. એટલામાં તો તેનો અસ્ત્રો બહુ વસમો લગવાથી તેને બંધ રખાવીને માથે ફેંટો બાંધી દીધો. તેને જોઈને નાપિતે પૂછ્યું કે–કેમ ફેંટો બાંધી દીધો, પૂરી હજામત કે કરાવી નહી ત્યારે મહારાજે કહ્યું કે, મોટા માણસોની હજામત તો બે કે ત્રણ કે ચાર ગામે થોડી થોડી પૂરી થાય' એમ તેને ખોટું ન લાગે તેમ કહીને ઊભા થયા. ત્યારે મુક્તાનંદ સ્વામી પ્રસાદીના પાણીની આશાથી મુંડન કરાવવાનો વિચાર કરે છે એવામાં જ મહારાજે સંકેતમાં કહ્યું કે આમાં તો જીવની ઘાત હોવાથી ગુજરાતમાં કરાવજ્યો" એટલે સ્વામીએ પણ સમજીને તે કરાવ્યું નહિ. આ રીતે મુંડન કથા પૂરી થતાં મહારાજ ઉતારા ઉપર જઈને સંતોએ સહિત જમીને ત્યાંથી ચાલ્યા.

આગળ ચાલતાં બ્રહ્માનંદ સ્વામી બહુ થાકી જવાથી ઘોડા ઉપર બેસીને આગળ હાલ્યા જાય છે ત્યાં એક વગડામાં તળાવ આવ્યું. ત્યાં એક મોટી જગ્યામાં વૈરાગીઓ રહેતા. તેમણે જાણ્યું કે- "જીવન મુક્તા જાય છે એટલે મોટો ચીપીયો લઈને, જાણે ધર્મરાજાના ઘરના હોય એમ રસ્તામાં ને રસ્તામાં આવીને, બ્રહ્માનંદ સ્વામીના ઘોડાનું ચોકડું પકડીને ઊભા રાખીને કહ્યું કે–કિયું જીવનમુક્તા કા પંથ ચલાવતા હે ?" એમ કહીને ચીપીયો સામો ઉગામ્યો, તેથી બ્રહ્માનંદ સ્વામી બહુ ખીજ્યા અને મનમાં "આ બે ચીપીયા મારશે તો શરીરે સોળાં ઊઠશે." એમ વિચારીને પોતે બહુ કળાદાર હોવાથી એમ બોલ્યા કે "મેં તો જીવનમુક્તાનો પંથ ચલાવ્યો નથી. પણ પાછળ આવે છે તેમણે ચલાવ્યો છે' એટલે એ વૈરાગીએ એમની ઘોડીનું ચોકડું મૂકી દીધું. પછી "જમના હાથમાંથી છૂટ્યા" એમ જાણીને ઘોડાને ઉતાવળો હાંકી આગળ ચાલ્યા ગયા. પાછળ આવતા મહારાજની ઘોડીનું ચોકડું પકડીને, "કયું જીવનમુક્તા કા પંથ ચલાયા હે ? એમ વૈરાગી બોલ્યા. તેને સાંભળીને મહારાજ બોલ્યા કે, "અમે જીવનમુક્તાનો પંથ ચલાવ્યો નથી પણ પછવાડે બીજા આવે છે તેમણે ચલાવ્યો છે એવું સાંભળતાં મહારાજની

ઘોડીનું ચોકડું મૂકી દીધું. જીવનમુક્તાને બરોબર ઓળખતા નહિ હોવાથી અને અંદરનો સંકેત હોવાથી આ પ્રપંચ પૂરો ચાલ્યો. પછીથી સુરા ખાચર આવતાં એમની ઘોડીનું ચોકડું પકડીને કહ્યું કે, ''ક્યું જીવનમુક્તાકા પંથ ચલાયા હે' આ વાત સાંભળીને સુરા ખાચર સમજી ગયેલા કે ''મારા તરફ મહારાજે ખરો ઉત્તર આપવા જ મોકલ્યા છે' પછી મોઢું ઠેકાણે રાખીને કહ્યું કે, ''જરા ધીરા રહો, ઉત્તર બરોબર આપીએ છીએ'' પછી કાઠીને સાનમાં સમજાવતાં તેઓ બધા જ ઘોડાની ઘુમર વચ્ચે વૈરાગીઓને આંતરીને, ભાલા ઊંચા હતા તેને નીચા કરીને, જેમ બળદને આર ઘોચે એમ ભાલા ઘોચવા મંડ્યા. અને મોઢેથી બોલે કે, બાવાજી ! દેખો જીવનમુક્તા કા પંથ મું ચલાયા હે' એમ કહીને ચારે બાજુથી ભાલા ઘોચવા મંડ્યા. ત્યારે બાવો બોલ્યો કે, ''ભાઈ સાહેબ ! તમારી ગૌ છું ત્યારે કાઠી કહે કે, ''ગૌ ક્યાં છું. ગધ્યો છું ત્યારે બાવો બોલ્યો કે, ''જો હવે હું જીવનમુક્તાનું નામ લઉં તો મને સો રામ દુરાઈ છે'' આવા સમ ખાધા ત્યારે તેને છોડી દીધો. પછી આગળ ચાલતાં એક વડ વૃક્ષની નીચે મહારાજ તથા બ્રહ્માનંદસ્વામી ઊભા હતા તેમની ભેળા કાઠીઓ જઈને ઊભા રહ્યા. ત્યારે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, કેમ થયું ? ત્યારે તેમણે કહ્યું કે, ''મને મારવાની બહુ બીક લાગવાથી મેં તમારા તરફ મોકલ્યો. ત્યારે મહારાજે કહ્યું કે, મેં પણ સુરા ખાચર તરફ મોકલ્યો.'' એવું ટીખળ સાંભળીને સુરા ખાચર બોલ્યા કે, તમો કોઈએ ઉત્તર આપ્યો નહિ, પણ અમોએ તો એવો અનુત્તર ઉત્તર આપ્યો છે કે, જીંદગી સુધી ફરીથી તમારું નામ ન લે. આ રીતે અપૂર્વ રમૂજ રસ્તામાં સખાઓ સાથે કરી. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૪૭)*

## મહારાજે મૂંડન કરાવવાની રમૂજ કરી

ત્યાંથી ચાલ્યા ત્યારે દેવળીયાના દરબાર જાલમસિંહજી કે જે ભેળા જ હતા તેમણે જાણ્યું કે, મહારાજને સારો વાળંદ નહિ મળવાથી મુંડન અધુરું રહેવાથી સારું દેખાતું નથી. પછી ઘોડે બેસીને બહુ ઉતાવળા પોતાને ગામ જઈને સારા વાળંદને બોલાવીને તેને ઘોડાનું પેંગડુ પકડાવીને, તેની કોથળીને પોતે દરબારે ખંભે ભેરવીને પોતાના ગામથી એક ગાઉ છેટી તલાવડી હતી અને વડ પીપરના વૃક્ષો હતા તેની નીચે દોડતા આવ્યા. અને મહારાજને કહ્યું કે, આ વાળંદ બહુ સારો પ્રખ્યાત છે માટે અધુરું મુંડન કરાવો'' ત્યારે મહારાજે મનમાં, આ ગરાસીયા બહુ દાખડો કરીને અને શરમ પણ મૂકીને ખભે વાળંદની કોથળી ભેરવીને તેડી લાવ્યા છે તે જો હું હજામત નહિ કરાવું તો બહુજ દુઃખ લાગશે'' એમ વિચારીને મહારાજ મુંડન કરાવા બેઠા. બહુ દુઃખે મુંડન કરાવી રહ્યા ત્યારે મુક્તાનંદસ્વામી પૂર્વવત હજામત કરાવા તૈયાર થયા. તેને જાણીને મહારાજે સ્વામીને સંકેતમાં સૂચવ્યું કે, પહેલામાં જીવની ઘાત જબરી હતી અને

આમાં દેહની ઘાત છે, માટે અતિવૃદ્ધ તમે તો ગુજરાતમાં કરાવો ' એમ કહીને તળાવમાં હાઈ ધોઈને ઘોડેસ્વાર થઈને ગામ દેવળીયા આવ્યા અને ચોરામાં સર્વેએ ઉતારો કર્યો. પછીથી જાલમસિંહજીએ રસોઈ કરાવી, તેને મહારાજ, સંત, પાર્ષદો જમવા બેઠા. સંતમંડળ જમી રહેતાં જાલમસિંહજીનાં માજીએ મહારાજને વિનંતિ કરી કે, "સવારે થાળ જમીને નિરાંતે ચાલજો' ત્યારે મહારાજે "થાળ જમવા નહિ રહેવાય, કેમકે અમદાવાદ સાહેબને મળવા જવાનું હોવાથી ઉતાવળ છે' એમ કારણ કહ્યું. આવું વચન સાંભળીને નિરાશ બાઈ ઘેર આવ્યાં. સર્વે સંતો તથા કાઠી ઊંઘી ગયા ત્યારે બાઈએ ઘરમાં ચોકડું લઈને જયાં મહારાજ ઉતર્યા હતાં ત્યાં તેમની ઘોડી બાંધી હતી તેને ચોકડું ચઢાવીને ખીલેથી છોડીને પોતાની ઘોડશાળામાં લાવીને બાંધી, પછી લીલુ ઘાસ નાખ્યું અને બારણું અડકાવીને, સાવરણો લઈને પાછે પગલે, પોતાનાં તથા ઘોડીના પગલાં ન દેખાય એવી યુક્તિથી બધો ચોક વાળીને, પછીથી દરબારમાં આવીને રસોઈનો આરંભ કર્યો. એટલાકમાં તો સવાર થવાથી ઘોડીના સેવક નાન ખાચર "મહારાજને ચાલવાનું હોવાથી ઘોડીને તૈયાર કરૂં.' એમ વિચારીને, દળી લઈને ઘોડી ઉપર મૂકવા ગયા, પછી અંધારૂ હોવાથી "ઘોડી ઊભી છે' એમ મનમાં માનીને મેલવા ગયા પણ તે દળી નીચે પડી ગઈ. ત્યારે સેવકે જાણ્યું કે "ઘોડી નથી" પછીથી મહારાજ પાસે જઈને "આપણી ઘોડી ચોરો લઈ ગયા' એમ કહ્યું. ત્યારે મહારાજે જાણવા છતાં 'આ સર્વે કાઠીઓ આપણી ચોકીમાં છે છતાં ચોર લઈ ગયા એ આશ્ચર્ય જેવું કહેવાય" એમ બોલ્યા. પછી જાલમસિંહજીને તત્ક્ષણ બોલાવીને કહ્યું કે, "અમારી ઘોડી ચોર લઈ ગયા છે તો પગલું કાઢો" ત્યારે તેમણે સમીપના સને બોલાવીને પગલે કાઢવાનો પ્રયત્ન કર્યો પણ પત્તો લાગ્યો નહિ. પછી સર્વેએ બહુ મુંઝાઈને મહારાજને કહ્યું કે, "બહુ શોધ કરી પણ પગલું બિલકુલ મળતું નથી" ત્યારે મહારાજે છેવટનું કહ્યું કે, તમારા ગામમાંથી અમારી ઘોડી ચોરાઈ છે તો પાતાળમાંથી કે આકાશમાં જ્યાં હોય ત્યાંથી લાવી આપો" પછી દરબારે પોતાનાં માજી પાસે આવીને કહ્યું કે, "આપણા ગામમાંથી મહારાજની ઘોડી કાઠીઓની પ્રબળ ચોકી છતાં ચોરો લઈ ગયા, એથી આપણું બહુ નરસું કહેવાય. ત્યારે દરબારનાં માજીએ મહારાજ પાસે આવીને કહ્યું કે, "થાળ જમવાની હા કહો તો ઘોડી મળે ત્યારે મહારાજે કહ્યું કે, "ઘોડી નહિ હોવાથી થાળ જમ્યા વિના છૂટકો જ ક્યાં છે ? આવું મહારાજનું વચન સાંભળીને બાઈએ કહ્યું, "ચાલો ઘોડી બતાવું ત્યારે મહારાજ ઊઠીને બાઈ સાથે ગયા. અને બાઈએ સાંકળ ઉઘાડીને ઘોડી બતાવી. ત્યારે મહારાજે પૂછ્યું કે, "કાઠીઓની ચોકી છતાં તમો ઘોડીને કેમ કરીને અહીં લાવ્યા. ત્યારે બધી હકીકત કહી સંભળાવી. પછી મહારાજ ઉતારા પર આવીને બેઠા અને કાઠીઓને ઠપકો આપવા મંડ્યા કે,

તમો હવે ઢાંકણીમાં પાણી ભરીને બૂડી મરો, કેમકે તમારો અખંડ ચોકીપહેરો છતાં આ સ્ત્રી જાતિએ તમારી લાજ લીધી. ભેંસજાળમાં પણ લાજ લીધેલી તાજી છે, ત્યારે હાજર જવાબી સુરા ખાચરે “સ્ત્રીએ તો બ્રહ્મા, શિવ, ચંદ્ર, ઈન્દ્ર, વરુણ, યમ, અગ્નિ આદિક બહુની લીધી છે તો અમારી લે એમાં શી નવાઈ ?‘ એમ કહ્યું. એમ રમૂજ કરીને મહારાજને રાજી કર્યા, પછી નાઈ–ધોઈ નિત્ય વિધિ કરીને પરવારી, તૈયાર થયેલો. થાળ મહારાજ તથા સંતો પાર્ષદો જમ્યા. *(સદ્. અદ્ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૪૮)*

## મહારાજે અસહ્ય રમૂજ કરી

નારાયણ બાગથી ચાલેલા મહારાજ તાપી નર્મદા નદીને ઉતરીને ગામ ‘હળવદ આવ્યા. ત્યાંથી ગામ રણું અને ત્યાંથી ડભાણ થઈને બામણગામ, આવીને રાત રહ્યા. ત્યાં રાત રહીને બીજે દિવસે જમીને ત્યાંથી ચાલ્યા તે મોકમ બારેયાના શેરડી ગામ થઈને વડતાલ પધાર્યા. ત્યાં થોડા દિવસો રહીને ત્યાંથી ચાલ્યા તે ગામ ચાંગા થઈને વસો પધાર્યા. ત્યાં રામસરોવર ઉપર જયાં હાલ છત્રી છે ત્યાં ઉતર્યા અને બીજા દિવસે ખાંડના લાડુની રસોઈ હરિભક્તોએ કરાવેલી તેને જમીને સંતો સાથે ચાલ્યા તે ફરતાં ફરતાં કૌકા થઈ જાખડા થઈને ધોલેરા પધાર્યા. ત્યાં બે દિન રહીને ચાલ્યા તે ફરતા ફરતા કારિયાણી આવ્યા. ત્યાંથી ચાલ્યા તે બોટાદના હમીર ખાચરના દરબારમાં ઉતર્યા. ત્યાં ખાચર દાદા,, સુરા, સોમલા આદિક એકાંતિક સખા પોતા પાસે બેઠા છે તે સમયે લીમલી ગામના વણિક મૂળજી મહારાજનાં દર્શન કરવા આવ્યા. તે પ્રથમ સાંખ્ય યોગી હતા, તેમને કર્મયોગી કરવા ગઢડાથી સુરા, સોમલા ખાચરને મોકલ્યા. તેમણે તેને કહ્યું કે : “તમે સાંખ્યયોગ મૂકીને કર્મયોગી થાવ એવી મહારાજની આજ્ઞા છે. આ વચન એમણે નહિ માનવાથી આજ્ઞાનો ભંગ થયો. પછી બે સ્ત્રીઓ પરણીને ગૃહસ્થાશ્રમી બન્યા. પરંતુ મહારાજનો નિશ્ચય પરિપકવ હોવાથી મહારાજને દર્શને બોટાદ આવ્યા. તેને જોતાં જ સુરા ખાચરે શ્રીજીને સૂચવ્યું કે, પેલા મૂળજી આવ્યા છે ત્યારે શ્રીજીએ કહ્યું કે, “એમને અહીં બોલાવી લાવો.” બોલાવવાથી તે આવ્યા અને મહારાજનાં દર્શન કરીને બેઠા. ત્યારે મહારાજે જાણવા છતાં પૂછ્યું કે, “કેટલી સ્ત્રીઓ કરી ત્યારે તેમણે કહ્યું કે, “બે કરી છે ત્યારે મહારાજે કહ્યું કે, “ત્રીજી પણ જોઈએ ત્યારે મૂળજીએ “ના” કહી. ત્યારે વળી મહારાજે કહ્યું કે, “ત્રીજી જોઈએ જ‘ એમ કહીને પછી પોતા પાસે બેઠેલા ગોંડળના શેખમીયાને કહ્યું કે, “તમારે બે સ્ત્રીઓ છે તેમાંથી મુમદીયાની મા છે. તે મૂળજીને આપો” ત્યારે મૂળજી બોલ્યા કે, “હું તો હીંદુ છું અને એ તો મુસલમાન છે, તે કેમ બને ?” (મીયાં મહાદેવને બને નહિ) ત્યારે વળી મહારાજે ઉત્તરમાં અસંબદ્ધ અવળું કહ્યું કે, “જેમ સાંખ્યયોગી હતા પછી કર્મયોગી

બન્યા તેમ એ પણ બને'' પછી શેખજીને આગ્રહથી કહ્યું કે, ''તમને કહીએ એક આપોજ' ત્યારે વળી શેખજીએ યુક્તિથી કહ્યું કે, ''મુમદીયાની મા તો ગોંડળ છે તે કેમ લવાય'' ત્યારે વળી મહારાજે કહ્યું કે, ''પરણે ત્યારે કેવો વિધિ કરે છે ત્યારે સુરા ખાચર બોલી ઊઠ્યા કે ''ચોરી બાંધે, અંદર અગ્નિ સળગાવે, છેડા બાંધે, ફેરા ફેરવે અને ગીતો ગાય'' ત્યારે મહારાજે ખાચરને કહ્યું કે, શેખમીયાં અને મૂળજીના છેડા બાંધો અને ફેરા ફેરવો અને તમો બધા ગીતો ગાવ' ત્યારે ખાચરે હા કહીને બન્નેના છેડા બાંધ્યા, અગ્નિ સળગાવ્યો, ફેરા ફેરાવ્યા અને ''ગણુંણું ગણુંણું ધૂપ જાવ, ગણુંણું ગણુંણું ધૂપ જાવ'' એવું ઉટાંગ ગીત પણ ગાયું અને સોળ ફેરા ફેરવ્યા. એમ વિવાહ વિધિ પતી ગયા પછી મહારાજે શેખજીને કહ્યું કે, હવે તમે ગોંડળ જાવ ત્યારે મોકલી દેજ્યો' આ રીતે બોટાદમાં મૂળજીના નિશ્ચયની પરીક્ષા માટે અસહ્ય રમૂજ કરી તો પણ ''આ પુરુષોત્તમ નારાયણ પ્રત્યક્ષ છે'' એવી જે નિશ્ચયની દઢ ગાંઠ બાંધી હતી તેમાં લેશ પણ સંશય થયો નહિ. અને આ રીતની લીલાને જોઈને મહા આનંદને પામ્યા. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૫૫)*

## ખાટી છાછની રમૂજ

વળી પિપળાવ્યમાં રાત રહીને સવારે ચાલવા તૈયાર થયા ત્યારે એક મનોરભાઈ નામના ભાવિક પાટીદારે મહારાજની પ્રાર્થના કરી કે, છાશો પીને ચાલો એવી મારી ઈચ્છા છે. ત્યારે મહારાજે કહ્યું કે, ''અમારે તો લક્ષ્મીનારાયણ દેવના થાળ ભેળું જમવાની ઈચ્છા હોવાથી રહેવાશે નહિ'' એમ કહ્યા છતાં ફરીથી પાટીદારે છાશો પીઈને જવાનો અતિઆગ્રહ કર્યો. ત્યારે વળી મહારાજે સ્પષ્ટ કહ્યું કે, ''અમારાથી રહેવાય તેમ નથી ત્યારે ક્ષુધાતુર કાઠીઓએ વિચાર્યું કે, વડતાલ પહોંચતાં તો ઘણું મોડું થશે, તો આપણે મહારાજને જવા દઈને, પછવાડેથી છાશો પીઈને નિરાંતે જઈશું' એમ વિચારીને પાછળ રહ્યા અને તે પાટીદારની સાથે છાશો પીવા ઘેર ગયા. તે કાઠીઓને પાટીદારે માનભેર ઘર આગળ બેસારીને, ત્રણ ચાર દિવસની ખાટી ગંધાતી છાસ અને સાથે ચણાનો ચીકણો ટાઢો અર્ધો અર્ધો રોટલો બધાને આપ્યો. પછી જ્યાં જમવા જાય છે ત્યારે ખાટી છાસ મોઢે અડાડી અને ચણાના રોટલાનું એક એક બટકું ખાધું. તેથી માથામાં ઝાટકો વાગે એવું બહુ વસમું લાગ્યું. ચણાનો રોટલો તો કરડ કરડ બોલે. તેથી પરસ્પર અર્થ કરવા મંડ્યા કે, ''ભાઈ આ તો માથે બહુ બની, કોઈને કહેવાય પણ નહિ.'' ''રોટલો ખવાય નહિ અને નાંખી પણ દેવાય નહિ.'' આમ વિચારે છે ત્યાં તો પ્રેમાતુર બધા હરિભક્તો બોલ્યા કે, ''લ્યો વધારે રોટલો લ્યો જમો'' આવું આગ્રહભર્યું વચન સાંભળીને કાઠીએ કહ્યું કે, ''ભાઈ આટલો રોટલો ખૂટશે તો ઘણો છે. વધારે લેવાની વાત જ નથી.'' એમ

મર્મમાં કહીને, એક હાથમાં રોટલો અને એક હાથમાં છાશની તાંસળી લઈ ઉભા થઈને, હરિભક્તને ખોટું ન લાગે એ માટે બહાર જઈને નિરાંતે જમીશું કેમકે ભાગોળે ઘોડા બાંધ્યા છે તે ભૂખને લીધે અમારા વિના બહુ હણહણાટ કરે છે' એમ કહીને ગામ બહાર આવીને છાશ ઢોળી દીધી અને રોટલા કુતરાને નાખી દઈને હાથ ધોઈ પાણી પીઈને સવાર થઈને ત્યાંથી ઉતાવળા ચાલ્યા તે વરતાલ આવી ગયા. ઘોડાંને બાંધીને લક્ષ્મીનારાયણ દેવની પાછળ સભા કરીને મહારાજ તેમજ મોટા મોટા સંતો બેઠા છે તે સમયે સુરા, સોમલા, માંકો, દાદો આદિક ખાચરો સભામાં આવી મહારાજનાં દર્શન કરીને સભામાં બેઠા. કાઠીયાવાડી છાશો કેવી છે ? અને ગુજરાતી છાશો કેવી છે ? તે મહારાજને વિદિત હોવાથી આવેલા કાઠીઓને ઉદ્દેશીને બોલ્યા કે, બ્રહ્માનંદ સ્વામી આમને જમવાની ઉતાવળ કે તાણ કરશો નહિ, કેમકે ખૂબ છાશો પીઈને હમણાં જ આવ્યા છે આવું મહારાજનું મશ્કરીપૂર્ણ વચન સાંભળીને, સુરા ખાચરે વિચાર કર્યો કે, હવે ભૂખ્યા આપણને જમવાનું તો મોડુ જ મળવાનું છે, જો કંઈક કળા કરીએ તો વહેલું મળે.'' એમ વિચારીને, માથા ઉપરનું મોળીયું ઉતારીને સોમલા ખાચર આગળ માથું નીચું કરીને બોલ્યા કે, રે સોમલા મારૂ માથું જરા જોને, ગધ્ધીનો વાળછો ગરુન ગયો કે છે ?' ત્યારે સોમલા ખાચરે માથેથી મોળીયું ઉતારીને સુરા આગળ માથું નમાવીને કહ્યું કે, ''હે સુરા ! મારા માથા ઉપર જરા જોને, મુવાળા ગન ગયા કે છે ?' એ રીતે અન્યોન્ય સર્વે કાઠીઓ મોળીયાં ઉતારીને એકબીજાના મુખ આગળ માથાં નીચાં કરીને પરસ્પર કહેવા લાગ્યા કે, ''હે ભાઈ ! તારા માથા ઉપર તો થોડાક રહ્યા અને બીજા તો ગરી ગયા છે. આ રીતે પરસ્પર ખળ ટીખળ છાશ રોટલાની ઠેકડી રૂપકનું સભામાં આવ્યું. તેને સાંભળીને મહારાજ બોલ્યા કે, હે સુરા ! માથામાં શું થયું છે કે જેથી એકબીજાને બતાવો છો ત્યારે સુરા ખાચર બોલ્યા કે, ''વાત કહ્યા જેવી નથી. અમારી જ આબરૂ જાય એવી છે છતાં પૂછો છો, ત્યારે કહું છું. ''અમે ભગવાનને મેલીને પાછળ છાશો પીવા રહ્યા અને પટેલને ઘેર પીવા ગયા ત્યારે તેમણે ત્રણ ચાર દિવસની ખાટી વાસી છાશ અને ચણાનો ચીકણો રોટલો કોરો અર્ધો અર્ધો આપ્યો. અજાણ્યા અમે ભૂખને મારે ખાવા મંડ્યા ત્યારે એવો વસમો લાગ્યો કે જેવો ઝટકો મારે. ગદ્ધીનો રોટલો કરૂર કરૂર બોલે. ખાધો જાય નહિ. પછી અમે ઊઠીને કૂતરાને નાખી દઈને ઉતાવળા અહીં ખાવા આવ્યા. ત્યાં તો તમે મહંત બ્રહ્માનંદ સ્વામીને રોટલા આપવાની ના પાડી. એટલે અમે મોળીયાં ઉતારી માથાં દેખાડીને કહીએ છીએ. આવું મર્માળું વચન સાંભળીને, મહારાજ તો મુખે રૂમાલ દઈને ખડખડાટ હસવા મંડ્યા. તેની સાથે બધીજ સભા હસવા મંડી. પછી મહારાજે જમવા સારુ તેડી જવાની આજ્ઞા કરી. ત્યારે તેમણે સિદ્ધાંતમાં

કહ્યું કે, "ભગવાનને મૂકીને જુદા રહીને જુદો સ્વાદ લેવા જાય એની એવી જ અવદશા અંતે થવાની છે. એટલા માટે જ પ્રેમાનંદ કવિએ "વહાલા એ રસના ચાખણ હાર, છાશ તે નવ પીવે રે લોલ" એમ કીર્તનમાં ગાયું છે, માટે ભગવાન વિનાનાં બીજા જે વિષય સુખ તે તો છાશ જેવાં તુચ્છ હોઈને ત્યાજ્ય છે. એમ શિખામણ આપીને, પછીથી જમાડ્યા. ગુજરાતી છાશ ખાટી અને કાઠીયાવાડી મીઠી અને કાઠીયાવાડમાં દૂધ રોટલાને છાસો કહે છે. ત્યારે ગુજરાતમાં ખાટી છાશોને છાશ કહે છે. *(સદ્. અદ્ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૯૧)*

## મહારાજે રમૂજમાં ભક્તોને પૂછ્યુ

વળી એક દિને મહારાજ પોતાની અક્ષર ઓરડીમાં વિરાજમાન હતા. તે ટાણે કોઈ સાધુ ન હતા. દાદા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર, માતરો ધાધલ, મોંકા ખાચર, વગેરે પોતાની ખાનગી મંડળી બેઠી હતી. તેમને હિતની વાત કરવા માંડી. તેમાં મુખ્ય દાદા ખાચરને પૂછ્યું કે, "તમારે કયા સંત સંગાથે હેત છે તે કહો" ત્યારે તે બોલ્યા કે, "મારે તો મુક્તાનંદ મુનિ સાથે હેત છે, બીજા કોઈ સંતો આવો બેસો' કહે તો પાંચ કે દશ મીનીટ બેસવું ઘટે તો બેસું, પણ ઘણું તો મુક્તમુનિ પાસે બેસું તેને સાંભળીને, પછી સુરા ખાચરને પૂછ્યું. ત્યારે તે બોલ્યા કે, બીજા સંતો સાથે બેસવું ઘટે તો બેસું, પણ ઝાઝુ તો બ્રહ્માનંદ મુનિ સાથે હેત હોવાથી તેમની પાસે બેસું એમ સાંભળ્યા પછી સોમલા ખાચરને પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું કે, "મારે તો નિત્યાનંદ મુનિ સાથે હેત હોવાથી ત્યાં જઈને બેસું અને બીજા સંતો પાસે થોડું બેસું આ રીતે સર્વ પાર્ષદોને એક પછી એકને પૂછ્યું ત્યારે પ્રત્યેક પાર્ષદોએ જે સંત સાથે હેત બેઠક હતી તે કહી સંભળાવી. આ સર્વેની ભિન્ન ભિન્ન રૂચિની વાત સાંભળીને મહારાજ બહુ ખુશી થયા. (કેમકે સત્સંગ થકી પતનનો પ્રસંગ નથી) પછી છેવટે માતરા ધાધલને પૂછયું કે, તમારે કયા સંત સંગાથે બહુ હેત છે ?" ત્યારે તે બિચારા સાચું બોલ્યા કે, "મારે તો નિર્વિકલ્પાનંદ સાથે હેત છે' આવું નિર્વિકલ્પ વચન સાંભળીને મહારાજ બોલ્યા કે, 'તમારે હાથ તો સારા ભોજનમાં નહિ, પણ ઘૂસમાં પડ્યો" આવું મહારાજનું રમુજી વચન સાંભળીને બધા પાર્ષદો ખડખડ હસવા મંડ્યા. ત્યારે પાર્ષદોએ પૂછ્યું કે, "એમ કેમ કહ્યું ?' ત્યારે મહારાજે ખરી વાત કહી કે, "એનું જ સત્સંગમાં ઠેકાણું નથી, તો સંગી તમારું શું સારૂ હિત કરશે ?' એ ઉપર હિત વાત કરવા લાગ્યા કે, "અમારે કંઈક પ્રયોજન હોય તો જે કરે એવા હોય તેને મોટો ભા કરીએ, પણ હિતેચ્છુ તમારે તો સંગ કરવો કે સદ્વાર્તા સાંભળવી તે તો જે પોતે સત્સંગમાં સ્થિર રહીને સંગીને રાખે એવો હોય તેનો સંગ કરવો અને હિત વાત સાંભળવી. કેમ કે, "જેને જેવો સંગ તેવો તેને રંગ બેસે એવી કહેવત છે. 'યાદ્દશો યસ્ય સઙ્ગઃ સ્યાત્'

એવું શાસ્ત્ર પણ છે અને હેત તો સમસ્ત સંતો સંગાથે રાખવું અને આપણી શક્તિ હોય તો ચંદન પુષ્પ કરીને પૂજા કરવી, દંડવત કરવા, વસ્ત્ર ઓઢાડવાં, ભારે ભારે રસોઈઓ આપીને તમામને જમાડવા, એ રીતે સરખી સેવા કરવી એ ઠીક છે પણ સર્વ સંતોમાંથી એક બે સારા સંત સંગાથે જીવને બાંધવો અને એ જે કહે તેને સત્ય માનીને વર્તવા મંડવું અને સરખી સેવા તો આ ઉકા ખાચર કર્યા કરે છે એમ કર્યા કરવી અને એવી સેવાએ કરીને અનંત જન્મથી જીવને પાપ વળગ્યાં હોય કે વિષય વાસના પ્રબળ હોય તે પણ બળીને ભસ્મ થઈ જાય, એવું સંતોની સેવાનું પરમ ફળ છે. પરંતુ જ્ઞાનવાર્તા સાંભળવી કે સંગ કરવો એ તો જોઈ તપાસીને કરો " આ રીતે સર્વેએ સ્વીકારવા જેવી સિદ્ધાંત વાત કરીને સર્વ પાર્ષદોને સમજાવીને આનંદિત કર્યા. આ પ્રકારે સર્વજન હિતેચ્છુ મહારાજ ગઢડામાં ઘણું રહ્યા થકા પોતાના એકાંતિક આત્યંતિક ભક્તો જીવુબા, લાડુબા, દાદા ખાચર, આદિક સમગ્ર હરિજનોને પોતાનાં દર્શન સ્પર્શની સેવા પૂજા વાર્તા વગેરેનું મહાસુખ આપતા હતા. *(સદ્. અદ્ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૯૬)*

## મહારાજે હસવા પૂરતી રમૂજ કરી

વળી વૃતાલયમાં વિરાજમાન સહજાનંદ સ્વામીએ નિજાવાસ હરિમંડપમાં રહીને શિક્ષાપત્રી નામનો નિબન્ધ, ૨૧૨ શ્લોકાત્મક લખ્યો. તેને શુકાનંદ મુનિ પાસે શોધાવીને, સંતોને લખવાની તથા નિત્ય પાઠ કરવાની આજ્ઞા કરી. હરિભક્તોને પણ આજ્ઞા કરી. સં. ૧૮૮૨ ના માઘ માસના શુકલ પક્ષની પંચમી કે જે વસંત રાગ ગાવાનો પ્રથમ દિન કહેવાય છે તે દિને જાહેર કરી. વસંતપંચમીનો ઉત્સવ હોવાથી તે ઉપર ઘણા હરિભક્તો આવ્યા હતા. મહારાજે સંતો તથા હરિભક્તો ઉપર સ્વહસ્તે રંગ ગુલાલ નાંખ્યો. એટલે છૂટી થતાં સર્વે પરસ્પર રંગ ઘણીવાર રમ્યા. પછી મહારાજ સંતો હરિજનોને સાથે લઈને ગોમતીમાં સ્નાન કરવા પધાર્યા. ઘણીવાર સુધી સ્નાન કરીને બહાર નીકળીને સર્વ શ્વેત વસ્ત્રો પહેરીને વાજતે ગાજતે મંદિરે પધાર્યા. એ દિવસે વડોદરાના બાપુ વૈદ્યની મોતીયા જલેબીની રસોઈ હતી. મહારાજે પોતે પરાણે પીરસીને ખૂબ જમાડ્યા પછી પોતે જમ્યા.

એજ રાત્રિએ મહારાજ તથા સદ્ગુરુઓએ મળીને, આચાર્ય સ્થાપવાનો વિચાર કર્યો. મોટાભાઈ રામપ્રતાપજીના ત્રણ પુત્રોમાંથી અયોધ્યાપ્રસાદજી અને નાના ઈચ્છારામના પાંચ પુત્રોમાંથી રઘુવીરજીને દત્તક તરીકે લીધા. બે વિભાગીય ગાદીઓ કરીને એમને બેને તેના અધિકારી કર્યા. બીજે દિવસે મહારાજે મંદિરની પછવાડે હાલમાં ઓટો છે તે જગ્યાએ બે પાટો ઢળાવીને, તે બન્નેને આચાર્ય તરીકે બેસારીને આરતી ઉતારીને, પછી હરિભક્તોને કહ્યું કે,

‘‘અમારી પેઠે આ બન્નેની પૂજા કરો’’ એમ કહીને પોતે હરિમંડપ ઉપર પધાર્યા પણ કોઈ હરિજનોએ આચાર્યની પૂજા કરી નહિ. તેને જોઈને મહારાજે નિત્યાનંદ સ્વામીને બોલાવીને કહ્યું કે, ‘‘આ હરિજનોને સમજાવો અને મને દેખતાં આ બન્નેની પૂજા કરે, એવો કંઈક રસ્તો તમે સર્વે મળીને પાડો’ આવું વચન સાંભળીને, નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, ‘‘તમારે પણ અમે કહીએ તેમ કરવું પડશે ?’’ ત્યારે મહારાજે હા કહી, પછી નિત્યાનંદ સ્વામી સભામાં આવ્યા. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને અદ્‌ભૂતાનંદ સ્વામી કહે છે કે, હું પણ હાજર હતો. તે સમયે નિત્યાનંદ સ્વામીએ પ્રથમ શ્રીજીનો અભિપ્રાય સભાસદ સર્વેને કહી સંભળાવ્યો. પછી સર્વ સંતોએ મળીને હરિજનોને વિભાગથી સમજાવ્યા કે, ‘‘તમે પાઘડી અને શેલુ બન્ને મહારાજની પૂજા માટે લાવ્યા હો, તો પાઘડી રઘુવીરજી આચાર્યને બંધાવો અને શેલુ મહારાજને ઓઢાડો, એમ લક્ષ્મીનારાયણ દેશવાળાને સમજાવ્યું. પછી નરનારાયણ દેશના હરિજનોને સમજાવ્યું કે, ‘‘તમે શેલુ પાઘડી મહારાજની પૂજા માટે લાવ્યા હો તો પાઘડી અયોધ્યાપ્રસાદજી આચાર્યને બંધાવો અને શેલુ મહારાજને ઓઢાડો‘ એ રીતે સર્વે સંતોએ મળીને બન્ને દેશના હરિભક્તોને વિભાગથી સમજાવ્યા ત્યારે બન્ને આચાર્યની પૂજા થવા માંડી. તેને ભાળીને મહારાજ બહુ રાજી થયા અને સભામાં આવીને વિરાજીને એમ વાર્તા કરવા લાગ્યા કે, ‘‘આ હરિજનો તો તમારા કહ્યામાં છે માટે તમારા કહેવાથી પૂજા કરી, તો આ સત્સંગ તમારે સાચવવો અને સૌ સૌના દેવની તથા આચાર્યની પુષ્ટિ કરવી.’’

એવી વાત કરે છે તે સમયે સભામાં કાનમદેશમાં આવેલા હળદર ગામના હરિભાઈ નામના શેખ તે પોતાના નથુ નામના દીકરાને લઈને આવેલા. તેઓ ત્યાગી તરીકે વરતાલમાં લક્ષ્મીનારાયણદેવનો ચોક વાળવો પાણી છાંટવું વગેરે પરચુરણ ઘણી સેવા કરતા, તેથી તેના દીકરા ઉપર મહારાજ બહુજ રાજી રહેતા. તે છોકરો મહારાજના મુખ આગળ આવીને ઊભો રહ્યો. તેને જોઈને મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, ‘‘આ તો રાધિકાનો પુત્ર હોય એમ જણાય છે‘ આવું વચન સાંભળીને સ્વામી બોલ્યા કે, ‘‘અમે ત્યારે કોના દીકરા ?‘ ત્યારે મહારાજ બોલ્યા કે, ‘‘તમે તો બીજી ગોપીઓના હશો ?’’ ત્યારે વળી સ્વામી ફરી બોલ્યા કે, ‘‘બાપ તો એકજ છે એટલે કશી કહેવત નથી. જુદી જુદી માયોને તો અમે સમજાવી લઈશું. આ રીતની હસવા પૂરતી રમૂજ સભામાં કરી, પછી લક્ષ્મીનારાયણ દેવની આરતી થતાં દર્શને પધાર્યા. પછી લક્ષ્મીનારાયણ દેવનો પ્રસાદ દૂધ, પૂરી, શાક, અથાણું વગેરે જમીને નિશ્ચિત પોઢી ગયા. *(સદ્‌. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૦૩)*

## મહારાજ કહે આ વાણિયે સેવામાં વટાવ કાઢ્યો એમ રમૂજ કરી

વળી મહારાજ બીજે દિને પ્રાતઃકાળે ઊઠીને, નિત્યવિધિ કરીને, સભામાં આવીને બેઠા. અને સંતો પણ આવીને બેસી ગયા. તે વખતે બ્રહ્માનંદસ્વામીને મંદિરના કામે રાખેલા, પણ ગઢડા સાથે આવવાનું કહ્યું, પછી થાળ જમીને તૈયાર થતાં સર્વે સંતો પણ જમીને તૈયાર થયા. મહારાજ સંતો સાથે વડતાલથી ચાલ્યા તે ગામ મહેળાવ રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા તે બુધેજ આવીને ત્યાં જમીને ચાલ્યા તે ધોલેરા મંદિરમાં ઉતર્યા. બીજે દિવસે સવારમાં પરવારીને, હાલમાં જ્યાં છત્રી છે ત્યાં સભા ભરીને બેઠા. તે સમયે મંદિર છોવાના કામનો આરંભ થયેલો, પણ ચૂનાના અભાવે ઘણું કામ બાકી હતું. ભોજાભાઈ, પૂંજાભાઈ, વરસાભાઈ, ડોસાભાઈ, ગંગાભાઈ, જગુભાઈ, વગેરે હરિજનો સભામાં બેઠા હતા. પછી મહારાજે મંદિર માટે સર્વ પ્રત્યે ભલામણ કરી કે, "આ મદનમોહનજી મહારાજની સેવા સર્વેએ કરવાની છે ત્યારે દાદા ખાચરે કહ્યું કે, "શી સેવા કરવાની છે ? ત્યારે મહારાજે સ્પષ્ટ કહ્યું કે, "આ મંદિરને છોવાનું કામ ચાલે છે, તેમાં ચૂનાની જરૂર છે, તો યથાશક્તિ પાંચ કે દશ કે વીશ ગાડાં ચૂનો લખાવો. જે લખાવશે તેમને છાતીમાં ચરણારવિંદ આપીશું તેને સાંભળીને પ્રથમ દાદા ખાચરે કહ્યું કે, "મારા વિશ ગાડાં લખો." પછી અંગરખું કાઢીને મહારાજનાં ચરણારવિંદ છાતીમાં લઈને સભામાં બેઠા. ત્યારે સુરા ખાચરે પંદર ગાડાં લખાવીને ચરણારવિંદ લીધાં. એ રીતે સર્વે હરિભક્તોએ યથાશક્તિ ચૂનાનાં ગાડાં લખાવીને છાતીમાં ચરણારવિંદ લીધાં. આ વખતે બોરુ ગામના બે ભાઈ વાણિયા હતા. તેમણે દેખાદેખી ઊઠીને છાતીમાં ચરણારવિંદ લીધાં પણ કોઈ સંખ્યા બોલ્યા નહિ. ત્યારે ચકોર મહારાજે ટકોર કરી કે, "ચરણારવિંદ તો લીધાં, પણ કેમ કંઈ બોલતા નથી ?" ત્યારે તે વણિક ન છૂટકે બોલ્યા કે, "અમારૂ બન્નેનું એક ગાડું ચૂનો લખો" ત્યારે મહારાજે મર્મમાં કહ્યું કે, "આ વાણિયાઓએ ખુદ ઠાકોરજીની સેવામાં પણ વટાવ કાઢ્યો." એમ ઘણી રમૂજ કરીને ઘણા રાજી થયા. આ રીતે એ જગ્યાએ સો ઉપરાંત ચૂનો લખાવનારા હરિભક્તોને પ્રસન્નતા પ્રદર્શક છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી પાક તૈયાર થતા જમવા પધાર્યા. સંતો પાર્ષદો પણ જમવા ગયા. જમીને સર્વે ચાલવા તૈયાર થઈ ગયા. *(સદ્. અદ્ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૦૫)*

## માતરા ધાધલની કળાથી મહારાજ હસ્યા

મહારાજ ધોલેરાથી સંત પાર્ષદો સાથે ચાલ્યા ને ગામ રોઝકા આવ્યા. ત્યાં ઘઉંની ખળીઓમાં ઉતારો કર્યો અને કાઠીઓ ઘોડાને પાણી પાવા તળાવે ગયા. તેમાં પાણી થોડું અને કાદવ ઘણો હતો. પહેલું ઘોડુ માતરા ધાંધલે નાંખ્યું. કાદવમાં કળી જતાં, "જો હું સાચું કહીશ તો

કોઈ ઘોડાં નહિ નાંખે અને ઉલટા મારી મશ્કરી કરશે' એમ મનમાં વિચારીને, ઘોડું કાદવમાં કળી ગયું છે છતાં તેને "ત્રોહ ગોહ' જોરથી કરવા લાગ્યો. આ શબ્દને સાંભળીને બધાજ કાઠીઓએ ઘોડા નાંખ્યાં અને કાદવમાં ખૂતી ગયાં અને ખૂબ કાદવવાળાં થયાં, ત્યારે બીજા બોલ્યા કે, "અલ્યા માતરા ! તેં કહ્યું કેમ નહિ ?" એમ ધાધલ કરવા મંડ્યા. ત્યારે તેણે મર્મમાં કહ્યું કે, "બાપુ પાણી ઘણો છે. ઊંધે માથે ભરીએ તો ગળા સમો છે એ રીતે પરસ્પર હાસ્ય વિનોદ કરીને ઘોડાને પાણી પાઈને મહામહેનતે બહાર કાઢ્યાં અને તે કાદવવાળાં ઘોડાંને લઈને ઉતારે આવ્યા અને મહારાજ પાસે આવીને બેઠા અને વીતેલી વાત કરવા લાગ્યા કે, "આ માતરા ધાધલ "ત્રોહ ત્રહ કરીને અમારા સર્વેનાં ઘોડાંને કાદવમાં નંખાવીને કાદવવાળાં કર્યાં એવું સાંભળીને મહારાજ તો મુખ આગળ રૂમાલ દઈને બહુ હસવા લાગ્યા.

## બ્રહ્મમુનિએ દૃષ્ટાંત દઈને મહારાજને હસાવ્યા

એમ અપૂર્વ હસાહસ થતાં, તેમના સખા બ્રહ્માનંદ સ્વામીએ એક ઉધડ દૃષ્ટાંત દીધું કે– એક ગામમાં મંદિરમાં ગણપતિની જબરી પ્રતિમા પધરાવી હતી. તેમની વિશાળ દૂંટીમાં એક વીંછી ભરાઈ ગયેલો. તે સમયે ખાતર પાડીને સાત ચોરો ત્યાં આવ્યા. તે પૈકી એક મહાચોરે ગણપતિની દુંટીમાં હાથ ઘાલ્યો. જેવા હાથ ઘાલવા જાય છે તેવો જ વીંછીએ ટચ લઈને ચટકો માર્યો. તે સમયે તે ચોર બીજું કંઈ પણ નહિ બોલતાં એમ બોલ્યો કે, "અહોહો આ ગણપતિની દુંટી તો બહુ ટાઢી હિમ જેવી અનુભવ કરવા જેવી છે એવું સાંભળીને પરીક્ષા માટે બીજા ચોરે હાથ ઘાલ્યો, ત્યારે તેને પણ વીંછીએ ચટકાવ્યો. ત્યારે તેણે પણ પ્રથમ પ્રમાણે કહ્યું. આ રીતે સાતેય ચોરોએ હાથ ઘાલ્યા અને વીંછીએ ચટકાવ્યા. પણ એકેયે વીંછી કરડ્યો" એમ કહ્યું નહિ. પછી બધા ભેળા થયા ત્યારે સાચી વાત કરીને પરસ્પર હસ્યા. આ દૃષ્ટાંત જેવું આ કાઠીઓને થયું. એમ દૃષ્ટાંત આપીને મહારાજને પ્રથમ કરતાં વધુ હસાવ્યા. આ રીતે ત્યાં રમૂજ કરતા થકા રહીને, બીજે દિવસે કાકાભાઈના દરબારમાં જાદરીયાની દેશી રસોઈ કરાવી હતી તે જમીને ત્યાંથી ચાલ્યા તે કારિયાણી આવીને રાત રહ્યા. તે ગામથી ઉત્તર દિશાએ મહારાજે પોતે ગળાવેલા તળાવમાં પાણી નહિ હોવાથી બે કુંડ ગળાવ્યા. તેમાં એકનું નામ રામકુંડ અને બીજાનું નામ ભીમકુંડ પાડ્યું. એ કુંડમાં મહારાજ તથા સંતો ઘણા દિવસ નાહ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગઢપુર પધાર્યા. *(સદ્. અદ્ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૦૬)*

## સુરા ખાચર કહે શું આકાશમાંથી ખાવાનું પડવાનું છે

વળી અદ્ભૂતાનંદ સ્વામી પોતાની નજરે જોયેલી વાત કહે છે, એક દિવસે મહારાજ ગઢપુરમાં સભામાં વિરાજમાન હતા. સર્વે સંતો મહારાજ પાસે આવીને બેઠા. તે સમયે રાઘવાનંદ

સ્વામી શ્રીજીનાં દર્શન કરીને બેઠા. તેમને ભાળીને શ્રીજીમહારાજે આનંદમુનિને ઉદ્દેશીને વાત કરી કે, ''વાણી બોલ્યામાં બહુ ફેર છે, એક વાણીમાં અમૃત રહેલું હોઈ ને સન્માન મળે અને એક વાણીમાં ઝેર ભરેલું હોઈ ને અપમાન મળે.'' 'वाङमाधुर्ये जायते सज्जनत्वं वाक्काठिन्ये जायते दुर्जनत्वम्' એવી નીતિ છે, એમ કહીને પછી મહારાજે રાઘવાનંદ સ્વામીની અનુભવેલી વાત કહેવા માંડી કે, ''આ સ્વામી અને અમે વીશેક સવાર અને વીશેક બીજા માણસો અહીંથી નીકળ્યા તે માર્ગમાં એક સોખડા નામનું ગામ આવ્યું. ત્યાં સર્વેને બહુ તરસ લાગી અને ઘોડાં પણ ઘણાં તરસ્યાં થયાં હતાં. ત્યાં એક વડનું વૃક્ષ હતું તેની નીચે ઉતારો કર્યો. પછી અમારી સાથે એક ત્રિકમ નામનો દાદા ખાચરનો ખવાસ હતો તેને કૂવા ઉપર પાણી કાઢતી બાઈઓ પાસે પાણી લેવા મોકલ્યો. કૂવા ઉપર જઈને બાઈઓને એમ કહ્યું કે, ''મારા બાપની વહુઓ પાણી આપો એવું કઠોર વાક્ય સાંભળીને બાઈઓ તો ખીજાઈને બીભત્સ ગાળો જ ભાંડવા મંડી. પાણી તો આપે જ શેની ? એટલે ખવાસ ગાળો ખાઈને વીલે મોઢે પાછો આવ્યો. પછી અમે આ રાઘવાનંદ સ્વામીને મોકલ્યા. ત્યારે તે સ્વામી ત્યાં જઈને, કોઈ પાસે બાઈઓને કહેવરાવ્યું કે, ''અમારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન છે તે અહીં આવ્યા છે અને બહુ તરસ્યા થયા છે, પાણીનો કોઈ યોગ નથી. તો તમારી પાસે ઘડો અને દોરડું માંગીએ છીએ તો દયા કરીને આપો.' તમો તો બહુ દયાળુ હોઈને પરદુઃખભંજક માતાઓ છો.' એવું મધુર વચન સાંભળીને, બાઈઓએ કહ્યું કે, ''તમારાં ઘોડાં અહીં લાવો. અમે સર્વે મળીને બે ચાર ઘડા પાણી રેડીશું તે ઘોડાં પાણી પીશે. અને તમે પણ આ પાણી ભરેલા ઘડા આપીએ તે લઈ જઈને બીજાને પાણી પાજો' એમ કહીને પછી ઘોડાંને પાણી પાયું અને પાણી ભરેલા ઘડા અમને આપ્યા. તે અમે સર્વેએ પાણી પીધું અને ઠંડા પડ્યા. અને બાઈઓને આશીર્વાદ આપ્યા. હે સ્વામિન્ વાણી બોલ્યામાં એટલો બધો ફેર પડ્યો. માટે સર્વેને પ્રિય લાગે એવું મધુર વચન બોલવું, પણ અપ્રિય લાગે એવું કઠોર વચન બોલવું નહિ. આ એક શિખામણ છે. માટે જ 'प्रशंसा कस्य न प्रिया' 'प्रशंसितः किं न करोति कार्यम्' એવી સુખદાયક નીતિ લોકમાં પ્રવર્તે છે.

વળી મહારાજે આથી પણ બીજી સરસ વાત મુક્તાનંદ સ્વામીને ઉદ્દેશીને કહી કે, અમે રાઘવાનંદ સ્વામીને કહ્યું કે, 'તરસની પીડા તો પાણી પાઈને મટાડી. પણ હવે સર્વેને બહુ ભૂખ લાગી છે તેને મટાડો તો બહુ સારું ?'' ત્યારે સુરા ખાચર વચ્ચે બોલી ઊઠ્યા કે, ''અહીં શું આકાશમાંથી ખાવાનું પડે છે ? કે, રાઘવાનંદ ભૂખ મટાડે, પાણી પાયું ત્યારે હવે ખાવા પાછળ પડ્યા' એવું સાંભળીને દયાળુ સ્વામીએ આશ્વાસન આપ્યું કે, ''તમે બધા અહીં વિશ્રાંતિ લ્યો. હું તમારા પ્રતાપથી અહીં જ લાડવા જમાડું'' ત્યારે મહારાજે હા કહેતાં, રાઘવાનંદ સ્વામી

એક ગાઉ છેટે ગરાસિયાનું ગામ હતું ત્યાં સત્વર ગયા. ચોરામાં ગરાસિયાનો ડાયરો ભરાઈને બેઠેલો, ત્યાં જઈને મોઢે માથે ઓઢીને જાણે કોઈ મરી ગયું હોય એમ પોક મેલી. દુઃખી પોકને સાંભળીને દીનદયાળ બધા ઉદાર દરબારો બોલ્યા કે, ''હે રાજગર ! તમે માથે મોઢે ઓઢીને કેમ રડો છો ?'' ત્યારે સ્વામી મુખ ઠેકાણે રાખીને બોલ્યા કે, ''દ્વારકાની યાત્રાએ જતી વખતે મારી મા મરી ગઈ. માની પાછળ ખાંધીઆ કરવાનું કહેતાં, ખડખંભાળીયાના તથા આંબલીયાના ઉદાર ગરાસિયાઓએ મળીને, કોઈએ અધમણ તો કોઈએ દશશેર તો કોઈએ પંદર શેર લોટ આપ્યો. કોઈએ ખાંડ ઘી આપ્યું. એમ કરીને મારી માના ખાંધિયા કરાવ્યા. એમ કરતાં માતાના ઋણમાંથી છૂટ્યો. યાત્રા કરીને પાછા આવતાં મારા બાપ મરી ગયા છે. તેમના સવારે જ ખાંધિયા કરવામા આવે છે. કશું જ ઠેકાણું નથી. ખાંધિયા ન થાય તો પિતાનું ઋણ રહી જાય એનું મને બહુ દુઃખ લાગવાથી માથે મોઢે ઓઢીને પોક મેલી છે.'' ''તમે બધા દરબારો દયાળુ રાજા જેવા છો, મારા બાપના ખાંધિયા જાય નહિ એમ જાણીને યાચના કરવા આવ્યો છું. માટે હવે તમે જે કરો તે ખરૂં. તમારો જ એક આધાર છે. આવાં સ્વામીનાં દીનવચનો સાંભળીને, કોઈએ અર્ધોમણ લોટ અને તેના માપનું ઘી, કોઈએ દશ શેર તો કોઈએ પાંચ શેર લોટ અને તેના માપનું ઘી ખાંડ લાવી આપ્યું. ત્રણ મણ લોટ પાકા સીધા સાથે થયો. તેને લઈને ગાડામાં ભરીને જ્યાં મહારાજ ઊતર્યા છે ત્યાં આવ્યા. પછી સીધુ ઉતારી લેતાં ગાડુ પાછું વાળ્યું. પછી વાંકાબોલા સુરા ખાચરને કહ્યું કે, ''લ્યો આકાશમાંથી પાડ્યું હવે લસલસતા લાડવા કરીને જમો.'' પછી સંતોએ સારા લાડવા બનાવ્યા અને પ્રથમ મહારાજને જમાડ્યા. પછી સંતો પાર્ષદો જમ્યા. એ રીતે સ્વામીએ વાણીની મધુરતાથી જ્યાં કશું જ ઠેકાણું ન હતું ત્યાં અધવચ્ચે સર્વેને લાડુ જમાડ્યા. આ રીતે મહારાજે સભામાં વાણીના ગુણદોષ સંબંધી સચોટ વાત કરી. તેને સાંભળીને સર્વે સંતો તથા હરિજનો બહુ રાજી થયા. માટે 'વાગ્યે સમપ્ર રોતિ પુ' એમ અભિજ્ઞો કહે છે. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૦૮)*

## સુરા ખાચરે છોકરાને ઉદ્દેશીને કાકાભાઈની મશ્કરી કરી

એક દિવસે મહારાજે ગઢડામાં વાત કરી કે, ગામ રોજકાના ગરાસીયા કાકાભાઈ હરિભક્ત બહુ સારા હતા. તેમને દીકરો નહિ હોવાથી ઘરના મનુષ્યને કોઈ બ્રાહ્મણે કહ્યું કે, ''તમે પ્રભાસ તીર્થની યાત્રા કરો તો દીકરો થાય' એવું સાંભળીને બાઈએ પ્રભાસ જવાની હઠ લીધી. તેથી કાકાભાઈ ઘરના મનુષ્ય સાથે પ્રભાસ ગયા. ત્યાંથી વળતાં ગઢડા આવ્યા. મહારાજનાં દર્શન કરીને ખુશી સમાચાર પૂછીને ઉતારા પર ગયા. ઉપરની વાતના જાણકાર મહારાજે જાણ્યું કે આ મશ્કરા કાઠીઓ કાકાભાઈની હાંસી જરૂરથી કરશે. તેથી મહારાજે પ્રથમથી જ મુખ્ય સુરા

ખાચર તથા માંકા ખાચરને વિદિત કરેલું કે, ‘‘આ કાકાભાઈની કોઈએ મશ્કરી કરવી નહિ‘ તેને સાંભળીને તેમણે નહિ કરવાનું પ્રતિવચન પણ આપેલું. એ જ દિવસે સાંજના લીંબડા હેઠે સભા ભરાઈ અને મહારાજ આવીને બેઠા. તે સમયે કાકાભાઈ પણ આવીને બેઠા. એ જ વખતે સુરા ખાચરનો નાથા નામનો દીકરો તેમના ખોળામાં આવીને બેઠો. તેને ઉદ્દેશીને મશ્કરીમાં બોલ્યા કે, પેલો નાથો તો ન ગયો કાશી, ન ગયો કેદાર, ન ગયો ગયાંજી, ન ગયો પ્રાગરાજ, ન ગયો જગન્નાથ, ન ગયો ગોકુળ, ન ગયો મથુરાં, ન ગયો દ્વારકા, ન ગયો પ્રભાસ પાટણ, વગેરે કોઈ તીર્થમાં ન ગયો અને બ્રહ્મા થવુંગો, તે સૃષ્ટિ સર્યા જ કરે છે, રાંડના ભાગુંજા ભાગુંજા, તમને કેટલાને રમાડું, હવે તો થાકી ગયો, એમ પોતાના દીકરાની હાંસી કરીને, કાકાભાઈની સભામાં હાંસી કરી. તેથી કાકાભાઈ સમજ્યા કે મારી મશ્કરી બેઠી કરે છે. તેથી તેમનું મુખ શ્યામ થઈ ગયું. તેથી મહારાજ પણ સમજ્યા કે ‘‘કાકાભાઈને બહુ ખોટું લાગ્યું છે‘ એટલાકમાં સંધ્યા આરતીનો સમય થવાથી સભા ઊઠી. અને મહારાજ અક્ષર ઓરડીએ પધાર્યા. ત્યારે સુરા ખાચર વગેરે કાઠીઓ મહારાજની પાછળ ઓરડીએ જઈને પાસે બેઠા. તે સમયે મહારાજે ઠપકારુપમાં કહ્યું કે, ‘‘મેં તમને પ્રથમથી સૂચવ્યું હતું કે, ‘‘ભક્તરાજ કાકાભાઈની મશ્કરી કરશો નહિ. તો પણ તમે સ્વભાવવશ થઈને કરી અને અમારી પણ ગણતરી ન રાખી’ તેને સાંભળીને સુરા ખાચર બોલ્યા કે, ‘‘ગધીની માંગણનો હોય તે કાકાભાઈની મશ્કરી કરે’’ મેં તો મારા છોકરાની મશ્કરી કરી છે.’’ એવું વંચન ચાતુરીવાળું વચન સાંભળીને મહારાજ બોલ્યા કે, ‘‘કાઠી અને કાગડો બન્ને બરોબર છે, કેમકે પોતાના છોકરાને ઉદ્દેશીને પણ ગરાસિયાની ઠેકડી કરી ત્યારે છાલ મેલ્યો.’’ આ રીતે મહારાજે પાસે રહેનારા પાર્ષદોને ઠપકો આપ્યો. પાછા સભામાં આવીને વિરાજ્યા. અને પોતાના પારઐશ્વર્ય સંબંધી ઘણી વાતો કરી. પછી પોઢવાનો સમય થતાં અક્ષર ઓરડીએ આવીને પોઢી ગયા. વળી પૂનમને દિવસે સવારમાં ઊઠીને સ્નાન પૂજાદિ નિત્યવિધિને કરીને, સભામાં વિરાજ્યા. તે સમયે સમસ્ત સંતો હરિભક્તો આવીને બેઠા. તે વખતે કાકાભાઈ આવીને બેઠા. તેમને ઉદ્દેશીને મહારાજે ભગવાનના નિશ્ચય સંબંધી ઘણી વાર્તા કરી. આ વાર્તા સવિસ્તર વચ. પ્ર. ૭૦માં જણાવી છે. *(સદ્. અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૨૨૦)*

## માતરા ધાધલે કળે કરીને મહારાજને હસાવ્યા

એકવાર મહારાજ કાઠીઓના સવાર લઈને ચોમાસામાં ગામ અગત્રાઈ પર્વતભાઈને ઘેર પધાર્યા ત્યારે પર્વતભાઈનાં ઘરનાં મનુષ્યે થાળ કર્યો તે મહારાજ જમ્યા ને પછી કાઠીઓને

જમાડ્યા ને સભા કરીને મહારાજે સહુને ઉપદેશની વાતો કરી પછી ઓશરીમાં ઢોલિયા ઉપર ગાદલું પાથરેલું હતું તેમાં મહારાજ પોઢી ગયા ને કાઠીઓ વારા ફરતી જાગતા હતા ને તે સમે વરસાદ થોડો થોડો વરસતો હતો તેવામાં એક કૂતરી આવી ને મહારાજને ખાટલે ચડીને પગ પાસે ગોટો વળીને બેસી ગઈ ત્યારે ચોકી કરનાર કાઠીએ તેને હડકારી પણ ઉઠી ઉઠીને ફરી પાછી આવીને બેસી જાય તેથી તે ચોકીવાળે કૂતરીને લાકડી મારી એટલે તે કાલકારા કરતી ભાગી ગઈ પણ તે શબ્દ સાંભળીને મહારાજ જાગી ગયા ને વઢવા લાગ્યા કે "એ કૂતરાને કોણે માર્યું ? આ વરસાદ વરસે છે તેથી આંહી કોરામાં આવીને બેસે તેમાં આપણું શું લઈ જાય છે ? માટે હવે આવે તો કોઈ મારશો મા" એમ કહી પોતે પોઢી ગયા, પછી માત્રાધાધલનો જાગવાનો વારો આવ્યો. તે જાગતા હતા તેવામાં તેજ કૂતરી પાછી આવીને તેજ જગ્યાએ ગોટો વળીને બેસી ગઈ ત્યારે માત્રા ધાધલે ઘોડાનું ચોકડું લૂગડામાં સંતાડીને તે કૂતરીને માર્યું તેથી કાઉકાર કરતી ભાગી ગઈ ને માત્રાધાધલ તો મહારાજ વઢશે એ બીકથી સૂઈ ગયા ને ખોટાં નાખોરાં બોલાવવા લાગ્યા ત્યારે મહારાજ જાગી ફરી વઢવા લાગ્યા ને પૂછયું કે "કોણે માર્યું ?" પણ કોઈ બોલ્યું નહિ. પછી પર્વતભાઈ જાગ્યા ને મહારાજને કહ્યું "મહારાજ એમાં કાઠિયોનો વાંક નથી કારણ કે કૂતરીએ છાલ મેલ્યો નહિ ત્યારે એને શિક્ષા કરવી પડે ને ? પછી મહારાજ કહે "જુઓને કાઠીભાઈ કેવા કળાદાર, બીચારી કૂતરીને મારી નાખોરાં બોલાવવા માંડ્યા છે ત્યારે માત્રા ધાધલ કહે "હે મહારાજ મેં કાંઈ તેને લાકડી મારી નથી ફકત લુગડું માર્યું હતું એમ કહીને મહારાજને હસાવ્યા પછી પર્વતભાઈની રજા લઈને ચાલ્યા ને જૂનાગઢ થઈને ગઢડે પધાર્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૫૪)*

## બ્રહ્મમુનિએ મરમ કરીને હસાવ્યા

દાદા ખાચરની ગાયોના વાછડા છત્રીસ હતા તે બધા બીડમાં ચરતા તેથી ઘણા વકરી ગયા ને કોઈને અડવા પણ દે નહિ તો નાથવા તો શેના દિયે ને મારકણા બહુજ થયા. પછી મહારાજ પાસે વાત કરી જે "વાછડા મારી નાખે એવા બહુ મારકણા થયા છે ત્યારે મહારાજ કહે "ચાલો અમે નાથી દઈએ પછી મહારાજ બીડમાં આવ્યા ને ભેટુ બાંધી એ વાછડાને નાથું નાખવા માંડી તે છત્રીસેય વાછડા નાથ્યા. પછી બ્રહ્માનંદસ્વામીને કહે "જુઓ આ અમે છત્રીસ વાછડા નાથ્યા ત્યારે સ્વામી કહે "તમે સાત વાછડા તો કૃષ્ણાવતારમાં નાથ્યા હતા તે આ છત્રીસ નાથ્યા એ તો ભારે કામ કર્યું ને નાથવાની તો તમારી આગવી રીત છે ને ? એમ મરમ કરીને હસ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૫૪)*

## મહારાજે ખેતા તથા ભીમાના નામ પૂછાવ્યા ને રમૂજ કરી

એક સમયને વિષે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે મોટીબાને ઓરડે સભા કરીને બિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ સંત તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને કચ્છમાંથી ખેતો ને ભીમો બે નાના છોકરા આવેલા તે મહારાજને દંડવત્ કરી પગે લાગીને હંમેશાં સભામાં બેસે. તેવામાં એક દિવસ તે બંને જણા મહારાજને દંડવત કરી પગે લાગીને સામા ઉભા રહ્યા. ત્યારે મહારાજે ભીમાને પૂછયું "કેમ ભીમા, તું ગાંડો કે ખેતો ?" ત્યારે તે કહે "ખેતો ગાંડો છે ને હું તો ડાહ્યો છું પછી ખેતાને મહારાજે પૂછયું "તું ગાંડો કે ભીમો ?" ત્યારે તે કહે "હું તો ડાહ્યો છું ને ભીમો ગાંડો છે' તે સાંભળી સભામાં સૌ હસ્યા ને મહારાજ પણ હસ્યા પછી મુક્તાનંદસ્વામીએ પૂછયું જે "મહારાજ ! તમે પુરુષોત્તમનારાયણ છો ને આવા ગાંડા છોકરાને બોલાવો છો તે એણે ગયા અવતારમાં શું પુણ્ય કર્યા હશે ?" ત્યારે મહારાજ કહે "એણે ગયા અવતારમાં તો ઝાડનો જન્મ મળે એવાં તમોગુણી કર્મ કર્યા હતાં પણ તેણે એકવાર મોટા સત્પુરુષની સેવા કરી તેથી તે મોટા પુરુષનો તેના ઉપર રાજીપો થયો તેના અનુગ્રહથી સત્સંગમાં જન્મ આવ્યો તે હવે આ મંદિરમાં સંતની તથા દેવની સેવા કરીને ભગવાનના ધામમાં જાશે તે સાંભળી મુક્તાનંદસ્વામી તેમના ઉપર અતિશે રાજી થયા ને તે છોકરાઓ જીવ્યા ત્યાં સુધી ગઢડામાં રહ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૬૬)*

## મહારાજ આ ઉંઘ તો પોથીમાંથી નીકળે છે

એક સમયને વિષે મહારાજશ્રી ગઢડા મધ્યે પાંચુબાઈવાળા ઉગમણાબારના ઓરડાની ઓસરીએ સભા કરીને બિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને પ્રાગજીદવે કથા કરતા હતા. ત્યારે ગરઢેરાનેતો ઘોડા ફેરવવાં તથા દોડાવવાં તે વાતો સારી લાગે પણ સભામાં બેસવું ને કથા સાંભળવી તે સારું ન લાગે એટલે સૌ કથાનો પ્રારંભ થાય ત્યારે ઊંઘવા માંડે તે વખતે મહારાજે કહ્યું કે "બધા ઊંઘોમાં ને ખટકો રાખી કથા સાંભળો ત્યારે સૌએ હાથ જોડીને મહારાજને કહ્યું જે "ભણું પોથી છોડે છે તેમાંથી ઊંઘ નિકળતી છે તે બધાનાં માથાં દબાવી દે છે ને કથા કાંઈ સાંભળવા દેતી નથી. ને ભણું બીજાં કામ કરતા જઈએ ત્યારે ઊંઘ નથી આવતી અને કથામાં બેશીએ ત્યારે તો ભણું પોથીમાંથી જ ઊંઘ નિકળીને વળગતી છે ત્યારે મહારાજે વાત કરી જે "જીવને રજોગુણ તમોગુણ કામ ક્રોધાદિકે કરીને તથા જગતની અનેક ક્રિયાયે કરીને અંતઃકરણમાં કે જીવમાં દુઃખ થયું હોય તે કથા સાંભળવા બેસે એટલે જે દુઃખ હોય તથા

અંતઃકરણમાં વિક્ષેપ હોય તે નિવૃત્તિ પામે એટલે જીવ શાંત થાય ને ઊંઘ આવવા માંડે તે ઉપર દૃષ્ટાંત છે જે કોઈ ઉત્તમવર્ણનાં સારાં માણસ બેઠાં હોય ત્યાં નીચજાતીનાં માણસ જે ઢેઢ ઝાંપડા તે આવી શકે નહિ તેમ કથા સાંભળવા જીવ બેસે એટલે વિકાર માત્ર દૂર ભાગી જાય અને જીવ સુખિયો થાય એટલે ઊંઘ આવવા માંડે પણ પોથીમાંથી ઊંઘ નિકળે નહિ માટે ખબરદાર થઈને સૌ સાંભળજો' ત્યારે સૌએ કહ્યું જે "હે મહારાજ ! હવે ઊંઘ નહિ આવવા દઈએ" *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૭૨)*

## મૂળજી બ્રહ્મચારીની વાણી સાંભળીને મહારાજ હસ્યા

કોઈક દિવસ શ્રીજીમહારાજ ગઢડામાં દાદા ખાચરના દરબારમાં છાના રહેતા ને પ્રાગજીદવે પાસે કથા કરાવતા ને ગ્રામ્યવાર્તા કરવાની બંધી કરી હતી એટલે મુળજીબ્રહ્મચારીને કહ્યું "જાઓ બાઈઓની સભામાં જઈને કહી આવો જે કોઈ ગ્રામ્યકથા કરે નહીં ત્યારે બ્રહ્મચારી બાઈઓની સભામાં જઈને બોલ્યા જે "બાઈઓ ! મહારાજે કહ્યું છે જે કોઈ રામકથા કરશો નહીં" એમ કહીને બ્રહ્મચારી મહારાજ પાસે આવ્યા ત્યારે મહારાજ પુછયું "બ્રહ્મચારી બાઈઓની સભામાં શું કહી આવ્યા ?" ત્યારે બ્રહ્મચારી કહે "મહારાજ ! મેં બાઈઓની સભામાં કહ્યું કે મહારાજે કહ્યું છે જે કોઈ રામકથા કરશો નહીં' તે સાંભળીને મહારાજ હસ્યા ને બોલ્યા જે "બ્રહ્મચારીને તો ગ્રામ્યકથા ને રામકથા એ બેય સમાન છે' પછી મહારાજે બ્રહ્મચારીને કહ્યું "આજ થી તમારે બાઈઓ સાથે બોલવું નહીં' ત્યારે બ્રહ્મચારી કહે "હવેથી નહીં બોલું પછી બીજે દીવસે લાડુબાએ કહ્યું "બ્રહ્મચારી ! મહારાજનો થાળ થયો છે" ત્યારે બ્રહ્મચારી લાડુબાને કહે "હવે હું તમારી સાથે નહીં બોલું. મને મહારાજે ન બોલવાનું નિયમ દીધું છે તે સાંભળીને મહારાજ મુખ આડો રુમાલ દઈને હસતા હસતા બોલ્યા જે "જુઓને બાઈઓ સાથે બ્રહ્મચારી કાંઈ બોલે છે ? એતો એમ જાણે છે કે હું નથી બોલતો પછી મહારાજે બ્રહ્મચારીને આજ્ઞા કરી કે "તમે બાઈઓ સાથે બોલજો' ત્યારે બ્રહ્મચારી કહે "હું તો તમારા સારુ બોલું છું નહીતો મારે બાઈઓ સાથે બોલવાનું શું પ્રયોજન છે ? તે સાંભળીને મહારાજ કહે "આની દૃષ્ટિ બ્રહ્મરુપ થઈ ગઈ છે' એમ બહુ પ્રશંસા કરી. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૭૩)*

## મહારાજ હાસ્યમાં જીવુબાને વાત કરી

એકવાર ગઢડામાં ખીમો સુતાર અતિ માંદો થયો ને તેને જોવા સારુ મહારાજ તેને ઘેર પધાર્યા. ને તેને જોઈને પાછા દાદા ખાચરના દરબારમાં આવ્યા ને જીવુબા પ્રત્યે મહારાજ બોલ્યા જે "જીવુબા ! ખીમાસુતારનો દેહ નહીં રહે ને એને બે બાઈડીઓ છે તે એ મરે ત્યારે એ બેય રાંડે કે એક રાંડે ?" ત્યારે જીવુબા કહે "એ બેય રાંડે ત્યારે મહારાજ કહે "એતો

બહુજ ખોટુ'' પછી જીવુબા કહે ''એને શીદ મરવા દીયો છે ? જીવાડોને, એ જીવાડવું મારવું તે તમારા હાથમાં છેને ?'' પછી મહારાજે એને જીવાડ્યો ને મરવા ન દીધો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૮૭)*

## બ્રહ્મમુનિએ મહારાજની નાભિમાં ભડાકો કર્યો ને મહારાજ હસ્યા

એકવાર શ્રીજીમહારાજ અક્ષરઓરડીયે માથે ઓઢીને ધ્યાન કરતા હતા તે વખતે બ્રહ્માનંદસ્વામી આવ્યા ને મહારાજને પગે લાગીને બોલ્યા જે ''હે મહારાજ ! તમને ભગવાનની મૂર્તિ દેખાય છે. પણ અમને તો દેખાતી નથી' એમ બેત્રણ વાર બોલ્યા ત્યારે મહારાજે જોયું જે ''આ અમને ધ્યાન નહી કરવા દીયે' પછી માથેથી લૂગડું ઉતારી નાખ્યું ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે ''હે મહારાજ ! હવે અમને ભગવાનનાં દર્શન થયાં' એમ કહીને મહારાજશ્રી ને હસાવ્યા. વળી બીજે દિવસે શ્રીજીમહારાજ વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીયે બેઠા હતા ત્યારે સોમલો ખાચર માથે ઓઢીને ધ્યાન કરતા હતા તે ટાણે સુરો ખાચર આવ્યા ને બોલ્યા જે ''તાલો બાપ ઢોલિયે બેઠા છે તેને જોતો નથી ને માથે ઓઢીને કેને જુવે છે ?'' પછી સોમલે ખાચરે લૂગડું ઓઢ્યું હતું તે ઉઘાડ્યું ત્યારે સુરો ખાચર કહે ''આ પ્રત્યક્ષ ભગવાન બેઠા છે તે સામું જોઈ રહેને' એ સુરો ખાચર તથા બ્રહ્માનંદસ્વામી મહારાજ સાથે સખાભાવ રાખતા ને રમૂજ કરીને મહારાજને ઘણીવાર હસાવતા. એકવાર મહારાજ અક્ષરઓરડીયે ઢોલિયા ઉપર સૂતા હતા તે વખતે અચાનક બ્રહ્માનંદસ્વામી આવ્યા ને મહારાજની નાભી ઉપર મોઢું રાખીને ભડાકો બોલાવ્યો ત્યારે મહારાજ ઝડપ બેઠા થયા ને કહ્યું બ્રહ્માનંદસ્વામીએ અમારી નાભી અભડાવી'' ત્યારે સ્વામી કહે ''તે તો મારું સ્થાન છે તે સાંભળીને મહારાજ ઘણું હસ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૬૬)*

## બંને બેના વાક્યુધ્ધમાં મહારાજ હસ્યા

એક સમે મહારાજશ્રી ગઢડામાં રહેતા ને મોટીબા તથા લાડુબાને ત્યાં થાળ જમતા તેમાં ક્યારેક મોટીબાને ત્યાં વધુ જમાય તો લાડુબા કોચવાય ને લાડુબાને ઘેર વધુ જમાય તો મોટીબા કોચવાય એમ અરસપરસ તાણ ખેંચ થાવા માંડી તે જોઈને મહારાજે કહ્યું ''હવે અમને જમાડવાના પંદર પંદર તિથિના વારા કરો એટલે તમારે તાણખેંચ થાય નહી'' પછી તેમ કરીને જમાડવા માંડ્યા પણ એક મહિનામાં તિથિ એક વધે અથવા ઘટે તેની પણ તાણખેંચ થવા માંડી ત્યારે મહારાજ કહે ''હવે દશ દશ દિવસ ગણીને જમાડવાનો ઠરાવ રાખો એટલે કોઈને તાણ ખેંચ રહે નહીં' એવી રીતે ઘણા દિવસ ચાલ્યું પછી એક સમે મહારાજ ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીયે વચલી થાંભલીયે ચાકળો નખાવીને બિરાજમાન હતા ને તે વખતે લાડુબાનો જમાડવાનો

વારો ચાલતો હતો તેવામાં મોટીબાનાં સેવક દૂધ કઢીને તેમાં સાકર તથા જાયફળ આદિક મસાલો નાખીને પાની તાંસળીમાં લઈને આવ્યાં એટલે મહારાજે તાંસળી હાથમાં લઈને દૂધપાન કર્યું તે દૂધનો ધોળો દોરો ઉપલા હોઠ ઉપર પડી રહ્યો તે લાડુબાનાં સેવકે ભાળ્યો તે વાત લાડુબાને કરી જે ''આપણા જમાડવાના વારામાં મોટીબાનાં સેવકે આજ મહારાજને દૂધ પાયું તે કોણ જાણે કેટલાય દિવસથી આપણા વારામાં દૂધ પાઈ જાતા હશે માટે આપણા વારામાં મહારાજ પુરું જમી શકતા નથી ત્યારે લાડુબાએ કહ્યું ''જા તારામાં દૈવત ક્યાં છે ? તેનાં જટીયા તોડી નાખ એટલે તે ગાળો ભાંડતાં ભાંડતાં બારણે ઓશરીમાં આવ્યાં ને મોટીબાનાં સેવક પણ ગાળો ભાંડતાં ભાંડતાં ઓશરીમાં આવ્યાં ને સામસામાં બાધવા માંડ્યાં ને બહુ તાણ ખેંચ થઈ તે જોઈને મહારાજ મુખારવિંદ આડો રૂમાલ દઈને હસવા મંડ્યા ત્યાં લાડુબા આકળા થઈને આવ્યાં ને મોટીબાને ઠપકો દેવા લાગ્યાં જે ''અમારા વારામાં આવીને તમે જમાડી જાઓ કે દૂધપાઓ એટલે કજીયો થાય કે નહી ?'' એ રીતે બહુ કોચવાઈને કહ્યું ત્યારે મોટીબા કહે ''હવેથી દૂધ નહી પાય'' પછી તે સર્વે હકીકત મહારાજે જોઈને કેટલોક ઉપદેશ આપી સંપ કરાવ્યો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૮૦)*

## મહારાજ વધુ જમે તે માટે બ્રહ્મમુનિએ યુક્તિ કરી

એકવાર મહારાજ ઉગમણાબારના ઓરડાની ઓસરીયે ઢોલિયા ઉપર બિરાજમાન હતા તે સમે અદીબાએ મહારાજને સાદ કર્યો ત્યારે મહારાજ કહે ''શું કહો છો ?'' ત્યારે કહે ''થાળ કરીને તમને જમાડવા છે ને સાધુને પણ જમાડવા છે ત્યારે મહારાજ કહે કેટલા સાધુ જમાડવા છે ?'' ત્યારે અદીબા કહે ચાર ''સાધુને જમાડવા છે ત્યારે મહારાજ કહે ''કોને કોને જમાડશો ?'' ત્યારે કહે ''મુક્તાનંદસ્વામી, ભાયાત્માનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને શુકસ્વામી એ ચારને જમાડવા છે ત્યારે મહારાજ કહે ''કરો થાળ'' પછી અદીબાએ થાળ તૈયાર કર્યો ને મહારાજને બોલાવવા માણસ મોકલ્યું ત્યારે મહારાજ સાધુને લઈને જમવા પધાર્યા તે ઉત્તરાદાબારને આથમણે ઓરડે માયલા ઉંબરાની પાસે બારણામાં બાજોઠ ઉપર આથમણે મુખારવિંદે બિરાજમાન થયા ત્યાં થાળ આવ્યો તે જમવા બેઠા ને સાધુઓ તે ઓરડાની ઓશરીમાં દક્ષિણાદેમુખે મહારાજનાં દર્શન થાય તેમ જમવા બેઠા પછી અદીબાએ મહારાજ આગળ થાળ ધર્યો ને બોલ્યાં જે ''જમો મહારાજ' ત્યારે તે થાળમાંથી મહારાજ મોતીયો લાડુ એક જમ્યા ત્યારે બ્રહ્માનંદસ્વામીને સંકલ્પ થયો જે ''કાંઈક રમૂજ કરીએ તો મહારાજ વધારે જમે' પછી સ્વામીએ રમૂજ કરી તે મહારાજ હસતા જાય ને જમતા જાય એટલે ભાયાત્માનંદસ્વામીને પણ સંકલ્પ થયો ને બોલ્યા જે ''મહારાજ પંજાબી માણસ બહુ જમે પછી તે દેશની વાત કરી જે ''એક માણસ કોઈને ઘેર મેમાન થઈને

ગયો એટલે તે ઘરધણીયે પૂછયું જે તમારે વાસ્તે જમવાનું કેટલું કરવું ? ત્યારે મેમાન કહે, ચોખા તો જાયના ફૂલ છે માટે હાંડી ભરીને કરજો ને ઘઉંની રોટી કરો તો વેંતભર કરજો ને બાજરાના રોટલા કરોતો પાંચ સાત કરજો ને દાળ તો હાંડી ભરીને કરજો‘ તે વાત સાંભળીને મહારાજ જમતા જમતા હસ્યા ને બોલ્યા જે ‘‘તે વાત તો કાંઈ મનાય તેવી નથી ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે હા મહારાજ પંજાબદેશનાં માણસની એ વાત સાચી છે‘ એમ કહીને પછી રામપ્રતાપભાઈની વાત કરી જે ‘ભાઈ પંચાળે રહ્યા હતા તે નિત્ય પેટ ઉપર હાથ ફેરવે ને પેટ વજાડે ને બોલે છે, પંચાળાકા પાણી બોત ભારી પણ ભારે વસ્તુ જમાય એટલે પચે નહી પછી પાણીનો વાંક કાઢે’’ ત્યારે મહારાજે પૂછયું ભાઈ શું જમતા ? ત્યારે સ્વામી કહે ‘‘અમારાથી તે વાત કહેવાય નહી કેમકે કહીએ તો ભાઈને સારું ન લાગે ને અદીબા સાંભળે તો તેને પણ સારું ન લાગે માટે કહેવી નહી’’ ત્યારે મહારાજ કહે ‘‘એ વાતતો કહોજ‘ એટલે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું ભાઈ સવારમાં માખણ ને સાકર જમે, બપોરે શીરો પૂરી ને શાક જમે ને સાંજે દૂધ સાકરનો કઢો જમે ને એવી ‘ભારે વસ્તુ પચે નહી એટલે પેટ ઉપર હાથ વજાડે ને કહે પંચાળાકા પાણી બોત ભારે ત્યારે મહારાજે પૂછયું કેટલું કેટલું જમતા’’ ત્યારે સ્વામી કહે ‘‘એતો અદીબાજાણે’’ એટલે મહારાજ કહે ‘‘લ્યો અદીબાને પૂછીએ ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે ‘‘જેમ છે તેમ અદીબા તમારી પાસે વાત નહી કરે કેમકે આ દેશમાં એવી રીત છે જે ઘેર મેમાન આવ્યો હોય તે ઝાઝું જમે તો પણ ઘરધણી કહે જે કાંઈ જમ્યા નહી, જેટલું કર્યું હતું તે સર્વે પડી રહ્યું. એમ કહે માટે અદીબા બરોબર વાત નહી કહે ત્યારે મહારાજ કહે ‘‘અમે યુક્તિથી તેમને પૂછશું એટલે જેમ હશે તેમજ કહેશે ત્યારે સ્વામી કહે ‘‘અમને ગરાસીયાનો વિશ્વાસ આવતો નથી જે તમારી આગળ પૂરેપૂરી વાત કરે તો પણ પૂછી જુઓ’’ પછી મહારાજે જમતાં જમતાં અદીબાને બોલાવ્યાં ને કહ્યું કે ‘‘અમે તમારા વિશ્વાસથી રામપ્રતાપભાઈને પંચાળે મુકતા આવ્યા હતા પણ તમે ભાઈની સારી ખબર ન રાખી એટલે ભાઈ કચવાણા તે તમે બહુ ખોટું કર્યું તે ભાઈને તમે શું જમવા આપતાં ?’’ ત્યારે અદીબા કહે સવારમાં માખણ ને સાકર આપતાં એટલે મહારાજે સવાશેરનો એક પથરો હતો તે સામી આંગળી કરીને કહ્યું ‘‘આ પથરા જેટલું માખણ આપતાં ?’’ ત્યારે અદીબાએ હા પાડી. પછી મહારાજ કહે ‘‘સાકર કેટલી આપતાં ?’’ ત્યારે કહે ‘‘અરધોશેર જારી આપતાં ને બપોરે પોણોશેર લોટ, પોણાશેર ઘી ને પોણોશેર સાકર તેનો શીરો કરી જમાડતાં ને સાંજે પારેટ ભેંશનું પાંચશેરદૂધ ને સાકરનો કઢો કરી જમાડતાં ત્યારે બ્રહ્માનંદસ્વામી સામું જોઈ મહારાજ હસ્યા ને કહ્યું ‘‘ગણો જોઈએ નિત્યે જમવાનો કેટલો ભાર થયો ?’’ એવી રીતે રમૂજની વાતો કરે છે ત્યાં ચાર સાધુ માટે

પણ જમવાનું જે મહારાજના થાળમાં મૂક્યું હતું તે બધુંય મહારાજ જમી ગયા એટલે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે હવે વાત શી કહેવી આંહી જુઓને બધોય થાળ ખાલી ખટ થઈ ગયો'' એમ કહીને સ્વામી હસ્યા એટલે મહારાજ પણ હસ્યા ને બોલ્યા જે ''આજ તમે બહુ રમૂજ કરી તે વાતોમાં અમને જમવાની પણ ખબર રહી નહીં'' પછી મહારાજે અદીબાને કહ્યું ''હવે કાંઈ સાધુને જમાડીએ એવું છે ?'' ત્યારે અદીબા કહે ''ભાત છે પણ બીજું કશું નથી' એમ કહીને અદીબા બહુ રાજી થયાં કેમ જે મહારાજ સારી પેઠે જમ્યા. પછી મહારાજ કહે ''ત્યારે જે હોય તે લાવો સાધુને જમાડીએ'' ત્યારે અદીબા ભાત, સાકર ને ઘી લાવ્યાં તે મહારાજે સાધુને પીરસ્યું એટલે બ્રહ્માનંદસ્વામીએ મરમ કર્યો જે ''મહારાજ ! આ ભાયાત્માનંદસ્વામી તો ઘી નહી જમે ત્યારે મહારાજ કહે ''તમે મરમ કરોમાં અમારે હાથે તો ભાયાત્માનંદસ્વામી ઘી જમશે' એમ કહીને મહારાજે ઘી સાકર ને ભાત બે ત્રણવાર પીરસીને સાધુને સારી પેઠે જમાડ્યા પછી મહારાજે હાથ ધોયા ને રૂમાલ વડે કોરા કર્યા એટલે અદીબા મુખવાસ લઈ આવ્યાં તે જમતા જમતા મહારાજ અક્ષરઓરડીયે પધાર્યા ને સાધુઓ પગે લાગીને આસને ગયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૮૨)*

## આડી અવળી વાતે પણ સુરા ખાચરે મહારાજને હસાવ્યા

એક સમયને વિષે મહારાજશ્રી કોઈક ગામ જાતા હતા ને ભેગા કાઠીના સ્વાર પણ હતા ને મહારાજ માણકી ઘોડી ઉપર બેઠા હતા ને એ માણકીની વછેરી ધાવણી હતી તે ભેળી હતી તે સમે મહારાજ બોલ્યા જે ''સુરા ખાચર ! આ માણકી ઘોડીને મારા ઉપર જેવું હેત છે એવું એની વછેરી ઉપર નથી'' ત્યારે સુરો ખાચર કહે ''મહારાજ એમ હોય નહિ, ઘોડીને તો એનાં વછેરા ઉપર હેત હોય તેવું બીજા ઉપર હેત હોય નહિ'' ત્યારે મહરાજ કહે ''એનું તમને પારખું દેખાડીએ'' એમ કહીને તે વછેરીને પકડીને એક કોરે ઉભી રખાવી ને પોતે ઘોડીને લઈ છેટે ગયા ને પછી ઘોડી ઉપરથી ઉતરીને તેને છુટી મેલી દીધી ને પોતે ત્યાંથી સાઠ શીતેર કદમ આઘા જઈને લઘુશંકા કરવા બેઠા ત્યારે માણકી તો જ્યાં તેને ઉભી રાખી હતી ત્યાંજ ઉભી રહીને તેની વછેરી તો ઘણોએ હણહણાટ કરતી હતી પણ તે સામુ ઘોડીએ જોયું એ નહિ ને મહારાજ લઘુશંકા કરીને ઉભા થયા ત્યારે તે ઘોડી દોટ દઈને મહારાજ પાસે આવીને ઉભી રહી પછી મહારાજ સ્વાર થયા ને સુરો ખાચર વગેરે ઉભા હતા ત્યાં આવ્યાં ને બોલ્યા જે ''કહો સુરા ખાચર, આ ઘોડીને અમારી ઉપર હેત છે કે એની વછેરી ઉપર ?'' ત્યારે તે કહે ''એ ઘોડીની બહુ ભારે જાત છે તેમાં બેબે હજાર રુપીયા આપીએ છીએ ને ?'' ત્યારે મહારાજ કહે ''કાઠીભાઈ ખરાને તે જાત ઉપર વાત લાવ્યા પણ હેતની

વાત કરતા નથી'' એમ રમૂજ કરી હસતા થકા ત્યાંથી ચાલતા થયા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૨૦)*

## સુરા ખાચરે તેમની ભાષામાં મહારાજને હસાવ્યા

સુરત શહેરમાં પારસી અરદેશરે સત્સંગની વાતો સાંભળીને વર્તમાન ધરાવ્યા ને મહારાજનો પાકો નિશ્ચય થયો ને તે પહેલાં તો તેણે જોગી, વેરાગી, જંગમ, સંન્યાસી, પીર, ફકીર, મલાં મલંગી, શેખ, ભેખ વિગેરના બહુ રંગ જોયા પણ ક્યાંઈ કલ્યાણ દીઠું નહિ ને બધાને કમોદનાં ફોતરાં જેવા ને કુશકા જેવા નકામા દીઠા પછી તેને સ્વામિનારાયણના સાધુની વાતો સાંભળીને શાંતિ થઈ ને કલ્યાણનો નિશ્ચય થયો તે અરદેશર અંગ્રેજી તથા પારસી વિદ્યા ભણેલા હતા ને તેમણે સરકારી નોકરી કરીને ખૂબ આબરૂ મેળવી હતી ને સરકારે તેને ખાનબહાદૂરનો ઈલ્કાબ આપેલો ને ચાર ગામ બક્ષીસ આપેલાં હતાં ને અરદેશર સત્સંગની રીતભાત પાળવા લાગ્યા ને સ્વામિનારાયણનું અખંડ ભજન કરવા લાગ્યા તેમણે એકવાર ભાલચંદ શેઠ વગેરે સત્સંગીઓને મળી શ્રીજીમહારાજને સુરતમાં પધારવા સારુ વિનયપત્ર લખીને માણસને વડતાલ મોકલ્યુ તે માણસે વડતાલ જઈને મહારાજને કાગળ આપ્યો તે મહારાજે વાંચીને મુક્તાનંદસ્વામીને તથા ગોપાળાનંદસ્વામી આદિક સદ્‌ગુરુઓને વંચાવ્યો ને પ્રયાણ કરીને સુરત જવા સારુ ચાલ્યા સર્વે સંત તથા પાર્ષદ તથા દાદા ખાચર અને સુરો વગેરે કાઠીઓને સાથે લીધા ચાલતાં ચાલતાં સહુ ભરૂચ આવ્યા ને નર્મદા નદી ઉતરવા સારુ ધર્માદાનાં વહાણમાં સહુ બેઠા ત્યારે વહાણમાં એક બાવો બેઠેલો તેણે ધતુરી પીવા માંડી ત્યારે સુરા ખાચરે કહ્યું ''અરે એ બાવળીયા જરા આઘો જઈને પી અમારા મહારાજને ધુમાડો આવે છે પણ તે ઉઠયો નહિ ત્યારે સુરા ખાચરે તે બાવાને પડખામાં જરાક હાથનો ઠોંસો માર્યો ત્યારે બાવો ક્રોધ કરીને જેમ તેમ બોલવા લાગ્યો ત્યારે સુરો ખાચર કહે ''અરે ભણે બાવો થઈને ક્રોધ કાણું કરવા કરતો છે ?'' ત્યારે મહારાજ બોલ્યા કે ''ઓલ્યાને ઠોંસો મારીને હવે વળી ક્રોધનું કહો છો !'' એમ કરતાં વહાણ ચાલતું થયું તેવામાં ફરીને તે બાવો ધતુરી પીવા લાગ્યો ત્યારે પણ સુરા ખાચરે ના પાડી તો પણ તે માન્યો નહિ ત્યારે સુરા ખાચરે તે બાવાની પાસે બેશીને પડખામાં કોણી મારી ત્યારે તે તુરત બેઠો થઈ ગયો ને બડબડ બોલતો આઘો જઈને બેઠો ત્યારે મહારાજે કહ્યું ''સુરા ખાચર એ બાવાને ઉઠાડી રહ્યા'' પછી કાંઠે જઈને વહાણમાંથી ઉતરી મહારાજ નર્મદાનદીમાં નાહ્યા ને સહુ સંત પાર્ષદ તથા કાઠીઓ પણ નાહ્યા એમ તે નદીને પવિત્ર કરીને પછી કાંઠે બેઠા તે વખતે વહાણના ખેવટીયા આવીને મહારાજને પગે લાગ્યા ત્યારે મહારાજે તેમને રાજી કર્યા પછી ત્યાંથી ચાલ્યા તે અંકલેશ્વર આવ્યા તે વખતે ત્યાંનો રાજા મહારાજની સામે આવ્યો ને

દંડવત પ્રણામ કરીને પગે લાગ્યો ને સ્તુતિ કરીને કહ્યું કે "હે મહારાજ ! મારી ઘણા દિવસની હામ હતી તે આજ પૂરી થઈ" એમ કહીને મહારાજ ને સહુ સાથે પુરમાં પધરાવ્યા ને બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી તે મહારાજ જમ્યા તથા સર્વે સંત, પાર્ષદ કાઠીઓને જમાડ્યા પછી મહારાજ પોઢ્યા ને સવારે ઉઠીને ચાલ્યા ત્યારે રસ્તામાં મહારાજ વાતો કરતા આવે કે "ચાલો હવે હિંદુસ્તાનમાં જાઈએ" એમ કરતાં માર્ગમાં એક નદી આવી ત્યાં મહારાજ સાથવો જમ્યા ને સહુ સંત પાર્ષદોએ ટીમણ કર્યા પછી ચાલ્યા તે ગામ કોશાલાની વાડીમાં રાત્રિ રહીને સવારે નિત્યવિધિ કરીને તૈયાર થયા ત્યાં અરદેશરજી સામૈયું લાવ્યા ને અંગ્રેજી વાજા હતાં પછી વાજતે ગાજતે સુરત શહેરમાં ગામ સોંસરા થઈને મસ્તુબાગમાં પધાર્યા ને ત્યાં તંબુમાં મહારાજ બિરાજમાન થયા પછી મૂળજી બ્રહ્મચારીએ થાળ કર્યો તે મહારાજ જમ્યા ને બ્રાહ્મણોએ રસોઈ તૈયાર કરી તે સંત તથા પાર્ષદ વગેરેને જમાડ્યા ને પછી બીજે દિવસે અરદેશરજીના કહેવાથી મહારાજ માણકી ઉપર સ્વાર થઈને સંત પાર્ષદ તથા કાઠીઓના સ્વારે સહિત ગાજતે વાજતે નવાબ સાહેબને ત્યાં પધાર્યા ત્યારે નવાબ સાહેબે મહારાજની ષોડશોપચારે કરીને પૂજા કરી ને આરતી ઉતારી પછી મહારાજ ત્યાંથી અરદેશરજીને ઘેર પધાર્યા ત્યારે અરદેશરજીએ મહારાજની ષોડશોપચારે કરીને પૂજા કરીને સુંદર પોશાક ધરાવ્યો તથા પુષ્પના હાર પહેરાવ્યા ને ગુલાબજળ છાંટી આરતી ઉતારીને સંત પાર્ષદોની પૂજા કરીને તેમને ધોતિયાં ઓઢાડ્યાં ને પગે લાગ્યા ત્યારે મહારાજે કહ્યું "હવે અમે શું કરીએ ?" ત્યારે અરદેશરજી કહે દાદા ખાચરને ઘેર જે કરતા હો તે કરો" ત્યારે મહારાજે સાધુ પાસે બે ચોસર કીર્તન ગવરાવ્યા પછી માણકી મગાવીને તે ઉપર સ્વાર થયા ને ઘોડીને ચોક વચ્ચે કુંડાળે નાખી તે વખતે મહારાજે અરદેશરજીના ભાઈ પીલુસાહેબને કહ્યું કે "પીલુસાહેબ તમે આટલી સ્મૃતિ રાખજો" એમ કહીને તે લીલાની સ્મૃતિ રખાવી પછી ત્યાંથી ગાજતે વાજતે ઉતારે પધાર્યાને આંબલીયે હીંડોળો બાંધ્યો હતો તે ઉપર બેસીને ઝુલ્યા ને સાંઝે આરતી કરીને ધૂન બોલ્યા પછી રાત્રિએ મહારાજે સુરા ખાચરને વાત કરવાનું કહ્યું ત્યારે તેમણે વાત કરી કે "અમારા બાપદાદા ગુજરાતમાં મેલીકાર કરવા ગયા હતા તે કરીને ચાલ્યા ને વાંસે વાર ચડી ને સાંજ પડી ગઈ ને અંધારી રાત્રિ થઇ ગઈ તેવામાં આડી સાબરમતી જેવી નદી આવી ને તેમાં પુર આવેલ તેથી બે કાઠામાં પાણી ત્યારે તેમાં પ્રથમ કોણ ઘોડું નાખે. ને જો ન નાખે તો વાંસે વાર આવી પહોંચે પછી સહુએ ભેગા થઈને એક આડાકાઠીને પરાણે નદીમાં નાખ્યો પછી તેને બીજા પુછવા માંડ્યા કે "ભણે ઉતરાશે કે કેમ ?" પણ તેતો ઉંડા પાણીમાં તણાવા માંડ્યો એટલે "ત્રો ત્રો" કરવા લાગ્યો તેથી બીજાએ જાણ્યું કે "ઘોડાને પાણી પાય છે તે થોડું પાણી હશે" એમ જાણીને એક જણે પાણીમાં ઘોડી

નાખી એટલે તે પણ તણાવા માંડ્યો તેથી ''ત્રો ત્રો' કરવા લાગ્યો પછી તો બધાએ ધબોધબ પડ્યા ને ''ત્રો ત્રો'' કરતા મારા દીકરા બધાએ તણાઈ ગયા'' તે સાંભળીને મહારાજ તથા સર્વે હસ્યા ને મહારાજ બોલ્યા કે ''પોતાના બાપદાદાની વાત કરે છે ને દીકરા કહીને ગાળ દિયે છે તેની ખબર નથી'' એમ રમૂજ કરાવીને પછી મહારાજ પોઢવા પધાર્યા ને સવારે નિત્ય વિધિ કરીને ચાલવા તૈયાર થયા તેવામાં અરદેશરજી આદિક હરિજનો આવ્યા તેમને મહારાજે કહ્યું ''અમે આંહી નવ દિવસ રહ્યા માટે હવેતો ચાલશું'' એમ રજા માગી ત્યારે અરદેશરે પોતાના બાગમાં પધારવા માટે મહારાજની સ્તુતિ કરી ત્યારે મહારાજ તેમના બાગમાં પધાર્યા પછી અરદેશરે સ્તુતિ કરીને કહ્યું કે ''હે મહારાજ ! મારું કલ્યાણ શી રીતે થાશે ?'' ત્યારે મહારાજે પોતાને માથે બાંધેલ પાઘ હતી તે ઉતારીને તેને આપી ને કહ્યું ''આ પાઘની તમે નિત્ય પૂજા કરજો ને મારા નામની પાંચ માળા ફેરવજો ને અધર્મથી ડરજો ને ધર્મ ઉપર આસ્તા રાખજો તેથી તમારું કલ્યાણ થાશે ને અંતકાળે હું તમને તેડવા આવીશ'' એ પ્રમાણે અરદેશરજીને વર દઈને પછી મહારાજ ત્યાંથી ચાલ્યા. તે વખતે ગામની બહાર રસ્તા ઉપર પછીત પડે તેવી એક વૈરાગીની ધર્મશાળા છે અને રસ્તા ઉપર તે પછીતમાં બધે બંદુકોના મારા મેલેલા હતા એ ધર્મશાળામાં ઘણા વેરાગી તે સમે રહેતા હતા તેના મહંતનો એક ચેલો મહારાજને મારવા સારું તે મારામાં બંદુક રાખીને રહેલો તે જ્યારે મહારાજ રસ્તામાં ચાલતાં તે પછીત પાસે આવ્યા ત્યારે તેણે મારામાં રાખેલી બંદૂકનો વાંદરો દબાવ્યો પણ બરીયાન ખાઈ ગયું ને ભડાકો ન થયો એટલે તે બંદુક ભરીને બીજે મારે બંદૂક રાખી ઉભો રહ્યો ને ત્યાં મહારાજ આવ્યા ત્યારે વાંદરો દબાવ્યો પણ બરીયાન ખાઈ ગયું ને ભડાકો ન થયો. એમ આખી પછીતને બધે મારે બંદુક રાખીને ફોડી પણ ભડાકો થયો નહિ ને મહારાજ તો ચાલ્યા ગયા તે પછી ત્રીજે દિવસે તેને વેરાગી સાથે ટંટો થયો તેથી તે વેરાગીયે તેને બંદુકની ગોળીયે માર્યો ને મહારાજ તો સુરતથી ચાલ્યા તે રસ્તામાં એક ગામને પાદર રામૈયો કોસ ચલાવતો હતો ત્યાં ઘોડાંને પાણી પાવા સારુ બધા કાઠી સ્વાર સાથે મહારાજ ગયા ત્યારે કોશીયો બોલ્યો કે ''રામ આવ્યા ત્યારે મહારાજ બોલ્યા કે ''રામ તો આવ્યા છે પણ ઓળખાય તોને !'' એમ કહીને ચાલ્યા તે ગામ બોચાસણ થઈને ખંભાત આવ્યા ને ત્યાંના હરિજનોયે મહારાજને રાખવા સારુ ઘણી તાણ કરી પણ મહારાજ રોકાણા નહી ને કાઠીઓને તો રહેવાનો વિચાર હતો તેથી પરસ્પર મરમ કરવા લાગ્યા જે ભણે સુતરફેણી તે કીમી હશે ?'' તે સાંભળીને મહારાજ મુખ આડો રૂમાલ દઈને મરક મરક હસતા જાય ને દેવાભક્તને સાન કરી તેથી તે મહારાજની ઘોડી આગળ તળપું તો ચાલવા મંડ્યો તે જોઈને કાઠીઓ દેવાભક્તને કહેવા લાગ્યા કે ''ભણે બંદૂક બાંધીને

આગળ તળપો જાજી પણ આગળ ખાણની ખોરી જાર તૈયાર કરી રાખી છે "એમ બોલતા આવે ને મહારાજની પાછળ ચાલ્યા આવે પછી મહારાજ ગુડેલ ગામ પાસે કોઈક ગામની વાડીમાં ઉતર્યા ને તે વાડી વાળા પાસેથી બે મણ વેંતાક લીધાં ત્યારે તેના બે રૂપિયા આપવા સારુ મહારાજે કાઠીઓને કહ્યું કે "આને વેંતાકના બે રૂપિયા આપવા છે તે કોઈની પાસે હોય તો આપો" પણ તે સમે એવું બન્યું કે કોઈની પાસે એક પૈસો પણ ન મળે તેથી સોમલો ખાચર બોલ્યા કે "મહારાજ એ વૈતાક લેવાં રહેવા દીયો" એમ વાત કરે છે તેવામાં કોઈ હરિજને આવીને મહારાજને પગે લાગીને આગળ બે રૂપિયા મૂક્યા ત્યારે મહારાજે કહ્યું "આ બે રૂપિયા લ્યો વાડીવાળાને આપો ને વૈતાક લઈ લીયો" પછી તે બે રૂપિયા આપીને બે મણ વૈતાક લીધાં ને ગુડેલ ગામે પધાર્યા ત્યાં જીભાઈ આદિક હરિજનો સામૈયું લઈ આવ્યા ને વાજતે ગાજતે ગામમાં ગયા પછી હરિજનો રસોઇનો સામાન લાવ્યા ત્યારે મહારાજે પોતે ઘીમાં શાક કર્યું ને સાધુઓએ શીરો કર્યો પછી મહારાજ જમ્યા અને સંત, પાર્ષદ તથા કાઠી સ્વાર સહુને જમાડ્યા ને ત્યાં રાત્રિ રહીને પછી ધોલેરે થઈને ચાલ્યા તે ફરતા ફરતા ગઢપુર પધાર્યા છે.
*(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૭૫)*

## મહારાજે નાથા સાથે રમૂજ કરી

એક વખત શ્રીજીમહારાજ ગામ માનકૂવે પધાર્યા ને સુતાર નાથાને ઘેર ઉતર્યા ત્યારે નાથાની માએ મહારાજને થાળ કરીને જમાડ્યા ને પછી વાત કરી કે "હે મહારાજ ! નાથો તો ઉપવાસ કરવો પડે તેવા અપશબ્દ બોલે છે માટે દયા કરીને તેને તમારી સાથે લઈ જાઓ ત્યારે મહારાજ તેને સાથે લઈને ચાલ્યા ત્યારે રસ્તામાં નાથે શ્રીજીમહારાજને પૂછ્યું કે "તમે ભગવાન છો કે નહિ ?" મહારાજે કહ્યું "અમે તો સ્વામિનારાયણના પરમહંસ છઈએ ને ભગવાન તો બીજા છે" એમ કહીને ચાલ્યા તે થોડેક છેટે ગયા ત્યારે વળી નાથે પૂછ્યું કે "તમે ભગવાન છો ?" ત્યારે મહારાજે કહ્યું "અમે તો સાધુ છઈએ" એમ નાથે ચાર પાંચ વખત મહારાજને પૂછ્યું

પણ મહારાજે હા કહી નહિ તેવામાં ગામ વંગડી આવ્યું તેને પાદર તળાવડીને કાંઠે સતીની દેરી છે ત્યાં મહારાજ બેઠા ને નાથાને તળાવડીમાં માણકીને પાણી પાવા મોકલ્યો ત્યાં ઘોડી આઘે ગઈ ને ઘોડી સહિત નાથો પાણીમાં ડૂબી ગયો ત્યારે મહારાજે દેરીયે બેઠાં બેઠાં હાથ લાંબો કરીને માણકીયે સહિત નાથાને બહાર કાઢ્યો પછી નાથો મહારાજ પાસે આવીને બોલ્યો કે "તમે ભગવાન છો કે નહિ ?" ત્યારે મહારાજ કહે અમે તો પરમહંસ છઈએ" પછી નાથે ઘોડીની સરખ બેવડી કરીને મહારાજને કહ્યું "સાચું બોલો ભગવાન છો કે નથી નહિતર હમણાં મારું છું" ત્યારે મહારાજ કહે "અમે તો ભગવાન નથી" પછી નાથો કહે "રામચંદ્રજી રોટલો

જમતા હતા ત્યારે કાગભુશંડી ઋષિ કાગડાનું રૂપ ધરીને આવ્યા ને રામચંદ્રજીના હાથમાંથી રોટલો લઈને ઉડ્યો ત્યારે રામચંદ્રજીએ ત્યાં બેઠાં બેઠાં પોતાનો હાથ લાંબો કર્યો ને તેને રોટલો ખાવા દીધો નહિ તે ત્રણ લોકમાં ફર્યો તો ત્યાં બધેય હાથ પહોંચાડ્યો હતો તેમ તમે મને લાંબા હાથ કરીને ઘોડીયે સહિત તળાવમાંથી બહાર કાઢ્યો છે માટે તમે સાક્ષાત્ ભગવાન છો. માટે હા પાડો, નહિતર આ સરક વડે મારીશ માટે તમે સાચું બોલો ભગવાન વિના કોઈનો હાથ લાંબો થાય નહિ માટે હા કહો નહિતર મારું છું'' એમ કહીને સરખ ઉગામી ત્યારે મહારાજે કહ્યું તું મારીશમાં અમે ભગવાન છઈએ'' પછી નાથો બોલ્યો કે ''હવે કેમ સાચું બોલ્યા ? ક્યારનો પૂછતો હતો પણ ખોટું બોલતા હતા એતો માર ચઉદમું રત્ન છે તે વિના જવાબ મળે ?'' તે વખતે ત્યાં ગામમાંથી હરિજનો દર્શન કરવા આવેલા હતા તેણે નાથાને એમ બોલતો જોઈને મહારાજને પૂછ્યું ''આ ભક્ત આમ કાં બોલે ?'' ત્યારે મહારાજે કહ્યું ''એણે તો અમને મારવાનો ડારો દઈને ભગવાનપણાની હા પડાવી છે તેથી એમ રમૂજ કરે છે.'' *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૪૧૯)*

## રતા બસીયાએ મહારાજને હસાવ્યા

એકવાર શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં સભા કરીને બિરાજમાન હતા તે વખતે ત્યાં રતો આવ્યો ત્યારે મહારાજ કહે 'આ રતો અમારો ભાઈબંધ છે' એમ કહીને પછી રતાને કહ્યું કેમ છે રતા ?' ત્યારે રતો કહે 'મહારાજ ! આજ હું નદીયે ગયો હતો ત્યાં પડછંદા સાથે મેં બહુ લડાઈ કરી માટે ભૂખ લાગી છે' પછી મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું 'આને શેર ઘી ને શેર સાકર આપો' એટલે બ્રહ્મચારી એ આપ્યું તે લઈને રતો ત્યાં જમવા મંડ્યો. ત્યારે સુરો ખાચર બોલ્યા જે 'મહારાજ ! ભણું આ રતાને શેર ઘી ને શેર સાકર કાણું કરવા દીધાં ? એ તો ગાંડો છે' ત્યારે રતો બોલ્યો જે 'મહારાજ ! ભણે હું તો ગાંડો ને આ સુરો બહુ ડાહ્યો ! મારી મોહી માથામાં નિત્ય ખાસડાં મારે છે ને ઘરમાં તો ઢીંગલાની આબરુ છે ને ભણું મોટો પાઘડો બાંધીને તમારી આગળ બેઠો છે' ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે 'અરે રતા ગાંડા ! દરબારને એમ ન કહીએ' પછી મહારાજને રતો કહે 'ભણે મહારાજ ! હું ગાડો ને આ તમારો બ્રહ્માનંદ ડાહ્યો, તે બે ચરણ ઈસેથી લીધાં ને બે ચરણ ઈસેથી લીધાં ને ભણ મારો બ્રહ્માનંદ પણ હે મહારાજ ! તેની ચોપડીમાં ક્યાંઈ તમારું નામું વાળ્યું નથી કેવળ પોતાનો પનો વધારે છે' તે સાંભળીને મહારાજ તથા સર્વે સભાસદો હસ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૨૧૧)*

## બ્રહ્માનંદ સ્વામી કહે મહારાજ ! આ દાસને કાંઈ મળશે ?

એક સમે મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરી તેમાં વાસુદેવનારાયણના ઓરડાના બારણાથી આથમણો ખંડ ત્યાં ઢોલિયા ઉપર ઉગમણા મુખારવિંદે બિરાજમાન હતા ને સાધુ-હરિભક્ત આગળ બેઠા હતા ને મહારાજ તેમની આગળ વાતો કરતા હતા. ત્યાં મૂળજી બ્રહ્મચારી આવ્યા. તેણે મહારાજને કહ્યું જે, 'મહારાજ, થાળ જમવા પધારો.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''થાળ અહીંયા લાવો.'' તે વાસુદેવનારાયણના ઓરડામાં ઉત્તરાદે મુખારવિંદે પાટલા ઉપર બિરાજ્યા ને આગળ બાજોઠ ઉપર થાળ મૂક્યો. ને રઘુવીરજી મહારાજે અથાણું ને પાપડ લાવીને મહારાજની પાસે મેલ્યાં ને રઘુવીરજી મહારાજ ત્યાં બેઠા. ને બ્રહ્મચારી રૂમાલ લઈને વાહર નાંખવા મંડ્યા ને મહારાજને કહ્યું જે, 'જમો. ત્યારે મહારાજ જમવા મંડ્યા.

પછી મહારાજ લાડુ, જલેબી, બિરંજ બરફી, શીરો, પૂરી, હરીસો, દૂધપાક જમતા જાય ને જળપાન કરતા જાય, એ રીતે મહારાજ જમતા. ત્યાં અદ્‌ભૂતાનંદ સ્વામી આવ્યા. ત્યારે મહારાજે સામું જોઈને કહ્યું જે, ''સ્વામી, કેમ આવ્યા ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે, ''હું પુસ્તક લખતો તે પુરું થયું. તે લઈને પૂજા કરવા સારું આવ્યો છું.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''બેસો.'' ત્યારે બેઠા ત્યારે મહારાજ બ્રહ્મચારી સામું જોતા જાય ને જમતા જાય.

ત્યારે રઘુવીરજી મહારાજે પૂછ્યું જે, ''મહારાજ, બ્રહ્મચારી સામું જુવો છો તે કાંઈ લાવવું છે ?'' ત્યારે મહારાજે કહ્યું જે, ''કાંઈ લાવવું નથી, ને બ્રહ્મચારી સામું જોયું તે આ સાધુને થાળ આપવો છે તે સારુ જોયું.'' ત્યારે બ્રહ્મચારી કહે, 'મહારાજ, જમો તો ખરા ! ને પછી આપજો. ત્યારે મહારાજ જમવા મંડ્યા. તે મહારાજ સારી પેઠે જમ્યા ત્યાર પછી દૂધ, ભાત ને સાકર જમ્યા ને ગોરસ ને સાકરનું છેલ્લીવારે પાન કર્યું. ને પછી મહારાજે કહ્યું જે, ''થાળ અદ્‌ભૂતાનંદ સ્વામીને આલો.''

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, ''જેણે થાળ કરાવ્યો છે તેને પ્રસાદી આપવી છે.'' ત્યારે મહારાજ કહે, ''કાલે આપજો.'' ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, ''તમે વહેવારમાં જાણો નહિ. જેણે થાળ કર્યો હસે તેનાં છોકરાં ને તેનાં ઘરનાં માણસ ભૂખ્યાં હશે. કેમ જે, મહારાજનો થાળ કર્યો છે તે પ્રસાદીની વાટ જોઈને બેઠાં હશે જે, 'પ્રસાદી આવશે તે જમશું' ને તમે કહો છો જે, 'થાળ આજ આ સાધુને આપો.' તે મારે કેમ કરવું ?''

ત્યારે મહારાજ હસ્યા ને રઘુવીરજી મહારાજે કહ્યું જે, ''બ્રહ્મચારી, મહારાજની મરજી પ્રમાણે કરો તો ઠીક.'' ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, ''બાપ-દીકરો બેય એમ બોલે છે, ને મેં કીધું તે વિચારતા નથી.'' ત્યારે મહારાજે હસતાં હસતાં ચળું કર્યું ને કોગળા કરીને મુખવાસ

જમતાં બ્રહ્મચારીને કહ્યું જે, "થાળ રવા દ્યો." એમ કહીને ઢોલિયે ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા ને મહારાજ ચરણ હેઠે રાખીને બિરાજ્યા. ને અદ્‌ભૂતાનંદ સ્વામીને કહ્યું જે, "લાવો પુસ્તક."

ત્યારે સ્વામીએ પુસ્તક મહારાજના હાથમાં આપ્યું. તે પુસ્તક લઈને પાનેપાનું ફેરવીને મહારાજે જોયું. ને પછી કહ્યું જે, "સ્વામી, પુસ્તક બહુ સારું લખ્યું ને અક્ષર બહુ સારા છે." એમ કહીને મહારાજે પૂછ્યું જે, "કેટલે દહાડે પુસ્તક પુરું થયું ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "મારો હાથ હળવો છે, તે પુસ્તક લખતા વાર લાગી." ત્યારે મહારાજે પુસ્તક ઢોલિયા ઉપર મૂક્યું ને કહ્યું જે, "આવો પૂજા કરવા સારુ." પછી સ્વામીએ કટોરો લઈને લલાટે ચંદન ચરચ્યું. ને સ્વામીને એવો મનસૂબો થતો જે, 'મહારાજને લલાટે અર્ચા કરશું' પણ મહારાજનો અતિ રાજીપો તે મહારાજે છાતી ધરી. એટલે સ્વામીએ જાણ્યું જે, 'મહારાજનો રાજીપો છે તે હું છાતીએ ચંદન ચરચું.'

પછી છાતીએ ચંદન ચરચ્યું, ને બેય હાથે ચંદન ચરચ્યું, ને ઉદર ઉપર ચંદન ચરચ્યું. ત્યારે મહારાજે ચરણારવિંદ ધર્યા. ત્યારે ગોઠણથી તે હેઠે નખમણિ સુધી ચંદન ચરચ્યું. ત્યારે મહારાજે ચરણ ઊંચા કર્યા, તે ચરણને તળીએ ચંદન ચરચ્યું ને કટોરો હેઠે મેલ્યો. ત્યારે મહારાજે છાતીમાં ચરણ દાબ્યાં, તે ઝાઝીવાર સુધી દાબ્યાં. ને પછી આંખ ઉપર દાબ્યાં ને પછી મસ્તક ઉપર દાબ્યાં, તે ઝાઝીવાર સુધી દાબ્યાં. ને પછી બ્રહ્મચારીને કહ્યું જે, "આમને થાળ આપો." ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "મેં તમને આગળથી વાત કરી છે."

ત્યારે મહારાજ કહે, "બધો થાળ એમને આપો, ને એ સાધુ પાસેથી પ્રસાદી ઉછીની માગી લ્યો, તે કાલે આપજો." ત્યારે કહે, "હા મહારાજ, એમ કહેતા હો તો ઠીક." પછી થાળ અદ્‌ભૂતાનંદ સ્વામીને આપ્યો. પછી અદ્‌ભૂતાનંદ સ્વામીએ બ્રહ્મચારીએ કહ્યું તેટલી પ્રસાદી થાળમાંથી આપી. ત્યારે મહારાજે કહ્યું જે, "બ્રહ્મચારી, કાલે આપશો ?" ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "મહારાજ, આપીશ." ત્યારે મહારાજે કહ્યું જે, 'આપજો, ભૂલશો માં." ત્યારે સ્વામી થાળ લઈને ચાલ્યા.

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! દાસને કાંઈ મળશે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આજ દાસને કાંઈ નહિ મળે." ને કહ્યું જે, "દાસને તો નિત્ય મળે છે, ને આ સાધુ પુસ્તક લઈને આવ્યા તેને નિત્ય ક્યાં મલે છે ? તે સારુ દાસને તાણ કરવી નહિ." ત્યારે બ્રહ્માનંદ સ્વામી અદ્‌ભૂતાનંદ સ્વામી પ્રત્યે બોલ્યા જે, "અદ્‌ભૂતાનંદ સ્વામી જેવા દયાળુ સાધુ, તે મને દીધા વિના પ્રસાદી તે કાંઈ એકલા લઈ જાય ? એ તો જરૂર આલે." ત્યારે અદ્‌ભૂતાનંદ સ્વામીએ થાળ હેઠો મૂકી થાળમાંથી વાટકો ભરીને પ્રસાદી આપી.

ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, ‘‘દાસ કેવા ખંધા છે ! જે ગરીબ સાધુ પાસેથી પણ પ્રસાદી લીધી.’’ ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, ‘‘દયાળુ છે તે કાંઈ દીધા વગર રહે નહિ, એ તો જરૂર આપે.’’ ત્યારે મહારાજ હસ્યા ને કહ્યું જે, ‘‘ધાડ પડાવવી એ ઠીક નહિ.’’ ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, ‘‘ધાડ પડાવી કે રાજી કરીને લીધી ?’’ એ રીતે રમૂજ કરી. પછી વાસુદેવના ઓરડામાં મહારાજ ઢોલિયા ઉપર પોઢ્યા ને બ્રહ્માનંદ સ્વામી સર્વે ઊઠી ગયા. *(મહારાજની લીલા-૭૭)*

## વસ્તા ભગતનો સત્સંગ ને બ્રહ્મમુનિની રમૂજ

એક સમે મહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડાના વૃક્ષની હેઠે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા. ને તે સમે ખોખરાના હરિભક્ત વસ્તોભગત આદિક મહારાજને દર્શને આવ્યા. ને તે સમે ઋષભાનંદ સ્વામી ભેળા થયા. ત્યારે તેમણે કહ્યું જે, ‘‘તમે મહારાજને દર્શને આવ્યા તે બહુ સારું કર્યું.. તે ઋષભાનંદ સ્વામી સૌ હરિભક્તને તેડીને મહારાજને દર્શને આવ્યા. ત્યારે સ્વામીએ એમ કહ્યું જે, ‘‘મહારાજ, અમે માલ વાળ્યો.’’ ત્યારે રાઘવાનંદ સ્વામીએ મહારાજને કહ્યું જે, ‘આ વસ્તેભગતે આખું ગામ રોકી રાખ્યું હતું, તે એમને સત્સંગ થયો ત્યારે સૌ માણસને સત્સંગ થયો.’’ ત્યારે મહારાજ બોલ્યા જે, ‘ગામ બળી ગયું તે ગામના કે બીજા ગામના હરિભક્ત ?’’ ત્યારે વસ્તે કહ્યું જે, ‘હે મહારાજ ! એ જ અમે.’’ ત્યારે મહારાજે પૂછ્યું જે, ‘‘તમારે સત્સંગ કેમ થયો ?’’

ત્યારે વસ્તોભગત બોલ્યા જે, ‘હે મહારાજ ! અમે નાનકપંથીના ભક્ત હતા, પણ તેમાં અમે માલ ન ભાળ્યો ત્યારે અમે મારગીના ભગત થયા. તેમાં પણ કાંઈ સાર ન દીઠો. ને અમારો મોટો ભાઈ કાનો હતો તેણે કહ્યું જે, ‘હે વસ્તા ! તું ભગતિ તો કરે છે, પણ તેમાં તારો મોક્ષ થાય એવું કાંઈ નથી. ત્યારે અમે વિચાર કરીને કબીરના ભગત થયા. ને બ્રાહ્મણને એમ કહેતા જે, ‘અમારો મોક્ષ થાય એવું કોઈ ઠેકાણું બતાવો’ પણ કોઈએ ઉત્તર ન દીધો ને અમારા મનમાં એમ થયું જે, ‘આપણે ભગતિ કરીએ છીએ પણ આપણો મોક્ષ થાય તેમ નથી.’ ત્યારે તેજો કોળી હતો તેણે અમને એમ કહ્યું જે, ‘તમારે કલ્યાણ જોઈતું હોય તો સ્વામિનારાયણના પંથમાં આવો.’ ત્યારે અમે એને એમ કહ્યું જે, ‘તમારે ઘરે પરમહંસ આવે ત્યારે અમને ખબર કરજો. ત્યારે પરમહંસ આવ્યા ત્યારે તેજે ભગતે અમને ખબર કર્યા. ત્યારે અમે દર્શને ગયા, ત્યારે અમે પગે લાગીને સાધુ પાસે બેઠા.

ત્યારે રાઘવાનંદ સ્વામીએ અમને એમ કહ્યું જે, ‘તમારે કાંઈ વાત અમને કેવી છે ?’ તે વખતે અમે એમ કહ્યું જે, અમારે કબીરનું કીર્તન છે તેનો ઉત્તર કરો, તો કીર્તન બોલીએ.

ત્યારે અમે એક ચરણ બોલ્યા. ત્યારે સાધુએ કહ્યું જે, 'તમે ઘરે નિત્ય કીર્તન બોલો છો ? તે જો તમે બોલતા હો તો ચારે પદ બોલો. '' ત્યારે મહારાજે પૂછ્યું જે, ''પછી તમે બોલ્યા કે નહીં ?'' ત્યારે વસ્તેભગતે કહ્યું જે, ''અમે ચારે પદ બોલ્યા. ત્યારે રાઘવાનંદ સ્વામીને અમે એમ કહ્યું જે, તમે ચારે પદનો ઉત્તર કરો તો અમે સત્સંગ કરીએ. ત્યારે રાઘવાનંદ સ્વામીએ ચારે પદ બોલીને ઉત્તર કર્યા.

ત્યારે અમે સૌ બોલ્યા જે, 'અમે આજથી તમારા શિષ્ય ને આ પદનો ઉત્તર કોઈએ કર્યો નો'તો.' ને તે સમે અમો એમ બોલ્યા જે, 'તમે અમારા ગુરુ થયા, ત્યારે તમારે અમારે ઘેર આવ્યું જોઈએ.' ત્યારે રાઘવાનંદ સ્વામી બોલ્યા જે, 'અમે તો આવીએ પણ અમારે એકાંતનું ઘર જોઈએ.' ત્યારે અમે એમ કહ્યું જે, 'કોઈ બાઈ માણસનો પ્રસંગ ન હોય તેવો તમને ઉતારો દઈએ.' ત્યારે સાધુ અમારે ઘેર આવ્યા ને અમને વાતુ કરી. ત્યારે સાધુએ એમ કહ્યું જે, 'હવે કોઈ મતપંથની વાતુ સાંભળવી નહિ ને કીર્તન બોલવાં તો મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીના કરેલાં બોલવાં.'

ત્યારે અમે કહ્યું જે, 'અમારાં અનેક જન્મનાં પાપ બળી જાશે તેમ તમે કહો છો, તે અમારે કેમ માન્યામાં આવે ? તે અમારે સંશય રહે છે.' પછી સૌ મનુષ્યે નિયમ લીધા ને સાધુએ કહ્યું જે, 'તમારું કલ્યાણ થશે ને સ્વામિનારાયણ એવું તમે ભજન કરજો.' ત્યારે અમે કહ્યું જે, 'મહારાજ, અમે પગે લાગવા કેને જાઈએ ?' ત્યારે રાઘવાનંદ સ્વામી બોલ્યા જે, 'આ સ્વામિનારાયણના પગલાં છે, તે પધરાવું ને તમારે નિત્યે અહીંયા દર્શને આવવું.'

પછી અમારા કાકાનો દીકરો જેઠો હતો, તેણે એમ કહ્યું જે, ''સાધુએ કહ્યું જે, તમારાં આજથી પાપ બળ્યાં, તે શેણે બળ્યાં હશે ?'' ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, ''પછી કેમ થયું ?'' ત્યારે વસ્તાભક્તે કહ્યું જે, ''ફાગણ માસની એકાદશીને દહાડે અમે નીમ લીધા હતા, તે ઘર સળગ્યું. ત્યારે અમે એમ કહ્યું જે, 'હવે આપણાં પાપ બળ્યાં.' ને અમારાં સગાં-વહાલાં આવી અમને કહેવા મંડ્યાં જે, 'તમે સ્વામિનારાયણની કંઠીઓ બાંધી, એટલે તમારું ગામ સળગ્યું ને તમે સ્વામીના થયા તેણે શું સારું થયું ? ને હજી કંઠીઓ કાઢી નાંખો તો ઘણું સારું !' ત્યારે અમે કહ્યું જે, 'સ્વામીની કંઠીઓ તો અમારા માથા સાટે છે.' ને અમને સાધુએ કહ્યું જે, 'તમારાં પાપ બળ્યાં તે અમે પ્રત્યક્ષ દીઠાં.''

ત્યારે મહારાજ બોલ્યા જે, ''તમને કાંઈ વસમું લાગ્યું ?'' ત્યારે વસ્તે ભગતે કહ્યું જે, 'આ લોકના પદાર્થ જાય છે ને આવે છે, પણ કલ્યાણ ક્યે ઠેકાણે મળે છે ? એમ જાણીને અમે સત્સંગ રાખ્યો છે.''

ત્યારે મહારાજ ઢોલિયા ઉપર ઊભા થઈને બોલ્યા જે, ‘આ હરિભગત વાત કરે છે, તે સૌ સાંભળો.’’ અને વસ્તાભગતને કહ્યું જે, ‘‘હવે ફરીને વાત કહો.’’ ત્યારે વસ્તેભગતે વાત કરી દેખાડી. પછી મહારાજ એમ બોલ્યા જે, ‘‘પોતાના કલ્યાણ સારું સત્સંગ કરવો તેને તો આવો સત્સંગ કરવો.’’ ને ખોખરાના હરિભક્ત સમસ્તને ચરણારવિંદ આપ્યાં. ને તે દા’ડે સાંજનો પો’ર હતો, તે વારે મહારાજ બોલ્યા જે, ‘‘આજ હુતાશણીનો દા’ડો છે.’’ ને દાદા ખાચરને એમ કહ્યું જે, ‘‘તમે હુતાશણી પ્રગટાવા જાવો.’’ ત્યારે દાદો ખાચર પાળા ભેળા લઈને હુતાશણી પ્રગટાવા ગયા ને મહારાજ એમ બોલ્યા જે, ‘આપણે પણ ગઢાળીને માર્ગે નદીમાં સભા કરશું.’’

પછી મહારાજ વાજતે-ગાજતે નદીએ પધાર્યા ને ત્યાં ગાડા ઉપર પાટ હતી તે ઉપર વિરાજમાન થયા. ને સૌ હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ત્યાં વસ્તાભગતને એક સંકલ્પ થયો જે, ‘સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે, તે મારો જમણો હાથ ઝાલીને કહે જે, હવે પ્રભુ ભજજો, એમ કહે તો ભગવાન ખરા !’ એવો સંકલ્પ થયો. ત્યારે મહારાજે ગાડા ઉપરથી ઊતરીને જમણો હાથ ઝાલીને કહ્યું જે, ‘‘હવે પ્રભુ ભજજો !’’ ત્યારે તેમના મનમાં એમ થયું જે, ‘આ તો અંતરજામી છે ! ને આપણા કલ્યાણમાં હવે કાંઈ ખામી રહે તેમ નથી. ને આવું ઐશ્વર્ય કોઈમાં દીઠું નથી.’ પછી આ વાતની એ ભક્તને સ્મૃતિ ન રહી. એટલામાં ત્યાં રાઘવાનંદ સ્વામી આવ્યા ને તેને એમ કહ્યું જે, ‘‘સ્વામિનારાયણને તમે શું સમજો છો ?’’ ત્યારે એ ભક્તે એમ કહ્યું જે, ‘‘મોટા પુરુષ જાણું છું.’’

ત્યારે રાઘવાનંદ સ્વામી કહે જે, ‘ભગવાન તો નથી જાણતા ને ?’’ ત્યારે એ ભક્તે સ્વામીને કહ્યું જે, ‘એક ઐશ્વર્ય તો મુને મહામોટું દેખાડ્યું. તે મેં સંકલ્પ કર્યો ને મહારાજે ઊઠીને કહ્યું જે, ‘હે ભગત, તમે પ્રભુ ભજજો !’ એમ કહ્યું. ત્યારે મેં કહ્યું જે, ‘પ્રભુ છે એમ કેમ કહેવાય ? ને નથી એમ પણ કહેવાય ? ને હોય ને ના કહીએ તો પણ પાપ લાગે, ને ન હોય ને કહીએ તો પણ પાપ લાગે, તે અમે તો હા નહિ કહીએ ને ના પણ નહિ કહીએ.’’ ત્યારે રાઘવાનંદ સ્વામીએ એમ કહ્યું જે, ‘‘સ્વામિનારાયણ ભગવાન ન હોય તો ચૌદ લોકનું પાપ મારે માથે.’’ ત્યારે એ ભક્તે કહ્યું જે, ‘‘સાધુને કિયાં દીકરા પરણાવવા છે તે ખોટું બોલે ? ને આ તો આપણને પ્રભુનો નિશ્ચય કરાવવા સારુ સમ ખાય છે !’’ પછી એ ભક્તને અંતરમાં ખરો નિશ્ચય થયો.

ને તે સમે કોઈક ડોસી આવીને પગે લાગ્યાં ત્યારે તે ડોસી મહારાજને પગે અડી. તે મહારાજને સારું ન લાગ્યું. ત્યારે મહારાજે સોટી લઈને બાઈના બરડામાં મારી. ને મહારાજ

મોઢા ઉપર લૂગડું ઓઢીને સૂઈ ગયા ને એમ બોલ્યા જે, 'બ્રહ્માનંદ સ્વામી, અમને રીસ ચડી.'' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'તમારી રીસ તો દૂધના ઉફાણા જેવી છે.'' ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, ''બ્રહ્માનંદ સ્વામી મારી રીસની ઠેકડી કરે છે.'' ત્યારે મહારાજ એમ બોલ્યા જે, ''મુક્તાનંદ સ્વામીએ કહ્યું તે હવે ઠીક.''

પછી મહારાજ બોલ્યા જે, ''બ્રહ્માનંદ સ્વામી, તમે દૂધને ઉફાણું કહ્યું તે કેમ કહેવાય?'' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, ''દૂધ ઉફાણે આવ્યું હોય ને પાણી નાખે એટલે તરત બેસી જાય. તે તો અમને સમજાવવા સારુ કહો છો ને તમારામાં તો કોઈ દોષ નથી.

તે સમામાં ગુલાલના ટોપલા ભરીને લાવ્યા. તે અબીલ-ગુલાલના ગોટા મહારાજ છેટેથી મારે એટલે ગુલાલની શેડ ઊડે. ત્યારે વસ્તેભગતે રાઘવાનંદ સ્વામીને કહ્યું જે, ''આમ મારે છે ને કોઈ કહેતું નથી.'' પછી રાઘવાનંદ સ્વામીએ કહ્યું જે, 'આ તો ગુલાલના ગોટા નાંખે છે, પણ મારતા નથી.'' ત્યારે વસ્તોભગત બોલ્યા જે, ''મેં ગુલાલ તો ઘણો ભાળ્યો છે, પણ આ તો ગુલાલ નહીં !'' પછી રાઘવાનંદ સ્વામી કહે, ''તમારે માન્યામાં ન આવે તો તમે ત્યાં ચાલો.'' ત્યારે સાધુ પાસે જઈને જોયું ને કહ્યું જે, 'આ તો ગુલાલ છે.'' ત્યારે વસ્તાભગતને ભ્રાંતિ મટી ગઈ.

ને મહારાજે તાલી વજાડીને એમ કહ્યું જે, ''હવે કાલે અમે બોટાદ જઈશું ને જેને આવવું હોય તે આવે.'' પછી મહારાજ માણકી ઘોડી ઉપર સવાર થયા ને વાજતે-ગાજતે ગામમાં પધાર્યા. પછી મહારાજે સર્વેને કહ્યું જે, ''ચાલી શકો તે આવજો ને જે ન ચાલી શકો તે આવશો મા, ને અમારી મોર કોઈ બોટાદમાં જશો મા.'' એમ કહીને મહારાજ જમવા પધાર્યા. જમીને મહારાજ અક્ષરભુવનમાં જઈને પોઢ્યા. સંવત ૧૮૭૫ ના ફાગણ સુદિ-૧૫ પૂનમના દહાડાની લીલા. *(મહારાજની લીલા-૮૧)*

## સુરા ખાચરના કાવ્યથી મહારાજ બહુ હસ્યા

સૂરા ખાચરની રમૂજ અને ધર્મકુળને લાવવાના મર્મઃ

તેવા સમામાં સુરો ખાચર નાગડકેથી આવ્યા અને નાગમાલાને ત્યાં ઊતર્યા. તે વખતે નાગમાલે સર્વે હકીકત સૂરા ખાચરને કહી. તે સાંભળી વિચાર કરી ઢાલ, તલવાર ને હાથમાં ભાલા સહિત આવી મહારાજને સાષ્ટાંગ દંડવત કર્યા. પાછા ઊભા થાવા જાય છે, ત્યાં ઊભું થવાણું નહિ. તે જોઈ સભા હસી પણ મહારાજ હસ્યા નહિ.

પછી સુરા ખાચર બેઠા થયા અને બોલ્યા, ''બ્રહ્માનંદસ્વામી ! મહારાજ ઉદાસ થઈ ગયા છે, તે હવે કાણું કરવો ? નહિ તો નિષ્કુળાનંદનો કરેલો એક શાખાની કાવ્ય શીખ્યો છું, તે

ભણત (બોલત), પણ કાણો કરવો ? મહારાજ બોલતા નથી.'' પછી બ્રહ્માનંદસ્વામી મરકીને કહે છે, ''સુરાભગત ! ભગવાન તો હસે અથવા ન હસે પણ આપણે જે જાણવો હોય તે ભણો ને કાવ્ય ગાઓ.''

પછી સુરોભક્ત કાવ્ય ગાવા બેઠા, ''બ્રહ્માનંદસ્વામી સાંભળો અમારી વાત. નિષ્કુળાનંદસ્વામીને અહીંના મુખી(મહંત) કરવા હતા, પણ જોગીરાજ તે બા ''ત્યાગની મૂર્તિ તે કાણું વાત કહેવી. પછી આંહીંથી ભળકે(સવારે વહેલા) ભાગુગા. અને ગઢાળી જઈ આંબા શેઠને શાખો શીખવી મહારાજ પાસે મોકલ્યો. ત્યાં તો બા મહારાજ આંહીંથી કારિયાણીએ ગયેલ. પછી કાણું કરવો ? પછી આંબાશાએ મારા પાસે વાત ભણી. તે હું કાવ્ય શીખું ગયો. અને તેદુનો આજ ભણે ભેગો થયો(લાગ આવ્યો). તે કાવ્ય ઈમી ભણી છે જે, ''તમે બાઈઓના કારભારીને નમો, નમો સત્વગુરુના હૈયાને, નમો મહારાજના લૈયાને, નમો ભગત ભુલાને, નમો નાગમાલાના કુલાને.'' તે સાંભળી મહારાજ ઘણું હસ્યા. અને હસતાં હસતાં ઢોલિયા ઉપર તકિયાનું ઓઠિંગણ દઈ પેટ દાબ્યું, પણ હસવુ રહે નહિ. ને સુરા ખાચર પાછા ગરબી ગાવા લાગ્યા કે, નમો માનજી લુલાને, નમો ગોપાળજી બાડાને, નમો હશના હુઠાને, નમો રૈયા રૂઠાને, નમો મેઘજી બાડાને, નમો ગઢડાના કારભારને, નમો શ્રીજીમહારાજને..... પણ ભણું તે નિષ્કુળાનંદસ્વામી આંહીંના મહંત થતાં મોટા કષ્ટને પામે છે. માટે નિષ્કુળાનંદનો છૂટકારો કરો.'' આવી રીતે ગરબી ગાઈ. ને વળી ફરી ઉપાડી. ત્યારે મહારાજે પોતાના પેરવાનાં પાંચે કપડાં સુરા ખાચરને આપી ચરણારવિંદ આપ્યાં ને ઘણા રાજી થયા.

પછી ત્યાં થાળ મંગાવ્યો. રીંગણાં ને વડીનું શાક ને બાજરાનો રોટલો જમ્યા. અને પછી મહારાજે સુરાભક્તને થાળ આપ્યો. પછી સુરેભક્ત મરમ કર્યો કે, ''હે બ્રહ્માનંદસ્વામી ! આમાં નાગમાલાનો ભણે બા ભાગ, કેમ કે અનંત બ્રહ્માંડનો નાથ, નાગના કુલાનું ગાયું તેથી રાજી થયા. માટે નાગના કુલાના કાણું ભણે નસીબ બા.'' પછી તે સાંભળી મહારાજે ઘણા દાંત કાઢ્યા.

પછી મોટા મોટા પરમહંસો તથા સદ્‌ગુરુઓ તથા ત્રણ મોટેરી બાઈઓ, ઉત્તમરાજા, જીણાભાઈ, સોમલો ખાચર, સુરો ખાચર, મૂળુભાઈ, પૂંજાભાઈ, પર્વતભાઈ વગેરેને બોલાવ્યા. પછી મહારાજ એમ બોલ્યા જે, ''જીવુબાઈ, રાજબાઈ, લાડુબાઈ ને ઉત્તમરાજા એ ચારને વશ થઈ ગયા છીએ. અને એવો શબ્દ સાંભળીને બદરિકાશ્રમમાં જાતું રહેવું હતું, પણ જીવુબાઈએ વૃત્તિ એવી ખેંચી કે, અમને ચાલવા ન દીધા. તેથી અમે ઉદાસ થઈ અહીંયાં બેઠા હતા. અમે એ શબ્દ સાંભળ્યો કે, ''સ્વામિનારાયણ કોણ જાતના છે ?' તેથી અમે ઉદાસ થઈ ગયા,

પણ અયોધ્યા પાસે મખોડા એવું નામે કરીને તીર્થ છે. તે તીર્થને વિશે દશરથ રાજાએ શ્રવણને મારેલ છે. તેની પાસે નજીકમાં છપૈયા કરીને ગામ છે, ત્યાં અમારાં માતાપિતા રહેતાં. અને અમારા ભાઈનું નામ રામપ્રતાપ એવે નામે કરીને છે, ને બીજાભાઈનું નામ ઇચ્છારામ એવે નામે છે. અને તે ત્યાં રહે છે. અને તેનો પરિવાર ઘણો મોટો છે.'' પછી માત-પિતાનું નામ તથા ગોત્ર સામવેદ, પાંડે ઈટારિયાની શાખ તે વગેરે સર્વે હકીકત કહી દેખાડી.

તે સાંભળી ત્રણ ડોશીઓ તથા ઉત્તમરાજા વગેરેએ મહારાજની સ્તુતિ કરી બોલ્યા જે, ''મહારાજ ! તમારા કુળને આંહીં બોલાવો તો અમારા ગુરુપણા ને ઈષ્ટદેવ જેમ અમે પૂજીએ એમ મનમાં થાય છે.'' તે સાંભળી મહારાજ હસ્યા ને એમ બોલ્યા જે, ''તમારી ઇચ્છા હશે તો એમ બનશે.'' ને મહારાજની ઇચ્છા જાણી માયાજીતાનંદ નામે કરીને સાધુ હતા, તે છપૈયે ધર્મકુળને તેડવા જતા હવા. પછી થોડા દિવસમાં તેડી લાવ્યા. આ ચરિત્ર દાડમના ઝાડવા નીચે મહારાજે કર્યું છે. *(ગઢપુરની લીલા વાર્તા-૮૮)*

## કારિયાણીમાં ભગા દોશીની રસોઈ તથા રમૂજ સાથે ચાર ફાંદનું વર્ણન

એકવાર શ્રીજીમહારાજ કારિયાણીમાં હતા. ત્યારે ભગાશેઠ એક દિવસ સાટા જલેબીની રસોઈ આપી હતી. તેથી તેઓ બોટાદથી ઘણા ભક્તો સાથે કારિયાણી આવ્યા હતા. ભગાદોશીની રસોઈ શ્રીહરિ પ્રેમથી જમ્યા અને દરેક સંતો-ભક્તોને પણ પ્રેમથી પીરસીને જમાડ્યા.

પછી જમીને શ્રીહરિ કારિયાણીની અક્ષર ઓરડીમાં ઢોલણી ઉપર આથમણે ઓશીકે પોઢ્યાં હતાં. અને ઢોલણીના પડખે દક્ષિણાદિ બાજુ સુરા ખાચરને સુવરાવ્યા હતા. સુરા ખાચરની ફાંદ ઢોલણીની ઈંહ બરોબર ઊંચી ભાળીને શ્રીજીમહારાજ જમણે પડખે સુઈ પોતાના ડાબા પગની પાની સુરા ખાચરના પેટની ડૂંટીમાં મોટો ગોળ ખાડો ભાળી તેમાં મેલી થોડો ભાર દઈ હલાવવા લાગ્યા.

ત્યારે સુરા ખાચર રમૂજમાં કહે, ''ભણે મહારાજ ! તમોણો'' ચરણ મોહે લાઠીની બરછી જેવો લાગતો શાં.''ત્યારે મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી બેઠા હતા. તેમાંથી મુક્તાનંદ સ્વામી કહે, ''સુરા ખાચર મહારાજના ચરણારવિંદ તો કમળ જેવા સુંવાળા છે, તેને બરછી જેવા કેમ કહો છો ? સુરા ખાચર કહે, ''ભણે સ્વામી ! છે તો સુંવાળા કમળ જેવા.. પણ હું જમીને સુતો સા ને.. મહારાજ મારી ડૂંટીમાં પગની પેની નાખીને ભાર દઉંને હલાવે છે તે મુંહે બરછી માર્યા જેવો વસમો લાગે છે. ભણે મહારાજ ! હવે રાખો. ઘણો થીઓ. બહુ દબાવશો તો મારા જીવ ઊડી જાશે.''

આમ, જ્યાં રમૂજ કરે છે ત્યાં ભગાશેઠ બોટાદ જવા તૈયાર થઈ શ્રીજીની રજા લેવા અક્ષર ઓરડીએ આવ્યા. ભગા દોશીને જોઈને સુરા ખાચર કહે, "એ શેઠ ! તમે જુઓને મને તાણ કરી કરી જલેબી, સાટા ખૂબ જમાડ્યા છે, તે હવે મહારાજ મારા પેટમાંથી કઢાવી નાખવા ડૂંટીમાં પાની મારે છે, તે મને વહમું લાગે છે."

ત્યારે શ્રીહરિને નવી રમૂજ સુઝી, તેથી કહે "સુરા ખાચર ! તમારી ફાંદ મોટી છે કે ભગા દોશીની ફાંદ મોટી છે ?" ત્યારે સુરા ખાચર કહે, "ભલે મહારાજ ! શેઠની ફાંદ તો સોનું ખાય છે. તે મોટી જ હોય ને ?" મહારાજ કહે, "ફાંદ કેમ સોનું ખાય ? આ કાંઈ સમજાણું નહિ." ત્યારે સુરા ખાચરે કહ્યું. "તે વાત તો બ્રહ્માનંદ સ્વામી જાણે છે. તેમને બોલાવો." તેથી મહારાજે બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીને બોલાવ્યા. ત્યારે તે બંને સંતો આવી પગે લાગી બેઠા. મહારાજ તો હજી સુરા ખાચરની દુંટીમાં પેની રાખી ભાર દેતા જાય ને હલાવતા જાય અને સુરા ખાચર રાડ્યું નાખતાં જાય અને કહેતા જાય 'ભણે મહારાજ ! મારાથી તો આ ભગાદોશીની ફાંદ મોટી છે. અને આ તમારા કવિ બ્રહ્માનંદ સ્વામીની... ! અને આ તમારા ચાર આંખોવાળા ! નિત્યાનંદ સ્વામીની (સ્વામી ડબલ ચશ્મા પહેરતા તેથી) ફાંદ મોટી .. ! હવે થોડી થોડી તમારા ચરણની પ્રસાદી એમને પણ આપો." એમ કહી કહે, "હું ક્યારનો કરગરું છું , તોય આ મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી પણ કાંઈ બોલતા નથી. માટે ત્રણ મોટી ફાંદવાળા આવ્યા છે. તેને વારો આપો."

ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે, "સુરા ખાચર ! એ ત્રણની ફાંદ કરતા તમારી ફાંદ મહારાજને વધારે ગમતી હશે. એટલે તમને રમૂજ કરાવી તમારી ફાંદ પ્રસાદીની કરે છે. ત્યારે મહારાજ રમૂજ કરતાં તે બંને સંતોને કહે, 'તમે બોલો, આ આ ચાર માંથી કોની ફાંદ મોટી છે. ?" ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે, 'મહારાજ ! એ તો આપણા ગુરુ મુક્તાનંદ સ્વામી જાણે." ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, "મહારાજ ! તમારે સાચો જવાબ જોઈતો હોય તો બ્રહ્માનંદને પૂછો." તેથી શ્રીહરિએ તેમને કહ્યું. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, "હે મહારાજ ! ફાંદ તો ચારેયની સરખી છે, પણ આહાર જુદા છે." એમ કહીને સાખી બોલ્યા,

એક ઉદર કંચન રાખે, એક પ્રભુ કી પાની;
એક ઉદર સાહિત્ય રાખે, એક જ્ઞાન કી ખાની.

મહારાજ ! શેઠની ફાંદ સોનું રાખે, દરબારની ફાંદ આપની પાની રાખે, મારી ફાંદ સાહિત્ય રાખે અને નિત્યાનંદ સ્વામીની ફાંદ તો જ્ઞાનની ખાણ છે. આમ સહુના આહાર જુદા છે. પરંતુ પેટ તો સહુના સરખા છે. અને મને કહેતા હો તો સહુથી શ્રેષ્ઠ ફાંદ સુરા ખાચરની.

કેમ કે આપના ચરણાવિંદ ડૂંટીમાં લઈ ને બેઠી છે.'' એ સાંભળી મહારાજે પછી ડાબો ચરણ લઈ લીધો અને ચત્તા સુઈને - જમણો પગ લાંબો કરી સુરા ખાચરની ડૂંટીમાં નાખી હલાવ્યો. ત્યારે સુરો ખાચર કહે, ''હે બ્રહ્મમુનિ ! તમે ભગાદોશીની ફાંદ સોનું ખાય છે. તે વાતો તો કરો. તે સાંભળી મહારાજ રાજી થશે ને મારો આ દુઃખમાંથી ઉધ્ધાર થાય.'

શ્રીજીમહારાજ કહે, ''બ્રહ્મમુનિ તે વાત કરો.'' ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, ''શેઠ ! તમારો સોનાનો વેઢ ખોવાઈ ગયો હતો તે વાત તમે જ મહારાજને સંભળાવો તેથી સહુ રાજી થશે.'' એટલે ભગાદોશી કહે, ''હે મહારાજ ! ગયા ઉનાળામાં બપોરે મને અતિ ગરમી થઈ. તેથી હું મારા ઘેર ઓરડામાં ના'વા બેઠો. ભૂતડાની માટી લઈ તેમાં થોડી છાશ, અરીઠાનું પાણી તથા થોડુંક તેલ નાખી આખા શરીરે ચોળ્યું. અને બે હેલ પાણી ઢોળી સ્નાન કર્યું. પછી સારા કપડાં પહેરીને દુકાને ગયો.''

જ્યાં લખવા બેઠો ત્યાં જમણા હાથમાં અંગૂઠામાં હું સોનાનો મોટો વેઢ પહેરતો તે જોવામાં ન આવ્યો. તેથી તરત પાછો ઘેર આવ્યો. અને ના'વાના ઓરડામાં વેઢ ગોતાવ્યો પણ ન મળ્યો. પછી ઘરના તમામ સભ્યોને તથા કામકાજ કરવાવાળાને પૂછ્યું. આમ ત્રણ ચાર દિવસ ગોતાવ્યો. પૂછપરછ કરી પણ કાંઈ પત્તો ન લાગ્યો. પછી કામ કરવાવાળાને એમ વહેમ જાય કે, શેઠ અમને ચોર ઠરાવે છે એમ વિચારી મેં વાત પડતી મેલી.''

''હે મહારાજ ! પછી પંદર દિવસે હજામત કરવાની પાળી આવી. પછી હજામત કરાવી ફરી તે જ ઓરડામાં અરીઠાના ફીણવાળું પાણી, ભૂતડો માટી વગેરે આખા શરીરે ચોળ્યું. પછી મારા પેટમાં ત્રણ મોટા વળ પડે છે તે ફીણવાળા પાણીથી ચોળી ને સાફ કર્યા. ત્યાં વચલા વળમાંથી વેઢ નીચે પડ્યો. આમ મારી ફાંદે પંદર દિવસ સુધી આ વેઢ સાચવ્યો.'' આ વાત સાંભળી મહારાજ ખૂબ હસ્યા. ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે ખડખડાટ હસી પડયા.

પછી મહારાજ કહે, ''હે શેઠ ! પણ આ વાતની બ્રહ્માનંદ સ્વામીને કેમ ખબર પડી ?'' ત્યારે શેઠ કહે, ''હે મહારાજ ! આ પ્રસંગ બન્યા પછી ત્રીજે દિવસે બ્રહ્માનંદ સ્વામી મંડળ સાથે બોટાદ આવ્યા. મેં તેમને રસોઈ આપી. ઠાકોરજી ને થાળ ધરાવી સહુ સાથે જમવા બેઠા. હું પણ સ્વામીની સામે બેસી જમવા લાગ્યો. ત્યારે મારી ફાંદ જોઈ બ્રહ્માનંદ સ્વામી કહે, ''શેઠ ! તમે તો ગણપતિ રૂપ છો. જેવી ગણપતિને ફાંદ છે તેવી જ તમારે ફાંદ છે.'' ત્યારે મેં સ્વામીને વેઢની સઘળી વાત કહી. તે સાંભળીને સ્વામી બહુ હસ્યા, ત્યારથી બ્રહ્માનંદ સ્વામી જાણે છે. અને તેમણે સુરા ખાચરને વાત કરી ત્યારથી તે બંને મારી ફાંદ સોનું ખાય છે તેમ

કહે છે.'' શેઠની તે વાત સાંભળી વળી મહારાજ અને સહુ ખૂબ હસ્યા.

પછી મહારાજ કહે, ''શેઠ ! ગૃહસ્થમાં તમો અને સૂરા ખાચર અને ત્યાગીમાં બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી, ગણપતિ જેવા ફાંદાળા છો.''આમ, શેઠે મહારાજને ખૂબ રમૂજ કરાવી. તે જોઈને ગોપાળાનંદ સ્વામી કહે, ''શેઠ ! તમે વેઢની વાત કરી, આજ મહારાજને ખૂબ રાજી કર્યા.''

આમ, જીવનમાં ક્યારેક પોતાના પ્રસંગથી જ ભગવાન તથા મોટા સંતને રાજી કરવાની તક મળે તો ઝડપી લેવી. કેમ કે, મોટાના રાજીપામાં આખો આધ્યાત્મિક માર્ગ સમાયેલો છે. તેમના રાજીપાથી અખંડ આપણામાં કલ્યાણકારી ગુણો ઝરતા રહે છે. ઉપજતા રહે છે. માટે જેને રાજી કરવાથી શ્રીહરિ રાજી થાય એવા સંતો - ભક્તોને ખૂબ રાજી કરી દેવા. આજ શેઠે ખૂબ રાજીપા રૂપી કમાણી કરી. પછી શેઠ રજા લઈ સીગરામમાં બેસી કારિયાણીથી બોટાદ પોતાને ઘેર ગયા. *(ભક્ત આખ્યાન પ્રકરણ-૩, અધ્યાય-૧૧)*



# શ્રીહરિએ સંતો-ભક્તોને રોગ મુક્ત કર્યા

## પરમાનંદ સ્વામીને કાનમાં થતો અવાજ મટાડ્યો

પછી મહારાજે મેંથાણથી સર્વે સંઘને ભેળા લઈને પોતે ગાડીએ બેસીને ગામ ઉંઝે પધાર્યા. અને ત્યાં ગામના તળાવથી ઉત્તર દિશે ઊતર્યા. ને ત્યાં સભા કરીને બિરાજમાન થયા. ત્યાં નિત્યાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી તથા મોટા પરમાનંદસ્વામી એ આદિક બાર મૂર્તિએ મહારાજનાં પ્રથમ દર્શન કર્યા. તેમાં નિત્યાનંદસ્વામીને મહારાજના દંતની પંક્તિ જોઈને મનમાં એમ થયું જે, ''મનુષ્યના દાંત આવા હોય નહીં. આ તો જરૂર ભગવાન છે.'' એમ નિશ્ચય થયો ને મહારાજ ભેળા રહ્યા. પછી ગામ મેઘપુરમાં મહારાજે તેમને સાધુ કર્યા.

અને મહાનુભાવાનંદસ્વામીએ દ્વારિકામાં ઠાકોરજીના પૂજારી સાથે એવો ઠરાવ કર્યો જે, ''મારે આંહીં રહીને ચોવીસ વર્ષ સુધી ઠાકોરજીનું જળ ભરવું.' એવો નિયમ રાખીને રહ્યા. તે પૂજારીએ પણ સર્વે પોતાનાં મનુષ્ય તથા વહાણવાળાને કહી રાખ્યું જે, ''આ અમારું મનુષ્ય છે. તેને અમારી આજ્ઞા વિના ક્યાંય જાવા દેશો મા' પછી મહારાજે મહાનુભાવાનંદસ્વામીને રાત્રિએ દર્શન દઈને એમ કહ્યું કે, ''તું આંહીં ક્યાં રહ્યો ? અહીં તો તારું કલ્યાણ નહિ થાય.'' પછી તે મહાનુભાવાનંદસ્વામી વહેલા ઊઠીને કોઈ ન જાણે તેમ વહાણે બેસીને ચાલી નીસર્યા. તે આ કાંઠે આવીને મહારાજના સંત ભેળા થયા, ને ઊંઝે મહારાજનાં દર્શન કર્યા.

અને પરમાનંદસ્વામી પૂર્વાશ્રમમાં વૈરાગી હતા. તેમને કાનમાં એવો રોગ હતો જે, નિરંતર ''ઘરરાટ' એવો શબ્દ થયા કરે. તેણે કરીને નિદ્રા પણ આવે નહિ. પછી તેમણે રામાયણમાંથી એવું સાંભળેલું જે, ''જ્યાં કાગભુસંડી જેવા સંત હોય, ત્યાં મહારોગ હોય તે પણ નાશ પામી જાય.'' એમ જાણીને તીર્થમાં ફરતાં ફરતાં કાઠિયાવાડને વિશે જેતપુરમાં મહારાજના સદાવ્રતમાં આવ્યા. ત્યાં સદાવ્રતમાં જમીને આડે પડખે થયા. એટલે તે પ્રણવનો શબ્દ મટી ગયો. ને નિદ્રા આવી એટલે ઊંઘી ગયા.

મહારાજના સાધુ તો તીર્થવાસીને જમાડીને કથાવાર્તા કરી રહ્યા એટલે તે પરમાનંદસ્વામી જાગ્યા. પછી તેમના મનમાં એમ થયું જે, ''મને નિદ્રા આવી ગઈ ને પ્રણવનો શબ્દ નાશ થઈ ગયો. માટે આ સાધુ કાગભુસંડી જેવા ખરા.'' એમ મનમાં થયું. પછી એક હરિજન પાસે બેઠો હતો. તે બોલ્યો કે, ''મહાપુરુષ, ભગવાનનું ભજન કર્યા વિના પારકું અન્ન ખાઈને સમી સાંજમાંથી સૂઈ રહ્યા, તે પારકા ટુકડા પચવા કઠણ છે.'' એમ કહીને તે સાખી બોલ્યા જે, ''સંસારીકા ટુકડા, નવ નવ આંગળ દંત; ભજન કરે તો ઊગરે, નહિ તો કાઢે અંત.''

તે પરમાનંદસ્વામી કહેતા જે, ''દો દો આગળ દંત તો સાંભળ્યું હતું, પણ તેણે તો સાત આગળ વધાર્યા.' પછી સ્વામી સાધુ પાસે જઈને બેઠા. ને વાતું સાંભળી તે સારી લાગી. પછી બીજે દિવસ રહ્યા ને તે સાધુએ મહારાજનાં પ્રતાપ-ઐશ્વર્યની વાતો કરીને નિશ્ચય કરાવ્યો. પછી સાધુ ભેળા રહ્યા. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૩૦૦)*

## ગુરુ સ્વામીએ તાવ મટાડ્યો

સાદરામાં બાલાસાહેબના પુત્રને શ્રીગુરુચરણરતાનંદસ્વામીએ માથે હાથ મૂકીને એમ કહ્યું કે, ''હવે તાવ નહિ આવે.'' પછી ન આવ્યો. ને તે મોરે અનેક ઉપાય કર્યા પણ નહોતો ગયો. *(સદ્. શ્રીનિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાર્તા-૫૧૫)*

### શ્રીહરિએ પરમાનંદ સ્વામીની લુખસ મટાડી

એક સમે શ્રીજીમહારાજ દરબારમાં વિરાજમાન હતા અને પરમાનંદ સ્વામી મહારાજના દર્શને આવ્યા અને સ્વામીના શરીરે બહુજ લુખસ થઈ હતી તે જોઈ મહારાજ બોલ્યા જે, મહાપુરુષ શરીરે શું થયું છે ? સ્વામી કહે, મહારાજ ! લુખસ થઈ છે. તે સાંભળી શ્રીજીમહારાજ રઘુવીરજી મહારાજના ઘેર પધાર્યા અને રઘુવીરજી મહારાજનું નામ લઈ બોલાવ્યા અને કહ્યું કે એક શેર ખીચડી કરો તેમાં એક શેર ઘી સમાય તેવી કરો. પછી ગાદીવાળાએ શેર ખીચડીમાં શેર ઘી નાખીને કરી અને રઘુવીરજી મહારાજ થાળીમાં લઈ શ્રીજીમહારાજ પાસે અક્ષરઓરડીમાં લાવ્યા પછી મહારાજ તેમાંથી બે ગ્રાસ જમ્યા અને પરમાનંદ સ્વામીને મહારાજે કહ્યું જે મહાપુરુષ લ્યો તેજાના. પછી પરમાનંદ સ્વામી થાળી લઈ મહારાજની પ્રસાદીની ખીચડી અક્ષરઓરડીનાં ફળીઆમાં બેસી બધી જમી ગયા પણ પાણી પીવાનું સાધન કાંઈ નહી તેથી રાતે સૂઈ રહ્યા અને રાતના બાર વાગ્યા એટલે પોતાને બહુજ તૃષા લાગી તેથી મૂળજી બ્રહ્મચારીને જગાડીને કહ્યું જે, બ્રહ્મચારી ! મને પાણી પાવો બહુજ તૃષા લાગી છે બ્રહ્મચારી કહે તેજાના ઉપર પાણી પીવાય નહી સૂઈ જાઓ છાના માના. પછી સ્વામી દરબારમાં સૂઈ ગયા અને શ્રીજીમહારાજ સવારે ચાર વાગે દાતણ કરવા બેઠા અને દાતણ કરી કોગળા કરતા હતા ત્યાં પરમાનંદ સ્વામીએ જઈ ખોબો ધર્યો ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે વળી અત્યારે આવ્યો છે ? મહારાજ કહે શું છે બ્રહ્મચારી ? બ્રહ્મચારી કહે રાતે પાણી પીવા આવ્યો હતો ને વળી અત્યારે આવ્યો. મહારાજ કહે પાયું હતું કે નહી ? બ્રહ્મચારી કહે તેજાના ઉપર પાણી પીવાય ? મહારાજ કહે બ્રહ્મચારી તેજાનો શું ? બ્રહ્મચારી કહે મારી બલા જાણે શું તેજાનો ? પછી મહારાજને દાતણ કરતાં અડધી તાંબડી પાણી વધ્યું હતું તે પરમાનંદ સ્વામીને પાયું. પછી મહારાજ બોલ્યા જે આને તેજાનાની ખબર નથી અને આને પાણી પીવાય કે ન પીવાય તે ખબર નથી એમ કહીને મહારાજે કહ્યું

કે તૃષાએથી સાધુ મરત ને સ્વામીનું શરીર સોના જેવું રોગે રહીત થયું. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭)*

## ગોપાળાનંદ સ્વામીએ પિતા મોતીરામને ધાધર મટાડી

અને પોતે જ્યારે ઘરેથી ચાલ્યા ત્યારે તેમનાં પિતાશ્રી મોતી ઠાકરને આખે શરીરે ધાધર હતી. અને ખુશાલભાઈએ ચાલતી વખતે તેમને શરીરે હાથ ફેરવ્યો એટલે બધી ધાધર સમી ગઈ અને શરીર નિરોગી થયું અને તેમને કહ્યું કે તમને ઇડરના રાજા ગોરપદું આપશે અને તેમને આશીર્વાદ દઈને મહારાજની સાથે ઘરેથી ચાલી નીકળ્યા અને પોતે જે વખતે ઘરેથી ચાલ્યા ત્યારે રસ્તામાં ટાંકાટુંકા નામે એક ગામ આવ્યું તે ગામનો પટેલ કાનો કરીને હતો તેને ખુશાલભાઈ સાથે ઘણો સ્નેહ હતો અને તે ગામને પાદર બેઠો હતો. પછી ખુશાલભાઈએ કહ્યું જે, કાના પટેલ ! ક્યાં સુધી ઘરમાં રહેશો ? ભગવાન પ્રગટ થયા છે ! ત્યારે કાનો પટેલ કહે ચાલો તમારી સાથે આવું તેમ કહીને તે જ વખતે ત્યાંથી કાનો પટેલ ખુશાલભાઈની સાથે ચાલી નીકળ્યો અને થોડેક છેટે ગયો ત્યારે કાના પટેલે ખુશાલભાઈને કહ્યું જે, ખુશાલ ! મારે અફીણનું બંધાણ છે ને ડાબલી ઘરે પડી રહી. ખુશાલભાઈ કહે જ્યારે અફીણ લેવાનો વખત થાય ત્યારે મને કહેજો પછી તેને જ્યારે અફીણનો વખત થયો ત્યારે બોલ્યો જે ખુશાલભાઈ મારે અફીણ ઉતરી ગયું છે. પછી ખુશાલભાઈએ વનસ્પતિના બે પાંદડાં ચોળીને આપ્યાં એટલે ચાવી ગયા ને કાના પટેલને અફીણનું બંધાણ હતું તે ટળી ગયું અને પછી મહારાજ પાસે આવી સાધુ થયા અને કાનડાનંદ સ્વામી એવું નામ પાડ્યું. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૮૫)*

## ગોપાળાનંદ સ્વામીએ કોગળિયાના રોગથી રક્ષા કરી

એક દિવસ સ્વામી ખેડા ગામમાં હતા અને સભા કરીને બેઠા હતા. તે વખતે સ્વામીયે નિત્યાનંદ સ્વામીને કહ્યું જે, કાંઈક ઉપદ્રવ જેવું જણાય છે ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે આપણે તો જેમ ઈશ્વરની ઈચ્છા હશે તેમ થાશે. પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, આપણે પણ ઝપાટામાં આવશું ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, આપણે પણ જગતમાં છીએ ને પછી ડભાણ થઈને વરતાલ ગયા. ત્યાં રાત્રિના દશ વાગ્યા તે વખતે ગોપાળાનંદ સ્વામી એમ બોલ્યા જે કોઈ ગૃહસ્થ અહીંયાં હોય તો તેને બહાર કાઢી મેલો એમ કહીને બોલ્યાં જે અહીંયાં ધર્મશાળાની પછવાડે પાંચ રાંડું ઉભી છે તે એમ વિચાર કરે છે કે પહેલાં મંદિરમાં જશું કે પહેલાં ગામમાં જશું ? ત્યારે તેમાંથી એક બોલી જે મંદિરમાં તો એક બાવો બહુ વસમો છે. તે કનડે એમ કહીને બે ભોઈવાડામાં ગઈ અને ત્રણ કોળીવાડામાં ગઈ. પછી ગામમાં કોગળીયાનો ભારે

ઉપદ્રવ થયો પછી ગામના લોકોએ મળીને ઝાંપે માતા પાસે એક પાડો માર્યો એટલે ઉલટો કોગળીયાનો રોગ વૃદ્ધિ પામ્યો. પછી ગામના સર્વ લોક મળીને ગોપાળાનંદ સ્વામી પાસે આવીને પ્રાર્થના કરીને કહ્યું કે, હે સ્વામી ! અમે તો સરવે મરી જાશું. ત્યારે સ્વામી બોલ્યા જે અહીંયાં સાક્ષાત્ લક્ષ્મીનારાયણ દેવ વિરાજમાન છે તથા રઘુવીરજી મહારાજ પણ છે અને નિત્યાનંદ સ્વામી જેવા સંત છે. અને હનુમાનજી વગેરે દેવો પણ વિરાજમાન છે તેમને મેલીને માતા આગળ પાડો માર્યો એટલે સરવે મરવાના જ છો તો. ત્યારે પાટીદારોએ કહ્યું જે, બાપજી ! ભુલી ગયા અને હવે જેમ તમે કહો તેમ કરીયે અને દયા કરો ત્યારે સ્વામીએ કહ્યું જે જાઓ બ્રાહ્મણની ચોરાશી કરો અને હનુમાનજીની રૂદ્રી કરાવો પછી તેમણે સૌને તેવી રીતે કર્યું એટલે રોગ નિવૃત્તિ પામી ગયો. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૧૫)*

## પૂ. સ્વામીના વચને વડોદરાના મહેરાલભાઈને ઉંઘ આવી

એક સમે સ્વામી વડોદરામાં હતા અને મહેરાલ ભાઉને ઉંઘ આવતી નહોતી પછી તેમણે સ્વામી પાસે આવીને પ્રાર્થના કરીને કહ્યું કે મને બાર વરસ થયા નિંદ્રા આવતી નથી માટે દયા કરો તો સારું થાય. ત્યારે સ્વામીએ કહ્યું કે આ કૃષ્ણારામશાસ્ત્રી તમારું વૈદું કરશે એટલે તમને નિંદ્રા આવશે તે ગયા કેડે કૃષ્ણારામે સ્વામીને કહ્યું જે, સ્વામી ! હું ક્યાં વૈદુ ભણ્યો છું ? ત્યારે સ્વામી કહે તારે ભણ્યાનું શું કામ છે ? હું આપું તે ઓસડ તું તેને ખવરાવજે એટલે તેનો રોગ નાશ પામશે અને તારી જીવાઈ ચાલશે પછી સ્વામીએ અઢી તીખાં અને અઢી તળશીનાં પાન લઈને કૃષ્ણારામને પડીકું વાળીને આપ્યું અને સ્વામીએ કહ્યું જે સ્વામિનારાયણનું નામ લઈને તેને ખવરાવજે એટલે તેને નિંદ્રા આવી જશે. પછી કૃષ્ણારામે તે પડીકું આપ્યું તે ખાઈ ગયા અને તુરંત નિંદ્રાવશ થઈ ગયા તે સાંજના ચાર વાગે નિંદ્રામાંથી જાગ્યા પછી બીજે દિવસે કૃષ્ણરામને બોલાવીને તેને જીવાઈ બાંધી આપી. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૨૨)*

## પૂ. સ્વામીના વચને બાર વર્ષ પછી ઉંઘ આવી

વડોદરામાં દક્ષણી બ્રાહ્મણ રાવસાહેબ હતા તેને બ્રહ્મરાક્ષસ વળગ્યો હતો અને તે બ્રાહ્મણ કાશી વગેરે સર્વે તીર્થમાં ફર્યો અને જે જે મહાન પુરુષો કહેવાય તેને પણ મળ્યો તે પાછા વડોદરે પોતાના ઘરે આવ્યા ત્યારે ગાયકવાડ સરકારે કહ્યું. જે તમે ગોપાળાનંદ સ્વામીને મળો તો તે તમને તમારા દુઃખથી મુક્ત કરશે ! પછી તેઓ વડોદરામાં ગોપાળાનંદ સ્વામીને મળ્યા અને તેમને પોતાના દુઃખની વાત કરી જે મને બાર વરસથી નિંદ્રા આવતી નથી તેમ ખાવાપીવાનું પણ સુખ નથી ત્યારે સ્વામીએ કહ્યું. જે આજે રાત્રે તમે જમીને સુઈ જાજ્યો. તો નિંદ્રા સારી

આવશે અને મનુષ્યને કહેવું છે કોઈએ મને જગાડવો નહીં એમ કહીને તેઓ વાળું કરીને સુતા તે દિવસના આઠ વાગે ઉઠ્યા પછી નાહી ધોઈ પવિત્ર થઈને સ્વામીને દર્શને આવ્યા પછી સ્વામીને પગે લાગીને કહ્યું, જે સ્વામી ! તમારા વચનથી આજ બાર વરસે સારી નિંદ્રા આવી ! અને સુખેથી વાળુ પણ કર્યું હતું ! માટે હવે તમો બધા સંતને ઉત્તમ રસોઈ કરીને જમાડવા છે. ત્યારે સ્વામીએ કહ્યું કે તમો કંસારની એક રસોઈ આપો ત્યારે તેમણે કંસારની રસોઈ આપી. પછી સ્વામીએ તેમને કહ્યું કે આજ સાંજે પાંચ વાગે તમે સભામાં આવજો તે પ્રમાણે તેઓ સાંજે સભામાં આવ્યા અને સયાજીરાવ પણ તે સમયે ત્યાં દર્શને આવ્યા હતા અને સ્વામીની આગળ બેઠા તે વખતે સ્વામીએ દક્ષણી બ્રાહ્મણને કહ્યું, જે તમે તમારી દૃષ્ટી મારી દૃષ્ટી સાથે મેળવો ત્યારે તેણે સ્વામીની દૃષ્ટી સાથે પોતાની દૃષ્ટી મેળવી પછી સ્વામી બોલ્યા. જે બ્રહ્મરાક્ષસ ઘણો જ હઠીલો છે. એમ કહીને સ્વામીએ એક દૃષ્ટી કરીને તેના સામું જોયું ત્યાં તો તે બ્રહ્મરાક્ષસે એકદમ કાળી ચીસ નાંખી અને ભાગ્યો અને બ્રાહ્મણના કાનમાંથી તથા આંખમાંથી તથા નાક વગેરેમાંથી ધુમાડાના ગોટે ગોટા નીકળ્યા તે સભામાં સર્વેએ જોયું. પછી બ્રહ્મરાક્ષસ નાઠો તે એક વૃક્ષની ડાળ ભાંગી ગઈ તે જોઈને સૌ આશ્ચર્ય પામ્યા. પછી તે દક્ષણી બ્રાહ્મણ ત્યાં લક્ષ્મીનારાયણદેવની પ્રતિમા છે તેને દર્શને ગયા અને નારાયણની પ્રતિમાના હાથમાં એક હાર પહેરાવ્યો હતો અને બીજો હાર લક્ષ્મીજીના હાથમાં ધરાવ્યો હતો. પછી સ્વામીએ કહ્યું જે જાઓ લક્ષ્મીનારાયણદેવને પગે લાગો. પછી ઉઠીને દેવને પગે લાગ્યો. અને નારાયણની મૂર્તિના હાથમાં જે હાર હતો તે નારાયણે તે બ્રાહ્મણને પહેરાવ્યો એટલે પછી દેવને પગે લાગીને સ્વામી પાસે આવીને બેઠા. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૭૧)*

## વીસા શેઠને ગોળો ચડ્યો તે મૂળજી બ્રહ્મચારીના વચને મટ્યો

ગઢપુરમાં ગોપીનાથજી મહારાજનું મંદિર થાતું હતું અને કાનજી શેઠનો દીકરો વસો શેઠ ચુનાનાં તગારાં આપતા હતા તેને એક દિવસ ગોળો ચડ્યો હતો એટલે તે દિવસ તે તગારાં આપવા આવી શક્યા નહીં. પછી કાનજી શેઠ દર્શને આવ્યા ત્યારે મૂળજી બ્રહ્મચારીએ પૂછ્યું, જે આજ વસો તગારાં દેવા કેમ આવ્યો નથી ? ત્યારે કાનજી શેઠ કહે કે બ્રહ્મચારી મહારાજ ! જો મરે તો વસો જ મરે ! બ્રહ્મચારી કહે શું થયું છે ? કાનજી શેઠ કહે ગોળો ચડ્યો છે ત્યારે બ્રહ્મચારી કહે વાણિયા તો વેવલાં હોય ! જાવ આડા ધોબા મીઠાનું પાણી પાઈ દ્યો તો સારું થઈ જાશે ! પછી કાનજી શેઠે ઘરે જઈ વીસા શેઠને મીઠાનું પાણી પાયું એટલે ગોળો મટી ગયો ને જીવંત પર્યંત ગોળો ચડ્યો જ નહીં. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૮૯૫)*

## પાટણના જુઠા શેઠનો રોગ બ્ર. આનંદાનંદજીએ મટાડ્યો

ગામ પાટણાના શેઠ જુઠા કરીને વાણિયા હતા. તેને છ મહિનાથી નિંદ્રા આવતી નહોતી તેથી તેને ગઢપુર સ્વામી પાસે લાવ્યા અને ગઢપુરમાં ગોરધનદાસ કરીને તેના સંબંધી વાણિયા હતા. તેમણે સ્વામીને વાત કરી જે, સ્વામી ! આ જુઠા શેઠને છ મહિના થયાં નિદ્રા આવતી નથી ! તેથી સ્વામીએ કહ્યું કે તેને મારી પાસે લાવો પછી તેમને સ્વામી પાસે લાવીને બેસાર્યા. પછી સ્વામીએ તેના સામું જોઈ રહીને બે ચાર સાદ કર્યા ત્યારે જરા હુંકારો આપ્યો તે વખતે સ્વામી જમવા બેઠા હતા. તે જમી રહ્યા પછી પોતાની પ્રસાદીની થાળી જુઠા શેઠને આપી અને જુઠા શેઠને કહ્યું કે આ જમીને આંહીં સૂઈ જા. પછી તે આસને મેડા ઉપર સ્વામીની પ્રસાદી જમીને સૂઈ ગયા તે દિવસના ચાર વાગ્યે જાગ્યા અને તેમને જે રોગ હતો તે ટળી ગયો. ને શ્રીગોપીનાથજી મહારાજની સેવા ઘણી જ સારી કરી. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૯૨૮)*

## સાળંગપુરના વાણિયાની સારણગાઠ બ્ર. આનંદાનંદજીએ મટાડી

સ્વામી વડતાલ પધારતા હતા અને ગામ વારણાને પાદર ગયા તે વખતે તે ગામમાં મરકીનો રોગ આવેલો હતો અને ગામને પાદર ગાડી છોડાવીને સ્વામી ઉતર્યા હતા ત્યાં સૌ હરિજન સ્વામીને દર્શને આવ્યા અને પ્રાર્થના કરીને સ્વામીને કહ્યું. જે આ ગામમાં મરકીનો રોગ બહુ જ આવ્યો છે અને વૈદ દારૂ પાય છે તે સાંભળીને સ્વામીએ શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને કહ્યું. જે તમે સૌ ગોપીનાથજી મહારાજને પાંચ પાંચ રૂપિયાનો થાળ કરજો અને જેને દારૂ પાયો હશે તે મરશે. પછી સ્વામીના આશીર્વાદથી જેટલા જેટલાને રોગ થયો હતો તે સૌ સાજા થયા અને પછી ગઢપુર આવીને સૌ ગોપીનાથજી મહારાજને પાંચ પાંચ રૂપિયાના થાળ કર્યા. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૯૫૧)*

## શ્રીહરિએ પટેલને દશના દશ હજાર આપ્યા ને કોઢ મટાડ્યો

ગઢડાથી શ્રીજીમહારાજે વડતાલ સમૈયો કરવા જવા માટે સંકલ્પ કર્યો. તેવામાં દાદા ખાચર સવારમાં શ્રીજીનાં દર્શન કરવા આવ્યા. ત્યારે મહારાજ કહે, વડતાલ સમૈયો કરવા આવતીકાલે અહીંથી જઈશું. ત્યારે દાદા ખાચર કહે, મહારાજ, અહીં સમૈયો કરો ને દેશાંતરના હરિભક્તો ઉપર કાગળ લખો જે આ વર્ષમાં ગઢડે સમૈયો કરવાનો છે માટે સર્વે હરિભક્તો ગઢડે આવજો. આવા કાગળો મળવાથી દેશાંતરના હરિભક્તો બાઈઓ તથા ભાઈઓ કીર્તન ગાતાં ગાતાં ગઢડે આવતાં હતાં. રસ્તામાં ખારાપાટમાં એક ગામ આવ્યું, તે ગામના પટેલે કીર્તન ગાતા આવતા હરિભક્તોને પૂછ્યું, તમે ક્યાં જાઓ છો ? ત્યારે હરિભક્તો કહે, અમે ગઢડે શ્રી સ્વામિનારાયણ

ભગવાનનાં દર્શન કરવા જઈએ છીએ. ત્યારે પટેલ કહે, શ્રી સ્વામિનારાયણ ભગવાન છે ? ત્યારે હરિભક્તો કહે, હા ભગવાન છે. ત્યારે પટેલ કહે,

તમે ઊભા રહો. હું ગામમાં જઈને ભગવાનને આપવા સારું ભેટ લઈ આવું. પછી દશ રૂપિયા લાવીને આપ્યા. ને કહે છે, શ્રી સ્વામિનારાયણ ભગવાનને મારા તરફથી ભેટ મૂકજો. પછી તે હરિભક્તો ગઢડે આવ્યા, મહારાજનાં દર્શન કર્યા ને જે પોતાને ભેટ મૂકવી હતી તે ભેટ મૂકી, પણ પટેલે આપેલા દશ રૂપિયા મહારાજને ભેટ મૂકવા ભૂલી ગયા. પછી મહારાજે તે પટેલના દશ રૂપિયા માગી લીધા. તે રૂપિયા લઈને માથું ધુણાવ્યું. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, કેમ માથું ધુણાવ્યું ? ત્યારે શ્રીજીમહારાજ કહે, ખરા સમયમાં આ રૂપિયા મારે આપવા જવા પડશે. પછીથી તે પટેલને છ માસે કોઢ નિસર્યો, ને મરવા માટે ગાડું જોડાવી સમુદ્રકાંઠે ગયા, ને ગાડું હાંકનાર ચાકરને પાંચ રૂપિયા આપવાનું કહ્યું, ને કહે છે, તું કોઈને વાત ન કરીશ. હું અત્રે સમુદ્રમાં મરવા માટે આવ્યો છું. પછી લાકડીને ટેકે ધીમે ધીમે સમુદ્ર તરફ ચાલ્યા. તેવામાં શ્રીજીમહારાજ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને આવ્યા, ને કહ્યું જે, પટેલ ક્યાં જાઓ છો ? ત્યારે પટેલ કહે, અમારાં સગાંસંબંધીને ત્યાં જઈએ છીએ. ત્યારે શ્રીજી બોલ્યા જે, તપસ્વી બ્રાહ્મણ સત્પુરુષ આગળ ખોટું ન બોલવું. તો પણ ઉપર પ્રમાણે કહ્યું. ત્યારે મહારાજે કહ્યું કે, તમો સમુદ્રમાં પડવા જાઓ છો ? ત્યારે પટેલે મહારાજ પાસે એમ કહ્યું, જે હા હું સમુદ્રમાં પડવા જાઉં છું. ત્યારે શ્રીજીમહારાજ કહે, મારું વચન માનીને તમો તમારે ઘેર પાછા જાઓ. તમને થોડા દિવસમાં સારું થશે. ને સમુદ્રમાં પડવા જવું હોય તો આ તમારા રૂપિયા દશ હજારની દશ કોથળીઓ લ્યો. ત્યારે પટેલ બોલ્યા કે, રૂપિયા તમોને મેં આપ્યા નથી. ત્યારે મહારાજ કહે, અમારા સત્સંગીનો સંઘ ગઢડે આવતો હતો ત્યારે તમોએ દશ રૂપિયા મોકલ્યા હતા. તે દશ રૂપિયા મને મળ્યા હતા તે લ્યો. હું કોઈનું લેણું રાખતો નથી. ત્યારે પટેલે કહ્યું કે, તમો શ્રી સ્વામિનારાયણ ભગવાન છો ? ત્યારે શ્રીજીએ કહ્યું કે, હું ભગવાન છું. પછીથી શ્રીજીમહારાજનો નિશ્ચય થવાથી મહારાજના વચનથી ઘેર ગયા. ત્યાં થોડા દિવસમાં આરામ થયો. પછી થોડા રૂપિયા લઈને પ્રત્યક્ષ ભગવાનને મળવા ગઢડે ગયા. ત્યાં શ્રીજીમહારાજનાં દર્શન કરી નિયમ ધારી મહારાજશ્રીનો આશ્રય કરી પોતાને ઘેર ગયા. અંતકાળે તે પટેલને પોતાના અક્ષરધામમાં લઈ ગયા. એવા શ્રીજીમહારાજ દયાળુ છે. *(સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૪)*

## ભગવાનની ભક્તિથી ભવરોગ મટે છે

એક સમયે શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડા નીચે સભા કરીને બેઠા હતા અને એક સાકરના પાણીનો વાટકો અને એક લીંબડાના રસનો વાટકો ભરીને મંગાવીને પોતાની

પાસે રહેલા બે વાટકાના પાણીમાં પોતાની આંગળી ફેરવતા ફેરવતા સભામાં બેઠેલા માણસોને પૂછતા હવા કે સાકરનું પાણી મીઠું કે લીબડાનું પાણી મીઠું ! ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, સાકરનું પાણી મીઠું છે અને લીબડાનું પાણી તો મીઠું નહિ પણ કડવું કહેવાય. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને તમે મીઠું પાણી કહો છો તે સાકરનું પાણી પીવાથી રોગ થાય છે અને જેને તમે કડવું પાણી કહો છો તે પાણી પીવાથી રોગ મટી જાય છે. માટે આ લોકમાં વિષય ભોગવવા મીઠાં લાગે પણ તે જન્મમરણ ને લક્ષચોરાશીને આપે છે માટે તે સાકરના પાણીની પેઠે દુઃખ આપનાર થાય છે માટે તેને મીઠા ન જાણવા. અને આ લોકમાં ધર્મ, નિયમ પાળવો ભગવાનની ભક્તિ કરવી તે કડવું લાગે છે પણ તેથી ભવસાગરના ફેરા મટે છે ને અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. માટે કડવા પાણીની માફક દુઃખ માત્રનો નાશ કરે છે. માટે સાકરના પાણીરૂપ વિષયનો ત્યાગ કરીને ભગવાનનાં ચરણકમળમાં પ્રીતિ કરવાથી સુખની પ્રાપ્તિ થવા પૂર્વક સંસાર સાગરનો નાશ થાય છે માટે જન્મ મૃત્યુથી રહિત થવાય છે. *(સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૮૯)*

## અદ્‌ભૂતાનંદ સ્વામીને પગે વાળાનું દુઃખ હતું તે છ માસ જેતલપુરમાં કાવડ માગી તેથી મટ્યો

વિદ્યાપ્રિય શ્રીહરિએ એક વખત મુક્તાનંદ સ્વામી તથા અદ્‌ભૂતાનંદ સ્વામી વગેરે વીશ બુદ્ધિશાળી સાધુઓને જેતલપુર સંસ્કૃત ભણવા મોકલ્યા. ત્યાં પટેલ આશજીભાઈની ખડકીને મેડે ઉતર્યા. તે વખતે સંતો કાવડ માગતા અને તેમાં જે દાળ ચોખા લોટ આવે તે જમીને વગડામાં ઝાડ હેઠે જઈને રહેતા. કેમકે ગામમાં રહેવાની બંધી હતી. ચેતન્યાનંદ સ્વામી (સ્વામીના નાનાભાઈ) નિત્ય કાવડ માગવા જતા પણ તેમની દાઢ દુઃખવાથી કાવડ માગવા જઈ શક્યા નહિ. ત્યારે મોટેરા સ્વામી રામદાસભાઈએ અદ્‌ભૂતાનંદ સ્વામીને મહિમાની ઘણી વાતો કરી ત્યારે સ્વામીએ કહ્યું કે, હું કાવડ માગવા જઈશ'' ત્યારે ભાઈએ કહ્યું કે, ''તમને તો શ્રીજીએ ભણવા મોકલ્યા છે તે ભણો, આ તો ભણવામાં વિઘ્નકર્તા થાય ત્યારે સ્વામીએ કહ્યું કે, ''ભણીને પણ જ્યારે સંતોની સેવા કરીશું ત્યારે જ બુદ્ધિયોગને પામીશું.' ત્યારે ભાઈએ સ્વામીની મરજી જાણીને કહ્યું કે, ''ઘણી સારી વાત છે, તમે માગજો એમ રાજી થઈને આજ્ઞા આપવાથી જેતલપુરમાં છ માસ સુધી કાવડ માગી. આવશ્યક સેવાથી સંતો અને શ્રીજી સ્વામી ઉપર બહુ રાજી થયા. એમના આશીષથી પગે વાળો (દુષ્ટ રોગ) નીકળ્યો હતો તે પણ મટી ગયો.

## મહારાજે લાલા બાબુનો રોગ મટાડ્યો

મથુરામાં લક્ષ્મીદાસ નામના એક ભારે શાહુકાર રહેતા. તેણે વૃંદાવનમાં દેવના મંદિરમાં સોનાનો સ્તંભ કરાવ્યો હતો. તેમના બે મુનીમોને સ્વામિનારાયણ નો ચમત્કાર પ્રતાપ સાંભળીને નિશ્ચય થયો કે ''આ સ્વયં ભગવાન છે.'' પછી વૈરાગ્ય પામીને ત્યાંથી ચાલવા તૈયાર થયા. ત્યારે તે શેઠે કહ્યું કે, ''તમો અહીંથી જશો નહિ, અમે તમને બે ત્રણ ઘણો પગાર આપીશું.'' તે સાંભળીને તેમણે શેઠને કહ્યું કે, ''અમને તમારી બધી મીલકત આપી દ્યો તો પણ અમો અહીં રહીશું નહિ.'' એ વાતને સાંભળીને શેઠે કહ્યું કે, ''મારે શરીરે એવો રોગ છે કે, શેર જાડા ચોખા મીઠા વિનાના પચે છે, બીજુ કશું જ પચતું નથી, તે તમો જાણો છો. તે માટે તમો મારી એક અત્તરની શીશી રૂા. ૩૦૦ રૂપિયાની છે તે સાથે લઈ જાઓ. અને તે શીશી સ્વામિનારાયણને આપીને કહેશો કે, ''મારૂ સારૂ થાય ? એમ કહીને પછી પોતાના બને મુનીમોને રજા આપીને વિદાય કર્યા. તેઓ ફરતા ફરતા તે દિવસે કારિયાણીમાં આવીને મહારાજના હાથમાં અત્તરની શીશી ભેટ તરીકે આપીને કહ્યું કે, ''અમારા શેઠે કહ્યું છે કે, ''અમારૂં સારૂ થાય તેમ કરજો ? એ વાત સાંભળીને શીશીમાંથી અત્તર કાઢીને પોતાની હથેળીમાં લઈને સર્વ સંતોની નાસિકાએ ચરચ્યું. અને તે વિરક્ત બન્નેને સાધુ કરીને રામાનુજાનંદ તથા બાળમુકુંદાનંદ એવા નામ પાડ્યાં. એ સમયે સાધુઓની નાસિકાએ અત્તર ચરચ્યું તે ઘડીને આરંભીને બહુ દૂર મથુરામાં રહેલા પણ લક્ષ્મીદાસ શેઠને અઢારેય રસાળ પચવા લાગી. એવો પ્રબળ પ્રતાપ જોઈને લક્ષ્મીદાસે નિશ્ચય કર્યો કે, ''આ સ્વામિનારાયણના તો સ્વયં ભગવાન છે' એમ નિશ્ચય કર્યા પછી બે ત્રણવાર સારો ભારે પોશાક મોકલીને સ્વામિનારાયણનું ભજન કરવા લાગ્યા. *(સદ્. શ્રી અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૬)*

## શ્રીહરિએ સંતોને હિંમત આપી કે તમો માંદા થશો તો હું ગમે તેમાં પ્રવેશ કરીને ચાકરી કરાવીશ

જેવી રીતે બામરોલીમાં મહારાજ હિંડોળે વિરાજ્યા અને રંગ ઉત્સવ કર્યો તેવી જ રીતે નરસંડા, કંજરી, વળોટવા વગેરે ઘણાં ફરતાં ગામોમાં પણ રંગઉત્સવ કર્યો હતો. એમ કરતાં રામનવમીનો ઉત્સવ આવ્યો. તે ઉપર મહારાજનાં દર્શન કરવા અનેક ભક્તો આવ્યા. તે દિવસે રાતના દશ વાગે પોતાના જન્મ નિમિત્તનો મહોત્સવ કરીને પછીથી સભા ભરીને બેઠા. અને રાત્રિએ ભજન કીર્તન સાથે જાગરણ કરીને સવાર થતાં ઉઠીને મહારાજ તથા સર્વે સંત હરિજનો સ્નાનાદિ નિત્યવિધિ કરવા ગયા. મહારાજ તો સ્નાન આદિક નિત્યવિધિ કરીને, થાળ તૈયાર થયો જાણીને જમવા પધાર્યા. તે સુતારની ઓરડીએ ઉગમણે મુખે બાજોઠ ઉપર બેસીને યથેચ્છ

જમ્યા. પછી જળપાન મુખવાસ કરીને, હાલમાં આચાર્યશ્રીની હવેલી છે તે જગ્યાએ આંબલી તથા લીમડાના વૃક્ષો હતા તેની શીતળ છાયાએ સભા કરીને બેઠા. એટલે સંતો હરિજનો પણ સભામાં આવીને બેઠા. તે સમયે મહારાજે સર્વે સંતોને સ્વેચ્છાથી કહ્યું કે "તમો દેશપરદેશમાં જાવ અને સ્ત્રી દ્રવ્ય આદિક માયિક વસ્તુઓનો યોગ થાય તથાપિ તેમાં બંધાઓ નહિ ત્યારે સાચા સાધુઓ કહેવાઓ. એમ ઉપદેશ આપીને જે કહેવાનું હતું તે પછી કહ્યું કે "તમે સર્વે સંતો એકાકી દેશપરદેશમાં મુમુક્ષુજનોને ઉપદેશ આપવા જાઓ. આ બાબતને સાંભળતાં જ અશક્ય જાણીને સુરા ખાચર બોલ્યા કે "હે મહારાજ ! પરદેશમાં તો ઘણા શાસ્ત્રી ભણેલા હોય તે કોઈ અટપટા પ્રશ્નો પૂછે અને જો ઉત્તર ન આવડે તો કપાળમાં પૈસાને ઊનો લાલચોળ કરીને ડામ દે એવા અને વળી હાથીના પગે બાંધી દે એવા પડ્યા છે. વળી માંદા થાય તો ચાકરી કોણ કરે ?' આ વાતને સાંભળીને મહારાજ બોલ્યા કે તમે મને કેવા જાણો છો ?" ત્યારે તે ખાચર બોલ્યા કે "તમને તો સર્વ જગત્કારણ સર્વાન્તર્યામી સર્વકર્તા અક્ષરપતિ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ ભગવાન જાણું છું" ત્યારે વળી મહારાજ બોલ્યા કે ઊના પૈસાથી ડામ દેનારામાં કોણ રહ્યો છે અને હાથીના પગે બાંધનારામાં કોણ રહ્યા છે ? એમ કહીને વળી સંતો પ્રત્યે બોલ્યા કે તમો પરદેશમાં જાવ, મારી જે આજ્ઞાને પાલે તેને હું સુનો એકલો નહિ મેલું, તમે જ્યાં જશો ત્યાં એક હું અને એક સંત અને માંદા થશો તો ગમે તેમાં પ્રવેશીને ચાકરી કરાવીશ. આ રીતે રક્ષા કરીશ" આવાં ધૈર્ય વચનો સાંભળીને અદ્ભૂતાનંદ સ્વામી કહે છે કે અમને સર્વને બહુજ હિંમત આવી. અમો સાઠ સંતો મહારાજની આજ્ઞા લઈને એકાકી પરદેશ ચાલ્યા. *(સદ્. શ્રી અદ્ભૂતાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૬)*

## શ્રીહરિએ રાજાનો રોગ મટાડ્યો

પછી ત્યાંથી ચાલ્યા એવા જે નીલકંઠ બ્રહ્મચારી તે વનમાં ફરતા ફરતા આવતા હતા તેવા સમયમાં ખાખીની જમાત મળી. ત્યારે સહુ ભેગા ચાલ્યા આવતા હતા. ત્યાં વાત સાંભળી જે "આ શહેર આવે છે તેના રાજાને રોગ છે, તે રોગ મટાડવા ઘણા ઉપાય કર્યા પણ હજુ રોગ મટ્યો નથી. ને જે કોઈ ભેખધારી આવે તેની સેવા સારી રીતે કરે છે, શાથી જે ભેખમાં ભગવાન છે એમ માને છે ને તેથી રોગ મટે. પણ રોગ મટતો નથી તેથી ઘણાક બાવાને તેણે કેદ કર્યા છે. તે સાંભળીને ખાખીઓ તેના ગુરુને કહેવા માંડ્યા જે આપણે ત્યાં જાવું નથી. કારણ કે જાણી જોઇને મોત શા માટે માગી લેવું જોઈએ." તે સાંભળીને તે ગુરુએ મહારાજ સામું જોયું. ત્યારે મહારાજ કહે "ચાલો ફીકર કરશો નહિ, ત્યાગીએ મોતથી બીવુંજ નહિ.' એ પ્રમાણે કેટલાંક ઉપદેશનાં વચનો કહ્યાં. પછી તે ખાખીઓના ગુરુએ તેના શિષ્યોને

કહ્યું "આ નાના બ્રહ્મચારી બહુ સમજે છે માટે તે ઠીક કહે છે એમ કહીને સર્વે ચાલ્યા ને શહેરમાં ગયા. ત્યારે રાજાએ જાણ્યું જે "જમાત આવી છે તેથી તેને માટે સાકરનાં સીધાં મોકલ્યાં. પછી તેઓ રસોઈ કરી જમી રહ્યા. ત્યાં રાજાનો છડીદાર તેડવા આવ્યો. ને કહ્યું "ચાલો રાજા બોલાવે છે ત્યારે મહાંત અને મહારાજ ત્યાં ગયા. ત્યારે તે રાજા આદરપૂર્વક પગે લાગ્યો ને બોલ્યો જે 'તમે મોટા છો તેથી મારા પેટમાં રોગ છે તે મટાડો ને ન મટાડો તો તમે ને તમારા ચેલા સહુને કેદ કરીશ. ને મેં ઘણા ભેખધારીને કેદ કર્યા છે. તે સાંભળી મહારાજે તેને કહ્યું "હે રાજા ! રોગ તો પ્રારબ્ધ પ્રમાણે ઈશ્વરે મોકલેલ હોય, તે તો ભોગવવો જ પડે પણ બીજો કોઈ ભોગવી ન દે કે કોઈ મટાડે પણ નહિ. ને મોટા રાજી થાય તો શૂળીનું દુઃખ કાંટેથી મટાડે. માટે જે પ્રારબ્ધનું ફળ તે તો ભોગવવું જ જોઈએ એ પ્રમાણે દૃષ્ટાંતો આપીને ઘણીક વાતો કરી. પછી જળ મગાવીને તેમાં મહારાજે પોતાની આંગળી બોળીને કહ્યું "હે રાજન આ જળ પીઓ, તમારો રોગ મટી જશે. ત્યારે રાજાએ તે જળ પીધું કે તુરત રોગ મટી ગયો ને શાંતિ થઈ ગઈ, ત્યારે તે રાજાએ જાણ્યું જે "આ નાના બ્રહ્મચારી મહા સમર્થ છે. કારણ કે ઘણા ભેખધારી અને વૈદ્યો પાસે દવા કરાવી તો પણ રોગ મટ્યો નહિ. ને આ બ્રહ્મચારીએ મને નવો અવતાર આપી દીધો." એમ જાણી મહારાજ પાસેથી ગુરુમંત્ર લઈને શિષ્ય થયો ને કહ્યું "હે બ્રહ્મચારી ! તમે જે માગો તે આપું" ત્યારે મહારાજ કહે "તમે જે બાવા અને વૈદ્યોને કેદ કર્યા છે તે સર્વેને છોડી મેલો ત્યારે તે બધાયને જમાડીને છોડી મેલ્યા. પછી રાજાએ મહારાજને કહ્યું "તમે આંહી રોકાઓ" ત્યારે મહારાજ કહે "અમારે રોકાવું નથી ને દ્રવ્ય જોતું નથી. અમારે તો તીર્થયાત્રા કરવા જાવું છે. ત્યારે રાજા કહે "તમારે માટે સુખપાલ મોકલું ત્યારે મહારાજ કહે "અમારે તો પગે ચાલીને યાત્રા કરવી છે એ પ્રમાણે કહીને ત્યાંથી ઊઠ્યા ને ઉતારે આવ્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૬૦)*

## શ્રીહરિએ રતવાનો રોગ મટાડ્યો

એક વાર ગામ માળીયામાં ઠકર જીવનભાઈ માંદા થયા તે ડોકે રતવા થયો તેથી દેહ રહે તેમ નહોતું તે વખતે જીવનભાઈએ કહ્યું, "મંદિરે સદ્ગુરુ સ્વામી મહાપુરુષદાસજીનું મંડળ આવેલ છે તેમને આંહી તેડી લાવો." ત્યારે મંદિરે જઈને સ્વામીને વાત કરી કે, "જીવનભાઈ માંદા છે માટે તેમને દર્શન દેવા પધારો." ત્યારે સ્વામી પોતાના મંડળના સાધુઓને લઈને તેમને ઘેર ગયા તે વખતે જીવનભાઈએ હાથ જોડીને કહ્યું કે, "હે સ્વામી ! મારું દુઃખ મટાડો, બહુજ પીડા થાય છે ત્યારે સ્વામી કહે "ભજન કરો મહારાજ સારું કરશે" તે વખતે ત્યાં જીવનભાઈનો સાસરો બેઠો હતો તે બોલ્યો કે "મોરે રામાનંદ સ્વામી હતા તે તો રાખની

ચપટી દઈને સાજા કરતા ત્યારે સ્વામી કહે "તે તો અમારાં ગુરુ હતા ને અમે તો તેમના શિષ્ય છઈએ, એટલે અમે પણ સવારે મટાડીએ પણ જો દોરો ન બાંધે તો મટાડીએ ત્યારે તેમણે કહ્યું કે નહીં બાંધીયે" પછી સ્વામી મંદિરે આવ્યા ને ઠાકોરજી પાસે ઉભા રહી ને સહુ સાધુ પાસે પચીશ માળા ફેરવાવી. ત્યારે અરધી રાત્રે શ્રીજીમહારાજ તેમને દર્શન દેવા પધાર્યા. પણ તેના સાસરાએ તેની ડોકમાં પારો નાખેલો હતો તેથી મહારાજ ત્યાંથી ચાલી નિકળ્યા ને ઠક્કર જીવરાજભાઈનાં મનુષ્યને દર્શન દીધાં ને કહ્યું "સ્વામી મહાપુરુષદાસજીએ સાધુ પાસે માળા ફેરવાવી તેથી અમે તેને ઘેર દર્શન દેવા ગયા હતા પણ તેના સાસરાએ તેની ડોકમાં પારો બાંધ્યો હતો. તેથી અમે તેને દર્શન દીધાં નહીં માટે તમે તેને ઘેર સવારે જઈને તે પારો કઢાવી નાખો એટલે રતવા ફૂટી જાશે ને દુઃખ મટી જાશે' એમ તે બાઈને કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા. પછી તે બાઈએ સવારે જીવનભાઈને ઘેર જઈને કહ્યું કે "તમે પારો બાંધ્યો તેથી તમને મહારાજનાં દર્શન થયાં નહિ ને મને દર્શન દઈને કહી ગયા છે કે પારો કઢાવી નાખજો એટલે સુવાણ થઈ જાશે ત્યારે તેણે તેજ ઘડીયે પારો કાઢી નાખ્યો તેથી તુરત રતવા ફૂટી ગયો ને સુવાણ થઈ ગઈ. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૪૮)*

## શ્રીહરિએ ફરેણીમાં તાવ મટાડ્યો

એકવાર મહારાજ ગામ ફરેણીયે વેલા સોનીને ઘેર ગયા ને ત્યાં હમેશાં કથા વાર્તા કરતા હતા તેવામાં એક વખત સવારે એક આહીર હરિભક્ત ગોદડું ઓઢીને આવ્યો ને પગે લાગીને બોલ્યો જે "હે મહારાજ મારો તાવ કાઢો" એમ કહી થરથર ધ્રુજવા લાગ્યો ત્યારે મહારાજને દયા આવી તેથી તે આહીરને કહ્યું "તેં ગોદડું ઓઢ્યું છે તે ફળિયામાં મેલી દે એટલે તાવ તેમાં રહેશે ત્યારે તેણે પોતાનું ગોદડું હતું તે ફળિયામાં મેલી દીધું એટલે તાવ શરીરમાંથી નીકળીને તે ગોદડામાં રહ્યો ને તે ગોદડું થરથર ધ્રુજવા લાગ્યું તે જોઈને સાધુ હરિજન બોલ્યા જે "હે મહારાજ ! આ તાવને હવે રજા આપો ત્યારે મહારાજે તાવને કહ્યું "તું આંહી ક્યાં ભરાણો ? કોઈ સારે ઠેકાણે જા' ત્યારે તે તુરત નીકળી ગયો એટલે ગોદડું ધ્રુજતું આળશી ગયું પછી સાધુએ પૂછયું "હે મહારાજ ! તમે તાવને ક્યાં મોકલ્યો ? ત્યારે મહારાજ કહે "ધોરાજીમાં મોટો શેઠીયો છે તેને ઘેર ગયો." પછી બે સાધુઓ જોળી માગવા ધોરાજી ગયા ને પ્રથમ તે શેઠને ઘેર ગયા ત્યાં તો શેઠ ઢોલિયામાં ગાદલા ઉપર સુતો હતો ને ગોદડાં ઓઢાડેલાં ને ધ્રુજતો પડ્યો હતો ને બે જણા માથે દાબતા હતા ત્યારે સાધુએ પૂછયું, "આ શેઠને કેટલા દિવસથી તાવ આવે છે ? ત્યારે તે દાબનારા કહે "હમણાં બે કલાકથી જ આવ્યો છે ત્યારે સાધુએ જાણ્યું જે "આ તો મહારાજે મોકલ્યો તેજ તાવ છે." પછી ગામમાં જોળી માગીને પાછા ફરેણી આવ્યા

ને મહારાજને પગે લાગીને કહ્યું "તે શેઠને તાવ પહોંચી ગયો છે." *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૫૨)*

## સોજા-અવાળુ સાધુના શ્રીહરિએ મટાડ્યા

એક સમયને વિષે ગામ ફરેણીમાં શ્રીજીમહારાજ બિરાજમાન હતા ત્યાં એક સાધુ બહુ માંદા હતા ને શરીરે સોજા ચડી ગયા હતા ને અવાળુ દાંત ઉપર ફરી વળેલાં તે જોઈને દેવાનંદસ્વામી સંન્યાસી મહારાજ પાસે જઈને બોલ્યા જે "એક સાધુને મંદવાડ ઘણોજ થયો છે ને તે રોગ કાંઈ કળાતો નથી તો તેનું શું ઔષધ કરીએ ? ત્યારે મહારાજ કહે "તે સાધુ આ બ્રહ્માંડના નથી માટે તેને આ બ્રહ્માંડની દવા લાગુ પડશે નહિ માટે તે ખાવા માગે તો ખાટી છાશ અને ઘેંશ આપજો ને પાણી માગે તો પણ છાશ આપજો." ત્યારે સાધુ કહે "મહારાજ ! જેને સોજા ચડ્યા હોય તેને છાશ દેવાય ? ત્યારે મહારાજ કહે "અમે જે ઔષધ બતાવ્યું તે તમે કરો એ જો લાગુ પડે તો ભલે નહિ તો ધામમાં જાશે." પછી દેવાનંદસ્વામી તે માંદા સાધુ પાસે ગયા ત્યારે તેણે ખાવાનું માગ્યું એટલે છાશમાં ઘેંશ કરીને પાઈ અને પાણી માગ્યું ત્યારે પણ છાશ પાઈ એમ બે વખત પાયું ત્યાં તો શરીરમાંથી સોજા ઉતરી ગયા ને સાવ સાજા થઈ ગયા એમ મહારાજે અસાધ્ય રોગનું એવું ઔષધ કરીને સાધુને સાજા કર્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૨૫૩)*

## ટૂંટિયાના રોગથી

વળતે દિવસે ગામના વાણિયા ભેગા મળીને વિચારવા લાગ્યા જે ગામમાં ટૂંટીયાનો રોગ વધતો જાય છે માટે મોરથી ઉપાય કરવો જોઈએ" ત્યારે તેમાંથી એક જણ બોલ્યો કે "કાલે સ્વામિનારાયણે બેચરભટ્ટને ઘેર જઈને તેના ઘરના માણસને જીવતું કર્યું તે પણ તે રોગથી મરી ગયું હતું માટે આપણે સ્વામિનારાયણના સાધુ બ્રહ્માનંદસ્વામીને મળીયે તે સ્વામિનારાયણ પાસે અરજ કરશે તો સારું થાશે" એમ વિચારીને બ્રહ્માનંદસ્વામીનો ઉતારો જીવા ખાચરના દરબારમાં હતો ત્યાં આવ્યા ત્યારે સ્વામીએ કહ્યું કે "કેમ આવ્યા ?" ત્યારે વાણિયા બોલ્યા જે "હે સ્વામી ! આ ગામમાં ટૂંટીયું આવ્યું છે તે દરદે માણસ મરે છે માટે અમારે ઘેરે જો તે દરદે ન મરે તો અમે ઘરદીઠ દશદશ સાધુ જમાડિયે માટે તમે મહારાજને પૂછીને નક્કી કરી દીયો" ત્યારે સ્વામીએ કહ્યું કે "તમો બધા આંહી રહો ને બે જણા મારી સાથે ચાલો એમ કહીને એકસાધુ સાથે લઈને મહારાજ પાસે અક્ષર ઓરડીયે આવી પગે લાગીને બેઠા ત્યારે મહારાજે કહ્યું જે "વહેલા કેમ આવ્યા સભા થવાને તો હજુ વાર છે ત્યારે સ્વામીયે કહ્યું કે "મારે આસને શ્રાવક વાણિયા ચાળીશને આશરે આવ્યા છે ને કહે છે કે અમારા ઘરમાં

ટૂંટીયાને દરદે કોઈ માણસ ન મરે તો દશ દશ સાધુ ઘરદીઠ જમાડીયે ત્યારે મહારાજ કહે "જાઓ કહો કે નહિ મરે" ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું કે "નક્કી કરીને કહો કે નહિ મરે કારણ કે અમે તેમને ઘેર જમવા જાઈયે ને જો કોઈકને ઘરે મરી જાયતો ?" ત્યારે મહારાજે કહ્યું કે "સ્વામી કેમ અમારા વિશ્વાસ નથી આવતા ? ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે "નક્કી કરીને કહો" મહારાજે કહ્યું જે "સ્વામી ટૂંટીયાને દરદથી નહિ મરે ને બીજે રોગે કરીને પણ નહી મરે" તે સાંભળીને શેઠીયા બેયને લઈ સ્વામી પાછા આસને આવ્યા ને બીજા શેઠીયા પાસે વાત કરી તે સાંભળી સૌ ગયા ને વળતે દિવસે સાધુને વાણિયા જમાડવા લાગ્યા તે વાણિયાનાં ઘર જાજાં ને સાધુ થોડા તે હાથ આવે નહિ તે જેને જેને ઘેર સાધુ જમવા ગયા તેને તેને ઘેર કોઈ પણ મર્યું નહિ. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૬૫)*

## મહારાજે અરૂપાનંદ સ્વામીનો રોગ મટાડ્યો

એક દિવસ શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાંથી ઘોડીયે સ્વાર થઈ પાંચસાત પાર્ષદોને લઈને ચાલ્યા તે બજારે થઈને લક્ષ્મીવાડીએ પધાર્યા ને હાલ બળદ બાંધવાની ગમાણ છે ત્યાં ઘોડિયેથી ઉતરીને ચાલ્યા તે ઓટે પધાર્યા ત્યાં ઘડીવાર બેસીને ત્યાંથી ચાલ્યા તે મંદિરથી થોડેક છેટે વાયવ્ય ખૂણામાં એક આંબો હતો તેની તળે ઉગમણો આથમણો ઢોલિયો બીછાવી તે ઉપર દક્ષિણાદે મુખારવિંદે બિરાજમાન થયા ત્યાં સિદ્ધાનંદસ્વામી અને સંતોષાનંદસ્વામી આવી મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે કહ્યું કે "સર્વેશ્વરાનંદસ્વામીને બોલાવો' ત્યારે સંતોષાનંદસ્વામીને બોલાવી લાવ્યા તે આવીને છેટે ઉભા રહ્યા તેને મહારાજે કહ્યું "ઓરા આવો' એટલે તે સમીપે આવ્યા. ત્યારે તેની સામું જોઈને મહારાજ કહે "તમને કેમ થાય છે ?" ત્યારે તે કહે "હાથ પગનાં તળાં અને આંખો બળે છે તેને મહારાજે જોઈને કહ્યું 'તમને પિત્તનો રોગ જણાય છે તે ક્રિયમાણનો હશે તો મટશે ને પ્રારબ્ધનો હશે તો મટશે નહિ ને કાને પણ સોજા ચડ્યા છે ત્યારે સ્વામી કહે "મહારાજ ! કાંઈક ઔષધ બતાવો" ત્યારે મહારાજ કહે 'નદીમાંથી શેવાળ લાવી હાથ પગનાં તળીયા ઉપર રાખો ને નાભી ઉપર રાખો ને માથા ઉપર બાંધો' પછી તે પગે લાગીને ગયા. ત્યારે મહારાજને જમવા સારુ સેવાનંદસ્વામીએ બાજરાનો રોટલો, વૈતાકનું ભડથું ને દહીંનો કટોરો ભરી રાખ્યો હતો તે લઈને નીલકંઠાનંદસ્વામી અને લક્ષ્મીનારાયણાનંદ સ્વામી મહારાજ પાસે જઈ ઉભા રહ્યા ત્યારે મહારાજે કહ્યું "શું લાવ્યા ?" ત્યારે તે કહે "જમવાનું લાવ્યા છઈએ તે જમવા પધારો" પછી મહારાજ ઢોલિયા ઉપરથી ઉતરીને ઉતરાદિકોર આસન નાખ્યું હતું તે ઉપર બેઠા એટલે નીલકંઠાનંદ સ્વામીએ અને લક્ષ્મીનારાયણાનંદ સ્વામીએ મહારાજ આગળ થાળમાં બાજરાનો રોટલો ને વૈંતાકનું ભડથું મેલ્યું ને દહીંનો કટોરો

મેલ્યો ને હાથ જોડીને કહ્યું જમો મહારાજ !'' પછી મહારાજે થાળમાં બાજરાના રોટલા સામું જોઈ કહ્યું ''આ રોટલો કેવી રીતે કર્યો છે ?'' ત્યારે નીલકંઠાનંદસ્વામી કહે 'તે સેવાનંદસ્વામીએ કર્યો છે તે પ્રથમ ઘડીને તાવડીમાં નાખ્યો ને લગારેક રહીને બીજી કોરે નાખ્યો પછી આંગળીએ ખાડા કરી તે ઉપર ઘી નાખીને ઉપર લોઢી ઢાંકીને સારી પેઠે ચડવા દીધો પછી ઉતાર્યો તે આવો રોટલો થયો તે તમે જમો મહારાજ'' પછી મહારાજ જમવા મંડ્યા ને કહ્યું ''રોટલો બહુ સારો છે' એમ વખાણતા થકા સારી પેઠે જમ્યા. તે વખતે અશોકાનંદસ્વામી અને સુખાનંદસ્વામી ઘીની વાટકી અને ભાત લઈને આવ્યા તે સામુ મહારાજે જોઈ કહ્યું ''શું લાવ્યા ? ત્યારે તે કહે ''ભાત અને ઘી લાવ્યા છઈએ'' પછી મહારાજ કહે 'લાવો પીરસો પછી તેમણે ભાત પીરશ્યો ને ઘી પીરસવા ગયા ત્યાં મહારાજે ના કહી તો પણ થોડુંક પડી ગયું પછી ઘીને ભાત થોડુંક જમીને ગોરસ ને ભાત જમ્યા ને કહ્યું ''કાંઈ વાસણ છે ? સિદ્ધાનંદસ્વામીને પ્રસાદી આપવી છે'' પછી કાંઈ વાસણ નહોતું તેથી પડીયો લાવ્યા તેમાં પ્રસાદી આપી ને બાકીની નીલકંઠાનંદસ્વામીને આપી તે સદાનંદસ્વામી પાસે લઈ ગયા ને મહારાજ જમીને ઘડીવાર ઢોલિયાઉપર પોઢયા પછી જાગીને ઘોડીએ સ્વાર થઈ દરબારમાં પધાર્યા નેત્યાં લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયે બિરાજમાન થયા ને સભા ભરાઈને બેઠી ને મહારાજે વાતો કરી ને પછી અક્ષરઓરડીમાં પધાર્યા. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૯૦)*

## પાળા તેજાને ચમત્કાર બતાવ્યો

એક વખત નિત્યાનંદ સ્વામીને સુરત મોકલ્યા ત્યારે મહારાજ તેમને વળાવવા ગયા હતા ને ખોપાળાને મારગે જીવા ખાચરની નાળવાળી વાવ છે ત્યાં લગી ભેગા ગયા હતા ને તે વાવનું પાણી મહારાજે પીધું હતું ને અડતાળાના મારગથી આથમણા હનુમાનજી છે ને ત્યાં ખીજડો છે તે જગ્યાએ મહારાજ બેઠેલા છે ને ઘેલાને સામે કાંઠે સીમાડો કાઢવા ગયા તે દિવસે એ ખીજડેથી સીમાડો ઉગા મેડીના મારગ સુધી કાઢ્યો ત્યાં પોતે ઘોડીએ સ્વાર થઈને ભેગા ગયેલા છે ને ત્યાં એક ચમત્કારી વાત જીવા ખાચરે કરી તેનો ઉત્તર મહારાજે આપ્યો હતો ને એ વોકળી ને કાંઠે ખીજડાથી આથમણો હાલ દાદા ખાચરનો કૂવો છે તે જગ્યાએ મહારાજ ઘણી વખત બેઠેલા છે ને ત્યાં પાળા તેજાને ચમત્કાર બતાવ્યો હતો. *(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૩૯)*

## બ્ર. ઈશાનંદજીએ ભાવનગરના મહારાણીનો રોગ મટાડ્યો

ભાવનગરના મહારાણી પોતાની તબિયત બગડતા પાણી બદલો કરવા ગોંડલ આવ્યા હતા. તેઓ થોડો સમય ત્યાં રહ્યા તે દરમિયાન તેઓની ઈચ્છાને માન આપીને બ્ર. ઈશાનંદજી

તેમને બંગલે પધારીને સંપ્રદાયની મર્યાદા પૂર્વક ભગવદ્વાર્તા કરતા. તે સાંભળીને રાણીને ખૂબજ આનંદ થતો. તદુપરાંત બ્રહ્મચારીશ્રી દૂધમાં લોટ બાંધી ઘીમાં તળેલી પૂરી દેવને ધરીને પ્રસાદી તરીકે તે મહારાણીશ્રી માટે મોકલતા. બ્ર. ઈશાનંદજી દ્વારા થતી ભગવદ્વાર્તા સાંભળીને અને તેના જ દ્વારા બનાવેલ અને શ્રીહરિના પ્રસાદી રૂપ અન્ન જમીને થોડા જ સમયમાં મહારાણીશ્રીની તબિયતમાં ઘણો જ સુધારો થયેલો. બ્રહ્મચારીશ્રીની ભગવદ્વાર્તા અને શ્રીહરિના પ્રસાદી રૂપ અન્નના પ્રતાપથી જ પોતે સ્વસ્થ થયા છે એમ માનીને મહારાણીશ્રીએ બ્ર. ઈશાનંદજીને કહેવરાવ્યું જે, ‘‘અમારે લાયક કાંઈ સેવા હોય તો કહેવડાવો.‘‘ ત્યારે બ્ર. ઈશાનંદજીએ કહ્યું કે, ‘‘દેવના દરબારમાં કોઈ જાતની કમી હોય નહિ પરંતુ દેવે આપેલ મનુષ્યનો અવતાર સાર્થક થાય અને મનુષ્યને પોતાના દ્રવ્યની શુદ્ધિ થાય તે માટે આપશ્રીને રાજયમાંથી અમારા આ દેવને માટે કિંચિત્ સેવા કરવી હોય તો ઠાકોરજી માટે કંઈક વર્ષાસન બાંધી આપો.‘ તે સાંભળીને મહારાણીશ્રીએ ભાવનગર જઈને ત્યાંના મહારાજને વાત કરી કે તરત જ મહારાજાએ રાજ્યના ખાનગી ખાતામાંથી ગોંડલ મંદિરના દેવના થાળમાં પૂરી બનાવીને ધરાવવા માટે માસિક રૂપિયા પંદર બાંધી આપ્યા. જે રકમ તેઓ ભાવનગરથી અચૂક મોકલાવતા તે આજ દિવસ સુધી હજુ પણ ચાલુ છે. આમ, બ્ર. ઈશાનંદજી અનેક હરિભક્તોને પ્રેરણા કરીને ઠાકોરજીની સેવા કરાવતા અને તે રીતે શ્રીહરિનો રાજીપો મેળવતા.

## બ્રહ્મમુનિને આયુષ્ય આપીને મંદવાડ મટાડ્યો

એક સમયે શ્રી બ્રહ્માનંદ સ્વામીના શરીરે કસર થઈ અને બહુજ મંદવાડ વધી ગયો અને દેહ રહે નહિં તેવા ચિહ્ન જણાયાં. શ્રીજીમહારાજે એ વાતની ખબર થતાં મહારાજ તુરત જ સ્વામી પાસે પધાર્યા, અને મહારાજે પોતે પોતાનાં હાથે ચંદન ઉતાર્યું. ત્યાં તો બીજાં ઘણાક મનુષ્યો ત્યાં આવ્યાં પછી મહારાજે પોતે પોતાના હાથથી ઉતારેલા ચંદનથી સ્વામીની નખ શીખા પર્યંત અર્ચા કરી ને પૂજા કરી અને પોતે જે ગુઢો રેંટો ઓઢ્યો હતો, તે સ્વામીને માથે ઓઢાડ્યો, પણ સ્વામીને (બે શુદ્ધિ હોવાથી) એ વાતની કંઈ ખબર ન પડી. પછી શ્રીજીમહારાજ કહે કે, ‘‘સ્વામીની તો આવરદા પુરી થઈ છે, તો તમે સર્વે હરિભક્તો, થોડી થોડી આવરદા આપો તો તે રહે.’’ ત્યારે સર્વે હરિભક્તો બોલ્યા કે, હે મહારાજ, અમારી આવરદા લ્યો, અને બાઈઓ પણ દૂર બેઠેલ હતાં તેઓ પણ બોલ્યા ‘‘જે અમારી પણ આવરદા લ્યો.’’ પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને શરીરે નખ શીખા પર્યંત હાથ ફેરવ્યો. ને એમ બોલ્યા જે, હવે તો આ રહ્યા છે એમ કહી મહારાજ દરબારમાં પધાર્યા. તે પછી ત્રીજે દિવસે, બ્રહ્માનંદ સ્વામીએ કીર્તન કરીને ખરડો લખીને દરબારમાં મોકલાવ્યો. ત્યારે મહારાજે તે કીર્તનો ગવરાવ્યાં તેમાં સ્વામી કહે કે,

મનો રોકોમાં મહારાજ, માણીગર માવજી રે,
મારે ઘેર છે ઝાઝું કાજ, નટવર નાવજી રે.

સદગુરૂ શ્રી બ્રહ્માનંદ સ્વામીનો મંદવાડ મહારાજે મટાડી આયુષ્ય આપી એ વિષે "હરિલીલામૃત" ગ્રંથના કળશ-૭, વિશ્રામ-૪૭ માંથીસાર આ નીચે આપવામાં આવ્યો છે.

**-: ચોપાઈ :-**

બ્રહ્માનંદનો એવે પ્રસંગે, મંદવાડ થયોં કાંઈ અંગે,
બહુ માંદા દેખી મુનિરાય, દીલમાં બહુ દીલગીર થયા,
મુનિ સત્સંગના થંભ જેવા, કવિ તો કોઈ ન દિસે એવા,
કોઈ દિવસ જો શ્રીજી રીસાય, ઉદાસી હોય તોય હસાવે,
રીસ તો ઝટ ઉતરી જાય, વાદળાં જેમ પવને વિખાય,
કહે સો મુનિબ્રહ્મ જો જાશે, સત્સંગીની શી ગત થાગે.

એવું જાણીને સર્વે સાધુએ શ્રીજીમહારાજ પાસે સ્વામીશ્રીનો મંદવાડ મટાડવા અરજ કરી. ત્યારે મહારાજ કહે કે, "આ દેહ પ્રારબ્ધને વશ છે. તેમની આવરદા થઈ રહી છે. તો કોટી ઉપાયે કોઈથી જીવતાં ન રખાય. તે સાંભળી બહુ સંતો હરિભક્તો કહે કે, "હે મહારાજ ! કાળ કર્મ તો તમારે વશ છે. તમે જેમ કરો તેમ થાય તેમ છે. બીજાથી તે ન થાય. માટે સ્વામીને ઉગારો. એમ કહી સૌ સભાની આંખમાં પાણી આવ્યાં. તે જોઈ મહારાજને દયા આવીને કહે કે, "આ સભામાં જે બાઈ ભાઈ હાજર છે, તે પોતે આયુષ્ય આપો તો બ્રહ્મમુનિ જીવતા રહે." એ વખતે છસો જેટલાં સભામાં બેઠેલાં તમામ સ્ત્રી-પુરુષોએ સાત સાત દિવસની આયુષ્ય આપી. એથી શ્રીજીમહારાજ કહે કે, "બ્રહ્મમુનિ હવે ૧૨ વરસ આ પૃથ્વી ઉપર જીવતા રહેશે." એ સાંભળી સહુ રાજી થયાં ને સ્વામીને પણ આરામ થઈ ગયો. (વિ.સં. ૧૮૭૬). તે પછી બ્રહ્માનંદ સ્વામી પાસે સ્વામીના ઉપદેશથી સાધુ થયેલ એક વિચિત્ર સ્વભાવનો શિષ્ય હતો. તેને મંડળમાં કોઈ સાધુથી મેળ ન રહેવાથી સ્વામીના મંડળનો ત્યાગ કરીને તે શ્રી મુક્તાનંદ સ્વામીના મંડળમાં જઈ રહ્યો. શ્રી મુક્તાનંદ સ્વામીને એમ જે આ સત્સંગમાંથી અવગુણ લઈને પડી જાશે, માટે જેમ તેમ કરી સમજાવીને રાખવો. તેથી રાખેલો. એ વાતની જાણ શ્રી બ્રહ્માનંદ સ્વામીને થતાં તેને બોલાવીને ઘણી રીતે સમજાવ્યો, પણ તે સ્વામી પાસે ન રહેતાં શ્રી મુક્તાનંદ સ્વામીના મંડળમાં જ રહ્યો. તેથી સ્વામીને શંકા આવી કે શ્રી મુક્તાનંદ સ્વામી ફોસલાવીને મારા ચેલાને પોતા પાસે રાખ્યો છે. તેવી રીસ ચડવાથી પોતે શ્રી મુક્તાનંદ સ્વામીના દર્શન કરવા સાત દિવસ ન ગયા.

મુક્તાનંદનાં દર્શન કાજ, સાત દિન ન ગયા મુનિરાજ,
શ્રીજી આગળ જઈ ને તે સહી, વાત સર્વ રતનજીએ કહી.
કૈંક રાજાએ રાખવા માંડ્યા, પણ છેક તમે તેને છાંડ્યા,
પછી આવ્યા આ પાંચાળ દેશ, અમારો સાંભળ્યો ઉપદેશ.
ઉપજ્યો ઉરમાં વૈરાગ્યાં, ત્યારે કીધો કુટુંબનો ત્યાગ,
તમે ત્યાગી થયા બડ ભાગી, તમ તુલ્ય છે કોણ વિરાગી
દીઠું અચરજ આજ વિશેશ, કર્યો માયાએ તમમાં પ્રવેશ,
મુક્તાનંદ સાથે મુનિરાયા, એક ચેલાને માટે રીસાયા,
મુક્તાનંદ ગુરૂ છે અમારા, તે તો જાણવા ગુરૂ તમારા.
આજ સાત દિવસ ગયા વહી, તમે દર્શન પણ કર્યા નહીં.
ઓરડામાં હતાં મોટી બાય, બોલ્યાં ત્યાંથી અહો મુનિરાય.
સાધુમાં પણ ચેલાને માટ, થાય છે આવી તો ફુટફાટ.
પછી બ્રહ્મમુનિ બોલ્યા વાણી, કહું સાંભળો સારંગપાણી.
નથી મારો એમાં કાંઈ વાંક, હું તો છું સત્સંગમાં રાંક.
પણ માંદો થયો હતો જ્યારે, સૌએ આવરદા આપી ત્યારે,
કોઈ બાઈ હશે વઢકારી, ખરી હોય જેવી બલ્લાખારી.
એની આયુષના દિન સાત, આ મેં ભોગવિયા નરભ્રાત,
એમ ઉચ્ચરીને ઉભા થઈ, મુનિ મુક્તની આગળ જઈ,
કર્યો પ્રેમથી દંડ પ્રમાણ, વળી વિનતી કરી એહ ઠામ.

હે મુક્તાનંદ સ્વામી હું ઘરબારનો ત્યાગ કરી સાધુ થઈ ગયો, કંઈ ઘેરથી પુત્ર કે શિષ્ય લાવ્યો ન્હોતો પણ આ શિષ્ય ભરતજીના મૃગલાની જેમ આસક્તિ થતાં મારી બુદ્ધિમાં ફેર પડતાં આમ થયું છે. માટે ક્ષમા કરજો. એમ કહી દંડવત કરતાં શ્રી મુક્તાનંદ સ્વામીનો હાથ ઝાલી બાથમાં લઈ મળીને બોલ્યા કે, "હે બ્રહ્મમુનિ ! તમે કંઈ ઈર્ષ્યા નથી કરી. તેમ મને તેનું કંઈ દુઃખ નથી લાગ્યું. મારૂં જે મનનું હેત તમારા ઉપર છે તેવું જ છે. માટે તમો ચિંતા ન કરો. એમ કહી અરસપરસ મળી શ્રીજીમહારાજને દંડવત કર્યો આથી શ્રીજીમહારાજ બહુજ રાજી થયા હતા.

એ સાંભળીને મહારાજ બોલ્યા જે "હવે તો સુજે તેવા મ્હેણાં દ્યો, પણ રહ્યા તે રહ્યા જ." એમ ભગવાન છે તે તો કર્તા અકર્તા, અને અન્યથા કર્તા છે ! છે, તે જે જડ હોય તેને ચેતન કરે, અને ચૈતન્ય હોય તેને જડ કરે, એવી ભગવાનની અલૌકિક કળા છે, તેને કોઈ જાણી શકે નહીં. *(વિશ્રામ-૨૨)*

# ભક્તની વહારે ભગવાન

## અગણોતેરા કાળની ચેતવણી

સર્વાવતારી પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીહરિ પોતાના ભક્તના દુઃખે દુઃખી અને સુખે સુખી ભક્તના હૃદયમાં જ્યારે જ્યારે દુઃખ અનુભવાય ત્યારે ભક્ત અંતરથી પોતાના પ્રાણ પ્યારા પ્રીતમને પોકારે ત્યારે મારો પ્રભુ તત્કાળ હાજર થઈ જાય છે, એવા પૂર્વે ઘણાજ ઈતિહાસો જોયા પણ શ્રીહરિ આવા વિષમ કળિકાળમાં આ પૃથ્વીપર પધારી એક અલૌકિક કેડી કંડારી છે.

કોઈ અવતાર કાર્યમાં કયાંય એવું જોવા નથી મળતું ઈતિહાસોમાં કે પોતાના આશ્રિતોના દુઃખ પોતે સ્વીકાર્યા હોય માત્ર ભગવાન શ્રીહરિએ જ્યારે ગુરુ રામાનંદ સ્વામી પાસે ધર્મધુરા સ્વીકારી ત્યારે બે વરદાન માંગી પછી જ ગાદીએ બેઠા. એક અમારા ભક્તના પ્રારબ્ધમાં કદાચ રામપાતર હાથમાં લઈ ઘરે ઘરે ભટકી માંગવાનું લખ્યું હોય તો તે અમને આવે અને અમારો ભક્ત અન્ન, ધન, વસ્ત્ર અને આબરૂથી સદાયે ઢંકાયેલો રહે. બીજું અંતકાળે કદાચ કરોડ વીંછી ડંખ્યાની વેદના લખી હોય તો તે અમને આવે અને અમારા ધામને પામે. શું અલૌકિક માગણી છે ?

ખરેખર ભગવાન સ્વામિનારાયણે પ્રગટ થઈ આ પૃથ્વી પર જે ભક્તોની રક્ષા કરી છે. આ લોકમાં સુખી અને પરલોકમાં સુખી કર્યા હોય અને જીવન જીવવાની કળા શીખવી હોય તો માત્રને માત્ર ભગવાન સ્વામિનારાયણેજ. અપાર દયા કરી આ વખતે મહારાજ અઢળક ઢળ્યા છે. રાત્રિ દિવસ સતત વિચરણ સત્સંગમાં કર્યું છે. કયારેય ઘડીભર પગ વાળીને બેઠા નથી, હજારો સંતોએ પણ દાખડો કર્યો છે. ભગવાન જેવી સામર્થી ધરાવનાર સંતો પણ સાથે હતા. ગામડે ગામડે ને નેસડે ફર્યા છે. અરે ખેડૂત ખેતરમાં સાંતી હાંકતા હોય તો તેની પાછળ પાછળ ચાલીને સત્સંગ કરાવ્યો છે. અસુરોના તાડન સહન કર્યા છે. બાવળના કાંટાવાળી સોટીથી માર ખાધા છે. માન-અપમાન સહન કરીને પણ મારા પ્રભુ રાજી તેમાં રાજી રહીને મુંગે મોંએ સહન કર્યું છે, કેવળ ઝાઝા જીવોને ભગવાન કેમ ઓળખાય અને ભગવાનના ધામના અધિકારી બને. આ લોકમાં જીવન જીવતાં શીખવાડે ને મર્યા પછી પરલોક પહોંચાડે શું આ સંતોને ભગવાન શ્રી હરિની અપાર કરૂણા. તેમને આપણી પાસે પરલોકમાં શું સ્વાર્થ હતો ? કેવળ દયાળુતા અને જીવ ભગવાનના ધામને પામે. બીજી કોઈ રંચ માત્ર તેને આપણી પાસે આશા ન હતી.

ખરેખર ભક્તો આવી અપાર કરૂણા મારા પ્રભુની સંતોની, જ્યારે મનથી વિચારીએ ત્યારે હૈયું ભરાઈ જાય, આંખમાં અશ્રુધારા વહેવા માંડે, હૃદય ગદ્ગદિત થઈ જાય. રોમાંચ ખડા થઈ જાય, ગળે ડૂમો આવી જાય. આ પરિસ્થિતિ સાચા હૃદયભાવના ભક્તોની થઈ જાય.

શ્રીજીમહારાજ ભક્તોની રક્ષા કરવા માટે આવનારો ૧૮૬૯ ના ભયંકર દુષ્કાળની અગાઉ કેટલાય ગામડા ફરીને ભક્તોને ચેતવવા ઘરે ઘરે પહોંચ્યા હતા. સંપ્રદાયના શાસ્ત્રો વાંચો તો ભક્તો ખ્યાલ આવે, કચ્છ, સૌરાષ્ટ્ર, સોરઠ, ગુજરાત, ખાનદેશ, ચરોતર, એવા અનેક પ્રાંતોમાં વિચરણ કરી ભક્તોને અનાજ સંગ્રહ કરવાનું કહ્યું છે. એક વરસ માટે તો દરેકને પણ ભલામણ કરી છે કે ગૃહસ્થ સત્સંગી તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાનો વરો હોય તેટલા અન્ન દ્રવ્યનો સંગ્રહ જે તે કરવો અને જેના ઘરમાં પશુ હોય એવો જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્યપૂળાનો સંગ્રહ કરવો. શિક્ષાપત્રી-૧૪૧ માટે શ્રીજીમહારાજે આપણને અલૌકિક કેડી કંડારી ગયા છે, છતાં પણ અગમ ચેતન માટે પણ સમયાનુસાર ગામડા ફરતા ફરતા મહારાજ દંઢાવ્ય દેશના એકાંતિક સ્ત્રીભક્ત માણસા ગામે ઝવેરબાના ઘરે પધારે છે. પાદર સર્વ નગરજનો શ્રીહરિને પ્રેમભાવથી આદર સત્કાર પૂર્વક અક્ષતાદિક પૂજા કરી. સર્વ નગરવાસી ભગવાનના પ્રત્યક્ષ દર્શન કરી પોતાની જાતને ધન્યતા અનુભવતા હતા. વાજતે ગાજતે સર્વભક્તો બાઈઓ-ભાઈઓ વનમાળીદાસ અને ઝવેરબાને ઘેર પધાર્યા. સાધારણ સ્થિતિ હતી પણ પ્રભુ પ્રેમ એવો હતો કે, મહારાજને સ્નેહરૂપી દોરીથી ખેંચીને અહીં લાવે છે. મહારાજને ઊંચા આસને બિરાજમાન કર્યા છે. ફૂલતોરા શાલથી પૂજન કરી આરતી કરી છે. સૌ ભક્તો સભામાં બિરાજમાન થયા. વિપ્ર આદિત્યરામ, અંબારામ, સાંકળચંદ, પીતાંબર, સુથાર ગંગારામ, રાજારામ તેના ભાઈ વિજય, ભાલચંદ તથા ધનજી, શિવરામ આદિ ભક્તો તેમજ સ્ત્રી ભક્તોમાં ઝવેરબા, સોનબા, રૂપાળીબા, વખતબા, ગંગાબા તેમજ પાનબા આદિ સ્ત્રી ભક્તો સભામાં બિરાજમાન હતા.

પછી શ્રીજીમહારાજ સર્વે ભક્તો ઉપર રાજી થયા કે, તેમને પ્રગટના મહિમાનો આવો કેફ છે તે જોઈને અમને ખૂબજ આનંદ થાય છે. અમારે વિષે તમારી ભક્તિ અચળ અને અડગ છે. પછી મહારાજે વાત કરી જે, જગતમાં મોક્ષભાગી જીવો ઘણા જ હોય છે. પણ તેમને ધર્મનિષ્ઠ સંતપુરુષનો સંગ નહિ મળવાથી તે જેવા વાતાવરણમાં રહે છે તેવો સંગ તેને થાય છે. અને સારી નરસી ભાવના કેળવાય છે, જો સારા સંગનો યોગ થાય તો સારી ભાવના ધાર્મિક વૃત્તિ ટકી રહે છે. અને જીવનમાં વિકાસ થાય છે માટે સંગ અતિ બળવાન છે. કયારેય નબળા સંગે રહેવું નહિ. હંમેશા પવિત્ર શુદ્ધ વાતાવરણમાં જ રહેવું.

જીવનમાં આગળ વધવાની આ એક ચાવી છે, સંગ રૂપી તો ભક્તો કયારેય પણ ગ્રામ વાર્તા થતી હોય હાંસી મશ્કરી થતી હોય ત્યાંથી દૂર હટી જવું. જ્યાં આધ્યાત્મિક્તાની વાતો

થતી હોય એવા સાથે રહેવું. આ રીતે સંગ બળવાનની વાત કરી પૂર્વ સંગે કરીને કેટલાય અધ:પતનની ખાણમાં ધકેલાયા છે. તેથી સત્ શાસ્ત્રોનું વાંચન કરવું. આમ ભક્તોની એકતા જોઈને શ્રીહરિ ખૂબજ રાજી થયા. પછી જમવા પંકિત થઈ, મહારાજે સર્વ ભક્તોને પોતે પીરસ્યું છે. સૌ ભક્તો જમ્યા બાદ સૌ પોતપોતાને ઘરે ગયા બાદ ઝવેરબાએ મહારાજને સુંદર થાળ પીરસીને બાજોઠ ઢાળીને જમવા બેસાડ્યા છે. મહારાજને અતિ ભાવથી જમાડે છે. વનમાળીદાસ ચમર ઢોળે છે, જમતા જમતા મહારાજે પૂછયું ઝવેરબા ઘરમાં અનાજ કેટલું છે?તો બોલે, અર્ધી કોઠી દાણા ભર્યા છે. તો મહારાજ કહે તેને આજથી જ માટીનું ઢાંકણું છાંદી દેજો અને જોઈએ તેટલું અનાજ સાણા વાટે લેશો. આવતી સાલ ભયંકર દુષ્કાળ છે માટે અનાજ મળશે નહીં, આ અમારી આજ્ઞા છે.

વનમાળીદાસને ઝવેરબાએ મહારાજને ચળું કરાવી મુખવાસ આપી ઢોલિયે પધરાવ્યા ને બંને જણા પગે લાગીને કહે, “હે પ્રભુ! તમે તો અમારા હિત રક્ષક છો. પ્રભુ જેમ આંખની રક્ષા પાંપણ કરે છે, ડોકની રક્ષા હાથ કરે છે. તેમ આપ અમારી પળે પળે રક્ષા કરો છો. હે મહારાજ, તમારે તો લાખો ભક્તોનો સમુદાય હોવા છતાં અમ જેવા ગરીબના ઘરે આવીને થાળ જમો અને આવી ભલામણ કરો આનાથી બીજું શું હોઈ શકે ? આમ દીનતાભર્યા વચનોથી મહારાજને ખૂબજ નવાજ્યા છે.

## ભગવાનના થાય તેની ભગવાન રક્ષા કરે

ગાંફ ગામના હરિજન હતા. તે વરતાલ સમૈયો કરવાં જવા માટે તૈયાર થયા ત્યારે બીજા હરિજનોએ કહ્યું જે ઘઉંની મોસમ છે માટે અમે નહીં આવીએ અને મહારાજને અમારા નારાયણ કહેજો પછી બે જણા શૂરવીર હતા. તેણે કહ્યું અમારું તો મહારાજ સાચવશે એમ કહીને તે બન્ને જણા વરતાલ સમૈયે ગયા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા ત્યારે મહારાજ કહે બીજા કેમ આવ્યા નહીં ? ત્યારે તે હરજિનોએ કહ્યું જે મહારાજ તે સૌ પોતાની વાડીમાં ઘઉં સાચવવા રહ્યા છે ત્યારે મહારાજ કહે કે અમારે તમારા બેની જ ફીકર બીજાની અમારે ફીકર નહીં. પછી સૌએ ઘઉં સીમમાંથી કાપીને ખળાવાડમાં નાંખ્યા ત્યાં કોઈ કે હોકા ભરવા સારુ દેવતા કર્યો હતો તે પવન બહુ થયો એટલે દેવતા ઊડ્યો તેથી આપી ખળાવાડ બળી ગઈ અને સૌ નિરાશ થઈને ઘરે જઈને બેઠા ને જે વરતાલ ગયા હતા તે સમૈયો કરીને ઘેર આવ્યા પછી તેણે વાત સાંભળી જે આવી રીતે બધી ખળાવાડ સળગી ગઈ. પછી બીજા હરિજન તેમને મળવા આવ્યા. તેમને મહારાજે કહેલા નારાયણ કહ્યા પછી સૌએ કહ્યું જે મહારાજ કાંઈ બોલ્યા હતા? ત્યારે તેમણે કહ્યું હા મહારાજે કહ્યું હતું જે અમારે તો તમારી જ ફીકર પણ ઘરે જે સાચવવા

રહ્યા છે તેની ફીકર અમારે નહીં. પછી તે ખેતરમાંથી બન્ને જણાય ઘઉં કાપી લાવીને ખળાવાડમાં નાંખ્યા અને ઘઉંને ચોખા કરીને ઘરે લઈ ગયા એમ ભગવાનના થાય તો ભગવાન રક્ષા કરે. *(સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૩૩)*

## ભક્તના માલની રક્ષા કરતા શ્રીહરિ

અને ખોખરી ગામમાં કરશન બામણીયો કરીને કણબી હરિભગત હતો અને રાત્રિએ તેના ખેતરમાં ત્રીશ ચોર આવીને કપાસ વીણવા લાગ્યા પછી શ્રીજીમહારાજે એકરૂપે આવીને ચોરને બહાર કહાડ્યા અને ચોરે દરેક જણે મણ મણ કપાસ વીણ્યો હતો પછી તે ત્રીસે જણને મહારાજે તગડીને કાઢી મૂક્યા અને મહારાજ ઘોડે ચડીને ખેતર ફરવા મંડ્યા અને બીજે રૂપે કરસન ભગતને જગાડ્યા અને કહ્યું જે શું સુતો છું ? તારા ખેતરમાં ત્રીશ ચોર કપાસ વીણે છે એમ કહીને મહારાજ અદશ્ય થઈ ગયા અને કરશન ભગત જ્યાં ખેતર જાય ત્યાં તો ત્રીશ ઢગલા કપાસ જોયા અને માણકીએ ચઢીને મહારાજ ખેતર ફરતાં આંટા મારતા હતા અને તેમને જોઈને દંડવત કરીને પગે લાગ્યો પછી મહારાજ અદશ્ય થઈ ગયા. એમ ભક્તની રક્ષા કરી. *(સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૩૪)*

## ચોરો પાસેથી શ્રીહરિએ ભક્તનો બાજરો બચાવ્યો

અને આખા પીપલાણાના ગામનો બ્રાહ્મણ હરિભક્ત હતો તે વડતાલે મહારાજના દર્શન કરવા જવાને માટે તૈયાર થયો ત્યારે તેની મા બોલી જે ખેતરમાં બાજરો સારો પાક્યો છે અને પડખે ભાવરનું ગામ છે તે લઈ જશે માટે ન જાતો ઠીક ત્યારે બ્રાહ્મણ કહે મારે ગયા વિના ચાલે તેમ નથી અને મહારાજને રાખવું હશે તો રાખશે પછી તે બ્રાહ્મણ વડતાલ ચાલ્યો ગયો અને પાછળથી ૧૪ ભાવરે રાત્રિયે જઈને તેનો બાજરો લણ્યો અને અનેક જણે બબે મણ ડુંડા ભેગા કર્યા અને જ્યાં ગાસડીઓ બાંધવા તૈયાર થયા તે વખતે દશ બાર સ્વાર લઈને મહારાજ ઘોડીયે ચડીને પધાર્યા અને ૧૪ જણાની ગાંસડીયો મેલાવી પછી તે ૧૪ જણા સવાર સુધી તેમના ચોફાળ લેવાને ઉભા રહ્યા પણ સવાર સુધી મહારાજે સ્વારો સહિત ખેતર ફરતા આંટા માર્યા અને સવારે તે બ્રાહ્મણની મા વીશ દાડીયાં કરીને ખેતર આવી અને ખેતરને શેઢે આવી ત્યાં તો ચોરોએ બધું લણેલું દીઠું તેથી તે બાઈ રુદન કરવા લાગી પછી દાડીયાં બોલ્યાં જે શા માટે રુઓ છો ? જે થવાનું હતું તે થયું અને ખેતરમાં તપાસ કરીએ જો સલો કરવા જેવું રહ્યું હોય તો સલો કરીએ. પછી તે બાઈ ખેતરની માંહેની કોરે ગઈ એટલે ત્યાં ડુંડાની ચૌદે ગાંસડીઓ બાંધેલી દીઠી ને તેથી તે બાઈ બહુજ રાજી થઈ અને દાડીયાંને કહ્યું જે આવો આવો આ તો કોઈક આવેલું તેથી રહી ગયું છે પછી તે ૧૪ ગાંસડીયો લઈને ગાડામાં નાંખી ને ઘરે લઈ

ગઈ અને થોડાક દિવસ થયા એટલે તેનો છોકરો વડતાલથી ઘરે આવ્યો તેથી આગળ તેની માએ વાત કરી જે આવી રીતે થયું અને ૧૪ ચોફાળ આપણે ત્યાં રહ્યાં. છોકરો કહે ૧૪ ચોફાળ ધોઈને ૧૪ ગોદડાં કરો ઓઢવા થશે પછી થોડાક દીવસ થયા ત્યારે મહારાજ ત્યાં પધાર્યા અને ભાવર સૌ ૧૪ બેઠા હતા તે મહારાજને જોઈને બોલ્યા જે આમદભાઈ મમુદભાઈ આ રાતુવાળા ! પછી મહારાજ ઘોડે બેઠાં બેઠાં બોલ્યા જે હા ભાઈઓ અમો રાતુવાળા છીએ !! તમે ઓળખો છો ના ? પછી સૌ આવીને મહારાજના પગમાં પડ્યા અને મહારાજને કહ્યું જે મહારાજ તમે અમારા ચોફાળ પણ લેવા દીધાં નહીં મહારાજ કહે તમારા ચોફાળ તો બ્રાહ્મણને અર્પણ કર્યા તે લેવાય નહીં. *(સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૩૫)*

## સાવદાના શેઠની દુકાનની ચોકી કરી

ગામ સાવદામાં શામદાસ કરીને નગરશેઠ હતા અને તે રાત્રિયે દુકાને સાંકળ વાસ્યા વિના ઉપર તાળું વાસીને ઘેર ચાલ્યા ગયા. દુકાનમાં તિજોરી વગેરે માલ સંપૂર્ણ ભર્યો હતો અને પોતે ઘરે જઈને સૂઈ રહ્યા પછી મહારાજે પોલીસનો વેશ ધરી રાતમાં હાથમાં રફલ લઈને પહેરો ભર્યો અને સામી કંદોઈની દુકાન હતી તે કોઈકને ત્યાં વિવાહ હશે તેના સારુ મીઠાઈ કરતાં હતા પછી તેઓ મહારાજને જોઈ એમ વિચાર કરે જે શેઠની દુકાને કોઈની તીજોરી ઉતરી હશે તેથી પહેરેદાર પહેરો ભર્યા કરે છે પછી સવારના ચાર વાગ્યે મહારાજે જઈને શામદાસને જગાડ્યા અને સાદ કર્યો જે શામદાસ એ શામદાસ દુકાને સાંકળ વાસ્યા વગર તાળું દીધું છે તે અમારે આખી રાત પહેરો ભરવો પડ્યો છે. તે શામદાસની માએ સાંભળ્યું. પછી તેમણે શામદાસને જગાડ્યા અને કહ્યું જે શામદાસ એ શામદાસ ઉઠ્યને મહારાજ જેવું કોઈક આવ્યું છે અને કહે છે કે દુકાને તે સાંકળ દીધા વિના તાળું દીધું છે તે અમારે આખી રાત પહેરો ભરવો પડ્યો છે પછી શામદાસ ઉઠીને દુકાને ગયા ત્યારે કંદોઈ બોલ્યા જે શેઠ આજ કાંઈ તીજોરી ઉતરી છે કે શું ? રાત બધી રફલ બાંધીને પોલીસ પહેરો ભરતો હતો ત્યારે શેઠ કહે તીજોરી તો કાંઈ ઉતરી નથી પણ હું સાંકળ વાસ્યા વગર તાળું દઈને ચાલ્યો ગયો હતો એટલે સ્વામિનારાયણ ભગવાન રાત બધી જાગ્યા અને અત્યારે મને ઘરે આવીને જગાડી ગયા તે સાંભળીને કંદોઈ સત્સંગી થયા જે સ્વામિનારાયણ તો ભગવાન ખરા. *(સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૩૬)*

## ભક્ત ભગવાનની સેવા કરે ને ક્યારેક ભગવાન સેવા કરે

ગામ ઉમરેઠના નંદુ ઠાકર ગોધરે ગયા હતા ત્યાંથી તેઓ સાંજ વખતે ચાલ્યા તે ચાલતાં ચાલતાં રાત્રિ પડી ગઈ તે રાત અંધારી હતી તેથી રસ્તો પણ ભૂલી ગયા પછી પોતાની ઘોડીને

એક વૃક્ષને થડે બાંધી ને પોતે ત્યાં બેઠા અને પછી મહારાજની સ્તુતિ કરી પછી પોતાને સાંભળી આવ્યું જે મહારાજે સભામાં વાત કરી હતી જે આપત્કાળ પડે ત્યારે મહારાજને સંભારવા તો ભગવાન રક્ષા કરે એમ વિચાર કરતા હતા એટલામાં એક શ્વાન ભસ્યું તેનો શબ્દ સાંભળીને અને છેટેથી એક દીવો દીઠો જેથી પોતાને વિચાર થયો જે દીવો બળે છે ત્યાં મનુષ્ય હોવું જોઈએ પછી તેને આધારે ત્યાં ગયા અને પૂછ્યું જે ભાઈ તમે કોણ છો ? ત્યારે તેમણે કહ્યું જે અમે સરકારી માણસ છીએ ત્યારે નંદુભાઈ કહે અમને અહીંયા રાત રહેવવા દેશો ? ત્યારે તેમણે કહ્યું જે સુખેથી રહોને અમે માણસની રક્ષા કરવા સારૂજ અહીંયા રહ્યા છીએ તેથી ઘોડી બંધાવીને ખડ નીર્યું અને કહ્યું જે તમારે કાંઈ જમવું છે ? ત્યારે કહે ના મારે જમવું નથી. પછી તેમણે ખાટલો ઢાળી દઈને સુવાર્યા અને મહારાજે તેમની પગ ચંપી પણ કરી પછી સવારનો વખત થયો ત્યારે તેમને જગાડ્યા અને રસ્તો બતાવ્યો ત્યાં જતાં રસ્તામાં માણસ સામા મળ્યા તેમને પૂછ્યું જે આંહીયાં ચોકીદાર કોઈ રહે છે ? ત્યારે માણસો કહે કે અહીંયાં તેવી ચોકી કરવાનું થાણું નથી તે સાંભળી નંદુભાઈ પાછા વળી તે ઠેકાણે ગયા અને જઈને જોયું ત્યારે ઘોડીની લાદ પડેલી દીઠી અને ખડ નીરેલુ દીઠું પણ બીજું કાંઈ દીઠું નહી. તેથી નંદુભાઈ એ જાણ્યું જે નક્કી આ તો શ્રીજીમહારાજ આવેલા પછી પોતે ત્યાથી બારોબાર વડતાલ આવ્યા અને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. પછી નંદુભાઈ કહે મહારાજ મારી દેશકાળમાં રક્ષા કરી તે તો ઠીક પણ તમે જે મારા પગ દાબ્યા એ અપરાધ હું ક્યાં છુટીશ ? ત્યારે મહારાજ કહે નંદુભાઈ ક્યારેક સેવક પગ દાવે અને ક્યારેક ગુરુએ પગ દાબે તે અપરાધ ન કહેવાય.
*(સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૩૭)*

## બેચર ભક્તના ખેતરની ચોકી કરતા શ્રીહરિ

ગામ રામપરા લાઠી પાસે ગામમાં બહેચર પટેલ કણબી હરિભક્ત હતા ને તે ખેતીનુ કામ કરતા અને દશોંદ વીશોંદ ચોખો ધર્માદો આપતા તેમને એકસો વિધાનું ખેતર હતું જુવાર વાવી હતી તે બહુ સારી પાકી હતી. પછી શ્રીજીમહારાજ સ્વાર સહિત તે ખેતર ફરતા આંટા મારી રક્ષા કરતા હતા તેને શેઠે એક મુસલમાનનું ખેતર હતું તે મહારાજને હંમેશા મુસલમાન જોયા કરતો જે ખેતર ફરતાં આ કોણ સ્વાર આંટા માર્યા કરે છે ? પછી બહેચર પટેલ સવારે ખેતર ગયા તેની આગળ મુસલમાન બોલ્યો જે બહેચર પટેલ બે સ્વાર શ્વેત વસ્ત્ર પહેરીને નિત્ય અહીંયા તમારા ખેતર ફરવા શા માટે આંટા માર્યા કરે છે ? અને મહારાજે બહેચર પટેલને રાતે જઈને કહ્યું હતું જે બહેચર તું શા માટે ખેતર જાય છે ? તે મારો ભાગ કર્યો છે તે સારૂ અમે રખવાળું કરીએ છીએ. પછી બહેચર પટેલે મુસલમાનને કહ્યું જે એ તો

અમારા સ્વામિનારાયણ ભગવાન તથા ગોપીનાથજી મહારાજ એ બે જણ નિત્ય આવે છે ને મને હમણાં કહી ગયા જે અમો ખેતર ફરતી ચોકી કરીએ છીએ. *(સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૩૮)*

## ભક્તોના પ્રારબ્ધ શ્રીહરિએ બદલ્યા

એક વખત શ્રીજીમહારાજ માંગરોળ પધાર્યા હતા અને સૌ સત્સંગી મહારાજની વાતો સાંભળવાને આવતા અને આણંદજીભાઈ પણ રાત બધી મહારાજની વાત સાંભળતા અને દિવસ બધો ઘરે જઈને સૂઈ રહેતા. પછી એક દિવસ શ્રીજીમહારાજ આણંદજીભાઈને ઘરે પધાર્યા અને તેમની ઘરવાળીનું નામ લઈને મહારાજે કહ્યું જે રાજુબાઈ આણંદજીભાઈ ક્યાં છે ? રાજુબાઈ કહે મહારાજ રાત બધી તમારી વાતો સાંભળે છે અને દિવસ બધો સૂઈ રહે છે તે સાંભળી મહારાજ તરત પોતાના ઉતારે પધાર્યા અને રાત પડી એટલે આણંદજીભાઈ મહારાજની સન્મુખ આવીને બેઠા ત્યારે મહારાજ કહે ઉપાડ તારું આસન, આણંદજીભાઈ કહે કેમ મહારાજ ? મહારાજ કહે કે રાત બધી વાતો સાંભળી અને દિવસ બધો સૂઈ રહે એટલે તારાં છોકરાં ભૂખે મરે ને ? ત્યારે આણંજીભાઈ કહે મહારાજ તમે કહો તેમ કરું. મહારાજ કહે રાત બધી વાતો સાંભળ્ય અને દિવસ બધો કામ કર તો બેસ ત્યારે આણંદજીભઈ કહે બહુ સારુ મહારાજ. પછી દિવસ બધો કામ કર્યું એટલે રાત્રે તેમને જોલા આવવા મંડ્યા ત્યારે મહારાજ કહે કે આણંદજી જોલાં આવે છે ? ત્યારે આણંદજીભાઈ કહે મહારાજ કહો તેમ કરું મહારાજ કહે ઉભા થાઓ અને ખપેડે ચોટલી બાંધો પછી ઉભા ઉભા માળા ફેરવતા હતા તો પણ ડોલાં આળવા મંડ્યા. પછી મહારાજ કહે કે પાણીના ઘડા ટાઢા ભરેલા હોય તે માથે રેડો પછી ટાઢા પાણીના ઘડા માથા ઉપર રેડ્યા. *(સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૮૬)*

એક વખત મહારાજ કહે કે આણંદજી તારી ઘરવાળીનો ત્યાગ કરે કાં અમારો ત્યાગ કર. આણંદજીભાઈ કહે કે મહારાજ ઘરવાળીનો ત્યાગ કરું તો રોટલા કોણ કરી દે ? અને તમારો ત્યાગ કરું તો કલ્યાણ ન થાય ! ત્યારે મહારાજે સૌ હરિભક્તોને કહ્યું જે આણંદજી જ્યારે આવે ત્યારે હાડ કુતરી એમ સૌ કહેજો પછી મહારાજ ત્યાંથી બીજે ગામ પધાર્યા અને આણંદજીભાઈ જ્યારે મંદિરમાં જાય ત્યારે સૌ હરિજન તેમને હાડ કુતરી હાડ કુતરી કરે અને આણંદજીભાઈ ખડકીયે ઉભા રહીને આરતી ધુન્ય કરે અને સૌ હરિજનના જોડા પોતાના લુગડા વતે સાફ કરે, એમ કરતાં કરતાં છ મહિના થયા પછી મહારાજ ત્યાં પધાર્યા તે વખતે આણંદજીભાઈ મહારાજને દર્શને આવ્યા ત્યારે સૌ હરિજન હાડ કુતરી હાડ કુતરી કરવા લાગ્યા ત્યારે મહારાજ કહે આ શું છે ? આમ કોને કરો છો  હરિજન કહે મહારાજ આણંદજીભાઈને. પછી મહારાજ કહે કે

આણંદજીભાઈ તારે કુતરાનો જન્મ આવે તેમ હતો તે હવે ટળ્યો. (*સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૮૭)*

એક દિવસ શ્રીજીમહારાજ આણંદજીભાઈને ઘેર પધાર્યા અને આણંદજીભાઈની ઘરવાળી કુસંગી હતી. તેને મહારાજે સમાધિ કરાવીને જમપુરીમાં મોકલી ત્યાં જમદુતોએ મારી મારીને અધમુઈ કરી દીધી. પછી જમદૂતે કહ્યું જે સ્વામિનારાયણનો આશ્રય કરજે નહીં તો મારી મારીને જીવ કાઢી નાંખશું. પછી તે બાઈ સમાધિમાંથી બહાર આવીને મહારાજના પગમાં પડી અને પછી વર્તમાન ધાર્યા અને સત્સંગી થઈ ને મહારાજને કહ્યું જે મહારાજ મને તો જમદૂતે મારી મારીને અધમુઈ કરી દીધી હતી. *(સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૮૮)*

એક વખત મહારાજ માંગરોળમાં હતા અને આણંદજીભાઈ મુંબઈ જવાને માટે તૈયાર થયા અને પછી મહારાજને દર્શને આવ્યા ત્યારે મહારાજ કહે આણંદજી ક્યાં જાવું છે ? આણંદજીભાઈ કહે મહારાજ મુંબઈ જવુંછે મહારાજ કહે આજ અમે નાહીને ચાલ્યા આવતા હતા તે અમને એક પુરુષ શ્વેત વસ્ત્ર પહેરીને સામો મળ્યો તેણે ખરા ઉપાડ જોડા પહેર્યા હતા પછી અમે તેને પૂછ્યું જે તું કોણ છો ? ત્યારે તે કહે હું આણંદજી સંઘાડીયાનું પ્રારબ્ધ છું ત્યારે અમે કહ્યું જે તું ક્યાં જાય છે ? ત્યારે તે કહે હું મુંબઈ જાઉં છું, પછી અમે તેને પૂછ્યું જે શા સારું જવું છે ? ત્યારે તે કહે આણંદજી સુતાર મુંબઈ જાય છે તેને માટે આગળથી કોદરા તૈયાર કરવા માટે જાઉં છું. કેમકે મુંબઈમાં કોદાર મળે નહીં ત્યારે આણંદજીભાઈ કહે મહારાજ તમો કહો તેમ કરું. પછી મહારાજ કહે આંહી રહો અને આંહી તમારો નિર્વાહ ચાલશે પછી મહારાજને કહેવે કહીને પોતે માંગરોળમાં રહ્યા. *(સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૮૯)*

એક દિવસ મહારાજે આણંદજીભાઈને કહ્યું જે તમને કાંઈ કારીગરી આવડે છે ? ત્યારે કહે હા આવડે છે. મહારાજ કહે કે એક સારી ખાટ બનાવીને અહીંના નવાબને ભેટ આપો. પછી તેણે એક સારી હિંડોળા ખાટ્ય કરી તેમાં એવી કારીગરી કરી કે તેને કળ ચડાવે એટલે એની મેળાએ ચાલ્યા કરે. પછી તે ખાટ લઈ નવાબને ભેટ કરવા ગયા. નવાબ તે ખાટ જોઈને બહુજ ખુશી થયો અને કહ્યું જે આવા કારીગર મારા ગામમાં રહે છે માટે તે જે માગે તે તેને આપો અને આણંદજીભાઈને મહારાજે કહેલું જે નવાબ ઈનામ આપવાનું કહે તો જમીન માગજો પણ પૈસા આપે તે લેશો નહીં. પછી નવાબ કહે આની શી કિંમત ત્યારે આણંજીભાઈ કહે સાહેબ તમો રાજી થાઓ તે મારે જોઈએ. પછી આણંદજીભાઈએ નવાબને કહ્યું જે મારે આશરો રહેવાનો નથી તે થોડીક જમીન આપો તો મકાન ચણાવી તેમાં રહીને મારો નીરવાહ કરું. પછી નવાબે તેના માણસને કહ્યું જે આણંદજી સુતાર કહે તે ઠેકાણે તેને સોહો સોહો હાથ ઓરસ

ચોરસ જગ્યા ભરી આપજો. અને શ્રીજીમહારાજે આણંદજીભાઈને કહી રાખેલું જે આ ઠેકાણે જગ્યા માગજો. પછી આણંદજીભાઈએ કહ્યું જે આ પડતર જગ્યા છે ત્યાં મને આપો. પછી તે ઠેકાણે તેને જગ્યા ભરી આપી અને પછી તેની ફરતી વાડ્ય કરીને કબજો કરી લીધો. *(સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૯૦)*

પછી તેમણે મહારાજ પાસે જઈને વાત કરી જે મહારાજ તમારા કહેવા પ્રમાણે તે ઠેકાણે મેં જગ્યા માગી લીધી છે. પછી મહારાજે કહે ત્યાં રાતે રાતે પાયો ખોદો પછી મહારાજના કહેવા પ્રમાણે રાતે રાતે પાયો ખોદવા માંડ્યો. તેમાંથી એક મોટું દ્રવ્યનું ચરૂડું નીકળ્યું તે જોઈને મહારાજને તે વાત કરી ત્યારે મહારાજ કહે તમારા ઘરમાં જુનો લોટો કે તાંબડી છે ? જો હોય તો તે ભરીને તે દ્રવ્યની ભેટ કરી આવો પછી જુની એક તાંબડી હતી તેમાં પાંચસેહે રૂપિયા ભરીને નવાબને ભેટ આપવા ગયા ત્યારે નવાબ કહે આણંદજી આ શું લાવ્યો ? આણંદજી કહે સાહેબ તમોએ મને જમીન આપી તેમાંથી આટલું દ્રવ્ય નીકળ્યું છે તે તમારૂં કહેવાય માટે તમને આપવા સારૂ લાવ્યો છું. નવાબ કહે નહીં લઉં તે પાછું લઈ જા તારી જગ્યામાંથી નીકળ્યું તે તારું ગણાય. તેથી તે પાછું લાવી મહારાજ પાસે આવ્યા ત્યારે મહારાજ કહે તેની એક સોનાની ઉતરી ઘડાવીને નવાબના દીકરાની ડોકમાં નાંખી આવ્ય. પછી તેની ઉતરી ઘડાવીને નવાબના દીકરાની ડોકમાં પહેરાવી આવ્યા પછી નવાબની ઘરવાળી કહે તમે કોણ છો ? ત્યારે આણંદજી સુતાર કહે બહેન હું સુતાર છું અને ગરીબ છું. બાઈ કહે તારે શું કાંઈ કામ છે ? આણંદજીભાઈ કહે બહેન મને નવાબ સરકારે જમીન આપી છે તેનો લેખ હજી કરી આપ્યો નથી. તો લેખ કરાવી આપો તો ઠીક. પછી બાઈ કહે આજ બાર વાગ્યે તું અહીંયા આવજે પછી નવાબ આવ્યા ત્યારે છોકરાની ડોકમાં ઉતરી ભાળીને બોલ્યા જે આ ક્યાંથી ? કોણ પહેરાવી ગયું ? બાઈ કહે આણંદજી સુતાર છે તે મારો ભાઈ છે તે પહેરાવી ગયો અને તમોએ તેને જમીન આપી છે તેનો લેખ હજુ સુધી કરી આપ્યો નથી તો તરત લેખ કરી આપો પછી તે મુજબ આણંદજીભાઈને માણસ મોકલી તેડાવ્યા અને નવાબે તેને જે જગ્યાનો લેખ કરી આપ્યો અને તેમાં લખ્યું જે આકાશથી પાતાળ સુધી તેમાં જે હીરા માણેક કે દ્રવ્ય નીકળે તે તારૂં એવો લેખ લઈને મહારાજ પાસે ગયા અને તે લેખ મહારાજને વંચાવ્યો પછી મહારાજ કહે હવે ખોદવા માંડો પછી ખોદતાં ખોદતાં તેમાંથી ઘણુંક દ્રવ્ય નીકળ્યું. પછી મોટી ત્રણ માળની હવેલી ચણાવી અને ગામમાં મોટા શ્રીમંત ગણાવા લાગ્યા. એમ શ્રીજીમહારાજની આજ્ઞા માની તો સર્વ પ્રકારે સુખિયા થયા. પ્રથમ તે જગ્યા અસલ રજવાડાની હતી એમ ભક્તની રક્ષા કરી. *(સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૫૯૧)*

## કાશીદાસની રક્ષા શ્રીહરિએ જળમાં કરી

ગુજરાત દેશમાં ગામ બોચાસણમાં પાટીદાર કાશીદાસભાઈને સંત સમાગમથી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પાકો નિશ્ચય થયો. પછી પોતાના સંબંધીઓને લઈને શ્રીજીમહારાજનાં દર્શન કરવા પોતાના ઘેરથી લોયા આવ્યા. તે સમયે શ્રીજીમહારાજ પોતે ભક્તિનો મહિમા બતાવવા માટે રીંગણાનું શાક કરતા હતા તેથી શ્રીજીમહારાજની મૂર્તિ તથા પહેરેલાં લૂગડાં હળદરથી પીળાં થયાં હતાં. તે જોઈને કાશીદાસને વિચાર થયો જે આમને ભગવાન કેમ કહેવાય ? માટે ખોટો ફેરો થયો. ન આવ્યા હોત તો સારું હતું. એવો વિચાર કર્યો તેવામાં શ્રીજીમહારાજ સભા કરી વિરાજમાન થયા અને કાશીદાસભાઈને વાત કરી જે, કોઈ માણસ ઘેરથી દુઃખ સહન કરી કાશીની યાત્રાએ ગયો હોય ને ત્યાં ગંગાજીનું ડોળાએલું પાણી જોઈને તેમાં સ્નાન ન કરે ને પાણી પીવે નહિ ને પાછો ઘેર આવે તેને કેવો જાણવો. તે શ્રીજીમહારાજનું વચન સાંભળી કાશીદાસને વિચાર થયો જે, આ શ્રી સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે. તે મારો સંકલ્પ જાણીને મારો સંશય કાઢી નાખવા માટે પરોક્ષ દૃષ્ટાંત આપીને વાત કરી. આવી વાત મેં ન સાંભળી હોત તો હું મોટો મૂર્ખ ગણાત. પછી ત્યાં પાંચ દિવસ રહીને શ્રીજીમહારાજનો સમાગમ કરી ઘેર ગયા અને ત્યાં પોતાના પિતાને તથા સર્વ સગાઓને શ્રીજીમહારાજના સ્વરૂપનો પાકો નિશ્ચય કરાવ્યો. કાશીદાસભાઈને માથે ઘણું દેવું હતું તે લેણાવાળાઓએ ફરિયાદ કરી તેથી કાશીદાસને કોર્ટમાં બોલાવ્યા. ત્યારે કાશીદાસ બોલ્યા કે, તે ધનાઢ્ય ગૃહસ્થ પાસેથી મેં રૂપિયા લીધા છે તે તેમનું લેણું સાચું છે તે મારે તેમના રૂપિયા આપવા છે, પણ હાલ મારી પાસે રૂપિયા નથી. તેથી કોર્ટે હુકમ કર્યો કે, લેણદારોને તમે પૂરેપૂરા રૂપિયા આપો અને જો રૂપિયા ન આપો તો છ માસ સુધી કેદમાં રહો. એવો હુકમ થવાથી કાશીદાસભાઈના પગમાં લોઢાની બેડીઓ પેરાવી કેદખાનામાં લઈ ગયા. પછી કાશીદાસભાઈ કહે, હું ક્યાંય નાસી જવાનો નથી. માટે મને નદીમાં ન્હાવા જવાની રજા આપો. તેથી તેમને ન્હાવા જવાની રજા આપી. એક દિવસ નદીએ ન્હાવા ગયા ને સાથે પેરાવાળા સિપાઈઓ આવેલા તે કાંઠે ઊભા હતા અને કાશીદાસભાઈ નદીમાં ન્હાવા પડ્યા, અને સહાય માટે શ્રીજીમહારાજની પ્રાર્થના કરી. શ્રીજીમહારાજ પ્રત્યક્ષ દર્શન આપીને કહે કે, મારી વાંસે ચાલો. તેથી કાશીદાસભાઈ શ્રીજીમહારાજની પાછળ ચાલ્યા ને પગમાંથી બેડીઓ તેની મેળે જ તૂટી ગઈ અને ગઢડા ગયા. સિપાઈઓ દેખરેખ માટે કાંઠે ઊભેલા હતા .તેમણે ઘણીવાટ જોઈ પણ કાશીદાસભાઈ પાણીથી બહાર નીકળ્યા નહિ તેથી પાણીમાં તપાસ કરાવી પણ તેમનો પત્તો લાગ્યો નહિ. તેમ બેડી પણ ક્યાંય પડી રહેલી જોવામાં આવી નહિ. તેથી સિપાઈઓએ કેદખાનામાં આવીને પોતાના ઉપરીને બધી વાત જેમ બની

હતી એમ કહી દેખાડી. તે સાંભળી તેમનો ઉપરી વગેરે આશ્ચર્ય પામ્યા ને વિચાર કર્યો કે, કાશીદાસભાઈ પરમ ભક્તરાજ છે તેથી તેમના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને તેમની સહાય કરી ને પોતાની પાસે તેડી ગયા હશે. તેથી તેનો આગળ તપાસ કરવો બંધ રાખ્યો. કાશીદાસભાઈને ગઢડે છ માસ થયા. એટલે શ્રીજીમહારાજ કહે કે, તમે ગઢડામાં રહીને બહુ સમાગમ કર્યો હવે તમારે ઘેર જાઓ. પછી કાશીદાસબાઈ બોલ્યા કે, હે મહારાજ ! હું ઘેર જઈશ તો મારા લેણદારો ફરી ફરિયાદી કરશે તે મને સુખ આવવા નહિ દે. ત્યારે શ્રીજીમહારાજ કહે, હું તમારી સંઘાથે છું માટે ચિંતા તમો કરશો નહિ. પછીથી કાશીદાસભાઈ ઘેર આવ્યા ને થોડા દિવસ થયા એટલે પાછી લેણદારોએ ફરિયાદ કરી ત્યારે કાશીદાસભાઈને કોર્ટમાં બોલાવ્યા. અને પૂછ્યું એટલે પોતાની બધી હકીકત કહી, તેથી કોર્ટે એવું કહ્યું કે, કાશીદાસે તો છ માસની કેદ ભોગવી. માટે તેમને માથેથી કેદ ઊતરી ગઈ છે, કારણ કે તેમનો દેહ તથા લોઢાની પગમાં નાખેલી બેડીઓ હતી છતાં ગઢડે ગયા, ને બેડીઓનો પત્તો જ નથી તો તેમનો દેહ પણ તે જ નથી. અને તે દેહ હોય તો ગઢડા શી રીતે જવાય ? માટે તેમના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને તેમની ભક્તિથી સહાયતા કરી છે માટે કાશીદાસભાઈને દોષે રહિત ઠરાવી રજા આપી. પછી ઉપરની કાશીદાસભાઈની વાત સાંભળીને કોર્ટના અમલદારો તથા જે લેણદારો હતા. તે બધાને શ્રી સ્વામિનારાયણ ભગવાન છે એમ નિશ્ચય થવાથી સત્સંગી થઈ લેણદારો કાશીદાસભાઈને કહે કે, અમારા લેણા રૂપિયા તમારી પાસે છે તે અમે આજથી તમને આપીએ છીએ અને અમારા અપરાધો માફ કરો. અને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પાકો નિશ્ચય હંમેશાં અમને રહે તેવો આશીર્વાદ આપો. પછીથી કાશીદાસભાઈએ સહુનું કલ્યાણ કરો એવી શ્રી સહજાનંદ સ્વામી ભગવાનની પ્રાર્થના કરી. પછી સર્વ જનો કાશીદાસભાઈને જય શ્રી સ્વામિનારાયણ કહીને પોતપોતાને ઘેર જતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૨૭૦)*

## ઘનશ્યામ મહારાજે પાંચ આદમીની રક્ષા કરી

એક વખત ધર્મદેવ પોતના બે પુત્ર રામપ્રતાપજી તથા ઘનશ્યામભાઈ સહિત અયોધ્યાથી ગાડું લઈને ગોંડા શહેર સરસામાન લેવા ગયેલા. તે ત્યાં જઈને બજારમાંથી સર્વ સામાન લીધો. તેથી સાંજ પડી ગઈ. પછી કુંજ ગલીમાં બાબા રામદાસની જગ્યામાં જઈ ઉતારો કર્યોને પછી સર્વ તળાવે નાવા ગયા. ત્યારે ઘનશ્યામ મહારાજ સહુથી પહેલાં નાહીને બહાર નીકળ્યા ને લૂગડાં પહેરી હાથમાં નેતરની સોટી લઈને ઊભા રહ્યા. તે સમયે તે તળાવની પાળ ઉપર રાજાના ચાકર એક મોટો આંબો ખોદીને સવારથી પાડતા હતા તે આંબો હેઠે પડતાં જ તળે પાંચ આદમી દબાઈ ગયા. તે દેખીને ઘનશ્યામ મહારાજે તત્કાળ પોતાનો હાથ લાંબો કરી

સોટી વડે તે આંબાને ઊંચો કરીને તે પાંચ આદમીને બહાર કાઢ્યા ને બચાવ્યા. ત્યારે તે પાંચેય જણ રાજી થયા થકા ઘનશ્યામ મહારાજને પગે લાગ્યા ને ભગવાનપણાનો નિશ્ચય કર્યો. તે વાત પોતાના રાજા આદિક સર્વને કહી. એવું ચરિત્ર કરીને પોતાના દાદાની સાથે કુંજ ગલીમાં આવ્યા. એટલે ત્યાં ઠાકોરજીની સંધ્યા આરતી થઈ. ત્યારે ઘનશ્યામ મહારાજ સહિત ધર્મદેવ ત્યાં આવ્યા ને આરતી કરવા લાગ્યા. તે સમે હજારો માણસ દેખતે છતે સિંહાસન ઉપરથી શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ તત્કાળ હેઠે ઊતરી આવીને ઘનશ્યામ મહારાજને પુષ્પનો હાર પહેરાવીને પાછી પોતાને સિંહાસને જઈ ઊભી રહી. એ મહા અદ્‌ભુત ચરિત્ર જોઈને પૂજારી રામદાસ આદિક સર્વ જન બોલ્યાં જે 'અરે જુઓ તો ખરા અમને આટલાં વરસ પૂજા કરતાં થયાં પણ કોઈ દિવસ આવું ચરિત્ર તો દીઠું નથી. માટે આ તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટ થયા કે શું ?' એમ જાણીને તે સર્વે માણસો ઘનશ્યામ મહારાજને પગે લાગ્યાં. ને પ્રથમ જે આંબાની વાત થઈ તે ગામના રાજા ગુમાનસિંહ તથા ચંદુસિંહ તથા રાણી ભગવત્કુંવર બાઈએ જાણી તેથી તેને ધર્મદેવને પોતાના દરબારમાં બોલાવ્યા ને પૂછ્યું જે 'હે હરિપ્રસાદજી ! અમારા આદમી આંબો પડતાં દબાઈ ગયા હતા. તેમની રક્ષા કરીને બહાર કાઢ્યા તે તમારા ક્યા પુત્ર ?' તે સાંભળીને ધર્મદેવ ઘનશ્યામભાઈને મસ્તક ઉપર હાથ મૂકીને બોલ્યા જે 'આ પુત્ર' તે જોઈને રાજા કહે 'આ તો બહુ નાના છે માટે રખેને રામચંદ્રજી હોય ? જો રામચંદ્રજી હોય તો તેમના ચરણમાં સોળ ચિન્હ હોય, ને એમને છાયા ન હોય, ને વળી અજાનબાહુ હોય' એમ કહી પોતે ચોકમાં ગયા, ને ત્યાં બહુ હેતથી ઘનશ્યામ મહારાજને બોલાવ્યા ત્યારે ઘનશ્યામ મહારાજ ઓસરીમાં બેઠા હતા ત્યાંથી ઊઠીને ચોકમાં આવી તે રાજાની સમીપે ઊભા રહ્યા ત્યારે તે રાજાએ છાયા ન દીઠી. પછી ચરણારવિંદમાં સોળેય ચિન્હ જોયાં. ને આજાનબાહુ જોયા. તેથી પોતાને બરોબર નિશ્ચય થયો કે આ તો સાક્ષાત્ રામચંદ્રજી જ છે. તેથી બે હાથ જોડીને બહુ સ્તુતિ કરી ને ભગવાન તરીકે નિશ્ચય કરી પોતાને કુળે સહિત આશ્રિત થયો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૩૯)*

## વરસાદમાં ગોરધનભાઈની રક્ષા કરી

એક વાર શ્રીજીમહારાજે ગઢપુરથી માંગરોળ ગોવરધનભાઈ ઉપર કાગળ લખ્યો કે 'આ કાગળ વાંચીને અષ્ટમી ઉપર તુરંત ગઢડે આવજો.' ત્યારે ગોવરધનભાઈ મહારાજશ્રીનો કાગળ વાંચીને ટીમણ કરાવીને ચાલ્યા તે મારગમાં વરસાદ વરસવા લાગ્યો. તે આખો દિવસ વરસ્યો ને સાંજ પડી ત્યાં રસ્તામાં એક નદી આવી. તેમાં પાણીનું પુર આવેલ ને ઉતરાય તેમ નહોતું ને આસપાસ ગામ પણ નહિ. પછી જોયું તો નદીને કાંઠે એક બાવળ હતો તેની હેઠે જઈને

ગોવરધનભાઈ સુતા ને વરસાદ તો ઝીણો ઝીણો વરસતો હતો. તે ટાણે તેમની રક્ષા માટે મહારાજે શેષ નારાયણને મોકલ્યા તે ત્યાં આવીને ગોવરધનભાઈના શરીર પ્રમાણે ફેણ પોળી કરીને ગોવરધનભાઈ ઉપર આખી રાત્રિ રહ્યા ને પાણીનું એક પણ બીંદુ તેમના ઉપર પડવા દીધું નહિ. તેમ સવાર થતાં સુધી રહ્યા પછી સવારે પોતાની ફેણ સંકેલી લઈને ગોવરધનભાઈને નમસ્કાર કરીને પાછા પાતાળમાં ગયા. પછી ગોવરધનભાઈ ઉઠ્યા ને જોયું તો નદીમાં પૂર પણ ઉતરી ગયેલું એટલે પોતે ત્યાં નાયા ને પૂજા કરી પછી ચાલતા થયા તે બીજે દિવસે ગઢડે આવ્યા ને મહારાજને દંડવત્ પ્રણામ કરી પગે લાગ્યા ને સહુ સંત હરિજનને પણ પગે લાગીને સભામાં બેઠા. તે વખતે શ્રીજીમહારાજે કહ્યું. ‘તમને રસ્તામાં વરસાદે બહુ હેરાન કર્યા ને નદીમાં પૂર આવી ગયેલ તેથી તમે નદીને કાંઠે બાવળ હેઠે સૂઈ રહ્યા ત્યારે તમારી રક્ષા કરવા માટે અમે પાતાળમાંથી શેષનારાયણને મોકલ્યા હતા.’ તે સાંભળીને શેઠ કહે ‘હા મહારાજ ! તમારા સિવાય અમારી રક્ષા બીજા કોણ કરે ?’ તે પછી જન્માષ્ટમીનો સમૈયો થઈ રહ્યો ત્યારે ગોવરધનભાઈ પાછા ઘેરે આવ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૨૭)*

## શ્રીહરિએ જીણાભાઈની રક્ષા કરી

એકવાર શ્રીજીમહારાજ ગામ પંચાળે પધાર્યા ને ઝીણાભાઈને ઘેર ઉતર્યા પછી સવારના પહોરમાં મહારાજે કહ્યું ‘અમારે જમવું છે’ ત્યારે ગંગામાં કહે ‘મહારાજ ! ઘડીક ખમો હમણાં થાળ કરીને લાવું છું.’ ત્યારે મહારાજ કહે ‘હાજર હોય તે લાવો હમારા વાસ્તે નવા થાળ કરો તો હમારા સમ છે.’ ત્યારે ગંગામાં ખોરી જારનો ટાઢો રોટલો ને ગાજરનું અથાણું થાળીમાં લાવ્યા ને દૂધની તાંસળી ભરી દીધી તે મહારાજ જમ્યા પછી ચળુ કરી જલપાન કરી ને પ્રસાદી ઝીણાભાઈને આપી ને પોતે બહાર આવીને બેઠા ત્યારે ઝીણાભાઈ પણ પ્રસાદી જમીને મહારાજને પગે લાગી સામા બેઠા ત્યારે મહારાજે ઝીણાભાઈને પૂછ્યું ‘આવી ખોરી જાર તમને ખાવા મળે છે તે નવી નથી મળતી ?’ ત્યારે તે બોલ્યા જે ‘હે મહારાજ ! રબારી ખેડુ છે તે ભાગ પૂરો આપતા નથી ને વેરાના પૈસા પણ પૂરા આપતા નથી ને જબરાઈ કરીને બધી ઉપજ લઈ જાય છે તેથી મારે ખોરી જાર ખાવી પડે છે.’ તે સાંભળી મહારાજ કહે ‘ત્રણસો કળશી દાણા માટે ઠામ ખાલી કરો ત્યારે દરબાર કહે ‘અરે મહારાજ ! ત્રણસો પોવાલાં પણ દાણા મળતા નથી ને ત્રણસો કળશી ક્યાંથી કાઢશો ?’ પછી મહારાજે નવલસંગને તથા શુક સ્વામીને બોલાવ્યા તે આવી મહારાજને પગે લાગીને બેઠા ત્યારે મહારાજે કહ્યું ‘પોરબંદરમાં બાકર સાહેબ આવેલ છે તેના ઉપર કાળગ લખો’ ત્યારે ઝીણાભાઈ કહે ‘મહારાજ ! એ સાહેબ આવ્યાની તમને ખબર કેમ પડી ?’ ત્યારે મહારાજ કહે ‘અમે ગામ ફણેણીએ હતા ત્યારે વ્યાપકાનંદ સ્વામીને

સમાધિ કરાવીને વિલાયત મોકલ્યા હતા તે વખતે સ્વામીએ અમને કહ્યું જે મને તે દેશની બોલી નથી આવડતી ને ? ત્યારે અમે તેમને વચન આપ્યું હતું જે તમને તે બોલી આવડશે પછી તે સમાધિ કરીને ત્યાં ગયા ત્યારે તે સાહેબની ઉમર વરસ સોળની હતી ને તે પોતાના બંગલામાં સૂતેલો હતો ત્યાં જઈ તેની બોલીમાં સ્વામીએ કહ્યું તમને મહારાજે બદ્રિકાશ્રમમાંથી આહી અવતાર દીધો છે ને 'તમને હિંદુસ્તાનમાં કાઠિયાવાડનું રાજ્ય દેવું છે તે માટે તમને બોલાવેલા છે ત્યારે તે સાહેબ કહે મારે તો રાજ્ય ઘણું છે પછી સ્વામી કહે તોપણ વધારે આપવાની મહારાજની મરજી છે માટે તમે કાઠિયાવાડમાં આવો ત્યારે તે સાહેબ કહે હું હમણાં તો નહિ આવું પણ મહારાજને જરૂર હોય તો બે હજાર માણસ સાથે બાકર સાહેબને મોકલું કારણ કે મારી ઉંમર નાની છે માટે મારે આવવું તે ઠીક નહિ નહિંતર હું મહારાજની આજ્ઞા લોપત નહિ. એ પ્રમાણે વાત થયા પછી સ્વામી સમાધિમાંથી જાગ્યા ને બધી વાત કરીને કહ્યું કે તે બાકર સાહેબ પોરબંદરને ખાળે ઉતરશે. પછી તે સાહેબની બે આગબોટો સમુદ્રમાં બીજે રસ્તે જાતી હતી તેથી અમે સમાધિવાળા પાળા મૂલજીને રસ્તો બતાવવા મોકલ્યા હતા તેથી તેણે રસ્તો બતાવ્યો એટલે તે આ બોટો બે દિવસથી પોરબંદર આવી છે ને ત્યાં તેઓ તંબુ નાખીને રહેલા છે ને અમારા સમાચાર માણસોને પૂછે છે તે માટે આ શુક સ્વામીને કહીએ છીએ કે પોરબંદર તે સાહેબ ઉપર તમે કાગળ લખો' એમ કહી મહારાજે શુક સ્વામી પાસે કાગળ લખાવવા માંડ્યો તેમાં પ્રથમ કેટલીક ઉપમા લખાવી પછી લખાવ્યું કે 'તમે ત્યાંથી સીધા રાજકોટ જાજો ને ત્યાં રાજકોટના રાજા પાસેથી જગ્યા લઈને તમારો ત્યાં મુકામ કરજો ને આ દેશના ગરાસિયા દિકરીયું મારે છે તે બંધ કરાવજો' એ પ્રમાણે બીજી પણ ઘણી ભલામણો લખી તે ભેળી પંચાળાના રબારીની હકીકત પણ જણાવી પછી તે કાગળને પૂરો કરીને શુક સ્વામીએ મહારાજના હાથમાં દીધો ત્યારે મહારાજે વાંચીને પોતાના નામની સહી કરી પછી તે બીડીને નવલસંગજીને દીધો ને કહ્યું 'તમે પોરબંદર જાજો ને આ કાગળ બાકર સાહેબને હાથો હાથ આપજો' પછી તે મહારાજને પગે લાગીને સ્વાર થઈને પોરબંદર ગયા ને સાહેબને મૂકામે જઈ સિપાહીને કહે 'અમારે સાહેબને કાગળ આપવો છે' ત્યારે તે સિપાઈએ કહ્યું 'હું સાહેબને પૂછી આવું' એમ કહી તે સિપાહીએ જઈ સાહેબને કહ્યું 'સ્વામિનારાયણનું એક માણસ કાગળ લઈને આવેલ છે' ત્યારે સાહેબ કહે 'તે સ્વામિનારાયણના માણસને ઘોડા સહિત અંદર લાવો' ત્યારે તે સિપાઈ નવલસંગજીને ઘોડા સહિત સાહેબ પાસે લઈ ગયો અને સાહેબના કહેવાથી ત્યાં તંબુ પાસે ઘોડો બંધાવ્યો પછી નવલસંગજીએ કાગળ સાહેબના હાથમાં આપ્યો ત્યારે તે કાગળને સાહેબે સાતવાર માથે ચડાવ્યો પછી તે કાગળ વાંચીને ઘણો ખુશી થયો ને બોલ્યો જે 'આ વખતે સ્વામિનારાયણે અમને બહુ

સારી સલાહ આપી છે ને તેમણે પચાસ સિપાહી મંગાવ્યા છે તો પચાસ શું આ બધા પોલીસો સ્વામિનારાયણના જ છે માટે સુખેથી તે બધાએ લઈ જાઓ.' ત્યારે નવલસંગજી કહે 'ના સાહેબ વધારે લઈ જવાની મહારાજે ના કહી છે ફક્ત પચાસ જ જોઈએ છે માટે તેટલા મોકલો. તો પણ સાહેબે સો પોલીસ નવલસંગજીની સાથે મોકલ્યા ને કામ પુરું કરીને જ પાછા આવવાની ભલામણ કરી પછી તે પોલીસ પોતાનાં હથિયાર લઈને નવલસંગજી ભેગા પંચાળે આવ્યા તે તેમણે બધાએ કાળા ડગલા પહેરેલા હતા ને કેડે પટ્ટા બાંધેલા ને સર્વે ઘોડેશ્વાર થયેલા ને એક સરખા જણાતા હતા. તેમણે પંચાળે આવીને એક સાથે સો પીસ્તોલોના અવાજ કર્યા તે સાંભળીને રબારી લોકો જે ખળાંમાં હતા તેમણે જાણ્યું જે 'આ કાળા ડગલાવાળાં અંગ્રેજનાં માણસો આવેલા છે તે જરૂર આપણને ઝાલી જાશે એમ બીક પામીને સર્વે ખળાં પડ્યાં મૂકીને ભાગી ગયા. તે વખતે મહારાજે ઝીણાભાઈને પૂછ્યું જે 'આ ભડાકા શેના થયા ?' ત્યારે તે કહે 'મહારાજ ! એ તો નવલસંગજી પોરબંદરથી આવ્યા હશે.' એમ વાત છે ત્યાં તો બધા સ્વરો સાથે નવલસંગજી ઝીણાભાઈના દરબારમાં આવ્યા ત્યારે નવલસંગજીએ મહારાજને દંડવત પ્રણામ કર્યા ને બીજા અસ્વારે પણ નમસ્કાર કર્યા પછી નવલસંગજીએ વાત કરી જે 'હે મહારાજ ! આ સિપાહીઓએ બંદૂકોના ભડાકાં કર્યા તેથી રબારીઓ ખળાં મૂકીને બધાય ભાગી ગયા છે માટે આપ ત્યાં ખળામાં પધારો.' ત્યારે શ્રીજી તથા ઝીણાભાઈ કેટલાક સ્વારો સાથે ત્યાં ગયા ને જોયું તો ખળામાં જારનાં મોટા મોટા ગંજ પડ્યા હતા. પછી સાહેબ તરફથી આવેલા સિપાઈઓનો નાયક હતો તેણે કહ્યું 'આ બધી જાર તમે ગામમાં લઈ જાઓ ને કોઈ પણ રબારી તકરાર કરવા આવશે તો અમે તેને પકડીને પોરબંદર લઈ જશું.' પછી ઝીણાભાઈએ ગામમાંથી માણસોને બોલાવ્યાં ને રબારીઓના બળદ તથા ગાડાં હતાં તે જોડાવીને બધી જાર સરાવીને ઓરડામાં ભરી દીધી પછી સાહેબના જે પોલીસો આવેલા હતા તેને પાંચ દિવસ રોક્યા ને સારી પેઠે જમાડ્યા પછી રજા દીધી ત્યારે તેઓ મહારાજને નમસ્કાર કરીને પોરબંદર ગયા. એવી રીતે ઝીણાભાઈને જાર અપાવીને રાજી કર્યા પછી બીજે દિવસે મહારાજ ત્યાંથી ચાલ્યા તે ફરતા ફરતા ગઢડે પધાર્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૧, વાર્તા-૧૮૧)*

## ઝીણાભાઈના ઘરેણાની રક્ષા શ્રીહરિએ કરાવી

એક દિવસ શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં બિરાજમાન હતા તે વખતે મૂળજી બ્રહ્મચારી જમવા બોલાવવા આવ્યા તે ગયા ને નહિ, પીતાંબર પહેરીને બાજોઠ ઉપર બેસી જમવા લાગ્યા તે વખતે ઝીણોભાઈ પંચાળેથી આવ્યા ને દંડવત કરી, ભેટ મેલી, પગે લાગીને બેઠા. પછી મહારાજે જમીને ઝીણાભાઈને પ્રસાદીનો થાળ આપ્યો ને મહારાજ ચળુ કરી, જલપાન

કરી, મુખવાસ લઈ ઢોલિયે બિરાજમાન થયા. પછી ઝીણોભાઈ મહારાજનાં ચરણ ખોળામાં લઈ દાબવા મંડ્યા ને મહારાજ સુખાળા થયા તે વાત પૂછતા જાય ને ઝીણોભાઈ ઉત્તર આપતા જાય પછી મહારાજ કહે "તમારા ગામમાં ઝાઝા રૂપિયા તથા ઘરેણાં રાખવાં નહી" ત્યારે ઝીણોભાઈ કહે "પાળા ને લેવા મોકલો" ત્યારે ભગુજીને બોલાવી મહારાજે કહ્યું "આઠ પાળાને ગાડું જોડાવી ઝીણાભાઈને ગામ મોકલો, ને ઝીણાભાઈ ! તમે લાધા ઠકર પાસે કાગળ લખાવો" એમ કહીને મહારાજ પોઢી ગયા ને ઝીણાભાઈએ કાગળ લખાવીને પાળાને પંચાળે મોકલ્યા તે ત્યાં જઈને રૂપિયા તથા ઘરેણાં લાવ્યા તે મહારાજે દાદા ખાચરને ઘેર મૂકાવ્યાં. ને મહારાજ હંમેશા સભામાં વાતો કરે ને દર્શન દીયે તે સુખ ઝીણોભાઈ લેતા હતા તેવામાં પંચાળામાં ધાડું પડ્યાના સમાચાર આવ્યા. પછી મહારાજે ઝીણાભાઈને તેડાવીને કાગળ વંચાવ્યો ને પછી સોમલા ખાચર આદિ પચીસ સ્વારને ઝીણાભાઈ ભેગા મોકલ્યા. પછી મહારાજ મોજડીઓ પહેરીને ઉગમણાબારની ઓસરીયે પધાર્યા ત્યાં મુક્તાનંદ સ્વામી આદિક સંત, મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે "પંચાળામાં ધાડું પડ્યું તે અમે પાળા મોકલ્યા ને રૂપિયા તથા ઘરેણાં તો અગાઉથી અહી મંગાવી લીધાં હતાં" ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે "તમે રામાનંદ સ્વામી પાસે બે વર માગ્યા છે તેને સત્ય કરો છો અને આજ સુધીમાં જે જે ભગવાનના અવતાર થયા તે પોતાના ભક્તોને તારતા ને હે મહારાજ ! તમે તો આ અવતારે વ્યવહારમાં રક્ષા કરો છો ને અંતકાળે પણ સંતને લઈને તેડવા આવો છો તે બીજાને પણ પ્રત્યક્ષ જણાય છે એમ આ અવતારે કરીને બહુ દયા કરીને તમારું દયાળુ એવું નામ સાર્થક કર્યું ને આવી દયા કોઈ અવતારમાં વાવરી નથી. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૨, વાર્તા-૧૭)*

## રઘુવીરજી મહારાજની નદીમાં તણાતા રક્ષા શ્રીહરિએ કરી

એકવાર આચાર્ય રઘુવીરજી મહારાજ હિંદુસ્તાનમાંથી પોતાના કુટુંબે સહિત વડતાલ આવતા હતા તે ગુજરાતમાં આવતાં બામણ ગામને પાદર મહી નદી ઉતરવા લાગ્યા તે સર્વે કુટુંબને ઉતારીને છેવટે પોતાના મામાના દીકરા સાથે પોતે ઉતરતા હતા. તેવામાં સમુદ્રની ખારા પાણીની વેળ આળી તેથી બન્ને જણા તણાણા ને જીવવાની આશા રહી નહિ ત્યારે અંતરમાં વિચાર કરવા લાગ્યા કે "અરે મહારાજનાં દર્શન કર્યા વિના મરી જાશું તે ઠીક નહિ" એમ ધારીને મહારાજનું સ્મરણ કરવા લાગ્યા ત્યાં તો વહાણ લઈને મહારાજ પોતે પધાર્યા ને બેય જણાને વહાણમાં બેસારી સામે કાંઠે મુકીને અંતર્ધાન થઈ ગયા તે વખતે રઘુવીરજી મહારાજે તથા તેમના મામાના દીકરા મંછારામે એમ જાણ્યું કે 'આ સમે આપણી રક્ષા તો શ્રીજીમહારાજે જ કરી છે તે વિના બીજા કોણ આપણને આમ વહાણમાં બેસારીને આરે મુકી જાય" ને એજ

પ્રમાણે સર્વે કુટુંબીએ પણ જાણ્યું પછી સહુ ભેગા થઈને ચાલ્યાં ને વડતાલ આવ્યાં ને રઘુવીરજી મહારાજે પોતાની વાત સાધુ આગળ કરી કે "મહી નદીમાં અમે તણાઈ જાતા હતા પણ મહારાજે આવીને અમારી રક્ષા કરી" તે સાંભળી સહુ આશ્ચર્ય પામ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૦૮)*

## વડોદરાના રામચંદ્ર વૈદ્યની આગ થકી રક્ષા શ્રીહરિએ કરી

વળી એક દિવસ વડોદરામાં રામચંદ્ર વૈદ્ય પોતાના ઘરમાં સુતા હતા તેવામાં અરધી રાત્રિયે મહારાજે આવીને તેમની દીકરીને જગાડીને કહ્યું "કમાડ બંધ કરીને કેમ સુતી છો તારા ઘરમાં આગ લાગી છે" એમ મહારાજે કહ્યું તોપણ તે બાઈ ઉઠી નહિ ત્યારે તેમની મા અમૃતબાઈને કહ્યું "તમારા ઘરમાં આગ્ય થવાથી બળે છે ને તમને કેમ સુખે નિદ્રા આવે છે" ત્યારે તેમણે વૈદ્યરાજને જગાડ્યા ને કહ્યું મહારાજ પધાર્યા છે ને કહે છે જે તારા ઘરમાં આગ્ય લાગી છે તે જુઓ તો ખરા" ત્યારે તેમણે ઉઠીને જોયું તો પોતાના ઘરમાં આગ લાગી હતી તે ઓલવીને પોતે મહારાજની પાસે આવ્યા ને બે હાથ જોડી સ્તુતિ કરવા માંડ્યા જે "હે મહારાજ ! આજ આપ જો ન પધાર્યા હોત તો અમારો નાશ થઈ જાત માટે હે મહારાજ આજ તો તમે અમને મૃત્યુ થકી ઉગાર્યા." ત્યારે મહારાજ કહે "અમે ભક્તોનાં દુઃખ મટાડવા સારુજ આ વખતે અવતાર ધારણ કરેલો છે તેથી કોઈ રીતે હું મારા ભક્તોને દુઃખ આવવા દેતો નથી. એમ કહી મહારાજ અંતરધ્યાન થઈ ગયા. (*શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૩૨*)

## નારુપંતના જીવનની રક્ષાની ભલામણ શ્રીહરિએ કરી

વડોદરામાં સયાજીરાવ મહારાજા પાસે નારુપંતનાના એ નામે એક કારભારી રહેતા હતા તે બહુ સારા હરિજન હતા ને તેથી કરીને મહારાજાને પણ શ્રીજીનો ગુણ હતો પછી જ્યારે શ્રીજીમહારાજની પધરામણી દરબારમાં થઈ ત્યારે શ્રીજીએ નારુપંતનાનાનો હાથ લઈને સયાજીરાવ મહારાજાના હાથમાં આપ્યો ને બોલ્યા કે "આની તમે ખબર રાખજો." એમ સોંપણી કરીને પછી મહારાજ વડતાલ ગયા હતા. તે પછી કેટલીક રાજ્યમાં ખટપટ થઈ હતી ને રાણી તથા કારભારીઓ સર્વે મહારાજાને દગો દેવાના વિચાર ઉપર આવી ગયા હતા અને તે ખટપટમાં નારુપંતનાના પણ ભળેલા હતા પછી તે વાતની મહારાજાને ખબર પડી ત્યારે મહારાજાએ તે દગામાં ભાગ લેનાર કોઈને તોપે ઉડાડ્યા ને કોઈને લીલે કાંટે બાળ્યા ને રાણીને પણ દેહાંત દંડ દીધો પછી મહારાજાએ નારુપંતનાનાને પૂછ્યું "આ કપટમાં તું છો ?" ત્યારે તેણે કહ્યું "હું નથી." પછી મહારાજાએ તેના હાથ અક્ષર બતાવ્યા ને કહ્યું "સ્વામિનારાયણે મને તારી સોંપણી કરી છે ને હાથમાં હાથ આપ્યો છે માટે તને જીવતો મેલું છું." એમ કહી તેના ઘરબાર સર્વે

લૂંટી લીધાં ને પછી નારુપંતનાના બહુજ ગરીબ હાલતમાં આવી ગયા ને હંમેશા દક્ષિણીના સદાવ્રતમાંથી શેર ખીચડી લાવીને રાંધી ખાય ને આખો દિવસ મહારાજનું ભજન કર્યા કરે છે તે જોઈને ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે ''આ નારુપંતનાનાએ શ્રીજીમહારાજની નિષ્કામભાવે સેવા કરેલી તેથી મહારાજે તેમને આને આ જન્મે નિષ્કંચન કરી મૂક્યા, નહિ તો એવા મેલા થઈ જાત કે હમણાં છે એવા દશ જન્મે પણ શુદ્ધ થાત નહિ તે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે ''યસ્યાહમનુગૃહ્ણામિ હરિષ્યે તદ્ધનં શનૈઃ।। કહેતાં ભગવાન કહે જેની ઉપર હું દયા કરું છું તેનું ધન ધીરે ધીરે હરી લઉં છું. ને તેને નિષ્કંચન કરી મુકુ છું. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૬૪)*

## સિપાઈવેશે આવીને સંતોની રક્ષા કરતા શ્રીહરિ

ગામ કારિયાણીથી ભણનારા સંત તથા ગવૈયા સંત ગઢડે ગયા ને લાધા ઠકરને કહ્યું ''જીવુબા તથા લાડુબાને પુછી જૂઓ કે મહારાજના સમાચાર ક્યાંઈ છે ?'' ત્યારે તે પુછીને આવ્યા ને ક્હયું ''એતો ના પાડે છે જે અમને મહારાજની ખબર નથી'' પછી લાઘા ઠકરે કહ્યું ''સચ્ચિદાનંદ સ્વામી સમાધિવાળા છે તેને પુછો એટલે ખબર આપશે'' ત્યારે સચ્ચિદાનંદ સ્વામીને પૂછ્યું એટલે તે કહે ''મહારાજ ધર્મપુરમાં છે ત્યાં હું હમણાંજ સમાધિ કરીને ગયો હતો તે મને મહારાજે બીરંજ જમાડ્યો છે'' ત્યારે લાધો ઠકર બોલ્યા કે ''સમાધિવાળા તો ખોટુંએ બોલે'' તે સાંભળીને સચ્ચિદાનંદ સ્વામી કહે ''તું તો મુસલમાનનો મુસલમાન રહ્યો'' એમ કહી ઉલટી કરીને બીરંજ કાઢી બતાવ્યો તે જોઈને સહુ આશ્ચર્ય પામ્યા પછી ભણનારા સંત જે નિત્યાનંદ સ્વામી તથા ભગવદાનંદ સ્વામી અને ગવૈયા સંત જે બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી તથા યોગાનંદ સ્વામી તે સર્વે ચાલ્યા ને તેમની સાથે દેરાસરી લક્ષ્મીરામ તથા ધોળે લુગડે નાની અવસ્થાવાળા શુકમુનિ હતા તે પણ સાથે ચાલ્યા તે ચાલતાં ચાલતાં રસ્તામાં એક ઝાડી આવી ને તેમાં એક ગામ આવ્યું તે ગામની પાદર એક મઠ હતો તેમાંથી એક બાવો આવ્યો તે બધાય સાધુને મઠમાં લઈ ગયો ને એકકોરે બેસારી દીધાને સાધુઓ પાસે પુસ્તકો તથા વાજાં હતાં તે લઈને એક ઓરડામાં મેલી દીધાં ને છરો લઈને ઘસવા લાગ્યો ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું ''બાવાજી ! એ શું કરો છો ?'' ત્યારે કહે ''આ છરો ઘસું છું. તમે અમારા શિષ્ય વાળી લીધા છે માટે તમારા નાક કાન કાપવાં છે.'' ત્યારે સાધુઓએ કહ્યું ''અમારે પાણી પીવું છે તે ?'' ત્યારે બાવેના પાડી એટલે લક્ષ્મીરામે કહ્યું ''અમે બે જણા ભરી લાવીએ'' ત્યારે કહે ''હા, તમે પીતા આવોને કળશીયા ભરી લાવો.'' પછી તે બેય જણા નદીયે ગયા ને પાણી પીને કળશીયા ભરતા હતા તે વખતે શ્રીજીમહારાજ બે સિપાઈના રૂપ ધરીને આવ્યા ને પૂછ્યું તમો

કોણ છો ?'' ત્યારે લક્ષ્મીરામે કહ્યું ''અમે બેય બ્રાહ્મણ છઈએ પણ અમારી ભેળા સ્વામિનારાયણના સાધુ છે તેને મઠમાં એક બાવે પૂરી દીધા છે ને તેનાં નાકકાન કાપવા તૈયાર થયો છે'' ત્યારે તે સીપાઈઓ કહે ''અમને રાણીસાહેબ કુશલ કુંવરબાએ સાધુઓની ચોકી કરવા માટે મોકલ્યા છે'' એમ કહી તે મઠમાં ગયા ને બાવાને કોરડા માર્યા ત્યારે બાવો બેઠો થઈ ગયો ને બરાડા નાખવા લાગ્યો ત્યારે સીપાઈએ કહ્યું ''આવા ધર્મવાળા સાધુઓનાં નાકકાન કાપવા તૈયાર થયા છો ?'' એમ કહીને વળી માર્યો પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું 'અમારા વાજાં અને આ ભણનારાના પુસ્તકો તે બાવે ઓરડીમાં મેલી દીધાં છે તે કઢાવી આપો'' ત્યારે તે બાવે કાઢી આપ્યાં તે લઈને સાધુઓ ચાલતા થયા ને ધર્મપુર આવ્યા ત્યારે સિપાઈઓએ કહ્યું ''તમારા સ્વામિનારાયણ બાઈ સાહેબનાં બંગલામાં બિરાજે છે ત્યાં તમે જાઓ'' એમ કહીને તેઓ ત્યાં રોકાઈ ગયા ને સાધુઓ મહારાજ પાસે ગયાં ને દંવડત કરીને પગે લાગ્યા ત્યારે મહારાજે પુછ્યું ''રસ્તામાં કાંઈ વિઘ્ન આવ્યું હતું કે ?'' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ તથા નિત્યાનંદ સ્વામીએ તે બાવાની બધી વાત કરી ત્યારે મહારાજ બોલ્યા જે ''એ તમારી રક્ષા કરવા અમે આવ્યા હતા'' તે સાંભળીને સહુ આનંદ પામ્યા ને બોલ્યા જે ''હા મહારાજ ! એવા જંગલમાં તમારા વિના કોણ રક્ષા કરે.'' *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૮૫)*

## બુરાનપુરના સંઘની રક્ષા કરતા શ્રીહરિ

એક સમયને વિષે શ્રીજીમહારાજ છતાં બુરાનપુરમાં વરસાદ વરસ્યો નહિ ને અષાડ મહિનો સાવ કોરો ગયો ને શ્રાવણ માસ બેઠો તો પણ વરસાદ ન થયો તે વખતે શ્રૃંગેરી મઠના શંકરાચાર્ય ત્યાં આવેલા તેમને ત્યાંના રાજાએ બોલાવીને બૂછ્યું જે ''ઓણ મે થાસે કે કેમ ?'' ત્યારે તે શંકરાચાર્યને મહારાજ ઉપર દ્વેષ ભાવ હતો તેથી તે બોલ્યો જે ''તમારા શહેરમાં કોઈ નવો પંથ થયો છે કે કેમ ?'' ત્યારે રાજા કહે ''નવો પંથ તો સ્વામિનારાયણનો કહેવાય છે ને તેના સત્સંગી આ ગામમાં છે ખરા'' તે સાંભળી શંકરાચાર્ય કહે ''એજ કારણથી તમારા શહેરમાં વરસાદ નથી થાતો માટે તમે તેને બોલાવો ને મે વરસાવવાનું કહો ને ન વરસાવે તો કંઠી તોડી નાંખો'' ત્યારે રાજાએ તુરત સર્વે સત્સંગીને બોલાવ્યા ને કહ્યું ''તમે સ્વામિનારાયણની કંઠી બાંધી છે માટે તમે આઠ દિવસમાં વરસાદ વરસાવો નીકર તેની કંઠી તોડી નાખો'' ત્યારે સત્સંગીઓ બોલ્યા જે ''કંઠી તો અમારે શિર સાટે છે ને વરસાદ વરસાવવો તે ભગવાનના હાથમાં છે તે કાંઈ અમારા હાથમાં નથી'' ત્યારે રાજાએ હુકમ કર્યો જે ''આ બધાને આઠ દિવસ સુધી ઓરડામાં પુરી મેલો ને જો વરસાદ વરસાવે તો છુટા કરવા નીકર ઢીંગલાનો કપાળમાં ડામ દઈને પરગણા બહાર કાઢી મેલવા'' ત્યારે તુરત જ સીપાઈએ સર્વે સત્સંગીને એક ઓરડામાં પુરી દીધાને ઉપર

તાળાં દીધાં ત્યારે સર્વે સત્સંગી શ્રીજીની પ્રાર્થના કરવા લાગ્યા જે "હે મહારાજ ! આ ટાણે તમારા વિના કોઈ અમારી સાર લીએ તેમ નથી" તે વાત શ્રીજીમહારાજે ગઢપુરમાં બેઠા થકા અંતર્યામીપણે જાણી ને જરા ઉદાસી થઈ ગયા ને બુરાનપુરના હરિજનોને કષ્ટ બહુ પડ્યું છે એમ જાણીને રાત્રિયે વાળુ પણ પુરુ કર્યું નહિ ને કથા વાર્તા કરીને અક્ષર ઓરડીમાં પોઢ્યા પણ નિંદ્રા આવે નહિ તેથી ઘડીક પોઢે ને વળી બેઠા થાય ત્યારે શુક સ્વામીએ પૂછ્યું "હે મહારાજ ! તમે બપોર પછી આવા ઉદાસીન કેમ છો ને ઉંઘતા પણ નથી ?" ત્યારે મહારાજ કહે "બુરાનપુરના સત્સંગીને રાજાએ સત્સંગ મુકાવા સારુ કેદ કર્યા છે માટે અમારે તેના ઉપર કાગળ લખવો છે" ત્યારે શુક સ્વામી કહે "ભલે મહારાજ સવારે કાગળ લખશુ" ત્યારે મહારાજ કહે 'ત્યાં સુધી અમને નિદ્રા નહિ આવે" પછી શુક સ્વામી દીવો કરીને કાગળ લખવા માંડ્યા તે થોડોક લખ્યો ત્યાં તો પવનથી દીવો ઓલવાઈ ગયો એટલે શુક સ્વામી કહે "હવે સવારે કાગળ લખશું" ત્યારે શ્રીજીએ પોતાનો જમણો પગ ઢોલિયાની ઈસથી બહાર મૂક્યો તે વખતે પગના અંગુઠામાંથી તેજ નિસર્યુ એટલે મહારાજે કહ્યું "હવે લખો" પછી શુક સ્વામી લખવા માંડ્યા ત્યારે શ્રીજીએ ધીરજતા સારૂ ઘણાંક આખ્યાન લખાવ્યાં ને લખ્યું જે આજથી ત્રીજે દિવસે આખી પૃથ્વીમાં વરસાદ આઠ દિવસ લગી વરસશે ને એલી થશે" એમ લખાવી તે કાગળને બીડાવીને સરનામું લખાવ્યું પછી કહે "હવે આ કાગળ કોની સાથે મોકલાવીશું ?" ત્યારે મુળજી બ્રહ્મચારી કહે "માણાવદરથી ગોવિંદારમ ભટ આવ્યા છે ને તે બહુ ચાલનારા છે" ત્યારે મહારાજે રતનજી બાપુને મોકલ્યા તે ગોવિંદરામને બોલાવી લાવ્યા ત્યારે મહારાજે ભટને કહ્યું "તમે બુરાનપુર જાઓ ને ત્યાં વરસાદ વરસાવી આવો" ત્યારે ભટજી કહે "ઠીક મહારાજ જાઈશ" ત્યારે મહારાજ કહે 'આ કાગળ લઈને આ ટાણે જ જાઓ ને રસ્તે ક્યાંય પણ રોકાશો નહિ" ત્યારે ભટજીએ મહારાજના હાથમાંથી કાગળ લઈને ખડીયામાં નાખ્યો ને મહારાજને દંડવત કર્યા" ત્યારે મહારાજ કહે "ઝટ જાઓ અને વહેલા આવજો" ત્યારે ભટજી બોલ્યા જે "ભલે મહારાજ વેલો આવીશ" એમ કહીને ભટજી ચાલ્યા તે બાર વાગ્યાને સુમારે અંધારી રાત્રિયે ઘેલાને સામે કાંઠે રહેલી શિવની ડેરીએ જઈને સૂઈ ગયા ને સવારે ચાર વાગ્યા જાગ્યા ત્યાંતો બુરાનપુર શહેરનો દરવાજો ને તાપી નદીનો કાંઠો દીઠો" પછી કોઈને પૂછ્યું જે "આ શહેરનું નામ શું ?" ત્યારે તે કહે "બુરાનપુર" પછી ભટજીએ પૂછ્યું "આંહીના રાજાએ સ્વામિનારાયણના સત્સંગીઓને કેદ કર્યા છે તે ક્યાં છે ?" ત્યારે તે કહે "એ તો કેદખાનામાં એક ઓરડો છે તેમાં પુરેલા છે" પછી ભટજી ત્યાં ગયા ને સિપાઈનો પહેરો હતો પણ તે કાંઈ બોલ્યો નહિ ને ભટજીએ હરિજનોને જાળીમાંથી કાગળ આપ્યો ને જય સ્વામિનારાયણ કહ્યા ને "ત્રણ દિવસમાં વરસાદ થાશે એમ કહ્યું તે સાંભળીને

હરિજનો ખુશી થયા ને મહારાજનો કાગળ વાંચીને શાંતિ પામ્યા પછી ભટજીને કહ્યું "તમે રોકાજો" ત્યારે તે કહે "હું હમણાં તાપીમાં નાહીને આવું છું" એમ કહીને તાપી નદીએ નાવા ગયા તે કાંઠે ખડીયો તથા લુગડાં મેલીને પાણીમાં ડુબકી મારી ને નિકળ્યા ત્યાં તો ઘેલા નદીને ખળખળિયામાં પોતે નાય છે એવું દેખાણું પછી નાહી લુગડાં પહેરીને ખડીયો લઈ ગામમાં ચાલ્યા ત્યારે સાધુએ પૂછ્યું જે "ભટજી આજ મોડા કેમ ?" ત્યારે કહે "અરે સ્વામી ! હું તો આજ તાપી ગંગામાં નાયો ને ઘેલામાં પણ નાયો" એમ કહેતા અક્ષર ઓરડીએ જઈ મહારાજને દંડવત કર્યા ત્યારે મહારાજે કહ્યું "ભટજી ? તમે તો આજ બુરાનપુરને પાદર તાપી ગંગામાં નાયા ને આંહી ઘેલામાં પણ નાયા ?" ત્યારે કહે "મહારાજ ! હું તો આંહીથી ચાલ્યો પણ અંધારું બહુ હતું તેથી ઘેલાને કાંઠે જઈને શિવની ડેરીમાં સૂઈ ગયો ને સવારે ચાર વાગે તો તમે મને બુરાનપુર પુગાડ્યો પછી કાગળ હરિજનોને દઈને તાપીમાં નાવા ગયો ને પાણીમાં ડુબકી મારી ત્યાં તો તમે મને ઘેલાના ખળખળિયામાં પુગાડ્યો" તે સાંભળીને શુક સ્વામી આદિક સહુ રાજી થયા પછી બુરાનપુરમાં હરિજનોએ સિપાઈ સાથે રાજાને કહેવરાવ્યું જે "અમને અમારા સ્વામિનારાયણ ભગવાનનો કાગળ આવ્યો છે તે આજથી ત્રીજે દિવસે વરસાદ થાશે" ત્યારે રાજાએ પાછું કહેવરાવ્યું કે 'વરસાદ વરસશે ત્યારે તમને છોડશું ને કાગળ સાચો માનશું" પછી ત્રીજે દિવસે ઘણો વરસાદ થયો એટલે રાજાએ સત્સંગી સર્વેને કેદમાંથી બહાર કાઢ્યા ને કહ્યું "તમારા સ્વામિનારાયણ ભગવાન ખરા ને તમે પણ ખરા" પછી સર્વે સત્સંગીઓ પોતપોતાને ઘેર ગયા ને વરસાદ બહુ થયો તેથી તાપી નદીમાં પૂર બહુ મોટું આવ્યું ને શંકરાચાર્યના મઠમાં પાણી પેશી ગયું ને તેની જગ્યા તણાઈ ગઈ ને ઘણું નુકસાન થયું. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૯૧)*

## બુરાનપુરના સંઘની ચોરો થકી રક્ષા કરી

એક સમયને વિષે બુરાનપુરના હરિજનો સંઘ કાઢીને મહારાજને દર્શને જતા હતા તેવામાં તેને માર્ગમાં ઝાડી આવી ને તેમાં લૂંટારાએ લૂંટી લીધા તે સમે મહારાજ સ્વારે સહિત આવ્યા ને ચોર પાસેથી હરિજનોનો બધો સામાન પાછો અપાવ્યો તે સમે એક બાઈએ ચોરની બીકથી વેઢ ઝાળામાં નાખી દીધો હતો તે ન જડ્યો પછી સંઘ વડતાલ આવ્યો ને મહારાજનાં દર્શન કર્યા ત્યારે સંઘના જનોએ મહારાજની પૂજા કરી ત્યારે જેનો વેઢ ખોવાઈ ગયો હતો તે બાઈ રોવા લાગી તે જોઈ મહારાજે પૂછ્યું 'એ બાઈ શા સારૂ રૂવે છે ?" ત્યારે બીજા હરિજનો કહે "એમણે તમને પહેરાવવા સારૂ સોનાનો વેઢ કરાવ્યો હતો તે માર્ગમાં ખોવાઈ ગયો તે સારૂ એ રૂવે છે" ત્યારે મહારાજ કહે "એ વેઢ તો અમે લાવ્યા છીએ જુઓ આ રહ્યો" એમ કહીને

મહારાજે આપ્યો તે બાઈએ રાજી થઈને મહારાજને પહેરાવ્યો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૧૯૪)*

## મહારાજે ખારું પાણી મીઠું કરીને રક્ષા કરી

શ્રીજીમહારાજ વડતાલનો સમૈયો કરીને ગામોગામ હરિજનોને દર્શન દેતા સંઘે સહિત ગામ ગાંફમાં પધાર્યા ત્યારે મુળજી બ્રહ્મચારીએ અગાઉથી જઈને હરિજનોને ઘેર રસોઈ તૈયાર કરી રાખી હતી તે દૂધમાં કરેલી રોટલી તથા શાક તથા ગોળ અને દહીં મહારાજ જમ્યા ને બીજો જમવાનો સામાન તથા પાણીના ઘડા ઉપડાવીને મહારાજ કહે "ચાલો સહુ નદીયે જઈને જમશું" એમ કહીને ત્યાંથી ચાલ્યા ને નદીયે સંઘ ભેળા થયા પછી મહારાજે કહ્યું "હવે સહુ નહાવો ને પૂજા કરો" ત્યારે સંઘના માણસો સર્વે નદીમાં નાહ્યાં ને પૂજા કરી રહ્યાં પછી મહારાજ ઘોડી ઉપરથી ઉતરીને ઉત્તર મુખારવિંદે ધાબળી ઉપર બેઠા ત્યારે વસ્તા રાવળે જળે કરીને મહારાજના ચરણ ધોયા ને જળ ચાખી જોયું તો મીઠું તેથી પોતે બોલ્યા જે "નદીનું જળ તો મીઠું છે" પછી સંત, હરિજન સર્વે એ તુંબડાં, લોટા તથા ઘડા ભરી લીધા ને બળદોને તથા ઘોડાને પણ પાણી પાયું પછી મહારાજ થાળ જમ્યા ને કાઠી, પાળા તથા સાધુ સર્વેને જમાડ્યા ને જળપાન કરી સહુ સાબદા ધયા ને મહારાજ ઘોડી ઉપર સ્વાર થયા ને ચાલ્યા પછી તે નદીનું પાણી તપાસી જોયું તો ખારું લાગ્યું ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે "હે મહારાજ ! આજ તો ભારે દયા કરી, નહિ તો ઘોડાં, બળદ ને સંઘના માણસો સર્વે તરસ્યા મરી જાત તે સારુ તમે જેમ એક વખત સેવક સારુ કચ્છના રણમાં પાણી મીઠું કર્યું હતું તેમજ આજે પણ કર્યું" એમ વાતો કરતા થકા ચાલ્યા તે ગામ ખરડ આવ્યા ને તળાવથી દક્ષિણાદીક કોર ઘોડી ઉપરથી ઉતરીને મહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને સંઘનાં માણસોએ જાણ્યું જે 'આ તળાવનું પાણી મીઠું હશે તે પીશું" પણ જ્યાં ચાખી જોયું ત્યાં તો ખારું ઝેર જેવું લાગ્યું ત્યારે તે ગામના હરિજનો બોલ્યા જે 'એ ભાદર નદીનું પાણી પણ હમેશાં ખારુંજ રહે છે પણ એ તો મહારાજની કૃપાથી મીઠું થયું હતું." ત્યારે નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને દંડવત કર્યા ને પગે લાગીને બોલ્યા જે "હે મહારાજ ! આજ તો તમે બહુ રક્ષા કરી" એમ મહારાજ રક્ષા કરતા ને હરિજનોને ગામોગામ દર્શન દેતા ગઢપુર પધાર્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૨૨૪)*

## કલા ભક્તની આગના ગોળાથી કરેલી રક્ષા

કુંડાળ ગામમાં વૈશ્ય જાતિના શ્રીહરિના એકાંતિક કલા (કલ્યાણ) નામના ભક્ત રહેતા હતા. સ્વધર્મમાં નિષ્ઠાવાળા, શૂરવીર, સત્સંગમાં આસક્ત મનવાળા, સંત સેવાપરાયણ, ધીર

અને સદા શ્રીહરિની આજ્ઞામાં વર્તતા હતા. એવા તે કલા ભક્ત ‘‘સ્વામિનારાયણ ભગવાન કાળ, માયા વગેરેના નિયંતા પ્રત્યક્ષ ભગવાન છે’’ એમ સૌને કહેતા હતા. હે જનો ! અસુરાંશ ગુરુઓએ ભરમાવેલા અને મતરૂપી પાશમાં બંધાયેલા તમો તે મતોમાં મૂર્ખપણાથી કેમ રહો છો ? એ મતોનો આશ્રય કરવાથી સંસારમાંથી મુક્તિ નહિ જ પામો. તેથી હે જનો ! મુક્તિને આપનારો આ પવિત્ર સત્સંગ કરો, અને પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરી તેમને ભજો. તેથી ઈચ્છિત સુખને તમો પામશો. આ પ્રકારે તે ભક્ત શૌર્યવાળી વાતો કરીને ઘણાને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો અતિદૃઢ આશ્રય કરાવતા હતા. તેમણે કહેલી તે વાર્તા સાંભળીને મત્સરવાળા, અસુરભાવવાળા, તેમના બંધુજનો તથા અન્યજનો બળવા લાગ્યા. તેથી તે દુષ્ટજનોએ તે ભક્તને સત્સંગમાંથી ભ્રષ્ટ કરવા માટે તેમનું ખેતર અન્યાયથી લઈ લીધું અને તેને નાત બહાર કર્યો.

આવી રીતે તે અસુરોએ વારંવાર તેમને પીડા કરી, પરંતુ ‘‘રામ રાખે તેને કોણ ચાખે’’ તે કહેવત અનુસાર તે ભક્ત તો પ્રહલાદની માફક પ્રત્યક્ષ શ્રીહરિની ભક્તિમાંથી ચલાયમાન થયા નહિ. પછી તે ભક્ત દુષ્ટ જનોએ લઈ લીધેલું પોતાનું ખેતર પાછું લેવાની ઈચ્છાથી દુષ્ટોની સાથે રાજાની પાસે ગયા. તે ભક્તરાજે રાજાને આ પ્રમાણે કહ્યું કે, હે ભૂપતે ! મારા ગામમાં રહેનારા આ માણસોએ મારું ખેતર અન્યાયથી બળપૂર્વક લઈ લીધું છે. તે ભક્તે આ પ્રમાણે કહ્યું તેથી તે રાજાએ મુખ્ય મંત્રીઓને પૂછ્યુ કે, હે મંત્રીઓ ! ખેતર આનું છે કે એમનું છે ? પરંતુ તે દુષ્ટો તરફથી મંત્રીઓએ લાંચ લીધેલી હોવાથી તે મંત્રીઓએ ખેતર કલા ભક્તનું નથી એમ અન્યાય પૂર્વક કહ્યું. રાજાને તે મંત્રીઓએ આ પ્રમાણે કહ્યું તેથી ખેદ પામેલા તે ભક્તરાજ કલા ભક્તે રાજાને કહ્યું કે, હે નૃપ ! એ ખેતર નક્કી મારું જ છે. ત્યારે રાજાએ ભક્તરાજ કલાભક્તને કહ્યું કે, જો તે ખેતર તમારું હોય તો અગ્નિથી તપાવેલો લોઢાનો ગોળો તમે બંને હાથમાં ઝાલીને વીશ પગલા ચાલીને તે ખેતર તમો લઈ લો. તેવું રાજાનું વચન સાંભળી કલાભક્તે રાજાના અમાત્યોને ‘‘બહુ સારું’’ એમ કહ્યું. પછી રાજાના કારભારીઓની સાથે પોતાને ગામ આવ્યા. ત્યાંના તેમના દુશ્મનો તે મંત્રીઓ સહિત તે કલા ભક્તને લઈને તત્કાળ તે ખેતરમાં આવ્યા.

પછી તે પાપીઓએ, લોઢાનો ગોળો અગ્નિથી અત્યંત લાલ કરીને કલા ભક્તને કહ્યું કે, હે ભક્ત ! જો આ ખેતર તમારું હોય તો તમો આ ગોળો ઝાલો અને વીશ પગલા સુધી ચાલતાં જો ન બળો તો આ ખેતર તમો લઈ લો. પછી વિચક્ષણ, ધૈર્યવાળા, કલા ભક્તે બહુ ‘સારું’ કહીને પોતાના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને સંભાર્યા. તે કલાભક્તે એ પ્રકારે શ્રીહરિને

સંભાર્યા તથા તેની અચળ ભક્તિથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ તે સમયે તે ભક્તને પોતાનું દર્શન આપ્યું. અને કહ્યું કે, હે ભક્ત વર્ય ! તમો બીક રાખશો નહિ. હું તમારી સમીપ છું. આ તપેલો ગોળો તમો પકડો. તમારા બંને હાથને અગ્નિ બાળશે નહિ. શ્રીહરિએ એ પ્રમાણે કહ્યું તેથી બુધ્ધિમાન ભક્તે તપેલો લાઢોનો ગોળો લઈને વીસ પગલા ચાલીને પોતાના ખેતરની તમામ જમીન પાછી મેળવી. તેથી તે ગામના સર્વેજનો તથા રાજાના કારભારી વગેરે તે ભક્તના હાથ બળ્યા નથી એ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. તે સમયે તેમનો દ્રોહ કરનારા સર્વ અસુરજનો કાજળ જેવા શ્યામ મુખવાળા થઈ ગયા અને અત્યંત ખેદ પામ્યા.

પછી સંતોષ પામેલા રાજાના અમાત્યોએ તે ભક્તને આ પ્રમાણે કહ્યું કે, હે સન્મતે ! આ ખેતર તમારું જ છે. તે સત્ય છે. સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન સત્ય છે. તમો ભક્ત પ્રહ્લાદની માફક શ્રીહરિના દૃઢ ભક્ત છો. અમોએ આજે જાણ્યું. ત્યાર પછી રાજાના અમાત્યો પ્રીતિપૂર્વક મહામૂલ્યવાળું ઈનામ તેમને આપ્યું, અને સત્સંગ સત્ય છે એવી રીતે ઘણી સ્તુતિ કરી. પછી તે અમાત્યો વગેરે પોતપોતાના સ્થાનમાં ગયા. કલાભક્ત પણ શ્રીહરિને સંભારતા પોતાને ઘેર ગયા. આ રીતે પોતાના આશ્રિત ભક્તોના દુઃખોનો નાશ કરનાર શ્રી સ્વામિનારાયણ ભગવાન ભક્તનું રક્ષણ કરીને અદૃશ્ય થઈ ગયા. *(દંઢાવ્ય દેશ લીલા દર્શન)*

## જીવરામ વિપ્રની રક્ષા કરતા શ્રીહરિ

ગામ વાંકાનેરમાં વિપ્ર જીવરામ બહુ સારા હરિજન હતા ને આચાર નિયમ બરાબર પાળતા ને શ્રીજીને પ્રગટ ભગવાન જાણીને તેની ઉપાસના કરતા ને ભજન કરતા ને વેપારનો ધંધો કરતા તેથી એકવાર તે સિંધમાં ગયા ને ત્યાંથી ચોખા વેચાતા લઈ વહાણમાં ભરીને પાછા વાંકાનેર આવતા હતા ત્યાં દરિયામાં ચોર વહાણ લઈને આવ્યા ને તેણે તેના વહાણ સાથે જીવરામનું વહાણ બાંધી લીધું ને હાકલ મારી ને જીવરામના વહાણમાં ગયા ત્યારે ખારવા હતા તે પાણીમાં પડીને ભાગી છુટ્યા ને એક જીવરામ રહ્યો તેને ચોરે ઝાલી લીધો ને તેના હાથ પાછા વાળીને બાંધી લીધા ને માથામાં છ સાત છરા મારીને જીવતો પાણીમાં નાખી દીધો ને વહાણ હાંકીને લઈ ગયા. ને જીવરામ પાણીમાં પડ્યો પડ્યો તરે પણ બુડે નહિ ને જીવ જાય નહિ ત્યાં જીવરામ વિચાર કરવા લાગ્યો જે "હવે તો દુઃખ પડવામાં ખામી રહી નથી ને આ દરિયો પણ કેમ બોળતો નથી ને પ્રાણ પણ કેમ જાતાં નથી" એમ વિચાર કરતો થકો મહારાજનું એકતાર ભજન કરવા લાગ્યો ને વારંવાર વિનતી કરવા લાગ્યો જે "હે મહારાજ ! હવે મને તમારા ધામમાં લઈ જાઓ મારે બીજી કાંઈપણ ઈચ્છા નથી" એમ બોલતો અતિશે દીન થઈ ગયો ત્યાં તો મહારાજ તેની વારે આવ્યા ને એક સારું વહાણ લાવ્યા તેમાં તેને લઈ લીધો ને તેના હાથ

બાધેલા હતા તે છોડી નાખ્યા ને તે બહુ ભૂખ્યો થયો હતો તેને ભોજન આપ્યું ને મીઠું પાણી પાયું ને તેને માથે હાથ ફેરવીને તેની વેદના માત્ર હરિ લીધી ને ધીરે ધીરે વહાણ હાંકીને તેને કાંઠે ઉતારી મૂક્યો ને તેને ઘેર જવાનું કહીને પોતે અંતર્ધાન થઈ ગયા ત્યારે જીવરામે જાણ્યું જે "આતો શ્રીજીમહારાજે મને પરચો પુર્યો તે સિવાય દરિયામાં શી રીતે જીવાય" એમ સમજીને મહારાજને સંભારતો થકો ઘેર આવતો હતો તે પહેલાં તો ખારવાઓએ ઘેર જઈને વાત કરી જે "જીવરામને તો દરિયામાં ચોરે મારી નાખેલ છે" ત્યારે ગામના બ્રાહ્મણો મળીને તેને ઘેર ગયા ને જીવરામની માને કહેવા લાગ્યા જે "જીવરામ ધામમાં ગયો માટે વહુને ચુડાકર્મ કરાવો" ત્યારે ડોશી બોલી જે "મારો જીવરામ મર્યો નથી ને તમે ઠાલા અમને દુઃખી કરોમાં" ત્યારે તે બ્રાહ્મણો તો પાછા ગયા પણ પછી ગામનાં સારાં પ્રતિષ્ઠિત માણસો આવીને કહેવા લાગ્યા જે "અરે ડોસી તમારું તો કઠણ હૈયું છે તેથી તમે માનતાં નથી પણ બ્રાહ્મણનો ધર્મ જાય છે માટે વેળાસર ચુડાકર્મ કરાવો તો સારુ" તે સાંભળીને ડોશીની આંખમાં જળજળિયા આવી ગયાં ત્યાં તો તત્કાળ શ્રીજીમહારાજે દર્શન દીધાં ને કહ્યું "ડોશી ! તમે જરા પણ દીલગીર થાઓમાં ને સહુ આગળ હીંમતથી બોલો કે મારો જીવરામ મૂઓ નથી ને કાલે બપોરે તે આંહી જરૂર આવશે માટે બે ફીકર રહેજો" એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા ને તે ડોશીએ સહુને હીંમતથી કહી દીધું કે "તમે તમારે ઘેર જાઓ ને મારે ચુડાકર્મ કરાવવું નથી કાલે બપોરે તો મારો જીવરામ આંહી જરુર આવવાનો છે" ત્યારે સહુ મોઢાં ઢીલા કરીને પાછા ગયા ને બીજે દિવસે બપોરે જીવરામ આવ્યો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૩૮૭)*

## શ્રીહરિએ ભેંસજાળમાં કાયાભાઈના બેનનો છેડાવ્રતની લાજ રાખીને શ્રીહરિએ હાથ સમો કર્યો

ગામ ભેંસજાળમાં રાણા કાયાભાઈની બેન સાંખ્યયોગી હતાં તેનો હાથ ભાંગી ગયો હતો ત્યારે તેના સંબંધીઓએ કહ્યું કે "ચુડામાં હાથ ચડાવનારો સારો છે માટે ત્યાં તેની પાસે જઈએ" ત્યારે બાઈએ કહ્યું "હું સાંખ્યયોગી છું માટે કોઈ પુરુષના હાથમાં મારો હાથ આપીશ નહિ" ત્યારે તેના સંબંધીઓ બોલ્યા જે "હાથના કટકા થઈ ગયા છે વળી પીડા પણ ઘણી છે માટે હાથ સમો કરાવ્યા વિના ચાલશે નહિ માટે સવારમાં ગાડીમાં બેસારીને લઈ જાશું" ત્યારે તે બાઈને બહુ વશમું લાગ્યું ને રાત્રિમાં મહારાજની સ્તુતિ કરવા લાગ્યા ને ઘણાં દિલગીર થઈ ગયાં ને બોલ્યાં જે 'હે મહારાજ ! હવે આજ આટલે દિવસે મારો ધર્મ જવાનો થયો" એમ કહીને સૂઈ ગયાં પછી શ્રીજીમહારાજ પ્રગટ પ્રમાણ પધાર્યા ને તે બાઈને જગાડીને કહ્યું જે "અમે તમારો હાથ સમો કરવા આવ્યા છીએ" એમ કહી તે બાઈનો હાથ લઈને પોતે સમો કર્યો

તેથી હાથ જેવો પ્રથમ હતો તેવો જ સાજો થઈ ગયો પછી મહારાજ અંતર્ધાન થઈ ગયા. પછી સવારમાં તે બાઈનાં સગાં ગાડી તૈયાર કરીને બોલાવવા ગયા ત્યારે તે બાઈએ પોતાનો હાથ દેખાડીને કહ્યું કે 'આજ રાતમાં શ્રીજીમહારાજ મારો હાથ સમો કરી ગયા છે'' ત્યારે તે હાથ ભાંગીને કટકા થઈ ગયેલ હતો પણ સાવ સાજો થઈ ગયેલો જોઈને સહુ આશ્ચર્ય પામ્યા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૮૫)*

## જીવુબાના શિયળ વ્રતની રક્ષા કરતા શ્રીહરિ

ગઢડાના એભલખાચરનાં મોટી દીકરી જીવુબાઈના વીવા ગામ કુંડળમાં રાઈબાઈના દીકરા હાથિયા પટગીર વેરે કર્યો હતો. ત્યાં જીવુબા ગયાં ને રાત્રે વાળું કરીને ઢોલિયા ઉપર બેઠાં હતાં તે સમે હાથિયો પટગર સૂવા આવ્યો તેને જીવુબા નાગણી રૂપે દેખાણા ત્યારે તે બહાર આવતો રહ્યો ને સવાર થયું ત્યારે જીવુબાઈ પોતાની સાસુ રાઈબાઈને કહ્યું જે 'મારે ભગવાન ભજવા છે પણ ગૃહસ્થાશ્રમ ભોગવવો નથી'' ત્યારે તેણે પોતાના દીકરા હાથિયાને કહ્યું જે ''આ જીવુબાઈ મર ભગવાન ભજે હું તમને બીજી પરણાવીશ માટે આને લખી આપીયે તો ઠીક. કારણ કે અમથાં મોકલશું તો એના બાપુ એભલખાચર એને મારવા દોડશે.'' ત્યારે હાથિયો પટગર બોલ્યા જે ''હે મા ! હું રાત્રે તેના ઓરડામાં ગયો તેને ઢોલિયા ઉપર નાગણી રૂપે ફૂંફાડા મારતી જોઈ ત્યારથી મેં તો સંકલ્પ કર્યો છે કે મારે ન જોઈએ કારણ કે એ તો કોઈક કારણિક અવતાર છે માટે તેને સુખેથી લખી આપો'' ત્યારે વાણિયાને તેડાવીને લખી આપ્યું ને તે કાગળ જીવુબાઈને આપીને તેને વેલમાં બેસાડીને ગઢડે મોકલ્યાં તે વેલ ગઢડે દરબારમાં આવી તે વારે એભલખાચરે જીવુબાને વેલમાંથી ઉતરતાં દીઠાં ત્યારે તેણે જાણ્યું જે ''આ બાઈ રીસાઈને આવ્યાં હશે'' તેથી પોતે તેને મારવા ઉઠ્યા ત્યારે જીવુબાઈ બોલ્યાં જે ''હું કાંઈ રીસાઈને આવી નથી. આ કાગળ લખાવીને આવી છું'' એમ કહીને કાગળ દીધો તે વાંચીને એભલ ખાચર રાજી થયા ને કાંઈ ન કહ્યું. તે જીવુબાઈ જ્યારે મહારાજ વનમાં આવતા હતા ત્યારે પણ દેખતાં ને મહારાજ બીજે ગામ જઈને જે જે લીલા કરતા તેને પણ દેખતાં તે બાઈએ શ્રીજીમહારાજની નિષ્કામભાવે કરીને બહુ સેવા કરીને મહારાજને રાજી કર્યા હતા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૯૪)*

## લાડુબાના શિયળ વ્રતની રક્ષા કરતા શ્રીહરિ

એભલખાચરનાં દીકરી લાડુબાઈ તે જીવુબાઈથી નાનાં હતાં પણ તે નાનપણમાંથી જ નાવું ધોવું ને લાલજીની પૂજા કરતાં ને ભગવાન ભજવા છે પણ પરણવું નથી એમ મનમાં નક્કી કરી રાખેલું હતું. એક વખત તેના પિતા એભલ ખાચરે લાડુબાઈને સગાઈ કરવાનું પૂછ્યું ત્યારે

તેણે ના કહી જે 'મને પરણાવશો તો હું પણ જીવુબાઈની પેઠે પાછી આવીશ'' તોપણ પરાણે બોટાદના માત્રા ધાધલ વેરે પરણાવ્યાં પછી રાત્રે માત્રો ધાધલ તેના ઓરડામાં ગયા ત્યાં તો ઢોલિયા ઉપર નાગણી રૂપે આંટાં મારતાં તેને જોઈને તે તત્કાલ બહાર નિસરી આવ્યા ને સવારે વાત કરે જે ''આની વેલ ગઢડે પાછી મોકલી દીયો'' પછી કાગળ લખી આપીને લાડુબાને ગઢડે મોકલ્યાં તે કાગળ લઈને ગઢડે આવ્યાં ત્યારે એભલ ખાચર બોલ્યા જે ''પાછી કેમ આવી ?'' ત્યારે તેણે કાગળ આપ્યો ને કહ્યું ''અમારે તો જગતના પુરુષ માત્ર ભાઈ બાપ જેવા છે ને અમારા અનાદિકાળના ધણી તો વનમાં ફરતા ફરતા ચાલ્યા આવે છે'' તે સાંભળીને એભલ ખાચર આશ્ચર્ય પામ્યા ને કાંઈ ન બોલ્યા. તે લાડુબા તે પછી હમેશાં અર્ધોશેર અનાજ જોખીને જમતાં ને બધી એકાદશી નિર્જલા કરતાં ને તે સિવાય વ્રત ઉપવાસ પણ ઘણાં કરતાં ને ભગવાનનું ધ્યાન ભજન બહુ કરતા. તેવામાં એક વખત તેને મહારાજે પોતાના સ્વરુપનું દર્શન આપ્યું ને કહ્યું ''અમે તીર્થમાં ફરતાં ફરતાં લોએજ આવશું ને પછી તમારે ત્યાં આવીને અખંડ રહેશું'' એટલું કહી અંતર્ધાન થઈ ગયા. પછી એ બાઈને મહારાજની મૂર્તિ અખંડ દેખાતી ને તે બાઈ બહુ સેવા કરવામાં શ્રદ્ધા વાળાં હતાં તેણે ઘણા ઉત્સવ સમૈયા કરાવીને મહારાજને રાજી કર્યા હતા. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૯૫)*

## મોટા રામબાઈની રક્ષા શ્રીહરિએ કરી

જેતપુરમાં મોટાં રામબાઈ રહેતાં તેનું નામ કડવીબાઈ હતું. ને તે જીવા જોષીની દીકરી હતાં. તેને તેજ (જેતપુર) ગામમાં પરણાવ્યાં હતા તે બાઈ પોતાના સાસરાને ઘેર ગયાં ત્યાં પણ મહારાજનું અખંડ ભજન કરતાં ને કીર્તન પણ અખંડ ગાયા કરતાં તે તેના ધણીને ગમતું નહિ એક દિવસ તે બાઈએ બહુ ભજન કર્યું તેથી રીસ કરીને તેનો ધણી બોલ્યો જે ''જા આજથી તું મારે મા બેન જેવી છો'' ત્યારે તે સાંભળીને કડવીબાઈએ કહ્યું ''તું પણ આજથી મારે ભાઈ બાપ જેવો છો'' એમ કહી બલોયાં પથ્થરમાં પછાડીને ફોડી નાંખ્યા ને વાળંદને બોલાવીને માથાનાં વાળ પણ ઉતરાવી નાખ્યા ને પોતાનું ધણીનું સ્નાન કરી નાખ્યું તે ખબર તેનાં સગાંને પડી તેથી તે બધા ભેગા થઈને કડવીબાઈને મારવા આવ્યા ત્યારે તે વાત ત્યાંના હરિભક્ત ઉન્નડ નામે રાજા હતા તેને કોઈકે કહ્યું જે ''તમારી હરિભક્ત કડવીબાઈને મારવા સારૂ બ્રાહ્મણો ગયા છે'' ત્યારે તે રાજા ઉઘાડી તરવાર લઈને કડવીબાઈ પાસે આવીને ઉભા રહ્યા ત્યારે તેને જોઈને બ્રાહ્મણો ડરીને ભાગી ગયા. પછી રાત્રિયે શ્રીજીમહારાજે તે બાઈને દર્શન દઈને કહ્યું જે ''કાંઈ ફીકર કરશોમાં કાલ ઉપરવાસ ઘણો વરસાદ થવાથી ભાદર નદીમાં પાણીનું પૂર આવશે ને તમે બપોર પછી ત્યાં નદીએ આવીને અમારી મૂર્તિ સંભારશો એટલે તમને અમારી મૂર્તિ દેખાશે

તેની પાછળ પાણીમાં પડીને સામે કાંઠે નિકળી આવશો'' એટલું કહીને મહારાજ અંતર્ધાન થઈ ગાય ને કડવીબાઈ બહુ રાજી તયાં પછી વળતે દિવસે બપોરે તેણે પોતાની સાસુને કહ્યું જે ''હું પાણી ભરી આવું'' એમ કહી ઠીકરાના ઘડા લઈને કૂવે ગયાં ને ત્યાં ઘડા મેલીને નદીએ ગયાં તે વખતે ત્યાં ગામના ઘણાં માણસો પૂર જોવા આવેલાં હતાં પછી કડવીબાઈએ મહારાજને સંભાર્યા કે તુરત તેને મહારાજની મૂર્તિ દેખાણી પછી તેની પાછળ તે પૂરમાં પડ્યાં ત્યારે ઘણાં માણસોએ તણાતાં દીઠાં તે વખતે તેનાં સગાં હતાં તેણે તો પાપ ગયું એમ જાણ્યું. પછી મહારાજની મૂર્તિને વળગીને તે બાઈ સામે કાંઠે ગયાં ને ત્યાંથી આંખ વીંચે એટલામાં તો ગઢડે પહોંચી ગયાં. એમ મહારાજે તેને પરચો આપ્યો પછી મહારાજે તેનું નામ રામબાઈ એવું નામ પાડ્યું ને તે જીવુબાઈ ભેગાં રહ્યાં ને તેણે કથા વાર્તા કરીને હજારો બાઈઓને સત્સંગ કરાવ્યો ને મહારાજનું ભજન સ્મરણ જીવ્યાં ત્યાં સુધી અખંડ કર્યું. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૪૯૬)*

## રૂપાભાઈની શ્રીહરિએ રક્ષા કરી

ભાવનગરમાં ક્ષત્રિય રૂપોભાઈ સારા સત્સંગી હતા તેમને દરબારની નોકરી હતી. એક વખત તેના ઉપર અવિદ્યા વાળાએ દરબારને ભરાવ્યું કે ''રૂપોભાઈ શિકાર કરતા નથી માટે તેને શિકાર કરવા તમે ભેગા લીયો'' ત્યારે દરબાર વજેસિંહજીએ તેને કહ્યું જે ''આજ તમે અમારી ભેગા શિકાર કરવા આવો'' ત્યારે રૂપાભાઈએ હા કહીને વગડામાં દરબાર ભેગા ગયા ને એક સુવર ભાળ્યો તેને વાંસે બધા થયા ત્યારે તે સુવર મોટી જાડીમાં ઘરી ગયો પછી દરબારે કહ્યું ''હવે ચારેકોર ઘોડાં ઉભાં રાખો ને જેની પાસેથી સુવર નિકળે તેણે તેને મારવો'' એમ કહીને બંદૂકોના અવાજ કરાવ્યા તે વખતે સુવર ઘાંઘો થઈને રૂપાભાઈ પાસેથી નીકળ્યો ત્યારે રૂપાભાઈએ બંદુકનો ઘા ઉંચો કરી નાખ્યો તેથી સુંવરને ન લાગ્યો ત્યારે બીજાઓએ દરબારને એમ ભરાવ્યું જે ''રૂપાભાઈએ સુવર ઉપર બંદુકનો ઘા ન કર્યો ને અમથો ઉચો કરી નાખ્યો'' ને તે દરબારે પણ દીઠેલ તેથી રૂપાભાઈને નોકરીમાંથી રજા દીધી તેથી તે ઘેર બેઠા ને છ મહિના સુધી મહારાજનું ભજન કર્યું પછી દરબારની રાણીઓએ ગંગાજી જાત્રા કરવા જાવાનો વિચાર કર્યો ને દરબારને કહ્યું જે ''અમારે જાત્રા કરવા જાવું છે માટે અમને સારો માણસ આપો'' ત્યારે દરબાર તે માટે વિચાર કરતા હતા તેવામાં તેનો ખાનગી દીવાન જુનાગઢનો નાગર હતો તેણે કહ્યું જે ''હે બાપુ તેવો માણસ તો એક રૂપાભાઈ છે પણ તેને તો તમે પગાર બંધ કરીને રજા આપી છે'' ત્યારે દરબારે રૂપાભાઈને તેડાવીને તેનો છ મહિનાનો પગાર ચડ્યો હતો તે અપાવ્યો ને કહ્યું ''રાણીને જાત્રા કરવા જાવું છે તો તમે ભેગા જાઓ'' ત્યારે રૂપોભાઈ કહે હું ભેગો જાઉં પણ મને પૈસાનો હીસાબ લખતાં આવડતો નથી માટે કોઈ લખનાર સાથે આપો'' ત્યારે દરબારે

એક ગુમાસ્તો આપ્યો ને રૂપાભાઈને ખર્ચના પૈસા આપ્યા ને સાઠ માણસ જાત્રાએ ચાલ્યાં ને જે ખર્ચ થાય તે રૂપોભાઈ ગુમાસ્તા પાસે લખાવે એમ કરતા ગંગાજી ગયાં ને ત્યાં શ્રાધ્ધ સરાવ્યું પછી રાત્રે રાણીયે રૂપાભાઈને એકાંતમાં બોલાવ્યા ત્યારે તેણે કહેવરાવ્યું જે "આ ટાણે શું કામ છે સવારે આવીશ" તે સાંભળીને રાણીને ઠીક ન લાગ્યું પછી જાત્રા કરીને વરસ દહાડે ઘેર આવ્યા ને રૂપાભાઈએ બધું નામું ઠામું કરી વધારાના પૈસા આપી દીધા તેથી દરબાર ખુશી થયા ને ઈનામ આપ્યું તથા પગાર વધારી આપ્યો પછી રાણીએ દરબારને અવળા સવળું ભરાવીને રૂપાભાઈને પગારમાંથી અળસાવ્યા તેથી તે ઘેર રહીને શ્રીજીનું ભજન કરવા લાગ્યા તે પછી એક વરસ થયું ત્યાં ભૂજ દાગીના ઘડાવવા માણસ મોકલવાં હતાં તેથી દરબારે પોતાના ખાનગી દીવાનને પૂછ્યું જે "આ જોખમી કામ છે તે ઘડાવવા કોણ જાશે ? કારણ કે આ કામમાં કોઈ સાચું માણસ જોઈએ" ત્યારે તે દીવાન જુનાગઢનો નાગર હતો તેણે કહ્યું જે 'એવો તો એક સ્વામિનારાયણનો સત્સંગી રૂપો છે પણ તેને તો તમે નોકરીમાંથી બાદ કર્યો છે" ત્યારે દરબારે માણસ મોકલીને તેને બોલાવ્યા તેથી તે તુરત દરબાર પાસે આવ્યા ત્યારે દરબારે કહ્યું જે "તમારો વરસ દીવસનો પગાર ચડ્યો છે તે લઈ જાઓ ને આપણે ભૂજ દાગીના ઘડાવવા જાવું છે તો તમે તથા એક ગુમાસ્તો ને એક સોની જાઓ ને જામનગરથી મોતી લઈને ભૂજ દાગીના ઘડાવી લાવો" ત્યારે રૂપાભાઈએ કહ્યું "બહુ સારું જાઈશ" એમ કહી બીજે દિવસે તૈયાર થઈને ચાલ્યા ને જામનગર જઈને મોતી લેવા માંડ્યા ત્યારે ગુમાસ્તો બોલ્યો જે "રૂપાભાઈ હવે આપણે ખરો લાગ આવ્યો છે ને તમને તો દરબાર વારે વારે કાઢી મૂકે છે માટે હવે આપણે સહુ મળીને આમાંથી કાંઈક કાઢી લઈએ" ત્યારે રૂપોભાઈ કહે "અમારાથી કાંઈ થાય નહિ ને હું સાથે છું ત્યાં સુધી તમારાથી પણ કાંઈ લેવાશે નહિ આપણને ભગવાન પગાર દીયે છે તેટલો ઘણો છે" એમ સહુને સમજાવીને મોતીનો સામાન લઈ ભૂજ ગયા ને ત્યાં છ મહિના સુધી રહી દાગીના ઘડાવ્યા પછી ભાવનગર ગયા ને દાગીના દરબારને આપ્યા તે જોઈને દરબાર બહુ રાજી થયા ને રૂપાભાઈને ઈનામ આપીને પગાર વધારી આપ્યો તે જોઈને દુષ્ટોને દાઝ થઈ કે "અરે આનું શું કરવું ? દરબાર તો આને ઈનામ આપે છે ને પગાર પણ વધારી દે છે" પછી એક વખત દરબારને ત્યાં વિવાહ હતાં ને બધા મેમાનો આવ્યા હતા ને કચેરીમાં દરબાર સહુને દારૂ પાતા હતા ત્યારે દુષ્ટ લોકોએ દરબારને કહ્યું જે 'આ રૂપાભાઈને આપો" ત્યારે દરબાર પોતે પ્યાલો ભરીને રૂપાભાઈને પાવા ઉઠ્યા ત્યારે રૂપોભાઈ કહે "બાપુ હું તો સ્વામિનારાયણનો હરિભક્ત છું તે મારે તો એ વસ્તુ હરામ બરોબર છે" ત્યારે દુષ્ટ લોકો બોલ્યા "અરે દરબારનો હાથ ઠેલાય નહિ" તો પણ રૂપાભાઈએ ન લીધો તેથી દરબારને ઘણી રીસ ચડી તેથી રૂપાભાઈને

નોકરીમાંથી રજા દીધી ત્યારે તે ઘેર બેઠા તે વખતે તેની સ્ત્રીએ કહ્યું "તમને વારે વારે કેમ નોકરીમાંથી અળસાવે છે ?" ત્યારે રૂપોભાઈ કહે "ભગવાનની મરજી" તે પછી થોડા મહિના ગયા ત્યાં દરબારે એક મોટો વાડ વવરાવ્યો હતો તેમાં દૈવ ઈચ્છાથી એક મોટો વાઘ આવીને રહ્યો ને કેટલાંક ઢોર તથા માણસને પણ ખાઈ ગયો પછી એક દિવસ બધા ખેડૂઓ કોસ છોડી નાખીને દરબાર પાસે ગયા ને વાત કરી જે "વાડમાં સાવજ આવ્યો છે તે બહુ નુકશાન કરે છે જે પાણી વાળવા જાય તેને ખાઈ જાય છે" ત્યારે દરબારે કહ્યું પચાસ સાઠ માણસને લઈ જાઓ ને તેને કાઢી મૂકો" ત્યારે એક મોટો જમાદાર હતો તે પોતાના પચાસ સીપાઈ લઈને ગયો ને વાડને ચારે બાજુ ઉભા રહી બંદુકોના ભડાકા કરાવ્યા તેથી સાવજ અકળાઈને બહાર આવ્યો ને બે ચાર સ્વારને ચૂંથી નાખ્યા ને પાછો તે વાડમાં ગરી ગયો પછી જમાદારે આવીને દરબારને કહ્યું જે "બાપુ એ વાઘ બહુ જોરાવર છે તેણે બે ચાર સ્વારને મારી નાખ્યા તે સાંભળી દરબાર વિચાર કરવા લાગ્યા ત્યારે તે લાગ જોઈને દુષ્ટલોકોએ દરબારને કહ્યું "બાપુ એ સાવીજને મારે એવા તો એક રૂપોભાઈ છે" ત્યારે દરબારે રૂપાભાઈને તેડાવીને કહ્યું "આ તમારો છ મહિનાનો પગાર ચડ્યો છે તે લઈ જાઓ ને કાલથી તમારો પગાર ચડતો છે" એમ કહીને પાછા સાંજે બોલાવીને કહ્યું જે આપણા વાડમાં સાવીજ આવ્યો છે તેને તમે જઈને કાઢી મૂકો ને જેટલાં માણસ સાથે જોઈએ તેટલાં લઈ જજો ત્યારે રૂપોભાઈ હા પાડીને ઘેર આવ્યા ને આખી રાત્રિ શ્રીજીમહારાજનું ભજન કર્યું ત્યારે સવારે ચાર વાગે મહારાજે પ્રગટ દર્શન દઈને કહ્યું જે "કેમ ઉદાસ થઈને બેઠા છો સાવીજનો શિકાર કરવો તેતો તમારું ગરાસિયાનું કામ છે માટે ખુશીથી જાજો ને સાવજને મારજો અમે તમારી કોર સહાયતામાં છીએ પણ દરબારની તરવાર લઈને જાજો" એમ કહી શ્રીજી અંતર્ધાન થઈ ગયા પછી રૂપોભાઈ નાઈ ધોઈ પૂજા પાઠ કરીને દરબારમાં ગયા ત્યારે દરબાર દાતણ કરતા હતા તે રૂપાભાઈને જોઈને બોલ્યા જે "કેમ તૈયાર થઈને આવ્યા છો કે હવે તમારે જેટલા માણસ તથા હથિયાર જોઈએ તે લઈ જાઓ" ત્યારે રૂપાભાઈએ કહ્યું "તમારી તરવાર આપો" ત્યારે તેણે આપી તે તથા પચીસ ત્રીસ સ્વાર લઈને રૂપોભાઈ વાડે ગાય ને ત્યાં ચારે કોર ફરતા સ્વાર ઉભા રાખ્યા ને પોતે પગપાળા વાડની ઝાંપલી હતી ત્યાં ઉભા રહ્યા પછી બંદૂકોના અવાજ કર્યા ત્યારે સાવીજ એકદમ ઉતાવલો થઈને ઝાંપલીની બહાર નીકળવા આવ્યો ત્યાં રૂપાભાઈ ઉભા હતા તેને જોઈ મોં ફાડી હોહો કરતો દોડ્યો ત્યારે રૂપાભાઈએ મહારાજને સંભારીને સાવીજના મોઢામાં લુગડાંનો ડૂચો દઈ એક તરવાર વડે સાવીજનું માથું ઉડાવી દીધું પછી તરવાલ લુહી મીયાન કરીને પોતે નદીયે જઈ નાહી ધોઈ લુગડાં ધોયેલાં પહેરીને ગામમાં દરબાર પાસે ગયા ત્યારે પહેલાંથી બીજા સ્વારો સાવીજનાં કાન તથા પૂંછડી

લઈ દરબાર પાસેથી મોજ લેવા આવ્યા હતા તેને દરબારે કહ્યું જે "રૂપોભાઈ આવે પછી મોજ આપીએ" ત્યાં તો તે આવ્યા તેને દરબારે પુછ્યું જે "સાવીજને કોણે માર્યો ?" ત્યારે રૂપોભાઈ કહે "એ તો એને મોતે મુઓ હશે" ત્યાં એક સિપાઈ ગરાસિયો હતો તે બોલ્યો જે "બાપુ એ સાવીજ તો આ રૂપાભાઈએ જ માર્યો છે તે મેં મારી નજરે જોયેલ છે" તે વખતે દરબારે રૂપાભાઈને સીરપાવ આપ્યો ને પગાર પણ વધારી આપ્યો ને લેખ કરી આપ્યો જે "હું તમને રજા દઉ તો પણ હવે તમારે ન જાવું" એવી રીતે દરબાર રાજી થયા, એમ જે ખરા ભક્ત હોય તેનું ભગવાન સર્વ પ્રકારે રક્ષણ કરે છે. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૫૨૩)*

## આંબાભાઈના દીકરાના લગ્ન પ્રસંગે શ્રીહરિએ લાજ રાખી

ગામ આંબાના દેવશી લુવારને શ્રીજીમહારાજનાં હંમેશાં દર્શન થાતા સંવત ૧૯૧૬ની સાલમાં ત્યાંના સહુ હરિભક્તોએ મળીને મંદિર કરવાનો મનસુબો કર્યો ને ચણવાનો આરંભ કરી મંદિર થોડા દિવસમાં પુરુ કર્યું પછી મંદિર માળવાનું હતું તેથી દેવશી ભક્તે ગામના હરિજનોને કહ્યું "હવે આ મંદિર માટે માલણ જોશે તેનું કેમ કરશું ?" ત્યારે તેઓ કહે 'અમારે તો હાલમાં ત્રેવડ નથી " પછી દેવીભક્તે પોતાના ઘરમાં જેટલું ઘરેણું હતું તે વેચીને સાતસો રૂપિયા કર્યા ને તેનું માલણ ભાવનગરથી લાવીને મંદિરમાં માળીને પુરૂ કર્યું ને સાધુને તેડાવી મૂર્તિ પધરાવીને જમાડ્યા તથા ધોતિયાં ઓઢાડ્યાં તે વખતે દેવશીભક્તના ઘરમાં ઘરેણાં નામે વાળી પણ નહોતી ને રૂપિયા નામે એક દોકડો પણ ન રહ્યો એવા નિર્ધન થઈ ગયા હતા ને ગામમાં લેવા જાય તો પળી તેલ પણ કોઈ આપે નહિ એવા ટાણામાં તેના દીકરાનાં લગ્ન આવ્યાં તે વધાવ્યાં પણ રૂપિયા પાંચસો હોય ત્યારે દીકરો પરણીને ઘેર આવે તે વખતે ગામનાં માણસો તથા નાતીલા ઠેકડી કરવા માંડ્યા જે "હમણાં તેના દીકરાની વહુને લખી દેશે રૂપિયા ક્યાંથી કાઢશે ?" તેવા સમામા રાત્રિએ શ્રીજીમહારાજે દર્શન દીધાં ને કહ્યું જે "તમે કાંઈ ફીકર રાખશો નહિ રૂપિયા લઈને તે વખતે અમે આવશું તમે સહુને સાથે ગોળપાપડીને ગાંઠીયા જમતા આવો તમે અમારે અર્થે બહુ કર્યું છે." એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા પછી જાનને તૈયાર કરીને ચાલ્યા તે ગામ અમરેલી જાન ગઈ ને સામૈયું થયું ને જાનને ઉતારો દીધો પછી સાંજે સહુને જમાડ્યા ત્યાર પછી વર તોરણ માંડવે આવ્યો ત્યારે વેવાઈ કહે "માંડવો પહેલાં ચુકવો" એમ વાત કરે છે ત્યાં શ્રીજીમહારાજ વાણિયાનું રૂપ ધરીને જગન્નાથીનાં લુગડાં ખડખડતાં પહેરેલાં છે એવા થકા રૂપિયાની ફાંટ ભરીને આવ્યા ને રૂપિયા પારખવા સારૂ ગામનો સોની આવ્યો તે કહે 'આવા રૂપિયા તો મેં ક્યાંય ભાળ્યા નથી" ત્યારે દેવશીભક્ત કહે "એ રૂપિયા તો અમારે જૂનાગઢના પુરુષોત્તમ શેઠની પેઢીના છે" તે વખતે મહારાજે ભક્તને કહ્યું "તમારે રૂપિયા જોઈએ

તેટલા લઈ લેજો પછી નહિ મળે'' ત્યારે ભક્ત રૂપિયાં પાંચસો લીધાં તે પછી મહારાજ અંતર્ધાન થઈ ગયા ત્યારે ત્યાંના લોકો શેઠને ગોતવા માંડ્યા પણ ક્યાંય હાથ આવ્યા નહિ ત્યારે સહુ આશ્ચર્ય પામ્યા એમ મહારાજે કૃપા કરીને દેવશીભક્તને પરચો પૂર્યો. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩, વાર્તા-૫૨૪)*

## વડનગરના ઉજમ વિપ્રના રૂપિયાની રક્ષા શ્રીહરિએ કરી

વડનગરમાં શ્રીહરિનો આશ્રિત ઉજમ નામનો એક વિપ્ર હતો તે ડભાણ યજ્ઞમાં મહારાજનાં દર્શન કરવા ગયો. મહારાજે તેને પૂછ્યું, કે 'તારી પાસે રૂપિયા કેટલા છે ?' તે વિપ્રે કહ્યું કે, 'પાંચસો રૂપિયા છે તે વાણિયાને ઘેર મૂક્યા છે.' મહારાજે પૂછ્યું કે, 'અમને એ રૂપિયા આપશો ?' ત્યારે ઉજમ વિપ્રે કહ્યું કે, આપીશ. એટલે મહારાજ બોલ્યા કે હમણાં જા અને તે વાણિયા પાસેથી રૂપિયા લઈને પછી ઘેર જજે. એટલે તે વિપ્ર વડનગર ગયો. પછી વાણિયા પાસેથી તે રૂપિયા લઈને મહારાજ પાસે ડભાણ આવ્યો ને મહારાજને કહ્યું, મહારાજ ! લો આ રૂપિયા. મહારાજે કહ્યું, અમારે રૂપિયા જોઈતા નથી. એ તો વાણિયો દશ દિવસમાં દેવાળું કાઢવાનો હતો એટલે તારા રૂપિયા જશે એમ જાણીને તને કહ્યું હતું. માટે તું તારા રૂપિયા પાછા લઈ જા આ પ્રમાણે શ્રીજીમહારાજે પોતાના ભક્તના રૂપિયાની રક્ષા કરી. *(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ - વાર્તા-૩૨૪)*

## રૂકમાઈબાઈના વહારે શ્રીહરિ આવ્યા

ધરમના કેડા તો આકરા છે. ધરમના નામે ધુતારા-ધતીંગ કરી મલક આખાને છેતરે ને ધરમમાં આસ્થા-વિશ્વાસ-શ્રધ્ધાનો દેખાડો કરી, ગાડરિયું ટોળું ભેળું કરીને એ સૌ આખ્યું બંધ કરી હાજી હાજી કરે. એવા ધુતારાને વશ થાય છે. એની આ વાત છે. પીઠવડી ગામના રૂડાભાઈ સાવલિયાના બહેન રૂકમાઈબાઈના લગ્ન હળિયાદના કલ્યાણભાઈ રફાળિયા સાથે થયેલ. ઈ રૂકમાઈબાઈને તો નાનપણથી જ ગળથૂથીમાં સત્સંગ પાયેલ એટલે બ્રહ્માજી જેમ ચારેય મુખે, અધમ ઉદ્ધારક ભગવાનનું નામ રટે એમ કામકાજ કરતાં કરતાંય રૂકમાઈબાઈ એના ચિત્તે અખંડ શ્રી સ્વામિનારાયણના ચારે પહોર જાપ જપે. ગામ આખુંય એની ભક્તિ જોઈને મોમાં આંગળા નાખી કહેતું, ''બાઈ તો પૂરવની કોઈ અધૂરી ભક્તિ પૂરી કરવા જ જનમ ધરી આ ભોમકા પર અવતરી છે.

હળિયાદે સાસરીએ આવતા જ તેણે જાણ્યું કે સાસરિયામાં ધર્મ-નિમય નથી, એટલે સદાચાર કે સંસ્કાર પણ નથી. છતાંય જેવી શ્રીહરિની ઈચ્છા, પૂરવના કરમની લેણદેણ ચૂકવ્યા વિના કાંઈ છુટકો છે ? એમ મન મનાવી રૂકમાઈબાઈ તો સાસરીમાં લાકડાની ફાડ્ય જેમ

ગોઠવાઈ ગયા, પણ લાકડાની ફાડ્યને તો છડી ખીલી લાગે ને ફાટી પડે એમ સાસુએ તો આવતા જ કહ્યું,

"વહુ ! આ પાદરના આશ્રમે બાવાજી છે તે અમારા ગુરુ છે. તેને તમે જઈ, પગે લાગી, ગુરુ ધારણ કરજો અને તમારી સ્વામિનારાયણની કંઠી કાઢી નાખજો, હવે તમે અમારામાં ભળ્યા છો એટલે અમારા રીતરિવાજ અને કહેણ પ્રમાણે વરતવાનું છે." પણ જેની રગેરગમાં અજપા જાપ જપાતા હોય, એને બીજા પર મન કેમ ચોંટે ? રૂકમાઈબાઈએ તો હૈયું ખોલી સાસુજીને કહ્યું,

"બા ! અમે તો સ્વામિનારાયણના સત્સંગી છીએ. આ સત્સંગ રાખવા માટે તો મારા પિતાએ ગામોનોય ત્યાગ કરી દીધેલો છે, અમે એના પુત્રી છીએ. અમે અમારા સત્સંગનો ત્યાગ નહિ કરીએ, તેમજ અમારા પતિ સિવાય બીજા પુરુષના ચરણે મારું માથું નમશે નહિ. એ બાવાની કંઠી અમે ધારણ નહિ કરીએ અને આમ સમજો તો ધરમ સૌનો એક જ છે. તેની સમજણમાં ભેદ છે. એ આચાર-વિચારથી નોખા પડે છે અને તમને ક્યાંય અમારો ધર્મ નડતરરૂપ નહિ થાય."

"બસ કર વહુ ! તારી ગનાનની વાતું અત્યારથી કરી અમને ભરમાવીશ નહિ." ગુસ્સે થતા સાસુએ પોતાનું પોત પ્રકાશ્યું, ત્યારથી રૂકમાઈબાઈને માથે દુઃખના ઝાડ ઊગવા માંડ્યા.

તેમજ બાવાજીએ પણ તેના વિરુદ્ધ વાતો કરવા માંડી. ઘરમાં ભોજનમાં ડુંગળી-લસણનો ઉપયોગ થવા માંડ્યો. પીવાનું પાણીય ગાળ્યા વિના ગોળે ભરાતું થયું. પરિવારના બધા સભ્યોએ ઉશ્કેરણી માંડી. રૂકમાઈને તો ડગલેને પગલે દુઃખની ઠેસ વાગતી રહી. આવા બધાય દુઃખ સહન કરતાય રૂકમાઈબાઈ પોતાનું ઘરકામ વ્યવસ્થિત કરતા, સ્નાન-પૂજા-નિત્યનિયમ સમયસર કરતા રહેતા. રાત્રિના એકાંતે આ દુઃખથી પીડાઈને શ્રીહરિને પ્રાર્થના કરતા રહે.

એક દિવસ સાસુએ બાવાના કહેવાથી રૂકમાઈબાઈ પર આકરાં વેણ કાઢતાં એના પતિને કહ્યું,

"કલ્યાણ ! આ તારી બાયડી તારા કે મારા કહ્યા બહાર છે. એ ભગતડી તેનું મનમાન્યું કરે છે, આપણા ધરમ પ્રમાણે રહેતી નથી. એક વખત એવો આવશે કે તનેય સૂતો મેલીને હાલી જાશે, તું કાંક કે ને કર્ય."

એ પછી રૂકમાઈબાઈને તેનો પતિ અવારનવાર મારતો, દિ' આખામાં લુખો રોટલો ખાઈને ઘરકામ કરતા રહે, અને શ્રીહરિનું સ્મરણ કરતાં અંતરથી પોકાર પાડતા કહે, "હે શ્રીજીમહારાજ ! આ યમપુરીના દુઃખથી છોડાવો, મને તમારા ધામમાં લઈ જાઓ....!" આમ અતિશય આક્રંદથી

પ્રાર્થના કરતા. શ્રીહરિએ એક રાત્રિએ તેને દિવ્ય સ્વરૂપે પ્રગટ થઈ કહ્યું.

"રૂકમાઈ ! તમને બહુ પીડા પડે છે ને ? ઘણું સહન કર્યું. હવે ધીરજ રહી નથી ને? બોલો તમારી શી ઈચ્છા છે ? આ પૃથ્વી પર રહી ભજન કરવું છે કે અમારા ધામમાં આવવું છે ?"

રૂકમાઈબાઈએ કહ્યું, "હે મહારાજ ! અહીં તો યમપુરી જેવું દુઃખ છે. અને તમારી સાથે ગઢડા લઈ જાઓ તો સુખે ભજન કરું."

"ભલે જેવી તમારી ઈચ્છા ! તમે આંખો બંધ કરો, ચિત્તમાં અમારું સ્મરણ કરો એટલે તમારી ઈચ્છા પૂર્ણ થશે."

રૂકમાઈબાઈને તો એટલું જ જોઈતું હતું એ મળી ગયું. તુરંત આંખો બંધ કરી, ચિત્તને શ્રીહરિના સ્મરણમાં બુડાડી દીધું. તરત એનું શરીર હળવું ફૂલ થઈ આકાશમાં ઊડ્યું અને પળવારમાં ગઢપુરે દાદાના દરબારે ઊતર્યું.

શ્રીહરિએ કહ્યું, "રૂકમાઈબાઈ ! આંખો ખોલો, અને જુવો તો ખરા ? તમને શું દેખાય છે ?"

રૂકમાઈબાઈએ આંખો ખોલી જોયું તો સામે શ્રીહરિ ઊભા છે. દાદાનો દરબાર અને વાસુદેવનારાયણના ઓરડા છે. એ જોતા જ હૈયે આનંદ ઉભરાઈ આવ્યો. શ્રીહરિએ ધીરેથી કહ્યું, "હવે તમે અહીં રહી સુખેથી ભજન કરો !"

અને જીવુબાને બોલાવી ભલામણ કરી કહ્યું,

"આમની ભોજન વગેરેની વ્યવસ્થા તમારે કરવાની છે."

સવાર પડતા જ રૂકમાઈબાઈના સાસુએ વહુને ન જોતા હળિયાદમાં મોંકાણ માંડી છાતી કૂટતા બોલવા લાગી,

"હાય.... હાય રે વાલ મૂઈ, ઘરમાંથી ભાગી ગઈ. ભગતડી કોઈને લઈ ભાગી નીકળી. પાદરના બાપુએ કહ્યું હતું એની વાત સાચી થઈ. ગામમાં અમને મોઢું દેખાડવા જેવું ન રહ્યું. ગામ આખામાં અમને વગોવ્યા." આમ બરાડા પાડતી જોઈ ગામલોક પણ ભેળા થઈ ગયા. એ વખતે કલ્યાણને જોઈ ભુરાઈ થતી કહેવા લાગી.

"લે.... ! બાયલા ! તને કે'દુની કે'તીતી, તું એને વસમાં રાખ. પણ તારામાં ક્યાં પાણી હતું ? તે તને સૂતો મેલીને હાલી ગઈ. તું અટાણે જ જા એના પિયરે અને ચોટલો ઝાલી ખેંચીની ઢસડી લઈ આવ."

કલ્યાણ પણ માના વેણ સાંભળી લોકવચાળે ક્રોધથી સળગી ઊઠ્યો. પરોણો હાથમાં થઈ

સાથે બે કુટુંબીઓના જુવાનયા લઈ પીઠવડી આવ્યો. રૂડા પટેલને ઘેર આવતા જ ક્રોધ વરસાવતો બોલવા લાગ્યો.

“તમારી બેન રાત માથે લઈ ભાગીને અહીં આવી હોય તો તમે અટાણે જ અમને સોંપી દ્યો. અમારી મોર્ય કરો, નહિ તો જોયા જેવી થશે.”

“હં... હં... કલા પટેલ ! આટલા બધા આકરા ન થાવ. જરા શાંતિ રાખો, એ જો અહીં આવી હોય તો અમે તેને સંઘરીએ નહિ. સમજાવીને પાછી વળાવી દઈએ. પણ અમે તો જાણતા જ નથી છતાં ચાલો તમે સીમ, સેઢા, કૂવા, તળાવ, જોઈ લ્યો, હું તમારી સાથે આવું.”

“અમે અમારા ગામના કૂવા-સીમાડા ડહોળી નાખીને આવ્યા છીએ.”

“તો કદાચ એ મારા ધારવા પ્રમાણે ગઢડે ગઈ હશે.”

આટલા વેણ પૂરા થતા જ ફળિયામાં આવી ઊભેલા હરિભક્તોએ કહ્યું,

“રૂડા પટેલનું ઘર આ જ કે ?”

“હા... ! ભાઈ” રૂડા પટેલે જીભાજોડ મેલીને આવનારને કહ્યું,

“જય સ્વામિનારાયણ !” આવનારે બે હાથ જોડી કહ્યું.

“જય સ્વામિનારાયણ ભાઈ ! બોલો શું કામ છે ?”

“શ્રીહરિએ અમને ગઢડાથી મોકલ્યા છે. રૂકમાઈબાઈની ફિકર-ચિંતા કરશો નહીં. ક્યાંય શોધસો નહિ કે ચિંતા કરશો નહિ. એ ગઢડા આવ્યા છે.”

સમાચાર સાંભળતા જ કલ્યાણભાઈ અને તેના સાથીદારોની આંખો પહોળી થઈ ગઈ. રૂડા પટેલને અંતરે ટાઢક વળી. મે’માન ભક્તોને અને કલા પટેલ સૌને બપોરા કરાવ્યા. નિર્ણય કર્યો કે ઊભા પગે જ આવેલ ભક્તો સાથે ગઢડા જવું અને મહારાજને મળી રૂકમાઈબાઈને સમજાવવા. રસ્તે રૂડા પટેલે કલ્યાણ પટલેને કહ્યું, “જો જો પટેલ, જરાય આકરા નો થતા. શ્રીહરિ બધું સારું કરી દેશે, ધીરજ રાખજો.”

આમ રૂડા પટેલ, કલ્યાણ પટેલ ભક્તો સાથે ગઢપુર આવ્યા. રૂડા પટેલ શ્રીહરિને પગે લાગ્યા અને શ્રીહરિએ સૌને આદરપૂર્વક બેસાડ્યા અને કહ્યું, “તમે અહીં આવ્યા તે સારું કર્યું, હવે બે’ક દિવસ રોકાઈ રહો. બધી ચિંતા છોડી દેજો, સંતોની કથા વાર્તા સાંભળો. ભગવાન સારા વાના કરશે.”

શ્રીહરિની આજ્ઞા પ્રમાણે સૌ રોકાયા. કલ્યાણદાસની સાથે આવેલા બેય જુવાન પટેલો તો આ બધું જોઈ કથાવાર્તા સાંભળી મનોમન ડખોળાતા રહ્યા. ‘અહો... હો.... આ

સ્વામિનારાયણને સૌ ભગવાન કહે છે, તે સાચું જ છે. આપણને ઠપકો આપવાને બદલે માન આપી રાખ્યા.

રૂકમાઈબાઈને આપેલ દુઃખની ક્યાંય સ્મૃતિ જ વિસારી દીધી અને હેતથી વરતી રહ્યા. કેવી એની મહાનતા છે !'' ત્રીજે દિવસે મહારાજે રૂડા પટેલ અને કલ્યાણદાસને બોલાવ્યા. સૌ આવ્યા એટલે શ્રીહરિએ પાસે બેસાડી સમજાવતા કહ્યું.

''રૂકમાઈબાઈએ ઘણું દુઃખ સહન કર્યું છે, પણ એ સમજુ છે. આ બાઈ પિયર હોય કે સાસરીએ, જ્યાં પણ રહે ત્યાં સુખ-સંપન્ન અઢળક રહેશે. એ ભગવાનના ભક્તને દુઃખી કરવાથી મહાપાપ થાય અને દુઃખ દેનારાને કદીયે સુખ ન આવે. બોલો તમારે કંઈ કહેવું છે ?''

શ્રીહરિની વાત સાંભળી કલ્યાણદાસ નીચું માથું કરી ચૂપચાપ બેસી રહ્યા તે જોઈ સાથે આવનારાએ કહ્યું,

''મહારાજ ! ભૂલ અમારી છે. હવે મને સાચી વાત સમજમાં આવી અત્યાર સુધી ગામનો બાવાજી તેને વિષે અનેક વાતું કરતો એટલે અમે ભરમાઈ ગયેલા. હવે પછી ક્યારેય અમારા તરફથી રૂકમાઈબાઈને કોઈ પણ પ્રકારનું દુઃખ નહિ થાય એની એ બાંહેધારી લઈએ છીએ. માટે અમારા સાથે તેને મોકલો.''

''આ વાત બાબતે રૂકમાઈબાઈને પણ પૂછી જોવું પડશે, તેની શી ઈચ્છા છે ?'' મહારાજે રૂકમાઈબાઈને બોલાવીને પૂછ્યું, એટલે રૂકમાઈબાઈએ કહ્યું,

''મહારાજ ! તમે મારી રક્ષા કરનારા છો, પછી મને શીદ પૂછો છો ! મને વિશ્વાસ છે તમે જે કાંઈ કરસો તે મારા હિતમાં જ થશે.''

''જુવો રૂકમાઈબાઈ ! આ તો બધા પૂરવના લેણદેણ પૂરું કરવાના સંજોગો સર્જાય છે. એ અધૂરા રહે તો ફેર જનમ લઈ ચૂકવ્યા વિના છૂટકો નથી. માટે અમારું કહેવું છે કે તમે પતિ સાથે સાસરે જાઓ અને ત્યાં જઈ ભગવાન ભજો, હવે તમે જાશો ત્યારે કોઈ પ્રકારનું દુઃખ થશે નહિ અને તમારું ધાર્યું ઘરમાં થશે.''


''ભલે મહારાજ ! જેવી તમારી આજ્ઞા.'' રૂકમાઈબાઈ ચૂપચાપ ઊભા રહ્યા. ''અને હા, રૂડા ભગત ! આ રૂકમાઈના સાસરે તમારે ચાર વસ્તુ મોકલવાની છે. એક દૂધણી ભેંશ, બીજું દળવાની ઘંટી, ત્રીજું એક ગુણી બાજરો અને ચોથું સુતર કાંતવાનો રેંટિયો.''

''ભલે મહારાજ !'' રૂડા પટેલે પણ મહારાજની આજ્ઞા સ્વીકારી.

રૂકમાઈબાઈ પાછા પીઠવડી આવ્યા. પિયરથી મળેલ બાજરો દળી તેના રોટલા બનાવી ભગવાનને ધરી ઘર-પરિવારને જમાડ્યા, તેમજ ભેંશનું દૂધ-છાશ-દહીં-ઘી ભગવાનને ધરે, પરિવારમાં વાપરી છાશ ગામ લોકોને ખવડાવવા માંડ્યા અને રેંટિયો કાંતતા ભગવાનના કીર્તન બોલતા રહ્યા.

જે જે એના રોટલા જમ્યા, દહીં-દૂધ-ઘી-છાશ ખાધું અરે ! રેંટિયો કાંતતા ભજન-કીર્તન સાંભળ્યા કે બાજરો દળતા ઘંટીનો અવાજ સાંભળનાર સૌ કોઈ થોડા સમયમાં સત્સંગી બની ગયા. મહારાજના વચન પ્રમાણે અનેક જીવોનો ઉદ્ધાર થયો.

ધીરે ધીરે રફાળિયા કુટુંબમાં સત્સંગ-સમૃદ્ધિ વધતી રહી. બે વર્ષ પછી તો ગામમાં સંતોની પધરામણી થઈ. સદ્‌ગરુ ગુણાતીતાનંદ સ્વામી હળિયાદ પધાર્યા. તેમના ઉપદેશથી રૂકમાઈબાઈના દીયર સાધુ થયા. એ પરમહંસો ભેલા ભળ્યા. એનું નામ ચતુર્ભુજદાસ સત્સંગમાં પ્રસિદ્ધ થયું. તે ધોલેરા મંદિરમાં આજીવન સેવા કરી બ્રહ્મધામમાં ગયા. *(નારી રત્નો વાર્તા-૧૦૦)*



# શ્રીજીમહારાજે ભક્તજનોના સંકલ્પો સિધ્ધ કર્યા

## લંગાળાના ગોયો આયરના મનમાં સંકલ્પ રહ્યા કરતો

ગામ લંગાલામાં ગોયો કરીને આયર હરિભક્ત હતા તેણે રઘુવીરજી મહારાજને બળદ આપ્યા હતા. પણ તેમના મનમાં એમ સંકલ્પ રહેતો જે મે રઘુવીરજી મહારાજને બળદ આપ્યા છે તે મહારાજને પહોંચ્યા હશે કે નહીં ? એમ તેમનાં મનમાં સંકલ્પ રહ્યા કરતો હતો. પછી એક દિવસ સવારમાં શ્રીજીમહારાજ તેના બળદને રથે જોડીને ગામ લંગાળાને પાદર રંઘોળી નદી છે ત્યાં આવ્યા ને ઉતર્યા અને સાથે કેટલાક સંત તથા પાર્ષદ પણ હતા તે વખતે તે ગોયા ભગતનો દીકરો પૂંજો સાંતી લઈને ખેતર જતો હતો તે આનંદ સ્વામીનો સેવક હતો. પછી તેને સ્વામીએ નામ દઈને બોલાવ્યો જે પૂંજા એ પૂંજા ! જો આ તારા બળદીયા છે તે મહારાજની વેલ્ય જોડ્યા છે અને તારા બાપને કહેજે તે રઘુવીરજી મહારાજને બળદ આપ્યા છે તે બળદ શ્રીજીમહારાજને પહોંચ્યા છે. પછી તેણે શ્રીજીમહારાજના તથા સંતના દર્શન કર્યા અને મહારાજને તથા આનંદ સ્વામીને પગે લાગ્યો. પછી પોતાને ઘરે જઈને તેના બાપને વાત કરી જે તમે રઘુવીરજી મહારાજને બળદ આપ્યા છે તે બળદને વેલે જોડીને શ્રીજીમહારાજ તથા આનંદ બ્રહ્મચારી આંહીંયા નદીએ પધાર્યા હતા તેમના દર્શન કરીને હું અહીં આવ્યો અને મહારાજે મને કહ્યું કે તું તારા આતાને કહેજે જે તે રઘુવીરજી મહારાજને બળદ આપ્યા છે તે બળદ મને પહોંચ્યા છે પછી પોતાનો સંકલ્પ હતો તે ટળી ગયો. *(સ. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૯૩૦)*

## સંતોએ સંકલ્પ કરીને ભરવાડના રાફડીયા બંધ કરાવ્યા

કૃપાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી ગામ પાણવી જતા હતા ને ગામ રોહીશાળાને પાદર નદીમાં રાત રહ્યા. પછી બંને જણે વિચાર કર્યો. જે આપણે જો ગામમાં જશું તો આણંદજી કોઠારીને લક્ષ્મીરામ રોકશે. માટે આપણને સુખે ધ્યાન ભજન નહીં કરવા દે માટે નદીને કાંઠે વડ છે અને પાસે પાણીનો ધરો પણ ભરેલો છે માટે અહીંયાં રાત રહીયે પછી બન્ને જણા ત્યાં રાત રહ્યા અને ત્યાં એક બોઘો અલગોતર કરીને ભરવાડ હતો તેણે પોતાને બકરા રાખવાની ઝોક કરી હતી પછી બકરાને ઝોકમાં રાતે પુરીને પછી રાફડિયા બોલવા લાગ્યો ત્યારે કૃપાનંદ સ્વામી બોલ્યા, જે ગુણાતીતાનંદજી ! આપણે આંહી રાત રહ્યા પણ આ ભરવાડે આપણને ધ્યાન કરવા નહી દે અને આવા અક્ષરપતિ પુરુષોત્તમ પ્રગટ થયા અને હજી આવા રાફડિયા બોલે એવા જીવ છે ? માટે આપણે સંકલ્પ કરો જે એને એકેય રાફડિયો ન આવડે ! અને

તે સત્સંગિ થાય એમ સ્વામીએ જ્યાં સંકલ્પ કર્યો તેટલામાં તે ભરવાડને એકે રાફડિયો યાદ આવ્યો નહીં ! અને તે ભરવાડે રાત બધી આંટા મારી મારીને કાઢી પછી સવાર પડી ત્યાં તો બે સંતના દર્શન થયાં પછી તે ભરવાડ આવીને સ્વામીને પગે લાગ્યો અને કહ્યું, જે તમે ભગવાનના સંત ખરા ! સ્વામી કહે કે તે કેમ જાણ્યું ? ત્યારે ભરવાડ કહે કે ત્રણ દિવસ અને ત્રણ રાત હું બોલું તો પણ મારા રાફડિયા ખુટે નહીં પછી સ્વામી કહે ભાઈ ! તું જ્યારે રાફડિયા બોલવા મંડ્યો ત્યારે એમ સંકલ્પ કર્યો હતો જે તને એકે રાફડિયો ન આવડે ને તું સત્સંગિ થા પછી તે ભરવાડ તે વખતે સ્વામી પાસે વર્તમાન ધારીને સત્સંગિ થયો. *(સ. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૦૩૦)*

## ગુણાતીતાનંદ સ્વામી કહે લવીયા સારા સંકલ્પ કરજે

સ્વામી ગોંડળ પધાર્યા હતા ત્યાં એક લવજી કરીને દરજી હંમેશાં મંદિર વાળતો હતો તે એક બાઈને વિષે આસક્ત હતો અને તેને એવો સંકલ્પ હતો જે આ બાઈનો પતિ મરી જાય ને તે બાઈ મારા ઘરમાં આવીને બેસે એવા સંકલ્પથી નિરંતર દેવમંદિર વાળીને દેવની આગળ પ્રાર્થના કરતો હતો પછી સ્વામી બોલ્યા, જે લવીયા ! તું મંદિર તો વાળછ પણ સારા સંકલ્પ કરજે અવળા કરીશમાં ! પછી છ મહિના જ્યાં મંદિર વાળ્યું એટલે તે બાઈનો પતિ દરજી મરી ગયો ! અને તે બાઈને પોતે પોતાના ઘરમાં બેસારી અને મંદિર વાળતો બંધ થઈ ગયો. પછી સ્વામી જ્યારે બીજે વખતે ગોંડલ પધાર્યા ત્યારે સ્વામીએ કહ્યું, જે કેમ લવીયો હવે મંદિર વાળવા નથી આવતો ? તે સાંભળીને સૌએ કહ્યું કે ના સ્વામી નથી આવતો ત્યારે સ્વામી બોલ્યા જે તેનો સંકલ્પ સિદ્ધ થયો એટલે હવે શા માટે મંદિર વાળે ? *(સ. બ્ર. અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૦૪૭)*

## મહારાજે કરશન માળીનો સંકલ્પ પૂર્ણ કર્યો

શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાંથી જ્યારે વાડીએ પધારે. ત્યારે શ્રીજીમહારાજની ઈચ્છાથી માણકી ઘોડી હાલ જ્યાં લક્ષ્મી બાગમાં મંદિર છે ત્યાં જઈને ઊભી રહેતી હતી. પછી તે પૃથ્વીને મહારાજ નમસ્કાર કરે ત્યારે ઘોડી ત્યાંથી ચાલે. આવી રીતે ઘણા દિવસ નિત્યાનંદ સ્વામી આદિક સંતોએ જોયેલું. પછી નિત્યાનંદ સ્વામીને શંકા થવાથી શ્રીજીમહારાજને પૂછ્યું કે, તમો ત્યાં નમસ્કાર કેમ કરો છો ? ત્યારે શ્રીજીએ કહ્યું કે, આ સ્થાન હેડંબાનું વન હતું, આ ઠેકાણે એક વડનું વૃક્ષ હતું. ને મારા સમગ્ર અવતારો આ ઠેકાણે વિશ્રાંતિ માટે બેઠેલા હતા. તે સ્થાનનું માહાત્મ્ય વધારવા માટે હું આ સ્થાનને નમસ્કાર કરું છું, ત્યારે જ માણકી ઘોડી અહીંથી ચાલે છે. આવું શ્રીજીમહારાજે કહ્યું, એટલે નિત્યાનંદ સ્વામીએ

શુકમુનિને કહ્યું કે, તે ઠેકાણે એક ખીલો ચોંટાડી મૂકો. કોઈક દિવસ તે સ્થાન આપણને ઉપયોગમાં લાગશે. તેમ ધારીને ખીલો ચઢાવીને તુલસી ક્યારો પણ ત્યાં કરાવ્યો. પછીથી શ્રીજીમહારાજે દેહોત્સર્ગ કર્યો ત્યારે શ્રીજીનું વિમાન વિધાત્રાનંદ સ્વામીની ઓરડી પાસે ઉતાર્યું ને ત્યાં અગ્નિસંસ્કાર કરવાનો ઠરાવ કરવા માંડ્યો. ત્યારે નિત્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે, બેઠકે શ્રીજીમહારાજે વાત કરી હતી તે સાંભરે છે કે નહિ ? માટે શ્રીજીએ શ્રીમુખે જે સ્થાનની પ્રશંસા કરી હતી તે સ્થાને શ્રીજીનો અગ્નિસંસ્કાર કરો તો તે સ્થાને હું મંદિર કરાવીશ, કારણ કે તમોએ શ્રીગોપીનાથજીનું મંદિર કર્યું ત્યારે સેવાનો લાભ લીધો હતો, ને મને ભણવા માટે મોકલ્યો હતો, તેથી સેવાનો લાભ મને મળ્યો નથી. માટે હું તેમનું મંદિર કરવારૂપી સેવાનો લાભ લઈશ. તેમણે કહ્યું એટલે શ્રીજીમહારાજનું વિમાન ત્યાં લાવ્યા, ને તે સ્થાનના તુલસી ક્યારાને કાઢી નાખીને ત્યાં તુલસી, સુખડ, પીપળાનાં લાકડાની ચિતા રચી ને તે ઉપર શ્રીજીમહારાજને પધરાવીને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે તથા આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે તથા ગોપાળાનંદ સ્વામીએ તથા નિત્યાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની છેલ્લી વારની આરતી ઉતારીને પછીથી ચિતાની ચારે કોરે એક માણસપૂર વાંસની ટટી કરી ને ચાર બારણાં મૂક્યાં. તે ચાર બારણાંએ ચાર જણ ઊભા રહ્યા. ને શ્રીજીમહારાજને અગ્નિસંસ્કાર કરવા માંડ્યો. તે વખતે દાદા ખાચર એકદમ બૂમ પાડીને જેવા ચિતામાં પડવા જાય છે કે તુરત ગોપાળાનંદ સ્વામીએ તેમનો હાથ ઝાલી લીધો. ને શાંતિ આપીને બેઠકે જ્યાં શ્રીજી હરહંમેશ બેસતા ત્યાં મોકલ્યા તો મહારાજને સભા કરી બિરાજમાન થયેલા જોયા. ને મહારાજે દાદા ખાચરને કહ્યું કે, શા માટે રડો છો ? હું કાંઈ આ લોકમાંથી ગયેલો નથી. હું તો તમારી નજર આગળ હાજર છું. માટે શોક કરશો નહિ. ને નટની વિસ્તારીને વાત કરતા હતા. તેટલામાં નિત્યના નિયમ પ્રમાણે હાર કરનાર માળી કરસન ભગતે વિચાર્યું કે, હવે છેલ્લી વૈખતમાં શ્રીજીને હાર અગ્નિસંસ્કાર કરતી વેળાએ પહેરાવું. એવો ઠરાવ કરીને બે હારની છાબડી લઈને જતા હતા તે મહારાજે કરસન ભગતને બોલાવીને હાર પહેર્યા. પછી એક હાર દાદા ખાચરને પ્રસાદીનો આપ્યો. ને બીજો હાર પ્રસાદીનો કરસન ભગતને આપ્યો. ને કહ્યું કે, તમારો સંકલ્પ પૂરો કરો. એમ કહીને મોકલ્યા તે ભક્ત શ્રીજીને અગ્નિસંસ્કાર કરતી વખતે હાર પહેરાવીને કૃતાર્થ થયા. પછી શ્રીજીમહારાજનો અગ્નિસંસ્કાર થઈ રહ્યો. એટલે શ્રીજીમહારાજની પ્રેરણાથી ગોપાળાનંદ સ્વામીએ દાદા ખાચરને બોલાવવા એક સેવકને મોકલ્યો. તેથી તેમની સંગાથે આવ્યા ને ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે, શ્રીજી તો આ લોકમાંથી ગયા નથી. અહીં જ બેઠકે બિરાજમાન છે ને મને કેટલીક જ્ઞાનવાર્તાઓ

કરી ને આ હાર મને પહેરાવ્યો, એમ વાત કરી રહ્યા પછી અગ્નિસંસ્કાર કરીને પૂર્ણ પુરુષોત્તમ શ્રીજીમહારાજ ત્રીસ વર્ષ સુધી પાંચસે પરમહંસ સાથે ખળખળીયા ઘાટમાં સ્નાન કરતા તે સ્થાનમાં સ્નાન કરી મંદિરમાં આવ્યા ને તે દિવસે કોઈએ અન્નપાણી લીધું નહિ ને શોકની શાંતિ થવા માટે સભામાં ગોપાળાનંદ સ્વામીએ ધર્મ સંબંધી, ધીરજ સંબધી, રામચંદ્રજીની તથા શ્રીકૃષ્ણ વગેરેની વાર્તા કહી સર્વેને ધીરજ આપી. પછી અગ્નિસંસ્કાર શ્રીજીમહારાજનો જે ઠેકાણે કર્યો હતો તે સ્થાનમાં નિત્યાનંદ સ્વામીએ સંવત ૧૮૯૩ની સાલમાં મંદિર કરાવ્યું. ને તેમાં નિત્યાનંદ સ્વામીએ ચરણાવિંદ પધરાવ્યાં હતાં. પછી તે મંદિરમાં સંવત ૧૯૪૯ની સાલના ફાગણ માસના વદી પડવાના દિવસે ધર્મધુરંધર આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે શ્રી સહજાનંદ સ્વામીની તથા ઈચ્છારામજી મહારાજની તથા રઘુવીરજી મહારાજની મળી ત્રણ મૂર્તિઓ પધરાવી છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૯)*

## મહારાજે કળે કરીને દૂધ લાવ્યા

ગઢડામાં શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં બેઠા હતા તેવામાં ત્યાં સુરા ખાચર આવ્યા. તેમને શ્રીજીએ વાત કરી કે દાદા ખાચરનાં ફોઈ સોમાબા કોઈ વખત રસોઈ આપતાં નથી. માટે કોઈ પ્રકારથી સમજાવીને મારું નામ ન લેતાં રસોઈનું કરે તો ઠીક. પછી સુરા ખાચર બીજે દિવસ ફોઈબા પાસે ગયા અને વાતમાં ને વાતમાં કહ્યું જે સહુ મહારાજ તથા સંતને જમાડે છે ને તમો પણ શ્રીજીને તથા સંતને જમાડો. ત્યારે સોમાબા બોલ્યા જે, શ્રીજી કહેવડાવે છે કે તમે કહો છો ? ત્યારે સુરા ખાચર કહે હું કહું છું. ત્યારે સોમાબા કહે, સાચું કહો. શ્રીજીમહારાજ કહે તો હું જરૂર રસોઈ આપું. ત્યારે સુરા ખાચર કહે છે, મહારાજ મને કહેતા હતા. ત્યારે સોમાદેવી કહે, કાલે આપણી જલેબી, મોતીયાની રસોઈ કરો ને શ્રીજીમહારાજને તથા સંતોને જમાડો. ત્યારે સુરા ખાચર રાજી થયા. ત્યારે સોમાદેવી બોલ્યાં જે એમ રાજી થવાનું નથી. કાલે મારી રસોઈ ને બીજે દિવસ મહારાજ દૂધપાક પૂરીની રસોઈ કરી સંતોને જમાડે તો હું રસોઈ આપું. ત્યારે સુરા ખાચર કહે, મહારાજ રસોઈ આપશે. ને કદાચ નહિ આપે તો હું આપીશ. ત્યારે સોમાદેવી બોલ્યાં કે, જાઓ શ્રીજી પાસે જઈ નક્કી કરી આવો. પછી સુરા ખાચર શ્રીજીમહારાજ પાસે આવ્યા. ત્યારે શ્રીજી કહે, કેમ સોમાદેવીએ હા પાડી ? ત્યારે સુરા ખાચર કહે, હા તો પાડી પણ થોડો વાંધો છે. ત્યારે મહારાજ કહે, શો વાંધો છે ? ત્યારે સુરા ખાચર કહે, સોમાદેવી કહે છે કે હું જલેબી મોતીયાની રસોઈ આપું પણ બીજે દિવસ શ્રીજી દૂધપાક પુરીની રસોઈ આપે તો હું રસોઈ આપું એમ કહે છે. પછી મહારાજે હા પાડી. એટલે સુરા ખાચર સોમાબા પાસે ગયા ને રસોઈનું નક્કી કરાવ્યું. પછી દાદા ખાચરને બોલાવીને

સોમાદેવીએ બીજે દિવસે જલેબી મોતીયાની રસોઈ કરાવીને શ્રીજીને તથા સંતોને જમાડ્યા. પછી મહારાજની ઈચ્છાથી સુરા ખાચર લોયા જવા માટે તૈયાર થયા તે વાત સોમાબાએ જાણી તેથી સુરા ખાચરને કહે રસોઈ મહારાજની પાસે અપાવીને જાઓ, કારણ કે મારી પાસે રસોઈ અપાવીને મને ખર્ચ કરાવ્યો અને હવે જાઓ તો હું નહિ જવા દઉં. આવું સાંભળીને સુરા ખાચર મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, સોમાદેવી કહે છે કે મહારાજ પાસે કાલે રસોઈ અપાવીને જાઓ નહિ તો નહિ જવા દઉં. પછી મહારાજે સુરા ખાચર જોડે કહેવડાવ્યું કે, આ ગામમાં દૂધ જોઈએ તેટલું ન મળે. માટે કાલે અગર પરમ દિવસે શ્રીજી પાસે રસોઈ અપાવીને ઘેર જઈશ. એમ કહેવાથી ફોઈબા રાજી થયાં. પછી મહારાજે દાદા ખાચરને દૂધનું પૂછ્યું ત્યારે દાદા ખાચર કહે, આ ગામમાં તો પાંચ મણને આશરે દૂધ મળે પણ વધુ મળે નહિ. પછી શ્રીજી બે પાર્ષદ લઈને માંડવધાર ભરવાડોના ઘેર ગયા ત્યારે ભરવાડોએ પૂછ્યું જે, સ્વામિનારાયણ તમે કેમ આવ્યા છો ? ત્યારે શ્રીજીમહારાજ કહે, અમારે કાલે વીશ મણ દૂધ જોઈએ છે માટે આવ્યા છીએ. ત્યારે ભરવાડો કહે, તમને દૂધ નહિ આપીએ. મહારાજે બે ત્રણ વખત કહ્યું પણ ના જ કહી, કારણ કે મહારાજ તમોને દૂધ આપીએ તો અમારાં ઢોર વહુકી જાય કેમકે તમો કામણ ટુમણીયા છો. આવું ભરવાડોનું વચન સાંભળીને મહારાજ પાછા ગઢડે આવ્યા ને દૂધ નહિ મળવાની વાત કહી. પછી મહારાજે દાદા ખાચરને કહ્યું જે, પુરી કરવા માટે લોટ તૈયાર રાખજો. કાલે દૂધપાક પુરીની રસોઈ કરાવવી છે. ત્યારે દાદા ખાચર કહે, દૂધ મળવાનું નથી ને ઘઉંનો લોટ તૈયાર રાખવાનું શું કરવા કહો છો ? ત્યારે મહારાજ કહે, કાલે સવારમાં ભરવાડોની સ્ત્રીઓ દૂધ લઈને આવશે. ને સંતોને કહ્યું જે, ચૂલા ખોદીને તૈયાર રાખો તથા રંઘેડાં પણ ઉટકી રાખો. દૂધપાક કરવા જોઈશે. પછી પેલા ભરવાડને બીજે ગામ જવું હતું તેથી રાત્રિએ પોતાની સ્ત્રીને કહ્યું જે, બે રોટલા અધિક કરી રાખજો, મારે સવારે ગામ જવું છે માટે. કાલે ગઢડાના શ્રી સ્વામિનારાયણને ત્યાંથી કોઈ દૂધ લેવા આવે તો આપણે ત્યાંથી આપશો નહિ. ને મારા ભાઈને પણ ના પાડી આવશો કે દૂધ આપે નહિ. પછી સ્ત્રી કહી આવી ને બીજે દિવસ સવારમાં ભરવાડ રોટલા લઈને પરગામ ગયો. પછી શ્રીજી તે ભરવાડનું રૂપ ધારણ કરી ભરવાડની સ્ત્રી ગાયો દોતી હતી ત્યાં આવ્યા. ત્યારે ભરવાડણે પૂછ્યું, કેમ આવ્યા ? ત્યારે ભરવાડરૂપ ધારણ કરનાર મહારાજ બોલ્યા જે, હું ગામ જતો હતો તે રસ્તામાં મારી પછવાડે સાપ દોડ્યો. પછી હું ઝાડ ઉપર ચઢી ગયો ને તે સાપ ઝાડની ચારે તરફ ફરવા લાગ્યો. પછી મને વિચાર થયો કે, કાલે સ્વામિનારાયણને દૂધ આપવાની ના કહી હતી તેથી તેમણે સાપ મોકલ્યો હશે. પછી મેં માનતા રાખી જે મારી ગાયોનું

દૂધ તથા મારા ભાઈની ગાયોનું દૂધ બધું આપીશ. આવો સંકલ્પ કર્યો ત્યારે તે સાપ અદશ્ય થયો. તેથી તને કહેવા આવ્યો છું કે આપણી ગાયોનું દૂધ દશ મણ તથા મારા ભાઈની ગાયોનું દૂધ દશ મણ તમો બધાં બૈરાં લઈને ગઢડે જઈ સ્વામિનારાયણને આપજો ને પૈસા આપે તો લેશો નહિ. આવું કહી ભરવાડરૂપ ધારણ કરનાર શ્રીજીમહારાજ ત્યાંથી ચાલતા થયા. પછી ભરવાડોની સ્ત્રીઓએ ગોપીઓની પેઠે માથે દૂધના દેગડા મૂકી ગઢડે આવીને શ્રીજીને દૂધ આપ્યું. પૈસા આપવા માંડ્યા પણ લીધા નહિ. પછી મહારાજ દૂધપાક પૂરીની રસોઈ કરાવીને પોતે જમ્યા. પછી સર્વ સંતોને તથા સર્વ હરિભક્તોને તથા બાઈઓ આદિકને જમાડીને પ્રસાદી દાદા ખાચરને ત્યાં મોકલી તથા જીવા ખાચરને ત્યાં મોકલી. ને થોડી પ્રસાદી લઈને બે ત્રણ પાળાઓને માંડવધાર ભરવાડને ઘેર મોકલ્યા ને કહેવડાવ્યું કે સ્વામિનારાયણે તમારે માટે પ્રસાદી મોકલી છે. ત્યારે તે કહે, અમે પ્રસાદી નહિ લઈએ, કારણ કે તે જાદુગારા છે માટે તેમની પ્રસાદી ખાઈએ તો ગાંડા થઈ જઈએ. માટે અમારે નથી જોઈતી. પછી તેમાં કોઈ ડાહ્યા માણસે કહ્યું કે, સ્વામિનારાયણના પ્રસાદનું અપમાન કરવું નહિ. પ્રસાદી રાખો ને આપણે બધા ખાશું. ગાંડા થઈશું તો બધા થઈશું, ને ડાહ્યા રહીશું તો બધા રહીશું તેમ ધારીને પ્રસાદ રાખ્યો. પછી પ્રસાદી બધાએ ખાધી ને પોતાના ધણી માટે રાખી મૂકી. પછી રાત્રિએ પોતાનો ધણી ભરવાડ આવ્યો. તેને ભરવાડણ કહે કે, તમારા કહેવા પ્રમાણે આપણા ઘરનું તથા તમારા ભાઈના ઘરનું બધું દૂધ ગઢડે જઈને સ્વામિનારાયણને આપી આવ્યાં છીએ. ત્યારે ભરવાડ કહે, તમને ના પાડી હતી ને કેમ આપી આવ્યાં ? ત્યારે ભરવાડણ કહે, તમારી કેડે સાપ થયો હતો ને તમોએ સ્વામિનારાયણને દૂધ આપવાનો સંકલ્પ કર્યો ત્યારે તે સાપ જતો રહ્યો. પછી તમો ગામ ન જતાં પાછા આવી મને કહી ગયા તેથી અમો આપી આવ્યાં. ત્યારે ભરવાડ કહે, પૈસા આપ્યા કે નહિ ? ત્યારે ભરવાડણ કહે કે, તમે ના પાડી હતી કે પૈસા આપે તો ન લેશો તેથી નથી લીધા. પણ તેમને ત્યાંથી પ્રસાદ આવ્યો છે તે દૂધપાક પૂરીનો પ્રસાદ અમોએ ખાધો ને તમારે માટે રાખી મૂક્યો છે. પછી ભરવાડે પ્રસાદ ખાધો. પણ મફત દૂધ સ્વામિનારાયણને ત્યાં ગયું તેથી રીસ ચઢેલ માટે બીજે દિવસે મહારાજને ઠપકો દેવા પાંચ ભરવાડ પોતાની સાથે લઈને ગઢડે ગયો. ત્યાં સ્વામિનારાયણ લીંબડા નીચે સભા કરી બેઠા હતા ત્યાં આવ્યા ત્યારે મહારાજને શ્રીકૃષ્ણ સ્વરૂપે દીઠા ને વાંસળી વગાડતા તથા પાસે ઘણી ગાયો તથા પોતાના રૂપવાળા પાંચ ભરવાડને જોયા ને હસવા લાગ્યા. ને વિચાર કરે કે, ઓલ્યા ઊભા તે કોણ અને આપણે કોણ એમ બોલી ઘણું આશ્ચર્ય પામ્યા. પછી શ્રીજીમહારાજે પ્રથમની પેઠે સભામાં બેઠેલરૂપે દર્શન દીધાં પછી શ્રીજીને તે ભરવાડો કહે કે તમો સાક્ષાત્ શ્રીકૃષ્ણ છો. એમ કહી

શ્રીજીને નમસ્કાર કરી, પોતાના ગામ તરફ ચાલતી વખતે કહ્યું કે, સ્વામિનારાયણ અમારા સરખું કામકાજ હોય તો અમને જરૂર કહેજો. અમે તમારા જ છીએ એમ માનજો. આટલું કહી ભરવાડો પોતાના ગામ માંડવધાર ગયા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૬)*

## શ્રીજીમહારાજે પાણી પીને સંકલ્પ કર્યો જે..........

એક વખત લોયાથી સુરા ખાચર ગઢડે આવ્યા ને મહારાજ અક્ષરઓરડીમાં વિરાજમાન હતા. ત્યાં શ્રીજીનાં દર્શન કર્યાં ને શ્રીજીને કહે, નાથીયાની માએ કહ્યું છે કે, મહારાજને આપણે ગામ તેડીને આવજો. ન આવે તો તપ કરીને શ્રીજીને પ્રસન્ન કરી તેડી લાવજો. છતાં ન આવે તો તમે સાધુ થજો પણ મહારાજને લીધા સિવાય આવશો નહિ. ત્યારે શ્રીજી કહે, સુરા ખાચર તમો તપ કેવી રીતે કરશો ? ત્યારે સુરા ખાચર કહે, ઘેર બે વખત જમું છું ને અહી ત્રણ વખત જમીને તપ કરીશ. ત્યારે મહારાજ કહે, તમારાં તપ બહુ ભાવ્યાં માટે ચાલો તમારે ગામ જઈએ. પછી મહારાજ સુરા ખાચરને લઈ લોયા તરફ ચાલ્યા. લોયા બે ગાઉ રહ્યું ત્યારે મહારાજ કહે, મને તરસ લાગી છે માટે અહીંથી ચલાશે નહિ. પછી સુરા ખાચર શ્રીજીને એક ઝાડ તળે બેસાડીને ઘોડે બેસી પાણીની શોધ કરવા ચાલ્યા. તે એક કણબીનો છોકરો ખેતર ખેડતો હતો તેણે સુરા ખાચરને આવતા દેખીને જાણ્યું કે કોઈ કાઠી આવે છે તે મારા બળદને લઈ જશે તેમ ધારી બળદિયાને પડખે સંતાડ્યો. પછી સુરા ખાચરે કણબીના છોકરાને કહ્યું જે, તારી પાસે પાણી છે ? હોય તો આપ. અમારા ભગવાન શ્રી સ્વામિનારાયણને તરસ લાગી છે. ત્યારે છોકરાએ કહ્યું જે, પાણીની નવી બતક લાવ્યો છું ને ખેતરને સામે શેઢે બોરડીના ઝાડ નીચે મૂકેલી પોતાની બતક આપી, ત્યારે સુરા ખાચર કહે છોકરા હું જાઉં છું ને તું બતક લેવા આવજે, સ્વામિનારાયણ તારું પાણી પીને પ્રસન્ન થશે. ત્યારે તને કહેશે માગ ત્યારે તું શું માગીશ. ત્યારે છોકરે કહ્યું કે, ત્રીસ વીઘા જમીન માંગીશ. ત્યારે સુરા ખાચરે કહે, એવું ન માગીશ પણ મારો મોક્ષ થાય એવું માગજે. એમ કહી સુરા ખાચર શ્રીજીમહારાજ પાસે આવ્યા ને પાણી પાયું. તે પાણી પીને શ્રીજી બોલ્યા જે, આજથી જે શુભ કામ કરીશું તેનું પુણ્ય પાણી પાનાર છોકરાને થશે એવો સંકલ્પ કર્યો. તેવામાં તે કણબીનો છોકરો આવ્યો. ને મહારાજને પગે લાગ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, છોકરા માગ હું તારી ઉપર પ્રસન્ન થયો છું. ત્યારે છોકરાએ માગ્યું કે, મહારાજ મારો મોક્ષ કરજો. ત્યારે મહારાજ કહે જે, તને સુરા ખાચરે શીખવાડ્યું હતું ? ત્યારે છોકરો કહે, હા. ત્યારે શ્રીજીમહારાજ કહે, તારી સાત પેઢીનો મોક્ષ થશે, ને તારા મનમાં ધારેલ ત્રીસ વીઘા જમીનનો પણ સંકલ્પ પૂરો થશે એવું વરદાન આપી શ્રીજીમહારાજ સુરા ખાચર સંગાથે લોયામાં

પધાર્યા ને સર્વે હરિભક્તોને પોતાનાં દર્શન આપી કૃતાર્થ કર્યા ને સુરા ખાચરના ઘરમાં શાંતિબાને પોતાને ઘેર શ્રીજીમહારાજને પધરાવવાનો સંકલ્પ પૂરો કર્યો ને થોડા દિવસ લોયામાં રહી, સર્વ હરિભક્તોને રાજી કરી શ્રીજીમહારાજ લોયાથી ગઢડે પધાર્યા તેવા શ્રીજીમહારાજ દયાળુ છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૭)*

## અમરેલીના આમદ તથા મકન ખોજાનો સંકલ્પ પૂરો કર્યો

અમરેલી ગામમાં યવન આમદ તથા મકન રહેતા હતા. તે બે જણે એવો સંકલ્પ કર્યો કે, શ્રી સ્વામિનારાયણને સહુ લોકો ભગવાન કહે છે તેમને આપણે ભગવાન ક્યારે જાણીએ તો ગઈકાલે બગસરા ગામથી લાલ તથા શ્યામ છેડાવાળી પછેડીઓ બે લાવ્યા છીએ તે બે પછેડીઓ લઈને આપણે ગઢડે જઈએ અને તે બેઉ પછેડીને પોતાને ઓઢવા માટે અંતર્યામીપણે માગી લે તથા આપણી પાસે રહેલી સોટી માગી લે તો આપણે તેમને ભગવાન જાણીને સત્સંગિ થઈને શ્રી સ્વામિનારાયણનું ભજન કરીએ. તેવો મનમાં સંકલ્પ કરીને તે બેઉ જણ ગઢડે આવ્યા ને સલામ કરી સભાથી બહાર ઊભા રહ્યા. તે બેઉને જોઈને શ્રીજીમહારાજ સભામાંથી ઊઠીને તેમના સમીપમાં જઈને બોલ્યા કે, હે આમદ તથા હે મકન, તમે બન્નેય જણ ગામ બગસરાથી લાલ ને શ્યામ રંગના છેડાવાળી પછેડીઓ બે આણી છે તે બેઉ પછેડીઓ અમને ઓઢવા આપો. એમ અંતર્યામીપણે માગવાથી આમદ તથા મકન બન્નેય જણે રાજી થઈને બેઉ પછેડીઓ શ્રીજીમહારાજને આપીને શ્રી સ્વામિનારાયણને અંતરજામી જાણીને તેમની પાસે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગિ થઈ બેઉ ભાઈ શ્રીજીમહારાજની રજા લઈ પોતાને ઘેર ગયા. ને પ્રગટ ભગવાન એવા શ્રી સ્વામિનારાયણનું ભજન તેને કરતા હતા તેથી તેના નાતીલાઓ બળી ઊઠ્યા ને નાતીલાઓએ કરેલી ઉપાધિને સહન કરી પણ પોતાની ટેક મૂકી નહિ એવા બળવાળા આમદ ને મકન હતા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૩૫)*

## ભગા ભક્તનો સંકલ્પ પૂરો કર્યો

સાતપડા ગામમાં ભગાભાઈ રહેતા હતા. તેણે એવો સંકલ્પ કર્યો કે, શ્રી સ્વામિનારાયણ ભગવાન છે ને અંતરર્યામી છે તેમને હું ભગવાન ક્યારે જાણું તો મને સભામાં પોતાની પાસે બોલાવીને સભા વચ્ચે ડૂંટી ઉપર રૂપિયો મૂકવા દે તો હું અંતર્યામી ભગવાન જાણીને સત્સંગિ થઈને તેમનું ભજન કરું. આવો સંકલ્પ કરીને તે ગઢડે આવ્યા ને સભામાં બેઠેલા શ્રી સ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર કરીને શ્રીજીમહારાજને સન્મુખ ઊભા રહ્યા. પછી શ્રીજીમહારાજ સભામાં જ લાંબા થઈને સૂતા ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ ! સભામાં સર્વે મુક્તો બેઠા છે ને તમો કેમ સૂતા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ઓલ્યા ભગાભાઈ

ઊભા છે તેમણે એવો સંકલ્પ કર્યો છે જે, શ્રીજીમહારાજ મને પાસે બોલાવીને પોતાની ડૂંટી ઉપર રૂપિયો મૂકવા દે તો હું અંતર્યામી ભગવાન જાણું તેથી હું સૂતો છું. એમ કહીને ભગવાને પોતાની પાસે બોલાવ્યો ને કહ્યું કે, લાવો ડૂંટી ઉપર રૂપિયો મૂકો કેમ ઊભા થઈ રહ્યા છો, આવી રીતે અંતર્યામીપણે કહીને રૂપિયો ડૂંટી ઉપર મૂકાવીને પોતાનો સત્સંગિ કર્યો તે ભગાએ શ્રીજીમહારાજ પાસેથી વર્તમાન ધારી કંઠી પે'રી સત્સંગિ થઈ પોતાને ઘેર ગયા ને પ્રગટ ભગવાન એવા શ્રી સ્વામિનારાયણનું ભજન કરતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૩૬)*

## નાવડાના ઝીણાભાઈ સંઘવી પાસે સોપારી માગી લીધી

ભાલદેશમાં નાવડા ગામ છે. તેમાં ઝીણાભાઈ સંઘવી રહેતા હતા. તેમને એવો સંકલ્પ થયો જે, શ્રી સ્વામિનારાયણને સહુ ભગવાન કહે છે તેમને હું ભગવાન ક્યારે જાણું તો અંતર્યામીપણે મારી પાસેથી સોપારી માગી લે તો હું ભગવાન જાણું. એમ ધારીને ઝીણાભાઈ સંઘવી ગઢડે ગયા. ને સભામાં મહારાજને નમસ્કાર કરીને છેટે ઊભા રહ્યા. તેમને શ્રીજીમહારાજે તેમનું નામ લઈને પોતાની પાસે બોલાવ્યા ને અંતર્યામીપણે કહ્યું કે સોપારીને મૂઠીમાં ક્યાં સુધી ઝાલી રાખવી છે ? હું માગું ત્યારે આપશો કે મારા માગ્યા વિના આપશો ? આવી રીતે કહ્યાથી નિશ્ચય થયો કે આમને કેમ ભગવાન ન કહેવાય ! આ તો અંતર્યામી ભગવાન જ છે એમ કહીને સોપારી શ્રીજીમહારાજને આપીને શ્રીજીમહારાજના હાથે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગિ થયા. આવી રીતે શ્રીજીમહારાજે અંતર્યામીપણે સંકલ્પ કહીને ઘણા સત્સંગિ કર્યા છે. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૩૭)*

## પહવીના કુંભાર દેવજી તથા હરજીનો સંકલ્પ પૂરો કર્યો

પહવી નામના ગામમાં કુંભાર દેવજી તથા હરજી રહેતા હતા. તેઓએ એવો સંકલ્પ કર્યો કે, આપણે ગઢડે જઈએ ને શ્રી સ્વામિનારાયણ ભગવાન જો અંતર્યામી હોય તો દેવજી કહે મને સોટી મારે ને હરજી કહે મને ચરણાર્વિંદ આપે તો આપણે તેમના સત્સંગિ થઈને તેમનું પ્રગટ ભજન કરીએ. તેમ ધારીને બેઉ જણ ગઢડે ગયા ને સભામાં બેઠેલા શ્રી સ્વામિનારાયણને નમસ્કાર કરીને ઊભા રહ્યા. ત્યારે શ્રીજીમહારાજે તે બેઉ જણના સંકલ્પ પ્રમાણે દેવજીને પોતાની પાસે બોલાવીને સોટી મારી ને હરજીને પોતાની પાસે બોલાવીને ચરણાર્વિંદ આપ્યાં. તેથી શ્રી સ્વામિનારાયણને અંતર્યામી ભગવાન જાણીને તે બેઉ જણે શ્રીજીમહારાજના હાથે વર્તમાન ધારી કંઠી ધારણ કરી સત્સંગિ થઈ પ્રગટ પુરુષોત્તમ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૩૮)*

## જૂનાગઢના બાઈઓના સંકલ્પ પૂરા કર્યા

ગઢડેથી શ્રીજીમહારાજ બ્રહ્મચારી, સંત, પાર્ષદ, હરિભક્તો સહિત ઝીણાભાઈના બોલાવાથી જૂનાગઢ ગયા હતા. તે ગામમાં રૂપરામ નાગરની માતુશ્રી પાંચીબાઈએ એવો સંકલ્પ કર્યો કે, શ્રી સ્વામિનારાયણ ભગવાન અંતર્યામીપણે મારી પાસેથી બધી વસ્તુ માગી લે, ને દશ વાગ્યે વગર નોતરે મારે ઘેર જમવા પધારે તો હું અંતર્યામી ભગવાન જાણું. આવો સંકલ્પ કરીને પોતાની સખીને ત્યાં ગયાં ને ઉપરની બધી વાત તેને કહી. પછી પાંચીબાઈની સખીએ પણ સંકલ્પ કર્યો કે, હું ખાંડ નાખીને દૂધ ઊભું કરીને કોઈ ન દેખે તેવી રીતે મારા ઘરમાં બારણાં વાસીને ઊભી રહીશ. ને મારું નામ લઈને મારી પાસેથી દૂધ માગી લેશે તો હું પણ તેમની સત્સંગિ થઈને તેમનું ભજન કરીશ. એમ પરસ્પર વાત કરીને પાંચીબાઈ પોતાને ઘેર ગયાં ને ઉત્તમ પ્રકારનો થાળ કર્યો. પછી શ્રીજીમહારાજે દશ વાગ્યે મુકુંદાનંદ બ્રહ્મચારીને કહ્યું કે, ચાલો આપણે ગામમાં થાળ જમવા જઈએ. એમ કહીને બ્રહ્મચારી તથા બે પાળાને સંગાથે લઈને શ્રીજીમહારાજ ગામમાં પધાર્યા. રસ્તામાં દૂધ ઊનું કરીને ઊભી રહેલ બાઈને ત્યાં પ્રથમ ગયા ને કહ્યું કે, મણીબા બારણું ઉઘાડો. અને શ્રીજીમહારાજ બોલ્યા જે, દૂધ લાવો, પીતો જાઉં. કારણ કે તમારે સત્સંગિ થવું છે માટે. એમ કહીને મણીબાને ત્યાં દૂધ પીધું ને તેમને સત્સંગિના નિયમ ધરાવીને સત્સંગિ કરીને શ્રીજીમહારાજ ત્યાંથી પાંચીબાઈને ઘેર ગયા. ત્યાં જઈને ઊભા રહ્યા એટલે પાંચીબાઈએ પલંગ પાથરીને બેસાડ્યા. પછી બાઈ બોલ્યાં કે, તમો અંતર્યામીપણાથી મારે ઘેર જમવા આવ્યા માટે જમવા ચાલો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, નવું રાખેલું ઉનામણું કાઢો. નવી તાંબાકુંડી ન્હાવા માટે કાઢો ને નવું પીતાંબર લાવો. ને નવો લોટો તથા નવો આબખોરો પાણી પીવા માટે લાવો. એમ કહીને બ્રહ્મચારી સહિત નહાઈને પીતાંબર પે'રી જમવા બેઠા. તે સમયમાં મહારાજ કહે, હું નહિ જમું. કારણ કે તમો મને સો રૂપિયા ને સોનાનો વેઢ આપશો તો હું જમીશ. પછી પાંચીબાઈએ પટારો ઉઘાડીને શ્રીજીમહારાજને સોનાનો વેઢ આંગળીમાં પેરાવ્યો ને સો રૂપિયા ભેટ મૂકી. ત્યારે શ્રીજીમહારાજ જમવા બેઠા. આવી રીતે અંતર્યામીપણાથી તે પાંચીબાઈના બધા સંકલ્પ પૂરા કર્યા તેથી તે બાઈ શ્રીજીમહારાજની પાસેથી વર્તમાન ધારી કંઠી પે'રી સત્સંગિ થયાં. ને શ્રી સ્વામિનારાયણ ભગવાનના આપેલા નિયમ શિરસાટે પાળીને શ્રીજીમહારાજનું ભજન કરતા હવા. *(શ્રી સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૪૨)*

# શ્રીહરિનું સર્વોપરીપણું

## લાલીયાદમાં મહારાજે પોતાને ઓળખવાની વાત કરી

ગઢપુરમાં સમૈયામાં ગામ લાલિયાદના રતનસિંહે મહારાજને પાઘમાં મોતીનો તોરો ધરાવ્યો. ને પછી મહારાજે આરતી-ધૂન કરીને મંચ ઉપર ઊભા રહીને તોરાની લટો મુક્તાનંદસ્વામી આદિક મોટા મોટા સાધુને આપી. ને ઊભા રહીને એમ વાર્તા કરી જે, ''અમે અક્ષરધામમાંથી આવ્યા છીએ. ને રામ-કૃષ્ણાદિક સર્વે અવતારના કારણ છીએ. તે સારુ જે ચાર વર્તમાન પાળશે ને અમને પુરુષોત્તમ અક્ષરધામના પતિ ને સવિર્ભાવ કારણ'' જાણીને ભજશે તેને અમે અક્ષરધામમાં લઈ જાશું. ને ત્રણ પાળશે ને અમને અક્ષરધામના પતિ જાણીને ભજશે તેને લઈ જાશું. ને બે પાળશે ને અમને અક્ષરાતીત પુરુષોત્તમ જાણીને ભજશે તેને પણ અક્ષરધામમાં લઈ જાશું. ને ત્રણ નહિ પાળે ને એક પાળશે ને અમને પુરુષોત્તમ જાણીને ભજશે તેને પણ અક્ષરધામમાં લઈ જાશું. કેમ જે, જેને એવી દઢ નિષ્ઠા ભગવાનના સ્વરૂપમાં છે, તેમાં સર્વે શુભ ગુણ આવશે ને અંતે અક્ષરધામને પામશે. તે વિના તો ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય તો પણ તેનું આત્યંતિક કલ્યાણ થાવું કઠણ છે, એ સિદ્ધાંત વાર્તા છે.'' *(સદ્. નિર્ગુણદાસ સ્વામીની વાતો, વાર્તા-૧૭૮)*

## જેવા સમજે તેવું સુખ

અને શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, ''અક્ષરધામના પતિ ભગવાન પૃથ્વીમાં પ્રગટ થાય છે, ત્યારે જેને જેટલો એમનો મહિમા સમઝાય છે, તેને તેટલું સુખ પ્રાપ્ત થાય છે. જેમ માનસરોવરને વિષે કમળના નાળમાં ચંદ્રકાન્ત મણિ થાય છે, તેનો જેને જેટલો માલ સમઝાણો છે, તેને તેટલું ફળ મળ્યું. કેવી રીતે ? તો માનસરોવરનો હંસ ને એક બીજા સરોવરનો હંસ, તે બે ભેળા થાય ત્યારે પરસ્પર પોતપોતાને તળાવે આવવાની તાણ કરે છે. પછી માનસરોવરનો હંસ પોતાના ભાઈબંધ સારુ ચંદ્રકાન્તમણિની ભેટ લઈને ત્યાં ગયો. તે માર્ગમાં રાત્રિએ દૂધી કોચીને તેમાં મણિ મૂકીને તે વૃક્ષ ઉપર સૂઈ ગયો. સવારે મણિને ભૂલીને ચાલ્યો. પછી કોઈક કઠિયારાએ તે નયુ લઈને ને કાષ્ઠનો ભારો ગામમાં વેચીને તેના દાણા લઈને ઘેર ગયો.

પછી તે કઠિયારે શાક સારું નયુ સુધાર્યું અને તેમાંથી મણિ નીસર્યો. તે અડધા શેર મસાલા સારુ વાણિયાને આપ્યો. પછી તે વાણિયાએ કોઈક શહેરમાં તેને બતાવ્યો. ત્યારે તેને કોઈકે પાંચ રૂપિયા આપીને લીધો. પછી તેને કોઈક પારખુએ પાંચસો રૂપિયે રાખ્યો. પછી તે તેણે

તેથી મોટા શહેરમાં બતાવ્યો. ત્યારે તેને કોઈક ઝવેરીએ પાંચ હજાર રૂપિયે રાખ્યો. પછી તેણે તેથી મોટા શહેરમાં બતાવ્યો. ત્યારે તેને કોઈ પરીક્ષાવાળે લાખ રૂપિયે રાખ્યો. પછી તેણે તેથી કોઈક મોટા શહેરમાં બતાવ્યો, ત્યારે કોઈ ભારે પરીક્ષાવાળે તે મણિના ધણીને કહ્યું કે, ''અમારે સોનામહોરની સાઠ કોટડીઓ ભરેલી છે. તેમાંથી દિવસ ઊગ્યાથી તે આથમ્યા સુધી તમારાથી લેવાય એટલું લઈ જાઓ. અને તેનું મૂલ્ય પૂનમને દિવસે બતાવીશ.'

પછી પૂનમની રાતે ચન્દ્રમાં માથે આવ્યો ત્યારે થાળીમાં પાણી ભરીને અંદર મણિ મૂક્યો. અને થાળી અગાસીમાં મૂકી એટલે ચંદ્રમામાંથી કિરણો નીકળી. પછી બંનેનાં કિરણો એક થયાં એટલે સુવર્ણ કરીને ચોક ભરાઈ ગયો. આટલું સોનું પૂનમે પૂનમે તેમાંથી નીકળે, એટલી કિંમતનો આ મણિ છે. તેમ પુરુષોત્તમનારાયણને જેવા સમજે તેટલી તેને પ્રાપ્તિ થાય છે.'' *(સદ્. નિર્ગુણદાસ સ્વામીની વાતો, વાર્તા-૪૫૫)*

## એભલ ખાચરને નિશ્ચય થયો જે મહારાજથી કોઈ મોટું નથી

એક વખત ચોમાસું હતું અને ઘેલા નદીમાં પાણી બે કાંઠે ચાલ્યું જતું હતું અને એભલ ખાચરને સામે કાંઠે નીલકંઠ મહાદેવ છે તેના દર્શન કરવાનું. નિયમ હતું પણ સાંજ સુધી પાણી ઉતર્યું નથી એટલે એભલ ખાચરે શંકરના દર્શન કર્યા વગર ખાધું નહી. પછી સાંજ વખતે મોટીબા મહારાજ પાસે અક્ષરઓરડીમાં ગયાં અને મહારાજને કહ્યું કે, મહારાજ ! મારા બાપુ જમ્યા નથી અને ડોલાં ખાય છે. મહારાજ કહે, બોલાવો આહીં. પછી મહારાજ ઉગમણાબારના ઓરડાની ઓસરીયે વિરાજમાન થયા અને એભલ ખાચરને બોલાવ્યા ને મહારાજે પૂછ્યું જે, એભલ ખાચર ! આજ કેમ નથી જમ્યા ? એભલ ખાચર કહે મહારાજ ! શંકરના દર્શનનું નિયમ છે એટલે દર્શન કર્યા વગર જમાય નહી. પછી મહારાજે આથમણાબારના ઓરડા તથા ઉગમણાબારના ઓરડા તથા ઉત્તરદાબારના ઓરડા તથા દક્ષણાદાબારના ઓરડામાં બધા ઓરડાની ઓસરીની કોરે સો શંકરના સ્વરૂપ દેખાડ્યાં અને મહારાજે એભલ ખાચરને કહ્યું જે, એભલ ખાચર ! આમાં કયા તમારા ગુરુ ? કરો દર્શન. એમ જયારે કહ્યું ત્યાં તો સૌનાં હાથમાં ડાક તથા ડમરુ લઈને વગાડતા હતા તે જોઈ એભલ ખાચર વિચારમાં પડ્યાં જે આમાં મારા ગુરુ કયા ? સૌના સરખાં સ્વરૂપ છે પછી તે સૌ શિવના સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વામીમાં લીન થયા. ત્યારે એભલ ખાચરને એમ નિશ્ચય થયો જે મહારાજથી કોઈ મોટું નથી માટે આજથી મહારાજનાં દર્શન કર્યા વગર જમવું નહી. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૫)*

## શ્રીજીમહારાજ સર્વોપરી છે એવી લાડુબાને દઢતા થઈ

એક વખત દરબારમાં ભાગવતની કથા વંચાતી હતી તેમાં દશમસ્કંધ વંચાતો હતો પછી તેમાં ગોપીયો તથા ગોપનું બહુ જ મહાત્મ્ય આવ્યું, જે ગોપીયો તથા ગોપે ભગવાનને ખરેખર પ્રસન્ન કર્યા, ત્યારે લાડુબા બોલ્યાં જે ગોપીયોનાં તથા ગોપનાં બહુ મોટાં ભાગ્ય. એમ કહી રાત્રે પોતે સૂઈ ગયાં તે વખતે ગોપીયો આવી ચરણારવિંદ ચાંપવા મંડી ત્યારે લાડુબા જાગ્યાં અને પુછ્યું કે તમે કોણ છો ? ત્યારે તે બોલ્યાં જે અમે ગોપીયું છીયે અને અમે તમારો મહિમા જાણીયે છીયે, જે તમને પુરુષોત્તમ મળ્યા છે એમ ગોપીયોએ કહ્યું. એટલે લાડુબાને યથાર્થ મહિમા સમજાયો જે સર્વ કારણના કારણ શ્રીજીમહારાજ છે એવી પોતાને દઢતા થઈ. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૩૮)*

## લાડુબા કહે મહારાજ તમે મારી ખોટ ઓળખાવી

એક દિવસ શ્રીજીમહારાજ લાડુબાને ઓરડે જમવા પધાર્યા હતા ત્યારે શ્રીજીમહારાજ પાસે લાડુબાએ જમવાનો થાળ મૂક્યો પણ પોતાના મનમાં ઘણા દિવસથી સંકલ્પ હતો કે મારે મહારાજને પૂછવું છે પછી હાથ જોડીને વિનંતીપૂર્વક બોલ્યાં, જે મહારાજ ! તમને કૃષ્ણા-અવતારમાં કોણ નવરાવતું ને કોણ જમાડતું ? તે સાંભળી મહારાજ બોલ્યા જે લાડુબા હું તમારે ઘરે આટલા વર્ષથી રહ્યો ને તમે મારો મહિમાં કાંઈ જાણ્યો નહી એમ કહી મહારાજ હસ્યા પછી લાડુબાને મહારાજે કહ્યું, જે હું સર્વ અવતારનો અવતારી છું અને ક્યારેય આ પૃથ્વી ઉપર આવ્યો નથી ને આવીશ નહી તે સાંભળી લાડુબા હાથ જોડીને બોલ્યાં જે મહારાજ તમે મારી ખોટ ઓળખાવી. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૦)*

## નારદજીને મહારાજે પોતાની સામર્થી કહી

શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં વિરાજમાન હતા ને નારદજી મહારાજના દરશને આવ્યા તે દિવ્યદેહ સોતાં આવ્યા, પછી મહારાજને આવી દંડવત કરી પગે લાગ્યા પણ પોતાને દેહની સ્મૃતિ નહીં કે હું કયે દેહ આવ્યો છું ? પછી મહારાજ બોલ્યા જે નારદજી ! અમારે એક એક રુંવાડે કરોડ કરોડ સૂર્યની કાંતિ છે તે અમે છુપાવી રાખી છે પછી નારદજીને ખબર પડી જે હું દિવ્ય દેહે આવ્યો છું પછી મહારાજને પગે લાગ્યા અને કહ્યું જે મહારાજ હું ભૂલી ગયો. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૪૧)*

## મહારાજ કહે મારું અક્ષરધામ તો અષ્ટાવરણ પાર છે !

એક સમે મહારાજ સભા કરી દરબારમાં વિરાજમાન હતા અને પાંચસેહ પરમહંસ તથા હરિજનની સભા ભરાઈને બેઠી હતી, તે સમે એક ગઢવી દરબારમાં આવ્યો અને સભા જોઈને

બોલ્યો જે, અહોહો આ બધા સમાશે ક્યાં ? આખું જગત મૂંડી નાંખ્યું ? મહારાજ કહે ગઢવા મારું ધામ તારા વાડા જેવડું નથી, જે ચોમાસું હોય ને ઢોરાં બહાર રહે છે મહારાજ કહે મારું ધામ તો અષ્ટાવરણ પાર છે પછી ગઢવો મહારાજને હાથ જોડીને પગે લાગ્યો જે, મહારાજ ! તમે સત્ય કહો છો મેં જાણ્યું કે મારા વાડા જેવડું હશે. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૧૫૧)*

## મહારાજને સર્વોપરી જાણવાથી બહુ રાજી થાય છે

ગામ ગાંફમાં વસ્તો રાવળ કરીને સારા સત્સંગિ હતા અને શ્રીજીમહારાજે સૌને કહેલ કે, મને નારદજી જેવો કે શુકજી જેવો કહેવો પણ એથી મોટો કહેવો નહીં. પછી એક વખત ગાંફના રાજા ભાગવતની કથા કરાવતા હતા અને સત્સંગિ ને કુસંગી સાંભળવા જતા હતા અને વસ્તો રાવળ પણ કથા સાંભળવા સૌની પહેલા જઈ આગળ બેસતા હતા પછી પોતાને છીંક આવે ત્યારે સ્વામિનારાયણનું નામ લે અને બગાસુ આવે ત્યારે પણ સ્વામિનારાયણનું નામ લે. પછી એક દિવસ દરબારે સૌ સત્સંગિને કહ્યું જે, વસ્તો રાવળ ભાગવતની કથા સાંભળે છે અને છીંક આવે કે બગાસું આવે ત્યારે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કહે છે. માટે તમે સૌ પુછો જે રામચંદ્રજી થયા તેમણે સમુદ્ર ઉપર પાળ બાંધી અને રાવણ આદિક રાક્ષસને માર્યા અને શ્રીકૃષ્ણ ભગવાન થઈ ગયા તેમણે કંસાદિક રાક્ષસને માર્યા અને શ્રી ગોવર્ધન પર્વત તોળ્યો તેણે કરીને ભગવાન કહેવાય છે પણ આ સ્વામિનારાયણે એવું શું ચરિત્ર કર્યું છે ? જે ભગવાન કહો છો ? ત્યારે વસ્તો રાવળ કહે તમને ખબર નહીં, રામે તથા કૃષ્ણે જે જે ચરિત્ર કર્યા તે સ્વામિનારાયણે આજ્ઞા કરી તેટલું જ કર્યું છે પણ તેથી વિશેષ કર્યું નથી. ત્યારે મનુભા દરબાર બોલ્યા જે લ્યો જુઓ રાવળજીએ તો સૌના કારણ સ્વામિનારાયણને કહ્યા, પછી સરવે હરિભક્ત રાવળજીને કહ્યું જે, સ્વામિનારાયણે ના પાડી છે તે તમે કેમ સર્વોપરી કહ્યા ? ત્યારે વસ્તો રાવળ કહે જે હું તો, મહારાજને જેવા જાણું છું તેવા કહીશ. ત્યારે હરિભક્ત કહે તમે વિમુખ છો; માટે મંદિર આવશો નહીં. વસ્તો રાવળ કહે મારે મંદિર આવ્યા વગર રહેવાશે નહીં પછી થોડાક દિવસ થયા તે વારે શ્રીજીમહારાજ વરતાલ પધારતા હતા તે ગાંફને પાદર આવ્યા અને સૌ હરિજન મહારાજની પાસે જઈને પગે લાગ્યા અને વસ્તો રાવળ છેટે ઉભા રહીને પગે લાગ્યા. ત્યારે મહારાજ કહે રાવળજી ઓરા આવોને, ત્યારે હરિભકતો કહે છે, મહારાજ ! અમે તેમને વિમુખ કર્યા છે મહારાજ કહે કે વર્તમાનમાંથી કાંઈ ચુક્યા કે શું ? ત્યારે હરિભક્તો કહે ના મહારાજ ! તે વર્તમાનમાંથી તો કાંઈ ચુક્યો નથી પણ આમ બોલ્યા. મહારાજ કહે શું બોલ્યા ? પછી ઉપરની વાત કહી સંભળાવી. પછી મહારાજ માણકી ઘોડીયેથી

હેઠા ઉતર્યા અને વસ્તા રાવળને પાસે બોલાવ્યા અને મહારાજે મળીને તેનો વાંસો થાબડ્યો ને બોલ્યા જે કહેજે, કહેજે, કહેજે, જા એ મને સર્વોપરી જાણે છે તે સર્વોપરી જ કહેતો. અને તમે એવો જાણતા નથી પછી સૌ હરિજન બોલ્યા જે મહારાજને સર્વોપરી જાણવાથી જ તેઓ રાજી થાય છે. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૩૩૯)*

## તત્વાનંદ સ્વામી મહારાજને કહે બેટી કા બાપ ધ્યાન તો તેરા હોગા

મહારાજ અસલાલીને પાદર સભા કરીને બેઠા હતા અને ત્યાં મહારાજે ચાર સદ્ગુરુઓને બોલાવ્યા. મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, તથા ચૈતન્યાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ ચાર સદ્ગુરુને બોલાવીને કહ્યું જે, તમો નરનારાયણ તથા લક્ષ્મીનારાયણદેવનું ધ્યાન કરો ત્યારે તે ચારે જણા બોલ્યા જે, મહારાજ ! ધ્યાન તો તમારું થાય બીજા દેવનું ધ્યાન થાય નહીં. મહારાજ કહે તમે અમારું માનતા નથી તો સભામાંથી બહાર જઈને છેટે બેસો. પછી એક આંબો હતો તે નીચે જઈને ચારે જણ બેઠા તે વખતે વેણીભાઈ ગામમાંથી દર્શને આવ્યા, તેમણે પૂછ્યું કે, ઓલ્યા ચાર સદ્ગુરુ છે. તે છેટે જઈને કેમ બેઠા છે ? મહારાજ કહે તેમને સભામાંથી બહાર કર્યા છે. વેણીભાઈ કહે કે શા સારુ ? મહારાજ કહે, અમે કહ્યું કે અમારું માન્યું. નહીં પછી વેણીભાઈ બોલ્યા જે અપરાધ થોડો અને દંડ ઝાઝો. પછી મહારાજ કહે તેમને અહીં બોલાવી લાવો પછી તેઓ તેમને સભામાં બોલાવી લાવ્યા અને મહારાજ પ્રસન્ન થયા જે તમે ચારે જણા ખરા જે અમારું પણ માન્યું નહીં. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૦૮)*

## વસ્તા ખાચરને મહારાજ કહે હું સૌનો પ્રેરક, પ્રવર્તક અને નિયંતા છું

અને કારિયાણીમાં વસ્તા ખાચરનો હાથ પાક્યો હતો પછી ગઢપુરથી નિત્યાનંદ સ્વામીને તેમને જોવાને માટે મોકલ્યા અને થોડા દિવસ કેડે ગોપાળાનંદ સ્વામીને મોકલ્યા ને પાછળથી મહારાજ પણ પધાર્યા. પછી વસ્તા ખાચરે મહારાજને કહ્યું કે મહારાજ તમે નિત્યાનંદ સ્વામીને મોકલ્યા તે મારા ઉપર બહુ દયા કરી અને વળી ગોપાળાનંદ સ્વામીને મોકલ્યા તે તો મારી ઉપર અત્યંત દયા કરી. પછી મહારાજ કહે વસ્તા ખાચર ગોપાળાનંદ સ્વામી તો બહુ મોટા સાધુ છે તે સાંભળી વસ્તો ખાચર કહે કેવા મોટા છે ? ત્યારે મહારાજ કહે એક અષ્ટાંગયોગ શ્રીકૃષ્ણ ભગવાને સાધ્યો હતો અને એક અષ્ટાંગયોગ ગોપાળાનંદ સ્વામીએ સાધ્યો છે એવા મોટા છે ! ત્યારે વસ્તો ખાચર બોલ્યા જે મહારાજ તમે ? ત્યારે મહારાજ કહે હું સૌનો પ્રેરક, પ્રવર્તક અને નિયંતા છું એવી રીતે મહારાજે વસ્તા ખાચર આગળ વાત કરી હતી. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૪૭૬)*

## નિષ્કુળાનંદ સ્વામી કહે આજ વાત સમજાણી !

પછી અક્ષરઓરડીમાં ઉત્તરાદે ખૂણે શ્રીજીમહારાજને ધાબળી પાથરીને બેસાર્યા તથા ગોપાળાનંદ સ્વામી પણ બેઠા. તે સમે નિષ્કુળાનંદ સ્વામી મહારાજને સ્નાન કરવા માટે ચુનાબંધ કુંડી કરાવતા હતા તેઓ આવીને મહારાજ પાસે બેઠા પછી મહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે, સ્વામી ! સુખી છો ને ? ત્યારે નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા જે મહારાજ શહેરમાંથી આવે છે તે સુખી તો એવાજ હશે તો તે સમે સ્વામી વડોદરેથી આવ્યા હતા, તે વાત મહારાજને ગમી નહીં પછી મહારાજ બોલ્યા. જે એ કાંઈ તમારા જેવા નથી જે એમને શહેર બાધ કરે ? પછી મહારાજ કહે સ્વામી ટીપણી મોળી બોલે છે ! ત્યાં જાઓ પછી નિષ્કુળાનંદ સ્વામીએ જઈને કડીયાને કહ્યું જે ટીપળી ઉતાવળી ટીપો એમ કહીને પાછા મહારાજ પાસે બેઠા ત્યારે મહારાજ કહે સ્વામી ! કડીયા ખોટી થાય છે ! વળી સ્વામીએ જઈને કડીયાને કહ્યું કે ઉતાવળથી કામ ચલાવો એમ કહીને પાછા મહારાજ પાસે આવીને બેઠા અને નિષ્કુળાનંદ સ્વામીના મનમાં એમ હતું કે, મહારાજને કાંઈક છાની વાત કહેવી છે તે મારે સાંભળવી છે ત્યારે ગોપાળાનંદ સ્વામીએ મહારાજને કહ્યું કે, મહારાજ ! તમારે મને જે કહેવું હોય તે કહો અને આ ડોસો કેડ નહીં મેલે ! અને પછી શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને વાત કરી છે, સ્વામી ! આપણે અત્રે આવ્યાનું કારણ તમે જાણો છો ? ત્યારે સ્વામી કહે, ના મહારાજ ! હું જાણતો નથી મહારાજ કહે તમો આદિક અક્ષરમુક્ત અક્ષરધામમાં બેઠા હતા અને અમે અક્ષરધામમાં વાત કરી જે આ બ્રહ્માંડ ઘણાંક કાળથી સરજાંણુ તે પણ કોઈ જીવ અક્ષરધામમાં આવતા નથી પછી અમે દત્ત તથા કપિલ આદિક અવતારને મોકલ્યાં તો પણ ત્યાં આવ્યા નહીં ને તેમને ભજીને પણ કોઈ આવ્યું નહીં. પછી ત્રેતાયુગમાં રામચંદ્રજીને મોકલ્યાં તે વખતે દસ હજાર વરસની માણસને આવરદા હતી પણ પોતે અગિયાર હજાર વરસ સુધી રહ્યા પણ પોતે એકાંતિક ધર્મ પ્રવર્તાવી શક્યા નહીં. પછી અમે શ્રીકૃષ્ણને મોકલ્યા તે પણ કલિયુગમાં સો વરસની આયુષ્ય છતાં પોતે સવાસો વરસ રહ્યા તો પણ એકાંતિક ધર્મ પ્રવર્તાવી શક્યા નહીં ત્યારે તમે બોલ્યા જે, હે મહારાજ ! જે જે ધામમાંથી જે જે આ પૃથ્વી ઉપર આવે તેને ભજીને તે તે ધામને પામે એ તો જ્યારે તમો પુરુષોત્તમ આ પૃથ્વી ઉપર પધારો ત્યારે તે જીવ તમને ભજીને અક્ષરધામમાં આવે ત્યારે અમે કહ્યું કે અમે જ્યારે પૃથ્વી ઉપર પધારીયે ત્યારે તમારે પણ આવવું પડશે. ત્યારે તમે કહ્યું કે અમારું શું કામ છે ? ત્યારે મહારાજ કહે, તમારું કામ તો એટલું જે તમે ધર્મ પાળીને ધર્મ પાળતાં શીખવો. ભક્તિ કરીને ભક્તિ કરતાં શીખવો ત્યારે તમે બોલ્યા જે, મહારાજ ! તમે પધારશો ત્યારે અમારે પણ આવ્યા વિના છૂટકો છે ? માટે તમારા જેવા

અક્ષરમુક્ત લઈને અત્રે આવ્યા છીએ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સ્વામી ! આ છ હેતુ માટે આપણે આ પૃથ્વી ઉપર આવ્યા છીએ પછી મહારાજ કહે :- ૧. જે જે અવતારને આપણે મોકલ્યા તેમને અક્ષરધામમાં લઈ જવા છે. ૨. તેને ભજીને જે જે જ્યાં જ્યાં ગયા હોય તેમને અક્ષરધામમાં લઈ જવા છે. ૩. ને ભક્તિ ધર્મને એકાંતિક સુખ આપવું. ૪. આ પૃથ્વી વિષે એકાંતિક ધર્મ પ્રવર્તાવવો. ૫. અને સર્વ જીવ પ્રાણીમાત્રને વિષે સ્વામિનારાયણની નિષ્ઠા પ્રવર્તાવવી. ૬. ને નવા મુમુક્ષુ ઉત્પન્ન કરવા. ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજને દંડવત પ્રણામ કર્યા અને કહ્યું જે, હે મહારાજ ! આજ વાત જાણી. ત્યારે મહારાજ કહેશું જાણ્યું ? ત્યારે નિષ્કુળાનંદ સ્વામી કહે તમે જ્યારે લોજ પધાર્યા હતા ત્યારે રામાનંદ સ્વામીએ સૌ હરિજનોને કાગળ લખ્યા હતા જે સૌ લોજમાં તપસ્વીના દર્શન કરવા જાજો ત્યારે હું ભૂજ ગયો હતો. પછી રામાનંદ સ્વામીને દંડવત્ કર્યા ત્યારે રામાનંદ સ્વામી અવળું - જોઈને બેઠા ત્યારે મેં સન્મુખ જઈને દંડવત કર્યા, ત્યારે સ્વામી કહે, લાલજી ભગત ! તમે અહિં આવ્યા તે બહુ ખોટું કર્યું જે લોજ જઈએ નહિં લોજ ત્યારે મેં કહ્યું કે સ્વામી ! તમે અહિંયા છો ને લોજ શું કામ જઈએ ? ત્યારે સ્વામી કહે, લોજ તો મોટા તપસ્વી આવ્યા છે. ત્યારે મેં કહ્યું કે કેવા રૂગનાથદાસજી જેવા ? ત્યારે સ્વામી બોલ્યા જે, એની આગળ રૂગનાથદાસ ? ત્યારે મેં કહ્યું કે રામદાસભાઈ જેવા ? ત્યારે સ્વામી કહે, રામદાસ શું એની આગળ ? ત્યારે મેં કહ્યું કે, મુક્તાનંદ સ્વામી જેવા, ત્યારે સ્વામી કહે, મુક્તાનંદજી શું એમની આગળ, ત્યારે મેં કહ્યું કે તમ જેવા ? ત્યારે સ્વામીએ કહ્યું કે, હું પણ શું એની આગળ અને બીજા પણ શું ? એ તો બહુ મોટા છે ! એમ સ્વામીએ કહ્યું તે આજ સમજાણું. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૪૩)*

## ઉપાસનામાં કસર હશે તો લોકાંતરમાં રહેવું પડશે

એક વખત સ્વામી ઉમરેઠ ગામ પધાર્યા હતાં અને ત્યાંના સત્સંગિ બ્રાહ્મણે કોઈકનું ઘર ઘરાણે રાખ્યું હતું પછી તે બ્રાહ્મણ દેહ મૂકી ગયો અને થોડાક વરસ થયા કેડે તે ઘરધણીએ તે બ્રાહ્મણના છોકરાને કહ્યું જે, તારા રૂપિયા લે અને મારું ખત પાછું આપ્યા પછી છોકરે તેનો લેખ ઘરમાં ગોત્યો પણ હાથ આવ્યો નહીં. પછી તે છોકરો સ્વામી પાસે મંદિરમાં આવ્યો અને સ્વામીને કહ્યું કે ઘરનો ધણી લેખ માંગે છે પણ લેખ ક્યાંઈ જડતો નથી અને મારે બાપે ક્યાંઈક મેલ્યો હશે તે તો દેહ મલી ગયા છે. પછી સ્વામીએ એક સંતને સમાધિ કરાવીને અક્ષરધામમાં મોકલ્યો પણ તે બ્રાહ્મણને ત્યાં દીઠો નહીં. પછી તે સંત સમાધિમાંથી પાછા આવ્યા અને સ્વામીને કહ્યું કે તે બ્રાહ્મણ અક્ષરધામમાં તો નથી ત્યારે સ્વામીએ કહ્યું કે તેને કોની સાથે

હેત હતું ? ત્યારે કોઈકે કહ્યું કે તેમને તો અમોઘાનંદ સ્વામી સાથે હેત હતું ત્યારે સ્વામી કહે તેઓ શેનો અભ્યાસ કરતાં હતાં ? પછી સૌએ કહ્યું છે તે તો રામકથાનો અભ્યાસ કરતા હતા ત્યારે સ્વામી કહે તમો સમાધિ કરીને વૈકુંઠમાં જાઓ પછી સ્વામીએ તે બ્રાહ્મણના છોકરાને સમાધિ કરાવી અને તે વૈકુંઠમાં ગયો ત્યાં રામચંદ્રજી સિંહાસન ઉપર બેઠેલા અને અમોઘાનંદ સ્વામી રામકથા વાંચતા હતા. પછી છોકરે ત્યાં તેના બેઠેલા બાપને પુછ્યું જે, ઘરનો લેખ ક્યાં મૂક્યો છે ? તે ઘરનો ધણી માંગે છે. ત્યારે બ્રાહ્મણ કહે ઘરમાં પાટડામાં ડગરી મારીને તેમાં મેલ્યો છે. પછી છોકરે સમાધિમાંથી આવીને સભામાં તે બધી વાત કરી અને ઘરે જઈને સુતારને બોલાવીને પાટડામાંથી લેખ કઢાવ્યો તે લઈને ઘરનાં ધણીને આપ્યો અને સ્વામીએ સૌને સભામાં વાત કરી જે ઉપાસનામાં કસર રહેશે તો લોકાંતરમાં રહેવું પડશે માટે ઉપાસના શુદ્ધ રાખજો. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૬૯૬)*

## મોટાના સમાગમ વિના સમજણમાં કચાસ રહી જાય છે

અને વડતાલમાં ચેતન્યાનંદ સ્વામીના શિષ્ય બાળમુકુંદાનંદ સ્વામી હતા તે પોતે નિરંતર ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા જતા. પછી એક વખત ચેતન્યાનંદ સ્વામીએ કહ્યું કે તું રાત્રે હંમેશાં કેમ મોડો આવે છે ? અને ક્યાં જાય છે ? ત્યારે બાળમુકુંદાનંદ સ્વામી કહે કે, સ્વામી ! હું તો ગોપાળાનંદ સ્વામીને આસને વાતો સાંભળવા જાઉં છું ત્યારે ચેતન્યાનંદ સ્વામી બોલ્યા જે વળી ત્યાં કેવી વાતો થાય છે ? ત્યારે બાલમુકુંદાનંદ સ્વામી કહે ત્યાં તો મોટા મોટા સદ્ગુરુ વાતો સાંભળવા આવે છે. ત્યારે બાળમુકુંદાનંદ સ્વામી કહે કે સ્વામી તમે પણ જો એક વખત ગોપાળાનંદ સ્વામીની વાત સાંભળો તો તમને પણ નિરંતર ત્યાં આવવાનું મન થાય. ચેતન્યાનંદ સ્વામી કહે કે મારાથી ત્યાં અવાય નહીં ! એમ કરતાં કરતાં કેટલાક દિવસ થયા પછી બાળમુકુંદાનંદ સ્વામીને કહે કે ચાલો આજ તો હું પણ સ્વામીની વાતો સાંભળવા આવું. જોઈએ સ્વામી કેવીક વાતો કરે છે ? પછી બાળમુકુંદાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામી પાસે અગાઉથી એક માણસ મોકલાવીને કહેવરાવ્યું જે ચૈતન્યાનંદ સ્વામી તમારે આસને વાતો સાંભળવા આવે છે. સ્વામીએ તરત મોટી ગાદી તકીયો નંખાવી તૈયાર કર્યો અને ચેતન્યાનંદ સ્વામી આવ્યા ત્યારે સ્વામીએ તેને ગાદી તકીયે બેસાર્યા અને પછી પુરુષોત્તમપણાની કેટલિક વાતો કરી તથા અવતાર અવતારીના ભેદની કેટલિક વાતો કરીને તે સાંભળીને ચેતન્યાનંદ સ્વામી તો મનમાં ઘણાંક પ્રસન્ન થયા અને પછી પોતાને આસને આવ્યા અને બાળમુકુંદાનંદ સ્વામીને કહ્યું કે હું હવે નિરંતર સ્વામીની વાતો સાંભળવા આવીશ અને કેટલિક વાતનો પ્રસંગ

આવે ત્યારે ગોપાળાનંદ સ્વામી સંસ્કૃત પુસ્તક લઈને ચેતન્યાનંદ સ્વામીને પુછવા જતા જે આ શ્રીજીમહારાજે શું કહ્યું છે ? માટે આપના મુખથી સમજાવો પછી કેટલાક દિવસ કેડે ચેતન્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને હાથ જોડીને કહ્યું કે તમે મને મળ્યા ન હોત તો મારે સમજણમાં ઘણી કસર રહી જાત ! કેમ કે પોતાનાં મનમાં એમ હતું કે મારે શું કરવાનું બાકી છે ? એમ પોતાને અભિમાન હતું. તે ગોપાળાનંદ સ્વામીના સમાગમથી ટળી ગયું અને પોતે પરમ સાધુતા ગ્રહણ કરી અને પોતાનો સુવાનો ઢોલિયો તથા નોખી રસોઈ કરવી વગેરે બધાનો ત્યાગ કરીને સૌની સાથે પથારી કરીને પંક્તિમાં જમવું એવી રીતે કર્યું તે ગોપાળાનંદ સ્વામીના પ્રતાપથી થયું. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૫૫)*

## મોટા સંતના સમાગમથી કસર મટે છે

અમદાવાદમાં સર્વનિવાસાનંદ સ્વામી હતા. તેમને પચાશ સાધુ ભેગા રહેતા અને દશ પાળા પોતે ફરવા જતા ત્યારે સાથે ચાલતા તથા સિગરામ વગેરે વાહન પોતાને સ્વાધીન હતાં. તો પણ પોતાના મનમાં એક દિવસ એમ વિચાર થયો. જે જ્યાં સુધી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કર્યો નથી ત્યાં સુધી આપણી કસર ટળશે નહીં એમ વિચાર કરીને એક વખત અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે હાથ જોડીને બોલ્યા જે મારે વરતાલ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા જવું છે ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, સ્વામી ! તમારામાં શું નૂન્યતા છે ? તે ત્યાં જવું ? પછી સર્વનિવસાનંદ સ્વામી બોલ્યા જે, મહારાજ ! જ્યાં સુધી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ નથી કર્યો ત્યાં સુધી શ્રીજીમહારાજની ઉપાસના તથા સત્સંગની પ્રથા તથા દૃઢતા થાય નહીં માટે હું આપને વિનંતી કરીને કહું છું કે મને સમાગમ કરવા જવાની રજા આપો. પછી પોતાની પાસે સાઠ જોડ્ય ચરણારવિંદ હતાં તથા શ્રીજીની કેટલિક પ્રસાદીની ચીજો હતી. તે બધું અયોધ્યાપ્રસાદજી મહારાજને અર્પણ કર્યું. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા જે, સ્વામી ! તમારે જવું હોય તો ભલે પધારો હું રાજી છું પણ આ તમારી પૂજા તમારા સેવકોને જેમ ઘટે તેમ વહેચી આપો. પછી સ્વામીએ પોતાના સેવકોને યોગ્યતા પ્રમાણે પૂજા વહેંચી આપી. અને બાકીની જે પૂજા હતી તે અયોધ્યાપ્રસાદજી મહારાજને કૃષ્ણાર્પણ કરી અને પોતે એક સેવકને સાથે લઈને વડતાલ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા ગયા એવી રીતે મોટા હોય તે મોટાનો મહિમા સમજે જેમ હીરે કરીને જ હીરાની પરીક્ષા થાય તેમ મોટા હોય તે જ મોટાની મોટપ જાણે. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૫૬)*

## મુક્તમુનિને ચૈતન્યાનંદ સ્વામીએ ચેતવ્યા

એક સમે સ્વામી ગઢપુરમાં સવારમાં પૂજા કરતા હતા. સ્વામી પૂજા કરીને દર્શને નીકળ્યા હતા તે મુક્તાનંદ સ્વામીને આસન પગે લાગવા ગયા તે સમે મુક્તાનંદ સ્વામીએ પોતાની પૂજામાંથી રામાનંદ સ્વામી કોપીનનો આડબંધ દેખાડ્યો અને કહ્યું કે લ્યો સ્વામી કરો દર્શન આ રામાનંદ સ્વામીની કોપીનનો આડબંધ છે. ત્યારે ચૈતન્યાનંદ સ્વામી આંખ્યું વીંચી ગયા ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, સ્વામી ! કેમ આંખો વીંચી ગયા ? ત્યારે ચૈતન્યાનંદ સ્વામી કહે કે, મારે તો પતિવ્રતાની ભક્તિ છે પણ વેશ્યાની નથી ! તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ પોતા પાસે તાપવા માટે સગડી મેલી હતી. તેમાં તે આડબંધ નાખ્યો તે બળી ગયો અને પોતાના મનમાં વિચાર કર્યો જે મારામાં આટલી કસર હતી અને તે જ સમે પ્રભાતિયા નવા બનાવીને બોલ્યા જે – છોડી કે શ્રીકૃષ્ણ દેવ, ઓરકી જો કરૂં સેવ; કાટીડારો કર મેરા, તીખી તરવારશે.'' *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૯૩)*

## મુક્તમુનિને શાન્તાનંદ સ્વામીએ સમજાવ્યા

સ્વામી નિત્ય સ્નાન કરતા ત્યારે પરોક્ષ તીર્થ ગંગાજી તથા જમુનાજી તથા સરસ્વતી તથા ત્રીવેણી તથા પ્રયાગ વગેરે તીર્થોને સંભારીને નહાતા હતા તે વખતે તેમના સેવક શાંતાનંદ સ્વામી કરીને હતા. તેમણે સ્વામીને કહ્યું, જે સ્વામી ! શ્રીજીમહારાજ પ્રત્યક્ષ મળ્યા અને તેમના ચરણના પ્રતાપે કરીને જ સર્વે તીર્થ થયાં છે તો હવે પ્રત્યક્ષ મળ્યા પછી પરોક્ષને શું કામ છે ? કેમ કે પ્રભાતિયા તો તમોએ જ બનાવ્યા છે જે - ''પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા; ગીધ ગુણકા કપીવૃંદ કોટી; વૃજ તણી નાર વ્યભિચાર ભાવે તરી પ્રગટ ઉપાસના સૌથી મોટી'' માટે હવે પરોક્ષ તીર્થનું કાંઈ કામ નથી. માટે હવે તો પ્રત્યક્ષને જ સ્નાન કરતી વખતે સંભારવા. સ્નાન કરતી વખતે સંભારવા. વળી તમોએ આરતીમાં કહ્યું જે ''અડસઠ તીર્થ ચરણે કોટી ગયા કાશી'' એમ આપના મુખથી શબ્દ નીકળેલા છે. પછી સ્વામીએ કહ્યું જે તમે ઠીક કહો છો અને મારી ભૂલ છે પછી બીજે દિવસે સવારમાં પૂજા કરીને સ્વામી શ્રીજીમહારાજને દર્શને અક્ષરઓરડીમાં ગયા ત્યારે મહારાજે કહ્યું જે સ્વામી તમોને કાલે શાંતાનંદે ઠબકો આપ્યો ? સ્વામી કહે હા મહારાજ જેમ છે તેમ મને શાંતાનંદે સમજાવ્યો એમ સ્વામીએ શાંતાનંદ સ્વામીનો ગુણ ગ્રહણ કર્યો. *(સદ્. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, વાર્તા-૭૭૭)*

## દાદા ખાચરને ધામનીને અહીંની એકતા દેખાડી

ગઢડામાં અક્ષરઓરડીને સમીપે ફરજો હતો. તેમાં મહારાજે મંદવાડ ગ્રહણ કર્યો હતો. ને તે જ સમે દાદા ખાચરને પણ ઘણો જ મંદવાડ થયેલ. તેથી મહારાજે દાદા ખાચરનો ખાટલો

પોતાની પાસે રખાવ્યો ને જીવા ખાચર તથા મૂળૂ ખાચર દાદા ખાચરને જોવા આવ્યા. તે સમે એમ બોલ્યા જે, દાદા ખાચરનો દેહ નહિ રહે. તે સાંભળી એભલ ખાચર તથા જીવુબા આદિક રોવા લાગ્યાં. તેમને શ્રીજીએ ધીરજ આપીને શાંત પમાડ્યાં. પછી શ્રીજીમહારાજે તરવારને મ્યાનમાંથી કાઢીને જીવા ખાચરને તથા મૂળૂ ખાચરને કહ્યું કે, આ મારી તીક્ષ્ણ ધારવાળી તરવારે કરીને ન પડે તેવા કોઠા તથા કિલ્લાઓ પાડેલા છે. તરવારે કરીને સર્વત્ર વ્યાપક કાળનો તથા દાદા ખાચરને દુઃખ આપનાર રાજાઓનો તેના કુળસહિત નાશ કરી નાખીશ. એવી રીતે તરવારને મ્યાનમાંથી કાઢીને વાત કરી ને બન્ને જણ ત્યાંથી ઊઠી પોતાના મુકામે ગયા. પછી દાદા ખાચરને શ્રીજીએ પોતાનું ઐશ્વર્ય દેખાડવાની ઈચ્છા કરી. તે સમે દાદા ખાચરને મૂર્છા આવી કે તુરત કાળ આવીને ગણપતિને સ્થાનકે લઈ ગયા. ત્યાં આઠ પાંખડીના કમળ ઉપર પોતાના પરિવાર સહિત બેઠેલા ગણપતિને દાદાએ જોયા. તેટલામાં શ્રીજી ત્યાં પધાર્યા. શ્રીજીને જોઈ ગણપતિએ પોતાના આસનેથી ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પોતાના આસને બેસાર્યા. ને ષોડશોપચારથી પૂજા કરીને ઘણી સ્તુતિ કરીને પછી દાદા ખાચરની પૂજા કરી ને નૃત્ય કર્યું. પછી શ્રીજી બન્નેને દેખતાં છતાં અંતર્ધાન થઈ ગયા. તે સમે કાળ દાદાને પોતાના સ્થાનમાં લઈ ગયો. ત્યાં મહાક્રૂર આકૃતિવાળો ને હજાર હાથે આયુધ ધરેલાં ને ત્રણ મસ્તક ને ત્રણ લોચન જેને છે એવા કાળની સન્મુખ દાદા ખાચર જાય છે. તેટલામાં હાથમાં તીક્ષ્ણ ધારણ કરી છે તરવાર જેમણે એવા શ્રીજી ત્યાં પધાર્યા. ને કાળને કહ્યું કે, અમારા એકાંતિક ભક્તને તું અહીં શા માટે લાવ્યો છું ? તેને પરાભવ કરવાને કોઈ સમર્થ નથી. તેવું શ્રીજીનું વાક્ય સાંભળીને ભયને પામતો ને થરથર ધ્રૂજતો કાળ હાથ જોડીને બોલ્યો કે, હે મહારાજ ! દાદા ખાચરને અહીં ન લાવત તો અમારા સ્થાનમાં આપશ્રી ક્યાં પધારવાના હતા ? જો દાદાને લાવ્યો તો ગણપતિના તથા મારા સ્થાનમાં આપશ્રી પધાર્યા, ને મારું સ્થાન પવિત્ર કર્યું. હવે આપ સુખેથી લઈ જાઓ. ને મેં કરેલો જે ગુનો તે માફ કરો. એમ કહીને કાળ મૌન રહ્યો કે તુરત શ્રીજી દાદા ખાચરને લઈ સૂર્યના સ્થાનમાં પધાર્યા ત્યાં સૂર્યે શ્રીજીની સ્તુતિ કરી પછી સૂર્ય ષોડશોપચારથી પૂજા કરી. પછીથી વાલખીલ્યાદિક ઋષિઓએ સ્તુતિ ને પૂજન કર્યું. પછી શ્રીજી દાદાને લઈ વૈકુંઠમાં ગયા. ત્યાં શ્રીજીને જોઈ લક્ષ્મીનારાયણદેવે પોતાને આસનેથી ઊઠીને સન્મુખ ચાલી ઘણા જ પ્રેમથી પોતાના સિંહાસનમાં બેસાર્યા ને દિવ્ય ષોડશોપચારથી પૂજા સ્તુતિ કરી. પછી શ્રીજી દાદા પ્રત્યે બોલ્યા જે, તમે લક્ષ્મીનારાયણ દેવને પૂછો જે સર્વ અવતારના અવતારી તમો છો, કે આ બિરાજમાન શ્રીહરિ છે ? આવી રીતે શ્રીજીએ દાદા ખાચરને કહ્યું તે પ્રમાણે દાદાએ લક્ષ્મીનારાયણદેવને પૂછ્યું. ત્યારે લક્ષ્મીનારાયણદેવે કહ્યું જે, આ પોતે શ્રીહરિ

સર્વ અવતારના અવતારી છે ને સર્વના કારણ છે. તેમની આજ્ઞાનુસારે કાળ, માયા સર્વે વર્તે છે. ને અમે તો તેમના અવતાર છીએ. ને તમે મહાભાગ્યશાળી છો. કેમ કે તમારે ત્યાં આ પુરુષોત્તમનારાયણ વિરાજે છે. માટે તમારા જેવા મહત્તર ભાગ્ય કોઈના નથી એમ તમે જાણો. એવી રીતે દાદાને લક્ષ્મીનારાયણ દેવે કહ્યું. પછી તે સ્થાનમાંથી દાદાને સાથે લઈ શ્રીજીમહારાજ ગોલોકમાં પધાર્યા. ત્યાં શ્રીહરિને જોઈ પોતાના સિંહાસનથી ઊતરી શ્રીકૃષ્ણ શ્રીજી સન્મુખ ચાલી પ્રેમપૂર્વક મળી સિંહાસનમાં શ્રીજીને પધરાવ્યા. ને દિવ્ય ષોડશોપચારથી પૂજા સ્તુતિ કરી. તેવી જ રીતે શ્રીકૃષ્ણના પાર્ષદોએ તથા ગોપગોપીઓએ ઘણા પ્રેમપૂર્વક પૂજા કરી. શ્રીજીએ પ્રથમની પેઠે દાદા ખાચરને કહ્યું કે, તમે શ્રીકૃષ્ણને પૂછો. ત્યારે દાદાએ પૂછ્યું. તે સાંભળીને શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે, આ પોતે શ્રીહરિ સર્વ અવતારના અવતારી ને સર્વના નિયંતા છે. ને અમે તો શ્રીજીના અવતાર છીએ, એમ તમે જાણો. પછી શ્રીહરિની સન્મુખ ગોપગોપીઓએ રાસ કર્યો ને શ્રીહરિને પ્રસન્ન કર્યા. ને દાદા ખાચર પણ શ્રીકૃષ્ણનાં વચન સાંભળીને બહુ જ પ્રસન્ન થયા. પછી ગોલોકમાંથી શ્રીજી દાદાને અક્ષરધામમાં લઈ ગયા. ત્યાં શ્રીજીને દિવ્ય સિંહાસનમાં બેસાડીને મુક્તોએ શ્રીજીની પ્રથમ ષોડશોપચારથી પૂજા પ્રાર્થના કરી. ને અક્ષરધામમાં રહેલ શ્રીહરિની મૂર્તિમાં શ્રીજીમહારાજ લીન થયા. પછી અક્ષરધામની મૂર્તિમાંથી જુદા દેખાણા. વળી શ્રીજીમહારાજની મૂર્તિમાં અક્ષરધામની મૂર્તિ લીન થઈ એવી રીતે દાદા ખાચરને બે ત્રણ વખત શ્રીજીએ દેખાડ્યું. તેણે કરીને દાદા ખાચરે જાણ્યું જે, અક્ષરધામની મૂર્તિ ને શ્રીજીમહારાજની મૂર્તિ એક જ છે પણ જુદી નથી. એવો દાદા ખાચરને નિશ્ચય કરાવીને અક્ષરધામમાંથી દાદાને શ્વેતદ્વીપમાં શ્રીજી લઈ ગયા. ત્યાં શ્વેતદ્વીપપતિ વાસુદેવનારાયણે શ્રીજી સન્મુખ ચાલી પ્રેમથી પોતાના આસને બેસાર્યા. ને દિવ્યષોશોપચારથી શ્રીજીની પૂજા સ્તુતિ કરી. તેવી જ રીતે નિરન્નમુક્તોએ તથા ધર્મભક્તિએ પૂજા કરી પ્રાર્થના કરી. પછી દિવ્ય રૂપવાળાં જયાબાને ઉત્તમરાજાએ દેખ્યાં તે સમે વાસુદેવે દાદા ખાચરને કહ્યું કે, તમારા જેવાં કોઈનાં ભાગ્ય નથી. કારણ કે સર્વ અવતારના અવતારી ને સર્વના કારણ સર્વના નિયંતા એવા આ પુરુષોત્તમ નારાયણ તમારે ત્યાં વિરાજે છે. એમ કહીને બોલ્યા જે, અમે તો આ શ્રીજીના અવતાર છીએ ને શ્રીજીની આજ્ઞાનુસાર વર્તીએ છીએ. પછી શ્રીજીને કહ્યું જે, બદરિકાશ્રમમાં પધારો. હું પણ આપની સાથે આવું છું. એમ કહીને શ્રીજીને તથા દાદાને સાથે લઈ વાસુદેવનારાયણ બદ્રિકાશ્રમમાં ગયા. ત્યાં શ્રીજીને આવેલા જોઈ બદ્રિપતિ નરનારાયણે શ્રીજીને દિવ્ય આસને બેસાડી ષોડશોપચારથી પૂજા સ્તુતિ કરી. પછી પૂર્વની માફક નરનારાયણે દાદાને કહ્યું, તે સાંભળીને દાદા ખાચર બહુ જ પ્રસન્ન થયા. પછી બદ્રિકાશ્રમમાંથી દાદા ખાચરને શ્રીજીમહારાજે તેમના

દેહમાં પ્રવેશ કરાવ્યો તે જ રાત્રિએ પૃથ્વીનો કંપ થવાથી મોટા કિલ્લાઓ તથા કોઠાઓ પડી ગયા ને ઘણો જ ઉત્પાત થયો. પછી બીજે દિવસે પ્રાતઃકાળમાં શ્રીજીએ સભા કરી. ત્યાં દાદા ખાચર આવ્યા ને પોતે જોયેલ તથા સાંભળેલ વાર્તા શ્રીજીમહારાજ પાસે કહી. તે સાંભળી શ્રીજી ઘણું જ મંદમંદ હસ્યા. તે જ સમયમાં એક શિલ્પી સુશોભિત વાસુદેવનારાયણની પ્રતિમા લાવ્યો. તેને મહારાજે રાખીને તેની કિંમત આપવાની કહી ત્યારે તેણે કહ્યું કે, હું ઉન્મત્તગંગામાં સ્નાન કરવા જાઉં છું પછી આવીને લઈશ. તેમ કહીને તે શિલ્પી ગયો. તે કેડે શ્રીજીએ તેને બોલાવવા એક પાર્ષદને મોકલ્યો પણ તે ન મળવાથી પાછો આવ્યો. તે સમે કરિયાણાના ઉનડ ખાચર સભામાં બેઠા હતા. તેમણે શ્રીજીને કહ્યું કે આ તમારું ચરિત્ર અમને સમજાયું નહિ માટે તે કહો, ત્યારે તેમને શ્રીજીએ કહ્યું કે, હું એક વખત આ ઉત્તમરાયને મારાં ધામ દેખાડવા જતો હતો. તેમાં પ્રથમ વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ, બદ્રિકાશ્રમમાં ગયો. તે ધામોના નિવાસીઓએ મારી પ્રાર્થના કરીને કહ્યું કે, તમારા સમીપમાં પૃથ્વીમાં અમને રાખજો . તે માટે શ્વેતદ્વીપમાંથી વાસુદેવે વાસુદેવનારાયણની મૂર્તિ પોતાના પાર્ષદ સાથે મોકલી તે મને આપી, તે શ્વેતદ્વીપમાં ગયો. માટે વાસુદેવનારાયણને અહીં પધરાવશું. ને નરનારાયણ દેવને અમદાવાદ પધરાવશું. તેમજ લક્ષ્મીનારાયણ દેવ તથા મારી મૂર્તિ સહિત રાધાકૃષ્ણ દેવ તથા વાસુદેવ સહિત ધર્મભક્તિને વડતાલમાં પધરાવશું. ને અહીં મંદિર કરાવીને મારા શરીરરૂપ શ્રીગોપીનાથજીને પધરાવશું ને મારી મૂર્તિ હરિકૃષ્ણજીને રઘુવીરજી પધરાવશે. એવી રીતે શ્રીજીમહારાજે વાત કરી તે સાંભળીને સર્વે પરમ આનંદ પામ્યા ને શ્રીજીમહારાજને સર્વે અવતારના અવતારી ને સર્વ કારણના કારણ માનતા હવા. *(સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૨)*

## ભાઈરામદાસજીએ અંત સમે જેમ છે તેમ વાત કરી

ગઢડાથી શ્રીજીમહારાજ સારંગપુર જઈ દાદા ખાચરને ગઢડે મોકલ્યા ને શ્રીજી કારિયાણી પધાર્યા. હવે દાદા ખાચર ધર્મશાળામાં ભાઈરામદાસજીનાં દર્શને ગયા. ત્યાં ભાઈરામદાસજીએ મહારાજના સમાચાર પૂછ્યા ત્યારે કહ્યું જે, શ્રીજી કારિયાણી ગયા છે. તે સાંભળી ભાઈરામદાસજીએ કહ્યું કે, મારે કાલે ધામમાં એકાદશીને દિવસે જવું છે માટે તમો મહારાજને બોલાવી લાવો. આ પ્રકારનું સ્વામીનું વચન સાંભળીને દાદાએ કમા રાઠોડને એકદમ શ્રીજીને બોલાવવા સારું કારિયાણી મોકલ્યા. તે શ્રીજી પાસે જઈ નમસ્કાર કરીને બેઠા, ત્યારે શ્રીજીએ સમાચાર પૂછ્યા. તેથી કહ્યું કે ભાઈરામદાસજીને મહારોગ થયો છે ને કાલે એકાદશીને દિવસે મધ્યાહ્ન દેહત્યાગ કરવાના છે ને તમને વારંવાર યાદ કરે છે માટે એકદમ ચાલો. તે સાંભળી મહારાજ તત્કાળ માણકીએ બેસી ગઢડે આવ્યા, ને માણકી ઘોડીથી ઊતરીને સ્વામી પાસે ગયા.

તે સમે ભાઈરામદાસજી ઊંડા ઊતરી ગયા હતા. તેથી મહારાજે ત્રણ વખત ઊંચે સ્વરેથી બોલાવ્યા તેથી જાગ્રત થયા. ને મહારાજનાં દર્શન કરીને કહ્યું કે મારું અવસાન સમીપમાં આવેલ છે. માટે સમગ્ર સાધુને તથા હરિભક્તોને બોલાવો. પછી સર્વેને બોલાવ્યાથી સમીપમાં આવ્યા ને શ્રીજીને તથા ભાઈરામદાસજીને પગે લાગી શ્રીજી સહિત સ્વામી પાસે બેઠા. તે સમે એક બાજોઠ ઉપર સ્વામીએ શ્રીજીમહારાજને બેસાડ્યા. ને ઉન્મત્તગંગાના જળથી સ્નાન કરાવીને શ્રીજીને અમૂલ્ય સુશોભિત પીતાંબર પહેરાવ્યું ને નખથી શીખાપર્યંત શ્રીજીની મૂર્તિને પોતાના હૃદયમાં ઉતારી. પછી શ્રીજીના લલાટમાં કેસરચંદનથી અર્ચન કરીને કંઠમાં પુષ્પના હાર પહેરાવ્યા. ને દાડમ, કેળાં, લીલી દ્રાક્ષ વગેરે મેવો અર્પણ કર્યો. ને આરતી ઉતારીને પોતાના હૃદયમાં શ્રીજીની મૂર્તિને ધારીને સર્વ ત્યાગી તથા હરિભક્તોને કહ્યું જે, હું એક વાત કહું તે સાંભળો. સંતો મને એમ પૂછતા જે, શ્રીજીમહારાજ કૃષ્ણ જેવા કે કેમ ? તે સાંભળી હું એ વિશે કાંઈ બોલતો નહિ, કારણ કે શ્રીજીને કૃષ્ણ કરતાં અધિક કહું તો મારા વાક્યનો અનાદર કરે એમ ધારીને બોલતો નહિ પણ અવતારમાં ભેદ નથી. તેની પેઠે તો સાકરમાં તથા સાકરના નાળિયેરમાં ભેદ નથી તેમ. એક વખત ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામી તથા શ્રીકૃષ્ણ ભગવાને મને દર્શન દીધાં. પછી મેં તેમને પ્રેમપૂર્વક નમસ્કાર કર્યા. તે સમે મારા ઉપર રાજી થઈને શ્રીકૃષ્ણ ભગવાન અમૃતરૂપ વચન બોલ્યા, હે યોગીવર્ય, આ શ્રીહરિકૃષ્ણ ભગવાન સાક્ષાત્પરાત્પર પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ તે સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ છે. ને કાળ માયાના નિયંતા છે ને અતુલ્ય છે પરાક્રમ જેમનું એવા છે. વિચિત્ર શક્તિએ યુક્ત કલ્યાણ ગુણગણના સમુદ્રરૂપ એવા આ શ્રીહરિને તમો સર્વ અવતારના અવતારી જાણશો, ત્યારે તમારો આત્યંતિક મોક્ષ થાશે. એમ મને કહીને તે બેઉ અંતર્ધાન થઈ ગયા. ત્યારથી તેમના કહેવાથી આ શ્રીજીમહારાજને સર્વ અવતારોના કારણ માનું છું. માટે આ સાક્ષાત્ શ્રીહરિ સર્વોપરી છે, તે થકી પર કોઈ નથી એમ હું જાણું છું. ને જો હું અસત્ય બોલતો હોઉં તો આ પાંચસે પરમહંસોના સમ છે. તથા બ્રહ્માંડ ભાંગે એનું પાતક મને થાઓ. ત્યાં શ્લોક છે જે,

અત્રાસત્યંયદાસ્યાચ્ચેત્તર્હિમેશપથઃ સતામ્ ॥
અસ્તિબ્રહ્માંડભંગસ્યપાતકં મે તથા મહત્ ॥

દુર્ગપુર માહાઅધ્યાય ૭૮)

એ પ્રકારના સમ ખાઈને ભાઈરામદાસજીએ શ્રીજીને કહ્યું જે, આપનાં ચરણારવિંદ મારી છાતીમાં ધારણ કરો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, તમે તો સર્વે મુનિઓમાં શ્રેષ્ઠ છો. વળી મારા ગુરુભાઈ છો માટે તમારી છાતીમાં મારાં ચરણારવિંદ ધારણ નહિ કરું. તે સાંભળીને

ભાઈરામદાસજીએ કહ્યું કે, તમે તો ગુરુના પણ ગુરુ છો, માટે જેમ બીજાને છાતીમાં ચરણારવિંદ આપો છો તેવી રીતે મારા પર કૃપા કરીને તમારાં ચરણકમળ મારી છાતીમાં ધારણ કરો. એમ કહ્યું તે સમે ભાઈરામદાસજીની છાતીમાં શ્રીજીએ ચરણકમળ ધારણ કર્યા. પછી સાકરનું પાણી કરાવીને પોતે પાન કર્યું. પછી પ્રસાદીનું સાકરનું પાણી ભાઈરામદાસજીને તથા સર્વે ત્યાગીઓને તથા હરિભક્તોને પાયું. ને આખી રાત્રિ સાધુ પાસે કીર્તનભક્તિ કરાવીને એકાદશીના દિવસે શ્રીહરિના તેજોમય દિવ્ય સ્વરૂપને અંતરમાં ધારી પોતાના શરીરનો ત્યાગ કરી ભાઈરામદાસજી શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા. પછી શ્રીજીએ વિમાન કરાવીને તેમાં સ્વામીને પધરાવીને વાજતેગાજતે ભક્તિબાગથી ઉગમણી કોરે ઓકળી છે તેને સામે કાંઠે ચિતા રચાવીને અગ્નિસંસ્કાર કરાવ્યો. તે સમે શ્રીજીએ ભાઈરામદાસજીની ઘણી પ્રશંસા કરી છે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક યુક્ત હતા ને સત્સંગીઓનું માતાપિતાની પેઠે પોષણ કરનાર હતા. તેમજ અવતાર સમ ઐશ્વર્યવાળા ભાઈરામદાસજી નિરંતર પોતાના આત્માને દેખતા તો પણ મારી મૂર્તિને કાયમ પોતાના નેત્ર આગળ ધરતા. માટે આ સ્થાન તેમના નામે પરિણામે ચમત્કારિક પ્રસિદ્ધ થશે. આવું શ્રીજીનું વચન સાંભળીને ભાઈરામદાસજીના માહાત્મ્યને જાણતાં છતાં શ્રીજીમહારાજને નમસ્કાર કરતા હતા. પછી શ્રીજીમહારાજ મુનિઓ સહિત ઉન્મત્તગંગામાં સ્નાન કરી મંદિરમાં આવ્યા. પછી ભાઈરામદાસજીની પર્ણકુટિએ ગયા. ત્યાં બેસી ભાઈરામ-દાસજીના ગુણનું ઘણું વર્ણન કર્યું ને બીજે દિવસે લાડુબાએ રસોઈ આપીને શ્રીજીમહારાજને તથા સર્વે સંતોને ઘણા જ પ્રેમથી જમાડ્યા હતા. *(સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૩)*

## મારા કહ્યા પ્રમાણે વર્તશે તે મારા અક્ષરધામને પામશે

ગામ પંચાળાના ઝીણાભાઈ એક સમયે શ્રીજીમહારાજ પાસે હુતાશનીનો સમૈયો કરાવવા માટે પોતાના ગામથી લોયા ગામ આવીને શ્રીજીમહારાજને પ્રાર્થના કરી કે, હે શ્રીજીમહારાજ ! સર્વે સંત તથા સર્વે હરિભક્તોએ સહિત આપશ્રી મારી સાથે પંચાળા આવીને હુતાશનીનો સમૈયો કરો એટલી મારી નમ્ર વિનંતી છે. તેથી શ્રીજીમહારાજે હા પાડી ને પંચાળા પધાર્યા. ત્યાં ઝીણાભાઈને ઘેર થાળ જમીને સભામાં બેઠા હતા. તે વખતે રંગ રમવાનો તૈયાર કરાવેલ હતો. તે રંગ લઈ બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીએ સહેજ ઊનો રંગ હતો તે શ્રીજીમહારાજ ઉપર નાખ્યો, તેથી શ્રીજીમહારાજ રીસાઈને પોતાના મુકામે ગયા. એટલાકમાં ઝીણાભાઈ આવ્યા તેમણે વાત સાંભળી. તેથી પોતાના મનમાં મૂંઝાયા ને ત્યાંથી મુક્તાનંદ સ્વામી પાસે ગયા. ને સ્વામીને કહે છે, તમો શ્રીજીમહારાજને સમજાવો કે જેથી રંગ રમવા પધારે. ત્યારે મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજ પાસે ગયા ત્યારે શ્રીજીમહારાજ કહે, અમારી ઉપર કોઈ ઊનો રંગ ન

નાખે તો અમે રંગ રમવા આવીએ એમ તમે અમારા જામીન થાઓ. ત્યારે સ્વામીએ હા કહી. પછી શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામી સંગાથે રંગે રમવા પધાર્યા ને ઝીણાભાઈનો મનોરથ પૂરો કર્યો. ને શ્રીજીમહારાજ રંગે રમીને સાબળી નદીમાં સ્નાન કરવા પધાર્યા ત્યારે રંગવાળાં વસ્ત્રો ઝીણાભાઈને આપ્યાં. ને સ્નાન કરીને વાજતેગાજતે પોતાના મુકામમાં પધાર્યા. ત્યાં ઝીણાભાઈને શ્રીજીમહારાજની ઈચ્છાથી સમાધિ થઈ તે અક્ષરધામમાં ગયા. ત્યાં દરેક અવતારો શ્રીજીમહારાજની સ્તુતિ કરતા જોયા. તેમજ કેટલાક ચમત્કારો પણ જોયા. પછી ઝીણાભાઈ સમાધિથી જાગ્રત થયા. પછી તેમણે સમાધિમાં જે દેખેલ તે સર્વે સભાના માણસો સાંભળે તેમ વાત કહી સંભળાવી. તે સમયે શ્રીજીમહારાજે એક વાત કહી જે, મુને સર્વ અવતારનો અવતારી જાણે પણ કોઈ અવતારને તુલ્ય ન જાણે, એક જ મારો દઢ આશરો રાખે. પ્રેમપૂર્વક મારી ભક્તિ કરે. અખંડ મારું નામ રટણ કરે ને અખંડ મારું ધ્યાન ધરે. ને પીંડબ્રહ્માંડથી પ્રીતિએ રહિત થાય ને બ્રહ્મ થઈને પરબ્રહ્મ એવો જે હું તે મને સંદેહ રહિત થઈને ભજે. ને મારી મૂર્તિમાં અખંડ મન રાખે ને કામક્રોધાદિક અંતઃશત્રુને મૂળમાંથી ઉખાડી નાંખે, ષટઊર્મિએ રહિત થાય. સોના ને ધૂળને બરોબર માને, જીભને નિયમમાં રાખે. વાસનાએ રહિત થાય. માન રહિત વરતે ને આલોક થકી ઉદાસ રહે. આ જે મેં વાત કરી તે પ્રમાણે જે વર્તશે તે મારા અક્ષરધામને પામશે. ને મારા સમીપે રહેશે. આવી શ્રીજીમહારાજની વાત સાંભળીને વર્તવાનો સર્વ માણસો નિશ્ચય કરતા હવા. તે વિષયનું કીર્તન

પદ રાગ - કાફી

મુને એમ જાણે રે, સુર ઈશ સર્વોપરી ગણે નહિ મુજને રે,
કોઈની તે બરોબરી મુને - ટેક
આશરો જેને એક જ મારો, નિશ્ચ દઢ નિષ્કામ
પ્રેમ લક્ષણા પુરણ ભક્તિ,
કરે તે આઠું જામ નામ રટે મારું રે,
અખંડ રહે ધ્યાન ધરિ મને-૧
પ્રીતિ પીંડબ્રહ્માંડથી ટાળે તોડે સહુથી સ્નેહ
બ્રહ્મ થઈને પરિબ્રહ્મ ભજે તજે વિષે વિકાર વિદેહ
મારી મૂરતિમાં રે જોડે મન જુગતી કરી મુને-૨
કામ ક્રોધાદિક અંતરશત્રુ તેના ઉખાડે મુળ
રહિત ખટ ઉરમી થકી રહે

સમ જાણે કનકને ધુળ જીતે જન રસનારે
વચન મારું શિરધરિ મુને-૩
નિર્વાસનીક નિર્માનિ થઈ રહેજે જન જક્ત ઉદાશ
એવા જન મારું ધામ પામે. સદા રહે મારી પાસ
હરખ રામ કહે છે રે
એમ વાલે વાત કરિ ॥ મુને-૪ ॥
*(સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૭૩)*

## રામાનંદ સ્વામીએ નરસિંહ મહેતાની માતાને મહારાજ ઓળખાવ્યા

ગામ પીપલાણામાં શ્રીજીમહારાજ વર્ણિવેશે વનમાંથી ફરતા ફરતા આવ્યા ને નરસિંહ મહેતાને ઘેર મૃગચર્મ પાથરીને નીલકંઠ બ્રહ્મચારી બેઠા. તે સમે નરસિંહ મહેતાની માતુશ્રીએ નીલકંઠ બ્રહ્મચારીને પૂછ્યું જે, બાવાજી અહીંયાં અત્યારે કેમ આવીને બેઠા છો, ચોરે જાઓ. અહીં કાંઈ ખાવાનું મળવાનું નથી. તમારા જેવા તો ઘણા બાવા આવે છે તેમજ બીજા કેટલાક જાડાધડબા જેવા રાખ ચોળીને રમતા રામ ભિખારી આવ્યા કરે છે. તે બધાનું ખાવાનું અમે ક્યાંથી પૂરું કરીએ. ઊઠો અહીંથી એમ કહ્યું, ત્યારે બાઈને બ્રહ્મચારીએ કહ્યું, બીજા બાવા જેવો હું બાવો નથી. હું જેવો તો હું એક જ છું. આવું નીલકંઠ બ્રહ્મચારીએ કહ્યું તો પણ વચનનો અનાદર કરીને તિરસ્કારપૂર્વક શ્રીજીમહારાજને રજા આપી, ત્યારે શ્રીહરિ ચાલી નીકળ્યા. તે ઓજત નદીને કાંઠે મોટા વડની નીચે મૃગચર્મ પાથરીને ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા. શ્રી નીલકંઠ બ્રહ્મચારીની મૂર્તિ ચમકની પેઠે જનોની વૃત્તિઓને ખેંચી લે. ચમક તો જડ લોઢાને ખેંચે છે તો આ તો સાક્ષાત્ શ્રી સહજાનંદ સ્વામીની જેના ઉપર દૃષ્ટિ થાય તે ગમે તેવો જીવ હોય તોપણ પોતાના સંબંધે કરીને પોતાને સન્મુખ નાડી પ્રાણ ખેંચી લે. આવા નીલકંઠ બ્રહ્મચારી દયાળુએ નરસિંહ મહેતાના ઘેરથી ચાલતી વખતે નરસિંહ મહેતાની માતુશ્રી ઉપર કરુણા દૃષ્ટિથી જોઈ ચાલ્યા કે તુરત ડોશીનું અંતઃકરણ શ્રી નીલકંઠ બ્રહ્મચારીના તરફ ખેંચાઈ ગયું. તે અંતર્દષ્ટિ કરે અથવા બહિદૃષ્ટિથી જુવે તો ચોફેર બાલસ્વરૂપ શ્રી નીલકંઠ બ્રહ્મચારી દેખાવા લાગ્યા. ત્યારે તે બાઈએ મનમાં વિચાર કર્યો જે મેં બાવાને ખાવા ન દીધું ને તિરસ્કાર કરીને કાઢી મૂક્યા. તે બાવો નહિ પણ તે કોઈ મોટા પુરુષ હોવા જોઈએ નહિતર મને દેખાય નહિ. એવા વિચારો કરે છે તેટલાકમાં નરસિંહ મહેતા ઘેર આવ્યા. તેમની આગળ પોતાને ઘેર આવેલા બાળબ્રહ્મચારીની સમગ્ર વાત કહી બતાવી. તે વાત સાંભળીને તુરત નરસિંહ મહેતા બાળબ્રહ્મચારીને ખોળતા ખોળતા ઓજત નદીને કાંઠે આવ્યા. ત્યાં વડ નીચે બેઠેલા શ્રી નીલકંઠ

બ્રહ્મચારીને જોયા. પાસે આવીને આગ્રહપૂર્વક પોતાને ઘેર તેડી ગયા. તે સમે ડોશીએ શુદ્ધ ભાવથી થાળ કરીને દેવને જમાડીને શ્રી નીલકંઠ બ્રહ્મચારીને જમાડ્યા ને કહે છે, તમે સાધારણ બાવા જેવા નથી. તમે કોઈ મોટા પુરુષ છો કારણ કે તમારી મૂર્તિ મને દેખાયા કરે છે. ત્યારે બ્રહ્મચારી કહે છે, આ મૂર્તિ કોઈને ધ્યાનમાં આવે તેવી નથી. પણ તમો પૂર્વનાં એકાંતિક ભક્ત છો. તેથી તમારા ઉપર ભગવાનની દયા થઈ છે. માટે તમારાં મોટાં ભાગ્ય છે એમ માનો. આવી રીતે શ્રી નીલકંઠ બ્રહ્મચારીએ કહ્યું તોપણ પરિપૂર્ણ નિશ્ચય ન થવાથી એમ કહે કે, રામાનંદ સ્વામી અમારા પરમેશ્વર છે. તમારે રહેવું હોય ને જીવનો મોક્ષ કરવો હોય તો બાવાજી તમે અહીંથી થડમાં લોજ ગામ છે ત્યાં જાઓ. આવું તે બાઈએ કહ્યું. પછી શ્રી નીલકંઠ બ્રહ્મચારી ત્યાં ન રોકાતાં ગામ લોજ પધાર્યા. પછી એક વખત રામાનંદ સ્વામીની સાથે શ્રીજીમહારાજ પીપલાણે ગયા. તે સમે રામાનંદ સ્વામીએ નરસિંહ મહેતાની માતુશ્રી આગળ વાત કરી. આ નારાયણમુનિ સર્વ અવતારના અવતારી ને સર્વોપરી ભગવાન છે ને હું ભગવાન નથી. તમે મારાં એકાંતિક ભક્ત હો ને મારા વચનનો વિશ્વાસ હોય તો મારું ધ્યાન ભજન ન કરતાં આ નારાયણમુનિનું અખંડ ધ્યાન ભજન કરજો. તો તમને આ ભગવાન અખંડ દેખાશે. ત્યારે તે નરસિંહ મહેતાની માતુશ્રી રામાનંદ સ્વામીને કહે કે, એક વખત આવા જ નાના બાળ સ્વરૂપ એક બાવોજી મારે ઘેર આવ્યા હતા. મેં તેમને ખાવા ન આપતાં તિરસ્કાર કરીને રજા આપી હતી. પણ તે દિવસથી આરંભીને આજ દિવસ સુધી હજી તે મૂર્તિ મને અખંડ દેખાયા કરે છે. ત્યારે રામાનંદ સ્વામી કહે છે, આ શ્રી નીલકંઠ બ્રહ્મચારી તો નહોતા આવ્યા કે ! ત્યારે શ્રીજીમહારાજ કહે જે તે સ્વામી, હું જ પોતે આવ્યો હતો. માજીએ તો મને ખાવા ન આપતાં કાઢી મૂક્યો હતો. પણ નરસિંહ મહેતાએ મને આગ્રહ કરીને ઘેર બોલાવી જમાડ્યો હતો. તે દિવસથી માજી મારી મૂર્તિને અખંડ દેખે છે. તે તમારા પ્રતાપથી હજી અખંડ દેખાશે. પછી રામાનંદ સ્વામીએ શ્રીજીમહારાજના પ્રતાપની તથા ઐશ્વર્યની તથા મહિમાની કેટલીક વાતો કરી ને શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય રામાનંદ સ્વામીએ ડોશીને તથા નરસિંહ મહેતાને કરાવ્યો. પછી ત્યાંથી શ્રીજીમહારાજ સહિત રામાનંદ સ્વામી ચાલી નીકળ્યા. તે ફરતા ફરતા ગામ માંગરોળ જતા હવા. *(સહજાનંદ સ્વામી ચરિત્ર, વાર્તા-૧૮૩)*

## ઉપાસક તો આવા જ જોઈએ

શ્રીજીમહારાજે 'સત્સંગિજીવન' ગ્રંથ કરવા માંડ્યો ત્યારે મોટા મોટા સંતોને પૂછ્યું જે આ ગ્રંથમાં અમને કેવા લખવા ? ત્યારે કેટલાક સંત કહે આપની જેમ ઈચ્છા હોય તે પ્રમાણે લખો. કેટલાક સંત એમ બોલ્યા જે મહારાજ ! શાસ્ત્ર પ્રમાણે લખાય તો ઘણા જીવને સમાસ થાય,

કેટલાક સંતોએ કહ્યું કે મહારાજ ! આપ જેવા છો તેવા જ લખાવોને ! એવી રીતે જેમ જેને ઠીક લાગ્યું તેમ સર્વે બોલ્યા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે તમારો અભિપ્રાય અમે જાણ્યો, હવે અમને ઠીક પડશે તેમ કરીશું. થોડીવાર પછી નિત્યાનંદ સ્વામી મહારાજ પાસે ગયા ને કહ્યું જે મહારાજ ! આવું શું ચરિત્ર આદર્યું છે ? મારે સભામાં આપને કહેવું હતું પણ આપ એમ બોલ્યા જે અમને ઠીક પડશે એમ કરીશું. તે તમને કેવી રીતે ઠીક પડે છે ? ત્યારે મહારાજ કહે કે અમે શ્રીકૃષ્ણ છીએ એમ લખવા ધાર્યું છે. ત્યારે સ્વામી કહે મારે એટલું જ જાણવું હતું તેથી બોલ્યો ન હતો. જ્યારે બીજા મોટેરા સંતો સદ્. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા આ વાત જાણશે ત્યારે એ તો હા નહિ જ પાડે, કદાચ એ હા પાડે તો પણ હું તો હા પાડવાનો નથી. ત્યારે મહારાજ કહે કે અમે કેવી રીતે લખીએ તો તમે હા પાડો ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું જે મહારાજ ! તમે સર્વોપરી, સર્વકારણ, સર્વ અવતારના અવતારી, સર્વના નિયંતા, અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ મહારાજાધિરાજ એવા લખો તો હું હા પાડું. ત્યારે મહારાજ કહે તમે તમારે આસને જાઓ, અમે જેમ ધાર્યું હશે તેમ કરીશું, તેમના ગયા પછી મહારાજે સદ્. ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી એ બન્નેને પોતાની પાસે બોલાવીને આ વાત કરી. તે વખતે સદ્. ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે મહારાજ ! આપ અક્ષરધામમાંથી જે સંકલ્પ કરી પધાર્યા છો તેવું જ ગ્રંથમાં લખાય તો ઘણા જીવને સમાસ થયા. બીજા અવતાર જેવા લખવાથી આપનો મહિમા જેવો છે તેવો કોણ જાણી શકે ? માટે કૃપા કરો જેમ નિત્યાનંદ સ્વામી કહે છે તેમ લખાય તો આપ જેવા સર્વોપરી છો તેવા એ ગ્રંથમાંથી મુમુક્ષુ જીવો સમજીને સુખિયા થાય. જો આપનું પ્રગટપણું, સર્વોપરીપણું, સર્વાવતારીપણું, નિયંતાપણું, કર્તાપણુ, કારણપણું આવા ગ્રંથમાં ન લખાય તો આપની ચોખ્ખી ઉપાસના કેમ સમજાય ? તે વખતે સદ્. ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા જે મહારાજ ! રાજાને ચાકરની ઉપમા ઘટે ? ચંદ્રમાં ને શું તારાની ઉપમા શોભે ? ત્યારે મહારાજ કહે રાખો ! તમારા બંન્નેનો અભિપ્રાય અમે જાણી લીધો. હવે અમારી મરજી હશે તેમ કરીશું.

બીજે દિવસે મહારાજે સભામાં સર્વે સંતોને બોલાવ્યા અને કહ્યું જે 'સત્સંગિજીવન' ગ્રંથમાં અમને 'શ્રીકૃષ્ણ' જેવા લખવાની ઈચ્છા છે, તે વખતે સદ્. નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે મહારાજ ! આપને અવતાર જેવા લખવાની આ સભામાં કોઈ પણ હા નહિ પાડે ત્યારે મહારાજ કહે સભાની વાત પછી, તમે હા પાડો છો કે ના પાડો છો ? ત્યારે સદ્. નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે મહારાજ ! એ વાત નહિ બને, કેમ કે ચક્રવર્તી રાજાને ખંડિયા રાજાની ઉપમા લખવી

શું યોગ્ય છે ? જો એમ ન લખાય તો આપનો સર્વોપરી મહિમા જીવ કેવી રીતે સમજી શકે ? માટે હું તો બીજા અવતાર જેવા તમને લખવાની ના પાડું છું. પછી મહારાજે સર્વે સંતોને કહ્યું જે જુઓ ! આ નિત્યાનંદ સ્વામી અમારું માનતા નથી ને સામા પડે છે. માટે તમો અમારા પક્ષમાં રહો તો આ ગ્રંથ કરીએ. તે વખતે કેટલાક સંત એમ બોલ્યા જે મહારાજ ! અમે કાંઈ નિત્યાનંદ સ્વામી સારું મૂંડાવ્યું નથી. અમે તો તમારા જ પક્ષમાં છીએ અને રહીશું. તમે જેમ લખો એમ અમે રાજી છીએ, ત્યારે મહારાજ કહે કે તો તો ઠીક.

પછી સંતોને મહારાજે આસને આસને ફરીને પૂછ્યું જે આ નિત્યાનંદ સ્વામી અમારા સામા પડ્યા છે, તે તમે અમારા પક્ષમાં રહેશો કે તેમનો પક્ષ રાખશો. તે વખતે પણ સંતોએ કહ્યું જે મહારાજ! તમારા પક્ષમાં કેમ ન રહીએ. અમે તો તમારા આજ્ઞાધીન છીએ. તમારા વચનમાં અને તમારા રાજીપામાં જ અમે કલ્યાણ માન્યું છે. પછી મહારાજ આસને પધાર્યા. વળી અર્ધી રાત્રિએ ડુંગરજી પાર્ષદને મોકલી સદ્. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, એ બન્નેને મહારાજે પોતાની પાસે બોલાવીને સદ્. મુક્તાનંદ સ્વામીને કહ્યું કે આ નિત્યાનંદ સ્વામી સામા પડ્યા છે તેનું કેમ કરવું ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે મહારાજ ! જેમ આપની મરજી હોય તેમ કરો. તે વખતે સદ્. બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે સ્વામી ! નિત્યાનંદ સ્વામી કહે છે એમ કરવાનું કહોને ! ત્યારે સદ્. મુક્તાનંદ સ્વામી કહે કે મારાથી એમ ન કહેવાય, તમે કહો. ત્યારે સદ્. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે મહારાજ મને પૂછે તો હું એમ કહું. ત્યાં તો મહારાજ બોલ્યા કે તમને કોણ પૂછે છે તે તમો બોલ્યા ? તમને તો અમારે એટલું જ પૂછવાનું છે કે તમે અમારા પક્ષમાં રહેશો કે નહિ રહો ? એ કહો. ત્યારે સદ્. બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે મહારાજ ! નિત્યાનંદ સ્વામીનું કહેવું સાચું છે. તેથી મારો આત્મા તો નિત્યાનંદ સ્વામીના પક્ષમાં જ છે ને દેહ તો આપના પક્ષમાં રાખવો જ પડશે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે અમારે દેહનું જ કામ છે. આત્મા ભલે નિત્યાનંદ સ્વામીના પક્ષમાં રાખો. પછી બન્ને સદ્ગુરુઓને રજા આપી તેથી તે આસને ગયા.

સવારે નિત્યવિધિ કરીને વળી એ જ વાત લીધી કે સભા કરો. ને સૌ સંતોને બોલાવો, અમારે નક્કી કરવું છે. એમ આજ્ઞા થવાથી સભા મોટી થઈ. સૌ સંતો શ્રીજીમહારજના મુખકમળ સામું જોઈ રહ્યા હતા. તે વખતે મહારાજ બોલ્યા જે અમારા વચનમાં તત્પર હો અને અમારા પક્ષમાં રહેવા રાજી હો એટલા સંતો અમારી પાસે બેસો અને આ નિત્યાનંદ સ્વામીના પક્ષમાં જેને રહેવું હોય તે તેમના ભેળા બેસે. કોઈ અમારી મહોબતમાં તણાશો નહિ, પછી સૌ સંતો મહારાજ પાસે બેઠા. સદ્. નિત્યાનંદ સ્વામી તો એકલા જુદા બેસી રહ્યા. તે વખતે મહારાજે

એમ કહ્યું જે જુઓ ! તમારું હવે શું ચાલવાનું છે. તમે હવે એકલા થઈ રહ્યા. માટે અમારું માનો અને જેમ લખીયે તેમ હા પાડો. ત્યારે સદ્. નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે મહારાજ ! ભલે હું એકલો રહું, મને તમે ગમે તેમ કરો પણ હું આપને જેવા છો તેવા જ લખવાની હા પાડીશ. મારે તમારું વચન લોપવું નથી. પણ તમારી મોટપ તથા સામર્થ્ય જાણવા છતાં બીજા અવતાર જેવા લખવાનું કહો તે કેમ માન્યામાં આવે ? પછી મહારાજે કહ્યું કે તમે બધા સંત કરતાં શું મોટાં થઈ ગયાં ? જુઓ ! આ બધાય અમારું વચન માને છે ને તમે નથી માનતા, તે એમાંથી ઠીક નહિ થાય. ત્યારે સ્વામી કહે મહારાજ હું પણ આપના વચનમાં જ છું. કદાચ આપની મોટપ કહેતાં દુઃખ આવશે તો સહન કરીશ. પણ બીજા અવતાર જેવું આપનું વર્ણન લખવા નહિ દઉં, ત્યારે મહારાજ કહે તમે માનતા નથી પણ આગળ ખબર પડશે.

બીજે દિવસે દીનાનાથ ભટ્ટ પાસે મહારાજે ગ્રંથ લખાવવા માંડ્યો તે વાત સદ્. નિત્યાનંદ સ્વામીના જાણવામાં આવી તેથી ભટ્ટ પાસે જઈને લખેલાં પાનાં જોવા માગ્યાં અને વાંચીને તરત ફાડી નાંખ્યા. પછી કહ્યું જે મારી આજ્ઞા વિના જો તમે લખશો તો હું તમને કાઢી મુકીશ ને મહીસાગર ઓળંગીને આ બાજુએ આવવા નહિ દઉં. ત્યારે ભટ્ટજી કહે સ્વામી ! એમાં મારો શો વાંક ! મહારાજ શાસ્ત્ર પ્રમાણે બરાબર લખાવે છે. તમે મારી મહેનત વ્યર્થ કરી તેથી મહારાજ મને ઠપકો આપશે. ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે તમે મહારાજને કહેજો કે નિત્યાનંદ સ્વામી આ રીતે લખવાની ના પાડે છે. પછી ભટ્ટજીએ શ્રીજીમહારાજ પાસે જઈને આ સર્વ વાત કહી અને કહ્યું જે, એમની મરજી વિના હું હવે લખી શકીશ નહિ પછી શ્રીજીમહારાજે શુકાનંદ સ્વામીને બોલાવીને કહ્યું જે તમે નિત્યાનંદ સ્વામી પાસે જઈને એમ કહો કે શ્રીજીમહારાજે એમ કહ્યું છે કે અમે ગ્રંથ કરીએ છીએ તેમાં તમે આડા કેમ આવો છો ? ને એ ગ્રંથનાં લખેલાં પાનાં કેમ ફાડી નાખ્યા ? ભટ્ટજીને લખવાની ના કેમ પાડી ? તમે કાંઈ સત્સંગના ધણી નથી ? સત્સંગના ધણી તો અમે છીએ તેથી અમને ગોઠે તેમ કરીએ. અમે જે કરતા હોઈએ તેમાં તમારે સામા ન પડવું. સામા પડશો તો એમાંથી ઠીક નહિ થાય. પછી સદ્. શુકાનંદ સ્વામીએ સદ્. નિત્યાનંદ સ્વામી પાસે જઈને એવી જ રીતે કહ્યું ત્યારે સદ્. નિત્યાનંદ સ્વામીએ તેમનું અપમાન કરીને કહ્યું કે તમે આવો સંદેશો લઈને શું આવ્યા ! જાઓ મહારાજને કહેજો કે હું ધણી છું હું. તમે જાણતા નહિ કે હુ મહારાજને ભૂલીને બોલું છું. મહારાજ તો મારા પ્રાણ સમાન છે, પણ આવા સમાચાર લાવ્યા તેથી તમને કહેવું પડે છે. તમે મહારાજની ભુજારૂપ કહેવાઓ છો, તમે પાસે રહીને મહારાજના કેટલાય પ્રતાપ જોયા છે તોય મહારાજને

અવતાર જેવા લખવા તે શું તમને ઠીક લાગે છે ? તમે મહારાજને કહેજો કે દયા કરી ભટ્ટને જેવા છે તેવા લખવાની આજ્ઞા કરો. જો મને એ સેવા આપો તો હું તો તૈયાર જ છું એમ કહેજો. અને જો એમ નહિ થાય તો હું તમને કહું છું કે ભટ્ટને આવી રીતે તો ગ્રંથ લખવા નહિ દઉં. પછી સદ્. શુકાનંદ સ્વામીએ શ્રીજીમહારાજ પાસે આ સર્વે વાત કહી. આવી રીતે સાત દિવસ સુધી મહારાજે સ્વામીશ્રીને સમજાવવાના ઘણા ઉપાયો કર્યા, પણ સ્વામીશ્રી તો લેશ માત્ર ડગ્યા નહિ. પછી શ્રીજીમહારાજે ભગુજી આદિક પાર્ષદોને આજ્ઞા કરી કે અમારે તો આ નિત્યાનંદ સ્વામીનું સત્સંગમાં કામ નથી. કારણ કે અમારા કામમાં આડા આવે છે. અમારું વચન માનતા નથી તેથી તમો તેમને મારે વચને કરી એવા વિકટ વનમાં મૂકી આવો કે ફરીથી તે પાછા આવી શકે નહિ. આજ્ઞા થતાં ભગુજી, ડુંગરજી આદિક પાર્ષદોએ સ્વામીશ્રી પાસે આવીને કહ્યું કે સ્વામી ! ઊઠો ! તમને વનમાં મૂકી આવવાની મહારાજની આજ્ઞા થઈ છે. તે વખતે લોયાના સુરા ખાચર સભામાં બેઠા હતા. તે ઊભા થઈ મહારાજને કહેવા લાગ્યા જે મહારાજ ! આ પાર્ષદ અજાણ્યા છે તે ક્યાં મૂકી આવશે ? આ કામ પાર્ષદોથી ન થાય. હું મારી સાથે દશ પસાયતા લાવ્યો છું તે સહુની પાસે ઘોડાઓ છે ને તે આવા કામમાં કસર નહિ રાખે. જો આપની આજ્ઞા હોય તો અહી મોકલું તે હાલ ને હાલ ઘોડે બેસાડીને લઈ જાય. ત્યારે મહારાજે રાજી થઈને કહ્યું કે ભલે, એમને અહીં ઝટ મોકલો. પછી સુરા ખાચરે પોતાના ઉતારે જઈને તે પસાયતાને આ વાત સમજાવીને કહ્યું જે શ્રીજીમહારાજ સદ્. નિત્યાનંદ સ્વામીને દેશવટો દેવાના છે. એ કામ તમારા પાસે કરાવવાનું છે. તો તમે આ ઓરડીમાં પાણીનો ઘડો મૂકી કૂંચી તમારી પાસે રાખીને મહારાજ પાસે જઈને કહો જે મહારાજ ! અમને કેમ બોલાવ્યા છે ત્યારે મહારાજ તમને એમ કહેશે જે આ નિત્યાનંદ સ્વામી ફરી પાછા ન આવે એવા વન પર્વતમાં કે ઘાટી ઝાડીમાં મૂકી આવો, ત્યારે તમે એમ કહેજો કે અમે આપનું આ કામ કરીએ તે બદલ અમને મોજ શું આપશો ? ત્યારે મહારાજ તમારા ઉપર રાજી થઈ મોક્ષ કરવાનું વરદાન આપશે. પછી તમે સદ્. નિત્યાનંદ સ્વામીને ઘોડા પર બેસારી દશ-બાર ગાઉ ફેરવી વિસામો કરાવી આ ટીમણ હું તમને આપું છું તે જમાડજો અને જ્યારે ગામ બધુંય જંપી જાય ત્યારે આ ઓરડીમાં લાવીને સુવાડજો. પછી રાત્રિયે મહારાજ પાસે જઈ મહારાજને જગાડીને કહેજો કે મહારાજ ! અમે તમારા કીધા પ્રમાણે કરી આવ્યા. આવી રીતે શિખવાડીને સુરા ખાચરે તે પસાયતાઓને મહારાજ પાસે મોકલ્યા. તે દશે પસાયતાઓ આવી મહારાજને પગે લાગી બોલ્યા કે મહારાજ ! અમને સુરા ખાચરે આપની પાસે મોકલ્યા છે તે અમારું શું કામ છે ? ત્યારે શ્રીજીમહારાજે છેલ્લીવારે સભામાં સર્વને સાંભળતાં સદ્. નિત્યાનંદ


સ્વામીને કહ્યું કે સ્વામી ! હવે તમારે માટે જ આ બધા તૈયાર ઊભા છે, માટે માનો તો ભલે નહિ તો થાઓ તૈયાર. ત્યારે સ્વામીશ્રી કહે મહારાજ! તમે મને વિકટ વનમાં મૂકો કે ઉજ્જડ અરણ્યમાં મૂકો કે પર્વતની ટોચે પહોંચાડો, પણ હું તમને સર્વોપરી જેવા છો તેવા લખાવવાનો જ. હવે જેમ આપની મરજી હોય તેમ કરો. ત્યારે મહારાજે પસાયતાઓને આજ્ઞા કરી કે આ સાધુ કોઈનું માને તેમ નથી માટે તમો તેમને એવે ઠેકાણે મૂકી આવો કે ફરીને તે પાછા આવે નહિ. ત્યારે પસાયાતાઓ કહે ભલે મહારાજ ! એ કામ અમારું, તેમાં કાંઈ કહેવું પડશે નહિ. પણ અમને મોજ શું આપશો ? ત્યારે મહારાજ કહે કે આ અમારા મોટા સંત મુક્તાનંદ સ્વામીની હારે તમારું કલ્યાણ કરીશું, તેથી પસાયતા રાજી થયા. પછી સ્વામીને કહે જે ઊઠો ! ઘોડા પર બેસો, જો નહિ ઊઠો તો બાવડાં ઝાલીને ઉઠાડવા પડશે, માટે ઝટ ઊઠો. આવાં તે પસાયતાના વચન સાંભળી સૌ સંતો તેમજ પાર્ષદો સભામાં બેઠા હતા તે દિલગીર થઈ ગયા ને વિચારવા લાગ્યા જે આવા સર્વોપરી નિશ્ચયવાળા વિદ્વાન સદ્‌ગુરુને મહારાજ રજા આપે છે તો ઠીક થતું નથી, પણ શું કરવું ? આપણાથી તો મહારાજને શું કહેવાય ? એમ વિચાર કરીને ત્યાં તો સ્વામીશ્રીને પસાયતાઓએ ઘોડા પર બેસાર્યા તે મહારાજ તથા બીજા સંતો પાર્ષદો જોઈ રહ્યા. પછી પસાયતાઓ સુરાખાચરે જે પ્રકારે શીખવ્યું તું તે પ્રમાણે ઘોડાં આઠ-દશ ગાઉ ફેરવી રાત્રે ઓરડીએ લઈ આવ્યા. પછી મહારાજ પાસે ઉતાવળા ઉતાવળા આવીને કહ્યું જે મહારાજ ! નિત્યાનંદ સ્વામીને બહુ જ છેટે વનમાં મૂકી આવ્યા ત્યાં એવી ઝાડી ને ડુંગરા છે કે કોઈ માણસનો તો પત્તો જ ન લાગે. એ સાંભળી શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થઈ બોલ્યા જે તમે બહુ સારું કાર્ય કર્યું. જાઓ ! તમારું મુક્તાનંદ સ્વામીની હારે કલ્યાણ ! એવું વચન સાંભળી પસાયતાઓ રાજી થઈને પોતાના ઉતારે ગયા.

બીજે દિવસે જ્યારે સભા થઈ ત્યારે સદ્. મુક્તાનંદ સ્વામી બોલ્યા જે હે મહારાજ ! આજ આ સભા શોભતી નથી કેમ જે સભાનું ભૂષણ હતું તે ગયું. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે ત્યાગી ને વળી ભૂષણ શું હોય ? ત્યારે સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે મહારાજ ! નિત્યાનંદ સ્વામી આ સભાનું ઘરેણું હતું એવા સાધુ અનંતકોટિ બ્રહ્માંડમાં ગોત્યા જડે નહિ, એવા સદ્‌ગુરુને વગર વાંકે કાઢી મૂક્યા તે ઠીક તો ન થયું. ત્યારે મહારાજ બોલ્યા જે સ્વામી એ અમારી ભૂલ થઈ ખરી. અમે તમને લોજમાં ગુરુ કર્યા હતા તે ગુરુપણું આજ તમે સાર્થક કર્યું અને અમારી ભૂલ ઓળખાવી. પણ જ્યારે અમે તમને બોલાવીને પૂછ્યું હતું ત્યારે તમે કહ્યું હોત તો આમ થાત નહિ. ત્યારે સ્વામીશ્રી કહે કે મહારાજ ! મને પણ આવી ખબર નહિ કે આપ આવી લીલા કરશો. બ્રહ્માનંદ સ્વામીને તો કહેવાની મરજી હતી પણ આપે ના પાડેલી તેથી

તે પણ બોલ્યા નહોતા ત્યારે મહારાજે કહ્યું કે એમ થયું ખરું. અમને ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું હતું પણ તે વખતે અમે તેમને પણ એમ કહેલું જે અમને ઠીક પડશે તેમ કરીશું. નિત્યાનંદ સ્વામી હવે ક્યાંથી આવે ! અને કોણ લાવે ! અમે તો એ સ્વામીનાં દર્શન કર્યા વિના થાળ જમીશું નહિ. એમ કહી મહારાજ પાર્ષદો પ્રત્યે બોલ્યા કે નિત્યાનંદ સ્વામીને ગમે ત્યાંથી ખોળી લાવો, તેના દર્શન વિના અમારાથી જમાશે નહિ. ત્યારે સુરા ખાચર કહે મહારાજ ! એ પાર્ષદો ક્યાંથી ખોળી લાવશે ? એ તો જે મૂકી આવ્યા હોય તે જ જાય તો ખબર પડે. એમ કહી પસાયતાને બોલાવ્યા તેને મહારાજે આ વાત કરી ત્યારે તેઓ કહે જે મહારાજ ! હવે એ સ્વામી ક્યાંથી જડે ! એ તો ક્યાંઈ જતા રહ્યા હશે કાં તો કોઈ જનાવરે ઠેકાણે પાડી દીધા હશે. ભગવાને એનું મોઢું જોવાનું લખ્યું હોય તો એ આવે. હવે તમે કહો તો જઈએ ખરા પણ લાવવા માટે બંધાતા નથી, જો જડશે તો લાવીશું એમ કહીને પસાયતા ગયા. પછી પ્રથમની પેઠે ઘોડાં દોડાવી રાત્રે પાછા આવી જ્યાં નિત્યાનંદ સ્વામી હતા ત્યાંથી ઘોડે બેસાડી મહારાજ પાસે લાવ્યા ને કહ્યું જે મહારાજ ! સ્વામીને લાવ્યા, એ તો જ્યાં અમે બેસાર્યા હતા ત્યાં બેઠા હતા અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ ધુન કરતા હતા. હવે તમે અમારા ઉપર રાજી થાઓ ત્યારે મહારાજ બોલ્યા જે તમે આ સંતને લાવ્યા તે બહુ ભારે કામ કર્યું, એમ પ્રસન્નતા જણાવી કલ્યાણ કરવાનું ફરીથી વચન આપ્યું. પછી સદ્. નિત્યાનંદ સ્વામીને મહારાજ બાથમાં ચાંપીને બહુ હેતથી મળ્યા ને પોતે જમીને સ્વામીશ્રીને પ્રસાદી જમાડીને કહ્યું જે જાઓ અત્યારે આસને સૂઈ જાઓ. અમે તમારા ઉપર બહુ જ રાજી છીએ.

બીજે દિવસે સભા થઈ ત્યારે સદ્. નિત્યાનંદ સ્વામીનો હાથ ઝાલી શ્રીજીમહારાજ સભામાં પધાર્યા. સૌ સંત-પાર્ષદ જોઈ અતિ રાજી થયા. પછી સદ્. નિત્યાનંદ સ્વામીને મહારાજે આગળ બેસાર્યા અને કહ્યું જે સ્વામી ! અમે તમારી ઘણી કસોટી કરી. તમે અમારા ડગાવ્યા પણ ડગ્યા નહિ. બીજા સંતોએ તો અમારી હાએ હા કહી, પણ તમે અમને જીત્યા, માટે આજ તમે અમારી પૂજા કરો. પછી સદ્. નિત્યાનંદ સ્વામીએ ચંદન-પુષ્પહારથી મહારાજની પૂજા કરી. ત્યારે શ્રીજીમહારાજ ઉભા થઈને સ્વામીશ્રીને બાથમાં ચાંપી ઘણું હેત જણાવીને મળ્યા ને તેમની પૂજા પણ મહારાજે કરી. અને પોતાના કંઠમાંથી હાર ઉતારી સ્વામીશ્રીને પહેરાવ્યો અને મસ્તકે હાથ મૂકી સભા પ્રત્યે બોલ્યા જે સંતો ! ઉપાસક તો આવા જ જોઈએ. આ સંત અમારો સંપૂર્ણ મહિમા જાણે છે કેટલાક તો અમારા ફેરવ્યા ફરી ગયા પણ આ એક સ્વામી ફર્યા નહિ.

પછી મહારાજે સદ્. નિત્યાનંદ સ્વામીને સમજાવીને કહ્યું જે શાસ્ત્રમાં લખાણ શાસ્ત્રની રીતે થાય અને તમે કહો છો તે પણ ખરું છે. અમે આ 'સત્સંગિજીવન' ગ્રંથ અનંત જીવના હિતને અર્થે લખાવીએ છીએ તેથી આ ગ્રથમાં અમારું જે રહસ્ય છે, જેવું અમારું સ્વરૂપ છે, જેવું અમારું સામર્થ્ય છે, જેવો અમારો મહિમા છે, જેવા અમે છીએ, તેમ જ જો લખીએ તો સાધારણ જીવો તથા અન્ય ઉપાસકો એ વાત સમજી સકે નહિ એટલે સાંભળવા પણ ન આવે. અને તમારી પાસે બેસે પણ નહિ. તે સર્વને આ ગ્રંથ ખેંચી લાવશે. પછી તેમને તમો અમારો મહિમા સમજાવજો. આ ગ્રંથમાં તો આમ જ ઠીક. અમારી ઉપાસના માટે અમે જે વચનામૃત ગ્રંથ કરીએ. છીએ તેમાં અમારું પૂરેપુરું રહસ્ય છે અને આરા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન છે. તેને સમજીને તે પ્રમાણે જે વરતશે તેનો આત્યંતિક મોક્ષ થશે, માટે એ ગ્રંથ સર્વોત્તમ છે, એમ વાત કરી. એવી રીતે શ્રીજીમહારાજે સદ્. શ્રી નિત્યાનંદ સ્વામીની પરીક્ષા લીધી હતી.



# ચરણારવિંદનો મહિમા

## શ્રીહરિના ચરણારવિંદની પ્રાર્થના

શ્રીહરિ કહે છે આ અમારા ચરણારવિંદ આ પૃથ્વી ઉપર આવે તે માટે વૈરાટનારાયણે પોતાની અરધી આયુષ્ય સુધી અમારી પ્રાર્થના કરી છે. ત્યારે આ ચરણારવિંદ આ પૃથ્વી પર આવ્યા છે. તેનું વર્ણન સદ્‌ગુરુ શ્રી ભૂમાનંદ સ્વામીએ કર્યું છે.

:- ચોપાઈ :-

અમ ચરણ પૃથ્વી પર આવે, એને અર્થે સ્તુતિ કરી ભાવે ।
તેના વર્ષ પંચાશત વળી, સવા પોર દિન ચડ્યો મળી ॥૧૨॥
ત્યાં સુધી કરી સ્તુતિ અણારી, અમ ચરણ વિષે ચિત્ત ધારી ।
ત્યારે આ ચરણ આવ્યા છે આંહી, ગમે તેમ સમજો તમે સહી ॥૧૩॥
અક્ષર સદ્‌ગુરુ રૂપ, સવિતા પ્રગટ્યો છું અનુપ ।
આંહી સર્વે બેઠા છે જે સંત, સુર મુખી કંજ છે મહંત ॥૧૪॥

*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૮૪)*

## સર્વ પ્રથમ છપૈયામાં

અનંત કરોડો બ્રહ્માંડોની ધરતીમાં, પરમ ભાગ્યવંત ભરતખંડમાં ઉત્તર કોશલ દેશમાં અયોધ્યા પાસેના નાના એવા છપૈયા ગામે વિ.સં. ૧૮૩૭ ના ચૈત્ર સુદી નવમીના રાત્રે ૧૦-૧૦ કલાકે સર્વાવતારી, શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રાગટ્ય થયું આ ધરા અતિ પવિત્ર હોઈ તેથી ત્યાં શ્રીહરિના પ્રથમ પદરજથી પાવનકારી, મોક્ષકારી આ ભૂમિ બની.

આ પવિત્ર ચરણારવિંદના દર્શન ધર્મપિતા, ભક્તિમાતા, રામપ્રતાપભાઈ તથા સુવાસિની વગેરેને થયા હતા. તથા સર્વે છપૈયાવાસી જનો ઉપરાંત આજુબાજુના ગામજનોને પણ દર્શન થયા હતા. શ્રીહરિ છપૈયામાં અડવાણે પગે ખૂબજ ફરીને નદી, તળાવ, કૂવા, તલાવડી, બગીચા, ગામની ગલીયો, ચૌટા, ઘરોમાં ખૂબજ હર્યા ફર્યા છે. રામપ્રતાપભાઈને પણ જમીન ઉપર સોળે ચિન્હ સહિત ચરણારવિંદની છાપોના દર્શન થયેલા હતા. સુવાસિનીભાભીએ ઘનશ્યામને સ્નાન કરાવતી વખતે તથા એકવાર ગારાળા પગ કરીને ઘરે અવ્યા ત્યારે પગ ધોતા હતા ત્યાં સોળ ચિન્હના દર્શન થયેલા. તેવી જ રીતે અયોધ્યામાં તથા આજુબાજુના ગામોમાં ખૂબજ ફરીને પોતાના પદરજથી ભૂમિને તીર્થભૂમિ બનાવેલ છે.

## ભક્તિમાતાએ સુંદરી મામીને ચિન્હ સમજાવ્યા

ધર્મદેવ આંબળી તળે ચોતરા ઉપર બેસીને ભાગવત વિચારતા હતા ત્યાં જઈને ઘનશ્યામ મહારાજ બેઠા ત્યારે તે કથામાં વૈકુંઠધામનું વર્ણન આવ્યું તેટલાકમાં તો ઘનશ્યામ મહારાજ ઓશરીમાંથી ભાંખોડીએ ચાલીને તે પુસ્તકના બાજોઠની સમીપે આવીને બેઠા. ને એક ચિત્તે તે કથા સાંભળવા લાગ્યા. તે સમે વળી વશરામ તિવારીનાં પત્ની સુદંરીબાઈ આવ્યા. તે પોતાની નણંદ પાસે બેઠા. પછી ઘનશ્યામ મહારાજને કથા સાંભળવા બેઠેલા જોઈને કહે ‘‘ઘનશ્યામભાઈ મારી પાસે આવો.’’ તેવું સાંભળી તુરત દોડી આવીને પોતાના મામીના ખોળામાં લટી પડ્યા. ત્યારે મામી રમાડવા લાગ્યા. એમ કરતાં બેચરણના તળામાં રેખાઓના ચિન્હ દેખીને બોલ્યાં જે ‘‘હે છોટી બા ! આ ઘનશ્યામનાં ચરણમાં શું છે ? ત્યારે ભક્તિમાતાએ કહ્યું ‘‘એ તો ઊર્ધ્વરેખાનાં ચિહ્ન છે. ત્યારે સુંદરીબાઈએ ફરીથી પૂછ્યું, ‘‘આ બધાએ ચિહ્નનાં નામ કહો.’’ ત્યારે બોલ્યાં જે ‘‘આ જમણા ચરણમાં અંગૂઠા પાસે થઈને પાનીને બે કોરે નીકળી છે તે ઊર્ધ્વરેખા છે. ને આ અંગૂઠામાં જવનું ચિન્હ છે. ને વળી આ વજ્ર, જાંબુ, ધ્વજ, અંકુશ, કમળ, અષ્ટકોણ અને સ્વસ્તિક આદિક નવ ચિન્હ છે. એવી રીતે જુઓ. વળી આ ડાબા ચરણમાં પણ ઉર્ધ્વરેખા છે ને આ કળશ, વ્યોમ, અર્ધચંદ્ર, ગોપદ, ધનુષ, ત્રિકોણને મચ્છ એ સાત ચિન્હ છે. એમ ભક્તિમાતા પોતાના ભાભીને ચિન્હ બતાવે છે.

## ગોંડા નરેશને સોળે ચિન્હના દર્શન થતા કુબેર સહિત આશ્રિત થયો

એક વખત ધર્મદેવ પોતાના બે પુત્ર રામપ્રતાપજી તથા ઘનશ્યામભાઈ સહિત અયોધ્યાથી ગાડુ લઈને ગોંડા શહેર સરસામાન લેવા ગયેલા. તે ત્યાં જઈને બજારમાથી સર્વ સામાન લીધો તેથી સાંજ પડી ગઈ. પછી કુંજગલીમાં બાબા રામદાસની જગ્યામાં જઈને ઉતારો કર્યો ને પછી તળાવે નાવા ગયા. ત્યારે ઘનશ્યામ મહારાજ સહુથી પહેલાં નાહીને બહાર નીકળ્યાં ને લૂગડાં પહેરી હાથમાં નેતરની સોટી લઈને ઉભા રહ્યા. તે સમયે તે તળાવની પાળ ઉપર રાજાના ચાકર એક મોટો આંબો ખોદીને સવારથી પાડતા હતા તે આંબો હેઠે પડતાં જ તળે પાચં આદમી દબાઈ ગયા. તે દેખીને ઘનશ્યામ મહારાજે તત્કાળ પોતાનો હાથ લાંબો કરી સોટી વડે તે આંબાને ઊંચો કરીને તે પાંચ આદમીને બહાર કાઢ્યા ને બચાવ્યા. તે વાત સાંભળીને તે ગામના ગુમાનસિંહ તથા ચંદુસિંહ તથા રાણી ભગવત્કુંવર બાઈએ જાણી તેથી તેમણે ધર્મદેવને પોતાના દરબારમાં બોલાવ્યા ને પૂછ્યું જે ‘હે હરિપ્રસાદજી ! અમારા આદમી આંબો પાડતાં દબાઈ ગયા હતા. તેમની રક્ષા કરીને બહાર કાઢ્યા તે તમારા ક્યા પુત્ર ?’ તે સાંભળીને ધર્મદેવ ઘનશ્યામભાઈને મસ્તક ઉપર હાથ મૂકીને બોલ્યા જે ‘‘આ પુત્ર’’ તે જોઈને રાજા કહે

આ તો બહુ નાના છે માટે રખેને રામચંદ્રજી હોય ? જો રામચંદ્રજી હોય તો તેમના ચરણમાં સોળ ચિન્હ હોય, ને એમને છાયા ન હોય, ને વળી અજાનબાહુ હોય'' એમ કહી ચોકમાં ગયા ને ત્યાં બહુ હેતથી ઘનશ્યામ મહારાજને બોલાવ્યા, ત્યારે ઘનશ્યામ મહારાજ ઉઠીને ચોકમાં આવી તે રાજાની સમીપે ઉભા રહ્યા ત્યારે તે રાજાએ છાયા ન દીઠી. પછી ચરણારવિંદમાં સોળેય ચિન્હ જોયાં. ને આજાનબાહુ જોયા. તેથી પોતાને બરોબર નિશ્ચય થયો કે, આ સાક્ષાત્ રામચંદ્રજી જ છે તેથી બે હાથ જોડીને બહુ સ્તુતિ કરીને ભગવાન તરીકે નિશ્ચય કરી પોતાના કુળેસહિત આશ્રિત થયો.

## સુવાસિનીભાભી નિત્ય સ્નાન કરાવતા ને ચરણારવિંદ નિરખતાં. ને કહેતા જે અમારી ખબર રાખજો.

સુવાસિનીબાઈને ઠાકોરરામ પુત્ર જન્મ્યા. ને તે પાંચ વરસનાં થયા ત્યારે ઘનશ્યામ મહારાજની સાથે દર્શન કરવા જાતા તે બેઉ દર્શન કરીને ઘેર આવે ત્યારે સુવાસિનીબાઈ પ્રથમ ઘનશ્યામ મહારાજને પીરસતી ને પછી ઠાકોરરામને પીરસીને જમાડે ને જેવું ઘનશ્યામ મહારાજ ઉપર હેત તેવું પોતાના પુત્ર ઉપર સુવાસિનીબાઈને ન રહેતું. હંમેશા ઘનશ્યામ મહારાજને નવરાવે ત્યારે ચરણારવિંદને વિષે સોળ ચિન્હ જોઈને એમ બોલતાં જે હે ઘનશ્યામભાઈ ! તમે તો બડા થાશો ને કોઈક મોટા રાજા થાશો ત્યારે અમારી ખબર રાખજો, કારણ કે, આ લોકમાં ભાઈ ભોજાઈ કોઈ કોઈના નથી. ત્યારે ઘનશ્યામ મહારાજ કહે ''અમે જરૂર તમારી ખબર રાખશું ને અમને રાજ્ય મળશે તે તમને આપશું.

## વનવિચરણમાં પોતાના પદરજથી તીર્થો પાવન કર્યા

શ્રીહરિ છપૈયા-અયોધ્યામાં ૧૧ વર્ષ રહીને ખૂબજ બાળલીલા કરીને માત-પિતાને દિવ્ય ગતિ આપ્યા પછી વિ.સં. ૧૮૪૯ ના અષાઢ સુદ દશમના વહેલી સવારે અનંત જીવોના કલ્યાણર્થે વનવિચરણની વાટ લીધી. તેમાં પુરાણા તીર્થો, જંગલો, પર્વતો, નદી, સાગર, પર્ણકૂટી, મહેલો, શહેરો, ગામ વગેરેને પોતાના પવિત્ર ચરણારવિંદથી અતિ પ્રસાદીમય બનાવ્યા છે જે આજે દર્શન્જીય, સ્મૃતિમય થયા છે.

વનવિચરણ દરમ્યાન શ્રીનીલકંઠવર્ણી સ્વરૂપે વિચરતા હતા ત્યારે બુટોલપુરમાં મયારાણીને ત્યાં રહ્યાં ત્યારે મયારાણીએ વર્ણીને ચરણારવિંદમાં સોળ ચિન્હ જોઈને મનોમન વિચાર કર્યો કે, આવા ચિન્હ તો ભગવાનમાં અથવા મોટા રાજામાં હોય તેથી તેણે પોતાના બે દીકરીઓ વર્ણી સાથે પરણાવીને રાજ આપી દેવાનો મનમાં નિર્ણય કર્યો. પરંતુ શ્રીહરિએ આ મયારાણીનો સંકલ્પ અંતર્યામીપણે જાણીને એકાકી કોઈને ખબર ન પડે તેમ ચાલી નીકળ્યા.

## ધૂલેગામમાં ભગવાનદાસને ચિન્હનાં દર્શન થયાં

શ્રીહરિ નીલકંઠવર્ણી સ્વરૂપે વિચરતા વિચરતા ધૂલેગામ પધાર્યા અને નદી તીરે બેઠા હતા. ત્યાં ભગવાનદાસ ને તેમની માતાએ કહ્યું કે તું ભગવાનને શોધીને આપણે ઘરે તેડી લાવ. ત્યારે ભગવાનદાસ કહે મા હું તેમને કેવી રીતે ઓળખું તું મને એંધાણી આપ.

પછી તેની માતાએ કહ્યું કે ભગવાનના ચરણમાં ૧૬ ચિન્હ હોય અને ઉર્ધ્વરેખા શોભતી હોય, અને પ્રભુજીના શરીરની છાયા ન હોય.

ભગવાનદાસ જવા તૈયાર થયો ત્યારે તેની પત્ની બોલી જે, તમે ભગવાનને મેળવવા જાઓ છો અને કદાચ મળે તો તમો ઘરે આવશો અને ન મળે તો ન આવો, તો મારે શું કરવું. ત્યારે ભગવાનદાસ બોલ્યો કે આવા ઊતપાત ઠાલો મનમાં શું કામ કરે છે. માતાનોભાવ જો સાચો હશે અને તારું વ્રત જો સાચું હશે તો જરૂર ભગવાન મળશે.

માતાને વંદન કરીને ભગવાનદાસ ગામ બહાર જાય છે. ત્યાં શ્રી નીલકંઠવર્ણીએ ભગવાનદાસજીને નામ લઈને બોલાવ્યો. ત્યારે તેને થયું કે, મારું નામ લઈને કોણે સાદ પાડ્યો. તે થોડે દૂર ગયો તો વર્ણી નદી કાંઠે બેઠા હતા. તેથી ફરી તેને બોલાવ્યો. તે કહ્યું હે ભગવાનદાસ ! મને નદી ઉરતા કાંટો વાગ્યો છે તે જોવોને. ત્યારે ભગવાનદાસ કહે લાવો કાંટો કાઢું. તે પ્રથમ જમણો પગ લઈને કપડાંથી લૂછીને જોયું તો નવ ચિન્હ જોયા ને ઉર્ધ્વરેખા જોઈને મન પ્રભુમાં લાગ્યું ને બોલ્યો પ્રભુ આમાં કાંટો નથી, ડાબા પગમાં હશે એમ કહીને તેણે ડાબા પગને કપડાંથી લૂછીને જોયું તો સાત ચિન્હ જોવામાં આવ્યા. ને પડછાયો પણ પ્રભુને ન હતો તેથી આ ભગવાન છે એમ નિશ્ચય થયો. પછી પ્રભુને પોતાના ઘેર તેડી ગયો ને રસોઈ કરી જમાડ્યા.

## છપૈયાની પવિત્ર પદરજભૂમિમાં શિવજી આળોટ્યા

એકવાર શિવજી અને પાર્વતીજી છપૈયા પધાર્યા હતા ને તે વખતે શિવજી આ છપૈયાની પ્રસાદીમય ભૂમિની રજમાં આળોટ્યા. તે જોઈને પાર્વતીજી બોલ્યા કે, આ શું કર્યું ? ત્યારે શિવજી બોલ્યા કે અહી સર્વાવતારી, સર્વકારણના કારણ, પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્રી ઘનશ્યામ બાળ સ્વરૂપે ખૂબજ અડવાણે પગે ફરીને આ ગામની તથા આજુબાજુના ગામોની ભૂમિને તેમના પદરજથી તીર્થભૂમિ-મોક્ષભૂમિ બનાવી છે. તેથી તે મહિના જાણીને હું આ ભૂમિમાં આળોટ્યો. ત્યારે પાર્વતીજી બોલ્યા કે, મને તેમના દર્શન કરાવો. ત્યારે શિવજી બોલ્યા કે, તેઓ અત્યારે નીલકંઠવર્ણી સ્વરૂપે વનમાં વિચરે છે. તો આપણે ત્યાં દર્શને જઈએ. શ્રીનીલકંઠવર્ણી તે વખતે દક્ષિણ ભારતમાં વિચરતા હતા. ત્યારે તેમને ચાર દિવસથી કાંઈપણ

અન્ન-જળ મળેલ નહિ. ને તે વખતે રસ્તામાં એક કૂવો આવ્યો, તેમાંથી કઠારી (કમંડળ) કાઢીને શાલીગ્રામ ઉપર રેડતા, તે જેટલું પાણી રેડે તેટલું પાણી શાલીગ્રામ પી જાય. તેથી વર્ણીએ જાણ્યું કે, તરસ આટલી છે, તો ભૂખ પણ લાગી હશે. આમ વિચારે છે ત્યાં કાપડીના વેશે શંકર પાર્વતી ત્યાં આવ્યા ને મહારાજને સાથવો અને મીઠું આપ્યું. તે શાલીગ્રામને નૈવેદ્ય ધરાવ્યું ને પોતે જમ્યા. પછી બોલ્યા કે, તમે મને સાથવો આપ્યો છે તેથી હું તમને રોજ લાડવા જમાડીશ. તે આજે જૂનાગઢમાં સિધ્ધેશ્વર મહાદેવને રોજ લાડુનો થાળ ધરાવાય છે.

## બોચાસણના કાશીદાસને ચરણરજનો મહિમા

શ્રીનીલકંઠવર્ણી વનવિચરણ કરતા કરતા ગુજરાતની પવિત્ર ભૂમિમાં પ્રવેશ કરીને બોચાસણ ગામે આવ્યા. ત્યાં એક રામાનંદી મંદિરે ઉતારો કર્યો. તે મંદિરમાં એક નરસીદાસ નામનો બાવો રહેતો હતો. તે ગામના મુખી કાનદાસના દીકરા કાશીદાસ મુક્ત હતા. તે મહારાજના આવ્યા મોરથી જ તે નરસીરામ બાવાને કહેતા કે, ‘‘કોઈ મોટા પુરુષ આવે તો અમને ખબર કરજ્યો.’’ એ પ્રમાણે બાવાજીને કહી મુકેલું હોવાથી મહારાજ પધાર્યા ત્યારે તે બાવાએ કાશીદાસને વાત કરી. તે દિવસે કાશીદાસને ઘેર બ્રાહ્મણોની ચોરાશી હતી ને, સમાચાર મળતા ને કામને પડતું મૂકીને પટેલ શ્રીજી પાસે આવ્યા અને મહારાજનાં દર્શન કરીને અંતરમાં એવો વિચાર થયો કે, ‘‘આ કોઈ મોટા પુરુષ છે,’’ એમ જાણીને કહ્યું કે, ‘‘હે મહારાજ ! અમારે ઘેર બ્રાહ્મણ જમે છે તો તમે જમવા પધારો.’’ ત્યારે મહારાજે પૂછ્યું કે, ‘‘કેવા બ્રાહ્મણ જમે છે’’ એટલે કાશીદાસ તો હિંદુસ્તાની બોલીમાં બરોબર સમજ્યા નહિ હોવાથી એમ કહ્યું કે, ‘‘તમો કહો છો એવા શુધ્ધ બ્રાહ્મણો જમે છે,’’ પછીથી મહારાજે કહ્યું કે, ‘‘વખત થાય ત્યારે બોલાવજો,’’ પછી જ્યારે જમવાનો વખત થયો ત્યારે કાશીદાસ ફરીથી તેડવા આવ્યા. ત્યારે તેમની સાથે મહારાજશ્રી પધાર્યા અને પંક્તિમાં જમવા બેઠા. એટલે બ્રાહ્મણે લાડુ અને દાળ ભરેલો પડીયો મૂક્યો. મૂકેલા બે લાડુમાંથી બે પૈસાભાર જમ્યા, પણ અધિક જમ્યા નહિ. આ દૃશ્ય જોઈને કાશીદાસનાં માતુશ્રી સામા બેઠાં હતાં તેમના મનમાં એમ થયું કે, ‘‘આ બ્રહ્મચારી કંઈ પણ જમ્યા નહિ, ભૂખ્યા રહ્યા.’’ પછીથી ભેંસ દોવા ગયાં ને દૂધ લાવીને એક તાંસળીમાં ભરીને એક બ્રાહ્મણ દ્વારા મોકલાવ્યું. તેણે મહારાજ પાસે આવીને તે દૂધ મૂક્યું. એટલે મહારાજ દૂધ અને ભાત જમ્યા. પછી ચળુ કરીને ઉઠ્યા એટલે કાશીદાસ મંદિર સુધી વળાવવા ગયા. અને તે બાવાને ભલામણ કરી કે, ‘‘આ બ્રહ્મચારી જતા ન રહે તેની સંભાળ રાખજો.’’ એમ કહીને કાશીદાસ તો ઘરે ગયા અને બાવો મંદિરે આવ્યો એટલે મહારાજશ્રી તો એકદમ ઉઠીને ચાલી નીકળ્યા. તેટલાકમાં કાશીદાસ ઘરેથી પાછા મંદિરે આવ્યા અને બાવાને પૂછવા લાગ્યા કે

“બ્રહ્મચારી ક્યાં ગયા ?” ત્યારે બાવાએ કહ્યું કે, “અહીં બેઠા હતા, હું મંદિરમાં ગયો એટલાકમાં ચાલી નીકળ્યા છે. એવું સાંભળીને કાશીદાસ બહુ શોક કરવા લાગ્યા. અને કહેવા લાગ્યા કે, ‘એ બ્રહ્મચારીનાં મને દર્શન થયાં તે બહુ સારું થયું.” એમ કહીને પછીથી એમને ખોળવા કેડે ગયા. મંદિરેથી પડેલાં, તેમાં ઉર્ધ્વરેખા વગેરે સોળ ચિન્હો જોવા માં આવ્યા. તેને જોઈને ચરણારવિંદની જેટલી રજ હતી તે બધી જ બાંધી લીધી અને તે વર્ણીને ખોળવા માટે ગામ બહાર આથમણી બાજુએ નીકળ્યા. તે વખતે એક રબારી આવતો હતો તેને કાશીદાસે પૂછ્યું કે, “કોઈ બ્રહ્મચારી જતા દીઠા ?” ત્યારે તેણે કહ્યું કે, “એ તો પૃથ્વીથી ઊંચા ચાલ્યા જાય છે, તેમને તમો નહિ પામી શકો. એ તો કોઈક અલૌકિક દિવ્ય પુરુષ છે.” એવું સાંભળીને કાશીદાસ પાછા ઘરે આવ્યા અને સદાકાળ બ્રહ્મચારીને સંભારતા થકા રહ્યા.

## નેપાળના રાજાને ચિન્હ દર્શનથી ભગવાનપણાનો નિશ્ચય થયો

શ્રીહરિ પુલહાશ્રમમાં એક પગે ઉભા રહી, બે હાથ ઉંચા રાખી વાયુ ભક્ષણ કરી ઉગ્ર તપશ્ચર્યા કરી રહ્યા હતા તે દરમ્યાન કેટલાક ઈર્ષાળુઓએ નેપાલની રાજધાની કાઠમંડુમાં જઈ રાજાને જણાવ્યું કે આપના રાજયમાં એક બાળક કઠોર તપ કરે છે તેના તપથી કોઈ દેવ તેને પ્રસન્ન થાય તે પહેલાં તેને તપ કરતા અટકાવી ત્યાંથી ખસેડી મૂકવો જોઈએ, નહિ તો દેવની પ્રસન્નતાથી તે તમારૂં રાજ્ય લઈ લેશે. આ વાતથી રાજાને કુતુહલ થયું, તેથી થોડાક પોતાના માણસોને સાથે લઈ તે પુલહાશ્રમમાં ગયો. ત્યાં તપ કરતા શ્રી નીલકંઠવર્ણી પાસે જઈ આદરથી તેમને પગે લાગીને બોલ્યો કે, અહોહો ! વર્ણીજી ! આ ભારે તપશ્ચર્યા આપે શા માટે આદરી છે ? તેમજ આપે જે આપનો જમણો પગ ઉંચો રાખ્યો છે તેમાં નવ ચિન્હો જણાય છે તે જોતાં તો આપ સાક્ષાત્ ભગવાન જણાઓ છો તેથી મારે એટલું જ કહેવાનું છે કે, ભગવાનને વળી તપ શાનાં ? વનવાસ શા માટે ? ત્યારે શ્રીહરિ બોલ્યા કે ઈન્દ્રિયોને દમન કરવા સારૂં સૂર્યનારાયણનું આરાધન કરીએ છીએ. ત્યારે રાજાએ કહ્યું જે, પૂર્વની શંકરાચાર્ય મહારાજની વાત છે. પોતાના ગામ પાસે વહેતી નદીએ પોતાની માતાને રોજ સ્નાન કરવા જાવાનું નિયમ હતું પરંતુ નદીએ જવામાં પગ બળતા અને ચોમાસામાં કાદવ નડતો, તેથી શંકરાચાર્યજીએ પોતાના યોગ પ્રભાવથી નદીને બોલાવી આજ્ઞા કરી કે, તું મારા સ્થાન પાસેથી વહે જેથી માતાને દુઃખ ન થાય, તેથી તે નદી તેમની આજ્ઞા પ્રમાણે વહેવા લાગી હતી, તેમ આપ પણ આપના તપના પ્રભાવથી કોઈ ચમત્કાર બતાવો તો આપના પ્રભાવની અમોને ખબર પડે.

એ પ્રમાણે વાતચીત ચાલે છે, ત્યાં પાસેના જંગલમાંથી ઢોર ચારનારા માણસો એકદમ દોડતા અને બૂમો પાડતા પાડતા ત્યાં આવીને કહેવા લાગ્યા કે ભાગો, ભાગો, ગંદકી નદી

મર્યાદા મૂકીને ઘોડાપુરે આવે છે. ત્યારે દરેક ભયથી અને ચિંતાથી ત્યાંથી ભાગવાની તૈયારી કરવા લાગ્યા. ત્યારે નીલકંઠ બ્રહ્મચારી બોલ્યા કે કોઈ જાશો નહીં. એ તો ગંદકી નદી કહેવાય તે આ પુન્યશાળી રાજાને પગે લાગવા આવે છે. ત્યાં તો જોત જોતામાં ભારે ઉછાળા મારતું પાણી લગભગ નજીકમાં આવી ગયું તેથી બધા ગભરાવા લાગ્યા. ત્યાં તો તે પાણી નીલકંઠવર્ણીના ચરણનો સ્પર્શ કરી પાછું મૂળ વહેણમાં જતું રહ્યું.

## શ્રી નીલકંઠવર્ણીએ એક સાથે બધાને દીક્ષા આપી

બદરિનાથથી ચાલ્યા પછી નીલકંઠવર્ણીને રસ્તામાં પાંચસો નાગા બાવા વેરાગી મળ્યા. તેમાં એક મોટો ગુરુ હતો. તેણે અષ્ટાંગયોગ સાધ્યો હતો. તે બીજાઓને યોગ શીખવતો ને તે ગુરુને એક હજાર વરસ થઈ ગયાં હતાં. પણ યોગને બળે કરીને તે સિધ્ધગતિને પામ્યો હતો. તેથી કાળ તેમની પાસે આવી શકતો નહિ. ને આવે તે પોતે બ્રહ્મરંધ્રમાં ચાલ્યો જાય. તે કાળ ગયા પછી પાછો આવે. તે યોગી અને મહારાજ પાંચ દિવસ સુધી ભેગા રહ્યા. પછી એક દિવસ તે યોગીને પૂછ્યું ‘તમે કોણ છો ને ક્યાં વિચરો છો ?’ ત્યારે તે યોગી બોલ્યો જે ‘હે મહારાજ ! તમે તો બધું જાણો છો પણ પૂછ્યું તેથી કહું છું. હું આ હિમગીરીના પ્રદેશમાં ફરું છું. જેથી આંહી કોઈ મનુષ્યથી અવાય નહી. આગળના વખતમાં પાંડવો આવ્યા હતા ને આંહી થોડાક ગામડા છે. તેમાં જે યોગભ્રષ્ટ જીવ હોય તે દેહ ધરે છે ને આંહી યોગ સાધે છે. પછી શ્વેતદ્વીપમાં જાય છે ને આંહી દુર્વાસાના શિષ્ય અમે અનેક છીએ. ને તે સર્વે ગુરુજીની કૃપાથી યોગસિધ્ધ થયા છીએ. એકવાર અમને તે ઋષિએ કહ્યું હતું જે તમને અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ મળશે. તે જ તમે છો. ને મારો શિષ્ય એક રાજા છે તે આંહીથી વીશ ગાઉ ઉપર રહે છે ત્યાં તો તે રાજા ત્યાં આવ્યો. ને પોતાના ગુરુજીના ચરણમાં મસ્તક નમાવીને પગે લાગ્યો. ત્યાં તો તેણે ઘનશ્યામ મહારાજના ચરણમાં સોળ ચિન્હ ભાળ્યાં ને તેણે બરોબર નિહાળીને ગણી કાઢ્યાં. ને પછી બોલ્યો જે ‘હે મહારાજ ! તમે તો પુરુષોત્તમ નારાયણ છો’ એમ કહીને પછી તે ગુરુ શિષ્યોએ તથા રાજાએ મળીને મહારાજની ષોડશોપચારથી પૂજા કરીને આરતી ઉતારીને સ્તુતિ કરી. ત્યારે મહારાજે તે સર્વને એક જ વખતે દીક્ષા આપીને પોતાના આશ્રિત કર્યા. ને કહ્યું ‘તમે સર્વે સત્સંગમાં જન્મ લેશો ને તેમાંથી કેટલાક ત્યાગી થાશો. પછી રાજાએ સ્તુતિ કરી જે ‘હે મહારાજ ! મારે ગામ પધારો’’ ત્યારે મહારાજ કહે અમારે અગણિત જીવોનો મોક્ષ કરવો છે તેથી નહિ અવાય’ એમ કહીને તુરત ચાલી નીકળ્યા. તે કોઈની નજરે આવ્યા નહિ. પછી સત્સંગમાં જન્મ ધરીને શ્રીહરિએ તેમને કાલવાણીમાં એક સાથે પરમહંસદીક્ષા આપીને ત્યાગી કર્યા.

## શ્રી નીલકંઠવર્ણીએ બુધેજના સદાવ્રતમાં ચરણારવિંદ પાડ્યા

બુધેજમાં ખોડાભાઈ નામના દરબાર જારનું સદાવ્રત આપતા હતા. તેનું કલ્યાણ કરવા પોતે તેને ઘેર સદાવ્રત લેવા ગયા. ખોડાભાઈ બહારગામ ગયા હતા. ને તેમના માતા સદાવ્રત આપતા હતા. તેણે શ્રીહરિને જાર આપવા માંડી ત્યારે વર્ણીએ કહ્યું કે, અમો જારને શું કરીએ ? લોટ હોય તો આપો (તૈયાર રોટલો) તો અમો જમીએ. ત્યારે ડોસી કહે અમો તૈયાર કોઈને આપતા નથી લેવી હોય તો આ જાર લઈ જાઓ. અહીં તો મોટા મોટા ખાખીઓ વગેરે ઘણા આવે છે તે બધા જાર લઈ જાય છે. તે બાઈનું એવું વચન સાંભળી શ્રીહરિ બોલ્યા કે મોટા મોટા યોગીઓ આપને ત્યાં આવતા હશે, પણ અમારા જેવા તો અમો એકજ છીએ. ત્યારે તે બાઈ બોલી કે, જ્ઞાની, ધ્યાની, તપસ્વી, રામનું નામ લેતા, ઘણા આવે છે. ત્યારે તેને સમજણ પડે તેટલા માટે શ્રીહરિ ફરી બોલ્યા કે, સદાવ્રતમાં તો ઘણાં સંતો આવ્યા હશે, પણ અમારા જેવા કોઈ આવ્યા નથી, ને આવશે પણ નહિ. એમ મર્મનાં ઘણાં વચનો કહ્યાં. પણ હજી બાઈનાં તથા તેના કુટુંના પૂર્વનાં પુન્ય ઉદય થવાને થોડીવાર હતી તેથી તેઓ સમજી શક્યાં નહી. ને શ્રીહરિ જારના બે દાણા મુખમાં મેલી ત્યાં સદાવ્રતમાં તેમના ચરણના ચિન્હ પાડીને પારેવાને જુવાર નાખીને ચાલી નીકળ્યા.

## મહારાજના ચરણમાં સોળ ચિન્હ જોઈને લોભી વાણિયાએ ધનની માગણી કરી

શ્રી નીલકંઠ વર્ણી વનવિચરણ દરમ્યાન ફરતા ફરતા તે ગામ શીમેર પધાર્યા. ને ત્યાં સૂર્યકુંડે નાહીને ધર્મશાળામાં ઉતર્યા. તે સમે એક વણિક આવ્યો. તે મૂરતિમાન લોભ હતો. તેણે મહારાજનાં ચરણમાં સોળ ચિન્હ જોયા. તેથી જાણ્યું જે આવા પુરુષ જગતમાં કોઈ નથી. માટે આની સેવા કરું. ને સારાં સારાં વાનાં કરીને જમાડું તો પુષ્કળ ધન મળે. એમ ધારીને તેણે મહારાજને જમવાનું નોતરું દીધું. ને પ્રણામ કરી કહ્યું, ‘હે મહારાજ ! મારું ગરીબનું જમવું પડશે.’ ત્યારે તે વણિકનું સારું કરવા મહારાજે હા પાડી. ત્યારે તે વાણિયે ઘેર જઈને દૂધપાક, પૂરી, ભજિયા ને સારાં શાક કરાવી જમવા તેડવા આવ્યો. ત્યારે મહારાજ તેને ઘેર જમી આવીને ધર્મશાળામાં રાત રહીને સવારે પહેલા ઉઠીને ચાલ્યા. ત્યારે તે વાણિયો સાથે વળાવવા આવ્યો. ને અંતરમાં દ્રવ્યની ઈચ્છા તેથી એક ગાઉ સુધી આવ્યો. ત્યારે મહારાજે કહ્યું ‘શેઠ ! પાછા વળો’ ત્યારે તે કહે ‘તમે મને શ્રીમંત કરોને અગણિત ધન આપો, તમે દયાળુ છો માટે મારું દારિદ્રય કાપો. ને તમે મોટા છો એમ જાણીને મેં સેવા કરી છે.’ તે સાંભળીને મહારાજે કહ્યું ‘તને અવિચળ ધામ આપું. જેથી અવિનાશી સુખ રહે. ને ધનમાં

તો કશો માલ નથી ને નાશવંત છે. તેથી તું શું ન્યાલ થાનારો છો ? ત્યારે તે વાણિયો કહે 'હે કૃપાનાથ ! હું બીજી વાત કાંઈ પણ ન જાણું, મને તો બહોળું નાણું આપો. કારણ કે, નાણાંથી જ મોટા યજ્ઞ થાય છે ને સ્વર્ગે પણ જવાય છે ને લોકમાં પણ પૈસાવાળાનો સત્કાર થાય છે ને પણ આબરૂ ઈજ્જત પણ તેની જ કહેવાય છે. ને ગરીબને તો કોઈ બોલાવતું પણ નથી. માટે પૈસો જ જગતમાં પ્રભુતા ભોગવે છે' એવાં ઘણાંક તેણે વચનો કહ્યાં. તેનો મહારાજે બહુ બહુ નિષેધ કર્યો તો પણ તે વાણિયો કહે 'મહારાજ ! મને તો પૈસો જ પ્યારો છે.' ત્યારે મહારાજે દયા લાવીને કહ્યું, 'જા તને પૈસા મળશે' એમ વર દઈને ચાલી નીકળ્યા.

## બ્રાહ્મણને ચરણારવિંદમાં સોળ ચિન્હ જોઈને ભગવાનપણાનો નિશ્ચય થયો

શ્રી નીલકંઠવર્ણી લોઢવાથી ચાલ્યા તે પ્રભાસ પાટણ પધાર્યા ને ત્યાં હિરણ્ય, સરસ્વતી અને મધવતી એ ત્રણ નદીઓનો સંગમ થાય છે, તે ત્રિવેણીમાં નાહ્યા. ને તે ગામમાં ત્રણ દિવસ રોકાણા ને દરિયા કાંઠે તીર્થવાસીઓ માટે સદાવ્રત બાંધેલું હતું તે લઈને મહારાજ જમ્યા. ને તે પાટણથી પૂર્વભાગે ભલકા તલાવડી છે ને પીપળો છે કે જે ઠેકાણે શ્રીકૃષ્ણ ભગવાને દેહ તજ્યો હતો ત્યાં જઈને મહારાજ શ્રીકૃષ્ણની પેઠે સૂતા. તે સમે એક બ્રાહ્મણ આવ્યો તે એ મહારાજનાં ચરણકમળમાં સોળ ચિન્હ જોઈને કહ્યું, 'તમે તો સાક્ષાત્ ભગવાન છો, માટે મને શ્રીકૃષ્ણ રૂપે દર્શન આપો.' ત્યારે મહારાજે દયા લાવીને વિપ્રને શ્રીકૃષ્ણરૂપે દર્શન દીધું. ત્યારે બ્રાહ્મણે પ્રણામ તથા સ્તુતિ કરી. પછી મહારાજ ત્યાંથી પાછા પાટણમાં જઈને રાત રહ્યા.

## કારીયાણીમાં ધનાભક્તને ચરણારવિંદ બોળી પાણી પાઈને મોક્ષ કર્યો

કોઈ એક સમયમાં મહારાજ ગામ કારિયાણીમાં વિરાજમાન હતા ને પોતે મહારાજ મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી આદિક સાધુ ભેળા લઈને વસ્તા ખાચરનાં દરબારમાંથી મંદિરમાં પધારતા હતા. તે માર્ગમાં પટેલ ધનાનું ઘર આવ્યું ને તે ધનાને તાવ આવ્યો હતો. ને તે ધનો પોતાના ઘરના આંગણામાં ખાટલો ઢળાવીને સૂતો હતો. તેને જોઈને મહારાજ એમ બોલ્યા, જે આ ધનાની હવે ચાર ઘડીની આયુષ્ય બાકી છે. એમ કહીને મંદિરમાં પધારતા હતા. તેવામાં ધનાનો મામો મહારાજ પાસે આવીને એમ કહેતો હતો. જે હે મહારાજ ધનાને તાવ બહુ આવ્યો છે. તે તમે તને દર્શન દેવા સારું તેને ઘેર પધારશો ? ત્યારે શ્રીજીમહારાજ પાણીનો ભરેલો જે લોટો તેમાં પોતાનું ચરણારવિંદ બોળી દઈને મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને કહ્યું જે, તમે બે જણા ધનાને ઘેર જઈને ધનાને આ ચરણામૃત પાઓ. ત્યારે તે બે જણ ધનાને ઘેર જઈને ધનાને દર્શન દઈને ચરણામૃત તેને પાતા હતા ને પાઈને મહારાજ પાસે આવતા હતા. ધનો દેહત્યાગ કરતો હતો. આમ આ ચરણારવિંદનો આવો મહિમા છે.

## ગોપાળાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ પ્રસાદીના ચરણારવિંદ પોતાની છાતીમાં લીધા

જીર્ણગઢમાં ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને આવી વાત કરી કે, આજ ગઢડેથી ત્રણ સાધુ આવે છે. અને એમણે મહારાજની પૂજા કરીને છાતીમાં ચરણારવિંદ લીધા છે, તે જેવાં ને તેવા દેખાય છે. મહારાજે થાળ જમતા તમારે માટે પ્રસાદીનાં મોટા છાબડાં આપ્યા છે. તે લઈને સાધુ પરમ દિવસે આવશે. ત્રીજે દિવસે સાધુ આવ્યા. ગોપાલાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી બંને તેમને મળ્યા અને સાધુની છાતીમાં મહારાજનાં જે ચરણારવિંદ હતાં તે પોતાની છાતીમાં લીધા. આવી રીતે મોટા સંતો મહારાજના ચરણારવિંદનો મહિમા સમજતા.

## સ્વમુખે સંતના ચરણનો મહિમા બતાવ્યો

એકવાર ગઢપુરમાં દાદા ખાચરની ઘોડી માંદી હતી, તે માટે સર્વ સાધુના પગના અંગૂઠા પાણીમાં બોલાવીને, તેને મહારાજ પોતાના હાથમાં લઈને તે ચરણામૃતની બે અંજલિ પીતા હતા ને કહેતા હતા કે, આ ઘોડીને પાઓ. એનું કલ્યાણ થશે. આવી રીતે શ્રીહરિએ સંતના ચરણામૃતનો મહિમા પોતે વધાર્યો અને ઘોડી સાજી થઈ ને અંતે અક્ષરધામને પામી.

## ઝુમખરામે શ્રીહરિનાં ચરણારવિંદ ઝાલ્યા ને મૂર્તિ આપી

ગામ શ્રી વડતાલમાં સમૈયામાં ઉગમણી દિશાએ આંબલા નીચે દશ હજાર મનુષ્યોની સભા હતી. તેમાં ઉભા રહીને રાતના દશ વાગતા સુધી મહારાજે વાર્તાઓ કરી. તે સભામાં વીસનગરના શેઠ ઝુમખરામ નિદ્રાને લીધે ઝોકાં ખાતા હતા. મહારાજે હાથ લાંબો કરીને તેને સોટી મારીને જાગ્રત કર્યા. પછી સભા ઉઠી ત્યારે ઝુમખરામે મહારાજનાં ચરણારવિંદ ઝાલીને પૂછ્યું કે, મહારાજ ! તમે મને સોટી કેમ મારી ? મહારાજ બોલ્યા કે, હિરણ્યકશિપુ પ્રહલાદજીને મારવાની તને આજ્ઞા કરતા, ત્યારે તું ભક્ત જાણીને તેમની રક્ષા કરતો. તે પુણ્ય, તે દિવસથી તું ભક્ત થયો છું. તે તારાં અનેક જન્મના પાપ મારી કાઢ્યાં.

મહારાજે ઝુમખરામને સોટી મારી ત્યાંથી સર્વે ક્રિયામાં અખંડ મૂર્તિ દેખાવા માંડી. તે વાતની તેને મૂંઝવણ થઈ. તેથી મહારાજ પાસે આવીને તે રોવા માંડ્યા. મહારાજે પૂછ્યું કે, શા સારું રૂવે છે ? ત્યારે તે બોલ્યા કે, સર્વે ક્રિયામાં તમારી મૂર્તિ દેખાય છે તે હું વ્યાવહારિક ક્રિયા શી રીતે કરું ? અને મારા માતપિતા વૃધ્ધ છે. મારો ભાઈ નાનો છે. એ સર્વેનું પોષણ શી રીતે કરવું ?

મહારાજ બોલ્યા તને ઠીક ન પડ્યું તો જા, હવે નહિ દેખાય. એટલે ઝુમખરામે કહ્યું કે, ના મહારાજ, જ્યારે હું કલાક બે કલાક ધ્યાન કરું ત્યારે તો દેખાવી જોઈએ. મહારાજ કહે, જાઓ ત્યારે દેખાશે

## કડવા ભક્ત મહારાજનાં બે ચરણારવિંદ પકડીને બેસી રહ્યા

ઝાડી દેશમાં ગોઠિબ ગામના કડવા ભક્ત જનમથી અંધ હતા પણ મહારાજના પ્રતાપથી મહારાજની મૂર્તિ દેખતા હતા. એકવાર કડવા ભક્ત મખિયાવ મહારાજનાં દર્શને આવ્યા ત્યારે મહારાજને પગે લાગીને મહારાજનાં બે ચરણારવિંદ પોતાનાં હાથે પકડીને બેસી રહ્યા. મહારાજ તો ત્યાંથી ઉઠીને ચાલ્યા ગયા. પછી બીજાઓએ કહ્યું કે ભક્ત, કેમ બેસી રહ્યા છો ? ભક્તે કહ્યું કે, હું મહારાજના ચરણારવિંદ ઝાલી રહ્યો છું. મહારાજ આ બેઠા એમ સદાય મહારાજને દેખતા, મહારાજે એમની છાતી ભરી અને બોલ્યા કે ભક્તની છાતી ઘણી પોલી છે. કોઈને યમદૂત લેવા માટે આવ્યા હોય અને ભક્ત ત્યાં જાય એટલે યમદૂત પણ નાસી જાય. આવા બળિયા મુક્ત હતા.

## પ્રેમી ભક્તે ગારાળા હાથે શ્રીહરિના ચરણારવિંદ ઝાલ્યા

એક વખત સાતપડાના ભગો ભગત કરીને કોળી હરિભક્ત હતા અને તે મહારાજનાં દર્શને અક્ષર ઓરડીયે જતા હતા તે વખતે પાર્ષદ આંબલી હેઠે ગાર્ય ખુંદતા હતા. તેણે ભગા ભગતને કહ્યું જે ભગત ક્યાં જાઓ છો ? ભગત કહે મહારાજનાં દર્શને જાઉં છું. પાર્ષદ કહે ગારો ખૂંદાવો હમણાં મહારાજ અહીં નીસરશે. પછી ભગા ભગત ગાર્ય ખૂંદતા હતા અને મહારાજ એક પીતાંબર પહેરીને એક ઓઢીને ચાખડીયું પહેરીને જમવા પધારતા હતા તે વખતે પાર્ષદે કહ્યું જે, ભગા ભગત મહારાજ જાય. ભગત એકદમ ગારાળા હાથે દોડી મહારાજના ચરણારવિંદે બાઝ્યો એટલે પાર્ષદ સૌ કહેવા મંડ્યા જે ભગા ભગત મહારાજનાં ચરણારવિંદ મેલી દ્યો. ભગત વિચારમાં પડ્યો જે, ચરણારવિંદ એટલે શું ? તે સમે બ્રહ્માનંદ સ્વામી આવ્યા અને બોલ્યા જે એલા ભગલા મેલી દે મહારાજનો ટાંગો ત્યારે ભગો ભગત કહે લ્યો સ્વામી. ત્યારે તે ભગત સમજ્યા કે ચરણારવિંદ એટલે ટાંગો કહેવાય. પછી મહારાજ જમવા પધાર્યા ત્યારે લાડુબાઈએ પૂછ્યું જે, આવો કોણ પ્રેમી ભગત મળ્યો જે ગારે પૂજા કરી ? મહારાજ કહે એવા ભગત મળે. પછી ઉનું પાણી લઈ મહારાજનાં ચરણારવિંદ ધોયા. પછી મહારાજ બાજોઠ ઉપર જમવા માટે વિરાજમાન થયા.

## પીઠવડીના ભગા મૂળા આદિ ઉપર અતિ રાજી થઈને છાતીમાં ચરણારવિંદ આપ્યા

એક વખત પીઠવડીથી હરિજન મહારાજના દર્શને આવ્યા હતા. તેમણે જાણ્યું જે મહારાજ બળતણથી બહુ રાજી થાય છે. માટે આપણે ઘેર જઈ બળતણનાં ગાડાં ભરીને લાવીએ. પછી

સૌ હરિજન મહારાજની રજા લઈ પીઠવડી ગયા અને ત્યાંથી લાકડાંના પાંચ સાત ગાડાં ભરી ગઢડા આવ્યા અને દરબારમાં ગાડાં છોડ્યાં તે જોઈ અક્ષરઓરડીમાં શ્રીજીમહારાજને કોઈકે ખબર કરી જે, મહારાજ લાકડાનાં ગાડાં આવ્યાં છે. મહારાજ કહે શું વળીયું આવી ! વળી તે માણસે કહ્યું કે ના મહારાજ લાકડાનાં ગાડાં આવ્યા છે. મહારાજ કહે શું વાંસડા આવ્યા છે ? તેણે કહ્યું ના મહારાજ પીઠવડીથી લાકડાનાં ગાડાં આવ્યાં છે. તે સાંભળી મહારાજ દરબારમાં પધાર્યા ને બહુજ પ્રસન્ન થયા પછી હરિજનને મહારાજ પોતાની સાથે અક્ષર ઓરડીમાં લઈ ગયા અને મહારાજે કહ્યું જે ભગા-મૂળા, માયા, રૂડા, તમો મારી સારું સોનાનાં કાંસા લાવ્યા એમ કહી મહારાજ બાથમાં ઘાલી સૌને મલ્યાં અને છાતીમાં ચરણારવિંદ આપ્યાં અને થાળ જમી સૌને પ્રસાદી આપી તે સમે સચ્ચિદાનંદ સ્વામી ઉગમણા બારના ઓરડાની ઓસરીયે બેઠા હતા. પછી હરિજન અક્ષરઓરડીમાંથી દરબારમાં આવ્યાં ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા જે, ભક્તો કાંઈ જાણ્યું, સર્વ હરિજન કહે હા સ્વામી, મહારાજ અમારી ઉપર બહુજ પ્રસન્ન થયા અને છાતીમાં ચરણારવિંદ આપ્યા અને થાળ જમીને પ્રસાદી આપી. ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા જે, તમને તો આટલું બધું કર્યું, પણ મને એમ કહે જે આવ્ય સચ્ચિદાનંદ એટલું જો કહે તો આકાશ ને પાતાળ બેઉ ભેગા કરી દઉં.

## ગોદડાની સેવામાં શ્રીહરિએ ચરણારવિંદ આપ્યા

ગામ પીપળાવના પ્રભાશંકરભાઈ ગઢપુરમાં મહારાજનાં દર્શને આવ્યા હતા અને અક્ષર ઓરડીને પછવાડે ઉતર્યા હતા. પછી રાતના બે વાગે ઉઠીને ભજન કરતા જે હે દયાનિધિ કે દયાનિધિ એમ બોલતા હતા તે સાંભળી મહારાજે માનસંગ પાળાને પૂછ્યું જે, આ કોણ બોલે છે ? માનસંગ કહે તે તે ઓલ્યો પ્રભાશંકર બોલે છે, મહારાજ કહે શું કહે છે ? માનસંગ કહે દયા નથી દયા નથી એમ કહે છે પછી મહારાજ કહે બોલાવો અહીં. પછી પ્રભાશંકરને અક્ષર ઓરડીમાં બોલાવ્યા અને મહારાજે પૂછ્યું જે, પ્રાણશંકરને અક્ષરઓરડીમાં બોલાવ્યા અને મહારાજે પૂછ્યું જે, પ્રાણશંકર શું કહેતા હતા ? પ્રભા શંકર કહે મહારાજ દયાનિધિ દયાનિધિ કરતો. મહારાજને માનસંગ કહે તે તો બ્રાહ્મણ બીહીનો પણ તમારે કયાં દયા છે ? અને જો દયા આવતી હોય તો આવી ટાઢ્યના સંત જ્યાં ત્યાં પડ્યા રહે તે માટે હું કહું છું કે દયા નથી. મહારાજ કહે સગડી કરી લાવ્ય તાપીયે પછી સગડી કરી મહારાજ પાસે લાવ્યા એટલે સૌ ભેળા થયા અને પછી મહારાજ બોલ્યા જે, આજ અમારે એક પ્રકરણ કરવા છે જે એક ગોદડું આપે તેને એકવાર છાતીમાં ચરણારવિંદ આપવા અને બે ગોદડા આપે તેને બે વાર ચરણારવિંદ આપવા. પછી દાદો ખાચર કહે મારાં સોહો ગોદડાં, સુરો ખાચર કહે

મારાં સોહા ગોદડાં, જે ગામના માણસને ખબર પડી ત્યારે ગામનાં માણસ પોતાની શ્રધ્ધા પ્રમાણે ગોદડાં લઈને આવ્યા. એક મેઘો કહે મહારાજ હું તો મારા મામાનો નોકર છું મારે નોકરને ગોદડું ક્યાંથી હોય ? માટે મારે ચોફાળ છે તે લઈને આવ્યો છું મહારાજ કહે લાવ્ય તારો ચોફાળ હું ઓઢું એમ કહી મહારાજે તેનો ચોફાળ ઓઢ્યો અને કહ્યું જે તને સાથીને કોણ આપશે માટે પાછો લઈ જા પછી તેને ચોફાળ મહારાજે પાછો આપ્યો. અને ગોદડામાં ચરણારવિંદ આપ્યા.

## શ્રીહરિએ રાંકની છાતીમાં ચરણારવિંદ મૂક્યું ને દેહ મૂક્યો

શ્રીજીમહારાજ જીવા ખાચરના દરબારમાંથી રાતે બાર વાગ્યે આ દરબારમાં પધારતા હતા અને રસ્તામાં એક રાંક રોતું હતું તે એમ બોલતું જે જીવા મોક્ષ દે મોક્ષ દે એમ કરતું પણ મહારાજ સાથે નાજા જોગિયા હતા તેને એમ સમજાણું જે, આ રાંક રોટલો માગે છે. પછી મહારાજ તે રાંક પાસે ઉભા રહ્યા અને નાજા જોગિયા જીવુબા પાસેથી રાત્રીએ આવી એક રોટલો લઈ ગયા અને રાંકના હાથમાં આપ્યો તે અડધો રોટલો ખાઈ ગયો અને પછી મૂર્છા આવી ગઈ. પછી મહારાજે તેની છાતી ઉપર ચરણારવિંદ મૂક્યું એટલે તે દેહ મૂકી ગયું. પછી મહારાજ જીવા ખાચરની ડેલીયે પધાર્યા અને જીવા ખાચરને કહ્યું જે, અમે અભડાણા કેમ કે આ રાંકને અમે અડ્યા પછી મહારાજે નાજા જોગિયાને કહ્યું જે, રાંક રોટલો માગતો નહોતો પણ મોક્ષ માગતું હતું. પછી મહારાજ તથા નાજા જોગિયા પરબારા ઘેરે નહાવા પધાર્યા અને જીવા ખાચરે માણસો મોકલી રાંકને અગ્નિ સંસ્કાર કરાવ્યો. તેના ભાગ્ય કેવા મોટાં જે, ભગવાનનો યોગ થયો.

## બાવો ખાચર મહારાજના ચરણારવિંદનો અંગૂઠો ધાવતાં

મહારાજ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ બિરાજમાન હતા ને કેરીયું જમતા હતા. ત્યાં બાવો ખાચર આવીને મહારાજ પાસે ઉભા રહ્યા તેને મહારાજે પ્રસાદીની કેરીયો આપી. એમ ઘણીકવાર કેરીની પ્રસાદી બાવા ખાચરને જમાડતા. પછી બાવા ખાચરના માતુશ્રી જસુબાઈએ મહારાજને કહ્યું જે મહારાજ નાના છોકરાને બહુ કેરીયું જમાડો છો તે વાવળી થાશે, મહારાજ કહે જસુબાઈ બાવો ખાચર કેરીયું ભરજ રહેશે. પછી તે મોટા થયા ત્યારે કેરીઓના વખતમાં બહુધા કેરીઓ જમતા. મહારાજ જ્યારે ઢોલિયા ઉપર વિરાજમાન થયા ત્યારે બાવો ખાચર મહારાજનો ઢોલિયો ઝાલીને ઉભા થતાં અને મહારાજ પોતાનું જમણું ચરણારવિંદ લાંબું કરતા એટલે બાવો ખાચર મહારાજના ચરણારવિંદનો અંગૂઠો ધાવતા અને મહારાજ જ્યારે અક્ષર ઓરડીમાં પૂજા કરવા બેસતા ત્યારે બાવો ખાચર મહારાજને પ્રદિક્ષણા ફરતા.

## શ્રીહરિએ જમણા ચરણારવિંદના અંગૂઠામાંથી દીવા જેટલો પ્રકાશ કર્યો

શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં રાત્રિના સમયે વિરાજમાન હતા અને શુકમુનિ પાસે કાગળ લખાવતા હતા. પછી દીવો બૂઝાઈ ગયો અને કાગળ લખવો અધૂરો રહ્યો. ત્યારે મહારાજ બોલ્યા શુકમુનિ લખોને કેમ બેઠા. શુકમુનિ કહે દીવો ઓલાઈ ગયો શી રીતે લખાય ? પછી મહારાજે પોતાનું જમણું ચરણારવિંદ ઢોલિયા ઉપર લાંબું કર્યું તે અંગૂઠામાંથી દીવા જેટલો પ્રકાશ કર્યો ને શુકમુનિએ પત્ર પૂરો કર્યો. પછી મહારાજે ચરણારવિંદ તાણી લીધું એટલે પ્રકાશ મટી ગયો.

## શ્રીહરિએ દાદા ખાચરને છાતીમાં ચરણારવિંદ આપ્યા

ગઢપુરમાં એક ડોશી મહારાજનો થાળ કરતી તે મહારાજને જમાડ્યા પહેલાં પોતે દરેક ચીજ ચાખતી પછી મહારાજે એક દિવસ દાદા ખાચરને કહ્યું જે, દાદા તું મારી પ્રસાદી ખા અને હું પેલી ડોશીની પ્રસાદી ખાઉં. પછી મહારાજે કહ્યું જે, દાદા જા તે રાંડનું માથું કાપી નાખ. પછી દાદા ખાચરે પાંચ રૂપિયા આપી પગે લાગીને કહ્યું જે, માતાજી હમણાં બીજે ગામ જાઓ અને પાંચ દિવસ પછી આવજો. પછી તે બાઈ માંડવધાર ગઈ અને દાદા ખાચર મહારાજ પાસે આવી અક્ષરઓરડીમાં બેઠા. પછી મહારાજે પૂછ્યું કેમ દાદા ડોશીનું માથું કાપ્યું ? પણ દાદો ખાચર કાંઈ જવાબ દે નહીં. પછી મહારાજે બે ચાર વાર કહ્યું જે કેમ દાદા બોલતો નથી ? પછી દાદો ખાચર કહે મહારાજ તમારું ભજન કરે તેનું માથું મારાથી કપાય ? પછી મહારાજ બહુ રાજી થયા અને દાદા ખાચરને છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને કહ્યું જે, ખરો દાદો.

## શ્રીહરિએ કુંડલીના ભોજા લુહારને છાતીમાં ચરણારવિંદ આપ્યા

મહારાજ શ્રી ગોપીનાથજી મહારાજનું મંદિર કરાવતા હતા ને ઉગમણે આરે સંત પથરા કાઢતા હતા અને મહારાજ ત્યાં પધાર્યા હતા. પણ એક મોટો પથરો હતો તેને સંત ભાંગતા પણ તેના કટકા થાય નહીં. તે સમે ગામ કુંડલીનો લુહાર ભોજો કરીને હતો તે મહારાજનાં દર્શને આવ્યો. પછી મહારાજને પગે લાગીને સંત જ્યાં પાણો ભાંગતા હતા ત્યાં આવ્યો. ને કહ્યું જે, લાવો મહારાજ મારા હાથમાં ઘણ, પછી સંતના હાથમાંથી ઘણ લઈને પત્થરની સાંધ્યમાં છીણી ભરાવીને ઘણ ઊંચો ઉપાડી છીણા ઉપર માર્યો તે પથ્થરના બે કટકા થઈ ગયા તે જોઈ મહારાજ બહુજ પ્રસન્ન થયા ને ભોજાને છાતીમાં ચરણારવિંદ આપ્યા.

## ચરણરજનો મહિમા સુંદરિયાણાના પૂંજા શેઠે જાણ્યો

ગઢપુરમાં શ્રી ગોપીનાથજી મહારાજ પધરાવ્યા પછી દાદા ખાચરને મહારાજે કહ્યું જે, દાદા ! ગોપીનાથજી દેવ તો પધરાવ્યા પણ તેમને નિરંતર થાળ ધરવા માટે જોસે, ત્યારે દાદા ખાચર કહે મહારાજ જેમ તમે કહો તેમ કરું. પછી મહારાજ કહે હું કહું તેટલી જમીન આપો. પછી શ્રીજીમહારાજ તથા દાદા ખાચર તથા બીજા પાર્ષદ સાથે લઈ મહારાજ રાધાવાડીયે પધાર્યા અને અડતાળાના મારગેથી અણવાણે પગે ચાલ્યા, તે ફરતા ફરતા ઉગામેડીના મારગે આવીને અણવાણે પગે ચાલ્યા, તે ફરતા ફરતા ઉગામેડીના મારગે આવીને ઉભા રહ્યા. પછી મહારાજે કહ્યું જે, દાદા આટલી જમીન આપ. પછી દાદા ખાચરે બસેંહ વિઘા જમીન કૃષ્ણાર્પણ કરી તે વખતે ગામ સુંદરિયાણાના પૂંજો શેઠ શ્રીજીમહારાજની સાથે હતા તે મહારાજ અણવાણે પગે ચાલ્યા તે, પગલે પગલેથી ચરણરજ લીધી અને પછી મહારાજ દરબારમાં પધાર્યા. ત્યારે લાડુબા બોલ્યાં જે, મહારાજ ક્યાં પધાર્યા હતા ? મહારાજ કહે દાદા ખાચરે ગોપીનાથજીના થાળમાં બસેંહ વિઘા જમીન આપી. પછી લાડુબા બોલ્યાં જે, મહારાજ ! દાદાનાં ઢોર ક્યાં ચરશે ? માટે બે માર્ગ વચ્ચે થોડીક જમીન દાદા ખાચરને ખાતે રહેવા દ્યો. પછી બે માર્ગ વચ્ચે ખૂણો પડતર રાખ્યો તેમાં સ્ટેશન છે તે જગ્યા રખાવી.

## ગામ પહવીના હરજી તથા દેવજી કુંભારે સંકલ્પ કર્યો કે છાતીમાં કંકુના પગલા આપે તો ભગવાન ખરા

ગામ પહવીના હરજી તથા દેવજી કુંભાર ભગત હતા તે ગઢપુર મહારાજને દર્શને આવ્યા અને નદીમાં નાહીને બેઉ જણે સંકલ્પ કર્યો જે, સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે આપણે દર્શને જઈએ અને દેવજી કહે મને સોટી મારે તો ભગવાન ખરા. ત્યારે હરજી કહે મારે શું સંકલ્પ કરવો, ત્યારે દેવજી કહે તને છાતીમાં કંકુના પગલા આપે તો ભગવાન ખરા.

પછી બન્ને જણ દરબારમાં આવ્યા. તે વખતે મહારાજ સભા કરી વિરાજમાન હતા. પછી મહારાજને જઈને પગે લાગ્યા ત્યારે મહારાજે સોટી લઈને દેવજીને મારી તે જોઈને દેવજી બોલ્યો હાસ ભગવાન ખરા. અને હરજીને છાતીમાં કંકુના ચરણારવિંદ કરીને આપ્યાં તે જોઈ હરજી બોલ્યો જે, હાસ ભગવાન ખરા.

મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, મહારાજ ! આમ કેમ કર્યું. ત્યારે મહારાજે કહ્યું જે, બન્ને જણે આવો સંકલ્પ કર્યો હતો. પછી બન્ને જણા વર્તમાન ધારી સત્સંગી થયા ને ખરા ભક્ત થયા.

## વસો ગામના ચાર પાટીદારનો સંકલ્પ, શ્રીજીમહારાજ આપણને ચરણમાં સોળચિન્હ દેખાડે તો અંતર્યામી ખરા

વસો ગામના ચાર પાટીદાર ભેગા થઈને એવો સંકલ્પ કર્યો કે, શ્રીજીમહારાજ આપણને પોતાના ચરણમાં સોળ ચિન્હ દેખાડે તો, અંતર્યામી ભગવાન ખરા. તેમ ધારીને તેઓ વડતાલ આવ્યા ને શ્રીજીમહારાજ સભા કરીને જ્ઞાન વાર્તા કરતા હતા. ત્યાં તેઓ આવ્યા ને શ્રીજીને નમસ્કાર કરીને સભામાં બેઠા. પછી શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, આ મૂર્તિ આ બ્રહ્માંડમાં આ વખતે આવી છે, ફરીથી આવશે નહિ. માટે તે મૂર્તિનો તમને મેળાપ થયો છે. માટે અમારો મનમાં નિશ્ચય કરીને પ્રગટ ભજન કરો જેથી આત્યંતિક મોક્ષ થશે ને ફરીથી ગર્ભવાસમાં આવવું નહિ પડે. એમ કહીને પોતાના બે ચરણારવિંદ લાંબા કરીને સોળ ચિન્હ દેખાડ્યાં તેથી શ્રી સ્વામિનારાયણ ભગવાને અંતર્યામીપણે જાણીને તેમનાં આશ્રિત થયા ને શ્રીજીમહારાજના હાથે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈને પોતાને ગામ ગયા. ને પોતાને ઘેર જઈને પ્રગટ પુરુષોત્તમ નારાયણ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સર્વોત્તમ નિશ્ચય કરીને અખંડ ભજન કરતા હતા.

## કઠલાલના લક્ષ્મીબાને શ્રીહરિના ચરણારવિંદનો મહિમા

ગામ કઠલાલમાં શ્રીજીમહારાજ પધાર્યા હતા. ત્યાં લક્ષ્મીબા કરીને બ્રાહ્મણ હતાં તે સત્સંગી બહુ સારા હતાં. પણ ગામમાં કોઈ સત્સંગી નહોતું અને શ્રીજીમહારાજ ગામ કઠલાલથી બારોબાર જતા હતા ને તે બાઈને ખબર પડવાથી તે બાઈ પાણીનું બોઘરણું ભરીને મહારાજ પાસે ગયાં અને મહારાજને સાદ પાડીને ઉભા રાખ્યા ને બોલ્યા મહારાજ આ ગામમાં હું એક જ સત્સંગી છું તેથી તમો બારોબાર ચાલ્યા જાવ છો. પરંતુ હવે આ બોઘરણામાં આપના ચરણારવિંદ બોળી દ્યો, એટલે આ પાણી મારે કૂવામાં નાખવું છે. મારું પીટ્યું ગામ બધું કુસંગી છે. તે સત્સંગી થાય અને સત્સંગ વધે પછી આપ અહીં પધારો ત્યારે આપને હરિજનો રોકશે. પછી મહારાજે પોતાનું જમણું ચરણારવિંદ બોઘરણામાં બોળ્યું ને તે પાણી પ્રસાદીનું થયું. તે પ્રસાદીનું પાણી ગામના કૂવામાં નાખ્યું તેથી કૂવો પ્રસાદીનો થયો. તે આજ દિન સુધી તે કૂવાનું પાણી જેને જેન પીધું તેઓ સત્સંગી થયા છે. હાલ તે કૂવો પ્રસાદીનો દર્શન આપી રહ્યો છે. આ લક્ષ્મીબાને શ્રીહરિનું કેટલું બળ ને મહારાજના ચરણારવિંદનું માહાત્મ્ય કેટલું ? બહેનોએ આમની પ્રેરણા લેવી જોઈએ. શ્રીહરિએ વચનામૃત લોયાના-૩ જા માં માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય કેવા હોય તે વિષે વિસ્તારથી વાત કરી અને કઠલાલ ગામના ડોશીમાં વનચામૃતના પાને પ્રસિધ્ધ થયા.

## મહારાજ પાસે ચરણારવિંદ કળશિયામાં બોળવા પ્રાર્થના કરી અને

શ્રીજીમહારાજ ગાંફ ગામથી પચ્છમ પધાર્યા અને ત્યાં જાદવજી કરીને ત્રવાડી બ્રાહ્મણ હતા તે માંદા હતા. તેને જોવાને માટે મહારાજ તેને ઘેર પધાર્યા. પછી પાણીનો કળશીયો ભરીને લાવ્યા ને મહારાજને કહે મહારાજ ! આમા ચરણારવિંદ બોળી ઘો. મહારાજ કહે અમે બ્રાહ્મણને ચરણારવિંદ બોળી આપતા નથી. પછી હાથનો અંગૂઠો બોળી આપ્યો અને મહારાજ ચાલી નીકળ્યા તે પચ્છમને સીમાડે જઈને મહારાજે ઘોડી પાછી વાળી અને પચ્છમ સામું મોઢું કરીને ઉભી રાખી. પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, મહારાજ કેમ ઉભા રહ્યા ? મહારાજ કહે જાદવજી ત્રવાડી ત્યાં બોલ્યા જે શ્રીજીમહારાજ મને માણકી ઘોડી ઉપર ચડીને તેડવા પધાર્યા છે એમ કહીને દેહ મેલ્યો.

## શ્રીહરિના ચરણારવિંદનો મહિમા અશ્વસ્થામાંએ જાણ્યો

શ્રીજીમહારાજ ખંભાતથી ચાલ્યા તે રસ્તામાં અશ્વસ્થામાં મળ્યો એને માથા ઉપર એક ભીનું લુગડું ઢાંક્યું હતું અને હાથમાં જળની લોટી લઈને મહારાજ પાસે આવીને ઉભો રહ્યો. પછી મહારાજને કહે મહારાજ ! આ જળમાં તમારું ચરણારવિંદ બોળી ઘો. પછી મહારાજે માણકી ઘોડીએ બેઠાં બેઠાં ચરણારવિંદ બોળી આપ્યું. તે જળ ઉભાં ઉભાં પી ગયો અને પછી મહારાજ ચાલ્યા એટલે પાછળથી વાયરો તથા વંટોળીયો કરીને ધૂળ ઉડાડી. ત્યારે સુરો ખાચર કહે મહારાજ ! એ કોણ હતો ? ત્યારે મહારાજ કહે અશ્વસ્થામાં હતો અને તેણે આ ધૂળ ઉડાડી કેમ કે તેને પાંડવ સાથે વૈર છે.

## શ્રીજીમહારાજની પરિક્ષામાંથી વજીબા સફળ રહ્યાં

એક દિવસ ભગવાન શ્રીહરિને થયું કે ચાલોને તપાસ તો કરીએ કે રામદાસ સ્વામીએ જે નિષ્ઠાના પિયુષ પાયા છે વજીબાને તેની કસોટી તો કરીએ. એમ ધારી મૂળજી બ્રહ્મચારીને લઈને મહારાજ સાધુ બાવાનો વેષ લઈ વિજાપુર આવે છે. ગામની ભાગોળે કોઈને પૂછ્યું કે અહીં સદાવ્રત મળી રહેશે ? પાદરમાં કોઈ ગામ લોકો કહે હા અહીં પેલા વજીબાઈ સાધુ-બાવાને રામ રોટી આપતા પણ હવે તે બાઈ બગડી ગઈ છે. કોઈ સાધુ બાવાને બોલાવતી નથી. જ્યારથી સ્વામિનારાયણના એક સાધુ આવ્યા હતા. ત્યાર પછી તેનો સત્સંગ કર્યા પછી બહુ જ ફેરફાર થઈ ગયો છે કોઈને બોલાવતી જ નથી કદાચ તમનેય પણ તે બોલાવશે નહીં જાવું હોય તો જાવ, સામે પીપળાનું ઝાડ ને કૂવો છે તે વજીબાઈનું ઘર છે. સાંભળો અમારા સુબાએ પણ ખૂબજ પ્રયત્નો કર્યા છે. લાલચ-લોભ આપી છે ને ધાક ધમકી પણ આપી છે છતાં આ બાઈએ સત્સંગ છોડ્યો નથી ને સ્વામિનારાયણની ભગત થઈ ગઈ છે.

"દ્વારિકાધીશની જય" એમ કહીને વજીબાના ઘરની ખડકી ઉઘાડીને ઓસરીમાં બેઠા ! વજીબા ઘરમાંથી બહાર આવી, "અરે બાવા, તમે કોણ છો ? ત્યારે વૈરાગી વેશે મહારાજ બોલ્યા કે, "બાઈ ! હમ તો તીર્થવાસી ફીરતારામ બાવા લોગ હય."

"કાશી, જગન્નાથ, રામેશ્વર, બદરીનારાયણ, વો સબ તીર્થ કરકે અબ દ્વારકા પરસને જાતે હય. મગર આજ શામ પડ ગઈ, ઔર બહુત ભૂખ લગી હૈ. ઈસલિયે તેરા ભક્તનામ સુન કે ઈધર આયા હય. તો હમકું કુછ તૈયાર ભોજન હોવે તો દે." ડોસી કહે, વળી આ પાપને અહીં કોણે ઘર બતાવ્યું ? બાવાજી ! ઊઠો, ઊઠો, અહીંથી બીજે જાઓ. ગામ આખું છે તે આટો માગીને મહાજનની ધર્મશાળામાં પહોંચી જાઓ. ત્યાં રોટલા ઘડી ખાજો અને પડ્યા રહેજો. ત્યાં ચણાનું સદાવ્રત પણ તમને મળશે.

બાવારૂપે મહારાજ કહે, અરે માઈ તુમ તો બહોત દયાળુ હો, ભક્ત હો. તેરા ભક્તનામ સારે ગાંવમેં પ્રસિદ્ધ હય. તો અબી શામ કે બક્ત મેં હમ કીધર જાવે ! માઈ ! તુમ્હારા ઘર મેં કુછબી તૈયાર ભોજન હોવે તો હમકું ખીલાદે. "હમ તુમકું આશીર્વાદ દેંગે ઔર તેરી જય બોલેંગે."

વજીબા કહે, "મારે તમારા જેવા તગડા, પેટભરા, આથડતા રામબાવાનો કાંઈ આશીર્વાદ જોઈતો નથી. અને હું સત્સંગી થઈ છું ત્યારથી જ મારી તો જય બોલાઈ ગઈ છે. તમારા જેવા ઢોંગી વેષધારી, લંગોટા ઘણા જોયા છે. લોકોને ઠગીને તેમના માલ મલીદા ખાવા, ગામે ગામ રખડવું એ તમારો ધર્મ છે. જો તમે ધર્મવાળા અને સાચા બાવા હો તો પ્રગટ ભગવાનનો આશ્રય કરો અને જો આશ્રય કરશો તો તમને જરૂર અન્ન દેવી, વસ્ત્રદેવી, મુક્તિ અને ભક્તિ એ સર્વે સિધ્ધિઓ વરશે." આમ વજીબાઈએ તેમને ઘણો બોધ કર્યો.

બાવારૂપે મહારાજે કહ્યું, "અરે માઈ ! તું બડી ધર્મિષ્ઠ હો ઓ જીવન મુક્તા સ્વામિનારાયણ બડા ઢોંગી પાખંડી હય. ભગવાન બન કે સબકું ઠગતા હય. તો તુમને ઉનકું કાયકું ગુરુ કીયા. વો તો બડા જાદુગર ઔર બાબરિયા ભૂત સાધ કે લોગોકું ચમત્કાર દીખલા કે ઠગતા હય. હમ તીર્થો મેં ફીરતે ફીરતે જબ કાશી મેં આયે તબ વહાં કે બડે બડે વિદ્વાન પંડિત લોગો કહતે થે કી કલિ મેં ભગવાન કા અવતાર નહિ હોતા હય. મગર ભગવાન કા ઢોંગ લેકર બહોત પાખંડી ભગવાન હોકર ફીરતા હોગા."

બાઈ તો ક્રોધથી કંપતા કંપતા ખિજાઈને બોલ્યા, "ઊઠ ઊઠ પીટ્યા લંગોટા, ચાલ્યો જા, નહિ તો લબાચો હમણાં ફેંકી દઉં છું. લે, જોઈએ તો ચપટી લોટ આપું તે લઈને અહીંથી ભાગવા માંડ, તારા જેવા તો શું પણ તારાથી મોટા મોટી જટાવાલા બાવા જોયા છે. બાવો

કહે, ''માઈ, હમારે જેસા કોઈ ભી બાવા તુમને નહિ દેખા હોગા. હમ કુચ્છ ઢોંગી, પાખંડી નહિ હય, હમ તો તેરા ઔર તેરા પૂર્વજો કા મોક્ષ કરે એસા હય.''

બાઈ કહે, ''ઊઠ, ઊઠ, પરોથા લંગોટા મને સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે ત્યારથી જ મોક્ષ થઈ ગયો છે. તું શું કરવાનો હતો ? મોટો સિધ્ધનો દાંડો થઈને આવ્યો છે તે તને ઓળખું છું. મારા પ્રભુની જો નિંદા કરીશ તો ઢગરા ભાંગી નાખીશ. અને કાશીના પંડિતો અવતારનું ધૂળ જાણે ?''

મથુરાના મોટા વિદ્વાનો યજ્ઞ કરતા હતા ત્યાં ભગવાને પોતે પોતાના નામથી પોતાના મિત્ર ગોવાળિયાઓને ભાત લેવા મોકલ્યા, પણ કોઈએ એક દાણોય આપ્યો નહીં, સામુંયે જોયું નહિ તેઓ વિદ્વાન હતા તો પણ ભગવાનને ઓળખી શક્યા નહિ અને તેમની પત્નીઓ કાંઈ ભણેલી નહોતી તો પણ ભગવાનને ઓળખ્યા. અને નાના પ્રકારના ભોજનના થાળ ભરી વૃન્દાવનમાં ભગવાનને જમાડવા ગઈ. માટે વિદ્યા ભણવાથી કે મોટા પંડિત બનવાથી ભગવાન ઓળખાતા નથી. એ તો અનંત જન્મના જેમના શુભ સંસ્કાર હોય તેજ ભગવાનને ઓળખી શકે છે જયારે સ્ત્રીઓએ ભગવાનને ભોજન કરાવ્યું. ત્યારે વિપ્રો પોતે પોતાને ધિક્કારવા લાગ્યા કે,

धिग्जन्मन स्त्रिवृद्धिधा धिग्व्रतं धिग्वहुजताम् ।
धिक्कुलं धिक् क्रियादाक्ष्यं विमुखा ये त्वधाक्षजे ॥

''અરે ! આપણે મહાન વિદ્વાન, જગદ્‌ગુરુ છતાં ભગવાનને ઓળખી શક્યા નહિ. બસ ધિક્કાર છે આપણા બ્રાહ્મણ જન્મને ! આપણી વિદ્યાને ધિક્કાર છે ! યજ્ઞ-યાગાદિક ક્રિયા કરાવવામાં જે કુશળતા છે તેને ધિક્કાર છે ! આપણા કુળને ધિક્કાર છે જે આપણે ભગવાનને ઓળખી શક્યા નહિ.'' એમ પોતાને બહુ ધિક્કારવા લાગ્યા. માટે ગમે તેટલી પ્રભુતાઈ કે પંડિતાઈ મેળવી હોય તો પણ જો ભગવાનનો આશ્રય ન કર્યો હોય તો એ સર્વને ધિક્કાર છે.

બાવારૂપે મહારાજે કહ્યું, ''બાઈ ! તું સદાવ્રત દેનેવાલી મહાન પવિત્ર ભક્ત હો, તો તેરેકું સ્વામિનારાયણ ભગવાનને કુચ્છ ચમત્કાર ઔર કિમિયા દિખલાયા હય ? દેખ, હમારી પાસ જંગલ કી જડી બુટ્ટી હય. ઉનસે એક હી ક્ષણમેં ત્રાંબેકા સોના બના દેતે. દેખ તેરે ઘરમેં કુછ ત્રાંબેકા પાત્ર હોવે તો લાવ, હમ ઉસકા સોના બના દેવે. ઊઠ કાયકું દેર કરતી હો ? હમારી સચ્ચાઈ જુઠ્ઠાઈ કી પરિક્ષા કરલે. ઔર સોના બન જાવે બાદ તેરી ઈચ્છા હોવે તો હમકું કુચ્છ ગાંજા, બજર, ભાંગ લા દેના. ઉસસે બડા પુન્ય હોગા.''

ત્યાં તો વજીબાઈ ખીજાઈને બોલ્યા, "અલ્યા બાવલા, અહીં ક્યાં ભગવાન ભૂલાવવા આવ્યો છે ? હવે અહીંથી ટળો છો કે નહિં? અહીં સ્વામિનારાયણને ઘરે ભાંગ-ગાંજો પીવો છે ? સાધુ થયા છો ? જરા લજવાતા નથી ? હમણાં જો અમારા ઘરેથી આવશે તો તમને ધક્કો મારી બહાર કાઢશે. અમારે તમારી જડીબુટ્ટી ને શું બાળવી છે ? અમારે એનો ખપ નથી. અમારે તો સ્વામિનારાયણ ભગવાનનો ખપ છે. સોનામાં કળિનો વાસ છે પણ કાંઈ ભગવાનનો વાસ નથી. માટે ઊઠો, જાઓ, જેને સોનું જોઈતું હોય તેને તે કરી આપો.

બાવારૂપે મહારાજ બોલ્યા, "માઈ, મેરા જેસા કોઈ બી બાવા તેર ઘર પર નહિ આયા હોગા. તો હમેકું કુચ્છ ભી તૈયાર ભોજન હોવે તો દે હમ ખા કે યહાંહી પડે રહેંગે, ઔર બડી સબેરે મેં ચલે જાયેંગે."

બાઈ કહે, "જો છાનું માનું પડી રહેવું હોય તો બાવા જાણી પડી રહેવા દઉં; પણ જો મારા ભગવાનની નિંદા કરો કે ગાંજો ભાંગ કાંઈ પીવો તો છુટે છાણે મારી તગડી મૂકું."

બાવાજી કહે, "માઈ હમ ગાંજા-ભાંગ નહિ પીવેંગે, ઔર તેરે ભગવાન કી ભી નિંદા નહી કરેંગે. મગર કુચ્છ ખાનેકા હોવે તો દે. હમકું બહોત ભૂખ લગી હય." બાઈ કહે, "લોટ આપું તેનો રોટલો ઘડી ખાઓ." બાવો કહે, "અરે બાઈ ! ઉસમે બ્હોત તકલીફ પડે. હમ પન્થ કરકે થક ગયે હય. ઈસલિયે કુચ્છભી તૈયાર ભોજન હોવે તો દે." બાઈ કહે, "અત્યારે ક્યાંથી તૈયાર હોય ?" બાવો કહે, "અરે માઈ, સ્વામિનારાયણ કી બડી ભક્ત હોકે કાયકું જૂઠ બોલતી હો ? દેખ, તેરે દેવઘરમેં બડે શીકેમેં એક ડબ્બે મેં મગજ કે અઢારા લડુ હય. તો ઉસમેં સે લાકે હમકું ખીલાઓ. તેરા કલ્યાણ હોગા." બાઈ કહે, "એ તો પૂજા કરીને મારા પ્રભુને ધરાવવાના છે તે તમને કેમ અપાય ?" બાવો કહે, "હમકું તેરા પ્રભુ માનકે દે."

વજીબા વિચાર કરે છે કે, "આ બાવો કાંઈક ચમત્કારી છે. નહિ તો આને લાડુની ખબર ક્યાંથી પડે ? અને અઢાર લાડુ છે એમ ક્યાંથી જાણે ?" પછી કહે, "બાવાજી એમાંથી લાડુ આપું તો પાપ ન લાગે ?" બાવોજી કહે હમને કહા હય કી હમકું તેરા પ્રભુ માનકે દે. ઈસસે કુચ્છ પાપ નહિ હોગા. ઊઠ માઈ, લાવ લડ્ડુ." બાઈએ વિચાર કર્યો જે, "આ બાવો બીજા બાવાઓથી ઠીક જણાય છે, વળી માત્ર ભૂખ્યો હોવાથી ખાવાનું માગે છે. તો ભૂખ્યા જમાડવો એ ગૃહસ્થનો ધર્મ છે. એમ વિચાર કરી સાત-આઠ લાડુ થાળીમાં મૂકીને અને પડખે કેરીનું અથાણું મૂકીને આપ્યા. મુકુંદવર્ણી તથા મહારાજ સવારના ભૂખ્યા હતા તે બધુંએ જમી ગયા

અને ગાળીને પાણી આપ્યું તે પી ગયા. પછી બાઈએ કહ્યું કે, "હવે અહીં રાત પડ્યા રહો ને સવારે ઉઠીને જ્યાં જવું હોય ત્યાં ચાલ્યા જજો.

બાવો કહે, "બાઈ ! અબ મેરો કો એક ખટીયાં બીછા દે," બાઈ કહે, "બાવો થયો છું ને ખાટલામાં સુવું છે ? મારા ઘરમાં ખાટલો નથી અને ખાટલો જોઈતો હોય તો જા બીજાને ઘરે." "અરે માઈ ! સ્વામિનારાયણ કી ભક્ત હોકે કાયકું જૂઠ બોલતી હો ? દેખ, તેરે ઓરડે મેં એક ખૂને મેં નયા રંગીન ઔર નયી પટ્ટી સે ભરેલા એક પલંગ હૈ વો મેરેકું દે." બાઈ કહે, "એ ખાટલો તો મારા ઘરવાળાએ અહીં સ્વામિનારાયણ પધારે ત્યારે એમને અહીં પાથરી દેવા માટે રાખ્યો છે, તે અમારાથી કે તમારા કોઈથી વપરાય નહીં."

"અરે માઈ ! તું હમકું સ્વામિનારાયણ ભગવાન માન કર વો પલંગ બીછા દે. ઔર ઉસકી ઉપર દો નયેં ગોદડે ભી પાથર દે. ઉસમેં જો કુચ્છ પાપ લગે વો હમારે શીર હે." બાઈ કહે, "ઘરમાં નવું ગોડદું જ નથી." માઈ તું સ્વામિનારાયણ કી ભક્ત હો કે, અસત્ય બોલને મેં કુચ્છ ડરતી નહિ હો ? સ્વામિનારાયણ કા ભક્ત કું જૂઠ બોલને મેં બડા પાપ હય. ઔર માઈ, તેરા સ્વામિનારાયણ ભગવાન ઔર હમ અલગ નહીં હય."

બાઈએ વિચાર્યું કે, "આ બાવો બહુ ચમત્કારી અને અંતર્યામી જેવો છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, ભગવાન મનુષ્યરૂપે હોય છે ત્યારે પોતાના ભાવિક ભક્તોના ભાવ પૂરા કરવા સારુ અને તેમને ઈચ્છિત સુખ આપવા સારુ અનેક રૂપે થઈને વિચરે છે. તો આ વખતે આ મારા મહાપ્રભુ મારી પરીક્ષા લેવા તો નહીં આવ્યા હોય ? કેમ કે મને આ બાવાની વાત સાંભળવાથી અત્યંત શાંતિ અને આનંદ વર્તે છે. ખેર જે હશે તે જણાશે, પણ અત્યારે તો આ બાવાને નવો ખાટલો અને ગોદડાં પાથરી આપું. આમ ધારી નવો ખાટલો ને નવું ગોદડું પાથરી કહે, "લ્યો બાવાજી ! હવે પોઢી જાઓ." એમ કહી વજીબા પોતે ઘરનું કમાડ વાસી અંદર સૂઈ ગયાં.

## શ્રીહરિએ વજીબાને ચરણારવિંદની સ્મૃતિ કરાવી

એક વખત મહારાજ ગઢપુરમાં બહાર છત્રી છે ત્યાં સભા કરીને વિરાજમાન હતા. તે સમે દંઢાવ્યા દેશનો સંઘ આવ્યો, તેમની સાથે દોઢસો મનુષ્ય હતાં અને જતન ફઈ તથા વજી ફઈ તથા નારદીપુરના નાનાભાઈ વગેરે આવેલા હતા તે સૌ મહારાજને પગે લાગીને બેઠા. આ સભા દર્શન બાવળીયા નીચે મહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને વસ્ત્રથી ઢીંચણ બાંધીને બેઠા હતા તે વખતે વજીબાઈ મહારાજના સામાં ઉભા રહી ચરણારવિંદ જોવા મંડ્યા,

ત્યારે મહારાજ બોલ્યા જે વજીબાઈ શું જુઓ છો ? "પીપળે પગ અડ્યા હતા તે છે કે નહીં ?" પછી વજીબાઈ કે મહારાજ ! તે તમે હતા ? ત્યારે મહારાજ કહે મારા વીના તારી ગાળો કોણ ખાય ? પછી વજીબાઈ કહે મહારાજ તમે ઓટે ઉતર્યા હતાં ત્યાં વઢી, ફળિયામાં આવ્યા ત્યાં વઢી અને તમને દૂધ દેતાં વઢી, વાળુ કરાવતાં વઢી અને તમને ખાટલો દેતાં વઢી. એમ પોતાની ઘણીક ભૂલો મહારાજને કહી દેખાડી પછી મહારાજે પોતાના ચરણારવિંદમાં સોળે ચિન્હ દેખાડ્યાં તે જોઈને વજીફુઈ બહુજ રાજી થયાં.

## બ્રહ્મચારી આનંદાનંદ સ્વામીને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા

સદ્‌ગુરુ આનંદાનંદ બ્રહ્મચારીને શ્રીજીમહારાજે સનકાદિક કહીને આરતી ઉતારી હતી. સદ્‌ગુરુ રામાનંદ સ્વામી મેઉ ગામ પધારેલા. અને સ્વામીની પૂજા ષોડશોપચારે કરીને બેચરબાઈ પંચાળીએ કરી દંડવત્ અને પરિક્રમા કરીને સ્વામીને પગે લાગ્યા. પછી રામાનંદ સ્વામી પ્રસન્ન થઈ પોતાના શુધ્ધ ભક્ત જાણી બોલ્યા જે તમારે ઘરે સનંદન નામના સનકાદિક અવતાર લેશે ! અને તે પૃથ્વીને વિષે મહાખ્યાતિને પામશે અને જીવંત પર્યંત બ્રહ્મચર્યવ્રત પાળીને સ્વામિનારાયણ ભગવાનની સેવા કરશે એવા મહા પ્રતાપી થાશે !

રામાનંદ સ્વામીના આશીર્વાદથી ૧૮૫૪ ના માઘ સુદી પાંચમના દિવસે તેમનો જન્મ થયો અને ૧૮૬૪ ની સાલમાં એટલે દશ વર્ષે સ્વામિનારાયણ ભગવાનની સેવામાં દાખલ થયા અને પોતે શ્રી સ્વામિનારાયણ ભગવાન થકી ભાગવતી દીક્ષા લઈ આનંદાનંદ નામ ધારણ કર્યું. અને સ્વામિનારાયણ ભગવાનની કેટલીક પ્રસન્નતા મેળવી અને કેટલી વખત સ્વામિનારાયણ ભગવાને આનંદાનંદ સ્વામીને બાથમાં ઘાલીને મળ્યા હતા અને કેટલીક વખત છાતીમાં ચરણારવિંદ આપ્યાં હતાં.

## સદ્‌ગુરુ પ્રજ્ઞાનંદ સ્વામીએ કહ્યું કે ચરણારવિંદમાં જીવ ચોટે તો જન્મ મરણ ટળી જાય

સુરતમાં સદ્‌ગુરુ પ્રજ્ઞાનંદ સ્વામી બેઠા હતા. ત્યાં કેટલાક બ્રહ્મજ્ઞાનીઓ બેસવા આવ્યા તેમણે સ્વામીને વાત કરી જે સ્વામી જેમ માટલીમાં મંકોડો પૂર્યો હોય અને તેમાં ચારે કોર ભમ્યા કરે પણ તેને ઠરવાનું ઠામ શું ? ત્યારે સ્વામી બોલ્યા જે સૌ સાંભળો તે માટલીમાં એક સાકરનો ગાંગડો નાખ્યો હોય તો ત્યાં મંકોડો સ્થિર થાય તેમ સ્વામી કહે એ તો દૃષ્ટાંતનું સિધ્ધાંત એ છે જે આ સંસારરૂપી માટલી છે અને તેમાં જીવરૂપી મંકોડે છે તે ચારો કેર ભટક્યા જ કરે છે, પણ તે સાકરરૂપી ભગવાનના ચરણારવિંદમાં ચોટે તો તેના જન્મ-મરણ ટળી જાય ત્યારે સર્વેએ કહ્યું જે, સ્વામી તમે બરોબર ઉત્તર કર્યો.

## શ્રીહરિએ પોતાનું જમણું ચરણારવિંદ જીવા ખાચરની છાતીમાં ચાંપ્યું કે થોડીવારમાં દેહત્યાગ કર્યો

ગઢપુરમાં જીવા ખાચર જે દાદા ખાચરના સગા કાકા થાય તે તેમના દરબારમાં મહારાજ ઘણીવાર પધારેલા છે, થાળ જમેલા છે. તેમની સ્વભાવ પ્રકૃતિ બહુ સારી નહિ તેથી દાદા ખાચર સાથે દ્વેષ બહુ રાખતા. અને તેમણે ખાસ કરીને શ્રીહરિની પ્રસન્નતા મેળવી હતી. તેમનાં જે ગુણો હતો તેથી શ્રીહરિ કહેતા કે જીવા ખાચરના બે ગુણ અમને ભૂલાતા નથી.

એકવાર જીવા ખાચરે શ્રીજીમહારાજને પોતાના દરબારમાં ઘણા પ્રેમથી બોલાવ્યા હતા. તે વખતે મહારાજને બહુ જ વારંવાર નહાવાનું થયું હતું. તેથી કરીને જીવા ખાચરે પોતાના રહેવાના ઓરડામાં ઢોલિયો ઢાળી આપ્યો હતો, ને શ્રીજીની સેવા જીવો ખાચર પોતાના ચાકરને ન કરવા દેતાં પોતે કરતા હતા. ને શ્રીજીમહારાજ જીવા ખાચરના ઓરડાની પછવાડે વાડો હતો તેમાં વારંવાર દિશાએ જઈ હાથ-પગ ધોઈ છપર પલંગ ઉપર બેસતા હતા. તે જોઈ જીવા ખાચરે દિશાયે જવાનું બંધ કરવા ઘણા ઉપાય કર્યા હતા તો પણ ન મટવાથી મહારાજની ઘણી પ્રાર્થના કરી, ત્યારે શ્રીજીએ કહ્યું જે હવે ઉપાય કરવાની જરૂર નથી, કારણ કે ,મારી ઈચ્છાથી નહાવાનું થયું છે. માટે હાલ બંધ થશે નહિ. એવું વચન સાંભળીને પોતાના ઘરમાં એક ખુણામાં શ્રીજી માટે કમર ભર ખાડો ખોદી આપ્યો. ને મહારાજને કહ્યું જે, આ ખાડે તમે સુખેથી જાઓ. પણ વાડામાં જાશો નહિ, કારણ કે, તમારે શરીરે ખમાય તેમ નથી. પછી મહારાજને જ્યારે સંકલ્પ થાય ત્યારે તે ખાડે જાય ને હાથ-પગ ધોઈને પોતાને આસને બેસે. એમ કરતાં શ્રીજીની ઈચ્છાથી આરામ થયો.

ત્યારે જીવા ખાચરે શ્રીજીને પૂછ્યું જે, આપની ઈચ્છા હોય તો થાળ કરાવું ને તમો જમો. હવે જમવામાં વાંધો નથી. ત્યારે મહારાજે કહ્યું જે, બીજી ઈચ્છા તો કાંઈ નથી. પણ શેરડી જમવાની ઈચ્છા થઈ છે. ત્યારે જીવા ખાચરે શેરડી મંગાવી આપી. શ્રીજી ઘણા પ્રસન્ન થયા ને કહ્યું જે, છરી લાવો હું મારા હાથથી સુધારીને જમીશ. તે વખતે જીવા ખાચરના ઘરનાં એ છરી આપી, તે લઈને પોતે સુધારીને જમતાં હતાં તેવામાં એકદમ છરી આંગળીએ વાગી ગઈ ને લોહી બહુ જ નીકળ્યું. તે જોઈને જીવા ખાચરે પોતાને માથે પાંચસેનો સોનેરી મેકર બાંધ્યો હતો તેમાંથી તુરત પાટો બાંધવા સારું ફાડીને આંગળીએ પાટો બાંધ્યો, તે વખતે શ્રીજીમહારાજે જીવા ખાચર ઉપર બહુ જ પ્રસન્ન થઈને કહ્યું જે, જીવા ખાચર તમે જે, આ વખતે મારી સેવા કરી છે, તેમજ બીજી મારી જે સેવા કરી છે તે ગુણ મારાથી ભુલાય તેમ નથી. એટલી વાત કરે છે એટલામાં દાદા ખાચર તથા મોટીબા વગેરે ત્યાં આવ્યા. ને જીવા

ખાચરને કહી શ્રીજીને પોતાના દરબારમાં લઈ ગયા. એમ જીવા ખાચરે સમયને અનુસારે શ્રીજીની પ્રસન્નતા મેળવી હતી. તેથી જીવા ખાચરના અંત સમય વખતે મૂળૂ ખાચરના બોલાવાથી શ્રીહરિ જીવા ખાચરના દરબારમાં પધાર્યા હતા ને જીવા ખાચરના સમીપે ઉભા રહીને કહ્યું જે, જીવા ખાચર કેમ છે ? તે વખતે મહારાજના કરેલા અપરાધો યાદ આવવાથી આંખોમાંથી પાણી નીકળવા લાગ્યાં. તે ઘણું બોલવાનું કરે પણ બોલાય નહિ, ને છાતી ભરાઈ આવી. તે જોઈને શ્રીજીએ કહ્યું જે, દરબાર ! હું તમારી ઉપર રાજી છું.

આ વખતે કાંઈ સંભારવાનું નથી. આ વખતે તો તમારા સમીપમાં ઊભેલો એવો જે, હું તે મારા સ્વરૂપમાં તમારી વૃત્તિ જોડી દ્યો. કોઈ પ્રકારની ચિંતા કરતવી નહી. હું જીવના ગુના સામું જોતો નથી. હું જીવે કરેલ ગુણને જોઉં છું. તમે પ્રથમ તમારા દરબારમાં મારા સહિત પાંચસે પરમહંસો રહ્યા છીએ તે ગુણ તથા મારા આંગળીએ છરી વાગી હતી, ને મેકર ફાડીને પાટો બાંધ્યો હતો એવા ઘણા ગુણો કર્યા છે. માટે લોક દૃષ્ટિએ જોવાની જરૂર નથી. માટે સુખેથી આ સ્વરૂપનું ચિંતવન કરતાં દેહનો ત્યાગ કરો. એમ કહીને શ્રીજીએ પોતાનું જમણું ચરણારવિંદ છાતીમાં ચાંપ્યું. ને જય સ્વામિનારાયણ કહીને દાદા ખાચરના દરબારમાં પધાર્યા કે તુરત જીવા ખાચર દેહનો ત્યાગ કરીને અક્ષરધામ નિવાસી થયા. તેવા સમાચાર સાંભળી શ્રીજી દાદા ખાચર સહિત અગ્નિસંસ્કાર કરાવવા સારું સાથે ગયા હતા. તે વિધિ થઈ રહ્યા પછી સ્નાન કરીને દરબારમાં સભા કરીને જીવા ખાચરના સંબંધમાં કેટલીક પ્રસંસા કરી, કારણ કે, તેમણે પ્રથમ ઘણો જ ગુણ કરેલ તેથી મહારાજ તેમની ઉપર પ્રસન્ન હતા. કહેવાનો સાર એટલો જ છે કે સમય પ્રમાણે શ્રીજીની સેવા કરી જીવા ખાચરે શ્રીજીની પ્રસન્નતા મેળવી હતી.

## ભાઈ રામદાસજીએ શ્રીહરિને કહ્યું જે, આપનાં ચરણારવિંદ મારી છાતીમાં ધારણ કરો

ગઢપુરથી સારંગપુર પધાર્યા અને ત્યાંથી દાદા ખાચરને ગઢડા મોકલ્યા ને શ્રીહરિ કારિયાણી પધાર્યા. ત્યાં ભાઈ રામદાસજીને દાદા ખાચરને શ્રીહરિના સમાચાર પૂછ્યા. ત્યારે તેમણે કહ્યું કે, મહારાજ તો કારિયાણી ગયા છે. તે સાંભળી ભાઈરામદાસજીએ કહ્યું જે, મારે કાલે ધામમાં એકાદશીના દિવસે જવું છે. માટે તમો મહારાજને બોલાવી લાવો. આ પ્રકારનું સ્વામીનું વચન સાંભળીને દાદા ખાચરે કમા રાઠોડને એકદમ શ્રીજીને બોલાવવા સારુ કારિયાણી મોકલ્યા. તે શ્રીજી પાસે જઈ નમસ્કાર કરીને બેઠા. ત્યારે શ્રીજીએ સમાચાર પૂછ્યા તેથી કહ્યું જે, ભાઈ રામદાસજીને મહારોગ થયો છે ને કાલે એકાદશીને દિવસે મધ્યાહ્ને દેહત્યાગ કરવાના છે ને તેમને વારંવાર યાદ કરે છે. માટે એકદમ ચાલો.

તે સાંભળી મહારાજ તત્કાળ માણકીએ બેસી ગઢડે આવ્યા. ને માણકી ઘોડીથી ઉતરીને સ્વામી પાસે ગયા. તે સમે ભાઈ રામદાસજી ઊંડા ઉતરી ગયા હતા. તેથી મહારાજે ત્રણ વખત ઉંચે સ્વરેથી બોલાવ્યા તેથી જાગ્રત થયા. ને મહારાજનાં દર્શન કરીને કહ્યું જે મારું અવસાન સમીપમાં આવેલ છે. માટે સમગ્ર સાધુને તથા હરિભક્તને બોલાવો. પછી સર્વેને બોલાવ્યાથી સમીપમાં આવ્યા ને શ્રીજીને તથા ભાઈરામદાસજીને પગે લાગી શ્રીજી સહિત સ્વામી પાસે બેઠા. તે સમે એક બાજોઠ ઉપર સ્વામીએ શ્રીજીમહારાજને બેસાડ્યા. ને ઉન્મત્ત ગંગાના જળથી સ્નાન કરાવીને શ્રીજીને અમૂલ્ય સુશોભિત પીતાંબર પહેરાવ્યું ને નખથી શીખા પર્યંત શ્રીજીની મૂર્તિને પોતાના હૃદયમાં ઉતારી. પછી શ્રીજીના લલાટમાં કેસર ચંદનથી અર્ચન કરીને કંઠમાં પુષ્પના હાર પહેરાવ્યાં. ને દાડમ-કેળા-લીલીદ્રાક્ષ વગેરે મેવો અર્પણ કર્યો. ને આરતી ઉતારીને પોતાના હૃદયમાં શ્રીજીની મૂર્તિને ધારીને સર્વત્યાગી તથા હરિભક્તને કહ્યું જે, હું એક વાત કહું છું તે સાંભળો. સંતો મને એમ પૂછતા જે, શ્રીજીમહારાજ કૃષ્ણ જેવા કે કેમ ? તે સાંભળી હું એ વિષે કાંઈ બોલતો નહિ, કારણ કે, શ્રીજીને કૃષ્ણ કરતાં અધિક હું તો મારા વાક્યનો અનાદર કરે એમ ધારીને બોલતો નહિ. પણ અવતારમાં ભેદ નથી. કેની પેઠે તો સાકરમાં તથા સાકરના નાળિયેરમાં ભેદ નથી. તેમ.

એક વખત ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામી તથા શ્રીકૃષ્ણ ભગવાને મને દર્શન દીધાં. પછી મેં તેમને પ્રેમપૂર્વક નમસ્કાર કર્યા. તે સમે મારા ઉપર રાજી થઈને શ્રીકૃષ્ણ ભગવાન અમૃતરૂપ વચન બોલ્યા, હે યોગી વર્ય ! આ શ્રીહરિકૃષ્ણ ભગવાન સાક્ષાત્પરાત્પર પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણતે સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ છે. ને કાળ માયાના નિયંતાછે ને અતુલ્ય છે પરાક્રમ જેમનું એવા છે. વિચિત્ર શક્તિએ યુક્ત કલ્યાણ ગુણગણના સમુદ્રરૂપ એવા આ શ્રીહરિને તમો સર્વ અવતારના અવતારી જાણસો ત્યારે તમારો આત્યંતિક મોક્ષ થશે. એમ મને કહીને તે બેઉ અંતર્ધાન થઈ ગયા. ત્યારથી તેમના કહેવાથી આ શ્રીજીમહારાજ ને સર્વ અવતારોના કારણ માનું છું. માટે આ સાક્ષાત્ શ્રીહરિ સર્વોપરી છે, તેથકી પર કોઈ નથી એમ હું જાણું છું. ને જો હું અસત્ય બોલતો હોઉં તો આ પાંચસે પરમહંસોના સમ છે. તથા બ્રહ્માંડ ભાંગે એનું પાતક મને થાઓ. એ પ્રકારના સમ ખાઈને ભાઈરામદાસજીએ શ્રીજીને કહ્યું જે, આપના ચરણારવિંદ મારી છાતીમાં ધારણ કરો. ત્યારે શ્રીજીએ કહ્યું જે, તમે તો સર્વે મુનિયોમાં શ્રેષ્ઠ છો. વળી મારા ગુરુભાઈ છો માટે તમારી છાતીમાં મારાં ચરણારવિંદ ધારણ નહિં કરું. તે સાંભળીને ભાઈ રામદાસજીએ કહ્યુંજે તમે તો ગુરુના પણ ગુરુ છો. માટે

જેમ બીજાને છાતીમાં ચરણારવિંદ આપો છો તેવી રીતે મારા પર કૃપા કરીને તમારાં ચરણારવિંદ મારી છાતીમાં ધારણ કરો. એમ કહ્યું તે સમે ભાઈ રામદાસજીની છાતીમાં શ્રીજીએ ચરણકમળ ધારણ કર્યા. પછી સાકરનું પાણી કરાવીને પોતે પાન કર્યું. પછી પ્રસાદીનું સાકરનું પાણી ભાઈરામદાસજીને તથા સર્વે ત્યાગીઓને તથા હરિભક્તોને પાયું. ને આખી રાત્રિ સાધુ પાસે કીર્તન ભક્તિ કરાવીને એકાદશીને દિવસે શ્રીહરિનાં તેજોમય દિવ્ય સ્વરૂપને અંતરમાં ધારી પોતાના શરીરનો ત્યાગ કરી ભાઈરામદાસજી અક્ષરધામ નિવાસી થયા. પછી શ્રીજીએ વિમાન કરાવીને તેમાં સ્વામીને પધરાવીને ગાજતે વાજતે ભક્તિ બાગથી ઉગમણી કોરે ઓકળી છે. તેને સામે કાંઠે ચિતા રચાવીને અગ્નિ સંસ્કાર કરાવ્યો.

## ચુડાના ભીમ પંડ્યાના સંકલ્પે શ્રીહરિએ ચરણારવિંદમાં સોહ ચિન્હનાં દર્શન કરાવ્યાં

ચુડા ગામમાં ભીમ પંડ્યા રહેતા હતા. તેમણે પોતાના મનમાં સંકલ્પ કર્યો કે, સ્વામિનારાયણ ભગવાન કહે છે તો હું તેમની પાસે જાઉં ને તે ભગવાન મને પોતાના ચરણારવિંદમાં સોળ ચિન્હ અંતર્યામીપણે દેખાડે તો તેમને પ્રગટ ભગવાન જાણી તેમનો સત્સંગી થઈ તેમનું ભજન કરું.

આવો સંકલ્પ ધારીને પછી તે ભીમ પંડ્યા પોતાના ભાઈ જીવરામને સાથે લઈને લોયા ગામમાં બિરાજમાન શ્રીજીમહારાજે કરેલી સભામાં આવ્યા ને શ્રી સ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર કરી શ્રીજી સન્મુખ ઉભા રહ્યા. પછી શ્રીજીએ તેમની ઉપર દયા લાવીને પોતાની પાસે બોલાવીને બેસાર્યા ને પ્રસાદી આપી. પછી અંતર્યામિપણે પોતાનાં બે ચરણારવિંદ લાંબા કરીને સોળ ચિન્હ દેખાડ્યાં. તેને જોઈને બન્ને ભાઈઓ રાજી થયા ને શ્રીજીમહારાજની પાસે વર્તમાન ધારી કંઠી પેરી સત્સંગી થઈ બે ભાઈઓ પોતાને ઘેર ગયા. આવી રીતે શ્રીહરિ ભક્તોના સંકલ્પ પૂરા કરતા.

## શ્રીહરિએ મુકુંદ બ્રહ્મચારીને છાતીમાં ચરણારવિંદ આપ્યા

ગુજરાતના હરિભક્તો પાકી કેરીઓનાં ગાડાં ભરીને ગઢડે ગયા ત્યારે દાદા ખાચરનાં દરબારમાં ગાડાં છોડ્યાં.પછી શ્રીજીમહારાજે ગામના સર્વ હરિભક્તોને બોલાવીને કેરીઓ આપવા માંડી ને ગાડાં ખાલી કરવા માંડ્યાં. તેટલામાં મુકુંદ બ્રહ્મચારી આવ્યા તેમણે સર્વ બ્રહ્મચારીને બોલાવીને એક તરફથી કેરીઓ એક ઓરડામાં ભરીને ગાડાં ખાલી કરવા માંડ્યાં ને ગાડું ખાલીથાય તેને દરબાર બહાર કાઢે. આવી રીતે કરવાથી ગાડાં ખાલી થયાં.

પછી શ્રીજીમહારાજ સભામાં જઈને બેઠા ત્યારે હરિભક્તોએ વાત કરી જે, અમે તમોને તથા સંતને જમાડવા કેરી લાવ્યા હતા. ત્યારે મહારાજ કહે અમને પ્રથમ કહેવું હતું તો અમે કેરીનો રસ કઢાવત ને રોટલી કરીને અમે જમત તથા સંતને જમાડતા તેવામાં મુકુંદ બ્રહ્મચારી બોલ્યા જે, મહારાજ તમારે સંત જમાડીને હરિભક્તોને પ્રસન્ન કરવા હોય તો હા પાડો, કેરીઓ તો હું આપીશ. એમ કહી શ્રીજીનું કાંડું ઝાલી કેરીઓના ઓરડા પાસે લઈ ગયા. ત્યારે મહારાજે પૂછ્યું જે, આ ક્યાંથી ? ત્યારે મુકુંદ બ્રહ્મચારીએ કહ્યું જે, એક તરફ તમો ગાડાં ખાલી કરતાં હતાં ને એક તરફ મેં ગાડાં ખાલી કર્યા હતા. ત્યારે શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને મુકુંદ બ્રહ્મચારીના માથા ઉપર હાથ મૂક્યો તથા બાથમાં ઘાલીને મળ્યા. ને છાતીમાં ચરણારવિંદ આપ્યા. પછી રસ રોટલીની રસોઈ કરીને શ્રીજીમહારાજ પોતે જમ્યા તથા સંતને જમાડ્યા ને ગુજરાતના હરિભક્તોને તથા દાદા ખાચર વગેરેને રસ રોટલી જમાડીને ગુજરાતના હરિભક્તોને પ્રસન્ન કર્યા. આવી રીતે મુકુંદ બ્રહ્મચારીએ શ્રીજીમહારાજને પ્રસન્ન કરીને પ્રસનતા મેળવી હતી.

## શ્રીહરિએ પોતાના ચરણ કમળમાં ચિન્હ બતાવીને ભરૂચના ચાર વાણિયાનો સંકલ્પ સિધ્ધ કર્યો

ભરૂચના શેઠ દયાળજીભાઈ તથા નારાયણજીભાઈને ઘેર પદ્મપુરાણની કથા વંચાતી. તેમાં એવું સાંભળ્યું જે, ભગવાન હોય તેમના ચરણમાં સોળ ચિન્હ હોય તે વાત તથા લોકો થકી એવી વાત સાંભળી જે હાલ વિદ્યમાન શ્રી સ્વામિનારાયણ ભગવાન વડતાલમાં છે, આવી વાત સાંભળીને શેઠ દયાળજી આદિક ચાર વાણિયાઓ તે વાત ચોક્કસ કરવા વડતાલ આવ્યા. તે સમે શ્રી સ્વામિનારાયણ ભવાન હજારો હરિભક્તો સહિત સભામાં વિરાજમાન થયા હતા. તેથી સમીપે ન જતાં દૂર ઊભા રહ્યા.

તેઓને જોઈને શ્રીજીમહારાજે પોતાના હાથની સાન કરી. તથા સભામાં હરિભક્તોએ માગ દીધો, તે વાણિયાઓ શ્રીહરિની પાસે આવ્યા ને તેમના મનોરથ પૂરા કરવા વાસ્તે શ્રી સ્વામિનારાયણ ભગવાને અંતર્યામીપણે પોતાનાં ચરણકમળમાં સોળ ચિન્હ બતાવ્યાં. તે જોઈને ભગવાનપણાનો નિશ્ચય થયો ને કહ્યું જે, હે મહારાજ! તમે સાક્ષાત્કાર પરમેશ્વર છો. કેમ જે, અમે પદ્મપુરાણમાં વાત એવી સાંભળી હતી જે ભગવાન હોય તેનાં ચરણકમળમાં સોળ ચિન્હ હોય. તે આજ આપનાં ચરણકમળમાં સોળ ચિન્હ જોયાં. જે માટે તે વાતનો પરિપૂર્ણ નિશ્ચય થયો. તે સાંભળીને વાણિયાઓને કહ્યું જે તમારે કાંઈ મને પૂછવું હોય તો પૂછો. ત્યારે કહ્યું જે, અમારે કાંઈ પૂછવું નથી. પછી શ્રી સ્વામિનારાયણ ભગવાનના હાથે વર્તમાનધારી કંઠી પેરી સત્સંગી થઈ વાણિયાઓ ભરૂચ જતા હતા.

## વાંકાનેરના બ્રાહ્મણ ઉપર શ્રીહરિ પ્રસન્ન થઈને ચરણારવિંદ વસ્ત્રમાં પાડી આપતા હવા

ગામ વાંકાનેરના બ્રાહ્મણ જાંબુડાંની ટોપલી ભરીને ગઢપુર શ્રીજીમહારાજ માટે લઈને આવ્યા તે જ વખતે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં વિરાજમાન થયા હતા. તે બ્રાહ્મણે શ્રીજીને પગે લાગીને ટોપલી મૂકી. તે જોઈને શ્રીજીમહારાજે પૂછ્યું જે આ ટોપલીમાં શું લાવ્યા છો. ત્યારે બ્રાહ્મણ કહે જે, આપશ્રીને માટે પાકેલાં સર્વોત્તમ જાંબુડાં લાવેલો છું. માટે આપશ્રી તે જાંબુડાં જમો, જેથી કરીને મારા જીવનો મોક્ષ થાય. તેથી શ્રીજીમહારાજે પોતાના હાથથી ટોપલી છોડીને જાંબુડા હાથમાં લઈને પહેલાં ઘણાંજ વખાણ કર્યા. પછી મુકુંદાનંદજી બ્રહ્મચારીને બોલાવીને પાણી મંગાવ્યું. ને તે જાંબુડાંને ધોઈને શ્રી ગોપીનાથજીને જમાડીને પોતે જમતા જાય ને વખાણ કરતા જાય. આવાં સારાં જાંબુડાં તમે લાવ્યા તે જમીને હું તમારા ઉપર ઘણો જ પ્રસન્ન થયો છું. માટે તમારે મારી પાસે જે માગવું હોય તે સુખેથી માગો. હું તમને આપું. ત્યારે તે બ્રાહ્મણે શ્રીજીમહારાજને ખરેખરા પ્રસન્ન થયેલા જાણીને કહ્યું જે, મને પૂજવા સારુ ચરણારવિંદ આપો. એ ચરણારવિંદની મારે ઘણી જરૂર છે. પછી તે બ્રાહ્મણનું બોલવું સાંભળીને તુરત જ રંગ તથા વસ્ત્ર મંગાવીને ચરણારવિંદ એક જોડ પાડી આપ્યા. તથા જાંબુડાંની પ્રસાદી આપી તે લઈને બ્રાહ્મણ પોતાને ગામ જતા હતા. તે ચરણારવિંદ અત્યાર સુધી તેના વંશપરંપરાના માણસોએ સાચવી રાખેલાં છે ને તે ચરણારવિંદનું પૂજન માહાત્મ્ય પૂર્વક કરે છે.

## શ્રીહરિએ બ્રાહ્મણને ચરણારવિંદમાં ચિન્હ બતાવ્યા ને તેમાં ટાઢો હિમ જેવો તેજનો સમુહ દેખાડ્યો ને પોતાના સર્વોપરીપણે નિશ્ચય કરાવ્યો

એક વખત શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં ઉગણણા બારનાં મોટીબાના ઓરડાની ઓસરીમાં સાંજ વખતે સભા કરીને ઉગમણા મુખારવિંદે ઢોલિયો બિછાવ્યો હતો તે ઉર વિરાજમાન થયા હતા. તે સમે એક બ્રાહ્મણ સામુદ્રકી શાસ્ત્ર વગેરે ભણેલો હતો તે શ્રીજીમહારાજ પાસે સભામાં આવ્યો. પછી શ્રીજીમહારાજ કહે આવો અહીં બેસો. પછી તે બ્રાહ્મણ ઢોલિયાના થડમાં બેઠો ને બોલવા મંડ્યો કે, તમે ભગવાન કેમ થયા ? હું જાણું છું કે, તમે હિંદુસ્તાની બ્રાહ્મણ છો તે હરિપ્રસાદજીના દીકરા છો ને ભગવાન થઈને કેમ બેઠા છો ? ને ભગવાનની ગાદી ઉપર બેઠા છો કેમ ? એ વગેરે ઘણુંક બોલ્યો, તેને શ્રીજીમહારાજ સાંભળી રહ્યા ને પછી બોલ્યાં જે, અમે ઘેરથી નીકળ્યા તે ભારે ભારે રાજ આવ્યાં. તે જોયાં પણ કોઈ ગાદી ખાલી દેખી નહિ. એમ કરતાં આ દેશમાં આવ્યા ને આ દેશમાં પણ મોટાં મોટાં રાજ સ્થાન

જોયાં પણ કોઈ ગાદી ખાલી દેખી નહિ. એ પછી ભગવાનની ગાદી ખાલી દેખી તે અમે ભગવાનની ગાદીએ બેઠા.

એમ કહીને શ્રીજીમહારાજે તે બ્રાહ્મણ સામા ચરણારવિંદ રાખ્યા તે ચરણારવિંદમાંથી સોળ ચિન્હ બ્રાહ્મણને દેખાડ્યાં. ત્યારે તે બ્રાહ્મણને એમ થયું જે, આવાં ચિન્હ તો ભગવાનમાં હોય, ભગવાન સિવાય કોઈને આવાં ચિન્હ હોય નહિ. તેટલામાં શ્રીજીમહારાજનાં ચરણમાંથી ટાઢો હીમ જેવો તેજનો સમુહ નીકળ્યો. તે બ્રહ્માંડ ભરાઈ જાય તેટલું તે તેજ બ્રાહ્મણને દેખાયું. એવામાં શ્રીજીમહારાજની મૂર્તિ અક્ષરધામમાં દેખાણી ને બધા અવતાર શ્રીજીમહારાજની સેવામાં દેખાણાં ને અપરિમિત મુક્ત દેખાણાં. એવું ચાર ઘડી સુધી રહ્યું. એ બ્રાહ્મણ શંકરનો ઉપાસક હતો તે અપરિમિત શંકર શ્રીજીમહારાજની સેવામાં છે તેવું તે બ્રાહ્મણના જોવામાં આવ્યું, ને તે બ્રાહ્મણને શંકરે કહ્યું જે, આ પુરુષોત્તમ નારાયણ સર્વ અવતારના અવતારી છે માટે તું એમનો આશરો કરીને એ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કર્ય એટલે તમને અક્ષરધામની પ્રાપ્તિ થાય. પછી એ બ્રાહ્મણ પાછો દેહમાં સમાધિમાંથી આવ્યો, ને શ્રીજીમહારાજની સ્તુતી કરવા લાગ્યો જે, હે મહારાજ ! તમે તો સર્વ અવતારના કારણ ને અનંત કોટી બ્રહ્માંડના શિવ તેના પણ કારણ છો. તે મેં તમારો અપરાધ કર્યો અને જેમ. તેમ બોલ્યા માટે તમે દયા કરીને મારો અપરાધ ક્ષમા કરો ને મને તમારે શરણે રાખી તમારો આશ્રિત કરો. મારા અપરાધ સામું તમારે જોવું નહિ. એમ કહીને શ્રીજીમહારાજનાં ચરણમાં પડ્યો. ત્યારે શ્રીજીમહારાજે તેને વર્તમાન ધરાવીને પોતાનો આશ્રિત કર્યો. એવી રીતે શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં સ્વરૂપનો બ્રાહ્મણને પાકો નિશ્ચય થતો હવો.

## શ્રીહરિની અનુવ્રતીમાં રહેવાથી ગોપાળાનંદ સ્વામી તથા તેમના મંડળના સંતોને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા

એક સમે શ્રીજીમહારાજ ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા. ત્યારે બધા સદ્‌ગુરુઓને તેડાવ્યા ને વાત કરી જે, દાદા ખાચરના વ્યવહારનું મુંબઈ જવાનું કામ આવ્યું છે તે કોઈ મુંબઈ જાય તો અમારે જવું ન પડે. એમ કહીને મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને શ્રીજીમહારાજ કહે જે આ સાધુમાં તમે પૂછો કોઈ મંડળ જાય એમ છે કે નહિ. નહિ તો અમારે જવું પડશે. પછી મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું ત્યારે કોઈએ હા પાડી નહિ. તેથી મહારાજ તમે પૂછીને મોકલો તો ભલે. પછી શ્રીજીમહારાજે બધી મંડળીઓને પૂછી જોયું, ત્યારે કોઈકે કહ્યું જે, મારે ભણવું છે, કોઈ કહે જે, મારે લખવું છે ને કોઈ કહે જે મારે ગ્રંથ શોધવા છે ને કોઈક કહે મારે વેદનું કામ છે એ રીતે ઉત્તર આપ્યા. પણ જવાની કોઈએ હા કહી નહિ.

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે એક જોગી જાય તેવા છે ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું જે ક્યા યોગી જાય તેવા છે, ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે જે ગોપાળાનંદ યોગી જાય તેવા છે. ત્યારે મહારાજ કહે જે તેમને બોલાવો, ત્યારે તેડવા જનાર માણસે તે જોગીને આસને ખબર કાઠીને કહે જે મહારાજ તે આસને નથી. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યુંજે, ઉગમણે ખળખળીએ જોગ સાધવા જાય છે તો તે ત્યાં હશે, એટલે તેડવા જનાર માણસ ઉગમણે ખળખળીએ ગયો. ત્યાં ગોપાળાનંદ સ્વામી રાજયોગ સાધતા હતા ત્યાં તેણે કહ્યું જે, તમને શ્રીજીમહારાજ બોલાવે છે.

પછી સ્વામી નહી લૂગડાં પેરી શ્રીજીમહારાજ પાસે આવ્યા પણ સ્વામી યોગ સાધે તેણે કરીને શરીર દૂબળું તે શ્રીજીમહારાજને હાથ જોડી પગે લાગીને બેઠા ને કહ્યું જે, મહારાજ ! શા કામ સારું બોલાવ્યો છે. ત્યારે શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને મુંબઈ જવાની વાત કરી દેખાડીને કહે જે તમારો રાજીપો હોય તો જાઓ અને તમે યોગ સાધવાનો અભ્યાસ કરો છો એટલે તમને કેવું ઘટે તેમ નથી પણ સર્વે મંડળવાળાને પૂછ્યું તે કોઈએ જવાની હા પાડી નહિ માટે અવશ્યનું કામ છે તે તમે જાઓ તો સારું, નહિ તો અમારે જવું પડશે. ત્યાર પછી શ્રીજીમહારાજે પૂછ્યું જે તમારા મંડળમાં સાધુ કેટલા છે, ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે, મારા મંડળમાં સાધુ ત્રીશ છે. ત્યારે મહારાજ કહે જે, તે સાધુ તમાર ભેગા આવશે કે નહિ, ત્યારે સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે, તમો પૂછો જો આવે તો. ત્યારે શ્રીજીમહારાજે તે સ્વામીના મંડળના સાધુને કહ્યું જે, આ સર્વે બેઠા છે તેમાંથી સ્વામી ભેગા મુંબઈ જાઓ તે ઉભા થાઓ. ત્યારે ત્રીશમાંથી સાત સાધુ ઉભા થયા.

ત્યારે શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે, આવો હવે અમને મળો. ત્યારે પ્રથમ ગોપાળાનંદ સ્વામી મળ્યા તે પછી સાત સાધુ શ્રીજીમહારાજને મળ્યા. ત્યારે બ્રહ્માનંદ સ્વામી શ્રીજીમહારાજને કહે કે, હું કહેતો હતો તે, ગોપાળાનંદ જોગી જાય તેવા છે ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, સ્વામીનો અમારો વિશ્વાસ, છે તે ગમે તેવું કાર્ય હોય પણ સ્વામી ના પાડે નહિ. એમ કહીને લાડુબા તથા મોટીબાને શ્રીજીમહારાજે બોલાવ્યા ને કહે જે ગોપાળાનંદ સ્વામીને દાદા ખાચરના કામ સારું મુંબઈ મોકલીએ છીએ વાસ્તે આજ અમારો થાળ કરો તે ભેળા સાત સાધુને એક ગોપાળાનંદ સ્વામી એમ જણ આઠનું અમારા થાળમાં જમવાનું કરજો ને સરસમાં સરસ જમવાનું કરજો. એમ કહીને સચ્ચિદાનંદ સ્વામીને શ્રીજીમહારાજે કહ્યું જે, ગોપાળાનંદ સ્વામીની પૂજા કરવી છે માટે પુષ્પના હાર કરીને લાવજો. પછી થાળ તૈયાર થયો એટલે શ્રીજીમહારાજને જમવા બોલાવ્યા ત્યારે ગોપાળાનંદ સ્વામીને શ્રીજીમહારાજ કહે જે, તમારા સાત સાધુ એ સહિત જમવા આવો. તે શ્રીજીમહારાજ આથમણા બારને ઓરડે આથમણે

મુખારવિંદે જમવા બેઠા ને ગોપાળાનંદ સ્વામીને પોતાને સન્મુખ ઉગમણે મોઢે બેસાડ્યા ને તમના ચાર સાધુને પોતાની પાસે દક્ષિણાદિ તરફ બેસાર્યા ને ત્રણ સાધુને ઉત્તરાદિ તરફ જમવા બેસાર્યા. ત્યારે પોતાના થાળમાંથી મેસુબ, જલેબી, પેંડા, બરફી, મગજના લાડુ, ખાંડના લાડુ, સુતરફેણી, ઘેબર, ફૂલવડી, હરિસો, દહીંવડા, ભજિયા, પાપડ, શીરો પૂરી, બીરંજ, સાકરની સુખડી, ટોપરાપાક આદિ ભારેભારે તેજાના નાખેલ પકવાન તથા સર્વે શાક તથા અથાણાં તે શ્રીજીમહારજ જમતા જાય ને પ્રસાદી ગોપાળાનંદ સ્વામી આદિ સાધુને હેતથી આપતા જાય ને સભા સહુ દર્શન કરે તે શ્રીજીમહારાજ સારી પેઠે જમ્યા ને સાધુને જમાડ્યા. પછી શ્રીજીમહારાજે ચળુ કરી મુખવાસ જમી જરાવાર સભામાં બેસી સભાને ઉઠવાની આજ્ઞા કરીને શયનને અર્થે અક્ષરઓરડીએ પધાર્યા તે બપોર પછી ત્રીજે પહોરે શ્રીજીમહારાજ જાગ્યા તે કોગળા કરી મુખારવિંદ ધોઈ જળપાન કરીને ચાખડીએ ચડીને ઉગમણા બારને ઓરડે ઓસરીમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા. ત્યારે સાધુ સર્વે તથા સર્વે હરિભક્તોની સભા ભરાઈને બેઠી. તે સમે ગોપાળાનંદ સ્વામી તેમના સાધુએ સહિત શ્રીજીમહારાજની પૂજા કરવા આવ્યા. ત્યારે શ્રીજીમહારાજ કહે જે આવો સ્વામી પૂજન કરો એટલે સ્વામીએ શ્રીજીમહારાજની પ્રથમ ભાલને વિષે ચંદનની અર્ચા કરી તે મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો ને પુષ્પના હાર નાભી સુધીનાં લાંબા પેરાવીને મૂર્તિ નીરખતા આરતી ઉતારી અને તેમના સાધુએ પણ શ્રીજીમહારાજની મૂર્તિને હૃદયમાં ધારી પછી શ્રીજીમહારાજ ઉભા થઈને ગોપાળાનંદ સ્વામીને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. એ રીતે એમના સાધુને પણ મળ્યા ને ચરણારવિંદ પણ છાતીમાં આપ્યાં. ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું જે, હે મહારાજ ! અમે કાલ સવારમાં ચાલશું. ત્યારે શ્રીજીમહારાજ કહે જે, સ્વામી તમારું શરીર જરા સારું થાય એટલે ચાલજો.

એવી રીતે સ્વામી જવાનું હે તે મહારાજ થોડા દિવસ પછી જજો એમ કરતા એક દિવસ સ્વામી અને સંતો જવા તૈયાર થયા ત્યારે, મહારાજે કહ્યું જે, સ્વામી ! તમે જાવું રહેવા દ્યો. ને લાધા ઠક્કરને મુંબઈ મોકલશું. તે કામ કરી આવશે માટે તમે રહો ને વ્યવહારિક કામ છે એટલે લાધો ઠક્કર કરશે. પછી સ્વામી પાછા વળ્યા. આમ જે મહારાજની આજ્ઞા પાળે તે ઉપર શ્રીજીમહારાજ બહુજ રાજી થતાં.

## અદ્‌ભૂતાનંદ સ્વામી ૮ લાડુ માંદા હતા તોય જમ્યા ને ૪ લાડુ ચરણારવિંદ માટે કુલ ૧૨ લાડુ જમ્યા

ગઢઢામાં અદ્‌ભૂતાનંદ સ્વામીને તાવ આવે તે લક્ષ્મીવાડીએ રહે તે તાવ ઉતર ત્યારે મહારાજને દર્શને આવે ને મહારાજ વાત કરતા તે સાંભળીને મનસુબો થાય જો, આ તાવ

ક્યાંથી આવ્યો ને મહારાજની વાતો બહુ સારી થાય તે સાંભળવા સારું અવાય નહી. ને મહારાજ પંક્તિમાં લાડુ પીરસે તે જોઈને મનસુબો થાય જે, મહારાજની પ્રસાદીના લાડુ જમ્યા વિના રહ્યા. જો જમવા બેસીએ તો મહારાજ ઠપકો આપો તે બીકે કરીને પાંચ દિવસ સુધી આવ્યા ને મહારાજ પંગતમાં લાડુ ફેરવતા દેખ્યા ને જમવા બેસાય નહી. ને અંતરમાં તાણ બહુ રહે. પછી તો વિચાર કર્યો જે, જમવા બેસવું ને મહારાજ ઠપકો દે તો ખમી રહેવું એમ મનસુબો કરીને વાડીએથી દરબારમાં સાધુને જમવાની પંક્તિ થઈ હતી ને મહારાજ કેડ બાંધીને લાડવા ફેરવવા તૈયાર થયા હતા. ત્યારે અદ્‌ભૂતાનંદ સ્વામી પંક્તિમાં જમવા બેઠા ને મહારાજ લાડુ પંગતમાં પીરવા મંડ્યા. ને રઘુવીરજી મહારાજ હાથમાં પંખો લઈને મહારાજને પવન નાખતા આવે ને સાધુ તાસ લઈને આગળ પાછે પગે ચાલ્યા જાય ને મહારાજ સાધુને લાડવા દેતા જાય એ રીતે ફરતાં ફરતાં અદ્‌ભૂતાનંદ સ્વામી બેઠા હતા ત્યાં આવ્યા ને તેમને ચાર લાડુ આપ્યાં. ને મહારાજ ફેર ફરતાં ફરતાં આવ્યાં ત્યારે બે લાડવા આપ્યાં. ને મહારાજ ચાલ્યાં ગયાં. તે બે લાડવા પણ જમી ગયા. ને વળી મહારાજ ફરતાં ફરતાં આવ્યાં ને કહ્યું જે લ્યો લાડવા ત્યારે અદ્‌ભૂતાનંદ સ્વામીએ ના વાડી જે મહારાજ હવે નહીં જોઈએ. ત્યારે મહારાજે અદ્‌ભૂતાનંદ સ્વામીને જોઈને કહ્યું જે, આંખ્યો બે લાડવા માગે છે. એમ કહીને બે લાડવા આપ્યા ને મહારાજ ચાલ્યા ગયા. પાછા ફરતાં ફરતાં આવ્યા ને કહ્યું જે, બે લાડવા લ્યો તો ચરણારવિંદ આપીએ ત્યારે બે લાડવા લીધા. પછી મહારાજ ફરતાં ફરતાં પંક્તિમાં ચાલ્યા ગયા. ને મહારાજ કહેતા જાય જે એક લાડુ લે તેને એક ચરણારવિંદ આપું ને બે લાડું લે તેને બે ચરણારવિંદ આપવાં એમ કહીને ચરણારવિંદ દેતા આવે ત્યાં અદ્‌ભૂતાનંદ સ્વામી પાસે આવ્યા. ને અદ્‌ભૂતાનંદ સ્વામીને કહ્યું જે, આ માંદો તો એક લાડુ લે તો બે ચરણારવિંદ આપવા ત્યારે, અદ્‌ભૂતાનંદ સ્વામીએ લાડવો લીધો. ત્યારે મહારાજે બે ચરણારવિંદ મસ્તકમાં આપ્યાં ને ફરીને પંક્તિમાં ફરતાં ફરતાં અદ્‌ભૂતાનંદ સ્વામી પાસે આવ્યા. ને એમ કહેતા આવે જે, એક લાડવો લે તેને બે ચરણારવિંદ આપવા ને કહ્યું જે, આ માંદો તો એક લાડવો લે તો માથે હાથ મેલવાની બે ચરણારવિંદ આપવા ત્યારે અદ્‌ભૂતાનંદ સ્વામીએ લાડવો લીધો. તે લઈને મહારાજ ઉભા છે ને જમી ગયા ત્યારે મહારાજે એક ચરણારવિંદ માથા ઉપર મૂક્યું, તે ચરણારવિંદ હેઠું મેલીને બીજું મસ્તક ઉપર મૂક્યું. ત્યારે મહારાજ કહે હાથ એંઠા છે તે ધોઈને માથા ઉપર મૂકશું. ત્યારે અદ્‌ભૂતાનંદ સ્વામીએ કહ્યું જે, એંઠાને એંઠા હાથ માથા ઉપર મૂકો ને ધર્મના કામમાં ઢીલ નહીં. ત્યારે મહારાજ હસ્યા ને રઘુવીરજી મહારાજ પડખે હતા તે પણ હસ્યા. પછી મહારાજે બે ઘીના ભરેલા માથા ઉપર મૂક્યા. ત્યારે રઘુવીરજી મહારાજ

બહુ હસવા મંડ્યા. ને મહારાજે હસતાં હસતાં બ્રહ્મચારીને કહ્યું જે, પાણી લાવો હાથ ધોઈ નાખીએ ને હવે લાડવા કોઈ નહિ લે એમ કહીને ઓસરીની કોર ઉપર બેઠા. ત્યારે બ્રહ્મચારીને મનસુબો થયો જે મહારાજના હાથ ઘી વાળા છે તે પાણી નાખશું તો લપેટ થઈ જશે ને કોરા કર્યા હોય તો ઠીક. પછી લાડુબા પાસેથી બાજરાનો લોટ મંગાવ્યો ને મહારાજે લોટથી હાથ કોરા કર્યા પછી બ્રહ્મચારીએ હાથ ધોવરાવ્યા. ને બાજોઠ મેલ્યો તે બાજોઠ ઉપર ઉભા રહ્યા ને ચરણારવિંદ બ્રહ્મચારીએ ધોયા. ને હાથમાં રૂમાલ આપ્યો ને મહારાજે હાથ પગ કોરા કર્યા.

## મહાનુભાવાનંદ સ્વામીએ અગિયાર વખત જલેબીમાં છાતીમાં ચરણારવિંદ લીધા

ગઢપુરમાં શ્રીહરિએ પોતે જમીને સર્વ સંતોને જલેબી આદિ પકવાનોથી ખૂબ જમાડી તૃપ્ત કરીને પછી બોલ્યા કે, હે સંતો ! જેટલાં જલેબીનાં ઘુંચળા તમે જમો, તેટલાં જ અમે જમીએ. ત્યારે સંતોએ મહારાજને જમાડવાની લાલચે કહ્યું કે, હે મહારાજ ! એક એક ઘુંચળું અમને આપો. ત્યારે શ્રીહરિ ભગવાન, તે પ્રમાણે આપીને પોતે પણ જલેબી જમ્યા.

એ પ્રમાણે મનોહર ચેષ્ટાઓ કરી સંતોને મહારાજે ફરીથી કહ્યું કે, સંતો ! એક જલેબીનું ઘુંચળું જો તમે જમો તો, તમારી છાતીમાં એક ચરણારવિંદ આપીએ. ત્યારે સંતોએ ચરણારવિંદની પ્રસાદીના લોભથી ઈચ્છા મુજબ ઘુંચળા જમ્યા. તે વખતે મહાનુભાવાનંદ સ્વામીએ પોતે પહેરેલી અલફીમાં લગભગ અગિયાર જેટલાં ઘુંચળાં સંતાડી રાખ્યાં અને અગિયાર વખત છાતીમાં ચરણારવિંદ લીધાં. પછી ચળુ કર્યા બાદ તામ્રપાત્રમાં તે ઘુંચળાં નાખી દીધાં. તે વખતે ચૈતન્યાનંદ સ્વામીએ જોઈને મહારાજને કહ્યું, હે શ્રી હરે ! આ મહાનુભાવાનંદ સ્વામીએ તો જમવાનો પ્રયાસ કર્યા સિવાય જલેબીનાં ઘુંચળાં સંતાડી રાખીને આપની પાસેથી કપટથી ચરણારવિંદ લીધાં છે. ત્યારે શ્રીહરિ ભગવાન બોલ્યા કે, આ મુનિ તો માતરા ધાધલના (દાદા ખાચરના સસરા પક્ષના) પક્ષના છે. માટે એતો ચોર ઠર્યા. એમ કહીને દહીંનું ભરેલું પાત્ર મહાનુભાવાનંદ સ્વામી ઉપર રેડીને આખા શરીરે લેપન કરતા હતા. તે વખતે બ્રહ્માનંદ સ્વામી આદિ સંતો મહાનુભાવાનંદ સ્વામીને જોઈ ખૂબ હસ્યા. તેવામાં મહારાજ બ્રહ્માનંદ સ્વામીના માથા ઉપર દૂધનો ઘડો ભરીને નાખતા હતા. એવી મનોહર લીલાઓ કરતા શ્રીહરિ પોતે હાસ્ય કરીને સંતોને હસાવતા દાદા ખાચરના અંતઃપુરને વિષે નિવાસ કરતા હતા.

## જલેબી - મોતૈયા લાડુમાં ચરણારવિંદ

શ્રીહરિએ ગઢપુરમાં સંતોને પીરસતા હતા, તે વખતે સાધુઓના પાત્રો ખાલી જોઈને તે પાત્રમાં પીરસવાનું મનમાં ધાર્યું, એટલામાં તો હાથમાં પકવાનોનાં ભરેલા વાસણો લઈને

સેંકડો સાધુઓ ત્યાં જલદીથી શ્રીહરિ પાસે આવીને તેમની પાછળ તથા આગળ ઉભા પછી શ્રીહરિએ સાધુઓની સાથે સાધુઓની પંક્તિઓમાં ધીમે ધીમે ફરીને તેમનાં પાત્રોમાં જલેબી પીરસી. પછી હે સંતો ! તમે જલેબી લ્યો એમ જલેબીનું નામ બોલીને તે પ્રભુએ હાથમાં જલેબી લઈને સાધુઓની પંક્તિઓમાં ફરી ફરી કોઈ પાત્રમાં પાંચ પાંચ તો કોઈમાં ત્રણ ત્રણ તો કોઈનામાં બબ્બે ઘુંચળા નાંખ્યા. તે સર્વે મુનિઓ પોતપોતાના પાત્રમાં શ્રીહરિના હાથમાંથી જલેબી લેતા હતા પણ તેમાંથી કેટલાકે જ્યારે અડધી જલેબી ન લીધી ત્યારે શ્રીહરિ તેમના આડા મુખમાં જલેબી ઘાલીને તેમને તૃપ્ત કર્યા. તે શ્રીહરિએ સંતોને તર્પણ કર્યા અને તેથી વારંવાર હાથ હલાવીને ‘‘બવે બહુ થયું’’ એમ ના પાડતા સંતો પ્રત્યે પ્રભુ બોલ્યા હે નિષ્પાપો ! જો તમે શ્રધ્ધાથી મારી આપેલી એક જલેબી લેશો તો હું પ્રીતિથી તમારા હ્રદયમાં તથા મસ્તક ઉપર એક ચરણ કમળ મુકીશ અને હે સંતો જો તમે મને રાજી કરવા માટે બબ્બે જલેબીઓ અને એક મોતૈયો એક વાર પણ લેશો તો તમારા અંતરમાં, મસ્તકે તથા હ્રદયમાં બબ્બે ચરણકમળો આપીશ.

શ્રીહરિએ મુનિયોને એમ કહીને તેમનાં હ્રદય તથા મસ્તક ઉપર પોતાનો એક ચરણ ધાર્યો તથા તેમનાં પાત્રોમાં એકેક જલેબી પીરસી. તે મુનિયો જમતા હતા તે વખતે તેમનાં હ્રદય તથા મસ્તક ઉપર પોતાનાં બબ્બે ચરણકમળો ધારણ કર્યા અને આખી પંક્તિમાં મુનિયોનાં વાસણોમાં બબ્બે જલેબીઓ અને એકેક મોતૈયો પુનઃ પીરસ્યા. પછી તે પીરસવાની ક્રિયાના દર્શન કરનારાઓએ પોતપોતાનાં પાત્રોમાં જે નાના પ્રકારની વસ્તુઓ મુકી હતી તે સર્વે જમતા હતા. પછી રસોઈયાએ પ્રીતિથી ભાત તથા તે પછી દૂધ પીરસ્યાં. તે દૂધ પીરસતી વખતે પોતાના હાથની અંજલી ભરીને દળેલી ઘણી સાકર નાંખતાં નાંખતાં મુનિયોની પંક્તિમાં ફર્યા.

## શ્રીહરિએ મહાનુભાવાનંદ સ્વામીને ચરણારવિંદનો મહિમા કહ્યો

શ્રીહરિએ સારંગપુરમાં ૧૮૬૮ ની સાલમાં ફૂલદોલનો સમૈયો કરાવ્યો. ત્યાં દેશ દેશના હરિભક્ત આવ્યા ને જેતલપુરથી મહાનુભાવાનંદ સ્વામી આદિ ત્રીસ મૂરત આવ્યા ને શ્રીજીમહારાજના ચરણારવિંદ ચાંપતા હતા. તે પોતે પાછા તાણી લીધા. પછી મહાનુભાવાનંદ સ્વામીએ કહ્યું જે, ‘‘હે મહારાજ ! આ ચરણારવિંદ સારું તો લોકના તિરસ્કાર ઘણાક સહન કરીએ છીએ ને ગામોના લોકો માથે ધૂળ નાંખે છે ને ગામમાંથી કાઢી મૂકે છે તે ચરણારવિંદ કેમ તાણી લ્યો છો ?’’

પછી મહારાજે કહ્યું જે, ‘‘તમે તો તીર્થવાસીની પેઠે કરોછો. જેમ એક તીર્થવાસી હતો તે વાણિયાની દુકાનમાં ઝાડુ કાઢીને કહ્યું જે, વાણીયા ! દશ શેર સોનું લાવ. પછી તેણે કહ્યું

જે, બાવા ! સોનું શેનું માંગો છો ? પછી તીર્થવાસી બોલ્યો જે મેં તેરી દુકાન મેં ઝાડુ નિકાર્યા હે ઈશિકા. પછી વાણીયે કહ્યુંજે, "બાવા ! કાંઈ ઘેલા છો કે શું ? દશ શેર સોનું શેનું થાતું હશે ? તેની પેઠે તમે કરો છો જ લગારેક ધૂળ નાખીને ગામમાંથી કાઢી મૂક્યા તેટલામાં આ ચરણારવિંદ મળે છે ? એના સારું તો કેટલાક જોગી વનમાં જઈને હજારો વરસ તપ કરે છે ને માથે ઉધઈ રાફડા કરે છે તોય સ્વપ્નમાં ભગવાનનાં દર્શન થાતા નથી ને તમારા જેવા પ્રેમી તો કેટલાય ભાગી ગયા ને ઘણો પ્રેમ દેખાડતા હતા ને તે ઘરમપુરમાં પરમ ચૈતન્યાનંદ જઈને બેઠા છે. પછી મહાનુભાવાનંદ સ્વામીએ કહ્યું જે, "એવું તો કોઈ દિવસ ન થવાય." પછી શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને પોતાના ચરણારવિંદ લાંબા કર્યા ને મહાનુભાવાનંદ સ્વામી ચાંપવા લાગ્યા. ત્યારે પરમાનંદ સ્વામી પણ ચાંપવા લાગ્યા તે બેય જણે સારી પેઠે દાબીને તે ચરણારવિંદને પોતાના મસ્તક ઉપર લીધા ને છાતીમાં લીધા. એમ બહુવાર સુધી સેવા કરીને ત્યાં હુતાશનીનો ઉત્સવ કર્યો.

## વડનગરના જયચંદ વણિકને ચરણારવિંદમાં ચિન્હ જોઈને નિશ્ચય થયો

શ્રીહરિ વડનગર પધાર્યા અને ભક્તોને ખૂબ જ દર્શનનું સુખ આપતા સતા નાગધરે પધાર્યા. તે વખતે નગરના સર્વેજનો તથા કટેલાક મુખ્ય વણિકો અને વિપ્રો ત્યાં પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારયણ ભગવાનનાં દર્શન કરવા માટે આવ્યા, અને ભાવપૂર્વક દર્શન તથા વસ્ત્ર અલંકારોથી પૂજન નમન કરીને સર્વે આનંદયુક્ત થઈ શ્રીહરિની સન્મુખ બેઠા. તેમા જયચંદ નામે વણિક શ્રીહરિના બંને ચરણારવિંદમાં ઉર્ધ્વરેખાદિક સોળ ચિન્હો જોઈને આ શ્રીહરિ સાક્ષાત્ પુરુષોત્તમ ભગવાન છે એમ જાણીને તેમનો આશ્રય કરી ભજન કરતા હતા.

## ગઢપુર મંદિરની સેવામાં ભક્તોને શ્રીહરિ પ્રસન્ન થઈ ચરણારવિંદ છાતીમાં આપતા

શ્રીજીમહારાજ ગઢપુરમાં બિરાજમાન હતા અને ગઢપુર મંદિરનું કામ ખુબ ઝડપથી ચાલતું હતું તેમાં પાયા પુરવાનું કામ પત્થરોથી થતું હતું. તેમાં જે સંતો સેવાઓ કરતા તેમને મહારાજ પ્રસન્ન થઈને પોતાનો જમેલ પ્રસાદ તથા પીધેલ પાણી આપતા તથા સંપૂર્ણ કાર્યના અંતે સેવાભાવી સંતોની પાસે જઈને સર્વને ભેટતા તથા કેટલાક સંતોને પોતાના પુનિત ચરણારવિન્દો છાતીમાં આપતા. એ પ્રમાણે પરમકૃપાળુ, શ્રીહરિ ત્રણ શિખરોવાળું મનોહર મંદિર કરાવરાવીને શુભ મુહૂર્તમાં વેદોક્ત વિધિપુરઃસર "ગોપીનાથજી" આદિ મૂર્તિઓનો સ્થાપનાવિધિ સદ્ગુરુ નિત્યાનંદ સ્વામીને સાથે રાખી સંપૂર્ણ રીતે પૂર્ણ કર્યો.

## જંત્રાલ ગામના બ્રાહ્મણોને ચરણકમળમાં ચિન્હ જોઈ નિશ્ચય થયો

એક સમયે શ્રીહરિ જંત્રાલ ગામની ભાગોળે આવીને બેઠા હતા. ગામમાં ખબર પડતાં, ગામના બ્રાહ્મણો ત્યાં આવ્યા અને શ્રીહરિના ચરણમાં સોળ ચિન્હો જોઈને બોલ્યાં કે, તમો તો સાક્ષાત્ પરાત્પર અવતારી ભગવાન છો. આવો તેમને શ્રીહરિ વિષે ભગવાનપણાનો નિશ્ચય થયો.

## ધૂવા ગામના પ્રાણનાથ વિપ્રને શ્રીહરિએ વસ્ત્રમાં ચરણારવિંદ પાડી આપ્યા

ધૂવા ગામના પ્રાણનાથ વિપ્ર શ્રીહરિના આશ્રિત હતા. અને અખંડ શ્રીહરિનું સ્મરણ કરતા હતા અને દરરોજ શ્રીહરિની પ્રતિમાનું પૂજન કરતા હતા. એક વખત તેમના સંકલ્પને જાણી અંતર્યામી ભગવાન સાક્ષાત્ પ્રગટ થઈ વસ્ત્રના ટુકડામાં પોતાના ચરણારવિંદ પાડીને તેમને આપતા હતા. આમ શ્રીહરિ ભક્તોના મનોરથ પૂર્ણ કરવા દિવ્ય સ્વરૂપે પધારતા હતા.

## મોટેરા ગામમાં જળલીલામાં ચરણોદક તથા છાતીમાં ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા

શ્રીહરિ મોટેરા પધાર્યા હતા અને સાબરમતી ગંગામાં સ્નાન લીલા કરતા શ્રીહરિ અગાધ જળમાં જળના ઓઘ સન્મુખ રહેતા હતા તે શ્રીહરિને ચારે બાજુ વિંટાઈને રહેલા સર્વે મુનિ અને ગૃહસ્થો તે પ્રભુને પ્રસન્ન કરવા શ્રીહરિના અતિ ઉજ્જવળ યશથી કીર્તનો ગાવા લાગ્યા. કેટલાક મુનિ ગૃહસ્થો તો અનેક જન્મોનાં પાપરૂપ પર્વતોને તોડવામાં વજરૂપ શ્રીહરિના ચરણોદક પીતા હતા. કેટલાક તો પગવડે શ્રીહરિના ફરતા તરતા હતા, કેટલાક હાથોથી અને કેટલાક તો એક પડખાથી અને કેટલાક તો ચત્તા પાટ સૂઈને શ્રીહરિની આસપાસ તરવા લાગ્યા.

પછી નદીમાંથી જલદી બહાર નીકળી વસ્ત્રો ધારણ કર્યા. પોતાના ભક્તોએ યશોગાન કરાતા સ્વયં શ્રીહરિ નદી તીરે રહેલ સ્ત્રી સમુહને ત્યાંથી પાછો વાળી જલદી ઘોડેશ્વાર બની ગામમાં પધાર્યા અને શ્રીહરિની પૂજા માટે પૂજા પાત્રો, વાજિંત્રો વગડાવતા સતા શ્રીહરિનું સન્માન કરી શ્રીહરિને નમ્યા. ત્યારબાદ પુરુષોત્તમાદિક ભક્તો યથાયોગ્ય શ્રીહરિના કોમળ ચરણ યુગલની પૂજા કરતા હતા. પછી પ્રસન્ન થઈને શ્રીહરિએ તે ભક્તોના હૃદયમાં દિવ્ય ચરણારવિંદ આપતા હતા.

## ઉમરેઠમાં ભક્તોને પૂજવા માટે કાગળ અને વસ્ત્રમાં શ્રીહરિએ હીંગળોકથી ચરણારવિંદ પાડી આપ્યા

શ્રીહરિ ઉમરેઠ પધાર્યા તે ગામના ભક્તજનો એવા નરભેરામ તેમના પુત્ર નરોતમ તથા ગંગાદત્ત, નંદરામ, મલુકરામ, અર્જુન, હરિ અને ઈશ્વર ઈત્યાદી સર્વ બ્રાહ્મણો તથા બીજા

અનેક ભક્તજનોએ ખૂબ સેવા કરી અને શ્રીહરિ રૂપરામ વિપ્રના ઘરે નિવાસ કર્યો. અને શ્રીહરિની સ્તુતિ કરી, ભોજન જમાડ્યા. પછી સર્વે ભક્તજનોએ શ્રીહરિની પ્રાર્થના કરેલા એવા શ્રીહરિએ પોતાના ભક્તજનોને પૂજવા માટે કૃપા કરીને કાગળ તથા વસ્ત્ર ઉપર હીંગળોકથી પોતાનાં ચરણારવિંદ પાડીને સર્વેને આપતા હતા.

## મહારાજે સાધુની છાતીમાં ચરણારવિંદ આપ્યા

શ્રીજીમહારાજ વડતાલ પધાર્યા હતા ને શ્રીહરિ જયંતિ હોવાથી સંતો પણ ખૂબ આવેલા હતા ને અમદાવાદના હરિભક્ત ત્રાંસા લઈને આવ્યા અને આંબલીના વૃક્ષ તળે મહારાજ ઉતર્યા અને ચારેકોર ગામે ગામના હરિભક્ત ઉતર્યા. પછી રામનવમીનો ઉપવાસ કર્યો ને સાધુ સર્વેને આજ્ઞા કરી જે પૂજા કરો. પછી સાધુએ ચંદન ઉતારીને ચંદન તથા પુષ્પે મહારાજની પૂજા કરવા માંડી, નૃસિંહાનંદ સ્વામી તથા આત્માનંદ સ્વામી ચંદન લઈને આવ્યા તે સાધુની ભીડ ઘણી તે નૃસિંહાનંદ સ્વામી તો ગયા ને આત્માનંદ સ્વામી તો જઈ શક્યા નહિ, તે હાથમાં ચંદન રાખીને ઉભા રહ્યા. પછી મહારાજ હસતા જાય ને સામું જોઈ રહ્યા. ઘણીવાર ઉભા રહ્યા તો પણ માગ થયો નહિ. પછી ચંદનનો કટોરો આત્માનંદ સ્વામીના હાથમાંથી શ્રીહરિએ પોતાના હાથમાં લઈને જમણે હાથે પોતાને શરીરે ચંદન ચર્ચ્યું. એવી રીતે સાધુ સર્વેએ પૂજા કરી. પછી મહારાજે સાધુને છાતીમાં ચરણારવિંદ આપ્યા. પછી આરતી ધૂન થઈ.

## ગઢાળીમાં શ્રીહરિએ હરિભક્તોની છાતીમાં ચરણારવિંદ આપ્યા

ગઢાળીમાં આંબા શેઠને ઘેર વિષ્ણવાનંદ સ્વામીએ મહારાજને માટે થાળ કર્યો હતો ત્યાં મહારાજ પધાર્યા. પછી ત્યાંથી જમીને ઉઠ્યા, ત્યારે આંબે ભક્તે કહ્યું જે, આ હરિભક્તને છાતીમાં ચરણારવિંદ આપ્યો. ત્યારે મહારાજે સર્વે હરિભક્તને ચરણારવિંદ આપ્યા પછી એક જીવો રહી ગયો અને મહારાજ ચાલ્યા ત્યાં ખડકીમાં સામો આવ્યો, ત્યારે આંબે ભક્તે કહ્યું જે, સૂઈ જા. પછી જીવો સૂતો. તે મહારાજે ચરણ છાતીમાં આપ્યા.

## ધોલેરા મંદિર માટે બરવાળાથી કાંકરીના ગાડા લાવે તેને ચરણારવિંદ આપવા છે

ગઢપુરથી મહારાજ ધોલેરા જવા ચાલ્યા તે ઓતારીએથી પગપાળા આવ્યા અને ફરજામાં ઠાકોરજી પધરાવ્યા હતા તેને નમસ્કાર કરીને ઓસરીએ ઢોલિયા ઉપર મહારાજ વિરાજમાન થયા અને પછી ઉનું પાણી પાણી કરીને ફરજાથી દક્ષિણાદે કોરે બાજોઠ ઉપર બેસારીને નવરાવ્યા.

તે પૂંજાભાઈએ મર્મ કર્યો જે, ઝાઝુ પાણી લાવજો, નહિ તો કહેશે જે, ભાલમાં ગયા તે નહાવા પાણી ન મળ્યું, એમ બોલ્યા ત્યારે મહારાજ હસ્યા. પછી નહાવા પાણી ન મળ્યું, એમ બોલ્યા ત્યારે મહારાજ હસ્યા. પછી નાહીને વસ્ત્ર બદલીને મહારાજ ચાલ્યા અને આત્માનંદ સ્વામીએ મહારાજ ઉપર છત્રી ઝાલી, એ રીતે ચાલ્યા તે હમણાં ઠાકોરજી છે ત્યાં પાળ હતી ત્યાં ઉત્તર મુખે પગભર બેઠા. અને પૂંજાભાઈને મહારાજે કહ્યું જે, આ ઠેકાણે મંદિર કરવું. છેવાડું જાણશો મા. વસ્તી ફરતી થઈ જાશે. એમ રીતે મંદિરની ભલામણ પૂંજાભાઈને કરી. પછી મહારાજ ત્યાંથી ઉઠ્યા તે રસોઈ થાતી ત્યાં ચુલા પાસે આવીને બેઠા, અને મહારાજ તાપતા હતા ત્યાં રસોઈ થઈ. તે મહારાજ જમવા બેઠા અને જમીને ફરજામાં ભૂમિ ઉપર ગાદલું નખાવીને પોઢ્યા, અને આત્માનંદ સ્વામીને બોલાવીને કહ્યું જે, વાંસડા છે માટે દેવતાની ખબર રાખજો. પછી મહારાજ સાંજના આવીને ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા અને સભા ભરાઈને બેઠી, અને મહારાજે સાધુને ચરણારવિંદ છાતીમાં આપ્યા પછી હરિભક્ત પણ ચરણારવિંદ લેવા તૈયાર થયા ત્યારે મહારાજે કહ્યું જે, ચરણારવિંદમાં તો ગાડાં રહ્યા છે, માટે જેને જેટલી પહોંચ હોય તેટલા બરવાળેથી કાંકરી મંગાવીને દે. ત્યારે વસ્તે ખાચરે દશ ગાડાં મંગાવ્યા એ રીતે પહોંચ પ્રમાણે સૌ હરિભક્તે ગાડાં દેશ ગાડાં મંગાવ્યા અને સૌએ ચરણારવિંદ લીધા, પછી મહારાજ રાત રહીને વડતાલ પધાર્યા.

## ભુવાલડીના રાઈજીભાઈને ચરણારવિંદમાં ચિન્હ જોઈને નિશ્ચય થયો

એકવાર શ્રીજીમહારાજ ભુવાલડી પધાર્યા ને ત્યાં મુક્તાનંદ સ્વામી આદિ સંત મંડળ સહિત પોતે પટેલની ખડકીમાં રસ રોટલીની રસોઈ થઈ હતી ત્યાં થાળ જમીને સર્વે સંતને જમાડીને પછી પોતે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી પટેલ રાઈજીભાઈ શ્રીજીમહારાજના ચરણારવિંદને વિષે ઉર્ધ્વરેખા આદિક ચિન્હ જોઈને શ્રી પુરુષોત્તમપણાનો નિશ્ચય કરતા હવા. પછી તેમણે વર્તમાન ધરાવ્યા. પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, તમે સવારમાં આવજો. એમ કહીને પોતે ડુંગરજી આદી પાળા લઈને ગામ વહેલાલ પધાર્યા.

## જેતલપુરમાં મુક્તાનંદ સ્વામી આદિ સંતોને છાતીમાં ચરણારવિંદ દીધાં

શ્રીહરિ વડતાલથી જેતલપુર પધાર્યા. ત્યાં મુક્તાનંદ સ્વામી આદિ સર્વે સંતને તેડાવ્યા તે સર્વે સંત આવીને શ્રીજીમહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને છાતીમાં ચરણકમળ લેતા હવા ને દર્શન કરતા થકા ત્યાં રહેતા હવા. પછી પોતે ત્યાં પાંચ દિવસ રહીને સર્વે સંતને દેશ દેશ પ્રત્યે ફરવાની આજ્ઞા આપીને પોતે ગઢડે પધાર્યા.

## સુવાસિનીબાઈ તથા વસુમતીબાઈએ આંસુથી શ્રીહરિના ચરણારવિંદને પલાળી દીધાં

શ્રીહરિ ગઢડેથી કારિયાણી પધાર્યા. ત્યાં રામપ્રપાતભાઈને ઈચ્છારામભાઈ એ બેની ધર્મપત્નીઓ સુવાસિનીબાઈને વસુમતીબાઈ એ બે પોતાના સંબંધીએ સહિત ત્યાં આવતા સાંભળીને પોતે સામા ગયા. તે બન્ને મેનામાંથી ઉતરીને મહારાજના ચરણમાં માથુ મેલીને પગે લાગ્યા ને હેતના જે આંસુ તેણે કરીને ચરણારવિંદને પલાળી દીધાં. પછી પોતે રઘુવીરજી મહારાજના મામા જે સુફળ તેમને કહ્યું જે, ''એમને કહી દો પગ છોડી દે'' ત્યારે મામાએ કહ્યું જે, 'પગ છોડી દો.' ત્યારે પગે લાગીને મેનામાં બેસીને મહારાજ ભેળા ગામમાં આવ્યા. ત્યારે પોતે બ્રહ્મચારીને કહ્યું જે, 'જમવા પધારો.' ત્યારે પોતે પધાર્યા ને જમવા બેઠા. ત્યારે સુવાસિનીબાઈએ પોતાના બાળચરિત્રની વાર્તા કહેવા માંડી ત્યારે પોતે હસતા થકા તેમને દેશની વાતો પૂછીને સુખી કર્યા. પછી જમીને પોતાને ઉતારે પધાર્યા.

## આમોદ ગામના હરજીવન શેઠને છાતીમાં શ્રીહરિએ ચરણારવિંદ આપ્યા

શ્રીજીમહારાજ આમોદ પધાર્યા ને શેઠ હરજીવનને ઘેર ઉતર્યા. પછી તેમણે કહ્યું જે, 'પધાર્યા તે બહુ સારું કર્યું માટે આજ રહીને જવાશે.' ત્યારે પોતે બોલ્યા જે, 'તમે સંતને જમાડજો.' અમે તો બુવે જઈને જમશું. એમ કહીને ગુલાબ મોટાના ઉતારે મેડી ઉપર થોડુંક પોઢીને ચાલ્યા તે માર્ગમાં વિસામો એક આવ્યો. પોતે ઘોડેથી ઉતરીને આસન નાખ્યું તે ઉપર વિરાજ્યા ને ત્યાં બરફીને દૂધ, પેંડા હરજીવન શેઠે મહારાજની પાસે મેલ્યા ને મમરા લાવ્યા તે અસવાર ને પાળાને આપીને પોતે એમ બોલ્યા જે આ જગ્યા ઘણી સારી છે તે આંહી એંધાણ કરજો. એમ શેઠને કહીને ચરણારવિંદ છાતીમાં દઈને પછી ઘોડે અસવાર થઈને ચાલ્યા તે રસ્તામાં નાગમાલે પૂછ્યું જે હે મહારાજ ! આ તે શું ખાવાનું તમે આપ્યું ? પછી પોતે બોલ્યા જે એ તો મમરા છે. ત્યારે નાગમાલે કહ્યું જે, ''ભણે મમરા તે કાણું ?'' એમ કહીને ખાતા ખાતા ચાલ્યા ત્યારે મહારાજે કહ્યું જે, નાગમાલા ! બુવાનો માર્ગ પૂછો. ત્યારે તેમણે ઘોડી આગળ કરીને વગડામાં કોઈક માણસ હતો. તેને સાદ કરીને પૂછ્યું જે, ''એ ભણે મમરાનો મારગ કીસે ?'' ત્યારે સુરા ખાચરે કહ્યું જે, ભણે તારો મૂંડો એ મમરાનો માર્ગ'' ત્યારે મહારાજ મુખ ઉપર રૂમાલ દઈને ઘણુંક હસતા થકા રમૂજ કરતા કરતા ગામ બુવે પધાર્યા.

## સાકર, ગોળ તથા ચીભડાંમાં ચરણારવિંદ

શ્રીહરિએ ગઢપુરમાં બારસના દિવસે પોતે પારણા કરીને સંતને પીરસીને જમાડ્યા ને દાદા ખાચરે ચંદન પુષ્પના હાર પહેરાવીને પૂજા કરી. પછી બીજી એકાદશી પારણામાં આવી

ત્યારે ડોશીએ કહ્યું જે, સંતને લાડુનું ફરાળ કરાવો. ત્યારે મહારાજે કહ્યું જે, "એકાદશીને દિવસે અન્ન કેમ ખવાય ?" માટે તલના લાડુ કરાવીને દહીં દૂધ ભેળું કરાવો. પછી તેમણે તેમ જ કર્યું. પછી પોતે એકાદશીએ દિવસ લાડુબાઈની ઓસરીને ઢોલીયાથી ચાર પાંચ આંગળ ચરણારવિંદ બહાર રાખીને તકિયાનું ઓઠીંગણ દઈને પોઢ્યા ત્યારે એક હરિભક્તે સાકરની થાળી ભરીને મેલીને છાતીમાં ચરણારવિંદ લીધા.'

ત્યારે સર્વ હરિભક્તે જાણ્યું જે, 'મહારાજની સાકર લાવ્યાની મરજી છે.' એમ જાણીને સર્વે જન સાકર લઈ આગળ મેલીને છાતીમાં ચરણારવિંદ લે. પછી ખીમો સુતાર ગોળનું બેલું આગળ મેલીને છાતીમાં ચરણારવિંદ લેવા ગયા ત્યારે પોતે તાણી લીધા. ત્યારે તેણે કહ્યું જે, કેમ ચરણારવિંદ તાણી લ્યો છો ? ત્યારે પોતે બોલ્યા જે, 'ગોળ લાવે તે બ્રહ્માનંદ સ્વામીને પગે લાગે.' ત્યારે તેમણે કહ્યું જે, "નકટી નો વર જોગી." ત્યારે પોતે મુખે રૂમાલ દઈને બહુ હસ્યા ને તે ખીમા સુતાર રૂપિયાની સાકર લાવીને પગે મેલીને ચરણારવિંદ લેવા ગયો ત્યારે પોતે તાણી લીધા. ત્યારે ખીમા સુતારે કહ્યું જે, 'હે મહારાજ ! ગોળને સાકર બન્ને લીધા તોય કેમ ચરણારવિંદ તાણી લ્યો છો ?" ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ! હવે તો દયા કરો.' ત્યારે પોતે ખીમાસુતારને ચરણારવિંદ છાતીમાં આપ્યાં.' ત્યારે તે સમે અજુ ભક્તે ચીભડાની ગાંસડી મેલી ત્યારે તેને પોતે ચરણારવિંદ છાતીમાં આપ્યા. ત્યારે ખીમા સુતારે કહ્યું જે, 'ભગવાનનાં ઘરમાં એવો કેવો ન્યાય જે ચીભડાવાળાને ચરણારવિંદને ગોળવાળાને નહિ.' પછી પોતે બોલ્યા જે, 'એ તો નવે નવા છે વાસ્તે આપ્યા.' એમ કહીને પોતે જમીને સંતને તલસાંકળી, દહીં, દૂધ ને સાકર પીરસીં તૃપ્ત કર્યા. પછી વ્રત પુરું થઈ રહ્યું ત્યારે સંતે મહારાજની ચંદન પુષ્પ વતે કરીને પૂજા કરીને છાતીમાં ચરણારવિંદ લીધા.

## પ્રભુના પગ તો દૂધે ધોવાય

ગઢાળીના આંબા શેઠે શ્રીજીમહારાજને કહ્યું જે, 'મારે સંતને જમાડવા છે તે તમે આજ્ઞા કરો તો હું રસોઈ કરાવું.' ત્યારે પોતે કહ્યું જે, "બહુ સારું સંતને તેડી જાઓ.' પછી મહારાજની આજ્ઞાએ કરીને મોટા પ્રજ્ઞાનંદ સ્વામીને સવિજ્ઞાનંદ સ્વામી વગેરે સંતોને લઈને ગઢાળીએ ગયા. ને ત્યાં મોતિયા લાડુ તૈયાર કર્યા. પછી આંબા શેઠ મહારાજને તેડવા સારુ વ્હેલા ગઢડા આવ્યા. ને કહ્યું જે, મહારાજ 'બાઈઓને ભેળા લો.' ત્યારે મહારાજે મોટીબાને લાડુબાને કહ્યું જે, "તમે ભેળા ચાલો." ત્યારે તે પણ ભેળા ચાલ્યા. પછી સંત મંડળે સહિત પોતે ચાલ્યા તે મારગમાં પોતે બહુ વાર છોડી ફેરવી. પછી ગામ સમીપે ગયા ત્યારે ઢોલ, શરણાઈને ઝાંઝ, મૃદંગ લઈને હરિજન સામા આવીને સર્વેને ગુલાબ નાંખ્યો. મહારાજને, પાર્ષદ ઉપર ગુલાલ નાંખીને ઉત્સવ કરતા થકા ગામમાં ગરાસિયાના ફળિયામાં ઉતાર્યા.

આંબા શેઠે કહ્યું જે, “હે મહારાજ ! રસોઈ થઈ છે. ત્યારે પોતે તેમને ઘેર પધાર્યા. ત્યારે મહારાજ ચરણારવિંદ દૂધે કરીને ધોયા. ત્યારે પોતે કહ્યું જે, ‘આ શું કરો છો ?’ ત્યારે આંબા શેઠે કહ્યું જે, ‘પ્રભુના પગ તો દૂધે ધોવાય.’ ત્યારે પોતે હસીને જમવા પધાર્યા. ને જમી રહ્યા ત્યારે આંબા શેઠે મહારાજની પૂજા કરી. પછી પોતે સંતને પીરસવા પધાર્યા તે એક હાથમાં બે બે મોતિયા લાડુ લઈને બે કોરે પંગતમાં પીરસીને સંતને સારી પેઠે જમાડીને હાથ ધોઈને ભક્તજનના મનોરથ પૂર્ણ કરીને પાછા ગઢડે પધાર્યા.

## વડતાલમાં માંદા સંતોને છાતીમાં ચરણારવિંદ આપ્યા

શ્રીહરિ ગઢપુરથી વડતાલ પધાર્યા. અને દશેરાનો ઉત્સવ આવ્યો ત્યારે પોતે અસવારી કરીને સર્વે સંત, પાળને અસવારે વિંટાણા થકા ગોમતીને કાંઠે ગયા. પછી વાસુદેવાનંદ બ્રહ્મચારીએ મહારાજને વિધિ સહિત જમાડી પૂજન કરાવ્યું ને બામરોલીના માર્ગે ઘોડા ફેરવીને વાજતે ગાજતે મંદિરમાં પધાર્યા ને દશેરાના સમૈયામાં સ્વયંપ્રકાશાનંદ સ્વામી મંડળે સહિત ગઢડેથી આવ્યા. તેમને પોતે મળ્યા ને પાસે રાખ્યાં. પછી સર્વે માંદા પડ્યા ત્યારે તેમને પોતે જોવા પધાર્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યા ને સર્વેને હાર આપ્યા ને તેમને પૂછ્યું જે, ‘તમે જમવાનું કેમ કરો છો ?’ ત્યારે ભૂમાનંદ સ્વામીએ કહ્યું જે, ‘અમે તો માંદા છીએ તે કોઈ રાંધી ખવડાવનારા નથી.’ પછી પોતે બોલ્યા જે, ‘તમે સાધુ મોકલજો.’ મારા થાળામાંથી જે જોઈએ તે લઈ જાય. ત્યારે નારાયણાનંદ સ્વામી સર્વેના પતર લઈ જાય તે સર્વેને પતર ભરીને પ્રસાદી આપે. એમ પંદર દિવસમાં સર્વે સાજા થયા.

## વડોદરાના સયાજીરાવે શ્રીહરિના ચરણ ધોઈ જળ માથે ચડાવ્યું

શ્રીહરિ વડોદરા સયાજીરાવના આમંત્રણથી પધાર્યા ત્યારે ભવ્ય શ્રીહરિની સવારી નીકળી હતી. તે વારી ફરતી ફરતી માંડવીને તળે આવ્યા. ત્યારે સરકારી બાઈઓએ સોના રૂપાના ફૂલે કરીને વધાવ્યા ને સરકારની હવેલીને સમીપે આવ્યા. ત્યારે સરકારી બોલ્યા જે, ‘પધારો મહારાજ ! ત્યારે પોતે હાથી ઉપરથી ઉતર્યા.’ ત્યારે સયાજીરાવે ચરણમાં પડીને મહારાજનો હાથ ઝાલીને પોતાની હવેલીમાં ભારે આસન ઉપર પધરાવ્યા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વમી ને દાદા ખાચર આદિ પાર્ષદ જે મહારાજના તેમને પણ સારાં આસન ઉપર બેસાડીને પછી મહારાજના ચરણારવિંદ ધોઈને તે જળ પોતાને મસ્તકે ચડાવીને પુષ્પના હાર કંઠને વિષે પહેરાવ્યા ને સોનેરી ડગલી પહેરાવીને દુશાલો ઓઢાડ્યા ને મસ્તકે ભારે મંડિલ સોનેરી બંધાવ્યો ને હીરા જડિત ભારે શિરપેચ બંધાવ્યો. હસ્તને વિષે નંગજડિત કડાને સાંકળા પહેરાવી કંઠમાં મોતીની માળાને હીરાજડિત ભારે કંઠા ભરણ પહેરાવીને

ગળ મીઠાઈને મેવા મેલીને આરતી ઉતારી. પછી સ્તુતિ કરવા માંડી જે, 'હે શ્રી નારાયણ ! હે અખિલ લોકપતિ ! હે પરમ પુરુષ ! હે અનેક અવતારના અવતારી ! હે મહારાજ જે ચરણની રજને બ્રહ્માદિક દેવને મોટા મુનિ ઈચ્છે તોય મળતી નથી તે ચરણારવિંદનો મને સ્પર્શ થયો તે આજ મારા મોટા ભાગ્ય થયા.' અમારું રાજ્ય, ઘર ને સંપત્તિ તે તમારી છે ને હું આપનો દાસ છું. તે મુનિ આપના ચરણારવિંદને વિષે સદાય રાખજો. પછી પોતે રાજાનો એવો શુધ્ધ ભાવો જાણીને તેને અભય વર આપીને કંઠમાંથી હાર ઉતારીને પહેરાવ્યો. પછી ત્યાંથી શ્રીહરિ ચાલ્યા. ત્યારે સરકાર મહારાજનો હાથ ઝાલીને બજાર સુધી વળાવીને હાથીએ બેસાર્યા.

## શ્રીહરિએ સંતના ચરણામૃતનું પાણી ઈચ્છારામભાઈને પાયુ ને દેહ ત્યાગ કર્યો

એક દિવસ કેટલાક સંત ઉત્સવ કરીને ગાય ને કેટલાક સંત ફરીને ગાય. એમ કરતા વાદ પડ્યા તે કોઈ આળશે નહિ તે રાત છ ઘડી પાછલી રહી ત્યારે મહારાજ આવ્યા તે કોઈ ન દેખે એમ બેસીને આઠ કીર્તન સાંભળીને પછી બન્ને મંડળીઓના મધ્યમાં આવીને બેઠા. પછી પોતે બોલ્યા જે, 'સંતો ! બહુ કીર્તન ગાયા.' હવે રાખો. ત્યારે સંત સર્વે આવીને પગે લાગ્યા. ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું જે, "ફરીને ગાય ને ઉત્સવ કરીને ગાય તેમાં અધિક દાખડો કેનો ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, 'ફરીને ગાય તેમને અધિક દાખડો.' ત્યારે પોતે કહ્યું જે, 'તેમને પ્રથમ મળીએ એમ કહીને તેમને મળ્યા.' પછી ઉત્સવીયાને મળ્યા. પછી ઉત્સવીયા સર્વને આનંદ આપીને પોતે માંહી પધાર્યા. ત્યાર કેડે પોતાના ભાઈ ઈચ્છારામજી માંદા થયા ને ત્યાં સર્વ સંતને તેડાવ્યા ને તે સર્વે સંત ઈચ્છારામભાઈના દર્શન કરીને બેઠા. પછી બ્રહ્માનંદ સ્વામીએ "લગાડી તે પ્રીતિ લાલ રે" એ કીર્તન ગાયા. તેને સાંભળીને શ્રીજીમહારાજ બહુ રાજી થયા ને સર્વ પોતાના વસ્ત્ર આપ્યા. પછી પોતે સર્વ સંતના ચરણ ધોઈ તે સંતના ચરણામૃતનું જળ ઈચ્છારામભાઈને આપ્યું. (પાયું) પછી ઈચ્છારામભાઈ દેહ ત્યાગ કરીને સ્વધામ ગયા. પછી તેમના દેહને ડોળીમાં બેસાડીને સાધુ, બ્રહ્મચારી, પાળા, સત્સંગી તેમણે સહિત શ્રીજીમહારાજ ઉત્સવ કરતા થકા ઘેલાને વિષે લઈ ગયા ને ત્યાં દહનાદિક ક્રિયા કરીને ત્યાં મોટો પાણીનો ઘરો હતો તેમાં સંત ને સર્વે હરિભક્ત તેણે સહિત પોતે સ્નાન કરીને મંદિરમાં પાછા પધાર્યા તે તેમનું રૂડી પ્રકારે ખરચ કર્યું ને ત્યાં વસંત ને શિવરાત્રી સુધી વિરાજ્યા.

## સંતો કેરીઓ લાવ્યા તેથી પ્રસન્ન થઈ સંતોને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા

શ્રીહરિ ગઢપુરમાં ઓસરીયે વિરાજમાન હતા ને પ્રભૂતાનંદ સ્વામીને નરોત્તમાનંદ સ્વામી કેરીઓ લઈને આવ્યા ને પગે લાગીને કહ્યું જે, ''સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ નારાયણ કહ્યા છે ને તમારા સારુ કેરીઓ મોકલી છે.' પછી પોતે રાજી થઈને સંતને છાતીમાં ચણારવિંદ આપીને પોતે જમવાનું કર્યું. ત્યારે કેરી બહુ મોટી ને મુખમાં આવી નહિ. ત્યારે પોતે છોલીને ચીરીયો કરીને જમ્યા ને બોલ્યા જે, ''કેરીઓ બહુ સ્વાદુ છે.'' એમ કહીને સર્વે સંતને પ્રસાદી આપીને પોતે જમવા બેઠા. ત્યારે તે કેરીઓ આગળ મેલી તેની બે ચીરીયો કરીને પડીયામાં મેલી તે દહીં જમે તેમ તેમાંથી પોતે રસ જમ્યા. એવી રીતે કેરીઓને દશ દિવસ સુધી જમ્યા.

## જૂનાગઢ મંદિર માટે સેવામાં જતા ૫૦ સંતોને છાતીમાં ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા

શ્રીહરિ વડતાલમાં પધાર્યા ને મંદિરમાં ઉતર્યા. ત્યાં રહીને ઈચ્છારામભાઈની વરસી વાળી તે સર્વે સંતને જમાડ્યા ને મંદિરને વાંસે સભા કરીને વિરાજમાન થયા ને કહ્યું જે, 'સર્વે સંત ધર્માદાના દાણા માંગવા દેશમાં જાઓ.' પછી જૂનેગઢ મંદિર કરવાને અર્થે પોતે મહાનુભાવાનંદ સ્વામીને આજ્ઞા કરી જે, 'જૂનેગઢ પચાસ સાધુને મેલો.' ત્યારે તેમણે પચાસ મુરત (સાધુ) લાવીને કહ્યું જે, 'આ સંતોને જૂનેગઢ મેલો.' ત્યારે તે સંતને પોતે રાજી થઈને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને જમીને થાળ આપ્યો. પછી તે સંત પગે લાગીને જૂનેગઢ ગયા.

## આજ્ઞા પાળે તે સંત ઉપર રાજી થયા ને છાતીમાં ચરણારવિંદ આપ્યા

સંવત ૧૮૮૪ ના મહાસુદ વસંત પંચમીનો ઉત્સવ ગઢડે કર્યો તે બહુ રંગ ગુલાલ ઉડાડ્યો ને સર્વે સંતને પાચં દિવસ સુધી રાખીને જમાડી તૃપ્ત કરીને સમીપના ગામોમાં ફરવા મોકલ્યા. ત્યાર કેડે જૂનાગઢથી બ્રહ્માનંદ સ્વામીનો કાગળ લઈને ગુણાતીતાનંદ સ્વામીને પુરુષાનંદ સ્વામી આવીને શ્રીજીમહારાજને પગે લાગીને આપ્યો. ત્યારે પોતે તેમને મળીને પત્ર વાંચીને બોલ્યા જે સંત તો ફરવા ગયા છે તે તેમને કોઈ તેડવા જાશે ? ત્યારે પવિત્રાનંદ સ્વામીને દામોદરાનંદ સ્વામીએ કહ્યું જે, 'અમે તમે કહેતા હો તો જાઈએ.' ત્યારે પોતે તેમને ચાતીમાં ચરણારવિંદ આપીને હ્યું જે, 'તમે કારિયાણી જાવો ને વ્રજાનંદ સ્વામીને કહ્યું જે, ''તમે સારંગપુર જાવો.'' પછી તે બે ગામથી સંત આવીને મહારાજને પગે લાગ્યા. તેમને જોઈને પોતે બહુ રાજી થયા.

## ગઢપુર મંદિર માટે પથ્થરા કાઢે તેના ઉર પ્રસન્ન થઈને છાતીમાં ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા

ગઢપુરનું મંદિર બંધાતું હતું તેથી શ્રીહરિ પોતે નિત્ય ઘેલે ન્હાવા જાય તે નાહીને એક પથરો પોતે માથે લઈને સર્વે સંતને આજ્ઞા કરી જે, જ્યારે ન્હાવા જાવો ત્યારે એક પથ્થર લાવવો. એમ પથ્થરા મંગાવીને પાયો પુરાવવા માંડ્યો.

એક દિવસ નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું જે, ‘‘તમે સાલેમાળમાં જોઈ આવો ધોળો પથ્થર ક્યાંય છે ?’’ ત્યારે તેમણે ડુંગરમાં જઈને ખોળી કાઢીને મહારાજને કહ્યું જે, ‘પથ્થરતો બહુ સારો નીકરશે.’ ત્યારે પોતે સર્વે સંતને તેડીને ખાણ સમી કરવા ગયા તે ઘણીવાર ત્યાં રહી સમી કરાવી. પછી રામપરાનો ભાણ ખાચર આવ્યો હતો તેનો ભાવ ભૂંડો જોઈને પોતે ચાલી નિસર્યા. માર્ગમાં આવતા પોતે બહુવાર સુધી ઘોડી ફેરવીને ગઢડે આવ્યા ને પાળાને બોલાવીને કહ્યું જે, ‘‘બંદૂકો બાંધીને પાંચ જણ ડુંગર ઉપર બેસજો ને બીજા પથ્થરા કાઢજો.’’ એમ કહીને નિત્ય સંતને પાળાને પોતે પથ્થરા કાઢવા મેલે તે સાંજે આવે ત્યારે સંતને પાળાને પોતે છાતીમાં ચરણારવિંદ આપે ને નિત્ય જમીને થાળ આપે. એવી રીતે પોતે ગોપીનાથજીના મંદિરનાં પથ્થરા કઢાવ્યાં.

## તાવી ગામમાં સંતોને છાતીમાં ચરણારવિંદ આપ્યા

શિયાણી ગામથી શ્રીહરિ ચાલ્યા તે તાવી ગામ સવારમાં પધાર્યા ને ત્યાંના હરિભક્ત જેઠીભાઈ આદિ સર્વે સન્મુખ આવીને મહારાજને ગાજતે વાજતે ગામમાં પધરાવ્યા. પછી જેઠીભાઈને કહ્યું જે, ‘વાળંદને બોલાવો.’ એમ કહીને પોતે સંતને સુખડીના લાડુ આપ્યા ને રસોઈ કરવા ગયા તે સંતને છાતીમાં ચરણારવિંદ આપ્યા. પછી વાળંદે આવીને વતું (હજામત) કરવા માંડ્યું ત્યારે બહુ વસમું લાગવા માંડ્યું. ત્યારે પોતે ફેંટો લઈને માથે બાંધ્યો. ત્યારે વાળંદ કહ્યું જે, ‘અડધું વતું થયું છે.’ ત્યારે પોતે બોલ્યા જે, ‘મોટા પુરુષનું વતું તો બહુ ગામે પુરુ થાય.’ એમ કહીને તળાવની પાળે લીંબડા તળે વેદિકા ઉપર વિરાજ્યા ને તે સર્વે હરિભક્તોનો પ્રેમભાવ જોઈને પોતે બહુ વખાણ કરીને પોતે દેવળિયાને માર્ગે ચાલ્યા તે મધ્યે ગયા ત્યારે દેવળિયાના જાલમસિંહજી ખભ્ભે કોથળી ભરાવીને વાળંદને પેગડું ઝલાવીને સામા આવ્યા. ત્યાં એક ડોળી તલાવડી આવી ત્યાં પીપર તળે પોતે વિરાજમાન થઈને વાળંદ પાસે વતું કરાવવા માંડ્યું, ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ‘આ વાળંદ કેવો છે મારે વતું કરાવવું છે. ત્યારે મહારાજ બોલ્યા જે, ‘‘ઓલ્યો તો જીવનું જોખમ કરે એવો હતો ને આમાં દેહનું જોખમ થાય એટલો સારો છે.’’ આવી માનુષી લીલા આ ડોળી તલાવડીએ કરીને એક દર્શનીય અને રમણીય સ્થાન બનાવ્યું છે. ત્યાં ચરણારવિંદ તથા હનુમાનજી (બ્રહ્માનંદ સ્વામીએ) પધરાવ્યા છે.

## કુશળકુંવરબાઈને પૂજવા માટે શ્રીહરિએ ચરણારવિંદ આપ્યા

શ્રીહરિ ધર્મપુરમાં દોઢ માસ કુશળકુંવરબાઈના પ્રેમને વશ થઈને રહ્યા ને ખૂબજ દર્શનનું સુખ આપ્યું. 'મહારાજ કહે હવે અમે ઘણું રહ્યા ને હવે રાજી થઈને અમને રજા આપો.' એવાં વચન સાંભળીને બાઈ તો બહુ દિલગીર થયાં અને મૂર્છા આવવાથી પૃથ્વી ઉપર ઢળી પડ્યાં, તેને જોઈને મહારાજ પણ એમની ઉપર બહુ પ્રસન્ન થઈને બાઈને ઉઠાડીને, પોતાના સ્વરૂપ સંબંધી જ્ઞાનની તથા ધીરજતાની ઘણી વાતો કહી. ત્યારે કંઈક ધીરજ પામીને મહારાજ પ્રત્યે બોલ્યા કે, 'મને નિત્ય પૂજવા માટે આપનાં ચરણારવિંદ પાડીને આપો અને અનન્ય ભક્ત મારા થકી દૂર રહેશો નહિ અને હું જે સમયે સંભારું તે સમે તત્કાલ આવાં ને આવાં દર્શન મને થાય. આવો વર મારી ઉપર દયા લાવીને આપો.' આ વાતને સાંભળીને મહારાજે વર આપીને તથા પૂજવા માટે ચરણારવિંદ પાડી આપીને બાઈની છેલ્લી રજા માગીને દરબારમાંથી ઉતારા ઉપર આવ્યા.

## વાંસદાના રાજાને શ્રીહરિએ ચરણારવિંદ પાડી આપ્યા

શ્રીહરિ ધર્મપુરથી ચાલ્યા તે વાંસદા ગયા ત્યાંના રાજા અનેક પ્રકારના વાજિંત્રો, ડંકો, નિશાન, અબદાગીરી આદિક સામૈયાની સામગ્રી લઈને બહુ હર્ષથી સન્મુખ આવ્યા. મહારાજનાં દૂરથી દર્શન કરીને દંડવત્ પ્રણામ કરીને પાસે આવ્યા અને મહારાજને ચંદન, પુષ્પ, હારો, શ્રીફળ વગેરેની ભેટ મૂકીને સવિનય પગે લાગીને કહ્યું કે, 'સ્વારીએ સહિત શહેરમાં સર્વેને દર્શન દેતા થકા પધારો' તે સાંભળીને મહારાજે તેમ કરવાની હા પાડી. પછી સર્વે જરિયાની વસ્ત્રો તથા ઘરેણાં ધારીને ઘોડી ઉપર બેસીને છત્ર, ચામર, અબદાગીરી વગેરેની શોભા સાથે સર્વને દર્શન દેતા થકા શહેરમાં થઈને દરબારમાં પધાર્યા. અને ખૂબ દર્શન-સેવાનું સુખ આપી આ શહેરમાં શ્રીહરિ ત્રણ દિવસ રહીને ચોથે દિને ચાલવાની તૈયારી કરતા જોઈને, રાજા સવિનય સ્તુતિ કરતા થકા બોલ્યા કે, 'હે મહારાજશ્રી અમે તો પામર હતા અને રાજ્ય મદથી અંધ હતા અને ગૃહાન્ધ કૂપમાં પડેલા અને વિષયરૂપ ચોરોએ ચોરી લીધેલા હતા. સંસાર સમુદ્રમાં અનાદિથી ડુબકાં ખાતા દુરંત દુઃખી હતા. હે દયાનિધે ! શરણાગત ઉપર દયા કરીને કર ગ્રહીને તે તમામ દુઃખોએ રહિત કર્યા. આવીને આવી જ દયા સદાય રાખજો. અને જ્યારે અમે સંભારીએ ત્યારે દર્શન દેજ્યો. અને અંતકાળે આપની પાસે તેડી લેજ્યો. એવો વર આપો. અને નિત્ય પૂજવા માટે આપનાં ચરણારવિંદ પાડી આપો.' આવી પ્રાર્થના સાંભળીને વર આપ્યો અને ચરણારવિંદ પાડી આપ્યા. પછી પોતે થાળ જમીને ઉતારા ઉપર આવ્યા.

## ઉમરેઠના ગરીબ બ્રાહ્મણે શ્રીહરિના ચરણારવિંદને આંસુથી અભિષેક કર્યો

એક દિવસે ઉમરેઠનો એક બ્રાહ્મણ, સુદામાં જેવો દરિદ્ર હતો. બીજા હરિજનો મહારાજની મહાપૂજા કરે અને થાળ જમાડે તેને જોઈને અંતરમાં અતિ પશ્ચાતાપ કરે કે, 'મારા જેવો કોઈ અભાગીઓ નહિ, કેમ કે આ સર્વે ભગવાન પુરુષોત્તમનો થાળ કરે છે અને પૂજા કરે છે, જેથી એમનાં મોટાં ભાગ્ય છે.' એમ સંકલ્પ કર્યા કરે. કારણ કે તે વખતે ઉમરેઠમાં શ્રીહરિ પધારીને ખૂબ સુખો આપી રહ્યા હતા.

એક દિવસે આંબલાની ઉત્તર દિશા તરફ આવેલા કૂવા પાસે ગામમાંથી લોટ માગી લાવીને કલાડામાં રોટલો કરીને લાખાલુંણીની ભાજી લોટામાં કરીને મહરાજનું સ્મરણ કરતો હતો. એના સંકલ્પને જાણીને મહારાજ મધ્યાહને સુતારની ઓરડીએ પોઢ્યા હતા તે એકદમ ઉઠીને બ્રહ્મચારીને કહ્યું કે, 'આપણો લોટો લાવો મારે ન્હાવા જવુંછે.' ત્યારે મહારાજે આગ્રહથી કહ્યું કે, 'બહાર જ જવું છે.' એમ કહીને સત્વર ઉઠીને મોજડીઓ પહેરીને ચાલ્યા. એટલે બ્રહ્મચારી પણ લોટો લઈને પાછળ ચાલ્યા. તે વખતે જઈને ઉભા રહીને કહ્યું કે, 'ભૂમિદેવ ! અમને ભૂખ લાગી છે તો જમવાનું જે તૈયાર હોય તે આપો. એ વાતને સાંભળીને બ્રાહ્મણે બહુ હર્ષથી કહ્યું કે, 'આ તો પંચકણીનો રોટલો અને લુંણીની ભાજી છે તે તમોને મારાથી કેમ અપાય ? અને તમારાથી કેમ જમાય ? ત્યારે વળી મહારાજે કહ્યું કે, એ તો બહુ સારી છે.' એમ કહીને પોતે જમવા બેસતા બ્રાહ્મણે બહુ હેતથી રોટલો અને ભાજી આપી અને કહ્યું કે, 'હે મહારાજ ! આ તો વિદુરજીની ભાજી તથા સુદામાના તાંદૂલ તથા શબરીનાં બોર એના જેવું સાવ લૂખ્ખું નિરસ જમણ છે. પછી રોટલો અને ભાજીને જમીને ચળુ કરીને જળપાન કર્યું. તે સમયે બ્રાહ્મણે કહ્યું કે, 'મારો ઘણા દહાડાનો રુઢ સંકલ્પ હતો તે સર્વજ્ઞ ભક્ત મનોરથ પૂરક આપે આજ પૂરો કર્યો' એમ સવિનય કહીને મહારાજનાં ચરણારવિંદમાં પડીને રોમાંચિત શરીર, ગદ્‌ગદ્‌ કંઠ થઈને આંખ્યમાં પ્રેમનાં આંસુ લાવીને ચરણારવિંદને અભિષેક કરતો થકો ઉભો રહ્યો અને વિનયસર સ્તુતિ કરતાં બોલ્યો કે, 'આપનું 'જે ભક્ત મનોરથ પૂરક' નામ છે. તે આજ સત્ય કર્યું. એમ કહીને મહારાજને પગે લાગીને ત્યાં જ બેઠો. અને મહારાજ તો ત્યાંથી ચાલીને ઓરડીએ આવીને પોઢી ગયા. ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે, 'ન્હાવું હતું ને ? આ શું કર્યું ?' ત્યારે મહારાજે કહ્યું જે, 'એ જ ન્હાયા.' એમ રમૂજ કરીને પોઢી ગયા.

## કોઠાવી ગામના પાટીદાર બાઈને શ્રીહરિએ વર આપ્યો અને ચરણારવિંદ પાડી આપ્યા

શ્રીહરિ વડતાલથી ચાલ્યા તે રસ્તામાં કોઠાવીના સીમાડામાં આવ્યા. તે ગામના એક પાટીદારના ઘરનાં બાઈ મઠ બાવટાના રોટલાં ઘડતાં હતાં, એક રોટલો બહુ સારો ફૂલીને

થયો તેને જોઈએ તે બાઈએ સંકલ્પ કર્યો કે 'આ રોટલો તો ભગવાન જમે એવો સારો છે.' પછીથી બાઈ તો મજૂર માટે રોટલા ટોપલામાં ભરીને હાથમાં મઠની દાળની ત્રાંબડી ભરેલી લઈને રસ્તામાં ચાલતાં હતાં. તે બાઈનો સંકલ્પ સિધ્ધ કરવા મહારાજ કાઠી લોકોને પાછળ રાખી પોતાની ઘોડી દોડાવીને તે બાઈની નજીક જઈને બાઈને કહ્યું કે, અમને રોટલો આપો. તે બાઈએ ટોપલો ઉતારીને એક બાજરીનો રોટલો મોટા માણસ જાણીને આપ્યો અને સાથે ભાજી આપી. ત્યારે મહારાજ કહ્યું આ રોટલો સારો નથી, એમ બે ત્રણ વાર બદલાવીને કહ્યું આ નહિ. અમારો રોટલો આપો. તમો રોટલા ઘડતા ઘડતા સંકલ્પ કર્યો કે આ રોટલો ભગવાન જમે એવો છે. તેથી તમારો સંકલ્પ સિધ્ધ કરવા અમો સ્વયં ભગવાન આવ્યા છીએ તો તે જ રોટલો અમોને આપો.' ત્યારે તે બાઈએ પ્રેમથી તે રોટલો કાઢીને મહારાજને આપ્યો. ને ભાજી તથા મઠની દાળ પણ આપી. પછી મહારાજ બાઈના પ્રેમને વશ થઈને હાથમાં રોટલો ને લઈને મઠની દાળ તથા ભાજી સાથે જમવા મંડ્યા.

ત્યાં કાઠીઓ આવી હોંચ્યા. ત્યારે કાઠીઓ બોલ્યા કે ભગવાન થઈને અમને પાર્ષદોને એકલા કાંણું જમતા છો ?' એમ કહીને કાઠીઓ મહારાજના હાથમાંથી રોટલો લેવા આમ તેમ ફરે ત્યારે મહારાજ પણ આમ તેમ ફરે. આ રીતની અપૂર્વ લીલા કરતા અડધો રોટલો તો જમી ગયા. પછી સુરા ખાચરે 'કાણું બાવટાનો ચીકણો રોટલો જમતા છો ? પેટમાં બહુ દુઃખશે' એમ કહીને પ્રસાદના મહિમા વશાત્ હાથમાંથી ખૂંચવી લઈને ખાઈ ગયા. પછી મહારાજ બાઈને કહે તમે અમારી પાસે કંઈ પણ માગો.' ત્યારે મોક્ષાર્થી બાઈએ તમારા ચરણારવિંદની અખંડ સેવામાં રાખો અને અંત સમયે મને વહેલા તેડવા આવો અને હું જ્યારે સ્મરણ કરું ત્યારે આવી તમારી મૂર્તિનાં દર્શન થાય અને હાલ પૂજવા માટે આપનાં ચરણારવિંદ પાડેલાં પૂજવા આપો.' એટલા વર માગ્યા. પછી તે બાઈને વર આપીને તેમજ ચરણારવિંદ પૂજવા આપીને ત્યાંથી ચાલ્યા તે નાર, ઉંટવાલા થઈને બુધેજ પધાર્યા.

## નાગડકામાં મહારાજે શાંતિબાને ચાલીશ જોડ ચરણારવિંદ પાડી આપ્યા

એક દિવસ સુરા ખાચરનાં ઘરના શાંતિબા નામના સવારે વહેલાં ઉઠીને વલોણું પૂરીને, પાણી ભરવા ગયેલી દાસીની વાટ જોઈને ઉભાં રહેલાં. આ વખતે મહારાજ ઓસરીમાં ઢોલિયા ઉપર પોઢ્યાં હતાં, તે ઉઠીને શાંતિબાને કહ્યું કે, 'કેમ ઉભાં રહ્યાં છો ?' ત્યારે તે બાઈએ વાત કહી કે, 'દાસી પાણી ભરવા ગઈ છે અને વલોણું પૂરી મૂક્યું છે.' આ વાતને સાંભળીને મહારાજે કહ્યું કે, 'અમે આવીએ ?' ત્યારે બાઈએ કહ્યું કે, 'તમો આવો, તમારે તો પૂર્વનો અભ્યાસ છે ?' આ વાતને સાંભળીને તત્કાળ ઉઠીને વલોણું તાણવા લાગ્યા. વલોણું થઈ રહેતાં

બાઈએ મહારાજને સાકર અને માખણ જમાડ્યું. આ પૂર્વની લીલા કરી તે જ દિવસે મહારાજને બહુ પ્રસન્ન જાણીને બાઈએ કહ્યું કે, 'મારે પૂજવા માટે તમારાં ચરણારવિંદ પાડી આપો તો રંગ તૈયાર કરું.' પ્રસન્ન મહારાજે હા કહેતાં રંગ તૈયાર કરીને મહારાજને બોલાવવાથી આવીને થોડી વારમાં ચાલીશ જોડે ચરણારવિંદ પાડી આપ્યાં.

## સાકરમાં ચરણારવિંદ......

એકવાર ગઢપુરમાં શ્રીહરિ વિરાજમાન હતા તે વખતે સભામાં ગૃહસ્થ ભક્તો બેઠા હતા. તે સારો અવસર જાણીને ઊઠ્યા ને બજારેથી યથા શ્રધ્ધા કોઈ દશ શેર તો કોઈ અર્ધ મણ તો કોઈ મણ સાકર લાવીને મહારાજના મુખ આગળ લાવીને મેલી અને મહારાજનાં ચરણારવિંદ છાતીમાં લઈને પગે લાગીને સભામાં બેઠા. તે વખતે બોરુ ગામના બે ભાઈ વણિક હતા, તે ગોળની ભીલી લઈ આવ્યા. અને મહારાજના મુખ આગળ મેલી અને ચરણારવિંદ લેવા સારુ આવ્યા. ત્યારે મહારાજે કહ્યું કે, જે ગોળ લાવે તે બ્રહ્માનંદ સ્વામીને પગે લાગે ત્યારે તે વાણિયા બોલ્યા કે, હે મહારાજ ! ગોળ કડવો છે ? એમ એકલી સાકર જ ગળી છે ? એમ કહીને ફરીથી એક મણ સાકર લઈ આવ્યા અને મહારાજના મુખ આગળ મૂકી અને પછીથી ચરણારવિંદ લેવા આવ્યા. ત્યારે વળી મહારાજે ચરણારવિંદ તાલી લીધાં. તેને જોઈ તે વાણીયા બોલ્યા કે, 'હે બાપાજી ! ગોળ સાકર બન્ને લીધાંતો પણ હવે કેમ ચરણારવિંદ તાણી લ્યો છો ? બહુ દાખડો કરીએ ત્યારે પૈસો મળે છે અને અહીં તો લક્ષ્મીજી પગમાં ઠોકરો ખાય છે.' આવાં વણિકના વિનય વચનો સાંભળીને મહારાજે રમૂજ કરતાં થકા ચરણારવિંદ આપ્યાં. પછી ત્યાથી ઉઠીને દરબારમાં જઈને થાળ જમીને પોઢી ગયા અને સંતો પણ જમીને ઉતારે ગયા.

## વડોદરા મુક્તમુનિ સભા જીત્યા તેના ઉમંગમાં શ્રીહરિએ ૨૦૦ જોડ ચરણારવિંદ પાડીને નાથભક્ત સાથે વડોદરા મોકલાવ્યા

વડોદરામાં સભામાં બેઠેલા નાથ ભક્ત, સ્વામિનારાયણનું ભગવાનપણું સભામાં પ્રતિપાદન થયું જાણીને બહુ હર્ષમાં આવતા, તે સભામાંથી ઉઠીને ચાલી નીકળ્યા. તે બે જ રાત્રિ વચ્ચે રહીને ત્રીજે દિવસે સવારમાં ગઢપુર જઈને વાસુદેવ નારાયણના ઓરડાની ઓસરીયે વિરાજમાન મહારાજને કહ્યું કે, 'મુક્તાનંદ સ્વામી વડોદરાની સભા જીત્યા' આ શુભ સમાચાર ને સાંભળીને, હર્ષાતુર મહારાજે પૂછ્યું કે, 'તમે ક્યારે ચાલ્યા હતા. ત્યારે તેમણે કહ્યું કે, પરમ દિવસે સભામાંથી સ્વામી ઉતારે ગયા એ હું પરબારો અહીં આવ્યો. તેને સાંભળીને મહારાજ બોલ્યા કે, 'તમો બહુ ચાલવાથી થાકી ગયા હશો ?' એમ કહીને પછી મોટીબાને કહ્યું કે, આ નાથ ભક્તને

ઉભા ઉભા ગોળ અને ઘાટું ઘી લાવીને ખૂબ ખવરાવો અને ઉના પાણીએ ચોળીને નવરાવો' આ વાતને સાંભળીને મોટીબાએ તે પ્રમાણે કર્યું. પછી મહારાજે મોટીબાને કહ્યું કે, અમારા ગુરુ મુક્તાનંદ સ્વામી સભા જીત્યા અને એમાં સ્વામિનારાયણ ભગવાન છે' એમ પ્રતિપાદન કર્યું છે, માટ હમણાં જ સાકર વહેંચવી જોઈએ' આવું વચન સાંભળતાં જ મોટીબાએ સાકર મંગાવી અને દરબારમાં 'આ તો સ્વામી વડોદરાની સભા જીત્યા તેના હર્ષની છે' એમ કહેવા સાથે વહેંચાવી. પછી મહારાજે મહાઉત્સાહથી ૨૦૦ જોડ ચરણારવિંદ કાગળ ઉપર પાડીને, અદ્‌ભૂતાનંદ સ્વામીને કહ્યું કે, 'આ ચરણારવિંદ લઈને નાથ ભક્ત સાથે વડોદરા જાવ અને સ્વામીને આ આપજો. અને કહેજો કે, 'મારી ઉપર મહારાજ બહુ રાજી છે. આ ચરણારવિંદ પાડીને તમને આપવા માટે મને મોકલ્યો છે.' આ વાત સાંભળીને વડોદરા ગયેલા અદ્‌ભૂતાનંદ સ્વામીએ મહારાજના કહેવા પ્રમાણે કહીને મુક્તાનંદ સ્વામીના મુખ આગળ બસો જોડ ચરણારવિંદ મૂક્યાં. તે સમયે પ્રસન્ન મુક્તાનંદ સ્વામીએ અદ્‌ભૂતાનંદ સ્વામીને કહ્યું કે, આમાંથી ચાર જોડ તમે લ્યો, એમ કહીને આપ્યાં. બીજા સાથેના ૫૦ સાધુઓને આપ્યા અને બીજા હરિભક્તોને વહેંચી આપ્યાં.

## સીંજીવાડામાં જગરૂપ બારોટના ઘરનાં ને મહારાજે વર તથા ચરણારવિંદ આપ્યા

શ્રીહરિ બુધેજથી સંઘ સાથે ચાલ્યા તે ઉંટવાડા થઈ સીંજીવાડે ગયા. ગામ મધ્યે થઈને જતાં હરિભ્કતોને ખબર પડી કે, 'મહારાજ અહીં રહીને જાય છે.' પછી સમગ્ર હરિભક્તો મહારાજનાં દર્શન કરવા દોડી આવ્યા. અને વિનંતી કરી કે 'છાસો પીઈને જાવ.' પરંતુ મહારાજે માન્યું નહિ.

ત્યારે હરિભક્તોએ જગરૂપ બારોટનાં ઘરનાં બાઈને કહ્યું કે, 'મહારાજ આપણા ગામમાંથી ભૂખ્યા જાય છે. છાસો પીઈ ને જવાનું કહ્યું પણ માન્યું નહિ.' એટલે તે બાઈ તત્ક્ષણ ઉઠીને ભાગોળે જઈને આગળ ફરી વળીને. મહારાજની ઘોડીનું ચોકડું પકડીને પાછા વળ્યા. ત્યારે મહારાજ બોલ્યા કે, 'કોણ છો ? અમને ઉપવાસ પાડશે' ત્યારે તે બાઈ બોલ્યા કે, ચાલો ઉપવાસ વળા. ઘર મૂકીને ચાલ્યા, એમ નહિ જવાય, એમ કહીને ઘોડીનું ચોકઠું પકડીને જાતે પોતાને ઘેર લઈ ગયાં. અને ખાંડના લાડુ બનાવરાવીને સર્વ સંત પાર્ષદોને મહારાજ પાસે પીરસાવીને જમાડીને મહારાજ માટે દૂધપાક, માલપુવા, ભજિયાં, શાક, દાળભાત વગેરેનો થાળ બનાવરાવીને, બહુ પ્રેમથી જમાડ્યા. જમી રહ્યા પછી પ્રસન્ન મહારાજે બાઈને કહ્યું કે, 'જે ઈચ્છા હોય તે માંગો ત્યારે બાઈએ એક બાળની ઈચ્છા જણાવી. ત્યારે મહારાજે દીકરો

થવાનું વરદાન આપ્યું. તે બાળકનું 'પ્રભુદાસ' નામ પ્રખ્યાત છે. વધુમાં બાઈને પૂજવા માટે ચરણારવિંદ પાડીને આપ્યાં. પછી રાત્રિએ પોઢી ગયા.

## સાંઢવાળા ગામના પતિ-પત્નીએ શ્રીહરિના ચરણારવિંદમાં ચિન્હ જોઈને કહ્યું કે, અમને ખાત્રી છે કે, તમે ભગવાન છો

શ્રીજીમહારાજ એક વખત સાંઢવાળા ગામે આવ્યા. એ ગામમાં એક કણબી જે આવે તેને પાકું સદાવ્રત આપે અને રસોઈ કરાવીને જમાડે અને ઓટલા ઉપર સુવારીને તેના પગ જૂએ. કારણ કે, એણે શાસ્ત્રમાંથી એવી વાત સાંભળેલી કે, 'જેના ચરણમાં સોળ ચિન્હો હોય તે ભગવાન હોય' મહારાજને જમાડીને ખાટલામાં સુવારી તેમના ચરણારવિંદ જોવા માટે ધણી ધણીયાણી બન્ને ખાટલાની કેડે ફર્યા કરે પણ મહારાજે તો ટુંટિયું વાળીને ઘણીવાર જોવરાવી. પછીથી ચરણારવિંદ લાંબા કરતાં તે બન્નેએ એ ચરણારવિંદને ઝાલીને કહ્યું કે, 'તમે ભગવાન છો, માટે અમને તમારા શિષ્ય કરો' ત્યારે મહારાજે કહ્યું કે, 'અમે ભગવાન નથી' ત્યારે તે બન્નેએ કહ્યું કે, 'તમારા ચરણમાં સોળ ચિન્હો હોવાથી તમો સાચા ભગવાન છો.' એમ અમારા અંતરમાં ખાત્રી થઈ છે. એવું વચન સાંભળીને મહારાજે પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને પ્રગટ પોતાનું ભજન કરાવ્યું. ત્યાં ત્રણ દિવસ પૂરા રહીને ત્યાંથી ચાલ્યા.

## 'वन्दे महापुरुष ! ते चरणारविन्दम्'

જૂનાગઢમાં નિત્યાનંદ સ્વામી દરબારમાં સભા વિષે બેસી રહ્યા તે સમયે મોટી સભા ઠઠ ભરાઈ ગઈ. ત્યાં એક નરસી પંડ્યા શાસ્ત્રી કહેવાતા હતા તેણે સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે, તમારા 'સ્વામિનારયણને તમે ભગવાન કેમ કહો છો ? એમને એ રીતે કાશીના પંડિતોએ કે ડાકોરવાળાએ કે વડોદરાની સભાએ પ્રમાણ કર્યા છે ? કે પછી તમારે જાણે કહો છો ? ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, 'સૂર્યનો ઉદય થયો અને અંધકારનો નાશ થયો. પછી તેને 'સૂર્ય નથી' એમ બધા જ કહે અને બધા જ 'સૂર્ય સાચા છે' એમ કહે તો પણ સૂર્ય તો સાચા છે. અને ના કહે તો પણ સાચા જ છે.' એમ દૃષ્ટ દૃષ્ટાંતથી સિધ્ધાંતથી વાત કહી. તેને સાંભળીને નવાબ બોલ્યા કે, 'નિત્યાનંદજી શી ચર્ચા હોઈ' ત્યારે સ્વામી બોલ્યા કે, 'આ તમારા પંડ્યાજી એમ કહે છે કે, 'સૂર્ય ઉગ્યા તેને બધી જ દુનિયા કહે કે, સૂર્ય સાચા છે તો સાચા. નહિ તો ખોટા.' એવી ચર્ચા થઈ. આવી વાત સાંભળીને નવાબ બોલ્યા કે, 'નરસી પંડ્યાએ 'બોત બુરા કિયા.' સૂર્ય તો દુનિયા હા કહે તોય સાચા છે અને ના કહે તો પણ સાચા છે. એમાં બે મત નથી. ત્યાર પછી વળી પંડ્યાએ બીજો પ્રશ્ન પૂછ્યો કે, 'वन्दे महापुरुष ! ते चरणारविन्दम्'

એમ મહાપુરષના કેવળ ચરણારવંદને વંદન કેમ કર્યું ? બીજા અંગને કેમ ન કર્યું ?' આ પ્રશ્નનો પ્રત્યુત્તર સ્વામીએ એવો કહ્યો કે, 'મોટા માણસને એમ જ કહેવાય કે, આપના ચરણની રજ છું, પણ તમારા 'માથાનો મુગટ છું.' એમ ન કહેવાય. આ તો જગત્કર્તા ભગવાનની વાત હોવાથી એમના ચરણારવિંદને વંદન કરવાનું કહે છે. એમ ઉત્તર કરીને, પછી પંડ્યાને કહ્યું કે, હવે એનો અર્થ કહો' ત્યારે પંડ્યાજી બોલ્યા કે, 'ભગવાનનો સમગ્ર દેહ અપવિત્ર છે અન ફક્ત ચરણારવિંદ પવિત્ર છે, તેથી તેને વંદન કરવાનું કહે છે. ત્યારે વળી નવાબે સ્વામીને પૂછ્યું કે, 'ક્યા ચર્ચા હોઈ' ત્યારે સ્વામીએ અનુવાદ કર્યો કે, 'આ તમારા પંડ્યાજી યું કહેતા હે કે, ખુદા કા સબી જીસ્સા નાપાક હે અને કદમ પાક હૈ' આવું અઘટિત સાંભળીને નવાબ બોલ્યા કે, 'પંડ્યાએ બોત બુરા કિયા' એમ બે વાર કહીને, પછીથી કહ્યું કે, ખુદા કા તો સબી જુસ્સા પાક હૈ, કોઈને નાપાક કહેવાય નહિ.' આ રીતે સ્વામી સભા જીત્યા. અને સ્વામિનારાયણનું ભગવાનપણું પ્રતિપાદન કર્યું. પછીથી નવાબની રજા લઈને ઉતારે આવીને બેઠા. અને મહારાજને સભામાં થયેલી ચિત્ર ચર્ચાની બધી વાત કહી.

## કારિયાણા ગામના મીણબાઈએ પ્રેમરૂપ દોરી વડે શ્રીહરિનાં ચરણારવિંદ બાંધી રાખ્યા

શ્રીહરિ એકવાર ગામ કારિયાણા મીણબાઈને ત્યાં પધાર્યા. ત્યાં એક દિવસ રહીને ચાલવાની તૈયારી કરતાં, બાઈએ કહ્યું કે, 'થાળ જમીને ચાલજો.' ત્યારે મહારાજે કહ્યું કે, 'જમવા સારૂ નહિ રહેવાય.'

ત્યારે બાઈએ કહ્યું કે, 'બહારથી દૂર જશો પણ અંતરથી જાવ તો તમને બળીયા કહું' એમ કહીને મૂર્તિને ધારીને ધ્યાનમાં બેઠા અને પ્રેમરૂપ દોરી વડે ચરણારવિંદ બાંધી રાખ્યા. એથી સંતો તથા ઘોડા વગેરે સ્તબ્ધ થતાં કોઈ ચાલવા સમર્થ થયા નહિ. એટલે પાછા વળીને મહારાજ દરબારમાં આવ્યા અને 'રસોઈ કરો અમે જમીશું' એમ હાર માનીને કહ્યું. પછી બાઈએ બહુ હર્ષથી થાળ કર્યો અને સંતો સારૂ રસોઈ કરાવી. આમંત્રણ આવતા જમવા પધાર્યા અને બાઈની ઈચ્છા મુજબ જમ્યા. પછી મુખવાસ લઈને સભામાં વિરાજ્યા. તે સમયે મહારાજે મીણબાઈની મુક્ત સ્થિતિની વાત કરી કે, 'આ બાઈ અમે ઘેર હતા અને ઘેરથી નીકળીને વનમાં વિચર્યા અને અમે જ્યાં જ્યાં ફર્યા તે સર્વ સ્થળે અમને પ્રત્યક્ષ દેખતાં હતાં અને હમણાં પણ એમને એમ જ દેખ્યા કરે છે.' 'જે ભક્તે પ્રેમરૂપ દોરીથી ભગવાનનાં ચરણારવિંદ બાંધી દીધા છે, એવા ભક્તના હૃદયને ક્ષણ પણ ત્યાગ કરવા ભગવાન સમર્થ નથી.' એમ ભાગવતમાં કહ્યું છે. તે આ મીણબાઈએ સત્ય કર્યું છે. માટે હવે અમને રજા આપો તો ચાલીએ. આવું

વચન સાંભળીને બાઈએ કહ્યું કે, 'આપની મરજી હોય એમ કરો' તેને સાંભળીને પછી તૈયાર થઈને ત્યાંથી ચાલ્યા તે ગામ ગઢપુર આવ્યા.

## અમદાવાદમાં મેડમ અને સાહેબે શ્રીહરિના ચરણારવિંદે પગે લાગ્યા તે ચરણારવિંદ મહારાજે પરાણે મુકાવ્યા

શ્રીહરિ દેવળિયાથી અપૂર્વ લીલા કરીને, ત્યાંથી ચાલ્યા તે અમદાવાદ નજીક આવ્યા. સાહેબને પ્રથમથી ખબર થઈ હોવાથી પોતે હિંદુઓના શાસ્ત્રીઓને બોલાવીને પૂછ્યું કે, તમારા શાસ્ત્રમાં મોટા પુરુષની સન્મુખ જવામાં કેટલું ફળ કહ્યું છે ?' ત્યારે શાસ્ત્રીઓએ કહ્યું કે, 'મહાપુરુષને સન્મુખ જવામાં ડગલે ડગલે અશ્વમેઘ યજ્ઞનું ફળ થાય છે.' આ વાત સાંભળીને સાહેબે કુંબેરસિંહને કહ્યું કે, 'તમારા સ્વામિનારાયણ એક ગાઉ છેટા હોય ત્યારે મને ખબર આપજયો, કેમ કે મારે સન્મુખ જવું છે' પછી કુબેરસિંહે મહારાજને એક ગાઉ છેટા ઉભા રાખીને, સાહેબને ખબર આપવાથી, પોતે તથા તેમનાં મેડમ સામા ગયા તેમને આવતા જોઈને, મહારાજે સંતોને કહ્યું કે, 'ઉપવાસ કરવો પડશે, માટે છેટા રહો' એટલે સંતો છેટા જઈને ઉભા રહ્યા. મેડમ અને સાહેબ બન્ને એક ડાબે અને જમણે ચરણારવિંદે પગે લાગ્યા. તે ઘણીવાર સુધી મૂકે નહિ. પછી મહારાજે પરાણે મુકાવ્યાં. ત્યારે સન્મુખ હાથ જોડીને ઉભા રહેતાં કુશળ સમાચાર પૂછ્યાં. આ સમયે મહારાજે સર્વે શ્વેત વસ્ત્રો ધાર્યાં હતાં. અંગમાં અલ્પ પણ ઘરેણું પહેરેલું ન હતું. જયારે ડભાણના યજ્ઞમાં સાહેબે દર્શન કરેલાં ત્યારે તો સર્વે જરિયાની વસ્ત્રો અને હજારો રૂપિયાના દાગીના પહેર્યા હતા. હાલમાં તો સાવ સાદા વેશમાં મહારાજનાં દર્શન કરતાં સાહેબે પૂછ્યું કે, 'તમારે દારિદ્રય ક્યું આવ્યું ?' ત્યારે મહારાજે કહ્યું કે, 'અમારે કંઈપણ દારિદ્રય નહિ હે, પરંતુ જે સમયે સેવક લોકો જેવાં વસ્ત્રો ઘરેણાં ધારણ કરાવે એવાં ધારીએ, ડભાણમાં તો યજ્ઞ મહોત્સવ હોવાથી સેવકોએ એવાં વસ્ત્ર ઘરેણાં ધરાવ્યા હતાં, આ સમયે આવાં વસ્ત્રો સમયોચિત સાદાં છે' આવું વચન સાંભળીને સાહેબ બહુજ રાજી થયા. પછી મહારાજે વાઘ થકી પોતાની રક્ષા કરી હતી. ને બધી વાત સર્વ સંત હરિજનોને સાંભળતાં કહી. પછી છેવટે 'તમે તો સાક્ષાત્ જગત્કર્તા પરમેશ્વર છો. તે તમોએ મારી ઘણી રક્ષા કરી હોવાથી હું તમારો ઋણી સેવક છું. તમે કહો તો સાથે ચાલું અને કહો તો પાછળ રહું. આજ આપના દર્શન થવાથી મારા જન્મનું સાફલ્ય થયું છે.' વગેરે વિનય વચનો કહીને ટોપી ઉતારીને, સર્વ સંતોને પગે લાગીને મહારાજ સન્મુખ ઉભા રહ્યા. પછી મહારાજે કહ્યું કે, 'તમે આગળ જાવ અને અમો તો ધીમા ધીમા સહુને દર્શન દેતા દેતા આવીશું.' એવું વચન સાંભળીને સાહેબ પગે લાગીને ચાલ્યા. તે સમયે મહારાજે ગુલાબના પુષ્પના હાર તથા ગુચ્છ બન્નેને આપ્યા. તેને લઈને બહુ રાજી થઈ આગળ ચાલ્યા ગયાં.

## પંચાળામાં ધુંવાબરીના લુહાર ભક્તે શ્રીહરિના ચરણારવિંદે ઝાંઝર બાંધ્યા

શ્રીહરિ પંચાળામાં રંગોત્સવ વખતે દર્શનનું બહુ સુખ આપેલું. પછી મહારાજ તથા સંતો પાર્ષદો દરબારમાં જમવા પધાર્યા. જમીને થોડી વાર પોઢી ગયાં. પછી મહારાજ ઉઠીને જળપાન કરીને ત્રીજે પહોર સભામાં આવીને બિરાજ્યા. એટલે સંતો પણ સત્વરે આવીને સભામાં બેસી ગયા. આ વખતે સવારની સભામાં ધુંવાંબરીના હરિભક્તે પૂજા કરતાં જે ધનુષ્ય તથા સ્વદેશી શણગાર ધરાવેલો તે શોભાના વર્ણનવાળું કીર્તન શીઘ્ર કવિ બ્રહ્માનંદ સ્વામીએ બનાવીને સભામાં મહારાજ આગળ ગાયું. “લીધી લટકાળે નંદલાલ કે હાથ કબાણને, એની ચટક રંગીલી ચાલ હરે મન પ્રાણને” આ કીર્તનને સાંભળીને એમની ઉપર મહારાજ પરમ પ્રસન્ન થયા. પછી સંધ્યા સમય થતાં ઉઠીને આરતી વિધિ કર્યા. પછી સંતોને રાસમંડલ રચીને કીર્તનો ગાવાની આજ્ઞા કરવાથી મહારાજને ઢોલિયો વચ્ચે ઢાળીને તેની ઉપર મહારાજને બેસાડીને, ચારે બાજું સંતો તથા હરિભક્તો કુંડાળાના રૂપમાં ફરવા મંડ્યા. આમાં મુખ્ય બ્રહ્માનંદ, પ્રેમાનંદ, પ્રજ્ઞાનંદ આદિક મુનિઓ મહારાજના ઢોલિયાની ચોતરફ ફરતા જાય. આ રીતે પ્રેમ સહિત ગરબીઓને ગાતા એવા સંતોને જોઈને, મહારાજ પણ ઉઠીને સંતો ભેળે તાળી સાથે ગાવા મંડ્યા. આ સમયે એક પ્રેમી ભક્ત લુહાર ઉઠીને પોતાને ઘેર જઈને પગે બાંધવાના જીણા ઘુઘરા લઈ આવીને મહારાજના બન્ને ચરણારવિંદે બાંધ્યા. મહારાજ સંતો સાથે ફરતા જાય અને ગાતા જાય. આ સ્થળની પૃથ્વી બહુ કઠણ હોવાથી ઘુઘરાનો ખણખણાટ શબ્દ બહુ જ મધુર શ્રોતવ્ય થાય. આ અપૂર્વ શોભાના કીર્તનો શીઘ્ર કવિ બ્રહ્માનંદ સ્વામીએ સખી ગોકુળ ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો રસીલે ખેલ રમે રાસ રંગીલો રણમાં રે, છેલો ઠમકે માંડે પાળ ઠાવકારે, વાજે ઘુઘરડીનો ઘેર, કહી શોભા ન જાય પ્યારા કાનની રે, આ રીતે કર્યા છે. આ રંગોત્સવમાં સંતો ખૂબ રાસ રમેલા તેથી શ્રીહરિ પ્રસન્ન થઈને સંતોને મળીને છાતીમાં ચરણારવિંદ આપ્યાં હતાં.

## જોધા ભરવાડે મહારાજના ચરણારવિંદમાં દૂધની શેડ મારી

(૧) એક દિવસ શ્રીજી સાંજના સમયે ગઢડામાં સભામાં વિરાજમાન હતા. ને સીમમાં ચરીને ગાયો દરબારમાં આવી ત્યારે મહારાજ ઉઠીને અક્ષર ઓરડીએ આવીને બેઠા. ઓરડીના સાંકડા રસ્તામાં જોધો નામનો ભરવાડ જાતે ગાયો દોવા બેઠેલો તેને મહારાજે ચાખડીની ઠોકર જરા મારી. ત્યારે ભરવાડે જાતિ ઉપર જઈને દૂધની લાંબી શેડ મારી, તેથી મહારાજનાં બન્ને ચરણારવિંદ દૂધ દૂધ થઈ ગયાં. તેને જોઈને મહારાજે શિખામણ માટે કહ્યું કે, ‘આ જોધો તો મૂર્ખને મૂર્ખ જ રહ્યો. કંઈ સુધર્યો નહિ’ એમ એને કહીને મોટીબાને કહ્યું કે, ‘પાણી લાવો,

અમારે ચરણ ધોવા છે કેમ કે આ જોધા ભરવાડે દૂધવાળાં કર્યા છે.' પછી મોટી બા પાણી લાવ્યા અને મહારાજનાં ચરણ ધોયા.

(૨) એકવાર જોધો ભરવાડ ધમલ ગાયને દોતો હતો ને તે વખતે મહારાજ ચાખડીએ ચડીને ચટ ચટ કરતા ત્યાંથી નીકળ્યા તે તરત જ જોધા ભરવાડે દૂધની શેડ મારી ને બને ચરણારવિંદ દૂધથી ભીંજાઈ ગયા. તે વખતે મહારાજ બોલ્યા કે જોધા તારી અવળાઈ છે, ત્યારે જોધા ભરવાડે મહારાજને કહ્યું જે, મહારાજ ! મારી અવળાઈ કે તમારી ? ત્યારે મહારાજ કહે અમારી શું અવળાઈ ? ત્યારે જોધા ભરવાડે કહ્યું કે, તમે ક માંથે કોઈદી કલ્યાણ કર્યું ? તે તમારી અવળાઈ. ત્યારે મહારાજ કહે, જોધા ! આ વખતે તો ક માંથે કલ્યાણ કરવું છે. તે કણબી, કાઠી, કોળી, કુંભાર, કાછિયા વગેરેનું કલ્યાણ કરવું છે.

## શ્રીહરિ કહે ધોલેરા મંદિર માટે ચૂનાના ગાડા લખાવે તેને ચરણારવિંદ આપવા

શ્રીહરિ વડતાલથી ચાલ્યા તે મહેળાવ, બુધેજ થઈને ધોલેરા મંદિરમાં ઉતર્યા. બીજે દિવસે સવારમાં પરવારીને, હાલમાં જ્યાં છત્રી છે ત્યાં સભા ભરીને બેઠા. તે સમયે મંદિર ધોવાના કામનો આરંભ થયેલો, પણ ચૂનાના અભાવે ઘણું કામ બાકી હતું. ભોજાભાઈ, પૂંજાભાઈ, વસતાભાઈ, ડોસાભાઈ, ગંગાભાઈ, જગુભાઈ વગેરે હરિજનો સભામાં બેઠા હતા. પછી મહારાજે મંદિર માટે સર્વ પ્રત્યે ભલામણ કરી કે, 'આ મદનમોહનજી મહારાજની સેવા કરવાની છે ?' ત્યારે મહારાજે સ્પષ્ટ કહ્યું કે, 'આ મંદિરને ધોવાનું કામ ચાલે છે, તેમાં ચૂનાની જરૂર છે, તો યથાશક્તિ પાંચ કે દશ કે વીશ ગાડાં ચૂનો લખાવો. જે લખાવશે તેમને છાતીમાં ચરણારવિંદ આપીશું' તેને સાંભળીને પ્રથમ દાદા ખાચરે કહ્યું કે, 'મારા વીશ ગાડાં લખો.' પછી અંગરખું કાઢીને મહારાજનાં ચરણારવિંદ છાતીમાં લઈને સભામાં બેઠા. ત્યારે સુરા ખાચરે પંદર ગાડાં લખાવીને ચરણારવિંદ લીધાં. એ રીતે સર્વે હરિભક્તોએ યથાશક્તિ ચૂનાનાં ગાડાં લખાવીને છાતીમાં ચરણારવિંદ લીધાં. એ વખતે બોરુ ગામના બે ભાઈ વાણિયા હતા, તેમણે દેખાદેખી ઉઠીને છાતીમાં ચરણારવિંદ લીધાં પણ કાંઈ સંખ્યા બોલ્યા નહિ. ત્યારે ચકોર મહારાજે ટકોર કરી કે, 'ચરણારવિંદ તો લીધાં. પણ કેમ કંઈ બોલતા નથી ?' ત્યારે તે વણિક ન છૂટકે બોલ્યા કે, 'અમારું બન્નેનું એક ગાડુ ચૂનો લખો.' ત્યારે મહારાજે મર્મમાં કહ્યું કે, 'આ વાણિયાઓએ ખુદ ઠાકોરજીની સેવામાં પણ વટાવ કાઢ્યો.' એમ ઘણી રમૂજ કરીને ઘણા રાજી થયા. આ રીતે એ જગ્યાએ સો ઉપરાંત ચૂનો લખાવનારા હરિભક્તોને પ્રસન્નતા પ્રદર્શક છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

## માંદા સાધુની સેવા ત્રણ દિવસ ભૂખ તરસ વેઠીને કરી તેથી ચૈતન્યાનંદ સ્વામીને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા

શ્રીજીમહારાજ એક દિવસ ગઢપુરમાં સભા વિષે વિરાજમાન થયા. સર્વે સંતો આવીને બેઠા. તેમના પ્રત્યે મહારાજે એવી વાત કરી કે, 'હું માંદા સાધુની સેવા કરે તેના ઉર બહુ રાજી થાણું છું.' તે સમયે અદ્‌ભૂતાનંદ સ્વામીએ કહ્યું કે,ચૈતન્યાનંદ સ્વામી અને સચ્ચિદાનંદ સ્વામી બન્ને માંડવધાર થઈને પર્વત સાલેમાળમાં ગયા.' ત્યાં સચ્ચિદાનંદ સ્વામીને સમાચાર મળ્યા કે, 'મહારાજ ગઢડેથી બહાર ફરવા ગયા.' તેને સાંભળતાં જ મહારાજના વિયોગથી તત્કાળ સમાધિ થઈ ગઈ. કશું ભાન નહિ રહેવાથી એ પર્વતના રસ્તામાં પડ્યા. ત્યાં બીજો કોઈ મનુષ્ય મંળે નહિ. ચૈતન્યાનંદ સ્વામી એકલા હોવાથી પત્થર વીણી લાવીને ભેગા કર્યા. કેમ કે વાઘની બહુ બીક હતી. ત્યાં ત્રણ રાત્રિ દિવસ ભૂખે તરસે ઉજાગરો કર્યો. સ્વામી પાસે બેસી રહ્યા. ચોથે દિવસે ગઢડામાં ખબર મળવાથી ખાટજો મોકલ્યો. તેમાં સુવારીને ગઢડા તેડી લાવ્યા. ત્યારે મહારાજે કહ્યું કે, 'એ સ્વામીને અમારી પાસે બોલાવી લાવો' બોલાવવાથી આવેલા ચૈતન્યાનંદ સ્વામીને બધી હકીકત મહારાજે પૂછી, એટલે તેમણે વીતેલી સઘળી વાત કહી. તેને સાંભળીને મહારાજ બહુ રાજી થયા. અને એના ફળરૂપે બાથમાં ઘાલીને મળ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. વધુમાં સેવકોને ભલામણ કરી કે, 'આ ચૈતન્યાનંદ સ્વામીને હું એકાંતમાં બેઠો હોઉં તો પણ મારા દર્શનની કોઈએ બંધી કરવી નહિ.' આ રીતે માંદા સંતની સેવાથી અત્યંત રાજી થયા. રોગર્તની સેવાનું વિધાન શિક્ષાપત્રીમાં શ્રીમુખે કર્યું છે.

## શ્રીહરિ ચરણ સેવામાં ઉકા ખાચર ઉપર અઢળક ઢળ્યા

ઉકા ખાચર તો એવી સેવા કરતા કે,'સવારમાં વહેલા ઉઠીને લઘુ કરવાના ખાળિયા ધૂવે, સંડાસ નહિ હોવાથી સાજા માંદા સાધુનું પેટ છૂટી જાય તેનાં પોતે સવારમાં માટલાં ભરી સીમાડે ઢોળી આવે, માંદા સાધુના કપડાં ઉન્મતગંગામાં ધોઈ આવે, બધો ચોક વાળ્યા કરે, મહારાજના કોમળ ચરણમાં કાંકરા ખૂંચે એમ જાણીને બજારનો રસ્તો વાળે, ઈત્યાદિ નીચ સેવા કરવામાં જ બપોર થઈ જાય તોય કંટાળે નહિ. ઉન્મત્તગંગામાં ન્હાઈ ધોઈને દરબારમાં આવે. તે સમયે મહારાજ થાળ જમતા હોય તેની પ્રસાદી રાજી થઈને આપે અને પછી મહારાજ પોઢી જાય, ત્યારે કોઈ ચરણારવિંદ ચાંપવા આવે તો તેને તાણી લઈને ઉકા ખાચર આવે ત્યારે જ લાંબા કરે. પ્રસંગાત પુષ્ટિ માટે અદ્‌ભૂતાનંદ સ્વામી કહે છે કે, 'એક ફેરો હું ચરણારવિંદ દાબતો હતો તે સમયે ઉકા ખાચર આવતાં મારી પાસેથી લઈને ઉકા ખાચર તરફ લઈને લાંબા કર્યા. તેને તે ઉકા ખાચર દાબવા લાગ્યા. આ રીતે પોતાનો સર્વોપરી રાજીપો જણાવ્યો.

## સમુદ્ર મોટા તરંગ રૂપે શ્રીહરિના ચરણ સ્પર્શ કરવા આવ્યો

મહારાજ માંગરોળ પધાર્યા હતા. તે વખતે મહારાજ સાથે કાઠી દરબારો ઘણા હતા .તેમણે મહારાજને કહ્યું મહારાજ ! 'અમારે દરિયો જોવો છે.' ત્યારે મહારાજ કહે 'ચાલો સાબદા થાઓ.' ત્યારે મહારાજની માણકી ઘોડી ઉપર સામાન માંડ્યો ને બીજા બધા અસવાર પણ પોતપોતાનાં ઘોડા ઉપર સામાન માંડીને તૈયાર થયા પછી મહારાજ મૂળચંદભાઈને કહે 'આ કાઠીઓને દરીયો જોવો છે.' ત્યારે મૂળચંદભાઈ કહે 'ચાલો મહારાજ માણકી ઉપર અસવારી કરો.' ત્યારે શ્રીજીમહારાજ માણકી ઘોડી ઉપર બેઠા ને બીજા કાઠીઓ પણ અસવાર થઈ મહારાજની પાછળ ચાલ્યા. તે બંદર છે ત્યાં ગયા ને જે ઠેકાણે વહાણ નાંગરે છે તે ઠેકાણ કાંઠે આવીને ઘોડાં ઉભાં રાખ્યાં. પછી સહુએ દરિયા સામું જોયું ત્યાં તો મોટા મોટા લોઢ ઉછળે ને આઘાં કેટલાંક વહાણ આવતાં દેખાતાં હતાં તે જોઈને કાઠીઓ બોલ્યા કે, 'હે મહારાજ ! આ દરિયાનું બળ તો બહુ જ દેખાય છે.' એમ વાત કરે છે તેવામાં મહારાજના ચરણનો સ્પર્શ કરવા સમુદ્ર મોટા તરંગરૂપે આવ્યો ને ઉંચો ઉછળી મહારજના ચરણનો સ્પર્શ કરી બેય ચરણમાંથી મોજડીઓ કાઢી ગયો. તે પછી મહારાજ માણકીને પાણીમાં થોડે આઘે લઈ ગયા ત્યાં તો પાણી એકદમ હટી ગયું. તે ચમત્કાર જોઈને વહાણવાળા ખારવાઓ વિચાર કરવા લાગ્યા કે 'આપણે આજ દિવસ સુધીમાં સમુદ્રને આટલે સુધી ઉછળીને આવતો જોયો નથી ને પાછો એકદમ હટી ગયો ! માટે આ સ્વામિનારાયણ જરૂર ભગવાન છે, તે વિના આવો ચમત્કાર હોય નહિ.' એ પ્રમાણે મહારાજ ત્યાં પ્રતાપ જણાવીને પછી ગામમાં આવ્યા ત્યારે રસ્તામાં ચાલતાં કાઠીઓ આગળ વાત કરી કે, 'કેમ સમુદ્રનું બળ જોયું ?' ત્યારે કાઠી સર્વે બોલ્યા કે, 'હે મહારાજ ! એ તમે શું ચરિત્ર કર્યું તે કહો.' ત્યારે મહારાજ કહે 'એ સમુદ્ર મોટા તરંગ રૂપે અમારાં દર્શન કરવા અને અમારા ચરણ નો સ્પર્શ કરવા આવ્યો હતો તે સ્પર્શ કરીને અમારી મોજડીઓ લઈ ગયો ને જો તે વખતે અમે માણકીને પાણી પાસે ન લઈ ગયા, હોત તો એ મોટો તરંગ તમને ઘોડાંયે સહિત તાણી જાત તે સારૂં અમે ઘોડીને પાણીમાં લઈ જઈને તે તરંગને પાછો વાળ્યો.' તે સાંભળીને કાઠીઓ સર્વે બહુ આશ્ચર્ય પામ્યા.

## શ્રીહરિએ સ્વરૂપાનંદ સ્વામીને હૃદયમાં ચરણારવિંદ આપ્યા

શ્રીહરિ કાલવાણીમાં લીંબતરું તળે ગાદી તકિયા બિછાવેલ હતા તે ઉપર આવીને બિરાજમાન થયા. ને પોતાના મુખારવિંદે આગળ સંત તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી તેમાં અગત્રાઈના પટેલ મારડીયા ભીમભાઈ બેઠા હતા. તે ઉભા થઈને બોલ્યા કે, 'હે મહારાજ ! મારી એક અરજી છે તે તમે સાંભળો. જે રાજનીતિમાં એક રીત છે કે, કોઈ પણ રાજાને

ત્યાં જન્મ થાય અથવા પરણે કે પોતે ગાદીએ બેસે ત્યારે સઘળાં બંદીવાનને છોડી મૂકે છે તેમ તમને રામાનંદ સ્વામીએ પટ્ટાભિષેક કર્યો છે તો તમે જમપુરીના જીવ જે અતિ દુઃખ પામે છે તે સર્વેને છોડી મૂકાવો' તે સાંભળી મહારાજે સભા સામું જોઈને સ્વરૂપાનંદ સ્વામીને આજ્ઞા કરી કે, 'તમે જમપુરીમાં જાઓ ને ત્યાંના સર્વ જીવને અમારે વચને કરીને ભુમાપુરુષના લોકમાં મોકલો કારણ કે, વ્યાપકાનંદ સ્વામીએ ત્યાં જઈ ત્યાંના મુક્તોને અમારા સ્વરૂપનો નિશ્ચય કરાવીને અક્ષરધામમાં મોકલ્યા છે. તેથી તે લોક ખાલી પડ્યો છે.'

ત્યારે શ્રીહરિની આજ્ઞાથી સ્વરૂપાનંદ સ્વામી સમાધિ કરીને જમપુરીમાં ગયા ને ત્યાં બહુ દુઃખ પામતા અનેક જીવ દીઠા. તેથી પોતાના અંતરમાં બહુ દયા આવી. તે વખતે સ્વામીએ સ્વામિનારાયણ નામ લઈને ત્રણ વખત તાલી વગાડી એટલે તમામ જમ ત્યાંથી ભાગી ગયા. એટલે કુંડમાંથી જીવ બધા બહેર નીકળ્યા ને સ્વામી પાસે આવી પગે લાગવા માંડ્યા ત્યારે સ્વામીએ તે બધા જીવ પાસે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરાવ્યું તેથી તેઓનાં સંચિત પાપ બળી ગયા. પછી સ્વામીએ સંકલ્પ કર્યો કે, 'આ બધા જીવ ભૂમા પુરુષના લોકમાં જાઓ.' ત્યારે તે જ ઘડીએ હજારો વિમાન આવ્યાં. તેમાં ચતુર્ભુજ રૂપ ધરી ધરીને બધા જીવ બેઠાં ને તે સર્વે ભૂમાપુરુષનં લોકમાં ગયા. તે પછી સ્વામી સમાધિમાંથી પાછા દેહમાં આવ્યા ને બનેલી બધી વાત શ્રીજીમહારાજ આગળ કરી તે સાંભળીને સભામાં બેઠેલા સહુ સંત હરિજન બહુ રાજી થયા સ્વરૂપાનંદ સ્વામીને મહારાજે પોતાની પાસે બોલાવ્યા ને પાંચવાર મળ્યા ને હૃદયમાં ચરણારવિંદ આપ્યાં.

## કેશરાજી દવેએ શ્રીહરિ પાસે અંગૂઠાની માગણી કરતા શ્રીહરિએ પોતાના ચરણનો અંગૂઠો મોઢામાં આપ્યો

એક વખત કેશવજી દવે ગામ કંડોરડાથી ધોરાજી આવતા હતા ત્યાં રસ્તામાં શ્રીજીમહારાજ મળ્યા ત્યારે કેશવજી દવે મહારાજને દંડવત્ પ્રણામ કરીને પગે લાગ્યા. ત્યારે મહારાજ કહે 'દવે ! અમને તરસ બહુ લાગી છે.' ત્યારે કેશવજી દવે કહે 'મહારાજ ! આંહીથી થોડે છેટે પાણી છે તે હું હમણાં ભરી લાવું છું' એમ કહી પોતાનો લોટો લઈને દોડ્યા ને લોટામાં કુલેર ભરી હતી તે રસ્તામાં વેરતા ગયા ને એક ખેતરમાં કૂવો હતો તેમાંથી પાણી સીંચીને આવ્યા ને મહારાજને પીવા આપ્યું ત્યારે મહારાજ બોલ્યા 'દવે આ લોટામાં તો ઘી નો સુગંધ આવે છે' ત્યો તે કહે હા મહારાજ એ લોટામાં કુલેર હતી ત્યારે મહારાજ કહે 'એ કુલેર શું કહેવાય ? ત્યારે કેશવજી દવે કહે મહારાજ ! આ દેશમાં અમારે એવો ધારો છે જે ગામ જવું હોય ત્યારે ભાતા માટે કુલેર કરી આપે તે બાજરીના લોટમાં ઘી ગોળ ભેળવેલું હોય તેને કુલેર કહે છે' તે સંભળી મહારાજ બોલ્યા 'તે તો અમે જમીયે લાવો ક્યાં છે ત્યારે દવે કહે

મહારાજ ! તે લોટામાં હતી અને ખાલી કરતા વાર લાગે અને આપને તરસ બહુ લાગી તેથી દોડતા દોડતા રસ્તામાં ગયો' તે સાંભળી મહારાજ જરા દિલગીર થઈ બોલ્યા 'અરે આ તો બહુ ખોટું થયું તમને પણ ભૂખ્યા રાખ્યા એમ કહી કહે 'તમારા ઉપર અમે પ્રસન્ન થયા છીએ તે જે તમારી ઈચ્છા હોય તે માગો' ત્યારે દવે કહે 'હે મહારાજ ! તમે મારી ઉપર પ્રસન્ન થયા હો તો તમારા જમણા ચરણો અંગૂઠો મારા મોઢામાં આપો.' ત્યો મહારાજે રાજે થઈને પોતાના ચરણનો અંગૂઠો આપ્યો. ને મોઢામાં લેવાથી કેશવજી દવે બહુ તૃપ્ત થઈ ગયા ને ભૂખ આળશી ગઈ. એ કેશવજી દવેએ શ્રીજીમહારાજના દર્શન ૬૧ વાર કર્યા હતા. ને વાતો સાંભળીને તેથી અંતરમાં ટાઢું થઈ ગયું. ત્યારે જાણ્યું જે, 'આ સાધુ ખરા' પછી તેણે સ્વામી પાસે વર્તમાન ધરાવીને કંઠી બાંધી ને ચાર દિવસ સુધી રસોઈ આપી ને વાતો સાંભળી પાકો નિશ્ચય કરીને ઘરે આવ્યા.

પછી રાઘો ભક્ત સત્સંગી થયાની વાત બાવે સાંભળી તેને તેડાવીને કહ્યું જે, 'તું મારો ચેલો મટીને સ્વામિનારાયણનો કેમ થયો ? માટે હવે નજર રાખજે હું તને થોડા દિવસમાં ઉડાડી મેલીશ.' ત્યારે રાઘો ભક્ત કહે 'તારા જેવાં શિયાળીયા મને શું કરનારાં છે.' ત્યારે બાવો ક્રોધ કરીને બોલ્યો જે, 'જા તને એકેય દીકરો નહિ થાય ને તું નિરવંશીયો જાઈશ' તે સાંભળી રાઘા ભક્તે ગણકાર્યું નહિ પછી થોડા દિવસ થયા ત્યાં રાઘવાનંદ સ્વામી ફરવા આવ્યા ત્યારે રાઘા ભક્તે તે વાત સ્વામી આગળ કરી ત્યારે સ્વામી કહે 'તમે ગામ કોવાયે રહેવા જાઓ ને તમેને ચાર દીકરા થાશે ને પછી તમારા ગામનાં માણસો સત્સંગી થાશે.' તે સાંભળીને ભક્ત બહુ રાજી થયા પછી તેને ચાર દીકરા થયા. તેમાં મોટો નામે, બીજો જોધો, ત્રિજો પૂંજા અને ચોથો વિસામણ. એકવાર રાઘા ભક્તના ઘરનાં જે બાઈ તે પોતાના દીકરાને લઈને ગઢડે મહારાજનાં દર્શન કરવા ગયા ને ઢોલિયા પાસે જઈ છોકરાને પગે લગાડ્યો. ત્યાં તો છોકરો હાથમાંથી ઢોલિયા ઉપર ચડી ગયો ને મહારાજનો અંગૂઠો ધાવવા લાગ્યો. ત્યારે મહારાજે તે છોકારના વાંસા ઉપર હાથ મૂક્યો ને બોલ્યા જે, ''આ ભક્ત બહુ સારા થશે. એમ કહીને ગામે પીઠવડીના પુતલીબાઈને કહ્યું જે, 'આને તેડી લીયો ને એની માને આપો' ત્યારે બાઈએ તેડીને તેની માને આપ્યો.

## જોધા ભરવાડને તથા જીવો ચામર રબારી બંનેને છાતીમાં ચરણારવિંદ આપ્યા

એક વખત મહારાજ માણકી ઘોડી ઉપર ચડીને દાદા ખાચર તથા પાર્ષદો, ને પરમહંસ, બ્રહ્મચારી, તથા હરિજન સહિત ભક્તિ બાગનાં બંગલા આગળ ચોકમાં લાકડાનો એક મંચ

કરાવ્યો હતો ત્યાં ગયા ને તે મંચ ઉપર વિરાજમાન થયા તે વખતે હરજીભાઈ તથા ઉકાભાઈએ તે મંચ ઉપર બિરાજમાનમ થયા તે વખતે હરજીભાઈ તથા ઉકાભાઈએ મહારાજ આગળ પાચં ગાડાં જેટલો ચીભડાનો ઢગલો કર્યો ને ઘણોંક પોંક તથા શેકેલા ડોડા ધર્યા પછી મહારાજ તેમાંથી જમ્યા ને આનંદ સ્વામીને આજ્ઞા કરી જે, ''આ જેટલાં માણસો છે તેને આ ચીભડાં વગેરે સાધુ પાસે વહેંચાવી આપો.'' પછી તમામને તે પ્રસાદી વહેંચી આપી.

તે વખતે જોધો ભરવાડ એક છોગાળિયો પાડો લઈને આવ્યો ને તેની વાંસે જીવો ખાચર કરીને રબારી હતો તે કાળુભેંસનો પાડો લઈ આવ્યો. તે જોઈને મહારાજ ઘણું હસ્યા ને બોલ્યા જે ''આ બે પાડામાં એક બટુભૈરવ જેવો ને એક કાળભૈરવ જેવો છે.'' તે સાંભળી પાડાના ધણી કહે ''મહારાજ ! અમારે આ બેને બધાડવા છે.'' પછી મહારાજ કહે ''એને મોકળા મૂકી દો'' પછી બેયને મોકળા મૂક્યા ને લડવા મંડ્યા તેથી પૃથ્વીનું પીઠ ગાજવા મંડ્યું. એમ એક કલાક સધી લડ્ય ।પછી મહારાજે તેના ધણીને કહ્યું જે, ''આ કાળભૈરવ અને બટુભૈરવ બહુ લડ્યા, હવે એને ઝાલીલ્યો ને નોખા પાડો, ત્યારે બુએ બોલ્યા જે, ''મહારાજ ! હમણાં અમે એને ઝાલવા જાઈએ તો મરીએ.'' તેટલામાં તો તે પાડા વઢતા વઢતા મંચથી વીશ હાથ છેટે રહ્યા. ત્યારે મહારાજે હાકલ મારી તેથી વઢતા બંધ થઈને મહારાજ સામું જોઈ ઊભા થઈ રહ્યા એટલે હાથ મૂકીને બોલ્યા જે, ''આ બે પાડામાં કિયો જીતે એવો છે ? ત્યારે જીવો રબારી કહે ''મારો પાડો જીતે એ જાતનો કાળવો કહેવાય છે.'' અને જોધો ભરવાડ કહે ''તારો પાડો શું જીતે, આ જાતનો છોગાળો કહેવાય છે તે એ જીતે'' એમ વાદ કરતાં બેય બાથંબાથ આવ્યા, ને એકેય પડે નહિ પછી ભગુજીએ તેમને નોખા પાડ્યાં પછી મહારાજે એકને પોતાની પાઘ આપી અને એકને શેલું આપ્યું. ને બેયને ચરણારવિંદ આપ્યા ને માથે હાથ મૂક્યા, પછી મહારાજ ઘોડીએ ચડીને દરબારમાં પધાર્યા.

## ચાર ખૂંટ (ખૂંટીયા)ની લડાઈ જોઈ શ્રીહરિ પ્રસન્ન થઈને છાતીમાં ચરણારવિંદ આપ્યા

ભક્તિબાગ વાળી ઓરિયાની જમીન કહેવાય છે. ત્યાં મંચ ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન હતા તેટલામાં પરમહંસાનંદ સ્વામી અને પુનો આવ્યા ને એક શાદુલભક્ત કરીને જીવુબાની ગાયો ચારતો હતો તે પણ હીરાળો ખુંટ લઈને આવ્યો. પછી ત્યાં ગોરહરો, ભુંગેરો, ઘાઘરિયો ને હીરાળો એવા ચાર ખુંટ ભેળા કર્યા ને તેને લડાવ્યા. તેમાં એકેય હાર્યો નહિ પછી મહારાજે રાજી થઈને તે લાવનાર સર્વેને ચરણારવિંદ આપ્યાં ને ખુંટના વખાણ કર્યા જે, ''આ શિવના પોઠીયા જેવો છે'' પછી મહારાજ દરબારમાં પધાર્યા.

## સાધુઓને શ્રીહરિએ ચરણારવિંદ આપ્યા

એક દિવસ મહારાજ તથા અભય રાજા તથા ઉત્તમ રાજા તે ઘોડા ઉપર ચડીને કાઠી તથા પાર્ષદોથી વિંટાણા થકા ને મંડળે સહિત સદ્‌ગુરુઓ તથા હથિયારબંધ પાળાઓ સોના ભક્તિબાગ વાળી ઓરિયાની જમીન કહેવાય છે. ત્યાં પધાર્યા ને ધોરિયાથી દક્ષિણાદિ તરફ લાકડાનો એક મંચ કરેલો હતો તે ઉપર બેઠા ને મહારાજના તથા કાઠીઓના ઘોડા મંચથી આથમણા બંધાવ્યા. ત્યાર પછી પાછલી રાત્રિયે સાડાચાર વાગ્યાને સુમારે સાતે સાવિજ સુમાભાઈની વોકળીથી ઉગમણા મહારાજ સામું જોઈ ત્રાડુકી ગર્જના કરવા લાગ્યા તે વખતે ગાયો તથા ભેંસો ચંચળ થઈને કેટલાંક કાઠીઓનાં ઘોડાં ચંચળ થઈ મૂતરવા લાગ્યાં અને મહારાજની માણકી ઘોડી તથા તાજણો તથા વાંગળીઓ તથા મિણાપરની માણકીઓ તથા કેસરો વગેરે અભય રાજાના તમામ ઘોડા પગે કરી કોદાળવા લાગ્યાં તે જાણે સાવિજને બાંધશે કે શું એમ ઠેકવા લાગ્યાં પછી મહારાજ હસીને મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, અખંડાનંદ સ્વામી મોટા, મોટા ચૈતન્યાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, ગોવિંદ સ્વામી, આનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, તથા ભાઈ આત્માનંદ સ્વામી વગેરે સર્વે પરમહંસો સામં જોયું ને બોલ્યા જે, "અભયરાજાનું અન્ન મહા શૂરવીરપણાને પમાડે એવું છે. જુઓને આ ગાયો, ભેંસો ને પરમહંસ, પાળા વગેરે તમામની આકૃતિ એવી છે કે જાણે સાવિજનો ભક્ષ કરી જાય કે નાશ કરી નાખે" તે વખતે દાદા ગુરુ કહેવાતા તે પ્રભુતાનંદ સ્વામી તથા સદાનંદ સ્વામી, જિજ્ઞાસાનંદ સ્વામી અને સચ્ચિદાનંદ સ્વામી એ ચાર સાધુઓ આડબંધ બાંધેલા, માથામાં ટોપીઓ પહેરેલી ને પાંચ ઠેકાણે ગોપીચંદનનાં ઊભાં મોટાં તિલક કરેલાં ને હાથમાં એક એક મુગદર લીધેલ એવા થકા મહારાજ પાસે આવીને "જય સચ્ચિદાનંદ" કહી બોલ્યા જે, "ગુરુ સાહેબ ! ક્યા આજ્ઞા હે સાત કુત્તાકું પકડ લેવે" તે સમે સૂર્ય ઉગ્યાનો વખત હતો પછી મહારાજ કહે "પકડને કી કુછ જરૂર નહિ કે ઈસ્કુ નિકાલ દો" પછી તે ચારેય સાધુઓ સાવિજ સામા દોડ્યા ને વોકળીને સામે કાંઠે ચડી ગયા ને સરવે જુએ છે એટલામાં તે સાતે સાવિજ ભાગ્યા ને સાધુઓ તેમની વાંસે દોડ્યા તે ધોકલા મારતા જાય ને તગડતા જાય. તેથી રાડ્યું નાખી તેઓ બોરડીની ભાંશુમાં ભાગી ગયા. પછી તે સાધુઓ મહારાજ પાસે આવ્યા ને પગે લાગ્યા, એટલે મહારાજે તેમને બથમાં લઈને મળ્યાં ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

## નિત્યાનંદ સ્વામી બે માસ કથા કરી, સંતોએ ગાવણું કર્યું તેથી પ્રસન્ન થઈને પોશાક, વસ્ત્ર અને ચરણારવિંદ આપ્યા

એક દિવસ મહારાજ અભયરાજા તથા ઉત્તમ રાજા સહિત નદીને કાંઠે વોકળીને ઘેલો ભેળાં થયા તે જગ્યાએ ગયા ને ત્યાં સૌને કહ્યું જે, ''આ જગ્યાએ ઓરીયો બંધાવ્યો હોય તો ફૂલવાડી સારી થાય'' પછી કહે ''અમારે આંહી ભારતની કથા કરાવવી છે માટે આંહી બે માસ સુધી રહેશું ને ઓરીયાનું કામ ચલાવશું'' પછી અભયરાજા કહે ''ભલે મહારાજ ! બહુ સારું'' પછી ઓરીયાથી ઉગમણા મેદાનમાં એક તંબુ ઉભો કરાવ્યો, ત્યાં મહારાજ પોતે બિરાજમાન થયાને કડિયાને બોલાવ્યા ને ઓરીયો બાંધવાનું કામ શરૂ કર્યું. ને સવારમાં પહોરમાંથી તે દશ બજ્યા સુધિ નિત્યાનંદ સ્વામી પાસે મહારાભારત વંચાવતા ને પછી પોતાને હાથે રીંગણાનું શાક તથા બાટી કરી જમતા પછી અગિયાર વાગ્યા પછી પોઢી જતા તે બાર ઉપર બે વાગ્યા સુધી પોઢતા ને પછી બેથી સાંજના પાંચ વાગ્યા સુધી કથા ચાલતી ને કારખાનાવાળા પરમહંસો તથા પાર્ષદો સારૂ દરબારમાંથી બે વખત ભાત આવતું તે ભાતને મહારાજ પોતાને હાથે કરીને બેય વખત પીરસતાને સાંજના પાંચ વાગ્યા પછી મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી વગેરે સાધુઓને લઈ બીડમાં પગપાળા ચાલી ફરતા. ને દિવસ આથમ્યા પછી તંબુએ આવતા ને ત્યાં આરતી કરી, નારાયણ ધૂન બોલી, સર્વેને જમવાની આજ્ઞા કરતા ને પોતા સારું થાળ કરી લાડુબાને મોટીબા તે મહારાજ સારું ભાત લઈ ત્યાં જમાડવા આવતાં ને મહારાજને જમાડતાં. મહારાજ તેમના પર પ્રસન્ન થઈ બ્રહ્મનિરૂપણની વાતો કરતા ને નવ વાગ્યા પછી ગવૈયા પ્રેમાનંદ સ્વામી, જોગાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી, સરોદા તથા તાલ મૃદંગ વગેરે વગાડી કીર્તન ગાતા પછી અર્ધી કલાક અભયરાજા જંત્ર એવું જે વેણુનું વાજું તે વગાડતા તે સાંભળી મહારાજ ઘણા પ્રસન્ન થતા એમ બે માસ સુધી ત્યાં રહી ઓરીયો કરાવ્યો ને તેટલા સમયમાં ભારત પણ વંચાઈ રહ્યું. પછી તેની પૂર્ણાહુતિ કરી, સાધુઓ તથા બ્રહ્મણોને જમાડી, બ્રાહ્મણોને ઉત્તમ રાજા પાસે રૂપિયો રૂપિયો દક્ષિણા અપાવીને નિત્યાનંદ સ્વામીની મહારાજે પૂજા કરી ને પોશાક આપ્યો ને બીજા સર્વે સાધુઓને મળ્યા, ત્રણ ત્રણ વસ્ત્ર આપ્યાં ને ચરણારવિંદ આપ્યાં.

## શ્રીહરિએ પાળાઓને મોજમાં ચરણારવિંદ આપ્યા અને ચાર ચોફાળમાં ચરણારવિંદ પાડી આપ્યા

એક દિવસ મહારાજ ઘરે ઠીક ન પડવાથી પાળાની પર્ણકુટીએ પધાર્યા ને ત્યાં તંબુ ઉભો કરાવી તેમાં બિરાજમાન થયા ને નિત્યાનંદ સ્વામી પાસે પદ્મપુરાણની કથા વંચાવવા માંડી. એક દિવસ લાડુબા, જીવુબા, રાજુબાને સમાધિ દ્વારા પોતાનું સર્વોપરીપણું દેખાડ્યું.

પછી મહારાજ પાળાઓને લઈને ઘેલે નાવા પધાર્યા ને ત્યાં દક્ષિણાદો ખળખળિયો છે ત્યાં ન્હાયા પછી મહારાજ ખીજડા પાસે આવી ઉતરી પડ્યા ને પાળાઓને અર્ધા ભગુજીના તડમાં ને અર્ધા અલૈયા ભક્તના તડમાં લૂંગડાની શેડ્યો કરાવી સામસામા ઉભા રાખ્યા ને વચમાં સદાનંદ સ્વામીને હાથમાં ભગવું નિશાન રખાવીને બેસાડ્યાં પછી સામસામાં પડકારા કરીને શેડ્યુંના એક બીજાના વાંસામાં ફડાકા મારવા માંડ્યા. પછી અલૈયા ભક્તવાળા તડાએ જોર કર્યું ને નિશાન લઈ લીધું. તેથી મહારાજે તેને પોશાક અને એક સાંઢિયો આપ્યો ને ફરીથી લડવા હુકમ કર્યો તે વખતે ભગુજીના તડવાળાએ પડકારા કરી નિશાન લઈ લીધું, તેથી તેને પણ મહારાજે પોશાક અને સાંઢિયો આપ્યો ને બોલ્યા જે 'કાઠી રજપુતની ખરી લડાઈ આજ થઈ' પછી સર્વે પાળા હાથ જોડીને બોલ્યા જે ''હે મહારાજ ! માર તો એ ખાધો ને મજો તો વગર મહેનતવાળઆને મળી'' પછી મહારાજ કહે ''મહેનત ચાકર કરે ને મોજ ધણીને મળે એવી રીત છે'' પછી કહે 'તમને કોઈ વખત ન મળી હોય એવી મોજ આપીએ' એમ કહી સર્વેને હૈયામાં ચરણારવિંદ આપ્યા અને મળ્યા ને પોતાના ચાર ચોફાળ મંગાવીને તે ઉપર ચરણારવિંદ પાડી તમામ પાળાઓને બે બે આપ્યા.

## શ્રીહરિએ પરમહંસોને પણ ચરણારવિંદ આપ્યા

તે વખતે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે ''પાળા સેવક અને પરમહંસ સેવક નહિ'' ત્યારે મહારાજ કહે ''પરમહંસ કાંઈ સામસામા લડી અમને ખુશી કરે છે ?'' પછી બ્રહ્માનંદ સ્વામી કહે ''પરમહંસને લડવાનો ધર્મ નહિ પણ આવી જાઓ એક કોરે પાળાને એક કોરે પરમહંસ લડીએ'' ત્યારે મહારાજ કહે ''ઠીક'' એમ કહીને વચમાં સદાનંદ સ્વામીને બેસાડીને એક લિંટો કાઢ્યો, પછી સામસામી બથગબડીની રમત રમવા માંડી ને જેને માથે દા આવે તે ધૂ દઈને ગડદો મૂકે ને એક બીજાએ પડકારા કરી રીડો કરવા માંડી ને નોબત વજાડવા માંડી પછી રમતાં રમતાં મુકતાનંદ સ્વામીના પરમહંસોએ હલાં કરી કાઠીઓ અને પાળાઓને કાઢી મુકી ઉત્તમરાજાને પકડી લીધા, પછી મહારાજે સર્વેને પડકાર્યા તેથી ફરી હલાં કરીને રમવા માંડ્યા. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ નિત્યાનંદ સ્વામીએ ઝડપી મહારાજને ઝાલી લીધા ત્યારે મહારાજ કહે ''પરમહંસોની ફતેહ થઈ'' એમ કહી મહારાજે સર્વેને મળી હૈયામાં ચરણારવિંદ આપ્યાં. ને બોલ્યા જે, ''સવારે વસ્ત્ર મંગાવીને એક એક પરમહંસને ત્રણ ત્રણ જોડ ચરણારવિંદ પાડી આપીશું.

## સદાનંદ સ્વામીને શ્રીહરિએ ચરણારવિંદ આપ્યા

વોકળી કાંઠે ખીજડાની આથમણો દાદા ખાચરનો કૂવો હાલ છે તેથી ઉત્તરમાં એક ખેતરમાં વેળ હતી તેને બંધ બાંધીને પૂરવા માટે સાધુઓ તથા પાળાઓને આજ્ઞા કરી હતી ને ખીજડાવાળા

પાળાની પર્ણકુટી પાસે તંબુ ઉભો કર્યો હતો, તેમાં મહારાજ રહેતા ને તે વેળ પૂરતા હતા ત્યાં જતા ને ત્યાં એક મોટો પથરો હતો તે ઉપર બેસતા ને પૂરવા માટે સૌના ભાગ કરી આપ્યા હતા તે પ્રમાણે સૌ પૂરતા એમ પંદર દિવસ સુધી સાંજે સાંજે મહારાજ ત્યાં આવીને બેસતા.

કોઈ દિવસ ત્યાં વઘારિયા ડોડા જમતા ને કોઈ વખત બાજરાનો પોંક જમતા, કોઈ વખત કુણાં ચીભડાં, મીઠું ને મરી સાથે જમતા, ક્યારેક તલ સાંકળી જમતા, ક્યારેક તલ ને સાકર જમતા ને ક્યારેક પાકાં ચીભડાં સૌને જમાડતા ને પોતે જમતા એવી રીતે પંદર દિવસ સુધી તે વોકળીનો બંધ બંધાવતા ને પછી દરબારમાં પધારતી વખતે કહેતા ગયા કે ''ખરેખરો બંધ બાંધજો'' મહારાજ પધાર્યા.

પછી સૌ સૌના ભાગનું સૌ સમું કરી રહ્યા પછી પાળાએ રમૂજ કરવા સારુ થોડાકમાં સદાનંદ સ્વામીનો ભાગ પડ્યો મૂક્યો. ત્યાં સદાનંદ સ્વામી ગામમાંથી આવ્યા ત્યારે પાળાએ તેમને કહ્યું જે ''તમારો ભાગ તમે બાંધો'' ત્યારે સ્વામી કહે ''તમે સેવક બાંધો હું શેનો બાંધું ?'' ત્યારે પાળા કહે ''તમે મહારાજની પ્રસાદી ખાઈ બગાડીને એક બેડિયું લાડવા બગાડ્યા'' ત્યારે સદાનંદ સ્વામી કહે 'તે તમે બગાડ્યા, ને તમારે સમો કરવો પડશે' એમ પરસ્પર હસતા હતા તે વખતે એક ભારે વરસાદનું વાદળું ચડ્યું ને વરસાદ વરસવા મંડ્યો. પછી પાળાઓ તો સૌ ભાગી સૌ સૌની જગ્યાએ ગયા ને થોડીક જગ્યા સદાનંદ સ્વામી માટે જે રાખી હતી ત્યાં સ્વામી આત્મારૂપ થઈ, આડબંધરૂપ માથું ઉંચું રાખી, પ્રણાયામ કરી, સ્વરૂપનિષ્ઠાના જોરથી વાયુ રુંધી સમાધિ ચડાવી ગયા. ને પાણીનો પણ રુંધ કરી લીધો, એ વખતે બીડમાં રહેતા જે પશુઓ, મનુષ્યો, પક્ષીઓ ને જાનવરો એ સર્વેના ઝાડો પેશાબ બંધ થઈ ગયા તે અલૈયો ભક્ત તથા ભગુજી વગેરે પાળાઓ પરસ્પર કહેવા લાગ્યા જે, ''આ આપણને શું થઈ ગયું'' એટલામાં બળદ વગેરે પશુઓ ઢમઢોલ થવા માંડ્યા ને હરણ, રોઝ વગેરે જાનવરો કેટલાંક તરફડવા માંડ્યા. ને કેટલાકં તો રાડ્યું નાખવા મંડ્યા. પછી સવાર થયું ત્યારે, પીપળાવાડીએથી સચ્ચિદાનંદ સ્વામી આંટે દેવા આવ્યા તેની પાસે અલૈયે તથા ભગુજીએ વાત કરી. તે સાંભળી હસ્યા ને અતંર દૃષ્ટિ કરી બોલ્યા જે ''ચેલા પાળાઓ ? તમે મારા ભાઈબંધ અને પિતરાઈ ઓલ્યા યોગી સદાનંદની ઠેકડી કરી તેનું પાપ લાગ્યું છે ને તે નાડી પ્રાણ સંકેલી તમારું મનમાં ચિંતવન કરતો મહારાજ પાસે બેઠો છે. વેલા સારવાર કરો નિકર મરશો'' પછી ભગુજી, હરજી, ઉકો અને અલૈયો એ સરવે હાથ જોડીને કહે ''સ્વામી ! તમે મટાડો'' ત્યારે સ્વામી કહે ''મારું મટાડ્યું મટે તેમ નથી. તમારો ડોહો આંહી આવશે ત્યારે મટશે, માટે મહારાજ પાસે જાઓ

ને નારાયણ સ્વામીને બોલાવો'' ત્યારે ભગુજી વગેરે તમે જાઓ, અમથી પુગી શકાય તેમ નથી, નહી જાઓ તો અમે ઘડી પા ઘડીમાં મરી જાશું'' પછી સચ્ચિદાનંદ સ્વામીએ દરબારમાં જઈ મહારાજ પાસે પોકાર કર્યો ને સરવે વાત વિસ્તારીને કહી, તે સાંભળી મહારાજ માણકી ઘોડી ઉપર ચડી સરવે પરમહંસ તથા ઉત્તમ રાજા તથા બ્રહ્મચારી અને પાળાઓએ વિંટાણા થકા અલૈયા ભક્ત તથા ભગુજી પાસે ગયા. ને તે સર્વેને તેડીને બાંધેલ બંધ પાસે ગયા ત્યાં ફક્ત ડોક દેખાય ને પાણી ઉપરથી ચાલ્યું જાય, એવા સદાનંદ સ્વામીને દેખ્યા પછી મહારાજ કહે 'આ તમામ પાળાઓ અમારી પાસે ભાગવતની કથા વંચાય છે તેને રોજ સાંભળે છે ને ચ્યવન ઋષિના આખ્યાનને જાણે છે તે છતાં આ સાધુની ઠેકડી કરીને આ ફળ પામ્યા.

આ તો તુરત ખબર પડી, નહિ તો સદાનંદ સ્વામી ગામ બધાનો ઝાડો, પેશાબ બંધ કરત' એમ કહી તાણીને ચાર હાકલો મારી તેને સાંભળીને સદાનંદ સ્વામી સમાધિમાંથી જાગ્રત થયા ને મહારાજને પગે લાગી કહ્યું જે, 'હે મહારાજ ! મારો વાંક નથી પણ મારી ઠેકડી તેણે કરી તેથી મેં તમે દેખતાં પ્રાણાયામ કર્યો છે, હવે શી આજ્ઞા છે ? ત્યારે મહારાજ કહે ''આ તો ધુંધળી મલના જેવી ક્રિયા થાય છે ?'' ત્યારે સ્વામી બોલ્યા જે ''હે મહારાજ ! એ તો પાપી હતો ને મેં તો તમારી આજ્ઞા પાળવા સારુ મારા દેહને ગારાના બંધરુપ કર્યો છે ને હવે તેના ઝાડા પેશાબનો ખુલાસો તમારી આજ્ઞાથી કરું છું માટે સૌ સૌના લોટા લઈને ઠેકાણે જાય. નહિ તો આંહી ઝાડો ને પેશાબ છૂટી જશે.'' તે વખતે ગોરધનદાસ, પરબતીયો, લાધોજી માતંગ અને ધનોધોતલી એ ચારેયને ઉભા રાખ્યા ને મહારાજ જુએ છે તેટલામાં સદાનંદ સ્વામીએ ચપટી બજાડી ડીલ મરડ્યું એટલે સરવે મનુષ્ય અને પશુ પક્ષીઓના ઝાડો, પેશાબ છૂટી ગયા ને ઓલ્યા ચાર ભાગ્યા તેને ત્યાં જ ઝાડો, પેશાબ થઈ ગયો તે જોઈ સરવે ઘણા હસ્યા ને જાનવરો ને દોડતાં ભાળ્યાં. પછી મહારાજ ઘોડી ઉપર ચડ્યા ને સદાનંદ સ્વામીને આગળ લઈ જઈને ખળખળીએ પોતે નાહ્યા ને સ્વામીને નવરાવ્યા પછી વીશ વખત મળ્યાં ને હૃદયમાં ચરણારવિંદ આપ્યા ને દરબારમાં તેડી ગયા.

## શ્રીહરિના ચરણરજનો મહિમા જોબનપગીએ જાણ્યો

એકવાક જોબનપગીએ શ્રીહરિને વિનંતી કરી કે 'હે મહારાજ ! મારે તમારી ચરણ રજ પ્રસાદીની લેવી છે તો, આપશ્રી અડવાણે પગે ચાલો. ત્યારે શ્રીહરિ અડવાણે પગે ખેતરમાં ચાલ્યા. તે દરેક ચરણારવિંદના નિશાનેથી એક એક મુઠી પ્રસાદીની ચરણરજ લઈને પોટલી બાંધી, પોતાના ઘેર લાવી કપડાંથી ગાળીને તે ચરણરજ નિત્ય જમે ત્યારે પ્રસાદી તરીકે ભોજનમાં તે ચરણરજની નાની ચપટી ભરીને ભેળી જમતાં.

એકવાર ભોજન જમવા બેઠા ત્યારે પ્રસાદીની ચરણરજ જોવામાં આવી નહિ. તેથી તેમના ઘરનાંને કહ્યું કે, આજે ચરણરજ કેમ મૂકી નથી ? ત્યારે તેમના ઘરના કહે ચરણ રજ ખૂટી ગઈ છે. તરત જ જોબનપગી બોલ્યા કે તો હવે આ દેહ ચરણરજ વિના રહી શકશે નહિ. એમ બોલ્યા પછી તેમનો દેહ બે ત્રણ દિવસમાં પડી ગયો ને પોતે અક્ષરધામમાં શ્રીહરિના ચરણમાં નિવાસ કર્યો.

## ભગુજી (મચ્છંદરનાથ) ને અલૈયો ભક્ત (ગોરખનાથ) એ બંનેને શ્રીહરિએ પૂર્વની સ્મૃતિ કરાવીને ચરણારવિંદ આપ્યા

શ્રીહરિ ઉગમણા બારને ઓરડાની ઓસરીએ બિરાજમાન થયા ને પોતાના મુખારવિંદ આગળ સંત તથા પાર્ષદની સભા ભરાઈને બેઠી હતી. તે વખે ભગુજી તથા અલૈયા ભક્તે (સાળંગપુરવાળા) મહારાજની પૂજા કરી ને ગુલાબી રંગના પાંચેય લૂગડાં પહેરાવીને આરતી ઉતારી પછી પાળા સર્વેને બોલાવીને ઉપદેશ કર્યો જે, 'ત્યાગીએ પૈસા રાખવા નહિ ને જો પૈસા રાખે તો તેમાંથી જાજું ભુંડું થાય' તે ઉપર ગોરખનાથ તથા મચ્છંદનાથની એક વિસ્તારથી વાત કરી જે, 'મચ્છંદનાથ કરીને એક યોગી હતો. તે સતયુગ વારિનો હતો ને તે સિધ્ધ થયો હતો ને પોતાને જ્યાં સુધી જીવવું હોય ત્યાં સુધી જીવે એવો સ્વતંત્રસિધ્ધદશાને પામેલ હતો ને સ્ત્રી ધનનો ત્યાગી હતો ને તે ગીરનારની ગુફામાં રહેતો તેણે એક શિષ્ય ગોરખનાથ નામે મુંડેલો હતો અને તે પણ સિધ્ધદશાને પામ્યો હતો પછી તે નાથલોકોને સંપ્રદા સોંપી મચ્છદર બાર વર્ષની તપશ્ચર્યા કરવા સારુ નવલખા પર્વત ઉપર જાવાની તૈયારી કરી ને તે તરફ સિધ્ધાઈને બળે આકાશ માર્ગે ચાલ્યા, તે ચાલતાં ચાલતાં નવલખા પર્વતની નજીક જવાળામુખી નામે એક તીર્થ છે તેની પાડોશમાં દક્ષિણાદી દિશે કામરુદેશ છે ને ત્યાં સોનાની ખાણો છે તે મુલક માથે મચ્છંદનાથ નીકળ્યા ને તે જોવા સારુ ત્યાં ઉતર્યા, ત્યાં નાના પ્રકારની રચના જઈને સિધ્ધપણું ભૂલી જે ત્યાં લોભાણા ને એક રૂપસુંદરી કન્યા હતી તે ઉપર આસક્ત થઈ ગાંધર્વવિવાહથી પરણ્યા ને તેને બે પુત્ર ને બે પુત્રીઓ થઈ જેથી તેમાં બંધાઈને બે વર્ષ વિતી ગયા. એટલે બાર વર્ષની અવધિ ઉપર બે વર્ષ વધારે થઈ ગયા.

એટલે ગુરુની શી દશા છે તે જોવા માટે ગોરખનાથે પ્રાણાયામથી સમાધિ કરીને મચ્છંદર નાથને ગોતી કાઢ્યા, ત્યાં તો બધ્ધ થઈ ગયેલા જોયા પછી પોતે તીર્થ કરતાં કરતાં ચાલ્યા ત્યાં રસ્તામાં ભોવાયાનું એક પેડું ભેળું થયું તેને કહ્યું જે, 'તમે ક્યાં જાઓ છો ?'' ત્યારે તે કહે, અમો કામરુદેશમાં રમવા જઈએ છઈએ' ત્યારે ગોરખનાથ કહે 'મને ભેળો લઈ જાવ હું તમારી ઢોલકી બજાવીશ' પછી તે ભેળો ચાલ્યો તે જે ગામમાં મચ્છંદરનાથ હતા તે ગામમાં

રાત્રે રમત કરવા લાગ્યા ને તે રમત મચ્છદંનાથ પણ જોવા આવેલ, તેને દેખીને ગોરખનાથે ઢોલકી બજાવવા માંડી જે, 'ચેત મચ્છંદર ગોરખ આયા' એમ બજાવતાં જોયો ત્યારે મચ્છદંનાથે તેને ઓળખી કાઢ્યો જે 'આ વાંસે આવ્યો ખરો' પછી સવારે મચ્છંદનાથ જે જગ્યાએ હતા ત્યાં ગયો તેને જોઈને મચ્છંદરનાથ દિલગીર થયા ને પોતાની સ્ત્રીને કહ્યું જે 'હું તારા અર્થી ન રહ્યો માટે હું મારા ચેલા ભેગો જઈશ' એમ કહ્યું એટલે તે સ્ત્રી, પુત્ર અને પુત્રીઓ એ સર્વે ગળે બાઝી પડ્યા ને રોયાં તે જોઈ ગોરખનાથે ધીકાર્યો ને સર્વેનો ત્યાગ કરાવ્યો ને તેને લઈને ચાલ્યો ત્યારે મચ્છંદરનથ કહે 'હું મારા ઘરમાં જઈને પાછો આવું' એમ કહીને સોનાની ઈંટો તથા રત્ન ભેળાં કરીને એક ઝોળીમાં નાખીને લઈ લીધાં ને પોતાની છોકરાઓને ત્યાં સિધ્ધાઈને બબે પર મુલકના રાજા બતાવીને ચાલી નીકળ્યા પછી રસ્તામાં ગોરખનાથ પોતાના ગુરુને ઉપદેશ કરવા લાગ્યો એમ કરતાં ચાલી મોહનની ઝાડીમાં આવ્યા ત્યાં મારગમાં ગામ આવે ત્યાં મચ્છંદનાથ પૂછે જે, 'આ રસ્તે મેં કુછ ભય હૈ' એમ કરતાં રસ્તામાં એક વાવ આવી ને ત્યાં ગુરુ શિષ્ય બેય સ્નાન કરવા બેઠા ત્યાં મચ્છંદરનાથ બહિર્ભૂમિ ગયા એટલે ગોરખનાથે પોટલું જોયું તેમાંથી સોનું ને રત્ન નીકળ્યાં તેને વાવમાં નાખી દીધાં ને તે પ્રમાણે ઝોળીમાં પાણો બાંધીને નાખ્યો, પછી સ્નાન કરીને ત્યાંથી ચાલ્યા તે એક કસ્બો આવ્યો તેને ઉલંઘીને ચાલ્યા તે મારગમાં એક મનુષ્ય મળ્યો તેને મચ્છંદરનાથે પૂછ્યું જે 'આ રસ્તામાં કુછ ભય હૈ ?'' ત્યારે ગોરખનાથ બોલ્યા કે, 'ભય તો સબ વાવ મેં ડાલ દિયા' પછી ઝોળીમાં જોયું તો પથરો ભાળ્યો એટલે પોક મૂકીને રોવા લાગ્યો ત્યારે ગોરખનાથે તેને રડતા જોઈ પેશાબની સેડ મારી એટલે સોનાની શીલા થઈ ગઈ ત્યારે ગોરખનાથ કહે 'ગુરુ સાહેબ ! ઉઠાઈ લો' એટલે મચ્છંદરનાથ કહે ગોરખા ! ગુરુથી ચેલા આગળી હુવા' એટલે ગોરખનાથ કહે 'ગુરુ પ્રતાપ સે' એમ કહીને ગુરુને પ્રથમ કાળની સ્મૃતિ કરાવીને સિધ્ધપણાનું જ્ઞાન સિધ્ધ કરાવ્યું.

માટે હે ભગુજી અને અલૈયા ભક્ત ! જેનું મન કાચું હોય તે જ ધન સ્ત્રીમાં લોભાય છે. પછી મચ્છંદરનાથ કહે 'આપણો મોક્ષ કેમ થશે ?' પછી બન્ને સિધ્ધો ગંગા કિનારે ગયા ને ત્યાં એઓએ ''ૐ શ્રી સ્વામિનારાયણઃ શરણં મમ'' એ મંત્ર જપી પ્રત્યક્ષ ભગવાન મળવા પ્રયત્ન કર્યું. પછી બન્નેનો દેહ પડી ગયો. તે આ ભગુજી તથા અલૈયા ભક્ત બન્ને ગુરુ શિષ્ય છો માટે આ ધનના ફંદથી છૂટ્યા, ને અલૈયા ભક્ત ને ધન વળગ્યું જ નથી'' એમ કહીને બન્નેને ચરણારવિંદ આપી મહારાજ મળ્યા પછી ઘણા વખાણ કર્યા ને હસીને મહારાજ બોલ્યા જે, 'આ ભગુજીની ભેટ તો ઘેલામાં ડાબી દીધી.'

## આઠ જણાએ શ્રીહરિને ગરમી લાગવાથી ફૂલના શણગાર પહેરાવ્યા ને સેવાથી પ્રસન્ન થઈને શ્રીહરિએ આઠેયને ચરણારવિંદ આપ્યા

એકવાર મહારાજને ઉનાળાની ગરમી લાગવા માંડી એટલે કહે "આજ તડકો બહુ જ લાગે છે તો ક્યાંઈ ટાઢું થાય તેવું હશે ?" તે સાંભળી અલૈયા ભક્ત વગેરે કહે 'મહારાજ ! અમે રેતીની તળીમાં એક માંડવો કર્યો છે. તે ઉપર કડબ બહુનામી છે, તે ઉપર એક બુંગણ નાખી આ નાથો મુંગો પોઠીયે કરીને પાણી લાવે તે ઉપર રેડશું તેણે કરીને ટાઢું બહુ રહેશે" પછી મહારાજ ઘોડીએ ચડી એકદમ ઘોડી હાંકીને માંડવે જાતા રહ્યા ને તે માંડવા નીચે ઢોલિયો નાખી, ગાદી તકિયો નખાવીને મહારાજ બિરાજમાન થયા. પછી અલૈયા ભક્ત વગેરે કારભારીઓ મળી મહારાજ સારુ મલિયાગર ચંદન, ગુલાબ જળ, ફૂલનો સુરવાળ, ફૂલનો જામો, ફૂલની પાઘ, ફૂલની પછેડી અને ફૂલના બાજુબંધ બેરખા વગેરે કેટલીક સામગ્રીઓ લઈ આયા. તેટલામાં સચ્ચિદાનંદ સ્વામી દાડમ, જામફળ, સાકરનું બુરું અને બદામ વગેરે સામાન લઈ આવ્યા પછી મહારાજને બાજોઠ ઉપર બેસાડીને નવરાવ્યા ને શ્વેત વસ્ત્ર પહેરાવ્યું ને ચંદને કરી મહારાજને સર્વે અંગે લેપન કર્યું ને ફૂલનો પોશાક ધરાવ્યો અને બદામ, સાકર, જામફળ વગેરે આગળ મેલ્યાં તે મહારાજ જમ્યા ને અગરબત્તીનો ધૂપ કરી કપૂરની આરતી ઉતારી પછી આઠેય જણાને મળી મહારાજે ચરણારવિંદ આપ્યાં.

## સચ્ચિદાનંદ સ્વામીને છાતીમાં ચરણારવિંદ આપ્યા

મહારાજ શ્વેત વસ્ત્ર પહેરી ઢોલિયા ઉપર બિરાજમાન થયા પછી એ આઠેય જણાને મહારાજ કહે, 'આ સચ્ચિદાનંદ સ્વામી એક વિના તમને એમ સંકલ્પ થાય છે જે, આપણે પરમહંસ થાવા આવ્યા હતા ને મહારાજે તો આ કાઠી દરબારના કારભારી આપણને બનાવ્યા પણ આપણે જે ધાર્યું હતું તે ન બન્યું એવો વિચાર તમને વારંવાર થાય છે પણ તમારે એને કાઠી દરબાર સમજવા નહિ એ તો જ્યાં પરમેશ્વર હોય ત્યાંજ હોય માટે તમારો સંશય ટાળો, તેમાં પ્રથમ હરજી, ઉકો અને નાનોરામજી એ ત્રણેય સમાધિમાં બેસો'પછી તે ત્રણેય સમાધિમાં બેઠા તેમને જીવુબાઈ સાક્ષાત લક્ષ્મીરૂપે ચતુર્ભુજ મૂરતી અલંકારે સહિત જણાણાં ને તેમને મહારાજની પાસે દેખ્યાં તે જોઈ મહાવિસ્મય પામ્યા ને સમાધિમાંથી જાગી હાથ જોડીને કહે 'હે મહારાજ ! અમારો સંશય ટળ્યો અને અમારા સંશયરુપી અપરાધને ક્ષમા કરજો' એમ કહી પગે લાગ્યા.

પછી મોટા રામજી અને ગણેશ ભક્તને ધ્યાનમાં બેસાર્યા, તેમને લાડુબાઈ સાક્ષાત્ રાધિકારૂપે દેખાણાં ને રાજબાઈ સાક્ષાત્ સરસ્વતી રૂપે જણાણાં ને તે બન્ને ગોલોકમાં અને મહારાજનાં સમીપમાં અક્ષરધામમાં પણ દેખાણાં તે પ્રતાપ જોઈ આનંદની સાથે તાળીઓ પાડવા

માંડી. પછી સમાધિમાંથી ઉઠી મહારાજની કેટલીક સ્તુતિ કરીને કહે 'હે મહારાજ ! અમારા મનનો સંશય આળશ્યો એ કાંઈ કાઠી દરબાર નથી એ તો સાક્ષાત્ તમારા અંગરૂપ છે' પછી અલૈયા ભક્તને તથા પૂંજાજીને ધ્યાનમાં બેસાર્યા તેમને તો ઉત્તમ રાજા સાક્ષાત્ અક્ષરમુક્ત રૂપે દેખાણાં પછી ધ્યાનમાંથી ઉઠીને કહે 'હે મહારાજ ! એઓ તો સાક્ષાત્ અક્ષરમુક્ત છે અને અમને જે સંશય થયા તે તો અમે ધૂળ ખાધી' એમ બોલ્યા તે સાંભળી સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા જે, 'સાતેય મૂર્ખાને મેં સમઝાવ્યા પણ મને ગાંડો ટેવીને માન્યું નહિ પણ હવે મનાણું' તે સાંભળી મહારાજ હસ્યા ને સચ્ચિદાનંદ સ્વામીને છાતીમાં ચરણરાવિંદ આપ્યાં.

## સુખાનંદ સ્વામીને છાતીમાં ચરણારવિંદ આપ્યા

એકવાર મોટા સુખાનંદે મહારાજની પૂજા કરી. ચંદન ચરચી કેસરના વાળઆના હારનો કાંઠલો પહેરાવ્યો અને તેને મહારાજ કહે 'આ સાધુ એક ડમલમાં ગણાય એવા નથી, બહુ મોટા છે અને આ બ્રહ્માંડમાં થયું ને થાવાનું કહે એવા છે અને શુધ્ધાત્મક અનાદિમુક્ત છે અને લોજમાં રામાનંદ સ્વામીના સાધુ સાથે અમારો મેળાપ કરાવ્યો એ આ સાધુ અમારા નેત્રની કીકી છે' એમ વખાણ કરી છાતીમાં ચરણારવિંદ આપ્યા.

## પાંસઠ એકડમલોએ કૂવો ગાળી આપ્યો તેથી પ્રસન્ન થઈને હૃદયમાં ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા

એકદિવસ પ્રભાતના પોરમાં હરજીભાઈ આવીને કહે ''મહારાજ ! કૂવાનું મુહૂર્ત કરવા ચાલો'' ત્યારે મહારાજ ''પાળાને બોલાવો'' પછી પાળા આવ્યા ને ભીમ ડાભી અને દેવો ભક્ત આવીને કહે મહારાજ ! શા સારું બોલાવ્યા છે ?' ત્યારે મહારાજ કહે 'હરજીભાઈને બાગ કરવી છે તે કૂવો ગાળવો છે' ત્યાં તો બેય જણાએ ઓડ્યે હાથ ગયા ને બોલ્યા કે 'મહારાજ ! હવે તો પાળા થાકી ગયા છે વરસ એકે કૂવો એક ગળાવો' તે સાંભળી હરજીભાઈ ઉદાસ થઈ ગયા. ત્યારે વિશાળાનંદ વગેરે એકડમલ બેઠા હતા તેણે પરસ્પર બોલવા માડંયું કે, 'આપણને જીવુબા ખાવાનું આપે છે, માટે આપણે એમના ઉપયોગમાં ન આવીયે તો આપણે કૃતઘ્ની કહેવાઈએ માટે આપણે બીડું ઝડપો ને કૂવો ગાળી દઈએ અને કૂવો ગાળશું એટલે બા પ્રસન્ન થશે તો આપણો મોક્ષ સહેજે થઈ ગયો.'

પછી પાંસઠ જણા ઊભા થઈ કહે 'હે મહારાજ ! અમારે કોઈ ધણી નહોતુ તે દિવસે અને આજ પણ બા અમને પાંસઠ જણાને ભીક્ષા કરાવી રોટલા આપે છે માટે પાળામાંથી પ્રભુ ગયા તો અમે કૂવો ગાળી દેશું માટે તમે આવી ચિંધ્રો ત્યાં ગાળવા માંડિયે' પછી મહારાજે રાજી થઈ હૃદયમાં ચરણારવિંદ આપ્યાં ને માણકી ઘોડીએ ચડી તે જગ્યાએ ગયા ને બોલ્યા

કે 'આ જગ્યાએ ગાળો' પછી એકડમલોએ કૂવો ગાળવા માંડ્યો. તેને મહારાજ પોતાના થાળની પ્રસાદી રોજ આપતા ને મહારાજ રોજ હૃદયને વિષે ચરણારવિંદ દેતા.

એકડમલોએ કૂવો કડેડાટ ગાળવા માંડ્યો તે ગાળતાં પડકારા કરે, કીર્તન બોલે, ધૂન બોલે એમ ધમધમાટ બોલાવે. એમ કરતાં પંચાવન દિવેસ ત્રણ કોસનું પાણી કર્યું તે મહારાજને ખબર કરી તે સાંભળી મહારાજ ઘણા રાજી થયા ને ત્યાં લાડુબાએ રસોઈ આપી, પરમહંસ, બ્રહ્મચારી, આચાર્ય, પાળા અને હરિભક્ત પાર્ષદો વગેરે સર્વેને જમાડ્યા. તે વખત વિશાળાનંદ વગેરે કહે 'આ પાળા તો મફતનું ખાય છે' તે વાત ભગુજી વગેરેએ કબુલ કરી. પછી મહારાજે જમીને સર્વેને દૂધપાક, પૂરી જમાડ્યાં. ને પાંસઠ એકડમલને જમેલી પ્રસાદી મહારાજે આપી અને સુતરફેણીના કટકા મોઢામાં મેલીને જમાડ્યા પછી જીવુબાએ મહારાજ પાસે સૌ એકડમલને એક ધોતીયું, એક રુમાલ, એક સીવેલી કફની એ બે બે જોડ ચણારવિંદ આપાવ્યા. આ કૂવાનું નામ મહારાજે 'નારાયણ લહેરી પાડ્યું.

## અભયરાજાને શ્રીહરિએ હૃદયમાં ચરણારવિંદ આપ્યા

શ્રીજીમહારાજે જીવુબા, લાડુબાની અઢારસે વીઘા જમીન જે બીડ હતું તે ખેડી નાખવા માટે ત્યાં ચાળીશ સાંતી જોડાવીને ખેડાવા માંડ્યું, ને મહારાજ સારૂં લાડુબા તથા જીવુબા દરરોજ થાળ લાવે. ને સાધુઓ ત્યાં ગાયો તથા ભેંસોના દૂધ મેળવીને છાછ કરે અને પીપળાવાડીના વાડનો તમામ ગોળ ત્યાં રાખ્યો તે સવારમાં તમામ માણસોને ગોળ અને ઘઉંના ટેઠવા આપે અને મોટો ઉત્સવ ને આનંદ થયા કરે. ને ખેડવાનું કામ ઝડપથી ચાલવા માંડ્યું ને મહારાજ પણ સર્વને દર્શન દઈ આનંદ પમાડે. પછી ખોડસાંનો મોટો પર્વત થયો તેને આઠ દિશાઓથી ઉપર ચડાય એમ મોટા વિસ્તારથી નિષ્કુળાનંદ સ્વામી પાસે ગોઠવાવી મહા રમણીક કરાવ્યો અને તે ઉપર છત્રીવાળો એક મોટો મંચ કરાવ્યો ને એક વાંસડો લઈ તે ઉપર એક ભગવું નિશાન ચડાવ્યું ને તેનું મુહૂર્ત પાંચ વાનાની સુખડીથી અભયરાજા પાસે કરાવ્યું તેમાં પ્રથમ મહારાજ જમ્યા પછી પાળા, બ્રહ્મચારી, સંન્યાસી પરમહંસ અને હરિભક્તો વગેરેને જમાડ્યા. ને તમામને એક એક ધાબળી અને ચાર ચાર વસ્ત્ર આપ્યાં પછી એમંચ ઉપર મહારાજ વિરાજ્યા તે વખતે દરબારે ચાલીશ તોપુંના અવાજ કર્યા ને પાંચ કલાક સુધી નોબ્બત વગડાવી.

અને મહારાજ ને કીનખાયનો સુરવાળ અને ડગલી પહેરાયાં અને સાચા મોતીનાં તોરા તથા મોતી અન હીરાજડિત શિરપેચ સહિત નવઘરું માથે ધરાવ્યું ને એક સોનેરી શેલું કેડે બંધાવ્યું ને એક જરિયાની શેલું ખંભે નંખાવ્યું ને એક જરિયાની રુમાલ હાથમાં આપ્યો ને એક કટાર કેડે બંધાવ્યો. અને એક સુદરશન ચક્ર જેવી તલવાર કેડે બંધાવી અને એક રોજી ઢાલ ખભે

ધરાવી. અને ચંદનની આડ કરી અત્તર અને ગુલાબ જળ છાંટ્યું. અને એક હજાર રૂપિયાની કિંમતની એક સોનાની ઉતરી પહેરાવી ને પછી આરતી ઉતારી અભયરાજાએ પ્રદક્ષિણા અને દંડવત્ પ્રણામ કર્યા ને મહારાજને મળીને ચરણારવિંદ હૃદયમાં લીધાં. ને ઉત્તમ રાજાનું કાંડુ મહારાજના હાથમાં સોંપ્યું. ત્યારે મહારાજ કહે : ‘‘બલિરાજા એ અમને ચાર માસ વશ કર્યા પણ અભયરાજાએ તો ઉત્તમરાજાના જીવિત પર્યંત અમને કારભારી બનાવ્યા.

## શ્રીહરિએ બ્રહ્મમુનિને છાતીમાં ચરણારવિંદ આપ્યા

શ્રીહરિ ત્યાં બીડ ખેડાવીને રાત્રિ દિવસ ત્યાં કથા વાર્તા દર્શનનું સુખ આપી રહ્યા છે તે વખતે બ્રહ્માનંદ સ્વામીએ તે તે સમાનાં બાંસુરિનાં કીર્તન કરી મહારાજ આગળ ગાયો. તે સાંભળી મહારાજ રાજી થયાં ને સ્વામીને પોશાક આપ્યો તથા થાળ આપ્યો ને હૃદયમાં ચરણારવિંદ આપ્યાં. એવું અદ્‌ભૂત ચરિત્ર મહારાજે કર્યું ને એ પ્રમાણે દરરોજ વખતે બાંસુરી મહાસ્વરથી બજાવતા અને પરમહંસ વગેરેને આનંદ આપતા. એવી રીતે ચાર માસ સુધી ત્યાં લીલા કરી.

## મહારાજે પોતાના ચરણારવિંદથી રાધાવાવનો આકાર બનાવ્યો ને ગોપાળાનંદ સ્વામી તથા બસો પાળાને ચરણારવિંદ આપ્યા

એકવાર મહારાજે વાત કરી જે, ‘આપણે એવી બાગ કરાવો’ પછી મહારાજે ભગુજી, મીયાંજી, રતનજી અને અલૈયો ભક્ત એ સર્વેને બોલાવ્યા અને રાધાબાગ કરવાનો મનસુબો બાંધી રાધાવાવ્ય કરાવવાની આજ્ઞા કરી. અને બાગ કરવાની સચ્ચિદાનંદ સ્વીને આજ્ઞા આપી. પછી મહારાજ પોઢ્યા ને પાછલો પહોર દિવસ હતો તે વખતે ઘોડીયે ચડી ઉગામેડીને મારગે ગયા. અને જે જગ્યાએ હાલ વાવ્ય છે ત્યાં જઈ પોતાના ચરણારવિંદે કરી વાવ્યનો આકાર કરી દેખાડ્યો. ને તે ગાળવાની આજ્ઞા ભગુજીને આપી. ને પોતે ભાદરવા સુદ આઠમ જે રાધા અષ્ટમીના દિવસે સ્વહસ્તે મુહૂર્ત કર્યું. તે વખતે પચાસ મણ ગોળ અને ધાણા વહેંચ્યા ને તે દિવસે રાધાઅષ્ટમીનો હતો તથી મોટો સમૈયો હતો. ને પાંચ હજાર માણસ તે જગ્યાએ હતા તે લીલા જોઈ સર્વ મનુષ્ય આનંદ પામ્યા ને તે વખતે કેસર ચંદનનો વરસાદ થયો ને સેવતી તથા ગુલાબના પુષ્પની આકાશમાંથી વૃષ્ટિ થઈ ને એ વાવ્યનું મુહૂર્ત ગોપાળાનંદ સ્વામીએ જોયું હતું તેથી મહારાજે તેમને પોતાના ચરણારવિંદ હૃદયને વિષે આપીને પુષ્પનો હાર પહેરાવ્યો ને પોશાક આપ્યો ને સચ્ચિદાનંદ સ્વામીને બોરીનો ચોફાળ ઓઢાડ્યો ને નિત્યાનંદ સ્વામીને ધોતી પાઘ આપીને ભગુજીને ધોળો ચકમો આપ્યો ને ગણેશ ભક્તને વાંકાનેરનો ખેસ આપ્યો. ને તે વખતે લાડુબાએ પોતાની ઘોડી તાજણની એક સુંદર વશેરી મહારાજને આપી તે ઉપર

ચડી મહારાજ દરબારમાં પધાર્યા ને મહારાજ દરરોજ સાંજે એ વાવ્ય ગળાતી ત્યાં જતા ને ત્યાં ઉત્તમરાજા વગેરેની સાથે અનેક પ્રકાર હાસ્ય વિનોદ કરતા અને આશરે બસો પાળાએ વાવ્ય ગાળતા તેને દરરોજ મહારાજ ચરણારવિંદ આપીને મળતા ને રાજી રાખતા હતા.

## ચિત્રરથ નામના ગાંધર્વ આવીને શ્રીહરિ પાસે ગાવણું કર્યું ને રાજી થઈને મહારાજે તેને છાતીમાં ચરણારવિંદ આપ્યા

એકવાર મહારાજ ખુલ્લી હવામાં બિરાજમાન હતા. તે વખતે મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી અને યોગાનંદ સ્વામી તાલ-પખાજ, સરોદા લઈ કીર્તન ગાતા હતા. ને ખૂબ ગાવણું થયું ને પુષ્પનો વરસાદ થયો. તે વખતે એક રમણિક વસ્ત્ર પહેરેલો પુરુષ આવ્યો તેમણે મહારાજને પગે લાગીને ચરણારવિંદ હૃદયને વિષે લીધાં પછી પાછા પગે ગયો તે સર્વેએ ભાળ્યો. તેટલામાં ગાવણું બંધ થયું. તેટલામાં તો અંતરિક્ષથી ગધર્વો અને અપ્સરાઓનું ગાવણું થવા લાગ્યું ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, 'હે મહારાજ ! એ પગે લાગી ગયો તે પુરુષ કોણ હતો ને આવું ગાન કોણ કરે છે ?' ત્યારે મહારાજ કહે એ ચિત્રરથ નામનો ગંધર્વ અમારી પાસે ગાન કરવા આવ્યો છે તે પોતે પગે લાગી ગયો ને અપ્સરાઓ છેટેથી પગે લાગીઓ, કારણ કે, અહીં આવે તો તમને ઉપવાસ પડે, તે વાત સાંભળી બે ચાર જણાને સંશય થયો. પછી મહારાજની ઈચ્છાથી તેમને તેને નજરે ભાળ્યો. પછી મહારાજ કહે ઘણાં વરસથી ભેળા રહે છે ને ઘણાં ચમત્કાર જોવામાં આવે છે તો પણ સંકલ્પ થયા વિના રહે નહિ ને ચાળા ચૂંથ્યા જ કરે. ત્યાં તો તે સાતેય જણા ઉભા થઈ કહે, અમે નજરે ભાળીએ છીએ ને તમે તો પૂર્ણ બ્રહ્મ પરમાત્મા છો.

## શ્રીહરિએ પ્રસન્ન થઈ સર્વને હૃદયમાં ચરણારવિંદ આપ્યા

ગઢપુરમાં ધર્મકુળનો ચોકો હતો ત્યાં જઈને શ્રીહરિએ સર્વેને જમાડ્યા ને પોતે હાથે દહીં, દૂધને સાકર પીરસી રેલમ છેલમ કરી ખૂબ જમાડ્યા. પછી હાથ ધોઈ બાવળ હેઠ માંચડો ખોડ્યો હતો તે જગ્યાએ આવીને બિરાજમાન થયા. પછી બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી કહે, 'મહારાજ ! બાટી તો ઘીમાં બોળેલી ઘણી વધી છે ને ઘી પણ વધ્યું ને મસાલો ને દહીં પણ ઘણું વધ્યું છે.' તે સાંભળીને સચ્ચિદાનંદ સ્વામી કહે 'રીંગણાં પણ કોઈને ખવરાવ્યાં નથી ને રાખી મૂક્યાં છે' ત્યારે મહારાજ કહે 'લાવો રીંગણાંનું શાક કરીએ' પછી રીંગણાં મંગાવ્યા ને શાક કરવાની આજ્ઞા કરી. પછી ચંદન ઉતારીને લાવ્યા હતા તે મહારાજની પૂજા કરવા સર્વે તૈયાર થયા. તેમાં પ્રથમ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ તથા સર્વે સાધુઓએ પૂજા કરી પછી ધર્મકુળે ને પછી બ્રહ્મચારી, સંન્યાસી અને પાળાઓએ

પૂજા કરી આખે શરીરે ચંદન ચરચ્યું ને એકુકો હાર ડોકમાં પહેરાવ્યો પછી મહારાજને સર્વે મળ્યાં ને ચરણારવિંદ હૃદયમાં લીધાં. પછી ફરતા ગરબીઓ બોલ્યા ને કીર્તન ગાયાં ને સાંજે મહારાજ ચિરાબંધ ઓરિયા પાસે નાયા ને પછી આવીને પોતાને હાથે રીંગણાનું શાક કર્યું ને આરતી ધૂન કરીને પછી જમ્યા ને પછી સર્વેને જમાડ્યા.

## મહારાજે સંભાર્યા કે તરત શંકર મૂર્તિમાન આવ્યા ને પગે લાગી ચરણારવિંદ હૃદયમાં લીધાં

એક સમે મહારાજ રાધાબાગે પધાર્યા હતા ને ત્યાં વાડ ફરતો હતો તે શેરડી લાવી ઢગલા કર્યા ત્યારે મહારાજે પરમહંસ વગેરે સર્વેને આજ્ઞા કરી જે "સૌ ધરાઓ તેટલી શેરડી ખાઓ.' પછી સૌએ ખાધી ને મહારાજ પણ થોડાક માદળિયાં જમ્યા પછી કોગળા કરીને બીલીનું ઝાડ હતું ત્યાં ઘાશિયા ઉપર બિરાજમાન થયા ને તે જગ્યાએ નિત્યાનંદ સ્વામી સામા ધાબળી નાખીને બેઠા તે વખતે મહારાજ દરરોજ શિવપુરાણ વંચાવતા હતા. તેથી નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, 'શિવપુરાણનું પુસ્તક આણ્યું છે, આપની મરજી હોય તો વાંચુ' ત્યારે મહારાજ કહે 'વાંચો' તે વાંચવામાં શંકરને માથે બીલીપત્ર ચડાવવાનું માહાત્મ્ય આવ્યું તે વખતે મહારાજે શંકરને સંભાર્યા એટલે શંકર મૂર્તિમાન આવીને ઊભા રહ્યા ને મહારાજને પગે લાગી ચરણારવિંદ હૃદયમાં લીધાં પછી શંકરને મહારાજ કહે 'તમને બીલીપત્ર ચડાવવાનું માહાત્મ્ય આ પુરાણમાં બહુ આવ્યું છે માટે અમારે તમારી પૂજા કરીને બીલીપત્ર ચડાવવા છ. ત્યારે શંકર કહે 'હે મહારાજ ! હું તો તમારો દાસ છું માટે મારી પૂજા હોય નહિ.' પછી મહારાજ કહે 'અમે મનુષ્યદેહ ધારણ કર્યો છે ને તમે અમારા અત્યંત ભક્ત છો ને અમારા સ્વરૂપમાં લીન થઈ જાઓ છો માટે પૂજા કરવી જોશે' તો પણ શંકરે ના પાડી ને દિલગીર થયા એટલે મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને આજ્ઞા કરી, એટલે સ્વામીએ ષોડશ ઉપચારે કરીને શંકરની પૂજા કરી.

## રાધાવાવે ચૈતન્યાનંદ સ્વામીને શ્રીહરિએ હૃદયને વિષે ચરણારવિંદ આપ્યા

રાધાબાગેમાં ઝાડ હેઠે મહારાજે સભા કરી ને તે દિવસે રાજબાઈની રસોઈ ને ઉત્સવ હતો પછી મહારાજે કહ્યું જે "હે પરમહંસો ! આજ લોભનો વારો છે તે જીતવા કોણ બીડું લીયો છો ?" પછી ચૈતન્યાનંદ સ્વામી હાથ જોડીને કહે "આજ મારો વારો" તેટલામાં લોભ આવી શરણે થયો ને ધર્મદ્વાર માંગ્યો, પછી તેને મહારાજના ચરણમાં લાવ્યા તે વખતે લોભ કહે "અમે ! તમે મને કેવું કામ સોંપ્યુ છે જે, ભગવાનને મારગે પૈસો વાપરતાં હું આડો ફરું છું પણ હવેથી સત્સંગમાં જે કોઈ પૈસો વાપરશે તેને હું આડો ફરીશ નહિ ને કોઈ પ્રકારનું આવરણ નહિ કરું" એમ કહ્યું તે ટાણે મહારાજ જામફળ જમતા હતા તેની પ્રસાદી લઈ ચાલતો

થયો. તે વખતે નિષ્કુળાનંદ સ્વામી કહે ‘‘આવા બાપડાને બોટાદ નજીક રહેવાની આજ્ઞા કરો એટલે તમારાં દર્શન કરવાં સુગમ પડે’’ તે સાંભળી મહારાજ હસ્યા.

પછી તે રાધાવાવમાં નાહીને ઉત્તર દિશે ચાલ્યો ગયો પછી મહારાજ ચૈતન્યાનંદ સ્વામીને મળ્યા ને હૃદયને વિષે ચરણારવિંદ આપ્યાં ને બોલ્યા જે, ‘‘તમારા મારફત આ શત્રુ જીતાણો માટે માગો’’ ત્યારે સ્વામી કહે ‘હે મહારાજ ! કોઈ દિવસ તમારી આજ્ઞા લોપાય નહિ એ વર માગું છું. ત્યારે મહારાજ કહે ‘એ ગુણ તો તમારામાં છે જ.

## મહારાજે ભાયાત્માનંદ સ્વામી ઉપર પ્રસન્ન થઈને ચરણારવિંદ છાતીમાં આપ્યાં

રાધાવાવે છઠે દિવસે મોટા રામબાઈની જલેબીની રસોઈ હતી ને ઉત્સવ હતો તે દિવસે પ્રભાતમાં મહારાજ જાગી નિત્યક્રમ કરી દક્ષિણાદા આંબા હેઠે સભા કરીને બિરાજમાન થયા પછી મહારાજ કહે ‘‘આજ મત્સરનો વારો છએ તે કોણ બીડું ઝીલશે ?’’ ત્યારે ભાયાત્માનંદ સ્વામીએ ઉભા થઈ કહ્યું જે, ‘કૃપાનાથ ! હું બીડું લઉં છું.’ પછી ઉત્સવ થવા લાગ્યો તે વખતે મત્સર ભાયાત્માનંદ સ્વામીને શરણે ગયો ને કહે, ‘હું હવે સત્સંગમાં કોઈને કોઈ દિવસ નડીશ નહિ માટે મને મહારાજનાં દર્શન કરાવો.’ પછી તેને દર્શન કરાવી, પ્રસાદી આપીને વિદાય કર્યો. પછી મહારાજ ભાયાત્માનંદ સ્વામી ઉપર પ્રસન્ન થઈ તેને ચરણારવિંદ આપ્યાં ને પોશાક આપ્યો. તેટલામાં મોટાં રામબાઈ ડોશીઓએ સહિત મહારાજ સારું થાળ લઈ આવ્યા ત્યારે મહારાજ જમવા બેઠા તે જલેબી વગેરે પકવાન, શાક અને અથાણાં વગેરે જમ્યા, પછી ભાત, દૂધ અને સાકર જમી, ચળુ કરી મુખવાસ જમ્યા ને તે પ્રસાદી ભાયાત્માનંદ સ્વામીને આપી ને સર્વે સંત પાર્ષદ તથા હરિજનોને પોતે પીરસીને જમાડ્યા ને પછી મહારાજ પોઢ્યા.

## શ્રીહરિએ ઈર્ષાના માથા ઉપર ચરણારવિંદ મૂક્યું તથા શુકમુનિને બે ચોફાળ ચરણારવિંદ પાડેલા પૂજવા આપ્યા

સાતમે દિવસે ઝમકુભાઈની સુતરફેણીની રસોઈ હતી પછી પ્રભાતમાં મહારાજ કહે ‘આજ તો દરાખના માંડવા હેઠે બેસવું છે. તે માંડવો દક્ષિણાદા આંબા અને ઉતરાદા આંબલી વચ્ચે બરોબર મધ્યમાં જે અમરા ખાચરે રાધાબાગ કૃષ્ણાર્પણ આપેલ છે ને ત્યાં એંધાણ કરેલ છે તે જગ્યાએ મહારાજે સભા કરી હતી ને સંતમંડળ ઝાંઝ પખાજ લઈને કીર્તન ગાવા લાગ્યા. પછી મહારાજ કહે આજ તો ઈર્ષા આવનારી છે તે શુક સ્વામી બીડું લે’ ત્યારે શુક સ્વામી કહે ‘‘હું તો તમારો સેવક છું માટે તમારે ધ્યાને કરીને એને જીતીશ’’ પછી મહારાજ હસ્યા ને કહે ‘‘કેવા ખબડદાર છે ? અમારે માથે નાંખ્યું’’ તે વખતે ઈર્ષા આવી મહારાજ સન્મુખ

ઉભી રહી અને કહે "હું તો તમારા સત્સંગીને નડતી જ નથી માટે મને ચરણારિવંદ અને પ્રસાદી આપો એટલે ચાલી જાણું" પછી મહારાજે તેને માથે ચરણ મૂક્યું અને પ્રસાદી આપી એટલે તે ચાલી ગઈ. પછી મહારાજ કહે "શુક સ્વામી ! તમારે તો કાંઈ મહેનત પડી જ નહિ" ત્યારે સ્વામી કહે મહારાજ ! હું તો તમારે શરણે છું માટે શરણે આવેલા માણસને મહેનત પડે નહિ, માટે મને મોજ મળવી જોઈએ' ત્યારે બે ઘડી હસીને કહે 'વગર મહેનતે મોજ !' ત્યારે શુક સ્વામી કહે 'પોતાનો સેવક હોય તેને ચાકરીનું ફળ શું હોય ? મહેનત કરીને તો આખું જગત મોજ લીયે છે પણ સેવકને તો વગર મહેનતે મોજ મળવી જોઈએ' પછી મહારાજ તેમને મળ્યા ને કહે "માગો" ત્યારે શુકમુનિ કહે 'માગવું એ તો મારી પાસે જ છે, કેમ કે હું તમારા ચરણમાં રાત દિવસ રહું છું ને સેવા કરું છઉં અને તમે કહો છો જે, મારી ભુજા છો. તો હવે મારે શું માગવું ? પણ પૂજવા માટે ચરણારવિંદ મારી પાસે નથી તો આપો' પછી મહારાજે બે ચોફાળમાં ચરણારવિંદ પાડેલાં હતાં તે બેય ચોફાળ આપ્યાં. પછી ઝમકુબાઈ થાળ લઈ આવ્યાં તે મહારાજ જમ્યા ને ચળુ કરી મુખવાસ જમીને શુકમુનિ તથા ઉત્તમરાજાને પ્રસાદી આપી. પછી સૂતરફેણી પરમહંસ વગેરેને પીરસીને જમાડ્યા પછી મહારાજ પોઢ્યા.

## શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામી તથા અહંકાર બન્ને માથે ચરણ મૂક્યાં

આઠમે દિવસે ઉત્તમરાજાની સાત વાનાની સુખડીની રસોઈ હતી. અને ઉનાળો હતો. પછી મહારાજ પ્રભુમાં જ ગુંદા હેઠે સભા કરી બિરાજમાન થયા પછી કહે 'હે સંતો અને હરજિનો ! અધર્મસર્ગના આ સાત દોષે ધૂળ ફાકતા થયા માટે અધર્મ સહિત અહંકાર આજ પ્રસિધ્ધ રીતે ધૂળ ફકાવશે માટે આજ કોમ બીડું ઝીલે છે ? તે બોલો' એમ કહીને હસ્યા ને પછી કહે 'આજ તો ગોપાળયોગીનો વારો આવ્યો' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ ઊભા થઈ આજ્ઞા માથે ચડાવી લીધી. તેટલામાં ઉત્તર દિશામાંથી બહુ ધડાકા ને ફડાકા બોલે ને ધૂળ ઉડતી આવે ને વરસાદના કડાકા થવા લાગ્યા. એવું મહા તોફાન થઈ પડ્યું. પછી મહારાજ કહે 'યોગીરાજ ! આજ તો આપણી છાવણી વિંખાશે અને આ આવ્યો એ જ આપણો ભાઈબંધ છે' પછી સ્વામીએ અંતરવૃત્તિ કરી યોગાનળથી એક શક્તિ ઉત્પન્ન કરી ને શક્તિએ તેને બંધન કર્યા ને પછી ચોટલે ઝાલી પટકાવ્યો ને માથે પગ મૂકી દાબ્યો એટલે મળમૂત્ર કરી દીન થઈ સ્વામીને શરણે આવ્યો. ત્યારે સ્વામી કહે 'હવે પાપી તારે શું કરવું છે ?' પછી કહે 'આથી તો મોત આવ્યું હોત તો સારું' એમ કહીને બોલ્યો જે 'હું તો તમારી ગઉ છું અને આજથી કોઈ દિવસ સત્સંગમાં પ્રવરતું તો ચોરનો ન્યાય ને હું ધર્મદ્વાર માગું છું માટે મને છોડી મૂકો

અને મહાજના ચરણારવિંદમાં લઈ જાઓ અને પ્રસાદ આપો ને મારા સ્થાનકનું કામ મારે કરવું નથી' એવી રીતે અધર્મે પણ સ્તુતિ કરી પછી તેને મહારાજના શરણમાં લઈ ગયા ત્યારે મહારાજે બન્નેને માથે ચરણ મૂક્યાં, પ્રસાદી આપી અને ચરણામૃત આપ્યું. પછી બન્નેને સોટીયે કરી ધોરીયામાં નાખ્યા પછી મહારાજે સર્વેને બોલાવ્યા અને કહ્યું જે, 'આ ચમત્કાર જુઓ' ત્યારે ધોરીયામાં બન્ને જણા ચકર ચકર ફરવા લાગ્યા અને તે પાણી પણ સ્થંભી ગયું પછી મહારાજ કહે 'પાપી ! હવે શું કરવું છે ?' ત્યારે તે કહે 'દેહ પાડી મુક્તિ દશાને પમાડો કેમ જે, ભગવાન કાં તો વૈરભાવેને કાંતો ભક્તિભાવે સાપુજ્ય મુક્તિને પમાડે છે માટે મારો છૂટકો કરો' પછી મહારાજ કહે 'ખરી પ્રતિજ્ઞા લઈએ છીએ' તેમાં પ્રથમ અધર્મ કહે જે, 'હું તો સત્સંગમાં નડીશ નહી ને પ્રવેશ જ નહિ કરું' પછી અહંકારે કહ્યું, 'હું તો સત્સંગમાં નહિ જ નડું અને સત્સંગમાં કોઈ નડશે તો તેને બાળીને ભસ્મ કરી નાખીશ' પછી મહારાજ કહે 'પ્રકૃતિની આજ્ઞા પ્રમાણે સત્સંગ વિના ક્રિયા કર્યા કરજે' એમ કહીને ઢોલિયા ઉપર ઉભા થયા ને કહે, 'આ ગોપાળાનંદ સ્વામીએ બહુ મોટું કામ કર્યું છે માટે આ ગોપાળયોગી મહા મોટા છે અને અક્ષર છે. પછી મહારાજ બથમાં ઘાલીને મળ્યા અને હૃદયમાં ચરણારવિંદ આપ્યા. પછી સ્વામીને કહે 'માગો' ત્યારે સ્વામી કહે 'તમારી અનુવૃત્તિમાં સદાય રહેવાય એ માગું છું' પછી મહારાજ કહે તથાસ્તુ. તે વખતે થાળ આવ્યો તે મહારાજ જમ્યા અને સ્વામીને જમાડ્યા.

## શ્રીહરિએ વિપ્રના છોકરાને પાઘ, સાકર, બે રૂપિયા ચરણારવિંદની જોડ તથા છાતીમાં ચરણારવિંદ આપ્યા

એકવાર ગઢડે સભામાં મહારાજ બિરાજતા હતા ત્યાં એક એરૂ આવ્યો તેની પાસે ટેલિયા બ્રાહ્મણનો છોકરો વારે વારે આવે તે જોઈને મહારાજે પોતાને હાથે કરીને એ છોકરાને થપાટ મારી પાછો વાળ્યો, ને તે એરૂને ઝાલીને મૂકી આવ્યા. પછી પાછી સભા થઈ ને મહારાજ પણ સભામાં બેઠા પણ ઉદાસ થઈ ગયા તે બોલ્યા જે 'આ અમારા હાથ ચમચમે છે ત્યારે જેને એ હાથ વાગ્યો હશે તેને તો બહુ દુઃખ થાતું હશે માટે મારો હાથ જેને વાગ્યો છે તેને ગોતી લાવો' પછી તે છોકરાને ગોતવા માંડ્યા તે મંદિર બહારથી હાથ આવ્યો ત્યારે એ છોકરાને સાધુએ શિખવ્યું જે, 'છોકરા ! તને મહારાજ કહે કે માગ્ય. ત્યારે તું કહે જે જે તમે કોઈનો થાળ જમતા નથી તે હવેથી થાળ જે કરે તેનો જમજો એમ બોલજે.' પછી એ છોકરાને બાપે શિખવ્યું જે, 'ફરીને તને કહે જે માગ્ય ત્યારે તું મહારાજના ચરણારવિંદ માગજે,' એમ કહીને એ છોકરાને મહારાજ પાસે ઉભો રાખ્યો. ત્યારે મહારાજે એ છોકારને પૂછ્યું જે 'તને મારા હાથ વાગ્યો ?' ત્યારે છોકરો કહે 'હા મહારાજ મને વાગ્યો' તે સમે કોઈક હરિભક્તે મહારાજની

પૂજા કરી, એક પાઘ, સાકરની ભરેલી થાળી અને બે રૂપિયા રોકડા આગળ ભેટ મૂકી હતી. તે સર્વે મહારાજે એ છોકરાને આપ્યું ને બોલ્યા જે 'છોકરા ! તું માગ્ય તે આપું' ત્યારે તે છોકરો કહે 'તમે કોઈનો થાળ જમતા નથી તે હવેથી જમજો.' ત્યારે મહારાજે સાધુ સામું જોયું ને બોલ્યા જે, 'આ છોકરાને સાધુએ શિખવ્યું છે તેથી બોલ્યો છે પણ છોકરે માગ્યું તેથી થાળ જમ્યા જોશે' વળી છોકરાને મહારાજ કહે 'બીજું માગ્ય' ત્યારે છોકરો કહે, 'મને એક તમારું ચરણારવિંદની જોડ આપો' પછી તે મગાવીને આપી ને વળી મહારાજ બોલ્યા જે, 'બીજીવાર કાંઈક માગ્ય' ત્યારે એ છોકરાનો બાપ કહે, 'હે મહારાજ ! તમે આ છોકરા ઉપર બહુ રાજી થયા તે હવે એ છોકરાને શું બાકી રહ્યું છે.' પછી મહારાજે પોતાનાં બે ચરણારવિંદ એ છોકરાની છાતીમાં આપ્યા ને બોલ્યા જે 'તારું ને તારા બાપનું કલ્યાણ હું કરીશ.' એવા એ છોકરા ઉપર રાજી થયા ત્યારે પોતાની ઉદાસી મટી.

## તેજા ઠક્કરને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા

એકવાર શ્રીજીમહારાજ ગઢપુરમાં અક્ષરઓરડીયે બિરાજતા હતા. તે વખતે ગામમાંથી હરિભક્ત તેજો ઠક્કર આવ્યા. તેમે શ્રીજીમહારાજને દંડવત્ કરી પગે લાગીને નમ્રતા પૂર્વક કહ્યું જે 'હે મહારાજ ! ઘેર પધારો મારે થાળ કરાવવો છે તે બેચર ભટ્ટ પાસે કરાવું ને તમે જમોં ત્યારે મહારાજ કહે 'થાળમાં બાજરાનો રોટલો ને દાળ કરાવજો અમે જમવા આવશું.' પછી તેજે ઠક્કરે ઘેર જઈને વિપ્ર બેચર ભટ્ટ તથા લખીરામ શાસ્ત્રી પાસે રસોઈ કરાવી તેમાં લાડુ, દાળ, ભાત અને શાક કરાવ્યું. પછી મહારાજને જમવા બોલાવવા ગાય ને કહ્યું, 'મહારાજ ! જમવા પધારો' પછી મહારાજ ભગુજી તથા રતનજી એ પાર્ષદોને સાથે લઈ જમવા પધાર્યા. ત્યાં નાહી પીતાંબર પહેરી બાજોઠ ઉપર જમવા બેઠા. ત્યારે બેચર ભટ્ટે થાળ પીરસી મહારાજની પાસે મૂક્યો, ત્યારે મહારાજ કહે, 'તેજા ઠક્કર આ તમે શું ખર્ચ કર્યું ?' ત્યારે તેણે કહ્યું, મહારાજ ! આ ગરીબ સેવકની આટલી સેવા અંગીકાર કરીને જમો' તે વખથે લખીરામ શાસ્ત્રીએ આવીને કહ્યું જે, 'મહારાજ ! આ હરિજન બહુ સારા છે માટે જમવું જોશે' પછી મહારાજ હસતા થકા જમવા મંડ્યા તે જમતાં જમતાં જળપાન કરતા જાય ને પેટ ઉપર હાથ ફેરવતા જાય ને કહે જે, 'લખીરામ દેરાસરી ! લાડુ બહુ સારા થયા છે, ત્યારે લખીરામ કહે, મહારાજ ! તેજા ઠક્કરનો ભાવ બહુ છે' મહારાજ જમી રહ્યા પછી બેય પાર્ષદને જમાડ્યા ને થાળ તેજા ઠક્કરને આપ્યો પછી મહારાજ જળપાન કરી મુખવાસ લઈ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. ત્યારે તેજા ઠક્કરે પોતાના દીકરા ડાહ્યો, ધનજી તથા ભીમજી એ ત્રણેયને બોલાવી શ્રીજીમહારાજને પગે લગાડ્યાં ને પોતે પણ પગે લાગ્યાં તે મહારાજની પૂજા કરી ફૂલનો હાર પહેરાવ્યો ને

મહારાજને કહ્યું જે, 'હે મહારાજ ! તમારા ચરણકમળ મારી છાતીમાં દીયો' ત્યારે મહારાજે ચરણકમળ છાતીમાં દીધાં પછી મહારાજ પાર્ષદ સહિત દરબારમાં આવ્યા.

## દીનાનાથ ભટ્ટે મહારાજની સ્તુતિ કરી કહ્યું કે હે મહારાજ ! હું સંસાર સાગર તરવા માટે તમારા ચરણકમળ વિના બીજુ નાવ દેખતો નથી

ગઢપુરમાં લીંબતરુ નીચે સુંદર આસન ઉપર બિરાજમાન હતા. તે વખતે દીનાનાથ ભટ્ટ દર્શને આવ્યા ને મહારાજની સ્તુતિ કરી જે, 'હે મહારાજ ! હું સર્વ શાસ્ત્રનું જે હાર્દ તેને જાણતો નથી ને આ સંસાર સમુદ્રને તરવા માટે તમારા ચરણકમળ વિના બીજું નાવ દેખતો નથી ને મારે તો એક તમારો જ દૃઢ વિશ્વાસ છે માટે તમારે બીરૂદ સામું જોઈને મારો ઉદ્ધાર કરજો ને તમે તો સાક્ષાત્ પુરુષોત્તમ છો ને સર્વ કારણ, સર્વનિયંતા અને પૂર્ણ કામ છો. માટે દીન એવો તમારો દાસ જે હું, તે મારો ઉધ્ધાર કરજો ને હું તમારો છું માટે તમારી પ્રાર્થના શી કરું ? એવી સ્તુતિ કરી.

## સેવા કરે તેના ઉપર શ્રીહરિ અતિ રાજી થતા ને છાતીમાં ચરણારવિંદ આપતા

એકવાર શ્રીજીમહારાજ ગઢડામાં દાદા ખાચરના દરબારમાં પાંચુબા વાળા ઓરડાની ઓશરીયે બિરાજમાન હતા ને આગળ સંત હરિજનની સભા બેઠી હતી. તે વખતે મહારાજ આનંદ સ્વામીને કહ્યું જે, 'તમારે જૂનાગઢ જાવાનો વારો આવ્યો માટે મહાનુભાવાનંદ સ્વામી આદિક સંતને લઈને જાઓ ને બ્રહ્માનંદ સ્વામી આંહી આવે' તે વખતે સચ્ચિદાનંદ સ્વામીએ બે-અઢી મણ ગોળ લાવીને મહારાજ પાસે મૂક્યો, ત્યારે મહારાજ કહે 'આ સાધુ જૂનાગઢ જાય છે તેમને આપો તેમને સાથવામાં ખાવા થાશે' પછી તેમને આપ્યો. ને સાધુ જમી, મહારાજને મળીને ચાલ્યા તે જૂનાગઢ ગયા ને બ્રહ્માનંદ સ્વામી ગઢપુર આવ્યા. ને આનંદ સ્વામી એક મહિનોને ચાર દિવસ જૂનાગઢ રોકાઈ હુતાશની કરીને પછી ગઢપુર આવ્યા. ને મહારાજ પાંચુબાને ઓરડે સભા કરીને બેઠા હતા ત્યાં દંડવત્ કરી મળીને બેઠા ને મહારાજે જૂનાગઢના સમાચાર પૂછ્યા તે સાંભળીને મહારાજ રાજી થયા ને બોલ્યા જે 'તમે જેટલા સંત જૂનગઢથી આવ્યા હો તે સવારે ખાંણે જાજો ને ખાંણમાંથી પાણા બહાર કાઢીને આવજો' ત્યારે આનંદ સ્વામી કહે 'સવારે તો એકાદશી છે' ત્યારે મહારાજ કહે 'બાજરીયું ફળાહાર કરીને જાજો' પછી સવારે બાજરીયું ફળાહાર કરીને ખાંણે ગયા ને એક મહિનાનું કામ એક દિવસમાં કરીને આવતા

રહ્યા ને મહારાજને દંડવત્ કરીને પગે લાગ્યા ત્યારે મહારાજ કહે 'તે કામ કરી આવ્યા ?' ત્યારે સંતે હા પાડી. તે સાંભળીને મહારાજ કહે, 'આવો તમારી ચાકરી ચુકાવી દઈએ' એમ કહી તકિયાનું ઓઠીગણ કરીને ચરણારવિંદ લાંબા કર્યા ત્યારે આનંદ સ્વામીએ બે હાથે કરીને ચરણારવિંદ ઝાલી લાખ્યાં ને સર્વે સંતે છાતી, મસ્તક ને આંખે અડાડ્યાં પછી આનંદ સ્વામીએ પણ એવી રીતે લીધાં' એમ સેવા કરે તેની ઉપર મહારાજ બહુ રાજી થાતા.

## ગઢપુર મંદિરની સેવામાં સર્વને છાતીમાં ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા

શ્રીગોપીનાથજીનું મંદિર કરતાં ચૂનાની કાંકરી થઈ રહી પછી નથુજી નામના પાળાએ કહ્યું 'કાંકરી થઈ રહી અને ઘેલાને કાંઠે કાંકરી છે' પછી મહારાજ કહે 'ચાલો' એટલે સૌ ચાલ્યા ને મહારાજ ગાડામાં બેઠા ને ખડકાથી ઉગમણા જઈ ગાડું છોડાવ્યું ને બુંગણનો છાંયો કર્યો ને પરમહંસને કાંકરી ખોદવાની આજ્ઞા કરી. ને મહારાજ એટલી જગ્યામાં બધેય ફર્યા પછી 'ગાડા વિષે ખાટલા ઉપર બિરાજમાન થયા તે વખતે સચ્ચિદાનંદ સ્વામી ત્યાં આવ્યા ત્યારે મહારાજે તેમને કહ્યું 'રીંગણાંની કેવી છત છે ?' ત્યારે સ્વામી કહે 'બે હજાર રીંગણા તો આપું' પછી મહારાજ કહે 'રીંગણાં તો આપો પણ લોટ ને ઘી જોઈએ તે કોણ આપે ?' પછી નારાયણજી સુતાર ત્યાં બેઠા હતા, તે બોલ્યા જે "મહારાજ ! ઘી તો દશ મણ સુધી હું આપું' ત્યારે તેનો બાઈ અજરામર કહે 'હે મહારાજ ! લોટ ને મસાલો હું આપું' તે સાંભળીને મહારાજ રાજી થયા પછી તે સામાન લઈને આવ્યા ને રીંગણા લાવ્યા ને મોટા મોટા દશ ચરુ લાવ્યા તેમાં ઘી નાખી મહારાજે રીંગણાંનું શાક પોતે કર્યું અને લોટની બાટીઓ કરી ઘી માં બોળી ને દહીંને દૂધ દરબારમાંથી લાવ્યા ને એક હજાર માણસ જમનારું થયું ને પ્રથમ મહારાજ બાટી અને રીંગણાંનું શાક જમ્યા ને ઉપર દહીં જમ્યા ને એ પ્રસાદી સચ્ચિદાનંદ સ્વામી, નારાયણજી અને અજરામર એ ત્રણેયને આપી તે વખતે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે 'મહારાજ ! કાંકરી તો અમે કાઢીએ છઈએ ને પ્રસાદી તો કોક ખાય છે' પછી મહારાજ કહે 'જેનો માલ તેનો પ્રસાદ' એમ કહીને દશેય ચરુમાંથી દશ થાળીઓ શાકની મગાવી પછી તેમાં દશ બાટીઓ લઈ તેમાંથી એકુકો ગ્રાસ લઈ દશેય ચરુમાં પાછું નાખ્યું અને પછી ચળુ કરી મુખવાસ જમીને પોતે મહારાજે સર્વેને શાક તથા બાટીઓ પીરસ્યાં ને જમી રહ્યા પછી સર્વેને મળીને હ્રદયમાં ચરણારવિંદ આપ્યાં. પછી ત્યાં સુતા ને સાંજે દરબારમાં પધાર્યા.

## ખોખરાના સમસ્ત હરિભક્તોને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા

ખોખરા ગામના હરિભક્તો ગઢડા દર્શને આવેલ તે વખતે વસ્તો ભક્ત કહે 'અમે ફાગણ માસની એકાદશીને દિવસે નિયમ લીધાં. પછી ઘર સળગ્યાં ત્યારે અમે કહ્યું જે, હવે આપણાં

પાપ બળ્યાં ને અમારું સગાં વહાલાં હતાં તે આવીને અમને કહેવા મંડ્યા જે, તમે સ્વામિનારાયણની કંઠી બાંધી તેથી તમારું ગામ બળ્યું ને તમે સ્વામીના થયા તે શું સારું થયું ? ને કહે હજી કંઠીયું કાઢી નાખો તો ઘણું સારું. ત્યારે અમે એને કહ્યું, સ્વામીની કંઠીઓ તો અમારે માથા સાટે છે ને અમોને સાધુએ કહ્યું હતું જે, તમારાં પાપ બળ્યાં તે આ અમે પ્રત્યક્ષ દીઠા. ત્યારે મહારાજ કહે 'તમને કાંઈ વસમું ન લાગ્યું ?' ત્યારે વસ્તો ભક્ત કહે 'મહારાજ ! આ લોકના પદાર્થ આવે છે ને જાય છે પણ કલ્યાણ ક્યે ઠેકાણે મળે છે ? એમ જાણીને અમે સત્સંગ રાખ્યો છે.' ત્યારે મહારાજ ઢોલિયા ઉપર બેઠા હતા તે ઉભા થઈને બોલ્યા જે, 'આ હરિભક્ત વાત કરે છે તે સાંભળો' ને વસ્તા ભક્તને કહે 'તમે વાત હવે ફરીને કરો' ત્યારે વસ્તે ભક્તે ફરીને વાત કરી દેખાડી પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'પોતાના કલ્યાણ સારૂં સત્સંગ કરવો તેને તો આવો સત્સંગ કરવો.' એમ કહીને મહારાજે ખોખરાના હરિભક્ત સમસ્તને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

## બગડ ગામના જસા ખાચરને મુક્તાનંદ સ્વામીએ મહારાજને નિશ્ચય કરાવ્યો ને ગઢડે આવ્યા ને ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા

શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી બગડ ગયા ને જસા ખાચરને રામ કથા સંભળાવીને શ્રીહરિનો ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો ને ત્યાંથી મુક્તાનંદ સ્વામી જસા ખાચરને ગઢડા લાવ્યા ને મહારાજ પાસે વર્તમાન ધરાવ્યા ને જસા ખાચરને કોલ આપ્યો જે તમારે મુક્તાનંદ સ્વામી સાથે હેત છે માટે તમને તેમની સાથે રાખશું. ને મુક્તાનંદ સ્વામીને તથા તમને અમારી પાસે રાખશુ' એવી રીતે શ્રીજીમહારાજ બહુ પ્રસન્ન થયા. ત્યારે જસા ખાચરે ઘણીક સ્તુતિ કરીને કહ્યું જે, 'હે મહારાજ ! તમે અમારા ઉપર બહુ પ્રસન્ન થયા છો ને અમારી અણસમજ કૃપા કરીને દૂર કરી તમારા સ્વરૂપનું સાક્ષાત્કાર જ્ઞાન આપ્યું તો હવે કૃપા કરી બગડ પધારો' ત્યારે મહારાજ પ્રસન્ન થઈને બોલ્યા જે, 'અમે વડતાલ જાશું ને તમે ઘેર જાઓ' એમ કહી હૃદય તથા મસ્તક ઉપર ચરણારવિંદ દીધાં ને કહ્યું જે, અમે જરૂર તમારે ઘેર આવશું એમ કહીને હજારી ગલના બે હાર આપ્યા.

## પીઠવડીના હરિભક્તો પાંચ ગાડા બાજરાના ધર્માદો લાવ્યા પ્રથમ શરૂઆત તેમણે કરી તેથી શ્રીહરિએ સર્વને ચરણારવિંદ આપ્યા

એકસમે શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદાબારના ઓરડાની ઓશરીયે ઢોલિયા ઉપર ગાદી તકિયાં નંખાવીને બિરાજમાન થયા ને આગળ સર્વે સાધુ તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી. ત્યારે મહારાજ વાત કરવા મંડ્યા જે, 'આપણે સાધુ માટે કાંઈ આજીવિકા

નથી ને આંહી સમૈયો થાય ને હજારો માણસ ભરાય તેનો બધો ખર્ચ દરબાર કરે છે' એ પ્રમાણે મુક્તાનંદ સ્વામી સામું જોને મહારાજ વાત કરતા હતા, તે સમે ગામ પીઠવડીના હરિભક્ત ભગો અને મૂળો તથા રુડો સાવલિયો તથા હીરો અને પૂંજો પટેલ તે પાંચ ગાડાં બાજરાના ભરીને દર્શન કરવા આવ્યા. તેને મહારાજે પૂછ્યું 'શેનાં ગાડાં છે ?' ત્યારે ભગો-મૂળો કહે 'મહારાજ ! પીઠીવડીના ધર્માદાનાં છે' તે સાંભળીને મહારાજ બહુ રાજી થયા ને કહ્યું જે 'પીઠવડીના ધર્માદાનાં ગાડાં આવ્યાં તે હવે સાધુને કોઈ વાતની ખામી નહી રહે. હવે બધાય દેશનો ધર્માદો આવશે' તે સાંભળીને સભા સર્વે બહુ રાજી થઈને મહારાજે ભગા-મૂળા તથા બીજા તેની સાથે આવેલા હરિભક્તને છાતીમાં ચરણારવિંદ દીધાં ને બ્રહ્મચારીને કહ્યું જે, 'આમને અમારો બધો થાળ જમાડજો અને બળધને ખાણ વગેરે આપજો' એમ આજ્ઞા કરીને બ્રહ્મચારીએ તે પ્રમાણે કરીને સર્વેને રાજી કર્યા.

## સેવાથી શ્રીહરિ પ્રસન્ન થઈને ભગા-મૂળા આદિને ચરણારવિંદ આપ્યા

એક સમયને વિષે શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં રઘુવીરજી મહારાજને ત્યાં બિરાજમાન હતા. ને રઘુવીરજી મહારાજ આગળ બેઠા હતા ને તેમને મહારાજ વ્યવહારની વાતો પૂછતા હતા. તે વખતે લક્ષ્મીવાડીયેથી વાલજી ભક્ત આવી પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે તે ભક્તને પૂછ્યું 'કેમ આવ્યા ?' ત્યારે ભક્ત કહે 'કોઈ હરિભક્ત આવ્યા હોય તો વાડીમાં કામ છે તે સારુ આવ્યો છું. ત્યારે મહારાજે રઘુવીરજી મહારાજને કહ્યું 'પીઠવડીના હરિભક્ત આવ્યા છે તેની તમને ખબર છે ?' ત્યારે રઘુવીરજી મહારાજ કહે, 'હા. ભગો મૂળો આવ્યા છે.' ત્યારે મહારાજ કહે તેને તેડાવો 'ત્યારે રઘુવીરજીએ માણસ મોકલીને તેડાવ્યા તે મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજ કહે 'કેટલા હરિભક્ત આવ્યા છો ?' ત્યારે ભગો મૂળો કહે દશ જણા આવ્યા છઈએ' ત્યારે મહારાજ કહે 'લક્ષ્મી બાગે કામ છે તે જાશો ત્યારે તેઓ કહે 'હા મહારાજ ! જાશું મારે તો કામ હોય તો ઠીક પડે ને બેસી રહેવું તે ઠીક પડે નહી.' તે સાંભળીને મહારાજ બહુ રાજી થયા ને હસીને બોલ્યા જે, 'આ વાલજી ભક્ત ભેળા જાઓ ને તે કામ બતાવે તે કરજો. પણ આજ ભીમ એકાદશીનો દિવસ છે તે કેમ થાશે ?' ત્યારે તે હરિજન કહે 'અમારી પાસે તલના લાડુ છે તે જમશુ' ત્યારે મહારાજ કહે 'ઠીક જાઓ' પછી તેઓ લક્ષ્મીવાડીયે ગયા ને ત્યાં વાલજી ભક્તે કામ બતાવ્યું તે કરવા મંડ્યા.

પછી મહારાજે દાદા ખાચરને કહ્યું 'ઘોડે સામાન નાખો. વાડીયે જાવું છે' ત્યારે સામાન નાખી ને ઘોડો લાવ્યા તે ઉપર મહારાજ સ્વાર થયા. ને સૌ લક્ષ્મીવાડીયે બેઠકે ગયા. ને મહારાજે

વાડીમાં વિદ્યાત્રાનંદ સ્વામીની ઓરડી વાંસે આથમણી તરફ બદામનું ઝાડ હતું તે હેઠે જઈને ઘોડો ઉભો રાખ્યો. ત્યાં વાલજી ભક્ત આવીને મહારાજને પગે લાગી ઉભા રહ્યા. ત્યારે મહારાજે પૂછ્યું 'તમે શું કામ કરાવ્યું' ત્યારે વાલજી ભક્તે આથમણી તરફ હાથ કરીને કહ્યું, ધ્રો ખોદાવી' તે જોઈ મહારાજ બહુ રાજી થયા ને પછી ભગા-મૂળાને બોલાવ્યા તે આવીને મહારાજને પગે લાગ્યા ત્યારે મહારાજે તેમને કહ્યું 'તમને થાક લાગ્યો હશે ?' એમ કહી ખંભા ઉપર હાથ મૂકીને દાબીને કહ્યું 'ખંભા દુઃખતા હશે ?' ત્યારે ભગો મૂળો કહે 'અમને કણબીને કાંઈ ન દુઃખે, અમે તો નિત્ય મહેનત કરીએ' ત્યારે મહારાજ કહે 'આવડી બધી મહેનત કરો ને ન દુઃખે ?' પછી મહારાજ કહે 'કાંઈ જમ્યા ?' ત્યારે ભગો મૂળો કહે આજ એકાદશી છે તે તલના લાડુ અને રાતડીયાં બાફ્યાં હતાં તે જમ્યાં' ત્યારે મહારાજ કહે 'એણે શું થાય, આવી મહેનત કરવી તે તલના લાડુ તે શું ?' એમ કહી મહારાજ ઓટે પધાર્યા ને ભગો મૂળો પાછા ધ્રો કોદવા મંડ્યા.

પછી ઓટે સભા ભરાઈને બેઠી ને મહારાજે રઘુવીરજી મહારાજ ને કહ્યું 'તમારે ત્યાં પાકના લાડુ છે તે આ ધ્રો ખોદે છે તે ભૂખ્યા છે તેને આપો.' ત્યારે રઘુવીરજી મહારાજ કહે 'કેટલા મગાવવા છે ?' ત્યારે મહારાજ કહે લાડવા મોટા છે તેથી ચોવીશ-પચીશ મગાવો' ત્યારે રઘુવીરજી મહારાજે રતનજી તથા ગમાન ભક્તને મોકલ્યા. તેણે જઈને વિરાજ્યા દેવી ને કહ્યું જે મહારાજે લાડવા મંગાવ્યા છે' ત્યારે તે કહે 'તમારે જોઈએ તેટલા લઈ જાઓ' પણ તે ભક્તે ન લીધા તેથી તેમણે પોતે લાડવાને સેવ આપી. તે ભક્તો લઈને મહારાજને આપ્યા તે પછી ભગા મૂળાને ઉભા રહ્યા ને પૂછ્યું, કેમ બોલાવ્યા ?' ત્યારે મહારાજ કહે 'જમવા બેસો' ત્યારે કહે આજ તો એકાદશી છે.' ત્યારે મહારાજ કહે 'એકાદશી શેમાંથી થઈ છે ?' તે જેમાંથી થઈ હોય તે જ કહે ત્યારે જમવું કે નહીં ?' ત્યારે ભગો મૂળો કહે હા જમવું' પછી મહારાજે બે બે લાડવા ને સેવ પીરસીને ખૂબ જમાડ્યા. તે દશ જણે વીશ જણાનું કામ કર્યું તેથી મહારાજ બહુ રાજી થયા. ને ભગા-મૂળા આદિને બાથમાં લઈને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યા.

## સેવાથી શ્રીહરિ રાજી.... રાજી.... રાજી.....

કારતક માસમાં ગઢડા મંદિરનું કામ કરતા હતા ને પાણા ખૂટ્યા ત્યારે કડિયાએ અક્ષર ઓરડીયે જઈને મહારાજને કહ્યું 'હે મહારાજ ! પાણા ખૂટી ગયા છે' ત્યારે મહારાજે હરજી ઠક્કરને કહ્યું 'દાદા ખાચરના ખેડૂ પાસે ગાડાં જોડાવો' ત્યારે હરજી ઠક્કરે ખેડૂને ઘેર ઘેર જઈને કહ્યું 'પાણા સારવા છે' ત્યારે બધા ખેડૂઓએ કહ્યું 'અમારે મોસમનું કામ છે તો હમણાં ગાડું

નહીં જુતે' પછી હરજી ઠક્કરે મહારાજને કહ્યું, 'ખેડૂને મોસમનું કામ છે તેથી ગાડાં નહી જૂતે' ત્યારે મહારાજ કહે 'ભાડે ગાડાં કરો' ત્યારે હરજી ઠક્કર ગામમાં ગાડં કરવા ગયા પણ થયા નહી. એટલે તેણે મહારાજને આવીને કહ્યું જે 'ભાડે ગાડાં મળ્યા નહી.' ત્યારે મહારાજે સાધુઓને કહ્યું 'તમે બધાય વાવડીની ખાણેથી પાણા લાવજો' ત્યારે સૌ સંતે કહ્યું ભલે મહારાજ ! અમે લેવા જાશું' પછી સવારે વહેલા ઉઠી નાહી પૂજા કરીને સર્વે સાધુ પાણા લેવા ગયા ને અગિયાર બજે પાણા લાવ્યા તે જોઈને મહારાજ રાજી થયા ને બપોરે સૌને રોટલા તથા ઘી-ગોળ મહારાજે પોતે પીરસીને જમાડ્યા. ને ફરી સાધુ પાણા લેવા ગયા ને લઈને સાંજે આવતા રહ્યા ને પાણાનો ઢગલો કરી દીધો ત્યારે મહારાજ અક્ષર ઓરડીયેથી આવીને તે પાણા જોઈ રાજી થયા ને બધાયને ટાઢા પાણી પાયાં ને બાથમાં ઘાલીને મળ્યા ત્યારે સંતે કહ્યું, 'હે મહારાજ ! છાતીમાં ચરણારવિંદ આપો' ત્યારે મહારાજ કહે 'તમારા માથાં તપ્યા હશે માટે માથે લીયો' એટલે સૌને માથે ચરણારવિંદ દીધાં. એમ સેવા કરનારા ઉપર શ્રીજીમહારાજ બહુ રાજી થાય છે.

## મહારાજે બાવાનો સંકલ્પ સિધ્ધ કર્યો

એકવાર શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડા હેઠે ઓટા ઉપર ગાદી તકિયે બિરાજમાન હતા ને પોતાની આગળ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી વગેરે સંત હરિજન બેઠા હતા. ને તે વખતે મહારાજ બેય સદ્‌ગુરુ પાસે સામાસામા પ્રશ્ન ઉત્તર કરાવતા હતા. તે વખતે ગામ વાવડીનો બાવો સંકલ્પ કરીને આવેલ જે 'જો સ્વામિનારાયણના ચરણમાં સોળ ચિન્હ હોય ને મારુ નામ લઈને મને બોલાવે તો તે ભગવાન ખરા' એમ ધારીને આવ્યો ને છેટે ઉભો રહ્યો. ત્યારે મહારાજે તે બાવાને નામ લઈને બોલાવ્યો ને પોતાના ચરણારવિંદ લાંબા કરીને કહ્યું 'જુઓ આ જમણા ચરણમાં નવ ચિન્હ છે' ત્યારે તે તેણે ગણી કાઢ્યાં ને પછી મહારાજે ડાબો ચરણ બતાવી કહ્યું, જુઓ આમાં સાત ચિન્હ છે' ત્યારે તે બાવે તે ગણી કાઢ્યાં, પછી પગે લાગીને બોલ્યા જે 'હે સ્વામિનારાયણ ! તમે સાક્ષાત્કાર ભગવાન છો માટે મને વર્તમાન ધરાવો' ત્યારે મહારાજે તેને વર્તમાન ધરાવીને આશ્રિત કર્યા.

## શ્રીજીમહારાજે ડોશીની છાતીમાં ચરણારવિંદ મેલ્યું ને ડોશી બેઠા થયા

એકવાર ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં મહારાજ પાસે ખેતો તથા ભીમો આવ્યા ને મહારાજને પગે લાગીને કહ્યું જે, 'હે મહારાજ ! અમારી ડોશી મરી જાય છે તેને દર્શન દેવા પધારો' ત્યારે મહારાજ કહે 'ચાલો જોવા આવીએ' એમ કહીને તેને ઘેર પધાર્યા ને તે ડોશીની છાતી ઉપર એક ચરણારવિંદ મેલ્યું ત્યારે તુરત તે બાઈ બેઠી થઈ. ત્યારે ભીમો તથા ખેતો રાજી થયા ને પછી મહારાજ દરબારમાં પધાર્યા તે વખતે દિવસે મહારાજ સંતની પંક્તિમાં

મોતીયા લાડુ ફેરવતા હતા તે વખતે ખેતો તથા ભીમો બેય ઉભા હતા તેને મહારાજે અરધો તાંસડો લાડવા છેડામાં નાખ્યા તેમાંથી બે ત્રણ હેઠા પડી ગયા ત્યારે મહારાજે ભીમાને કહ્યું 'રહેવા દે મર હેઠા પડ્યાં' ત્યારે ભીમો કહે 'પ્રસાદી રહેવા દેવાય' એમ કહીને લાડવામાં લઈ લીધા.

## પૂંજાશેઠે મહિમાથી ચરણરજની ફાંટ ભરી લીધી, અને દાદા ખાચરને હૃદયને વિષે ચરણારવિંદ આપ્યા

શ્રીજમહારાજે દાદા ખાચરને કહ્યું, 'એભલ ખાચરે તમારું કાડું મને સોંપ્યું છે તે માટે તમે મારા પુત્ર છો ને અમે તમારા પિતાની જગ્યાએ માટે તમે જે આ જમીન ગોપીનાથજીને થાળમાં અર્પણ કરી છે તેને ફરતા અમે અને તમે બેય આંટો દઈએ ને પછી તેનો લેખ તુલસી સહિત ગોપીનાથજી મહારાજના આચાર્ય રઘુવીરજીને અર્પણ કરો' ત્યારે દાદા ખાચરે તે આજ્ઞા માથે ચડાવી ને પ્રથમ ઘેલાને કાંઠેથી પીપલ ને મારગે આવ્યા તે વખતે મહારાજ તથા દાદો ખાચર અણવાણે પગે ચાલ્યા હતા, એટલે મહારાજના પગલે પગલે પૂંજા શેઠે ચરણ રજ લઈ ફાંટ બાંધી તે મહારાજ હસ્યા ને પછી સીધ્ધા તે જમીનની વચ્ચે અરધ આથમણી ને અરધ ઉગમણી રાખી ઉત્તર મુખે ચાલ્યા તે હાલ જ્યાં ભક્તિ બાગનો કૂવો છે ત્યાં આવ્યા ને પછી રઘુવીરજી મહારાજ ભેગા હતા. તેને બોલાવીને જમીનનો લેખ તુલસીપત્ર સાથે દાદા ખાચરે શ્રીકૃષ્ણાર્પણ કર્યો. ને પછી ત્યાંથી ચાલ્યા તે દક્ષિણાદે પડખે જ્યાં ઢોરો છે ને ખોરડું કરેલું છે તે જગ્યાએ મહારાજ જાજી ઘડી રેશમના ઘાશીયા ઉપર વિરાજમાન થયા ને પછી માણકી ઘોડી ઉપર ચડી તે બધી જમીનમાં ઘોડીને દોડાવી પંદર આંટા ખવરાવ્યા ને પછી જે જગ્યાએ ભક્તિબાગનો કૂવો છે ત્યાં પાછા આવ્યા ને ત્યાં ખાટલા ઉપર મહારાજ વિરાજમાન થયા ને દાદા ખાચર સામું જોઈને બોલ્યાં જે 'આ જમીન તમે દેવને અને આચાર્યને અર્પણ કરી તેનું મહા મોટું પુણ્ય થયું છે ને તેથી તમે છતે દેહે અક્ષરરુપ થઈ ગયા છો ને એભલ ખાચરનો સંકલ્પ અત્યારે પુરો થયો' એમ કહીને દાદા ખાચરને મળી હૃદયને વિષે ચરણારવિંદ આપ્યાં ને વાંસો ઢબકારી કહ્યું, 'તું મારો ખરો પુત્ર' એમ કહીને મહારાજ તથા દાદા ખાચર અને તમામ પાર્ષદો ઘોડે ચડીને દરબારમાં આવ્યા.

## દાદા ખાચરનું માથું શ્રીહરિના ચરણમાં અડ્યું ને પ્રકાશ દેખાયો તેમાં મહારાજે સમજણ શીખવી

એકવાર શ્રીજીમહારાજ રાધાવાવે પધાર્યા હતા ત્યાં થાળ આવ્યો ત્યારે મહારાજ જમતા જાય ને દાદા ખાચરને જમાડતા જાય ને સદ્ગુરુઓને પણ જમાડતા જાય તે સારી પેઠે જમીને

ચળુ કરીને મુખવાસ જમ્યા ને એક ઘડી મંચ ઉપર પોઢી ગયા ને દાદા ખાચર મહારાજના ચરણ દાબવા માંડ્યા ને મહારાજને નિંદ્રા આવી ગઈ ને દાદા ખાચરને પણ ત્યાં નિદ્રાં આવી ગઈ. ત્યારે દાદા ખાચરનું માથું મહારાજના ચરણને અડ્યું એથી તેને નિદ્રામાં પ્રકાશ દેખાણો તેમાં ચાર સ્થંભ દેખાણા ને તે મધ્યે મહાપ્રકાશવાન મોટું દિવ્ય સિંહાસન દીઠું ને તેને ચારે કોર અનંતકોટી મુક્તને દીઠા ને એક એક મુક્તના રુવાડામાં કોટી કોટી સૂર્યનું તેજ દેખાણું ને શાંતિ પામી ગયા ત્યાં તો મહારાજ જાગ્યા ને જળના કોગળા કરી જળપાન કરીને દાદા ખાચરને જગાડ્યા ને પછી તેમને પૂછ્યું જે, 'તમને કાંઈ દેખાણું ?' ત્યારે દાદા ખાચર કહે 'હા મહારાજ' એમ કહીને પોતાને દર્શન થયાં તે વાત કરી' ત્યારે મહારાજ કહે 'જ્યાં અમારો જન્મ છે ત્યાં તમારો જન્મ છે. ને અમે છઈએ ત્યાં તમે છો, જેમ તમને અક્ષરધામમાં અમે દેખાણાં તેમ તમે પણ ત્યાં છો ને અમે આંહી છઈએ તો તમે પણ આંહી છો એવી રીતે તમે સમજતા નથી તેટલા સારુ આ કહી તે વાત તમને દેખાડી' ત્યારે દાદા ખાચરે હાથ જોડીને કહ્યું 'તેવું નહોતું સમજાણું માટે હવેથી આવી રીતે સમજીશ.'

## પૂંજા ભક્તને શ્રીહરિના ચરણારિવંદમાં તેજનો સમુહ નીકળતો દેખાણો

એક સમે મહારાજ આથમણા બારના ઓરડાની ઓશરીયે સભા કરીને બિરાજમાન હતા. તે સમે થાળ થયો એટલે બ્રહ્મચારી બોલાવવા આવ્યા, ત્યારે મહારાજ રઘુવીરજીને ઘેર જમવા પધાર્યા ને જમીને મુખવાસ. જમતા જતા અક્ષર ઓરડીએ પધાર્યા ને ત્યાં ઢોલિયા ઉપર તકિયાનું ઓઠીંગણ કરીને બિરાજમાન થયા. ને મહારાજના પગ રઘુવીરજી મહારાજ દાબવા લાગ્યા પછી મહારાજે લાખા ભક્તને બોલાવ્યા ને કહ્યું 'તકિયો લઈ લીયો' ત્યારે લાખે ભક્તે તકિયો લઈ લીધો ને ઓશીકું મેલ્યું તે ઓશીકા ઉપર મહારાજ મસ્તક રાખીને પોઢ્યા ને ચરણારવિંદ ઉઘાડાં રાખ્યાં તેથી આથમણી તરફનાં ઉઘાડાં બારણામાંથી દર્શન થાય તે સમે તે બારણામાં સારંગપુરના પૂંજો ભક્ત આવ્યા ને તેણે મહારાજનાં ચરણારવિંદ સામું જોયું ન મનસુબો થયો જે, 'મહારાજનાં ચરણારવિંદમાં ચિન્હ અને ઉર્ધ્વરેખાઓ કેવી હશે ?' એમ જાણીને જોવા લાગ્યા, ત્યારે રઘુવીરજી મહારાજ કહે 'શું જોવો છો ?' ત્યારે કહે 'ગરીબ ઉપર દયા રાખીને બોલશો નહીં' ત્યારે રઘુવીરજી મહારાજ મૌન રહ્યા, પછી તેણે ઉર્ધ્વરેખાયે સહિત સોળ ચિન્હ સારી પેઠે નિરખ્યા ત્યાં તો તેમાંથી પૂંજા ભક્તને તેજનો સમુહ નીકળતો દેખાણો ને તે બે ઘડી સુધી રહ્યો ને પછી પાછો ચરણારિવંદમાં સમાઈ ગયો. ત્યારે મહારાજ જાગીને બેઠા થયા તે પૂંજા ભક્તને કહ્યું, 'તને કાંઈ દેખાણું ?' ત્યારે તે કહે 'તમારા ચરણારવિંદ નિરખતાં તેજ દેખાણું હતું.

## પ્રેમાનંદ સ્વામીને છાતીમાં ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા

એક સમે જીવા ખાચરના દરબારમાંથી ઉગમણી તરફ સાધુને રહેવાનો ઓરડો હતો તેમાં મોટા મોટા સાધુ રહેતા તે એક સમે પ્રેમાનંદ સ્વામીએ પાંચ ભાષાનું કીર્તન કર્યું ને બોલ્યા તે સાંભળીને સર્વે રાજી થયા પણ બ્રહ્માનંદ સ્વામીએ જરા મરમ કર્યો જે, 'તમે નવા કવિન કાઠીની ભાષા આણી તે અમને ક્યારેય માર ખવરાવશો' ત્યારે પ્રેમાનંદ સ્વામીએ કીર્તનનો ખરડો સંતાડી દીધો. પછી પ્રેમાનંદ સ્વામીએ મહારાજની પૂજા કરવા સારું મલિયાગર ચંદનનો કટોરો તથા કેસર ચંદનનો કટોરો ભર્યો ને તે બેય કટોરા લઈને દાદા ખાચરના દરબારમાં આવ્યા ને ચોકીમાં કરીમભાઈ હતા તેને પ્રેમાનંદ સ્વામીએ પૂછ્યું 'મારે મહારાજની પૂજા કરવી છે તો તમે મહારાજને કહો' ત્યારે કરીમભાઈએ કહ્યું 'તમે આ લીંબડા તળે ઉભા રહો હું મહારાજને પૂછી આવું' એમ કહીને ગયા ને મહારાજને પૂછ્યું, 'હે મહારાજ ! પ્રેમાનંદ સ્વામીને પૂજા કરવી છે તે તમારી મરજી હોય તો આવે' ત્યારે મહારાજ કહે 'આવવા દીયો' તે સમે મહારાજ રાજબાઈના ઓરડામાં ઉત્તરાદે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ઢોલિયાને પછવાડે લાડુબા, મોટીબા આદિક બાઈઓ બેઠાં હતાં તે આગળ મૂળજી બ્રહ્મચારી તથા વઢવાણના દેવકૃષ્ણ અને બેચર એ બે બ્રાહ્મણ બેઠા હતા. ત્યાં પ્રેમાનંદ સ્વામી પૂજા કરવા આવ્યા ને મહારાજના લલાટમાં ખજુરા પાડીને કેસર ચંદનની ચર્ચા કરી ને પછી છાતી તથા ભુજાઓ તથા ઉદર સુધી કેસર ચંદન ચરચ્યું. ત્યારે મહારાજે પ્રેમાનંદ સ્વામીની છાતીમાં ચરણારવિંદ આપ્યા.

## અમદાવાદના ભક્તોએ ગઢપુર રસોઈ તથા મહારાજની પૂજા કરી પછી શ્રીહરિએ તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યા

એક સમે મહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડા તળે બિરાજમાન હતા ને આગળ સાધુ હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી તે સમે અમદાવાદનો સંઘ આવ્યો ને સર્વે મહારાજને દંડવત્ કરી પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે સમાચાર પૂછ્યા ને ઉતારો અપાવ્યો. પછી સૌ ઉતારો કરીને મહારાજ પાસે આવ્યા ને મહારાજને કહ્યું, 'આજ અમારી રસોઈ કરાવો' ત્યારે મહારાજે બ્રહ્મચારીને બોલાવીને કહ્યું, 'આજ અમદાવાદના હરિભક્તોની રસોઈ છે તે ખાંડના લાડુ કરાવો' પછી બ્રહ્મચારીએ મહારાજનો થાળ કરાવ્યો ને સાધુઓ પણ રસોઈ કરવા માંડ્યા.

ત્યાં તો મહારાજનો થાળ થયો ત્યારે બ્રહ્મચારી બોલાવવા આવ્યા એટલે મહારાજ રઘુવીરજી મહારાજને ઘેર જમવા પધાર્યા. ને અમદાવાદના પ્રેમી ભક્તોની ખૂબ તાણ હોવાથી મહારાજ

તથા સંતોને ખૂબ જમાડ્યા. પછી મહારાજનાં ચરણારવિંદ બ્રહ્મચારીએ ધોયાં ને ચાખડીઓ આગળ મૂકી તે પહેરીને મહારાજ ઉગમણે ઓરડે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા તે સમે કેસર ચંદનાદિક લઈને અમદાવાદના હરિભક્તો ઉભા હતા તે મહારાજની પૂજા કરવા આવ્યા ને તે કેસર ચંદને કરીને મહારાજના લલાટમાં અર્ચા કરીને પછી હૃદય, બે બાહુ અને ઉદર તથા બે ચરણારવિંદે ચંદન ચરચ્યું ને આરતી ઉતારી પછી મહારાજે સર્વે હરિભક્તની છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી હરિભક્તે સાધુની પૂજા કરી તે પછી સભામાં ભરાઈને બેઠી ત્યારે મહારાજે એક ઘડી વાત કરીને પછી અક્ષરઓરડીમાં પધાર્યા.

## વાંકિયાના નાનાબાળ જસા ખાચરને છાતીમાં ચરણારવિંદ મહારાજે આપ્યા

શ્રીહરિ ગઢપુરથી રાજકોટ સર માલ્કમ સાહેબને દર્શન દેવા જતાં વાંકિયા પધાર્યા ને રાત્રી રહ્યા સવારે મહારાજ જાગ્યા ને બેઠા થયા ને કહ્યું, 'દાતણ લાવો' ત્યારે પાર્ષદે દાતણ આપ્યું ને આગળ પાલું મેલ્યું તે મહારાજે સારી પેઠે દાતણ કર્યું ને કોગળા કર્યા ને મુખારવિંદ ધોયું ને પછી રૂમાલે લૂયું પછી વસ્ત્ર પહેરી મોજડીઓ પહેરીને ઓરડામાંથી બહાર નીકળ્યા ને ઓશરીમાં આથમણી કોર ચાલ્યા ત્યાં ઓશરીમાં ઘેલા ખાચરની મા જસા ખાચરને કેડમાં તેડીને ઊભાં હતાં તેને મહારાજે કહ્યું, 'અમે હવે ચાલીએ છઈએ' ત્યારે તે કહે 'દરબાર ઘેર નથી ને વળી કાલે તમે પાકી રસોઈ કરવા દીધી નથી માટે નહીં ચાલવા દઈએ. ત્યારે મહારાજ હસીને બોલ્યા 'પાકી રસોઈ કરતાં બમણું વાવર્યું છે કાંઈ કસર રાખી નથી ને વળી રાજકોટથી મોટા સાહેબનો અસવાર અમને તેડવા આવ્યો છે તે રહેવાય એમ નથી માટે વળતાં આવશું ત્યારે તમે કહેશો તેમ કરશું' પછી જસા ખાચરને કેડેથી ઉતારીને મહારાજને પગે લગાડ્યા. ત્યારે મહારાજે જસા ખાચરની છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી મહારાજ કહે 'હવે અમે ચાલશું તમે તાણ કરશોમાં' એમ કહીને મહારાજ ચાલ્યા ને ઘેલા ખાચર આદિક કેટલાક હરિજનો વળાવવા આવ્યા તે ગામથી બે ચાર ખેતરવા ગયા પછી મહારાજે સર્વેને પાછા વાળ્યા.

## બાવા ખાચર હંમેશા મહારાજનો અંગૂઠો ધાવતા

એક દિવસ શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં પોઢ્યા હતા તે વખતે દરબારમાંથી મુળજી બ્રહ્મચારી બાવા ખાચરને તેડી ને આવતા હતા ને રસ્તામાં કહ્યું 'બાવા ખાચર આપણે મહારાજ પાસે જાશું ?' તે શબ્દ મહારાજ સાંભળીને અક્ષર ઓરડીમાંથી બોલ્યા જે બાવા ખાચર આવો આવો' ત્યારે બ્રહ્મચારી તેડીને મહારાજ પાસે ગયા ને બાવા ખાચરને ઢોલિયા ઉપર ઉતાર્યા. પછી બાવો ખાચર મહારાજનો અંગૂડો હંમેશા ધાવતા તેથી અંગૂડો ગોતવા મંડ્યા ને ઢોલિયાની ઈસ ઝાલીને એક પ્રદક્ષિણા કરી પણ મહારાજે અંગૂઠો સંતાડેલ તે જડ્યો નહીં ત્યારે મહારાજની

મોજડી લઈને ચૂસવા મંડ્યા, ત્યારે બ્રહ્મચારીએ મોજડી લઈ લીધી ને થુ થુ કરવા મંડ્યા ત્યારે બાવો ખાચર રોવા મંડ્યા, ત્યારે મહારાજે બ્રહ્મચારીને કહ્યું, 'બાવા ખાચરને બે દાંત ઉપલા ને બે દાંત હેઠલા ઉગ્યા છે.' પછી મહારાજે બાવા ખાચરને કહ્યું, 'તમે મને ઓળખો છો ? હું તમને ઓળખું છું.' ત્યારે બાવો ખાચર બે હાથે મોજડી ઊંચી કરીને પગે લાગતા હોય તેમ મહારાજ સામું જોઈ રહ્યા ત્યારે મહારાજ બાવા ખાચર સામા હાથનાં લટકાં કરતા જાય ને હસતા જાય. પછી બ્રહ્મચારીએ મોજડી લઈ લીધી. પછી વળી શ્રીજીમહારાજે બાવા ખાચરને કહ્યું 'બાવા ખાચર ! તમે અમને ઓળખો છો ? હું તમને ઓળખું છું.' એવી રીતે બે ચાર વાર મહારાજે કહ્યું ને પછી ચરણારવિંદનો અંગૂઠો લાંબો કર્યો તે બાવો ખાચર મોઢામાં લઈને ચૂસવા મંડ્યા. ત્યારે મહારાજે કહ્યું, 'અંગૂઠામાં દૂધ નથી પણ તેનું માહાત્મ્ય ઘણું છે ને દૂધ તો તમારી માતા પાસે છે' એવી રીતે મહારાજે બાવા ખાચરને રમાડીને બ્રહ્મચારીને કહ્યું હવે તેડી જાઓ' પછી મહારાજ પોઢી ગયા.

## કારિયાણીનાં જોઈતો ખાચર પણ મહારાજનો અંગૂઠો ધાવતા

શ્રીજીમહારાજ કારિયાણી પધારતા ત્યારે અક્ષર ઓરડીમાં વિરાજમાન હોય ત્યારે વસ્તા ખાચરના દીકરા જોઈતા ખાચર નાની ઉંમરમાં હતાં (માણસુર ખાચરના માતાનું નામ શીતબા હતું તે ધામમાં ગયા પછી વસ્તા ખાચરે બીજા લગ્ન કર્યા ને જોઈતા ખાચર પુત્ર થયા.) તે મહારાજનાં દર્શને આવે ત્યારે મહારાજ ચરણારવિંદ તેમના તરફ કરે એટલે તે મહારાજનો અંગૂઠો મોઢામાં લઈને ધાવતા. એકવાર મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજમાન હતા તે જોઈતા ખાચર મહારાજ પાસે આવ્યા ત્યારે મહારાજના હાથમાં કેરી હતી તે જોઈતા ખાચરને દેખાડીને કહ્યું, આ લેવી છે ત્યારે જોઈતા ખાચરે હા કહી, એટલે મહારાજ કહે કે, તારા ગળામાં સોનાની ઉતરી છે તે આપ તો આપું. ત્યારે જોઈતા ખાચરે ઉતરી આપીને કેરી લીધી. પછી મહારાજ બોલ્યા કે આ જોઈતા ખાચરને ખબર નથી જે આ સોનાની ઉતરીમાં કેટલા ગાડા કેરી સમાયેલી છે. એમ મૂઢ બાળક જેવા જીવને આ વસ્તુની ખબર પડતી નથી. ધન્ય ભાગ્ય જોઈતા ખાચરના કે સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાનના ચરણારવિંદનો અંગૂઠો ધાવવા મળે તે કાંઈ સામાન્ય વાત નથી એ તો કેટલાય જન્મના પુણ્ય ઉદય થાય ત્યારે જ મળે.

## ગવૈયા સંતને વચનરૂપી શિક્ષા તથા ચરણારવિંદરૂપી પ્રસાદ મળ્યો

એકવાર શ્રીજીમહારાજ સંત હરિજન સહિત ઉગામેડીના મારગથી ઉત્તરાદિકોર મોટી સભા કરીને બેઠા હતા તે વખતે ભૂજથી ગંગારામ તથા વાલજી આદિક મલ્લ હરિજન આવ્યા હતા ને મહારાજને દંડવત્ કરીને પગે લાગ્યા. ત્યારે મહારાજે કહ્યું 'ગંગારામભાઈ ! તમે મલ્લકુસ્તી

કરો' ત્યારે ગંગારામ તથા વાલજી વગેરે છ જણા કુસ્તી રમવા લાગ્યા તે બે કલાક કુસ્તી કરીને શ્રીજીને પ્રસન્ન કર્યા. ત્યારે મહારાજ તે બધાયને મળ્યા. પછી બીજે દિવસે ઉગામેડીના મારગથી ઉત્તરાદી કાનજી રાજગરની વાડીથી દક્ષિણાવાદી હોળીધારની ટીંબી ઉપર મહારાજે નાગાજણની ભૂત થકી રક્ષા કરી હતી ને તે ભૂતને બદ્રિકાશ્રમમાં મોકલ્યું ને ત્યાં સભા કરીને મહારાજ દાદા ખાચર ઉપર પ્રસન્ન થયા હતા ને તે વખતે ગવૈયા સંતને પહેલી વચનરૂપી શિક્ષા કરીને પછી ચરણારવિંદ રૂપી મહાપ્રસાદ આપ્યો હતો.

## રાધાવાવે શ્રીહરિએ સંતોને ચરણારવિંદ આપ્યા

રાધાવાવ પાસે સેલ વોકળી છે એ જ જગ્યાએ અમરા ખાચરનાં બેય કોરે ખેતર છે ત્યાં મહારાજ ચાર માસ છાના રહ્યા હતા ને ત્યાં વાંસળી વજાડી હતી તેથી સાંભળવા હજારો હરણ ભેગાં થયાં હતાં ને તે વગાડી રહ્યા પછી મહારાજે હરણને કહ્યું 'તમે બધાં સત્સંગમાં જન્મ ધરજો.' ને ત્યાં મહારાજ સૌ સંત હરિજનને રામનવમીનું જાગરણ કરાવ્યું હતું તે જગ્યા એંધાણથી ઓળખાય છે ને રાધાવાવથી આથમણી આંબલી છે તે જગ્યાએ મહારાજ ઘણી વખત પોઢેલા છે ને એ ઢોરા ઉપર બેસીને સંતને ચરણારવિંદ આપેલા છે.

## નાળીયેરી ધારે પાળાઓને તથા સુમાબાઈની વાડીએ પરમહંસો તથા પાળાઓને ચરણારવિંદ શ્રીહરિએ આપ્યા

ગઢપુરમાં પાણીયાળી વોકળીથી ઉગમણી નાળિયેરી ધાર છે તે જગ્યાએ મહારાજ તથા દાદો ખાચર બેઠા હતાં ને એક વખત મહારાજ માણકી ઘોડીયે ચડી તેને ધાર ઉપર ચડાવી હતી ને તે જગ્યાએ કામ પ્રસંગે પાળાઓને છાતીમાં ચરણારવિંદ આપ્યાં હતાં ને કહ્યું હતું જે 'આ જગ્યાએ દેવનું મંદિર બહુ સારું થાય,' એમ તમામ જમીન બેઠાં બેઠાં જોઈ હતી. ને સુમાબાઈની વાડી છે તેના મંડાણમાં મહારાજ ન્હાયેલા છે. ને વાડીને આથમણે શેઢે પીપળો છે તે જગ્યાએ બેઠેલા છે. ને મંદિરમાં જે કૂવો અમરા ખાચરે કૃષ્ણાર્પણ આપેલો છે તે કૂવાના પૈયાની આથમણા ઢોરા ઉપર મહારાજ બેઠેલા છે. ને તેથી ઉગમણી ઘેલા ધાધલની વાડી છે તેને ઉત્તરાદે શેઢે ખીજડો છે ત્યાં મહારાજ થાળ જમેલ છે. ને તે વાડીમાં ઘણા પરમહંસ રાત દિવસ આસન કરીને રહેતા હતા. ને રાયપરના મારગથી ઉત્તરાદી સુમાબાઈની વાડી છે, જે અમરા ખાચરે મંદિરમાં કૃષ્ણાર્પણ કરેલી છે તે વાડીને દક્ષિણાદે શેઢે જે હાલ ખોરડું કર્યું છે. તે જગ્યાએ મહારાજ ઘણી વખત બેઠેલા છે ને એક વખત અષ્ટાંગયોગ શીખેલા પરમહંસોની ત્યાં પરીક્ષા લીધી હતી. તે સર્વ પરમ હંસોને તથા પાળાઓને છાતીમાં ચરણારવિંદ આપ્યા હતા.

## શ્રીહરિનાં ચરણારવિંદ જોતાં જ પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો

વડતાલમાં શ્રીહરિએ માણેક કઠારી પૂનમનો મોટો રંગોત્સવ કરેલો તે વખતે બાર બારણામાં હિંડોળે શ્રીહરિ ઝૂલ્યા હતા ને સુરતના હરિભક્તોએ શ્રીહરિને મુગટ ધરાવ્યો હતો તે વખતે સો મણ ગુલાલ ઉડાડ્યો હતો. તે વખતે વસો ગામના પાટીદાર આવીને તે સભા સામું જોયું ને ઉભા રહ્યા. પછી મહારાજ બોલ્યા જે, 'એમને આવવા દો' ત્યારે સભામાં તરત જગ્યા થઈ ગઈ ને તે મહારાજ પાસે જઈને બેઠા. તે સમયે જેમ ચકોર પક્ષી ચંદ્રમાં સામું જોઈ રહે તેમ સર્વે સંત મહારાજના મુખારવિંદ સામું જોઈ રહ્યા હતા તે જોઈને તે પાટીદાર બોલ્યા જે, 'હે મહારાજ ! આવી સભા અમે ક્યાંઈ જોઈ નથી' ત્યારે મહારાજ કહે, 'હું સદ્‌ગુરુ રૂપી સૂર્ય ઉગ્યો છું અને આ સર્વે મુમુક્ષુરૂપી સૂર્યકમળ કમળ છે તે મને જોઈને ખીલ્યાં છે' એમ કહીને મહારાજે તકિયાને ઉઠીગણ દઈને સહુ દેખે તેમ ચરણારવિંદ ઉઘાડાં કર્યા, તે જોઈને પાટીદાર બોલ્યાં કે, 'હે મહારાજ ! તમે દેખાવવામાં તો મનુષ્ય જેવા જણાવો છો પણ આ ચરણમાં સોળ ચિન્હ જોતાં તો ભગવાન જ હો' એમ કહ્યું તે સાંભળીને મહારાજ બોલ્યા જે, 'આ બ્રહ્માંડના અધિપતિ દશ મૂર્તિઓ છે. (૧) શ્રીકૃષ્ણનારાયણ (૨) નરનારાયણ (૩) વાસુદેવનારાયણ (૪) ભૂમાપુરુષ (૫) સંકર્ષણ (૬) અનિરૂધ્ધ (૭) પ્રદ્યુમ્ન (૮) બ્રહ્મા (૯) વિષ્ણુ (૧૦) શિવ. તેમણે મળીને બ્રહ્માના પચાસ વરસ સુધી પ્રાર્થના કરી ત્યારે આ ચરણારવિંદ અહીં આવ્યા છે' એ સાંભળીને તે પાટીદાર ચાર જણા હતા તેમને મહારાજનું પુરુષોત્તમપણું બરોબર સમજાણું પછી મહારાજને અક્ષરધામના પતિ પુરુષોત્તમ જાણીને આશ્રય લઈ સત્સંગી થયા.

## શ્રીહરિ કહે એ ચિન્હ સહિત ચરણારવિંદનું ધ્યાન કરે તો સમાધિ થાય

એક સમયે મહારાજ વડતાલ બંગલામાં પોઢ્યા હતા તે સમયે નૃસિંહાનંદ સ્વામી તથા પરમજ્ઞાનાનંદ સ્વામી તે મહારાજનાં દર્શન કરવા આવ્યા અને મહારાજના પગમાં સોળ ચિન્હ જોવા માંડ્યા ત્યારે મહારાજ મુખારવિંદ ઉપરથી વસ્ત્ર ઉતારીને બોલ્યા કે 'શું જુઓ છો ? ત્યારે નૃસિંહાનંદ સ્વામી બોલ્યા કે આપના ચરણારવિંદમાં ચિન્હ છે તેનાં દર્શન કરીએ છીએ' પછી મહારાજે કહ્યું 'એ ચિન્હ સહિત ચરણારવિંદનું ધ્યાન કરે તો સમાધિ થાય' પછી પરમજ્ઞાનાનંદ સ્વામીએ સમાધિની ઈચ્છા રાખીને એમ ધ્યાન કર્યું તેણે કરીને તેને સમાધિ થઈ.

## શ્રીહરિએ માંદા સાધુની છાતી ઉપર પગ મૂક્યો ને ત્રીજે દિવસે ધામમાં ગયા

એકવાર શ્રીજીમહારાજ વડતાલમાં પોતાને ઉતારે થાળ જમતાં હતા અને મૂળજી બ્રહ્મચારી પીરસતા હતા અને મહારાજ જમતાં જમતાં વારંવાર જળપાન કરતા જાય અને

ધીરે ધીરે જમતાં જાય અને બ્રહ્મચારી આગ્રહ કરીને પીરસતા જાય એમ જમી ચળુ કરીને મહારાજે મુખવાસ લીધો.

પછી બ્રહ્મચારીએ વાત કરે કે, 'આજે સવારે હું નિત્યાનંદ સ્વામીને બંગલે દર્શન કરવા ગયો હતો ત્યારે એક હિંન્દુસ્તાની સાધુ બહુ માંદા હતા તેને જોઈને નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, આ સાધુને બહુજ આકરો તાવ આવ્યો છે એ માટે મહારાજને કહેજો કે દર્શન દેવા પધારે' ત્યારે મહારાજ કહે 'અમને વહેલા કેમ કહ્યું નહિ' ત્યારે બ્રહ્મચારીએ કહ્યું મહારાજ ! એ તો હું ભૂલી ગયો ! પછી મહારાજે કહ્યું, 'ચાલો જઈએ' એમ કહીને ચાખડીયે ચડી બ્રહ્મચારીનું કાંડું પકડીને ગયા અને ચાખડીઓ ઉતારીને મહારાજે જમણો પગ પેલા માંદા સાધુની છાતી ઉપર મૂક્યો ત્યારે તેને તાવ બહુ આકરો આવેલો હોવાથી મહારાજના પગનું તળીયું તપવા માંડ્યું તેથી મહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું, 'આમને તો બહુ આકરો તાવ આવ્યો છે' તે સાંભળીને માંદો સાધુ પોતે બોલ્યો કે, 'અરે ગુરુ સાહેબ ! જેટલું દુઃખ દેવું હોય તેટલું આ અવતારમાં દેજો પણ બીજા જન્મ વખતે આવું નહિ કરવું, કેમ કે મારા શરીરે ક્યાંય દુઃખ નથી' આવા બળનાં વચન સાંભળીને મહારાજ બહુ રાજી થયા અને બોલ્યાં કે, 'અમને પ્રારબ્ધ પ્રમાણે સાત દિવસની પીડા ભોગવવાની હતી પણ હવે બે દિવસ ભોગવીને પરમ દિવસે ધામમાં જશે.' એમ કહી મહારાજે તેમના માથા ઉપર બન્ને હાથ મૂક્યા અને રાજી થઈ બોલ્યા કે, 'સાધુ ખરા ધીરજવાળા છે' પછી મહારાજ બંગલે પોઢવા પધાર્યા. અને મહારાજના કહેવા પ્રમાણે તે સાધુ ત્રીજે દિવસે દેહ મેલી ધામમાં ગયા.

## મહારાજનાં ચરણારવિંદના સ્પર્શથી મૃગ ભાગ્યવાન થયો

શ્રીજીમહારાજ સંઘ સહિત ગઢપુરથી વડતાલ જતા રસ્તામાં હરણનું ટોળું ડાબું ઉતર્યું તેને જોઈને કાઠીઓ બોલ્યા કે 'આ મૃગલાં ડાબા ઉતરે તે ઠીક નહીં.' ત્યારે તેને પાછાં જમણાં ઉતારવાલ સારૂ મહારાજે તો ટોળા આડી પોતાની ઘોડી દોડાવી તેથી ટોળું આડું અવળું થઈ ગયું. એટલે મહારાજે કાળિયાર મૃગનીં વાંસે ઘોડી કરી ત્યારે તે મૃગ દોડી દોડી પોતાની મેલે થાકીને ઉભો રહ્યો. ત્યારે મહારાજ તેની સન્મુખ જઈને ઉભા ને કાઠીઓ સર્વે ચારે કોર ઉભા રહ્યા ને મહારાજે પાણીના કોગળા તેની ઉપર નાખવા માંડ્યા તે મૃગ ચાટતો ને મહારાજ પોતાના ચરણારવિંદે કરીને મૃગનાં શીંગડાંને સ્પર્શ કરતા હતા તો પણ તે નીચું માથું કરીને ઉભો રહ્યો. ત્યારે કાઠીઓ બોલ્યા કે, 'ભણે મહારાજ ! આ તો કોઈક મોટો યોગી દેખાય છે.' પછી મહારાજ કહે 'આ મૃગ જીવશે ત્યાં સુધી આપણને સંભારશે ને એનું કલ્યાણ થાશે' એમ કહી મહારાજ સહુ સાથે ચાલી નીકળ્યા.

## જમાદારે વારંવાર મહારાજના ચરણારવિંદમાં મસ્તક નમાવ્યું

એકવાર શ્રીજીમહારાજ વડતાલ સમૈયો કરવા જાતા હતા ત્યારે રસ્તામાં એક સારા આંબાવાડિયામાં ઉતર્યા ને સાધુ પાળા તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને મહારાજ વાતો કરવા માંડ્યા. તે વખતે પચીસ સવારો સાથે એક જમાદાર ત્યાંથી નીકળ્યો તેને ઘોડેથી ઉતરીને મહારાજ પાસે જઈ નમસ્કાર કર્યા ને સભા સામું જોઈને તેણે મનમાં સંકલ્પ કર્યો જે, 'આ સભામાં બાઈઓ પણ છે, માટે ચોખો ધર્મ ક્યાંથી પળાતો હશે ?' એમ વિચાર કરતાં જ તેને સમાધિ થઈ ગઈ ને પૃથ્વી ઉપર પડી ગયો ને તેણે સમાધિમાં પોતાનાં ચોવીશેય પેગાંબરને મહારાજની સેવા કરતા દેખ્યાં ત્યારે તેણે પોતાના પેગાંબરને પૂછ્યું જે, 'તમે આ સ્વામિનારાયણની સેવા કરો છો તે એ કોણ છે ?' ત્યારે તેમણે કહ્યું જે, એ તો અમારા ઉપરી ખુદા છે ને અમે તો એમના મોકલ્યા આવીયે છીએ ને તે એના ઉપર ખોટો ભાવ ધાર્યો. માટે તને દોષ લાગ્યો તે એમની પાસે માફી માગજે.'

અહીં તેના સવારોએ મહારાજની પ્રાર્થના કરી કહ્યું કે, આને જગાડો. ત્યારે મહારાજ કહે તમે જગાડો એટલે જાગશે. પછી તેમને જગાડ્યો એટલે બેઠો થઈ મહારાજના પગમાં પડી રોવા લાગ્યો તે રોતો જાય ને મહારાજને કહેતો જાય જે હે 'મહારાજ ! તમે તો સર્વે પેગાંબરના ઉપરી ખુદા છો તે એ પેગાંબર તો તમારી સેવા કરે છે. તેઓએ મને કીધું કે, 'એ સ્વામિનારાયણ ઉપર તે ખોટો સંકલ્પ કર્યો તેનો તને મોટો દોષ લાગ્યો છે. તે એમની પાસે માફ કરાવજે' માટે હે મહારાજ ! હું તમારો ગુનેગાર છું. તે મારો ગુન્હો માફ કરીને મને તમારી સેવામાં રાખો હવે હું આંહીથી ઘેર નહીં જાઉં ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, 'હવે તમે રુવોમાં તમારા સર્વે ગુન્હા માફ છે અને 'તમે અમારી આજ્ઞાથી ઘેર જાઓ અને તમારા સેવા માની લેશું ને તમારું કલ્યાણ કરશું' ત્યારે તે વારંવાર મહારાજના ચરણારવિંદમાં મસ્તક નમાવી રજા લઈને ચાલી નિસર્યો.

## આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના ચરણારવિંદમાં દૈવત

એકવાર ગઢપુરથી કોઠારી ભક્તિવલ્લભદાસજી પોતાની સાથે ઘણાંક સંતને લઈને વડતાલ રામનવમીના સમૈયા ઉપર ગયા હતા. તે વખતે ત્યાં એક દિવસ પોતાને અતિશે પેટમાં ચૂંક આવવા માંડી ને દુઃખાવો બહુજ થયો તે ટાણે રઘુવીરજી મહારાજના પાર્ષદે તે વાત સાંભળીને રઘુવીરજી મહારાજને કહી. ત્યારે રઘુવીરજી મહારાજે પાર્ષદને કહ્યું, 'ચાલો આપણે તેમને જોવા જઈએ' એમ કહી બે ત્રણ પાર્ષદોને સાથે લઈને કોઠારી ભક્તિવલ્લભદાસજીને જોવા સારુ ગઢડાનો ઉતારો હતો ત્યાં ગયા ને પૂછ્યું, કેમ કોઠારી, તમને ક્યાં દુઃખાવો વધારે છે. તે

બતાવો' ત્યારે કોઠારીએ પોતાને જે ઠેકાણે વધારે દુઃખતું હતું ત્યાં બતાવ્યું ત્યારે તે ઠેકાણે રઘુવીરજી મહારાજે પોતાના જમણા પગનો અંગૂઠો જરા અડાડ્યો કે તે જ ઘડીએ ચૂંક આવતી હતી તે મટી ગઈ ને તે તુર્તજ બેઠા થઈને રઘુવીરજી મહારાજને પગે લાગ્યા ને બોલ્યો 'હે મહારાજ ! તમે આંહી ભલે પધાર્યા. એમ મોટાનાં ચરણમાં દૈવત રહ્યું છે.

## સદ્. ચૈતન્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને સાઠ જોડ ચરણારવિંદ આપ્યા

સદ્. ચૈતન્યાનંદ સ્વામીની સેવા બાલમુકુંદ સ્વામીએ ખરેખરી કરીને અતિ રાજી કર્યા. ત્યારે વિશ્વાસ આવ્યો. પછી બાલમુકુંદ સ્વામીએ ચૈતન્યાનંદ સ્વામીને કહ્યું કે, સ્વામી ! "સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તે શ્રીજીમહારાજની મરજી બરોબર જાણે છે. માટે તમે તેની વાતો સાંભળોને તેમની ઉપર હેત કરો" ત્યારે ચૈતન્યાનંદ સ્વામીએ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની વાતો સાંભળીને સ્વભાવ માત્ર ટાળી નાખ્યા ને પોતાની રસોઈ નોખી થાતી હતી તે કાઢીને પંક્તિમાં સહુની હારે જમવા માંડ્યા ને ઢોલિયે સુતા તે ઢોલિયો પણ કાઢી નાખ્યો ને પોતાની પાસે સાઠ જોડ્ય ચરણારવિંદ હતા તે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી આગળ મૂકીને કહ્યું "તમને ફાવે તેને દીયો" ત્યારે સ્વામીએ તેમાંથી ત્રીશ જોડ ગોપીનાથજીને આપ્યાં ને વીશ જોડ ગુણાતીતાનંદ સ્વામીને આપ્યાં ને કહ્યું જે, આ જૂનાગઢ સજ્યામાં પધરાવજો" ને બાકી દશ જોડ રહ્યાં તે તેમના મંડળના સાધુને આપ્યાં. એમ ચૈતન્યાનંદ સ્વામીએ સ્વભાવ ટાળી નાખ્યા ને જે ઝાઝાં પુસ્તક રાખે કે ઝાઝી પૂજા રાખે તેણે કરીને સ્વભાવ ન ટળે, પણ જો તેને સત્પુરુષનો સમાગમ થાય ને હેત થાય તથા વિશ્વાસ આવે તો સ્વભાવ ટળે.

## શ્રીહરિના ચરણ પાણીને અડ્યા કે ઉંજાના તળાવની લીલ વેંત ભર હતી તે અરધી ઘડીમાં અદૃશ્ય થઈ ગઈ

એક સમયને વિષે શ્રીજીમહારાજ ગામ ઉંઝાના પાદરમાં વડના વૃક્ષ હેઠે ઉતર્યા ને ભેગા કાઠીઓ પણ હતા ને ઘોડાં ઘણાં તરસ્યા થયાં હતા. પછી મહારાજે કહ્યું 'આ મોટું તળાવ છે ત્યાં ઘોડાંને પાણી પાઈ આવો." પછી બધાં ઘોડાં લઈને કાઠીઓ ત્યાં પાણી પાવા ગયા ને જોયું તો પાણી ઉપર એક વેંત જેટલી લીલ ઝામેલી ને પાણી તો દેખાય જ નહિ. ત્યારે તેઓ ઘોડાંને તરસ્યાં ને તરસ્યાં પાછાં લાવ્યાં ને મહારાજને કહ્યું કે, "તળાવ તો ઘણું મોટું છે પણ તેમાં લીલ ઘણી છે તે પાણી તો આખા તળાવમાં નજર જ આવતું નથી." તે ટાણે ત્યાં ગામનાં માણસો બેઠા હતાં તે બોલ્યા જે, "એ તળાવ ને તો કોઈકનો શાપ છે તેથી એ પાણીમાંથી લીલ કોઈ દિવસ મટતી નથી નહિ તો તળાવ ઘણું મોટું છે ને બારે માસ

પાણી ખુટતું નથી ને ઢોર જનાવરથી પીવાતું પણ નથી.'' તે સાંભળીને મહારાજ માણકી ઉપર સ્વાર થઈ ને તે તળાવે ગયા ને ગામનું સઘળું માણસ પણ જોવા સારું ગયું પછી મહારાજ ઘોડીને તે તળાવમાં પોતાના ચરણારવિંદ પલાળે તેટલી આઘી લઈ ગયા ત્યારે શ્રીહરિના ચરણારવિંદ અડતાં જ લીલ તુટવા માંડી ને તેના ફડાકા થવા માંડ્યાં ને અરધી ઘડીમાં તો એ તળાવમાં એક પૈસાભાર પણ લીલ રહી નહિ ને ચોખું નિરમળ પાણી થઈ ગયું. પછી ગામનાં માણસોએ તે પરચો જોઈને જાણ્યું જે, ''આ સ્વામિનારાયણ પ્રગટ પુરુષોત્તમ ભગવાન છે.'' એમ જાણીને એક એક શ્રીફળ લઈને મહારાજને દર્શને આવવા માંડ્યા તેથી મહારાજ આગળ શ્રીફળનો મોટો ગંજ થયો. પછી તે શ્રીફળની પ્રસાદી કરીને ગામનાં બધાં માણસોને આપી એવો ચમત્કાર દેખાડીને પછી ઘોડાં પાઈને મહારાજ ત્યાંથી ચાલી નિસર્યા.

## કંથકોટના રાજાએ મહારાજનાં ચરણારવિંદ પોતાને માથે લીધા

કંથકોટના રાજાની દિકરી રામબાને સિંધમાં પરણાવ્યા હતા ને મહારાજે તેમની રક્ષા કરી. ને ત્યાં ત્રણ વરસને ત્રણ મહિના રહીને પાછાં પોતાનાં માવતરને ઘેર આવ્યાં ને ત્યારે તેને ભૂખ અને તરસ લાગી ને જમ્યાં ને પાણી પીધું. પછી તે બાઈએ સોનીને ઘેર તેડાવીને મહારાજ સારું ઘરેણાં ઘડાવ્યાં ને ડાબલામાં ભરીને રાખી મૂક્યાં ને મહારાજની વાટ જુએ તેવામાં મહારાજ કચરા ભક્તને ઘેર આવ્યાં તે બાઈને ખબર પડી ત્યારે તેણે મહારાજને બોલાવવા સારું પોતાના બાપને મોકલ્યા. તેમે કચરા ભક્તને ઘેર જઈને મહારાજને કહ્યું ''હે મહારાજ ! તમે અમારે ઘેર પધારો અમારે તમારી પૂજા કરવી છે.'' પછી મહારાજ તથા મુકુંદ બ્રહ્મચારી તથા કચરા ભક્ત ત્રણેય ગયા ને મહારાજને બિરાજમાન કર્યા ને બાઈ કહે મહારાજ મારે તમારી પૂજા કરવી છે. મહારાજ કહે બાઈના હાથની પૂજા તો નથી લેતા પણ તમારા બાપ સંગ્રામજી દરબાર સુખેથી પૂજા કરે.

પછી દરબારે પૂજા કરવાનું કહ્યું ત્યારે મહારાજ કહે ''હા પૂજા કરો, પણ અમે તે તમે આપેલો સામાન ગમે તેને દઈ દેશું ને તે તારે પાછો તેની પાસેથી ન લેવો એમ હોય તો સુખેથી પૂજા કરો'' ત્યારે બાઈ કહે ''તમે તે ગમે તેને દઈ દીયો, અમારે તેની પાસેથી લેવો નહિ'' પછી મહારાજે આજ્ઞા કરી તેથી તે બાઈના બાપે મહારાજને સોનાના હાર પહેરાવ્યાં તથા સોનાનાં કડાં પહેરાવ્યાં તથા સોનાના બાજુબંધ પહેરાવ્યાં તથા પગમાં સોનાનાં તોડા અને ઝાંઝર પહેરાવ્યાં ને કેડે કંદોરો ધરાવ્યો તથા હાથમાં વેઢ અને વીંટીઓ પહેરાવી તથા કાનમાં કુંડળ ધરાવ્યાં એમ ત્રણ હજાર રૂપિયાનાં ઘરેણાં અર્પણ કર્યા. પછી ચંદન ચરચીને આરતી ઉતારી પછી રાજાએ મહારાજનાં ચરણારવિંદ પોતાને માથે લીધાં. ને સાકરનો થાળ

ભરીને આગળ મૂક્યો ને બ્રહ્મચારીને ધોતિયાનો તાકો આપ્યો એમ પૂજા કરીને દરબાર બહુ રાજી થયા. પછી તે ઘરેણાં મહારાજે કચરા ભક્તને આપ્યા.

## શ્રીહરિના ચરણારવિંદમાંથી હરભમે અઢાર કાંટા કાઢ્યા

શ્રીહરિ કાળા તળાવને મારગે ચાલ્યા ને ત્યાં માર્મગાં એક સમેજા પાસે પાણી માગ્યું ત્યારે તેણે પાણી બતાવ્યું તે મહારાજે પીધું પછી સમેજાને મહારાજની મૂર્તિ અખંડ દેખાવા લાગી, તે હળ હાંકતાં પણ દેખાય ત્યારે તે સમેજો બોલે કે બાવા તમને બાળદ મારશે માટે એકકોર રહો'' તો પણ મહારાજ તો આગળને આગળ દેખાય એટલે તે મુંઝાણો તે હળ છોડીને બોરડી ખોદવા માંડ્યો તો ત્યાં પણ આગળ મહારાજ દેખાણા ત્યારે તે બોલ્યો કે ''એ બાવા તમને કોદાળી વાગશે માટે કોરે ખશો'' તો એ મહારાજ આગળ દેખાય પછી તે સમેજો મુંઝાઈને સૂઈ ગયો તો ત્યાં સોડમાં મહારાજ દેખાણાં ત્યારે તે બોલ્યો જે, ''આ બાવે તો ક્યાંઈ ખ્યાલ છોડ્યો નહિ આને મારા ક્યાં ભોગ મળ્યા ને પાણી બતાવ્યું'' પછી તો તે હળ હાંકીને ઘેર આવ્યો ત્યાં પણ મહારાજ તેને આગળ ચાલતા દેખાણા પછી હરભમ સુતારની શેરી આવી તેવી કોર મહારાજ વળી ગયા ને સમેજો પોતાને ઘેર ગયો પછી તે બળદ બાંધીને હરભમને ઘેર આવ્યો ને બોલ્યો કે, ''તમારે ઘેર અલ્લા આવ્યા છે'' ત્યારે હરભમ કહે ''ક્યાં છે ?'' ત્યારે તે કહે ''આ સંતાઈને ઉભા છે'' પછી મહારાજ પ્રસિધ્ધ થયા ને તે પછી હરભમે મહારાજના ચરણારવિંદમાંથી અઢાર કાંટા કાઢ્યા.

તે મૂળજી બ્રહ્મચારી તથા ડુંગરજી એ બેય જણા ઉઠ્યા તે મહારાજને ખોળવા માંડ્યા ત્યાં આગળ ચાલતાં મોજડીયું હાથ આવી ને પછી આગળ જતાં ચોફાળ હાથ આવ્યો પછી તેઓ મહારાજના ચરણારવિંદ જોતાં જોતાં આગળ ચાલ્યાં ત્યાં તો ચરણ પણ દીઠાં નહિ એટલે નિરાશ થઈને પાછા વાળ્યા ને કાળા તળાવે ગયા. ત્યાં હરભમને ઘેર મહારાજનાં દર્શન કરીને રાજી થયા.

## કરિયાણામાં દેહા ખાચરને શ્રીહરિના ચરણારવિંદમાં તેજ દેખાણું ને તેમાં અક્ષરધામ જોયું ને નિશ્ચય થયો

એક દિવસ મહારાજ કરિયાણામાં પંચપીરની જગ્યા છે ત્યાં પધાર્યા. ત્યારે ઉનડ ખાચરના દીકરા દેહો ખાચર મહારાજને વિનંતી કરીને પોતાને ઘેર તેડી લાવ્યા ને મહારાજ ઢોલિયે બિરાજમાન થયા ત્યારે સહુ પગે લાગ્યાં ને મહારાજનાં ચરણારવિંદમાં સોળ ચિન્હ ભાળ્યાં તેવામાં તેજ નિસર્યું ને તે તેજમાં દેહા કાચરને ધામ દેખાણુ. ત્યારે તેને મહારાજના સ્વરૂપનો નિશ્ચય થયો એટલે પોતે વર્તમાન લઈ સત્સંગી થયા ને ઉનડ ખાચર તથા મીણબાઈ તથા

બીજાં બાઈઓ પણ સત્સંગી થયાં ને તે મીણબાઈ જીવુબા તથા લાડુબા જેવો ત્યાગ પાળતાં ને મહારાજની વાતો કરતાં.

## શ્રીહરિએ ૪૦૦ લાડવા હતા તેને અખૂટ કર્યા ને લાડવામાં ચરણારવિંદ આપ્યા

એક સમે મહારાજ વાસુદેવનારાયણના ઓરડામાં વિરાજમાન થયા હતા. ત્યારે કોઈક પ્રેમી હરિભક્તે આવીને મહારાજને કહ્યું જે, ‘‘મહારાજ, મારે સાધુ જમાડવા છે.’’ ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘કેટલા સાધુ જમાડવા છે ?’’ ત્યારે તે હરિભક્તે કહ્યું જે, ‘‘સો સાધુ જમાડવા છે.’’ ત્યારે મહારાજે કહ્યું જે, મુક્તાનંદ સ્વામીને કહો જે, સાધુ જમવા આવે.’’ ત્યારે મુક્તાનંદ સ્વામીએ સાધુને બોલાવવા મોકલ્યા. ત્યારે સાધુ આવ્યા તે દરબારમાં પંક્તિ થઈ. ને લાડવા લખુ કંદોઈને હાટેથી લાવીને વાસુદેવના ઓરડા આગળ લોઢાની કડાઈમાં નાંખ્યા, તે લાડવા ચારસે હતા.

ત્યારે મહારાજ ઓરડામાંથી આવીને આથમણે પડખે બે ખુરશી નાંખીને બેઠા. ત્યારે તે હરિભક્તે મહારાજને લોઢાની કડાઈમાં લાડવા હતા તે દેખાડ્યાં. ને કહ્યું જે, ‘મહારાજ, ચારસે લાડવા છે ને બીજા લાડું નું કંદોઈને કહ્યું તું, પણ તૈયાર ન કર્યા.’’ એમ કહીને તે હરિભક્તની આંખમાંથી પાણી નીકળવાં મંડ્યા ને બહુ દિલગીર થયા.

ત્યારે મહારાજે સામું જોઈને કહ્યું જે, ‘‘ભગત, શા સારુ દિલગીર થાવ છો ?’’ ત્યારે તેમે મહારાજને વિનંતીએ સહિત કહ્યું જે, ‘‘મહારાજ, મારો મનોરથ ખોટો થઈ ગયો. ને મહારાજ લાડવા સાધુને સારી પેઠે પંક્તિમાં ફરીને જમાડોને લાડવા થોડા છે, તેથી મારો મનોરથ ખોટો થઈ ગયો’’ ત્યારે મહારાજ રાજી બહુ થયા ને તે હરિભક્તના બરડા ઉપર બે-ત્રણ વાર હાથ ઠબકાર્યો ને કહ્યું જે, ‘‘કાંઈ ચિંતા રાખશો મા! તમારો મનોરથ છે તે સારી પેઠે પૂરો થશે, ને અમે લાડવા સારી પેઠે જમાડશું ને પંક્તિમાં સારી પેઠે ફરશું, ને લાડવા નહિ ખૂટે !’’ એમ કહીને મહારાજ લાડવા ફેરવવા મંડ્યા.

ને પેલા પંક્તિમાં ફર્યા ત્યારે ચાર ચાર લાડુ સાધુને દીધા ને બીજીવાર ફર્યા ત્યારે બબ્બે ને ત્રીજીવાર ફર્યા ત્યારે દોઢ-દોઢ લાડુ ફેરવ્યો. ને ચોથીવાર ફર્યા ત્યારે અકેકો લાડવો ફેરવ્યો. ને પાંચમી વાર ફર્યા ત્યારે અડધો અડધો લાડવો ફેરવ્યો. ને છઠ્ઠી વાર ફર્યા ત્યારે કોઈએ લીધો નહિ. ને સાતમી વાર ફર્યા ત્યારે મહારાજ ચરણારિવંદ દેતા આવે ને લાડુ દેતા આવે, ને એક લાડુ લે તેને એક ચરણારવિંદ આપે ને બે લાડુ લે તેને બે ચરણારવિંદ આપે. ને આઠમી વાર ફર્યા ત્યારે એક લાડવો લે તેને બે ચરણારવિંદ આપે ને બે હસ્ત મસ્તક ઉપર

મૂકે, એવી રીતે ફરીને તે હરિભક્તને કહ્યું જે, ‘‘તમારો મનોરથ પૂરો થયો.’’ ત્યારે હરિભક્તે હાથ જોડીને કહ્યું જે, ‘‘મહારાજ, મારો મનોરથ તમે દયા કરીને પૂરો કર્યો.’’ તે જોઈને હરિભક્ત અતિ આશ્ચર્ય પામ્યો.

પછી મહારાજે હાથ ધોયા ને બ્રહ્મચારીએ રૂમાલ આપ્યો તે લઈને હાથ કોરા કર્યા. ને મહારાજ તે હરિભક્તને હાથે ઝાલીને જ્યાં લાડવાનું કડાયું હતું ત્યાં ગયા. ને કહ્યું જે, ‘‘જો, આ લાડવા સાધુ જમ્યા તોય વધ્યા ને તું કહેતો જે, ‘‘લાડવા થોડા થશે’’ ને દિલગીર થયો હતો, તો પણ લાડવા વધ્યા.’’ એમ કહીને મહારાજ ખુરશી ઉપર વિરાજમાન થયા. ને એ હરિભક્તને કહ્યું જે, ‘‘લાડવા ગણી જો, કેટલા રહ્યા ?’’ ત્યારે તેમે આવીને કહ્યું જે, ‘‘મહારાજ ચારસે ઉપર એક લાડવો છે.’’

ત્યારે મહારાજ રૂમાલ મુખારવિંદ આડો દઈને હસ્યા, ને કહ્યું જે, ‘‘કેમ ભગત, તમારો મનોરથ પૂરો થયો ?’’ ત્યારે તે હરિભક્તે મહારાજને પગે લાગીને કહ્યું જે, ‘‘હે મહારાજ ! તમે હું ઉપર પૂરણ દયા કરી !’’ ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘તું કહેતો’’ તો ને જે ખૂટી જશે ?’’ એમ કહી મહારાજ હસ્યા. પછી તે હરિભક્તને કહ્યું જે, ‘‘દરબારમાં બાઈયું ને બીજાં મનુષ્ય હોય તેને જમાડો.’’ એમ કહીને મહારાજ અક્ષર ભુવનમાં પધાર્યા.

## સુંદરિયાણાના શેઠ વનાશાને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા

શ્રીહરિ વડતાલ લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા ગઢપુરથી સંઘ સાથે ચાલ્યા તે સુંદરિયાણા પધાર્યા. ગામમાં શેઠ હેમરાજ શાહના ફળિમાં ધોડીએથી ઉતર્યા. ને ઢોલિયે બિરાજમાન થયા. પછી શેઠ વનાશા પગે લાગીને બોલ્યા જે હે મહારાજ ! ધંધુકાના મોઢ લોકોએ અમને નાત બહાર મૂક્યા છે. મહારાજ બોલ્યા જે એવાના ગુરુ ચોરટા ને પરસ્ત્રીના ગમન કરનારા છે. તેવા જ તેના શિષ્ય પણ છે, તે અન્યાય તો જુઓ કે જે, ધર્મ પાળે તે નાત બહાર અને અધર્મના માર્ગે ચાલે તે નાતમાં રહે. તે જેમ શરીરમાં મુખ પણ છે ને બહિર ભૂમિ જવાનો દ્વાર પણ છે એમ ઘણીક વાત મહારાજે કરી.

પછી મહારાજ થાળ જમીને સંતોને પીરસીને જમાડ્યા. પછી શેઠે મહારાજને પોશાંગ પહેરાવ્યો, ને હાથ જોડીને બોલ્યા જે હે મહારાજ ! તમો અમારી રક્ષા કરજો. ને નાતીલાનો ઉપદ્રવ છે, તે સત્સંગી અને સંત તે જ અમારી ખરી નાત છે ને સગા છે. પછી મહારાજ કહે : ચિંતા કરશો નહિ. તમારી રક્ષા અમે કરીશું. પછી મહારાજે શેઠને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી ત્યાંથી ચાલ્યા તે અણીયાળી થઈ કમિયાળા પધાર્યા.

## સ્વરૂપાનંદ સ્વામીને શ્રીહરિએ છાતીમાં ચરણારવિંદ આપ્યા

ચોપાઈ :- જોયા નરકમાં પીડાતા પ્રાણી, અતિ અંતરમાં દયા આણી ॥
લીધું સ્વામિનારાયણ નામ, નાઠા સાંભળી દૂત તમામ ॥૪૩॥
પ્રાણી નીકળ્યા કુંડ બહાર, વંદ્યા સાધુને વારમવાર ॥
નારાયણ સ્વામિ ભજન કરાવ્યું, પાપ સંચિત સર્વે બળાવ્યું ॥૪૪॥
થયા સર્વ ચતુર્ભુજ રુપ, દેહ દિવ્ય દેખાય અનુપ ॥
ધામ ભૂમાપુરુષનું છે જયાંય, સંતે સર્વને મોકલ્યા ત્યાંય ॥૪૫॥
સંતે શ્રીજીની આગળ આવી, વાત વિગત સહિત સુણાવી ॥
સુણી રાજી થયા શ્રી ગોવિંદ, દીધાં છાતીમાં ચરણારવિંદ ॥૪૬॥

શ્રીજીમહારાજ રાજાધીરાજ થયા તે વખેત કાલવાણીમાં ભીમભાઈએ શ્રીહરિને કહ્યું કે, મહારાજ ! રાજા જયારે રાજગાદીયે બેસે ત્યારે બંધીવાનને ચોડી મૂકે છે તો આપ કૃપા કરીને નરકના કુંડમાં જીવ દુઃખો ભોગવી રહ્યા છે તેને મુક્તિ આપો. પછી સ્વરૂપાનંદ સ્વામીને જમપુરીમાં મોકલીને ત્યાં સ્વામિનારાયણ - સ્વામિનારાયણ ભજન કરાવ્યું ને જીવો ચતુર્ભુજ રૂપ થઈને ભૂમાપુરુષના લોકમાં મોકલ્યા ને સ્વરૂપાનંદ સ્વામીને શ્રીહરિએ રાજી થઈને છાતીમાં ચરણારવિંદ આપ્યા તેની નોંધ વિહારીલાલજી મહારાજે શ્રીહરિલીલામૃતમાં લીધી છે. કળશ-૫, વિશ્રામ-૬.

## કારિયાણામાં કાળા મકવાણાના ઘેર પિતૃના ફળા હતા તેને શ્રીહરિના ચરણ સ્પર્શ કરાવ્યો ને પ્રેતનો દેહ છૂટ્યો ને ચતુર્ભુજ થયા

ચોપાઈ :- કાલો મકવાણો ઝબકીને જાગ્યા, પ્રભુને આવી પૂછવા લાગ્યા ॥
ફળાં પાણી વિષે ધર્યા આણી, તોય કેમ બોલ્યાં પાણી પાણી ॥૫૯॥
એ તો અચરજ વાત અઘાત, સમજાવો મને સાક્ષાત ॥
એવું સાંભળી કૃષ્ણ કહે છે, ચોકી જળમાં વરુણની રહે છે ॥૬૦॥
ભૂત-પ્રેતનાં જેનાં શરીર, તેને પીવા દેતા નથી નીર ॥
તેને તરશ તો જળ બેડાં બાર, કરે પાણી પાણીનો પોકાર ॥૬૧॥
હવે એ ફળાંને આંહી લાવો, મારા ચર્ણનો સ્પર્શ કરાવો ॥
એવાં વેણ કરીને ઉચ્ચાર, થયા નાવાને નાથ તૈયાર ॥૬૨॥
બીજા બે જણને લઈ સંગ, નાયા જૈ નદીમાં શામ રંગ ॥
કાળો ભક્ત ફળાં લઈ આવ્યો, જેને પદ પ્રભુના પરસાવ્યા ॥૬૩॥

સ્પર્શ થાતાં તજયો પ્રેત દેહ, થયાં કોઈ ચતુર્ભુજ તેહ ॥
આવ્યા તેડવા તેને વિમાન, તેમાં બેસી ગયા સુખસ્થાન ॥૬૪॥

## દાદા ખાચરે શ્રીહરિનું ચરણોદક પીધું.

શ્રીજીમહારાજે ડભાણ યજ્ઞ વખતે મોટા સંઘ સાથે પધાર્યા હતા અને ત્યાંથી ઘોડાસર ગયા ને ત્યાં સભામાં સર્વે સંઘે તથા બીજા હરિભક્તોએ ભેટ કરી હતી તથા પૂજા કરી હતી. તેમાં પ્રથમ પૂજા દાદા ખાચરે કરીને શ્રીહરિના ચરણ ધોઈ ચરણામૃત પીધું હતું તેની નોંધ શ્રીહરિલીલામૃતમાં કળશ-૬, વિશ્રામ-૧૦ માં છે.

**પૂર્વછાયો :-** શોભે વિશાળ સભા ભરી, ઘોડાસર સમીપ ઘનશ્યામ ॥
ભૂધર આગળ ભેટ ધરવા, આવ્યા જનો એહ ઠામ ॥૧॥

**ચોપાઈ :-** દાદા ખાચરે દિલમાં વિચારી, પ્રેમે પૂજ્યા પ્રથમ ગિરિધારી ॥
પગ ધોઈ પાદોદક પીધું, જળ તે સહુને પણ દીધું ॥૨॥
ભાલે કેશરની આડ્ય કરી, વચ્ચે કંકુનો ચાંદલો ધરી ॥
ચડાવ્યા વળી અક્ષત એમાં, મોંઘા મોતી હતાં ઘણાં તેમાં ॥૩॥

## કાકાભાઈ તથા પૂંજાભાઈએ શ્રીહરિને કહ્યું, મહારાજ આપના ચરણકણળથી અમને સુખ થશે

અગણોતેરા કાળમાં પહેલા એક વર્ષ અગાઉ બધા ભક્તોને શ્રીહરિએ ચેતવણી આપી હતી કે ઢોરા-ઘરેણાં વેચીને પણ અનાજ લેજો. કેમ કે આવતું વર્ષ બહુ કપરું આવશે ને હજારો લોકો અન્ન વગરને પશુ ખડપાણી વિના મરી જાશે. પરંતુ આ શ્રીહરિની આજ્ઞા મેથાણના કાકાભાઈ તથા પૂંજાભાઈએ ન માની ને ભયંકર અગણોતરો કાળ પડ્યો ને લોકોને દાણાના સાંસા પડવા માંડ્યા ને દુઃખી દુઃખી થઈ ગયા એવે અવસરે કાકાભાઈ તથા પૂંજાભાઈએ શ્રીહરિને સમાચાર મોક્લયા કે મહારાજ તમે મેથાણ પધારો. તમારા ચરણથી અમને બહુ સુખ થશે. પછી મહારાજ છાના વિચર્યા ને મેથાણ પધાર્યા તેનું વર્ણન શ્રીહરિલીલામૃત કળશ-૭, વિશ્રામ-૩૫ માં છે.

**પૂર્વછાયો :-** અન્ન વિના અતિ દુઃખ પડ્યું, તેની કાંઈ કહી જ્યાં વાત ॥
માવા કહે મુજ વચનને, તમે ભંગ કર્યું છે ભ્રાત ॥૪૬॥
તેનું આ ફળ પામ્યા તમો, હવે થાઓ છો બહુ હેરાન ॥
એમ જ આજ્ઞા ન માનશે, તે તો દેખશે દુઃખ નિદાન ॥૪૭॥
કૈક એવા સત્સંગી છે, મને જાણે છે જગ કરતાર ॥
તો પણ આજ્ઞા તોડતાં, કાંઈ કરતા નથી જ વિચાર ॥૪૮॥

એવાને ચિત્ત ચેતવવા, દીધું મે તમને મહાદુઃખ ॥
તોડશે આજ્ઞા અમતણી, તેને સાંપડશે કેમ સુખ ॥૪૯॥
ડસકા ભરી ભરી ભાઈ બે, અતિ રુવે ને અતિ અકળાય ॥
તેડવા આવજો ત્રિકમાં, હવે જીવ્યાનો નથી ઉપાય ॥૫૦॥
જો દીલમાંહી દયા ધરો, પ્રભુ આવો અમારે ઘેર ॥
આપનાં ચરણ થવા થકી, થશે લક્ષધા લીલા લહેર ॥૫૧॥
કૃષ્ણ કહે અમે આવીયે, હોય ગુપ્ત રહ્યાનું સ્થાન ॥
કોઈએ જન જાણે નહી, કોય આવીયા છે મેમાન ॥૫૨॥
એવું સ્થાનક પ્રભુ આપશું, જેમ જાણે નહી જન કોય ॥
છાના જ છેક રહી શકે, કહી હજાર જન જો હોય ॥૫૩॥

## હાલારમાં ધૂળકોટ ગામના મંદિરમાં પધરાવેલા શ્રીહરિના ચરણારવિંદમાં તેજ નીકળતું તેના દર્શન ઘણાને થયેલા

ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કેશવપ્રસાદજી મહરાજે મોટીબા પાસે શ્રીહરિની અમુલ્ય મહાપ્રસાદીની વસ્તુની માગણી કરેલી. તેથી મોટીબાએ રાજી થઈને ચરણારવિંદ, સોટી તથા અન્ય બીજી વસ્તુઓ પૂજવા માટે આપી. તેથી તે ચરણારવિંદની નિત્ય પૂજા પોતે મહારાજશ્રી મહિમાથી કરતા. એકવાર પૂ. મહારાજશ્રી હાલાર પ્રદેશમાં ગામડાઓમાં હરિભક્તોને કથા-વાર્તા દર્શનનું સુખ આપવા વિચરતા હતા. તે વખતે ધૂળકોટ ગામમાં પધાર્યા. ને તે મંદિરમાં અતિ કૃપા કરીને પોતે પોતાની પૂજામાંથી શ્રીજીમહારાજના મહાપ્રસાદીમય ચરણારવિંદ પધરાવ્યા. ને પછી ફરતાં ફરતાં મૂળી પધાર્યા.

શ્રીજીમહારાજની કૃપાથી તે ચરણારવિંદમાંથી તેજ નીકળતું. તે તેજમાં ચિન્હ પણ દેખાતા હતા તે તેવું તેજ અરધો દિવસ, આખો દિવસ રહેતું. તેથી ફરતા ગામના લોકો દર્શને આવતા ને આનંદ અનુભવતા. આ વાતના સમાચાર વાયુવેગે માળિયા ઠાકોર સાહેબ રાયસિંહજીને મળ્યા. તેથી તેમણે ધૂળકોટના હરિભક્તોને કહેવરાવ્યું કે, હવે જ્યારે તેજ નીકળતું દેખાય ત્યારે તુરત જ મને માળિયા સમાચાર આપજો.

તે પછી સંવત ૧૯૮૪ ના પોષ માસમાં તે ચરણારવિંદમાંથી તેજ સાંજના ચાર વાગ્યાના સમયે દેખાવા માંડ્યું, ત્યારે ત્યાંના હરિભક્તોએ એક સ્વારને મોકલી માળિયા સમાચાર આપ્યા. ત્યારે તે તરત જ ઠાકોર સાહેબ, કુંવરને સાથે લઈને ધૂળકોટ આવ્યા ને દર્શન કર્યા. તે વખતે ડાબા ચરણમાં સાત ચિન્હ દેખાયા. દરબારે મંદિરના દિવા હતા તે ઓલવી નાખ્યા, તે વખતે

જમણા ચરણમાં નવ ચિન્હ અને તેજ દેખાયું ને તે તેજના શેરડા મંદિરના નળિયામાંથી સોંસરા નીકળ્યા તે ગામ આખાના માણસો જોવા આવ્યા ને અપાર તેજ દેખીને સૌ આશ્ચર્ય પામ્યા ને દરબાર પણ મનમાં આશ્ચર્ય પામ્યા ને પોતે ઠાકોરજી આગળ બેસી રહ્યા ને તેજ નિસરવાના સમાચાર આસપાસના ગામડાઓમાં સત્સંગીને થયા. તેથી તેઓ પણ દર્શન કરવા આવ્યા. ને દર્શન કરીને આશ્ચર્ય પામ્યા. ને તે પ્રમાણે તેજ બે રાત્રિને બે દિવસ રહ્યું ને ત્રીજે દિવસે સવારના નવ વાગ્યે દેખાતું બંધ થયું. પછી દરબારશ્રીએ આખા ગામને પાકી રસોઈ કરાવીને જમાડ્યું, ને પછી પોતે માળિયા પધાર્યા. એમ સત્સંમગાં શ્રીજીમહારાજ હજુ પણ પ્રગટ પ્રમાણ પરચા આપે છે.

**નંદસંતોએ શ્રીહરિના ચરણારવિંદનો મહિમા કીર્તનોમાં પણ કંડાર્યો છે**

**ગરબી :-** વહાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ,
વહાલા અતિ કોમળ અરૂણ રસાળ, ચોરે ચિત્ત ચોકમાં રે લોલ.
વહાલા તારા જમણે અંગૂઠે તિલ, કે નખમાં ચિન્હ છે રે લોલ,
વહાલા છેલી આંગળીએ તિલ એક, જોવાન મન દીન છેરે લોલ.

**ધોળ :-** પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિન્હ વહાલા,
ઉર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વહાલા.

ચરણ હરિના રે શોભે, જોઈ જોઈ મુનિમન મધુકર લોભે,
છબી અલૌકિક રે ન્યારી, સર્વે ચિન્હ તણી બલિહારી. ૧
મચ્છ તે મહાસુખ આપે, ત્રિકોણ ગોપદ દુઃખડા કાપે,
કલશ ધનુષને રે ધારે, વ્યોમ તે તાપ હૈયાના ઠારે. ૨
અર્ધ ચંદ્ર ઉગ્યો રે ભારી, સ્વસ્તિક અષ્ટકોણ મંગલકારી,
જવને જાંબુ રે વિરાજે, વજ્ર ધ્વજ અંકુશ અતિ છાજે. ૩
અંબુજ શોભા રે સારી, લાગે ઉર્ધ્વરેખા અતિ પ્યારી,
શુક જેવા જોગી રે વિચારે, નિત્ય ઉઠી પ્રેમ સખી ઉર ધારે. ૪

પ્રાત સમે શ્રી સ્વામીજીના, ચરણ ચિન્હ ચિંતવિયે રે.... પ્રાતઃ
સ્વસ્તિ જવ જાંબુ ધ્વજ રેખા, અંતરમાં ગોઠવિયે રે.... પ્રાતઃ
કુલિશ કમળ અંકુશ અષ્ટકોણ, જમણે ચરણે સંભારું રે.... પ્રાતઃ
વામપદે મત્સ ત્રિકોણ કલશ ખરી, વ્યોમ ધનુષ શશી ધારું રે.... પ્રાતઃ

- પ્રેમાનંદ સ્વામી

# શ્રીહરિના ચરણકમળમાં સામુદ્રિક શાસ્ત્રમાં વર્ણવેલા ભગવત્સસ્વરૂપના સોળ વિલક્ષણ ચિન્હો

## જમણા ચરણકમળમાં નવ ચિન્હો

૧. **સ્વસ્તિક** : માંગલ્યમય ભગવત્સ્વરૂપ સૂચવે છે.

૨. **અષ્ટકોણ** : ઉત્તર - દક્ષિણ - પૂર્વ - પશ્ચિમ - ઈશાન - અગ્નિ - નૈઋત્ય - વાયવ્ય એવી આઠે દિશાઓમાં ભગવત્ કરૂણા વહી રહી છે તેનું પ્રતિક છે.

૩. **ઊર્ધ્વરેખા** : ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

૪. **અંકુશ** : સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્ય દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે ચે.

૫. **ધ્વજ** : અથવા કેતુ સત્ય સ્વરૂપ ભગવાનની વિજય પતાકા છે.

૬. **વજ** : ભગવત્સ્વરૂપનું વજ જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે. તેમ નિર્દેશે છે.

૭. **પદ્મ** : જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરૂણા સભર મૃદુતા સૂચવે છે.

૮. **જાંબુફળ** : ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

૯. **જવ** : અગ્નિમાં જવ, તલ, આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધન-ધાન્યને યોગ્ય ક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે. તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિન્હો

૧. **મીન** : સામા પ્રવાહે વહી ઉદ્‌ભવ સ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

૨. **ત્રિકોણ** : જીવને આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રીપુટીથી પર પરબ્રહ્મ સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

૩. **ધનુષ** : અધર્મ થકી પોતાના આશ્રિતોના આ રક્ષણનું પ્રતિક છે.

૪. **ગોપદ** : ભગવત્ પ્રિય ગોવંશ અને ભગવત્ પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

૫. **વ્યોમ** : ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

૬. **અર્ધચંદ્ર** : ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકાળની જેમ વૃધ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે, એમ સૂચવે છે.

૭. **કળશ** : ભગવત્સ્વરૂપની સર્વોપરિતા અને પરિપૂર્ણપતાનું પ્રતિક છે.

## શ્રીહરિની મૂર્તિમાં છ કમળ રહેલા છે તેના દર્શન

**(૧) નેત્ર કમળ :** વચનામૃત ગઢડા અંત્ય-૩૧માં શ્રીહરિ કહે છે કે, એ વાત અમે કોઈ દિવસ કરી નથી. પછી વળી નેત્રકમળને મીંચીને વિચારી રહ્યા, ને પછી બોલ્યા જે, કોટી કોટી ચંદ્રમાં, સૂર્ય, અગ્નિ તેના જેવો તેજનો સમુહ છે. તથા સ્વાભાવિક ચેષ્ટા પદ-૧ માં ક્યારેક મીંચી રે નેત્ર કમળને સ્વામી, પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી. પદ-૨ માં નેત્રકમળને રે, રાખી ઉઘાડા ક્યારે, ધ્યાન ધરીને રે, બેસે જીવન બારે.

**(૨) મુખકમળ (મુખારવિંદ) વદન કમળ :** વચનામૃત કારિયાણી-૧ શ્રીહરિના મુખારવિંદરૂપ ચંદ્રમાં સામા ચકોરની પેઠે સર્વે ભક્તજન જોઈ રહ્યા હતા. તથા કીર્તનમાં પણ સુંદર મૂર્તિ શ્રી મહારાજની રે, સુંદર કમળ સરીખા વેણ, સજની શ્રીજી મુજને સાંભર્યા રે.

**(૩) હસ્ત કમળ (અભયદર્શન-અભય વરદાન, અભયની અમિવર્ષા) :**

**વચનામૃત વડતાલ-૧૩ :** શ્રીહરિ હસ્તકમળે કરીને એક દાડમનું ફળ ઉછાળતા હતા.

**વચનામૃત અમદાવાદ-૭ :** શ્રીહરિ ગુલાબનો મોટો ગુચ્છ હસ્તકમળમાં લઈને મુખારવિંદ ઉપર વારંવાર ફેરવતા હતા.

**વચનામૃત જેતલપુર-૧ :** હસ્તમકમળને વિષે સુંદર લીંબુના ફફળને ફેરવતા હતા.

**વચનામૃત જેતલપુર-૨ :** બે હસ્ત કમળને વિષે દાડમ તથા લીંબુના ફળને ફેરવતા હતા.

**(૩) હૃદય કમળ (ઉરકમળ) :** શ્રીહરિ અને મુક્તોની એકતા હોય છે. તેથી ભક્તોને શ્રીહરિ કહે છે કે, તમારું સાડા ત્રણ આંગળનું હૃદય શુધ્ધ રાખજો. તે અમારું રહેવાનું સ્થાન છે અને શ્રીહરિ ભક્તો ઉપર રાજી થતા ત્યારે પણ હૃદયમાં પોતાના ચરણારવિંદ આપતા.

**કીર્તન (ગરબી) :**

હૈડા ઉપર હાર, હરિવર હસિયા રે,
મુજબ હૃદય કમળની માંહ્ય, મોહન વસિયા રે...
મેં નિરખ્યા શ્રી ગઢપુરમાં સુખકારી રે...

**વંદુ પદ**

જતન કરી રાખુ રસિયારાજ, વિસારુ નહિ ઉરથી રે લોલ
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ.

**(૫) નાભિકમળ :** શેષનારાયણના નાભિમાંથી કમળ નીકળ્યું છે, તેની ઉપર બ્રહ્મા બેઠા છે. બ્રહ્મા એ કમળના નાળમાં દેવતાનાં સો વર્ષ ચાલ્યા તો પણ નાળનો પાર ન આવ્યો, તો કમળનો પાર કેમ આવે ? પરંતુ આ તો સર્વોપરી શ્રીહરિના નાભિકમળની વાત છે.

**સાખી :-** નાભિ અજને થયાનું ઠેકાણું, બ્રહ્માનંદનું ત્યાં મન લોભાણું

તેનો અર્થ મહારાજની નાભિ જે નીરકે તે અજ એટલે મુક્ત થાય. માટે અજનો અર્થ મુક્ત સમજવો. એ નાભિકમળમાં સદ્. બ્રહ્માનંદ સ્વામીનું મન લોભાણું. માટે મહારાજની નાભિકમળમાં મહારાજના મુક્તનું સ્થાન છે. એમ સમજવું.

**વચનામૃત સારંગપુર-૧૪ :** શ્રીહરિના કંઠને વિષે પીળા પુષ્પનો હાર, નાભિ સુધી હિંડોળતો બિરાજમાન હતો.

**(૬) ચરણ કમળ :**

**ચેષ્ટા :-** ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ, છાતીમાં હી રે, ચરણ કમળ દે નાથ.

**વંદુ પદ :-** વ્હાલા તારા ચરણ કમળનું ધ્યાન ધરું અતિ હેતમાં રે લોલ...

**કીર્તન :-** સોળે ચિન્હ સહિત અતિ ઓપતી રે, સુંદર ચરણ કમળની જોડ...
મનડું મૂર્તિમાં વળગી રહ્યું રે.......

આ શ્રીહરિની મૂર્તિમાં છ કમળના આપણને દર્શન થાય છે. તેમાં વિશેષે પણે ચરણકમળનો મહિમા શ્રેષ્ઠપણે છે અને ગવાય છે. તે ચરણકમળના પ્રભાવે સહુ સુખિયા છે. અને શ્રીહરિના પ્રસાદીના સ્થાનો છપૈયા, અમદાવાદ, મૂળી, ભૂજ, વડતાલ, જેતલપુર, ધોલેરા, ધોળકા, ધોળકા, જૂનાગઢ, ગઢપુર તથા અન્ય એવા નાના ગામો, શહેરો વગેરે શ્રીહરિના ચરણકમળતી પ્રસાદીભૂત થયેલા. તેમાં સુખશય્યામાં કે સિંહાસનમાં શ્રીહરિનાં ચરણારવિંદ પધરાવ્યા હોય છે. ઉપરાંત ગમે તે જગ્યાએ શ્રીહરિએ ગમે તે લીલા કરી હોય એવી જગ્યાએ ઓટો અથવા છત્રી બનાવીને તેમાં શ્રીહરિના ચરણારવિંદ ચિન્હ સહિત પધરાવવામાં આવે છે. તેમજ આચાર્ય મહારાજશ્રી તથા સંતો-હરિભક્તો પાસે ચરણારવિંદ હોય તેઓ નિત્ય પૂજામાં રાખી મહિમા સભર પૂજા કરે છે. અને કોઈ પણ હરિભક્ત પોતાના ઘરે પ્રતિ વર્ષે તથા નવા મકાન બનાવ્યા હોય કે, ફેકટરી કે, અન્ય ખાતમુહૂર્ત માટે હરિકૃષ્ણ મહારાજ આચાર્ય મહારાજશ્રી, સંતોના પગલા કરાવે છે. તથા કોઈપણ હરિભક્ત મંદિરે અથવા ઘરે કે, બહારે મહારાજની મૂર્તિના અથવા સંતના દર્શન થતા હોય ત્યાં ચરણ સ્પર્શ અથવા દંડવત્ ચરણમાં કરે છે. માટે આવો શ્રીહરિના ચરણારવિંદનો મહિમા છે. જે શ્રીહરિના ચરણકમળનું માહાત્મ્ય વધારે છે. અને શ્રીહરિએ પણ સંતના ચરણનું માહાત્મ્ય પોતાના સ્વમુખે જેતલપુર વચનામૃત-૪ માં કહેલ છે કે, તમ જેવા ધર્મનિયમે યુક્ત એવા જે સંત તેની તો વાત જ નોખી છે, તમે જે જે નદી તળાવને વિષે પગ બાળો છો તે સર્વે તીર્થરૂપ થાય છે. અને તમારા ચરણનો કોઈ સ્પર્શ કરશે તેનાં કોટી જન્મનાં પાપ નાશ પામશે. અને ભાગવતમાં ગોપાંગનાઓના વચન છે. જે ગોપીયો કહે છે

કે, જે દિવસે શ્રીકૃષ્ણ ભગવાનના ચરણનો સ્પર્શ કર્યો છે તે દિવસથી આ સંસારના સુખ અમને ખારાં ઝેર જેવા લાગે છે. તથા વામનજી અવતારમાં વામનજીએ ગંગા નદીમાં એક પોતાના પગનો અંગૂઠો બોળ્યો હતો તેથી ગંગા નદીનું માહાત્મ્ય અત્યારે કેટલું બધું વધ્યું છે તો આ તો સર્વ અવતારના અવતારી, સર્વના નિયંતા એવા સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના ચરણ રજથી ખેતરો, નદી, તળાવ, વાવ, કૂવા, સાગર, ઝુપડી, કુટિર, મહેલો, બગીચા, વના, પર્વતો, હરિભક્તોના ઘર વગેરે કેટલી વાર પાવન કર્યા છે તેથી તે તે સ્થાનોનો મહિમા પણ સર્વોપરી સમજવો જોઈએ સાબરમતી, ઘેલા નદી, ભોગવતી, દેવ સરોવર, હમીર સરોવર, કાળી તળાવડી, ડોળી તલાવડી વગેરે વગેરે શ્રીહરિના ચરણ કમળથી મહાપ્રસાદીમય તીર્થો થયા છે જે તેનું માહાત્મ્ય, મહિમા સર્વોપરી દર્શનિય છે.

## શ્રીહરિના સ્વમુખે વચનામૃતમાં ચરણારવિંદનો મહિમા

(૧) **વચનામૃત ગઢડા પ્રથમ**-૩૨ માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે. જે, ભગવાનના ભક્ત છે તેને તો ભગવાનની કથા સાંભળવી તે જ શ્રોત્રનો વિષય છે, અને ભગવાનના ચરણારવિંદનો સ્પર્શ કરવો અને ભગવાન અથવા સંતના ચરણની રજનો સ્પર્શ કરવો તે ત્વચાનો વિષય છે, અને ભગવાન અથવા સંત તેના દર્શન કરવા તે નેત્રનો વિષય છે, અને ભગવાનનો પ્રસાદ લેવો તથા ભગવાનના ગુણ ગાવા તે જીભનો વિષય છે, અને ભગવાનને ચડ્યાં એવાં જે પુષ્પાદિક તેની સુગંધી લેવી તે ઘ્રાણનો વિષય છે.

(૨) **વચનામૃત ગઢડા પ્રથમ**-૭૪ માં શ્રીજીમહારાજ બોલ્યા જે, આપણે તો શ્રી નરનારાયણ (સ્વામિનારાયણ)ના દાસ છીએ તે શ્રી નરનારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું ને એ શ્રીનરનારયણની ઈચ્છા હશે તો સત્સંગની વૃધ્ધિ થાશે ને જો એમને ઘટાડવો હશે તો ઘટી જાશે, અને એ નરનારાયણ આપણાને હાથીયે બેસાડે તો હાથીએ બેસીને રાજી રહેવું, અને ગધેડે બેસાડે તો ગધેડે બેસીને રાજી રહેવું. અને એ શ્રી નરનારાયણના ચરણારવિંદ વિના બીજે ક્યાંય પ્રીતિ રાખવી નહિ. આ વચનામૃતમાં શ્રીજીમહારાજ મનુષ્યભાવે બોલ્યા જે પણ પોતાને જ નરનારાયણ કહ્યા છે અને ચોથી બાબતમાં નરનારાયણ આપણા પતિ છે એમ કહ્યું છે તે પણ મનુષ્યભાવે બોલ્યા છે પણ સર્વેના પતિ શ્રીજીમહારાજ છે. માટે નરનારાયણ નામે પોતાને કહ્યા છે તેથી શ્રીહરિના ચરણારવિંદમાં જ પ્રીતિ રાખવાનું કહ્યું છે.

(૩) **વચનામૃત ગઢડા પ્રથમ**-૭૮ માં મુનિનાં વચન સાંભળીને શ્રીજીમહારાજ અતિશે રાજી થયા. અને આત્માનંદ સ્વામી તથા યોગાનંદ સ્વામી તથા ભગવદાનંદ સ્વામી તથા શીવાનંદ સ્વામી એ ચાર જણને રાજી થઈને હૃદાને વિષે ચરણારવિંદ દીધાં ને એમ બોલ્યા જે, જેમ

મહાનુભાવાનંદ સ્વામી આદિક મોટેરા છે, તે ભેળા આ ચાર પણ છે, માટે એમનું કોઈને અપમાન કરવા દેશોમાં, એમ મુક્તમાનંદ સ્વામી આદિક જે મોટેરા સાધુ તેમને ભલામણ કરીને શ્રીજીમહારાજ જયસચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે જમવા પધાર્યા.

(૪) **વચનામૃત સારંગપુર-૫** માં મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું, ભગવાનના દર્શનનો મહિમા તથા ભગવાનના નામ સ્મરણનો જે મહિમા તથા ભગવાનના સ્પર્શનો જે મહિમા તે ભગવાનના ભક્તને અર્થે છે કે સર્વે જીવને સારું છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે જેમ ગોપાંગનાઓનાં ભગવાન પ્રત્યે ભાગવતમાં વચન છે જે, હે ભગવન્ ! જે દિવસથી તમારા ચરણનો સ્પર્શ થયો છે તે દિવસ થકી તમ વિના જે જે સંસારમાં સુખ છે તે અમને વિષ જેવાં લાગે છે, એવી રીતે સર્વે જ્ઞાન ઈન્દ્રિયે કરીને મને સહવર્તમાન જે દર્શન-સ્પર્શ-શ્રવણાદિક થાય છે તે કોઈ કાળે વીસરી જાતા નથી.

(૫) **વચનામૃત કારીયાણી-૯** માં મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, હે મહારાજ ! જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈ ભગવદીનો હૈયામાં અવગુણ આવતો હોય અને તેણે કરીને તે ભગવાનના ભક્ત ઉપર રીસ ચડતી હોય તો તે અવગુણ ટાળ્યાનો શો ઉપાય છે ? પછી શ્રીજીહારાજ બોલ્યા જે ઉધ્ધવજી જો ભગવાનના મહિમાને સમજતા હતા તો એમ વર માગ્યો જે આ ગોપીઓના ચરણરજનાં અધિકારી એવાં જે વૃંદાવનને વિષે લતા તથા તૃણ તથા ગુચ્છ તેને વિષે હું પણ કોઈક થાઉં અને શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનને વિષે વૃક્ષને તથા પક્ષીને તથા મૃગલાને બળદેવજી આગળ અતિ મોટા ભાગ્યવાળાં કહ્યા છે અને બ્રહ્માએ પણ શ્રીકૃષ્ણ ભગવાન પાસે એમ વર માગ્યો જે હે પ્રભો ! આ જન્મને વિષે અથવા પશુપક્ષીના જન્મને વિષે હું જે તે તમારા દાસને વિષે રહીને તમારા ચરણારવિંદને સેવું એવું મારું મોટું ભાગ્ય થાઓ. માટે એવો જ્યારે ભગવાનના ભક્તનો મહિમા સમજે ત્યારે તેને ભગવાનના ભક્ત ઉપર કોઈ દિવસ અવગુણની ગાંઠ ન બંધાય.

(૬) **વચનામૃત લોયા-૨ :** શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા જે, ચાર પ્રકારના હરિભક્ત હોય તેને મૃત્યુનો ભય નાશ પામે છે. કૃતાર્થપણું મનાય છે તે ચાર પ્રકારના હરિભક્તની વિકિતઃ એક તો વિશ્વાસી, બીજો જ્ઞાની, ત્રીજો શૂરવીર, ચોથો પ્રીતિવાળો એ ચાર પ્રકારના જે ભક્ત તેને તો મૃત્યનો ભય નથી રહેતો ને દેહ છત્તે કૃતાર્થપણું મનાય છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ ચાર અંગમાંથી જેને શૂરવીરનું અંગ હોય તે સર્વે આવીને અમારે પગે લાગો, પછી જેને જેને શૂરવીરનાં અંગ વર્તતા હતાં તે સર્વે શ્રીજીમહારાજના ચરણારવિંદને છાતીમાં લઈને પગે લાગ્યાં.

(૭) **વચનામૃત લોયા-૧૩ :** પછી શ્રીજીમહારાજે કહ્યું જે, મોટેરા મોટેરા પરમહંસ પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, કેવો પુરુષ હોય તેને દેશ, કાળ, ક્રિયા, સંગાદિકે કરીને પરાભવ ન થવાય ? ને કેવો હોય તેને થાય ? અને સાંભળ્યામાં તો એમ આવે છે જે બ્રહ્માનો પણ સરસ્વતીને દેખીને મોહ થયો ને શિવજીને પણ મોહનીને દર્શન કરીને મોહ થયો માટે વિચારીને ઉત્તર કરો, કેમ જે એવા મોટાને પણ દેશકાળાદિકે કરીને પરાભવ થયો છે. પછી તેનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામીએ કરવા માંડ્યો પણ થયો નહિ ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો ઉત્તર એ છે જે નાડી-પ્રાણ સંકેલાઈને નિર્વિકલ્પ સ્થિતિએ કરીને શ્રીનારાયણ (સ્વામિનારાયણ)ના ચરણારવિંદમાં રહ્યો હોય તો તુચ્છ જેવો જીવ હોય તેને પણ દેશ, કાળ, સંગાદિકે કરીને પરાભવ ન થાય.

(૮) **વચનામૃત લોયા-૧૭ :** પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, હે મહારાજ ! એ પંચવિષયનો અભાવ કેમ થાય ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનની મોટપને સમજતો હોય તેને જગતમાં એવું શું પદાર્થ છે તે બંધન કરે ? તે કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષા, સ્વાદ, સૂક્ષ્મ વસ્ત્ર, ધન, સ્ત્રી તથા જે જે પંચ વિષય સંબંધી પદાર્થ તે એને બંધન કરે નહિ, કાં જે એણે તો સર્વનું પરિમાણ કરી રાખ્યું છે જે, ભગવાન તો આવા છે ને આવો એ ભગવાનના ભજન-સ્મરણ કથા-વાર્તાને વિષે માલ છે, ને અક્ષર તે આવા ને આવું એ અક્ષર સંબંધી સુખ છે, તથા ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ સંબંધી સુખને આવું છે, તથા પ્રકૃતિ-પુરુષ સંબંધી સુખ તે આવું છે અને બ્રહ્મલોક સંબંધી સુખ તે આવું છે ને સ્વર્ગનું સુખ તે આવું છે તથા રાજ્યાદિકનું સુખ તે આવું છે, એવી રીતે એ સર્વના સુખનું અનુમાન કરીને, અને ભગવાનના સુખને સર્વથી અધિક માનીને, જે ભગવાનને વિષે જોડાણો હોય તેને એવો કિયો પદાર્થ છે તે ભગવાનના ચરણારવિંદથી પાડે ? કોઈ ન પાડે. જેમ પારસમણી હોય તે કોઈક લોઢને અડીને તેનું સોનું થયું તે સોનું પાછું પારસમણિનું કર્યું પણ લોઢું થાય નહિ તેમ એવું જેણે ભગવાનનું માહાત્મ્ય જાણ્યું છે તે ભગવાનનો પાડ્યો પણ તે ભગવાનના ચરણારવિંદથી પડે નહિ, તો શું બીજો પદાર્થે કરીને એ પડે ન પડે ?

(૯) **વચનામૃત મધ્ય-૨૫ :** પછી શ્રીજીમહારાજે સર્વે પરમહંસને કહ્યું જે, સાંભળો અમે એક પ્રશ્ન પૂછીએ છીએ જે, એક તો ભગવાનનો ભક્ત ત્યાગી છે ને દેહે કરીને તો સર્વ વર્તમાન દઢ રાખે છે તે અંતરમાં તો વિષય ભોગવવાની વાસના અતિશે તીખી છે તો પણ દેહે કરીને તે તો ગૃહસ્થાશ્રમી છે ને તેને તો દેહે કરીને ધન, સ્ત્રીનો પ્રસંગ છે ને અંતરમાં તો સર્વે પ્રકારે નિર્વાસનિક છે એ બેય જણા દેહ મૂકશે ત્યારે એ બેય શી ગતિને પામશે ?

એ બેય તે સરખી ગતિને પામશે અધિક ન્યૂન થાશે, એ બેયનો વિક્તિએ કરીને જુદો જુદો ઉત્તર આપો ? પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, એ ત્યાગી જ્યારે દેહ મૂકશે ત્યારે એને વિષય ભોગવવાની અંતરમાં તીખી વાસના છે માટે એને તો મૃત્યુલોકને વિષે અથવા દેવલોકને વિષે મોટો ગૃહસ્થ કરશે અને અતિશે વિષય ભોગ પ્રાપ્ત થાશે તે જેવા ભગવદ્ગીતામાં યોગભ્રષ્ટને ભોગ કહ્યા છે તેવા ભોગને દેવલોકમાં ભોગવશે. અને એ ગૃહસ્થ હરિભક્ત છે તે તો દેહ મૂકશે ત્યારે નિર્વાસનિક છે માટે ભગવાનનું જે બ્રહ્મપુરધામ તેને પામશે ને ભગવાનના ચરણારવિંદમાં નિવાસ કરીને રહેશે.

**(૧૦) વચનામૃત ગઢડા મધ્ય-૩૫ :** આમાં શ્રીજીમહારાજે ઉપાસનાની વાતો કરી તથા મુક્તાનંદ સ્વામી આદિક સાધુના જે કાવ્ય-કીર્તન તે ગાવામાં ને સાંભળવા તથા ભગવાનના અવતાર ચરિત્રે યુક્ત એવાં કાવ્ય-કીર્તન બીજા કવિના હોય તો તેને પણ ગાવવાં ને સાંભળવાં. પણ કબીરને અખાનાં જે કાવ્ય-કીર્તન હોય તથા એ જેવાં જેનાં કાવ્ય-કીર્તન હોય તેને ગાવવાં નહિ ને સાંભળવા પણ નહિ. આ વાર્તા તમારા કલ્યાણની છે તે અમે તમને હેતે કરીને કહી છે. જો તમે સર્વે આ વાર્તા અમે કરી એવી વર્તવાનો નિશ્ચય કર્યો હોય તો એક એક આવીને અમારે પગે અડીને સમ ખાઓ ને એવી પ્રતિજ્ઞા કરો, જે અમારે દૃઢપણે એમ જ વર્તવું છે. પછી સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી રાજી થકા ઉઠીને શ્રીજીમહારાજના ચરણકમળનો સ્પર્શ કરીને ને નમસ્કાર કરીને પાછા બેઠા. પછી સર્વે બાઈઓએ પણ એવી રીતે કહ્યું ત્યારે બાઈઓએ પણ છેટે રહીને એમ વર્તવાનો નિશ્ચય કરીને સમ ખાધા. પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થકા પોતાને ઉતારે પધાર્યા.

**(૧૧) વચનામૃત જેતલપુર-૨ :** સદ્. બ્રહ્માનંદ સ્વામીના યતિપણાના પ્રશ્નના ઉત્તરમાં શ્રીહરિએ વાત કરી જે, સીતાજીનું હરણ થયું પછી રઘુનાથજી તથા લક્ષ્મણ સુગ્રીવ ફટક શીલા ઉપર રહેતો હતો ત્યાં ગયા ને જાનકીજીના હરણ વિષે વાત કરી. ત્યારે તેને જાનકીજીના ઘરેણાં આપ્યા તે રઘુનાથજીએ લક્ષ્મણને દેખાડ્યાં તે પ્રથમ તો કાનનાં દેખાડ્યાં પછી હાથના બાજુબંધ આદિક દેખાડ્યાં તે લક્ષ્મણજીએ ન ઓળખ્યા, ત્યાર પછી પગનાં ઝાંઝર દેખાડ્યાં. ત્યારે લક્ષ્મણજીએ કહ્યું, હે મહારાજ ! આ તો જાનકીજીનાં ઝાંઝર ખરાં, ત્યારે રઘુનાથજીએ પૂછ્યું જે હે લક્ષ્મણ ! બીજાં ઘરેણાં ન ઓળખ્યાં ને ઝાંઝર કેમ ઓળખ્યાં ? ત્યારે લક્ષ્મણજીએ કહ્યું કે મહારાજ ! જાનકીજીનું સ્વરૂપ તે મેં નથી દીઠું ને સાંજે પગે લાગવા જાતો ત્યારે ઝાંઝર દીઠાં હતાં તે સારું મેં ઓળખ્યાં, એવી રીતે ચૌદ વર્ષ સુધી સેવામાં રહ્યા પણ દૃષ્ટિએ કરીને જાનકીજીનું સ્વરૂપ એક ચરણારવિંદ વિના બીજું દીઠું નહિ એવો હોય તે યતિ જાણવો.

**(૧૨) વચનામૃત જેતલપુર-૪ :** આમાં શ્રીજીમહારાજ સંતના ચરણનો મહિમા બતાવતા કહે છે જે, તમ જેવા ધર્મ નિયમે યુક્ત એવા જો સંત તેની તો વાત જ નોખી છે, અને તમારા ચરણનો કોઈ સ્પર્શ કરશે તેનાં કોટી જન્મનાં પાપ નાશ પામશે અને તમે જે જે નદી તળાવને વિષે પગ બોલો છો ને તે સર્વે તીર્થરૂપ થાય છે.

**(૧૩) વચનામૃત ગઢડા અંત્ય-૧ :** આમાં શ્રીજીમહારાજે પોતે લખેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી, સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ તેને નિત્ય કરવો અન જેને ભણતાં ન આવડતું હોય તેને નિત્યે શ્રવણ કરવું. અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવી, એવી રીતે અમે શિક્ષાપત્રીમાં જ લખ્યું છે. માટે એ ત્રણમાંથી જેને ફેર પડે તેને એક ઉપવાસ કરવો એમ અમારી આજ્ઞા છે, એવી રીતની જે શ્રીજીમહારાજની આજ્ઞા તેને પાળવાનો નિયમ એ સર્વેએ ધાર્યો જે, હે મહારાજ ! જેમ તમે કહો છો તેમ અમે સર્વ પાળીશું. તેને સાંભળી શ્રીજીમહારાજ અતિશે પ્રસન્ન થઈને સર્વે સાધુને ને સર્વે બ્રહ્મચારીને મળતા હવા અને સર્વે સત્સંગીના હૃદયને વિષે પોતાનાં ચરણારવિંદ આપતા હવા.

**(૧૪) વચનામૃત ગઢડા અંત્ય-૪ :** આમાં શ્રીહરિ કહે છે જે, બાધિતાનું વૃત્તિના મર્મ ન સમજતો હોય તેના હૈયામાં તે હરિભક્તનો અવગુણ આવી જાય, જે આ ભગવાનનો ભક્ત કહેવાતો હતો ને અંતકાળે આમ કેમ બરલે છે ? એવો જે અવગુણ લેવાય છે તે બાધિતાનું વૃતિનો મર્મ જાણ્યા વિના લેવાય છે, અને આ સંસારમાં કેટલાક પાપી મનુષ્ય હોય ને તે અંત સમયે બોલતાં-ચાલતાં ખબરદાર થકા દેહને મેલે છે, અથવા કોઈક સિપાઈને રજપુત હોય ને તેને શરીરમાં ઘા વાગે એટલે ખબરદાર થકા તે બોલતાં-ચાલતાં મરી જાય છે. માટે ભગવાનથી વિમુખ હોય ને તે ખબરદાર થકો દેહને મૂકે તો પણ શું તેનું કલ્યાણ થાય છે ? તેનો તો નરકમાં જ નિવાસ થાય છે અને ભગવાનનો ભક્ત હોય તે ભગવાનનું નામ સ્મરણ કરતો થકો દેહ મૂકે અથવા બાધિતાનુવૃત્તિને યોગે કરીને બે શુધ્ધ થઈને દેહ મૂકે તો પણ એ ભગવાનનો ભક્ત ભગવાનના ચરણારવિંદને જ પામે છે.

**(૧૫) વચનામૃત ગઢડા અંત્ય-૭ :** આમાં શ્રીહરિ વાત કરે છે જે, ભગવાનનું બ્રહ્મપુર ધામ છે જે તેને વિષે ભગવાન સદાય સાકાર મૂર્તિ વિરાજમાન છે, અને ભગવાનના ભક્ત પણ એ ભગવાનના ધામમાં મૂર્તિમાન થકા ભગવાનની સેવાને વિષે રહે છે, તે ભગવાનનો જેને પ્રત્યક્ષ પ્રમાણ દૃઢ આશરો હોય તેને મનમાં એવી બીક ન રાખવી જે હું રખે મરીને ભૂત પ્રેત થાઉં કે રખે ઈન્દ્રલોકને જે પામું જે રખે બ્રહ્મલોકને જ પામું, એવી આશંકા મનમાં

રાખવી નહિ, કેમ જે એવો ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનના ધામને જ પામે પણ વચમાં ક્યાં તેને ભગવાન રહેવા દે નહિ. અને એ ભક્તજનને પણ પોતાનું જે મન છે તેને પરમેશ્વરના ચરણારવિંદને વિષે દઢ કરીને રાખવું, જેમ વજની પૃથ્વી હોય તેમાં વજની ખીલી ચોડી હોય તો કોઈ રીતે ઊખડે નહિ, તેમ ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને દઢ રાખવું અને એવી રીતે જે ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી, એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે. એમ વાર્તા કરીને જય સચ્ચિદાનંદ કહીને સર્વ સભાને ઊઠવાની આજ્ઞા કરી.

**(૧૬) વચનામૃત ગઢડા અંત્ય-૯ :** આમાં શ્રીહરિએ મોટા મોટા જે સંત તેની સ્થિતિ કહી દેખાડી, ને પછી એમ બોલ્યા જે તમારે સર્વેને પણ એવી રીતે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને નિરંતર ભગવાનની સેવામાં રહેવું. અને ભગવાન વિના બીજાં પદાર્થ વહાલાં થાવા દેવાં નહિ, એ વાતની અતિશે સાવધાની રાખવી અને જેમ રાજાનો ચાકર છે તે રાજા પાસે ગાફલ થઈને ઉભો હોય તો રાજા પાસે ચોર ચકાર જઈ પૂગે ત્યારે એ ચાકરની ચાકરી ખોટી થાય. તેમ હરિભક્તને પણ ભગવાન વિના બીજા પદાર્થમાં પ્રીતિ થઈ જાય તો જે ઠેકાણે પોતાના હૃદયને વિષે જાણપણામાં ભગવાન રહ્યા છે તે ઠેકાણે ધન, સ્ત્રી, આદિક બીજાં પદાર્થ પણ પેસી જાય, ત્યારે એની ભક્તિ ખોટી થઈ જાય માટે પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરના ચરણારવિંદને પામવાને ઈચ્છે તેને જાણપણા રૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિષે સાવધાન થઈને રહેવું. ને ભગવાન વિના બીજાં પદાર્થ ત્યાં પેસવા દેવા નહીં.

**(૧૭) વચનામૃત ગઢડા અત્યંત-૧૩ :** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ અમારે ભગવાનને વિષે નિષ્ઠા રહે છે તેમ અમે કહીએ, જે અમારે તો ગમે તેવું સુખ-દુઃખ આવે તથા સંપત્-વિપત્ત આવે તેમાં એમ રહે છે જે એક તો ભગવાનની અતિશે મોટ્યપ જાણીએ છીએ તેણે કરીને આ સંસારમાં મોટા મોટા રાજાની સમૃધ્ધિ ને રાજ લક્ષ્મી તેને જોઈને લેશમાત્ર પણ અંતરમાં તેનો ભાર આવતો નથી ને આપણો જીવ છે તે ભગવાનના ચરણાંરવિંદમાં ચોંટાડ્યો છે અને ભગવાન સંગાથે એવી દઢ પ્રીતિ કરી છે જે, તે પ્રીતિને કાળ-કર્મ-માયા એમાંથી કોઈએ ટાળવાને અર્થે સમર્થ નથી, અને પોતાનો જીવ એ પ્રીતિ ટાળવાને કરે તોય પણ ભગવાનમાંથી એ પ્રીતિ ન ટળે એવી રીતનો દઢાવ છે.

**(૧૮) વચનામૃત ગઢડા અંત્ય-૨૩ :** આમાં શ્રીજીમહારાજ માનસી પૂજાની વિક્તિમાં જણાવે છે જે, તે ભગવાનને મળવું તે એકવાર મળવું, બે વાર મળવું, જેવું પોતાને હેત ઉપજે તેમ મળવું, તથા ભગવાનનાં ચરણારવિંદને પોતાની છાતીમાં ને મસ્તક ઉપર ધારવાં અને તે મળવે

કરીને જે ભગવાનના અંગનું ચંદન પોતાના અંગમાં વળગે તથા ભવાના ચરણારવિંદને પોતાની છાતીમાં ને મસ્તક ઉપર ધાર્યાં હોય તેણે કરીને જે કુંકુ વળગે તથા પુષ્પના હારનાં ચિન્હ ઈત્યાદિક જે જે પોતાના અંગમાં વળગે, તેને ધારવું કહેતાં એમ જાણવું જે ભગવાનનું પ્રસાદી ચંદન, કુંકમ ને હાર તે મારા અંગમાં અડ્યાં છે.

**(૧૯) વચનામૃત ગઢડા અંત્ય-૩૯ :** આમાં શ્રીજીમહારાજ કહે છે જે, ભગવાને બ્રહ્માંડોને વિષે અનેક જીવોને પંચવિષય સંબંધી સુખ આપ્યું છે, તે તો કૂતરાને નાખ્યો જે બટકુ રોટલો તેની પેઠે અતિ તુચ્છ છે, ને પોતાને વિષે જે સુખ છે તે તો મહા મોટું છે. અને વળી સુષુપ્તિ અવસ્થાને વિષે એ ભગવાન મોટું સુખ પમાડે છે, તે ગમે તેવી વેદના થઈ હોય ને સુષુપ્તિમાં જાય ત્યારે સુખિયો થઈ જાય છે. અને વળી એ ભવાનના ચરણકમળની રજને બ્રહ્મા, શિવ, લક્ષ્મીજી, રાધાજી, નારદ, શુક, સનકાદિક, નવયોગેશ્વર એવા એવા મોટા છે તો પણ પોતાના મસ્તક ઉપર ચાડવે છે, ને માનને મૂકીને એ ભગવાનની નિરંતર ભક્તિ કર્યા કરે છે.

## સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીની કલમે શ્રીહરિના ચરણારવિંદનો મહિમા

(પુરુષોત્તમપ્રકાશ)

**દોહા :-**
પુરુષોત્તમ પધારિયા, સર્વ અવતનારના આધાર ।
અગણિત જીવ આ જગતના, તે સૌની લેવા સાર ॥
લેરી આવ્યા બહુ લેરમાં, અને મેર કરી મેરવાન ।
દુઃખિયા જીવ સુખિયા કર્યા, અને પાપી કર્યા પુન્યવાન ॥
વળી શ્રીહરિ હેત કરી, મોટી કહી માહાત્મ્યની વાત ।
પવિત્રા છે સ્પર્શે કરી, આ પૃથ્વી સાક્ષાત્ ॥
જિયાં જિયાં અમે વિચર્યા, વળી રહ્યા જે જે ગામ ।
તે જન જરૂર જાણજો, સવે થયા છે સનાથ ॥
ભાગ્ય મોટા એ ભૂમિના, જયાં હર્યા ફર્યા હરિ આપ ।
પાવન થઈ એ પૃથ્વી, હરિ ચરણને પ્રતાપ ॥

**ચોપાઈ :-**
ધન્ય ભૂમિકા ભાગ્ય અમિત રે, થઈ હરિ ચરણે અંકિત રે ।
ધન્ય ધન્ય એ શેરી બજાર રે, જિયાં હરિ ફર્યા બહુ વાર રે ॥
ધન્ય ઘર ઓસરી આંગણા રે, જિંયા પગલા થયાં પ્રભુ તણાં રે ।

એહ ભૂમિકાનાં મોટાં ભાગ્ય રે, નથી જાણજો એ કહ્યા લાગ્ય રે ।
ફળી ચોક વળી શું વખાણું રે, શ્વેત વૈકૂંઠ સમ સહુ જાણું રે ॥
ચરણ રજે ભર્યા ભરપૂર રે, સ્પરશે રજ કરે દુઃખ દૂર રે ।
તિયાં પાપી તજે કોઈ પ્રાણ રે, તે પણ પામે પદ નિર્વાણ રે ॥
સોય અગ્ર સમાન અવની રે, નથી પણ સ્પરશ્યે પાવની રે ।
ધન્ય શેરી બજાર ને હાટ રે, ધન્ય ઉન્મત્ત ગંગાનો ઘાટ રે ॥
ધન્ય ગઢપુરનાં ઘર ફળી રે, ચર્ણ અંકિત ભૂમિ છે સઘળી રે ।
ધન્ય વાડી વૃક્ષની છાંય રે, હરિ સ્પર્શ વિના નથી કાંય રે ॥
પદરજના સ્પર્શ પ્રતાપ રે, જન અભય થાય છે આપે રે ।
ભવભય હરણી એ રજ રે, થાય નિર્ભય ઓં શું આશ્ચરજ રે ॥
સર્વે ધામનાં ધામ એ થિયાં રે, રહ્યા સંત સહિત અમે જિયાં રે ।
બીજા તીર્થ ધામ બહુ કાવે રે, પણ અમે રહ્યા તે તુલ્ય નાવે રે ॥
કાંજે પામ્યા અમારો પ્રસંગ રે, તેને તુલ્ય આવે કેમ ગંગ રે ।
એને સ્પર્શ્યાતા વામન પાવે રે, તે તો હરિ અવતાર કાવે રે ॥
પણ અવતારના જે અવતારી રે, વાત તેની તો જાણજો ન્યારી રે ।
જાણો પુરુષોત્તમનો સ્પરશ રે, તે તો સહુ થકી છે જો સરસ રે ॥
તેહ સારું છાપી દીધાં ચરણ રે, જે છે મોટા સુખનાં કરણ રે ।
ચરણ ચિંતવે ચિન્હે સહિત રે, વળી પૂજે કોઈ કરી પ્રીત રે ॥
પાન ફૂલે પૂજશે જે જન રે, એકાગ્ર રાખી શુધ્ધ મન રે ।
તેને અંતરે થાશે પ્રકાશ રે, લેશે સુખ અલૌકિક દાસ રે ॥
તેણે માનશે પૂરણ કામ રે, વળી પામશે અખંડ ધામ રે ।
એવો ચરણ તણો છે પ્રતાપ રે, શ્રીમુખે કહે શ્રીહરિ આપ રે ॥

**શ્રીહરિ લીલામૃતમાં શ્રીવિહારીલાલજી મહારાજની કલમે**

**પુષ્પિતાગ્ર વૃત :-** પ્રભુ પદ રજ હોય જેહ ઠામે, અજ ભવ આદિ તહાં સ્વશીશ નામે ।
પુનિત કરણ તીર્થ ત્યાં ગણાય, બહુ મહિમા મુખથી કહ્યો ન જાય ॥
પ્રભુ પદ રજ હોય જેહ ઠામ, સતત વસે જઈ તીર્થ ત્યાં તમામ ।
અગમ નિગમ સર્વ એમ ગાય, પરમ પવિત્ર સુપૃથ્વી તે ગણાય ॥
હરિ વચરણ ભૂમિ હોય જેહ, પરમ પવિત્ર ગમે મુનિદ્ર તેહ ।
જપ તપ વ્રત દાન ત્યાં કરાય, ફળ અવિનાશી અનંત તેનું થાય ॥

## ધોળકામાં શ્રીહરિએ રેણકી કૂવામાં પગ લાંબા કર્યા

ચોપાઈ :- ધોળકામાં તે ધર્મકુમારે, રેણકી કૂવામાં તેહ વારે ॥
લાંબા ચરણ કરી તેમાં ધોયા, અનંત જને નજરે જોયા ॥૭॥
*(શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર ઉત્તરાર્ધ તરંગ-૯૩)*

## પક્ષીરૂપે વરૂણદેવ આવ્યા ને શ્રીહરિના ચરણારવિંદનો સ્પર્શ કર્યો

શ્રીહરિ ઉતાવળા ચાલ્યા તે ભક્તિ બાગથી આથમણી તરફ હાલમાં દરબારી ફૂલવાડી છે, ત્યાં દાણાનાં ખળા હતા. ને ત્યાં ગયા. ને સૌને કહ્યું જે, આ બાજરાના પગર ભેળો કરીને તથા બીજી જણસો ઢાંકવા માંડો. ત્યારે સૌ બોલ્યા જે મહારાજ ! તમે અહીં બિરાજો ને અમે ઢાંકવા માંડશું. એમ કહીને બે ગાડા સામસામે ભેળા કરીને તે ઉપર જુવારની કડબ નાખીને ગાડા તળે કમોદનું પરાળ પાથર્યું તે ઉપર મહારાજ બિરાજ્યા.

તે સમે ઝીણો ઝીણો વરસાદ વરસતો હતો ને સાધુ વગેરે સર્વે દાણા ઢાંકવા મંડ્યા. તે પ્રથમ દાદા ખાચરનાં ખળાનો સુધારો કરીને ઢાંક્યું ને ત્યાર પછી મોટીબાનું ખળું, પછી લાડુબાનું ખળું ઢાક્યું. ત્યારે મહારાજ ગાડા હેઠેથી ઉઠીને ગયા ને કહ્યું જે, આ પાંચુબાનું ખળું પણ ઢાંકો. ને ઘેલા ધાધલનું તથા હરજી ઠક્કરનાં ખળાં પણ ઢંકાવ્યા. ને પછી મહારાજ ગાડા તળે આવીને બેઠા હતા, ને સાધુ સર્વે આવીને બેઠા. તે સમે આકાશ માર્ગમાં હડેડાટ એવો જબરો શબ્દ થયો. તે જોઈને સૌને એમ થયું જે, આ શબ્દ શેનો હશે ? એટલામાં એક પક્ષી રૂપાળું આવીને મહારાજનાં સમીપમાં પડ્યું. એટલો પેલો આકાશમાં શબ્દ થયો હતો તે આળસી ગયો, ને તે પક્ષી સામા મહારાજે ચરણારવિંદ લાંબા કર્યા. એટલે તે પક્ષી આવીને મહારાજના ચરણ તળે સ્પર્શ કરવા માંડ્યું. એટલે મહારાજ જરા ચરણારવિંદનો તેને માથે ભાર દીયે ત્યારે પાંખો પોળી કરીને ઉડવાનું કરે એટલે મહારાજ પોતાના ચરણારવિંદ પોતા તરફ તાણી લે. ત્યારે પક્ષીની પાંખોમાંથી પાણીના બુંદ વછુટે. જેમ ફૂવારામાંથી પાણી છૂટે તેમ. પછી મહારાજે ચપટી વગાડી એટલે પક્ષી ઉડી ગયું. ને આકાશમાં હડેડાટ શબ્દ થવા લાગ્યો. ત્યારે સર્વએ પૂછ્યું કે, મહારાજ ! તે પક્ષી કોણ હતું ? ત્યારે મહારાજ કહે વરુણ દેવ અમારા દર્શને આવ્યા હતા.

## શ્રીહરિ કહે મોટા અવતારાદિક આ દરબારની ફળીમાં લોટીને ચરણરજ માથે ચડાવે છે

એક સમયે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં વિરાજમાન હતા, ત્યાંથી ગંગા જળીયે કૂવે નાવા પધાર્યા ને કૂવા કાંઠે બાજોઠ ઉપર મહારાજ નાતા હતા. તે સમયે મોટીબા તથા લાડુબા

આદિકે મહારાજના દર્શન કર્યા. ત્યારે મોટીબાએ લાડુબા આદિક ડોશીયુંને વાત કહી જે, આ સમયે આપણાં મોટા ભાગ્ય જે, ગોપીયુંના જેવી પ્રાપ્તિ થઈ છે, ને ગોપીઓના જેવો આનંદ છે, ને ગોપીયુંનાં જેવું સુખ છે, ને ગોપીયુંના જેવું કલ્યાણ થાશે. એ વાત મહારાજે નાતા નાતા સાંભળી. પછી મહારાજ નાહી ચાખડીએ ચડીને અક્ષરઓરડીમાં પધાર્યા ને ઢોલિયા ઉપર વિરાજ્યા. તે સમયે બ્રહ્મચારી થાળ લઈને આવ્યા. એટલે મહારાજ ઢોલિયેથી હેઠે ચાકળા ઉપર બેઠા, ને ખૂબ સારી પેઠે જમ્યા.

પછી ચાખડીએ ચડી આથમણા બારને ઓરડે ઢોલિયા ઉપર વિરાજ્યા. ત્યારે મોટીબા તથા લાડુબાને મહારાજે કહ્યું જે તમે આટલા દિવસ થયા અમારી વાતો સાંભળી સમાગમ કર્યો, પણ કાંઈ સમજયાં નહિ, ને સમજણ ગોબરી ને ગોબરી રહી. ત્યારે મહારાજને લાડુબાએ કહ્યું જે, શી વાત સમજાણી નથી ? તે કહો.

ત્યારે મહારાજ બોલ્યા જે, અમે ગંગાજળીયે કૂવે નહાતા હતા, ત્યારે તમે બોલ્યાં જે, ગોપીયુંના જેવો આનંદ ને ગોપીયુંના જેવું સુખ ને ગોપીયુંના જેવું કલ્યાણ થાશે એમ તમે કહ્યું, તે તમારી ગોબરી સમજણ છે, ને ગોપીયુંના જેવું કલ્યાણ તો કોઈક અધર્મી માણસ તમારા ગોળાનું પાણી પીશે તેનું થાશે, ને તમારા ઘેર જે પશુ, બળદ, ઘોડા આદિ તથા વૃક્ષ તે અક્ષરધામને પામશે. ત્યારે તમારા કલ્યાણની તો શી વાત કરવી ? અને તમે તો હજુ ગોપીયુંના જેવા કલ્યાણને બાઝી પડ્યા છો, એ જ તમારી સમજણ ગોબરી છે. અને મોટા અવતારાદિક આ દરબારની ફળીમાં લોટીને માથે ચરણરજ ચડાવી જાય છે. તેવો તો આ ભૂમિનો પ્રતાપ છે. અને અનંત કોટિ બ્રહ્માંડના કર્તા જે, મૂળ પ્રકૃતિને પુરુષ તથા વૈરાટ પુરુષ તથા ગોલોકાદિક ધામના મુક્ત તમારા દરબારમાં આવી આળોટે છે. ને બહુ મહિમા જાણી માથે ચરણરજ ચડાવે છે. ને તમે તો ડાંગરનાં ફોતરા જેવું જે ગોપીયુંનું કલ્યાણ તેને ઈચ્છો છો ? એજ તમારી ગોબરી સમજણ છે. એમ મહારાજે વાત કરી, ત્યારે સર્વે બાઈયું આશ્ચર્ય પામી દૃઢ નિશ્ચય કરતી હતી.

## દાદા ખાચરને તથા ઝીણાભાઈને શ્રીહરિએ હૃદયને વિષે ચરણારવિંદ દીધાં

ગઢપુરમાં મહારાજે સર્વે હરિભક્ત, ઝીણાભાઈ, ભક્ત દાદા ખાચર, જીવુબા, લાડુબા તથા મોટા મોટા સાધુ વગેરેને બોલાવીને કહ્યું કે, 'આપણે અહીં સમૈયો કરશું તો ગુજરાત વગેરે દૂર દેશાવરના હરિભક્તને આવવું પડશે. એટલે તેને ઘણું દુઃખ પડશે. માટે અમારો વિચાર તો ગુજરાતમાં સમૈયો કરવાનો છે. તમારી સર્વેની શી મરજી છે ? જે હોય તે કહો.'' ત્યારે સર્વે મળીને વિચાર કર્યો કે, 'મહારાજ ! ગુજરાતમાં સમૈયો કરવો એ અમારા ધ્યાનમાં

આવતું નથી. ને અહીંના હરિભક્તને તાણ પડશે. માટે ત્યાંના હરિભક્તને તાણ પડે તેની તમને ચિંતા થઈ પડી છે ને આંહીંના હરિભક્તને ત્યાં આવવું પડે ને અમને તાણ પડે તેની તમને ચિંતા નથી ? ઠીક મહારાજ ! તમારે એમજ જોઈએ.' એમ કહીને સર્વે રીસ ચડાવીને ઉઠી નીકળ્યા. પછી પાછા ફરીને મહારાજે સૌને ભેગા કર્યા ને વળી પાછા સમજાવવા માંડ્યા. ને મહારાજ કહે, 'હવે આ ફેરે તો અમને તમે સર્વે રાજી થઈને રજા આપો ને પછી બીજી ફેરે તમે કેશો એમ કરશું. પણ આ ફેરે તો અમને ત્યાં કરવા જવા દ્યો. તો અમે બહુ રાજી થાઈએ.' પછી સૌએ વિચાર્યું કે, મહારાજને બહુ તાણ રહે છે ને ત્યાં જવાની મહારાજની મરજી છે. તે સર્વે આપણે રાજી ખુશીથી મહારાજને રજા આપો. પછી મહારાજ કહે 'મહારાજ ! તમારા જેવા અમે થાતા નથી, કદી તમારા જેવા થઈએ તો તો તમને અહીંથી જવા ન દઈએ. પણ મહારાજ ! તમે દૂર દેશથી આંહી આવીને અમારી સંભાળ લીધી ને અમારા કલ્યાણ સારું અહીં આવ્યા છો, માટે અમે તમને કુરાજી કરીએ તો ઠીક નહીં. માટે પધારો ને વેલા આવજો.' ને કેટલાકને કહ્યું જે, 'હે મહારાજ ! હવે રાજી થયા ?' મહારાજ કહે, 'હા આજ તો અમે બહુ રાજી થયા.' એમ કહીને દાદા ખાચરને તથા ઝીણાભાઈને હૃદયને વિષે ચરણારવિંદ દીધા.

## શ્રીહરિએ અતિ કૃપા કરીને ચણારવિંદની ભેટ આપણને અપાર આપી છે. જેના દર્શન આપણે કરીએ છીએ

સૌ પ્રથમ શ્રીહરિએ પોતાના ચરણારવિંદ પોર ગામમાં એક બ્રાહ્મણ સત્સંગીને ત્યાં પાડી આપેલા છે જે આજે વંશપરંપરા સાચવી રાખ્યા છે. વડતાલમાં હરિભક્તો માટે નાના ભાઈએ કાગળ અને વસ્ત્રોના ટુકડામાં હિંગળોકથી શ્રીહરિના ચરણ પડાવ્યા. જોબન પગીના ભવનના મેડા ઉપર પણ શ્રીહરિએ અપાર ચરણારવિંદ પાડી આપ્યા. નારાયણગરના ભવનમાં તથા જેતલપુરની જગ્યામાં તથા આનંદમુનિ તથા મુકુંદાનંદ અને જયાનંદ વર્ણીએ ગઢપુરમાં શ્રીહરિના નિવાસમાં, શ્રીહરિના અપાર ચરણ છપાવ્યા હતા. તે જે હરિભક્તો માગતા તેને આપતા. સુરત શહેરના વણિક ભક્ત મહાલક્ષ્મીએ ગઢપુર આવીને શ્રીહરિના ચરણ શ્વેત જામામાં છપાવડાવ્યા, શ્રીહરિએ પ્રસન્ન થઈને તેમને દર્શન કરવા છાપી આપ્યા. શ્રીહરિના પ્રસાદીની ચાદર, પાઘ, દુપટ્ટા, ખેસ, ચોફાળ વગેરેમાં શ્રીહરિના ચરણ છપાવી લીધા. શ્રીહરિ નાગડકે આવ્યા ત્યારે પણ સુરા ખાચરે કેસર ચંદનથી રજાઈ, વસ્ત્રમાં ચરણની છાપો પડાવી હતી. શ્રીહરિએ નંદસંતોને ચરણારવિંદ પાડી આપ્યા હતા. તેમણે શિષ્ય સંતપરંપરામાં મળેલા હાલ વર્તમાન સંતો પાસે પૂજામાં છે. તથા ઘણા સંતોએ મોટા મંદિરની સુખ શય્યામાં અથવા સભા

મંડપમાં અથવા હરિમંદિરના સિંહાસનમાં પધરાવ્યા છે. જેના આપણે સૌ દર્શન કરીએ છીએ. ઉપરાંત મોટા જે મંદિરો છે ત્યાં અક્ષરભુવન કે મ્યુઝિયમ વગેરેમાં બહુ મોટી સંખ્યામાં ચરણારવિંદ પધરાવવામાં આવ્યા છે જે નંદ સંતો તથા વર્તમાન સંતોએ દરેકને દર્શન થાય તે માટે તેમાં અર્પણ કર્યા છે. આ પણ એક ભગીરથ કાર્ય કર્યું છે. અને આ લેખક હિંમતભાઈ કહે છે કે અમારા રતનપર ગામના ભાઈઓના મંદિરમાં જે ચરણારવિંદ છે, તેમાં ઉર્ધ્વરેખા એ સહિત ૧૬ ચિન્હો સ્પષ્ટ દેખાય છે તો દર્શન કરવા ક્યારેક પધારશો. આમ આવી રીતે શ્રીહરિએ કૃપા કરીને આપણા ઉપર ખૂબ મહેર કરી છે કે જ્યારે મહારાજ મનુષ્ય સ્વરૂપે વીચરતા ત્યારે આપણો જન્મ ન હોવાથી અત્યારે પણ શ્રીહરિનાં ચરણારવિંદના દર્શન આપણને થાય છે તેથી આનંદ પણ ઘણો છે.

## શ્રીહરિએ લાડુદાનજીનો સંકલ્પ ચરણારવિંદ દેખાડી પૂરો કર્યો

એકવાર ભાવનગર નરેશ વિજયસિંહે કવિ લાડુદાનજીનું સ્વાગત કર્યું. અને રાજકવિ તરીકે રહેવાનું કહ્યું. તે વખતે મહારાજની કચેરીમાં રાજુલાના નાગદાન સોની બેઠા હતા. તેમના કપાળમાં તિલક-ચાંદલો જોઈને કવિએ કહ્યું, "આ નવું ક્યાંથી ખોળ્યું ?" સોનીએ ઉત્તર આપ્યો કે "હાલમાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ છે. ઘણાને સમાધિ કરાવે છે. ઘણાની સંકટોથી રક્ષા કરે છે." એવી માહિતી અને પરચાની વાતો કરી ત્યારે કવિએ કહ્યું કે, "એવી વાતો ગાંડા ભોળા પાસે કરજો, મારે નથી સાંભળવી." એ વખતે કવિના મામા તેમને મળવા આવ્યા હતા, તેથી તેમને કહ્યું, "લાડુદાનજી ! મહાજન કહે છે તે વિચારવા જેવું તો છે જ. રાજા-મહારાજઓ પણ તેમનો પ્રતાપ જોઈને તેમના પગમાં પડે છે." લાડુદાનજીએ ઉત્તર વાળતા કહ્યું,

"મંત્ર તંત્રને મેલડી, તે તો તુતં તુતં, વિશ્વ વિષે વળગે વળી, ભોળા જનને ભૂત."

આ સાંભળી વિજયસિંહ મહારાજાએ કહ્યું કે, તમે એમની ખરી ખાત્રી કરીને આવો એટલે તમોને સારો શિરપાવ આપશું. એ પછી કવિને એક ઘોડો આપ્યો. કવિ ચાલ્યા ત્યારે સોનીએ કહ્યું કે, કવિરાજ ! સાગરનો પાર પમાય નહિ. મીઠાની કોથળી સમુદ્રનો તાગ લેવા જાય તે પાછી ન આવે, તેનો ખ્યાલ રાખજો." લાડુદાનજી ગઢપુર જવા રવાના થયા, રસ્તામાં સંકલ્પ કરે છે કે, "જો ભગવાન હોય ને તો અંતર્યામી હોય.

"તનકી જાને મનકી જાને, જાને ચિત્તકી ચોરી,
ઈનકે આગે ક્યો છુપાવે જિનકે હાથ મેં દોરી."

હું તેમની પાસે જાઉં ત્યારે, પોતાના ચરણમાં સોળ ચિન્હ બતાવે, જન્મથી અત્યાર સુધીની મારી હકીકત કહી બાતવે અને મને ગુલાબનો હાર પહેરાવે તો હું તેમને ભગવાન માનું.

કવિશ્રી દાદા ખાચરના દરબારમાં જરકસી સોનેરી પોશાક પહેરીને જાય છે. ત્યારે તે વખતે શ્રીહરિએ ગુલાબનો હાર પહેર્યો હતો તે કવિને પહેરાવ્યો. તેમની સર્વ હકીકત કહીને બંને ચરણ લાંબા કર્યા ને કહ્યું કે, "લાડુદાનજી ! ચરણમાં ચિન્હ કેટલા છે ? ગણો જોઈએ." કવિએ ગણ્યા તો સોળ થયા અને તેમાંથી ઝળહળાટ પ્રકાશ નીકળ્યો. તે જોઈ કવિરાજે તે ચિન્હોનું તરત વર્ણન કર્યું....

કમળ ધ્વજ અંકુશ જવ, વજ જાંબું ઉર્ધ્વરેખ,
અષ્ટકોણ સ્વસ્તિક નવ દચ્છિન પદ ચિન્હ દેખ.
ગોપદ ધનુષ્ય ત્રિકોણ મછ, ચંદ્રકળશ નભ સાત,
ચિન્હ વામ પદ ચિંતયો પુરુષોત્તમ સાક્ષાત.

આવી રીતે શ્રીહરિએ લાડુદાનજીનો સંકલ્પ પૂર્ણ કર્યો અને ચરણારવિંદના ચિન્હ દ્વારા શ્રીહરિનો સર્વોપરીપણે નિશ્ચય કરાવ્યો.


## શ્રીહરિના ચરણારવિંદમાંથી કરણીબાએ ૧૮ કાંટા કાઢ્યા સ્પર્શ કર્યો

એકવાર મહારાજ કચ્છ પ્રદેશમાં વિચરતા હતા ત્યારે કરણીબાએ મહારાજના ચરણમાંથી ૧૮ કાંટા કાઢેલા. તેથી કરણીબા બોલ્યા કે મહારાજ તમારે કેટલા દીકરા જીવાડવા છે તે એક ઘડીનો જંપ ખાતા નથી ? ત્યારે મહારાજ કહે કરણીબા મારે તો અનંત બ્રહ્માંડના જીવને અક્ષરધામમાં લઈ જવા છે તેથી બેસી રહે પાલવતું નથી. આવી રીતે મહારાજ ભક્તોની રક્ષામાં અને તેમના ગામના અને ઘરને પાવન કરવા રાત્રિ-દિવસ વિચરણ કરીને ભક્તોને ખૂબ સુખો આપ્યા છે.

આવી રીતે આ શ્રીહરિનાં ચરણારવિંદનો મહિમા લખવાની દિવ્ય પ્રેરણા અનાદિ મુક્ત મુનિ સ્વામી શ્રી કેશવપ્રિયદાસજી મારા અંતરમાં થઈ છે તેથી હું આ ચરણારવિંદના મહિમાના બે ગુણ લખવા ભાગ્યવંત થયો છું. આ તો મહાસાગરમાં એક નાની ડુબકી માર્યા બરોબર છે. કારણ કે શ્રીહરિના બધા ચરણારવિંદના ચરિત્રો લખવા કોઈ સમર્થ નથી. અને આ ચરણારવિંદના મહિમા લખવાની સેવા મને મળી છે તેથી મારા અંતરમાં આનંદની ઉર્મિઓ ઉભરાઈ રહી છે, ખૂબ જ સુખ સુખ વર્તી રહ્યું છે જેનું હું વર્ણન કરવા સમર્થ નથી એવો અલૌકિક, શાશ્વત આનંદ વર્તી રહ્યો છે. આ ચરણારવિંદનો મહિમા લખવાની શરૂઆત કરી

અને પુસ્તિકા પૂર્ણ થઈ ત્યાં સુધી એટલે વીસ-બાવીસ દિવસમાં લખવાનું પૂર્ણ કર્યું ત્યાં સુધી મને દરેક પ્રસંગોમાં જે જે ભક્તોને મહારાજે છાતીમાં મસ્તક ઉપર ચરણારવિંદ આપતા ત્યારે પ્રસંગે પ્રસંગે મને એમજ થતું કે મને પણ લાભ મળી રહ્યો છે ને મારી છાતીમાં અને મસ્તક ઉપર ઘણીજ વાર ચરણારવિંદ મહારાજે આપ્યા છે તેથી હું બડભાગી બન્યો છું. આવો લાભ લેવાનો અને લખવાનો અને ચિંતવન કરવાનો લાભ મળ્યો તે નાની સુની વાત નથી આ તો મોટી કૃપા મળી છે, બગાસું ખાતા સાકરનો ગાંગડો મળ્યો છે. અને આ સેવા મેં નિસ્વાર્થભાવે કરી છે તેથી આપ સૌ આ ચરણારવિંદનો મહિમા એકવાર નહીં પરંતુ બે કે ત્રણવાર અવશ્ય વાંચશો તેથી તમને પણ એમ જ થશે કે શ્રીહરિ પ્રસંગે પ્રસંગે ચરણારવિંદ આપણી છાતી ઉપર અને મસ્તક ઉપર આપે છે એમ તમને ચોક્કસ લાગશે. અને ચરણારવિંદનો મહિમા વાંચીને ખૂબ જ મને આશીર્વાદ આપજો જેથી મને આવા મહારાજ અને મુક્તના મહિમા લખવાનું બળ મળે એ જ આપસૌ પાસે ઝોળી ધરીને માગું છું.




श्रीबदरीपतिनारायण:
श्रीऽप्रत्नरात्मानरोत्तमोनर:
नारद:
उधव:
गरुड:

શ્રી સ્વામિનારાયણ મંદિર - લુઇસવીલ (મુળીધામ)ને આંગણે

5 YEARS

22 - july to 28 - July - 2019

દિવ્ય પંચાબ્દિ મહોત્સવ



SHREE SWAMINARAYAN HINDU TEMPLE

I.S.S.O.

-: Published by :-
Shree Swaminarayan Hindu Temple